# શારદા સાગર



પ્રવચનકાર—
બા.બ્ર.વિદુષી શારદાબાઈ મહાસતીજી

॥ શ્રી મહાવીરાય નમઃ ॥

"સ્વ. આચાર્ય ગચ્છાધિપતિ, બા. બ્ર. પૂ. રત્નચંદ્ર ગુરુદેવાય નમઃ"

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર – અનાથી મુનિનો અધિકાર

# શારદા-સાગર

(સંવત ૨૦૩૧ ના વાલકેશ્વર ચાતુર્માસનાં વ્યાખ્યાનો)

卐


: પ્રવચનકાર :

ખંભાત સંપ્રદાયના આત્મજ્ઞાનના દિવ્ય જ્યોતિર્ધર, ગચ્છાધિપતિ,
આચાર્ય સ્વ. બા. બ્ર. પૂ. રત્નચંદ્રજી મહારાજ સાહેબના
સુશિષ્યા શાસનદીપિકા, પ્રખર વ્યાખ્યાતા બા. બ્ર. વિદુષી
પૂ. શારદાબાઈ મહાસતીજી


卐


: સંપાદક :

બા. બ્ર. વિદુષી પૂ. શારદાબાઈ મહાસતીજીના સુશિષ્યાઓ
તત્ત્વચિંતક પૂ. કમળાબાઈ મહાસતીજી તથા
બા. બ્ર. પૂ. સંગીતાબાઈ મહાસતીજી


卐


: પ્રકાશકો :

ચીમનલાલ ચકુભાઈ શાહ
પ્રમુખ
શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ,
૧, જમનાદાસ મહેતા માર્ગ, વાલકેશ્વર,
મુંબઈ – ૪૦૦ ૦૦૬.

કિંમત રૂા. ૭–૫૦

પુસ્તક :

શારદા સાગર

પ્રવચનકાર :

પ્રખર વ્યાખ્યાતા, બા. બ્ર. વિદુષી
પૂ. શારદાબાઈ મહાસતીજી

સંપાદક :

પૂ. કમળાબાઈ મહાસતીજી
બા. બ્ર. પૂ. સંગીતાબાઈ મહાસતીજી

પ્રકાશક :

ચીમનલાલ ચકુભાઈ શાહ
પ્રમુખ
શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ, વાલકેશ્વર
૬, જમનાદાસ મહેતા માર્ગ,
મુંબઈ – ૪૦૦ ૦૦૬.

મુદ્રક :

અતુલ નંદલાલ દોશી
દોશી એન્ડ કું.
જન્મભૂમિ ચેમ્બર્સ,
૨૯, વાલચંદ હીરાચંદ માર્ગ,
મુંબઈ – ૪૦૦ ૦૦૧.
ટે. નં. : ૨૬૫૬૫૩

પ્રત – શારદા સાગર ભાગ ૧ – ૨ – ૩ સંયુક્ત

પ્રત – ૭૦૦૦

# મંત્રીઓનું નિવેદન

"શારદા સરિતા"ના ખળખળ વહેતા વ્હેણમાં, સંસારના રંગરાગમાં, મોહ અને માયામાં અટવાઇ પડેલા કેટલાએ જીવોની કાયાપલટ થઇ ગઇ. અંધારામાં ભૂલા પડેલાને નવો પ્રકાશ મળ્યો, અજ્ઞાનની ઊંઘમાંથી કેટલાએ જીવો જાગી ગયા. કેટલાએ પતીત પાવન બની ગયા, કેટલાઓને નવજીવન મળ્યું.

જૈન અને જૈનેતર સમાજને જ્યારે "શારદા સરિતા"નું એક પણ પુસ્તક મળવું મુશ્કેલ બન્યું અને જ્યારે હજારો લોકો ખૂબ જ નિરાશ થઇને જતા જોયા ત્યારે જૈન સમાજના રખેવાળ જેમ બુંગીયો ઢોલ વાગે અને રણશૂરા કેસરિયા કરીને નીકળી પડે તેમ વિરાણી કુટુંબ સ્વ. શેઠશ્રી છગનલાલ શામજીભાઇ વિરાણીના ધર્મપત્ની ગં. સ્વ વૃજકુંવર બ્હેન અને શેઠ શ્રી મણિલાલ શામજીભાઇ વિરાણીએ સામેથી આવીને વાલકેશ્વર શ્રી સંઘને વિનંતી કરી કે જ્યારે "શારદા સરિતા"ની આટલી બધી માંગ છે અને આટલા બધા લોકો નિરાશ થાય છે તો પૂ. શ્રી શારદાબાઇ મહાસતીજીના વાલકેશ્વરના સં. ૨૦૩૧ના ચાતુર્માસના પ્રવચનોના પુસ્તકના પ્રકાશનની જવાબદારી શ્રી વાલકેશ્વર સંઘ સ્વીકારે તો વિરાણી કુટુંબ આપને લગભગ સવા લાખ રૂપિયા મિત્રો અને શુભેચ્છકો પાસેથી લાવી આપવાની જવાબદારી સ્વીકારશે. શ્રી વાલકેશ્વર સંઘે વિરાણી કુટુંબની વિનંતીને સ્વીકારી અને એકજ અઠવાડિયામાં શ્રી મણિલાલ શામજી વિરાણીએ આ રકમ પૂરી કરી આપી જેની યાદી આ નિવેદન પછી આપવામાં આવેલ છે.

વિરાણી કુટુંબના દાનમાં હંમેશા તેમના બનેવી શ્રી ગીરજાશંકર ખીમચંદ શેઠની પ્રેરણા અને પ્રોત્સાહન મુખ્ય હોય છે. વિરાણી કુટુંબનો એ શીરસ્તો છે કે કોઈ પણ દાન નાનું કે મોટું આપતા પહેલા ગીજુભાઈ શેઠની સલાહ અને માર્ગદર્શન લે છે કારણ કે તેમનામાં તેમને પુરેપુરો વિશ્વાસ છે અને શ્રદ્ધા છે. આવા સાચા માર્ગદર્શક સમાજમાં મળવા મુશ્કેલ છે.

શ્રી મણિભાઈ વિરાણીએ પૂ. વિદૂષી શારદાબાઈ મહાસતીજીના સં. ૨૦૩૧ના ચાતુર્માસના પ્રવચનોના પુસ્તકનું નામ "શારદા સાગર" આપ્યું જે ખૂબ જ યથા યોગ્ય થયું છે કારણ કે સરિતા તો અંતે સાગરમાં જ સમાઈ જવાની છે. "શારદા સરિતા" જેઓ

ન મેળવી શક્યા તેઓને "શારદા સાગર" મેળવીને ખૂબ જ સંતોષ થશે કારણ કે ૧૦૦૦ પાનાનું પાકા બાઈન્ડીંગનું, જાડા કાગળનું મોટા અક્ષરે છપાયેલ પુસ્તકની કિંમત માત્ર રૂા. ૭–૫૦ રાખવામાં આવેલ છે જેથી સામાન્યમાં સામાન્ય માણસ ખૂબ જ અનુકૂળતાથી ખરીદી શકે.

'શારદા સાગર' પુસ્તકનું પ્રકાશન આટલું સસ્તુ આપવાનું તોજ શક્ય બન્યું કે સમાજના જ્ઞાન–પિપાસુ અને જ્ઞાન પ્રચારની ભાવનાવાળા ભાઈ - બ્હેનોએ જેમાં શ્રી હિંમતલાલ ન્યાલચંદ દોશી અને રસિકભાઈ ન્યાલચંદ દોશીએ દાન મેળવી આપીને, ફોટો આપીને સુંદર સહયોગ આપ્યો. શ્રી વાલકેશ્વર સંઘ આ બધાનો હૃદયપૂર્વક ખરા અંતઃકરણથી આભાર માને છે.

આ પુસ્તકનું લખાણ લખવામાં તેમજ પ્રુફો તપાસવાનું અઘરું કામ કરનાર તત્ત્વચિંતક પૂ. કમળાબાઈ મહાસતીજી અને બા. બ્ર. પૂ. સંગીતાબાઈ મહાસતીજી અને શુદ્ધિપત્રક તૈયાર કરનાર શ્રી નરસિંહદાસ વખતચંદ સંઘવી ધ્રાંગધ્રાવાળાનાં અમે આભારી છીએ.

આ પુસ્તકના પ્રકાશન કામમાં અમારે શ્રી નંદલાલભાઈ મગનલાલ દોશીનો અંતઃકરણપૂર્વક આભાર માનવો જ જોઈએ કારણ કે આટલું મોટું પુસ્તક અને ૭૦૦૦ નકલના પ્રુફવાંચન માટે તથા પ્રુફો સમયસર પૂ. મહાસતીજીને મળી જાય તથા વાંચેલા પ્રુફો પાછા મળી જાય તેવી સુંદર વ્યવસ્થા કરવા માટે તેમના આભારી છીએ.

ભાઈશ્રી રમણલાલ નાગરદાસ ગોસલિયાએ આ પુસ્તકના પ્લાસ્ટીક કવર મહેનતાણું લીધા વિના બનાવી આપ્યા તે માટે તેમનો પણ આભાર માનીએ છીએ.

છેવટે જન્મભૂમિ કાર્યાલયના સંચાલકો અને મુદ્રણ વિભાગના કામદારોએ સુંદર સહયોગ આપીને આ પુસ્તકના પ્રકાશનમાં મદદરૂપ થવા બદલ અમે તેમના ઋણી છીએ.

લિ. મંત્રીઓ

**નગીનદાસ કલ્યાણજી**

**કાંતિલાલ નરભેરામ કામાણી**

**વીરચંદ વલ્લભજી ઘેલાણી**

**પ્રતાપભાઈ ભુરાલાલ ગાંધી**

## આ પુસ્તકમાં આર્થિક સહકાર આપનાર દાતાઓ

શ્રી મણિલાલ શામજી વિરાણી અને પરિવાર
,, છગનલાલ શામજી વિરાણી
,, હિંમતલાલ ન્યાલચંદ દોશી, વાંકાનેરવાળા
,, રસિકલાલ ન્યાલચંદ દોશી
,, ગીરજાશંકર ખીમચંદ શેઠ
,, રમણીકલાલ રાજમલ મહેતા
,, મણીલાલ ભાણુજી રૂપાણી
,, મણીબેન કુશળચંદ હીરાણી
,, કોકીલાબેન પ્રભુલાલ જામનગરવાળા
,, જયંતીલાલ ચંદુલાલ મહેતા
,, વીરચંદ મીઠાલાલ મહેતા, લાલપુરવાળા
,, ઇચ્છાબેન પ્રભાશંકર દફ્તરી
,, જીવરાજ બેચરદાસ કોઠારી
,, પ્રીતમલાલ મોહનલાલ દફતરી
,, ચુનીલાલ મુલજીભાઇ મોટાણી
,, બાલચંદ સાકરચંદ સાણંદવાળા
,, મફતલાલ ચુનીલાલ પટેલ ખંભાતવાળા
,, કાન્તીલાલ કેશવલાલ શેઠ
,, વિશ્વ વાત્સલ્ય ટ્રસ્ટ, હા. શ્રી હરીલાલ જેચંદ દોશી
,, વાડીલાલ પોપટલાલ ગોસલીયા

# વ્યાખ્યાનના પ્રારંભમાં બોલાતી સ્તુતિ

## શ્રી મહાવીરાય નમઃ

નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ, સવ્વ સાહુણં, નમો કહેતાં નમસ્કાર કરું છું. નમસ્કાર તે કોને કરું? અરિહંતાણં કહેતા અરિહંતદેવ પ્રત્યે તે અરિહંત દેવ કેવા છે? બારે ગુણે કરીને સહિત છે. અઢાર દોષે કરીને રહિત છે એવા અરિહંત દેવ પંચમહાવિદેહ ક્ષેત્રને વિષે જે બિરાજમાન હોય તેમને મારો તમારો સમય સમયનો નમસ્કાર હોજો, ઈહાંકને કોણ કોણ જે જાણવા શ્રી શ્રમણ ભગવાન, શ્રી વીર વર્ધમાન સ્વામી ત્રિલોકના દર્શી, તરણતારણ, પતિતપાવન, સંત ઉદ્ધારણ, અરિદલગંજન, અઘમલમંજન, જિનેન્દ્રદેવ વિહારી, જ્યોતિ સ્વરૂપ ગુણ સચરાચરભાસી, પરમપુણ્ય વિલાસી ચોત્રીસ અતિશયે કરીને સહિત છે. પાંત્રીસ પ્રકારની સત્ય વચન વાણીના ગુણે કરી બિરાજમાન છે. એક હજાર ને અષ્ટ ઉત્તમ લક્ષણના ધરણહાર છે, મા હણો મા હણો શબ્દના કરણહાર છે. કોઈ જીવને હણશો મા, હણશો તો હણાવું પડશે, છેદશો મા છેદશો તો છેદાવું પડશે. ભેદશો મા ભેદશો તો ભેદાવું પડશે. કોઈ જીવ સાથે વેર કરશો મા, વેર કરશો તો વેર ભોગવવા પડશે. વિણ ભોગવે જીવને મુકિત નથી વળી જિનેશ્વર દેવ કેવા છે? અષ્ટ-મહાપ્રતિહાર્યે કરીને સહિત છે ચોસઠ ઈન્દ્રના પૂજનીક, મહામાહણે, મહાગોવે મહાસાર્થવાહે, મહામોટા ધર્મરૂપી રથના ચલાવણહાર, ધર્મચક્રી ધર્મનાથ, ધર્મની આદિના કરણહાર, જિનમાર્ગના દિપાવણહાર, મોક્ષમાર્ગના દાતાર, કુમતિ રૂપી અંધકારના મિટાવણહાર સૂર્યની પેરે ઉદ્યોતના કરણહાર, ભાનુભાસ્કર સહસ્રકિરણે કરી પ્રકાશના કરણહાર, ચંદ્રની પેરે શીતળતાના કરણહાર, જ્ઞાનરૂપ નેત્રના દાતાર, મોક્ષ નગરે પહોંચાડણહાર, સર્વજીવને અભયના દાતાર, જિનેશ્વર દેવ કેવા છે એવા ચરમ જિનેશ્વર જગધણી, જિનશાસન શણગાર, ભાવ ધરીને સમરતાં પામીએ ભવપાર.

એવા જિનેશ્વરદેવ દેવાધિદેવ ચોવીસમા મહાવીરદેવ સ્વામી, સિદ્ધાર્થ રાજાના પુત્ર, ત્રિશલાદેવી રાણીના અંગજાતક, જગતમાતા, જગતત્રાતા, જગતભ્રાતા, જગતવંદન, જગતલોચન, જગતમુકુટ, જગતકુંડલ, જગતહાર, જગત ચૂડામણિ સમાન, જગત સૂર્ય, જગતમણિ, જગતસ્વામી, જગત કંઠાભરણ, જગત ભાલતિલક, સમાન, જગત નેત્રાંજન પુરૂષોત્તમ પુરૂષ જગતભૂષણ, વિગતદૂષણ, સર્વજ્ઞ સ્વયંમેવ બોધક, ત્રણ લોકના તરણ તારણ, અશરણના શરણ, અનાથના નાથ, ગરીબના નિવાજનહાર, નોધારાના આધાર, ભાંગ્યાના ભેરુ, પરમવારુ, પરમચારુ, પરમતારુ, પરમ મિત્ર, પરમ સજ્જન, પરમ હેતુ, પરમ જ્ઞાની, પરમ ધ્યાની, પરમ દયાળ, પરમ મયાળ, પરમકૃપાલ, વચન રસાલ, અતિ સુકુમાલ, જીવદયાના પ્રતિપાળ, કર્મશત્રુના કાળ, મોહરૂપી વેલીના મુંડણહાર, ઘનઘાતી, કર્મોના ખપાવણહાર, અજ્ઞાનરૂપ વાદળના ભેદણહાર, બાવીસે પરિસહોના જીતણહાર, યથાખ્યાત ચારિત્રના ધણી, ક્ષાયક સમકિતના ધરણહાર એવા જિનેશ્વર જીનરાજ અક્રોધી, અમાની, અમાયી, અલોભી, અનંત જ્ઞાની, અનંત દર્શન, અનંત ચારિત્ર, અનંત તપ, અનંત બલવીર્યના ધરણહાર ઉત્પન્ન નાણંદર્શન ધરા અર્હાજિન કેવળી ઉત્પન્ન થયું, ભગવાનને કેવળજ્ઞાન અને કેવળ દર્શન, તે કેવળ જ્ઞાન અને કેવળ દર્શને કરી ભગવાને કોણ કોણ ભાવ દીઠા? સર્વ દ્રવ્ય, સર્વ ક્ષેત્ર, સર્વ કાળ, સર્વ ભાવ જાણીતા પાસીતા અને વળી સંસારી જીવને શુભાશુભ કર્મે કરી બંધાણા દીઠા. તે શુભાશુભ કર્મના બંધન કોણ છોડાવે? શ્રી જિનેશ્વર દેવની વાણી છોડાવે તે કારણે ભગવંતે હેત આણી, મહેર આણી, કરુણા આણી, સિદ્ધાંત રૂપ વાણી લ્હાણી, પ્રકાશ કરી દેખાડી.

-oo-

## સ્વ. પૂ. પિતાશ્રી શામજી વેલજી વિરાણી



"વહેતા જળ નિર્મળ ભલા અને ધન દોલત દેતા ભલા" એ સંસ્કાર આપે અમોને ગળથૂથીમાં પાયા, સંપત્તિ અને સમૃદ્ધિ સંપ અને સદાચાર એ તો પુન્યની પ્રસાદી છે. એટલે મળેલી લક્ષ્મી સમાજકલ્યાણના, જનતા જનાર્દનના, સ્વધર્મી વાત્સલ્યતાના કાર્યોમાં વાપરી. પુન્યાનુબંધી પુન્ય ઉપાર્જન કરવા માટે આપે અમારું જે ચારિત્ર ઘડતર કર્યું તે માટે અમો સમસ્ત વિરાણી પરિવાર આપના જન્મોજન્મના ઋણી છીએ.

લિ.
મણિલાલ શામજી વિરાણી
અને પરિવાર

## સ્વ. પૂ. માતુશ્રી કડવીબાઇ શામજીભાઇ વિરાણી



જેમણે પોતાના સંતાનોમાં, લક્ષ્મી એ તો સંધ્યાના રંગ જેવી, સવારના ઝાકળના બુંદ જેવી તથા વીજળીના ચમકારા જેવી ચંચળ છે. એવા સંસ્કારોનું નાનપણથી સિંચન કર્યું. તેમના સુપુત્રોએ આંબો જેમ ફળ આવે અને નમે તેવી રીતે લખલૂટ લક્ષ્મી મળવા છતાં નિષ્કામ અને નિઃસ્વાર્થ ભાવે વિનય અને વિવેકથી સંપત્તિનો સદ્ઉપયોગ સ્વધર્મીઓ અને અનેક જનકલ્યાણના કાર્યો માટે કર્યો.

લિ.
મણિલાલ શામજી વિરાણી
અને પરિવાર

## સ્વ. છગનલાલ શામજીભાઈ વિરાણી



જેમના દાન: વડે: જૈન તથા જૈનેત્તર સમાજની, જનકલ્યાણની તથા માનવતાની અનેકવિધ – પ્રવૃત્તિઓને નવજીવન મળ્યું છે તેઓ રાજકોટની અનેક સંસ્થાઓમાં ટ્રસ્ટી તથા રેઝરર હતા. તેમણે સૌરાષ્ટ્રના ઘણાં સ્થળોએ ઉપાશ્રય વિરાણી હાઇસ્કૂલ, વિરાણી કન્યા વિદ્યાલય, મુંગા–બહેરાની શાળા જેવી અનેક સંસ્થાઓમાં મોટું દાન આપ્યું છે. પોતે ઘણાં દયાળુ, ધાર્મિક વૃત્તિવાળા અને પ્રેમાળ હતા.

# સ્વ. દુર્લભજી શામજી વિરાણી



વિશાળ વૃક્ષની છાયામાં અનેક જીવો કોઇપણ જ્ઞાતી કે જાતીના ભેદભાવ વગર શાંતિ અને શીતળતા મેળવે છે, અબોલ અને મુંગા જીવો સાતા અને સુખ અનુભવે છે. તેમ આપની છત્રછાયા નીચે સમાજના ખાનદાન કુટુંબના ફરજંદો જરાપણ સંકોચ વગર પોતાની જરૂરીયાત આપની પાસે રજુ કરતા અને આપ "જમણો હાથ આપે પણ ડાબો હાથ જાણે નહિ" તેવા ગૌરવની તેમનું સ્વમાન ઘવાયા વગર હસતા હસતા મોકલતા અને શાત્વન આપવા કે ફરીથી જ્યારે જરૂર પડે ત્યારે આ ઘર તમારું માની વિના સંકોચે આવશો. આવી આપની વિશાળ-દીલ ભાવનાઓને યાદ કરીને કહે છે "લાખો મરજો પણ લાખોનો પાલણહાર ન મરશો."

## સ્વ. પૂ. માતુશ્રી નવલબહેન મણિલાલ વિરાણી



**જન્મ તા. ૧૦-૧-૧૯૧૧ * સ્વર્ગવાસ તા. ૧૨-૨-૧૯૭૬**

ધૂપસળી સળગે અને આખાએ વાતાવરણમાં સુગંધ સુગંધ ફેલાઇ જાય તેમ આપના પગલે પગલે આખાએ કુટુંબમાં દાન અને દયાની, તપ અને ત્યાગની વિનય અને વિવેકની, સંપ અને સમર્પણની ખુશ્બો મ્હેકવા મંડી. આપે સીંચેલા આવા સંસ્કારોથી આખું એ કુટુંબ નંદનવન બની ગયું. આપના આ અણમોલ વારસાનું અમે ખૂબ ખૂબ જતન કરીને આપના પ્રત્યેનું ઋણ યત્કિંચિંત પણ અદા કર્યાનો સંતોષ અનુભવશું.

લિ. આપનો પરિવાર

**વાસંતી**

**અનીલ-આરતી, અરૂણ-સુધા અતુલ-અવની**

## શ્રી ખીમચંદ ત્રિભોવન શેઠ



વય વર્ષ ૮૮. ઉપલેટા (સૌરાષ્ટ્ર)

જેમણે પોતાના વતનમાં પૂ. સત-સતીઓની ધાર્મિક સેવા કરી છે. ઉપલેટાની પાંજરાપોળ, સાર્વજનિક અંગ્રેજી સ્કૂલ, જૈન ધાર્મિક શાળા, જીવદયા ખાતુ વગેરે સંસ્થાઓમાં તન, મન ધનથી સેવા આપી છે. શેઠ કુટુંબનું સદાવ્રત વર્ષોથી ચલાવ્યું છે અને પોતાનું જીવન અત્યંત સાદાઈથી ધર્મભાવનામાં વીતાવે છે.

લિ.

ગીરજાશંકર ખીમચંદ શેઠ

## પૂ. માતુશ્રી જેઠીબાઇ



અમારામાં આપે બાળપણમાં સંસ્કાર અને ચારિત્રનું ઘડતર કર્યું અને ગળથૂથીમાં ઘૂંટી ઘૂંટીને પાયું કે "જે દે તે દેવ અને રાખે તે રાક્ષસ" જેનામાં દેવાની વૃત્તિ છે તે દૈવી વૃત્તિ છે અને જેનામાં રાખવાની–સંઘરવાની વૃત્તિ છે તે રાક્ષસી વૃત્તિ છે. આપના સંસ્કારને જીવનમાં અમે વણી અને પૂન્યના યોગે જ્યારે સંપત્તિ મળી ત્યારે તેનો સદ્‌ઉપયોગ કરતા જ રહ્યા છીએ કારણ આપે દીધેલી શીખામણ :

વહેતા જળ નિર્મળ ભલા,
સાધુ વિચરતા ભલા
ધન દોલત દેતા ભલા

અમે બરાબર આચરણમાં મૂકી રહ્યા છીએ.

લિ.
આપના
જન્મોજન્મના ઋણી
**નગીનદાસ, લીલાવંતી**
**હિંમતલાલ, નિર્મળા**
**રસીકલાલ, ગુલાબ**

## જૈન સમાજના સૂત્રધાર અને સુકાની



**શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ**

સૂર્ય જેમ હસતા હસતા અમીરોની હવેલીને ઉજાશ અને પ્રકાશ આપે છે તેમ ગરીબોના ઝૂંપડાને પણ સવારના કીરણોથી ખુશનુમા બનાવી દે છે. તેવી રીતે ચીમનભાઇ પાસે સમાજનો આગેવાન હોય કે સામાન્ય માનવી હોય, વિનાસંકોચે તેમની સલાહ અને માર્ગદર્શન માટે જઇ શકે છે. એ જ એમની મહાનતા છે.

# શ્રી હિંમતલાલ ન્યાલચંદ દોશી



"કર્મણ્યે વાધિકારસ્તે...." ભગવાન શ્રીકૃષ્ણનો ઉપદેશ હોય કે જૈન દર્શનનો "કર્મયોગ" હોય. આપે એ ઉપદેશને અક્ષરશઃ આપના જીવનમાં ઉતારી વતન વાંકાનેરથી મોહમયી મુંબઇ નગરીમાં આવી અર્થ–ઉપાર્જનમાં કાર્યરત થયા.

આપની આર્થિક પ્રગતિની સાથે વારસાગત મળેલ દાન, દયા, અનુકંપા આદિ ધાર્મિક સંસ્કારોનું જે દૃઢ સીંચન આપનામાં થયેલ, અને આપના લઘુબંધુ શ્રી રસીકલાલ દોશી તથા અન્ય કુટુંબીજનોના યોગ્ય સહકારથી માદરે વતન વાંકાનેરમાં ગરીબ તથા જરૂરિયાતવાળા બંધુઓની પીડાને જાણી માનવતાના તેમજ સમાજકલ્યાણના સદ્કાર્યો–સાર્વજનિક દવાખાનું અન્ય આર્થિક સહાય, મુંગા પશુઓની સારસંભાળ તથા ઘાસચારા અને ઘરઆંગણે ઉચ્ચ કેળવણી આપી શકાય માટે આર્ટ્સ અને કોમર્સ કોલેજની સ્થાપના અને વિકાસ માટે ભારે જહેમત ઉઠાવવી–તે ખરેખર પ્રશંસનીય છે.

પરમકૃપાળુ પરમાત્મા, આવા અનેક સેવાનાં કાર્યો કરવા, આપને સંપૂર્ણ તંદુરસ્તીભર્યું દીર્ઘાયુ બક્ષે એવી પ્રાર્થના.

# શ્રી રસીકલાલ ન્યાલચંદ દોશી



હિંમતભાઇ અને રસીકભાઇ એટલે જાણે રામ લક્ષ્મણની જોડી. નિર્મળાબહેન અને ગુલાબબહેન જાણે વસ્તુપાળના જમાનાની દેરાણી જેઠાણીની જોડી.

પુરુષાર્થ પુરુષનો પણ લક્ષ્મી સ્ત્રીની. બન્નેના પગલે લક્ષ્મી અઢળક આવી પણ તેનો સદ્ઉપયોગ કરવામાં હંમેશ બન્નેએ પ્રોત્સાહન તથા પ્રેરણા આપી એટલું જ નહિ પણ સહયોગ આપ્યો.

રસીકભાઇએ પણ સંતોની વાણીને ગળથૂથીમાં ગૂંથી રાખી અને કમાણીમાં ભગવાનનો ભાગ રાખીને સંપત્તિનો સદ્ઉપયોગ વતનના વિકાસમાં, માનવતાના અને ધર્મ ઉત્થાનના અને જ્ઞાનપ્રચારના કામમાં કરીને બીજાને આદર્શ પૂરો પાડયો કે :—

મળી જો સંપત્તિ તમને
વાપરજો સત્ કાર્યમાં
નહિતર પછી પસ્તાવું પડશે
જયારે પૂન્ય તમારું ખુટી જશે

## સ્વ. રાજમલ રીખવચંદ મહેતા
અને
## સ્વ. મણીબહેન રાજમલ મહેતા



કુમળા ઝાડ જેમ વાળીએ તેમ વળે તેમ આપે અમારામાં બાલ્યાવસ્થામાં સંસ્કાર અને ચારિત્રનું ઘડતર કર્યું. ગમે તેટલી સંપત્તિ વચ્ચે પણ વિનય વિવેકને ભૂલવા નહિ જેવી રીતેઃ-

નમે અંબાને આંબલી, નમે દાડમને દ્રાક્ષ
આકડા નમે નહિ, નમે નહિ નાળીયેર ને તાડ

આપે આપેલા ધર્મના સંસ્કારો અમને ગમે તેવા પ્રલોભન વચ્ચે પણ સ્થિર રાખે છે.

લિ.
આપના જન્મોજન્મના ઋણી
**રમણીકલાલ રાજમલ**
**સુશીલાબહેન રમણીકલાલ**

# સ્વ. શ્રી પ્રભુલાલ સંઘરાજ શાહ



જન્મ ૧૯૧૧

સ્વર્ગવાસ ૧૯૬૮

શિક્ષણક્ષેત્રે વકીલની ઉપાધી મેળવી વ્યવસાય શરૂ કર્યો પણ સ્વભાવમાં રહેલી વાણીજ્ય વૃત્તિએ જોર કર્યું અને વેપાર-ઉદ્યોગ ક્ષેત્રે ઝંપલાવ્યું. જીવન એક સંઘર્ષ બની ગયું અને યાતનાઓ એક ક્રમ દિશાસૂચક બુદ્ધિ બાલ્યવયથી જ લબ્ધ હતી એમાં ભળ્યા ધીરજ અને ખંત સારા જીવનને સંગ્રામ તરીકે માન્યું અને જીવ્યા પણ એ રીતે શરૂઆતમાં આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડયો અમે જ્યાં આર્થિક સ્થિતિએ સારી રીતે ઠરીઠામ થયા ત્યાં શરીર-સ્વાસ્થ્ય કથળ્યું છતાં જીવનના અંતિમકાળ સુધી બુદ્ધિનો પ્રભાવ કુશાગ્ર રહ્યો. એલ્યુમિનિયમની કાચી ધાતુ એવા બોકસાઇટના પથ્થરની ખાણની શોધે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ખ્યાતી અપાવી તેમજ અઢળક ધનમાં પ્રાપ્તિનું સાધન ઉભુ કર્યું. વિદ્યાપ્રેમ તો હતો જ એમાં લક્ષ્મી વ્યયનો યોગ થયો અને પિતૃસ્મૃતિના તર્પણરૂપે શ્રી સંઘરાજ નેમચંદ શાહ લૉ-કૉલેજની જામનગરમાં સ્થાપના થઇ. દાન વૃત્તિથી દયા-ધર્મના ક્ષેત્રો પણ વંચિત ન રહ્યા અને યથાશકિત અનેક પ્રકારની મદદ અકિંચન-જાતી ભાઇઓને મળતી રહી. સાધુ-સાધ્વીની વયોવચા એમની ધર્મપત્ની કોકિલાબેનનું આગવુ કાર્યક્ષેત્ર બન્યું અને આમાં તેઓ હંમેશા પ્રોત્સાહિત રહ્યા. મૃત્યુ ભલે તેમને મહાત કરી ગયું હોય પણ દાન-દયા-ધર્મ-ફરજની વૃત્તિની વેલ આજે પણ એમના આપ્તજનોના જતનથી એટલી જ જીવંત રહી છે.

લિ. આપના ધર્મપત્નિ કોકીલા તથા પારવાર

મણીલાલ ભાંણજી રૂપાણી (ઉ. વર્ષ ૭૫)



આપની નાની ઉંમરમાં માતુશ્રી તથા પિતાશ્રી સ્વર્ગવાસી થતાં આપ કમાઇ માટે રંગુન પંદર વર્ષ રહ્યા. હાલ મેંગલોર સ્થાયી છે. ધાર્મિક ભાવનાથી પ્રેરાઇને જૈન તેમજ જૈનેતર સમાજની પ્રવૃત્તિઓમાં આગળ પડતો ભાગ ભજવી રહ્યા છે. હાલ મેંગલોરમાં બંધાઇ રહેલ જૈન ભૂવનમાં આપ સારો સહકાર આપી રહ્યા છે.



સ્વર્ગસ્થ કુમારી ભાનુમતી કુશળચંદ હીરાણી

જન્મ : સને ૧૯૨૩ 卐 સ્વર્ગવાસ સને ૧૯૪૫

આપ આપનો મેટ્રિકનો અભ્યાસ પૂર્ણ કરી નાની ઉમ્મરમાં માતૃભૂમિ પ્રત્યેના પ્રેમ અને ફરજ ભાવનાને લીધે સન ૧૯૩૯માં રાજકોટ સત્યાગ્રહમાં જોડાયાં હતાં. અને બે વખત કારાવાસ ભોગવેલા.

આપની માંદગી દરમ્યાન પંચગીની હૉસ્પિટલમાં પૂ. મહાત્માજી આપની ઈચ્છાને માન આપીને મળવા આવેલ તે પ્રસંગ અમોને ચિર સ્મરણીય રહેશે. આપની સ્વદેશી પ્રત્યેની ભાવનાને લીધે આપે જીવન પર્યંત ખાદી અપનાવેલ આપનો કુટુંબ પ્રત્યેનો સ્નેહ આપના મીઠાં સ્મરણો હંમેશા યાદ રહેશે. આપનું સમગ્ર જીવન અમો ભાઈ - બહેનો માટે પ્રેરણા રૂપ છે.

લિ.

માતુશ્રી મણિબેન કુશળચંદ હીરાણી,
અને ભાઈ - બહેનો



સ્વ. કુશળચંદ
ઝવેરચંદ હીરાણી
જન્મ સાલ ૧૯૦૦
મેંદરડા
સ્વર્ગવાસ ૧૯૩૭
કલકત્તા,

જે નાની ઉમ્મરમાં ધંધા અર્થે કલકત્તા વસ્યા. આપ બળે આગળ વધી S. Kushalchand & Co. ની સ્થાપના કરી અને પુન્યના યોગે જે લક્ષ્મી મળી, તેનો સદ્-ઉપયોગ કરે તે પહેલા પ્રભુએ તેમને બોલાવી લીધા. જે ચુસ્ત ખાદીધારી હતા. કુટુંબભાવના, દેશદાઝ, પ્રમાણિકતા તથા ગરીબો માટે દિલમાં દયા તે તેમના ખાસ ગુણો હતા.

લિ.

મણીબહેન કુશળચંદ હીરાણી
લલિત કુશળચંદ હીરાણી
અનિલ કુશળચંદ હીરાણી
નરેન્દ્ર કુશળચંદ હીરાણી



સ્વર્ગસ્થ કુમારી ઈન્દુમતી કુશળચંદ હીરાણી,
જન્મ સને ૧૯૨૬ : સ્વર્ગવાસ સને ૧૯૪૨

"ફૂલ ગયું ફોરમ રહી".

પંદર વર્ષની નાની વયે ટૂંકી માંદગીમાં તમો અમોને છોડીને ચાલ્યા ગયા, પણ તમારા મીઠાં સ્મરણો, તમારી ઉચ્ચ ભાવના, માતા પ્રત્યેનો પ્રેમ આજે પણ ક્ષણે ક્ષણે અમોને તમારી યાદ અપાવે છે. તમારો શાંત અને પ્રેમાળ સ્વભાવ અમો બધા કુટુંબીજનો ભૂલી શકતા નથી.

લિ. માતુશ્રી મણિબહેન કુશળચંદ હીરાણી,
અને ભાઈ - બહેનો,

સ્વ. મણીબહેન ચંદુલાલ લલ્લુભાઈ મહેતા



લિ.

ડૉ. ચંદુલાલ લલ્લુભાઇ મહેતા
અને પરિવાર



શ્રી વીરચંદ મીઠાભાઈ મહેતા



શ્રી નવલબેન વીરચંદ મહેતા

શ્રી વીરચંદભાઇ ઓછું ભણ્યા હતા વ્યાપારી કુનેહ અને દીર્ઘદ્રષ્ટિને લીધે નાનપણમાં જ ધંધામાં જોડાયા. ૧૮ વર્ષથી ઉમ્મરે આફ્રિકા ગયા. નવો પ્રદેશ, નવા લોકો અને નવી ભાષા હોવા છતાં બધી મુશ્કેલીઓ વેઠીને થોડા જ સમયમાં કાપડનો ધંધો શરૂ કર્યો અને મોટો સ્ટોર કર્યો.

ધર્મ પ્રથમ અને ધંધો પછી; એ જીવનનો મુદ્રાલેખ સમજી, પોતે જાતે મહેનત લઇ, અથાગ ભોગ આપી, સ્થાનકવાસી જૈન ભાઇઓના સહકારથી કંપાલામાં એક ભવ્ય ઉપાશ્રય ઉભો કર્યો.

પોતે શ્રી વીરચંદ મીઠાભાઇ ચેરીટી ટ્રસ્ટ કરેલ છે એ ઉપરાંત જામનગરમાં એમના દાનથી આર્ટસ અને કોમર્સ કોલેજ શરૂ કરવામાં આવી છે. પોતાના વતન લાલપુરમાં ઉપાશ્રય બંધાવેલ છે.

શ્રી વીરચંદભાઇની દરેક પ્રવૃત્તિઓમાં એમના ધર્મપત્ની નવલબેને પૂરેપૂરો સહકાર આપીને પ્રેરણા આપી છે. શ્રીમતી નવલબેને અનેક તપશ્ચર્યાઓ કરી છે. વાલકેશ્વર ઉપાશ્રયમાં એના મકાન બાંધવામાં રૂા. ૨૫,૦૦૦ નું દાન આપેલ છે.

ગં. સ્વ. ઇચ્છાબહેન પ્રભાશંકર દફતરી



ધાર્મિક વૃત્તિવાળા હોઇ સમાજના કાર્યમાં મદદરૂપ થાય છે. તેમણે અનેક તપશ્ચર્યા કરી છે અને કરે છે. તેઓ સ્વભાવે મિલનસાર અને સાધુ-સંતોની સેવા કરે છે.

સ્વ. જીવરાજ બેચરદાસ કોઠારી



સ્વ. જીવરાજ બેચરદાસ કોઠારી
અને સ્વ. સમુબાઇ જીવરાજ બેચરદાસ કોઠારીના
સ્મરણાર્થે
હા. જેસંગ જીવરાજ કોઠારી
તથા
ચંદ્રાબેન જેસંગલાલ કોઠારી

## ગં. સ્વ. માતુશ્રી ઝબકબેન મોહનલાલ દફતરી



નાની વયમાં પૂ. પિતાશ્રીનું અવસાન એ મારે માટે ગંભીર ફટકો હતો. પરંતુ ત્યાર બાદ ગમે તેવા પ્રસંગોએ ધીરજ અને હિંમત રાખી અતિશય પરિશ્રમ કરીને બાળકોનું ભણતર-ગણતર અને ઘડતર આપે જે સુંદર રીતે કર્યું તે અજોડ અને અવિસ્મરણીય છે. એ માટે આપનું જેટલું ઋણ અદા કરીએ તેટલું ઓછું છે. માતા એ પ્રેમ અને વાત્સલ્યનું ઝરણું છે. આપે દાન-શિયળ-તપ અને ત્યાગના સંસ્કારોનું સીંચન કરીને અમારામાં ધર્મ પ્રત્યેની શ્રદ્ધા દૃઢ કરાવી છે. નીતિનિયમથી જીવવું આપણા હક્કનું જ લેવું અને ઈશ્વરમાં શ્રદ્ધા રાખી કાર્ય કર્યે જવું. "આત્મા કર્મનો કર્તા અને ભોક્તા છે" માટે જે મળે તે માત્ર કર્મનું જ ફળ છે તેમ માની સંતોષ પામવો.—તેવા જે સુંદર સંસ્કારો આપે આપ્યા છે તેનો બદલો ક્યારે અને કેવી રીતે ચૂકવીશું. તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. આજે ઔદ્યોગિક ક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે તથા આધ્યાત્મિક ક્ષેત્રમાં હું જે કાંઈ આગળ આવ્યો છું, તે આપે વાવેલા બીજનું ફળ છે. જીવનમાં ગમે તેવા તોફાન-ઝંઝાવાત કે આપત્તિમાં વીર પ્રભુ તથા આપના નામ સ્મરણથી હું નવી શક્તિ મેળવીને આગળને આગળ વધતો રહું છું.

વ્હાલી બા, અમે આપના ઉપકારનો બદલો વાળી શકીએ તેમ નથી, અમો આપના ભવોભવના ઋણી છીએ; માતૃદેવો ભવ:

લિ.

**પ્રીતમલાલ મો. દફતરી**

**કુસુમ પી. દફતરી** તથા પરિવાર

**શ્રીમતી કસુંબાબેન કેશવલાલ તલકચંદ શેઠ**



જે શિક્ષક ન કરી શકે તે એક સંસ્કારી માતા કરી શકે છે. આપે અમારામાં દાન, દયા, અનુકમ્પા, સચ્ચાઇ અને પ્રમાણીકતાના જે સંસ્કારોનું સિંચન કર્યું છે તે જીવનના દરેક ક્ષેત્રમાં ગમે તેવા તોફાન અને આંધીમાં ગમે તેવા પ્રલોભન વચ્ચે પણ અમે અણીશુદ્ધ સાચવી રાખેલ છે.

લિ. આપનો પરિવાર
**કાંતિલાલ કેશવલાલ તલકચંદ**
**આશિતા કાંતિલાલ કેશવલાલ**

**પૂજ્ય માતુશ્રી મરઘાબેન સાકરચંદ શાહ**, સાણંદવાળા હાલ મુંબઇ



આપે અમારામાં ધાર્મિક સંસ્કારનું જે સિંચન કર્યું એનાથી અમારા જીવનને સન્માર્ગે લઇ જવામાં તથા સદાચાર અને નીતિના સુપંથે વિચરવામાં અમે ઘણે અંશે સફળ બન્યા છીએ. લિ. આપનો પુત્ર

**બાલચંદ સાકરચંદ શાહ**
**કમળાબેન બાલચંદ શાહ**

---

ખંભાતવાળા **સ્વ. ઝવેરી મફતલાલ ચુનીલાલ પટેલ**



આપે અમારા જીવનમાં આદર્શ જીવન જીવવાના ખૂબ સંસ્કાર આપ્યા તે બદલ આપના અમે ઋણી છીએ.

લિ. આપના ધર્મપત્ની
**તારાબેન મફતલાલ પટેલ**
તથા સુપુત્રો **કૃષ્ણકાંત** તથા
**જગદીશ ઝવેરી પટેલ**



શ્રી ચંપાલાલ હરખચંદ કોઠારી



શેઠ ખેમચંદ બચ્છરાજ કોઠારી



શ્રી પુખરાજ એલ. મુણોત

"પ્રખર વ્યાખ્યાતા બાલબ્રહ્મચારી, વિદુષી પૂજ્ય

# શારદાબાઈ મહાસતીજીની જીવનરેખા."

(પરિચયકાર :- બચુભાઇ પી. દોશી)

## "પ્રેરણાદાયી વૈરાગ્યમય જીવન."

આ કન્યા કેમ વિરકત ભાવમાં રહે છે? તેની બાલસખીઓ શાળામાં રમતી હોય, ગરબા ગાતી હોય છતાં આ કન્યા કેમ ક્યાંય રસ લેતી નથી?

જૈનશાળામાં આ બાળા ધાર્મિક અભ્યાસ માટે જાય છે. જૈન કથાઓ સાંભળી તેનું મન કોઇ અગમ્ય પ્રદેશમાં વિચરવા લાગે છે. ચંદનબાળા, નેમ-રાજુલ, મલ્લીકુંવરી, મૃગાવતી, પદ્માવતી, વગેરે કથાઓ સાંભળી જૈનશાળામાં ભણતી બાળાઓને કહે છે સખી! ચાલો, આપણે દીક્ષા લઇએ. આ સંસારમાં કંઇ નથી. આવા મનોભાવ બાલ્યાવસ્થામાં કુમારી બહેન શારદાને આવે છે. પોતાની બહેન વિમળાબહેનના પ્રસૂતિના પ્રસંગે અને મૃત્યુએ ચૌદ વર્ષની બહેન શારદા ઉપર સંસારની અસારતાની સચોટ અસર કરી. ખરેખર માનવીને જિંદગીનો શો ભરોસો? મૃત્યુ કઈ ક્ષણે આવશે તેની કોને ખબર છે? આજની ક્ષણ સુધારવી એમાં માનવજીવનની મહત્તા છે. આવા વિચારોથી આ કન્યાનું મન દીક્ષા પ્રત્યે દઢ થતું હતું.

તેમના પિતાશ્રી વાડીલાલ છગનલાલ અને માતુશ્રી સકરીબહેન તેમજ સગાં-સ્નેહી, ખંભાતવાળા કેશવલાલ તથા ધાંગધ્રાવાળા શ્રી નરસિંહદાસ વખતચંદ સંઘવીએ (આપણા જૈન સમાજના આદર્શ શ્રાવક) બહેન શારદાને સમજાવવા ઘણી મહેનત કરી, પરંતુ જેના હૃદયમાં વૈરાગ્યની જ્યોત પ્રગટી છે, જેનો આત્મા વૈરાગ્યના રંગે રંગાઇ ગયો છે તેને કંઈ અસર થાય ખરી? તેમના પૂ. ભાઇજી હીરાચંદ છગનલાલ તેમજ ન્યાલચંદભાઇ, ચીમનભાઇ (સાણંદના માજી પ્રમુખ), સકરચંદભાઇ, ખીમચંદભાઇ અને બીજાઓએ પણ ઘણાં પ્રયત્ન કર્યાં કે આ કન્યા સંસારમાં રહે તો સારું, પણ ભાવિ પ્રબળ છે. વૈરાગ્યના પંથે જનારને ઘણી કસોટીમાંથી પાર ઉતરવું પડે છે. સાથે પ્રસંગો અને તકો પણ એવી મળે છે કે તેમનું મન વધુ ને વધુ દઢ વૈરાગ્યમય બનતું જાય છે.

શારદાબહેનનો જન્મ સાણંદ મુકામે સંવત ૧૯૮૧ ના માગસર સુદી ૧૧ ના રોજ થયો. સાણંદની ગુજરાતી શાળામાં છ ગુજરાતી સુધીનું વ્યવહારિક શિક્ષણ લેતા લેતા પૂર્વભવના સંસ્કારે અને પુણ્યોદયે બાલપણમાં સ્વયં વૈરાગ્યભાવ અંતરમાં પ્રગટયો. સંવત ૧૯૯૫ માં ખંભાત સંપ્રદાયના સ્વ. પૂ. ગચ્છાધિપતિ, બાલબ્રહ્મચારી, મહાન વ્યાખ્યાતા આચાર્ય શ્રી રત્નચંદ્રજી મહારાજ સાહેબને ખબર પડી કે વાડીલાલભાઇ

શ્રાવકનું કન્યારત્ન દીક્ષા લેવાના ભાવ રાખે છે. તેથી તેમણે શારદા બહેનને બોલાવીને કસોટી કરી.

"બહેન! સંયમ માર્ગે વિચરવું કઠિન છે. સંયમ ખાંડાની ધાર છે. સંસારના સુખો છોડવાં સહેલાં નથી. બાવીસ પરિષહો સહન કરવા મુશ્કેલ છે. બહેન! તારી ઉંમર સાવ છોટી છે. આત્મોન્નતિનો માર્ગ ઘણી સાધના માગી લે છે. તમે આ બધું કરી શકશો? માતા-પિતાની શીતળ છાયા છોડી શકશો? માતા-પિતા રજા આપશે?" જુઓ, વૈરાગી શારદાબહેનનો જવાબ પણ કેવો વૈરાગ્યભર્યો છે? તેમણે કહ્યું- "ગુરૂદેવ! મારી સંપૂર્ણ તૈયારી છે. (અંતરના ઉંડાણનો અંતરંગ વૈરાગ્યનો આ રણકાર હતો) જેને મન સંસાર એક અનર્થની ખાણ છે, અને જેને છોડવું છે તેને કોણ રોકનાર છે? ક્ષણિક જીવનમાંથી આત્મપ્રકાશ લેવાની મારી અહોનિશ ભાવના છે."

પૂ. ગુરૂદેવને ખાત્રી થઈ કે ખરેખર આ કન્યારત્ન દીક્ષા લઈ જૈન શાસનને અજવાળશે. સંપ્રદાયની શાન વધારશે ને શાસનની શોભા કરશે. આ ચાતુર્માસની અંદર વૈરાગી શારદાબહેને દઢતાથી અને વધુ સમય મેળવીને ધાર્મિક અભ્યાસ શરૂ કરી દીધો. ટૂંક સમયમાં દશવૈકાલિક, ઉત્તરાધ્યયન સૂત્ર અને ઘણા થોકડા કંઠસ્થ કર્યાં.

**"દૃઢ વૈરાગી શારદાબહેનની કસોટી"**:- એક બાજુ શારદાબહેન વૈરાગ્ય પંથે જવામાં આગેકૂચ કરી રહ્યા હતા ત્યારે બીજી બાજુ માતા પિતા તેમનાં સગપણ માટે વાતો કરતા હતા. વૈરાગ્ય અને સંસારનું તુમુલ યુદ્ધ ચાલી રહ્યું હતું. શારદાબહેને દઢતાપૂર્વક જણાવી દીધું, કે મારા સગપણની વાતો કરશો નહિ. આ સાંભળી માતા-પિતાને ઘણું દુઃખ થયું. માત-પિતાએ અન્નજળનો ત્યાગ કરવાની ધમકી પણ આપી. પણ જેનું મન વૈરાગ્યમાં રમી રહ્યું છે. જેની રગેરગે વૈરાગ્યનો સ્રોત વહી રહ્યો છે. જેના ચિત્તડામાં ચારિત્રની ચટપટી લાગેલી છે. એવા દઢ વૈરાગીને શી અસર થાય? આખરે માતાપિતાએ કહ્યું, કે અત્યારે સોળ વર્ષની ઉંમરે નહિ પણ એકવીસ વર્ષની ઉંમરે દીક્ષા માટે રજા આપીશું. પરંતુ શારદાબહેન સોળ વર્ષની ઉંમરે દીક્ષા લેવામાં મક્કમ હતા. તેમણે કહ્યું કે "સત્તર વર્ષના વિમળાબહેનના મૃત્યુને કોઈ રોકી શક્યું નહિ તો આ જિંદગીનો શો ભરોસો છે? મારું મન વૈરાગ્યના રંગે રંગાયેલું છે. તેમાંથી પીછેહઠ થનાર નથી." અંતે માતા-પિતા, સગાવહાલા, કુટુંબીજનોને જણાયું કે શારદાના વિચારો દઢ છે આથી રાજીખુશીથી દીક્ષાની આજ્ઞા આપી.

**"શારદાબહેનનો ભાગવતી દીક્ષા મહોત્સવ**:-સંવત ૧૯૯૬ના વૈશાખ સુદ છઠ્ઠના તા. ૧૩-૫-૧૯૪૦ને સોમવારે સાણંદમાં જ તેમના (માતા-પિતાના) ઘેરથી ભવ્ય રીતે ખૂબ ધામધૂમથી શારદાબહેનનો દીક્ષામહોત્સવ ઉજવાયો. દીક્ષાવિધિ પૂ. ગુરૂદેવ રત્નચંદ્રજી મહારાજ સાહેબે કરાવી. ગુરૂદેવ પૂ. રત્નચંદ્રજી મહારાજ સાહેબ અને ગુરૂણી પૂજ્ય પાર્વતીબાઈ

મહાસતીજીના શિષ્યા તરીકે તેમને જાહેર કર્યાં. શારદાબહેન તથા સાણંદના બીજા બહેન જીવીબહેનની દીક્ષા સાથે થઇ, તે બંનેને પૂ. પાર્વતીબાઈ મહાસતીજીના શિષ્યાએ તરીકે જાહેર કરવામાં આવ્યા. જીવી બહેનનું નામ પૂ. જશુબાઈ મહાસતીજી રાખવામાં આવ્યું અને શારદાબહેનનું નામ બા. બ્ર. પૂ. શારદાબાઇ મહાસતીજી રાખવામાં આવ્યું. વૈરાગ્ય અને વેવિશાળ વચ્ચેની પાતળી રેખા વિલીન થઇ ગઇ અને વૈરાગ્ય વિજયી બન્યો.

તેમના પૂજ્ય પિતાશ્રી વાડીભાઇ અને માતુશ્રી સકરીબહેન, ભાઇશ્રી નટવરભાઇ તથા પ્રાણલાલભાઇ, ભાભી અ. સૌ. નારંગીબહેન તથા અ. સૌ. ઈન્દીરાબહેન, બહેનો અ. સૌ. ગંગાબહેન, અ. સૌ. શાન્તાબહેન, અ. સૌ. હસુમતીબહેન બધા ધર્મપ્રેમી છે અને સંસ્કારી કુટુંબ છે. સાણંદમાં તેમને કાપડનો સારો વહેપાર છે. શારદાબાઇ મહાસતીજીના સંસારી પિતા શ્રીયુત વાડીલાલ છગનલાલ શાહ સંવત ૨૦૨૧ના વૈશાખ સુદ ૪ ને મંગળવાર તા. ૪-૫-૬૫ ના રોજ સાણંદ મુકામે પહેલી વખતના હાર્ટફેલના હુમલાથી અવસાન પામ્યા છે. મૃત્યુની અંતિમ ઘડી સુધી વિશુદ્ધ ભાવો અને મન ધર્મધ્યાનમાં રહેતું હતું. તેઓશ્રી અને તેમના ધર્મપત્ની તથા પુત્રો પુત્રવધુઓ અને પુત્રીઓ બધા મહાસતીજીની સાનિધ્યમાં જેટલા દિવસ રહે તેટલા દિવસ ધર્મધ્યાનમાં વ્યતીત કરતા અને જ્યારે પૂ. મહાસતીજીના દર્શન કરવા આવે ત્યારે શુભ ખાતામાં સારી રકમ ભેટ આપતા.

પૂજ્ય શારદાબાઇ મહાસતીજી મુંબઈથી વિહાર કરી સંવત ૨૦૨૩માં દેશમાં પધાર્યા ત્યારે વિહાર કરતાં કરતાં સંવત ૨૦૨૫માં સાણંદ પધાર્યા. તે વખતે તેમના સંસારી માતુશ્રી સકરીબહેનની તબિયત હાર્ટની ટ્રબલ અને ડાયાબીટીશના કારણે નરમ હતી. અસહ્ય દર્દમાં પણ તેમની સમતા ગજબ હતી. સકરીબહેનના પુત્રો, પુત્રવધૂઓ. તથા પુત્રીઓએ પ્રેમથી અને લાગણીથી તેમની જે સેવા કરી છે તે આજના સંતાનો ભાગ્યે કરી શકે. પૂ. મહાસતીજી જ્યારે સાણંદથી વિહાર કરવાના હતા ત્યારે તેમના સંસારી માતુશ્રી સકરીબહેને કહ્યું કે મહાસતીજી! આપ ભાવનગર ચાતુર્માસ પધારશો. પછી હવે હું આપના દર્શન નહિ કરી શકું. મારા માટે આપના આ છેલ્લા દર્શન છે. ત્યારે મહાસતીજીએ કહ્યું કે તમે આમ કેમ બોલો છો? ત્યારે તેમણે કહ્યું - હવે આ નશ્વર દેહનો ભરોસો નથી માટે મને ધર્મારાધના કરાવો. પૂ. મહાસતીજી પાસે એક મહિના સુધી સતત શાસ્ત્રવાંચન સાંભળ્યું. ઘણા પચ્ચખાણ લીધા અને અનેક રીતે પોતાના આત્માની સાધનામાં જોડાવા લાગ્યા. ત્યાર પછી પૂ. મહાસતીજીએ ભાવનગર તરફ વિહાર કર્યો. પછી સંવત ૨૦૨૫ના અષાડ સુદ ૧૧ ના રોજ વી. એસ. હોસ્પિતાલમાં સાંજના પાંચ વાગે સાગારી સંથારો કરી સમતાભાવે આત્મ સાધનામાં મસ્ત રહી સૌને રડતા મૂકી આ નશ્વર દેહનો તેમણે ત્યાગ કર્યો.

**"સંયમી જીવનમાં પ્રગતિ" :-** દીક્ષા જીવનની શરૂઆતમાં મહાસતીજી

શારદાબાઇ સ્વામીનો ધાર્મિક શાસ્ત્ર-અભ્યાસનો પુરૂષાર્થ પ્રબળ બન્યો. પૂ. ગુરૂદેવ અને પૂ. ગુરૂણીની શીતળ છત્રછાયામાં પૂ. મહાસતીજીએ ઘણું આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું. શાસ્ત્રોનું વાંચન કર્યું. સંસ્કૃત પ્રાકૃત ભાષાનું જ્ઞાન મેળવ્યું. આ જ્ઞાનનો બીજાને લાભ આપતા અલ્પ સમયમાં પ્રતિભાશાળી અને વિદુષી તથા પ્રખર વ્યાખ્યાતા તરીકે પૂ. શારદાબાઇ મહાસતીજી ખ્યાતિ પામ્યા.

પૂ. વિદુષી મહાસતીજી જ્યારે વ્યાખ્યાન આપે છે ત્યારે માત્ર વિદ્વતા નહિ પણ આત્માના ચૈતન્યની વિશુદ્ધિનો રણકાર તેમના અંતરના ઉંડાણમાંથી આવે છે. ધર્મના, તત્ત્વના શબ્દાર્થ, ભાવાર્થ, ગુઢાર્થને એવી ધીર ગંભીર અને પ્રભાવક શૈલીમાં વિવિધ દૃષ્ટાંતોથી સંભળાવે છે કે શ્રોતાવૃંદ તેમાં તન્મય, ચિન્મય બની જાય છે અને અપૂર્વ શાંતિથી શારદાસુધાનું રસપાન કરે છે. બાલ બ્રહ્મચારી, વિદુષી, પ્રખર વ્યાખ્યાતા શ્રી શારદાબાઇ મહાસતીજીની વાણીમાં આત્માનો અંતરધ્વનિ આવે છે. અને તે ધ્વનિએ અનેક જીવોને પ્રતિબોધ પમાડયો છે. સુષુપ્ત આત્માઓને ઢંઢોળીને સંયમ માર્ગે દોર્યા છે. ભગવાન મહાવીરના ચાર તીર્થમાંના સાધ્વીતીર્થની સરિતા જ્યારે એના અંતરના નિર્મળ નીરનો (ઉદ્ગારોનો) પ્રવાહ વહેવડાવે છે ત્યારે શ્રોતાવૃંદ એમાં ભીંજાઇ જાય છે. અને તપ-ત્યાગ તથા સંયમના માર્ગે જવા પ્રેરાય છે.

**"સંયમી જીવનની વિહાર યાત્રા"**:- અત્યાર સુધીના ૩૬ વર્ષના સંયમી જીવનમાં પૂ. મહાસતીજીનો વિહાર ગુજરાત, સૌરાષ્ટ્ર અને મહારાષ્ટ્રમાં થયો છે. સૌરાષ્ટ્રમાં રાજકોટ, ભાવનગર, ગોંડલ, જેતપુર, જુનાગઢ, જામનગર, સાવરકુંડલા, ધારી, બગસરા, બોટાદ, પાળીયાદ, લીંબડી, વાંકાનેર, થાનગઢ, મૂળી, સાયલા, વઢવાણ, સુરેન્દ્રનગર, જોરાવરનગર, ચુડા, ધ્રાંગધ્રા વિગેરે સ્થળોમાં તેમના વિહારથી અને તેમના ઉપદેશથી ઘણા આત્માઓએ આજીવન બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરેલ છે. અને સંખ્યાબંધ વ્રત-પ્રત્યાખ્યાન થયેલ છે. મહારાષ્ટ્ર પ્રદેશમાં લોનાવાલા, પુના, ઘોડનદી, અહમદનગર, નાસિક, ઇગતપુરી, શ્રીરામપુર, લાસણગાંવ વિગેરે સ્થળોનો શેષકાળ વિહાર કર્યો છે. અને મુંબઇમાં ચાતુર્માસ કર્યા છે. તેમના ઉપદેશથી આ બધા ક્ષેત્રોમાં અપૂર્વ ધર્મ જાગૃતિ આવી છે. ગુજરાતમાં અમદાવાદ, ખંભાત, સાણંદ, વીરમગામ, સાબરમતી, ખેડા વિગેરે ક્ષેત્રોને ચાતુર્માસનો લાભ આપ્યો છે.

પૂ. મહાસજીતીના પ્રતિબોધથી અઢાર બહેનો વૈરાગ્ય પામીને તેમની પાસે દીક્ષા અંગીકાર કરીને તેમના સુશિષ્યાઓ થયેલ છે. અને શાસનની અભિવૃદ્ધિ કરી રહેલ છે.

જૈન શાસનમાં પૂ. મહાસતીજીએ એક જૈન સાધ્વી તરીકે રહી તેમણે પૂ. ગુરૂદેવ શ્રી રત્નચંદ્રજી મહારાજ સાહેબ અને પૂ. શ્રી ગુલાબચંદ્રજી મહારાજના કાળધર્મ બાદ ખંભાત સંપ્રદાયનું સુકાન ચલાવેલ છે જે જૈન શાસનમાં વિરલ છે. એટલું જ નહિ પણ

ખંભાત સંપ્રદાયના સંઘપતિ શ્રી કાંતીભાઇની દીક્ષા પણ પૂ. મહાસતીજીના હસ્તક થઇ છે. જે આજે મહાન વૈરાગી પૂ. કાંતીઋષીજી મહારાજ સાહેબ તરીકે પ્રસિદ્ધિ પામ્યા છે. આજે ખંભાત સંપ્રદાયમાં પૂ. કાંતીઋષિજી મહારાજ ઠાણા-૯ બિરાજમાન છે. તેમાં પહેલા પાંચ સાધુજીઓને દીક્ષાની પ્રેરણા આપનાર પૂ. વિદુષી મહાસતીજીની અદ્દભૂત વાણી છે. ખંભાત સંપ્રદાયમાં નવ રત્ન સમાન નવ સંતો જૈન શાસનને શોભાવી રહ્યા છે તે (૧) મહાન વૈરાગી પૂ. કાંતીઋષીજી મહારાજ સાહેબ (૨) બા. બ્ર. પૂ. સૂર્યમુનિ મ. (૩) બા. બ્ર. પૂ. અરવિંદ મુનિ મ. (૪) બા. બ્ર. પૂ. નવીનઋષી મ. (૫) બા. બ્ર. પૂ. કમલેશમુનિ મ. (૬) બા. બ્ર. પૂ. પ્રકાશમુનિ મ. (૭) બા બ્ર. ચેતનમુનિ મ. (૮) બા. બ્ર. મહેન્દ્રમુનિ મ. (૯) નવદીક્ષિત પૂ. દર્શનમુનિ મ. ઠાણા– ૯ વિદ્યમાન છે.

પૂ. મહાસતીજીએ આજથી ૧૩ વર્ષ પહેલાં કાંદાવાડી સંઘની ચૌદ ચૌદ વર્ષની વિનંતીને માન આપી સં. ૨૦૧૮નું ચાતુર્માસ કાંદાવાડીમાં કર્યું હતું. ત્યારે પૂ. મહાસતીજીની તેજસ્વી-પ્રભાવશાળી વાણીએ અને ખાસ કરીને બ્રહ્મચર્ય પરના સચોટ વ્યાખ્યાનોએ જનતામાં અલૌકિક અસર કરી. અને પરિણામે કાંદાવાડીમાં તેમના સાનિધ્યમાં શ્રી સંઘના મંત્રી રમણીકભાઈ કોઠારી સહિત ૫૧ ભાઇ બહેનોએ એકી સાથે બ્રહ્મચર્ય વ્રતની પ્રતિજ્ઞા લીધી હતી. મોહમયી મુંબઇ નગરી માટે આ અભૂતપૂર્વ બનાવ હતો. કાંદાવાડીના ચાતુર્માસ પછી અનુક્રમે પૂ. મહાસતીજીએ માટુંગા; દાદર, વિલેપાર્લા અને ઘાટકોપર ચાતુર્માસ કર્યા. આ ચાતુર્માસોમાં તપશ્ચર્યાના પૂર આવ્યા હતા. આ ચાતુર્માસ દરમ્યાન તેમજ શેષકાળમાં પૂ. મહાસતીજી પાસે કુલ ૧૦૮ હાથજોડ થઈ હતી. આ રીતે પૂ. મહાસતીજીએ મુંબઈમાં ખંભાત સંપ્રદાયનું નામ રોશન કરી પછી ગુજરાત તરફ વિહાર કર્યો. ગુજરાતમાં ખંભાત, અમદાવાદ, ભાવનગર, રાજકોટ, ધાંગધ્રા, અમદાવાદમાં (નગરશેઠનો વંડો) ચાતુર્માસ કર્યા. આ ચાતુર્માસમાં પૂ. મહાસતીજીની પ્રભાવશાળી વાણીથી ગુજરાત - સૌરાષ્ટ્રમાં તપ ત્યાગની ભરતી આવી હતી.

પૂ. મહાસતીજી એક વખત તો મુંબઇ નગરીને પાવન કરી ચૂકયા હતા. પણ પૂ. મહાસતીજીની વાણી મુંબઇની જનતામાં એવું આકર્ષણ પેદા કરી ગઇ હતી કે પૂ. મહાસતીજી દેશમાં પધારવા છતાં મુંબઇની જનતા તેમના ચાતુર્માસ માટે ઝંખી રહી હતી. એટલે કાંદાવાડી, માટુંગા આદિ સંઘોની વિનંતી અવારનવાર ચાલુ રહી હતી. તેથી મુંબઇ સંઘની આગ્રહભરી વિનંતીને માન આપી છ વર્ષમાં પૂ. મહાસતીજીને ફરી-વાર મુંબઇ આવવાનું બન્યું ને જનતાના દિલ આનંદથી છલકાઇ ગયા. વાચકો ! આપ આ ઉપરથી સમજી શકશો કે પૂ. શારદાબાઇ મહાસતીજીએ મુંબઇ નગરીની જનતાના દિલનો પ્રેમ કેટલો સંપાદન કર્યો હશે !

સંવત ૨૦૨૯ માં કાંદાવાડી સંઘની આગ્રહભરી વિનંતીને માન આપી પૂ. મહાસતીજીએ કાંદાવાડીમાં ચાતુર્માસ કર્યું. તે ચાતુર્માસમાં પૂ. મહાસતીજીએ માત્ર બૃહદ મુંબઈમાં નહિ પણ સારાયે ભારતમાં દાન, શીલ અને તપમાં અજોડ અને અભૂતપૂર્વ વિક્રમ સ્થાપ્યો. ખંભાત સંપ્રદાયનો, ભગવાન મહાવીરનો અને જૈન શાસનનો જયજયકાર કર્યો. પર્વાધિરાજ પર્યુષણ પર્વ દરમ્યાન દાનમાં જુદી જુદી જનકલ્યાણની, માનવતાની અને સહધર્મી વાત્સલ્યની પ્રવૃત્તિઓ માટે રૂ. ૧૦ લાખ ભેગા થયા. તપશ્ચર્યા છકાઈથી લઈને ૪૫ ઉપવાસ સુધીની સંખ્યા ૫૦૦ ઉપર પહોંચી. આ રીતે સતીજીના સતના પ્રભાવે કાંદાવાડીનું ચાતુર્માસ અભૂતપૂર્વ બની ગયું.

સંવત ૨૦૩૦ માં માટુંગા સંઘની આગ્રહભરી વિનંતીને માન આપી પૂ. મહાસતીજીએ માટુંગા ચાતુર્માસ કર્યું. પૂ. મહાસતીજીના પ્રભાવશાળી પ્રવચનોથી શ્રી સંઘમાં તપશ્ચર્યાના પૂર આવ્યા હતા. છ ઉપવાસથી લઈને ૩૫ ઉપવાસ સુધીની સંખ્યાનો આંક ૨૭૫ ઉપર પહોંચ્યો હતો. સોળ સોળ વર્ષની બાલિકાઓએ માસખમણની ઉગ્ર સાધના કરી હતી, દાનવીરોએ દાનનો વરસાદ વરસાવ્યો. નવ ભાઈ બહેનોએ આજીવન બ્રહ્મચર્ય વ્રતની પ્રતિજ્ઞા કરી. આ રીતે માટુંગાનું ચાતુર્માસ પણ દાન, શીલ, તપ અને ભાવનાથી ગાજતું બન્યું હતું.

સંવત ૨૦૩૧ માં વાલકેશ્વર શ્રી સંઘની આગ્રહભરી વિનંતીને માન આપી પૂ. મહાસતીજી વાલકેશ્વર ચાતુર્માસ પધાર્યા. પૂ. મહાસતીજીના આત્મસ્પર્શી, ઓજસ્વી, પ્રભાવશાળી પ્રવચનથી માનવના હૃદયમાં એવું અનેરું આકર્ષણ થયું કે જેથી ચાતુર્માસમાં વ્યાખ્યાનહોલ હરહમેંશ ચિક્કાર ભરાયેલો રહ્યો છે. જનતાને સારી રીતે પૂ. મહાસતીજીના પ્રવચન સાંભળવાનો અમૂલ્ય લાભ મળે ને શાંતિથી બેસી શકે તે માટે શ્રી સંઘે ઉપાશ્રયના કંપાઉન્ડમાં મંડપ બાંધ્યો હતો. પૂ. મહાસતીજીના દાન, શીયળ, તપ ઉપરના જોરદાર પ્રવચનોથી વાલકેશ્વર સંઘમાં તપની, દાનની અને શીલની ભરતી આવી હતી. છ ઉપવાસથી લઈને ૩૨ ઉપવાસ સુધીની સંખ્યાનો આંક ૧૫૦ ઉપર પહોંચ્યો હતો. સોળ ભાઈબહેનોએ સજોડે એટલે ૩૨ આત્માઓએ આજીવન બ્રહ્મચર્ય-વ્રતની પ્રતિજ્ઞા કરી, દાનમાં ભાઈ બહેનોએ પોતાના હૈયાના ઉમંગથી દાનનો વરસાદ વરસાદ વરસાવ્યો. ને પરિણામે રૂ. પાંચ લાખ ભેગા થઈ ગયા. બૃહદ મુંબઈમાં વાલકેશ્વરને ડાયમંડ એરીયા કહેવામાં આવે છે. તે ડાયમંડ એરીયા ધનની સાથે દાન, શીયળ, તપ અને ભાવનામાં પણ ડાયમંડ એરીયા બની ગયો. સારાયે મુંબઈમાં વાલકેશ્વર તપ-ત્યાગમાં આ ચાતુર્માસમાં મોખરે આવ્યું. *આ બધો પ્રભાવ અને યશ પૂ. મહાસતીજીના ફાળે જાય છે. આ વખતનું ચાતુર્માસ વાલકેશ્વરના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે લખાશે.*

પૂ. મહાસતીજીના માટુંગા (પ્રથમ) ચાતુર્માસના વ્યાખ્યાનો શારદા સુધા ભાગ ૧-૨ જેની પ્રત ૮૫૦૦, દાદર ચાતુર્માસના વ્યાખ્યાનો શારદા સંજીવની ભાગ ૧-૨-૩ જેની પ્રત ૬૦૦૦, ઘાટકોપર ચાતુર્માસના વ્યાખ્યાનો શારદા માધુરી ભાગ ૧-૨-૩ જેની પ્રત ૬૦૦૦, રાજકોટ ચાતુર્માસના વ્યાખ્યાનો શારદા પરિમલ ભાગ ૧-૨-૩ સંયુક્ત પ્રત ૨૦૦૦, અમદાવાદ ચાતુર્માસના વ્યાખ્યાનો શારદા સૌરભ ભાગ ૧-૨-૩ પ્રત ૬૦૦૦, મુંબઇ કાંદાવાડી ચાતુર્માસના વ્યાખ્યાનો શારદા સરિતા પ્રત ૫૫૦૦, માટુંગા ચાતુર્માસના વ્યાખ્યાનો શારદા જ્યોત પ્રત ૩૦૦૦ આટલા પુસ્તકો પૂ. મહાસતીજીના વ્યાખ્યાનના બહાર પડયા છે અને તે બધા પુસ્તકો ખલાસ થઇ ગયા છે. જેમ જેમ પુસ્તકો બહાર પડતાં ગયાં તેમ તેમ જનતાનું આકર્ષણ વધતું ગયું. વાચકોને આ ઉપરથી ખ્યાલ આવતો હશે કે પૂ. મહાસતીજીના વ્યાખ્યાનોનું કેટલું આકર્ષણ છે! જે પુસ્તકો ખલાસ થઇ ગયા છે તેની એટલી બધી માંગણી છે કે કદાચ ફરીને બહાર પાડવા પડશે.

પૂ. મહાસતીજીના સંવત ૨૦૩૧ ના વાલકેશ્વર ચાતુર્માસના વ્યાખ્યાનો શારદા સાગર (ભાગ ૧-૨-૩ સંયુક્ત) નામથી ૭૦૦૦ નકલો પ્રકાશિત થતાં તેઓના વ્યાખ્યાનના પુસ્તકોમાં એક વધુ વ્યાખ્યાન સંગ્રહનો ઉમેરો થાય છે એ આપણા સમાજ માટે સદ્ભાગ્યનો વિષય છે.

આ બધો પ્રભાવ પ્રખર વ્યાખ્યાતા બા. બ્ર. વિદુષી પૂ. શારદાબાઇ મહાસતીજીનો છે.

સંવત ૨૦૩૨ ના વૈશાખ સુદ છઠ્ઠના પવિત્ર દિવસે પૂ. મહાસતીજીના સંયમી જીવનના ૩૬ વર્ષ પૂરા થાય છે. બા. બ્ર. વિદુષી પૂ. મહાસતીજીની સંયમયાત્રાની આ રજતજયંતિ આપણને સૌને આધ્યાત્મિક માર્ગે જવા દીવાદાંડી રૂપ બની રહો.

પૂ. મહાસતીજીના ચરણકમળમાં અમારા કોટી કોટી વંદન હો.

## "ખંભાત સંપ્રદાયના સ્વ. પૂજ્ય ગચ્છાધિપતિ, ૧૦૦૮ બા. બ્ર. પૂ. શ્રી. રત્નચંદ્રજી મહારાજ સાહેબના શિષ્યામંડળની નામાવલી."

| મહાસતીજીનું નામ | જન્મસ્થળ અને દીક્ષાસ્થળ | દીક્ષા સંવત | માસ | તિથિ વાર |
|---|---|---|---|---|
| ૧ બા. બ્ર. વિદુષી પૂ. શારદાબાઈ મહાસતીજી | સાણંદ | ૧૯૯૬ | વૈશાખ | સુદ ૬ સોમવાર |
| ૨ પૂ. સુભદ્રાબાઈ મહાસતીજી | ખંભાત | ૨૦૦૮ | ચૈત્ર | સુદ ૧૦ શુક્રવાર |
| ૩ પૂ. ઈન્દુબાઈ મહાસતીજી–સુરત | દીક્ષાસ્થળ–નાર | ૨૦૧૧ | અષાડ | સુદ ૫ ગુરૂવાર |
| ૪ બા. બ્ર. પૂ. વસુબાઈ મહાસતીજી | વીરમગામ | ૨૦૧૩ | માગશર | સુદ ૫ શુક્રવાર |
| ૫ બા. બ્ર. પૂ. કાન્તાબાઈ મહાસતીજી | સાણંદ | ૨૦૧૩ | માગશર | સુદ ૧૦ ગુરૂવાર |
| ૬ પૂ. સદ્ગુણાબાઈ મહાસતીજી | લખતર | ૨૦૧૩ | મહા | સુદ ૬ બુધવાર |
| ૭ બા. બ્ર. પૂ. ઈન્દીરાબાઈ મહાસતીજી | સુરત | ૨૦૧૪ | માગશર | સુદ ૬ બુધવાર |
| ૮ પૂ. શાન્તાબાઈ મહાસતીજી– દીક્ષાસ્થળ નાર | મોડાસર | ૨૦૧૪ | મહા | વદ ૭ સોમવાર |
| ૯ પૂ. કમળાબાઈ મહાસતીજી | ખંભાત | ૨૦૧૪ | વૈશાખ | સુદ ૬ શુક્રવાર |
| ૧૦ સ્વ. પૂ. તારાબાઈ મહાસતીજી | સાબરમતી | ૨૦૧૪ | અષાડ | સુદ ૨ ગુરૂવાર |
| ૧૧ બા. બ્ર. પૂ. ચંદનબાઈ મહાસતીજી | લખતર | ૨૦૧૭ | માગશર | સુદ ૬ ગુરૂવાર |
| ૧૨ બા. બ્ર. પૂ. રંજનબાઈ મહાસતીજી | સાબરમતી, દીક્ષા સ્થળ–દાદર | ૨૦૨૧ | મહા | સુદ ૧૩ રવિવાર |
| ૧૩ બા. બ્ર. પૂ. નિર્મળાબાઈ મહાસતીજી | ખંભાત, દીક્ષા સ્થળ–દાદર | ૨૦૨૧ | મહા | સુદ ૧૩ રવિવાર |
| ૧૪ બા. બ્ર. પૂ. શોભનાબાઈ મહાસતીજી | લીંબડી, દીક્ષા સ્થળ–મલાડ | ૨૦૨૨ | વૈશાખ | સુદ ૧૧ રવિવાર |
| ૧૫ પૂ. મંદાકિનીબાઈ મહાસતીજી | માટુંગા-મુંબઈ | ૨૦૨૩ | મહા | સુદ ૮ શનીવાર |
| ૧૬ બા. બ્ર. પૂ. સંગીતાબાઈ મહાસતીજી | ખંભાત | ૨૦૨૩ | વૈશાખ | સુદ ૫ રવિવાર |
| ૧૭ બા. બ્ર. પૂ. હર્ષિદાબાઈ મહાસતીજી | ઘાટકોપર, દીક્ષા સ્થળ-ભાવનગર | ૨૦૨૬ | વૈશાખ | વદ ૧૧ રવિવાર |
| ૧૮ બા. બ્ર. પૂ. સાધનાબાઈ મહાસતીજી | ખંભાત | ૨૦૨૯ | માગશર | સુદ ૨ ગુરૂવાર |
| ૧૯ બા. બ્ર. પૂ. ભાવનાબાઈ મહાસતીજી | માટુંગા-મુંબઈ | ૨૦૨૯ | વૈશાખ | સુદ ૫ સોમવાર |

✫

# શારદા સાગર

(ભાગ ૧-૨-૩ સંયુક્ત)

## સ્વ. આચાર્ય ગચ્છાધિપતિ પૂજ્ય શ્રી બા. બ્ર. ગુરૂદેવ રત્નચંદ્રજી ગુરવે નમઃ

## સંવત ૨૦૩૧ ના વાલકેશ્વરના – ચાતુર્માસમાં આપેલા પ્રવચન

## અધિકાર (અનાથી નિર્ગ્રંથ)

### વ્યાખ્યાન નં. – ૧

**અષાડ વદ બીજને ગુરુવાર**

### વિષય :– 'સુખી થવાનો શ્રેષ્ઠ ઉપાય' – "આત્મદમન"

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો !

અનંત કરુણાનિધિ, શાસનપતિ, વીર પ્રભુના મુખકમળમાંથી ઝરેલી શાશ્વતી વાણી તેનું નામ સિદ્ધાંત. બત્રીસ સિદ્ધાંતમાં ઉત્તરાધ્યયન સૂત્ર એ પ્રભુની અંતિમ વાણી છે.

આ પ્રવચન રૂપી મહાવૃક્ષની અનેક શાખા પ્રશાખાઓ છે. તેમાંની એક શાખા તે શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર તેની છત્રીસ પ્રશાખા રૂપી છત્રીસ અધ્યયન છે. તેમાંની વીસમી પ્રશાખા રૂપી વીસમું અધ્યયન છે. જેમાંથી આપણને આત્મતત્ત્વના મધુરા સુધારસના ઘૂંટડા પીવા મળશે. એટલે આજના મંગલ દિવસે આપણે એ શ્રુત વાણીના વાંચનની મંગલ શરૂઆત કરીએ.

શાસ્ત્રકાર ભગવંતોએ ચાર દુર્લભ વસ્તુમાં શ્રુતિ એટલે શાસ્ત્ર શ્રવણની ગણના પણ કરેલી છે. શાસ્ત્ર શ્રવણના યોગને તમે નાનો સૂનો માનશો નહિ. જ્યારે જીવના રાગાદિ દોષોની પરિણતિ મંદ થઈ હોય, કષાયોનું જોર નરમ પડયું હોય અને કલ્યાણની કામના પ્રગટી હોય ત્યારે સર્વજ્ઞપ્રણીત શાસ્ત્રો સાંભળવાની જિજ્ઞાસા થાય છે અને પ્રબળ પુણ્યોદયે સંભળાવનાર સદ્‌ગુરૂનો યોગ પ્રાપ્ત થાય છે. અલ્પ સંસારી આત્માનું પ્રથમ લક્ષણ જિનવચનની અનુરકતતા છે. એટલે તમને જિનવાણી સાંભળવામાં રસ આવતો હોય તો જરૂર માનજો કે તમે અલ્પસંસારી છો. હવે તમારો સંસાર બહુ અલ્પ બાકી રહ્યો છે ને તમારા આત્મવિકાસનો અરુણોદય થઈ ચૂકયો છે.

બંધુઓ ! પૌદ્‌ગલિક સુખો નકલી છે, બનાવટી છે, તુચ્છ છે, ક્ષણભંગુર ને અસાર છે તેને છોડયા સિવાય ત્રણ કાળમાં પણ સાચા આત્મિક સુખની પ્રાપ્તિ થવાની નથી. આત્માનું સુખ મેળવવા માટે માનસિક શાન્તિની પ્રથમ જરૂર છે. આજે તો જ્યાં જુઓ ત્યાં શાંતિના બદલે અશાંતિનો દાવાનળ સળગી રહ્યો છે. પ્રાઈમીનીસ્ટરથી માંડીને પટાવાળા સુધી અને શેઠથી માંડીને મજૂર સુધી કોઈને શાન્તિ નથી. જે મહિને હજાર કમાય તેને પણ હાયવોય છે ને પાંચ હજાર કમાય તેને પણ ઉપાધિ છે. મહિને દશ હજારની પેદાશવાળાને પણ એટલી દોડાદોડી છે ને જબાન પર લાખોના સોદા કરનારના મગજ પણ ચિંતાથી ઘેરાયેલા છે. આજનો માનવ ઝંખે છે શાન્તિ પણ જીવનના ક્રમ એવી રીતે ઘેરાયેલા છે કે જેમાં શાન્તિના દર્શન થાય નહિ. એક વસ્તુ મેળવવાની ઇચ્છા થાય ને જ્યાં સુધી તેની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી મન અશાંત રહે છે તે મળી

જાય એટલે બીજી વસ્તુ મેળવવાની ઇચ્છા થાય છે. માની લો, કે તમારો બાબો સ્કૂલમાં ભણતો હોય ત્યારે ચિંતા થાય છે કે મેટ્રિકમાં પાસ થશે? મેટ્રિકમાં પાસ થાય કે તરત ચિંતા થાય છે કે તેને કોઇ સારી કોલેજમાં પ્રવેશ કરવા માટેનું એડમીશન મળશે કે નહિ? જો કોઈ સારી કોલેજમાં પ્રવેશ કરવાનું એડમીશન મળી જાય અને અભ્યાસ આગળ ચાલે તો તરત એ ચિંતા થાય છે કે હવે ગ્રેજ્યુએટ ક્યારે થશે? ગ્રેજ્યુએટ થયો તો તરત એ ચિંતા થાય કે હવે તેને સારી નોકરી કેવી મળશે? અથવા સારા ધંધામાં જોડાઈને સ્થિરતા થાય તો એ ચિંતા થાય છે કે હવે તેને સારા ઘરની સુશીલ કન્યા ક્યારે મળશે? જો સારા ઘરની સુશીલ કન્યા મળી જાય અને વિવાહોત્સવ ખૂબ ધામધૂમથી થઈ જાય તો તરત એ ચિંતા થાય છે કે હવે તેમનો સંસાર કેવો ચાલશે? તેમનો સંસાર સારો ચાલે તો તરત એ ચિંતા થાય છે કે હવે તેમને ત્યાં પુત્રનું પારણું ક્યારે બંધાશે? આમ એક પછી એક ચિંતા લાગુ પડી હોય છે.

દેવાનુપ્રિયો! આ બધી ચિંતાઓનું મૂળ કારણ શું? તમને સમજાય છે! અનંતકાળથી જીવે સ્વદ્રવ્યને છોડી પરદ્રવ્યમાં પ્રીતિ કરી છે. પરમાં રમણતા કરી છે. એક વખત સ્વમાં રમણતા કરો કે મારું સ્વઘર કયું ને પરઘર કયું? સ્વ–પરની પીછાણ કરવી હોય તો સર્વ પ્રથમ આત્માનું દમન કરવું પડશે. ઉત્તરાધ્યયન સૂત્રમાં ભગવાન ફરમાવે છે, કે :–

अप्पा चेव दमेयव्वो, अप्पा हु खलु दुद्दमो ।
अप्पा दन्तो सुही होइ, अस्सि लोए परत्थय ।।

ઉત્ત. સૂ. અ. ૧ ગાથા ૧૫

જીવનમાં બધું જીતી શકાય છે પણ આત્મા ઉપર વિજય મેળવવો મુશ્કેલ છે. તમને થશે કે આત્માનું દમન કરવાથી શું લાભ છે? આત્માનું દમન કેવી રીતે કરવું? શાસ્ત્રમાં આત્માના આઠ પ્રકાર બતાવ્યા છે. દ્રવ્ય આત્મા, કષાય આત્મા, જ્ઞાન આત્મા દર્શન આત્મા, ચારિત્ર આત્મા યોગ આત્મા ઉપયોગ આત્મા વીર્ય આત્મા. આ આઠ આત્મામાં કષાય આત્મા રાગ–દ્વેષની પરિણતિ તરફ જઈ, કર્મનું બંધન કરાવે છે ને તેના કારણે અનંત સંસાર ઊભો થાય છે. એવા રાગ–દ્વેષનું દમન કરનાર આત્મા આ લોક ને પરલોકમાં સુખી થાય છે.

આ જગતમાં દેહના સંગે રહી ચેતન એવો આત્મા જડ જેવો બની ગયો છે. જડની દુનિયામાં વિચરતો અને કલ્પનાની પાંખે આકાશમાં ઊડ્ડયન કરતો ચેતન પોતાને વીસરતો જાય છે. જીવન શું છે? ને જીવન કેવી રીતે જીવવું જોઈએ તેનો જ્યાં વિચાર નથી થતો ત્યાં આત્માને જીતવાની કે રાગ–દ્વેષને હટાવવાની વાતોનું ભાન કઈ રીતે થાય? માનવ જીવનની સફળતા કે નિષ્ફળતાનો આધાર આત્માની સાધના ઉપર છે. જેણે આત્માને ઓળખ્યો હોય, આત્મા વિષે શ્રદ્ધા હોય તેને આત્માસાધનાનો વિચાર આવે

છે. લક્ષ્મીના લોભી કે ભોગના ગુલામ બનેલા જીવોને આત્મા શું છે તેનો વિચાર સરખો પણ નથી આવતો. ખાવું, પીવું, કે ભોગવવું એ તો પશુઓ જાણે છે ને તે મેળવવા તેઓ પણ મહેનત કરે છે. પશુ જીવનમાં ભક્ષ્ય-અભક્ષ્ય, પેય-અપેય, કે કર્તવ્ય-અકર્તવ્યનો વિવેક નથી. તે જ રીતે માનવ જીવનમાં જો કર્તવ્ય–અકર્તવ્યનો વિવેક ન હોય તો સમજી લેજો કે આ જીવન મનુષ્યનું નહિ પણ પશુજીવન છે.

માનવ હૈયામાં સત્–અસત્ પ્રવૃત્તિથી ચાલ્યા આવતા યુદ્ધના ઘણા દૃષ્ટાંતો છે. રામ અને રાવણ, સંત અને શયતાન, દેવ અને દાનવના બાહ્ય ઝઘડાઓ થતાં આવેલ છે. આ રીતે આંતરીક ઝઘડામાં પણ દુનયા પ્રાચીન કાળથી સબડતી આવી છે. વિજય કે પરાજયનો ખરો આધાર રાગ–દ્વેષની પરિણતિમાં બંધાયેલ માનવીની આંતરિક વૃત્તિના વિજય પર છે. સત્તા અને મત્તાના જોરે દુનિયાને જીતનાર ઘણાં મળશે પરંતુ સૌજન્ય અને સહૃદયતાથી જીતનાર વિરલા મળશે. માનવ વિજય અને પરાજય વચ્ચે એક જાતની રમત રમે છે. વિજયને પ્રાપ્ત કરવા ઝંખે છે પણ વિજય કોને કહેવો? બીજાનો પરાજય કરી મેળવેલ વિજય એ વિજય નથી. છળ, પ્રપંચ કે દગાબાજીથી મેળવેલ જીત આવતી કાલે પરાજય આપનાર બનશે. જયાંસુધી જીવ ભોગ-તૃષ્ણામાં ઘેરાયેલો છે ત્યાંસુધી તે કંઈ કરી શકતો નથી. બાહ્ય સુખાધીન બની માનવ કાયર ને કંગાલ બની જાય છે. જે વસ્તુ મેળવવામાં કે ભોગવવામાં હિતાહિતનો વિચાર નથી એવો આત્મા કદાચ દુનિયા પર જીત મેળવી લેશે પરંતુ અંતર તો અનેક પરાજયની હારમાળાઓથી લદાયેલું હશે કે જે તેના જીવનને કોરી ખાતું હશે. " स्वभाव विजयः शौर्यम् । પોતાના સ્વભાવને જીતવો તે જ ખરી વીરતા છે. સાચા વિજયનો ઇચ્છુક કદી મનોવૃત્તિને આધીન બનતો નથી. મોટા દુશ્મનોને જીતવા સહેલા છે પણ સ્વભાવને જીતવો મુશ્કેલ છે. આટલા માટે જ્ઞાનીઓ કહે છે કે પોતાના સ્વભાવને જીતવામાં ખરો વિજય સમાયેલો છે.

દેવાનુપ્રિયો! વૃત્તિઓ ઉપર વિજય મેળવવા માટે દરરોજ પ્રભુને પ્રાર્થના કરો કે હે પ્રભુ! હું તારા જેવો કયારે બનીશ? તારા જેવા ગુણો મારામાં કયારે પ્રગટશે? તેં કષાયોને ભગાડી મૂકયા છે. હું મારા કષાય આત્માનું દમન કયારે કરીશ? આજે પ્રાર્થના તો ઘણાં કરે છે. પણ કોઈ આશાથી તો કોઇ તૃષ્ણાથી સંસારના લાભ અર્થે કરે છે. અરે! અમારી પાસે માંગલિક સાંભળવા આવે તેમાં પણ ભારોભાર આશા ભરી હોય. નવો ધંધો શરૂ કરવો છે તો ચાલો માંગલીક સાંભળવા. માંગલીક સાંભળીને ગયા ને ખૂબ નફો થયો તો કહે કે મહાસતીજીની માંગલીક બહુ સારી અરે ભલા! માંગલીકમાં એવો શબ્દ કયાંય આવે છે કે ધનવૃદ્ધિ થાય એ તો તમારા પુણ્યને આધીન છે. અમારી માંગલીકમાં તો એક જ વાત છે કે તું જ્યાં જાય ત્યાં આ ચાર શરણને તારા હૃદયમાં રાખજે. એ તારું રક્ષણ કરશે. ચમરેન્દ્ર શકેન્દ્રની સામે બાથ ભીડવા ગયો ત્યારે

ભગવાન મહાવીરનું શરણું લઈને ગયો તો બચી ગયો. એક ભકત પ્રભુને પ્રાર્થના કરતાં કહે છે હે પ્રભુ! હું તને ક્યારે બોલાવું? દુઃખમાં નહિ બોલાવું કે પૈસા માટે નહિ બોલાવું.

**નહીં બોલાવું દોલત માટે કે દર્દોમાં રાહત માટે,**
**મનમાં જ્યારે જામે લડાઈ, અંતરના શત્રુ કરે ચઢાઈ....હો જામે લડાઈ...**
**ત્યારે મુજને શસ્ત્રો પૂરા પાડજો પ્રભુ....મારી મુશીબત મીટાવજો પ્રભુ (૨)**
**જ્યારે હું બોલાવું ત્યારે આવજો પ્રભુ...મારી મુશીબત....**

મને દર્દ આવે ત્યારે હાયવોય નહિ કરું કે દર્દ મટાડવા પ્રભુ તને નહિ બોલાવું, મારા કર્મોદયથી કંગાલ બની જઈશ ત્યારે પણ નહિ કહું, કે હે પ્રભુ! મને ધનવાન બનાવ. પણ જ્યારે મન અને આત્મા વચ્ચે બાહ્ય અને આભ્યંતર શત્રુઓનું યુદ્ધ થાય ત્યારે ક્ષમા–સમતા–નિર્લોભતા આદિ એવા શસ્ત્રો મને આપજે કે જેથી મારા આત્માનો જ વિજય થાય ને તારા જેવો બની જાઉં. ફરી ક્યારેય પરાજય ન થાય.

બંધુઓ! આત્મામાં આવા ભાવ ક્યારે આવે? દરરોજ શુદ્ધ ભાવથી પ્રભુને પ્રાર્થના કરવામાં આવે તો. ઘણા કુટુંબો અમે એવા પણ જોયા છે કે દરરોજ પ્રભાતના પ્રહરમાં બાળકથી માંડીને વૃદ્ધ સુધીના બધા જ ઊઠીને પ્રાર્થના કરવા બેસી જાય. પછી દૂધ પીવે. આ સંસ્કારનું બળ છે. સંસ્કાર તો એક અદ્ભુત અલંકાર છે. પણ આજે તો માનવ એટલો બધો આગળ વધ્યો છે કે સંસ્કારની વાતને તો સાવ વિસરી ગયો છે. દશકા પહેલાના માનવીના જીવનમાં ને આજના માનવીના જીવનમાં આસમાન–જમીન જેટલું અંતર છે. પહેલાનું જીવન સીધુ–સાદું ને સરળ હતું. જ્યારે આજનું તેનાથી વિરુદ્ધ જણાય છે માનવી વિજ્ઞાનમાં આગેકૂચ કરતો જાય છે તેના પ્રભાવે અનેક પ્રકારની સુખ–સામગ્રીના ભોગવટા વડે નૈતિક જીવન નીચું જતું જાય છે. બાહ્ય સામગ્રીથી શરીરને શોભાવી અંતરની બદીઓને ઢાંકવાનો પ્રયત્ન થાય છે.

આવું જીવન સંસ્કારીનું નથી. આવું જીવન આપણે જીવવું નથી. સાચું જીવન તો સંસ્કારના રંગે રંગાયેલું હોય તે જ છે. આજે માનવીના જીવનમાં ઉપરથી ભભકો લાગે છે પણ અંતરમાં ચિંતાની જવાળાઓ ધગધગતી હોય છે. વ્યવહાર જીવનમાં જેટલો બુદ્ધિનો ઉપયોગ થાય છે તેટલો આત્મિક જીવન માટે ઉપયોગ કરવાનો સમય નથી. બજારમાં ખરીદી કરવા જાવ ત્યારે જેવી તેવી વસ્તુ લઈ લેતા નથી પણ ચકાસી ચકાસીને લો છો. ઘી તેલ પણ સૂંઘી સૂંઘીને લો છો કારણ કે વસ્તુ કામ ન આવે તો વ્યર્થ થાય ને પૈસા નકામા જાય છે. આ વ્યવહારી જીવનની વાત તો સમજાઈ જાય છે. ત્યારે બીજી સાઈડ તરફ દૃષ્ટિ કરીએ તો જણાય છે કે આત્મિક જીવનને સમજતા નથી પણ તેનાથી દૂર દૂર થતા જઈએ છીએ. દેહને શણગારવામાં ૨૪ કલાક પ્રયત્ન થાય છે પણ આત્માને સંસ્કારરૂપી અલંકારોથી શણગારવાનું મન થતું નથી.

જ્ઞાની ભગવંતો ફરમાવે છે,કે બહારના અલંકારોનો આનંદ ક્ષણિક છે. પછી શરીરને શણગારવાની શી જરૂર ? હીરાનો હાર પહેરો કે આખું શરીર સોનાથી મઢી લો–પણ જીવનમાં સંસ્કારના અલંકાર ન હોય તો બધું નકામું છે. સુસંસ્કારનો સાજ સજવા જીવનમાં ચાર પગથીયા ચણવાની જરૂર છે. એ ચાર પગથિયા કયા કયા ?

**(૧) સદ્જ્ઞાન (૨) સદ્ભાવના (૩) સંસ્કાર (૪) સદ્વર્તન.**

આ ચાર પગથિયા જીવનના સાચા શણગાર છે. સોનાના, ચાંદીના, હીરાના, માણેકના, પન્નાના ને મોતીના દાગીના ઘડાવી શકાય. બીજા ધાતુના પણ બનાવી શકાય. અત્યારના યુગમાં તો અસલી ગયું ને નકલી આવ્યું છે. સોના ચાંદી ગયા ને લોખંડ આવ્યું. હીરા ગયા ને કાચના ટુકડા આવ્યા. સાચું ગયું ને કલ્ચર આવ્યું. બોલો તો ખરા ! તમે આમાંથી કયા અલંકારો પસંદ કરો ? અત્યારની ફેશન મુજબ સ્ટીલના પસંદ કરશો ને ? (હસાહસ) બુદ્ધિશાળી મનુષ્ય પ્રથમ તો હીરાના દાગીના પસંદ કરશે. પછી સોનાના ને પછી બીજા. કારણ કે તે સમજે છે કે જે અલંકારો વાપર્યા પછી ઘસાઈ જાય તો પણ જેની કિંમત ઉપજે છે તે જ કિંમતી ને સાચા અલંકાર છે. ઉપરનો ભભકો ગમે તેટલો હોય પણ જેની કાંઈ કિંમત નથી ઊપજતી તે સાચો અલંકાર નથી પણ ખોટો છે. તો હવે બોલો આત્માને શણગારવા સાચા અલંકારો પસંદ કરશો કે નહિ ? અત્યાર સુધી દેહને દાગીનાથી ભલે શોભાવ્યો પણ હવે આત્માને સુસંસ્કારોથી શોભાવીશું તો જીવન મહાન બની શકશે. નહિતર તો આ પૃથ્વી પર અનેક આવ્યા ને ગયા તેની કાંઈ કિંમત નથી. સૌને સારું ગમે છે પણ દૃષ્ટિ સાર તરફ નથી અસાર તરફ છે.

આ યુગમાં કહેવાતા મોટા કુટુંબો તરફ દૃષ્ટિ કરીએ તો જોવા મળે છે કે પૈસા ખૂબ છે. ભૌતિક સુખની સીમા નથી. એવા ઘરમાં માતા-પિતા બાળકને જન્મતાની સાથે આયાને સોંપી દે છે. સ્વયં સંસ્કારનું સિંચન કરતા નથી. માતા મમતાથી પિતા વહાલથી બાળકના જીવનનું ઘડતર કરતા નથી. આથી બાળકમાં સારું-નરસું જાણવાની બુદ્ધિ વિકસતી નથી. આગળ જતાં તેનું જીવન બગડી જાય છે. કોઈ જગ્યાએ એવું પણ જોવામાં આવે છે કે સુસંસ્કારોનું સિંચન કરવા છતાં બાળક કુસંગે ચઢી તેનું આખું જીવન વેડફી નાંખે છે. કયારેક માતા પિતાની અજ્ઞાનતાના કારણે બાળક સંસ્કાર વગરનો રહી જાય છે. પિતાને વેપાર ધંધામાંથી ટાઈમ મળતો નથી. મોટા શહેરોમાં બાળક ચોવીસ કલાકમાં પિતાનું મુખ જોવા પામતા નથી બાળકો સ્કૂલે જાય ને પિતા દુકાને જાય. રાત્રે બાળકો ઊંઘી જાય ત્યારે પિતા દુકાનેથી આવે એટલે પિતા પુત્ર એકબીજાને મળી શકે નહિ. તે રવિવારે જ મળે એટલે રવીવારી બાપ કહેવાય ને ? (હસાહસ). માતાને ઘરના કામકાજમાંથી સમય નથી. સમય મળે ત્યારે મંડળ, મિટીંગ અને પાર્ટીમાં જવાનું હોય. બાળકો ઘરે આવે તો માતાપિતા મળે નહિ. તેમનું કામકાજ

ઘાટી સંભાળી લે. મા-બાપ વિના બાળકોને સંસ્કાર કયાંથી મળે ? બાળકોનું કામ ઘાટી સંભાળે તો ઘાટીના સંસ્કારો મળે કે બીજું કંઈ ? જેઓ પોતાની સંપત્તિ સમાન બાળકોની ઉન્નતિ માટે જવાબદારી રાખતા નથી, સંસ્કારોનું સિંચન કરતા નથી તે માતા બાળકની શત્રુ અને પિતા વૈરી નહિ તો બીજું શું કહેવાય ? જેમ માળી બગીચામાં રહેલા કુમળા છોડને સીંચન કરે છે તો બાગ હરીયાળો ને, સુશોભિત બને છે. તેમ માતા પિતા પોતાના જીવનમાં રહેલા સદ્દજ્ઞાન, સદ્દવિચાર, સદ્ભાવના અને સદ્દવર્તન રૂપી સંસ્કારોના પાણીથી પોતાના સંતાનોના જીવનમાં સિંચન કરે તો જીવનમાં કયારે પણ રડવાનો વખત ન આવે ચાર ચાર દીકરાના માતા પિતા આજે આંખમાંથી આંસુ સારતા હોય છે. આનું કારણ અસંસ્કારી જીવન છે.

બંધુઓ ! જેના ઘરમાં ધનથી તિજોરીતર હોય પણ સંસ્કારરૂપી ધન ન હોય તો તે ધન કોલસા જેવું છે. ધન એ કાંઈ સંસ્કાર નથી પણ સંસ્કાર એજ સાચું ધન છે. આપણે સંસ્કાર ધનની ફક્ત વાતો કરીએ છીએ. દુનિયાની ફેશનમાં સંસ્કાર ધનની પણ ફેશન થઈ ગઈ છે. પણ કયાંય સાચું સંસ્કાર ધન અપાતું નથી. આજના યુગમાં ફેશનના લેશન સાથે સંસ્કારનું શિક્ષણ કયાં શીખવાડાય છે ? સંસ્કારનું શિક્ષણ જ્યાં અપાય છે ત્યાં જવાનો ટાઈમ નથી. એક શહેરમાં નવી ફેશન શરૂ થઈ કે નાના ગામડામાં પણ તે પહોંચી ગઈ જ જાણો. ત્યાં અભ્યાસ નથી પણ અનુકરણ છે. કયાંય પણ સંસ્કારનું અનુકરણ થાય છે ખરું ? જ્યાં જુઓ ત્યાં ફેશને સામ્રાજ્ય જમાવ્યું છે.

**"લાઇસન્સની જરૂર"** પૈસા ખર્ચીને કાર વસાવો પણ ચલાવવા માટે લાઇસન્સની જરૂર ખરી ને ? સરકારી લાઇસન્સ વિના તમારી કાર પણ તમે ચલાવી શકતા નથી. પણ જિન શાસનમાં સંસ્કારની કાર ચલાવવી હોય તો એવા લાઈસન્સની જરૂર નથી. વાણી સાંભળતા વર્ષો વીતી ગયા પણ હૈયું ઘડાયું કે નહિ ? પથ્થર ઉપર ટાંકણાં મારવામાં આવે તો પથ્થરની સુંદર મૂર્તિ બને છે પણ આ પથ્થર જેવા હૃદય ઉપર જિનવાણીના ગમે તેટલા ટાંકણા પડવા છતાં હૈયું ઘડાતું નથી કારણ કે તે માટેનું લક્ષ્ય બનાવ્યું નથી.

બંધુઓ ! જિનવાણીના પાનથી જીવનનું ઘડતર શુદ્ધ કર્યું નથી માટે ભાવિ જીવન માટે ચિંતા ભૂલી ગયા છો. આ એક જ જીવન એવું છે કે આત્માના ઉત્થાનનું ચણતર થઇ શકે. બાહ્યસુખના રાગમાં જીવન વ્યતીત કરી દીધું તો સમજી લેજો કે ભવિષ્યમાં પસ્તાવાનો વખત આવશે. માનવ જીવનના દૃઢ સંસ્કાર અધોગતિમાં જતા જીવને ઉગારે છે. પણ જો પોતાનામાં સંસ્કાર નહિ હોય તો બાળકોને કયાંથી સંસ્કાર આવી શકશે.

જીવનમાં ગુણ કયારે આવે ? સદ્દજ્ઞાન, સદ્દભાવના, સદ્દવાણી અને સદ્દવર્તન હોય ત્યારે ગુણ આવે. સંસ્કાર એ જીવનનો પાયો છે. આપણે કહીએ છીએ ને કે રૂપની

કિંમત નથી ગુણની કિંમત છે. કારણ કે રૂપ એ પુણ્યની બક્ષિસ છે જ્યારે ગુણ એ પરમ પુણ્યની બક્ષિસ છે. રૂપ ક્ષણિક છે તે માનવીને અભિમાની બનાવે છે. પણ ગુણ અભિમાની નહિ બનાવે. ગુણમાં એવી શક્તિ છે કે માનવીના હજારો અવગુણોને ઢાંકી દે છે. નમ્ર બનતાં શીખવે છે. સહન કરતાં પણ શીખવે છે. હજારો સારી વાત હોય પણ એક જ અવગુણ હોય તો તે સર્વને ઢાંકી દે છે. માટે અવગુણને દૂર કરી ગુણ પ્રગટાવવા જોઈએ તમે વિચાર કરશો તો સમજાશે કે પાસે અઢળક સંપત્તિ છે તેથી લોકો ખમ્માખમ્મા કરે છે. તેથી કોઈની જરૂરત લાગતી નથી પણ કોઈ ગમે તેટલી વાહવાહ કરે તેથી તમારું જીવન ઉજ્જવળ બની જવાનું છે? જીવનની સાર્થકતા થઈ ગઈ? આમ જો લક્ષ્મીથી સાર્થકતા થતી હોય તો દુનિયામાં ગુણની મહત્તા શું રહે? પછી મહાવીર પ્રભુ, બુદ્ધ, ગાંધીજીને લોકો શા માટે પૂજે છે? તેમનામાં રહેલા સંસ્કાર રૂપી અલંકારોના કારણે જ. જેના અલંકારો સાચા છે તેને નકલી અલંકારોની જરૂર પડતી નથી. તેમ જેના જીવનમાં સંસ્કાર રૂપી ચળકાટ છે તેને ધન કે રૂપના ઓપની જરૂરત નથી.

જે જીવો સંસ્કારી જીવન જીવી ગયા છે તેમના ઈતિહાસના પાને નામ લખાયા છે અને એવું જીવન જીવવા માટે અવશ્ય આત્મદમન કરવું જોઈશે. આત્મદમન કરવાથી આત્મા આ લોક અને પરલોકમાં સુખી થાય છે. આત્મદમન અને સંસ્કાર રૂપી અલંકાર તે વિષે આજે ઘણું કહેવાઇ ગયું છે અને આવું ઉત્તમ જીવન જીવી ગયેલા એક મહાન સતીજી સ્વ પૂ. તારાબાઇ મહાસતીજીની આજે માસિક પુણ્યતિથિ છે. તેમનું જીવન એટલું બધું સંસ્કારી ને ઉત્તમ હતું કે તે બધું વર્ણન હું કરું તો ઓછામાં ઓછા બે દિવસ જોઈએ. પણ તેમના જીવનમાં વૈરાગ્યની જે સુંદર ખુશબો મ્હેંકી રહી હતી તે આપની પાસે ટૂંકમાં રજૂ કરું છું.

આકાશમાં તારો ચમકે છે તેમ તારાબાઇ મહાસતીજી મારા શિષ્યા પરિવારમાં એક ચમકતા તારા હતા. તેમનો જન્મ અમદાવાદ શહેરમાં લુણસાવાડા મોટી પોળમાં થયો હતો. તેમના પિતાનું નામ ઉગરચંદભાઈ અને માતાનું નામ સમરત બહેન હતું. તેમના લગ્ન પણ થયેલા હતા. આ સંસાર સંયોગ-વિયોગના દુઃખથી ભરેલો છે. તદનુસાર તેઓ ૨૪ વર્ષની ઉંમરમાં વિધવા થયા. વિધવા થયા પછી એક વર્ષમાં અમારો (પૂ. બા. બ્ર. વિદુષી શારદાબાઈ મહાસતીજીનો) પરિચય થતાં તેઓ ધાર્મિક પ્રવૃત્તિમાં જોડાયા. અને વૈરાગ્ય રંગે રંગાઇ ગયા. મારી દીક્ષા પછી આ બધી શિષ્યાઓમાં તેઓ સૌથી પ્રથમ વૈરાગ્ય પામેલા હતા, તેમને ચાર પુત્રો હતા તે નાના હતા. તેમને મોટા કરવાની જવાબદારી પોતાના માથે હતી એટલે ન છૂટકે સંસારમાં રહેવું પડયું પણ અનાસકત ભાવે રહી તપ-ત્યાગ અને જ્ઞાન-ધ્યાનમાં મસ્ત રહેતા હતા. આમ કરતાં સમય જતાં મોટા પુત્રના લગ્ન કરી થોડો સમય સંસારમાં રહી મોટા પુત્રને જવાબદારી સોંપી

સંસારની રિદ્ધિ–સિદ્ધિ અને મહાન સુખો તથા પુત્રોનો મોહ છોડી, સંવત ૨૦૧૪ માં અષાડ સુદ બીજના દિવસે તેમણે દીક્ષા અંગીકાર કરી. આજે દીક્ષા તો ઘણા લે છે પણ બાળકોનો મોહ છોડી દીક્ષા લેવી એ મહાન કઠિન છે. જેવી રીતે પુત્ર પરિવારના મોહના બંધનો કાપીને શૂરવીર બનીને સંયમમાર્ગે તેઓ નીકળ્યા હતા તેવી રીતે અંતિમ સમય સુધી સંયમમાં રક્ત અને મસ્ત રહ્યા હતા.

અમે મુંબઇ આવ્યા ત્યારે સંવત ૨૦૧૮ નું પ્રથમ ચાતુર્માસ મુંબઈ કાંદાવાડીમાં, સં. ૨૦૧૯ નું માટુંગા, ૨૦૨૦ નું દાદર, ૨૦૨૧ નું વિલેપાર્લા અને ૨૦૨૨ નું ઘાટકોપરમાં કર્યું. ઘાટકોપરનું ચાતુર્માસ પૂર્ણ કરી મંદાકિની બાઈની દીક્ષા પ્રસંગે પોષ વદ દશમના દિવસે બધા માટુંગા પધાર્યા. તે વખતે મહાસુદ બીજના દિવસે તારાબાઈ મહાસતીજીને માથામાં ચસકા ઊપડયા. એ દર્દનું નિદાન કરાવવા માટે માટુંગા શ્રીસંઘે મોટા મોટા સર્જનોને બોલાવ્યા અને ખડે પગે સેવા કરી. પણ વેદનીય કર્મ આગળ કોઈનું ચાલ્યું નહિ. પૂ. તારાબાઇ મહાસતીજી ખૂબ સમતાભાવે દર્દ સહન કરતા હતા, તેમના મુખ ઉપર સહેજ પણ ગ્લાનિ ન હતી. જ્યારે જુઓ ત્યારે બસ પ્રસન્ન રહેતા.

પોતાના કાળધર્મ પામવાના અગાઉ ત્રણ દિવસ પહેલાંથી તેમણે મને બધા સંકેત કર્યા હતા. મને પાસે બેસાડીને કહ્યું–મહાસતીજી! આજીવન ક્ષણભંગુર છે. નશ્વર દેહનો મોહ રાખવા જેવો નથી. હું અઢી દિવસ છું પણ વડી દીક્ષા લેવાની છું. હું એમના ગૂઢ અર્થને સમજી ન શકી. મેં કહ્યું કે વડી દીક્ષા તો સાયન થવાની છે. જો તમારી ઇચ્છા હોય તો વડી દીક્ષા માટુંગામાં કરીએ. તો કહે, ના. એમ નહિ. હું વડી દીક્ષા લેવાની છું. મને અંતિમ આલોચના કરાવો. તા. ૨૪–૨–૬૭ ને શુક્રવાર ૧૦–૧૦ મિનિટે તેમણે ધૂન બોલવાની શરૂઆત કરી. **"દેહ મરે છે હું નથી મરતી, અજર અમર પદ મારું"** આ પ્રમાણે પોતાની જાતે બોલવા લાગ્યા.

તા. ૨૫ મી ને શનિવારે સવારે મને કહે છે મહાસતીજી! આજે જે ગૌચરી લાવ્યા હોય તે બધું પતાવી દેજો, કંઇ રાખશો નહિ. આ દેહ વહેલો કે મોડો છોડવાનો છે. માટે એની મમતા બહુ ન રાખવી. મને ગોળગોળમાં બધું સમજાવી દીધું. આગલા દિવસે મને કહ્યું હતું કે હું કેવી ભાગ્યશાળી છું કે મારા ગુરુણીના ખોળામાં માથું મૂકીને મારા ગુરુદેવ પૂ. રત્નચંદ્રજી મહારાજ પાસે જઇશ. બરાબર તે પ્રમાણે બન્યું. વ્યાખ્યાનનો સમય થયો એટલે વસુબાઈને વ્યાખ્યાન શરૂ કરવા મોકલ્યા હતા. હું નવ વાગે વ્યાખ્યાનમાં જવા તૈયાર થઈ. દાદર સુધી ગઇ પણ મને કોઇ કહેતું હોય તેમ અવાજ આવ્યો કે તને કહ્યું છે કે હું અઢી દિવસ છું ને તું કયાં જાય છે! બે ત્રણ વખત અવાજ આવ્યો એટલે વ્યાખ્યાનમાં ન જતાં પાછી આવી તેમના માથા આગળ બેઠી. તેમણે મારા ખોળામાં માથું મૂકયું. એમની આત્મરમણતા તો ચાલુ હતી. મને

કહે છે મહાસતીજી! હું નથી મરતી. મારો દેહ મરે છે. તમે કંઇ જોયું નથી માટે આપ ખૂબ હિંમત રાખજો. એમ કહી પોતાની જાતે હાથ જોડીને ત્રણ વખત બોલ્યા કે હે આદેશ્વર દાદા! મને ભવોભવ તમારું શરણું હોજો. એટલે મને એમ થઇ ગયું કે હવે મારા તારાબાઇ ચાલ્યા. એટલે મેં એમને ૯-૪૫ મિનિટે સાગારી સંથારો કરાવ્યો. સંથારાના પચ્ચખાણ લેતાં એમના મુખ ઉપર એટલો બધો હર્ષ થયો કે બસ, હવે મારી ભાવના પૂર્ણ થઇ. વ્યાખ્યાન પૂરું થયેલ એટલે આખો સંઘ હાજર હતો. સંઘ તથા અમે બધા એમને નવકારમંત્રના શરણાં દેતા હતા પણ પોતે તો છેલ્લા શ્વાસ સુધી "દેહ મરે છે હું નથી મરતી, અજર અમર પદ મારું" એ ધૂન ચાલુ રાખી ને તા. ૨૫મીના રોજ સવારે ૧૦ ને ૧૦ મિનિટે પોતાની જાતે ધૂન બોલતાં બોલતાં ૪૮ વર્ષની ઉંમરે સાડા આઠ વર્ષની દીક્ષા પર્યાય પાળી મહા વદ બીજને શનિવાર તા. ૨૫-૨-૬૭ના રોજ સમાધિપૂર્વક તેમણે આ નશ્વર દેહનો ત્યાગ કર્યો. દીક્ષા લીધી ત્યારથી તેમની એવી ભાવના હતી કે ભલે ઓછું જીવાય પણ હું પંડિત મરણે મરું. એ એમની ભાવના પૂર્ણ થઈ. ટૂંકું જીવન જીવ્યા પણ આત્મસાધના સાધી ગયા.

પૂ. તારાબાઇ મહાસતીજી ખૂબ સરળ, ભદ્રિક, વિનયવાન અને ગુણીયલ હતા, તેઓ સાતમા શિષ્યા હોવા છતાં સંપૂર્ણ જવાબદારી સંભાળતા હતા. આવા પવિત્ર આત્માઓને યાદ કરી તેમના ગુણો જીવનમાં ઉતારવા ઉદ્યમવંત બનીએ એ ભાવના. આજે સૌ સારા વ્રત-પ્રત્યાખ્યાન લેશો તો તેમને સાચી શ્રદ્ધાંજલી આપી કહેવાય.

☆

## વ્યાખ્યાન નં. ૨

## વિષય :- "આત્માનો ખજાનો"

**અષાઢ વદ ૩ ને શુક્રવાર** **તા. ૨૫-૭-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંત કરુણાનિધિ, રાગ-દ્વેષના વિજેતા, મોક્ષ માર્ગના પ્રણેતા એવા વીર પ્રભુના મુખકમળમાંથી ઝરેલી શાશ્વતી વાણી તેનું નામ સિદ્ધાંત. ઉત્તરાધ્યયન સૂત્ર એ પ્રભુ મહાવીર પિતાની અંતિમ વાણી છે. તે ઉત્તરાધ્યયન સૂત્રના વીસમા અધ્યયનમાં એક મહાન આત્માનો અધિકાર આવે છે. તે અધ્યયનનું નામ શું છે? એ મહાન પુરુષનું નામ શું છે તે વાત આગળ વિચારીશું. પણ સર્વ પ્રથમ આપણે એ વાતનો વિચાર કરીએ કે આવા આગમના પાને સુવર્ણાક્ષરે કોનું નામ અંકિત થાય છે. જે આત્માઓ આત્માનો ખજાનો પ્રાપ્ત કરીને ગયા છે તેમનું; બીજાનું નહિ. એ ખજાનો બે પ્રકારનો છે: એક દ્રવ્ય ખજાનો અને બીજો ભાવ ખજાનો.

તમે મોટા શ્રીમંતોનો ખજાનો જોયો હશે અને રાજાઓનો ખજાનો પણ જોયો હશે ! એ ખજાનામાં હીરા-માણેક-મોતી-પન્ના-નીલમ-સોનું-રૂપું તેમજ રોકડ નાણું આદિ ચીજોનો સંગ્રહ કરેલો હોય છે ઘણા રાજાના ખજાના ખૂબ મોટા હોય છે. જેમાં બહુ મૂલ્યવાન અને અવનવી ચીજોનો સંગ્રહ હોય છે, જ્યારે ભારતમાં રાજાઓનું રાજ્ય હતું ત્યારની આ વાત છે, કે લોકો વડોદરાના નજરબાગ પેલેસમાં ગાયકવાડ સરકારનું ઝવેરાત જોવા જતા. તેમના પલંગ ઉપર સાચા મોતીથી ભરેલી ચાદર બિછાવેલી જોઈ લોકો આશ્ચર્યમાં પડી જતા. સિકંદરનો ખજાનો સોના તથા કિંમતી ઝવેરાતથી ભરચક હતો. *નંદરાજાના ખજાનામાં ઘણું ધન હતું. આ બધી દ્રવ્ય ખજાનાની વાત થઈ. આ બધા* ખજાના કરતા આત્માનો ખજાનો મહા મુલ્યવાન અને મોટો છે. તેને ખોલવાની ચાવી આપણી પાસે છે. એ ચાવી મેળવવી ખૂબ મુશ્કેલ છે. ભાગ્યયોગે ચાવી મળી જાય તો તેને સાચવવા ખુબ સાવધાન રહેવાની જરૂર છે.

બંધુઓ! આ ખજાનો ખોલતા પહેલાં તેની બે વિશેષતાઓ જણાવી દઉં છું. આ ખજાનો ચોર કે ડાકુ વડે લૂંટી શકાતો નથી જ્યારે શ્રીમંત કે રાજાનો ખજાનો ચોર કે ડાકુ વડે લૂંટાય છે. આચારંગ સૂત્રમાં શ્રી ભગવંતે કહ્યું છે કે :–

**तत्तो से एगया विविहं विपरिसिट्ठं संभूयं महोवगरणं भवति तंपि से एगया दायाया वा विभयन्ति, अदत्तहारो वा से अवहरति, रायाया वा से विलुंपंति, णस्सति वा से, विणस्सति वा से, अगारदाहेण वा से डज्झइ ।।"**

અસંયમી સંસારી જીવો ભવિષ્યકાળમાં આ ધન મને ઉપયોગી થશે એવી આશાથી ધનનો સંગ્રહ કરે છે. પણ તેને ખબર નથી કે તે ધન ઉપાર્જન કરવામાં મેં પાપ બાંધ્યું. પણ તે ધનને ભોગવવા રહીશ કે નહિ? પોતાની આંખો સામે પોતે પ્રાપ્ત કરેલી ખૂબ પ્રયત્નપૂર્વક સાચવી રાખેલી લક્ષ્મીનો નાશ થઈ જાય છે. એ લક્ષ્મીના ખજાનાને સ્વજનો વિભાગ કરીને વહેંચી લે છે. ચોર ચોરી જાય છે. રાજા લૂંટી લે છે, વ્યાપાર આદિમાં નુકસાન થાય છે, આગ લાગતાં બળી જાય છે, અને જલ પ્રલયાદિ કુદરતી આફતોને કારણે નાશ પામે છે. જેમ જેમ ખર્ચાય તેમ તેમ ખૂટતો જાય છે. પણ આત્માનો ખજાનો એવો અલૌકિક છે કે તે ચોર ડાકુઓ વડે લૂંટી શકાતો નથી.

**શાશ્વત સુખનો ભર્યો ખજાનો, ખર્ચે પણ ના ખૂટે**
**ના કોઇ લૂંટી શકે કદી એ, ના તૂટે ના ફુટે,**
**મહાવીરની મહેનતની કમાણી મળી છે અપરંપાર**
**વીરના વારસદાર અમે સૌ મહાવીરના સંતાન........**

આ ખજાનાને તૂટવા–ફૂટવાનો ભય નથી, તે અગ્નિ વડે બાળી શકાતો નથી,

તેમાં સ્વજનો ભાગ પડાવી શકતા નથી. અને જલ પ્રલયાદિ કુદરતી આફતોના કારણે નાશ પામતો નથી. આ ખજાનો શાશ્વત છે. બીજી વાત એ છે કે રાજાઓ, શ્રીમંતો બહાર જાય ત્યારે પોતાનો કિંમતી ખજાનો સાથે લઇ શકતા નથી. કદાચ લઇ જાય તો બહુ મોટું જોખમ ખેડવું પડે છે. પણ આત્માનો ખજાનો એવો છે કે તે જ્યાં જાય ત્યાં સાથે લઈ જઈ શકાય છે અને તેમાં કંઈ જોખમ ખેડવું પડતું નથી.

દેવાનુપ્રિયો! આ દ્રવ્ય ખજાનો મેળવવા માટે લોકો કેવા કેવા જોખમ ખેડે છે. કેટલી જહેમત ઉઠાવે છે. અંધારી રાત્રે ઘોર જંગલનો પ્રવાસ કરે છે. પહાડોની અંધારી બિહામણી ગુફાઓમાં દાખલ થાય છે. ચારે બાજુ પાણીના મોજા ઉછળતા હોય, ખાવાપીવાની કોઇ ચીજ મળતી ન હોય એવા બેટોમાં પણ જાય છે. અને કોઇ તેમના માર્ગમાં અંતરાય નાંખે તો તેમની સાથે જીવ સાટોસાટના યુદ્ધ પણ ખેલે છે. પણ આત્માનો ખજાનો મેળવવા માટે તમારે જંગલ પહાડો, ભોંયરા કે નિર્જન બેટોમાં જવાની જરૂર નથી. એ તમારી નજીક છે. અને તેમાંની વસ્તુઓ તમે સહેલાઇથી પ્રાપ્ત કરી શકો તેમ છો. આ કંઇ જેવી તેવી તક નથી. પણ એ ખજાનાની તમને ઓળખાણ નથી એટલે મળેલી તકને ગુમાવી રહ્યા છો. આ તક ગઇ તો સમજી લેજો કે તમે જીવનભર દરિદ્રી રહી જવાના.

બહુ મૂલ્યવાન આત્મિક ગુણ રૂપી અનેક રત્નો આત્માના ખજાનામાં ભરેલા છે. તેમાંના બે ગુણ રત્નો ખૂબ કિંમતી છે. તેમનો પ્રકાશ અનેરો છે. તેનું પાણી અનોખું છે. તેમના નામ છે જ્ઞાન અને દર્શન. હવે જ્ઞાન કોને કહેવાય ને દર્શન કોને કહેવાય? જ્ઞાનપ્રાપ્તિનું નિમિત્ત મળતાં આપણને આ "કંઇક" છે. એવો જે અસ્પષ્ટ કે સામાન્ય બોધ થાય છે તે દર્શન છે. "ज्ञायते अनेन अस्माद् वा इति ज्ञानम्" જેના વડે કે જેનાથી જાણી શકાય તે જ્ઞાન. આ વ્યાખ્યા પ્રમાણે દર્શનને પણ જ્ઞાનનો ભાગ કહી શકાય. કારણ કે તે વસ્તુનું જ્ઞાન થવામાં ઉપયોગી છે.

આ માનવદેહ પ્રાપ્ત કરીને આવા જ્ઞાન-દર્શન રૂપી ઉત્તમ રત્નોની પ્રાપ્તિ કરી લો, આ રત્નોની પ્રાપ્તિ થશે ત્યારે માનવ દેહની સફળતા છે. આ દેહ કરતાં પણ આપણો આત્મા વધુ મૂલ્યવાન છે. આત્મા દ્વારા શરીર શોભે છે. આત્મા વિનાના કલેવરની રૂપ-રંગની કંઇ કિંમત ખરી? જ્યારે આત્મા શરીરને છોડીને ચાલ્યો જાય છે ત્યારે લોકો શું કહે છે? હવે ઉતાવળ કરો. શેની ઉતાવળ? એ તો તમને ખબર છે ને? (શ્રોતામાંથી અવાજ := પેલા આત્મારહિત શરીરને ઘરમાંથી બહાર કાઢવાની) વધારે વખત રહે તો મડદું ભારે થઇ જાય અને ઊંચકવું મુશ્કેલ પડે. એટલે જલ્દી વાંસવળીની બનાવેલી નનામીમાં બાંધી શ્મશાન ભેગું કરી દઇએ.) લાકડાની ચિતા ખડકી, અગ્નિદાહ દઇ ભડભડાટ બાળી મૂકો છો. તમે જે શરીરને નિત્ય નવા ભોજનો કરાવી

હૃષ્ટપુષ્ટ રાખ્યું, સ્નાન-વિલેપનાદિ કરી સ્વચ્છ અને સુગંધિત રાખ્યું. જેની સાર સંભાળ કરવામાં ધર્મની આરાધના પણ વિસરી જતા હતા. તે શરીરની કેવી દશા થાય છે! આ ઉપરથી તમે સ્પષ્ટ સમજી શકશો કે જગતમાં આત્મા એ બધાથી મૂલ્યવાન છે. લાખો કે કરોડોના હીરા પણ તેની આગળ કંઈ વિસાતમાં નથી. છતાં તેની સંભાળ કેટલી રાખો છો? સાચી હકીકત તો એ છે કે તમને આત્માનું સાચું મૂલ્ય સમજાયું નથી. જો આત્માનું મૂલ્ય સમજાયું હોય તો આ હાલત ન હોય. કોઇ કિંમતી વસ્તુનું મૂલ્ય કરવું હોય તો અક્કલ અને અનુભવ બંને જોઈએ. એક દૃષ્ટાંત દ્વારા સમજાવું.

નાના ફડનવીસ પેશ્વા બહુ બુદ્ધિશાળી ગણાતો હતો. તેને જોવા માટે લોકો દૂર દૂરથી આવતા હતા. એક વખત સોદાગર તેની સભામાં આવ્યો. તેની પાસેથી એક અમૂલ્ય પાણીદાર હીરો કાઢીને તેનું મૂલ્ય પૂછ્યું. એ રાજસભામાં કેટલાક ઝવેરીઓ પણ બેઠા હતા. તેમણે એ હીરો જોઈને કહ્યું કે આની કિંમત આશરે બે લાખની હશે. પછી એ હીરો નાના ફડનવીસ હાથમાં લઇને બારીકાઇથી તેનું નિરીક્ષણ કરતો હતો. એવામાં એક માખી ઉડતી ઉડતી તે હીરા ઉપર બેઠી. તેથી નાના ફડનવીસને તરત ખ્યાલ આવી ગયો કે આ હીરો સાચો નથી પણ બનાવટી છે. એક પ્રકારની સાકરમાંથી પહેલ પાડીને બનાવ્યો છે. નહિતર માખી તેના ઉપર બેસે નહિ. એટલે તેણે આવેલા સોદાગરને કહ્યું કે હીરાની કિંમત એક સાકરના ટૂકડા જેટલી. એમ કહી તેણે એ હીરો મોઢામાં મૂકી દીધો ને કડકડ સાકર ચાવે તેમ બધાના દેખતા ચાવી ગયા. આ જોઇ પેલો સોદાગર કાન પકડી ગયો. પણ તમે તો સાકરના ટુકડાને હીરો માનીને કામ ચલાવી રહ્યા છો. અને પાછા જગતમાં બુદ્ધિમાન તરીકે, ડાહ્યા તરીકે ખપો છો. તમે માનો છો કે અમે રાત દિવસ મહેનત કરીને કમાણી કરી રહ્યા છીએ. પણ જે કમાણીમાંથી રાતી પાઇ પણ સાથે ન આવે તે કમાણી શા કામની?

જેટલી આત્માની કમાણી તેટલી સાચી કમાણી છે. બાકી તો બધું અહીં રહેવાનું છે. બળતા ઝળતા સંસારમાંથી મૂલ્યવાન ચીજો ગ્રહણ કરી લો, એક વખત એક માણસના ઘરમાં આગ લાગી; તેની આખી જિંદગીની કમાણી તિજોરીમાં ભરી હતી. તે તિજોરીના એક ખાનામાં કેટલાક કોરા કાગળીયા હતા. પેલા માણસને આગમાંથી મૂલ્યવાન ચીજો બચાવી લેવાનું મન થયું એટલે જલ્દી તિજોરીનું ખાનું ખોલી જે હાથમાં આવ્યું તે લઇને ભાગ્યો. બહાર નીકળ્યો ત્યારે બીજા માણસોએ પૂછયું કે શું લાવ્યો? પેલાએ કહ્યું એ તો મારા જીવનની કમાણી! લાવ જોઈએ તો ખરા. શું તમારી કમાણી છે? જોયું તો હાથમાં કોરા કાગળીયા જ હતા. આ જોઈને લોકોએ હસતા હસતા કહ્યું-વાહ ભાઇ વાહ! તારી જિંદગીમાં આ કાગળીયા જ કમાયો?

બંધુઓ! આ શરીર રૂપી મકાનમાંથી જતી વખતે તમારા હાથમાં કોરા કાગળીયા

ન આવી જાય તેનું ધ્યાન રાખજો. પૈસાની કમાણી એ કંઈ સાચી કમાણી નથી કારણ કે તેમાંથી સાથે કંઇ આવવાનું નથી. બોલો, કંઈ સાથે આવશે ખરું? હીરા–માણેકના દાગીના કે નોટોના બંડલ કંઇ સાથે આવવાનું હોય તો કહી દેજો. જ્યાં દાંત ખોતરવાની સળી જેટલુ પણ સાથે આવવાનું નથી ત્યાં બીજી વસ્તુની તો વાત જ કયાં કરવી? સાથે આવવાના છે માત્ર શુભાશુભ કર્મ. જો શુભ કમાણી કરી હશે તો ગતિ સારી થશે. હવે આપણે મૂળ વાત પર આવીએ.

ઉત્તરાધ્યયન સૂત્રનું વીસમું અધ્યયન જેમાં અમૂલ્ય રત્નો ભરેલા છે આપણે ગઈ કાલે અધિકાર શરૂ કર્યો છે. આ વીસમા અધ્યયનનું નામ મહાનિર્ગ્રંથીય અધ્યયન છે. મહાન અને નિર્ગ્રંથ એ બંને શબ્દોનો શો અર્થ છે તે આપણે વિચારીએ. મહાન જ્ઞાની પુરુષોએ મહાન શબ્દનો અર્થ અનેક રીતે સમજાવ્યો છે. કારણ કે શ્રુતજ્ઞાન સમુદ્રની માફક અમાપ છે. તેનું વર્ણન આપણા જેવો અલ્પ જીવો કેવી રીતે કરી શકે? છતાં અલ્પબુદ્ધિથી અહીં થોડું વર્ણન કરું છું. પૂર્વાચાર્યોએ આઠ પ્રકારના મહાન બતાવ્યા છે. નામથી, સ્થાપનાથી, દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, પ્રધાનથી, અપેક્ષાથી, અને ભાવથી.

પહેલો નામ મહાન છે; જેમાં મહાનતાનો એક પણ ગુણ નથી. કેવળ જે નામથી મહાન કહેવાય છે તે નામ મહાન છે. દા. ત. નામ હીરાલાલ, પન્નાલાલ હોય પણ કોઈ દિવસ જેમણે હીરા કે પન્નાના દર્શન જ કર્યા ન હોય! દરેક વસ્તુને આપણે પ્રથમ નામથી જ જાણી શકીએ છીએ. નામ જાણીને બેસી રહેવુ યોગ્ય નથી. વસ્તુ કે વ્યકિતનું નામ જાણ્યા પછી તેના સ્વરૂપને પણ જાણવું જોઇએ. બીજો સ્થાપનાથી મહાન છે; કોઇ પણ વસ્તુમાં મહાનતાનું આરોપણ કરી લેવું તે સ્થાપનાથી મહાન છે. જેમ કે કોઇએ કાગળમાં 'મહાન' લખ્યું ને કહ્યું આ મહાન છે. આ સ્થાપનાથી મહાન છે. ત્રીજો દ્રવ્યથી મહાન છે. જ્યારે કેવળજ્ઞાની ભગવંત અંત સમયે કેવળ સમુદ્ઘાત કરે છે ત્યારે તેમના આત્મ પ્રદેશ ચૌદ રાજલોકમાં ફેલાઈ જાય છે અને તેમના શરીરમાંથી નીકળેલો મહાસ્કન્ધ ચૌદ રાજલોકમાં સમાઇ જાય છે તે દ્રવ્યથી મહાન છે. ચોથો ક્ષેત્રથી મહાન. છ દ્રવ્યોમાં આકાશ લોકાલોક પ્રમાણે વ્યાપ્ત છે તેથી ક્ષેત્રથી તે મહાન છે. પાંચમો કાળથી મહાન. કાળમાં ભવિષ્યકાળ મહાન છે. કારણ કે જેમનું ભવિષ્ય સુધર્યું છે તેમનું બધું સુધર્યું છે. કારણ કે ભૂતકાળ ગમે તેટલો સારો ગયો હોય પણ તે વ્યતીત થઇ ગયો છે. એટલા માટે ભવિષ્યકાળ મહાન છે. છઠ્ઠો પ્રધાન મહાન છે. એ મહાનના સચિત, અચિત્ અને મિશ્ર એમ ત્રણ ભેદ છે. સચિતમાં દ્વિપદ, ચતુષ્પદ અને અપદ એમ ત્રણ ભેદ છે, દ્વિપદોમાં તીર્થંકર પ્રભુ મહાન છે. ચતુષ્પદોમાં અષ્ટાપદ મહાન છે. અપદમાં એટલે વૃક્ષાદિમાં પુંડરિક કમળને મહાન ગણવામાં આવે છે. અચિતમાં ચિંતામણી રત્ન મહાન છે અને મિશ્રમાં રાજ્ય સંપદાયુક્ત તીર્થંકરનું શરીર મહાન છે. તીર્થંકર પ્રભુનું શરીર તો દિવ્ય હોય છે. પણ રાજ્યાભિષેક સમયે તેઓ જે વસ્ત્રાભૂષણો પહેરીને બેસે છે તે પણ મહાન

હોય છે. કારણ કે સ્થાનને લીધે વસ્તુનું મહત્ત્વ વધી જાય છે. આ અપેક્ષાથી તીર્થંકરનું વસ્ત્રાભૂષણ યુક્ત શરીર મહાન છે. સાતમો અપેક્ષાથી મહાન છે. જેમ કે સરસવથી ચણાનો દાણો મહાન છે ને ચણાથી બોર મહાન છે. આઠમો ભાવથી મહાન છે. પ્રધાનતાની અપેક્ષા એ ક્ષાયિક ભાવ મહાન છે અને આશ્રયની અપેક્ષાએ પારિણામિક ભાવ મહાન છે. કારણ કે જીવ અને અજીવ બંને પારિણામિક ભાવના આશ્રયે રહે છે. પારિણામિક ભાવમાં સિદ્ધ અને સંસારી બંને પ્રકારના જીવો આવી જાય છે. આ રીતે મહાન શબ્દના અર્થ થયા. હવે નિર્ગ્રંથ શબ્દનો શું અર્થ છે તે પછી વિચારીશું. તે પહેલાં એક ગાથા લઈએ.

**सिध्धाणं नमो किच्चा, संजयाणं च भावओ ।**
**अत्थ धम्म गइ तच्चं, अणुसट्ठिं सुणेह मे ॥**

ઉત્ત. સૂ. અ. ૨૦ ગાથા–૧

સ્થવિર ભગવાન પોતાના શિષ્ય સમુદાયને કહે છે સિદ્ધ ભગવંતો અને સંયતોને ભાવથી નમસ્કાર કરીને અર્થ, ધર્મની તથ્ય ગતિને મારી પાસેથી સાંભળો.

અહીંયા સિદ્ધ શબ્દથી અરિહંતને પણ ગ્રહણ કર્યા છે કારણ કે અરિહંત ભગવાન નિશ્ચયથી સિદ્ધગતિને પામવાના છે. એટલે સિદ્ધ શબ્દમાં અરિહંત અને સિદ્ધ બંનેનું ગ્રહણ કર્યું છે અને સંયત શબ્દથી આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ગ્રહણ કર્યા છે. એટલા માટે પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરીને અહીંયા પ્રતિપાદ્ય વિષય અર્થ, ધર્મની ગતિનું યથાર્થ રૂપથી નિરૂપણ કર્યું છે.

આ અધ્યયનમાં જૈન દર્શન જેને શ્રેણીક રાજાના નામથી ઓળખે છે ને અન્ય લોકો સમ્રાટ બિંબિસારના નામથી ઓળખે છે. એવા શ્રેણીક મહારાજા અને અનાથી નિર્ગ્રંથ એ બંને મહાપુરૂષોનું સુભગ મિલન થયું છે. એ મિલન કેવું મધુરૂં છે તે તો સાંભળશો ત્યારે તમને મજા આવશે. જ્યારે મનુષ્ય પાત્ર બને છે ત્યારે તેની જિજ્ઞાસા અનુસાર તેને યોગ્ય સદ્ગુરૂ મળી રહે છે. સંતની કૃપાથી વ્યક્તિ જે મેળવવા ચાહે તે મળી જાય છે. તેમાં પણ પાત્રતા વિકસી હોય તો નિમિત્ત અને ઉપાદાનની સંધી થતા ઉપાદાન પોતાનું કાર્ય સાધી લે છે. પણ જો આત્માની પાત્રતા પ્રગટી ન હોય, સાચા મોતી મેળવવાની તાલાવેલી લાગી ન હોય ત્યારે મોતીને બદલે શંખલા અને છીપલા મેળવવાનો પ્રયત્ન જીવ કરે છે. સદ્ગુરૂ મળે ને તેમની અપૂર્વ વાણી સાંભળવા મળે છતાં કંઈક જીવો પામી ન શકે કારણ કે તે આત્માને પોતાની પીછાણ કરવાની અંતરમાં તાલાવેલી લાગી નથી. તે આત્મા જ્ઞાનીનો કહેવાનો આશય ન સમજી શકે. તેમના વચનનું ચિંતન-મનન ન કરે તો સાંભળ્યું ન સાંભળ્યું સમાન છે. આવી અપૂર્વ વાણી સાંભળવા મળે પણ જો શ્રોતાના કાન સુધી પહોંચે પણ અંતરમાં અનુભૂતિ ન થાય. સમજવાનો પુરૂષાર્થ ન કરે, અંતરમાં ન ઉતારે તો તેનાથી શું લાભ થવાનો ?

કોઇ માનવી સમુદ્રમાં ડૂબકી ન લગાવે પણ કિનારે ખોજ કર્યા કરે તો શું મળે? હું તમને પૂછું છું. બોલો, દેવાનુપ્રિયો! શું મળે? તમે એનો જવાબ નહિ આપો. લો હું જ કહી દઉં. શંખલા અને છીપલા કે બીજું કાંઇ? જ્યારે શ્રેણીક મહારાજા પાત્ર બન્યા ત્યારે સંતના વચનનો આશય સમજ્યા. જ્યાં સુધી સમજ્યા ન હતા ત્યાં સુધી તેમની ખોજ કિનારે હતી. સત્યના સાગરનો કિનારો તે સંસાર છે. એક જ આત્માની બે અવસ્થા છે. એક શુદ્ધ બીજી અશુદ્ધ. મુક્ત દશા–સિદ્ધ દશા તે આત્માની શુદ્ધ અવસ્થા છે અને ક્રોધ-માન-માયા-લોભ-રાગ-દ્વેષાદિ આત્માની અશુદ્ધ અવસ્થા છે.

જ્યાં કષાય છે ત્યાં સંસાર છે. અને સંસાર તે કિનારો છે. તે કિનારે મનુષ્યના જીવનની નૌકા બંધાઇ છે. તેને છોડવાનું જે સાહસ કરે છે તે જ સત્યના સાગરમાં સફર કરી શકે છે. પણ જ્યાં સુધી પોતાની મિથ્યા માન્યતાના દોરડે, અધર્મના વિશ્વાસથી નૌકા કિનારે બંધાઇ છે ત્યાં સુધી મનુષ્ય સત્યના સાગરમાં સફર કરી શકતો નથી. જ્ઞાનીઓ કહે છે આ સંસારમાંથી ઘણા જીવો સમ્યક્દર્શન, સાધુપણું અને પરમાત્મ-પદને પામ્યા છે તેનું કારણ શું? તેમણે કિનારો છોડયો છે. તેમણે બહારની શોધ છોડી અંતર શોધ કરી ત્યારે સમ્યક્ જ્ઞાન–દર્શન અને ચારિત્રના સાચા મોતી મેળવ્યા. કિનારે કંઇ જ્ઞાન–દર્શન ચારિત્રના સાચા મોતી નથી. જ્યાં ક્રોધ–માન–માયા–લોભ, કામ, ઈર્ષ્યા અને વાસનાની સપાટી છે ત્યાં જો કોઇ જ્ઞાન-દર્શન ચારિત્રના મોતી મેળવવા જાય તો શું મળે? ના. શંખ–છીપ ને રેતી સમાન સંસારની વાસનાઓ છોડીને અંદરમાં ડૂબકી લગાવે તો તે આત્મા ભાગ્યશાળી બની જાય છે. તેના પરિણામે તે જલ્દી જન્મ મરણથી મુક્ત થઈ જાય છે.

બંધુઓ! કોઇપણ ભવ એવો નથી કે જ્યાં જન્મ–મરણનો ભય ના હોય. જો કે જન્મ તો સહુને સારો લાગે છે પણ મૃત્યુનો ભય પ્રાણીમાત્રને હંમેશાં મૂંઝવે છે. માનવ જન્મે ત્યારે અજ્ઞાન અવસ્થા હોય છે. પણ મરણ સમયે તેને પૂરું ભાન હોય છે. એટલે મરણનો ભય પ્રાણી માત્રને હંમેશા રહે છે. જગતમાં મોટામાં મોટો ભય મરણનો છે. મરણ સમયે માનવ બીજું બધું ભૂલી જાય છે. એક માત્ર મરણનો ભય તેને સતાવે છે. માની લો કે જેમ કોઇ ડાહ્યો માણસ વાતવાતમાં એમ કહેતો હોય કે પાણીમાં બચકા ભરવાથી શું લાભ? આમ તે બોલતો હોય છે. એ જાણે છે ને માને છે કે પાણીમાં બાચકા ભરવાથી માણસના હાથમાં કંઇ આવતું નથી. આમ છતાં કયારેક એ જ ડાહ્યો માણસ અકસ્માત પાણીમાં ડૂબી જાય તો તે બધી સમજ અને બધું ડહાપણ કોણ જાણે કયાંય અદૃશ્ય થઈ જાય અને એ જ માણસ પાણીમાં બાચકા ભરવા મંડી પડે. આ દાખલો ધ્યાનમાં લઇ વિચાર કરીશું તો મરણનો ભય કેવો છે તે સમજાશે. અજ્ઞાની આત્માઓને એ ભય રાત દિવસ કનડે છે. બીજી બધી વસ્તુઓ એની આગળ ગૌણ બની જાય છે. આ જગતમાં ધનની કિંમત બહુ છે. ધનપ્રાપ્તિ માટે માણસો

પારાવાર પરિશ્રમ કરે છે. કેટલી મુશીબતોનો સામનો કરે છે. છતાં મરણના ભય આગળ એ ધનની પણ માણસને કિંમત નથી. પોતાનો જીવ બચાવવા માટે માણસ પોતાની અઢળક દોલત જતી કરવા તૈયાર થઈ જાય છે.

મનુષ્યને પોતાના કુટુંબ–પરિવાર પ્રત્યે ખૂબ મમતા હોય છે. સ્ત્રી અને પુત્રના સુખ સગવડ માટે ગમે તે કરવા તૈયાર થાય છે. પણ મરણનો પ્રસંગ ઊભો થાય તો? તો તે સ્ત્રી કે પુત્રની તેને મન કાંઈ કિંમત નથી હોતી. મરણનો ભય એ સૌ સ્વજનોના સ્મરણનું વિસ્મરણ કરાવે છે. અને માત્ર એ ભય જ તેના મનમાં જીવતો ને જાગતો રહે છે. આ ઉપરથી સમજી શકાય છે કે પ્રાણી માત્રને મરણનો ભય કેટલો મૂંઝવે છે. દરેક જીવોને નાની મોટી અનેક પ્રકારની ઇચ્છાઓ રહે છે. જગતમાં ઇચ્છા વિનાનો કોઈ જીવ નથી. પણ એ બધી ઇચ્છાઓમાંથી સૌથી વધુ અગત્યની અને સૌથી પ્રિય ઇચ્છા તે જીવવાની ઇચ્છા છે. નાના મોટા દરેક જીવો કોઈ પણ ઉપાયે પોતાનું જીવન ટકાવી રાખવા માટે થાય તેટલા પ્રયત્નો કરે છે. જીવવાની આશા કેટલી પ્રબળ છે એ તો તમે સમજ્યા ને? પણ કયા ઉપાયો વડે જીવન ટકાવી રખાય? જીંદગી કેવી રીતે લંબાવાય? મરણનો ભય કેમ દૂર થાય? આનો જવાબ એ છે કે પૂર્વ જન્મમાં જે પ્રકારનું આયુષ્ય બાંધ્યું હોય, જેવા પ્રકારના કર્મો કર્યા હોય તે પ્રમાણે જીવવાનું બને છે. આયુષ્યની મર્યાદા એ પ્રમાણે વધુ ઓછી હોય છે. જીવવાની ઈચ્છા કરવી એ તો સ્વાભાવિક છે પણ ઇચ્છા કે અનિચ્છા રાખવાથી જીંદગી ટૂંકાવી કે લંબાવી શકાતી નથી. એવા ઘણાં દાખલાઓ છે કે જેમાં મરણ માટે કોશીષ કરનારાઓ મર્યા નથી. આયુષ્ય હોવાથી બચી ગયા. કોલેરાના ઉપદ્રવમાં ફસાયેલા જીવો ભયંકર વ્યાધિમાંથી ઉગરી ગયા છે. સર્પાદિક ઝેરી જંતુઓના ભોગ બનેલા અને પાણીમાં ડૂબેલા હજારો જીવો બચી ગયાના દાખલા છે. આ તો બધો અકસ્માત કહેવાય પણ જિંદગીથી કંટાળી મરવા માટે તત્પર બનેલા અને સામેથી મૃત્યુના મુખમાં જનારા આપઘાતના પ્રયત્નો કરનારા પણ કેટલાય બચી ગયા છે. આમાંથી આપણે એટલો સાર લેવો છે કે જીવવાની ઇચ્છા હોય કે ન હોય પણ જીવવું એ માણસના હાથની વાત નથી. અરે! મહાન પુરૂષોને મારણાંતિક ઉપસર્ગ આવ્યા ત્યારે જેની આત્મજ્યોત ઝળહળી છે તે કેવા સુંદર વિચાર કરે છે.

અર્ણિકાપુત્ર આચાર્ય મહારાજ ગંગા નદી નાવમાં બેસી પસાર કરતા હતા. વૈરી દેવતાએ નાવને ડોલમડોલ કરી નાવના લોકને ભરમાવ્યાથી લોકોએ જ મુનિને ઊંચકી નદીમાં નાખવા ઊંચે ઉછાળ્યા. ત્યાં જ દેવતાએ એમને ભાલા પર ઝીલ્યા. મુનિના શરીરમાં ભાલો ભોંકાવાથી શરીરમાંથી લોહી નીચે નદીમાં ટપકવા માંડયું. એ જોઈ અર્ણિકા પુત્ર આચાર્ય ચિંતવે છે કે અરે! આ મારું લોહી નીચે પાણીના બિચારા સૂક્ષ્મ અસંખ્ય જીવોને હણી રહ્યું છે. ધિક્કાર છે આ શરીરને! આ શરીરધારી સંસારા-

વસ્થાને ! આ રીતે શરીર પરથી પણ આસક્તિ ભાવ ઊઠી જવાથી અનાસંગ યોગે મુનિ કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા.

સાંભળો, આવા આત્માઓને આવા કષ્ટ પડવા છતાં તેઓએ પોતાના દુઃખને ના જોયા પણ બીજા જીવો ઉપર ભારે કરૂણા આણી તેના પ્રતાપે મોક્ષગામી બન્યા. આનું નામ આત્માની ઓળખાણને તે જ આત્મ ખજાનો છે. આજે આપણે આત્મ-ખજાના ઉપર ઘણું વિચાર્યું છે. તેમજ અનંત સિદ્ધોને નમસ્કાર રૂપ મંગલા ચરણ કરેલ છે. સિદ્ધ ભગવંત મંગલ સ્વરૂપ છે. મંગલ એટલે પાપરૂપી મળને ગાળવા. જે પાપ પાપ ગાળે તે મંગલ છે. હજુ આ ભાવ વધુ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં. ૩

## વિષય :-"સાચો નિર્ગ્રંથ કોણ?"

**અષાડ વદ ૪ ને શનિવાર**

વિશ્વવંદ્ય પરમકૃપાળુ દેવે ભવ્ય જીવોના હિત-સુખ અને કલ્યાણ અર્થે સિધ્ધાંત પ્રરૂપ્યા. એ સિધ્ધાંતને આગમ પણ કહેવામાં આવે છે. એ આગમના વચનોનું ભૂતકાળમાં શ્રવણ-ચિંતન અને મનન કરી જીવો આત્મકલ્યાણ કરી ગયા છે. વર્તમાનકાળમાં જીવો વીતરાગ પ્રભુની વાણી સાંભળી, અંતરમાં ઉતારી આત્માને ત્યાગમાં જોડી આત્મકલ્યાણ કરી રહ્યા છે. અને ભવિષ્યમાં શ્રવણ, ચિંતન અને મનન દ્વારા ત્યાગ માર્ગમાં જોડાશે તો આત્મકલ્યાણ થશે. અનંતકાળથી આપણા આત્માએ આત્મકલ્યાણ કરવાનો ઉપાય શોધ્યો નથી. અને તેને માટે કંઇ પ્રયત્ન કર્યા નથી. તેથી જન્મ-મરણની વેદનાઓ સહન કરે છે. જ્યારે પોતાના પૂર્વકૃત કર્મોના કારણે દુઃખ આવે છે ત્યારે ઝુરે છે પણ આ દુઃખ મને ક્યાંથી આવ્યું તેની જાણકારી હોય તો તે જીવ પ્રતિકુળતામાં પણ અનુકૂળતા માનીને દુઃખમાંથી સુખ શોધે.

ઉત્તરાધ્યયન સૂત્રના વીસમા અધ્યયનમાં અલૌકિક ભાવ ભરેલા છે. તેમાં જ્યોતિર્મય બે પાત્રોનો અધિકાર આવશે. એક બાજુ સમ્રાટ અને બીજી બાજુ સાધક. જૈનશાસનમાં ભાવ સમ્રાટ અનાથી નિર્ગ્રંથ. આપણી મુરઝાઈ ગયેલી ચેતનાને પ્રફુલ્લિત બનાવવાનું અજોડ નિમિત્ત છે એ વાત આ અધ્યયનમાં છે. તેની પ્રથમ ગાથા મંગલ સ્વરૂપ છે. "सिद्धाणं नमो किच्चा, संजयाणं च भावओ ।" અનંત સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરી સુધર્મા સ્વામી પોતાના પ્યારા શિષ્ય જંબુસ્વામીને કહે છે હે શિષ્ય! મેં જે ભગવાન પાસેથી સાંભળી છે તે દ્રવ્ય-ગુણ પર્યાયની વાત હું તારી પાસે કરીશ. જેનું જીવન તપ ત્યાગ અને સંયમમાં રક્ત છે તેને તેવી વાતોમાં આનંદ આવે છે. બ્રેક વિનાની કાર,

લગામ વગરનો ઘોડો અને અંકુશ વિનાનો હાથી શું કરે? તે તમને ખ્યાલ છે ને? પાડી નાંખે ને? તેમ જેના જીવનમાં તપ-ત્યાગ ને સંયમની બ્રેક નથી તે ઘડીકમાં શું કરશે? અધોગતિની ખાઈમાં જીવને પટકાવી દેશે. તે સિવાય બ્રેક વગરના જંગલી જેવા જીવનની કોઇ પ્રતીત કે વિશ્વાસ કરતું નથી. બીજી વાત કહું, સાધક આત્મા પંચ પરમેષ્ટીનું શુધ્ધ ભાવથી સ્મરણ કરે ને જે લાભ મેળવે તે સંસાર સુખમાં રકત રહેનાર છ ખંડનો અધિપતિ પણ મેળવી શકતો નથી. જેણે પોતાના અંતરાત્માને પરમાત્મા સાથે એકરૂપ બનાવી જગાડયો ને અજ્ઞાનના કાળ પડદાને દૂર કરી આત્માને ઓળખ્યો છે તેવા મહાન નિર્ગ્રંથનું આ અધ્યયન છે. તેમણે આત્મ દ્રવ્યની પીછાણ કરી. આત્મ દ્રવ્યને લક્ષ્યમાં રાખ્યું. હવે ગુણ-પર્યાયની વાત કરું, પરાયાને છોડી સ્વગુણોને લઇ લેવા તે ગુણ. એ ગુણદ્વારા શાતા-અશાતા વિગેરે જાણવાનો જે સમય પ્રાપ્ત થયો તે જ્ઞાન પર્યાય આ વાતને સમજવા સ્થિરતા, સમજણ અને શ્રદ્ધાની જરૂર છે.

બંધુઓ! આ તો હજુ ભૂમિકા તૈયાર થઇ રહી છે. તમારે એક બંગલો બંધાવવો હોય તો સર્વ પ્રથમ ઇજનેરને બોલાવો છો. ઇજનેર બારી બારણાનો નકશો બનાવે છે. બંગલો તો હજુ હવે બાંધવાનો છે. વિચારીને નકશો દોરવો સહેલો છે પણ તદ્રૂપે મકાન બનાવવું અઘરું છે. કારણ કે મકાન પૂરું થતાં સુધીમાં સ્લેપાટ ભરતા વરસાદ પડે આદિ અનેક મુશ્કેલીઓ આવે છે. તેમ હજુ આ પ્લાન દોરાઇ રહ્યો છે. આપણે ગઇ કાલે મહાન શબ્દની વ્યાખ્યા કરી. આજે નિર્ગ્રંથ શબ્દની વ્યાખ્યા કરીએ. અહીં મહાન નિર્ગ્રંથનો અધિકાર ચાલવાનો છે. નિર્ગ્રંથને દ્રવ્ય-ક્ષેત્ર આદિની દૃષ્ટિએ મહાન કહ્યા નથી પણ જે મહાન પુરૂષ ક્ષાયિક ભાવમાં પ્રવર્તે છે તેમને મહાન કહ્યા છે. નિર્ગ્રંથ કોને કહેવાય? જે દ્રવ્યથી અને ભાવથી બંધનકર્તા પદાર્થોમાંથી નિવૃત્ત થાય છે અર્થાત્ જે દ્રવ્ય અને ભાવગ્રંથિથી મુકત થાય છે તે નિર્ગ્રંથ કહેવાય છે. દ્રવ્ય ગ્રંથિ નવ પ્રકારનીને ભાવગ્રન્થિ ચૌદ પ્રકારની છે. જે આ બંને ગ્રંથિઓને છેદી નાંખે છે તે નિર્ગ્રંથ કહેવાય છે. કોઇ વ્યકિત દ્રવ્યગ્રંથિ તે પૈસા, પુત્ર, પત્ની, ઘરબાર આદિને છોડી દે પણ જો કષાયાદિ ભાવગ્રંથિને છોડે નહિ તે નિર્ગ્રંથ કહેવાય નહિ. નિર્ગ્રંથે તો નિશ્ચય અને વ્યવહાર એ બંને ગ્રંથિઓને છોડવાની જરૂર છે. "સૂયગડાયંગ સૂત્રમાં પણ નિર્ગ્રંથ શબ્દની વ્યાખ્યા ભગવંતે કરી છે.

**एत्थ वि णिग्गंथे एगे एग विऊ बुध्धे, संछिन्नसोए सुसंजते, सुसमिते, सुसामाइए, आयवायपत्ते विऊदुहओवि सोयपलिच्छिन्ने नो पूयासक्कारलाभट्ठी धम्मट्ठी धम्मविऊ नियागपडिवन्ने समियंचरे दंते दविए वोसट्ठकाए णिग्गंथे वच्चे ।।"**

જે સાધુ રાગ-દ્વેષ રહિત રહે છે. આત્મા એકલો જ પરલોકમાં જાય છે તે જાણે છે. જેણે આશ્રવના દ્વાર રોકેલા છે. જે તત્ત્વને જાણે છે ને પ્રયોજન વિના પોતાના

શરીરની કોઇ પણ ક્રિયા કરતા નથી, અર્થાત્ જે ઇન્દ્રિઓને અને મનને વશમાં રાખે છે. જે પાંચ પ્રકારની સમિતિઓથી યુક્ત છે. જે શત્રુ અને મિત્ર પ્રત્યે સમાન ભાવ રાખે છે. જે સમ્યક્ પ્રકારે આત્મ સ્વરૂપને જાણે છે. જે સમસ્ત પદાર્થોના સ્વભાવને જાણે છે. જેમણે દ્રવ્યે અને ભાવે એમ બંને પ્રકારે સંસારમાં ઉતરવાના માર્ગનું છેદન કર્યું છે. જે પૂજા, સત્કાર અને લાભની ઇચ્છા ન રાખતા કેવળ ધર્મની ઇચ્છા રાખે છે. જે ધર્મને જાણનારા અને મોક્ષ માર્ગના કામી છે, જે સમભાવથી વિચરે છે. એવા ગુણોથી યુક્ત જે સાધુ જિતેન્દ્રિય અને મુક્તિમાં જવાને યોગ્ય છે તથા જેમણે શરીરનો વ્યુત્સર્ગ કરેલો છે તે નિર્ગ્રંથ કહેવાય છે.

નિર્ગ્રંથે તો નિશ્ચય અને વ્યવહારે બંને પ્રકારની ગ્રંથિઓને છોડવાની જરૂર છે. પંદર પ્રકારે સિદ્ધ થાય છે તેમાં ગૃહસ્થલિંગે પણ સિદ્ધ થાય છે ને અન્યલિંગે પણ સિધ્ધ થાય છે. પણ તેઓને ભાવ ચારિત્ર હોય છે તે અપેક્ષાએ સિધ્ધ થાય છે. દ્રવ્યની અપેક્ષાએ તો સ્વલિંગી સિધ્ધ થાય છે. એટલા માટે દ્રવ્ય અને ભાવ એ બંને પ્રકારની ગ્રંથીઓથી જે મુકત થાય છે તે નિર્ગ્રંથ કહેવાય છે અને જેઓ સંપૂર્ણપણે દ્રવ્ય અને ભાવગ્રંથિઓથી છૂટી જાય છે તે મહાનિર્ગ્રંથ કહેવાય છે.

આ મહાનિર્ગ્રંથની વાત થઇ. આવા નિર્ગ્રંથના ધર્મનું પ્રતિપાદન નિર્ગ્રંથ પ્રવચન કરે છે. દ્વાદશાંગી નિર્ગ્રંથ પ્રવચનની વાણી છે. પ્રથમ ગાથાના ત્રીજા પદમાં ભગવંત કહે છે अत्थ धम्म गइ तच्चं, अणुसट्ठि सुणेह मे ॥

હું અર્થની શિક્ષા આપું છું. અર્થ શબ્દનો અર્થ લોકો ધન કરે છે. કારણ કે અનાદિકાળથી જીવનો તે તરફનો પ્રવાહ છે. એક નવકાર મંત્રની માળા ગણે તો પણ તેની પાછળ ધનપ્રાપ્તિની આશા હોય છે. ઘણાં ઘરે ગૌચરી જઇએ ત્યારે જોવા મળે છે કે પ્રભાતના પ્રહરમાં સ્નાન કરીને રૂમાલ પહેરી, ઘીનો દીવો કરી, એક ચિત્તે ઊભા રહીને કંઈક ભાઇઓ માળા ગણુતા હોય છે. તેમાં ભજકલદારમ ભજકલદારમની ભાવના ભારોભાર ભરી છે. ભોગના ભિખારીઓ ! ક્યાં સુધી જડની ભીખ માંગશો ? હવે તો સ્વ તરફ દૃષ્ટિ કરો. માળા ગણુતા પણ પૈસાની ભીખ માગો છો ! વિચાર કરો. પૈસો મળવો પુણ્યને આધીન છે. આંબો વાવે કેરી મળે છે. બાવળ વાવીને કેરીની આશા રાખો તો કેરી ક્યાંથી મળે ? બાવળ વાવવાથી તો પગમાં કાંટા ભોંકાવાના છે તેમ પૂર્વે સુકૃત્ય કરી પુણ્યની કમાણી નથી કરી, તો આ ભવમાં સુખ ક્યાંથી મળશે ? એટલે અહીં "अत्थ धम्मं" અર્થ ધનના અર્થમાં નહિ પણ ધર્મના અર્થમાં કહેલો છે. એવા નિશ્ચય ધર્મરૂપી અર્થની શિક્ષા આપું છું.

નિર્ગ્રંથ ધર્મની શિક્ષા ભગવંત તત્ત્વાર્થ રૂપે કહે છે. શાસ્ત્રના પ્રારંભમાં પ્રવૃત્તિ, પ્રયોજન, સબંધ અને અધિકાર, આ ચાર વાત અવશ્ય હોવી જોઈએ. કોઇ પણ કાર્યમાં

પ્રવૃત્તિ કરતાં પહેલાં વિચાર કરવામાં આવે છે. જેવી રીતે કોઇ નગરમાં પ્રવેશ કરવો હોય તો તેનો દરવાજો કઇ તરફ છે તેની તપાસ સર્વ પ્રથમ કરવી પડે છે. જો દરવાજાની ખબર ન હોય તો પછી નગરમાં પ્રવેશ કેવી રીતે થઇ શકે? એટલા માટે પ્રવૃત્તિ વિષે પહેલાં વિચાર કરવો જોઇએ. ઉપર કહેલી ચાર વાતોને અનુબંધ ચતુષ્ટય કહેવામાં આવે છે. આ ચાર વાતોનું ધ્યાન રાખવાથી સુખપૂર્વક પ્રવૃત્તિ થઇ શકે છે. આ ચાર બાબતોથી શાસ્ત્રની પરીક્ષા થઇ શકે છે. જેમ લાખો મણુ અનાજની અને હજારો ગજ કપડાની પરીક્ષા તેના નમુનાથી કરી શકાય છે, તમે કોઇ વસ્તુની ખરીદી કરવા અગર તો બીજા કોઇ કાર્ય માટે ઘરની બહાર નીકળો છો ત્યારે અમુક ઉદ્દેશ નક્કી કરીને નીકળો છો. દરેકના ઉદ્દેશ અલગ અલગ હોય છે. માની લો કે તમે શાક લેવા જવા માટે ઘરેથી નીકળ્યા ત્યારે નક્કી ન હતું કે કયુ શાક લેવું. પણ ત્યાં ગયા પછી તો નક્કી કરવું પડે ને કે મારે ભીંડા લેવા છે કે કારેલા લેવા છે! એમ નક્કી કર્યા વિના શું ખરીદી શકશો? તે રીતે શાસ્ત્ર દ્વારા કયા પ્રયોજનની સિદ્ધિ થવાની છે, શાસ્ત્રના કોણુ કોણુ અધિકારી છે અને ત્યાર બાદ શાસ્ત્રનો પૂર્વા પર સબંધ શું છે એટલે શાસ્ત્રમાં કહેલી વસ્તુનો કહેનાર અને સાંભળનાર સાથે શું સબંધ છે એ વાત બતાવવામાં આવે છે.

## ઘણા રત્નોનો સ્વામી કોણુ હતો?

**पभूय रयणो राया, सेणिओ मगहाहिवो ।**
**विहारजत्तं निज्जाओ, मंडिकुच्छिंसि चेइए ।।**

ઉત્ત. સૂ. અ. ૨૦ ગાથા ૨

ઘણા રત્નોના સ્વામી મગધાધિપ શ્રેણીક રાજા વિહારયાત્રા માટે બહાર નીકળ્યા અને મંડિકુક્ષ નામના બાગમાં આવ્યા.

બંધુઓ! આપણે પહેલાં એ સમજવું છે કે રત્ન એટલે શું? તમે તો હીરા-માણેક-પન્ના આદિને જ રત્ન કહો છો ને? આટલા જ રત્નો નથી પણુ તેનો વ્યાપક અર્થ શ્રેષ્ઠ થાય છે. જે શ્રેષ્ઠ હોય છે તેને રત્ન કહેવામાં આવે છે, મનુષ્યોમાં પણુ રત્નો હોય છે. હાથી ઘોડામાં પણુ રત્ન હોય છે ને સ્ત્રીઓમાં પણુ રત્ન હોય છે. શ્રેણીક રાજાને ત્યાં આવા અનેક ઉત્તમ પ્રકારના રત્નો હતા. આ શ્રેણીક રાજા પ્રભૂત (ઘણાં) રત્નોના સ્વામી હતા. તે કેવા હતા તેની આપણે ઓળખાણુ કરવી જોઈએ.

દુનિયામાં ઓળખાણુ એક મોટી ખાણુ છે. કોઈ સજ્જન માણુસ કોઈ ઓળખીતાં માણુસ પાસે જઈને કહે મારે ૧૦,૦૦૦ રૂપિયાની જરૂર છે તમે ચોપડે લખીને મને આપો. થોડા દિવસમાં પાછા આપી દઈશ ત્યારે આપનાર વ્યકિત કહેશે તું તો મારો દીકરો છે. લઇ જા. ચોપડે લખવાનું તારા માટે ન હોય. આવી સંસારમાં ઘણી વાતો છે. એક વખત એક ભાઇને મુંબઇથી રાજકોટ જવું હતું. ગાડીમાં ખૂબ ભીડ. ચઢવાની

જગ્યા ન મળે. એ યુવાન પરાણે ચઢી તો ગયો. ઘણી વાર ઊભો ને ઊભો રહ્યો. સીટ ઉપર બેઠેલા ભાઈઓને કહે છે, ભાઈ! સહેજ પગ ઊંચો કરીને મને જગ્યા આપો તો હું બેસી શકું, પણ કોઈ જગ્યા આપતું નથી. યુવાન ખૂબ નમ્ર હતો. બે ત્રણ વખત કહ્યું, કે ભાઈ સહેજ ખસોને, થોડી જગ્યા આપો તો મહાન ઉપકાર. ખૂબ નમ્રતાપૂર્વક કહ્યું, એટલે એક ભાઈએ સહેજ પગ ઊંચો કર્યો, એટલે તે ભાઈ પરાણે સંકડાઈને બેઠા. પછી પેલો ભાઈ પૂછે છે તમે કયા ગામના છો? ત્યારે યુવાન કહે હું જામનગરનો છું, તમે કોના દીકરા? તો કહે હું મોતીચંદ શેઠનો દીકરો. ત્યાં તો પેલો ભાઈ ઊભો થઈને કહે છે તો તો તમે મારા જમાઈરાજ છો. બેસો-બેસો કરતો તે ભાઈ ઊભો થઈ ગયો. (હસાહસ), ભાઈએ એક જ વખત જમાઈને જોયા હતા તે મુંબઈમાં રહે એટલે રંગઢંગ બદલાઈ ગયા હતા. એટલે સસરાજી ઓળખી ન શક્યા. ટૂંકમાં ઓળખાણ હોય તો બધે સગવડતા મળી જાય છે પણ ઓળખાણ ન હોય તો કોઈ પૂછતું નથી. જીવે સંસારની ઓળખાણ પીછાણ ઘણી કરી છે પણ આત્માની પીછાણ નથી કરી.

સંસારમાં તો સ્વાર્થની ઓળખાણ છે. કોઈ વ્યકિત શ્રીમંતમાંથી ગરીબ બની જાય તો તેની કોઈ ઓળખાણ રાખતું નથી. ને કોઈ સહકાર આપતું નથી. જ્યારે સંતો પાસે તમે આવશો તો શ્રીમંત પ્રત્યે પણ એ જ ભાવ અને ગરીબ પ્રત્યે પણ એ જ ભાવ કોઈ વ્યક્તિ ગરીબમાંથી શ્રીમંત બને કે કોઈ શ્રીમંતમાંથી ગરીબ બને પણ બંને અવસ્થામાં સમભાવ રાખે છે. કારણ કે અમારે તો આત્માની સાથે ઓળખાણ કરવી છે.

હવે મૂળ વાત શું છે તે કહું. શ્રેણીક રાજા ઘણા રત્નોના સ્વામી છે. જડ રત્નો ગમે તેટલા હોય પણ જો આત્માને ઓળખ્યો નથી તો એ બધા રત્નો વ્યર્થ છે. કારણ કે બધા રત્નો મળી શકે છે પણ ધર્મ રૂપી રત્નની પ્રાપ્તિ થવી બહુ મુશ્કેલ છે. એક ધર્મરૂપી રત્ન મળી જાય તો બીજા બધા રત્નો તેની આગળ કંઈ વિસાતમાં નથી. નથી. તમને મોટામાં મોટી મનુષ્ય જન્મની સંપત્તિ મળી છે પણ તેની કિંમત જીવને સમજાઈ નથી. જો મનુષ્ય જન્મની કિંમત સમજતા હો તો એવો વિચાર આવે કે મને આ મનુષ્યભવ રૂપી બહુ મૂલ્યવાન રત્નની પ્રાપ્તિ થઈ છે તો હવે કાંકરાને બદલે આ અમૂલ્ય રત્ન આપી દેવાની મૂર્ખતા શા માટે કરું? જો તમને મનુષ્ય જન્મની કિંમત સમજાઈ હોય તો, એક પણ ક્ષણ નકામી જવા ના દેશો અને ધર્મારાધનામાં સમયનો સદુપયોગ કરી આત્માને પવિત્ર બનાવી માનવભવ રૂપી રત્નની કિંમત આંકજો.

શ્રેણીક રાજાને ત્યાં ઘણા રત્નો હતા. તે મગધદેશના અધિપતિ હતા તેથી શાસ્ત્રના પાને તેમનું નામ નથી ગવાયું. પણ એમણે મનુષ્યભવ પામીને સમ્યકત્વ રત્નની પ્રાપ્તિ કરી છે એટલે સર્વજ્ઞ ભગવંતના મુખે તેમનું નામ ગવાયું છે. સર્વજ્ઞ પ્રભુના મુખે જેમની ગુણગાથા ગવાય, ગણધર ભગવંતો ઝીલે, સાધકો સાંભળે ને આચાર્યોના

હાથે લખાય. તે કેવા મહાન આત્માઓ થઇ ગયા હશે! સમ્યકત્વ પામ્યા ને તીર્થંકર નામ કર્મ પણ બાંધી લીધું. આવતી ચોવીસીમાં તે તીર્થંકર બનશે. જ્યારે અધ્યયનની શરૂઆત કરાય છે ત્યારે શ્રેણીક રાજા સમ્યકત્વ પામેલા ન હતા. સમ્યકત્વ વગરનું તેમનું જીવન ઝાંખું હતું. બેટરી છે. બલ્બ છે પણ પાવર ખલાસ થઇ ગયો છે. તેથી પ્રકાશ મળતો નથી. એવા બલ્બને કોઇ બેટરીમાં રાખે? ફગાવી દે. તે જ રીતે માનવ ભવરૂપી બેટરીમાં સત્ય, નીતિ, સદાચાર, અનુકંપા રૂપી પાવરનો પ્રકાશ ન હોય તો શા કામનું?

શ્રેણીક રાજાના જીવનમાં બધા ગુણો હતા. બાળપણથી તેમની બુદ્ધિ તીવ્ર હતી. શ્રેણીક રાજા આદિ ૧૦૦ ભાઇઓ હતા. તેમના પિતાજીનું મન તેમના ઉપર ઠરતું હતું. મારો આ દીકરો બરાબર રાજ્ય સંભાળશે. પણ રાજ્યનો એવો નિયમ છે કે પાટવી પુત્રને રાજ્ય મળે. અને શ્રેણીક તો નાના હતા. જો તેને રાજ્ય આપે તો મોટી ખટપટ ઊભી થાય. પિતાજીએ તેમની પરીક્ષા કરવાનું નક્કી કર્યું.

એક વખત ૧૦૦ ભાઈઓને મોટા ઓરડામાં ખાજાના સો (૧૦૦) કરંડિયા ને પાણીના ૧૦૦ ઘડા મૂકાવીને કહ્યું. તમારે ઓરડામાં રહેવાનું. ભૂખ લાગે ત્યારે કરંડિયા ખોલવાના નહિ ને ખાવાનું અને પાણીના ઘડાના મોઢા ખોલ્યા વગર પાણી પીવાનું. બધાને ઓરડામાં રાખ્યા. બપોરનો સમય થયો, કુમાર સુકુમાર છે. ભૂખ લાગી છે પણ પિતાજીએ કરંડિયા ખોલવાની ના પાડી છે, ખાવું કેવી રીતે? બધા ઉત્પાત કરે છે. પણ શ્રેણીકકુમાર ઠંડે કલેજે બેઠો છે. એટલે બધા મોટા ભાઇઓ કહે છે તને ભૂખ નથી લાગી? ત્યારે કહે કે ભાઈ! તમે બધા વડીલ ભાઇઓ જમશો એટલે મારું પેટ ભરાઇ જશે. પણ ભાઇ ખાવું કેવી રીતે? સમજ પડતી નથી. ત્યારે શ્રેણીક કહે, લો હું તમને ખવડાવું! શ્રેણીકે બધા કરંડિયા જોરથી પછાડયા, હલાવ્યા, ખાજા તો પોચા હોય જલ્દી ભાંગી જાય એટલે કરંડિયામાંથી ભૂકો બહાર પડવા લાગ્યો. બધા ભાઇઓને કહે છે ખાવા માંડો. બધાએ પેટ ભરીને ખાધું. આ જીવને અહં ખૂબ નડે છે. શ્રેણીકની ક્રિયા જોઈને કહે છે ભાઇ! આ તો બહુ સહેલો ઉપાય છે. સીંદરી બળી જાય પણ તેનો વળ ન મૂકે તેમ અભિમાની માણસો પોતાનો વટ છોડતા નથી. ત્યારે શ્રેણીક કહે છે ભાઈ! તમે હવે પાણી તમારી જાતે પી લો. અક્કલ નથી પણ વટ મૂકાતો નથી. કરંડિયા તો પછાડયા પણ ઘડા કંઇ થોડા પછાડાય છે? ઘડો પછાડે તો ફૂટી જાય ને પાણી જતું રહે. ખૂબ તરસ લાગી છે, આકુળવ્યાકુળ થાય છે પણ આવડત નથી. પાણી કેવી રીતે પીવું? છેવટે શ્રેણીક કહે છે લો ત્યારે હું પાણી પીવડાવું. એમ કહીને મલમલના કકડા પડયા હતા. બધા નવા ઘડા ઝમતા હતા તેના ઉપર કપડા વીંટાળી દીધા. ભીના થયા એટલે નીચોવીને પાણી પીવડાવ્યું. ત્યારે બધા ભાઇઓ કહે કે આ તો અમને આવડતું હતું.

ફરીને એક વખત તેમના પિતાજીએ ૧૦૦ ભાણા પીરસીને ૧૦૦ ભાઇઓને

જમવા બેસાડયા ને એક સાથે ૧૦૦ કૂતરા છોડી મૂક્યા. બધા તો ઊઠીને ભાગી ગયા પણ શ્રેણીક તો એક હાથે બધા ભાણા ધકેલતો ગયો ને એક હાથે ખાતા ગયા. પેટ ભરીને ખાઇને ઊભા થઇ ગયા. આ હતી શ્રેણીકની બુદ્ધિ.

પિતાજી તેની બુધ્ધિ ઉપર ખુશ થયા. પણ રાજ્ય તેને આપે તો તકરાર થાય એટલે શ્રેણીકને પોતાના ગામમાંથી કાઢી મૂકયો, પિતા જાણે છે કે તે ગમે તેમ કરીને રાજ્ય મેળવશે. શ્રેણીક ચાલતા ચાલતા એક ગામમાં આવે છે ને એક વણિકની દુકાનના ઓટલે બેઠા. એટલે વણીકની દુકાને ખૂબ ઘરાક આવવા લાગ્યા. વણિકે વિચાર કર્યો કે આ માણસ આવીને બેઠો ને ઘરાકી જામી છે. નકકી આ કોઇ પુણ્યવાન પુરૂષ છે. તમારે ત્યાં આવું બને તો તમે એવા માણસને જવા દો ખરા? ના. આ વણીકે શ્રેણીકને બોલાવ્યા, નવરાવ્યા, ધોવરાવ્યા ને જમાડીને કહ્યું-તમે મારે ત્યાં જ રહો, વણીક પોતાને ત્યાં રાખે છે. ખૂબ કમાણી થાય છે. તેની બુધ્ધિ, ચાતુર્ય જોઇ વણીકે પોતાની પુત્રી નંદાને શ્રેણીક રાજા સાથે પરણાવી. શ્રેણીક રાજાની સૌથી પ્રથમ પત્ની નંદા છે. શ્રેણીક રાજાનો પ્રથમ પુત્ર અને મુખ્ય મંત્રી અભયકુમાર આ નંદાનો જાયો છે. આ રીતે નંદાનું લગ્ન શ્રેણીક રાજાની સાથે થયું હતું.

શ્રેણીક રાજાની બીજી રાણી ચેલ્લણારાણી ચેડા મહારાજાની પુત્રી હતી. ચેડા રાજાને સાત પુત્રીઓ હતી. તે સાતે ય પુત્રીઓ સતી હતી. તેમનું નામ સ્મરણ કરવાથી માનવ મોટી આફતમાંથી ઉગરી જાય છે. એ ચેડા રાજાનો નિયમ હતો કે મારી પુત્રીઓને કયાંપરણાવું? જ્યાં જૈન ધર્મના સંસ્કાર હોય ત્યાં. તમારી માફક નહિ કે મુરતિયો ફોરેન જઇ આવ્યો હોય, પૈસો ખૂબ હોય પણ ધર્મના સંસ્કાર ભલે હોય કે ના હોય. તમને તો પૈસો હોય એટલે બસ. કેમ બરાબર છે ને? આ તો ધર્મીષ્ઠ રાજા હતા. ધર્મના સંસ્કાર જોઇને પરણાવે છે. ચેલ્લણા પરણીને આવી ત્યારે શ્રેણીક રાજા જૈન ધર્મી ન હતા. ચેલ્લણાના લગ્ન શ્રેણીક રાજા સાથે કેવી રીતે થયા તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં. ૪

### વિષય:- "કામ વિજેતા બનો"

**અષાડ વદ ૫ ને રવિવાર** **તા. ૨૭-૭-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંત કરૂણાના સાગર પરમ પિતા પ્રભુના મુખમાંથી ઝરેલી શાશ્વતી વાણી તેનું નામ સિદ્ધાંત. એ મહાન પુરૂષોને સમજાઇ ગયું હતું કે વિષયોનું વમન કરવા જેવું છે.

એટલે તેઓ સંસાર છોડીને સાધુ બની ગયા. તેના પરિણામે શાશ્વત સુખના ભોક્તા બન્યા. અને આપણને ઉપદેશ આપી ગયા છે કે :–

હે આત્મન્ ! તેં આ સંસારમાં અનંત પ્રવાસો અનંતકાળથી ખેડયા છે. તે પ્રવાસમાં નરક અને તિર્યંચ ગતિમાં અનંત દુઃખો ભોગવ્યા છે. તેમ મનુષ્ય અને દેવભવમાં સુખ ભોગવ્યા. પણ હજુ તને કલ્યાણનો પંથ સમજાયો નથી. કદાચ સમજાયો હોય તો અંતરમાં રૂચ્યો નથી. કદાચ રૂચ્યો હશે તો આચરણમાં ઉતર્યો નથી. ધર્માંરાધનાની સામગ્રીથી ભરપૂર, દુર્લભ અને કિંમતી માનવભવની પ્રાપ્તિ થવા છતાં ભૌતિક સુખની અભિલાષાને પૂર્ણ કરવા અજ્ઞાનના અંધકારમાં અથડાતા જીવો પ્રમાદની પરવશતાને કારણે ધર્મસાધનાને ભૂલી, વિષય વાસનામાં ચકચુર બની અનેક પાપની રમતો રમી રહ્યો છે. જ્યારે વરસાદ પડે છે ત્યારે નાના બાળકો રમત રમે છે. રેતીના કૂબા બનાવે છે ને મારું ઘર, મારું ઘર કરીને ખુશ થાય છે. પણ રમત પૂરી થતાં લાત મારીને એ ઘરને તોડી નાખે છે. પણ આ મોટા બાળકોની રમત પૂરી થતી નથી. કોણ જાણે ક્યારે આ રમત પૂરી થશે. તમે યાદ રાખજો કે આ સંસારમાં પરિભ્રમણ (જન્મ મરણના ફેરા) અને અધઃપતનનું મુખ્ય કારણ કામવાસના અને ઇન્દ્રિયોની ગુલામી છે.

અનાદિકાળથી કામવાસનાઓ માનવીને સતાવી રહી છે અને આત્માની શક્તિને ચુસી લે છે. ઇન્દ્રિયોને આધીન બની ભાન ભૂલેલો આત્મા નાશવંત અને અપૂર્ણ સુખ માટે તરફડિયા મારે છે. આ તરફડિયા મારવાની કાયમી સ્થિતિમાંથી બચવા માટે તમારે શું કરવું પડશે ? જાણો છો ને ? કામવાસના કેવી ભયંકર છે તેનું સાચું સ્વરૂપ સમજવું જોઇએ. અને ઇન્દ્રિયો સાથે સમારાંગણમાં ઉતરી યુધ્ધની નોબતો વગાડી યુધ્ધના જોખમો અને પ્રયોગોનો વિવેકપૂર્વક સામનો કરવો પડશે. જ્યાં સુધી ઇન્દ્રિયો વશ ન થાય ત્યાં સુધી અણનમ યોધ્ધા બની અવિરત યુધ્ધ આ જીવે ચાલુ રાખવું પડશે. જો તેમ કરવામાં નહિ આવે તો બૂરી દશા થશે તેનો ખ્યાલ રાખજો. જ્ઞાની ભગવંતો કહે છે જરા સમજો, વિચારો, આ કામભોગ કેવા છે :–

**सल्लं कामा विसंकामा, कामा आसी विसोवमा ।**
**कामे भोए पत्थमाणा, अकामा जन्ति दोग्गइं ॥**

ઉત્ત. સૂ. અ. ૯ ગાથા ૫૩

બંધુઓ ! આ કામભોગો શલ્ય સમાન છે. જેમ આપણા શરીરના કોઇ ભાગમાં કાંટો કે બીજું કોઇ શલ્ય પેસી ગયું હોય તે શલ્ય માંસ સાથે ભળી જઇને આખા શરીરમાં તીવ્ર વેદના ઉત્પન્ન કરે છે તેમ ભોગોમાં આસકત બનેલું ચિત્ત મનુષ્યને રાત દિવસ શલ્યની માફક પીડે છે. આ કામભોગો–વિષયો વિષ સમાન છે. जहा किम्पाग फलाणं परिणामो न सुन्दरो ।" કિંપાક વૃક્ષનું ફળ દેખાવમાં સુંદર ને ખાવામાં મીઠું મધુરું લાગે છે પણ તે ખાવાથી જીવ અને કાયા જુદા થઇ જાય છે. મધમિશ્રિત વિષ ખાવામાં ભલે મધુર

લાગે પણ પરિણામે અતિ દારૂણ દુઃખ આપશે. તેમ કામભોગો તમને અત્યંત પ્રિય લાગે છે પણ પરિણામે તો વિષથી પણ અધિક ભયંકર છે.

વિષયો અને કષાયોની સહાયતાથી માનવ શું કુકર્મો નથી કરતો ! આ જગતમાં વિષયો અને કષાયોએ જે નખ્ખોદ વાળ્યું છે તેનાથી તમે ક્યાં અજાણ છો ? ત્યાગ કરવાનું જીવને શીખવાડવું પડે છે પણ વિષયાસક્ત બનવાનું કોઈને શીખવાડવું પડતું નથી. તેનું કારણ અનંતકાળથી જીવ તેમાં રૂચી કરતો આવ્યો છે. પણ મારા બંધુઓ ! જરા સમજો. વિષ તો તેના ખાનારને એક જ વાર મારે છે ત્યારે વિષયો તો તેનો ભોગવટો કરનારને તો શું પણ તેનું સ્મરણ કરનારને પણ અનંતી વખત મારે છે. તો ભોગવટો કરનારની તો વાત જ શું કરવી ? માટે સમજીને કષાયોનું શમન કરો ને વિષયોનું વમન કરો.

કામભોગ દૃષ્ટિ વિષ સર્પની સમાન અત્યંત ભયંકર છે. જેમ દૃષ્ટિવિષ સર્પ ઉઠીને નાચતો હોય તો પ્રિય લાગે છે પણ તેની દૃષ્ટિ કે સ્પર્શ પ્રાણને હરી લે છે. તેના સ્પર્શની ય જરૂર નથી. તેની દૃષ્ટિ માત્રથી માણસ તરફડીને મરી જાય છે. તેમ કામભોગો દેખાવમાં અતિ રમણીય છે પણ તેની દૃષ્ટિ કે સહેજ સ્પર્શ પણ મહાન અનર્થકારી છે. સુકોમળ સ્પર્શથી આત્માને ભાન ભૂલાવતી સ્પર્શેન્દ્રિય, મધુર રસના આ સ્વાદમાં લહેજત પમાડી પાગલ બનાવતી રસેન્દ્રિય સુગંધની પાછળ ભમરની જેમ ભમાડતી નાસિકા, રૂપ-લાવણ્ય અને સૌન્દર્ય પાછળ ભટકેલ બનાવતી ચક્ષુઇન્દ્રિય અને મધુર ગીતોમાં મુગ્ધ બનાવતી શ્રોતેન્દ્રિય. આ પાંચ ઇન્દ્રિયોને વશ થયા તો દુર્ગતિના દરવાજા ખુલ્લા છે તેમ સમજી લેજો.

ઇન્દ્રિયોની પરવશતાનું પરિણામ કેટલું ભયંકર આવે છે. ક્ષણિક સુખ આપતી ઇન્દ્રિયોને વશ થયા તો પાપ કર્મનું બંધન થાય છે ને તેના પરિણામે તીવ્ર વેદનાનો અનુભવ કરવો પડે છે. અને તે વેદના પણ કેવી કે જેને ભોગવતાં એક ક્ષણ કરોડ વર્ષ જેવી લાંબી અને અસહ્ય લાગે છે. વિષયોથી વિરક્ત અને શીલ ગુણમાં અનુરક્ત આત્માને જે અલૌકિક સુખની પ્રાપ્તિ થાય છે તે કામભોગમાં કદાપિ પ્રાપ્ત થતી નથી. જે અજ્ઞાની અને અવિવેકી જીવો છે તેમને કામભોગો પ્રિય લાગે છે. બાકી વિવેકી આત્માઓ તો સમજે છે કે કામભોગો સમસ્ત દુઃખનું મૂળ છે, સુખાભાસ છે. જેમાં સુખનો અંશ પણ નથી. સંયમી અને તપસ્વી આત્માઓને આત્મ રમણતામાં જે અપૂર્વ આનંદ પ્રાપ્ત થાય છે તેનો અંશ ભાગ પણ કામભોગોમાં પ્રાપ્ત થતો નથી. વિષયી આત્માઓ સદા અશાંત અને અતૃપ્ત રહે છે. એટલા માટે સંયમીઓના આધ્યાત્મિક આનંદની સાથે વિષયજન્ય તુચ્છ સુખની તુલના થઈ શકતી નથી. વિષ્ટાના કીડાને વિષ્ટામાં આનંદ આવે છે તેમ વિષયાસક્ત માનવને પણ તેમાં આનંદ આવે છે. આટલા વર્ષો વીતી ગયા પણ હજુ કંટાળો આવતો નથી. બોલો કંટાળો આવ્યો છે ખરો ?

અંધ મનુષ્ય પોતાના પગની પાસે રહેલા કૂવાને દેખતો નથી. તેમ વિષયો રૂપી મદિરાના નશામાં ચકચુર બનેલો માનવ પોતાના પગ આગળ રહેલા મૃત્યુને જોતો નથી.

અજ્ઞાની જીવો ગમે તેટલા ઇન્દ્રિયોને આધીન બનશે પણ જેમ અગ્નિમાં ગમે તેટલા કાષ્ટો નાંખવામાં આવે તો પણ તે તૃપ્ત થતી નથી તેમ ઇન્દ્રિઓને મનગમતા ગમે તેટલા વિષયો મળે છતાં તે શાંત થવાના નથી. ઉલ્ટો ઉકળાટ વધશે. માટે મારા વીરના વારસદારો ! હવે કંઇક સમજો. આગળ વધો. કયાં સુધી તમારી આ દશા રહેશે ? તમારું જૈનત્વ ઝળકાવો. દેહમંદિરમાં અનંત શકિતનો અધિપતિ ચેતનદેવ બિરાજે છે. મંદિરમાં દેવના દર્શન કરવા હોય તો દરવાજો ભેદીને અંદર જવું પડે છે. તેમ આત્મદેવના દર્શન કરવા હોય તો મન-વચન અને કાયારૂપી ત્રણ દરવાજાને ભેદવા પડશે. ત્યારે આત્મદર્શન થશે, પછી આ વિષય-કષાયોના ઉકળાટ શમી જશે. એક સામાયિક પણ જો શુધ્ધ ભાવે કરશો તો મોક્ષમાં લઇ જવાનું કારણ બનશે. પણ એ સામાયિક શુધ્ધ હોવી જોઇએ. પણ હજુ કયાં સુધારો થાય છે. દિવસે દિવસે જો આત્માની લગની વધશે તો જરૂર આત્મસ્વરૂપની પ્રાપ્તિ થશે. પરીક્ષા પછી રીઝલ્ટ બહાર પડે છે તે પહેલા બે દિવસ દુનિયા હસતી-રોતી સિનેમા કહે છે. કારણ કે કોઇ હસે છે ને કોઇ રડે છે. કંઇક વિદ્યાર્થીઓ પાસ થવા છતાં રડે છે. એક વિદ્યાર્થીને પૂછયું-શા માટે રડે છે ? નાપાસ તો નથી ને ? કહે પાસ થયો પણ નાપાસ જેવો છું. કેટલા માર્ક છે? તો કહે કે ૬૦ ટકા માર્ક છે. પણ મારે તો ૧૦૦ માંથી ૯૯ ટકા માર્ક લેવા હતા. આટલા ઓછા માર્ક આવે જ કેમ ? કેવી લગની ! હું તો વર્ષોથી આ વીતરાગની શાળામાં ભણતાં મારા વિદ્યાર્થીઓને જોઉં છું ને મારું કાળજું બળી જાય છે. એ વિદ્યાર્થીના તો ૬૦ ટકા માર્ક હતા. ૬૦ ટકાને તમે ફર્સ્ટ કલાસ કહો ને ? પણ તમારે તો ૩૫ ટકા આવે તોય સારું. સંતો હાડ તોડીને સમજાવે છે છતાં કેમ સમજતા નથી? વર્ષો સુધી સાધના કરો પણ જ્યાં સુધી માયા-મમતા ના છૂટે ત્યાં સુધી જોઇએ તેવો લાભ નથી મળતો. એક દૃષ્ટાંત દ્વારા સમજાવું.

એક ડોસીમા ખૂબ વૃધ્ધ હતા. પણ ધર્મ પ્રત્યેની તેમની ભાવના ખૂબ હતી. દરરોજ ઉપાશ્રયે જાય, સામાયિક કરે, ને એક સ્તવન ગાય તેમાં સીમંધર સ્વામીને પ્રાર્થના કરે. પ્રાર્થનામાં એવા એકતાન થઇ જાય કે તેને ઘરબાર, દીકરા-દીકરી, પૈસા *કાંઇ યાદ ન આવે, કોણ આવ્યું ને કોણ ગયું તે પણ ખબર ન પડે. તે એકતારે* સીમંધર સ્વામીને પ્રાર્થના કરે છે હે પ્રભુ! હું ક્યારે આપના દર્શન કરી આંખને પવિત્ર કરીશ. આપની વાણી સાંભળી કર્ણ પવિત્ર કરીશ. જિંદગીમાં એક વખત મારે આપના દર્શન કરવા છે. આમ બોલતાં ડોસીમાની આંખમાંથી આંસુ સરી પડે છે. માજી પ્રાર્થનામાં લીન છે. તે સમયે આકાશ માર્ગેથી એક દેવનું વિમાન જઇ રહ્યું છે. સમ્યગ્દૃષ્ટિ દેવ

છે. દેવોને અવધિજ્ઞાન ભવપ્રત્યયી છે. અવધિજ્ઞાની કાળથી જઘન્ય એક આવલીકાના અસંખ્યાતમાં ભાગ માત્ર કાળને જાણે છે ને દેખે છે. ઉત્કૃષ્ટ ભૂતકાળ અને ભવિષ્યકાળ અસંખ્યાત ઉત્સર્પિણિઓ અને અવસર્પિણિઓ પરિમાણુ કાળને જાણે છે દેખે છે. આ દેવનો ઉપયોગ પ્રાર્થના કરતા ડોસીમા તરફ આવ્યો. દેવના દિલમાં થયું કે આ ડોસીમાને સીમંધર સ્વામીના દર્શન કરવાની કેટલી લગની છે! કેટલો તલસાટ છે! તો હું તેને દર્શન કરાવું. દેવ મનુષ્યનું રૂપ લઈ ડોસીમા બેઠા છે ત્યાં ઉપાશ્રયમાં આવીને કહે છે મા! તમારી ભક્તિથી હું પ્રસન્ન થયો છું. ચાલો, તમને મહાવિદેહ ક્ષેત્રમાં લઇ જાઉં ને સીમંધર સ્વામીના દર્શન કરાવું.

બંધુઓ! તમને કોઇ કહે ચાલો, તમને દેવલોકમાં લઇ જાઉં તો તમે શું કહેશો? હા, જવું છે. એમજ કહોને? દેવલોકમાં જવાનું તમને બહુ મન થઇ જાય છે. દેવલોકમાં જવા માટે પણ ખૂબ તૈયારી કરવી પડશે. પેલા માજી કહે છે, "હા ભાઈ, મારે જીવનમાં એકવાર તો સીમંધર સ્વામીને ભેટવું છે. તેમના પવિત્ર મુખકમળના દર્શન કરવા છે." અહીં બેઠા બેઠા માનવીને મહાવિદેહ ક્ષેત્રમાં જવાની ઇચ્છા થાય છે તો ત્યાં જવાની ઇચ્છા થવાનું કારણ શું? તેનું કારણ એ છે કે ત્યાં સદા ચોથા આરા જેવા ભાવ વર્તે છે. ત્યાં સદા તીર્થંકર ભગવંતો બિરાજમાન હોય છે. ત્યાં કદી તીર્થંકર ભગવંતોનો વિરહ પડતો નથી. ચૌદ પૂર્વધર સાધુઓ પણ આહારક શરીર બનાવી મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર પ્રભુ પાસે પ્રશ્ન પૂછવા જાય છે. આવા સીમંધર સ્વામીના દર્શન કરવા માજીને જવું છે. ડોસીમા પૂછે છે "ભાઇ! તમે કેવી રીતે મહાવિદેહ ક્ષેત્રમાં મને લઇ જશો? તો કહે મારા વિમાનમાં એટલે ડોશીમા કહે છે મારે આવવું છે પણ મારા દીકરા-વહુઓને કહીને આવું છું.

દેવ જે મનુષ્યના રૂપમાં છે તે કહે છે "મહાવિદેહ ક્ષેત્રમાં તમને લઇ જાઉં. સીમંધર સ્વામીના દર્શન કરાવું પણ મારી એક શરત કબૂલ કરવી પડશે." માજી કહે, શું શરત છે? તો કહે કે "ત્યાં ગયા પછી પાછું તમારે અહીં નહિ અવાય. આ દુનિયાદારીમાંથી સંપૂર્ણ વિદાય લેવી પડશે. આ ઘર, ગાડી, બાગ-બગીચામાં ફરાશે નહિ અને તમારા દીકરાને ઘેર દીકરાના હાલરડા પણ ગવાશે નહિ. ત્યાં તો પ્રભુના દર્શન થશે ને પ્રભુની વાણી સાંભળવા મળશે. ડોસીમા કહે ભાઈ! તો મારે ત્યાં આવવું જ નથી." (હસાહસ) મારા દીકરા-વહુ-ઘરબાર અને દીકરાના દીકરા ન મળે ત્યાં મને ના ગમે. તમે એવા તો નથી ને? સીમંધર સ્વામીના દર્શન માટે કેવી ઝૂરતી હતી પણ મમતા છૂટી ન હતી. કોઇ કહે અમે દિવસમાં ચાર સામાયિક કરી. પાંચ કરી, પણ અંતરથી માયા નથી છૂટી ત્યાંસુધી આત્માનો લાભ નથી મળતો.

દેવ કહે છે માજી! છોકરા, ગાડી, બંગલા સુખ સાહ્યબી બધું ક્ષણિક છે. એક

ભવની મોજ બધા ભવને બગાડનારી છે. વીતરાગમાં લીન થયા વિના આત્માનો બેડો પાર થવાનો નથી અક્ષય સુખ મળવાનું નથી. ફરીફરીને સીમંધર પ્રભુના દર્શનનો યોગ નહિ મળે, પછી પસ્તાવો થશે. ડોસીમા કહે "ભાઈ! તું ગમે તેમ કહે પણ મારે ત્યાં આવવું જ નથી." ત્યારે દેવ કહે મા! તમે સ્તવનમાં તો ગાતા હતા કે મારે સીમંધર સ્વામીના દર્શન કરવા મહાવિદેહ ક્ષેત્રમાં જાવું છે. ને હવે ના કહો છો! તો શું આ તમારી ભક્તિ છે કે ધતીંગ છે? (હસાહસ) "ભાઈ! સ્તવન ગાયું, સામાયિક પ્રતિક્રમણ, ઉપવાસાદિ અનુષ્ઠાનો કરવા એ જુદી વાત છે. અને આચરણ કરવું તે પણ જુદી વાત છે."

બંધુઓ! આવી ભાવ વિનાની ઉપલક ભાવથી કરેલી ભક્તિ ફળતી નથી. હાથમાં નવકારવાળી હોય ને ચિત્ત ક્યાંય ભમતું હોય છે. ચિત્તની સ્થિરતા વિનાના જાપ કરવાથી દેવો પ્રસન્ન થતા નથી. ડોસીમાએ કહ્યું– "ભાઈ! એ તો બધું કહેવાનું, કરવાનું કંઈ થોડું હોય!" ડોસીમાનો જવાબ સાંભળી દેવ પોતાના વિમાનમાં ચાલ્યો ગયો.

ડોસીમા તો દર્શન વિનાના રહી ગયા. સમય જતા ઉંમર લાયક થતાં ગાત્રો શિથિલ બની જાય છે. લીંટ-લપકા કાઢે છે. કંઈ કામ કરી શકતા નથી. એટલે વહુઓ કચકચ કરવા લાગી કે હવે તો આ ડોસીમા વિદાય થાય તો સારું. ઘરમાં બેઠા આખો દિવસ કટકટ કર્યા કરે છે. રોજ ઉઠીને ડોસીમાને કાઢવાના ઝઘડા થવા લાગ્યા. એટલે બધા છોકરાઓએ ભેગા થઈને વિચાર કર્યો. ચાલો ત્યારે માને ક્યાંક મૂકી આવીએ. આજે તો શ્રીમતીજીનું રાજ્ય છે ને! શ્રીમતીજીને ન ગમે એ એના નાથને કેમ ગમે! (હસાહસ) બધા દીકરા ભેગા થઈને કહે છે બા! હવે તમે વૃધ્ધ થયા છો. શરીરનો ભરોસો નથી. તો અમારી ઈચ્છા છે કે તમને મોટી યાત્રા કરાવીએ.

મોહઘેલી મા હરખાઈ ગઈ. કહે "હા, દીકરા. મને યાત્રા કરવાની ખૂબ ભાવના છે. તીર્થ તીર્થમાં ફરીને નિરાંતે પ્રભુના દર્શન કરીને પાવન બનીશ." કુટુંબ, કબીલા અને છોકરા છૈયાંને સર્વસ્વ માનતી મા કહે છે "દીકરા! તમારું કલ્યાણ થજો. યુગ યુગ જીવજો તમારા દીકરાના દીકરાની વહુઓ સાત પેઢી સુધી સોનાના બેડાથી પાણી ભરજો." એવા આશીર્વાદ આપે છે. વૃધ્ધાવસ્થામાં યાત્રા કરવા મળી એટલે ડોસીમા તો રાજી રાજી થઈ ગયા. મન પ્રફુલ્લિત બની ગયું. હૈયામાં આનંદનો પાર નથી. વહુઓ પણ સાસુજીના ચરણમાં નમીને આશિષ માંગવા લાગી. આ બધો જ ઉપરનો ડોળ હતો. ભોળા ડોસીમા દીકરા વહુના ભાવને સમજતા નથી પણ એટલું યાદ રાખજો કે ભાવ વિનાની ભક્તિ કદી ફળતી નથી. સાચા દિલથી કરેલી સેવાભક્તિ કદી નિષ્ફળ જતી નથી. આત્મામાં શુધ્ધ ભાવના ન હોય, હૈયું તદ્દન કોરું હોય તો બધું નકામું છે. દીકરો માતાજીને યાત્રાએ લઈ જવા તૈયાર થયો. ડોસી પણ ઉમંગભેર તૈયાર થયા. એ સમયમાં અત્યારની જેમ ટ્રેઈનો, પ્લેનો કે બસોની સગવડ ન હતી. પગપાળા અગર ગાડામાં મુસાફરી કરવી પડતી

હતી. ડોસીમા અને દીકરો ગાડામાં બેસીને જાય છે. એક બે ગામ યાત્રા કરાવી. જતાં જતાં મા દીકરો એક ધર્મશાળામાં ઉતરે છે. ડોસીમા તો થાકયા પાકયા થોડીવારમાં ઘસઘસાટ ઊંઘી ગયા. કારણ કે તેના મનમાં કોઈ વિકલ્પ નથી. દીકરાના દિલમાં શું પાપ છે તે જાણતી ન હતી. પણ દીકરાને ઊંઘ આવતી નથી. ઊંઘ કોને ન આવે! તે તમે જાણો છો?

**"સુખે ન સુવે ધનનો ધણી, સુખે ન સુવે જેને ચિંતા ઘણી।**
**સુખે ન સુવે દીકરીનો બાપ, સુખે ન સુવે જેના ઘરમાં સાપ॥"**

આજે જેના ઘરમાં ધન ઘણું છે તે સુખે સૂઇ શકતા નથી. તેના મગજ ઉપર ખૂબ ચિંતા રહે છે. ગઇ કાલના પેપરમાં હતું ને કે આવતી કાલથી વૈભવશાળી મકાનોની તપાસ કરવામાં આવશે. ધનની અને મોટા મોટા આલેશાન ફ્લેટની શું વ્યવસ્થા કરવી? ચોપડા કેવી રીતે તૈયાર તેની ચિંતામાં બિચારા સુખે ખાતા પણ નથી ને સૂતા પણ નથી. આ છે તમારી દશા! (હસાહસ) છતાં જીવને મોહ મુકાતો નથી. જેને ચાર પાંચ દીકરીઓ હોય તેના મા-બાપને પણ ઊંઘ આવતી નથી. દીકરી મોટી થાય એટલે મુરતિયો શોધવાની ચિંતા થાય છે. પરણવીને સાસરે મોકલી દીધે ન્યાલ નથી થઇ જવાતું. પરણાવ્યા પછી દીકરી હસતી ઘેર આવે તો મા-બાપને શાંતિ રહે છે. અને રડતી આવે તો મા-બાપનું હૈયું જલતું રહે છે. સારું ઘર જોઈને પરણાવે પણ પછી કંઈક જુદું જ નીકળે છે. ઘણી જગ્યાએ આવું જોવા મળે છે. એકનું ઠેકાણું માંડ કરીને પત્યું ત્યાં બીજીને પરણાવવાની ચિંતા. એમ એક પછી એક તૈયાર હોય છે. પરણાવ્યા પછી એના આણા અને જીયાણાની ચિંતા થાય છે. તેજ સ્વભાવનો જમાઈ મળ્યો છે. ઘરે આવે ને બરાબર ન સચવાય તો એનો પિત્તો જાય એટલે બધા ફફડે. દીકરી મોટી થઈ છે. લગ્ન લેવા છે પણ પૈસા ન હોય તો પણ કેટલી ચિંતા થાય છે. આ છે તમારો સંસાર. તમારી ચિંતા તમે જાણો છો, અનુભવો છો છતાં હજુ સંસારમાંથી કંટાળો નથી આવતો. ધન્ય છે તમને! (હસાહસ).

હવે ચોથો જેના ઘરમાં સાપ નીકળ્યો હોય તે પણ સુખે સૂઈ શકતો નથી. મુંબઈમાં તો પથ્થરના મકાનમાં સર્પ ભરાઇ જવાની ચિંતા ઓછી રહે. પણ દેશમાં માટીના ઘર હોય, લીંપણ કરેલા હોય, કોઠીઓ હોય, તેવા ઘરમાં રાત્રે સર્પ નીકળ્યો. નજરે જોયો છે પણ કોઠી પાછળ દરમાં ભરાઇ ગયો છે. ખૂબ તપાસ કરી પણ સર્પ જડતો નથી. કોઈ કહે ભાઇ સાપ મામા કહેવાય. નાગમામાની આડી વાળી. એ આપણને કંઈ નહિ કરે. નિરાંતે સૂઇ જાવ. તો ઊંઘ આવશે ખરી? મનમાં ભય રહે કે આમથી સર્પ આવશે કે આમથી આવશે? સુખે ઊંઘ આવતી નથી. નાગમામાની આડી વાળી કહે પણ જો સાણુસામાં આવી જાય તો? બોલો ને! તમે દયાવાન છો. સર્પને

મારી ન નાંખો પણ સાણસામાં આવી જાય તો "સામી વાડી" વાડીમાં દૂર જઈને મૂકી આવો, આ સાપ તો સારો, વૈર હોય તો કરડે અને વૈર ન હોય તો ઘરમાં રહેવા છતાં પણ ન કરડે. કદાચ કરડે ને આયુષ્ય લાંબુ હોય તો કોઈ પ્રયોગ દ્વારા ઝેર ઊતરી જાય ને માણસ જીવી પણ જાય. પણ અનંતકાળથી છળ-કપટ-દગા-અન્યાય-અનીતિ-અધર્મ કરીને પાપરૂપી સર્પો ઘરમાં રાખ્યા છે તેની ચિંતા થાય છે? આ પાપ રૂપી સર્પો મારા ઘરમાં છે તો મારું શું થશે? એ ચિંતામાં કદી ઊંઘ ઊડે છે ખરી? આ પાપરૂપી સાપને દૂર કરવાની જરૂર છે.

પેલા ડોસીમા તો ઊંઘી ગયા. પણ દીકરાના મનમાં પાપ છે એટલે ઊંઘ આવતી નથી. માને ઘસઘસાટ ઊંઘતી જોઈ દીકરાને લાગ મળી ગયો. માતાને ભર ઊંઘમાં એકલી નિરાધાર મૂકીને રવાના થઈ ગયો. ડોસીને મૂકી આવ્યાનું કોઈના આવ્યાનું કોઈના દિલમાં દુઃખ ન થયું. સવાર પડતાં ડોસીમા જાગે છે. દીકરો બાજુમાં સૂતો હતો. પોતાના દીકરાને ન જોતાં માજીને ફાળ પડી. અંગ ધ્રુજવા લાગ્યું. પરાણે પુત્રને બૂમો મારે છે પણ જવાબ મળતો નથી. છેવટે ડોસીમા ધર્મશાળાના પટ્ટાવાળાને પૂછે છે ભાઈ! મારા દીકરાને જોયો? ત્યારે તે કહે-તમારા પુત્રને હું ઓળખતો નથી પણ પરોઢીયે એક યુવાન છોકરાને મેં જતો જોયો છે. પણ ક્યાં ગયો તે મને ખબર નથી. થોડી વાર આજુબાજુમાં શોધ કરી પણ દીકરાનો પત્તો ન પડયો. થોડી વાર રાહ જોઈ પણ પુત્ર ન આવ્યો એટલે ડોસીમા બધો ભેદ સમજી જાય છે. તેને ઘણો આઘાત લાગે છે. ખૂબ કલ્પાંત કરે છે. તેને યાદ આવ્યું કે જે પુત્રો અને પુત્રવધુઓના મોહમાં પડી સીમંધર સ્વામીના દર્શન પણ ખોયા તેમણે મને આવો દગો કર્યો? અંતે ભાન થયું. વિલાપ કરતાં કરતાં ત્યાં ને ત્યાં માજીનું પ્રાણપંખેરું ઊડી જાય છે. જોયોને આ તમારો સંસાર! આવા તો ઘણા દાખલા છે. જતાં જતાં ડોસીના મુખમાં વચનો નીકળી ગયા કે પુત્રો અને પુત્રવધુઓનું કલ્યાણ થજો. પણ ખરું કલ્યાણ કોનું?

**शिवमस्तु सर्व जगतः, परहित निरता भवन्तु भूतगण ।**
**दोषाः प्रायान्तु नाशं, सर्वत्र सुखी भवन्तु लोकाः ॥**

આ ભાવના જેની રગેરગમાં વણાઈ ગઈ છે તેનું જરૂર કલ્યાણ છે. ઘરના એકાદ વ્યક્તિનું નહિ, સ્વજનોનું નહિ, પણ વિશ્વના તમામ નાના મોટા દરેક પ્રાણીઓનું કલ્યાણ વાંચ્છનારનું જરૂર કલ્યાણ થાય છે.

બંધુઓ! તમારા મહાન પુણ્યોદયે તમને આવી અપૂર્વ જિનવાણીનું શ્રવણ કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. જિનવાણીનું પાણી કષાયોનું શમન કરે છે. જિનવાણીનું પાન કરનારો આત્મા અપૂર્વ શીતળતા અનુભવે છે. અમૃતથી પણ અદ્ભુત એવી મીઠી મધુરી સર્વજ્ઞ ભગવંતની વાણી ચંદન સમાન શીતળતાને પ્રાપ્ત કરાવે છે. ચંદનનો

ટુકડો ઘસાતાં ઘસાતા પણ સુવાસ ફેલાવે છે. તેમ જિનવાણીનું પાન કરતાં કરતાં આત્મામાં અપૂર્વ સૌરભ પ્રસરી જતાં દિલ મ્હેંકી ઊઠે છે.

એવી અપૂર્વ વાણી ઉત્તરાધ્યયન સૂત્રનું વીસમું અધ્યયન જેનું નામ મહા નિર્ગ્રંથિય અધ્યયન છે. જેમાં શ્રેણીક રાજા અને અનાથી નિર્ગ્રંથનો અધિકાર ચાલે છે તે શ્રેણીક રાજા કેવા હતા ?

**पभूय रयणो राया, सेणि ओ मगहाहिवो ।**
**विहारजत्तं निज्जाओ, मंडिकुच्छिंसि चेइए ॥**

ઉત્ત. સૂ. અ. ૨૦ ગાથા ૨

શ્રેણીક રાજાને ત્યાં ઘણા રત્નો અનેક પ્રકારના છે તે વાત આપણે ગઈ કાલે કરી ગયા છીએ. સંપત્તિની સીમા ન હતી. મહા વૈભવશાળી અને સુખી રાજા હતા. તેવા રાજા ફરવા માટે મંડીકુક્ષ બગીચામાં જવા માટે નીકળ્યા. રાજા પાસે ઘણાં રત્નો છે પણ સમ્યક્ત્વ રત્ન સિવાયના બધા રત્નો ઝાંખા છે.

**"અંક રહિત સબ શૂન્ય વ્યર્થ જો નેત્રહીન કો વ્યર્થ પ્રકાશ,**
**વર્ષા બિનાભૂમિ મેં બોયા, બીજ વ્યર્થ પાતા હૈ નાશ.**
**ઉસી ભ્રાન્તિ સમ્યક્ત્વ બિના હૈ, જપ તપ કષ્ટ ક્રિયા બેકાર,**
**કભી ન ઉત્તમ ફલ દેતી હૈ, મિલતા કભી ન સુખ ભંડાર."**

એકડા વિનાના મીંડાની હારમાળાની કિંમત નથી. નેત્ર વિનાના અંધ માનવને ટયુબ લાઈટોનો પ્રકાશ નકામો છે. વરસાદ વિનાભૂમિમાં વાવેલું બીજ નકામું થઈ જાય છે. તેમ સમ્યક્ત્વ વિના કરેલી કરણીનું જોઈએ તેવું ફળ મળતું નથી. ટૂંકમાં પુણ્ય બંધાય છે પણ કર્મ નિર્જરા થતી નથી.

શ્રેણીક મહારાજા બગીચામાં ગયા ત્યારે તેમની પાસે સમ્યક્ત્વ રત્ન ન હતું. તેઓ પોતે બૌદ્ધધર્મી હતા. મિથ્યાદૃષ્ટિ હતા. પણ તેમની રાણી ચેલણા સમ્યકદૃષ્ટિ હતા. આ ઉત્તમ સ્ત્રીરત્ન તેમના ઘરમાં હતુ. શ્રેણીક રાજા સર્વ પ્રથમ વણીક પુત્રી નંદાને પરણ્યા હતા. જ્યારે શ્રેણીકના પિતા પ્રસેનજિત રાજાએ તેમને રાજ્યમાંથી વિદાય કર્યા ત્યારે શ્રેણીક ફરતા ફરતા બેનાતટ નગરમાં આવેલા અને ધનાવાહ શેઠને ત્યાં રહેલા તે ધનાવાહ શેઠની પુત્રી નંદા સાથે તેમનું લગ્ન થયેલું. અને ધનાવાહ શેઠને ત્યાં રહ્યા છે. નંદા ગર્ભવંતી થાય છે. આ તરફ પ્રસેનજિત રાજા બીમાર થયા ને અંતિમ સમય નજીક આવતો જાણી પુત્ર શ્રેણીક યાદ આવે છે, ૯૯ પુત્રોમાં પાણી નથી. બધા કરતા શ્રેણીક અતિ બુદ્ધિવાન અને વિનયવાન હતો. અરેરે–એ પુત્રને મેં હાથે કરીને દૂર કર્યો. કયાં હશે એ મારો લાડકવાયો ! શ્રેણીક દૂર હતો પણ તેના ગુણોને કારણે પિતાના હૃદયમાં વસી ગયો હતો. તેના શોધ કરવા માણસો મોકલે છે. શ્રેણીકને ખબર પડી

પિતાજી બિમાર છે. પિતાજી બિમાર હોય તો આ સમયે તેમની સેવામાં હાજર રહેવું જોઈએ. સસરાના ઘરમાં જઈ પાટડા ઉપર એક શ્લોક લખ્યો. તેમાં પોતાના ગામનું નામ, તેમજ તું જેવા તેવાને નથી પરણી પણ જાતિવંતને પરણી છે. બિંબિસાર મારું નામ છે. આ પ્રમાણે ભાવાર્થ સમજાય તેવો શ્લોક લખી પોતાના સસરાને કે નંદાને કહ્યા વગર રવાના થઈ ગયા. શ્રેણીકના ગયા પછી અભયનો જન્મ થયો છે. અભયકુમાર માતાના ગર્ભમાં હતો ત્યારે માતાને ગર્ભમાં આવેલા જીવના પુણ્ય પ્રભાવથી એવો દોહદ ઉત્પન્ન થયો હતો કે હું એક મહાન હાથી પર સવાર થઈને જનતામાં ધન દાન આપીને અભયદાન આપું. આ દોહદ નંદાના પિતાએ પૂરો કર્યો ને પછી અભયનો જન્મ થયો છે તેથી તેનું નામ અભયકુમાર રાખ્યું હતું. તમે ચોપડામાં લખો છો ને કે અભયકુમારની બુદ્ધિ મળજો. હવે તે અભય કેવો છે તે જુઓ. અભયકુમારની બુદ્ધિ માંગો છો પણ તેના જેવા ગુણ કેળવ્યા છે? પહેલા તેના જેવા બનો પછી તેની બુદ્ધિ માંગો.

અભયકુમાર બાર વર્ષનો થયો. એક દિવસ ગેડી દડે રમી રહ્યો છે. રમતાં રમતાં એક ડોસીની છાતીમાં બોલ વાગ્યો એટલે કહે છે ન બાપા! જરા ઓછું જોર કર. ડોસીમાના આ શબ્દો સાંભળીને અભયકુમારને ચાનક લાગી. મને ન બાપો કહે જ કેમ? ક્ષત્રીયનું બીજ છે. તેનું લોહી ઉકળી ગયું. રડતો રડતો માતા પાસે આવીને પૂછે છે–બા! મારા પિતાજી કોણ છે? ને તે કેમ દેખાતા નથી? નંદા સાંભળતા જ રડી પડી. ને તે જાણતી નથી કે તેઓ ક્યાં ગયા છે. એટલે શું કહે? ડોસીનું વચન અભયકુમારના હૃદયમાં તીરની જેમ ખૂંચવા લાગ્યું. વચન વચનમાં ફેર છે. વચન કેવું કામ કરે છે:–

**વચન વદે સજ્જન, વચન વડે દુર્જન, વેણુ કુવેણુમાં મોટું અંતર છે.**
**સજ્જન વેણ હૃદય ઠારે, દુર્જન વેણ હૃદય બાળે વેણ કુવેણમાં મોટું અંતર છે.**
**દ્રૌપદીએ વેણ કાઢયા અંધ જાયા, અંધ હુઆ, કુરૂક્ષેત્રે જંગ હુઆ–વેણ કુવેણમાં....**

સારું વચન માણસનું હૃદય ઠારે ને ખરાબ વચન માણસને ઊભો બાળી મૂકે છે. ભગવાન કહે છે "તને બોલતા આવડે તો બોલજે નહિતર મૌન રહેજે, પણ કવેણ બોલીશ નહિ." મધુર વચન બોલવામાં પૈસા આપવા પડતા નથી. દુર્યોધન પાંડવોના મહેલે આવતો હતો ત્યાં એવી રોશની કરી હતી કે જાણે પાણી ભર્યું હોય તેવું દેખાય. પાણી છે એમ માનીને દુર્યોધને ધોતીયું ઊંચું લીધું. આ દ્રૌપદીએ જોયું ને બોલી ગયા "કે નથી દેખાતું આ પાણી છે કે રોશની! અંધાના જાયા અંધા જ હોય ને!" આ એક વચનને ખાતર મોટું મહાભારત રચાઈ ગયું. લાખો માણસોની કતલ થઈ ને લોહીની નદીઓ વહી એક વચનને કારણે ને?

અહીં પણ શું બન્યું? અભયકુમારને ડોસીમાએ મ્હેણું માર્યું–નબાપો કહ્યો. એ સહન ન થયું. માતા પાસેથી જવાબ ન મળ્યો. એટલે ફાંસો ખાઈને મરવા તૈયાર થયો.

માળીયા ઉપર ચઢી પાટડા ઉપર દોરડું બાંધવા જાય છે ત્યાં પેલો શ્લોક વાંચ્યો ને થયું કે નક્કી આ મારા પિતાએ લખ્યો લાગે છે. દોરડું છોડી નીચે ઉતર્યો. નંદાને કહે છે માતાજી! ચાલો, હવે આપણે અહીં રહેવું નથી. વાત એમ બની હતી કે શ્રેણીક પિતાજી પાસે ગયા. પિતાજીના મૃત્યુ પછી રાજ્ય તેમને મળ્યું. રાજ્ય સુખમાં નંદાને ભૂલી ગયા. એવા સુખમાં પડી ગયા કે પોતાને દુઃખમાં દિલાસો દેનાર નંદાને તદ્દન વીસરી ગયા.

બંધુઓ! જુઓ, તમારો સંસાર કેવો છે! શ્રેણીક રાજા જેની સાથે વર્ષો સુધી રહ્યા તેને પણ ભૂલી ગયા. આવા સંસારને વળગવા જેવું નથી. માટે તેનાથી પર બનો, સ્વભાવમાં આવો. અભય કહે છે માતા! ચાલો. નંદા કહે-ક્યાં? તો કહે જે પિતાજી તને પરણીને ભૂલી ગયા છે ત્યાં લઇ જાઉં. એ પિતાજીને પણ બતાવી દઉં. સંભાળવાની ત્રેવડ નહોતી તો શા માટે પરણ્યા? જુઓ, આ શ્લોક પાટડામાં લખ્યો છે. નંદાને લઇને અભયકુમાર આવે છે. ગામ બહાર બગીચામાં નંદાને છૂપી રાખી. પોતે ગામમાં ગયો. બરાબર એ અરસામાં શ્રેણીક રાજાને ૪૯૯ પ્રધાનોનો ઉપરી મહામંત્રી બનાવવો છે, તેની પરીક્ષા કરવા માટે એક કીમિયો રચ્યો છે. ચાર પાંચ હાથ ઊંડો કૂવો બનાવ્યો છે. તેમાં રાજાની વીંટી નાંખી છે. હવે કોઇએ વાંકા વળવાનું નહિ. અંદર ઉતરવાનું નહિ ને કૂવાના કાંઠે ઊભા ઊભા વીંટી લાવી આપે તેને મહામંત્રીનું પદ મળે. ત્રણ ત્રણ દિવસ થઇ ગયા છે. પણ કોઇ વીંટી કાઢી શકતું નથી. અભયકુમાર ફરતો ફરતો ત્યાં જાય છે. બધી વાત જાણી લીધી. એ કહે છે આમાં કઇ મોટી વાત છે! લાવો, હું વીંટી કાઢી આપું. તેણે વીંટી ઉપર લીલું છાણ નાંખ્યું એટલે વીંટી તેમાં ચોંટી ગઇ. પછી ઘાસ સળગાવીને તેના ઉપર નાંખ્યું એટલે છાણ સૂકાઇને પાકું છાણ થઇ ગયું. પાણીની હેલો મંગાવી કૂવામાં નંખાવી એટલે પાણીના હડસેલાથી છાણું તરીને ઉપર આવી ગયું ને પાણીના જોરથી છાણું બહાર આવ્યું. વીંટી લઇને રાજાના હાથમાં આપી. તેની બુદ્ધિ જોઇ રાજા ચકિત થઇ ગયા. અભયકુમારને ઊંચકી લીધો ને પૂછે છે ધન્ય છે દીકરા! તારી ઉંમર નાની છે પણ બુદ્ધિ મોટી છે. ધન્ય છે તારા માતાપિતાને! તું કઇ માતાનો જાયો છે? તારા પિતા કોણ છે? તું ક્યા ગામનો છે? ત્યારે કહે હું બેનાતટથી આવ્યો છું. નામ સાંભળીને તરત જ શ્રેણીકને યાદ આવ્યું. પોતે ત્યાં નંદાને પરણ્યો છે, નંદા તેને યાદ આવી. પૂછે છે દીકરા! તારું નામ શું? ત્યારે અભય કહે છે તમારે નામનું શું કામ છે? ત્યારે પૂછે છે એ ગામમાં ધનાવાહ શેઠ રહે છે તેમને તું ઓળખે છે? તો કહે છે હા. એ તો મારા નજીકના સગા છે, તેમને નંદા નામની એક દીકરી છે ને? તો અભય કહે-હા, નંદાને તો હું ખૂબ વહાલો છું. તો પૂછે છે તેને એક બાળક છે ને? તો કહે-હા. એક દીકરો છે, એ કેટલો છે? તો કહે મારા જેટલો છે. તેનું નામ શું છે? અભય. તે રૂપેરંગે કેવો છે? તો કહે-મહારાજા! મારા જેવો જ છે. કોપી ટુ કોપી. જરાય ફેર નહિ. રૂપે-રંગે-ઊંચો-નીચો-જાડો-પાતળો બધી રીતે

મારા જેવા જ છે. (હસાહસ). આની બુદ્ધિ-ચતુરાઇ જોઇ રાજા સ્તબ્ધ બની ગયા. બાર બાર વર્ષોથી જેની સંભાળ લીધી નથી. હવે સાસરે કયા મોઢે જવું! વિચારમાં પડી ગયા.

શ્રેણીક કહે છે 'બેટા! તને જોઉં છું ને મારું લોહી ઉછળે છે. એ નંદાને અહીં લઇ આવને!' ત્યારે અભય કહે તમને ત્રેવડ નથી તે મને કહો છો? (હસાહસ). રાજા તો છોકરાનો જવાબ સાંભળી છક થઇ ગયા. અભય કહે હમણાં જ લઇ આવું. ચિંતા ન કરો. તે ગયો બગીચામાં, માતાને કહે-ચાલો બા. માતાને ખભે બેસાડીને લાવ્યો. નંદાને જોઇને રાજા પગમાં પડી ગયા. હે નંદા! મને માફ કર. તને પરણીને હું ભૂલી ગયો. મારા જેવો અધમ કોણ? મારો દીકરો ક્યાં? નંદા કહે-આ જ તમારો દીકરો છે. પછી અભય પિતાજીના પગમાં પડે છે.

ક્ષત્રિયના બચ્ચા પોતાના પરાક્રમથી ઓળખાય. સામેથી એમ ન કહે હું તમારો દીકરો છું. લવ-કુશ રામચંદ્રજી સાથે યુદ્ધે ચઢયા હતા. તે પણ પોતાના પિતાજી પાસે સામેથી નહોતા ગયા. આ રીતે નંદાનું લગ્ન શ્રેણીક રાજા સાથે થયેલું.

હવે બીજી ચેલ્લણા રાણીને શ્રેણીક રાજા કેવી રીતે પરણ્યા છે તે હું કહું. શ્રેણીક મિથ્યાદૃષ્ટિ અને ચેલ્લણા સમકિતદૃષ્ટિ, બંનેનો મેળ ક્યાં બેસે? ચેડા મહારાજા પોતાની પુત્રીને જૈન ધર્મી સિવાય બીજાને પરણાવે નહિ. પણ આ બન્યુ કેમ? એક વખત શ્રેણીક મહારાજા છત્રપલંગમાં પોઢયા હતા. સવાર પડી. રાજસભામાં જવાનો ટાઈમ થયો. સભા ભરાઇ ગઇ. પણ રાજા આવ્યા નહિ એટલે અભયકુમાર આવ્યા. આજે બાપુજી હજુ કેમ નથી આવ્યા? ત્યારે રાણી કહે છે એ તો હજી સૂતા છે. અભય જઈને જગાડે છે ત્યારે શ્રેણીક હાથમાં તલવાર લઇને અભયકુમારને મારવા તૈયાર થાય છે. તેં મારું સુખ લૂંટી લીધું. હવે તને જીવતો ન મૂકું. ત્યારે અભય કહે છે શેનું સુખ? મને વાત કરો. ત્યારે કહે છે હું સુજ્યેષ્ઠા સાથે પરણ્યો ને તેની સાથે હું આનંદથી રહેતો હતો. તેં મારી મજા બગાડી નાંખી ત્યારે અભય કહે છે પિતાજી! ચિંતા ન કરો. આ તો તમને એક સ્વપ્નું આવ્યું હતું. હવે હું તમારા સ્વપ્નને સાકાર બનાવી આપીશ. શરત કરી. મહારાજા સભામાં આવ્યા.

બુદ્ધિશાળી અભય ચેડારાજાના રાજ્યમાં જાય છે ને ત્યાં ચેડારાજાની પુત્રીઓનું શ્રેણીક રાજા તરફ મન આકર્ષાવવા પ્રયત્ન કરે છે. પોતે મહાન શ્રાવક છે તેમજ શ્રેણીક રાજા જૈન ધર્મના મહાન પિપાસુ છે તેવી પ્રતિભા કરાવી. તેથી સુજ્યેષ્ઠાનું મન લલચાણું. તે વાત ચેલ્લણા જાણતી હતી. છેવટમાં બે બહેનો નક્કી કરે છે ને શ્રેણીકને પરણવા *પિતાથી ખાનગી તૈયાર થાય છે. તેથી અભયની બતાવેલ સુરંગ પાસે જાય છે. શ્રેણીકનો રથ આવતા થોડી વાર લાગી તેથી સુજ્યેષ્ઠા રત્નનો ડબ્બો ભૂલી ગઇ હતી તે લેવા ગઇ.* અને પાછળ શ્રેણીક આવ્યા ને ચેલ્લણાને રથમાં બેસાડી. રથ ઉપડે છે. ચેલ્લણા વાત

કરવા જાય છે કે મારી બહેન આવે છે ત્યાં તો રથ ક્યાંનો ક્યાં પહોંચી ગયો. આ વાત ખૂબ લાંબી છે પણ ટાઈમ થયો છે તેથી ટૂંકમાં ચેલ્લણાના લગ્ન આ રીતે થયા છે તે ટૂંકમાં રજૂ કર્યું તેવા ચેલ્લણાજી પરણીને આવ્યા. રાત પડી એટલે કહે છે સ્વામીનાથ! આપણે કઈ બાજી રમીશું? ત્યારે શ્રેણીક કહે છે કે સોગઠાબાજી રમીએ. ત્યારે ચેલ્લણા કહે છે નહિ સ્વામીનાથ! આપણે જ્ઞાનબાજી રમીએ. જ્ઞાનબાજી કોને કહેવાય એ પણ શ્રેણીકને ખબર ન હતી. એટલે કહે છે જ્ઞાનબાજી કઈ? ત્યારે ચેલ્લણા કહે છે જ્ઞાનચર્ચા કરીએ. તમે મને પ્રશ્ન પૂછો. હું તમને પૂછું. ત્યારે શ્રેણીક કહે પહેલાં તમે પૂછો તમારી ચેલ્લણાએ પરણ્યાની પ્રથમ રાત્રે તમને આમ કહ્યું હશે ને? (હસાહસ) ચેલ્લણા કહે સ્વામીનાથ! જિનશબ્દની વ્યાખ્યા કરો. ત્યારે શ્રેણીક કહે છે અરે ચેલ્લણા! હું મગધ દેશનો અધિપતિ છું. તું આવો મામૂલીક પ્રશ્ન મને પૂછે છે? જિન એટલે પ્રેસ અને ઘોડા ઉપર નાંખવાની ગાદી પણ જિન કહેવાય શ્રેણીકનો જવાબ સાંભળીને ચેલ્લણાનું મુખ પડી ગયું. આનંદ ઊડી ગયો. સ્વામીનાથ! તમે જૈન નથી. જૈન હોય તે જિન શબ્દનો અર્થ આવો ન કરે. ઘણી વખત બંને જણા ધર્મમાં રસાકસી કરે. શ્રેણીક કહે મારો બૌદ્ધ ધર્મ સાચો છે. ને ચેલ્લણા કહે મારો જૈન ધર્મ સાચો છે. શ્રેણીક કહે તારા ગુરૂ તો ગંદા ગોબરા છે. મેલા કપડાં પહેરે છે. ત્યારે જેની હાડમીજામાં જૈન ધર્મનો રંગ છે તેવી ચેલ્લણા કહે છે સ્વામીનાથ! મને જે કહેવું હોય તે કહો પણ મારા ધર્મને કે ધર્મગુરૂને ન કહો. મારાથી સહન નહિ થાય. મારા ગુરૂના અવર્ણવાદ હું સહન નહિ કરી શકું. બેધડક કહી દીધું. એમ વિચાર ન કર્યો કે રાજાને કંઈ કહીશ ને મને નહિ બોલાવે તો? કાઢી મૂકશે તો?

બંધુઓ! ધર્મ માટે આવું ઝનૂન જોઈએ. ખમીર જોઈએ. તમને જેમ તમારી પેઢી, પત્ની અને પૈસા વહાલા છે તેનાથી પણ અધિક દેવ-ગુરૂ અને ધર્મ વહાલા હોવા જોઈએ. તો જ ધર્મ ટકી શકશે. ચેલ્લણાએ નિશ્ચય કર્યો કે જેને પરણીને આવી છું તે મારા પતિને ગમે તેમ કરીને જૈન ધર્મ પમાડું તો જ હું સાચી પત્ની છું. ચેલ્લણાએ પતિને ધર્મ પમાડવા માટે કેટલા પ્રયત્ન કર્યા છે. હવે રાજા મંડીકુક્ષ બગીચામાં જશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં. ૫

**અષાડ વદ ૭ ને સોમવાર** તા. ૨૮-૭-૭૫

અનંત કરૂણાનિધિ, ભવના ભેદક, મોક્ષ માર્ગના પ્રરૂપક એવા શાસનપતિ વીર પ્રભુના મુખમાંથી ઝરેલી શાશ્વતીવાણી તેનું નામ સિધ્ધાંત આ સિધ્ધાંતની વાણીમાં જેને એક વખત યથાર્થ શ્રધ્ધા થઈ જાય તેના ભવનો બેડો પાર થઈ જાય. એવી આ વચના-

મૃતોમાં શકિત રહેલી છે. પ્રભુ મહાવીર ગ્રામાનુગ્રામ વિચરતા વિચરતા પાવાપુરીમાં શેષકાળ પધાર્યા તે સમયે હસ્તિપાળ રાજાએ પ્રભુને ખૂબ ભાવભરી વિનંતી કરી. હે કરૂણાના સાગર! આ ચાતુર્માસ પાવાપુરીમાં કરી મને પાવન કરો. હસ્તિપાળ રાજા, તેમની રાણીઓ, અને સમસ્ત પરિવાર–પ્રજા સહિતની વિનંતીને માન્ય કરી, છેલ્લું ચાતુર્માસ પાવાપુરીમાં કર્યું. આસો વદ ચૌદશ ને અમાસના દિવસે નવમલ્લી અને નવ લચ્છી એમ અઢાર દેશના રાજાઓ છઠ્ઠ પૌષધ કરીને પ્રભુની સામે બેસી ગયા, તે સમયે પ્રભુએ અંતિમ દિવ્ય દેશના ઉત્તરાધ્યયન સૂત્ર પ્રકાશ્યું. ઉત્તરાધ્યયન સૂત્રના છત્રીસ અધ્યયન રૂપ છત્રીસ શિખામણો આપી.

તે ઉત્તરાધ્યયન સૂત્રનું વીસમું અધ્યયન મહાનિર્ગ્રંથીક નામનું છે. જેમાં શ્રેણીક મહારાજા અને અનાથી નિર્ગ્રંથનો અધિકાર ચાલે છે. એ મહામુનિ ખૂબ પ્રભાવિક છે. સાચા સંતોની સામે જઇને બેસીએ તો ય આપણા હૃદયનું પરિવર્તન થઇ જાય આવા મહામુનિના સમાગમથી શ્રેણીક રાજાના જીવનનું પરિવર્તન થવાનું છે.

**पभूय रयणो राया, सेणिओ मगहाहिवो, ॥**
**विहारजत्तं निज्जाओ मंडिकुच्छिसि चेइए ॥**

ઉત્ત. સૂ. અ. ૨૦ ગાથા ૨

જેને ત્યાં બહુ મૂલ્યવાન ઘણા પ્રકારનાં ઘણાં રત્નો છે. એવા રત્નોનો સ્વામી વિહારયાત્રા કરવા ઘરેથી નીકળ્યો. વિહાર યાત્રા એટલે અમારા જેવો પગપાળા વિહાર નહિ પણ ફરવા માટે બગીચામાં જતા હતા. આજે મનુષ્ય બગીચામાં ફરવા શા માટે જાય છે? મનની અશાંતિ દૂર કરી શાંતિ મેળવવા માટે ને? શ્રેણીક રાજા પણ શાંતિ મેળવવા માટે બગીચામાં જાય છે. જ્યારે બગીચામાં ગયા ત્યારે તેમની પાસે સમ્યક્ત્વ રત્ન ન હતું. જિનવાણી પ્રત્યે શ્રધ્ધા ન હતી. સમ્યક્ત્વ પામ્યા પછી આત્માનો ઝળકાટ કોઇ જુદો જ હોય છે.

દેવાનુપ્રિયો! સમ્યક્દૃષ્ટિ આત્મા સંસારમાં રહેવા છતાં નિરંતર શું વિચારે? મહાન પુણ્યોદયે મને આ માનવભવ પ્રાપ્ત થયો છે. મોક્ષની સાધના આ માનવભવ સિવાય બીજે ક્યાંય થઇ શકતી નથી. એટલે તે જીવને મોક્ષની પ્રાપ્તિ સિવાય બીજી કોઇ વસ્તુની ઇચ્છા થતી નથી. એના જીવનનું ધ્યેય મોક્ષ સિવાય બીજું કંઇ ન હોય. તે બસ, એક જ વિચાર કરે કે અનંતકાળથી કર્મને વશ થયેલો મારો આત્મા ચાર ગતિ, ચોવીસ દંડક અને ચોર્યાસી લાખ જીવાયોનિમાં જન્મ મરણનો ત્રાસ વેઠી રહ્યો છે. હવે એ જન્મ મરણના ત્રાસનો નાશ કરવા માટે આપણે તારણહાર સદ્ગુરૂના શરણે જવાનું છે. જીવને તારનાર કોણ છે? દેવ–ગુરૂ અને ધર્મ એ ત્રણ તારનાર છે ને? તો આપણે સર્વ પ્રથમ તેમના ગુણોનું અને ઉપકારોનું પણ જ્ઞાન મેળવવું પડશે.

જિનેશ્વર ભગવંતો આપણને મોક્ષ માર્ગ બતાવનારા છે પણ એ માર્ગ બતાવનારની કિંમત કોને હોય? જે આત્મા ભવાટવીમાં ભૂલો પડેલો હોય અને જ્યાં ત્યાં રખડી હેરાન-પરેશાન થયો હોય તેને ને? તેવી રીતે જ્યારે જીવને એમ લાગે કે હું આ ભયાનક ભવવનમાં અનાદિકાળથી ભૂલો પડયો છું. નરક-તિર્યંચ આદિ દુર્ગતિઓના ત્રાસ વેઠીને કંટાળી ગયો છું. હવે આમાંથી મારો છૂટકારો થાય તો સારું. આવો જેને ભાવ આવે તેને માર્ગદર્શકની કિંમત હોય. તમારા મહાન પુણ્યોદયે મોક્ષ માર્ગના બતાવનારા સદ્‌ગુરૂઓ મળી ગયા છે. મોક્ષ માર્ગની ચાવી બતાવનારા આગમો અને સદ્‌ગુરૂઓની તમને કેટલી કિંમત છે? એ મળ્યા તેનો તમારા દિલમાં આનંદ છે? એમના ઉપકારોનું વારંવાર સ્મરણ કરો છો? આ મોક્ષ માર્ગ બતાવનારા સદ્‌ગુરૂઓ અને આગમો મને ન મળ્યા હોત તો મારું શું થાત? દિલમાં એવા ભાવ આવે છે ખરા?

ભવ રૂપી કુપમાં પડતા બચાવી સદ્‌ગતિના માર્ગે ચઢાવનાર મારા પરમોપકારી ગુરૂદેવના હું કયા શબ્દોમાં ગુણ ગાઉં? હું તેમની શું સેવા કરૂ? એમની કઇ રીતે ભકિત કરું? આ ભવસમુદ્રમાં ડૂબકી ખાતાં એવા મને જાણે આ સદ્‌ગુરૂ રૂપી જહાજ મળી ગયું. હવે એ જહાજને નહિ છોડું. એમનું શરણું ગ્રહણ કરીને ભવસાગર તરી જાઉં? એવા ભાવ આવે છે ખરા? કોઇ હળુકર્મી જીવને આવા ભાવ આવતા હશે. બાકી તો ભોગના ભિખારીઓ ભગવાન પાસે પણ ભૌતિક સુખની આશાથી જાય છે. પણ વિચાર તો કરો કે વીતરાગ પ્રભુએ જગતના જીવોને છોડવાનો જે ઉપદેશ આપ્યો એ વસ્તુઓ માંગવા વીતરાગ પાસે જવાય ખરૂં? માંગતા પણ કયાં આવડે છે? એક ભકતે ગાયું છે કે-

**તમ કને શું માંગવું એ ન અમે જાણીએ, તમે જેનો ત્યાગ કર્યો**
**એ જ અમે માંગીએ.**
**રાજપાટ, વૈભવને તમે દીધા ત્યાગી, મોહ માયા છોડીને બન્યા વીતરાગી....**
**વીતરાગ પાસે અમે લાડી વાડી માંગીએ...તમે જેનો ત્યાગ......**

કોઇ ગરીબ માણસ ચક્રવર્તિ પાસે જઇને કહે હું ખૂબ ભૂખ્યો છું મને એક ટંક જમાડો. મહાન પુણ્યોદયે ચક્રવર્તિનો ભેટો થયો પણ એણે માંગી માંગીને શું માંગ્યું? એક ટંકનું ભોજનને? એક ટંક જમવાથી કંઇ ભૂખ થોડી જ ભાંગવાની છે? કંઇ મૂલ્યવાન ચીજ માંગી હોત તો દરિદ્ર ટળી જાત. ચક્રવર્તિ પાસે તુચ્છ વસ્તુ માંગનારો મૂર્ખ જ કહેવાયને? તે જ રીતે ચક્રવર્તિનો પણ ચક્રવર્તિ, દેવોના પણ દેવ, એવા દેવાધિદેવ પાસે ભૌતિક સુખો માંગવા જનારા બુદ્ધિશાળી કે મૂર્ખ? બોલોને મારા વીરો કેમ બોલતા નથી? (હસાહસ)

આ વીતરાગ પ્રભુના શાસનમાં જન્મેલા સાચા શ્રાવકના દિલમાં તો એવી જ રમણતા હોવી જોઇએ કે મારા ભગવાનને જે ગમે તે જ મને ગમે. ભગવાનને જે ન

ગમે તે મને ન ગમે, ભગવાને-આશ્રવ-પાપ, વૈભવ અને ભોગને શત્રુ માનીને તેનો ત્યાગ કર્યો અને સંયમ-તપ-સંવર-ધ્યાન આદિને મિત્ર માનીને તેમને અપનાવ્યા તો મારે પણ શત્રુઓનો ત્યાગ કરવો છે ને એ મિત્રોને અપનાવવા છે. સાચા ભકતની એક જ ભાવના હોય કે ભગવાનના આદર્શો તે જ મારા આદર્શો. ભગવાનને જે માન્ય તે મને માન્ય. એવી ભાવના હોય તે જ ભગવાનનો સાચો ભકત છે. ભગવાને ત્યાગમાં સુખ જોયું ને ભોગમાં દુઃખ જોયું તો તેના ભકતને પણ ત્યાગમાં સુખ અને ભોગમાં દુઃખ દેખાવું જોઇએ. તો આપણે ભગવાન જેવા બની શકીએ. બાકી રોજ આપણે ગાઇએ કેઃ-

**પ્રભુ તારું ગીત મારે ગાવું છે, ભકિતના રસમાં મારે ન્હાવું છે...પ્રભુ તારું....**
**તું વીતરાગી હું અનુરાગી, તારા ભજનની રઢ મને લાગી**
**પ્રભુ તારા જેવું મારે થાવું છે...પ્રભુ તારું ગીત મારે ગાવું છે.**

હે પ્રભુ! મારે તારા જેવું બનવું છે. પણ પ્રભુ જેવા કયારે બનાય? આપણે તેમના જેવો ત્યાગ કરશું ત્યારે ને? તેના બદલે તમે તો જેને ભગવાને છોડયું છે તેને વળગી પડયા છો. પૈસા માટે પાગલ બન્યા છો. પૈસા મળતા હોય તો ભયંકર જોખમ ખેડવા પણ તૈયાર છો. કોઇની પાસે પૈસા માંગતા હો, રોજ ઉઘરાણી કરતા હો. તે દેણદાર કહે આજે રાત્રે અઢી વાગે મારા ઘેર આવજો. હું જરૂર પૈસા આપી દઇશ તો અઢી વાગે જવા પણ તૈયાર થઇ જાવ કેમ ખરું ને?

આ શું બતાવે છે? આ જીવ અનાદિકાળથી 'પ'કાર કંપનીને વિકસાવવા તેની પાછળ પડયો છે. પણ ભગવાન કહે છે એ 'પ'કાર કંપનીનો વિશ્વાસ ન કરીશ. છતાં આ જીવને તો **'પૈસા'**, **'પત્ની'**, **'પરિવાર'**, **'પદવી'** અને **'પ્રતિષ્ઠા'** આ 'પ'કાર કંપની મળી ગઇ એટલે બસ બીજા કોઇની જરૂર નથી. આજનો માનવ એમજ માને છે કે પૈસા હશે તો પત્નીને રીઝવી શકીશ, પરિવારને રાજી રાખી શકીશ. પૈસા હશે તો મોટી પદવી પણ મળશે, ને સમાજમાં પ્રતિષ્ઠા વધશે. પણ યાદ રાખજો કે એ 'પ'કાર કંપની અંતે દેવાળુ કઢાવનારી છે, પણ જૈન શાસનમાં બતાવેલી પ'કાર કંપની તમને મહાન સુખી બનાવશે. એ 'પ'કાર કંપની કઇ છે એ તમે જાણો છો? લો, હું જ કહી દઉં. **'પ્રતિક્રમણ'**, **'પચ્ચખાણ'**, **'પૌષધ'**, **'પરોપકાર'** અને **'પંચ પરમેષ્ટીનો જાપ'** આ 'પ'કાર કંપનીના શેર હોલ્ડર બનશો તો તરી જશો. પણ પેલી 'પ'કાર કંપનીના શેર હોલ્ડર બન્યા તો ડૂબી જશો.

બંધુઓ! સૂર્યનું એક કિરણ ગાઢ અંધકારનો નાશ કરે છે તેમ સમ્યક્‌ત્વ રત્ન જેને પ્રાપ્ત થઈ જાય, અરે સ્હેજ સમ્યક્‌ત્વનો સ્પર્શ થઇ જાય તો પણ તેનો સંસાર કટ થઇ જાય છે, તેને આ 'પ'કાર કંપનીનો મોહ રહેતો નથી. ભકતામર સ્તોત્રમાં માનતુંગ આચાર્ય ભગવાનની સ્તુતિ કરતાં શું કહે છેઃ-

त्वत्संस्तवेन भवसंतति सन्निबद्धं, पापं क्षणात्क्षयमुपैति शरीरभाजाम् ।
आक्रान्तलोक मलिनिलमशेषमाशु, सूर्यांशुभिन्नभिवशार्वरमन्धकारम् ।।

ભક્તામર–શ્લોક ૭.

હે નાથ! તારું સ્તવન કરતાં અનેક ભવમાં બાંધેલા પાપને એક ક્ષણમાં દેહધારી મનુષ્ય ક્ષય કરી નાંખે છે. કેવી રીતે? તો નીચેના પદમાં કહે છે કે જેમ કાળા ભમર જેવો ઘોર અંધકાર લોકમાં વ્યાપી ગયો હોય પણ સૂર્યના કિરણો બહાર આવતા રાત્રીના ગાઢ અંધકારને ક્ષણવારમાં દૂર કરી નાંખે છે. તેવી રીતે આપણા જીવનમાં સમ્યક્ત્વ રૂપી સૂર્યના કિરણો ફૂટશે તો આ ભવની પરંપરા ઊભી નહિ રહે.

હવે આપણી મુખ્ય વાત ઉપર આવીએ. શ્રેણીક રાજા પાસે બધા રત્નો હતા. પણ એક સમકિત રૂપ રત્ન ન હતું. સમકિત રત્ન સાચું રત્ન છે. બીજા રત્નો નાશવંત છે. ચક્રવર્તિને ત્યાં ચૌદ રત્નો અને નવ નિધાન હોય છે. તેમાં સાત એકેન્દ્રિય રત્નો અને સાત પંચેન્દ્રિય રત્ન હોય છે. તેમની સેવામાં કેટલા બધા દેવો હાજર રહે છે. આવો ચક્રવર્તિ જો ચક્રવર્તિપણામાં મરે તો નરકમાં જાય અને આ છ ખંડનું રાજ્ય છોડી દીક્ષા લે તો મોક્ષ અથવા દેવલોકમાં જાય. ચક્રવર્તિ દીક્ષા લે અગર ચક્રવર્તિપણામાં મરી જાય તો આ ચૌદ રત્નો અને નવનિધાન તેના સંતાનો માટે તેના ઘરમાં ન રહે, ખૂબ વરસાદ પડે અને બંબાકાર પાણી ચાલ્યું જાય તેની માફક બધી ઋદ્ધિ ચાલી જાય. તેના છોકરાઓ એને રોકવા જાય, બધો પરિવાર રડે–ઝૂરે પણ એ કંઇ રહે નહિ, એ તો ચક્રવર્તિના પુણ્યનું હતું એટલે એ હતા ત્યાં સુધી રહે છે. તેમ તમે પણ યાદ રાખજો. ગમે તેટલું પાપ કરીને સંતાનો માટે ભેગું કરો છો પણ એના પુણ્ય હશે તો ભોગવી શકશે. તમે નથી જોતા. કંઇક છોકરાના બાપ કરોડોની સંપત્તિ મૂકીને ગયા હોય છે તેના દીકરાઓને નોકરીના પણ સાંસા છે. અને જેનો બાપ રાતી પાઇ મૂકીને નથી ગયો તેના દીકરાઓ કરોડપતિ બની ગયા હોય છે. સંપત્તિ ને વિપત્તિ તો પુણ્યપાપના ખેલ છે. ટૂંકમાં સમ્યક્ત્વ રત્ન જેવું એક પણ રત્ન દુનિયામાં નથી.

બંધુઓ! તમે પૈસા કરતાં સમકિત રત્નને શ્રેષ્ઠ માનો છો? તમારો એક હીરો ખોવાઇ જાય તો તેને શોધવા આકાશ પાતાળ એક કરો છો પણ સમકિત રત્નની પ્રાપ્તિ નથી થઇ તેને પ્રાપ્ત કરવા માટેની આટલી ચિંતા થાય છે! આજે તો સહેજ કંઇક થાય તો માતા–માવડીની માન્યતા કરવા જાય છે. સંતાન ન હોય તો પણ માતાજીની બાધા રાખે. શું તમને દેવ–દેવીઓ સુખ કે સંતાન આપી દેવાના છે! વિચાર કરો. અર્હંનક શ્રાવક, કામદેવ શ્રાવક, સુદર્શન શ્રાવક, આ બધા ગૃહસ્થ હતા ને? પણ એમને સમકિત રત્ન સાચવવાની જેટલી કાળજી હતી તેટલી તમને છે? જેમ કોઇ માણસ કોડી સાટે અમૂલ્ય હીરો આપી દે તો મૂર્ખ જ ગણાય ને? તેવી રીતે સમ્યક્ત્વ રત્નને

જતું કરી મિથ્યા માન્યતામાં પડે છે તે તેના કરતાં પણ ડબલ મૂર્ખ છે. પૌષધ વ્રતમાં કામદેવ શ્રાવકની કેવી કસોટી થઈ. શરીરના ટુકડે ટુકડા થઈ ગયા. છતાં તેમણે ધર્મની રક્ષા માટે શરીરની પરવા ન કરી. કેવી દઢ શ્રધ્ધા રાખી! ત્યારે ભગવાને કામદેવ શ્રાવકનું ઉદાહરણ લઈને પોતાના સાધુઓને પણ કહ્યું કે કામદેવ જેવો શ્રાવક આટલો ધર્મમાં દઢ રહ્યો તો તમારે કેટલા દઢ રહેવું જોઈએ.

આપણા અધિકારના નાયક શ્રેણીક મહારાજાએ અનાથી નિર્ગ્રંથ પાસેથી આવું ઉત્તમ રત્ન પ્રાપ્ત કર્યું હતું. જેના પ્રભાવે તે આવતી ચોવીસીમાં તીર્થંકરનું પદ પામશે. પોતે ધર્મક્રિયાઓ કરી શકતા ન હતા પણ હું ક્યારે કરીશ તેવી તેમની નિરંતર ભાવના હતી. કોઈને દીક્ષા લેતા જુએ તો તેમની આંખમાં આંસુ આવી જતા કે મને આવો અવસર ક્યારે પ્રાપ્ત થશે. જે ધર્મ કરે તેની શુદ્ધ હૃદયથી અનુમોદના કરતા હતા. આજે ધર્મક્રિયાઓ ઘણી થાય છે પણ સમજણ સહિતને શ્રદ્ધાપૂર્વક થાય તો જીવ થોડામાં ઘણો લાભ મેળવી શકે ભાવના શતકમાં કહ્યું છે કે:–

**"બાલ તપસ્વી સહતે હૈ, જો કષ્ટ કરોડો વર્ષ મહાન,**
**જિતને કર્મ નષ્ટ કરતે હૈ, ઉસ તપસે વહ નર અજ્ઞાન.**
**જ્ઞાની જન ઉતને કર્મોકા, ક્ષણમેં કર દેતે હૈ નાશ,**
**જ્ઞાન નિર્જરાકા કારણ હૈ, મિલતા ઈસસે મુક્તિ પ્રકાશ."**

અજ્ઞાની મનુષ્ય વર્ષો સુધી તપ કરે અને જ્ઞાની એક ઉપવાસ કરે તો તેના કરતા વધુ કર્મો ખપાવી શકે છે. જ્ઞાનીઓ શ્વાસેશ્વાસે કર્મોને ખપાવે છે માટે સમજણ સહિત કરણી કરો. જલ્દી કર્મ ખપી જશે.

શ્રેણીક રાજા તો મિથ્યાત્વી હતા પણ તેમની પત્ની ચેલ્લણા ધર્મના રંગે રંગાયેલી હતી. શ્રેણીક રાજાને ધર્મના રંગે રંગવા ચેલ્લણા રાણીએ ખૂબ મહેનત કરી છે. હું જેને પરણીને આવી છું તે મારો પતિ સમ્યક્દૃષ્ટિ અને ધર્માત્મા બને તો મારું જીવન સફળ બને તેવી ઉચ્ચ ભાવના ચેલ્લણા રાણી સદા ભાવતા હતા. ત્યારે શ્રેણીક રાજાની ભાવના એવી હતી કે ધર્મને છોડીને આ રાણી મારી સાથે મોજમજા ઉડાવે તો કેવું સારું! આ રીતે બંનેના વિચારોમાં ખૂબ ભિન્નતા હતી. એક બીજા પોતપોતાની વાતને સાચી ઠરાવવા વાદવિવાદમાં ઉતરી જતા. આ સાથે ચેલ્લણા રાણી પોતાની શ્રદ્ધામાં અડગ રહી નમ્રતાપૂર્વક રાજા ઉપર પોતાને ધર્મનો પ્રભાવ પાડવા પ્રયત્ન કરતા હતા. બીજા ઉપર ધર્મનો પ્રભાવ પાડવા માટે નમ્રતા અને સરળતાની ખૂબ જરૂર છે. બળ જબરીથી કોઈના ઉપર ધર્મનો પ્રભાવ પાડી શકાતો નથી. જો બીજા ઉપર ધર્મનો પ્રભાવ પાડવો હશે તો જીવનમાં નમ્રતા અને સરળતા લાવવી પડશે.

શ્રેણીક રાજા જૈન ધર્મને હલકો પાડવા ચેલ્લણા સાથે વિવાદ કર્યા કરતા હતા.

પણ ચેલ્લણા પોતાના ધર્મનું નીચું પડવા ન જ દે ને! એક વખત એવો પ્રસંગ બની ગયો કે એક જૈન મુનિ ઈર્યાસમિતિ જોતાં જોતાં યત્નાપૂર્વક નીચી નજરે મહેલ પાસેથી ચાલ્યા જાય છે. તે સમયે શ્રેણીક રાજા ચેલ્લણાને બોલાવીને કહે છે જો તો ખરી. તારા ગુરૂ કેવા છે? મડદાલની માફક નીચી દૃષ્ટિ રાખીને ધીમે ધીમે ચાલ્યા જાય છે. એને કોઈ મારે તો પણ તેનો સામનો કરવાની પણ તેનામાં શકિત કયાં છે? આપણા ગુરૂ તો વીર હોવા જોઈએ. કારણ કે આપણે વીર છીએ. માટે ઢાલ તલવાર બાંધી ઘોડા ઉપર બેસી ફરનાર આપણા ગુરૂ હોવા જોઈએ.

બંધુઓ! જુઓ. ચેલ્લણા રાણીમાં કેવું ખમીર છે! પોતાના પતિને કેવા જવાબ આપી દે છે. પોતાના ગુરૂનું અપમાન સહી શકયા નહિ એટલે રાજાને કહ્યું. સ્વામીનાથ! આપ કહો છો તેવા મારા ગુરૂ કાયર નથી પણ શૂરવીર છે. હું એવા નમાલા ગુરૂની શિષ્યા નથી. મારા ગુરૂના પરાક્રમ સામે તમારા જેવા હજારો શૂરવીરો પણ નમાલા દેખાશે. તમારા શૂરવીર યોદ્ધાઓ એક ભુજા બળથી દુર્જય સંગ્રામમાં દશ લાખ સુભટોને જીતી લે છે પણ તેમણે કામ ઉપર વિજય મેળવ્યો નથી. એવા કામ ઉપર મારા ગુરૂએ વિજય મેળવ્યો છે. એ કંઈ ઓછી વીરતા છે! તેવા મારા ગુરૂને તમે કાયર કેમ કહી શકો? ચેલ્લણા રાણીનો જવાબ સાંભળી શ્રેણીક રાજાના મનમાં થયું કે કેટલી મક્કમતા છે! એના ગુરૂનું સ્હેજ પણ નીચું પડવા દેતી નથી. આ એમ માની જાય તેવી નથી. પણ કોઈ કારસ્તાન રચીને પણ એના ગુરૂને હલકા પાડું તો જ એ માનશે. ચેલ્લણા પણ રાજાના મુખ ઉપરના ભાવ જોઈને સમજી ગઈ કે નક્કી આ મારા ગુરૂની પરીક્ષા કરશે. પણ તેને ગળા સુધી વિશ્વાસ હતો કે પરીક્ષાનું પરિણામ સારું જ આવશે. મારા ગુરૂ કદી પાછા નહિ પડે.

આ તરફ રાજાએ એક વેશ્યાને બોલાવીને કહ્યું, પેલા જૈન સાધુ આપણા ગામમાં આવ્યા છે તેને કોઈ પણ પ્રકારે તું તેના ચારિત્રથી ભ્રષ્ટ કરી આવ. જો બરાબર કામ કરીશ તો તું કહીશ તે ઈનામ આપીશ. વેશ્યા કહે એ મારું કામ. મારે ઇનામની જરૂર નથી. આજે રાત્રે જ વાત. સંત એકલા હતા. શાસ્ત્રમાં કહ્યું છે કે આઠ અવગુણનો ધણી એકલો વિચરે ને આઠ ગુણનો ધણી પણ ગુરૂની આજ્ઞા લઈને એકલો વિચરે. આ મુનિ આઠ ગુણના ધણી હતા. તે ગુરૂની આજ્ઞા લઈને એકલા વિચરતા હતા.

સંત પ્રતિક્રમણ કરી રહ્યા છે. આ સમયે પેલી વેશ્યા શૃંગાર સજીને સાધુના સ્થાનકમાં આવી. સાધુએ સ્ત્રીને જોતાં જ કહ્યું: હે બહેન! અમારા સ્થાનકમાંથી બહાર નીકળી જા. આ ગૃહસ્થનું ઘર નથી. ધર્મસ્થાનક છે. રાત્રે અહીં સ્ત્રીએ આવી શકાય નહિ. જલ્દી ચાલી જા. વેશ્યા કહે. હું આપને કોઈ કષ્ટ આપવા નથી આવી. આપને આનંદ

કરાવવા આવી છું. એમ બોલતી વેશ્યા સાધુના સ્થાનકમાં પેસી ગઈ. સંત સમજી ગયા કે આ સ્ત્રી મને મારા ચારિત્રથી ભ્રષ્ટ કરવા માટે આવી છે. જો કે હું તો મારા ચારિત્રમાં દૃઢ છું પણ એ બહાર જઈને એમ કહેશે કે હું જૈન મુનિના શીયળ વ્રતનો ભંગ કરાવીને આવી છું. ત્યારે મારી વાત કોણ સાચી માનશે? અને મારા જૈન શાસનની હીલણા થશે. વેશ્યા જેવી સ્થાનકમાં પેઠી તેવા બહારથી બારણા બંધ થઈ ગયા. તેણે પહેલેથી બધી વ્યવસ્થા કરી લીધી હતી.

આ મુનિ લબ્ધિવંત હતા. જૈન મુનિઓ લબ્ધિનો ઉપયોગ કરતા નથી પણ જ્યારે શાસનની હીલણા થવાનો પ્રસંગ આવે ત્યારે લબ્ધિનો પ્રયોગ કરે છે. આ મુનિએ પોતાની લબ્ધિ દ્વારા એક ભયંકર વિકરાળ રૂપ ધારણ કર્યું. શરીરમાંથી અગ્નિ ઝરવા લાગી. આ જોઈ વેશ્યા ગભરાઈ ગઈ. બળવા લાગી. મહાત્માના ચરણમાં પડીને કહેવા લાગી મને બચાવો....બચાવો. બળી જાઉં છું. મને ક્ષમા કરો. મને શ્રેણીક રાજાએ મોકલી છે એટલે હું આવી છું. બહારથી દરવાજા બંધ કર્યા છે. નહિતર અત્યારે જ ચાલી જાત. આપ મારા ઉપર દયા કરીને મને બચાવો.

મુનિએ પોતાની લબ્ધિ સંકેલી લીધી ને પોતાનો વેશ બદલાવી લીધો. શાસ્ત્રમાં અપવાદરૂપે આવું કોઈ કારણ ઉપસ્થિત થાય તો વેશપરિવર્તન કરવાનું કહ્યું છે. વેશ્યા એક ખૂણામાં જઈને બેસી ગઈ. આ તરફ રાજા ચેલ્લણાને કહે છે તારા ગુરૂના તું બે મોઢે વખાણ કરતી હતી પણ અત્યારે મારી સાથે ચાલ. તને બતાવું કે તારા ગુરૂ કેવા છે? તારા ગુરૂ એક વેશ્યાને રાખીને બેઠા છે. ચેલ્લણા રાણી કહે છે મારા ગુરૂ ત્રણ કાળમાં એવા ન હોય. હું નજરે જોયા વિના માનું નહિ. જો તમે કહ્યું તેવું જોઈશ તો હું તેમને કદાપિ મારા ગુરૂ નહિ માનું. હું તો સત્યને માનવાવાળી છું. અમારા ગુરૂ કેવા હોય તે સાંભળો.

**ના સંગ કરે કદી નારીનો, ના અંગોપાંગ નિહાળે,**
**જો જરૂર પડે તો વાત કરે પણ નયનો નીચા ઢાળે,**
**મનથી-વાણીથી-કાયાથી વ્રતનું પાલન કરનારા...આ છે અણગાર અમારા**

ચેલ્લણા કહે છેઃ સ્વામીનાથ! અમારા ગુરૂ સ્ત્રીના સામી દૃષ્ટિ પણ કરે નહિ તો ઘરમાં રાખવાની તો વાત જ ક્યાં? રાજા કહે છે પણ મેં નજરે જોયું છે. ચેલ્લણા કહે મને બતાવો. રાજા-રાણી બંને સાધુના સ્થાનકે આવ્યા. દરવાજો ખોલ્યો. દરવાજો ખોલતાં જેમ પિંજરામાંથી અકળાયેલું પક્ષી જલ્દી પાંખ ફફડાવતું બહાર નીકળે તેમ વેશ્યા જલ્દી બહાર આવીને રાજાને કહેવા લાગી. "આપ મને બીજું ગમે તે કામ સોંપજો પણ કદી જૈન સાધુની પાસે જવાનું કહેશો નહિ. આ મુનિના તપના તેજથી હું બળી જાત પણ તેમની દયાથી જીવતી રહી છું. ચેલ્લણા કહે છે સ્વામીનાથ!

આપે જ વેશ્યાને મારા ગુરૂ પાસે મોકલી લાગે છે. પણ મેં તો પહેલેથી જ કહ્યું હતું ને કે વેશ્યા તો શું ખુદ ઈન્દ્રની અપ્સરા આવે તો પણ મારા ગુરૂને ચલાયમાન કરવા સમર્થ નથી. રાણીની વાત સાંભળી રાજા ભોંઠા પડી ગયા છતાં કહે છે વેશ્યાની વાત ઉપર વિશ્વાસ કરવા જેવો નથી. એ વાતને છોડી દો. આપણે મહાત્મા પાસે જઈએ. બંને જણા મહાત્માની પાસે ગયા. જોયું તો જૈન મુનિ હતા જ નહિ. બીજો ભગવો વેશ ધારણ કરીને સાધુ બેઠા હતા. ચેલણા કહે સ્વામીનાથ! દેખો આ મારા ગુરૂ જ નથી. હું તો દ્રવ્ય અને ભાવ બંનેથી યુક્ત હોય તેને ગુરૂ માનું છું. આ મહાત્માનો જે વેશ છે તે વેશ મારા ગુરૂનો વેશ, રજોહરણ, મુહપત્તિ આદિ કંઈ જ નથી. મારા ગુરૂનું લિંગ જ નથી તો પછી તેમને મારા ગુરૂ કેવી રીતે માની શકું!

આ જોઇ રાજા શરમાઇ ગયા ને મનમાં થયું કે રાણીની વાત તો સાચી છે. મારે એ ધર્મનું તત્ત્વ જાણવું જોઇએ. એવી સ્હેજ અભિલાષા જાગૃત થઇ. ત્યાર બાદ એક વખત શ્રેણીક રાજા મંડિકુક્ષ બગીચામાં જઇ રહ્યા છે. બગીચામાં પગ મૂકતાં તેનું હૈયું હિલોળે ચઢયું. તેનું કારણ શું હશે? એ બગીચામાં અનાથી નિર્ગ્રંથ એક વૃક્ષ નીચે ધ્યાનમાં સ્થિર થયા હતા. શ્રેણીકને ખબર નથી કે બગીચામાં કોણ છે? જ્યાં સંત બિરાજતા હોય ત્યાં તેમના પરમાણુઓ વિખરાયા હોય છે. એ પરમાણુની માણસ ઉપર અસર થાય છે. તમે ઘેર સામાયિક કરશો તો સંસારના વિચારો આવશે પણ ધર્મસ્થાનકમાં સામાયિક કરશો તો ઉચ્ચ વિચારો આવશે. કારણ કે અહીંનું વાતાવરણ ધર્મમય હોય છે. સ્વાધ્યાય-ધ્યાનના પરમાણુઓ અહીં પડયા હોય છે. એક ન્યાય આપું. દરિયા કિનારા તરફથી પાણીને સ્પર્શીને જે પવન આવે છે તેમાં શીતળતા હોય છે. અને રણમાંથી જે પવન આવે છે તેમાં ગરમી હોય છે. બંને પવન છે પણ બંનેના સ્પર્શમાં ફેર છે. તે રીતે આવા મહાન ચારિત્રવાન પવિત્ર સંત જ્યાં બિરાજમાન હોય ત્યાંનું વાતાવરણ પવિત્ર બની જાય છે. મુનિ પોતાના આત્મસ્વરૂપની રમણતામાં એકાગ્ર ચિત્ત કરીને ધ્યાનમગ્ન બનેલા છે. હજુ શ્રેણીક રાજાએ મુનિને જોયા નથી તે પહેલા બગીચામાં પગ મૂકતા જ તેમના અંતરનો ઉકળાટ શમવા લાગ્યો. મનના તરંગો શાંત થયા. શીતળતાનો અનુભવ થવા લાગ્યો. હવે ફરતા ફરતા આગળ વધશે. ત્યાં શું બનાવ બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં. ૬

**અષાડ વદ ૭ ને મંગળવાર** **તા. ૨૯-૭-૭૫**

અનંત ઉપકારી જ્ઞાની ભગવંતો આપણને આત્મસ્વરૂપની ઓળખાણ આપે છે. તે સ્વરૂપનું રમણ કરાવે છે, કે જે સ્વરૂપને આપણે અનાદિકાળથી ભૂલી ગયા છીએ.

અનંતકાળથી સંસારમાં પોતાના સ્વરૂપને જાણવાના સાધનો મળ્યા નથી. આર્યદેશ, ઉત્તમ કુળ, મનુષ્ય જન્મ, દીર્ઘાયુષ આદિ સામગ્રી મળ્યા છતાં પણ વીતરાગ પરમાત્મા, દેવ અને સદ્દગુરૂના યોગ વિના વસ્તુ સ્વભાવ રૂપ ધર્મની ઓળખાણ થતી નથી. આત્મસ્વભાવની ઓળખાણ થવી ઘણી દુર્લભ છે. કારણ કે આર્યદેશ મળવા છતાં પણ સદ્દગુરૂનો યોગ ઘણાંને મળતો નથી. આજે ઘણાં દેશો એવા છે કે જ્યાં સાધુના દર્શન પણ દુર્લભ છે. કદાચ ભાગ્યયોગે દર્શન થાય તો તેમની વાણી સાંભળવા મળતી નથી. ઘણી વાર વ્યાખ્યાન વાણી સાંભળવા મળે તો તત્ત્વની વાતમાં રસ પડતો નથી. આ રીતે જીવને આજ સુધી પોતાના સ્વરૂપની ઓળખાણ થઈ નથી.

બંધુઓ ! આપણો આત્મા કેવી રીતે સુખી બને તે કેવી રીતે જાણી શકાય ? તો ધર્મના શ્રવણથી જાણી શકાય. શરીરને સુખી બનાવવાનું બધા જાણે છે પણ મારો આત્મા સુખી છે કે દુઃખી છે ? તે શાસ્ત્ર શ્રવણની જેને ભૂખ લાગી હોય અને એકાગ્રતાથી સાંભળતો હોય તે જાણી શકે છે. જ્ઞાનીઓ કહે છે કે જીવોને આત્મતત્ત્વની પિછાણ થવી પણ મહાન દુર્લભ છે. આજે તમારા પુણ્ય ચઢીયાતા છે કે તમે આત્મતત્ત્વની પીછાણ કરાવનારી વાતો પ્રેમથી સાંભળો છો, જીવને દરેક ઠેકાણે પોતાના સ્વરૂપની વાતો સાંભળવા મળતી નથી. તમારા અંતરમાં અનંત જ્ઞાનનો ભંડાર છે. એવી વાત તમારા ઘરમાં, ઓફિસમાં, કે પેઢીમાં સાંભળવા મળતી નથી. ફકત ધર્મસ્થાનકમાં આ વાત સાંભળવા મળે છે.

આત્માના શુધ્ધ સ્વરૂપને ઢાંકનાર જો કોઇ આવરણ હોય તો તે મોહ છે. મોહ આત્મરમણતા કરાવવામાં અને આત્મશ્રધ્ધામાં અંતરાય પાડે છે. મોહના પ્રબળ જોરના કારણે આત્મશ્રધ્ધા અને આત્મરમણતા થઇ શકતી નથી. જેમને શત્રુ કે મિત્રની ઓળખાણ ન હોય તે મોહ શત્રુને કઇ રીતે જીતી શકે ? આ જીવે અજ્ઞાનતાથી શત્રુઓને પણ મિત્ર માની લીધા છે. આપણામાં જ્ઞાન કેટલું છે ને અજ્ઞાન કેટલું છે ? આપણામાં જ્ઞાન તો સિંધુમાં બિંદુ જેટલું પણ નથી અને જ્ઞાન કરતા અજ્ઞાનતા અનેક ગણી ભરેલી છે. આપણો આત્મા જેટલો વધુ પુરૂષાર્થ કરશે તેટલા અંશે અજ્ઞાનતા દૂર થશે ને તેનાથી મોહનું જોર ઓછું થશે ને તેના પરિણામે આપણો આત્મા મહાન સુખી થશે.

હું દેહ નથી, ઇન્દ્રિય નથી પણ આત્મા છું. તે આત્મા શાશ્વત અને જ્ઞાનદર્શન ચારિત્રથી યુક્ત છે. વળી બધા પૌદ્ગલિક પદાર્થો સંયોગથી ઉત્પન્ન થયેલા છે. આ જગતમાં જેનો સંયોગ થાય છે તેનો વિયોગ પણ અવશ્ય થાય છે. દરેક પદાર્થોનો તે પ્રમાણે વિચાર કરશો તો તેના ઉપરથી મોહ ઘટશે. માની લો કે કોઈ માણસને એક વખત લાખ રૂપિયા મળ્યા હોય ત્યારે તેને ખૂબ આનંદ થાય છે. પણ કમભાગ્યે પાછા

ચાલ્યા જાય તો શોકનો પાર રહેતો નથી. આ છે મોહનું કારણ. તમે એમ માનો છો કે આ શરીર સગાસબંધીઓ, સત્તા અને સંપત્તિ વિગેરે બધા સદાકાળ મારી પાસે રહેવાના છે. આ મોહનો પ્રભાવ છે. કારણ કે એ બધા વિનશ્વર સંયોગો વિયોગો માટે સર્જાયેલા છે. વિવેકી આત્માઓ મોહમાં મૂંઝાતા નથી. આત્મામાં જ્ઞાનનો પ્રકાશ આવે તો મોહનો ત્યાગ થાય.

દેવાનુપ્રિયો! મોહનો પરિવાર કયો છે તે તમે જાણો છો? તમારો જેમ પરિવાર છે તેમ મોહનો પણ પરિવાર છે. ક્રોધ-માન-માયા-લોભ એ મોહનો પરિવાર છે. તે કષાયો ઉદયમાં આવે છે ત્યારે જીવને ખૂબ હેરાન કરે છે અને આત્માના અધ્યવસાયને કલુષિત કરે છે. આ કષાયો કર્મોના ઉદયથી ઉત્પન્ન થયા છે. આત્મા એમ સમજે કે મારે આ કષાયો કરવા જેવી નથી. આ મારો મૂળ સ્વભાવ નથી તો તે કર્મથી લેપાતો નથી. તેમજ ભોગોમાં આસક્તિ નહિ રાખવાથી અને તે તરફ ઉદાસીન ભાવ રાખવાથી આત્મા પુરાણા કર્મોને ખપાવે છે ને નવા કર્મોને બાંધતો નથી. જેમ કમળ કાદવમાં રહે છે છતાં કમળને કાદવનો લેપ લાગી શકતો નથી તેમ વિવેકી આત્મા પણ પાપરૂપી કાદવથી લેપાતો નથી. મહાન પુરૂષો પોતાના આત્માને કર્મરૂપી કાદવથી ખરડાવા દેતા નથી. જ્યારે તમારી જ્ઞાનદ્રષ્ટિ ખીલશે ત્યારે તમને આ વાત બરાબર સમજાશે.

આ સંસારરૂપી નગરમાં કર્મરૂપી રાજા જીવોરૂપી પાત્રોને નાટક કરાવે છે. કેટલાક જીવોને એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, પચેન્દ્રિય આદિનો અલગ અલગ વેશ આપીને વિવિધ પ્રકારની વિટંબણાઓ કરાવે છે. આ સંસારનો પ્રપંચ કર્મરાજાએ ફેલાવ્યો છે. તે બધા સંસારી જીવોને નાચ નચાવે છે. જ્ઞાની પુરૂષો આ દુનિયાની ધમાલને પરદ્રવ્યના નાટકરૂપે નિહાળે છે. જેથી તે તેમાં ખેદ પામતા નથી. તે દેહમાં રહેલા આત્માને દેહથી ભિન્ન માને છે. રોગ કે દુઃખના સમયે પણ આ પ્રમાણે વિચાર કરે છે કે જ્યારે આ કર્મનો ઉદયકાળ પૂરો થઈ જશે ત્યારે આ રોગ અને વિપત્તિ આપોઆપ ચાલ્યા જશે. હે જીવ તેં જે સમયે કર્મ બાંધ્યા તે સમયે વિચાર કરવો હતો ને કે આ પાપકર્મના કડવા ફળો જ્યારે ઉદયમાં આવશે ત્યારે મારે જ ભોગવવા પડશે. તેમાં કોઈ ભાગ પડાવી શકશે નહિ.

આપણે ત્યાં ઉત્તરાધ્યયન સૂત્રના વીશમા અધ્યયનનો અધિકાર ચાલે છે. જેમાં શ્રેણીક મહારાજા વિહારયાત્રા માટે નગરની બહાર નીકળ્યા હતા. તે શ્રેણીક રાજા અનેક રત્નોના સ્વામી હતા. તે સિવાય શ્રેણીક રાજા ઔપપાતિકી વૈનયિકી, કાર્મિકી અને પારિણામિકી એ ચાર બુદ્ધિના સ્વામી હતા. અને પુરૂષની ૭૨ કળાના જાણકાર હતા. તેમને ત્યાં નીતિશાસ્ત્ર, શરીરશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્ર આદિ શાસ્ત્રોના જાણકાર અનેક પંડિતો હતા. તેમના ચરણની સેવામાં હાજર રહેનાર નોકર ચાકરો ઘણાં હતા.

તેમ છતાં તે શ્રેણીક રાજા શરીરની રક્ષા કરવા માટે મંડિકુક્ષ બાગમાં ફરવા જતા હતા હવે ત્રીજી ગાથામાં તે બાગ કેવો હતો તે કહેવામાં આવે છે.

नाणा दुमलयाइण्णं, नाणापक्खिनिसेवियं ।
नाणा कुसुम संछन्नं, उज्जाणं नंदणोवमं ॥

ઉત્ત. સૂ. અ. ૨૦ ગાથા ૩

જ્યાં અનેક પ્રકારના વૃક્ષો અને લત્તાઓ હોય તેને બાગ કહેવામાં આવે છે. વૃક્ષ અને લત્તામાં ફેર છે. વૃક્ષ કોને કહેવાય અને લત્તા કોને કહેવાય તે તમે જાણો છો? વૃક્ષ કોઇની સહાયતા લીધા વિના પોતાની મેળે વધતું જાય છે. અને ફળ-ફૂલ આપે છે. પણ લત્તાઓ કોઇની સહાયતા લીધા વિના સીધી કે ઊંચી ચઢતી નથી પણ ફેલાતી જાય છે અને ફળ ફૂલ આપે છે. આવા અનેક પ્રકારના અનેક વૃક્ષો અને લત્તાઓ જ્યાં હોય છે તેને બાગ કહેવાય છે.

આગળના સમયમાં સંત મહાત્માઓ આવા બગીચામાં આત્માસાધના કરતા હતા. શાસ્ત્રમાં જ્યાં જોઇએ છીએ ત્યાં ભગવાન ઉદ્યાનમાં ઉતર્યાનું વર્ણન કરવામાં આવ્યું છે. બગીચો એટલે તમારો હેંગીનગાર્ડન નહિ. ત્યાં તો મોટા ઘટાદાર વૃક્ષો હોય ને જમીન પણ પ્રાસુક હોય, વાતાવરણ શાંત હોય એવી પવિત્ર ભૂમિમાં સંતો આત્મસ્વરૂપનું ચિંતન કરે છે "**હું કોણ છું. કયાંથી થયો, શું સ્વરૂપ છે મારું ખરું, કોના સબંધે વળગણા છે શખું કે એ પરિહરું.**" જ્યાં શાંત અને પવિત્ર વાતાવરણ હોય છે ત્યાં સ્વરૂપમાં રમણતા કરવાની મસ્તી આવે છે. એટલા માટે સંતો ઉદ્યાનમાં વસતા હતા. આજે એવા ઉદ્યાનો કયાં છે! આજનો માનવ વૃક્ષોને મૂળમાંથી કાપી નાંખે છે.

વૃક્ષ તો મનુષ્યને માટે મહાન ઉપકારી છે. પણ ઉપકારીનો ઉચ્છેદ કરવા ઉઠયા છો માનવી માને છે કે વૃક્ષની શી જરૂરિયાત છે. વૈજ્ઞાનિકો પણ કહે છે કે જીવનમાં વૃક્ષોની આવશ્યકતા છે. કારણ કે વૃક્ષોની સહાયથી જીવન ટકી શકે છે. એકેન્દ્રિય વૃક્ષ કેટલું ઉપકારી છે! મનુષ્ય જે હવા છોડે છે તે ઝેરી કાર્બન ગેસ છે. જો મનુષ્ય ઝેરી હવા છોડે નહિ અને નવી હવા લે નહિ તો મરી જાય. મનુષ્ય જે ઝેરી હવા છોડે છે તે વૃક્ષ પોતાનામાં ચૂસી લે છે અને તેના બદલામાં ઓકિસજન હવા આપે છે. તેના વડે મનુષ્ય જીવતો રહી શકે છે. પ્રવૃત્તિની રચના એવી છે કે જે હવા મનુષ્ય છોડે છે તે હવા વૃક્ષોને માટે અમૃત સમાન નીવડે છે. અને વૃક્ષ જે હવા છોડે છે તે મનુષ્યને માટે અમૃત સમાન છે. આ દૃષ્ટિથી જો વૃક્ષ ઝેરી કાર્બન ગેસ લઇને ઓકસિજન હવા છોડે નહિ તો મનુષ્ય કેવી રીતે જીવી શકે? આવા મનુષ્યને માટે જે ઉપયોગી વૃક્ષો છે તેની માનવ દયા ખાતો નથી. પહેલાના સમયમાં કોઈ વૃક્ષને કાપતો નહિ. આજે તો જંગલને કાપીને વેરાન બનાવી મૂકવામાં આવે છે. તેના કારણે આજે વરસાદ પણ ઓછો થતો

જાય છે. લીલા વન વેરાન બની ગયા એટલે હવે તો સંત મહાત્માઓને પણ શહેરમાં વસ્તીમાં વસવું પડે છે.

રાજા શ્રેણીક પોતાની બધી સંપત્તિઓમાં બાગને પોતાની મોટી સંપત્તિ માનતા હતા. એ કારણે તે પોતાના બાગ-બગીચાઓને નવપલ્લવિત રખાવતા હતા. તે બાગમાં અનેક પ્રકારના પક્ષીઓ આવતા હતા. ત્યાં પક્ષીઓને કોઇ પ્રકારનો ભય ન હતો. તેથી કહેવામાં આવ્યું છે કે તે બગીચા અનેક પ્રકારના પક્ષીઓથી સેવિત હતો. તે બાગમાં અનેક પ્રકારના પુષ્પો ખીલેલા હતા. ફૂલોના સુગંધથી બાગ મ્હેંકતો હતો.

દેવાનુપ્રિયો! કુદરતી વૃક્ષો કેટલા ઉપયોગી છે. જે વૃક્ષો છાયા આપે છે તેની વિશેષતા છે. તમે પણ વૃક્ષ જેવા છોને? વૃક્ષમાં એક તાડનું વૃક્ષ પણ હોય છે. તેના જેવા તો નથી ને? તાડનું ઝાડ કેવું હોય તે તો જાણો છો ને? તાડનું વૃક્ષ ઊંચું ખૂબ હોય પણ એ કોઇને છાયા ન આપે. એક કવિએ પણ કહ્યું છે કે:-

**તું તો ઊંચો વધ્યો ઘણા તાડીયા રે,**
**તેં તો કોઇના દુઃખ ના મટાડીયા રે....તું તો ઊંચો**

હે તાડ! તું ઊંચો ઘણો વધ્યો પણ કોઇને શીતળ છાંયડી ન આપી. આ ન્યાય દ્વારા હું તમને એ વાત સમજાવવા માંગું છું કે જેની પાસે સંપત્તિ છે તે માનવ જો કોઇના દુઃખ ના મટાડતો હોય તો તેનામાં ને તાડમાં કોઇ ફેર નથી સંપત્તિથી ઐશ્વર્યથી ઊંચો વધ્યો પણ કોઈ દીન દુઃખીના આંસુ ન લૂછયા એ સંપત્તિનું પ્રયોજન શું? પોતાના સુખ માટે કરોડો રૂપિયા વપરાયા પણ સુકૃત્યોમાં, દાનમાં સંપત્તિનો સદુપયોગ ન થાય તો તે સંપત્તિ નથી પણ વિપત્તિ છે. પૈસો તમારા એકલાના પુણ્યથી નથી મળ્યો. જે મનુષ્ય સમજે છે કે આ લક્ષ્મી અને વૈભવ પૂર્વના પુણ્યથી મને મળ્યા છે. તે પોતાના આંગણેથી કોઇને રડતો નહિ જવા દે. કોઈ રડતો દુઃખી આવશે તો એને મીઠો આવકાર દેશે, જમાડશે ને શક્તિ અનુસાર મદદ કરશે. તે આપીને એમ વિચાર કરશે કે મારા લાભને માટે એ આવ્યો હતો. મારી પાસેથી ૧૦૦ રૂા. લઇને તે મને રૂા. ૧૦૦૦નો લાભ આપવા આવ્યો છે. ઉપાસક દશાંગ સૂત્રમાં કહેવામાં આવ્યું છે કે શ્રાવકના દ્વાર અભંગ હતા. અભંગ દ્વાર શા માટે? તેના બારણાનો આગળિયો ઊભો રહેતો હતો. તેનું શું કારણ? એક પછી એક દુઃખી, સ્વધર્મી તેમને ત્યાં આવ્યા કરતા. રડતા રડતા આવ્યા હોય ને હસતા હસતા જતાં હતા. ત્યાં કોઇને માટે ભેદભાવ ન હતો. જે દાન આપે છે તેને જ્યાં જાય ત્યાં મળે છે.

એક ગામમાં એક શેઠ અને એક શેઠાણી હતા. પૈસો ખૂબ હતો. શેઠ ખૂબ ભલા હતા. શેઠ કદી બહારગામ ગયેલા નહિ. પહેલવહેલા બહારગામ જવાનું બન્યું. શેઠ ખૂબ ધર્મિષ્ઠ હતા. તેઓ હોટલનું ખાતા નહિ. રાત્રીભોજન કરતા નહિ એટલે શેઠાણીને

કહે છે તું મને એક થેપલાનો ને એક ખાખરાનો ડબ્બો ભરી આપ. જેથી મુસાફરીમાં મુશ્કેલી ન પડે. તમે પણ ભાતું તો લઈ જાવ છો ને? પાલણપુરી ખાખરા અને પાપડ લઈ જાય ને કાઠિયાવાડી, ઝાલાવાડી હોય તો થેપલા, પેંડા ગાંઠીયા અને વઘારેલા મરચાં. કેમ બરાબર છે ને? (હસાહસ) શેઠને જવાનો સમય થયો. બેગ-બિસ્તર બધું ગાડીમાં મૂક્યું. શેઠ કહે છે ભાતાના ડબ્બા તો ન આવ્યા, શેઠાણી કહે છે મેં ડબ્બા આગળ મોકલાવી દીધા છે. શેઠ કહે છે પણ તેં ક્યાં મોકલ્યા? હું ક્યાં ક્યારે જઇશ તે નક્કી નથી. શેઠાણી કહે તમે જ્યારે જ્યાં જશો ત્યાં તમને મળી જશે. ચિંતા ન કરો. ભોળા શેઠ ગાડીમાં બેઠા. શેઠ ક્યાં ક્યાં જવાના છે તેનું લિસ્ટ શેઠાણી પાસે હતું એટલે ખબર આપી દીધેલી.

આ તરફ શેઠ જ્યાં જાય ત્યાં માણસો સામા આવે. પોતાને ઘેર લઈ જાય. ખમ્મા ખમ્મા કરે. નિત્ય નવા ભોજન જમાડે. શેઠને એક દિવસ રોકાવું હોય તો ચાર દિવસ રોકાવું પડે, એટલો પ્રેમ ને આગ્રહ, આ બધું જોઇને શેઠ વિચારમાં પડી ગયા. આ શું? હું તો આ કોઇને ઓળખતો નથી. આ બધા મારી આટલી બધી આગતા સ્વાગતા કેમ કરે છે? બીજે બધે તો કાંઈ બોલ્યા નહિ. પણ છેલ્લે ગામ ગયા ને જેને ત્યાં ઉતર્યા તેને પૂછે છે ભાઇ! મેં તમને કદી જોયા નથી. ને તમે મારી આટલી બધી મહેમાન ગતિ કેમ કરો છો? હું જ્યાં જ્યાં ગયો ત્યાં આ પ્રમાણે બન્યું છે. ત્યારે પેલો માણસ કહે છે શેઠ અમે તો તમારા ઘેર ઘણીવાર આવી ગયા છીએ ને આપના શેઠાણીએ તો અમને માતાની જેમ જમાડયા છે. અમારી ખૂબ સગવડ સાચવી છે અને સાથે શેઠ આપની ઉદારતાનો આ લાભ છે.

શેઠ દોઢ મહિને ઘેર આવ્યા. શેઠાણીને કહે છે તારા ડબ્બા બરાબર પહોંચી ગયા. જ્યાં ગયો ત્યાં માન સત્કારનો પાર નહિ. હું તો કોઇને ઓળખતો નહોતો. આ બધો યશ તારા ફાળે જાય છે. ઘરઘરમાં આવા ઉદાર શેઠ હોય ને સુશીલ પત્ની હોય તો આ સંસાર સ્વર્ગ જેવો બની જાય. તમે આવા ગંભીર-વૃક્ષ જેવા બનજો. હવે આપણી મૂળ વાત ઉપર આવીએ.

આ મંડિકુક્ષબાગને છેલ્લા પદમાં "उज्जाणं नंदणोवमं" એમ કહેવામાં આવ્યું છે. મંડિકુક્ષ બાગને નંદનવનની ઉપમા આપવામાં આવી છે. એટલે તે બગીચો નંદનવન જેવો હતો. આવા નંદનવન જેવા સુંદર બગીચામાં તે પવિત્ર મુનિરાજ બિરાજમાન હતા. હવે અહીં કોઇ બગીચો હોય ને તેનું નામ નંદનવન આપ્યું હોય તે બગીચાની આ વાત નથી. આ નંદનવન તો મેરૂપર્વત ઉપર આવેલું છે. અને દેવો ત્યાં ક્રીડા કરવા માટે જાય છે. ત્યાં તો વૃક્ષો પણ રત્નોના બનેલા છે. ભૂમિ પણ રત્નોમય છે. આવું રમણીય નંદનવન દેવોની ક્રીડા ભૂમિ છે. પણ આ મંડિકુક્ષ બાગમાં તો એવું કંઇજ નથી. છતાં ભગવંતે

મંડિકુક્ષ બાગને નંદનવનની ઉપમા કેમ આપી હશે? નંદનવન ભલે મોટું ને રમણીય હોય, દેવો ત્યાં ફરવા માટે આવતા હોય પણ અમુક અપેક્ષાએ મંડિકુક્ષ બગીચા કરતાં પણ નાનું છે. તમને થશે કે નંદનવન આવું રમણીય છે. ને આ બગીચા કરતાં નાનું કેવી રીતે? સાંભળો. એક ન્યાય આપીને સમજાવું.

એક સુંદર સાત માળનો આરસપહાણનો મહેલ છે. જેમાં હીરા, મોતી, માણેક અને પન્નાના ઝુમ્મરો લટકાવ્યા છે. તમને ગમે તેવી બધી સગવડો, આધુનિક ઢબના અનેક પ્રકારના સુખ-સાધનો ત્યાં રાખવામાં આવ્યા છે. બીજી બાજુ એક કાળી માટીનું ખેતર છે. જેમાં મોસંબી, સક્કરજન, ચીકુ, કેળા, પપૈયા આદિ અનેક પ્રકારના ફ્રૂટ અને ધાન્ય નીપજે છે. આ બેમાં તમે કોને પસંદ કરશો? મહેલને કે ખેતરને? (શ્રોતામાંથી અવાજ:-મહેલને.) પણ એક વાત ખ્યાલ રાખજો કે આવો ભવ્ય મહેલ તમને મફત આપી દેવામાં આવે છે પણ સાથે શરત એટલી છે કે ખેતરમાં પેદા થયેલી અથવા બીજી કોઈ પણ ચીજ એ મહેલમાં લઈ જવા દેવામાં આવશે નહિ. ને ખેતરમાં એક નાનકડી ઝુંપડી છે. પણ ખેતરમાં રહેનારને ખેતરમાં ઉત્પન્ન થએલી બધી ચીજોનો ઉપભોગ કરવાની છૂટ છે. તો બોલો! હવે મહેલમાં રહેવાનું પસંદ કરશો કે ખેતરમાં? (હસાહસ). બંગલામાં ગમે તેટલી સંપત્તિ, કે સુખના સાધનો હોય, મનને ગમી જાય તેવો બંગલો હોય પણ તેમાં શરીરને ટકાવવા માટેના સાધનો ન હોય તો નકામો છે અને ખેતરમાં ભલે માટીનું નાનકડું ઝૂંપડું હોય પણ શરીરને ટકાવવા માટેના સંપૂર્ણ સાધનો ભરેલા છે. એટલે સૌ ખેતર જ પસંદ કરવાનાને! મહેલ ગમે પણ ખાવાનું ન મળે તો મહેલમાં કોને ગમે? આ અપેક્ષાએ મંડીકુક્ષ બાગમાં અને નંદનવનમાં અંતર છે. મંડિકુક્ષ બગીચામાં નંદનવનની જેમ બહારની શોભા ભલે નહિ હોય પણ તે બંનેમાં મહેલ અને ખેતર જેટલું અંતર રહેલું છે. નંદનવનમાં જે શોભા છે તે દેવોના રમણ માટે છે. ત્યાં સુગંધીવાળા ફૂલ કે ફળ નથી. પણ મંડીકુક્ષ બાગમાં તો અનેક પ્રકારના ફળફૂલ છે. તે સિવાય મંડિકુક્ષ બાગમાં અનાથી મુનિ બિરાજતા હતા પણ નંદનવનમાં સાધુઓ મળી શકે? આ દૃષ્ટિએ નંદનવન કરતાં મંડિકુક્ષ બાગ અનેક દૃષ્ટિએ ચઢિયાતો છે. તમને સ્વર્ગલોકનું કે નંદનવનનું વર્ણન સાંભળીને મન થઈ જતું હશે કે કોઈ લઈ જાય તો દેવલોકમાં ને નંદનવનમાં જઈએ.

હવે હું તમને એક પ્રશ્ન પૂછું કે તમને આ વાલકેશ્વરનો ઉપાશ્રય ગમે કે નંદનવન? કદાચ તમે એમ કહેશો કે અમને નંદનવનમાં ગમે પણ આ વાલકેશ્વર ઉપાશ્રય અને સંઘમાં જે ધર્મજાગૃતિ અને વીતરાગ વાણીની સરવાણી છૂટી રહી છે તે નંદનવનમાં મળશે? ત્યાં તો સંતોના દર્શન પણ નહિ મળે. અહીં તો તપ-ત્યાગ, વ્રત-પ્રત્યાખ્યાન બધું થઈ શકે છે. આનંદ-મંગલ વર્તાય છે આવું ત્યાં કંઈ જ મળતું

નથી. આવું બધું દેવો પણ ઝંખે છે. તો નંદનવન કે સ્વર્ગને કેમ મોટું કહી શકાય! બોલો, હવે આપણે આ ઉપાશ્રય કેવો બનાવવો છે? (શ્રોતામાંથી અવાજ: શારદ્વન-નંદનવન.) એક ઉદાહરણદ્વારા સમજાવું.

એક વખત ગોપીઓની કૃષ્ણની ભક્તિથી પ્રસન્ન થઈ દેવો વિમાન લઈને તેમને સ્વર્ગમાં લઈ જવા માટે મનુષ્યરૂપમાં આવ્યા. ગોપીઓ પાસે આવીને કહે છે ચાલો, અમે તમને દેવલોકમાં લઈ જવા માટે આવ્યા છીએ. તમે કૃષ્ણની ખૂબ ભક્તિ કરી છે તેથી અમે પ્રસન્ન થયા છીએ. ત્યારે ગોપીઓએ પૂછ્યું–ભાઈ! તમે અમને સ્વર્ગમાં લઈ જાઓ પણ અમે પૂછીએ છીએ કે અમે જેની ભક્તિ કરીએ છીએ ને જેની ભક્તિદ્વારા તમે અમારા ઉપર પ્રસન્ન થયા છો તે બંસરીનો બજાવવાળો કૃષ્ણ ત્યાં છે? ત્યારે દેવો કહે છે ના, એ તો ત્યાં નહિ મળે. ત્યારે ગોપીઓ કહે તો અમારે ત્યાં નથી આવવું. ત્યારે દેવો કહે છે, અરે! જરા વિચાર તો કરો! ક્યાં સ્વર્ગ અને ક્યાં તમારું આ વ્રજ! ત્યાં તો કેટલું સુખ છે. અહીં દુષ્કાળ પડે તો અનાજનો એક કણ ન મળે. વરસાદ ન પડે તો પીવા પાણી ન મળે. તે સિવાય અનેક પ્રકારના રોગો થાય છે. વળી સિંહ-વાઘ આદિનો પણ અહીં ભય રહે છે. ને ત્યાં તો આવું કંઈ કષ્ટ ન પડે. બસ સુખ–સુખ ને સુખ! ત્યાં રત્નોના મહેલ છે, કેવળ ઈચ્છા કરવા માત્રથી પેટ ભરાઈ જાય છે! ભોજન કરવાની પણ જરૂર પડતી નથી. આવો ત્યાં આનંદ છે. છતાં તમે ત્યાં આવવાનું કેમ પસંદ કરતા નથી? તો શું તમે ગાંડા થઈ ગયા છો? ત્યારે ગોપીઓ કહે:–અમે કંઈ ગાંડા થઈ ગયા નથી પણ તમે ગાંડા થઈ ગયા લાગો છો. તમે જ કહો, કે તમે અમને લેવા શા માટે આવ્યા છો? દેવો કહે તમે કૃષ્ણની ભક્તિ કરી માટે! તો હવે તમે કહો, કે જે ભક્તિના કારણે તમે સ્વર્ગમાંથી નીચે ઉતર્યા ને અમને લેવા આવ્યા છો તો તે ભક્તિ સ્વર્ગ કરતાં કેટલી બધી ચડિયાતી છે! એ ભક્તિને છોડીને અમને સ્વર્ગમાં આવવાનું મન થતું નથી. વળી અમારે સ્વર્ગમાં આવીને અમારી ભક્તિને વેચવી નથી. તમે સ્વર્ગને વ્રજથી ઊંચું ને શ્રેષ્ઠ માનો છો તો કહોને કે કૃષ્ણનો જન્મ સ્વર્ગમાં ન થતાં વ્રજમાં કેમ થયો? ગોપીઓનો ઉત્તર સાંભળી દેવો તો ચૂપ થઈ ગયા ને બોલ્યા, કે અમારું સ્વર્ગ વ્રજની આગળ કંઈ વિસાતમાં નથી. તમારી ભક્તિ અને શ્રધ્ધાને ધન્ય છે. અમારું શરીર ગમે તેટલું સુંદર હોય પણ તમારા જેવી ભક્તિ આ શરીરમાં નથી.

બંધુઓ! તમે પણ સ્વર્ગ કે નંદનવનને શ્રેષ્ઠ માનતા હો તો વિચાર કરજો કે ત્યાં આવા સાધુ મળશે? આવી વીતરાગવાણી સાંભળવા મળશે? આવા વ્રત–પ્રત્યાખ્યાન ત્યાં કરી શકશો? આ દૃષ્ટિથી સ્વર્ગ કરતાં વાલકેશ્વરનું મહત્ત્વ વધારે છેને? અહીં *તમે જે ધર્મારાધના કરી શકો છો તે ત્યાં નહિ કરી શકો. અનાથી નિર્ગ્રંથ શ્રેણીક*

રાજાની રાજગૃહી નગરીમાં પધાર્યા હતા. આપણે ત્યાં રાજગૃહી નગરી તો નથી પણ આ વાલકેશ્વરની હરિયાળી નગરી તો છેને ? અનાથી નિર્ગ્રંથ જેવા અમે નથી, છતાં વીતરાગના વારસદાર તો જરૂર છીએ. તમે લોકો શ્રેણીક મહારાજા જેવા નથી, છતાં ધર્મના પ્રેમી તો જરૂર છો. આ વાલકેશ્વરનો હોલ ધર્મારાધનાથી ગાજી ઉઠયો છે. હવે આપણે આ હોલને તપ-ત્યાગથી નંદનવન જેવો બનાવી દેવો છે. નંદનવન કરતાં આપણી ભૂમિ વધુ શ્રેષ્ઠ છે. કારણ કે આત્મકલ્યાણ કરવાની અહીં ભરપૂર સામગ્રી છે.

હવે શ્રેણીક રાજા નંદનવન કરતાં પણ અધિક શ્રેષ્ઠ એવા મંડીકુક્ષ બગીચામાં જશે ને મુનિનો સમાગમ થતાં કેવો અપૂર્વ આનંદ થશે, તેમનો આત્મા કેવો દેદિપ્યમાન બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં.–૭

**અષાડ વદ ૮ ને બુધવાર** તા. ૩૦–૭–૭૫

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો,

અનંત કરુણાનિધિ શાસ્ત્રકાર ભગવંત જેવા મહાપુરુષોએ કેવળ જ્ઞાનની જ્યોત પ્રગટાવતા પહેલા એવી અઘોર સાધના કરી કે કર્મના ગાઢ અંધકારને ઉલેચીને જ જંપ્યા. એમને કર્મ ખપાવવાનો ખટકારો હતો. એમને જેવો ખટકારો હતો તેવો આપણને નથી. જીવનમાં ખટકારાની જરૂર છે. તમે ઘડિયાળ કાંડે બાંધો છો તેનો કટકારો સંભળાય તો તમે માનો છો કે ઘડિયાળ ચાલુ છે. કટકારો અને કાંટા વિનાની ઘડિયાળની જેમ કિંમત નથી તેમ જેના જીવનમાં સાધનાનો રણકાર નથી, કર્મને ખપાવવાનો ખટકારો નથી–તેના જીવનની પણ કોઈ કિંમત નથી.

બંધુઓ ! જ્યાં સુધી આપણે મોક્ષ મંઝીલે ન પહોંચીએ ત્યાં સુધી આપણા માથે કર્મના કરજ ઉભા છે. કરજદારને કરજ ચૂકવવાની જેટલી કિંમત હોય છે તેટલી આપણને કર્મ ખપાવવાની ચિંતા હોવી જોઈએ. કોઈ લેણદાર સજ્જન હોય તો વિચાર કરે કે મારા આની પાસે આટલા રૂપિયા લેણા છે પણ અત્યારે તેની પરિસ્થિતિ સારી નથી. જ્યારે એને મળશે ત્યારે આપી જશે. સાથે દેવાદાર પણ જો સજ્જન હશે તો એ જ્યાં સુધી કરજ ચૂકવી નહિ શકે ત્યાં સુધી તેને સુખે ઊંઘ નહિ આવે. મનમાં એને ખટકારો રહેશે કે ક્યારે એ કરજમાંથી મુક્ત બનું. કરજમાંથી જલદી મુક્ત થવું એ મારી ફરજ છે. તે જ રીતે જીવને પણ ચિંતા હોવી જોઈએ કે જલદી આત્મસાધના કરી જન્મ-મરણના ફેરારૂપી કર્મરૂપી કરજમાંથી મુક્ત થાઉં.

જેને જલદી ભવકટ્ટી કરવાની ભાવના છે તેવા આત્માઓ આજે આઠમના દિવસે ઉપવાસ–આયંબિલ કરીને બેસી ગયા છે. અને જેને લગની નથી તેને એક પોરસી કરતાં પણ પડી જવાય છે. મન ઉપર જો બ્રેક આવી જાય તો બધું થઈ શકે છે. પેટ કંઈ બહુ માંગતું નથી. ગમે તેવી કકડીને ભૂખ લાગી હશે પણ પેટ ભરાઈ જાય પછી ગમે તેવા મિષ્ટાન્ન આપવામાં આવે તો પણ પેટ ના પાડે છે. પણ મન કહે છે લઈ લે ને કાલે ચાલશે. કોઈ સારી ચીજ જોઈ તો મન તરત કહેશે આ બહુ સરસ છે લઈ લે. આ પેટની ભૂખ મટે છે પણ મનની ભૂખ મટતી નથી. આ દુનિયામાં અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પ કરાવનારું મન છે. પોતાને જે જોઈએ છે, જે ગમે છે તે ન મળે તો અંદર સંકલ્પ વિકલ્પ ચાલ્યા કરે છે. આનું કારણ જીવે અનાદિકાળથી પર ઘર જોયું છે પણ સ્વઘર જોયું નથી. તું તારા સ્વભાવે જ્ઞાતા અને દૃષ્ટા છે. એકાંતમાં બેસી ચિંતન કરો હે ચેતન! તારો સ્વભાવ શું છે? તું અનંત જ્ઞાનનો પુંજ છે. અનંત શક્તિનો અધિપતિ છે. પણ કયા કારણોને લીધે તું આ કાયાની કોટડીમાં પૂરાયો છે? અંદરથી આવો પ્રશ્ન થશે તો જવાબ મળશે કે તું સ્વને છોડી પરમાં ગયો તેની આ સજા તારે ભોગવવી પડે છે.

કપડાંનો મૂળ સ્વભાવ શ્વેત છે. પણ જો તેના સ્વભાવમાંથી બીજા સ્વભાવમાં જવું હશે તો ખત્રીના રંગાણામાં તેને બફાવું પડે છે પણ જેને મૂળ સ્વભાવમાં રહેવું હોય છે તેને બફાવું પડતું નથી. પોતાના સ્વભાવમાં જે આનંદ છે તે પરભાવમાં નથી. હવે બીજી વાત કહું. પુષ્પોનો મૂળ કલર તો શ્વેત હોય છે, પણ કોઈ ફૂલ સફેદ, કોઈ ગુલાબી–લાલ–લીલું–પીળું તો કોઈ કાળું હોય છે. તેનું કારણ શું છે તે તમે જાણો છો? એ બાબતમાં વૈજ્ઞાનિકો એમ કહે છે કે ફૂલના રંગમાં જે ભિન્નતા દેખાય છે તેનો સૂર્યના કિરણો સાથે સંબંધ છે. સૂર્યના કિરણોને લીધે ફૂલોમાં જુદા જુદા રંગો આવે છે. તમને પ્રશ્ન થશે કે સૂર્યના કિરણો બધાં ફૂલો ઉપર સમાન રૂપથી પડે છે. છતાં અલગ અલગ રંગ થવાનું કારણ શું? તેના જવાબમાં વૈજ્ઞાનિકો એમ કહે છે કે સૂર્યના કિરણો ગ્રહણ કરવાની ભિન્નતાને કારણે ફૂલોના રંગમાં પણ ભિન્નતા દેખાય છે. જે ફૂલ સૂર્યના કિરણોને પોતાનામાં લઈને પોતાનો વધારેમાં વધારે ત્યાગ કરે છે. તે ફૂલનો રંગ એકદમ સફેદ થાય છે. જે થોડો ત્યાગ કરે છે તેનો રંગ આછો ગુલાબી થાય છે. જે એનાથી ઓછો ત્યાગ કરે છે તેનો રંગ પીળો થાય છે. જે એનાથી પણ ઓછો ત્યાગ કરે છે તેનો રંગ લાલ થાય છે. જે કિરણો વધારે લે છે પણ પોતાનો ઓછો ત્યાગ કરે છે તેનો રંગ લીલો થાય છે અને જે ફૂલ સૂર્યના બધા કિરણોને પોતાનામાં હજમ કરી જાય છે અને ત્યાગ બિલકુલ કરતું નથી તેનો રંગ એકદમ કાળો થાય છે. કાળો રંગ કિરણોને ખાઈ જાય છે.

એ વાત પ્રત્યક્ષ પ્રમાણથી સાબિત થાય છે. તમે જુઓ છો ને કે ફોટો પાડવાના

કેમેરા ઉપર કાળું કપડું રાખવામાં આવે છે. બીજા રંગનું કપડું રાખવામાં આવે તો સૂર્યના થોડા ઘણાં કિરણો અંદર પ્રવેશી જાય છે ને ફોટાને નુકસાન પહોંચે છે. પણ કાળો રંગ સૂર્યના કિરણોને અંદર પેસવા દેતા નથી. એકસરે લેવો હોય તો પણ તદ્દન અંધારું કરી દેવામાં આવે છે ને કાળા પડદા લગાવી દેવામાં આવે છે. તેનું કારણ એક જ છે કે સૂર્યના કિરણોને કાળો રંગ પચાવી લે છે. આ રીતે જે આત્મા પરભાવનો ત્યાગ કરી સ્વભાવ રૂપી સૂર્યના કિરણોને પોતાનામાં પચાવે છે. તેનો આત્મા પાપ રહિત, નિર્મળ ને શ્વેત બને છે.

ટૂંકમાં મારું કહેવાનું તાત્પર્ય એ છે, કે હે જીવ! તું પર દ્રવ્યોને પોતાના માનીશ નહિ. તું જ્ઞાતા–દૃષ્ટા બન. જોવું એ સ્વભાવ છે. કોઈપણ સારા કે ખરાબ પદાર્થ ઉપર આપણી દૃષ્ટિ તો પડે છે તેને જોવાની ના નથી. પણ જોયા પછી તેના પ્રત્યે આપણને રાગ–દ્વેષ થવો ન જોઈએ. આપણા સ્વભાવમાં વિકૃતિ આવવી ન જોઈએ. કોઈ બહેન નવા ઘાટની બંગડી પહેરીને આવી. તેને તમે જોઈ. જોઈ તેનો વાંધો નથી પણ તે જોયા પછી આ સારી છે. મને બહુ ગમે છે. મારે એવા ઘાટની બંગડી બનાવવી છે. આવો વિચાર થાય એ વિકૃતિ છે. દશ શેર દૂધના તપેલામાં એક ટીપું છાશનું પડી જાય તો દૂધ બગડી જાય છે. તેમ આપણા સ્વભાવમાં પણ જો વિકૃતિ આવી તો આત્માનું બગડી જાય છે. જેને દ્રવ્ય અને પર્યાયનું ભેદજ્ઞાન થયું હશે તે એમ વિચાર કરશે કે આ બંગડીમાં સોનું દ્રવ્યરૂપે છે. બંગડી, હાર–વીંટી આ બધા તેના પર્યાયો છે. આજે બંગડી બનાવી છે. કાલે નહિ ગમે તો તેને ભાંગીને હાર બનાવશે એટલે તેના પર્યાયો પલટાય છે પણ સુવર્ણ તો દ્રવ્યરૂપે તેમાં રહેવાવાળું છે. આ રીતે દરેક દ્રવ્યો તે દ્રવ્યરૂપે નિત્ય છે ને પર્યાય રૂપે અનિત્ય છે. દા. ત. તમારો પોતાનો ફોટો હશે તેમાં બાલપણાનો, યુવાનીનો અને વૃદ્ધાવસ્થાનો એ ત્રણે અવસ્થાના ફોટા જોશો તો એમ થશે કે નાનો હતો ત્યારે આવો હતો! યુવાન હતો ત્યારે કેવો હતો ને અત્યારે કેવો છું. આત્મા તો તે જ છે. પણ આ ત્રણ અવસ્થા તેના પર્યાયો રહેલ છે. આ શરીરનો સ્વભાવ સડણ, પડણ ને વિધ્વંસન રહેલો છે. આત્માથી શરીર પર છે. એક દિવસ છોડીને જવાનું છે છતાં તેની સાર સંભાળ રાખવામાં માનવ પોતાનો કેટલો અમૂલ્ય સમય બગાડે છે!

**આ દેહની પૂજામાં, દિન રાત વીતાવું છું,**
**કિંમતી સમય જીવનનો હું રાખમાં મિલાવું છું**
**મને આ દેહ ઉધ્ધારે, નરકમાં એ જ ગબડાવે,**
**દમું તો પાર ઉતરાવે નમું તો પાપ બંધાવે.**
**સાધન તરી જવાનું, કાંઠા ઉપર ડૂબાવું છું... આ દેહની...**

સવારે ઉઠયા ત્યારથી લઈને સાંજ સુધીમાં આ શરીરની પૂજામાં કેટલો સમય

વીતે છે! આ શરીરને કેટલા લાડ લડાવો છો? આ ચામડાનું શરીર છે. તમે ચામડાની પૂજા કરો છો ને? ચામડાની પૂજા કોણ કરે? બોલો તો ખરા, દેવાનુપ્રિયો!...ચમાર. હું તમને ચમાર નથી કહેતી તમારી જાતે તમે સમજી લેજો. બસ, એટલું સમજી લેજો કે દેહ તે હું નથી પણ દેહદેવળમાં બિરાજેલો દેહી તે દેહથી ભિન્ન છે. તમારા મકાનને બારીઓ મુકાવો છો શા માટે? બહાર જોવા માટે, તો શું બારી જોવાની છે? ના બારીએથી જોવાવાળો બીજો કોઇ છે. તે રીતે દેહમાં રહેવાવાળો દેહી દેહથી ભિન્ન છે. આટલું ભેદજ્ઞાન થશે તો પણ કંઈક પામીને જશો.

જેમને જડ-ચૈતન્યનું ભેદજ્ઞાન થયેલું છે. આત્મતત્ત્વને પામી ગયા છે તેવા મહાન આત્મા અનાથી નિર્ગ્રંથ મંડીકુક્ષ બાગમાં પધાર્યા છે. રાજા શ્રેણીક તે બગીચામાં આવી રહ્યા છે તે મંડીકુક્ષ બાગ કેવો છે, તેનું આપણે ગઈ કાલે વર્ણન કર્યું હતું કે તે બગીચો વિવિધ પ્રકારના વૃક્ષો અને લતાઓથી યુક્ત હતો. તે બગીચામાં ફળ-ફૂલ ઘણાં હતા તેથી ત્યાં બધા પક્ષીઓને પોષણ મળતું હતું. તેથી તે બગીચામાં વિવિધ પ્રકારના પક્ષીઓ પણ આવીને બેસતા હતા, આ બગીચો નંદનવન જેવો શોભતો હતો. તમને થશે કે આ અધિકારમાં અનાથી મુનિ અને શ્રેણીક રાજાની વાત આવે છે. પણ આ બગીચાનું વર્ણન કરવાની શી જરૂર છે? ભાઇ! બગીચાની કોઇ વિશેષતા નથી. તમારા વાલકેશ્વરને ડાયમંડ એરિયા કહેવામાં આવે છે. તમે હીરા ઘણા જોયા પણ મારા વાલકેશ્વરના ઝવેરીઓ આત્મારૂપી ડાયમંડની પિછાણ કરે તે દૃષ્ટિથી કહું છું. આમ તો નંદનવનમાં રત્નોની ભૂમિ છે. ખૂબ રમણીય છે, છતાં આ ભૂમિ જેવી નથી. તમને ટાઇલ્સમાં બેસવું ગમશે પણ કોઇ કહે કે બહાર માટીમાં બેસો. તો ગમશે? તમને માટી ગમતી નથી પણ અનાજ કાળી માટીમાં પાકે છે ને? ટાઇલ્સમાં ગમે તેટલું સારું અનાજ વાવો તો ઉગશે? ના. ભગવાન કહે છે હે શ્રાવક! તારું હૃદય કાળી માટી જેવું હોવું જોઇએ. કાળી માટી જેમ વરસાદનું પાણી પોતાના પેટાળમાં ઉતારી દે છે તેમ તારા હૃદયમાં વીતરાગ વાણીનું પાણી એકવાર પણ જો ઉતરી જશે તો મહાન લાભકારી બનશે. સાધુ વંદણામાં બોલીએ છીએ ને કે:-

**એક વચન મારા સદ્‌ગુરૂ કેરું, જો બેસે દિલમાંય રે પ્રાણી,**
**નરક ગતિમાં તે નહિ જાવે, એમ કહે જિનરાય રે પ્રાણી...સાધુજીને વંદના-**

સદ્‌ગુરૂનું એકજ વચન અંતરમાં ઉતરી જાય તો કામ થઇ જાય. તે મહાપુરૂષો શું કહે છે હે આત્મન્! તારી એકેક ક્ષણ લાખેણી જાય છે. બીજું બધું મળશે પણ કરોડો રૂપિયા આપતા ગયેલી ક્ષણ પાછી મળવાની નથી. તમારા જીવનની કિંમતી ક્ષણો ક્યાં ખર્ચાઇ રહી છે! રોજ સવારમાં ઉઠીને એક કલાક ન્યુઝ પેપર વાંચવામાં તે પેપર પણ એક જાતના નહિ. મુંબઇ સમાચાર, ગુજરાત સમાચાર, જન્મભૂમિ,

નવભારત ટાઈમ્સ, સંદેશ. આ બધા ઉપર ઉપરથી વાંચો તો પણ કલાક નીકળી જાય. કદાચ પેપર મોડું આવે તો એમ થાય કે હજુ પેપર નથી આવ્યું. દૈનિક સમાચાર જાણવાની કેટલી બધી ઈંતેજારી છે! તેટલી આત્માને જાણવાની જિજ્ઞાસા છે? અડધો કલાક પણ પ્રભુને પ્રાર્થના કરવાનું મન થાય છે! આત્મસ્વરૂપનું ચિંતન કરવાનું મન થાય છે? છાપું વાંચીને બાહ્ય ચિંતા જ કરવાની છે ને? હવે પરની પંચાત છોડી સ્વમાં ઠરો. જીવનમાં એકાદ મુખ્ય ગુણ આવ્યો હશે તો પણ કામ થઈ જશે.

મુંબઈ જેવી અલબેલી નગરીમાં એક કરોડપતિ શેઠ વસતા હતા. ખૂબ ધનવાન હતા, સાથે ધર્મવાન પણ ખૂબ. મોટા વહેપારી હતા. ધાર્મિક ક્ષેત્રમાં, સ્વધર્મીઓ અને ગરીબોની સેવામાં ખૂબ ધન વાપરતા હતા. એ સમજતા હતા આ સંપત્તિ અને શરીર વિનશ્વર છે. સાચો સગો તો પરમેશ્વર છે. પોતે ખૂબ પ્રમાણિક ને સત્યવાદી હતા. મરતા મરતા પોતાના પુત્રને પણ એક જ હિત શિખામણ આપી, કે બેટા! પૈસો તો આજ છે ને કાલે નથી. તું તારા જીવનમાંથી સત્યને કદી છોડીશ નહિ. સત્યનો દીપક જલતો રાખજે. પુત્ર ખૂબ સંસ્કારી હતો, તેણે એ સૂત્રને જીવનમાં વણી લીધું. "सच्चं खलु भगवं।" સત્ય એ જ ભગવાન છે. ખૂબ ન્યાય, નીતિ અને પ્રમાણિકતાથી વહેપાર કરે છે. પૈસાનો પાર નથી. પણ માનવીનો સમય સદા સરખો રહેતો નથી. પુણ્ય-પાપના પ્રવાહો આવ્યા કરે છે.

પુણ્યનો દીપક અસ્ત થવા આવ્યો. વહેપારમાં જ્યાં જુઓ ત્યાં ખોટ, ખોટ ને ખોટ. પાણીના પુરની જેમ પૈસાનો પ્રવાહ વહી ગયો, માથે કરજ ખૂબ વધી ગયું. તિજોરીનું તળિયું દેખાવા લાગ્યું. બધું ચાલ્યું ગયું. ખૂબ મોટા શેઠ હતા. **"ભાંગ્યું ભાંગ્યું તોયે ભરૂચ."** પાસે જે કંઈ છે તેમાંથી થોડું થોડું લેણદારોને આપી દઉં એમ વિચાર કરે છે. એને પૈસાની જરૂર નહતી. કોઈની રકમ વ્યાજે લેવા ઈચ્છતા ન હતા. છતાં લોકો પરાણે મૂકી જતા. એના વ્યાજમાં કંઈકનું ગુજરાન થતું હતું. ના પાડવા છતાં લોકો કહેતા અમારે વ્યાજની પણ જરૂર નથી. અમારી રકમ તમારે ત્યાં રાખો.

બંધુઓ! આ દુનિયા કેવી દોરંગી છે! ખબર પડે કે આના કરામાંથી એક ઈંટ ખરી પડી છે તો બધા ભેગા થઈને આખો કરો તોડી પાડે પણ એક ઈંટ પૂરે નહિ. એની એક ઈંટ પૂરી દે તો તેને કેટલો આનંદ થાય! કોઈ સ્વધર્મી બંધુ ઘસાઈ ગયો હોય ને મદદ કરે તો પાડોશી પણ ના જાણે. આગળના શ્રાવકો કેવા ગંભીર હતા! એમના ધંધામાં કદી ખોટ આવતી ન હતી. આજે તો નાણાં થોડા ને વહેપાર મોટા. તે સમયમાં શ્રાવકો પોતાની મૂડીના ચાર વિભાગ કરતા. એક ભાગ ધરતીમાં દાટતા, બીજા ભાગના નાણાં વહેપારમાં રોકાતા, ત્રીજા ભાગમાં ઘરમાં ઘરવખરી વસાવતા ને ચોથો ભાગ સુકૃત્યોમાં વાપરતા. એ ચાંદીના સિક્કા હતા, આજની જેમ કાગળીયા નહિ.

આજે તો નોટોનું ચલણ ન રહે તો કાગળીયા નકામા થઇ જાય. પણ જો સિક્કાનું ચલણ બંધ થઇ જાય તો ચાંદી તો ઘરમાં રહે ને? આજે તો માનવમાંથી નીતિ અને સચ્ચાઇ ગઇ ને ધરતીમાંથી રસકસ ગયા.

શેઠ માનતા હતા કે મારી પાસે જે કંઇ છે તેમાંથી બધાને આપી દઉં. તે પ્રમાણે સહુ સમય વિચારીને લઇ લેશે, પણ દુનિયા તો જુદી જ નીકળી. લેણદારોનો ધસારો થવા માંડયો. લાવો, લાવો ને લાવો. હવે શું કરવું. ખૂબ મૂંઝવણ થઇ. કર્મ કોઇને છોડતા નથી. "अप्पा कत्ता विकत्ता य" કર્મ કરવાવાળો પણ આત્મા છે ને ભોગવવાવાળો પણ આત્મા છે. કરમને શરમ નથી.

**છે કાયદો કર્મરાજનો, હિસાબ પાઇ પાઇનો,**
**વોરંટ વગડે આવશે, રાજ નથી પોપાબાઇનું.**

બંધુઓ! કર્મરાજાની કોર્ટમાં કોઇની હોંશિયારી ચાલતી નથી. કર્મરાજા કહે છે તું વગડામાં જઇને વસીશ તો પણ હું તારો પીછો નહિ છોડું. કોઇ માણસની પાછળ વોરંટ છૂટયું. તે એમ વિચાર કરે કે મુંબઇ છોડીને કલકત્તા ચાલ્યો જાઉં. કલકત્તા જઇ નામ બદલી નાંખે, વહેપારને બદલે ને છૂપો રહે પણ કર્મરાજા પાસે છૂપું રહેવાનું નથી. કર્મ તારો કેડો નહિ છોડે. કર્મ તો કરનારની પાછળ જાય છે. અહીં જ જુઓને! તમે દુકાને બેઠા છો. ગવર્મેન્ટનો ગુનો કર્યો તો ગવર્મેન્ટ કોને હાથકડી કરશે? કોને પકડશે? તે સમયે જો એમ કહેશો કે આ દાણચોરી ને બધું મેં મારી પત્ની, પુત્રો બધા માટે કર્યું છે. તે સમયે ગવર્મેન્ટ એમ નહિ કહે, કે ચાલો છ મહિનાની સજા છે તો બધાને એક એક મહિનાની સજા આપી દો. તો મહિનામાં પતી જશે. એ તો જે ગુનો કરે છે તે જ સજા ભોગવે છે.

આ શેઠના કર્મનો ઉદય થયો. પેઢી બંધ કરીને તેમણે સરકારને જાણ કરી. સરકારે તમામ સ્થાવર જંગમ મિલકતનું લિસ્ટ કરી કોર્ટમાં રજુ કરવાનું કહ્યું, આ વાતની લોકોમાં જાણ થઇ. ત્યારે કેટલાક સગાસંબંધીઓ કહેવા લાગ્યા કે ભાઈ જે છે તે બધું સરકારને બતાવી ન દેશો. બધું બતાવી દેશો તો બાવા થઈ જશો. ત્યારે કેટલાક એવી સલાહ આપવા લાગ્યા કે ભાઇ 'નાદારી' નોંધાવી દેજો." એટલે બધી કટકટ મટી જાય. જાણે અંતરથી સલાહ આપતા હોય તેમ સહુ કહેવા લાગ્યા. ચારે તરફથી વણમાગી સલાહો આપવા માંડી. શેઠે તો બધું મૌનપણે સાંભળ્યું. જે કોઇ મોઢે કહે તેને એટલું જ કહેતા કે મારે ન છૂટકે નાદારી નોંધાવવી પડે છે. પણ હું દગાખોર માણસ નથી. ખોટું નહિ લખાવું. મારા માતા પિતાએ પૈસાને હાથનો મેલ ગણ્યો છે એ મેલ માટે મારું મન મેલું કરું! શેઠે તો પોતાની પાસે જે કંઇ હતું. તેની આના પાઇ સાથે યાદી તૈયાર કરી કોર્ટમાં રજૂ કરી દીધી. આ જોઇ ન્યાયાધીશ તો આશ્ચર્યમાં પડી ગયા. ને મનમાં

વિચારવા લાગ્યા કે નાદારી તો ઘણાં નોંધાવે છે પણ આના જેવી ઇમાનદારી કોઇ બતાવતું નથી. આવો કસોટીનો સમય આવી ગયો છતાં દિલ કેટલું ચોખ્ખું છે! કોઇ જાતની શંકા વગર ન્યાયાધીશે તેની યાદી કબૂલ રાખી. જેનું દિલ સાફ હોય છે તેના ઉપર કોઇને શંકા રહેતી નથી.

એક વખતનો કહેવાતો મહાન શ્રીમંત નિર્ધન બની ગયો પણ તેનું સમગ્ર જીવન પ્રમાણિકતા અને સચ્ચાઇના વૈભવથી ભરેલું હતું. આ માતા પિતાના સંસ્કારનું બળ હતું. કોર્ટમાંથી બહાર નીકળ્યો ને તેને યાદ આવ્યું. તરત પાછો ન્યાયાધીશ પાસે આવ્યો. ન્યાયાધીશ વિચાર કરવા લાગ્યો કે કંઇ ફેરફાર કરાવવા આવ્યો લાગે છે પણ જુદું જ નીકળ્યું. તેમની આંગળીમાં એક હીરાની વીંટી રહી ગઇ હતી તે પણ ન્યાયાધીશને સોંપી દીધી. કેટલી સજ્જનતા! ન્યાયાધીશના માનસ ઉપર અનેરી છાપ પડી પણ સગાવહાલા બોલવા લાગ્યા કે ધર્મનો ઢીંગલો ને સતૂની પૂંછડી તે બાપનું નામ બોળ્યું. પોતે તો ભિખારી થયો સાથે બધાને ભિખારી બનાવ્યા. આમ અનેક પ્રકારે જેને જેમ ફાવે તેમ બોલવા લાગ્યા. શેઠ તો ઉદાર હતા. સગા સબંધીની નિંદા હસતે મુખડે સાંભળી લીધી. તેણે એક જ વિચાર કર્યો કે આ તો વેળા વેળાની છાંયડી છે. સાચી નીતિ રાખીશ તો કાલે સુખી થઇ જઇશ. રોટલો ને છાશના સાંસા પડવા લાગ્યા છતાં સમતા ભાવથી બધું સહન કરવા લાગ્યા.

આ શેઠના પિતાએ એક શેઠને પૈસા આપેલા પણ ચોપડે લખેલા નહિ, થોડી ઘણી યાદી પણ નહિ કરેલી. હવે પેલો વહેપારી કારણસર પૈસા આપી શકેલો નહિ. આ છોકરો આ વાત જાણતો નહિ વીસ વર્ષે એ વહેપારીએ માલ સહિત વહાણ મોકલ્યા ને કહેવડાવ્યું કે તમારા વહાણ આવ્યા છે લઇ જાવ. આ શેઠ વિચાર કરે છે મારે તો કોઇ વહેપાર ધંધો છે નહિ ને મારા વહાણ ક્યાંથી? તો કહે તમારા પિતાજીએ ફલાણા શેઠને પૈસા ધીરેલા તે વ્યાજ સહિત માલ અને પૈસા મોકલાવ્યા છે. ચોપડા તપાસ્યા પણ કંઇ નામ નિશાન મળતું નથી. વહાણ લેવા કેવી રીતે? છેવટે તે શેઠને બોલાવીને બધી વાત પૂછે છે. પૂરી ખાત્રી કર્યા પછી વહાણનો સ્વીકાર કર્યો. બે ક્રોડની મિલ્કત નીકળી, પૈસા મળ્યા એટલે શેઠે સર્વ પ્રથમ બધું દેણું ચૂકવી દીધું. એક ક્રોડનું દેણું ચૂકવ્યું ને એક ક્રોડ વધ્યા તેનાથી પાછો વહેપાર શરૂ કર્યો. જે સગા સંબંધી નિંદા કરતા હતા, જે સત્યનો પૂંછડો ને ધર્મનો ઢીંગલો કહી તિરસ્કારતા હતા તે બોલવા લાગ્યા કે "અંતે સત્યનો જય થયો." એણે દુઃખમાં પણ સત્ય અને નીતિ ન છોડયા તેનો આ પ્રભાવ છે. જુઓ એક વખત તિરસ્કાર કરનારી દુનિયા આજે શું બોલવા લાગી! આ છે દુનિયાની રીત. ટૂંકમાં સત્યનો જય છે. તમે આવો એકાદ ગુણ જો જીવનમાં અપનાવશો તો તમારો જય થશે.

જીવને સમ્યક્ત્વ રત્નની પ્રાપ્તિ કદાચ ન થઇ હોય પણ જો તેનું જીવન આ શેઠ જેવું હશે તો માર્ગાનુસારીનો ગુણ અવશ્ય પ્રગટ થયો છે. જ્યાં ગુણ પ્રગટે ને સહેજ નિમિત્ત મળે તો ત્યાં જીવો પામી જાય છે. શ્રેણીક રાજા મંડીકુક્ષ બગીચામાં ગયા ત્યારે માત્ર દેહના આનંદ માટે ગયા હતા. તેમને સમ્યક્ત્વરત્નની પ્રાપ્તિ થઇ ન હતી. હવે તે કેવો આત્મિક આનંદ પ્રાપ્ત કરીને આવશે તે વાત આગળ આવશે. જ્યાં બગીચામાં પગ મૂકયો ત્યાં અલૌકિક શીતળતાનો અનુભવ થવા લાગ્યો. એના મનમાં થયું કે આજે મારું અંતર અનેરો આનંદ અનુભવે છે તેનું કારણ શું?

બંધુઓ! આ બગીચામાં કોઇ જેવા તેવા સામાન્ય સંત ન હતા. મહાન સંત હતા. ખૂબ પ્રભાવશાળી ને ચારિત્રવાન હતા. સાચા ચારિત્રની છાપ જુદી જ પડે છે. દુનિયામાં ગુરૂ તો ઘણાં હોય પણ વીતરાગના સંતોની તોલે કોઇ ન આવે. કહ્યું છે કે–

**કાષ્ટે ચ કાષ્ટે તરતા યથાસ્તિ, દુગ્ધે ચ દુગ્ધે તરતા યથાસ્તિ।**
**જલે જલે ચાં તરતા યથાસ્તિ, ગુરુ ગુરૌ ચાં તરતા યથાસ્તિ ॥**

લાકડા લાકડામાં ફેર છે, સાગનું, સીસમનું, બાવળનું બધું લાકડું છે. પણ તેની કિંમતમાં ફેર છે. દૂધ દૂધમાં પણ ફેર છે. ગાયનું, ભેંસનું, થોરનું ને આકડાનું દૂધ છે, પણ ગાય કે ભેંસનું દૂધ માણસના શરીરને પુષ્ટિકારક છે. જ્યારે આકડાનું ને થોરનું દૂધ પીવે તો માણસ મરી જાય છે. તે જ રીતે પાણી પાણીમાં પણ અંતર છે. તમે દેશમાં જાવ છો ત્યાં અનુભવ થતો હશે કે જેટલું ખાવ તેટલું પાચન થઈ જાય. કારણ કે દેશનું પાણી હલકું હોય છે. હલકું પાણી ખોરાક પાચન કરાવે છે. સૌરાષ્ટ્રનું પાણી છાતીને મજબૂત કરે છે. શરીરમાં બળ આપે છે આ મારો જાત અનુભવ છે આ રીતે પાણી પાણીમાં પણ ફેર છે તે રીતે સંત સંતમાં પણ મોટું અંતર રહેલું છે. સાચા ગુરૂઓ તેમના શરણે આવનારને તારે છે ભોગ વિષયોનું વમન કરાવી તેને સાચો રાહ બતાવે છે કુગુરૂઓ સંસારમાં ડૂબાડે છે ગુરૂ કરો તો જોઇને કરજો. બહેનો ચાર આનાની માટલી ખરીદવા જાય તો ટકોરા મારીને ખરીદે છે આજે તો સાધુ જેમ કહે તેમ "હા જી હા" કારણ કે શ્રાવકો એટલા તૈયાર નથી. તમે સાચા શ્રાવક જો તૈયાર થશો તો કંઇક સાધુનો સડો દૂર થશે સાધુ પણ સમજી જાય કે આ શાસ્ત્રનો જાણકાર શ્રાવક મારી સામે બેઠો છે ગમે તેમ નહિ ચાલે મારી ભૂલ તરત પકડી પાડશે આવા તૈયાર શ્રાવક હોય તો જિનશાસન ઝળકતું બને.

શ્રેણીક રાજા મંડિકુક્ષ બગીચામાં જેમ આગળ વધતા ગયા તેમ તેમ તેમના અંતરનો ઉકળાટ શાંત થતો ગયો. બગીચાની શોભા જોતાં જોતાં મધ્ય ભાગમાં આવ્યા ત્યાં તેમણે શું જોયું:

तत्थ सो पासइ साहु, संजयं सुसमाहियं ।
निसन्नं रुक्खमूलम्मि, सुकुमालं सुहोइयं ।।

ઉત્ત. સૂ. અ. ૨૦, ગાથા ૪.

તે બગીચામાં તેમણે એક સંતને જોયા તે સંત કેવા હતા. પ્રથમ વિશેષણ આપ્યું છે "સંજયં" તેઓ સંયતિ હતા એટલે પાંચ ઇન્દ્રિઓ અને છઠ્ઠા મનને સંયમમાં રાખનાર હતા તે સુસમાધિવંત હતા એટલે પોતે આત્મ સમાધિમાં સ્થિર બનેલા હતા તેઓ આત્મસમાધિ–ધ્યાનમાં લીન હતા. દેહનું ભાન ભૂલી આત્મભાવમાં રમણતા કરી રહ્યા હતા તેઓ એક ઘટાદાર સુંદર વૃક્ષની નીચે બેઠેલા હતા. તેમનું રૂપ અલૌકિક હતું તેમનું શરીર સુકોમળ હતું. ઘણાની ચામડી બરછટ હોય છે ને ઘણાની ચામડી મખમલ જેવી કોમળ હોય છે આ મુનિનું શરીર મખમલ જેવું કોમળ હતું તેમનું રૂપ પણ મનોજ્ઞ હતું ને તે મુનિ સુખોચિત હતા હવે શ્રેણીક રાજા પણ રૂપ–ગુણ ને બુદ્ધિમાં કંઈ ઉતરતા ન હતા એવા શ્રેણીક રાજાએ બગીચામાં મુનિને જોયા હવે ત્યાં શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

કર્મ કેવી સજા કરાવે છે છતાં મહાન આત્માઓ પોતાના શુદ્ધ સ્વભાવમાં કેવા અડગ રહે છે! એવા સમભાવમાં સ્થિર રહેનાર સતી અંજનાનું ચરિત્ર આજથી શરૂ કરીએ છીએ.

**ચરિત્ર:**– અંજના સતીના નામથી આ ચરિત્ર રચાયું છે. એ અંજના સતીએ કર્મોદય સમયે કોઈને દોષ આપ્યો નથી. મહાન આત્માઓ નિમિત્તને બટકા ભરતા નથી. ઉપાદાન તરફ દૃષ્ટિ કરે છે. કુતરાને કોઈ લાકડી મારે તો તે લાકડીને બટકા ભરે છે ને સિંહને કોઈ ગોળી મારે તો તે ગોળીને જોતો નથી પણ ગોળીના મારનાર તરફ દૃષ્ટિ કરે છે. તેવી રીતે જ્ઞાની અને અજ્ઞાની આત્માઓ વચ્ચે તફાવત છે. જ્ઞાનીઓ કર્મના મૂળ કારણોને શોધે છે ને અજ્ઞાનીઓ હાયવોય કરે છે. અંજનાના માતા–પિતા કોણ હતા.

મહેન્દ્રપુરી નામની નગરી હતી અને મહેન્દ્ર નામના ન્યાય નીતિ સંપન્ન રાજા રાજ્ય કરતા હતા. પ્રજાનું પુત્રની જેમ પાલન કરતા હતા. તેમને મનોવેગા નામના અતિસ્વરૂપવાન પટ્ટરાણી હતા. તે ખૂબ ગુણવાન અને પતિવ્રતા હતા. એ મહેન્દ્ર રાજાને સો (૧૦૦) પુત્રો હતા. તે સો પુત્રો પછીની અંજના નામની પુત્રી હતી. જેનું નામ અંજના પાડવામાં આવ્યું હતું. અંજના સો ભાઈઓની એકની એક લાડકવાયી બહેન હતી. તે અતિ સૌંદર્યવાન હતી. તે સૌને ખૂબ પ્રિય હતી. તે ખૂબ લાડકોડથી ઉછરી રહી છે.

સમય જતાં અંજના મોટી થાય છે. યુવાનીના પગથારે પગ મૂકે છે. તમે

જાણો છો ને કે દીકરી યુવાન થાય એટલે મા-બાપને ચિંતા થાય કે ક્યારે સારો મુરતિયો મળે ને દીકરીને પરણાવીએ. અહીં અંજનાને માટે મહેન્દ્ર રાજાએ ઘણાં મુરતીયા જોયા પણ હજુ એકેય મુરતિયો પસંદ પડતો નથી. એટલે રાજા રાણીની ચિંતાનો પાર નથી. ઊંઘ આસમાનમાં ઊડી ગઈ છે. બીજે દિવસે પ્રભાતના પ્રહરમાં રાજા બે મંત્રીઓને બોલાવીને કહે છે તમે ફરીને અંજનાને માટે મુરતિયો જોવા જાવ અને તેમાંથી જે ગમે તેના ફોટા લેતા આવો જેથી અમે જોઈ શકીએ.

બીજે દિવસે બે મંત્રીઓ મહેન્દ્રપુરી નગરીથી રવાના થાય છે. થોડા સમય બાદ બંને મંત્રીઓ એકેક રાજકુમારનો ફોટો લાવે છે. પ્રથમ કુમારનું ચિત્ર જોઈ રાજા રાણી આનંદિત બને છે. શું એનું રૂપ છે! પછી બીજા કુમારનું ચિત્ર જોયું. બંને કુમારોના ફોટા સાથે રાખી સરખામણી કરો તો બેમાંથી એકેય ઉતરતા નથી. હવે કોની સાથે અંજનાના લગ્ન કરવા તે મૂંઝવણ ઊભી થઈ.

રાજા બંને મંત્રીઓને કહે છે તમે બંને આ ચિત્ર તો લઈ આવ્યા. બંને કુમારો સુંદર છે પણ તેમનો પરિચય આપો, એટલે પહેલો મંત્રી કહે છે મહારાજા! આ કુમારનું નામ મેઘકુમાર છે. તે વિદ્યાધરનાથ હિરણ્યાયનો પુત્ર છે ને સુમના નામની રાણીનો જાયો છે. ખૂબ ગુણવાન છે. એના ચિત્ર ઉપરથી એના ગુણોનો ખ્યાલ આવી જાય છે. "आकृतिः कथयति गुणान् ।"આકૃતિ ઉપરથી વ્યક્તિના ગુણો જાણી શકાય છે. રૂપ-કુળ-બળ-બુદ્ધિ અને ગુણ બધું સારૂં છે: વિશેષ શું કહું! પ્રથમ મંત્રીની વાત પૂરી થઈ એટલે બીજા મંત્રીને રાજા પૂછે છે હવે તમે બીજા કુમારનો પરિચય આપો. બીજા મંત્રીએ ઊભા થઈ મસ્તક નમાવીને કહ્યું મહારાજા! રત્નપુરી નગરી વિદ્યાધરોની દુનિયામાં પ્રસિદ્ધ છે. એ નગરના પ્રહ્લાદ નામના ગુણીયલ ને પરાક્રમી રાજા છે. કેતુમતી નામની તેમની પટ્ટરાણી છે તેમના પુત્ર પવનંજય (પવનકુમાર) અદ્ભુત પરાક્રમી અને ઘણી કળાઓના જાણકાર છે. એ કુમારના રૂપ ઉપરથી તેમના ગુણો પરખાઈ જાય છે.

બંને કુમારો રૂપ-ગુણમાં સમાન છે કોને અંજના આપવી તે નિર્ણય થતો નથી.-ત્યારે બંને મંત્રીને રાજા પૂછે છે. તમે તેમની જન્મકુંડલી લાવ્યા છો? ત્યારે પ્રથમ મંત્રી કહે છે મહારાજા એક વાત કહેવી રહી ગઈ રાજા ઉત્સુકતાથી પૂછે છે શું? ત્યારે મંત્રી કહે છે આ મેઘકુમાર ચરમશરીરી જીવ છે તેઓ ૧૮ વર્ષની ઉંમરે દીક્ષા લેવાના છે ને ૨૬ વર્ષની ઉંમરે આ જ ભવમાં મોક્ષે જવાના છે. મેઘકુમાર પવનકુમાર કરતાં મહાન ગણાય કારણ કે તે મોક્ષગામી જીવ છે તે ૧૮ વર્ષની ઉંમરે દીક્ષા લેવાના છે તો આપણી અંજના કુમારીને તેની સાથે કેવી રીતે પરણાવવી! તો હવે એક નિર્ણય કરીએ કે પવનજય કુમાર રૂપ-ગુણમાં મહાન છે, પરાક્રમી છે, ઉત્તમકુળ છે તો અંજનાનો

વિવાહ પવનંજય કુમાર સાથે કરવો તેમ નક્કી કર્યું. હવે પવનંજય કુમાર સાથે અંજનાના વિવાહ થશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં.-૮

## વિષય:- "નિર્ગ્રંથમુનિ કેવા હતા?"

**અષાડ વદ ૯ ને ગુરૂવાર** તા. ૩૧-૭-૭૫

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંત કરૂણાનિધી શાસ્ત્રકાર ભગવંતોએ આ જગતના જીવો સામે કરૂણાભરી દૃષ્ટિ ફેંકી. તેમણે જ્ઞાનદ્વારા જોયું કે આ જીવો શા માટે આટલી બધી દોડાદોડી કરી રહ્યા છે. તેમને શેનો તલસાટ જાગ્યો છે? તેમણે જ્ઞાનદ્વારા જાણ્યું કે આ સંસારમાં કીડીથી માંડીને કુંજર સુધીના દરેક આત્માઓ સુખના ઇચ્છુક છે. કીડીઓ પણ તડકેથી છાંયડે જાય છે. તે રીતે નાના મોટા સર્વ જીવોને સુખ ગમે છે. દુઃખ કોઇને ગમતું નથી ને સુખ મેળવવા રાત-દિવસ દોડાદોડી કરે છે. પણ વિચાર કરો, વાસ્તવિક સુખ કયું છે? ધનવાન-મધ્યમ અને ગરીબ દરેકને પૂછો સુખ કોને કહેવાય? જ્ઞાનીઓ તો કહે છે, આ સંસારમાં સુખ છે જ નહિ.

**ગૃહાવાસ મધ્યે વસે દેહભાજાં, સદાદ્રવ્ય ચિંતા સદા પુત્ર ચિંતા।**
**સદા દારા ચિંતા, સદા બંધુ ચિંતા, સુખં નાસ્તિ ચિંતા પરસ્યૈતિ કિંચિત્ ॥**

તમે સુખ માનો છો પણ સંસારમાં તમને ધનની, પુત્રપરિવારની, પત્નીની, કુટુંબીજનોની આદિ કેટલી ચિંતાઓ કોરી ખાય છે! છતાં તેમાં સુખ માનીને રાત દિવસ ગમે તેટલી મહેનત કરો છો પણ સુખ ક્યાંથી મળે? કોઇ માણસ પથ્થર ખોદીને પાણી કાઢવા માટે રાત-દિવસ મહેનત કરે તો કદી પાણી મળે? જ્યાં નદી કે દરિયો છે ત્યાં આસપાસ માટીમાં ખોદશે તો પાણીનો ઝરો નીકળશે પણ જ્યાં નથી ત્યાં ગમે ગમે તેટલા ફાંફા મારશે તો પણ ક્યાંથી મળશે?

આ જગતમાં સુખ બે પ્રકારના છે એક ભૌતિક સુખ અને બીજું આત્મિક સુખ. તેમાંથી તમે કયું સુખ પસંદ કરશો? બોલો, સુખ ક્યાં છે?

**જે સુખ ઢુંઢે તું જગમાં એ તો આભાસ છે (૨)**
**સાચા સુખનો તો તારા આંગણમાં વાસ છે (૨)**
**ઓ જીવડા રે...અંધારે ભટકયા કરવું તને શોભે ના....**
**મનવા જે સુખની કરે તું આશા તને નથી મળવાનું.**
**દોડાદોડી ફોગટ કરવી તને શોભે ના મનવા જે સુખની....**

મહાન પુરૂષો કહે છે હે સુખના ઈચ્છુક આત્માઓ! તમે જેને સુખ માનો છો, ને જેના માટે દોડાદોડી કરો છો તે સાચું સુખ નથી. તે તો માત્ર સુખનો આભાસ છે. સાચું સુખ તો તારા અંતર-ઘરમાં પડેલું છે. બોલો હવે તમારે કયું સુખ જોઈએ છે? તમારે મુંબઈથી અમદાવાદ, રાજકોટ કે જામનગર જવું હશે તો ટિકિટ માસ્તર પાસે કહેવું પડશે કે મને આ ટિકિટ જોઈએ છીએ. જ્ઞાનીઓ તમને પૂછે છે કે તમારે કયું સુખ જોઈએ છે? બાહ્ય સુખ અલ્પ કાળનું છે ને આત્મિક સુખ સદા કાળ ટકવાવાળું છે. કોને પસંદ કરશો? કદાચ તમને એમ થાય કે બાહ્ય સુખ પ્રત્યક્ષ દેખાય છે ને અનુભવાય છે પણ આત્મિક સુખ ક્યાં દેખાય છે? ભાઈ! આત્મિક સુખ બહાર નથી પણ અંદર છે. જેમ કોઈ હીરો કચરામાં દટાઈ ગયો છે તેથી તેનો પ્રકાશ દેખાતો નથી પણ તેથી હીરો નથી તેમ નથી. કચરામાંથી બહાર નીકળતા તરત પ્રકાશ દેખાશે. તે રીતે આપણો આત્મા એક કિંમતી કોહીનુર હીરા જેવો છે. તેના ઉપર જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર, અને અંતરાય એ આઠ કર્મ રૂપી કચરાના ઢગલા પડયા છે તેમાંથી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અને અંતરાય એ ચાર ઘાતી કર્મના કચરા સાફ થયા કે પ્રકાશ પ્રકાશ પથરાઈ જશે. પછી સુખ શોધવા બહાર જવું નહિ પડે.

આજનો માનવ સુખ મેળવવા માટે ઈન્ડીઆ છોડીને ફોરેન જાય છે. સુખ મેળવવા આખી દુનિયા ફરી વળ્યા. અહીં બેઠેલામાંથી ઘણાં ભાઈઓ વિદેશ જઈ આવ્યા છે. તો હું તમને પૂછું છું. બોલો, હવે તો સુખી થયા હશોને? સુખ મળ્યું કે નહિ એ તો તમારો આત્મા જાણે. કેમ ખરું ને? કે પછી બહારથી વૈભવશાળી દેખાવ છો પણ અંદર સુખ નથી. બહેનોની સાડી કબાટમાં ઘડીબંધ પડી છે તેવીજ દેખાય પણ અંદર ઉધઈ ખાઈ ગઈ. એક થીગડું મારે તેટલું કપડું પણ સારું નથી. તેમ તમે ઉપરથી ભભકાદાર દેખાઓ છો પણ અંદરથી તમારી દશા કેવી કફોડી છે તે તમને ખબર છે. કેમ બરાબર ને? (હસાહસ) છતાં આ વિનશ્વર વૈભવ મેળવવા કેટલો પરિશ્રમ કરો છો? ભાવનાશતકમાં કહ્યું છે કે:-

"હે લક્ષ્મી જબ તેરે હિત, સદા કઠિન શ્રમ કરતા હૈ,
તેરે સંચય કરકે તુઝકો, બડે યત્ન સે રખતા હૈ,
ચોરો સે રક્ષણ કરતા હૈ, લેતા સુખ કી નીંદ નહિ,
તૂ ન તનિક પર સ્થિર રહતી પર, નિર્દય ઉસકે યહાં કહી!

ખૂબ પરિશ્રમ કરી પૈસો પ્રાપ્ત કર્યો. તેને સાચવવા આજની સરકાર સામે કેટલા કાવાદાવા કરવા પડે છે. તેને મેળવતાં કેટલા જોખમ ખેડવા પડે છે. કમાઈને લાવ્યા

પછી તેને સાચવવામાં ઊંઘ પણ ઊડી જાય છે. છતાં લક્ષ્મી કાયમ તમારા ઘરમાં ટકી શકતી નથી. એને માટે કેટલી મહેનત કરો છો?

આ ઝવેરીઓ સવારના આઠ વાગ્યાના એસોડ કરવા બેસે તે બે વાગ્યે જમવા ઉઠે ને પાછા ત્રણ વાગ્યે બેસે તે સાંજ સુધી એસોડ કરે છે પણ થાક લાગતો નથી. અને એકાગ્રતા કેટલી કે કોણ આવ્યું ને કોણ ગયું તે ખબર નથી હોતી. ઘણાં કહે છે કે માળા ગણુતા ને સામાયિકમાં અમારું ચિત્ત સ્થિર રહેતું નથી તો હીરા જોતી વખતે ચિત્ત કેમ સ્થિર હતું! એ બતાવે છે કે ધંધા પ્રત્યેનો જીવને જેટલો રાગ છે તેટલો ધર્મ પ્રત્યેનો નથી. ભૌતિક સુખ મેળવવા ભૂત બનીને તેની પાછળ ભમો છો. હજુ અંતર ખોજ કરી નથી. જ્યારે આત્મિક સુખની પિછાણ થશે ત્યારે ભૌતિક સુખ ફિક્કા લાગશે.

મહાન પુરૂષો કહે છે કે ભૌતિક સુખ કેવું છે? તેના માટે એક ન્યાય આપ્યો છે. એક પાતાળ કૂવો છે ને બીજો છીછરો કૂવો છે. છીછરો કૂવો બનાવતા બહુ મહેનત નથી પડતી પણ પાતાળ કૂવો ખોદવામાં કેટલી મહેનત કરવી પડે છે. તેની ખબર છે? પાતાળમાંથી પાણી કાઢવા માટે મશીનરી મૂકવી પડે છે. અમે અમદાવાદથી રાજકોટ જતા હતા. રાજકોટ જતાં રસ્તામાં મોટા મોટા પથ્થરના ડુંગરા આવે છે. ને ઘણી જગ્યાએ ઊંડા ખાડા પડી ગયા હતા. એક વટેમાર્ગુને પૂછયું. ભાઈ? અહીં પથ્થર છે. પાણી કયાંય દેખાતું નથી તો આ મોટા કૂવા શા માટે ખોદયા છે? ત્યારે પેલો ભાઈ કહે મહારાજ! એ કૂવા નથી. અહીં પથ્થર લેવા ઘણાં લોકો આવે છે તેમને પથ્થરની જરૂર પડે ત્યારે આ પથ્થરમાં દારૂગોળો મૂકી દૂર ભાગી જાય છે. એ દારૂગોળો ફૂટે એટલે ભીતરમાંથી મોટા પથ્થરો ઉછળીને બહાર પડે ને તે જગ્યામાં આવા ઊંડા ખાડા પડી જાય. બંધુઓ! તે રીતે કર્મ રૂપી પહાડો તોડવા માટે દારૂગોળો જોઈશે. તે દારૂગોળો કયો છે? સમ્યક્દર્શન, જ્ઞાન અને ચારિત્રનો દારૂગોળો મૂકવામાં આવશે તો કર્મરૂપી મોટી શીલાઓ બહાર આવી જશે. પરિણામે આત્મા કર્મરહિત બની જાય.

## એક જ દે ચિનગારી, મહાનલ એક જ દે ચિનગારી

કર્મની ગંજીઓને બાળવા એક જ દારૂગોળો બસ છે. જેમ કરોડો મણ રૂની ગંજી હોય તો તેને બાળવા કરોડો મણ અગ્નિની જરૂર પડતી નથી. તેના માટે એક નાનકડી ચિનગારી બસ છે. તેમ કરોડો વર્ષોના સંચિત કરેલા કર્મોને બાળવા માટે સમ્યક્દર્શનનો એક દારૂગોળો બસ છે. પછી એ કર્મરાજાની તાકાત નથી કે ઉભા રહી શકે. બિચારા રાંકડા બની જશે. જ્યારે કર્મરાજા જોર જમાવે છે ત્યારે ચેતનદેવ જો વિભાવમાં રમતા હોય તો તે રાજા હોવા છતાં રંક બની જાય છે. પણ શકિતનું ભાન ભૂલી જાય છે. હાયવોય કરે છે, રડે છે ને મૂંઝાઈ જાય છે. પણ જ્યારે સમ્યક્દર્શનની ચિનગારી પ્રગટ થાય છે ત્યારે કર્મોદય સમયે આત્મા એ વિચાર કરે છે, કે હે જીવ

શા માટે રડે છે? ભગવાને કહ્યું છે કે "कत्तारमेव अणुजाई कम्मं ।" કર્મ કરનારની પાછળ જાય છે. કર્મ જે કરે છે તેને ભોગવવું પડે છે. હજારો ગાયો ઉભી હોય પણ વાછરડું તેની મા હોય ત્યાં જાય છે. માતાથી વિખુટું પડીગયેલું બાળક એની માતાને દેખે છે કે તરત વળગી પડે છે. તેમ કર્મ પણ કરનારને વળગે છે. તે રીતે તારા કરેલા કર્મો તને ઉદયમાં આવ્યા છે તેમાં રડવાનું શું? જીવને સમજ આવશે ત્યારે આવા ભાવ આવશે.

પાતાળ કૂવો ખોદતાં ખૂબ જીવન જોખમ ખેડવું પડે છે. છેવટમાં પાતાળ કૂવો ખોદાઇ ગયા પછી પાણીની અછત રહેતી નથી. ચોવીસે કલાક પાણી ચાલુ રહે છે. નદીમાં જ્યાં રેતી હોય ત્યાં બહેનો વીરડા ખોદે છે. તેમાં છાલીયા વડે પાણી ઉલેચે છે. પાંચ-વીસ બેડા પાણી ઉલેચે છે ને વીરડો ખાલી થઈ જાય છે. તેમ તમારું માનેલુ સુખ પણ વીરડાના પાણી જેવું છે. થોડો સમય સુખ ભોગવો ને ચાલ્યુ. જાય. વળી પુણ્યનો ઉદય થાય તો પાછું સુખ મળી જાય છે. જ્યારે આત્મિક સુખ મેળવતાં કષ્ટ પડશે. પાતાળ કૂવો ખોદતાં કષ્ટ પડે છે પણ એક વાર કૂવો ખોદાઇ ગયા પછી પાણીના પુવારા ઉડયા જ કરે છે. તેમ એક વખત આત્મિક સુખના ઝરણા વહેતા થશે પછી તેની મજા કોઇ જુદી જ હશે. એ સુખના ઝરણાંમાંથી આનંદ લૂંટયા જ કરો. પછી એ આનંદ વધતો જ જશે. અમને ગુરૂદેવના શરણે આવ્યા પછી એવો આનંદ ને એવું સુખ મળી ગયું છે કે તેની સીમા જ નથી. એવા ગુરૂદેવનું શરણું લઇને તમને સમજાવું છું કે આ છાલીયાના પાણી જેવા ભૌતિક સુખ જીવ અનંતકાળથી ભોગવે છે ને કર્મબંધન કરે છે. હવે આત્મિક સુખનું શાશ્વત ઝરણું જીવનમાં વહાવવું હોય તો દિશા બદલો.

એક છોકરો દોડી રહ્યો હતો. દોડતો દોડતો જતો હતો. તેને જોઈને સ્વામી રામતીર્થ કહે છે હે લડકા! તારે ક્યાં જવું છે? બેટા! ઊભો રહે. આમ બેબાકળો ક્યાં જઇ રહ્યો છે? બંધુઓ! મહાન પુરૂષો ભાષા કેવી મધુરી ને મીઠી બોલે છે. તમને બદામ કેવી મીઠી લાગે છે. સુખી લોકો હોય તે બદામ ખાય. મધ્યમ લોકો શિંગ ખાય ને બિચારા સાવ ગરીબ હોય તે દાળીયા ખાય છે. તેમને મન એ બદામ છે. તો બદામ જેમ મીઠી લાગે છે તેમ જ્ઞાની પુરૂષ કહે છે હે માનવ? તું ભાષા બોલ તો આવી મીઠી બોલજે. સ્વામી રામતીર્થે કહ્યું-લડકા! તું કયાં જાય છે? ત્યારે છોકરો કહે છે બાપુ! હું પકડવા જાઉં છું. તો પૂછે છે કોને પકડવા જાય છે? ત્યારે છોકરો કહે છે આ મારા પડછાયાને પકડવા જાઉં છું. હું દોડી દોડીને થાકી ગયો. હું ઝડપે ચાલુ છું તો પડછાયો પણ ઝડપે ચાલે પણ પકડાતો નથી. મારી આગળ દોડે છે. ત્યારે સ્વામી રામતીર્થ કહે છે બેટા! જો તારા પડછાયાને પકડવો હોય તો તારે એની પાછળ દોડવાની જરૂર નથી. પણ પડછાયાને તારી પછવાડે દોડતો કર. તારું મુખ ફેરવી નાંખ. તારું મુખ સૂર્ય તરફ

ફર પછી તું ચાલવા માંડ. જો પડછાયો તારી પાછળ ચાલવા માંડે છે કે નહિ? બોલ, તારે પડછાયાને ક્યાંથી પકડવો છે? ત્યારે બાળક કહે છે મારે એને માથાથી પકડવો છે. જો તારે એને માથેથી પકડવો હોય તો તારા માથાને પકડ એટલે એનું માથું તારા હાથમાં આવી જશે. જરા મોઢું ફેરવવાનું હતું. એ પશ્ચિમ તરફ દોડતો હતો તેના બદલે મોઢું પૂર્વ તરફ કરવાનું કહ્યું. બાળકે જરા મુખ ફેરવ્યું અને જોયું તો એ જેમ ચાલતો ગયો તેમ તેમ પડછાયો એની પાછળ આવતો ગયો. એનું માથું પકડાઈ ગયું. આ જોઈ બાળક ખુશ થઈ ગયો.

દેવાનુપ્રિયો! આ બાળકની જેમ જીવને પણ દિશા બદલવાની જરૂર છે. વર્ષોથી જીવ સુખ મેળવવા દોડયા કરે છે. આટલું મેળવી લઉં. આટલું મેળવી લઉં એ સુખ મેળવવા પૃથ્વીના પટ ઉપર ફરી વળ્યો પણ કહો તો ખરા તમે સુખી થયા? સુખના દર્શન કર્યા, જો સુખ મળી ગયું હોય તો હજુ શા માટે ફર્યા કરો છો? જરા ઠરીને બેસોને! સુખ મળી ગયા પછી ભમવાની જરૂર જ ક્યાં છે? તમે એક ફ્લેટ લેવા ગયા. મનગમતો ફ્લેટ મળી જાય એટલે સામાન લઈને ત્યાં રહેવા જાઓ ને! પણ ફ્લેટ લીધા પછી એવું તો નથી કરતા ને કે ફ્લેટ વાલકેશ્વરમાં લીધો છે ને રહો છો ભૂલેશ્વરમાં! ટૂંકમાં હું તમને એ કહેવા માગું છું કે તમે જેમાં સુખ માનો છો તેમાં જ જો સુખ હોય તો એ સુખ તમને, છોડીને શા માટે ચાલ્યું જાય છે ને દુઃખ કેમ આવે છે? હજુ સુધી દિશા બદલાતી નથી. વર્ષો પૂર્વે જેવા હતા તેવાં ને તેવાં જ જો આપણે હોઈએ તો એ વાત નકકી થાય છે સુખ મેળવવા દોડાદોડ કરી છે કે પણ હજુ સુખ મળ્યું નથી.

આ બાબતમાં ગંભીરતાપૂર્વક વિચાર કરવો પડશે. જેટલા ઊંડાણથી, ગંભીરતાથી, શાંતિથી અને પ્રસન્નતાથી અંતરમાં ઊંડા ઉતરશો તેટલું જલ્દી સુખ મળશે. પણ જો ઉતાવળ કરશો, કંટાળો લાવશો તો વર્ષો સુધી દોડયા કરશો તો પણ સુખ નહિ મળે, આત્મિક સુખ મેળવવાની રીત આમ જોવા જાઓ તો બહુ સહેલી છે. ને આમ જોવા જાઓ તો કઠિન પણ છે. એક ચિંતકે કહ્યું છે કે **"તદ્ દૂરે તદ્ અંતિકે"** જે તને અત્યંત દૂર લાગે છે તે તો એકદમ તારી નજીકમાં છે પણ નજીકની વસ્તુ આપણને દેખાતી નથી. ચશ્મામાં બે દૃષ્ટિ હોય છે. એક લાંબી દૃષ્ટિ ને બીજી ટૂંકી દૃષ્ટિ, આપણી પરિસ્થિતિ પણ એવી છે કે જે વધારે નજીક છે એ દેખાતું નથી. કારણ કે એ વધારે સુક્ષ્મ છે. પણ જે વધારે દૂર છે એ દેખાય છે. કારણ કે એ વધારે સ્થૂલ છે. સ્થૂલ દેખાય છે. સૂક્ષ્મ દેખાતું નથી. સ્થૂલદૃષ્ટિ બંધ થાય ત્યારે એ સુક્ષ્મ તત્ત્વ દેખાય છે. તમે એ તો જાણો છો ને કે ફિલ્મ ચાલુ થાય છે ત્યારે બધી લાઈટો બંધ કરી દેવામાં આવે છે. એ વખતે પડદા ઉપર બહારનો પ્રકાશ ખૂબ પડતો હોય તો પડદા ઉપર દેખાતી આકૃતિઓ ઝાંખી દેખાય છે. જે પ્રતિબિંબ આવી રહ્યું છે એને જોવા માટે આસપાસની બધી લાઈટો બંધ કરવી પડે છે તેવી રીતે આપણે અંદરની વસ્તુ જોવા માટે બહારની

દૃષ્ટિને બંધ કરવી પડે. બહારની દૃષ્ટિ બંધ થાય તો આંતરિક દૃષ્ટિનું અવલોકન થાય છે. દેવાનુપ્રિયો ! આ રીતે આપણે એ સમજવાનું છે કે જે સુખને તમે દૂર દૂર શોધી રહ્યા છો તે સુખ આત્મામાં ભરેલું છે. જો આત્મામાં અક્ષય અને અનંત સુખનો ખજાનો ભરેલો ન હોત તો મહાન પુરૂષો એ ખજાનાને પ્રાપ્ત કરી શકયા ન હોત. એ મહાન-પુરૂષ આત્મિક સુખને પ્રાપ્ત કરી ચૂકયા છે ને આપણને પ્રાપ્ત કરવા માટે ચાવીઓ બતાવી ગયા છે.

જેમના અંતરમાં આત્મિક સુખના ફુવારા ઉડે છે એવા અનાથી નિર્ગ્રંથ મંડીકુક્ષ ઉદ્યાનમાં પધાર્યા છે. શ્રેણીક મહારાજા પણ અલૌકિક શાન્તિનો અનુભવ કરતા કરતા બગીચામાં આવે છે. ત્યાં તેમણે શું જોયું :-

तत्थ सो पासइ साहु, संजयं सुसमाहियं ।
निसन्न रुक्खमूलम्मि, सुकुमालं सुहोइयं ।।

ઉત્ત. સૂ. અ. ૨૦, ગાથા ૪.

શ્રેણીક રાજાએ એક મહાન પવિત્ર સંતને જોયા. તે સંત કેવા હતા? તેના અહીં ત્રણ વિશેષણ આપ્યા છે: સાધુ, સંયતિ, સુસમાધિવંત. અહીં સંતને સુસમાધિવંત શા માટે કહેવામાં આવ્યા છે? સાધુ અને સંયતિ શબ્દની સાથે સુસમાધિવંત કહેવાનું કારણ એ છે કે કેટલાક સાધુઓ સંયતિ હોય છે. ક્રિયાઓ બધી સાધુ જેવી કરે છે પણ તત્ત્વોની શ્રધ્ધામાં ફેર હોય છે. જમાલિ, ગોશાલક આદિની શ્રધ્ધામાં ફેર હતો. ગોશાલક ભગવાનની સાથે રહેતો હતો પણ ભગવાનની આજ્ઞા વિરુધ્ધ ચાલતો હતો. જમાલિએ ભગવાનના વચનોને ઉથલાવ્યા તો કિલ્વિષિમાં ઉત્પન્ન થવું પડયું. ખંધકમુનિ ભગવાનની આજ્ઞાનો અનાદર કરીને ૫૦૦ શિષ્યો સાથે વિહાર કરી ગયા તો ઘાણીમાં પીલાવું પડયું. ચિત્તમાં અસમાધિ પેદા થઇ, જે શિષ્યો ગુરૂની આજ્ઞામાં રહે છે તે મહાન સુખી થાય છે. ગુરૂની ગમે તેવી આજ્ઞા હોય તો પણ તહેત્ કરવી જોઇએ. વિનિત શિષ્ય તો એ વિચારે કે ગુરૂ જે કહે છે તે મારા લાભ માટે છે.

મિલેટ્રીમાં સૈનિકોને તેનો સેનાપતિ કહે કે ચાલો તો ચાલવા માંડે ને કહે ઊભા રહો તો ઊભા રહે. પછી વચમાં ખાડા ટેકરા ગમે તે આવે તો પણ ચાલવાનું એટલે ચાલવાનું. કૂવો આવે તો પણ ચાલવાનું. લશ્કરની, પોતાના સૈનિકોની ચિંતા તેના સેનાપતિને હોય છે. કૂવો આવશે તો એ તરત કહેશે અટકી જાવ. તેમ શિષ્ય ગુરૂની આજ્ઞા શિરોમાન્ય કરે તો કલ્યાણ થઇ જાય ને ગુરૂની આજ્ઞા શિરોમાન્ય ન કરે તો શિષ્ય ધર્મ ચૂકી જાય છે. જે શિષ્ય વિનયવાન અને શ્રધ્ધાવાન હોય છે તેના ચિત્તમાં સમાધિ હોય છે. આ મુનિ આવા સમાધિવંત હતા તેથી અહીં મુનિને સુસમાધિવંત કહેવામાં આંવ્યા છે.

આ મુનિ ખૂબ સુકુમાર હતા. તેમનું રૂપ અથાગ હતું. કામદેવને પણ જીતી લે તેવું એમનું રૂપ હતું. ને કાયા ખૂબ સુકોમળ હતી તેથી સુકુમાર કહેવામાં આવ્યા છે. અને સુખોચિત હતા. તેનું કારણ એ છે તેઓ સુખમાં ઉછર્યા હતા. કદી દુઃખ જોયું ન હતું. આવા મુનિને જોતાં શ્રેણીક રાજાના રૂંવાડા ખડા થઇ ગયા. અંતરમાં ખૂબ આનંદ પ્રગટયો. જેમ ભૂખ્યાને ભોજન મળે, તરસ્યાને પાણી મળે ને આંધળાને આંખ મળે ને જેટલો આનંદ થાય તેથી અધિક આનંદ આ મુનિને જોતાં શ્રેણીક રાજાને થયો. ચેલ્લણા રાણીના સંસર્ગથી કંઇક જિજ્ઞાસા જાગી હતી તે હવે વધુ ઉત્કૃષ્ટ બની, મુનિનું બગીચામાં આવવું ને રાજાને ફરવા આવવું. નિમિત્ત નૈમિત્તિક સબંધ ભેગો થયો છે. તમે લોનાવાલા હવા ખાવા ગયા હો ત્યાં અચાનક સંતોનું ટોળું દેખો તો કેટલો આનંદ થાય! તેવી રીતે શ્રેણીક રાજાને ખબર ન હતી કે બગીચામાં કોણ આવ્યું છે? અચાનક સંતના દર્શન થતાં તેમના અંતરમાં અનેરા આનંદના ફુવારા ઉડી રહ્યા છે. હવે આગળ શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

## ચરિત્ર:- પવનજી અંજનાને જોવા માટે આવે છે ત્યાં શું બને છે?

અંજનાના માતા પિતાએ રત્નપુરી નગરીના રાજા પ્રહલાદના પુત્ર પવનકુમાર સાથે સગપણ કરવાનું નક્કી કર્યું. શુભ દિવસે સગાઈ થાય છે. જોષીને કહે છે તું સારામાં સારું મુહૂર્ત કાઢી દે. રાજપુરોહિતે જોયું. સારામાં સારું મુહૂર્ત કાઢવા જાઉં તો મોડું આવે છે. બહુ ઊંડા ઉતરવાની જરૂર નથી. એમ વિચારી જોષીએ નજીકનું મુહૂર્ત કાઢી આપ્યું. લગ્નનો દિવસ નજીક આવી ગયો. બંને રાજભવનોમાં લગ્નની તૈયારીઓ ચાલે છે. લોકો અંજનાના ખૂબ વખાણ કરે છે. લગ્નના ફક્ત સાત દિવસ બાકી હતા. તે સમયે પવનકુમાર તેમના મિત્રને પૂછે છે અંજનાના ખૂબ વખાણ થાય છે તો ચાલને આપણે મહેન્દ્રપુરી જઇને અંજનાને જોઇ આવીએ. મિત્ર કહે છે એ આપણા કુળનો રિવાજ નથી. હવે લગ્નની કયાં વાર છે? સાત દિવસ પછી જોવાની જ છે ને? પવનકુમાર કહે છે માતા-પિતા બધા સૂઇ જશે પછી વિમાન લઇને ઉપડી જઇશું. એ સમયમાં લગ્ન પહેલાં વર કન્યા મળતા ન હતા કે લગ્ન પહેલાં જોવા જવાનો રિવાજ એ જમાનામાં ન હતો. લજ્જા-મર્યાદા ખૂબ હતી. આજે તો છોકરીના મા-બાપ મુરતીયાને ઓળખતા ન હોય ને મુરતીયાના મા-બાપે કન્યાને જોઇ ન હોય. પણ વર કન્યા પોતે જ નક્કી કરી આવે. પછી ભલેને ગમે તે થાય. પવનજીને અંજનાને જોવાની તાલાવેલી ખૂબ લાગી છે. એટલે બંને મિત્રો વિમાનમાં બેસીને મહેન્દ્રપુરીમાં આવે છે.

અંજનાકુમારી મહેલના સાતમે મજલે સુંદર સિંહાસન ઉપર બેઠી છે. આજુબાજુ સખીઓ બેઠી છે. બધી સખીઓ સાથે અંજના વાર્તા-વિનોદ કરી રહી છે. આ તો વિદ્યાધર પુત્ર હતા. પોતાની વિદ્યાથી પોતાનું વિમાન અદૃશ્ય રીતે અંજનાને જોઈ શકાય તેવી રીતે

ઊભુ રાખ્યું. પવનકુમારે અંજના કુમારીને જોઇ. એનું રૂપ સૌંદર્ય જોઇ પવનકુમાર ઠરી ગયા. શું એનું રૂપ છે! જાણે દેવલોકની અપ્સરા! અને એ બોલે છે તો જાણે મોઢામાંથી અમી ઝરે છે. કેવું મીઠું બોલે છે! એના મિત્રને કહે છે તું જો તો ખરો. અંજનાને જોઇને મિત્રને કહે છે હું એકેક મિનિટ અંજનાને મળી આવું. મોહનીય કર્મનો કેવો ઉછાળો છે! મિત્ર કહે છે અત્યારે મળવા ન જવાય. આપણા કુળને કલંક લાગે. આ રીતે ખૂબ સમજાવ્યા. પણ પવનજી અંજનાને જોતાં ધરાતા નથી. વખાણ કરતાં થાકતા નથી.

બંધુઓ! જોજો, હવે કર્મનો કેવો ઉદય થાય છે! પાંચ મિનિટ પહેલાં પવનકુમાર અંજનાને કેટલી ચાહે છે! જેની પાછળ પાગલ બન્યા છે. તેના કેવા કર્મોનો ઉદય થશે. અંજનાની સખીઓ તેની મીઠી મજાક ઉડાવે છે. એક સખી બોલી– અંજના! તું તો કેવી ભાગ્યવાન છે કે તને પવનકુમાર જેવા પતિ મળ્યા! ત્યારે બીજી સખી બોલી, અરે વસંતમાલા! તું તો ખરેખર માખણ લગાવે છે. જે અઢાર વર્ષે દીક્ષા લઇને છવ્વીસમા વર્ષે કર્મના બંધન કાપી મોક્ષમાં જવાના છે એવા મેઘકુમારને છોડીને પવનકુમાર સાથે લગ્ન કરવાનું નક્કી કર્યું છે તે શું સારું થયું છે? ત્યારે વસંતમાલા કહે બહેન! મેઘકુમાર ગમે તેટલા ઉત્તમ હોય પણ અલ્પ આયુષ્યવાળો પતિ આપણી સખીને શા કામનો? પતિ તો દીર્ઘાયુષ જ હોવા જોઇએ ને! ત્યારે ત્રીજી સખી બોલી– વસંતમાલા! તારી બુદ્ધિ તો બહેર મારી ગઇ લાગે છે. અમૃત થોડું હોય તો પણ અમૃત એ અમૃત! પણ ઝેરના મોટા માટલા ભર્યા હોય તો પણ શા કામના? આ સમયે અંજના મૌન રહી, કારણ કે મેઘકુમારનું ઘસાતું બોલે તો મોક્ષગામી જીવની અશાતના થાય છે ને પોતાના જેમની સાથે લગ્ન થવાના છે એવા પવનકુમાર વિષે પોતે બોલી ન શકે, કારણ કે તે સમયમાં મર્યાદા ખૂબ હતી. એટલે શરમને કારણે નીચું જોઇને બેસી રહી. અંજનાની સખીઓનો વાર્તાલાપ પવનજીએ સાંભળ્યો. અંજનાનું મૌન પવનજીના હૃદયમાં કોઇ જુદો વિચાર જન્માવી ગયું.

પવનકુમારના મનમાં એવો વિચાર આવ્યો કે બીજી સખી મારી સરખામણી ઝેર સાથે કરે છે છતાં અંજના મૌન બેસી રહી. માટે જરૂર એના મનમાં મેઘકુમાર વસેલો છે. જો એના હૃદયમાં હું વસેલો હોત તો એની સખીને બોલતી બંધ કરી દેત. પવનકુમારના ક્રોધની જવાળા ભભૂકી ઉઠી. બસ હવે તો અંજના અને તેની સખી બંનેને મારી નાંખું. મ્યાનમાંથી તલવાર બહાર કાઢી મારવા માટે વિમાનમાંથી જવા જાય છે ત્યાં એના મિત્રએ પકડી રાખ્યો. પવન! તું આ શું કરે છે? આ તારી રીત છે! હજુ તું એને પરણ્યો નથી. અરે, તું પરણવા માટે આવે ને ત્રણ ફેરા તેની સાથે ફરે ત્યાં સુધી તારો હક્ક નથી. ચોથો ફેરો ફરે પછી તારો હક્ક છે. માટે અહીં તું કંઇ જ કરી શકશે નહિ અને અંજના કેટલી નિર્દોષ બાળા છે! એ અત્યારે મૌન રહી

ને સખીને બોલતી અટકાવી નહિ તેનું કારણ શરમ છે. નહિ કે તેના દિલમાં મેઘકુમારનું સ્થાન છે. આ રીતે તેનો મિત્ર પવનકુમારને ખૂબ સમજાવી મહામુશીબતે રતનપુર લઇ ગયો. પણ પવનકુમારનો ક્રોધ ઓછો ન થયો. ઘરે આવીને કહે- હવે મારે એ અંજના ના જોઇએ. મિત્ર એને ખૂબ સમજાવે છે. આ તરફ લગ્નની ફૂલ તૈયારી ચાલી રહી છે જ્યારે પવનકુમારના દિલમાં અંજના પ્રત્યે તિરસ્કાર છૂટયો છે.

જુઓ, પવનકુમાર કેટલા કોડથી અંજનાને જોવા ગયા હતા. એનું રૂપ જોઇ પવનકુમારનું હૈયું હર્ષથી નાચી ઉઠયું હતું. એના મીઠા મીઠા બોલ સાંભળતા કાન ધરાતા ન હતા. જે એક ક્ષણ પહેલા અંજનાને મળવા કેટલો ઉત્સુક બન્યો હતો તેના પ્રત્યે કેટલી નફરત થઇ! તેને મારવા માટે તૈયાર થયા. આ શું બતાવે છે- કર્મરાજા જીવને કેવા નાચ નચાવે છે. અંજનાને તો આ વાતની ખબર નથી. એ તો નિર્દોષ છે. હવે પવનકુમારના દિલમાં ક્રોધની જ્વાળા ભભૂકી ઉઠી છે. તેમના લગ્ન કેવી રીતે થશે ને અંજના સતીને માથે કેવા કષ્ટ પડશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં. ૯

**અષાડ વદ ૧૦ ને શુક્રવાર** **તા. ૧-૮-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંત કરૂણાનિધી શાસનસમ્રાટ વીર પ્રભુએ જગતના જીવોના કલ્યાણ માટે *આગમવાણી પ્રકાશી. આગમ એટલે અનંતકાળથી પોતાનું ભાન ભૂલી ભવાટવીમાં* ભ્રમણ કરતા આત્માને સ્વરૂપનું દર્શન કરાવનાર અરીસો. આ અરીસામાં જે મનુષ્ય દૃષ્ટિ કરે છે તેને સ્વ-સ્વરૂપનું દર્શન થાય એ નિઃશંક વાત છે. બીજું મહાન પુણ્યયોગે આપણને આ ઝળહળતું જિનશાસન મળ્યું છે. આ કોઇ સામાન્ય શાસન નથી. અમૂલ્ય શાસન છે. કેવી રીતે? હું તમને સમજાવું, સાંભળો.

જેમ કોઇ માણસને બકાલાની, અનાજની, કરિયાણાની હાટડી માંડવી હોય તો એ નાના ગામડામાં માંડી શકે છે ને તેની આવકમાંથી પોતાનું ગુજરાન ચલાવી શકે છે. પણ જેને ઝવેરાતની પેઢી ખોલવી હોય, હીરાનો વેપાર કરવો હોય તેને તો અમદાવાદ, મુંબઈ, સુરેન્દ્રનગર, રાજકોટ જેવા મોટા શહેરમાં કરી શકાય. નાના ગામડામાં કોઈ હીરા ખરીદનાર ન મળે. કદાચ કોઇ ગામડામાં હીરાનો વેપાર કરવા જાય તો તમે એને મૂર્ખો જ કહોને? તેમ સામાન્ય પુણ્યોપાર્જન અને સામાન્ય કર્મક્ષયની ક્રિયા તો બીજા ધર્મોમાં પણ થઇ શકે છે. અન્ય ધર્મીઓ ફરાળીયા ઉપવાસ કરે છે. કોઇ ધૂણી ધખાવીને બેસે છે. કોઇ સેવાળ ખાઇને રહે છે ને અકામ નિર્જરા કરી સામાન્ય પુણ્ય

ઉપાર્જન કરે છે. પણ વિશિષ્ટ પુણ્યાનુબંધી પુણ્યનો અને વિશિષ્ટ કર્મક્ષયનો વહેપાર તો જિનશાસનરૂપી મહાનગરમાં જૈન ધર્મરૂપી વેપાર સિવાય બીજે ક્યાંય થઈ શકતો નથી.

આ જિનશાસનરૂપી મહાનગર એવું બંદર છે કે જો મનુષ્ય જાગૃત રહીને ધર્મનો વહેપાર ધમધોકાર ચલાવે ને સ્વની પિછાણ કરે તો આત્માનું ઉત્થાન થઈ જાય. આ ધર્મની ગાડી જીવને ઠેઠ મોક્ષના સ્ટેશને ક્ષેમકુશળ લઈ જાય છે. જ્યારે બીજા ધર્મની ગાડીઓ અધવચ ઉતારી મૂકે છે. આપણે અધવચ બેસી રહેવું નથી. આત્માનું ઉત્થાન કરી મોક્ષમાં જવું છે. જ્યાં પરની પિછાણ, પરનો રાગ ત્યાં કર્મનું બંધન અને આત્માનું પતન છે. હીરાના વહેપારીને મોટી વખાર કે મોટા ગોદામ રાખવા પડતા નથી. એક નાનકડું પડીકું ખીસ્સામાં હોય પણ તેના લાખોના મૂલ્ય હોય છે. તેમ જૈન ધર્મની સમજણપૂર્વકની નાનીશી કરણી મહાન લાભ અપાવે છે. કોઈ ગામડિયો માણસ ઝવેરીની દુકાન ખાલી જોઈને કહે અહીં તો માખીઓ ઉડે છે ને બકાલાની દુકાને માણસોની ઠઠ જોઈને કહે આનો વેપાર ધમધોકાર ચાલે છે. પણ એને ખબર નથી કે બકાલાના મૂલ્ય કેટલા ને હીરાના મૂલ્ય કેટલા? ઝવેરીની દુકાને મહિનામાં એકાદ બે ઘરાક આવી જાય તો કામ થઈ જાય. હીરાના ઘરાક તો ઓછા જ હોય ને? એક કવિએ પણ કહ્યું છે કે:-

**હીરાનો વેપાર તું તો ઝવેરાતનો જાણકાર....વીરા તારે હીરાનો વેપાર.**
**બીજા જન્મો ખાણ કોલસાની, માનવ હીરાની ખાણજી.**
**ધર્મ તત્ત્વોને નહિ સમજે તો અફળ જશે અવતાર....વીરા તારે...**

બોલો, હવે તમે શેના વેપારી છો! હીરાના કે બકાલાના? વાલકેશ્વરમાં તો હીરાના વેપારીની દુકાને ભલે ઘરાકોની ઠઠ જામતી ન હોય પણ લાખોની કમાણી કરી લે છે. કાછીયાની દુકાને ઘરાકોની ભીડ જામતી હોય પણ નફો સામાન્ય થાય છે.

આ ગીતમાં કવિ શું કહે છે. હે વીરા! તું હીરાનો વેપારી છે. ઝવેરાતનો જાણકાર છે. મનુષ્ય જન્મ એ હીરાની ખાણ જેવો છે. બીજા જન્મો કોલસાની ખાણ જેવા છે. મનુષ્યભવમાં જે આત્મતત્ત્વ જીવ પામી શકે છે તે બીજા જન્મમાં નહિ પામી શકે. માટે તમે હવે સાચા ઝવેરી બની મનુષ્ય જન્મની એક ક્ષણ પણ નિષ્ફળ જવા દેશો નહિ. આવો યોગ ફરી ફરીને મળશે નહિ માટે કામ કાઢી લો.

જેમણે મનુષ્ય જન્મ પામી તકને ઓળખી છે, જેમના અંતરમાં આત્મિક સુખના ફુવારા ઉડી રહ્યા છે તેવા અનાથી નિર્ગ્રંથ મંડિકુક્ષ બગીચામાં પધાર્યા છે. એક સુંદર વૃક્ષ નીચે ધ્યાનાવસ્થામાં બેઠા છે. આ તરફ શ્રેણીક રાજા પોતાના શરીરના આનંદ માટે બગીચામાં આવ્યા. બગીચામાં ફરતા ફરતા જે વૃક્ષ નીચે મહામુનિ બેઠેલા છે ત્યાં આવ્યા. મુનિની મુખમુદ્રા જોતાં તેમના અંતરમાં એવો આનંદ થયો ને મનમાં થયું કે

અહો! હું કોને જોઉં છું? મુનિએ શ્રેણીક રાજા સામે જોયું પણ નથી. તેમની સાથે બોલ્યા પણ નથી છતાં કેવું આકર્ષણ! મુનિને જોઈને મહારાજા શ્રેણીક બધું ભાન ભૂલી ગયા. એ મુનિ સુસમાધિવંત હતા. પોતે આત્મ-સમાધિમાં લીન બનેલા હતા. ચારિત્ર નિર્મળ હતું. પોતે આત્મસાધના કરતાં હતા ને બીજાને કરાવતા હતા. સાધુ કોને કહેવાય? "साधयति स्वपर कार्यांणि इति साधु।" પોતાનું કલ્યાણ કરે અને પોતાને શરણે આવેલાનું કલ્યાણ કરાવે તેનું નામ સાધુ.

જેઓ સૂતેલા આત્માને જગાડનાર છે, જેના ચરણમાં આપણી જીવનનૈયા ઝુકાવવાની છે તે ગુરૂ કેવા હોવા જોઈએ? નૌકાને સામે કિનારે લઈ જવામાં નાવિકનો મુખ્ય આધાર છે, તેમ સંસારસાગર પાર કરાવવામાં મુખ્ય આધાર ગુરૂ છે. આ જગતમાં ગુરૂઓ બે પ્રકારના છે.

**गुरवो वहवः सन्ति, शिष्यद्रव्यापहारकाः।**
**गुरवो विरला सन्ति, शिष्य चित्तोपकारकाः॥**

કેટલાક ગુરૂઓ એવા હોય છે કે જે પોતાની વાહવાહ માટે, પોતાની નામના માટે, પોતાની જરૂરિયાતો માટે પોતાના શ્રાવકો-ભકતો પાસે ધન ખર્ચાવનારા હોય છે. આવા ગુરૂઓ આ જગતમાં ઘણાં મળશે પણ શિષ્યના ચિત્તને, શિષ્યના અંતરાત્માને ઉપકાર કરનારા, શિષ્યોનું-ભકતોનું એકાંત હિત કરાવનારા ગુરૂઓ બહુ ઓછા જોવા મળશે.

પોતાના ભકતોનું અને શિષ્યોનું કલ્યાણ કોણ કરાવે? જેને પરિગ્રહની મમતા ન હોય તે, નાવ તરે ક્યારે? જે નાવ સુરક્ષિત-છિદ્ર વિનાની હોય અને જેમાં વધારે પડતો ભાર ન હોય તે. પ્લેનમાં પણ જો વધારે પડતો ભાર હોય તો જિંદગી સલામત રહેતી નથી. તમે પ્લેનમાં મુસાફરી કરો છો એટલે જાણો છો ને અમુક કિલો વજન જ પ્લેનમાં લઈ જવા દે છે. વધુ વજન લઈ જવા દેતા નથી. કારણ કે તેને અધ્ધર આકાશમાં ઉડવાનું છે. વધારે પડતું વજન હોય તો ન ઉડી શકાય. બંધુઓ! પ્લેન ચલાવવું સહેલું છે પણ સંસાર સમુદ્રને તરવા માટેની નાવ ચલાવવી અઘરી છે, એમાં તો ઓછામાં ઓછો ભાર જોઈએ. નાવ ચલાવનાર નાવિક હોંશિયાર હોવો જોઈએ. જે નૌકાનો નાવિક જાગૃત ન હોય અને એમાં જો વધુ પડતો ભાર ભર્યો હોય તો નૌકા સલામત રહેતી નથી, તેમ ગુરૂ પણ એવા હોવા જોઈએ કે જે શિષ્યોનું હિત ચિંતવનાર હોય એવા ગુરૂ મળે તો શિષ્યની નૌકા તરી જાય. કરોડો રૂપિયા ભકતો ગુરૂના ચરણે ધરી દે પણ તેના સામી દૃષ્ટિ પણ ન કરે.

એક વખત એક શહેરમાં એક બહુરૂપી આવ્યો. એક દિવસ તે સાધુનો વેશ લઈ એક કરોડપતિને ત્યાં ગયો. શેઠે તેને આવકાર આપ્યો ને એક ચટાઈ પાથરી તેને

બેસવા માટે વિનંતી કરી એટલે તે ચટાઇ ઉપર બેઠો. આ સંસાર કેવો અસાર છે, આ શરીર કેવું ક્ષણભંગુર છે તે ખૂબ સારી રીતે સમજાવીને તેણે સચોટ ઉપદેશ આપ્યો ને કહ્યું– શેઠ! હવે તમે વૃદ્ધ થયા છો. ખાનાર કોઇ નથી તો મળેલી સંપત્તિનો સદુપયોગ કરો. સાધુનો ઉપદેશ સાંભળી બધાના દિલમાં થઇ ગયું કે વાત તો સાચી છે. સાથે શું લઇ જવાનું છે? ઘરના બધા કહેવા લાગ્યા કે આપે અમને સદુપદેશ આપી અમારા ઉપર મહાન ઉપકાર કર્યો છે. શેઠાણીએ કબાટમાંથી સોના મહોરોનો થાળ ભરી સાધુના ચરણમાં ધર્યો અને કહ્યું– આપે અમને લક્ષ્મીની ચંચળતા સમજાવી તેથી આપ આ ગ્રહણ કરીને અમને આશીર્વાદ આપો. પણ આ સાધુનો વેશ ધારણ કરનાર બહુરૂપી કહે છે– ના, મને એ ન ખપે. એમ કહીને તે સાધુ ચાલતો થઇ ગયો. તેથી શેઠને સાધુ પ્રત્યે બહુમાન જાગ્યું. આ બહુરૂપી એ ગામમાં એક મહિનો રહીને જુદા જુદા વેશ એણે ભજવ્યા અને મહિના પછી શેઠ પાસે આવીને તેણે રજા માંગી. ત્યારે શેઠે પૂછયું મહિના પહેલા અમારે ત્યાં એક સાધુ આવ્યા હતા. તેમના જેવી તમારી મુખાકૃતિ દેખાય છે. ત્યારે બહુરૂપીએ કહ્યું– તમારી વાત સાચી છે. તે સાધુ હું પોતે જ હતો. તે વખતે શેઠે કહ્યું– તમે તે સમયે સોના મહોરોથી ભરેલો થાળ લઇ લીધો હોત તો અત્યારે આ ભીખ માંગવી પડત નહિ. ત્યારે બહુરૂપીએ કહ્યું– હું બહુરૂપી છું. મેં તે વખતે સાધુનો વેશ લીધો હતો. જે સમયે જે વેશ લીધો હોય તેને વફાદાર રહેવું તે વિવેકી મનુષ્યનું કર્તવ્ય છે.

બંધુઓ! બહુરૂપી પણ એટલું સમજે છે કે સાધુ એટલે તદ્દન નિસ્પૃહી. તો મારાથી સાધુનો વેશ લઇને પરિગ્રહની મમતા કેમ કરાય? તે પણ પોતાના વેશને વફાદાર રહે છે. સાધુને જો તમારા વૈભવનો, તમારી સંપત્તિનો રાગ હોય તો તમને ત્યાગમાર્ગ કેવી રીતે સમજાવી શકે? બીજા જીવોને ત્યાગ ઉપર રાગ કરાવવા માટે સાધુના જીવનમાં સંપૂર્ણ ત્યાગ હોવો જોઇએ. સાધુ એટલે જગતના તારણહાર. તમે સમજી લો કે અમારા વધી ગયેલા પરિગ્રહ રૂપી વાળને ઉતારનાર તે સાચા સાધુ છે. વાળ વધી જાય તો કપાવો છો ને? નખ વધી જાય તો કાપી નાંખો છો ને? જો નખ ન કાપી નાંખો તો મેલ ભરાઇ જાયછે. ને કયારેક તે આખો ઉખડી જાય. તેવી રીતે પરિગ્રહ ખૂબ ભેગો થાય છતાં તેની મમતા ન ઉતારો તો એક દિવસ અનિચ્છાએ પણ મમતા ઉતારવી પડશે. સંતના ઉપાસક એવા શ્રમણોપાસકે ઓછામાં ઓછા બે નિયમ તો અંગીકાર કરવા જોઇએ. એક સ્વદારા સંતોષ અને બીજું પરિગ્રહનું પરિમાણ. પોતાની પત્ની સિવાય આ જગતમાં જેટલી સ્ત્રીઓ છે તેમને માતા અને બહેનની દૃષ્ટિથી દેખે. જેનામાં આવી દૃષ્ટિ નથી તેનું જગતમાં સ્થાન નથી. તેવી રીતે પરિગ્રહ વધતો જાય પણ તેની મર્યાદા કરવામાં ન આવે તો જેવી રીતે રબરના ફુગામાં પવન ભરવામાં આવે

તો છેવટે તે ફૂટી જાય છે તેવી દશા પરિગ્રહની મર્યાદા ન કરનારની થાય છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં ભગવંતે કહ્યું છે કે :-

जहा लाहो तहा लोहो, लाहा लोहो पवड्ढइ ।
दोमास कयं कज्जं, कोडीए वि न निट्ठियं ।।

ઉત્ત. સૂ. અ. ૮, ગાથા ૧૭.

જેમ જેમ લાભ મળતો જાય તેમ તેમ લોભ વધતો જાય છે. લાભથી લોભની અભિવૃદ્ધિ થાય છે. કપિલ બે માસા સોનું લેવા રાજા પાસે ગયો. રાજાએ તેની ઈચ્છા પ્રમાણે માંગવાનું કહ્યું. આટલું માંગુ, આટલું માંગુ એમ વિચાર કરતાં આખું રાજ્ય માંગી લેવાનું મન થયું છતાં તેને તૃપ્તિ ના થઈ. છેવટે સમજાયું કે તૃષ્ણાનો અંત નથી. અંતે વૈરાગ્ય પામીને દીક્ષા લઈ લીધી. આ દુનિયામાં ગ્રહ નવ છે. કોઈ કહે મને મંગળ નડે છે. કોઇ કહે શનિ ને કોઈને પનોતી નડે છે. એ નવગ્રહથી વધારે હેરાન કરનાર પરિગ્રહ એ દશમો ગ્રહ છે. શનિશ્વરની પનોતીમાંથી માણસ સાડાસાત વર્ષે છૂટે છે પણ આ પરિગ્રહની પનોતીમાંથી આખી જિંદગી સુધી તૃષ્ણાવંત માણસ છૂટી શકતો નથી. માટે મારા બંધુઓ! હવે પરિગ્રહ પ્રત્યે મમતા ઓછી કરી મર્યાદા કરી દો. આપણું જીવન શાંતિથી પસાર થાય માટે મહાન પુરૂષોએ આવો સુંદર માર્ગ બતાવ્યો છે.

જિંદગીના અંત સુધી પરિગ્રહની મૂર્છા ન છૂટે તો તેના બૂરા હવાલ થાય છે. રૂપિયા મેળવવા માટે જન્મે ને રૂપિયા રૂપિયા કરતાં મરે એવા તો આ જગતમાં ઘણાં જોયા, પણ આત્મા માટે જન્મે ને આત્મા માટે મરે એવી તો વિરલ વ્યક્તિઓ હોય છે. ટૂંકમાં ગુરૂ એવા હોવા જોઈએ કે શિષ્યનું હિત થાય એવો ઉપદેશ આપે. પરિગ્રહ આદિના સંગથી છોડાવે જે સાધુ ઉપદેશ પરિગ્રહના ત્યાગનો આપતા હોય પણ પોતે પરિગ્રહમાં ડૂબી ગયેલા હોય તો તેમના ઉપદેશની અસર થતી નથી. સાંભળો, એક મહાત્માની વાત. રત્નાકર પચ્ચીસીના રચનાર રત્નાકરસૂરિ મહારાજ ખૂબ વિદ્વાન અને પ્રખર ઉપદેશક હતા. તેમની પાસે થોડા સાચા મોતી હતા. એક વખત તેઓ વ્યાખ્યાનમાં પરિગ્રહ કેવો અનર્થકારી છે ને પરિગ્રહનો ત્યાગ કરવો જોઇએ એમ વ્યાખ્યાનમાં સચોટ ઉપદેશ આપતા. તે શ્રાવકોને પૂછે છે કે સમજાયું? તે વખતે એક રૂનો વહેપારી શ્રાવક હતો તે ખૂબ વિચક્ષણ ને ગંભીર હતો. તેણે કહ્યું ગુરૂદેવ! નથી સમજાતું. રત્નાકરસૂરિ મહારાજ જુદી જુદી રીતે પરિગ્રહ ત્યાગનું વર્ણન કરે છે, પણ પેલા શ્રાવકને સમજાતું નથી. છેવટે વિચાર કરતાં તેમને સમજાયું કે જ્યાં સુધી મને આ મોત્તીની મમતા છે ત્યાં સુધી શ્રાવકોને ગમે તેટલો ઉપદેશ આપું તો તેની અસર ક્યાંથી થાય? એટલે તેમણે મોતી વાટીને તેનો ભૂકો કરીને ફેંકી દીધા. બીજે દિવસે હૃદયની વિશુદ્ધિપૂર્વક સુંદર ઉપદેશ આપ્યો ત્યારે શ્રાવક કહે ગુરૂદેવ! હવે સમજાઈ ગયું.

જેણે સંસારનો ત્યાગ કર્યો, સંસારની વસ્તુ વમી નાંખી. હવે તેના મનમાં કે તનમાં પરિગ્રહની મમતા સહેજ પણ ના હોવી જોઇએ "एगोहं नत्थि मे कोइ नाहं मन्नस्स कस्सइ।" એવા સૂત્રનું ચિંતન કરનારા સંતો એમ વિચારે કે આ જગતના બધા *પૌદ્‌ગલિક સબંધો મારા આત્માથી પર છે. આવું ચિંતન* હમેંશા કરનારા ગુરૂઓના મનના એ જ ભાવ હોય કે જલ્દી સૌ જીવોનું કલ્યાણ કેમ થાય! પારસમણિને લોખંડ અડે અને તે લોખંડ સોનું ન થાય તો સાચો પારસમણિ નથી. તેમ આપણે ગુરૂ પાસે જઇએ અને પાપ માટે પશ્ચાતાપ ન થાય, આત્મા તરફ લક્ષ ન થાય તો સમજવું કે આપણે ખરી રીતે ગુરૂ પાસે ગયા નથી. કદાચ ગયા છીએ તો તેમના ગુણોનો સ્પર્શ બરાબર આત્માએ કર્યો નથી.

સાચા શિષ્યો એવા હોય કે ગુરૂના એકેક વાકયને અંતરમાં ઘૂંટયા કરે. પણ આજે તો ઉપદેશ સસ્તો થઇ ગયો છે. શ્રોતા એવા હોવા જોઇએ કે જેમ કોરી ભૂમિ ઉપર વરસાદ પડે તે વખતે કોરી જમીન એક ટીપું પાણી પણ બહાર ન જવા દે. બધું પાણી બરાબર ચુસી લે તેવી રીતે શ્રોતાજનો પણ બ્લોટીંગ પેપર જેવા બનીને આવે ને ઉપદેશને બરાબર હૃદયમાં ધારીને જાય તો જીવનમાંથી ઘણા દુર્ગુણો ઓછા થઇ જાય ને આત્મા પવિત્ર બને. ગૌતમ સ્વામી જેવા શિષ્ય અને આનંદ જેવા શ્રાવકો પ્રભુના એકેક વાકયને હૃદયમાં ઘૂંટતા હતા.

સાચો શિષ્ય કોને કહેવાય? જે ગુરૂનો સાચો ભક્ત હોય તે. ગુરૂ શિષ્યના કલ્યાણની ચિંતા કરે ને શિષ્ય કલ્યાણ કરવાની આશાથી ગુરૂ પાસે આવે છે, ગુરૂ પાસે સંસારના સુખો મેળવવાની આશાથી આવવાનું નથી. સટ્ટાના આંકડા આપનારા કે સંસારના સુખ માટે હાથ જોઈ આપનારા ગુરૂ એ ગુરૂ નથી. તે પાપશ્રમણ છે. ગુરૂ પાસે તો આત્માની શાંતિ માટે આવવાનું છે.

મહારાજા શ્રેણીક શરીરની શાંતિ માટે આવ્યા છે. પણ ત્યાગી સંતને જોતાં તેમના આત્મામાં મંથન થવા લાગ્યું. અલૌકિક શીતળતા લાગવા માંડી. હજુ મુનિએ તેમના સામી દૃષ્ટિ પણ કરી નથી. એક શબ્દ પણ બોલ્યા નથી, છતાં કેવો પ્રભાવ પડયો! અહીં અનાથી મુનિ ગુરૂ છે ને શ્રેણીક રાજા તેમના શિષ્ય બનશે. જ્યારે એકબીજા સાથે વાર્તાલાપ થશે ત્યારે કેવી મઝા આવશે તે વાત આગળ આવશે. આવા ગુરૂ શિષ્યની જોડી પૂ. છગનલાલજી મહારાજ સાહેબ અને પૂ. રત્નચંદ્રજી મહારાજ સાહેબની હતી. એવા પૂ. ગુરૂદેવ છગનલાલજી મહારાજ સાહેબની આજે નિર્માણ કરેલી પુણ્યતિથિ છે.

જૈન ધર્મના મહાન જ્યોતિર્ધર પૂ. છગનલાલજી મહારાજ સાહેબ ખંભાતના વતની હતા. તે ગુરૂદેવનો અમારા ઉપર મહાન ઉપકાર છે. તેમના પિતાશ્રીનું નામ અવલસંગભાઈને માતાનું નામ રેવાકુંવર બહેન હતું. પોતે *રાજપૂત જ્ઞાતિના હતા. તેમના*

પિતા નવાબી રાજ્યમાં નોકરી કરતા હતા. ખંભાત નવાબી રાજ્ય છે. પૂ. છગનલાલજી મહારાજ સાહેબ સંસારાવસ્થામાં અફીણનો ધંધો કરતા હતા. તેમને એક જૈન ભાઈની સાથે મિત્રાચારી હતી. બંને મિત્રો સાથે હરવાફરવા માટે જતા હતા. તે સમયે પૂ. હરખચંદ્રજી મહારાજ ખંભાત પધાર્યા. એક દિવસ જૈન મિત્ર કહે છે હવે ચાર-પાંચ દિવસ તારી સાથે ફરવા નહિ આવું. ત્યારે છગનભાઈ પૂછે છે કેમ? તો મિત્ર કહે છે અમારા ગુરૂદેવ પધાર્યા છે એટલે સવારે તેમની વ્યાખ્યાન વાણીનો લાભ લેવાનો અને રાત્રે ધર્મચર્ચા થાય છે એટલે ત્યાં જઈશ. ત્યારે છગનભાઈ કહે છે તો હું ત્યાં આવી શકું? ત્યારે મિત્રે કહ્યું અમારા ધર્મસ્થાનકમાં આવવાની કોઈને માટે મનાઈ નથી. એટલે છગનભાઈ મિત્રની સાથે ઉપાશ્રયે ગયા. મિત્રએ જેવી રીતે વંદન કર્યું તે રીતે વંદન કરીને બેઠા. વ્યાખ્યાન સાંભળ્યું. એમને થયું કે આ સંતની વાણી કેવી મીઠી છે! એકેક વચન હૃદયમાં ઉતારવા જેવું છે. મને ખૂબ રંગ લાગ્યો. હળુકર્મી આત્માઓને જલ્દી અસર થઈ જાય છે. દરરોજ વ્યાખ્યાનમાં અને રાત્રે ધર્મચર્ચામાં ભાગ લેવા લાગ્યા. થોડા દિવસમાં વૈરાગ્ય રંગે રંગાઈ ગયા. તેઓ ખૂબ ક્રાન્તિકારી વિચારના હતા. થોડા સમયમાં સારો એવો જૈન ધર્મના જ્ઞાનનો અભ્યાસ કર્યો ને જૈનશાળા, શ્રાવિકાશાળા-યુવક મંડળની સ્થાપના કરી પોતે ભણાવવા લાગ્યા.

તેમના કાકા કાકીને ખબર પડી કે આને જૈન સાધુનો રંગ લાગ્યો છે. એટલે તેમને દીક્ષા નહીં આપવા માટે ને સંસારની ધૂંસરીએ જકડવા માટે ખૂબ પ્રયત્નો કર્યા. પણ જેનો આત્મા વૈરાગ્યના રંગે રંગાઈ ગયો છે તેમનું મન કોઈ હિસાબે સંસારમાં ચોંટતું નથી. જૈન મિત્રને પણ દીક્ષાના ભાવ હતા. એટલે કહે છગન! હું મારા માતા પિતાને એક દીકરો છું ને તું ક્ષત્રિય છે એટલે બંનેને રજા મળવી મુશ્કેલ છે. ચાલ, આપણે અહીંથી ક્યાંક ભાગી જઈએ. જ્યાં ગુરૂનો યોગ મળશે ત્યાં દીક્ષા લઈ લેશું. બંને મિત્રો ખંભાતથી ભાગી છૂટયા ને અમદાવાદ આવ્યા. ત્યાં તેમને પૂ. વેણીરામજી મહારાજનો સમાગમ થયો ને પોતાના અંતરની વાત રજુ કરી. ત્યારે પૂ. મહારાજે કહ્યું ભાઈ! આપણા જૈન ધર્મના કાયદા અનુસાર વડીલોની આજ્ઞા વિના મારાથી દીક્ષા આપી શકાય નહિ. આ તરફ બંને મિત્રોના વડીલો ખૂબ શોધ ચલાવે છે. છેવટે બંને અમદાવાદ દોશીવાડાની પોળેથી મળી જાય છે ને ઘરે લઈ જાય છે.

બંને મિત્રોને ઘરે લાવે છે. માતા-પિતા ખૂબ દબાણ કરે છે કે અમે તને દીક્ષા નહિ લેવા દઈએ. ખૂબ પ્રલોભનો આપે છે. એટલે વણીક ભાઈ ઢીલી દાળ ખાનારા પીગળી ગયા. પણ ક્ષત્રિયના બચ્ચા છગનભાઈ અડગ રહ્યા. સાચો વૈરાગી કદી છૂપો રહેતો નથી. તેમણે પોતાના કાકા કાકીને કહ્યું કે મારી એકેક ક્ષણ લાખેણી જાય છે. તમે મને શા માટે રોકો છો? શું મારું મૃત્યુ આવશે તો તેને તમે રોકી

શકવાના છો? આપ મારા આત્માનું બગાડો નહિ. આપણા કુળના સદ્‌ભાગ્ય છે કે મને આવો આત્મકલ્યાણનો પંથ મળ્યો છે. હવે મને જલ્દી આજ્ઞા આપો. તેમના પત્નીને પણ ખૂબ સમજાવ્યા. વૈરાગીના વૈરાગ્યભર્યા શબ્દોએ અદ્‌ભૂત અસર કરી. આખરે કુટુંબીજનોએ રજા આપી અને સંવત ૧૯૪૪ના પોષ સુદ દશમના પવિત્ર દિવસે પૂ. હર્ષચંદ્રજી મહારાજ સાહેબ પાસે સુરત મુકામે ભાગવતી દીક્ષા અંગીકાર કરી એક મહાન યોગી આત્મસાધના સાધવા તત્પર બન્યા. દીક્ષા લીધા પછી પૂ. ગુરૂદેવને તેમના શિરછત્ર પૂ. ગુરૂદેવ હર્ષચંદ્રજી મહારાજનો વિયોગ પડયો. સહનશક્તિના ભંડાર, જૈન ધર્મના યોધ્ધા પૂ. છગનલાલજી મહારાજ સાહેબ, પૂજ્યશ્રી ભાણજીરખજી મહારાજ તથા પૂ. શ્રી ગીરધરલાલજી મહારાજ સાથે વિચર્યા અને સંવત ૧૯૮૩માં પૂજ્ય પદવીનો ભાર પૂજ્યશ્રીના માથે આવી પડયો. પૂ. શ્રી છગનલાલજી મહારાજની ગંભીરતા, વિદ્વતા, કાર્યકુશળતા, તથા પ્રભાવશાળી વ્યક્તિત્વના પ્રભાવે જેમ ચંદ્ર સૂર્ય પ્રકાશે છે તેમ ભવ્ય જીવોએ તેમની છત્રછાયા નીચે આશ્રય લીધો અને અનેક જીવો ધર્મ પામ્યા. પૂજ્ય ગુરૂદેવ જ્યારે વ્યાખ્યાન વાંચે ત્યારે જાણે સિંહની ગર્જના થતી હોય તેવો પ્રભાવ પડતો અને અનેક જીવો ધર્મ પામતા. પૂ. ગુરૂદેવની પ્રભાવશાળી ઓજસભરી વાણીથી તેમને મહાન વિભૂતિ રત્ન શ્રી પૂ. રત્નચંદ્રજી મહારાજ, તપસ્વી છોટાલાલજી મહારાજ પૂ. આત્મારામજી મહારાજ આદિ ઘણાં મહાન શિષ્યો થયા. વર્તમાનમાં વિચરતા મહાન વૈરાગી પૂ. કાંતિઋષિજી મહારાજ આદિ ઠાણા પણ પૂ. છગનલાલજી મહારાજના શિષ્યો છે. જે શાસનની ધૂરા વહાવી રહ્યા છે.

પૂ. ગુરૂદેવે જીવનમાં ઘણા મહાન કાર્યો કર્યા છે. જૈનશાળા, શ્રાવિકાશાળા, યુવક મંડળો આદિ સંસ્થાઓ જ્યાં ન હોય ત્યાં શરૂ કરાવી. તેને વિકસાવવા માટે પૂ. ગુરૂદેવે અથાગ પરિશ્રમ કર્યો છે. તે ઉપરાંત ડગમગતા જૈનોને સ્થિર કરવાનું તથા જૈનેતરોને પ્રેમથી જૈન ધર્મી બનાવવાનું ઉમદા કાર્ય કર્યું છે. અન્યધર્મીને જૈનધર્મી બનાવ્યા છે. પૂજ્યશ્રીએ મુંબઈમાં ચાર ચાતુર્માસ કર્યા છે; તેમાં સૌથી પ્રથમ ૧૯૭૫નું ચાતુર્માસ કાંદાવાડીમાં કર્યું. ત્યારે કાંદાવાડીનું ધર્મસ્થાનક ન હતું. એક કચ્છીની વાડીમાં સંઘે ચાતુર્માસ કરાવેલું. ગુરૂદેવના ઉપદેશથી ઘણા જીવો ધર્મ પામ્યા. જૈન જૈનેતરોએ તેમની પવિત્ર વાણીનો ખૂબ લાભ લીધો ને કાંદાવાડીમાં જૈન ધર્મસ્થાનક થયું. સંવત ૧૯૭૮ની સાલમાં અજમેરના બૃહદ સાધુ સંમેલનમાં તેમને આમંત્રણ મળેલું. ત્યાં પોતાના શિષ્યો સાથે જઈને પોતાનું પદ તેમણે શોભાવ્યું. ત્યાં તેમણે તેમના જેવી મહાન વિભૂતિ પૂ. અમોલખજી ઋષિજીનો સમાગમ થયો. તેમની પાસેથી પૂ. લવજી સ્વામીના જીવનનો ઇતિહાસ જાણી લીધો. આ ઉપરથી જાણી શકાય છે કે તેમની જિજ્ઞાસાવૃત્તિ કેટલી હશે! તેમને ગોંડલ સંપ્રદાયના પૂ. જશાજી મહારાજનો સમાગમ થયો. આ વયોવૃદ્ધ જ્ઞાની પાસેથી આપણા પૂજ્યશ્રીએ જિજ્ઞાસાવૃત્તિ દાખવી ઘણું જ્ઞાન મેળવી લીધુ હતું.

પૂજ્ય શ્રી મહાન આત્માર્થી હતા. તેઓ એક મહાન વકતા હતા. તેમના અંતિમ સમયે તેમણે સૌને ચેતવી દીધા હતા. તે બધા શિષ્ય પરિવારની વચ્ચેથી વિદાય લેતા હસતા મુખડે સંથારાના પચ્ચખાણ કરી એક કલાકમાં સૌ પરિવારને રડતા મૂકી. આત્મસાધના સાધતા સાધતા નશ્વર દેહને ત્યાગી સંવત ૧૯૯૫ના વૈશાખ વદ દશમના આત્મસમાધિ સાધી ગયા. એ ગુરૂદેવના જેટલા ગુણ ગાઇએ તેટલા ઓછા છે. એવા ઉપકારી ગુરૂદેવના જીવનમાંથી કોઇ પણ ગુણ અપનાવીએ તો તેમની પુણ્યતિથિ ઉજવી સાર્થક ગણાશે.

☆

## વ્યાખ્યાન નં. ૧૦

**અષાડ વદ ૧૧ ને શનિવાર** **તા. ૨-૮-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંત કરૂણાનિધિ શાસ્ત્રકાર ભગવંતે જગતના જીવોના કલ્યાણને માટે આગમ વાણીની પ્રરૂપણા કરી.

શ્રેણીક મહારાજા શરીરના આનંદ માટે મંડિકુક્ષ ઉદ્યાનમાં ગયા. ત્યાં તેમણે એક મહાન મુનિને જોયા. તેમનું મુખડું જોઇને ઠરી ગયા. ગઇ કાલે આપણે વિચાર્યું હતું ને કે ગુરૂ કેવા હોય ને શિષ્ય કેવા હોય? હવે શિષ્ય ગુરૂને વંદન કરી નમ્રતાપૂર્વક પૂછે છે કે હે ગુરૂદેવ! મોટામાં મોટો રોગ કયો? ત્યારે ગુરૂ કહે છે "ભવરોગ". જેમ કોઇને ટી. બી., અગર કેન્સરનો રોગ થયો હોય તો તરત ડૉકટર પાસે જાય, ડૉકટરને બતાવે. ડૉકટર કહે તમને ફલાણો રોગ છે. તમારે ખૂબ ધ્યાન રાખવું પડશે. તો એ ડૉકટરના વચન ઉપર તમને કેટલો વિશ્વાસ છે! એટલો વિશ્વાસ તમને ગુરૂ ઉપર ખરો? તે કહે તે પ્રમાણે ટ્રીટમેન્ટ કરો અને અમે કહીએ તે પ્રમાણે કરો ખરા? આ બધા સંસારના પદાર્થોની આસક્તિ એ રોગ છે. તે વાત તમે જાણો છો. પણ તેને કાઢવાનો પ્રયત્ન કરતા નથી.

એક માણસ છે, તેને સોની નોટ જડે છે. તે ખિસ્સામાં મૂકે છે. પછી ખિસ્સુ કપાઇ જાય છે તેથી તે રડે છે. ત્યારે તત્ત્વચિંતક મુસાફિર કહે છે, ભાઇ કેમ રડે છે? ત્યારે તે બધી સત્ય હકીકત કહે છે. તેની વાત સાંભળી તત્ત્વચિંતક કહે છે કે બહારથી આવી અને બહાર ગઇ. તેમાં રડે છે શા માટે? પેલા માણસને વાત મગજમાં ઠસી ગઇ ને અફસોસ છોડી દીધો. અહીં આપણે પણ એ જ વિચાર કરવાનો છે. હે આત્મન્! વિચાર કર, તારૂં શું છે? તું આ જગતમાં આવ્યો ત્યારે શું લઇને આવ્યો હતો ને અહીંથી જઇશ ત્યારે શું લઇને જવાનો છે? એક રાતી પાઇ પણ તારી સાથે આવનાર નથી. પેલા સો રૂપિયાની નોટવાળાની ચિંતા કરતા પણ આપણી દશા બૂરી છે. આવો

વિચાર જો મનુષ્ય કરે તો કયારે ય પણુ તેને અફસોસ ન થાય. તેણે સોની નોટ પોતાની માની એટલે ગઇ તો અફસોસ થયો. આ રીતે જીવ જ્યાં પોતાનું માને છે ત્યાં દુઃખ થાય છે. પોતાનું ન માને તો તેને છોડવાનું જરા પણુ દુઃખ નહિ થાય. આ સમજવા માટે મહાન પુરૂષો કહે છે, કે ભવરોગ એવો છે કે જેથી જીવને ચારે બાજુથી ભેગું કરવાનું મન થાય છે. માટે મોટામાં મોટો રોગ ભવરોગ છે. હવે શિષ્ય ગુરૂને પૂછે છે કે ભવરોગને નાબૂદ કરવા માટે દવા કઇ છે? કે જેનું સેવન કરવાથી જીવ આ ભવરોગથી છૂટી શકે?

ગુરૂ કહે છે, હે શિષ્ય! ભવરોગ નાબૂદ કરવા માટેનું મોટામાં મોટું ઔષધ વિચારણા છે. હવે તે વિચારણા કઇ? આત્માની વિચારણા, તમે જ્યારે અહીં બેસીને વ્યાખ્યાન સાંભળતા હો ત્યારે આ બધો વિચાર આવે છે પણુ ઘેર જઇને ભૂલી જાવ છે. ઘરે તો પૌદ્ગલિક સુખોની પ્રાપ્તિનો વિચાર કરો છો પણુ ખરેખર જો વિચાર કરવો હોય તો સવારમાં ઉઠતાવેંત એવો વિચાર કરવો જોઇએ કે હું કોણુ છું? કયાંથી આવ્યો છું? કયાં જવાનો છું? ને મારું સ્વરૂપ શું? અત્યારે હું કેવી દશામાં છું? એ રીતે વિચાર આવશે તો અંદરથી જવાબ મળશે કે હું પૂર્ણ સ્વરૂપી છું, આનંદઘન છું. સ્વભાવદશામાં રમનારા એવા મારે પૌદ્ગલિક પદાર્થો સાથે કાંઇ લાગતુંવળગતું નથી.

જેવી રીતે કપડાને ઘીમાં ઝબોળીને દિવાસળી ચાંપવામાં આવે તો ઘી અને કપડું બધું બળી જવાનું અને જ્યોતમાં જ્યોત મળી જવાની. તેમ શરીર પણુ અંતે બળી જવાનું ને એક ચૈતન્ય તત્ત્વ ત્રણે કાળમાં અખંડ રહેવાનું. આ જીવને દરેક ભવમાં જ્યાં ગયો ત્યાં ભોગોની સામગ્રી મળી છે પણુ હું ચૈતન્યસ્વરૂપી છું તેની ઓળખાણુ થઇ નથી માટે આ દેહ ધારણુ કરવો પડે છે. આવો વિચાર આવશે તો ફરીને અંતરમાં વિચાર આવશે કે આ દેહ છોડીને કયાં જવાનું? તો જવાબ મળશે કે જેવી કરણી કરી હશે તે પ્રમાણે જવાનું છે. જીવનનું સરવૈયું કાઢો તો ખબર પડે કે તમે કેવા પાપકર્મો કર્યા છે ને કેવા સારા કાર્યો કર્યા છે! જમા ઉધારનો સરવાળો કરીને જુઓ કે કયું પલ્લું નમતું છે. એ પ્રમાણે ગતિનો વિચાર કરો.

સવારમાં ઉઠીને હું કોણુ? કયાંથી આવ્યો? કયાં જવાનો એ ત્રણુનો પાંચ મિનિટ વિચાર કરો. આત્માએ પોતાનો વિચાર કરવાનો છે. ધરતીકંપ થાય ને જીવન નાશ પામે એવા જીવન માટે કાંઇ તૈયારી ન હોય તો આપણા જેવો બીજો મૂર્ખ કોણુ? આટલા માટે તમને કહું છું કે તમે રોજ વિચાર કરો કે હું કોણુ? શરીરથી અને ઇન્દ્રિઓથી પર એવો આત્મા. તલવાર અને મ્યાન જેમ જુદા છે તેમ શરીર અને *આત્મા બંને ભિન્ન છે. આવું ભેદજ્ઞાન જેને થશે તે એમ સમજશે કે જેમ તલવાર* મ્યાનમાં રહે છે તેમ આત્મા શરીરમાં રહે છે પણુ તે શરીરથી જુદો છે. અજ્ઞાની

આત્મા જે ભોગો મેળવવા માટે ફાંફા મારે છે, તલસે છે તે ભોગો જ્ઞાની મહાત્મા પાસે આવે તો તેના સામું પણ ન જુએ. સ્થૂલિભદ્રની સામે કોણ હતું ? ભલભલાના મન ચલાયમાન કરી દે તેવી કોશા ગણિકા હતી ને ? છતાં સ્હેજ પણ તેમનું મન ડગ્યું નહિ.

તમે જમવા બેઠા હો, દૂધપાક આવે તેમાં કેસર, બદામ, પિસ્તા, ચારોલી બધું નાંખેલું હોય પણ ખબર પડે કે તે દૂધપાકમાં ગરોળીની લાળ પડેલી છે તો તેવા દૂધપાકને તમે ખાશો ખરા ? નહિ ખાવ ને ? તે રીતે જીવને જ્યારે સમજાય કે ભોગો મને મારી નાંખનાર છે, ત્યારે એ ભોગોની લાલસા દૂર થશે પણ તે માટે દૃષ્ટિ કેળવવી પડશે. રથનેમી ગુફામાં બેઠા હતા. રાજેમતીને ત્યાં આવેલી જોઈને ધ્યાનથી ભ્રષ્ટ થયા. રાજેમતી પાસે ભોગની પ્રાર્થના કરી ત્યારે રાજેમતીએ રથનેમીને સમજાવ્યું કે અશુચિ ભરેલી કાયા, મળમૂત્રની ક્યારી એ તમને કેમ લાગી પ્યારી ? એ રીતે સમજાવીને રાજેમતીએ રથનેમીને ભેદજ્ઞાન કરાવ્યું એટલે દૃષ્ટિ ફરી ગઈ. ઉપદેશનો અંકુશ બરાબર લાગ્યો ને આત્મસિદ્ધિ કરી ગયા.

બંધુઓ ! આપણને પણ આવું ભેદજ્ઞાન થાય તે માટે સાચા સદ્ગુરૂઓ ભવરોગનું ઔષધ શું ? તે બતાવતા કહે છે "વિચારણા", તો તમે એવા વિચાર કરો કે આ ભવમાં કલ્યાણ થઈ જાય. જો આત્માનો વિચાર નહિ કરો તો વિચાર વિનાનું અજ્ઞાન ઘેટું પોતાના ટોળામાંથી છૂટું પડી આમથી તેમ દોડાદોડ કરે છે તો કસાઈના હાથમાં જઈને કપાઈ મરે છે તે રીતે કર્મરૂપી કસાઈના હાથમાં વારંવાર અજ્ઞાન જીવોને કપાવાનો વખત આવે છે.

સાચા સદ્ગુરૂના શરણે જવાથી જીવને આવું ભેદજ્ઞાન પ્રાપ્ત થાય છે. શ્રેણીક રાજાએ જે મુનિને જોયા તે મુનિ પણ તત્ત્વજ્ઞ હતા અને સુસમાધિવંત હતા. જે આવા સમાધિવંત હોય તે બીજાને સમાધિ આપી શકે છે. ધ્યાન કરવાનું, કાઉસગ્ગ કરવાનું, અનુપ્રેક્ષા કરવાનું પ્રયોજન શું ? આત્મસમાધિ પ્રાપ્ત કરવા માટેજ ને ? જેના અંતરમાં સમાધિ રહેલી છે તેના મુખડા ઉપર પણ પવિત્ર ભાવો તરી આવે છે. આ પવિત્ર સંતની જેમ આપણો આત્મા સુસમાધિવંત બનશે ત્યારે એને બધા બહારના કચરા નહિ ગમે. અરે બાહ્ય વિચારોની ગંધ પણ તેને નહિ ગમે.

માખીઓ બે પ્રકારની બતાવી છે. એક માખી ફુલ ઉપર બેસનારી અને બીજી તમારા ઘરમાં ફરનારી. જે માખી ફુલ ઉપર જઈને બેસે છે તે માખી ફુલનો રસ ચૂસે છે ને તેનું મધ બનાવે છે અને તે મનુષ્યને ઉપયોગી બને છે. અને જે માખી ઘરમાં ફરે છે તે બહાર જઈને ગંદા પદાર્થો લઈ આવે છે ને તેનાથી રોગ પેદા થાય છે. તેવી રીતે આપણું મન પણ બે પ્રકારનું છે. બાહ્યમન અને આભ્યંતર મન. બાહ્ય મન બહાર ભમ્યા કરે છે ને બાહ્ય પદાર્થોના કચરા રૂપ ખરાબ વિચારોને ગ્રહણ કરીને જીવને તેમાં

આસક્ત બનાવે છે. જ્યારે આભ્યંતર મન સદ્‌ગુણ રૂપી પુષ્પો ઉપર બેસી તેનો રસ ચૂસીને જીવને સદ્‌ગુણોનો અનુરાગી બનાવે છે. આવું તત્ત્વ જીવને સંતના સમાગમથી પ્રાપ્ત થાય છે.

શ્રેણીક રાજા સંત પાસે આવ્યા અને પોતાનું ભાન ભૂલી ગયા. અહો! આ મુનિના મુખ ઉપર કેવા આનંદના ફુવારા ઉડે છે! હું મગધદેશનો માલિક છું પણ મારા મુખ ઉપર તેમના જેટલો આનંદ નથી. શું મારા કરતાં પણ આ વધારે સુખી છે? બંધુઓ! ત્યાગીનું સુખ મજીઠીયા રંગ જેવું છે ને સંસારીનું સુખ હળદરના રંગ જેવું છે. હળદરમાં રંગેલું કપડું તડકે મૂકશો તો ઘડીકમાં રંગ ઊડી જશે, તેમ તમારું સુખ પુણ્ય ગયું કે ઊડી જાય છે. પણ તમે એ હળદરીયા રંગ જેવા કાચા સુખને મજીઠીયા રંગ જેવું માની લીધું છે અને આત્માના સુખને હળદરના રંગ જેવું માન્યું છે. એટલે મારું મારું કરી ઘરબાર બધું ખૂબ વસાવ્યું. અંતે મરણ સમયે પણ મારું મૂકાતું નથી. સંતો માને કે ફલાણા શ્રાવકની ધર્મ પ્રત્યેની કેવી દઢ શ્રદ્ધા છે! કેવો ધર્મનો રંગ છે! પણ જ્યાં તેના ઉપર કસોટીના તડકા પડયા ત્યાં બધો રંગ ઊડી જાય છે.

મુનિને જોઈને શ્રેણિક રાજાને અલૌકિક આનંદ થયો, પણ હજુ શીર ઝુકાવ્યું નથી. કારણ કે તેમને પોતાને સત્તાની ખુમારી છે. આગળના રાજાઓ જેને તેને પોતાનું શીર ઝુકાવી દેતા ન હતા. તેમને એટલી ખુમારી હતી કે મારું રાજ્ય જાય તો કુરબાન, પણ જેવા તેવાને શીર ઝુકાવાય નહિ. કારણ કે આખા શરીરમાં ઉત્તમ અંગ મસ્તક છે. તે જ્યાં ત્યાં નમાવાય નહિ. તમે તો જ્યાં ને ત્યાં ઝુકી જાવ છો, શા માટે ઝુકો છો? ભૌતિક સુખના ટુકડા માટે? આવી ડગમગતી શ્રધ્ધાથી આત્મકલ્યાણ નહિ થાય.

અનાથી નિર્ગ્રંથ સાચા સંત હતા. રાજાઓ આવા સંતોના ચરણમાં મસ્તક ઝૂકાવતા પણ જેવા તેવાને નમતા નહિ. પણ મારા આજના શ્રાવકો જ્યાં ને ત્યાં ઝુકી જાય છે. રાજા શ્રેણીકનું શીર હજુ ઝુકયું નથી. તેને તો મુનિને જોઈને ખૂબ આશ્ચર્ય થવા લાગ્યું. તેમના મુખ ઉપર કેવી પ્રસન્નતા છે! વળી તે કેવા સુકુમાર છે! પૂર્વે જબ્બર પુણ્ય કર્યા હોય તો સુકુમાર શરીર મળે છે.

ઠાણાંગ સૂત્રના ચોથે ઠાણે ચાર પ્રકારના ફળ બતાવ્યા છે. (૧) એક ફળ બહારથી પોચું છે ને અંદરથી કઠણ છે. (૨) બીજું બહારથી કઠણ ને અંદરથી પોચું. (૩) ત્રીજું ફળ બહારથી કઠણ ને અંદરથી પણ કઠણ. (૪) ચોથું બહારથી પોચું ને અંદરથી પણ પોચું. મારા બંધુઓ! હું તમને પૂછું છું. બોલો, બહારથી પોચું ને અંદરથી કઠણ તે કયું ફળ? ચણીબોર તે બહારથી પોચું ને સુવાળું છે પણ અંદર તેનો ઠળીયો કઠણ છે. બીજું બહારથી કઠણ ને અંદરથી પોચું તે નાળિયેર. ત્રીજું બહારથી કઠણ ને અંદરથી કઠણ તે સોપારી. ચોથું બહારથી પોચું ને અંદરથી પોચું તે બી વગરની લીલી દ્રાક્ષ. આ ચોભંગી આપણા ઉપર ઉતારવાની છે. જીવ ચાર પ્રકારે ક્ષમા રાખે છે.

કોઇ માણુસ ઉપર કોઇ વગર વાંકે ગુસ્સો કરે છતાં ક્ષમા રાખે પણ અંદરથી એવો ગુસ્સો આવે કે વાત પૂછો મા. ગુસ્સો કરનાર શકિતશાળી છે. જો હું એની સામે ગુસ્સો કરીશ તો મારી આજીવિકાને વાંધો આવશે. એ ગમે તેવો ક્રોધ કરે પણ મારે તો સહન જ કરવાનું. એના વિના મારે ચાલે તેમ નથી. જો હું એના જેવો હોત તો એક વચન પણ સહન ન કરત. શું કરું! લાચાર છું. એટલે અંદર ક્રોધ આવ્યો પણ ઉપરથી શાંત રહ્યો.

બીજા મનુષ્ય ઉપર કોઇએ ક્રોધ કર્યો કે તેનું અપમાન કર્યું તો કહે તું મારું અપમાન કરનારો કોણ છે? તને બતાવી દઇશ. હું કંઇ જેવો તેવો નથી એમ કહી પોતાની શકિતનો પરિચય આપ્યો. પણ તેને કંઇ કર્યું નહિ, તે નાળિયેર સમાન. હવે ત્રીજાનું કોઇએ અપમાન કર્યું કે તેના ઉપર ક્રોધ કર્યો તો સામાસામી બાથ ભીડીને ઝઘડયો. કારણ કે તે અંદરથી ને બહારથી બંને રીતે કઠણ છે. ચોથા લીલી દ્રાક્ષ સમાન જે મનુષ્યો હોય તેના ઉપર કોઇ ક્રોધ કરે તો એનું લોહી પણ ગરમ ન થાય. પણ એ વિચાર કરે કે એ મારા ઉપર ક્રોધ કરે, ગાળો દે, મારું અપમાન કરે તેમાં મારું શું જાય છે? એ તો બધું આ નશ્વર દેહને છે. મારા આત્માને એમાં શું લાગેવળગે છે! એ બીચારો અજ્ઞાન છે, દયાને પાત્ર છે એમ સમજી તેને કાંઈ ન કહે....બંધુઓ! આ ચાર પ્રકારના મનુષ્યમાં તમારો નંબર કયા પ્રકારમાં આવે છે? (શ્રોતામાંથી અવાજ: ચોથા પ્રકારમાં) અહો! તમે એવા કોમળ છો તો ઘણી સારી વાત. લીલી દ્રાક્ષ તમને ખાવી બહુ ગમે છે તો તમે તેના જેવા બનજો. ઉપરથી પોચા ને અંદરથી પણ પોચા બનજો. તમને લક્ષ્મી મળી છે તેનો સદુપયોગ કરજો. પરિગ્રહની મમતા ઘટાડજો. પાકી કેરી મીઠી લાગે છે પણ જો બહુ પાકી જાય તો રૂંધાઇ જાય છે. તેમ જીવને સુખ ભોગવવાનું મીઠું લાગે છે પણ અતિ સુખ માનવને મહાન દુઃખી બનાવે છે. તમે સુખ ભોગવો છો પણ એ સુખમાં આત્માને વીસરી ના જતા અને વિચારજો કે મને જેવું સુખ ગમે છે તેવું દરેકને ગમે છે. માટે દુઃખી ઉપર કરૂણા કરવી જોઈએ. આ દુનિયા ઉપર એવા ઘણાં કરૂણાવંત મનુષ્યો છે કે જે પારકાનું દુઃખ જોઇ શકતા નથી. પોતાનુ સુખ જતુ કરીને તે બીજાને આપવા તત્પર રહે છે. એક દૃષ્ટાંત આપું.

એક અમેરિકન ભાઈ રાત્રિના સમયે દરિયા કિનારે ફરવા માટે ગયેલો. દરિયા કિનારે ઠંડો પવન વાઈ રહ્યો હતો. દરિયામાં પાણીના મોજાં ઉછળી રહ્યા હતા. એ માણસ દરિયા કિનારે આંટા મારતો હતો. બે આંટા મારે ને ઘડીકમાં દરિયા સામે ધારીધારીને જુએ. તેનો પહેરવેશ તદ્દન સાદો હતો. આ સમયે બીજો એક ગર્ભશ્રીમંત અમેરિકન પોતાની ગાડી લઇને ત્યાંથી પસાર થાય છે. તે સમયે તેની દૃષ્ટિ દરિયા કિનારા પર પડી. પેલા માણુસને જોયો. તે બે ત્રણ આંટા મારે છે ને પાછો દરિયા સામું દેખે

છે. આમથી તેમ ફાંફા મારી રહ્યો છે તો શું આ કોઈ દુઃખી માનવ હશે? રાત્રિનો સમય છે. વળી એકલો છે અને મને કોઇ જોઇ ન જાય તે માટે ચારે તરફ દૃષ્ટિ કરે છે. કદાચ દુઃખનો માર્યો આપઘાત કરવા આવ્યો હશે? મારો દેશબંધુ દુઃખનો માર્યો આપઘાત કરે એ મારાથી સહન કેમ થાય? જલ્દી તે પોતાની ગાડીમાંથી નીચે ઉતરી પેલા માણસ પાસે ગયો અને તેના વાંસામાં જોરથી ધબ્બો લગાવી કહ્યું- ભાઇ! તું આ શું કરી રહ્યો છે? શું આત્મહત્યા કરવા માટે અહીં આવ્યો છે?

આ પ્રમાણે બોલતાં ખિસ્સામાંથી બે ડોલર અને એક પોતાનું વિઝિટીંગ કાર્ડ બહાર કાઢી તેના હાથમાં મૂક્યું ને કહ્યું લે આ પૈસાથી જમી લેજે. આ મારું એડ્રેસ છે. કાલે મારી ઑફિસે આવજે. તને હું સારી સર્વિસ ઉપર ગોઠવી દઇશ. એટલું કહીને આવનાર વ્યક્તિ પોતાની કારમાં બેસી રવાના થઇ ગઇ. પેલો અમેરિકન તો આ જોઇ આશ્ચર્ય પામ્યો. એ તો કંઇ બોલી શકયો નહિ. એ તો જોતો જ રહી ગયો. આ કોઇ સામાન્ય માણસ ન હતો. અમેરિકાનો અબજપતિ હતો. તેની ગાડી કિનારાથી થોડે દૂર પડી હતી. એને ડૉકટરે શરીરની તંદુરસ્તીના કારણે ચાલવાનું કહ્યું હતું એટલે દરિયા કિનારા પર આંટા મારતો ને પાણીના મોજા જોવામાં સ્થિર બની જતો. આજે અમે તમને કહીએ કે તમે અમારી સાથે વિહારમાં ચાલો તો કહેશે ના, મહાસતીજી! અમે ચાલી શકીએ નહિ. અમારા પગ દુઃખી જાય. પણ ડૉકટર કહે તમને ડાયાબિટિસ થયો છે. વજન ઘટાડો અને રોજ બે માઈલ ચાલવાનું રાખો તો ચાલતાં થાક ન લાગે. બેને બદલે ત્રણ માઇલ ચાલી આવો. જેટલા મોજશોખ ને એશઆરામ વધ્યા તેટલા રોગ વધ્યા છે. આજનો માનવ એટલો પરાધીન બની ગયો છે કે ગાડી ન હોય તો જાણે એના પગ ભાંગી ગયા. બધા કામ માટે મશીનો નીકળ્યા છે. હજું સારું છે કે મોઢામાં ચાવીને કોળિયો ઉતારો છો. જો એનું મશીન નીકળે તો આ મારા મુંબઇ નગરીના શ્રાવકો ચાવવા પણ તૈયાર નથી. જેટલા સાધનો વસાવ્યા તેટલા બંધનો વધ્યા છે.

આપણા પરમ પિતા પ્રભુ કહે છે તમે સ્વાવલંબી બનો. મહાત્મા ગાંધીજી સ્વાવલંબી હતા. પોતાના કપડા પોતાની જાતે ધોતાં. વાસણ ઉટકતા ને કૂવે પાણી ભરવા પણ જતાં. મુસાફરી તો થર્ડ કલાસની કરતા. સીવેલું કપડું કદી પહેર્યું નથી. મહાવીર પ્રભુનો સિદ્ધાંત એમણે અપનાવ્યો હતો. પરિગ્રહ પણ રાખતા ન હતા. જેના માટે સારાએ ભારતની જનતા પ્રાણ આપવા તૈયાર હતી. એમણે ધાર્યું હોત તો ફર્સ્ટ કલાસની મુસાફરી કરી શકત. પણ એમને કદી અભિમાન ન હતું. સાદગીભર્યું જીવન હતું. તમે ગાંધીજી જેવા બનો તોય આ ભારતની શાન વધી જાય. અરે તેમના જેવા ન બની શકો તો તેમના એક અંશ જેટલા ગુણો તો અપનાવો.

*પેલો માણસ ગરીબ છે એમ સમજીને આવનાર વ્યક્તિએ તેના વાંસામાં ધબ્બો*

માર્યો હતો તેથી ખૂબ દુઃખાવો થાય છે. સીધો થઇ શકતો નથી. પણ મનમાં વિચાર કરવા લાગ્યો કે ઓળખાણ નહિ, પિછાણ નહિ છતાં એની કેવી ઉદારતા! હું અબજપતિ છું. પણ એને તો ખબર નથી ને? એ તો મને ગરીબ સમજીને બે ડોલર અને ઉપરથી નોકરી માટે આમંત્રણ આપી ગયો. દુનિયામાં દયાવાન ઘણાં છે, પણ ભિખારી ઉપર લોકો દયા કરે છે. હું કંઇ થોડો હાથ લંબાવવા ગયો છું! હું પણ અબજોપતિ છું. પણ મેં કદી કોઇ ગરીબના માથે હાથ મૂકીને નથી કહ્યું કે ચાલ તું દુઃખી છું! તો તારું દુઃખ દૂર કરું. તને સર્વિસ અપાવું. આજ સુધી મેં પૈસા ભેગા કરી જાણ્યા પણ કોઇના દુઃખ દૂર કરવામાં પૈસાનો સદુપયોગ નથી કર્યો ધન્ય છે એ મહાન આત્માને અને ધિક્કાર છે મને! આ અબજોની સંપત્તિ શું મારી સાથે આવવાની છે? જીવતા સુખે વાપરતો નથી. મારા મરણ પછી બીજા વાપરવાના છે ને?

દેવાનુપ્રિયો! તમે પણ તમારી લક્ષ્મી સત્કાર્યમાં નહિ વાપરો તો તમારી દશા કેવી થશે. ખબર છે ને?

**મધમાખીએ મધ કીધું, ના ખાધું ન ખાવા દીધું**
**લૂંટારાએ લૂંટી લીધું રે. પામર પ્રાણી**

બિચારી મધમાખી મધપુડામાં મધ ભેગું કરે છે, પણ પોતે ખાતી નથી ને બીજાને ખાવા દેતી નથી. પણ છેવટે ખેડૂત આવીને ધુમાડો કરીને મધપુડો લઇ જાય છે. બીજા તેનો ઉપયોગ કરે છે. તેમ તમારી દશા એવી ન થાય. બીજાને દુઃખી જોઇને તેનું દુઃખ દૂર કરે છે અને તેમાં તેને જે આનંદ આવે છે તે અલૌકિક હોય છે. દીનદુઃખીના દુઃખ દૂર કરવામાં સાચો આનંદ રહેલો છે.

પેલા માણસના હાથમાં બે ડોલર આવ્યા ન આવ્યા ને તેના હૃદયમાં મંથન થવા લાગ્યું. એ કેવો ઉદાર ને હું કેવો કંજુસ! કિનારા ઉપરથી ચાલવા માંડ્યું. પોતાની કારમાં બેસી ઘરે આવ્યો. તેના બેડરૂમમાં એક નાનો 'શોકેસ' હતો તેમાં પેલું કાર્ડ અને બે ડોલર મૂકી દીધા. તે દિવસથી તે અમેરિકન પથારીમાંથી ઉઠતાવેંત દરરોજ પેલા બે ડોલર અને પેલા કાર્ડને જોતો. એ બે વસ્તુએ એના હૃદયનું પરિવર્તન કરાવ્યું હતું, એના વાંસામાં ધબ્બો મારી બે ડોલર આપ્યા. આ ઘટનાથી એનું આખું જીવન બદલાઇ ગયું. અત્યાર સુધી કંજુસ વૃત્તિ હતી તે હવે ઉદાર ભાવનાવાળી થઇ ગઇ.

પેલા માણસે કહ્યું હતું કે કાલે સવારે મારી દુકાને આવજે પણ આ તો ગયો નહિ. ત્યારે બે ડોલર દેનારના મનમાં થયું કે પેલો ભાઇ આવ્યો નહિ શું તેણે આપઘાત કર્યો હશે? કેમ ના આવ્યો? લાવ હું તેની તપાસ કરું પણ એનું એડ્રેસ હતું નહિ. પોતાનું એડ્રેસ આપ્યું પણ એનું એડ્રેસ લીધું ન હતું. તે વિચાર કરવા લાગ્યો– ધિક્કાર છે મને! ફક્ત બે ડોલર આપીને હું ચાલતો થયો. એનું નમહામ

પૂછયું નહિ. અરે તે સમયે ગાડીમાં મારા ઘેર લાવ્યો હોત તો તેની આ દશા ન થાત ને! દૈવી લક્ષ્મી ઘરમાં આવે છે તે કેવા પવિત્ર વિચારો લાવે છે! ઘરમાં એક બીજા સંપ અને પ્રેમથી રહે છે. જો આસુરી લક્ષ્મી આવે તો બાપ-દીકરો, સાસુ-વહુ, ભાઈ-ભાઈ વચ્ચે એક બીજા ઝઘડતા હોય છે. માટે તમે એ વિચાર કરજો કે સુખ ભલે ન મળે. ઝૂંપડીમાં રહેવું પડે પણ જેના આવવાથી ઘરમાંથી પ્રેમ અને સંપ ચાલ્યા જાય તેવી આસુરી લક્ષ્મી મારે નથી જોઈતી.

અહીં બંને આત્મા ગુણગ્રાહી છે. અરસપરસ એક બીજાના ગુણ ગાય છે પણ હજુ મળ્યા નથી. એની લક્ષ્મી કેવી પવિત્ર કે બે ડોલર જ બીજાના હાથમાં ગયા તો એની વૃત્તિ બદલાઈ ગઈ. જે આજ સુધી ગરીબ માંગવા આવે તો પણ કાંઈ આપતો ન હતો તે હવે સામેથી જઈને આપવા લાગ્યો.

આ ઘટના બન્યાને અગિયાર વર્ષો વીતી ગયા. એક દિવસ સવારના પ્રહરમાં પેલો અમેરિકન પોતાના રૂમમાં ખુરશીમાં બેસી પેપર વાંચે છે. પહેલા પાના ઉપર સમાચાર વાંચતા સ્તબ્ધ થઈ ગયો. તેના હાથમાંથી પેપર નીચે પડી ગયું. આમ શા માટે બન્યું? વાત એમ બની હતી કે જે કાર્ડ અને બે ડોલરના દરરોજ તે ભગવાનની જેમ દર્શન કરતો હતો તે કંપનીનું પેપરમાં એડ્રેસ હતું. પેપરમાં લખ્યું હતું કે એ કંપની દેવાદાર બની ગઈ છે. ઑફિસ પર લેણદારોની ભીડ જામી છે. આ સમાચાર વાંચી પેલા અમેરિકનને ભયંકર આઘાત લાગ્યો, અહો! એ તો મારો મહાન ઉપકારી છે એની આ દશા! એણે તો મને દાન ધર્મ સમજાવ્યો છે. એની આવી સ્થિતિમાં હું તેને મદદ કરું તો જ તેના ઉપકારના બદલામાંથી કંઈક ઋણમુક્ત બની શકું.

હજુ તેણે ચા પીધી ન હતી. પેપર વાંચતાની સાથે ઊભો થઈ ગયો. પોતાના મુનિમને કહે છે ચેકબુક લઈને તૈયાર થઈ જાવ. અમુક ઓફિસે આપણે અત્યારે જ જવાનું છે. ચેકબુક અને પેલું કાર્ડ લઈને ગાડીમાં બેસી રવાના થયા. ઓફિસ પર પહોંચી ગયા. જોયું તો લેણદારોની ભીડ જામી છે. મેનેજર બધાને કહે છે ધીરજ રાખો, બધાને આપવામાં આવશે. આ અમેરિકન મેનેજરને પૂછે છે, ભાઈ શેઠ ક્યાં છે? તો કહે, શેઠ ઓફિસે આવતા નથી. તો કહે મારે શેઠને મળવું છે. તારા શેઠ મારા પરમ મિત્ર છે. હું શેઠ પાસે લેવા નથી આવ્યો પણ કંઈક દેવા આવ્યો છું. મેનેજર તેમને શેઠ પાસે પહોંચાડે છે. બંધુઓ! આ અમેરિકન આજે મહાન ઉપકારનું મૂલ્ય ચૂકવવા આવ્યો છે. ઉપકાર કરવા નથી આવ્યો. ગાડી બંગલાની પાસે આવીને ઊભી રહી. પેલા ભાઈ બંગલામાં દાખલ થયા શેઠ બંગલાના એક ખૂણામાં બેઠા હતા. હાથમાં એક વાટકો છે તે મોઢે *માંડવાની અણી ઉપર હતા ત્યાં આ પહોંચી ગયા. શેઠે માન્યું કે લેણીયાતો હવે મારા બંગલે આવવા લાગ્યા. હવે હું શું કરીશ? પેલા ભાઈએ બેગમાંથી પેલું કાર્ડ અને બે ડોલર કાઢીને શેઠની સામે મૂકીને કહ્યું, શેઠ! આપ મને ઓળખો છો?*

શેઠ કહે હા. મેં તમને દરિયા કિનારે આપઘાત કરવા આવેલા જાણીને બે ડોલર આપેલા ને બીજે દિવસે મારી ઓફિસે સર્વિસ માટે આવવાનું કહેલું. એ વાતને અગિયાર વર્ષો વીતી ગયા. હું રોજ તમારી રાહ જોતો હતો. આજે આપ સર્વિસ માટે આવ્યા છો પણ મને માફ કરો. હું આપને અત્યારે સર્વિસ આપી શકું તેવી મારી સ્થિતિ નથી. એમ કહી પેલો વાટકો મોઢે માંડવા જાય છે. આવનાર પરિસ્થિતિ સમજી ગયો. શેઠના હાથમાંથી વાટકો ઝૂંટવી લે છે. શેઠ કહે ભાઇ એ તો પાણી છે મને પીવા દો. પેલા શેઠ કહે છે પહેલાં મને પીવા દો પછી તમે પીજો. ખૂબ રકઝક કરી વાટકો લઇ લે છે અને શેઠનો વાંસો થાબડીને કહે છે હું સર્વિસ લેવા નથી આવ્યો પણ આપના ઉપકારનો બદલો વાળવા આવ્યો છું. આપના ઉપકારનો બદલો હું વાળી શકું તેમ નથી. આપના બે ડોલરે તો મારા જીવનમાં કમાલ કરી છે. બોલો, શેઠ કેટલું નુકસાન છે? જેટલું હોય તેટલું આ ચેકબુકમાં ભરી દો. શેઠ કહે છે ભાઇ! થોડું ઘણું નથી, મોટું નુકસાન છે. પેલો કહે છે વિના સંકોચે કહો. શેઠ કહે પચાસ લાખ ડોલરનું નુકસાન છે. આ શેઠ ૫૦ લાખ ડોલરનો ચેક લખી આપે છે ત્યારે તે કહે છે કે મારાથી આટલું બધું ન લેવાય. આવનાર અમેરિકને કહ્યું તમે મને જે આપ્યું છે તેની આગળ આ કંઇ વિસાતમાં નથી. મારી બધી મિલ્કત આપના ચરણમાં અર્પણ કરી દઉં તો ય ઓછું છે. હું એવો લોભી હતો કે કંઇ કરતો નહતો. આપે મારા ઉપર જે ઉપકાર કર્યો છે તેનું વ્યાજ પણ હું આપી શકતો નથી. આપનું કાર્ડ તથા બે ડોલરની કિંમત આંકી શકું તેમ નથી.

થોડીવાર પહેલાં શેઠ જે ઝેરનો કટોરો પીવા ઉઠયા હતા તેમને જીવતદાન મળ્યું. બંનેની આંખમાંથી અશ્રુની ધારા વહેવા લાગી. થોડા સમયમાં શેઠની પેઢી વ્યવસ્થિત થઇ ગઈ. તેના પૈસા પાછા આપી દીધા. ટૂંકમાં આવું જેનું જીવન છે તે આત્માઓ બહારથી કોમળ ને અંદરથી પણ કોમળ હોય છે. આવા કોમળ હૃદયના આત્માઓ નરમાંથી નારાયણ બને છે. હવે શ્રેણીક રાજા મહાન સુકુમાર મુનિને વંદન કરશે. મુનિ ધ્યાનમાંથી જાગૃત બનશે ને ત્યાં શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

**ચરિત્ર :–** પવનકુમાર અંજનાને જોવા ગયા ત્યારે તેમને કેટલો ઉલ્લાસ હતો! પણ એની સખીના વચનો અંજનાએ મૌનપણે સાંભળ્યા તેથી પવનજીને ક્રોધ આવ્યો ને અંજનાને મારવા ઉઠયા. પણ મિત્ર ખૂબ ડાહયો ને ગંભીર હતો. પવનજીને ખૂબ સમજાવીને તેમના મહેલમાં લઇ ગયો. પવનકુમાર કહે મારે તો હવે તેની સાથે પરણવું નથી. મને એનું નામ સાંભળવું પણ ગમતું નથી. મિત્ર કહે છે ભાઇ! અંજના તદ્દન નિર્દોષ છે તું સમજ. ખરેખર દુષ્ટ પ્રારબ્ધનો આ વાંક લાગે છે. અંજનામાં દોષનો અંશ પણ નથી. સ્નેહીજનોના હૃદય પણ જો દૈવ રૂઠે તો ભેદાતાં વાર નથી લાગતી. પવનકુમાર કહે મિત્ર! તારી બધી વાતનો સાર છે કે મારે વડીલોની ખાતર મારું ભાવિ

જીવન બરબાદ થતું હોય તો થવા દેવું. મિત્ર કહે ના ભાઈ! એમ જરાય નહિ. જો મને તારું ભાવિ જીવન બરબાદ થતું લાગતું હોત તો હું તને જરાય આગ્રહ ન કરત. હું વડીલોને સમજાવત. પરંતુ અંજના સાથે તારું ભાવિ જીવન ઉજ્જવળ લાગે છે. માટે હું તને આટલું કહું છું. તને એમ લાગે છે કે અંજનાને છોડીને તું બીજી કોઈ કન્યા સાથે લગ્ન કરીશ તો શું તારું ભાવિ જીવન ઉજ્જવળ બની જશે! અરે, જો તારું પ્રારબ્ધ વાંકું હશે તો સારી માનેલી કન્યા પણ પરણ્યા પછી બગડી જતાં વાર નહિ લાગે.

આ કેવો હિતસ્વી મિત્ર! કે પવનકુમાર રાજપુત્ર હોવા છતાં સત્ય વાત કહેતા અચકાતો નથી. છેવટે પવનકુમારે મિત્રની વાતનું ઉલ્લંઘન ન કરી શકવાથી અંજના સાથે લગ્ન કરવા માટે તેણે સંમતિ આપી. પરંતુ અંતરમાંથી અંજના પ્રત્યેનો દુર્ભાવ તો ન ગયો. ક્યાંથી જાય? કારણ કે પૂર્વે એવા કર્મો કર્યા છે કે પતિના હૈયામાં પોતાના પ્રત્યે સદ્‌ભાવ જાગવા જ ન દે. એમ કરતાં લગ્નનો દિવસ આવી ગયો. પ્રહલાદ રાજા તથા કેતુમતી રાણીને આનંદનો પાર નથી. કારણ કે પ્રાણ કરતાં અધિક પ્રિય પુત્રનો લગ્ન-મહોત્સવ જ્યારે મંડાયો હોય ત્યારે માતા કેતુમતીના આનંદનું પૂછવું જ શું? આખા નગરમાં ઠેર ઠેર ધજાઓ બાંધી દીધી. તોરણો-કમાનોથી નગરને શણગારી દીધું. સતી અંજના પણ પોતાના ભાવિ જીવનના મધુર સ્વપ્નોને જોતી હર્ષના સાગરમાં ઝીલવા લાગી. સૌના દિલમાં આનંદ છે પણ પવનકુમારને ગુસ્સાનો પાર નથી. મોટી જાન જોડી પવનકુમાર પરણવા જાય છે. જાનૈયાને પણ હર્ષનો પાર નથી. પણ પવનજીનું મુખડું મલકાતું નથી. જાન મહેન્દ્રપુરી આવી. મહેન્દ્રરાજાએ ખૂબ ધામધૂમથી સામૈયું કર્યું. શુભ દિવસે અંજના અને પવનજીના લગ્ન થયા. અંજનાએ અંતરથી પવનકુમારને પતિ તરીકે સ્વીકાર કર્યો. પરંતુ પવનકુમારે તો માત્ર બાહ્ય વ્યવહારથી અંજનાનો પત્ની તરીકે સ્વીકાર કર્યો. એના હૃદયમાંથી તો અંજનાને ક્યારનો ય દેશવટો મળી ચૂક્યો હતો. મહેન્દ્રરાજાએ પોતાની લાડીલી પુત્રીને અતિ મમતાથી અપૂર્વ પહેરામણી કરી. હાથી-ઘોડા-હીરા-મોતી આદિ ખૂબ કરિયાવરમાં આપ્યું. માતા મનોવેગાની આંખમાંથી તો આંસુની ધારા વહી રહી હતી. પોતાની એકની એક વહાલસોયી, પ્યારી પુત્રીનો વિયોગ સહન કરવાનું ગજું એનામાં ક્યાંથી હોય? હવે માતા-પિતા પોતાની વહાલી પુત્રીને રડતી આંખે કેવી કેવી હિત શિખામણ આપી સાસરે વળાવશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં. ૧૧

**અષાડ વદ ૧૨ ને રવિવાર** **તા. ૩-૮-૭૫**

*સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!*

રાગ-દ્વેષના વિજેતા અને મોક્ષ માર્ગના પ્રણેતા પરમ પિતા પ્રભુ મહાવીરસ્વામીએ

ઉગ્ર પુરુષાર્થ કરી ઘાતીકર્મો ઉપર ઘા કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. જ્યારે સંસાર ઉપરથી જીવને આસક્તિ ઉઠી જાય છે ને ભવભ્રમણનો થાક લાગે છે ત્યારે આવો પ્રચંડ પુરુષાર્થ કરી શકે છે. અનંતકાળથી જીવ ભવભ્રમણ કરી રહ્યો છે તેનું કારણ શું ? સંસાર પ્રત્યેની રૂચી, આશા અને તૃષ્ણા. આ સંસારમાં જીવને એક પછી એક ઇચ્છાઓ થયા કરે છે.

ભગવાન મહાવીરે ઉત્તરાધ્યયન સૂત્રમાં ઈચ્છાને આકાશ સાથે સરખાવી છે. આ અપેક્ષા સચોટ છે. કારણ કે છ દ્રવ્યોમાં ધર્માસ્તિકાય વિગેરે કરતા આકાશ અનંત છે અને લોકાકાશ કરતા તો અલોકાકાશ તો અનંતાનંત ગણું છે, જેનો પાર નથી. તેમ ઇચ્છા પણ અનંત છે. એનો કોઇ પાર પામી શકે તેમ નથી. બંધુઓ ! જન્મ વિના જન્મતી હોય તો તે ઇચ્છા છે. એને સ્થળની, સમયની જરૂર નથી. એક ક્ષણમાં આળસ મરડીને ઊભી થાય ને તમારી સામે આવીને ઊભી રહે, અને કામે લગાડી દે. એક પછી એક ઇચ્છાઓ શરૂ થઇ જાય છે. માણસ બિચારો એ ઇચ્છાઓને પૂરી કરવા માટે પ્રયત્ન કર્યા કરે પણ ઇચ્છાઓ પૂરી થતાં પહેલા માણસ પૂરો થઇ જાય છે. કારણ કે તૃષ્ણા અનંત છે અને પદાર્થો પરિમિત છે. આયુષ્ય પણ પરિમિત છે એટલે તૃષ્ણાનો અંત આવતો નથી. આયુષ્યનો અંત આવી જાય છે. આ વાતને સમ્યક્દૃષ્ટિ આત્મા સમજી શકે છે.

સમ્યકૃત્વ એ શું ચીજ છે ? એક અંતરની રૂચી છે. અંતરની ભૂખ છે. તત્ત્વોના અર્થની શ્રધ્ધા એ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન આવ્યા પછી હેય-જ્ઞેય અને ઉપાદેયની પ્રતીતિ થાય છે ને આત્મા પ્રત્યેની રૂચી થાય છે. રૂચી હોય તો બધું ગમે છે આત્માની રૂચી હોય તો ધર્મસ્થાનકે આવવું ગમે અને ધર્મક્રિયાઓમાં રૂચી થાય કોઇ આત્માની વાતો કરે તો સાંભળવી ગમે. આત્મતત્ત્વનો રસ ધરાવતા અને આગળ વધેલા આત્માઓને જોઇને એનું હૈયું આનંદિત બને, એની વાતો સાંભળે, એની ઉપાસના કરે અને મનમાં એવી ભાવના ભાવે કે હે પ્રભુ ! હું આના જેવો ક્યારે થઇશ ? હું ક્યારે સ્વરૂપમાં ઠરીશ ! અને આ રૂચી વધતાં ઇચ્છાઓ આપમેળે શાંત થવા માંડે છે. કદાચ અંદર ઊંડે ઊંડે ઇચ્છાઓ પડી હોય તો પણ જોર કરી શકતી નથી. અંદરની રૂચી પ્રગટયા વિના માત્ર પૈસા ખર્ચવાથી ધર્મ થાય છે એમ માનવું તે ભ્રમણા છે. જો પૈસાથી ધર્મ થઇ શકતો હોત તો ચક્રવર્તિઓ પણ ધન ખર્ચીને ધર્મ કરી લેત.

જેના ચરણોમાં ઇન્દ્રો નમતા હતા, જેની સેવામાં દેવો હાજર રહેતા હતા, એવા ચક્રવર્તિઓ ધામ સાહ્યબી છોડીને પગપાળા વિહાર કરવા, ઘરઘરમાં ગૌચરી લેવા ચાલી નીકળ્યા. કારણ કે અંદરથી આત્માની રૂચી પ્રગટ થઇ હતી. તેમને સમજાયું હતું કે આ સંસારના સુખો ક્ષણિક છે. ઉછીના લાવેલા દાગીના જેવા છે. જો પૈસામાં સુખ હોત તો ચક્રવર્તિઓને ત્યાગ કરવાની જરૂર ન પડત. પણ સમ્યગ્દર્શન પ્રગટ થયા પછી

પરિગ્રહની મમતા ઓછી થાય છે ને ધર્મના અર્થે ધન ખર્ચવું, ગરીબને આપવું એ રીતે ત્યાગ કરવામાં આનંદ આવે છે. વૃક્ષ ઉપર જ્યારે ફળ આવે છે ત્યારે ફૂલની પાંખડીઓ ખરવા માંડે છે તેમ વિરતિનું ફળ આવતાં મમતાની પાંખડીઓ પણ ખરવા માંડે છે.

બંધુઓ! સમ્યગ્દર્શન એ આત્માની ભૂખ છે. પિંજરમાં પૂરાયેલું પક્ષી આકાશમાં ઉડવાને તલસે છે તેમ રાગ-દ્વેષના પિંજરમાં પૂરાયેલો આત્મા એમાંથી ઉડવા ઉત્સુક બને, જેમ કોઇ દર્દી દવાખાનામાં હોય ત્યાં સરસ પલંગમાં એને સુવાનું મળે, ડૉકટર દરરોજ એને તપાસવા આવે, નર્સ બરાબર સારવાર કરે, ત્રણે ટંક સાત્વિક ભોજન મળે પણ દર્દી તો એમ જ વિચાર કરે ને કે ક્યારે સાજો થાઉં ને ક્યારે હોસ્પિતાલમાંથી ડૉકટર રજા આપે ને મારે ઘેર જાઉં. એને હોસ્પિતાલમાં તો આનંદ ન આવે ને? પોતાના ઘરે જ આનંદ આવે ને! તેમ આ દેહ પણ એક દવાખાનું છે. મોક્ષની રૂચીવાળો આત્મા સમજે કે ક્યારે કર્મરોગથી મુક્ત થાઉં! ક્યારે આ દેહના બંધન તોડીને મોક્ષમાં જાઉં!

અજ્ઞાન દશાને કારણે આ જીવને મોક્ષની રૂચી થતી નથી, પણ ઇન્દ્રિઓના વિષયો તેને સારા લાગે છે. ખરેખર તે બધું ખોટું છે. ઇન્દ્રિયજન્ય સુખ આત્માથી પર છે. "स्वधर्मे निधनं श्रेयः परधर्मे भयावहः।" આ વાકય ખરેખર હૃદયમાં કોતરી રાખવા જેવું છે. અહીં સ્વધર્મ અને પરધર્મ એટલે બીજો કોઇ વાડાવાડીનો ધર્મ નથી. પણ સ્વ એટલે આત્મા. સ્વનો ધર્મ એટલે આત્માનો ધર્મ. આત્માનો માર્ગ કઠીન છે પણ અંતે કલ્યાણકારી છે. પર એટલે ઇન્દ્રિયો. ઇન્દ્રિઓનો માર્ગ તમને સારો લાગે છે પણ અંતે આત્માને ભયમાં નાંખે છે. મિથ્યાત્વને લીધે જીવને આત્માનો માર્ગ ગમતો નથી ને ભૌતિક સુખનો માર્ગ છૂટતો નથી. માનવી ભૌતિક સુખની તૃષ્ણા પૂરી કરવા હિંસા-જૂઠ-ચોરી-વિગેરે ન કરવાના કાર્યો કરીને પાપ બાંધે છે.

ઘણા માણુસ ગોગલ્સ ચશ્મા પહેરે છે. તેમને પૂછીએ કે કેમ ભાઇ! આંખ આવી છે. ત્યારે કહે કે ના, આંખને ઠંડક રહે માટે પહેર્યા છે. બોલો, આંખ માટે કેટલું કરો છો? ઇન્દ્રિઓને સંતોષવા માણસ બધું કરે છે પણ ઇન્દ્રિઓ માણસને અધવચ મૂકી દે છે ને? જેમ કોઇની આંખે અંધાપો આવ્યો ને આંખ ચાલી ગઇ. હવે તે આંખે કરેલું પાપ ઊભું રહ્યું ને આંખ ચાલી ગઇ. પણ કરેલા કર્મો તો આત્માને ભોગવવાના છે. ત્રણે કાળમાં આત્મા શાશ્વત રહેવાનો છે. આવા આત્માની અનુભૂતિ થવી તે સમ્યક્ત્વ છે. આવો સમ્યક્ત્વ પામેલો આત્મા ઇન્દ્રિયજન્ય સુખો પાછળ પાગલ નહિ બને પણ આત્માની સ્થિરતામાં સુખનો અનુભવ કરશે. એની પ્રત્યેક ક્રિયા સ્વ તરફ જવાની હોય તેના કારણે એ પરભાવ રૂપી દોરડાને કાપીને એ આત્માની આરાધનામાં લીન બનશે.

પરભાવ રૂપી દોરડે બંધાયેલા મનને છૂટું કર્યા વિના મુક્તિ નથી. ચેતન્ય એવો આત્મા આ મનના બંધનોથી મુક્ત થાય છે ત્યારે જ્ઞાન અને ધ્યાનની સરિતામાં સ્વતંત્ર રીતે રમણતા કરી શકે છે. તમે સામાયિક લઈને બેઠા હો પણ આ મન તો વગર ટિકિટે ક્યાંના ક્યાંય દુનિયાને પાર જઈ આવે છે. હાથમાં નવકારવાળીના પારા ફરી રહ્યા હોય, નવકારમંત્રનો ઉચ્ચાર થતો હોય પણ મન તો કોણ આવ્યું ને કોણ ગયું, કોણ ક્યાં બેઠું, કોણે શું પહેર્યું છે તે બધી તપાસ રાખતું હોય છે.

**તનને હઉં દબાવી પણ મનડું ના દબાતું,**
**એને કૂદવું બહુ ગમે છે ભગવાન તુજને ભજતા**
**મારુ હૈયુ ક્યાં ભમે છે ભગવાન તુજને ભજતા...**
**અંતરમાં શું રમે છે ભગવાન તુજને ભમતા....**

એક વખત એક શેઠ બાજુની રૂમમાં સામાયિક લઈને બેઠેલા. કોઈ ઘરાક આવીને પૂછે છે શેઠ ક્યાં ગયા? તો દીકરાની વહુ કહે છે ચમારવાડે. પેલો ભાઈ ચમારવાડે જઈને પાછો આવીને કહે છે બહેન! શેઠ ચમારવાડે મળ્યા નહિ ત્યારે ફરીને વહુ કહે છે ભાઈ! શેઠ ચમારવાડેથી આવીને ગાંધીની દુકાને ગયા છે. વહુના શબ્દો સસરાએ સાંભળ્યા. ખૂબ દુઃખ થયું. છેવટે સામાયિક પાળીને પૂછે છે બેટા! હું સામાયિકમાં બેઠો હતો તે તમે જાણતા હતા છતાં ચમારવાડે ને ગાંધીની દુકાને ગયા છે એમ શા માટે કહ્યું? ત્યારે વહુ કહે છે બાપુજી! આપ સામાયિકમાં બેઠા હતા. વાત સાચી છે પણ સામાયિકમાં તમારું મન ચમારવાડે ગયું હતું કે નહિ? ગાંધીની દુકાને ગયું હતું કે નહિ? મેં એ અપેક્ષાથી કહ્યું હતું.

આ રીતે કરેલી ક્રિયા એ માત્ર ક્રિયારૂપે રહી જાય છે. જ્ઞાન વિનાની ક્રિયા પાંગળી છે. આવી ક્રિયાઓ વર્ષો સુધી કર્યા કરો પણ તેનાથી આત્મામાં જે સ્ફૂર્તિ *આવવી જોઈએ, ચિત્તને શાન્તિ થવી જોઈએ તે નથી થતી કારણ કે મન બહાર ભમી* રહ્યું છે. વિચાર કરો, આમાં શું વળ્યું? શું મળ્યું? જો સમ્યગ્જ્ઞાન સહિત ક્રિયાઓ થાય તો આત્મામાં અલૌકિક ઓજસ આવે છે. પરભાવોમાંથી મનને સ્વ તરફ વાળે છે. માની લો કે તમે બિમાર થયા. છોકરો જુદો રહે છે. એ અઠવાડિયા સુધી તમારી ખબર કાઢવા ન આવે તો મનમાં દુઃખ થાય ને? પણ એવો વિચાર આવે છે કે હું માંદો પડયો તે મારા દીકરાના કારણે પડયો કે મારા કર્મોને લીધે? અવળા વિચાર તે અજ્ઞાનતા છે. સમજણવાળો આત્મા ઉપાદાન તરફ દષ્ટિ કરે. નિમિત્તને બટકા ન ભરે. એ તો એવો વિચાર કરે કે મેં પૂર્વે એવું બીજ વાવ્યું છે તેના ફળ રૂપે અત્યારે આ વૃક્ષ ઉગ્યું છે. તે અશુભ કર્મોનો કર્તા બીજો કોઈ નહિ પણ અજ્ઞાનને વશ થયેલો એવો મારો આત્મા પોતે છે. જ્યારે અશાતા વેદનીયનો ઉદય આવે ત્યારે એ દેહને

એમ કહી દે કે તું ન્યારો છે, હું ન્યારો છું. કર્મસંયોગે આપણે ભેગા થયા છીએ. હું શાંતભાવે સહન કરું છું. તું છૂટી જાય તો હું ઉપર જાઉં, કારણ કે તું વિનાશી છે, હું અવિનાશી છું.

બંધુઓ! તમે એમ કહો છો ને કે આ મારું ઘર છે, આ મારી મિલ્કત છે. તો ઘર અને તમે જુદા છો ને? ધન અને તમે જુદા છો ને? પણ કોઇ એમ નથી કહેતું કે મારો આત્મા અને શરીર જુદા છે. તેમાં એકાત્મ ભાવ માની લીધો છે. જેમ ઘર અને માલિક, મિલ્કત અને માલિક જુદા છે તેમ દેહ અને દેહી જુદા છે. શેઠ અને નોકરનો જેવો વ્યવહાર છે તેવો આત્મા અને શરીરનો વ્યવહાર છે. જેને આત્માનો આનંદ સ્પર્શી ગયો છે તેવા આનંદઘનજી ગાઈ રહ્યા હતા કે–

**"આનંદઘન ચલત પ્રભુ પંથમેં, સમરી સમરી ગુણ ગાવે."**

આ સમયે એક ભક્ત તેમની પાસે આવે છે. તેમને વંદન કરી ચરણસ્પર્શ કરી આશ્ચર્ય સાથે પૂછે છે ગુરૂદેવ! આપને તાવ આવ્યો લાગે છે. આપનું શરીર ખૂબ ગરમ લાગે છે. આનંદઘન એને જવાબ આપવાને બદલે ગીત ગાતા રહ્યા. જાણે કાંઇ સાંભળ્યું નથી. પણ ગીતમાં ગાતા ગાતા એમ ગાયું કે **"વો જલતા હૈ મૈં ચલતા હૂં।"** કેવી એમની આત્મમસ્તી હશે! માણસ દેહનો વિચાર કરે તો દેહની નશ્વરતા સમજાય અને આત્માનો વિચાર કરે તો આત્માની મસ્તી જાગે. આ દેહમાં સતત પરિવર્તન છે. બાળક યુવાન થાય છે, યુવાન વૃધ્ધ થાય છે ને વૃધ્ધ સ્મશાને જાય છે. પણ આ ત્રણ અવસ્થામાં વસનારો, સ્વભાવમાં સ્થિર રહે તો ઉપર જાય છે. એનામાં કંઇ પરિવર્તન નથી. એ જે દેહમાં વસે છે તેમાં પરિવર્તન છે, પણ પોતાનામાં કંઇ પરિવર્તન નથી. સમ્યક્‌ત્વની લહેર કોઇ અલૌકિક છે. સમ્યક્‌ત્વરત્નની પ્રાપ્તિ થયા પછી આ શરીર ઉપરથી ચામડી ઉતરતી હોય, માથા ઉપર અંગારા જલતા હોય તો પણ આત્મા આનંદ સરોવરમાં ઝૂલતો હોય. દેહનું દર્દ દિલમાં થાય, આત્માને કંઇ ન થાય, એવી શક્તિ આ સમ્યગ્દર્શન વિના પ્રગટ થતી નથી. દર્શન મોહનીયના ક્ષય કે ક્ષયોપશમથી પ્રગટ થતી દૃષ્ટિ એટલે આત્મા અને દેહને ઓળખાવનારી દૃષ્ટિ.

જેને આવી દૃષ્ટિ પ્રગટ થઇ છે એવા અનાથી નિર્ગ્રંથ બગીચામાં પધાર્યા છે. આત્મસાધનામાં સ્થિર છે. આવા સંતના દર્શન કરતાં પણ પાપ ધોવાઇ જાય છે. તમે ભલે સંત ન બની શકો પણ સંતનો એકાદ ગુણ જીવનમાં અપનાવશો ને સાચા દિલથી સંત પાસે જશો તો દિલના દિલાવર બની જશો. શ્રેણીક રાજાને અનાયાસે સંતના દર્શન થયા છે ત્યાં શું બન્યું.

**तस्सा रुवं तु पासित्ता, राइणो तम्मि संजए।**
**अच्चंत परमो आसी, अउलो रुव विम्हिओ॥**

ઉત્ત. સૂ. અ. ૨૦, ગાથા ૫.

શ્રેણીક રાજા મહર્ધિક રાજા હતા, નાના રાજા ન હતા. એટલે બગીચામાં એકલા આવ્યા ન હતા પણ ઠાઠમાઠથી આવ્યા હશે એમ આપણે અનુમાન કરી શકીએ છીએ. તેઓ ઘોડા ઉપર કે હાથી ઉપર, શેના ઉપર બેસીને આવ્યા તે ઉલ્લેખ નથી.

રાજા શ્રેણીક તે મુનિને જોઇને જેમ ચુંબકથી લોઢું આકર્ષાય તેમ આકર્ષાયા. અહો શું આ મુનિનું રૂપ છે! મુનિનું રૂપ જોઇને રાજાને અત્યંત આશ્ચર્ય થયું. બંધુઓ! આજે મનુષ્ય રૂપ વધારવા માટે કેટલું કરે છે પણ આ મુનિનું રૂપ તો સ્વાભાવિક રૂપ હતું, મુનિનું શરીર જોઇને રાજાએ જાણી લીધું કે આ મુનિમાં બધા શુભ ગુણો રહેલા છે. તેમ એમના રૂપ ઉપરથી જણાય છે.

બંધુઓ! દુનિયામાં નામનો મહિમા ગાવામાં આવે છે પણ નામની સાથે રૂપનો પણ સબંધ છે. આમ તો કોઇ માણસને ઓળખવા માટે તેના નામની જરૂર પડે છે. પણ કોઇ વખત રૂપથી પણ નામ જાણી શકાય છે. રાજા પણ આ મુનિનું રૂપ જોઇને સમજી ગયા કે આ મુનિ સંયતિ અને સુસમાધિવંત છે. ઠાણુંગ સૂત્રના ચોથે ઠાણે ચાર પ્રકારના સત્યો બતાવ્યા છે. કોઇ નામથી સત્ય હોય છે, કોઇ સ્થાપનાથી સત્ય હોય છે. કોઇ દ્રવ્યથી સત્ય હોય છે ને કોઇ ભાવથી પણ સત્ય હોય છે. નામથી સત્ય હોય તેમાં સમજવાની જરૂર છે. જેમ કોઇ માણસે પોતાનું નામ ખોટું બતાવ્યું હોય તો રૂપથી તેને સત્ય સિધ્ધ કરી શકાય છે પણ કોઈએ રૂપ જ ખોટું બતાવ્યું હોય તો? એટલા માટે નામ કે રૂપ સત્ય છે કે નહિ એની કસોટી કરવાની જરૂર રહે છે. કારણ કે આજે તો ઘણાં લોકો કપટ કરીને માણસને છેતરી જાય છે. કોઇ માણસ તમારી પાસે આવીને ખોટું નામ લઈને તમને છેતરે તો તે ખોટું કહેવાય કે નહિ? આ પ્રમાણે પોતે સાધુ ન હોવા છતાં સાધુપણાનો ડોળ કરે તો તે ખોટું કહેવાય કે નહિ? ઘણાં લોકો આજે ખોટી વસ્તુને સારી કહીને વેચે છે. તેમ ભાવમાં પણ ખોટું ચાલે છે. દશવૈકાલીક સૂત્રમાં ભગવંતે કહ્યું છે કે :-

**तेव तेणे वय तेणे, रुव तेणे य जे नरे ।**
**आयार भाव तेणे य, कुव्वइ देव किब्बिसं ।।**

દશ. સૂ અ. ૫. ઉ. ૨ ગાથા ૪૬

કોઇ તપમાં, કોઇ ઉંમરમાં, કોઇ રૂપમાં તો કોઇ આચાર-વિચાર આદિમાં ચોરી કરે છે તે ભાવ ચોરી છે. કોઇ સાધુ બિમાર રહેતા હોય, રોગને કારણે તેનું શરીર સૂકાઇ ગયું હોય ત્યારે કોઇ ગૃહસ્થી કહે અહો ગુરૂદેવ! આપ ખૂબ તપસ્વી લાગો છો. તપશ્ચર્યા કરીને આપનું શરીર કૃશ થઇ ગયું છે. ધન્ય છે આપને! આપ તપશ્ચર્યા કરીને કર્મોનો ક્ષય કરી રહ્યા છો. એમ કહી લળીલળીને નમન કરે તે સમયે સાધુ મૌન રહે પણ એમ ન કહે કે મારું શરીર તપથી દુબળું નથી પડયું પણ મને રોગ થયો છે

તો એ તપનો ચોર છે. કોઇના શરીરની કણીજી નાની હોય પણ ઉંમર મોટી હોય. કોઇ કહે કે તમે તો ખૂબ નાના લાગો છો તે સમયે સાચી ઉંમર ન કહે તો તે વયનો ચોર છે. કોઇ સાધુનું રૂપ ખૂબ હોય તે જોઇને કોઇ શ્રાવકો પૂછે કે ગુરૂદેવ! શું આપનું રૂપ છે! આપને જોતાં એમ લાગે છે કે જાણે આપ રાજકુમાર હશો! તે સમયે જો મૌન રહે તો તે રૂપનો ચોર છે. કોઇ સાધુ ગૃહસ્થોને બતાવવા માટે ખૂબ કડક આચાર પાળે. લોકો કહે ફલાણા સંત અથવા સતીજી ચારિત્રમાં ખૂબ કડક છે. એમનું ચારિત્ર એટલે ચારિત્ર. પણ અંદર તો પોલ ચલાવતા હોય તો તેવા સાધુ આચારના ચોર છે. ચારિત્ર કંઇ બતાવવા માટે નથી એ તો પાલન કરવાનું છે. આ ભાવ ચોરી છે. એટલા માટે ભગવાને કહ્યું છે કે નામ–સ્થાપના–દ્રવ્ય અને ભાવ, એ ચાર સાચા પણ છે ને ખોટા પણ હોય છે. આ માટે જીવે ખૂબ સાવધાની રાખવાની જરૂર છે.

આ મુનિ સાચા સ્વરૂપવાન હતા. જેવું તેમનું રૂપ હતું તેવા તેમનામાં ગુણ પણ હતા. મનુષ્યનું રૂપ સાચું છે કે બનાવટી છે તે માણસની મુખાકૃતિ જોતાં જણાઇ આવે છે. આ મુનિની મુખાકૃતિ જોઇ રાજા આશ્ચર્યમાં પડી ગયા ને મનમાં કહેવા લાગ્યા કે અહો! આ મુનિ કેવા અતુલ રૂપવાન છે. દુનિયામાં આવું રૂપ તો મેં ક્યાંય જોયું નથી. રાજાએ મુનિના રૂપમાં શું વિશેષતા જોઇ હશે? શ્રેણીક રાજાના રૂપના પણ શાસ્ત્રમાં ખૂબ વખાણ કર્યા છે.

એક વખતનો પ્રસંગ છે. જ્યારે શ્રેણીક રાજાના પિતા પ્રસેનજિત રાજાએ શ્રેણીકને દેશનિકાલ કર્યા ત્યારે શ્રેણીક વનવગડામાંથી ચાલ્યા જાય છે. નંદા સાથે તેમનું લગ્ન પછી થયેલું. તેમના રૂપ ઉપર મુગ્ધ બનીને એક દેવાંગના નીચે ઉતરે છે. તેમના ચરણમાં પડીને કહે છે હે નાથ! હું તમારી પત્ની છું ને તમે મારા સ્વામી છો. મારો આપ સ્વીકાર કરો. ત્યારે શ્રેણીક કહે છે હે સ્ત્રી! તું કોણ છે? તો કહે હું દેવાંગના છું. ત્યારે પૂછે છે કે પરણેલી છું કે કુંવારી? તો દેવી કહે પરણેલી છું. શ્રેણીક કહે છે મારાથી જેટલી મોટી સ્ત્રીઓ છે તે મારી માતા સમાન છે ને નાની છે તે મારી બહેનો છે. તું જ્યાંથી આવી હોય ત્યાંથી પાછી ચાલી જા. મારો પ્રાણ જશે પણ મારું ચારિત્ર નહિ છોડું. બંધુઓ! તમે જીવનમાં બધી વસ્તુઓ પાછી મેળવી શકશો પણ ચારિત્ર ગયેલું નહિ મેળવી શકો. જેટલું બને તેટલું ચારિત્ર નિર્મળ રાખો. જેટલું બ્રહ્મચર્ય નિમળ એટલું મન પણ નિર્મળ રહેશે.

જો તમારે બ્રહ્મચર્યને સુરક્ષિત રાખવું હોય તો અમુક નિયમોનું પાલન કરવું પડશે. સૌથી પહેલા એ વાત ધ્યાનમાં રાખો કે રસ્તે જતાં આવતાં નીચી દૃષ્ટિએ ચાલો તો અનેક પાપોમાંથી બચી જશો. રસ્તામાં શું જોવાનું છે? આ જગતમાં રહેલી સ્વરૂપવાન સ્ત્રીઓ સામે દૃષ્ટિ કરશો તો એના પ્રત્યે આકર્ષણ થશે ને મનમાં થશે કે

કેવી સુંદર છે! એ કંઇ તમારા ઘરમાં આવવાની નથી. પણ તમારા મનને વીંધી મગજને અશાંત બનાવીને ચાલી જશે. ભગવાન કહે છે મનથી કરેલું પાપ પણ જીવને નરકમાં લઇ જાય છે. જો તમારે રૂપ જોવું છે તો પરમાત્માના સ્વરૂપનું ચિંતન કરો. આત્મસ્વરૂપનું ચિંતન કરો તો તમને બીજું કોઇ રૂપ જોવાનું મન નહિ થાય ચારિત્ર તો એક મૂલ્યવાન અલંકાર છે. બ્રહ્મચર્યનો મહિમા બતાવતા જ્ઞાની કહે છે:–

" अग्नि स्तोयति कुण्डली स्त्रजति वा व्याघ्रः कुरङ्गायते ।
वज्रं पत्र दलायते सुर गिरिः पाषाणति क्ष्वेडकः ।।
पीयूषत्य निशं हिसत्यरिगणो व्याधिर्विनोदायते ।
विघ्नौ धोऽपि महायते हि महतां शीलप्रभावाद् ध्रुवम् ।। "

સર્વસ્વ રીતે નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પાલન કરનાર મહાપુરૂષની પાસે અગ્નિ જળ જેવો શીતળ બની જાય છે. સર્પ માળા જેવો બની જાય છે. વાઘ, હરણ જેવો બની જાય છે. મેરૂ પર્વત નાના પથ્થર જેવો બની જાય છે. શત્રુઓ મિત્ર જેવા બની જાય છે. વિષ અમૃત બની જાય છે. રોગનો નાશ થઇ આનંદરૂપ બની જાય છે અને વિઘ્ન ઉત્સવ રૂપ બની જાય છે. આ બધો શિયળ વ્રતનો પ્રભાવ છે.

શિયળ વ્રતનો મહિમા કેવો મહાન છે તેનો ચિતાર રજૂ કરતાં જૈન ઇતિહાસમાં સેંકડો દાખલા છે.

સુદર્શન શેઠના રૂપ ઉપર અભયારાણી મુગ્ધ થઇ. પોતાની ઇચ્છાને આધીન થવા સુદર્શન શેઠની પાસે ખૂબ વિનંતી કરી. સુદર્શન શેઠ તો પૌષધ વ્રતમાં હતા. મૌન રહ્યા. તેની વાતનો સ્વીકાર ન કર્યો. ત્યારે રાણીએ તેમના ઉપર આળ ચઢાવ્યું ને બૂમો પાડી. દોડો...દોડો. આ સુદર્શન મારું શિયળ લૂંટવા આવ્યો છે. રાજા આદિ બધા દોડીને આવ્યા. પણ રાજાને સુદર્શન શેઠના ચારિત્ર પ્રત્યે અડગ શ્રધ્ધા છે.

" મેરૂ ડગે ધરતી ધ્રુજે, સૂર્ય કરે અંધકાર,
પણ મેરા સુદર્શન ચારિત્ર ન ચૂકે તલભાર "

એક બાજુ પોતાની રાણી છે ને બીજી બાજુ શેઠ છે. છતાં નગરશેઠને રાજા પ્રત્યે અડગ શ્રદ્ધા છે. સુદર્શન શેઠને રાજા પૂછે છે પણ સુદર્શન મૌન રહ્યા. કારણ કે સત્ય બોલે તો રાણીની ઘાત થાય છે, પોતે ચારિત્રમાં દૃઢ છે પછી બોલવાની શી જરૂર? શેઠ મૌન રહ્યા ત્યારે ન્યાય કરવા ખાતર રાજાએ શેઠને શૂળીએ ચઢાવવાનું ફરમાન કર્યું. રાજાનું ફરમાન સાંભળી સુદર્શન શેઠની પત્નીને લોકો કહેવા લાગ્યા કે શેઠને શૂળીએ ચઢાવવાના છે રાજાનો હુકમ છે. પણ જેને પતિ પ્રત્યે અડગ શ્રદ્ધા છે તેવી તેની પત્નીને સ્હેજ પણ ગભરાટ ન થયો. એના પતિ પ્રત્યે એને કેવો અડગ વિશ્વાસ હશે! આજે

પતિ કે પત્નીને આવો એક બીજા પ્રત્યે વિશ્વાસ છે? આટલા વર્ષો પરણ્યા થયા પણ એક બીજાનો વિશ્વાસ સંપાદન કરી શકયા નથી. ચારિત્ર વિનાનું જીવન એકડા વગરના મીંડા જેવું છે. જેનામાં ચારિત્ર હોય છે તેની બીજા ઉપર કેટલી પ્રતિભા પડે છે તેના ઉપર ઐતિહાસિક ઘણાં ઉદાહરણો છે.

સિકંદરે બધા દેશ ઉપર જીત મેળવી પણ હિંદ ઉપર વિજય મેળવ્યો ન હતો. તે હિંદ ઉપર ચઢાઇ કરવા જાય છે. તેનામાં એક ગુણ હતો કે જ્યારે તે ચઢાઇ કરવા જતો ત્યારે તેના ગુરૂને વંદન કરીને જતો. ગુરૂના મનમાં થયું કે આ કેટલું યુદ્ધ ખેડશે! એના જીવનમાં સંતોષ લાવવાની જરૂર છે. પણ અહીં મારો ઉપદેશ કામ લાગે તેવો નથી. જો જૈન સાધુ મળી જાય તો એનો ઉદ્ધાર થાય. સિકંદર ગુરૂને પૂછે છે મારા લાયક સેવા હોય તો ફરમાવો; ત્યારે ગુરૂ કહે છે જો તારાથી બની શકે તો તું એક જૈન સાધુને લેતો આવજે. સિકંદર હિંદ ઉપર વિજય મેળવી પાછો ફરે છે. ત્યાં તેને ગુરૂનું વચન યાદ આવ્યું. પોતાના સૈનિકોને કહે છે તમે જૈન સાધુને લઇ આવો. સિકંદરના માણસો ફરતા ફરતા એક જૈન સાધુ પાસે આવે છે ને કહે છે આપને સિકંદર બાદશાહ બોલાવે છે. ત્યારે સાધુ કહે સિકંદર કોણ? સિપાઇ કહે અમારા બાદશાહ! સાધુ કહે છે તમારા સિકંદરે પાંચ ઇન્દ્રિયો અને છઠ્ઠા મન ઉપર વિજય મેળવ્યો છે? એ છ ઉપર વિજય મેળવ્યો હોય તો બાદશાહ નહિતર ગુલામ છે. સિકંદર પોતે સાધુ પાસે આવે છે. ને મનમાં વિચારે છે કે મારી પાસે આવવા માટે લોકો તલસે છે અને આ સાધુ મારી પાસે આવવાની ના પાડે છે. સિકંદર સાધુને કહે છે ચાલો મારી સાથે, જો આપ અમારી સાથે આવશો તો મહાન ઉપકાર થશે. સાધુ કહે છે ઉપકાર તો અમે જ્યાં હોઇ શું ત્યાં થવાનો છે. વૃક્ષ જ્યાં હશે ત્યાં છાયા કરશે. પુષ્પ જ્યાં હશે ત્યાં સુવાસ ફેલાવશે. મારે તારી સાથે આવવું નથી. અમે જૈન સાધુ કોઇના બંધાયેલા નથી. સિકંદરનું કહેવું ન માનવાથી સિકંદર મ્યાનમાંથી તલવાર કાઢે છે ને સાધુને મારવા જાય છે ત્યાં તેનો હાથ સ્થંભી જાય છે. તે જોઇ સાધુ હસી પડે છે. અને કહે છે આત્મા તો અમર છે. કોઇથી મરતો નથી. જીવતાં ચામડી ઉતારી છતાં સહેજ પણ સ્ખલિત ન થયા તેવા ગુરૂના અમે વારસદાર છીએ. આ ધૈર્ય અને તેજ જોઇ સિકંદર સાધુના ચરણમાં નમી પડે છે. તે પોતાના દેશમાં આવે છે. તેના ગુરૂ પૂછે છે જૈન સાધુને લાવ્યો? ત્યારે કહે છે સાધુને નથી નથી લાવ્યો પણ તેનો સંદેશ લાવ્યો છું. બધી વાત કરી, ગુરૂ કહે બસ, મારે એટલું જ જોઇતું હતું. મરતી વખતે સિકંદરની આસક્તિ ઓછી થઇ હોય ને એણે ચાર ફરમાન બહાર પાડયા હોય તો જૈન મુનિના સમાગમનું ફળ છે. એ જૈન સાધુના ચારિત્રનો કેવો પ્રભાવ પડયો!

સુદર્શન શેઠ ઉપર અભયા રાણીએ આળ ચઢાવ્યું ને શેઠને શૂળીએ ચઢાવ્યા. આ સમયે શેઠ જરા પણ અકળાયા-મૂંઝાયા નહિ, કે હવે શું કરીશ? જેનું ચારિત્ર સો ટચના

સોના જેવું છે તેને શી ચિંતા છે? આવા આત્માઓની શાસન રક્ષક દેવો રક્ષા કરે છે. સુદર્શન શેઠ નવકાર મંત્રના ધ્યાનમાં લીન બન્યા.

*સુદર્શન શેઠની ઉપર ચઢાવ્યું આળ રાણીએ,*
**ચઢાવ્યા શૂળીએ જ્યારે, ચઢયા નવકારને ધ્યાને,**
**થયું શૂળીનું સિંહાસન....મારો નવકાર બેલી છે (૨)**
**જગત રૂઠીને શું કરશે ....મારો નવકાર બેલી છે (૨)**
**હજારો મંત્ર શું કરશે ....મારો નવકાર બેલી છે (૨)**

સુદર્શન શેઠ નવકારના ધ્યાનમાં સ્થિર થયા. જ્યાં શેઠને શૂળીએ ચડાવ્યા ત્યાં શૂળીનું સિંહાસન બની ગયું. આ શેનો પ્રભાવ? ચારિત્રનો. તમે આવા શાસનપ્રભાવક સાચા શ્રાવક બનો તો આ જિનશાસન પામ્યાની સફળતા છે. સ્વદારા સંતોષ જેવું વ્રત જે અંગીકાર કરે છે તેનામાં પણ આટલી તાકાત છે તો જે મન-વચન-કાયાથી શુદ્ધ બ્રહ્મચર્ય પાળે તેનામાં કેટલી શક્તિ હોય!

શ્રેણીક રાજાને પેલી દેવી ચલાયમાન કરવા આવી છે. તેને કહે છે મારું કહ્યું કરીશ તો ન્યાલ થઇ જઇશ ને મારું કહ્યું નહિ કરે તો મરી જઇશ. શ્રેણીક કહે મારું જે થવું હોય તે થાય, પણ હું ચારિત્રથી ભ્રષ્ટ નહિ થાઉં. દેવીની માયાથી ચારે તરફ ભયંકર આગ ફાટી નીકળી. શ્રેણીક રાજા હિંમત કરી આગળ વધ્યે જાય છે. વિચાર કરે છે કે ભલે આગમાં જલી જાઉં પણ મારું ચારિત્ર નહિ જલવા દઉં. છેવટે તેના કપડા સળગે છે પણ શરીરને ઇજા થતી નથી. કદાચ શરીર બળી જાય તો પણ પરવા નથી. તેની દૃઢતા જોઈ દેવી પ્રગટ થઈ ને ચરણુમાં નમી પડીને કહેવા લાગી હું તારી પરીક્ષા કરવા આવી હતી. તારી દૃઢતા જોઇને પ્રસન્ન થઇ છું. તું માંગે તે આપું. ત્યારે શ્રેણીક કહે છે મારે કાંઈ ન જોઈએ. કંઇ માંગતા નથી ત્યારે દેવી બે રત્નો આપે છે તે લેવાની શ્રેણીકે ખૂબ ના પાડી, પણ દેવી તો ત્યાં મૂકી ચાલી ગઈ. બે રત્નોમાં એક ચિંતામણી રત્ન હતું ને બીજું રૂપ પરિવર્તન કરવા માટેનું હતું.

જે શુદ્ધ હૃદયથી સાધના કરે છે તેને શું નથી મળતું! તમે જેને મેળવવા ફાંફા મારો છે તે એને સામેથી મળ્યું છતાં લેવાની ના પાડે છે ને તમને નથી મળતું એટલે લેવા માટે ફાંફા મારી રહ્યા છો.

આપણી મૂળ વાત એ છે કે જે મહારાજા શ્રેણીકના રૂપ ઉપર દેવી મુગ્ધ થઇ હતી તેનું રૂપ કેવું હશે? આવા સ્વરૂપવાન રાજા હોવા છતાં એ મુનિનું રૂપ જોઈ ખૂબ આશ્ચર્ય પામ્યા તેનું શું કારણ? મુનિએ સંસારનો ત્યાગ કર્યો છે ને શ્રેણીક રાજા સંસારી હતા. શ્રેણીક રાજાનું રૂપ બાહ્ય હતું, જ્યારે મુનિના લલાટમાં ચારિત્રના તેજ ઝળકે છે. એમનું રૂપ ચામડીને ભેદીને બહાર આવ્યું છે. રાજા મુનિનું રૂપ જોઇ આશ્ચર્ય પામ્યા છે.

હવે તેના મુખમાંથી કેવા શબ્દો સરી પડશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

**ચરિત્ર :–** અંજનાના લગ્ન ખૂબ ધામધૂમથી થઈ ગયા. માતાપિતાએ ખૂબ કરિયાવર કર્યો. અંજના એકની એક લાડીલી પુત્રી છે. સાસરે વળાવતી વખતે માતા મનોવેગાની આંખમાંથી શ્રાવણ ભાદરવો વહી રહ્યો છે. માતા પુત્રીને હૈયા સમી ચાંપીને કહે છે બેટા અંજના! મારી કેટલીક હિત શિખામણો તારા હૃદયમંદિરની દીવાલો પર લખી રાખજે.

## માતાએ અંજનાને આપેલી હિત શિખામણ:–

હે વહાલસોયી દીકરી અંજના! તું હવે સાસરે જાય છે. તારો પાલવ ચોખ્ખો રાખજે એટલે કે તારું બ્રહ્મચર્ય નિર્મળ રાખજે. તારા પતિની આજ્ઞાનું કદી ઉલ્લંઘન કરીશ નહિ. તેમની આજ્ઞામાં સદા તત્પર રહેજે. સાસુ–સસરાની ચંદ્ર સૂર્યની જેમ પૂજા કરજે અને હંમેશા તેમની સેવા કરજે. જે વડીલોની સેવા કરે છે તે આ જગતમાં સેવા પામે છે. તેમજ ગુરૂજનોની પણ સેવા કરજે. ગુરૂની સેવા એટલે એમનું સાંભળવાની ઇચ્છા રાખજે. ઉછાંછળાપણું ક્યારેય કરીશ નહિ. ક્રોધ–માન–માયા કે લોભથી અસત્યનું આચરણ કરીશ નહિ. તારા સસરાને પિતાતુલ્ય માનજે. તારી સાસુને તું માતાના સ્થાને સ્થાપજે. તારા પતિને તારા દેવ માનીને પૂજજે. શ્રી નવકારમંત્રનું તારા ચિત્તમાં સતત ધ્યાન ધરજે. ગંભીરતા, ઉદારતા, સહિષ્ણુતા અને પ્રેમાળતા આ ચાર ગુણોના ચાર પુષ્પો તારા અંબોડામાં સદૈવ મઘમઘતા રાખજે. તું ભડભડતા સંસારમાં પડી છું. સંસાર એ કીચડ છે. એ કીચડમાં તું ખૂંચી જઇશ નહિ પણ કમળની જેમ અલિપ્ત રહેજે. હે ભાગ્યવતી! તેં જેવી રીતે અમારા ઘરને તારા ગુણોથી ...કળાથી ઉજળું બનાવ્યું છે એવી રીતે હવે તારા ઘરને ઉજળું કરજે. પણ તારા કુળને કલંક લાગે એવું કાર્ય કરીશ નહિ. વળી તું રાજરાણી થશે એટલે બીજી શોક્ય રાણીઓનો પણ સંપર્ક મળશે. એમાં એ કદાચ તારા પર ગુસ્સે થાય તોય તું જરાય ગુસ્સે ન થઇશ એમને તારી નાની સગી બહેનો ગણજે. નાનડીયા ઊંચા નીચા થાય એમાં આપણે વડેરાએ શું ઊંચુનીચું થવું? નાનાનું તો ગળી ખાવાનું હોય. એવા ભાવ દિલમાં હમેંશા રાખજે તો તને બધાનો સ્નેહ, સદ્‌ભાવ, સહાનુભૂતિ મળશે. જો જે જગતની વચમાં જીવન જીવવાનું છે. એ સાથેના દરેકના સ્નેહ, સદ્‌ભાવ, સહાનુભૂતિ વિના તો જીવન અકારું બની જાય. ચંદ્ર રાહુથી આખો ને આખો ગળાઇ જાય છતાં પણ ક્યારેય તપી ઉઠતો નથી. એ તો શીતળ ને શીતળ રહે છે. તેમ તું ચંદ્રના જેવી શીતળ બનજે. વિનય વિવેકથી બધાનો પ્રેમ સંપાદન કરી લેજે. કર્મસંયોગે દુઃખનો પ્રસંગ આવે તો ક્ષમા રાખજે. દુઃખમાં સુખની દૃષ્ટિ કેળવજે. હે લાડીલી પુત્રી! સુખમાં કે દુઃખમાં તું કદી ધર્મથી વિમુખ ન બનીશ. ધર્મને ન ભૂલીશ. આ સંસારમાં જીવને સાચા માતાપિતા, પુત્ર અને સ્વામી કોણ? એક માત્ર ધર્મ. દુન્યવી માતાપિતા

સાચા માતાપિતા નહિ, કારણ કે એમનો સ્નેહ અને સંરક્ષણ વધુમાં વધુ આ જીવનના અંત સુધી. તેમાં પણ એમનો સ્વાર્થ ભંગાતો હોય તો આ જીવનમાં પણ સ્નેહ છોડી દે ને? ગમે તેવી માંદગીના બિછાને પડયા હોય તો શું એ વેદના ટાળી શકવાના છે? નહિ. ધર્મ આપણને એવું બળ આપે છે કે જેના આધારે અંતરની હાયવોય અટકી જાય. આ રીતે માતાએ અંજનાને ખૂબ શિખામણ આપી. હવે પવનજીને શું ભલામણ કરશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં. ૧૨

**અષાડ વદ ૧૩ ને સોમવાર** **તા. ૪-૮-૭૫**

અનંત કરૂણાના સાગર પ્રભુના મુખમાંથી નીકળેલી શાશ્વતી વાણી તેનું નામ સિદ્ધાંત. ભગવાનની વાણી વરસાદ જેવી છે. જ્યારે આ પૃથ્વી ઉપર વરસાદ વરસે છે ત્યારે અનેક પ્રકારની વનસ્પતિઓ અને ઔષધિઓ ઉત્પન્ન થાય છે તેમ ભગવાનની અમી-રસધારા સમાન વાણી વરસવાથી આપણા આત્માના અનંતકાળના કર્મરૂપી રોગને કાઢનારી અનેક ઔષધિઓ પ્રગટ થાય છે. કર્મોને ખપાવવા માટે સંવર અને નિર્જરા-રૂપી અનેક ઔષધિઓ ભગવાન આપણને બતાવે છે. આ ઔષધિ આપણા કર્મરોગને નાબૂદ કરે છે. કર્મના રોગનો નાશ કરવા માટેનું અમોઘ ઔષધ જિનેશ્વર ભગવંતની વાણીમાંથી પ્રાપ્ત થાય છે. આ કર્મરોગને કાઢવાની ઔષધિ મળ્યા પછી ભાવરોગને નાબૂદ કરતાં વાર લાગતી નથી. આવી અમૂલ્ય ઔષધિની જડીબુટ્ટી બતાવનાર મહાન પુરૂષોનો આપણા ઉપર કેટલો અસીમ ને અનંત ઉપકાર છે.

બંધુઓ! વરસાદ વરસે છે ત્યારે દરેકને આનંદ થાય છે. વરસાદ વરસે એટલે તમને એમ થાય કે જાણે ધાન્ય વરસ્યું. જ્યારે ભગવાનની વાણી વરસે છે ત્યારે જ્ઞાની પુરૂષોને એમ લાગે કે જાણે સુખનો વરસાદ વરસે છે. કારણ કે જેમ વરસાદ ધાન્ય ઉપજવામાં અસાધારણ હોવાથી લોકો કારણમાં કાર્યનો ઉપચાર કરી વરસાદને ધાન્ય વરસે છે એમ કહે છે. તેમ ભગવાનની વાણી આલોકમાં અને પરલોકમાં સુખનું કારણ હોવાથી તે સુખ વરસે છે એમ કહેવાય છે. તે સિવાય બીજી વાત એ છે કે વીતરાગ-વાણીનું શ્રવણ આત્માને આહ્લાદકારી બને છે. આત્માર્થી જીવને છ છ મહિના સુધી વગર ખાધે પીધે એકધારી વાણી શ્રવણ કરવા કદાચ મળે છતાં તેને તૃપ્તિ ના થાય. જ્યારે વરસાદ પડે છે ત્યારે ખેડૂતો આરામને હરામ કરી, શ્રમને ગૌણ બનાવી ખેતીમાં ખૂબ પ્રયત્નશીલ બને છે તેમ ભગવાનની વાણી વરસે છે ત્યારે લઘુકર્મી આત્માઓ વૈરાગી બની આ સંસારના નશ્વર અને દુઃખદાયી સુખોનો ત્યાગ કરી અનંત સુખના પુંજરૂપ સંયમ માર્ગે પ્રયાણ કરે છે અને ખૂબ સુંદર ચારિત્ર પાળી, ખૂબ પુરૂષાર્થ કરી

અનંતકાળથી પાછળ પડેલા જન્મ-જરા અને મરણના ત્રાસમાંથી સદા મુકત બને છે. એ પ્રભુની ઉપદેશધારાનું જોસબંધ વહેલું નીર અનેક આત્માઓની જીવનનૌકાને સંસાર સાગરના કિનારે પહોંચાડવામાં આધારભૂત બની જાય છે.

ચોમાસામાં સારો વરસાદ વરસે છે ત્યારે અનાજ ખૂબ પાકે છે. ત્યારે વેપારીઓ ઠેરઠેર અનાજની દુકાનો ખોલે છે ને ગ્રાહકો અનાજ ખરીદે છે. તેમ ભગવાનની ઉપદેશધારામાંથી આચાર્યો – ઉપાધ્યાયો અને અન્ય સંતો તેમાંથી દાન-શીયળ-તપ-ભાવ આદિ માલની દુકાનો ખોલે છે. તેમાંથી આત્માર્થી જીવો રૂપી ગ્રાહકો વગર મૂલ્યે તેમાંથી તેને જે પસંદ પડે તે માલ લઈ જાય છે. તમારી દુકાનોમાં પૈસા આપીને ખરીદી કરવી પડે છે. દુકાનોમાં મુનીમો, નોકરોને પગાર આપીને રાખવા પડે છે, જ્યારે અમારા પ્રભુની આ દુકાન આવા વિષમકાળમાં કોઈ પણ જાતના પગાર વિના સંતો નિઃસ્વાર્થ ભાવે ચલાવે છે. આ પ્રભાવ પ્રભુની વાણીનો છે. અમારી દુકાનો પાંચમા આરાના છેડા સુધી ઓછાવધતા પ્રમાણમાં ખુલ્લી રહેવાની છે તેમાં શંકા નથી.

અહીં વરસાદને ભગવાનની વાણી સાથે સરખાવ્યો છે. છતાં તેમાં ને પ્રભુની વાણીમાં અમુક અપેક્ષાએ ફરક છે. વરસાદ વરસવાથી એકાંતે જીવોને સુખ નથી મળતું. કોઈ વખત ખૂબ વરસાદ વરસે છે ત્યારે નદીઓમાં રેલ આવે છે. એ પૂરના પ્રવાહમાં મોટા મોટા પૂલ તૂટી જાય છે. કેટલાક નાના ગામો તણાઈ જાય છે, એટલે જાન, માલ અને ગામોની ખુવારી થાય છે. જોઈએ તેટલો વરસાદ વરસે તો માત્ર મનુષ્ય અને ઢોરોને લાભ થાય છે. પણ કેટલાય ત્રસ અને સ્થાવર જીવોનો નાશ થઈ જાય છે. આ રીતે વરસાદ કંઇક જીવોને જીવાડે છે ને કંઈકને મારે છે. ત્યારે ભગવાનની વાણીથી તો એકાંતે જીવોને અભયદાન મળે છે. કારણ કે પ્રભુની વાણીનો મુખ્ય ઉદ્દેશ અભયદાનનો હોય છે. એ ઉપદેશ સાંભળીને કંઈક જીવો અભયદાન આપનારા બની જાય છે, અર્થાત્ ત્યાગી બની જાય છે. કેટલાક જીવો દેશવિરતિનો સ્વીકાર કરી અંશે ત્રસ જીવોને અભયદાન આપનારા બને છે.

મારા વાલકેશ્વરના શ્રાવકો! તમે કેટલા ભાગ્યવાન છો કે તમને રોજ વીતરાગની અમૂલ્ય વાણી સાંભળવા મળે છે. આપણે રોજનો અધિકાર વીર પ્રભુની અંતિમ વાણી ઉત્તરાધ્યયન સૂત્રનું વીસમું અધ્યયન, જેમાં શ્રેણીક મહારાજા મુનિનું અતુલ રૂપ જોઈ આશ્ચર્ય પામ્યા છે. નીરખી-નીરખીને મુનિના સામું જોતાં એને થાય છે કે મેં રૂપ તો ઘણાના જોયા પણ આના જેવું કોઇનું રૂપ જોયું નથી. એમના મુખમાંથી સહજ ભાવે શબ્દો સરી પડયા :-

अहो वण्णो अहो रुवं, अहो अज्जस्स सोमया ।
अहो खंति अहो मुत्ति, अहो भोगे असंगया ।।

ઉત્ત. સૂ. અ. ૨૦, ગાથા ૬.

અહો ! શું આ મુનિનો વર્ણ છે ! શું એનું રૂપ છે ! અહીં તમને થશે કે વર્ણ અને રૂપમાં શું ફેર ? અહીં વર્ણ અને રૂપમાં ફેર છે. જેમ કોઇ માણસના શરીરનો આકાર સુંદર હોય તેની સાથે તેની ચામડીનો વર્ણ પણ સુંદર હોય તો તેને તમે સૌન્દર્યવાન કે સુવર્ણવાન કહો છો ને ! જેમ સોનાને સુવર્ણ કહો છો. શા માટે ? એનો રંગ પીળો છે તેથી ? જો રંગને કારણે કહેતા હો તો પિત્તળનો વર્ણ સોના જેવો પીળો જ છે ને ? છતાં એને સુવર્ણ કેમ નથી કહેતા ? કારણ કે સુવર્ણમાં રૂપની સાથે ગુણ રહેલા છે. સોનાને તમે ધરતીમાં દાટશો તો તેના પરમાણુઓમાં એવી વિશેષતા છે કે વર્ષો સુધી જમીનમાં રાખીને કાઢશો તો પણ તેનું વજન ઓછું નહિ થાય. તેને કાટ ચઢશે નહિ. પણ જો પિત્તળને પાંચ-સાત વર્ષ સુધી જમીનમાં દાટી રાખવામાં આવે તો તેના ઉપર કાટ ચઢી જશે, સડવા જેવું થઇ જશે. પણ સોનામાં એવી ચીકાશ છે કે તે સડતું નથી. બીજું તે વજનમાં ભારે હોય છે. ત્રીજી વાત એના પરમાણુઓમાં એવી ચીકાશ હોય છે કે તેનો ઝીણામાં ઝીણો તાર કાઢી શકાય છે. આ રીતે સોનામાં વર્ણની સાથે બીજી વિશેષતાઓ હોવાથી તેને સુવર્ણ કહેવામાં આવે છે. કેવળ વર્ણની સમાનતા હોય પણ ગુણ ન હોય તો એ વર્ણ ઉપરનો છે. પિત્તળમાં ને સુવર્ણમાં વર્ણની સમાનતા છે પણ ગુણમાં સમાનતા નથી.

આ રીતે અનાથી મુનિનું રૂપ તો છે પણ સાથે ગુણની વિશેષતા છે. રૂપની સાથે જો ગુણ હોય તો સોનામાં સુગંધ ભળી જાય તેવું બને છે. પણ આજે તો ગુણની કિંમત અંકાતી નથી. ચામડાના સૌંદર્યની કિંમત અંકાય છે. આપણામાં રહેલા ક્રોધાદિ કષાયો પણ સૌંદર્યના દુશ્મનો છે. જો તમારે સાચા સૌન્દર્યવાન બનવું હોય તો દુર્ગુણોને દફનાવવા પડશે અને દિલની તિજોરીમાં સદ્દગુણનો ખજાનો ભરવો જોઈશે. જેના દિલની તિજોરીમાં સદ્દગુણનો ખજાનો ભર્યો છે તે જ્યાં જાય છે ત્યાં પૂજાય છે. આજે ભલે તમે બાહ્યરૂપને જોતા થઈ ગયા પણ અંતરાત્માને પૂછશો તો એને તો આંતરિક સૌંદર્ય રૂચે છે. પણ આજે તો આત્મસૌન્દર્યને છોડી દેહનું સૌંદર્ય વધારવામાં માનવ રચ્યોપચ્યો રહે છે. જે સૌન્દર્ય ક્ષણભંગુર છે તેને વધારવામાં માનવ તેનો અમૂલ્ય સમય વેડફી રહ્યો છે. પણ એટલું યાદ રાખજો કે રૂપની છાયામાં કામરૂપી શયતાનનો વાસ છે. રૂપ હોય, શણગાર સજે, ટાપટીપ કરે આથી અજ્ઞાની જીવોને વિકાર ઉત્પન્ન થાય છે. માટે ટાપટીપ ત્યાગ કરવા જેવા છે.

**"નશ્વર દેહના રૂપનો મોહ ના કરો"**:- આ શરીરના સૌંદર્યમાં ભરતી પછી ઓટ આવે છે. જેમ સનતકુમાર ચક્રવર્તિનું સૌંદર્ય કેવું હતું જેને જોવા દેવલોકમાંથી દેવો પૃથ્વી ઉપર આવ્યા. પણ જ્યાં શરીરમાં સોળ રોગો ઉત્પન્ન થયા એટલે બધું સૌંદર્ય વિલીન થઈ ગયું. પણ આત્માનું સૌંદર્ય એવું છે કે જે દિનપ્રતિદિન વધતું રહે

છે ને શાશ્વત રહે છે. જ્યારે દેહનું સૌંદર્ય જીવનનો અંત થતાં નાશ પામે છે. મહાન પુરૂષો પોતાના દેહ, સૌંદર્ય વડે નહિ પણ પોતાના આત્મસૌંદર્ય વડે ચારે તરફ શીતળતા પ્રસરાવે છે. અનાથી મુનિનું દેહસૌંદર્ય તો હતું જ. તે સાથે આત્મસૌંદર્ય પણ ખીલેલું હતું. તેના પ્રભાવે શ્રેણીક રાજાએ બગીચામાં પ્રવેશ કર્યો તેની સાથે શીતળતાનો અનુભવ થયો. આ તો સાધુની વાત થઇ પણ સંસારી જીવો પણ કેવા હોય છે તે દાખલો આપું.

**સાચું રૂપ કયું ?:-** એક અમેરિકને પોતાના બાબાને એક વખત કહેલું કે અબ્રાહમ લિંકન તો ખૂબ બેડોળ છે. એક દિવસ રસ્તામાં આ અમેરિકનને અબ્રાહમ લિંકનનો ભેટો થઇ ગયો. એમની સાથે હાથ મિલાવીને તેણે બાળકને લિંકનની ઓળખાણ આપી. પેલો નાનો બાળક લિંકનના મુખ સામે એકીટશે જોઇ રહ્યો. લિંકનના મુખ ઉપર પ્રસન્નતા હતી. મીઠું હાસ્ય હતું. લિંકનને હસતા જોઇ પેલો બાબો પણ હસી પડયો. લિંકને તેને પ્રેમથી ઊંચકી લીધો. છાતી સાથે ચાંપ્યો ને હાથમાં એક ચોકલેટ આપી. બાબો ખુશ ખુશ થઈ ગયો ને કહેવા લાગ્યો–પપ્પા! તમે તો કહેતા હતાને કે લિંકન તો ગમે એવા નથી પણ મને તો એ બહુ ગમે છે. જેમનો સ્વભાવ મધુર, પ્રેમાળ ને શાંત છે. તે ભલે ચામડીથી બેડોળ હોય છતાં બીજા ઉપર પોતાનું વર્ચસ્વ જમાવી શકે છે. પ્રેમ, નિખાલસતા, ઉદારતા, વિશ્વાસ આદિ સદ્દગુણો આત્મસૌંદર્ય વધારવાના સાધનો છે. માનવીને બાહ્ય ઠઠારાથી માન મળતું નથી. શુદ્ધ ચારિત્રથી માન મેળવી શકે છે.

માની લો કે કોઇ બહેને સોળ શણગાર સજ્યા હોય, લાલી લગાડી હોય પણ જો તેની આંખમાં શરમ ન હોય, હૈયામાં પ્રેમ ન હોય તો એ બધો સાજ અને શણગાર નકામો છે. એક વખત કોન્ફ્યુસ્યસે તેની વહાલી પુત્રીને પૂછ્યું–બેટા! ગાલ ઉપર ચોપડવાની સારામાં સારી લાલી કઈ ? ત્યારે પુત્રી કહે છે પિતાજી! સ્ત્રીઓ માટે જો સારામાં સારી લાલી હોય તો તે લજ્જા છે. તમે દરરોજ સવારના પ્રહરમાં ઉઠીને રૂપ વધારવામાં સમય ગુમાવો છો. અરિસામાં રૂપ જોઇને હરખાવ છો. પણ વિચાર કરજો રૂપની પાછળ પાગલ બનીને જો કોઇ કર્મ થઇ ગયું તો કલંકનો ડાઘ જીવનભર સારામાં સારા સાબુની હજારો ગોટીઓ લઈને ધોવા મથશો તો પણ નહિ જાય. ભલે બાહ્ય રૂપ ન મળ્યું હોય તો તેથી નિરાશ થવાની જરૂર નથી. આજથી આત્મિક સૌંદર્ય વધારવામાં લાગી જાવ. આત્મિક સૌંદર્ય એટલે ગુણ. જ્ઞાનીની દ્રષ્ટિએ જેટલી ગુણની મહત્તા છે તેટલી રૂપની નથી.

**રૂપ છે પણ ગુણ નથી તો કાંઇ કિંમત નથી :-** એક વખત ઉનાળાના દિવસોમાં બપોરના સમયે મહારાજા વિક્રમાદિત્ય અને તેમના માનીનય કવિ કાલિદાસ જ્ઞાનગોષ્ઠિ કરી રહ્યા હતા ત્યારે વાતવાતમાં રાજા વિક્રમે કહ્યું–હે કાલિદાસ! આપનામાં

જેટલી વિદ્વતા છે તેટલો આપનો ચહેરો સુંદર હોત તો સારું થાત. કવિ કાલિદાસ કંઈ જેવા તેવા ન હતા. ખૂબ વિચક્ષણ હતા. આ શબ્દો કહેવાની પાછળ રાજાનો શું ભાવ છે તે સમજી ગયા. આ શબ્દો પાછળ રાજાને તેના રૂપનું અભિમાન હતું. કવિ આ વાત બરાબર સમજતા હતા. થોડી વાર પછી રાજાને પાણીની તરસ લાગી. કવિ કાલિદાસે પાસે પડેલા સોનાના લોટામાં પાણી આપ્યું. એક ઘૂંટડો પાણી પીતા રાજા બોલી ઉઠયા અરે! પાણી તો ગરમાગરમ છે. ઠંડુ પાણી છે કે નહિ? હા છે. પણ સોનાના પાત્રમાં નથી. માટીના પાત્રમાં છે. કવિ કાલિદાસે વ્યંગમાં કહ્યું–રાજા કહે ભલેને ગમે તેમાં હોય. મારે તો ઠંડુ પાણી જોઈએ છે ને! માટીના કુંજામાંથી કાલિદાસે ઠંડુ પાણી આપ્યું. એ પાણી પીવાથી રાજાની તૃષા શાંત થઇ ગઇ. પછી કવિ કાલિદાસે રાજાને ધીમેથી કહ્યું. મહારાજા! પાણી તો બંને પાત્રમાં સરખું ભર્યું હતું, પણ સોનાના લોટામાં ભરેલું પાણી ગરમ થઈ ગયું અને માટીના પાત્રમાં ભરેલું પાણી ઠંડુ થયું. એવી રીતે વિદ્વતા કે મહાનતાને રૂપ–કુરૂપ સાથે કોઈ સંબંધ નથી. દુનિયામાં એવા ઘણાય માણસો છે કે રૂપમાં એનો જોટો ન જડે પણ ગુણમાં મોઢું મીંડુ હોય છે. રૂપની સાથે ગુણ હોય તો એની શોભા છે. કવિ કાલિદાસની વાત સાંભળી વિક્રમાદિત્ય મૌન થઇ ગયા.

સૌંદર્ય વિષે મહાત્મા ગાંધીજીના પુસ્તકમાં પણ એક જગ્યાએ લખ્યું છે કે તું શણગાર કેવો સજ? શણગાર દેહને સજાવશો કે આત્માને? આત્માને. તો આત્માને કયા શણગાર સજાવવાના? આત્માને સદ્‌ગુણના શણગાર સજવાના છે.

**આત્મા સદ્‌ગુણનો ભંડાર, સત્ય શીયળનો શણગાર,**
**એની શોભા અપંરપાર (૨)**

હે આત્મા! તું સદ્‌ગુણનો શણગાર સજી લે. કારણ કે તારે પરમાત્મા રૂપી પતિને ત્યાં જવાનું છે.

મારા ભાઈઓ ને મારી બહેનો! હું તમને કહું છું કે તમે આવા શણગાર સજો. આજની ટાપટીપ અને સૌંદર્ય કેટલું ખતરનાક છે! કંઈક બહેનો શણગાર સજીને તૈયાર થઇને બહાર નીકળે છે એ જોઇને બીજા પુરૂષની દૃષ્ટિ બગડે છે. તો એમાં એ કર્મબંધનનું નિમિત્ત બને છે. સતી સ્ત્રીઓ પતિનું મન રંજન કરવા રાત્રે ગમે તેટલા શણગાર સજે, બધું કરે પણ સવાર પડતાં એવો સાદો વેશ પહેરવો જોઇએ કે કોઇનું મન બગડે નહિ. આગળની સતી સ્ત્રીઓના ચારિત્ર ઉપર કોઇ તરાપ મારવા આવે તો પ્રાણ કાઢતી પણ ચારિત્ર ગુમાવતી નહિ. જ્ઞાની ભગવંતોએ કહ્યું છે કે તું ચારિત્રનું રક્ષણ કરજે. જો ચારિત્ર ગુમાવવાનો વખત આવે તો જીભ કરડીને મરી જજે પણ ચારિત્ર ગુમાવીશ નહિ. શીયળના રક્ષણ માટે આપઘાત કરવામાં પાપ નથી. કોઇ માણસ ઘરના કલેશથી કષાયને

વશ થઇને કેરોસીન છાંટીને બળી મરે. આવી રીતે મરવાથી જીવ અધોગતિમાં જાય છે. પણ ઉપસર્ગ આવે ત્યારે સમભાવમાં રમે તેનું કલ્યાણ થાય છે. ગજસુકુમારે દીક્ષા લીધી તે જ દિવસે શ્મશાન ભૂમિકામાં બારમી પડિમા વહન કરવા ગયા ને સોમલે ઉપસર્ગ આપ્યો. તે સમયે કેટલી સમતા રાખી! તો કર્મને પ્રજાળીને મોક્ષમાં ગયા. દૃષ્ટિ સવળી હોય તો કર્મ તૂટે છે, નહિતર કર્મ બંધાય છે.

**ચારિત્રની દૃઢતા:–** ચંદનબાળાના પિતા દધિવાહન રાજા લડાઇમાં મૃત્યુ પામ્યા ત્યારે તેની માતા ધારિણી દેવી અને ચંદનબાળા બંને રથમાં બેસીને નાસી છૂટયા. મા–દીકરી રથમાં બેઠા છે. માતા પોતાની વહાલી પુત્રીને કહે છે બેટા! આપણા રાજપાટ ગયા. તારા પિતાજી મૃત્યુ પામ્યા. ભલે બધું ગયું પણ આપણું ચારિત્ર ન જાય તેનું ખૂબ લક્ષ રાખવાનું છે. ડાહી માતા પુત્રીને શીખામણ આપે છે. જો શીયળ જવાનો પ્રસંગ આવે તો જીભ કરડીને મરી જવું શ્રેષ્ઠ છે. પણ ચારિત્ર ન જવું જોઇએ. રથ હાંકનારો સારથી બધું સાંભળે છે છતાં ધારિણીદેવી ઉપર તેની દૃષ્ટિ બગડી. તે બોલ્યો. તમે શા માટે રડો છો ને મરવાની વાત શા માટે કરો છો? હવે તમારે શું દુ:ખ છે? હે ધારિણીદેવી! તમને મારે ઘેર લઇ જઇને મારી પત્ની બનાવવાનો છું. મન માન્યું સુખ આપીશ. પછી શું દુ:ખ છે? ક્ષણ પહેલાં શીયળ કેમ સાચવવું તેના પાઠ પોતાની પુત્રીને ભણાવી રહી હતી. તે ધારિણી માતાએ સારથીને ઘણો સમજાવ્યો. તેની કુબુદ્ધિ કાઢવા ઘણા પ્રયત્નો કર્યા છતાં જ્યારે ના સમજ્યો ત્યારે ત્યાં ને ત્યાં જીભ કરડીને પોતાના જીવનનો અંત લાવી દીધો. એણે પ્રત્યક્ષ પૂરાવો કરી બતાવ્યો.

આ જોઇને સારથી ચમકયો. આ શું કર્યું? આ બનાવ બનવાથી સારથીનું મન બદલાઈ ગયું. અહો! આ સતીની વાતો માત્ર વાણીમાં જ નથી પણ વર્તનમાં છે. ચંદનબાળાના સુખ–દુ:ખની સંગાથી માતા પણ મૃત્યુ પામી એટલે એ ખૂબ ગભરાઇ ગઈ. ત્યારે સારથી કહે છે બહેન! તારી માતા ઉપર મારી કુદૃષ્ટિ થઈ હતી પણ તારા ઉપર નહિ કરું. તું ગભરાઇશ નહિ. સારથી તેને પોતાને ઘેર લાવ્યો. મનમાં વિચાર કર્યો કે મારી પત્ની તો થવાની નથી તો કંઇક લાભ મેળવું. બજારમાં એને વેચી દઉં તો સારા પૈસા મળશે. ચંદનબાળાના જબ્બર અશુભ કર્મનો ઉછાળો છે એટલે સારથીને વેચવાનું મન થયું. સારથી ચંદનબાળાને ભરબજારમાં માથે ઘાસનો પૂળો મૂકીને ઊભી રાખે છે. એટલે વેશ્યા તેનું રૂપ જોઇને તેને લેવા તૈયાર થઇ. સારથી પણ એને આપવા તૈયાર થયો, ત્યારે ચંદના પૂછે છે કે બહેન તમે મને ખરીદવા તૈયાર થયા છો. પણ તમે પહેલાં મને એ કહો કે તારા ઘરનો આચાર વિચાર શું છે? તમારા ઘરના નિયમ શું છે? ત્યારે વેશ્યા કહે છે મારા ઘેર તો નિત્ય નવા શણગાર સજવાના ને નિત્ય નવા પુરૂષોનું મન રંજન કરવાનું, એ મારા ઘરનો આચાર વિચાર છે. આ

સાંભળી ચંદનબાળાના દિલમાં ખૂબ દુઃખ થયું. અહો કર્મરાજા! તું કેવા નાચ નચાવે છે! તારી કરામત જુદી છે. મને કષ્ટ પડે તેનું દુઃખ નથી પણ તેં મને ક્યાંય નહિ ને વેશ્યાને ઘેર વેચી! આમ બોલતાં તે મૂર્છા ખાઈને ધરતી પર ઢળી પડી. ભાનમાં આવે છે ત્યારે બોલે છે હે શાસનદેવ! મારી લાજ રાખવી તારે હાથ છે. મારી લાજ જશે તો તો તારી જશે.

**મારા જીવન કેરી નાવ, તારે હાથે સોંપી છે.**
**ચાહે ડૂબાડે કે તાર, તારે હાથે સોંપી છે.**

એની પ્રાર્થનાનો સૂર દેવલોકમાં પહોંચી ગયો. શીયળના રક્ષક દેવોનું આસન ચલાયમાન થયું. તરત દેવો સતીને સહાય કરવા દોડી આવ્યા. વાંદરાનું રૂપ લઈને વેશ્યાને ચારે બાજુથી વલૂરી નાંખી. કોઈ વીંછીનું રૂપ લઈને ડંખ દેવા લાગ્યા ને વેશ્યા તો કંટાળી ગઈ. આ છોકરીને લઈ જવાની વાત કરી ને આમ બન્યું. મારે આ નથી જોઈતી એમ કહીને ચાલી ગઈ. જેને ધર્મ પ્રત્યે અડગ શ્રદ્ધા છે તેને દેવો પણ સહાય કરે છે. થોડીવારે બીજા એક શેઠ આવે છે. ચંદનાનું મુખ જોઈને એના અંતરમાં લાગણી ઉભરાઈ. કેવી સુંદર છોકરી છે! કોઈ ઉચ્ચ કુળની બાળકી છે, પણ દુઃખની મારી એની આ દશા થઈ લાગે છે! હું એને મારે ઘરે લઈ જાઉં. વિચાર કરીને ખરીદવા આવ્યા ત્યારે ચંદનબાળા પૂછે છે બાપુજી! આપના ઘરનો આચાર કેવો છે? શેઠ ખૂબ ધર્મવાન હતા. *કહે છે બેટા રોજ સવાર સાંજ સામાયિક પ્રતિક્રમણ કરવા, ગામમાં સંત હોય* તો તેમની વાણીનો લાભ લેવો. આઠમ પાખી પૌષધ કરવા એ મારા ઘરનો આચાર છે. આ સાંભળી ચંદના રાજી રાજી થઈ ગઈ.

*શેઠ ચંદનાને લઈ ગયા. શેઠના ઘરે રહી ધર્મારાધના કરે છે.* પોતાની પુત્રીની જેમ શેઠ ચંદનાને સાચવે છે. શેઠને ધર્મતત્ત્વનો ખૂબ રસ હતો એટલે બાપ દીકરી બંને ધર્મકરણી સાથે કરતા. શેઠને પણ ખબ આનંદ આવે છે. ચંદન ચંદન કહેતાં જીભ સૂકાતી નથી. આ જોઈ ધનાવાહ શેઠની પત્ની મૂળાને ઈર્ષ્યા આવી. અહો! શેઠ તો આ છોકરીની પાછળ પાગલ બન્યા છે. બસ હવે તો એને પૂછીને બધું કરે છે. મારું તો કંઈ માન નહિ. દૃષ્ટિ દૃષ્ટિમાં ફેર છે. પોતાની આંખમાં કમળો હોય તો બધું પીળું દેખાય છે. દૃષ્ટિ જ્યારે દુષ્ટ બને છે ત્યારે કેવો અનર્થ સર્જે છે.

**ઈર્ષ્યા શું નથી કરતી?** :- એક વખત એવું બન્યું. શેઠ સ્નાન કરવા બેઠા. ચંદનબાળા શેઠને ગરમ પાણીની ડોલ આપવા ગઈ. ચંદનબાળાએ સ્નાન કરેલું એટલે વાળ છૂટા હતા. એના વાળ ખૂબ લાંબા હતા એટલે લટ નીચે પડી. એટલે શેઠ કહે છે બેટા! તારા વાળ બગડે છે. એમ કહીને શેઠે વાળની લટ પકડી ઊંચી નાંખી. આ શેઠાણી જોઈ ગયા. એટલે એના મનમાં થઈ ગયું કે બસ. આ શેઠ આને દીકરી દીકરી કરે છે પણ

એને પત્ની બનાવવા ઉઠયા છે. મારા જીવતાં શાક્ય આવે તે મારાથી કેમ સહન થાય! આ રીતે એના દિલમાં ઇર્ષ્યાની આગ પ્રગટી. બીજી તરફ શેઠને ત્રણ-ચાર દિવસ માટે બહારગામ જવાનું બન્યું એટલે શેઠાણીને જોઇતું મળી ગયું.

ચંદનબાળાને કહે છે તું મારા ઘરમાં આવીને મારી શોક્ય થવા બેઠી છું. હવે જોઇ લે તારી દશા કરું છું. ચંદના કહે બા! તમને મારા માટે આવો વિચાર કેમ આવ્યો? હું તો તમારી દીકરી જ છું. મૂળા કહે છે મારે તારૂં લેકચર સાંભળવું નથી. એમ કહી હજામને બોલાવી તેના માથે મુંડન કરાવી, ચુનો ચોપડી, હાથ પગમાં બેડી પહેરાવી એને ભોંયરામાં પૂરી દીધી અને ઘરની વાડકીથી લઇને તમામ ચીજો કબજે કરી પોતાના પિયર ભેગી થઇ ગઇ. ચોથે દિવસે શેઠ આવે છે. ઘર બંધ છે. શેઠાણી ઘરમાં નથી. શેઠ વિચાર કરે છે બધું બંધ કરીને શેઠાણી કયાં ગયા હશે? કદાચ પિયર ગયા હશે. એ ભલે ગયા પણ મારી ચંદના કયાં ગઈ? ચંદન-ચંદન કરીને શેઠ બૂમો પાડે છે. આ તરફ ચંદનબાળા પદ્માસન લગાવી એકચિત્તે નવકાર મંત્રનો જાપ કરે છે. શોધતાં શોધતાં શેઠ ભોંયરામાં આવ્યા. ચંદનાની આ દશા જોઇને શેઠ પછાડ ખાઇને પડયા. બેટા! તારી આ દશા કોણે કરી? શું બન્યું? ચંદના કહે છે પિતાજી! મારા કર્મે આ દશા થઇ છે.

દેવાનુપ્રિયો! મહાન પુરૂષો કર્મોદય વખતે કોઈને દોષ આપતા નથી. પોતાના કર્મોને દોષ દે છે. શેઠ કહે છે બેટા! બહાર ચાલ. ત્રણ દિવસની ભૂખી છે. તને ખાવા આપું. પણ કોઇ ચીજ એક થાળી પણ બહાર રાખી નથી. શું કરે? ઘોડાને માટે અડદના બાકળા બાફેલા હતા તે બહાર પડયા હતા ને એક સૂપડું પડયું હતું. શેઠે સૂપડામાં બાકળા કાઢીને દીધા પણ હાથ-પગમાં બેડી જડેલી છે. કેવી રીતે ખાય? ચંદનબાળા ઉંબરામાં બેઠી છે. એક પગ બહાર ને એક અંદર છે. હાથમાં સૂપડું છે તેમાં બાકળા છે. શેઠ કહે છે બેટા! હું બેડી તોડવા લુહારને બોલાવવા જાઉં છું. શેઠ લુહારને બોલાવવા ગયા. બીજી તરફ ચંદના મનમાં વિચાર કરે છે, અહો! ત્રણ ત્રણ દિવસના ઉપવાસ છે. આજે પારણું છે. આ સમયે કોઇ સંત મુનિરાજ પધારે તો મને લાભ મળે. આટલા દુઃખમાં પણ કેવી સુંદર ભાવના છે!

**કયારે આવશે ઘેર મુનિરાજ ચંદન જુવે વાટલડી.**
**ઘરના આંગણિયામાં તે બેઠી હતી. સૂકા બાકળા સિવાય કાંઇ નથી**
**મુખે ગણુતી હતી નવકાર....ચંદન જુવે વાટલડી...**

સૂપડામાં લુખા-સુકા બાકળા છે, પણ ભાવના કેટલી ઉત્કૃષ્ટ! તમારે આંગણે સંત આવે ત્યારે નિર્દોષ ગૌચરી વહોરાવવાના ભાવ રાખજો પણ આધાકર્મી આહાર કયારે પણ ના વહોરાવશો. શેઠ લુહારને બોલાવવા ગયા ને ચંદનબાળા ભાવના ભાવે છે ત્યાં

શું બન્યું? આપણા પરમ તારક પ્રભુ મહાવીર સ્વામી જ્યારે છદમસ્થાવસ્થામાં હતા ત્યારે તેર બોલનો અભિગ્રહ ધાર્યો હતો. પાંચ માસને ઉપર પચ્ચીસ દિવસ પૂરા થયા હતા. આ અઘોર તપસ્વી ઘર ઘર ને ગલી ગલીમાં ઘૂમે છે પણ અભિગ્રહ પૂરો થતો નથી. એક વખત છમાસી તપ કરવો સહેલો છે. પણ અભિગ્રહ કરવો કઠીન છે. કારણ કે ઉપવાસવાળાને સ્થાનકમાં બેસીને તપ કરવાનો છે, પણ જે સાધુ અભિગ્રહ કરે છે તેમને તો બીજા પ્રહરે અભિગ્રહ પૂરો કરવા બહાર પરિભ્રમણ કરવું પડે.

**"ચંદનબાળાના હૃદયની ભાવના ફળી"** :– શાસન નાયક પ્રભુ મહાવીર ફરતા ફરતા ત્યાં પધાર્યા. પ્રભુને આવતા જોઇ ચંદનબાળાના આનંદનો પાર ન રહ્યો. આ તરફ પ્રભુએ જોયું કે આ રાજકુમારી છે. ચૌટે વેચાણી છે. માથે મુંડન, હાથ–પગમાં બેડી, ત્રણ ત્રણ દિવસની ઉપવાસી, એક પગ ઉંબરાની બહાર ને બીજો અંદર છે. હાથમાં સૂપડું છે. તેમાં સૂકા બાકળા છે. પોતાનો અભિગ્રહ પૂરો થવામાં એક બોલ ઘટે છે. આ જોઇ પ્રભુ પાછા ફર્યા. પ્રભુને પાછા ફરતા જોઇ ચંદનાનું હૃદય ચિરાઇ ગયું તે બોલવા લાગી :–

**આવો આવો દેવ મારા સૂના સૂના દ્વાર મારા આંગણા સૂના,**
**રોતી રોતી ચંદનબાળા વિનવે છે આજ મારા આંગણા સૂના.**
**હે પ્રભુજી! તમને ઓછું શું આવ્યું દડદડ આંસુ પડયા....મારા આંગણા સૂના.**

હે પ્રભુજી! આપને શું ઓછું આવ્યું કે આપ પાછા ફર્યા! ક્યાં રાજકુમારી ને ક્યાં ચૌટે વેચાણી! મૂળા માતાએ દુઃખ દીધા છતાં મનમાં ઓછું નથી આવ્યું કે મારી આ દશા થઇ! સ્હેજ પણ મનમાં દુઃખ નથી થયું. શેઠે બહારગામથી આવીને પૂછયું કે બેટા! તારી આ દશા કેમ? છતાં નથી બોલી કે મારી માતાએ મારી આ દશા કરી છે. બસ, જે સમયે જે મળે તેમાં સમભાવ રાખ્યો. દુનિયામાં સુખમાંથી સુખ શોધનારા ઘણા મળે છે પણ દુઃખમાંથી સુખ શોધનારા તો વિરલા હોય છે. જ્ઞાની આત્મા એમ સમજે છે કે સુખ ભોગવતા પુણ્ય ખતમ થઇ જાય છે. ને પાપ બંધાય છે. જ્યારે સમભાવે દુઃખ ભોગવતાં પાપ ખતમ થઇ જાય છે ને આત્મા નિર્મળ બને છે. અઘોર દુઃખ પડયા ત્યારે ચંદનબાળાના મુખ ઉપર આનંદ હતો. રાજપાટ–વૈભવ વિલાસ ગયા ત્યારે જે દુઃખ નથી થયું તેના કરતાં અનંતગણું દુઃખ પ્રભુ પાછા ફર્યા તેનું થયું. આંખમાંથી દડદડ અશ્રુની ધારા વહેવા લાગી. ને પ્રભુને વિનવવા લાગી નાથ! મારા પર કૃપા કરો ને પાછા ફરો. ત્યાં પ્રભુએ પાછું વાળીને જોયું. એની આંખમાં આંસુ જોઇને પાછા ફર્યા. પ્રભુને ચંદના કહે છે હે મારા નાથ! મારી પાસે બરફી પેંડા નથી, મેવા મિષ્ટાન્ન કે ઘારી–ઘેબર નથી. આ લૂખા સૂકા અડદના બાકળા છે તેને ગ્રહણ કરીને મને પાવન કરો. ચંદનબાળા એવી હર્ષમાં આવી ગઇ કે એને ખબર ન રહી કે મારા હાથમાં

તો બેડી જડી છે, કેવી રીતે બાકળા વહોરાવું! હર્ષના આવેશમાં આવી પ્રભુને વહોરાવવા હાથ ઊંચો કરે છે ત્યાં શું બન્યું!

**બેડી તૂટી ને માથે વાળ થયા, ચંદનબાળાના દુઃખ દૂર થયા,**
**ત્યાં તો થઈ ગયો ચમત્કાર.......ચંદન જુવે વાટલડી......**

જ્યાં વહોરાવવા હાથ ઉપાડયો ત્યાં તડતડ બેડી તૂટી ગઈ. માથે સુંદર કેશ થઈ ગયા ને બેડીની જગ્યાએ રત્નજડિત કંકણ થઈ ગયા. આકાશમાં દેવદુંદુંભી વાગી. ને સાડાત્રણ ક્રોડ સોનૈયાની વૃષ્ટિ થઈ. હર્ષભેર બાકળા વહોરાવ્યા ને પ્રભુએ કરપાત્રમાં વહોર્યા. પ્રભુનો અભિગ્રહ પાંચ માસ ને પચ્ચીસ દિવસે ચંદનબાળાના હાથે પૂર્ણ થયો. આખા ગામમાં ખબર પડી ગઈ. મૂળા શેઠાણી હાથમાં ઝાડૂ લઈને દોડતા આવ્યા ને સોનામહોરો વાળીને ભેગી કરવા ગયા. ત્યાં દેવો કહે છે હે મૂળા! એ લક્ષ્મીને તું નહિ અડી શકે. એને લેવાનો તારો અધિકાર નથી. એ તો ચંદનના પુણ્યની લક્ષ્મી છે. આખી નગરીમાં જયજયકાર વર્તાઈ ગયો. છેવટે રાજા-રાણીને ખબર પડી તેઓ પણ બોલી ઉઠયા-ધન્ય છે તેને કે જેના હાથે પ્રભુનો અભિગ્રહ પૂર્ણ થયો. એ કોણ પવિત્ર આત્મા હશે? એના દર્શન કરવા ખૂદ રાજા-રાણી આવ્યા. જુએ છે તો પોતાની ભાણેજ છે. રાણી મૃગાવતી ચંદનબાળાના માસી હતા. રાણી કહે છે- બેટા! ગામની રાજરાણી તારી માસી બેઠી હોય ને તારે અહીં અવાય? તું કયારે આવી ને શું બન્યું? બધી વાત કરી. માસીની આંખમાં દડદડ આંસુ પડયા. ચંદના કહે છે માસી! જે થયું તે મારા સારા માટે. આપ શા માટે રડો છો? બંધુઓ! આ ચંદનબાળાના જબ્બર કર્મનો ઉછાળો હતો. તે સમયે જો આ માસીબાને ઘેર ગઈ હોત તો તેને માસી ઓળખત પણ નહિ. ધક્કો મારીને કાઢી મૂકત. કારણ કે કર્મોદય કાળે વહાલા પણ વૈરી બની જાય છે. પુણ્યનો ઉદય હોય ત્યારે દૂરના સગા પણ નજીકના સગા થતા આવે છે ને ખમ્મા ખમ્મા કરે છે.

આજે ચંદનબાળાની વાત કેમ આવી? આપણી મૂળ વાત રૂપ અને ગુણની હતી. સાચું સૌંદર્ય કોને કહેવાય તે વિષય ઉપર આજે ઘણું કહેવાઈ ગયું છે.

અહીં શ્રેણીક રાજા અનાથી મુનિના રૂપમાં મુગ્ધ બની ગયા છે. તેથી તેમના મુખમાંથી સહેજે બોલાઈ ગયું. શું મુનિનો વર્ણ છે ને શું રૂપ છે! હવે આગળ શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

**ચરિત્ર:-** માતા મનોવેગાએ રડતી આંખે અંજનાને ઘણી શિખામણ આપ્યા પછી પવનકુમારને કહે છે-જમાઈરાજ! હવે મારું કાર્ય પતી ગયું છે. તમારા જેવા શ્રેષ્ઠ જમાઈને પામીને હું કૃતકૃત્ય બની ગઈ છું. આપને મારી ખાસ ભલામણ છે કે તમે મારી આ લાડીલી પુત્રી ઉપર ખૂબ રહેમ નજર રાખજો. તમને મહા ગુણસંપન્ન

જોયા છે. તેથી મારી આ પુત્રી તમને સોંપી છે. તમારા જેવા ગુણનિધિના સંપર્કથી આ પણ ગુણવતી બનશે. ચંદનના વનમાં ચંદનની સુવાસના સંપર્કથી પાસેનો લીંબડો પણ ચંદન જેવી સુવાસવાળો બની જાય છે. હરણની ડૂંટીમાં પેઠેલી ધૂળ પણ કસ્તુરીની સુવાસ પકડે છે, તેમ તમારા સંપર્કથી આ પુત્રી ગુણસમૃધ્ધ થાઓ અને એને તમે બરાબર સંભાળજો. આટલું કહીને અંજનાને કહે છે બેટા! ક્યારેક તારા માતા-પિતાને યાદ કરજે એટલું બોલતાં માતાનું હૈયું ભરાઇ આવ્યું. અંજના માતાના ચરણમાં મસ્તક મૂકી ખૂબ રડી અને માતાની શુભાષિષ માગતાં કહ્યું- હે વહાલસોયી માતા! તારી પ્રેમભરી હિત શિખામણને હમેંશા મારા હૃદયમાં કોતરી રાખીશ. આટલું કહીને અંજનાએ પોતાની સખી વસંતમાલાને સાથે લઇ પવનકુમારના વિમાનમાં પગ મૂકયા અંજનાએ વિમાનની બારીમાંથી ડોકીયું કરી માતા-પિતાના મધુર દર્શન કરી લીધા. જોતજોતામાં તો પવનજી ને અંજના રતનપુર પહોંચી ગયા. ત્યાં શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં.-૧૩

**અષાડ વદ ૧૪ ને મંગળવાર** **તા. ૫-૮-૭૫**

અનંત જ્ઞાની મહાન પુરૂષો જગતના જીવોને ઉપદેશ આપતા કહે છે કે અનંતકાળથી સંસારમાં જીવને રખડાવનાર હોય તો તે મોહનીય કર્મ છે. કારણ કે આઠેય કર્મનો રાજા હોય તો તે મોહનીય કર્મ છે. એ મોહનીય કર્મના બે ભેદ છે. દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીય. તેમાં પ્રથમ દર્શન મોહનીય કર્મ ખપે પછી ચારિત્ર મોહનીય ખપે છે. આ મોહનીય કર્મ ખપે તો બીજા ત્રણ ઘાતી કર્મો તો તે આપોઆપ ખપી જાય છે. જેમ કોઇ લશ્કરનો સેનાધિપતિ પકડાઇ જાય તો બીજા સૈનિકોને પકડતા વાર લાગતી નથી. તેમ મોહનીયને પકડયું કે બીજા બધા પકડાઇ ગયા સમજો.

આ સંસાર રૂપી વૃક્ષનું બીજ હોય તો તે દર્શન મોહનીય છે. આ બીજ બળી જાય તો આત્માનું કલ્યાણ થાય. આ કર્મને લીધે જીવ મિથ્યાત્વમાં દોરાય છે. એને આત્માની વાતો ગમતી નથી. જ્યાં સુધી જીવને આત્માની અનુભૂતિ ન થાય ત્યાં સુધી આત્માની વાતો એને કલ્પનાના મોજા જેવી અસાર લાગે છે. જે ઘરમાં આ આત્મધર્મની સમજણ આવે તેનું ઘર સ્વર્ગ જેવું બની જાય છે. જેમ દૂધ ઉભરાઈ જાય છે તેમ બીજાનો આડંબર જોઇને મન તે તરફ ઉભરાઈ જાય ને તે તરફ જવા માટે પ્રેરાય તો તે ધર્મ સમજ્યો નથી. જ્યારે મિથ્યાત્વની ગ્રંથીનો ભેદ થાય ત્યારે ઝાંખો ઝાંખો પણ આત્માનો અનુભવ થાય. આ ભેદ જ્ઞાન છે. આ એક શરીર છે તેમાં ચૈતન્ય સ્વરૂપ એવો આત્મા બેઠેલો છે. સોનીને સોનાનું ભેદજ્ઞાન હોય છે એટલે એ પારખી શકે છે કે આ સોનું છે ને આ માટી છે. મીઠાનું પાણી પીતાંપીતાં અને સાકરનું પાણી પીતાંપીતાં એમ

જાણી શકાય છે કે આ મીઠાનું પાણી છે ને આ સાકરનું પાણી છે. ત્યાં ખારા અને ગળ્યાનું ભેદજ્ઞાન થયું ને? આ રીતે દુનિયાના દરેક પદાર્થોનું ભેદજ્ઞાન થાય છે પણ આત્માનું ભેદજ્ઞાન થયું છે?

જ્યારે તમે કામકાજમાંથી નિવૃત્ત થાવ છો ત્યારે કદી એવો વિચાર આવે છે કે આ દેહમાં કોણ બેઠું છે? જ્યારે અનુભવનું જ્ઞાન થાય ત્યારે વિચારે કે આ શરીર જુદું છે તે તેમાં વસનારો હું પણ જુદો છું. ઇન્દ્રિયો શરીરને આધીન છે અને જ્ઞાન આત્માને આધીન છે. જ્ઞાન એ આત્માનો ગુણ છે. ભરત ચક્રવર્તિ છ ખંડનું રાજ્ય ચલાવતા પણ તેમાં અનાસકત ભાવે રહેતા. એ માનતા કે આ બધા વૈભવ વિલાસો શરીર બધું મારાથી પર છે. હું તેનાથી ન્યારો છું. આવો ભાવ આવે પછી ચીકણા કર્મ ન બંધાય ને? આજે સંસારના પદાર્થોના ભેદજ્ઞાનવાળા ઘણાં છે પણ આત્માના ભેદજ્ઞાનવાળા બહુ અલ્પ છે. જેઓ પૌદ્ગલિક સુખમાં મસ્ત રહે છે તેમની પાસે આત્માના જ્ઞાનની વાતો કરવામાં આવે તો એ કરનારની મજાક ઉડાવે.

એક વખત પાંચ સાત મિત્રો દારૂ પીને સ્ટેશને ગયા. તેમણે પૂનાની ટિકિટ લીધી ને ગાડીમાં બેઠા. ખૂબ દારૂ પીધો હતો એટલે નશો ખૂબ ચઢયો. ગાડી ઉપડી ને વડોદરા સ્ટેશન આવ્યું. ત્યાં ટિકિટ માસ્તરે આવીને કહ્યું ટિકિટ બતાવો. ટિકિટ માસ્તરે ટિકિટ જોઇને કહ્યું, આતો પૂનાની ટિકિટ છે. દારૂડિયા કહે, હા. અમારે ત્યાં જવું છે. ટિકિટ માસ્તર કહે ભાઇ! આ તો વડોદરા આવ્યું, ત્યારે દારૂડિયા મિત્રો કહે છે તો તમારા ડ્રાયવરની ભૂલ છે. જાવ, તમે તમારા ડ્રાયવરને કહો કે ગાડી પાછી ઉપાડે. પહેલો દારૂડિયો બીજાને પૂછે છે કેમ બરાબર ને? બીજો ત્રીજાને અને ત્રીજો ચોથાને પૂછે છે ત્યારે બધા કહે છે હા. વાત બરાબર છે. અહીં બધાની બહુમતિ છે. ત્યારે ટિકિટ માસ્તરે નમ્રતાથી કહ્યું–ભાઈઓ! તમે ઉતરી જાવ. ગાડી ખોટી પકડી છે. દારૂડિયો કહે અમે ઉતરવાના નથી. અમે પૈસા આપ્યા છે. મફત બેઠા નથી એમ કહીને હસવા લાગ્યા. ટિકિટ માસ્તર સમજી ગયા કે આ લોકોને દારૂનો નશો ચઢેલો છે. તેઓ સમજે તેમ નથી. તે રીતે જીવો જ્યારે મોહના નશામાં હોય ત્યારે તેને કોઇ આત્માની વાત સમજાવે તો સાંભળે નહિ. આત્માના ભેદજ્ઞાન માટે જેના દર્શન મોહનીય કર્મનો ક્ષયોપશમ થયો હોય ને જ્ઞાનનો સૂર્ય પ્રકાશિત થયો હોય તેને અપૂર્વ અવસર કહી શકાય

જ્યારે આત્માને ભેદજ્ઞાન થાય છે ત્યારે સ્યાદવાદને પણ સમજે છે. સ્યાદવાદની દૃષ્ટિએ વિચારીએ તો આત્મા દ્રવ્યાનુપેક્ષાએ નિત્ય છે ને પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે.

**આત્મા દ્રવ્યે નિત્ય છે પણ પર્યાયે પલટાય,**
**બાળાદિક વય ત્રણનું, જ્ઞાન એકને થાય.**

મનુષ્ય મરીને તિર્યંચ થાય, દેવ નારકી થાય. આ બધે જોઇએ તો શરીર બદલાયું

છે પણ આત્મા બદલાયો નથી. મનુષ્યનો જન્મ થાય ત્યારે નાનું શરીર હોય પછી ધીમે ધીમે મોટો થતાં યુવાવસ્થાને પામે છે. પછી વૃદ્ધ થાય છે. આ બધી દેહની પર્યાયો છે. આત્માની નથી. જ્યારે આવું દ્રવ્ય પર્યાયનું અનુભવ જ્ઞાન થશે ત્યારે કોઇ વાતનો જીવ તંત નહિ કરે. બહારના રગડા-ઝઘડામાં નહિ પડે. આત્મા દ્રવ્ય દશામાં વીતરાગ છે પણ જ્યાં પર્યાય દશા છે ત્યાં કલેશ-કંકાસ છે. માણસને ઘડીકમાં આંસુ આવે ને ઘડીકમાં આનંદ થાય, ઘડીકમાં શોક થાય. આ બધું શું છે? આ બધો પર્યાય ભાવ છે. અણસમજણમાં રડતો હતો ને સમજણ આવી ત્યારે તે હસતો થયો. અહીં શું જાદુ થયું? સમય બદલાયો કે સંયોગો બદલાયા? કંઇ નહિ. માત્ર મનુષ્યની દૃષ્ટિ બદલાઇ છે.

દર્શન મોહનીય તૂટે છે કે તરત આત્મા ઉપર રહેલા વાદળો ખસતા જાય છે. ને આત્માનો પ્રકાશ પ્રગટ થાય છે. ભેદજ્ઞાન થતાં આત્મામાં એક શૂરાતન આવે છે ને પોતાને ભાન થાય છે કે આ મારો આત્મા વર્તમાન કાળમાં છે એટલું જ નહિ પણ ત્રિકાલાબાધિત છે. ભૂતકાળમાં હું હતો, વર્તમાનમાં છું ને અનંતકાળ સુધી રહેવાનો છું. અધ્યાત્મયોગી આનંદઘનજી મહારાજ કહે છે કે કાળ બધાને ખાય છે. એવું કોઇ તત્ત્વ નથી કે જેને કાળ ન ખાતો હોય. જેમ કે સીમેન્ટના મજબૂતમાં મજબૂત મકાનોને પણ કાળ હચમચાવી દે છે. લોખંડની મશીનરીને પણ કાળ ઘસી નાંખે છે. આ બધી ચીજોને કાળ ખાય છે પણ એ કાળને અનંતાસિદ્ધ ભગવંતો ખાઇ જાય છે તેથી આપણે કહીએ છીએ કે "નમો સિદ્ધાણં."

માણસ માને કે અમે ભોગો ભોગવી લીધા. હવે કંઇ ભોગવવાનું બાકી નથી રહ્યું પણ ભોગો કહે છે કે તું નહિ હોય તો પણ અમે તો રહેવાના છીએ. ત્રણે કાળમાં કાળ તો રહેવાનો છે પણ આપણે આ દેહ છોડીને અહીંથી ચાલ્યા જવાના છીએ. આજથી સો વર્ષ પછી અત્યારે જે બેઠા છે તેમાંથી આ દુનિયા ઉપર કોઈ નહિ હોય. તમે ભલેને બિલ્ડીંગ ઉપર મોટા અક્ષરે તમારું નામ લખાવો કે ફલાણા મેન્શન, ફલાણા હાઉસ, પણ બંધુઓ! આ બધું છોડીને જીવને જવાનું છે. તમે ગાડીમાં ટિકિટ લઇને બેસો, સૂઇ જાવ કે ઊભા રહો. ગમે તે કરો પણ ગાડી તો ચાલુ રહેવાની છે ને તેનું સ્ટેશન આવવાનું છે. તે રીતે આયુષ્ય રૂપી ગાડી જે સડસડાટ ચાલી રહી છે તેને મૃત્યુ રૂપી સ્ટેશન આવતાં બધું છોડીને એક દિવસ સૌને ઉતરી જવાનું છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાળ, એ છ દ્રવ્યોમાં જો કોઇ બળવાન દ્રવ્ય હોય તો તે કાળ છે. પણ જ્ઞાનીઓ કહે છે કે "सिद्धाः कालं भक्षकाः।" સિદ્ધ ભગવંતો કાળને ખાઈ જાય છે. જાણે કાળને એમ ન કહેતા હોય કે તું તારે ચક્કર લગાવ્યા કર, અમે તો અહીં શાંતિથી બેઠા છીએ. આ રીતે દ્રવ્ય રૂપે બિરાજમાન ચૈતન્યનો એટલે કે આપણા આત્માનો આપણને બરાબર

પરિચય થશે ત્યારે રાગ-દ્વેષના પર્યાયભાવ બળી જાય. આ રીતે આત્માનો અનુભવ કરવા જીવને જડનો ઉંડાણપૂર્વક વિવેક કરવાનો છે. હે જીવ! તું કોણ છે? ક્યાંથી આવ્યો છે? તો જવાબ મળશે-અવ્યવહાર રાશીમાં તારી કેવી દશા હતી? ધૂળની સાથે સોનું હોય તેમ જડની સાથે જીવ હતો. તેમાંથી જે જીવ અવ્યવહાર રાશિમાંથી બહાર આવ્યો ત્યાંથી તેની યાત્રાનો પ્રારંભ થયો. અનેક જન્મો કરતાં માનવદેહમાં આવ્યા. અહીં આવીને જીવે દર્શન મોહનીયનો ક્ષયોપશમ કરવા માટે પ્રબળ પુરૂષાર્થ કરવાનો છે. કારણ કે દર્શન મોહનીયના ક્ષયોપશમથી સ્વનો અનુભવ થાય છે. આ સંસારની ચક્કર અટકાવવા ને શાશ્વત સુખને પ્રાપ્ત કરવા માટે જીવે અવશ્ય પુરૂષાર્થ કરવો જોઈએ. વાદળ ખસે તો શું થાય? સૂર્યનો પ્રકાશ આવે. જેમ નાળિયેર ફૂટે ને અંદરથી મીઠું પાણી બહાર આવે તેમ દર્શન મોહનીય તૂટે છે ને અંદરથી પ્રકાશ બહાર આવે છે એટલે તત્ત્વની રૂચી થાય છે.

અહીં આપણે જેનો અધિકાર ચાલે છે તે શ્રેણીક રાજાના જીવનમાંથી મોહનીય કર્મના કાળા વાદળા હવે ખસી જશેને સમ્યક્ત્વનો સૂર્ય પ્રગટ થવાનો છે એટલે મુનિને જોતાં જ તેઓ સ્થંભી ગયા ને કહેવા લાગ્યા કે અહો! શું તમારો વર્ણ છે ને શું તમારું રૂપ છે! તમારું રૂપ તો કોઈ અલૌકિક છે. બંધુઓ! દુનિયામાં રૂપ તો ઘણાંને હોય છે પણ રૂપરૂપમાં ફેર છે. સાચા ફૂલ એ પણ ફૂલ છે ને કાગળ કે પ્લાસ્ટીકના ફૂલ એ પણ ફૂલ છે. પેલા અસલ પુષ્પમાંથી સુગંધ મળે છે પણ કાગળ કે પ્લાસ્ટિકના પુષ્પ ગમે તેટલા દેખાવમાં સુંદર હોય તો તેમાંથી સુગંધ મળતી નથી. કોઈ માણસને લોહીનું એનીમીક થઈ ગયું હોય તો તે રૂપાળો દેખાય પણ એ સાચું રૂપ નથી. ફીકાશ છે. અંદર શક્તિ નથી હોતી. તેમ બાહ્યરૂપ હોય પણ જો અંદરમાં ગુણ ન હોય તો તે રૂપમાં ફીકાશ છે. રૂપ હોય ને સાથે જો ગુણ હોય તો ઓર તેજસ્વિતા આવે છે.

આવા ગુણવાન આત્માઓને કહેવું નથી પડતું કે મારામાં ગુણ છે. એ તો આપ મેળે પરખાઈ જાય છે. લસણ હશે તો દુર્ગંધ આવશે ને કસ્તુરી હશે તો સુવાસ મ્હેંકશે. પોતાના ગુણની જાહેરાત કરવાની જરૂર નથી. અહીં અનાથી મુનિ રાજાને કંઈ કહેવા નથી ગયા પણ એમનામાં રહેલા ગુણોનું માપ તેમની સૌમ્ય મુખાકૃતિ ઉપરથી નીકળી ગયું. નહિતર શ્રેણીક જેવો ચાર બુદ્ધિનો ધણી આકર્ષાય ખરો? સાચા મુનિઓ તો જગતથી જુદા હોય છે. આપણી ને તેમની પ્રકૃતિમાં પણ ફેર છે.

**પજે નિંદે કોઈ માનવી રે, તેમાં રાખે સમભાવ, (૨)**
**યોગી રમે સમભાવમાં....છોડી દુનિયાની આશ....**

કોઈ મુનિનો સત્કાર કરે કે કોઈ તિરસ્કાર કરે, કોઈ ગાળ દે કે કોઈ પ્રશંસા કરે,

દરેક સમયે સમતાભાવ રાખે છે. તે એમ સમજે છે કે કોઇ મને ગાળ દે તો તેમાં મારું શું ગયું? આ તો બધું નામને છે ને? નામ કર્મના ઉદયથી મળેલું શરીર અને મારો આત્મા બંને અલગ ચીજ છે. નામનો નાશ છે. મારો આત્મા અજર અમર છે. તો કોઇ ગાળ દે કે અપમાન કરે એમાં મારું શું જવાનું છે! મને એની સાથે શું લાગે-વળગે છે! વાદળા સાગરમાંથી વરાળ રૂપે ખારું પાણી ગ્રહણ કરે છે ને વરસાદ રૂપે મીઠું પાણી વરસાવે છે. તો સંસાર છોડી સંયમી બન્યા છીએ તો જગતના કડવા ઘૂંટડા પીને ઝેર પચાવીને અમૃત આપવું જોઇએ. તો હું સાચો મુનિ છું. આવી સમજણ સાચા મુનિમાં હોય છે. આપણા જૈન શાસ્ત્રોમાં આવા ગુણયુકત અને સહનશીલ મુનિઓના ઘણાં દાખલા છે.

ધર્મરૂચી અણગાર માસખમણને પારણે માસખમણની તપશ્ચર્યા કરતા હતા. આપણે તપ કેમ નથી કરી શકતા? તેનું કારણ આપણને દેહનો રાગ છૂટયો નથી. દેહનો રાગ છૂટે તો તપ કરી શકાય. જો તપ થાય તો સંથારાની તાલીમ લેવાય. અંતિમ સમયે સંથારો કરી શકાય. કોઇએ આઠ કે સોળ ઉપવાસ કર્યા ન હોય ને વિચાર કરે કે મારે સંથારો કરવો છે તો એને સંથારો કરાવાય નહિ, કારણ કે પૂર્વે તપ કરીને તાલીમ લીધી નથી ને સંથારો કયારે સીઝે તે કંઇ કહી શકાય નહિ. સંથારો કરીને વસમું લાગે ત્યારે પરિણામ પલટાય તો આત્મલક્ષ ચૂકી જવાય આ ધર્મરૂચી અણગારને માસખમણ પૂર્ણ થયું છે. પારણાનો દિવસ આવ્યો. દેહને ટકાવવો હોય તો એને ભાડું તો આપવું પડે ને! પારણાને દિવસે મુનિએ શું કર્યું :–"पढमं पोरिसि सज्झायं, बीइए झाणं झियायइ, तइयाए भिक्खायरियं।" પહેલા પ્રહરે સ્વાધ્યાય કરી, બીજા પ્રહરે ધ્યાન કર્યું, ત્રીજા પ્રહરે ગુરૂની આજ્ઞા લઇને ગૌચરી માટે નીકળ્યા.

**ધર્મઘોષ તણા શિષ્ય ધર્મરૂચી, કીડીઓની કરૂણા આણે રે,**
**નિર્ગ્રંથ મુનિઓ પ્રાણુ સાટે, છકાયની રક્ષા જાણે રે,**
**એક માસખમણને પારણે, મુનિ ગૌચરી લેવા સંચર્યા,**
**સ્વાધીનપણે ભિક્ષાર્થે જઇ, નાગેશ્રી દ્વારે જઇ રહ્યા –**
**ઘર આંગણે ઉકરડો જાણી, કડવી તુંબી વહોરાવે રે... ધર્મઘોષ તણા....**

મુનિને માસખમણનું પારણું છે. ગુરૂની આજ્ઞા લઇને ગૌચરી લેવા નીકળ્યા. પાત્ર એક જ લીધું છે. જે કંઇ આહાર મળશે તે એક જ પાત્રમાં લાવીશ ને મારી ક્ષુધા શમાવીશ. બંધુઓ! એક જ પાત્રમાં ગૌચરી કોણ લાવે? જેણે રસેન્દ્રિય ઉપર વિજય મેળવ્યો હોય તે. આજે તો એક ઉપવાસ કર્યો હોય ને સવારે જો રાબડી ને મગ ન બનાવ્યા હોય તો ધમપછાડા કરો ને?

જેમણે રસેન્દ્રિય ઉપર વિજય મેળવ્યો છે તેવા રસવિજેતા મુનિ ફરતા ફરતા

નાગેશ્રી બ્રાહ્મણીના ઘેર આવ્યા. જુઓ, કેવા પુણ્યનો ઉદય! ગામમાં જૈનના ઘર ન હતા? ઘણાં હતાં, છતાં મુનિ નાગેશ્રીના ઘેર કેમ ગયા? તમારે ઘેર હાલીચાલીને સંત આવે તો સમજજો કે મારા જબ્બર પુણ્યનો ઉદય છે. સંત પધારે ત્યારે મેડી ઉપર ઊભા હો તો સાત આઠ પગલા સામા જઇ સત્કાર કરજો. અને જે સાધુને કલ્પે એવી સૂઝતી ચીજ હોય તે તમારા હાથથી લાભ લેજો.

જેના દિલમાં ગુરૂ પ્રત્યેની અપાર ભક્તિ છે, જેની ચાલમાં જયણા છે, જેના નયનોમાં કરૂણાના ઝરણા વહે છે, માસખમણનું પારણું હોવા છતાં મુખ ઉપર અલૌકિક પ્રસન્નતા છે તેવા મુનિરાજ હાથમાં એક પાત્ર લઇને નાગેશ્રીને ત્યાં ગૌચરી માટે પધાર્યા. તે વખતે નાગેશ્રી ખૂબ ભાવપૂર્વક અંતરના ઉમળકાથી મુનિને કહે છે પધારો.... પધારો. ગુરૂદેવ! આજે મારું આંગણું પાવન થઇ ગયું. મારી રંક ઝૂંપડીમાં સોનાનો સૂર્ય ઉગ્યો. એમ બોલતી ઊભી થઇને મુનિના સામે ગઇ. જુઓ, જૈન ન હતી પણ માયાથી વિવેક કેટલો કરે છે! બાઇના ભાવ જોઇ મુનિ પોતાનું પાત્ર ધરે છે અને પાત્રમાં કડવી તુંબીનું શાક નાગેશ્રીએ ઉત્કૃષ્ટ ભાવે વહોરાવી દીધું.

નાગેશ્રી પાસે જીભમાં મીઠાશ હતી, પણ હૃદયની મીઠાશ ન હતી. એણે સંતને સંત રૂપે પિછાણ્યા નહિ. એણે માન્યું ઠીક થયું. આ ઘેર બેઠા અણુતેડયો ઉકરડો આવી ગયો. એણે આવા પવિત્ર મુનિને ઉકરડા રૂપે જોયા. નાગેશ્રીના હૃદયમાં રહેલી કપટ ભાવનાને સરળ પ્રકૃતિવાળા સંત પીછાણી શકયા નહિ. અહીં વાત એમ બની હતી કે નાગેશ્રી ભૂલ કરીને પોતાની ભૂલને છૂપાવવા માગતી હતી. એની ભૂલ બહાર બતાવવા માંગતી ન હતી. એના ઘેર એના દિયરો-દેરાણીઓ બધા જમવા આવવાના હતા એટલે તેણે તેલ મસાલાથી ભરપૂર તુંબડીનું શાક બનાવ્યું હતું. પણ એ તુંબડી કડવી હતી તે એને પછી ખબર પડી. હવે એ શાક નાખી દેવું પડયું એમ કોઇ જાણી જાય તો એની દેરાણીઓ મજાક કરે. એ એને ગમતું નથી. એટલે તેણે એ વિચાર કર્યો કે આ મુનિ ગમે તેમ થશે તો કોઇને કહેશે નહિ. ઉકરડામાં કોઈ વિષ્ટા નાંખે કે સુગંધી પદાર્થો નાંખે, હીરાકણીઓ નાંખે કે કાચના ટુકડા નાંખે તો પણ તે પચાવી લે છે. એ કોઇને કહેતો નથી. તે રીતે મુનિ પણ "पुढवी समे मुणी हवेज्जा।" પૃથ્વીની જેમ સહનશીલ હોય છે, તે પણ કોઇને કંઇ કહે નહિ.

પોતાની ભૂલ છૂપાવવા ખાતર એણે એટલો વિચાર ન કર્યો કે આ મહાન પવિત્ર અને તપસ્વી મુનિનું શું થશે? એણે એવો વિચાર ન કર્યો કે જે શાક આપણાથી ન ખવાય તે તપસ્વી મુનિને કેમ અપાય? એણે તો એમ જ માની લીધું કે સંત હાલી-ચાલીને મારા ઘેર આવ્યા છે. હું કંઇ તેમને બોલાવવા ગઇ ન હતી. એ મારે ઘેર આવ્યા ને મેં વહોરાવ્યું તેમાં મારો દોષ કયાં છે? બીજું, મારે ઉકરડે નાંખવા જવાનું

કામ ઓછું થયું ને ત્રીજું, મારી ભૂલ થઇ છે એ વાતની કોઇને જાણ નહિ થાય એવી ભાવનાપૂર્વક કડવી તુંબીનું શાક તેણે મુનિને વહોરાવી દીધું.

બંધુઓ! આ જીવને માન કેટલું છે! માન ખાતર માનવી કેટલું પાપ કરે છે. સર્પ તો મનુષ્યને કરડી જાય છે પણ ગળી જતો નથી, પણ અજગર આખા મનુષ્યને ગળી જાય છે. તેમ અભિમાન રૂપી અજગર મનુષ્યના જ્ઞાન–દર્શન–ચારિત્ર–તપ રૂપી ગુણોને ગળી જાય છે ને ભવાંતરમાં જીવને ભ્રમણ કરાવે છે. માન એ મીઠું ઝેર છે. તમે આવી ભૂલ કદી ન કરશો.

ધર્મરૂચી અણગારને અભિગ્રહ હતો કે મને પાત્રમાં જે પહેલું મળે તેનાથી મારે પારણું કરવું. સર્વ પ્રથમ આ કડવી તુંબડીનું શાક મળ્યું. તે લઇને ગુરૂ પાસે આવ્યા. ગુરૂ ખૂબ જ્ઞાની હતા. આહાર જોતાંની સાથે સમજી ગયા કે આ આહાર ઝેરી છે. અમારા પ્રભુનો કાયદો કેવો સરસ છે! તમને ભૂખ લાગે તો તરત ખાઈ લો. અમારે ત્યાં શિષ્યોને ગમે તેટલી ભૂખ લાગી હોય પણ ગુરૂની આજ્ઞા વિના ન ખવાય. ગૌચરી કરીને આવે, ગુરૂને બધો આહાર બતાવે કે કયાંથી શું લાવ્યા? કોને ત્યાં અસૂઝતું થયું. પછી ઇરિયાવહી પડિકકમે ગૌચરીમાં કોઈ દોષ લાગ્યા હોય તેનું નિવારણ કરવા બીજા શ્રમણ સૂત્રનો કાઉસગ્ગ કરે. ધમ્મો મંગલની પાંચ ગાથાની સ્વાધ્યાય કરે, ગુરૂ આજ્ઞા થાય ત્યારે ગૌચરી વાપરે. ધર્મરૂચી અણગાર ગૌચરી લઇને આવ્યા પછી ગુરૂને બતાવે છે.

**આહાર લઇ ગુરૂ પાસે જઇ, વિનય સહિત એ દેખાડે રે**
**ગુરૂજી કહે નિર્દોષ સ્થાને, પરઠવજો મુનિ યત્નાએ**
**કડવી તુંબીના આહાર થકી, મૃત્યુના ખોળે મૂકાશો રે....ધર્મઘોષ....**

આહાર જોઇને કરૂણાવંત ગુરૂજી બોલ્યા કે તમે આ આહાર વાપરશો તો તમારો વિનાશ થશે. માટે જયાં નિર્જીવ ભૂમિ હોય અને જયાં એક પણ જીવની હિંસા ન થાય ત્યાં જઇને તમે આ આહાર પરઠવી આવો. સંતને માસખમણનું પારણું છે. પોતે જાતે ગૌચરી કરીને આવ્યા છે ને પરઠવવા જવાની આજ્ઞા પણ પોતાને કરી. ગુરૂદેવની આજ્ઞા થતાં તપસ્વીને ખૂબ આનંદ થયો કે હું કેવો ભાગ્યશાળી છું કે ગુરૂ આજ્ઞા રૂપ આજે મને ભક્તિ મળી છે. પોતાને ભાગ્યશાળી માની રહેલ મુનિ હવે શું કરશે તેના ભાવ અવસરે કહેવાશે.

**ચરિત્ર :–** પવનકુમાર અને અંજના રતનપુર પહોંચી ગયા. અંજનાની સાથે એક વસંતમાલા સખી હતી. પ્રહલાદ રાજાએ પુત્રવધૂ અંજનાને સાત માળનો ભવ્ય મહેલ આવાસ માટે અર્પણ કર્યો. મહેલ એવો સુંદર કે જાણે સ્વર્ગલોકનું વિમાન! અનેક દાસદાસીઓથી અને રાજકુળની વૃદ્ધાઓ, યૌવનાઓ અને બાળાઓની અવરજવરથી મહેલ ગાજી ઉઠયો. જેણે જેણે અંજનાને જોઇ તેણે તેણે અંજનાની પ્રશંસાના

પુષ્પોની વર્ષા વરસાવી. આખો દિવસ તો પસાર થઈ ગયો. અંજનાનું હૃદય પવનકુમારના દર્શન કરવા માટે ઝંખી રહ્યું છે.

રાત્રી પડી. અંધારું થયું. હમણાં પતિદેવ આવશે તેમ ઉત્સુકતાથી અંજના પતિની રાહ જોઇને બેઠી છે. જરા નિદ્રા આવી ગઇ. ત્યાં બારના ટકોરા પડયા. અંજના એકદમ ઝબકીને જાગી તો પગ આગળ સૂતેલી વસંતમાલા સિવાય રૂમમાં કોઇ ન દેખાયું. હૈયામાં ધ્રાસ્કો પડયો. અંજનાએ વસંતમાલાને જગાડીને પૂછયું. શું હજુ પવનકુમાર નથી આવ્યા? વસંતમાલાએ ભાંગેલા હૃદયે કહ્યું–ના. નથી આવ્યા. આ સાંભળી અંજનાના મુખ પર ખેદ અને નિરાશાની લાગણીઓ પથરાઈ ગઇ. એના ચિત્તમાં અનેક અશુભ વિચારો આવવા લાગ્યા. વસંતમાલા કહે બહેન! પણ આમ જાગતાં કયાં સુધી બેસી રહીશું. હવે સૂઇ જઇએ. અંજના કહે સખી! આજે તો મારી ઊંઘ જાણે નાસી ગઇ છે. વસંતમાલાએ અંજનાને આશ્વાસન મળે તેથી કહ્યું–સખી! મને લાગે છે કે પવનજી આજે કોઇ અગત્યના કામમાં પરોવાઇ ગયા હોવા જોઇએ. આવી વાતથી અંજનાનું મન કેમ માને? તે અને તેની સખી આખી રાત બેસી રહ્યા. ઊંઘ તો કેવી રીતે આવે?

આખી રાત પવનજીની રાહ જોઇને પૂરી કરી. મનમાં આશા છે કે સવારે તો જરૂર પવનજી આવશે અને રાત્રે પોતે ન આવી શકયા તેની દિલગિરી વ્યકત કરી પત્નીનું મન રંજન કરશે. પણ સવારમાં ય પવનજીના દર્શન ન થયા. પવનજી તો આવીને પોતાના નિવાસસ્થાને પહોંચી ગયા અને રાજ્યના કાર્યોમાં રોકાઇ ગયા. જો કે તેનું ભગ્નહૃદય રાજકાર્યોમાં પરોવાઇ શકે તેમ ન હતું પરંતુ અંજના પ્રત્યેના ભારોભાર રોષે તેને અંજનાની પાસે પહોંચવા ન દીધો. મિત્રે ઘણું ઘણું સમજાવ્યો છતાં ન સમજ્યો. અંજનાને પોતાનું મુખ બતાવવું પણ એણે બંધ કર્યું. અંજનાની સ્થિતિ કફોડી થઇ. તેના ભાંગ્યા હૈયાની દર્દભરી વાત સાંભળનાર એક વસંતમાલા સિવાય કોઇ ન હતું. સાત માળનો ભવ્ય મહેલ એક બિહામણા ખંડિયેર જેવો લાગવા માંડયો. અંજનાના કરૂણ આક્રંદના પડઘા ભીંતો પર ભટકાવા લાગ્યા. તીવ્ર વેદનાઓ....ઊભરાતા આંસુઓ, ધખધખતા નિશ્વાસો, નિરાશાપૂર્ણ વિવશતા, દીનતા અને ઉદાસીનતાનું જાણે એક નર્કાગાર સર્જાઇ ગયું. પવનકુમાર વિના અંજનાનું જીવન અંધકારમય બની ગયું. ચંદ્ર વિનાની જાણે અમાસની રાતલડી.

આ રીતે કેટલાય દિવસો પસાર થઇ ગયા. કેટલાય મહિનાઓથી અંજનાએ સ્નાન કર્યું નથી, માથે તેલ નથી નાંખ્યું, કોઇ સારા વસ્ત્રો કે આભૂષણો પહેર્યા નથી. રડી રડીને તેની આંખો સૂઝી ગઇ છે. સખીની આવી અસહ્ય દુઃખદ સ્થિતિ જોઇને વસંતમાલા કંઇક આશ્વાસન આપવા જાય ત્યાં તો અંજના વસંતમાલાના ખોળામાં માથું મૂકીને ધ્રુસકે ધ્રુસકે રડતાં કહે– સખી! મારું તો સર્વસ્વ લૂંટાઇ ગયું. વસંતમાલા કહે–

સખી! તારા જેવી જિનવચનાનુરાગી સ્ત્રીને આપત્તિ સમયે આ રીતે મૂંઝાઈ જવું ન શોભે, આપત્તિ વખતે કોણ મૂંઝાય? જેને કર્મો પર શ્રદ્ધા નથી તે. બહેન! આમ રડી રડીને જીવન પૂરું કરવું ન શોભે. સખી! હું જાણું છું કે મારા કરેલા કર્મોનું આ ફળ હું ભોગવી રહી છું. પરંતુ કંઈ સમજાતું નથી કે મને શું થઈ ગયું છે! એમના પ્રત્યે મારા દિલમાં જરાય દ્વેષ નથી. અપ્રીતિ નથી. એ તો મહાન ગુણનિધિ છે. હું અભાગણ છું. મેં તેમને દુઃખી કર્યા? હું તેમને સુખી ન કરી શકી. બસ, આ વાત વારંવાર યાદ આવે છે ને હૈયું ભરાઈ જાય છે.

વસંતમાલા કહે– અંજના! તું અભાગણ નથી, તું તો મહાન ભાગ્યશાળી છે. દોષ પવનકુમારનો છે. એમણે જો આ રીતે કરવું હતું તો પરણતાં પહેલા વિચાર કરવો જોઈતો હતો ને! સખી! એવું ન બોલ. કોઈ પણ જીવને દુઃખ આવે છે તે પોતાના પાપકર્મોથી આવે છે. મારા એવા કોઈ અશુભ કર્મો ઉદયમાં આવ્યા છે કે જેના પરિણામે તેમના જેવા ગુણનિધાનના હૈયામાં પણ મારા માટે કોઈ અશુભ ભાવ જાગૃત થયો છે. આ રીતે સમય પસાર થઈ રહ્યો છે. અંજના હજુ પવનજી આવશે એ આશાના તંતુએ દિવસો પસાર કરે છે ત્યાં શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં. ૧૪

**અષાડ વદ અમાસ ને બુધવાર** તા. ૬–૮–૭૫

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો,

*ત્રિકાળજ્ઞાની નાથે જગતના જીવોના કલ્યાણને અર્થે સિદ્ધાંતની પ્રરૂપણા કરી.* તે સિદ્ધાંતની પ્રરૂપણા કરનાર નાથ કેવા છે? તેમના દર્શન પણ કલ્યાણકારી, મંગલકારી અને જીવના ભવના ફેરા ટાળનાર છે. તમે તમારી સંપત્તિ, વાડી, ગાડી કે બંગલા વગેરેમાં જે સુખ કહો છો તે આત્મિક સુખ આગળ કાંઈ વિસાતમાં નથી. અનંતકાળના કર્મોના આવરણો પ્રભુની સ્તુતિ કરવાથી નાશ પામે છે. જીવ અનંતકાળથી આ સંસારમાં સબંધ જોડતો આવ્યો છે. ભાઈ–બહેન, પુત્ર, પુત્રી, કાકા, કાકી, મામા, નોકર, ચાકર, પાડોશી–પાડોશી વિગેરે અનેક સાથે અનંતકાળથી સબંધ જોડતો આવ્યો છે. પણ તે બધા સબંધ ઉપલક છે. તેમાં સાચા પ્રેમની પ્રતીતિ નથી. તે સાચી પ્રીતિ નથી, પણ ખારી છે. તમે પ્રભુ સાથે કેવી પ્રીતિ જોડી છે! ગુરૂએ ઉપાશ્રયે જવાની અને માળા ફેરવવાની બાધા કરાવી. પચ્ચખાણ લીધા એટલે કરવું તો પડે. કારણ કે તમે એટલું તો સમજો છો. પણ માળા ફેરવતા મન ક્યાંય ભમતું હોય તો પરિણામ શું આવે? એક એક ચિત્ત સાથે ભાવનાપૂર્વક થવું જોઈએ. નહિતર છાર ઉપર લીંપણ જેવી કરણી છે. અજ્ઞાની જીવો સંસારનો ગમે તેટલો પ્રેમ કરશે પણ સમજી લેવા જેવું છે કે જે માંગે તે નહિ

લાવી આપે તો કહેશે કે કમાવાની ત્રેવડ નથી. આવા પ્રેમમાં જીવ ઘણી વાર લપટાયો. માટે હવે આત્મા સાથે પ્રેમ કરો. સ્વ સાથે પ્રેમ કરવાથી સંસાર તાપના ઉકળાટ શમી જાય છે-ને આત્માને શીતળતા મળે છે. સ્વ પરનું અને જડ-ચૈતન્યનું ભાન થાય છે. જ્ઞાન-દર્શન અને ચારિત્રની લહેજત આવે છે ત્યારે કર્મના ભૂક્કે ભૂક્કા થઇ જાય છે.

જુઓ, મહારાજા શ્રેણીકે એક મહાન યોગીને મંડિકુક્ષ બાગમાં વૃક્ષ નીચે ધ્યાનાવસ્થામાં બેઠેલા જોયા ત્યારે સાધુનું ઉત્કૃષ્ટ અને અનુપમ રૂપ દેખીને શ્રેણીક રાજાને ઘણું આશ્ચર્ય થયું. કોઇ વિશિષ્ટ પ્રકારની વસ્તુ કે વાત જે કદી દેખી કે સાંભળી ન હોય તે દેખવા કે સાંભળવાથી આશ્ચર્ય થાય છે. પણ સામાન્ય વસ્તુ કે વાત દેખવા કે સાંભળવાથી આશ્ચર્ય થતું નથી. તેમ આ મુનિનું રૂપ જો સાધારણ હોત તો રાજા શ્રેણીકને આશ્ચર્ય ન થાત. કારણ કે પોતે ખૂબ સૌંદર્યવાન હતા. એમના રૂપને દેખીને કેટલીક સાધ્વીઓ ચેલણા રાણીના ભાગ્યની આવો સુંદર પતિ મળવા બદલ પ્રશંસા કરતી હતી. આવા રાજા મુનિના રૂપને જોઇને આશ્ચર્ય પામવા લાગ્યા, તેથી એ વાત સ્પષ્ટ થાય છે કે એ મુનિ અનુપમ સુંદર હતા. રાજા શ્રેણીક આશ્ચર્ય સાથે વિચારવા લાગ્યા કે હું આ બગીચામાં ઘણી વખત આવ્યો છું, પણ આજે આ મુનિના પ્રભાવથી બાગ જેટલો મનોહર થઇ ગયો છે તેટલો મનોહર આજ સુધી કદી નહોતો. તેથી માલૂમ પડે છે કે જે પ્રમાણે ચંદ્ર તારાઓને તેજસ્વી બનાવે છે અને ચંદ્રમાએ આપેલા પ્રકાશથી તારાઓનો સમૂહ પણ પ્રકાશિત બને છે. તે પ્રમાણે આ મુનિરાજ પણ બાગમાં રહેલા વૃક્ષાદિને સૌન્દર્ય આપી રહ્યા છે અને મુનિએ આપેલા સૌંદર્યથી બાગ પણ રમ્ય અને મનોહર બની ગયો છે. આ મુનિના રૂપની તુલના કરવા દેવો અને ઇન્દ્રો સમર્થ નથી. એટલે મુનિના રૂપથી આશ્ચર્યચકિત બનેલા રાજા શ્રેણીક મનમાં કહેવા લાગ્યા :– "अहो वण्णो अहोरुवं, अहो अजस्स सोमया। अहो खंती अहो मुत्ती, अहो भोगे असंगया।" અહો ! આ આર્યનો વર્ણ કેવો છે? રૂપ કેવું છે! કેવી સરળતા ને શીતળતા છે! કેવી ક્ષમા છે! કેવી નિર્લોભતા છે! અને ભોગોથી કેવી નિસ્પૃહતા છે! આર્ય કોને કહેવાય? ત્યાગવા લાયક બૂરા કામોને ત્યાગીને જે એ કાર્યોથી બચવા પામ્યા હોય તેને આર્ય કહેવામાં આવે છે. વળી જે ત્યાગવા યોગ્ય વિષયના બૂરા કાર્યોને ત્યાગી તે બૂરા કાર્યોથી જે બચતો રહે છે તેને તે વિષયના આર્ય કહે છે. જેમ કે ધર્મ આર્ય, સમાજ આર્ય આદિ. રાજા શ્રેણીકે એ મુનિને આર્ય માન્યા. તેથી એ સ્પષ્ટ થાય છે કે રાજા શ્રેણીક જાણતા હતા કે ભોગ-લોભ-કષાય, વિશ્વાસઘાત આદિ દુર્વિષયો ત્યાગવા યોગ્ય છે અને તેથી શ્રેણીક રાજા એ દુર્વિષયોને ત્યાગનાર પ્રત્યે માનની દૃષ્ટિથી જોતા હતા.

વર્ણનો અર્થ રંગ છે. રંગમાં પણ આકર્ષણ હોય છે. સાચો રંગ હૃદયને પોતાના તરફ ખેંચી લે છે. મનુષ્યનો સારો યા નરસો રંગ શરીરના કાળા-ધોળાના ભેદથી નથી

રહેતો. પણ સદાચાર અને દુરાચારના ભેદથી હોય છે. સદાચાર-સંયમ પાલનથી શરીર પર એક વિશેષ પ્રકારનો રંગ ખીલે છે. જે દેખનારને લલચાવ્યા વગર રહેતો નથી. દુરાચારીનો વર્ણ એનાથી વિપરીત હોય છે. અનેક વસ્ત્રાભૂષણ ધારણ કરવાથી તેમજ કૃત્રિમ ઉપાયોથી સુંદર રંગ બનાવવાની પ્રવૃત્તિ કરવા છતાં પણ દુરાચારીના શરીરનો રંગ દેખાડનારને પોતાની તરફ લલચાવવામાં અસમર્થ બને છે. બીજાના હૃદય ઉપર પોતાનો પ્રભાવ પાડનાર રૂપ જ વાસ્તવિક રૂપ છે. સરળતા, ક્ષમા અને નિર્લોભતા પણ ચહેરા ઉપરથી સ્પષ્ટ દેખાઇ આવે છે. વિવેકવાનની દૃષ્ટિમાં સરળ અને કપટી, ક્ષમાશીલ અને ક્રોધી, નિર્લોભી અને લોભી છૂપા રહેતા નથી. ચતુર મનુષ્ય બીજાનું મોઢું જોઇને પારખી લે છે કે આ કેવો છે? કોઇ રાગી મનુષ્ય પોતાની રાગવાળી વસ્તુ અથવા જેના ઉપર તેને રાગ છે તે મનુષ્યને દેખવાથી તેને સુંદર માની લે તે સ્વાભાવિક છે. પણ તે મનુષ્ય દ્વારા સુંદર મનાયેલ વસ્તુ યા વ્યકિત વાસ્તવિક રીતે સુંદર છે એમ કહી શકાતું નથી. કારણ કે તે વ્યકિત સાથે રાગ હોવાને કારણે સુંદર માની રહેલ છે, નહિ કે તેની વાસ્તવિક સુંદરતાના કારણે. દા. ત. સુવર વિષ્ટાને સુંદર માને છે પણ વિષ્ટા સુંદર છે એ વાત કોઇ સ્વીકારશે નહિ. સુવરને વિષ્ટા પર રાગ છે એ કારણે તે વિષ્ટાને સુંદર માને છે. વસ્તુતઃ તેમાં સુંદરતા નથી. રાજા શ્રેણીકને મુનિ ઉપર રાગ હોત તો વાત જુદી હતી, પણ આ રાજાને મુનિ ઉપર રાગ ન હતો. પ્રથમ વાર જ તેમણે મુનિને જોયા હતા. રાજા શ્રેણીક સુંદર હતા. અને વસ્ત્રાલંકાર પણ સુંદર પહેરેલા હતા પણ મુનિના શરીરે અલંકારોની શોભા ન હતી. તેમ છતાં રાજાને મુનિ અદ્દભુત ને સુંદર લાગ્યા. તેથી એ વાત સ્પષ્ટ થાય છે કે મુનિનું કુદરતી રૂપ જ અનુપમ હતું.

દેવાનુપ્રિયો! રૂપરંગમાં એવું આકર્ષણ હોય છે કે આકર્ષિત વ્યકિત પોતે પોતાને ભૂલી જાય છે, એક ઠેકાણે લખ્યું છે કે એક વાર ગોકુળની ગોપીઓ દિપક સળગાવતી હતી. એટલામાં ત્યાં કૃષ્ણજી આવી ગયા. કૃષ્ણનું રૂપ અને છટા જોઇને એવું ભૂલી કે એમણે દિપક સળગાવવાને બદલે પોતપોતાની આંગળી સળગાવી દીધી. એમને એ પણ ખબર ન પડી કે અમે અમારી આંગળી સળગાવી રહ્યા છીએ કે દિપક! આ જ પ્રમાણેની વાત મુસલમાનોના પયંગબર યુસુફને માટે પણ કહેવામાં આવે છે. યુસુફ ઘણાં સુંદર હતા. એક વાર કેટલીક સ્ત્રીઓ યુસુફની પાસે ઊભી રહી, યુસુફને જોઇ રહી હતી. તેમને એકેક લીંબુ કાપવા માટે આપવામાં આવ્યું. તે સ્ત્રીઓ યુસુફના રૂપથી અંજાઇને પોતપોતાને ભૂલી ગઇ કે તેમણે લીંબુના બદલે પોતાની આંગળીઓ કાપી નાંખી છતાં એમને ખબર ન પડી.

આપણા જૈનશાસ્ત્રમાં પણ એક ન્યાય છે: કૃષ્ણ વાસુદેવના મૃત્યુ પછી તેમના મોટા ભાઇ બલભદ્રજીએ દીક્ષા લીધી. તેમનું રૂપ અથાગ હતું. એક વાર વિચરતા વિચરતા તેઓ એક ગામમાં પધાર્યા ને એક બગીચામાં ધ્યાન ધરીને ઉભા રહ્યા. તેમની

સામે કૂવો હતો. કૂવા કાંઠે ઘણી બહેનો પાણી ભરવા માટે આવતી. એક બાઈની દૃષ્ટિ ધ્યાનાવસ્થામાં ઉભેલા મુનિ ઉપર પડી, મુનિનું રૂપ જોઈને બાઈ મુગ્ધ બની ગઈ. તેનો ત્રણ વર્ષનો છોકરો રડતો રડતો સાથે આવેલો પડખે ઊભો હતો. બાઈનું ધ્યાન મુનિ તરફ છે. તેથી ઘડાના ગળામાં દોરડું નાંખવાને બદલે પોતાના છોકરાના ગળામાં દોરડું નાખી ખૂબ ખેંચીને કૂવામાં ઉતાર્યો. ઘડાને ડૂબાડે તે રીતે ડૂબાડે છે પણ ખબર નથી કે હું આ શું કરી રહી છું! ઘડો ઉપર ખેંચે છે. બહાર કાઢી પાણી ઠલવવા જાય છે ત્યાં ખબર પડી કે મારો દીકરો છે કે ઘડો છે? પોતાનો એકનો એક લાડકવાયો દીકરો મૃત્યુ પામ્યો. આ જોઈને બાઈ શું બોલી :- **"ધિક્ ધિક્ મુનિ તારા રૂપને, ધિક્ ધિક્ તારો અવતાર"** હે મુનિ! તારા રૂપને ધિક્કાર છે કે તારું રૂપ જોતાં મેં મારો લાલ ગુમાવ્યો. બોલો, આમાં દોષ કોનો છે? બાઈનો કે મુનિનો? મુનિએ તો એના તરફ દૃષ્ટિ પણ કરી નથી. એ તો ધ્યાનમાં લીન હતા. પણ પોતે મુનિના રૂપમાં મુગ્ધ બની તે પોતાનો દોષ જોતી નથી. મુનિનો દોષ કાઢે છે. બરાબર તે સમયે મુનિએ ધ્યાન પાળ્યું. આ બનાવ જોયો ત્યારે તેમણે પોતાનો દોષ કાઢયો. ધિક્કાર છે મારા રૂપને! મારા રૂપને કારણે જ આ બાળકનું મૃત્યુ થયું ને? જો હું વસ્તીમાં રહીશ તો આવા કંઈક અનર્થો થશે. ને હું પાપનો ભાગીદાર બનીશ. ત્યારથી નિર્ણય કર્યો કે હવે મારે ગામમાં આવવું જ નહિ. તેઓ માસખમણને પારણે માસખમણ કરતા હતા. પારણાને દિવસે જો જંગલમાં નિર્દોષ આહાર મળે તો લેવો નહિતર બીજું માસખમણ કરવું પણ શહેરમાં આવવું નહિ.

ઉપર ત્રણ દાખલા આપ્યા, તેમાં ગોપીઓ તથા સ્ત્રીઓએ જે જે ભૂલ કરી તે મોહનું કારણ છે. પણ રાજા શ્રેણીકને મુનિના રૂપમાં આકર્ષણ થવામાં મોહનું કારણ નથી. કારણ કે આ વખતે શ્રેણીક રાજા બૌદ્ધધર્મી હતા. તેથી તેના દિલમાં જૈન સાધુઓ પ્રત્યે વિશેષ ભકિત પણ ન હતી. તેણે ઘણીવાર જૈન સાધુઓનો તિરસ્કાર કર્યો હતો ને તેમનું અપમાન પણ કરેલું. પણ આ સમયે મુનિના રૂપમાં એવી રીતે આકર્ષિત ને પ્રભાવિત બન્યા કે તેમને એ યાદ ન રહ્યું કે આ મુનિ રાણી ચેલ્લણાના ગુરૂ છે. મારા ગુરૂ નથી. રાજા શ્રેણીક માનસિક શાંતિ માટે ને શારીરિક આનંદ માટે બગીચામાં આવ્યા હતા પણ પૂર્વસંચિત પુણ્યના પ્રતાપે અહીં તેને સત્ય ધર્મની પ્રાપ્તિ થવાની હતી. તેથી તે પોતાના અંતરમાં રહેલા દુર્ભાવોને ભૂલી ગયો. આવો પ્રકાશ કયારે થયો? ક્ષમાના સાગર પવિત્ર મુનિને જોયા ત્યારે ને? સાચા યોગીઓનો સામી વ્યકિત ઉપર પ્રભાવ પડયા વિના રહેતો નથી, તેમાં બીજા ધર્મના સંતો કરતાં જૈન મુનિઓનો ત્યાગ ઉત્તમ છે. પોતે જીવનમાં અપનાવશે પછી બીજાને કહેશે. *જૈન મુનિઓ પોતાના પ્રાણના ભોગે પણ બીજા જીવોને કષ્ટ આપતા નથી.* ગઈ કાલે આપણે ધર્મરૂચી અણગારની વાત કરી હતી.

ધર્મરૂચી અણગારને નાગેશ્રીએ કડવી તુંબીનો આહાર વહોરાવ્યો તે લઈને ગુરૂને બતાવ્યો. જુઓ! ગુરૂને બતાવવામાં કેટલો લાભ થયો? તમને થાય કે એમાં શું બતાવવું છે! જો ગુરૂને બતાવવા આવ્યા ન હોત તો આ શાક ઝેરી છે તેની ખબર કયાંથી પડત! બહુ થાત તો કડવો આહાર દૂધપાક માનીને આરોગી જાત. પણ ઝેરી આહાર છે તે જાણી શકત નહિ. ગુરૂના મતિ-શ્રુત જ્ઞાન નિર્મળ હતા. તેના દ્વારા જાણ્યું કે આ આહાર ઝેરી છે. તેથી કહ્યું કે હે મારા વ્હાલા અંતેવાસી શિષ્ય ધર્મરૂચી અણગાર! આ આહારને તમે આરોગશો તો મૃત્યુને શરણ બનશો. આ આહાર ખાવા યોગ્ય નથી. તમે કોઈ નિર્દોષ જગ્યાએ જ્યાં કોઇ જીવોની હિંસા ન થાય ત્યાં પરઠવી આવો. ગુરૂએ આ પ્રમાણે આજ્ઞા કરી.

બંધુઓ! જે ગુરૂની આજ્ઞા તહેત્ કરે છે તેનું કામ થઇ જાય છે. ગુરૂ શિષ્યને અનુકૂળ આજ્ઞા કરે કે પ્રતિકૂળ હોય તેવી આજ્ઞા કરે પણ વિનયવાન શિષ્ય તો એક જ વિચાર કરે કે મારા માટે **"ગુરૂની આજ્ઞાના પાલન જેવું બીજું એક પણ ઔષધ નથી."** પછી ગુરૂની આજ્ઞા ગમે તેવી કઠીન હોય તો તેમાં મારે ચિંતા કરવાની શી જરૂર? મેં દીક્ષા લીધી ત્યારથી મારું તન અને મન જે ગુરૂના ચરણમાં અર્પણ કર્યું છે તે મારી સંભાળ રાખવાવાળા બેઠા છે. મારે ચિંતા કરવાની કંઇ જરૂર નથી. ગુરૂ મને જે કંઇ કહે છે તે "मम लाभोत्ति पेहाए।" મારા હિતને માટે કહે છે. આ રીતે વિચાર કરે પણ ગુરૂના દોષ જુવે નહિ.

આવા વિનયવાન ધર્મરૂચી અણગારે ગુરૂ આજ્ઞા તહત્ કરી. આંખનો ખૂણો પણ લાલ ન થયો કે મારે જ પરઠવવા જવાનું. બીજાને મોકલ્યા હોત તો શું વાંધો? પણ શું બન્યું:-

**ગુરૂજીના શબ્દો સુણીને, મુનિ ચાલ્યા તુંબી પરઠવવા**
**એક જ બિંદુ પાડયું જોવા ત્યાં, કીડીઓની થઇ હારમાળા,**
**તાલકૂટ વિષના પ્રતાપે, કીડીઓ ત્યાં પ્રાણ ગુમાવે રે....ધર્મઘોષ...**

ગુરૂની આજ્ઞા થતાં ઊભા થઇ ગુરૂને વંદન કરી હાથમાં શાકનું પાત્ર લઇને યત્નાપૂર્વક ચાલવા લાગ્યા. બસ, મનમાં એક જ ભાવના છે કે હું કેવો ભાગ્યવાન કે ગુરૂએ મને આજ્ઞા કરી. મારા ગુરૂદેવની મારા ઉપર કેટલી બધી કૃપાદૃષ્ટિ છે! મારું કલ્યાણ કરાવવા મારું કેટલું ધ્યાન રાખે છે! આમ ગુરૂના ગુણોનું ચિંતન કરતા માઇલો સુધી દૂર જંગલમાં ચાલી નીકળ્યા. કારણ કે જ્યાં પોચી જમીન હોય ત્યાં કીડીઓ ખૂબ હોય એવી જમીનમાં પરઠવાય નહિ. નિર્દોષ ભૂમિનું નિરીક્ષણ કરતાં ઘણે દૂર જંગલમાં ગયા ને જ્યાં કુંભારના નિભાડા જેવી કઠણ ભૂમિ હતી ત્યાં આવીને ઉભા રહ્યા. જમીન તો કઠણ છે પણ ગુરૂદેવની આજ્ઞા હતી કે જ્યાં એક પણ જીવની હિંસા ન થાય ત્યાં

આહાર પરઠવજો એટલે બધો આહાર એકદમ કેવી રીતે પરઠવી દેવાય? સાધુને પરઠવતા પણ ખૂબ ઉપયોગ રાખવો પડે છે. જ્યાં ને ત્યાં ગમે તેમ પરઠવી દેવાય નહિ. એટલે ધર્મરૂચી અણગાર ચોકસાઇ કરવા શાકના રસાનું એક ટીપું જમીન ઉપર નાંખે છે ત્યાં તો કોણ જાણે કયાંથી અસંખ્ય કીડીઓ ઉભરાઇ આવી. કીડીઓની ઘ્રાણેન્દ્રિય ખૂબ તીવ્ર હોય છે. સ્હેજ સુગંધ આવે ત્યાં તરત પહોંચી જાય છે. કીડીઓએ આવીને તે શાકની સુગંધ લીધી ત્યાં બધી કીડીઓ ઢળી પડી. બધી મરી ગઇ. આ જોઈ ધર્મરૂચી અણગારનું દિલ દ્રવી ઉઠયું. અરર....એક ટીપામાં આટલી બધી કીડીઓના પ્રાણ ગયા? મારા બંધુઓ! તમે પણ શ્રમણોપાસક છો. જેના ગુરૂ આટલા કરુણાવંત હોય તેના શ્રાવકો કેવા હોય? શ્રાવકના એકવીસ ગુણમાં એક ગુણ છે પાપભીરૂ. તમે પાપભીરૂ છોને? આજે તો જૈનો સામેથી પૈસા આપીને દવા છંટાવે છે. તેમાં માખી, કંસારી, કીડીઓ, મંકોડા, વાંદા અને ઢેડગરોળી બધા જીવોનો કચ્ચર ઘાણ નીકળી જાય છે. એમની તમને જરાય દયા આવે છે! જૈનનું હૃદય આવું ન હોય. એ દવા છંટાય ત્યારે એ જીવોની કેવી દશા થાય છે? બિચારા તરફડી તરફડીને મરે છે. જો સાચા જૈન હો તો આ દવા છંટાવવી તમને શોભતી નથી. બાધા લઇ લો કે હવે દવા નહિ છંટાવું. અહીં શું બન્યું.

**કોમળ હૈયાના ધર્મરૂચી આ દશ્ય દેખી પસ્તાયે રે,**
**કીડીઓની કરૂણા દિલ ધરી, કડવો આહાર ત્યાં ખાયે રે**
**સંથારો કરી સર્વાર્થ સિદ્ધ થઈ, પહોંચ્યા મુકિત ગુણધારી રે–ધર્મઘોષ**

કીડીઓ મરી ગયેલી જોઈને મુનિ ખૂબ ધ્રૂજી ઉઠયા. મનમાં એવો વિચાર ન કર્યો કે હે નાગેશ્રી! તેં મને આવું શાક વહોરાવ્યું ત્યારે મારી આ દશા થઇને! પણ એવા ભાવ લાવ્યા કે હે પ્રભુ! આ શરીર છે તો ઉપાધિ છે ને? હું આહાર સંજ્ઞા ઉપર વિજય મેળવી શકયો નથી. આ શરીરને ભાડુ આપવા માટે ગૌચરી ગયો ત્યારે આવો આહાર આવ્યો ને? એક જ ટીપામાં આટલા જીવોની હિંસા થઇ તો બધું શાક ભૂમિ ઉપર પરઠવી દઇશ તો કેટલા જીવોની હિંસા થશે? અને ગુરૂદેવની આજ્ઞા છે કે એક પણ જીવની હિંસા ન થાય તેવી જગ્યાએ પરઠવજો. તો એવી કોઇ જગ્યા હોય તો મારું પેટ છે. મારા એકનો જીવ જશે પણ બીજા જીવોની તો રક્ષા થશેને? શાક થોડું ઘણું ન હતું. પાતરું ભરીને હતું. મીઠાઈ પણ થાળી ભરીને ખાઈ શકાતી નથી તો આવું કડવું શાક કેમ ખવાય? પણ જેના દિલમાં કરૂણાના ઝરણા વહે છે, જેને ભવ પ્રત્યેનો ખેદ છે તેવા મુનિ બધું શાક એકરસ કરી હલાવીને ગટક ગટક પી ગયા. તમારા માસ ખમણ, સોળ ભથ્થા કે અઠ્ઠાઈના પારણા હોય તો મોસંબી–સંતરાના રસ જોઈએ. કેશરીયા દૂધ ને ફ્રૂટ ખાવ છો. ને કેટલી ચીજો બનાવો છો! આ પણ માસ ખમણના તપસ્વી હતા. કેવો કડવો ને ઝેરી આહાર પ્રેમપૂર્વક આરોગી ગયા! ભયંકર

ઝેર છે. તેમણે જાણ્યું કે હવે મારા ગુરૂ પાસે પહોંચી શકું તેવી સ્થિતિ નથી માટે અહીં સંથારો કરીને બેસી જાઉં.

સાચા સંત પોતાના પ્રાણનું બલિદાન આપીને પણ બીજા જીવોની રક્ષા કરે છે. સમયે જીવનના મૂલ્ય ચૂકવી જાણે તે સાચો સંત છે. હસતા હસતા કષ્ટોને સહેવું એ મહાત્માના લક્ષણ છે. મુનિએ ભૂમિનું પડિલેહણ કર્યું. સર્વ જીવોને ખમાવી, મૈત્રીભાવ દિલમાં લાવી ચાર શરણ અંગીકાર કરી સંથારો કર્યો. બે નમોથ્થુણં ગણ્યા. પછી ત્રીજું નમોથ્થુણં ગણે છે ત્યાં આંખમાં દડદડ આંસુ વહેવા લાગ્યા. એ આંસુ કેમ આવ્યા? તમે જાણો છો? કડવો આહાર ખાવો પડયો, હવે મરી જવાશે એ માટે નહિ, પણ પહેલું નમોથ્થુણં સિદ્ધ ભગવાનનું છે. બીજું નમોથ્થુણં અરિહંત ભગવાનનું છે ને ત્રીજું નમોથ્થુણં પોતાના ગુરૂનું છે. ત્રીજું નમોથ્થુણં બોલતાં ધર્મરૂચી અણગારને પોતાના ગુરૂ યાદ આવ્યા અહો! મારા પરમ ઉપકારી! મને સંસાર સાગરથી તારનાર! મારા હિતસ્વી! મારા કર્મની ભેખડો તોડાવનાર મારા ગુરૂદેવ! મારા અંતિમ સમયે આપ મારી પાસે હાજર નથી. આપ મારાથી ઘણાં દૂર છો. મેં આપની પાસે રહેતાં મન-વચન-કાયાથી આપની અશાતના કરી હશે, આપનું દિલ દુભવ્યું હશે તો આપ મને ક્ષમા કરજો. હું અંતઃકરણપૂર્વક આપની ક્ષમા માગું છું. આપ મારા વંદન સ્વીકારજો. મારા વડીલ સંતોને પણ ખમાવું છું. આ રીતે પોતાના ગુરૂને યાદ કરી રડી પડયા. ભયંકર ઝેર શરીરમાં પ્રસરવા લાગ્યું. નસેનસો તૂટવા લાગી. આખા શરીરમાં ઝાટકા આવવા લાગ્યા. પણ જેને આત્મા અને દેહને ભિન્ન માન્યા છે તેવા ધર્મરૂચી અણગાર સમભાવપૂર્વક વેદનાને સહન કરે છે. થોડીવારમાં જીવ અને કાયા જુદા થઇ ગયા. દેહ ઢળી પડયો ને એ પવિત્ર મુનિનો આત્મા અનુત્તર વિમાનમાં ચાલ્યો ગયો. પાંચ અનુત્તર વિમાનમાં છેલ્લા સર્વાર્થસિદ્ધ વિમાનમાં ગયા. આ તરફ મુનિને ગયા વખત થયો પણ પાછા ન આવ્યા ત્યારે ગુરૂએ શિષ્યોને બોલાવીને કહ્યું- હે મારા શ્રમણો! મારો અંતેવાસી ઉગ્ર તપસ્વી શિષ્ય ધર્મરૂચી અણગાર હજુ પાછા કેમ ન આવ્યા? ગુરૂ તો જ્ઞાની હતા. ઉપયોગ મૂકયો હોત તો જાણી શકત કે ત્યાં શું બન્યું છે? પણ તેમ નહિ કરતા પોતાના શિષ્યોને ધર્મરૂચી અણગારની શોધ કરવા મોકલશે, ને ત્યાં શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

**ચરિત્ર :- અંજના સતીનો ઝુરાપો :-** અંજનાકુમારી મહેન્દ્રપુરના મહેન્દ્ર રાજા અને મનોવેગા રાણીની એક પુત્રી અને સો બાંધવની લાડીલી બહેનડી છે. એણે કદી દુઃખ જોયું નથી, પણ પરણ્યા પછી એના જબ્બર અશુભકર્મનો ઉદય થયો. પરણીને આવી છે, પોતાના મહેલમાં સૂવા માટે ગઇ. પવનજીની રાહ જોતી બેઠી પણ પવનજી ન આવ્યા તે ન જ આવ્યા.

**પરણી મેલી પદમણી, મૂકી મહેલ મોઝાર**
**અહિ તણી કાંચલી પરે, ફરી ન પૂછી સાર.**

પતિનું મુખ અંજનાએ જોયું નથી. દિલમાં દુઃખનો પાર ન રહ્યો. ખૂબ રડે છે. ઝૂરાપો કરે છે. હે નાથ! મારો શું વાંક-ગુન્હો છે? આપ એટલું તો મને કહો. એક વખત તો આ દાસીને દર્શન દો. પણ પવનજી આવે તો એનું રૂદન સાંભળે ને! જેમ સર્પ કાંચળી છોડીને ચાલ્યો જાય, ફરીને તેના સામું ન જુવે તે રીતે પવનજીએ પરણીને અંજનાનો ત્યાગ કર્યો. ફરીને કદી તેના મહેલે આવ્યા નથી. તેની સંભાળ લીધી નથી. આવા દુઃખના સમયે તેના દિલનો વિસામો હોય તો એક વસંતમાલા સિવાય બીજું કોઈ ન હતું. અંજના રડે છે, ઝૂરે છે. ત્યારે વસંતમાલા તેને આશ્વાસન આપતી. દશ-પંદર દિવસ થયા પણ પવનજી મહેલે પધાર્યા નહિ ત્યારે પોતાની પ્રિય સખી વસંતમાલાને કહે છે બહેન! આ ઊંચા પ્રકારની કિંમતી સુખડી લાવ્યા છીએ તે તું લઈને જા. પવનજી ભલે ન આવ્યા પણ તું આ મીઠાઈ લઈને જા. મારા સ્વામીનાથ ખાશે તો ય મને આનંદ થશે.

**પીયરથી આવી રે સુખડી, વસંતમાલાકર મોકલી સોય તો,**
**લઈ કરી સ્વામી આગળ ધરી, ગાવંતા ગાંધર્વને દીધી છે તેહ તો...**
**વસ્ત્રાભરણ જે મોકલ્યા, જાણું મારા સ્વામીનું શોભશે અંગ તો,**
**વસ્ત્ર ફાડી કટકા કરી, આભરણ લઈ આપ્યા છે માતંગ તો...**
**સતી રે શિરોમણી અંજના**

**"સતી અંજનાએ મોકલેલી વસ્તુ ગવૈયાને દઈ દીધી"** :–સોનાના રત્નજડિત થાળમાં અનેક પ્રકારની ઉત્તમ મીઠાઈઓ ભરીને વસંતમાલાને પવનજીને આપવા મોકલી. પવનજી તેમના મિત્રો સાથે ગાનતાનમાં મસ્ત હતા. વસંતમાલાએ પ્રણામ કરી મીઠાઈનો થાળ પવનજીના ચરણે ધર્યો. વસંતમાલા અંજનાની સખી છે, તે લઈને આવી છે એટલે અંજનાએ મોકલી હશે તેથી પવનજીને ખૂબ ક્રોધ આવી ગયો. મીઠાઈનું એક બટકું પણ પોતે ન ખાધું પણ પેલા ગીત ગાનારાને એકેક બટકું વહેંચી દીધું. આ જોઈ વસંતમાલાને ખૂબ દુઃખ થયું. અંજના પાસે આવીને બધી વાત કરી ત્યારે અંજના કહે છે એમને મીઠાઈ નહિ ભાવતી હોય અને એ તો ખૂબ દયાળુ છે. એમ સમજે કે મને તો મળે છે પણ આ બિચારા ગરીબ માણસોને આવી મીઠાઈ કોણ ખવડાવે એટલે આપી હશે. હવે તું આ કિંમતી વસ્ત્રો અને દાગીનાની બેગ ભરેલી છે તેમાંથી તું સારા સારા વસ્ત્રો અને દાગીના લઈને જા. જરૂર મારા પતિ તેનો સ્વીકાર કરશે. અંજનાની આજ્ઞા થતાં વસંતમાલા વસ્ત્રાભૂષણોને લઈને ગઈ ને પવનકુમારના ચરણે ધર્યા. પણ પવનજીને જ્યાં અંજનાનું નામ સાંભળવું ગમતું નથી ત્યાં તેની મોકલેલી ચીજો ક્યાંથી ગમે? હાથમાં લઈને જોયું પણ નહિ કે કેવા મૂલ્યવાન વસ્ત્રો અને દાગીના છે. વસ્ત્રોના ફાડી ફાડીને ટુકડે ટુકડા કરીને ફેંકી દીધા. જ્યાં વસ્ત્રોના ટુકડા થયા ત્યાં

વસંતમાલાના દિલના પણ ટુકડા થઇ ગયા. આભૂષણો બધા નોકરોને આપી દીધા. વસંતમાલા રડતી રડતી અંજના પાસે આવીને કહે છે બહેન! તું પવનજી પવનજી કરે છે પણ હવે એમનો મોહ છોડી દે. જો એમના ક્રોધનો પાર નથી. જો એમને આવું જ કરવું હતું તો શા માટે પરણ્યા? જરા ગુસ્સામાં આવીને વસંતમાલા બોલી એટલે અંજના કહે છે વસંતમાલા! તારે જે કહેવું હોય તે મને ખુશીથી કહેજે, પણ મારા સ્વામીને એક શબ્દ ન કહીશ. એ તો ખૂબ પવિત્ર ને દયાળુ છે. એ મારા સામું નથી જોતાં તેમાં મારા કર્મનો દોષ છે એમ કહીને વસંતમાલાને શાંત પાડી.

**"પવનજીએ બારી આડી ભીંત ચણાવી"** :– અંજનાના મહેલના પાછલા ભાગમાં એક બારી હતી. પવનજી દરરોજ ઘોડે બેસીને ફરવા જતા તે બારીએથી દેખાતું હતું. અંજના દરરોજ બારીએથી પવનજીના દર્શન કરી તેના મનને આનંદિત બનાવતી ને કહેતી સ્વામીનાથ! મારો ગુન્હો માફ કરજો. એક દિવસ પવનજીની દૃષ્ટિ અંજનાના મહેલ ઉપર પડી અને બારીએથી અંજનાને દર્શન કરતી જોઇ. ત્યાં પવનજીના દિલમાં ક્રોધની જ્વાળા પ્રગટીને મનમાં બોલ્યા એ પાપણીનું ડાચું જોવું મને ગમતું નથી. એ શા માટે મારા સામું જુએ છે? મહેલે જઇ માણસોને બારી પૂરાવી દેવાનો હુકમ કર્યો. માણસો બારી આડી ભીંત ચણે છે ત્યારે અંજના પૂછે છે– ભાઇ શા માટે દિવાલ ચણો છો? ત્યારે કહે છે પવનકુમારનો ઑર્ડર છે. આ સાંભળી અંજનાને ખૂબ દુઃખ થયું. અરેરે....સ્વામીનાથ! હું બારીએથી આપના દર્શન કરતી હતી તે પણ હવે બંધ થઇ જશે એમ બોલતી મૂર્છા ખાઇને ધરતી પર પડી ગઇ. વસંતમાલા શીતોપચાર કરી તેને ભાનમાં લાવે છે. ત્યારે અંજના શું બોલે છે? હે સ્વામીનાથ! હું કેવી કમભાગી છું કે આપની શાંતિમાં વિઘ્ન પાડું છું. હું આપને પરણીને દુઃખી બનાવી રહી છું. મહાન આત્માઓને ગમે તેટલા કષ્ટ પડે તો પણ પોતાના કર્મનો દોષ કાઢે છે. એ કોઇને દોષ દેતા નથી. પરણ્યાને એક વર્ષ થયું પણ પવનજીએ તેના સામું જોયું નથી. મહેલે કદી આવ્યા નથી. છતાં રાજમહેલમાં વસંતમાલા સિવાય કોઇ આ વાત જાણતું નથી. રાજા પ્રહલાદ કે કેતુમતી કોઇ જાણતા નથી.

સો ભાઇઓની એક બહેન અને માતા–પિતાની લાડકવાઇ છે. બાર મહિનાથી દીકરીનું મુખ જોયું નથી. અંજનાના પિયરથી તેનો નાનો ભાઈ બહેનને તેડવા આવે છે. અંજનાના સાસુ–સસરાને કહે છે. મારા માતા–પિતા મારી બહેનને મળવા ખૂબ ઝંખે છે. તમે મોકલો. સાસુ સસરા રજા આપે છે પણ અંજના જવાની ના પાડે છે. સાસુ કહે જો પવન ના પાડતો હોય તો હું સમજાવું. અંજના કહે એ તો મને કદી ના પાડતા નથી. ભાઈએ ખૂબ આગ્રહ કર્યો પણ અંજના કહે પછી આવીશ. એમ કહીને ભાઈને વિદાય કરે છે. સાસરે ગમે તેવું સુખ હોય પણ પિયર જવું કોને ન ગમે? પણ અંજનાએ

વિચાર કર્યો કે હું પીયર જાઉં. મારી સો તો ભાભીઓ ને બીજી સખીઓ બધા મારી મશ્કરી કરશે ને પૂછશે કે મારા નણદોઈ કેવા છે? સખીઓ પૂછશે અનેવીનો સ્વભાવ કેવો છે? તો શું જવાબ આપવો? જ્યાં એકબીજા પરણીને મળ્યા નથી ત્યાં શું કહેવું? એટલે પીયર કેવી રીતે જાઉં! આમ વિચારતી હતી. પંદર દિવસ ગયા ને બીજો ભાઇ આવ્યો. એમ કરતાં બધા ભાઇઓ આવ્યા પણ અંજનાએ સહુને સમજાવીને પાછા મોકલ્યા. છેલ્લે સૌથી મોટાભાઇ આવે છે ને અંજનાને કહે છે બહેન! હવે ચાલો. પણ અંજના ના પાડે છે. સાસુ-સસરા પણ કહે છે બેટા! તમારા બધા ભાઇ વારાફરતી આવી ગયા પણ તમે જતા નથી તો એમને કેટલું દુઃખ થાય છે? તમારા માતાપિતાને પણ દુઃખ થાય માટે જવું જોઇએ. એમ ખૂબ સમજાવી ત્યારે અંજના કહે છે બા-બાપુજી! મને ન જવામાં બીજું કોઇ કારણ નથી. તમારા પુત્ર પણ ના પાડતા નથી. તેમની પણ આજ્ઞા છે. આપની પણ આટલી કૃપા છે. પણ મને એમ થાય છે કે હું આપની સેવાનો લાભ લઉં. આ રીતે વાત કરી ને પછી પીયર આવવાની ના પાડી ત્યારે તેના મોટાભાઇને ખૂબ લાગી આવ્યું ને બોલ્યો. બહેન! અમે સો સો ભાઇઓ તને તેડવા આવ્યા છતાં તું આવતી નથી? સાસરી ગમે તેટલી સારી હોય તો પણ પિયર તો આવવું જ જોઇએ ને! જરા માતાપિતાના સામું તો જો. તને સાસરું એટલું બધું ગમી ગયું છે કે બધા ભાઈઓને તેં પાછા વાળ્યા. અંજના મનમાં બધું સમજે છે પણ ઘરની વાત કોઇને કહેવી નથી. પરણીને આવ્યા પછી કદી સારા ભોજન ખાધા નથી. લૂખો આહાર કરે છે; સાદા કપડા પહેરે છે, એક શેતરંજી ઉપર સૂઇ જાય છે. એટલે શરીર સૂકાઇ ગયું છે. ચિંતાને કારણે રૂપ પણ ઝાંખું થઇ ગયું છે. મા-બાપ પૂછે તો શું જવાબ આપવો? આવા બધા કારણોને લઇને પિયર જવાની ના પાડી.

આટલું દુઃખ હોવા છતાં કોઈને કંઈ કહેતી નથી. સારા ખાનદાન કુળની દીકરી પરણીને સાસરે જાય ત્યાં ગમે તેવું દુઃખ હોય તો પણ કોઈને ન કહે. કહેવત છે ને કે જાત ઉપર ભાત પડે. જાત તે જાત ને કજાત. તે કજાત. અહીં અંજના ખૂબ સંસ્કારી ને ખાનદાન છે. પોતે દુઃખ સહન કરે છે પણ કોઇને દોષ દેતી નથી. હવે શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં. ૧૫

**શ્રાવણ સુદ ૧ ને ગુરૂવાર** **તા. ૭-૮-૭૫**

અનંત કરૂણાના સાગર મહાન પુરૂષોએ જગતના જીવોના એકાંત કલ્યાણ માટે આગમ પ્રરૂપ્યા. આગમમાં ભગવાન કહે છે હે જીવ! જો તારે શાશ્વત સુખના ભોક્તા *બનવું હોય તો એક વખત વિભાવનું વિસ્મરણ કરી તારા સ્વભાવમાં ઠરી જા.* સ્વભાવને

છોડીને વિભાવમાં ગયેલા આત્માનું કલ્યાણ થતું નથી. જેમ અગ્નિ પોતે પોતાનો ઉષ્ણ સ્વભાવ છોડી દે, પાણી પોતાની શીતળતાનો સ્વભાવ તજી દે, સ્ત્રી પોતાનું શીયળ છોડી દે અને સજ્જન પોતાની સજ્જનતા છોડી દે તો એની કોઈ કિંમત ખરી? જ્યાં સુધી વસ્તુ પોતાના સ્વભાવમાં રહે ત્યાં સુધી તેનો ભાવ પૂછાય છે. ત્યાં સુધી તેની કિંમત અંકાય છે. પણ જ્યારે તે વસ્તુઓ પોતાનો સ્વભાવ તજીને વિભાવમાં પડી પોતાના સ્વરૂપથી વિરૂદ્ધ આચરણ કરે છે ત્યારે તેનામાં અવ્યવસ્થા ઉત્પન્ન થાય છે.

બંધુઓ ? આત્માએ સ્વભાવમાં સ્થિર થવા માટે પરના સંગથી દૂર રહેવું પડશે. પરની પંચાત છોડવી પડશે. આ મનને પણ પરની ચિંતાથી મુક્ત રાખવું પડશે. પરનો રાગ-મોહ અને મમતા તોડવા માટે સત્સંગ, શાસ્ત્ર શ્રવણ અને તેનું ચિંતન-મનન હમેંશા કરવુ જોઈએ. સાથે સાથે અનાદિના કામ-ક્રોધાદિ દોષોને દૂર કરવા યથાશક્તિ દાન-શીયળ-તપ-શુભ ભાવના અને ગુરૂભક્તિમાં મન-વચન-કાયાથી લાગી જવું જોઈએ. અનાદિકાળથી પરભાવના પડેલા કુસંસ્કારો ક્ષણ વાર પણ શાંતિ લેવા દેતા નથી ને પોતાના સ્વભાવમાં ઠરીને ઠામ બેસવા દેતા નથી. માટે વિભાવનું વિસ્મરણ કરવા અને સ્વભાવનું સ્મરણ કરવા વ્રત-નિયમોનું પાલન કરો. જેમ જેમ આપણા જીવનમાં વ્રત-નિયમોનું પાલન વધતું જશે તેમ તેમ આત્મા વિભાવ દશામાંથી મુક્ત બની સ્વભાવ દશામાં રમણતા કરવા લાગશે. પણ આજે તો મારા બંધુઓને વ્રત-નિયમ એ બંધન લાગે છે, પણ આત્માના હિતકારક નથી લાગતા.

આપણો આત્મા જેમ જેમ સ્વભાવમાં સ્થિર થતો જશે તેમ તેમ આનંદના નંદનવનમાં મહાલશે. વિભાવમાં ભય-ચિંતા-પરાધીનતા, ઉદ્વેગ, શોક બધું રહેલું છે. જ્યારે સ્વભાવમાં પ્રસન્નતા, સ્વસ્થતા, આનંદ, નિઃસ્પૃહતા વિગેરે ગુણો રહેલા છે. કારણ કે વિભાવ એ સળગતી અગ્નિ જેવા છે. તેની પાસે રહેનારને નિરંતર બાળ્યા કરે છે. જ્યારે સ્વભાવ એ શીતળ જળથી ભરેલી સરિતા જેવો છે. તેમાં તરબોળ રહેનાર આત્માજ્ઞાન-ધ્યાનની શીતળતા પ્રાપ્ત કરી હંમેશા આનંદ મેળવે છે. વિભાવ એ તાલપૂટ ઝેર જેવો છે. જે તેને ખાય છે તેના જ્ઞાનાદિ ભાવ પ્રાણો નાશ પામે છે. ચેતના હણાઈ જાય છે. અને કર્તવ્યા કર્તવ્યનો વિવેક પણ ચાલ્યો જાય છે, જ્યારે સ્વભાવ અમૃતનું કામ કરે છે. આટલા માટે જ્ઞાનીઓ કહે છે સ્વભાવમાં રમણતા કરવી એ જીવનનો આનંદ છે. તે જ ઉન્નતિનું સોપાન છે. તે સાચા પુરૂષાર્થનું પ્રતીક છે. અને તે જ જીવનનું સાચું તેજ છે. આપણા તેજસ્વી જીવનનો ઝણકાર વિભાવમાં નથી પણ સ્વભાવમાં છે. સ્વભાવ તરફ આગેકૂચ કરવી એ સંવરની સાધનાં છે, જ્યારે આંખ મીંચીને વિભાવ તરફ દોડયા કરવું એ આશ્રવના પાતાળ કૂવામાં પડવા જેવું છે. માટે સ્વભાવમાં ઠરવું, સ્વભાવમાં રમવું એ આત્મા માટે શ્રેયકર છે. અને વિભાવ સાથે વસવું એ ભયંકર ભોરીંગ સર્પના રાફડા પાસે વસવા

જેવું છે. વિભાવની વૈરી વનિતા સાથે વસીને જીવે આજ સુધી ઘોર દુઃખો ભોગવ્યા છે. છતાં કોણ જાણે એનો સંગ છોડવો ગમતો નથી. પણ એટલું જરૂર યાદ રાખજો કે જે જીવો વિભાવની વનિતાના બાહુપાશમાં જકડાયા તે નરક-તિર્યંચ આદિ દુર્ગતિના મહેમાન બન્યા છે. તે વિભાવ રૂપ વનિતાએ જીવો ઉપર કાળો કેર વર્તાવ્યો છે છતાં જાણે હું તો તમારી છું. તમારા સુખે સુખી અને તમારા દુઃખે દુખી રહેનારી છું. એવા મીઠા વચનો બોલીને જાણે જીવને લલચાવતી ન હોય તેમ જીવ સાથે અનાદિકાળથી વર્તન કરે છે. છતાં મોહમાં પાગલ બનેલો જીવ વિભાવમાં રમણતા કરે છે. માટે સમજીને હવે સ્વભાવમાં આવો.

અનાથી નિર્ગ્રંથ વિભાવની વનિતાનો ત્યાગ કરી સ્વભાવની સરિતામાં સ્નાન કરી રહ્યા છે. આત્મમસ્તીમાં ઝૂલી રહ્યા છે. કાઉસગ્ગ ધ્યાનમાં સ્થિર છે. આવા મુનિને જોતાં રાજા શ્રેણીક આશ્ચર્ય પામી ગયા ને બોલી ઉઠયા.

**अहो वण्णो अहो रुवं, अहो अज्जस्स सोमया :**
**अहो खंती अहो मुत्ती, अहो भोगे असंगया ।।**

ઉત્ત. સૂ. અ. ૨૦, ગાથા ૬

અહો! શું આ મુનિનો વર્ણ છે! શું તેમનું રૂપ છે ને શું તેમની સૌમ્યતા છે! આ ગાથામાં છ વખત અહો શબ્દ આવ્યો છે. અહો શબ્દ આશ્ચર્યનો સૂચક છે. એટલે મુનિમાં છ પ્રકારે તેમને આશ્ચર્ય લાગ્યું છે. સર્વ પ્રથમ તેમને મુનિનો વર્ણ અને રૂપ જોઇને આશ્ચર્ય થયું. રૂપ તો ઘણાનું હોય છે પણ જેની અસર બીજા ઉપર પડે ને તેનાથી બીજા જીવો સુધરે તે સાચું રૂપ છે. ઘણીવાર આવું નિર્મળ રૂપ પણ બીજાને પ્રભાવિત કરે છે. અહીં શ્રેણીક રાજા મુનિનું રૂપ જોઇને પ્રભાવિત થયા. રાય પ્રસેણી સૂત્રમાં પણ આવો દાખલો છે.

રાજા પરદેશી ખૂબ નાસ્તિક હતા. કારણ કે તેની માન્યતા એવી હતી કે જીવ અને કાયા એક છે પરંતુ જીવ અને કાયા બંને અલગ છે. આ બાબતમાં એને શંકા હતી. જો જીવ અને કાયા અલગ હોય તો જીવ કેમ દેખાતો નથી? તે સિવાય લોકો એમ કહે છે કે જે ધર્મ કરે તે સ્વર્ગ અથવા મોક્ષમાં જાય છે ને જે પાપ કરે છે તે નરકમાં જાય છે. તો મારા દાદીમા તો ખૂબ ધર્મીષ્ઠ હતા ને તપ ત્યાગ કરતા હતા. તો એ સ્વર્ગમાં ગયા હશેને! જો તે સ્વર્ગમાં ગયા હોય તો મને કેમ કહેવા નથી આવતા કે દીકરા! મેં તપ-દાન આદિ ધર્મ ક્રિયાઓ કરી તેથી સ્વર્ગમાં ગઇ ને ત્યાં મને બહુ સુખ મળ્યું છે માટે તું ધર્મના કાર્યો કર.

બીજી વાત મારા દાદા બહુ પાપી હતા. તો તેઓ પાપ કરીને નરકમાં જ ગયા હશે-તો તેઓ પણ કેમ નથી કહેવા આવતા કે મેં બહુ પાપ કર્યા તેથી નરકમાં મારે

બહુ દુઃખ ભોગવવા પડે છે. તો દીકરા! તું મારી માફક પાપ ન કરીશ પાપ કરીશ તો મારી જેમ દુઃખો ભોગવવા પડશે. દાદા-દાદી કહેવા નથી આવતા એટલે સ્વર્ગ-નરક આદિ કંઈ નથી. તેમજ જીવ અને શરીર એક છે. આવી શ્રદ્ધાથી પરદેશી રાજાને ધર્મશ્રદ્ધા ન હતી.

જીવ અને કાયા જુદા છે તેની ચકાસણી કરવા માટે તે જીવતા ચોરને પકડીને લોખંડની કોઠીમાં પૂરી ફીટ બંધ કરી પૂરી દેતાં, જ્યાં બિલકુલ હવા ન જાય ત્યાં માણસ જીવી ન શકે તે સ્વાભાવિક છે. પછી કોઠી ખોલાવીને જુએ તો ચોર મરી ગયો હોય ત્યારે રાજા પરદેશી વિચાર કરે કે જીવ કયાંથી ગયો? જીવને જતો જોયો નહિ માટે જીવ અને કાયા એક છે. એક ચોરનું જીવતાં વજન કરીને મારી નાંખ્યો, પછી વજન કર્યું તો એટલું વજન થયું, તેથી માનવા લાગ્યો કે જીવ ગયો હોય તો વજન ઓછું થવું જોઈએ ને? માટે જીવ અને કાયા એક છે. એવી માન્યતા તેનામાં ઘર કરી ગઈ હતી. રાજા પરદેશી મહાન અધર્મી હતા. એના ગામમાં જૈન સાધુને આવવાની મનાઈ હતી એટલે કોઈ સંતો આવતા ન હતા. આ પરદેશી રાજાનો ભાઈ ચિત્ત એક વખત કોઈ કારણ પ્રસંગે બહારગામ ગયા. એ ગામમાં ભગવાન પાર્શ્વનાથના શિષ્ય કેશી સ્વામી પધારેલા. એ ગામમાં ખૂબ આનંદ ને ઉત્સવ દેખાય છે. ચિત્ત તે રાજાને પૂછે છે અહો! આપની નગરીમાં આજે શું ઉત્સવ છે? ત્યારે કહે છે આજે કેશીસ્વામી પધાર્યા છે. તેમની વાણીનું પાન કરવા બધા જઈ રહ્યા છે. હું પણ ત્યાં જાઉં છું. ત્યારે ચિત્ત કહે, હું પણ આવું છું. ચિત્ત પરદેશી રાજાનો ભાઈ પણ હતો ને પ્રધાન પણ હતો. તે કેશીસ્વામીના દર્શન કરવા ગયો. એકાગ્રચિત્તે કેશીસ્વામીનું વ્યાખ્યાન સાંભળી ચિત્ત પ્રધાનનું મન ખૂબ આનંદિત થયું. ત્યાં ચિત્ત પ્રધાને બાર વ્રત અંગીકાર કર્યા. તેના મનમાં થયું કે જો આવા મહાન જ્ઞાની સંત મારી નગરીમાં પધારે તો મારા ભાઈને ધર્મ પમાડું. તેણે કેશીસ્વામીને વંદન કરીને વિનંતી કરી કે હે ગુરુદેવ! આપ મારી શ્વેતાંબિકા નગરીમાં પધારી અમને કૃતાર્થ કરો. કેશીસ્વામી મૌન રહ્યા. તેમણે બે-ત્રણ વાર વિનંતી કરી ત્યારે કહ્યું હે ચિત્ત! જે વનમાં ઘણાં જંગલી પશુઓ રહેતા હોય તે વનમાં વસવું સલામત ગણાય નહિ, તેમ જે નગરમાં ક્રૂર રાજાનું શાસન પ્રવર્તતું હોય, સાધુનો બહિષ્કાર થતો હોય તે નગરીમાં આવવું શ્રેયસ્કર ગણાય નહિ, ત્યારે ચિત્ત કહે ગુરુદેવ! એ હું સંભાળી લઈશ પણ આપ પધારો. પછી કેશીસ્વામી કહે અવસરે. તેથી ચિત્ત સમજી ગયો ને પછી પોતાના શહેરમાં ગયા પછી દરરોજ રાહ જોવા લાગ્યો. કેશીસ્વામી વિચરતા વિચરતા અનુક્રમે શ્વેતાંબિકામાં પધાર્યા. ચિત્ત પ્રધાન ખૂબ આનંદ પામ્યો પછી તે દેશના સાંભળવા ગયો. અને ત્યાર બાદ ઘોડાની પરીક્ષા કરવાના બહાને પરદેશી રાજાને લઈ ગયો. ત્યાં બગીચામાં રાજાએ કેશી સ્વામીને જોયાં. જોતાં જ થયું કે આ પ્રભાવશાળી કોણ છે? ને આ બધા ભેગા થઈને શું કરે છે! આ મહાન તેજસ્વી વીરપુરુષ લાગે છે તેમજ તેઓ શરીરમાં પણ કેવા છે! તેઓ ઊંચે બેઠા છે ને બીજા

બધા નીચે બેઠા છે. બધા એના સામું જોઇ રહ્યા છે. ચિત્તને પૂછે છે એ શું કરે છે?

**જડ્ડે જડ્ડા મુંડે મુંડા, આ પંડિતા સૌ**
**મારી વાડીમાં બેસી, લાંબે હાથે શું દઇ!**

હે ચિત્ત! તું જો તો ખરો બધા શરીરમાં કેવા મજબૂત છે ને એનું રૂપ ઘણું છે! આ બધાના મુખ જોતાં પંડિતો હોય તેવા લાગે છે. તો આ મારા બગીચામાં બેસીને લાંબા હાથ કરીને બધાને શું આપે છે? પછી ચિત્ત કહે છે તે પાર્શ્વનાથ ભગવાનના શિષ્ય છે. ને ચાર જ્ઞાનના ધણી છે. તમારી શંકાને દૂર કરનાર છે, ત્યાર બાદ બંને કેશી સ્વામી પાસે ગયા. પણ પરદેશીએ વંદન ના કર્યા. ત્યારે કેશી સ્વામીએ પરદેશીની આંખ ઉઘડે તેવો પડકાર કર્યો ને છેવટમાં કહ્યું કે તને જીવ અને કાયા એક છે એવી શંકા છે ને! આ સાંભળી રાજાને થયું કે આ મહાજ્ઞાની છે તેથી જાણવાની જિજ્ઞાસા જાગી.

રાજાએ વિનયપૂર્વક વંદના કરીને પૂછયું–ભગવંત! હું અહીં બેસું? મુનિએ કહ્યું. આ ઉદ્યાન તમારું છે. તમારે અહીં બેસવું કે ન બેસવું એ તમારી ઇચ્છાની વાત છે. અમારો કોઇ પ્રતિબંધ નથી. ચિત્તપ્રધાન અને રાજા બંને નીચે બેઠા. મુનિને પૂછયું–ભગવંત! મારા મનમાં શંકા છે તે તમે કેવી રીતે જાણ્યું? ત્યારે કેશીસ્વામીએ કહ્યું. અમારા શાસ્ત્રમાં પાંચ પ્રકારના જ્ઞાન કહેલા છે. મતિ–શ્રુત–અવધિ–મનઃપર્યાય અને કેવળજ્ઞાન. તેમાંના પહેલા ચાર જ્ઞાન મને પ્રાપ્ત થયેલા છે. તેના પ્રભાવે હું જાણી શકું છું. સાચા જ્ઞાની સંતો કદી એમ ન કહે કે મને આટલું જ્ઞાન છે. પણ પરદેશી રાજાને સુધારવા માટે આ પ્રમાણે કહ્યું છે. પરદેશી રાજાએ પોતાની શંકાઓનું સમાધાન કરવા મુનિને પ્રશ્નો પૂછયા. તેમની શંકાઓનું કેશીસ્વામીએ ખૂબ સુંદર રીતે સમાધાન કર્યું. તેના પરિણામે પરદેશી રાજાનું જીવન પલ્ટાઇ ગયું. પરદેશી મટીને સ્વદેશી બની ગયા. અધર્મી મટીને ધર્મી બન્યા. હિંસક મટીને અહિંસાના પૂજારી બની ગયા.

ટૂંકમાં આપણે તો એ વાત ચાલતી હતી કે સાચું રૂપ સામા મનુષ્યને કેટલું આકર્ષણ કરે છે. બંધુઓ! આજે રૂપાળા દેખાવા મનુષ્ય કેટલો પ્રયત્ન કરે છે! લાલી લીપ્સ્ટીક, પફ અને પાવડરના લપેડા કરે છે પણ એ રૂપ સાચું રૂપ નથી. રૂપ એવું હોવું જોઇએ કે જેનાથી પરદેશી રાજાની જેમ કોઇક જીવ પામી જાય.

અહીં શ્રેણીક રાજાએ મુનિમાં છ આશ્ચર્ય જોયા. શું તમારો વર્ણ છે? શું તમારું રૂપ છે! શું તમારી સૌમ્ય પ્રકૃતિ છે! શું તમારી ક્ષમા છે! શું તમારી નિર્લોભતા છે. શું તમારો ભોગો પ્રત્યેનો અનાસક્ત ભાવ છે! આ રીતે મહારાજા શ્રેણીક મુનિને જોઇને આશ્ચર્યમાં પડયા છે. હવે આગળ શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

**ચરિત્ર**:–અંજના સતીના પીયરથી તેડા આવ્યા તેને પાછા વાળ્યા, પોતે

પીયર ગઈ નહિ, પવનજીએ એક દિવસ પણ તેના સામું જોયું નથી. આમ કરતાં કરતાં બાર વર્ષો વીતી ગયા. પણ પવનજી ન આવ્યા. અંજના પતિના વિયોગથી ઝૂરી રહી છે. ને પોતાના કર્મોને દોષ આપે છે. પવનજી ઉપર મનથી પણ રોષ કરતી નથી. દીકરી પીયર ન આવવાથી તેના માતાપિતાને ખૂબ દુઃખ થયું. પણ અંજનાએ એ વિચાર કર્યો કે મારે પિયર જઈને બધાને શું કહેવું. આ રીતે અંજનાના દિવસો વીતે છે ત્યાં શું બનાવ બન્યો.

લંકાપતિ રાવણનો દૂત મહારાજા પ્રહ્લાદની સભામાં આવ્યો. ને રાજાને પ્રણામ કરી લંકાપતિનો મહત્ત્વનો સંદેશો આપતાં કહ્યું હે રાજન્! વરૂણપુરીનો રાજા વરૂણ લંકાપતિની આજ્ઞા માનતો નથી. અહંકારનો જાણે મોટો પહાડ છે! મહારાજા રાવણે પોતાની આજ્ઞાને તાબે થવા કહેવડાવ્યું ત્યારે તેણે ખૂબ ઉદ્ધતાઈભર્યો જવાબ આપ્યો કે લંકાપતિને એના દેવતાધિષ્ઠિત રત્નોથી અભિમાનનો આફરો ચઢયો હોય તો ભલે અહીં આવે. હું તેનું અભિમાન ઉતારી નાંખીશ. આવા વરૂણના વક્રતાભર્યા વચનોથી લંકાપતિને રોષ ચઢયો ને મોટા સૈન્યને વરૂણને પકડવા મોકલ્યું પણ ત્યાં ભયંકર યુદ્ધ જામ્યું. તેમાં વરૂણના પુત્ર રાજીવે લંકાપતિના ખર અને દૂષણ બે મહાન યોદ્ધાને પકડી લીધા એટલે રાવણનું સૈન્ય બેહાલ બની ગયું. તેથી વરૂણની સામે વિજય મેળવવા હવે લંકાપતિ પોતે જાય છે ને તેમના તમામ સબંધી રાજાઓને બોલાવી લાવવા દૂતો મોકલ્યા છે તે મુજબ આપની પાસે મને મોકલ્યો છે.

દૂતની વાત સાંભળી પ્રહલાદ રાજાએ સૈન્યને સજ્જ કરવાની આજ્ઞા કરીને પોતે તૈયારી કરવા ઊભા થયા. પવનકુમારે બધી વાત સાંભળી હતી એટલે તેણે પિતાજીને તૈયારી કરતાં જોઈને વિનયપૂર્વક પિતાજીને મસ્તક નમાવીને કહ્યું-પિતાજી! આપ શાંતિથી અહીં રહો. હું લંકાપતિની સહાયમાં લશ્કર લઈને જાઉં છું. મને જવાની આજ્ઞા આપો. પિતાજી કહે છે બેટા! આ તો વરૂણની સાથે બાથ ભીડવાની છે. એ વરૂણના પુત્રો ખૂબ પરાક્રમી છે. ખર-દૂષણ જેવા બળવાન યોદ્ધાઓને તેણે પકડીને જેલમાં બેસાડી દીધા. ત્યારે પવનજી કહે છે પિતાજી! હું વિદ્યાધર પ્રહ્લાદ રાજાનો પુત્ર છું. મારા પરાક્રમનો સ્વાદ વરૂણના પુત્રોને ચખાડી દઉં. મને આશીર્વાદ આપો. પવનજીની મક્કમતા જોઈ યુદ્ધમાં જવાની આજ્ઞા આપી.

યુદ્ધની તૈયારીઓ થવા લાગી. રણભેરીઓ વાગવા લાગી. પવનજી પહેલવહેલા યુદ્ધમાં જાય છે. યુદ્ધમાં જવું એટલે જીવનસાટાના ખેલ. કેટલા વર્ષ સુધ્ધ ચાલે તે કહી ન શકાય, ને જીવતા પાછા આવીશું કે નહિ તે પણ ન કહી શકાય. એટલે પવનજીએ યાચકોને ખૂબ દાન દીધું આખી નગરીને સંતોષી. ત્યારે મિત્રો કહે છે પવન! તેં બધાને સંતોષ આપ્યો પણ બાર બાર વર્ષોથી મહેલમાં એકલી ઝૂરે છે તે પવિત્ર અંજનાનો શું વાંક! તું એક વાર તો તેની પાસે જા, પવન કહે મિત્ર! તું મારી પાસે એનું નામ

શા માટે બોલે છે? મને જરા પણ ગમતું નથી. મિત્ર ઘણો સજ્જન છે. તે ખૂબ સમજાવે છે પણ પવનજી માનતા નથી. આ તરફ અંજનાને ખબર પડી કે પવનજી યુધ્ધે જાય છે. આ સમયે અંજનાએ એના મન પર કેટલો કાબૂ રાખ્યો હશે કે કેટલી સાવધાની રાખી હશે! મહાન આત્માઓની આ એક ખૂબી છે કે જેના ઉપર આપણે એક વાર પ્રેમ ધારણ કર્યો હોય તે વ્યક્તિ પછી આપણા પ્રત્યે પ્રેમવિહીન બને ત્યારે આપણે એના પર પ્રેમ ટકાવી શકતા નથી. પછી ભલે લૌકિક પ્રેમ હોય કે લોકોત્તર પ્રેમ હોય. જ્યારે મહાન પુરૂષો પ્રેમને ટકાવી રાખે છે ને એમ વિચારે છે કે એનો મારા પ્રત્યેનો પ્રેમ તૂટી ગયો એમાં એનો કોઇ દોષ નથી, પણ મારું કર્મ એમાં મુખ્ય કારણ છે. મારું કર્મ મારો એની પાસે તિરસ્કાર કરાવે છે.

આવા સમભાવમાં રહેતી અંજના સતીને ખબર પડી કે પવનજી રથમાં બેસી ગયા છે. તેમનું સૈન્ય નગર વચ્ચેથી પસાર થાય છે. તો હું પતિના મુખનું દર્શન કરીશ પતિના કપાળમાં ચાંલ્લો કરીશ, દહીં વંદાવીશ, અને એમની યુદ્ધયાત્રા સફળ થાય ને વિજયની વરમાળા પહેરીને વહેલા પાછા આવે એવા આશીર્વાદ આપીશ. એવા વિચારથી હાથમાં સોનાના કચોળામાં દહીં ને કંકાવટી લઇ વસંતમાલાની સાથે મહેલમાંથી નીચે ઉતરીને એક થાંભલાને ટેકો દઇને ઊભી રહી છે. શરીર ખૂબ સૂકાઇ ગયું છે. હવે તો રૂપ પણ ઝાંખુ પડી ગયું છે. છતાં મુખને પ્રફુલ્લિત બનાવી પતિની રાહ જોતી ઊભી રહી છે.

પવનજીની સ્વારી આવી રહી છે. પવનજીએ દૂરથી અંજનાને જોઇ પણ એ અંજના છે તેમ જાણતા નથી. કારણ કે પરણ્યા પહેલાં વિમાનમાંથી અદ્ધરથી જોઇ હતી પછી અંજનાનું મુખ પણ જોયું નથી. એટલે પોતાના મિત્રને કહે છે જો તો ખરો. પેલી કેવી સુંદર પૂતળી ચીતરી છે. એ ચીતરનારો પણ કેવો ચતુર હશે! જાણે જીવતી રંભા જેવી સ્ત્રી ઊભી હોય તેવું દેખાય છે ત્યારે મિત્રે શું કહ્યું.

**મિત્ર કહે નહિ પુતળી, ભીંત ઓઠીંગે છે અંજના નાર તો,**
**સાંભળી રાય રાતો થયો, મારગ જાતાં સ્વામી મળીયા ઠાર તો**
**દૂર ઠેલી તે અળગી પડી, મારગ મેલીને ચાલ્યો છે સાથ તો,**
**વસંતમાલા મોડે કરડકા બાઈ, મૂરખ દીસે છે તમતણા નાથ તો.**

ભાઇ! એ પૂતળી નથી પણ જેનો તમે બાર વર્ષથી ત્યાગ કર્યો છે તે અંજના છે. જુઓ તેને તમારા પ્રત્યે કેટલો પ્રેમ છે! જ્યાં અંજનાનું નામ સાંભળ્યું ત્યાં તો ક્રોધની જવાળા વ્યાપી ગઇ. પવનજીનો રથ નજીક આવ્યો એટલે અંજના સતીએ પાસે જઈને પતિનાં ચરણમાં પડી અંજલી જોડી ગદ્દગદ્દ શબ્દોમાં પ્રાર્થના કરી હે સ્વામીનાથ! મારી વિનંતી છે કે આપ મને ભૂલી ન જતાં. આપનો માર્ગ કુશળ બનો. "पन्थानः सन्तु ते शिवा" અંજના આમ કહે છે ત્યાં પવનજીએ એને એવી જોરથી લાત મારી કે

અંજના ભોંય પડી ગઈને બે ત્રણ ગલોટીયા ખાઈ મૂર્છા વશ થઈ ગઈ. ચરણે ઢળેલી પવિત્ર ગુણીયલ સતીનો તિરસ્કાર કરી પવનજી આગળ વધ્યા.

કેટલી નિષ્ઠુરતા! કેવો ઘોર તિરસ્કાર! પતિએ આટલા બધા માણસો વચ્ચે પોતાનો તિરસ્કાર કર્યો અને બીજી તરફ પતિના વિયોગથી તેના દિલમાં ખૂબ દુઃખ થયું. ખૂબ રડવા ઝૂરવા લાગી. અહો! હવે બધા લોકો જાણી જશે કે પવનજીને અંજના સાથે અણબનાવ છે. હવે સાસુ–સસરા બધા વાત જાણશે. મારે મોઢું શું બતાવવું! આ વાતનું તેને ભયંકર દુઃખ લાગ્યું. આ સમયે વસંતમાલા કહે છે બહેન! તારો પતિ તો મૂર્ખનો સરદાર છે. એને કોઈની પડી નથી. કોઈની કદર કરતો નથી. આમ ક્રોધ યુક્ત વચનો બોલવા લાગી. ત્યારે અંજના કહે છે બહેન! તું મારા પતિનું સ્હેજ પણ વાંકુ ન બોલીશ. એમાં એમનો શું દોષ છે. દોષ માત્ર મારા કર્મનો છે.. આ પ્રમાણે અંજના પોતાનો દોષ કાઢે છે. પવનજી અને અંજના બંને ગંભીર છે. અંજનાએ કદી પોતાના દુઃખની વાત કોઈને કરી નથી અને પવનજીએ પણ માતા-પિતાને નથી કહ્યું કે મને અંજના ગમતી નથી. હવે અંજના પોતાના કર્મનો દોષ કાઢતી પવનજીના વિયોગમાં ઝૂરે છે, હવે શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં. ૧૬

**શ્રાવણ સુદ ૨ ને શુક્રવાર** તા. ૮-૮-૭૫

ત્રૈલોક્ય પ્રકાશક, કરૂણાના સાગર ભગવંતે સંયમ લીધા પછી અઘોર સાધના કરી ચાર ઘાતી કર્મોનો ક્ષય કરી કૈવળજ્ઞાનની જ્યોત પ્રગટાવી. ભગવાન કહે છે હે સાધક! ફક્ત વેશનું પરિવર્તન કરવાથી કલ્યાણ નહિ થાય પણ સાથે તારા વર્તનનું પરિવર્તન કરીશ તો કલ્યાણ થશે. ઉત્તરાધ્યયન સૂત્રના ૨૫મા અધ્યયનમાં પ્રભુ બોલ્યા છે.

**नवि मुण्डिएण समणो, न ओंकारेण बंभणो ।**
**न मुणि रण्णवासेण, कुसचिरेण न तावसो ॥**

ઉત્ત. સૂ અ. ૨૫ ગાથ ૩૧

મસ્તક મુંડાવી શ્વેત વસ્ત્રો પહેરવાથી તે શ્રમણ નથી. ૐ કારનો જાપ કરવાથી તે બ્રાહ્મણ નથી. અરણ્યમાં જઈને વસવાટ કરવાથી મુનિ નથી બનાતું ને ડાભના વસ્ત્રો પહેરવાથી તાપસ નથી થવાતું. પણ સાચો સાધુ કોને કહેવાય? જ્યારે કોઈ સત્કાર કરે ત્યારે ફુલાય નહિ ને કોઈ તિરસ્કાર કરે ત્યારે મનમાં પણ કષાયનો કણીયો ન આવવા દે. ભગવાન કહે છે કે આ જીવને આકુળ-વ્યાકુળ બનાવનાર હોય તો ચાર કષાયો છે. ચાર કષાયોમાં પણ માન એ મીઠું ઝેર છે. ગૌતમ સ્વામીએ ભગવંતને પ્રશ્ન કર્યો કે હે પ્રભુ! माण विजएणं भंते जीवे किं जणयइ? માન ઉપર વિજય મેળવવાથી જીવને શું લાભ થાય છે ત્યારે ભગવંત કહે છે અહો હે ગૌતમ! "माण विजएणं अज्जवं जणयइ।"

બંધુઓ તમને એમ થશે કે કયો લાભ? તો આ લાભ તમારા ભૌતિક સુખના ટુકડાનો નથી. આ લાભ તો આત્માની ઉજ્જવળતાનો છે. આત્મિક ઉજ્જવળતા એટલે નિજગુણની પ્રાપ્તિનો લાભ થાય છે. માન ઉપર વિજય મેળવનાર આત્મા સરળતાને પ્રાપ્ત કરે છે. સરળતામાં કેટલો આનંદ છે તે આપ જાણો છો ને? તોફાને ચઢેલી નદી મોટા મોટા મકાનો અને ઝાડને ખેંચી જાય છે પણ નેતરને ખેંચી શકતી નથી. કારણ કે તેણે સરળતાની કળા જાણી છે. જેના મૂળ ઘણાં ઊંડા ગયા છે તેવા જંગી વૃક્ષો પાણીના પુરમાં ઉખડી જાય છે પણ નેતર ઉખડી શકતું નથી. જેને ઝૂકતા આવડે છે તે તોફાન સાથે રમી શકે છે. આપણા ભગવાન મહાવીર સ્વામીને કેવાં કષ્ટો પડયાં છે જે વાંચતા આપણું હૈયું ધ્રુજી જાય છે વિપત્તિ રૂપી વીજળીના કડાકા થયા, સંકટોના પહાડ તૂટ્યા. અનાર્ય લોકોએ કષ્ટ આપવામાં બાકી ન રાખ્યું. છતાં એ મહાન સાધક સઘળા દુઃખો વચ્ચે ઝળકતા રહ્યા તેનું કારણ નમ્રતા.

નમ્રતા–સરળતા અને સૌમ્યતાનો કેવો પ્રભાવ પડે છે! અનાથી નિર્ગ્રંથ બગીચામાં આવીને બેઠા છે. તેમનું રૂપ ચામડી ભેદીને બહાર આવ્યું છે. જેમ વીજળીનો પ્રવાહ શરૂ થતાં બલ્બ વિજળીથી ઝગમગતો થઇ જાય છે. અંદર રહેલા તાંબાના તાર સોનાના જેવા દેખાય છે. તેમ ચૈતન્યને લીધે આ પંચભૂતરૂપી બલ્બ ચૈતન્યથી ઝગઝગાટ કરતો થઇ જાય છે. આ મુનિનું શરીર ઝગારા મારે છે. આ જોઇને શ્રેણીક રાજાને છ પ્રકારનું આશ્ચર્ય થયું. એમના મુખમાંથી શબ્દો સરી પડયા. "अहो वण्णो अहो रुवं" તેમનું રૂપ, વર્ણ, સૌમ્યતા, ક્ષમા, નિર્લોભતા અને ભોગો પ્રત્યેની અરૂચી આશ્ચર્યકારક લાગ્યું. કોઈ મનુષ્ય ખૂબ ક્ષમાવાન હોય તો તેની સામે ક્રોધીમાં ક્રોધી વ્યક્તિ આવશે તો પણ ઠરી જશે. મુનિને જોઇને શ્રેણીક રાજાના ઉકળાટ શમી ગયા ને શું બોલ્યા–અહાહા! મુનિ હું આપને જોઉં છું ને એમ થાય છે કે હે મહાત્મા! તમારામાં શું ગુણો પ્રકાશી રહ્યા છે! મારું દિલ તમારામાં ઠરી ગયું છે. આ રીતે મુનિની ખૂબ પ્રશંસા કરે છે પણ મુનિ પોતાના ભાવમાં રમણતા કરે છે. આવા મહાન મુનિની સામે રાજા ઊભા હોય, મોટા કરોડપતિ હોય, કે ગમે તે હોય પણ સંસાર બાબતની વાત નહિ કરે. પણ એ તો એમ પૂછશે કે હે માનવ! તેં આવો ઉત્તમ માનવ જન્મ પામીને શું કર્યું? હું તમને પૂછું છું કે તમારા દીકરાને પરદેશ કમાવા મોકલ્યો. ત્યાં જઇને તેણે કંઇ કમાણી કરી નહિ. જે પૈસા લઈને ગયો હતો તેનાથી લીલાલ્હેર કરીને છ મહિને પાછો આવ્યો. તમે પૂછો તો ખરા ને કે દીકરા! શું કમાઈને લાવ્યો? ત્યારે દીકરો કહે તમે આપેલી મૂડી સાફ થઇ ગઇ છે. તો તમે શું કહો? કે જુઓ, રબીચો ગઢવી રળવા ગયો હતો તે શું કરીને આવ્યો? પણ ભાઈ! તમે કેવા રળીયા ગઢવી છો? એણે તો પાંચ–પચ્ચીસ હજાર ગુમાવ્યા પણ તમે કેટલું ગુમાવી રહ્યા છો? ઉત્તરાધ્યયન સૂત્રના સાતમા અધ્યયનમાં ત્રણ વણિકનો ન્યાય આપ્યો.

**जहा य तिन्नि वाणिया, मूलं घेत्तूण निग्गया ।**
**एगोऽत्थ लहई लाभं, एगो मूलेण आगओ ।।**

ઉત્ત. સૂ. અ. ૭, ગાથા ૧૪

એક વણિકે પોતાના ત્રણ પુત્રોને કહ્યું કે તમે ત્રણે એક એક હજાર રૂપિયા લઈને બહારગામ કમાવા જાવ. એક વર્ષ પછી આવજો. આ ત્રણે પુત્રો વિચાર કરવા લાગ્યા કે પિતાજી પાસે કરોડો રૂપિયાની સંપત્તિ છે ને આપણને આટલા રૂપિયા આપીને શા માટે મોકલ્યા? મોટા દીકરાએ વિચાર કર્યો કે બાપુજી પાસે ઘણા પૈસા છે. શું કરવાના છે? પૈસા વાપરીને લીલાલ્હેર કરો. એટલે એ તો મોજશોખમાં પડી ગયો. બીજાએ વ્યાજે મૂકીને મૂડી સાચવી. ત્રીજાએ વહેપાર કરી મુડી ખૂબ વધારી. અનુક્રમે ત્રણે દીકરા વર્ષે ઘેર આવ્યા. પિતાએ પૂછયું શું કરીને આવ્યા? ત્યારે મોટાએ કહ્યું કે લીલાલ્હેર કરીને કરજ કરીને આવ્યો છું. વચલાએ મૂળગી મૂડી પાછી આપી. નાનાએ કહ્યું કે મારી મૂડી લેવા ગાડા મોકલવા પડશે કારણ કે તેણે ઘણો મોટો વેપાર કર્યો છે ને પેઢી ઉપર માલ ઘણો છે. આ રીતે ત્રણે પુત્રો પિતાજી પાસે હાજર થયા.

હવે હું તમને પૂછું કે નગીનભાઈ! આપને કયો દીકરો વહાલો લાગે? (શ્રોતામાંથી અવાજ:-ઘણું કમાઈને આવે તે.) (હસાહસ). બોલો, હવે તમારે ભગવાનના વહાલા દીકરા થવું છે ને? ભગવાનને વહાલા કેવી રીતે થવાય? આ જિંદગીમાં કંઈક ધર્મારાધના કરો તો ને! અત્યારે વધુમાં વધુ આયુષ્ય બસો વર્ષે દેશે ઉણું છે. કોઈક સો વર્ષના થાય છે. બાકી તો કોઈ ૫૦-૬૦ ને કોઈ ભરયુવાનીમાં પણ ચાલ્યા જાય છે. સાથે શું લઈ જવાનું છે? તમે અત્યારે મોહ નહિ છોડો તો પછી પણ છોડવો પડશે.

યુવાની પૂરી થઈ, ઘડપણ આવી ગયું છતાં પત્નીનો મોહ છૂટતો નથી. તમે સામાયિક-પ્રતિક્રમણ, ઉપવાસ કરો, દાન દો પણ જ્યાં સુધી કામ વિજેતા નથી બન્યા ત્યાં સુધી કરણી અધૂરી છે. ચોકમાં બાવળીયો ઉગ્યો છે તેના કાંટા રોજ પગમાં ભોંકાય છે. તેથી વિચાર કર્યો કે લાવ, એના ડાળા પાંખડા કાપી નાંખું. તમે ઉપરથી ડાળા-પાંખડા કાપી નાંખો તો થોડા દિવસ એના કાંટા નહિ ખરે પણ એનું મૂળીયું સજીવન છે માટે ડાળી અને પાંખડા થશે ને પાછા કાંટા વાગશે. માટે કાંટા ખરતા હોય તો મૂળને ઉખાડી નાંખો. તે રીતે સંસાર રૂપી કાંટા ખટકતા હોય તો વિષયવિકાર રૂપી કાંટા કાઢી નાંખો અને બ્રહ્મચર્ય વ્રતમાં આવો. કારણ કે ચારિત્ર એ જીવનમાં અમૂલ્ય કોહીનુર છે. અને વિષયવિકાર એક પ્રકારનો સડો છે. આંગળી અંદરથી સડી ગઈ હોય પણ તેને મલમપટ્ટા કરવાથી કંઈ સડો નાબૂદ થતો નથી. તેમ કામ વિજેતા બન્યા વિના આત્માનું કોહીનુર નહિ ઝળકે ને ભગવાનના વહાલા દીકરા પણ નહિ બનાય, માટે કામભોગ ઉપર વિજય મેળવો. જ્ઞાનીઓ કહે છે.

**माणुसत्तं भवे मूलं लाभो देवगइ भवे ।**
**मूलच्छेएण जीवाणं, नरगतिरिक्खत्तणं धुवं ।।**

ઉત્ત. સૂ. અ. ૭, ગાથા ૧૬

જે મનુષ્ય અહીં આવીને ભોગવિલાસમાં મસ્ત રહે છે, ધર્મકરણી કરતો નથી, તે મનુષ્યભવ હારીને નરક તિર્યંચ ગતિમાં જાય છે ને ત્યાં મહાન દુઃખ ભોગવે છે. તે મૂળગી મૂડી હારી જવા બરાબર છે. જે વિશેષ કંઇ નથી કરતો પણ મનુષ્ય મરીને મનુષ્ય થાય એવા કાર્યો કરે છે તે મૂળગી મૂડી સાચવવા બરાબર છે અને જે મનુષ્ય અહીં આવીને દાન દે, શીયળ પાળે, તપ કરે ને શુભ ભાવના ભાવે છે તે આત્મા મોક્ષ અથવા દેવલોકમાં જાય છે. તે મૂળગી મૂડીમાં વધારો કરવા બરાબર છે. બોલો, હવે તમારે શું કરવું છે? મૂડીમાં વૃદ્ધિ કરવી છે ને? કઈ મૂડી વધારવી છે? આત્માની કે પુદ્દગલની! પુદ્દગલની મૂડી તો ઘણી વધારી. હવે આત્મિક મૂડી વધારવાનો પુરૂષાર્થ કરો, હવે પૈસા કરતા પરમેશ્વર વહાલા કરો ને સંતાનો કરતાં સંત વહાલા કરો.

અહીં શ્રેણીક રાજાને મગધ દેશના રાજ્ય અને સંપત્તિ કરતાં સંત વહાલા લાગ્યા છે. સંતને જોઇને તે શું બોલે છે :-

**મારા હૈયાના હાર, મારી સાંભળો પુકાર,**
**જો તમને નહિ પામું તો મારું જીવ્યું જશે બેકાર-મારા૦**
**દેવ ઘણાં છે જગમાં, માંગી મિલ્કત મુજને એ આપે,**
**રાજી એને કરી દઉં તો કષ્ટો મારા કાપે,....મારી મનીષા તો એ છે.**
**જેણે જીત્યાં છે રાગદ્વેષના વિકાર,**
**એ પરમાત્મા ચરણકમળમાં મારો કરે સ્વીકાર-મારા હૈયાના.**

રાજા શ્રેણીક કહે છે હે મારા લાડીલા સંત! મેં દુનિયામાં ઘણાં સંત જોયા ને દેવ પણ જોયા, પરંતુ તમને જોઇને મને જે આકર્ષણ થાય છે તેવું ક્યારેય નથી થયું. તમને છોડીને મને ક્યાંય જવું ગમતું નથી. માનતુંગાચાર્ય પ્રભુને પ્રાર્થના કરતાં શું બોલ્યા છે.

**दृष्टवा भवन्तमनोमेषविलोकनीयं, नान्यत्र तोषमुपयाति जनस्य चक्षुः ।**
**पोत्वापय शशीकरद्युति दुग्धसिन्धो, क्षारं जलं जलनिधरेशीतुंकइच्छेत् ?**

હે મારા નાથ! તને એક વાર અનિમેષ દૃષ્ટિથી જોઇ લીધા પછી મનુષ્યની આંખો બીજે ક્યાંય ઠરતી નથી. ક્ષીર સમુદ્રના મીઠા અને શીતળ નિર્મળ પાણી પીધા પછી લવણ સમુદ્રનું ખારું પાણી પીવાને કોણ ઇચ્છે? કોઇ નહિ. સર્ચલાઇટનો પ્રકાશ જોયા પછી કોડીયાનો પ્રકાશ ગમતો નથી. તેમ હે પ્રભુ! તારૂં મુખડું જોયા પછી મને દુનિયાના બધા દેવો ઝાંખા લાગે છે.

જે શાસનમાં આવા દેવાધિદેવ બિરાજતા હોય તેના શ્રાવકને બીજે ફાંફા મારવાના હોય? તમને એવી શ્રદ્ધા થઇ જવી જોઇએ કે મારા દેવ એટલે અરિહંત, ગુરૂ મારા નિર્ગ્રંથ અને કેવળી પ્રરૂપિત ધર્મ એ જ મારો ધર્મ છે. રાજા શ્રેણીક મુનિની સ્તુતિ કરતાં કહે છે આ દુનિયામાં દેવોનો પાર નથી. જો તેમની હું શ્રદ્ધા કરું ને તેમને પ્રસન્ન કરું તો જે માંગું તે મળે એમ છે. એની ભક્તિ કરું તો આ દુનિયામાં મારો વાળ કોઇ વાંકો કરી શકે તેમ નથી. મારા કષ્ટ હરી લે. પણ મારે એવા દેવની શ્રદ્ધા કરવી નથી. મારી ઇચ્છા તો એવી છે કે હું કોના શરણે જાઉં? જેમણે રાગ અને દ્વેષને જીત્યા છે તેમને શરણે જાઉં પણ જે ભૌતિક સુખનો માર્ગ બતાવે છે ત્યાં મારે હવે નથી જાવું. આ રીતે શ્રેણીક રાજા મુનિને કહે છે. વળી હે નાથ! તારી શીતળતા અને ક્ષમાની તો શું વાત કરું? તારી સામે કોઇ ક્રોધી મનુષ્ય આવે તો પણ ઠરી જાય. જેમ પાણીમાં ગમે તેટલા કાકડા સળગાવીને નાંખે તો પણ શીતળ બની જાય છે. તેમ તારી સામે તેવો ક્રૂર માનવી આવે તો પણ તે તને જોઇને ઠરી જાય છે. તારા વર્ણ, રૂપ, સૌમ્યતા, ક્ષમા, નિર્લોભતાને ભોગો પ્રત્યેની નિસ્પૃહતા તો કોઇ અદ્ભૂત છે. મારે પણ તારા જેવું બનવું છે. પણ તમને જોઇને મને બીજું એ આશ્ચર્ય થાય છે કે હજુ તમારી ઉંમર નાની છે ને તમે સાધુ કેમ બન્યા? અન્ય ધર્મમાં છેલ્લી અવસ્થામાં સાધુપણું લે છે ને તમે તો હજુ ભરયુવાન છો.

અત્યારે તો કોઇ ગુજરી જાય ને પૂછીએ કે ભાઇની ઉંમર કેટલી હતી? તો કહેશો કે આમ તો ૬૦ વર્ષના હતા. કંઇ નાના ન્હોતા પણ દુઃખ એટલું છે કે છોકરા નાના છે. બાકી તો મરવા જેવા હતા. જુઓ, તમારો સંસાર કેવો છે? ગયા તેને રડતા નથી પણ પાછળ છોકરા મૂકી ગયા તેને રડે છે. કોઇનું મરણ થાય ત્યારે બહેનો છેડો વાળે છે તેમાં શું બોલે છે? અરેરે....તમે તો ગયા. હવે મારું શું થશે? તમે ફોરેનથી સાડીઓ લાવ્યા પણ હજુ મેં એનો ટાંકો તોડયો નથી ને તમે ચાલ્યા ગયા! (હસાહસ) જે ગયા તેને નથી રોતા પણ એને સાડીઓ પહેરવાની રહી ગઇ તેને રોવે છે. જોયું ને! તમારો સંસાર કેવો અસાર છે! તેની પાછળ કેટલા ઘેલા થઇને ફરો છો. આ તો મેં બહેનોની વાત કરી પણ તમે બહેનોથી ઉતરો તેમ નથી, ભરયુવાનીમાં પત્ની ગુજરી જાય તો બીજી ન લાવે ત્યાં સુધી યાદ કરે. ને બીજી આવે એટલે તો યાદ ન આવે. કેવો સ્વાર્થી સંસાર છે! અનાદિકાળથી આ પ્રવાહ ચાલતો આવ્યો છે એમાં કાંઇ નવીન નથી.

જ્ઞાનીઓ કહે છે જેમ ધુમાડાને બાચકા ભરવાથી કંઇ ધુમાડો હાથમાં આવતો નથી યાદ રાખો. તેમ તમે સંસારના સુખને સુખ માનીને ગમે તેટલું કમાવ પણ સાથે રાતી પાઇ આવવાની છે? ના. મારૂં કહ્યું ન માનો તો તમારા હૈયાને પૂછો કે કોઇપણ માનવી અહીંથી રાતી પાઇ લઇને ગયો છે? જેટલી મૂર્છા છૂટે ને તેનો જેટલો સત્કાર્યોમાં સદ્-વ્યય થાય એટલું સાથે આવવાનું છે.

શ્રેણીક રાજા મુનિની ક્ષમાના ખૂબ વખાણ કરે છે. જીવનમાં ક્ષમા રાખવી એ અલૌકિક ગુણ છે. "क्षमा वीरस्य भूषणम् ।" ક્ષમા એ વીરનું ભૂષણ છે કયારેક કોઈ શાંત બનીને બેઠા હોય તો લાગે કે આ ભાઈ કે બહેન કેવા સમતાના સાગર છે! પણ જ્યારે કોઈ એને ગાળ દે કે અપમાન કરે ત્યારે ક્ષમા રાખે તો સાચા ક્ષમાવાન છે. સોનાને પહેલા અગ્નિમાં પડવું પડે છે પછી તેની કિંમત અંકાય છે. કોઈ આપણને ગમે તે કરે. ગાળ દે કે હથોડાના ઘા કરે તો પણ તે સમયે એવો વિચાર કરવો કે આ મને જે કંઈ કરે છે તેમાં એનો દોષ નથી. દોષ મારા કર્મનો છે. મારો વાંક હાલ બીલકુલ નથી છતાં આ મારી કદર્થના કરે છે તેમાં મારા પૂર્વકૃત કર્મો કામ કરે છે. શ્રેણીક રાજાને કોણીકે પાંજરામાં પૂર્યા, દરરોજ ૫૦૦ ચાબૂક મારે તે પણ કેવી રીતે? બરડે મીઠાનું પાણી છાંટે ને બરડો ખુલ્લો કરીને મારે. લોહીની સેર ઉડે તે સમયે શ્રેણીક રાજા કોણીકનો વાંક ન્હોતા કાઢતા. એ તો એકજ વિચાર કરતા કે હે કોણીક! તું મારો મહાન ઉપકારી છે. મારા કર્મો ખપાવવામાં તું મને સહાયક બન્યો છે. તું તો મને ચાબૂકના માર મરાવે છે પણ મારો જાન નથી લેતો. પણ મેં તો અજ્ઞાન દશામાં શિકાર કરી પ્રાણીઓને જાનથી મારી નાંખ્યા છે. કેવી સુંદર ભવ્ય વિચારણા. આવી રીતે દુઃખમાંથી તે મહાન પુરૂષોએ સુખ શોધ્યું ને કામ કાઢી ગયા. આવી કળા દરેકને આવડી જાય તો આ પૃથ્વી ઉપર કોઈ દુઃખી ન રહે. પણ આ કળા શીખવી બહુ મુશ્કેલ છે.

શ્રેણીક રાજા મુનિનું રૂપ જોઈ મુગ્ધ બન્યા છે. તેમના રૂપ અને ગુણનાં વખાણ કરે છે. હવે તેમના મનમાં એ આશ્ચર્ય થયું છે કે આવી ભરયુવાનીમાં તેમણે દીક્ષા કેમ લીધી? એ બાબતમાં રાજા મુનિને પૃચ્છા કરશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

**ચરિત્ર:- અંજના સતી મહેલમાં ગયા:-** સતી અંજનાને પવનજીએ લાત મારી તિરસ્કાર કર્યો તેથી અંજનાને ખૂબ દુઃખ થયું કે હવે બધા જાણશે કે અંજના અને પવનજીને અણબનાવ છે. વસંતમાલા અંજનાને મહેલમાં લઈ ગઈ પણ ગામમાં એવી વાત ફેલાઈ ગઈ કે અંજના અને પવનજીને અણબનાવ છે. ગામમાં બધા લોકોની દૃષ્ટિ સરખી નથી હોતી. સજ્જન એમ બોલે છે કે આવી નિર્દોષ પવિત્ર સતીનું પવનજીએ કેવું ઘોર અપમાન કર્યું! આખા ગામના લોકોને સંતોષ પમાડયો ને આ એક સતીનું દિલ દુભાવ્યું. ત્યારે કંઈક માણસો એમ બોલવા લાગ્યા કે પોતાની પત્ની કોને વહાલી ન હોય? અને જે બધા લોકોને સંતોષ પમાડે તે પોતાની સ્ત્રીનું દિલ દુભવે ખરો? પણ પવનજીએ એને લાત મારી માટે એનામાં કંઈક હશે! ત્યારે કોઈ કહેવા લાગ્યા કે અંજના એવી નથી. એ તો પવિત્ર સતી છે. ત્યારે બીજા કહે કંઈક તો હશે. પાયા વિનાની ભીંત ચણાય નહિ. આ પ્રમાણે લોકોમાં ચર્ચા થવા લાગી. અંજના તો મહેલમાં ખૂબ ઝુરે છે. એ વાત અહીં રહી પવનજીનું શું થયું?

**નગર થકી દલ સંચર્યું, મારગ થકી દૂર કીધું મેલાણુ તો,**
**ચકવો ને ચાકવી ત્યાં ટળવળે, વ્યાપ્યું તિમિર આથમ્યો ભાણુ તો**
**......સતીરે શિરોમણી અંજના.**

**પવનજી મંત્રીને એમ કહે, નારી તણું ન લીજીએ નામ તો,**
**પુરૂષ પરાયા શું મન રમે, એને ચાકવીની પેરે મૂકી મેં ગામ તો**
**......સતીરે શિરોમણી અંજના.**

અંજનાને લાત મારી પવનજીનું સૈન્ય આગળ વધ્યું. થોડા ઘણા દૂર પહોંચી ગયા. રાત પડી ગઈ એટલે એક વિશાળ વનમાં પડાવ નાંખ્યો. પવનજી જે વૃક્ષના નીચે બેઠા હતા તે વૃક્ષ ઉપર એક ચકલી ચીંચીં કરવા લાગી. આપણને ચીંચીં લાગે પણ એની ભાષામાં એ વિલાપ કરતી હતી. પવનજી એમના મિત્રને કહે છે આ ચકલી શું ચીં....ચીં કરે છે! ત્યારે મિત્ર કહે છે પવન! એ ચકલી ચીંચીં નથી કરતી પણ એનો ચકલો હજુ બહારથી આવ્યો નથી એટલે એ માળામાં જાય છે ને બહાર આવે છે. ચારે તરફ દૃષ્ટિ કરે છે ને ઝુરાપો કરે છે. ત્યારે પવનજી કહે શું ચકલો નથી આવ્યો તેથી ચકલી આટલું બધું ઝૂરે છે? મિત્ર કહે–હા, ભાઈ એ પક્ષીને પણ આટલી સંજ્ઞા છે તો વિચાર કરો તમે જેને બાર બાર વર્ષોથી તજી છે તે અંજનાને શું થતું હશે? એ તમારા વિના કેટલી ઝૂરતી હશે! ત્યારે પવનજી કહે–મિત્ર! તું એ પાપણીનું મારી પાસે નામ ના લઈશ. જો તારે મારી પાસે એનું નામ લેવું હોય તો ઘર ભેગો થઇ જા. આ ચકલી પતિવ્રતા છે એટલે ઝૂરે પણ અંજનાના હૃદયમાં તો બીજો પુરૂષ રમે છે. એ તો મને યાદ પણ કરતી નથી હું એની પાસે કેવી રીતે જાઉં? મિત્ર કહે છે તુ આ મહાસતીના અવર્ણવાદ ન બોલ ગાળ દેવી હોય તો મને દેજે પણ સતીને નહિ તે તો પતિવ્રતા સ્ત્રી છે. તે લૂખું ભોજન ખાય છે, સાદા વસ્ત્રો પહેરે છે. સ્નાન શણગારનો ત્યાગ કરી ધર્મારાધના કરે છે ને રાત-દિવસ તને યાદ કરી ઝૂરે છે. તુ ભલે ત્યાં નથી જતો પણ હું દાસી દ્વારા બધા સમાચાર મેળવું છું. માટે જો એ સતીનું પોણા સોળ આની બોલ્યો તો હતો ન હતો થઇ જઈશ. બંધુઓ! મિત્ર હોય તો આવા હોજો કે સમયે જરા પણ ડર રાખ્યા વગર સત્ય કહી દે. એણે વિચાર ન કર્યો કે મિત્રચારી તૂટી જશે તો? જે થવું હોય તે થાય. અહીં કર્મરાજા શું કરે છે? અંજના સતીના કર્મનુ આવરણ ખસવા આવ્યું છે. તેથી પવનજીના ભાવ કેવી રીતે બદલાશે ને ત્યાં જવાનો વિચાર કરશે ને શું બનશે તેના ભાવ અવસરે.

☆

## વ્યાખ્યાન નં. ૧૭

**શ્રાવણ સુદ ૩ ને શનિવાર** **તા. ૯-૮-૭૫**

અનંત ઉપકારી, શાસનપતિ, ચરમ તીર્થંકર શ્રી મહાવીર પ્રભુ વસુંધરા ઉપર વિચરતા વિચરતા આત્માના ઉત્થાન માટે અનેક વખત કહી ગયા છે કે આ સંસાર અસાર છે.

**संसारम्मि असारे, नत्थि सुहं वाहिवेयणा पउरे ।**
**जाणन्तो इह जीवो न कुणइ, जिणदेसिअ धम्मे ।।**

તમને પૂછવામાં આવે કે સંસાર કેવો? તો તમે કહેશો કે સંસાર ખારો છે. પણ ખરેખર ખારો લાગ્યો છે? ના. એ તે ઉપરથી ખારો પણ હૈયામાં સાકર જેવો ગળ્યો લાગે છે. મીઠા જેવો ખારો લાગતો નથી. સંસાર ખારો કોને લાગે? ઘરબાર, ધનવૈભવ, કુટુંબ કબીલાનો ત્યાગ કરી સંયમ લે તેને સંસાર ખારો લાગે. જેમ છાશનું વલોણું કરનાર બાઈ માખણ કાઢી લે તેમ સાર કાઢતાં આવડતો હોય તો અસાર સંસારમાંથી આત્મા સાર કાઢી શકે છે. છાશમાંથી માખણ કાઢતાં ન આવડે તો બાઈ ફુવડ કહેવાય તેમ જેને અસાર સંસારમાંથી સાર કાઢતા ન આવડે તેને શું કહેવું?

સંસાર અસાર છે, ખારો છે, દાવાનળ જેવો છે. દાવાનળમાંથી બચવા માટે, એની ભયંકરતામાંથી મુક્ત થવા માટે જ્ઞાની ભગવંતોએ અચિંત્ય માર્ગ બતાવ્યો છે, તે છે ચારિત્રનો અમોઘ પંથ. તમને થવું જોઈએ કે એ પંથ મને ક્યારે મળે? એના સતત ચિંતન-મનન અને પરિશીલનમાં ઓતપ્રોત બનવું જોઈએ, સંસારમાંથી સાર કાઢતા શીખવું જોઈએ. જે આત્માઓ સંસારમાંથી સાર કાઢીને આદર્શરૂપ બની ગયા તે મહાન વિભૂતીઓ બની ગયા. તે આપણા માટે માર્ગદર્શક અને પ્રેરણારૂપ બની ગયા. સંસારના તમામ વ્યવહારમાં, ખાવા પીવામાં, પહેરવા ઓઢવામાં પણ સારાસાર મેળવી શકાય છે. તમારી સંસારની પ્રવૃત્તિઓમાં કલાકોના કલાકો અને દિવસોના દિવસો પસાર થઈ ગયા પણ તમે શું સાર કાઢ્યો? લક્ષ્મી કયાંથી લાવું ને કેમ ભેગી કરું તેની હાયવરાળમાં રાત-દિવસ રચ્યા પચ્યા રહેવાથી ભૂખ-તરસ લાગે છે? બસ, એક ધૂન છે કયારે લક્ષ્મી આવે! કયારે કરોડપતિ થાઉં! આમાં આત્માનો શું સાર કાઢયો? જીવને સમયની કિંમત કયાં છે? દુકાન ખોલવા ટાઈમમાં ફરક પડે તો આકુળ વ્યાકુળ થઈ જાય પણ વીતરાગ-વાણી સાંભળવાની પળ ચૂકી જાય તો થાય ખરું કે હાય! મારું ચાલ્યું ગયું! તમે રેલ્વે સ્ટેશને મોડા પહોંચશો તો ગાડી ઊભી રહેશે ખરી? ના. ન ઊભી રહે. પછી ભલે ટિકિટ કઢાવેલી હોય કે રીઝર્વ્ડ હોય તો પણ નકામી થઈ જાય. કેમ બરાબર ને? પૈસા ય પાછા ન મળે. ત્યાં તમે મોડા ન જાવ કારણ કે સમય અને પૈસા બંનેની કિંમત છે. વીતરાગવાણી સાંભળવામાં મોડા પડો તો વીતરાગવાણીની ગાડી ઉપડી જતી નથી તે તમને ખબર છે તેથી હૈયામાં શાંતિ હોય, ઉચાટ ન હોય. રસ્તામાં મ્હાલતા મ્હાલતા

ગપ્પા મારતા આવો ને પછી આવીને બેસી જાવ. જે સાંભળ્યું તે ઠીક છે પણ મોડા પડવાથી ન સંભળાયું તેનો હૈયે અફસોસ ખરો ? અને બીજે દિવસે સમય ચૂકી ન જવાય તેની કાળજી ખરી ?

ભગવાને ચાર જ્ઞાનના ધણી ગૌતમ સ્વામીને પણ કહ્યું છે કે "समयं गोयमं मा पमायए ।" હે ગૌતમ ! એક સમય માત્રનો પ્રમાદ ન કર, ગૌતમ સ્વામી જેવા એક પળનો પણ પ્રમાદ ન કરનારને ભગવાન મહાવીર પ્રમાદ ન કરવાનું કહેતા હતા. ત્યારે આપણા પ્રમાદની તો વાત કયાં ? અમાપ પ્રમાદ આજે આપણામાં પેસી ગયો છે. ચર્મ-ચક્ષુથી તો ગણત્રી ન થાય. બીજી બાજુ તમે સમય જોવા શું રાખો છો ? લગભગ ભાઈબહેનના હાથે ઘડિયાળ જોવામાં આવે છે. "Time to Time" સમયસર કામ કરનારા એવા ઘણાં હોય છે કે જે અથાગ પરિશ્રમ વડે કાર્યમાં રક્ત રહે છે. તેઓને પણ પૂછો કે જીવનમાં સમયની કિંમત કેટલી ? આજે તો કિંમત સમયની નહિ પણ ફેશનની થઈ રહી છે. પણ જ્યારે ફેશન જીવનને રાખ બનાવશે ત્યારે તેને સમયની મહત્તા જણાશે, ફેશન વધી, પ્રમાદની લિમિટ ન રહી. સંસારનો રંગ વધતો ગયો. રાગમાં જોડાયો અને મોહ આવીને ઘર કરી ગયો. આવી રંગીલી દુનિયામાં મોહનીય કર્મથી મૂંઝાયેલા આત્માને પૂછીએ તો કહેશે કે હું શું કરું ? કેવી રીતે છૂટું ? પણ આ સંસારને ઠોકર મારીને નીકળી જાઉં એવો વિચાર અમલમાં ન આવે તો કયાંથી છૂટી શકે ! ઘેનની પડીકી લેનાર માનવીને ભાન નથી રહેતું તેવી રીતે મોહની પડીકીથી ગ્રસ્ત થયેલાને સંસારમાં સારાસારનું ભાન નથી.

જેઓ મોહને હટાવી સંસારને લાત મારીને નીકળી ગયા છે તેવા મહાન મુનિ અનાથી નિર્ગ્રંથ મંડીકુક્ષ ઉદ્યાનમાં પધાર્યા છે. શ્રેણીક રાજા તે મુનિને જોઈને આશ્ચર્ય પામી ગયા છે કે અહો ! શું મુનિનું રૂપ છે ! શું તેમની સૌમ્યતા ને શું તેમની ક્ષમા છે ! રાજાએ મુનિ સાથે વાર્તાલાપ કર્યો નથી કે મુનિએ તેની સામે જોયું નથી. છતાં આ રાજાએ મુનિને જોતાં જાણી લીધું કે આ મુનિના મુખ ઉપર રહેલી સૌમ્યતા જોતાં જ લાગે છે કે એ ક્ષમાવાન છે. ક્ષમાને બદલે કષાય કરનારા અને નમ્રતાને બદલે અભિમાન લઈને ફરનારા બહુ જોવા મળે છે. કષાય અને અભિમાન જીવને ચતુર્ગતિના ચક્કરમાં ભમાવે છે. છોકરાઓ બોલબેટ રમે છે એ તો તમે જુઓ છો ને ? બોલને કેમ ઉછળવું પડે છે ? તેના પેટમાં હવા છે માટે. તેવી રીતે હે જીવ ! તારામાં જ્યાં સુધી અહંકારની હવા ભરેલી છે ત્યાં સુધી તારે ચતુર્ગતિમાં ભમવું પડશે. અહીં જીવને ક્ષણે ક્ષણે માન અપમાન સતાવે છે. પણ પૃથ્વી-પાણી-અગ્નિ, વાયુ અને વનસ્પતિમાં ઉત્પન્ન થયો, કીડી મંકોડામાં ઉપન્યો ત્યાં કયાં તારું માન હતું, તે વિચાર કર ? ભગવાન કહે છે આ જીવે માથાનો એક વાળ મૂકે તેટલી જગ્યા ખાલી નથી રાખી કે જ્યાં જીવ ઉત્પન્ન થયો ન હોય.

**न सा जाई, न जोणी न तं कुलं न तं ठाणं ।**
**न जाया मुया जत्थ, सव्वे जीवा अणंतसो ।।**

એક પણ યોનિ, એક પણ કુળ ને એક પણ જાતિ કે સ્થાન એવું નથી કે જ્યાં જીવ ઉત્પન્ન થયો ના હોય! કર્મયોગે મનુષ્ય પણ આજનો કરોડપતિ આવતી કાલે રોડપતિ બની જાય છે. આજનો શ્રીમંત કાલે ગરીબ બની જાય છે. આજનો સ્વરૂપવાન કાલે કદરૂપો બને છે. આજનો નિરોગી કાલે રોગી બની જાય છે. જુઓ, સનતકુમાર ચક્રવર્તિનું કેવું સૌન્દર્ય હતું. એને પોતાના રૂપ-સૌન્દર્યનું અભિમાન હતું, પણ ક્ષણવારમાં તેના શરીરમાં સોળ રોગો એકીસાથે ઉત્પન્ન થતાં સૌન્દર્ય વિલીન થઇ ગયું. માટે કોઇ ચીજનું અભિમાન કરવા જેવું નથી.

શ્રેણીક રાજા વિચાર કરે છે કે આ મુનિમાં કેટલી નમ્રતા દેખાય છે! સંસારના ત્યાગી છે તેને કોઇ જાતની મમતા કે લોભ હોતો નથી માટે તેમની નિર્લોભતા આશ્ચર્યકારી છે. તે ક્ષમાશીલ, નિર્લોભી અને કામભોગોના ત્યાગી છે. રાજાને મુનિના કામભોગનો ત્યાગ એટલો બધો આશ્ચર્યજનક એટલા માટે લાગ્યો કે તે પોતે કામભોગોનો ત્યાગ કરવો બહુ મુશ્કેલ માનતા હતા. જેમ કે તમને પૈસા બહુ વહાલા છે એટલે પૈસાને છોડવા મુશ્કેલ લાગે છે અને તેથી કોઇ માણસ કરોડોની સંપત્તિનો ત્યાગ કરીને સંયમી બને તો બહુ આશ્ચર્યકારી લાગે છે. આ રીતે રાજા કામભોગોને પ્રિય માનતા હતા ને તેનો ત્યાગ કરવો મુશ્કેલ માનતા હતા તેથી મુનિને કામભોગોથી વિરક્ત થયેલા જોઇને તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો. રાજાએ વિચાર કર્યો કે મુનિ આવા ગુણવાન છે તો હવે મારે નમસ્કાર કરવા જોઇએ. તેથી રાજાએ શું કર્યું?

**तस्स पाए उ वन्दित्ता, काऊण य पयाहिणं ।**
**नाइदूर मणासन्ने, पंजली पडि पुच्छइ ।।**

- ઉત્ત. સૂ. અ. ૨૦, ગાથા ૭.

રાજા મુનિના ચરણમાં પડી ગયા ને પ્રદક્ષિણા કરીને વંદના કરી. આ રાજા શ્રેણિક કેવળ તેના રૂપ-રંગ જોઇને આકર્ષાયા નહોતા. પહેલા મુનિના ગુણો જોયા, તેમના ગુણોનું દર્શન કર્યા પછી દર્શન કર્યું છે. બંધુઓ! તમારે કરિયાણાની જરૂર હોય તો જ ગાંધીની દુકાને જાવ છો. કાપડ લેવું હોય તો કાપડિયાની દુકાને જાવ છો. મીઠાઇ ખરીદવી હોય તો સુખડીયાની દુકાને જાવ છો. તેમ તમે ગુણના ગ્રાહક હો તો જ્યાં ગુણવાન વ્યક્તિઓ હોય ત્યાં જવું જોઇએ. પેલી ચીજો ખરીદવામાં પૈસા આપવા પડે છે પણ ગુણો ગ્રહણ કરવામાં પૈસા આપવા પડતા નથી. ગુણગ્રાહક વ્યક્તિને કોઇનામાં નાનકડો ગુણ દેખે તો પણ કેવું આકર્ષણ થાય છે!

**ગુણીજનોકો દેખ હૃદયમેં, મેરે પ્રેમ ઉમડ આવે ।**
**બને જહાંતક ઉનકી સેવા, કરકે યહ મન સુખ પાવે ॥**

જેમ મધમાખી ફૂલ દેખે ત્યાં તે જાય છે ને ફૂલનો રસ ચૂસે છે. તેમ ગુણના રાગી ગુણ દેખે ત્યાં દોડીને જાય છે ને તે ગુણરૂપી પુષ્પોની સુગંધ પોતાના જીવનમાં ઉતારે છે. ગુણવાનને જોઈને તેના દિલમાં પ્રેમના ઝરણા વહે છે ને તેના પ્રત્યે બહુમાન જાગે છે કે હું તેની શું સેવા-ભક્તિ કરું ? તેને શું આપી દઉં ? જ્યાં ગુણની પૂજા છે ત્યાં નાના કે મોટા, શ્રીમંત કે ગરીબના ભેદભાવ હોતા નથી. શ્રેણીક રાજા સમકિત પામ્યા ન હતા. તે વખતે તેના બગીચામાંથી ભંગી કેરી ચોરી જાય છે. રાજા તેને ફાંસીની શિક્ષા ફરમાવે છે. ત્યારે બુદ્ધિમાન અભયે તેને બચાવવા માટે યુક્તિ કરી. તેને પૂછયું તેં કેરી કેવી રીતે લીધી ? અને ચોરી કેમ કરી ? ત્યારે ભંગીએ કહ્યું, ઊંચી વસ્તુ હોય તેને નીચે લાવવાની વિદ્યા મને આવડે છે. શ્રેણીક રાજાને અભયે વાત કરી કે એની વિદ્યા શીખવા જેવી છે. (ભંગી પાસેથી વિદ્યા શીખવા માટે કેવી ગુણદૃષ્ટિ કેળવી તે વાત પૂ. મહાસતીજીએ વિસ્તારથી રજૂ કરી હતી.)

બંધુઓ ! આ દષ્ટાંત ઉપરથી બીજી એક વાત પણ સમજવા જેવી છે. આ ભંગીને રાજાના બગીચામાંથી ચોરી કરીને કેરી લેવાનું મન કેમ થયું ? એને એમ લાગ્યું હશે કે જો હું રાજા પાસે માંગવા જઈશ તો નહિ મળે ઊલ્ટી રાજા શિક્ષા કરશે તો જ ચોરી કરવા ગયો હશે ને ? આજે આપણા ધર્મસ્થાનકોમાં પણ ચોરીઓ થાય છે. શા માટે ? આવા સુખી શ્રીમંત જૈનો આજે સ્વધર્મી બંધુની સંભાળ લેવાનું ભૂલી ગયા છે. અગાઉના વખતમાં શ્રીમંત શ્રાવકો કેવા ધીર અને ગંભીર હતા. એક જિનદાસ નામના શેઠ થઈ ગયા તે કેવા હતા !

એક વખત પર્યુષણ પર્વના દિવસો ચાલતા હતા. જે ભાઈ-બહેનો ઉપાશ્રયમાં ન આવતા હોય તે પર્યુષણમાં આવે છે. શ્રીમંત-ગરીબ-મધ્યમ બધા આવે છે. તેમાં પણ છેલ્લા સંવત્સરીના દિવસે તો કોઈ બાકી ન રહે. સંવત્સરીના દિવસે બધા ભાઈઓ પ્રતિક્રમણ કરવા એકત્ર થયા છે તે સમયે પાપકર્મના ઉદયથી દુઃખમાં ઘેરાયેલો ને આપત્તિના મોજામાં સપડાયેલો એક જૈન યુવાન પણ સંવત્સરી પ્રતિક્રમણ કરવા આવેલો. એ વિચાર કરવા લાગ્યો કે અહો ! મારા કેવા કર્મોનો ઉદય છે ! હું દુઃખથી ઘેરાઈ ગયો છું. મને રોટીના સાંસા પડયા છે. કોઈ નોકરી પણ આપતું નથી. તો હવે મારે શું કરવું ? છેલ્લે વિચાર કર્યો કે હવે મારે ચોરી કર્યા સિવાય છૂટકો નથી. મારા બંધુઓ ! વિચાર કરો. એ શ્રાવક કેટલો દુઃખી હશે કે તેને ચોરી કરવાનું મન થયું. એક સંસ્કૃત સુભાષિતમાં પણ કહ્યું છે કે "बुभुक्षितो किं न करोति पापम् ।" (ભૂખ્યો માણસ શું પાપ નથી કરતો) આ યુવાનને ચોરી કરવાનું મન થયું તે કયાં થયું ? ને કયા દિવસમાં ?

**अन्यस्थाने कृतं पापं, धर्मस्थाने विनश्यति ।**
**धर्मस्थाने कृतं पापं, व्रजलेपो भविष्यति ।।**

તમે સંસારમાં અનેક પ્રકારે કરેલા પાપને ધોવા માટે ધર્મસ્થાનકમાં આવો છો. કારણ કે ધર્મસ્થાનકમાં પાપને છોડવાની વાત સમજાવવામાં આવે છે. આવા ધર્મસ્થાનકમાં આવીને જો કોઇ પાપકર્મ કરે છે તે વ્રજના લેપ જેવું ચીકણું કર્મ બંધાય છે. પેલો યુવાન ધર્મસ્થાનકમાં બેઠો ચોરી કરવાનો વિચાર કરે છે. પણ ચોરી ક્યાં કરવી? જો મારા જેવા ગરીબનું લઉં તો એ બિચારો મારી માફક દુઃખી દુઃખી થઈ જાય, પણ એવી જગ્યાએ ચોરી કરું કે જ્યાં આંચકો લાગે નહિ. ખૂબ વિચારતા થયું કે આ જિનદાસ શેઠ મોટા અબજોપતિ છે. તેમનું લેવામાં વાંધો નથી.

શેઠ પ્રતિક્રમણ કરવા આવ્યા ત્યારે સવાલાખ રૂપિયાનો હીરાનો હાર પહેરીને આવેલા. પણ સામાયિક બાંધતા પહેલા ખમીસની સાથે હાર કાઢીને ખીંટીએ ભરાવ્યો હતો. તે આ યુવાને જોયેલો એટલે તેને હાર લેવાની દૃષ્ટિ થઈ. તે લાગ જોતો હતો. પ્રતિક્રમણના અંતે બધા શ્રાવકો કાઉસગ્ગ કરીને બેઠા છે તે સમયે લાગ જોઇને પેલો યુવાન હાર લઇને ચાલતો થઇ ગયો. પ્રતિક્રમણ પૂરું થતાં શેઠ સામાયિક પાળીને ખમીશ પહેરીને ખીંટીએ હાર લેવા જાય તો હાર ન મળે. શેઠે જાણ્યું કે મારો હાર ચોરાયો છે. મહાન ગંભીર શેઠ વિચાર કરવા લાગ્યા કે આવા ધર્મસ્થાનકમાં કોઇને ચોરી કરવાની બુદ્ધિ થાય નહિ. અને એને જો ચોરી કરવાની બુદ્ધિ થઇ છે તો તેમાં મારી બેકાળજીનું કારણ છે, શેઠને હાર ગયો તેનો અફસોસ નથી પણ હું કેટલું ભૂલ્યો! મારા સ્વધર્મી બંધુઓની મેં ખબર લીધી નહિ તેનું આ પરિણામ છે. ધિક્કાર છે મારા જીવનને કે મેં મારા પેટની પૂજા કરી પણ મારા દુઃખી ભાઇઓ સામે જોયું નહિ. આ શેઠે આવો વિચાર કર્યો પણ એક શબ્દ બહાર બોલ્યા નહિ. કે મારો હાર કોણ ચોરી ગયું! આ સ્થાને તમારો હાર ચોરાયો હોય તો તમે શું કરો? તમને કેવા વિચારો આવશે? આ ધર્મસ્થાનકમાં જવા જેવું શું છે? ત્યાં પણ ચોરીઓ થાય છે પણ ચોરી થવાનું કારણ શું છે તેનો વિચાર આવે છે? જ્યાં સુધી દુઃખીને દેખીને તમારું હૃદય પીગળતું નથી, તમારી લક્ષ્મીનો મોહ ઓછો થતો નથી ત્યાં સુધી એ લક્ષ્મી નથી પણ કાંકરા છે.

આ યુવાને ચોરી કરતાં શું કરી. પણ તેનું હૃદય કંપી ઉઠયું. અહો! હું કેવો પાપી છું કે મેં આવા કર્મ બંધન તોડવાના પવિત્ર દિવસે કર્મ તોડવાને બદલે કર્મ બંધન કર્યું! કંપતા હાથે, લથડતા પગે ઘેર જઇને પત્નીને હાર બતાવ્યો. પત્ની કહે સ્વામીનાથ! આવો કિંમતી હાર કયાંથી લાવ્યા? એનો પતિ સત્ય વાત કહી દે છે, પત્ની રડી પડી–અહો સ્વામીનાથ! તમે આ શું કર્યું? આપ આ હારને એ શેઠની દુકાને પાછો આપી આવો. પતિ કહે છે એ તો મારાથી નહિ બને, ત્યાં હું ખુલ્લો પડી જાઉં. પત્ની

કહે છે પાપ કરીને પાપને છુપાવવું એ મહાપાપ છે. માટે તમે પાછો આપી આવો. પાછો આપવા જતાં શરમ આવે તો ગીરો મૂકી આવો. પત્નીના પ્રેમ ભરેલા વચનો સાંભળી યુવાન જિનદત્ત શેઠની દુકાને જાય છે. શેઠ ને પગે લાગી હાર તેમના ચરણમાં મૂકે છે. હાર જોતાં શેઠ ઓળખી ગયા કે આ મારો હાર છે. પણ ગંભીરતા ધારણ કરી મૌન રહયા. પણ મુનિમ કહે છે શેઠ! આ હાર તો આપનો છે. શેઠ કહે મુનીમજી! શું આપણી પાસે જ આવો હાર છે. ને બીજા પાસે નથી? માટે કોઇ દિવસ આવું આક્ષેપવાળું વચન બોલશો નહિ. શેઠના પ્રેમભર્યા વચનો સાંભળી યુવાન સ્થંભી ગયો. શું આ શેઠની ગંભીરતા છે! બોલો તો ખરા મારા બંધુઓ! કદાચ આ જગ્યાએ તમે હોત તો શું કરત, તમે તો એને ચાર તમાચા ચઢાવી દેત અને ઉપરથી પોલિસને બોલાવીને હાથકડી કશાવત ને એને ચોર તરીકે જાહેર કરત. કેમ બરાબરને? (હસાહસ).

અહીં તો શેઠ પેલા યુવાનને કહે છે દીકર! તારી એવી સ્થિતિ આવી ગઇ છે કે આવો કિંમતી હાર લઇને અહીં આવવું પડયું? બોલ, તારે આ હારનું શું કરવું છે? યુવાને પોતાની દર્દભરી કહાણી કહીને શેઠને કહ્યું-આ હાર આપને ત્યાં ગીરો મૂકવા આવ્યો છું. શેઠ કહે છે દીકરા! તું ગભરાઇશ નહિ, તું ખુશીથી તારો હાર પાછો લઇ જા. હું તને આ દશ હજાર રૂપિયા આપું છું તેમાંથી ધંધો કર. યુવાન કહે છે નહિ બાપુજી! આ હાર તમે રાખો. પણ શેઠ કહે છે મારી પાસે અબજો રૂપિયા છે, મારે હારની જરૂર નથી. શેઠની અમીભરી આંખડી જોઇ યુવાન તો આશ્ચર્યમાં પડી ગયો, હાર શેઠે રાખ્યો નહિ. ન છૂટકે દશ હજાર રૂપિયા ને હાર યુવાનને લઈ જવા પડયા. પણ દિલમાં ખટકારો છે કે અહો! હું આ ઘોર પાપ કરીને કયાં જઇશ? કયાં એ શેઠની પવિત્રતા ને કયાં મારી અધમતા! વિચારને ચકડોળે ચઢેલો યુવાન શ્રેય અને પ્રેયતત્ત્વના દ્વંદ્વમાં અથડાઇ રહ્યો છે. તેના જીવનમાં રગેરગે શ્રેય તરફનું લક્ષ હતું કે હું કેમ પાપથી છૂટું!

શેઠના દશ હજાર રૂપિયામાંથી તેણે વહેપાર શરૂ કર્યો. તેનો પુણ્યોદય જાગતાં તેને ઘેર લક્ષ્મી નદીના પૂરની જેમ આવવા લાગી. જેની ભાવના પવિત્ર છે તેનું કાર્ય સિદ્ધ થાય છે. સુશીલા તથા તેનો પતિ બંને જણા શેઠની પાસે જાય છે. અને શેઠના ચરણમાં હાર અને દશ હજાર રૂપિયા મૂકી રડી પડે છે બાપુ! અમે ઘોર પાપ કર્યું છે. આપની ઉદારતાને ધન્ય છે, આ હાર મારો નથી પણ મેં ચોરી કરી છે. આપ આપની વસ્તુ સંભાળી લો, આ વચન સાંભળી બધા મુનિમો સ્તબ્ધ થઇ ગયા. શેઠ કહે છે બેટા! તારો દોષ નથી, દોષ મારો છે. મારી પાસે અબજોની સંપત્તિ હોવા છતાં મેં તારી સંભાળ લીધી નહિ ત્યારે તારે આ કામ કરવું પડયું? મારી ફરજ છે કે મારો સ્વધર્મી ભાઇ કેવી સ્થિતિમાં છે તેની મારે ખબર લેવી જોઇએ. તમારી પાસે કરોડોની સંપત્તિ છે. તમને કદી વિચાર આવે છે કે મારા સ્વધર્મી બંધુઓની કઇ સ્થિતિ છે?

**રૂંસ પથારી તમે સુવોને ભાઇ તમારો રઝળે છે,**
**મેવા મીઠાઇ તમારે ત્યાં એ બાલુડા ટટળે છે.**
**ઊડી કેમ ના જાયે નિંદ્રા તમારી, મીઠી વાનગી કાં બને ના અકારી,**
**સુખમાં ડૂબેલા મનને મનાવો, તમોને મળ્યું એને બધાનું બનાવો,**
**વચન સુણ્યા જે વીર પ્રભુના ફોગટ જોજો જાય ના....સહારા....**

તમો રોજ એરકંડીશન રૂમમાં પોચી ગાદીમાં પોઢો છો, એરકંડીશન ગાડીમાં ફરો છો. રોજ માલ મલીદા ને મેવા-મીઠાઇ ઉડાવો છો, રોજ ત્રણ શાક ને ત્રણ ફરસાણ તો ઓછામાં ઓછા જોઈએ. આ ખાતી વખતે તમને તમારા સ્વધર્મી બંધુઓની યાદ આવે છે? કે જે ઝૂંપડીમાં વસ્યા છે, જેને પહેરવા કપડાં નથી ને ખાવા અન્ન નથી તેમનું શું થતું હશે? એ વિચારે તમારી ઊંઘ કેમ ઊડી જતી નથી! જો તમારી સંપત્તિને તમે બધાની માનો તો જરૂર વિચાર આવે પણ તમે તમારી સંપત્તિ સારી પોતાની માની છે.

શેઠ હાર પાછો લેવાની ના પાડે છે પણ યુવાન પરાણે પાછો આપે છે. છેવટે શેઠ તે હારને સ્વધર્મીની સેવામાં બક્ષીસ કરી દે છે. અને પોતાના જીવનને સ્વધર્મીની સેવામાં ધન્ય માને છે. આવનાર એક વખતનો ગરીબ યુવાન લાખોપતિ બની જાય છે છતાં પોતે અભિમાન કરતો નથી. પોતાની લક્ષ્મીનો સ્વધર્મીની સેવામાં સદુપયોગ કરી જીવન જીવવામાં આનંદ માને છે. જેણે જીવનની સાચી ઘડી ઓળખી છે તે માનવ સુખ અને દુઃખમાં સમતોલ રહી શકે છે. જેમ શેઠે સ્વધર્મીભાઈઓની સેવામાં પોતાનું જીવન ધન્ય માન્યું તેમ તમને પણ તમારા પુણ્યોદયથી મળ્યું છે તેનો સદ્વ્યય કરી તમારા દુઃખી બંધુઓના આંસુ લૂછજો.

શેઠે પેલા યુવાનને દસ હજાર રૂપિયા આપ્યા તો તે સુખી બની ગયો. દૈવી લક્ષ્મી જ્યાં જાય ત્યાં માનવને શાંતિ આપે છે તેમ જ્યાં સંતપુરુષના પગલા થાય છે ત્યાં આનંદ આનંદ પ્રસરે છે. અહીંયા શ્રેણીક રાજા મુનિને જોઈને આનંદ પામ્યા છે. તેમનામાં રહેલા ગુણો જોઇને ચરણમાં મસ્તક ઝુકાવી દીધું. મુનિને વંદન કેવી રીતે કર્યું? "नाइदूरमणासन्ने, पंजलि पडिपुच्छइ।" ઘણાં માણસો દૂરથી વંદન કરે છે ને ઘણાં એકદમ નજીક આવીને કરે છે. ત્યારે શ્રેણીક મહારાજા અતિ દૂર નહિ ને અતિ નજીક નહિ, મુનિની કોઇ જાતની અશાતના ન થાય તે રીતે નિઃસ્વાર્થ ભાવથી વંદન કરે છે. આજે તો કંઇક શ્રાવકો સંતના ચરણનો સ્પર્શ કરતા હોય તો મનમાં એવી ભાવના ભરી હોય છે કે સંતનો હાથ મારા ઉપર પડે તો હું સુખી થઇ જાઉં. વંદન કરતાં પણ અંતરમાં ભૌતિક સુખની ભાવના ભરી હોય છે. વંદન કરતા એવો ભાવ લાવો કે ધન્ય છે આ મુનિવર! એમણે ઘરબાર, કંચન, કામિની બધું ત્યાગી દીધું? હું એમના જેવો ક્યારે થઈશ? તો તમારા કર્મબંધન તૂટી જશે.

શ્રેણીક રાજા કોઈ સામાન્ય ન હતા. રાજાઓ જ્યાં ને ત્યાં શીર ઝુકાવે નહિ. આગળના રાજાઓ કેવા હતા? અકબર બાદશાહે જુલ્મ ગુજાર્યો કે હિંદુની દીકરીઓ મુસ્લીમને આપો તો જ્ઞાતિભેદ ટળી જાય. મહારાણા પ્રતાપને આ વાત હાડોહાડ લાગી. અકબરે તેના ઉપર ચઢાઈ કરી. મહારાણા પ્રતાપ પોતાની પત્ની અને દીકરી બધાને લઈને ઘોર જંગલમાં ચાલ્યો ગયો. વનેવન ભટકવા લાગ્યા. ખાવાના સાંસા પડવા લાગ્યા. આ સમયે અકબર મહારાણા પ્રતાપને કહે છે એક વાર મારા ચરણમાં મસ્તક ઝુકાવી દે તો તારું રાજ્ય તને પાછું આપી દઉં. પ્રતાપ કહે છે સિંહ મરી જાય પણ ઘાસમાં મોઢું નાંખે નહિ તેમ હે બાદશાહ મરી જઈશ, વગડામાં રહીશ, પણ તારા ચરણમાં આ રાણાનું મસ્તક ઝૂકશે નહિ. આ અગાઉના રાજાઓનું ખમીર હતું. તે સમયમાં મુસ્લીમ રાજાઓ હિંદુ ઉપર જુલ્મ ગુજારતા હતા છતાં હિંદુઓ પોતાની કન્યાઓ જીવનના જોખમે પણ મુસલમાનને આપતા નહિ. આ હતું સંસ્કૃતિમય જીવન! આજે ધર્મની કયાં પડી છે! રાજાઓ ત્યાગ આગળ ઝૂકતા હતા તે રીતે મહારાજા શ્રેણીક અનાથી નિર્ગ્રંથના ચરણમાં શીશ ઝૂકાવી વિનયપૂર્વક વંદન કરીને બે હાથ જોડીને ઊભા છે. હવે તે મુનિને શું કહેશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર :–** પવનજી મિત્રના મુખેથી અંજનાનું નામ સાંભળી પહેલાં તો ક્રોધે ભરાયા, પણ એના કર્મનું વાદળ વિખરાયું તેથી મિત્રના વચનથી પવનજીનું મન પલ્ટાયું ને દિલમાં વિચાર આવ્યો મિત્રની વાત તો સાચી છે. ચકલી એના ચકલા માટે રડે છે તો અંજનાને કેટલું દુઃખ થતું હશે? મેં પરણ્યા પછી એનું મુખ જોયું નથી. તેની સાથે મેં લગ્ન કર્યા એટલું જ, હાથમાં હાથ મિલાવ્યા એટલું જ, મેં એનો ત્યાગ કર્યો છે. એના સ્પર્શનો ત્યાગ એટલું જ નહિ પણ એ ગોખેથી મારું મુખ જોતી હતી તે પણ ભીંત ચણાવીને મેં બંધ કરાવ્યું. મેં એનું મુખ જોવાનો પણ ત્યાગ કર્યો, હું એની સાથે એક શબ્દ બોલ્યો નથી અને બાર વર્ષથી સતત મારો વિયોગ સહન કરે છે એના હૈયાની કેવી સ્થિતિ થઇ હશે: એ કેવો કરૂણ: કલ્પાંત કરતી હશે. વળી બાકી હતું તે યુધ્ધયાત્રાએ નીકળતાં એ બિચારી મારા ચરણમાં પડી મારું મંગલ ચાહીને મને આશીર્વાદ આપવા આવી ત્યારે નિષ્ઠુર હૈયે મેં એને તિરસ્કારીને લાત મારી, આ વિચારે પવનજીનું હૈયું દ્રવી ઉઠયું, એની આંખ સામે અંજનાનો નિર્દોષ ચહેરો તરવરી રહ્યો એની સામે પોતાનો નિષ્ઠુરતાભર્યો ચહેરો દેખાવા લાગ્યો. હવે પવનજીને અંજનાને મળવાની લગની લાગી છે પણ યુધ્ધે જવા ઘેરથી નીકળ્યા પછી જવાય કેવી રીતે?

**પવનજી મિત્રને પૂછે, કટકે ચાલું તો નારી માર્યાનું પાપ તો,**
**પાછો વળું તો પ્રજા હસે, મહેલમાં લાજશે મુંજ તણો બાપ તો ... સતી રે...**

પવનજી મિત્રને કહે છે કે હવે અંજનાને ઝૂરતી મૂકી ને યુધ્ધમાં જવા માટે મારું

મન માનતું નથી. જો નહિ જાઉં તો અંજના ઝૂરીને મરી જશે. ને પાછો જાઉં છું તો લોકો એમ કહેશે કે કેવો કાયર છે! સ્ત્રીનો કેટલો મોહ છે કે યુધ્ધમાં ગયેલો પાછો આવ્યો! મારા પિતાજીની આબરૂ શી રહે? અને મારા ક્ષત્રિયપણાને પણ આ છાજતું નથી. ત્યારે મિત્ર કહે છે આપણે જાહેર થઈને નથી જવું. છાના માના જઈએ. આપણે તો વિદ્યાધર છીએ. સેનાપતિને કહી દઈએ કે સવાર પડતાં તે આગેકૂચ કરે ને આપણે વિમાન લઈને પહોંચી જઈશું. અંજનાને મળીને પાછા ફરી જઈશું, આ પ્રમાણે મિત્રની સલાહ પવનજીને ગમી, એટલે બંને મિત્રો રાત્રે અંજનાના મહેલે જવા તૈયાર થયા આ બંને મિત્રો પોતાનું વિમાન બગીચામાં મૂકીને અંજનાના મહેલે આવ્યા. મિત્ર કહે છે આપણે કોઈ ન જાણે તે રીતે અંજનાના મહેલમાં જવું. છે ત્યારે પવનજી કહે છે હવે કોનાથી છૂપાઈને જવાનું છે! ત્યારે મિત્ર કહે છે મારે તને પ્રતીતિ કરાવવી છે કે અંજનાના હૃદય સિંહાસને તારા સિવાય બીજા કોઈનું સ્થાન નથી. તારી ગેરહાજરીમાં એ સિંહાસન બાર બાર વર્ષો સુધી સૂનું રહયું છે.

પવનજી કહે-મિત્ર! મેં બાર વર્ષોથી એના સામું જોયું નથી. હવે આગળ જતાં મારા પગ ધ્રુજે છે. ત્યારે મિત્ર કહે છે તું ચિંતા ન કર, હું તારી આગળ ચાલું છું એમ કહી મિત્ર આગળ વધ્યો, આ તરફ અંજના સામાયિક-પ્રતિક્રમણ આદિ ધર્મક્રિયાઓ કરીને સૂતી છે, પણ ઊંઘ આવતી નથી. તેનું હૃદય ભરાઈ ગયું છે. બંને મિત્રો પોતાની વિદ્યાની શકિતથી મહેલના સાતમે માળે પહોંચી ગયા. એક ઓરડામાં ધીમા દીવા બળી રહયા છે. એટલે અનુમાનથી સમજી ગયા કે આ રૂમમાં અંજના હોવી જોઈએ, રૂમના દરવાજા બંધ હતા પણ બારણાની તીરાડમાંથી જોઈ શકાય તેમ હતું કે અંદર કોણ કોણ બેઠું છે એટલું જ નહિ પણ અંદર ચાલી રહેલો વાર્તાલાપ પણ સ્પષ્ટ શબ્દોમાં સંભળાતો હતો.

અંજના રડે છે ત્યારે વસંતમાલા અશ્રુભીની આંખે આશ્વાસન આપતાં કહે છે બહેન તું કયાંસુધી આમ રડયા કરીશ? ત્યારે અંજના કહે છે મારું દુર્ભાગ્ય હવે હદ વટાવી ગયું છે. મારાથી હવે સહન થઈ શકતું નથી. મારું હૃદય કાબૂ બહાર જઈ રહ્યું છે. એમ બોલતી અંજના વસંતમાલાના ખોળામાં માથું મૂકીને ધ્રુસકે ધ્રુસકે રડી પડી, વસંતમાલા અંજનાને માથે હાથ ફેરવતાં કહે છે તું રડ નહિ. ધીરજ રાખ. શું દુઃખ પછી સુખ નથી આવતું? સુખ પછી તારા માથે દુઃખ આવ્યું છે તો દુઃખ પછી સુખ જરૂર આવશે. આમ આશ્વાસન આપી રડતી અંજનાને શાંત કરી. આ અંજનાનો બધો વિલાપ બહાર ઉભેલા પવનજી અને તેમનો મિત્ર સાંભળશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં.-૧૮

**શ્રાવણ સુદ ૪ ને રવિવાર** **તા. ૧૦-૮-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંતજ્ઞાની, પરમોપકારી, વિશ્વવંદ્ય પરમાત્માએ અનંતકાળથી આ સંસારમાં અથડાતા અને દુઃખ પામતા જીવોના ઉદ્ધાર માટે ફરમાન કર્યું કે હે આત્મન્! રત્નચિંતામણી સમાન આ માનવભવ પ્રાપ્ત થવો તે સહેલી વાત નથી. ઘણી દુર્લભ છે. જીવે સ્વપ્નમાં ધાર્યું ન હતું કે મનુષ્યભવ મળશે છતાં મળી ગયો. તેમાં મુખ્ય કારણ શું? જીવે પૂર્વભવમાં એવું સુકૃત્ય કર્યું હશે તેના પ્રતાપે આ મનુષ્ય ભવ મળ્યો છે, નદીમાં રહેલા વાંકાચૂકા પથ્થરો પાણીના પ્રવાહમાં વહેતા એકબીજા સાથે અથડાતા એકદમ ગોળ બની જાય છે. તેમ આપણો આત્મા પણ કર્મોના મોજાથી સંસારમાં અનેક ભવ રખડતા, અનેક પ્રકારના કષ્ટો સહન કરતો, અકામ નિર્જરા કરતો, કર્મના ભારથી હળવો બની જાય છે, અને પેલા નદીના પથ્થરની જેમ તેનામાં કંઈક યોગ્યતા પ્રગટતી જાય છે. એટલે ધીમે ધીમે એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય આદિમાં જન્મ ધારણ કરતો મનુષ્ય જન્મ પ્રાપ્ત કરે છે. કંઈ એકદમ સીધી મનુષ્યભવની પ્રાપ્તિ થતી નથી.

ચાર પ્રકારે જીવ મનુષ્યનું આયુષ્ય બાંધે છે. **પગઇ ભદ્દયાએ, પગઇ વિણુયાએ સાણુક્કોશિયાએ, અમચ્છરિયાએ.** પ્રકૃત્તિનો ભદ્રિક હોય, વિનીત હોય, અનુકંપાવંત હોય ને અભિમાન રહિત હોય. આ ચાર પ્રકારે જીવ મનુષ્યનું આયુષ્ય બાંધે છે, આ ચારમાંથી કાંઇક ગુણ પ્રાપ્ત કર્યો હશે ત્યારે માનવભવ પ્રાપ્ત થયો છે, આવો ઉત્તમ માનવ ભવ પ્રાપ્ત કરીને કંઈ બેસી રહેવાનું નથી. જો આ ધર્મારાધના કરવાના અમૂલ્ય સમયમાં પ્રમાદની પથારીમાં પડયા રહેશો, સંસારના મોજશોખમાં અટવાઇ જશો, સત્તા, સંપત્તિ-સ્ત્રી-સ્વજન અને સદનના મોહમાં લપટાઈ જશો તો મનુષ્ય જન્મ પામીને જે પ્રાપ્ત કરવાનું છે તે પ્રાપ્ત કરી શકશો નહિ.

અત્યારે તમે જે સુખ ભોગવી રહ્યા છો તે પૂર્વભવની કમાણી છે, પણ આવતા ભવ માટે શું કમાણી કરો છો? ધર્મારાધના આદિથી જે કમાણી કરશો તેનાથી ભવ સુધરશે. જો તમારો પરભવ સુધારવો હોય તો પ્રમાદની પથારી છોડીને બેઠા થઈ જાવ. બેઠા થયા હો તો હવે પુરૂષાર્થની પગદંડીએ પ્રયાણ કરો. અને જો પુરૂષાર્થની પગદંડી પર ચાલી રહ્યા હો તો વિચાર કરો કે જે પુરૂષાર્થ હું કરી રહ્યો છું તે સાચો છે કે ખોટો છે? આ જો નહિ સમજાય તો રત્નચિંતામણી સમાન મનુષ્યભવને હારીને ચતુર્ગતિના ચક્કરમાં ભ્રમણ કરવું પડશે.

બંધુઓ! જરા વિચાર કરો, આમ તો ખાવું-પીવું બધી ક્રિયાઓ તિર્યંચ પણ મનુષ્યની જેમ કરે છે છતાં જ્ઞાનીઓએ મનુષ્ય જન્મની વિશેષતા શા માટે બતાવી છે?

**आहार निद्रा भय मैथुनं च, सामान्यमेतत् पशुभिः नराणां ।**
**धर्मोहि तेषांमधिको विशेषो, धर्मेण हीना पशुभिः समाना ।।**

આહાર, નિદ્રા, ભય અને મૈથુન આ ચારેય સંજ્ઞાઓ તિર્યંચને પણ હોય છે ને મનુષ્યને પણ હોય છે. છતાં ધર્મ કરવાની શક્તિ મનુષ્યમાં છે. તેમજ સારાસારનો વિવેક કરવાની શક્તિ પણ મનુષ્યમાં છે. ધર્મ કરવાની અનુકુળતા મનુષ્યભવમાં છે. તેવી બીજા કોઇ ભવમાં નથી. તિર્યંચગતિમાં તો પરાધીનતા, દુઃખ અને અજ્ઞાનતા હોય છે. તેના કારણે સારાસારનો વિવેક તિર્યંચમાં હોતો નથી. એટલે તે ધર્મનું આચરણ કરી શકતા નથી. નરકગતિમાં અત્યંત દુઃખો અને દશ પ્રકારની વેદના ભોગવવામાં જીવ એટલો બધો વિહ્વળ બની જાય છે કે ત્યાં એને ધર્મ કરવાની સમજ પડતી નથી. નરક એટલે દુષ્કર્મોની સજા ભોગવવાની જેલ. એવા દુઃખોમાં ધર્મ યાદ કયાંથી આવે? દેવગતિમાં વૈભવ વિલાસના ચમકારા છે. પણ વ્રતપચ્ચખાણનો પ્રકાશ નથી. માટે ધર્મ કમાણી કરવાનું અનુપમ મથક હોય તો તે મનુષ્યભવ છે.

જેના જીવનમાં અહિંસા, સંયમ અને તપ રૂપ ધર્મની સરિતા વહે છે તેના ચરણમાં દેવો નમસ્કાર કરે છે અને એ સમકિતી દેવો વિચાર કરે છે કે આપણે આવો મનુષ્ય જન્મ પામીને કયારે આવી આરાધના કરીશું? ત્યારે તમને તો સ્હેજે મનુષ્ય જન્મ મળ્યો છે છતાં તેની કિંમત કેટલી આંકો છો! તમે સુખો મેળવવા મહેનત કરો છો તે અહીંથી મળે છે. દેવલોકમાં ને મોક્ષમાં અહીંથી જવાય. બધું અહીંથી મળે છે. એટલે માનવભવ વિના ઉદ્ધાર નથી. સર્વાર્થ સિદ્ધ વિમાન અને સિદ્ધશીલાને બહુ અંતર નથી. એ તો સિદ્ધના પાડોશી કહેવાય છતાં ત્યાં જવા માટે તો મનુષ્ય ભવમાં આવવું પડે છે. સર્વાર્થસિદ્ધ વિમાનના દેવો એકાવતારી હોય છે. ત્યાંથી ચવીને માનવભવમાં આવીને મોક્ષમાં જાય છે. આટલા માટે ભગવંત કહે છે કે હે જીવ! મનુષ્યભવ વિના તારી મુક્તિ થવાની નથી.

અનંત કાળથી ભોગવતાં દુઃખોનો અંત તેમજ ભવ પરંપરાનો અંત આ મનુષ્ય ભવ દ્વારા થાય છે. એટલા માટે શાસ્ત્રમાં ઠેરઠેર ભગવંતે મનુષ્ય જન્મનો મહિમા ગાયો છે. આવી ટૂંકી જિંદગીમાં જે સાધના મનુષ્ય સાધી શકે છે તે બીજે કયાંય સાધી શકાતી નથી. આટલા માટે સંતો તમને ટકોર કરે છે કે મારા વીરો! હવે તો જાગો ને ધર્મ કરો. આ જિંદગીને મહેલ માનીને બેસી રહ્યા છો. સંસારના સુખમાં રાત દિવસ રચ્યા-પચ્યા રહો છો ને પછી નિરાંતે ધર્મધ્યાન કરીશું એમ કહો છો પણ જ્યાં એક પળનો વિશ્વાસ કરવા જેવો નથી ત્યાં ઘડપણમાં કરીશું, તેનો શું ભરોસો? જન્મ્યા ત્યારથી કાળરાજા તો આપણા ઉપર મીટ માંડીને બેઠાં છે. જ્યાં આયુષ્ય પૂર્ણ થયું ત્યાં લઇ જશે ત્યાં એમ કહેશોકે આજે નહિ કાલે લઈ જજો. તો તે સાંભળશે? ધીમે ધીમે આયુષ્યનો

દીપક ઝાંખો થતો જાય છે. જ્યાં સુધી દીપક જલે છે ત્યાં સુધી કમાણી કરી લો.

કાલના ભરોસે ધર્મનો વાયદો કરનાર માનવી ખરેખર પોતાનું ભાન ભૂલ્યો છે. કારણ કે જે દિવસો અને રાત્રીઓ જીવનમાંથી જાય છે તે ફરીને પાછી આવતી નથી. માટે ધર્મની કમાણી કરવાની જે તક મળી છે તે ગુમાવી દેશો તો પછી પસ્તાવું પડશે. નાણાં કમાવાની તક આવે છે ત્યારે વિવેકપૂર્વક કામ કરીને કમાણી કરી લો છો તેમ આત્માની કમાણી કરવાની તક આવે ત્યારે પણ સાવધાન બનીને કામ કરી લેવું જોઈએ.

જીવો આત્મિક સુખ કેમ પ્રાપ્ત કરે તે માટે ભગવંતે કેટલી કરૂણા કરી છે! પ્રભુએ ધર્મની સ્થાપના કરી ધર્મની પ્રરૂપણા કરી. ઉદ્ઘોષણા કરી અને સંસારમાં દુઃખી થતા જીવોનો ઉદ્ધાર કરવા ને મોહનિદ્રામાં સૂતેલાને જગાડવા સંતોને ધર્મના સંદેશવાહક બનાવ્યા. સંતો આગમના તત્ત્વોનું મંથન કરી તમને નિત્ય નવું નવું નવનીત પીરસે છે. સંતો તમને જિનવાણી સમજાવે ત્યારે વ્યાખ્યાનમાં આગળ બેસીને 'તહેત વચન' "જી સાહેબ, જી સાહેબ" કરો છો ને ઉપાશ્રયમાંથી બહાર ગયા એટલે ધર્મને ઉપાશ્રયમાં મૂકી દો છો, કેમ બરાબર છે ને? વ્યાખ્યાન સાંભળીને રીઢા થઈ ગયા છો. જેમ ખૂબ વરસાદ પડે ત્યારે તમે રેઈન કોટ પહેરો છો રેઈન કોટ પહેરી લીધા પછી ગમે તેટલો વરસાદ પડે તો પણ તમે ભીંજાવ ખરા? ના. તે રીતે ઉપાશ્રયે આવીને વ્યાખ્યાન સાંભળવા તો બેસી ગયા પણ મોહ-મમતાનો એવો રેઈન કોટ પહેરીને આવ્યા છો કે સંતો વીતરાગ વાણીનો ગમે તેટલો ધોધમાર વરસાદ વરસાવે પણ તમારૂં હૈયું ક્યાંથી ભીંજાય? પથ્થર ઉપરથી ગમે તેટલું પાણી વહી જાય પણ પથ્થર તો કોરો ને કોરો રહે છે તેમ ગમે તેટલું સાંભળો તો પણ હૈયું કોરૂં ને કોરૂં રહ્યું છે. કેમ ખરૂં ને? મનુષ્યભવ આમને આમ ચાલ્યો જાય છે. મનુષ્ય જન્મની મહત્તા સમજવા માટે શાસ્ત્ર-વાણીનું શ્રવણ કરવાનું છે.

ઉત્તરાધ્યયન સૂત્રનું વીસમું અધ્યયન અનાથી નિર્ગ્રંથનો અધિકાર ચાલે છે. શ્રેણીક રાજા મુનિને જોઈને વિસ્મય પામી ગયા કે શું આ મુનિ છે!

**तस्स पाएउ वन्दित्ता, काऊण य पयाहिणं ।**
**नाई दूरमणासन्ने, पंजलि पडिपुच्छइ ॥**

ઉત્ત. સૂ. અ. ૨૦, ગાથા ૭.

શ્રેણીક રાજા મુનિના ગુણો જોઈને તેમના ચરણમાં નમી પડયા. એમના મનમાં એક વાત ઠસી ગઈ કે આ સાચા ગુરૂ છે. દુનિયામાં સંતો ઘણાં જોયા પણ આ મુનિના જેવા નહિ. બંધુઓ! તમે ગુરૂ કરો તો જોઈને કરજો જ્યાં ને ત્યાં ઝૂકી ન પડશો. જે સંસાર સાગરથી તારે તે સાચા ગુરૂ છે.

સદ્ગુરૂનો સમાગમ એટલે ધર્મને બતાવનાર સર્ચલાઈટ જ્યાંસુધી જીવને સંતનો

સમાગમ થતો નથી ત્યાંસુધી અજ્ઞાનના પડળ ખસતા નથી. માનવજીવન એ ચારિત્રના ઘડતરની શાળા છે. પણ જીવન જીવવાની કળાની ચાવી સદ્ગુરૂ પાસે છે. જ્યાંસુધી એ કળ ખુલશે નહિ ત્યાંસુધી અજ્ઞાનતા જશે નહિ. અને સાચો માર્ગ, સાચો ધર્મ સમજાશે નહિ. સાચો માર્ગ સમજવા સદ્ગુરૂના સમાગમની જરૂર છે. સદ્ગુરૂનો સમાગમ અંધકારમાંથી પ્રકાશ તરફ લઇ જનાર દીપક છે. અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ લઇ જનાર સંજીવની છે. કથીરમાંથી કંચન અને પથ્થરમાંથી પારસ બનાવનાર છે. એટલા માટે લોકો સદ્ગુરૂના ચરણમાં ઝૂકતા આવે છે. તમને અમૂલ્ય ધર્મ રત્ન મળ્યુ છે એટલું નહિ પણ સાથે સાથે તે રત્નને ઓળખાવનારા ઝવેરી સદ્ગુરૂઓ પણ મળ્યા છે.

શ્રેણીક રાજાને ધર્મ રત્નની પીછાણ કરાવનાર સાચા સદ્ગુરૂ રૂપી ઝવેરી મળી ગયા, અત્યાર સુધી તેમનામાં ધર્મતત્ત્વનો પ્રકાશન હતો પણ હવે તેમના જીવનમાં કેવું અદ્ભૂત પરિવર્તન થઇ જશે ! એક જીવ જો ધર્મ પામે છે તો તેની પાછળ બીજા કેટલાય જીવો પામે છે. જો અનાથી નિર્ગ્રંથ એ પવિત્ર સંત ન હોત તો તેની આટલી અસર રાજા ઉપર થાત નહિ. મુનિના તપ-ત્યાગ અને ચારિત્રના ઓજસની અસર થઈને શ્રેણીક રાજાએ બે હાથ જોડી પ્રદક્ષિણા કરીને વિનયપૂર્વક વંદન કર્યા, આ તો સંત હતા પણ ઘણી વખત એવું જોવા મળે છે કે સંસારી જીવોમાં પણ કેટલા ગુણો ભર્યા હોય છે. એના સદ્ગુણો જોઈને પાપકર્મ કરનારા જીવો પણ સુધરી જાય છે. દુનિયાની દૃષ્ટિએ ચોર દેખાતો હોય ને ઘણી વખત સાચો ચોર પણ હોય છે છતાં ચોરનું દિલ પણ કેવું ઉદાર હોય છે તે એક દૃષ્ટાંત દ્વારા સમજાવું.

રાજા ભોજ પરદુઃખભંજન હતા. પોતાના પ્રાણનું બલિદાન આપીને પણ બીજા જીવોનું કેમ ભલું થાય તે માટે તત્પર રહેતા હતા. જેના રાજા પરદુઃખભંજન હોય તેની પ્રજા પણ પવિત્ર હોય. તેના રાજ્યમાં પ્રજા પણ ન્યાય-નીતિ અને પ્રમાણિકતાથી જીવન જીવતી હતી, અન્યાય, અનીતિ અને અધર્મનું તેના રાજ્યમાં નામ ન હતું. પ્રજા સુખી હતી છતાં રાજા ભોજ દરરોજ સી. આઈ. ડી. ના વેશમાં રાત્રે નગરચર્યા જોવા નીકળતા. કારણ કે ઉપરથી સુખી દેખાતો માણસ પણ અંદરથી દુઃખી હોય છે, ને તે દુઃખ કોઇને કહી શકતા નથી. એટલે રાત્રે આવા દુઃખી માણસો પોતાની કહાણી એક બીજાને કહેતા હોય છે. માટે રાત્રે જાઉં તો ખબર પડે કે મારી નગરીમાં કોણ દુઃખી છે ? પ્રજાનું સુખ-દુઃખ જોવાની આંખ રાજા ભોજને મળી હતી. આજની સરકાર પ્રજાના સુખ તરફ દૃષ્ટિ કરતી નથી પણ નવા નવા ટેકસ નાંખીને પ્રજાને ચૂસી રહી છે. પ્રજાના સિંહાસન ઉપર રાજા ભોજનું સ્થાન હતું. અત્યારની સરકારને પ્રજા પોતાના હૈયાના સિંહાસન ઉપર સ્થાન આપતી નથી.

*નગરચર્યા નિહાળવા નીકળેલા રાજા ભોજ ગલીકુંચીમાં ને મોટા માર્ગ ઉપર*

ફરતા હતા. કોઈને ઘેર ઝીણો દીવો બળતો હોય ને કંઈ વાર્તાલાપ જેવું સંભળાય તો સાંભળવા છૂપી રીતે ઊભા રહેતા. બરાબર મધ્ય રાત્રીના સમયે એક માણસને રસ્તા ઉપર ફરતો જોયો. ગલીકૂંચીમાં લપાતો છૂપાતો આગળ વધી રહ્યો છે. આ જોઈ રાજાના મનમાં થયું કે આ ચોર જેવો માણસ લાગે છે. પણ એ જ્યાં સુધી ચોરી કરે નહિ ત્યાં સુધી મારાથી એને પકડાય નહિ. હવે એનો પીછો પકડીને જોઉં કે એ શું કરે છે ને ક્યાં જાય છે? આગળ ચોર છે ને પાછળ ભોજરાજા ચાલ્યા જાય છે.

થોડે દૂર એક ગલીમાં જઇ ચોર ઝુંપડા જેવા નાના મકાનની ભીંત પાસે જઇને બાકોરું પાડવા લાગ્યો, રાજા ભોજ એક ખૂણામાં સંતાઈને ચોર ન દેખે તે રીતે ઉભા રહયા. બાકોરું પાડીને ચોર અંદર ગયો. જે મકાનમાં ચોરે ખાતર પાડયું છે તે સાવ ગરીબ બ્રાહ્મણનું ઘર હતું, રાજા ભોજ કોઇને ખબર ન પડે તેવી રીતે મકાનની આડી ભીંતે ઊભા રહયા, તે અથથી ઇતિ સુધીનું નાટક જોવા માંગતા હતા. ચોર મકાનમાં જઇને ચારે બાજુ ફાંફાં મારવા લાગ્યો, ઘરમાં ખૂબ અંધારું હતું. કંઇ ચીજ મળતી નથી ગરીબના ઘરમાં શું હોય? કોઇ ચીજ મળી નહિ એટલે નિરાશ થઈને પાછો ફરવા જાય છે ત્યાં નીચે સૂતેલા બાળક સાથે તેનો પગ અથડાયો એટલે નાનું બાળક રડવા લાગ્યું ચોરને થયું હવે મરી ગયો, હમણાં આ જાગી જશે ને હું પકડાઇ જઇશ. એટલે ડરનો માર્યો ચોર એક ખૂણામાં જઇને સંતાઇ ગયો.

બાળકના રડવાનો અવાજ સાંભળી બ્રાહ્મણી જાગી ગઇ ને એના પતિને કહેવા લાગી કે ખૂબ ઠંડી છે. પવન ખૂબ નીકળ્યો છે. એટલે બાબો ઠરી જાય છે ને ધ્રુજે છે. જો તમારી પથારીમાંથી થોડું ઘાસ કાઢી આપો તો એને ઓઢાડી દઉં. બ્રાહ્મણે પોતાની પથારીમાંથી થોડું ઘાસ કાઢી ને આપ્યું. તે બાળકને ઓઢાડી ને પોતે ભોંય પર સૂઇ ગઇ. આ દૃશ્ય જોઇને ચોરી કરવા આવેલા ચોરનું હૃદય કંપી ગયું. અહો! આવી કડકડતી ઠંડીમાં પણ જેને પાથરવા ફાટી તૂટી ગોદડી તો નથી પણ પૂરું ઘાસ પણ નથી, આ ગરીબના ઘરમાં ચોરી કેમ કરાય? કેવી કરૂણ કંગાળ દશા!

**ચોરની ઉદારતા**:- એકના ઘરે સોનાના પારણે બાળક ઝૂલે છે ને રૂપાના રત્ન-જડિત રમકડે રમે છે, ત્યારે એકને ઘેર નથી પારણું કે ઘોડિયું! નથી સુંવાળી કે ખરબચડી જમીન પર પાથરવા ઘાસની પથારી! આવા ગરીબના ઘરની એક ઇંટ ચોરવી તે મહાપાપ છે. હું મારા પેટ ખાતર ચોરી કરવા નીકળ્યો છું પણ માનવતા છોડીને ચોરી કરવી નથી એની પાસે પાથરવા પથારી નથી કે ઓઢવા માટે થીંગડાવાળું વસ્ત્ર નથી. એના કરતાં હું ઘણો સુખી છું તો મારે લેવાને બદલે કંઇક આપીને જવું જોઇએ.

ચોરે પોતાના માથે જે ફાળીયુ બાંધ્યું હતું તે છોડીને અડધું ફાડીને બાળક ઉપર નાંખીને ચોર ત્યાંથી નીકળી ગયો. બંધુઓ! ચોરી કરવા ગયેલો ચોર બ્રાહ્મણના

ઘરમાંથી કંઈ ચીજ લીધા વગર કંઈક આપીને પાછો નીકળી ગયો. રાજા ભોજે આ દશ્ય જોયું. તેની આંખમાં આંસુ આવી ગયા. અહો! મારી પ્રજા આટલી બધી દુઃખી! બીજી તરફ ચોર પ્રત્યે પ્રેમ જાગ્યો. કે આ તે ચોર કે શાહુકાર! આવ્યો હતો ચોરી કરવા અને આપીને નીકળ્યો! તારી પ્રજા ગરીબ છે પણ સાથે તારા ગામનો ચોર અમીર છે. રાજાને થયું લાવ, અત્યારે જ તેને શાબાશી આપું. પણ બીજી ક્ષણે થયું કે હજુ તેની વધુ પરીક્ષા કરું. ચોરના મનમાં થયું કે હવે ચાર વાગ્યા છે મારે બીજે ચોરી કરવા જવું નથી, એટલે ચોર ત્યાંથી નીકળી ફૂટપાથ ઉપર જઈને સૂઈ ગયો. રાજા પોતાના ખિસ્સામાં સોનાનું રત્નજડિત કંકણ હતું તે કાઢીને ચોરની પાસે મૂકીને ચાલ્યા ગયા. થોડીવારે ચોર જાગીને જુવે છે તો બાજુમાં રત્નજડિત કંકણ જોયું. અંધારામાં પણ ઝગારા મારતું હતું. આ જોઈ ચોરને વિચાર થયો કે કેવું સરસ કંકણ છે. આને વેચી દઉં તો મારી જિંદગીનું દરિદ્ર ટળી જાય. વળી પાછો વિચાર થયો કે હું તો એક જગ્યાએ ચોરી કરીશ તો ઘણું મળશે પણ જે ઘરની ભીંતે બાકોરું પાડીને આવ્યો છું એ તો તદ્દન ગરીબ છે. રોટીનાં સાંસા છે તો એ બાકોરું કેવી રીતે પૂરશે? આ કંકણ મારી પત્નીને આપીશ તો એ ખુશ થશે પણ જેના બાળકને સૂવાડવા માટે ઘાસની પથારી નથી તે બાળકની માતા સવારમાં ઉઠીને બાકોરાવાળી ભીંત જોશે ત્યારે કેટલી નાખુશ થશે! હું ચોર હોવા છતાં માનવ છું તો ભારતની માનવતાના નવા દીવડા કદાચ હું ન પ્રગટાવી શકું પણ માનવતાના જલતા દીવડાની જ્યોત હું મારા હાથે બૂઝાવીશ નહિ. એના હૈયામાં કરૂણાનો ધોધ વહેતો હતો તેથી એ કડું પોતાને ઘેર ન લઈ જતા જ્યાં ચોરી કરવા ગયો હતો તે કંગાલના ઘરમાં મૂકી આવ્યો ને પોતાને ઘેર જઈને સૂઈ ગયો પણ ઊંઘ ન આવી. એનો જાગૃત આત્મા કહેતો હતો કે આજે તેં સુંદર કામ કર્યું છે. પોતે ભૂખ્યા રહીને ભીખમાં મળેલ રોટલાનો ટુકડો જે બીજાને આપી દેનાર છે તે માનવતાના દીવડા પ્રગટાવી શકે છે.

મારા બંધુઓ! ચોરમાં જેટલી શાહુકારી છે તેટલી મારા અહીં બેઠેલા શાહુકારોમાં છે? ચોરની કેટલી ઉદારતા! તમને આવું કંકણ મળી જાય તો આપી દો કે લઈને તિજોરીમાં મૂકી દો? (હસાહસ). પેલો બ્રાહ્મણ અને બ્રાહ્મણી જેને ઘેર પૂરી પથારી પાથરવા નથી તે સવાર પડતા જાગ્યા. ત્યારે બાળકની પાસે રત્નજડિત કંકણ ઝગમગી રહ્યું છે. એ વિચારમાં પડયા કે આ કંકણ આપણા ઘરમાં કયાંથી? આ તો રાજરાણીનું કંકણ છે, પત્ની કહે સ્વામીનાથ આપણા પાપકર્મનો ઉદય છે એટલે આપણે ગરીબ છીએ પણ દિલના અમીર છીએ. ભલે સૂવા પથારી નથી, પેટ ભરવા રોટી નથી પણ આપણે આપણી અમીરાઇ જવા દેવી નથી, આ કડું જેનું હોય તેને આપી દેવું જોઇએ. પત્નીના વચન સાંભળી બ્રાહ્મણ કહે છે હું તારા વિચારને ટેકો આપું છું, મને આથી વધુ ગરીબાઇ આવશે તો વેઠવા તૈયાર છું પણ પરાયું ધન પચાવીને મેળવેલી શ્રીમંતાઇ મને

પસંદ નથી. આ રીતે બંને માણસ વાત કરે છે ત્યાં રાજાનો ઢંઢેરો પીટાય છે કે રાજાની રાણીનું કંકણુ ખોવાઇ ગયું છે. જેને મળ્યું હોય તે આવીને આપી જશે તો રાજા તેને મોટું ઈનામ આપશે.

આ ઢંઢેરો સાંભળીને બ્રાહ્મણુ કંકણુ લઇ રાજા પાસે હાજર થયો. રાજા કહે આ કંકણુ તમારી પાસે કયાંથી આવ્યું? બ્રાહ્મણુ કહે – મહારાજા! મારે ત્યાં રાત્રે આવીને કોઇ આ કંકણુ મૂકી ગયું છે. કોણુ મૂકી ગયું તે ખબર નથી. અમે તો પરધન પથ્થર સમાન માનીએ છીએ. તમે પણુ પ્રતિક્રમણુમાં બોલો છો ને કે સાચો શ્રાવક પરધન પથ્થર સમાન માને. પણુ તમારા હાથમાં આવે તો? પથ્થર સમાન કે ઘર સમાન? (હસાહસ) બ્રાહ્મણુ કહે મહારાજા! મારે ઘેર આ કંકણુ કયાંથી આવ્યું તે મને ખબર નથી. પણુ ગઇ રાત્રે મારે ઘરે કોઇ ચોર ભીંતમાં બાકોરું પાડીને આવ્યો હશે પણુ બિચારો મારા ઘરમાંથી કંઇ લઇ ગયો નથી. પરંતુ મારા ઉઘાડા સૂતેલા બાબાના શરીર પર એના ફાળિયાનો અડધો ટૂકડો ઓઢાડીને ગયો છે. એટલે કદાચ તે મૂકીને ગયો હોય તો અમને ખબર નથી. રાજા આ ગરીબ બ્રાહ્મણુની પ્રમાણિકતા જોઇને ખુશ થયો. અહો! મારી નગરીમાં આટલી ભયંકર ગરીબીમાં પણુ આટલી પ્રમાણિકતા રાખનાર દિલનો શ્રીમંત પડયો છે. આ ગરીબ નથી પણુ શ્રીમંતનો ય શ્રીમંત છે. રાજાએ ફરીને ઢંઢેરો પીટાવ્યો કે જેને કંકણુ જડયું હોય ને જે આ ગરીબ બ્રાહ્મણુને ત્યાં મૂકી આવ્યો હોય તે રાજસભામાં હાજર થાય. ચોરે આ ઢંઢેરો સાંભળ્યો ને તરત રાજા પાસે હાજર થયો. રાજા પૂછે છે તું કોણુ છે? તો કહે ચોર છું. આ કંકણુ તું કયાંથી લાવ્યો? ચોર કહે ભલે હું ચોર છું પણુ કંકણુ ચોરીને લાવ્યો નથી. ને મને જડયું પણુ નથી. પણુ હું ફૂટપાથ ઉપર સૂતો હતો ત્યારે મારી બાજુમાં આવીને કોઇ મૂકી ગયું છે. હું જાગ્યો ત્યારે મેં એ કંકણુ જોયું. પછી રાત્રે બનેલી બધી બીના ચોરે રાજાને કહી. ચોરના મુખેથી સત્ય હકીકત સાંભળી રાજા તેના ઉપર ખુશ થયો ને ચોરને ભેટી પડયો ને બોલ્યા. અહો! મારી નગરીમાં ચોર પણુ આટલો પ્રમાણિક છે ને ગરીબ બ્રાહ્મણુ આટલો બધો અમીર છે! તમારા જેવા રત્નો મારી નગરીમાં વસે છે તેથી હું પણુ ભાગ્યશાળી છું. ભાઇ! તું રાત્રે ચોરી કરવા ગયો ને ત્યાં તેમની ગરીબાઇ જોઇ લેવાને બદલે તારું ફાળિયું ફાડીને આપી દીધું. તારી આ પ્રમાણિકતા અને માનવતાથી ખુશ થઇને મેં કંકણુ તારી બાજુમાં મૂકયું હતું. એમ કહી રાજાએ તેને એક લાખ સોના મહોરો આપીને કહ્યું કે પહેલો ધન્યવાદ તને ને બીજો ધન્યવાદ ગરીબ બ્રાહ્મણુને કે જેને ત્યાં આટલી કડકડતી ગરીબી હોવા છતાં પરાયું ધન લેવાની ભાવના નથી. રાજાએ તેને જિંદગીનું દરિદ્ર ટળી જાય તેટલું ધન આપ્યું ને ચોરને પ્રધાનપદવી આપી. રાજાએ જોયું કે આનામાં પ્રમાણિકતા, માનવતા, કરૂણાભાવ આદિ ગુણો ભરેલા છે. એટલે બરાબર ન્યાય કરી

શકશે અને કદાચ હું ભૂલીશ તો મને પણ ઠેકાણે લાવશે. આ ભારતની ભૂમિ ઉપર ચોર પણ આવા પવિત્ર, દયાળુ અને માનવતાનું મીઠું સંગીત વગાડનારા હતા. પ્રમાણિકતા અને ધર્મ હતો તો મહાન સુખી થયો ને રાજા ભોજ ઉપર પ્રતિભા પાડી શકયો. તો તમે તો શાહુકાર છો. માટે એવું જીવન જીવો કે તમારૂં જીવન બીજા જીવોને પ્રેરણાદાયી બને.

અનાથી મુનિના ચારિત્રનો પ્રભાવ રાજા શ્રેણીક ઉપર પડયો. રાજા હાથ જોડી નમસ્કાર કરીને મુનિ પાસે ઊભા છે. ત્યાં મુનિએ ધ્યાન પાળ્યું ને આંખડી ખોલી. ત્યારે મહારાજા હાથ જોડીને વિનયપૂર્વક કહે છે ગુરૂદેવ! આપને શાતા છે? જો આપ આજ્ઞા આપો તો હું આપને એક પ્રશ્ન પૂછવા ઈચ્છું છુ. મુનિ પૂછવાની આજ્ઞા આપે છે કે તમારે જે પૂછવું હોય તે પૂછી શકો છો. હવે શ્રેણીક રાજા મુનિને શું પ્રશ્ન પૂછશે તેના ભાવ અવસરે કહેવાશે.

**ચરિત્ર** :– સતી અંજના ખૂબ વિલાપ કરી રહી છે તે વિલાપ સાંભળી બહાર ઊભેલા પવનજી તથા તેમના મિત્રનું હૃદય પણ રડી ઊઠયું, મિત્રે તરત બારણા ખખડાવ્યા. એ ખખડાટ સાંભળીને વસંતમાલા એકદમ બોલી ઊઠી. કોણ છે એ દુષ્ટ? જે હોય તે જલદી ચાલ્યો જા. આ સતી સ્ત્રીના મહેલમાં જો ઊભો રહીશ તો મારી અંજનાના શીયળના તેજથી ક્ષણવારમાં બળીને ભસ્મ થઇ જઇશ. અમારા પવનજી તો યુધ્ધે ગયા છે. એ તકનો લાભ લઇને કોઇ લંપટ પુરૂષ આવ્યો લાગે છે. પણ તેને ખબર નહિ હોય કે હું કોની પાસે જાઉં છું, અંજના સતી સાચી ક્ષત્રિયાણી છે. અહીં તારો દાવ બેસે તેમ નથી. મિત્ર વિચાર કરે છે કે અંજનાની દાસીમાં પણ કેટલું ખમીર છે! તો અંજના તો કેવી પરાક્રમી હશે! પવનજીનો મિત્ર કહે છે બહેન! હું કોઇ લંપટ પુરૂષ નથી. પણ પવનજીનો મિત્ર છુ. પવનજી પણ મારી સાથે છે. હું તેમના શુભાગમનનો મંગલ સંદેશ તમને આપવા આવ્યો છું. વસંતમાલા કહે છે મારા પવનજી સાચા ક્ષત્રિય છે. સિંહ છે. ક્ષત્રિયનો બચ્ચો કદી યુધ્ધે ચઢેલો પાછો ફરે નહિ. તું અમારી મશ્કરી કરે છે. મિત્ર કહે છે મશ્કરી નથી. સત્ય છે. વસંતમાલા કહે છે બહેન! તમે આવો ને ખાત્રી કરો કે પવનજી છે કે બીજા કોઇ? અંજનાએ તીરાડમાંથી જોયું તો પવનકુમારને જોયા. તરત દ્વાર ખોલ્યું ને પવનજીએ અંદર પ્રવેશ કર્યો. અને એ અંજના સતીની સામે ઊભા રહી ગદ્ગદ્ સ્વરે બોલ્યા હે દેવી! તું નિર્દોષ છે. નિષ્કલંક છે. મેં અભિમાનીએ તારા ઉપર આરોપ મૂકી તારો ત્યાગ કર્યો. હું અધમ છું. પાપી છું, તું મને ક્ષમા કર. ત્યારે અંજના ઊભી થઇને કહે છે સ્વામીનાથ! આ શું કરો છો? આપ મારા શિરછત્ર છો. હું તો આપના ચરણની રજ છું. હું તો આપની દાસી છું. દાસી પાસે આપને ક્ષમા યાચવાની ન હોય. આ પ્રમાણે અંજના અને પવનજીનું મધુરું મિલન થયું. બંનેને

ખૂબ આનંદ છે, હવે પવનજી અંજનાને મૂકીને યુદ્ધમાં જશે ને પછી શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં. ૧૯

**શ્રાવણ સુદ ૫ ને સોમવાર** **તા. ૧૧-૮-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

આપણું પરમ સૌભાગ્ય છે કે આપણને સર્વજ્ઞ અને સર્વદર્શી મહાન પુરૂષોના મુખમાંથી ઝરેલી પવિત્ર વાણી સાંભળવાનો સોનેરી અવસર પ્રાપ્ત થયો છે. દીર્ઘ તપશ્ચર્યા અને ઉગ્ર સાધનાના ફળ સ્વરૂપ એ મહાત્માઓએ જે પરમતત્ત્વનો સાક્ષાત્કાર કર્યો તેને વિશ્વકલ્યાણની પવિત્ર ભાવનાથી પ્રેરાઈને તેમણે સંસારના જીવોની સમક્ષ પ્રવચન રૂપે ઉપસ્થિત કર્યો. મહાન પુરૂષોના અનુભવના સાર સ્વરૂપે શાસ્ત્રો આપણને માર્ગદર્શક બન્યા છે. તે આપણને કલ્યાણનો માર્ગ બતાવી રહ્યા છે ને ચેતવણી આપે છે કે હે ભવ્ય જીવો! તમારે સાવધાનીપૂર્વક આ માર્ગે જવું જોઈએ. ભગવાને બતાવેલા માર્ગે નહિ ચાલો તો જીવનું કલ્યાણ થવું અસંભવિત છે. આ શાસ્ત્રો આપણને આત્મ કલ્યાણના માર્ગમાં સાવધાન રહેવાની ચેતવણી આપે છે. શાસ્ત્રકાર ભગવંતોએ આપણા ઉપર કેટલો અસીમ ઉપકાર કર્યો છે કે આપણા જીવનનો અંધકારભર્યો માર્ગ આપણે સહેલાઇથી પસાર કરી શકીએ. તેટલા માટે શાસ્ત્ર સિદ્ધાંત રૂપી દીપક તેમણે આપણા માર્ગમાં ધર્યો છે. એ પ્રકાશના સહારે આપણે આપણા નિશ્ચિત સ્થાને પહોંચી શકીએ છીએ. જ્ઞાનીઓએ બતાવેલા માર્ગે ચાલવાથી આપણને કોઇ જાતની મુશ્કેલી નડતી નથી.

ભગવાનની અંતિમવાણી ઉત્તરાધ્યયન સૂત્રનું વીસમું અધ્યયન જેમાં અનાથી નિર્ગ્રંથનો અધિકાર છે. એ નિર્ગ્રંથ મુનિ જ્ઞાન અને ધ્યાનના મહાસાગરમાં ડૂબકી લગાવી રહ્યા હતા, કોઇ માણસ દરિયામાંથી મોતી મેળવવા માટે દરિયા-કિનારે જાય ને બોલે કે મારે મોતી જોઇએ છે એમ બોલતો દરિયા કિનારા ઉપર આંટા માર્યા કરે તો કંઇ રત્નો મળે? મહાસાગરના મોતી જોઇતા હોય તો મહાસાગરમાં મરજીવા થઇને ડૂબકી મારવી પડે ને ગહરા પાણીમાં ઉતરવું પડે છે ત્યારે મહાસાગરના મોતી મળે છે. પણ કિનારા ઉપર આંટા મારવાથી મળતા નથી. તેમ આપણે પણ આ મનુષ્યભવ પામીને જ્ઞાન-દર્શન ચારિત્ર-અને તપની આરાધના કરી મોક્ષ રૂપી મોતી મેળવવું છે. તો ઘેર બેઠા આરામ કરવાથી નહિ મળે. તેને માટે મહાન પુરૂષોએ કેવી અઘોર સાધના કરી. એ મહાન પુરૂષોને માથે કર્મની ઝડીઓ પડી, ઉપસર્ગોના પહાડ તૂટી પડયા છતાં કેવી ગજબની સમતા! તેઓ સમજતા હતા કે જે વાવ્યું તે ઉગવાનું છે. હે જીવ! પૂર્વે તેં જે કર્મોની વાવણી

કરી છે તે આ ભવમાં ઉગીને તૈયાર થઇ છે. તેના ફળ ભોગવતી વખતે શા માટે સંતાપ કરે છે? આ જ્ઞાનીઓની સમજણ હતી. ત્યારે આપણી દશા કેવી છે?

મજબૂત લાકડાની ગાંઠ ચીરવા માટે યુવાન પુરૂષનું બળ અને તીક્ષ્ણ કુહાડો જોઇએ તેમ અનાદિકાળના કર્મની મજબૂત ગાંઠને ચીરવા માટે પણ આત્મબળ અને જબ્બર પુરૂષાર્થની જરૂર છે. કોઇ મનુષ્યનું શરીર હૃષ્ટપૃષ્ટ છે પણ આત્મબળ ન હોય તો શા કામનું? કોઇનું શરીર તદ્દન પાતળું હોય પણ તેનું આત્મબળ મજબૂત હોય તો એ સાધના કરી શકે છે. આજે મહિનાના ઘરનો પવિત્ર દિવસ તે આપણને શું સંદેશ આપે છે:-

संबुज्झह किं न बुज्झह, संबोही खलु पेच दुल्लहा ।
नो हुवणमन्ति राइओ, नो सुलभं पुणरवि जीवियं ।।

સૂય. સૂ. અ. ૨, ઉ. ૧, ગાથા ૧.

મહાન પુરૂષો કહે છે હે આત્મા! તું ક્યાં સુધી પરભાવમાં પડી રહીશ? આ નાશવંત પદાર્થોનો પ્રેમ કરવા જેવો નથી. તું જેને પોતાનું માને છે ને જેને મેળવવા માટે જીવ દોડાદોડી કરે છે તે સુખ અધ્રુવ છે, અશાશ્વત છે. તે ત્રણ કાળમાં પણ ટકવાનું નથી. માટે જ્ઞાનીઓ કહે છે જાગો, સમજો ને બુઝો. આવો રૂડો મનુષ્યભવ મળ્યો છે તેમાં સમ્યક્ત્વ રત્નની પ્રાપ્તિ કરીલો. કારણ કે એ રત્નની પ્રાપ્તિ મનુષ્યભવ સિવાય બીજે થવી દુર્લભ છે. અને જે રાત્રી અને દિવસો જાય છે તે ફરીને પાછા આવતા નથી. માટે પ્રમાદ છોડીને જાગૃત બનો.

આજના દિવસનું નામ મહિનાનું ઘર છે. ઘર એટલે પકડવું, ઘર શબ્દ એક મહિનામાં કેટલી વખત આવશે?. તે જાણો છો ને? આજથી પંદરમે દિવસે પંદરનું ઘર, ત્રીજું અઠાઇઘર અને ચોથું તેલાઘર. આ ચારે ઘર આપણને જાગૃત બનાવવા ને પ્રમાદ છોડાવવા આવે છે, આપણે આજથી જાગૃત બનવાનું છે, બંધુઓ! આજથી એક મહિને સંવત્સરી પર્વ આવે છે. આપણે ગયા સંવત્સરી પર્વ પછી અત્યાર સુધીમાં જે કંઈ સાંભળ્યું, જે કંઈ વાંચ્યું ને વિચાર્યું તેને કેટલું આચરણમાં ઉતાર્યું? હજુ ન ઉતાર્યું હોય તો આ મહિનામાં આપણા જીવનમાં ઉતારી લઇએ. તો આપણે પ્રાપ્ત કરેલા જ્ઞાનની સાર્થકતા છે, તમને એમ થશે કે અમે એક મહિનામાં શું કરીએ? ભાઇઓ! તમે તો એવા હોંશિયાર છો કે એક મહિનામાં ધારો તે કરી શકો તેમ છો, જેમ કોઇ એક માણુસ બીજા માણુસને એક પૈસો આપે ને કહે કે તારે આ પૈસાને દરરોજ બમણા કરતા જવું. આજે એક પૈસો છે તો કાલે બે કરવા, ત્રીજા દિવસે એના ચાર કરવા એમ એક મહિના સુધી બમણા કરતાં કેટલી રકમ થાય? તમે એનો હિસાબ જલ્દી કરી શકો. કારણ કે તમને પૈસા બહુ વહાલા છે. જેમ એક પૈસાને દરરોજ બમણો

કરતા એક મહિનામાં કેટલી સંપત્તિ વધી જાય છે? તે રીતે આપણે આપણા અમૂલ્ય માનવજીવનરૂપી સંપત્તિમાંથી આત્મસાધના માટે એક મિનિટથી લઈને હમેશાં તેનો સમય બમણો આત્મશુદ્ધિ માટે કરતા જઈએ તો સંવત્સરી મહાન પર્વ આવે ત્યાં સુધીમાં કેટલી આત્મશુદ્ધિ કરી શકીએ! આ મહિનાના ધરનો પવિત્ર દિવસ આત્માને શુદ્ધ બનાવવાની સૂચના આપે છે.

બંધુઓ! આત્માને શુદ્ધ બનાવવા માટે પાપનો ત્યાગ કરવાની જરૂર છે. જેટલું પાપ ઓછું કરશો તેટલું કર્મનું બંધન ઓછું થશે, આજે ઘણાં માણસો ઉપરથી ધર્મિષ્ઠ દેખાતા હોય પણ અંતરમાં ધર્મની સ્થાપના હોતી નથી. ફક્ત ધર્મનો દંભ હોય છે. એક ભક્તે કહયું છે કેઃ—

**હું ઢોંગ કરું છું ધર્મીનો પણ ધર્મ વસ્યો ના હૈયામાં,**
**બેહાલ ભલે ફરતી દુનિયા, મારે સૂવું સુખની શચ્યામાં,**
**અરે.... ઓરે... (૨) ડગલે ડગલે હું દંભ કરું અને દુનિયા માને ધર્માત્મા**
**પણ શું ભર્યું મારા મનડામાં, એક વાર જુઓને પરમાત્મા...અરે ઓરે....**

ઉપરથી ધર્મિષ્ઠ દેખાઈ દંભ કરતા હો તો તેનાથી કલ્યાણ થવાનું નથી, જેવા કર્મો કરશો તેવા ભોગવવા પડશે. .... "अप्पा कत्ता विकत्ता य।" કર્મનો કર્તા અને ભોકતા આત્મા પોતે છે. કર્મ કરતી વખતે જીવને ખ્યાલ નથી આવતો કે હું શું કરું છું! પણ કર્મના ફળ ભોગવતી વખતે આંખમાં ચોધાર આંસુ વહેશે તો પણ લૂછનાર નહિ મળે. જેવું કરશો તેવું પામશો. એક બનેલી કહાણી છે.

એક ગામડામાં એક બ્રાહ્મણ અને તેની પત્ની બે માણસો રહેતા હતા. પાપકર્મના ઉદયથી તેઓ ખૂબ ગરીબ હતા. જયારે માણસના પુણ્ય ચઢીયાતા હોય છે ત્યારે ખોદે જમીન અને નીકળે હીરા, અને પાપનો ઉદય હોય ત્યારે તેણે હીરા દાટયા હોય તો નીકળે કોલસા. તે રીતે આ બ્રાહ્મણ ગરીબ હતો. તે પોતાનું ભાગ્ય અજમાવવા બહારગામ ગયો, ત્યાં કોઇ સારા સજ્જન શેઠ મળી ગયા. તેને પોતાની દુકાનમાં નોકરી રાખ્યો, બ્રાહ્મણ ખૂબ તન દઈને કામ કરે છે, એટલે શેઠ પણ તેને સારી રીતે રાખે છે, બે વર્ષમાં તેની પાસે ચાર હજાર થયા ને શેઠે એક હજાર આપ્યા, પછી બ્રાહ્મણ રાજીખુશીથી રજા મેળવી સોના મહોર વાંસળીમાં ભરીને જાય છે. રસ્તામાં એક ગામ આવતાં વિસામો લે છે અને ત્યાં તે ગામનો શ્રેષ્ઠી બ્રાહ્મણને તેના ઘેર લઈ જાય છે, આ શેઠાણી ખૂબ ધર્મિષ્ઠ હતા. શેઠની અનીતિ જોઇને તેમને ખૂબ દુઃખ થતું. તે શેઠને ઘણી વાર કહેતા કે આપણે તો બે માણસ છીએ, સંતાન છે નહિ તો પાપ કરીને ધન એકઠું કરીને શું કરવું છે! ધર્મનું પરિણામ સુખ છે ને પાપનું પરિણામ દુઃખ છે. તમને આવું ભાન કયારે થશે?

શેઠાણીની આ વાત સાંભળીને શેઠ કહેતા કે સંતાન નથી એટલે શું થઇ ગયું ? સંતાન નહિ થાય એવું નક્કી છે ? હજુ આપણે ક્યાં ઘરડા થઇ ગયા છીએ ? વળી આજે દુનિયામાં જ્યાં. જુઓ ત્યાં પૈસાના માન છે, કહેવત છે ને કે **"વસુ વિનાનો નરપશુ"**. આ જમાનામાં તો ધનવાન શ્રેષ્ઠ ગણાય છે. અત્યારે પાપથી સુખ અને ધર્મથી દુઃખ એવું સમજવાનું છે, હવે જો તારી સલાહ પ્રમાણે ચાલું તો મારે તો દેવાળું ફૂંકવાનો સમય આવે. આવા લોભી શેઠ ખૂબ આગ્રહ કરીને બ્રાહ્મણને પોતાને ઘેર કેમ લાવ્યો તે તમે જાણો છો ? બ્રાહ્મણના હાથમાં પેલી વાંસળી હતી. એને એક છેડે રેણ દઇને ફીટ કરેલી હતી. તે શેઠે જોઇ લીધી હતી.

બ્રાહ્મણ જંગલ જવા ગયો ત્યારે શેઠે બ્રાહ્મણની થેલીમાંથી પેલી વાંસળી કાઢીને બરાબર જોઇ લીધી ને પાછી મૂકી દીધી. શેઠ શેઠાણીને કહે છે આજે આપણે ઘેર મહેમાન આવ્યા છે માટે તું શ્રીખંડ–પુરી, બેશાક, ખમણ બધું બરાબર બનાવજે. મહેમાન લાંબી મુસાફરી કરીને આવ્યા છે ને સવારે જવાના છે. શેઠાણી એના પતિને નખથી શીખ સુધી પીછાણતી હતી. તે શેઠને કહે છે સ્વામીનાથ ! ધન્ય ઘડીને ધન્ય ભાગ્ય કે આવા ગરીબ બ્રાહ્મણને તમે શ્રીખંડ–પુરી જમાડો છો. આમાં પણ કંઇક તમારો સ્વાર્થ લાગે છે. નહિતર આવા ગરીબ માણસની આવી મહેમાનગતિ કરો તેવા તમે ઉદાર નથી. પત્ની ગમે તેટલી ભલી અને ભોળી હોય પણ એના પતિના વર્તણુકથી અજાણી નથી હોતી.

શેઠાણીએ બરાબર રસોઈ બનાવીને ખૂબ આગ્રહપૂર્વક બ્રાહ્મણને જમાડયો. બ્રાહ્મણ ના પાડે તો પણ શેઠે ખૂબ આગ્રહ કરીને ઠાંસી ઠાંસીને ખવડાવ્યું. ત્યારે બ્રાહ્મણ વિચાર કરવા લાગ્યો કે કેવા સારા શેઠ છે ! મારે ઓળખાણ કે પીછાણ નથી છતાં કેટલા પ્રેમથી મને જમાડે છે પણ શેઠની અંદર કપટ ભર્યું છે. છેવટે રાત પડે છે ને બધા સૂઇ જાય છે. બ્રાહ્મણ બિચારો થાકી જવાથી શાંતિથી ઊંઘી ગયો. શેઠાણી પણ ઊંઘી ગયા. તેથી શેઠે એ તકનો લાભ લઇને બીજા રૂમમાં જઇને વાંસળી ખોલીને અંદરથી સોનાની લગડીઓ કાઢી લઇને કાચના સીસાના ભારે ટુકડા તેમાં ભરી દીધા. હતું તેટલું વજન કરીને પાછું રેણદઇ વાંસળી હતી ત્યાં મૂકી દીધી. બ્રાહ્મણને તો આ વાતની કંઇ ખબર નથી. સવાર પડતાં બ્રાહ્મણ શેઠ–શેઠાણીની રજા લઇને ચાલી નીકળ્યો. એના મનમાં આનંદ સમાતો ન હતો. પત્ની પાસે જાઉં. આ કમાઇને લાવ્યો છું તે બતાવીશ એટલે તે ખુશ ખુશ થઇ જશે. બ્રાહ્મણ ઘેર પહોંચ્યોને પોતાની પત્નીને પાસે બેસાડી જલ્દી વાંસળીનું રેણ તોડયું. અને જોયું તો સોનાની લગડીઓને બદલે સીસાના ટુકડા નીકળ્યા. આ જોઈ બ્રાહ્મણ પછાડ ખાઇને પડયો. કાળા પાણીએ રડવા લાગ્યો. પત્ની ખૂબ સંતોષી હતી. *કહે છે સ્વામીનાથ ! તમે કમાઈને લાવ્યા પણ ભાગ્યમાં નહિ હોય, તમે ચિંતા*

ન કરો. તમે ક્ષેમ કુશળ પાછા આવ્યા એ મારે મન લાખો રૂપિયા છે. મરતી વખતે ધન કોઇ સાથે લઇ જઇ શકતું નથી. વળી ધન હોત તો ભગવાનનું નામ લઇ શકત નહિ. માટે ચિંતા છોડી દો. પણ બ્રાહ્મણનું મન માન્યું નહિ. એટલે તે પેલા શેઠને ઘેર ગયો. ને કહ્યું-મારી સોનાની લગડીઓ તમારે ત્યાં ગુમ થઇ છે માટે આપ તપાસ કરો ને મને મારી સોનાની લગડીઓ પાછી આપી દો. હું ખૂબ ગરીબ છું. બ્રાહ્મણે ખૂબ નમ્રતાપૂર્વક આજીજી કરી પણ જેમ અજગરના મુખમાં ગયેલું માછલું જીવતું નથી નીકળતું તેમ શેઠ કહે સોનાની લગડી કેવીને વાત શી? હું તો તને ઓળખતો નથી. તું ચાલ્યો જા એમ કહીને શેઠ ધક્કો મારીને કાઢે છે પણ બ્રાહ્મણ ઉઠતો નથી. તે કાળો કલ્પાંત કરે છે પણ કોઇ તેનું સાંભળતું નથી.

બંધુઓ! આજે તો ધનવાનની દુનિયા છે. ગરીબનું કોઈ સાંભળતું નથી. આજુ બાજુના લોકો પણ કહેવા લાગ્યા કે તારા જેવા ભિખારી પાસે સોનાની લગડીઓ કયાંથી હોય? તે સાત દિવસ શેઠના દુકાનના ઓટલે ઝૂર્યો પણ શેઠનું પથ્થર હૃદય પીગળ્યું નહિ. સાતમે દિવસે ભૂખ્યા ને તરસ્યા શેઠની દુકાનના ઓટલે પ્રાણ છોડી દીધા. બ્રાહ્મણી એના પતિની રાહ જોતી રહી ને પતિ તો ચાલ્યો ગયો.

બ્રાહ્મણ મરીને શેઠાણીની કુક્ષીમાં ઉત્પન્ન થયો. શેઠ-શેઠાણીના આનંદનો પાર નથી પણ તેને કયાં ખબર હતી કે આ આનંદ કયારે શોકમાં ફેરવાઇ જશે? પુત્રનો જન્મ થવાના આગલા દિવસે રાત્રે શેઠાણીએ સ્વપ્નમાં એવું દૃશ્ય જોયું કે પેલો ગરીબ બ્રાહ્મણ બે હાથ જોડી શેઠાણીને કહી રહ્યો છે કે હે માતા! તે દિવસે મને ખૂબ આગ્રહ કરીને જમાડયા બાદ હું ઊંઘી ગયો હતો ત્યારે શેઠે મારા પાંચ હજાર રૂપિયાની સોનાની લગડીઓ પચાવી પાડી છે. તે રકમ વસુલ કરવા મારે તારે ત્યાં જન્મ લેવો પડે છે. લેણું વસુલ થશે એટલે હું ચાલ્યો જઇશ. માટે તું મારા પ્રત્યે મોહ કે મમતા રાખીશ નહિ. તું નિર્દોષ છે એટલે તને આ વાતની જાણ કરું. બીજે દિવસે શેઠને ત્યાં પુત્રનો જન્મ થાય છે. એટલે શેઠે આખા ગામમાં પેંડા વહેંચાવ્યા ને ગરીબ લોકોને ખૂબ દાન આપ્યું શેઠને આનંદનો પાર નથી પણ શેઠાણીના મુખ ઉપર જરાય આનંદ નથી.

આમ કરતાં છોકરો પાંચ વર્ષનો થતાં શેઠાણી બિમાર પડયા. એમને લાગ્યું કે હવે હું આ પથારીમાંથી ઉઠી શકું તેમ નથી. પુત્ર પ્રત્યે બિલકુલ મમતા રાખી નથી. એટલે શેઠાણીએ એક કાગળ લખીને કવરમાં બીડયો ને પોતાના મુનીમજીના હાથમાં કવર આપતા કહ્યું-મુનિમજી! હવે મારા જીવનનો ભરોસો નથી. તમને એક વાત કહું છું કે આ બાબો મોટો થાય ત્યારે તેને તમે પરણાવશો નહિ તેમ શેઠને કહેજો. અને શેઠ પર જયારે કોઇ ભારે આફત આવે ત્યારે તમે આ કવર શેઠને આપજો. થોડા દિવસ પછી શેઠાણી મૃત્યુ પામ્યા. દિવસો જતાં વાર લાગતી નથી. દીકરો વીસ વર્ષનો થયો.

શેઠ તેને પરણાવવા કન્યાઓ જોવા લાગ્યા. ત્યારે મુનીમે શેઠાણીએ કહેલી વાત ઉપર શેઠનું ધ્યાન ખેંચ્યું. પણ શેઠે એ વાત ધ્યાનમાં લીધી નહિ ને તેના લગ્ન કર્યા.

લગ્ન કર્યાને હજુ ત્રણ દિવસ થયા છે. શેઠનો દીકરો એના મિત્રો સાથે બગીચામાં ફરવા ગયો ત્યાં અચાનક નાગ નીકળ્યો ને શેઠના પુત્રને કરડયો. પુત્રના મુખમાંથી કારમી ચીસ નીકળી ગઇ. તમ્મર ખાઇને ઢળી પડયો. તેના મિત્રોએ શેઠને ખબર આપ્યા. શેઠ રડતા કકળતા ત્યાં આવ્યા. આખા ગામમાં હાહાકાર મચી ગયો. શેઠ દીકરાનું માથું ખોળામાં લઇને રડવા લાગ્યા. જમીન સાથે માથું કૂટવા લાગ્યા. અરે રે....દીકરા! તને શું થઇ ગયું? દીકરાનું ઝેર ઉતારવા શેઠે ઘણા વૈદ્યો અને મંત્રવાદીઓને બોલાવ્યા. પણ ઝેર ઉતર્યું નહિ. છેવટે રડતા હૃદયે દીકરાની અંતિમ ક્રિયા કરી. પછી મુનીમે કવર શેઠને આપ્યું ને કહ્યું કે શેઠાણીએ મરણ વખતે મને આપ્યું છે ને દુઃખના સમયે આપને આપવાનું કહ્યું છે. શેઠ ધ્રુજતા હાથે કવર ફોડી અંદરથી પત્ર કાઢીને વાંચવા લાગ્યા તેમાં શેઠાણીએ પોતાના સ્વહસ્તે લખ્યું હતું કે–

સ્વામીનાથ! કરેલા કર્મો સૌ કોઇને ભોગવવા પડે છે માણસ પોતાની હોંશિયારીથી બીજાને કચડે છે તે સમયે તેને ખ્યાલ નથી આવતો કે તેનું પરિણામ શું આવશે? પણ એ કર્મ જ્યારે ઉદયમાં આવશે ત્યારે રડી રડીને ભોગવતાં પાર નહિ આવે. જે બ્રાહ્મણની સાથે છેતરપીંડી કરીને તેની સોનાની લગડીઓ તમે છીનવી લીધી હતી તે બ્રાહ્મણનો જીવ આપણે ત્યાં પુત્ર પણે જન્મ્યો છે. એનું લેણું પતી જશે એટલે તમને રોતા મૂકી એના માર્ગે ચાલતો થઇ જશે. અને તમે તમારી જિંદગીમાં કંઇ ધર્મની કમાણી કરી નથી એટલે તમારી જિંદગી એળે જશે ને તમે પણ એક રાતી પાઇ લીધા વિના એક દિવસ ચાલ્યા જશો. પણ મરતી વખતે પાપનું પરિણામ એકાંતે દુઃખ છે અને ધર્મનું પરિણામ અંતે સુખ છે. એ વાત તમારા હૃદયમાં બેઠેલી હશે તો આવતો જન્મ સુધરશે. આ વાત ઉપર ખૂબ મનન કરજો. એટલી મારી છેલ્લી વિનંતી છે. બીજું કોઇ આપણને સુખ દુઃખ આપી શકતું નથી. માત્ર કરેલા કર્મો સુખ દુઃખ આપનાર છે. બીજા તો નિમિત્તભૂત છે. માટે હવે જાગ્યા ત્યારથી સવાર સમજી આ પત્ર વાંચી ચેતી જજો. પત્ર વાંચતા શેઠનું હૈયું હાથ ન રહ્યું. હાથમાંથી પત્ર પડી ગયો ને શેઠ ધ્રુસ્કે ધ્રુસ્કે રડતા બોલવા લાગ્યા કે આવી પવિત્ર પત્નીને મેં ન ઓળખી. એ મને ઘણી વાર આ શબ્દો કહેતી હતી પણ મેં એની વાત કદી સાંભળી નહિ. મેં એની વાત માની હોત તો મારી આ દશા ન આવત! આટલું બોલતા શેઠ ધરતી ઉપર ઢળી પડયા ને ત્યાં મૃત્યુ પામ્યા. છતાં અંતે અંતે એટલું સમજાઇ ગયું કે *ધર્મનું પરિણામ સુખ અને પાપનું પરિણામ દુઃખ છે.*

મારા બંધુઓ! આના ઉપરથી એક વાત સમજી લેવાની છે કે જીવ ખાલી હાથે

આવ્યો છે ને ખાલી હાથે જવાનો છે. સાથે તો શુભાશુભ કર્મો આવશે માટે મોહ મમતાનો ત્યાગ કરો. આત્માની આરાધના કરવા માસખમણુ તપની આરાધના કરવાનો પવિત્ર દિવસ છે. જેને ભાવ થતા હોય તે આજથી કરવાની શરૂઆત કરી દેજો કાલની રાહ જોશો નહિ. આયુષ્યનો ભરોસો નથી. જે અવસર જાય છે તે ફરીને પાછો મળતો નથી. માટે ધર્મના પવિત્ર દિવસોમાં આત્મા સાથે લાગેલા કર્મોના કચરા સાફ કરી આત્માને ઉજ્જવળ બનાવવાની અમૂલ્ય તક છે. આ તક ચૂકી જશો તો પછી પસ્તાવો થશે. સમય થઇ ગયો છે. વધુ ભાવ અવસરે.

☆

## વ્યાખ્યાન નં.-૨૦

**શ્રાવણ સુદ ૬ ને મંગળવાર** **તા. ૧૨-૮-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો !

ત્રિલોકીનાથ વીતરાગ સર્વજ્ઞ ભગવંતોએ કેવળ જ્ઞાન દ્વારા સકલ ચરાચર વિશ્વને પ્રત્યક્ષ હસ્તરેખાની જેમ જોયું અને પછી જગતના જીવોને ઉપદેશ આપ્યો કે હે આત્માઓ ! અનાદિકાળથી ચાલતા સંસાર સાગરના પ્રવાહને અટકાવવો હોય કે સંસારને તરવો હોય તો પ્રમાદને છોડીને વીતરાગ કથિત માર્ગને અનુસરો. વીતરાગ માર્ગનો આશ્રય લો. મિથ્યાભાવની નાની નાની નાવડીઓ તો થોડા ભાડામાં લાંબી મુસાફરીની વાતો કરે છે. અને ઉતારુને બેસાડી પણ દે છે. પણ સુકાની આંધળો છે, અને માર્ગનો અજાણ્યો છે. જેથી એ નાવડીઓ વિશ્વાસ રાખવા જેવી ગણાતી નથી.

પ્રભુએ સંસાર સાગર તરવાની બે મોટી સ્ટીમરો બનાવી છે. એક અણુગાર ધર્મ અને બીજો આગાર ધર્મ. અણુગાર ધર્મ એટલે પરિપૂર્ણ સંયમી જીવન, અને આગાર ધર્મ એટલે દેશથી-અંશથી સંયમી જીવન. આ બે સિવાય ત્રીજો રસ્તો સંસારસાગર તરવાનો નથી, સંયમ માર્ગ ફ્રન્ટીયર મેલ છે. ઘણી ઝડપથી ઓછા સ્ટેશનો કરતી ટ્રેઇન ધારેલા સ્થળે પહોંચી જાય છે. જ્યારે લોકલ તો અનેક સ્ટેશનો કરે છે. અને ધીમે ધીમે ધારેલા સ્થળે પહોંચાડે છે. જેણે ઝડપી સીધા ધ્યેય સ્થળે પહોંચવું છે તેણે તો સંયમ માર્ગ સ્વીકાર કરે છૂટકો છે, સંપૂર્ણ સંયમ, દેશ સંયમ અને સમ્યક્ત્વ આમ ત્રણે પ્રકારની કેડીઓ મોક્ષ માર્ગ માટે પ્રસિધ્ધ છે. તે સર્વજ્ઞ ભગવંતોએ બત્તાવેલી છે. સૌથી પ્રથમ સંયમી જીવન.

જ્યાં સંપૂર્ણ વિરકિત છે. વહેપારી ઝવેરી હોય તો પહેલા કિંમતી માલ વેચવાની કામના રાખે છે. કિંમતી માલ વજનમાં હલકો હોય અને કિંમતમાં વધુ જેથી કમાણી પણ અસામાન્ય થઈ જાય છે. સંસારને અસાર માની સંસારના સર્વ સુખોને ક્ષણિક દુઃખજનક માનીને આસકિત ભાવને ભડકે બળતી આગ સમજીને બહુ અલ્પ વ્યકિત

સંયમમાર્ગની ચાહના કરે છે. અને ત્યાગની પૂરી સૌરભ મહેકાવવા, આત્મા રૂપી બગીચાને ગુણથી હર્યોભર્યો બનાવવા મુક્તિમાર્ગના દ્વાર રૂપ સંયમને સ્વીકારે છે. સંસાર વિરક્ત, પાપભીરૂ અને ભવભીરૂ આત્માઓ સંયમના દુષ્કર પંથે પ્રયાણ કરે છે. જૈન શાસનનો શણગાર, જૈન શાસનનો સ્થંભ સંયમમાર્ગ છે. સંસાર ત્યાગીને સંયમી બનનાર મુનિવરો દુર્ગમ પંથના વિહારી છે. છ ખંડના રાજ્ય સુખ ભોગવનાર ચક્રવર્તિઓને પણ દુર્ગતિઓથી બચવા માટે સંયમમાર્ગ એ અમોઘ ઉપાય છે. સંયમ લીધા પછી સ્વપ્નમાં પણ તે સંસારી સુખને ઈચ્છતા નથી. સર્પ જેમ કાંચળી છોડીને ચાલ્યો જાય પછી તે પાછું વાળીને જોતો નથી કારણ કે એ શરીરનો મેલ માને છે તો તે મેલને છોડતા ચિંતા શું ? તેમ ત્યાગી બનનાર વ્યક્તિઓ વૈરાગ્યની વાટે ચાલતા સંસારને છોડે છે. ત્યારે અનાદિ કાળના સંસારના મેલની કામળી ઉતારીને ત્યાગની પવિત્ર કામળી ઓઢી લે છે.

આત્માના સાચા સુખનું અસાધારણ અને અદ્‌ભૂત સાધન હોય તો ધર્મ છે. ધર્મનું મહાન રસાયણ હોય તો સંયમ છે. સંયમ પિપાસુ મોક્ષાર્થી આત્મા દુનિયાના સુખોને ભયંકર દુઃખ માને છે. જેમ આગના સ્પર્શથી લોકો ડરે છે તેથી અધિક ડર સંસાર આસક્તિથી પર ત્યાગી પુરૂષોને હોય છે. જે સંસારને ભયંકર ભુજંગનું દર માનીને ત્યાગી દે છે. સંસારના વિષયોને તાલકૂટ વિષ જેવા માનીને છોડી દે છે. માતા–પિતા–ભાઈ–ભગિની પરિવારને સ્વાર્થના સુંવાળા અણીદાર ભાલાઓ સમાન જાણીને તરછોડી દે છે. અઢળક રિદ્ધિ સિદ્ધના સાગર જેવા ઉભરાતા ભંડારોને જાદુગરના જાદુઈ બંધની જેમ સમજીને ફગાવી દે છે. તે મહાત્યાગી સંતો ઉચ્ચ, પવિત્ર અને આદર્શ જીવન જીવે છે મહાપુરૂષો સાચું જીવન જીવે છે. પશુપંખીઓ તેમજ બીજા જીવો જીવન જીવે છે પણ એ જીવન અનંત દુઃખ પરંપરાનું નિમિત્ત બને છે. જ્યારે ધર્મમય સંયમી જીવન એ અનંતા દુઃખના અંતનું નિમિત્ત બને છે. વીતરાગ ભગવાને બતાવેલ અણુગાર ધર્મ એ આધ્યાત્મિક અને આત્મિક વિકાસનું સાચું રહસ્ય છે. પ્રભુએ સંસારના સમસ્ત દુઃખોને દૂર કરવા અને દરેક જીવોને મોક્ષનો અખંડ અને અનંત આનંદ મેળવવા માટે સંયમ માર્ગ બતાવ્યો. અને સંયમના પવિત્ર બોધપાઠનો ધોધ વરસાવ્યો છે તે ભવ્ય આત્માઓએ ઝીલ્યો છે અને અંતરમાં ઉતારી તેને આચરણમાં અપનાવ્યો છે.

આ સંયમ માર્ગ તેઓએ સ્વીકાર્યો છે કે સમભાવ જેઓની રમણતા ભૂમિ હોય છે. વૈરાગ્ય જેઓની વેશભૂષા હોય છે. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ સાથે જેઓનો આંતરિક પૂર્ણ સબંધ હોય છે. બાર ભાવનાઓનું વારંવાર મિલન થાય છે. જ્ઞાન–દર્શન–ચારિત્ર આ ત્રણેય જેઓનું સર્વસ્વ છે. દશ યતિ ધર્મ જેઓનો પ્રિય પરિવાર છે. સુસંકલ્પો અને શુભ અધ્યવસાય જેઓનો સ્વાદિષ્ટ આહાર છે. આવા મુનિઓનું ધ્યેય

મોક્ષ પ્રાપ્તિ હોય છે. શરીરનો નાશ થાય ત્યાં સુધી આકરી તપશ્ચર્યાઓ, ક્રિયાઓ, પરિષહો અને ઉપસર્ગો સહન કરવાની જેઓની ભાવના અને શક્તિ હોય છે. પંચાચાર પાલન એ જેમનો રોજીંદો વ્યાપાર છે. અનતિચારપણાથી જીવવું એ જેઓનું સ્વાસ્થ્ય છે. આત્મ-ધ્યાનની તન્મયતા એ જેઓની ચેષ્ટા છે. પંચ મહાવ્રતનું પાલન એ જેઓનો શ્વાસ છે ને ક્ષણે ક્ષણે આત્મગુણ રક્ષણની પૂર્ણ ચિંતા છે.

મહાનિર્ગ્રંથ અનાથી મુનિએ આવો શુદ્ધ સંયમ માર્ગને સ્વીકાર્યો છે. શ્રેણીક રાજાના કેવા મહાન પુણ્યનો ઉદય કે તેઓ બગીચામાં આવ્યા ને આવા મહાન સંતનો ભેટો થયો. તે મુનિના ચરણમાં નમી પડયા ને બે હાથ જોડીને કહે છે અહો મુનિરાજ! હું આપને એક પ્રશ્ન પૂછવા માંગું છું. જો આપને શાતા હોય તો પૂછું. ધ્યાનમાંથી મુક્ત બનેલા મુનિરાજ કહે છે પૂછો, ત્યારે રાજા શું પ્રશ્ન પૂછે છે!

**तरुणो सि अज्जो पव्वइओ, भोगकालम्मि संजया ।**
**उवट्ठिओसि सामण्णे, एयमट्ठं सुणेमि ता ॥**

ઉ. સૂ. અ. ૨૦, ગાથા ૮.

અહો હે મુનિરાજ! આપ તો હજુ નવયુવાન છો. ભોગ ભોગવવાનો સમય છે આ યુવાનીમાં તમે દીક્ષા શા માટે લીધી? આ શ્રેણીક રાજાનો પ્રશ્ન છે. કારણ કે રાજા ભોગને છોડવા તે મહાન દુષ્કર વાત સમજતા હતા. આજે જગતના મોટા ભાગના જીવો ભોગ સાધનામાં પડેલા છે. અને ભોગની ભૂખ છે તેટલી યોગ સાધનાની નથી. બસ, એક રટણ છે કે ઈન્દ્રિઓને મનગમતા વિષયો કેમ મળે ને તેને કેમ ભોગવવા! પોતાને ગમતા શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, લક્ષ્મી, સત્તા-સન્માન આદિ પદાર્થોનો ભોગવટો કેમ થાય? એનાથી ઈન્દ્રિઓ અને મનને કેમ રાજી રખાય? બસ, આ એક લગની છે ને એ માટેના પ્રયત્નમાં રાત-દિવસ રક્ત રહે છે. અને એ સુખમાં આનંદ માન્યા કરે છે. પછી એમાં એવો ખૂંચી જાય છે કે જીવનના અંત સુધી તેમાંથી નીકળવું તેને મુશ્કેલ બને છે. જિંદગીનો અંત આવે પણ એ વિષયાસક્તિનો અંત ન આવે એવી જીવની દશા થઇ છે. એનું પરિણામ શું આવે છે તે તમે જાણો છો? એનું પરિણામ એ આવે છે કે નવો જન્મ પામતાની સાથે આ બધી વિષમ વૃત્તિઓનો વિલાસ ચાલુ થવા માંડે છે. એટલે ગર્ભમાં આવતાની સાથે સર્વ પ્રથમ ખાવાની લગની હોય છે. ગમે તેવા અશુચી પદાર્થોમાંથી એ ખોરાક લેતો રહે છે ને આનંદ અનુભવે છે. એ ખોરાક પાચન થઇને તેનું શરીર વધતું જાય છે ને બધી ઇન્દ્રિઓનું નિર્માણ થતા એના વિષયોના ભોગવટામાં એવો મસ્ત રહે છે કે એ જિંદગીના અંત સુધી એની એ ભોગ સાધના ચાલુ રહે છે.

બંધુઓ ! આ બાબતમાં જીવને ખાસ વિચાર કરવાની જરૂર છે કે આ જીવે અનંતકાળથી આવી ભોગ સાધના કરી છે છતાં તેનો અંત આવ્યો નથી. તો હવે કયાં સુધી આમાં રાચવું છે ? જો એકાગ્ર ચિત્ત કરીને વિચાર કરશો તો સમજાશે કે આ ભોગના ભોગવટામાં સુખ નથી. કારણ કે ગઇ કાલે કરેલો ભોગવટો આજે સુખ કે આનંદનો અનુભવ કરાવતો નથી. ગઈ કાલે ખાધેલા મધુરા ભોજન થોડા ટાઇમ પછી જીભને રસમય બનાવતા નથી. સવાર પડતાં ઊલ્ટી નવી ભૂખ જન્મે છે. ગઈ કાલે જે રૂપને જોઇને ક્ષણવાર આનંદ માન્યો હતો તે આનંદ અત્યારે દેખાતો નથી. તે રીતે સારી સુગંધ, સારો શબ્દ કે સારો સ્પર્શ વિગેરેના સુખનો કાંઇ અનુભવ અત્યારે થતો નથી તો સુખ કયાં રહ્યું ? તમે માનતા હો કે પૈસા અને ભૌતિક સુખના ઢગારાથી અમે મહાન સુખી છીએ પણ વિચાર કરો ચક્રવર્તિઓ અને ધન્ના શાલીભદ્રની સમૃદ્ધિ આગળ તમારી ઋદ્ધિ કેટલી ? માટે ભોગના સાધનો છોડીને યોગ સાધનામાં આવો. સંતો તમને યોગની સાધના કરવાનું કહે ત્યારે તમને એ બહુ કઠીન લાગે છે. યોગ એટલે શું ? જ્ઞાની ભગવંતો કહે છે યોગ એટલે જીવને મોક્ષ સાથે જોડી આપે તેનું નામ યોગ. પાંચ ઇન્દ્રિઓ અને મન ઉપર જેટલો અંકુશ થાય તેટલો આત્માને લાભ થાય ને આત્માનું હિત થાય. વિષયપ્રિય ઇન્દ્રિઓને તથા મનને તૃપ્ત કરે તે ભોગ કહેવાય.

જેમ કે કોઈ સૌંદર્યવાન નવયુવાન સ્રીને આવતી જોઇ તેના ઉપર આંખો મુગ્ધ બને કે અહો ! કેવું રૂપ છે ? આ જોઇ ચક્ષુઇન્દ્રિય નાચી ઉઠે છે આ ચક્ષુઇન્દ્રિયની તૃપ્તિ કરાવે છે માટે એને ભોગ સાધના કહેવાય. તેના બદલે કોઇ સંત સતીજીના દર્શન કરી એમ વિચાર આવે કે ધન્ય છે આ સંતોને કે જેમણે બાલપણમાં ભોગ-વિષયોનો ત્યાગ કર્યો છે. હું એવી દશાને કયારે પ્રાપ્ત કરીશ ? આવો વિચાર આવે તે યોગ સાધના કહેવાય, આ રીતે બધા વિષયોમાં સમજી લેવાનું આ રીતે તમારી દરેક પ્રવૃત્તિમાં ભોગ સાધના અને યોગ સાધનાનો વિચાર કરી ભોગ સાધના ઉપર અંકુશ મૂકી યોગ સાધનામાં આવો. આ સંસારમાં દરેક જીવોને ભોગમાંથી યોગમાં જોડાવાના અનેક નિમિત્તો મળતા રહે છે. દા. ત. રાજા ભતૃહરિ પિંગલાની પાછળ કેટલો પાગલ હતો પણ જ્યારે એને ખબર પડી કે જેના પ્રેમમાં પાગલ બન્યો છું તે પિંગલા મારા મહાવતના પ્રેમમાં પડેલી છે. તે સમયે તેણે પિંગલાનો દોષ ન કાઢયો. પણ વિચાર કર્યો. અહો ! આ સંસારનું સ્વરૂપ કેવું છે ! તે સમયે મનને ભોગમાંથી ઉઠાવી લઇ યોગસાધનામાં જોડી દીધું. સંસાર છોડીને સાધુ બની ગયા.

બંધુઓ ! જ્યારે દરેક જીવો આવી દષ્ટિ કેળવશે ત્યારે તેને સંસાર અસાર લાગશે. તેની દષ્ટિ સમ્યગ્ બની જશે ને એ દિવ્યદષ્ટિ મળી ગયા પછી એની દશા કોઈ

જુદી હોય છે, સમ્યકદૃષ્ટિ જીવને સંસારના ભૌતિક સુખોમાં બિલકુલ સુખ દેખાતું નથી. કારણ કે એ સમજે છે કે આ વિનશ્વર સુખો મેળવીને શું આનંદ માનવાનો ? આ સુખની પ્રાપ્તિ પાછળ અનેક પ્રકારની હિંસા થઇ છે તે સિવાય ક્રોધ - લોભ - રાગ - દ્વેષ આદિ અનેક પાપો કરવા પડયા છે, વળી આ સુખો મોડા કે વહેલા છોડવાના છે. કદાચ મારા પુણ્યનો ઉદય હશે તો હું જીવીશ ત્યાં સુધી આ સુખ ટકશે ને હું તેને છોડીને ચાલ્યો જઇશ અગર જો વચમાં પુણ્યની ટાંકી ખાલી થઇ જશે તો અધવચ ચાલ્યું જશે. આના કરતાં સ્વેચ્છાએ છોડવું શું ખોટું ? આવી સમજણ અને વિવેકપૂર્વક જો લોભ-મોહ ઓછો થાય તો આત્માને મહાન લાભ થાય છે.

કુશલચંદ નામનો એક ખૂબ શ્રીમંત મોટો નામાંકિત વહેપારી હતો. તેને એક દીકરો હતો, પચાસ વર્ષની શેઠની ઉંમર થઇ. તેમણે વહેપારમાં કરોડોની સંપત્તિ પ્રાપ્ત કરી. હવે શેઠને વિચાર થયો કે આ વહેપાર કયાં સુધી કરવો ? કારણ કે વહેપારમાં અનેક પ્રકારે પાપનું સેવન કરવું પડે છે, મહાપુરૂષોએ કહયું છે કે આત્મ-કલ્યાણ માટે ચારિત્ર શ્રેષ્ઠ છે. પણ જો જીવનભર માટે ચારિત્ર ન લઇ શકો તો વ્રતમાં આવો, પરિગ્રહની મર્યાદા કરો. શેઠના મનમાં થયું કે દીકરો મોટો થવા આવ્યો છે. આયુષ્ય પાણીના પૂરની જેમ જાય છે. કયારે જીવન દીપક બૂઝાઈ જશે તેની ખબર નથી. તો હવે આ ધંધાને વળગી રહીશ તો બીજા નવા કેટલા પાપ બંધાશે ને એ પાપનું પરિણામ દુઃખ છે. આ પૈસા, પ્રતિષ્ઠા, પત્ની, પુત્ર બધું અહીં રહી જવાનું છે. પાપ ભોગવવા જીવને દુર્ગતિમાં જવું પડશે. આવા અનેક વિચારને અંતે કુશળચંદને થયું કે હવે મારે ધંધો કરવો નથી. એટલે ભાગીદારને કહ્યું કે આ દિવાળી પછી મારે ધંધો કરવો નથી માટે ચોપડા ચોખ્ખા કરી બધો હિસાબ કરી લઇએ.

ભાગીદાર કહે જુઓ શેઠ, હું તમને છૂટા થવા નહિ દઉં. શેઠ કહે હવે મારે ધંધો કરવો નથી. ઘણી લક્ષ્મી મેળવી છે. મારો દીકરો ને એનો દીકરો બેઠા બેઠા ખાય તો પણ ખૂટે તેમ નથી. ત્યારે ભાગીદાર કહે છે તમારે દુકાને આવવાનું નહિ. કંઈ કામકાજ પણ કરવાનું નહિ. આ બધું હું સંભાળી લઇશ. તમે નિરાંતે ધર્મધ્યાન કરજો પણ તમારી ભાગીદારી ચાલુ રહેશે. શેઠ કહે છે હું ભલે દુકાને ન આવું પણ મારા નામે ધંધો ચાલે એટલે હું એ પાપનો ભાગીદાર તો ખરોને ? એટલે મારે એ રીતે પણ ભાગીદાર તરીકે રહેવું નથી. શેઠની ધર્મશ્રદ્ધા ખૂબ અટલ હતી. એટલે ભાગીદારે ગમે તેટલું કહ્યું પણ પોતે ભાગીદારી છોડી ધંધામાંથી નિવૃત થઇ ગયા.

બંધુઓ ! તમને આ શેઠ જેવી ભાવના થાય છે ને ? અહીં તો ભાગીદાર શેઠને ધંધો કરવા આગ્રહ કરે છે પણ શેઠ ના પાડે છે. કંઇક એવા પુણ્યવાન જીવો છે કે એમને દીકરાઓ સામેથી કહે છે બાપુજી ! તમે અમારા માટે ઘણું કર્યું છે. હવે અમે

બધું સંભાળી શકીએ તેમ છીએ તમે નિરાંતે ધર્મધ્યાન કરો. ત્યારે બાપ કહેશે દીકરા! મારા વિના કામ ન ચાલે. વધુ નહિ તો છેવટે બે કલાક પણ મારી દુકાનમાં હાજરી હોય તો ફેર પડે જેમ બળદને ગાડું ખેંચવાની આદત છે એટલે જ્યાં ધુંસરી દેખે ત્યાં ડોક નમાવે છે તેમ કંઇક જીવોને દીકરા નિવૃત્તિ આપવા તૈયાર હોય પણ એમને પેલા બળદની જેમ ધુંસરું છોડવું ગમતું નથી.

કુશલચંદ શેઠ ધંધામાંથી નિવૃત થયા પણ પેલો ભાગીદાર ખૂબ ન્યાયસંપન્ન હતો તે સમજે છે કે આ શેઠનો મારા ઉપર મહાન ઉપકાર છે. હું તો દોરી લોટો લઇને પહેરેલે કપડે આવ્યો હતો. એવી ગરીબાઇમાંથી આજે કરોડપતિની કોટીમાં મને લાવનાર હોય તો આ કુશલચંદ શેઠ છે. તો મારે એમના ઉપકારનો બદલો વાળવો જોઇએ. એ પ્રમાણે વિચાર કરી ભાગીદારે કુશલચંદ શેઠના દીકરાનું નામ પોતાની મેળે પૂછયા વિના ભાગીદાર તરીકે રાખ્યું આ વાત શેઠ કે એમનો દીકરો કોઇ જાણતું નથી. એક વર્ષ પૂરું થયું હિસાબ કરતાં દશ લાખનો નફો થયો. એટલે પાંચ લાખ રૂપિયા શેઠના દીકરાના ભાગમાં આવે એ પાંચ લાખ રૂપિયા લઇને ભાગીદાર શેઠને ઘેર આવ્યા. ને શેઠના હાથમાં પાંચ લાખની રકમ આપે છે. શેઠ પૂછે છે ભાઈ! તું મને શેના પૈસા આપે છે? તો કહે તમે નિવૃત્તિ લીધી પણ આપના દીકરાને મારા ભાગીદાર તરીકે ગણી ચોપડામાં એનું નામ રાખ્યું છે. પણ કુશળચંદ કહે છે મને ખપે નહિ. તું લઇ જા. ત્યારે ભાગીદાર કહે આ રકમ તમારા ભાગની નથી. તમારા દીકરાના ભાગની છે. ત્યારે શેઠ કહે છે ભાઇ! તમે છોકરાના ભાગની કહો છો પણ મેં છોકરાને જુદો કર્યો નથી. છોકરો મારા ભેગો છે. એટલે એની ભાગીદારીની રકમ એ બધું મારું ગણાય. માટે મારે એ ધન ખપે નહિ. ત્યારે ભાગીદાર કહે તમારે જરૂર ન હોય તો એ પૈસા ધર્માદામાં વાપરી નાંખજો. પણ તમારે લેવા તો પડશે જ. જવાબમાં શેઠ કહે છે પહેલા એ રકમને મારી માનીને સ્વીકારું પછી વપરાય ને? જ્યાં મારે પ્રતિજ્ઞા છે ત્યાં સ્વીકારવાની વાત ક્યાં રહી? આ રીતે દીકરાના નામની કમાણી પણ મને ખપતી નથી. તમે લઇ જાઓ. અહીં શેઠને આટલો આગ્રહ કરે છે છતાં ધન લેતા નથી. તમે આવી પ્રતિજ્ઞા કરી હોય ને આવું બને તો શું કરો? તમે તો એમ જ કહોને કે આ દીકરાના નામનું છે. મારે એમાં શું નિસ્બત છે? લેવામાં શું વાંધો છે? કેમ સાચી વાત છે ને? અહીં શેઠે તો એક વાત કરી કે પાપ ખરાબ છે. તો પાપથી થતો લાભ પણ ખોટો છે.

કુશળચંદ શેઠે પાંચ લાખની રકમ જતી કરી દીધી. એક પાઈ પણ ન લીધી ત્યારે પેલા ભાગીદારે વિચાર કર્યો કે શેઠને જો આ રકમ ન ખપે તો મને કયાંથી ખપે? મારે આ પાંચ લાખ રૂપિયા સ્વધર્મીની સેવામાં વાપરી નાંખવા. આ ભાગીદાર શહેરમાં ખૂણે ખૂણે ફરી સ્વધર્મીની તપાસ કરે છે ને જેઓ ગરીબ છે, દુઃખી છે તેમને

અનાજ, ઘી, ગોળ, કપડા વિગેરે જેને જે જરૂરિયાત હોય તે પૂરી પાડતો ને કહેતો કે આ દાન મારું નથી પણ કુશળચંદ શેઠનું છે. શેઠના નામથી બધાને આપે છે. આ ભાગીદાર કેવો ઉદાર છે! પોતે મહેનત કરે છે ને શેઠને જશ આપે છે. ભાગીદારની આ પ્રવૃત્તિથી શેઠના ખૂબ ગુણ ગવાય છે. લોકો શેઠની વાહવાહ બોલવા લાગ્યા. ત્યારે શેઠ કહે છે ભાઈ! એમાં મારૂં કંઈ નથી. જે છે તે મારા ભાગીદારનું છે. માટે એને જશ આપો. બંધુઓ! શેઠે વહેપારને પાપ સમજી એનાથી નિવૃત્તિ લીધી. અન્યાય, અનીતિ, છળ-કપટ ખરાબ છે તો તેનાથી થતો લાભ પણ ખરાબ છે એવું જીવને સમજાય ત્યારે સાચી શ્રદ્ધા પ્રગટે. શ્રદ્ધા થાય પછી આત્મા તરફનું લક્ષ આવશે.

યૌવનના થનથનાટની અપરિમીતતા નીરખી શ્રેણીક રાજાથી બોલી જવાયું હે મુનિરાજ! તમે આ ભોગ ભોગવવાની ઉંમરે શા માટે દીક્ષા લીધી છે? પાછલી જિંદગીમાં તપ-ત્યાગ આદિ ધર્મની આરાધના કરવી જોઈએ. યુવાનીમાં દીક્ષા કેમ લીધી છે? એ અર્થને હું તમારી પાસે સાંભળવા ઇચ્છું છું. હવે અનાથી નિર્ગ્રંથ રાજાને શું જવાબ આપશે તેના ભાવ અવસરે કહેવાશે.

**ચરિત્ર**: યુદ્ધમાં જતાં ચકલા ચકલીનું દશ્ય જોતાં પવનજીનું હૃદય પલ્ટાયું ને તે યુધ્ધેથી પાછા ફર્યા, અને પવનજી તથા તેમનો મિત્ર બંને અંજનાના મહેલે આવ્યા. દુઃખની કાજળ શ્યામ રાતડી વીતી ગઈ. સુખનું ખુશનુમા પ્રભાત પ્રગટી ગયું પવનજી અંજનાના પગમાં પડીને માફી માંગે છે. દેવી! મને માફ કર. આ પાપીએ તારે માથે પસ્તાર કરવામાં બાકી નથી રાખ્યા. અધૂરું હતું તે આજે સવારે યુદ્ધમાં જતી વખતે તું મને આશિર્વાદ આપવા આવી ત્યારે મેં લાત મારી તારું હડહડતું અપમાન કર્યું. અંજના પવનજીને ઊભા કરી કહે છે હે સ્વામીનાથ? તમે શા માથે દુઃખ ધરો છો? એ તો મારા કર્મનો ઉદય હતો. તેમાં તમારો જરા પણ દોષ નથી. હું તમારા પગની મોજડી જેવી છું મારા નિમિત્તે આપને કેટલું દુઃખ સહેવું પડયું! હું આપની ક્ષમા માંગું છું એમ કહી પવનજીના પગમાં પડી.

બાર બાર વર્ષે પણ આપે આ દાસીની ખબર લીધી એ મારે મન મોટા આનંદની વાત છે. બાર બાર વર્ષો સુધી સીતમ પર સીતમ સહન કરીને ખંડિયેર બની ગયેલું હૃદય પ્રફુલ્લિત બન્યું. તેનો આનંદ તો કોઈ જુદો હોય છે. બંને ખૂબ પ્રેમથી મળે છે. પવનજીના મિત્ર અને વસંતમાલાને તો આનંદનો પાર નથી.

**ત્રણ દિવસ તેને ઘેર રહયા, ખટરસ ભોજન પીરસે પકવાન તો**
**વીંજણે વાયુ બેઠી કરે, બીડા વાળી વાળી આપે છે પાન તો...**
**સતીરે શિરોમણિ અંજના...**

ત્રણ દિવસ પવનજી અંજનાના મહેલે રહયા. તે સમયમાં અંજના પોતાની જાતે રસોઇ કરી પવનજીને ખૂબ પ્રેમથી જમાડે છે. ને પતિની ખૂબ ભક્તિ કરે છે. તેનો પ્રેમ અને ભક્તિ જોઈ પવનજી વિચાર કરે છે. અહો! મેં પાપીએ આ સતી રત્નને પીછાણ્યું નહિ. મેં બાર વર્ષ સુધી તેના સામું જોયું નહિ. છતાં એનો મારા ઉપર કેટલો પ્રેમ છે! પ્રેમ અને આનંદમાં ત્રણ દિવસ ક્યાં પસાર થઈ ગયા તેની ખબર ન પડી, હવે પવનજીને અંજનાને છોડીને જવાનું મન નથી થતું, પણ ક્ષત્રિયનો બચ્ચો હતો, અંજનાને કહે છે હવે મને જવાની આજ્ઞા આપ. અંજના પણ સાચી ક્ષત્રિયાણી હતી. અંજનાને પરણીને આવ્યા પછી પતિના મિલનનો પહેલો આનંદ હતો, છતાં એણે વિચાર્યું કે મારે એમને રોકવા ન જોઇએ, તે કહે છે સ્વામીનાથ: આપ પરાક્રમી છો, વીર છો, યુધ્ધમાં વિજય ડંકા વગાડી વહેલા પાછા પધારજો, એવા મારા અંતરના આશિર્વાદ છે. પણ આ દાસીની એક અરજી સાંભળો આપ આવ્યા છો તેની બા. બાપુજીને જાણ કરીને જાવ, કારણ કે મને એવો ભાસ થાય છે કે જાણે મને ગર્ભ રહયો છે. તો આ વાતની બાપુજીને જાણ ન થાય અને આપને આવતા વહેલું મોડું થાય તો આ જગતમાં મારી શું દશા થાય?

પવનજી કહે – અંજના 'તું' ચિંતા ન કર, સખીઓની સાથે તું પ્રેમ પૂર્વક રહેજે. હું લંકાપતિનું કાર્ય પતાવીને વિના વિલંબે આવી જઇશ. પણ અંજના કહે છે, તમે બા–બાપુજીને એટલું કહીને જાવ કે મેં બાર વર્ષથી અંજનાને બોલાવી ન હતી યુધ્ધે ગયા પછી આવું દ્રશ્ય જોતાં મારું હૃદય પલ્ટાયું ને હું પાછો આવ્યો છું. પવનજી કહે છે મને યુધ્ધેથી પાછા આવીને મારા માતા પિતાની પાસે જતાં મને શરમ આવે છે, બાપુજી તો એમ જ કહે કે સવારે તો લાત મારી હતી ને અત્યારે એના માટે પાછો આવ્યો? દેવી! હું જલ્દી પાછો આવી જઇશ. અને મારા આવ્યા પછી તો એવા તુચ્છ અને ક્ષુદ્ર માણસોની તાકાત છે કે જે તારી સામે આંગળી પણ ચીંધી શકે! પવનજીએ અંજનાને ઘણું આશ્વાસન આપ્યું છતાં જોયું કે અંજનાના ચિત્તનું સમાધાન થયું નથી. એટલે તેણે પોતાની અંગુલિ પરથી પોતાના નામની અંકિત વીંટી કાઢી અંજનાને આપીને કહ્યું કે નથીને કોઇ એવી પરિસ્થિતિ સર્જાય તો મારા આ આગમનનું સૂચન કરતી મુદ્રિકા બા–બાપુજીને બતાવજે. તેથી તારા ઉપર કોઇ જાતનું કલંક નહિ આવે એમ કહી વસંતમાલાને બોલાવીને કહ્યું તું અંજનાને ખૂબ સાચવજે એમ કહી ભંડારની ચાવી અંજનાને આપી હીરા–માણેક–મોતી બધું આપીને વિમાનમાં બેસી પવનજી અને મિત્ર વિદાય થયા અંજનાના દિલમાં ભાવિના ભણકારા વાગે છે હવે શું બનશે તેના ભાવ અવસરે.

☆

## વ્યાખ્યાન નં. ૨૧

**શ્રાવણ સુદ ૭ ને બુધવાર** **તા. ૧૩-૮-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો !

અનંત કરૂણાનિધી શાસ્ત્રકાર ભગવંતે જગતના જીવોના કલ્યાણને માટે આગમવાણી પ્રકાશી. તેનું ચિંતન, મનન કરી આચરણમાં ઉતરે તો આપણા જેવું બીજું ભાગ્યશાળી કોણ? પણ તમે કોને ભાગ્યશાળી માનો છો? જેને પૈસા, ગાડી, લાડી અને વાડી હોય તેને ને? પણ તે કાંઈ સાથે આવવાનું નથી. સાચો ભાગ્યશાળી કોણ?

**હું કેવો ભાગ્યશાળી ભગવાનની ભૂમિને મેં આ ભવમાં નિહાળી.**
**માતા થકી વિખૂટો બાળક ભમે અટૂલો, એવી રીતે આ ભવમાં પડયો હું ભૂલો,**
**જુગ જુગથી ઝંખતો તો એ ભૂમિને મેં આજ ભાળી...હું કેવો ભાગ્યશાળી...**

આ પવિત્ર ભારત ભૂમિમાં જન્મ થયો છે. જેમ કોઈ નાનું બાળક તેની માતાથી વિખૂટું પડી ગયું હોય તે ચારે બાજુ માતાને શોધવા માટે રડતું હોય તે વખતે તેને રાજી કરવા ગમે તે આપે છતાં બાળક રાજી થતું નથી. પણ એની માતા આવે ત્યાં બાળક ઉછળીને એની માતાને વળગી પડે છે. માતા મળતાં બાળક બીજું બધું ભૂલી જાય છે. તેવી રીતે જ્ઞાની કહે છે કે હે આત્મન્! અનંતકાળથી તું દુર્ગતિમાં ભૂલો પડી ભમી રહ્યો હતો. અને પૂર્વકૃત કર્મોનો ભોગવટો કરતાં તારી આંખમાં આંસુની ધાર વહેતી હતી. તેમાં મહાન પુણ્યોદયે આ મનુષ્ય ભવ મળ્યો. તેમાં સદ્દગુરૂએ જિનવાણી રૂપી માતાનો ભેટો કરાવ્યો. હવે એ માતા મળ્યા પછી તેનાથી વિખૂટા પડવાનું મન કેમ થાય? પવિત્ર ભારત ભૂમિ એ મહાન વીર પુરૂષોની જન્મભૂમિ છે. એ ભૂમિમાં આપણો જન્મ થયો છે. એ વીર પુરૂષો પ્રબળ પુરૂષાર્થ ખેડી મોક્ષમાં ગયા તો આપણે પણ એવો પુરૂષાર્થ ઉપાડીએ તો જન્મારો સાર્થક થાય.

મગધ દેશના માલિક સમ્રાટ શ્રેણીક મંડિકુક્ષ બગીચામાં આવ્યા. અનાથી નિર્ગ્રંથનો ભેટો થતાં તેમને અલૌકિક શીતળતાનો અનુભવ થયો. તમને ગરમી લાગે ત્યારે શરીરે ચંદનનું વિલેપન કરો છો પણ એ શીતળતા કયાં સુધી? ચંદનનું વિલેપન ના સૂકાઈ જાય ત્યાં સુધીને? પણ જિનવાણીમાં એવી શીતળતા રહેલી છે કે તેનું પાન કરતાં અનંતકાળના આત્માના ઉકળાટ શમી જાય છે. ને આત્મા પૂર્ણતાના પગથારે પ્રયાણ કરે છે.

બંધુઓ! આ મનુષ્યજન્મ એ એક પ્રયાણ છે. યાત્રા છે. આ યાત્રા કરતા કરતા એક દિવસ પંચગતિમાં જવું છે એ આ આપણું ધ્યેય નિશ્ચિત અને અચલ છે. સંસારના ગમે તેવા ચક્રવર્તીના સુખ મળે તો પણ એ સુખ સિદ્ધ ભગવંતના સુખ આગળ અપૂર્ણ છે. આપણે તો પૂર્ણતા છે ત્યાં પહોંચવાનું છે, પણ અજ્ઞાની જીવ કામ

ભોગો રૂપી અપૂર્ણ સુખમાં મસ્ત બની પૂર્ણને ભૂલી ગયો છે. પૂર્ણને લક્ષમાં રાખી પ્રયાણ કરે તો પૂર્ણ બની શકાય.

આપણી મૂળ વાત શું છે ? અનાથી નિર્ગ્રંથના મુખ ઉપર આત્માની દિવ્યતાનો પ્રકાશ ઝળહળે છે. તે જોઇ શ્રેણીક રાજા અંજાઇ ગયા. ને ચરણમાં નમી પડયા. પછી પૂછયું કે હે મુનિરાજ! તમારું રૂપ શ્રેષ્ઠ છે. પાંચ ઈન્દ્રિયો પણ બરાબર નિરોગી છે. શરીરમાં કોઈ રોગ દેખાતો નથી. બધી વસ્તુઓની સાનુકૂળતા હોવા છતાં તમે આટલી નાની ઉંમરમાં સાધુ શા માટે બન્યા ? શ્રેણીક રાજાને જાણવાની જિજ્ઞાસા થઇ છે કે હે સંયતિ! તમે આવી ભોગ ભોગવવાની ઉંમરમાં સંયમ શા માટે ધારણ કર્યો છે ? જેવો શ્રેણીકનો પ્રશ્ન છે તેવો મુનિનો જવાબ છે.

**अणाहोमि महाराय, नाहो मज्झ न विज्जइ ।**
**अणुकम्पगं सुहिं वावि, कंचि नाभिसमेमहं ॥**

ઉત્ત. સૂ. અ. ૨૦ ગાથા ૯.

મુનિ કહે છે હે રાજન! તું મને પૂછે કે તમે દીક્ષા શા માટે લીધી ? તો સાંભળ.

હું અનાથ હતો. મારો કોઇ નાથ ન હતો. તેથી મેં દીક્ષા લીધી છે. રાજા શ્રેણીક કહે છે તમે શું બોલો છો ? હું તમારી વાત માનું તેમ નથી. તમે ગમે તેમ કહો પણ તમારું લલાટ છાનું રહેતું નથી. આવી સુંદર મુખાકૃતિ અને તેજસ્વી લલાટ જોતાં મને નથી લાગતું કે તમે અનાથ હો. બંધુઓ! પુણ્યવાન મનુષ્યો કદાચ સાદા કપડા પહેરીને આવે તો પણ તેના લલાટ ઉપરનું તેજ છાનું રહેતું નથી. જે પુણ્યવાન જીવો છે તેમનું તેજ અલૌકિક હોય છે. કોઈ ધર્મીષ્ઠ સંસારી જીવ હોય તો તેનું મુખડું પણ છાનું નથી રહેતું. રૂએ લપેટેલી આગ છૂપી ન રહે, સૂર્ય વાદળમાં છૂપો ન રહે, રણે ચઢેલો રજપૂત છૂપો ન રહે તેમ ચારિત્રવાન ત્યાગી સંત છૂપા રહી શકતા નથી.

જેને જે વસ્તુ પ્રિય હોય છે તેમાં તેની રમણતા હોય છે. જેને તપ પ્રિય હશે તે કોઈને તપ કરતાં જોશે તો તેનું હૃદય નાચી ઉઠશે. જેને બ્રહ્મચર્ય પ્રિય હોય તેને કોઈ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા કરે તો તેને આનંદ થાય છે. કોઈને દાન આપવાનું પ્રિય હશે તો તેના આંગણે સંત પધારશે તો ગાંડાઘેલા થઇ જશે. એને ઘેર બે ત્રણ દિવસ સંતના પગલા ન થાય તો એને ખાવું ન ભાવે. દરેકની રૂચી અલગ અલગ હોય છે.

એક રાજકુમારને દાન આપવું બહુ ગમતું હતું. એ નાનો હતો ત્યારથી જમવા બેસે તે વખતે એના ભાણામાંથી કોઈ ગરીબ કે સાધુ સંતને કંઇક આપ્યા વિના એને ખાવાનું ભાવે નહિ. પૂર્વે અથાગ પુણ્ય કરીને આવ્યો છે અને આ ભવમાં દાન

આપીને પરભવનું ભાથું બાંધી રહ્યો છે. ધીમે ધીમે તે રાજકુમાર મોટો થયો. એટલે એના હાથમાં મોટી વસ્તુઓ આવવા માંડી તેથી તે વસ્ત્રો-દાગીના બધું દાનમાં આપી દેવા લાગ્યો. કારણ કે એને દાન આપ્યા વિના ગમે નહિ. જેમ બીડી કે ચાના વ્યસનીને તેના વિના ચાલે નહિ તેમ આ રાજકુમારને પણ દાન દેવાનું વ્યસન પડી ગયેલું, એટલે કોઈને કંઈ દીધા વિના એને ચેન ના પડે. આ રાજકુમારનો મિત્ર દાનાદિ ધર્મનો ખૂબ દ્વેષી હતો. કુમાર દાન આપે તે તેને ન ગમે, કહેવત છે ને કે **"દાતાર દાન દે ને ભંડારી પેટ કુટે."** તે કુમારને દાન નહિ આપવા માટે ખૂબ કહેતો પણ કુમાર એનું કંઈ સાંભળે તેવો ન હતો.

**ઈર્ષ્યા શું નથી કરતી?** :- એ મિત્રે રાજાને ખૂબ ભરમાવ્યા ને કહ્યું કે આપના કુમારસાહેબ તો ખૂબ ધન ઉડાવે છે. જો આ રીતે ધન ઉડાવ્યા કરશે તો એક દિવસ ભંડાર ખાલી થઈ જશે. એટલે રાજાએ પુત્રને બોલાવીને શિખામણ આપી કે હે દીકરા! આવી રીતે દાનમાં ધન ઉડાવ્યા કરીશ તો કેવી રીતે ચાલશે? કારણ કે રાજ્ય ઉપર આપત્તિ આવે ત્યારે ધનની જરૂર પડે છે. માટે ધનનો સંગ્રહ કરવો જોઈએ, વળી એક દિવસ તારે રાજા બનવાનું છે. તું રાજા થઈશ ત્યારે ભંડાર ખાલી હશે તો રાજ્ય કેવી રીતે ચલાવીશ? ત્યારે કુમાર કહે છે પિતાજી! દાન દેવાથી ભંડાર કદી ખાલી થતા નથી. વળી રાજ્ય ઉપર આપત્તિ આવશે ને પાપનો ઉદય થશે તો સંગ્રહ કરેલી સંપત્તિ પણ ચાલી જશે. ત્યારે રાજા કહે છે મારે તારી એવી વાતો સાંભળવી નથી. બસ, હવે તારે આજથી દાન દેવાનું નહિ. ખૂબ કડક શબ્દોમાં કહી દીધું. એટલે કુમાર કહે છે ભલે બાપુજી! આપની આજ્ઞા પ્રમાણે કરીશ. પણ જેને જે વસ્તુનું વ્યસન હોય તેને તે વસ્તુ વિના કેમ ચાલે? તે પોતાના મોજશોખ ને માટે પૈસા વાપરવામાં સમજ્યો ન હતો. પોતાને માટે ભેગું કરવાનો મોહ ન હતો. બસ કોઈ દુઃખી માણસ દેખાયો કે તેને આપવાની વાત. એને દાન દેવામાં અપાર આનંદ આવતો હતો. પણ હવે પિતાજીની આજ્ઞા નથી, છતાં સ્વભાવ તો એવો રહ્યો.

**રાજકુમારની ઉદારતા** :- એક દિવસ રાજકુમાર બહાર ફરવા માટે ગયો ત્યારે તેને એક ગરીબ બ્રાહ્મણોનું ટોળું ઘેરી વળ્યું. તેઓ ખૂબ દુઃખી હતા. તેઓ રાજકુમારને કહે છે અન્નદાતા! તમે દિલના દિલાવર છો. અમે ખૂબ દુઃખી છીએ અમને કંઈક આપો એમ કહી રડવા લાગ્યા. કુમારનું દિલ તો દિલાવર અને દયાળુ હતું પણ ખિસ્સામાં કંઈ હતું નહિ. શું આપવું? ખિસ્સામાં પૈસા ન હતા. પણ આંગળીએ એક હીરાની વીંટી પહેરેલી હતી. ખૂબ કિંમતી હીરો હતો. એક લાખની કિંમતની વીંટી રાજકુમારે ગરીબોને દાનમાં દઈ દીધી ને કહ્યું -આ વીંટી કોઈ સારા ઝવેરીને ત્યાં વેચીને તેના નાણાં ઉપજાવી તમે બધા વહેંચી લેજો, ગરીબ બ્રાહ્મણો તો રાજી રાજી થઈ ગયા.

**તુકારામની ક્ષમા** :- સંત તુકારામ કેવા દિલના દિલાવર હતા! તુકારામ જ્યારે બહારથી આવતા ત્યારે બાળકો તેમને વીંટળાઇ વળતા. કાકા આવ્યા.... કાકા આવ્યા. એક વખત તુકારામ શેરડીનો ભારો લઇને આવતા હતા, બધા બાળકો વીંટળાઇ વળ્યા. એટલે તુકારામ શેરડીનો એકેક ટુકડો બાળકોને આપવા લાગ્યા. ઘેર પહોંચતા એક સાંઠો રહ્યો. તુકારામ આ રીતે આપી દે તે તેમની પત્નીને ગમતું નહિ. શેરડીનો સાંઠો પત્નીને આપ્યો પણ તેને તો એવો ક્રોધ ચઢયો કે એ સાંઠો તુકારામના બરડામાં માર્યો. એટલે મારતા સાંઠાના બે ટુકડા થઈ ગયા. એક ટુકડો પત્નીના હાથમાં રહ્યો ને બીજો ભોંય પડી ગયો. એ ટુકડો હાથમાં લઇને તુકારામ હસતા હસતા ચૂસવા લાગ્યા. આ જગ્યાએ તમે હો તો શું કરો? સામે ચાર તમાચા ચોઢી દો ને! (હસાહસ). તુકારામ કહે છે અહો! તું કેવી પતિવ્રતા છે કે આવી મામૂલી ચીજમાં પણ મારો ભાગ કરે છે! ધન્ય છે તને! આ જોઇ તેની પત્ની શરમાઇ ગઇ. ને પગમાં પડી માફી માંગી. ધન્ય છે સ્વામીનાથ તમારી ક્ષમાને! મેં તો તમને સાંઠો બરડામાં માર્યો તો પણ તમે તેનો સવળો અર્થ કર્યો. હવે હું કદી ગુસ્સો નહિ કરું. ત્યારથી તુકારામની પત્ની સુધરી ગઇ. ટૂંકમાં કોઇ ગમે તેમ કરે પણ જેનો જે સ્વભાવ હોય તે જતો નથી.

આ રાજકુમારનો દાન દેવાનો સ્વભાવ હતો એટલે ગરીબોને એક લાખની વીંટી દાનમાં દઈ દીધી. એટલે પેલા મિત્રને બળતરા થવા લાગી તેથી તેણે તરત રાજા પાસે જઈને ચાડી ખાધી કે તમે કુમારને દાન દેવાની ના પાડી હતી છતાં આવી કિંમતી વીંટી ગરીબોને દાનમાં આપી દીધી. રાજાને ગુસ્સો આવ્યો કે મેં એને દાન આપવાની ના પાડી છતાં એક લાખની વીંટી આપી દીધી? એ એના મનમાં સમજે છે શું? તરત કુમારને બોલાવ્યો ને કહ્યું પેલી હીરાની વીંટી કયાં ગઇ! કુમાર કહે એ તો મેં દાનમાં આપી દીધી. ત્યારે રાજા કહે છે મેં તને ના પાડી હતી છતાં આવી કિંમતી વીંટી તેં દાનમાં આપી દીધી? ત્યારે કુમાર કહે-પિતાજી! તમે ના પાડી હતી પણ ગરીબ બ્રાહ્મણો બિચારા ભૂખ્યા ને તરસ્યા હતા. તેમનું દુઃખ હું જોઇ ન શકયો, એટલે મેં વીંટી આપી દીધી. રાજા કહે-નાલાયક! તું આવું કરીશ તો રાજ્ય કેવી રીતે ચલાવી શકીશ? હવે તું ન જોઈએ, ચાલ્યો જા અહીંથી.

**કુમાર વનની વાટે** :- પિતાજીના શબ્દો સાંભળી કુમારને ખૂબ દુઃખ થયું. પણ કંઇ બોલ્યો નહિ. પિતાજીના કડક શબ્દો એના ખાનદાન દિલ માટે ખૂબ અસહ્ય થઈ પડયા. એટલે તે ત્યાંથી નગર બહાર ચાલતો થઇ ગયો. વન-વગડાની વાટે ચાલ્યો જાય છે. કયાં રાજશાહી વૈભવ વિલાસ ને કયાં વનવગડાની કાંટાળી વાટ! આટલું દુઃખ પડે છે. પણ કોઇના ઉપર દ્વેષ કરતો નથી. થોડે ચાલ્યો ત્યાં એક ગરીબ માણસ કપડા

વિનાનો છે તે કહે બાપુ! અંગ ઢાંકવા વસ્ત્ર નથી. દયા કરો. ત્યારે કુમારના અંગ ઉપર બે વસ્ત્રો હતા. તેમાંથી એક વસ્ત્ર ગરીબને આપી દીધું.

પેલો દ્વેષી મિત્ર પણ કુમારની સાથે ચાલતો જાય છે, જંગલમાં જઈને કહ્યું. મિત્ર! જોયું ને દાનનું ફળ! ત્યારે રાજકુમાર કહે છે ભાઈ! દાન દેવાથી ને ધર્મ કરવાથી તો મહાન લાભ થાય છે. એનાથી કાંઇ દુઃખ નથી આવતું. ધર્મથી તો સુખ મળે છે. આ રીતે કુમારે તેના મિત્રને ખૂબ સમજાવ્યો પણ માન્યો નહિ ત્યારે કહે છે એમ કરીએ. આ સામેના ગામમાં જઈને ત્યાંના લોકોનો અભિપ્રાય લઇએ કે ધર્મથી જય કે અધર્મથી જય! જો ધર્મથી જય એમ કહે તો મારી આંખો ફોડી નાંખવાની ને અધર્મથી જય કહે તો તારી આંખો ફોડી નાંખવાની. રાજકુમારને તો દૃઢ શ્રદ્ધા છે કે ધર્મથી જય છે એટલે તેણે એ વાત મંજુર કરી. મિત્રે ગામના લોકોને શીખવાડી દીધું પછી બધાને ભેગા કર્યા ને કુમારની સમક્ષ પૂછયું ધર્મથી જય કે અધર્મથી જય છે? બોલો. લોકો કહે અત્યારે તો અધર્મથી જય થાય છે. રાજકુમારને માથે ધર્મસંકટ આવ્યું પણ ગભરાયો નહિ. મિત્રને કહે છે તારે મારી આંખો જોઇએ છે ને? એમ કહી પોતાની બે આંખો કાઢીને આપી દીધી. આ પાપી મિત્ર રાજકુમારને ગાઢ જંગલમાં લઇ જઇ તેના બધા દાગીના લૂંટી જંગલમાં મૂકી ચાલ્યો ગયો. રાજકુમારને માથે દુઃખની ઝડીઓ વરસી છતાં મિત્ર ઉપર જરા ય ક્રોધ ન કર્યો પણ જે સમયે જે પરિસ્થિતિ પ્રાપ્ત થઇ તેમાં આનંદ માનવા લાગ્યો. આંખ ગઇ તો શું ખોટું? સારું ને ખોટું કંઇ જોવું મટી ગયું. તે જંગલમાં એકલો એક શીલા પર બેસીને નવકારમંત્રનું સ્મરણ કરવા લાગ્યો. આટલી કસોટી થઇ પણ શ્રદ્ધાથી ચલાયમાન ન થયો ત્યારે તેની દૃઢ શ્રદ્ધા જોઇને શાસનના રક્ષક દેવને નીચે આવવું પડયું. દેવ તેની પરીક્ષા કરવા કહે છે તું એક વાર એમ કહી દે કે મેં દાન દીધું તે ખોટું કર્યું તો તને દેખતો કરી દઉં. આ કહે છે મોત આવે તો ભલે. હું કદી નહિ કહું કે દાનધર્મ ખોટો છે. ત્યારે દેવે ધોધમાર વરસાદ વરસાવ્યો. ગળા સુધી પાણી આવી ગયા. ડૂબવાની અણી ઉપર છે તે સમયે ફરીને દેવ કહે છે હવે તારે જીવવું હોય તો કહી દે દાનધર્મ ખોટો છે. નહિતર ડૂબી જઇશ. કુમાર કહે ભલે ડૂબી જાઉં. મને ચિંતા નથી. તેની દૃઢ શ્રદ્ધા જોઇને દેવ તેના ચરણમાં નમી પડયો ને દેવ પ્રસન્ન થવાથી રાજકુમારને નવી દૃષ્ટિ મળી. અને ખૂબ સંપત્તિ પ્રાપ્ત કરી. આ તરફ કુમારના ગયા પછી રાજ્ય ઉપર મોટી મોટી આફતો આવવા લાગી ને રાજ્યના ભંડાર ખાલી થવા લાગ્યા. ત્યારે તેના બાપની આંખ ઉઘડી કે મારો દીકરો ગમે તેટલી લક્ષ્મી દાનમાં વાપરતો હતો છતાં ભંડાર ધનથી છલકાતા રહેતા હતા. અને દીકરાના ગયા પછી તો ભંડાર ખાલી થઇ ગયા. મેં કેવી ભયંકર ભૂલ કરી? એ મારો દીકરો કયાં હશે? રાજા ખૂબ તપાસ કરાવે છે ને પુત્રનો પત્તો મળતાં ખૂબ માન સહિત

પોતાના ગામમાં લાવે છે. પુત્રની આવી શ્રદ્ધા જોઇ રાજા પણ ધર્મમાં શ્રદ્ધાવાન બન્યા.

બંધુઓ! ધર્મમાં દઢ રહેતા એક વાર કષ્ટ પડશે પણ પછી તો જય જય કાર થશે. આપણે ત્યાં પર્યુષણ પર્વ આવી રહયા છે. જુના કર્મોને ખપાવવા માટે તપ એ અમોઘ ઔષધિ છે. અનાથી નિર્ગ્રંથે શ્રેણીક રાજાને કહયું કે હું અનાથ હતો તેથી મેં દીક્ષા લીધી છે. તેના જવાબમાં શ્રેણીક રાજા શું કહેશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર :— અંજનાના મહેલેથી વસમી વિદાય :–** પવનજીએ ત્રણ દિવસ અંજનાના મહેલે રહી જવાની રજા માંગી. હવે પવનજીને જવાનું મન થતું ન હતું પણ દુઃખિત દિલે એક બીજાથી છૂટા પડયા. અંજના પણ સમજતી હતી કે લડાઇમાં જવું તે જીવ સાટાના ખેલ છે. પણ આ તો સાચી ક્ષત્રિયાણી હતી. તેણે પવનજીને જતી વખતે કહયું સ્વામીનાથ! યુદ્ધ મેદાનમાં ખૂબ બહાદુરીથી લડજો, તે સમયે મારો મોહ ના રાખશો. વરૂણનું લશ્કર અને તેના પુત્રો ખૂબ બળવાન છે ખૂનખાર લડાઇ થશે. કેટલા હાથી ઘોડા અને કેટલા સૈનિકો મરાશે. ને લોહીની નદીઓ વહેશે, ત્યારે તમે પૂંઠ દેખાડતા નહિ પણ સામી છાતીએ લડજો પણ ભય પામી પાછા હઠશો નહિ. ને વિજય મેળવીને પાછા વહેલા પધારજો.

સાચી ક્ષત્રિયાણીનું ખમીર ઓછું નથી હોતું. એક વખત એક રાજપૂત પરણીને ગામના પાદરમાં આવ્યો. તે સમયે ગામમાં યુદ્ધની ભેરીઓ વાગે છે, રણશીંગા ફૂંકાઈ રહયા છે ને બધા યુવાન ક્ષત્રિયો લડાઇમાં જવા સજ્જ બન્યા છે. હવે પેલા રાજપૂતથી કેમ રહેવાય? પત્નીની સાથે ઘેર પણ ન ગયો. પાદરમાંથી મીંઢળ બાંધેલા હાથે લડાઈમાં જવા તૈયાર થયો. લડાઇશરૂ થઇ. બાણોનો વરસાદ વરસવા લાગ્યો, કેટલા સૈનિકો ઘાયલ થઇને પડયા. આ જોઇને પેલાના મનમાં થયું કે અહો! હું હજુ તો પરણીને ચાલ્યો આવું છું, કોડભરી પત્ની સાથે વાત પણ કરી નથી. હું મરી જઇશ તો એનું શું થશે? એટલે લડાઇમાંથી પાછો ફર્યો ને ઘેર આવ્યો. ત્યારે પત્ની પૂછે છે સ્વામીનાથ! કેમ પાછા આવ્યા! પતિ કંઇ જવાબ આપતો નથી. ક્ષત્રિયાણી (પત્ની) સમજી ગઇ કે મારા મોહના કારણે પાછા આવ્યા લાગે છે. તે એના પતિને કહે છે– ક્ષત્રિયનો બચ્ચો લડાઇમાં ખપીજાય તે કબૂલ પણ રણમાં ગયેલો કદી પાછો ન ફરે ને તમે પાછા આવ્યા છો. તમને મારો મોહ છે ને? તો લો, આ મારું માથું સાથે લઇને જાવ. અંદરના રૂમમાં જઇને ક્ષત્રિયાણીએ તલવાર લઇને ધડાક લઇને પોતાનું મસ્તક ઉડાવી દીધું. આ હતું ક્ષત્રિયાણીનું ઝનૂન.

અંજનાજીએ પણ પવનજીને ખૂબ શિખામણ આપી. બંનેના દિલમાં ખૂબ દુઃખ થયું પવનજીને પોતાની ભૂલનો ખૂબ પશ્ચાતાપ થયો કે મેં અંજનાને કેટલું કષ્ટ આપ્યું! તે વસંતમાલાને બોલાવીને કહે છે– વસંતમાલા! તને ઝાઝું કહેવાનું ન હોય, દુઃખના

સમયમાં તેં તો અંજનાની સાથે રહીને તેને ખૂબ હિંમત આપી છે. પણ હવે અંજનાને સાચવજે. આ ભંડારની ચાવી તમને સોંપીને જાઉં છું તેમાંથી તમારે જેટલું ધન વાપરવું હોય તેટલું વાપરજો, હું થોડા સમયમાં પાછો આવી જઈશ. અંજનાએ પવનજીને દુઃખિત દિલે વિદાય આપી. પવનજી તો યુદ્ધમાં ગયા. હવે અહીં શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં. ૨૨

**શ્રાવણ સુદ ૮ ને ગુરૂવાર** **તા. ૧૯-૮-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો,

અનંત જ્ઞાની મહાન પુરૂષોએ ભવ્ય જીવોના કલ્યાણને માટે સિદ્ધાંત પ્રરૂપ્યા. સિદ્ધાંત એટલે ત્રણે કાળે સિદ્ધ થયેલી વાણી તેનું નામ સિદ્ધાંત. ઉત્તરાધ્યયન સૂત્રના વીશમા અધ્યયનમાં અનાથી નિર્ગ્રંથનો અધિકાર ચાલે છે. તેમાં મગધ દેશના અધિપતિ શ્રેણીક રાજા અનાથી નિર્ગ્રંથને જોઈને સ્થિર બની ગયા ને મુનિને પૂછવા લાગ્યા કે હે મહામુનિ! તમે આવી નાની ઉંમરમાં દીક્ષા શા માટે લીધી? તેમ પૂછતા શ્રેણીક રાજા મુનિને જોઈને સ્થિર બન્યા. આવી સ્થિરતા થવાનું મૂળ કારણ શું? એ તમે જાણો છો? આત્માનો મૂળ સ્વભાવ સ્થિરતાનો છે. એક પ્રદેશનું હલન ચલન કર્યા વગર અનંત કાળ સુધી સ્થિર રહી શકવાની અદ્‌ભૂત શક્તિ આત્મામાં છે. એ શકિતનો સંપૂર્ણ અનુભવ સિદ્ધના જીવો કરે છે. આત્માની સ્થિરતાના અનુભવમાં જીવને અનંત સુખનો અનુભવ થાય છે.

જ્ઞાનીઓ કહે છે હે ચેતન! અનંતકાળથી તું અસ્થિર બનીને ભમે છે. હવે સ્થિર થા. અસ્થિરતામાં દુઃખ છે ને સ્થિરતામાં સુખ છે. પણ કર્મના સંયોગના પ્રભાવે આત્મામાં અસ્થિરતા દેખાય છે. પણ જો ચુલા ઉપર મૂકીને તેની નીચે અગ્નિ સળગાવવામાં આવે તો પાણી ઉકળવા લાગે છે. એટલે પોતાનો સ્થિરતાનો સ્વભાવ છોડીને અસ્થિરતામાં આવી જાય છે. આ રીતે કર્મના સંયોગના કારણે આત્મામાં અસ્થિરતા આવી ગઇ છે. પણ કર્મ સંયોગ છૂટી જતાં આત્મા પોતાના સ્થિરતાના ગુણમાં આવી જાય છે. આત્માના અસલ સ્થિરતાના સ્વભાવને પ્રગટ કરવા માટે ભગવંતોએ મોક્ષ માર્ગની પ્રરૂપણા કરી છે. તે મોક્ષ માર્ગને પામવા માટે દાન-શીયળ-તપ અને ભાવ આદિ ચાર મુખ્ય દરવાજા બતાવ્યા છે. તે સિવાય સામાયિક, પ્રતિક્રમણ, કાઉસગ્ગ, પૌષધાદિ અનુષ્ઠાનો બતાવ્યા છે. કાઉસગ્ગ, ધ્યાન આદિ ક્રિયાઓમાં મન-વચન-કાયાની સ્થિરતા થયા સિવાય અંતરમાં આનંદ આવતો નથી.

આ બધી ક્રિયાએ જો અંતરના આનંદપૂર્વક આત્મલક્ષે થાય તો અનંત-કર્મોની ભેખડો તૂટી જાય છે. તેનું કારણ આત્માની સ્થિરતા છે. આ તો આત્માની સ્થિરતાની વાત થઇ. પણ હું તમને પૂછું છું કે તમારા સંસારનું એક પણ કાર્ય ચિત્તની સ્થિરતા વિના થાય છે? જુઓ, પરીક્ષાના દિવસો આવે ત્યારે વિદ્યાર્થીઓ પરીક્ષામાં પાસ થવા માટે ચિત્ત એકાગ્ર કરીને, રાત્રે ઉજાગરા કરીને વાંચનમાં સ્થિર બને છે. આ વિદ્યાર્થીની વાત થઇ. હવે તમારી વાત કરૂં. જ્યારે વહેપારમાં સીઝનના દિવસો આવે છે ત્યારે દુકાનમાં ઘરાકોની ઠઠ જામે છે તે સમયે તમે છ-આઠ કલાક સુધી પોતાના સ્થાને સ્થિર બેસીને એકધારું કામ કરો છો ને? તમને તે વખતે સ્થિરતા રહે છે ને? અને જ્યારે ઉપાશ્રયે આવીને એક પથરણે પાંચ સામાયિક કરવાનું કહેવામાં આવે ત્યારે કેટલી સ્થિરતા રહેશે? નામું કરનારા મુનિમો પણ નામું લખતી વખતે ચિત્તને સ્થિર કરી દે છે. તે સમયે જમાને સ્થાને ઉધાર અને ઉધારની જગ્યાએ જમા કરાતું નથી. તેમજ એકના ખાતાની રકમ બીજાના ખાતામાં ખતવાતી નથી. ત્યાં તો જેના ખાતાની જે રકમ હોય તે તેના ખાતે ખતવો છો. કોઇ બીજાના ખાતે ખતવતા નથી ને! ત્યાં કેટલું યાદ રહે છે કે કોનું ખાતું કેટલામા પાને છે તે પણ ચોપડા લખનારના મોઢે હોય છે. આનું કારણ ચિત્તની સ્થિરતા છે. કોઇ વખત ચોપડામાં લખતી વખતે સ્થિરતા સ્હેજ તૂટી જાય તો લખવામાં મોટી ભૂલ થઇ જાય ને તે ભૂલને શોધવા માટે લોહીના પાણી કરવા પડે છે.

ચિત્તની સ્થિરતા કેળવ્યા વગર કોઇ કળા હસ્તગત થતી નથી. જે માણસે કોઇ કળા સિદ્ધ કરી હોય તો તેને તમે પૂછજો કે ભાઇ! તેં આ કળા કેવી રીતે સિદ્ધ કરી? ત્યારે એ તમને કહેશે કે જો હું આ કળામાં આટલો પ્રવીણ બન્યો હોઉં તો તેનું મુખ્ય કારણ સ્થિરતા છે. આ રીતે સંસારમાં કોઇ પણ કાર્યની સિદ્ધિ કરવા માટે સ્થિરતાની આવશ્યકતા છે. તે રીતે આત્માની સ્થિરતા અનિકાચિત કર્મોને વેરવિખેર કરી નાંખે છે. સમજો! જન્મ-મરણ આદિ દુઃખોથી ભરેલા સંસારમાંથી છૂટવા માટે અને અનંત આત્મિક અવ્યાબાધ સુખથી ભરપૂર એવા મોક્ષમાર્ગની પ્રાપ્તિ જો જલ્દી કરવી હોય તો ચિત્તની સ્થિરતા વિના છૂટકો નથી. અનંતા જીવો ભૂતકાળમાં મોક્ષે ગયા છે ને અત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં થઇને જઇ રહ્યા છે. ને કંઇક જીવો ધર્મ આરાધનામાં શ્રદ્ધાવંત બને છે તેનું મૂળ કારણ પણ સ્થિરતા છે. અત્યાર સુધીમાં કોઇ પણ આત્માએ ધર્મ ક્રિયાઓમાં કે આત્માના ગુણોમાં સ્થિરતા કેળવ્યા વિના મોક્ષ કે પુણ્યાનુબંધી પુણ્યની પ્રાપ્તિ કરી નથી.

દેવાનુપ્રિયો! તમને ધર્મસ્થાનકોમાં આવતા વર્ષો વીતી ગયા છતાં હજુ ધર્મકરણીમાં અનાસકત ભાવપૂર્વકની સ્થિરતા આવતી નથી. તેનું મૂળ કારણ શું? સંસાર સુખની સામગ્રીનો ગાઢ રાગ અને તે સુખ સામગ્રીના ગાઢ રાગનું મૂળ કારણ અજ્ઞાન

છે. જ્યાં સુધી અનાસક્ત ભાવપૂર્વક ધર્મક્રિયા નહિ થાય ત્યાં સુધી કર્મની નિર્જરા નહિ થાય. ફક્ત પુણ્ય બંધાશે. તે પુણ્યથી ધનાદિની સામગ્રી મળે છે પણ જો સુખમાં આસક્ત બની ગયા તો આત્મલક્ષ ચૂકી જવાના. તમે જે બધી ધર્મક્રિયાઓ કરો છો તે ઉત્તમ છે પણ જો તેમાં સ્થિરતા આવે તો કર્મની નિર્જરા થાય, માટે સ્થિરતાની ખૂબ જરૂર છે. આ બધી આત્માની વાત કરી. હવે એક વાત કહું.

સંસાર સુખને માટે સાધના કરવા ગયેલા સાધકો પણ વિદ્યાની સાધના કરતી વખતે કેટલા સ્થિર થઇ જાય છે! એક વખત રાવણ વિદ્યા સિદ્ધ કરવા માટે અઘોર જંગલમાં ગયો. સ્થિર બનીને વિદ્યાનો જાપ કરવા લાગ્યો. એની સ્થિરતા જોઇને તેની પરીક્ષા કરવા માટે દેવ આવ્યો. દેવે તેને અનેક પ્રકારના અનુકૂળ અને પ્રતિકૂળ ઉપસર્ગો આપવા માંડયા છતાં ચિત્તને તેણે સ્હેજ પણ ચલાયમાન કર્યું નહિ તેથી તેની બધી વિદ્યાઓ સિધ્ધ થઈ. અને તે સમયે કુંભકર્ણ અને વિભીષણનું ચિત્ત સ્હેજ અસ્થિર થઇ ગયું તેના પરિણામે તેમને વિદ્યાઓની સિધ્ધિ થઈ નહિ, સંસારના સુખ મેળવવા માટે જો આવી સ્થિરતા જોઇએ છે તો મોક્ષના સુખ માટે કરાતી ધર્મ આરાધનામાં કેટલી સ્થિરતા જોઈએ! સંસારનાં સુખમાં જીવની જોરદાર સ્થિરતા છે. તે સ્થિરતાના પાયા જેમ જેમ નબળા પડતા જાય તેમ તેમ ધર્મમાં સ્થિરતા આવતી જાય.

બંધુઓ! હજુ સુધી જીવને ધર્મક્રિયાઓમાં જેટલો આવવો જોઇએ તેટલો રસ આવતો નથી. તેનું કારણ એ છે કે અનાદિકાળથી જીવ અનુકૂળ રૂપ-રસ, ગંધ, સ્પર્શ અને શબ્દોમાં સ્થિર બન્યો છે. આવી સ્થિરતા જો મોક્ષસાધક ધર્મમાં આવીજાય તો બીજા ભવમાં પણ તેને આવો ધર્મ મળતાં તે તરફ જીવ આકર્ષાશે. પાંચે ઇન્દ્રિઓના વિષયો તરફ દોટ લગાવવાના કારણે અત્યાર સુધી ભવમાં જીવ ભમી રહયો છે. અને અનેક પ્રકારના દુઃખો ભોગવી રહયો છે. હવે જો મોક્ષ સાધક ધર્મ તરફ દોટ લગાવે તો જ્યાં સુધી મોક્ષ નહિ મળે ત્યાં સુધી સંસાર સુખની અનુકૂળ સામગ્રી ગમે તેટલી મળે તો પણ તેના અંતરમાં મોક્ષ માર્ગની જ્યોત ઝળહળતી રહેવાની.

ખંધક મુનિના ૫૦૦ શિષ્યોને ઘાણીમાં પીલાવાનો વખત આવ્યો તે સમયે કેવી સ્થિરતા કેળવી? એક બાજુ ઘાણીમાં શરીર પીલાય, હાડકા તૂટે, નસેનસો તૂટી લોહીના ફુવારા ઉડયા. શરીરના ફુંદે ફુંદા થયા છતાં આત્મામાં અદ્‌ભૂત સ્થિરતા રાખી. એ સ્થિરતા કયાંથી આવી? ભાવનાથી. કઇ ભાવના ભાવી? પીલાતા પીલાતા તેઓ એવી વિશુદ્ધ ભાવના ઉપર ચઢયા કે હે જીવ! પરાધીન પણે તેં આ શરીરને ખાતર ઘણી ઘણી વેદનાઓ સહન કરી છે. ઘણાં જીવો સાથે દુશ્મનાવટ કરીને રડી રડીને વેદનાઓ સહન કરી છે. પણ આ બધી વેદનાઓ આત્માને માટે સ્વાધીન પણે સહન કરી નથી. પરાધીન પણે રડતા રડતા આટલી વેદનાઓ સહન કરી છતાં તે વેદનાએ અનંતી વેદના વધારી

છે. જો વર્તમાનકાળમાં આવેલી વેદનાઓ હસતા હસતા સહન કરી લઉં તો આ સર્વ વેદનાઓથી મુક્ત થઇ જાઉં. અત્યાર સુધી સંસારના સુખની ખાતર સહેલી પીડાઓમાં અનંતમા ભાગની પણ આ પીડા નથી તો આ પીડાથી ગભરાવાનું શા માટે? બોલો કેટલા ઊંચા ભાવ! છે તમારી આવી ભાવના?

તમને આટલું બધું સમજાવવા છતાં સંસારથી મુકત થવાનું મન કેમ થતું નથી? સંસારમા આટલી બધી સ્થિરતા શા માટે? જ્ઞાનીઓ કહે છે કે આ સંસારની સ્થિરતા મિથ્યાત્વના પ્રભાવે થાય છે. સંસાર પ્રત્યેની સ્થિરતા અને મિથ્યાત્વ એ કોઇ જુદી ચીજ નથી. તેના કારણે જીવ ધન, ભોગવિલાસ, રૂપ આદિ અસ્થિર હોવા છતાં તેને સ્થિર માનીને તેને માટે જોરદાર કર્મો બાંધે છે. તે સ્થિરતાને સંસારથી ખસેડીને ધર્મ તરફ લઇ જવાની જરૂર છે. મહાન પુરૂષોએ મારણાંતિક ઉપસર્ગ સમયે પણ સ્થિરતા છોડી નથી. આ રીતે ધર્મની સ્થિરતાના સ્વરૂપને તથા તેના ફળને સમજીને અધર્મની સ્થિરતાથી ખસી ધર્મમાં સ્થિરતા કેળવી મળેલી તકનો સદુપયોગ કરી લો.

શ્રેણીક રાજાને પણ મુનિના ગુણો જોઇ તેમના ઉપર સ્થિરતા થઇ. અને મુનિને જેમ જેમ જોતા ગયા તેમ તેમ નવા આશ્ચર્યો થતા ગયા. તેથી મુનિને પૂછયું કે તમે આવી યુવાનીમાં દીક્ષા શા માટે લીધી? ત્યારે મુનિ કહે છે:

**अणाहोमि महाराय, नाहो मज्झ न विज्जई ।**
**अणुकम्पगं सुहिं वावि, कंचि नाभिसमेमहं ।।**

ઉત્ત. સૂ. અ. ૨૦, ગાથા ૯.

હે મહારાજા! હું અનાથ હતો. મારા ઉપર કોઇ સ્હેમ દૃષ્ટિ રાખે તેવો મારો કોઇ નાથ ન હતો. તેમજ નહિ મળતી વસ્તુ આપે તથા મળેલી વસ્તુની રક્ષા કરે તેવો કોઇ મિત્ર ન હતો કે જે મારા પર દયા કરીને મને થોડું પણ સુખ આપે.

મુનિના જવાબનો અભિપ્રાય એવો નીકળે છે કે મારી સંભાળ રાખનાર મારા માથે કોઇ નાથ ન હતો. એટલા માટે મેં દીક્ષા લીધી. આ જવાબથી મંદ બુદ્ધિવાળા એમ સમજે કે ગરીબ હશે. એના કોઇ સગાવહાલા નહિ હોય, ખાવા પીવાનું દુઃખ હશે તેથી સાધુ બની ગયા છે. પણ અનાથી મુનિના જવાબમાં રાજા સમજે છે કે ગૂઢ રહસ્ય સમાયેલું છે. આ મુનિ અનાથ નથી.

આ રીતે શ્રેણીક રાજા વિચાર કરતા મુનિના રૂપ-રંગ ક્ષમા સૌમ્યતા ભોગો પ્રત્યેની અસંગતતા, નિર્લોભતા, આદિ ગુણો જોઇને આશ્ચર્યમાં પડી ગયા છે ને તેથી મુનિને પ્રશ્ન પૂછયો છે પણ મુનિનો ઉત્તર સાંભળીને રાજાનું આશ્ચર્ય ઘટવાને બદલે વધી ગયું. એટલે વિચારવા લાગ્યા કે જેને દેખીને દુશ્મનના દિલમાં પણ આનંદ થાય

તે અનાથ કેવી રીતે હોઈ શકે? શું, આ સંસારમાં ગુણગ્રાહકતા તેમજ સૌંદર્યના ઉપાસકનો નાશ થઇ ગયો છે કે જેથી આવા સૌમ્યમૂર્તિ, સરળ, સુંદર, અને ગુણવાન યુવાનને કોઇ નાથ કે મિત્ર ન મળ્યો? શું બુદ્ધિવાન કે વિચારવાન લોકોની આ સંસારમાં ખોટ પડી ગઇ છે કે નાથ અગર મિત્રના અભાવે આ મુનિને દીક્ષા લેવી પડી? આ રીતે શ્રેણીક રાજાનું આશ્ચર્ય વધ્યું. તમે પણ ઘણી વાર કહો છો ને કે જેને કોઈ ન હોય તે સંસારના સુખ છોડીને સાધુ બને.

ભાઇ! જરા વિચાર તો કરો કે જેટલા સાધુ થયા તે બધાને સુખ નહોતું તેથી તેમણે દીક્ષા લીધી છે! મોટા ચક્રવર્તિઓને ત્યાં શેની ખામી હતી? દીક્ષા કોણ લઇ શકે? જે પૈસાને કાંકરા સમજે, ઘરને ઇંટ-માટી અને ચુનાના ઢગલા સમજે અને કુટુંબ પરિવારને હાડકાનો માળો સમજે તે સંસાર ત્યાગીને સંયમી બની શકે છે. સાચા સંયમીઓને તો સંસારના સુખોની ગંધ આવે છે.

કણાદ નામના એક સાધુ હતા, તેઓ પોતાના શરીરને ટકાવવા માટે અનાજના પીઠામાંથી અનાજના કણ વીણી લાવતા. તેને પીસી તેની રાબ બનાવીને પી લેતા હતા એટલે તેમને લોકો કણાદ કહેતા. તેઓ પોતે જંગલમાં એક ઝુંપડી બનાવી સ્વાધ્યાય અને ધ્યાનમાં મસ્ત રહેતા હતા. ગામના લોકોને ખબર પડી કે આ સાધુ મહાન અવધૂત છે, અને તે મહાન શકિતધારી છે. કેટલાક એમ કહેવા લાગ્યા કે આ સાધુ પાસે સુવર્ણની સિદ્ધિ છે. એમની પાસે જાય તેનું કામ થઇ જાય છે. અરે....અહીં કોઇ એમ કહે કે ફલાણા સંતસતીજી કંઇક જાણે છે તો આ ઉપાશ્રય આખો દિવસ ખાલી ન પડે. કેમ ખરું ને? (હસાહસ)

આ વાત રાજાના કાન સુધી પહોંચી ગઇ. રાજા પ્રધાનને પૂછે છે કે આ વાત સાચી છે? પ્રધાન કહે વાત સાચી છે. જો એમને પ્રસન્ન કરો તો કામ થઇ જાય. ત્યારે રાજા કહે હું પણ એ સુવર્ણસિદ્ધિનો લાભ ઉઠાવું. એટલે રાજાએ ઉત્તમ પ્રકારનું ઝવેરાત તથા મેવા-મીઠાઇનો થાળ ભરીને મુનિને આપવા માટે માણસ મોકલ્યો. ત્યારે મુનિ કહે છે આ લઇ જાઓ. મારે ના જોઇએ. મને એની ગંધ આવે છે. રાજાનો માણસ થાળ લઈને પાછો આવ્યો. રાજા કહે છે કેમ પાછો લાવ્યો? નોકર કહે છે એમને એની ગંધ આવે છે. રાજા કહે છે આમ તો ભિખારી છે. કણ વીણીને ખાય છે ને આટલી બધી તેની મગરૂરી છે? ત્યારે પ્રધાન કહે છે સાહેબ! એ આવી મહાન સિદ્ધિના સ્વામી છે. એને મગરૂરી કેમ ન હોય? એ એમ પ્રસન્ન નહિ થાય. જો તમારે એમને પ્રસન્ન કરવા હોય તો ભકિતથી પ્રસન્ન કરો. ને ભકિત ધનથી ન થાય. તનથી થાય. પૈસાથી નહિ પ્રેમથી થાય. એ પ્રસન્ન થાય તો તમારું કામ થઇ જાય.

રાજા રાત્રીના સમયે ભિખારીનો વેષ ધારણ કરી મુનિ પાસે ગયા. મુનિ તો પોતાનું ધ્યાન-સ્વાધ્યાય આદિ ક્રિયાઓથી નિવૃત્ત થઇને સૂતા હતા. રાજા ત્યાં જઇને

એમના પગ દબાવવા લાગ્યા. થોડી વાર થઇ એટલે સંત કહે છે હે રાજન! મારા લાકડા જેવા પગને દાબવા રહેવા દે, તારા કોમળ હાથ થાકી જશે. અંધારી ઘોર રાત્રી છે. એમણે રાજાનું મુખ પણ જોયું નથી ને કેવી રીતે જાણ્યું કે આ રાજા છે? તમને પણ વિચાર થાય ને? તમારા ડૉકટર એક રોગના નિષ્ણાત હોય પણ સંત બધા રોગના નિષ્ણાત હોય છે. તેથી હાથના સ્પર્શથી પણ જાણી લે કે આ કોણ છે? રાજાને ખૂબ આશ્ચર્ય થયું કે મને કેવી રીતે ઓળખ્યો? તેથી મુનિને પુછયું કે તમે મને કેવી રીતે ઓળખ્યો. સાધુ કહે–એમાં જાણવા જેવું શું છે? પણ હું તમને એક વાત પૂછું? રાજા કહે પૂછો. સાધુ કહે છે હું અકિંચન હોવા છતાં ને તમે રાજા હોવા છતાં મહેલ મૂકીને આ ઝુંપડીમાં રાત્રે કેમ આવ્યા?

રાજાએ કહ્યું–મેં સાંભળ્યું છે કે આપ લોખંડમાંથી સોનું બનાવો છો તો શું એ વાત સાચી છે? સાધુ કહે–હા. લોખંડમાંથી સોનું બનાવું છું. અને તે કયારે પણ મૂકીને જવું ના પડે તેવું બનાવું છું. રાજા કહે મને એવું સોનું બનાવવાની સિદ્ધિ શીખવાડો કણાદે કહ્યું–હે રાજન! ફૂલ શેમાંથી થાય છે? તો રાજા કહે માટીમાં રહેલ બીજમાંથી થાય છે. ત્યારે ફરીને પૂછે છે કે અનાજ શેમાંથી થાય છે? કહે ખાતરમાં ભળેલા બીજમાંથી થાય છે. તમને કોઇ થાળીમાં ખાતર કે માટી ભરીને ખાવા આપે તો ખાઇ શકશો? "ના" ખાતર જોઇને ઉલટી થાય. પણ એ ખાતરમાં અનાજ પાકે છે જેને માણસ આનંદપૂર્વક ખાય છે અને માટીમાંથી ખીલેલા સુગંધીદાર પુષ્પો થાય છે. જેને લોકો પ્રેમથી સૂંઘે છે ને દિવાનખાનામાં શોભા માટે ફૂલદાનીમાં ભરાવે છે.

જેમ માટીમાંથી ફૂલ અને ખાતરમાંથી અનાજ થાય છે તેવી રીતે આ દેહમાં રહેલા આત્મામાંથી પરમાત્મા થાય છે. પણ તેનો ઉપયોગ કરતાં આવડવો જોઇએ. એમ ને એમ ખાતર અને માટી મૂકી દો તો ફૂલ કે અનાજ કાંઈ ન થાય. પણ જમીન બરાબર તૈયાર કરી તેમાં બીજ વાવવામાં આવે તો તેમાંથી ફૂલ ને અનાજ થાય છે. તેમ હે રાજન્! માણસના વિકારો, વૃત્તિઓ અને આવેશો ખાતર જેવા છે. એનું ઉર્ધ્વીકરણ થાય તો એ વિકાસમાં પરિણમી જાય. એનાથી પરમાત્મા સ્વરૂપની પ્રાપ્તિ થાય. ભાઇ! લોખંડનું સોનું બનાવવું એટલે શું? શરીર સાધના માટે વાપરવું અને આત્માને પરમાત્મા બનાવી દેવો. આ પ્રમાણે સાધુએ રાજાને સમજાવ્યું પણ રાજાના મનનું સમાધાન ન થયું ત્યારે કણાદ મુનિના મનમાં થયું કે એ આવ્યા છે તો એમને બરાબર સમજાવું.

એમ વિચાર કરી કણાદે એને એક તુંબડી આપી ને કહ્યું. હે રાજન! આ તુંબડી તમે લઇ જાઓ. એ તુંબડી ભરીને મારી પાસે લાવજો. રાજા કહે–તેમાં શું ભરું? ત્યારે કહે–તારે જે ભરવું હોય તે ભર. એટલે રાજા તુંબડીને પોતાના મહેલમાં લઇને આવ્યા

ને તેમાં ઘઉં ભરવા લાગ્યા. એના કોઠારમાં હતા તે બધા ઘઉં તુંબડીમાં ભરી દીધા પણ તુંબડી ભરાતી નથી. આખા ગામમાં જેટલા ઘઉં હતા તે બધા એમાં ભરી દીધા પણ તુંબડી ભરાઇ નહિ. ત્યારે રાજા પૂછે છે અહો સંત! તમારી તુંબડીમાં આટલા બધા ઘઉં ભરી દીધા પણ તુંબડી ભરાતી નથી. ત્યારે સાધુ કહે છે હે રાજન્! જેમ આ તુંબડીમાં તેં ગમે તેટલા ઘઉં ભર્યા તો પણ ભરાઇ નહિ તેમ તને ગમે તેટલું સોનું, મોતી, હીરા, માણેક આદિ સંપત્તિ મળશે તો પણ તારી તૃષ્ણાની તુંબડી ભરાવાની નથી. માટે તારી તૃષ્ણા ઓછી કરી તારી વૃતિ ધર્મ તરફ વાળી દે. લોખંડનું સોનું બનાવવું એટલે દેહને પરમાર્થ માટે વાપરવો અને આત્માને પરમાત્મા સ્વરૂપ બનાવી દેવો. એનું નામ લોખંડમાંથી સોનું બનાવવું. એ આ વિદ્યાનું રહસ્ય છે. આ વસ્તુ જો જીવને સમજાય તો આત્મવિકાસ સાધી શકે અને આત્મા કર્મના મળથી અને વૃત્તિઓથી મુક્ત થતો જાય અને મુક્ત થયેલો આત્મા પરમાત્મ સ્વરૂપ બને છે. જેવી રીતે ઊંચે જવું હોય તો નીસરણીનો સહારો લેવો પડે છે તેમ પરમાત્મ તત્ત્વને પામવા માટે પણ સંત સમાગમનો સહારો લેવો પડે છે.

પેલા રાજા કણાદ ઋષિ પાસે સુવર્ણસિદ્ધિ પ્રાપ્ત કરવા આવ્યા હતા. પણ તેમના ઉપદેશથી આત્મ તત્ત્વને પામી ગયા. અહીં શ્રેણીક રાજા અનાથી નિર્ગ્રંથ પાસે આવ્યા. તેમણે પહેલાં તો મુનિનો દેહ જોયો. એમનું રૂપ જોઇને આકર્ષાયા. બંધુઓ! તમે પણ રૂપ જોઇને મોહ પામો છો ને? પણ એકલા રૂપનું મહત્વ નથી પણ રૂપ સાથે ગુણની મહત્તા છે.

જ્ઞાનીઓ કહે છે આ દેહ તો ડાયલ જેવો છે. જેમ કોઇ ઘડિયાળનું ડાયલ સુંદર જોઇને તમને એમ થાય છે કે બહુ સરસ છે. લેવા ગયા ત્યારે ખબર પડી કે મશીન ખોટવાઇ ગયેલું છે. અને પૈસા ખર્ચીને રીપેર કરાવો તો પણ સારું થાય તેમ નથી. તો તે કોઈ મફત આપે તોય લેવા તૈયાર થાવ? રૂડો રૂપાળો રાજકુમાર હોય પણ હૃદયરૂપી મશીન બંધ પડી ગયા પછી તેની કોઇ કિંમત નથી તેમ આ દેહરૂપી ડાયલ ગમે તેટલું સુંદર અને આકર્ષક હોય પણ અંદર આત્મિક ગુણો નથી તો તેની કોઈ કિંમત નથી.

શ્રેણીક રાજાએ અનાથી મુનિના દેહ રૂપી ડાયલને જ જોયું નથી પણ અંદરના ગુણોને જોયા પછી તેમની પ્રશંસા કરી અને ત્યાર પછી તેમને વંદન કરીને પ્રશ્ન પૂછયો. એ પ્રશ્નના જવાબમાં મુનિએ કહ્યું કે હું અનાથ હતો. મારૂં કોઈ ન હતું તેથી મેં દીક્ષા લીધી. ત્યારે રાજાનું આશ્ચર્ય વધ્યું કે આવો તેજસ્વી પુરૂષ અનાથ હોઇ શકે? એમનો જે જવાબ છે તેની સામે હું દલીલ કરૂં તો એ વાતનું રહસ્ય આપોઆપ ખુલી જશે. હવે શ્રેણીક રાજા મુનિને શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

**ચરિત્ર:– પવનજી યુધ્ધે ગયા ને પાછળ કેવી વિટંબણા ઊભી થશે.**

પવનજી પોતાના નામવાળી વીંટી અંજનાને આપી યુદ્ધમાં ગયાં. વીંટી મળતાં અંજનાના ચિત્તનું કાંઈક સમાધાન થયું. એના હૃદયમાં તો ભાવિ ભાગ્યના ભણકારા વાગી રહ્યા હતા. પણ શું કરે? પવનકુમારને ગયા વિના ચાલે તેમ નથી. જેવા પવનજી ગયાં તેવી અંજના મૂર્છા ખાઇને ધરતી ઉપર ઢળી પડી. શીતળ ઉપચાર કરીને વસંતમાલા કહે છે બહેન! તું શા માટે રૂદન કરે છે? કાલે પવનજી વિજયની વરમાળા પહેરીને આવી જશે. હવે તારે રડવાની જરૂર નથી. ચાલ સામાયિક પ્રતિક્રમણનો સમય થયો છે. અંજના આટલા દુઃખમાં પણ ધર્મારાધના કરવાનું ચૂકતી નથી.

પવનજી લંકા પહોંચ્યા. પવનજીના જવાથી રાવણને ખૂબ આનંદ થયો.

રાવણે તેનો ખૂબ આદર સત્કાર કર્યો ને કહ્યું – બેટા! તું આવ્યો? તેં નાની ઉંમરમાં ઘણી હિંમત કરી.

**રાવણનો આદેશ લઇ, શુભવેલા સુવિચાર,**
**વરૂણ ઉપર તત્ક્ષણ, ચઢયો, દલ, બલ, સબલ અનુસાર ....**

ત્યાંથી પવનજી રાવણની આજ્ઞા લઇ શુભ મુહૂર્તે મોટા સૈન્ય સાથે યુદ્ધ કરવા ચાલી નીકળ્યા ને યુધ્ધના કાર્યમાં જોડાઇ ગયા. એ વાત અહીં રહી. હવે અંજનાનું શું થયું તે વિચારીએ.

પતિનું મધુરૂ મિલન અંજના માટે સ્વપ્ન સમાન બની ગયું. અંજના ગર્ભવંતી છે. જેમ જેમ દિવસો વીતતા ગયા તેમ તેમ અંજનાનું સૌંદર્ય ખીલતું જાય છે. તેના શરીર પર ગર્ભવંતીના ચિહ્નો દેખાવા લાગ્યા. નગરમાં કે રાજમહેલમાં વસંતમાલા સિવાય કોણ જાણે છે કે અંજનાને પવનજીનું મિલન થયું છે. અંજનાની સાસુની દાસીઓ અવારનવાર અંજનાના મહેલે આવતી જતી હતી, દાસીઓ દ્વારા કેતુમતીના કાને વાત પહોંચી કે અંજના ગર્ભવંતી છે. આ સાંભળી કેતુમતીના અંગમાં ક્રોધની જ્વાળા ભભૂકી ઉઠી.

અંજનાએ એક દાનશાળા ખોલી હતી. દરરોજ હજારો ગરીબો અને અનાથ જનોને દાન આપતી હતી. ગર્ભમાં આવેલો જીવ જો પવિત્ર હોય તો માતાને દાન દેવાનું મન થાય અને ઘણાં જીવો ગર્ભમાં આવે ત્યારે એની માતાને માટી ખાવાનું મન થાય, કંઇક જગ્યાએ એવું જોવા મળે છે કે બાળક ગર્ભમાં હોય ને ભાઇ-ભાઇ જુદા હોય તો ભેગા થઈ જાય ને કોઈ એવો જીવ આવે તો ભેગા હોય તો જુદા થઇ જાય. તેથી જાણી શકાય છે કે આ જીવ કેવો હશે?

અંજના ગર્ભવંતી થયા પછી તેને દાન દેવાનું, સાધુને વહોરાવવાનું ખૂબ મન થતું હતું એટલે તેણે દાનશાળા ખોલી અને દરરોજ પોતે બે કલાક દાન આપતી,

દુઃખિયાની સેવા કરતી ને ધર્મારાધના કરતી હતી. આ રીતે એના દિવસો વ્યતીત થઇ રહ્યા છે. ત્યાં સાસુજીને આ વાતની ખબર પડી.

**સાસુજીનો પ્રકોપ :–** કેતુમતી પ્રહ્લાદ રાજાને કહે છે સ્વામીનાથ! તમને કંઇ ખબર પડે છે? રાજા કહે-કેમ, શું છે.? મહારાણી! તમે આટલા બધા ઉગ્ર કેમ થઈ ગયા છો? ત્યારે રાણી કહે છે અંજનાએ આપણા કુળને કલંકિત કર્યું, આજ સુધી આપણે માનતા હતા કે અંજના કેટલી પવિત્ર છે. પણ એ તો કજાત નીકળી. તે ગર્ભવતી છે, એણે કેવા કાળાકામ કર્યાં છે! અને ઉપરથી સારી થવા પોતાના પાપને છૂપાવવા દાનશાળા ખોલી છે ને આપણા ભંડાર લૂંટી રહી છે. પણ વિચાર કરો કે આપણો પવન યુધ્ધમાં ગયો તે દિવસે એ કંકુનો ચાંદલો કરવા ગઇ ત્યારે એને લાત મારી તેનું અપમાન કર્યું છે. એટલે એ વાત નક્કી છે કે પવન એને બોલાવતો નહિ હોય. આપણો પવન તો કેવો પવિત્ર છે! એક કીડીને પણ દુભવે તેવો નથી. જતાં જતાં આખી નગરીના લોકોને સંતોષ્યા ને અંજનાને લાત મારી. એનું કારણ એ પરાયા પુરૂષો સાથે રમતી હશે અને મારો દીકરો ગયો એટલે એણે એનું પોત પ્રકાશ્યું. પછી લોકોમાં વાહ વાહ કહેવડાવવા માટે દાન-પુણ્ય કરે છે ને સાધુ તો દરરોજ એના ઘેર આવે છે. આ રીતે રાણી કેતુમતી પ્રહ્લાદ રાજાને કહી રહી છે. હવે કેતુમતી અંજનાના મહેલે તપાસ કરવા માટે આવશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં. ૨૩

**શ્રાવણ સુદ ૯ ને શુક્રવાર** તા. ૧૫-૮-૭૫

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંત જ્ઞાની મહાન પુરૂષોએ જગતના જીવોના ઉદ્ધારને માટે મૈત્રી અને કરૂણાની અમૃત સરિતા વહાવી છે પણ આજના માનવીએ તેમાંથી એક પ્યાલો પણ નથી પીધો. આજનું જીવન જોતાં એમ લાગે છે કે મોટા ભાગના મનુષ્યોનું જીવન વિષય ભોગના વર્તુળમાં ઘેરાઇ ગયું છે. રાગ-દ્વેષ-મોહ, લોભ અને સ્વાર્થને ભગવંતે છોડવાના કહ્યા છે તેના બદલે આજનો માનવ તેમાં વધુ ફસાતો જાય છે. આ દુર્ગુણને કારણે માનવ માનવથી નજીક આવવાને બદલે દૂર ભાગે છે. આનું મૂળ કારણ શું? એણે બધું મેળવ્યું, ખૂબ ભેગું કર્યું પણ વિચારોની વિશાળતા ન કેળવી. અનુભવમાં અનેકાંત ન મેળવ્યું. દૃષ્ટિમાં મૈત્રી અને કરૂણતાનું અંજન ન આંજ્યું. તેથી એ એક આંખથી દેખે છે પણ બે આંખથી નથી દેખતો. સાંભળે છે એક કાનથી પણ બે કાનથી નહિ. અને જીવે છે પણ એક પગથી જ્ઞાન અને ક્રિયાના બે પગથી. નથી જીવતો.

જ્ઞાની ભગવંતો કહે છે કે "ज्ञान क्रियाभ्यां मोक्षः।" જ્ઞાન અને ક્રિયા રૂપી બે પગ હોય તો મોક્ષ મળે છે. એકલા જ્ઞાન કે એકલી ક્રિયાથી મોક્ષ થતો નથી. જ્ઞાન અને ક્રિયાની બે પાંખો હોય તો ઊંચે ઉડ્ડયન કરી શકાય છે. માટે જીવનમાં જ્ઞાન અને ક્રિયાની ખૂબ આવશ્યકતા છે. આ બે વસ્તુ દ્વારા મહાન પુરૂષો જીવન જીવીને મોક્ષમાં ગયા છે. મારા બંધુઓ! તમે પણ એવું જીવન જીવી જાવ કે તમે આ દુનિયામાંથી વિદાય થાવ તો પણ દુનિયા તમને યાદ કરે. કોઈ સારો માણસ મૃત્યુ પામે છે એ તો અહીંથી જાય છે પણ તેના સદ્દગુણોની સુવાસ રહી જાય છે. તમે કહો છો ને કે ફૂલ ગયું પણ ફોરમ રહી ગઈ. ગુલાબનું ફૂલ ચીમળાઈ જાય છે, કોઈના પગ નીચે છૂંદાઈ જાય છે તો પણ સુગંધ આપે છે. તેમ મહાન પુરૂષોને વિદાય થયા વર્ષો વીતી ગયા છતાં એમને આપણે સૌ યાદ કરીએ છે. કૃષ્ણ વાસુદેવ નેમનાથ ભગવાનના સમયમાં થઈ ગયા છતાં આજે તેમને દુનિયા યાદ કરે છે. કૃષ્ણની સામે કંસ હતો, રામની સામે રાવણ, મહાવીરની સામે મંખલી પુત્ર ગોશાલક અને ગાંધીજીની સામે ગોડસે થયા. તેમાં કૃષ્ણ-રામ, મહાવીર અને ગાંધીજીને સૌ યાદ કરે છે પણ કંસ-રાવણ અને ગોડસેને એમના દુષ્કૃત્યોને કારણે કોઈ યાદ કરતું નથી. આપણા ભગવાન મહાવીર સ્વામી કેવા હતા? દુશ્મન સામે પણ પ્રેમથી જોતા હતા.

**ગોશાળાએ કરી ઘેલછા, તેજુલેશ્યા છોડી,**
**સંહારકને ક્ષમા કરીને, દીધી શિખામણ થોડી,**
**એ....કરૂણાના કરનારા....તારા જીવન રહસ્યો ન્યારા (૨)-એ સમતાના...**

ગોશાલકે ભગવાન ઉપર તેજુલેશ્યા છોડી તો પણ પ્રભુએ તેના ઉપર કોપ ન કર્યો. સામે શીતળ લેશ્યા મૂકી ને કહ્યું હે ગોશાલક! તારું શું થશે? બંધુઓ! આપણું ભલું કર્યું તેનું ભલું તો કરીએ. એમાં કોઈ વિશેષતા નથી પણ બૂરું કરનારનું ભલું કરવું તેમાં માનવ જીવનની વિશેષતા છે.

જગતનું ભલું કરવા, તમને સાચો રાહ બતાવવા શ્રમણ નિર્ગ્રંથો જગતના ખૂણે ખૂણે વિચરે છે. પછી સંતોને કોઈ પૂજે કે નિંદા કરે, કોઈ મારે કે ગમે તે કરે પણ એ તો સર્વ જીવોનું ભલું ઇચ્છે છે. અનાથી નિર્ગ્રંથ વિચરતા વિચરતા શ્રેણીક રાજાના મંડિકુક્ષ બગીચામાં આવ્યા. શ્રેણીક રાજા પણ ફરવા માટે ત્યાં આવ્યા. મુનિને જોતાં તેમના મનના ઉકળાટ શમી ગયા. ને રાજા મુનિના ચરણમાં નમી પડયા. આ મગધ દેશના માલિક કોઈને નમે નહિ ને તે નમી ગયા. તેનું શું કારણ? મુનિનું શુધ્ધ ચારિત્ર. આ રાજા ચારિત્ર આગળ ઝૂકી જતા. આવો તેમનો વિનય હતો. વિનય તો વૈરીને વશ કરે છે, કોઈ દુશ્મન રાજા ચઢી આવ્યો હોય તો તેની છાવણીમાં સામો રાજા વિનયવાન બનીને જાય તો વૈરી રાજા દુશ્મનાવટ છોડી દે. વિનય જેવો બીજો કોઈ મહાન ગુણ

નથી. આંબા ઉપર કેરી આવે ત્યારે આંબો પણ નમ્ર બને છે. તે રીતે જીવનમાં નમ્રતા કેળવો. જ્ઞાની કહે છે.

**विणओ सव्व गुणाण मूलं, सन्नाण दंसणाइणं ।**
**मोक्खस्स य ते मूलं, तेण विणीओ इह पसत्थो ।।**

વિનય એ જ્ઞાન-દર્શન-ચારિત્રનું મૂળ છે. મોક્ષનું મૂળ પણ વિનય છે. એટલે વિનયવાન આત્મા મોક્ષનો અધિકારી બની શકે છે બંધુઓ! જ્ઞાનના બે પંથ છે. એક અભિમાન અને બીજો નમ્રતા. કંઈક જીવો જ્ઞાન વધુ મેળવીને અભિમાની બની જાય છે ને કંઇક જીવો જેમ જ્ઞાન વધુ મેળવતા જાય તેમ નમ્ર બનતા જાય છે. જ્યાં નમ્રતા છે ત્યાં વિકાસ છે ને અભિમાન છે ત્યાં વિનાશ છે. જીવનનો ધ્યેય વિકાસ છે પણ વિકાસને અટકાવનાર હોય તો અહંકાર છે. અભિમાની માણુસ પોતાને મહાન માને છે ને છાતી ફુલાવીને ફરે છે કે દુનિયામાં મારા જેવું કોણ છે? તેથી તેના જીવનમાં સત્યનો પ્રકાશ પથરાતો નથી કારણ કે હૈયામાં હુંકાર ગુંજતો હોય કે જે કાંઇ છું તે હું છું. મારામાં સર્વ છે. આ રીતે પોતાને સર્વસ્વ માને છે. ને બીજાને પોતાનાથી તુચ્છ સમજી ઉતારી પાડે છે તેથી તેના વિકાસનો માર્ગ રૂંધાઇ જાય છે.

ઉત્તરાણના દિવસોમાં તમે બધા પતંગ ચઢાવો છો ને? એ પતંગ ખૂબ ઊંચો ચઢે છે ને ખૂબ ચઢે છે ત્યારે હરખાય છે કે હું કેટલો ઊંચે ચઢી ગયો છું કે મનુષ્ય પણ મને કીડી જેવા દેખાય છે. આ પતંગનો અહંભાવ છે. પણ દુનિયાના માનવને નાનો જોનાર એવો હું પણ દુનિયાની દૃષ્ટિએ નાનો દેખાઉં છું તેનો તેને ખ્યાલ નથી હોતો.

દેવાનુપ્રિયો! તમે યાદ રાખજો કે પેલા પતંગની માફક અભિમાનમાં ચગી જઇને બીજાને તમારાથી તુચ્છ ગણુશો તો તમે પણ દુનિયાની દૃષ્ટિમાં તુચ્છ દેખાશો. પણ અભિમાનીને આ વાત સમજાય ખરી? તમે સોડાવોટરની બાટલી તો ઘણી વાર પીતા હશો ને? એમા શું હોય છે તે તમને ખબર છે? સોડા-વોટરની બાટલીમાં રહેલી ગોળી બહારની સ્વચ્છ હવાને અંદર જવા દેતી નથી અને અંદરના ગેસને બહાર નીકળવા દેતી નથી. તેવી રીતે અહંકારની ગોળી અહંના અંધકારને બહાર નીકળવા દેતી નથી. અને સત્ય જ્ઞાનના પ્રકાશને અંદર પ્રવેશ કરવા દેતી નથી. તેથી અભિમાની માણુસ જ્ઞાનના પ્રકાશ રહિત બનીને અજ્ઞાનના અંધકારમાં આથડતો પોતાનું જીવન વ્યતીત કરે છે. મહાત્મા ભર્તૃહરિએ પણ કહ્યું છે કે-

**यदा किञ्चिज्ज्ञोऽहं द्विप इव मदान्धः समभवम् ।**
**तदा सर्वज्ञोऽस्मीत्य भवदलिप्तं मम मनः ।।**
**यदा किंचित्किंचिद् बुधजने सकाशादवगतः ।**
**तदा मूर्खोऽस्मीति ज्वर इव मदो मे व्ययगतः ।।**

જ્યારે હું કંઈક જાણતો હતો ત્યારે મારું અભિમાની મન એમ કહેતું હતું કે હું બધું જાણું છું. હું સર્વજ્ઞ છું. આ અભિમાને મારો જ્ઞાન દીપક બૂઝવી નાંખ્યો અને હું અંધકારમાં ડૂબી ગયો. પણ જેમ જેમ હું વિદ્વાનોના પરિચયમાં આવતો ગયો ને મને જ્ઞાનનો પ્રકાશ મળતો ગયો તેમ તેમ મને સમજાયું કે હું જે કાંઈ શીખ્યો છું ને જે કાંઈ સમજ્યો છું તે જ્ઞાન નહિ પણ અજ્ઞાન છે. હું મને જ્ઞાની માનતો હતો પણ હવે મને સમજાયું કે હું જ્ઞાની નહિ પણ મૂર્ખ હતો. સાચી સમજ આવતા અભિમાન છૂટી જાય છે.

બંધુઓ! તમને તમારી સત્તા અને સંપત્તિનો ગર્વ આવ્યો છે કે અમારા જેવું કોઈ સત્તાધીશ કે સંપત્તિશાળી નથી.? જો ગર્વ આવ્યો હોય તો યાદ રાખજો કે નદીમાં જ્યારે ઘોડાપૂર આવે છે ત્યારે ખૂબ પાણી આવે છે ને ઘોડાપૂરમાં મોટા ગામના ગામ તણાઈ જાય છે. કેટલાના જાન માલનો વિનાશ થાય છે, એ ઘોડાપૂર ત્રણ દિવસમાં ઓસરી જાય છે પણ ઘોડાપૂરે સર્જેલો વિનાશ માનવના હૈયામાં કાયમ કોતરાયેલો રહે છે. જ્યારે તમે એ નદીની પાસે જશો ત્યારે કહેશો કે આ નદીએ મારા ગામનો વિનાશ કર્યો છે. એવી રીતે વૈભવ-સંપત્તિ કે સામ્રાજ્યના પૂરો ત્રણ દિવસમાં ઉતરી જશે પણ એ પૂરના જોશમાં એના અહંભાવમાં કરેલા કાળા પાપોની કરૂણ કહાણી સદાને માટે યાદ રહી જશે. કે મેં કેટલાને લૂંટી લીધા છે! કેટલાને હસાવ્યાને કેટલાને રડાવ્યા! કેવા કેવા અનાચારો સેવ્યા! આ દુઃખની કરૂણ કહાણી વર્ષો સુધી ભૂલાતી નથી.

અહં આવે એટલે બધું ચાલ્યું જાય છે. અહંકારના પહાડને ખસેડવો મુશ્કેલ છે. અભિમાની માણસને કોઈ સજ્જન હિત શિખામણ આપવા જાય તો પણ તેને રૂચતી નથી. અહંકારના તાપથી તેના જીવનમાં રહેલા સદ્દગુણો પહાડના ઝરણાંની જેમ સૂકાઈ જાય છે. જેમ ઝરણા પહાડ ઉપરથી પડે છે ત્યારે અથડાતા અથડાતા પડે છે. ત્યારે તેનું કંઈક પાણી સૂર્યના તાપથી વરાળ થઈને ઊડી જાય છે. તેવી રીતે જીવનમાં અભિમાનનો સ્પર્શ થતાં સદ્દગુણો નીચે ગબડતા જાય છે ને અહંના તાપથી ગુણો ઓગળી જાય છે. માટે આવું ઉતમ માનવ જીવન પામીને અહંકારને ઓગાળવાની જરૂર છે.

શ્રેણીક રાજામાં કેટલો બધો વિનય હતો! મગધ દેશના માલિક હોવા છતાં તેમની નમ્રતા અજોડ હતી. એ નમ્રતાથી એમના મનમાં વિચાર થયો કે આ મુનિના મુખ ઉપર કેટલો આનંદ છે! કેવી મસ્તી છે ને કેવી મનમોહક તેમની આકૃતિ છે! ખરેખર દુનિયાનું સંપુર્ણ સુખ તો આ મુનિ પાસે છે. તેમની પાસે સુખ છે તે મારી પાસે નથી. તમને સુખ ક્યાં દેખાય છે? સંપત્તિમાં, સત્તામાં સંતાનોમાં ને શ્રીમતીમાં. કેમ બરાબર છે ને? તમને મનગમતું સુખ મળે ને થોડું માન મળે એટલે બસ. જાણે મારા જેવું કોઈ સુખી નથી. તમને બધાને અનુભવ હશે કે સૌથી વધુ માન તમને ક્યાં

મળે? ને તમને ખમ્મા ખમ્મા ક્યાં થાય? સાસરે સૌથી વધુ માન જમાઈને મળે છે. કહેવત છે ને કે સાસુને જમાઇ કેવા વહાલા હોય? સાસુ માંદી પડી હોય તો પણ આવ્યાની ખબર પડે તો બેઠી થઇ જાય. સાસુને તમે આટલા બધા વહાલા છો. પણ આજે તો સાસરે જમાઈનું માન ઘટયું છે. શા માટે? વારંવાર સાસરીયાના ઉંબરે જતા થઇ ગયા છે. તેથી સાસુ પણ સમજે કે આ તો હાલતાં હાલતાં ચાલ્યો આવે છે. એનું માન શું સાચવવું? પહેલાના જમાઇઓ જલદી સાસરે જતા નહિ. વર્ષે બે વર્ષે જતાં એટલે સાસરે શી વાત જમાઇ આવ્યા છે એમ થતું. ને તે પણ બે ત્રણ દિવસ રહેતો ખમ્મા ખમ્મા. જો વધુ રોકાય તો કિંમત કોડીની થઇ જાય.

એક શેઠને ત્યાં લગ્ન પ્રસંગ આવ્યો. સૌથી નાની દીકરીના લગ્ન છે. એટલે બધા સગાવહાલા દીકરીઓ જમાઇઓને તેડાવ્યા છે. શેઠને ચાર જમાઇ હતા. ચારેય જમાઇઓ લગ્નમાં મહાલવા માટે આવ્યા. લગ્નનું કામકાજ પતી ગયું. એટલે બીજે દિવસે સૌથી મોટા જમાઇ તેમના સસરા પાસે શીખ માંગે છે કે બાપુજી! હવે બધું કામકાજ પતી ગયું છે મને રજા આપો તો હું જાઉં. ત્યારે સસરા કહે છે શી ઉતાવળ છે? આટલા બધા સગાસબંધી ભેગા થયા છે. માટે ચાર દિવસ રોકાઇ જાવ. ખૂબ આગ્રહ કર્યો એટલે સસરાનું માન સાચવવા મોટો જમાઇ એક દિવસ રોકાયો તે બીજા દિવસે જવા તૈયાર થયા. સસરાએ ખૂબ માન સહિત સત્કાર કરીને જમાઇને વિદાય આપી. આ રીતે એકેક દિવસના આંતરે માન સહિત ત્રણે જમાઇ ગયા. ચોથા નંબરનો જમાઇ કહે છે આ ત્રણે મૂર્ખના સરદાર લાગે છે. સાસરે આવા જલસા હોય, ખમ્મા ખમ્મા થતી હોય તો આવું સુખ છોડીને શા માટે જતા રહેતા હશે? આપણે તો સાસરે નિરાંતે રહેવું છે.

નાના જમાઇરાજ તો અડ્ડો નાંખીને સાસરે રહ્યા. બાર દિવસ થયા પણ જમાઇ જવાની વાત કરતા નથી. ત્યારે સાસુ સસરા વિચાર કરે છે કે હવે આ ક્યાં સુધી પડયા રહેશે? સસરા કહે છે હવે આ જમાઇને મીઠાઇ આપવાની બંધ કરી દો. દાળ, ભાત, શાક અને રોટલીનું સાદું જમણ આપો. એટલે તેરમે દિવસે મિષ્ટાન્ન બંધ થયા ને સાદું ભોજન પીરસ્યું. ત્યારે જમાઇ વિચાર કરવા લાગ્યો કે કાંઈ નહિ. દાળ-ભાત-શાક અને ઘીમાં ઝબોળેલી રોટલી તો ખાવા મળે છે ને? બીજું અઠવાડીયું થયું પણ જમાઇ કંઈ રજા માંગતા નથી એટલે શેઠ એમની પત્નીને કહે છે એમ કરો. હવે કાલથી રોટલો ને અડદની દાળ આપો. હવે જમાઈના ભાણામાં રોટલોને અડદની દાળ આવ્યા. પણ જમાઇ તો એવા પેધી ગયા કે હવે ઘેર જવું ગમતું નથી. હવે તો સાસુ-સસરા કંટાળી ગયા ને કહે છે હવે તો એને જુવારનો લુખો રોટલો ને છાશની પરાસ આપો. એટલે કંટાળીને જશે. જુવારનો રોટલો ને છાશની પરાશ આપી તોય જમાઇરાજ હજુ જવાનું

બોલતા નથી, ત્યારે સસરા ધમકીપૂર્વક કહે છે જમાઈરાજ! જમ જેવા થઈને ,ઉતારા નાંખ્યા છે. આ જુવારનો લુખો રોટલો મળ્યો. હવે તો જાવ? (હસાહસ) જો માનભેર આવીને જાય તો જમાઈરાજ અને ના જાય તો જમરાજા. હવે તમારે જમાઈ થવું છે કે જમડા થવું છે? અહીં બેઠેલા મોટા ભાગના જમાઈ બનેલા છે. કોઈક જ નહિ હોય. તમે તો આવું કરતા નથી ને? અંતે સસરાએ જમાઈને વિદાય કર્યાં.

બંધુઓ! આ જમાઈનું દષ્ટાંત આપણે આત્મા સાથે ઘટાવવાનું છે. ભગવાન કહે છે સ્વઘરમાં તારૂં જેટલું માન છે તેટલું પર ઘરમાં નથી. સ્વઘરમાં જેટલું સુખ છે તેટલું પરઘરમાં નથી. આત્માએ સ્વભાવમાં રમણતા કરવી તે સ્વઘર છે. અને આત્મા સિવાય શરીરના રાગમાં પડી પરની પંચાત કરવી તે પરઘરની રમણતા છે. સ્વઘર તે પોતાનું ઘર છે ને પર ઘર તે સાસરૂં છે. આ શરીરનો રાગ કરી તેની પાછળ અમૂલ્ય મનુષ્ય જન્મ જીવ વીતાવી રહ્યો છે. પણ આ શરીર ક્યારે છોડવું પડશે તેની ખબર છે? મમતાનો પોટલો બાંધીને નિરાંતે વસવાટ કર્યો છે પણ યાદ રાખજો આ શરીર રૂપી સાસરૂં અહીં રહેશે ને જીવને નહિ જવું હોય તો પણ કાળ રાજા શરીરમાંથી વિદાય અપાવશે. શરીર તો બારદાન જેવું છે. ને અંદર રહેતો ચેતન રાજા માલ છે. એ માલ નીકળી ગયા પછી શરીર રૂપી બારદાનની કોઈ કિંમત નથી. ઘી તેલના પેક ડબ્બા લાવ્યા પણ સીલ તોડયું તો અંદરથી પાણી નીકળ્યું તો કોઈ એને રાખશો? ના. માલ વિનાના બારદાનની કિંમત નથી.

બંધુઓ! આ દેહ રૂપી બારદાનમાં બિરાજેલો ચૈતન્ય એવો આત્મા એ કંઈ જેવો તેવો નથી. અનંત શક્તિનો સ્વામી છે. પણ જડના સંગમાં રહી જડ જેવો બની ગયો છે.

**સોનેરી પિંજરામાં પૂરાયો, સિંહ બની કેશરીયો (૨)**
**ગાડરના ટોળામાં ભળીયો, વિવેક કાં વીસરીયો (૨)**
**દોડી દોડીને દોડયો તો યે આવ્યો ન ભવનો આરો રે.**
**એક જાગ્યો ન આતમ તારો તો નિષ્ફલ છે જન્મારો–**
**અનંત શકિતનો સ્વામી થઈને બની ગયો બિચારો રે.**

ભગવાન કહે છે જલસા ઉડાવવામાં મસ્ત બનેલા જમાઈરાજ જેવા તમારા ચેતનને હવે જગાડો. મોહનીય કર્મરૂપી મદિરાના નશામાં ક્યાં સુધી ચકચૂર રહેશે. કોઈ દારૂડીયો માણસ દારૂ પીને ચકચૂર બને છે. પછી ખૂબ નશો ચઢે ત્યારે તેને ભાન નથી હોતું કે હું ક્યાં પડયો છું? પણ નશો ઉતરે ને ભાન આવે ત્યાં એમ થાય છે કે અરેરે.... હું કેવી ગંદી જગ્યામાં પડયો છું. બંધુઓ! મોહના નશામાં પડેલા જીવોની પણ આવી દશા છે. દારૂના નશા કરતાં પણ મોહનો નશો ભયંકર છે. મોહના નશામાં શું કરી રહ્યો છું તેનું જીવને ભાન નથી હોતું.

એટલા માટે જ્ઞાની કહે છે કે જીવ! તું અનંત શક્તિનો સ્વામી હોવા છતાં કર્મને લીધે બિચારો બનીને શરીર રૂપી પિંજરામાં પૂરાઈ ગયો છે. તમારા ઘરમાં ઉંદર ખૂબ થયા હોય ત્યારે એક પિંજરું લાવો છો. ઉંદર પિંજરૂ જોઇને ભાગે છે. પણ જો તેમાં રોટલીનો ટુકડો મૂકયો હોય તો એ રોટલીની લાલચે હોંશે હોંશે પિંજરામાં જાય છે. પણ એને ખબર નથી કે રોટલીના બટકાની લાલચમાં મારી સ્વતંત્રતા લૂંટાઈ જશે. તે રીતે આ જીવ પણ પત્ની, પુત્ર, આદિ પરિવારના પ્રેમરૂપી રોટલીના બટકાની લાલચે સંસારના સોનેરી પિંજરમાં પૂરાઇ ગયો છે. ને પોતાની શક્તિનું ભાન ભૂલી ગયો છે.

જંગલમાં એક સિંહણ એના બચ્ચાને જન્મ આપી મરી ગઇ. સિંહ તો જંગલમાં શિકાર કરવા ગયેલો. સિંહણનું બચ્ચું ત્યાં પડયું છે. તે સમયે એક ભરવાડ ફરતો ફરતો ત્યાં આવ્યો. સિંહના બચ્ચાને જોઇને વિચાર કર્યો કે આ બચ્ચું હું લઇ જાઉં. જો આને મારા ઘેટા-બકરાના ટોળામાં રાખીશ તો એનું રક્ષણ કરશે. તેથી મને કોઈ જાતનો ડર નહિ રહે. આમ વિચાર કરી એ સિંહના બચ્ચાને ઊંચકીને ઘેર લાવ્યો ને પોતાના ઘેટા-બકરાના ટોળામાં મૂકી દીધું. આ સિંહણનું બચ્ચું ઘેટા-બકરાના ટોળામાં રમવા લાગ્યું. કારણ કે એને પોતાની જાતિનું ભાન ન હતું. કોઈ જાતની ટ્રેનીંગ મળી ન હતી. એટલે ગાડરના ટોળામાં રહી ગાડર જેવું બની ગયું. તે એક દિવસ ઘેટા-બકરાના ટોળા ભેગું ચરવા ગયું. તે પાણી પીવા જાય છે ત્યાં નદીના સામે કિનારે સિંહ છે ને બીજા સિંહે મોટી ગર્જના કરી. આ ગર્જના સાંભળી ઘેટા-બકરાનું ટોળું ભાગી ગયું. ભેગું સિંહનું બચ્ચું પણ ભાગ્યું. ભાગ્યું ખરું પણ એની જાતી તો સિંહની હતી ને! એટલે વિચાર થયો કે આનામાં આટલી બધી શકિત છે કે એક ગર્જનાથી બધા ભાગી જાય! હું જોઉં તો ખરો કે મારામાં એવી શક્તિ છે કે નહિ? પાછા વળી પાણીમાં પોતાનું *પ્રતિબિંબ જોયું તો લાગ્યું કે એના જેવી મારી આકૃતિ છે તો મારામાં એવી શકિત* કેમ ન હોય? એને પોતાની શકિતનું ભાન થયું ને એક ત્રાડ નાંખી તો ધરતી ધ્રુજી ઊઠી. ત્યાં એને ભાન થયું કે અહો! હું સિંહનો બચ્ચો થઇને આ ગાડરના ટોળામાં ભળી ગયો? આવો વિવેક થતાં ગાડરીયાને ભગાડી દીધા. તેમ જ્ઞાની કહે છે હે આત્મન્! તું પણ અનંત શકિતનો સ્વામી સિંહ છે. પણ કર્મ રૂપી ઘેટા બકરાનો સંગ કરી તેના જેવો બની ગયો છે. પણ પેલા સિંહના બચ્ચાની જેમ પોતાની શકિતનું ભાન થશે ત્યારે આ કર્મ રૂપી ગાડરના ટોળાને ભગાડી દેશે.

સંતો સિંહનાદ કરીને તમને જગાડે છે કે હવે પર્યુષણ પર્વના દિવસો નજીક આવી રહ્યા છે. હળુકર્મી આત્માઓએ તપશ્ચર્યાની આરાધના શરૂ કરી દીધી છે. એ તપશ્ચર્યા કરે ને આપણાથી કેમ ન થાય? આ દેહના પિંજરમાંથી આત્માને મુકત કરવો હોય તો આરાધનાની શરૂઆત કરી દો. આત્માનું શૂરાતન જગાડો. આત્માનો સ્વભાવ

અનાહારક છે. અનાહારક દશા પ્રગટાવવા માટે તપ કરવાનો છે. જેનો જે સ્વભાવ છે તે જો પ્રગટ થાય તો અલૌકિક આનંદ આવે છે. આવી આરાધનાના પવિત્ર દિવસોમાં તપ કરો. તે ન થાય તો બ્રહ્મચર્ય વ્રત સ્વીકારો. પાસે પૈસા હોય તો દાન આપી શકે ને તે ન હોય તો શુદ્ધ ભાવના તો ભાવીને પણ આનંદ મેળવી શકે છે. આવું ઉત્તમ માનવ જીવન પ્રાપ્ત કરીને જો એકાદ ગુણ પણ આપણામાં ન પ્રગટે તો મનુષ્ય જન્મની મહત્તા શું? તમે કંઇ ન કરી શકો તો માનવતાનો ગુણ તો અવશ્ય પ્રગટાવો.

જેમ સાકરમાં મીઠાશનો ગુણ છે ને મીઠામાં ખારાશનો ગુણ છે. એ બંનેમાંથી મીઠાશ અને ખારાશનો ગુણ ઉડાડી દેવામાં આવે તો એમાં શું રહેશે? એને માટીના ભાવે પણ કોઈ ખરીદશે નહિ. એ રીતે માનવમાંથી માનવતાનું તત્ત્વ ઊડી જાય તો માનવ જીવનની પણ કિંમત શી? અમારી બહેનો દાળ–શાક બનાવે તેમાં મસાલા ખૂબ નાંખીને ભભકાદાર બનાવે પણ જો તેમાં એક મીઠું નાંખવું ભૂલી જાય તો તેમાં સ્વાદ આવે? દૂધમાં બદામ-પિસ્તા-કેશર, ઇલાયચી બધું નાખીને ઉકાળો પણ તેમાં સાકર નાંખવી ભૂલી ગયા તો એની મધુરતા નહિ આવે. તે રીતે આ માનવદેહ રૂપી કોડીયામાં સદ્દગુણનો પ્રકાશ નહિ હોય તો જીવનમાં જે આનંદ આવવો જોઇએ છે તે નહિ આવે, માણસ ક્રોડાધિપતિ હોય કે ગમે તેટલો સ્વરૂપવાન હોય પણ જો એના જીવનમાં માનવતાનો દીવડો જલતો નહિ હોય, સદ્દગુણનો પ્રકાશ પથરાતો નહિ હોય તો એના જીવનમાં અંધકાર સિવાય બીજું કંઇ નથી. જેના જીવનમાં માનવતાનો દીવડો પ્રગટયો હતો તેનું જીવન કેવું હતું? એક ઐતિહાસિક દાખલા દ્વારા સમજાવું.

કોશલ નરેશ અને કાશી નરેશની આ વાત છે. આ તો તમે ઘણી વાર સાંભળ્યું હશે. ઘણી જુની વાત છે પણ પ્રસંગોપાત કહું છું.

કોશલ નરેશ બહુ નાના રાજા હતા પણ દયા, પ્રેમ, ન્યાય, નીતિ આદિ ગુણોથી તે મોટા હતા. પોતાનો માનવતાનો દીવડો–બુઝાઈ ન જાય અને મનની મહેલાત મલીન ન બને તે માટે એ સદા જાગૃત રહેતા હતા. તેમના સદ્દગુણોની સુવાસ રાજ્યમાં એટલી બધી ફેલાઈ હતી કે તેમના રાજ્યમાં ચોરી થતી ન હતી. વ્યભિચારનું નામ ન હતું ને અન્યાય-અનીતિ કોઈ કરતું ન હતું. તેમના રાજ્યમાં જ નહિ પણ બીજા રાજ્યોમાં પણ ચારે તરફ તેમની મુકત કંઠે પ્રશંસા થતી હતી કે રાજા હોય તો આવા હોજો.

એક વખત કોશલ નરેશની જન્મજયંતીનો દિવસ આવ્યો. કાશીમાં ઠેર ઠેર તોરણો બંધાયા છે. ને લોકો કોશલ નરેશના ગુણ ગાય છે. કાશી નરેશ ફરવા નીકળ્યો ત્યારે તેને ખબર પડી કે મારી પ્રજા કોશલ નરેશના આટલા બધા ગુણ ગાય છે ત્યારે એ વિચારે છે કે આ રાજય મારું, સત્તા મારી, પ્રજા મારી ને મારા રાજ્યમાં રહીને

મારા ગુણ ન ગાય ને કોશલનરેશના આટલા બધા ગુણ ગાય? એની જન્મજયંતી ઉજવે? આ મારાથી કેમ સહન થાય? અંદરથી ઈર્ષ્યાનો દાવાનળ સળગ્યો પણ એ કાશી નરેશને ખબર નથી કે માનવીના ગુણ સત્તા, સંપત્તિ કે શક્તિથી ગવાતા નથી પણ એના જીવનમાં રહેલા દિવ્યપ્રકાશ રૂપ સદ્દગુણના ગુણગવાય છે.

કાશી નરેશે વિચાર કર્યો કે મારી પ્રજા કોશલ નરેશને આટલી બધી ચાહે છે તો હવે હું તેને જીવતો ન રહેવા દઉં, તો પછી એના ગુણ કોણ ગાવાનું છે? કાશી નરેશ એકાએક મોટું સૈન્ય લઈને કોશલ દેશ ઉપર ચઢાઈ કરવા ગયો ને કોશલ નરેશ ઉપર ચિઠ્ઠી મોકલી કે કાં તમે ચઢાઈ કરવા તૈયાર થાવ નહિતર કાશીનરેશને રાજ્ય સોંપી દો. કોશલ નરેશે વિચાર કર્યો કે જો લડાઈ કરીશ તો કેટલા જીવોનો સંહાર થશે ને લોહીની નદીઓ વહેશે. અનેક જીવોના પ્રાણ લૂંટાવી મારે રાજ્ય જોઈતું નથી. એમ વિચાર કરીને પોતાની પ્રજાને બોલાવીને કહ્યું કે હે વહાલા પ્રજાજનો! અત્યાર સુધી હું તમારા એક સ્વજન રૂપે રહ્યો છું, તમારામાં કારૂણ્ય, મૈત્રી, વાત્સલ્ય આદિ ફેલાવવા નો મારો ધર્મ હતો. તે મુજબ મેં મારી ફરજ અદા કરી છે. હવે આવતી કાલે સવારે આ રાજ્ય કાશી નરેશને સોંપું છું ને હું આત્મ સાધના કરવા વનવગડાની વાટે જાઉં છું.

જેણે પ્રજાના હૃદય સિંહાસન ઉપર પોતાનું આસન જમાવ્યું છે તેવી પ્રજા કહે છે મહારાજા! અમે તમને નહિ જવા દઈએ. આપની ખાતર અમે જીવીએ છીએ અને આપની પાછળ માથું દેવા તૈયાર છીએ. ત્યારે રાજા કહે છે કે પ્રજાજનો! મારે લડીને પ્રજાના લોહી રેડીને રાજ્ય નથી જોઈતું. શું તમે નથી જાણતા કે મૈત્રી, પ્રેમ, ક્ષમા એ કોઈના માથા માંગતા નથી? એ તો સામેથી પોતાનું બલિદાન આપવા તૈયાર હોય છે. જેને રાજ્ય અને સત્તા જોઈતી હોય તે માથા માંગે, મારે તો કંઈ જોઈતું નથી હું તો તમારો સેવક છું. હવે મારું કામ કાશીનરેશ સંભાળવા માંગે છે. જો બીજો માણસ આવીને મારું કામ કરતો હોય તો આપણે તેને સોંપવું જોઈએ. હવે આ રાજ્ય કાશીનરેશને સોંપીને હું છૂટો થાઉં છું.

કાશીનરેશને કોશલનું રાજ્ય સોંપી કોશલનરેશ તેમની રાણી સાથે વનમાં ચાલ્યા ગયા. ત્યારે કાશીનરેશ સમજ્યો કે મારાથી ડરીને ચાલ્યો ગયો. કોશલરાજની સત્તા કાશીનરેશના હાથમાં આવી એટલે ઘરઘરમાં પોતાના ગુણ ગવાય તે માટે ખૂબ પ્રયાસો કર્યા પણ લોકો તો એમજ બોલતા હતા કે કોશલનરેશ જેવો બીજો કોઈ રાજા નહિ થાય. આ રીતે પ્રજા કોશલનરેશના ખૂબ ગુણ ગાવા લાગી. આ કાશીનરેશથી સહન ના થયું એટલે તેણે જાહેરાત કરી કે જે કોઈ કોશલનરેશનું માથું કાપીને લાવી આપશે તેને સવા મણ સોનું આપવામાં આવશે. એ જીવતો છે તો લોકો ગુણ ગાય છે ને? જો એનું અસ્તિત્વ મિટાવી દઉં તો પછી એના ગુણ કોણ ગાવાનું છે?

કોશલનરેશ જંગલમાં ઝુંપડી બાંધીને આનંદથી રહેવા લાગ્યા. લાકડાના ભારા વેચી ગુજરાન ચલાવે છે ને આંગણે જો કોઈ ભૂખ્યો માણસ આવે તો તેને જમાડીને જે બચે છે તેમાંથી રાજા રાણી ખાઈને મસ્ત રીતે પ્રભુનું ભજન કરે છે. એક વખત રાજા રાણીને પૂછે છે કે હે રાણી! તમે અહીં સુખી છો કે દુઃખી છો? રાણી કહે, સ્વામીનાથ! મને અહીં દુઃખ શેનું? મારાં તો અહો ભાગ્ય છે કે જેણે અહિંસાને ખાતર પોતાનું રાજ્ય દુશ્મન રાજાને અર્પણ કરી અંતરમાં માનવતાના દીવડા પ્રગટાવ્યા છે એવા મને પતિ મળ્યા. વળી રાજ્યમાં તો કેટલી ખટપટ ને ઉપાધિનો પાર નહિ. જ્યારે અહીં તો કેવી શાંતિ છે! પેટ ભરવા રોટલો અને દેહ ઢાંકવા વસ્ત્રો મળે છે. ઝરણાનાં નિર્મળ પાણી મળે છે, વૃક્ષની શીતળ છાયા છે. ભગવાનનું ભજન થાય છે. રાજ્યમાં આટલી નિવૃત્તિ મળત નહિ. તો સ્વામીનાથ! આપણે આથી વધારે શું જોઈએ? રાણીનો જવાબ સાંભળીને રાજાને આનંદ થયો ને કહ્યું. અહો રાણીજી! તમારા જેવા સદ્‌ગુણી રાણીથી હું મને પણ ધન્ય માનું છું.

આ પ્રમાણે રાજા-રાણી વાત કરે છે ત્યાં એક ગરીબ બ્રાહ્મણ ત્યાં આવીને પૂછે છે ભાઇ! કોશલ દેશ જવાનો રસ્તો કયો? ત્યારે કોશલ નરેશે કહ્યું ભાઈ! કોશલ જવું છે? તો કહે હા. શા માટે? બ્રાહ્મણ કહે છે હું એક ગરીબ બ્રાહ્મણ છું મારી દીકરી મોટી થઈ છે તેના લગ્ન લેવાના છે. માથે કરજ વધી ગયું છે. ખાવાના સાંસા છે તો શા. દીકરીના લગ્ન કેવી રીતે કરવા? એટલે કોશલ નરેશ પાસે જઈ એક હજાર સોના-મહોરો લેવી છે. એ ખૂબ દયાળુ છે. મને શ્રદ્ધા છે કે એ મને ખાલી હાથે પાછો નહિ વાળે. બ્રાહ્મણને કયાં ખબર છે કે હું જેની સાથે વાત કરું છું તે પોતે કોશલ નરેશ છે. કોશલ રાજાએ વિચાર કર્યો કે આ દેહનો તો એક દિવસ નાશ થવાનો છે. તો કાશી નરેશે જાહેરાત કરી છે કે કોશલ નરેશનું માથું લાવી આપનારને સવામણ સોનું આપવામાં આવશે. તો આનું ભલું થતું હોય તો મારું માથું આપી દઉં. રાણીને કહે છે હે રાણી! આ દેહ વહેલો કે મોડો છોડવાનો છે તો પછી મરતાં મરતાં કોઇનું ભલું થતું હોય તો શામાટે ન કરવું? જો તમે રજા આપો તો કાશીનરેશ પાસે જઇ મારું માથું આપીને આ ગરીબને સુખી કરું. આ સાંભળી રાણીના દિલમાં આઘાત લાગ્યો. ને ધરતી ઉપર ઢળી પડી. પણ થોડી વારે સ્વસ્થ થઈને અર્પણનો આનંદ સમજતી રાણીએ આંસુ લૂછતા કહ્યું-ધન્ય છે સ્વામીનાથ આપને! આવું સમર્પણનું સંગીત ગાવા ઇચ્છતા હો તો હું સાંભળવા તૈયાર છું. પર કલ્યાણ કાજે સ્વામીનાથ પધારો. મારી આજ્ઞા છે. હું પણ વખત આવ્યે આપની જેમ મારું બલીદાન આપીશ.

બંધુઓ! કોશલનરેશના જીવનમાં માનવતા કેટલી ભારોભાર ભરી છે! રાજ્ય તો દઇ દીધું ને વગડામાં આવીને વસ્યા. લાકડાના ભારા વેચીને આનંદથી જીવન વીતાવતા

હતા અને હવે પ્રાણનું બલીદાન આપવા તૈયાર થયા. શા માટે? સત્કર્મથી માનવતાનો દીવડો જલતો રાખવા માટે ને? કોશલનરેશ પેલા ગરીબ માણસને લઈને કાશીરાજ પાસે આવ્યા. વગડામાં રહેવાથી શરીર સૂકાઈ ગયું છે. ફાટયા તૂટયા કપડા છે એટલે કોઈ ઓળખી શકતું નથી કે આ રાજા હશે! કાશીરાજને નમન કરીને કહ્યું-હે મહારાજા! આપની તલવારથી મારું મસ્તક ઉતારી લો ને એના બદલામાં આ ગરીબ બ્રાહ્મણને સવામણ સોનું આપી દો. કાશીનરેશ પૂછે છે તું કોણ છે? ત્યારે કહે-મહારાજા! જેના માથા માટે સવામણ સોનું આપવાની જાહેરાત કરી છે તે હું પોતે છું. આ સાંભળી કાશીનરેશ સિંહાસન ઉપરથી ઊભા થઈ ગયા ને કહ્યું-કોશલનરેશ! તમે જાતે જ તમારું માથું આપવા આવ્યા છો?

કોશલનરેશે નમ્રતાથી કહ્યું-મહારાજા! આ ગરીબ માણસ છે એને ધનની જરૂર છે. મારે એક દિવસ મરવાનું છે. તો વનવગડામાં મરવું તેના કરતાં મરતાં મરતાં કોઈનું ભલું થતું હોય તો કરી લઉં એવી મારી ભાવના છે. તો આપ જલ્દી મારું મસ્તક ઉતારીને આ ગરીબને સવામણ સોનું આપી દો. એમ કહી કોશલનરેશ મસ્તક નમાવીને ઊભા રહ્યા. કોશલનરેશને જોઈને કાશીનરેશનું હૃદય પીગળી ગયું, સિંહાસન ઉપરથી ઊભા થઈને ભેટી પડયા ને બોલ્યા. અહો! આજ સુધી તમારું નામ ને તમારા ગુણગાતા સાંભળ્યા હતા પણ આજે તો તમારામાં રહેલી દિવ્યતાના અને પ્રત્યક્ષ દર્શન થયા. આપની કરૂણા, ઉદારતા ને ક્ષમા અદ્ભુત છે. કયાં હું પાપી ને કયાં તમારી પવિત્રતા! હું તો તમારા પગની રજ પણ નથી. આપ આ સિંહાસન સ્વીકારો ને હું તમારો સેવક બનીને રહું.

કોશલનરેશ કહે છે મહારાજા! મારે હવે રાજસિંહાસન નથી જોઈતું. તમે રાજ્ય કરો, હું તમારો પ્રજાજન બનીને પ્રજાની સેવા કરું. બાકી મને રાજ્યનો મોહ નથી. મારે તો ખાવા બે ટાઈમ રોટલો, શરીર ઢાંકવા વસ્ત્ર અને સૂવા માટે સાડા ત્રણ હાથ જગ્યા સિવાય કંઈ ન જોઈએ. આ દુનિયામાં એકલા આવ્યા છે ને એકલા જવાનું છે. મોટા રાજા હોય, કરોડપતિ હોય કે ગરીબ હોય દરેકને એક દિવસ બધું છોડીને જવાનું છે. પછી રાજ્યનો મોહ શા માટે? પછી બંને રાજા મિત્રો બની ગયા. આ રીતે કોશલ નરેશ માનવતાનો દીવડો જલતો રાખી મૈત્રી, પ્રેમ, ક્ષમા, ત્યાગનો પ્રકાશ પાથરતા ગયા. તો બંધુઓ! આ રીતે તમે પણ જીવનના દીવડામાં મૈત્રીની વાટ મૂકી, પ્રેમનાં તેલ પૂરી ક્ષમાની જ્યોત જલાવી માનવજીવનને સફળ બનાવો.

અનાથી નિર્ગ્રંથના જીવનમાં પણ ચારિત્રની જ્યોત ઝગમગી રહી છે. રાજાએ તેમને પ્રશ્ન કર્યો કે તમે યુવાનીમાં દીક્ષા શા માટે લીધી? ત્યારે મુનિએ કહ્યું હું અનાથ

હતો તેથી મેં દીક્ષા લીધી છે. રાજાના પ્રશ્નનું રહસ્ય કેવી રીતે ખુલશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં. ૨૪

**શ્રાવણ સુદ ૧૦ ને શનિવાર** **તા. ૧૬-૮-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો !

અનંત કરૂણાનિધી ભગવાને જગતના જીવોના દુઃખ મટાડવા માટે સિદ્ધાંત રૂપ વાણીનું નિરૂપણ કર્યું. આ સંસારમાં દુઃખ બે પ્રકારનું છે. એક શારીરિક ને બીજું માનસિક. શારીરિક દુઃખ ને વ્યાધિ કહેવાય ને માનસિક દુઃખને આધિ કહેવાય. આ બંને પ્રકારની પીડાનું મૂળ કારણ કર્મ છે. તેમાં અશાતા વેદનીય કર્મના ઉદયથી બધા પ્રકારની પીડાઓ થાય છે.ભગવાનની આજ્ઞાનું પાલન કરવાથી સંપૂર્ણ કર્મોનો નાશ થાય છે ને કર્મોનો નાશ થઇ જવાથી આત્માને કોઇ જાતનું દુઃખ રહેતુ નથી. તે અશોક બની જાય છે એટલે શોક રહિત બની જાય છે.

બંધુઓ ! જ્ઞાનીઓની આપણા ઉપર કેટલી કરૂણા દૃષ્ટિ છે. દરેકને માટે હમેંશાં પ્રભુનો દરબાર ખુલ્લો છે. અહીં ઊંચ-નીચ, શ્રીમંત-ગરીબ, કોઈને માટે ભેદભાવ નથી. મનુષ્યની વાત બાજુમાં મૂકો અરે તિર્યંચોને પણ પ્રભુના સમોસરણમાં સ્થાન મળતું હતું. સર્વ જીવોને કર્મોના બંધનમાંથી મુક્ત થવા માટે ધર્મનો ઉપદેશ કર્યો છે. પ્રભુ એ તો ત્રણ ભુવનના નાથ છે. નાથ કોને કહેવાય ? તે જાણો છો ને ? આપણે અનાથ અને સનાથનો અધિકાર ચાલે છે. "योग क्षेम करो नाथ" જે યોગ અને ક્ષેમ કરનાર હોય તે નાથ કહેવાય. જે વસ્તુ પ્રાપ્ત ન હોય તેનું પ્રાપ્ત થવું તે યોગ કહેવાય. અને જે વસ્તુ પ્રાપ્ત હોય તેની રક્ષા કરવી તે ક્ષેમ કહેવાય છે. જે જીવોને સમ્યકત્વ અને અને ચારિત્રની પ્રાપ્તિ કરવાનો માર્ગ બતાવે છે અને જેણે સમકિત અને ચારિત્રને પ્રાપ્ત કર્યું છે તેની રક્ષા કરવાનો ઉપદેશ આપે છે તેથી ભગવાનને યોગ અને ક્ષેમ કરનાર નાથ કહે છે. આવા પ્રભુએ દરેક જીવોને અહિંસાનો ઉપદેશ આપ્યો છે. તીર્થંકરની વાણી સાંભળીને અનંત જીવો સંસાર સાગરને તરી ગયા છે. પાપીમાં પાપી જીવો કે જેની કાર્યવાહી જોતાં આપણને લાગે કે આ જીવો નરકમાં જશે એવા જીવો પણ ભગવંતની વાણીથી મોક્ષ અને સ્વર્ગના મહેમાન બન્યા છે.

આપણો મૂળ અધિકાર શ્રેણીક રાજા પૂછે છે હે મુનિરાજ ! તમે આવી ઉગતી યુવાનીમાં દીક્ષા શા માટે લીધી ? આ શ્રેણીક રાજાનો પ્રશ્ન છે. એનો પ્રશ્ન સાંભળીને મુનિએ સમયોચિત જવાબ આપ્યો કે–

अणाहोमि महाराय, नाहो मज्झ न विज्जई ।
अणुकम्पगं सुहिं वावि, किंचि नाभिसमेमहं ।।

ઉત્ત. સૂ. અ. ૨૦, ગાથા ૯,

હે મહારાજા! હું અનાથ હતો. બંધુઓ! કોઈ પણ માણસ આપણને જે જાતનો પ્રશ્ન કરે તે સમયે તેનો સમયોચિત જવાબ મળે તો એની શંકાનું સમાધાન થાય છે. બધું કામ સમયોચિત હોય તો તેમાં લાભ છે. ચોમાસું આવે ત્યારે ખેડૂત સોડ તાણીને સૂઈ જાય ને ઉનાળામાં ખેતરમાં બીજ વાવવા જાય તો લાભ મળે? તેવી રીતે દરેક કાર્યોમાં સમય સૂચકતા વાપરવાની જરૂર છે. અહીં જેમ અનાથી નિર્ગ્રંથે શ્રેણીક રાજાને સમયોચિત જવાબ આપ્યો તે રીતે ઉત્તરાધ્યયન સૂત્રના અઢારમા અધ્યયનમાં સંયતિ રાજાનો અધિકાર આવે છે.

**સાચો સંયતિ કોણ?**: સંયતિ એટલે શું? સં+યતિ. જેણે પોતાની પાંચ ઈન્દ્રિઓ અને છઠ્ઠું મન સારી રીતે યત્નાપૂર્વક સંયમમાં રાખ્યું છે તેનું નામ સંયતિ. જે સમ્યક્ પ્રકારે ઈન્દ્રિઓનું દમન કરે તો સાચો સંયતિ છે. પણ અહીંયા જે સંયતિ રાજાની વાત ચાલે છે તે સંયતિ રાજા પહેલા સાચો સંયતિ ન હતો. આ સંયતિ રાજા એક વખત શિકાર કરવા માટે ગયા હતા. ત્યાં તેમણે એક હરણીને વીંધી નાંખી. પોતાના શિકારને શોધતા શોધતા તે આગળ ચાલ્યા તો હરણીને મુનિના પગ આગળ પડેલી જોઈ. તે મુનિનું નામ ગર્દભાળી મુનિ હતું. મુનિ તો ધ્યાનાવસ્થામાં હતા. એમને બહારની કાંઈ ખબર નથી પણ આ સંયતિ રાજાના મનમાં થયું કે મેં મોટી ભૂલ કરી. આવા મહાન ત્યાગી મુનિની હરણીને મેં વીંધી નાંખી છે. તે આ મુનિનો મોટો અપરાધ કર્યો છે. સંયતિ રાજાને આવો વિચાર કેમ આવ્યો? હરણી મરી ગઈ એટલે નહિ. હરણી મરી ગઈ તેનો અફસોસ નથી પણ એ હરણી મુનિની હતી ને મારાથી એ મરી ગઈ. આ મુનિ ધ્યાનમાંથી જાગૃત થશે ને તેમની હરણીને વીંધાયેલી જોશે તો મારા ઉપર કોપાયમાન થશે. કારણ કે આ સંતો મહાન શક્તિધારી હોય છે. સિંહની બોડમાં હાથ નાખવો સારો છે પણ આવા સંતોને સંતાપવામાં સાર નથી. જો એ મારા ઉપર કોપાયમાન થશે તો મારું તો મોત થશે એટલું નહિ પણ "कुध्धे तेएण अणगारे डहेज्ज नरकोडिओ।" એ કોપાયમાન થયેલા સંત તેમના સંયમના તેજથી કરોડો મનુષ્યોને બાળી શકે. આ મુનિ કોપાયમાન થશે તો હું શું કરીશ? એવા ભયથી રાજા થરથર ધ્રુજવા લાગ્યા અને મુનિના ચરણમાં પડીને વિનંતી કરવા લાગ્યા કે હે મુનિરાજ! મને ખબર નહિ. મેં આપની નિર્દોષ હરણીનો વધ કર્યો. મારી મોટી ભૂલ થઈ ગઈ છે, તો "भगवं एत्थ मे खमे।" હે ભગવંત! આપ મારો અપરાધ ક્ષમા કરો. હું સંયતિ રાજા છું. આપ મારી સાથે બોલો. આ રીતે ખૂબ વિનવણી કરે છે પણ મુનિ તો

ધ્યાનમાં મગ્ન હતા એટલે કંઇ બોલ્યા નહિ. મૌન રહ્યા. તેથી રાજા ખૂબ ભયભીત બનીને થરથર ધ્રુજવા લાગ્યા. કારણ કે મરવું કોઇને ગમતું નથી. "सव्वे जीवा वि इच्छन्ति, जीविउं न मरिज्जिउं ।" દુનિયાના દરેક જીવો જીવવાને ઇચ્છે છે. અરે, સ્વપ્નુ આવે કે મારૂં મરણુ થયું તો પણ હાય લાગી જાય છે કે હું મરી જઇશ? એટલે સ્વપ્નમાં પણ મરવું ગમતું નથી. રાજાને મરણનો ભય લાગ્યો. મરણના ભયથી રાજા મુનિને ખૂબ આજીજી કરે છે. પણ મુનિ તો ખૂબ ગંભીર હતા. અધુરો ઘડો છલકાય છે પણ ભરેલો છલકાતો નથી. તેમ ગંભીર આત્માઓ જલ્દી બોલતા નથી. ને કદાચ બોલે તો ખૂબ વિવેકપૂર્વક બોલે છે. અહીં મુનિએ ધ્યાનપાળી આંખ ખોલી. બાજુમાં વીંધાએલી હરણી પડી છે. રાજા મુનિને વિનવે છે. આ જોઈ મુનિ પરિસ્થિતિ સમજી ગયા. રાજા જૈનધર્મી ન હતા એટલે તેમને ખબર ન હતી કે મુનિ આવા હરણુ તેમજ બીજા પ્રાણીઓને પાળે નહિ.

મુનિ કહે છે હે રાજન્! તને મરણુનો ડર લાગ્યો છે ને? તો સાંભળ. માંગે છે તેવું આપ:-

अभओ पत्थिवा तुब्भं, अभयदाया भवाहि य ।
अणिच्चे जीवलोगम्मि, किं हिंसाए पसज्जसि ।।

ઉ. સૂ. અ. ૧૮, ગાથા ૧૧

તને મારા તરફથી અભય છે. કોઇ માણુસને ફાંસીની સજા જાહેર કરીને પછી તેને કોઇ બરફી, પેંડા, ને મેવા આપે તો તેને ખાવું ભાવે ખરું? ના. પણ કહે કે તારી ફાંસી માફ તો બોલો તેની ભૂખ પણ મટી જાય ને? ગર્દભાળી મુનિએ રાજનને કહ્યું. તને અભય છે. આ શબ્દો સાંભળી સંયતિ રાજાનો ગભરાટ મટી ગયો. મરણુનો ભય ગયો એટલે બધું ગયું.

બંધુઓ! તમને પણ જન્મ-જરા અને મરણુનો ભય લાગ્યો છે? જો જન્મ-મરણુનો ભય લાગ્યો હોય તો વીતરાગ વચનમાં શ્રદ્ધા કરો. એક વખત વીતરાગ વચનમાં શ્રદ્ધા આવી એટલે સમ્યક્દર્શન પ્રાપ્ત થવાનું ને જ્યાં સમકિત આવે એટલે મોડામાં મોડો અર્ધપુદ્ગલ પરાવર્તન કાળમાં અવશ્ય જીવનો મોક્ષ થવાનો. ખરેખર રાજાને મુનિનો ભેટો થયો તે તેના કલ્યાણુનો માર્ગ છે.

મુનિ કહે છે હે રાજન્! તને જેમ અભય ગમે છે તેમ બીજા જીવોને પણ અભય ગમે છે. કોઈને મરવું ગમતું નથી, માટે તમે પણ "अभयदाया भवाहि य ।" બીજાને અભયદાન આપો. આ મનુષ્યભવમાં તમે પૂર્વના પુણ્યથી રાજ્યના સુખો ભોગવી રહ્યા છો પણ તે સુખો અને રાજ્યવૈભવ બધું અનિત્ય છે. આ અનિત્ય રાજવૈભવના સુખોમાં પડીને તું હિંસામાં કેમ રચ્યોપચ્યો રહે છે. હે રાજન્! હિંસા કરવાથી જીવ

મહાન પાપનું ભાથું બાંધે છે. ને નરકગતિમાં જીવને કારમી વેદનાઓ ભોગવવી પડે છે. માટે હિંસાનો તું સર્વથા ત્યાગ કરી દે ને અહિંસાનું પાલન કર. અહિંસાનો મહિમા કેવો છે. સાંભળ.

संसाराम्बुधिनौ श्च दुष्कृतरजः सन्नाशवा त्या श्रियां,
दूती मुक्तिसखी सुबुध्धि सहजा दु:खाग्नि मेघावली ।
नि:श्रेणी त्रिदिवस्य सर्वसुखदा यास्त्यर्गला दुर्गते
जीवेषु क्रियतां दयालाभ परैः कृत्यैरशेषैर्जनाः ।।

જીવદયા સંસાર સમુદ્ર તરવામાં નૌકા સમાન છે. દુષ્કર્મ રૂપી રજ-ધૂળના સમુહને ઉડાડવામાં વંટોળીયા સમાન છે. લક્ષ્મીની દાસી અને મુક્તિની સખી જેવી છે. સુબુદ્ધિની ભગિની અને દુ:ખ દાવાનળને શાન્ત કરવામાં મેઘની શ્રેણી જેવી છે. સ્વર્ગની તો એ સીડી છે ને દુર્ગતિના દરવાજા બંધ કરનારી છે. ઉપરોક્ત ગુણવાળી જીવદયાનું દરેક જીવોએ પાલન કરવા જેવું છે. જીવદયાનો લાભ ખરેખર અવર્ણનીય છે. જે સંસારમાં રહીને અંશે જીવદયા પાળે છે તેને પણ મહાન લાભ થાય છે. તો જે આત્માઓ સર્વથા જીવદયા પાળે છે તેને તો કેટલો મહાન લાભ થાય છે!

મુનિનો બોધ સાંભળીને સંયતિ રાજા બોધ પામી ગયા ને મુનિના ચરણમાં મસ્તક ઝુકાવી કહેવા લાગ્યા કે હે ગુરૂદેવ! આપની વાત સાચી છે. હવે મારે સંપૂર્ણ હિંસામાંથી મુક્ત થવા માટે તો આપના જેવી દીક્ષા લેવી છે. કારણ કે સંસારમાં તો કંઇ ને કંઇ હિંસા થાય છે. સર્વથા જીવદયા પાળવા માટે સંયમ ઉત્તમ છે. રાજા ત્યાં ને ત્યાં બોધ પામી ગયા ને મુનિ પાસે દીક્ષા લઇ લીધી. શિકાર કરવા આવેલા શિકારી સંતનો સમાગમ થતાં ત્રિકાળી બની ગયા.

દેવાનુંપ્રિયો! સંયતિ રાજાનો દાખલો આપીને મારે તમને એ વાત સમજાવવી છે કે માણસ સમયોચિત જવાબ આપે છે તો કેવો મહાન લાભ મેળવે છે. સંયતિ રાજાને મુનિએ એટલું જ કહ્યું કે તને અભય ગમે છે તો તું પણ અભયદાન આપતા શીખ. આટલા શબ્દે રાજાના જીવનનું પરિવર્તન થઇ ગયું. તમને પણ સંતોએ ઘણી વખત ટકોર કરી હશે! પણ આવો વેગ આવ્યો છે? ટકોરે ચકોર બને એ સાચો માનવ છે. તેજીને ટકોરો હોય ને ગર્દભને તો ડફણા હોય. (હસાહસ).

શ્રેણીક રાજાએ મુનિને પ્રશ્ન કર્યો કે તમે આ યૌવનકાળમાં દીક્ષા શા માટે લીધી? તેના જવાબમાં મુનિએ કહ્યું अणाहोमि महाराय, नाहोमज्झ न विज्जई । હે રાજન! મારે કોઇ નાથ ન હતો. નાથ કોને કહેવાય? તે વાત આપણે પહેલા આવી ગઇ. મુનિ કહે છે મારૂં રક્ષણ કરનાર કોઇ ન હતું. તેમ મારા ઉપર અનુકંપા કરનાર પણ

કોઈ ન હતું. અને સંકટના સમયે કામ આપે તેવો મારો કોઈ મિત્ર પણ ન હતો. આ રીતે મારી રક્ષા કરનાર કોઇ ન હોવાથી મેં દીક્ષા લીધી છે. આ મુનિના જવાબથી તમે તો એમ માની લો કે આ કોઇ રખડતો માનવી હશે. એને ખાવા-પીવાનું નહિ હોય, રહેવા ઘર નહિ હોય ને તેના સગાવહાલા પણ તેની સંભાળ નહિ રાખતા હોય એટલે દીક્ષા ન લે તો શું કરે? તમે કહો છો ને કે **"નારી મુઇ, ગૃહસંપત્તિ નાશી, મુંડ મુંડાય ભયે સંન્યાસી."** આ કહેવત પ્રમાણે કદાચ તેની સ્ત્રી મરી ગઇ હશે, સંપત્તિ નાશ પામી હશે એટલે મસ્તક મુંડાવીને સાધુ બની ગયો હશે. તમે તો આવું માની લો ને? પણ શ્રેણીક રાજા એમ માની લે તેવા ન હતા. મહાન બુદ્ધિશાળી હતા. રાજાના મનમાં થયું કે શું આ પૃથ્વી ઉપર દયાધર્મનો વિનાશ થયો હશે? કોઇ અનાથ બાળકો હોય તો તેને માટે અનાથાશ્રમ છે, અનાથ બાળકોને અનાથાશ્રમમાં આશ્રય મળે છે. તો શું આ મુનિને કયાંય આશ્રય નહિ મળ્યો હોય? આ વાત માનવામાં આવતી નથી.

આ મુનિ આવી શારીરિક સંપત્તિથી યુકત હોવા છતાં એમ કહે છે કે હું અનાથ છું. તો મને તો એમની વાત એવી લાગે છે કે જેમ રત્નચિંતામણી કહે કે મને કોઈ રાખતું નથી, કલ્પવૃક્ષ કહે કે મારો કોઇ આદર કરતું નથી અને કામધેનુ કહે કે મને કોઇ ઉભા રહેવા સ્થાન આપતું નથી. જેમ રત્નચિંતામણી, કલ્પવૃક્ષ કે કામધેનુને કોઇ આદર ન આપે તે વાત બિલકુલ અસંભવિત છે તેમ આ મુનિનું શરીર શંખ, ચક્ર, પદ્મ આદિ શુભ લક્ષણોથી યુકત છે તો એમને કોઇ નાથ ન હોય, રક્ષણ કરનાર ન હોય, કે મિત્ર ન હોય એ કેમ બની શકે? હંસો જે માન સરોવરમાં રહેતા હોય તે સરોવર વરસાદના અભાવે કદાચ સૂકાઇ જાય તો હંસો બીજા સરોવરનો આશ્રય કરી લે પણ તેની ચાંચમાં દૂધ અને પાણી અલગ કરવાનો ગુણ છે તેને કોઇ લઇ શકે નહિ. તે રીતે આ મુનિનું મુખડું જોતાં લાગે છે કે તે જાણે મહાન સમૃધ્ધિવાનનો પુત્ર હશે! તો તેમને કોઇ નથી એ વાત માની શકાય નહિ, આ રીતે શ્રેણીક રાજા વિચાર કરે છે.

તમને સાધુને જોઈને આવો વિચાર આવે છે? "ના". કારણ કે તમારી દૃષ્ટિમાં સાધુ બિચારા છે. પણ ભાઇ! બિચારા અમે નથી તમે છો. અમે તો બહાદુર સિંહ જેવા છીએ. તમારી દશા કેવી છે? સિંહને કોઇ ગોળી મારે તો ગોળી મારનારને શોધીને તેની સામે ઝઝૂમે. પણ કૂતરાને કોઇ લાકડી મારે તો ચાલ્યું જાય પણ પાછું એને કોઇ તૂ-તૂ-કરે તો પાછું દોડતું આવે. તે પેલા ઘાને ભૂલી જાય છે. તે રીતે સંસારમાં કયારેક કલેશમય વાતાવરણ સર્જાઇ જાય ત્યારે ઘડી બે ઘડી સમજાઇ જાય કે આ સંસાર ખોટો છે. કુટુંબ પ્રત્યેથી પ્રેમ ઉતરી જાય ને એમ થાય કે જાણે દીક્ષા લઇ લઉં. પણ જ્યાં બે કલાક થયા, ઉભરો શાંત થયો, એક બીજા ઉગ્ર બનીને જે વચનો બોલ્યા તેની વેદના હજુ મટી નથી છતાં પેલા બધા મીઠું મીઠું બોલવા લાગ્યા ત્યાં ભાઇસાહેબ એમના

તરફ આકર્ષાયા. બોલો હવે તમને કેવા કહેવા? (હસાહસ). આ સંસારનું સુખ ગીલેટ ચઢાવેલા સોના જેવું છે. ઉપરથી ભભકો દેખાય છે પણ અંદર કાંઈ નથી. તમારો સંસાર ઉપરથી ઉજળો સાકરના ઢગલા જેવો તમને દેખાતો હોય પણ અંદરથી તો મીઠાના ઢગલા જેવો ખારો છે. જ્યારે અમારા સંયમના સુખો સાકરના ઢગલા જેવા છે. સાકર કરતાં પણ વધારે મીઠા છે. આ મીઠાશનો સ્વાદ એક વાર ચાખો તો ખબર પડે ને?

જ્યાં ભૌતિક સુખના ટુકડા માંગવાની ભૂખ મટતી નથી ત્યાં આ સુખો ક્યાંથી ગમે? અરે, કંઈક તો એવા ભોગના ભિખારીઓ છે કે જ્યાં ત્યાગ કરવાનું સ્થાન છે. ભોગને ભૂલવાનું સ્થાન છે ત્યાં જઈને પણ ભોગના ટુકડાની ભીખ માંગે છે. મૂર્ખાને માંગતા પણ નથી આવડતું, એક ભક્તે ગાયું છે કેઃ-

**તમ કને શું માંગવું એ અમે ના જાણીએ,**
**તમે જેનો ત્યાગ કર્યો એ જ અમે માગીએ.**
**દેવાધિદેવ તમે મોક્ષ કેરા દાની, અમે માગનારા કરીએ નાદાની**
**પારસની પાસે અમે પથરાઓ માગીએ તમે જેનો ત્યાગ કર્યો-**

સવારમાં ઊઠીને તમે એવું ચિંતન કરો છો, કે હે સિદ્ધ ભગવંતો! સિદ્ધાસિદ્ધિ મમદિસંતુ મને તમારા જેવી સિદ્ધ દશા ક્યારે પ્રાપ્ત થશે? ભગવાન તો મોક્ષ માર્ગના બતાવનારા છે. પણ માગનારા એવા નાદાન છે કે બસ, એને ગમે તેટલા સુખો ભોગવ્યા છતાં હજુ એની ભૂખ મટી નથી એટલે ભૌતિક સુખોની માંગણી કરે છે. જ્યાં પારસમણી હોય ત્યાં પથ્થર મંગાય? પારસમણીને લોખંડ અડાડો તો સુવર્ણ બની જાય. તેમ જેમણે ભૌતિક સુખોનો ત્યાગ કર્યો છે, રાજમહેલને જેલ માનીને નીકળી ગયા તેમની પાસે ભૌતિક સુખ મગાય? માગનારા માગે તો કેવી મૂર્ખાઈ કહેવાય? એકવાર એવું માગી લો કે ફરીને માંગવું ન પડે.

એક વખત કૃષ્ણ વાસુદેવને ત્યાં અર્જુન અને દુર્યોધન બંને પ્રભાતના પહોરમાં આવ્યા. દુર્યોધન પહેલો આવીને કૃષ્ણના માથે બેઠો ને અર્જુન પગ પાસે બેઠો. કૃષ્ણ મહારાજા બેઠા થયા એવી સીધી દૃષ્ટિ અર્જુન ઉપર પડી. કૃષ્ણજી પૂછે છે, અર્જુન! કેમ, અત્યારના પહોરમાં?' ત્યારે દુર્યોધન કહે છેઃ હું એનાથી પહેલો આવ્યો છું. કૃષ્ણજી કહે મારી દૃષ્ટિ જેના ઉપર પહેલી પડી એ પહેલો. અર્જુનજી તો ઉદાર દિલના હતા એટલે કહે છે ભલે, એને જે માગવું હોય તે માગી લેવા દો, પછી હું માગીશ. કૃષ્ણ કહે છેઃ બોલો દુર્યોધન! તમે શું લેવા આવ્યા છો? દુર્યોધન કહે છે, મારે યુદ્ધમાં જવાનું છે માટે આપની પાસે જેટલો શસ્ત્ર સરંજામ હોય તે બધા મને આપી દો. એક પણ શસ્ત્ર ન રહેવું જોઈએ.' કૃષ્ણ કહે ભલે. દુર્યોધને બધા શસ્ત્રો માગી લીધા ત્યારે અર્જુનને કહે છે તમે બંને સામાસામી યુદ્ધે ચઢવાના છો તેને માટે શસ્ત્રોની માંગણી

કરવા આવ્યાં છો. પણ હે અર્જુન ! યુદ્ધના બધા શસ્ત્રો દુર્યોધને માંગી લીધા. હવે તું શું માંગીશ ? ત્યારે અર્જુન કહે છે પ્રભુ ! મારે બીજુ કાંઇ નથી જોઇતું. મારે તો તમે એકજ જોઇએ છે. હું યુદ્ધમાં જાઉં ત્યારે તમે મારા રથમાં બેસજો. જેના રથમાં ખુદ ભગવાન બિરાજે તેનો કદી પરાજય થતો નથી. એટલે તમે એક મારી સાથે હશો તો મારો વિજય છે. એટલે મારે બીજું કાંઇ ન જોઇએ.

બંધુઓ ! આનું નામ માગતા આવડયું કહેવાય. તમે પણ પ્રભુ પાસે એવું માંગી લો. રોજ એવી પ્રાર્થના કરો કે હે પ્રભુ ! મને તારા જેવી સ્થિતિ ક્યારે પ્રાપ્ત થશે ? હું સંસારનો ત્યાગ કરી સંયમી કયારે બનીશ ? તેં જે રાગ-દ્વેષનો ત્યાગ કર્યો તે મારામાં હજુ ભરેલા છે. એનો કયારે ત્યાગ કરીશ ? એવું માગો. માગીને બેસી રહેવાનું નથી, માંગવાની સાથે પ્રભુએ જેવો પુરૂષાર્થ કર્યો એવો તમે કરો. તો ભવનો અંત આવશે. અનાથી મુનિએ કહયું - હું અનાથ છું તેથી શ્રેણીક રાજાને ખુબ આશ્ચર્ય લાગ્યું ને તેમનું મુખડું મલકી ગયું. હવે તે મુનિને શું કહેશે તેના ભાવ અવસરે.

☆

## વ્યાખ્યાન નં.–૨૫

## "બ્રહ્મચર્યનો મહિમા"

**શ્રાવણ સુદ ૧૧ને રવિવાર** તા. ૧૭-૮-૭૫

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો !

અનંત જ્ઞાની ભગવંતો જગતના જીવોને કહે છે, હે આત્મા ! અનંત કાળથી આ સંસારમાં અજ્ઞાનના કારણે વિવિધ પ્રકારના દુઃખો તું ભોગવી રહયો છે. હવે એ દુઃખોથી મુકત થવું હોય ને સાચું સુખ મેળવવું હોય તો તારી દૃષ્ટિ બદલવી પડશે. દૃષ્ટિ બે પ્રકારની છે. એક આધ્યાત્મિક દૃષ્ટિ ને બીજી ભૌતિક દૃષ્ટિ. આધ્યાત્મિક દૃષ્ટિ અને ભૌતિક દૃષ્ટિ વચ્ચે અંતર છે' જેની દૃષ્ટિ ભૌતિક સુખ તરફ છે તે એમ માને છે કે જેટલી ભૌતિક સાધનોની વૃદ્ધિ તેટલી પ્રગતિ છે, ત્યારે જેની દૃષ્ટિ આધ્યાત્મિક સુખ તરફ છે તે એમ માને છે કે જેટલા ભૌતિક સાધનો અને ભૌતિક સુખો વધશે તેટલી આત્માની પ્રગતિ અટકશે.

બંધુઓ ! જીવને જ્યાં સુધી આધ્યાત્મિક સાધનાનું મૂલ્ય સમજાયું નથી ત્યાં સુધી જીવ ભૌતિક સાધનાની પાછળ ભમવાનો. આધ્યાત્મિક સાધનાનું મૂલ્ય સમજાઇ ગયા પછી ભૌતિક સાધના સહેજે છૂટી જશે, બીજાની કયાં વાત કરવી ? આપણા ભગવાન મહાવીરના જીવન પ્રસંગો વિચારો, જ્યારે ભગવાન દીક્ષા લેવા તૈયાર થયા ત્યારે તેમના ભાઇ નંદીવર્ધને કહયું કે ભાઇ ! આવું મોટું રાજ્ય, વૈભવ અને સુખ છોડીને તમે સંયમની

કાંટાળી કેડીએ શા માટે જાઓ છો! ત્યારે ભગવાને કહ્યું – હે ભાઈ! જે આ દુનિયાનું રાજ્ય સાચવવા બેસી જાય છે તે આત્મા ઉપર કદી દૃષ્ટિ કરી શકતો નથી. અને હું તો આત્માનું રાજ્ય મેળવવા જાઉં છું. આ રાજ્ય તરફથી દૃષ્ટિ ફેરવીશ તો આત્માનું રાજ્ય પ્રાપ્ત કરી શકીશ. આ દુનિયાનું રાજ્ય કરવાથી કદી મોક્ષ મળવાનો નથી. મોક્ષ મેળવવા માટે આ રાજ્ય છોડીશ તો આત્મિક શાશ્વત રાજ્ય મેળવી શકીશ.

દેવાનુ પ્રિયો! તમે એમ માનતા હો કે પૈસા, પદવી, પ્રતિષ્ઠા, અને સત્તા હોય તો કલ્યાણ થાય છે. તો તમારી ભૂલ છે. આ બધો માત્ર પુણ્યનો ચમકારો છે એને તમે ધ્યેય માની લો તો એ તમારી ભ્રમણા છે અને ભ્રમણા એ મિથ્યાત્ત્વ છે. આ મિથ્યાત્ત્વ ટળે તો સાચી દૃષ્ટિ પ્રગટે. અને સાચી દૃષ્ટિ પ્રગટ થતાં જીવને નવું જ્ઞાન પ્રાપ્ત થાય છે. માની લો કે કોઈ મનુષ્ય ખૂબ ધર્મિષ્ઠ છે. તેની પાસે પૈસો, પ્રતિષ્ઠા, સત્તા બધું હતું પણ પાપનો ઉદય થતાં નિર્ધન બની ગયો, એની સત્તા ચાલી ગઈ પ્રતિષ્ઠા ઉપર પાણી ફરી વળ્યું. પણ તે જીવની દૃષ્ટિ જો આત્મા તરફ વળેલી હશે તો તેને એમ થશે, કે આ બધું ભલે ચાલ્યું ગયું, તેમાં મારા આત્માનું કંઈ ગયું નથી. પૈસા, પ્રતિષ્ઠા, કીર્તિ, સત્તા આ બધા ભૌતિક પદાર્થો છે. આ બધું જવા છતાં મારા આત્માનું સત્ત્વ તલમાત્ર ઓછું થયું નથી. આવા ભાવ ક્યારે આવ્યા? આત્મા તરફ દૃષ્ટિ થઈ ત્યારે ને?

જેને આત્માનું ભાન થાય છે તેને ખ્યાલ આવે છે કે આ શરીર તો એક કવર જેવું છે. આજે આપણે ત્યાં પાંચ પાંચ ભાઈ બહેનો આજીવન બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરવાના છે, તેમને સમજાયું છે કે આ દેહ તો કવર જેવો છે અને એમાં રહેલો કાગળ રૂપી મારો આત્મા તો જુદો છે. કિંમત કોની છે કાગળની કે કવરની? કવર તો પચ્ચીસ પૈસાનું હોય છે. એ પચ્ચીસ પૈસાના કવરમાં લાખ રૂપિયાનો ચેક મૂકયો હોય તો તેથી તે કવરની કિંમત કંઈ લાખ રૂપિયાની થતી નથી. કિંમત તો અંદર રહેલા લાખ રૂપિયાના ચેકની છે તે રીતે જ્ઞાની કહે છે આ દેહ તો પચ્ચીસ પૈસાનું પરબીડીયું છે. એમાં જે આત્મા રૂપી ચેક રહેલો છે તેની કિંમત છે. આ ચેકને ઓળખાવવાની જે દૃષ્ટિ તેનું નામ સમ્યગ્દર્શન–તમારે ત્યાં એક કવરમાં બીડીને કોઈ વહેપારીએ એક લાખ રૂપિયાનો ચેક મોકલ્યો, તમને ખબર છે કે આમાં લાખ રૂપિયાનો ચેક છે. તો તમે કવરને કેવી રીતે ફોડશો? સર્વ પ્રથમ તો તમે કવરને ચારે બાજુથી જોઈ લેશો. કઈ બાજુથી કવર ફોડું કે જેથી ચેક ફાટે નહિ. તમે એટલા બધા હોંશિયાર છો કે કવરને ફોડવાનું છે તે તરફથી ફોડતાં ચેક ફાટી જાય તેમ છે તો તેને બીજી બાજુથી ફોડશો. અરે! આખું કવર ભલે ફાટી જાય તેનો વાંધો નહિ કારણ કે અંદરનો ચેક સાચવવો છે. કવરની સાથે કાંઈ સબંધ નથી. આવી દૃષ્ટિ જો આત્મા માટે આવી જાય તો કેવું સારું! સમજો આત્મા રૂપી ચેકને સાચવવા માટે શરીર રૂપી કવર સાચવવાનું છે.

એક ગામથી બીજે ગામ ચેકને પહોંચાડવા માટે કવરની મહત્તા છે. તે રીતે આપણા આત્માને મોક્ષ નગરે પહોંચાડવા માટે આ શરીરની મહત્તા છે.

બંધુઓ ! તમને આ શરીર કવર જેવું લાગ્યું હશે તો આ તપની સાધના કરતા આત્માઓને જોઈને થશે કે હું પણ આવા ઉગ્ર તપની સાધના કરી લઉં. કદાચ તપ નહિ કરી શકતા હોય તેને આ બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરતા ભાઈ બહેનોને જોઈને એમ થશે કે હું આવુ મહાન અમૂલ્ય બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરૂં. બ્રહ્મચર્ય વ્રત એ મહાન વ્રત છે. શ્રાવકના બાર વ્રતમાં ચોથું બ્રહ્મચર્ય વ્રત સૌથી શ્રેષ્ઠ છે ને સાથે દુષ્કર પણ છે.

એક વખત એક ગુરૂએ પોતાના ચાર શિષ્યોને જુદી જુદી જગ્યાએ ચાતુર્માસ કરવા માટે મોકલ્યા. એક શિષ્યને સર્પના રાફડા ઉપર ચાતુર્માસ કરવા મોકલ્યા. બીજાને સિંહની ગુફા પાસે, ત્રીજાને કૂવાના કાંઠે અને ચોથાને વેશ્યાને ઘેર ચાતુર્માસ કરવા મોકલ્યા. સર્પના રાફડા પાસે બેસી રહેવું એ કંઇ સહેલી વાત નથી. સર્પને દૂરથી દેખીને ડર લાગે છે તો તેના રાફડા પાસે બેસી રહેનારને કેટલો ડર લાગે ? સિંહની એક ગર્જના સાંભળીને ભલભલા માણસો ધ્રૂજી ઉઠે છે. ત્યાં રહેવું કેટલું કઠણ છે ! તે રીતે કૂવાના કાંઠે વસવું પણ સહેલ નથી, આ ત્રણે ઠેકાણે આહાર પાણી મળવાના નથી. ત્યાં ચારેય મહિના ઉપવાસ થયા. ચોથા મુનિએ વેશ્યાને ઘેર રહી ચાતુર્માસ પૂર્ણ કરવાનું હતું. આ ચારે શિષ્યો ગુરૂની આજ્ઞા પ્રમાણે ચાતુર્માસ પૂર્ણ કરીને ગુરૂની પાસે આવે છે.

સર્પનો રાફડો, કૂવાનો કાંઠો અને સિંહની ગુફા આ ત્રણે જગ્યાએથી ચાતુર્માસ પૂર્ણ કરીને આવેલા મુનિને ગુરૂ કહે છે દુષ્કર અને ચોથા શિષ્ય વેશ્યાને ઘેર ચાતુર્માસ કરીને આવ્યો તેમને ગુરૂએ કહ્યું દુષ્કર....દુષ્કર....દુષ્કર, આ સાંભળીને પેલા ત્રણ શિષ્યોના મનમાં થયું કે અહો ! આપણે ચાર ચાર માસના ઉપવાસ કર્યા અને જ્યાં જીવનને જોખમમાં મૂકીને રહેવાનું એવી જગ્યાએ આપણે ચાતુર્માસ કરીને આવ્યા ત્યારે ગુરૂએ દુષ્કર એક વખત કહ્યું ને પેલો ચાર મહિના વેશ્યાના સુંદર બંગલામાં રહ્યો ત્યાં રોજ આહાર પાણી મળે. આવા સુખમાં ચોમાસું કરીને આવ્યા તેમને ગુરૂએ ત્રણ વાર દુષ્કર.... દુષ્કર....દુષ્કર....કહ્યું. એટલે ત્રણે ગુરૂને કહે છે ગુરૂદેવ ! ન્યાય કરો, ગુરૂ કહે છે હું ન્યાયપૂર્વક બોલ્યો છું. એક ઈર્ષાળુ શિષ્ય કહે છે જો ન્યાયયુકત વચન બોલતા હો તો આવતું ચાતુર્માસ મને ત્યાં મોકલજો. ગુરૂ કહે-ભલે. તમે જજો. બીજું ચાતુર્માસ આવ્યું ને પેલા શિષ્યને વેશ્યાને ઘેર ચાતુર્માસ કરવા મોકલ્યા.

વેશ્યાને ઘેર ચાતુર્માસ કર્યું તેમને ગુરૂએ ત્રણ વાર દુષ્કર કેમ કહ્યું ? એ જાણવા *જેવી વાત છે. એ મુનિ કોણ હતા ? જાણો છો ને ? મંગલાચરણમાં આપણે બોલીએ છીએ ને ?*

"મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમ પ્રભુ
મંગલં સ્થૂલિભદ્રાદ્યા, જૈનધર્મોઽસ્તુ મંગલમ્!"

મહાવીર પ્રભુ મંગલ સ્વરૂપ છે. ગૌતમ સ્વામી મંગલ સ્વરૂપ છે તે રીતે જેમણે વેશ્યાને ઘેર રહીને દુષ્કર બ્રહ્મચર્ય વ્રતનું પાલન કર્યું છે તેવા સ્થૂલિભદ્ર મુનિ પણ મંગલ સ્વરૂપ છે. આ સ્થૂલિભદ્રને ગુરૂએ શા માટે વેશ્યાને ઘેર મોકલ્યા? તેનું કારણ એ છે કે સ્થૂલિભદ્રજી એ કોશ્યા નામની વેશ્યાને ઘેર બાર વર્ષો સુધી રહ્યા હતા. ને તેની સાથે કામભોગ ભોગવ્યા હતા. એમને દીક્ષા લેવાનું મન કેમ થયું? એમણે એક વખત વેશ્યાને જોઈ અને તેના રૂપમાં મુગ્ધ બની ગયા ને તે વેશ્યાને ઘેર રહેવા લાગ્યા. ઘરે આવતા નહિ. તેમના માતા-પિતાએ ખૂબ કહેવડાવ્યું પણ વેશ્યાના પ્રેમમાં પાગલ બનેલા સ્થૂલિભદ્ર પાછા ન આવ્યા. છેવટે તેમના પિતાજી મૃત્યુ શય્યા પર સૂતા છે. એ નાના દીકરાને કહે છે બેટા! તું જા ને સ્થૂલિભદ્રને ખબર આપ કે પિતાજીનો અંતિમ સમય છે. હવે તું ઘેર આવ. દીકરો કહે છે. બાપુજી! તમે મને બધી આજ્ઞા કરજો પણ વેશ્યાના પગથિયે જવાની આજ્ઞા ના કરશો. હું ત્યાં નહીં જાઉં. પણ પિતાજીનો ખૂબ આગ્રહ હતો એટલે ગયો ને સ્થૂલિભદ્રને ખબર આપ્યા. તેને આવવાનું મન પણ થયું પણ કોશ્યાએ ઇશારો કર્યો કે જવું નથી એટલે વેશ્યાના મોહમાં પાગલ અને વિષયભોગમાં મસ્ત બનેલો સ્થૂલિભદ્ર ગયો નહિ. પિતાજી પરલોકમાં પ્રયાણ કરી ગયા, છેવટે એના પિતાની સ્મશાનયાત્રા નીકળી. લોકો કાળાપાણીએ કલ્પાંત કરે છે, આ શબ્દો સ્થૂલિભદ્રના કાને પડયા ને ચમકયો, અહો! પિતાજીના અંતિમ સમયે પણ હું ગયો નહિ, મને મળવાની એમની કેટલી ઇચ્છા હતી! હે દુષ્ટ! પાપી! બાપુજી ગયા ને તું આ વેશ્યાના રંગભવનમાં મોજ ઉડાવે છે? તરત મહેલમાંથી નીકળીને ઘેર જઇ રહયા છે ત્યાં એને એવો યોગ મળી ગયો ને સંસાર છોડી સાધુ બન્યા.

દીક્ષા લઇને પ્રથમ ચાતુર્માસ આવ્યું. ગુરૂએ એ ચારિત્રમાં કેવો દઢ છે તે જોવા માટે એ જ વેશ્યાને ઘેર ચાતુર્માસ કરવા માટે મોકલ્યા. જેને ત્યાં સતત બાર વર્ષો સુધી રહીને સંસારના સુખો ભોગવ્યા હોય તેને ત્યાં જ સાધુપણું લઇને ચોમાસુ કરવા જવું તે સહેલી વાત નથી. ભડભડતી ચેહમાં પડવા જેવું કઠીન છે. સ્થૂલિભદ્રજીને સાધુના વેશમાં આવતા જોઇને કોશ્યાને હરખ થયો. અહો! મને છોડીને ચાલ્યો ગયો, સાધુ બની ગયો પણ એને મારા વિના ગમ્યું નહિ. એટલે આવે છે. એના હૈયામાં હર્ષની છોળો ઉછળવા લાગી. મુનિની સામે જઇને પહેલાની જેમ મોહના લટકાચટકા કરવા લાગી. ત્યારે સ્થૂલિભદ્ર કહે છે. હવે હું ભોગી નથી ત્યાગી છું. જ્યારથી તારા મહેલના પગથીયા ઉતર્યો ત્યારથી તું મારી બહેન બની ચુકી છે. માટે હવે એ મોહના નાટક કરવા રહેવા દે. મુનિને ચારિત્રથી ચલાયમાન કરવા ખૂબ પ્રયત્નો કર્યા પણ સ્થૂલિભદ્ર સહેજ પણ ડગ્યા નહિ.

બંધુઓ ! જેમણે કામભોગ ભોગવ્યા નથી તેને બચવું સહેલું છે. બ્રહ્મચર્યની નવ વાડ ભગવાને કહી છે તેમાં બીજી વાડમાં કહયું છે કે બ્રહ્મચારી આત્માએ સંસારીના કામભોગની કથાવાર્તા કરવી નહિ, કરે તો લીંબુ – આંબલી ને દાઢનું દષ્ટાંત. જે માણસે કદી લીંબુ ચાખ્યું નથી તેની સામે ગમે તેટલા લીંબુ ચીરીને મૂકો તો પણ તેના મોઢામાં ખટાશ નહિ આવે પણ જેણે લીંબુ ખાધું છે તેની સામે લીંબુ ચીરીને મૂકવામાં આવે તો મોઢામાં ખટાશ આવશે. આ રીતે જેમણે કામ ભોગનું સેવન કર્યું છે તેની સામે કામ ભોગ સબંધી વાત કરવામાં આવશે તો પણ તેના મનમાં વિકાર જાગશે. પણ જેણે કામ ઉપર વિજય મેળવ્યો છે તેના મનમાં વિકાર જાગતો નથી સ્થૂલિભદ્ર કામ વિજેતા બન્યા હતા. પોતે મકકમ રહયા ને વેશ્યાને સુધારી સાચી શ્રાવિકા બનાવી દીધી. પોતે મકકમ રહયા તો વેશ્યા ઉપર પ્રભાવ પાડી શકયા. પેલા સાધુ કોશ્યાને ત્યાં ચાતુર્માસ કરવા ગયા. આ કોશ્યા તો સાચી શ્રાવિકા બની ચૂકી હતી. તેથી મુનિની પરીક્ષા કરવા તૈયાર થઈ. અને વિચાર્યું કે આ મુનિ કેટલા દઢ છે! વેશ્યાના બે ત્રણ દિવસના હાવભાવમાં મુનિનું મન ચલાયમાન થઈ ગયું. દિલમા ભોગ વિષયની કારમી વાસના સતાવવા લાગી. સાધુ પોતાનું ભાન ભૂલ્યા.

**વિષય વાસનાથી થતું પતન:–** કોશ્યા કહે છે જો તમારે મારી સાથે ભોગ ભોગવવા હોય તો મારી માંગણી પૂરી કરવી પડશે. સાધુ કહે છે શું? તું કહે તેમ કરવા તૈયાર છું. ત્યારે કહે છે નેપાળ દેશથી મારા માટે રત્નકાંબળી લઇ આવો. પછી તમારી ઇચ્છા પૂર્ણ કરીશ. સાધુ ભરચોમાસામાં બે કાંઠા ભરેલી નદીઓ ઓળંગતા, ભયંકર વગડા વટાવતા નેપાળ દેશમાં પહોંચ્યા. બંધુઓ! વિષય વાસનાને આધીન બનેલો માનવી શું નથી કરતો? કેવા કેવા ભયંકર કષ્ટો વેઠે છે! કામવાસનાની વેદના કારમી હોય છે. એ વિષયોના કલ્પિત સુખોમાં મુગ્ધ બનેલો માનવી વિકટ ભયસ્થાનોમાં પોતાના જીવનને જોખમમાં મૂકી દે છે. તેને માટે માકંદીય પુત્રોનું દષ્ટાંત મોજુદ છે.

સ્વર્ગ સમાન રમણીય ચંપા નગરીમાં માકંદીય નામના શ્રીમંત શ્રેષ્ઠી વસતા હતા. તેમના ઘરનો બોજો તેમના બે પુત્રો એ ઉપાડી લીધો હતો. અગિયાર વખત એ પુત્રો એ ધન કમાવા માટે સમુદ્રની સફર ખેડી હતી. બારમી વખત સાધન સામગ્રી લઇ સમુદ્રની સફર કરવા વિદાય થયા. તેમની સફરના પંદર દિવસ તો સુખપૂર્વક વ્યતીત થઇ ગયા હતા. હજુ નિશ્ચિત સ્થાને પહોચ્યા ન હતા. સમુદ્રમાં ભયંકર આંધી અને તોફાન થતાં કરોડોની સંપત્તિ ક્ષણવારમાં નષ્ટ થઇ ગઇ. બંને ભાઇઓ અગાધ જળમાં ફેંકાઇ ગયા. પુણ્યનો સૂર્ય કયારે અસ્ત થઇ જાય તે કહી શકાય નહિ. આ બંને ભાઇઓના વહાણ ભાંગીને ભુકકો થઇ ગયા છતાં પુણ્ય યોગે બંનેના હાથમાં એક પાટીયું આવી ગયું. તેના સહારે સમુદ્રમાં તરતા તરતા સાત દિવસે અથડાતા – કૂટાતા એક દ્વિપના

કિનારે આવી ચઢયા. સાત સાત દિવસના ભૂખ્યા તરસ્યા હોવાથી બેભાન અવસ્થામાં પડયા હતા. સવાર થતાં શીતળ પવનની લહેરો આવતાં બંને ભાનમાં આવ્યા. ભૂખને લીધે શરીર કરમાઇ ગયું હતું. આજુબાજુ નજર કરતાં ફળ ફૂલથી યુક્ત સુંદર ઉપવન જોયું. એટલે પગણે ઊભા થઈને ફળ લાવ્યા ને પોતાની ક્ષુધા શાંત કરી. આ સમયે બંનેના મસ્તક ઉપર કોઇ વ્યક્તિ એ હાથ મૂકયો, ઊંચે દૃષ્ટિ કરી તો સ્વર્ગની અપ્સરાને શરમાવી દે તેવી રૂપ સુંદરીને જોઇ.

મોટા ભાઇએ તેને પૂછયું કે તું કોણ છે? ત્યારે તેણે જવાબ આપ્યો કે આ રત્નદ્વીપની અધિષ્ઠાતા રયણા નામની દેવી છું. એ દેવીના હૈયામાં ભોગની ભીષણ નદી વહેતી હતી. ભૂલા પડેલા સાગર પ્રવાસીઓ તેના ક્રૂર પંજામાં સપડાઇ જતા હતા. જે તેના પંજામાં સપડાય તેના દિવ્ય નૂરને ચૂસીને કાયા હાડપિંજર બનાવી તેમને યમસદને પહોંચાડતી હતી. આ બંને ભાઇઓ તે દેવીના મોહપાશમાં જકડાયા. બંને ભાઈઓની કાયામાં યુવાનીનો ગુલાબી નશો રમી રહયો હતો. બંને તેના મોહમાં અંધ બની ગયા. અને સ્વર્ગીય સુખો ભોગવવામાં મુગ્ધ બની ગયા. આ સુખમાં વીસ પચ્ચીસ દિવસો પસાર થતાં એક દિવસ દેવીએ કહયું કે મારે જરૂરી કામે બહાર જવાનું છે. કામ પતાવીને જલ્દી પાછી આવી જઇશ. તમે બંને સુખેથી આ વિશાળ મહેલમાં રહેજો. આ ત્રણે દિશાના ઉદ્યાનમાં ફરવા માટે જજો પણ દક્ષિણ દિશાના ઉદ્યાનમાં જશો નહિ. આ પ્રમાણે કહી દેવી તો ચાલી ગઇ.

આ બંને ભાઇઓના મનમાં કૌતુક ઉત્પન્ન થયું. કુદરતનો નિયમ છે કે જયાં જવાની મનાઇ હોય ત્યાં જવાનું મન જલ્દી થાય છે. બંને ભાઈઓ દેવીએ ના પાડવા છતાં દક્ષિણ ઉદ્યાનમાં ગયા. ત્યાં તો અત્યંત દુર્ગંધ આવવા લાગી. થોડે દૂર ગયા ત્યાં મંદિરમાં એક ભવ્ય યક્ષ મૂર્તિ જોઇ. ત્યાંથી નીકળી આગળ જતાં હાડકાના ઢગલા ને રૂધિરનો છંટકાવ જોયો. થોડા આગળ ગયા ત્યાં શૂળી ઉપર ચઢાવેલા યુવાન પુરૂષને જોયો. તે પાણી વિના તરફડતો હતો. તેને બચાવવા પાણી લાવીને પાયું. ને પૂછયું ભાઇ તારી આ દશા કેમ થઇ? ત્યારે પેલા યુવાને પોતાની કરૂણ કહાણી કહીને કહ્યું કે આ દુષ્ટ દેવી મારા જેવા તમારા હાલ કરશે. જો તમારે બચવું હોય તો શૈલક યક્ષના શરણે જાવ. તે સિવાય બીજું કોઈ બચાવે તેમ નથી. બંને ભાઇઓ દેવીના પાશમાંથી છૂટવા યક્ષના શરણે ગયા. એક શરતે શરણું મળ્યું કે એ દેવી ગમે તેવી લાલચ આપે તો પણ તમે પાછું વાળી તેના સામું જોશો નહિ. જો એના સામું જોશો તો મારી પીઠ ઉપરથી ગબડી પડશો. યક્ષ અશ્વરૂપે પોતાની પીઠ ઉપર બેસાડી વાયુ વેગે બંનેને લઇને ચાલ્યો.

**વાસના વિષયથી દૂર રહો** :- પેલી દેવી કામ પતાવી પાછી આવી. પેલા

બંનેને ન જોતાં તલવાર લઈને વાયુવેગે બંનેનો પીછો પકડયો, બંને ભાઈ યક્ષની પીઠ પર બેસીને જઈ રહ્યા છે તેમની નજીક પહોંચી ગઈ ને ભયંકર અટ્ટહાસ્ય કર્યું. કરૂણ રૂદન કરવા લાગી. ને મીઠા શબ્દોથી બોલવા લાગી કે અહો સ્વામીનાથ! શું તમે મને ભૂલી ગયા? તમારો પ્રેમ કયાં ચાલ્યો ગયો? મને તમારા વિના નહિ ગમે. એવા મોહક શબ્દો બોલવા લાગી એટલે નાના ભાઈનું હૃદય હચમચી ગયું ને પીગળી ગયો. દેવીના રૂપની પાછળ સળગતી જવાળાને પીછાણી શકયો નહિ. પણ મોટો ભાઈ પીગળ્યો નહિ. એ ખૂબ મકકમ રહ્યો. દેવીની ક્રૂરતાથી એ સાવધાન બન્યો હતો. જ્યારે નાનાભાઈના દિલમાં દેવી સાથે ભોગવેલા રમણીય ભોગની રજની રમતી હતી. એટલે યક્ષની સૂચનાને ફગાવી દઈ દેવીના સામું જોયું તેથી તે યક્ષની પીઠ ઉપરથી ગબડી ગયો ને સમુદ્રમાં પડતાં દેવીની તલવારમાં પરોવાઈ ગયો ને તેના શરીરના ટુકડે ટુકડા થઈ ગયા.

બંધુઓ! કામવાસનાનો કેવો કરૂણ અંજામ આવે છે! છતાં માનવી આંધળી દોટ મૂકી કામની પાછળ પોતાનું કિંમતી જીવન ગુમાવે છે. મોટો ભાઈ મકકમ રહ્યો તો જીવતો ચંપાનગરીમાં પહોંચી ગયો ને બધી કથની પિતાજીને કહી સંભળાવી. તેને આ ઘટનાથી સંસાર ઉપરથી મન ઉઠી ગયું. વૈરાગ્ય પામી મહાવીર ભગવાન પાસે ચારિત્ર અંગીકાર કરી આત્મકલ્યાણ કર્યું. ત્યાગ વિના મુક્તિ નથી ને મુક્તિ વિના શાશ્વત સુખ નથી. કામની વિટંબણા કારમી છે. બંધુઓ! માકંદીય પુત્ર દેવીની ક્રૂરતા જાણવા છતાં તેની પાછળ પાગલ બન્યો, કામની વાસના ન છૂટી તો તેની કેવી દશા થઈ! આ કામ ભોગ જીવને ભોગવવામાં મધુર લાગે છે પણ એ ભયંકર ભોરીંગ જેવા છે. એમાં ફસાવા જેવુ નથી. જોજો તમારી દશા એવી ન થાય તેનું લક્ષ રાખજો.

પેલા મુનિને પણ કોશ્યા સાથે ભોગ ભોગવવાની લાલસા જાગી એટલે ભયંકર તોફાની નદીઓ તરીને નેપાળ દેશમાં ગયા ને રત્ન કાંબળી લઈ આનંદ-ભેર કોશ્યા પાસે આવ્યા. વિચાર કરો. એને ભોગ ભોગવાની કેવી તીવ્ર અભિલાષા જાગી હશે કે પોતાના ચારિત્રનું ભાન ભૂલી ગયા. જવામાં કેટલા જીવોની હિંસા થઈ! લાવીને કોશ્યાના હાથમાં રત્નકાંબળી આપી. સાધુને દેખતાં વેશ્યાએ કાંબળીના બે ટુકડા કરીને પગ લૂછીને ગટરમાં ફેંકી દીધી. આ જોઈ મુનિ કહેવા લાગ્યા. આ રત્નકાંબળી જીવના જોખમે લાવ્યો છું. તેની આ દશા કરી? વેશ્યા કહે છે હે મુનિ! આ ઉત્તમ ચરિત્ર રૂપી રત્ન આગળ આ રત્નકાંબળીની કોડીની પણ કિંમત નથી. તું મોહપાશમાં ફસાઈ આ ચારિત્રને વેચવા ઉઠયો *છે? ગટરની દુર્ગંધ જેવા કામભોગ છોડીને* દીક્ષા લીધી ને હવે ભોગની ભૂખ લાગી છે કે અહીં ભોગ ભોગવવા તૈયાર થયો? વેશ્યાના કડક શબ્દો સાંભળી મુનિની સાન ઠેકાણે આવી ગઈ. *"अंकुसेण जहा नागो।" અંકુશ વડે હાથી વશ થાય છે તે* રીતે વેશ્યાના વચનો સાંભળી સાધુ સંયમમાં સ્થિર થઈ ગયા. આ વેશ્યા સાચી શ્રાવિકા

બની હતી. તો પડવાઈ થતાં મુનિને બચાવ્યા. મુનિને પણ ભાન થયું કે ગુરૂદેવે ત્રણ વખત દુષ્કર – દુષ્કર – દુષ્કર કહ્યું તે યથાર્થ છે. બંધુઓ! આવું જે દુષ્કર બ્રહ્મચર્ય પાળે છે તેને દેવો પણ નમસ્કાર કરે છે.

देव दाणव गंधव्वा, जक्खरक्खस्स किन्नरा ।
बंभयारि नमंस्संति, दुक्करं जे करंति ते ।।

દેવો, દાનવો, ગાંધર્વ યક્ષ, રાક્ષસ અને કિન્નરો પણ જે આવું દુષ્કર બ્રહ્મચર્ય પાળે છે. તેના ચરણમાં પડે છે. બ્રહ્મચર્ય વ્રત સર્વવ્રતોમાં શિરોમણી સમાન છે. જે આ વ્રત અંગીકાર કરે છે તે ધન્યવાદને પાત્ર છે. શરીરની સાનુકુળતા હોય. પાંચેય ઈન્દ્રિઓ સુરક્ષિત હોય એવા સમયે વિષયભોગોને જે ઝેર સમજીને આવું મહાન વ્રત લેવા તત્પર બને છે તે ખરેખર પોતાનું જીવન ઉજ્જવળ બનાવે છે. ભગવંતે કહ્યું છે કે “ तवेसु वा उत्तम बंभचेरं।” સર્વ તપોમાં જો કોઈ ઉત્તમ તપ હોય તો બ્રહ્મચર્ય તપ છે. બ્રહ્મચર્યનું પાલન કરવાથી તબિયત સારી રહે છે. આત્માનો વિકાસ વધે છે. બ્રહ્મચર્યનું પાલન કરવાથી જીવને કેટલા લાભ થાય છે. એક સંસ્કૃત શ્લોકમાં કહ્યું છે કે

“नूनं नाशयते कलङ्क निकरं, पायाङ्कुरं कृन्तति,
सत्कृत्योत्सवमाचिनोति नितरांख्याति तनोति ध्रुवम् ।
हन्त्यापत्ति विषाद विघ्न विततिं दत्ते शुभां सम्पदं,
मोक्ष स्वर्गपदं ददाति सुखदं सद् ब्रह्मचर्यं धृतम् ।”

શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરવાથી ખરેખર હજારો કલંકનો નાશ થાય છે. પાપના અંકુરા છેદાઈ જાય છે, સારા કાર્યો અને ઉત્સવોને વધારે છે. જગતમાં પ્રતિષ્ઠા ફેલાવે છે, આપત્તિ, વિઘ્ન અને દુઃખની પરંપરાનો નાશ થાય છે. શુભ સંપત્તિ પ્રાપ્ત થાય છે. એટલું નહિ પણ સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

શાસ્ત્રમાં બ્રહ્મચર્યને સાગરની ઉપમા આપી છે. બીજા વ્રતો નદી સમાન છે. તેમજ બ્રહ્મચર્ય વ્રત એક અમૂલ્ય રત્ન સમાન છે. જેને સાચવવા માટે એક બે નહિ પણ નવકોટ રૂપી નવ વાડો ભગવાને બતાવી છે. આવું વ્રત જાહેરમાં અંગીકાર કરવાથી મહાન લાભ થાય છે. આજે ઘણાં કહે છે કે જાહેરમાં લેવાની શી જરૂર છે? ભાઈ! જાહેરમાં લેવાથી બીજા જીવોને પ્રોત્સાહન મળે છે. ને વ્રત પાળવામાં ઘણી જાગૃતિ રહે છે. બ્રહ્મચર્યમાં એક એવો ગુણ છે કે તેની પાછળ બધા ગુણો ખેંચાઈને આવે છે. માટે ભગવાન કહે છે કે બ્રહ્મચર્યથી જીવનની શુદ્ધિ થાય છે. ને મોક્ષની સાધના થાય છે. બ્રહ્મચારી આત્માઓ જગતમાં વંદનીય ને પૂજનીય બને છે. બ્રહ્મચર્ય એ જ આત્માની

શક્તિ છે. આત્માનું નૂર છે. આત્માનું તેજ છે. આજે બ્રહ્મચર્ય વિષે ઘણું કહેવાયું છે. વધુ ભાવ અવસરે.

✡

## વ્યાખ્યાન નં. ૨૬

**શ્રાવણ સુદ ૧૨ ને સોમવાર** **તા. ૧૮-૮-૭૫**

અનંત જ્ઞાની ભગવંતે કેવળજ્ઞાનની જ્યોત પ્રગટાવ્યા પછી જગતના જીવોને ઉપદેશ આપ્યો. તેવા પ્રભુની અંતિમવાણી ઉત્તરાધ્યયન સૂત્રમાં ૨૦ મા અધ્યયનનો અધિકાર ચાલે છે. શ્રેણીક રાજાને મહાન પુણ્યોદયે પવિત્ર સંતનો ભેટો થયો. સંતના સમાગમથી કેવું અમૂલ્ય સમકિત રત્ન પ્રાપ્ત થશે તે આગળ આવશે. સમ્યક્ત્વ પામેલો જીવ મોડામાં મોડો અર્ધ પુદ્ગલ પરાવર્તન કાળમાં મોક્ષે જાય છે. આપણા જૈન શાસ્ત્રોમાં સમ્યક્ત્વનું ઘણું મહત્ત્વ બતાવવામાં આવ્યું છે.

જ્ઞાનીઓ કહે છે સમકિત પામેલો જીવ નરકમાં હોય તો પણ તે પ્રશંસનીય છે. અને સમકિત રહિત જીવ કદાચ સ્વર્ગના સુખો ભોગવતો હોય તો પણ તે પ્રશંસનીય નથી. જેની મિથ્યાત્વની ગ્રંથી ભેદાઈ નથી તે જીવો ભવમાં ભમે છે. જ્યારે આત્મ સ્વરૂપનું ભાન થશે ત્યારે જીવ શું કરશે? તેને કેવા ભાવ થશે?

**"મહાવીર મેડીકલ કોલેજમાં મારે સત્યના સર્જન બનવું છે,**
**મહા મિથ્યાત્વ ભાવની ગ્રંથીનું મારે સફળ ઓપરેશન કરવું છે**
**ત્યાગની ટેબલેટ આપી સહુને ભવરોગ દૂર કરવાને...ધર્મ કરી લો..."**

મહાવીરની મેડીકલ કોલેજમાં સત્યના સર્જન બનીને મિથ્યાત્વની ગ્રંથીને ભેદીને ભવરોગને નાબૂદ કરું. મારા આત્માને ભવરોગથી મુક્ત કરાવી અવ્યાબાધ સુખની પ્રાપ્તિ કરું. આવી ભાવના સમકિત દૃષ્ટિ જીવના દિલમાં રહ્યા કરે છે. સમકિત કોને કહેવાય? જિનેશ્વર ભગવંતોએ કહેલા તત્ત્વોમાં જીવની સમ્યક્ અભિરૂચિ તેને સમ્યક્ શ્રદ્ધાન કહેવામાં આવે છે. સમ્યક્ શ્રદ્ધાન એ સમ્યક્દર્શન છે. તત્ત્વાર્થ સૂત્રમાં કહ્યું છે કે "तत्त्वार्थ श्रद्धानं सम्यक्दर्शनम् ।

બંધુઓ! આવો સમ્યક્દૃષ્ટિ આત્મા કર્મના ઉદયથી સંસારમાં રહેવું પડે તો રહે ખરો પણ રમે નહિ. ગમે તેવા જડ પદાર્થો તેની સામે હોય છતાં સમકિતી જીવ તેમાં આસક્ત ન બને. સમકિત પામે તે સાધુ બની જાય તેવો એકાંતે નિયમ નથી. સમકિતી જીવ ચારિત્ર મોહનીય કર્મના ઉદયે સંસારમાં રહેવું પડે તો રહે ખરો પણ તેમાં રમે નહિ. આ સમકિતીની ખરી વ્યાખ્યા છે. રહેવું અને રમવું તેમાં આકાશપાતાળ જેટલું અંતર છે. સંસારમાં રહેવું પડે તે ચારિત્ર મોહનીયના ઉદયે ને રમવું તે મિથ્યાત્વ

મોહનીયના ઉદયથી થાય છે. માટે જે રહેતો હોય પણ રમતો ન હોય તે જીવ ઘણા ઓછા કર્મો બાંધે છે. જેમ કોઇ માણસ જમે છે પણ તેમાં રસનું પોષણ નથી, તેમાં લેપાતો નથી તો ખાતાં ખાતાં કર્મો ખપાવે છે. જ્યારે બીજો કોઇ જમતો ન હોય પણ રસની ઝંખનામાં મુગ્ધ છે તો તે કર્મો બાંધે છે.

આ રીતે સમકિત દૃષ્ટિ અને મિથ્યા દૃષ્ટિ વચ્ચે ઘણું મોટું અંતર છે. મનુષ્યને સત્તા કે સંપત્તિ મળે પુણ્યોદયથી પણ તેમાં આસકિત થાય તે પાપના ઉદયથી માનવી ભમે તેવા વૈભવની વચ્ચે વસે પણ તેની દૃષ્ટિ સમ્યક હોય ને જ્ઞાન દશા જો જાગૃત હોય તો તે વૈભવ તેને વૈરાગ્યનું નિમિત્ત બને છે. કારણ કે ક્ષણે ક્ષણે તેની અસારતાનું જીવને ભાન થાય છે. માટે સંસારમાં રહેતા હોવા છતાં સમકિતી જીવો ક્યાંય આસકત બનતા નથી. અને મોક્ષ સાધક ક્રિયાઓમાં ઉત્સાહપૂર્વક પ્રવર્તે છે. સમકિતી જીવો સંસારમાં આરંભની પ્રવૃત્તિઓ કરે છે એટલે બાહ્ય દૃષ્ટિથી જોઇએ તો સમકિતી અને મિથ્યાત્વી વચ્ચેનો ભેદ સમજાતો નથી. સ્થૂલ દૃષ્ટિથી જોનારને બંનેની પ્રવૃત્તિ સરખી લાગે છે. પણ સમકિત દૃષ્ટિ જીવના સમ-સંવેગાદિના પરિણામ અંદરથી એટલા બધા નિર્મળ હોય છે કે મિથ્યાત્વી અને સમકિતીના પરિણામ વચ્ચે આકાશ-પાતાળ જેટલું અંતર હોય છે. મિથ્યાદૃષ્ટિ જીવ પાપમાં રસથી પ્રવર્તે છે. જ્યારે સમકિતી તેમાં પ્રવર્તતો હોવા છતાં પાપ પ્રત્યે તેને જરા પણ આદર હોતો નથી. તે વ્યાપારાદિ બધી પ્રવૃત્તિ ઉદાસીન ભાવે કરે છે. એટલે થોડું ઘણું પાપ આચરતો હોવા છતાં બંધ અલ્પ પડે છે. કારણ કે તેના પરિણામ મલીન હોતા નથી. શુદ્ધ હોય છે.

જીવ પોતાના પરિણામને શુદ્ધ કરીને સમ્યકત્વ પામી શકે છે. બંધુઓ! દીક્ષા લેવી એ તો તમારા માટે ઘણું અઘરું કામ છે. પણ જો તમારી દૃષ્ટિ સમયક્ થઈ જાય તો હું માનું છું કે ઘણા સંઘર્ષોનો અંત આવી જાય. કહેવત છે ને કે **"જર-જમીન અને જોરૂ એ ત્રણ કજીયાના છોરૂ."** પણ દૃષ્ટિ સમ્યક્ થઈ જાય તો મનુષ્યને ધન-વૈભવની અનિત્યતા અને અસ્થિરતાનું ભાન થાય. પછી જર, જમીન અને જોરૂ માટે થતાં બધા ક્લેશો શાંત થઇ જાય, આજે તો જ્યાં જુઓ ત્યાં ચારે બાજુ અશાંતિનું વાતાવરણ છવાયેલું છે. કારણ કે સૌને પરિગ્રહ અને ભોગની ભૂખ લાગી છે. જો દૃષ્ટિ નિર્મળ થાય તો પરિગ્રહ અને ભોગની તૃષ્ણા ઘટે પછી તો જગતમાં સર્વત્ર શાંતિ દેખાશે. પછી તો માનવી પાસે ધન હશે તો એમ વિચારશે કે ધનનો ધર્મના કાર્યમાં સદ્વ્યય થાય, દુઃખીની સેવામાં ઉપયોગ થાય એ મેળવેલા ધનનું વાસ્તવિક ફળ છે. દુનિયામાં બધા કલેશ અને સંઘર્ષોનું મૂળ જીવની મિથ્યાદૃષ્ટિ છે. અને તે બધાના અંત માટેનો સાચો ઉપાય જીવની સમ્યક્દૃષ્ટિ છે.

બંધુઓ! જીવની દૃષ્ટિ પલટાય તો ક્ષણમાં કર્મના ભૂક્કા બોલાવી દે છે. આ

જીવની જે ક્ષણુ જાય છે તે લાખેણી જાય છે. ગયેલી ક્ષણુ પાછી આવતી નથી. માટે જીવનમાં જાગૃતિ કેળવીને દરેક મનુષ્યોએ જીવનની અમૂલ્ય ક્ષણોને સફળ બનાવવી જોઇએ આ મનુષ્યજીવનની એક-બે ક્ષણુ નકામી જાય અથવા ધર્મારાધના વિનાની જાય તો સમજવું કે જ્ઞાનીની દૃષ્ટિએ આપણુને ઘણું મોટું નુકશાન થાય છે. છતાં આપણે એવા બેદરકાર છીએ કે નુકશાન થતું હોવા છતાં નુકશાનનો ખ્યાલ આવતો નથી. જીવનો પુરૂષાર્થ સવળો ઉપડે તો એક ક્ષણુમાં કામ કાઢી જાય અને અવળો ઉપડે તો ક્ષણુમાં બાજી બગડી જાય છે. ઘણા મનુષ્યોના જીવનમાં એકાદ ક્ષણુના સત્સંગથી પણ એવું પરિવર્તન આવી જાય છે કે જીવનની આખી દિશા બદલાઈ જાય છે. કહ્યું છે કે:-

"क्षणमपि सज्जन संगतिरेका भवति भवार्णव तरणे नौका ।"

એક ક્ષણુની પણ જે સત્સંગતિ છે તે ભવસાગર પાર કરી જવા માટે નૌકા સમાન છે.

અહીં શ્રેણીક રાજાને પણ સંતનો સમાગમ થયો છે. તમે ગમે તેટલા સંગ કરો પણ સાચો સંગ તો સંતનો ગણાય. સાચા સંતને જોતાં શ્રેણીક રાજાનું હૃદયકમળ વિકસી ગયું. અહો! શું આ મુનિનું રૂપ છે? છેવટે પૂછ્યું કે તમે આવી નાજુક વયમાં દીક્ષા શા માટે લીધી? ત્યારે મુનિએ જવાબ આપ્યો કે હું અનાથ હતો માટે મેં દીક્ષા લીધી છે. એ વાત આપણે આગળ વિચારી ગયા છીએ. મુનિનો આવો ઉત્તર સાંભળીને રાજાને ઘણું આશ્ચર્ય થયું.

"तओ सो पहसिओ राया, सेणिओ मगहाहिवो ।
एवं ते इड्ढिमन्तरस्स, कहं नाहो न विज्जइ ।।"

ઉત્ત. સૂ. અ. ૨૦, ગાથા. ૧૦.

આ મુનિનો જવાબ સાંભળીને રાજા શ્રેણીકને હસવું આવી ગયું. અહીં રાજા શ્રેણીકની વાત ચાલે છે. પહેલાં શ્રેણીક રાજાનું નામ ગાથામાં આવી ગયું છે. અને તેમનો પરિચય આપવામાં આવ્યો છે. છતાં અહીં ફરીને "सेणिओ मगहाहिवो ।" કહેવાનું પ્રયોજન શું? તમને એવી શંકા થાય છે? જેમ માતા પોતાના બાળકને સમજાવવા માટે એક વાત વારંવાર કહે છે તેમ ગણધર ભગવંતોએ આપણા જેવા અલ્પબુદ્ધિવાળા મનુષ્યોને સમજાવવા માટે ફરીને લખ્યું છે. મગધાધિપ એ શબ્દનો ઉપયોગ ફરીને એટલા માટે કર્યો છે કે તે હસનાર વ્યક્તિ કોઈ સામાન્ય ન હતી પણ મગધ દેશના માલિક હતા. સાધારણ માણસના હસવામાં અને આવા મોટા રાજાના હસવામાં ઘણું અંતર હોય છે. એ બતાવવા માટે ફરીને તેમનો પરિચય આપ્યો છે.

શ્રેણીક રાજા હસીને મુનિને કહેવા લાગ્યા કે તમારા જેવા ઋદ્ધિવંતને કોઇ નાથ ન હતો એ કેમ માની શકાય? બંધુઓ! અહીં એ વિચાર થવો જોઇએ કે આ મુનિને

રાજાએ ઋદ્ધિવંત કેમ કહ્યા? મુનિ પાસે તો પૈસા આદિ કંઈ ઋદ્ધિ ન હતી તો કઈ રીતે રાજાએ તેમને ઋદ્ધિવાન કહ્યા હશે? ઋદ્ધિ બે પ્રકારની હોય છે. એક બાહ્ય ઋદ્ધિ અને બીજી આભ્યંતર ઋદ્ધિ. બાહ્ય ઋદ્ધિમાં ધન-ધાન્ય, મહેલ મહેલાતો આદિનો સમાવેશ થાય છે. ને આભ્યંતર ઋદ્ધિમાં શરીરની સ્વસ્થતા, ઉત્તમ આકૃતિ, ઇન્દ્રિઓનો પૂર્ણ વિકાસ અને ગુણો વિગેરેનો સમાવેશ થાય છે. આ મુનિ પાસે બાહ્ય ઋદ્ધિ ન હતી પણ આભ્યંતર ઋદ્ધિ હતી. તેમની મનોહર આકૃતિ જોઈ સુંદર પ્રકૃતિનો પરિચય સ્હેજે થઇ જાય.

જેમની આકૃતિ સારી હોય તેનામાં ગુણનો વાસ હોય છે. આજે સંસારમાં પણ જેમની આંખો મોટી હોય કાન લાંબા હોય, કપાળ પહોળું હોય તે ભાગ્યવાન અને ગુણવાન કહેવાય છે. આ અનાથી મુનિની આકૃતિ સુંદર હતી એટલે તેમની ઋદ્ધિ પણ સ્પષ્ટ જણાતી હતી. જ્યાં આકૃતિ સારી હોય ત્યાં ગુણો વસે છે અને જ્યાં ગુણો હોય છે ત્યાં લક્ષ્મી વસે છે. કારણ કે લક્ષ્મી ગુણવાનને વરે છે. ગુણહીનને નહિ. સંસારમાં ઘણાં લોકો ધન-વૈભવાદિને ઋદ્ધિ માને છે પણ અનાથ કહેનાર મુનિની પાસે એક પૈસાની પણ સંપત્તિ નથી. બીજી તરફ રાજા શ્રેણીક મગધદેશના માલિક અને અનેક રત્નોના સ્વામી છે. છતાં તે મુનિને કહે છે તમે આવા ઋદ્ધિ-સંપન્ન છો છતાં અનાથ કેમ છો? આ ઉપરથી સ્પષ્ટ સમજી શકાય છે કે રાજા શ્રેણીકની દૃષ્ટિએ પણ ધન-વૈભવ એ ઋદ્ધિ નથી પણ ઉત્તમ આકૃત્તિ તેમજ ગુણ એ ઋદ્ધિ છે. જો રાજા શ્રેણીક ધન વૈભવવાળાને ઋદ્ધિવંત માનતા હોત તો આ મુનિને ઋદ્ધિ-સંપન્ન ન કહેત.

બંધુઓ! સાચો ઋદ્ધિવંત કોણ છે? જેને ઘણી સંપત્તિ મળી છે પણ તૃષ્ણા પૂરી થઇ નથી તેની પાસે ઋદ્ધિ હોવા છતાં ગરીબ છે. પણ જેની પાસે કંઇ નથી છતાં જેની જરા પણ તૃષ્ણા નથી તે જ્ઞાનીની દૃષ્ટિએ ઋદ્ધિવંત છે. જુઓ, અનાથી મુનિની પાસે કંઈ ન હતું છતાં તે રાજાની દૃષ્ટિમાં ઋદ્ધિવંત દેખાયા ને? આ વાતને મજબૂત કરવા વિક્રમ રાજાનો દાખલો આપું.

**સાચો ઋદ્ધિવંત કોણ?** :- એક વખત વિક્રમ રાજા તેમની રાણી તેમજ દાસ-દાસીઓને સાથે લઇને નદી કિનારે ફરવા ગયા. રાણીને નદીમાં સ્નાન કરવાનું મન થયું. એટલે પોતાના ગળામાં રહેલો કિંમતી હીરાનો હાર કાઢીને નદીમાં સ્નાન કર્યું. સ્નાન કર્યા બાદ એટલામાં ફરવા ગયા. રાણીનો હાર નદી કિનારે રહી ગયો. થોડું ફર્યા પછી રાજા-રાણી બધા એક જગ્યાએ જમવા માટે બેઠા. તે વખતે ત્યાંથી આશ્રમમાં રહેતા સંન્યાસીઓને જતા જોયા. એટલે રાજાએ ઊભા થઇને તેમને નમન કર્યું ને કહ્યું ધન્ય ઘડી ને ધન્ય ભાગ્ય! અહીંઆ આપના દર્શન થયા. આ અમારા માટે ભોજન લાવ્યા છીએ તેમાંથી કંઈક ગ્રહણ કરીને મને પાવન કરો. એમ કહીને મીઠાઇનો ભરેલો

થાળ રાજાએ આપવા માંડયો. ત્યારે સંન્યાસી કહે છે અમે અમારા ગુરૂની આજ્ઞા વિના કંઇ લેતા નથી. તમારે જે કંઇ આપવું હોય તે અમારા ગુરૂને આપજો. ગુરૂની આજ્ઞા વિના લેવું તે અમારા નિયમથી વિરૂદ્ધ છે. ત્યારે રાજા કહે-આપના ગુરૂ કયાં બિરાજે છે? તો કહે- આ નજીકમાં આશ્રમ છે ત્યાં અમારા ગુરૂદેવ વસે છે. રાજા આ સંન્યાસીઓના નિર્લોભીપણાથી ખૂબ પ્રભાવિત થયા. મનમાં થયું કે આ શિષ્યો આવા છે તો તેમના ગુરૂ કેવા હશે? એટલે આવ્યો છું તો દર્શન કરતો જાઉં. એમ વિચાર કરી રાજા-રાણી સર્વે સંન્યાસીના આશ્રમે જાય છે.

આ તરફ રાજા-રાણી નદી કિનારેથી નીકળ્યા પછી આચાર્યના શિષ્યો ત્યાં ગયેલા. તેમણે હાર જોયો એટલે લઇને આશ્રમમાં પાછા ફર્યા. ને આચાર્યશ્રીને કહ્યું: ગુરૂદેવ! નદી કિનારેથી આ ચીજ મળી છે. એને કયાં મૂકીએ? ત્યારે ગુરૂએ કહયું. જ્યાં ગાય ઊભી છે ત્યાં એના ખીલે ટાંગીદો. જેનો હશે તે એ લઇ જશે. વિક્રમ રાજાનો રથ આશ્રમ તરફ જવા નીકળ્યો. સંધ્યા કાળનો સમય થવા આવ્યો હતો. રથમાં બેઠા પછી થોડી વારે રાણીને હાર યાદ આવ્યો. તપાસ કરતાં હાર ન મળ્યો એટલે રાણીનું મુખ ઉદાસ થઈ ગયું. ને કહયું-સ્વામીનાથ! મારો હાર બનતા સુધી નદી કિનારે રહી ગયો લાગે છે ખૂબ કિંમતી હીરાનો હાર હતો. એટલે તરત રાજાએ રથ પાછો વાળ્યો ને નદી કિનારે પહોંચ્યા. પણ હાર તો ગુમ થઇ ગયો હતો. હાર ન મળતાં રાજા-રાણી ઉદાસ થઇ ગયા. શોધતા શોધતા રાજા આશ્રમે પહોંચ્યા. આચાર્યને વંદન કરીને બેઠા. ત્યારે આચાર્ય પૂછે છે રાજન! આટલા મોડા કયાંથી આવ્યા? ત્યારે રાજાએ હાર ગુમ થયાની વાત કરી. ત્યારે આચાર્યે કહયું કે; હા. મારા શિષ્યોને નદી કિનારેથી હાર જડયો છે. તેમ કહેતા હતા. જુઓ, સામે ગાય ના ખીલે લટકાવ્યો છે. તમારો હોય તો લઈ જાઓ.

રાજાએ જઇને જોયું તો હાર ખીલીએ લટકી રહયો હતો. પોતાની રાણીનો જ હાર હતો. આ જોઈ રાજાનું મન પ્રભાતના પુષ્પની જેમ પ્રફુલિલ્ત બની ગયું. સાથે સાથે એમના વિચારના મણકા બદલાયા ને મનમાં બોલી ઉઠયા કે અહો! મારે આટલું વિશાળ રાજ્ય છે વૈભવનો પાર નથી બધી રીતે હર્યો ભર્યો છું. છતાં આ ત્યાગીઓની પાસે તો એક કમંડળ અને તેમના પાત્રો છે. તેમજ બબ્બે જોડી કપડા સિવાય બીજુ કાંઈ દેખાતું નથી. છતાં મારી અપેક્ષાએ ભર્યા છે. મારા નોકર કરતાં પણ ઓછા ખર્ચે આ આશ્રમ ચાલી રહયો છે. છતાં આ બધા કેટલા પ્રસન્ન છે.! જ્યારે મારી પાસે વિશાળ રાજ્ય હોવા છતાં પણ આવી પ્રસન્નતા, શાંતિ અને આનંદ મારી પાસે નથી કારણ કે હું ભૂખ્યો છું ને આ સંતો તૃપ્ત છે.

બંધુઓ જેણે માનવતાનું અમૃતપાન કર્યું છે તે સાધનોના અભાવમાં પણ એક જાતની તૃપ્તિનો અનુભવ કરે છે. ખરેખર! સાચું સુખ તો ત્યાગીઓની પાસે છે હું માનતો

હતો કે દુનિયામાં મારા જેવું કોઇ સુખી નથી. આજે મને સમજાયું કે આ વિશ્વના અનંત પ્રાણીઓ અનંતકાળથી સુખને માટે ખૂબ પ્રયત્નો કરી રહયા છે. સુખ માટે માનવીએ લાખો રૂપિયા ભેગા કર્યા, મોટા મોટા મહેલો ઊભા કર્યા, મોટા મોટા સુધેધો કર્યા પણ એના પ્રયત્નોમાં એને કેટલી સફળતા મળી! જેને ઘેર અબજો રૂપયાની સંપત્તિ છે. જેના મહેલો આસમાને ટકરાઇ રહયા હોય એટલા ઊંચા છે. બંગલા સામે ચાર ચાર કારો ઊભી છે. ચોકીદારો ભરી બંદુકે પહેરો ભરે છે. એવા શ્રીમંતને પૂછવામાં આવે કે કેમ શેઠ! તમે સુખી છો ને? તો જવાબ મળશે કે બહારથી ઉજળા છીએ પણ અંદર તો બળતરાનો પાર નથી. એટલે દુનિયામાં કોઇ સુખી નથી. સાચું સુખ તો ત્યાગી સંતો પાસે છે.

બંધુઓ! તમે માનતા હો કે અમે સુખી છીએ પણ તમારું સુખ સાચું નથી છતાં તેને સાચું માનીને ગમે તેટલી મહેનત કરો તો પછી તમે સાચા સુખી કયાંથી બનવાના છો? એક વખત એક બહેન સવારના પ્રહરમાં વલોણુ કરવા લાગી. અગાઉ બહેનો જાતે વલોણું કરતી હતી. અત્યારે પણ દેશમાં ગામડામાં ઘણી જગ્યાએ વલોણું થતું હોય છે. સવારમાં ઉઠીને જાતે કામ કરવાથી શરીરનું સ્વાસ્થ્ય પણ સારું રહે છે. અત્યારે તો કામ કરવાના ગયા ને મંદવાડ વધી ગયા છે. જેટલા આરામ વધ્યા તેટલા રોગ વધ્યા છે. ખાવાનું પણ સત્ત્વ વગરનું થઇ ગયું છે, તેના પરિણામે માનવ શકિતહીન બની ગયો છે.

પેલી બહેન વલોણું કરવા લાગી. બે કલાક સુધી વલોવવાનું ચાલુ રાખ્યું. બહેનની સાડી પણ ભીંજાઇ ગઇ. પરસેવાથી રેબઝેબ થઇ ગઇ. એનો પતિ પાસે બેઠો હતો. તેને પત્નીની ખૂબ દયા આવી. તેથી પૂછયું કે તું બે કલાકથી વલોવે છે છતાં હજુ પૂરું થયું નથી? ત્યારે પત્ની કહે છે હજુ માખણ ઉપર આવ્યું નથી એનો પતિ કહે છે મને જોવા દે. ઉઠીને જોયું તો ગોળામાં દહીં નહોતું પણ પાણી હતું. એણે પૂછયું કે તું આ શું કરે છે? તો પત્ની કહે છે માખણ કાઢું છું. ત્યારે પતિએ કહ્યું વર્ષો સુધી તું પાણીને વલોવ્યા કરીશ તો પણ આમાંથી તને માખણ નહિ મળે. આ રીતે આપણે પણ વલોવી રહ્યા છીએ. ભવમાં ભમતાં અનંતો કાળ પસાર થઇ ગયો પણ હજુ સુધી સુખનું માખણ નીકળ્યું નથી. તો વિચાર કરો કે મેં દહીં વલોવ્યું કે પાણી? દહીંને વલોવ્યું હોત તો સુખ કયારનુંય મળ્યું હોત. પણ સુખ મળ્યું નથી એટલે વિચારવું પડશે કે મારી ભૂલ થઇ રહી છે. કોઇ વાર જીવનમાં નાનકડી ભૂલનું પણ ભયંકર પરિણામ આવે છે. એક કવિએ પણ કહ્યું છે કે—

**ભૂલ જરાસી જબરું દુઃખ દે છે, અનુભવીજનો એમ કહે છે,**
**એક અગ્નિનો તીક્ષ્ણ તણખો, ભુવન ઘણાંને ભસ્મ કરે છે.**
**એક વચન અવળું વદવાથી, ઝેર પછી બહુકાળ ઝરે છે,**

સામાન્ય ભૂલ પણ મોટું નુકશાન કરે છે. અગ્નિની એક ચિનગારીને તમે નાની માનો પણ એ નાની ચિનગારી હજારો મણ રૂ ને બાળીને ભસ્મ કરે છે. એક કડવું વેણ માણસને બાળી મૂકે છે. તેમ સંસારમાં સુખ નથી છતાં સુખ માટે માનવી રાત દિવસ પ્રયત્નો કરી રહ્યો છે એટલે ભૌતિક પદાર્થોમાં સુખની શોધ કરી છે. કાચના ટુકડામાં એણે હીરા જોયા છે, બસ, અહીં એની મોટી ભૂલ થઇ રહી છે તો સુખ ક્યાંથી મળવાનું છે?

આવા સુખ ભોગવવાથી તમને કંઇ મળવાનું નથી. અત્યારે જે સુખ ભોગવી રહ્યા છો તે તો તમારી પૂર્વની કમાણી છે. જે પૂર્વે કરીને આવ્યા છે ને આ ભવમાં કરે છે તે મહાન લાભ મેળવે છે. દેખો! તમારી સામે બેઠેલા વીરાણી મણીભાઇ અને તેમનું આખું કુટુંબ કેવું ભાગ્યવાન છે! પૂર્વના પુણ્યોદયે સુખ સંપત્તિ પ્રાપ્ત થયાં છે ને આ ભવમા પણ સત્કાર્યોમાં સંપત્તિનો સદુપયોગ કરી રહ્યા છે. આજે કાઠીયાવાડમાં ઠેર ઠેર વીરાણી કુટુંબે ઉપાશ્રયો બાંધી દીધા છે. ગામમાં જૈનનું ઘર હશે કે નહિ હોય પણ વીરાણીનો ઉપાશ્રય તો હશે. સાથે તે કુટુંબમાં ધર્મ પણ કેટલો બધો છે અનિલભાઇ દરરોજ સામાયિક કરે. વીરાણી કુટુંબ વીરાણી છે તેમ તેમનો આત્મા પણ વીર છે. જે સાચા વીરો હોય તે આવો ત્યાગ કરી શકે છે. સારુંય વીરાણી કુટુંબ ધર્મના રંગે રંગાયેલું છે.

હવે શ્રેણીક રાજા મુનિને પૂછશે કે તમે અનાથ છો તેમ કેમ કહો છો? મુનિ તેનો શું જવાબ આપશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર:-"અંજના સતીને સાસુજી પધારતા થયેલો આનંદ"**-અંજના સતી ગર્ભવંતી છે તે વાતની તેના સાસુજીને ખબર પડી એટલે એના ક્રોધનો પાર ન રહ્યો. બંધુઓ! કર્મની કરામત કેવી છે? જો પવનજી એના માતા-પિતાને જાણ કરીને ગયા હોત તો અંજનાને આ દુઃખના દિવસો ન આવત. પણ જ્યારે જીવના ગાઢ કર્મનો ઉદય હોય છે ત્યારે ભલભલા મહાન પુરૂષો પણ ભાન ભૂલી જાય છે. નળરાજા અને દમયંતી વનમાં ગયા. નળરાજાને દમયંતી કેટલી વહાલી હતી! પણ જ્યારે એના કર્મનો ઉદય થયો ત્યારે અઘોર વનમાં ભરનિંદ્રામાં સૂતેલી દમયંતીને એકલી મૂકીને ચાલ્યા ગયા ને?

પવનજીએ અંજનાને જંગલમાં નહોતી મૂકી પણ મહેલાતમાં મૂકીને ગયા છે. પણ હવે કર્મરાજા કેવું નાટક ભજવે છે તે જોવાનું છે. કેતુમતી રાણીએ પ્રહલાદ રાજાને વાત કરી કે અંજનાએ આપણા કુળને કલંક લગાડયુ છે. ત્યારે રાજા કહે છે આ વાત મારા માનવામાં આવતી નથી. અંજના એવી પવિત્ર છે કે કોઇના સામે આંખ ઊંચી કરતી નથી ને આ વાત બને કેમ? રાણી! પહેલા તમે ત્યાં જાવ તપાસ કરો કે શું છે? એટલે રાણીએ અંજનાના મહેલે સમાચાર મોકલાવ્યા કે આજે તમારા સાસુજી પધારવાના

છે. રાજ્યમાં એવો રિવાજ હોય છે કે વહુ સાસુના મહેલે આવે પણ સાસુ વહુના મહેલે ન આવે પણ અહીં તો સાસુજી વહુના મહેલે જવાના છે. અંજનાને ખબર પડી કે મારા સાસુજી પધારવાના છે એટલે હર્ષઘેલી બની ગઇ. એના આનંદનો કોઈ પાર નથી. સાસુજીનું સ્વાગત કરવાની તૈયારી કરવા લાગી. આજે મારા ધન્ય ભાગ્ય છે કે મારા સાસુજી મારા મહેલને પાવન કરશે. એના હૈયામાં હર્ષ સમાતો નથી.

પોતાના પિયરની ભારે મૂલી સાડીઓ અંજનાએ ચોકમાં પથરાવી દીધી. મારા સાસુજી એના પર પગ મૂકશે તો પાવન થઇ જશે. આંગણામાં તોરણ બંધાવ્યા ને સાસુજીની રાહ જોતી બેઠી છે. જ્યાં સાસુજી આવ્યા એટલે સામી ગઇને ચરણમાં નમી પડી. યાચકોને દાન દેતાં દેતાં કેતુમાતી રાણી અંજનાના મહેલે પધાર્યા સાસુજીને પગે લાગી તેમને સોનાના સિંહાસન ઉપર બેસાડયા.

અંજનાએ પોતાની વેણી છોડીને પોતાના વાળથી સાસુજીના પગ લૂછયા પવિત્ર જળ મંગાવી એક વાસણમાં સાસુજીના પગ ધોયા ને એ પગ ધોયેલું પાણી પોતે ગટક ગટક પી ગઇ. આ રીતે અનેક પ્રકારે સાસુજીની ભક્તિ કરી પ્રદક્ષિણા કરીને વંદન કર્યું ને મધુર સ્વરે બોલી–બા આજે હું આપના દર્શનથી ધન્ય બની છું. મારા મહેલે પધારીને મારા ઉપર ખૂબ કૃપા કરી. આપના પધારવાથી આજે મારી શોભા વધી છે. આવા મધુર શબ્દો બોલે છે પણ સાસુજીનું મુખડું મલકતું નથી આટલું કરવા છતાં સામી વ્યક્તિનું મુખ ચઢેલું રહે તો સમજી શકાય કે આને કંઈક રોષ છે. અંજના કહે છે–બા! આપને મારા મહેલે આવવાનું બન્યું છે તો કંઇક કામ હશે! આ દાસીને લાયક કામ સેવા ફરમાવો.

**"સાસુજીનો રોષ"**:– અંજનાને સાતમો માસ છે. એટલે ગર્ભવતીના ચિન્હો તો છાના રહેતા નથી. તેના પેટ સામું જોઇને ખૂબ ઉગ્ર સ્વરે સાસુજી કહે છે હે કુલખંપણ! તેં આ કેવું કાળું કામ કર્યું? તેં તારા બાપનું ને અમારું બંને કુળને કલંક લગાડયું. ખૂબ તાડુકીને સાસુજી બોલ્યા. સાસુની ત્રાડ સાંભળીને અંજના થરથર ધ્રુજતી ધ્રુજતી કહે છે બા! તમે મારી વાત તો સાંભળો. સાસુ કહે છે-શું સાંભળું. તારું કપાળ! તારા કાળા કૃત્યો મારે નથી સાંભળવા. બાર બાર વર્ષોથી મારા દીકરાએ તારા સામું જોયું નથી ને તને આ ગર્ભ કયાંથી રહ્યો? સાસુના તીર જેવા વચન સાંભળીને અંજનાનું હૃદય ભરાઈ આવ્યું. આંખમાંથી આંસુની ધાર વહેવા લાગી. સાસુ કહે છે કુલટા! અત્યાર સુધી તને પવિત્ર માનતી હતી પણ મેં જોઇ લીધું કે તું કેવી સતી છે!

અંજનાએ કહ્યું–બા! હું નિર્દોષ છું. મારો જરા પણ દોષ નથી. તમારા પુત્ર જે દિવસે યુધ્ધમાં ગયા એ જ દિવસે રાત્રે પાછા આવ્યા હતા.

**ત્રણ દિવસ મુજ ઘેર રહ્યા, તુમ પુત્રથી મુજ પુગી છે આશ,**
**જેમ આવ્યા તેમ પાછા વળ્યા, તેણે કરી મારે સાતમો માસ તો....**
**સતી રે શિરોમણી અંજના**

મને મૂકીને તરછોડીને ગયા એટલે તેમના દિલમાં ખૂબ દુઃખ થયું ને રાત્રે મારા મહેલે આવીને ત્રણ દિવસ રોકાયા છે. વસંતમાલાએ પણ કહ્યું કે અંજનાની વાત સાચી છે. હું પણ તે વખતે હાજર હતી. ત્યારે કેતુમતીએ કહ્યું–બેસ, બહુ શાણી ન થા. ચોરનો ભાઇ ઘંટી ચોર. તેં સાથે રહીને કેવા ધંધા કર્યા છે તે બધું હું જાણું છું. મારાથી કાંઇ અજાણ્યું નથી. એમ કહી વસંતમાલાને પણ બરાબર ઉધડી લીધી. ત્યારે અંજના કહે છે જો આપને મારી વાત સાચી માનવામાં ન આવે તો આ તમારા પુત્રની વીંટી જોઇ લો. તે મને આપી ગયા છે. મેં તો તેમને ઘણું કહ્યું કે તમે બા બાપુજીને જાણ કરીને જાવ પણ તેઓ શરમના કારણે આવ્યા નહિ ને મને કહ્યું કે કોઇ એવો પ્રસંગ બને તો આ મારા નામ વાળી વીંટી બા–બાપુને બતાવજે. ત્યારે સાસુ કહે છે મારો પુત્ર તને નજરે જોવા પણ ઇચ્છતો ન હતો ને તે તને વીંટી ક્યાંથી આપે ? પણ તેં વીંટી ચોરી લીધી હશે ! એક તો તું કુસતી છે ને પાછી ચોટ્ટી પણ છે, અંજનાના માથે સાસુજીએ બે કલંક ચઢાવ્યા. અંજના સાસુના વચનો સાંભળી બેભાન થઇને પડી ગઇ. હજુ એના માથે કેવા દુઃખના ડુંગર તૂટી પડશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં.–૨૭

**શ્રાવણ સુદ ૧૩ ને મંગળવાર** **તા. ૧૯–૮–૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો !

અનંતજ્ઞાની પ્રભુ મહાવીરસ્વામીએ આત્મ સાધનાનો મહાન માર્ગ બતાવ્યો છે. પોતે જીવનમાં અપનાવ્યું પછી ભવ્ય જીવોને ઉપદેશ આપ્યો છે. સર્વજ્ઞ શ્રી મહાવીર પ્રભુ એ ભવમાં મોક્ષે જવાનું નક્કી જાણવા છતાં ઘરબાર છોડીને અણગાર બન્યા ચારિત્ર લેતાંની સાથે ચોથું મનઃ પર્યાય જ્ઞાન ઉત્પન્ન થયું. દરેક તીર્થંકર દેવ માટે આ નિયમ છે કે ગર્ભમાંથી તેમને ત્રણ જ્ઞાન હોય અને દીક્ષા લેતી વખતે ચોથું જ્ઞાન ઉત્પન્ન થઇ જાય છે. આવા પ્રભુએ દીક્ષા લઈને વિહાર કર્યો ત્યારે તેમની પાછળ ભાઇ – ભાભી, પત્ની, પુત્રી આદિ આખો રાજ્ય પરિવાર રડતો ઝૂરતો તેમની પાછળ ચાલ્યો, કાળો કલ્પાંત કરવા લાગ્યા. અહો પ્રભુ ! અમને એકલા મૂકીને ક્યાં ચાલ્યા ? એક વાર તો અમારા સામું જુઓ. પણ ભગવાને કોઇના સામે દૃષ્ટિ પણ કરી નહિ. દીક્ષા લઇને એકાકી ચાલી નીકળ્યા. ચોવીસ તીર્થંકરમાં એકલા દીક્ષા લીધી હોય તો ભગવાન મહા-

વીર સ્વામીએ, બાકી બધા તીર્થંકરોની સાથે ઘણાં જીવોએ દીક્ષા લીધી છે. પ્રભુ એકલા વનવગડાની વિષમ વાટે ચાલી નીકળ્યા. ત્યાં પ્રભુને કોણ મળ્યા ?

**છોડી તાતનું ઘર છોડી રાજવૈભવ, વીર વનમાં વસે... હો વીર ....**
**એક કપડે ફરે વીર જંગલમેં, નહીં સાથ મળે કોઈ સંગતમેં**
**ખાડા, ટેકરા, કાંટા ને સાપ મળે, ઓર કોઈ નહિ - હો વીરને**
**કોઈ નહિ .... છોડી ....**

પ્રભુ જંગલમાં વિહાર કરવા લાગ્યા તે સમયે ખાડા, ટેકરા, કાંટા – કાંકરા, સર્પ વાઘ અને સિંહ તેમને સામા મળ્યા. દીક્ષા લીધા પછી સાડા બાર વર્ષ અને પંદર દિન સુધી ઘોર તપશ્ચર્યાઓ કરી લગભગ કાર્યોત્સર્ગમાં લીન રહેતા. એમાં દેવના તથા મનુષ્યના ભયંકર ઉપસર્ગો સહન કર્યા, સાડા બાર વર્ષમાં નિદ્રાનો સમય કેટલો ? ફક્ત એક મુહૂર્ત પ્રભુની કેવી જાગૃતિ ! કેવી લગની ! કવિ કહે છે કે :–

**"સાડા બાર વર્ષ જિન ઉત્તમ, વીરજી ભૂમિ ન ઠાયા હો.**
**ઘોર તપે કેવળ લહયા તેહના પદ્મ ગુરૂ નમે પાયા ॥**

પ્રભુ નિર્મળ, નિર્લેપ, નિર્મમ, અપ્રમત ઇત્યાદિ વિશુધ્ધ આત્મસ્વરૂપમાં રમનારા હતા, પ્રભુ ઋજુવાલિકા નદીના તીરે કેવળ જ્ઞાન પામ્યા. તેઓ લોકાલોકના જ્ઞાતા બન્યા પછી પ્રભુ સમસ્ત જીવો અને તમામ પુદ્દગલોના અનંતાનંત કાળના પર્યાય આંખ સામે હાથમાં રહેલા આંબળાની જેમ સ્પષ્ટ જુએ ને જાણે છે. સિધ્ધના જીવો અનંતા છે. એનાથી અનંત ગુણા જીવો નિગોદમાં સાધારણ વનસ્પતિમાં છે. પ્રત્યેક જીવના અસંખ્ય આત્મ પ્રદેશો પર અનંતા કર્મ સ્કન્ધો છે. એ પ્રત્યેક સ્કંધમાં અનંત અણુ છે. સર્વજ્ઞ પ્રભુ મહાવીરદેવ આ બધુ પ્રત્યક્ષ જુએ છે ને જાણે છે. આવું સૂક્ષ્મ કર્મનું વિલક્ષણ સ્વરૂપ અને શુધ્ધ અરૂપી આત્માનું સ્વરૂપ તથા સૂક્ષ્મ કર્મથી આવૃત જીવનું વિચિત્ર મલીન સ્વરૂપ જેવું કેવળ જ્ઞાની એ દીઠું છે તેવું જેના ચિત્તમાં વસી જાય તે ખરેખર આ જિનેશ્વર દેવોની આજ્ઞાનો સાચો રસીયો બની જાય અને આત્મ સ્વરૂપ પામી જાય છે.

આવા વીર પ્રભુની અંતિમ વાણી ઉત્તરાધ્યયન સૂત્રના વીસમા અધ્યયનમાં અનાથી નિર્ગ્રંથનો અધિકાર ચાલે છે. અનાથી મુનિ આત્મ સ્વરૂપમાં રમણતા કરે છે. જેના આત્મારૂપી હીરામાંથી તેજના કિરણો બહાર નીકળે છે. તેમનું તેજ જોઈ શ્રેણીક મહારાજા અંજાઈ ગયા. રાજા જેમ જેમ મુનિની નજીક આવતા ગયા તેમ તેમ મુનિમાં આકર્ષાતા ગયા. બંધુઓ ! આ અનાથી મુનિના દેહ ઉપર આવું તેજ ને આવો ઝળકાટ કયાંથી આવ્યો ? એમણે શરીરને શોભાવવા માટે પાવડર સ્નો આદિ લગાડયા ન હતા. અને શરીરમાં શક્તિ લાવવા માટે બદામ, પિસ્તા કે મીઠાઈ નહોતા ખાધા કે વિટામીનની

ટેબ્લેટ નહોતી ખાધી. આ તેજ અને શક્તિ બ્રહ્મચર્યની હતી. બ્રહ્મચર્ય એ આત્માનું કોહીનુર છે.

માણુસ રોજ એક શેર અનાજ ખાય તો ચાલીસ દિવસે એક મણુ અનાજ તેના પેટમાં જાય છે. ત્યારે એક મહિને એક તોલો શક્તિ પેદા થાય છે. ને એક તોલો શક્તિ એક વખતના અબ્રહ્મચર્યના સેવનમાં ખર્ચાઇ જાય છે. પછી ગમે તેવી શક્તિવર્ધક સંજીવનીનું સેવન કરો પણુ શક્તિ ક્યાંથી મળે?

દેવાનુપ્રિયો! બ્રહ્મચર્યવ્રતમાં કેટલી તાકાત રહેલી છે તેના સિધ્ધાંતમાં ઘણાં દાખલા મોજુદ છે. નેમનાથ અને કૃષ્ણુ વાસુદેવ એ બે ભાઇ હતા. કૃષ્ણુજી મોટા અને નેમકુમાર નાના હતા. એક વખત નેમકુમાર રમતા રમતા કૃષ્ણુની આયુધશાળામાં આવી ચઢયા. ત્યાં શંખ પડયો હતો. એ જોઇ નેમકુમારના મનમાં થયું કે આ વળી કયું રમકડું છે? એમ સમજીને શંખ હાથમાં લઇને ફૂંક મારી ત્યાં આખી દ્વારકાનગરી ધણુધણી ઉઠી. શંખનાદ સાંભળીને આખી નગરીમાં હાહાકાર મચી ગયો કે આ તો કૃષ્ણુ વાસુદેવના પંચજન્ય શંખનો અવાજ છે. આ શંખ કેમ ફુંકયો? શું દ્વારકાનગરી ઉપર કોઇ શત્રુ ચઢી આવ્યો છે કે કોઇ મોટી આફતના વાદળા ચઢી આવ્યા છે? માણુસો ભેગા થઇ ગયા. કૃષ્ણુ વાસુદેવ પણુ દોડતા આવ્યા. કૃષ્ણુના મનમાં થયું કે આ શંખ મારા સિવાય કોઇ ઉપાડી શકે નહિ ને આ તો રમકડાની જેમ ઉપાડીને રમે છે. એની શક્તિ કેટલી હશે? કૃષ્ણુ કહે છે ભાઇ? આ તેં શું કર્યું? નેમકુમાર કહે છે મોટાભાઇ! મને ખબર નહિ. હું રમતો રમતો અહીં આવ્યો ને આ શંખને રમકડું માનીને ઉપાડયો ને સ્હેજે ફૂંક મારી ત્યાં તો આટલું લોક ભેગું થઇ ગયું. કૃષ્ણુના મનમાં થયું કે આ તો મહાન બળીયો લાગે છે. હજુ નાનો છે છતાં તેનાનાં આટલી શક્તિ છે તો મોટો થશે ત્યારે મારું રાજ્ય પણુ લઇ લેશે. લાવ તેની શક્તિનું માપ કાઢી લઉં. એટલે કૃષ્ણુ કહે છે ભાઇ! હું આ મારો હાથ લાંબો કરું છું તેને તું નમાવી આપ. કૃષ્ણે હાથ લાંબો કર્યો. નેમકુમારે સ્હેજ સામાન્ય હાથ અડાડયો ત્યાં કૃષ્ણુનો હાથ નમી ગયો. નેમકુમાર કહે છે ભાઇ! હવે હું મારો હાથ લાંબો કરું તમે નમાવી આપો. નેમકુમારે હાથ લાંબો કર્યો. કૃષ્ણુ નેમકુમારનો હાથ પકડીને લટકયા, હીંચકા ખાધા પણુ નેમ-કુમારનો હાથ નમાવી શકયા નહિ. બાલપણુથી નેમકુમારમાં આ શકિત હોય તો ભાવી તીર્થંકરના બળની અને બ્રહ્મચર્યની.

કૃષ્ણુ વાસુદેવ હતા. એમની શકિત પણુ જેવી તેવી ન હતી. જ્યારે પદ્મનાભ રાજાએ દેવ મારફત દ્રૌપદીનું અપહરણુ કરાવી અમરકંકા નગરીમાં મંગાવી તે સમયે નારદઋષિ મારફત સમાચાર મળ્યા કે દ્રૌપદી અમરકંકામાં છે ત્યારે પાંચ પાંડવો અને કૃષ્ણુ વાસુદેવ અમરકંકામાં આવ્યા. પછી કૃષ્ણુ વાસુદેવે દૂત મારફત પદ્મનાભ રાજાને

કહેવડાવ્યું કે અમને અમારી દ્રૌપદી સોંપી દે નહિતર યુદ્ધ કરવા તૈયાર થઇ જા. પદ્મનાભ રાજા લડવા તૈયાર થતાં કૃષ્ણ પાંડવોને કહે છે પહેલાં તમે લડવા જાવ. એટલે પાંડવો કહે છે મોટાભાઇ! અમે લડવા તો જઇએ પણ કદાચ હારી જઇએ તો તમે અમારી વ્હારે આવજો. કૃષ્ણ વાસુદેવ સમજી ગયા કે શુકન કરતાં શબ્દ ખરાબ છે. માટે પાંડવોની હાર થવાની છે. પાંડવો પદ્મનાભ રાજા સામે યુદ્ધમાં ગયા. ખૂબ પરાક્રમથી લડયા છતાં પદ્મનાભ રાજાની સામે હારી ગયા. પાંડવો બળવાન હતા. એમની હાર થાય નહિ છતાં અહીં હારી ગયા. શુકન કરતાં શબ્દ આકરા પડયા તે આનું નામ.

પાંડવોની હાર થઇ એટલે પદ્મનાભ રાજાના પગમાં બળ આવ્યું. પણ કૃષ્ણ વાસુદેવ કયાં છૂપા રહે તેમ હતા! ત્રણ ખંડના અધિપતિ કૃષ્ણ વાસુદેવ ઉભા થયા. હાથમાં પંચજન્મ શંખ લઇને વગાડયો ને બોલ્યા હે પદ્મનાભ! તારી માએ સવાશેર સુંઠ ખાઇને તને જન્મ આપ્યો હોય તો હવે આવી જા મારી સામે. આમ કહીને કૃષ્ણે નૃસિંહનું રૂપ ધારણ કર્યું. મોઢું સિંહનું ને બીજું બધું મનુષ્ય જેવું રૂપ લઇને એક પંજો પછાડયો ત્યાં આખી અમરકંકા નગરી ધ્રુજી ઉઠી કંઇક મકાનો જમીનદોસ્ત થઇ ગયા. બધું ખેદાનમેદાન થઇ ગયું. આખી નગરીમાં ગભરાટ થઇ ગયો. પ્રજા ભાગાભાગ કરવા લાગી. પદ્મનાભને થયું કે આ તો કોઇ મહાન બળીયો પુરૂષ આવ્યો લાગે છે. કૃષ્ણજીનું પરાક્રમ જોઇને તે ઉભી પૂંછડીએ નાઠો. તેને થયું કે હવે તો મરી જઇશ તેથી દોડતો દ્રૌપદી પાસે ગયો ને કરગરવા લાગ્યો કે મને બચાવ. ત્યારે દ્રૌપદી કહે છે અમારા મોટાભાઇ તમને જીવતા નહિ છોડે. હા....બચવાનો એક ઉપાય છે, અમારા કૃષ્ણજી કોઇ સ્ત્રીને મારતા નથી. તો તમે ભીના કપડા પહેરી આગળ ચાલો ને પાછળ તમારી ૭૦૦ રાણીઓ ગીતો ગાતી ચાલે. આ રીતે જઇને કૃષ્ણના ચરણમાં પડીને માફી માંગો ને મને પાછી સોંપો તો તમને જીવતદાન મળે. અંતે પદ્મનાભને માફી માંગવી પડી અને દ્રૌપદીને પાછી સોંપી. મારે તમને કહેવું છે શું કૃષ્ણે એક પંજો પછાડયો ને આખી અમરકંકા નગરીને ખેદાનમેદાન કરી નાખી આવા બળવાન કૃષ્ણ વાસુદેવ એક નાનકડા નેમકુમારનો હાથ નમાવી શકયા નહિ. કૃષ્ણ વાસુદેવે વિચાર કર્યો કે નેમકુમારમાં આટલી તાકાત અત્યારે છે તો મોટો થશે ત્યારે કેટલો બળવાન થશે? માટે તેને પરણાવી દઉં તો તેનું બળ ઓછું થાય. જુઓ, આ ઉપરથી તમને સમજાય છે ને કે બ્રહ્મચર્યમાં તાકાત છે ને અબ્રહ્મચર્યના સેવનથી શક્તિ ખતમ થાય છે.

નેમકુમારને પરણાવવા માટે એક કાવત્રું રચ્યું. કૃષ્ણ વાસુદેવની બધી રાણીઓ ભેગી થઇને નેમકુમારને ઘેરી વળીને મશ્કરી કરવા લાગી કે અહો મારા લાડકા દિયરીયા! તમે હવે લગ્ન કરો તો અમારે દેરાણી આવે ને અમે જેઠાણીપણું ભોગવીએ.

**કૃષ્ણ પ્રભુની સૌ નારીઓ, એ છે પૂરી કામણગારી,**
**વિવાહની વાતો કરીને મન ડોલાવવા લાગી...(૨)**
**નેમ પ્રભુના ચરણ કમળની લગની અમને લાગી...(૨)**
**જોબન વયમાં રાજુલ જેવી રમણી જેણે ત્યાગી...(૨)**

કૃષ્ણની પટ્ટરાણીઓ આંખના મચકારા કરવા લાગી. દિયરની મીઠી મજાક ઉડાવવા લાગી ત્યારે નેમ સ્હેજ હસી ગયા ને મૌન રહ્યા. એ મૌનનો એમણે એવો અર્થ કર્યો કે નેમકુમારને પરણવાની ઇચ્છા છે. એટલે કૃષ્ણજીએ તાબડતોબ સુશીલ કન્યાની શોધ કરી રાજેમતી સાથે નેમકુમારનું સગપણ કર્યું. ખૂબ ઠાઠમાઠથી નેમકુમાર રાજેમતીને પરણવા ગયા ને તોરણેથી પાછા ફર્યા, શા માટે?

**પશુઓનો પોકાર સુણીને, નેમજીને અંતર અનુકંપા જાગી,**
**પશુડા છોડાવી પાછા ફરીયા, આશા ભરી એક અબળાને ત્યાગી,**
**વરણાગી વર વીતરાગી બની જાય...રાજુલની આંખે આંસુડા વહી જાય....**
**આંગણે આવેલા નેમ પાછા વળી જાય, કોડભરી કન્યાનું કાળજું કપાય.**

નેમકુમાર તોરણે ગયા. એક બાજુ મધુર વાજિંત્રો વાગે છે, ને બીજી તરફ પશુઓની કરૂણ કીકીયારીઓનો સ્વર સાંભળ્યો. નેમકુમાર દયાના દરિયા હતા. પશુઓને પણ સંજ્ઞા છે. તે પોતાના બચ્ચાને પોતાની ભાષામાં કહી રહ્યા છે કે તમે રડશો નહિ. આ પરણવા આવનાર નેમકુમાર દયાળુ છે તે આપણો વધ કરવા નહિ દે. પશુઓ નેમકુમારને ઓળખતાં ન હતાં. પણ નેમકુમારના અંતરમાં રહેલી કરૂણાનું આંદોલન હતું. પશુઓનું કરૂણ રૂદન સાંભળી નેમકુમાર પોતાના સારથીને કહે છે.

**कस्स अट्ठा इमेपाणा, एए सव्वे सुहेसिणो ।**
**वाडेहिं पंजरेहिं च, सन्नि रुध्धाय अच्छहि ।।**

ઉત્ત. સૂ. અ. ૨૨ ગાથા ૧૬

આ બધા પ્રાણીઓ સુખના ઇચ્છુક છે, એમને શા માટે પાંજરામાં પૂર્યા છે ને તેઓ શા માટે કરૂણ આક્રંદ કરી રહ્યા છે? ત્યારે સારથી કહે છે:–

**"अह सारही तओ भणइ, एए भद्दाउ पाणिणो ।**
**तुज्झविवाह कज्जम्मि, भोयावेउं बहूं जणं ।।"**

ઉત્ત. સૂ. અ. ૨૨, ગાથા ૧૭

હે નેમકુમાર! આ બધા નિર્દોષ પ્રાણીઓનો તમારા લગ્ન પછી જાનમાં આવેલા જાનૈયાઓને ગૌરવ દેવામાં આવશે ને હજારો પ્રાણીઓની કતલ થશે. ત્યારે કરૂણાના સાગર નેમનાથ ભગવાનને આ સાંભળી અરેરાટી થઈ. અહો! એકની સાથે સબંધ બાંધવા

જતાં લાખોના કિંમતી પ્રાણ લૂંટાશે? મારા લગ્ન નિમિત્તે આટલી બધી હિંસા! મારે આવા લગ્ન કરવા નથી. તે તરત તોરણેથી પાછા ફર્યા. નેમકુમાર વરણાગી બનીને રાજેમતીને પરણવા આવ્યા હતા પણ નિર્દોષ પશુના પ્રાણ બચાવવા માટે ક્ષણ વારમાં કોડ ભરેલી કન્યાને છોડીને પાછા ફર્યા. વરણાગી વર વૈરાગી બની ગયા. વર્ષ દિન સુધી *દાન દઈને દીક્ષા લીધી. નેમકુમાર પાછા ફર્યાની રાજેમતીને ખબર પડી. નેમનાથ અને* રાજુલને આઠ આઠ ભવની પ્રીતી હતી. નેમનાથ ચાલ્યા જવાથી તેના મનમાં ખૂબ દુઃખ થયું. રાજુલ શું કહે છે:–

**ગઢ ગીરનારે ચાલ્યા શું છોડી, આઠ આઠ ભવની પ્રીતડી તોડી,**
**રાજુલ નયને નીર વહૈયા, તોરણ આવી પાછા ફરૈયા.**
**જાન લઈને આવ્યા જાનૈયા, તોરણ આવી પાછા ફરૈયા.**

હે સ્વામીનાથ! આઠ આઠ ભવની પ્રીત છોડી મને કુંવારી મૂકી એકલા ગીરનાર ક્યાં ચાલ્યા ગયા? એમ કહી રાજુલની આંખમાં આંસુની ધારા વહેવા લાગી, બીજી ક્ષણે વિચાર કર્યો અહો! મારા સ્વામીનો માર્ગ એ મારો માર્ગ છે. હવે મારે આ સંસારમાં રહેવું નથી. માતા પિતા પાસે પોતાના વિચારો દર્શાવ્યા. રાજુલના માતા-પિતાએ કહ્યું–બેટા! તને નેમકુમારથી ચઢીયાતા રાજકુમાર સાથે પરણાવું. ત્યારે રાજેમતી કહે છે પિતાજી! જે નેમકુમાર સાથે મારા વિવાહ નક્કી થયા. પરણવા પણ આવ્યા ને મારા હૃદયમાં તેમનુ સ્થાન થઈ ગયું. અને જેને મેં પતિ માન્યા તે જ મારો પતિ છે. હવે બીજો પતિ થાય નહિ. માટે હવે તો એમનો જે માર્ગ તે મારો માર્ગ. ત્યાં રાજેમતીને વૈરાગ્ય આવ્યો ને દીક્ષા લેવા તૈયાર થયા. તેની સાથે તેની સખીઓ આદિ એક હજાર આત્માએ દીક્ષા લીધી. બ્રહ્મચર્યમાં કેટલી શકિત છે તે માટે બીજો ઐતિહાસિક દાખલો આપું.

ટંકારામાં દયાનંદ સરસ્વતી થઈ ગયા. તેઓ એક મહાન બ્રહ્મચારી પુરૂષ હતા. આવા બ્રહ્મચારી આત્માઓના પુદ્ગલો કોઈ રોગી માણસ ઉપર પડે તો તેનો રોગ જડ મૂળથી નાબૂદ થઈ જાય છે. આ દયાનંદ સરસ્વતી એક મહાન શકિતશાળી પુરૂષ હતા. તેમનામાં ઘણું બળ હતું. ત્યાંના રાજાને ખબર પડી કે આ દયાનંદ ખૂબ બળવાન છે તો ક્યારેક મારૂં રાજ્ય પણ લઈ લેશે. એટલે તેણે બે મલ્લોને દયાનંદ સરસ્વતીના બળની પરીક્ષા કરવા મોકલ્યા. આ બે મલ્લો દયાનંદ સરસ્વતીની પાસે જાય છે. તે વખતે દયાનંદ નદીમાં સ્નાન કરીને બહાર નીકળેલા અને પોતાના પહેરેલા બે કપડા જેવા તેવા નીચોવીને નદી કિનારે મૂકયા હતા, ત્યાં જઈ ચઢયા. તેઓ દયાનંદ પાસે આવીને કહે છે અમારે આપની સાથે કુસ્તી કરવી છે. દયાનંદ શુદ્ધ બ્રહ્મચારી પુરૂષ હતા. માણસોનું મુખ જોઈને સમજી જાય કે આ કોણ છે

ને શા માટે આવ્યા છે? તે સમજી ગયા કે આ લોકો મારા બળની પરીક્ષા કરવા આવ્યા લાગે છે. એટલે મલ્લોને કહે છે ભાઈ! જો આપણે કુસ્તી કરીશું તો કાં તમારા હાડકા ભાંગશે ને કાં તો મારા હાડકા ભાંગશે. તેના કરતાં તમે એમ કરો આ સામે મારા કપડા પડયા છે તેને નીચોવીને તમે પાણી કાઢો તો તમે બળવાન છો ને ન નીકળે તો તમે નિર્બળ છો. એટલે પેલા મલ્લોએ તો એક કપડું લઈ ખૂબ વળ ચઢાવ્યો. પણ પાણી નીકળ્યું નહિ ત્યારે બંનેએ ભેગા થઈને સામસામી વળ ચઢાવ્યો તો પણ એક ટીપું પાણી ન નીકળ્યું. ત્યારે દયાનંદ કહે છે જુઓ હવે હું નીચોવું છું એમ કહી દયાનંદે કપડું નીચોવવા સ્હેજ વળ ચઢાવ્યો ત્યાં પાણી નીકળ્યું. આ જોઈ મલ્લો તો સજ્જડ થઈ ગયા ને પોતાની હાર કબૂલ કરી ચાલ્યા ગયા. જઈને રાજાને કહ્યું કે એમના જેવી શક્તિ તમારામાં પણ નથી. એ મહાન શક્તિશાળી પુરૂષ છે. હવે કદી અમને એમની પાસે ન મોકલશો. આવી શક્તિ દયાનંદ સરસ્વતીમાં કયાંથી આવી? શું તેમણે ચોખ્ખા ઘી ખાધા હતા? દૂધની મલાઈ ખાધી હતી કે બદામપાક ખાધા હતા? ના. છતાં આવી મહાન શક્તિ કયાંથી આવી? બ્રહ્મચર્યના પ્રતાપે.

અનાથી નિર્ગંથ પણ મહાન તેજસ્વી શક્તિશાળી સંત હતા. તેમના દર્શન થતાં શ્રેણીક રાજા સ્થંભી ગયા. મુનિ પાસે નોકર-ચાકર કે માલ મિલ્કત કંઈ ન હતું. ફક્ત પહેરેલા ત્રણ વસ્ત્રો અને પાત્ર આદિ જરૂરી ઉપકરણ સિવાય તેમની પાસે કાંઈ ન હતું. છતાં રાજાને લાગ્યું કે આ મુનિ આવા ઋદ્ધિવંત હોવા છતાં હું અનાથ છું એમ શા માટે કહે છે? એમ વિચારી શ્રેણીક રાજા શું બોલ્યા?

"होमि नाहो भयत्ताणं, भोगे भुंजाहि संजया ।
मित्तनाइ परिवुडो, माणुसं खु सुदुल्लहं ॥"

ઉત્ત. સૂ. અ. ૨૦, ગાથા ૧૧.

હે મુનિ! તમારું રક્ષણ કરનાર કોઈ નાથ ન હતો એટલે દુઃખને કારણે દીક્ષા લીધી છે ને? તો તે અનાથતાનું દુઃખ દૂર કરવા માટે હું તમારો નાથ બની જાઉં તો પછી તમારે કોઈ વાતની ખામી નહિ રહે. માટે તમે સાધુપણું છોડીને મારા ઘેર ચાલો. મારા ઘણા મહેલો છે તેમાંથી તમને જે ગમે તે મહેલ આપીશ. સારા કુળની સૌંદર્યવતી કન્યાઓ પરણાવીશ. વળી તમે કહો છો કે મારે કોઈ મિત્ર ન હતો તો તમને મારે ત્યાં ઘણા મિત્રો પણ મળી રહેશે. તમારા સુખ માટે જેટલી સામગ્રી જોઈશે તે બધી હું પૂરી પાડીશ. તમે મારે ત્યાં મનમાન્યા સુખો ભોગવજો. વળી આ મનુષ્ય જન્મ મહાદુર્લભ છે. આવા દુર્લભ મનુષ્ય જન્મને આવા તપ-ત્યાગમાં વેડફી નાંખવો તે બરાબર નથી. માટે તમે મારે ઘેર ચાલો શ્રેણીક રાજા મુનિને ભોગનું આમંત્રણ આપે છે. આગળ શું કહેશે તેના ભાવ અવસરે.

ચરિત્રઃ- કેતુમતી સાસુજી અંજનાને વેણુ કવેણુ કહેવા લાગી. હે અંજના! તું ઘણી નીચ છે. એક તો પાપ કર્યું છે ને તેને ઢાંકવા માટે પાછી સતી થાય છે? કુલટા સ્ત્રીઓ બીજાને છેતરવામાં બહુ હોંશિયાર હોય છે. મારો પુત્ર તને નજરે જોવા પણ ઇચ્છતો ન હતો તે તારે ઘેર ત્રણ દિવસ તો શું એક ઘડી પણ ઊભો ન રહે. મારે તારી શાહુકારી નથી સાંભળવી.

**" પીયર જારે પાપિણી, નહિ રાખું એક રાત,**
**દૂર જા તું દેશાંતરે જેમ હી વિગલે વાત.**
**ફાટયું દૂધ શા કામનું, વિણુઠામનનો ત્યાગ,**
**કરવો સહી ઊતાવલો, ન ગણવું સગપણુ લાગ**

બસ, તું અત્યારે ને અત્યારે મારા ઘરમાંથી ચાલી જા. ને તારા બાપને ઘેર જઇને રહેજે. તારા સ્વચ્છંદાચાર મારા ઘરમાં નહિ ચાલે. સ્વચ્છંદાચારીઓ માટે મારું ઘર નથી. આ શબ્દ અંજનાના હૃદયમાં તીરની જેમ ભોંકાઈ ગયા. એના માથે આભ તૂટી પડે તેટલું દુઃખ થયું. આવા ક્રૂર પ્રહારો અને ધિક્કારો અંજનાનું કોમળ હૃદય કેવી રીતે સહન કરી શકે? સાસુને પગે લાગવા ગઇ ત્યાં એવી લાત મારી કે અંજના બેભાન થઇને ધરતી ઉપર પડી ગઇ. વસંતમાલાએ તેને ઝાલી લીધી. શીતળ પાણીનો છંટકાવ કરીને પંખાથી પવન નાંખી અંજનાને ભાનમાં લાવી. પણ અંજનાને તો દુનિયા ફરતી દેખાય છે. તેની આંખમાંથી આંસુની ધારાઓ વહેવા લાગી. કરૂણ સ્વરે કલ્પાંત કરતી અંજના બોલે છે હે સ્વામીનાથ! તમે ક્યારે આવશો? મેં તમને જતાં કહ્યું હતું, મારું હૈયું તમને જવા દેવાની હા પાડતું નહોતું પણ તમે જલ્દી પાછા આવવાની શરતે ગયા. પણ હજુ આવ્યા નહિ ને મારા માથે કલંક ચઢયા તે તમારા સિવાય કોણ ઉતારશે? આ કહી અંજના ખૂબ રડી પણ સાસુનું હૈયું એવું કઠોર બની ગયું છે કે એ તો કંઇ વાત સાંભળતી નથી.

સાસુ કહે છે હવે તું જલ્દી મારા ઘરમાંથી બહાર ચાલી જા. હજુ ગામના કોઇને આ વાતની ખબર પડી નથી. તે પહેલા રવાના થઇ જા. એટલે અમારે શરમાવું પડે નહિ. અંજના સતી સાસુના ચરણે પડી પડીને વિનંતી કરે છે બા! હું કયાં જાઉં? ત્યારે કહે છે તને જ્યાં ગમે ત્યાં જા. વનવગડામાં જા કે તારે પીયર જા. પણ હું તને એક ઘડી પણ આ ઘરમાં રાખવા તૈયાર નથી. હવે મારે ને તારે કંઇ લેવા કે દેવા નથી. દૂધ સારું હોય તો કામનું. બગડેલું દૂધ તો ઉકરડે નંખાય તેમ તારી સ્થિતિ પણ બગડેલા દૂધ જેવી છે.

અંજના રડતી રડતી કહે છે બા! વધુ નહિ તો તમારા પુત્ર યુધ્ધેથી આવે ત્યાં સુધી મને રાખો. પછી જે કરવું હોય તે કરજો. મને જીવતી બાળી મૂકજો પણ ત્યાં સુધી

દયા કરીને મને રાખો. અહીંયા તમારી એંઠ ખાઇને રહીશ. પણ આવું કલંક લઇને પિયરમાં કેવી રીતે જાઉં? બા! મારા ઉપર એટલી કૃપા કરો. હું કુસતી નથી. તમારા દીકરા આવે પછી તમે જ્યાં કહેશો ત્યાં જઇશ. પણ અત્યારે તમારી નોકરડી કરીને રાખશો તો પણ હું આનંદથી રહીશ. હું જઇશ પછી તમને પસ્તાવો થશે. મારી આટલી અરજી ઉરમાં ધરો. પણ સાસુ તો ડબલ, ક્રોધ કરીને કહે છે મને કોઇ પસ્તાવો થવાનો નથી. તું મને કહેનારી કોણ? ચાલી જા અહીંથી, જે હદમાં જ્યાં સુધી તારા સસરાની આણ વર્તાય છે ત્યાં તારે રહેવાનો હક્ક નથી. હે પાપિણી! તું અહીંથી નહિ જાય ત્યાં સુધી મારે અન્નપાણીનો ત્યાગ છે. હવે આ કેતુમતી સાસુજીતો નિયમ લઇને બેઠા છે. અંજનાના માથે ક્રોધની ઝડીઓ વરસાવે છે. કટુ વચનો બોલે છે. અંજનાનું શરીર ભયથી થરથર ધ્રુજે છે. ઘડીકમાં બેઠી થાય છે ને ઘડીકમાં પડી જાય છે. આવી તેની સ્થિતિ થઇ ગઈ છે. આવી સ્થિતિમાં સાસુ તેના કેવા બૂરા હાલ કરશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં. ૨૮

**શ્રાવણ સુદ ૧૪ ને બુધવાર** **તા. ૨૦-૮-૭૫**

અનંત જ્ઞાની મહાન પુરૂષોએ જગતના જીવોના કલ્યાણને માટે આગમ વાણી પ્રકાશી કે હે ભવ્ય જીવો! જો તમને બંધનમાંથી મુકત થવાનું અને આત્માને ઉત્થાનના પંથે લઇ જવાનું મન થતું હોય તો હવે જાગો. બંધનમાંથી મુકત થવાની ભાવના થતી હોય તો સર્વ પ્રથમ એ વિચાર કરવો પડશે કે બંધન કયું? તમે પ્રતિક્રમણમાં બોલો છો ને કે **"પડિક્કમામિ દોહિં બંધણેહિં....રાગ બંધણેણં, દોસ બન્ધણેણં."** રાગ અને દ્વેષનું બંધન છે. રાગ અને દ્વેષ એ કષાય છે. રાગ-દ્વેષાદિ કષાયમાં જોડાઇને જીવ તીવ્ર કર્મો બાંધે છે. આ તીવ્ર કર્મોનું બંધન જીવને દુર્ગતિમાં લઇ જાય છે. અને *સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યગ્ ચારિત્ર જીવને બંધનમાંથી મુક્ત કરાવે છે.* અનંતકાળથી આપણો જીવ કર્મબંધનના દોરડે બંધાયો છે તે કેવી રીતે તૂટે? સૂયગડાયંગ સૂત્રમાં ભગવંત બોલ્યા છે કે :-

**बुज्झिज्झत्ति तिउट्टिज्जा, बंधणं परिजाणिया ।**
**किं माह बंधणं वीरो, किं वा जाणं तिउट्टइ ॥**

સૂય. સૂ. અ. ૧ ઉ. ૧. ગાથા ૧

હે ભવ્ય જીવો! તમે જાગો. સમજો ને વિચારો કે જીવને કયુ બંધન અનંત સંસારમાં રઝળાવે છે? બંધનને જાણીને બંધનમાંથી મુકત થવાનો પ્રયત્ન કરો. આમ તો સંસારમાં કોઇને બંધન ગમતું નથી. સૌ બંધનમાંથી મુકત થવા ઇચ્છે છે, ગાય ભેંસ જેવા પશુઓને તેનો માલિક ખીલે બાંધે છે. પણ જ્યારે તેને બંધન ખટકે છે

ત્યારે પોતાનું બધું બળ એકત્ર કરીને ખીલાને ઉખેડી નાંખે છે ને મુકિતનો આનંદ લૂંટવા જંગલમાં ચાલ્યું જાય છે. પિંજરમાં પૂરાયેલો પોપટ પણ તેમાંથી છૂટવાને ઇચ્છે છે. પછી ભલેને રત્નજડિત સોનાનું પાંજરૂં કેમ ન હોય? તો પણ પોપટને એ પાંજરું બંધનકારી લાગે છે. તેવી રીતે સંસારના ગમે તેવા કામ ભોગાદિ સુખ હોય પણ જ્ઞાનીને કેવા લાગે છે?

**મીઠા મધુરા ને મનગમતા પણ બંધન અંતે બંધન છે.**
**લઈ જાય જન્મના ચકરાવે એવું, દુખદાયી આલંબન છે.**
**હું લાખ મનાવું મનડાને (૨) પણ એક જ એનો ઉંકારો...બંધન બંધન...**
**બંધન બંધન ઝંખે મારું મન પણ આતમ ઝંખે છૂટકારો....મને દહેશત....**

જ્ઞાની આત્માઓ તો એમ વિચાર કરે કે આ મનુષ્યભવ મહાન પુણ્યોદયે મળ્યો છે તો એવો પુરુષાર્થ કરી લઉં કે જીવનો બંધનમાંથી સદાને માટે છૂટકારો થઇ જાય. જો ભવનો ખટકારો થાય તો કર્મના બંધનમાંથી છૂટકારો થાય. પિંજરામાંથી પોપટ મુકત થાય, ખીલેથી ઢોર મુકત થાય એ દ્રવ્ય મુકિત છે. જ્યારે આઠ કર્મના બંધનમાંથી જીવની મુકિત થાય તે ભાવમુકિત છે.

બંધુઓ! ઢોરને કોઇ ખીલે બાંધે ત્યારે એ બંધાય છે, એ જાતે બંધાયા નથી પણ તમને કોઇએ બાંધ્યા છે કે તમારી જાતે બંધાયા છો? તમને તો કોઈ બાંધે નહિને? કારણ કે તમે ઢોર નથી મનુષ્ય છો. (હસાહસ) ઢોરને તેનો માલિક ખીલે બાંધે છે. ને સમય થતાં છોડી મૂકે છે. તેમ આ જીવને પણ જો બીજા કોઇએ બંધનમાં બાંધ્યો હશે તો તે આવીને છોડશે ત્યારે જીવનો છૂટકારો થશે. પણ જીવને બીજા કોઇથી બંધનમાં બંધાવું પડયું નથી. જીવ પોતે અજ્ઞાન, કષાય અને મોહાદિ વિભાવદશાને કારણે પોતાને કર્મના બંધનથી બાંધે છે અને સમ્યક્જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિથી જીવ પોતે પોતાને છોડે છે.

બીજા કોઇએ તો જીવને બાંધ્યો નથી પણ કોઇ એમ કહે કે મારા કર્મોએ મને બાંધી રાખ્યો છે એમ માનવું તે પણ ભૂલ છે. કારણ કે કર્મો જીવને કેવી રીતે બાંધે? એ કર્મોને બાંધનારો તો જીવ પોતે છે. આપણા જીવે કર્મો બાંધ્યા તો બંધાયો. પણ જીવ કર્મો ન બાંધે તો કર્મો બંધાતા નથી.

**"હોય ન ચેતન પ્રેરણા, કોણ ગ્રહે તો કર્મ,**
**જડ સ્વભાવ નહિ પ્રેરણા, જુઓ વિચારી ધર્મ."**

જો ચેતનની પ્રેરણા ન હોય તો કર્મને યોગ્ય પુદ્ગલોને કોણ ગ્રહણ કરે? જીવ જ્યારે પોતાનો સ્વભાવ ભૂલીને પરભાવમાં જોડાય છે ત્યારે કર્મ બાંધે છે. જીવક્ષણે ક્ષણે રાગ-દ્વેષના ભાવોમાં રમણતા કરે છે તેના બદલે પોતાના જ્ઞાન-દર્શન આદિ ભાવોમાં

જો રમણુતા કરે તો દુનિયામાં કોઈ એવી શકિત નથી કે જીવને બંધનમાં બાંધી શકે. આપણો આત્મા અનંત શકિતનો સ્વામી છે. ચૈતન્ય સ્વરૂપ છે. ત્યારે કર્મ તો જડ છે. ચેતન આગળ જડની તાકાત છે કે તે બાંધી શકે? તત્ત્વાર્થ સૂત્રમાં આચાર્ય ઉમાસ્વાતિજીએ પણ કહ્યું છે કે "सकषायात्वाज्जीवः कर्मणो योग्यान् पुद्गलाना दत्तेः।" જ્યારે જીવ કષાયમાં જોડાય છે ત્યારે કર્મને યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે. ક્રોધાદિથી જીવને કર્મનો બંધ થાય છે ને ક્ષમાદિથી તે બંધનને છેદી શકાય છે. બીજી ભાષામાં કહીએ તો રાગ-દ્વેષ અને મોહ એ જેમ કર્મ બંધનનો પંથ છે તેમ જ્ઞાન-દર્શન-ચારિત્ર એ મોક્ષનો પંથ છે. જીવ જો પોતાના સ્વભાવમાં સ્થિર હોય તો કર્મની તાકાત નથી કે જીવને દબાવી શકે? કર્મો ગમે તેટલા બળવાન હોય પણ અંતે જડ છે ને આત્મા ચેતન છે. પણ જો ઘરનો માલિક ઊંઘતો હોય તો ચોર લૂંટારા એની મિલ્કત લૂંટી જાય છે. તેમ જીવ જો પ્રમાદને વશ થઈને ઊંઘતો હશે તો પોતાનું જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપરૂપી ધન લૂંટાવાના છે અને કર્મની પરાધીનતામાં પડી અનેક વિધ કષ્ટોકારો જીવને સહન કરવા પડે છે.

અનંતકાળથી પ્રમાદને વશ થઈને જીવે પોતાનું સર્વસ્વ ગુમાવ્યું છે. છતાં હજુ પણ જીવ પ્રમાદનો ત્યાગ કરીને પુરૂષાર્થ કરે તો હાથમાંથી ગયેલું સામ્રાજ્ય પાછું મેળવી શકે. અંદરની અખૂટ શાંતિ એટલે જ્ઞાન-દર્શન ચારિત્ર એ જીવનું સાચું સામ્રાજ્ય છે. એને એક વખત પામી જાય તો આ જીવ ત્રણ ભુવનનો સમ્રાટ બની જાય. આત્માના સામ્રાજ્ય આગળ ચક્રવર્તીના છ ખંડની ઋદ્ધિ પણ તણખલા તુલ્ય છે. માટે આત્માનું સામ્રાજ્ય પ્રાપ્ત કરવાનો આ અમૂલ્ય અવસર છે. આવો અવસર ફરી ફરીને મળવો દુર્લભ છે. માટે એવું નિશાન તાકીને મોહરાજાની છાતીમાં એવો પ્રહાર કરોકે મોહનીય કર્મ જડમૂળમાંથી ઉખડી જાય. મોહરાજા એ આત્માનો કટ્ટર શત્રુ છે. અનંતી વાર એણે જીવને ભવમાં ભમાવ્યો છે. એણે જીવની ખરાબી કરવામાં બાકી રાખી નથી. માટે આ વખતે તો એવું પરાક્રમ કરીને બળથી તેની સામે ઝઝુમીએ કે ફરીને એ મોહશત્રુ ઊભો ન થાય.

કર્મ જડ હોવા છતાં ચેતનને કેવા નાચ નચાવે છે! વનરાજ કેશરી સિંહને એક ઘેટું ખાઈ જાય એ કેવી વાત કહેવાય? બળવાન એવા સિંહને ઘેટું ખાઈ જાય એ વાત સાંભળીને ભલભલા આશ્ચર્યમાં પડી જાય. સિંહ આગળ ઘેટાની તાકાત છે? તેમ અનંત શકિતના અધિપતિ એવા આત્મા આગળ જડ કર્મનું પણ શું ગજું? પરંતુ આવો શકિતશાળી આત્મા જ્યાં પોતે પોતાના સ્વરૂપમાં ન હોય, જડ પુદ્ગલોમાં આસકત બની ગયો હોય ત્યાં જડ કર્મો તેને દબાવે એમાં શું આશ્ચર્ય! સૂતેલો ચૈતન્ય રૂપી સિંહ એક વાર સ્વરૂપમાં આવીને ગર્જના કરે તો તેને ઘેરી વળેલા આઠ કર્મોરૂપી

ઘેટા પલવારમાં ભાગી જાય ને આત્મા બંધનમાંથી મુક્ત બની જાય.

જે જીવને મોક્ષ મેળવવાની ઇચ્છા પ્રગટ થઇ નથી તે જીવ હજુ અચરમાવર્તકાળમાં છે. એટલે કે હજુ ચરમાવર્તકાળમાં આવ્યો નથી. ભવીજીવના અંતરમાં તો ભવ પ્રત્યેનો ખેદ હોય છે. અને નિશદિન શું વિચારણા કરે છે? અનંતકાળથી હું જન્મ-મરણના ફેરા ફરું છું. ચતુર્ગતિના ચકરાવે ચઢયો છું. હજુ આ ભવભ્રમણનો અંત ન આવ્યો? આ પરિભ્રમણનો અંત કયારે આવશે? મારો આત્મા પંચમગતિને કયારે પામશે? આવા વિચારો જેને આવતા હોય તે જીવ ભવી છે. અભવી જીવને મોક્ષ તત્ત્વની વાત રૂચે નહિ. જ્યાં મોક્ષની વાત આવે ત્યાં અભવી ત્યાંથી ઊભો થઇ જાય. નવતત્ત્વમાં જીવાદિ આઠ તત્ત્વોની અભવી જીવ શ્રધ્ધા કરે પણ મોક્ષતત્ત્વની શ્રધ્ધા કરે નહિ. મોક્ષ તત્ત્વની શ્રધ્ધા નહિ કરનારા જીવોને જ્ઞાનીએ અત્યંત ભારે કર્મી કહ્યા છે. અનંત આત્મિક, અવ્યાબાધ એવા મોક્ષના સુખને ચાહનારા જીવો નિકટ મોક્ષગામી છે. ઘાતી અને અઘાતી કર્મના ક્ષય પછીનું જે આત્મિક સુખ છે તે વાસ્તવિક સુખ છે.

બંધુઓ! ઘાતીકર્મનો ક્ષય કયારે થાય? જ્યારે મોહનીય કર્મ હાથમાં આવી જાય ત્યારે ને? મોહનીયકર્મ કેટલા ગુણઠાણા સુધી હોય તે જાણો છો ને? અગિયારમા ગુણસ્થાનક સુધી મોહ હોય છે. ૧૧-૧૨-૧૩-૧૪ એ ચાર વીતરાગી ગુણસ્થાનક કહ્યા છે છતાં અગિયારમાં ગુણસ્થાનનું નામ ઉપશાંત મોહ ગુણસ્થાનક છે. ત્યાં ભાળેલા અગ્નિ જેવો સૂક્ષ્મ લોભ હોય છે તે સૂક્ષ્મ લોભનો ઉદય થાય તો કષાય અગ્નિ પ્રજળે ને જીવ પડવાઇ થતાં દશમે થઇને પડતાં પડતાં પહેલે ગુણઠાણે પણ ચાલ્યો જાય છે. ને અગીયારમે ગુણસ્થાનકે કાળ કરે તો અનુત્તર વિમાનમાં જાય છે ને જો પડતો અટકયો તો દશમે થઇને આઠમે ગુણઠાણે જાય. ત્યાં જઇને પાછો ક્ષપક શ્રેણી માંડે તો બારમે ગુણઠાણે જઇને મોહનીય કર્મનો મૂળમાંથી ક્ષય કરે છે. અને તેરમા ગુણસ્થાનના પહેલે સમયે કેવળજ્ઞાનની જ્યોત પ્રગટાવે છે.

ટૂંકમાં આપણે તો એ વાત ચાલે છે કે ઘાતી કર્મનો ક્ષય થયા પછી આત્માનું સુખ અલૌકિક હોય છે. એક મોહનીય કર્મ જાય એટલે જ્ઞાનાવરણી, દર્શનાવરણીય અને અંતરાય આપમેળે જાય છે. બધામાં જબ્બર મોહનીય છે. જબ્બર સેનાપતિ પકડાઇ ગયા પછી નબળાને પકડતા વાર લાગતી નથી. એટલે આઠ કર્મના ક્ષય પછીનું જે સુખ છે તે આત્મિક સુખ છે. એ સિવાયનું પૌદ્ગલિક સુખ ગમે તેવું ચઢીયાતું હોય પણ અંતે દુઃખરૂપ છે. એવી દઢ પ્રતીતિ જે જીવને હોય છે તે નિયમા ભવી જીવ છે. અભવીજીવને ભૌતિક સુખની ભૂખ હોય છે. અને તે માટે તે ચારિત્ર અંગીકાર કરીને ઉગ્ર તપ કરે છે. જીવોની જતના તો એવી રાખે કે શ્રાવક હોય ત્યારે પૂંજ્યા વિના પગલું પણ ન

ભરે. છતાં તેનો મોક્ષ થતો નથી. કારણ કે તેનું ચારિત્ર અને તપ બાહ્ય ભાવથી હોય છે. અંતરથી અનુકંપા હોતી નથી. તપ-સંયમ આદિ ઊંચામાં ઊંચી કરણી કરે છે ને ભયંકર ઉપસર્ગો પણ ખૂબ સમતાભાવથી સહન કરે છે. તે ફક્ત ઊંચામાં ઊંચા દેવલોકના સુખ મેળવવાની ઈચ્છાથી દેવલોકના સુખો તે માને છે પણ મોક્ષના સુખને અભવી માનતો નથી એટલે કર્મક્ષયના ધ્યેયપૂર્વકની તે જાતની કોઈ પ્રવૃત્તિ હોતી નથી. જ્ઞાન અને ચારિત્રમાં અભવી ગમે તેટલો વિકાસ સાધે પણ સમ્યકત્વ વિના તેના જ્ઞાન અને ચારિત્ર બંને નિષ્ફળ છે. ને તે અભવી જીવ કયારે પણ કર્મની કેદમાંથી મુક્તિ મેળવી શકતો નથી. દેવલોકમાં રહેલા દેવો પણ કર્મોના બંધનને છેદી શકતા નથી. તો નારકો અને તિર્યંચો તો બિચારા કયાંથી છેદી શકવાના છે? તેનાથી અધિક નિગોદમાં અને સ્થાવરકાયમાં રહેલા આત્માઓ તો કર્મ સત્તા નીચે તદ્દન દબાયેલા છે. તે બધા કરતાં ઉત્તમ મનુષ્યભવ મળ્યો છે તો ખૂબ પુરૂષાર્થ કરી કર્મોના બંધનમાંથી આત્માને મુક્તિ અપાવીએ તો માનવભવ મળ્યાની સફળતા છે.

બંધુઓ! આવો મનુષ્ય જન્મ પામીને વીતરાગ વાણીનું શ્રવણ કરો ને વિચાર કરો, અહીંયા તમે ખૂબ સાંભળ્યું હશે તો બીજા ભવમાં પણ એ વીતરાગ વાણી આત્માને જગાડશે. કોઈ જંગલી માણસે એક વખત કેરીનો સ્વાદ ચાખ્યો ને તેની દાઢમાં સ્વાદ રહી ગયો. ફરીને ઘણાં વર્ષે કેરીને જોશે તો કહેશે કે મેં આવું કયાંક જોયું હતું. ખૂબ વિચાર કરશે તો તેને બધું યાદ આવી જાય છે તેમ આ શ્રુતજ્ઞાનનો અભ્યાસ પણ જીવને પરભવમાં તારે છે. પૂર્વે જોયેલું, અનુભવેલું ને સાંભળેલું જોઈને અગર સાંભળીને તિર્યંચોને પણ જાતિ સ્મરણ જ્ઞાન થઈ જાય છે. તો પછી મનુષ્યોની તો વાત કયાં કરવી? આ ભવના સંસ્કારો પરભવમાં જીવને જાગૃત કરે છે. એક દાખલો આપું.

એક વખત આર્ય સુહસ્તિ નામના આચાર્ય વિશાળ સમુદાય સાથે ગ્રામાનુગ્રામ વિચરતા વિચરતા અનેક જીવોને પ્રતિબોધ આપતાં ઉજ્જયિની નગરીની બહાર ઉદ્યાનમાં પધાર્યા. આચાર્ય સુહસ્તિના મનમાં થયું કે આ ઉજ્જયિની નગરીમાં જો પ્રાસુક જગ્યા મળે તો જોઈએ એમ વિચારી પોતાના બે શિષ્યોને નગરીમાં પ્રાસુક મકાનની તપાસ કરવા મોકલ્યા, પ્રાસુક સ્થાનની તપાસ કરવા ગયેલા બે મુનિઓ યત્નાપૂર્વક નગરીમાં પહોંચી ગયા. આમ તેમ તપાસ કરતાં કરતાં ભવ્ય મહેલાતમાં વસતી ભદ્રા માતાને ત્યાં આવ્યા. ભદ્રા માતાએ બે હાથ જોડીને વિનયપૂર્વક વંદન કરીને પૂછ્યું. અહો મુનિરાજ! આપ કયા ગુરૂદેવના શિષ્યરત્ન છો અને અહીં શા કામે પધાર્યા છો? તે કૃપા કરીને કહો. મુનિએ કહ્યું–હે માતા! અમો આર્ય સુહસ્તિ મહારાજના શિષ્યો છીએ. ગુરૂદેવ બહાર ઉદ્યાનમાં વિશાળ શિષ્ય પરિવાર સાથે બિરાજે છે. તેઓ નગરમાં આવવા ઇચ્છે છે. એટલે નિર્દોષ વિશાળ મકાનની તપાસ કરવા અમને મોકલ્યા છે આ સાંભળી ભદ્રા માતાને ખૂબ આનંદ થયો ને કહ્યું–મારે ત્યાં સૌથી વિશાળ :વાહનશાળા

પ્રાસુક છે. આપ સુખપૂર્વક પધારો. ત્યાં આપના જ્ઞાન-ધ્યાનમાં કોઇ જાતનો વાંધો નહિ આવે, એમ કહી મુનિને વાહનશાળા બતાવી મુનિને એ સ્થાન અનુકૂળ લાગ્યું. તેમણે જઇને ગુરૂને વાત કરી. છે તમારે ત્યાં પૌષધશાળા ? દેહની બધી સગવડ કરી પણ આત્મા માટે શું ? જેને ત્યાં આવી વિશાળ વાહનશાળા છે તે માતાને ત્યાં સમૃદ્ધિ-સંસ્કાર અને શૌર્યનો ત્રિવેણી સંગમ હતો. દેવ ભવમાંથી ચ્યવીને આવેલો અવંતી સુકુમાર નામે તે માતાને એક પુત્ર છે. તે પુત્ર ઉંમર લાયક થતાં ધનાઢય ઘરની અપ્સરા જેવી બત્રીસ સ્ત્રીઓ સાથે લગ્ન કરવામાં આવ્યા છે. દોમ દોમ સાહયબી છે. તેવી વિશાળ હવેલીના સાતમે માળે રંગશાળામાં રહી રાત-દિવસ દેવલોક જેવા સુખો ભોગવે છે. વ્યાપાર, રોજગાર, લેવું, દેવું આદિ વ્યવહારિક કાર્યો માતા ભદ્રા સંભાળે છે. જ્યારે અવંતી સુકુમાર તો સુખ-ભોગમાં રમી રહયો છે.

આ તરફ આર્ય સુહસ્તિ મહારાજ પોતાના વિશાળ શિષ્ય પરિવાર સાથે ઉજ્જયિની નગરીમાં ભદ્રા માતાની વાહનશાળામાં પધાર્યા. ભદ્રા માતાને આનંદનો પાર ન રહયો. પધારો, પધારો ગુરૂદેવ ! આજે મારે ઘેર મોતીનો મેહ વરસ્યો. મારે ઘેર સોનાનો સૂર્ય ઉગ્યો. મારા આંગણે કલ્પવૃક્ષ ફળ્યો. આજે મારું ઘર પવિત્ર બની ગયું, મહારાજ તો પોતાના જ્ઞાન ધ્યાનમાં મસ્ત બની ગયા છે. સાધુ પોતાનામાં મસ્ત છે. જ્યારે ભદ્રા માતાનો લાડકવાયો અવંતી સુકુમાર ભોગમાં મસ્ત છે. આમ કરતાં સાંજ પડી.

**"ગાથા સાંભળતાં જાતિ સ્મરણ જ્ઞાન"** :– સૂર્યાસ્ત પછી પ્રતિક્રમણ કરી આચાર્ય મહારાજ પોતાના શિષ્યો સાથે મધુર સ્વર અને કોકીલ કંઠે સૂત્રની સ્વાધ્યાય કરે છે. તેમાં નલિની ગુલ્મ વિમાનનું વર્ણન ચાલે છે. આ મધુર સ્વરે ગવાતા રાગના મોજાઓ હવામાં ફેલાતા ફેલાતા સાતમા માળે જ્યાં અવંતીસુકુમાર ભોગમાં તલ્લીન છે તેના કાને અથડાયા. કાનદ્વારા તેના હૃદયમાં પહોંચ્યા ને હૃદયમાં ખળભળાટ મચ્યો. હૃદયમાંથી મગજમાં પહોંચ્યા તેના મગજનું જ્ઞાનકેન્દ્ર સચેતન બન્યું હવે ભોગને છોડીને સ્વાધ્યાય સાંભળવામાં એકતાન બન્યો જેમ જેમ નલિની ગુલ્મ વિમાનના દેવતાઈ સુખોનું વર્ણન સાંભળતો ગયો તેમતેમ પ્રમાદ અને વિષયભોગ તજી એક ધ્યાન લગાવીને સ્થિર બનતો ગયો ને વિચારણા કરવા લાગ્યો કે આ સંતો જેવું વર્ણન કરે છે તે દેવ-ભવનું સુખ મેં કયારેક અનુભવ્યું છે. વિચાર કરતાં કરતાં મન-વચન-કાયાથી સ્થિર થઈ ગયા. તેના રોમ રોમ વિકસીત બની ગયા આમ ચિંતન કરતાં તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થઈ ગયું ત્યારે જાણ્યું કે અહો ! હું જ નલિનીગુલ્મ વિમાનમાં હતો ને ત્યાંથી આયુષ્યપૂર્ણ કરીને અહીં જન્મ્યો છું. અહીં ઘણું સુખ હોવા છતાં દેવના સુખ આગળ તે કેવું છે ? ક્ષીર સમુદ્ર પાસે લવણસમુદ્ર જેવું છે. હું તો માનતો હતો કે મારા જેવો કોઇ સુખી નથી પણ આ સુખો તો કિંપાકના ફળ જેવા છે. ક્ષણિક છે. તો

મારે હવે ચેતવું જોઇએ. આમ વિચાર કરી બધી સ્ત્રીઓની વચ્ચેથી ઊભો થયો. સાતમા માળેથી ઊતરી આર્ય સુહસ્તિ પાસે આવીને વિનયપૂર્વક વંદન કરી હાથ જોડી ગુરૂદેવની પાસે બેસી ગયો ને પૂછયું કે હે ગુરૂદેવ! આપ જે નલિનીગુલ્મ વિમાનનું વર્ણન કરો છો તે શું આપને પ્રત્યક્ષ દેખાય છે? મહારાજ કહે ભાઇ! મને પ્રત્યક્ષ દેખાતું નથી. પણ ગુરૂ પાસેથી શાસ્ત્રનું જે જ્ઞાન સંપાદન કર્યું છે તેના આધારે જાણી શકીએ છીએ કે નલિનીગુલ્મ વિમાનમાં વસતા દેવોના આવા વૈભવ છે ને આવું સુખ છે. બાકી પ્રત્યક્ષ દેખાતું નથી ત્યારે અવંતીસુકુમારે કહ્યું ગુરૂદેવ! હું ભદ્રા માતાનો પુત્ર છું આપ જેનું વર્ણન કરો છો તે નલિનીગુલ્મ વિમાનમાંથી દેવના સુખ ભોગવીને અહીં આવ્યો છું પણ તે દેવના સુખ પાસે મને અહીંના સુખો તુચ્છ ને અસાર લાગે છે. મને જાતિ સ્મરણ જ્ઞાન થયું છે. એટલે ત્યાંના વૈભવ અને સુખ મને તો પ્રત્યક્ષ દેખાય છે. ત્યાંના વૈભવ શાશ્વત છે ને અહીંના સુખો તો નાશવંત છે. તો હે ગુરૂદેવ! આપ મને કૃપા કરીને કહો કે હું તે દેવ વિમાનના સુખ કેવી રીતે પ્રાપ્ત કરી શકું? હવે અહીં મારાથી રહી શકાય તેમ નથી. ત્યારે ગુરૂ કહે છે ભાઇ! તે દેવના સુખ તો સંયમથી પામી શકાય છે કુંવર કહે ગુરૂદેવ! મને જલ્દી દીક્ષા આપો હું દેવલોકના સુખ વિના તૃપ્તિ પામી શકીશ નહિ. મારી આશા પૂર્ણ કરો. સમય જોઇને ગુરૂ કહે છે ભાઇ! તને દેવલોકના સુખની આટલી બધી ઝંખના છે. પણ વિચાર કર દેવના સુખો કરતાં પણ સિદ્ધ ભગવંતોનું સુખ તો અનંતગણું છે. દેવનું આયુષ્ય પૂર્ણ થયે ત્યાંથી ચવવું પડે છે એટલે તે સુખ પણ અશાશ્વત છે. ને સિદ્ધનું સુખ શાશ્વત છે. ત્યારે કુમાર કહે છે. દેવના સુખથી પણ ચઢીયાતું સુખ મળતું હોય તો તે મારે જોઇએ છે. પણ એ સુખ કેવી રીતે મળે? ત્યારે ગુરૂ કહે છે આત્મલક્ષે, કર્મનિર્જરાના હેતુથી ઉગ્ર સંયમનું પાલન થાય તો જલ્દી મોક્ષ મળે છે. તો ગુરૂદેવ! હવે મારે એક ક્ષણ સંસારમાં રહેવું નથી. આપ જલ્દી કરો.

બંધુઓ! જુઓ, અવંતીસુકુમારને કેવી લગની લાગી છે! દેવના સુખ મેળવવાની લગની હતી હવે મોક્ષની લગની લાગી. ગુરૂ કહે છે કુમાર! તું હજુ નાનો છે. વળી સુકુમાર છે. માતાનો લાડકવાયો છે, ભરયુવાનીમાં સંયમ લેવો કઠીન છે, પંચ મહાવ્રતનું પાલન કરવું તે લાખ જોજનના મેરૂ પર્વતને માથે ઉપાડવા જેવું કામ છે. મીણના દાંતે લોઢાના ચણા ચાવવા જેવું છે. અગ્નિનો સ્પર્શ ભયંકર છે તેના કરતાં પણ સંયમનું પાલન અતિ આકરું છે, વળી તપ કરવો દોહયલો છે. પરિષહ સમભાવે સહન કરવા પડશે. બોલ, તારાથી બની શકશે? બરાબર વિચાર કરજે.

ગુરૂના વચન સાંભળી અવંતીસુકુમાર કહે છે પ્રભુ! દુઃખ વિના કદી સુખ મળતું નથી. અલ્પ દુઃખે ઝાઝું સુખ મળતું હોય તો તે દુઃખ ગણાય નહિ. હવે મને અહીંના ઋદ્ધિ-રમણી અને રંગમહેલના સુખ ગમતા નથી. મારી એકેક ક્ષણ લાખેણી જાય છે,

મને જલ્દી દીક્ષા આપો. એનો સાચો વૈરાગ્ય જોઈને ગુરૂ કહે છે તારી ભાવના ઊંચી છે. પણ માતાની આજ્ઞા સિવાય મારાથી તને દીક્ષા અપાય નહિ. માટે જો તારે દીક્ષા લેવી હોય તો તારી માતાની અને પરિવારની આજ્ઞા લઈ આવ.

**"માતા પાસે દીક્ષાની અનુમતિ માંગી"** :- કુમાર ગુરૂ પાસેથી ઉભો થઇ માતાની પાસે આવ્યો, માતાને નમન કરી માતાના પગની ચરણરજ લઈ કોમળ સ્વરે વિનવે છે. માતાજી! મને દીક્ષાની આજ્ઞા આપો. મારી ક્ષણુ લાખેણી જાય છે. કાળરાજા કયારે આવશે તેની ખબર નથી. કાળના પંજામાંથી બચાવવા કોઈ શરણભૂત થશે નહિ. પિંજરમાં પડેલું પક્ષી અહર્નિશ દુઃખ વેઠે છે તેમ હું પણ આ માયા પિંજરમાં સપડાયો છું તો મને મુકત કરો. ઋદ્ધિ અને રમણીના બંધન મને દીઠા પણ ગમતા નથી, આ કાયા કાચી માટીના કુંભ જેવી છે. તો હવે ઢીલ નહિ કરતા. મને જલ્દી દીક્ષાની આજ્ઞા આપો.

**સંયમની ધૂન લાગી, આતમ પ્યાસ જાગી,**
**આપો મૈયા આપો મને દીક્ષાની ભિક્ષા-આપો (૨)**

હે મૈયા! મને દીક્ષાની ભિક્ષા આપો. પુત્રના વૈરાગ્યભર્યા વચનો સાંભળીને માતા કહે છે બેટા! આ તું શું બોલે છે? અત્યારે કોઇ ધૂતારાએ તારા માથામાં ભુરકી નાંખીને તને ભરમાવ્યો નથી ને? તું લક્ષ્મીનો લાડકવાયો, મારા પ્રાણુનો આધાર, મારા હૈયાનો હાર અને બત્રીશ બત્રીશ યુવાન પત્નીઓનો સ્વામી છે. વળી તારી ઉંમર નાની છે, હું તને દીક્ષાની આજ્ઞા નહિ આપું.

**તું છે બેટા નાનો, બેસી રહે ને છાનો માનો,**
**નહિ આપુ (૨) દિક્ષાની ભિક્ષા....અરે નહિ આપું (૨)**

બેટા! તું હજુ અણુસમજુ છે. માટે બોલ્યો તે બોલ્યો, હવે કયારે પણ તું મારી પાસે દીક્ષાની વાત ઉચ્ચારીશ નહિ. દીક્ષા લેવી તે કંઇ ખાવાના ખેલ નથી. ત્યાં તને કેવા કષ્ટો પડશે તે તું જાણે છે? સાંભળ, અહીં તું કેટલા સુખમાં રહે છે. ત્યાં તો ભૂખ-તરસના પરિષહ વેઠવા પડશે. મખમલની સુંવાળી શય્યામાં પોઢનારો તું એક ગરમ સંથારિયા ઉપર કેવી રીતે સૂઇશકીશ? અહીં રોજ રોજ નવા વસ્ત્રો પહેરનારો ત્યાં મેલા કપડા કેવી રીતે પહેરી શકીશ? વાળ ભાજીપાલાની જેમ ચૂંટાશે. એવો લોચ કરવો પડશે ને મમતાનો સંપૂર્ણ ત્યાગ કરવો પડશે. આવા કષ્ટો તારી કોમળ કાયા સહન કરીશકશે નહિ, માટે દીક્ષાની ઘેલછા છોડીને નિરાંતે સંસારના સુખો ભોગવ અવંતી સુકુમાર માતાના મોહ ભરેલા વચનો સાંભળી વિચાર કરવા લાગ્યા કે આ માતા અને પત્નીઓ મને આજ્ઞા આપે તેમ નથી. જો તેમની આજ્ઞા ન મળે તો ગુરૂદેવ દીક્ષા આપે નહિ. હવે મારે શું કરવું?

બંધુઓ ! જે આત્મા રંગભોગમાં રક્ત રહેતો હતો તેના જીવનમાં કેવું પરિવર્તન થઇ ગયું ! જ્યાં રંગરાગની મસ્તી હતી ત્યાં વિરાગની મસ્તી જાગી. જીવન વન નંદનવન બન્યું. તરત બાજુના રૂમમાં જઇને પોતાની જાતે માથાના કેશનો લોચ કર્યો ને સાધુ વેષ પહેરી માતા પાસે આવ્યો, ને કહેવા લાગ્યો કે હે માતા ! મારો નિર્ણય અફર છે. હું ત્રણ કાળમાં સંસારમાં રહેવાનો નથી. હવે તારે શું કરવું છે ? પુત્રના વચનો સાંભળી માતાને ખૂબ દુઃખ થયું. તે આંખમાંથી આંસુની ધારા વહાવતી કહેવા લાગી– બેટા ! તેં આ શું કર્યું ? મારી આશાની વેલડી તેં જડમૂળમાંથી ઉખાડી નાંખી, તારું શરદ પુનમ જેવું મુખ જોઇને હું આનંદ પામતી હતી. તારી બત્રીસે સ્ત્રીઓ વિનયવંત છે. સુલક્ષણી છે, તારા પડતા બોલ ઝીલે છે ને તારું દર્શન કરી આનંદ પામતી હતી. આવી નિર્દોષ બાળાઓ ઉપર શા માટે કોપાયમાન થયો ? ત્યાં બત્રીસે પત્નીઓ ભેગી થઇને કહે છે સ્વામીનાથ ! વયમાં નાના ને અપરંપાર રૂપાળા છો. તમને વળી આ દીક્ષાનું ભૂત કયાંથી વળગ્યું ? મહાવ્રત પાળવા એ કરવતની ધાર ઉપર ચાલવા જેવું છે. મન તો ચંચળ પવન સમાન છે. માટે અમારું વચન માનીને દીક્ષાની વાત છોડી દો, ત્યારે કુંવર શું જવાબ આપે છે. ? હાથી દાંત જેમ નીકળ્યા પછી પાછા જતા નથી તેમ મેં જે વેશ ઉતાર્યો તે ફરીને હવે પહેરાય નહિ, હું અડગ નિશ્ચય લઇને બેઠો છું મુકિતના સુખ આગળ સંસારના સુખ તણખલા તુલ્ય છે. મારે તો કર્મ સુભટો સામે જંગ ખેલવા સંયમના સમરાંગણમાં જવું છે માટે મને જલ્દી આજ્ઞા આપો. માતા તથા પત્નીઓ કુમારને સમજાવીને થાકયા પણ કુમાર અડગ રહયા એટલે માતા સમજી કે હવે દીકરો કોઇ પણ રીતે સંસારમાં રોકાવાનો નથી. એટલે નિરૂપાયે આજ્ઞા આપી.

**"દીક્ષાની આજ્ઞા મળતાં અનેરો આનંદ"** :– અવંતી સુકુમાર આનંદ વિભોર બન્યા. ને માતાને પગે લાગતા તેની આંખોમાંથી હર્ષના આંસુ ઉભરાયા. આજ્ઞા મળતાં સકળ પરિવાર સાથે ગુરૂની પાસે ગયા ને ગુરૂના ચરણમાં મસ્તક ઝુકાવીને કહે છે ગુરૂદેવ ! હું મારા કુટુંબની આજ્ઞા લઇને આવી ગયો છું. માતાએ અનુમતિ દર્શાવી એટલે અવંતીસુકુમાર કહે છે સંસાર સમુદ્રને તારવામાં નૌકા સમાન હે ગુરૂદેવ ! આપ હવે મને દીક્ષા આપો. સમર્થ એવા જ્ઞાની ગુરૂએ સર્વ પરિવારની સમક્ષ તેને દીક્ષા આપી અને પરિવારે જયઘોષ કર્યો કે ધન્ય છે તેમને કે જેણે ઘડીના છઠ્ઠા ભાગમાં આવા મહાન સુખોનો ત્યાગ કર્યો. માતાએ પણ તેમને આશીર્વાદ આપ્યા કે હે બેટા ! તેં જે વ્રત અંગીકાર કર્યું છે તેને દૂષણ લગાડયા વિના નિરતિચારપણે પાળી જલ્દી ભવસાગરનો પાર પામી શાશ્વત સુખનો સ્વામી થજે. ભદ્રા માતા ગુરૂ મહારાજને કર જોડીને કહે છે આ પુત્ર ! મારા કાળજાની કોર જેવો હતો. મારી *આંખથી અને પોથી આજથી મેં તમને સોંપી છે. દુઃખ શું એ એણે કદી જોયું નથી. તો*

તપ કરતાં એને રોકજો. ભૂખ્યાની સાર સંભાળ રાખજો ને એને સાચવજો. આ પ્રમાણે કહી વંદન કરી દુઃખિત દિલે બત્રીશ પત્નીઓ અને ભદ્રા માતા બધા પરિવાર સાથે ઘેર આવ્યા.

## "આત્માર્થી અવંતી મુનિએ બારમી પડિમા વહન કરવાની આજ્ઞા માંગી:-"

આ તરફ નવદીક્ષિત અવંતી સુકુમાર મુનિ ગુરૂદેવને કહે છે હે ગુરૂદેવ! જો આપ આજ્ઞા આપો તો આજે શ્મશાન ભૂમિમાં જઈ બારમી પડિમા વહન કરૂં? ગુરૂ તો જ્ઞાની હતા. જ્ઞાન દ્વારા જાણી લીધું કે આ જીવ અલ્પ સમયમાં કામ કાઢી જવાનો છે એટલે કહ્યું કે હે દેવાનુપ્રિય તમને જેમ સુખ ઉપજે તેમ કરો. ગુરૂની આજ્ઞા મળતાં તરત પ્રથમ ગુરૂને વંદન કર્યું ને પછી ચરણમાં પડી ક્ષમા માંગી. તેમજ બધા સંતોને ખમાવ્યા ને બધાની આજ્ઞા લઈને જવા નીકળે છે ત્યારે બધા સંતોની આંખમાં આંસુની ધાર વહેવા લાગી. દરેકના દિલમાં થઈ ગયું કે કેવો કોમળ! એક પલવારમાં સંયમ લઈને કર્મોની સાથે જંગ ખેલવા ચાલ્યો! અવંતી મુનિ એકલા ચાલી નીકળ્યા. ભયંકર વનમાં ઘણે દૂર જ્યાં શ્મશાન હતું, મડદા બળી રહ્યા હતા. જે વન ભયંકર બિહામણું ને વિકરાળ હતું. કોઈ દિવસ તે ખુલ્લા પગે ચાલ્યા ન હતા. મખમલની ગાદી જેવા કોમળ પગમાં કાંટા ભોંકાયા, કાંકરા વાગ્યા ને લોહીની ધાર વહેવા લાગી. એવા સુકોમળ અને સોભાગી કુંવરે કઠણ પરિષહ સહવા માંડયા. એક જગ્યા એ ઉભા રહી પંચ પરમેષ્ટીને હૃદયમાં ધારણ કરી સર્વ જીવરાશીને ખમાવ્યા. પછી અરિહંતે શરણં પવજ્જામિ. સિધ્ધે શરણં પવજ્જામિ સાહુ શરણં પવજ્જામિ કેવળી પન્નતં ધમ્મં પન્નતં ધમ્મં શરણં પવજ્જામિ આ રીતે ચાર શરણના ધ્યાનમાં લીન બની ગયા.

**દીક્ષાની પ્રથમ રાત્રે ભયંકર ઉપસર્ગ** :- મુનિના પગમાંથી લોહી નીકળતું હતું તે લોહીની ગંધે ગંધે એક ભૂખી શિયાળણી પૂર્વનું વૈર યાદ કરતી, ભક્ષની શોધ કરી પોતાના બચ્ચા સહિત ત્યાં આવી. મુનિ તો કાઉસગ્ગ ધ્યાનમાં મગ્ન બની ગયા છે. તે શિયાળણી અને તેના બચ્ચા લોહીથી ખરડાયેલા પગ ચાટવા લાગી. તીક્ષ્ણ દાંતોથી ચટચટ ચામડી ચૂંટવા લાગી. લોહી-માંસ ગટગટાવા લાગી. ચામડીને બરાબર બટકા ભરવા લાગી. અને નસો ત્રટત્રટ કરતી તોડવા લાગી. આખી રાત્રીમાં તે પગથી પેટ સુધીનો ભાગ ખાઈ ગયા. આવા ઘોર સંકટમાં મુનિ ચિંતવણા કરે છે કે હે જીવ! આ કાયા માટીમાં ભળી જવાની છે. બળીને રાખ થવાની છે માટે સ્હેજ પણ રોષ રાખીશ નહિ. આ ભૂખ્યા પ્રાણીઓ મારી કાયાનું ભક્ષણ કરી ભલે તૃપ્ત થાય. આવી ઉચ્ચભાવનામાં પ્રાણ ત્યજ્યા અને નલિની ગુલ્મ વિમાનમાં મઘમઘતા મનોહર પુષ્પથી ભરચક દેવશય્યામાં દેવ તરીકે ઉત્પન્ન થયા. મનવાંછિત ફળ મેળવ્યું. સાથે એકાવતારીનો

બિલ્લો લઈ ગયા. એક દિવસમાં ઉચ્ચભાવનાના બળે ક્યાં હતાને ક્યાં પહોંચી ગયા? પછી ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરીને મોક્ષમાં જશે.

**મુનિના દર્શને જાય છે માતા અને પત્નીઓ:–** આ તરફ કુમારને દીક્ષા આપીને ગયા પછી ભદ્રા માતા અને તેની બત્રીસ પુત્રવધુઓ કુમારની વિરહ વેદનાથી ઝૂરી રહ્યા છે. રાત પડી પણ કોઈને ઊંઘ આવતી નથી. વિચાર કરે છે અહો! આપણે તેત્રીસ જણા છીએ. એક જ માણુસ નથી તેના અભાવમાં મહેલ કેવો ભેંકાર જેવો લાગે છે. કોઈ ખાતા પીતા નથી. ઝુરે છે. ક્યારે સવાર પડે ને એમના દર્શન કરવા જઈએ. એવી ભાવના છે. રડતાં ને ઝૂરતાં રાત પસાર કરી. સવાર પડતાં ભદ્રામાતા અને બત્રીસ સ્ત્રીઓ બધા દર્શન કરવા માટે ગુરૂ પાસે આવ્યા. એક પછી એક બધા સંતોના દર્શન કર્યા. પણ જેના દર્શન માટે આંખડી તલસે છે તેવા અવંતી સુકુમાર મુનિને જોયા નહિ એટલે વિનયપૂર્વક વંદન કરીને ભદ્રામાતાએ પૂછયું. ગુરૂદેવ! હજુ ગઈ કાલે દીક્ષા અંગીકાર કરી છે એવા આપના નવદીક્ષિત શિષ્ય ક્યાં છે? ગુરૂએ તો પોતાના જ્ઞાનથી જાણી લીધું હતું કે ક્યાં ગયા ને શું બન્યું? એટલે કહ્યું હે માતા! એ તો જ્યાંથી આવ્યા હતા. ત્યાં ચાલ્યા ગયા. એમ કહી શું બન્યું ને ક્યાં ગયા તે બધી વાત વિસ્તારપૂર્વક કહી.

**માતા અને સ્ત્રીઓનો કાળો કલ્પાંત:–** વાત સાંભળતા માતા અને બત્રીસ પત્નીઓ હૈયા ફાટ રૂદન કરતી બેભાન અવસ્થામાં ધરતી ઉપર ઢળી પડી. આંખમાંથી અશ્રુની ધારા છૂટી. દુઃખનો સાગર ઉભરાયો. ભાનમાં આવતા ગુરૂ મહારાજને કહે છે અમારા મનમાં એમ હતું કે અમારા પતિના સાધુવેશમાં દર્શન કરીશું ને પાવન થઈશું અને યથાશકિત વ્રત નિયમોનું પાલન કરીશું. અમારું આટલું સુખપણુ દૈવે સાંખ્યું નહિ ને અમને અનાથ બનાવી દીધા. અમારા પૂરા પાપ ઉભરાયા. હવે અમે ક્યાં જઈશું? કોને કહેવું? શું કરવું? કંઈ સૂઝ પડતી નથી આ રીતે પસ્તાવો કરતાં પછાડો ખાતાં બધા જ્યાં મુનિ ધ્યાન મગ્ન બન્યા હતા ત્યાં આવ્યા. પુત્રનું છિન્નભિન્ન થયેલું કલેવર જોઈ આંખમાંથી અશ્રુની ધારા વહેવા લાગી. અરેરે....દીકરા! આ શું કર્યું? માતા અને પત્નીઓનો કરૂણ કલ્પાંત ભલભલા કઠોર હૃદયના કાળજાને કંપાવી દે તેવો હતો. એવું કરૂણ વાતાવરણ સર્જાયુ હતું. હવે જીવતર શા કામનું છે? હે હૃદય! તુ કેમ ફાટી જતું નથી? પાષાણુ છે કે લોહ? વહાલાનો વિયોગ સાંભળાતાં તું કેમ ફાટી પડતું નથી? કટારી પેટમાં મારીને પેટ ચીરી નાંખીએ કે અગ્નિમાં પડીને બાળી મરીએ! આ દુઃખ દેહમાં સમાતું નથી. આમ બોલીને માતા તથા પત્નીઓ કલ્પાંત કરે છે. તેમના સગાસબંધીઓએ તેમને સમજાવીને પુત્રના શબની અંતિમ ક્રિયા કરી લથડતા પગે દુઃખિત દિલે બધા ઘેર આવ્યા. ઘરમાં પણ કોઈને ગમતું નથી. ભદ્રા માતા કહે છે "ગયો ગયો મારા ઘરનો રાજ ગયો. "હે

વહુઓ ! હું દુઃખણી થઇ ગઇ. આ રીતે બધી પત્નીઓ અને માતા ખૂબ વિલાપ કરે છે ત્યારે બધા સ્નેહીજનો તેમને આશ્વાસન આપતાં કહે છે આ સંસારમાં સંયોગ-વિયોગના દુઃખો આવ્યા કરે છે. સંસારની માયા જાદુગરના ખેલ જેવી છે. દેખાવમાં રૂપિયાના ઢગ દેખાય પણ અંતે તો ધૂળની ધૂળ રહી જાય છે. આ સંસારમા સાચું શરણું ધર્મનું છે. ધર્મ સિવાય કોઇ સાચું રક્ષક નથી. આવી વિચારણા કરી મનને ધર્મમાં જોડી દો જેથી કર્મનો ક્ષય થશે. આ રીતે તેમને પણ સંસારની અસારતાનું ભાન થયું ને બધા વૈરાગ્ય પામ્યા.

બત્રીસ પત્નીઓમાં એક ગર્ભવંતી હતી. તેને ઘરે રાખી ભદ્રામાતા સહિત એકત્રીસ સ્ત્રીઓએ આર્યસુહસ્તિ મહારાજ પાસે ચારિત્ર અંગીકાર કર્યું. ગર્ભવંતી સ્ત્રી રડવા લાગી. અહો ! હું કેવી પાપી કે બધી બેનો પતિના પગલે ચાલી ને હું રહી ગઈ. તેને એક પુત્ર થાય છે. પુત્ર મોટો થતાં તે પત્ની પણ ચારિત્ર અંગીકાર કરે છે. દુષ્કર તપ તપી કર્મોને ખપાવી અંતિમ સમયે અણુશણ કરી આયુષ્ય પૂર્ણ થતાં ઔદારિક શરીરનો ત્યાગ કરી બધા દેવલોકમાં ગયા. ધન્ય છે તે મહાત્માઓને કે જેમણે આત્મસાધના સાધી લીધી.

શ્રેણીક રાજા અનાથી મુનિને કહે છે તમે અનાથ છો માટે દીક્ષા લીધી છે. "होमि नाहो भयंताणं।" હું તમારો નાથ બનું ને તમને જે જોઇએ તે સુખની સામગ્રી આપું. તેમાં સ્હેજ પણ કમીના નહિ આવવા દઉં. તમે મારા મહેલમાં ચાલો એક ત્યાગી છે ને બીજો ભોગી છે. ત્યાગી ત્યાગમાં મસ્ત છે. ભોગી ભોગની પરાકાષ્ટા એ પહોંચ્યો છે. ભોગી ભોગનું આમંત્રણ આપે છે. ત્યાગી એ આમંત્રણને ધૂળ સમાન ગણે છે. આત્માનું સ્વામિત્વ સ્વીકારી લેવું એ ત્યાગનો વિષય છે ને ભોગની ગુલામી સ્વીકારી લેવી એ તૃષ્ણાનો વિષય છે. ત્યાગમાં તૃપ્તિ છે ત્યારે ભોગમાં અતૃપ્તિ છે. તૃપ્તિ અને અતૃપ્તિ એ બંને ભિન્ન શબ્દો છે. ભિન્નતામાં એકતાની ખુશબો કયાંથી હોય ? બંનેના રાહ જુદા છે. દુનિયામાં રિવાજ છે કે જેની પાસે જે હોય તેનું તે આમંત્રણ આપે છે. રાજા પોતાની બુધ્ધિના માપે મુનિનું માપ કરે છે પોતે ભોગવિલાસમાં મસ્ત છે એ ભોગવટામાં તેને મનુષ્યભવની સાર્થકતા સમજાઇ નથી એટલે વૈભવોનું બહુમાન કરે છે. ને મુનિને પોતાના રાજ્યમાં આવવાનું આમંત્રણ આપે છે હવે મુનિ શ્રેણીક રાજાનો ભ્રમ ટાળવા માટે શું કહેશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર**:–અંજના સતીના માથે કર્મના કાળા વાદળાં ઘેરાઇ ગયા છે તેના સાસુએ તેના ઉપર ખૂબ ક્રોધ કર્યો ને એ તો તેને ચાલ્યા જવાનું કહીને પોતાના મહેલે ગયા અને પ્રહ્લાદ રાજાને બોલાવીને કહ્યું તમે કંઇ જાણો છો ? અંજનાએ કેવા કાળા કામ

કર્યા છે? મારા લાડીલાએ તો એનું મુખ પણ જોયું નથી ને તે કહે છે હું તમારા પુત્રથી ગર્ભવંતી થઇ છું. આ સાંભળી પ્રહલાદ રાજા સિંહાસનેથી ઊભા થઇ ગયા ને કેતુમતીની વાત સાંભળતા માથે વીજળી તૂટી પડયા જેટલો આંચકો લાગ્યો જે અંજના માટે બાર બાર વર્ષોથી કોઇ અજુગતી વાત સાંભળી નથી આ વાત મારા માનવામાં આવતી નથી. ત્યારે કેતુમતી ક્રોધ કરીને કહે છે કે હું નજરે જોઇને આવી છું. હવે એ કુલટા આપણા રાજ્યમાં ન જોઇએ એને એના બાપને ઘેર મોકલી દો. જ્યાં સુધી એને નહિ મોકલો ત્યાં સુધી મારે અન્નજળનો ત્યાગ છે. ત્યારે રાજા રાણીને શાંત પાડતા કહે છે તમે આકરા ન થાવ. આવું અવિચારી કાર્ય આપણાથી ન કરાય. બનવા જોગ છે કે પવન આવ્યો હોય માટે આપણો દીકરો આવે ત્યાં સુધી રહેવા દો પણ રાણી તો એકના બે થતા નથી. રાજા પ્રહ્લાદ હજુ પણ સમજાવે છે કે રાણીજી! પૂરી ચોકસાઇ કર્યા વિના આપણાથી કાઢી મૂકાય નહિ. રાજા મહેન્દ્રના આપણી સાથેના સબંધનો પણ વિચાર કરવો જોઇએ. કોઇ જીવને અન્યાય થઇ જાય તેની જવાબદારી આપણે સમજવી જોઇએ. આ રીતે રાણીને ખૂબ સમજાવ્યા પણ રાણીનો ક્રોધ શાંત થતો નથી આગળ શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં. ૨૯

**શ્રાવણ સુદ ૧૫ ને ગુરૂવાર** તા. ૨૧-૮-૭૫

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો,

અનંત ઉપકારી, મમતાના મારક અને સમતાના સાધક એવા ત્રિકાળીનાથે જગતના જીવોના દુઃખ દૂર કરવા માટે આગમ વાણી પ્રકાશી. આધિ, વ્યાધિ અને ઉપાધિના ત્રિવિધ તાપને હરવાની અને જન્મ-મરણના ત્રાસને મટાડવાની તાકાત આ વીતરાગ વાણીમાં રહેલી છે. પ્રભુની અંતિમ વાણી ઉત્તરાધ્યયન સૂત્રના વીસમા અધ્યયનમાં અનાથી નિર્ગંથ અને તેમની સામે શ્રેણીક રાજા બંને પાત્રો સામસામી રહેલા છે. એક પાત્ર ભોગને મહત્ત્વ આપે છે ને બીજું પાત્ર ત્યાગને મહત્વ આપે છે. એકને ભોગનું સુખ ગમે છે ત્યારે બીજાને ત્યાગનું ગમે છે. જેને જે ગમે છે તેને તે તરફ આકર્ષે છે. રાજા મુનિને નમ્રભાવે કહે છે હે નાથ! આપના પ્રત્યે મારા હૃદયમાં ઘણો પ્રેમ ઉભરાય છે. તેથી કહું છું કે આપ મારા મહેલમાં પધારો. આપની આ તરૂણ વય, કુમળી કાયા તપ અને સંયમમાં કરમાઇ જતી જોઇને મને દુઃખ થાય છે. માટે મારી વિનંતીનો સ્વીકાર કરો. આમ કહી મુનિના જવાબની રાહ જુવે છે.

જેને સંસારના સુખ વિનશ્વર લાગતા હોય તેને ગમે તેટલા પ્રલોભનો મળે છતાં ક્યાંથી પીગળે? એ મહાન આત્મા હતા. આ જગતમાં અનંત આત્માઓ છે. તેની

જ્ઞાનીઓએ ત્રણ વિભાગમાં વહેંચણી કરી છે. (૧) બહિરાત્મા (૨) અંતરાત્મા (૩) પરમાત્મા. આત્માને ઉન્નતિના શિખરે લઇ જવા માટે ચૌદ ગુણસ્થાન રૂપી ચૌદ પગથિયાની સીડી છે. તેમાં ચૌદ ગુણસ્થાનકમાં પ્રથમ ત્રણ ગુણસ્થાનકના આત્માઓ બહિરાત્મા કહેવાય છે. ચોથાથી બારમા ગુણસ્થાનકમાં રહેલા આત્માઓ અંતરાત્મા કહેવાય છે. ને તેરમા, ચૌદમા ગુણસ્થાનના આત્માઓ પરમાત્મા કહેવાય છે. બંધુઓ! જ્ઞાનીઓ કહે છે કે જે આત્માઓ પોતાના શરીરને આત્મા માનતા હોય અને જેના અંતરમાં 'અહં' અને 'મમ'નું ગુંજન થયા કરતું હોય કે મારે આટલા દીકરા છે. મારે આટલા બંગલા અને મોટર છે. હું વિશાળ પરિવારવાળો, હું ધનાઢ્ય, હું આવો છું, તેવો છું. મારા જેવો કોઇ વૈભવશાળી નથી મારા જેવો કોઇ સુખી, યશસ્વી કે શ્રીમંત નથી. આવું બધું જેના અંતરમાં ગુંજન થયા કરતું હોય તે બહિરાત્મા છે. મિથ્યાદષ્ટિના કારણે બહિરાત્મભાવવાળો જીવ સંસારનાં રચ્યોપચ્યો રહીને પાપ આચરે છે ને તેમાં અંતરથી લેપાયેલો હોય છે અને એ કારણે પુદ્ગલ ભાવ તરફ એ જીવનું આકર્ષણ હોય છે. આવો આત્મા બહિરાત્મા કહેવાય છે.

બધા સંયોગની સાથે જ્યારે આત્મા સાક્ષી ભાવે રહે છે ત્યારે તેને અંતરાત્મા કહે છે. તેને બાહ્યભોગો પ્રત્યે અણગમો થાય છે. તે આત્મા સંસારમાં રહેવા છતાં લેપાતો નથી. તેમજ જેને જ્ઞાન છે કે આ શરીરના રાગમાં ફસાઈને પૌદ્ગલિક સુખો ભોગવીને જે કર્મોના સર્જન કર્યા છે તેને લઈ કર્માનુસાર જીવ તે ગતિમાં જાય છે ને જન્મ-મરણનાં દુઃખો ભોગવે છે. આવો આત્મા અંતરાત્મા કહેવાય છે. અંતરાત્મા એ પરંપરાએ પરમાત્મા બને છે.

આ રીતે આત્મજ્ઞાનની પરાકાષ્ઠા વિકાસ પામતી જાય છે અને એ ભોગની અરૂચિવાળો આત્મા અંતે ભોગોનો ત્યાગ કરે છે. રાગ-દ્વેષની મોહજનિત ચેષ્ટાઓ તેને બાળકની રમત જેવી લાગે છે ને એનો ત્યાગ કરે છે. "देहदुक्खं महाफलं।" ને એનું પ્રાણસૂત્ર બનાવીને સદાચારી જીવન જીવે છે અને બારમા ગુણસ્થાનના છેડે રાગ-દ્વેષ જનિત કર્મોનો નાશ કરીને તેરમા ગુણસ્થાનના પહેલા સમયે આ અંતરાત્મા સર્વજ્ઞ-સર્વદર્શી બને છે અને અનંત સુખનો સ્વામી બને છે. બહારથી રાગાદિના સંગનો ત્યાગી હવે અંતરથી પણ રાગાદિ રહિત બની જાય છે અને સર્વ અજ્ઞાનથી મુક્ત બને છે તેથી તે વીતરાગ સર્વજ્ઞ કહેવાય છે. આવા આત્માને પરમાત્મા કહેવાય છે. ટૂંકમાં રાગાદિનો રાગી તે બહિરાત્મા છે. રાગાદિનો દ્વેષી તે અંતરાત્મા છે, જ્યારે રાગાદિનો વિનાશક પરમાત્મા છે. જ્યાં સુધી રાગાદિ ભાવો છે ત્યાં સુધી નિર્મળ જ્ઞાનપ્રકાશની પ્રાપ્તિ થતી નથી. જો આવું કેવળજ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો રાગ-દ્વેષાદિ કષાયોનો નાશ કરવાની સાધના કરો અને આંતર શત્રુઓનો વિનાશ થયો એટલે કેવળજ્ઞાનની જ્યોત પ્રગટયા

વિના રહેવાની નથી. કેવળજ્ઞાન પ્રગટ થતાં આત્મા પરમાત્મા બની જાય છે ને અંતે શાશ્વત સુખનો સ્વામી બને છે.

બંધુઓ! એ સુખ કેવા? તમે જેને સુખ માન્યું છે તે સુખ નહિ. આ તો નક્કર અને શાશ્વત સુખ છે. આ જગતમાં સુખ બે જાતનું છે. એક અસલી ને બીજું નકલી. અસલી તે પોતાનું ને નકલી એટલે ભાડૂતી. આ સંસારનું સુખ એટલે પાડોશીને ત્યાંથી માંગી લાવેલા દાગીના પહેરીને તેમાં આનંદ માણવા જેવું સુખ. ઘરે લગ્ન હોય ત્યારે ભાડૂતી દાગીના પહેરીને માણસ શરીરને શોભાયમાન કરીને હરખાય છે પણ એ આનંદ કેટલી વાર ટકવાનો? અંદરથી તો માણસ સમજતો હોય છે કે હું ફક્કડ થઈને ફરું છું પણ લગ્ન પતશે એટલે આ બધા દાગીના પાછા આપી દેવાના છે. આ શોભા તો ચાર ઘડીની ચાંદની જેવી છે. આ રીતે પુણ્યની રોશની બુઝાઈ જતાં બધી શોભા બગડી જાય છે. કારણ કે સુખ પુણ્યથી મળે છે ને પુણ્ય ભાડૂતી દાગીના જેવું છે. જગતનું કોઈ પણ સુખ લાવો. બધું ભાડૂતી છે. આપણો આત્મા ચેતન સ્વરૂપ છે. જ્ઞાનાદિ ગુણો એના પોતાના છે ને એનો એ માલિક છે. આત્માને લાગેલા કર્મો પણ આત્માના નથી. શુભ કર્મોના ઉદયથી ઉત્પન્ન થતું સુખ પણ આત્માનું નથી. એ બધું આત્માથી પર છે. શાસ્ત્રમાં કહ્યું છે કે:–

**एगो मे सासओ अप्पा, नाण दंसण संजुओ ।**
**सेसा मे बाहिराभावा, सव्व संजोग लक्खणा ।**

ઉત્ત. સૂ. અ. ૧૯, ગાથા ૯૨.

જ્ઞાન અને દર્શનથી યુક્ત એવો પોતાનો આત્મા શાશ્વત છે. તે સિવાયના બધા બાહ્ય ભાવો છે. ભલેને તમે પરાયા સુખમાં પાગલ બનીને હરખાતા હો પણ ત્રણ કાળમાં એ તમારા થવાના નથી. માની લો કે કોઈ અબજોપતિ માણસ "ક્વીનમેરી" મોટર ખરીદી લાવે ને તેમાં બેસીને હરખાય કે કેવી સરસ મારી ગાડી છે! તેને એ પોતાની માને છે પણ વાસ્તવિક રીતે વિચારીએ તો જે વસ્તુ પોતાની નથી તેને અજ્ઞાનપણે પોતાની માની લીધી છે. પુત્ર-પરિવાર, ધન-વૈભવ વિગેરે સમૃધ્ધિ પોતાની નથી. જો એ પોતાનું હોત તો કદી જાત નહિ પણ અહીં તો તમે નજરે દેખો છો ને કે એ બધું ગમે તે પળે હાથમાંથી છટકીને ચાલ્યું જાય છે પછી એની પાછળ પોક મૂકીને રડશો તો પણ પાછું આવે છે? બોલો, આ વાત તો તમને સમજાય છો ને? છતાં મારું મારું છોડતા નથી. બંધુઓ! આ મમતાની ગાંઠ ક્યારે છૂટશે? શુભાશુભ કર્મથી મળતી ચીજો ઉપર માલિકીનો દાવો કરવો એ મોટામાં મોટું અજ્ઞાન છે ને એ અજ્ઞાન દુઃખનું મૂળ છે.

જ્ઞાન-દર્શનાદિ ગુણો સિવાય જગતમાં મારું કોઇ નથી. અરે, જેમાં રાત દિવસ વસું છું તે દેહ પણ મારો નથી. એવા સત્યની નક્કર ભૂમિકા ઉપર જે ત્યાગી મહાત્માઓ ઊભા રહે છે તેમને કોઈ જાતના દુઃખનો અનુભવ થતો નથી. દુઃખ ક્યાં છે? જ્યાં મમતા છે ત્યાં દુઃખ છે ને? જ્યાં મારાપણું નથી ત્યાં દુઃખ નથી. સાચા વીતરાગી સંતો દેહાદિના દુઃખને કે સુખને પણ પોતાના માનતા નથી અને તેથી સુખ અને દુઃખમાં નિર્લેપ રહે છે.

अणिस्सिओ इहं लोए, परलोए अणिस्सओ ।
वासीचन्दण कप्पो य, असणे अणसणे तहा ॥

વીતરાગી સંતો આલોક કે પરલોકની આકાંક્ષાઓથી વિરક્ત બને છે. આહાર પાણી મળે કે ન મળે તેની પણ પરવા નહિ. લોકો તેમના દેહ ઉપર ચંદનના વિલેપન કરે કે વાંસલાથી છેદી નાંખે પણ બધામાં સમભાવ રાખે છે. આવા ભાવ કયાંથી આવ્યા? પરાયી ચીજ ઉપરથી માલિકી ઉઠાવી લીધી છે. પરાયી વસ્તુ ઉપર માલિકીનો દાવો કરવો એ પાપ છે. જે એના ઉપર માલિકીનો દાવો કરતા નથી તે પરાયી ચીજના સુખમાં કે તેના ભડકામાં સ્હેજ પણ દુઃખ ધરતા નથી. કારણ કે જે પોતાની વસ્તુ છે તે આત્મા છે ને તેના જ્ઞાનાદિ ગુણો કોઇ શસ્ત્રથી છેદાતા નથી, અગ્નિથી બળતા નથી કે કોઇ શસ્ત્રથી કપાતા નથી. એને કોઇ કાંઈ કરી શકતું નથી. જેનામાં લાખો નગરોનો એકી સાથે વિનાશ કરવાની પ્રચંડ શક્તિ રહેલી છે તેવા હાઈડ્રોજન બોંબ પણ આત્માના એક પણ પ્રદેશનો વિનાશ કરી શકતા નથી. જેનો એક અંશ પણ વિનાશ ન થઇ શકે, જેનો એક અંશ કદી પણ જડ ન બની શકે, જેના ઉપર જગતની મહાન શક્તિ પણ કાંઇ ન કરી શકે તેવો મહાન શક્તિવાન આત્મા છે.

બંધુઓ! મારો ને તમારો આત્મા આવો શક્તિસંપન્ન છે. જરા એકાંતમાં બેસીને વિચાર કરો.

મૈં હૂં કૌન કહાં સે આયા, મુઝે કહાં પર જાના હૈ ।
કૌન જગતમેં મેરા હૈ, ઇસ જગમેં કહાં ઠીકાના હૈ ॥

હું કોણ છું? ક્યાંથી આવ્યો છું ને મારે કયાં જવાનું છે ને જેની પાછળ હું ઘેલો બન્યો છું તે મારા છે કે પરાયા છે? મારું કોણ છે? અંદરથી જવાબ મળશે કે હું. હુંનો માલિક હું છું. દેવાનુપ્રિયો! આ હું એટલે કયો હું? એનો જવાબ આપો. તમે બોલો છો ને હું કંઇક છું. તો હું એટલે કોણ? તમે એનો જવાબ નહિ આપી શકો. લો, હું તમને કહી દઉં. આ તમારા અહંભાવનો હુંકાર નથી, પણ આત્માનો પોતાનો હુંકાર છે કે હું મારા જ્ઞાનાદિ અનંત ગુણોનો માલિક છું. જે મહાન પુરૂષોને આવું ભાન થાય છે તે પુરૂષો જગતની પરાયી ચીજોના સબંધથી મુક્ત બને છે અને

પુદ્દગલથી ભરેલા જગતને પીઠ કરીને આત્માની પ્રકાશમય દુનિયામાં ચાલ્યા જાય છે. પુદ્દગલ તો વિનાશી છે ને પુદ્દગલથી પ્રાપ્ત થતાં સુખ પણુ વિનાશી છે; આત્મા અવિનાશી છે ને તેનું સુખ પણુ અવિનાશી છે. બોલો, આ વાત તો બરાબર છે ને? પુદ્દગલનું સુખ વિનાશી છે એટલે જગતમાં સુખ અને દુઃખના તડકા છાંયડા દેખાય છે. જો અવિનાશી હોત તો કદી કોઇને દુઃખ આવત નહિ.

એક વખત જીવને સંપૂર્ણ શાશ્વત અને શુધ્ધ સુખની મજાનો ખ્યાલ આવી જાય તો પછી અપૂર્ણ, વિનાશી અને ભેળ સેળવાળા પૌદ્દગલિક સુખોનો રસાસ્વાદ માણુવાનો વિચાર પણુ ન કરે. જ્યાં અજ્ઞાન છે ત્યાં આ સંસારના સુખની લાલસા છે.

**જિંદગીને મહેલ માની રચ્યોપચ્યો મહીં,**
**પાનાનો મહેલ છે એ મને ખબર પડી નહિ.**
**ખબર નહિ (૨) એ મહેલના નહીં કરવા ભરોસા (૨) ....**
**આવશે એ કાળ કયારે...**

બંધુઓ! આ તમારી જિંદગી કેવી છે? બોલો તો ખરા, પાનાના મહેલ જેવી ને! પાનાના મહેલ જેવી જિંદગીમાં તમે મહામહેનતે બધી સાધન સામગ્રી વસાવી, ત્યાં યમરાજાએ ફૂંક મારી તમારી જિંદગીનો મહેલ કડડડભૂસ કરતો તૂટી પડયો. જિંદગી સમાપ્ત થઇ ગઇ. ફરીને બીજે કયાંય જન્મ થયો ત્યાં નવી દુનિયા, નવી વાતો અને નવો સંસાર ઊભો કર્યો. ફરીને મહામહેનતે પાનાનો મહેલ ઊભો કર્યો ન કર્યો ત્યાં યમરાજાએ ફૂંક મારી ને પાછો મહેલ જમીનદોસ્ત થઇ ગયો ને વળી પાછો નવો સંસાર ઊભો કર્યો. કેવી આ સંસારની કરૂણુતા છે! ને સંસારી સુખોની પાછળ પાગલ બનેલા જીવોની પણુ કેવી કરૂણાજનક સ્થિતિ છે! બસ આટલું દ્રશ્ય તમારી નજર સમક્ષ દેખાય કે પાનાનો રંગબેરંગી મહેલ ચણાયો ને પડયો. અરે, આમાં હું શું મોહ્યો! તો પછી તમને સંસારના સુખ પ્રત્યે રાગ નહિ થાય. જડ ચેતનના ભેદને સમજનારા આત્માઓ પૌદ્દગલિક આનંદના આ ક્ષણુ ક્ષણુ વિનાશી સ્વરૂપને પકડી પાડે છે ને તેમાંથી ઉદાસીન ભાવે રહે છે. પછી તો આપમેળે પુદ્દગલનો સબંધ છૂટતો જાય છે. દેહનો સબંધ છૂટતો નથી. પણુ અશુચીમય અને વિનાશી સમજીને તેની મમતા પણુ છૂટતી જાય છે.

દેવાનુપ્રિયો! આ દેહના સંગે ચઢી જીવે અનંતા કર્મો બાંધ્યા ને તેના કારણે જીવ અનંત સંસારમાં રઝળ્યો છે. શા માટે? તેનું કારણુ તમને સમજાય છે? જુઓ, *આ શરીરના પોષણુ માટે ને ઇન્દ્રિઓને મનગમતું સુખ આપવા માટે જીવને પરિગ્રહની* મમતા જાગે છે ને પરિગ્રહ તો પાપનું મૂળ છે. અઢાર પાપસ્થાનકમાં પાંચમું પાપ સ્થાનક છે. એ તો તમે જાણો છો ને? પરિગ્રહ દુર્ગતિનો દરવાજો ખોલનાર છે. એની

પાછળ આત્માની ખુવારી કરી નાંખી. હવે આ મનુષ્યજન્મ પામીને આત્માની ખુવારી નથી કરવી, પણ આત્માની ખુમારી લાવી કર્મોની ખુવારી કરવી છે. આજે ઘણી જગ્યાએ પૈસાને ખાતર પિતા-પુત્ર, ભાઈ-ભાઈ, પતિ-પત્ની અને માતા-દીકરી પણ ઝઘડે છે. ને વૈરની વણઝાર ઊભી કરે છે. મારા બંધુઓ! હવે જો તમારે કર્મના કાજળથી લેપાયેલા આત્માને સ્વચ્છ બનાવવો હોય તો પરિગ્રહની મૂર્છા છોડવી પડશે. પરિગ્રહ માટે માનવ કારમી હિંસા કરતાં પણ અચકાતો નથી.

ઈતિહાસના પાને અશોક સમ્રાટનું નામ જાણો છો ને? તેનું નામ પહેલાં ચંડ અશોક હતું. એક વખત તે મોટું સૈન્ય લઈને ઓરિસા ઉપર ચઢાઈ કરવા ગયો. અશોકનું સૈન્ય ખૂબ વિશાળ હતું. તેના સૈન્ય આગળ ઓરિસાનું સૈન્ય દશમા ભાગનું હતું. ઓરિસાના રાજાના સૈન્યમાં સૈનિકો ઓછા હતા પણ લડવામાં શૂરવીર હતા. તે સામી છાતીએ લડવા લાગ્યા પણ જ્યાં સાગર પાસે ખાબોચિયા જેટલું સૈન્ય હોય ત્યાં તે કેવી રીતે ટકી શકે? એક પછી એક શૂરા સૈનિકો લડાઈમાં ખપી ગયા. ઓરિસાના રાજાની હાર થઈ ને અશોકની જીત થઈ. એટલે તે ખૂબ આનંદમાં આવી ગયો. કારણ કે વિજય સૌને ગમે છે. કોઈને પરાજય ગમતો નથી. વિજયડંકા વગાડી અશોક રણમેદાનમાંથી પાછો ફરે છે. ત્યારે માર્ગમાં લાખો સૈનિકોની લાશો પડેલી જોઈ. તેમાં દરેક સૈનિકોને આગળ ઘા વાગ્યા હતા. કોઈની છાતી વીંધાઈ ગઈ હતી તો કોઈને કપાળમાં ગોળી વાગી હતી, કોઈના હાથપગ કપાઈ ગયા પણ કોઈની પીઠમાં ઘા ન હતો. આનું કારણ શું? બંધુઓ! એ બધા સૈનિકો શૂરવીર અને ધીર હતા. બધા સામી છાતીએ લડતા હતા. એક ઓરિસાનું રાજ્ય બચાવવા અને અશોકને જીતવા માટે સૈનિકો સામી છાતીએ ઝઝૂમ્યા તો હવે આપણા આત્માને કર્મરૂપી કટ્ટર શત્રુની ગુલામીમાંથી મુક્ત કરવા આપણે પણ સાધનાના સમરાંગણમાં તપ અને ત્યાગની તલવાર લઈને સામી છાતીએ ઝઝૂમવું પડશે ને? એક દ્રવ્ય વિજય માટે કેટલું શૂરાતન બતાવવું પડે છે તો આત્માના વિજય માટે પણ આપણે આપણું શૂરાતન ઝળકાવવું પડશે.

આત્માનો વિજય મેળવવા માટે સાધનાના સંગ્રામમાં મરણીયા થઈને માથું મૂકવું પડે તો વાંધો નહિ એવી શ્રદ્ધા હોવી જોઈએ. વીંધાઈ ગયેલા સૈનિકોની લાશો જોઈને અશોકનું હૃદય દ્રવી ઉઠયું. અહો! એક રાજ્યના ટુકડા માટે કેટલા સૈનિકોના કરપીણ ખૂન થઈ ગયા છે! કેટલી ઘોર હિંસા! અંતે તો રાજ્ય અને સત્તા બધું છોડીને જવાનું છે. અશોકના હૈયામાં ખૂબ પશ્ચાતાપ થયો ને ત્યારથી નિર્ણય કર્યો કે હવે મારે ફરી આવું યુદ્ધ કરવું નહિ. ત્યારથી એ ચંડ અશોક ફીટીને સાચો અશોક બની ગયો ને સમ્રાટ અશોકના નામથી પ્રસિદ્ધ થયો. તમે પણ દગા-પ્રપંચ, અને છેતરપિંડીના ધંધા છોડી સાચા શ્રાવક બનો. અશોકનું હૃદય જેમ પલ્ટાયું તેમ જીવને પણ પાપનો પશ્ચાતાપ થશે તો હૃદય પલ્ટાશે.

આજે રક્ષા બંધનનો પવિત્ર દિવસ છે. આજનો દિવસ બળેવ એ નામથી પણ ઓળખાય છે. આપણા ભારત દેશમાં બીજા દેશો કરતાં આ તહેવારનું મહત્ત્વ ખૂબ છે. આજે બહેનો પોતાના ભાઇને રાખડી બાંધવા જશે ને તેમના ભાઇ હાથ લાંબો કરીને બંધાવશે. આ રાખડી બાંધવાનો ઉદ્દેશ્ય શું છે એ તમે જાણો છો? બહેન રાખડી બાંધીને ભાઇને એમ કહે છે ભાઇ! હું જ્યારે સંકટમાં સપડાઉં ત્યારે તું મારી રક્ષા કરજે. પાંચ-પચ્ચીસ રૂપિયા કે સો રૂપિયાની સાડી આપી દેવાથી રક્ષા-બંધન પતી જતી નથી પણ બહેને રાખડી બાંધીને તમને બંધને બાંધ્યા છે. એટલે બહેનના સુખ-દુઃખમાં સંભાળ રાખવાની જવાબદારી ભાઇના માથે છે. આ રક્ષા બંધન વિષે સેંકડો ઐતિહાસિક દાખલા છે. રાજપૂત રાજાની રાણીઓએ મુસ્લીમ રાજાઓને ભાઈ ગણી રાખડી બાંધી છે ને એ મુસ્લીમ રાજાઓએ બહેન ગણીને એમનું રક્ષણ કર્યું છે. રક્ષા બંધન વિષે જુનાગઢના રાજા રા'નવઘણ અને બહેની જાહલની પણ કરૂણ કહાણી છે. (રા'નવઘણે જાહલની કેવી રીતે રક્ષા કરી છે આ વાત પૂ. મહાસતીજીએ સુંદર રીતે રજુ કરી હતી.) આ રક્ષા બંધનની શરૂઆત ક્યારથી થઇ? જ્યારે અર્જુનનો પુત્ર અભિમન્યુ સાત કોઠાની લડાઇ કરવા ગયો ત્યારે તેના દાદી કુંતા માતાએ અભિમન્યુને રાખડી બાંધીને આશીર્વાદ આપીને કહ્યું-દીકરા! જ્યાં સુધી તારા હાથે રાખડી રહેશે ત્યાં સુધી તારો વાળ વાંકો નહિ થાય. અને એમ જ બન્યું કે જ્યાં સુધી એ કુંતા માતાની રાખડી અભિમન્યુના હાથે બાંધેલી રહી ત્યાં સુધી તેને કોઇ હરાવી શક્યું નહિ. પણ કૃષ્ણ અને અભિમન્યુને પૂર્વના વૈર હતા. એટલે અભિમન્યુને સમજાવીને કહ્યું કે યુદ્ધમાં આવા દોરા સારા ન લાગે. તું એને તારી તલવાર સાથે બાંધી દે, અભિમન્યુએ તલવાર સાથે રાખડી બાંધી દીધી ને છેવટે કૃષ્ણે ઉંદરનું રૂપ લઇને રાખડી કાપી નાંખી ત્યાર પછી અભિમન્યુ મરાયો છે. આવું વૈષ્ણવ સાહિત્યમાં કહેલું છે. ટૂંકમાં રક્ષા બંધનનું મહત્વ ખૂબ છે. પણ ઉપર જે કહેવામાં આવ્યું તે દ્રવ્ય રક્ષાબંધનની વાત થઇ. હવે આપણે ભાવ રક્ષાબંધન વિષે વિચારીએ.

પ્રાણીમાત્રની રક્ષા કરવી એ સાચી રક્ષાબંધન છે. આપણા જૈન શાસ્ત્રોમાં આઠ પ્રકારની દયા બતાવી છે તેમાં એક સ્વદયા ને બીજી પરદયા. પરદયાનો અર્થ પોતાના સિવાય બીજા સમસ્ત પ્રાણીઓ છે તેની દયા કરવી અને તેમની રક્ષા કરવી તે. એ તો તમે સહેલાઇથી સમજી શકો છો પણ સ્વદયાનો અર્થ તમારામાંથી ઘણાં નહિ સમજતા હોય. સ્વદયાનો અર્થ છે પોતે પોતાની દયા કરવી ને પોતાની રક્ષા કરવી. તમને થશે કે પોતાની દયા કરવામાં કહેવાની શી જરૂર? પોતે પોતાને કોણ કષ્ટ આપે છે? દુનિયામાં કોઈ પણ મનુષ્ય એવો મૂર્ખ નથી કે પોતે પોતાને કષ્ટ આપે પણ પોતે પોતાને દુઃખથી બચાવવાનો પ્રયત્ન કરે છે. બંધુઓ! તમને તમારા મનથી કદાચ એમ થતું હોય તો એ તમારી વાત ઠીક છે કે દરેક મનુષ્ય પોતે પોતાને દુઃખથી

મુકત કરવા પ્રયત્ન કરે છે. એટલે પોતે પોતાની દયા કરે છે. પણ તેમાં મોટી ભૂલ થાય છે. એ કઈ ભૂલ ? વિચાર કરો. પોતે શરીરને પોતાનું માન્યું છે. તેથી શરીરને કેમ સુખ મળે ને બિલકુલ કષ્ટ ન પડે તે માટે કોશિષ કરે છે. પણ એ વાત ભૂલી જાય છે કે સ્વનો સાચો અર્થ શરીર નહિ પણ આત્મા છે. આવું શરીર તો જીવે અનંતી વાર ધારણ કર્યું છે ને છોડયું છે.

અનંતકાળથી જીવે વિવિધ પ્રકારના શરીર ધારણ કર્યા છે. કોઈ વખત હાથી જેવું મોટું શરીર તો કયારેક કંથવા જેવું નાનુ, રાજા જેવું વૈભવશાળી અને ભિખારી જેવું ગરીબ, દેવ જેવું સુંદર ને નારકી જેવું અસહ્ય દુઃખોને ભોગવવાવાળું શરીર જીવે ધારણ કર્યું છે. પણ શું એ શરીરને આત્મા માની શકાય ? જો શરીર જ આત્મા હોત તો શરીર શા માટે છોડવું પડે છે ? માટે શરીરની રક્ષા કરવી તે સ્વની રક્ષા નથી.

બંધુઓ ! સ્વની રક્ષા કરવી એટલે આત્માની રક્ષા કરવી. પણ આ જીવે શરીરની રક્ષા કરવાનું જેટલું ધ્યાન રાખ્યું છે તેટલું આત્માની રક્ષા કરવાનું નથી રાખ્યું. પણ જો આત્માની રક્ષા કરવાનું ધ્યાન રાખે ને આત્માને કર્મબંધનથી બચાવવાનો પ્રયત્ન કરે તો વારંવાર આ દુઃખના ભાજન રૂપ શરીર ધારણ કરવા પડે નહિ. માટે આજનો રક્ષાબંધનનો દિવસ પોતાના આત્માની રક્ષા કરવાની પ્રેરણા આપે છે હવે આગળ વધીને એ વિચાર કરો કે આત્માની રક્ષા કેવી રીતે કરવી ? વિષય વિકારોમાં જતાં આત્માને રોકવો, દાન-શીયળ, તપના શુધ્ધ ભાવથી આરાધના કરવાથી અશુભ કર્મોનો બંધ થતો નથી. તેથી આત્મા કર્મબંધન અને કર્મ ભોગવવાના કષ્ટથી બચી જાય છે માટે મનુષ્યે પોતાના આત્માની રક્ષા કરવી જોઈએ જો આત્માની રક્ષા નહિ કરો તો અનંતકાળ સુધી વારંવાર ચાર ગતિમાં વિવિધ પ્રકારના શરીર ધારણ કરી, જન્મ-મરણ કરી કર્મની કરૂણ યાતનાઓ ભોગવવી પડશે. તેમાંથી બચવા માટે આત્માની રક્ષા કરશો તો આ રક્ષાબંધનનું રહસ્ય સમજ્યા છો.

તમે પ્રાણી માત્રની રક્ષા કરો. જે જીવો દુઃખગ્રસ્ત અવસ્થામાં છે તેને તમારી યથાશક્તિ સહાય કરી તેનું રક્ષણ કરો એ રક્ષાબંધનનો પવિત્ર સંદેશ છે. બહેન પણ ભાઈને કહે છે વીરા ! મેં તને આજે રાખડી બાંધી છે તો તેના બદલામાં તારે મારી સંભાળ રાખવી પડશે. તારી સહાયથી હું મારા સાસરામાં ગૌરવપૂર્વક રહી શકું. દેવાનુપ્રિયો ! આ રક્ષાબંધનનું મહત્ત્વ ભાઈ-બહેન માટે જ નથી પણ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર બધા વર્ણો માટે બતાવ્યું છે. વહેપારી લોકો પોતાની કલમ અને ખડિયાને રાખડી બાંધે છે. ને પ્રાર્થના કરે છે હે પ્રભુ ! મને અન્યાય, અનીતિ અને અધર્મના માર્ગે જતાં રોકજો. અને આ મારી કલમથી કોઈની રોજી તૂટી જાય કોઈને કોઈ જાતનું નુકશાન ન થાય તેવું ન લખાય. કારણ કે આજે પૈસા માટે માનવ ખોટા દસ્તાવેજ અને ખોટા

લખાણુ બનાવીને ગરીબોના ગળા કાપતો થઇ ગયો છે. એટલે દુનિયા એવા માણુસને કલમનો કસાઇ કહે છે. જેને દુનિયા મહાજન કહે છે તેવા વણિકને કલમના કસાઇનું બિરૂદ મળે છે. તે સિવાય કર્મબંધન થાય છે. એટલા માટે દરેક મનુષ્યે પોતાની કલમને રક્ષાબંધન બાંધતી વખતે દૃઢ પ્રતિજ્ઞા કરી લેવી જોઇએ કે આ કલમ વડે હું અસત્ય લખીશ નહિ. અનીતિના કામમાં આ કલમ ચલાવીશ નહિ અને જે શબ્દો લખ્યા છે તેનું પ્રાણુના ભોગે પણુ પાલન કરીશ.

ક્ષત્રિયો કેવી રીતે રક્ષાબંધન માને છે? ક્ષત્રિયો રક્ષાબંધનના દિવસે પોતાની તલવારને રાખડી બાંધે છે. શા માટે? તે એટલા માટે કે તેની તલવાર પ્રત્યેક પ્રાણીની રક્ષા કરે. કોઇ અત્યાચારી મનુષ્ય દીન-દુઃખી અને નિર્બળ મનુષ્ય ઉપર અત્યાચાર ન કરી શકે ને કદાચ એવો અવસર આવી જાય તો તેની તલવાર અત્યાચારનો સામનો કરી શકે. ક્ષત્રિય કોને કહેવાય?

**क्षतं दुःखं क्षतात् दुःजात् त्रायते इति क्षत्रियः ।**

સાચો ક્ષત્રિય તો એ છે કે દુઃખીના દુઃખ મટાડે. આગળના સમયમાં રાજાઓને પ્રજાના દુઃખ મટાડવા માટે ને ન્યાયથી રાજ્ય ચલાવવા માટે મોટા યુદ્ધ કરવા પડે તો કરતા હતા કારણુ કે પ્રજા વત્સલ અને ન્યાયી રાજાના દિલમાં સદા એવી ભાવના હોય છે કે પોતાના રાજયમાં એક પણુ માણુસ દુઃખી, ભૂખ્યો કે કપડાં વગરનો ન રહે. જે રાજા એવી ભાવના રાખતા નથી ને પ્રજાના દુઃખ મટાડતા નથી તે રાજા નથી. જુઓ, આજની સરકાર પ્રજાને કેવી ચુસી રહી છે, તુલસીદાસે કહ્યું છે કે

**"जासु राजप्रियप्रजा दुखारी, सो नृप अवसि नरक अधिकारी ।"**

જે રાજાના રાજ્યમાં પ્રજા દુઃખી છે તે રાજા નરકનો અધિકારી છે. પ્રાચીન કાળમાં ક્ષત્રિયો કયારે પણુ પોતાના કર્તવ્યનો ત્યાગ કરતા ન હતા. દરેક ક્ષત્રિયો સમય આવ્યે પોતાના પ્રાણુનું બલિદાન આપીને પણુ બીજાનું રક્ષણુ કરતા હતા અને જે શરણે આવે તેને સહાય કરતા. પછી શરણે આવનાર દુશ્મન પક્ષનો કેમ ન હોય? મોટા ભાગના રાજાઓ ક્ષત્રિય હતા. વીરત્વ ક્ષત્રિયોનો મુખ્ય ગુણ છે, વણિકો કલમ ચલાવી જાણે છે પણ શરણે આવેલાનું રક્ષણુ કરી શકતા નથી. જ્યારે ક્ષત્રિયો અનાથ અને દુઃખીજનોની રક્ષા કરવામાં સમર્થ હોય છે. આ રીતે ક્ષત્રિયો રક્ષાબંધન માને છે.

તમે પણુ આજના દિવસે દુઃખીયારી બહેનોનું રક્ષણુ કરજો. ને તમારા આત્માને પાપથી પાછો વાળી આત્માની સાચી રક્ષા કરવા સત્ય તરફ વળજો તો તમે સાચી રક્ષાબંધન ઉજવી છે. વધુ ભાવ અવસરે.

☆

## વ્યાખ્યાન નં. ૩૦

**શ્રાવણ વદ ૧ ને શુક્રવાર** તા. ૨૨-૮-૭૫

અનંત જ્ઞાની મહાન પુરુષોએ જગતના જીવો ઉપર કરુણા કરી શાસ્ત્રની પ્રરૂપણા કરી. તે વાણી સાંભળવા મળવી દુર્લભ છે. કારણ કે તમને એ વાણીનું વિવેચન, અર્થ અને પરમાર્થ કોણ સમજાવે? સંતોનો યોગ મળે ત્યારે સાંભળવા અને સમજવાનું મળે ને? સંતોનો સમાગમ થવો તે પણ દુર્લભ છે. માનવ જો સંતોના સમાગમમાં રહે તો પોતાનું જીવન સુંદર બનાવી શકે છે. સત્સંગ કરવાથી અધમમાં અધમ માનવ પણ મહાન બની જાય છે. રોજના સાત સાત જીવોની ઘાત કરનાર અર્જુનમાળી ભગવાન મહાવીરના સમાગમમાં આવતાં સુધરી ગયો. મનુષ્યની આંગળીઓ કાપીને તેની માળા બનાવીને ગળામાં પહેરનાર મહાન પાપી અંગુલિમાલે પણ ગૌતમબુદ્ધનો ભેટો થતાં પોતાનામાં રહેલા દુર્ગુણોનો ત્યાગ કર્યો. બંધુઓ! સત્સંગનો પ્રભાવ કેવો મહાન છે! સત્સંગથી માનવનો માનસિક અને આધ્યાત્મિક વિકાસ થાય છે. હૃદયની મલીનતા, અસ્થિરતા, અને અજ્ઞાનતા ચાલી જાય છે. સંતોએ બતાવેલા માર્ગે ચાલવાથી માનવ પોતાના શુદ્ધ આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર કરી શકે છે. એક સંસ્કૃત શ્લોકમાં પણ કહ્યું છે કે:-

**जाडयं धियो हरति सिञ्चति वाचि सत्यं**
**मानोन्नतिं दिशति पापमपाकरोति ।**
**चेतः प्रसादयति दिक्षु तनोति कीर्तिम्,**
**सत्संगतिः कथय किं न करोति पुंसाम् ॥**

સત્સંગતિ બુદ્ધિની જડતાનો નાશ કરે છે. વાણીને સત્યથી સિંચે છે. પાપનો નાશ કરે છે. ચિત્તને પ્રસન્નતા પ્રાપ્ત કરાવે છે. તથા સંસારમાં યશ ફેલાવે છે. બોલો, સત્સંગ મનુષ્યને માટે શું નથી કરી શકતો? અર્થાત્ બધું કરે છે. આટલા માટે જ્ઞાની કહે છે કે આત્મોન્નતિના ઇચ્છુક પ્રત્યેક જીવે સંતોનો સમાગમ કરવો જોઇએ. તેમનો ઉપદેશ અને તેમની જીવનચર્યા દ્વારા આપણે બોધ લેવો જોઇએ. સંતોના સંપર્કમાં આવવાથી તમને ખબર પડશે કે સંતો કેટલું ધૈર્ય અને સાહસ ખેડીને ક્ષમા-દયા-સત્ય અને સદાચારાદિ શસ્ત્રોથી સજ્જ બનીને કર્મરૂપી શત્રુઓની સાથે યુદ્ધ કરે છે. ને આત્મિક સાધનામાં કેવી રીતે આગળ વધે છે! સાધનાના માર્ગમાં ચાલતા સંતોને કયારેક ઉગ્ર પરિષહો અને મારણાંતિક ઉપસર્ગો આવે છે. તેને આનંદપૂર્વક સહન કરે છે ને સ્વ-પર કલ્યાણમાં તત્પર રહે છે.

ઉત્તરાધ્યયન સૂત્રનું વીસમું અધ્યયન અનાથી નિર્ગ્રંથ સ્વપર કલ્યાણ કરતાં મંડિકુક્ષ ઉદ્યાનમાં પધાર્યા છે, ને રાજા શ્રેણીક ફરવા માટે આવ્યા છે, પણ ત્યાં તેમને

આવા મહાન આત્માર્થી સંત અનાથી નિર્ગ્રંથનો ભેટો થયો છે. હવે તેમનું જીવન કેવું બની જશે તે વાત આગળ આવશે. કેવો નિમિત્ત નૈમિત્તિક સબંધ ભેગો થયો! જીવનું ઉપાદાન શુદ્ધ હોય તો નિમિત્ત મળતાં જાગી જાય છે. પણ ઉપાદાન શુદ્ધ કરવું તે પોતાના હાથની વાત છે.

બંધુઓ ! સંતો પારસમણિ સમાન છે. પણ સંતોની સાથે પ્રીત કરતાં વચમાં પડદો ન હોવો જોઈએ, એક વખત એક ભકત યોગીની ખૂબ સેવા કરવા લાગ્યો. ભકતની સેવાથી યોગી પ્રસન્ન થયા. એમના મનમાં થયું કે આને એવું કંઇક આપું કે જેથી તેનું દારિદ્ર ટળી જાય. વિચાર કરીને પેલા ભકતને કહ્યું કે ભાઇ ! પેલી ઝોળીમાં એક લોખંડની ડબ્બી છે. તેમા પારસમણિ છે. તે તું અહીં લઇ આવ. હું તને તે આપું. ત્યારે પેલા ભકતના મનમાં થયું કે લોખંડની ડબ્બીમાં પારસમણિ રહે તો ડબ્બી શું સોનાની ન બની જાય ? આ સાચો પારસમણિ નથી. ગુરુએ તેને પારસમણિ આપ્યો પણ તેને શ્રધ્ધા નથી. ગુરૂ તેનું મુખ જોઇને સમજી ગયા કે એને શંકા છે એટલે તેમણે પારસમણીને વીંટાળેલો કાગળ હતો તે કાઢીને લોઢાની ડબ્બીમાં મૂકયો એટલે ડબ્બી સોનાની બની ગઈ ને શિષ્યની શંકાનું સમાધાન થઈ ગયું.

પારસમણિમાં લોખંડને સુવર્ણ બનાવવાની તાકાત છે પણ કયારે ? લોખંડ અને સોનાની વચમાં પડદો ન હોવો જોઈએ. તમે પણ ઘણી વાર કહો છો ને કે સંતોની પાસે તો ખૂબ જઇએ છીએ પણ આપણું કલ્યાણ કરાવતા નથી. પણ ભાઇ ! તમે સંતોની પ્રીત કરી છે પણ વચમાં વાસનાનો પડદો રાખ્યો છે પછી કયાંથી કલ્યાણ થાય ? તમે વ્યવહારમાં પણ બોલો છો ને કે **"પ્રીત ત્યાં પડદો નહિ, પડદો ત્યાં નહિ પ્રીત, પડદો રાખી પ્રીત કરે તે વૈરીની રીત".** જ્યાં સાચી પ્રીતિ છે ત્યાં પડદો હોતો નથી. તમો સંતો પાસે આવો છો પણ અંતરમાં સંસારની વાસનાનો પડદો ભેગો લઇને આવો છો પછી કલ્યાણ કયાંથી થાય ? પારસમણિ કરતાં પણ સંતો મહાન ઉત્તમ છે. પારસમણિ અને સંતમાં ફેર છે.

**"પારસમણિ ઔર સંતમેં, બડો અંતર જાણ,**
**વો લોહ કા સોના કરે, વો કરે આપ સમાન".**

પારસમણિ તો લોઢાને સોનું બનાવે છે પણ પારસ નથી બનાવતો પણ સંતો પોતાની પાસે આવનારને પોતાના સમાન બનાવે છે. પણ હજુ તમને સંસાર સુખની આકાંક્ષા છૂટી નથી. સંસારના ભૌતિક પદાર્થોમાંથી સુખ મેળવવા રાત-દિવસ મહેનત કરો છો પણ વિચાર કરો, જે પદાર્થો પોતે નાશવંત છે તો તેમાંથી મળતું સુખ પણ નાશવંત હોય ને ? સંસારમાંથી સુખ શોધવું તે ઉકરડામાંથી હીરાકણીઓ શોધવા જેવું છે. આત્માને પરમાત્મા બનાવવો હોય તો આ સંસારસુખનો રાગ છોડવો પડશે. ને

કર્મો ખપાવવા પુરુષાર્થ કરવો પડશે. જુઓ, કોઈ કલાકારને પથ્થરમાંથી મૂર્તિ બનાવવી હોય અગર પ્રદર્શનમાં મૂકવા માટે કોઇ મનુષ્યનું પૂતળું બનાવવું હોય તો તે બનાવવા માટે કેટલી કારીગરી કરે છે ને કેટલી મહેનત કરે છે. એ બનાવતાં બનાવતાં એક ટાંકણું વધારે મરાઇ ગયું ને તે મૂર્તિની આંખ અગર કોઇ ભાગમાંથી સ્હેજ કણી ખરી જાય તો તેનો બધો શો બગડી જાય છે. ને એની કારીગરી નકામી જાય છે. કારીગરને મૂર્તિ બનાવવા આટલી મહેનત કરવી પડે છે. તો આપણા આત્માને બહિરાત્મામાંથી પરમાત્મા બનાવવા માટે કેટલો પુરૂષાર્થ કરવો જોઇએ!

પરમાત્મા બનવા માટે આત્માને પરઘરમાંથી સ્વઘરમાં લાવવો પડશે. સ્વઘરમાં જે સુખ છે તે પરઘરમાં નથી. વિષ તે વિષ છે ને અમૃત તે અમૃત છે. ત્રણ કાળમાં વિષ અમૃત થવાનું નથી ને અમૃત તે વિષ થવાનું નથી. અમે વિહાર કરતાં થાકી ગયા હોય તો કોઈના બંગલામાં બે દિવસ રોકાઇ જઇએ. બંગલો સુંદર હોવા છતાં અમને આનંદ ન આવે કારણ કે અમને સ્થાનકમાં સ્વાધ્યાય-ધ્યાન આદિમાં જે આનંદ આવે તે તમારા બંગલામાં ન આવે કારણ કે ત્યાં સંસારના પરમાણુઓ પડેલા હોય છે. એટલે આત્મસાધનામાં આનંદ આવતો નથી. પરમાણુની પણ કેવી અસર થાય છે. મંડિકુક્ષ બગીચામાં સંત પધાર્યા છે તેની અસર શ્રેણીક રાજાને બગીચામાં પ્રવેશ કરતાં થઇ હતી.

અનાથી નિર્ગ્રંથ તો સ્વભાવની મસ્તીમાં ઝુલે છે. આવા સંસાર ત્યાગી મુનિને શ્રેણીક રાજા કહે છે તમને આ દુર્લભ મનુષ્યજન્મ મળ્યો છે તેનો દુરૂપયોગ શા માટે કરો છો? તમારું શરીર કેવું સુંદર છે! તમારા કાન કેવા સુંદર છે! તેમાં કુંડળ પહેરાવી દઉં તો કેવા શોભી ઊઠે? તમારા માથે મુગટ કેવો સરસ લાગે ને કંઠમાં જો હીરાનો હાર પહેરાવું તો કેવો શોભે? તમારા હાથે બાજુબંધ પહેરાવું ને સુંદર રેશમી જરીના વસ્ત્રો પહેરાવું તો તમે એક દેવકુમાર કરતાં પણ અધિક સૌંદર્યવાન દેખાશો. તો તમે આવા દિવ્ય શરીરને સંયમ લઇને શા માટે વેડફી નાંખો છો. તમે કહો છો કે હું અનાથ હતો માટે મેં સંયમ ધારણ કર્યો છે તો હવે હું તમારો નાથ બનું, તમે મારે ત્યાં રહીને મનમાની મોજ ઉડાવો. તમને કોઇ વાતે ઓછું નહિ આવવા દઉં. ત્યારે શ્રેણીક રાજાને મુનિએ કહ્યું કે હે રાજન્! જે શરીરને તમે દુર્લભ માની રહ્યા છો તે ભોગોપભોગમાં વેડફી નાંખવા માટે નથી. તેમજ તમે મારા નાથ થવાનું કહો છો પણ સાંભળો.

**अप्पणा वि अणाहोसि, सेणिया मगहाहिवा ।**
**अप्पणा अणाहो सन्तो, कस्सवाहो भविस्ससि ।।**

ઉત્ત. સૂ. અ. ૨૦ ગાથા ૧૨.

હે મગધદેશના અધિપતિ! તમે પોતે અનાથ છો તો મારા નાથ કેવી રીતે

બની શકશે? બંધુઓ! આ શ્રેણીક રાજાએ મુનિને કહ્યું કે હું તમારો નાથ બનીશ પણ તમે કોઇના નાથ બનવા તૈયાર છો? કોઇ માણસ તમને એમ કહે કે મારે દીક્ષા લેવી છે તો મારી પત્ની અને માતા પિતાનું રક્ષણ કરશો? તો તમે શું કહેશો? ભાઇ! તું કહે તો પાંચ-દશ હજાર રૂપિયા આપી દઉં પણ એમને જિંદગીભર પાલવવાની મારામાં શકિત નથી. કૃષ્ણ વાસુદેવ કેવી ઢાંડી પીટાવતા હતા કે હે મારા પ્રજાજનો! જેને દીક્ષા લેવી હોય તે ખુશીથી લો, તમારા ઘરડા મા-બાપ હશે તો હું મારી દેવકી માતા અને વસુદેવ પિતાની જેમ પાળીશ ને સંતાનો નાના હશે તો પ્રદ્યુમ્ન કુમારની જેમ રાખીશ તમે તેની ચિંતા ન કરો. ખુશીથી દીક્ષા લો. પોતે દીક્ષા લઈ શકતા ન હતા. પણ જે લેવા નીકળે તેમને ખૂબ પ્રોત્સાહન આપતા હતા. તમે તપશ્ચર્યા કરી શકો તો કરજો પણ ન કરી શકતા હો તો ઘરમાં જે કરી શકે છે તેને પ્રોત્સાહન તો જરૂર આપજો. કરનારને અનુમોદના આપવામાં પણ ઘણો લાભ છે.

શ્રેણીક રાજા મુનિના નાથ બનવા તૈયાર થયા પણ મુનિએ તેમને કેવો જવાબ આપ્યો? કે તું પોતે અનાથ છે તો મારો નાથ કેવી રીતે બની શકીશ? આ વચન સાંભળીને શ્રેણીક રાજા સ્થંભી ગયા. મુનિનું વચન તેમની છાતીમાં તીરની જેમ વાગી ગયું. મુનિ રાજાને ઓળખતા ન હોત તો વાત જુદી હતી. પણ રાજાના મનમાં એમ થયું કે એક બાજુ મને કહે છે હે મગધાધિપ શ્રેણીક! અને બીજી બાજુ કહે છે કે તું અનાથ છે. આ વાત કેમ બને? મને ઓળખવા છતાં તે અનાથ કહે છે? આ વચન રાજા શ્રેણીકને હાડહાડ લાગી ગયા.

દેવાનુપ્રિયો! મુનિ ખૂબ વિવેકપૂર્વક બોલે છે. મુનિના કહેવામાં ગૂઢ રહસ્ય છે. વાણી બોલવામાં પણ વિનય-વિવેક જોઇએ. કદાચ કોઇને કટુ વચન કહેવાઇ જાય તો કેવો અનર્થ સર્જાય છે ને વચનની વેદના કેટલી સાલે છે!

એક વખત એક બ્રાહ્મણ કાશીએથી ભણીને પોતાના ગામમાં આવતો હતો. એણે ઘણી ભાષાઓનું તેમજ બીજું ઘણું જ્ઞાન મેળવ્યું હતું. પગપાળા ચાલ્યા આવતા રસ્તામાં જંગલ આવ્યું. સિંહની ભયંકર ગર્જનાઓ સંભળાતી હતી. આથી બ્રાહ્મણ ભયભીત બની ગયો. કારણ કે સૌને મરણનો ડર લાગે છે. ત્યાં તો સિંહ છલાંગ મારીને આવ્યો. બ્રાહ્મણને ભય લાગ્યો પણ તે સિંહની ભાષા શીખીને આવ્યો હતો એટલે હિંમત કરીને સિંહની સામે ઊભા રહીને મધુર ભાષામાં તેને ઉપદેશ કર્યો કે હે વનરાજ! તમે પૂર્વ-ભવમાં કેવા પાપ કર્યા હશે કે જેથી આવી ક્રૂર જાતિમાં તમારો જન્મ થયો? અને આ જાતિમાં રહીને બીજા જીવોની હિંસા કરો છો તેથી કેવા કર્મો બંધાય છે? પરભવમાં તમારૂં શું થશે? આ બ્રાહ્મણનો ઉપદેશ સાંભળીને જંગલી સિંહ ઠરી ગયો. શાંત થઇને ઉભો રહ્યો. તેને ઉપદેશ સાંભળવો ગમ્યો. સિંહે પોતાની ભાષામાં કહ્યું. તમે આજથી

મારા ગુરૂ છો. મને દરરોજ આવો ઉપદેશ સંભળાવવા તમે આવજો.

સિંહે બ્રાહ્મણને ગુરૂ બનાવ્યો. હવે ગુરૂને કંઇક દક્ષિણા તો આપવી જોઇએને? સિંહે ઘણા માણસોનો શિકાર કરેલો. એ મરેલા માણસોના દાગીના એની બોડમાં પડયા હતા. તેમાંથી એક કિંમતી હાર લાવીને બ્રાહ્મણને આપ્યો. બ્રાહ્મણ તો ખુશ ખુશ થઇ ગયો. તે હાર લઇને પોતાને ઘેર ગયો. હવે દરરોજ નિયમિત તે સિંહને ઉપદેશ આપવા માટે આવવા લાગ્યો. એ રોજ ઉપદેશ આપીને પાછો ફરે ત્યારે સિંહ સોનાનો દાગીનો આપતો. હવે બ્રાહ્મણને તો કમાવાની ચિંતા મટી ગઇ. ઘરમાં ધનના ઢગલા થવા લાગ્યા. ખુબ છૂટથી પૈસા વાપરવા લાગ્યો. તમે કહો છો ને કે પાસે પૈસો હોય તો સ્વર્ગ પણ નીચે ઉતારી શકાય છે. આ બ્રાહ્મણ પણ મહા સુખી બની ગયો. આ જગતમાં કોઇનું સુખ કોઇ જોઇ શકતું નથી, બ્રાહ્મણને સુખ ભોગવતો જોઇ તેના પાડોશીને ઇર્ષ્યા આવી ગઇ કે કાલે તો એના ઘરમાં કાંઇ ન હતું ને આટલો બધો સુખી થઇ ગયો! પાડોશી જાતનો વાળંદ હતો. વાળંદને ઇર્ષ્યા બહુ હોય.

વાળંદની પત્ની બ્રાહ્મણની પત્નીને પૂછે છે, તારો પતિ શું ધંધો કરે છે? બ્રાહ્મણી કહે છે હું કાંઇ જાણતી નથી. ત્યારે પાડોશણ કહે છે અરે, તું તો કેવી મૂર્ખી છે? તારો ધણી કયાં જાય છે ને શું કરે છે એટલી ખબર તો રાખવી જોઇએ ને! તારામાં કંઈ પાણી નથી. એમ આડું અવળું કહીને ખૂબ ચઢાવી એટલે બાઇ તો ચઢી ગઇ. એનો પતિ ઘરે આવ્યો એટલે પૂછયું કે તમે દરરોજ કયાં જાવ છો? ત્યારે બ્રાહ્મણ કહે તારે શું કામ છે? તો કહે, બસ, તમે તો મને કંઇ કહેતા નથી. મને કહો તો હા. બ્રાહ્મણ કહે છે પણ હું તને કમાઈને આપું છું. બીજું તારે જાણીને શું કામ છે? ખૂબ હઠ કરી. સ્ત્રીહઠ આગળ બ્રાહ્મણ હારી ગયો ને કહ્યું કે હું અહીંથી ચાર માઇલ દૂર જંગલમાં એક સિંહને ઉપદેશ આપવા જાઉં છું તે સિંહ બોધ પામ્યો છે. તેના જીવનમાં ખૂબ પરિવર્તન થઇ ગયું છે.

બ્રાહ્મણની પત્ની કહે છે સ્વામીનાથ! તમે પંદર દિવસથી સિંહને ઉપદેશ આપો છો ને એ બૂઝી ગયો છે તો હવે એની પરીક્ષા તો કરી જુઓ. દાણો દબાવો તો ખબર પડે કે તેનામાં કેટલું પરિવર્તન થયું! ઉપરથી તો સૌ સારા દેખાય. હું કહું તેમ તમે કરજો. બ્રાહ્મણે પત્નીની શિખામણ સાંભળી. તે બીજે દિવસે જંગલમાં ગયો. દરરોજ બ્રાહ્મણ જાય ત્યારે સિંહ સામો આવીને તેને સલામ ભરતો ને બ્રાહ્મણ પણ તેને કહેતો અહો વનરાજ! આનંદમાં છો ને? એમ પરસ્પર આનંદ કરતા, પણ આજે સિંહ બ્રાહ્મણના પગે વળગીને સલામ ભરવા ગયો ત્યારે બ્રાહ્મણ કહે છે અરે...બેસને કૂતરા જેવા. બ્રાહ્મણના શબ્દો સિંહને હાડહાડ લાગી ગયા. સિંહ આવું અપમાન સહન કરી શકે નહિ. તેને ક્રોધ આવી ગયો. બ્રાહ્મણને પોતે ગુરૂ બનાવ્યા છે. ગુરૂને મારવા તે ઘોર

પાપ છે. સિંહના દિલમાં એક વાતનું દુઃખ થયું કે મને કોઈએ ગોળીબાર કરીને મારી નાખ્યો હોત તો આટલું દુઃખ ન થાત. પણ આ વચન હું સહન નહિ કરી શકું. બંધુઓ ! આ તો સિંહ હતો પણ મનુષ્યમાં ય કટુ વચન કેટલી ખરાબી કરે છે !

એક ધોબીની પત્ની રાત્રે મોડી ઘેર આવી ત્યારે એનો પતિ ધોબી કહે છે હું તને ઘરમાં નહિ રાખું. ચાલી જા. ત્યારે પત્ની કહે છે કપડા ધોઈને જીવન ગુજારો છો ને આટલી બધી ખુમારી શા ઉપર રાખો છો ? રામચંદ્રજી જેવા પુરૂષે શું સીતાજીને ઘરમાં ન રાખ્યા ? ત્યારે ધોબી કહે છે હું એ રામલા જેવો નમાલો નથી કે છ છ મહિના રાવણના ઘરમાં રહી આવેલી સીતાને ઘરમા રાખી તેમ હું તને રાખું નહિ. ધોબીનું વચન રામચંદ્રજી સાંભળી ગયા. આ વચન ગોળીની જેમ તેમના દિલમાં સોંસરૂં ઊતરી ગયું. તેનું પરિણામ શું આવ્યું ?

**સતી સીતા સુખે સૂતા, ધોબી વેણુ બન્યા ધૂતા,**
**સીતા મૂકયા વનવાસે....વેણ કવેણમાં....વચન વદે સજ્જન....**

સીતાજી આ સમયે ગર્ભવંતા હતા. મહેલમાં આનંદથી વસતા હતા. એ સમયે લોકાપવાદથી રામચંદ્રજીએ સીતાજીને વનવગડામાં મોકલી દીધા. ભગવાન કહે છે સમ્યક્ પ્રકારે બોલાતા વચન રત્ન જેવા છે. વચન તોળીને બોલો. બીજી વસ્તુઓને જોખવા માટે મણના ને અધમણના કાટલા રાખવામાં આવે છે અને ઝવેરાતને તોલવા માટે રતિના નાનકડા કાટલા રાખવાના હોય છે. વાણી સમુદ્રથી પણ અધિક ગંભીર, આકાશથી પણ અધિક વિશદ, અને પાણીની જેમ હમેંશા સ્વચ્છ અને પવિત્ર હોવી જોઈએ. યોગ્ય સમયે બોલેલું વચન સોનાની વીંટીમાં જડેલા હીરાની જેમ ચમકે છે. માટે ખૂબ વિચારીને બોલો. જેવી વાણી તેવું પરિણામ આવે છે.

*પેલો બ્રાહ્મણ વગર વિચાર્યું વેણ બોલ્યો એટલે સિંહને ખૂબ દુઃખ થયું, છતાં* એને પંદર દિવસ ધર્મનો ઉપદેશ આપ્યો હતો તેથી તેના ઉપકારને ભૂલ્યો નહિ. ને બ્રાહ્મણને એક દાગીનો આપીને કહ્યું હવે તમે કાલથી આવશો નહિ. કારણ કે મને તમારા વચનની વેદના ખૂબ સાલે છે. હવે આજથી છ મહિને આવજો. જો વચનની વેદના મટી જશે તો હુ તમારો ઉપદેશ સાંભળીશ. બ્રાહ્મણને દિલમાં ખૂબ દુઃખ થયું. વીલે મોઢે ઘેર આવી પત્નીને કહ્યું કે તારી વાત માનીને તારા કહેવા પ્રમાણે કર્યું તેનું કેવું પરિણામ આવ્યું ?

બંધુઓ ! ખરાબ માણસના સંગે ચઢવાથી કેવી હાલત થાય છે ? માટે કહ્યું છે કે સંગ કરો તો સંતનો કરો. એક વખત એક રાજકુમાર લડાઈ કરીને પાછો ફર્યો ને વિશાળ વડલાના વૃક્ષ નીચે તેના સૈન્ય સાથે સૂતો હતો. તે સમયે એક હંસ દ્રાક્ષના માંડવે જતો હતો ત્યારે કાગડો કહે છે ભાઈ મારા ઘેર આવો ને ! હંસ કહે છે તમે

મારે ઘેર આવો. પણ કાગડો ખૂબ આગ્રહ કરીને કહે છે ના, એક વાર તમે મારે ઘેર આવો, એટલે હંસ કાગડાની સાથે ગયો. બંને વડલાના ઝાડની ડાળીએ બેઠા. જે જગ્યાએ રાજકુમાર સૂતો હતો તેની ઉપર કાગડો બેઠેલો. એ રાજકુમારના મુખ ઉપર કાગડો ચરકીને ઉડી ગયો. હંસ તો બેસી રહ્યો. કુમારનું મોઢું બગડયું એટલે ઊંચે જોયું તો હંસને જોયો. એને ખૂબ ક્રોધ ચઢયો. તેથી તીર માર્યું એટલે હંસ ઘાયલ થઈને તરફડતો નીચે પડયો. ત્યારે કુમાર કહે છે મેં દુનિયામાં કાગડા તો ઘણા જોયા. બધા કાગડા કાળા હોય છે પણ આ તો ધોળો કાગડો છે ત્યારે હંસ કહે છે-તું ક્ષત્રિય છે. તેં મને તીરથી વીંધી નાંખ્યો તેનો મને અફસોસ નથી. વહેલા કે મોડા એક દિવસ મરવાનું તો છે, પણ તેં મને કાગડો કહ્યો તેનું મારા દિલમાં પારાવાર દુઃખ છે. મારી આ દશા કેમ થઇ? મેં કાગડાનો સંગ કર્યો માટે હે કુમાર! મરતાં મરતાં એક શિખામણ આપતો જાઉં છું કે સંગ કરો તો સજ્જનનો કરજો પણ દુર્જનનો સંગ કદી કરશો નહિ. જે દુર્જનનો સંગ કરશે તેના મારા જેવા હવાલ થશે.

બંધુઓ! દુર્જનનો સંગ જીવનમાં સડો કરે છે. જેમ કરંડીયામાં એક કેરી બગડે તો બીજી બધી કેરીને બગાડે છે. આંગળીમાં સડો હોય ને કપાવે નહિ તો પરિણામે આખો હાથ કપાવવાનો વખત આવે છે. તે રીતે એક દુર્જનનો સંગ થાય તો આખું જીવન બગાડી મૂકે છે. *માટે દુર્જનથી દૂર રહેવું સારું.* પેલો બ્રાહ્મણ છ મહિના પૂરા થતાં સિંહના બોડ પાસે આવ્યો ને સિંહને બોલાવ્યો. પણ સિંહ કહે છે ગુરૂદેવ! તમે મને ઉપદેશ સંભળાવવા આવ્યા છો પણ હજુ મને તમારા વચનનો ઘા છાતીમાં રૂઝાયો નથી માટે હવે હું તમારો ઉપદેશ સાંભળી શકીશ નહિ. માટે આ મારી છેલ્લી ભેટ સ્વીકારો ને પાછા સિધાવો. હવે કદી આવશો નહિ. અંતે બ્રાહ્મણીને પણ ભાન થયું કે પાડોશણની સંગે ચઢી ન હોત તો આ સ્થિતિ ન આવત.

હવે શ્રેણીક રાજાને મુનિએ કહ્યું કે તું અનાથ છે તો મારો નાથ કેવી રીતે થઇશ? આ શબ્દો રાજાને કહેવા તે જેવી તેવી વાત ન હતી. પણ સાચા સંતો સાચી વાત સમજાવતી વખતે કોઇની શરમ ધરતા નથી. શ્રેણીકરાજાને જરા દુઃખ તો થયું પણ પાછી એની વિચારધારાએ વળાંક લીધો કે હું મહાન સમ્રાટ રાજા છું એવું આ મુનિ જાણવા છતાં મને જો અનાથ કહે છે તો તેમાં પણ કંઇક રહસ્ય હોવું જોઇએ. વળી મારા કરતાં એ ઉત્તમ છે એટલે એ મહાન પણ હોઇ શકે એમાં કોઇ આશ્ચર્ય નથી. આ મુનિની વાત સત્ય લાગે છે. હવે શ્રેણીક રાજા મુનિને તેનું કારણ પૂછશે ને બંને વચ્ચે સંવાદ ચાલશે તેના ભાવ અવસરે કહેવાશે.

**ચરિત્ર :–** અંજના ઉપર કેતુમતીનો ક્રોધ ભભૂકી ઉઠયો છે. રાજાને કહે છે હવે એ પાંપિણીને જલ્દી વિદાય કરો. પ્રહ્લાદરાજા ખૂબ સજ્જન અને વિચાર શીલ હતા.

કદી અવિચારી કામ કરવાનું સાહસ ખેડે તેવા ન હતા એટલે કેતુમતીને કહે છે તું જરા શાંત થા. હું તપાસ કરાવીને બધો નિર્ણય કરું છું એમ કહી રાણીને સમજાવીને વિદાય કર્યા ને પ્રહ્લાદ રાજાએ પ્રતિહારીને બોલાવીને કહ્યું કે તમે અત્યારે મહામંત્રી શીલરત્નને બોલાવી લાવો. રાજાની આજ્ઞા થતાં પ્રતિહારી રાજાને નમન કરી બહાર નીકળ્યો. ને સમાચાર મળતાં મહામંત્રી રાજમહાલયમાં આવી પહોંચ્યા. પ્રહ્લાદ રાજાએ મહામંત્રીને બેસવા માટે આસન આપ્યું. નમન કરીને પૂછ્યું–મહારાજા! અચાનક આ સેવકને શા માટે યાદ કરવો પડયો? રાજા કહે મહામંત્રી! એક ગંભીર ઘટના બની ગઈ છે. મહામંત્રી મૌન રહ્યા એટલે રાજાએ ગંભીરતાપૂર્વક પૂછ્યું. અંજના ગર્ભવંતી બની છે. મહારાણી નજરે જોઈને આવ્યા છે. પછી આપે શું વિચાર્યું? જરા પણ અચકાયા વિના મહામંત્રીએ કહ્યું. રાજા કહે છે મને તો કાંઈ સમજ પડતી નથી. અંજનાની પવિત્રતા વિષે હજુ મારા મનમાં શંકા ઉઠતી નથી. જ્યારે બીજી બાજુ અંજના ગર્ભવંતી છે એ વાત એટલી સત્ય છે. આપણે સૌ જાણીએ છીએ કે બાર વર્ષથી પવનકુમાર અંજના સામે જોતો નથી તો પછી આ ગર્ભ કોનાથી રહ્યો? રાજાએ પોતાની મૂંઝવણ વ્યકત કરી.

મહામંત્રી કહે છે સાહેબ! અંજના આ અંગે શું માહિતી આપે છે તે આપે જાણ્યું? મંત્રીએ વાતની પૂરી માહિતી મેળવવા આ પ્રમાણે કહ્યું. રાજા કહે છે કેતુમતી આગળ તેણે એમ કહ્યું કે જે દિવસે પવનકુમારે લંકા તરફ પ્રયાણ કર્યું તે રાત્રે તે અંજના પાસે આવ્યા હતા અને ત્રણ દિવસ તેને ત્યાં ગુપ્તપણે રહી તેના નામની મુદ્રિકા આપીને ગયો છે અને તેનો ગર્ભ રહ્યો છે. આ વાત સાંભળી મહામંત્રી પણ વિચારમાં પડી ગયો. બાર બાર વર્ષના ગાળામાં મહામંત્રીએ અંજનાના સતીત્વની ઘણી પ્રશંસા સાંભળી હતી. પવનકુમારે તેનો ત્યાગ કર્યો હોવા છતાં અંજના કદી પવનજીનું વાંકુ બોલી નથી. પવનજીની ગેરહાજરીમાં અંજના પોતાના શીલનું કેવું ઉચ્ચ જતન કરે છે તે વાત પણ આખું નગર જાણે છે. આવું એક ઉત્તમ સ્ત્રી રત્ન આજે કલંકિત બની રહ્યું છે. એ વિચારે મહામંત્રી ક્ષણવાર સ્તબ્ધ બની ગયા. ને તેમણે વિચાર્યું શું મનુષ્યના જીવનમાં ભૂલ થઈ જવી સંભવિત નથી? સાગર તરીને કિનારે આવતાં મનુષ્ય ડૂબી નથી જતો? આ રીતે ભલે બાર વર્ષ સુધી અંજનાએ પોતાના શીયળને સાચવ્યું પણ શું આજે તે ભૂલ ન કરી બેસે? અને પોતાની ભૂલ છૂપાવવા જુઠું પણ ન બોલે? મહારાજા! આ માટે આપણે અત્યારે ને અત્યારે નિર્ણય કરવા જતાં આપણે કોઈને અન્યાય કરી બેસીશું માટે મને આજનો દિવસ ને એક રાત તક આપો. હું એ અંગે બનતી તપાસ કરીને આવતી કાલે પ્રભાતમાં મળીશ. આ રીતે મંત્રીએ રાજાને કહ્યું.

રાજા કહે છે પણ કેતુમતીએ તો તાબડતોબ અંજનાને વિદાય કરવાનું તો કહ્યું છે. ક્ષમા કરજો મહારાજા! મહારાણીએ આવી ઉતાવળ ન કરવી જોઈએ. આપ મહારાણીને

આજનો દિવસ રાહ જોવા માટે સમજાવો, કાલે સવારે તો આપણે યોગ્ય નિર્ણય કરવાનો છે. પણ રાણીનો સ્વભાવ જીદ્દી છે. એ ન સમજે તો શું કરવું? મહામંત્રી કહે છે તો પ્રજામાં અસંતોષ ફાટી નીકળશે કારણ કે પ્રજાને અંજના માટે માન છે. લોકો અંજનાને સતી માને છે. અને જો એકાએક કાઢી મૂકવામાં આવશે તો પરિસ્થિતિ બગડી જશે.

મંત્રીજી! તમારી વાત તદ્દન સાચી છે. કારણ કે પ્રજાને ક્યાં ખબર છે કે પવનકુમારની ગેરહાજરીમાં અંજના ગર્ભવંતી થઇ છે! એટલે કોઇ પણ રીતે કેતુમતીને સમજાવી કાલ સુધી રાહ જોવાનું નક્કી કરાવી મહામંત્રી મહારાજાની આજ્ઞા લઇને પોતાના નિવાસસ્થાને આવ્યા. અને પોતાના ગુપ્ત મંત્રણાલયમાં જઇને તરત પોતાના વિશ્વાસપાત્ર જયનાદ નામના ગુપ્તચરને બોલાવ્યો. આ જયનાદ મહામંત્રી શીલ રત્નનો વ્યવહાર ચતુર અને બાહોશ ગુપ્તચર હતો. અનેક વિકટ પ્રસંગોમાં તેણે પોતાની ચતુરાઇ અને બાહોશી દર્શાવી મહામંત્રીનું ચિત્ત હરી લીધું હતું. જયનાદ પ્રણામ કરીને મહામંત્રીની બાજુમાં બેસી ગયો. મહામંત્રીએ તેને બધી વાત સમજાવી. અને એ અંગેની અગત્યની માહિતી મેળવી લાવવા આજ્ઞા કરી. હવે આ ગુપ્તચર અંજનાના મહેલે જશે ને શું માહિતી મેળવી લાવશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં.-૩૧

**શ્રાવણ વદ ૨ ને શનિવાર** **તા. ૨૩-૮-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

જગત વંદનીય, પરમ તારક જિનેશ્વર ભગવંતોએ માનવને જીવન જીવવાની કળા બતાવી છે. જીવના પૂરા સદ્દભાગ્ય હોય તો પરમાત્માની પ્રરૂપેલી પવિત્ર વાણી સાંભળવાનો શુભ અવસર મળે. જ્ઞાનીઓ કહે છે હે માનવ! તેં બધાને ઓળખ્યા પણ તેં તને પોતાને ઓળખ્યો નથી. હવે સ્વ તરફ વળ અને વિચાર કર કે મારું કર્તવ્ય શું? જ્યારે સ્વ તરફનું ભાન થશે ત્યારે અંતરાત્મા બોલી ઊઠશે. ઊઠ ઊભો થા. કર્તવ્યની કેડી તારી રાહ જુએ છે. કર્તવ્યનો સાદ તને શું નથી સંભળાતો? કર્તવ્યનું પાલન કરવા તારા જીવનનું બલિદાન આપી દે. જે કર્તવ્યને સમજતો નથી તેની આકૃતિ માનવની છે, પ્રકૃતિ પશુની છે ને કૃતિ રાક્ષસની છે. જો જીવનમાં માનવતાના તેજ પ્રગટાવવા હોય તો સદાચારની સૌરભ માણી લો. તમે જાણો છો ને કે મહાન પુરૂષો મહાન ક્યારે થયા? શું તેમને બે હાથને બદલે ચાર હાથ હતા? ના. જીવનમાં સદાચારની સૌરભ ફેલાવી તેથી મહાન થયા. ભગવાન મહાવીર રાજમહેલમાં હતા ત્યારથી તેમના અંતરમાં કર્તવ્યનો નાદ ગાજી ઊઠયો હતો. શું મારો જન્મ અને મારું જીવન ચાર દિવાલના ખાનામાં

સમાપ્ત થશે? ના. ભોગવિલાસ અને મોજશોખ એ શું મારું કર્તવ્ય છે? ના. મારું કર્તવ્ય તો સમજવું અને સમજાવવું, કરવું ને કરાવવુ, સાચા રાહે જવું ને બીજાને લઇ જવા આ મારૂં કર્તવ્ય છે.

મારા બંધુઓ! વિચાર કરો. આ જીવનમાં તમને પાપનો ભય લાગ્યો છે ખરો? જો લાગ્યો હશે તો પોકાર થયા વિના નહિ રહે. વીંછીએ ડંખ દીધો હોય તો તેની કેવી રાડ પડે? કાળો નાગ સામો દોડયો આવે તો કેવી રાડ પાડો છો? કરડયા પહેલા રાડ પાડો ને? વીંછી કે નાગનો ભય લાગે છે તેટલો પાપનો ભય હોય તો રાડ નીકળી જાય. પણ પાપને જીવ ઢાંકે છે. પાપ કરતી વખતે એમ વિચાર કરે છે કે કોણ જુએ છે? ભલે બીજા નહિ જાણે પણ અત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા બે ક્રોડ કેવળી ભગવંતો દેખે છે તેનું શું? અને અનંતાસિદ્ધ ભગવંતોથી શું જીવના પાપ ગુપ્ત છે ખરા? જો આટલું જીવ સમજે તો ગુપ્ત પાપ કરે ખરો? તત્ત્વજ્ઞાનીઓએ પાપનો ભય પાપભીરૂ તે ગુણ જણાવ્યો છે. થએલા પાપનો ડંખ જો કારમી વેદના સમાન લાગે તો આત્મા પાપથી પાછો વળ્યા વગર નહિ રહે. સાંભળો, જેને પાપનો ભય લાગે છે તેવા મહાન આત્માઓ રાજ્યમાં પણ લોભાતા નથી. એ કોણ? જાણો છો? અભયકુમાર. તેણે રાજ્યનો પણ મોહ ના કર્યો- તમારી આટલી તૈયારી છે ને? પાપભીરૂતા અને મૈત્રી આદિ ચાર ભાવનામાં રમણતા કરવી એ સમ્યક્ત્વની નિશાની છે. પાપનો ભય લાગે ત્યારે સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ આવે ને? આ બધા ગુણો એક એકની સાથે સંકળાયેલા છે.

સમ્યક્દૃષ્ટિ જીવને પાપનો ડંખ લાગે છે. પાપભીરૂતા એ સમ્યક્ત્વની નિશાની છે. પણ સમ્યક્ત્વની પ્રતીતિ ક્યારે થાય? જેમ કોઇ માણસને વીંછી કરડયો હોય, તેની અસહ્ય વેદના થતી હોય, તે વેદનાથી તરફડતો હોય તેને એ સમયે એમ થાય કે જાણે કોઇ મને મારી નાંખે તો પણ આવી વેદના ના થાય. આવી અસહ્ય વેદના ભોગવતો હોય તે સમયે તેને શું ધન -સંપત્તિનો વિચાર આવી શકે? સંસારની ભોગલાલસાના વિચારમાં એનું ચિત્ત પરોવી શકે? અથવા કોઇ સબંધી આવે તો તેની સાથે વાત કરવામાં પણ એનું મન લાગે ખરૂં? ધંધામાં આ વર્ષે નફો થાય તો સારૂં, દીકરીને સારો મુરતીયો મળે તો સારૂં, આવા વિચારમાં પણ મન લાગે ખરૂં? અરે, તમારા શ્રીદેવી કહે કે ટી. વી. ઉપર સારો પ્રોગ્રામ આવ્યો છે તો તમે ટી. વી. જોવામાં મન પરોવો તો વેદના ઓછી થશે. તો શું કહો? મારે તારૂં ટી. વી. જોવું નથી. દેવાનુપ્રિયો! કારમી વેદનાના કારણે તેનું ચિત્ત ક્યાંય પણ ઠરતું નથી. ને એ શું ઇચ્છે છે કે વીંછીના દારૂણ ડંખની વેદના કોઈને થશો નહિ.

બંધુઓ! એક વીંછી કરડયો છે તેની વેદનામાં બીજું બધું ભાન ભૂલી જવાય છે તો જેને કર્મરૂપી અનેક વીંછી કરડેલા છે તેની શી દશા થાય? તેને કેટલી વેદના

થાય ? જેણે મિથ્યાત્વનું ક્લોરોફોર્મ સૂંઘ્યું છે તેને આ વાત ન સમજાય. તેને વીંછી કરડે તો પણ તેના ડંખની વેદના સાલતી નથી. પણ જેણે ક્લોરોફોર્મ નથી સૂંઘ્યું તેને તો વેદનાનો અનુભવ થાય ને ? વીંછી અને સર્પમાં ફેર છે એ તમે જાણો છો ? વીંછી ચેતનાને જાગૃત કરે છે, ઊંઘને દૂર કરે છે. પોતાની સાચી સ્થિતિનું ભાન કરાવે છે. જ્યારે સાપ નિદ્રા લાવે છે. કવખતે પણ નિદ્રા લાવે છે ને ભાન ભૂલાવી દે છે. પણ કર્મરૂપી વીંછીની રીત જુદી છે. કર્મરૂપી વીંછી વેદના પણ કરે ને જાગૃતિનો નાશ પણ કરે. કર્મનો વીંછી ડંખે છે, વેદના ઉપજાવે છે પણ એ ભાન દુનિયાના દરેક જીવોને થતું નથી. જેણે ક્લોરોફોર્મ નથી સૂંઘ્યું એટલે કે જેને જ્ઞાન થયું છે, જેને મિથ્યાત્વરૂપી ક્લોરોફોર્મનું ઘેન ચઢયું છે તેને નથી કર્મના વીંછીનો ડંખ લાગતો કે નથી તેની વેદના થતી. ક્લોરોફોર્મ સૂંઘાડીને કોઈનું પેટ ચીરી નાંખવામાં આવે તો પણ તેને ખબર પડતી નથી. પણ ક્લોરોફોર્મનું ઘેન ઊતરી ગયા પછી તેને ઘણી વેદના થાય છે, તેમ જ્યાં સુધી માનવીનું મન મિથ્યાત્વ દશામાં ઘેરાયેલું હોય ત્યાં સુધી કર્મોએ તેને કેટલો રખડાવ્યો, કર્મોને કારણે કેવા કેવા કષ્ટો વેઠવા પડયા છતાં જીવને ભાન થતું નથી. ક્લોરોફોર્મનો નશો ઊતરે પછી કેટલું લોહી વહી ગયું, કેટલું વજન ઘટયું વિગેરે શરીરની સાચી સ્થિતિનું ભાન થાય છે. તેમ મિથ્યાત્વનું ક્લોરોફોર્મ ઊતર્યા પછી આત્માને કર્મવીંછીએ કેવી રીતે ડંખ દીધા, શુભ વૃત્તિઓનો કેવી રીતે નાશ કર્યો, ધર્મના માર્ગે જતાં શી રીતે રોકયા વિગેરે સત્ય વસ્તુનું ભાન થાય છે. જ્યાં કર્મના ડંખને વીંછીનો ડંખ માનશો ત્યાં તમને સૌથી પ્રથમ એ વિચાર આવશે કે દુનિયાના બધા જીવોને આ ડંખથી હું બચાવું.

દેવાનુપ્રિયો ! જેને કર્મરૂપી વીંછીની વેદનાનું પુરેપુરું ભાન થાય છે તેને સાચું સ્વરૂપ સમજાય છે. તેને એમ થાય છે કે આવી વેદના કોઈને ના થાય તો કેવું સારું ? હવે વીંછીના ડંખની વેદનાથી હેરાન થનાર માણસ શેની ઇચ્છા રાખે ? તે કોઇ પણ ઉપાયે મારી વેદના કેમ મટે એ ઇચ્છે છે. પછી ભલે વીંછી ઉતારનારો દાતણની ચીરીથી વેદના મટાડે પણ હવે મટાડનારો જોઇએ છે. વીંછી ઉતારનારને કોઇ બોલાવવા જાય, તે આવતો દેખાય અને આવીને ઉતારવાની ક્રિયા કરવા માંડે ત્યારે પેલા માણસને કેટલો આનંદ થાય ? વીંછીની વેદના ચાલુ હોય છતાં આનંદ થાય છે. આનું કારણ શું ? હવે વીંછીના ડંખની વેદના મટી જશે. આ વાત ધ્યાનમાં લેશો તો જરૂર સમજાશે કે હવે કર્મના કાંટાને કાઢવાની પણ જરૂર છે. જેઓ કર્મનો કાંટો જોઇ શકે છે તેમને કાંટો કઢાવવાનું મન થાય છે. જેમને કાંટો વાગ્યો છે, તેની વેદના થાય છે તેઓ જરૂર સમજે છે કે દેવ–ગુરૂ અને ધર્મ આ વિષમ વેદનાને મટાડવા માટે સમર્થ છે. આવી શ્રદ્ધા થાય પછી દેવ–ગુરૂ–અને ધર્મની આરાધના કરે તેથી કર્મના કાંટા દૂર થાય પછી તેને કેટલો આનંદ થાય ? વીંછીની વેદનાનો અનુભવી માણસ વીંછી ઉતારવાની વાત થતાં

આનંદ ન પામે તે બને ખરું ? હા. જેને વીંછી કરડયો નથી તેને વેદનાનો અનુભવ થયો નથી તે આનંદને ન સમજી શકે. બાકી જેને અનુભવ છે તેને તો જરૂર આનંદ થાય. તેમ આપણે કર્મરૂપી વીંછીની વેદનામાં ઘેરાયેલા છીએ. તે વેદના મટાડનાર કોઇ આવે તો આત્માને કેટલો આનંદ થાય ? જિનેશ્વર ભગવંત રૂપી અથવા સદ્‌ગુરૂ રૂપી વૈદો કર્મરૂપી વીંછીના ડંખની વેદનામાંથી મુક્તિ અપાવનાર છે. એમ સમજણ આવે કે તરત જીવને આનંદ થાય છે. તે આનંદ ખરેખર અવર્ણનીય હોય છે. એ આનંદ થયા પછી આપણે એ સદ્‌ગુરૂ ભગવંતોની આજ્ઞાનું પાલન કરીએ ત્યારે સમ્યક્‌ત્વની પ્રાપ્તિ થઇ છે એ જાણી શકાય.

બંધુઓ ! જેની રગેરગે સમ્યક્‌ત્વ સ્પર્શી ગયું છે તેને ક્ષણેક્ષણે પાપનો ભય લાગે છે. જેને પાપનો સાચો ભય લાગે છે તેને સંસાર ગમતો નથી. અભયકુમારને શ્રેણીક રાજા મગધનું રાજ્ય આપવા તૈયાર થયા ત્યારે તેણે ના પાડી, પણ ખૂબ આગ્રહ કર્યો ત્યારે કહે છે પિતાજી ! હું ભગવાનને પૂછીને આવું છું. ભગવાન પાસે જઇને અભયકુમારે પૂછયું–હે પ્રભુ ! છેલ્લામાં છેલ્લો મુગટબંધી રાજા કોણ દીક્ષા લેશે ? ત્યારે ભગવાને કહ્યું– હે અભય ! ઉદાયન રાજાએ દીક્ષા લીધી છે. હવે કોઇ મુગટબંધી રાજા દીક્ષા લેશે નહિ. ત્યારે અભયે શ્રેણીક રાજાને કહ્યું હે પિતાજી ! હવે હું રાજ્ય નહિ લઉં. કારણ કે રાજેશ્વરી તે નરકેશ્વરી. રાજ્ય લઇને નરકગતિના મહેમાન મારે થવું નથી અને એવા કોણ પિતા હોય કે પોતાના પુત્રને દુઃખી કરવા ઇચ્છે ? અભયકુમારે રાજ્યનો મોહ છોડી દીધો. તમને કોઇ રાજ્ય આપવાનું કહે તો તમે શું કરો ? લઇ લો કે જતું કરો ? બોલો તો ખરા. (હસાહસ). એને રાજ્ય લેવું ન હતું ને તમને મળે તો છોડવું નથી. આવી રાજ્ય સંપત્તિનો ત્યાગ કરી અભયકુમારે દીક્ષા લીધી. દીક્ષા લઇને ગુરૂના ચરણમાં અર્પણ થઇ ગયા. દીક્ષા એટલે સર્વ સ્નેહના બંધનો તોડવા. સંસારી સગાનો સ્હેજ પણ રાગ રહી જાય તો તે રાગ જીવને ભવમાં ભમાવે છે અને અનંતા જન્મ–મરણ કરાવે છે. પણ જો એ રાગ છોડીને સદ્‌ગુરૂની આજ્ઞાને આધીન થાય છે ને તેમની આજ્ઞાનું યથાતથ્ય પાલન કરે છે તે મહાન સુખી બને છે. અહીં એક દૃષ્ટાંત યાદ આવે છે.

એક ભરવાડનો છોકરો બકરા લઇને ગામ બહાર જંગલમાં ચરાવવા જતો હતો. ઘણી બકરીઓ હતી તેમાં એક બકરી કાબરચીતરી હતી. એ બકરી ભરવાડના છોકરાને ખૂબ વહાલી હતી અને તેને તે કાબલી કહીને બોલાવતો ને એને ખૂબ લાડ લડાવતો. એક દિવસ ચરાવવા ગયો. લીલુંછમ ઘાસ ચરતાં ચરતાં કાબલી ઘણે દૂર નીકળી ગઇ. સાંજ પડી ગઇ. પેલો ભરવાડનો છોકરો બધી બકરીઓને હાંકી લાવ્યો પણ કાબલીને ન જોઇ. એટલામાં ખૂબ તપાસ કરી પણ કાબલી મળી નહિ. એટલે બીજી બકરીઓને

લઇને પાછો ફર્યો. આ તરફ કાબલી ચારો ચરીને જ્યાં એનો ભરવાડ બેઠો હતો ત્યાં આવી. કાબલીને પણ ભરવાડના છોકરા પ્રત્યે ખૂબ પ્રેમ હતો. એને ન જોયો, એના પરિવારના બકરાને ન જોયા એટલે એના દિલમાં ખૂબ દુઃખ થયું. ખૂબ ગભરાઇ ગઇ. રાત પડી ગઇ છે. વળી એને રસ્તાનો પણ ખ્યાલ નથી. કયાં જવું ? વિકરાળ જંગલ હતું. સિંહની ગર્જના સંભળાવા લાગી. બકરી થરથર ધ્રુજવા લાગી. ત્યાં એક સિંહને આવતો જોયો. તેના મનમાં થયું કે નક્કી હવે આ સિંહ મને ફાડી ખાશે. એણે વિચાર કર્યો કે હવે મરવાનું છે એ નક્કી છે તો જો બચી શકાય તો બચવાનો ઉપાય કરું, એમ વિચાર કરીને કાબલી બધી હિંમત ભેગી કરી દોડતી છલાંગો ભરતી સિંહની સામે ગઇ. ત્યારે સિંહ વિચાર કરવા લાગ્યો. અહો ! મને દેખીને ભલભલા બળવાનની છાતી ફાટી જાય ત્યારે આ નાનકડી બકરી કેટલી નીડર બનીને મારી સામે આવે છે ! જ્યાં સિંહ નજીક આવ્યો ત્યાં એકદમ દોડીને સિંહની ડોકે વળગીને બોલી—મામા ! મામા ! તમે આવ્યા ? હું તમારી કેટલી રાહ જોતી હતી ? તમને જોઇને આજે મને ખૂબ આનંદ થયો. આમ એવું મીઠું મીઠું બોલવા લાગી કે ક્રૂરમાં ક્રૂર સિંહનું દિલ પણ પીગળી ગયું. ને તેને પોતાની પીઠ ઉપર બેસાડી દીધી. તેને કાબલી ઉપર ખૂબ વહાલ આવ્યું. ખૂબ લાગણી થઈ ને કહ્યું-તું આજથી મારી ભાણેજડી થઇ જા. આજથી કોઇ વનચર પ્રાણી તારું નામ નહિ લઇ શકે. આ મઝાનું લીલા-ઘાસથી ભરચક વન છે તેમાં તું હરજે, ફરજે ને ચરજે.

આ રીતે સિંહ બકરીને વહાલથી કહી રહ્યો છે ત્યાં હાથી આવ્યો. હાથી સિંહને જોઇ ગભરાયો. ત્યારે સિંહ કહે છે તું ગભરાઇશ નહિ. હું તને ખાઇશ નહિ, પણ એક શરતે, જો આ બકરીને મેં મારી ભાણેજ બનાવી છે. એટલે તારે દરરોજ આ મારી લાડકવાયી ભાણેજને તારી પીઠ ઉપર બેસાડીને આ જંગલમાં ફરવા લઇ જવાની. એને જ્યાં સારો ચારો હોય ત્યાં ચરાવીને પાછી મારે ત્યાં મૂકી જવાની. હાથીએ સિંહની વાત માન્ય કરી. દરરોજ કાબલીને પોતાની પીઠ ઉપર બેસાડીને ફરવા લઇ જતો. સિંહને મામા કર્યા એટલે કાબલીબહેનના તો માન વધી ગયા. હવે તો કોઈ જંગલી પ્રાણી એનું નામ ન લઇ શકે.

બંધુઓ ! કાબલીને સિંહ જેવો મામો મળ્યો તો કામ થઇ ગયું. જંગલમાં નીડર બનીને સ્વેચ્છાપૂર્વક વિચરવા લાગી. આપણને પણ આપણા મહાન પુણ્યોદયે ભગવાન મહાવીરનું ઝળકતું શાસન મળ્યું છે. જો શાસન પ્રત્યે પ્રેમ જાગે તો કોની તાકાત છે કે આપણી સામે ગમે તેવા પાખંડી મતના પ્રહાર પડે છતાં તે આપણને હરાવી શકે ? કોઇ તેને શ્રદ્ધાથી ડગાવવા સમર્થ બની શકતું નથી ને તેને તો કોઇ જાતનો ભય રહેતો નથી. આ કાબલી તો જંગલમાં મસ્તાન બનીને ફરે છે. સુખ અને

આનંદનો પાર નથી, પણ એક વખત જે જંગલમાં કાબલી છે ત્યાં પેલો ભરવાડનો છોકરો બકરા ચરાવવા માટે આવ્યો. બકરીએ દૂરથી તેને જોયો એટલે તેને તેની મમતા યાદ આવી ગઈ. પૂર્વના સ્નેહનું સ્મરણ થતાં કાબલી ઉદાસ બની ગઈ. ત્યાં હાથી એને ફરવા લઈ જવા માટે આવ્યો. કાબલીને ઉદાસ જોઈને પૂછે છે કે કાબલીબહેન! તમે આજે કેમ આટલા બધા ઉદાસ બની ગયા છો? ખૂબ પૂછે છે પણ તે કંઈ બોલતા નથી. મોઢું મચકોડીને બેઠા છે. હાથી કહે છે તમે તો વનરાજના ભાણીબા થયા છો ને અમે તમારા નોકર છીએ. આટલું બધું સુખ હોવા છતાં શું ઓછું આવ્યું એ તો કહો. પણ કાબલી કંઈ ન બોલી એટલે હાથી સિંહ પાસે જઈને કહે છે વનરાજ! તમારા ભાણીબા તો ખૂબ લાડકવાયા ને માનીતા છે. હું તેમને ફરવા માટે લેવા આવ્યો છું પણ એ તો ઉદાસ થઈને બેઠા છે. મેં એમને ખૂબ મનાવ્યા. પણ તે બોલતા નથી. સિંહ તેની પાસે આવીને પૂછે છે ભાણી! તને શું થયું છે? મારે ઘેર આટલું બધું સુખ છે છતાં તને શું ઓછું આવ્યું? ત્યારે કહે છે હું જેને ત્યાં રહેતી હતી તે ભરવાડનો છોકરો જંગલમાં આવ્યો છે. એ મને ખૂબ વહાલો છે ને એને હું ખૂબ વહાલી છું. એ મને ખૂબ લાડ લડાવતો હતો. એનો પ્રેમ મને ખૂબ યાદ આવ્યો છે. માટે હવે મારે અહીં રહેવું નથી. મારે એને ઘેર જવું છે. સિંહ કહે છે જો તું ખૂબ વહાલી હતી તો આટલા દિવસ થઈ ગયા છતાં તને શોધવા કેમ ન આવ્યો? તું જેને છોડીને આવી છું ત્યાં જવાનો હવે વિચાર ન કર. ત્યાં જવાથી તારૂં જીવન જોખમમાં મૂકાશે. અહીં મસ્ત બનીને આનંદથી રહે ને ખાઈ પીને મઝા કર. ખૂબ સમજાવવા છતાં કાબલી માની નહિ એટલે સિંહે હાથીને કહ્યું—કે હવે એને તારી પીઠ ઉપર બેસાડીને એને ઘેર મૂકી આવ.

કાબલીને પીઠ પર બેસાડીને હાથી ગામ તરફ આવી રહ્યો છે. ગામ નજીક આવતાં કૂતરા હાથીને જોઈને ખૂબ ભસવા લાગ્યા, હેરાન કરવા લાગ્યા એટલે હાથી કાબલીને પાદરમાં ઉતારીને કહે છે હવે તું તારે ઘેર પહોંચી જા. એમ કહીને હાથી ચાલ્યો ગયો. ને કાબલી તેના માલિકના ઘેર પહોંચી ગઈ. ભરવાડનો છોકરો કહે છે કાબલી! તું આવી? એમ કહીને કાબલીને રાખી ને પૂછયું. કાબલી! તું કયાં ગઈ હતી? ત્યારે કાબલી કહે છે સિંહ મારા મામા બન્યા છે એટલે હું તો ખૂબ મસ્ત રીતે રહેતી હતી. પણ ભાઈ! મેં તને જોયો ને મને તું યાદ આવ્યો એટલે હું પાછી આવી છું.

હવે અહીંયા એવું બન્યું છે કે આ ગામનો અમલદાર હંમેશાં એક બકરાને મારીને તેનું માંસ ખાતો હતો. એટલે ગામમાં જેને ઘેર બકરા હોય તેને એકેક બકરી અમલદારને આપવી પડતી હતી. હવે આ ભરવાડના ઘરનો વારો આવ્યો. કઈ બકરીને આપવી? કાબલી જંગલમાં રહીને રોજ લીલો ચારો ખાઈને ખૂબ અલમસ્ત બની હતી. *એટલે ભરવાડ કહે આ કાબલી કાબરચીતરી છે ને બીજી બધી બકરીઓ ધોળી છે.*

માટે કાબલીને આપી દઉં. તે કાબલીને આપવા તૈયાર થયો. આ સંસાર કેવો સ્વાર્થમય છે! જેના પ્રત્યે ભરવાડના દીકરાને ઘણો રાગ હતો તેને આજે મૃત્યુના મુખમાં ધકેલી દેવા તૈયાર થયો. આવા સંસારને નવ ગજથી નમસ્કાર. કાબલી અમલદારને આપી તેને ઘેર લઈ જઈને એક ધડાકે તેનું માથું ઉડાવી દીધું. ત્યાં તેણે ઘણી બૂમો પાડી પણ કોણ બચાવે? સિંહની સુરક્ષિત ગોદ છોડીને ભરવાડના મોહમાં પડી તો તેનું મસ્તક ધડથી જુદુ થઈ ગયું. તેણે ભરવાડને ખૂબ આજીજી કરી કે હું સુખ છોડીને તારી પાસે આવી ને તેં આ શું કર્યું? ભરવાડ કહે મારે ને તારે શું લાગે વળગે? એમ કહીને છૂટી ગયો.

બંધુઓ! સંસાર કેવો સ્વાર્થમય છે! જે સાધક સાધુપણું લઈને સંસારીના મોહમાં ફસાય છે ને સંયમ માર્ગ છોડી દે છે, ગુરૂની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે તેની દશા કાબલી જેવી થાય છે. તે દુર્ગતિમાં ફેંકાઈ જાય છે. સાધુપણું લેનાર આત્માએ સંસારના તમામ સબંધોને ભૂલવા પડે છે. ઉપરથી સાધુપણાના વેશ પહેરીને નીકળી ગયા પણ અંદરનો રાગ છૂટયો નહિ તો આત્મસાધના સાધી શકાશે નહિ. કર્મના બંધન તોડવાને બદલે બંધાય છે. માટે તરવા માટે જો કોઈ સાધન હોય તો ભગવંતની અને સદ્દગુરૂની આજ્ઞા છે. જે શિષ્ય ગુરૂની આજ્ઞા પ્રમાણે ચાલે છે તે કર્મના ભુકકા ઉડાવી કલ્યાણ સાધી જાય છે તેમ તમારે પણ આ વાત ખૂબ સમજવા જેવી છે. સંસારમાં કોઈ કોઈનું સગું નથી. આ બધી સગાઈ સ્વાર્થની છે એમ સમજીને મમતા છોડી દો.

જેણે સંસારના સંબંધની સાંકળ તોડી નાંખી છે, સંયમ અને તપના ઝૂલે આત્મ મસ્તીમાં ઝુલી રહ્યા છે તેવા અનાથી નિર્ગ્રંથને શ્રેણીક રાજાએ કહ્યું કે આ સુંદર દેહ દ્વારા સંસારના સુખ ભોગવી લો. તમારો કોઈ નાથ નથી તો હું તમારો નાથ બનીને તમારૂં રક્ષણ કરીશ. તેના જવાબમાં મુનિએ કહ્યું.

**अप्पणा वि अणाहोसि, सेणिया मगहाहिवा ।**
**अप्पणा अणाहो सन्तो, कस्सनाहो भविस्ससि ।।**

ઉત્ત. સૂ. અ. ૨૦ ગાથા ૧૨.

હે રાજન્! તું પોતે અનાથ છે ત્યાં મારો નાથ કેવી રીતે બની શકીશ? તું સમજે છે આ શરીર ભોગોપભોગ માટે છે. એ વિચાર આવતાં આત્મા ગુલામ અને અનાથ બની જાય છે. તમે એમ સમજો છો કે અમુક વસ્તુ અમારી પાસે છે એટલે અમે તેના માલિક છીએ. પણ જ્ઞાનીઓ કહે છે કે તમારી પાસે જે વસ્તુ છે તેને લીધે તમે અનાથ બનેલા છો, માની લો કે કોઈ માણસ સોનાની કંઠી પહેરીને અભિમાન કરે છે કે મારી કંઠી કેવી સરસ છે. મારા જેવી કંઠી કોઈની પાસે નથી. તો જ્ઞાની કહે છે તું સોનાનો ગુલામ બની ગયો છે, મહાપુરૂષો શરીરને કેવળ સાધન રૂપ માને છે, પણ

તેમને શરીર ઉપર જરા પણ મમત્વ નથી. માની લો કે કોઈ સંત જંગલમાં જઈ રહ્યા છે ને બીજો એક માણસ હીરાજડિત સોનાના દાગીના પહેરીને જંગલમાં જઈ રહ્યો છે. રસ્તામાં તેમને એક ચોર મળ્યો. ચોરને જોવા છતાં મહાપુરૂષ તો પોતાના ધ્યાનમાં ચાલ્યા ગયા. જ્યારે જેણે હીરાના દાગીના પહેર્યા હતા તે ભાગ્યો. પણ ચોરે તેને પકડીને લૂંટી લીધો. એટલે તે રડવા લાગ્યો. તે સોના અને હીરાનો ગુલામ હતો. તેથી તેને રડવું પડયું. આ રીતે કોઈ પણ ચીજના ગુલામ થવાથી દુઃખી થવાનો પ્રસંગ આવે છે. આ સંસારના પદાર્થો તમને કેવી રીતે નાથ બનાવી શકે? અજ્ઞાની મનુષ્યો ઉપભોગ કરવામાં મનુષ્ય જન્મની સાર્થકતા સમજે છે. શ્રેણીક રાજા પણ અજ્ઞાન હતા તેથી મુનિને ભોગનું આમંત્રણ આપે છે.

મુનિએ કહ્યું તું પોતે અનાથ છે તો બીજાનો નાથ કેવી રીતે થઈશ? આ શબ્દો સાંભળતા રાજા એકદમ ચમકયા કે આ મુનિ શું બોલે છે? શું હું અનાથ છું? એ મને અનાથ કહેનાર કોણ? કોઈ બીજાએ મને આવા શબ્દો કહ્યા હોત તો હું તેને કડક શિક્ષા કરત. પણ આ તો મુનિ છે. એમને શું કહેવાય? મને કોઈએ અનાથ કહ્યો નથી. જ્યારે મારા પિતાજીએ મને દેશનિકાલ કરીને પહેર્યે કપડે કાઢી મૂકયો. એકલો વન-વગડાની વાટે જતો હતો ને જ્યાં ગામ આવે ત્યારે ગામમાં જતો. એ નંદાના પિતાની દુકાનમાં વણીક બનીને કામ કર્યા તો પણ મને કોઈએ અનાથ નથી કહ્યો. સૌ મને એમ કહેતા હતાં કે તમે મહાન છો, પુણ્યવાન છો ને આ મુનિ મને કહે છે કે તું અનાથ છે. કેવી આશ્ચર્યની વાત છે! કદાચ બનવા જોગ છે એ મારાથી પણ મોટા હોય માટે મને અનાથ કહે છે. પણ તેમને મારી સંપત્તિનો ખ્યાલ નહિ હોય. મુનિને રાજા શું જવાબ આપશે તેના ભાવ અવસરે કહેવાશે.

**ચરિત્ર :–** અંજના એક મહાન પવિત્ર સતી છે. તેના ચારિત્ર વિષે કોઈને શંકા નથી. પણ ગર્ભવંતી છે એટલે સાસુ કેતુમતીને તેના પ્રત્યે ખૂબ રોષ છે. એણે અંજનાને પોતાના ગામમાંથી કાઢી મૂકવા માટે રાજાને કહ્યું પણ પ્રહ્લાદ રાજા ખૂબ વિચાર શીલ હતા. એમનો પ્રધાન મંત્રી પણ વિચક્ષણ હતો. તેણે વિચાર કર્યો કે ચોકકસ ખાત્રી કર્યા પછી આગળ પગલું લેવું. કારણકે અવિચારી કામ કરવાથી ઘણી વખત તેનું પરિણામ ખરાબ આવે છે. મંત્રીએ તપાસ કરવા માટે પોતાના ગુપ્તચર જયનાદને અંજનાના મહેલે તપાસ કરવા મોકલ્યો. સાંજ પડવા આવી પણ ગુપ્તચર સમાચાર લઈને આવ્યો નહિ એટલે મંત્રીને ચિંતા થવા લાગી. કારણકે શું એ માહિતી લઈને આવે છે તેના ઉપર નિર્ણય કરવાનો હતો ને સવારે રાજાને મળવાનું હતું. મંત્રી ચિંતાતુર બનીને પોતાના મહેલમાં બેઠા હતા. બરાબર રાત્રીના દશ વાગે સમાચાર લઈને જયનાદ આવ્યો ને બંને જણા ગુપ્ત મંત્રણાલયમાં જઈને વાત કરવા બેઠા. મહામંત્રીએ પૂછયું કેમ માહિતી મેળવી?

જયનાદે કહ્યું હા જી. બધી માહિતી મેળવીને આવ્યો છું. હું અહીંથી સીધો અંજનાદેવી ના મહેલે ગયો હતો. એનો મહેલ તો શૂનકાર જેવો દેખાય છે ને ત્યાં તો દાસીઓ અને પટાવાળા બધા કલ્પાંત કરે છે. દરેકને અંજના પ્રત્યે ખૂબ માન છે. મહારાણીએ અંજનાને કાઢી મૂકવા માટે જે આજ્ઞા કરી છે તેનો એમના દિલમાં ભારે કચવાટ છે. મહેલમાં શું વાતો ચાલતી હતી તે હું તમને કહું. સાંભળો.

એક દાસી બોલી હું તો બાર બાર વર્ષથી આ મહેલમાં કામ કરું છું મે કોઇ પુરૂષને આ મહેલના પગથીયે ચઢતાં જોયો નથી. ત્યારે બીજી દાસી બોલી જો એને આવું ખરાબ કામ કરવું હોત તો બાર વર્ષો સુધી શા માટે આમ રહે? અને જો તેના મનમાં આવી વાસના હોત તો તેના ચેનચાળા દેખાયા વિના રહે? ત્રીજી દાસી બોલી પુરૂષનુ મન ક્યારે ફરી જાય તે કંઇ કહેવાય છે? યુધ્ધે ગયા ને વચમાં કોઇ નિમિત્ત મળ્યું હોય ને મન ફરી ગયું હોય તો રાતોરાત આવીને ચાલ્યા ગયા હોય! ચોથી દાસી બોલી એ વખતે વસંતમાલા અંજનાદેવીની સાથે હતી. તેણે તો પવનકુમાર અને તેમના મિત્રને જોયા છે તેમ છાતી ઠોકીને કહે છે. આ રીતે દાસીઓ અંદર અંદર વાર્તાલાપ કરતી હતી. ત્યાર પછી હું પાછળના ભાગમાં ગયો ત્યાં મહેલનો મુખ્ય ચોકીદાર ઘણો જુનો હતો તે બીજા ચોકીદારોને કહેતો હતો કે ભાઇઓ! અંજનાદેવી ઉપર આ ખોટું આળ ચઢાવવામાં આવ્યું છે. આટલા વર્ષ થયા મેં કોઈ દિવસ એ સતીને કોઈ પુરૂષ ની સાથે હસતી, બોલતી કે બેસતી જોઇ નથી. શણગાર સજતી જોઇ નથી. ગાતી સાંભળી નથી. એના માથે મહારાણીએ જે આરોપ મૂક્યો છે તેનું આપણને તો ખૂબ દુઃખ થાય છે. પણ સત્તા આગળ શાણપણ શા કામનું! એ આપણી વાત કંઇ થોડા સાંભળે છે! એમ કહેતા ચોકીદાર ચોધારે આંસુએ રડતો હતો. પછી હું સાતમા માળે ગયો ત્યાં તો કઠણ હૃદયના માનવીને પણ પીગળાવી દે તેવું કરૂણ દૃશ્ય હતું.

અંજના સતીની આંખમાંથી આંસુ સૂકાતા નથી. રડી રડીને તેમની આંખો સૂઝી ગઇ છે. તેમની સખી વસંતમાલા એકલી એમની પાસે બેસીને ભારે હૈયે આશ્વાસન આપે છે. તેના શબ્દો મને તો ઘણાં મહત્ત્વના લાગ્યા. કારણ કે જે વ્યક્તિ શંકાસ્પદ લાગતી *હોય તેની ખાસ નિકટની વ્યક્તિ તે વ્યક્તિ પાસે ખાનગીમાં જે કહેતી હોય, બોલતી* હોય તેના ઉપર ઘણો તોલ બાંધી શકાય. જયનાદે તપાસની રીત બતાવી.

વસંતમાલાના સ્વરમાં દર્દ હતું ને સાથે રોષ પણ હતો. તેણે અંજનાને કહ્યું ખરેખર! આ જગત ધિક્કારને પાત્ર છે. કેતુમતી એટલું પણ નથી સમજી શકતી કે તેં બાર બાર વર્ષો કેવા વીતાવ્યા છે? તારા સ્થાને જો એ હોત તો બતાવત કે ભરયુવાનીમાં બાર બાર વર્ષો પતિના વિરહમાં કેવી રીતે પસાર થાય છે! અને ભલે આજે એણે તારા ઉપર કલંક ચઢાવ્યું છે પણ જ્યારે પવનજી આવશે અને જાણશે કે અંજનાને કલંકિત

કરીને કાઢી મૂકી છે ત્યારે એ શું કરશે? એની ખબર તો ત્યારે પડશે. ખરેખર! જો એ ત્રણ રાત આવીને ગયા ત્યારે જો પિતાજીને, માતાજીને કે મહામંત્રીને કે કોઈને મળીને ગયા હોત તો આ પરિસ્થિતિ ન સર્જાત. પણ ખેર, અંતે સત્યનો વિજય થવાનો છે. બહેન! આપણને એમ લાગતું હતું કે હવે દુઃખના દિવસો પૂરા થયા પણ દુર્ભાગ્ય હજુ કસોટી કરી રહ્યું છે. આટલું બોલતાં વસંતમાલાની આંખોમાં આંસુ ઉભરાઈ આવ્યા ને અંજના ન દેખે તે રીતે આંસુ લૂછી નાંખ્યા. મહામંત્રીએ જયનાદની બધી વાતો સાંભળી હવે તે રાજાને કેવી રીતે વાત કરશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં. ૩૨

**શ્રાવણ વદ ૩ ને રવિવાર** **તા. ૨૪-૮-૭૫**

સમતાના સાધક, મમતાના મારક અને અહિંભાવના બાધક એવા સર્વજ્ઞ ભગવંતોની શાશ્વતીવાણી તેનું નામ સિદ્ધાંત. આ સિદ્ધાંતવાણીના નાદે અનાદિ કાળથી અજ્ઞાનમાં અથડાતા જીવોને સાદ કરે છે કે હે જીવ! તું જાગ. સંસાર સુખનો રસીક બનીને તેં વિનશ્વર આનંદ ઘણો મેળવ્યો પણ સ્વાનુભૂતિનો આનંદ નથી મેળવ્યો. બહારના આનંદથી તારા ભવની ભૂખ ભાંગશે નહિ. બાહ્ય આનંદ એટલે કયો આનંદ? આ દેહનો આનંદ. આ આત્માએ જડના ઝળકાટ મેળવવા જેટલી જહેમત ઉઠાવી છે તેટલી ચેતનના ઝળકાટ માટે ઉઠાવી નથી. બહારના આનંદથી તારા ભવની ભૂખ ભાંગશે નહિ કારણ કે બાહ્ય પદાર્થો બાહ્ય આનંદ આપે છે પણ આભ્યંતર આનંદ આપી શકતા નથી.

આ દુનિયામાં આત્મા સિવાયના જેટલા પદાર્થો છે તે જડ છે. આપણું શરીર પણ જડ છે. ને આ જડ શરીરમાં ચૈતન્યવંત આત્મા રહેલો છે. તેના કારણે તેનું મહત્ત્વ છે. આ શરીર રૂપી નૌકા છે. તેમાં બેસીને સંસાર સમુદ્રની સફરને સફળ કરવી છે. તમે નદી અગર સમુદ્રકિનારે ફરવા માટે ગયા. ત્યાં બે જાતની નૌકા ઊભી છે. એક નૌકામાં બેસવા માટે સુંદર સીટો છે ને તેનો ભભકો પણ ખૂબ છે. પણ તે હોડી પૂંઠાની છે. ત્યારે બીજી લાકડાની મજબૂત હોડી છે. તેનો બહુ ભભકો નથી. તો તમે કઈ હોડીમાં બેસવાની ઇચ્છા કરશો? બોલો. "મજબૂત" વાણીયાના દીકરા પાકા બહુ હોય. તમે એમ તો નહિ કહો કે અમે લાકડાની હોડીમાં બેસીશું. ત્યારે હું કહી દઉં. લાકડાની મજબૂત નૌકા સમાન સંયમ છે. તે તમને આ સંસારથી પાર ઉતારે છે. ને પૂંઠાની ભભકાદાર હોડી સમાન તમારો સંસાર છે તે તમને અનંત ભવમાં ભમાવે છે. બોલો, હવે કઈ હોડી ગમશે? તમે એનો જવાબ નહિ આપી શકો. કારણ કે તમને સંસાર ખૂબ ગમે છે. (હસાહસ).

બંધુઓ! બાહ્યભાવે બધું ઘણું કર્યું છે. પણ એ ઉપરનો ભભકો છે. કોઈ બહેને આંગણામાં સુંદર રંગોળી પૂરી હોય તો બહારથી જોઈને એમ થાય કે શું આ બહેનની કારીગરી છે! કેવી સરસ રંગોળી પૂરી છે! પણ ઘરમાં તો કોઈ જાતની વ્યવસ્થા નથી તેને તમે કેવી કહેશો? આ બાઈ તો ફુવડ છે. તેમ કોઈ માનવી બાહ્યભાવે ખૂબ ધર્મીષ્ઠ દેખાતો હોય, જોનારા એમ માને કે શું આ ભાઈની ધર્મભાવના છે! કેટલું ધર્મધ્યાન કરે છે! પણ જો અંદરથી મલીન હોય તો શું લાભ! ઘણા માણસો એવા છે કે હોટેલમાં જઈને બટાટાવડા ખાતા હોય છે. આનું કારણ શું? બાહ્યમાં સુખ માન્યું છે. પત્ની ગમે તેટલું સારું બનાવીને જમાડે પણ એમાં રસ ન આવે. હોટેલનું ખાણું ખાવામાં રસ આવે છે. પણ વિચાર કરો. હોટેલમાં સડેલું અનાજ અને અળગણ પાણી વપરાય છે. તેમાં કેટલા જીવોની હિંસા થાય છે! હોટેલનું ખાણું અભક્ષ છે. પણ આજે તો રવિવાર છે એટલે આમાંના કેટલાય ભાઈ બહેનોને સાંજે જમવાનું નહિ હોય. રવિવાર એટલે તમારા રસોડાને પણ સાંજે રજા હોય છે. કેમ બરાબર ને?

**"મોટર મારી માવડી, હોટલ મારું મોસાળ,**
**સીનેમા મારું સાસરું, ને ડૉકટર દીનદયાળ."**

મનને મ્હેંકાવનાર મોટર મળી જાય, જીભને ભાવે તેવું ખાવા હોટલ મળી જાય, આત્માનો આનંદ લૂંટાવનાર સીનેમાનું થીએટર મળી જાય ને દેહના દર્દને મટાડનાર દયાળુ ડૉકટર મળી જાય એટલે તમે તો ખુશખુશાલ બની જાવ છો. ધર્મને ભૂલાવી દેનાર મોટર, હોટલ, સીનેમા અને ડૉકટર મળી જાય પછી અમારી પાસે આવવું ગમે ખરું? કદાચ આવો તો ધર્મ-કર્મ અને પુણ્ય-પાપની વાતો ગમે ખરી? આવો અમૂલ્ય માનવભવ પામીને કર્મને તોડવાનો પુરૂષાર્થ કરવાનો છે તેના બદલે નાટક-સીનેમા અને વ્યસનોમાં પડી જીવ કર્મ બાંધે છે. અહીં તો ચેતવાની જરૂર છે. ચતુર હો તો ચેતી જજો.

**ચેતીજા આતમ ચેત હવે અવસર ચાલ્યો જાય છે....અવસર**
**આવ્યો હતો તું છોડવા, બાંધીને શાને જાય છે (૨)**
**સ્વમાંથી તું પરમાં જઈને, શાને વધુ રીબાય છે (૨) ચેતી જા....**

મનુષ્ય ભવમાં ચેતવાનો અવસર છે, તમે ચેતી તો ગયા છો પણ ક્યાં? હવે સોની નોટો નહિ ચાલે. તો બને તેટલી વટાવી નાંખો. ત્યાં બધે અગમ ચેતી છો. પણ પૂછવામાં આવે કે ભાઈ! કેમ નથી દેખાતા? તો કહે ક્યાંથી આવું? હમણાં મગજ ઠેકાણે નથી. હું તમને પૂછું છું કે મગજ ઠેકાણે ન રહે તેવું કર્યું શા માટે? હાથે કરીને બંધનમાં બંધાયા છો ને? જ્યાં મમત્વ છે ત્યાં બંધન છે. ઘણું ભેગું કર્યું ત્યારે સાચવવાની ચિંતા થઈને? આઠ દિવસ બહાર જવું હોય તો પણ કેટલી ચિંતા કેટલા તાળા અને લૉક લગાવવા પડે છે. પણ અમારે કંઈ ચિંતા છે? અમારે વિહાર કરવો

હોય તો અડધા કલાકમાં બધું ઉપાડીને તૈયાર થઈ જઈએ. અમે મહાન સુખી છીએ અને તમને સુખી કરવા મથીએ છીએ પણ તમને સુખ ગમે છે ક્યાં?

એક વખત અબ્રાહિમ લિંકન પાર્લામેન્ટની સભામાં જઇ રહ્યા હતા. રસ્તામાં એક કાદવથી ભરેલા ખાબોચીયામાં ડુક્કરને ખૂંચી ગયેલું જોઇને તેમને દયા આવી. તેમને થયું કે લાવને એ ડુક્કરને બચાવતો જાઉં. ગાડીમાંથી નીચે ઉતર્યા ને ડુક્કરને ઊંચકીને બહાર કાઢયું તો પણ એને તો કાદવમાં ગમતું હતું. એટલે પાછું કાદવમાં પડી ગયું. બીજી વાર કાઢયું તો પણ પાછું પડી ગયું. ત્યારે અબ્રાહિમ લિંકને વિચાર કર્યો કે હવે એને એક વખત બહાર કાઢું. પછી જો એની ઇચ્છા ના હોય તો ખેર. ત્રીજી વખત બહાર કાઢયું ત્યારે ડુક્કરને વિચાર થયો કે આ બિચારો મને બહાર કાઢવા મથે છે ને હું કાદવમાં પડું છું. કેટલી મારી મૂર્ખાઇ છે! એમ સમજીને ચેતી ગયો. પણ આ મારા ભગવાનના શ્રાવકોને સંતો સંસાર રૂપી કાદવના ખાબોચીયામાંથી બહાર કાઢવા કેટલી મહેનત કરે છે પણ હજુ બહાર નીકળવું ગમતું નથી. સંતો કહે છે ચેતી જાવ. ચેતવાનો સમય છે. જો નહિ ચેતો તો ચાર ગતિમાં ભમ્યા કરશો.

સ્વામી રામદાસ પરણવા ગયા ત્યારે ગોર મહારાજ બોલ્યા કે "સમય વર્તે સાવધાન"....એક-બે ને ત્રણ વાર બોલ્યા ત્યાં સ્વામી રામદાસ સાવધાન થઇ ગયા. તમે બધા પરણવા ગયા ત્યારે પણ ગોર મહારાજે આવું તો કહ્યું હશે ને? તમે ક્યાં સાવધાન બન્યા? તમે એમ માન્યું હશે કે હવે કન્યા આવે છે તેના હાથમાં હાથ મીલાવવા સાવધાન બનો એમ કહે છે. બંધુઓ! ખરેખર તો ત્યાં સાવધાન બનવાનું છે કે પરણ્યા એટલે ચાર ગતિની ચોરીમાં બેઠા. પરણવા ગયા ત્યાં ચોરીમાં બેઠા હતા ને? એ ચોરીના ચાર છોડ હોય છે. ને એકેક છોડમાં સાત સાત માટલી હોય છે. હું તો સાંભળેલી વાત કહું છું. મને ખબર નથી. તો એ ૭×૪=૨૮ માટલી થઇ ને? મોહનીય કર્મની પ્રકૃતિ પણ ૨૮ છે ને? પચ્ચીસ ચારિત્ર-મોહનીયની ને ત્રણ દર્શન મોહનીયની. એ ૨૮ મોહનીય કર્મની પ્રકૃતિ છે. ને ચાર છોડ રૂપી ચાર ગતિ છે. એ ચોરીમાં પેઠા એ તમને સમજાવે છે કે તું આનંદ-પૂર્વક ચોરીમાં કન્યાની સાથે ફેરા ફરે છે તો તારે ચાર ગતિમાં ભ્રમણ કરવું પડશે. હિંદુમાં ફેરા ફરે છે ને મુસલમાનમાં નકા પઢે છે. એ પરણવા બેસે ત્યારે પૂછે છે કે પાણીકી મટકી કબૂલ? તો મીયાં કહે છે હા, પાણીકી મટકી કબૂલ છે. લકડેકી ભારી કબૂલ? તો કહે છે હા, મને કબૂલ છે. એ સમજાવે છે કે તારે મારું પૂરું કરવા લાકડાની ભારી વેચવા પણ જવું પડશે. તો ત્યાં બધી કબૂલાત કરે છે. આ જીવ કેટલો મોહમાં મસ્તાનો બન્યો છે! પણ એને ખ્યાલ નથી કે હું બધું કબૂલ કરું છું પણ ચાર ગતિમાં ફેરા ઊડી જશે, તમે ગાડાની ધૂંસરીમાં જોડાવા જાવ ત્યારે સંતોને દયા આવે છે પણ તમને તેમાં

આનંદ આવે છે. આ જીવની અજ્ઞાન દશા છે. જ્યારે જીવને ભાન થાય છે કે આ સંસારના વિષયો વિષ જેવા છે ત્યારે તેની દશા જુદી હોય છે.

ઉત્તરાધ્યયન સૂત્રનું ૨૦ મું અધ્યયન જેમાં અનાથી નિર્ગ્રંથનો અધિકાર ચાલે છે તે મુનિ કેવા મહાન છે! તેમનો મહારાજા શ્રેણીક ઉપર આટલો બધો પ્રભાવ કેમ પડયો? એમણે જીવનમાં શું અપનાવ્યું હતું?

**यस्त्यक्त्वा तृणवद् बाह्याभ्यान्तरं च परिग्रहम् ।**
**उदास्ते तत्पदाम्भोजं, पर्युपास्ते जगत् त्रया ।।**

જે મહામુનિઓ બાહ્ય અને આભ્યંતર પરિગ્રહને તૃણની જેમ સમજીને તેનો ત્યાગ કરે છે તેના ચરણકમલને ત્રણ જગતના લોકો નમે છે. જે ધન સંપત્તિ, કુટુંબ પરિવાર, સોનું-ચાંદી-હીરા-મોતી વિગેરેનો ત્યાગ કરે છે તે બાહ્ય પરિગ્રહનો ત્યાગ છે ને જે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, અભિમાન, રાગ-દ્વેષાદિનો ત્યાગ કરે છે તે આભ્યંતર પરિગ્રહનો ત્યાગ છે. જે બંને પ્રકારનો ત્યાગ કરે છે તે સાચો ત્યાગી છે. ને તેમને વંદન કરવાથી કર્મોનો ક્ષય થાય છે. દોષોનો નાશ અને ગુણોનો આવિર્ભાવ થાય છે.

બંધુઓ! અનાથી નિર્ગ્રંથને આ પરિગ્રહ કચરા જેવો લાગ્યો હતો. તમે ઘરમાં કચરો રહેવા દો ખરા? બોલો, શું કરો? ફેંકી જ દો ને? જ્ઞાનીઓને મન પરિગ્રહ પણ કચરો છે. કચરો ફેંકી દીધા પછી તેને લેવાનું મન થતું નથી. તેમ જે મહાન પુરૂષોએ પરિગ્રહને કચરાની જેમ ફેંકી દીધા છે તેને તેના સામું જોવાનું પણ મન થતું નથી. અનાથી નિર્ગ્રંથ કેવા મહાન હતા! તેમણે કેવી ઋદ્ધિ સિદ્ધિનો ત્યાગ કર્યો છે તે વાત હવે આવશે. તેમણે મહાન ત્યાગ કર્યો હતો છતાં મેં લાખો કરોડોનો વૈભવ તજી દીધો છે, મેં વિશાળ પરિવારનો ત્યાગ કર્યો છે એવો કદી વિચાર સરખો પણ નથી આવ્યો. જે સાધકના મનમાં સ્હેજ પણ વિચાર આવે કે મેં કેવો મહાન ત્યાગ કર્યો છે તો સમજી લેવું કે હજુ તેણે તણખલા જેટલો પણ ત્યાગ નથી કર્યો. અને ત્યાગનો જે આનંદ આવવો જોઈએ તે પણ આવતો નથી. સાચો ત્યાગી કદી પોતાના ત્યાગના ગાણાં ન ગાય.

બંધુઓ! શાલીભદ્રને ત્યાં કેટલી ઋદ્ધિ હતી તે તો તમે જાણો છો ને? જેને ત્યાં અપ્સરા જેવી બત્રીશ બત્રીશ તો સ્ત્રીઓ હતી. દરરોજ દેવલોકમાંથી નવ્વાણું પેટીઓ તેને ઘેર આવતી હતી. આવી મહાન સંપત્તિનો એમણે તણખલાની જેમ ત્યાગ કર્યો હતો ને વૈભારગિરિ પર્વત ઉપર જઈને સંથારો કર્યો તે સમયે તેમની પત્નીઓ અને માતા દર્શન કરવા આવ્યા ત્યારે તેમના સામું પણ ન જોયું, કારણ કે એમને મન સંસારનો રાગ કચરો હતો. સનતકુમાર ચક્રવર્તિએ છ ખંડની ઋદ્ધિનો ત્યાગ કરી દીક્ષા લીધીઃ છ-છ મહિના સુધી તેમનો પરિવાર રડતો ને ઝૂરતો પાછળ પાછળ ફર્યો છતાં

તેમના સામે નજર પણ કરી નથી. તેમના પ્રત્યે ઉદાસીન ભાવ હતો. બીજી વાત કહું. આ મનુષ્યના સુખો છોડી ચારિત્ર અંગીકાર કરીને જે દેવલોકના સુખની મનમાં ઇચ્છા કરે તો તે સાચો ત્યાગી નથી, કારણ કે અંદરમાં આભ્યંતર પરિગ્રહની ગ્રંથી છેદાઇ નથી.

અનાથી નિર્ગ્રંથ નિર્મોહી, નિર્મમત્વી, અને નિરહંકારી બની આત્માનંદની પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે બાહ્ય અને આભ્યંતર પરિગ્રહનો ત્યાગ કરીને નીકળ્યા છે. બાહ્ય પદાર્થોની પૂર્ણતાથી આત્મા કદી પૂર્ણ બનતો નથી, પણ અપૂર્ણ રહે છે માટે એ આત્માએ બાહ્ય પદાર્થોનો ત્યાગ કરી મનમાંથી તેના રાગને લૂછી નાંખ્યો છે. ચિત્તની પરમ શાન્તિ, આત્માની પવિત્રતા, અને મોક્ષમાર્ગની આરાધના પરિગ્રહનો ત્યાગ કરવાથી થાય છે. પરિગ્રહની મમતામાં વ્યાકુળતા અને વેદના છે.

**चित्तेऽन्तर्ग्रन्थि गहने, बहि निर्ग्रन्थता वृथा ।**
**त्यागात् कञ्चुक मात्रस्य, भुजगो नहि निर्विष ।।**

દેવાનુપ્રિયો ! જ્ઞાનીઓ કહે છે કે તારું સાધુપણું ક્યારે શોભે ? ને તારા ચિત્તમાં સમાધિ ક્યારે રહે ? બાહ્ય અને આભ્યંતર પરિગ્રહનો એકાદ કણીયો પણ તારા અંતરના ખૂણે રહેવો જોઇએ નહિ. બાહ્ય પરિગ્રહનો ત્યાગ કર્યો પણ અંતરંગ પરિગ્રહથી મન વ્યાકુળ છે તો બાહ્ય નિર્ગ્રંથપણું પણ વૃથા છે. જેમ સર્પ કાંચળીને છોડીને ચાલ્યો જાય છે પછી તેના સામું જોતો નથી તેથી તે કંઈ વિષરહિત બની જતો નથી કારણ કે તેની દાઢમાં તો ઝેર રહેલું છે ને ? એટલે વિષવાળો સર્પ તો ઝેરી છે તેથી બધાને ડર લાગે છે ને ? સર્પનો ડર ક્યારે ન લાગે ? એની દાઢમાં જે વિષ રહેલું છે તે દાઢ કાઢી નાંખવામાં આવે પછી એ સર્પને તમે હાથમાં લઇ રમાડશો તો પણ ડર નહિ લાગે. કારણકે વિષ નીકળી ગયું છે એટલે કરડવાનો કે ઝેર ચઢવાનો ભય નથી.

આ સર્પના દૃષ્ટાંતથી આપણે શું સમજવાનું છે ? વેશનું પરિવર્તન કર્યું, ઘર છોડીને ઉપાશ્રયમાં વસ્યા, વાહનનો અને બૂટ ચંપલનો ત્યાગ કરી ખુલ્લા પગે પાદવિહાર કરવા લાગ્યા. પણ જો અંદરમાં આભ્યંતર પરિગ્રહનું ઝેર રહી જશે તો મનની વ્યાકુળતા દૂર નહિ થાય. અનાથી નિર્ગ્રંથની જેમ પરમાનંદ, પરમશાંતિ પ્રાપ્ત કરવા માટે આભ્યંતર પરિગ્રહનો ત્યાગ કરવો પડશે. જેનો ત્યાગ કર્યો છે તેનું સ્મરણ કરી તેનો રાગ ન થવો જોઇએ. અંતરંગ રાગ-દ્વેષની ગ્રંથી છેદાય નહિ, ભૌતિક પદાર્થોનું અંતરંગ આકર્ષણ ખતમ ન થાય ત્યાં સુધી મનની સ્વસ્થતા આવે નહિ. એ આભ્યંતર પરિગ્રહનો ત્યાગ કરવો મહા કઠીન છે. એ ત્યાગ કર્યા વિના બાહ્યવેશથી કલ્યાણ થતું નથી. સર્પ ભલેને કાંચળી ઉતારી નાંખે પણ કાંચળીની સાથે ઝેરને બહાર ફેંકી ન દે ત્યાં સુધી એ નિર્વિષ નથી બનતો. આ રીતે બાહ્યવેશનું પરિવર્તન કરવા માત્રથી કે બાહ્યાચારોનું

પાલન કરવાથી સાચી સાધક દશા પ્રાપ્ત થતી નથી ને તેનો પ્રભાવ બીજા ઉપર જોઈએ તેવો પડતો નથી.

બંધુઓ ! અનાથી નિર્ગ્રંથનો શ્રેણીક રાજા ઉપર કેવો પ્રભાવ પડયો ! તે રાજા મુનિને જોઇને અંજાઇ ગયા તેનું કારણ શું હતું ? તેમનો આત્મા બંને પ્રકારના પરિગ્રહ થી મુક્ત બનેલો હતો. તમે આવા સાધક ન બની શકો તો ખેર ! પણ તમારું ગૃહસ્થ જીવન તો ઉત્તમ બનાવો. આજે મનુષ્યની કિંમત ઘટી ગઈ છે તેનું મુખ્ય કારણ જીવન-માંથી સંસ્કૃતિ ચાલી ગઇ તે છે. વધુ ધન કમાવા મા-બાપ પોતાના સંતાનોને પરદેશ મોકલે છે. પરદેશ જાય પણ સંસ્કૃતિ જવી ન જોઇએ. આજે તો વિદેશમાં જઈને ભારતના સંતાનોની સંસ્કૃતિનું સત્યાનાશ વળી ગયું છે. આજે તો છોકરાઓ પરદેશમાં જઇને દારૂ પીએ, પરમાટી ખાય, પરસ્ત્રીગમન કરે પણ મા-બાપ તો એકજ જુવે કે પૈસા કેમ વધુ મળે ! હું તો કહું છું કે તમે રોટી ને દાળ ખાજો પણ જો જીવનમાંથી સંસ્કૃતિ ચાલી જતી હોય તો પરદેશનો મોહ કરશો નહિ. સંસ્કાર એ સાચું ધન છે. આજે સિનેમા જોવાથી પણ કેવા દુર્ગુણો આવે છે ! મોહના પાસમાં પડવું, ચોરી કરવી, ખૂન કરવા આ બધું સિનેમાએ શીખવાડયું છે.

એક છોકરો ખૂબ સારી લાઇનનો હતો પણ કોલેજમાં ગયા પછી સિનેમા જોવા ગયો. એક સિનેમા જોઇ તેમાં કોઇ છોકરીની સાથે પ્રેમ કેમ કરવો તે જોયું. એને રંગ લાગ્યો. એ પીકચર ચાર-પાંચ વખત જોયું. એની કોલેજમાં એક છોકરી ભણતી હતી, છોકરી પણ ખૂબ સીધી લાઇનની હતી. આ છોકરો તેની સાથે પ્રેમ કરવા મથતો પણ છોકરી કદી આંખ ઊંચી કરતી ન હતી. ખૂબ બોલાવે ત્યારે સ્હેજ બોલે. તે પણ પોતાની કોલેજનો વિદ્યાર્થી છે તે રીતે બોલતી. પણ પેલાને તો એની સાથે પ્રેમ કરવો હતો. એક દિવસ છોકરી એક ગલીમાંથી જતી હતી તેની પાછળ પડયો ને તેને કહ્યું-મારે તારી સાથે પ્રેમ કરવો છે. તું મારી ઇચ્છાને આધીન થઇ જા. છોકરીએ ચોખ્ખી ના પાડી ત્યારે તેને ખંજર લઇને મારી નાંખી. લોહીની નદી વહી. માંસના લોચા નીકળ્યા. આ જોઈ છોકરાનું હૃદય રડી ઉઠયું પાપી ! તેં આ શું કર્યું ? રે સિનેમા ! તારા પાપે આ કુબુદ્ધિ સૂઝીને ! ન જોઈ હોત તો આ પાપ થાત ? આ કરૂણ દૃશ્ય જોઇને છોકરો સુધરી ગયો. કારણ કે પ્રથમ તો તે સારો હતો પણ સિનેમાના પાપે આમ બન્યું. જીવનમાં સંસ્કાર અને સદાચાર હોય તો તેનો પ્રભાવ બીજા ઉપર પડે છે. જુઓ, મહાત્મા ગાંધીજીની વાત કરું.

ગાંધીજી વિલાયત ગયા પણ સંસ્કાર લઈને ગયા હતા. વિલાયતમાં એક પાદરીએ વિચાર કર્યો કે હું ગાંધીજીને ઇસામસીહનો ભકત બનાવી દઉં તો હિંદુસ્તાનમાં કરોડો માણસો વગર મહેનતે ઇસાઇ બની જશે. કારણ કે આખા ભારતની પ્રજા ગાંધીજીને

માને છે. એટલે પાદરીએ ગાંધીજી સાથે ખૂબ પરિચય કર્યો ને તેમનો પ્રેમ સંપાદન કર્યો. એક દિવસ પાદરીએ વિનંતી કરી કે આપે દરેક રવિવારે મારા ઘેર જમવા આવવું જેથી આપણે બંને સાથે બેસીને ધર્મચર્ચા કરી શકીએ. એટલે ગાંધીજીએ પાદરીના આમંત્રણનો સ્વીકાર કર્યો. ગાંધીજી જમવા માટે પાદરીને ત્યાં ગયા. ગાંધીજી માટે તો શાકાહારી ભોજન બનાવતા હતા. એટલે પાદરીના નાના બાબાએ પૂછયું-પિતાજી! આપણે ત્યાં આવી રસોઇ શા માટે બનાવો છો? ત્યારે પાદરીએ કહ્યું-બેટા! મારા મિત્ર ગાંધીજી હિંદુસ્તાનના છે. તે માંસ ખાતા નથી એટલે તેમને માટે શાકાહારી ભોજનની વ્યવસ્થા કરું છું. બાળક તો નિર્દોષ હોય છે. તેણે પૂછયું-પિતાજી! એ માંસ કેમ નથી ખાતા? ત્યારે પાદરીએ વ્યંગથી કહ્યું કે તે એમ કહે છે કે જેવા આપણા પ્રાણ છે તેવા બધા પશુ પક્ષીઓને પ્રાણ છે. આપણને કોઇ મારે તો જેવું દુઃખ થાય છે તેવું દુઃખ બીજા જીવોને પણ થાય છે. પાદરીની વાત સાંભળી તેના બાળકો કહેવા લાગ્યા-પિતાજી! આ તો બહુ સુંદર વાત છે. આપણે પણ માંસ ન ખાવું જોઇએ. ત્યારે પાદરી કહે છે બેટા! એ તો એના ધર્મની વાત છે. આપણા ધર્મમાં એવું કહ્યું નથી. પણ બાળકો તો કહેવા લાગ્યા-પિતાજી! ભલે આપણા ધર્મમાં આવું ન બતાવ્યું હોય પણ બીજા કોઇ પણ ધર્મમાં સારી વાત બતાવી હોય તો શું આપણે એ ન માનવી જોઇએ?

ગાંધીજી દરેક રવિવારે પાદરીને ઘેર આવતા ને પાદરીની સાથે ધાર્મિક ચર્ચા કરતા. પાદરીના છોકરાઓ બધી વાતો સાંભળતા હતા. ગાંધીજીની સાદગી, કરૂણાની ભાવના, તેમનો મધુર અને શાંત સ્વભાવ તેમજ તેમના જીવનમાં રહેલા સદ્‌ગુણો પાદરીના બાળકોને ખૂબ ગમી ગયા ને તેમના તરફ આકર્ષાવા લાગ્યા અને તેમણે પાદરીને કહ્યું પિતાજી! અમને ગાંધીજીનો ધર્મ બહુ ગમે છે. અમે તો હવે કોઇ દિવસ માંસ નહિ ખાઇએ. બાળકોની વાત સાંભળીને પાદરીને ખૂબ ક્રોધ આવી ગયો ને મનમાં વિચાર કરવા લાગ્યો કે અહો! હું તો ગાંધીજીને ઇસાઇ બનાવવા ઈચ્છતો હતો તેના બદલે મારા છોકરાઓ હિન્દુ બની ગયા. બહુ ખોટું થયું. બીજા રવિવારે ગાંધીજી જમવા માટે આવ્યા ત્યારે પાદરીએ તેમને કહી દીધું કે ગાંધીજી! હું હિંદુસ્તાનના કલ્યાણ માટે તમને ઈસાઇ બનાવવા ઇચ્છતો હતો પણ તમે તો મારા દીકરાઓને હિંદુ બનાવી દીધા તે મારાથી સહન થતું નથી માટે હવે આવતા રવિવારથી મારા ઘેર જમવા આવશો નહિ. બંધુઓ! આ ઉદાહરણથી એક બોધ લેવાનો છે કે સદાચારની સૌરભ કેટલું કામ કરે છે! ગાંધીજીના જીવનમાં સદ્‌ગુણ હતા તો પોતે માંસાહારીને સુધારી શકયા. તેમ આપણા જીવનમાં પણ આવા સદ્‌ગુણો ખીલવા જોઇએ ને મનમાં વિચાર થવો જોઇએ કે હિંદુના કુળમાં જન્મીને મારાથી મદીરા આદિ વ્યસનોનું સેવન કરાય જ નહિ.

આજે તો કંઇક ઘરમાં દારૂની બાટલીઓ રાખે છે. પોતે પીતા નથી પણ કોઇ

વેપારી દારૂ પીતો હોય ને તેની પાસેથી કમાવવાનું છે. એ જો ઘેર આવે તો એને પીવડાવાય ને ? તમને જે ચીજ નથી કલ્પતી એ તમે બીજાને શા માટે પીવડાવો છો ? બીજાને શા માટે અભક્ષ ખવડાવો છો ? બર્નાર્ડ શૉના જીવનનો પણ એક પ્રસંગ છે.

બર્નાર્ડ શૉને એક સમારંભના પ્રમુખ બનાવ્યા. તેમના માનમાં તેમના પ્રશંસકોએ એક પાર્ટી ગોઠવી હતી. ભોજનમાં એકલી માંસની ચીજો બનાવવામાં આવી હતી. બર્નાર્ડ શૉ તો બેસી રહ્યા હતા. હવે પાર્ટીનો પ્રમુખ ન જમે ત્યાં સુધી બીજા કેવી રીતે જમી શકે ? ઘણી વાર સુધી આમ ને આમ બેસી રહ્યા. ત્યારે કોઈએ પૂછ્યું કે તમે કેમ જમતા નથી ? ત્યારે તે કહે છે હું કેવી રીતે જમી શકું ? આ મારું પેટ એ કંઈ મડદા દાટવાની કબર નથી. હું તો શુધ્ધ શાકાહારી છું. મને આમાંથી કંઈ પણ ખપતું નથી. આ આહાર બનાવતાં કેટલા જીવોની કતલ થઈ હશે ? મારું તો હૃદય કંપી જાય છે. બર્નાર્ડ શૉ તો જમ્યાં વિના પાછા ઊઠી ગયા.

બંધુઓ ! કેવી તેમની ટેક હતી ! તમે પણ વિચાર કરો કે હું જૈન કુળમાં જન્મ્યો છુ. મારાથી દારૂ કેમ પીવાય ? ઈંડા કેમ ખવાય ? આટલું તો તમારું જૈનત્વ ઝળકાવો. બધા ખાય છે તેમ હું નથી કહેતી. જ્યાં પરદેશની હવા છે ત્યાં આવી ચીજો વપરાય છે. તમારા સંસ્કાર હશે તો સંતાનો એવી ચીજો વાપરશે નહિ જુઓ, તમે ગાંધીજીનો દાખલો સાંભળી ગયા ને ? તેમણે માંસ ન ખાધું તો પાદરીના છોકરા ઉપર કેવો પ્રભાવ પડયો ને એ હિંદુ બની ગયો. બર્નાર્ડ શૉએ માંસયુક્ત ભોજન ન કર્યું તો તેની સાથે ઘણા જીવોએ ત્યાગ કર્યો. જો તમારું આવું બને તો બીજા ઉપર તેનો પ્રભાવ કેમ ન પડે ? જરૂર પડે. જેના ઘરમાં આ ચીજો વપરાતી હોય તે જૈન શાસનમાં રહેવાને યોગ્ય નથી.

અનાથી નિર્ગ્રંથે બાહ્ય અને આભ્યંતર બંને પ્રકારે ત્યાગ કરેલો હતો. એમના ત્યાગનો પ્રકાશ શ્રેણીક રાજા ઉપર પડયો તેથી શ્રેણીક રાજાએ પૂછયું–તમે દીક્ષા શા માટે લીધી ? તેના જવાબમાં મુનિએ કહ્યું કે હું અનાથ હતો. મારી દયા કરનારો કોઈ મિત્ર ન હતો તેથી મેં દીક્ષા લીધી. ત્યારે રાજાએ કહ્યું કે તમારે જો કોઈ નાથ ન હોય તો હું તમારો નાથ થાઉં. મારા ઘેર ચાલો. પણ જેના રોમેરોમમાં ત્યાગના તેજ ઝળકે છે. જેને આત્માની ખુમારી છે તેવા મુનિએ કહી દીધું કે હે રાજન્ ! તું પોતે અનાથ છે. તો મારો નાથ કેવી રીતે બની શકીશ ? સાચા સંતોને કોઈનો ડર નથી. જડબાતોડ જવાબ આપી દીધો. ગુફામાં રહનેમીએ રાજેમતીને જોઈ. તેનું રૂપ જોતાં રહનેમી પડવાઈ થયો ત્યારે કેવા કડક શબ્દો કહી દીધા :–

**धिरत्थुऽत्ते जसोकामी जो तं जीवियकारणा, वंतं इच्छसि आवेउं, सेयं तं मरणं भवे।**

હે અપયશના કામી! જેને છોડીને આવ્યો તેમાં પાછું મુખ નાંખે છે. તારા ભાઈ નેમનાથે મને વમી દીધેલી છે. આ વમેલું ગ્રહણ કરવાની ઈચ્છા રાખે છે તેના કરતાં તારે મરી જવું તે શ્રેષ્ઠ છે. રાજેમતીના એક શબ્દે ચાનક લાગી ગઈ ને પડવાઈ થતાં ઠેકાણે આવી ગયા. રાજેમતીમાં આ બળ ક્યાંથી આવ્યું? ચારિત્રનું જોમ હતું.

મુનિએ કહ્યું હે રાજા! તું પોતે અનાથ છે તો મારો નાથ કેવી રીતે બનીશ? આ શબ્દો સાંભળીને તે ઝાંખા પડી ગયા.

**एवं वुत्तो नरिन्दो सो, सुसंभन्तो सुविम्हिओ ।**
**वयणं अस्सुय पुव्वं, साहुणा विम्हयंनिओ ॥**

ઉત્ત. સૂ. અ. ૨૦, ગાથા ૧૩

તું પોતે અનાથ છે. મુનિનું આ વચન સાંભળતાં રાજા ઘણા સંભ્રાંત થયા. તે ક્ષત્રિય હતા. ક્ષત્રિય પોતાનું અપમાન સહન કરી શકતા નથી. કારણ કે તે સમજતા હતા કે મારા જેવો કોઈ મહાન નથી અને કહેવાય છે કે શ્રેણીક રાજાના સમયમાં પ્રજા મહાન સુખી હતી. પ્રજા સુખી હોય છે તે રાજાને આભારી છે. જેની પ્રજા સુખી તેનો રાજા પણ સુખી છે. છતાં ગમે તેટલું સુખ હોય તો તે કેવું છે? કૂવાનો દેડકો માને કે આટલું બધું પાણી ક્યાંય નથી.

**સાગર જલ જોયા વિના, થયો કૂવામાં સ્થિર,**
**કૂપ તણો દદુરો કહે, કૂપ વિષે બહુ નીર.**

બિચારા દેડકાએ સાગરનું પાણી જોયું નથી એટલે શી ખબર પડે કે એમાં કેટલું અગાધ પાણી છે! એ તો બિચારો કૂવામાં રહ્યો એટલે એમાં આનંદ માનેને? તેમ તમે સંસાર સુખના ખાબોચીયામાં પડી રહ્યા છો એટલે શું ખબર પડે કે ત્યાગમાં કેટલું સુખ છે? તમારા ગમે તેટલા સુખ હોય તો પણ તે ત્યાગીના સુખ આગળ ખાબોચીયા જેવા છે.

એક વખત મીરાંને તેની સખીઓએ કહ્યું કે મીરા! તારા કેવા સદ્ભાગ્ય છે કે તને રાણા જેવો પતિ મળ્યો છે. રહેવા માટે સુંદર મહેલ છે ને સુખ ભોગવવાની બધી સામગ્રી તારી પાસે છે, રાણાજી પણ તને કેટલા ચાહે છે છતાં તું તેમના પ્રત્યે આટલી બધી ઉદાસ કેમ રહે છે? શું તને આ સંસારના ભોગ ભોગવવા નથી ગમતા? તારા મહાન પુણ્યોદયે તને આ બધી સુખ સામગ્રી મળી છે છતાં તું તેને દુઃખરૂપ કેમ માને છે? ચાલ, હું રાણાજી સાથે તારો પ્રેમ સબંધ જોડી દઉં.આ સખીની વાત સાંભળી મીરાંને જરા હસવું આવ્યું. એટલે સખીઓ કહેવા લાગી કે સ્ત્રીઓનો સ્વભાવ એવો હોય છે કે પોતાના મોઢે પ્રેમની વાતો કરતી નથી પણ પ્રેમ સબંધની વાતો સાંભળીને ખુશ થાય છે. માટે તારા હસવા ઉપરથી મને લાગે છે કે તને મારી વાત ગમે છે.

સખીની વાત સાંભળીને મીરાં વિચાર કરવા લાગી કે આ સખી મારા હસવાનો અનર્થ કરી રહી છે. માટે તેને મારી સાચી વાત સ્પષ્ટ શબ્દોમાં કહી દેવી જોઇએ. આમ વિચારી મીરાંએ સખીને કહ્યું કે.

**સંસારીનું સુખ કાચું, પરણીને રંડાવું પાછું,**
**તેને ઘેર શીદ જઇએ રે–મોહન પ્યારા....મુખડાની માયા....**

સખી! તું મારા મોઢે રાણાજીની જે પ્રશંસા કરી રહી છે તેથી પણ રાણાજી વધારે મહાન હશે. પણ હું તને એટલું પૂછું છું કે મારા પિતાએ મને રાણાજી સાથે પરણાવી છે ને હું રાણાની દાસી બનીને રહેવા તૈયાર છું પણ રાણાજી મને વિધવા નહિ બનાવે ને? તેની ખાત્રી છે? જો રાણાજી મને વિધવા ન બનાવે, અખંડ સૌભાગ્યવતી રાખે તો મને રાણાની સાથે રહેવામાં કોઇ હરકત નથી. પણ જો રાણાજી એની ખાત્રી ન આપી શકે તો હું તેની સાથે રહેવા બંધાતી નથી. મેં મારો પતિ શોધી રાખ્યો છે. કયો?

**પરણું તો પ્રીતમ પ્યારો, અખંડ સૌભાગ્ય મારો,**
**રંડવાનો ભય ટાળ્યો રે....મોહન પ્યારા....મુખડાની માયા....**

મે તો મારા ભગવાનને મારો પતિ માની લીધો છે કે જેથી આ કારમા વિધવાપણાના દુઃખો ભોગવવાનો વખત ન આવે. આ મીરાંએ તેની સખીને કેવો જડબાતોડ જવાબ દઇ દીધો. સખી તો સજ્જડ થઇ ગઇ કે શું મીરાંની ભગવાન પ્રત્યેની ભક્તિ છે. આપણે સંસારમાં સુખ માનીએ છીએ પણ એને સંસારના સુખ ગમતા નથી.

અહીં શ્રેણીક રાજા પણ મુનિની વાત સાંભળી આશ્ચર્યમાં પડી ગયા. કે મને અનાથ કહે કેમ? મને અત્યાર સુધીમાં કોઇએ અનાથ નથી કહ્યો. આ પ્રથમવાર મેં મુનિના મુખે આ શબ્દો સાંભળ્યા. મુનિ મારા કરતાં રૂપમાં વધારે ચઢીયાતા છે તો એ વધુ વૈભવશાળી હોવા જોઈએ. છતાં હજુ રાજા પોતાના વૈભવનું વર્ણન કરશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં. ૩૩

**શ્રાવણ વદ ૪ ને સોમવાર** **તા. ૨૫-૮-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંત જ્ઞાનીઓ કહી ગયા છે કે હે જીવ! તેં પોતાના સ્વરૂપને ઓળખ્યું નથી. તેથી અનંતકાળથી સંસારમાં પરિભ્રમણ કરી રહ્યો છે. આત્માના અજ્ઞાનથી ઊભું થયેલું જે દુઃખ છે તેને આત્મજ્ઞાનથી દૂર કરી શકે છે. જ્યાં સુધી જ્ઞાન નથી ત્યાં

સુધી એકલો તપ કરે તો ભવદુઃખનો નાશ કરી શકાતો નથી. શરીર તે બાહ્ય વસ્તુ છે ને આત્મા તે અંતરંગ વસ્તુ છે. શરીર વિનાશી છે ને આત્મા અવિનાશી છે. શરીરથી આત્મા ભિન્ન છે. જ્યાં શરીર ભિન્ન છે ત્યાં માતા-પિતા, સ્ત્રી, ધન, વિગેરે ભિન્ન હોય તે આપમેળે નક્કી થઇ જાય છે.

બંધુઓ! ભેદ વિજ્ઞાનથી અજ્ઞાન દૂર થાય છે. અજ્ઞાન દૂર થતાં બાહ્ય પદાર્થ પરથી મમતા ઓછી થાય છે. આત્મા એ અખંડ દ્રવ્ય છે છતાં જ્ઞાનીએ તેના ત્રણ વિભાગ બતાવ્યા છે. એક બહિરાત્મા, બીજો અંતરાત્મા ને ત્રીજો પરમાત્મા. નિજ સ્વરૂપના જ્ઞાનમાં બધું જ્ઞાન આવી જાય છે. જેણે પોતાનું સ્વરૂપ નથી જાણ્યું તેણે બીજું ઘણું જાણ્યું હોય તો પણ તેની કાંઈ કિંમત નથી. સ્વરૂપની સમજણ અને સ્વરૂપમાં રમણતા એથી ઊંચું બીજું કોઈ જ્ઞાન નથી. સાચી સમજણના બળે ચક્રવર્તિઓ છ ખંડના વૈભવનો ત્યાગ કરી દીક્ષિત બની ગયા. એટલે આત્મજ્ઞાનનો અપૂર્વ મહિમા ગાયો છે. ગમે તેવા દુઃખમાં પણ જ્ઞાની સમાધિ ટકાવી રાખે છે. શરીરમાં મહાભયંકર વ્યાધિ લાગુ પડેલો હોય છતાં મનમાં અપૂર્વ સમાધિભાવ હોય ત્યાં સમજવું કે સાચી જ્ઞાન દશા છે.

મનુષ્યભવ પામ્યા પછી સાચી સમજણ આવવી તે સહેલ વાત નથી. હું એનો અને એ મારો એ મિથ્યાત્વ છે. અને તેવો મિથ્યાત્વી બહિરાત્મા છે. વ્યવહારમાં તમને કોઇ પૂછે કે તમારે કેટલા દીકરા છે? તો કહે કે મારે ચાર દીકરા છે. તો એટલા માત્રથી બહિરાત્મા નથી. પણ તેના પ્રત્યે મમત્વભાવનું વેદન ચાલતું હોય તે બહિરાત્મભાવ છે. જેમ મેંદી ઘૂંટાય તેમ તેનો રંગ જામતો જાય તેમ જીવનમાં અમૃત ઘૂંટી શકાય છે ને ઝેર પણ ઘૂંટી શકાય છે. "અહં" અને "મમ"નું અંતરમાં ગુંજન થયા કરતું હોય કે મારે આટલા દીકરા છે, આટલા બંગલા ને મોટર છે હું બહોળા પરિવારવાળો છું, ધનાઢ્ય છું. મારા જેવો કોઇ વૈભવશાળી નથી. મારા જેવો કોઇ સુખી કે શ્રીમંત નથી. આ બધું જે અંતરમાં વેદન થયું તે ઝેરનું ઘૂંટણું છે. પણ જ્યારે તમારા અંતરાત્મામાં અમૃત ઘૂંટાશે ત્યારે એવો વિચાર આવશે કે હું શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિએ અજર-અમર ને અવિનાશી છું, અરૂપી એવો મારો આત્મા છે. આ સિવાયના પર દ્રવ્યોમાં એક પરમાણુ પણ મારી માલિકીનું નથી. મારો આત્મા શાશ્વત છે. જ્ઞાન-દર્શન-ચારિત્રના લક્ષણવાળો છે.

આ સિવાયના બધા ભાવો બહિર્ભાવો છે. આવા વિચારો જો તમને આવતા હોય તો અમૃત ઘૂંટયું છે.

બહિરાત્મા તે પાપરૂપ છે. અઢાર પાપસ્થાનક વિગેરે બહિરાત્મ ભાવમાં છે. તેનામાં મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાન સંભવે છે. મિથ્યાત્વ એ બધા અનર્થોનું મૂળ છે. તેના જેવો બીજો કોઈ આત્માનો ભાવશત્રુ નથી. બંધુઓ! તમે જેને મારા માનો છો તે

તમારા સૌ સુખના સગા છે. પણ દુઃખમાં કોઇ પાસે ઊભા રહેવાના નથી. પણ આ મિથ્યાત્વ તમને ખોટાને સાચું મનાવે છે અને તેમના ઉપર તીવ્ર પરિણામ રાખી તમે એવું માની રહ્યા છો કે મારા સગાવહાલા કે કુટુંબને માટે મારે ગમે તે પાપ કરવા પડે તો મારે કરવા જોઈએ. તમારી આ દૃષ્ટિ ક્યારે બદલાશે ? સમ્યગ્ દૃષ્ટિ આવે તો હા, કુટુંબની જવાબદારીને અંગે, ભરણપોષણ અંગે પણ કાંઈક કરવું પડે છે તે વાત જુદી છે. સમ્યગ્ દૃષ્ટિને પણ પાપસ્થાનકો સેવવા પડે છે. પણ તે હસી હસીને પાપ ન કરે. પણ બળતે હૈયે કાંઇ કરવું પડે તે કરે. જ્યારે મિથ્યાદૃષ્ટિને લીધે બહિરાત્મભાવ વાળો જીવ રચ્યોપચ્યો રહીને પાપ આચરે છે. સમકિતી આત્મા અંતરથી ન્યારો હોય છે. જ્યારે મિથ્યાદૃષ્ટિ આત્મા અંતરથી લેપાયેલો હોય છે. અને એ કારણે પુદ્‌ગલભાવ તરફ જીવનું આકર્ષણ હોય છે, બજારમાં કોઈ પણ નવી ડીઝાઈનની વસ્તુ જુએ કે તે તરફ તરત ખેંચાણ થઇ જાય છે. અને જ્યાં સુધી તે વસ્તુની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી તે તરફનું આકર્ષણ ન છૂટે. પુરૂષો કરતાં બહેનો વિશેષ ધર્મ કરે છે અને તપ-જપ આદિની પ્રવૃત્તિ પણ બહેનોમાં વિશેષ હોય છે. છતાં બજારમાં નવી ડીઝાઈનની સાડી નજરે પડે કે તરત મેળવવાની ઇચ્છા થઇ જાય છે. તેઓ ઉપવાસ, આયંબીલ આદિ જે તપ કરે છે તે ઉત્તમ છે પણ ઇચ્છાઓનો નિરોધ એ શ્રેષ્ઠ તપ છે એટલું ખાસ સમજી લેવાની જરૂર છે. કારણ કે આત્મભાવ સિવાયનો બીજો બધો ભાવ તે બહિરાત્મભાવ છે.

બધા સંયોગોની સાથે જ્યારે આત્મા સાક્ષીભાવે રહે છે ત્યારે તેને અંતરાત્મા કહે છે. ને અંતરાત્માની ભાવના ચોથા અવિરતિ સમ્યક્ દૃષ્ટિ ગુણસ્થાનથી શરૂ થાય છે અને બારમા ક્ષીણમોહ ગુણસ્થાનકમાં પૂર્ણ થાય છે. અને ત્યાર બાદ તેરમા સયોગી કેવળી ગુણસ્થાનકમાં પરમાત્મદશાની પ્રાપ્તિ થાય છે. અંતરાત્મા એ જ પરંપરાએ પર-માત્મા બને છે. અંતરાત્મ દશાપ્રાપ્ત કરવી એ કોઈ સામાન્ય વાત નથી.

પરમાત્મ દશા પ્રાપ્ત કરવા માટે બહિરાત્મદશા છોડીને જેઓ અંતરાત્મભાવમાં સ્થિર થયા છે તેવા અનાથી નિર્ગ્રંથે શ્રેણીક રાજાને કહ્યું કે તું પોતે અનાથ છે તો મારો નાથ કેવી રીતે થઇશ ? આ શબ્દો સાંભળીને રાજાને શું થયું :-

**एवं वुत्तो नरिन्दो सो, सुसंभन्तो सुविम्हिओ ।**
**वयणं अस्सुय पुव्वं, साहुणा विम्हयंनिओ ।।**

ઉત્ત. સૂ. અ. ૨૦ ગાથા ૧૩

પૂર્વે કોઇ દિવસ કોઇની પાસેથી સાંભળી ન હતી તેવી વાત આ મુનિના મુખથી સાંભળીને રાજા શ્રેણીકને એટલું બધું આશ્ચર્ય થયું કે તેનું ચિત્ત ગભરાઈ ગયું. રાજા શ્રેણીકને એક તો મુનિના રૂપ અને ગુણથી આશ્ચર્ય થયું હતું તે સાથે બીજું આશ્ચર્ય એ થયું હતું કે મુનિ આવા ઋદ્ધિવંત દેખાય છે છતાં અનાથ કેમ ? એટલામાં મુનિના

આ વચનથી ત્રીજું આશ્ચર્ય ઉત્પન્ન થયું કે મેં મારું સમાધાન કરવા, મારું આશ્ચર્ય મટાડવા મુનિને કહ્યું હતું કે હું આપનો નાથ થાઉં. તમે મારે ઘેર ચાલો. પણ આ મુનિએ તો મને પોતાને અનાથ કહીને મારા હૃદયમાં વધુ આશ્ચર્યનો ઉમેરો કર્યો.

બંધુઓ ! આવા શબ્દો રાજાને કહેવા તે સામાન્ય વાત નથી. અને મુનિ કોઈને દુઃખ થાય તેવા વચન કહે પણ નહિ. અહીં મુનિ બોલ્યા તો તેનું કારણ શું ? તેમને પોતાના મતિ-શ્રુતજ્ઞાનની નિર્મળતાથી ખબર પડી હશે કે આ રાજાને આમ કહેવાથી લાભ થશે. મુનિ હિતાહિતનો લાભ જોઈને કહે છે. ગજસુકુમારે દીક્ષા લઈને તેજ દિવસે બારમી પડિમા વહન કરવાની નેમનાથ ભગવાન પાસે આજ્ઞા માંગી. ને ભગવાને આજ્ઞા આપી. આવા નવદીક્ષિત સાધુની છ મહિના વૈયાવચ્ચ કરવાની હોય તેના બદલે શ્મશાનમાં જવાની આજ્ઞા કેમ આપી ? નવદીક્ષિતની વૈયાવચ્ચ શા માટે કરવી જોઈએ ? તેનું કારણ એ છે કે નવદીક્ષિતના મનના પરિણામ પલ્ટાઈ ના જાય તે માટે વૈયાવચ્ચ કરવાની ને તેની ખબર રાખવાની ભગવાને કહેલ છે. જ્ઞાતાજીસૂત્રમાં મેઘકુમારનો અધિકાર છે.

**એક જ વખત દેશના સાંભળતા વૈરાગ્ય રંગે રંગાઈ ગયા :–** શ્રેણીક મહારાજા તેમની રાણીઓ, તેમના પુત્ર–પુત્રીઓ બધા ભગવાનની વાણી સાંભળવા માટે ગયા. ભગવાનની વાણીનો વરસાદ વરસ્યો ને અનેક જીવોએ શીતળતા પ્રાપ્ત કરી. પણ શ્રેણીક રાજાના પુત્ર મેઘકુમારે તો કોઈ અલૌકિક શીતળતા પ્રાપ્ત કરી. પ્રભુની વાણીનો રણકાર તેના અંતર સુધી પહોંચી ગયો. અહો ! ભગવાન ફરમાવે છે કે આ જીવન તો ક્ષણિક છે. કયારે કાળ રાજાના તેડા આવશે તેની ખબર નથી. તો હવે મારાથી આ સંસારમાં કેમ બેસી રહેવાય ? આત્મસાધના કરવામાં એક ક્ષણનો પણ વિલંબ કરવા જેવો નથી. જલ્દી દીક્ષા લઈ લઉં. મારા અહીં બેઠેલા ભાઈઓ તો જાણે સર્ટીફીકેટ લઈને આવ્યા લાગે છે કે સો વર્ષ સુધી તો જવાનું નથી. કેમ બરાબર છે ને ? અરે એક દિવસનો પણ કયાં વિશ્વાસ કરવા જેવો છે ?

એક વખત ધર્મરાજાએ યાચકને કહ્યું– કે ભાઈ ! કાલે આવજે. આજે સમય થઈ ગયો છે. આ સાંભળી ભીમે જોરથી શંખ વગાડયો. માણસો ભેગા થઈ ગયા. પૂછવા લાગ્યા કે શું છે ? તો કહે છે કે મોટા ભાઈએ મૃત્યુ ઉપર વિજય મેળવ્યો તેની ખુશાલીમાં મેં શંખ વગાડયો. ધર્મરાજા કહે છે ભાઈ ! મૃત્યુને કોણ જીતી શકે ? તો કહે છે તમે હમણાં પેલા યાચકને કહ્યું ને કે કાલે આવજે. તો કાલ સવાર સુધી તમે જીવવાના છો. એ વાત નકકી છે ને ? ધર્મરાજા સમજી ગયા. ચતુરને બહુ કહેવાનું ન હોય. તેજી ઘોડાને ચાબૂક બતાવવાની હોય, મારવાની નહિ.

**તેજીને ટકોરો ને ગધેડાને ડફણાં, રોજ ખાય ને રોજ ભૂલી રે જાય,**
**દુર્જન મીઠું ખાય મીઠું ના બોલતો રે....જેવી જેની જાત છે તેવી તેની ભાત છે....**

મેઘકુમાર તો દીક્ષા લેવા તૈયાર થઈ ગયા. એક વખત ભગવાનની વાણી સાંભળી હતી. તમે કેટલી વખત સાંભળી? પણ વૈરાગ્ય આવે છે? આખી દીક્ષા ન લેવાય તો અડધી લઇ લો. અમારી પાંચ કાંબળી વેચવાની બાકી છે. તેનું ધ્યાન રાખજો. મેઘકુમાર વૈરાગ્ય રંગે રંગાઇ ગયા. ઘરે આવીને માતાને કહે છે હે માતા! મને દીક્ષા લેવાની આજ્ઞા આપો.

**આજ્ઞા આપો ને માતા મોરી, મારે તારવી છે જીવન નૈયા,**
**પ્રભુજી મળ્યા છે સાચા ખવૈયા, ભવોદધિના સાચા તરવૈયા,**
**ક્ષણુ ક્ષણુ લાખેણી જાય, સમય અવતમાં જાય....માતા મોરી પ્રેમે આજ્ઞા રે આપો.**

મેઘકુમારની માતાને આ શબ્દોથી આંખમાં ભરણુ ભરે ને જેવી વેદના થાય તેવી વેદના થવા લાગી, તે ઢગલો થઇને ધરતી પર ઢળી પડી. બેભાન થઇ ગઇ. ચોધારે આંસુએ રડવા લાગી. પણુ સાચો વૈરાગી ઢીલો ન પડયો. માતાએ કહ્યું–દીકરા! સંયમ પંથ બહુ કઠીન છે. વીતરાગના કાયદાનું તારે પાલન કરવું પડશે. તે બધું તારા સુકુમાર શરીરે કેમ સહન થશે? મેઘકુમારે કહી દીધું હે માતા! એ બધું કાયરને માટે કઠીન છે. હું તો વીર છું. માતાએ સંયમની ખૂબ કઠીનતા સમજાવી ત્યારે તેણે સામે માતાને સંસારની અસારતા સમજાવી. કોઈ વાતે પાછા ન પડયા. છેવટે માતાને આજ્ઞા આપવી પડી.

મેઘકુમારે ભગવાન પાસે દીક્ષા લીધી. દીક્ષામાં તો મોટો શ્રીમંત હોય, ધીમંત હોય, સામાન્ય રાજા હોય કે ચક્રવર્તિ હોય બધાને માટે સરખું છે. ભગવાનના શાસનમાં ગરીબ–શ્રીમંત કે નાના મોટાના ભેદભાવ નથી. ચક્રવર્તિ જેટલી તો કાંઇની સાહ્યબી નથી ને? છતાં ચક્રવર્તિના નોકરે પહેલાં દીક્ષા લીધી હોય ને ચક્રવર્તિએ પછી લીધી હોય તો નોકરને પગે લાગવું પડે. છ છ ખંડની ઋદ્ધિને છોડનારા ચક્રવર્તિઓ ઘર ઘરમાં ગૌચરી જાય, કેશલુંચન કરે, બધું કરે, પણુ મારા છ ઓરડાના ધણી એવા ચક્રવર્તિઓને એક દિવસ દશમું વ્રત કરીને ગૌચરી જતાં શરમ આવે છે. ચક્રવર્તિઓએ રાજ્ય છોડીને દીક્ષા લીધી તો તમે એક દિવસ માટે તો ઘર છોડો. અહીં કેવો આનંદ છે તેની મઝા તો માણો.

**"પ્રથમ રાત્રીએ આવેલો પરિષહ":**– મેઘકુમારે દીક્ષા લીધી. રાત્રે સૂવાનો સમય થયો. જે છત્ર પલંગમાં મખમલની કોમળ શૈયામાં પોઢનારો તેની છેલ્લી પથારી આવી. પોતે સૂઇ ગયા. વડીલ સંતો શારીરિક કારણે ઉઠે ને મેઘકુમારની પથારી પાસેથી આવે ને જાય. અંધારે દેખાય નહિ એટલે મેઘકુમારને ઠેબા વાગવા લાગ્યા. સંતોના ઠેબા વાગતાં મેઘકુમારની ઊંઘ ઊડી ગઇ. અહો! મેં દીક્ષા લીધી ન હતી ત્યારે તો ભગવાન અને તેમના સંતો મને 'મેઘ' 'મેઘ' કહીને પ્રેમથી બોલાવતા હતા પણુ દીક્ષા લીધી એટલે મને ઠેબા મારે છે. કોઇ મારી ખબર પણુ લેતું નથી.

**મેઘકુમાર ગયા માઠા રે ધ્યાનમાં, હાયમાન પરિણામ આવ્યા અજ્ઞાનમાં,**
**નિદ્રા ન આવી મને સારી યે રાતમાં, લેબાસ આપી દઉં નક્કી પ્રભાતમાં.**
**આજ મને સંતોએ ઠેબું માર્યું**

**"માઠા ધ્યાનમાં ગયેલા મુનિ":-** મેઘકુમારના મનના પરિણામ ડામાડોળ થવા લાગ્યા. મને આખી રાત આજે ઊંઘ આવી નથી. હવે મારે અહીં રહેવું નથી. પણ સવાર પડતાં આ ત્યાગનો લેબાસ પ્રભુને સુપ્રત કરીને હું ઘર ભેગો થઈ જાઉં. બંધુઓ! મેઘકુમારને દીક્ષા છોડવાના ભાવ થયા પણ એક ગુણ તેનામાં મોટો હતો કે જેનો જે માલ છે તે તેમને આપીને તેમની રજા લઈને જાઉં. પણ તમે આ જગ્યાએ હો તો શું કરો? કહેવા આવો કે રફૂચક થઈ જાવ.

**"મેઘકુમાર ભગવાન પાસે":-** મેઘકુમાર તો પ્રભાત થતાં ભગવાન પાસે પહોંચી ગયા. ભગવાન તો સર્વજ્ઞ હતા. ઘટ ઘટ ને મન મનની વાત જાણનાર હતા. એમનાથી કંઈ છાનું ન હતું. ભગવાન કહે છે અહો મેઘ! જુઓ, ભગવાનની વાણી કેવી મધુરી છે! સાકરનું પાણી કોઈને પીવડાવવું હોય તો પૈસા બેસે પણ સાકરના ટુકડા જેવું મધુર વચન બોલવામાં કંઈ પૈસા બેસતા નથી. "वचने का दरिद्रता" આપણી પાસે કંઈ ન હોય પણ મીઠી વાણી દ્વારા મીઠો આવકાર તો આપી શકાય ને? મીઠી વાણી બોલવામાં પણ પ્રભાવ પડે છે. વચન બોલવામાં કંઈ પૈસા બેસતા નથી.

ભગવાન સાકરથી પણ અતિ મધુર શબ્દોમાં બોલ્યા—અહો મેઘ! તું મારો લેબાસ મને પાછો સોંપવા આવ્યો છું! મારા સંતોના પગની ઠોકર વાગી ને તને આખી રાત ઊંઘ ન આવી તેનું તારા દિલમાં દુઃખ થયું છે? પણ વિચાર કર. તને આવી સરસ સુકોમળતા ક્યાંથી મળી? શ્રેણીક રાજાનો પુત્ર કેમ બન્યો?

**યાદ કર યાદ કર હાથીના ભવમાં, દુઃખડા વેઠયા ત્યાં અસહ્ય વનમાં**
**કેમ મેઘ મનડાએ આવું ધાર્યું.... આજ મને સંતોએ ઠેબું માર્યું,**
**દાવાનળ લાગ્યો ભયંકર જોરમાં, સસલું પગ નીચે શોર બકોરમાં**
**કેમ મેઘ મનડાએ ગોથું માર્યું.... આજ મને સંતોએ ઠેબું માર્યું,**

હે મેઘ! તારા પૂર્વભવને તું યાદ કર. અત્યારે તને મારા પવિત્ર સંતોની ઠોકર સહન ન થઈ? એ સંતો કેવા પવિત્ર છે! એના ચરણની રજ તારી પથારીમાં પડે કે તારા શરીરને અડે તો તું પાવન થઈ જાય. કંઈક સંતો તો એવા પવિત્ર હોય છે કે એના અશુચી પુદ્‌ગલો શરીરે ચોપડે તો ભયંકર રોગ પણ મટી જાય. હે મેઘ! તેં હાથીના ભવમાં કેવી અનુકંપા કરી છે! તેં વનમાં ચાર ગાઉનું માંડલું બનાવ્યું. તારે રહેવા તો થોડી જમીનની જરૂર હતી પણ પશુના ભવમાંય તને એવો વિચાર થયો કે વનમાં ભયંકર દાવાનળ સળગે તો બીજા જીવો પણ તેનો આશ્રય લઈ શકે. એવી ઉદાર

ભાવનાથી તેં એવું સુંદર ચાર ગાઉનું માંડલું બનાવ્યું કે જ્યાં ઘાસનું એક તણખલું પણ રહેવા ન દીધું. જ્યાં લાકડું છે ત્યાં આગ લાગે છે પણ જ્યાં ઘાસ કે લાકડું નથી ત્યાં આગ ક્યાંથી લાગે? તેં માંડલું બનાવ્યું ને બનવા કાળે એવું બન્યું કે ભયંકર દાવાનળ ફાટી નીકળ્યો. બધા પશુપક્ષીએ એ માંડલાનો આશ્રય લીધો. પણ એક સસલું રહી ગયેલું. તારા પગમાં ખણ જ આવી ને તેં પગ ઊંચો કર્યો એટલે સસલું એ જગ્યાએ બેસી ગયું. તને એની દયા આવી કે જો હું પગ નીચો મૂકીશ તો એ બિચારું સસલું ચગદાઈ જશે. એટલે તેં પગ અદ્ધર રાખ્યો. બંધુઓ! કોઈ માણસ દાન કરે તો ભલે બધું આપી દે પણ પોતાને રહેવા માટે જગ્યા તો રાખે ને? આ હાથીએ તો પોતાની જગ્યા પણ સસલાને આપી દીધી. અનુકંપા એ સમકિતનું લક્ષણ છે. અઢી દિવસ સુધી દાવાનળ ચાલુ રહ્યો. દાવાનળ બૂઝાયા પછી બધા પશુ પક્ષીઓ પોતપોતાના ઠેકાણે ચાલ્યા ગયા. ત્યારે તેં પગ નીચે મૂકયો. તને એવી કળ ચઢી ગઈ કે પગ મૂકવા જતાં નીચે પડી ગયો. ભયંકર વેદના થવા લાગી તે સમયે પણ તારા મનમાં દુષ્ટભાવ આવ્યા નહિ કે મેં સસલાને જગ્યા આપી ત્યારે મને આ દુઃખ થયું ને? તે સમયે તારા મનમાં એવા પરિણામ આવ્યા કે મેં પશુના ભવમાં એક સસલું બચાવીને કંઈક કર્યું છે. ભલે મારું મરણ થાય પણ એ તો બચ્યું ને? આમ વિચાર કરતાં તું મરણ પામ્યો. એ તારા શુભ અધ્યવસાય અને અનુકંપાના બળે શ્રેણીક રાજાનો પુત્ર મેઘકુમાર થયો.

પ્રભુના મીઠા બે શબ્દે કમાલ કરી. પ્રભુના વચન સાંભળીને મેઘકુમાર ઠરી ગયા. પૂર્વભવને યાદ કરતાં જાતિસ્મરણ જ્ઞાન થયું. હાથીનો ભવ, ભયંકર દાવાનળ, ને એ સસલા ઉપર કરેલી અનુકંપા બધું નજર સમક્ષ દેખાવા લાગ્યું. અહો! જીવ ત્યાં તેં કેટલું સહન કર્યું? ને અહીં તારાથી આટલું સહન ન થયું! પ્રભુના ચરણમાં પડી ગયા. નાથ! મારો ગુનો માફ કરો. આજે આપે આ પાપીને સંસારના ભયંકર ખાડામાં અથડાવા જતો ઉગારી લીધો છે. બસ, પ્રભુ! આજથી આ શરીર આપને અર્પણ કરી દઉં છું.

**જિંદગી કરી સેવા માંહે કુરબાની, બંસરી બજાવી છે સત્ય અહિંસાની,**
**શ્રેષ્ઠ મારગ પામીને કારજ સુધાર્યું...આજ મને સંતોએ ઠેણું માર્યું.**

આ દેહ સંતોની સેવામાં આપને ચરણે ધરું છું. ફક્ત આંખની કીકી હલનચલન થાય છે તેના મટકારા અને શ્વાસોચ્છ્વાસ કેટલા લેવાય છે ને મૂકાય છે તેને હું ગણી શકતો નથી. એટલું આપનાથી ગુપ્ત રહેશે. બાકી કંઈ ચીજ આપનાથી છાની નહિ રહે. પ્રભુના બે શબ્દ સાંભળીને મેઘકુમારે જીવનમાં અનેરો પ્રકાશ પ્રાપ્ત કર્યો. ઘેર જવા આવ્યા હતા ને પ્રભુને અર્પણ થઈ ગયા.

બંધુઓ! અર્પણતા વિના તર્પણતા નથી. મેઘકુમાર પ્રભુને અર્પણ થઈ

ગયા તો કામ કાઢી ગયા. કારણ કે પાત્રતા પ્રગટી હતી. ભગવાન પાત્ર જોઈને પીરસે છે. આપણે પણ પાત્રતા કેળવવાની જરૂર છે. જો પાત્ર તૈયાર હશે તો અંદર કોઈ નાંખશે પણ પાત્ર નહિ હોય તો શું કરવાનું? મેઘકુમાર એક વખત ભાન ભૂલ્યા પણ પ્રભુના વચનથી ઠેકાણે આવ્યા. ને સંતોની સેવા માટે કાયા કુરબાન કરી સત્ય-અહિંસાનો નાદ ગુંજાવી શાસ્ત્રના પાને નામ અમર કરી ગયા.

અનાથી નિગ્રંથની પાસે શ્રેણીક રાજા ઊભા છે. મુનિના વચનની શ્રેણીક રાજાના દિલમાં ચોટ લાગી છે કે મને અનાથ કેમ કહ્યો? સમય જોઈને મુનિએ સોગઠી મારી. આ વચન શ્રેણીક રાજાના ઉદ્ધાર માટે હતું. મુનિ સમજતા હતા કે આ જીવ પાત્ર છે. પાત્રમાં ગમે તેટલું નાંખીશ તો સમાઈ જવાનું છે. ને તેના પરિણામે મહાન લાભ થવાનો છે. તમે પણ કહો છો ને કે વહેપારમાં જેટલા નાણાં વધુ રોકાશે તેટલો લાભ થવાનો છે. તેમ અહીં પણ શ્રેણીક રાજાની પાત્રતા જોઈને મુનિએ કહ્યું કે તું અનાથ છે. તેથી રાજાને ખૂબ આશ્ચર્ય તો થયું છતાં વિચાર કર્યો કે મારી પાસે કેવો વૈભવ છે તેની હું મુનિને જાણ કરું. હવે રાજા પોતાની પાસે કેટલો વૈભવ છે તેની જાણ કરશે તેના ભાવ અવસરે કહેવાશે.

**ચરિત્ર :–** જયનાદે બરાબર તપાસ કરીને આવીને મહામંત્રીને બધી વાત કરી. મહામંત્રીએ જયનાદની વાત ખૂબ એકાગ્રતાપૂર્વક સાંભળી. પછી જયનાદને જવાની રજા આપીને પોતે ગંભીર વિચારમાં પડયા. અંજના નિર્દોષ છે એને પવનજીથી ગર્ભ રહ્યો છે એ વાત તદ્દન સાચી છે. પણ કેતુમતી રાણીને કેવી રીતે સમજાવવા? એ એક મોટો પ્રશ્ન છે. મહામંત્રીએ આ બાબતમાં ખૂબ વિચાર કર્યો. વિચાર કરતાં મધરાત થઈ પણ ઊંઘ આવતી નથી. અંજનાની નિઃસહાય સ્થિતિનો વિચાર કરતાં મહામંત્રી ધ્રુજી ઉઠયા. કેતુમતી ન સમજે તો શું કરવું? મહામંત્રી નવકાર મંત્રનું સ્મરણ કરતાં નિદ્રાધીન થઈ ગયા. એકાદ પ્રહર ઉંઘ્યા ન ઉંઘ્યા ને પ્રભાત થયું. પ્રાભાતિક કાર્યોથી પરવારીને મહામંત્રી રાજમહેલમાં ગયા. રાજા પ્રહ્લાદ અને રાણી કેતુમતી મહામંત્રીની રાહ જોતાં હતાં. રાજાને નમન કરીને મહામંત્રી આસન પર બેઠા. મૌન પથરાયું. ત્યાં તો કેતુમતી મૌન તોડીને ક્રોધથી ધમધમતા બોલ્યા કે મહામંત્રીજી! આજ ને આજ અંજનાને નગરમાંથી કાઢી મૂકવી જોઈએ. ત્યારે વયોવૃદ્ધ મંત્રીજીએ કહ્યું જો અંજના દોષિત હોય તો એ વિચાર બરાબર છે. કેતુમતીએ કહ્યું કે શું તમને એ નિર્દોષ લાગે છે? મંત્રીએ કહ્યું. મેં ઝીણવટથી તપાસ કરી છે. અંજના મને દોષિત લાગતી નથી. ત્યારે રાણીએ કહ્યું. એ દોષિત છે. તપાસ વળી શું કરવાની? દિવા જેવી સ્પષ્ટ વાત છે કે મારો પુત્ર બાર બાર વર્ષથી એની સામે પણ જોતો નથી તો એની સાથે સંગમ તો થાય જ કેવી રીતે? શું બાર વર્ષે પણ અંજના પ્રત્યે સદ્ભાવ ન જાગી શકે? જાગતો હશે પણ મારે

મારા કુળને કલંક નથી લગાડવું. દુનિયા જાણે છે કે પવનજી અંજનાને બોલાવતા નથી. અને પવનજીના લંકા ગયા પછી તે ગર્ભવંતી થઇ છે તે જાણે ત્યારે અમારી ઈજ્જતના તો કાંકરા થાય કે બીજું કંઇ?

મહામંત્રી કહે છે આપણે લોકોને સાચી વાતથી વાકેફ કરી દઇએ પછી ઇજ્જતનો પ્રશ્ન રહેતો નથી. મહામંત્રીજી! તમે એનો બચાવ ન કરો. મને તો પહેલાં પણ એમ લાગતું હતું કે પવનકુમાર અંજના પ્રત્યે આવો તીવ્ર અણગમો કોઇ ગંભીર કારણ વિના ધરાવે નહિ. એણે અંજનાના દૂષણો કદી આપણને કહ્યા નથી. પણ એણે ગુપ્તપણે એની ખરાબ ચાલ ચલગત જાણેલી હોવી જોઇએ અને તેથી એના પર ભારે રોષ હતો. છેલ્લે દિવસે જ્યારે લંકા જવા નીકળ્યો ત્યારે પણ એની અવગણના કરીને ગયો છે ને પાછો આવીને ત્રણ રાત રહીને ગયો તે વાત તદ્દન અશકય છે. કેતુમતી પોતાની વાતને મક્કમપણે વળગી રહી. ત્યારે મહામંત્રીએ કહ્યું-શું એને આવી ગર્ભવંતી અવસ્થામાં અહીંથી કાઢી મૂકવી! તેમાં આપણી ફજેતી નહિ થાય? પવનજી ન આવ્યા હોય તેવું આપણે ચોક્કસ કહી શકીએ નહિ. મનુષ્યનું મન ક્યારે બદલાય તે કહેવા આપણે શક્તિમાન નથી. અને મેં જે તપાસ કરી છે તેમાં મને દઢ નિશ્ચય થયો છે કે પવનજી પાછા આવીને ત્રણ દિવસ રોકાઇને ગયા છે. અને જ્યારે તે યુદ્ધમાંથી પાછા આવશે ત્યારે આપણને તે વાતની ખબર પડશે. અત્યાર સુધી પ્રહ્લાદ રાજા મૌન હતા. રાણી અને મહામંત્રીની વચ્ચે થયેલી વાતચીત સાંભળી, વિચારીને બોલ્યા અંજના દોષિત છે કે નથી તેનો નિર્ણય કરવામાં આપણે બહુ વહેલા છીએ. પવનજીના આવ્યા પછી સાચો નિર્ણય થઇ શકે. પણ અત્યારે તો કેતુમતીના ચિત્તનું સમાધાન થાય ને અંજનાને કોઇ મોટો અન્યાય ન થાય તે માટે મને એક ઉપાય સૂઝે છે. બોલી ઉઠી શું? આપણે અંજનાને તેના પિયર મોકલી દેવી. ત્યાં એ સુખપૂર્વક દિવસો પસાર કરશે અને તે અરસામાં પવન પણ પાછો આવી જશે. કેતુમતી સંમત થઈ. ત્યારે મહામંત્રીએ કહ્યું કે પવનજી આવે ત્યાં સુધી તો એને રાખો. પછી તમને યોગ્ય લાગે તેમ કરજો. તો પણ તેને રાખવા તૈયાર થયા નહિ. બંધુઓ! જ્યારે માણસના ગાઢ કર્મનો ઉદય થાય છે ત્યારે ભલભલા સજ્જનોની મતિ પણ બદલાઇ જાય છે.

## સાસુએ વર્તાવેલો કાળો કેર :–

સાસુજીએ અંજનાને ન કહેવાના શબ્દો કહ્યા ત્યારે વસંતમાલાથી સહન ન થયું એટલે બોલી ઉઠી–બા! જે બોલો તે વિચારીને બોલો. મારી સખી તદ્દન નિર્દોષ છે. તમારા શબ્દો અમારી છાતીમાં તીરની જેમ સોંસરા ઉતરી જાય છે. આટલું બોલી ત્યાં કેતુમતીનો પ્રકોપ વધી ગયો. ને વસંતમાલાનો ચોટલો પકડીને થાંભલા સાથે બાંધી દીધી ને ખૂબ માર માર્યો. લોહીની શેરો ઉડવા લાગી ઉપરથી કહે છે હે પાપણી! તેં જ મારા દીકરાના દાગીના ચોરી લીધા

છે. જલ્દી પાછા આપી દે નહિતર જાનથી મારી નાંખીશ. ત્યારે વસંતમાલા કહે છે. હું ચોર નથી તારો પવનજી ચોર છે કે તે ચોરની જેમ આવીને ચાલ્યા ગયા. આથી કેતુમતી વધારે ગુસ્સે થઈને જોરથી મારવા લાગ્યા એટલે અંજનાજી આડા પડે છે. વસંતમાલા કહે છે બહેન! તું વચમાં આડી ન પડીશ નહિતર તને પણ મારી નાંખશે. તું જીવતી હોઈશ તો પવનજીને સાચો સંદેશો મળશે. કેતુમતી કહે છે આટલું જોર શાને કરે છે? હવે તમને વિદાય કરવાના છે. તેના માણસોને આજ્ઞા કરી કે જલ્દી રથ તૈયાર કરાવો. રાજાની આજ્ઞા થતાં તરત રથ તૈયાર કરાવવામાં આવ્યો.

**કાળો રે રથ અણાવીયો, કાળા તુરંગ જોડયા છે હોય તો,**
**કાળા રે વસ્ત્ર પહેરાવીયા, કાળી ધોંસરી દીધી છે સોય તો,**
**કાળી રે મસ્તકે દામણી, કાળા હો બાજુબંધ બાંધ્યા છે હોય તો,**
**અંજના પીયર હો ચાલીયા, જોજો ભાઈ કર્મતણાં ખેલ રે....સતી રે....**

અંજના માટે કાળો રથ મંગાવ્યો, રથ કાળો તેને ઘોડા પણ કાળા જોડયાં. સારા વસ્ત્રો ઉતરાવીને કાળા વસ્ત્રો પહેરાવ્યા. રથની ધૂંસરી પણ કાળી, મસ્તકે દામણી પણ કાળી ને હાથે બાજુબંધ પણ કાળા બંધાવ્યા. ને બંગડી પણ કાળી પહેરાવી દીધી. કેતુમતીને ખબર નથી કે મારો દીકરો જીવતો છે ને આને વિધવાપણાના દર્શન કયાં કરાવું છું! વસ્ત્રો બદલાવતી જાય છે ને છાતી ફાટી જાય તેવા શબ્દો સાસુ બોલતી જાય છે.

સો સો ભાઈની એક લાડીલી બહેનડીને આજે દુઃખનો પાર નથી. આંખમાંથી બોર બોર જેવા આંસુ પડે છે. દીકરીને માતા-પિતા ગમે તેટલું સારું જોઈને પરણાવે પણ કર્મ આગળ કોઈનું ચાલતું નથી. કહેવત છે કે "દીકરી અને ગાય જ્યાં દોરે ત્યાં જાય." ખૂબ સારું કુળ જોઈને પરણાવી. ત્યારે મા-બાપને ખબર ન હતી કે મારી દીકરીના માથે આવા દુઃખના ડુંગરા તુટી પડશે. સાસુ કહે છે જાવ, હવે જલ્દી રથમાં બેસી જાઓ. મારે તમારું કાળું મુખ જોવું નથી. આ સમયનું અંજનાનું રૂદન જોયું જતું નથી. સાસુજી તેના પર જુલમ કરે છે પણ ઉપરથી અંજના તો તેમના પગમાં પડે છે. બા! મારી ભૂલ હોય તો માફ કરજો. હું કલંકિત નથી છતાં આપની દૃષ્ટિમાં એવી દેખાઉં છું તેમાં આપનો દોષ નથી. દોષ તો મારા કર્મનો છે. રાજા પ્રહ્લાદ તો અંજનાનું રૂદન જોઈને મૂર્છિત થઈ ગયા. સતીએ સસરાને પ્રણામ કર્યા ને લથડતા પગે બળતા હૈયે રથમાં બેઠી. હવે રથ ત્યાંથી કયાં જશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં.- ૩૪
## વિષય : "આત્માની સીડી સમ્યક્ત્વ"

**શ્રાવણ વદ ૫ ને મંગળવાર** તા. ૨૬-૮-૭૫

અનંતજ્ઞાનીઓ ફરમાવે છે કે જ્યારે માનવીના પુણ્યનો ઉદય થાય છે. ત્યારે તેને આપોઆપ ઋદ્ધિ-સિદ્ધિ આવી મળે છે ને પાપનો ઉદય થાય છે ત્યારે બધી રીતે માણસ પાયમાલ થઈ જાય છે. ધર્મની આરાધનાથી આત્મા પુણ્ય રૂપ ખજાનાને ભરે છે અને કર્મનો નાશ પણ કરે છે. આત્માને પૂર્ણ સુખી કરનાર અને સાચું સુખ આપનાર જો કોઈ હોય તો તે ધર્મ છે. ધર્મના ત્રણ પ્રકાર છેઃ તત્ત્વાર્થ સૂત્રના પ્રથમ અધ્યાયના પ્રથમ સૂત્રમાં કહ્યું છે કે :- सम्यग्दर्शनज्ञान चारित्राणि मोक्षमार्गः । સમ્યગ્દર્શન, સમ્યક્-જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આ ધર્મના ત્રણ પ્રકાર છે અને એ ત્રણે મળીને મોક્ષનો માર્ગ બને છે.

આ ત્રણની આરાધનાથી આત્મા કર્મથી મુક્ત બને છે. જેમ કે એકલા ઘઉંના લોટથી લાડવો બનતો નથી. લાડુ બનાવવા માટે ઘી-ગોળ અને લોટ આ ત્રણ વસ્તુઓ ભેગી થાય ત્યારે લાડવો બને છે. તે રીતે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર આ ત્રણ મળીને મોક્ષમાર્ગ બતાવે છે. એકલી શ્રદ્ધાથી, એકલા જ્ઞાનથી કે એકલા ચારિત્રથી કોઈ મુકિત મેળવી શક્યું નથી ને મેળવી શકતું પણ નથી. પણ સમ્યક્ શ્રદ્ધા, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર આવે ત્યારે આત્મા મુકિત મેળવી શકે છે. આ ત્રણ વસ્તુ પ્રાપ્ત કરવામાં મોહનીય કર્મના ક્ષયોપશમની પ્રથમ જરૂર છે. જો મોહનીય કર્મનો સર્વથા ક્ષય થાય તો તરત તે જન્મમાં આત્મા મુકત બની જાય છે તે હકીકત છે.

બંધુઓ ! મોક્ષનો આરાધક કોણ બની શકે ? સમ્યગ્દૃષ્ટિ આત્મા આરાધકની કોટીમાં આવે છે. કારણ કે આત્મા જ્યારથી સમ્યક્દર્શન પામે ત્યારથી તે આરાધક ગણાય છે. આથી સમજી શકાય છે કે સમકિત કેટલું કિંમતી છે! સમકિત કેવી અજોડ ને અપૂર્વ વસ્તુ છે! આત્માને સમકિત પ્રાપ્ત થતાં જીવનનું પરિવર્તન થઈ જાય છે, કર્મબંધનમાં પણ ફેર પડી જાય છે, સંસારની રખડપટ્ટી મટી જાય છે. અને અલ્પ ભવમાં આત્મ મુકત થાય છે. આત્મા મિથ્યાત્વી મટીને સમકિતી થયો એટલે તેને માટે દુર્ગતિના દ્વાર બંધ થવાના. સમકિતદૃષ્ટિ આત્મા સદ્ગતિમાં ઉત્પન્ન થાય છે. ભવની ગણત્રી પણ સમકિતની પ્રાપ્તિ પછી થાય છે. તીર્થંકર ભગવંતોમાં કોઇના ૩, કોઇના ૧૩ ને કોઇના ૨૭ ભવ થયા છે. જ્યારથી તેમનો આત્મા સમકિત પામ્યો ત્યારથી આ ભવોની ગણત્રી કરવામાં આવી છે. આ ઉપરથી આપણે સમજી શકીએ છીએ કે જિનેશ્વરદેવના સિદ્ધાંત ઉપરની શ્રદ્ધા શું કામ કરે છે! જૈનદર્શન કેવું અપૂર્વ છે તે સમજનાર સમજી શકે છે. જૈનદર્શન માત્ર ધર્મના સ્વરૂપને સમજાવે છે એમ નહિ પણ આખા જગતના સ્વરૂપને સમજાવે છે. આ

જગતમાં કેટલા આત્માઓ છે, કેટલી ગતિ, કેટલી યોનિ અને કેટલા કુળ છે તેનું યથાર્થ દર્શન કરાવે છે. દરેક જીવોના ખાનપાન કેવા હોય છે, એ જીવો ક્યાં ક્યાં રહે છે, તેમનું આયુષ્ય કેટલું હોય છે. એમને પ્રાણ કેટલા? તેની ઇન્દ્રિયો કેટલી? આ બધું ઓછું વધતું હોવાનું કારણ શું? શરીરના નિર્માણમાં આટલો મોટો ભેદ કેમ? આત્મા ઘડીકમાં સુખી ઘડીકમાં દુઃખી ઘડીમાં શોકમગ્ન અને ઘડીમાં આનંદમગ્ન બને છે. આમ થવાનું કારણ શું? એક ધનવાન બને છે ત્યારે એક ભીખ માગે છે. છતાં પેટનો ખાડો પૂરાતો નથી. આમ થવાનું કારણ શું? મળેલી સંપત્તિ એકાએક કેમ ચાલી જાય છે? અમુક માપમાં કેમ મળે છે? જગત એટલે શું? જગતનો તમામ વ્યવહાર કોણ ચલાવે છે? એનો કોઈ સંચાલક છે કે કુદરતી ચાલે છે? જડ અને ચેતનના ભેદો, દ્રવ્ય-ગુણ અને પર્યાયનું સ્વરૂપ આ બધા પદાર્થોનું ઊંડાણથી જ્ઞાન કરાવનાર જો કોઈ આ જગતમાં હોય તો તે જૈનદર્શન છે.

દેવાનુપ્રિયો! જગતના તમામ પદાર્થોના સ્વરૂપને સમજવા માટે જૈનદર્શનમાં ચાર અનુયોગ બતાવ્યા છે. તે દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ અને ધર્મ કથાનુયોગ, આ ચાર અનુયોગમાં આખી દુનિયાનું સ્વરૂપ આવી જાય છે. આ જૈનદર્શનની ને જૈનશાસનની બલિહારી છે. પરમાત્માનું શાસન કેટલું વિશાળ છે! તેમાં કેવું, કેટલું અને અદ્ભુત જ્ઞાન ભર્યું છે! અને તે આત્માને અત્યંત હિતકારી છે. માટે કલ્યાણની કામનાવાળા આત્માઓએ આ શાસનનું શરણ સ્વીકાર્યા સિવાય છૂટકો નથી. એકાંતે મહાન લાભ કરનાર આ જૈનશાસન છે. આ શાસનના શરણ વિના ભવ્ય જીવોને ચાલી શકે તેમ નથી. આત્માનું કલ્યાણ કરનાર અને દુઃખથી ઘેરાયેલા આત્માઓને દુઃખથી મુક્ત કરી અનંત સુખમાં મહાલતો કરનાર આ જિનશાસન અને જૈનદર્શન છે. સાચી શાંતિ અને સાચું સુખ આપનાર આ જૈનદર્શન છે. જ્યાં સુધી આત્માઓને એવી સમજણ ના આવે ત્યાં સુધી કોઈ પણ આત્મા કલ્યાણ કરી શકે નહિ.

બંધુઓ! આપણે ઉત્તરાધ્યયન સૂત્રનું વીસમું અધ્યયન જેમાં સનાથ અને અનાથનું આબેહૂબ વર્ણન ચાલે છે. જ્યાં સુધી આત્મા આ જિનશાસન પામીને સમકિત નહિ પામે, શાસ્ત્રનો સાર નહિ પામે ત્યાં સુધી તે પોતે અનાથ છે જ્યારે અનાથી મુનિનો ભેટો થયો ત્યારે શ્રેણીક રાજા મિથ્યાત્વી હતા એટલે તે પોતે અનાથ હતા. તેઓ અજ્ઞાન હતા. મુનિ જે દૃષ્ટિથી અનાથની વ્યાખ્યા કરી રહ્યા હતા તેનાથી રાજાની માન્યતા તદ્દન ભિન્ન હતી. રાજા કોને અનાથ માનતા હતા? હું તમને પૂછું છું કે તમે કોને અનાથ માનો છો? "જેની કોઈ સંભાળ રાખનાર ન હોય તેને" મુનિએ રાજાને કહ્યું કે તું પોતે અનાથ છે તો મારો નાથ કેવી રીતે બની શકીશ? મુનિ શ્રેણીક રાજાને અનાથ કહીને ઢંઢોળે છે, તેમની સૂતેલી ચેતનાને જાગૃત કરે છે. રાજા એમ સમજતાં

હતા કે જેને રહેવા ઘર ના હોય, મા-બાપ ન હોય, મિત્રો ન હોય અગર બીજા નજીકના સગા-વહાલાં ન હોય તેને અનાથ કહેવાય પણ જૈનદર્શન અનાથની વ્યાખ્યા જુદી કરે છે. રાજા વિચાર કરે છે કે મુનિએ મને જે અનાથ કહ્યો તે મારા માટે અશ્રુતપૂર્વ છે. એટલે કે હજુ સુધી મને કોઇએ અનાથ કહ્યો નથી. તેમ મેં કોઇ દિવસ અનાથતા અનુભવી નથી એટલે આ મુનિને મારા વૈભવની ખબર લાગતી નથી. અગર તો તેમની આકૃતિ જોતાં તેઓ મહાન ઋદ્ધિવાળા હોય અને તેમની દૃષ્ટિએ હું અનાથ લાગતો હોઉં તો પણ બનવા જોગ છે. કારણકે કોઇ માણસ જ્યારે પોતાનાથી નાની ચીજ બીજાની પાસે દેખે છે ત્યારે તે નાની ચીજને તુચ્છ માને છે. માની લો કે કોઇની પાસે હીરા-માણેક અને પન્નાના દાગીના હોય તેને સોનાના દાગીના તુચ્છ લાગે છે. અને જેની પાસે ચાંદીના દાગીના હશે તેને પિત્તળના તુચ્છ લાગશે. આ રીતે મુનિની પાસે ઋદ્ધિ-સિદ્ધિ ઘણી હોય તે કારણે તેમની નજરમાં હું અનાથ ગણાતો હોઉં તે સંભવિત છે. હું પણ તેમની શારીરિક ઋદ્ધિ જોઇને આશ્ચર્યચકિત થયો હતો તે રીતે તેમણે પણ મારી શારીરિક ઋદ્ધિ જોઇને મને પોતાનાથી ઓછી ઋદ્ધિવાળો ગરીબ સમજ્યો હોય ને તે કારણે મને અનાથ કહ્યો હોય! પણ એ મુનિ માને છે તેવો હું અનાથ નથી. તેની એમને જાણ કરવા માટે-મારે મારી ઋદ્ધિનું વર્ણન તેમની સામે કરવું જોઇએ. જેથી એમને ખબર પડે કે હું એમનો નાથ બની શકું તેમ છું કે નહિ? મહારાજા શ્રેણીક જેવા તેવા ન હતા. સાહસિક અને વીર હતા. એટલે પોતાની ઋદ્ધિનું વર્ણન કરતાં મુનિને કહેછે કે મહારાજ! તમે મને અનાથ કહો છો પણ મારી પાસે કેવી સમૃદ્ધિ છે તે તમે સાંભળો.

अस्सा हत्थि मणुसा मे, पुरं अंतेउरं च मे ।
मुंजामि माणुसे भोए, आणा इस्सरियं च मे ।।

ઉત્ત. સૂ અ. ૨૦ ગાથા ૧૪

હે મુનિ! મારા રાજ્યમાં ૩૩ હજાર મદઝરતા હાથીઓ ઝુલે છે, ૩૩ હજાર અશ્વો હણહણે છે ને ૩૩ કરોડ પાયદળ મારી આજ્ઞામાં છે. હું કેવળ મગધનો નામનો રાજા નથી પણ આખા મગધના રાજ્યનું પાલન કરું છું. એક ક્રોડ ને એકોત્તેર લાખ ગામ મારા તાબામાં છે. આ બધા નગરોની આવકમાંથી મારા રાજ્યનું ખર્ચ સારી રીતે નીકળે છે. મારું અંતેઉર પણ વિશાળ છે. તેમાં જેવા તેવા રાજાઓની કન્યાઓ નથી પણ મોટા મોટા રાજાઓ તેમની કન્યાઓ મને સામેથી આપીને પોતાને ભાગ્યશાળી માને છે. ઘણાં મનુષ્યો પાસે ઋદ્ધિ ખૂબ હોય છે પણ શરીર રોગથી ઘેરાઇ ગયું હોવાથી તેઓ પોતાની ઋદ્ધિનો લાભ ઉઠાવી શકતા નથી પણ મારી પાસે તો ઋદ્ધિ-સિદ્ધિની સાથે શારીરિક સંપત્તિ પણ સારી છે. એટલે હું તો મનુષ્ય સબંધી કામભોગોનો ઉપભોગ પણ

સારી રીતે કરી શકું છું. તેમજ ઘણા રાજાઓ તો કહેવાના રાજા હોય, તેના માથે બીજા રાજાઓનું સ્વામિત્વ હોય છે ને તે મોટા રાજા કહે તે રીતે એ કરી શકે છે. એવો હું ખંડિયો રાજા નથી હું તો મહાન રાજા છું. મારી આજ્ઞા બધા રાજાઓ શિરોમાન્ય કરે છે. કોનામાં તાકાત છે કે તે મારી આજ્ઞાનો અનાદર કરી શકે ? હું આવો મહાન રાજા હોવા છતાં આપ મને અનાથ કેમ કહો છો ?

બંધુઓ ! અહીં મુનિની અનાથની વ્યાખ્યા જુદી છે ને રાજાની પણ જુદી છે. કારણ કે બંનેની દૃષ્ટિ અલગ છે. એકની દૃષ્ટિ ભોગ તરફની છે ને બીજાની ત્યાગ તરફ છે. શ્રેણીક રાજા ૭૨ કળા શીખ્યા હતા પણ આધ્યાત્મિક જ્ઞાન મેળવ્યું ન હતું. એટલે તેમની દશા મુનિ કરતાં જુદી છે. રાજાને આધ્યાત્મિક જ્ઞાન હોત તો તે પોતાને સનાથ માનત નહિ. ને મુનિનો નાથ બનવાનું કહેત નહિ. કારણ કે બાહ્ય ઋદ્ધિથી અનાથ મટીને સનાથ બનાતું નથી. અહીં તો મુનિએ રાજાને મોહનિદ્રામાંથી જાગૃત કરવા માટે કહ્યું હતું કે તું અનાથ છે. પણ રાજાને આ વાતનું ભાન ન હતું એટલે એને ચોંટ લાગી કે મને અનાથ કેમ કહ્યો ? બંધુઓ ! તમને પણ સંતો સંસારના કાદવમાંથી કાઢવા માટે ઘણી વાર કહે છે કે ભાઈ ! આ સંસારના કાદવમાં ગળાબૂડ ખૂંચી ગયો છું તો હવે બહાર નીકળ. ક્યાં સુધી ખૂંચેલો રહીશ ? મને સંતોએ આવું કેમ કહ્યું એનો ખટકારો થાય છે ? પવિત્ર આત્માઓને સામાન્ય ટકોર કરવામાં આવે તો પણ જાગી જાય છે.

જનકરાજાની મિથિલા નગરીમાં એક બ્રાહ્મણ રહેતો હતો. તેનાથી એક વખત રાજાનો મોટો ગુનો થઈ ગયો. બ્રાહ્મણને પકડીને દરબારમાં લાવવામાં આવ્યો. જનકરાજાએ તેના અપરાધથી ખૂબ ક્રોધાયમાન થઈને તેને પોતાના રાજ્યથી હદપાર કરવાનું ફરમાન કર્યું. ત્યારે બ્રાહ્મણે ખૂબ નમ્રતાપૂર્વક કહ્યું–મહારાજા ! મારાથી આપનો મોટો અપરાધ થયો છે તેથી આપે મને આપની હદપાર કરવાની કડક શિક્ષા કરી છે તે મને શિરોમાન્ય છે. પણ હું આપને એક પ્રશ્ન પૂછું છું કે આપના રાજ્યની હદ ક્યાં સુધી છે ? જનકરાજા ખૂબ વિદ્વાન હતા. તેમને આત્મજ્ઞાનનો ખૂબ શોખ હતો. બ્રાહ્મણના આ પ્રશ્નથી રાજાના મનમાં એક ઊંડો ઝાટકો લાગ્યો. તે વિચાર કરવા લાગ્યા કે આ પૃથ્વી પર તો મારાથી પણ અનેક શક્તિશાળી રાજાઓ રાજ્ય કરે છે. એમાં મને તો એક મિથિલાનગરી મારું રાજ્ય દેખાય છે. આટલો વિચાર કરતાં નવો વિચાર આવ્યો કે હું જેને મારું માનું છે તે મિથિલાનું રાજ્ય પણ શું મારું છે ? શું એ મારી સાથે આવશે ? જેમ જેમ જનકરાજાની વિચારધારા આગળ ચાલી તેમ તેમ તેને પોતાના અધિકારની સીમા સંકુચિત દેખાવા લાગી. ખૂબ ઊંડાણથી વિચાર કરતાં તેને લાગ્યું કે આ મિથિલાના રાજ્ય ઉપર પણ મારો અધિકાર શેનો ? કારણ કે આત્મા સિવાયના બધા પદાર્થો નાશવંત છે. મારો અધિકાર તો ફક્ત મારા આત્મા ઉપર છે, આ પ્રમાણે વિચાર કરીને

જનકરાજાએ બ્રાહ્મણને કહ્યું કે ભાઈ! મારા રાજ્યની હદ કયાંય નથી. આ સંસારની કોઇ પણ વસ્તુ ઉપર મારો અધિકાર નથી. તારે જ્યાં રહેવું હોય ત્યાં તું સુખેથી રહી શકે છે.

બંધુઓ! બ્રાહ્મણની મીઠી ટકોરથી જનકરાજાને ભાન થયું કે મારો અધિકાર કોના ઉપર છે? પણ તમને સંતો કેટલી વાર ટકોર કરે છે છતાં કંઇ અસર થાય છે? "સાધુ કહેતા ભલા ને હમ સુનતા ભલા."

**સુણી સુણીને ફૂટયા કાન, તો યે ન આવ્યું બ્રહ્મજ્ઞાન.**

આવી તમારી વાતો છે. આટલો સુંદર ઉપદેશ સાંભળવા છતાં તલ માત્ર મમતા ઓછી થાય છે? એક બીલ્ડીંગ બનાવ્યું તો કહેશે મારું બીલ્ડીંગ છે, આ મારી પેઢી છે, ને આ મારી પત્ની અને પુત્ર પરિવાર છે. નાના બાળકો રેતીનો કૂબો બનાવીને કહે છે કે આ મારું ઘર છે એવી રમત રમે છે. એની રમત થોડી વારમાં પૂરી થશે પણ આ મોટા બાળકોની રમત કયારે પૂરી થશે? હું ચૈતન્ય છું, અનંત વીર્યવાન છું, સચ્ચિદાનંદ સ્વરૂપ છું, અનંત જ્ઞાનનો ધણી છું, અનંત સુખનો સ્વામી છું, મોટા ચક્રવર્તિના વૈભવ કરતાં પણ મારા આત્માનો વૈભવ અનંત ઘણો વિશેષ છે. આવી શ્રદ્ધા કરવાની જરૂર છે. આવી શ્રદ્ધા થયા વિના ગમે તેટલી કરણી કરશો તો પણ તે એકડા વિનાના મીંડા જેવી છે. ભાવના શતકમાં કહયું છે કે:-

**અંક રહિત સબ શૂન્ય વ્યર્થ જો, નેત્રહીન કો વ્યર્થ પ્રકાશ,**
**વર્ષા વિના ભૂમિમેં બોયા, બીજ વ્યર્થ પાતા હૈ નાશ,**
**ઉસી તરહ સમ્યકૂત્વ બિના હૈ જપ, તપ, કષ્ટ ક્રિયા બેકાર**
**કભી ન ઉત્તમ ફલ દેતી હૈ, મિલતા કભી ન મુકિત પ્રકાશ.**

જેમ એકડા વિના ગમે તેટલા મીંડાની લાઇન કરવામાં આવે તો તેની કોઇ કિંમત નથી. અંધ માણુસ આગળ ગમે તેટલી ટયુબ લાઇટો કરવામાં આવે, વરસાદ વિના ગમે તેટલું સારું બીજ ધરતીમાં વાવવામાં આવે તો તે વ્યર્થ છે તેવી રીતે સમ્યકૂત્વ વિના ગમે તેટલી બાહ્ય ક્રિયા કરવામાં આવે તો તે એકડા વિનાના મીંડા જેવી છે.

બાહ્ય ભાવે તપ-જપ, વ્રત-નિયમ આદિ ધર્મ ક્રિયાઓ કરવાથી પુણ્ય બંધાય છે ને પુણ્યથી જીવ નવમી ગ્રૈવેયક સુધી જઇ આવે છે. ત્યાં સુખ છે એવા સુખો જીવે ઘણી વાર ભોગવ્યા છે. અભવી જીવ પણ નવમી ગ્રૈવેયક સુધી જઇ શકે છે. તેથી કંઇ સંસાર થોડો કપાય છે? અહીં તમારું પુણ્ય હોય તો લોકો તમારી ખૂબ પ્રશંસા કરે, મન માન્યા સુખ મળે પણ આ રખડપટ્ટી ટળે નહિ. આટલા માટે જ્ઞાની પુરૂષો કહે છે તમે જલ્દી સમ્યગ્ દર્શન પ્રાપ્ત કરો. સમ્યક્દર્શનની આરાધના થાય તો મુકિત મળે.

ગૌતમ સ્વામીએ ભગવંતને પ્રશ્ન કર્યો કે હે ભગવંત!

**संवेगेणं भंते जीवे किं जणयइ ? संवेगेणं अणुत्तरं धम्मसध्धं जणयइ। अणुत्तराए धम्मसध्धाए संवेगं हव्वमागच्छइ, अणंतानुबंधि कोह माण माया लोभे खवेइ, नवं च कम्मं न बन्धइ। तप्पचइयं च णं मिच्छत्तविसोहिं काउणं दंसणाराहए भवइ, दंसण विसोहिए य णं विसुध्धाए अत्थेगइए तेणेव भवग्गहणेणं सिज्झइ, विसोहीए य णं विसुध्धाए तच्चं पुणो भवग्गहणेणं नाइक्कम्मइ ।।**

ઉત્ત. સૂ. અ. ૨૯, સૂ. ૧.

સંવેગથી જીવને કયા ગુણની પ્રાપ્તિ થાય છે? ઉત્તર-સંવેગથી ઉત્તમ ધર્મ શ્રધ્ધા જાગૃત થાય છે. ધર્મની ઉત્કૃષ્ટ શ્રધ્ધા કરવાથી સંવેગ-મોક્ષની અભિલાષાની જલ્દી પ્રાપ્તિ થાય છે. અનંતાનુબંધી ક્રોધ માન-માયા અને લોભનો ક્ષય થાય છે. નવા કર્મોનું બંધન થતું નથી. આથી મિથ્યાત્વની વિશુદ્ધિ કરીને દર્શનની આરાધના થાય છે. દર્શન વિશુદ્ધિથી શુદ્ધ થયા પછી કોઇ જીવ ક્ષાયક સમકિતની પ્રાપ્તિ કરે ને જો આયુષ્યનો બંધ ના પાડયો હોય તો તે ભવમાં મોક્ષે જાય છે. આ સમ્યક્ દર્શનની ઉત્કૃષ્ટ આરાધના છે. અને જો મધ્યમ આરાધના થાય તો ત્રીજે ભવે અવશ્ય મોક્ષે જાય ને જો સમ્યગ્ દર્શનની જઘન્ય આરાધના થાય તો પંદરમા ભવે મોક્ષે જાય અને જો પંદરમા ભવે મોક્ષે ન જાય તો પણ મોડામાં મોડો અર્ધપુદ્ગલ પરાવર્તન કાળમાં તો અવશ્ય મોક્ષે જાય, આ છે સમ્યક્ દર્શનનો મહિમા.

બંધુઓ! એક વખત સમ્યક્ત્વના રસનો સ્વાદ આવી જાય તો બેડો પાર થઇ ગયો સમજી લો. એક વખત સ્વાનુભવ કરી લીધો પછી તેનો સ્વાદ કયારે પણ જતો નથી. માનીલો કે તમે બાસુદી ખાધી ને થોડી વારમાં ઉલ્ટી થઇ ગઇ પણ તેનો સ્વાદ તો તમારી દાઢમાં રહી જાય છે ને! ૨૦-૨૫ વર્ષો વીતી જાય છે તો પણ તેનો સ્વાદ યાદ આવે છે ને? આવો સમ્યક્દર્શનનો મહિમા છે. એક વખત એ સ્વાદ ચાખ્યા પછી કયારે પણ તે જતો નથી. સમ્યક્ દર્શન પામ્યા પછી અનંત પુદ્ગલ પરાવર્તન કરવાના નથી. તેનો સંસાર લિમિટમાં આવી જાય છે. સમ્યક્ત્વની આરાધના કરતાં આત્મ-દર્શન થશે. જડ અને ચૈતન્યનું ભેદજ્ઞાન થશે. ભેદજ્ઞાન થતાં એવો વિચાર થશે કે જડથી ચૈતન્યનું ઉત્થાન ના થાય. આવો ભાવ આવતાં જીવને ધનનું મમત્વ પણ નહિ રહે. સમકિતના અભાવમાં જીવ એમ માને છે કે પૈસા વધે તો સમાજમાં મારી પ્રતિષ્ઠા વધે. હું સુખી થાઉં, શરીરને સારી રીતે હીરા-મોતી અને સોનાના દાગીનાથી શણગારું, આરસપહાણનું આલેશાન ભવન બંધાવું ને તેમાં આધુનિકઢબના બધા સાધનો સોફા-સેટ, ટેલીફોન, તિજોરી, રેડિયો, ટી. વી. બધું વસાવું, આંગણામાં ચાર ચાર કાર ખડી

રાખું એટલે સૌ કહે કે ફલાણા ભાઈના જેટલો વૈભવ કોઈને ત્યાં નથી. આ જીવની અજ્ઞાન દશા છે.

સમકિત દૃષ્ટિ જીવ તો પૈસા વધતાં પાપ વધ્યું છે એમ માને છે. જો જીવ એક વખત પામી જશે તો જગતના જડ પદાર્થો એંઠ જેવા લાગશે. આભૂષણો ભારરૂપ લાગશે. આ દેહ અલંકારોથી નહિ પણ સદાચારથી શોભે છે. આ દેહ માટીનો બનેલો છે તેને ખાણની કિંમતી માટીથી શા માટે મઢવો જોઈએ? એને દાન-શીયળ-તપ-અને શુભ ભાવનાના અલંકારોથી મઢી દઈએ તો કેવો શોભી ઊઠે? આવો વિચાર સમકીતિને આવશે. આગળ આપણે જોઈ ગયા ને કે સંવેગથી જીવને શું લાભ થાય? સંવેગ આવવાથી સંસાર ઉપરથી મન ઉઠી જાય છે. કોઈ પરાયા પદાર્થો પ્રત્યે પ્રીત રહેતી નથી. ભવભ્રમણનો પણ થાક લાગશે. જેમ તમે બહાર ગામ ગયા. ત્યાં નિકટના સગાનું ઘર છે. ત્યાં થોડા દિવસ રહ્યા પણ જ્યારે મન ઉઠી ગયું ત્યારે બે દિવસ પણ આકરા લાગે ને? તે રીતે જીવને મોક્ષની લગની લાગશે તો ક્ષણવાર પાપમાં રાચવું નહિ ગમે. પરાયાની પ્રીત નહિ ગમે. પણ આત્મા સ્વમાં આનંદ માનશે ને તેને એમ થયા કરશે કે ક્યારે કર્મના દેણાં પતાવીને જલ્દી મારું સ્વઘર તે મોક્ષને પામું.

જેને મોક્ષની લગની લાગી છે એવા અનાથી નિર્ગ્રંથની સામે રાજા શ્રેણીક પોતાની ઋદ્ધિનું વર્ણન કરે છે કે હે મહારાજ! મારી પાસે સર્વ કામભોગના સાધનો છે. તથા નોકર, ચાકર, રાણીઓ પ્રધાનો બધા મારી આજ્ઞાને આધીન છે. કોઈ મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરવા સમર્થ નથી. બંધુઓ! તમે પણ રાજ્યની આજ્ઞા કેવી શિરોમાન્ય કરો છો? ત્યાં સીધા દોર છો. જેમ રાજાની આજ્ઞાનું પાલન કરો છો તેવું વીતરાગ પ્રભુની આજ્ઞાનું પાલન કરો તો ન્યાલ થઈ જશો. પ્રભુની આજ્ઞાને સહર્ષ શિરોમાન્ય કરનાર જગત શિરોમણી બને છે. માટે તમે પણ ભગવાનની આજ્ઞાના આરાધક બનો. ભગવાનની એ આજ્ઞા છે કે તું એકવાર સમ્યક્ત્વ રત્નની પ્રાપ્તિ કરી લે. કારણ કે संबोही खलु पेच्च दुल्लहा । પરલોકમાં સમ્યક્ત્વની પ્રાપ્તિ થવી મહાન દુર્લભ છે. આ મનુષ્યભવ પણ મહાન દુર્લભ છે. સમ્યક્ત્વ પામ્યા તો જન્મારો સુધરી જશે. તમે કહો છો ને કે દાળ બગડે તો દિવસ બગડે. અથાણું બગડે તો વર્ષ બગડે ને પત્ની બગડે તો જિંદગી બગડે. એ તો એક સામાન્ય વસ્તુ છે. પણ સમ્યક્ત્વ રત્ન એ અમૂલ્ય રત્ન છે. સમ્યક્ત્વ પામ્યાની તક ચૂકયા તો ભવોભવ બગડશે. આ મનુષ્યભવ ખોઈ બેસશો તો જલ્દી મળવો મુશ્કેલ છે. આવા હીરા જેવા મનુષ્ય ભવને કોડી જેવા કામભોગોમાં ખોઈ નાંખો નહિ. આત્માની સાધના કરી લો. સત્તામાં પડેલા કર્મો હજુ ઉદયમાં નથી આવ્યા ત્યાં સુધી તપ આદિ કરણી કરીને તેને ખપાવી નાંખો. આયુષ્ય પાણીના પૂરની જેમ વહી જાય છે. આજ પંદરનાધરનો પવિત્ર દિવસ છે. જેમને મનુષ્યભવની કિંમત સમજાઈ છે. કર્મને

ખપાવીને મોક્ષમાં જવાની લગની લાગી છે તેવા આત્માઓ તપશ્ચર્યામાં જોડાઈ ગયા છે. જે આ સાધનામાં નથી જોડાયા તે તૈયાર થઈ જાવ. ધર્મના દિવસોમાં તપશ્ચર્યા કરવાનો જે ઉછાળો આવે છે તે બીજા દિવસોમાં આવતો નથી. પર્વાધિરાજની પધરામણી થવાને હવે ફક્ત છ દિવસ બાકી છે માટે આત્માને કેવી રીતે પવિત્ર બનાવવો તેનો નિર્ણય આજથી કરી લેજો. વધુ ભાવ અવસરે.

**ચરિત્ર : કાળા વસ્ત્રે સતીએ ઘર છોડયા:–** અંજના સાસુ–સસરાને પ્રણામ કરી બળતા હૈયે રથમાં બેઠી.

**જુહાર કરીને રથ સંચર્યો, સહીયર શું બેઠી છે અંજના દેવ તો...**

વસંતમાલા અને અંજના બંને રથમાં બેઠા. ને ધીમે ધીમે તેનો રથ ગામની હદ બહાર નીકળી ગયો. આ સમયે અંજના એવો કરુણ કલ્પાંત કરવા લાગી કે વજ્ર જેવા કઠોર હૈયાના માણસ પણ પીગળી જાય. અરેરે....સ્વામીનાથ! મેં આપને ઘણું કહ્યું કે આપ માતાપિતાને જાણ કરીને જાવ પણ તમે માન્યા નહિ. આપ મળીને ગયા હોત તો મારા માથે કલંક તો ન ચઢત ને! મને દુઃખ પડયું તેનો મને શોક નથી. એ તો મારા કર્મનો ઉદય છે. તેમાં આપનો પણ દોષ નથી. પણ મારા માતાપિતાની ઉજ્જવળ કીર્તિને પણ કલંક લાગ્યું. હું કયા મોઢે મારે પિયર જાઉં. મારા પિયરથી ઘણી વાર તેડાં આવ્યા છતાં પણ હું ગઈ નહિ અને આવી કલંકિત અવસ્થામાં જઈને શું કરું ? મારા માત-પિતા અને ભાઈ-ભાભીઓને મોઢું શું બતાવું ? પિયર જવું તો સુખમાં જવું સારું દુઃખમાં નહિ. આ રીતે ઝૂરાપો કરતી બોલે છે. ઘડીકમાં મૂર્છાગત થઈ જાય છે, ત્યારે વસંતમાલા એને હિંમત આપે છે. આ બધું રથ હાંકનાર સારથી સાંભળે છે.

**"સતીના દુઃખથી સારથિનું હૃદય રડી પડયું" :–** અંજનાનું દુઃખ સારથિથી જોયું જતું નથી રથ હાંકતા તેનું હૈયું પણ ભરાઈ ગયું અરેરે.... આ સતી કેવી નિર્દોષ છે ! કુમળી કળી જેવી સતીને દુઃખ દઈને આ સાસુ કયાં જશે ? ધિક્કાર છે મારા પાપી પેટને ! હું રાજાની નોકરી કરું છું ત્યારે ને મારે આવી નિર્દોષ સતીને રડતી ને ઝૂરતી મૂકવા આવવું પડયું ને ! મારું પેટ ફાટી પડો. રથને જોડેલા ઘોડાની આંખમાં પણ આંસુ આવી ગયા. અરેરે.... અમારો રંગ કાળો કોણે કર્યો ? કાળો રંગ ન હોત તો કાળા રથે ન જોડાવું પડત ! ઘોડાના પગ પણ ઉપડતા નથી. અંજનાનો કરૂણ કલ્પાંત ન જોઈ શકવાથી સૂર્ય પણ વાદળમાં છૂપાઈ ગયો. રથના પૈડા પણ બરાબર ચાલતા નથી. આવું કરૂણાજનક દશ્ય સર્જાઈ ગયું છે. અહીં અંજના ગમે તેટલું રડે તો પણ એક વસંતમાલા સિવાય તેને કોણ આશ્વાસન આપનાર છે ?

મારા બંધુઓ ને બહેનો ! જે સંસારમાં તમે અત્યંત રાગ કરીને બેઠા છો તે

સંસાર કેવો દુઃખમય છે! તેનું અહીં દર્શન થાય છે. માણુસ ક્ષણુ પહેલાં કેવી કલ્પના કરતો હોય ને ક્ષણુ પછી એની કલ્પનાના મિનારા તૂટીને જમીનદોસ્ત બની જાય છે.

સતી અંજનાની આંખમાંથી શ્રાવણુ-ભાદરવો વહે છે. રડતે હૃદયે રથમાં બેઠા પછી તેના અંતરની આહ નીકળી, અને એ ભવ્ય જીવન પ્રભાતનું સોનેરી આકાશ છિન્ન ભિન્ન થઇ ગયું. સંસાર માટે માનવજીવન એક ખેલ છે. સંસાર મનુષ્યના જીવનને જાણે એક મનોરંજન માટેનું રમકડું સમજે છે. અને એ રીતે એ મનુષ્યના જીવન સાથે ખેલ ખેલે છે. કેતુમતીએ અંજનાના જીવન સાથે ક્રૂર ખેલ ખેલ્યો. રથ આગળ ચાલ્યો જાય છે ને અંજનાનું દુઃખ વધતું જાય છે. વસંતમાલાને પોતાની પ્રાણુપ્રિય સખીનું સર્વસ્વ લૂંટાઇ જતું લાગ્યું. અંજનાનું દુઃખ જોઇ ન શકી એટલે એણે પોતાના હાથથી મોઢું ઢાંકી દીધું ને પોતે આંસુ સારતી અંજનાના ચરણુમાં ઢળી પડી.

કર્મને શરમ છે? હજુ અંજનાને પવનજીનું મિલન થયા પૂરા નવ મહિના પણુ થયાં નહિ ત્યાં તો એની સમસ્ત આશાઓ ,સઘળા ઉમંગ ને ઉત્સાહ ઉપર જાણે હિમ પડી ગયું. એના હૈયામાં કેટલાય અરમાનો હશે! જ્યારે એ અરમાન પૂરા થવાનો સમય આવ્યો ત્યારે પતિના ઘરને છોડીને જવાનું બન્યું. આટલા માટે જ્ઞાની પુરૂષો કહે છે કે આ સંસાર અસાર છે. માનવજીવન પાણીના પરપોટા જેવું વિનશ્વર છે. સંસારમાં સંયોગ ને વિયોગની ઘટમાળ ચાલ્યા કરે છે. સમુદ્રના મોજાના માછલા આકાશમાં એકબીજાને મળે અને પલવારમાં છૂટા પડી જાય તેવું આ જીવન છે. પણુ રાગથી સંતપ્ત બનેલા હૃદયને આ વાત કંઇ થોડી શાંતિ આપી શકે? આ ભાવનાઓ લાંબા કાળથી રાગ અગ્નિમાં પ્રજળતા હૃદયને તત્કાળ સાંત્વન આપી શકે છે? એ તો કાંઇક સ્થિર બનીને કોઈ મહાન યોગી પુરૂષના શરણે જાય તો હૃદયને શાંતિ વળે.

અંજનાનું સર્વસ્વ લૂંટાઈ ગયું હતું છતાં પણુ જે રાત્રે પવનજીનું મિલન થયું ને ત્રણુ દિવસ પતિના મિલનનો જે આનંદ અનુભવ્યો હતો તે સુખના સ્મરણો તેને સતાવી રહ્યા હતા. તે આનંદ અને પવનજીના મીઠા વચનને ભૂલી ન હતી. તેનું અંતઃકરણુ સાક્ષી પૂરતું હતું કે જરૂર પવનજી એક દિવસ મળશે ને કરમાઇ ગયેલા હૃદયપુષ્પ ઉપર પ્રેમવારિનું સિંચન કરશે. ભલે બાર બાર વર્ષો સુધી સતત રહેલા નિરાશાના ઘોર અંધકાર વચ્ચે એક વિજળી ચમકી ગઇ હતી અને એટલા વેગથી તે વિલીન પણુ થઇ ગઇ હતી. છતાં એ ચમકારામાં અંજનાએ ભાવિના એંધાણુ જોયા હતા.

અંજનાનો રથ ગામો અને જંગલો વટાવતો આગળ વધી રહ્યો છે. હવે તે રથ ક્યાં આવશે ને આ મહાસતીને મૂકીને જતાં સારથીના દિલમાં કેવું દુઃખ થશે ને અંજનાનું શું થશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં. ૩૫
## વિષય :- લડાઈના મેદાનમાં આત્મજાગૃતિ

**શ્રાવણ વદ ૬ ને બુધવાર** તા. ૨૭-૮-૭૫

જ્ઞાની પુરૂષોને આ સંસાર સાગર અતિ દારૂણ દેખાય છે. એટલે જ્યાં સુધી તેઓ સંસારમાં રહે છે ત્યાં સુધી ઉદાસીન ભાવે રહે છે. સંસારના કોઈ પણ સુખમાં તેને આનંદ આવતો નથી. બસ, એમનું એક લક્ષ હોય છે કે આ સંસાર સાગરને કેમ તરી જાઉં? તેમનો સર્વ પુરૂષાર્થ ભવસાગર તરી જવાને માટે હોય છે. મન-વચન-કાયાથી સદા સંસારમાં અલિપ્ત ભાવે રહે છે. બંધુઓ! આટલું આત્મસાક્ષીએ તમે વિચારો કે આ સંસાર સાગરમાં રહેવા જેવું છે? કયાંય સુખ કે શાંતિ છે? કયાંય નિર્ભયતા છે? છતાં સંસાર સાગરમાં રહેવાનું મન કેમ થાય છે! જ્યાં સ્વસ્થતા નથી, પ્રસન્નતા નથી, શાંતિનો શ્વાસ લેવાનો નથી, નિર્ભયતાનું વાતાવરણ નથી. ત્યાં રહેવાનો વિચાર પણ કંપાવી મૂકે છે. જ્યારે હિંદુસ્તાન અને પાકિસ્તાનના ભાગલા પડયા ત્યારે પાકિસ્તાનમાં રહેલા હિંદુઓના જીવ મૂઠીમાં આવી ગયા હતા. તે સમયે લાખો હિન્દુઓ ત્યાં બંગલા, હવેલીઓ અને કરોડોની સંપત્તિ મૂકીને ભાગી આવ્યા. સ્ત્રી-પુત્ર અને પરિવારની પરવા કર્યા વિના પહેરે કપડે નાસી છૂટયા. શા માટે? તમે એક રાતી પાઈ પણ જતી કરો તેમ નથી છતાં આટલી સંપત્તિ બધું છોડીને શા માટે ભાગી છૂટયા? તેનું કારણ? બોલોને? તેનું કારણ એ છે કે ત્યાં તેમને નિર્ભયતા ન લાગી. સલામતી ન લાગી. શાંતિનો શ્વાસ લેવાનું પણ ન દેખાયું, જીવન જોખમમાં લાગ્યું એટલે તેઓ ભાગી છૂટયા.

આ રીતે જો જીવને ભવસાગરથી ભાગી છૂટવાની તમન્ના જાગે તો માયા-મમતાના બંધનો તોડવા સહેલા થઈ જશે. આટલા માટે અહીં ભવસાગરની ભીષણતા બતાવવામાં આવી છે. તમે એકાંતમાં જઈને એકાગ્ર ચિત્ત કરીને આ બાબતનો વિચાર કરજો. રોજ વિચાર કરતાં એક દિવસ આત્મામાં ભવસાગરનો ભય જાગી જશે. ત્યારે એને પાર કરી જવા મન-વચન-કાયાથી તૈયાર થઈ જશો ત્યારે તમને કોઈ રોકી નહિ શકે.

ઉત્તરાધ્યયન સૂત્રના વીસમા અધ્યયનમાં અનાથીમુનિ અને શ્રેણીક રાજાનો સંવાદ ચાલે છે. જેઓ સંસારને ભયંકર તોફાની સમુદ્ર સમજીને સંયમની સાધનાના પંથમાં જોડાઈ ગયા છે તેવા મુનિ શ્રેણીક રાજાને કહે છે હે રાજન્! તું પોતે અનાથ છે તો મારો નાથ કેવી રીતે બનીશ? આ સાંભળીને રાજાને આશ્ચર્ય થયું ને પોતે અનાથ નથી તે બતાવવા માટે મુનિ પાસે પોતાની ઋદ્ધિનું વર્ણન કર્યું. રાજા શ્રેણીક પોતાને સનાથ માનતા હતા. હું આટલી સંપત્તિનો સ્વામી છું, આટલી પ્રજા ઉપર મારો હુકમ ચાલે છે. મારી રાણીઓ, ખંડિયા રાજાઓ અને નોકર ચાકરો બધા મારા પડતા બોલ ઝીલે છે.

છતાં હું અનાથ કેવી રીતે? આ અનાથ શબ્દથી રાજા શ્રેણીકના દિલમાં ચમકારો થયો. રાજા માટે અનાથ શબ્દ ભારે હતો. કોઇ સામાન્ય માણસને પણ કોઈ અનાથ કહે તો તેને દુઃખ થાય છે. ત્યારે મગધ દેશના અધિપતિ રાજા શ્રેણીકને મુનિએ અનાથ કહ્યા એને આ શબ્દ કેવો ભારે લાગે? અહીં અનાથી મુનિ રાજાને અનાથ કહે છે તે વાત પણ ખોટી નથી. અને રાજા એની રીતે પોતાને સનાથ માને છે. ને મુનિ તેને અનાથ કહે તેથી દુઃખ થાય એ પણ હકીકત છે. પણ બંનેની દૃષ્ટિમાં ભિન્નતા છે. રાજાની દૃષ્ટિ લૌકિક છે ને મુનિની દૃષ્ટિ અલૌકિક છે. દુનિયા જેને સુખી માને છે તેને મુનિ દુઃખી માને છે, જ્યાં સુધી જીવને સાચી અનાથતા ને સનાથતાનો ખ્યાલ નથી ત્યાં સુધી તેની દૃષ્ટિ પર તરફ છે. પરથી સુખ મળે છે એ માન્યતા ભૂલભરેલી છે.

બંધુઓ! જ્યાં સુધી જીવને પોતાના સ્વરૂપનું ભાન નથી ત્યાં સુધી અહંભાવમાં આથડે છે. જ્યાં દૃષ્ટિ સવળી થઇ ત્યાં 'અહ' ને 'મમ' બધું ચાલ્યું જાય છે. અત્યારે રાજા શ્રેણીકની દૃષ્ટિ પર તરફ છે. એટલે એના મનમાં મુનિનો શબ્દ ઘૂંટાયા કરે છે કે હું મોટો રાજા ને એ મને અનાથ કેમ કહે? આ એના અંતરમાં ચમકારો થયો. આવો ચમકારો જો આત્મા માટે થાય તો જીવ આશ્રવના સ્થાનમાં પણ સંવર કરે છે. આચારંગ સૂત્રમાં કહ્યું છે કે जे आसवा ते परिसवा, जे परिसवा ते आसवा। સમજણના ઘરમાં આવેલો જીવ આશ્રવના સ્થાનમાં બેસીને પણ સંવરની ક્રિયા કરે છે ને અજ્ઞાની જીવ સંવરના સ્થાનમાં આવીને પણ કર્મ બાંધે છે. રામાયણનો એક પ્રસંગ છે.

વાલી ઉપર રાવણ પોતાની સત્તા ચલાવવા ગયો. તેણે કહ્યું કે મારી આજ્ઞાને આધીન થઈ જા. વાલીએ કહી દીધું કે આપણા પૂર્વજોના વખતથી આપણી વચ્ચે મિત્રતાનો સબંધ ચાલ્યો આવે છે. તેમ રહેવા દો. પણ એ વાત અભિમાની રાવણને મંજુર ન હતી એટલે મોટું લશ્કર લઇને લડવા આવ્યો. ત્યારે વાલી રાવણને કહે છે તું પણ શ્રાવક છે ને હું પણ શ્રાવક છું. ઝઘડો આપણા બે વચ્ચે છે તો આપણે બન્ને લડીએ. નાહક લશ્કરનો કચ્ચરઘાણ શા માટે થવા દેવો? જુઓ, બંને શ્રાવક છે. યુદ્ધ ભૂમિ પર ઊભા છે છતાં પાપનું કાર્ય કરતા દિલમાં કેટલો સંકોચ થાય છે! અનંતા માનવભવ પાપમાં વેડફી નાંખ્યા. ત્યારે મિથ્યા દૃષ્ટિ હતી પણ હવે આવું ઉત્તમ શ્રાવકપણું મળ્યું છે તેમાં જો પાપ કરતાં મન પાછું ન પડે તો બચવું કેવી રીતે? જો પાપ કરતાં સંકોચ ના થાય, તેનો અફસોસ પણ ન થાય. ને જેનો અફસોસ નથી ત્યાં એ નિષ્ઠુરપણે પાપોનું સેવન થતાં જીવ નરક–તિર્યંચ ગતિને યોગ્ય કર્મો બાંધે છે.

વાલીના દિલમાં પાપની અરેરાટી થઇ એટલે તેણે રાવણને કહી દીધું આપણે બે જણા બસ છીએ. રાવણ પણ સમકિતી શ્રાવક હતો. તે વાલીની વાતનો ઇન્કાર

કેવી રીતે કરી શકે? એ એવો શ્રાવક ન હતો કે અહીં કર્મની વાતમાં ધર્મની વાત શા માટે? માત્ર એના લોભ અને અભિમાનના કારણે લડવા આવ્યો પણ તત્ત્વનો ઇન્કાર કરતો નથી. એટલે યુદ્ધભૂમિ ઉપર બને તેટલો જીવ સંહાર ઓછો થાય તેથી તે વાતનો તેણે સ્વીકાર કર્યો, આવા કપરા પ્રસંગોમાં સમકિતીની પરીક્ષા થાય છે. વહેવારની વાતમાં કોઇ કહે કે ભાઇ! ધર્મને માથે રાખીને વાત કરજો. તો સમકિતી એમ ન કહે કે બેસો ને હવે પાપના કામમાં વળી ધર્મ કેવો? ધર્મ તો ધર્મસ્થાનકમાં છે. એવું ન બોલે. સમકિતીને મન ધર્મ એ સાચું ધન ને સાચા પ્રાણ છે. કદાચ લોભ કે પ્રમાદને વશ થઇને ધર્મનું આચરણ ઓછું કરી શકે પણ ધર્મની શ્રદ્ધા મજબૂત રાખે, સમકિત પામેલી શ્રાવિકા રસોઇ આદિ સંસારના કામ પણ જતનાપૂર્વક કરે.

દેવાનુપ્રિયો! વાલી અને રાવણ બંને જીવો સમકિત પામેલા હતા એટલે એક બીજાની વાત મંજુર કરી. એ બંને સામાસામી લડવા લાગ્યા. લડતાં લડતાં રાવણના બધા શસ્ત્રો ખલાસ થઈ ગયા. હવે તેની પાસે એક ચંદ્રહાસ ખડ્ગ રહ્યું છે. રાવણે માન્યું કે વાલી પાસે આવું શસ્ત્ર નથી માટે એનો અજમાશ કરું તો મારી જીત થશે. એ ખડ્ગ ઉપાડી વાલીની સામે દોડયો. વાલી પણ જેવો તેવો ન હતો. મહાન શૂરવીર હતો. વાલીએ રાવણને નજીક આવતાંની સાથે એક હાથે એનો તલવારવાળો હાથ પકડી લીધો. ને બીજા હાથે તેને આખો ઊંચકી લીધો. પોતે ખૂબ બળવાન હતો. રાવણને ઉંચકી જંબુદ્વીપને ફરતો ચકકર લગાવી પાછો યુદ્ધભૂમિ ઉપર લાવીને મૂકી દીધો. હવે રાવણની તાકાત છે કે તેની સામે માથું ઊંચું કરી શકે! ત્યાં રાવણનું અભિમાન ઓસરી ગયું. વાલીની માફી માંગવા લાગ્યો. તેના દિલમાં થયું કે અહો! વાલીનું આટલું બધું બળ છે? એના બળનો વિચાર કર્યા વિના હું લડવા આવ્યો તે મોટી મૂર્ખાઇ કરી. રાવણનું અભિમાન ઘવાયું તેનો ચમકારો લાગ્યો પણ એ એના અંતરના ઉઘાડનો ચમકારો નહોતો. ત્યારે વાલીને અંતરના ઉઘાડનો ચમકારો થાય છે. એના અંતરમાં વૈરાગ્યના કિરણો ફૂટી નીકળ્યા એટલે એણે રાવણને કહ્યું હે રાવણ! તું શસ્ત્ર, બળ અને ચંદ્રહાસ ખડ્ગના અનન્ય પુણ્ય પર વિશ્વાસે તણાયો કે વાલીને હું એનાથી જીતી લઇશ. પણ એ પુણ્યે તને દગો દીધો, તારો વિશ્વાસ ભાંગ્યો, તારો વિશ્વાસઘાત કર્યો માટે એવા ઠગારા પુણ્યના ભરોસે ચાલવા કરતા ન્યાય માર્ગે ચાલવું શ્રેષ્ઠ છે. હું તને શું શિખામણ આપું? તારા આ પ્રસંગથી મને લાગી આવ્યું છે કે હે પુણ્ય શું આવો દગો કરે છે? તો હું પોતે કેમ આ બળ, સંપત્તિ, અને આયુષ્યના પુણ્યના વિશ્વાસે તણાઇ રહ્યો છું. એ બળ સંપત્તિ આદિ થોડા અમર રહેવાના છે? તો કયારેક એ મને દગો દઇ મારું ઉમદા જીવન ખતમ કરશે. ત્યારે પછી આત્માની સાધના કયાં કરવાની? માટે હવે એના ભરોસે ન રહેતાં મારે મારા આત્માનું હિત સાધી લેવું જોઇએ. એમ મને સમજાઇ ગયું છે. એટલે હવે હું સંસાર છોડીને દીક્ષા લઇશ અને અહીં આ મારો ભાઇ સુગ્રીવ

તારો આજ્ઞાંકિત રાજા થઈને રહેશે. તું પરાક્રમી છે ને વળી શ્રાવક છે એટલે મારી બહેન તને પરણાવું છું. એને સ્વીકારી લે, એમ કહીને વાલીએ સુગ્રીવને રાજ્ય સોંપીને કહ્યું કે તારું મારા જેટલું બળ અને પુણ્ય નથી માટે તું રાવણની આજ્ઞામાં રહેજે તો તે તારું રક્ષણ કરશે. વાલીએ રાવણને તેની બહેન પરણાવી.

વાલીના અંતરનું પરિવર્તન થયેલું જોઇ રાજા અને બીજા તેના સામંત રાજાઓ તથા બન્નેના લશ્કર આ બનાવ જોઇને ચકિત થઇ ગયા. આ શું ? આ મહાબળવાન વાલી ધારે તો રાવણને જીવનભર કેદમાં રાખી શકે. અને એને તથા એના આજ્ઞાંકિત રાજાઓને આજ્ઞામાં રાખી શકે અને આ મહા સમ્રાટપણાનો વૈભવ ભોગવી શકે. એના બદલે તે સુખોને તિલાંજલી આપવા તૈયાર થયો. પોતાની જીતનો આનંદ ન માનતા રાવણની હારનો દાખલો લઇ પોતે સંસારનો ત્યાગ કરે છે. વાહ ભાઇ ! તમે તો કમાલ કરી. પણ એમને ઉપરથી આંચકો લાગ્યો પણ અંતરથી નહિ. ત્યારે વાલીએ રાવણની હાર અને એના પુણ્યે કરેલો એનો વિશ્વાસઘાત એ પોતાના જીવન ઉપર ઉતારી વિચાર કર્યો કે એનું પુણ્ય એને દગો દે છે તો મારું પુણ્ય મને દગો નહિ દે એની શી ખાત્રી ? આ વિચારથી એના અંતરનો ઉઘાડ થયો. ને આત્માને કહ્યું કે હે જીવ ! ઉઠ, ઊભો થા. આ શરીર અને આયુષ્યનો ભરોસો નથી. માટે તારા આત્મહિતની સાધના કરી લે. બંધુઓ ! કેવી ભવ્ય વિચારણા વાલીને થઇ. હાર રાવણની થઇ ને પરાવર્તન વાલીનું થયું. દુનિયામાં આવા ઘણા પ્રસંગો જોવા મળે છે. છતાં તમને આંચકો લાગે છે ? કોઇને લાખોનું નુકશાન થયું સાંભળીને ક્ષણભર આંચકો લાગી જાય પણ પછી એમ થાય છે કે એની સંપત્તિ ચાલી ગઇ તો પછી મારે પણ એનો ભરોસો શા માટે રાખવો જોઈએ ? જ્યાં સુધી છે ત્યાં સુધી એનો સારા કાર્યોમાં સદુપયોગ કરી લઉં. કોઇને કેન્સર આદિ રોગ એકદમ થાય તો એમ થાય કે હમણાં તો સાજા સારા હતાં ને શું થઇ ગયું? એમ ચમકારો થાય છે પણ એ સાથે એમ થાય છે કે આ દેહનો શો ભરોસો ? ક્યારે દગો દેશે એની ક્યાં ખબર છે ? એ દગો દે એ પહેલાં હું તપ-ત્યાગ, વ્રત-નિયમમાં જોડાઇ જાઉં ! જો કોઇ હળુકર્મી જીવ હોય તો આવા પ્રસંગો જોઇને એના ચમકારાથી અંતરના દ્વાર ખોલી નાંખો ને હૈયાને ધક્કો લગાડો તો તમારી મુક્તિ હાથવેંતમાં છે.

વાલીએ રાવણ ઉપર વિજય મેળવ્યા પછી યુદ્ધભૂમિ ઉપર ચારિત્ર લેવાની તૈયારી કરી. તો વિચાર કરો એના અંતરને ઉઘાડનારો કેવો ચમકારો થયો હશે ? તમને તો એમ થાય છે ને કે હજુ અમારે ઘણું જીવવાનું છે તો ધર્મ કરવાની શી ઉતાવળ છે ? ઘડપણમાં નિરાંતે ધર્મની આરાધના કરીશું. પણ એટલી વાત જરૂર સમજજો કે સંસાર સુખોની મોજ શરીર સારું હોય ને આયુષ્યનો દીપક જલે છે ત્યાં સુધી થાય છે તેમ આત્મહિતની સાધના પણ શરીર શક્તિ અને આયુષ્ય છે ત્યાં સુધી થાય છે. એ શક્તિ

અને આયુષ્યને સંસારમાં વેડફી નાંખ્યા પછી એ ખૂટી જશે ત્યારે આત્માનું હિત કેવી રીતે કરી શકશો? આ મનુષ્યનું જીવન કેવું છે?

दुमपत्तए पंडुरए जहा, निवडइ राइगणाण अच्चए ।
एवं मणुयाण जीवियं, समयं गोयम मा पमायए ।।

ઉત્ત. સૂ. અ. ૧૦, ગાથા ૧,

વૃક્ષ ઉપર થયેલા પીળા પાંદડાં રાત્રીને વિષે પવનનો ઝપાટો લાગતાં ખરી જાય છે તેમ જ્ઞાનીઓ કહે છે તારા આયુષ્યનું પાંદડું પણ ક્યારે ખરી જશે તેની ખબર નથી. એમ સમજીને પ્રમાદનો ત્યાગ કરીને આત્મસાધનામાં જોડાઇ જાવ. જે જાગશે તેનું કામ થઇ જશે. આવું અમૂલ્ય જીવન વારંવાર મળવાનું નથી. માટે સાધનામાં સ્થિર બનો. કોઇની સત્તા, સંપત્તિ અને શરીર ટક્યા નથી ને ટકવાના પણ નથી. શરીર ક્ષણ ભંગુર છે, સંપત્તિ વિનશ્વર છે માટે કોઇએ અભિમાન કરવા જેવો નથી.

શ્રેણીક રાજાને પોતાની સંપત્તિનો ગર્વ છે ને તેના કારણે તે પોતાને સનાથ માને છે. જ્યારે મુનિ તેને અનાથ કહે છે એનો રાજાને આંચકો લાગ્યો. ને પોતાની ઋદ્ધિનું વર્ણન કરીને કહે છે,

"एरिसे संपयग्गम्मि, सव्वकाम समप्पिए ।
कहं अणाहो भवइ, माहु भंते मुसं वए ।।"

ઉત્ત. સૂ. અ. ૨૦, ગાથા ૧૫.

હે મુનિરાજ! હું આપને કહી ગયો તે બધી સંપત્તિ મારે ત્યાં મોજુદ છે એટલુ નહિ પણ જગતમાં જે સારામાં સારી અને મુખ્ય સંપત્તિ કહેવાય તે બધી મારે ત્યાં વિદ્યમાન છે. અને હું આજ્ઞાઓનો પણ ઈશ્વર છું એટલે કે સર્વત્ર મારી આજ્ઞા વર્તાય છે. એ રીતે સર્વ કામનાઓને પૂર્ણ કરનાર એવી સંપત્તિઓનો હું સ્વામી હોવા છતાં પણ હે ભગવાન! આપ મને અનાથ કેવી રીતે કહો છો? હે ભગવંત! રખે આપ અસત્ય ન બોલતા હો? આપ મુનિ થઇને મારા જેવા રાજાને અનાથ કહી ખોટું બોલો તે ખરેખર આશ્ચર્યજનક વાત છે! જે રીતે પૃથ્વી કોઇને આધાર ન આપે ને સૂર્ય પ્રકાશ ન આપે તે આશ્ચર્યજનક વાત છે તેમ આપ આવાં મહાન ત્યાગી બનીને અસત્ય બોલો છો એ પણ એક આશ્ચર્યજનક વાત છે. માટે હે પૂજ્ય! આપે આવું અસત્ય ન બોલવું જોઇએ.

બંધુઓ! રાજાએ મુનિને તમારે અસત્ય ન બોલવું જોઇએ એમ કહ્યું પણ કેવા આદર અને વિવેક પૂર્વક કહ્યું. રાજાએ કટુ શબ્દો કહયા નહિ. પણ હે પૂજ્ય! આપે આવું અસત્ય ન બોલવું જોઇએ એમ વિવેકપૂર્વક કહ્યું. વાણીમાં પણ આવો વિવેક હોવો જોઇએ. માણસના સ્વભાવનો પરિચય એની વાણી દ્વારા થાય છે. મીઠા વચન

બોલવાથી શત્રુ પણ મિત્ર બની જાય છે ને કટુ વચન બોલવાથી મિત્ર પણ શત્રુ બની જાય છે. તુલસીદાસે પણ કહ્યું છે કે :-

**તુલસી મીઠે વચન તે, સુખ ઉપજે ચહુ ઓર ।**
**વશીકરણ એક મંત્ર હૈ, તજ દે વચન કઠોર ॥**

મીઠી વાણી વશીકરણ મંત્ર જેવી છે. માટે જીભને વશ કરવાની જરૂર છે. તમે બીજાને મિત્ર બનાવો છો પણ જીભ સાથે કદી મિત્રતા બાંધી છે ? તમે તમારી જીભને મિત્ર બનાવો. જીભમાંથી કડવી વાણી શા માટે નીકળે ? અમૃતવાણી કેમ ન નીકળે ? આ જીભ તો કહે છે તમે મને શા માટે દોષ આપો છો ? હું તો કોશ જેવી છું. મારો ઉપયોગ હીરાની ખાણ ખોદવામાં કરશો તો હીરા મળશે ને કોલસાની ખાણ ખોદવામાં કરશો તો કોલસા મળશે. તમે હીરાની ખાણ છોડીને કોલસાની ખાણ ખોદવા જાવ ખરા ? ના. કોલસાની ખાણ ખોદવાથી તમારા હાથ કાળા થશે ને મોઢું પણ કાળું થશે. તમે જ કહેશો કે એવો કોણ મૂર્ખ હોય તે હીરા છોડીને કોલસા કાઢવાની મજુરી કરે ? જેમ હીરાને છોડીને કોલસા કાઢવાનો કોઈ પ્રયત્ન કરતા નથી તેમ આ તમારી જીભરૂપી કોશ વડે તમે હીરા પણ કાઢી શકો છો ને કોલસા પણ કાઢી શકો છો. જો મીઠું ને મધુરું વચન બોલશો તો હીરા અને કટુ વચન બોલો તો કોલસા ખોદવા જેવું કામ છે. માટે મારા ભાઈઓ ને બહેનો ! તમે આડોશી-પાડોશી તેમજ દરેકની સાથે વિવેકપૂર્વક બોલજો. મીઠી વાણી બોલવાથી બીજાને પ્રિય લાગશો ને કડવી વાણી બોલશો તો અપ્રિય લાગશો.

આ જીભ પોતે કોમળ છે તો આપણે તેના દ્વારા કોમળ વાણી બોલવી જોઈએ. જો વગર વિચાર્યે મન ફાવે તેમ બોલવામાં આવે તો અઢી ઇંચની જીભડી કેવો દાટ વાળે છે ! કોઈની પાસેથી કામ કઢાવવું હોય તો જીભમાં મીઠાશ રાખવી પડે છે. જો વાણીમાં મીઠાશ ન હોય તો બધી બાજી બગડી જાય છે. બ્રાહ્મણનું નાનકડું દૃષ્ટાંત આપું.

એક ગરીબ બ્રાહ્મણ ભિક્ષાર્થે નીકળ્યો છે. ભિક્ષા માંગતો માંગતો એક પટેલને ઘેર આવ્યો. ગરીબ બ્રાહ્મણને જોઈને પટલાણીને ખૂબ દયા આવી એટલે પ્રેમથી ઓટલે બેસાડયો ને કહ્યું-ભૂદેવ! તમે ખૂબ ભૂખ્યા લાગો છો ? બ્રાહ્મણ કહે છે હા બહેન! ત્રણ દિવસથી રખડું છું પણ મને કોઈ ભિક્ષા દેતું નથી. એટલે પટલાણીએ ઘરમાંથી ખીચડી ને શાક આપીને કહ્યું-આપ આપના હાથે ખીચડી ને શાક બનાવી લો. હમણાં વલોણું કર્યું છે. માખણ ઉતારીને છાશ પણ આપું છું. એટલે બ્રાહ્મણે તો પટલાણીના આંગણામાં ઈંટોનો ચૂલો બનાવી તપેલીમાં ખીચડી ચઢવા મૂકી. ચૂલે ખીચડી ચઢે છે. બ્રાહ્મણ તો બેઠો બેઠો પટલાણીના શરીર સામું જોયા કરે છે. આ સમયે બ્રાહ્મણનું મોઢું મલકી ગયું. પટલાણીની દૃષ્ટિ પણ તે વખતે બ્રાહ્મણ ઉપર પડી. એટલે પટલાણી કહે છે ભૂદેવ! આપ

હસ્યા કેમ? ભૂદેવ કહે છે કાંઈ નહિ પટલાણીએ ખૂબ પૂછયું ત્યારે ભૂદેવ શું કહે છે? તમે પટેલનું ખાઇ ખાઇને આ શરીર કેવું પાડા જેવું બનાવ્યું છે? હવે જેણે ખાવા ખીચડી આપી તેને એમ કહે કે ખાઈ ખાઇને પાડા જેવી થઇ છું તો પટલાણી એક ઘડી પણ ઉભો રહેવા દે ખરી? પટલાણીનો મિજાજ ગયો. હાથમાં લાકડી લઇને કહે છે ભામટા! અહીંથી ચાલ્યો જા. પટલાણીનું રૌદ્ર સ્વરૂપ જોઇને બ્રાહ્મણ તો થરથર ધ્રુજવા લાગ્યો અને કરગરીને કહે છે બહેન! હવે ખીચડી ચઢવાને થોડી વાર છે. જમીને ચાલ્યો જઇશ. પટલાણી કહે છે હવે તું મારે આંગણે એક સેકન્ડ પણ ન જોઇએ. બ્રાહ્મણ ખૂબ કરગર્યો ત્યારે પટલાણીએ પેલી અડધી ચઢેલી ખીચડી તેની ઝોળીમાં નાંખી ને વિદાય કર્યો. ખીચડી હજુ પૂરી ચઢી ન હતી એટલે પાણી નીતરતું હતું. બ્રાહ્મણ ચાલ્યો જાય છે. ગામના ચોરે ઘણાં માણસો બેઠા હતાં. તેમાંથી એક માણસ કહે છે ભૂદેવ! આ ઝોળીમાંથી શું નીતરે છે? ત્યારે ભૂદેવે પશ્ચાતાપ ભર્યા સ્વરે કહ્યું. બીજું શું નીતરે ભાઇ? એ તો મારી લૂલી નીતરે છે. (હસાહસ). આ મારી જીભ વશમાં ન રાખી એણે દાટ વાળ્યો. માણસ ગમે તેમ બોલી નાંખે છે. બોલે ત્યારે એ વિચાર નથી કરતો કે આનું શું પરિણામ આવશે? બ્રાહ્મણે એની જીભ વશ ન રાખી તો અધકચરી ખીચડી લઈને ભાગવું પડયું અને પશ્ચાતાપનો પાર ન રહ્યો. માટે ખૂબ વિચારીને વચન બોલવું જોઇએ. શ્રેણીક રાજા ખૂબ વિનયપૂર્વક મુનિ પાસે બોલ્યા. હજુ શું કહેશે તે ભાવ અવસરે કહેવાશે.

**ચરિત્ર :-** અંજના સતીના માથે વિપત્તિની વીજ ઝબૂકી રહી છે. એ કાળા પાણી એ કલ્પાંત કરતી કાળા ઘોડે ને કાળા વસ્ત્રે વનવગડાની વિષમ વાટે રથમાં બેસીને પિયરના પંથે જઇ રહ્યા છે. વસંતમાલા તેને આશ્વાસન આપતી જાય છે. બંને સખીનો નિર્દોષ વાર્તાલાપ સાંભળી સારથીનું કાળજું ચીરાઇ જાય છે. રથ ચાલતો ચાલતો ભયંકર વનમાં આવી ગયો. અંજનાના પિયરનું ગામ મહેન્દ્રપુરી ત્રણ ચાર માઇલ દૂર છે. રાત પડવા આવી તે સમયે સારથીએ રથ ઊભો રાખ્યો. પણ એને કહેવાની હિંમત નથી કે તમે રથમાંથી નીચે ઉતરો. અરરર.... હું કેવો પાપી છું કે આ સતીને મારે આવા ભયંકર વગડામાં મૂકીને જવું પડશે? તે ભાંગ્યા તૂટયા શબ્દોમાં કહે છે માતા! તને આ અવસ્થામાં આવા ગાઢ ભયંકર વનમાં મૂકીને જતાં મારું મન માનતું નથી પણ રાજાની આજ્ઞાનું ન છૂટકે પાલન કરવું પડે છે. મા! મને માફ કર. આ સારથી બન્યો તો સતીને સંતાપવાનો વખત આવ્યો ને? મા! તું મને શ્રાપ ન દઇશ હોં..... આમ કહી સારથી ખૂબ રડયો. સતી અંજના કહે છે વીરા! એમાં તારો દોષ નથી, મારા વડીલ સાસુ-સસરાને મારા પ્રણામ કહેજે. આટલું બોલતાંની સાથે સતી રથમાંથી નીચે ઉતરી ગઇ. સારથીને અંજનાને અઘોર જંગલમાં નિરાધાર મૂકીને જવા માટે મન માનતું

નથી. તેના ગળે ડૂમો ભરાઇ ગયો. છેવટે કઠોરતાના પાષાણને હૃદય પર મૂકીને સારથી સતીને પ્રણામ કરી દુ:ખિત દિલે રથમાં બેઠો.

સજ્જન આત્માઓ ઉપર આવો જુલ્મ થાય છે ત્યારે તેને જોઇ શકવા કોઇ સમર્થ થતું નથી. સૂર્યાસ્ત થઈ ગયો. ભયંકર અંધકાર વ્યાપી ગયો. છાતી ફાટી જાય તેવું દૃશ્ય ખડું થયું. અંજના સખીને કહે છે બહેન! રાત અહીં રોકાઇ જઈએ. સવારે ચાલ્યા જઇશું. વસંતમાલા કહે છે અહીં તો સિંહની ગર્જનાઓ ને વાઘની ત્રાડો સંભળાય છે. છાતી થરથર ધ્રુજે છે. રાત કેવી રીતે પૂરી થશે? આપણા કર્મો કેવા ભારે છે! રથ કાળો તારા કપડાં કાળા ને કર્મયોગે રાત પણ અંધારી કાજળ જેવી આવી. અજવાળી રાત હોત તો સારૂ થાત! અંજના કહે છે બહેન! હવે તો આપણે કર્મોનો સામનો કરવાનો છે. તું શા માટે ડરે છે? આપણી પાસે મહાન મંત્ર નવકાર મંત્ર છે. પછી ડરવાનું શું? નવકાર મંત્રનો શુદ્ધ ચિત્તે જાપ કરવાથી ભયંકર આફતોમાંથી ઉગરી જવાય છે. અત્યારે તો આપણે તેનો આધાર છે.

**હજારો મંત્રો શું કરશે, મારો નવકાર બેલી છે,**
**જગત રૂઠીને શું કરશે, મારો નવકાર બેલી છે...**

આપણા કર્મો અત્યારે આપણા ઉપર રૂઠયાં છે. પણ મંત્રના પ્રભાવથી કર્મનું જોર શિથિલ થઇ જશે. અંજના અને વસંતમાલા એકલા નિર્જન વનમાં એક વૃક્ષ નીચે બેસીને નવકારમંત્રનો જાપ કરવા લાગ્યા.

બંધુઓ! નવકાર મંત્રના પ્રભાવથી ભયંકર સર્પના ઝેર પણ ઉતરી જાય છે. જૈન કરતાં જૈનેત્તરોને નવકાર મંત્રની શ્રદ્ધા વધુ હોય છે. એમને નવકાર મંત્ર શીખવાડયા હોય તો એ શ્રદ્ધાપૂર્વક ગણે છે. ને તમને વારસામાંથી મળ્યો છે પણ એની કિંમત નથી. જુઓ, શ્રદ્ધાપૂર્વક નવકાર મંત્રનું સ્મરણ કરવામાં આવે તો તેનો કેવો અજબ પ્રભાવ પડે છે! તેનો એક દાખલો આપું. ઘણાં વખત પહેલા છાપામાં વાંચેલો છે.

બિહારમાં એક મુસલમાનને કોઇ ગુરૂની પાસેથી નવકાર મંત્ર મળ્યો. ગુરૂએ તેને એવો ભાવ સમજાવીને શીખવાડેલો કે આ મંત્રમાં રાગ-દ્વેષ, ક્રોધ, લોભ વિગેરે દૂષણોથી તદ્દન રહિત એવા અરિહંત તથા સિદ્ધ ભગવંતને નમસ્કાર કરવામાં આવે છે. તેમ જ એવા બનવા માટે મથી રહેલા સંસાર ત્યાગી આચાર્ય, ઉપાધ્યાય, તથા સાધુને નમસ્કાર કરાય છે. માટે આપણે એમનું સ્મરણ કરતાં આપણા જીવનમાં રહેલા એ દૂષણોને દબાવતા રહેવાનું. અત્યંત શ્રદ્ધાપૂર્વક નવકાર મંત્રનું સ્મરણ વારંવાર કરાય તો એનો અદ્ભુત પ્રભાવ પડે છે. રાગ-દ્વેષ પાતળા પડે છે ને પરભવમાં સદ્ગતિ મળે છે. મુસલમાન ભાઇને આ વાત બરાબર ગળે ઉતરી ગઇ. તેથી તે આ મહામંત્રનું સ્મરણ કર્યા કરતા હતા. સાથે સાથે પોતાનામાં રહેલા રાગ-દ્વેષ, ક્રોધ, માનાદિ દોષોને પણ

હલાવવા માંડયા. હમેશા નવકાર-મંત્રનું રટણુ કરતાં હોઠ તો ફફડયા કરે ને? એટલે બીજા મિયાં કહે છે અરે! એ કાફર કી તરહ કયા બડબડ કરતા હૈ? ધર્મ ભ્રષ્ટ હો ગયા કયા? ત્યારે આ ભાઈ કહે છે મેં ઔર કુછ નહિ કરતા, ખુદા કા નામ રટતા હું. આ સાંભળી બીજા તો કંઇ ન બોલ્યા પણ એક મુસલમાનથી આ સહન થયું નહિ. તેણે કહ્યું. "છોડ દે યહ કાફરોં કા રટણુ." નહિંતર સમજતા હૈ? ખૂબ ધમકી આપી પણ એણે તો નવકાર મંત્રનું રટણુ ચાલુ રાખ્યું. પેલો મિંયો તો ખૂબ ગુસ્સે થયો." બસ એ સાલે કો માર ડાલું,, તે થોડા દિવસ પછી એક કરંડિયામાં સાપ લઇને આવ્યો. ને સંધ્યા પછી આ નવકાર મંત્રના રટનારના ઘરમાં છાનોમાનો પેસી જઇ એના સૂવાના ખાટલા નીચે કરંડિયો પોલું ઢાંકણું વાસીને ચાલ્યો ગયો. થોડી વાર પછી સાપ એમાંથી નીકળીને ખાટલા પર ચઢી ગયો. રાતના દશ વાગ્યા ને નવકાર મંત્ર રટતો મુસ્લિમ સૂવા માટે ખાટલા તરફ જાય છે. ત્યાં એણે ખાટલા પર સર્પ જોયો. પણ જરાય ગભરાયો નહિ. એણે તો મોટેથી ત્રણ વાર નવકાર મંત્રનું સ્મરણુ કર્યું. ને સર્પ ખાટલા પરથી ઉતરીને ચાલ્યો ગયો. એને નવકારમંત્ર ઉપર એટલી બધી શ્રદ્ધા હતી કે રટણુ કરતો એ તો ખાટલા ઉપર ચઢીને આરામથી ઊંઘી ગયો. મનમાં શ્રદ્ધા છે કે મારી પાસે નવકાર મંત્ર છે. મને શું થવાનું છે? એવો ડર ન લાગ્યો કે કદાચ સાપ પાછો આવીને કરડી જશે તો?

અહીં તો બન્યું એવું કે થોડીવાર પછી સર્પનો કરંડિયો મૂકનાર મુસલમાન દોડતો આની પાસે આવી રડવા જેવો થઇને કહેવા લાગ્યો કે ભાઇ! વહ સાપ મૈંને રખા થા, મુઝે માફ કીજિયે. આ કહે છે અરે ભાઇ! યહ કૈસે? સાપ તે કહીંસે આયા હોગા? એટલે તેણે ખાટલા નીચેથી કરંડિયો કાઢીને બતાવ્યો ને કહ્યું-દેખ ભાઇ! ઇસમે મૈંને સાપ રખા થા. અબ મુઝે માફ કીજિયે. "અચ્છા ભાઇ માફ હી હૈ. મેરે મનમેં કુછ નહિ હૈ. જાઓ રાત પડ ગઇ હૈ. ઘર જા કે સો જાઓ. પણ પેલો તો હાથ જોડીને વારંવાર કહેવા લાગ્યો કે માફ કરના. એટલે પેલો કહે છે મેરે મનમે કુછ નહિ. માફ હી હૈ! ત્યારે આ કહે છે ભાઇ! દયા કીજિયે મેરે લડકે કો સાપને કાટા હૈ, તેરે પાસ કુછ મંત્ર હૈ ઇસસે તો તુ બચ ગયા. અબ મેરે લડકે કા ઝેર ઉતાર દે. મેં તેરી ગાય હૂં. દયાકર. ઝટ ચલ નહિતર લડકા મર જાયેગા."

બંધુઓ! અહીં જોવાની ખૂબી તો એ છે કે નવકાર મંત્રના ઉપાસકના મનમાં જરાપણુ વૈરની ગાંઠ નથી કે તેં મને મારવાનું કારસ્તાન રચ્યું હતું તો ભલે તારો છોકરો મરી જાય. એમાં મારે શું? એવું નથી પણ ઉદાર દિલે પવિત્ર ભાવનાવાળો મુસલમાન કહે છે ચાલ, "હું જલ્દી આવું છું. તે જલ્દી મિયાંને ઘેર પહોંચી ગયો. જઇને જુવે તો છોકરો બેભાન થઇને જમીન પર પડયો છે. એણે પાણી મંગાવી હાથમાં

પાણી લઇ નવકારમંત્રનું સ્મરણ કરી છોકરા ઉપર છાંટયું. તરત ઝેર ઉતરી ગયું ને છોકરો બેઠો થઇ ગયો. એનો બાપ આશ્ચર્ય પામી ગયો. કેવો ચમત્કારી આનો મંત્ર છે! એને પોતાને પણ સર્પના કરડયો ને મારા છોકરાનું ઝેર પણ ઉતારી નાંખ્યું! એથી વિશેષ વાત તો એ છે કે મારા ઉપર એને જરા પણ ક્રોધ ના આવ્યો. અંતરમાં વૈરની ગાંઠ ન રાખી. બદલો ન લીધો ને મારા છોકરાને સાજો કરી દીધો. તરત એ મંત્રનું સ્મરણ કરનાર મુસ્લિમના પગમાં પડયો. ને તેનો આભાર માનવા લાગ્યો. નવકારમંત્રના પ્રભાવના આવાં તો ઘણાં ય દાખલા બનેલા છે. કોઇપણ જાતની આકાંક્ષા વગર આત્મ-કલ્યાણના હેતુથી શ્રદ્ધાપૂર્વક મહામંત્રનું સ્મરણ કરવું જોઇએ ને સાથે સાથે પોતાના રાગ-દ્વેષ-ઇર્ષ્યા અને અભિમાન દબાવવા જોઇએ. તો અહીં આવો પ્રભાવ પડે ને પરલોકમાં સદ્ગતિ મળે.

અહીં ઘોર જંગલમાં વાઘ વરુ અને સિંહની ભયંકર ગર્જનાઓ સંભળાય છે. તેવી સ્થિતિમાં વસંતમાલા અને અંજનાએ આવા મહાપ્રભાવશાળી મંત્રનું શ્રધ્ધાપૂર્વક આખી રાત સ્મરણ કર્યું. તેના પ્રભાવે પશુઓ તેમને કંઇ કરી શકયા નહિ. આખી રાત પસાર થઇ ગઇ. હવે સવાર પડતાં અંજના અને વસંતમાલા મહેન્દ્રપુરમાં જશે ને ત્યાં શું બનશે તેના ભાવ અવસરે.

☆

## વ્યાખ્યાન નં. ૩૬

## વિષય :- જ્ઞાન એ ચક્ષુ છે.

**શ્રાવણ સુદ ૭ ને ગુરૂવાર** **તા. ૨૮-૮-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંત જ્ઞાની ભગવંતો ફરમાવે છે કે અનંતકાળથી જીવને ચતુર્ગતિ રૂપ સંસારમાં ભમાવનાર હોય તો અજ્ઞાન છે.

**"अज्ञानं खलु कष्टं, क्रोधादिभ्योऽपि सर्व पापेभ्यः।**
**अर्थं हितमहितं वा, न वेत्ति येनावृत्तो लोकः॥"**

જ્યાં સુધી આત્મા અજ્ઞાનના અંધકારથી અવરાયેલો હોય છે ત્યાં સુધી તે સાચા દુશ્મનોને પણ ઓળખી શકતો નથી. શત્રુમાં મિત્રનો આભાસ થઇ જાય છે. આત્માને એકાંત અહિતકારી એવા જડ પદાર્થો જીવને સુખના સાધન રૂપ દેખાય છે. અને આપણને જન્મ-મરણ-રોગ-શોક આદિનો કારમો ફાંસો દેનાર એ શત્રુઓને આપણે પીછાણી શકતા નથી. આજે દુનિયામાં જે તોફાનો યુધ્ધો, ધનનો નાશ, ગરીબાઇ, અકાળ મૃત્યુ, આબરૂનું લીલામ, તિરસ્કાર, અનાદર વિગેરે થઇ રહ્યા છે તેનું મૂળ કારણ અજ્ઞાન છે.

અજ્ઞાન એટલે શું ? વિપરીત સમજણ અને તેના કારણે ઇષ્ટ પદાર્થો પ્રત્યે રાગ અને અનિષ્ટ પદાર્થો પ્રત્યે દ્વેષ થાય છે. તેથી જીવનમાંથી સદાચાર ચાલ્યો જાય છે. ને જીવન દુરાચારી બને છે. આ અજ્ઞાને દુનિયામાં દુઃખનો દાવાનળ સળગાવ્યો છે. તેથી સ્પષ્ટ છે કે સમસ્ત દુઃખોનું કારણ અજ્ઞાન છે. અજ્ઞાનથી આત્માનું હિત અને અહિત જાણી શકાતું નથી. માટે જીવનમાંથી અજ્ઞાનને ટાળીને જ્ઞાન પ્રાપ્ત કરવાની જરૂર છે જ્ઞાન પ્રગટે એટલે અજ્ઞાન હઠે છે. જેમ ઘોર અંધકાર હોય ત્યાં એક નાનકડો દિપક કોઇ પ્રગટાવી દે તો અંધકાર આપો આપ ચાલ્યો જાય છે. તેમ જ્યાં જ્ઞાનનો દિપક પ્રગટે ત્યાં અજ્ઞાનનો અંધકાર ટકી શકે ખરો ? જ્યાં અજ્ઞાન દૂર થાય ત્યાં મિથ્યાત્વ મરે છે. શત્રુ અને મિત્રના ભેદ સમજાય છે. દુરાચાર દૂર થાય છે. કારણ કે જ્ઞાનથી કૃત્યાકૃત્યનો વિવેક થાય છે. સદાચાર પ્રગટે છે. દુઃખ સઘળું દૂર થાય છે ને સુખ સ્વયં આવી જાય છે. માટે જ્ઞાન આત્માને હિતકારી છે.

અજ્ઞાની જીવ વિષય-વિલાસ અને ધનનો લાલચુ હોવાથી તેની ગાઢ આસકિતમાં વિષય સુખની અને ધનની પ્રાપ્તિ માટે સઘળા પાપોનું આચરણ કરે છે. જ્યારે જ્ઞાની આત્માને તેની આસકિત ન હોવાથી તેઓ પાપ ન કરતાં મોક્ષમાર્ગમાં તેમનું ચિત્ત એકતાર કરે છે. પવિત્ર જીવન જીવે છે. અજ્ઞાની દુઃખોને નોતરે છે જ્યારે જ્ઞાની શીવ સુખને વરે છે. જીવને સુખ પ્રિય છે. તેને માટે તનતોડ મહેનત કરે છે પણ અજ્ઞાનના કારણે સુખનું સાચું સ્વરૂપ જાણતો નથી. તેથી સુખની ભ્રાન્તિથી તે પાપકર્મનું આચરણ કરી દુઃખના માર્ગે પ્રયાણ કરે છે અને પરિણામે સાચા સુખનો સાક્ષાત્કાર ન થતાં તેના માથે દુઃખના ડુંગરા ખડકાયા કરે છે. જેમને સ્થિર, સત્ય, સંપૂર્ણ અને સ્વાભાવિક સુખનું તેમજ તેના સદ્દભૂત હેતુનું વાસ્તવિક સ્વરૂપ સમજાયું છે તે અજ્ઞાનીની જેમ સુખના અવળા માર્ગે પ્રસ્થાન કરતો નથી. તેને સમજાઇ ગયું છે કે સુખ બહાર નથી પણ આત્મામાં છે. અજ્ઞાનીજનો કસ્તુરીયા મૃગની જેમ સુખ મેળવવા ભટકીને હેરાન પરેશાન થાય છે. ને જ્ઞાનીને ભટકવું પડતું નથી. તે તો પોતાના સત્પુરૂષાર્થથી જેમ દોરડાના બળે કૂવાના કાંઠા ઉપર ઉભેલો માણસ કૂવામાંથી જળ ખેંચીને બહાર કાઢે છે તેમ પ્રમાદ રહિત જ્ઞાની પુરૂષો સત્સાધન દ્વારા આત્મપ્રદેશમાં ભરેલું અખૂટ સુખ પ્રાપ્ત કરે છે.

બંધુઓ ! જ્ઞાનની પ્રાપ્તિ થવાથી જીવનમાં માનવતા આવે છે. ને અજ્ઞાની રહેવાથી જીવનમાં દાનવતા આવે છે. આ વાતને સ્પષ્ટ સમજવા માટે ઘણાં દૃષ્ટાંતો છે.

અઢળક લક્ષ્મીનો માલિક હોવા છતાં પુત્રને સુખી બનાવવા માટે એક શેઠ વૃદ્ધાવસ્થામાં પણ પરદેશ ધન કમાવા માટે ગયા. પિતાને પુત્ર પ્રત્યે અત્યંત પ્રેમ હતો ને પુત્ર પણ પિતૃભકત હતો. આવા વિનયવાન પુત્રને બધું ધન અને ઘર સોંપી પિતા એક વર્ષમાં ઘણું ધન કમાઇને પાછા ફર્યા. પોતાના ગામમાં આવ્યા પણ તે સમયે સાંજ

પડી ગઇ હતી. એટલે સવારે સગાસ્નેહીને બોલાવીને ઠાઠમાઠથી નગરમાં પ્રવેશ કરીશ એમ વિચારી રાતના ગામ બહાર એક ધર્મશાળામાં રોકાઇ ગયા. પણ પુત્રનું મુખ જોવા માટે અધીરો બનેલો પિતા પોતાનો ધન-માલ બધું વ્યવસ્થિત કરીને એકલા રાત્રીના સમયે પોતાને ઘેર આવ્યા. છોકરો હીંડોળા ખાટે હીંચકા ખાઇ રહ્યો છે. રાત્રીના અંધકારમાં તે પિતાજીને ઓળખી શકયો નહિ. તેણે માન્યું કે ચોર આવ્યો એટલે વગર પૂછે દોડીને બાપુજીનું ખૂન કર્યું. જુઓ, અજ્ઞાનને કારણે કેવો અનર્થ સર્જાઇ ગયો!

હવે બીજી વાત જ્યારે બ્રહ્મદત્ત ચક્રવર્તિ એ ચક્રવર્તિનું પદ પામ્યા ન હતા ત્યારની વાત છે. એના પિતા ગુજરી ગયા હતા. તેની માતાનું નામ ચૂલણી હતું. તે ભોગ વિલાસમાં અત્યંત આસક્ત હતી. પતિ મરી ગયો છતાં બીજા પુરૂષની સાથે વિષય સુખ ભોગવતી હતી. બ્રહ્મદત્ત તેનો એકનો એક પુત્ર હતો. માતાના મનમાં થયું કે આ છોકરો રહેશે તો મારી પોલ ખુલ્લી થઇ જશે. એટલે તેણે લાખનો મહેલ બનાવવા માટે પ્રધાનને આજ્ઞા કરી. પ્રધાનનો પુત્ર બ્રહ્મદત્તનો ખાસ મિત્ર હતો. આ લાખનો મહેલ શા માટે બનાવ્યો છે તેનું કારણ પ્રધાન અને તેનો પુત્ર બંને સમજી ગયા. એટલે મહેલ બનાવતાં સાથે અંદરથી ભાગી છુટવા માટે એક સુરંગ બનાવી. ઉપરથી ખૂબ સુંદર લાખનો મહેલ તૈયાર થઇ ગયો. એટલે માતા ચૂલણીએ પોતાના પુત્રને સૂવા મોકલ્યો ને પછી મહેલને બાળી મૂકવાની આજ્ઞા કરી. બ્રહ્મદત્ત માતાના આ કારસ્તાનથી અજાણ ન હતો એટલે જેવી આગ લાગી તેવો એ સુરંગમાંથી નાસી છુટયો. પાછળથી ચૂલણીને ખબર પડી કે પુત્ર જીવતો છે ત્યારે એને ભાન થયું કે ધિક્કાર છે મારી કામવાસનાને! એ વાસનાની પાછળ એકના એક પુત્રને મારી નાંખતા પણ પાછી ન પડી! આવું જ્ઞાન થતાં પોતાની ભૂલનો પશ્ચાતાપ કરી પોતાના માનેલા સુખ સાધન વિષય વિલાસને દુઃખ સાધન સમજી સંસાર સુખને ભયાનક સમજી સાચું આત્મિક સુખ મેળવવા સંસારનો ત્યાગ કરી સાધ્વી બની સંયમની સાધના કરીને આત્મ નિર્મળતા પ્રગટાવી.

દેવાનુપ્રિયો! જુઓ, આ ચૂલણી રાણીમાં જ્ઞાન અને અજ્ઞાન બંનેનું ફળ જોવા મળે છે. પોતે અજ્ઞાન દશામાં પડી વિષયવાસનામાં તરબોળ હતી ત્યારે પુત્રને બાળી મૂકવા તૈયાર થઇ. ને પોતાની જાતનું એને જ્યારે ભાન થયું ત્યારે એ જેને સુખના સાધનો માનતી હતી તેને દુઃખરૂપ સમજી તેનો ત્યાગ કર્યો. જ્ઞાનીઓ કહે છે સાચા સુખના સત્સાધનો જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપ છે. તેનું સેવન કરીને અનંત આત્માઓએ સુખ મેળવ્યું છે અને વર્તમાનમાં પણ એ સાધનોનું સેવન કરીને આત્માર્થી જીવો સત્પુરૂષાર્થ કરીને ઈચ્છિત સુખને પ્રાપ્ત કરે છે. ને ભવિષ્યમાં પ્રાપ્ત કરશે. પૌદ્ગલિક સુખની ઇચ્છા વગર જે અનાસકત ભાવે ધર્મારાધના કરે છે તેને મહાન લાભ મળે છે. ને પૌદ્ગલિક સુખની ઇચ્છાથી ધર્મ કરે છે તેને અલ્પ લાભ મળે છે.

હીરાનો વહેપાર કરે તેને થોડી મહેનતે ઘણો લાભ મળે છે. પછી એને બીજો ધંધો કરવાની શી જરૂર? આ જિનશાસન ઝવેરીઓનું શાસન છે. તમે બધા પણ ઝવેરી છો ને? કાચને હીરા માની ખરીદો ખરા? ના. તો સમજો. પૌદ્‌ગલિક સુખો કાચના ટુકડા જેવા છે ને આત્માના સુખો સાચા હીરા જેવા છે. આવું જ્ઞાન પ્રાપ્ત કરો. અનાદિના અજ્ઞાનને છોડીને આત્મસાધના સાધવા તત્પર બનો.

ઉત્તરાધ્યયન સૂત્રના વીસમા અધ્યયનમાં અનાથી નિર્ગ્રંથનો અધિકાર ચાલે છે. જેમણે ભૌતિક સુખોને કાચના ટુકડા સમાન સમજીને છોડી દીધા છે. ને આત્મિક સુખની મસ્તીમાં આનંદ માને છે. તેમની આત્મમસ્તી એ મહાવિચિક્ષણ એવા મહારાજા શ્રેણીકને આશ્ચર્યમાં ડૂબાડી દીધા છે. રાજા શ્રેણીકે મુનિને કહ્યું કે મારી આટલી ઋધ્ધિ અને ઐશ્વર્ય હોવા છતાં તમે મને અનાથ કેમ કહો છો? મને લાગે છે કે રખે! આપને મૃષાવાદનું પાપ લાગશે! જૈનના સંતો કદી મૃષાવાદ બોલતા નથી. રાજાએ મુનિ ઉપર મૃષાવાદનો દોષ ચઢાવ્યો છતાં મુનિને રાજા પ્રત્યે બિલકુલ ક્રોધ, ક્ષોભ કે તિરસ્કાર થયો નહિ. તે જાણતાં હતા કે રાજા હજુ અજ્ઞાન છે એટલે જેની પાસે ધન-સંપત્તિ, પરિવાર ન હોય તેને અનાથ માને છે. એ કારણ મેં તેને કહ્યું કે તું અનાથ છે તેનું તેના દિલમાં દુઃખ છે.

વિશ્વસુખ એ પૌદ્‌ગલિક વસ્તુ છે. તે અનિત્ય-અશાશ્વત છે. તેનો શો વિશ્વાસ? એ કચરો મુમુક્ષુઓએ છોડવા જેવો છે. અનંત તૃષ્ણાનો વેગ મોળો પાડી જગતની ક્ષણભંગુરતાનો વિચાર કરી લેવો એ એક ત્યાગનું અંગ છે. રિધ્ધીનો ગર્વ ત્યાગની પાસે નકામો છે. મહારાજા શ્રેણીક પોતાને પૌદ્‌ગલિક વસ્તુઓના ઠઠારાથી સનાથ માની રહ્યા છે તે એમનો બાળ ભાવ છે. એ બાળભાવને પલટાવવાનું મહાન કાર્ય અનાથી નિર્ગ્રંથ અતુલ ધૈર્યતાથી કરી રહ્યા છે. મુનિ વિચારે છે કે એ એની રીતે પોતાને સનાથ માને છે ને હું મારી રીતે એને અનાથ કહું છું. મારો અભિપ્રાય એમને સમજાવવો જોઇએ. એમ વિચાર કરી મુનિ રાજાને કહે છે.

**न तुमं जाणे अणाहस्स, अत्थ पुत्थं च पत्थिवा।**
**जहा अणाहो भवई, सणाहो वा नराहिवो ॥**

ઉત્ત. સૂ. અ. ૨૦, ગાથા ૧૬

હે પૃથ્વીપતિ! હે નરાધિપ! તમે નાથ શબ્દનો અર્થ અને તેની વ્યુત્પત્તિ પણ જાણતા નથી. અને એ પણ જાણતા નથી કે અનાથ અને સનાથ કેમ કહેવાય છે? આ ગાથામાં મુનિએ રાજા શ્રેણીકને પૃથ્વીપતિ અને નરાધિપ કહીને સંબોધન કર્યું છે. આ સંબોધનોથી મુનિએ રાજા શ્રેણીક પાસે એ સ્પષ્ટ કર્યું કે તું રાજા છે. પૃથ્વીપતિ તેમજ મનુષ્યોનો સ્વામી છે.

બંધુઓ! માણસો પોતાની બુદ્ધિના માપે બીજાનું માપ કાઢે છે. તેમ રાજા શ્રેણીકે પણ પોતાની માન્યતા પ્રમાણે મહાન સંતનું માપ કર્યું. મુનિ તો દ્રવ્ય–ભાવે ગ્રંથીભેદ કરીને નિર્ગ્રંથદશામાં ઝૂલે છે છતાં તીવ્ર પ્રજ્ઞાથી જાણી લીધું કે રાજા અત્યારે આકુળ વ્યાકુળ થઈ રહ્યા છે છતાં લાયકાતવાળા છે. સમજવાના જિજ્ઞાસુ છે. એમ સમજી મીઠા પણ કડક શબ્દોમાં કહ્યું કે હે રાજન્! તું ધ્યાન દઈને સાંભળ. પહેલાં તો એટલું નક્કી સમજી લેજે કે જે મુનિ હોય તે પ્રાણાંતે પણ કદી અસત્ય બોલે નહિ. અને ઠકુરાઈ ને ઐશ્વર્યનો મને ખ્યાલ આવી ગયો છે. પણ બહારની સંપત્તિ, ઐશ્વર્ય કે અસત્ય બોલે તે મુનિ નહિ. તારા શબ્દો સાંભળીને અને તને જોતાં તારી સર્વઋદ્ધિ, ઠકુરાઈનું મને મહત્વ નથી. મારી ઋદ્ધિ પાસે તારી ઋદ્ધિ તુચ્છ છે. બંધુઓ! એક વખત માણસ સાચા તત્ત્વને પામી જાય છે પછી તેને બીજી કોઈ સંપત્તિ કે વૈભવમાં આનંદ આવતો નથી. અહીં તો અનાથી મુનિ છે પણ જે સાચા શ્રાવકો હોય છે તેને પણ આત્માની પીછાણ થયા પછી સંસારના સુખો તુચ્છ કાચના ટુકડા જેવા લાગે છે. કર્મયોગે સંસારમાં રહેવું પડે તો રહે ખરા પણ અંતરનો આનંદ ન હોય. જેમ મહાવીર પ્રભુના શાસનમાં દશ શ્રાવકો થયા તેમ નેમનાથ ભગવાનના શાસનમાં પણ શ્રાવકો હતા.

નેમનાથ ભગવાનની વાણી સાંભળીને જુઠલ શ્રાવક ધર્મ પામી ગયા. ને તેમણે બાર વ્રત અંગીકાર કર્યા. સંસારના દરેક પદાર્થોની મર્યાદા કરીને ઉદાસીન ભાવથી સંસારમાં રહેવા લાગ્યા. આઠમ–પાખી પૌષધ કરતા હતા. સમય જતાં એમને એમ લાગ્યું કે હવે આ શરીરનો ભરોસો નથી. તો મારા ગુરૂ નેમનાથ ભગવાન જ્યાં સુધી વિચરે છે ત્યાં સુધી હું સંથારો કરી લઉં. એમ વિચારી જુઠલ શ્રાવકે પૌષધશાળામાં જઈને સર્વ જીવોને ખમાવીને સંથારો કર્યો. સંથારો કર્યાને ૧૮ દિવસો પૂરા થયા. સંથારામાં શુદ્ધ ભાવથી આત્મસ્વરૂપની ચિંતવણા કરતા હતા. ૧૯મા દિવસની રાત્રે તેમના શુભ અધ્યવસાય, અને શુદ્ધ પરિણામના બળથી તેમના જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયોપશમ થવાથી તેમને અવધિજ્ઞાન થયું. એટલે અવધિજ્ઞાનના પ્રભાવથી જુઠલ શ્રાવક મર્યાદિત પદાર્થોને જાણે છે ને જુવે છે.

જુઠલ શ્રાવક તો પોતાની સાધનામાં સ્થિર થયા પણ એમની રોહિયા આદિ ૩૨ સ્ત્રીઓ જુઠલ શ્રાવકના મર્મો, રહસ્યો અને છિદ્રો જોયા કરતી હતી. પણ એમનામાં એક પણ દોષ દેખાયો નહિ. એટલે બધી સ્ત્રીઓ ભેગી થઈને વિચાર કરવા લાગી કે આપણો પતિ તો હવે ધર્મ ઢીંગલો બની ગયો છે. આપણને સુખ આપતા નથી તે આપણને તજીને બેઠા છે. એ જ્યાં સુધી જીવતા છે. ત્યાં સુધી આપણે આપણી ઈચ્છાનુસાર ભોગ ભોગવી શકીશું નહિ. માટે ગમે તે રીતે આપણે એને મારી નાંખીએ. જુઓ, સંસાર કેવો સ્વાર્થમય છે? કહ્યું છે ને કેઃ–

**રાજી કરે રાજી રહે એવો જ આ સંસાર છે.**
**ખોટી ખુશામતથી ભર્યો એ ઘોર નરકાગાર છે.**

જ્યાં સુધી સંસારના સગાને તમે રાજી કરો ત્યાં સુધી એ તમારા ઉપર ખુશ ખુશાલ રહેશે પણ જ્યાં એમને તમે નારાજ કર્યા કે મામલો ખતમ. જૂઠલ તરફથી એમને મન ગમતા ભોગ વિલાસો મળતા રહ્યા ત્યાં સુધી જૂઠલને પ્રાણથી પ્રિય માનતી હતી. જૂઠલ વિના તેમને એક ક્ષણ પણ ગમતું ન હતું. હવે એ જ પત્નીઓ ભેગી થઈને વિચારવા લાગી કે આ જૂઠલ આપણા માર્ગમાં કંટક સમાન છે. એને હવે મંત્રથી કે ઝેર દઈને અગર તો અગ્નિથી સળગાવીને મારી નાંખવો જોઈએ. એણે જીવતાં આપણને વિધવા જેવી બનાવી દીધી છે. હવે એને જીવતો રાખીને શું કામ છે? કેવી રીતે મારવો તેની વિચારણા કરવા લાગી.

જૂઠલ શ્રાવકની સ્ત્રીઓ કેટલું અધમ કર્તવ્ય કરવા તૈયાર થઈ છે? આ બધુ કર્મના કારણે બને છે. અશુભ કર્મનો ઉદય થાય ત્યારે વિચાર કરજો કે આ મારા પૂર્વે કરેલા પાપ કર્મોનો પ્રતિધ્વનિ છે. કર્મ કર્યા વગર ઉદયમાં આવતા નથી. સ્ત્રીઓએ નિર્ણય કર્યો કે આજે રાત્રે આપણે અગ્નિ દ્વારા એનો નાશ કરવો. જૂઠલ શ્રાવક આત્મમસ્તીમાં ઝૂલે છે ને પ્રભુને પ્રાર્થના કરે છે કે હે નાથ! હવે સાધુપણું ક્યારે અંગીકાર કરીશ. હે મારા પ્રભુ!

**આશા જીવનમાં મારે એક છે, દર્શન કરવાની હૈયે છે હોંશ અપાર રે**
**નેમનાથ પ્રભુ! ક્યારે પામીશું તમારા પંથને....**

જૂઠલ શ્રાવક ભાવના ભાવતા કહે છે કે મારા જીવનમાં હવે એક જ હોંશ છે કે હે પ્રભુ! મને આપના દર્શન ક્યારે થશે? તેમને પોતાના ગુરુના દર્શન કરવાની કેટલી પવિત્ર ભાવના છે! એની ભાવના કેટલી પવિત્ર છે ને પત્નીઓની ભાવના કેટલી અધમ છે! જૂઠલ શ્રાવકે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો તો જોયું કે આજે રાત્રે મને અગ્નિનો ઉપસર્ગ આવવાનો છે. આ કાયા અગ્નિથી જલી જશે ને તેમાં મારું મરણ થશે. આવું જાણવા છતાં મનમાં બિલકુલ ઉદ્વેગ થયો નહિ. તે આત્મભાવમાં સ્થિર બની ગયા ને પોતાના પરમ તારક ગુરુદેવ એવા નેમનાથ પ્રભુને પ્રાર્થના કરે છે.

**જ્યારે હું બોલાવું ત્યારે આવજો પ્રભુ, મારી મુશીબત મીટાવજો પ્રભુ (૨)**
**જીવનભર જો સુખ ના આવે તો પણ મુજને દુઃખ ના થાયે.**
**અંત સમય જો જીવ ના જાયે, આકુળ વ્યાકુળ મનડું થાયે....હો....જીવ ના જાયે.**
**ત્યારે મુજને શાંતિમાં પોઢાડજો પ્રભુ...મારી મુશીબત મીટાવજો પ્રભુ (૨)**

હે પ્રભુ! મને તો તારા દર્શનની પૂરી ભાવના છે પણ તે પૂરી થવી અસંભવિત છે. પણ આટલું તો જરૂર કરજો કે મને ઉપસર્ગના સમયે જરા પણ અસમાધિ ના થાય.

તમારા સ્મરણમાં હું લીન બનું. આ પ્રમાણે જૂઠલ શ્રાવકના દિલમાં રણકાર ઉઠી રહ્યો છે. તે સમયે તેમની રોહિયા આદિ બધી સ્ત્રીઓ પૌષધશાળામાં આવીને તેમણે નિર્ણય કર્યા મુજબ લાકડા અને છાણાં જૂઠલ શ્રાવકની ચારે બાજુ ગોઠવી દીધા ને તેના ઉપર ઘાસ નાંખી આગ લગાડી, જૂઠલ શ્રાવક અવધિજ્ઞાનથી બધું જાણે છે છતાં કોઈના પ્રત્યે મનથી પણ દ્વેષ કરતા નથી. તે આત્મધ્યાનમાં સ્થિર બની ગયા. અગ્નિ બરાબર પ્રજ્વલિત થયો એટલે કોઈ જોઈ જશે તો અમારું પોકળ ખુલ્લું થઈ જશે એ ડરથી સ્ત્રીઓ પોતાને ઘેર ચાલી ગઈ. આ તરફ જૂઠલનો દેહ જલવા લાગ્યો. શરીર દાઝે છે. મહા-ભયંકર વેદના ઉપડી પણ આત્માને વેદન થતું નથી. તે જાણે છે કે મારી સ્ત્રીઓનું આ કારસ્તાન છે છતાં એ દુષ્ટ સ્ત્રીઓ પ્રત્યે રોષ કે ક્રોધ કરતા નથી. એ તો એમ વિચાર કરે છે.

**દેહ બળે છે હું નથી બળતો, અજર અમરપદ મારું.**
**સહજાનંદી શુદ્ધ સ્વરૂપી, અવિનાશી હું આત્મસ્વરૂપ,**

અગ્નિ ભડભડાટ બળે છે. તેમાં શરીર જલે છે. તે સમયે જૂઠલ શ્રાવક કહે છે હે ચેતન! તારી કસોટીનો સમય છે. તું અને દેહ બંને અલગ છે. તારે એની સાથે કાંઈ નિસ્બત નથી. તું તારામાં રહેજે. પરમાં પડતો નહિ. આવી ભાવનામાં સમતારસને ઝીલતા ઉપશમ ભાવે જૂઠલ શ્રાવક કર્મના ભૂક્કા ઉડાવી રહ્યા છે.

આવી તીવ્ર વેદના સમતા ભાવે સહન કરી, આત્મભાવે રમણતા કરતાં આલોચના કરી પંડિત મરણે કાળ કરીને ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, અને તારા મંડળને ભેદીને ઈશાન નામના બીજા દેવલોકમાં કપિલ નામના વિમાનમાં ઉત્પન્ન થયા. આ જૂઠલ શ્રાવકનું આયુષ્ય ૫૦૦ વર્ષનું હતું તેમાં ત્રીસ વર્ષ ઉત્તમ શ્રાવકપણું પાળીને દેવલોકમાં ગયા. આ હતી જ્ઞાન દશા. ને તે જ સાચી દૃષ્ટિ છે.

દેવાનુપ્રિયો! આ તમારો સંસાર આવો સ્વાર્થભર્યો છે. તેમાંથી તટસ્થપણે રહી જેટલી સાધના થાય તેટલી કરી લો. જો આ સ્વાર્થના કુંડાળામાં ફસાઈ ગયા તો બૂરી દશા થશે પછી નીકળવું મુશ્કેલ થશે. માટે બને તેટલી આત્મસાધના સાધી લો. અનાથી નિર્ગ્રંથે શ્રેણીક રાજાને કહ્યું કે હે રાજન્! તમે સનાથ અને અનાથના ભાવને સમજતા નથી. તમારી માન્યતા જુદી છે ને મારી માન્યતા પણ જુદી છે, હું કેવી રીતે સનાથ અને અનાથની વ્યાખ્યા કરું છું તે હવે તમને કહીશ. રાજા શ્રેણીકને પણ જાણવાની જિજ્ઞાસા જાગી છે. હવે અનાથી મુનિ રાજાને શું કહેશે તેના ભાવ અવસરે.

**'ચરિત્ર' :- "અંજના પિતાજીના મહેલના દરવાજે આવ્યા ત્યાં શું બન્યું ?"**

ગઈ કાલે આપણે જોઈ ગયા કે અંજના સતીએ ભયંકર વનમાં નવકાર મંત્રનું સ્મરણ કરી રાત પૂરી કરી. નવકાર મંત્રના પ્રભાવથી હિંસક પશુઓ તેની પાસે

આવ્યા નહિ. સવાર પડવાને થોડો સમય બાકી રહ્યો તે સમયે વસંતમાલા કહે છે બહેન! આપણે નગરમાં પહોંચી જઈએ. ત્યારે અંજનાએ કહ્યું બહેન! પિતાજીને ઘેર જતા મારૂં મન માનતું નથી.

**અંજના કહે સુણ સુંદરી, બાઈ મારે ઘણો સંતાપ તો,**
**કૂડા રે કલંક ચઢાવીયા મુખ કેમ દાખવું અમ તણે બાપ,**
**માતા હો મન કેમ મલશે, ભાઈ ભોજાઈ શું કેમ વધશે નેહ,**
**જહાં લગી સ્વામી આવે નહિ, તિહાં લગે કેમ કરી નિગમશું દેહ તો**
**....સતી રે શિરોમણી**

મને આવું કલંક ચઢયું છે. આ કલંકિત અવસ્થામાં પિયર જવું તેના કરતાં બહેતર છે મરી જવું સારૂં. મારા જવાથી માતા-પિતાને દુઃખ થશે. હું તો દુઃખી છું. ભેગાં એમને કયાં દુઃખી કરવા? તે સિવાય આવી કલંકિત અવસ્થામાં તેઓ મારા સામું જોશે કે નહિ તે પણ મને શંકા થાય છે. વસંતમાલા કહે-તું શા માટે ચિંતા કરે છે? આપણે બધી વાત કરીશું ને? તું તો પવિત્ર જ છે. કહાય "છોરૂ કછોરૂ થાય પણ માવતર કમાવતર ન થાય." માટે ચાલો આપણે જઈએ. અંજના સતી વસંતમાલાની સાથે મહેન્દ્રપુરના દરવાજે પહોંચી.

**"સતી અંજનાને દરવાજે આવતાં થયેલો વિચાર":**-નગરના દરવાજામાં પ્રવેશ કરતાં તેને પોતાનો બાલ્યકાળ યાદ આવી ગયો. નીચી દૃષ્ટિ કરી થરથર ધ્રુજતી નગરમાં થઈને જાય છે. એને તો એટલી બધી લજ્જા આવી ગઈ છે કે હું મોઢું શું બતાવું? એણે મોઢું તો ઢાંકી દીધું હતું. રખે, મારું કલંકિત મુખ કોઈ જોઈ જાય! નીચી દૃષ્ટિએ ચાલતાં પિતાજીના મહેલ પાસે આવ્યા. મહેલનો ચોકીદાર ચોકી કરી રહ્યો હતો. ચોકીદારે અંજના તથા વસંતમાલાને જોઈને પૂછયું કેમ બહેન બા! આમ અચાનક ને એકલા જ? વસંતમાલા કહે કે અમારે પિતાજી પાસે જવું છે. પણ ચોકીદાર કહે છે બહેન! તમે અહીં ઊભા રહો. હું પિતાજીને વાત કરું. ચોકીદાર અંજનાને દ્વાર પાસે બેસાડીને રાજા પાસે ગયો. રાજાને પ્રણામ કરીને ચોકીદારે કહ્યું. આપના લાડકવાયા કુંવરી બા આવ્યા છે. રાજા કહે કોણ? અંજના આવી? હા. આ સાંભળીને રાજા તો હરખાઈ ગયા. અહો! બાર બાર વર્ષે મારી દીકરી આવી છે તો એને ખૂબ ધામધૂમથી નગરમાં લાવું. બધા માણસોને બોલાવીને હુકમ કર્યો કે જાવ, આખું નગર શણગારો. શેરીએ શેરીએ તોરણ બંધાવો ને સુંદર પાલખી તૈયાર કરો. યાચકોને દાન દેવા ભંડારમાંથી સોનામહોરો કઢાવો. રાજાને હર્ષનો પાર નથી. પણ પેલો ચોકીદાર વિચાર કરે છે કે અંજના તો કલંકિત થઈને આવી છે. હવે રાજાને કહેવું શી રીતે? જો કહીશ તો અંજનાનું શું થશે? જો ન કહું તો રાજાનો ઠપકો મળશે. એટલે ખૂબ વિચાર

કરીને ચોકીદારે રાજાના કાનમાં ધીમે રહીને કહ્યું-તમે આ બધી તૈયારી કરો છો પણ અંજના તો સાસરેથી તજાયેલી છે. કાળા કપડા પહેરેલા છે, એની આંખમાં આંસુની ધાર વહે છે ને પગમાં તો લોહીની સેરો ઉડે છે. આ સાંભળીને રાજાનું મન ઉદ્વિગ્ન બની ગયું. ને એકદમ સ્તબ્ધ બની ગયા. મનમાં અનેક વિચારો ઉભરાવા લાગ્યા. ખરેખર ! સ્ત્રીઓનું ચરિત્ર ન સમજી શકાય તેવું ગહન હોય છે. આ મારી પુત્રીએ મારા કુળને કલંકિત કર્યું. બાર બાર વર્ષોથી પવન કુમારે એના સામું જોયું નથી, છતાં એની ગેરહાજરીમાં એ પાપણીએ આવું કુટિલ કામ કર્યું ?

મહેન્દ્ર રાજાને ક્રોધ આવી ગયો. એની ભ્રકુટી કપાળે ચઢી ગઈ. આંખોમાંથી અગ્નિ વરસવા લાગી. અહો ! એણે મારા નિર્મળ કુળને કલંક લગાડયું ? સાસરા અને પિયર બંને કુળને ઝાંખા કર્યા. રાજા તો બાંય ચઢાવીને બેઠો થયોને કહે છે હવે એ પાપણીને મારા રાજ્યમાંથી કાઢી મૂકો. મારે એનું મોઢું પણ જોવું નથી. બંધુઓ ! જુઓ. પુણ્ય પાપના ખેલ કેવા છે ? ક્ષણ વાર પહેલાં રાજા પોતાની દીકરીના આગમનની વાત સાંભળી કેવા આનંદિત બની ગયા હતા ! પણ જ્યાં ખબર પડી કે અંજના સાસરેથી કલંકિત થઈને આવી છે ત્યાં ક્રોધનો દાવાનળ સળગી ઉઠયો. ને બોલવા લાગ્યા કે કલંકિત થઈને આવી છે તો તેના કરતાં દરિયા કે નદીમાં પડી ને ડૂબી મરવું હતું ને ? અહીં એનું કાળું મોઢું લઈને શા માટે આવી છે ? આ પ્રમાણે અંજનાના પિતાજી તેના ઉપર ખૂબ રોષે ભરાયા છે. હવે અંજના કોની પાસે જશે ને હજુ પણ તેના માથે કેવા દુઃખો પડશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં. ૩૭

**શ્રાવણ વદ ૮ ને શુક્રવાર** **તા. ૨૯-૮-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો !

અનંત જ્ઞાની શાસ્ત્રકાર ભગવંતે જગતના સમસ્ત જીવોને આત્મોન્નતિ અને આત્મકલ્યાણનો સાચો માર્ગ બતાવ્યો. અને જગતના જીવોને સ્યાદ્વાદ શૈલીથી ઉપદેશ આપ્યો કે હે ભવ્ય જીવો ! સમ્યક્દર્શન-સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ મોક્ષમાં જવાના અમૂલ્ય સાધનો છે. ઘરબાર, સ્ત્રી-પુત્ર અને પરિવાર તેમજ ધનની આસક્તિ રાખવી અને તેમાં રચ્યા પચ્યા રહેવું તે આત્માનો સ્વભાવ નથી. જીવ નાશવંત સુખોની પાછળ દોડયા કરે છે પણ એ સુખો જીવને ભવમાં ભ્રમણ કરાવે છે. વિષયોમાં આસક્ત રહેનાર આત્માને આત્મ સ્વરૂપની પ્રતીતિ કયાંથી થાય ? આત્મ સ્વરૂપમાં રમણતા કરવા માટે મહામૂલો માનવભવ મળ્યો છે. પણ જ્યાં માનવ ભવ પ્રાપ્ત કરીને જીવન જીવવાની

કળા હાથમાં નહિ આવે ત્યાં સુધી આત્મ કલ્યાણ થવાનું નથી. માનવભવ એ ચારિત્ર ઘડતરની શાળા છે. મોક્ષ માર્ગ પ્રાપ્ત કરવા માટેનું અમૂલ્ય સાધન છે. સાધન વિના સાધ્યની સિદ્ધી થતી નથી. ડોકટર સર્જન અને હોંશિયાર છે પણ ઓપરેશન કરવાના હથિયારો નહિ હોય તો ઓપરેશન કેવી રીતે કરશે? મનમોહક ચિત્રો ચીતરનાર હોંશિયાર કલાકાર હોય, દિવાલ પણ સપાટ અને સ્વચ્છ બનાવીને તૈયાર કરી છે પણ એ કલાકાર પાસે રંગ અને પીંછી ન હોય તો તે ચિત્ર કેવી રીતે દોરી શકે? દરેક કાર્યની સિદ્ધિ કરવા માટે સાધનની જરૂર પડે છે તેમ મોક્ષ માર્ગની પ્રાપ્તિ માટે પણ સાધનની જરૂર છે. એ સાધનનો ઉપયોગ સાધ્યની સિદ્ધિમાં નહિ કરો તો જન્મ મરણના ફેરા ઊભા રહેશે. મોક્ષમાં જવા માટે માનવભવ રૂપી સાધન તો મળ્યું પણ હવે એ સાધન મળ્યા પછી પુરૂષાર્થ કેવો હોવો જોઇએ? જે મનુષ્ય વીતરાગની આજ્ઞા અનુસાર પુરૂષાર્થ કરશે તેની ભવકટ્ટી થશે એ નિઃશંક વાત છે. પણ એક વાર ભવના ફેરા ખટકવા જોઇએ. જ્ઞાની કહે છે કે મનુષ્ય ભવની કિંમત ત્યાગથી છે. ભોગથી નથી.

બંધુઓ! વીતરાગની વાણીમાં અમૂલ્ય ખજાનો ભરેલો છે. જેના શબ્દે શબ્દે શાશ્વત સુખ અને અક્ષરે અક્ષરમાં અક્ષય શાંતિ ભરેલી છે. પણ એનો અનુભવ ક્યારે થાય? તેમાં ઊંડા ઉતરીએ ત્યારે ને! ભગવાને આપણા ઉપર કેટલી કરૂણા કરી છે? આગમને પાને પાને અમૂલ્ય રત્નો ટાંક્યા છે પણ તેની એક વાર પીછાણ કરવાની જરૂર છે. તેનું શ્રવણ-મનન અને ચિંતન ન થાય તો રત્નો ક્યાંથી મળે? જેમ એક પિતાએ એના ચોપડામાં લખ્યું હતું કે "પાનું ફરે ને સોનું ઝરે." બાપને એકનો એક દીકરો હતો. મા-બાપને તેના ઉપર આશાના મિનારા હતા. પણ દીકરો મોટો થતાં કુસંગે ચઢી ગયો. દારૂ-ચોરી-જુગાર, વેશ્યાગમન આદિ કરવા લાગ્યો. ઘેર આવતો નથી. વેશ્યાને ઘેર પડયો ને પાથર્યો રહે છે. બાપ બોલાવે દીકરા! ઘેર આવ. પણ આવતો નથી ને પૈસાની જરૂર પડે ત્યારે માતાની પાસેથી લઇ જાય. આમ કરતાં બાપ મરણ પથારીએ પડયો. પુત્રને બોલાવ્યો પણ ના આવ્યો. બાપ તો ફાની દુનિયા છોડીને ચાલ્યો ગયો, એની પાસે પણ પૈસા ખૂટી ગયા એટલે વેશ્યાએ વિદાય કર્યો. પાસે કંઇ રહ્યું નથી એટલે ઘેર આવીને ઉદાસ થઇને બેઠો. ત્યારે માતા કહે છે દીકરા! હવે ઘરમાં કાંઈ રહ્યું નથી પણ આ તારા બાપના જુના ચોપડા પડયા છે. તે ચોપડા તપાસ. કોઇની પાસે આપણાં લેણાં હોય તો તેને ખબર પડે ને મેળે. છોકરો કદી પેઢી પર જતો ન હતો. બાપની પાસે કદી બેઠો નથી એને શી ખબર પડે કે કોની પાસે આપણાં લેણાં છે. છતાં માતાના કહેવાથી ચોપડા લઇને બેઠો ને પાના ફેરવવા લાગ્યો. પાના ફેરવતાં ફેરવતાં એક જગ્યાએ લખ્યું હતું કે "પાનું ફરે ને સોનું ઝરે." છોકરો તો પાનાં ફેરવવા લાગ્યો પણ ક્યાંય સોનું ઝરતું નથી.

બંધુઓ! તમને જો કોઇ કહે કે આ ધંધો કરવાથી બહુ કમાણી થાય છે તો

તમે તેમાં મહેનત કરતાં થાકો નહિ. પેલો છોકરો સોનાની આશાથી પાના ફેરવતા થાકતો નથી. કારણ કે જીવને પૈસો બહુ વહાલો છે. એક કવિએ ગાયું છે કે :–

**પૈસો તમને પ્યારો છે પણ એને કોઈ નથી પ્યારુ, બે ઘડી તમને બહલાવે ને ત્રીજી ઘડીએ અંધારું**
**સુખ દુઃખના સાચા સંગાથી પૈસો કે ગુરૂ-બેમાં કોણ તમને પ્યારુ બોલો પૈસો કે ગુરૂ અરે-**
**પથ્થર જેવા પૈસા ને પારસ જેવા ગુરૂ, એમાં કોણ તમને પ્યારું બોલો પૈસા કે ગુરૂ...(૨)**

તમને પૈસો પ્રાણથી પ્રિય છે. પણ પૈસાને કોઇ પ્રિય નથી. એ તો પુણ્યનો ઉદય હશે ત્યાં સુધી ટકવાનો છે. પુણ્યનો પ્રદીપ બૂઝાઇ જતાં જીવનમાં અંધકાર છવાઇ જાય છે. છતાં બોલો, તમને પૈસા વહાલા છે કે તમારા ગુરૂ? (હસાહસ). તમને પૈસા મળતા હોય ત્યાં પહેલા દોડો છો. પૈસાને તમે પ્રાધાન્ય આપ્યું છે.

એક બાપા ખૂબ કંજુસીયા. કદી સારી ચીજ ખાય નહિ ને ઘરનાને ખાવા ન દે. રોટી ને દાળ સિવાય કંઈ ખાવાનું નહિ. ઘેર પૈસાનો પાર ન હતો પણ સારુ ખાય તો પૈસા વપરાઇ જાય ને? દશેરાનો દિવસ આવ્યો. નાના નાના છોકરા કહે છે દાદા-દાદા! આજે તો દશેરા છે. બધાને ઘેર જલેબી ને ફાફડા લાવે છે. અમારે પણ જલેબી ખાવી છે. છોકરાના છોકરાઓએ હઠ કરી એટલે કહે છે બેટા! હું તમને જલેબી લાવી આપું છું. તિજોરીમાંથી એક રોકડો રાણીગરો રૂપિયો કાઢયો. મૂઠીમાં બરાબર મૂકીને કંદોઇની દુકાને જલેબી લેવા માટે ગયો. કંદોઇની દુકાનેથી રૂપિયાની જલેબી લઇને પડીકું બંધાવ્યું ને રૂપિયો આપવા મૂઠી ઉઘાડી. મૂઠીમાં પરસેવો થઇ ગયેલો તેથી રૂપિયો ભીંજાઇ ગયો છે. તે કંદોઇને કહે છે મારે જલેબી લેવી નથી. કંદોઇ કહે છે કેમ? તો કહે છે લેવી હતી પણ રૂપિયો રોવે છે કે મારે તમારે ત્યાં રહેવું છે. (હસાહસ). એટલે રૂપિયાને રોવડાવીને મીઠાઈ લેવાય? કંદોઇ કહે છે તમે સવારના પહોરમાં ક્યાં આવ્યા? મારો તો દિવસ બગડી જશે. કંજુસીયા કાકા જલેબી લીધા વિના પાછા આવ્યા. નાના બાળકો શેરીના નાકે આવીને આશાભેર ઊભા છે કે હમણાં દાદા જલેબી લઇને આવશે. પણ દાદાના હાથમાં પડીકું ન જોયું એટલે બાળકો કહે છે દાદા! તમે જલેબી ન લાવ્યા? ત્યારે કહે છે બેટા! જલેબી લેવા માટે ગયો હતો પણ શું કરું? રૂપિયો રોવા લાગ્યો કે મારે તમારી પાસેથી નથી જવું એટલે જલેબી કેવી રીતે લાવું? (હસાહસ) બંધુઓ! લોભી મનુષ્ય હોય છે તેને ગમે તેટલું મળે તો પણ સંતોષ થતો નથી. ભગવાન ઉત્તરાધ્યયન સૂત્રમાં બોલ્યા છે કે :–

**सुवण्ण रुपस्स उ पव्वयाभवे, सिया हु कैलास समा असंखया ।**
**नरस्स लुध्धस्स न तेहिं किंचि, इच्छा उ आगाससमा अणंतया ।।**

ઉત્ત. સૂ. અ. ૯ ગાથા ૧

લોભી મનુષ્યને કોઈ સોનાના ને રૂપાના કૈલાસ પર્વત જેટલા મોટા અસંખ્ય ઢગલા આપે તો પણ તેની તૃષ્ણા શાંત થતી નથી. કારણ કે ઈચ્છા આકાશ જેટલી અનંત છે. દુનિયામાં પદાર્થો પરિમિત છે ને એકેક પદાર્થ ઉપર જીવની અનંતી તૃષ્ણા છે. હવે તૃષ્ણા ક્યાંથી પૂરી થાય? અસંતોષી માણસને ગમે તેટલું મળે તો પણ બસ ક્યાંથી લાવું. ક્યાંથી લાવું કર્યા કરે ને બીજાની સંપત્તિ જોઈને જલ્યા કરે. એટલે તે કદી સુખી થતો નથી. બીજાનું સુખ કેમ નષ્ટ થાય છે તે જોવામાં એ રાજી હોય છે. અરે બીજાની તો વાત ક્યાં કરવી? પણ અસંતોષી માણસ ઉપાશ્રયે વ્યાખ્યાનમાં આવતાં આવતાં પણ રસ્તામાં પોતાની ગાડી કરતાં બીજાની કોઈ સારી કે મોટી ગાડી જુવે તો એના દિલમાં દુઃખ થઈ જાય ને વિચારે કે આની ગાડી કેવી મોટી છે? મારી ફિયાટ તો એની આગળ ડબલા જેવી દેખાય છે. ત્યારે સંતોષી માનવ એમ વિચારશે કે બીજા લોકો બસમાં જાય છે તેના કરતાં તો હું સુખી છું ને? કારણ કે મારી પાસે ફિયાટ છે. જેની પાસે ફિયાટ ન હોય તે એમ માને કે લોકો પગે ચાલીને જાય છે તેના કરતાં હું સુખી છું કારણ કે હું બસમાં જઈ રહ્યો છું અને અમારી જેમ પગે ચાલનાર હોય તે એમ વિચારે કે હું કેટલો સુખી છું કે પગેથી સારી રીતે ચાલી શકું છું. બિચારો આ લંગડો માણસ તો પગે ચાલી શકતો પણ નથી. આ રીતે જો સંતોષ હોય તો માણસ પોતાને જે સાધન મળ્યા છે તેમાં પણ સ્વર્ગના સુખ માણી શકે છે.

બંધુઓ? આજે તો માનવી સુખ સુખ ને સુખની બાંગો પુકારે છે ને પૂર્વના પુણ્યથી જે સુખ મળ્યું છે તેમાં ગળાબૂડ ખૂંચી ગયો છે ને વધુ સુખ મેળવવા માટે અન્યાય અનીતિ અને અધર્મનું સેવન કરી રહ્યો છે. ને દિનપ્રતિદિન વૈભવમાં ગરકાવ થતો જાય છે. પણ આ સુખમાં ગરકાવ થવા જેવું નથી. બધું લિમિટમાં શોભે છે. બે કાંઠે નદી વહેતી હોય પણ નદીના જે પાણી બે કાંઠાને ઓળંગીને બહાર નીકળી જાય છે તેની કોઈ કિંમત નથી. બે કાંઠાની વચમાં વહે છે તેની કિંમત છે. તે રીતે જેના જીવનની સરિતા વ્રત અને નિયમના બે કાંઠાની વચમાં વહે છે તેની જ્ઞાનીઓની દૃષ્ટિએ કિંમત છે. બાકી નાશવંત સુખો ભોગવવામાં રહી જશો તો જીવનની કાંઈ કિંમત નથી. જેમ છાણનો કીડો છાણમાં ઉત્પન્ન થાય ને છાણમાં મરે છે તેમ ભોગનો કીડો ભોગથી ઉત્પન્ન થયો ને જીવનના અંત સુધી ભોગ ભોગવવામાં રહી ગયા તો સમજી લેજો કે પરભવમાં બૂરી દશા થાય છે. માટે જો એવી દશા ના થવા દેવી હોય તો જીવનમાં ધર્મ અપનાવો. સત્ય-નીતિ-સદાચારનું સેવન કરો. યથા-

શક્તિ સત્કાર્યમાં ધનનો સદુપયોગ કરો. આ જિંદગી તો પાણીના પૂરની જેમ વહી રહી છે. આયુષ્ય પૂર્ણ થતાં એક સેકન્ડ પણ રોકાઈ શકાશે નહિ.

**શ્વાસ લખ્યા જે જગમાં લેવા, પૂરા થાતા ના દેશે રહેવા,**
**ભવસાગર તું પાર કરી લે,- એકલ આવ્યો એકલ જાવું.**
**શું લઈ આવ્યો, લઈ શું જાવું એકલ આવ્યો એકલ જાવું.**

મનુષ્ય જ્યારે જન્મ્યો ત્યારે શરીર ઉપર પહેરવા કપડું પણ ન હતું નગ્ન હતો. ને જવાના સમયે પણ ખાલી હાથે જવાનું છે. કદાચ કોઈ શ્રીમંત હશે તો તેને મરી ગયા પછી તેના પુત્રો ૫૦૦) રૂ.ની શાલ ઓઢાડશે ને બહેનને ૫૦૦) રૂ.ની સાડી ઓઢાડશે પણ એ તો ભંગી લઈ જશે ને કાં તો બળી જશે પણ જીવની સાથે શું જવાનું છે ? કંઈ નહિ. ખાલી હાથે આવ્યો ને ખાલી હાથે જવાનું છે. એક રાતી પાઈ પણ સાથે આવનાર નથી. માટે બને તેટલી ધર્મારાધના કરો, દાન કરો, તપ કરો,

આપણે વાત ચાલતી હતી "પાનું ફરે ને સોનું ઝરે", પેલો છોકરો ચોપડાના પાના ફેરવવા લાગ્યો. ઘણાં પાનાં ફેરવ્યા ત્યારે એક ઠેકાણે લખેલું કે ફલાણા મંદિરના શિખરમાં પૈસા દાટયા છે, એટલે એ તો ઉપડયો ને મજુરોની પાસે મંદિરનું શિખર રાત્રે તોડાવી નાંખ્યું પણ ધન મળ્યું નહિ. સવાર પડતાં મંદિરના પૂજારીને ખબર પડી કે મંદિરનું શિખર તૂટયું. પૂછતાં પૂછતાં તોડનારને પકડયો ને કહ્યું. મંદિરનું શિખર તેં કેમ તોડયું ? હવે એ હતું તેવું ચણાવી આપ. નહિતર તારા ઉપર કેસ કરીશું. છોકરો તો બિચારો ગભરાઈ ગયો. એક શેર બાજરીના સાંસા છે. શિખર તોડવાની મજૂરીના પૈસા ક્યાંથી ચૂકવવા તેની પણ ચિંતા હતી તો હવે શિખર કેવી રીતે બંધાવવું ?

છોકરાના બાપના એક મિત્ર હતા તેમને ખબર પડી કે મિત્રના પુત્રની આ દશા થઈ છે. તે તરત દોડતા આવ્યા. આગળના મિત્રો પણ કેવા ખાનદાન હતા "दुक्खं हवन्ति वसणे" જ્યારે સુખ હોય ત્યારે મિત્રની પાસે આવે કે ન આવે પણ જ્યારે દુઃખનો સમય આવે ત્યારે દોડતો આવે. પણ આજના મિત્રો તો સૌ સુખના સગા છે. કલબમાં, પાર્ટીમાં, સિનેમા-નાટક જોવા જવું હોય, જલસા કરવાના હોય ત્યારે સગા પણ જ્યારે દુઃખનો સમય આવે ત્યારે બધા ખસી જાય. કોઈ સામું જોવા ના આવે. પેલા શેઠના મિત્ર આવ્યાને કહ્યું કે ભાઈ ! તમે મંદિરનું શિખર ચણાવી લો. હું બધો ખર્ચો આપી દઈશ ને છોકરાને કહ્યું કે તેં આ શું કર્યું ? તો કહે બાપુજીના ચોપડામાં આમ લખ્યું છે. શેઠ કહે એમ શિખરમાં થોડું ધન દાટયું હોય ? હવે એ શિખર બરાબર હતું તેવું ચણાઈ જાય ત્યારે તું બપોરના બરાબર બાર વાગે ત્યાં જજે ને જે જગ્યાએ શિખરની છાયા પડે ત્યાં નિશાન કરી લેજે. છોકરાએ એ પ્રમાણે કર્યું રાત્રે શેઠ અને છોકરો બન્ને ત્યાં ગયા. ને ત્યાં ખોદ્યું તો કિંમતી હીરાનો ચરૂ

નીકળ્યો. શેઠે તેને આશ્રય આપ્યો ને તેને બધી વિગત સમજાવી. વહેપાર કરતાં શીખવાડ્યો, ને પરિણામે તે છોકરો મહાન સુખી બની ગયો. "પાનું ફેરેને સોનું ઝરે" એ ગૂઢાર્થ હતો. એના પિતાએ દીકરા માટે કેવી યુક્તિ કરી હતી.

બંધુઓ ! આ તો દ્રવ્ય ધનની વાત થઈ. દીકરાના પુણ્ય હોય તો ધન ટકે નહિતર ચાલ્યું જાય પણ આપણા પરમ પિતા પ્રભુએ આપણને મુકિતની યુકિત બતાવવા માટે આગમના પાને પાને ગૂઢ રહસ્યો ટાંકયા છે. એની વિગત સમજાય તો આપણો આત્મા ન્યાલ થઈ જાય. એ વિગત સમજવા માટે આગમના પાને દૃષ્ટિ કરો આગમમાં ઉપર ઉપર દૃષ્ટિ કરવાથી સાચું સુખ નહિ મળે. અંદર ઊંડા ઉતરવું પડશે. જ્ઞાનીઓ કહે છે જો સાચું સુખ મેળવવું હોય તો ફક્ત ઉપરની બાહ્ય ક્રિયાઓ કામ નહિ લાગે પણ અંદરથી આત્માને પણ સુધારવો પડશે.

એક ભિખારીએ નિર્ણય કર્યો કે મારે આ પથ્થર ઉપર બેસીને પૈસાદાર બનવું છે. મારે મારી જાતે ખાવું પીવું કે કંઈ જ ન કરવું. બસ, આ પથ્થરની શીલા ઉપર બેસીને પૈસાદાર થવું છે. એણે તો પથ્થર ઉપર આસન જમાવ્યું ભગવાનના નામનો જાપ કરવા લાગ્યો એટલે લોકો તેને કોઈ ખવડાવવા આવે, કોઈ પાણી પીવડાવે કોઈ સ્નાન કરાવીને નવા કપડા પહેરાવે છે. આ તો ભગવાનના જાપમાં લીન રહે છે. ફક્ત શરીરના કારણે બહાર જવું પડે એટલો સમય શીલા ઉપરથી ઉઠતો બાકી તેના ઉપર બેસીને જાપ કર્યા કરતો, લોકો જાણે ભગવાનને ભજે છે પણ આ તો ભજકલદારમ માટેનો જાપ હતો. આ રીતે બાર વર્ષ સુધી તે ભિખારીએ શીલા ઉપર બેસીને જાપ કર્યો બાર વર્ષે તે મૃત્યુ પામ્યો. એના પૈસાદાર બનવાના અરમાનો મનમાં રહી ગયા ને એ મૃત્યુ પામ્યો. એટલે બધા લોકો ભેગા થયાને કહે કે આણે બાર વર્ષ સુધી આ શીલા ઉપર બેસીને ભકિત કરી છે તો હવે એને આ જગ્યાએ દાટીએ. એને દાટવા માટે પથ્થરની શીલા ખસેડી ઊંડો ખાડો ખોદયો તો એ જ પથ્થરની નીચેથી રત્નોનો ભરેલો ચરૂ નીકળ્યો.

દેવાનુપ્રિયો ! બોલો, આ કેવી વિચારવા જેવી વાત છે ને ? જેમણે બાર બાર વર્ષો સુધી જે સ્થાને બેસીને પૈસા મેળવવા પ્રભુનો જાપ કર્યો છતાં પૈસાની પ્રાપ્તિ ન થઈ ને પૈસાવાળો ના બન્યો. આ રીતે ઘણાં માણસો સુખ અને શાન્તિના ખજાના ઉપર બેઠેલા હોય છે. બેસીને રોજ વિચાર કરે કે ક્યારે હું સુખ અને શાન્તિ મેળવીશ ? બિચારો સુખના સિંહાસન ઉપર બેસીને સુખની ભીખ માંગ્યા કરે છે. જિંદગીભર એ સુખ ....સુખના વિચાર કરતો દુઃખમાં મરી જાય છે. માનવ જેને માટે બહાર ફાંફા મારે છે જેને માટે તીર્થોમાં ભટકે છે એ વસ્તુ બીજે ક્યાંય નથી. આપણામાં પડેલી છે. પણ જેમ પેલા ભિખારીને ખબર ન હતી કે જ્યાં હું બાર વર્ષથી રહેલો છું તેની નીચે

ખજાનો દાટેલો છે આ રીતે અજ્ઞાની જીવને પણ ખબર નથી કે સુખ અને શાંતિ બહાર નહિ પણ અંદર ભરેલા છે. જેમ ભિખારીએ નીચે ખાડો ના ખોદયો તેમ આત્મા પણ અંદરમાં ડોકીયું ન કરે તો આત્માનો ખજાનો કયાંથી મળે? અંદર શોધ ચલાવે તો સુખ-સુખ ને સુખ ભરેલું છે.

જેણે અંતરમાં સુખની ખોજ કરીને સુખનો ખજાનો મેળવેલો છે તેવા અનાથી મુનિ શ્રેણીક રાજાને કહે છે હે રાજન્! તું અનાથપણાને જાણતો નથી. ભગવાને દશવૈકાલિક સુત્રમાં કહ્યું છે હે સાધક! તું સત્ય પણ પ્રિયકારી ભાષા બોલ. સત્ય બોલવા છતાં ઘણીવાર બીજાને દુ:ખકારી લાગે છે.

**तहेव काणं काणेत्ति, पंडगं पंडगेत्ति वा ।**
**वाहियं वावि रोगित्ति, तेणं चोरे त्ति नो वए ।।**

દશ. સૂ. અ. ૭ ગાથા ૧૨.

કાણાને કાણો, નપુંસકને નપુંસક, રોગીને રોગી, ચોરને ચોર કહીને બોલાવાય નહિ. કારણ કે કાણાને કહીએ કે હે કાણીયા? રોગીને કહીએ કે હે રોગી! તો તેના દિલમાં દુ:ખ થાય છે. તેને ગમતું નથી. માટે આવી તોછડી અને અપ્રિય ભાષા સાધુથી બોલાય નહિ. પણ કેવી રીતે બોલાવાય? "णामधिज्जेणेणं बूया इत्थी गुत्तेण वा पुणो ।" દરેકને તેના નામ અથવા ગોત્રથી બોલાવાય. ગૌતમસ્વામી આદિ ત્રણ સગા ભાઈઓ હતા. ગૌતમસ્વામીનું નામ ઈન્દ્રભૂતિ, બીજાનું નામ અગ્નિભૂતિ, ને ત્રીજાનું વાયુભૂતિ હતું. પણ તેઓ ગૌતમ ગોત્રી હતા તેથી ભગવાન મહાવીર સ્વામી ગૌતમ સ્વામીને હે ગોયમા! કહીને બોલાવતા. બીજા ભાઈને દુચ્ચે ગોયમે ને ત્રીજાને તચ્ચે ગોયમે કહીને બોલાવતા. કહેવાનો આશય એ છે કે જે નામ બોલવામાં સારૂં લાગે, જેને લોકો જે નામથી બોલાવતા હોય તેને તે નામથી બોલાવવું જેથી કોઈને દુ:ખ ન થાય. સાધુએ હે કાકી-ભાભી-સખી-શેઠાણી આદિ નામથી કોઈને બોલાવાય નહિ, પણ આયુષ્યમાન્! ભાઈ-બહેન આદિ શબ્દનો પ્રયોગ કરાય. સાધુ બોલે છતાં મૌન જેવું બોલે.

**होलावायं सहीवायं गोयावायं च नो वए ।**
**तुमं तुमं ति अमणुन्नं, सव्वसो तं नो वत्तए ।।**

સૂ. અ. ૯ ઉ. ગાથા ૨૭

કોઈને તૂંકારો કરવાથી સામા માણસને આપણો શબ્દ અમનોજ્ઞ લાગે. અણગમો ઉત્પન્ન કરે છે. માટે સત્ય હોવા છતાં મધુર ભાષા બોલે. દૂધમાં જ્યારે સાકર નાંખવામાં આવે છે ત્યારે તે દૂધના એકેક કણને મધુર બનાવી દે છે. તેમ હૃદયની મધુરતા વાણીમાં ઉતરે તો વાણી પ્રિયકર બની જાય છે. માટે બોલવા સાથે બોલવાની કળા શીખવી

જોઈએ. તેમાં તમે કળાબાજ બનશો તો તમારી વાણીમાં એવી શકિત આવશે કે તમે અશાંતિમાં શાંતિનો પ્રવાહ રેલાવી શકશો. કારણ કે વાણી તો જાદુઈ અસર કરે છે.

અહીં શ્રેણીક રાજાએ મીઠાશથી મુનિને કહ્યું કે આપ રખે મૃષાવાદ બોલતા હો! ત્યારે મુનિએ પણ મીઠાશથી કહ્યુ કે હે રાજન્! પૃથ્વીપતિ! તમે અનાથના ભેદ સમજતા નથી. પણ તમારી જાણવાની ખૂબ જિજ્ઞાસા છે એટલે હું અનાથ અને સનાથના ભેદનું તમારી પાસે વર્ણન કરીશ. હવે મુનિ રાજા શ્રેણીકને અનાથ-સનાથના ભેદ સમજાવશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર** :– સતી અંજના ઉપર રાજાનો ઘણો પ્રકોપ થયો છે ત્યારે મહામંત્રી સમજાવે છે. હે મહારાજા! જ્યારે દીકરીને સાસરે દુઃખ પડે ત્યારે શરણભૂત પિતા હોય છે. મહામંત્રી! શરણ કોને અપાય? આવી પાપિણીને? મહારાજા? તમે એમ કેમ માની લીધું કે આ પાપિણી છે! શું અંજના નિર્દોષ ન હોઈ શકે? તમે એને બોલાવીને પૂછો તો ખરા. અંજનાની સાસુ કેતુમતીનો સ્વભાવ કેટલો ક્રૂર છે એ શું તમે નથી જાણતા? એણે અંજનાને કદાચ ખોટી કલંકિત કરી હોય! માટે આપે હમણાં અંજનાને છૂપી રીતે અહીં રાખવી જોઈએ. કારણ કે ગમે તેમ તો ય આપણી પુત્રી છે.

**"મંત્રીની ભલામણ"** :– રાજા કહે છે મહામંત્રી! સાસુઓ તો બધે આવી હોય છે. પણ પુત્રવધુઓનું આવું ચરિત્ર ક્યાંય સાંભળ્યું નથી. વળી એ ગર્ભવંતી છે. તો પવનજીનો આ ગર્ભ ક્યાંથી હોય? કારણ કે આપણા સાંભળવા મુજબ અંજનાનો પવનજીએ બાર વર્ષોથી ત્યાગ કરેલો છે. માટે કેતુમતીએ જે શિક્ષા કરી છે તે યોગ્ય છે.

બંધુઓ! મહેન્દ્ર રાજાના હૃદયમાં સદાચારનું મૂલ્ય કેટલું બધું ઊંચું અંકાયેલું હશે કે સદાચારનું પક્ષપાતી હૃદય પોતાની પુત્રી પ્રત્યે પણ મચક આપતું નથી. અંજના દોષિત નથી છતાં એના પર જે આરોપ આવી પડયો છે એ સાંભળી મહેન્દ્ર રાજા ધ્રુજી ઉઠયા પણ પુત્રીને રાખવા માટે તૈયાર નથી. જીવનમાં સદાચાર હોવો જોઈએ પણ તે પોતાના માટે બીજાને અન્યાય થઈ જાય તેવો સદાચારનો પક્ષપાત ન હોવો જોઈએ. પૂર્ણ તપાસ કર્યા વિના કોઈના કહેવા પરથી કે પોતાના મનથી અનુમાન કરી બીજાને હલકા પાડવા તે ન્યાય નથી. જે કોઈની કહેલી વાતો સાંભળી પોતાના મનથી અનુમાન કરી બીજા આત્માને જે બદનામ કરે છે તે જીવો કઠોર પાપ કર્મો બાંધે છે કે જેના વિપાકો ભવાંતરમાં આંખમાંથી આંસુ પડાવે તેવા આવે છે. અહીંયા અંજના સતીના દુષ્ટ કર્મો મહેન્દ્ર રાજાને ભાન ભૂલાવે છે, છતાં પુત્રીને બોલાવીને પૂછવું જોઈએ તે પિતાની ફરજ છે.

મહામંત્રી કહે છે મહારાજા! અંજનાના લોહીમાં આપના સંસ્કાર રેડાયેલા છે. વર્ષો સુધી તેણે આપણા ઘરમાં રહીને શીલ અને સદાચારની કેળવણી લીધી છે. આપણે

વર્ષો સુધી આપણી આંખ સામે એને જોઇ છે. એક નાનકડો કાળો ડાઘ પણ એનામાં જોવા નથી મળ્યો. અંજના પવિત્ર છે, સુશીલ છે માટે આપ એને કાઢી ન મૂકો. ખૂબ ગંભીર સ્વરે મહામંત્રીએ કહ્યું પણ રાજાના મન ઉપર એ વાતની બિલકુલ અસર ન થઈ. તે પોતાના વિચારમાં દૃઢ રહ્યા ને દ્વારપાલને બોલાવીને આજ્ઞા કરી કે મારે એનું મુખ જોવું નથી. એ પાપણીને હમણાં ને હમણાં અહીંથી વિદાય કરો. હજુ પણ મંત્રી નમ્ર બનીને રાજાને વિનવે છે કે મહારાજા! કંઇક તો વિચાર કરો. ત્યારે રાજાએ લાલચોળ બનીને ઉગ્ર સ્વરે કહી દીધું કે તમે બધા એનો બચાવ ન કરો. હું તમારી વાત માનવા તૈયાર નથી.

રાજાનો રોષ જોઇને દ્વારપાળનું હૃદય પણ ધ્રુજી ઉઠયું. અંજનાને ભૂખી–તરસી કાઢી મૂકવાનું પાપકાર્ય કરવા જતા એના અંગેઅંગમાં ધ્રૂજારી છૂટી. છતાં રાજાની આજ્ઞા એટલે આજ્ઞા! આ તરફ વસંતમાલાને તો પૂરી શ્રદ્ધા હતી કે હમણાં પિતાજી અને માતાજી આવશે ને આપણને મહેલમાં લઇ જશે. તેથી અંજનાને આશ્વાસન આપતી હતી. પણ અંજના તો કહેતી હતી કે મારા કર્મો એવા ગાઢ છે કે માતા–પિતા પણ સામું નહિ જુવે, એ તો નીચી દૃષ્ટિ ઢાળીને ગરીબ ગાયની જેમ બેઠી હતી.

**"દ્વારપાલનું હૃદય ભીંજાઇ ગયું"**:–વસંતમાલા રાહ જોતી હતી. દ્વારપાળ વિચાર કરવા લાગ્યો કે ભૂખી ને તરસી અંજના કયાં જશે? એનું શરણ કોણ? એકલી અટૂલી કેવી દુ:ખી બની જશે? એની આંખમાં આંસુ આવી ગયા. તે ધીમે પગલે દરવાજા પાસે આવ્યો ને મૌન ઉભો રહ્યો, તેને આંસુ લૂછતો જોઇ વસંતમાલાને ફાળ પડી. તેણે પૂછયું કે મહારાજાએ શું કહ્યું? પણ દ્વારપાલની કહેતાં જીભ ઉપડતી નથી, અંજના કહે છે ભાઇ! મૌન શા માટે રહે છે? જે હોય તે જરા પણ ચિંતા રાખ્યા વગર કહી દે. બહેન! મહારાજા તો અંજના આપના ઉપર ખૂબ કોપાયમાન થયા છે ને કહેવડાવ્યું છે કે તમે આ રાજ્યની હદ છોડી જલ્દી ચાલ્યા જાવ. આટલું વાકય પૂરું કરતાં તો દ્વારપાળ ડૂસકાં ભરીને રડવા લાગ્યો ને પોતાનું મુખ છૂપાવી દીધું.

હવે વસંતમાલા કહે છે બહેન! પિતાજીએ ભલે ભૂલ કરી પણ આપણા માતાજી તો ખૂબ ભલા છે. ને તું તો તેમને ખૂબ વહાલી છે. અને માતાને સંતાનો પ્રત્યે વહાલ હોય તેટલું બાપને ન હોય. કહેવત છે ને કે ઘોડે ફરતો બાપ મરજો પણ ઘંટી ફેરવતી મા ન મરશો. પિતા કમાઈ જાણે છે પણ સંતાનોને વહાલ આપી શકતા નથી, માટે બહેન ચાલ માતાજી પાસે. અંજનાસતીનું મન માનતું નથી. પણ વસંતમાલાના આગ્રહથી માતાના મહેલે જશે ને ત્યાં શું બનશે તેના ભાવ અવસરે.

☆

## વ્યાખ્યાન નં.-૩૮

### "જન્માષ્ટમી"

**શ્રાવણ વદ ૯ ને શનિવાર** તા. ૩૦-૮-૭૫

અનંત જ્ઞાની ફરમાવે છે કે હે જીવ ! અનંતકાળથી તેં ચીજ નથી મેળવી તેને મેળવવા માટે આ મનુષ્ય જન્મ મળ્યો છે. એવી કઇ ચીજ હશે કે જેનાથી જન્મ-મરણના ફેરા ટળે ? આત્મિક સુખ મળે તેવી ચીજને જ્ઞાની કહે છે તેં હજુ મેળવી નથી.

"लभन्ति विमला भोए, लभन्ति सुर संपया ।
लभन्ति पूत्तमित्तं च, एगो धम्मो न लब्भइ ।।"

પુણ્યના ઉદયથી ભૌતિક ઊંચી સામગ્રી અનેક વાર મેળવી. પુણ્યોદયે માનવ ભવ મળ્યો. તેમાં કોંગ્રેસ જેવી સત્તામાં ધારાસભાની સીટ પણ અનેક વાર મેળવી. ભારતના વડાપ્રધાન પણ બની ચૂક્યા. અદાલતમાં એક પ્રશ્ન ઉપર અસીલની પાસેથી એક મિનિટમાં હજારો રૂપિયા મેળવનાર એવો ધારાશાસ્ત્રી પણ થયો. પુણ્યના ઉદયથી ઇન્દ્રના સિંહાસન પણ સર કર્યા, અહમેન્દ્રનું પદ પણ મેળવ્યું. આ બધું પુણ્યયોગે મળ્યું હશે. ત્યારે બાકી શું રાખ્યું ? આ બધું મેળવ્યું પણ મુકિતનું સુખ કેમ ન મેળવ્યું ? જીવે બધું જાણ્યું પણ એક આત્માને ન જાણ્યો. આત્માના સ્વરૂપની પિછાણ વિના, ચારિત્રના સ્વીકાર વિના મોક્ષની પ્રાપ્તિ ના થાય. ગાથાના છેલ્લા પદમાં શું કહ્યું છે તે ખૂબ વિચારવા જેવું છે. "एगो धम्मो न लब्भइ ।" જેની પ્રાપ્તિથી જન્મ-મરણના દુઃખડા ટળે તેવા સર્વજ્ઞભાષિત ધર્મની પ્રાપ્તિ ન કરી, બાકી બધું મેળવ્યું છે.

બંધુઓ ! સંતોના મુખમાંથી વીતરાગ વાણીની ધારા છૂટે છે તેમાં વીતરાગ પ્રભુનો શું સંદેશો છે ? શાસ્ત્રોદ્ધારા તીર્થંકરના પ્રતિનિધિ બની આજે પંચમ કાળમાં શું ઉપદેશ આપે છે કે આ બધું મેળવવા તું જે પ્રયત્ન કરે છે તે નવો નથી. અપૂર્વ નથી. આવા પ્રયત્નો જીવ અનંત કાળ કરી ચૂક્યો પણ દુઃખની પરંપરાનો અંત આવ્યો નહિ. ચોર્યાસી લાખ જીવાયોનિમાં ઊંચામાં ઊંચો દેહ મળ્યો છે. તો સમજ્યા ત્યારથી સવાર સમજીને પુરુષાર્થ કરો. ગૌતમ સ્વામી પૂછે છે પ્રભુ ! દુર્લભ શું ? ભગવાન ઉત્તર આપે છે કે હે ગૌતમ दुल्लहे खलु माणुसे भवे મનુષ્ય ભવ દુર્લભ છે પણ એમ ન કહ્યું કે દેવનો ભવ દુર્લભ છે. જ્ઞાનીએ પોતાના કેવળ જ્ઞાનમાં જોઇને નકકી કર્યું છે કે માનવભવ પ્રાપ્ત કરવાના પુન્ય કોઇ ધન્ય પળે પ્રાપ્ત થાય છે તેથી માનવ સૌથી દુર્લભ છે. માનવ ભવ પ્રાપ્ત કર્યા પછી, આર્ય ક્ષેત્ર, આર્ય કુળમાં જન્મ લીધા પછી માનવતા દુર્લભ છે. જ્યારે જીવ કષાયોને મંદ કરે છે, પાત્રતા પ્રગટે છે ત્યારે પુણ્યનો થોક વધી જાય છે, ને વ્યવહાર જીવનની શુદ્ધિ થઇ જાય છે. તે નીતિ માટે પ્રાણ પાથરે છે. માનવતાને વેચતો નથી. આવા અનેક જીવો ગૃહસ્થાશ્રમ ચલાવે છે તેમાં દુઃખી હાલતમાં પણ

માનવ માનવતાને સાચવી શકતો હોય તેવી તો વિરલ વ્યક્તિઓ હોય છે. સજ્જન માણુસો પોતાના પ્રાણુનું બલિદાન આપીને બીજાના દુઃખને દૂર કરનાર, નીતિમાન હોય છે. જીવ સત્યવાદી અને નીતિમાન નહિ બને તો ધર્મસ્થાનકમાં આવી દેવ - ગુરૂ - ધર્મની શ્રધ્ધા કેવી રીતે કરી શકાશે ? વીર વાણીના પાન કેવી રીતે કરી શકશે ? કારણુ કે પાત્ર વિના વસ્તુ ટકી શકે તેમ નથી, સિંહણુના દૂધ ટકાવવા માટે સોનાનું પાત્ર જોઈએ તેમ વીર વાણીને ટકાવવા હૃદય શુદ્ધ અને પવિત્ર હોવું જોઈએ.

આત્માના ભાગ્ય જાગે ત્યારે વીતરાગ વાણી સાંભળવા મળે. તેમજ સંતોના દર્શન થાય. પણુ અનાદિકાળથી જીવ કામભોગની અને રાજ્યની કથામાં ઓત પ્રોત બની ગયો છે. રાગના અધ્યવસાયોને પોષ્યા છે અને દેહ અને આત્મામાં એકત્વ બુદ્ધિ થાય તેવી કથાઓ ખૂબ સાંભળી છે. જેમાં એને રુચિ થાય છે તે વાતો જલ્દી પકડે છે. વીતરાગ વાણી સાંભળતા પણુ જ્યાં ભૌતિક સુખનું વર્ણુન આવે ત્યાં તન્મય બનીજાય છે ને આત્માની વાતોમાં અરૂચી થાય છે. તેનું કારણુ અનાદિ કાળથી આત્માને મિથ્યાત્વનો તાવ આવ્યો છે. તેને ઉતારવા માટે જ્ઞાની પુરૂષો ડોઝ આપે છે, જેમ માતા બાળકને પરાણે દવા પીવડાવે છે, ન પીવે તો ખોળામાં સૂવાડી, હાથ-પગ પકડી મુખ ખોલીને દવાનો ડોઝ રેડે છે પણુ ગળેથી નીચે ઉતારવી કે ન ઉતારવી એ કોના હાથની વાત છે ? માતા એને ગળા નીચે ઉતારી શકતી નથી. ત્યાં બાળકની સ્વતંત્રતાની વાત છે. જો દવા પીવી ન હોય તો ઢોંગ કરીને દવા બહાર કાઢી નાંખે છે ત્યારે દવા પીવડાવવા માટે એને લાલચ આપે છે તેમ જ્ઞાનીઓ જેને ભવરોગ લાગુ પડયો છે તેને દવા આપે છે. ન લે તો પરાણે પીવડાવવા પ્રયત્ન કરે છે પણુ પુરૂષાર્થ તમારે આધીન છે. દેવ - ગુરૂ અને ધર્મનું શરણું તે પતાસું છે. તો હવે તારા આત્માની પિછાણુ કરી લે, આવી ઉત્તમ વાણી સાંભળવા મળી છતાં સાંભળતા નથી તો પછી તમે શું કરશો ? પર પદાર્થોમાં જે રૂચી છે તેને બદલીને આત્મભાવની રૂચી પ્રગટ કરી લો. જો એકાગ્રચિત્ત કરી રૂચીપૂર્વક વીતરાગ વાણીનું શ્રવણુ કરશો તો હેય .... જ્ઞેય અને ઉપાદેયનો વિવેક થશે. વીતરાગવાણીના શ્રવણુ વિના હેય, જ્ઞેય અને ઉપાદેયનો નિર્ણુય નહિ થાય. કારણુ કે અનાદિની ઊંધી સમજણુ ટાળવા વીતરાગવાણી એ અમૂલ્ય ઔષધિ છે. ઊંધી સમજણુ ટળે નહિ ત્યાં સુધી સમ્યક્ ચારિત્ર આવે નહિ. ચારિત્રનો પાયો સમ્યક્દર્શન છે. સમ્યક્-દર્શન થયું એટલે ચારિત્ર પ્રાપ્ત થતાં વાર નહિ લાગે. માટે તું જીવ - અજીવ પુણ્ય-પાપ ઉપર શ્રધ્ધા રાખ. ને સત્ય, નીતિ અને પ્રમાણિકતાને પ્રાપ્ત કરવાના પ્રયાસો કરીને મહાન પુરૂષોની જેમ જીવન શુધ્ધ બનાવી દે, વીતરાગ વાણીનું શ્રવણુ - મનન અને ચિંતનની ભૂમિકામાંથી પસાર થશો ત્યારે સમ્યક્દર્શન પ્રગટ થશે. ને એ પ્રગટ થયા પછી તમને દેવો ડગાવવા આવશે તો પણુ તમારી શ્રધ્ધાને ફેરવી નહિ શકે.

જેને સમ્યક્ દર્શન પ્રાપ્ત થાય છે તે જીવ સંસારમાં રહેવા છતાં પણુ તેને

રૂચી ના હોય. તેને આત્મતત્વની રૂચી હોય. જેને જે ગમે છે તેમાં તેને કષ્ટ લાગતું નથી. સંયમીને સંયમમાં આનંદ આવે ને તમને પૈસા કમાવામાં આનંદ આવે છે. એક છોકરી એના નાનકડા ભાઈને લઈને ડુંગર ચઢી રહી છે. તેને કોઈ સાધુ પૂછે છે બહેન "તમને ભાર નથી લાગતો? ત્યારે છોકરી કહે છે મહારાજ! એ તો મારો વહાલો ભાઈ છે. ભાઈનો ભાર લાગે? છોકરીને પોતાના ભાઈનો ભાર નથી લાગતો પણ જો બીજા કોઈનો છોકરો ઊંચકવો પડે તો લાગે કે ન લાગે? 'લાગે,' કારણ કે ભાઈ પ્રત્યે રાગ છે ને બીજા પ્રત્યે દ્વેષ છે. આ રાગ-દ્વેષ સંસારવર્ધક છે પણ જેમાં લગની છે, જેના પ્રત્યે જીવને રાગ છે ત્યાં દુઃખ દેખાતું નથી. જ્યારે પ્રભુ પ્રત્યેની લગની લાગશે ત્યારે ભગવાનના ભણકારા વાગશે.

**લગની લાગી છે કે અગની જાગી છે તારા મિલનની પ્રભુ....**
**પલેપલ ઝંખ્યા કરું તને કે લગની લાગી છે કે અગની જાગી છે-**
**ઘેલું લાગ્યું મુજને કે ક્યારે તુજને ભેટું, તારા પાવન ખોળે મીઠી નીંદરમાં લેટું,**
**સમણામાં રોજ (૨) હું નીરખ્યા કરું તને કે લગની લાગી છે...**

આવી જ્યારે જીવને લગની લાગશે ત્યારે સંસારનું એક પણ કાર્ય જીવને યાદ નહિ આવે. બસ-પ્રભુનું રટણ થશે ને પ્રભુમય તમે બની જશો.

જુઓ, આજે કૃષ્ણની જયંતિનો દિવસ છે. જુઓ, આ ઘાટીઓને કેવી લગની લાગી છે! કૃષ્ણના નામ પાછળ પાગલ બનીને કૂદાકૂદ કરે છે. કૃષ્ણે દહીંની ગોરસી ફોડીને દહીં ખાધું હતું એટલે તેઓ પણ આજે માટલી ફોડે છે. તેમાં પોતે ક્યાં ઊભા છે તેનું પણ તેમને ભાન નથી. ગોકળીયા પાછળ ગાંડા બન્યા છે. અન્ય દર્શનમાં કૃષ્ણને લીલાથી માને છે.

જૈન દર્શન કૃષ્ણને જુદી રીતે માને છે. બીજા લોકો કૃષ્ણના નામે આવા ખોટા ધાંધલ અને ધમાલ કરે છે. તેનું કારણ તેમનામાં જ્ઞાનનો અભાવ છે. આપણી માન્યતા પ્રમાણે તો કૃષ્ણ વાસુદેવ કેવા મહાન પવિત્ર અને ક્ષાયક સમકિત પામેલા હતા. જ્યાં ધર્મની વાત આવે ત્યાં તેમનું હૈયુ નાચી ઉઠતું હતું. એક વખત નેમનાથ ભગવાન ગ્રામાનુગ્રામ વિચરતા પૃથ્વીતલને પાવન કરતા દ્વારકા નગરીમાં પધાર્યા. વનપાલકે આવીને વધામણી આપી કે જેમના દર્શનથી પાપી પુનિત બની જાય છે. ભવની ભાવટ ભાગે છે ને દરિદ્ર દૂર ટળી જાય છે તેવા નેમનાથ ભગવાન ઉદ્યાનમાં પધાર્યા છે. આ સમાચાર સાંભળતાની સાથે ત્રણ ખંડના અધિપતિ સિંહાસનેથી ઉભા થઈ ગયા. ને પૂર્વ-ઉત્તર દિશાની વચમાં ઈશાન ખૂણા તરફ મુખ રાખીને તિખ્ખુત્તોનો પાઠ ભણીને વંદન કરે છે. હજુ તો દર્શન કરવા ગયા પણ નથી તે પહેલા આટલો બધો આનંદ છે. તો ભગવાનની સમક્ષ જઈને *વંદન કર્યા હશે ત્યારે કેટલો આનંદ થયો હશે? પ્રભુને વંદન કર્યા પછી વધામણી*

આપવા આવનાર વનપાલકને ખૂબ ધન આપ્યું. એની જિંદગીનું દરિદ્ર ટળી ગયું, જેના ઉપર ત્રણ ખંડનો અધિપતિ રીઝે તેને શું બાકી રહે?

**દેશપતિ જબ રીઝત હૈ, તબ દેત ગામ કરતે નિહાલી,**
**ગામપતિ જબ રીઝત હૈ, તબ દેત ખેત કે વાડી,**
**ખેતપતિ જબ રીઝત હૈ, તબ દેત ધાન પાલી દો પાલી,**
**બનીયાભાઇ જબ રીઝત હૈ, તબ દેત તાલી દો તાલી.**

દેશનો માલિક જો ખુશ થાય તો ગામના ગામ આપી દે, ગામનો માલિક રીઝે તો વીઘા બે વીઘા જમીન આપી દે, ખેડૂત રીઝે તો પાલી બે પાલી અનાજ આપી દે પણ તમે રીઝો તો? (હસાહસ). વાણીયાભાઈ જો રીઝે તાળી પાડીને હસીને બધું પતાવી દે. બંધુઓ! તમારા માટે આ કેવું કલંક છે! મારા વાલકેશ્વરના શ્રાવકો! તમે એવા તો નથી ને? સમય આવે ત્યારે ખબર પડે કે તમે કેવા છો? તમારા દીકરાનો નાનો બાબો ખબર લઇને આવે કે દાદા....દાદા! ઉપાશ્રયમાં તો ઘણા બધા મહાસતીજીઓ પધાર્યા છે. તો તમે પેલા બાબાનો બરડો થાબડીને કહેશો કે બેટા! તું બહુ સારા સમાચાર લાવ્યો. બીજો છોકરો આવીને કહે છે ભાભીને બાબો આવ્યો. તો તરત ખિસ્સામાં હાથ નાંખશો ને પાંચ કે દશની નોટ એને આપી દેશો. ને સંતની વધામણીમાં બરડો થાબડીને પતાવી દીધું. બોલો, તમને કોનું મહત્ત્વ વધારે છે? સંતની વધામણી લઇને નાના બાળકો આવે તો વધુ નહિ પણ એક પાવલી આપશો તો ખુશ થઇ જશે ને ફરી ફરીને ઉપાશ્રયે મહાસતીજી આવ્યા? તે જોવા જવાનું મન થશે. આમ કરતાં તે કોઇક દિવસ ધર્મ પામી જશે.

કૃષ્ણ વાસુદેવે પ્રભુના આગમનની વધામણી સાંભળીને વનપાલકને પુષ્કળ દ્રવ્ય આપ્યું. ભગવાન કે ભગવાનના સંતોનું જ્યાં નામ પડે ત્યાં તેમના મનનો મોરલો નાચી ઉઠતો હતો. જેઓ ધર્મના કામ કરીને જીવનમાં કંઇક સાધના કરી ગયા છે તેમને દુનિયા આજે યાદ કરે છે ને જે પાપ કરીને ગયા છે તેમને કોઇ યાદ પણ કરતું નથી. જુઓ, કૃષ્ણ અને કંસ એક જ રાશીના હતા ને? છતાં આજે કૃષ્ણની જન્મજયંતિ દુનિયાભરમાં ઉજવાશે પણ કંસની જયંતિ કોઇ ઉજવે છે? રામને સૌ યાદ કરે છે પણ રાવણને કોઇ યાદ કરે છે? ઘણાં ભાઇઓનું નામ કૃષ્ણ-રામ વિગેરે હોય છે પણ કોઇએ રાવણ કે કંસ નામ પાડયું છે? અરે, આજે તો પશુપક્ષીમાંથી ને વનસ્પતિમાંથી નામ પાડે છે. ઘણી બહેનોનું નામ કોકીલાબહેન, મેનાબહેન હોય છે. ઘણાંનું નામ દૂધીબહેન, નારંગીબહેન હોય છે. અમે મહારાષ્ટ્રમાં ગયેલા ત્યાં ઘણી બહેનોનું નામ બદામબહેન, પતાસીબહેન હોય છે. હીરાલાલ, માણેકલાલ, પન્નાલાલ વિગેરે પથ્થરમાંથી પણ નામ પાડયા. કચરાભાઇ, પુંજાભાઇ, પુંજીબહેન આદિ કચરામાંથી નામ

પાડે છે પણ રાવણ કે કંસનું નામ પાડતા નથી. આ શું બતાવે છે? માણસ જેવા કામ કરી જાય છે તેવા તેના ગાણા ગવાય છે. સારાં કામ કર્યા હોય તેને દુનિયા હજારો વર્ષો સુધી ભૂલતી નથી. તેના ગુણોનું સ્મરણ કરી તેની પાછળ આંસુ સારે છે.

એક વખત એક ઝવેરી ફરતો ફરતો રોમ ગયો. ને ત્યાંના એક વહેપારીને ત્યાં ઉતર્યો. એની પાસે પૈસો ઘણો હતો, ભૌતિક સુખ ઘણું હતું પણ એના જીવનમાં શાંતિ ન હતી. વહેપારી મિત્ર તેને એક સુંદર બગીચામાં ફરવા માટે ઘોડે બેસાડીને જઇ રહ્યો છે. રસ્તામાં એક કબર પાસે હજારો માણસો ભેગા થઇને ઊભા હતાં ને કબરને નમન કરીને આંખમાં આંસુ સારી રહ્યા હતા. પેલો ઝવેરી પૂછે છે ભાઇ! આ બધું શું છે? આટલા બધા માણસો કેમ ઉભા છે ને રડે છે? ત્યારે રોમનો વહેપારી કહે છે અમારા રાજાનો એકનો એક લાડકવાયો, ગુણવાન અને સ્વરૂપવાન રાજકુમાર મરી ગયો છે તેની આ કબર છે. તે જે તારીખે મૃત્યુ પામ્યો છે તે તારીખે દર મહિને બધા માણસો તેને અંજલિ આપવા માટે અહીં આવે છે. ઝવેરી તો એને જોવામાં મસ્ત બની ગયો.

સર્વ પ્રથમ રાજકુમારની માતા મહારાણી કબર ઉપર કિંમતી જરીનું વસ્ત્ર ઓઢાડી, પુષ્પોના હાર ચઢાવીને ખૂબ કરૂણ સ્વરે રૂદન કરતાં બોલવા લાગ્યા હે મારા લાડકવાયા! તું એકવાર બેઠો થા. તું તારી પત્ની સામે તો જો. જો તું એકવાર જીવતો થાય તો મારું સર્વસ્વ અર્પણ કરી દઉં. ત્યાર પછી કુમારના પિતા મહારાજા આવ્યા. તેમની આંખોમાં પણ અશ્રુ ઉભરાઇ ગયા હતા. તે હાથ જોડી ગદ્‌ગદ્ કંઠે પ્રાર્થના કરવા લાગ્યા કે બેટા! તું એકવાર જીવતો થાય તો મારું સમગ્ર રાજ્ય તને અર્પણ કરી દઉં. ત્યાર પછી બધા સૈનિકોનું દળ આવ્યું એ બધા કબરને નમન કરીને કહે છે હે અમારા બહાદુર કુમાર! તમે આ કબરમાંથી બેઠા થતા હો તો અમે પ્રાણ પાથરવા તૈયાર છીએ. આ લશ્કરના ગયા પછી થોડીવારે કવિઓનું ટોળું આવ્યું. ને આંખમાં આંસુ સારતા પ્રાર્થના કરવા લાગ્યા કે હે અમારા લાડીલા કુમાર! તમે કબરમાંથી બેઠા થાવ તો અમારી બધી કલ્પનાશક્તિ અને બધું જ્ઞાન આપના ચરણમાં સમર્પિત કરી દઇએ. એ ગયા પછી થોડીવારે વૃદ્ધોનું ટોળું આવી આંખમાં આંસુ લાવી કહે છે હે રાજકુમાર! તમે આ કબરમાંથી ઉભા થતાં હો તો અમારો બધો અનુભવ તમને અર્પણ કરીએ. આ પ્રમાણે સૌ થોડીવાર ઊભા રહી પ્રાર્થના કરી આંખમાં આંસુ સારી નિરાશ થઇ સૌ વિદાય થયા. આ બધું જોઇ ઝવેરી સ્તબ્ધ બની ગયો. એનો મિત્ર કહે છે ભાઇ! ચાલ, આપણે બગીચામાં ફરવા જવાનું મોડું થાય છે. ત્યારે પેલો ઝવેરી કહે છે મને અહીં જ બેસવા દો. આટલા વર્ષોના પ્રવાસ પછી મારી જિંદગીનો અમૂલ્ય સમય હું કેમ ગુમાવી રહ્યો છું? આટલા વૃદ્ધો, સૈનિકો, કવિઓ, રાજા-રાણી બધા રાજકુમારના ચરણમાં પોતાનું સર્વસ્વ ન્યોચ્છાવર કરવા તૈયાર થયા છતાં પણ રાજકુમારને નવું

જીવન આપી શક્યા નહિ. આટલું બધું આપવા છતાં જે જીવન ફરીને મળતું નથી તે જીવન કેટલું કિંમતી છે! તેનું મને આજે ભાન થયું છે. મને આવું અમુલ્ય જીવન મળ્યું છે તેનો ઉપયોગ હું હરવા ફરવા ને ધન ભેગું કરવામાં કરી રહ્યો છું. મેં મારા આત્મા માટે કંઇ કર્યું નથી.

બંધુઓ! રાજકુમાર મૃત્યુ પામ્યો પણ તેના ગુણની પાછળ દુનિયા રડે છે. એ કેવું જીવન જીવ્યો હશે! મરી ગયો છતાં તેને જનતા ભૂલતી નથી. આજે કૃષ્ણને આપણે યાદ કરીએ છીએ તેનું મુખ્ય કારણ કૃષ્ણ વાસુદેવના જીવનમાં રહેલા ગુણો છે. નેમનાથ પ્રભુના આગમનની વધામણી સાંભળીને દ્વારકા નગરીમાં તેમણે ભેરી વગડાવી. આખી દ્વારકા નગરીની જનતા સહિત કૃષ્ણ વાસુદેવ નેમનાથ પ્રભુના દર્શન કરવા માટે ગયા. તેમાં થાવર્ચા કુમાર પણ ગયા હતા. પ્રભુની એક વખત વાણી સાંભળીને તેને વૈરાગ્ય આવી ગયો. ઘેર જઇને માતા પાસે દીક્ષાની આજ્ઞા માંગી.

બંધુઓ! આ થાવર્ચાકુમાર કંઇ સામાન્ય ન હતો. તેને ઘેર રજવાડા જેવો વૈભવ હતો. બત્રીસ બત્રીસ કન્યાઓની સાથે તેમના લગ્ન થયા હતા. આવો વૈભવશાળી હોવા છતાં નેમનાથ પ્રભુની વાણીના રણકારે જાગી ગયો ને વૈભવો તેને વિટંબણા રૂપ લાગવા માંડયા. માતાએ તેને ખૂબ સમજાવ્યો. પણ એનો નિશ્ચય ફર્યો નહિ. છેવટે માતાને આજ્ઞા આપવી પડી. થાવર્ચાકુમારની માતા થાવર્ચાગાથાપત્નીએ વિચાર કર્યો કે મારે એકનો એક પુત્ર છે તો હું તેનો દીક્ષા મહોત્સવ ખૂબ સારી રીતે ધામધૂમથી ઉજવું, એટલે તે કૃષ્ણ વાસુદેવ પાસે ગઇ. થાવર્ચાગાથાપત્નીને આવતી જોઇને ત્રિખંડ અધિપતિ કહે છે માતા! આપને શા કારણે મારા ઘેર આવવું પાડયું? ત્યારે થાવર્ચા કુમારની માતા કહે છે મહારાજા! મારે એકનો એક પુત્ર છે તે મને મારા પ્રાણથી પણ પ્રિય છે. આટલું બોલતાં તો માતાની આંખમાં આંસુની ધાર વહેવા લાગી મન મકકમ કરીને કહ્યું. તે પુત્ર નેમનાથ પ્રભુની વાણી સાંભળીને વૈરાગ્ય રંગે રંગાઇ ગયો છે. તેનો દીક્ષા મહોત્સવ ઉજવવા માટે હું આપની પાસે અમુક ચીજની ભિક્ષા માંગવા માટે આવી છું. આ સાંભળીને કૃષ્ણ વાસુદેવના હર્ષનો પાર ન રહ્યો.

માતા! શું જોઇએ? તો કહે છે મારે આપનું છત્ર, ચામર અને પાલખી એ ત્રણ ચીજો જોઇએ. કૃષ્ણ વાસુદેવ કહે છે માતા! તેં મને સમાચાર મોકલ્યા હોત તો હું તમારે ઘેર આવત. ત્રણ ખંડના સ્વામી છે છતાં તેમનામાં કેટલો વિનય છે! આજે તો ત્રણ ઓરડાના સ્વામી હોય છતાં અભિમાનનો પાર ન હોય. કૃષ્ણ વાસુદેવ કહે છે માતા! છત્ર, ચામર અને પાલખી તો હું આપીશ. તારા પુત્રનો દીક્ષા મહોત્સવ હું ઉજવીશ. એની પાલખીનો દાંડો મારે ખભે ઊંચકીશ. પણ તારા પુત્રની એકવાર પરીક્ષા કરી લઉં. માતા કહે છે મેં તેને ખબ કસી જોયો. તેનો વૈરાગ્ય ખૂબ દૃઢ છે. તે હવે કોઇ રીતે

માને તેમ નથી. પણ કૃષ્ણ કહે છે મારે તેની પરીક્ષા કરવી છે. હું તમારે ઘેર આવું છું કૃષ્ણ-વાસુદેવ થાવર્ચાકુમારના મહેલે આવ્યા. તેમનો તેણે ખૂબ આદર સત્કાર કર્યો, થાવર્ચા-પુત્રના માથે હાથ મૂકીને કૃષ્ણજીએ પૂછયું - બેટા! તને શું દુઃખ છે કે દીક્ષા લેવા ઉઠયો છે? જે દુઃખ હોય તે જલ્દી કહે. હું મટાડવા તૈયાર છું. ત્યારે થાવર્ચાકુમાર કહે છે આપ જેવા મહારાજાની કૃપાથી બધી વાતે સુખી છું પણ બે મોટા દુશ્મનો મારી પાછળ પડયા છે. એ દુશ્મનો આજકાલના નથી પણ હું માતાના ગર્ભમાં હતો ત્યારથી તે બંનેએ મારી ચોટી પકડી છે. એ દુશ્મનોને પકડવાની તમારામાં તાકાત છે? જો તમારામાં તાકાત હોય તો મારે દીક્ષા લેવી નથી. બાકી તો મેં જે નિર્ણય કર્યો છે તે સો ટચના સોના જેવો છે. ત્યારે કૃષ્ણ પૂછે છે કે ભાઇ! એ કયા દુશ્મનો છે? તેના નામ તો કહે. ત્યારે કહે છે એક તો જરાવસ્થા ને બીજું મરણ. આ બે જબ્બર દુશ્મનોએ મારો પીછો કર્યો છે. વૃધ્ધાવસ્થા બધાને આવે તેવું નક્કી નથી પણ જે જન્મ્યા છે તે બધાને મરણ તો અવશ્યમેવ આવવાનું છે. થાવર્ચાનો પ્રશ્ન સાંભળીને કૃષ્ણ કહે છે ભાઇ! મરણ તો મને પણ આવવાનું છે તો હું તને કેવી રીતે બચાવું? થાવર્ચા પુત્ર કહે છે જો તેનાથી બચાવવા સમર્થ ન હો તો મને મારા માર્ગે જવા દો. છેવટે કૃષ્ણ વાસુદેવે થાવર્ચા પુત્રનો દીક્ષા મહોત્સવ ખૂબ ધામધૂમથી ઉજવ્યો. ખુદ કૃષ્ણ વાસુદેવે તેની પાલખીનો દાંડો ખભે લીધો હતો. થાવર્ચા પુત્રની સાથે એક હજાર પુરૂષોએ દીક્ષા લીધી. આ બધાને દીક્ષા લેતાં જોઇને કૃષ્ણ વાસુદેવની આંખમાં આંસુ આવી ગયા કે ધન્ય છે આ પવિત્ર આત્માઓને! હું એમના જેવો ક્યારે બનીશ? પોતે એક પ્રત્યાખ્યાન પણ કરી શકતા ન હતા પણ કરે તેને ખૂબ સાથ આપતા હતા.

બંધુઓ! આ કૃષ્ણ વાસુદેવે તેમના જીવનમાં ખૂબ ધર્મની દલાલી કરી છે. પર ઉપદેશ નહિ પણ ઘર સહિત દાંડી પીટાવતા હતા. તેમની પટરાણીઓ, પુત્રો, પુત્રીઓ બધાને નેમનાથ ભગવાનના શરણે મોકલ્યા હતા. આ ધર્મ દલાલીના પ્રતાપે કૃષ્ણવાસુદેવ આવતી ચોવીસીમાં બારમા અમમ નામના તીર્થંકર થશે. તે સિવાય કૃષ્ણ વાસુદેવ ગુણા-નુરાગી હતા. ખરાબમાંથી પણ સારું શોધતા હતા. માતૃભક્ત પણ હતા. કૃષ્ણના પિતા વાસુદેવને ૩૨૦૦૦ રાણીઓ હતી. તેમાં મુખ્ય મુખ્ય રાણીઓને દરરોજ પગે લાગવા જતા. તો પોતાની જન્મદાતા માતા દેવકીનો છ મહિને વારો આવતો. આવા ત્રણ ખંડના અધિપતિ પણ માતાને પગે લાગતા હતા ને તેની ચરણરજ મસ્તકે ચઢાવતા. જ્યારે આજે તો માતાને પગે લાગવાને બદલે પાળે તોય સારું છે. એ જમાનામાં માતા-પિતાને પહેલું તીર્થ માનવામાં આવતું હતું. આજે તેનું પરિવર્તન થઇ ગયું છે. માતા – પિતાનું સ્થાન છેલ્લું થઇ ગયું છે ને પત્નીનું સ્થાન પ્રથમ છે. જેમ ઇંગ્લીશમાં તમે કહો છે ને કે GOD ગોડ એટલે ભગવાન અને તે અક્ષરોનું પરિવર્તન કરવામાં આવે તો DOG ડોગ એટલે કૂતરો અર્થ થાય છે.

અર્થમાં કેટલો ફરક પડી ગયો ! તે રીતે તમાશમાં પણ ફરક પડી ગયો છે. તમે બહારગામથી આવ્યા. ઘરમાં બે પલંગમાં બે પથારી છે. ડાબી સાઇડમાં તમારા શ્રીમતીજી સૂતા છે ને જમણી સાઇડમાં માતા સૂતી છે. બોલો, કોના તરફ તમારી પહેલી દૃષ્ટિ જશે ? તમારી દૃષ્ટિ પત્ની તરફ જશે. એ જમાનો આવો ન હતો.

કૃષ્ણ વાસુદેવ માતા દેવકીને વંદન કરવા ગયા ત્યારે માતાની આંખમાં આંસુ જોયા. માતા કેમ રડતી હતી તેનું કારણ તમને કહું. બબ્બેના સંઘાડે એક સરખી આકૃતિવાળા સંતો માતા દેવકીને ત્યાં ગૌચરી આવ્યા. એ સાધુ કોના જાયા છે તે જાણવાનું મન થતાં માતા દેવકી નેમનાથ પાસે ગયા ને પ્રભુએ કહ્યું એ તારા પુત્રો છે. ત્યારે એના દિલમાં એ વાતનું દુઃખ થયું કે આવા રત્નો જેવા સાત સાત પુત્રોને મેં જન્મ દીધો પણ મેં એક પણ પુત્રને રમાડયો નથી. કારણ કે છ પુત્રો ભદ્દીલપુરમાં સુલશાને ત્યાં ઉછર્યા ને કૃષ્ણ ગોકુળમાં યશોદાને ત્યાં ઉછર્યા એટલે પોતે પુત્રોને લાડ લડાવ્યા નહિ એ વિચારથી માતાની આંખમાં આસું આવ્યા. ત્યારે કૃષ્ણ પૂછે છે માતા ! તારી આંખમાં આંસુ શાને ? મારા જેવો દીકરો હોય ને તેની માતા જો રડે તો હું દીકરો નહિ પણ ઠીંકરો છું. માતાએ પોતાના દુઃખની વાત કરી ત્યારે કૃષ્ણ પોતાની શકિતથી છ માસના બાળક બની ગયા. પણ માતાને તેથી આનંદ ન થયો. છેવટે માતાનું દુઃખ દૂર કરવા અઠ્ઠમ તપ કરીને દેવની આરાધના કરી દેવને પૂછયું કે મારી માતાના કિસ્મતમાં હવે સંતાન છે કે નહિ ? દેવે કહ્યું હજુ એક પુત્ર થશે પણ તે નવ વર્ષની ઉંમરમાં દીક્ષા લેશે ! ભલે ને દીક્ષા લે પણ મારી માતાને રમાડવાના કોડ તો પૂરા થશે ને ? ટૂંકમાં વિનયવાન પુત્રો માતા માટે કેટલું કરી છુટે છે ! કૃષ્ણ વાસુદેવ આવા મહાન પ્રતાપી પુરૂષ હતા.

આજે સારાયે ભારતમાં કૃષ્ણ જયંતિ ઉજવાશે. આ મહાન પુરૂષોને કેટલાય વર્ષો થઇ ગયા છતાં તેમની જન્મ જયંતિ ઉજવાય છે. તે આપણને શું સૂચન કરે છે ? આપણા આત્મા ઉપર રાખ વળી ગઇ છે તેને સાફ કરાવે છે. અભરાઇના વાસણોને પણ બાર મહિને સાફ કરો છો. કપડાને પણ મેલા થતાં ધોવા પડે છે. મશીનો ગમે તેવા સારા ચાલતા હોય પણ એક દિવસ બંધ રાખીને સાફ કરો છો. તે રીતે ભગવાન મહાવીરની જન્મજયંતિ, કૃષ્ણની જન્મજયંતિ શા માટે ઉજવાય છે ? આપણા જીવનમાં સત્ય, નીતિ અને સદાચાર ભૂલાઇ ગયા છે. સત્ય ઉપર અસત્યની રાખ વળી ગઈ છે. તેને ઉડાડવા માટે મહાન પુરૂષોની જન્મજયંતિ ઉજવીએ છીએ. વૈષ્ણવ લોકો આજના દિવસે ઉપવાસ કરશે ને રાત્રે કૃષ્ણનો જન્મમહોત્સવ ઉજવશે. તેમના દિલ એવા નાચી ઉઠશે કે જાણે અત્યારે કૃષ્ણનો જન્મ ન થયો હોય ! બંધુઓ ! મહાન પુરૂષોનો જન્મ કયારે થાય છે ? જયારે પૃથ્વી પર પાપ વધે, અધર્મ, અનીતિ, અત્યાચાર વધે છે અને પાપી પુરૂષોનો ઉપદ્રવ વધે છે ત્યારે મહાન પુરૂષોનો જન્મ થાય છે.

કૃષ્ણુએ જન્મ લઈને છ દુષ્ટો ઉપર વિજય મેળવ્યો છે. (૧) કાળીનાગ. કાળીનાગને વશ કરવા માટે કૃષ્ણુ તેની પીઠ ઉપર ચઢી ગયા. કાળીનાગ ભયંકર ઝેરી નાગ હતો. છતાં શ્રીકૃષ્ણુ હસતાં હસતાં તેની પીઠ ઉપર ચઢી ગયા. ને બંસરી બજાવતાં બજાવતાં તેનું મસ્તક છેદી નાંખ્યું. ત્યાં નાગે બીજું મસ્તક બનાવ્યું. બીજું છેદ્યું ત્યાં ત્રીજું બનાવ્યું. એમ ચાર-પાંચ કરતાં હજાર મસ્તક બનાવ્યા. એ હજારે મસ્તકને શ્રીકૃષ્ણે છેદી નાંખ્યા અને કાળીનાગનો સંહાર કર્યો. ત્યાર પછી બીજો દુષ્ટ કંસ-કંસ મહાપાપી હતો. તેને ખબર પડી કે મારી બહેનના સાતમા પુત્રને હાથે મારું મૃત્યુ થવાનું છે એટલે તેણે લગ્ન વખતે જુગાર રમવાનું કાવત્રું કરી વાસુદેવને જુગાર રમવા બેસાડયા. તેમાં વાસુદેવ હારી ગયા. ત્યારે શરત કરી કે મારી બહેન દેવકીને જેટલી સૂવાવડ આવે તે મારે ઘેર કરવાની. શ્રીકૃષ્ણુનો જન્મ થવાનો હતો ત્યારે કંસે વાસુદેવ તથા દેવકીને કારાગૃહમાં પૂર્યા હતા. પણ મહાન-પુરૂષોનો જન્મ થતાં બધી સાનુકૂળતા થઈ જાય છે. કૃષ્ણુનો જન્મ થતાં પહેરેગીરો ઊંઘી ગયા ને વાસુદેવની બેડી તૂટી ગઈ એટલે કૃષ્ણુનો જન્મ થતાંની સાથે ટોપલામાં મૂકી ગોકુળમાં નંદ આહીરને ત્યાં મૂકી આવ્યા. શ્રીકૃષ્ણુ ત્યાં મોટા થયા પછી અમુક સમયે મામા કંસનો નાશ કર્યો. (૩) ત્રીજો કંસનો સસરો જરાસંઘ જે મહાદુષ્ટ હતો. તે કોઇ દિવસ કોઈને સાચી સલાહ આપતો ન હતો. (૪) ચોથો દુર્યોધન-જે ભરી સભામાં દ્રૌપદીની લાજ લૂંટવા ચીર ખેંચવા ઉઠયો હતો. પાંચમો કાળયવન અને છઠ્ઠો નરકાસુર. આ છ પાપી પુરૂષોનો જન્મ થયો ત્યારે તેમનો નાશ કરવા માટે આ પ્રતાપી પુરૂષનો જન્મ થયો.

દેવાનુપ્રિયો! શ્રીકૃષ્ણે છ દુષ્ટો ઉપર વિજય મેળવ્યો. આપણા આત્માની સામે પણ છ દુષ્ટો ઊભા છે. તેનો નાશ કરવા માટે આપણો આત્મા શ્રીકૃષ્ણ છે. જેમ શ્રીકૃષ્ણે કાળીનાગના મસ્તનું છેદન કર્યું તેમ તમે પણ તમારી આશા-તૃષ્ણા રૂપી કાળી નાગણીને છેદી નાંખો, નહિતર એ તમારા જીવનને ઝેરમય બનાવશે. તમે માનતા હો કે આટલું કરી લઉં, મારી ઇચ્છાઓ પૂર્ણ કરી લઉં પછી નિરાંતે ધર્મધ્યાન કરીશ. પણ એ તમારી ઇચ્છાઓ એક પછી એક ચાલુ રહેવાની છે. આજે સિનેમા જોવા ગયા તો કાલે નાટક જોવાનું મન થશે ને પરમ દિવસે સર્કસ જોવાનું મન થશે. આજે લાખ મેળવ્યા તો કાલે દશ લાખ ને પરમ દિવસે ક્રોડ મેળવવાનું મન થશે. ને પછી અબજ મેળવવાનું મન થશે. કાળીનાગના માથા તો ગણત્રીના હતા પણ તમારી તૃષ્ણા તો અનંત છે. તેનો કોઇ દિવસ પાર આવવાનો નથી. શ્રીકૃષ્ણે હસતાં હસતાં ને બંસરી બજાવતાં બજાવતાં કાળી નાગનો નાશ કર્યો તેમ તમે પણ તમારી વાસના રૂપી કાળી નાગણીના મસ્તક છેદી નાંખો. માતા દેવકીએ કૃષ્ણુને જન્મ દીધો. તે સારી દુનિયામાં કૃષ્ણુ તરીકે જાહેર થયા. જેમને આટલા વર્ષો થઈ ગયા છતાં આપણે તેમને ભૂલતા નથી. એની

માતાએ પણ પુત્રને જન્મ દીધો હતો ને તમારી માતાએ પણ પુત્રનો જન્મ દીધો છે. એ પણ પુરૂષ હતા ને તમે પણ પુરૂષ છો. એક કવિએ કહ્યું છે કે :–

**જનની જણ તો ભક્તજન, કાં દાતા કાં શૂર,**
**નહિતર રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર.**

હે માતા! તું જન્મ આપે તો એવા પુત્રનો જન્મ આપજે કે એ પુત્ર કાં તો ભક્ત હોય, કાં તો દાતાર હોય ને કાં તો શૂરવીર હોય. જો આવો પુત્ર ન હોય તો તું વાંઝણી રહેજે. પણ નમાલા પુત્રને જન્મ દેવાથી શું વિશેષતા છે?

શ્રીકૃષ્ણએ છ દુષ્ટોને હણ્યા. આપણો આત્મા પણ શ્રીકૃષ્ણ છે. તેની સામે છ દુષ્ટો ઉભા છે. તમે તે છ દુષ્ટોને જાણો છો? કામ, ક્રોધ, મદ, મત્સર, ઇર્ષ્યા અને તૃષ્ણા. તમે એવા પુત્રોને જન્મ આપો કે તે માતાના દૂધને દીપાવે. તમે કરોડો રૂપિયા મેળવ્યા હોય પણ તેની કિંમત ક્યારે થશે? પરોપકારમાં તમારી લક્ષ્મી વહેતી મૂકો, દુઃખીના દુઃખમાં ભાગીદાર બનો. કૃષ્ણ વાસુદેવે જન્મ લઈને અનેક દુઃખીઓના દુઃખ દૂર કર્યા છે. તેમનું જીવન સદા પરોપકારમય હતું. કૃષ્ણ મહારાજાએ ધર્મની ખૂબ દલાલી કરી છે. હવે બે ત્રણ દિવસ પછી પર્યુષણ પર્વ આવે છે. તો તમે પણ ઘર ઘરમાં ફરીને તપની દલાલી કરજો. જે કોઈ ભાઈ–બહેનને તપશ્ચર્યા કરવાની ભાવના હોય ને ઘરમાં કોઈ કામ કરનાર ન હોય તો તમે સહકાર આપજો તો તમે પણ મહાન લાભ મેળવશો. આજે કૃષ્ણના જીવન વિષે ઘણું કહેવાયું છે. સમય થઈ ગયો છે. વધુ ભાવ અવસરે.

☆

## વ્યાખ્યાન નં. ૩૯

**શ્રાવણ સુદ ૧૦ ને રવિવાર** **તા. ૩૧–૮–૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો,

અનંત જ્ઞાની ભગવંતો આગમ વાણીમાં આપણને ફરમાવે છે કે હે આત્માઓ! અનંત કાળથી આ સંસારમાં પરિભ્રમણ કર્યું તેનું કારણ શું? તેવો કદી વિચાર આવ્યો છે? જીવ પોતાની ભૂલને કારણે અનંત દુઃખોને સહન કરતો સંસારમાં ભટક્યો. અકામ નિર્જરા કરતા મહાન પુણ્યોદયે આ માનવ દેહ પ્રાપ્ત થયો. આ માનવ ભવમાં તમને બુદ્ધિ મળી. સુંદર નિરોગી શરીર મળ્યું, ધન મળ્યું છે તો તેનો સાર શું છે?

**बुद्धेः फलं तत्त्व विचारणं च, देहस्य सारोव्रत धारणं च ।**
**अर्थस्य सारो किल पात्रदानं, वाचः फलं प्रीतिकरो नराणाम् ॥**

બુધ્ધિનું ફળ તત્ત્વનું ચિંતન કરવું. વ્રત ધારણ કરવું તે માનવ દેહનો સાર અને

સત્ત્વ છે. મળેલી બુદ્ધિનું ફળ શું ? તત્ત્વની વિચારણા. આ બુદ્ધિનો ઉપયોગ પાંચ ઇન્દ્રિયના વિષયો અને ભૌતિક સુખનો ઉપભોગ કરવામાં કરશો તો જ્ઞાનીની દૃષ્ટિએ જીવન ગુમાવવા જેવું છે. ગમે તેટલી મહેનત કરો, સમયનો વ્યય કરો છતાં પણ જેમ રેતી પીલવાથી તેલ મળતું નથી, પાણીને વલોવવાથી માખણ મળતું નથી ને કમોદના ફોતરા ખાંડવાથી ચોખા મળતા નથી તેમ જ્ઞાની કહે છે તું લાખો, કરોડો કે અબજો રૂપિયાની આપ લે કરતો હોય, ટેલિફોન દ્વારા કામ ચલાવતો હોય ને તારી બુદ્ધિથી ઘણું ધન પ્રાપ્ત કરતો હોય તો તેની કોઇ વિશેષતા નથી. પણ વિશેષતા હોય તો એ બુદ્ધિ દ્વારા તત્ત્વનું ચિંતન કરતા હો તો તેની છે. કવિ તમારા આત્માને કહે છે :–

**"અયે મુસાફીર કાં તું આવ્યો હવે પછી કાં જાવું છે,**
**પોતાના મારગને મૂકીને ક્યાં સુધી અથડાવું છે.**
**હું તું ને આ મારું તારું પલમાં છોડી જાવું છે,**
**ચઢેલ કફની ઉતરી જાતાં વીલું મુખ થઇ જાવું છે."**

હે ચેતન દેવ ! તું કોણ છે ? આ સંસારમાં શા માટે આવ્યો છે ? અને આ પરિભ્રમણ શા માટે થઇ રહ્યું છે ? આ હું ને તું, મારું ને તારું ક્યાં સુધી કરીશ ? તું જ્યારે કે ત્યારે આ શરીર છોડીને જઇશ ત્યારે તારી સાથે શું આવશે ? જે આત્માઓ સંતોનો સમાગમ કરે છે ને વીતરાગ વાણીમાં અનુરક્ત બને છે તેને એવું જરૂર ભાન થાય છે કે હું આ દેહ નથી પણ તેમાં વસેલો અનોખું અને અદ્વિતીય ચૈતન્ય તત્ત્વ છું ઘણા જીવોને એવું ભાન નથી કે कोऽहं ? હું કોણ છું ? વસ્તુ અને વ્યક્તિમાં આસક્તિના કારણે આ પરિભ્રમણ ચાલ્યા કરે છે. જેમ પાણી વલોવાથી માખણ મળતું નથી તેમ આ પૌદ્‌ગલિક પદાર્થો પ્રત્યેનો રાગ મને સુખ કે શાંતિ આપનાર નથી. અનંતકાળથી વિષયોમાં બુદ્ધિનું આંદોલન જગાડું છું તો હવે તત્ત્વની વિચારણા કરું ? બોલો ! આવું થાય છે ? જેણે જીવનમાં તત્ત્વ શોધ્યું તેણે બધું શોધ્યું છે. તેને એ પણ સમજાઇ જાય છે કે આ દેહનો સાર હોય તો વ્રતને ધારણ કરવા તે છે. કારણ કે જેની દૃષ્ટિ ખુલે તેને એમ લાગે છે કે આ માયા–મમતા એ મારા જીવનનો સાર નથી. અરે ! આ જગત એ જુદી જુદી ગતિઓમાં ઉત્પન્ન થયેલા જીવોને પીસાવાનું પ્રેસ છે. ધનવાન – ગરીબ વૃધ્ધ-યુવાન દરેકને આ પ્રેસમાં પીસાવું પડે છે. માટે જ્ઞાનીઓ પડકાર કરીને કહે છે હવે તો જાગો ? સૂર્ય ઉદયમાન થયો છે. સાધનાના સોનેરી કિરણો પડયા છે પણ ઊંઘવામાં રહી ગયા છો. "संबुज्झह किं न बुज्झह" ભગવાન મહાવીરે જાગવાની ઉદ્‌ઘોષણા કરતાં કહ્યું છે કે હે જીવ ! તું સ્વ ને ઓળખ. તારી અનંત શક્તિને પિછાણ. પણ હજુ સુધી કેમ સમજતા નથી. આત્મા અનંત શક્તિનો ભંડાર છે. કવિની કલ્પના છે કે જ્યારે તે સમજણમાં આવશે ને પડખું બદલશે ત્યારે પર્વત ધણધણી ઉઠશે. હવા

સ્થંભી જશે, દિશાઓ કંપી ઉઠશે અને સૂર્ય-ચંદ્ર તેનું પરિભ્રમણ અટકાવી દેશે ને સંસારની પ્રત્યેક શકિત એના ચરણમાં આળોટશે. આવી શકિત આત્મામાં છે પણ પેલા ગાડરના ટોળામાં ભળી ગયેલા સિંહના બચ્ચાની જેમ જયાં સુધી એને એની શકિતનું ભાન ન હતું ત્યાં સુધી ગાડર જેવો બનીને રહ્યો પણ જ્યારે એને એની શકિતનું ભાન થયું ત્યારે ગર્જના કરીને ગાડરના ટોળામાંથી ભાગ્યો. તેમ તમને પણ ભગવાનના સંતો ભગવાનની વાણી દ્વારા ગર્જના કરીને સજાગ કરે છે. હે ભવ્ય જીવો ! તમે વિશ્વમાં સર્વ શ્રેષ્ઠ પ્રાણી છો, દેવતાઓને પ્રિય છો અને અનંત વીર્યશાળી છો માટે હવે સ્વરૂપની પિછાણ કરી લો.

જેમણે આત્મતત્ત્વની પિછાણ કરી છે ને આત્મસાધના માટે જેઓ સજાગ બન્યા છે તેવા અનાથી નિર્ગ્રંથ અને શ્રેણીક મહારાજા વચ્ચે સનાથ અને અનાથનો સંવાદ ચાલે છે. તેમાં રાજાએ પૂછયું કે તમે મને અનાથ કેમ કહ્યો ? ત્યારે મુનિએ કહ્યું કે હું જે રીતે અનાથ કહું છું તે તમે સમજ્યા નથી તો તમે સાંભળો.

**सुणेह मे महाराय, अवक्खितेण चेयसा ।**
**जहा अणाहो भवइ, जहा मेय पवत्तियं ॥**

ઉત્ત. સૂ. અ. ૨૦ ગાથા ૧૭.

હે રાજા ! તમારી પાસે ધન-વૈભવ બધું ઘણું છે. એ હું જાણું છું છતાં પણ મેં તમને અનાથ કહ્યા છે તો એ વાત મારી પાસેથી એકાગ્ર ચિત્તથી સાંભળો. અત્યારે તમને મારી વાત અસત્ય લાગશે પણ 'નાથ' શબ્દનો અર્થ, અને અનાથતા ને સનાથતાનો ભેદ જાણી લેવાથી તમને મારી વાત સત્ય લાગશે. અનાથતા અને સનાથતાનો ભેદ હું માત્ર વિદ્વતાથી નહિ પણ મારા અનુભવથી તમને સમજાવીશ. બંધુઓ ! શ્રેણીકે શું કહ્યું હતું ખબર છે ને ? હે મુનિ ! હું તમારો નાથ થઇશ. તમે કોઇના નાથ થાવ તેમ છો ? કોઇ ગરીબ તમારી પાસે કરગરે તો શું કહેશો ? એક કહાની યાદ આવે છે.

ઝાલાવાડના એક ગામમાં ઘણાં રાજપૂત ગરાસીયા ને અન્ય કોમના માણસો વસતા હતા. ગામમાં વાણીયાનું એક ઘર હતું. તેનો પુણ્યોદય ખૂબ પ્રબળ હતો એટલે તે ઘણો સુખી હતો. ગામમાં એનું માન સારું હતું. આવા સુખી શ્રીમંત વણિકનું એક ઘર એટલે સૌ એને શેઠ....શેઠ કરતાં. એ ગામમાં એક ગરાસીયો પણ ખૂબ ધનવાન હતો. જમીન જાગીર પણ ખૂબ હતી. તે એક રજવાડા જેવી સાહ્યબી ભોગવતો હતો. પણ એના કર્મે ભાન ભૂલ્યો. હું તમને ત્રણ દિવસથી કહું છું કે જુગાર જેવું કોઇ ખરાબ વ્યસન નથી. જુગાર રમે છે તેના ઘરના નળીયા પણ સાફ થઈ જાય છે. આ ગરાસીયો પણ ખૂબ જુગાર રમ્યો. જુગારમાં તેના માલ-મિલ્કત બધું સાફ થઇ ગયું. ઘરબાર તેમજ એની પત્નીના દાગીના બધું વેચાઇ ગયું. ફક્ત પાંચ વીઘા જમીન

રહી. ને એક નાનકડું ભાંગ્યું તૂટયું માટીનું ઘર રહ્યું. ખાવાના સાંસા પડયા. ખૂબ કફોડી સ્થિતિ આવી ગઇ. ત્યારે એણે વિચાર કર્યો કે શેઠને ત્યાં જમીન ગીરે મૂકી દઉં તો પૈસા મળે ને ખાવા ભેગા થઇએ. એના મનમાં ઘણો પશ્ચાતાપ થયો કે આ જુગાર ન રમ્યો હોત તો મારી આ દશા ન થાત. એક વખત કેવું સુખ ને વૈભવ ભોગવતો હતો ને અત્યારે મારી કેવી સ્થિતિ થઇ? રે જુગાર! તારા પાપે મારી આ દશા થઇને? જ્યારે ખૂબ સંકડામણમાં આવ્યો ત્યારે પાંચ વીઘા જમીન પેલા શેઠને ત્યાં ગીરે મૂકીને પૈસા લાવ્યો ને તેમાંથી ખાવા લાગ્યો. પણ પેલો વણિક એવો નિષ્ઠુર હતો કે લોહી ચૂસ્યા વ્યાજ લેવા લાગ્યો. આજે માણસ વ્યાજમાં ડૂબી જાય છે.

શેઠનું વ્યાજ ભરવામાં એની પાંચ વીઘા જમીન પણ સાફ થઇ ગઇ, હવે તો જુવારના રોટલાના પણ સાંસા પડવા લાગ્યા. બેહાલ સ્થિતિ થઇ ગઇ. એને હાયકારો લાગ્યો કે હવે શું કરીશ? છેવટે એ શેઠને ઘેર નોકરી કરવા લાગ્યો. શેઠ ખૂબ મિજાજી હતો. ખૂબ પાવરથી તેની પાસેથી કામ લેતો. આ ગરાસીયાની જાત ખૂબ સ્વાભિમાનિ હોય. કદી કોઇને નમે નહિ ને કોઇના છણકા પણ સાંભળે નહિ. આ તો દુઃખનો માર્યો ઘણું કામ કરે છે. નમ્રતાથી રહે છે. અંદરથી ઘણું દુઃખ થાય છે કે આ જુગાર ન રમ્યો હોત તો મારે ન કરવાની નોકરી તો કરવી પડત નહિને? કયારેક આંખમાંથી બોરબોર જેવડા આંસુ પડી જતા. એક દિવસ એના માટે એવો ગોઝારો ઉગ્યો કે તેને વ્યવહારમાં પૈસાની જરૂર પડી એટલે શેઠની પાસે જઇને કહ્યું કે બાપુ! આજે મારે પૈસાની જરૂર છે. મને ૧૧) રૂા. આપો પછી હું વધારે મજુરી કરીને તમને આપી દઇશ. આ વખતે શેઠે એવા વેણ-કવેણ કાઢયા કે પેલો દરબાર ઉભો બળી ગયો.

**વેણ કવેણ શું કરે છે?**:-ભગવાન કહે છે તને બોલતા આવડે તો મીઠી વાણી બોલજે ને બોલતાં ન આવડે તો મૂંગા રહેજો પણ કોઇનું કાળજું બળી જાય તેવા વેણ કાઢશો નહિ. તમારી પાસે પૈસા હોય તો યથાશક્તિ દેજો. ન હોય તો ન આપશો. કદાચ તમારી શક્તિ છે પણ હૈયેથી પરિગ્રહની મમતા છૂટતી નથી તો એ દુઃખીને મીઠા શબ્દોથી આશ્વાસન તો જરૂર આપજો.

**મધુર વચન હૈ ઔષધિ, કટુ વચન હૈ તીર,**
**સવન દ્વાર વે સંચરે, સાલે સકલ શરીર.**

મીઠી વાણી ઔષધિનું કામ કરે છે. કોઇનું દુઃખ આપણે મટાડી ન શકીએ પણ એને મીઠા શબ્દોથી કહીએ કે ભાઇ! દુઃખ તો સૌને આવે છે. આ તો પુણ્ય પાપના ખેલ છે. શા માટે ગભરાય છે? સદા સરખા દિવસો જતા નથી. કાલે તારા દુઃખના દિવસો ચાલ્યા જશે. તો એને કેટલી શાંતિ વળે છે! સજ્જન માણસ આવી મીઠી વાણી ઉચ્ચારે છે ને દુર્જન તીર જેવા વચન બોલે છે. એના બોલવાથી દુઃખીના દુઃખમાં વધારો થાય છે.

ઘણાં માણસોને એવી આદત હોય છે કે કોઈ માણસ ગરીબોની સેવામાં સંપત્તિનો સદ્દુપયોગ કરે તો વચમાં પથરો મૂકવા જાય છે. આટલું બધું શા માટે આપી દો છો? હજુ ક્યાં જીંદગી ચાલી ગઈ છે? અત્યારે બધું આપીને નવરા થઈ જશો તો ઘડપણમાં શું કરશો? આનું નામ "દાતાર દાન કરે ને ભંડારી પેટ કુટે." એક વખત ભોજરાજા ગરીબોની સેવામાં છૂટે હાથે દાન દેવા લાગ્યા ત્યારે પ્રધાનના મનમાં થયું કે રાજા જો આમ ધન ઉડાવશે તો ભંડાર ખાલી થઈ જશે. પણ હવે રાજાને કેવી રીતે કહેવાય? રાજાને સવળું પડે તો સારૂં ને અવળું પડે તો મારું આવી બને. એટલે ખૂબ વિચાર કરીને પ્રધાને રાજાના સિંહાસનની સામે ભીંત ઉપર લખ્યું કે "आपदार्थं धनं रक्षेत् ।" વિપત્તિ આવે ત્યારે ધનની જરૂર પડે છે માટે ધનનું રક્ષણ કરવું જોઈએ. બીજે દિવસે રાજા સિંહાસને બેઠા ને ભીંત સામે નજર પડી તો આ વાકય વાંચ્યું. રાજા ભોજ તો ખૂબ ચતુર હતા. તે સમજી ગયા કે આ મારા ઉપર લખ્યું છે એટલે રાજાએ તેની બાજુમાં લખાવ્યું કે "भाग्यवानो न कदाचन्" ભાગ્યવાનને કદાપિ આપત્તિ આવતી નથી. ત્યારે ફરીને પ્રધાને નીચે લખ્યું કે कदापि कुपितोदैव । ભાગ્યવાનને આપત્તિ આવતી નથી પણ કદાચ તમારૂં ભાગ્ય કોપાયમાન થશે તો? ફરીને રાજાએ વાંચ્યું તો એની બાજુમાં લખાવ્યું કે "संचितोऽपि विनश्यति" જો ભાગ્ય કોપાયમાન થશે તો રક્ષણ કરેલું ધન પણ ચાલ્યું જશે. માટે જેણે આ વાકય લખ્યા હોય તે મારા ભંડાર ખાલી થઈ જવાની કદી ચિંતા ન કરે.

બંધુઓ! આનું નામ દાતાર. રાજાએ પ્રધાનની આંખ ખોલાવી દીધી. તમે એમ ન માનતા કે પૈસા સત્કાર્યમાં વાપરવાથી ખૂટી જાય છે. સારા કામમાં જેટલું ધન વેરશો તેટલું ઊગી નીકળશે. ખેડૂત ખેતરમાં ધાન્ય વાવવા જાય છે ત્યારે તે એક ઠેકાણે ઢગલો કરતો નથી પણ આખા ખેતરમાં અનાજના કણ વેરતો વેરતો જાય છે. ને જ્યારે અનાજ પાકે છે ત્યારે ઢગલે ઢગલા થાય છે તેમ તમે સારા કાર્યમાં ધન વેરશો તો જેટલું વેરશો તેના કરતાં અનેકગણું ઉગી નીકળશે. જ્યારે આ જગતમાં જન્મ્યા ત્યારે મૂઠી વાળીને આવ્યા ને જતી વેળાએ પણ ખાલી હાથે જવાનું છે. તમારા સંસારના મોજશોખ અને કામભોગમાં વાપરશો તે સાથે નથી આવવાનું. માટે જો ખાલી હાથે ન જવું હોય તો બને તેટલો નાણાંનો સદ્દુપયોગ કરો.

પેલા શેઠે ગરાસીયાને વેણ કવેણ કહ્યા ને પૈસા આપ્યા નહિ. આ શબ્દો એને હાડહાડ લાગી ગયા. ખૂબ દુઃખ થયું એટલે પોતાને ઘેર ચાલ્યો ગયો. ક્ષત્રિયકા બચ્ચા અપમાન સહન કરી શકે નહિ, એના ઘેર જઈને એનો વીસ વર્ષનો ફલેયાકુંવર જેવો દીકરો મરી ગયો હોય તેમ છાતીફાટ રૂદન કરવા લાગ્યો ને મનમાં પશ્ચાતાપ કરવા લાગ્યો કે હું જુગાર રમવા ગયો ત્યારે મારા આડોશી-પાડોશી

અને સગાં સ્નેહીઓએ મને ખૂબ વાર્યો. વિના ચાર્જે મને હિત શિખામણ દેવા આવ્યા પણ મેં માન્યું નહિ. જો એમનું કહ્યું માન્યું હોત તો મારી આ દશા ન થાત. બસ, હવે તો મરી જાઉં પણ એ શેઠને ઘેર નહિ જાઉં. પત્ની કહે છે સ્વામીનાથ! ચિંતા ન કરશો. હજુ મારી જાત સારી છે. ઘંટીના પૈડા ફેરવીશ. આપણે કેટલું જોઈએ છે! રોજના અડધો મણ ઘઉં દળીશ તો શેર બાજરી મળી રહેશે ને ભડકું બનાવીને પી જઈશું. દીકરી તો સાસરે છે ને નાનો બાબો મોસાળ ગયો છે. તો આપણા બંનેનું પેટ આ રીતે ભરાઇ જશે. આમ સંતોષ માનીને રહે છે.

એક દિવસ એવો આવ્યો કે દીકરીની સાસુ હરદ્વાર, કાશી, ને મથુરા તરફ યાત્રા કરવા ગયેલા. ત્રીસ માણસનો કાફલો હતો. તેઓ ફરતાં ફરતાં આ ગામમાં આવ્યા. ત્યારે બાઇ કહે છે આ તો મારા વેવાઇનું ગામ છે. જો તેમને ખબર નહિ આપું ને પછી ખબર પડશે તો એમ થશે કે વેવાણ આવ્યા હતાં ને ખબર ન આપી? એટલે વેવાણે સમાચાર મોકલાવ્યા કે તમારા વેવાણ જાત્રાએથી આવ્યા છે ને ચાર છ કલાક રોકાઇને જવાના છે. આ સમાચાર દરબારને ઘેર પહોંચ્યા. આ સમાચાર સાંભળીને બન્ને માણસોને ખૂબ દુઃખ થયું. ઝૂંપડીનું બારણું બંધ કરીને ખૂબ રડયા. શું કરીશું? જ્યાં શ્રીમંતના હાસ્ય છે ત્યાં ગરીબની હાય છે. બંને જણાં ખૂબ રડયાં. ભલા, આજે આ દશા ઘરઘરમાં છે. તમે તમારા મોજશોખ ઓછા કરી ગરીબને સહાય કરો.

પેલા ગરાસીયાની કફોડી સ્થિતિ થઇ. જો વેવાણને બોલાવે નહિ તો દીકરીને મહેણાં સાંભળવા પડે છે. એટલે પત્નીને કહે છે તું ત્યાં જઇને વેવાણને બોલાવી લાવ. ગરાસણી ત્યાં જઇને વેવાણને કહે છે ઘેર પધારો. વેવાણ કહે છે અમે ત્રીસ માણસ સાથે છીએ. ત્યારે કહે છે તમે બધા આવો. કારણ કે આગ્રહ તો બધાને કરવો જોઇએ. ન કરે તો ખરાબ દેખાય. બાઇ ખૂબ આગ્રહ કરે છે ત્યારે બીજા બધા કહે છે બહેન! તમે તમારા વેવાઇને ઘેર જાવ. અમારા સગાવહાલા અડધો માઇલ દૂર રહે છે તો અમે ત્યાં જઇશું. આ તો ઉપરથી ખૂબ આગ્રહ કરે છે પણ અંતરથી પ્રભુને પ્રાર્થના કરે છે કે હે પ્રભુ! તું અમારી લાજ રાખજે. સૌ સૌના સગાને ઘેર જાય તેવી તેમને સદ્બુદ્ધિ દેજે. જ્યાં એકને જમાડવાની ચિંતા છે ત્યાં ત્રીસને કયાંથી જમાડીશ? જો આવશે તો મારી બાંધી મુઠી ખુલ્લી થઇ જશે. વેવાણ પોતાના સાથીદારોને કહે છે મારા વેવાણનો ખૂબ આગ્રહ છે તો બધા મારી સાથે ચાલો. પણ બધા કહે છે ના બહેન! તમે ખુશીથી જાવ. અમારે નથી આવવું. સાચા અંતઃકરણપૂર્વકની પ્રાર્થના પ્રભુએ સાંભળી. સૌ સૌના સગાવહાલાને ઘેર ગયા ને વેવાણ એકલા ઘરે આવ્યા. વેવાણ તો આવ્યા, પણ જમાડીશું શું? ઘરમાં પાશેર જુવાર પણ નથી. બાઇ એના પતિને એક બાજુ લઇ જઇને કહે છે તમે એમ કરો. આપણા શેઠને ઘેર જાવ, શેઠ તે દિવસે આવેશમાં આવી ગયા ને તમને બે શબ્દો કહી દીધા પણ અત્યારે આપણી લાજ રાખશે.

દરબાર કહે છે તું મને ઝેર પીવાનું કહીશ તો પી જઈશ. પણ એ શેઠના વેણુ માશથી ભૂલાતા નથી. હું એને ઘેર નહિ જાઉં તું જા. એટલે ગરાસણી વેવાણને બેસાડીને કહે છે તમાશ વેવાઈની તબિયત બરાબર નથી એટલે હું શાકભાજી લઈને આવું છું. વેવાણ કહે ભલે. હું પણ લાંબી યાત્રા કરીને આવી છું ખૂબ થાકી ગઈ છું. એમ બોલતાં તે ખાટલામાં સૂઈ ગઈ. ગરાસણી પેલા શેઠને ત્યાં ગઈ. તે સમયે શેઠ હાજર ન હતા. કામ પ્રસંગે બહાર ગયા હતા. આ બાઈને આવતી જોઈ શેઠનો છોકરો કહે છે બા! કાકી આવ્યા. શેઠાણી બહાર નીકળીને કહે છે ભાભી! તમે આવ્યા? ખૂબ પ્રેમથી તેને બોલાવીને બેસાડયા. છોકરો અને શેઠાણી બંને ખૂબ દયાળુ હતા પણ શેઠ ખૂબ કઠોર હૃદયના હતા. છોકરો કહે છે કાકી! મારા બાપુજીએ તમને ભિખારી કર્યા પાંચ પાંચ વીઘા જમીન પણ પચાવી પાડી. લોહી ચૂસ્યા વ્યાજ લીધા. તમે શું કામે આવ્યા છો? ગરાસણીએ વાત કરી કે મારા વેવાણ આવ્યા છે ને તેમને જમાડવા માટે વસ્તુ લેવા આવી છું. તેના જે પૈસા થશે તે અમે બંને મજુરી કરીને વાળી આપીશું પણ આટલી વસ્તુ મને આપો. છોકરો કહે છે બા! તું અત્યારે જલ્દી બધું આપી દે. મારા બાપુજી આવશે તો નહિ આપવા દે. મા-દીકરાએ લોટ, ઘી, સાકર, ચોખા, દાળ બધું જલ્દી કોથળીઓમાં ભરી દીધું. ઘી-તેલ શીશીમાં ભરીને આપ્યા. ને કહ્યું તમે જલ્દી ઘર ભેગા થઈ જાવ, બાઈ બધું લઈને જાય છે ત્યાં ઉંબરામાં શાહુ ભટકાયો. બાઈને જોઈને તરત ઓળખી ગયો. ને કહ્યું તું શું લઈને જાય છે? તેણે સત્ય વાત કરી. બાપુ! અમારી આ સ્થિતિ છે. ને જે ચીજો લઈને જાઉં છું તેના પૈસા મજુરી કરીને વાળી આપીશું પણ તમે મારી લાજ રાખો. કંજુસીયા કાકા કહે છે બિલકુલ નહિ. બધું મૂકી દે.

બંધુઓ! જુઓ, મા-દીકરાએ તો દઈ દીધું પણ પેલો શાહુ તેને લઈ જવા દેતો નથી. ને કહે કે તારા પગમાં ચાંદીના કડલા છે તે આપીને લઈ જા. ગરાસણી કહે છે શેઠ! કડલા કાલે આપી જઈશ. અત્યારે નહિ. વાત એમ બની હતી કે ગરાસણી શેઠને ઘેર આવી ત્યારે એની વેવાણે કડલા જોયેલા ને કહ્યું કે વેવાણ! આ તમારા કડલાનો ઘાટ બહુ સારો છે. તમે કયાં ઘડાવ્યા? મને બતાવો ને! ત્યારે એણે કહેલું કે હું બહાર જઈને આવું પછી નિરાંતે તમને બતાવીશ. હવે જો કડલા આપીને જાય તો વેવાણ જાણી જાય કે વેવાઈની સ્થિતિ ઘસાઈ ગઈ છે. તેની આબરૂ ખુલ્લી થઈ જાય. એટલે તેણે ખૂબ કહ્યું કે શેઠ! તમે વિશ્વાસ રાખો. હું કાલે જરૂર આપી જઈશ પણ શેઠ તો એકના બે ન થયા. બસ, કડલા આપીને જાવ તો લઈ જવા દઉં. વસ્તુ તો લઈ જવા દેતો નથી ને ઉપરથી એલફેલ વચનો બોલવા લાગ્યો. ગરાસણીના દિલમાં દુઃખ થઈ ગયું કે આ તો માણસ છે કે રાક્ષસ! એની આકૃત્તિ મનુષ્યની છે પણ કૃત્તિ રાક્ષસની છે. શેઠ કોઈ રીતે પીગળ્યો નહિ ત્યારે ગરાસણી કહે છે શેઠ! તમે અમને ચૂસી લીધા ને અમને ભીખ માંગતા

કર્યા. અમારો જીવ લેવા સિવાય શું બાકી રાખ્યું છે? લો, મારો જીવ હઈ હઉં એમ કહીને શેઠના ઉંબરામાં જોરથી માથું પછાડયું. ધોરી નસ તૂટી ગઇ. લોહીના ખાબોચિયા ભરાયા. ત્યાં ને ત્યાં પ્રાણ કાઢી નાંખ્યા. આ દ્રશ્ય જોઇને શેઠાણી અને તેનો દીકરો કંપી ઉઠયા. અરર....આ રાક્ષસના ઘરમાં આપણે કયાંથી આવ્યા? આના કરતાં ગરીબ રહેવું સારું પણ આવા પાપીના ઘરમાં સુખ ભોગવવું સારું નહિ, ધિક્કાર છે શેઠને!

આ તરફ ગરાસણીને ગયા બે કલાક થયા પણ પાછી આવી નહિ એટલે વેવાણ પૂછે છે મારી વેવાણ હજુ કેમ ન આવ્યા? ગરાસીયાના મનમાં થયું કે નક્કી શેઠને ઘેર કંઇ નવાજુની બની હશે? કારણ કે એના એકેક વચન તીર જેવા છાતીમાં વાગે છે. હું તો ગમે તેમ તોય પુરૂષની જાતિ છું સહન કરી શકું. પણ સ્ત્રી જાતિ સહન કરી શકે નહિ. લાવ તપાસ કરું. એ બહાર નીકળ્યો તે સમયે મોસાળ ગયેલો નાનો બાબો પણ સંગાથ જોગ આવી ગયો. તેને આંગળીએ વળગાડી આગળ ચાલ્યો ત્યાં લોકોના ટોળેટોળાં સામા મળ્યા ને કહેવા લાગ્યા કે દરબાર! તમારી પત્નીએ શેઠના ઉંબરામાં માથું પટકીને પ્રાણ કાઢયા. આ દરબાર શેઠને ઘેર જોવા ન ગયો પણ સીધો ગામ બહાર કૂવા પાસે જઇ છોકરાને સાથે લઇને કૂવામાં પડતું મૂકયું. બે જણ કૂવામાં પડયા ને એકે શેઠને ઘેર પ્રાણ કાઢયા. વેવાણ તો બિચારી ઘરમાં બેસીને થાકી ગઇ ને વિચાર કરવા લાગી કે વેવાણ ગયા, વેવાઇ ગયા. બધા કેમ પાછા આવતા નથી? તે ઘરની બહાર નીકળી તો એના ઘરની બહાર લોકોના ટોળેટોળા ઉભા છે ને ત્રણ જણ આ રીતે મરી ગયા તે વાતો કરે છે. વેવાણ પરિસ્થિતિ સમજી ગઇ. ને એ તો ગભરાઇને ત્યાંથી ઘેર ગઇ ગામના લોકો ખૂબ ઉશ્કેરાઇ ગયા કે ત્રણ ત્રણ જીવોના મોત થયા. આ શેઠને હવે જીવતો ન મૂકીએ. બહાર નીકળે એટલે પૂરો કરીએ. આ રાક્ષસ આપણા ગામમાં ન જોઇએ. હવે તો શેઠને મોઢું બતાવવું ભારે થઇ ગયું એટલે ઉપર જઇને ગળે ફાંસો ખાઇને શેઠ પણ મરી ગયા.

દેવાનુપ્રિયો! શેઠ સાથે શું લઇ ગયા? બધું અહીં પડી રહ્યું ને? કર્મ અને અપયશની કાળી ટીલી લઇને ગયો. શેઠના દીકરાને બાપના દુષ્કૃત્ય ઉપર ખૂબ ઘૃણા છૂટી ને ત્રણના મૃત્યુથી તેનું હૃદય કંપી ઉઠયું. છેવટે અગ્નિ સંસ્કાર કર્યો. ત્રણેના હાડકા લાવીને આંગણામાં દાટયા ને તેના ઉપર ત્રણ ખાંભી બનાવી. છોકરો રોજ એ ખાંભીના દર્શન કરતો. એક વખત એનો મિત્ર રજાના દિવસોમાં તેને ઘેર આવે છે. આંગણામાં ખાંભી જોઈને તેને ખૂબ આશ્ચર્ય થયું કે કોઇ માણસે ગામના ભલા માટે કે દેશના ભલા માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું હોય તો તેની ખાંભી બનાવાય છે, પણ એ ગામ બહાર હોય છે. પણ આના આંગણામાં ત્રણ ખાંભી કોની હશે? આખો દિવસ પસાર થઇ ગયો. જમ્યા. ફરવા ગયા. વાતો કરી પણ પેલા

આવનાર મિત્રના મનમાંથી એ વાત ભૂલાતી નથી. છેવટે રાત્રે સૂવા ગયા ત્યારે પૂછયું કે ભાઇ ! તારા આંગણામાં કોની ખાંભી છે ? હું આવ્યો ત્યારથી મારા મનમાં એ વાતનું ખૂબ આશ્ચર્ય થયું છે. ત્યારે છોકરાએ પોતાના બાપની બધી વાત કરી. આ સાંભળી મિત્રનું હૃદય ધ્રુજી ઉઠયું. અરરર.... તારો બાપ આવો હતો ? એ તો ગયો પણ તને જોઇને મને એ આશ્ચર્ય થાય છે કે આ વિષમાં અમૃત ક્યાં પાકયું ? તારો પિતા આવો વિષ જેવો હતો ને તું આવો સજ્જન, સદ્દાચારી ને નીતિવાન છે. તો તું અમૃત જવો છે. મિત્રે એની ખૂબ પ્રશંસા કરી. બાપ એવા કામ કરીને ગયો કે એને કોઇ યાદ ન કરે ને આ દીકરો એવું સુંદર જીવન જીવી ગયો કે એનુ નામ ઇતિહાસના પાને સુવર્ણાક્ષરે લખાઈ ગયું.

બંધુઓ ! આ દૃષ્ટાંતનો સાર એ છે કે લોભ જીવને દુર્ગતિમાં લઇ જાય છે. શેઠે જો આવા કૃત્ય કર્યાં હોય તો લોભના કારણે કર્યાં છે. પાપનો બાપ લોભ છે. વાણીનો વિવેક રાખી જે બને તે સારું કરજો.

અનાથી નિર્ગ્રંથ પોતાની કહાની શ્રેણીકને કરે છે.

**कोसंबी नाम नयरी, पुराण पुर भेयणी ।**
**तत्थ आसी पिया मज्झं, पभूय धणसंचओ ।।**

ઉત્ત. સૂ. અ. ૨૦ ગાથા ૧૮

હે મહારાજા ! કોસંબી નામની નગરી હતી તે નગરી ખૂબ પુરાણી હતી. રાજગૃહી કરતાં ચઢી જાય તેવી નગરી હતી. કોસંબી નગરી મોજુદ છે છતાં નગરી છે એમ ન કહેતા નગરી હતી એમ શા માટે કહ્યું હશે ? જ્ઞાનીના વચન સત્ય છે તેમાં સ્હેજ પણ ફેરફાર થાય નહિ. સમયે સમયે વસ્તુના અનંતા વર્ણ ગંધ, રસ, અને સ્પર્શ ફરી જાય છે. મુનિ સંસારમાં હતા ત્યારે અને દીક્ષા લીધા પછી શ્રેણીક રાજાને વાત કરે છે ત્યારે કોશંબી નગરીના અનંતા વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શ ફરી ગયા છે. કોઇમાં હાની થઇ તો કોઈમાં વૃદ્ધિ થઇ. સર્વજ્ઞ ભગવંતોએ કહ્યું છે કે કોઇ ભૂમિ ઉપર હાથ મૂકે ને ઉપાડી લે તે ભૂમિ પર બીજે સમયે હાથ મૂકે ત્યારે તે ભૂમિની પર્યાય ફરી ગઇ હોય છે. કારણ કે સમય ખૂબ બારીક છે. તમે તો એમ માનો છો કે એક કલાકની ૬૦ મિનિટ, ને એક મિનિટની ૬૦ સેકન્ડ. એક સેકન્ડની ૬૦ પળ થાય અને એક પળની ૬૦ વિપળ થાય છે. તમારું કોષ્ટક આટલું છે. પણ આપણા સર્વજ્ઞ ભગવંતો એ સમયની વાત કરી છે. એક વખત આંખ ઉઘાડીને બંધ કરીએ એટલામાં અસંખ્યાતા સમય ચાલ્યા જાય. સમય એટલે કાળનો નિરંશ અંશ. નાનામાં નાનો અંશ. આટલો સૂક્ષ્મ સમય છે. માટે આવા એક સમયનો પણ પ્રમાદ કરવા જેવો નથી.

તે સમયમાં કોસંબી નગરી હતી. તેમ અનાથી મુનિ રાજા શ્રેણીકને કહે છે. એ

નગરીમાં પ્રભૂત ધનસંચય નામના મારા સંસારી પિતા રહેતા હતા. એ નગરીમાં બધા શ્રીમંત ને સુખી હતા. ગરીબાઇનું તો નામ નિશાન ન હતું. અમારી નગરીના રાજા પણ ખૂબ દયાળુ ને ન્યાયી હતા. નગરીમાં કોઇને દુઃખી રાખતા ન હતા. બંધુઓ! આગળના રાજાઓમાં કેવો ન્યાય હતો! મહારાજા વિક્રમનું રાજ્ય ચાલતું હતું ત્યારે એના રાજ્યનો નિયમ હતો કે કોઇ પણ નવો માણસ એની નગરીમાં રહેવા આવે ત્યારે તેને નગરીના દરેક ઘરમાંથી એકેક સોનામહોર ને એકેક ઇંટ આપવાની. આખી નગરીના લોકો એકેક સોનામહોર આપે તો પણ કેટલી થઇ જાય! ને એકેક ઇંટ આપે તો તેનું ઘર બંધાઇ જાય. એટલે તરત વહેપાર ધંધે લાગી જાય પછી કોઇ માણસ દુઃખી રહે ખરો? એ રાજ્ય કેવું સ્વર્ગપુરી જેવું હશે?

અનાથી મુનિ રાજા શ્રેણીક પાસે હજુ વધારે વર્ણન કરશે. તેના પિતાજી કેવા સુખી હતા ને પોતે કેવી રીતે દીક્ષા લીધી છે તે વાતની રજુઆત કરશે તેના ભાવ અવસરે.

☆

## વ્યાખ્યાન નં. ૪૦

**શ્રાવણ વદ ૧૧ ને સોમવાર** **તા. ૧-૯-૭૫**

અનંત જ્ઞાની, પરમ તારક, વિશ્વવત્સલ વિભુની વાણી તેનું નામ સિદ્ધાંત. સિદ્ધાંતની વાણી એ આત્માને સ્વચ્છ બનાવવા માટેનું ઉત્તમ સાધન છે. અનાદિકાળથી આત્મા ઉપર રાગ-દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, આદિના ડાઘ પડી ગયા છે તેને સાફ કરવા માટે આગમની વાણીની જરૂર છે. જેટલું તમારું મન સ્વચ્છ હશે તેટલું આત્મદર્શન જલ્દી કરી શકશો. એક વસ્ત્ર ઉપર રંગ ચઢાવવો હશે તો તે વસ્ત્રને પણ પહેલાં ધોઈને સ્વચ્છ બનાવવું પડશે.. વસ્ત્ર જેટલું શુદ્ધ હશે તેટલો તેને રંગ પણ સારો ચઢશે અને મેલું હશે તો ધાબાં પડી જશે. આ રીતે અનાદિકાળથી મલિન બનેલા આત્માને સ્વચ્છ બનાવવા માટે વીતરાગ વાણી રૂપી પાણી અને સમ્યકૃત્વ રૂપી સાબુ છે. આ બે વસ્તુઓ જેના હાથમાં આવી જાય તેનો આત્મા પવિત્ર બન્યા વિના રહેતો નથી.

ઘર કે દુકાનમાં જરાક કચરો ભરાયો હોય તો તમે તરત કાઢીને ફેંકી દો છો. કચરાવાળી જગ્યામાં તમને રહેવું ગમતું નથી. કચરો જોતાં તેને કાઢી બહાર ફેંકી દેવાનું મન થાય છે. પણ આત્મા રૂપી ઘરમાં અનાદિકાળથી કર્મ રૂપી કચરાના મોટા મોટા ઢગ જામી ગયા છે તેને કાઢવાની તમારા હૈયે ચિંતા કેટલી છે? તે કર્મ-કચરાને કાઢવા માટે કોઇ ચોકકસ સાધનો કામે લગાડી દીધા છે ખરા! કે ઉપરથી નવા નવા કર્મ-કચરા રોજ આત્મઘરમાં નાંખ્યા કરો છો? જેમ કચરાવાળા ઘરમાં રહેવાની મઝા ન આવે તેમ કર્મ રૂપી કચરાવાળા આત્મ ઘરમાં રહેવાની પણ મજા ક્યાંથી આવે? માટે સમ્યગ્જ્ઞાન

રૂપી લાઈટ કરીને સંયમ રૂપી સાવરણી હાથમાં પકડીને આશ્રવો રૂપી બારી-બારણાં બંધ કરીને આત્મ ઘર સાફ કરવા માંડશો તો સાફ-સ્વચ્છ બની જશે.

બંધુઓ! તમને તમારા જીવન વ્યવહારમાં કોઈ ચીજ મલિન ગમતી નથી. બધું સ્વચ્છ ને સુંદર ગમે છે. પણ હજુ સુધી આત્માને સ્વચ્છ કરવો ગમ્યો છે? જેટલો આપણો આત્મા પવિત્ર બનશે તેટલો તેનો ઉઘાડ થશે. આત્મા ઉપર અજ્ઞાન રૂપી કચરાના થર જામ્યા છે તેને સ્વચ્છ કરવાનું તમને મન થાય છે? અનંત કાળના અજ્ઞાનના અંધકાર ઉલેચાશે ત્યારે તમને નૂતન પ્રકાશ મળશે પછી બાહ્ય પ્રકાશની જરૂર પણ નહિ રહે. આવતીકાલથી પર્યુષણ પર્વ શરૂ થાય છે તો તપની આરાધના કરવા તૈયાર થયા છો ને? તપ એ ક્રોડો ભવના પાપનો નાશ કરનાર છે; પણ તે તપ સમ્યગ્ જ્ઞાનપૂર્વકનો હશે તો કર્મની નિર્જરા થશે.

ભગવાનને કહ્યું છે, જ્યાં સુધી જીવ સમ્યક્ત્વ પ્રાપ્ત કરતો નથી ત્યાં સુધી મિથ્યાત્વ જીવને શું નુકસાન કરે છે? તમને કોઈ દિવસ વિચાર આવે છે કે કર્મબંધનના પાંચ કારણોમાં પહેલું મિથ્યાત્વ કેમ? અને બીજું સ્થાન અવિરતિનું શા માટે? સાંભળો, તેનું કારણ એ છે કે જ્યાં સુધી મિથ્યાત્વ હોય ત્યાં સુધી અવિરતિ જતી નથી. મિથ્યાત્વને મહાશત્રુની, મહારોગની, મહાવિષની અને મહા અંધકારની ઉપમા આપવામાં આવી છે. કારણ કે તે બધા કર્મોની જડ છે. જ્યાં સુધી મિથ્યાત્વની હયાતી છે ત્યાં સુધી સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી નથી. જ્યાં સુધી સમ્યક્ત્વ ન હોય ત્યાં સુધી સમ્યક્જ્ઞાન ક્યાંથી હોય? અને સમ્યક્નજ્ઞાન ન હોય ત્યાં સુધી સમ્યક્ચારિત્ર ક્યાંથી હોય? આ ત્રણ ન હોય તો મુક્તિ ક્યાંથી મળે? ઉત્તરાધ્યયન સૂત્રમાં ભગવાન બોલ્યા છે:

**नादंसणिस्स नाणं, नाणेण विणा न हुन्ति चरणगुणा ।**
**अगुणिस्स नत्थि मोक्खो, नत्थि अमोक्खस्स निव्वाणं ।।**

ઉત્ત. સૂ. અ. ૨૮, ગાથા ૩૦.

દર્શન વિના જ્ઞાન નથી થતું, જ્ઞાન વિના ચારિત્ર રૂપ ગુણની પ્રાપ્તિ નથી, ચારિત્ર ગુણથી રહિત જીવની મુક્તિ નથી અને મુક્તિ વિના નિર્વાણ નથી.

આટલા માટે જ્ઞાનીઓએ કહ્યું છે કે આત્માને સંસારમાં રઝળાવનાર હોય તો મિથ્યાત્વ છે. मिच्छत्तं भववुड्ढि कारणं । મિથ્યાત્વ એ ભવની વૃદ્ધિનું કારણ છે. છતી આંખે આત્માને અંધ બનાવનાર અથવા વિપરીત દેખાડનાર એ મિથ્યાત્વ છે. જ્ઞાનાવરણીયનો તથા દર્શનાવરણીયનો ક્ષયોપશમ તો જીવને અનાદિ કાળનો છે અને તેથી જે જીવને જેટલા પ્રમાણમાં ક્ષયોપશમ છે તેટલો જ્ઞાનનો ઉઘાડ છે. આ ઓછો કે વધુ જ્ઞાનનો ઉઘાડ પોતાના સ્વરૂપે નિર્મળ અને જે ભાવો જે સ્વરૂપે હોય તેને તે પ્રમાણે જણાવનાર અને મનાવનાર છે. પોતાના સ્વરૂપે તે ઉઘાડ અવિકારી છે. ભલે હજુ

કેવળજ્ઞાન પ્રાપ્ત નથી થયું એટલે જ્ઞાનમાં પૂર્ણતા નથી. પરંતુ અનંતમાં અંશ જેટલો જે કોઈ જ્ઞાન પ્રકાશ છે તે તો અવિકારી છે. એમ છતાં અનાદિકાળથી સ્વરૂપે અવિકારી એ જ્ઞાન પ્રકાશની સાથે દર્શન મોહ મિથ્યાત્વ મોહનીયનો ઉદય મળવાથી અવિકારી જ્ઞાન પ્રકાશ પણ વિકારી બની ગયો છે. એ વિકારી જ્ઞાનપ્રકાશથી આત્માની અંધાપા જેવી કારમી દશા થાય છે. અને કાંઈક જાણે છે, જુએ છે તેમાં પણ વિપર્યાસ–અવળાઈ હોય છે. પોતાની મૂડીને પારકી ગણે છે. પારકી મૂડીને પોતાની ગણે છે. સુખના સાધનોને દુઃખના સાધનો માને છે ને દુઃખના સાધનોમાં તેને સુખની ભ્રાન્તિ થાય છે. માદક મદિરાનું પાન કરનાર ઉન્માદી મનુષ્ય જેવી એ વિકારી આત્માની દુર્દશા થાય છે. એ વિકારનું નામ મિથ્યાત્વ છે. જેનાથી અવળું જાણપણું થાય છે તેનું નામ અજ્ઞાન છે. અને અવળી પ્રવૃત્તિ થાય છે તેનું નામ અવિરતિ છે. મિથ્યાત્વના ઉદયથી આત્મા ધન, દોલત, ઘરબાર, સ્ત્રી, પુત્ર વિગેરે બાહ્ય પદાર્થોમાં વ્યવહારથી તેમજ નિશ્ચયથી મારાપણું માને છે એ અજ્ઞાન થયું અને મારાપણું મનાયા બાદ રાત–દિવસ તે બાહ્યભાવોમાં રમણતા તેનું નામ અવિરતિ છે મિથ્યાત્વ એ અજ્ઞાનનું કારણ છે. અને અજ્ઞાન એ અવિરતિનું કારણ છે. અવિરતિ અજ્ઞાનમાંથી જન્મે છે. મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરતિ એ ત્રણે મોહ રાજાના અંગો છે. દેવાનુપ્રિયો ! હજુ કંઈક જીવો એવા છે તેમને એટલું પણ જ્ઞાન નથી કે હું સંજ્ઞી છું કે અસંજ્ઞી ?

એક વખત એક ગામડામાં એક મહાન જ્ઞાની સંત પધાર્યા. ભાવિક અને ભોળા શ્રાવકો ખૂબ પ્રેમથી વંદન કરવા આવ્યા. સૌ વંદન કરીને પૂછે છે કે ગુરૂદેવ ! વ્યાખ્યાન ફરમાવશોને? ગુરૂદેવ કહે કે હા. બોલો, તમારે કયો અધિકાર સાંભળવો છે ? બધા કહે ભગવતી સૂત્ર. સંત વિચારે છે કે શું આ શ્રાવક આટલા તૈયાર હશે ? લાવ, ત્યારે હું તેમની ચકાસણી કરી જોઉં. એટલે મહારાજ પૂછે છે શ્રાવકજી ! પંચેન્દ્રિય કોને કહેવાય ? આ શ્રાવકોને એકેન્દ્રિય કોને કહેવાય ને બેઈન્દ્રિય કોને કહેવાય તેનું જ્ઞાન નથી. પણ મહારાજે પૂછયું એટલે જવાબ તો આપવો પડે. તેથી મનમાં વિચાર કર્યો કે હાથીને ચાર પગ છે ને પાંચમી સૂંઢ છે ને એ સૂંઢ જમીનને અડે છે માટે હાથી પંચેન્દ્રિય હશે એમ માની જવાબ આપ્યો મહારાજ ! હાથી પંચેન્દ્રિય છે. મહારાજે જાણ્યું કે જવાબ તો સાચો આપ્યો, પણ એ સમજીને આપ્યો છે કે સમજ્યા વિના ? તેની ખાત્રી કરવા ફરીને પૂછયું તો, ચૌરેન્દ્રિય કોને કહેવાય ? ત્યારે શ્રાવકોએ જવાબ આપ્યો કે ઊંટ ચૌરેન્દ્રિય કહેવાય કારણ કે એના ચાર પગ જમીન પર રહે છે ને એનું માથું ઊંચું રહે છે માટે ઊંટ ચૌરેન્દ્રિય છે. તો બોલો હવે તેઈન્દ્રિય કોને કહેવાય ? તો કહે કે ઘોડાને તેઈન્દ્રિય કહેવાય કારણ કે એના પગ તો ચાર છે પણ એક અધ્ધર હોય છે. માટે ઘોડો તેઈન્દ્રિય કહેવાય. હવે કહો બેઈન્દ્રિય કોને કહેવાય? ત્યારે કહે છે અમારે માથે પાઘડી છે ને વાળ છે, માટે અમે બેઈન્દ્રિય છીએ. અને એકેન્દ્રિય કોને કહેવાય ? ત્યારે

કહે છે મહારાજ! તમારા માથે મુંડો છે. માટે તમે એકેન્દ્રિય કહેવાઓ. (હસાહસ). મહારાજ સમજી ગયા કે આ શ્રાવકોમાં બિલકુલ જ્ઞાન નથી. આ બધાને એકડેએકથી સમજાવવાની જરૂર છે.

સંતે નાના ગામમાં શેષકાળ રોકાઈને જીવ, અજીવ, પુણ્ય-પાપ આદિ નવ તત્ત્વનું જ્ઞાન કરાવ્યું, બંધુઓ! જ્ઞાનનો મહિમા અમાપ છે. જ્ઞાનથી જડ અને ચૈતન્યનું ભાન થાય છે. આ ભાન થતાં જીવ વિચાર કરે છે કે હું જડના બંધનમાં જકડાવાવાળો નથી. હું તો અનંત શક્તિનો અધિપતિ છું. મારૂં સ્વરૂપ અજોડ છે. હું બાદશાહનો પણ બાદશાહ છું, શહેનશાહનો પણ શહેનશાહ છું, મારામાં અનંત સુખનો ખજાનો ભરેલો છે, માટે હવે મારે પરની પાસે ભૌતિક સુખની ભીખ માંગવી ના જોઈએ. સિંહ થઈને હવે બકરાથી શા માટે ડરૂં છું? દેવાનુપ્રિયો! જેને આવું જ્ઞાન અને ભાન થાય છે તેને શરીરનો મોહ નથી રહેતો. પછી એ ઉપવાસ કરે તો એમ ન વિચારે કે ઉપવાસ કરૂં પણ નબળાઈ લાગશે. શરીર સુકાઈ જશે તો શું કરીશ? આવા માંયકાગલા વેડા ન કરે. શરીરને સાચવનાર આત્મસાધના ન કરી શકે. આત્મસાધના શૂરવીર હોય તે કરી શકે છે. જુઓ, આપણે ત્યાં શૂરવીરોએ તપની આરાધના શરૂ કરી દીધી છે.

કર્મની સામે જંગ ખેલવા માટે નીકળેલા અનાથી મુનિ પણ શ્રેણીક રાજાને અનાથ સનાથનું ભાન કરાવે છે કે હે રાજન્! અનંત કાળથી પોતાનો નિર્ણય, પોતાની શકિત અને પોતાનો ભાવ પ્રગટ કરવાની એટલે પરમાં જતો ભાવ વશ કરવાની શક્તિ પ્રગટ ના થાય ત્યાં સુધી તેને વીતરાગ દેવ અનાથ કહે છે. હે મહારાજા! તમે જેને અનાથ કહો છો તેમાં અને હું જેને અનાથ કહું છું તેમાં ઘણું અંતર છે. હવે એ વાત સમજાવવા માટે હું બીજા કોઈના અનુભવની વાત કરતો નથી પણ મારા પોતાના અનુભવથી તમને સમજાવું છું તે સાંભળો.

**રાજા શ્રેણીક પાસે અનાથી મુનિ પોતાના જીવનની કહાણી કહે છે.**

**कोसंबी नाम नयरी, पुराण पुर भेयणी ।**
**तत्थ आसी पिया मज्झं, पभूय धणसंचओ ।।**

ઉત્ત. સૂ. અ. ૨૦, ગાથા ૧૮.

આ કૌસંબી નામની નગરી ખૂબ પ્રાચીન હતી. ને ખૂબ પ્રસિદ્ધ હતી. નવી ચીજ કરતાં જુની ચીજો ખૂબ કિંમતી હોય છે. તમે પહેલાના મકાનો જોશો તો તેમાં ખૂબ કોતરણી જણાશે. અત્યારના મકાનોની બાંધણી જુદી હશે. ઘણી જગ્યાએ પ્રાચીન વસ્તુઓનો ખૂબ સંગ્રહ કરવામાં આવે છે. આ નગરી પુરાણી હતી છતાં ત્યાંના લોકો ખૂબ સુખી હતા. નગરીની શોભા નિરાલી હતી. બાગબગીચા આદિ ફરવા માટેના રમણીય સ્થાનો હતા ને વહેપાર ખૂબ ધમધોકાર ચાલતો હતો. આવી સુંદર અને

વિશાળ કૌસંબીનગરીમાં પ્રભૂત ધનસંચય નામના મારા પિતા રહેતા હતા. મહાન પુરૂષો પોતાની મહત્તા કદી બતાવતા નથી. એ તો પોતાના વડીલોની મહત્તા બતાવે છે.

સુધર્માસ્વામી ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વના સ્વામી હતા છતાં, શાસ્ત્રમાં ક્યાંય એમ નથી કહ્યું કે હું આમ કહું છું પણ ભગવાન મહાવીર પાસેથી મેં આમ સાંભળ્યું હતું એ હું કહું છું. આજે તો વડીલોની મહત્તા ન બતાવે પણ પોતાની મોટાઇનું જ્યાં ને ત્યાં પ્રદર્શન કરે.

મુનિએ કહ્યું મારા પિતાજીનું નામ પ્રભૂત ધનસંચય હતું. પહેલાનાં લોકો ગુણ પ્રમાણે નામ પાડતાં હતાં. આજે તો નામ ઘણું ઉત્તમ હોય પણ એક અંશ જેટલો તેનામાં ગુણ ન હોય. અનાથી મુનિએ પિતાજીનું નામ આપીને સંપત્તિનો પણ પરિચય આપ્યો. દેવાનુપ્રિયો! આ અનાથી નિર્ગ્રંથના પિતા ઇબ્ભ હતા. એ સમયમાં ખૂબ પૈસો હોય તેને ઇબ્ભની પદવી અપાતી હતી. એ ઇબ્ભના પણ ત્રણ પ્રકાર છે. જઘન્ય ઇબ્ભ, મધ્યમ ઇબ્ભ ને ઉત્કૃષ્ટ ઇબ્ભ. જઘન્ય ઇબ્ભ તે ૪૦૦ ધનુષ્યનો હાથી અને ૩૦૦ ધનુષ્યની અંબાડી. આમ ૭૦૦ ધનુષ્યનો હાથી ઢંકાય તેટલો રૂપિયાનો ઢગલો કરે તેટલું ધન જેની પાસે હોય તે જઘન્ય ઇબ્ભ છે. આ રીતે ૭૦૦ ધનુષ્યનો સોનાનો ઢગલો કરે તેટલું ધન જેની પાસે હોય તે મધ્યમ ઇબ્ભ છે અને એવો ૭૦૦ ધનુષ્યનો કિંમતી રત્નોનો ઢગલો કરે તેટલા રત્નો જેની પાસે હોય તે ઉત્કૃષ્ટ ઇબ્ભ છે. અનાથી નિર્ગ્રંથના પિતા આવા ઉત્કૃષ્ટ ઇબ્ભ કરતાં પણ વધારે ધનવાન હતાં. એ સમય એવો સુવર્ણસમય હતો કે રાજા કરતાં પ્રજા પાસે વધારે ધન હતું. જ્યારે રાજ્યના રક્ષણ માટે ધનની જરૂર પડે ત્યારે આવા શ્રીમંતો વિના સંકોચે પોતાના ભંડાર ખોલીને રાજાને ધન આપી દેતા. રાજાઓ પણ એવા હતાં કે પ્રજાને સુખી જોઇને હરખાતા. જ્યારે આજની સરકાર શું કરી રહી છે? પ્રજાને ધનવાન જોઇને અનેક પ્રકારે ટેકસ નાંખીને પ્રજાને ચૂસી રહી છે. તમારા પુણ્યથી મળેલી લક્ષ્મી પણ તમારે ભોગવવાનો આજનો સમય નથી.

કથાકારોએ અનાથી મુનિના પિતાની ઋદ્ધિનું વર્ણન કર્યું છે કે તે કેવા હતા? એક વખત કૌસંબીનગરી ઉપર બીજો દુશ્મન રાજા ચઢી આવ્યો. કૌશંબીના રાજાએ તેની સામે લડાઇ શરૂ કરી. બંનેની લડાઈ લાંબો સમય ચાલી એટલે લડાઇના સાધનો ખૂટવા આવ્યા. ભંડારમાં નાણાં પણ ખૂટવા આવ્યા. રાજ્ય ભયમાં મૂકાવાનો સમય આવ્યો ત્યારે રાજાએ પોતાના પ્રધાનો અને મંત્રીઓને બોલાવી મંત્રણા કરી કે હવે આપણે શું કરવું? બધાએ ભેગા થઇને નક્કી કર્યું કે આપણી પ્રજા ખૂબ સુખી છે તો રાજ્યના રક્ષણ માટે બધાને ત્યાં જઇ ફાળો કરવો. જેની જેટલી શક્તિ હોય તે ફાળામાં નોંધાવે. રાજ્યના માણસો ફાળો કરવા કૌશંબી નગરીમાં ફરવા લાગ્યા. કોઈએ એક

દિવસનો તો કોઈએ અડધા દિવસનો લડાઈનો ખર્ચો આપવા પોતાના નામ નોંધાવ્યા. ફરતા ફરતા રાજાના માણસો ધનસંચય શેઠને ઘેર ગયા. શેઠે કાગળીયું વાંચીને ફાડી નાખ્યું. ત્યારે રાજાના માણસો શેઠ ઉપર ગુસ્સે થયા. અરે, શેઠ! તમે આ શું કર્યું! આટલા દિવસથી મહેનત કરીને તૈયાર કરેલા ફાળાનું કાગળીયું ફાડી નાંખ્યું? રાજાને આ વાતની ખબર પડશે તો તમને જેલમાં પૂરી દેશે. ત્યારે શેઠ કહે છે તમે તેની ચિંતા નહિ કરો. હું તમારી સાથે મહારાજા પાસે આવું છું.

ધનસંચય શેઠ રાજા પાસે આવ્યા ને કહ્યું કે આપ હવે આ હિંસાકારી લડાઈ બંધ કરી દો. આમ ને આમ કયાં સુધી લડાઇ કરશો? તમે વિચાર કરો કે લડાઈમાં કેટલા જીવોનો કચ્ચરઘાણુ વળી ગયો, લોહીની નદીઓ વહી, હાડકાના ગંજ ખડકાયા ને સૈનિકોની લાશો રઝળે છે ને હજુ પણ આ રીતે લડાઈ લંબાશે તો કેટલા જીવોની હિંસા થશે! માટે હવે આપ દુશ્મનની સાથે શસ્ત્રોથી લડવાનું છોડીને ધનથી લડો જેની પાસે વધારે ધન હશે તેનો વિજય થશે. તમે એની સામે શરત મૂકો કે જે ધનમાં વધે તે જીતે. તમે બંને સામસામા લડો. તેમાં એ દુશ્મન રાજા લોઢાની બંદુક ને પિત્તળની ગોળી છોડે તો તમારે તેની સામે રૂપાની બંદુક ને તાંબાની ગોળી છોડવી. તે સોનાની બંદુક ને રૂપાની ગોળી છોડે તો તમે હિરાજડિત સોનાની બંદુક ને મણીથી જડેલી ગોળી છોડજો. જો એ હીરાજડિત બંદુક વાપરે તો તમે વજ્રની બંદુક ને વજ્રની રત્નજડિત ગોળીઓથી તેની સામે લડજો. ત્યારે રાજા કહે છે મારી પાસે આ રીતે લડવાની શકિત નથી. ત્યારે શેઠ કહે છે તમે શા માટે ગભરાવ છો? તમે આ રીતે બાર વર્ષ સુધી એ રાજાની સાથે લડશો તો પણ મારા ખજાનામાં ધન ખૂટે તેમ નથી. આ રાજ્યના રક્ષણ માટે મારી તમામ સંપત્તિ આપવી પડશે તો આપવા તૈયાર છું. રાજ્યના રક્ષણ માટે આપવું તે મારી ફરજ છે. ને મારો દયામય ધર્મ સાચવીને હિંસાનું તાંડવ બંધ થાય તે મારી ભાવના છે. શેઠની વાત સાંભળીને રાજાને આશ્ચર્ય સાથે આનંદ થયો. અહો ધન્ય છે કે મારા રાજ્યમાં મારી પ્રજા આટલી સુખી ને ઉદાર છે.

બંધુઓ! આ દૃષ્ટાંત ઉપરથી આપણે એ સમજવાનું છે કે આ શેઠ પાસે કેટલી સંપત્તિ હશે? મુનિએ રાજાની પાસે પોતાના પિતાની ઋદ્ધિનું વર્ણન કર્યું ને કહ્યું હે મહારાજા શ્રેણીક! મારા પિતા પાસે આટલી સંપત્તિ હોવા છતાં હું અનાથ હતો. આ ઋદ્ધિનું વર્ણન સાંભળીને મહારાજા શ્રેણીકનો અહં ઓગળી ગયો કે ઋદ્ધિમાં તો એ મારાથી ઉતરે તેમ નથી. તે બોલ્યા હે મુનિરાજ! મેં તો તમને જોઈને માન્યું હતું કે આપ કોઈ સામાન્ય વ્યકિત નથી. તમે આવા ઋદ્ધિવંત શેઠના પુત્ર હોવા છતાં અનાથ કેમ હતાં તે મને કહો. આવા સુખી હતા, શરીર પણ સારું છે. છતાં આ બધું છોડીને દીક્ષા શા માટે લીધી? તે મને કહો. હવે રાજાને એ જાણવાનો તલસાટ જાગ્યો છે. મુનિ

પોતે અનાથ કેમ હતા ને શા માટે દીક્ષા લીધી તે વાત રાજાને કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

**ચરિત્ર :– "અંજના સતીનો માતા પિતાએ કરેલો તિરસ્કાર" :–** બંધુઓ! અંજનાના કર્મે પિતાની મતિ ફેરવી નાંખી. રાજાને પ્રધાને ખૂબ સમજાવ્યો પણ તેમનું હૃદય પીગળ્યું નહિ. એનો તિરસ્કાર કર્યો ત્યારે વસંતમાલા કહે છે બહેન! અત્યારે પિતાજીને ક્રોધ આવ્યો છે તેથી આમ બોલે છે પણ પછી એમને જ પસ્તાવો થશે. ચાલ, હવે આપણે માતાના મહેલે જઈએ. આપણા માતાજીને તારા આવ્યાની ખબર નથી. તને જોઈને માતાને આનંદ થશે. અંજના કહે છે બહેન! અત્યારે મારા ગાઢ કર્મનો ઉદય છે ત્યાં જવું રહેવા દે. અત્યારે મારી જનેતા માતા પણ મારા સામું નહિ જુવે. વસંતમાલા કહે છે બહેન! પિતા સૂર્ય જેવા છે પણ માતાજી ચંદ્ર જેવા શીતળ છે. બંધુઓ! દીકરી સાસરે જાય ત્યારે એના મા–બાપ એને શિખામણ આપે છે ને કે તું સૂર્ય અને ચંદ્રની પૂજા કરજે. આંગણું ચોખ્ખું રાખજે ને અગ્નિ સાથે અડપલા કરીશ નહિ. એનો અર્થ એ છે કે તારા સસરાને સૂર્ય સમાન ગણીને અને સાસુને ચંદ્ર સમાન ગણીને પૂજા કરજે. આંગણા સમાન તારું ચારિત્ર ચોખ્ખું રાખજે ને તારા પતિની આજ્ઞામાં રહેજે. એ કહે રાત તો રાત ને દિવસ તો દિવસ. તો તું સાસરે સુખી થઈશ. બહેન! તે રીતે આપણા બા ચંદ્ર જેવા શીતળ છે. આમ વિચારી બંને માતાના મહેલના દરવાજે જઈને ઉભા રહ્યા ને ખબર આપ્યાં કે અંજના આવી છે. આ સમયે તેની માતા સોનાના રત્નજડિત હિંડોળે ઝૂલતી હતી. અંજનાને કાળા વસ્ત્રોમાં જોઈ સમજી ગઈ કે દીકરી કાળા કામ કરીને આવી છે. અરર....મારી કુંખે આવી કુલખંપણ જન્મી? એણે મારા નિર્મળ કુળને કલંકિત કર્યું? એ કુલખંપણનું મુખ મારે જોવું નથી, ને હું રાજાની પાસે જઈને મારું મોઢું કેવી રીતે બતાવું? આ કટાર લઈને મારું પેટ ચીરી નાંખું. એમ કહેતી ધરતી ઉપર ઢળી પડી. અહીં વસંતમાલા રાહ જુવે છે કે હમણાં માતાજી આવશે. પણ માતાજીનો ક્રોધાગ્નિ ભભૂકી ઉઠયો છે તેની એને ક્યાં ખબર છે? એક વખત અંજના કેવી વહાલી હતી. અત્યારે તેના સામું કોઈ જોનાર નથી.

અંજનાની સ્થિતિ અત્યારે ખૂબ દયામણી થઈ ગઈ છે. એક તો ભૂખી–તરસી છે. પાણી વિના જીભ સૂકાઈ ગઈ છે. કાળા વસ્ત્રો પણ ફાટી ગયા છે. મોઢું કરમાઈ ગયું છે ને આંખમાંથી આંસુની ધાર વહે છે પણ કોઈ તેના સામું જોતા નથી. અંજનાની માતા કાળો કલ્પાંત કરે છે ને બોલે છે કે મારા પેટે પથરો જન્મી હોત તો સારું હતું. ધોબીઆરે કપડા ધોવામાં કામ લાગત. મારી કુંખ એણે લજાવી છે. જાવ, એને કહી દો કે એનું કાળું મોઢું મને બતાવે નહિ. રાણીના શબ્દો સાંભળીને દાસીઓ દોડતી દોડતી અંજના હતી ત્યાં આવી. ગમે તેમ તો યે દાસીઓ તો રાણીની જ હોય ને!

ચોટી ચાર મલી કરી, આવી અંજના પાસ,
વચન કટુક કહ્યાં અતિ બોલી સઘળી દાસી,
સાસુ સસરાને લજાવ્યા, લજાવ્યા પિયર ને મોસાળ
વંશ વગોવણી ઉપની, તારું મુખ જોતાં લાગે છે પાપ.

ત્રણ પૈસાની તરકડા જેવી દાસીઓ આવીને અંજનાને કહે છે શું તારું કાળું મુખ લઈને ઊભી રહી છે? ચાલી જા અહીંથી. તને કૂવો-અવાડો ન મળ્યો કે અહીં તારું કાળું મોઢું લઈને આવી છું? છેવટે તારા ઘરમાં ઘાસલેટ તો હતું કે નહિ? ઘાસલેટ છાંટીને બળી મરવું હતું પણ હે પાપિણી! અહીં માતા પિતાને દુઃખી કરવા શા માટે આવી છે? તેં તો આવા કાળા કામ કરીને તારા સાસરા, પિયર અને મોસાળ એમ ત્રણે કુળ લજાવ્યાં છે. તારું કાળું મોઢું જોતાં અમને પાપ લાગે છે. માટે જલ્દી ચાલી જા. દાસીઓના ગોળી જેવા વચન સાંભળીને અંજના ધરતી ઉપર ઢળી પડી. થોડી વારે ભાનમાં આવીને રડવા લાગી કે અરેરે....મારું કોઈ નથી. મને કોઈ સત્ય હકીકત પણ પૂછતું નથી. મારી માતાએ મને મહાન કઠણ શબ્દો કહ્યા! ને દાસીઓ ફાવે તેવા શબ્દો કહે છે. આ રીતે કરૂણ સ્વરે કલ્પાંત કરે છે ત્યાં એક દાસીએ તેને ધક્કો માર્યો. એક તો ગર્ભવંતી છે. આઠમો માસ છે. આવી સ્થિતિમાં પણ કોઈ એની દયા કરતું નથી, એને ખૂબ લાગી આવ્યું. હવે તે વસંતમાલાને પણ હાડહાડ લાગી આવ્યું. અરરર....માતાજી પણ આવા કઠોરહૃદયના બની ગયા! હે કર્મરાજા! તમને કંઈ શરમ નથી! આ સતીને આવા કષ્ટ પડે છે. અંજનાને ધક્કો લાગવાથી જમીન પર પડી ગઈ છે ને મૂર્છાવશ બની છે. આગળ શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં. ૪૧

"અઠ્ઠાઇધર"

**શ્રાવણ વદ ૧૩ ને મંગળવાર** **તા. ૨-૯-૭૫**

મુક્તિનો મંગળ સંદેશ આપનાર, સુખ અને શાંતિના દૂત એવા પવિત્ર પર્યુષણ પર્વની આપણે ઘણાં દિવસથી રાહ જોતા હતા તે મંગળકારી પર્વાધિરાજની આજે પધ-રામણી થઇ ગઇ છે. આ પર્યુષણ પર્વ સર્વ પર્વોમાં શીરોમણી સમાન છે. જેમ સર્વ સમુદ્રોમાં ક્ષીર સમુદ્ર, સર્વ વ્રતોમાં બ્રહ્મચર્ય, સર્વ પર્વતોમાં મેરૂપર્વત અને સર્વ નદીઓમાં ગંગા-સિંધુ નદી શ્રેષ્ઠ છે તેમ સર્વ પર્વોમાં પર્યુષણ પર્વ શ્રેષ્ઠ છે. જગતમાં પર્વોના બે પ્રકાર છે લૌકિક અને લોકોત્તર. આ પર્યુષણ પર્વ લોકોત્તર પર્વ છે. પર્યુષણ પર્વ એ લોકોત્તર પર્વ શા માટે? આ પર્યુષણ પર્વની આરાધનામાં લોકોત્તર માર્ગની સાધના

કરવામાં આવે છે. લોકોત્તર માર્ગ એટલે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ને ઊંચામાં ઊંચો મોક્ષ માર્ગ. ત્યાં ઉંચામાં ઉંચુ સુખ રહેલું છે. જ્યારે લૌકિક પર્વની પાછળ ભૌતિક સુખની ભાવના ભારોભાર ભરી હોય છે. તેમાં કંઈક પર્વો ભયથી મનાયા છે ને કંઈક લાલસાથી મનાયા છે. નાગપંચમી, શીતળા સાતમ વિગેરે ભયના કારણે મનાય છે. સંસારની ફૂલવાડી ખીલેલી રહે ને આપણે સુખી રહિયે તે માટે ભૌતિક સુખોની લાલસાથી સધાતા પર્વો તે લૌકિક પર્વ છે. અને જે આત્માને શુદ્ધ કરી મોક્ષ માર્ગની સાધના કરાવે ને આત્મ ભાવમાં વસવાટ કરાવે તે લોકોત્તર પર્વ છે.

દેવાનુપ્રિયો ! અનંત કાળથી આત્મા કયાં વસ્યો છે? કયા સ્ટેન્ડમાં ઊભો છે? પાંચ ઇન્દ્રિયના વિષયોમાં અને તેની અનુકૂળતામાં રચ્યો પચ્યો રહી તેમાં હકક જમાવીને વસવાટ કર્યો છે. ત્યારે જ્ઞાની કહે છે કે હે આત્મા! તેં કયા હકક જમાવીને વસવાટ કર્યો છે તે શું તારું શાશ્વત સ્થાન છે? સૂયગડાયંગ સૂત્રમાં ભગવાનને કહ્યું છે કે....

**ठाणी विविहठाणाणि, चइस्संति णं संसओ ।**
**अणियत्ते अयं वासे, णायएहिं सुहीहियं ।।**

સૂય. સૂ. અ. ૯ ગાથા ૧૨

ઉત્તમ સ્થાનવાળા ઇન્દ્ર, ચક્રવર્તી વિગેરે અનેક પ્રકારના ઉત્તમ સ્થાનોમાં રહેલા તેમજ મધ્યમ અને અધમ સ્થાનોમાં રહેલા જીવો ને આજ અથવા કાલ કે પછી પલ્યો-પમ કે સાગરોપમ પછી આયુષ્ય પૂર્ણ થાય ત્યારે તે સ્થાનોનો ત્યાગ કરવો પડે છે. તેમાં લેશ માત્ર સંશય નથી. જ્ઞાતિજનો અને મિત્રજનોનો જે સહવાસ છે. તે પણ અનિત્ય છે.

આ પર્યુષણ પર્વ તમને સૂચના કરે છે કે હે ભવ્ય જીવો! તમે જેમાં વસ્યા છો તેને છોડીને આત્મામાં વસો. ને તમારા આત્માની શકિતને એક સ્થાને કેન્દ્રિત કરો. એકઠી કરેલી શકિતથી અજોડ કામ થશે. વરાળને એક ઠેકાણે કેન્દ્રિત કરવામાં આવે છે તે કેટલું કામ કરે છે? ટનના ટન વજન એક સ્થાનેથી બીજે સ્થાને લઇ જાય છે; આત્માની શકિત ભૌતિક સુખોમાં વેડફાઈ રહી છે તેને એકત્રિત કરો. આત્મામાં તેનું કેન્દ્રસ્થાન જમાવો. જો કેન્દ્ર સરકાર મજબૂત હશે તો પ્રાંતીય સરકારને પહોંચી વળશે. કેન્દ્રસરકાર કોણ? આ બધાને પહોંચી વળનાર આત્મા એ કેન્દ્ર સરકાર છે.

આજના દિવસનો મંગલ સંદેશ એ છે કે હે જીવ! તેં અજ્ઞાનને વશ થઈને અનંત કાળથી પરમાં વસવાટ કર્યો છે પણ હવે તો આત્મામાં વસવાટ કરવો છે ને? સ્વમાં વસો, પરમાંથી ખસો ને આત્માની શુભ આરાધના કરી લો, આરાધના કરનાર એક દિવસ આરાધ્ય બની જાય છે. તમે રાહ જોતાં હતાં ને કે કયારે પર્યુષણ પર્વ આવે, કયારે નિવૃત્તિ મળે ને સંતોની વાણીનો, તપ ત્યાગનો ને ધર્મારાધના કરવાનો લાભ

લઉં ? જ્યારે કંઈક જીવો એમ વિચારતા હશે કે પર્યુષણ પર્વમાં સારા સારા કપડા ને દાગીના પહેરીને ઉપાશ્રયે જઈશું. તમારા ઘરના નોકર એમ વિચારતા હશે કે આપણા શેઠ જૈન છે એટલે પર્યુષણ પર્વમાં બધા તપ-ત્યાગ આદિ કરશે ને તેઓ ઉપાશ્રયે જશે તો આપણને રજા મળશે ને આપણે હરવા-ફરવા જઈશું. બોલો આમાં તમારો નંબર ક્યાં લાગે છે ? સારા કપડા અને દાગીના પહેરી શરીરને શણગારવાથી આ પર્વ સફળ ન થાય પણ આત્મામાં સ્થિર વસવાટ કરવાથી સફળ થાય, આ પનોતું પર્વ શું સંદેશ લઈને આવ્યું છે ?

"मनो वाचो विग्रहवृत्तियो शुभा नाना विकारा पुनरेन्द्रियोसका निन्दन्ति
धर्माविमुखं बलं ततो निरुध्यतां स्तव शुभ धर्ममाचरा ।"

હે આત્મન્ ! મન, વચન અને કાયાની અશુભ પ્રવૃત્તિઓ તને ધર્મથી વિમુખ કરે છે. એવી અશુભ કાર્યવાહીનો નિરોધ કરી દે. સંતો તમને શું ઉપદેશ આપે છે ? જો તમારે સદ્ગતિમાં જવું હોય તો શુભ ધર્મનું આચરણ કરીલો. જે જીવો આવા સત્ ધર્મની આરાધના કરતા નથી તે સંસારમાં પરિભ્રમણ કરે છે. "पडन्ति नरए घोरे जे नरा पाप कारिणो ।" મનુષ્યો અશુભ પ્રવૃત્તિ કરીને પાપ-પ્રપંચોમાં રચ્યાપચ્યા રહે છે. તે મરીને નરક આદિ અશુભ ગતિના અતિથિ બને છે.

બંધુઓ ! બંધ અને મોક્ષનું કારણ મન છે. મનને તમે એવું શુધ્ધ બનાવો કે જેથી જીવનમાં સ્વર્ગ જેવું વાતાવરણ ખડુ થાય. ભાવની ઋજુતા આત્માની પરમશુદ્ધિ કરે છે. પ્રશસ્ત ભાવમાં રમણતા કરવાથી પ્રતિકૂળતા દૂર થાય છે ને સાનુકૂળતા સાંપડે છે. તમને તો સાનુકૂળતા ગમે છે ને ? પ્રતિકૂળતા ગમે ખરી ? ના. જો પ્રતિકૂળતા ગમતી નથી તો પ્રતિકૂળતા જેનાથી પ્રાપ્ત થાય છે તેવા કર્મો પણ ના બાંધવા જોઈએ. આ મારાથી કેમ વધારે ધનવાન બની ગયો ? એવા ઈર્ષ્યાના ભાવ મનમાં લાવશો નહિ. પણ તમારા મનના ભાવ મનોહર સર્જો. પવિત્ર મન કર્મના બંધનો તોડાવે ને અપવિત્ર મન કર્મ બંધન કરાવે છે. જેનું તન સંયમમાં હતું ને મન યુધ્ધમાં હતું તેવા પ્રસન્નચંદ્ર રાજર્ષિએ મન દ્વારા નરકમાં જવાને યોગ્ય કર્મોના દળીયા ભેગા કર્યા ને પાછું મન સવળા માર્ગે વળ્યું તો તે કર્મોને વિખેરી નાંખ્યા. ને ઘાતી કર્મોની બેડી તોડીને કેવળ જ્ઞાન પામી ગયા.

આ પવિત્ર પર્યુષણ પર્વના દિવસોમાં સંતો પાસેથી તમને એ સંદેશ મળે છે કે મન, વાણી અને કાયા દ્વારા કોઈના દિલને દુભાવશો નહિ. જેની વાણીમાં મધુરતા હોય, તેના દિલમાં અનુકંપા હોય ને વાણીમાં અમૃતરસ ઝરતો હોય. આ જીભ તમને શા માટે મળી છે ?

**આ જીભ મળી છે કોમળ, મીઠું મધુરું બોલવા,**
**કડવા બોલીને કોઇના (૨) દિલડા દુભાવશો મા....મોંઘેરું આ....**

આ જીભ શુભ નામ-કર્મના ઉદયથી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કરવાથી મળી છે. તે મધુર ભાષા બોલવા માટે છે પણ કડવા વેણુ બોલીને કોઈના દિલ દુભાવવા માટે નહિ. બીજી વાત એ છે કે આપણી જીભ કોમળ છે. શરીરના બધા અંગોપાંગમાં હાડકા છે પણ જીભમાં હાડકું નથી. પણ તમે તો એમ બોલો છો ને કે ચામડાની જીભ છે તો બોલાઈ જાય. પણ કઠોર વચન જીભથી ના બોલવા જોઈએ. કુદરતને પણ કઠોરતા ગમતી નથી એટલે જીભમાં કઠોર હાડકા મૂકયા નથી. માટે મન-વચન-કાયાથી શુભ પ્રવૃત્તિનું આચરણ કરો. બીજા દિવસોમાં કદાચ અશુભ પ્રવૃત્તિ કરી પણ આ પવિત્ર દિવસોમાં તો શુભ પ્રવૃત્તિ કરો. મનથી કોઈનું બૂરું ચિંતવવું નહિ, વચનથી કોઈના અવર્ણવાદ બોલવા નહિ ને કોઈની માલિકી લૂંટી લેવા માટે કાયાને દુષ્ટ ભાવમાં પ્રવર્તાવવી નહિ.

શુભ પ્રવૃત્તિના આચરણથી જેના જીવનમાં ધર્મ પ્રગટ થયો છે તેના દિલમાં દાન, શીયળ, તપ અને ભાવના આ ચાર વસ્તુઓ હોય છે. અને એમ વિચારે છે કે મારી સંપત્તિ ને સુખ એ મારા એક માટે નહિ પણ મારા બીજા ધર્મી ભાઈઓ માટે છે. માટે જીવન જરૂરિયાત પૂરતી સંપત્તિ મળી જાય પછી વધારે પરિગ્રહ શું કરવો છે? એમ સમજીને પોતાની સંપત્તિ દાનમાં વાપરે છે. દાન શા માટે કરો છો? પુણ્યની પ્રચૂરતાને કારણે જે લક્ષ્મી મળી છે તેનો સત્કાર્યોમાં સદુપયોગ નહિ કરો તો બિચારી તિજોરીમાં મૂંઝાઇ જશે. ને તમારી પાસેથી છૂટયા પછી પાછી આવશે નહિ.

વીરા! તમારા વાળ અને નખ વધે તો શું કરો છો? રહેવા દો કે કાઢી નાંખો? ન કાઢો તો શું થાય? બોલો ને? વાળ કે નખ વધે તો કાઢી નાંખો છો. ન કાઢવામાં આવે તો પુરૂષોને શોભે નહિ ને નખ ન કાઢવામાં આવે તો આરોગ્યને હાનિ પહોંચાડે તેમ વધેલી લક્ષ્મીને પણ કાઢવી જોઇએ. પણ અત્યારે તો અમારા ભાઈઓ વાળ અને નખ વધારે છે ને બહેનો વાળ કપાવે છે. શું તમારી વાત કરવી? એક કવિએ કહ્યું છે કે

**"પાણી બાઢયો નાવમેં, ઘર મેં બાઢયો દામ,**
**દોનોં હાથ ઉલેચીયે, યહી સચ્ચાનો કામ"**

કોઇ એક યુવાન અને યુવતિ એક દિવસ નૌકા વિહાર કરવા માટે નદી કિનારે ગયા. એક ખારવો હોડી ચલાવતો હતો. એની હોડી ખૂબ જુની થઇ ગઇ હતી. એના રંગ-રોગાન ઉખડી ગયા હતા. એના તળીયે એક કાણું પડેલું. આ બંને હોડીમાં બેઠા. અડધો પોણો માઇલ દૂર ગયા ત્યાં નૌકામાં ધીમે ધીમે પાણી ભરાવા લાગ્યું ને નીચે ઉતરવા લાગી ત્યારે પેલો ખલાસી કહે છે સાહેબ! પાણી ઉલેચવા લાગો નહિતર

આપણે ત્રણે જણા ડૂબી જઈશું. બન્ને માણસ ફેશનેબલ હતા. પણ ડૂબવાનો ભય લાગ્યો એટલે બન્ને માણસો ખોબે ને ખોબે પાણી ઉલેચાવવા લાગ્યા. તે સમયે એવો વિચાર ન કર્યો કે અમે કોણ? અમે આવા શ્રીમંત થઈને શું પાણી ઉલેચીએ? અમારા ભારે મૂલા કપડાં બગડી જશે. એની દરકાર ન કરી પણ ડૂબી ન જવાય તેવા ભયથી ખૂબ મહેનત કરીને ખોબે ને ખોબે પાણી ઉલેચ્યું. આ રીતે જ્ઞાની તમને કહે છે જો તમારી પાસે સંપત્તિરૂપી પાણી તમારા ઘરરૂપી નૌકામાં ભરાયું હોય તો બે હાથે એને ઉલેચવા માંડો. તે ચતુર મનુષ્યનું કામ છે.

ઠાણાંગ સૂત્રમાં પણ ભગવંતે કહ્યું છે કે જીવને પુન્નાઈના કારણે ધન મળ્યું છે. તેની આસક્તિ ના છોડે અને મમતાથી ભેગું કર્યા કરે તે જીવ મરીને દુર્ગતિમાં જાય છે અને તેની મર્યાદા કરે તો હળવો બની ઉર્ધ્વલોકમાં જાય છે. ઉંચે ઉડ્ડયન કરવા માટે હળવા બનવાની જરૂર છે. તમારે પ્લેનમાં જવું હોય છે તો વજન કેટલું ઓછું રાખો છો? કપડાં ભાતુ દરેક ચીજો વજનનાં હળવી હોય તે સાથે રાખો છો ને? આ દ્રવ્ય ઉડ્ડયન છે પણ આત્માને મોક્ષમાં લઈ જવો હોય તો કેટલા હળવું બનવું જોઈએ તેનો વિચાર કરો.

બંધુઓ! આ પવિત્ર પર્યુષણ પર્વ એટલે શું? પર્યુષણ એટલે પ્રેમની સરિતા. નદીમાં કોઈ ગમે તેવા મળ-મૂત્ર નાંખે તો પણ એનું પાણી સ્વચ્છ ને શીતળ રહે છે. તે રીતે હૃદય પવિત્ર અને સ્વચ્છ બનાવો. પર્યુષણ આપણા અંતરની ગુફામાં રહેલા અજ્ઞાનના ગાઢ અંધકારને દૂર કરવામાં સૂર્ય સમાન છે. તો હવે આપણા અંતરમાં રહેલો અજ્ઞાનનો અંધકાર ઉલેચાઈ જવો જોઈએ, જ્યાં મિથ્યાત્વનો અંધકાર નષ્ટ થાય છે ત્યાં સમ્યક્ત્વનો સૂર્ય પ્રગટ થાય છે. સમ્યક્ત્વ વિના મોક્ષ નથી. જ્યાં ચારિત્ર છે ત્યાં સમ્યક્ત્વ નિયમા છે પણ જ્યાં સમ્યક્ત્વ હોય છે ત્યાં ચારિત્ર નિયમા નથી પણ તેની ભજના છે. કારણ કે જેટલા જીવો સમ્યક્ત્વ પામે છે તે બધા કંઈ દીક્ષા લઈ લેતા નથી. સમકિત દૃષ્ટિ જીવ ચારિત્ર મોહનીય કર્મના ઉદયથી સંસારમાં રહેવું પડે તો રહે પણ તેને સંસારની રૂચિ ના હોય. જેમ કોઈ માણસને તાવ આવ્યો હોય ત્યારે તેને સારામાં સારા સ્વાદિષ્ટ ભોજન પણ કડવા લાગે છે. તેને ખાવાની રૂચિ હોતી નથી. તેમ સમકિતી જીવને પણ સંસારના સુખો બધા કડવા ઝેર જેવા લાગે છે. સંસારમાં રહેવું પડયું છે એટલે સંસારના બધા કામ કરવા પડે છે પણ તેમાં એને બિલકુલ રસ કે આનંદ નથી હોતો, એને તો આત્માના સુખમાં આનંદ આવે છે.

બંધુઓ! આત્મજ્ઞાન વિના ચિત્ત સંદેહ રહિત બનતું નથી. ને આત્માની પ્રતીતિ વિના આત્મા તરફ નિશ્ચિત શ્રદ્ધાયુક્ત પ્રયાણ થતું નથી. આત્માનુભવ વગર અખંડ ચેતન સત્તાની અનુભૂતિ થતી નથી. આત્મજ્ઞાનથી આત્મપ્રતીતિ અને આત્મપ્રતીતિથી

આત્માનુભવ થાય છે. એટલે જ્ઞાન દ્વારા તત્ત્વનું સ્વરૂપ સમજાય છે. આત્મતત્ત્વની જેને પીછાણ થઇ છે તેવા જીવોને આત્મતત્ત્વની ભૂખ વધતી જાય છે. તમને શેની ભૂખ છે?

શુકદેવજીને આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની ઝંખના થઈ. એ જ્યાં જાય ત્યાં આત્મજ્ઞાન માટે ફાંફા મારે. એમના પિતાજી પણ ખૂબ જ્ઞાની હતા. એમણે પિતાજીને કહ્યું–મારે આત્મજ્ઞાન મેળવવું છે. ત્યારે એમના પિતા કહે છે જો તારે સાચું આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો તું જનક વિદેહી પાસે જા. શુકદેવજી વિચાર કરવા લાગ્યા કે મારો બાપ આવો મોટો અવધૂત ને જ્ઞાની છે છતાં મને જનકવિદેહી પાસે શા માટે મોકલે છે? તે પિતાને પૂછે છે કે આપનામાં આટલું બધું જ્ઞાન છે છતાં મને ત્યાં કેમ મોકલો છો? ત્યારે કહે છે બેટા? એમની પાસે જેટલું આત્મજ્ઞાન છે તેટલું મારી પાસે નથી.

દેવાનુપ્રિયો? આવું માન છૂટવું તે સહેલ વાત નથી. આવું કોણ કહી શકે? અંતરમાંથી અહંકાર નીકળી ગયો હોય તે. અંતરમાં અહંકાર ભર્યો હોય તે પોતાની વાત ખોટી હોય છતાં પોતે પકડેલું નાડું છોડી શકતો નથી. શુકદેવજીને આત્મજ્ઞાનની લગની લાગી. પિતાજીની આજ્ઞા થવાથી આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે જનક વિદેહી પાસે જવા નીકળ્યા. ચાલતાં ચાલતાં બે મહિને મિથિલા નગરીમાં પહોંચ્યા. નગરના લોકોને પૂછે છે કે જનક વિદેહી ક્યાં રહે છે? એને એ ખબર ન હતી કે જનક વિદેહી કોણ છે? લોકો કહે છે અહીંથી સીધા ચાલ્યા જાવ. એક દરબારગઢ આવશે ત્યાં જનક વિદેહી રહે છે. ત્યારે શુકદેવજીના મનમાં શંકા થઈ કે શું આવા મહાન આત્મજ્ઞાની રાજમહેલમાં રહેતા હશે? રાજમહેલમાં તો ભોગી રહે ને આ તો ત્યાગી હશે ને? એ તો પિતાજીની આજ્ઞા માથે ચઢાવીને આવ્યા છે. એટલે શોધતા શોધતા રાજમહેલ પાસે પહોંચી ગયા. મહેલના દરવાજા પાસે જઇને પટાવાળાને પૂછે છે ભાઈ! જનક વિદેહી ક્યાં છે? તો કહે એ તો મહેલમાં છે. શુકદેવજી કહે છે મારે એમને મળવું છે. પટ-વાળો કહે તમે ઉભા રહો. હું એમને પૂછી જોઉં. પટાવાળો કહે છે મહારાજા! એક માણસ આવ્યો છે તેને આપના દર્શન કરવા છે. ત્યારે જનક વિદેહી કહે છે જો એને દર્શન કરવા હોય તો ત્રણ દિવસ એ જ્યાં ઉભો છે ત્યાં ઉભો રહે. પછી દર્શન થશે.

શુકદેવજી તો ખૂબ આશ્ચર્યમાં પડી ગયા કે અહો! આવો મોટો રંગમહેલ છે. જ્યાં ભોગની સામગ્રી ભરપૂર ભરી છે ત્યાં આત્મજ્ઞાની પુરૂષ કઈ રીતે રહી શકે? હું તો માનતો હતો કે એ જંગલમાં રહેતા હશે? મારા પિતાજી પણ મહાજ્ઞાની અવધૂત છે છતાં મને અહીં મોકલ્યો છે. પણ અહીં તો એવું કંઈ દેખાતું નથી. પણ પિતાજીની આજ્ઞા છે, મારે એમની પાસેથી આત્મજ્ઞાન મેળવવું છે તો એ જેમ કહે તેમ કરવું પડશે. શુકદેવજી ત્રણ દિવસ સુધી ત્યાં ઊભા રહ્યા. કેમ કે તેમને આત્મજ્ઞાન મેળવવાની લગની લાગી છે.

છેવટે ચોથે દિવસે જનક વિદેહીએ શુકદેવજીને મહેલમાં બોલાવ્યા. અંદર જઈને તેમણે જોયું તો જનક રાજા સોનાના રત્નજડિત સિંહાસન ઉપર બેઠા હતા ને તેમની સૌંદર્યવાન યુવાન રાણીઓ તેમની ચારે બાજુ ઘેરાઈ વળી હતી. કોઈ નૃત્ય કરતી હતી. કોઈ પંખો વીંઝતી હતી. તો કોઈ પગ દાબતી હતી. આ ઉપરથી જોનારને તો એમ લાગે કે રાજા ભોગ વિલાસમાં આસક્ત છે. આ બધું જોઈને શુકદેવજીને મનમાં જનકવિદેહી પ્રત્યે ઘૃણા ઉત્પન્ન થઈ. ને મનમાં વિચાર કરવા લાગ્યા કે મારા પિતાજીએ મને અહીં ભોગ વિલાસના ભવનમાં ક્યાં મોકલ્યો ? જો આ જનકવિદેહી આત્મજ્ઞાની હોય તો આવા ભોગ વિલાસમાં કેમ રહી શકે ? મારા પિતા કેવા ભોળા છે કે આ ભોગ વિલાસમાં રહેવા છતાં એને જ્ઞાની માને છે ! શુકદેવજીના મનના ભાવ એના મુખ ઉપર તરી વળ્યા. ચહેરો એ મસ્તક અને હૃદયનું પ્રતિબિંબ છે. જનક વિદેહી શુકદેવજીના મનના ભાવ તેનું મુખ જોઈને સમજી ગયા. એટલે તેની શંકા દૂર કરવા અને સાચું આત્મજ્ઞાન પ્રાપ્ત કરાવવા માટે કંઈક કહેવા જતા હતા ત્યાં રાજાના માણસોએ દોડતા આવીને સમાચાર આપ્યા કે મહારાજા ! આપણી નગરીમાં ભયંકર આગ લાગી છે કદાચ તે રાજમહેલ સુધી પણ પહોંચી જશે. આ વાત શુકદેવજીએ જ્યાં સાંભળી ત્યાં તેને વિચાર આવ્યો કે મારું કમંડળ અને દંડ તો મેં બહાર મૂક્યા છે. કદાચ એ બળી જશે તો ? એમ વિચાર કરીને બહાર લેવા જાય છે ત્યાં શુકદેવના કાને શબ્દો પડ્યા.

अनन्तश्चास्ति मे वित्तं, मन्ये नास्ति हि किंचन ।
मिथिलायां प्रदग्धायां, न मे दह्यति किञ्चन ।।

મારું આત્મિક ધન અનંત છે. તેનો અંત કદાપિ થઈ શકતો નથી. આ મિથિલા નગરી બળતાં મારું કંઈ બળતું નથી. રાજા જનકના આ વચન સાંભળીને શુકદેવજીને બોધ થઈ ગયો કે ખરેખર, જનક વિદેહી સાચા જ્ઞાની છે. એ સંસારમાં રહે છે છતાં સંસારિક પદાર્થો પ્રત્યે બિલકુલ અનાસક્ત ભાવથી રહે છે. આવા જ્ઞાની મોક્ષની પ્રાપ્તિ કરી શકે છે. શુકદેવજીના દિલમાં થઈ ગયું કે જે રાજા પોતાની નગરી બળી જવા છતાં પણ વ્યગ્ર ન થયા ત્યારે હું તો દંડ અને કમંડળ બળી જશે એ વિચારથી લેવા દોડ્યો મને જેટલી આસક્તિ છે તેટલી પણ એમને નથી. હવે જનક વિદેહીને ઉપદેશ દેવાની જરૂર ન હતી. આપ મેળે આત્મજ્ઞાન થઈ ગયું જ્યાં સુધી સાચું અને સત્ય ના ઓળખાય ત્યાં સુધી જીવ પરને સ્વ માને છે પણ સમજણ આવે ત્યારે પળવારમાં સ્વમાં ટકી જાય છે. પછી ગમે તેવી કસોટી આવે છતાં શ્રદ્ધાથી ડગતા નથી.

ધર્મ રૂપી બગીચામાં એક રાજા બેઠા હતા. ત્યારે એમને ધ્યાનમાંથી ચલિત કરવા એક માણસ આવ્યો, ને એમને કહેવા લાગ્યો કે તમારી નગરીમાં આગ લાગી છે. ત્યારે રાજાએ તેને જવાબ આપ્યો કે મારી નગરી તો અંદર છે ને એ તો શીતળ ને

શાંત છે. એને વળી આગ કેવી ? બીજી વખત માણસે આવીને તેને સમાચાર આપ્યા કે તમારા ખજાના લૂંટાઈ ગયા છે. રાજાએ ફરીવાર ઉત્તર આપ્યો કે મારા અંદરના ખજાના સલામત ને ધનથી ભરપૂર છે. ત્રીજીવાર માણસે કહ્યું કે ઉઠો ! શત્રુઓ ચઢી આવ્યા છે. રાજાએ ઠંડે કલેજે કહ્યું હું તો અજાત શત્રુ છું. મારો કોઈ દુશ્મન નથી. તો મારા ઉપર ચઢાઈ કોણ કરવાનો છે? આ રીતે રાજા કોઈનાથી પણ ચલિત થયા નહિ. કારણકે તે સાચી શ્રદ્ધા રૂપી ધર્મના બગીચામાં બેઠેલા હતા. પેલા ડગાવવા આવનાર છેવટે થાકયા પણ રાજાને ચલિત કરી શકયા નહિ.

આવી રીતે આપણા ભગવાન મહાવીર સ્વામીને તેમના ધ્યાનથી ચલાયમાન કરવા ઘણા દૈવિક, તથા માનુષિક ઉપસર્ગો આવેલા પણ તેઓ પોતાની સાધનામાં અડગ રહ્યા. એમણે શત્રુને મિત્ર માન્યા ને વૈરીને વહાલા ગણ્યા. સદાય ક્ષમા ગુણમાં રમણતા કરી. વીતરાગ માર્ગ રૂપી ધર્મના બગીચામાં સદાય શાંતિ હોય છે. કોઈ તમારું બગાડવા આવે તો બગાડી શકે નહિ એવું ત્યાં વાતાવરણ હોય છે. જો તમારા પુણ્યનો સિતારો ઝગમગતો હોયતો તમારો વાળ વાંકો કરવાની કોઈનામાં તાકાત નથી. અહીં એક ખેડૂતનું દૃષ્ટાંત યાદ આવે છે.

એક ખેડૂત એક વખત ખેતરમાં જતો હતો. ત્યારે એક ડોશીને રસ્તામાં પડેલી જોઈ. ખેડૂત સ્વભાવથી ખૂબ દયાળુ ને સેવાભાવી હતો. એણે ડોશીને બેઠા કર્યા, પાણી પીવડાવ્યું ને તેમની સેવા કરી. આ ડોશીમાને શાંતી વળી એટલે બેઠા થયા ને ખેડૂત ઉપર પ્રસન્ન થઈને આશીર્વાદ આપ્યા. દિકરા ! તું તો મારા દીકરાથી પણ ચઢી ગયો. તેં મારી ખૂબ સેવા કરી છે તો લે આ મારી વીંટીમાં એવું જાદુ છે કે એને પહેરીને જે ઈચ્છા કરીશ તે એક વાર તને મળી જશે.

આ ગરીબ ખેડૂત તો રાજી રાજી થઈ ગયો. ને ઘેર જઈને તેની પત્નીને બધી વાત કરી. તેની બાજુમાં એક સોનીનું ઘર હતું. એ સોની આ વાત સાંભળી ગયો. દિવાલે કાન દઈને સાંભળતા સોનીના મનમા થયું કે આવી વીંટી સારી. હું કોઈ પણ રીતે આ વીંટી પડાવી લઉં તો ન્યાલ થઈ જઈશ. એણે ધીમે ધીમે ખેડૂત સાથે સબંધ વધાર્યો. તેને ઘેર જાય, બેસે - ઉઠે. એમ કરતા વાતવાતમાં વીંટીની વાત ઉપાડી. ખેડૂતે એને ભોળા ભાવે વીંટી બતાવી. સોનીએ સરસ ધોઈને પોલીસ કરી આપવાના બહાને વીંટી લઈ લીધી ને તેના બદલે ખોટી વીંટી પટેલને આપી દીધી.

બંધુઓ ! માણસ માને કે હું આનું પડાવીને સુખી થઈ જાઉં પણ એમ બનતું નથી જેનું પુણ્ય હોય તેને બદલો મળે છે. બીજાનું બગાડવા જતાં પહેલા પોતાનું બગાડે છે. પણ જો પુણ્ય ખલાસ થયું હોય તો વાત જુદી છે. તો એને કોઈ અટકાવી શકતું નથી. આ પટેલનું પુણ્ય પ્રકાશતું હતું. જેમ કટાઈ ગયેલા વાસણને આંબલી

ઘસાય તેમ વાસણ વધારે ઉજળું થાય. આંબલી ઘસાતી જાય છે તેમ ઉજ્જવળતા આવતી જાય છે. તે રીતે સારા માણસો પોતાના કર્મો સિવાય બીજા કોઈને દોષ દેતા નથી એટલે તે વિપત્તિના ઘસારામાં પણ ઉજ્જવળ બનતા જાય છે.

આ પટેલ તો ભોળો હતો. તમારા જેવો પેક ન હતો. એટલે તેણે ભોળાભાવે વીંટી આપી દીધી. હવે સોનીભાઈ તો વિચાર કરવા લાગ્યા કે આપણને સારો લાભ થશે. એક વાર માંગવાનું છે તો ઓછું શા માટે માંગવું? હું જે માંગીશ એ તો મળવાનું છે. એમાં શંકા નથી. હવે સોની શું માંગે? એને તો સોનું જ પ્રિય હોય ને? એટલે એણે અડધી રાત્રે ઉઠીને સોનૈયા માંગવાનું નકકી કર્યું. બરાબર મધ્ય રાત્રે પથારીમાંથી બેઠો થયો ને એણે માગ્યું કે "મારું ઘર આખું સોનાથી ભરાઈ જાય તેટલું સોનું વરસી જાય." ત્યાં તો સોનું વરસવા લાગ્યું. સોનાની પાટો ને પાટો ધડાધડ કરતી સોનીના ઘર ઉપર પડવા લાગી. સોનીનું આખું કુટુંબ સોના નીચે દટાઈ ગયું ને બધા સાફ થઈ ગયા. બંધુઓ! જુઓ, પરનું બૂરું કરવા જતાં પહેલાં પોતાનું બૂરું થઈ જાય છે.

**પરનું બૂરું કરતા પહેલાં પોતાનું થઈ જાય–ખરેખર એ કુદરતનો ન્યાય (૨)**
**ખાડો ખોદે તે જ પડે છે, રડાવનારો પોતે રડે છે,**
**અભિમાનમાં નાના મોટાનું પલમાં હણાઈ જાય....ખરેખર એ કુદરતનો ન્યાય....**

સોની ખેડૂતની વીંટી પચાવી પાડવા ગયો તો એનું કુટુંબ સાફ થઈ ગયું. પેલો ખેડૂત આ અવાજ સાંભળીને જાગી ગયો, ને જોયું તો સોનાની ઈંટો ધડાધડ પડતી હતી. ખેડૂત એક ક્ષણમાં સમજી ગયો કે આ પેલી વીંટીનો આ પ્રતાપ લાગે છે. ચતુર પટલાણી પણ સમજી ગઈ કે આ તો અમારી વીંટી બદલી લીધી તે વીંટીનો આ પ્રભાવ છે. બધી પાટો પડી ગયા પછી દેવવાણી થઈ કે હે ખેડૂત! એ વીંટી તારી હતી તો આ સુવર્ણ પણ તારા ભાગ્યનું છે. તું એ બધું લઈ લે. એટલે પટેલે બધું સોનું પોતાના ઘરમાં ભરી દીધું. જુઓ, પુણ્યના સૂર્યને કોઈ ઢાંકી શકે છે? ડોશીમા કોઈ માનવી ન હતી પણ દેવી હતી. ભકિત અને સેવાની પરીક્ષા કર્યા બાદ તે ખેડૂત પર પ્રસન્ન થઈ હતી. માનવી પાપ કરીને સુખી થવા જાય તો સુખને બદલે દુઃખ મળે છે. માટે આવી માયા કપટ કયારે પણ ના કરવી. આપણા શુભાશુભ કર્મો પ્રમાણે સુખ દુઃખ ભોગવવાના છે.

સરોવર આખું પાણીથી છલોછલ ભરેલું હોય પણ તમારું પાત્ર જેટલા પ્રમાણનું હોય તેટલા પ્રમાણમાં પાણી તમારી પાસે આવી શકશે અને તેટલું તમે પી શકશો. વધારે નહિ. માટે જ્ઞાની કહે છે કે આરંભ–પરિગ્રહ ઓછો કરો. જે તમને મળવાનું છે તે તમારી સામે આવીને ખડું રહેશે. ધનની રક્ષા કરતા આત્માની રક્ષા મહત્વની વસ્તુ છે.

વસ્તુઓ અશાશ્વત છે. આત્મા શાશ્વત છે. માટે શાશ્વત આત્માની રક્ષા કરવા ઇચ્છતા સાધકે કષાયોને ઉપશાંત કરીને અરતિ તરફ પીઠ ફેરવી અંતરના ધર્મ રૂપી બગીચામાં સદા વિચરવું. ટૂંકમાં આ મહાન પર્યુષણ પર્વમાં બને તેટલો પરનો રાગ છૂટે, આત્માની લગની લાગે તો કામ થઇ જાય. સમય થઈ ગયો છે. વધુ ભાવ અવસરે.

☆

## વ્યાખ્યાન નં.-૪૨

## પર્વાધિરાજનું સ્વાગત

**શ્રાવણ વદ ૧૪ ને બુધવાર** **તા. ૩-૯-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો !

આપણા આધ્યાત્મિક પર્યુષણ પર્વની મંગલ શરૂઆત થઇ ગઇ છે. પર્યુષણ પર્વનો આજે બીજો દિવસ છે. ભગવાન મહાવીર સ્વામીના શ્રમણોપાસકો પર્વની આરાધના કરવા ઉપસ્થિત થયા છે. પર્યુષણ પર્વ સર્વ પર્વોમાં શ્રેષ્ઠ છે. શા માટે? તેની વિચારણા કરતા મહાન જ્ઞાની આચાર્યો કહે છે કે આ પર્વની રચના આધ્યાત્મિક સંસ્કૃતિના પાયા ઉપર છે. તેનો મુખ્ય ઉદ્દેશ આત્મશુદ્ધિનો છે. આત્માની શુદ્ધિના ઉપાયો જે પર્વમાં આચરવામાં આવે છે તે આધ્યાત્મિક પર્વ છે. આજ સુધીમાં જે આત્માની કમાણી નથી કરી તે કરવાનું આ પર્વ છે. આપણે કમાણી કરવા માટે અહીં આવ્યા છીએ. તમે વહેપાર કરો છો તેમાં નફાની આશા રાખો છો ને? તમને ખોટ જાય તે ગમે છે? "ના". છતાં કદાચ ખોટ જાય તો તે ખોટ બહુ મોટી નથી. પણ માનવભવ પ્રાપ્ત કરીને આત્મ કલ્યાણ થાય તેવી સાધના ના કરી તો તે મોટી ખોટ છે. જે ખોટ બીજા કોઇ ભવમાં પૂરી થવી અશકય છે.

બંધુઓ ! આ માનવ જીવનની એકેક ક્ષણ તમારા હીરાથી પણ કિંમતી છે. તે વારંવાર મળી શકતી નથી. એક કવિએ પણ કહ્યું છે કે:-

**ગયેલી સંપત સાંપડે, ગયા વળે છે વહાણ,**
**ગત અવસર આવે નહિ, ગયા ન આવે પ્રાણ.**

એક વખત તમારી ગયેલી સંપત્તિ પુણ્યનો ઉદય થશે તો પાછી મળશે. કોઇ વહેપારીના વહાણ દરિયામાં ગુમ થઇ ગયા હશે તો તે પણ પુણ્યનો ઉદય હશે તો પાછા મળી જશે. પણ જીવનમાંથી જે સમય જાય છે તે ફરીને પાછો આવતો નથી. તેમ આ પર્યુષણ પર્વ એક વર્ષે એકવાર આવે છે. માટે આ પવિત્ર દિવસોમાં આત્માની શુદ્ધિ થાય, આત્માનું કલ્યાણ થાય ને આત્માનો વિકાસ થાય તેવી ઉચ્ચ સાધના કરી લો. દિવાળી આવે ત્યારે તમે ચોપડા તપાસીને સરવૈયું કાઢો છો કે કેટલો વહેપાર કર્યો,

કેટલો નફો થયો અથવા કેટલું નુકશાન થયું! તેમ આ આધ્યાત્મિક પર્વમાં મારૂં સારૂં આધ્યાત્મિક જીવન કેવું ગયું? મેં વ્યવહારમાં ન્યાય-નીતિ અને પ્રમાણિકતાનું પાલન કેટલું કર્યું? અને અન્યાય, અનીતિ, દગા-પ્રપંચ કેટલા કર્યા? તે આધ્યાત્મિક ખોટ અને લોભનુ સરવૈયું કાઢવા માટે આ દિવસો છે. આ પર્વમાં આધ્યાત્મિક વિચારણા કરવાથી આત્મા પાવન બને છે. જે જીવો નથી જાગ્યા તે હવે જાગો.

**એક પળ ગઇ તો ભલે ગઈ પણ બીજી સુધારી લેજો,**
**બીજી પળમાં શું કરવું તે આજે વિચારી લેજો.**

જાગ્યા ત્યારથી સવાર; સમજીને શુ કરવું છે તેની વિચારણા કરી લેજો. ભવ ભ્રમણમાંથી છૂટકારો મેળવવાની ભાવના થતી હોય તો આ પર્વના દિવસોમાં આરાધના કરવા માટે કટિબદ્ધ બનો. પર્વ કઇ રીતે ઉજવી શકાય? ભોગવિલાસ અને મોજશોખથી નહિ પણ દાન-શીયળ-તપ અને ભાવ એ ચારની આરાધના કરવાથી ઉજવી શકાય.

આજે ઉપાશ્રયના હોલમાં પગ મૂકવાની જગ્યા નથી. આટલી મોટી સંખ્યામાં બધા ભેગા થયા છો તો ખૂબ શાંતિથી સાંભળો. શિસ્તનું બરાબર પાલન કરો. જે શાંતિપૂર્વક વીતરાગની વાણી સાંભળે છે તે સાચો શ્રોતા છે. પોતે પણ સાંભળે ને બીજાને સાંભળવા દે. જુઓ, બકરીને તરસ લાગે છે ત્યારે તે કેવી રીતે પાણી પીએ છે તે તમે જાણો છો? પોતાના બે પગ જમીન ઉપર વાળીને એવી ખાસિયતથી તળાવમાં મુખ નાંખે છે કે પાણી ડહોળું થાય નહિ. પોતે ડહોળું પાણી પીવે નહિ ને બીજાને પણ પીવડાવે નહિ. પાડો પોતાનું આખું શરીર તળાવમાં નાંખે એટલે અંદરથી કચરો ઉખડે ને પાણી ડહોળું થઇ જાય. તે પોતે એવું ડહોળું પાણી પીવે ને બીજાને પીવડાવે. બોલો, હવે તમારે કોના જેવું બનવું છે? બકરી જેવા ને! તમને તૃષા લાગી છે તો વીતરાગ વાણીના સરોવરમાંથી તત્ત્વજ્ઞાન રૂપી પાણી પીવા આવ્યા છો. તો તમે બરાબર શિસ્તનું પાલન કરો. કારણકે જે રોજ નથી આવતાં તે પર્વના દિવસમાં આવે છે. એવા જીવો જો કંઇક સાંભળે તો એમના જીવનનું પરિવર્તન થાય.

આ પર્વના દિવસો આત્માને જાગૃત કરવા આવે છે. જયારે તમારે વહેલા જાગવું હોય ત્યારે ઘડિયાળના ડબ્બાને એલાર્મ મૂકીને સૂઇ જાવ છો. જેટલા વાગ્યાનું એલાર્મ મૂકયું હોય તેટલા વાગે ઘંટડી વાગે છે ને તમને ઊંઘમાંથી જાગૃત કરે છે. કે હવે જાગો સમય થયો છે. તેવી રીતે આપણે ત્યાં પણ પર્વના દિવસો એલાર્મની ઘંટડીની જેમ જીવને જગાડે છે. મહીનાના ઘરને દિવસે એલાર્મ વાગ્યું કે હવે જાગો. આજથી ત્રીસમે દિવસે સંવત્સરી મહાન પર્વ આવે છે. પંદરના ઘરને દિવસે બીજું એલાર્મ વાગ્યું. તે દિવસે ન જાગ્યા તો ગઇ કાલે અઠ્ઠાઇઘરના દિવસે ત્રીજુ એલાર્મ વાગ્યું. તો પણ ન જાગ્યા તો પરમ દિવસે કલ્પધરને દિવસે ચોથું ને છેલ્લું તેલાધરના દિવસે પાંચમું

એલાર્મ વાગશે. ને તમને જગાડશે કે હવે તો જાગો ! ક્યાં સુધી ઊંઘશો ? જાગવાના સમયે નહિ જાગો તો ક્યારે જાગશો ?

**જાગો જાગો રે ઓ માનવી ભૈયા, કિનારે આવી છે માનવ દેહની નૈયા.**
**ઘોર દુઃખોને સહી સહીને જિંદગી વીતી, જીવન સુધારવાને આચરો નીતિ.**
**ભવની પરંપરા કાપજે ભૈયા ....કિનારે આવી છે માનવ દેહની નૈયા.**

હે માનવ ! આ ચતુર્ગતિની ચોપાટમાં ક્યાં સુધી ચક્કર લગાવીશ ? તમે ચોપાટ રમો છો તેમાં પાસા ચાર ખાનામાં રહે છે. એક ખાનામાંથી બીજામાં ને બીજામાંથી ત્રીજામાં ને ચોથામાં જાય છે. જ્યાં સુધી એ પાસા ચોપાટના પાંખીયા વચ્ચે રહે છે ને પોતાના ઘરમાં નથી આવતા ત્યાં સુધી ફરવું પડે છે. તેમ મહાન પુરુષો કહે છે કે હે જીવ ! એક વાર તું સ્થિર થઈ જા. તો ચારે ગતિની ચોપાટમાં તારે ફરવું નહિ પડે. ચારે ગતિને વટાવી પંચમ ગતિને પ્રાપ્ત કરવા પ્રબળ પુરૂષાર્થ કરો કે જેથી ચોપાટના પાસાની જેમ અથડાવું ન પડે.

આ ચાર ગતિની ચોપાટને વટાવવા માટે મહાન પુરુષોએ કેવો મહાન પુરુષાર્થ કર્યો ! કેવા કેવા કષ્ટો વેઠયા ? ત્યારે લોકના મસ્તકે જઇ બિરાજમાન થયા છે ! તમને તો કષ્ટ પડે કે ધર્મની શ્રદ્ધા છૂટી જાય છે. પર્યુષણમાં ઘણાં ભાઇ - બહેનો તપશ્ચર્યા કરે છે. સહેલાઈથી સમાધિપૂર્વક થાય તો તો વાંધો ન આવે, પણ સ્હેજ અસમાધિ થાય તો કહે હવે મારે ઉપવાસ કરવો નથી. એ મહાન પુરુષોએ કેવી અઘોર સાધના કરી હતી તેમને કંઇ કષ્ટ નહિ પડયું હોય ! કષ્ટ વિના કર્મો ન ખપે. એક કવિનું રૂપક છે– તમે મગની દાળના વડા ખાવ છો ને ? તો એ વડું, વડું કેવી રીતે બન્યું ? એને કેવા કષ્ટો વેઠવા પડયા ? વડું એટલે મોટું. તો મોટા એમને એમ નથી થવાતું.

**"વડા બનવા વડા જેવા કષ્ટ વેઠવા પડશે":**–સર્વ પ્રથમ મગ પુરુષ જાતિ હતો. તો વડું બનાવવા માટે મગને ભરડીને તેની દાળ બનાવી. એટલે પુરુષ જાતિમાંથી સ્ત્રી-જાતિમાં આવવું પડયું. દાળ બનાવ્યા પછી એને ડૂબડૂબ પાણીમાં પલાળીને ધોઇ. પછી ઓરસી ઉપર પીસી નાંખી. વડું કહે છે કે બહેનોએ મને પીસી નાંખ્યું. એટલેથી ન પતાવ્યું પણ અંદર મીઠું ને મરચું ખૂબ નાંખ્યું. તમને વાગ્યું હોય ને ઘા પડયો હોય તેમાં કોઇ મરચું ને મીઠું ભભરાવે તો કેવી બળતરા ઊઠે છે ! તેમ મને પીસીને અંદર મીઠું મરચું ભભરાવ્યું. મને કાળી બળતરા થવા લાગી. એટલેથી પતાવ્યું હોત તો સારું પણ મારી બહેનો એ તેલની કડકડતી કડાઈમાં મને નાંખીને તળી નાંખ્યું. જ્યારે સડ સડતા તેલમાં પૂરું તળાઇ ગયું ત્યારે લોઢાના સળિયામાં ભરાવીને મને બહાર કાઢયું. મને એવો ત્રાસ થયો કે ન પૂછો વાત ! જ્યારે તળાઈને બહાર નીકળ્યું ત્યારે મને બધા "વડું" કહેવા લાગ્યા. વડું કહે છે મેં આટલું સહન કર્યું ત્યારે મને વડાનું બિરુદ મળ્યું. *તો તમારે જગતમાં વડા બનવા માટે કેટલું દુઃખ સહન કરવું જોઇએ !*

આ તો વડાનું રૂપક છે. પણ બંધુઓ! આત્મા પણ ચાર ગતિના દુઃખરૂપી તેલના તાવડામાં વડાની જેમ તળાઇ રહ્યો છે. નરક-તિર્યંચમાં કેવા કેવા દુઃખો જીવે સહન કર્યાં છે તેનું ભાન છે?

નરક અને તિર્યંચ ગતિમાં તો પાર વિનાના દુઃખો વેઠયા છે. હવે એવા દુઃખ ન વેઠવા હોય તો આરાધના કરવા તત્પર બનો ને એકાંતમાં બેસીને વિચાર કરો કે મારે શા માટે રખડવું પડે છે? અહાહા! સંતોએ ટકોર કરીને ખૂબ જગાડયો, પણ જાગ્યો નહિ? બસ, કર્મબંધન કરવામાં રક્ત રહ્યા તેનું આ પરિણામ છે. કર્મ રાજા આ જીવને સંસારમાં કેવી રીતે ફસાવે છે તે હું એક દૃષ્ટાંત દ્વારા સમજાવું

**"આત્મા રૂપી જીવરામ પટેલને કર્મરૂપી કર્મચતુર વણીક"**:–એક બુદ્ધિશાળી વણિક હતો. તેનું નામ હતું કર્મચતુર. આ કર્મચતુર ખૂબ મહેનત કરી દુકાન ધમધોકાર ચલાવે છે. તેના પુણ્યે દુકાન ધમધોકાર ચાલે છે. માણસ પાસે પૈસા વધે એટલે સુંદર બંગલો બંધાવવાનું મન થાય છે. **"વધે નાણા તો ખડકે પાણા"** નાણાં વધે એટલે પાણા ખડકીને મહેલ બંધાવે પણ કંઇક એવા જીવ છે કે એમાંથી ચોથા ભાગના પૈસા દાનમાં વાપરવાનું મન નથી થતું. આ કર્મચતુરે સુંદર મહેલ બંધાવ્યો. મહેલમાં ખૂબ સુંદર બનાવટ ને સજાવટ કરી. લોકો બંગલો જોવા આવવા લાગ્યા. એક વખત બાજુના ગામમાંથી જીવરાજ નામના પટેલ એ નગરમાં ફરવા માટે આવ્યા. નવો મહેલ જોઇને જીવરાજ પટેલ પૂછે કે આ મહેલ કોણે બંધાવ્યો? ત્યારે લોકો કહે છે કર્મચતુરે બંધાવ્યો છે. જીવરામ પટેલ કહે એ તો મારો મિત્ર છે તો લાવ હું તેની પાસે જાઉં.

બંધુઓ! અહીં કર્મચતુર કોણ ને જીવરામ પટેલ એ કોણ છે? એ તમે જાણો છો? જીવરામ પટેલ તે આત્મા છે ને કર્મચતુર વણીક એ કર્મ છે. આત્મા સ્વભાવે શુદ્ધ ને સરળ છે તેથી તેને પટેલની ઉપમા આપી અને કર્મ ખૂબ નટખટ છે, દગાખોર છે તેથી તેને વણીકની ઉપમા આપી છે. તમે કોઇથી છેતરાઓ નહિ તેવા બુદ્ધિશાળી અને ચતુર છો ને? જીવરામ પટેલ કર્મચતુરની દુકાને આવ્યા ને અલકમલકની વાતો કરી અને કહેવા લાગ્યા કે તમે ખૂબ કમાણી કરીને આ મોટો મહેલ બંધાવ્યો છે તે મને ખૂબ ગમી ગયો છે ને મને તેમાં રહેવાનું મન થઇ ગયું છે– તો તમે એમ કરો. મને એક દિવસ તમારા બંગલામાં રહેવા દો ને જેટલું લઇ જવાય તેટલું લેવા દો. તેના બદલામાં તમે જે કહેશો તે કરવા તૈયાર છું. પણ કર્મચતુર કહે છે ભાઇ! તને હું લેવા દઉં પણ પછી હું લૂંટાઇ જાઉં તો શું કરું? જીવરામ પટેલ કહે છે અરે વાણીયાભાઇ! તમે કેવા કંજુસ છો? ખૂબ કહ્યું ત્યારે કહે છે:

**"કર્મચતુરે વાપરેલી બુદ્ધિ"**:– તમને મારા મહેલમાં એક દિવસ રહેવા

આવવા દઉં પણ મારી એક શરત તમારે મંજૂર કરવી પડશે. શું ? તો કહે છે તમારા સહકુટુંબે બીજા દિવસથી મારી ગુલામી નીચે રહેવું પડશે. પટેલ એ વાત કબૂલ કરે છે. જીવરામ પટેલે માન્યું કે આખો દિવસ છે તો તેમાં હું ઘણું બધું એના મહેલમાંથી લઇ લઇશ. પછી એની પાસે શું રહેવાનું છે? પટેલે પંચની સાક્ષીએ કરાર કર્યો કે મારે જે લેવું હોય તે માન-સન્માનપૂર્વક લેવા દેવાનું. તેમાં તમારી રૂકાવટ નહિ ચાલે. જીવરામ પટેલે કરાર કર્યો. પાકું લખાણ થઇ ગયું. કયે દિવસે કર્મચતુરના મહેલમાં જવું તે દિવસ પણ નક્કી થઇ ગયો ને કર્મચતુર શેઠે જીવરામ પટેલને આમંત્રણ આપ્યું. શેઠે ઘરને ખૂબ સજાવ્યું. દરેક વસ્તુઓ તેમાં ગોઠવી દીધી. નકકી કરેલા દિવસે ભલા ને ભોળા જીવરામ પટેલ કર્મચતુરના મહેલમાં આવ્યા.

**"આવ્યા તેવા જાય ને જીવનભરના દાસ બને તેવું કાવત્રું":-** કર્મચતુર શેઠે જીવરામ પટેલનું ખૂબ ભાવભીનું સ્વાગત કર્યું. ને કહ્યું-ચાલો, પહેલાં સ્નાન કરી લો. જીવરામ પટેલને સ્નાન કરવા માટે બાથરૂમમાં લઇ ગયા ને સારા સારા કપડાં તેમાં મૂકયાં ને કહ્યું-તમને જે ગમે તે કપડાં પહેરજો, બાથરૂમની શોભા જોઈને જીવરામ તો છક થઇ ગયા કે કેવું સુંદર બાથ છે! કેવી ચકચકતી લાદીઓ ચોંટાડી છે. તેલ માલીશ કર્યા ને ઊંચા પ્રકારનો સાબુ લગાડી સ્નાન કર્યું. પછી પટેલ વિચાર કરે છે કે આ કપડાં પહેરું કે આ પહેરું. કપડાં પહેરતાં ઘણો ટાઇમ પસાર થઈ ગયો. બહાર આવ્યા ત્યાં બદામ પીસ્તા ને કેશર નાંખીને કઢેલાં દૂધ અને જાતજાતના નાસ્તા તૈયાર છે. દાસ-દાસીઓ બધા ખૂબ આગ્રહ કરીને જીવરામ પટેલને ચા-પાણી નાસ્તા કરાવે છે. આમ કરતાં પ્રથમ પ્રહર પહેલા મજલામાં પૂરો થયો. ત્યાર પછી બીજે માળે લઇ જઇને પટેલને જુદી જુદી જાતના રમકડાં બતાવ્યા ને ચિત્રશાળામાં લઇ જઇ તરેહ તરેહના ચિત્રો બતાવ્યા. પટેલ તો એ બધું જોવામાં રહી ગયા ત્યાં જમવાનો સમય થઇ ગયો.

જીવરામ પટેલને જમવા માટે બેસાડયા. ચાંદીના થાળમાં જાતજાતની વાનગીઓ પીરસાઇ. રસોઇમાં ઘેન નાંખેલું હતું. પટેલે બધી વાનગીઓ થોડી થોડી ખાધી પણ પેટ તો ખૂબ ભરાઈ ગયું. પટેલ જમી રહ્યા એટલે કર્મચતુર શેઠના માણસો કહે છે કે તમારે જે લેવાનું છે તે બધું ત્રીજે માળે છે. ચાલો, હવે જીવરામ પટેલ ત્રીજે માળે આવ્યા. ત્રીજો મજલો જોતાં જીવરામ પટેલ તો ચકિત થઇ ગયા. નવયુવાન સૌંદર્યવંતી સ્ત્રીઓ પટેલનું સ્વાગત કરે છે. તેને શરબતની પ્યાલીઓ પીવા આપે છે. આ શું કહેવાય તેની પટેલને ખબર નથી. પટેલ તો સ્ત્રીઓના પ્રેમમાં ને મદિરાની પ્યાલીઓ પીવામાં મુગ્ધ બની ગયા. પેલા માણસો પટેલને ચેતાવે છે કે પટેલ! તમારે બધું લેવાનું છે ને? એ માલના પોટલા કયારે બાંધશો ? પટેલ કહે છે ગાંસડીઓ બાંધતા શી વાર? હજુ ઘણો સમય છે. સુંદરીઓના પ્રેમ તથા સુરા પીવામાં લોભાતો જાય છે.

બંધુઓ ! માનવ વિચાર કરે છે કે યુવાનિમાં નહિ પણ ઘડપણમાં પ્રભુનું નામ લઈશું. પણ જ્ઞાનીઓ કહે છે વૃદ્ધાવસ્થા તમને આવશે કે નહિ તેની શું ખાત્રી? કદાચ વૃદ્ધાવસ્થા આવી જશે તો ધર્મધ્યાન કરવાનું મન થશે કે નહિ તે કોણ જાણે છે? માટે અત્યારે યુવાવસ્થામાં ધર્મની આરાધના કરી લો. પણ આજના યુવાનો કહે છે.

**"મને ઘડીની નથી નવરાશું ગુરૂજી મારા, ઘડપણમાં ગોવિંદના ગુણ ગાશું."**

અહીં જીવરામ પટેલ તો ભારે ઘેનવાળી મીઠાઈઓ જમ્યા છે એટલે ઉંઘ આવી ગઈ. મખમલની તળાઈમાં સૂતા. ઘેનનો નશો ચઢયો. ખૂબ ઉંઘ્યા. ઘેન ઉતર્યું ત્યારે વિચાર કરવા લાગ્યા કે ચાલ, હવે પોટલા બાંધી લઉં પણ ત્યાં તો ટાઈમ થઈ ગયો. એટલે કર્મચતુર વણીક આવીને કહે છે હવે તમારો ટાઈમ થઈ ગયો. આખો દિવસ રહીને મને ખૂબ લૂંટી લીધો. ત્યારે જીવરામ પટેલ કહે છે ભાઈ! મેં તમારી એક પાઈ પણ લીધી નથી. તમારી તિજોરી તપાસી લો. ત્યારે વણીક કહે છે મેં તો તમને આખો મહેલ સોંપી દીધો હતો. શા માટે ગફલતમાં રહી ગયા? હવે તો શરત પ્રમાણે ટાઈમ થઈ ગયો છે. હવે એક રાતી પાઈ પણ નહિ લેવા દઉં. મેં તો તમારું ખૂબ માન સન્માન સાચવ્યું. તમારે માટે બધું ખુલ્લું મૂકયું હતું પણ તમે ન લીધું તો તમારું ભાગ્ય! આ તમારા કપડાં તે પહેરીને રવાના થઈ જાવ.

કર્મચતુરે કેવી બુદ્ધિ વાપરી કે પેલા પટેલને ભર્યા બંગલામાંથી કંઈ પણ લીધા વિના આંખમાં આંસુ સારતા, પ્રમાદનો પશ્ચાતાપ કરતા, લથડતા પગે મહેલના પગથિયાં ઉતર્યો. અરેરે....મેં ઘણી ભૂલ કરી કંઈ લીધું તો નહિ ને ઉપરથી એનો ગુલામ તો બની ગયો ને!

અહીં મનુષ્ય ભવરૂપી મહેલમાં આ બધી સામગ્રી છે. પહેલા મજલા રૂપી બાલપણ છે. બીજા મજલા રૂપી યુવાવસ્થા છે ને ત્રીજા મજલા રૂપી વૃદ્ધાવસ્થા છે. ને ચોથે સૂર્યાસ્ત તે મરણ છે. પહેલું બાલપણ રમતગમતમાં પસાર થયું. બીજું યુવાવસ્થામાં ગૌરીના ગીત અને સ્મિતમાં રહી ધર્મરૂપી માલનું પોટલું બાંધવાનું યાદ આવતું નથી. ત્રીજા વૃદ્ધાવસ્થામાં દીકરાના દીકરાઓનો મોહ લાગે છે. ને મોહ ધર્મને ભૂલાવી દે છે. અને છેલ્લે જીવનના સૂર્યાસ્ત સમયે યમરાજા લેવા માટે આવી જાય છે ત્યારે જીવને અફસોસ થાય છે.

બંધુઓ! આ કર્મચતુરના પંજામાં સપડાવું ન હોય તો હવે સદ્‌ગુરૂઓ તમને જાગૃત કરે છે કે હવે તમે પ્રમાદને ખંખેરી નાંખો. કયાં સુધી પ્રમાદની પથારીમાં સૂઈ રહેશો? મખમલની મુલાયમ ગાદીમાં સૂઈ રહેવાનો આ સમય નથી. આત્માની કમાણી કરવાનો સુવર્ણસમય છે. ધર્મારાધનાનું પોટલું બાંધી લો. નહિ તો પેલા જીવરામ પટેલની માફક પસ્તાવું પડશે. જીવનમાં તપ-ત્યાગ-દાન-શીયળ આદિ કંઈક તો કરી લો.

પરિગ્રહની મમતા છોડો. તૃષ્ણાના તારને છેદી નાંખો. કોઇ દીન દુઃખીની સેવા કરો. તૃષ્ણા તો જીવતી ડાકણી છે. તૃષ્ણાવંત મનુષ્ય પાપ ન કરે તેટલા ઓછા. ઠાણાંગ સૂત્રના ચોથે ઠાણે ચાર પ્રકારના ખાડા બતાવ્યા છેઃ ૧) સમુદ્રનો ખાડો ૨) સ્મશાનનો ખાડો ૩) પેટનો ખાડો ને ૪) તૃષ્ણાનો ખાડો. સમુદ્રમાં ગમે તેટલી નદીઓ ભળે તો પણ સમુદ્ર કદી છલકાતો નથી. બધી નદીઓને પોતાનામાં શમાવી લે છે. સ્મશાનમાં ગમે તેટલા શબ આવે પણ સ્મશાન જ્યારે જુઓ ત્યારે ખાલી હોય છે. તે કદી ભરાયેલું હોતું નથી. આ પેટની કોઠીમાં ગમે તેટલું ભોજન નાંખો તો પણ એ કોઠી ભરાતી નથી સવારે ચા-નાસ્તા કર્યા છતાં બપોરના બાર વાગ્યા કે કોઠી ખાલી. બપોરે નાંખ્યું *તો સાંજ પડે ખાલી. ઘણાં તો રાત્રે ચોથી વાર પણ ખાતાં હશે. છતાં પેટનો ખાડો* ભરાતો નથી તે રીતે આ જીવને ગમે તેટલું મળે તો પણ તૃષ્ણાની તૃપ્તિ થતી નથી. જેમ જેમ મળતું જાય તેમ તેમ તેનો લોભ વધતો જાય છે.

એક બનેલી કહાની છે. એક અવધૂત યોગી જંગલમાં રહેતો હતો. એક માણસે તેની ખૂબ સેવા કરી. એટલે યોગી તેના પર પ્રસન્ન થયા ને કહ્યું : તારે જે જોઈએ તે માંગ, પેલો માણસ કહે છે મારે કંઇ નથી જોઇતું. મને કોઇ વાતની કમીના નથી. ત્યારે યોગી કહે છે તું પરમાર્થનું કામ કરી શકે તેવું બતાવું? તો કહે છે, હા નિઃસ્વાર્થ ભાવે સમાજની સેવાનું કામ થતું હોય તો કરવા તૈયાર છું અને યોગીએ બે ત્રણ ઔષધિ બતાવીને કહ્યું કે આનો રસ કાઢીને મિક્ષ્ચર કરીને જેને સર્પનું ઝેર ચઢયું હોય તેના શરીરમાં આ રસ પરગમે તો તરત ઝેર ઉતરી જાય.

**"શેઠની પવિત્ર ભાવનાથી મળેલી ઔષધિ"** :-પેલા ભાઇએ વિચાર કર્યો કે આ ઔષધિ સારી છે તો ભલે, હું એ રસના ઇન્જેકસન બનાવીને વેચીશ. એણે ઔષધિ બનાવવા માટે જંગલમાંથી વનસ્પતિ લીધી. પણ તેના ઈન્જેકસન બનાવવા માટે ફેકટરી ખોલવી પડી ને કારીગરો રાખ્યા. અને થોડા સમયમાં એ વનસ્પતિના રસમાંથી તેણે ઇન્જેકસન તૈયાર કર્યાં. પોતાને એક પૈસો પણ જોઇતો નથી. તેણે ઈન્જેકસન બનાવવાનો જે ખર્ચ લાગ્યો છે તે પૂરું કરવા માટે ઇન્જેકસનની કિંમત પાંચ રૂપિયા રાખી. દુકાન ખોલી. એનો લાભ ઘણા માણસો લેવા લાગ્યા. બચી ન શકે તેવું ભયંકર ઝેર ચઢયું હોય તો પણ આ ઇન્જેકસન આપે કે તરત ઝેર ઉતરી જાય ને હસતો થઇ જાય. ધીમે ધીમે આ ઇન્જેકશનની ખૂબ માંગણી વધી. પણ હવે તો આ વનસ્પતિ મળતી નથી. એટલે વધુ માણસો રોકીને દૂર દૂર તપાસ કરવા મોકલે છે. તેથી ખર્ચો વધ્યો. તે કારણે ઈન્જેકશનની કિંમત ધીમે ધીમે પંદર રૂપિયા કરવી પડી. તો પણ દુકાનમાં ખૂબ માંગ થતી.

**"લોભી મનુષ્ય શું પાપ નથી કરતો"?** :- તે જ ગામમાં બીજો એક દવાનો મોટો વહેપારી હતો તેને પૈસાની કમીના ન હતી. પણ લોભ બૂરી ચીજ છે. "લોહો

सव्व विणासणो ।" લોભ બધા ગુણોનો નાશ કરે છે. એના મનમાં થયું કે હું પણ આવા ઈજેકશનો બનાવું. તેથી તે દુકાનેથી તેણે એક ઈજેકશન મંગાવ્યું પણ એના ઉપર કઈ દવા છે કે શેમાંથી બનાવ્યું છે તેનું લેબલ ન હતું. એટલે તેણે એના જેવો કલર ને વાસ આવે તેવી ચીજો ભેગી કરીને તેના જેવા ઈજેકશનો બનાવી પાંચ રૂપિયામાં વેચવા લાગ્યો. આજની દુનિયા તો સસ્તુ શોધી રહી છે. પછી વસ્તુ ભલે ગમે તેવી હલકી હોય પણ સસ્તું મળે ત્યાં દોડે. પણ સાચા ખોટાની કિંમત ન કરી શકે. હવે બધા લોકોને ખબર પડી કે આ દુકાને પણ આવા ઈજેકશનો મળે છે. એટલે ત્યાં જવા લાગ્યા. પેલા અસલ ઈજેકશન બનાવનારને થયું કે જો આ વહેપારી ઈજેકશનો બનાવે છે તો મારે બનાવવાની જરૂર નથી. મારે શા માટે પાપ કરવું? એટલે એણે ઈજેકશન બનાવવાનું બંધ કર્યું. આ તરફ પેલા બનાવટી ઇંજેકશનો લોકો લઈ જઈને તેનો ઉપયોગ કરે છે. પણ કોઈને ફાયદો થતો નથી. ઝેર નહિ ઉતરવાથી મરી જાય છે, આ જોઈને તે વહેપારીના દીકરાનું હૃદય કકળી ઉઠયું. અરેરે.... આ મારો બાપ કેવા પાપ કરે છે? બનાવટી દવા બનાવીને કેટલાના પ્રાણ ગુમાવે છે? છોકરો કહે છે પિતાજી! તમારે કેટલું જીવવું છે? આ પાપનો ધંધો કરીને કયાં જશો? હજુ પણ સમજી જાવ નહિ તો બૂરી દશા થશે. ત્યારે બાપ દીકરાને કહે છે બેસને હવે? તું કયારનો ધર્મ ઢીંગલો થયો છે? મારે તારી વાતો નથી સાંભળવી. એક વખત ગામમાં એક યુવાન છોકરો કે જેને પરણ્યાને મહિનો થયો છે તેને સર્પ કરડયો ત્યારે દવાના સ્ટોરમાં ઇંજેકશન લેવા માટે માણસો આવ્યા, બાપ ઇંજેકશન આપે છે. પણ છોકરો કહે છે પિતાજી! હજુ પણ કહું છું કે તમે સમજી જાવ. આ ઘોર પાપ તમને નહિ છોડે. છતાં બાપ માન્યો નહિ. ઇંજેકશન દીધું પણ છોકરો જીવ્યો નહિ.

બંધુઓ! ધનના લોભી મનુષ્યો પોતાના સુખના માટે કૂડા કામ કરતાં અચકાતા નથી. પણ એટલું યાદ રાખજો કે કર્મ કોઈને છોડતા નથી. કર્મને શરમ નથી. કરેલા ખરાબ કર્મ જ્યારે ઉદયમાં આવશે ત્યારે માનવ ગમે તેટલું રડશે, ઝુરશે તો પણ કોઈ સાથે નહિ આવે. માટે આવા પાપ કર્મ કરતી વખતે ખૂબ વિચાર કરો. આ દવાનો વહેપારી એક દિવસ જંગલ જવા માટે બહાર ગયો ત્યાં એકદમ સર્પ જમીન ભેદીને બહાર નીકળ્યો ને એને ડંખ દીધો. કોઈને ખબર પડી એટલે તેમના ઘેર ખબર આપ્યા. એને ઘેર લઈ ગયા. હવે રાડો પાડે છે કે મને બચાવો. અરે, પેલી જૂની કંપનીવાળાને ત્યાંથી ઇંજેકશન લાવો. જ્યારે પાપ ઘેરી વળ્યા ત્યારે રૂવે છે. મારા કર્યા હું ભોગવું છું છેવટે દીકરો લેવા ગયો પણ તે કંપનીમાં એક પણ ઈંજેકશન ન હતું. છેવટમાં કર્મ બાંધી શેઠ મૃત્યુના મુખમાં ધકેલાઈ ગયા.

બંધુઓ! આ કાળા કર્મો જીવને દુર્ગતિમાં લઈ જાય છે. ને તેની ભીષણ સજા

ભોગવવી પડે છે. પાપનો ઘડો ફૂટયા વિના રહેતો નથી. મીઠું ફૂટી નીકળે છે તેમ પાપ પણ ફૂટી નીકળે છે દેશમાં લોકો માટીના માટલામાં મીઠું ભરે છે. થોડો સમય જાય એટલે માટલાની બહાર મીઠાના ગામા ફૂટી નીકળે છે, તેમ જ્યારે કર્મનો ઉદય થશે ત્યારે ચારે બાજુથી પાપ ફૂટી નીકળશે.

કર્મચતુરની લીલા અલૌકિક છે. કર્મચતુર વણીક ભોળા ને ભદ્રિક એવા જીવરામ પટેલને તેની જાળમાં ફસાવે છે. જે જીવો મોહ-મમતામાં આસકત બને છે તે કર્મચતુર ની જાળમાં ફસાય છે ને જે તેને ઓળખે છે તે ફસાતા નથી. તે પોતાની સાધના સાધી જાય છે. આ પર્યુષણ પર્વના પવિત્ર દિવસમાં છળ-કપટ અને માયા-મમતા છોડીને પવિત્ર બનવાનું છે. કર્મ ચતુર વણીકને હઠાવી શાશ્વત સ્થાન પ્રાપ્ત કરવા માટે તપ કરવાની જરૂર છે. પરને છોડી સ્વમાં આવવું એ આ પર્યુષણ પર્વની મહત્તા છે. આપણે ત્યાં મહાન તપના માંડવડા રોપાઇ ગયા છે. ભાઇઓ, બહેનો અને અમારા મહાસતીજીઓ પણ આત્માને શુદ્ધ બનાવવા તપશ્ચર્યામાં જોડાઇ ગયા છે. આપ પણ જોડાવ. વધુ ભાવ અવસરે.

☆

## વ્યાખ્યાન નં. ૪૩

**શ્રાવણ વદ અમાસને ગુરૂવાર** **તા. ૪-૯-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

મહામંગલકારી પર્વ શિરોમણી શ્રી પર્યુષણ મહાપર્વનો સુવર્ણ અવસર જીવનના આંગણે આવ્યો છે. પૂર્વ પુણ્યાઇની સાચી સફળતા આવા પર્વ દિવસોને હૃદયના બહુમાન ભાવે સત્કારવા તથા સન્માનવામાં રહેલી છે. જીવનમાં ક્વચિત્ પ્રાપ્ત થતા આ મહા-પર્વને પિછાણી, તેની મહત્તાને જાણી જૈન શાસનની સુવિહિત પરંપરાને જાળવી પર્વા-ધિરાજની આરાધના કરવા ધર્મશીલ ભવ્ય જીવોએ ઉજમાળ રહેવું જોઇએ. જીવનનો સાર ધર્મ છે. ધર્મનો સાર આરાધના છે ને તેનો સાર આરાધક ભાવ છે. આરાધક ભાવને જીવંત તથા જાગૃત રાખનાર સર્વ આલંબનોમાં પર્વ મુકુટમણિ પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ છે.

આજે જગતમાં ચારે બાજુ દૃષ્ટિ કરતા દેખાય છે કે સમસ્ત સંસારમાં કેવળ વ્યાપકરૂપે અસંતોષ, અશાંતિ, ને ઉદ્વેગ, તૃષ્ણા તથા મમતા અને મૂર્છાના રૌદ્ર તાંડવો ઘોર ઘમસાણ મચાવી રહ્યા છે. પુણ્યાઈ તદ્દન કાચી ને કાચના વાસણ જેવા દેખાવ માત્રની છે. રાખના રમકડાં જેવી પ્રતિષ્ઠા, પાણીમાં ડુબેલા પતાસા જેવી સંપત્તિ, અને નિદ્રાવસ્થાના સ્વપ્ન જેવો પરિવાર તથા પાણીના પરપોટા જેવી કાયા, આ બધી ભંગાર

જેવી સાહ્યબીમાં રાચતો-મહાલતો માનવી આજે એ ભૂલી ગયો છે કે પૂર્વની મહાન પુણ્યાઇની કમાણીના ફ્લ સ્વરૂપ માનવ દેહની પ્રાપ્તિ કેવળ રંગરાગ, વિષયોપભોગ કે આનંદ પ્રમોદ માટે નથી. ખાવા-પીવા કે પહેરવા ઓઢવામાં આ દેવ દુર્લભ માનવ-દેહની સફળતા નથી. માનવ દેહ તો કેવલ મોક્ષ પુરૂષાર્થની સાધના માટે છે. કામની સાધના પચેન્દ્રિય સુધી સર્વ કોઈ પોતાની પુણ્યાઇ પ્રમાણે કરે છે. અર્થ અને કામ બન્નેની સાધના માટે જ્ઞાની ભગવંતોએ માનવ જીવનની મહત્તા ગાઈ નથી. જન્મી, જેમ તેમ કરી જીવી ને મરણની યાતના વેઠી વારંવાર એ રીતે પરવશપણે જન્મવું, દયાપાત્ર, અનાથ અને દીનપણે જીવવું તેમજ અશરણપણે મૃત્યુની ગહન ખીણમાં ઝંપલાઈ જવું. આ અનાદિની યાતનાઓને ભોગવતો સંસારી જીવ જ્યાં ગયો ત્યાં પાછો જેવો હતો તેવો કાંઇ પણ ઉત્કર્ષની સાધના કર્યા વિના, ગતિ, પ્રગતિ, ક્રાંતિ કે ઉત્ક્રાંતિની કેડીને હાથમાં લીધા વિના મરતો રહ્યો. જન્મ્યો તે પણ મરવા માટે, જીવ્યો તે પણ મરવા માટે ને મર્યો તે પણ અનંત જન્મ-મરણની પરંપરાને વેદવા માટે. આમાંથી તેને મુક્ત કરવા કર્મ સત્તાની કાંઈક રહેમ દિલીથી અને અનંતી પુણ્ય સામગ્રીનો સંચય થતાં માનવ દેહ અને ધર્મ સત્તાની છાયા પ્રાપ્ત થઈ. આ દેહની સાચી સફળતા કેવલ આરાધના દ્વારા અનંત જન્મ-મરણની પરંપરા, કર્મ-ક્લેશ ને કષાયની પરંપરા, કે દુઃખોની અનંત ઘટમાળને ટાળી અજર અમર સ્થાન એવા મોક્ષને પ્રાપ્ત કરવામાં રહેલી છે.

શ્રી જિનેશ્વર ભગવંતના શાસન સિવાય સંસારમાં મોક્ષપ્રાપ્તિનો સફ્લ ઉપાય ક્યાંય નથી. આટલી શ્રદ્ધા આત્માને થશે ત્યારે તે વિચાર કરશે કે તું કોણ? હું શક્તિશાળી આત્મા છું. જગતથી અનોખું તત્ત્વ મારામાં ભર્યું છે.

**આનંદઘન તું છે નિરાળો, શાને બને ઓશિયાળો,**
**વીંખાઇ જશે કાયાનો માળો, કરી લે શ્રદ્ધાનો રણકાર**
**(૨) એની શોભા અપરંપાર.**
**આત્મા સદ્ગુણનો ભંડાર, સત્ય શીયળનો શણગાર-**
**એની શોભા અપરંપાર.**

આનંદનો ઉદધિ તારામાં ઉછળે છે. તું અનંત શક્તિનો પુંજ છે. અનંત ગુણો તારામાં ભરેલા છે. પછી શા માટે કાયર બને છે? તારી શક્તિનો તું ખ્યાલ કર. જડ તત્ત્વને જોઇને શા માટે મલકાય છે? જેમ બહેનો દાગીના જોઇને વખાણ કરે છે તેમ તમે પણ ઉપરનો ભભકો, રૂપ, રંગ જોઇને જડ એવા શરીરના વખાણ કરો છો. એની ઓળખાણ આપો છો. ને એ શરીરને સારું દેખાડવા માટે પફ-પાવડર આદિ અનેક પદાર્થો લગાવો છો. કદી એવો વિચાર થાય છે કે આ બધું દેખાતું સૌન્દર્ય કોને આભારી છે? અંદરમાં

બેઠેલા ચેતનને આભારી છે. તમને કદી વિચાર આવે છે કે હું અનંત શકિતનો અધિપતિ એવો ચેતન આત્મા છું. ભલે બાહ્યભાવથી બધી ઓળખાણ આપતા હો પણ અંતરથી એવો રણકાર થવો જોઈએ કે આ બધી જડની પીછાણ છે. હું તો એ બધાથી નિરાળો છું. આવી ભાવના આવ્યા વિના તમારો છૂટકારો થવાનો નથી.

બંધુઓ! જ્ઞાન-દર્શન, વિનય, વિવેકને જીવનમાં જોડશો નહિ ત્યાંસુધી સંસારમાંથી છૂટકારો નથી. આ ભવમાં જો સવળો પુરૂષાર્થ ખેડાય તો આત્મામાંથી પરમાત્મા બની શકાય. પરમાત્માનો પ્રતિનિધિ સમ્યક્દર્શની આત્મા છે. તે વૈભવવિલાસમાં આસકત બનતો નથી. ચારિત્ર મોહનીય કર્મના ઉદયે સંસાર છોડીના શકે પણ તેમાં આસકિત ન રાખે. આત્માને ભેદજ્ઞાન થાય તો કર્મરૂપી મેલને સાફ કરતાં જરાપણ વાર લાગતી નથી. સમકિત દૃષ્ટિ જીવ મોહમાયામાં રાચે નહિ. બારદાનની સેવામાં માલને ભૂલે નહિ. તમારામાં જાગૃતિ આવશે ત્યારે વિલપાવર આવી જશે કે હે ચેતન! તું જડનો ભિખારી નથી. તું અનંત શક્તિનો ધણી છે. જ્ઞાનીઓ કહે છે કે તારું સાચું સ્વરૂપ કેવું છે?

**ભૂલ્યો તારું અસલ સ્વરૂપ તું, વિસાર્યો તેં તારો દેશ,**
**અજ્ઞાન તણાં અંધારે રહીને, વહોર્યો તે અવિદ્યા કલેશ,**
**વિષય તણાં સુખ મધની લાળે, જીવન કીધું તેં બરબાદ,**
**સંતો ને સતશાસ્ત્રો તારા, સત્ય સ્વરૂપની આપે યાદ.**

હે ભાન ભૂલેલા માનવ! તું તારા અસલ સ્વરૂપને ભૂલીને ક્યાં સુધી અજ્ઞાનના અંધકારમાં આથડીશ? પોતાના સ્વઘરમાં જે સુખ છે તે પરઘરમાં નથી, ગમે તેવું હોય તો પણ જીવને પોતાનું ઘર ગમે છે. તમે કોઈ સબંધીને ઘેર ગયા હો ત્યાં તમને સુંદર બંગલો, એરકંડીશન રૂમ રહેવા માટે, નિત્ય નવા મિષ્ટાન્ન અને ફરસાણ જમવા મળે. ખમ્મા ખમ્મા હોય છતાં ત્રણ ચાર દિવસ રહો એટલે શું યાદ આવે? બોલો ઘર, કારણ કે તમે એ સમજો છો કે બધું સુખ છે પણ આ ઘર મારું નથી. ભાગ્યું તૂટયું પણ પોતાનું ઘર સારું એમ માનો છો. ઘર ન હોય તો ગમે તેમ કરી પોતાનું ઘર બનાવો છો પણ ભાડૂતી ઘરમાં રહેવાનું પસંદ કરતા નથી.

પહેલાના સમયમાં પોતાના મકાન ઉપર માલિકની સત્તા ચાલતી હતી. જો ઘરનો માલિક ધારે તો ભાડૂતને ઘર ખાલી કરાવી શકતો હતો. પણ આજે તો ભાડૂત ભાડૂતી ઘરને પોતાનું માનીને હક્ક જમાવીને બેઠો છે. માલિકનું કંઈ ચાલતું નથી. તે રીતે શરીર રૂપી ઘર છે. તેનો આત્મા પોતે માલિક છે. તે ધારે તેમ કરી શકે તેમ છે પણ તેના ઉપર શરીર રૂપી ભાડૂતી મકાનમાં રહેતી પાંચ ઇન્દ્રિયો અને છઠ્ઠા મને એવો અડ્ડો જમાવી દીધો છે કે માલિક એવા આત્માનું કંઈ ચાલતું નથી. ઇન્દ્રિયો અને મન કહે તેમ કરે છે. એટલે ભાડુતે માલિક ઉપર સત્તા જમાવી છે. તેના કારણે અનંત શકિતનો

અધિપતિ આત્મા ચૈતન્યના ચમનમાં વિહરવાનુ છોડીને ભોગ વિલાસની અંધારી ગલીઓમાં આથડી રહ્યો છે.

વિષયોનાં સુખ મધની લાળ જેવા છે. તેમાં આસકત બનવા જેવું નથી. સાચુ સુખ ત્યાગમાં છે. તેવું સુખ ચક્રવર્તિને ઘેર પણ નથી. પણ તમને ગમે છે કયાં ? તેને માટે મધુબિંદુનું દૃષ્ટાંત છે.

**"મધની લાળે જીવન ગુમાવ્યું":**–એક માણસની પાછળ ગાંડો થયેલો મદોન્મત્ત હાથી પડયો. એટલે તેનાથી બચવા માટે માણસ ખૂબ ઝડપભેર દોટ લગાવીને એક વિશાળ વડલાના ઝાડની ડાળ ઉપર ચઢી ગયો. પેલો હાથી તેની પાછળ આવ્યો. ને ઝાડને મૂળમાંથી હચમચાવવા લાગ્યો. હવે પેલો પોતાનો જાન બચાવવા વડની ડાળે ચઢયો છે. પણ તેની પરિસ્થિતિ કેવી છે ? તે જે ડાળી પકડીને લટકયો છે તેની નીચે મોટો કૂવો છે. તે કૂવામાં ચાર અજગરો મોઢા ફાડીને બેઠા છે. તે ડાળને કાળા ને ધોળા ઉંદરો કાપી રહ્યા છે. ને તે જે જગ્યાએ લટકયો છે તેના ઉપર એક મધપૂડો છે. તેમાંથી ઉડતી માખીઓ તેના શરીરે ચટકા ભરે છે. ને મધપૂડામાંથી મધના ટીપા તેના મોઢામાં પડે છે. આટલા બધા ભયમાં રહેલા માનવીને એ મધુ બિંદુના ટીપાનો રસ લેવામાં આનંદ આવે છે. આ સમયે એક દેવનું વિમાન નીકળે છે. દેવ અને દેવી વિમાનમાં બેઠા છે. દેવીની દૃષ્ટિ આ વડની ડાળે લટકતા મનુષ્ય ઉપર પડી. એના દેવને કહે છે સ્વામીનાથ ! જુઓ તો ખરા. આ માણસ કેટલા ભય વચ્ચે ઝૂલી રહયો છે એને બચાવો, હમણાં ઉંદર આ વડની ડાળી કાપી નાંખશે. ને બિચારો કૂવામાં પડશે તો અજગરો તેને ગળી જશે. દેવ કહે છે હું એને બચાવવા જઈશ તો પણ એને ડાળી છોડવી નહિ ગમે, છતાં દેવી કહે છે ના, ચાલો આપણે તેને બચાવવા જઇએ, દેવ તેની પાસે આવીને કહે છે ચારે બાજુ ભયથી ઘેરાયેલા માનવ ! ચાલ, તું મારા વિમાનમાં બેસી જા. તું જયાં કહેશે ત્યાં તને ઉતારી દઇશું. ત્યારે પેલો માનવ કહે છે ઉભા રહો. આ મધનું ટીપું પડે છે તેનો સ્વાદ લઈ લઉં. અરે, અત્યારે મધના ટીપાનો સ્વાદ માણવાનો સમય છે ? તારા માથે ચારે બાજુથી ભય ભમી રહ્યો છે. હમણાં તારી ડાળો ઉંદરો કાપી નાંખશે ને તું આ ભયંકર કૂવામાં પટકાઈને અજગરોનો ભોગ બની જઇશ. ત્યારે કહે છે ના....હમણાં નહિ. આ એક ટીપાનો સ્વાદ લીધા પછી આવીશ. અરે, તને ભય નથી લાગતો ? ત્યારે કહે છે : **"મધુબિંદુની આશા મહીં ભય માત્ર હું ભૂલી ગયો."** મને આ મધના ટીપાનો સ્વાદ લેવામાં એવી લહેજત આવે છે કે મને જરા પણ ભય લાગતો નથી. એણે સાત ટીપાનો સ્વાદ લીધો ત્યાં સુધી તેને દેવે સમજાવ્યો. પણ પેલો મધલાળમાં આસકત બનેલો વડની ડાળ છોડતો નથી. દેવ તો થાકીને વિમાન લઈને ચાલતો થયો.

બંધુઓ ! આ દૃષ્ટાંત આપણે આત્મા ઉપર ઘટાવવાનું છે. અહીં કૂવા રૂપી સંસાર

છે. તેમાં નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચાર ગતિ રૂપ ચાર અજગરો મોઢા ફાડીને બેઠેલા છે. વડલાની ડાળ સમાન આયુષ્ય છે. તેને રાત્રી અને દિવસ રૂપી બે કાળા ને ધોળા ઉંદરો કાપી રહ્યા છે. સંસારના ભોગવિલાસો એ મધલાળ જેવા છે. ને મધપૂડામાંથી ઉડીને ચટકા ભરતી માખીઓ તે તમારા સંસારના સગા છે. તે ચારે બાજુથી ચટકા ભરી રહ્યા છે. ને દેવ સમાન સંતો તમને સમજાવે છે કે આ સંસાર રૂપી કૂવો ભયથી ભરેલો છે. તમે બહાર નીકળો. પણ તમને તો આ વિષયસુખની મધલાળમાં એવો આનંદ આવે છે કે તમને બિલકુલ ભય લાગતો નથી, સંતો કહે છે તમે અમારા સંયમ રૂપી વિમાનમાં બેસી જાવ. તમને શાશ્વત સુખ મળશે. પણ આત્મા સંસારના સુખોમાં એવો મસ્ત બની ગયો છે કે તેને સંતોની વાત બિલકુલ ગમતી નથી. પણ સંસાર કેવો છે? રાગ-દ્વેષ અને ઉપાધિનો ઉકરડો. ચિંતાનો ચોતરો ને મતલબનું મેદાન છે. તેમાં તમને શું આનંદ આવે છે? સંતો તમને નિઃસ્વાર્થ ભાવે સમજાવે છે. જેમાં તમે આસકત બની ગયા છો તે સંસારના સુખો કેવા છે?

**खणमित्तसुक्खा बहुकालदुक्खा, पगामदुक्खा अणिगामसुक्खा।**
**संसार मोक्खस्स विपक्खभूया, खाणी अणत्थाण उ कामभोगा।।**

ઉત્ત. સૂ. અ. ૧૪ ગાથા ૧૩

સંસારના સુખો ક્ષણિક છે. ક્ષણવારનાં સુખની પાછળ લાંબાકાળનું દુઃખ છે. કામભોગ જીવને મોક્ષમાં જવામાં દુશ્મન જેવા છે ને અનર્થની ખાણ જેવા છે. હવે તેનો સંગ છોડો.

અનંતકાળથી આત્મા રાગ-દ્વેષ અને વિષય કષાયને વશ થયેલો છે. સંસારનું મૂળ કહો કે બીજ કહો તે રાગ અને દ્વેષ છે. એ રાગ-દ્વેષને કારણે નિત્ય નવા કર્મોનું બંધન થાય છે, ને કંઈક જીવોની સાથે વૈર બાંધે છે. એ વૈરની ગાંઠ બંધાતા એકબીજાના હૈયા તૂટી જાય છે. આ પર્યુષણ પર્વએ એકબીજાના તૂટેલા હૈયાને સાંધવાનો સેતુ (પુલ) છે. તમે પુલ તો જોયો છે ને? નદી અગર દરિયાની ખાડીના સામે કિનારે જવું હોય તો તેના ઉપર પુલ બાંધવામાં આવે છે. પુલ બે કિનારાને જોડે છે. કિનારાને જોડવા એટલે કિનારો નજીક નથી આવતો પણ પુલ દ્વારા માણસ એક કિનારેથી બીજા કિનારે જઈ શકે છે. તેમ આ દિવસોમાં તમારા દિલમાં પ્રેમની સરિતા વહાવો.

**"પર્યુષણ એટલે વૈરના કાંટા કાઢવાની શિક્ષણશાળા":**- પર્યુષણ પર્વમાં વેર ઝેરના કાંટા કાઢવાના છે. સાધક સહચરીમાં કહ્યું છે કે:-

**કાઢયે લોખંડના કાંટા, ક્ષણિક દુઃખ ઉપજે,**
**કટુ વાણી તણા કાંટા, જન્માવે વૈર ને ભય.**

કોઈ માણસને લોઢાની ખીલી વાગી હોય તો તેની વેદના થાય. પણ કયાં સુધી ? જયાં સુધી ખીલી બહાર ન નીકળે ત્યાં સુધી. ખીલી નીકળ્યા પછી છેવટે ઘા રૂઝાઇ જાય છે ને વેદના મટી જાય છે. પણ કોઈને કટુ વચન કહ્યું હોય છે તેનો ઘા કદી રૂઝાતો નથી. મરણાંત સુધી તેની વેદના સાલે છે ને ભવાંતરમાં વૈરની વણઝાર સર્જાય છે માટે આ ભવમાં કોઇની સાથે વૈર કરશો નહિ પણ વૈરનું વિસર્જન કરી સ્નેહનું સર્જન કરશો. કોઈની સાથે કોઇને વૈર થયું હોય તો સાંધવા માટે સેતુ બનજો પણ કોઈના દિલ તોડશો નહિ.

એક માતાની કૂખે આળોટેલા ને જોડલે જન્મેલા બે દીકરા હતા. બંને દીકરા મોટા થયા. તેમને ભણાવ્યા, ગણાવ્યા ને માતાએ ખૂબ લાડકોડે પરણાવ્યા. પરણ્યા પછી થોડા સમયમાં કોઇ કારણસર બંને દીકરા વચ્ચે અણબનાવ થયો. એટલે જુદા થઇ ગયા. મોટાભાઇ ઉપર રહે છે ને નાનો ભાઈ નીચે રહે છે. મોટાભાઇનું નામ દિનેશ અને નાના ભાઇનું નામ રમેશ હતું. માતાને તો દીકરા સાથે લડાઈ નહોતી પણ માતા રમેશને ઘેર જમે તો દિનેશ રિસાઇ જતો અને દિનેશને ઘેર જમે તો રમેશ રિસાઇ જતો. તેથી માતાએ સમજીને જુદું રસોડું કર્યું હતું. બંને દીકરાના અબોલા માતાને બહુ સાલતા અને કયારેક તે બહુ અકળાતા ત્યારે બોલતા–તમારા બાપુજીએ પેટે પાટા બાંધીને તમારા માટે મિલ્કત એકઠી કરી અને હવે તમે આ શું કરવા બેઠા છો ? માતાના દિલમાં સતત થયા કરે કે મારા દીકરા ક્યારે ભેગા થશે ? એકબીજા સાથે પ્રેમથી કયારે બોલશે ? દીકરાના તૂટી ગયેલા પ્રેમને એક કરવા માતાએ ખૂબ કોશીષ કરી પણ બેમાંથી એકેય ભાઇ નમતું મૂકવા તૈયાર ન થયો.

બંધુઓ ! જયારે બે વ્યકિતઓનો ઝઘડો થયો હોય ત્યારે જો પતાવી દેવો હોય તો બેમાંથી એક જણાએ તો નમતું મૂકવું પડે. જો બન્ને સરખા ઉતરે તો કદી ઝઘડો પતે નહિ. જ્યારે વલોણું કરવામાં આવે છે ત્યારે રવૈયાને સામસામા બે નેતરા ભરાવીને ખેંચવામાં આવે છે. એક નેતરું ઢીલું મૂકે ત્યારે બીજું ખેંચાય છે પણ જો બંને મજબૂત પકડમાં આવે તો કદી વલોણું થઇ શકે ? ને માખણ મળે ? ના. એક ઢીલું મુકાય ને બીજું ખેંચાય ત્યારે મંથન થાય છે. તે રીતે જો તમારે ક્ષમાનું નવનીત મેળવવું હોય તો એક જણાએ તો પકડેલી પકડ છોડવી પડશે.

દિનેશની વહુનું નામ જયા હતું. તે સ્વભાવે સરળ ને ખૂબ ભલી હતી. લગ્ન પછી ત્રણ વર્ષે તેમને ત્યાં પુત્રીનો જન્મ થયો. એ છોકરી કોઇ પુણ્યાત્મા હતી. જ્યારે કોઇ પુણ્યવાન જીવ ઘરમાં આવે છે ત્યારે કુસંપ હોય તો સંપ થઈ જાય છે. જયાં ગરીબાઇ હોય ત્યાં ધનના ઢગલા થઇ જાય છે. ભગવાન મહાવીર સ્વામીનું નામ

વર્ધમાન કુમાર કેમ પડયું ? પ્રભુ માતાના ગર્ભમાં આવ્યા ત્યારથી રાજ્યમાં ધન-ધાન્ય ની ખૂબ વૃદ્ધિ થઇ તેથી તેમનું નામ વર્ધમાન કુમાર પડયું.

મોટા ભાઈને ઘેર દીકરી આવી. તે ઘરમાં બધાને ખૂબ પ્રિય હતી. તે સ્વભાવે પણ બહુ ટીખળી ને તોફાની હતી. રૂપે-રંગે પણ સરસ હોવાથી જોનારાને તે ગમી જતી. તે થોડી સમજણી થઇ એટલે દિનેશે તેને કહ્યું કે વચલે માળે 'કાકા' નામનો એક રાક્ષસ રહે છે. ત્યાં તારે કદી જવું નહિ. તે તરફ જોવું પણ નહિ. નાનકડી છોકરી 'કાકા' કે "રાક્ષસ" એકે શબ્દનો અર્થ કયાંથી સમજે ? નાના બાળકને જેવા સંસ્કાર આપવામાં આવે તેવું એનું ઘડતર થાય છે. નાની કુમળી ફૂલ જેવી બાળકીના હૃદયમાં ઠસી ગયું કે આપણે રમેશ કાકાને ઘેર નહિ જવાનું, આ બાળકી રમતી રમતી નીચે ઉતરે ત્યારે ઘણી વાર રમેશ બહારથી આવતો જતો હોય. તે બેબીને દેખે ત્યાં તેનું હૈયું હરખાઇ જાય અને ઉંચકી લેવાનું મન થઇ જાય પણ બેબી ડરીને ભાગી જાય. રમેશને ઘેર સંતાન ન હતું એટલે બેબીને જોઇને એનું હૈયું નાચી ઉઠતું. કોઇ કોઇ વખત બજારમાંથી મોસંબી-સફરજન કે જામફળ લાવે ત્યારે તેના દિલમાં થાય કે લાવ બેબીને આપું. પણ દિલમાં વિચાર આવે કે હું એને આપું ને કંઇ ન બનવાનું બની જાય તો એના મા-બાપ મને શું કહે ? એમ કહી મન વાળીને બેસી રહે. કયારેક એની આંખમાં આંસુ આવી જતા કે હું કેવો ? આ બધું મારે ખાવાનું ને નાનકડી બેબીને નહિ આપવાનું ? એમ એના દિલમાં અફસોસ થયા કરતો.

**દુઃખમાં સુખ :** એક દિવસ એવું બન્યું કે બેબી દાદરમાં રમતી હતી. રમતાં રમતાં દાદરના કઠેરાના સળિયામાં એણે માથું ભરાવી દીધું. કેમે ય કર્યું નીકળતું નથી. છતાં હિંમતથી પોતાના નાના હાથ વડે પોતાનું માથું કાઢી લેવા તે મથી રહી હતી. આ સમયે રમેશ બહારથી આવ્યો. બેબીના મા-બાપ ઉપર બેઠા છે. બેબી રડે છે પણ કોણ સાંભળે ? રમેશને જોઇને બોલી. કાકા, મારું માથું કાઢો ને ! બેબીના આ મીઠા શબ્દો સાંભળી દુશ્મન જેવા ભાઇની આ ટચુકડી ભત્રીજી ઉપર તેને ખૂબ વહાલ આવ્યું. તેણે સળિયાની વચ્ચેથી બેબીનું માથું કાઢયું. બેબી ખૂબ ગભરાઇ ગઇ હતી એટલે પોતાના ઘરમાં લઇ જઇ સૂવાડી અને પછી તરત પોતે ઉપર ગયો ને કહ્યું મોટાભાઇ ! ભાભી ! બેબીને આમ બન્યું છે. મેં એને મારા ઘરમાં સૂવાડી છે. આપ નીચે આવોને ! જેને વૈર છોડવું છે તે કોઇ કારણ ઉપસ્થિત થતાં છોડી દે છે પણ જેના દિલમાં વૈરના વિષ વ્યાપી ગયા હોય તેને જલદી છોડવું ગમતું નથી.

બંધુઓ ! વૈરનો વિપાક વિષમ છે. માટે તમારા હૈયાના ખૂણે ખૂણે જો વૈરના વિષ ભર્યા હોય તો તેને વમી નાંખજો. કારણ કે ભગવંતે કહ્યું છે કે " वेराणुबंधाणि महब्भयाणि ।" કોઈ જીવની સાથે વૈર રાખવાથી આપણને ભય ઉત્પન્ન થાય છે. જ્યાં વૈર છે

ભય છે ને પ્રેમ છે ત્યાં નિર્ભયતા છે. માટે દરેક જીવો સાથે પ્રેમ સંપાદન કરો. એકતા કેળવો. એક વિદેશી માણસ ઇન્ડિયામાં આવ્યો. તે એક સબંધીને ઘેર ઉતર્યો. ત્યાં ૨૫૦ માણસ એક રસોડે જમતું હતું. બધું એક કુટુંબ હતું. પણ કોઈના મુખ ઉપર કષાયનો કણીયો ન દેખાય. ત્યારે પેલો વિદેશી માણસ ઘરના વૃદ્ધ બાપાને પૂછે છે કાકા! તમે આટલું મોટું કુટુંબ! કેવી રીતે ભેગા વસી શકો છો? ત્યારે વૃદ્ધ બાપાએ એક આંગળી ઊંચી કરીને કહ્યું કે અમારા ઘરમાં એકતા છે. વડીલના વિચારને બધા અનુસરે છે. એટલે આટલું મોટું કુટુંબ ભેગું રહી શકે છે. જ્યાં એકતા નથી ત્યાં પ્રેમ ટકતો નથી. આજે તો ધર્મમાં પણ જુદા જુદા મત પડી ગયા છે. એટલે ધર્મ પણ વહેંચાઇ ગયો છે. જો એક ભગવાન મહાવીરના સિદ્ધાંતને મનુષ્ય સ્યાદ્‌વાદ દૃષ્ટિથી સમજે તો આવા ફાંટા ન પડે.

બેબીના સમાચાર જાણી તરત તેના માતા પિતા નીચે આવ્યા. પણ નાના ભાઈ અને તેની પત્નીના સામું પણ જોતા નથી. આ તરફ નાની બેબી વિચાર કરે છે કે મારા મા-બાપ તો મને એમ કહે છે કે તારે કાકાના સામું પણ નહિ જોવાનું ને એમના ઘરે પણ નહિ જવાનું. પણ મને અત્યારે જો કોઇ બચાવનાર હોય તો મારા કાકા છે. કાકા તો કેવા સારા ને પ્રેમાળ છે! બેબીના મા-બાપ કહે છે તું ઉપર ચાલ. આપણે અહીં રહેવું નથી. ત્યારે બેબી કહે છે બાપુજી! આ કાકાએ મારી કેટલી બધી સેવા કરી છે! તમે તો ઉપર હતાં પણ એમણે મને બચાવી છે માટે હું ઉપર નહિ આવું. જ્યારે માતા-પિતા રહેવા દેવાની ના પાડે છે ત્યારે બેબી બેભાન થઈ જાય છે. છેવટે ભાનમાં આવતા રડે છે. માતા-પિતા સમજતા નથી ને વૈરની ગાંઠ છોડતા નથી. જેને વેરની પરંપરા ઉભી રાખવી છે તેવા જીવોને કોઇ ગમે તેમ સમજાવે તો પણ પોતે પકડેલી વાત મૂકતા નથી. જો એકતા હશે તો પવિત્રતા મળશે. આપણા ગુરૂજનો કે વડીલો જે કંઈ કહે છે તે એકાંત હિતને માટે કહે છે. એક રૂપક યાદ આવે છે.

એક વખત વિષ્ણુ ભગવાને બધા દેવોને પોતાને ત્યાં જમવા માટેનું આમંત્રણ આપ્યું. જમણમાં જાત જાતની મીઠાઈઓ બનાવી છે. બત્રીશ પકવાન અને તેત્રીશ જાતના શાક બનાવ્યા છે. સોનાના થાળ અને રૂપાના વાટકા ગોઠવ્યા. સમય થતાં બધા દેવો જમવા માટે આવ્યા. બધા જમવા માટે બેસી ગયા. ભાણામાં રસોઈ પણ પીરસાઈ ગઇ. ત્યારે વિષ્ણુ ભગવાન કહે છે ભાઇ! તમને હવે જમવાની છૂટ છે પણ મારી એક શરત છે કે તમારે બધાએ કુણીએથી હાથ વાળવાનો નહિ ને જમવાનું છે. બધા દેવો વિચારમાં પડી ગયા કે જમવું કેવી રીતે? થાળીમાંથી કોળિયો લઈને મોઢામાં મૂકીએ એટલે કુણીએથી હાથ ને વાળવો જ પડે ને? કંઇક આસુરી દેવો વિચાર કરવા લાગ્યા કે આ વિષ્ણુએ આપણને જમવા બોલાવીને

આપણું આ રીતે ઘોર અપમાન કર્યું છે. તે ધમપછાડા કરીને જમ્યા વિના ચાલ્યા ગયા. પણ બીજા દેવોએ વિચાર કર્યો કે વિષ્ણુ ભગવાને આપણને જમવા-બોલાવ્યા છે, વળી જમવાની આટલી સરસ સગવડતા કરી છે તો નક્કી આમાં કંઇક ભેદ હશે! ઘણામાં કોઈકની બુદ્ધિ તો કામ આવે ને? એક દેવે કહ્યું કે એમ કરો. આપણે બધાં પાટલા નજીક લઇને સામસામા બેસી જઇને ને એક બીજાના મુખમાં કોળિયા મૂકીએ તો કોણી વાળવી નહિ પડે. બધા દેવોને એ વાત ગમી ગઇ. બધા સામાસામી બેસીને એક બીજાના મોઢામાં કોળિયા મૂકવા લાગ્યા. આ રીતે એક બીજાના મોઢામાં કોળિયા મૂકવાથી એકબીજાના વૈર ચાલ્યા જાય છે. પ્રેમ ને એકતા વધે છે. બધા દેવોને આ રીતે જમતા જોઇને વિષ્ણુ ભગવાનને આનંદ થયો. ને બોલ્યા, તમારામાં એકતા લાવવા માટે મેં આ રીતે જમણવારનો સમારંભ ગોઠવ્યો હતો. આ રીતે એકતા લાવવા માટે નાનો ભાઈ અને તેની પત્ની કહે છે મોટાભાઇ! ભાભી! તમે ઉપર રસોઇ બનાવશો નહિ. આજે બેબીની તબિયત બરાબર નથી માટે અહીં જમો. પણ જેને વેર છોડવું નથી તે એમ ક્યાંથી માની જાય? બેબી તો કહે છે હું ઉપર નહિ આવું. મને તો કાકા-કાકી બહુ ગમે છે. હું પછી આવીશ. મા-બાપ તો ઉપર ચાલ્યા ગયા. નાના બાળકના દિલમાં કોઇ જાતના કૂડ કપટ હોતાં નથી. એ તો પ્રેમના ભૂખ્યા હોય છે. જ્યાં પ્રેમ મળે ત્યાં દોડયા જાય છે. વેર-ઝેર બધું મોટાને હોય છે. નાના બાળકો તો તદ્દન સરળ હોય છે.

એક દિવસ બેબી તેના કાકાને પૂછે છે કાકા! રાક્ષસ કેવો હોય? રમેશે આવડયું તેવું વર્ણન કર્યું. તે બરાબર ધ્યાનથી સાંભળ્યા પછી બેબી બોલી-તમે ક્યાં એવા છો? તમે તો માણસ જ છોને કાકા? આ સાંભળી રમેશે ગંભીરતાથી પૂછયું તારા પિતાએ આવું શીખવ્યું છે ને? ધીમેધીમે કાકા-ભત્રીજીનો પ્રેમ વધતો ગયો. કાકા-કાકીનો ખૂબ પ્રેમ મળવાથી બેબી ત્યાં ખૂબ આવવા લાગી. બાળકનું હૃદય ખૂબ નિર્મળને પવિત્ર હોય છે.

બંધુઓ! જ્યાં પવિત્રતા ને સરળતા છે. નમ્રતા છે ત્યાં કેવો આનંદ છે! પણ જ્યાં દિલમાં રાગની રમખાણ ને દ્વેષનો દાવાનળ સળગી રહ્યો છે ત્યાં ગમે તેટલા ધનના ઢગલા હોય તો પણ શાંતિ નથી હોતી. આજે પૈસો જેટલો વધ્યો તેટલી અશાંતિ પણ વધી છે. તમને મળ્યું છે તો સારા કાર્યમાં તેનો સદુપયોગ કરો. જેટલું બીજાને તમે આપશો તેટલી શાંતિ તમને મળશે. આજે કરોડોની સંપત્તિ તમારી પાસે ભલે હોય પણ ક્યારે સરકાર નાણાં પડાવી લેશે તેની કોને ખબર છે? જ્યારે પુણ્ય પરવારી જશે અગર સરકાર પડાવી લેશે ત્યારે આપવું પડશે. તો તેના કરતાં સમજીને તમારા હાથે દાન કરશો તો સારું છે. બાકી ભેગું કરવામાં તમે માનો કે અમે સુખી છીએ પણ સુખ નથી. ધનવાનો શું કહે છે.

આ ધનના ઢગલામાં મને શાંતિ નથી,
દુનિયા ગણે સુખી મને પણ મારી મને ખબર,
સુખના સીતમ ઘણા સહુ મારા હૃદય ઉપર
બે ટંક નિરાંતે કદી ના જમી શકું,
નીંદર મને ન આવે ટીકડી લીધા વગર.... આ ધનના....

દુનિયા મને ગમે તેટલી સુખી માનતી હોય પણ હું કેવો સુખી છું એ તો મારું મન જાણે છે. મારા મકાનને સાચવનારો ગુરખો જેટલો સુખી છે તેટલો પણ હું સુખી નથી. એ બે ટંક નિરાંતે જમે છે જ્યારે હું તો શાંતિથી ખાઇ પણ શકતો નથી. ને જમું છું તો પાચન થવાની ટીકડી લેવી પડે છે. અને ઉંઘ લાવવા માટે ઘેનની ટીકડી લેવી પડે છે. કારણ કે એટલી બધી ચિંતા મગજ ઉપર રહે છે એટલે કુદરતી ઉંઘ તો આવતી નથી.

દેવાનુપ્રિયો! આ તમારા સંસારનું સુખ. આ પૈસો પ્રેમ તોડાવે છે. આ બંને ભાઈઓનો પ્રેમ તોડાવનાર પૈસો હતો. પેલી બેબી તો કાકાને ઘેર પણ જાય છે ને એના બાપને ઘેર પણ જાય છે. તે એના મા બાપને કહે છે મમ્મી - પપ્પા! તમે કાકાને ઘેર કેમ આવતા નથી? તમે નહિ આવો તો હું અહીં નહિ આવું. આમ કરતાં બેબીની વર્ષગાંઠનો દિવસ આવ્યો, હવે કાકાને ત્યાં પણ પાર્ટી ગોઠવી છે ને મા-બાપે પણ પાર્ટી ગોઠવી છે. બેબીને ક્યાં જવું? એના મા બાપ કહે છે તારે કાકાને ઘેર જવાનું નથી. ત્યારે બેબી કહે છે કાકાને આપણે ઘેર બોલાવો નહિતર મારે જમવું નથી. અંતે મા-બાપ વિચાર કરે છે કે આપણે ઘેર પૈસો ઘણો છે. એક જ બેબી છે. જો બેબી નહિ જમે તો પૈસો શું કરવાનો આ તરફ એના કાકા-કાકીને ખબર પડી કે મોટાભાઈને ત્યાં પણ પાર્ટી છે. તો આપણે બંધ રાખીએ, પોતે બધો પ્રોગ્રામ કેન્સલ કરીને બંને પતિ-પત્ની વગર બોલાવ્યે મોટાભાઈને ઘેર ગયા ને ભાઇના ચરણમાં પડીને માફી માંગી કે મોટાભાઇ! આપણા પાપકર્મના ઉદયે આપણે જુદા થયા છીએ. પણ હવે મારે વેર રાખવું નથી. આ બધી મિલકત આપની છે. મારું કાંઈ નથી. નાનોભાઇ મોટાભાઈના ચરણમાં પડી ગયો ને દેરાણી જેઠાણીના ચરણમાં પડી બંને એ ખોળામાં માથું મૂકી પવિત્ર દિલથી એક બીજાની માફી માંગી. આથી મોટાભાઈનું હૃદય પીગળી ગયું. ને એક બીજા ભેટી પડયા. બેબીની વર્ષગાંઠના દિવસે બંને ભાઈના તૂટેલા હૃદય સંધાઇ ગયાને એક બીજાને આનંદ આનંદ છવાઇ ગયો. તેમણે વેરનું વિસર્જન કરી સ્નેહનુ સર્જન કર્યું.

આપણે ત્યા સંવત્સરીનું મહાન પર્વ આવે છે આ દિવસે આવો પ્રેમ કરવાનો છે. જેની સાથે વેર હોય તે વેરને ભૂલીને પ્રેમની પવિત્ર સરિતા વહાવજો. યથાશક્તિ દાન કરજો.

પરિગ્રહની મમતા તોડવા માટે દાન છે. મૈથુન સંજ્ઞાને તોડવા માટે શિયળ છે. પુરાણા કર્મોને તોડવા માટે તપ છે ને ભવના ફેરા ટાળવા માટે શુભ ભાવના ભાવવાની છે. આવા શુભ અનુષ્ઠાનો કરી આત્માના તેજ ઝળકાવો. જીવન ઉજ્જવળ બનાવો. તપની સાધનામાં જોડાયેલા બા. બ્ર. પૂ. હર્ષિદાબાઈ મહાસતીજીને આજે વીસમો ઉપવાસ છે. આવા સતીજીઓ જ્યારે તપ કરતા હોય તો તમને પણ એવા ભાવ જાગવા જોઈએ. કે હું કેમ ન કરી શકું? આત્મબળ કેળવે છે તે તપ કરી શકે છે. સમય થઈ ગયો છે વધુ ભાવ અવસરે.

☆

## વ્યાખ્યાન નં. - ૪૪

**ભાદરવા સુદ ૧ ને શુક્રવાર** **તા. ૫-૯-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

આત્માની આહલેક પુકારતું અને શ્રદ્ધાની અમૂલ્ય સંજીવનીનું પાન કરાવી આત્માને અમરત્વનું ભાન કરાવતું આજે ચોથું પર્યુષણપર્વ આવી ગયું. શ્રદ્ધાપૂર્વક જે જીવ વીતરાગ વાણીનું પાન કરે છે તે અમર બને છે. જ્ઞાની કહે છે કે શ્રદ્ધા એ જીવનનો પ્રાણ છે. આજે માણસ ખાધા વિના થોડો સમય ટકી શકે છે પણ પાણી વિના ટકી શકતો નથી. અને જેટલો સમય આહાર ને પાણી વિના ટકી શકે છે તેટલો સમય હવા વિના ટકી શકતો નથી. તેમ આ સંસારમાં પણ માનવ શ્રદ્ધા વિના ટકી શકતો નથી. આજે તમારો કયો વ્યવહાર એવો છે કે જેમાં શ્રદ્ધા અને વિશ્વાસ વિના ચાલી શકે છે!

*વિશ્વાસથી ઘર ચાલે છે ને વિશ્વાસથી વહેપાર ધંધા ચાલે છે*

માની લો કે આટલામાંથી કોઈને રોગ થયો ને ડોકટર પાસે ગયા. જો ડોકટર પર શ્રદ્ધા હશે તો દવા લેવાથી રોગ મટશે. શ્રદ્ધા વિના નહિ મટે. શિષ્યને ગુરૂ વચનમાં શ્રદ્ધા હોય તો કલ્યાણ કરી શકે. ભકતને ભગવાન ઉપર શ્રદ્ધા હોય તો ભવસાગર તરી શકે. અસીલને વકીલ ઉપર શ્રદ્ધા હોય તો કેશમાં સફળતા મેળવી શકે ને વિદ્યાર્થીને શિક્ષક ઉપર શ્રદ્ધા હોય તો આગળ વધી શકે છે. તમે વહેપારમાં લાખો રૂપિયાની રકમ મુનીમને સોંપો છો. જો વિશ્વાસ છે તો સોંપો છો ને? ઘરમાં પત્ની ઉપર પણ વિશ્વાસ રાખવો પડે છે. જો માતા કે પોતાની પત્ની પ્રત્યે શંકા હોય તો તેમના હાથની બનાવેલી રસોઈ પણ માણસ ખાઈ શકે નહિ. દુનિયામાં સર્વત્ર વિશ્વાસથી કામ ચાલે છે. તો હવે તમે વિચાર કરો કે આપણને સર્વજ્ઞ ભગવંતો ઉપર અને તેમના પ્રરૂપેલા ધર્મ ઉપર કેટલી શ્રદ્ધા હોવી જોઈએ? પણ આજે તમને ધર્મ ઉપર કેટલી શ્રદ્ધા છે? બોલો. સંસારની શ્રદ્ધા રાખવાથી કયારેક શ્રદ્ધાની અશ્રદ્ધા થવાનો પ્રસંગ આવે છે. કારણ કે સંસારમાં સ્વાર્થની સગાઈ છે. જ્યાં જુઓ ત્યાં રાગની રામાયણ વંચાય છે ને દ્વેષનું

કારણ યુદ્ધ ચાલે છે. પણ જેને કોઈના પ્રત્યે રાગ નથી, દ્વેષ નથી, સ્વાર્થ કે લાલસા નથી માત્ર કરૂણા દૃષ્ટિથી જગતના જીવોનું કલ્યાણ કેમ થાય તેનું લક્ષ રાખી પોતે કષ્ટ વેઠીને જ્ઞાન પ્રાપ્ત કરી જગતના જીવોને સન્માર્ગે વાળવા પ્રયત્ન કરે છે આવા પરમાર્થી સંતો ઉપર કેટલો વિશ્વાસ હોવો જોઈએ? ધર્મ ઉપર આવી દૃઢશ્રદ્ધા જો રાખવામાં આવે તો અવશ્ય લાભદાયી બને છે. ગીતામાં કહ્યું છે કે:-

श्रध्धावान लभते ज्ञानं, तत्परः संयतेन्द्रियः ।
ज्ञानं लब्ध्वा परांशान्तिम्, अचिरेणाधिगच्छति ।।

શ્રદ્ધાવાન જીવ જ્ઞાન પ્રાપ્ત કરી, ઈન્દ્રિયો ઉપર કાબૂ મેળવી, મોક્ષપદને પ્રાપ્ત કરે છે. ત્યારે "संशयात्मा विनश्यति ।" અશ્રદ્ધાળુ મનુષ્ય વિનાશ પામે છે. જુઓ, શ્રદ્ધા ઉપર એક ન્યાય આપું.

એક નગરમાં બે મિત્રો રહેતા હતા! બંને જન્મથી ખૂબ ગરીબ હતા. તેમાં એક શ્રદ્ધાવાન હતો ને બીજો દરેક વાતમાં શંકા કરનારો હતો. એક શ્રદ્ધાવાન મિત્રે કહ્યું કે આપણે અહીં સુખી નહિ થઇએ. પરદેશ જઇને વેપાર કરીએ. ત્યારે બીજો મિત્ર કહે છે પરદેશ જઈને વધુ દુઃખી નહિ થઇએ તેની શું ખાત્રી? શ્રદ્ધાવાન મિત્રે ખૂબ આગ્રહ કર્યો એટલે બંને જણા પરદેશ જવા રવાના થયા. માર્ગમાં એક સિદ્ધપુરૂષને જોયો. ત્યારે શ્રદ્ધાવાન કહે છે આ સંતની સેવા કરીશું તો સુખી થઈશું. ત્યારે શંકાશીલ મિત્ર કહે છે સેવા કરવાથી સુખ મળશે તેની શું ખાત્રી? આમ શંકાશીલ બન્યો પણ શ્રદ્ધાવાન મિત્રને સેવા કરતો જોઇને તે પણ સેવા કરવા લાગ્યો. પણ મનમાં વારંવાર શંકા કરતો કે આ સિદ્ધપુરૂષ છે તેનો શો વિશ્વાસ? આ બંને મિત્રોએ ખૂબ સેવા કરી એટલે પેલા સિદ્ધપુરૂષ પ્રસન્ન થયા ને તેમણે પેલા બે મિત્રોને બે વસ્ત્રો આપ્યા ને કહ્યું કે છ મહિના સુધી આ વસ્ત્રો તમે બંને કંઠમાં રાખજો. છ મહિના પૂરા થયે તેમાંથી તમને દરરોજ પાંચસો સોનામહોરો મળશે. આ બંને મિત્રો વસ્ત્રો લઇને ત્યાંથી રવાના થયા. શ્રદ્ધાવાન મિત્રના મનમાં થયું કે આવા સંતો વચનસિદ્ધ હોય છે. માટે તેમણે જે વચન કહ્યું છે તેનું શ્રદ્ધાપૂર્વક પાલન કરવાથી લાભ થશે. ત્યારે પેલા શંકાશીલ મિત્રના મનમાં થયું કે કોણ જાણે છ મહિને પાંચસો સોનામહોરના બદલે પાંચ ત્રાંબાના સિક્કા પણ મળશે કે નહિ? તેનો શો વિશ્વાસ? એ કહે કે કંઠમાં રાખો કે બગલમાં રાખો કે પોટલામાં બાંધો એમાં શું ફેર છે? તેને તો વસ્ત્ર ગળામાં નાંખતા શરમ આવતી હતી એટલે એ તો મશ્કરી કરતો હતો. એણે તો એ વસ્ત્ર ફેંકી દીધું પણ શ્રદ્ધાવાન માણસને પૂરી શ્રદ્ધા હતી. તેણે તો તે વસ્ત્ર બરાબર છ મહિના સુધી કંઠમાં વીંટી રાખ્યું. એટલે સિદ્ધપુરૂષના વચન અનુસાર તેને તેમાંથી નિત્ય પાંચસો સોનામહોરોની પ્રાપ્તિ થવા લાગી અને તે ધનાઢ્ય બની ગયો. ત્યારે પેલા શંકાશીલના અફસોસનો પાર ન રહ્યો.

બંધુઓ! શ્રદ્ધા વિના જીવનમાં કોઇ કાર્યની સફળતા મળતી નથી. શ્રદ્ધા એ આત્માનું કોહીનુર છે. જો તમારે જીવનનું સુંદર ઘડતર કરવું હોય, જીવનમાં સૌરભ ફેલાવવી હોય તો પ્રથમ શ્રદ્ધાની જરૂર છે. શ્રદ્ધા વિનાની ક્રિયા એકડા વિનાના મીંડા જેવી છે ને આકાશમાં ચિત્રામણ કરવા જેવી છે. જ્ઞાનીના પગલે ચાલવું તે સાચી શ્રદ્ધા છે ને અજ્ઞાનીના પગલે ચાલવું તે અંધશ્રદ્ધા છે. ધર્મનો પ્રાણ શ્રદ્ધા છે. શ્રદ્ધાથી કેવો લાભ થાય છે! અશ્રદ્ધાથી લાભ તો થતો નથી પણ અંધશ્રદ્ધાથી કેવી હાંસી થાય છે! આજે તો માણસોમાં અંધશ્રદ્ધા ખૂબ વધી ગઇ છે ને આંધળીયું અનુકરણ કરતા થયા છે. તમે જે ધર્મકરણી કરો છો તે જો સાચી સમજણ અને શ્રદ્ધાપૂર્વક થાય તો મહાન લાભ થાય છે. છેવટમાં ધર્મકરણી નિષ્ફળ જતી નથી પણ પુણ્ય બંધાય છે. એ પુણ્ય ભોગવતા ખલાસ થઇ જાય ને નવું પુણ્ય ઉપાર્જન ન થાય તો પાછા હતા તેવા ને તેવા થઇ જશો. આજે ધર્મકરણીમાં કહો કે તમારો વ્યવહાર કહો બધામાં બીજાનું અનુકરણ થાય છે. આણે આમ કર્યું તો આપણે આમ કરવું જોઇએ, આ રીતે ઓઘસંજ્ઞાથી બધું થાય છે. પણ આપણે કયા હેતુથી આ કરીએ છીએ તેનું મૂળ કારણ કોઇ તપાસતું નથી. તમે બીજાનું અનુકરણ કરો તો સાચું કરો પણ જે અનુકરણ કરવાથી મૂર્ખ બનીએ તેવું અનુકરણ ન કરો. શ્રદ્ધાથી શું લાભ થાય છે ને અશ્રદ્ધા-શંકા કરવાથી કેવું નુકશાન થાય છે તે વિચારી ગયા. હવે અંધ અનુકરણ કરવાથી શું થાય છે તે વિચારીએ.

**આંધળુ અનુકરણ :** એક ગામમાં એક પંડિત બ્રાહ્મણ રહેતો હતો, આખા ગામમાં કોઇના દીકરા-દીકરી પરણાવવાના આદિ શુભ કામમાં આ ગોર મહારાજને સહુ બોલાવતા. ગામમાં સૌ એમને પંડિતજી કહેતા. આ પંડિતજી દરરોજ સવારમાં નાહી-ધોઇને ગાયત્રી મંત્રનો જાપ કરતા. આ પંડિતજીના ઘરની સામે એક કુંભારનું ઘર હતું. કુંભારના આંગણામાં એક ગધેડું બાંધેલું રહેતું. એ ગધેડાને દરરોજ પ્રભાતના પહોરમાં ભૂંકવાની આદત હતી. પંડિતજીને ગાયત્રી મંત્રનો જાપ કરવાનો સમય અને ગધેડાને ભૂંકવાનો એક સમય હતો. પંડિતજી વિચાર કરવા લાગ્યા કે આ ગધેડો પવિત્ર લાગે છે. એ દરરોજ મારી સાથે ગાયત્રીનો મંત્ર બોલતો લાગે છે. નક્કી એ કોઇ જોગી જેવો છે એટલે તે મારી સાથે મંત્રમાં સૂર પુરાવે છે તે સિવાય આવું ન બને.

**"પંડિતજી પૂછે છે જોગીદાસ કયાં ગયા"?** : એક દિવસ પંડિતજી ગાયત્રીનો પાઠ કરવા બેઠા પણ પેલા ગધેડાનો સૂર ન સંભળાયો એટલે પંડિતજીને વિચાર આવ્યો કે આજ રોજની જેમ અવાજ ન આવ્યો તો એ જીવનું શું થયું હશે? એ તો જોગીદાસ જેવો આત્મા છે. પંડિતજીને ગાયત્રીના મંત્ર જાપમાં ચિત્ત ચોંટયું નહિ. જેમ તેમ કરીને જાપ પૂરો કર્યો ને પંડિતજી કુંભારને ઘેર ગયા. ત્યાં જઇને પૂછયું કે આજે જોગીદાસ કયાં ગયા છે? ત્યારે કુંભાર કહે છે જોગીદાસ વળી કોણ?

મારે ઘેર કોઇ જોગીદાસ છે નહિ. ત્યારે કહે છે તમારે ઘેર ઉત્તમ જીવ જોગીદાસ રહે છે. એ રોજ ગાયત્રી મંત્રમાં સૂર પૂરાવે છે. કુંભાર સમજી ગયો કે મારો ગધેડો એના મંત્ર જાપ વખતે ભૂંકે છે માટે જોગીદાસ કહેતા લાગે છે. કુંભાર કહે છે એ તો મારો ગધેડો ને ? બ્રાહ્મણ કહે છે આવા પવિત્ર આત્માને ગધેડો ન કહેવાય. એને તો જોગીદાસ મહારાજ કહેવાય. પણ એ ગયા કયાં ? ત્યારે કુંભારે કહ્યું. પંડિતજી ? એ તો રાત્રે મરી ગયો. આ વાત સાંભળીને પંડિતજી રડવા લાગ્યા. અહો ! આજે તો ગજબ થઇ ગયો. પંડિતજીને ખૂબ દુઃખ થયું. આવા પવિત્ર ને ઉત્તમ જોગીદાસ મહારાજ મરી જાય એ કંઇ જેવી તેવી વાત છે ! મારે એમની પાછળ કંઇક તો કરવું જોઇએ ને ?

## "જોગીદાસની પાછળ પંડિતજીએ મૂંડાવેલ માથું ને તેની સાથે બધાએ કરેલું અનુકરણ"

આ પંડિતજી તો ખૂબ ગરીબ હતા. તેમણે વિચાર્યું કે હું તેમની પાછળ દાન પુણ્ય કરી શકું એવી મારી શકિત નથી. તો ઓછામાં ઓછું માથું મુંડાવીને નદીમાં સ્નાન તો કરવું જોઇએ. તો જોગીદાસ મહારાજ મારા મિત્ર કહેવાય. પંડિતજીએ તો માથું મુંડાવી નાંખ્યું તે નદીમાં સ્નાન કરીને ઘેર જઇ રહ્યા હતા. ત્યા રસ્તામાં નગરશેઠ સામા મળ્યા. બિચારા પંડિતજી તો જોગીદાસ મહારાજના શોકમાં ઉદાસ બની ગયા હતા. નગરશેઠે પૂછયું કે પંડિતજી ! આજે તમે માથું કેમ મુંડાવ્યું છે ? ને આટલા બધા ઉદાસ કેમ ? ત્યારે કહે છે શેઠજી ! આજે તો ગજબ થઇ ગયો. આજે જોગીદાસ મહારાજ સ્વર્ગવાસી થયા છે. નગરશેઠ કહે છે કોણ જોગીદાસ ? ત્યારે કહે છે આપણા ગામમાં એક મોટા પંડિત રહેતા હતા. ભોજરાજાના કાળીદાસ પંડિત કરતાં પણ મહાન હતાં. તેને અમે જોગીદાસ મહારાજ કહેતા હતા. તે સ્વર્ગવાસ પામ્યા. તમને ખબર નથી ? નગર શેઠ કહે છે ના....ના. તે કહે મારે પણ કંઈક કરવું જોઇએ ને ? પંડિતજી કહે. હા, જરૂર કરવું જોઇએ. આવા મહાન પંડિતજીની પાછળ તમે તો બે-પાંચ હજારનું દાન કરો તો પણ તમારે માટે ઓછું છે. એ મહાન પવિત્ર હતાં. જો વધુ કંઈ ન કરો તો ઓછામાં ઓછું માથું તો મુંડાવવું જોઇએ ને ! ત્યારે નગર શેઠે વિચાર કર્યો કે દાન દઉં તો પૈસા ખરચવા પડે તેના કરતાં માથું મુંડાવી લઉં તો પતી જાય. એટલે નગર શેઠે પણ માથું મુંડાવ્યું. નગર શેઠ માથું મુંડાવીને ઘેર જઇ રહ્યા છે ત્યાં રસ્તામાં લોકો પૂછવા લાગ્યા કે શેઠ ! તમે કોનું સરાવવા ગયા હતા ? કોનું માથું મુંડાવ્યું ? ત્યારે શેઠ કહે છે તમને કંઇ ખબર છે કે નહિ ? આપણા ગામમાં જોગીદાસ મહારાજ દેવલોક પામ્યા. આખા ગામમાં સમાચાર વીજળી વેગે ફેલાઇ ગયા કે જોગીદાસ મહારાજ દેવલોક પામ્યા.

**પંડિતજીએ પણ માથું મુંડાવ્યું :–** કોઈ કામ પ્રસંગે નગર શેઠ પ્રધાનજી

પાસે ગયા. પ્રધાને પૂછયું શેઠજી! તમારા કુટુંબમાં કોઇનું મૃત્યુ થયું છે કે શું? ત્યારે શેઠ કહે છે પ્રધાનજી! આપ આવા મોટા પ્રધાનજી થઇને ગામમાં શું બન્યું એટલી પણ ખબર નથી રાખતા? આજે જોગીદાસ મહારાજ સ્વર્ગવાસી થયા એટલે પ્રધાને નગર શેઠનું અનુકરણ કર્યું. તે સિવાય ઘણાં માણસોએ માથું મુંડાવ્યું. પણ કોઈ પૂછતું નથી કે એ મહારાજ કોણ હતા? પ્રધાનજી રાજસભામાં ગયા. પ્રધાન, નગર શેઠ પંડિતજી અને બીજા ઘણાં માણસો સભામાં માથું મુંડાવીને આવ્યા હતા. બધાના માથે મુંડન જોઇને રાજાએ પૂછયું પ્રધાનજી? તમે કેમ માથું મુંડાવ્યું છે? પ્રધાને કહ્યું. મહારાજા! આજે જોગીદાસ મહારાજ મૃત્યુ પામ્યા છે.

રાજા કહે પ્રધાનજી! એ જોગીદાસ મહારાજ કોણ હતા? એ કોઇ વખત આપણી સભામાં આવ્યા હતા? તેમના જ્ઞાનનો કદી લાભ લીધો છે? પ્રધાન કહે સાહેબ! એ મને ખબર નથી. નગર શેઠ બધું જાણે છે. એમને પૂછો. રાજાએ નગર શેઠને પૂછયું ત્યારે શેઠે કહ્યું મહારાજા! હું એ વાત નથી જાણતો. આપણા પંડિતજીને પૂછો. એમને બધી ખબર છે. હવે પંડિતજીનો વારો આવ્યો. રાજાએ પંડિતજીને પૂછયું કે પંડિતજી! કયા જોગીદાસ મહારાજ મરી ગયા? એ કયાં રહેતા હતા? એમના ગુરૂનું નામ શું છે? એમને કેટલા શિષ્યો હતા? એ કેટલા શાસ્ત્રો ભણ્યા હતા? તેમણે તેમના જીવનમાં કઇ કઇ મહાન સાધનાઓ કરી છે કે જેમની પાછળ પ્રધાનથી માંડીને ઘણાં નગરજનોએ માથું મુંડાવ્યું છે? તો એ કોઇ સામાન્ય વ્યક્તિ નહિ હોય! કોઇ મહાન પુરૂષ હશે? પંડિતજી કહે મહારાજા! તે કોઈ પવિત્ર જીવ હતો ને મને ગાયત્રીના મંત્રોમાં દરરોજ સૂર પૂરાવતા હતા. એ મહાન આત્મા સદ્ગતિમાં ગયો હશે! ત્યારે રાજા કહે છે પંડિતજી! તમે તો ઉત્તમ જીવ હતો એમ કહ્યા કરો છો પણ મારા પ્રશ્નનો જવાબ બરાબર કેમ આપતા નથી! બિચારા પંડિતજી મૂંઝાયા કે આવા ઉત્તમ જીવને ગધેડો કેમ કહેવાય? પણ રાજા પાસે તેમનું કંઈ ચાલે તેમ ન હતું. પંડિતજીએ કહ્યું મહારાજા! જોગીદાસ મહારાજ મનુષ્ય ન હતા. ત્યારે રાજાએ ગુસ્સે થઇને કહ્યું એ કોણ હતા ને કેવા હતા? પંડિતજીએ કહ્યું. મહારાજા! એને ચાર પગ હતા. મોઢું લાંબું હતું. ને પેટ મોટું હતું. પણ ગધેડો હતો તેમ કહેવું પાપ છે એમ પંડિતજી માનતા હતા. ત્યારે રાજા કહે છે તમે કહો છો તેવા જોગીદાસ મહારાજ હોય તો શું તે ગધેડો હતો? (હસાહસ) પંડિતજીએ કહ્યું હા, મહારાજા પણ આવા પવિત્ર આત્માને ગધેડો કહેવો તે મહાન પાપ છે. રાજાએ પ્રધાન સામે જોઇને કહ્યું કે બધા તો મૂર્ખા ભેગા થયા છો પણ પ્રધાનજી! તમે પણ મૂર્ખના સરદાર બન્યા ને? તમારે તો વિચાર કરવો હતો કે જોગીદાસ કોણ હતા? આખી સભા ખડખડાટ હસી પડી. તમને પણ ખૂબ હસવું આવે છે ને? બંધુઓ! આ દૃષ્ટાંતથી આપણે એ સાર ગ્રહણ કરવાનો છે કે તમે અનુકરણ કરો તો સારાનું કરજો પણ આવું અંધ અનુકરણ ના કરશો.

બંધુઓ! જેટલા મહાન પુરૂષો થયા છે તે બધા સમ્યક્ શ્રદ્ધાના યોગે થયા છે. જો તમારે તમારા જીવનને ઉચ્ચ અને ઉપકારક બનાવવું હોય તો ઉપકારી મહાન પુરૂષો પ્રત્યે શ્રદ્ધા રાખો. સાચી શ્રદ્ધાથી વિવેક પ્રગટે છે. માનવ જીવનમાં શ્રદ્ધાની જબ્બર અસર થાય છે. ભયંકર માંદગીમાં પણ કયારેક શ્રદ્ધા અમૃતની ગરજ સારે છે. વિશ્વાસ આત્માની જયોતિ છે. સંશય આત્માનો અંધકાર છે. વિવેક હૃદયની સૌરભ છે ને અવિવેક મનની ગંદકી છે. સાધનાના વૃક્ષને શ્રદ્ધાનું જળ સિંચતા રહો તો સિદ્ધિના સુંદર પુષ્પો અવશ્ય ખીલી ઉઠશે. જો તમારે જીવનમાં સુગંધ મહેંકાવવી હોય તો આપણે આપણા અનંત શકિતશાળી આત્માના અસ્તિત્વમાં શ્રદ્ધા રાખવી જોઈએ વિચારવું જોઈએ કે અનંત સામર્થ્યનો સ્વામી મારો પોતાનો આત્મા છે. એ સત્યમાં શ્રદ્ધા રાખવી જોઈએ. આ વાતમાં શ્રદ્ધા હોય તો આપણે પોતે આત્માની શકિતનો અનુભવ કરી શકીએ. આ શ્રદ્ધા વડે તમે જેવા ધારશો તેવા બની શકશો. તમે પોતાને નબળા માનશો તો નબળા બનશો ને બળવાન માનશો તો બળવાન બનશો. પણ એટલું જરૂર સમજી લેજો કે આપણો આત્મા અનંત જ્ઞાન, અનંત સુખ અને અનંત ગુણનો સ્વામી છે. જે કંઈ પ્રગટ કરવા યોગ્ય ગુણો છે તે બધા આપણામાં છે. જો અનંત ગુણો પ્રગટ કરવા હોય તો અનંત ગુણમાં શ્રદ્ધા રાખો.

શ્રદ્ધાની સંજીવનીનું પાન કરાવનાર પર્યુષણ પર્વના ત્રણ દિવસ તો પલકારામાં પસાર થઈ ગયા. આજે ચોથો દિવસ આવી ગયો. પર્યુષણ પર્વના આઠ દિવસ શા માટે છે? તે તમે જાણો છો? જ્ઞાનાવરણીયાદિ કર્મો આઠ છે. જાતિમદ, કુલમદ આદિ મદ પણ આઠ છે. અને પાંચ સમિતિ ને ત્રણ ગુપ્તિ એ પ્રવચનમાતા પણ આઠ છે. જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મોને આ આઠ દિવસમાં પાતળા પાડવાના છે. આઠ મદને ગાળવાના છે ને આઠ પ્રવચન માતાની આજ્ઞામાં રહેવાનું છે. આ પર્વાધિરાજ પર્યુષણ આપણા આત્માને લાગેલા કર્મરૂપી કાદવને ધોવા માટે વોશિંગ કંપની છે. આ કંપની આઠ દિવસ માટે ખોલી છે. તમને વોશિંગમાં ધોયેલા કપડા પહેરવા ગમે છે ને? અહીં પણ આત્માને ધોવાનો છે. વીતરાગ શાસન રૂપી વોશિંગ કંપનીમાં વીતરાગી સંતો ધોબી બનીને કર્મના મેલને ધોવા માટે તમને હાકલ કરે છે કે હે ભવ્ય જીવો! હવે જાગો. કયાં સુધી પ્રમાદમાં પડયા રહેશો? પુરૂષાર્થની પગદંડી પર પ્રયાણ કરો. સમય તો પાણીના પૂરની જેમ વહી રહ્યો છે. વીતરાગ વાણી રૂપી પાણી, સમ્યક્ત્વ રૂપી સનલાઈટ સાબુ લઈ, સમતાની શીલા ઉપર ધર્મરૂપી ધોકા વડે આત્મારૂપી કપડાને ધોઈને સ્વચ્છ બનાવી દો.

તમને સંસારનો તાપ લાગ્યો હોય ને એ તાપમાં જેમ તેમ અથડાઈને તૃષાતુર બન્યા હો તો એ તૃષાને શાંત કરવા માટે આ પર્યુષણ પર્વ એ આઠ દિવસ માટે ઠંડા

પીણા પીવાનું કોલ્ડ્રીંગ હાઉસ છે. વીતરાગ વાણીનું શીતળ જળ પીને તમારી તૃષાને શાંત કરો. આ પર્યુષણ પર્વ અજ્ઞાનમાં આથડતા જીવોને રત્નત્રયનું નોલેજ (જ્ઞાન) પ્રાપ્ત કરવાની કોલેજ છે. મારા ભાઈઓ ને બહેનો! તમે કોલેજનું નોલેજ ઘણું પ્રાપ્ત કર્યું. પણ એ નોલેજ ભવના ફેરા નહિ ટાળે. અનંતકાળથી સંસારમાં રખડાવનાર જો કોઈ હોય તો અજ્ઞાન છે. આચારંગ સૂત્રમાં ભગવાને કહ્યું છે કે "लोयंसि जाण अहियाय दुक्खं।" જીવને અજ્ઞાન જેવું મોટામાં મોટું કોઈ દુઃખ નથી. જ્ઞાન જેવું કોઈ સુખ નથી ને અજ્ઞાન જેવું દુઃખ નથી. માટે આ અજ્ઞાનના અંધકાર ટાળીને જ્ઞાનનો સૂર્ય પ્રગટાવવો હોય તો તમે અમારી આ આઠ દિવસની કોલેજમાં દાખલ થઈ જાવ. અહીંયા તમને રત્નત્રયનું જ્ઞાન આપવામાં આવશે. જેઓ સમ્યગ દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપી રત્નોને પામી જાય છે તેનો સંસાર લિમિટમાં આવી જાય છે. તે જીવ જઘન્ય ત્રીજે ભવે ને ઉત્કૃષ્ટ પંદર ભવે મોક્ષમાં જાય છે. કદાચ પંદર ભવે મોક્ષમાં ન જાય તો અર્ધ પુદ્ગલ પરાવર્તનથી વધુ સંસારમાં તે જીવ ભમતો નથી. તે નિઃશંક વાત છે.

આ પર્યુષણ પર્વ ભવરોગને નાબૂદ કરવાની ડીસ્પેન્સરી છે. કોઈને પેટમાં એપેન્ડીસ હોય, પેટમાં ગાંઠ હોય અગર હાડકું સડી ગયું હોય તો તેનું ઓપરેશન કરાવીને તમે કઢાવી નાંખો છો. જો થોડો પણ સડો હશે તો ભવિષ્યમાં વધુ નુકશાન કરશે એમ સમજીને વહેલી તકે તમે ડોકટર પાસે જઈને જલ્દી ઓપરેશન કરાવવા માટે હોસ્પિતાલમાં દાખલ થઈ જાવ છો. ડોકટરો ઓપરેશન કરીને ચાર્જ લે છે પણ અમારા વીતરાગના સંતો ફ્રી ઓફ ચાર્જમાં ઓપરેશન કરે છે. તે આઠ દિવસ માટે છે. ઘણી વખત ગવર્મેન્ટ સરકાર બહારથી મોટા મોટા સર્જન ડોકટર બોલાવીને આઠ દશ દિવસ માટે યજ્ઞ ખોલે છે ને ઘણાં દર્દીઓ તેનો લાભ લઈને પોતાનો રોગ નાબૂદ કરે છે. ત્યારે અમારા ભગવંતે પણ ભવરોગ નાબૂદ કરવા માટે આ હોસ્પિતાલ ખોલી છે ને સંતોરૂપી ડોકટરો મોકલ્યા છે. આ કોઈ પ્રાયવેટ હોસ્પિતાલ નથી. જનરલ છે. જેને દાખલ થવું હોય તે થઈ જાવ. દાન - શિયળ - તપ અને ભાવનાની ઔષધિ લઈને ભવરોગ નાબૂદ કરો.

બંધુઓ! આ પર્વ આત્માને પવિત્ર બનાવવાનો સંદેશો આપે છે. તો તમે પરિગ્રહની મમતા છોડો. બને તેટલી સ્વધર્મીની અને દીન દુઃખીની સેવા કરો. આજે તો સ્વધર્મી અને દુઃખીની સેવા કરવાની ભૂલી ગયા છો. જ્યાં જુઓ ત્યાં પૈસાની પૂજા થાય છે. જેટલું પૈસાનું મહત્ત્વ છે તેટલું આત્માના ગુણોનું મહત્ત્વ નથી. પૈસના પૂજારીઓ! એ પૈસો તમને પાપના પોટલા બંધાવીને દુર્ગતિમાં ધકેલી દે છે તે જીવને ક્યાં સમજાય છે? પૈસો વધ્યો ને સાથે પાપ પણ વધ્યું છે. દુનિયામાં ભ્રષ્ટાચાર વધ્યો છે. આજે સૌ પૈસા હોય તેને માન આપે છે. પણ કર્મના ઉદયથી જે બિચારો ગરીબ છે પણ એના

જીવનમાં કેટલા સદ્દગુણ છે, તેનું અંતર કેવું પવિત્ર છે તે કોઇ તપાસતું નથી, જગતમાં જયાં જુઓ ત્યાં ધનવાનોની જયજય બોલાય છે. એક ભક્તે પણ ગાયું છે કે :–

**પૈસાની જગમાં જય જય, ધનપતિની જગમાં જય જય**
**પૈસાને સૌ ભરે સલામ, પૈસો સૌને કરે ગુલામ,**
**અરે વાહ રે વાહ ........ પૈસાની જગમાં જય જય,**
**સૌ કોઈ પૈસાને પ્યાર કરે, સૌ કાળાનો જયકાર કરે,**
**પણ પરેસવાની પૂંજીનો અહીં, ના કોઇ સત્કાર કરે.**
**કાળાના માન અને ધોળાનાં થાયે અપમાન....અરે વાહ રે વાહ...**

પૈસાની પાછળ તમે પાગલ બન્યા છો. પણ વિચાર કરો. પૈસાની પાછળ તેના ગુલામ બની ગયા છો. કોઇ ગરીબ માણસ ફાટયા તૂટયા કપડાં પહેરતો હોય, કોઇ વેજાના કપડાં પહેરતો હોય તો કોઇ તેની ખબર ના પૂછે. પણ એ માણસના પુણ્યનો સિતારો ઝળકે ને તે વેજાને બદલે શરબતી મલમલનું ધોતીયું પહેરે, વોશિંગમાં ધોયેલા ટેરી કોટનના પેન્ટ ને શૂટ પહેરે તો એના માન વધી જાય છે. વ્યકિત તો તે જ હતી એનું નામ પણ એ જ હતું પણ હવે સૌ કેમ બોલાવે છે? તેનું કારણ સમજયા ને? આ વ્યકિતના માન નથી પણ તેની પાસે રહેલા પૈસાનું માન છે. જૂની કહેવત છે ને કે **"નાણાં વગરનો નાથીયો ને નાણે નાથા લાલ"** પાસે નાણું ન હોતું ત્યારે નાથીયો કહીને બોલાવતા. કોઇનું નામ ગાંડાલાલ હોય તો ગાંડીયો - ગાંડીયો કરે પણ પૈસા વધે તો નાથીયાનો નાથાલાલ શેઠ ને ગાંડીયાનો ગાંડાલાલ શેઠ બની જાય છે. આજે જયાં જુઓ ત્યાં દગાખોરી, લાંચ-રૂશ્વત ને લાલચ વધી છે. એક જમાનો એ હતો કે સાધુને દવાની જરૂર પડે તો દવાની જેને દુકાન હોય તે લોકો મફત દવા આપતા. સાધુને દર્દ થાય તો ડોકટર જૈન ન હોય તો પણ સાધુની સેવા મફત કરતા હતા. આજે પણ સેવાભાવી ડોકટરો અને દવાવાળાઓ છે ને તે સંતોની સેવાનો લાભ લે છે પણ તેવા જીવો બહુ ઓછા છે.

આ પર્વના દિવસોની તમે એવી રીતે ઉજવણી કરો કે અન્ય ધર્મી ઉપર પણ છાપ પડે. શ્રીમંતોના ઘરનાં નોકરો પણ વિચાર કરે કે શેઠ આ આઠ દિવસ ખૂબ ધર્મ આરાધનામાં જોડાશે તો આપણને પણ આરામ મળશે. પણ તમે એવું ન કરતા કે આ આઠ દિવસમાં બહુ કામ નથી તો આટલી ઉઘરાણી કરી આવ પણ તેને ઉપાશ્રયે વ્યાખ્યન સાંભળવા લઇ આવજો. એ સાંભળશે તો કયારેક તે તમારા કરતાં પહેલા બૂઝી જશે. એને પણ થાય કે શેઠના પર્યુષણ જલ્દી કયારે આવે? ડોકટરો હોય, વહેપારી હોય તો તેમણે આઠ દિવસ ગરીબોને મફત દવા કે અનાજ આપવા. એ બિચારા અંતરના આશીર્વાદ આપશે ને ફરીને પર્યુષણ પર્વની રાહ જોશે. વડોદરામાં

એક આનંદલાલ બી. કોઠારી સ્થા. જૈન ડોકટર સર્જન છે. તેઓ પર્યુષણના દિવસોમાં જેટલા દર્દી આવે તેને મફત ઓપરેશન કરે છે. ગરીબ ધન્યવાદ આપતા બોલે છે કે પર્યુષણ સદા આવજો. માટે ધર્મધ્યાન, તપ, ત્યાગ, દાન, શિયળથી ઉત્તમ પર્વ ઉજવો.

એક બહેન નાની ઉંમરમાં વિધવા થઇ. કર્મયોગે વિધવાપણું છે તેમાંએ ધન અને ધણી બંને જેના જાય છે તેના ઉપર કર્મરાજાએ પહાડ ફેંકવા બરાબર છે. જ્યાં સુધી માનવી તેના પંજામાં નથી આવ્યો ત્યાં સુધી તેને ખબર નથી કે દુઃખ કેવું છે ? ખરેખર

**ધનવાન મોજ માણે છે, દુઃખિઆરા આંસુ સારે છે.**
**કોઇ અનુભવીને પૂછી લો, એ કેમ જીવી જાણે છે.**

આ રીતે ભયંકર ગરીબીમાં પોતાને પતિ સ્ત્રી અને પુત્રને મૂકી મૃત્યુના ખોળે સૂઇ જાય છે. છેવટમાં મહાન દુઃખ ભોગવતાં દીકરાને મોટો કરે છે. ભવિષ્યના સુખની આશાએ મા ઘંટીના પૈડા ફેરવી દીકરાને ભણાવે છે. સુખની આશાએ દુઃખ વેઠી માતા એ પોતાની જાતને કપડા ઘસાય તેમ કાયાને ઘસી નાંખી. દીકરો આગળ વધતાં બી. એ. થાય છે. દીકરાને મનમાં કોડ છે કે હું ક્યારે નોકરી કરું ને મારી માતાના મહાન ઉપકારનો બદલો વાળી મારું જીવન પવિત્ર બનાવું. આ આશાએ ભણ્યો પણ આપ જાણો છો ને કે આજે ભણેલાનો હાથ ઝાલનાર ન હોય તો તે રખડતા હોય છે. શ્રીમંતના સૌ સગા થાય છે પણ ગરીબના કોઇ નથી. માતાનું શરીર ખાધા વગર મજુરી કરીને ઘસાઇ ગયું છે જે ભોગવે તે જાણે તેમ માનું શરીર લોશ થઇ ગયું. છેવટમાં બીમાર પડી. ચાર ડીગ્રી તાવ આવ્યો પણ દવાના પૈસા નથી તે મોસંબી ક્યાંથી લાવે ? દીકરાનો કોઇ હાથ ઝાલનાર નથી. આવી ગરીબીમાં પણ અમીરી છે કે મરવું સારું પણ ભીખ નહિ માંગવી. કામ કરીને પૈસા લેવા. પણ માંગીને નહિ. નોકરી માટે બધે દોડે છે પણ મળતી નથી. હવે અમારું શુ થશે ? તે ચિંતાએ શરીર સુકાવા લાગ્યું.

**ચિંતા સે ચતુરાઇ ઘટે, ઘટે રૂપ ને રંગ,**
**ચિંત બડી અભાગણી, ચિંતા ચિતા સમાન**

ચિંતા બહુ કરવાથી માણુસની બુદ્ધિ પણ ઓછી થઈ જાય છે. માણુસનું રૂપ પણ ઘટી જાય છે. ચિંતા એ તો જીવતા માણુસનું અવસાન છે. ચિંતા કરતા ચિતા સારી કે એક વખત બળી જવાનું, પણ ચિંતા તો જીવતા માણુસને જલાવી દે છે.

**છેવટે યાદ આવ્યું :–** કેટલી જગ્યાએ અરજી કરી, ઇન્ટરવ્યૂ આપવા ગયો પણ જ્યાં ગયો ત્યાંથી નકારો થયો એટલે નિરાશ થયેલો છોકરો માતાની બીમારી જોઇ આંખમાં આંસુ સારે છે. હે માતા ! હું કેવો કમનસીબ ! કે માતાની સેવા કરવા પણ સમર્થ નથી. હવે શું કરું ? ત્યાં યાદ આવ્યું કે મારો એક ખાસ મિત્ર છે. તે તો

અમેરિકા ગયો છે. પણ એના પિતાજી મોટા મિલ માલિક છે. મોટી મોટી ઓફિસો છે. તો ત્યાં જઈને મારી પરિસ્થતિ જણાવું તો જરૂર મારો મૂંઝવણ ભર્યો પ્રશ્ન ઉકલી જશે. એમના અગાધ ધન સાગરમાંથી એકાદ બિંદુ મને મળશે તેવી આશાથી તે મિત્રના પિતાની ઓફિસે પહોંચી ગયો. શેઠ ખૂબ કામમાં હતા. તેથી થોડી વાર પછી તે બહાર આવ્યા. તેમની પાસે ગયો ને પગમાં પડીને પોતાની સ્થિતિનું વર્ણન કર્યું ને સાથે એ પણ કહ્યું કે આપના પુત્રનો મિત્ર છું. કાકા! મને કૃપા કરી આપની ઓફિસમાં કલાર્ક તરીકે નોકરી રાખો. મારી માતા ભયંકર માંદગીના બિછાને સૂતી છે. એક મોસંબીનો રસ પીવડાવવાના પણ પૈસા નથી. જો મને અત્યારે નોકરી આપશો તો જિંદગીભર હું આપનો ઉપકાર નહિ ભૂલું. એમ કહેતો શેઠના ચરણ ચૂમવા લાગ્યો. કાળજું કંપાવતી છોકરાની કરૂણ કહાની સાંભળીને શેઠનું દિલ પીગળી ગયું. શેઠે મેનેજરને બોલાવી છોકરાને કયાંક ગોઠવી દેવાની વાત કરી ત્યારે મેનેજરે કહી દીધું. સાહેબ! આપણે ત્યાં એક પણ માણસની જરૂર નથી. આવા તો કંઈક ભિખારા આવશે. કહેવત છે ને કે પોતાના સુખમાં મસ્ત બનેલો માનવી બીજાના દુઃખ કયાંથી જાણે? મેનેજરે ના પાડી એટલે શેઠે કહી દીધું કે ચાલ્યો જા. મિલમાં જરૂર નથી. ત્યારે છોકરો ખૂબ રડીને બોલ્યો કે મારી માતા ખાતર મને રાખો. હું આશાભેર આવ્યો છું. તો મારી આશાના મિનારા ના તોડશો. છોકરાના આવા કરૂણ શબ્દો સાંભળીને નરમ બનવાને બદલે શેઠ ગરમ થઈ ગયા.

બંધુઓ! શ્રીમંતાઈના નશામાં ચકચૂર બનેલા માનવીને ગરીબ પ્રત્યે હમદર્દી આવતી નથી. છોકરો કરગરે છે ત્યારે શેઠ કહે છે તને એક વખત ના પાડી છતાં સમજાતું નથી. હવે સીધી રીતે ચાલ્યો જા નહિતર મારે પોલીસને બોલાવવો પડશે. કાળજામાં સોંસરા વાગે તેવા શેઠના કઠોર શબ્દો સાંભળીને નિરાશવદને બહાર નીકળ્યો. અરેરે....હવે કયાં જાઉં? મગજમાં માતાની માંદગી અને બીજી તેની દવા વિગેરે ઉપચાર માટે શું કરવું આ પ્રશ્ન ઘુમે છે. બીજું કાંઈ સૂઝતું નથી. છોકરો ચોધાર આંસુએ રડે છે. કિસ્મતની કેવી બલિહારી છે કે આટલું દુઃખ હોવા છતાં કોઈને તેના ઉપર દયા નથી આવતી! હવે કયાં જાઉં? કોની પાસે પૈસા માંગું? માતાની શિખામણ છે કે દીકરા! ભૂખ્યા મરવું કૂરબાન પણ કોઈની પાસે હાથ લંબાવવો નહિ. મહેનત મજૂરી કરીને મળે તે લેવું. શૂન્ય જેવો બનીને એક ઠેકાણે ઉભો છે.

**માતૃભક્તિને વશ થઈને ઉપાડી ઘઉંની ગુણ:**– હવે જો નોકરી વિના ઘેર જઈશ તો માતા પૂછશે કે બેટા! નોકરી મળી ગઈ? તો હું શું જવાબ આપીશ? જો ના પાડીશ તો તેને આઘાત લાગશે. આવા વિચારો એના મગજમાં આવતા હતા. ત્યાં એના કાને શબ્દો અથડાયા કે કોઈ મજૂર છે? આ ઘઉંનો કોથળો અમુક ઘેર

નાંખી આવવાનો છે. આ શબ્દો સાંભળીને છોકરો આશાભેર દોડયો ને ઘઉંનો કોથળો ઉંચકયો. વણીકનો દીકરો છે. કદી આવું વજન ઉપાડયું નથી પણ માતાની સેવા કરવા માટે કોથળો ઉંચકીને ચાલ્યો પણ વજન ઉંચકી શકતો નથી. પરાણે ચાલ્યો જાય છે ત્યાં એક કેરિયર સાથે અથડાતાં ભોંય પડી ગયો, તેના પગ ઉપર કેરિયરના પૈડા ફરી વળ્યા તેમાં એક પગ કપાઇ ગયો ને બીજા પગે ફ્રેક્ચર થયું. બેભાન થઇને પડયો છે. કોઇ દયાળુને દયા આવી ને સામે હોસ્પિતાલ હતી તેમાં દાખલ કર્યો. ચાર પાંચ દિવસ સુધી હોસ્પિતાલમાં બેભાન રહ્યો જ્યારે ભાન આવ્યું ત્યારે મા.... મોસંબી મા.... દવા એમ તૂટક તૂટક શબ્દો બોલ્યા કરતો. જ્યારે સંપૂર્ણ ભાન આવ્યું ત્યારે કહે છે મારી માતાને કોઇ ખબર આપો. મને આ શું થયું? મારી માતાનું શું થયું હશે! પગે ચાલી શકે તેમ ન હતું. કેવી રીતે જવું?

**દીકરા દીકરા કરતા માતાએ છોડયા પ્રાણ:**– એણે સરનામું આપીને નર્સને કહ્યું. બહેન! મારી માતાની ખબર કાઢી આવો ને? એની શું સ્થિતિ છે? માતાની ખબર કઢાવી તો સમાચાર મળ્યા કે માતા તો દીકરાનું રટણ કરતી કરતી પરલોક સિધાવી ગઇ. આ સાંભળી છોકરો પોક મૂકીને છૂટે મોઢે રડયો. તેનું રૂદન જોઇને બીજા દર્દીઓ પણ રડી ઉઠયા. અરેરે.... કેવો કમભાગી! જે માતાએ બાળપણામાં વિધવાપણાના દુઃખ વેઠી પોતાની જાત નીચોવીને ભણાવ્યો તેની આટલી સેવા પણ ના કરી શકયો! ઘુંટડો મોસંબીનો રસ પણ પાઇ ન શકયો. મરતાં મરતાં એના મોઢે પાણી પણ ન મૂકી શકયો? હવે એ માતા કયાં મળશે? એમ કરતાં એક મહિને હોસ્પિતાલમાંથી રજા મળી પણ ઘેર કેવી રીતે જવું? કોના માટે જાઉં? ઘરમાં એક પૈસો કે અનાજનો કણ નથી. મમતા પીરસનારી માતાની હૂંફ નથી. હવે ઘેર જઇને શું કરું? દવાખાનામાંથી લાકડાની ઘોડી બનાવી આપી હતી. તેના સહારે આ છોકરો મેદાનમાં જ્યાં બધા ભિખારીઓ બેસે ત્યાં બેસેને કોઇને દયા આવે તો પાઇ પૈસો આપે તેમાંથી દાળીયા મમરા લઇને પોતાના દિવસો ગુજારતો હતો.

એક દિવસ એવું બન્યું કે એક માણસ ત્યાંથી પસાર થતો હતો ને આ છોકરો આપો મા–બાપ એક પૈસો–ગરીબની દયા કરો એમ બોલતો હતો. પેલો માણસ એને જોઇને સ્થંભી ગયો ને પૂછ્યું કે છોકરા! તું કોણ છું? બંનેને વિચાર આવે છે કે આપણે એક બીજાને જોયા છે. તેથી પૂછ્યું કે તને આ શું થયું? ત્યારે છોકરાએ બનેલી બધી કહાની કહી.

**સંત સમાગમ પછી મેનેજરના હૃદયનો પલટો:**–છોકરાની દર્દભરી કહાની સાંભળીને કહે છે દીકરા! તારી આ દશા કરાવનાર હું એ શેઠનો મેનેજર છું. મેં નોકરી રાખવાની ના પાડી ન હોત તો તારી આ દશા ન થાત ને! મારા પાપે તારો પ

કપાયો. તુ અપંગ બની ગયો. હું કેવો પાપી ! સત્તાના નશામાં આવીને મેં આ શું કર્યું ? તું કરગરતો હતો છતાં મને દયા ન આવી. આ પાપનો બદલો હું કયાં જઈને ભોગવીશ ? હકીકત એમ બની હતી કે પર્યુષણના દિવસો હતા. આ મેનેજર જૈન હતો. તે વ્યાખ્યાન સાંભળીને આવી રહ્યો હતો. વ્યાખ્યાનમાં ગરીબોની દયા વિષેની વાતો સાંભળીને આવ્યો હતો. તેમાં આ પોતાના નિમિત્તે બનેલો બનાવ નજરે પડયો એટલે તેના દિલમાં ખૂબ પશ્ચાતાપ થયો ને તે પાપ તેના દિલમાં ડંખવા લાગ્યું. પોતે કરેલા પાપની છોકરાના ચરણમાં પડીને ક્ષમા માંગી ને તેને ઊંચકીને પોતાને ઘેર લાવ્યો ને કહ્યું. બેટા ! મારે કોઈ સંતાન નથી. આજથી હું તારો બાપ છું. ને તું મારો દીકરો છે. હવે જિંદગીભર તને પાળું તો પણ આ પાપમાંથી મુકત નહિ બની શકું, મારી ભૂલનું આવું પરિણામ આવશે તે મને ખબર ન પડી. સંતની વાણી સાંભળીને મેનેજરનું હૃદય પલટાયું ને પોતાની ભૂલને ભૂલ સમજાતાં પોતે પ્રાયશ્ચિત કરી લીધું.

બંધુઓ ! આ મેનેજરને પોતાની ભૂલ ભૂલ તરીકે દેખાઈ તો જીવન સુધારી દીધું. હવે આપણે પણ આપણું જીવન સુધારવું છે. ભૂલો નહિ કરવાનો અને કરેલી ભૂલોનું પ્રાયશ્ચિત કરવાનો પવિત્ર દિન સંવત્સરી આવે છે. હૃદયના ખૂણેખૂણે ભરેલા પાપોને યાદ કરીને તેનું પ્રક્ષાલન કરજો. વધુ ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં.-૪૫

**ભાદરવા સુદ ૨ ને શનિવાર** **તા. ૬-૯-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો !

સર્વજ્ઞ ભગવાન શું બોલ્યા છે ? હે સુખપિપાસુ ભવ્ય જીવો ! તમે વિષમાં વસી અમૃતપાનની આશા રાખો છો તો તે ત્રણ કાળમાં નહિ બને. ઝેરમાં રહીને કોઈ માણસ અમૃતની આશા કરે તો તે કેવો કહેવાય ? અજ્ઞાન ને ? સાચી સમજણના અભાવે જીવ વિષને અમૃત માની બેઠો છે.

**છે ભાન ને બેભાન બનીને ભૂલ થાય છે. અમૃત મૂકીને ઝેર પીવાને તું જાય છે.**
**ભવરણ મહીં ભટકતો તું એક પ્રવાસી, મૃગજળ પીવા જાય ને રહી જાય છે પ્યાસી,**
**તરસ ન છીપી (૨) એનો પસ્તાવો થાય છે (૨)....છે ભાન ને બેભાન....**

જ્ઞાનીઓ કહે છે તમે જેને સુખ માનો છો ને જેમાં વસો છો ત્યાં હલાહલ ઝેર ભરેલું છે. કોઈ માણસ ઝેર પીને જીવવાની આશા કરે તો તે જીવી શકે ? "ના." તેવી રીતે આ સંસારના વિષય, વિલાસો તથા રાગ-દ્વેષના તાંડવ વચ્ચે સુખ અને શાંતિ મેળવવા ચાહો છો તો કયાંથી મેળવશો ? જ્ઞાની કહે છે તું ઝેરમાં જીવે છે ને અમૃતની

આશા કરે છે આ તારું ભયંકર અજ્ઞાન છે. ઝેરને ઝેર માને તે કદી ઝેર પીએ નહિ. માની લો કે કોઇ નાનો બાળક છે તે ઝેરનો ગાંગડો લઇને મોઢામાં મૂકવા જાય તો શું માતા લઈ લીધા વિના રહે ખરી? અરે, ઝેરનો ગાંગડો હાથમાંથી ખૂંચવી લે ને કહે બેટા! આ તો ઝેર કહેવાય. ને તે ખાવાથી મરી જવાય. બોલો પછી તે દીકરો મોટો થયા બાદ ઝેરનો અખતરો કરવા જાય ખરો? ન જાય.

## આત્મકલ્યાણ કરવું હોય તો જીનવાણીની સંજીવની ગ્રહણ કરો.

તમને આવી શ્રદ્ધા જિનવાણીમાં છે? કે આ સંસારના વિષયો, મિથ્યાત્વ, રાગ, દ્વેષ, અજ્ઞાન આ બધું ઝેર છે. સંતોએ તમને આ વાત કેટલી વખત સમજાવી છે! નાના બાળકને એક વખત એની માતાએ સમજાવ્યું કે આ ઝેર છે, તો જિંદગી પર્યંત તે શ્રદ્ધા રાખીને તેનો અખતરો કરતો નથી. પણ તમે તો ભોગ વિષયોને ઝેર સમજો છો છતાં તેનો રાગ છોડતા નથી. માણસ ઝેર ખાય તો એક વખત મરે છે પણ વિષયોના વિષ તો જીવને ભવોભવમાં મારશે ને અનંત સંસારમાં રઝળાવશે. શું કહું? અનાદિકાળથી જીવે કોની સાથે પ્રેમ કર્યો છે? જડભાવ-વિભાવ સાથે. જડનો પ્રેમ રાખી સુખ, શાંતિ અને આનંદ લેવા ઇચ્છે છે કયાંથી મળી શકે? તમે વિચાર કરો કે સિંહ જેવા ક્રૂર પ્રાણીમાં કદી સૌમ્યતાના દર્શન થાય? સર્પ જેવા ઝેરી પ્રાણીમાં ક્ષમા હોઇ શકે? તેમ સંસારના મોજશોખ અને વિષય વિલાસમાં રાચનાર કદી આત્મકલ્યાણ કરી શકે? વૈરાગ્ય અને વિષયને બારમો ચંદ્રમા છે. તે બંનેને વેર છે. ઈન્દ્રિયોના વિષયોમાં મોજ માણનાર ભોજન કરતી વખતે એક પણ રસને છોડતો નથી ને તપ-ત્યાગની વાતો કરતો હોય તો તે આત્મા અને પરમાત્મા વચ્ચે ઘણું મોટું અંતર છે. જેને દેવ-ગુરૂ-ધર્મ અને જિનવાણી ઉપર શ્રદ્ધા હોય, જન્મ-જરા-મરણનો જેને ત્રાસ લાગ્યો હોય તેને સંસારના વૈભવ, ધન-શરીર, સંપત્તિ ને યૌવન બધું શરદ ઋતુની વાદળીની છાયા જેવું લાગે. સંસારના ભોગોમાં તે ઉદાસીન ભાવથી રહે. આ વૈરાગીનું લક્ષણ છે. ત્યાગ અને વૈરાગ્ય આવ્યા વિના કદી મોક્ષ મળી શકે નહિ. મોક્ષ મેળવવો એ કંઇ સહેલી વાત નથી. જે અનંત કાળથી નથી મળ્યું તે કંઇ એમ સહેલાઇથી થોડું મળી જાય? જે સત્ય સ્વરૂપની સમજણ વગર અનંતકાળ રખડયો તે અમૂલ્ય તત્ત્વની પિછાણ ભોગ વિષયોમાં રચ્યાપચ્યા રહીને કરવા ઇચ્છે છે તે કયાંથી થાય? આત્મ તત્ત્વની પિછાણ કરવા માટે પહેલા પાત્રતા લાવવી જોઇશે. પરિગ્રહની મમતા ઘટાડી, વિષયો ને વ્યસનોનો ત્યાગ કરી, પાપકર્મ ઓછા કરી તમારા જીવનને સાત્વિક બનાવો. દુકાનમાં ગાદી ઉપર બેસી ને જ્યારે અનીતિ કરતા હોય, ભોળા અને વિશ્વાસુ ઘરાકને છેતરતા હો તે સમયે તમારા આત્માને પૂછો કે તું દરરોજ ઉપાશ્રયે જાય છે, જિનવાણીનું શ્રવણ કરે છે-તો તેં તારું જીવન કેટલું પવિત્ર બનાવ્યું? આખા દિવસમાં કેટલી નીતિનું

આચરણ કરે છે ને કેટલી અનીતિ કરે છે? ગૃહસ્થાશ્રમમાં રહીને કેવું જીવન જીવે છે? માનવ જેવું કે દાનવ જેવું? આ રીતે આત્મનિરીક્ષણ કરો. દરરોજ સૂતી વખતે ને ઉઠતી વખતે વિચારવું જોઈએ કે આજે હું માનવ જેવું. પશુ જેવું કે સત્પુરૂષ જેવું કેવું જીવન જીવ્યો? આજે હું કેટલું અસત્ય બોલ્યો? કેટલી અનીતિ કરી? અંતરમાં દંભ રાખી ઉપરથી દેખાવ કરવા ધર્મના નામે કેટલા ઢોંગ કર્યા? ને અંદરમાં તું કેવો છે? તેનું નિરીક્ષણ કર. કારણ કે અંદર બેઠેલો આત્મા સામાન્ય નથી. સર્વજ્ઞ બનવાવાળો છે. તે જરૂર તમને જવાબ આપશે કે તેં કેટલા દગા પ્રપંચ કર્યા છે? તું અહીં ભૂલ્યો છે. જેવી તમારી કાર્યવાહી હશે તેવો રિપોર્ટ આપી દેશે. જ્ઞાની કહે છે તું કેવી કાર્યવાહી કરી રહ્યો છું તેનું ચારે તરફથી બારીકાઈથી સુક્ષ્મ રીતે નિરીક્ષણ કરી લે. નહિ કરે ત્યાં સુધી તું સાચા અર્થમાં ઇન્દ્રિઓને વિજેતા નહિ બની શકે, મનની ચંચળતા દૂર નહિ થાય. તે ઉપયોગ, અને ચંચળ વૃત્તિ તેમજ ઇન્દ્રિયોનો આત્મા તરફ નહિ વાળે ત્યાં સુધી તું અંતઃકરણની શુદ્ધિ નહિ કરી શકે, અંતઃકરણની શુદ્ધિ વિના આત્મદર્શન નહિ થાય. આત્મશુદ્ધિ કેવી રીતે થાય? ઈન્દ્રિયો વિષયોમાં પૂરપાટ દોડે છે. મન અહીં બેઠું બેઠું કેવી વિચિત્ર કલ્પનાના ઘાટ ઘડે છે! આ મનને તથા ઇન્દ્રિઓના વ્યાપારને અટકાવી દો. તપ-ત્યાગ અને વૈરાગ્ય મેળવવા માટે તેં તારા અશુભ પરિણામને રોકયા નથી ત્યાં સુધી તું આત્માની સમાધિ કયાંથી પામી શકે?

**ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન,**
**અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન,**

તત્ત્વ જ્ઞાની પુરૂષો ઉંડું ચિંતન કરીને જગતને માખણ આપે છે. જો કોઈ એકાંત માર્ગને ગ્રહણ કરીને પોતાની સ્વચ્છંદતાથી શાસ્ત્ર વાંચી એમ કહી દે કે ઉપવાસની જરૂર નથી. ત્યાગ કરવાની જરૂર નથી. સામાયિક-પ્રતિક્રમણ કરી, ઉપાશ્રયના પગથિયાં ઘસાઇ ગયા પણ આત્મજ્ઞાન થયું નહિ માટે આત્મજ્ઞાન મેળવવાનો માર્ગ જુદો છે એમ કહે તે સ્વચ્છંદ વૃત્તિ છે. તે વૃત્તિનો ત્યાગ કર્યા વિના આત્માના પરમ સુખની પ્રાપ્તિ નહિ થાય.

બંધુઓ! પરમ સુખની પ્રાપ્તિ કરવા માટેની એક ચાવી છે, કે તમે સંયમ ન લઇ શકો ને સંસારમાં રહો તો અનાસક્ત ભાવથી રહો. જેમ કમળ પાણીમાં રહે છે છતાં તેનાથી અલિપ્ત રહે છે તેમ તમે પણ અલિપ્ત ભાવે રહો. ઘણાં માણસો કર્મના ઉદયથી સંસાર ભોગવે છે પણ એના ભોગાવલી કર્મો પૂરા કરવા માટે પણ સંસારના રસથી નહિ. એવા અનાસક્ત ભાવે રહેનારા આત્માઓ સંસારમાં રહેવા છતાં તેમની વૃત્તિ અને વર્તન ત્યાગી જેવા હોય છે. નમી રાજર્ષિ સંસારમાં હતા છતાં તેમને નમી-રાજર્ષિ કહ્યા છે. શા માટે? સંસારમાં ઋષિ જેવી રીતભાતથી રહેતા હતા. અહીં જૈન

દર્શનમાં તો આવા અનેક દાખલા છે. પણ ઈતર દર્શનમાંય આવા દાખલા છે. વૈષ્ણવના ગ્રંથમાંથી વાંચેલી વાત છે.

## "સંસારી હોવા છતાં ત્યાગી- ભાવ શુદ્ધિના બળે"

એક વખત કૃષ્ણની પટ્ટરાણીઓ કહે છે કે દરિયાના સામા કિનારે એક મહાન યોગી રહે છે તેમને જમાડવા માટે જવું છે તો દરિયો ઓળંગવામાં સહાય કરો. ત્યારે કૃષ્ણ કહે છે કે તમે દરિયાકિનારે જઈને એમ કહેજો કે હે દરિયાદેવ ! અમારો પતિ બ્રહ્મચારી હોય તો અમને જવાનો માર્ગ કરી આપો. ત્યારે કૃષ્ણની પટ્ટરાણીઓ વિચાર કરવા લાગી કે આપણા સ્વામીનાથ ૩૨ હજાર રાણીઓ સાથે ભોગ ભોગવે છે છતાં કહે છે બ્રહ્મચારી ! સત્યભામા, રૂક્ષ્મણી, રાધા આદિ પ્રત્યે તો પાગલ છે ને બ્રહ્મચારી શેના ? મનમાં થયું પણ સ્વામીની સામે બોલાય કેમ ? કૃષ્ણની રાણીઓ ભોજનના થાળ લઈને દરિયા કિનારે પહોંચી ને પ્રાર્થના કરીને કહ્યું હે દરિયાદેવ ! અમારા સ્વામી જો બ્રહ્મચારી હોય તો અમને સામે કિનારે જવાનો માર્ગ આપો. આ રીતે કહ્યું ત્યાં પાણીના બે ભાગ થઈ ગયા. બધી રાણીઓના દિલમાં ચમત્કાર થયો કે આ શું ? આપણે તો પતિની વાતને મજાક સમજતા હતા પણ આ તો સાચું પડ્યું. સામે કિનારે જઈ યોગીને ભોજન કરાવ્યું. પછી વિચાર કરવા લાગી કે આપણે પતિના વચન પ્રમાણે દરિયાદેવે માર્ગ દીધોને અહીં આવ્યા. હવે જવું કેવી રીતે ? યોગીને કહે છે અમે અહીંથી સામે કિનારે કેવી રીતે જઈએ ? ત્યારે યોગી કહે છે તમે જઈને એમ કહેજો કે અમે જેમને જમાડીને આવ્યા છીએ તે યોગી જો સદાનો તપસ્વી હોય તો હે દરિયાદેવ ! અમને માર્ગ આપો. આ સાંભળી રાણીઓ વિચાર કરવા લાગી કે આટલી બધી મીઠાઈના થાળ ભરીને લાવ્યા હતા તેમાંથી એક ચીજ બાકી મૂકી નથી. બધું ખાઈ ગયા છતાં કહે છે સદાનો તપસ્વી. આ તે કેવી વાત કરે છે ! (હસાહસ).

બંધુઓ ! તમને આ વાત ઉપર હસવું આવે છે પણ ભગવાન કહે છે મારા સંતો આહાર કરતાં હોય છતાં તપસ્વી. ત્યાં પણ તમને થશે કે એ ગૌચરી કરે ને શેના તપસ્વી ! (હસાહસ). જ્ઞાનીએ પરિણામ ઉપર વાત કરી છે. આ ખોટી વાત નથી. કૃષ્ણની પટ્ટરાણીઓએ દરિયા કિનારે જઈને કહ્યું કે અમે જેને જમાડી આવ્યા છીએ તે યોગી જો સદાના તપસ્વી હોય તો દરિયાદેવ અમને માર્ગ આપો. તરત પાણીમાં બે ભાગ થઈ ગયા. પોતાના મહેલે આવીને પટ્ટરાણીઓ કૃષ્ણને પૂછવા લાગી કે સ્વામીનાથ ! આપ આટલી રાણીઓની સાથે રહેવા છતાં બ્રહ્મચારી કેમ ? અને અમે જેને જમાડવા ગયા હતા તે યોગી નિત્યભોજી હોવા છતાં સદાના તપસ્વી કેમ ? અમને આ બાબતમાં ખૂબ આશ્ચર્ય લાગે છે. ત્યારે કૃષ્ણ કહે છે આ બાબતમાં હું લાંબુ વિવેચન નથી કરતો પણ ટૂંકમાં તમને એટલું જરૂર કહું છું કે તમારી બધાની વચમાં વસું છું, સંસારના

ભોગ ભોગવું છું પણ તેમાં મને બિલકુલ આસક્તિ નથી, રસ નથી. અને તમે જેને જમાડવા ગયા તે યોગીને સ્વાદ પ્રત્યે જરા પણ રસ નથી. તમે પકવાનના થાળ લઈને ગયા તો તે ખાધા અને રોટલો ને છાશ આપી હોત તો તે પણ એટલા પ્રેમથી આરોગી જાત. ને તમે ન ગયા હોત તો પણ એને પરવા ન હતી, આવો તે યોગી છે માટે તે નિત્યભોજી હોવા છતાં તપસ્વી છે.

આજે આપણા પરમ પિતા પ્રભુ મહાવીર સ્વામીનો જન્મ વાંચવાનો છે. પ્રભુનો જન્મ દિવસ ચૈત્ર સુદ તેરસનો છે. પર્યુષણમાં ભાદરવા સુદ બીજના દિવસે જન્મ વાંચીએ છીએ. આસો વદી અમાસના દિવસે ભગવાનનો નિર્વાણદિન ઉજવીએ છીએ. એવા ભગવાન મહાવીર સ્વામીનો જન્મ ક્યારે થયો? જ્યારે આ પૃથ્વી ઉપર હિંસાનું તાંડવ વધ્યું, લોકો યજ્ઞમાં ઘોડા અને બોકડા હોમવા લાગ્યા, બત્રીસ લક્ષણા યુવાન છોકરાને જીવતાં હોમી દેવા લાગ્યા, લોકો ધર્મથી વિમુખ થવા લાગ્યા. ને ભૂમિ ઉપર ભ્રષ્ટાચાર ભ્રમણ કરવા લાગ્યો, અજ્ઞાનીઓનો ઉપદ્રવ વધ્યો ત્યારે તેનો નાશ કરવા માટે મહાન પુરૂષોનો જન્મ થાય છે. ગીતામાં કૃષ્ણ બોલ્યા છે ને કે હે અર્જુન! જ્યારે જ્યારે ભૂમિ ઉપર પાપનો ભાર વધશે ત્યારે હું જન્મ લઈશ. પણ જે આત્મા મોક્ષમાં નથી ગયો તે જન્મ લે છે. કૃષ્ણ વાસુદેવ આવતી ચોવીસીમાં તીર્થંકર થશે. પછી તેમને જન્મ નહિ લેવો પડે. બધા જન્મોમાં માનવ જન્મની જ્ઞાનીઓએ મહત્તા બતાવી છે.

**चत्तारि परमंगाणि, दुल्लहाणिह जन्तुणो ।**
**माणुसत्तंसुइ सध्धा, संजमम्मिय वीरियं ।।**

ઉ. સૂ. અ. ૩, ગાથા ૧

આ મનુષ્ય ભવ પામીને ચાર અંગ મળવા મહા મુશ્કેલ છે. મનુષ્ય ભવ મળી જાય પણ માનવતા આવવી મુશ્કેલ છે. માનવ તો ઘણા હોય છે પણ માનવતાના ગુણ હોતા નથી. જેમ દૂધની ખાલી બાટલી અને દૂધની ભરેલી બાટલી વચ્ચે જેટલુ અંતર છે તેટલું અંતર માનવ અને માનવતા વચ્ચે રહેલું છે. દૂધની ખાલી બાટલીને પણ તમે દૂધની બાટલી કહો છો ને દૂધની ભરેલી બાટલીને પણ તમે દૂધની બાટલી કહો છોને? પણ ખાલી બાટલીમાં દૂધ નથી હોતું તે તો નામની દૂધની બાટલી છે. તેમ જે માનવ જન્મ પામ્યો છે પણ તેનામાં માનવતાને યોગ્ય ગુણો નથી તે માત્ર કહેવાનો માનવ છે. જેનામાં કામ-ક્રોધ, ઇર્ષ્યા, વિષય, નિંદા, વિકથા આદિ દુર્ગુણો ભરેલા છે તે સાચો માનવ નથી. જો તમારે સાચા માનવ બનવું હોય તો વિષય-કષાયાદિ દુર્ગુણનો કચરો ફેંકી દો. ઘરમાંથી કચરો વાળીને બહાર ફેંકી દો છો કે ઘરમાં ઢગલા કરો છો? કચરો ઘરમાં સંઘરતા નથી તો આ દુર્ગુણોનો કચરો કેમ ગમે છે? આજનું જીવન જોતાં દિલમાં મને તો દુઃખ થાય છે. વિષયોનાં સેવન, ફેશનો અને વ્યસનોએ

તો દાટ વાળ્યો છે. એક વ્યસન અનેક વ્યસનો લાવે છે. ને એ વ્યસનનો વળગાડ જીવને સાચી દિશા સૂઝવા દેતો નથી. મેં થોડા દિવસ પહેલા એક લેખ વાંચ્યો કે વ્યસન માણસને કેવો તુચ્છ બનાવે છે. વ્યસનીનો કોઈ વિશ્વાસ કરતું નથી.

એક શેઠને કોઈ હોશિયાર માણસની જરૂર હતી. એટલે તેમણે છાપામાં જાહેર ખબર આપી કે મારે એક હોંશિયાર માણસ જોઈએ છે. બીજે દિવસે શેઠ પોતાના દિવાનખાનામાં બેઠા હતા ત્યાં એક નોકરીનો ઉમેદવાર આવ્યો ને શેઠને નમન કરીને કહ્યું. શેઠજી! પેપરમાં જાહેર ખબર વાંચીને હું આપને ત્યાં નોકરી કરવા માટે આવ્યો છું. મને આપ આપને ત્યાં રાખી લો તો આપનો મહાન ઉપકાર. આ શેઠ ખૂબ સદાચારી ને સાદા હતા. તેઓ ગુણને મહત્ત્વ આપનારા હતા. પરીક્ષા કર્યા વગર તરત કોઈને રાખી લે તેવા ન હતા. એટલે શેઠે પૂછયું કે તમે ભણ્યા છો કેટલું? ઉમેદવારે કહ્યું કે મેટ્રીકની આસપાસનો અભ્યાસ કર્યો છે. ને હમેંશા સારા માર્કે પાસ થયો છું. શેઠે કહ્યું ભણતર ઓછું હશે તો ચલાવી લઈશ પણ તમને કોઈ વ્યસન નથી ને?

**એક વ્યસન કેટલા વ્યસન લાવ્યો તેની કહાની :–** ઉમેદવારે કહ્યું કે કોઈ કોઈ વખત એકાદ ઈલાયચી ખાઉં છું. શેઠે કહ્યું કે ઈલાયચી તો મુખવાસ કહેવાય તે ખાવાથી મોઢું સાફ રહે. પણ તમારે આખો દિવસ થોડી થોડી વારે ખાવી પડે? ના, ના. શેઠ સાહેબ! એમ નહિ પણ ક્યારેક ભાંગ પીધી હોય ત્યારે મોઢું સાફ કરવા ખાવી પડે. ત્યારે શેઠ કહે છે ઠીક, ત્યારે તમને ભાંગ પીવાની આદત લાગે છે? કેમ! ત્યારે પેલો ઉમેદવાર કહે છે ના....ના, શેઠજી. આમ તો મને કોઈ જાતનું વ્યસન છે નહિ. ક્યારેક કડક સીગારેટ પીધી હોય ને તેના કારણે માથું ભમવા લાગે ત્યારે એકાદ ભાંગનો ગ્લાસ પી જાઉં છું. (હસાહસ). જુઓ આ કેવો માણસ છે? એમ કહેતો જાય છે કે મને કોઈ વ્યસન નથી ને પાછો બુદ્ધિનું કેવું પ્રદર્શન કરે છે! શેઠે પૂછયું ત્યારે તો તમે સીગારેટ પણ પીતા લાગો છો ખરું ને? ત્યારે પેલો કહે છે શેઠ! મેં કદી જિંદગીમાં બીડી પીધી ન હતી પછી સીગારેટની તો વાત જ ક્યાં? મને ધૂમાડો તો ગમે નહિ. ગાડીમાં મુસાફરી કરતો હોઉં ને મારી બાજુમાં બેઠેલો પેસેન્જર બીડી કે સીગારેટ પીએ તો હું તેની સાથે ઝઘડતો. કારણ કે મારાથી ધૂમાડો સહન થતો નથી. પણ આ તો ક્યારેક દેશી કે ઈંગ્લીશ દારૂ પીધો હોય ત્યારે ઉપર એક બે સિગારેટ પી લીધી હોય તો બે ઘડી લહેજત આવે. બાકી મને સિગારેટનું વ્યસન નથી. (હસાહસ) ત્યારે શેઠે કહ્યું તો તમે દેશી અને ઈંગ્લીશ બંને જાતના દારૂ પણ પીવો છો ખરું ને? ત્યારે ઉમેદવારે કહ્યું. શેઠજી! તમે શું કહો છો? દારૂના પીઠા ઉપર તો મેં સ્વરાજ્યની ચળવળમાં સત્યાગ્રહ કરેલો. ને દારૂના દૈત્યને બાળ્યો. ત્યારે હું ચળવળમાં મોખરે હતો. મને તો દારૂ પ્રત્યે આટલી

બધી નફરત છે. પણ વાત એમ બની છે કે અમે પાંચ મિત્રો છીએ. તે એક દિવસ અમે ગણિકાને ત્યાં નાચગાનની મહેફિલમાં ગયેલા. ત્યાં મારા મિત્રોએ મને એકાદ પ્યાલી પીવડાવવા માટે ગણિકાને ખૂબ આગ્રહ કરેલો. પણ મેં તો તેને કહી દીધું કે મારે દારૂ પીવો નથી. શરબત હોય તો પીઉં. ત્યારે મારા મિત્રો મારા ઉપર ગુસ્સે થઈને મને કહેવા લાગ્યા કે આ કંઈ કોલ્ડ્રિંક હાઉસ નથી. અહીં તો શરાબ પીવો જોઈએ. એ પીવાય તો નાચગાનમાં મજા આવે. માટે એક પ્યાલી પી જા. પછી જો જો કેવો રંગ જામે છે! જો તું નહિ પીવે તો અમારી બધી મજા મારી જશે. ખૂબ આગ્રહ કરીને પરાણે મને એક પ્યાલી દારૂ પાયો. તે પીતાની સાથે તબિયત એવી ખુશ થઈ ગઈ. એવી લહેજત આવી ગઈ કે બીજી ચાર પ્યાલીઓ એકી સાથે પી ગયો. (હસાહસ) આ સાંભળીને શેઠ બોલી ઉઠયા કે- લો ઠીક. તમે વેશ્યાને ઘેર નાચ જોવા પણ જાઓ છો?

ત્યારે ઉમેદવારે કહ્યું. શેઠજી! નાચમાં તે શું જોવાનું છે કે ત્યાં જાઉં? આ જગતમાં જ્યાં જુઓ ત્યાં નાચ દેખાય છે. મિલમાલિકો મજૂરોની મહેનત પર નાચે છે. મજુરો મોંઘવારી અને બોનસ પર નાચ કરે છે. વહેપારીઓ ધરાકો પર નાચે છે ને શ્રીમંત ઘરની શેઠાણીઓ સારા કપડાં અને દાગીના પર નાચ કરે છે. આવા વિવિધ પ્રકારના નાચ જોવા મળતા હોય ત્યાં બીજા નાચ જોવાનું શું મન થાય? અને ગણિકાના નાચગાન જોવા જવું હોય તો પાંચ-પચીસ રૂપિયા જોઈએ. મારા જેવો ગરીબ માણસ એટલા રૂપિયા કયાંથી લાવે? આ તો વાત એમ બની કે જન્માષ્ટમીના દિવસે હું ત્રણ પત્તાનો જુગાર રમ્યો તેમાં પચાસ રૂપિયા જીત્યો એટલે મનને થયું કે લાવને ગણિકાને ત્યાં જઈને સંગીતના સૂર સાંભળું. બાકી શેઠજી! મારું ત્યાં જવાનું ગજું છે? (હસાહસ) ત્યારે શેઠે કહ્યું ઠીક, તમે ત્રણ પાનાનો જુગાર પણ રમો છો એમને? તમે કોઈ વ્યસન બાકી નથી રાખ્યું ને પાછા કહો છો મને કોઈ વ્યસનનું બંધન નથી. આ તમારી કઈ જાતની વાત છે? ત્યારે પેલો કહે ના. ના. શેઠજી! એવું કંઈ નથી. મને બાવન પાનાનો જુગાર તો ગમતો નથી. હાથમાં આવે તો ફાડીને ફેંકી દઉં. પણ એક વખત અમે ચાર મિત્રો જેલમાં ગયેલા. તેમાં એક મિત્ર ખિસ્સામાં પાના લાવેલો. છ મહિના અમારે જેલમાં રહેવું પડયું. છ મહિનામાં મારા મિત્રોએ મને એવો પાનાનો જુગાર રમતા સરસ શીખવાડી દીધો કે ભલભલાને હરાવી દઉં.

શેઠ કહે છે ઠીક. તો તમે જેલના સળિયા પણ ગણી આવ્યાં છો કેમ? ત્યારે તેણે કહ્યું કે જો એકનું ખિસ્સું કાપીને તરત ભાગી ગયો હોત તો જેલમાં જવું ન પડત પણ એકનું ખિસ્સુ કાપીને બીજાનું કાપવા ગયો ત્યાં પકડાઈ ગયો ને જેલમાં જવાનો વખત આવ્યો. શેઠે કહ્યું- ત્યારે તમે ખિસ્સા કાપવામાં પણ હોંશિયાર છો. કેમ બરાબર ને? ઉમેદવારે કહ્યું – ખિસ્સા કાપવા એ કંઈ મારો ધંધો નથી. પણ મારો એક મિત્ર

ખિસ્સા-કાતરૂની ટોળીનો સભ્ય હતો. તેણે મને આ કળા શિખવાડેલી ને એમાં હું એવો હોંશિયાર બની ગયો કે કોઇ દિવસ પકડાઉં નહિ. પણ એક દિવસ ફોજદારે મને પકડયો. ત્યારે તેના હાથમાં છરો મારીને હું ભાગી છૂટયો ને બીજા બે ચાર જણના ખૂન કર્યા હતા. (હસાહસ). શેઠજી! જો ખિસ્સા કાતરવામાં બરકત હોત તો તમારી પાસે હું આ નોકરીની ભીખ માંગવા ન આવત. શેઠે કહ્યું – અહો! તમે તો વ્યસનોના ભંડાર છો. તમે તો અજબગજબના માણસ નીકળ્યા. હવે કોઇ વ્યસન બાકી છે? ત્યારે તેણે કહ્યું-મને ખાસ કોઇ વ્યસન નથી. આ બધું એક ઇલાયચીના વ્યસનની પાછળ ચાલ્યું આવે છે. ખરી રીતે તો મને એક ઇલાયચીનું વ્યસન છે. શેઠે કહ્યું–મારે આવો વ્યસની માણસ નથી જોઇતો. શેઠે એને વિદાય આપતાં કહ્યું કે ભાઇ! તમને નમસ્તે! ઝટ પડો રસ્તે!

બંધુઓ! આ દૃષ્ટાંત ઉપરથી આપણે એટલું સમજવાનું છે કે એક નાના વ્યસનમાંથી માણસ કેવો મોટો વ્યસની બની જાય છે. ને આત્માને અધઃપતનના રસ્તે લઇ જાય છે અને મહાન પુણ્યોદયે પ્રાપ્ત થયેલો માનવ ભવ હારી જાય છે. આ જુગાર, મદિરા પાન, વેશ્યાગમનાદિ વ્યસનોનું સેવન કરનાર આત્મા પોતાના હાથે પોતાનું અહિત કરી ભયંકર દુઃખ ઉભું કરે છે. જુગારની ભયંકરતા સમજવા માટે પાંડવોનું અને નળ રાજાનું ચરિત્ર મદિરાપાનની ભયંકરતા સમજવા માટે દ્વારકાનગરીના નાશનું દૃષ્ટાંત અને પરસ્ત્રી લંપટતા માટે રાવણ, દુર્યોધન આદિના દૃષ્ટાંતો તમે ઘણી વાર સાંભળ્યા છે ને ચોરી કરનારાઓ કેટલા દુઃખી થાય છે તે તમે નજરે દેખો છો. માટે આ બધા દુઃખમાંથી બચવા માટે અને આત્માનું શ્રેય સાધવા માટે આ વ્યસનોનો ત્યાગ કરો. આ ખરાબ વ્યસનો તજીને દાન-શિયળ-તપ-ભાવ-જ્ઞાન-દર્શન-ચારિત્ર-સંતોષ-ક્ષમા-દયા આદિ વ્યસનોથી તમારું જીવન ભરી દો, તેનાથી આત્માના તેજ ઝળકશે ને તમને પરમાનંદની પ્રાપ્તિ થશે.

સદ્‌ભાવના, સદ્‌વાણી, સદ્‌વર્તન અને સદ્‌જ્ઞાન હોય ત્યારે ગુણ આવે. સ્કન્દપુરાણના એક શ્લોકમાં પણ કહ્યું છે કેઃ–

**यादृशी भावना यस्य, सिध्धिर्भवति तादृशी ।**
**यादृशा स्तन्तवः कामं, तादृशो जायते वटः ॥**

જેની જેવી ભાવના હોય છે તેવી સિદ્ધિ થાય છે. જેવી રીતે તંતુ (તાર) હોય છે તેવા કપડાં બને છે.

ભાવના સુંદર હોય તો જીવન સુંદર અને સંસ્કારથી સુશોભિત બને છે. સંસ્કાર એ જીવનનો પાયો છે. જૈન દર્શનમાં રૂપની કિંમત નથી. ગુણની કિંમત છે. રૂપ એ પુણ્યની બક્ષિસ છે જયારે ગુણ એ પરમ પુણ્યની બક્ષિસ છે. રૂપ ક્ષણિક છે. તે માનવીને અભિમાની બનાવે છે પણ ગુણ નમ્ર બનાવે છે. હજારો ગુણ હોય પણ એક અવગુણ

હોય તો તે સર્વ ગુણોને ઢાંકી દે છે. માટે અવગુણોને દૂર કરી ગુણો પ્રગટાવવા જોઇએ. પણ આજે લક્ષ્મીની વાહ વાહ છે. પરંતુ વિચાર કરો કે લક્ષ્મીથી જીવનની સાર્થકતા થતી હોત તો ગુણની મહત્તા ન રહેત. આજે ભગવાન મહાવીર, મહાત્મા ગાંધી આદિને લોકો શા માટે યાદ કરે છે? તેમના ગુણરૂપી અલંકારોને કારણે જ ને?

બંધુઓ! જેની પાસે સાચા અલંકારો છે તેને નકલી અલંકારોની જરૂર રહેતી નથી. તેમ જેના જીવનમાં સંસ્કાર રૂપી અલંકારના ચળકાટ છે તેને ધન કે રૂપના ઓપની જરૂર નથી. જીવનને આદર્શ બનાવવા માટે તેનો પાયો સુસંસ્કારો વડે નાનપણથી નાંખવો જોઇએ. નાનપણથી જેટલી કચાશ રાખશો તેટલું જીવન સંસ્કાર વિહોણું બનશે. સંસ્કૃતિ રૂપી પાયો મજબૂત નથી ત્યાં સુધી સંસ્કાર રૂપી ભવન મજબૂત બનતું નથી. માટે બાળકોના જીવનમાં સંસ્કારોનું ઘડતર મજબૂત બનાવવું હોય તો પાયો મજબૂત કરો. જ્યાં સુધી ઉચ્ચ અને આદર્શ જીવનની તાલાવેલી ન જાગે ત્યાં સુધી પાયાના ચણતરમાં લક્ષ પહોંચતું નથી.

આજે બાળકોમાં જૈનત્વના સંસ્કાર કેમ ભૂંસાતા જાય છે? ધર્મ કેમ ગમતો નથી? તેમાં માતા-પિતાની કચાશ છે. હવે જો જૈનત્વને ટકાવવું હોય. ધર્મસ્થાનોને અદ્વિતીય સંસ્કૃતિ વડે સ્થિર રાખવા હોય તો આવતી કાલની પેઢીમાં સંસ્કારોનું સિંચન કરવું જોઇએ. આદર્શ માતાના સંતાનો આદર્શ બને છે ને આદર્શ સંતાનો એની માતાની કૂંખને ઉજ્જવળ કરે છે. પુત્ર મહાન હોય તો માતાનું નામ પણ ગવાય છે. ભગવાન દીક્ષા લઇને વિચરતા હતા ત્યારે લોકો કહેતા, પધારો....પધારો.... ત્રિશલાનંદ કુમાર! માતા ત્રિશલા તો સ્વર્ગમાં બેઠા હતા પણ અહીં તેમનું નામ ગવાય છે.

આવા પવિત્ર પુરૂષ ભગવાન મહાવીરનો આજે જન્મ દિન વંચાય છે. પ્રભુએ જગતના ખૂણે ખૂણે વિચરી ને મહાન કષ્ટો વેઠીને અજ્ઞાન રૂપી અંધકારને ઉપદેશના સોનેરી કિરણો ફેંકી દૂર કર્યા. અને અજ્ઞાનમાં આથડી હિંસા કરતાં જીવોને સાચું ભાન કરાવ્યું. એ પ્રભુને મોક્ષે પહોંચ્યા આજે ૨૫૦૦ વર્ષો થઇ ચૂકયા છતાં પણ આપણે તેને યાદ કરીએ છીએ. તે પ્રભુ કેવા હશે? તેમના ભવની ગણત્રી કયારથી થઇ તે આજે સંક્ષેપમાં કહું છું.

પ્રભુ મહાવીર તથા કોઇ પણ તીર્થંકર ભગવંતનો આત્મા ભવચક્રમાં પરિભ્રમણ કરતાં કરતાં કેવી રીતે આત્મદર્શન પામે છે ને છેવટે તીર્થંકર થઈ કેવી રીતે દ્વાદશાંગીના ભાવોનું ધર્મદેશના દ્વારા રહસ્ય ઉપદેશે છે. તેનો થોડો વિચાર કરીએ. કોઇ પણ તીર્થંકરના ભવની ગણત્રી સમ્યક્ત્વ પામ્યા પછી શરૂ થાય છે. સર્વ પ્રથમ મહાવીર પ્રભુને નયસારના ભવમાં પવિત્ર મુનિવરને આપેલા દાનથી તેમજ એ ઉત્તમ મુનિવરના મુખેથી સાંભળેલા સુંદર સદુપદેશથી અનાદિની રાગ- દ્વેષની નિબિડ કર્મગ્રંથિનો

ભેદ થયો. અંતરના દ્વાર ખુલ્યા, વિવેકનો દિપક પ્રગટયો, સાથે આત્મસ્વરૂપનું ભાન થતાં સમ્યક્ત્વ રત્નની પ્રાપ્તિ થઈ.

નયસારના ભવથી લઈને મહાવીર પ્રભુના ભવ સુધીની ગણત્રી છે. તેમાં કેટલાક ભવો આરાધકપણાના છે. ત્યારે કેટલાક ભવોમાં કર્મસત્તાની પ્રબળતા તેમજ પુરૂષાર્થની નબળાઈના અંગે આપણા પરમ તારક પ્રભુનો આત્મા વિરાધક પણ બન્યો છે. એ ભગવાનનો આત્મ ૨૭ ભવો દરમ્યાન પુણ્યોદયે દેવલોકમાં તેમજ મનુષ્ય જીવનમાં ઉચ્ચ કોટીના ગણાતા ચક્રવર્તી, વાસુદેવ અને રાજા-મહારાજાના ઐશ્વર્યનો ભોગવનારો પણ બન્યો છે. તીવ્ર પાપોદયથી સાતમી નરકમાં પણ ગયો છે.

ભગવાન મહાવીરના ૨૭ ભવમાં સાત ભવ ત્રિદંડીના, સાત ભવ દેવના પછી સોળમા ભવે જૈન ધર્મની દીક્ષા લીધી. ત્યાં નિયાણું કર્યું કે મારા તપ-સંયમનું ફળ હોય તો ઘણાં બળનો સ્વામી બનું. ત્યાંથી સંયમના પ્રભાવે દેવલોકમાં જઈ અઢારમા ભવે ત્રિપૃષ્ઠ વાસુદેવ થયા. ત્યાંથી મરીને સાતમી નરકે ગયા. વીસમા ભવે સિંહ થયા. એકવીસમા ભવે નરકે ગયા. ત્યાંથી તિર્યંચાદિના ઘણાં નાના ભવો કરીને બાવીસમા ભવે મનુષ્ય થયા. ત્રેવીસમા ભવે ચક્રવર્તી થયા. ત્યાં છ ખંડનું ઐશ્વર્ય મળવા છતાં એ મહાન આત્માએ ઘાસના તણખલાની જેમ એ બાહ્ય ઐશ્વર્યનો ત્યાગ કરી ચારિત્ર અંગીકાર કર્યું. ત્યાં એક ક્રોડ પૂર્વ સુધી ચારિત્ર પાળી દેવલોકમાં ગયા. પચ્ચીસમા ભવે એક સમૃદ્ધશાળી રાજાને ત્યાં રાજકુમાર તરીકે જન્મ્યા. પણ બાહ્ય રાજ્ય કરતાં અંતરંગ આંતરિક રાજ્યની પ્રાપ્તિ માટે તૈયાર થયેલા એ નંદન રાજકુમારે પરમકૃપાળુ ગુરૂદેવ પાસે ચારિત્ર અંગીકાર કરી એક લાખ વર્ષ સુધી નિરતિચાર ચારિત્ર પાળ્યું. ચારિત્રના પ્રારંભથી આયુષ્યની સમાપ્તિ સુધી માસખમણની તપશ્ચર્યા કરી. ૧૧ લાખ ને એકાશી (૮૧) હજાર માસખમણ કર્યા. આ રીતે ઉગ્ર તપશ્ચર્યા અને અરિહંતાદિ વીસ સ્થાનકની આરાધના કરીને "સર્વ જીવોને કરું શાસન રસી" તે ઉચ્ચ ભાવનાથી નંદન મુનિના ભવમાં તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું. ત્યાંથી કાળ કરી છવ્વીસમા ભવે દશમા દેવલોકે ગયા. ત્યાંથી ચવીને ભગવાન મહાવીર સ્વામી અષાડ સુદ છઠ્ઠના દિવસે મધ્ય રાત્રે નીચ ગોત્ર કર્મના ઉદયથી દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષીમાં પુત્રપણે અવતર્યા. ત્યાં દેવાનંદાએ ચૌદ સ્વપ્નો જોયા. સાડીબ્યાસી (૮૨।।) રાત્રી પછી નીચગોત્ર કર્મ સંપૂર્ણ ક્ષીણ થઈ જતાં હરણ ગમેષીદેવ દ્વારા દેવાનંદા માતાની કુક્ષીમાંથી ત્રિશલા માતાની કુક્ષીમાં સંક્રમણ થયું. તે રાત્રે ત્રિશલા માતાએ ગજ વૃષભાદિ ચૌદ સ્વપ્નો જોયાં. અનુક્રમે નવ માસ ને સાડાસાત દિવસે ચૈત્ર સુદ તેરસના મંગલ દિવસે એ જગત્ ઉદ્ધારક પ્રભુનો જન્મ થયો. છપ્પન દિશાકુમારી તેમજ ૬૪ ઈન્દ્રોએ પ્રભુનો જન્મ મહોત્સવ ઉજવ્યો પછી સિદ્ધાર્થ રાજાએ દશ દિવસ સુધી પ્રભુનો જન્મ મહોત્સવ ઉજવ્યો અને વર્ધમાન કુમાર એવું ગુણ નિષ્પન્ન નામ પડયું.

*બંધુઓ! ભગવાન મહાવીર જગતની અલૌકિક સંપત્તિ સમાન છે. પ્રભુએ જન્મ* લઈને સારી એ પ્રજાને જ્ઞાનના પ્રકાશ દ્વારા અજવાળી છે. પ્રભુનો જન્મ થતાંની સાથે ત્રણે લોકમાં અજવાળા પથરાયા ને દરેકના દિલમાં આનંદ આનંદ છવાયો.

**આ દુનિયા ઉપર રાજદુલારાનો જન્મ થયો :-**

**એક જન્મ્યો રાજદુલારો, દુનિયાનો તારણહારો,**
**વર્ધમાનનું નામ ધરીને, પ્રગટયો તેજ સિતારો રે...એક**
**રંકજનોના દિલમાં પ્રગટયું, આશા ભરેલું અજવાળું,**
**બેલી આવ્યો દીન દુઃખીયાનો, રહેશે ના કોઈ નોંધારું...(૨)**
**ભીડ જગતની ભાંગે એવો સૌનો પાલનહારો રે....એક જન્મ્યો**

પ્રભુનો જન્મ થતાં દીન દુઃખીના દિલમાં આશાના કિરણો ફૂટયા કે આ જગત ઉદ્ધારક પ્રભુનો જન્મ થયો. હવે કોઈ દુઃખી નહિ રહે. પ્રભુ મહાવીર ત્રીસ વર્ષ સુધી સંસારમાં રહ્યા. માતા-પિતાના સ્વર્ગવાસ પછી પ્રભુ દીક્ષા લેવા માટે તૈયાર થયા. ત્યારે તેમના વડીલ બંધુ નંદીવર્ધનકુમારના હાથ પગ ઢીલા થઈ ગયા. બંધુઓ! તમે કહો છો ને કે અમે કેવી રીતે દીક્ષા લઈએ? અમને રોકનાર કેટલા બધા છે. તો જુઓ, આ પ્રભુને રોકનાર કોઈ ન હતું? વર્ધમાનકુમારની દીક્ષાની વાત સાંભળી એમને એવો આઘાત લાગ્યો કે અહો! હું મા-બાપ વિનાનો થઈ ગયો અને હવે ભાઈ વિનાનો થઈ જઈશ. શું મારો ભાઈ મને છોડીને દીક્ષા લેશે? મોટા ભાઈના સંતોષ ખાતર વર્ધમાન કુમાર બે વર્ષ સંસારમાં રોકાઈ ગયા. પણ સાધુની જેમ અલિપ્ત ભાવે સંસારમાં રહ્યા. બે વર્ષ તો જાણે પલકારામાં વહી ગયા. કારતક વદ દશમનો દિવસ આવ્યો. વૈરાગી વર્ધમાન કુમાર આ દિવસે પ્રવર્જ્યાના પુનિત પંથે પ્રયાણ કરવાના હતા. વીરા નંદી વર્ધનનું કાળજું કપાઈ જાય છે. વર્ધમાન કુમાર પ્રત્યે નંદી વર્ધનને જેટલો પ્રેમ હતો તેટલો પ્રજાજનોના દિલમાં પણ હતો. જ્યાં નગરમાં ઉદ્ઘોષણા થઈ કે પ્રજાના લાડીલા વર્ધમાન કુમાર આવતી કાલે અગાર મટી અણગાર બનશે. આ સાંભળી દરેકના દિલમાં ચરેરાડો પડી ગયો. અહો! આવો સુકુમાર બાલુડો દીક્ષાના કઠીન પંથે જશે? એ કષ્ટો એનાથી કેમ વેઠાશે? ત્યારે કંઈક સમજુ માણસો બોલે છે કે **"હરિનો મારગ છે શૂરાનો નહિ કાયરનું કામ જોને."** શૂરવીરો મેદાનમાં શસ્ત્રો વડે શત્રુઓને જીતે છે પણ આ તો ક્ષમાના શસ્ત્રો વડે કર્મશત્રુઓને જીતવા માટે નીકળે છે. પ્રજાજનો રડવા લાગ્યા પણ જે શૂરવીર થઈને નીકળે છે તે કોઈના સામું જોતા નથી. યશોદા મનમાં વિચારે છે કે શું મારો નાથ ચાલ્યો?

**ભગવાન ઘર થકી બહાર નીકળ્યા :-** વૈરાગી વર્ધમાન કુમાર રાજવૈભવોનો ત્યાગ કરીને નીકળી ગયા. રત્નજડિત શિબિકામાં બેઠા. મંગલ વાજિંત્રો વાગવા લાગ્યા.

ક્રોડો સોનૈયાનો વરસાદ રાજકુમારના હાથે વરસવા લાગ્યો. વર્ધમાનકુમારના મુખ ઉપર એવો આનંદ હતો કે ત્રીસ વર્ષમાં એવો આનંદ કયારે જોવામાં આવ્યો ન હતો. ધામ ધૂમ સાહ્યબીથી ભરેલા દેવલોકમાં પણ જેને મનુષ્ય બનીને સંયમ લેવાની તીવ્ર ઇચ્છા હતી તેવા વર્ધમાનકુમારને સિદ્ધાર્થ રાજાના રાજવૈભવો ફિક્કા લાગ્યા અને સંયમ અંગીકાર કરવાનો અમૂલ્ય સોનેરી સમય આવી ગયો, પછી તો આનંદ જ હોય ને! ભગવાનની દીક્ષામાં નગરજનો, દેવો અને ઇન્દ્રો પણ આવ્યા હતા. વર્ધમાનકુમાર ઉદ્યાનમાં પહોંચી ગયા. અને એક પછી એક વસ્ત્રો અને આભૂષણો ઉતારવા માંડયા. સૌ ગમગીન બની ગયા આંખોમાંથી ચોધારા આંસુ વહે છે. જ્યાં વર્ધમાનકુમારે મુઠ્ઠીમાં વાળ લીધા ત્યારે વીરા નંદીવર્ધન તથા પત્ની યશોદા બેભાન થઇને ધરતી ઉપર ઢળી પડયા. પણ વર્ધમાનકુમારે તો લોચ કર્યો. નંદીવર્ધનને ખૂબ ઉપચારો કર્યા બાદ ભાનમાં આવ્યા. દેવોએ પણ તેમને આશ્વાસન આપ્યું. પણ હવે વર્ધમાનકુમારના સામું જોવાની એમને હિંમત ન હતી.

**"વીર પ્રભુએ ચારિત્ર અંગીકાર કર્યું":–** સહુજનોની વચમાં ભગવાને ગંભીર અવાજે સર્વવિરતિ સામાયિક અંગીકાર કરી વર્ધમાન હવે વર્ધમાનકુમાર મટીને શ્રમણ ભગવાન મહાવીર બન્યા. દેવોએ એમને શ્રમણ ભગવાન મહાવીર નામ આપ્યું અને ઈન્દ્રે ભગવાનના ખંભે દેવદૂષ્ય વસ્ત્ર નાંખ્યું. હવે ભગવાન દીક્ષા લઈને આગેકૂચ કરવા કદમ ઉઠાવે છે. રાજા નંદીવર્ધન એમના ચરણોમાં મસ્તક ઝુકાવી ચોધારા આંસુએ રડે છે. જ્યાં રાજા આટલું રડતા હોય ત્યાં પ્રજાજનોની તો વાત શી કરવી? બાળક યુવાન-વૃધ્ધ બધાય જાણે કોઇ સ્વજન પરલોકમાં ન ગયો હોય તેવો આઘાત અનુભવે છે. ભાનવાળાં પણ ભાન ભૂલી ગયા છે. કોઇની બુદ્ધિ કામ કરતી નથી. કર્મશત્રુઓને હંફાવવા સજ્જ થયેલા વર્ધમાનકુમારને જોઇને સહુ સ્તબ્ધ બની ગયા. નંદીવર્ધનનું માથું ભાઇના ચરણોમાંથી ઊંચું થતું નથી. આટલા ભોગો ભોગવ્યા છતાં હજુ મને વૈરાગ્ય જાગતો નથી. ને આ મારો નાનો ભાઇ ભોગનો ત્યાગ કરીને ચાલ્યો! અંતે નંદીવર્ધનને ઇન્દ્રે સમજાવીને ઉભા કર્યા પણ જાણે ભયંકર ગુન્હો ન કર્યો હોય! ભયંકર ચોરી ન કરી હોય! એવો એમને અફસોસ થવા લાગ્યો. ગદ્‌ગદ્ કંઠે નંદીવર્ધન કહે છે પ્રભુ! મેં આપને ખૂબ હેરાન કર્યા. મારા મોહ ખાતર મેં આપને બબ્બે વર્ષ સુધી સંસારમાં જકડી રાખ્યા. પ્રભુ! મને માફ કરો પણ ભગવાન એક શબ્દ પણ બોલતા નથી. ભગવાને તો મૌન ધરી આગે કદમ ઉઠાવ્યા. નંદીવર્ધન અને પ્રજાજનોનું રૂદન બંધ થતું નથી. પણ ભગવાન કોઇના સામું જોતા નથી. આગળ ભગવાન અને પાછળ નંદીવર્ધન.

બંધુઓ! આ તો તીર્થંકર હતા. પણ સનત્કુમાર ચક્રવર્તિએ જ્યારે દીક્ષા લીધી ત્યારે તેમનું અંતેઉર અને સારો એ રાજપરિવાર છ મહિના સુધી તેમની પાછળ ઝુર્યો હતો. પણ સનત્કુમાર ચક્રવર્તિએ પાછું વાળીને જોયું નહિ. એટલે અંતે

થાકીને બધા પાછા ફર્યા. આગળ ભગવાન ચાલે છે ને નંદીવર્ધન પાછળ ચાલે છે. ઈન્દ્રો દેવો અને તેમની પાછળ પ્રજાજનો ભગવાનને વળાવવા માટે ગયા છે. બીજી તરફ વર્ધમાનકુમારની પત્ની યશોદા અને પુત્રી પ્રિયદર્શનાથી આ કરૂણ દૃશ્ય જોઇ શકાયું નહિ તેમના પગ ઉપડી શકયા નહિ એટલે બંને એક વૃક્ષ નીચે બેસી ગયા ને શું બોલે છે:–

**આજે સુખી છું કે સ્વામી મારો, સ્વામી ત્રિલોકનો નાથ થશે,**
**દુઃખ એટલું છે કે અભાગી આવી શકું નહિ સાથે.**
**આંસુ નથી અપશુકનના, પુલકિત છે મુજ પ્રાણ.**
**પામર છું તેમ છતાં પણ, વીર પુરૂષની હું નાર**
**હું તો નહિ પણ પગલે તમારે, આવશે પુત્રી તમારી,**
**આશિષ દો પ્રિયદર્શનાને, પામે ઉત્તમ સ્થાન,**
**જાવો સીધાવો અંતર્યામિ, કરવા જગત કલ્યાણ,**
**સ્વામી કરજો સુખે પ્રયાણ.**

**"ભગવાન વિહાર કરે છે ત્યાં પત્ની અને પુત્રી કરૂણ વિલાપ કરે છે"**

જ્યાં ભગવાને પગ ઉપાડયો ત્યાં એ બંને મા-દીકરીના મુખમાંથી કારમી ચીસ નીકળી ગઇ. બંને ત્યાં બેભાન થઇને ઢળી પડયા. પણ પ્રભુ તો આગળ વધ્યે જાય છે. મોહથી ઘેરાયેલા માનવી કયાં સુધી આગળ ચાલે? રાગી અને વિરાગી બન્નેનાં પંથ ન્યારા છે. બંધુઓ! જગત કેવું મોહમાં ડૂબેલું છે? સહુને પોતાના સ્વજન જવાથી દુઃખ થયું છે એટલે રડે છે, ભગવાનને ત્યાગ માર્ગે કેવા કેવા કષ્ટો પડશે એની કલ્પના કરે છે પરંતુ એક પણ સ્વજન મોહની માયાજાળ તોડીને એમની સાથે જવા તૈયાર ન થયો. ઘણે દૂર જઇને ભગવાન સ્થંભી ગયા. સૌને મૂક સૂચના કરી કે હવે મારે મારા માર્ગે ચાલવું છે. બધા ભગવાનને વંદન કરીને ઉભા રહી ગયા. કોઇના સામું જોયા વિના જગત ઉદ્ધારક પ્રભુ ત્યાંથી ચાલી નીકળ્યા. તેમણે દીક્ષા એકલા લીધી ને કર્મ મેદાનમાં યુદ્ધ એકલા ખેલ્યું. જ્યાંસુધી ભગવાન દેખાયા ત્યાં સુધી પ્રજાજનો અને રાજા નંદીવર્ધન બધા રડતા ઉભા રહ્યા. યશોદા, પ્રિયદર્શના, જમાલી બધા ગમગીન બની ગયા.

**મોટાભાઇનો વિલાપઃ**– રાજા નંદીવર્ધન કરૂણ સ્વરે વિલાપ કરે છે કે હે મારા લાડીલા વીરા! આમ અમને મૂકીને એકલો અટૂલો કયાં જઇશ? ઘોર જંગલમાં વાઘ-સિંહ-સર્પ મળશે ત્યાં તારું કોણ? ઉનાળાના સખત તડકા, શિયાળાની કડકડતી ઠંડી તું કેમ સહન કરી શકીશ? કયારે પણ ખુલ્લા પગે નહિ ચાલેલો કેમ ચાલી શકશે? અને જ્યાં જશે ત્યાં કોઇ અપમાન કરશે. કોઇવાર ભિક્ષા નહિ મળે. આ ભૂખ-તરસ બધું મારો વીરો કેમ સહન કરશે? વીરા! હું તારા વિના કોની સાથે દિલ ખોલીને

વાતો કરીશ ? આ પ્રમાણે વિલાપ કરતાં નંદીવર્ધન બેભાન થઈ જાય છે. સહુ તેમને સમજાવે છે ને ભાનમાં આવતા મહેલમાં લઈ ગયા. પણ ભાઈ વિના મહેલ શૂનકાર દેખાવા લાગ્યો કારણ કે રાગ રોવડાવે છે.

**"ભગવાન મહાવીર સ્વામીએ સંયમ લીધા પછી કર્મો સાથે યુદ્ધ ખેલ્યા."**

બંધુઓ ! ભગવાન દીક્ષા લઈને સંયમના પંથે ચાલી નીકળ્યા. પ્રભુનું આયુષ્ય થોડું ને કર્મો ઝાઝા હતા. એક બાજુ ૨૩ તીર્થંકરના કર્મો અને બીજી તરફ ભગવાન મહાવીરના કર્મો હતા. અલ્પ સમયમાં ઝાઝી સાધના કરવાની હતી. એટલે કર્મોની ઉદીરણા કરવા અનાર્ય દેશમાં ચાલી નીકળ્યા. તે ભવે મોક્ષમાં જવાના હતા છતાં કર્મો કોઈને છોડે છે. એક ક્રોડ દેવો પ્રભુની સેવામાં રહેલા હતા પણ કર્મનો ઉદય થાય ત્યારે દેવો પણ હાજર રહી શકયા નથી. પ્રભુએ પોતાના જીવનનો રજેરજ ઈતિહાસ જગતની સામે રજુ કર્યો છે. પોતે ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં શય્યાપાલકના કાનમાં સીસું રેડાવ્યું હતું તો આ ભવમાં મારા કાનમાં ખીલા ભોંકાયા. મરિચીના ભવમાં મદ કર્યો તો બ્રાહ્મણ કુળમાં ઉત્પન્ન થવું પડયું. ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં એક રાણીને તેમણે અપમાનિત કરીને ત્યાગ કરેલો તે રાણી પરિવ્રાજિકા બનેલી ને ત્યાંના નિયમ પ્રમાણે તપ આદિ કરીને આયુષ્ય પૂર્ણ કરીને વ્યંતરી દેવી થઈ હતી.

**નગરે નગરે ગામે ગામે પ્રભુજી વિચરીયા,**
**શાલીશીર્ષ ગામે આવે. શીવ સુખ રસીયા....નગરે નગરે....**
**બહાર ઉદ્યાનની માંહે પ્રભુજી કાઉસગ્ગ ધ્યાને રહે,**
**ભમતી ભમતી વ્યંતરી દેવી ઉદ્યાને આવી રહે**
**પ્રભુજીને જોતાં ક્રોધ ભરાઈ ખાએ એ ચક્કર ત્યાં....નગરે નગરે....**

પ્રભુજી વિચરતાં વિચરતાં શાલીશીર્ષ ગામની બહાર ઉદ્યાનમાં કાઉસગ્ગ ધ્યાનમાં સ્થિર હતાં તે સમયે આ વ્યંતરી દેવી પૂર્વનું વૈર યાદ કરીને ત્યાં આવી. પ્રભુને જોતાં ક્રોધે ભરાઈને પ્રભુ ઉપર શરીર કંપાવે તેવા શીતળ રેતીના કણનો વરસાદ વરસાવ્યો. ને ખૂબ કઠોર ઉપસર્ગો આપ્યા. જેમ ગરમી સહન ન થાય તેમ અતિ ઠંડી પણ સહન થતી નથી. એક તો શિયાળાનો દિવસ ને ઠંડી રેતીનો વરસાદ પડે. ને સુસવાટાભેર ઠંડો પવન આવે છે છતાં પ્રભુ સમતાના સાગર અંતરમાં ઠંડક રાખીને સહન કરે છે. દીક્ષા લઈને સાડા બાર વર્ષને એક પખવાડિયા સુધી એકધારા ઉપસર્ગો ને પરિષહોને સહન કર્યા. છ છ માસી, ચોમાસી, અને બેમાસી તપ કરીને કર્મોને ખપાવ્યા. એમના ૧૨ા વર્ષની તપશ્ચર્યા દરમ્યાનમાં ફકત ૩૪૯ પારણા કર્યા ને ફકત બેઘડીની નિદ્રા લીધી છે. કર્મોને ખપાવવા કેટલી સજાગદશા ! કેવો ભગીરથ પુરૂષાર્થ ! છેવટે કર્મના ગંજ બળી જતાં ઋજુવાલુકા નદીના કિનારે ઉકડુ આસને ધ્યાન કરતા પ્રભુને કેવળજ્ઞાન પ્રાપ્ત

થયું. દેવો કેવળ જ્ઞાન મહોત્સવ ઉજવવા આવ્યા ને પ્રભુએ દેશના દીધી. તે સમયે કોઇ મનુષ્યો ત્યાં પહોંચી શકયા નહિ. દેશનામાં એકલા દેવો હતા. તેથી એક પણ વ્રત પ્રત્યાખ્યાન થયા નહિ. પ્રભુની પ્રથમ દેશના ખાલી ગઇ. તે એક અછેરું ગણાય છે. કેવળ જ્ઞાન પ્રાપ્ત થયા પછી જગતના ખૂણે ખૂણે વિચરીને જગતના જીવોને પ્રતિબોધ આપ્યો

અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહનો ઉપદેશ આપી અજ્ઞાનના અંધકાર નષ્ટ કરાવ્યા, અનેક ભવ્ય જીવોને તાર્યા. બંધુઓ! આવા પરમ પિતા પ્રભુના જીવન વિષે આજે ઘણું કહેવાયું છે. તેમાંથી તમે કાંઇ પણ ગ્રહણ કરશો. જુગાર-બીડી-સીગારેટ, દારૂ, નાટક-સિનેમા, પરસ્ત્રી ગમન આદિ જે દુર્ગુણો આત્માને હાનિકારક છે તેનો ત્યાગ કરજો. હવે બે દિવસ પછી સંવત્સરી મહાન પર્વ આવે છે. તે આપણને ક્ષમાનો સંદેશો આપે છે. માટે વેરઝેરનો પણ ત્યાગ કરજો. પ્રભુએ કષ્ટ આપનાર પ્રત્યે પણ પ્રેમ બતાવ્યો છે. તો આપણે તેમના સંતાન છીએ તો એકાદ ગુણ પણ અપનાવીએ તો માનવ જીવન મળ્યાની અને મહાવીર જયંતિ ઉજવ્યાની સાર્થકતા છે. સમય થઇ ગયો છે. વધુ ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં. ૪૬

## વિષય :– "દીર્ઘદૃષ્ટિ અને ટૂંકી દૃષ્ટિ"

**ભાદરવા સુદ ૩ ને રવિવાર** **તા. ૭-૯-૭૫.**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

આજે મારે તમને બે પ્રકારની દૃષ્ટિ વિષે સમજાવવું છે. દૃષ્ટિ બે પ્રકારની છે. એક દીર્ઘદૃષ્ટિ અને બીજી ટૂંકી દૃષ્ટિ. દીર્ઘદૃષ્ટિવાળા જીવો પોતાના ભાવિ જીવનનો વિચાર કરે છે ને ટૂંકી દૃષ્ટિવાળા ભવિષ્યનો વિચાર કરી શકતા નથી. દીર્ઘદૃષ્ટિવાળા જીવો પોતાના પ્રાણ લેવા આવનારને દુશ્મન માનવાને બદલે મિત્ર માને છે. અપકારીને બદલે ઉપકારી માને છે. એ બિચારો નકામા પાપો બાંધી ભાવિના દુઃખના ડુંગરા ખરીદી રહ્યો છે. માટે દયાને પાત્ર છે એમ માનીને તેના ઉપર દયા કરે છે. ને તેની દુર્બુદ્ધિ નષ્ટ થાય ને સદ્બુદ્ધિ મળે તેવી ભાવના કરે છે.

ટૂંકી દૃષ્ટિવાળો એક ભિખારી રાજગૃહી નગરીની ગલીએ ગલીએ ભટકતો હતો. નગરીમાં ઘણા ઉદાર શ્રીમંતો વસતા હતા. પણ આ ભિખારીના પાપકર્મના ઉદયથી કોઇને એને આપવાની બુદ્ધિ ન થઇ. રાજગૃહી નગરીમાં ભટકતા ભટકતા ત્રણ દિવસના ભૂખના કડાકા થયા. ચોથો દિવસ આવ્યો. નગરના લોકો સારા સારા કપડા અને દાગીના

પહેરીને ઉજાણી ઉજવવા નગરની બહાર વૈભારગિરી પર્વત ઉપર જાય છે. ભિખારી પણ લોકોની પાછળ ગયો. ત્યાં અનેક પ્રકારના ખાનપાનની મિજબાનીઓ ઉડે છે. પણ અફસોસની વાત એ બની કે આ ત્રણ દિવસના ભૂખ્યા ભિખારી ઉપર કોઇની નજર જતી નથી. લોકોને અનેક પ્રકારની મોજ કરતાં જોઇને આ ભિખારીના મનમાં તે લોકો પ્રત્યે ભયંકર કોટિનો દ્વેષ જાગે છે આ છે ટૂંકી દૃષ્ટિનું ફળ. જો એની દૃષ્ટિ ટૂંકી ન હોત તો એવો વિચાર આવત કે મારો ભયંકર પાપોદય વર્તી રહ્યો છે તેથી આ ઉદાર ગૃહસ્થોને પણ મને આપવાની બુદ્ધિ થતી નથી. માટે આ લોકો ઉપર દ્વેષ નહિ કરતા મારા પૂર્વના દુષ્ટ કર્મો ઉપર દ્વેષ કરું. ખરેખર જો આવો વિચાર આવ્યો હોત તો તે જે કામ કરવા તૈયાર થયો હતો તે કામ કરત નહિ. ને ભયંકર દુર્ગતિમાં જાત નહિ. પણ ટૂંકી દૃષ્ટિવાળા જીવ પાસે આ આશા રાખવી એટલે પથ્થર ઉપર પાણી રેડીને કમળ ઉગાડવાની આશા કરવા જેવું છે. આ ભિખારીએ જાગેલા દ્વેષના પ્રભાવે જ્યારે લોકો ઉજાણી ઉજવી નગર તરફ જઈ રહ્યા છે ત્યારે તે ભિખારીએ ખૂબ બળ કરી એક મોટી શીલા પર્વત ઉપરથી ગબડાવી. એ શીલા ગબડવાથી અનેક માણસો તેની નીચે ચગદાઇને ખતમ થઇ જાત પણ બીજાનું બગાડતા પોતાનું બગડે છે. શીલા ગબડાવતા પોતે લેવલ ચૂકી ગયો ને તે શીલા નીચે પોતે ચગદાયો અને મરીને સાતમી નરકે ગયો. આ છે ટૂંકી દૃષ્ટિનું ફળ. માટે જ્ઞાની કહે છે કે ટૂંકી દૃષ્ટિ છોડીને દીર્ઘદૃષ્ટિ અપનાવો.

બંધુઓ ! પાપાત્મા મનુષ્યોની દૃષ્ટિ ટૂંકી હોય છે ને મહાન પુરૂષોની દૃષ્ટિ દીર્ઘ હોય છે. ખંધકમુનિની દૃષ્ટિ દીર્ઘ હતી. તેમણે તપ કરી શરીરને સુક્કે ભુક્કે કરી નાંખ્યું હતુ. જેમ હાડકાથી ભરેલું ગાડું ખખડે ને તેનો જેવો ખડખડ અવાજ થાય તેવો ખડખડ અવાજ મુનિ ચાલે ત્યારે તેમના શરીરમાંથી થતો હતો. તેમણે તો શરીરની સંપૂર્ણ મમતા ઉતારી નાંખી હતી. તેમનું શરીર તો જાણે આત્મા ઉપર લાગેલો કોથળો ન હોય ! તેમ એ મહાત્મા માનતા હતા. તેથી તે ઘોર તપ કરતા પણ અંતરની શાંતિ, સમાધિ અને આનંદનો અદ્ભૂત અનુભવ કરતા હતા. આવો તપ કરવાનું પ્રયોજન શું ? તેમનામાં રહેલી દીર્ઘ દૃષ્ટિ, તેઓ દીર્ઘદૃષ્ટિ દ્વારા જાણતા હતા કે આત્મા ઉપર લાગેલા પાપકર્મો જો નિકાચીત પડયા હશે તો તેને ભોગવ્યા વિના છુટકો નથી. અજ્ઞાન અવસ્થામાં પરાધીનપણે આર્ત-રૌદ્ર ધ્યાનમાં પડી દુર્ગતિમાં જઇ તે પાપો ભોગવવા. નવા પાપો બાંધવા અને ભવપરંપરા ચાલુ રાખી અનેક ગણા દુઃખના ભાગીદાર થવું તેના કરતાં આ ભવમાં સ્વાધીનપણે આનંદથી જ્ઞાનીની આજ્ઞા મુજબ તપ આદિ કરીને શા માટે કર્મોને ઉદયમાં લાવીને ન ભોગવવા !

**"મહાન મુનિનું બહેનના ગામમાં આગમન" :-** ઉગ્ર તપ અને સંયમની સાધના કરતા ગ્રામાનુગ્રામ વિહાર કરતાં એક વખત ખંધક મુનિ પોતાના બનેવીના

ગામમાં પધાર્યા. તે વખતે ઝરૂખામાં રાજા-રાણી બેઠા છે. અને આનંદથી અલક-મલકની વાતો કરી રહ્યા છે. તે સમયે અચાનક રાણીની દૃષ્ટિ રસ્તા ઉપર ચાલતા તે મહામુનિ ઉપર પડી. ધારી ધારીને જોતાં તેને લાગ્યું કે મારા ભાઈએ દીક્ષા લીધી છે તે આ મુનિના જેવા જ દેખાતા હશે ને? કદાચ આ પણ મારો ભાઈ હોય તેમ લાગે છે. તપથી એકદમ કૃશ થઈ ગયેલું અને શ્યામ પડી ગયેલું ભાઈનું શરીર જોયું, ક્યાં એક વખતનું રૂપરૂપના અંબાર જેવું ભાઈનું શરીર ને ક્યાં વર્તમાનમાં હાડકાના માળા જેવું બનેલું આ ભાઈનું શરીર! આ મુનિને જોઈને બહેનને ભાઈ પ્રત્યેનો રાગ જાગ્યો. એ રાગે બહેન પર જોર જમાવ્યું. રાગના જોરના પ્રભાવે બહેનની આંખમાંથી આંસુની ધારા વહેવા માંડી. અંદર પેદા થયેલું દુઃખનું ઝરણું આંખ દ્વારા બહાર નીકળ્યું. સંસારમાં રાગી જીવો માટે જેવું બને છે તેવું આ બહેનને બન્યું. આ મહાત્મા પોતાના સંયમમાં એટલા બધા મસ્ત છે કે જેથી આ કયું ગામ આવ્યું? અહીંના રાજા કોણ છે? રાણી કોણ છે? એ વાત જાણવાની એમને કંઈ પડી ન હતી. એ તો આડી અવળી દૃષ્ટિ કર્યા વગર ઈર્યા સમિતિનું પાલન કરતાં હાથીની જેમ ચાલ્યા જાય છે તેથી રાજાના મહેલની અટારીમાં બનેલા આ પ્રસંગની એમને કલ્પના પણ નથી આવતી. મહાત્મા તે રસ્તેથી પસાર થઈ ગામ બહાર જઈ કાઉસગ્ગ ધ્યાનમાં સ્થિર થયા.

**"રાજાએ કરેલો આદેશ"** :- દેવાનુપ્રિયો! પૂર્વે બાંધેલા કર્મો શું કામ કરે છે તે જોવાનું છે. કર્મની કરામત અલૌકિક છે. અહીં રાણીની આંખમાં આંસુ જોઈને રાજાને જુદો વિકલ્પ આવ્યો, કે નક્કી આ સાધુ રાણીનો કોઈ જુનો જાર છે. તેથી તેની આ અવસ્થા જોઈને રાણી રડે છે. માટે મારે તે લુચ્ચા પુરૂષને સજા કરવી જોઈએ. આ રીતે મનમાં નક્કી કરીને ચંડાળોને બોલાવ્યા. ને તે સાધુને સજા કરવાનો ઓર્ડર આપી દીધો. જુઓ, આ સંસાર કેવો ભયાનક છે? મોહરાજાની એડી નીચે દબાયેલા સંસારી જીવો આગળ પાછળનો વિચાર કર્યા વિના કેવા કેવા કામ કરવા તૈયાર થઈ જાય છે! કોઈ જાતની પૂરી તપાસ ન કરી. કોઈની સલાહ પણ ન લીધી. કોઈ લાંબો વિચાર પણ ન કર્યો કે ભાવિમાં આ કાર્યનું પરિણામ-શું આવશે? બસ, મનમાં જે તરંગ ઉઠયો તેને અમલમાં મૂકવાની તાલાવેલી લાગી. આ રાજા પોતે ભયંકર ભૂલ કરી રહ્યો છે છતાં તેની તેને કલ્પના નથી આવતી. પણ વિચાર કર્યાવિના કરેલા કામથી કેવો પસ્તાવો કરવો પડે છે તેને માટે આ રાજા અદ્ભુત દૃષ્ટાંત સ્વરૂપ છે. જ્ઞાનીઓ કહે છે તમે જે કાંઈ કામ કરો તેનો પુરેપૂરો પહેલાં વિચાર કરો, તેના પરિણામનો વિચાર કરો. જો તેનું પરિણામ સારું આવે તેમ લાગે તો તે કામને અમલમાં મૂકો નહિતર પાછળથી પસ્તાવાનો પાર નહિ રહે.

અહીં જોવાની ખૂબી એ છે કે રાજા રાણીને પૂછતા નથી કે તું રડે છે શા માટે? જો રાણીને રડવાનું કારણ પૂછયું હોત તો તરત ખુલાસો થઈ જાત ને રાજા ઘોર

પાપથી બચી જાત રાજા ઘણા સજ્જન હતા. આવું અવિચારી કામ કરે તેવા ન હતા. પણ આવી દુષ્ટ બુદ્ધિ સૂઝી છે તેનું કારણ અંદરમાં છુપાઈને રહેલો શત્રુ સ્વરૂપ આંતરવૈરીઓ સજ્જનને પણ દુર્જન બનાવતાં વાર લગાડતા નથી. સારા સ્વભાવવાળાનો સ્વભાવ બદલાવતાં વાર કરતો નથી. ફક્ત તેને તક મળવી જોઈએ. માટે તે આંતરશત્રુઓ ઉપર પૂર્ણ વિજય મેળવવાની જરૂર છે. એ આંતરવૈરીઓને હટાવવા માટેનો જે પ્રયત્ન છે તે ધર્મ છે. અને આંતર વૈરીઓની જેટલી રુકાવટ તેટલો અધર્મ છે. અધર્મના વિપાકો વિષમ છે. તે તમે સહુ કોઈ જાણો છો માટે અધર્મથી બચવા માટે પરમ પુરૂષાર્થ કરવાની જરૂર છે.

**મુનિ પાસે ચંડાળનું આવવું :** રાજાના હુકમ પ્રમાણે તેના માણસો (ચંડાળો) ત્યાં સાધુ પાસે પહોંચ્યા. ને રાજાએ કરેલ હુકમ કહી સંભળાવ્યો. તે સાંભળીને દીર્ઘદૃષ્ટિવાળા મુનિ મનમાં ખૂબ રાજી થયા. શું આ હુકમ કંઈ રાજી થવા જેવો હતો? એ હુકમ શું હતો? એ તો તમે જાણો છોને? જીવતા ચામડી ઉતારવાનો રાજાનો હુકમ હતો. છતાં મુનિ રાજી કેમ થયા? આ દીર્ઘદૃષ્ટિનો પ્રતાપ હતો. કે સમાધિપૂર્વક રાગ-દ્વેષને અવકાશ આપ્યા વગર જો હું આ ઉપસર્ગ સહન કરી લઉં તો સદાને માટે આનાથી પણ અનંતગણી વેદના ભોગવવાનું બંધ થઈ જાય. નવ માસ સુધી માતાના ઉદરમાં ઊંધે મસ્તકે લટકવાનું બંધ થઈ જાય. ઘડપણ, રોગ આદિની પીડા સદકાળ માટે જાય. મારા આત્માના સ્વભાવભૂત સુખાદિ ગુણોનો ભોગવટો કરનાર સદાને માટે બની જાઉં. આ રીતે ભાવિના અનંતકાળનો વિચાર સ્વરૂપ દીર્ઘદૃષ્ટિએ એમનામાં આનંદ પેદા કર્યો હતો. જો મુનિ ટૂંકી દૃષ્ટિવાળા હોત તો આ હુકમ સાંભળતા ગભરાઈ જાત. પોકે પોકે રોવા માંડત. કયા જન્મના પાપ ઉદયમાં આવ્યા કે જેથી આવું કષ્ટ વેઠવાનો પ્રસંગ આવ્યો. કઈ રીતે એનાથી બચી શકાય? રાજાને ગાળો દેત, ગુસ્સો કરત. રાજાનો વૈરી બની જાત. કોઈ પણ રીતે એનુ મન શાંત ન થાત તો છેવટે નિયાણું કરત કે મારા આ તપ અને સંયમના પ્રભાવે આ ભવમાં વિના અપરાધે જીવતાં મારી ચામડી ઉતરાવનાર આ નિર્દયી રાજાની ચામડી ઉતરાવનાર ભવાંતરમાં હું બનું. ઇત્યાદિ અનેક પ્રકારના સંકલ્પ-વિકલ્પો આર્ત-રૌદ્ર ધ્યાનમાં પડીને કરત. આ મહાત્મા દીર્ઘદૃષ્ટિવાળા હોવાથી ઉપરનો એક પણ વિચાર એમના દિલમાં ન આવ્યો.

**મુનિની સમતાથી ચંડાળના હૃદય પીગળી ગયા:-**

મહાત્માએ આત્માને શિખામણ આપી પોતાની શક્તિનું માપ કાઢી લીધું ને કાયરપણું કાઢવાનો નિર્ણય કરી લીધો. રાજાને અને રાજાના ચંડાળોને એણે ઉપકારી માની લીધા ગંદવાડથી ભરેલા શરીરરૂપી જેલખાનામાંથી છોડાવનાર માની લીધા. ને પોતે જીવતા ચામડી ઉતરાવવા માટે તૈયાર થઈ ગયા. રાજાના હુકમનો

અમલ કર્યા વિના છૂટકો નહિ એટલે ચંડાળો રડી પડયા ને મનમાં વિચાર થયો કે, આપણે રાજાના હુકમથી ઘણાના પ્રાણ લીધા પણ આ મુનિ જેવી સમતા કોઇનામાં જોઇ નથી. મહાત્માના શબ્દોએ ચંડાળનું હૃદય ભેદી નાંખ્યું. મુનિનું નિર્દોષ મુખારવિંદ, અંતરાભિમુખ દૃષ્ટિ વિગેરેના દર્શનથી ચંડાળોને વિચાર આવ્યો કે આવા પવિત્ર મહાત્માની હત્યા કરવાનું પાપ આપણા લલાટે કયાંથી લખાયું? ધિક્કાર છે આપણા પાપી જીવનને! ધિક્કાર છે આવી આજીવિકાને! જે આજીવિકાને માટે આવા પાપ કર્મો કરવા પડે છે. ચંડાળો પણ પોતાના ઉપર આવી પડેલા આ ભયંકર કામનો પશ્ચાતાપ કરે છે. આ છે આર્ય દેશના વાતાવરણનો પ્રભાવ! ચંડાળોના મનમાં થયા કરે છે કે આ કામ કરવાથી છૂટીએ તો સારું પણ છુટાય તેમ નથી. જો તે કામ ન કરે તો વધુ આપત્તિમાં આવી પડાય તેમ છે. તેથી ચંડાળોને જે આ મુનિ હત્યાનું કામ કરવું પડે છે તે ધ્રુસકે ધ્રુસકે રોતા રોતા કરે છે. રાજીથી નહિ.

ખંધક મુનિ ચામડી ઉતરાવવા તૈયાર થયા. ચંડાળો પણ રડતા હૈયે રાજાના હુકમથી ચામડી ઉતારવાનો આરંભ કરવા તૈયાર થયા. ચામડી ઉતરાવવાની પૂર્વ તૈયારી રૂપે નાના કે મોટા લાગેલા સર્વ અતિચારોની સિદ્ધ ભગવંતોની સાક્ષીએ મુનિએ આલોચના કરી. દુષ્કૃતોની ગર્હા કરી. સુકૃતોની અનુમોદના કરી લીધી. શરીરને વોસરાવી દીધું. ધર્મધ્યાન અને શુક્લ ધ્યાનમાં મસ્ત બની ગયા. દીર્ઘદૃષ્ટિના પ્રતાપે આત્મા અને શરીરની ભિન્નતાનું સ્વરૂપ નિહાળી લીધું અને અનિત્યાદિ બાર ભાવનાઓને આત્મા સાથે એકમેક કરી લીધી. હવે મારે કાંઇ કરવાનું બાકી રહ્યું નથી એમ માનીને રાજાના આવેલા ચંડાળોને જે કરવું હોય તે કરે એમ માનીને નિશ્ચલપણે ઉભા રહ્યા.

બંધુઓ! ચંડાળો ચડચડ ચામડી ઉતારે છે. મહાત્મા પોતાના આત્મા ઉપર લાગેલા કર્મોને ઉતારે છે. શુક્લ ધ્યાનના બળે આત્મા ઉપર લાગેલા સર્વ કર્મોનો નાશ કરી આયુષ્ય પૂર્ણ થતાં અંતગડ કેવળી થઇને મોક્ષમાં પહોંચી ગયા. સદા કાળ માટે આધિ–વ્યાધિ ઉપાધિથી–મુકત થયા. આત્માના અનંત સુખના ભોકતા બની ગયા દીર્ઘદૃષ્ટિનું આ ઉત્કૃષ્ટ ફળ છે. ટૂંકી દૃષ્ટિના કારણે રાજાએ મુનિની હત્યા કરાવી ભયંકર પાપ ઉપાર્જન કર્યું. પાછળથી રાણી દ્વારા સત્ય હકીકતની જાણ થઇ ત્યારે "મારાથી મુનિ હત્યાનું ભયંકર પાપ થઇ ગયું" એ વાત સમજમાં આવી જતાં ટૂંકી દૃષ્ટિ ચાલી ગઇ ને દીર્ઘ દૃષ્ટિ પ્રગટ થઈ ગઇ. આ પાપનું ફળ હવે કઇ રીતે ભોગવીશ? આ પાપથી મારી નરક સિવાય બીજી ગતિ થાય નહિ, એ વાત નકકી છે. આ દીર્ઘ દૃષ્ટિએ અંતરમાં ભયંકર પાપનો પશ્ચાતાપ પ્રગટ કર્યો. વિવેક જગાડયો. અજ્ઞાનથી થયેલા ભયંકર પાપને ખપાવવા તૈયાર થઇ ગયો. તે માટે સર્વ સુખોને છોડવા તૈયાર થઈ ગયો. ગમે તેવા દુઃખો ભોગવવા પડે તો ભોગવવાની તૈયારી કરી લીધી. જીવવાનો મોહ ચાલ્યો ગયો.

મરણનો ભય ન રહ્યો. રહી ફક્ત એક પાપને નાશ કરવાની ધૂન. તે પાપનો નાશ કરવા માટે રાજપાટ છોડી સંયમ માર્ગનો સ્વીકાર કર્યો. રાણીને પણ ભાઈની આ રીતે થયેલી હત્યાથી સંસારનું સુખ આકરું લાગ્યું. તેણે પણ સંસારને લાત મારી સંયમ માર્ગ અપનાવ્યો. રાજા-રાણીએ અઘોર તપ કરીને શરીરની મમતાને પણ મારી નાખી અંતે સર્વ પાપનો ક્ષય કર્યો ને કેવળજ્ઞાન પ્રગટ કર્યું ને છેવટે મોક્ષમાં પહોંચી ગયા.

દીર્ઘ દૃષ્ટિના પ્રભાવે ખંધક મુનિને જિનવાણી રૂપી સંયમ લેવાનો ભાવ જાગ્યો. સંયમ લીધો કડક સંયમ પાળ્યો. પાપ કર્મોની નિર્જરા માટે ઉગ્ર તપ કર્યું. તપ કરવાથી થતી નિર્જરાથી આ પરિષહ સહન થશે એ ભાવનાએ ચામડી ઉતરાવવાની શકિત પેદા કરી. અત્યાર સુધી સંસારના સુખ માટે ભોગવેલા દુઃખો આગળ આ દુઃખ અનંતમા ભાગનું છે. એ વિચારે પરિષહ વખતે આત્મામાં સ્થિરતા ઉત્પન્ન કરી. આત્માથી શરીર અલગ છે. ચામડી શરીરની ઉતારવાની છે આત્માની નહિ. એનાથી સર્વ કાળ સુધી સર્વ દુઃખથી મુકિત થશે વિગેરે અનેક સુંદર વિચારો ઉત્પન્ન થયા. ધન્ય છે આવા મુનિઓને! જ્યારે સમય આવ્યે આપણા જીવનમાં આવી ક્ષમા આવશે તો આપણે શ્રેય કરી શકીશું. *પર્યુષણ પર્વનો સંદેશો એ છે કે તમે દીર્ઘદર્શી બનો. જે દીર્ઘદર્શી બને છે તે સંસારના* સ્વરૂપને સમજી શકે છે. આચારંગ સૂત્રમાં પણ ભગવંતે કહ્યું છે કે :–

**आययचक्खू लोग विपस्सी लोगस्स अहोभागं जाणइ, उड्ढं भागं जाणइ,**
**तिरयं भागं जाणइ, गड्ढिए लोए अणुपरियट्टमाणे संधिं विदित्ता इह**
**मच्चिएहिं एस वीरे पसंसिए जे बध्धे पडिमोयए ।**

જે મહાન પુરૂષો દીર્ઘદર્શી અને સંસારના વિચિત્ર સ્વરૂપને જાણનારા છે તે લોકના ઉંચા-નીચા અને ત્રીછા ભાગને જાણે છે. એટલે કે જીવો આ ત્રણે લોકમાં કયા કયા કારણોથી ઉત્પન્ન થાય છે. તે જાણી શકે છે. વિષયોમાં આસક્ત બનેલા જીવો વારંવાર સંસારમાં પરિભ્રમણ કરે છે. એટલા માટે જ્ઞાનીઓ કહે છે કે મનુષ્ય જીવનના સોનેરી અવસરને પ્રાપ્ત કરીને જે વિષયોથી દૂર રહે છે તે શૂરવીર અને પ્રશંસાને પાત્ર છે. અને એવા પુરૂષો સંસારના બંધને બંધાયેલા જીવોને બાહ્ય અને આભ્યંતર બંધનોથી મુકત કરી શકે છે.

બંધુઓ! આગળ આપણે જોઈ ગયા કે દીર્ઘદર્શી આત્માઓ કેવી સૂક્ષ્મ દૃષ્ટિથી આગળ પાછળનો વિચાર કરે છે. ખંધક મુનિને ચામડી ઉતારવાનો સમય આવ્યો ત્યારે શું વિચાર કર્યો? એક વખત સમતા ભાવે કષ્ટ વેઠવાની પાછળ કાયમ માટેનું દુઃખ ટળી જશે. એ કેવો સુંદર વિચાર કેળવ્યો? આપણને એવો વિચાર આવશે? ના કેમ? આપણી દૃષ્ટિ ટૂંકી છે. આટલા માટે આ સૂત્રમાં ભગવંતે કહ્યું છે, કે જે જીવો દીર્ઘદર્શી

હોય છે તે આ લોક અને પરલોક સબંધી લાભ અને હાનિને જાણી શકે છે. તે માત્ર વર્તમાનકાળને નહિ પણ ભૂત, ભવિષ્ય અને વર્તમાન–એ ત્રણે કાળનો વિચાર કરે છે.

દીર્ઘદર્શી મહાત્માઓ એમ સમજે છે કે કામ ભોગ એ આ લોક અને પરલોક બંને જગ્યાએ મને દુઃખદાયી છે. જે તેનો ત્યાગ કરે છે તે ઉભય લોકમાં સુખી થાય છે. તે દીર્ઘદર્શી પુરૂષો સંસારની વિવિધતા અને વિચિત્રતાઓને પણ સારી રીતે જાણી છે. સંસારમાં વિવિધતા અને વિચિત્રતા એટલે શું? તે જાણો છો? આ સંસારમાં તમે જુઓ છો ને કે એક જ પદાર્થ કોઈને ઇષ્ટ લાગે છે તે પદાર્થ બીજી વ્યક્તિને અનિષ્ટ લાગે છે. એક મનુષ્યને જે વ્યક્તિ મિત્ર જેવી પ્રિય લાગે છે તે વ્યક્તિ બીજાને દુશ્મન જેવી લાગે છે. એક જગ્યાએ આનંદના વાજા વાગે છે તો બીજી જગ્યાએ રુદનની કરુણ ચીસો સંભળાય છે. આ બધી સંસારની વિચિત્રતાઓ નહિ તો બીજું શું છે? દીર્ઘદર્શી આત્માઓ આવી વિચિત્રતાઓ શા માટે થાય છે તે પણ જાણે છે. આ જીવ શા માટે દુઃખી થાય છે? સુખી થાય છે? કયા કારણોથી ઉર્ધ્વલોકમાં જાય છે, અધો લોકમાં જાય છે ને ત્રીછા લોકમાં આવે છે? આવા લોકના સ્વરૂપને જે જાણે છે તે કામભોગોને દુઃખનું કારણ સમજીને તેનો ત્યાગ કરે છે. કામ ભોગના ત્યાગમાં સાચી શાન્તિ અને સુખ છુપાયેલું છે. અને જે આત્માઓ વિષયાસક્ત બને છે. તે વારંવાર સંસારમાં પરિભ્રમણ કરે છે તેમને માટે વિષયોનો ત્યાગ ખૂબ દુષ્કર બની જાય છે. તે નહિ છૂટવાને કારણે તેમની ભવપરંપરા વધતી જાય છે. જ્યાં સુધી તેને પોતાની સ્થિતિનું ભાન થતું નથી ત્યાં સુધી તે જીવો ધર્મમાં પ્રવૃતિ કરી શકતા નથી.

બંધુઓ! આ માટે સૂત્રકાર ભગવંતો ફરમાવે છે કે હે ભવ્ય જીવો! તમને અસીમ પુણ્યોદયથી રત્નચિંતામણિ સમાન આ માનવજીવન પ્રાપ્ત થયું છે. આ માનવજીવન સૌભાગ્ય પ્રાપ્ત કરવા માટેનું સર્વ શ્રેષ્ઠ વરદાન છે. આ જીવનમાં જ્ઞાન–દર્શન–ચારિત્રનો સંપૂર્ણ વિકાસ થઈ શકે છે. આ માનવ જીવન ચાર પુરુષાર્થોમાં સર્વથી શ્રેષ્ઠ પુરુષાર્થ મોક્ષને પ્રાપ્ત કરવાનું સાધન છે. આ માનવભવમાં મોક્ષની પ્રાપ્તિ થઈ શકે છે. દેવો પણ આ માનવભવ પ્રાપ્ત કરવાને માટે તલસે છે જ્યારે આપણને તો અનાયાસે મળી ગયો છે. આ દુર્લભ અને સુવર્ણ અવસરને પ્રાપ્ત કરીને પ્રમાદમાં, વિષય–કષાયમાં. નિંદાકુથલીમાં વ્યર્થ ગુમાવો નહિ. તમે આ મનુષ્યભવની દુર્લભતાને સમજો. આ સુંદર અવસર વારેવારે નહિ મળે. તમે કોઈ સારો અવસર હોય ત્યારે કહો છોને કે નાણું મળશે પણ ટાણું નહિ મળે. તે રીતે અમે પણ કહીએ છીએ કે આ મનુષ્ય જન્મ વારંવાર નહિ મળે. જેટલી ધર્મની આરાધના થાય તેટલી કરી લો. આપણે બધા જાણીએ છીએ કે માનવજીવન જીવને ઘણી મુશ્કેલીથી પ્રાપ્ત થાય છે. એકેન્દ્રિયમાંથી બેઇન્દ્રિયમાં જવાને માટે જીવની બે ગણી પુણ્યાઇ જોઈએ. જેવી રીતે એક

રૂપિયા પર એક રૂપિયાનો નફો થયો. તમે બધા વહેપારી છો અને જાણો છો કે રૂપિયા પર બે પૈસા-ચાર પૈસાનો નફો પણ મુશ્કેલીથી મળે છે. આ રીતે પુણ્યનો સંચય પણ ઘણી કઠિનાઇથી થાય છે. જ્યારે થાય છે ત્યારે જીવ એકેન્દ્રિય શરીર છોડીને બેઇન્દ્રિયનું શરીર પ્રાપ્ત કરે છે પછી અનંત પુણ્યાઇ વધે ત્યારે તેઇન્દ્રિયનું શરીર મળે છે. એ રીતે અનુક્રમે અનંત અનંત પુણ્યનો ઉદય થતાં પચેન્દ્રિયનું શરીર મળ્યું. પચેન્દ્રિયમાં પણ કેટલી અધિક પુણ્યાઇ હોય ત્યારે સંજ્ઞી પચેન્દ્રિય કર્મભૂમિના મનુષ્ય થયા. તો હવે આ જન્મને કામભોગમાં પૂરો કરવો તે કોડી સાટે અમૂલ્ય હીરો આપી દેવા જેવું છે. આ અવસર ચૂકી જશો તો પાછળથી પસ્તાવું પડશે ને અનંતકાળ સુધી સંસારમાં ભમવું પડશે. માટે દીર્ઘદૃષ્ટિ કેળવી તમારામાં રહેલા વિષય-કષાયાદિ શત્રુઓ ઉપર વિજય મેળવો.

રાજાએ ખંધકમુનિને વગર વાંકે ચામડી ઉતરાવી છતાં રાજા પ્રત્યે સહેજ પણ ક્રોધ કર્યો? ઉલટું એમ માન્યું કે મારા દુઃખનો અંત કરવામાં રાજા મને સહાયક બન્યા. કારણ કે એ સમજતા કે ક્રોધાદિ કષાયો આત્માના કટ્ટા શત્રુ છે. માટે મારે તેમનો સામનો કરવો જોઇએ. બંધુઓ! તમને એની સામે થવાનો વિચાર આવે ખરો? તમારી આટલી જિંદગીમાં તમને કેટલીવાર ક્રોધ આવ્યો છે તેની નોંધ કરી? બીજા શત્રુઓ તો એક ભવ બગાડે છે પણ આ શત્રુ તો આત્માના ભવોભવ બગાડે છે. આવા અંતરંગ શત્રુનો સામનો કરતાં શીખો. શત્રુઓ તમને અપશબ્દ કહી જાય તો પિત્તો જાય છે ને? તમે તરત બે શબ્દો બોલીને તેને બંધ કરી દો છો. તે બંધ ન થાય તો તેની સામે ઝઘડો કરો છો. એ ઝઘડાથી ન પતે તો કોર્ટે ચઢતાં પણ થાકો નહિ. કોથળીના મોઢા છૂટા મૂકીને તેને જીતવાનો પ્રયત્ન કરો છો.

બાહ્ય શત્રુઓને નિર્બળ બનાવવા અનેક ઉપાયો કરીએ છીએ. પણ આપણું, આપણી સંપત્તિનું, સ્વજનોનું અને ભવોભવનું નિકંદન કરનાર ક્રોધાદિ કષાયો ઉપર વિજય મેળવવાનો પ્રયત્ન કરીએ છીએ ખરા? ક્રોધ અને માનનું પરિણામ કેટલું વિષમ આવે છે? અભિમાનના કારણે માનવી રાખમાં રોળાઇ જાય છે.

**અહંકારે રાવણનું શું કર્યું?** :- લંકાપતિ રાવણ સીતાજીને હરણ કરીને લઇ ગયો તેથી તેને આપણે દુષ્ટ કહીએ છીએ. પણ ખરેખર તે એવો દુષ્ટ ન હતો. એને પ્રતિજ્ઞા હતી કે કોઇ સ્ત્રી મને મનથી ન ઇચ્છે તો મારે એના પર બળાત્કાર કરવો નહિ. એ સીતાજીને લઇ ગયો ને પોતાને પતિ તરીકે તરીકે સ્વીકારવા માટે સીતાજીને સમજાવવામાં એણે બાકી રાખી નથી પ્રલોભન ખૂબ આપ્યા પણ સીતાજીએ તેના સામે દૃષ્ટિ પણ કરી નથી. અને રાવણે તેના ઉપર બળાત્કાર પણ નથી કર્યો. જ્યારે રામ સીતાજીને લેવા આવ્યા ને બંને વચ્ચે યુદ્ધની તૈયારી થઇ ત્યારે રાવણના મનમાં થયું કે

સીતા મને મનથી પણ ઈચ્છતી નથી ને મારે તો મને મનથી ન ઈચ્છે તો તે સ્ત્રીના પચ્ચખાણ છે. તો હવે સીતાને પાછી સોંપી દઉં. આવો વિચાર આવ્યો પણ અંદર બેઠેલો અહંકાર કહે જો હું સીતાજીને સોંપી દઉં ને યુદ્ધ ન કરું તો રામ મને કાયર ગણશે કે એનામાં લડવાની ત્રેવડ ન હતી માટે સીતા પાછી આપી દીધી. તો મારે એવા નમાલા નથી બનવું. આ વિચારે રાવણ રામની સામે ઝઝુમ્યો. તો એ રાખમાં રોળાઈ ગયો. જો સમજીને અભિમાન છોડીને સીતાજી રામને સોંપી દીધા હોત તો આ દશા ન થાત.

બંધુઓ! આત્માની શુભ પ્રવૃત્તિમાં જે દુશ્મનો છે તેને આપણે જોઈ શકતા નથી ને તેને હટાવવા પણ બહુ મુશ્કેલ છે. એક જ્ઞાની ચિંતક કહે છે કે ક્રોધ એટલો સૂક્ષ્મ છે કે જ્યાં પ્રકાશની રેખા પણ પ્રવેશી શકે નહિ એવા અંધારા કાળા ઓરડામાં કાળી ભીંત હોય, તેના ઉપર કાળો પડદો હોય, તે પડદા પર કાળી કીડી ચાલતી હોય તો તે કદાચ પારખી શકાય પણ ક્રોધને પારખી શકાતો નથી.

**"ક્રોધરૂપી શત્રુ આવે ત્યારે શું લાવે છે?"**:- ક્રોધરૂપી શત્રુ આપણી સામે આવી જાય એટલે આપણે લાલચોળ બની જઈશું. શરીર તપી જશે. માથું ગરમ પાણીની જેમ ઉકળવા માંડશે અને ભાન ભૂલી જઈશું. શત્રુનો ઊંઘમાં પણ વિશ્વાસ ન કરવો જોઈએ. તેને તો ઉગતા દાબી દેવો જોઈએ. છતાં ક્રોધ રૂપી શત્રુને દાબવા જતાં આપણે પોતે એને આધીન બની જઈએ છીએ. આપણે ગમે તેવા બળવાન હોઈએ છતાં ક્રોધાદિ કષાયો સામે તો આપણે નિર્બળતા બતાવીએ છીએ. જ્યાં સુધી આ કાળી કષાયો ઉપર વિજય નહિ મેળવાય ત્યાં સુધી જન્મ-જરા અને મરણનો પાર આવવાનો નથી ને ધર્મારાધના પણ સારી રીતે થઈ શકવાની નથી. માની લો કે તમને વહેપારમાં ખોટ આવી ને ઊંચા મને જમવા બેઠા, ખાવું ભાવતું નથી. તે સમયે તમારો બાબો તોફાન કરતો ઘરમાં આવે તો તેની શી દશા થાય? પત્ની ઉપર અંતરનો ક્રોધ વરાળ બની શબ્દ દ્વારા નીકળવા માંડે ને પેલા નાનકડા બાબાનો તો બરડો ટીપાઈ જાય છે.

આ સમયે ચૂલાના તાપથી બળતી પત્ની અને સ્કૂલેથી ભૂખ્યો આવેલા બાળકનો વિચાર આવતો નથી. તેમાં જો પત્ની કંઈ આડુંઅવળું બોલી જાય તો આવી બને. અગ્નિ ઉપર પાણી નાંખો તો અગ્નિ શાંત થઈ જાય પણ તેમાં ઘી હોમવામાં આવે તો વધુ ભડકો થાય. આ વાત તો તમે બધા જાણો છો. માટે ત્યાં ભૂલ કરતા નથી પણ આત્માની વાત આવે ત્યારે ભાન ભૂલી જાવ છો. ક્રોધ એ આત્માનો શત્રુ છે. તે પ્રીતિનો નાશ કરે છે. દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે "कोहो पीइं पणासेइ।" ક્રોધ પ્રીતિનો નાશ કરે છે. એ વાત લક્ષ્યમાં રાખી જ્યારે ક્રોધ આવે ત્યારે વીતરાગવાણીનું પાણી તેના ઉપર છાંટી દેવું કે હે જીવ! ક્રોધ પ્રીતિનો નાશ કરે છે માટે તેનાથી પાછો

વળ. ક્રોધને જ્ઞાનીઓએ ભયંકર કહ્યો છે. તેની ભયંકરતાથી સંસારમાં ઘણાં અનર્થો ઉભા થાય છે. તેથી ક્રોધને જીતવાનો પ્રયત્ન કરવો જોઇએ.

ક્રોધની સામે ક્ષમા રાખતા શીખો. આપણે ત્યાં પર્યુષણ પર્વની મંગલ આરાધના ચાલી રહી છે. આજે છઠ્ઠો દિવસ છે. પરમ દિવસે સંવત્સરી મહાનપર્વ આવી જશે. આજના દિવસને આપણે તેલાધર તરીકે ઓળખીએ છીએ. એ આપણને એ સૂચના આપે છે કે હે જીવ! તારા અંતરના ખૂણે ખૂણે જે ક્રોધ-માન-માયા-લોભ આદિ કષાયોના કચરા ભરેલા હોય તેને તું સાફ કરીને અંતરને પવિત્ર-સ્વચ્છ બનાવી દે. તો સંવત્સરીના દિવસે આલોચના કરીને તારું અંતર ઉજ્જવળ બની જશે. ને આત્માના ઓજસ ઝળહળી ઉઠશે. વસ્ત્રને ધોવા માટે સાબુ-પાણીની જરૂર છે. મશીનરીને સાફ કરવા માટે પેટ્રોલની જરૂર છે. કટાઇ ગયેલા વાસણને સાફ કરવા માટે આંબલી અને રાખની જરૂર છે. તેમ આપણા આત્માને સાફ કરવા માટે જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ આદિની જરૂર છે. જ્ઞાનદ્વારા વસ્તુના યથાર્થ સ્વરૂપને જાણી શકાય છે. દર્શન શ્રદ્ધાને દૃઢ કરે છે, ચારિત્રદ્વારા ચારિત્રનું આચરણ કરીને વ્રત પ્રત્યાખ્યાનદ્વારા આવતાં કર્મોને રોકી શકાય છે. ને તપદ્વારા જુના કર્મોને બાળી શકાય છે.

આપણે ત્યાં મહાન આત્માઓ મહાન તપની આરાધના કરી રહ્યા છે. ને તેમના કર્મો બાળી રહ્યા છે. આપણે પણ તેવો પુરૂષાર્થ કરીએ ને તપ-સંયમ-ક્ષમા દ્વારા કર્મોને ખપાવીએ. સમય થઇ ગયો છે વધુ ભાવ અવસરે.

☆

## વ્યાખ્યાન નં. ૪૭

## વિષય :-"સાચુ સુખ ક્યાં ?"

**ભાદરવા સુદ ૪ ને સોમવાર** **તા. ૮-૯-૭૫**

અનંત કરૂણાના સાગર, કરૂણાના કીમીયાગર, ઘનઘાતી કર્મોની ઘટાને વિદારનાર, એવા ભગવંતોની શાશ્વતી વાણી તેનું નામ સિદ્ધાંત. ભવ્ય જીવોના આત્માના ઉધ્ધારને માટે ભગવંત ફરમાવે છે કે હે આત્માઓ! તમે સંસારના રંગરાગથી દૂર રહો. જો તમે સંસારના વિષયોના રંગરાગમાં રંગાઇ જશો તો દુર્ગતિમાં જશો. માટે આત્માનો, વીતરાગ શાસનનો અને ભગવાનના વચનામૃતનો રાગ કરો. પણ આ સંસારના વિષયોનો રાગ કરશો નહિ. એ રાગ જીવને દુર્ગતિમાં લઇ જશે. માટે મહાન પુરૂષો કહે છે કે સંસારના રંગરાગ છોડો. જ્યાં સુધી રાગની હોળી નહિ થાય ત્યાં સુધી આત્માની ઉન્નતિ નહિ થાય.

**જ્યાં લગી હૈયું ખેલે રાગની હોળી, ફીકી ફીકી લાગે તારી ત્યાગની ઝોળી**
**દુનિયાની સંગે, રમુ રંગે ઉછરંગ**
**હૈયાને ઠોકર જ્યારે વાગે, ત્યારે તારું નામ પ્યારું લાગે**

જ્યાં સુધી આત્મા રાગની હોળી ખેલે છે ત્યાં સુધી તેને ત્યાગ અને વૈરાગ્યની વાતો ફીકી લાગે છે. કારણ કે મિથ્યાદૃષ્ટિ છે. જ્યારે જીવ સમ્યકૃત્વ પામે છે ત્યારે સમ્યગ્ દર્શનના પ્રભાવથી આત્મામાં એટલો નિશ્ચય થઇ જાય છે કે કર્મને બાંધવાવાળો હું છું ને કર્મને તોડવાવાળો પણ હું છું. સમ્યગ્ દૃષ્ટિવાળા દૃઢ શ્રાવકને દેવલોકમાંથી દેવ ઉતરીને ડગાવવા આવે તો પણ તેની તાકાત છે કે ડગાવી શકે? મોક્ષમાં જવાના જ્ઞાનીએ ત્રણ માર્ગો બતાવ્યા છે. सम्यग्दर्शन ज्ञान चरित्राणि मोक्षमार्गः । સમ્યગ્ દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યગ ચારિત્ર એ ત્રણ મોક્ષમાં જવાનાં માર્ગ છે. આ ત્રણે માનવ જન્મમાં મેળવી શકાય છે. એનાથી મોક્ષ મળે છે. આ સૂત્ર તો તમને બધાને કંઠસ્થ થઇ ગયું છે. ને બોલો છો પણ ખરા. તો વિચાર કરો કે બોલવા માત્રથી મોક્ષ મળશે? જો આ સૂત્ર શીખીને બોલવાથી મોક્ષ મળતો હોય તો બધાને કહું પણ વાણીમાં એક વખત નહિ, અનેકવાર ઉચ્ચાર કર્યા પણ આચારમાં નહિ ઉતરે ત્યાં સુધી કલ્યાણ નહિ થાય. મોક્ષના ઉપાયોને જાણી લેવાથી, માની લેવાથી મોક્ષ ન મળે મોક્ષના ઉપાયને જાણવા જોઇએ, પાળવા જોઇએ ને છેલ્લે આચરવા જોઇએ. ડોકટર દર્દનું નિદાન કરે, તપાસીને દવા આપે પણ એ દવા પીધા વિના રોગ મટે ખરો? (શ્રોતામાંથી અવાજ: ના મટે.) બહેનો સ્વાદિષ્ટ રસોઇ બનાવીને થાળીમાં પીરસે પણ મોંમાં કોળીયો મૂકીને ચાવીને ગળે ઉતારે ત્યારે ભૂખ મટે ને! તે રીતે ભગવંતે મોક્ષમાં જવાના ત્રણ માર્ગ બતાવ્યા. એ માર્ગને અપનાવવા તે આપણા હાથની વાત છે.

દેવલોકમાં રહેલા દેવો એકલું સુખ ભોગવતાં હોવા છતાં સમ્યકત્વી દેવ ચારિત્રને ઝંખતો હોય છે કે કયારે અહીંથી છૂટું! અને કયારે માનવજન્મ પામી સર્વવિરતિ રૂપ ચારિત્રને અંગીકાર કરું. કારણ કે દેવલોકમાં અવિરતિનું જોર ઘણું હોય છે. એ ભવ એવો છે કે દેશવિરતિ કે સર્વવિરતિ પામી શકે નહિ. એક નવકારશી પ્રત્યાખ્યાન પણ કરી શકે નહિ. સમકિતી દેવો દેવલોકમાં બેઠા બેઠા શું ભાવના ભાવતા હોય?

**આવો અવસર અમને કયારે આવશે, કયારે પામીશું આર્યનર અવતાર જો,**
**સર્વ દુઃખોનું અંત કરવાનું સ્થાન જયાં, જૈન શાસનમાં લઇશું સંયમભાર જો.**

હે પ્રભુ! રહેવા માટે મહેલ ભલે ના મળે, ને નાનીશી ઝુંપડી મળે પણ જયાં જૈન ધર્મ હોય, ત્યાગ વૈરાગ્યની વાતો હોય ત્યાં અમારો જન્મ થજો. જયાં લક્ષ્મીની છોળો ઊડતી હોય, રહેવા રાજમહેલ હોય, રોજ મિષ્ટાન્નની મિજબાનીઓ ઊડતી હોય

પણ જ્યાં જૈન ધર્મ ન હોય, વીતરાગ વચનની શ્રદ્ધા ન હોય, ત્યાં અમારો જન્મ ના થશો. દેવલોકમાં વૈભવ-વિલાસો અપાર છે. વળી દેવોનું શરીર પણ કેવું છે? તેમના શરીરમાં લોહી, માંસ, ચરબી ન હોય, બાલપણુ, યુવાની, રોગ કે ઘડપણુ આવે નહિ. આવા સુખમાંથી આવવું પડે ત્યારે મિથ્યાદૃષ્ટિ દેવ ઝૂરે છે જ્યારે સમકિતી આનંદ પામે છે. આ છે બે દૃષ્ટિમાં અંતર.

બંધુઓ ! જ્યારે આત્મામાં સમ્યક્ત્વની ચિનગારી પ્રગટે છે ત્યારે તેને આત્મિક સુખનો રણકાર જાગે છે. બાકી મિથ્યા દૃષ્ટિ આત્મા તો પૌદ્ગલિક સુખમાં સુખ માને છે. પણ ખરેખર તે સુખ વાસ્તવિક સુખ નથી પણ કાલ્પનિક સુખ છે. તેના ઉપર હું તમને થોડું સમજાવું. સાંભળો. આજે સૌ કોઈને સુખ જોઈએ છે. દુઃખ કોઈને પસંદ નથી. તમે આટલી મોટી સંખ્યામાં મારી સામે બેઠા છો તો અહીં બેઠેલા દરેક ભાઈ-બહેનોને જો હું પૂછું કે તમને બધાંને શું પસંદ છે? સુખ કે દુઃખ? તો તમે બધા એકી અવાજે બોલી ઉઠશો કે અમને સુખ ગમે છે. દુઃખ નથી ગમતું. જો તમને દુઃખ નથી ગમતું તો હું તમને પૂછું કે દુઃખને ટાળવાનો અને સુખની પ્રાપ્તિ કરવા માટેનો સમ્યક્ પ્રયત્ન કરો છો ખરા ? સુખ ક્યાં રહેલું છે તે તમે જાણો છો ખરા ? સુખની પ્રાપ્તિ માટે સર્વ પ્રથમ આ પ્રશ્ન દરેક ને વિચારવા જેવો છે. સુખ ઇચ્છો છો તો તે સુખ કેવી રીતે પ્રાપ્ત થાય તે તમે જાણો છો ? તમે કહી દેશો કે અમને બે પાંચ લાખ રૂપિયાની મુડી ભેગી થઇ જાય, રહેવા માટે સુંદર મકાન, સારો એવો પુત્ર પરિવાર, આંગણામાં મોટર ઉભી હોય, આજ્ઞાંકિત પત્ની હોય, સમાજમાં માન-પ્રતિષ્ઠા સારી હોય, બસ, આટલું મળી જાય એટલે અમે સુખી છીએ. સુખથી જીવન વીતાવી શકીશું એવી સંસારી જીવોની માન્યતા છે પણ જ્ઞાનીઓ કહે છે કે તમારી આ માન્યતા ભૂલ ભરેલી છે. સ્વપ્નાના સુખ જેવી છે. માની લો કે કોઇએ સ્વપ્નામાં જોયું કે હું રાજા બન્યો છું, રાણીઓ મારી ખૂબ સેવા કરે છે ને મારી ખમ્મા ખમ્મા થાય છે. અનેક નોકરો, દાસ-દાસીઓ હજુરા હજુર રહે છે ને અનેક રાજાઓ મારા ચરણમાં શીશ ઝુકાવે છે. પણ સવારે જાગે ત્યારે શું બોલો કાંઇ હોય ? સમજો સ્વપ્નામાં જોયેલું સુખ કદી સાચું હોતું નથી. તે તો માત્ર ભ્રમણા હોય છે. જ્ઞાનીઓ કહે છે તમારી સ્થિતિ પણ તેવી છે. જેમ સ્વપ્નામાં જોયેલું સુખ જાગૃત થતાં કાલ્પનિક લાગે છે તે રીતે ભૌતિક વસ્તુઓમાં માનેલું સુખ પણ સમ્યક્જ્ઞાન થતાં ખોટું છે તે વાત સમજાય છે.

જેમ કોઇ માણસ ઉનાળાના દિવસોમાં રણમાં મુસાફરી કરતો હોય ત્યારે તેને દૂર દૂર પાણી દેખાય છે. તૃષાતુર માનવી તેને પાણી સમજીને આગળ ને આગળ ચાલે છે. પણ તે જેમ જેમ આગળ ચાલે છે તેમ તેમ તેને પાણી તેનાથી દૂર દૂર જતું હોય તેમ લાગે છે. માનવી આખા રણની મુસાફરી પૂરી કરી લે તો પણ તે પાણી મેળવી શકતો

નથી. તેનું કારણ એ છે કે રણમાં પાણી હોતું નથી. જે પાણી દેખાય છે તે પાણી હોતું નથી પણ પાણીનો આભાસ હોય છે. તેવી વાત તમારા સંસારના સુખની છે. માનવી કુટુંબ, પૈસા અને પરિવારમાં સુખ માનીને તેને વધારતો જાય છે. પણ આ સંસાર રૂપી રણ વટાવી જાય એટલે કે તેમની આખી જિંદગી પૂરી થઈ જાય તો પણ તે સાચું સુખ મેળવી શકતો નથી, કારણ કે જેમાં સુખ છે નહિ પછી સુખ કયાંથી મળે?

બંધુઓ! સુખ કયાં રહેલું છે? શેમાં રહેલું છે? એ મોટા ભાગના માણસો સમજતા નથી. જ્ઞાનીઓ કહે છે સુખ તારા આત્મામાં રહેલું છે, બહારના કોઈ પણ પદાર્થમાં સુખ નથી. કોઈ પણ વસ્તુ કે વ્યક્તિ સ્વયં દુઃખદાયક કે સુખદાયક બનતી નથી. કહ્યું છે કેઃ–

**દુઃખદાયક નહિ વસ્તુ વ્યકિત, દુઃખદાયક છે મમતા રાગ,**
**બંધન છે આસકિત કાજે, જગત પ્રભુનો સુંદર બાગ.**

એક વસ્તુ કે વ્યકિત પ્રત્યેનો આપણામાં જે રાગ અને દ્વેષ રહેલો છે તે આપણને સુખ અને દુઃખ આપે છે. આપણાંમાં ક્રોધ-માન-માયા અને લોભ રૂપી જે દુર્ભાવ રહેલો છે તેના વડે આપણે અન્ય વસ્તુમાં સુખ કે દુઃખ માની લઈએ છીએ. બાકી વાસ્તવિક દૃષ્ટિથી વિચારીએ તો કોઈ પણ વસ્તુમાં સુખ કે દુઃખ આપવાની શકિત નથી. કારણ કે એક પદાર્થમાં આપણને આજે સુખ દેખાય છે તે પદાર્થમાં બીજી ક્ષણે સુખ દેખાતું નથી. ને જેને તમે સુખના સાધન માનો છો તેનો પણ લોભને વશ થઈને ઉપભોગ કરી શકતા નથી. શ્રી આચારંગ સૂત્રમાં પણ ભગવંતે કહ્યું છે કેઃ–

**जेण सिया तेण णो सिया इणमेव नावबुज्झंति-जे जळा मोहपाउडा ।**

જે ધનાદિ સામગ્રી ભોગોપભોગનું સાધન છે તે ધનાદિ સામગ્રી હોવા છતાં પણ તેનો ભોગોપભોગ માનવી કરી શકતો નથી. સંકલ્પ વિકલ્પની જાળમાં પડેલો માનવી અનેક પ્રકારના મનોરથો કરે છે અને તેને પૂરા કરવા માટે મિથ્યા પ્રયાસ કરે છે. પણ તેના પ્રયાસો નિષ્ફળ જાય છે. કારણ કે જે પૈસો, પુત્ર, પરિવાર આદિ સામગ્રીને તમે સુખનું સાધન માનીને બેસી ગયા છો તે સામગ્રી તમને કલ્પિત સુખ કયારેક આપી શકે છે ને કયારેક આપી શકતી નથી. સંસાર સુખનું મુખ્ય સાધન ધન છે. એમ સમજીને ધન કમાવા માટે તમે રાત કે દિવસ જોતા નથી. કાળી મહેનત કરો છો, અનેક કષ્ટો સહન કરો છો. આટલું કરવા છતાં પણ લાભાંતરાય કર્મના ક્ષયોપશમ જ્યારે ધનની પ્રાપ્તિ થાય છે. ત્યારે એ ધનનો ઉપભોગ નથી કરતો પણ એનો સંગ્રહ કરે છે. એ સમયે ભોગોપભોગનું લક્ષ ભૂલી જાય છે. ને સંગ્રહનો લોભ જાગે છે. જ્યાં સંગ્રહ કરવાની વૃત્તિ આવે છે ત્યાં ભોગવી શકાતું નથી. જેનામાં સંગ્રહ કરવાની વૃત્તિ નથી તે વ્યક્તિ વસ્તુનો ઉપભોગ કરી શકે છે. દા. ત. મમ્મણ શેઠ કે જેની પાસે કરોડો રૂપિયાની

સંપત્તિ હતી. જળમાં ને સ્થળમાં બધે તેનો વહેપાર ચાલતો હતો. તેની આવક ઘણી હતી છતાં તે પણ તે સંપત્તિનો ઉપભોગ કરી શકયો નહિ. પોતે જાતે ખાઈ – પી ન શકયો. શુભકાર્યોમાં પણ સંપત્તિનો સદ્દવ્યય ન કરી શકયો. માત્ર સંપત્તિનો રખેવાળ બનીને રહયો. પણ માલિક બની શકયો નહિ. જે સંપત્તિનો રક્ષક હોય તે કદી માલિક બની શકતો નથી. જેમ રાજાઓના ભંડાર સાચવનારા ભંડારીઓ હોય છે અથવા બેંકમાં પણ ધનને સાચવનારા માણસો હોય છે તો તેને સાચવનારા માલિક કહેવાતા નથી. કારણ કે તેમાંથી એક રાતી પાઇ પણ લેવાનો તેનો અધિકાર નથી. માત્ર તેનું રક્ષણ કરે છે. કદાચ કોઈ માલિક સંપત્તિનો ઉપભોગ કરીને તેમાંથી સુખ મેળવે છે તો પણ તે સુખ વાસ્તવિક સુખ નથી પણ કાલ્પનિક સુખ છે.

બંધુઓ! આજે તમે જેમને સુખી માનો છો તેવા ક્રોડાધિપતિને પૂછવામાં આવે કે ભાઇ! સુખી છો ને? તો કહેશે કે પૂછો મા! અરે, શું બોલો છો? ગરીબને પૂછયું કેમ સુખી છે? તો કહેશે કે સુખ તો ધનવાનોને ત્યાં ગીરે મુકાયેલ છે. અમારા નસીબમાં તો દુઃખ લખાએલું છે. ત્યારે હવે દિલમાં પ્રશ્ન થાય છે કે સુખ કયાં? એક દૃષ્ટાંત દ્વારા સમજાવું.

એક વખત એક મહારાજાને કયાંય ચેન પડતું ન હતું. તેથી તેણે જ્યોતિષીઓને બોલાવ્યા ને પૂછયું કે મને કયાંય ચેન પડતું નથી. તેનું કારણ શું? જ્યોતિષીઓને મહારાજાના દુઃખનો ખ્યાલ આવી ગયો હતો. મહારાજા બધી વાતે સુખી હતા પણ માનસિક વ્યથા તેમના દુઃખમાં કારણભૂત હતી. તે દૂર કેવી રીતે થાય? જ્યોતિષીઓએ ખૂબ વિચાર કરીને કહ્યું કે મહારાજા! આપ કોઇ સુખી માણસનું પહેરણ પહેરશો તો આપને સુખ પ્રાપ્ત થશે. મહારાજાએ સુખી માણસના પહેરણની શોધ કરવા માણસોને મોકલ્યા. માણસો મોટા મોટા દેશોના મહારાજાને ત્યાં ફરી વળ્યા. પણ તે રાજાઓ સર્વ વાતે સુખી છે તેવું કોઇ પાસેથી જાણવા ન મળ્યું. ત્યાર પછી મહારાજાના માણસો શ્રીમંતોને ત્યાં તપાસ કરવા માટે ગયા. પણ સંપૂર્ણ સુખી હોય તેવો કોઈ શ્રીમંત જડયો નહિ. ઘર ઘરમાં ઘૂમી વળ્યા પણ સર્વ વાતે સુખી હોય તેવો એક પણ માણસ જડયો નહિ ત્યારે છેવટે ભાન થયું કે ભૌતિક વસ્તુઓમાં કયાંય સુખ નથી. તમને જે સુખ કે દુઃખ દેખાય છે તે મનની કલ્પનાનું પરિણામ છે. સુખ સંતોષમાં રહેલું છે. સુખ–દુઃખની કલ્પના ઈન્દ્રિઓ અને મન વડે ઉત્પન્ન થાય છે. કારણ કે ઈન્દ્રિઓને જે વિષયો ગમે છે તે વિષયોની પ્રાપ્તિ થતાં માનવી આનંદ અનુભવે છે. માનવી જે વસ્તુમાં સુખનો અનુભવ કરે છે ને જેને સુખનું સાધન માને છે તે વસ્તુ ચાલી જતાં દુઃખનો અનુભવ કરે છે. આ રીતે માનવી ઇન્દ્રિઓના વિષયોને અને મનના તરંગોને આધીન બની સુખ અને દુઃખ વચ્ચે હિલોળા ખાય છે.

**"શ્રેણીક રાજાના આગમનથી શાલીભદ્રને વૈરાગ્ય":**– આપણા જૈન-શાસ્ત્રમાં શાલીભદ્રનું દૃષ્ટાંત મોજુદ છે. શાલીભદ્રને ત્યાં સંપત્તિનો તૂટો ન હતો. તે સર્વ રીતે સુખી હતા. નેપાળ દેશના વેપારીઓ રત્નકાંબળ લઈને રાજગૃહીમાં વેચવા માટે આવ્યા. અને જે રત્નકાંબળીઓ ખુદ્દ શ્રેણીકરાજા ખરીદી ન શકયા તે એક–બે નહિ પણ સોળ રત્નકાંબળીઓ શાલીભદ્રની માતાએ ખરીદી. રાજાને જ્યારે આ વાતની ખબર પડી કે પોતાના રાજ્યમાં આવા શ્રીમંત શેઠ વસે છે તે જાણી રાજાએ ગૌરવ અનુભવ્યું. અને તેમની સાહ્યબી જોવાનો વિચાર કર્યો. રાજા શ્રેણીક ધામધૂમપૂર્વક શાલીભદ્રને ત્યાં તેમની ઋદ્ધિ જોવા માટે આવ્યા. શાલીભદ્રજી તો સાત માળની હવેલીમાં પોતાની ૩૨ પત્નીઓ સાથે ખાઈ પીને મોજ મજા માણતા હતા. સંસારનું સુખ ભોગવવામાં એમનો દિવસ કયાં ઉગે છે ને કયાં આથમે છે તેની પણ ખબર પડતી ન હતી. રાજા આવ્યા ત્યારે શાલીભદ્રની માતાએ કહ્યું. બેટા! મહારાજા આપણે ત્યાં આવ્યા છે તું નીચે ઉતર. શાલીભદ્રજીને રાજા શું છે એ ખબર ન હતી. એટલે તેમણે કહ્યું રાજા હોય તો નાંખો વખારમાં. ત્યારે ભદ્રામાતાએ કહ્યું – બેટા! એ કોઈ વસ્તુ નથી પણ આપણા ગામના મહારાજા છે. તે આપણા શિરતાજ છે. આપણે તેમના સામું જવું જોઈએ.

શાલીભદ્ર ખૂબ આજ્ઞાંકિત હતા એટલે માતાની આજ્ઞાને માન આપવા તે નીચે તો ઉતર્યા પણ તેમના મનમાં મંથન શરૂ થઈ ગયું કે શું હજુ મારા માથે માલિક છે? મારા પુણ્યમાં હજુ કંઈક ખામી છે માટે આ સંસાર ત્યાગીને દીક્ષા અંગીકાર કરુ ને એવો પુરૂષાર્થ કરું કે મારા માથે કોઈ રાજા કે માલિક ન રહે. આ વિચારે સંસારના સર્વ સુખો શાલીભદ્રજીને નિરસ લાગવા માંડયા. ભર્યું ઘર તેમને શુષ્ક લાગવા માંડયું. જો પૈસા, પત્ની અને પરિવારમાં સુખ હોત તો તે બધું શાલીભદ્રને ઘેર હતું ને? છતાં તે બધું તેમને નિરસ લાગ્યું, તેનું કારણ શું? જે વસ્તુઓ એક ક્ષણે આનંદ આપતી હતી તે વસ્તુઓ હવે નિરસ કેમ લાગવા માંડી? તેનું કારણ એ છે કે તેમની સુખની માન્યતા બદલાઈ એટલે તેમણે જેમાં સુખ માન્યું હતું તે સુખ બોજારૂપ લાગવા માંડયું. અને મોક્ષનું સુખ એ સાચું સુખ છે એવું સમ્યગ્જ્ઞાન થતાં તે દિશામાં પુરૂષાર્થ કરવા માટે કદમ ઉઠાવ્યા. આ દૃષ્ટાંત ઉપરથી તમે સમજી શકશો કે કોઈ વસ્તુ કે વ્યકિત દુઃખદાયક નથી પણ વસ્તુમાં આપણે પોતે સુખ-દુઃખનું આરોપણ કરીએ છીએ. ખરું સુખ તો મન અને ઈન્દ્રિયો પર કાબૂ મેળવવામાં રહેલું છે. જે મનુષ્યો મન અને ઈન્દ્રિયો પર કાબૂ મેળવે છે, વિષય કષાયોથી મુક્ત બને છે તે સાચું શાશ્વત સુખ મેળવી શકે છે. બંધુઓ! સાચું સુખ આત્મામાં છે ને તે સુખ સાચું સુખ છે. તે સુખને કોઈ છીનવી શકતું નથી. કોઈ ચોરી કરી શકતું નથી. આપણા પરમ પિતા ભગવાન મહાવીરને સંગમ નામના દેવે છ મહિના સુધી કષ્ટ આપ્યું. પણ ભગવાન મહાવીરે પોતાનો સમતા ભાવ સ્હેજપણ છોડયો નહિ. પોતે આત્મરમણતામાં મગ્ન રહ્યા. તેથી તેમને જરા પણ

દુઃખ થયું નહિ. આ ઉપરથી પણ સ્પષ્ટ સમજી શકાય છે કે અન્ય કોઇ વસ્તુ આપણને દુઃખ કે સુખ આપી શકતી નથી. સુખ તો આપણી અંદર રહેલું છે. તે સુખ શાશ્વત છે. તે સુખ કોઇ ઓછું કરી શકતું નથી.

**"મારે તો મોક્ષ જોઇએ છે."** ગજસુકુમારે નેમનાથ ભગવાન પાસે દીક્ષા લીધી ને પછી પૂછયું. પ્રભુ! મોક્ષમાં જવાનો ટૂંકામાં ટૂંકો કયો માર્ગ? ભગવાને કહ્યું કે બારમી પડિમા વહન કરવી તે મોક્ષનો ટૂંકો માર્ગ છે. ગજસુકુમાર મુનિ સ્મશાન ભૂમિમાં ગયા. ત્યાં જઇને કાર્યોત્સર્ગમાં સ્થિર થયા. ત્યારે સોમિલ બ્રાહ્મણ ત્યાંથી પસાર થયો. ગજસુકુમાર મુનિને સાધુના વેશમાં જોઇ તેને ક્રોધ આવ્યો ને મનમાં બોલ્યો કે જો આને દીક્ષા લેવી હતી તો મારી પુત્રી સાથે સબંધ શા માટે કર્યો? ક્રોધના આવેશમાં આવીને તળાવમાંથી ચીકણી માટી લઇ આવ્યો ને ગજસુકુમાર મુનિના માથા ઉપર ગોળ ફરતી પાળ બાંધી દીધી. ત્યાર પછી બળતા મડદાની ચિતામાંથી ધગધગતા અંગારા લાવી તે પાળની વચ્ચે મૂકયા. આ રીતે પોતાની પુત્રીનો ભવ બગાડનાર પ્રત્યે વૈરનો બદલો લીધાનો સંતોષ અનુભવ્યો.

બંધુઓ! કોઇ આપણા શરીર ઉપર ટાંકણી ભોંકે તો આપણને કેટલું દુઃખ થાય છે! અરે, સ્હેજ દાઝી જવાય તો પણ કેવી કાળી બળતરા થાય છે! તો પછી માથા ઉપર ધગધગતા અંગારા પડે તો કેટલું દુઃખ થાય? છતાં પણ તે મુનિ પોતાના આત્મ-ધ્યાનમાંથી જરા પણ વિચલિત થયા નહિ. તેમને દુઃખ પણ ન થયું કે ક્રોધ પણ ન આવ્યો. બસ. એમણે તો સમતા રસમાં ડૂબકી લગાવી. ગજસુકુમાર મુનિએ તો એવો વિચાર કર્યો કે કોઇના સસરા તો ૫૦-૧૦૦ રૂ. ની કિંમતી પાઘડી જમાઇને બંધાવતા હશે! પણ મારા સસરાએ તો મને મોક્ષની પાઘડી બંધાવી. જલતા અંગારા મુનિના માથે મુકાયા, ખોપરી ખદખદ થવા લાગી ને છેવટે ખોપરી ફાટી પણ મુનિ તો પોતાના ધ્યાનમાં અડગ રહ્યા. સમતાભાવમાં રહીને શુકલધ્યાન ધ્યાવતા તે મોક્ષપદને પામ્યા. આ ગજસુકુમાર મુનિનું જીવન પણ આપણને બોધપાઠ આપે છે કે જે સમભાવમાં સ્થિર રહે છે તે ભૌતિક સુખ-દુઃખથી પર બની અનંતા મોક્ષના સુખ પામે છે. જો તમે આવા આત્મિક સુખને ઇચ્છતા હો તો ઇન્દ્રિયો અને મન ઉપર કાબૂ મેળવો. આપણા મનને તોફાની ઘોડાની ઉપમા આપવામાં આવી છે. જેમ તોફાની ઘોડો કોઈ વખત કોઇ ઝાડ સાથે અથડાવી દે છે તો કોઇ વખત ઊંડી ખાઇમાં ધકેલી દે છે. મન પણ આવા તોફાની ઘોડા જેવું છે. જેમ ઘોડાને કાબૂમાં રાખવા માટે લગામની જરૂર પડે છે તેમ મનને કાબૂમાં રાખવા માટે વ્રત-નિયમની જરૂર છે.

**"જેની એક ઇન્દ્રિય છૂટી છે તે પ્રાણનો નાશ કરે છે તો જેની પાંચે ઇન્દ્રિયો છૂટી હશે તેનું તો શું થશે?"** એકેક ઇન્દ્રિય ઉપરની આસકિત પણ જીવને

કેટલી હેરાન કરે છે! સ્પર્શેન્દ્રિયને વશ થતાં હાથી ખાડામાં પડે છે અને બંધાય છે. રસેન્દ્રિયને વશ થયેલું માછલું શિકારીની જાળમાં સપડાય છે. ચક્ષુ ઇન્દ્રિયને વશ થઈને પતંગીયું દીવામાં પડીને મરણને શરણ થાય છે. શ્રોતેન્દ્રિયને વશ થઇને હરણ શિકારીની ગોળીનો ભોગ બને છે. આ રીતે જીવો એકેક ઇન્દ્રિયની આસકિતના કારણે દુઃખી થાય છે. ગુલામ બને છે અને પ્રાણ પણ ગુમાવે છે. તો જે મનુષ્યો પાંચે ઇન્દ્રિયોના વિષયોમાં ચકચુર બને તેની કેવી કરુણ દશા થાય છે! આટલા માટે જ્ઞાનીઓ કહે છે, કે જો તમે સાચું સુખ મેળવવા ઇચ્છતા હો તો ઇન્દ્રિયોની ગુલામીમાંથી અને ઇન્દ્રિયોના વિષયોમાંથી મુકત બનો. મનને કાબૂમાં લાવો. રાગ-દ્વેષથી પર બનો, ક્રોધ-માન-માયા-લોભ આદિ કષાયોને જીતવા માટે પુરૂષાર્થ કરો. તેમાં સાચું સુખ રહેલું છે. તમે જૈન છો ને? તો જૈન કોને કહેવાય? તે તમે જાણો છો? જૈન એટલે જિતેન્દ્રિયા. જેમણે પોતાની ઇન્દ્રિયો અને મન પર કાબૂ મેળવ્યો હોય તે સાચો જૈન છે. તમે આવા જૈન બનશો તો શાશ્વત સુખ મેળવી શકશો.

દેવાનુપ્રિયો! આત્માને શાશ્વત સુખ પ્રાપ્ત કરાવવા માટે આ પર્યુષણ પર્વ આવ્યા છે. આ પર્વમાં તમે જે કાંઈ સાંભળ્યું છે તેનું મનન કરીને તમારી ઇન્દ્રિયો ઉપર વિજય મેળવજો ને જલદી મોક્ષની પ્રાપ્તિ કેમ થાય તેનું લક્ષ રાખજો. દાન-શિયળ-તપ અને ભાવ એ ચાર મોક્ષમાં જવા માટેના ભવ્ય દરવાજા છે. આ ચાર દરવાજામાંથી જેને જે દરવાજેથી પ્રવેશ કરવો હોય તે દરવાજેથી પ્રવેશ કરી શકે છે. શ્રીમંત હોય તે પૈસા આપીને દાન કરે છે. ઘણી વખત સામાન્ય સ્થિતિ હોય છે છતાં એની દાન કરવાની ભાવના ખૂબ વિશાળ હોય છે. દાનેશ્વરીને દાન કરતાં જુએ તો તેને એમ થાય છે કે હું આવું દાન કયારે કરીશ? પાસે ધનના ભંડાર ભર્યા હોય ત્યારે તો માનવી પોતાની ભાવના હોય તે પ્રમાણે દાન કરી શકે છે. પણ જ્યારે પૈસો ન હોય ત્યારે ગરીબ અવસ્થામાં પણ માણસ કેવી રીતે દાન કરે છે! બીજાને દુઃખી જોઇ શકતા નથી ત્યારે પોતાના પ્રાણનું બલિદાન આપવા પણ તૈયાર થાય છે. અહીં એક માઘ કવિનું દૃષ્ટાંત યાદ આવે છે.

**દાનવીર માઘ કવિ :-** એક માઘ નામના કવિ થઇ ગયા. તે એક મહાન કવિ હતા ને સાથે મહાદાનેશ્વરી પણ હતા. તેઓ ખૂબ ધનવાન અને સુખી હતા. પહેલી જિંદગીમાં ખૂબ પૈસો હતો એટલે મનમાન્યા સુખો ભોગવતા હતા. સાથે દાન પણ ખૂબ આપતા હતા. કોઇ યાચક તેમના આંગણેથી ખાલી જતો ન હતો. પણ તેમની પાછલી ઉંમરમાં પાપનો ઉદય થતાં ધન-સંપત્તિ ચાલ્યા ગયા. માણસ પ્રથમ સુખી હોય અને પછી દુઃખી થાય તો તેને ઘણું લાગે પણ મહાકવિ માઘના જીવનમાં એવું ન બન્યું. જીવનની સાંજ જેમ જેમ નમતી ગઇ તેમ તેમ ધન ઘટવા માંડયું.

છતાં એમને એનું દુઃખ ન હતું, પણ પોતાના આંગણેથી યાચકો નિરાશ થઈને પાછા જાય તેનું એમના દિલમાં પારાવાર દુઃખ થતું. કવિના પત્ની માલ્હણા દેવી પણ તેમના જેવા દાની હતા. પાસે કંઈ ન રહ્યું ત્યારે માઘ કવિ અને તેમના પત્ની પોતાના વતનને નમસ્કાર કરી જંગલમાં ચાલ્યા ગયા. તેમની દાની તરીકેની ખ્યાતિ ખૂબ ફેલાયેલી હતી એટલે તેઓ વગડામાં ગયાં તો પણ યાચકોની કતાર ચાલુ રહી. પોતાની પાસે જે કંઈ હતું તે બધાને દઈ દીધું. હવે તો કાલે શું ખાઈશું તેની પણ ચિંતા હતી. છતાં પોતાના માટે જરા પણ દુઃખ ન થયું. પરંતુ કાલે યાચકો આવશે તેમને હું શું આપીશ તેનું તેમના દિલમાં અત્યંત દુઃખ છે.

**"કવિની કવિતાની ભોજરાજાએ કરેલી કદર":**–કવિની પત્નીએ કહ્યું–સ્વામીનાથ! આપ તો મહાન કવિ છો. એકાદ સારી કવિતા લખો. કાવ્યની કદર કરનારી ધારાનગરી હજુ બેઠી છે ત્યાં સુધી તો ધનની સરવાણી ચાલુ રહેશે. કવિએ કવિતા રચી. તે લઈને માલ્હણાદેવી ધારાનગરી તરફ ગયા. આ તરફ કવિ એકલા પડયા. ત્યારે વિચાર કરે છે કે હું તો મારી પાસે જે કંઈ હોય છે તે દાનમાં વાપરી નાંખું છું પણ મારી પત્નીને આ ગમતું હશે કે નહિ! આ તરફ માલ્હણાદેવી કવિતા લઈને ધારાનગરીમાં ભોજરાજાની સભામાં પહોંચ્યા. પંડિતોની મંડળી જામી હતી, ત્યાં જઈને માલ્હણાદેવીએ કવિતા બતાવી. માઘની કવિતાનું નામ પડતાં ભોજરાજાના અંગેઅંગમાં ઉમંગ વ્યાપી ગયો. એમણે એક શ્લોક જોયો તો તેમાં વિશ્વવ્યવસ્થાના વર્ણનને બહાને કવિ પોતાની વીતક કથા કહી રહ્યા હોય તેમ એમને લાગ્યું. તેમાં લખ્યું હતું કે કમળના વૈભવ વનમાંથી વિદાય થતાં ભોગીભ્રમરો ચાલ્યા જાય છે. જેમ સાંજ પડે ને સૂર્ય વિદાય થાય છે તેમ ખરેખર વિધિના વળાંક અને વિપાક કેવા વિચિત્ર હોય છે!

**રાજા ભોજે આપેલ ત્રણ લાખ તે પણ દાનમાં આપી દીધા:**–બંધુઓ કવિની કવિતા વાંચીને રાજા ખુશ થયા. ને તેમણે કવિપત્નિ માલ્હણાદેવીને ત્રણ લાખ રૂપિયા આપીને વિદાય કરી. ઈનામ જાહેર થતાંની સાથે કવિપત્નિ કરતાં પણ યાચકો વધારે ખુશ થયા. કારણ કે આ કવિપત્નિની ઉદારતા એમને માટે એક આશાનું કિરણ હતું. આ કવિપત્નિ રાજસભામાંથી બહાર નીકળ્યા. ચારે તરફ ઉભરાઈ આવેલા યાચકો એમને વીંટળાઈ વળ્યા. માઘ કવિ કરતાં પણ એમના પત્નિ સવાયા હતા. થોડીવારમાં તો એમણે ત્રણ લાખનું ઈનામ દાનમાં લૂંટાવી દીધું. માઘ કવિ માલ્હણાદેવીની રાહ જોતાં બેઠા હતા. ખાલી હાથે પત્નિને આવતાં જોઈને કવિને આશ્ચર્ય થયું કે શું આ પૃથ્વી ઉપરથી સરસ્વતીના સન્માન બંધ થઈ ગયા? તેમણે પત્નિને પૂછયું દેવી! શું મહારાજા ભોજનો ભેટો તમને ન થયો?

માલ્હણાદેવીએ કહ્યું સ્વામીનાથ! મહારાજા મળ્યા ને ત્રણ લાખનું દાન પણ

મળ્યું, પણ રસ્તામાં ઠેરઠેર ઊભેલા ગરીબ, અનાથ અને અપંગ યાચકોને જોઇને મારું હૈયું હાથમાં ન રહ્યું એટલે મેં ત્રણ લાખનું ઇનામ દાનમાં વાપરી નાંખ્યું. પત્નીની ઉદારતા જોઇને મહાકવિનું હૈયું હર્ષથી નાચી ઉઠયું ને પત્નીને કહ્યું કે દેવી! આજે મારા મનમાં તમારા વિષે એવી શંકા થઈ હતી કે હું આ બધું દાનમાં આપી દઉં છું તેમાં તમે દિલથી સહમત હશો કે નહિ? એ મારો ભ્રમ તમે ભાંગી નાંખ્યો. ખરેખર! તમે એક દાનવીરને છાજે તેવું પગલું ભર્યું છે. ધન તો ભવોભવ કમાયા પણ ધર્મની કમાણી કરવાનું આ ટાણું ફરીને કયારે મળવાનું છે! પતિ-પત્ની આ ક્ષણને પોતાના જીવનની ધન્ય પળ ગણીને આનંદ અનુભવી રહ્યા હતા. ત્યાં દૂરથી એક ગરીબ અને ભૂખ્યો તરસ્યો યાચક આશાભેર માલ્હણદેવીના પગલે પગલે ત્યાં આવ્યો ને માઘની સામે હાથ લંબાવીને ઊભો રહ્યો. પણ પાસે તો કંઇ રહ્યું નથી. શું કરવું?

**આંગણેથી યાચક પાછો જતાં આંસુથી ભરેલો ખોબો:-** કવિ પત્નીને પૂછે છે દેવી! આ ભૂખ્યો તરસ્યો યાચક આવ્યો છે. કંઈ રહ્યું છે ખરું? માલ્હણદેવીએ કહ્યું: હા, છે. માઘે ખોબો ધર્યો ને માલ્હણદેવીએ તેને આંસુથી ભરી દીધો. આ જોઇ યાચક પરિસ્થિતિ સમજી ગયો અને આ ઉદારતાના વખાણ કરતો પાછો વળ્યો. કંઇ મળ્યું ન હતું છતાં ઘણું મળી ગયાનો સંતોષ તેના મુખને તેજસ્વી બનાવી રહ્યો હતો. પોતાના આંગણેથી યાચકને ખાલી હાથે પાછો ફરતો જોઇને માઘની આંખોમાં આંસુની ધાર વહેવા લાગી. તે રડતા રડતા બોલે છે કે મારે આંગણે આવેલા યાચકની યાચના ખાલી ગઈ! હું આટલું પણ ન કરી શકયો?

**'છેવટમાં પ્રાણનું બલિદાન':-** કવિ બોલે છે હે પ્રાણદેવ! તું મારા દેહમાં શા માટે ટકી રહ્યો છે? વહેલા કે મોડા એક દિવસ તો આ શરીરનું ખોળીયું છોડવાનું છે તો અત્યારે ચાલ્યા જાવને! જો પેલો યાચક જઇ રહ્યો છે તેની સાથે ચાલ્યો જા. તને આવો સંગાથ નહિ મળે.

બંધુઓ! ઇતિહાસ કહે છે કે આ સમયે માઘના દિલમાં ખૂબ દુઃખ થયું ને એવો આઘાત લાગ્યો કે એ સમયે માઘના પ્રાણ ચાલ્યા ગયા. ને આ દુનિયા ઉપર એક મહાન અજોડ કવિ અને દાનેશ્વરી આત્માની મહાન ખોટ પડી ગઇ. કેવી મહાન દાનવૃત્તિ! કે પોતાને ખાવા ન રહ્યું તેનું અંશમાત્ર દુઃખ નહિ પણ બીજાને કંઇ આપી ન શકયા તેનું પારાવાર દુઃખ થયું. એ કેવું દુઃખ થયું હશે કે તેના પ્રાણ ચાલ્યા ગયા! આ દુનિયા ઉપર જો આવા દાનેશ્વરી આત્માઓ જાગે તો હું નથી માનતી કે આ દુનિયામાં આપણો જૈન ભાઇ કોઇ ગરીબ રહી શકે. તમે આવી મમતા ન છોડો તો કાંઇ નહિ પણ અંશે અંશે પરિગ્રહની મમતા ઉતારો. જેને પરિગ્રહની આસકિત નથી તેને જરૂર દાન કરવાની ભાવના જાગે છે. દાન કરતાં મહાન લાભ મળે છે. આપ્યાં

કરતાં અનેકગણું પરભવમાં મળે છે. માટે પરિગ્રહની મમતા છોડો. પરિગ્રહની મમતા છુટશે તો સાચું સુખ પણ મળી શકશે. વધુ ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં. ૪૮

## "સંવત્સરી"

**ભાદરવા સુદ ૫ ને મંગળવાર** તા. ૯-૯-૭૫

વિષય :- **વેરનું વિસર્જન ને સ્નેહનું સર્જન**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો,

જેની આપણે ઘણાં દિવસથી ખૂબ ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા તે સંવત્સરી મહાપર્વનો પરમ પવિત્ર દિવસ આજે ક્ષમાનો સંદેશો લઈને આવ્યો છે. જગતના સમસ્ત પર્વોમાં આજનું પર્વ બેસ્ટ છે. તે કઈ અપેક્ષાએ તે જાણો છો? જન્માષ્ટમી, શીતળા સાતમ જેવા લૌકિક પર્વો, પંદરમી ઓગસ્ટ, ૨૬ મી જાન્યુઆરી આદિ બીજા રાષ્ટ્રીય પર્વો કરતાં પણ આ પર્વ મહાન શ્રેષ્ઠ છે. આજનો દિવસ મહાન મંગલકારી છે. ને ઉત્તમ છે. કારણ કે દરેક દિવસો કરતાં આજનો દિવસ જવાબદારીનો છે. અને આત્મ સંશોધનનો છે. તમે સાત સાત દિવસ સુધી વીતરાગવાણીનું એકધારુ શ્રવણ કર્યું. તેમાં તપ અને ત્યાગની ઉંચી ઉંચી વાતો સાંભળી. તેનું આજના દિવસે સરવૈયું કાઢવાનું છે. દિવાળી આવે છે ત્યારે તમે નફા તોટાનું સરવૈયું કાઢો છો ને કે આ વર્ષે કેટલો નફો થયો ને કેટલી ખોટ ગઈ? તે રીતે આજે આપણે એ વિચારવાનું છે કે મારા આત્મિક વહેપારમાં મન-વચન અને કાયાની પ્રવૃત્તિમાં આત્મિક ધનની કેટલી વૃદ્ધિ થઈ? વિષય કષાયમાં આસકત બની મારા નિજગુણની કેટલી ઘાત કરી? તેનું નિરીક્ષણ કરવાનું છે. આજ સુધી ક્રોધના આવેશમાં આવી મેં કોઈ વ્યકિતના મન-વચન-કાયાને દુભાવ્યા હોય તેની આજે સાચી ક્ષમાપના કરી લઈશ ને ફરીથી તેવી પ્રવૃત્તિ નહિ કરું તેવો દૃઢ નિશ્ચય આજે કરી લેજો. મારામાં ક્ષમાનો ગુણ હોવો જોઈએ. છતાં કષાયને વશ બની મિથ્યાત્વ પોષક કલંક લાગ્યું હશે તો આજે ક્ષમાના સાગરમાં સ્નાન કરીને આજે શુદ્ધ બનીશ અને ફરીને આવા મલીન ભાવો નહિ કરું. આવી સુંદર ભાવનાઓ લાવી તેને આચારમાં મૂકવાનો આજનો પવિત્ર દિવસ છે. પર્યુષણ પર્વમાં આજનો દિવસ શિરોમણી સમાન છે.

બંધુઓ! આજે ભારતભરમાં અને વિદેશમાં વસતા દરેક જૈનોના દિલમાં આનંદ હશે કે આજે અમારો પવિત્ર દિવસ છે, બધા દિવસો કરતાં આજના દિવસનું પવિત્ર પ્રભાત કોઈ અનેરો સંદેશો લઈને આવ્યું છે. તે બે કાર્યો કરવાનું સૂચન કરે છે એક

લેતી ને બીજું દેતી. શું લેવાનું અને શું દેવાનું? જેની સાથે તમારે વેર-ઝેર અને વિખવાદ થયો હોય તેની સાથે તમે ક્ષમાપના કરો ને બીજાને ક્ષમા આપો, તો સાચી સંવત્સરી ઉજવી ગણાશે. પણ અંતરમાં અહં રાખીને બીજાને નહિ ખમાવો તો તમારા જીવનની કોઈ કિંમત નથી. જુઓ, ગુલાબનું ફૂલ બધાને ખૂબ ગમે છે ને? ગુલાબ બધા પુષ્પોમાં રાજા સમાન છે. પણ તેની કિંમત ક્યારે? ભલે, તેને બહેનોના શણગારમાં, તેમના મસ્તકની વેણીમાં ઉંચામાં ઉંચું સ્થાન મળે કે જાનમાં રહેલા વરરાજાના પસમાં તેનું સ્થાન હોય, જવાહરલાલ નહેરૂ પણ પોતાના કોટના ખિસ્સામાં ગુલાબનું ફૂલ રાખતા. પરંતુ તે ફૂલ માને કે મારે આ કાંટાળી ડાળી ઉપર શા માટે રહેવું જોઈએ? શું મારે ડાળનું બંધન? મારે આ બંધન ના જોઈએ. તો શું તેની કિમત રહેશે? વિચાર કરો. હાથી જેવા હાથીને અંકુશ, ગાડીને બ્રેક અને ઘોડાને પણ લગામ હોય છે. જો ડ્રાઈવર બ્રેકને કાબૂમાં નહિ રાખે અને ગાડી બેફામ રીતે ચલાવશે તો ક્યારેક પોતાનો અને ગાડીમાં બેસનારના પ્રાણ ગુમાવી બેસશે. તેમ આપણે પણ આપણા જીવનમાં પાંચ ઇન્દ્રિયો અને છઠ્ઠા મન ઉપર વ્રત-નિયમ રૂપી બ્રેક કાબૂમાં નહિ રાખીએ તો આત્મા ચતુર્ગતિના ચક્કરમાં પડી જશે. માટે જીવનમાં વ્રત-નિયમ રૂપી ધર્મની જરૂર છે. ફૂલને ડાળનું બંધન છે પણ ફૂલ બંધન તોડે તો શું થાય? ડાળી ઉપરથી ખરી પડે. ખરી પડેલા ફૂલની કોઈ કિંમત નથી. એક કવિએ પણ કહ્યું છે કે હે ફૂલ! તું અભિમાન ન કર.

**ઓ ફૂલ ખીલેલા તું ગર્વ ન કર, તારી દશા બદલાઈ જશે,**

ઓ ખીલેલાફૂલ! તું ઓછું અભિમાન કર. જો તું ડાળ ઉપર હોઈશ તો તારું માન છે. માથાના વાળ તમને કેટલા વહાલા છે? પણ એક વાળ ખરીને તમારા ભાણામાં પડયો ને ખાતા કોળિયામાં આવ્યો તો બોલો રાખશો કે ફેંકી દેશો? (હસા હસ).

બંધુઓ! આજનો દિવસ આત્માને પવિત્ર બનાવવાનો છે. જ્યારે તમારા ચોપડા ઈન્કમટેક્ષની ઓફિસમાં બતાવવા જવાની તારીખ નજીક આવે છે ત્યારે તમે અગાઉથી કેટલી મહેનત કરો છો. સુખેથી ઉંઘતા નથી ને શાંતિથી જમતા પણ નથી. ને ખૂબ કાળજી પૂર્વક ચોપડામાં લખવાનું કામ કરો છો. ખૂબ ચોકસાઈપૂર્વક કામ કરવા છતાં પણ જ્યારે મુદત આવે ત્યારે બતાવવા જાવ તે પહેલાં નક્કી કરી રાખો છો કે આમ પૂછે તો આમ જવાબ આપવો. આમ કેટલો પ્લાન નક્કી કરીને ખૂબ બાહોશી ને ચાલાકીથી બતાવવા જાવ છો. તેમ આજે પણ તમારા જીવનના ચોપડા ચોખ્ખા કરવાની મુદતનો દિન છે. તો અહીં પણ અગાઉથી તમે પ્લાન નક્કી કર્યો હશે ને? સાત દિવસ તમને મુદતના આપ્યા કે તેમાં તમારા આત્મા સાથે વિચાર કરી લો કે અત્યાર સુધી કોની કોની સાથે મેં વેર-ઝેર કર્યા, માયા, દગા અને પ્રપંચ કેટલા સેવ્યા? કેટલું મારું

તારું કર્યું ? કોઈનામાં તડ તો નથી પડાવી ને ? કોઈના પ્રેમમાં પથ્થર તો નથી મૂકયો ને ? તેં તારા જીવનમાં કેટલા સારા કામ કર્યા ને કેટલા બૂરા કામ કર્યા તેનો હિસાબ કરી ભગવાન મહાવીરની પેઢીની ઇન્કમટેક્ષની ઓફિસ છે તેમાં આજે સંવત્સરીના દિવસે મુદત પૂરી થતાં ચોપડા બતાવવાના છે.

આજે તમારા આત્મા સાથે કરાર કરો કે મારે જેની સાથે દુશ્મનાવટ છે, જેને જોતાં મારા દિલમાં ક્રોધ આવે છે, લોહી ઉકળી જાય છે, તેની સાથે આજથી મારે વેર રાખવું નથી. કદાચ કર્મના ઉદયથી કોઇ સગા ભાઇ-ભાઇની વચ્ચે વૈરની વણઝાર ઉભી થઇ હોય, માતા-પુત્ર વચ્ચે તડ પડી હોય, ભાઇને બહેન સાથે વાંધો પડયો હોય, ને એકબીજાના સામું જોતા ન હો તો હવે આજથી તે બધાની સાથે નમ્ર બનીને તમે ખમત ખામણા કરી લેજો. ને આજથી નિર્ણય કરી લેજો કે હવે કયારેય કોઇની સાથે હું વેર-વિરોધ કરીશ નહિ. તો તમે સાચી સંવત્સરી ઉજવી ગણાશે. પથ્થર પણ નદીના પ્રવાહમાં ગબડતો ગબડતો ધીમે ધીમે ગોળ બની જાય છે. લોખંડ પણ અગ્નિમાં નાંખવામાં આવે તો પીગળી જાય છે. તો શું માનવી ન પીગળે ? જરૂર પીગળે. સામાના દિલમાં ભલે ક્રોધનો પુંજ ભર્યો હોય પણ આપણા દિલમાં ક્ષમાનો સાગર વહેવો જોઈએ, સાગરમાં બધું સમાઈ જશે. ક્રોધના સામે ક્રોધ કરીએ, ઝેરની સામે ઝેરનો પ્રયોગ કરીએ, લોઢા સામે લોઢું ભટકાડીએ તો પરિણામે ભડકો થાય.

રોમન સમ્રાટ સીઝર ઓગસ્ટસ સામે સીના નામના માણસે જાન લેવાનું કાવત્રું કર્યું. કાવત્રું ફૂટી ગયું. સીનો પકડાયો. સીનાને શી સજા કરવી એ ચર્ચાનો વિષય થઇ પડયો. ત્યારે સીઝરની પત્નીએ કહ્યું રોગ ઉપર એક દવા કામ ન કરે તો જેમ તેના વિરૂદ્ધ ગુણવાળી બીજી દવા આપીએ છીએ તેમ શિક્ષાથી કાવતરાખોરોને મૂળથી ઉખેડી ન શકાતા હોય તો ક્ષમાનો આશરો લેવો જોઇએ. સીઝરે પત્નીનું કહેવું માન્ય રાખ્યું. પરિણામે સીનો સીઝરનો મિત્ર બની ગયો. ક્ષમા આપવાથી સામા માણસના મનમાં એ વિચાર પ્રગટવાનો કે અરેરે.... મેં આ શું કર્યું ? મેં મૂર્ખાએ એને બદનામ કરવા એનો જાન લેવા વિચાર્યું ત્યારે એણે મને ક્ષમા આપીને કેવો બદલો વાળ્યો ?

ભારતીય વિજ્ઞાની જગદીશચંદ્ર બોઝ તેમના પિતા ભગવાનચંદ્ર ફરીદપુરમાં ન્યાયાધીશ હતા. એક વખત તેમની પાસે એક લૂંટારાનો કેસ આવ્યો. એની ભયંકરતાને લક્ષમાં રાખીને ભગવાન ચંદ્રે એને આકરી સજા કરી. લૂંટારાએ સજા પૂરી કરી પણ મનમાં એક ગાંઠ વાળેલી કે સજા પૂરી કરું અને સાથે સાથે ભગવાન ચંદ્રને પણ પૂરા કરું. સજા પૂરી કરી લૂંટારો ભગવાનચંદ્રના મહેલે આવ્યો રાત્રે બધા ઘસઘસાટ ઊંઘતા હતા. લૂંટારાએ બહારથી બંગલો સળગાવ્યો. ઊંઘતા ભગવાનચંદ્ર નાનકડા જગદીશચંદ્રને લઇને બહાર આવ્યા. બહાર લૂંટારો ઉભો હતો. ભગવાનચંદ્રની અને તેની આંખો એક

થઇ છતાં ભગવાનચંદ્ર એક શબ્દ પણ ન બોલ્યા. એ ધારત તો એ લૂંટારાને પલવારમાં પકડાવી શકત. પણ એમ ન કરતાં એ મૌન રહ્યા.

લૂંટારાના મનમાં વિચાર આવ્યો–મેં આનો બંગલો સળગાવી માર્યો છતાંય મુખ પર કેવી શાંતિ છે! એમની આંખોમાંથી કેવી કરૂણા ટપકે છે! લૂંટારો ભગવાનચંદ્રના પગમાં પડી ગયો. તે રડી પડયો. ભગવાનચંદ્રે કહ્યું–ભાઈ! તને માનવનું તન મળ્યું છે એનાથી કાળા કર્મો કરવા છોડી દઇ નીતિનો રોટલો ખા. તેમાં તારું કલ્યાણ છે. લૂંટારાએ પોતાની મનોવેદના વ્યકત કરતાં કહ્યું–પણ નીતિનો રોટલો ખાવા કોણ દે છે? મારે મહેનત–મજુરી કરીને પેટગુજારો કરવો છે પણ મને કામ કોણ આપે છે? આથી મારે લૂંટનો ધંધો કરવો પડે છે. ભગવાનચંદ્રે તે લૂંટારાને નાનકડા જગદીશને નિશાળેથી લાવવા લઈ જવાનું કામ સોંપ્યું. તેણે લૂંટનો ધંધો છોડી દીધો.

ક્ષમા આપવાથી બંનેની ચિત્તવૃત્તિ શાંત અને નિર્મળ થાય છે અને પોતાને પોતાનું સાચું કર્તવ્ય સમજાય છે. જ્યારે ક્રોધની સામે ક્રોધ કરવાથી બંનેની વિવેકબુદ્ધિ ભ્રષ્ટ થાય છે અને ન કરવાના કામ કરી બેસે છે. જીવનમાં સાચી શાંતિ મેળવવી હોય તો ક્ષમાને ધારણ કરવી પડશે. દુનિયાના દરેક ધર્મમાં, દરેક સમાજમાં, ક્ષમાને ઉચ્ચ સ્થાન આપવામાં આવ્યું છે. માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય માટે ક્ષમા અજોડ ઔષધ છે. ઘરમાં કોઇની સાથે બોલાચાલી થાય છે ત્યારે આપણું મન કેવું દુઃખી બની જાય છે! ઘરની કોઇ વાતમાં રસ રહેતો નથી. કોઇને બોલાવવાનું મન થતું નથી. મનમાં અનેક જાતના માઠા વિચાર આવે છે. આ બધા વેરઝેર, કકળાટ–કજિયો, દ્વેષ વગેરેને દબાવવા હોય તો આપણે કાં તો બીજાને ક્ષમા આપવી જોઇએ. કાં તો બીજાની ક્ષમા માગવી જોઇએ. આ વિના વેરઝેર, કજિયા, કંકાસનો અંત આવતો નથી.

ઇસુ ખ્રિસ્તે એક પ્રવચનમાં કહ્યું છે મિત્રો ઉપર તો સહુ કોઇ પ્રેમ કરે પણ શત્રુઓ ઉપર પ્રેમ રાખો ત્યારે તમે ખરા. શાપ આપનારને આશીર્વાદ આપવો એ કેટલું કઠણ કાર્ય છે? એટલે એવી વ્યક્તિઓને દિવ્ય વ્યક્તિ કહેવાય છે. ગાળની સામે ગાળ દેવી, શાપની સામે શાપ આપવો કે ક્રોધની સામે ક્રોધ કરવો એમાં માનવતા નથી. મિરાત-ઇ-સિકંદરીમાં લખ્યું છે, બૂરું કરનારને સખ્ત સજા કરવી ઘણી સહેલી છે. જો તું ખરો માનવ હોય તો તારી સાથે જે બુરાઈ કરે છે અને ખરાબ રીતે વર્તે છે તેની સાથે સારી રીતે વરત. માનવતા તો એ છે કે શાપની સામે આશીર્વાદ આપવો. ઈસુ ખ્રિસ્તને જ્યારે વધસ્થંભે લઇ ગયા અને તેમને ક્રોસ ઉપર જડી દીધા ત્યારે ઇસુની આંખમાંથી કરૂણાનો ધોધ વહી રહ્યો. તે બોલ્યા–હે પિતા! તું આ બધાને માફ કરજે. કારણ કે તેઓ શું કરી રહ્યા છે તેનું પણ તેમને ભાન નથી. આનું નામ ક્ષમા. બૂરું કરનારનું મનથી પણ અહિત ન ઇચ્છવું.

ઇંગ્લેન્ડની રાણી ઇલિઝાબેથે સ્કોટલેન્ડ કબજે કર્યું અને રાજકારણની અદાવતથી વિજેતા રાજ્યોએ ત્યાંની રાણી મેરીને ફાંસીએ લટકાવી દીધી. આથી મેરીનો મંત્રી ઈલિઝાબેથ ઉપર ખૂબ ક્રોધ ભરાયો. છતાં રાજ્યસત્તા પાસે એ એકલો કરી પણ શું શકે? કંઇ થાય નહિ અને સહેવાય નહિ એવો ઘાટ થયો. આખરે એ માંદો પડયો ને મરી ગયો. તેથી તેની પત્નીને ખૂબ દુઃખ થયું. મારા પતિના મરવાનું કારણ ઇલિઝાબેથ છે. એ નહિ ને કાં તો હું નહિ. આમ નિશ્ચય કરીને મંત્રીની પત્ની માર્ગારેટ લેમ્બમન ઇંગ્લેન્ડ આવી. એક દિવસ લાગ જોઇને તે રાજમહેલમાં દાખલ થઇ. હાથમાં ભરેલી પિસ્તોલ હતી. બનવાકાળ એવું બન્યું કે પગમાં ઠેસ વાગતા માર્ગારેટ ફૂટપાથ ઉપર પછડાઇ પડી. હાથમાંથી પિસ્તોલ પણ એક ખૂણામાં જઇ પ્રડી, માર્ગારેટ પકડાઇ ગઇ. ઇલિઝાબેથને આ વાતની જાણ થઇ. માર્ગારેટને તેની પાસે રજુ કરવામાં આવી. તેણે સાચી વાત કહી દીધી. ઈલિઝાબેથે તેને માફી આપી છૂટી કરી દીધી. બનવાકાળ જે બની ગયું તે પછી કોઇ કાળે સુધારવાનું નથી. વસ્તુ સડતી હોય તો તેને અટકાવવાનો આપણી પાસે રસ્તો છે. કોહવાયું ત્યાંથી કાપી નાંખીએ તો સડતું અટકે, કોઈ માણુસ આપણા કોઇ કાર્યથી રીસે ભરાઈને આપણા ઉપર ક્રોધે ભરાય તો સમજી વિચારીને એને ઠંડો પાડવા પ્રયત્ન કરવો જોઇએ. બળતામાં ઘી નાંખીએ તો ભડકો મોટો થવાનો છે. ઘટવાનો નથી. બળતામાં ઘી નાંખવું કે પાણી નાંખવું એ આપણા હાથની વાત છે. ક્રોધ અગ્નિ જેવો છે એને શાંત કરવા માટે ક્ષમાનું પાણી ઉત્તમ છે. જેમ અગ્નિથી અગ્નિ વધે છે તેમ ક્રોધથી ક્રોધ વધે છે. આ સમયે આપણે સમજી વિચારીને ક્રોધથી વિરુદ્ધ ગુણ ક્ષમાનો ઉપયોગ કરીને ક્રોધને શાંત પાડવો જોઇએ.

એક વખત ઇસુ ખ્રિસ્તનો શિષ્ય પિટર ક્રોધથી બળતો-ઝળતો તેમની પાસે આવીને કહેવા લાગ્યો. જ્યારે ને ત્યારે તમે મને મારા ભાઇને માફી આપવાનું કહો છો. સાત સાત વાર મેં એને માફી આપી. છતાં ય એ તો એનો એ છે. હવે તમે કહો એને હું સીધો કરું કે નહિ? ઇસુ ખ્રિસ્તે વિચાર કરીને કહ્યું. ભાઇ પિટર! તેં સાત વાર માફી આપી તે સારૂં કર્યું. હવે હું કહું છું કે એને સિત્તેર ગુણ્યા સાત વાર માફી આપ. ક્રોધ કરનારને એક વાર-બે વાર માફી આપીએ ને ત્રીજી વખત માફી ન આપીએ એટલે ધૂળ ઉપર લીંપણુ. પાછી વેરની પરંપરા ચાલુ થવાની. વેર, ક્રોધ, ઇર્ષ્યા, હિંસા વગેરે અટકાવવા હોય તો દિલમાં ક્ષમાનો ગુણ કેળવવો જોઇએ. માણુસ બે વાર, પાંચ વાર ભૂંડું કરવા તત્પર થશે. છેવટે ક્ષમાશીલ મનુષ્યના સાન્નિધ્યમાં રહીને એનામાં પણ માનવતા જાગશે ને એના કુકર્મોનો પસ્તાવો થશે. એટલે પાપભર્યો રાહ છોડશે.

સંત એકનાથ એટલે શાંતિના સાગર. એમના મુખ પર કયારેય ક્રોધની રેખા દેખાઇ નથી. તે વહેલી સવારે ગોદાવરીમાં સ્નાન કરવા જાય. પૈઠણુનો એક મ્લેચ્છ

એમનો વેરી. એકનાથ મહારાજને જતાં આવતાં એ હેરાન કર્યા વિના ન રહે. એક દિવસ તે મ્લેચ્છને થયું કે એકનાથ કદી ગુસ્સે થતા નથી. આજે તો ગુસ્સે કરીને જંપુ તેથી એક પાનવાળાને કહ્યું આજે માગું તેટલા પાન આપજે. હિસાબ સાંજે કરીશું. પાનવાળાએ પાન આપ્યું તે મ્લેચ્છે પાન ચાવીને તૈયાર રાખ્યું. એકનાથ મહારાજ સ્નાન કરીને નીકળ્યા કે તરત પેલા મ્લેચ્છે તેમના ઉપર પાનની પિચકારી છોડી સહેજ પણ ક્રોધ કર્યા વિના એકનાથ મહારાજ પાછા વળ્યા. ગોદાવરીમાં સ્નાન કર્યું. પાછી મ્લેચ્છે તેમના ઉપર પાનની પિચકારી છોડી. છતાં મુખ પર એ શાંતિને એ આનંદ. આ રીતે તે મ્લેચ્છે એકસો આઠ વાર પાનની પિચકારીઓ છોડી છતાં એકનાથના મુખ પર એ જ સૌમ્યતા રમતી હતી. છેવટે કંટાળીને એક ભક્તે કહ્યું મહારાજ! આ મ્લેચ્છ તમને સવારથી હેરાન કરે છે છતાં તમને ગુસ્સો કેમ નથી આવતો? એકનાથ કહે ભાઈ! મ્લેચ્છ મને હેરાન કરતો હોય તો ગુસ્સો આવે ને? એ તો મારું સુધારે છે. રોજ તો હું ગોદાવરી મૈયામાં એક વાર સ્નાન કરું છું. આજે આ ભાઈના પ્રતાપે મને એકસોને આઠ વાર સ્નાન કરવાનો લાભ મળ્યો. એમનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે. મ્લેચ્છે એકનાથની વાત સાંભળી અને એનું હૈયું પીગળી ગયું તે એકનાથના ચરણમાં પડી ગયો. એકનાથ મહારાજે આટલું સહન ન કર્યું હોત અને સામું થૂંક્યા હોત તો મ્લેચ્છના દિલની મલિનતા આખા જન્મારામાં પણ ધોવાત ખરી? ક્ષમાનો સાગર બન્યા તો સામી વ્યક્તિનું જીવન પરિવર્તન થઇ ગયું. જેની પાસે ક્ષમાનું ખડ્ગ છે તે સાચો વીર છે. આપણી પાસે સત્તા હોય અને કોઇ પણ વ્યક્તિને કોઇ પણ ભૂલની ક્ષમા આપીએ તો એ વીરની ક્ષમા છે.

એક બ્રાહ્મણે સ્વામી દયાનંદ સરસ્વતીને મારી નાંખવાની યુક્તિ રચી. એક દિવસ તેણે દયાનંદ પાસે જઇ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી બે-ચાર મીઠી મીઠી વાતો કરી. પછી ઉઠતી વખતે ઝેર ભેળવેલું પાન સ્વામીજીના હાથમાં આપ્યું, દયાનંદ સરસ્વતીએ પાન મોંમાં મૂક્યું. મોંમા મૂકતાં સમજી ગયા કે આમાં ઝેર છે. તેથી તરત થૂંકી નાખ્યું. ને ગંગા કિનારે જઇ કોગળા કર્યા, ઊલટી કરી ઝેર ઓકી નાંખ્યું. આ વાતની ખબર શહેરના તહેસીલદાર સૈયદ મહમદને પડી. તે સ્વામીના ખૂબ ભક્ત હતા. તેણે પાનમાં ઝેર આપનાર બ્રાહ્મણને પકડાવી જેલમાં પૂર્યો, જ્યારે સ્વામી દયાનંદને આ વાતની ખબર પડી એટલે સૈયદને કહ્યું- ભાઇ સૈયદ! હું તો મનુષ્યને બંધનમાંથી છોડાવવા આવ્યો છું પણ બંધનમાં નાંખવા નહિ. અત્યારે ને અત્યારે એ બ્રાહ્મણને તું છોડી દે. ભૂંડો ભૂંડાઈ ન છોડે તો મારે ભલાઈ શા માટે છોડવી? તેમણે બ્રાહ્મણને ક્ષમા આપી. પાછળથી બ્રાહ્મણને પસ્તાવો થયો. મેં દુષ્ટે આવા ધર્માત્માને ક્યાં ઝેર આપ્યું? પસ્તાવાના પુનિત ઝરણામાં ડૂબકી મારીને તે બ્રાહ્મણ નિર્મળ બની ગયો.

સાચી ક્ષમા એ કહેવાય કે કોઈ પણ વ્યક્તિએ ભૂતકાળમાં આપણું અહિત કર્યું હોય અને આપણે એને દિલથી માફી આપી હોય તે માણસ ફરી પાછો આપણી પાસે આવે ત્યારે આપણે કોઈ પણ જાતના પૂર્વગ્રહ વિના એની સાથે કામ પતાવીએ એનું નામ સાચી ક્ષમા. ક્ષમા આપવી એટલે વેરઝેરનું પુરાણું ખાતું સર્વાંશે ચૂકતે કરવું. પાછીથી વેરી પ્રત્યે ભૂતકાળનો કોઈ પણ પ્રસંગ યાદ ન કરવો જોઈએ.

"क्षमा वीरस्य भूषणम् ।" ક્ષમા એ વીર પુરુષનું ભૂષણ છે. આજનું પર્વ દરેકને ક્ષમા આપવાનું છે. માટે જેની સાથે વેર-વિરોધ થયો હોય તેની પાસે જઈ ક્ષમા આપવી. અને પોતાની ભૂલની ક્ષમા માગવી. બહારગામ રહેતા હોય તો પત્ર દ્વારા ક્ષમા આપવી અને થયેલી ક્ષતિઓ બદલ ક્ષમા માગવી. એક અંગ્રેજ લેખક લખે છે કે મારું હૃદય એટલું બધું વિશાળ છે કે જેમાં હું દરેકને સમાવી લઉં છું પણ દુર્ગુણ ભરવા માટે મારા હૃદયમાં એક તસુભર જગ્યા નથી. હૃદયને વિશાળ કરી વેરઝેર શમાવવા આ અપૂર્વ દિન મોહાન્ધ બનેલા એવા આપણને જાગૃત કરે છે. એક પરદેશી રાજાએ પોતાને ઝેર આપનાર પોતાની વહાલી પત્ની સૂર્યકાંતાને ક્ષમા આપી. મેતારજ મુનિએ ચામડાની વાધરી વીંટનાર સોનીને નિમિત્તમાત્ર જાણી અને ખરા દુશ્મન તરીકે પોતાના કર્મને ઓળખીને હૃદયથી સોનીને ક્ષમા આપી એક શ્લોકમાં કહ્યું છે :–

साधोः प्रकोपितस्यापि मनो नायाति विक्रियाम् ।
नहि तापयितुं शक्यं, सागराम्भतृणोल्कया ।।

ઘાસના અગ્નિથી સમુદ્રનું પાણી ગરમ કરવાને શકય નથી તેમ સાધુ ઉપર ગમે તેટલો કોપ કરો છતાં તેમનું મન ચલાયમાન થતું નથી.

ગજસુકુમારે માથે માટીની પાળ બાંધી અંદર અંગારા ભરનાર પોતાના સસરા સોમિલને મોક્ષમહેલની પાઘડી બંધાવનાર અનન્ય ઉપકારી જાણી સાચી ક્ષમા આપી. બુદ્ધનો શિષ્ય પૂર્ણ ધર્મનો પ્રચાર કરવા માટે અનાર્ય દેશમાં જવાનો વિચાર કરી બુદ્ધની પાસે અનુજ્ઞા લેવા ગયો. ત્યારે બુદ્ધે કહ્યું : પૂર્ણ ! ત્યાંની પ્રજા જંગલી ને અભણ છે તેથી તે ગાળોનો વરસાદ વરસાવશે તો તું શું કરીશ ? પૂર્ણ કહે હું એમનો ઉપકાર માનીશ કેમ કે તેમણે મને જરાય માર માર્યો નથી. કદાચ લાકડી ને દંડના પ્રહાર થશે તો ? ગુરૂદેવ ! હું એમ માનીશ કે મને જીવનથી મુક્ત તો નથી કર્યો ને ? અંતે શિષ્યનો અડગ નિર્ણય જાણીને બુદ્ધે તેને અનાર્ય દેશમાં જવાની રજા આપી. આ કહેવાનો સાર એ છે કે ધર્મનો ફેલાવો કરવા માટે કયાં સુધીની ક્ષમા ! સાચી ક્ષમાનું અજોડ ઉદાહરણ.

સુવર્ણગુલિકા નામની દાસીમાં મુગ્ધ બની અવંતી નગરીનો માલિક ચંડપ્રદ્યોત રાજા રાતોરાત ગુપ્ત રીતે ચોરી કરીને તેને ઉપાડી લાવ્યો સવારે ખબર પડતાં ઉદાયન રાજા તેને પાછી મેળવવા યુદ્ધ કરે છે ને અંતે ચંડપ્રદ્યોતને કેદ કરે છે. યુદ્ધ કરી પાછાં

ફરતાં ચાતુર્માસના કારણે રસ્તામાં પડાવ નાંખ્યો. સંવત્સરીનો મંગળ દિન આવ્યો. વેરઝેરની ક્ષમા માગ્યા સિવાય સાચું પ્રતિક્રમણ થાય નહિ ને તે કારણે ઉદાયન રાજા ચંડપ્રદ્યોત પાસે ક્ષમા માગે છે. ત્યારે ચંડપ્રદ્યોત તેને સુવર્ણગુલિકા દાસી પાછી આપે તો સાચી ક્ષમાપના આપવાનું કહે છે. વેરને મૂળમાંથી કાઢવા, સાચું પ્રતિક્રમણ કરવા, અપૂર્ણ ક્ષમાપનાને પૂર્ણ કરવાને ઉદાયન રાજા સુવર્ણગુલિકાને પાછી આપે છે ને સાચી ક્ષમાપના મેળવે છે. આનું નામ સાચી ક્ષમાપના.

ગૌતમ બુદ્ધ એક સમયે પોતાના શિષ્યોનું જીવન નિર્મળ બનાવવા કહે છે કે હે ભિક્ષુઓ! તમે ગમે તેવા સંજોગોમાં પણ ક્ષમાની મૂર્તિ બનજો. સ્હેજ પણ ખિન્ન ન થશો. આ જીભલડી કુવાકય ન ઉચ્ચારે તેનું ધ્યાન રાખજો. ક્રોધીને પણ પ્રેમરસથી સ્નાન કરાવજો. પૃથ્વી સમાન ગંભીર બનજો. પૃથ્વી જેમ સારી નરસી દરેક વસ્તુઓનો સંગ્રહ કરે છે તેમ તમે પણ તમારા હૃદયને વિશાળ બનાવી સર્વને સમાવી લેજો. તો તમે મારા શિષ્યો ખરા. ક્રોધરૂપી દાવાનળની પાછળ પડશો નહિ. જો પડશો તો ક્રોડો વર્ષોની કરેલી મહેનત બળીને ભસ્મ થઈ જશે.

એક મહાન તપસ્વી સાધુ ક્રોધને આધીન બની ક્રોધને હૃદયમાં સ્થાન આપ્યું. આ નાની સરખી ભૂલથી ક્રોધના પ્રતાપે ચંડકૌશિક સર્પ થયા. જેને જુએ તેના પ્રાણ લે. દુર્ગતિમાં જવાના દ્વાર ખુલ્લા થયા. પરંતુ શ્રમણ ભગવંત મહાવીરનો ભેટો થયો. તેમના 'બૂઝ' 'બૂઝ' શબ્દથી પૂર્વભવનું જાતિસ્મરણ જ્ઞાન થયું. ક્રોધના કડવા ફળ જાણી સર્વ પ્રત્યે ક્ષમા ધારણ કરી પ્રાણાન્તે પ્રતિજ્ઞાનું પાલન કરવું એવો નિર્ણય કરી બીલમાં મુખ અને કાયા બહાર રાખીને રહ્યો. પછી કોઈ પૂજન કરો, પથ્થર મારો, લાઠી મારો, શસ્ત્રથી કાપો પણ ક્ષમા એટલે ક્ષમા. એ ક્ષમાના પ્રતાપે ઘોર હિંસા કરનાર તિર્યંચ પણ આઠમા સહસાર દેવલોકમાં ઋદ્ધિમાન દેવ થયો.

તપ કર્યું હોય ને બીજા દિવસે પારણાની પૂરી તૈયારી ન હોય તો ધમાધમ કરી મૂકો. તપનું ફળ ખાઇ જાઓ ને ઉપરથી ગાંઠના ગોપીચંદન બનો. જ્યાં સુધી સાચી મૈત્રી નહિ થાય ત્યાં સુધી યુદ્ધના ભણકારા નજર સમક્ષ રહેવાના. સાચી મૈત્રી થવાથી અનીતિ, ચોરી, લૂંટફાટ, મારામારી, આપઘાત, ખૂન, દુર્ભિક્ષ, ભય આપોઆપ પલાયન થઈ જશે, અને દરેકના જીવનમાં શાંતિ - શાંતિ ને શાંતિ થશે.

કુમારપાળ મહારાજાના રાજ્યમાં દુષ્કાળનું નામનિશાન નહોતું. તેનું કારણ એ કે પોતાના અઢારે દેશમાં 'મારી' શબ્દ બોલે તો શિક્ષા થતી. સાતે વ્યસનો હિંસાનું કારણ જાણી સાત માટીના પુતળા બનાવી–મુખે મેશ ચોપડી ગધેડા પર બેસાડી ફૂટેલા વાજિંત્ર વગાડતા પાટણમાં ફેરવી દેશનિકાલ કર્યા હતા. બાઈબલમાં ઇસુખ્રિસ્ત લખે છે કે મંદિરમાં નૈવેદ્ય ધરાવવા આવ્યા હો અને પગથીયા ચઢતાં કોઈની સાથેનું વેર યાદ આવતાં એટલા

પર નૈવેદ્ય મૂકીને તેની પાસેથી ક્ષમા મેળવીને જો નૈવેદ્ય ધરાવે તો ઇશ્વર પૂજન ફળે. ક્રોધ કામ વિરાધના આદિનું ફળ ઘણા દુઃખને આપનાર છે એમ જાણી ક્ષમા રાખવી. નંદ મણિયારનો જીવ દેડકો જાતિસ્મરણથી વિરાધના આદિ વડે હું ક્ષુદ્ર દેડકો થયો એમ જાણી ઘોડાના પગ નીચે દબાઈ ચગદાયો. છતાં ક્રોધ નહિ કરતાં ક્ષમાને ધારણ કરી. તેના પ્રતાપે ઘણો ઋદ્ધિમાન ગૌતમસ્વામી જેવા ગણધરોને પણ આશ્ચર્ય ઉત્પન્ન કરાવનારી સાહ્યબીવાળો દર્દુર દેવ થયો.

ભગવાનની આજ્ઞા છે કે ક્રોધ કરવો નહિ એમ ધારી ક્ષમા રાખવી. ખંધકમુનિની ખાલ ઉતરી છતાં જિનેશ્વરની આજ્ઞા નજર સમક્ષ રાખી ક્ષમા ધારણ કરી તેથી મોક્ષ પામ્યા. સાચી ક્ષમાપના તો એ છે કે મિત્ર સાથે નહિ પરંતુ શત્રુ માનેલ વ્યક્તિ સાથે હૃદયમિલાવવામાં થઇ શકે છે. **"વેરથી વેર શમે નહિ જગમાં પ્રેમથી પ્રેમ વધે જીવનમાં."** જો આપણે સામી વ્યક્તિને ચ્હાઇશું તો તે આપણને ચ્હાશે, આપણે કોઇને ક્ષમા આપીશું તો આપણને કોઇ ક્ષમા આપશે. આ રીતે ક્ષમા એ એક પ્રકારનું દાન છે. પરંતુ ખરું દૈવી દાન ક્યારે બને છે? તે જોવું જોઇએ. કોઇ વેર ચાલુ રાખે અને ઉપલા ભાવથી ક્ષમા આપે કે માગે તે ખરું ક્ષમા દાન નથી, પણ વેરની પરંપરાને અટકાવી દેવાનો નિર્ણય કરીને અંતઃકરણપૂર્વક ક્ષમા માંગે તે સાચું ક્ષમાદાન છે. ક્ષમાના આદાન-પ્રદાન દ્વારા કષાય સાગરનું મંથન થવાથી આત્મશુદ્ધિના અમૃત પણ તેમાંથી નીકળે છે, ખરેખર સંસારનું સાચુ અમૃત ક્ષમા છે.

ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯મા અધ્યયનમાં ભગવંતે કહ્યું છે કે ક્ષમાપના કરવાથી જીવને શું લાભ થાય?

**"खमावणयाएणं भंते जीवे किं जणयइ ? खमावणयाएणं पल्हायण भावं जणयइ । पल्हायणभावमुवगए य सव्व पाणभूय जीव सत्तेसु मित्तीभावमुप्पाएइ, मित्तीभावमुवगए यावि जीवे भावविसोही काऊण निब्भए भवइ ।**

ક્ષમાપના કરવાથી પ્રલ્હાદભાવ–ચિત્તની પ્રસન્નતાની પ્રાપ્તિ થાય છે. ચિત્તની પ્રસન્નતા થવાથી સર્વ પ્રાણી–ભૂત–જીવ અને સત્વ આદિમાં મૈત્રીભાવ ઉત્પન્ન થાય છે. અને મૈત્રીભાવને પ્રાપ્ત કરીને જીવ ભાવ વિશુદ્ધિ કરીને સર્વથા નિર્ભય બની જાય છે.

ક્ષમાએ આત્માનો ગુણ છે. સંસ્કૃતમાં પૃથ્વીને પણ ક્ષમા કહેવામાં આવે છે. ધરતી પર છાણાં, લાકડા, મળ–મૂત્ર આદિ ગમે તેવા અશુચીપદાર્થો નાંખવામાં આવે તો પણ એ વસ્તુઓને ધરતી ધીમે ધીમે પોતાના સ્વરૂપમાં ફેરવી નાંખે છે. બધી વસ્તુઓનું મૂળ સ્વરૂપ બદલાઇ જાય છે. તેવી રીતે આપણે પણ વેર ઝેરને ભૂલી જઇને તેનું સહેજ પણ અહિત ન ઈચ્છવું તેનું નામ ક્ષમા છે.

સંવત્સરી પર્વ આપણને મહત્વનો સંદેશ આપે છે કે જેની સાથે તારે કલેશ થયો હોય તેની તારે ક્ષમા માંગી લેવી. હૃદય ઉપર જામેલા કાળાશના પોપડાને ઉખાડીને હૃદયને સ્વચ્છ ને પવિત્ર બનાવી દેવું. ભૂતકાળનું કોઇ પણ કડવું સ્મરણ હૃદયમાં ન રહેવું જોઇએ. જેમ વરસાદ વરસે છે ત્યારે ગામના ગંદામાં ગંદા રસ્તાઓને ધોઇને સ્વચ્છ બનાવી દે છે, તે રીતે આજના પવિત્ર દિવસે વીતરાગ વાણીનું શ્રવણ કરી સંવત્સરી પર્વે હૃદયને સ્વચ્છ બનાવી નવા નામે જીવનનો પ્રારંભ કરવાનો છે. ગજસુકુમાર મુનિ, મેતારજ મુનિ, ખંધક મુનિ આદિ મહાનપુરુષોને કેવા કષ્ટો પડયા. મારણાંતિક ઉપસર્ગો આવ્યા છતાં કોઈને દોષ આપ્યો નહિ. પોતાના પૂર્વકૃત કર્મોને સમતાભાવે સહન કરી અજબ ક્ષમા રાખી તેઓ મોક્ષમાં ગયા. આપણા જીવનમાં પણ એવી ક્ષમા આવી જાય તો કામ થઈ જાય ને તો આ સંવત્સરી પર્વની સાચી ઉજવણી કરી ગણાય. ક્ષમાનો ગુણ એ મુખ્ય ગુણ છે. આજે ક્ષમા વિષે ઘણું કહેવાયું છે. હવે તમે બધા પણ વૈરનું વિસર્જન કરી સ્નેહનું સર્જન કરજો. વધુ ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં. ૪૯

**ભાદરવા સુદ ૮ ને શુક્રવાર** **તા. ૧૨-૯-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો !

દેવાનુપ્રિયો ! આપણે અનાથી મુનિનો અધિકાર ચાલે છે. મહારાજા શ્રેણીકને અનાથી મુનિને જોતાં કેવું આકર્ષણ થયું ! ને આટલું બધું આકર્ષણ થવાનું કારણ શું ? પ્રથમ તો મુનિનું સૌંદર્ય જોઇને તેમને આકર્ષણ થયું. મુનિનું રૂપ તો હતું ને બીજું ચારિત્રના તેજની ઝલક હતી. આજે દુનિયામાં સૌને સુંદરતા ગમે છે. પણ પોતાનો આત્મા સુંદર બનાવ્યો નથી. કોઇ માણસ સ્વરૂપવાન હોય તો બહુ ગમે ને કાળો રંગ ન ગમે. પણ એક વાત છે કે અમુક વસ્તુઓનો કાળો રંગ બહુ ગમે છે. જુઓ માથાના વાળ તો તમને કાળા જ ગમે છે ને? ધોળા થઇ ગયા હોય તો પણ કાળા કરવા કલપ લગાડો છો. કેમ બરાબર છે ને ? અને આંખની કીકીનો કલર પણ કાળો ગમે છે ને ? અહીં તમે કાળો કલર પસંદ કર્યો ને ચામડીનો રંગ ગોરો જોઇએ. બંધુઓ ! ઉપરની ચામડીની સુંદરતા કરતાં આત્માને ઉજ્જવળ બનાવો. નેમનાથ ભગવાનની ચામડીનો વર્ણ કાળો હતો. પણ અંદર બેઠેલો ચેતનદેવ ઉજ્જવળ હતો. તો નેમનાથ ભગવાન પ્રત્યે કેટલું આકર્ષણ થતું હતું. પણ બહારથી રૂપાળા દેખાતાં માનવીના મન કંઇક વાર મેલા હોય છે. તેનું પેટ પરખાતું નથી. બહારની સુંદરતા ગમે તેટલી વધારશો પણ આત્માની ઉજ્જવળતા નહિ વધે ત્યાંસુધી કલ્યાણ થવાનું નથી.

બંધુઓ ! જૈન દર્શન રૂપ કરતાં ગુણને વધારે મહત્વ આપે છે. ઠાણાંગ સૂત્રને ચોથે ઠાણે ચાર પ્રકારના ફૂલ બતાવ્યા છે. એક ફૂલ રૂપ સહિત છે ને સુગંધ સહિત છે. તે ગુલાબ-મોગરાનું ફૂલ. એક ફૂલમાં સુગંધ છે પણ રૂપ નથી તે ચંપાનું રાતરાણીનું ફૂલ. એક પ્રકારના ફૂલમાં રૂપ છે પણ સુગંધ નથી તે આવળનું ફૂલ અને એક પ્રકારના ફૂલમાં રૂપ પણ નથી અને સુગંધ પણ નથી તે આકરા અને ધંતુરાનું ફૂલ આ ચાર પ્રકારના ફૂલના ન્યાયે મનુષ્યો પણ ચાર પ્રકારના હોય છે. એક મનુષ્ય રૂપ અને ગુણ રૂપી સુવાસથી ભરેલા હોય છે જેમ કે અનાથી મુનિનું રૂપ ઘણું હતું ને આત્મા પણ ગુણથી ભરેલો હતો તે વાત આપણે આગળ વિચારી ગયા. બીજા પ્રકારના મનુષ્યોમાં જેમનો દેહ બાહ્ય સૌંદર્યથી શોભતો નથી પણ તેમનો આત્મા ગુણરૂપી સૌંદર્યથી શોભે છે.

ઉત્તરાધ્યયન સૂત્રના બારમા અધ્યયનમાં હરકેશી મુનિનો અધિકાર આવે છે તે હરકેશી મુનિ કોણ હતા ને કેવી રીતે પ્રતિબોધ પામ્યા તે વાત જાણવા જેવી છે. તેમની પાસે રૂપ ન હતું પણ ગુણ હતા. હરકેશી એક ચંડાળને ત્યાં જન્મ્યા હતા ને તેમનું રૂપ બિહામણું હતું. જોનારને બીક લાગે પણ તેમનો આત્મા બિહામણો ન હતો એક સર્પનું નિમિત્ત મળતાં તેને જાતિસ્મરણ જ્ઞાન થયું હતું ને સંસાર ત્યાગી સાધુ બની ગયા. કેવો એ આત્મા હશે !

તેઓ ચંડાળ કુળમાં ઉત્પન્ન થયા હતા. તેની જ્ઞાતિના બધા છોકરાઓ ભેગા થઈને રમે પણ આ હરકેશીને ના રમવા દે. એને બધા કાઢી મૂકતા. એક દિવસ આ હરકેશી બધા છોકરાઓની ટોળીથી દૂર જઈને બેઠો છે. તે મનમાં વિચાર કરે છે કે આ બધા છોકરાઓ કેવા પ્રેમથી રમે છે મને એકલાને કાઢી મૂકે છે. તે ઉદાસ બનીને બેઠો હતો ત્યાં એક સર્પ નીકળે છે. ત્યારે બધા છોકરાઓ કહે છે આ ઝેરીલો સર્પ છે એને મારી નાખો મારી નાખો. એમ કરીને બધા છોકરાઓએ ભેગા થઈને તેને મારી નાંખ્યો. ને થોડીવારમાં બીજો સર્પ નીકળ્યો. ત્યારે બધા છોકરાઓ કહે છે એને મારશો નહિ જવા દો....જવાદો પેલો સર્પ સીધે સીધો ચાલ્યો ગયો. આ દૃશ્ય હરકેશીએ જોયું ત્યારે તેના મનમાં વિચાર થયો કે સર્પો તો બંને સરખા હતા. છતાં એકને મારી નાંખ્યો ને એકને જીવતો જવા દીધો તેનું કારણ શું ? મનમાં મંથન ચાલ્યું કે અહોહો ! હું પણ પહેલા સર્પ જેવો છું. એમની દૃષ્ટિમાં પહેલો સર્પ કાતીલ વિષમય લાગ્યો તેથી એને મારી નાંખ્યો ને બીજો સર્પ નિર્વિષ દેખાયો તેથી તેને જીવતો જવા દીધો. તો હું પણ પહેલા સર્પ જેવો વિષથી ભરેલો છું જેથી એ બધા મને રમાડતા નથી. બધા છોકરાઓ સાકર જેવા મીઠાં છે ને હું વિષ જેવો કડવો છું. તેમનો શું દોષ ? એ બધા કેવા પવિત્ર છે ને હું કેવો ક્રૂર છું ! મારા કેવા ઘોર કર્મોનો ઉદય છે ? હે જીવ ! તેં પૂર્વે કેવા કર્મો કર્યા હશે ?

**કરમને લીધે હું દુઃખી થાઉં છું છતાં પણ બૂરા કર્મો કર્યે જાઉં છું.**
**બૂરા કામમાં મનને મઝા જે મળે છે, પરિણામની ત્યારે ચિંતા ટળે છે,** (૨)
**દુઃખોની કથા રોજ હું ગાઉં છું .... છતાં પણ બૂરા કર્મો કર્યે જાઉં છું....**

મારા બૂરા કર્મો મને દુઃખી કરે છે. બીજું કોઈ મને દુઃખ દેનાર નથી. તો હે જીવ! હવે એ છોકરાઓને શા માટે દોષ આપે છે? તું તારા કર્મનો વિચાર કર. તું કેવો કાતીલ નાગ જેવો છે. હવે તારામાંથી ઝેર કાઢીને તું શુદ્ધ અને પવિત્ર બન. તારા અંતરમાં રહેલું વિષવમી નાંખ. સરળ-નિર્મળ અને ભદ્રિક બનીજા. આ રીતે આત્મમંથન ચાલ્યું ને કર્મનું આવરણ ખસતાં તેમને જાતિસ્મરણ જ્ઞાન થયું. જ્ઞાનમાં જોયું તો પોતે દેવલોકમાંથી આવ્યા છે. તેના પૂર્વે સાધુપણું લીધું હતું. ખૂબ તપશ્ચર્યા કરી હતી. પણ સાધુપણાની દુગંછા કરી કે જૈન ધર્મમાં સ્નાન કરવાનું નહિ. કપડા ધોવાના નહિ. આ કંઈ ધર્મ કહેવાય? જે ધર્મના પ્રભાવે આવો મહાન દેવ થયો. જેનાથી આત્મસ્વરૂપનું ભાન થયું તેના જ મેં મૂળ ઉખાડયા? એની નિંદા કરી તેના કારણે મને આ નીચકુળમાં જન્મ મળ્યો છે. મેં મોટી ભૂલ કરી છે. હવે એ ભૂલનું ભાન થયું છે. તો હું તેનું પ્રાયશ્ચિત કરવા માટે જૈન ધર્મની દીક્ષા લઈ લઉં. પોતાની ભૂલનું ભાન થતાં સાધુ બની ગયા ને ઉગ્ર તપની આરાધના કરવા લાગ્યા,

બંધુઓ! તમને એમ થશે કે એ તો ચંડાળ હતો ને જૈન ધર્મની દીક્ષા કેવી રીતે લીધી? પણ આ ઉંચ-નીચ જાતિના બંધનો બુદ્ધિવાદમાં છે. આત્મવાદમાં નથી. આત્મવાદમાં સર્વ કોઈને કલ્યાણ માર્ગ સાધવાનો સરખો હકક છે. એક બીજાના વ્યાજબી હકક લૂંટી લેવા" આ બુદ્ધિવાદનો ભયંકર નાદ છે. હરકેશી મુનિ આત્મવાદના નમુના રૂપ હતા. ચંડાળ જાતિમાં જન્મ્યા હતા છતાં આત્મવાદને યથાર્થ રીતે ઓળખી શકયા હતા. બાહ્ય દંભથી તેઓ બિલકુલ અલિપ્ત હતા. આત્મવિશુદ્ધિ એ એમનું જીવન હતું. શરીર ચંડાળનું હતું પણ આત્મા ઉંચો હતો. આજે તો ઉંચ જાતિમાં જન્મ્યો હોવા છતાં કંઈક જીવો ચંડાળથી પણ બૂરા કાર્યો કરે છે. આ હરકેશી મુનિ દીક્ષા લઈને ગ્રામાનુગ્રામ વિચરવા લાગ્યા ને તેઓ એવી ઉગ્ર તપશ્ચર્યા કરવા લાગ્યા કે તેમના આદર્શ ત્યાગ અને ઉગ્ર તપના પ્રભાવથી એક દેવને તેમના પ્રત્યે ખૂબ ભકિત ભાવ જાગ્યો. જુઓ, તપ અને ત્યાગનો કેવો પ્રભાવ છે! દેવો ચરણમાં પડે છે ને સેવામાં હાજર રહે છે.

**કોશલ દેશમાં મુનિનું આગમન :-** હરકેશી મુનિના તપથી પ્રભાવિત થયેલો દેવ તેમની સાથે રહેતો. હરકેશી મુનિ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું શુદ્ધ રીતે પાલન કરતાં ગ્રામનુગ્રામ વિચરતા વિચરતા એક વખત કોશલ નગરીના ઉદ્યાનમાં પધારી એક યક્ષના દેવળમાં મધ્ય ભાગમાં ધ્યાનાવસ્થામાં ઉભા હતા. રાત્રીના સમયે

રાજકુમારી ભદ્રા પોતાની સખીઓ સાથે ત્યાં રમવા માટે આવી છે. બધી છોકરીઓ ત્યાં રમત રમે છે, દેવળમાં ઘણાં સ્થંભ હતા તેથી બધી છોકરીઓ એકેક સ્થંભને પકડીને કહેવા લાગી કે આ મારો વર છે આ મારો વર છે. ત્યારે રાજકુમારી ભદ્રાએ ધ્યાનાવસ્થામાં રહેલા હરકેશી મુનિને સ્થંભમાની તેમને બાથ ભીડી લીધી. મંદિરમાં અંધકાર હોવાથી ખબર ન પડી કે આ સ્થંભ છે કે પુરૂષ છે? પાછળથી તેને ખબર પડી કે પોતે જેને વળગી છે તે કોઇ પુરૂષ છે. એટલે તેની સખીઓ હાસ્ય વિનોદથી તેની મશ્કરી કરે છે તેથી ભદ્રા ખૂબ ચીડાઇ જાય છે ને મુનિની અવગણના કરી તેમની ખૂબ અશાતના કરી. તેમના ઉપર થૂ થૂ કરે છે. મુનિને તો કોઇ અપમાન કરે કે ગમે તે કરે તો તેમને પરવા નથી હોતી. જેમને પોતાના આત્માની પડી હોય છે તે સંતો કેવા હોય છે?

**કલ્યાણ જીવોનું કરવા કાજે, વિચરે દેશવિદેશે,**
**ના રાય રંક ના ઉંચ નીચ, સરખા સૌને ઉપદેશે,**
**અપમાન કરો યા સન્માનો, સમતા ભાવે રહેનારા -**
**આ છે અણુગાર અમારા.**

ભદ્રા કુમારીએ મુનિની ઘોર અશાતના કરી પણ મુનિ તો પોતાનામાં મસ્ત હતા. પણ જે તિંદુક નામનો યક્ષ મુનિ ઉપર પ્રસન્ન થયો છે. તેનાથી મુનિની ઘોર અશાતના સહન ન થઇ એટલે તેણે ભદ્રાને જમીન ઉપર પટકી દીધી. તે બેભાન થઇને પડી.

**કુંવરીના પિતા ચિંતાતુર બન્યા છે તેથી ત્યાં શું વિધિ થઇ? :-** રાજાને આ વાતની ખબર આપવામાં આવી તેથી ત્યાં તેના પિતા- રાજા આવે છે. ઘણાં ઉપચારો કર્યા પણ ભદ્રા ભાનમાં ન આવી એટલે રાજા મુનિના ચરણમાં પડીને માફી માંગે છે કે હે મુનિરાજ! મારી પુત્રીએ બાળક બુદ્ધિથી આપની અવહેલના કરી છે પણ આપ દયાળુ છો. દયા કરો ને મારી પુત્રીને સજીવન કરો, હવે જોજો....આ યક્ષ મુનિની કેવી ગાંડી ભકિત કરે છે! સમય જોઈને તિંદુક યક્ષ એ મુનિના દેહમાં પ્રવેશ કર્યો ને બોલ્યો કે ભદ્રાને મારી સાથે પરણાવો તો તેને ભાનમાં લાવું. કોઇ પણ રીતે ભદ્રા સજીવન થાય તેમ ન લાગ્યું ત્યારે રાજા તે માંગણી કબૂલ કરે છે. ને ભદ્રાને તેની સાથે પરણાવે છે. પછી યક્ષ મુનિના દેહમાંથી નીકળી જાય છે. ને હરકેશી મુનિ ભાનમાં આવે છે, ત્યારે ભદ્રાને પોતાના પગ પાસે બેઠેલી જોઇને કહ્યું કે બહેન! તું અહીં કેમ બેઠી છું? તું અહીંથી ચાલી જા. અમે જૈન સાધુ કદી સ્ત્રીનો સ્પર્શ પણ કરતા નથી અમારા સંતો કેવા હોય તે તું જાણે છે?

**ના સંગ કરે કદી નારીનો, ના અંગોપાંગ નિહાળે,**
**જો જરૂર પડે તો વાત કરે પણ નયનો નીચા ઢાળે (૨)**
**મનથી, વાણીથી, કાયાથી, વ્રતનું પાલન કરનારા....આ છે અણુગાર અમારા**

જૈન મુનિ સ્ત્રીના સામી દૃષ્ટિ કરતા નથી. કદાચ વાત કરવી પડે તો પણ દૃષ્ટિ તો તેમની નીચી હોય છે. ગૌચરી જાય ત્યારે સૂઝતા-અસુઝતા માટે કંઇ બોલવું પડે તો બોલે, બાકી મૌન રહે. સંસારી જીવોની સાથે રહેવા છતાં પણ જળકમળવત્ અલિપ્ત ભાવથી રહે. એવા જૈનના સંતો પવિત્ર હોય છે. હરકેશી મુનિ કહે છે બહેન! તું મારાથી દૂર જા. મારી પાસે તારાથી ન બેસાય. ત્યારે ભદ્રા કહે છે હું આપની પત્ની છું. મારા પિતાએ ચોરી બાંધીને વિધિપૂર્વક મને તમારી સાથે પરણાવી છે. હવે હું ક્યાં જાઉં? મુનિ કહે બહેન! હું તો ધ્યાનમાં હતો. મને આ વાતની કંઇ ખબર નથી. આ યક્ષે આવી ગાંડી ભક્તિ કરી છે. તું તારે ઘેર ચાલી જા. તે જતી નથી ત્યારે મુનિ તેને છોડીને બીજા સ્થળે ચાલ્યા જાય છે.

**"ભદ્રા માટે શું વિચારે છે?:"** – ભદ્રાને મુનિ સાથે પરણાવી એટલે તેને કોણ પરણે? એક પુરોહિત સાથે નિરૂપાયે તેનુ લગ્ન થાય છે. એક વખત તે ઋષિપત્ની કહેવાઈ ગઇ એટલે તેની શુદ્ધિ માટે પુરોહિત મોટો યજ્ઞ કરે છે. બરાબર આ સમયે હરકેશી મુનિ વિચરતાં વિચરતાં ત્યાં પધારે છે. તેમને માસખમણનું પારણું છે એટલે યક્ષના મનમાં થયું કે હું એમને જમણવાર થાય છે ત્યાં લઇ જાઉં તો પારણામાં તેમને સારો આહાર મળે. આ સમયે યક્ષે મુનિની દૃષ્ટિ બદલાવી દીધી એટલે મુનિ બ્રાહ્મણોનો યજ્ઞ થાય છે તે પાડા તરફ ચાલ્યા. જૈનના સાધુથી યજ્ઞના પાડામાં ગૌચરી માટે જવાય નહિ. જ્યાં સ્વામી વાત્સલ્ય હોય, મોટી પંક્તિ જમવા બેઠી હોય ત્યાં સાધુથી ગૌચરી જવાય નહિ. યક્ષે મુનિની દૃષ્ટિ બદલાવી તેથી તે ત્યાં ગયા. તો બ્રાહ્મણો તેમને જોઇને ખૂબ ક્રોધે ભરાઇને બોલવા લાગ્યા કે :-

**कयरे आगच्छइ दित्तरुवे, काले विकराले फोक्कनासे ।**
**ओमचेलए पंसु पिसायभूए संकर दुसं परिहरिय कण्ठे ॥**

ઉત્ત. અ. ૧૨, ગાથા ૬

અરે! ભયાનક કાળા શરીરવાળો, વક્ર નાસિકાવાળો, જીર્ણ ને મેલા ગંધાતા વસ્ત્રોવાળો, રજે કરી ખરડાયેલ શરીરવાળો ને અતિ મલીન ઉકરડા જેવા વસ્ત્રો વળગાડીને કદરૂપો અહીં કોણ આવ્યો છે? હે આદર્શનીય! તું કોણ છે? અહીં કઇ આશાથી આવ્યો છે? પિશાચ જેવું તારું રૂપ છે. માટે તું અમારા યજ્ઞથી દૂર ચાલ્યો જા. અહીં શા માટે ઉભો છે? અભિમાનમાં ઉન્મત્ત બનેલા બ્રાહ્મણોએ મુનિને ઉપરોક્ત શબ્દો કહ્યા.

બંધુઓ! સત્યાસત્યનો વિવેક કર્યા વિના આવી આક્રોશમય મિથ્યાવાણીનો બકવાદ કરવો તે મૂર્ખતા છે. એ સજ્જનતાનું લક્ષણ નથી. જીભનું જવાહીર જેમ તેમ વેડફી નાંખવું એના જેવી પાગલતા બીજી કઇ હોઇ શકે? અહીં મુનિને આવા કઠોર વચનો બ્રાહ્મણોએ કહ્યા તે સમયે યક્ષે મુનિના શરીરમાં પ્રવેશ કર્યો ને કહેવા લાગ્યો કે હું

શ્રમણ છું, સાધુ છું, બ્રહ્મચારી છું, પરિગ્રહનો ત્યાગી છું. તમોએ બીજાને માટે આ ભોજન ખીર–ખાજા વિગેરે જે બનાવ્યું છે તે લેવા માટે આવ્યો છું. તમે મને આપો. જો તમે આવા તપસ્વીને નહિ આપો તો યજ્ઞનું ફળ કેવી રીતે પ્રાપ્ત કરશો ? આ રીતે કહે છે પણ બ્રાહ્મણો તેમને વહોરાવતા નથી. ઘણી દલીલો કરે છે પણ મુનિ જતા નથી એટલે તેમને ગમે તેવા વચનો કહીને ચાબૂક અને લાકડીનો માર મારવા લાગ્યા. આ સમયે ભદ્રા બધા બ્રાહ્મણોને કહે છે તમે આ શું કરો છો ? આ તો મહાન તપસ્વી મુનિ છે. તે કયા મુનિ છે તે તમો જાણો છો ?

देवाभिओगेण निओइएणं, दिन्ना मु रन्ना मणसा न झाया ।
नरिन्द देविन्द भिवंदिएणं, जेणामि वंता इसिणा स एसो ।।

ઉત્ત. સૂ. અ. ૧૨, ગાથા ૨૧,

હે કુમારો ! દેવના પ્રકોપથી રાજાએ મને તેમની સાથે પરણાવી હતી પણ નરેન્દ્ર અને દેવેન્દ્રના પણ પૂજનીક એવા મુનિએ મને મનથી પણ ઇચ્છી નહિ. આ મુનિ શુદ્ધ બ્રહ્મચારી છે. એમણે મને છાંડી દીધેલી છે. તે આ મુનિ છે. માટે તમે એમની જરા પણ અવહેલના કરશો નહિ. જો તમે એમને સંતાપશો તો એમના તપના તેજથી તમે બળીને ભસ્મ થઇ જશો. ભદ્રાએ બ્રાહ્મણોને પોતાનો અનુભવ કહ્યો ને મુનિની અશાતના કરતા ખૂબ વાર્યા પણ "વિનાશ કાળે વિપરીત બુદ્ધિ" તે અનુસાર તેમને એ હિતશિક્ષા ગળે ઉતરી નહિ અને તપસ્વી હરકેશી મુનિની અવગણના કરવાની અજ્ઞાન બ્રાહ્મણોએ ચાલુ રાખી. સંતને સંતાપવા એ મહાન પાપ છે. પણ એ શિખામણ સાંભળે કોણ ? ખરેખર અજ્ઞાન એ એક પ્રકારનું મિથ્યાત્વ છે. ભદ્રાના વચન તેમણે સાંભળ્યા નહિ ત્યારે તે યક્ષ બિહામણું રૂપ લઈને આકાશમાં અદૃશ્યપણે રહીને તે યજ્ઞ કરતા બ્રાહ્મણ કુમારોને એવી રીતે હણવા લાગ્યો કે તે બધા પૃથ્વી ઉપર ઢળી પડયા. મોઢા-માંથી લોહીનું વમન કરવા લાગ્યા. આ જોઈ ફરીને ભદ્રા બોલી કે હે બ્રાહ્મણ કુમારો ! આ સાધુનું અપમાન કરીને ઉગ્ર તપસ્વી મુનિને ભોજન વેળાએ તમે પીડા ઉપજાવો છો તેથી અગ્નિમાં જેમ પતંગિયાની સેના બળીને ભસ્મ થાય છે તેમ તમને પણ આ મુનિ બાળીને ભસ્મ કરશે. માટે જો તમારે જીવવું હોય તો મુનિના ચરણમાં પડી તેમની ક્ષમા માંગી લો. બધા બ્રાહ્મણ કુમારોને બેભાન-દશામાં લોહી ઓકતા જોઈને ભદ્રાનો પતિ સોમદેવ ગભરાઇ ગયો કે હવે આ બધાનું શું થશે ? એમ માની ભદ્રા સહિત સોમદેવ મુનિ પાસે આવી ચરણમાં પડીને મુનિની સ્તુતિ કરવા લાગ્યો કે હે પૂજ્ય ! અમે તમારી ખૂબ હેલણા કરી, નિંદા કરી તો હે ભગવંત ! તમે અમારો અપરાધ ક્ષમા કરો.

બંધુઓ ! સૃષ્ટિનો નિયમ છે કે "વાર્યા ન વળે હાર્યા વળે". જો ભદ્રાની હિત-

શિખામણ પહેલેથી માની હોત તો આ દશા ન થાત. બ્રાહ્મણો ખૂબ આજીજી કરે છે. મુનિ તો સ્વસ્થ હતા. આ બધું કાર્ય યક્ષે કર્યું. મુનિએ નવકાર મંત્ર ગણીને બ્રાહ્મણો ઉપર પાણી છાંટયું એટલે તેઓ બેઠા થઈ ગયા ને મુનિએ તેમને ઉપદેશ આપતા કહ્યું કે જૈન મુનિ કદી કોઈ ઉપર કોપાયમાન થતા નથી. પોતે સહન કરીને પણ બીજાને સુખ આપે છે. ટૂંકમાં મુનિ બ્રાહ્મણોને જૈનત્વનું ભાન કરાવે છે ને સાચો યજ્ઞ કયો કહેવાય તે સમજાવે છે. બ્રાહ્મણો કહે છે તમે કેવો યજ્ઞ કરો છો તે અમને કહો.

**तवो जोइ जीवो जोइ ठाणं, जोगा सुया सरीरं कारीसंगं ।**
**कम्मेहा संजम जोगसन्ति, होमं हुणामि इसिणं पसत्थं ।।**

ઉત્ત. સૂ. અ. ૧૨ ગાથા ૪૪

મુનિ કહે છે તપ જયોતિ છે, જીવાત્મા જયોતિનું સ્થાન છે. મન-વચન અને કાયાનો યોગ કડછી છે. શરીર છાણાં છે, કર્મ લાકડા છે, સંયમની પ્રવૃત્તિ શાંતિપાઠ છે. એવો હું ઋષિઓ દ્વારા પ્રશસ્ત યજ્ઞ કરું છું. આ રીતે સાચું સ્નાન કર્યું છે, આદિ બધું બ્રાહ્મણોને સમજાવ્યું. ત્યારે તે બ્રાહ્મણો પણ ધર્મ પામી ગયા. સાચું સમજ્યા પછી માણસ ખોટું છોડી દે છે.

અહીં શ્રેણીક રાજા પણ અનાથી મુનિના દર્શનથી પ્રભાવિત થયા છે. તેમને સાચું અનાથપણું જાણવાની જિજ્ઞાસા જાગી છે એટલે તેમની જિજ્ઞાસા જોઈને અનાથી નિર્ગ્રંથ પોતે કેવી રીતે અનાથ છે તે વાત સમજાવવા માટે પોતાની કહાણી રાજા શ્રેણીક સામે રજુ કરે છે. મહાન પુરૂષો કદી પોતાના ગાણાં ગાતા નથી. એ સાંભળતા કોઈ લાભ થવાનો હોય તો કહે છે. આઠ-દશ દિવસથી અધિકાર મૂકાઈ ગયો છે. અનાથી મુનિ કૌસંબી નગરીમાં વસતા પ્રભુત ધન સંચય નામના શ્રેષ્ઠીના પુત્ર હતા. તેમને ઘેર કેવી ઋદ્ધિ હતી કે જેનાથી સોનાની બંદૂકને રત્નની ગોળી વડે બાર વર્ષ સુધી દુશ્મન સાથે ગામનો રાજા યુદ્ધ કરે તો પણ ખૂટે નહિ એવા ઋદ્ધિવંત શ્રેષ્ઠીના પુત્ર હતા. છતાં પોતે કેવી રીતે અનાથ હતા તે વાત મહારાજા શ્રેણીકને અનાથી નિર્ગ્રંથ કહેશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં. ૫૦

**ભાદરવા સુદ ૯ ને શનિવાર** **તા. ૧૩-૯-૭૫**

સમતાના સાગર અને કરૂણાના કિમિયાગર એવા શાસ્ત્રકાર ભગવંતો આપણને આત્મસ્વરૂપની પીછાણ કરાવે છે. એની પીછાણ સર્વજ્ઞ કથિત શાસ્ત્રો સિવાય કોઈ કરાવી શકતું નથી. વ્યવહારમાં તમે શરીરની ઓળખાણ આપો છો પણ આત્માની ઓળખાણ

આપતા નથી. તેથી સંસારમાં આપણો આત્મા ભટકી રહ્યો છે. આપણે શરીર નથી પણ શરીરમાં વ્યાપીને રહેલો સચ્ચિદાનંદ સ્વરૂપી એવો આપણો આત્મા છે. પણ મોહરાજા જીવને ભાન ભૂલાવીને કહે છે કે તું દેહસ્વરૂપી છે. આ ભૂલ અનાદિકાળથી આપણને રખડાવે છે. પણ સદ્ગુરૂઓનો સંગ કરવાથી આ ભૂલ ટળે છે.

સદ્ગુરૂઓ તમારી આંખમાં એવું અંજન આંજે છે કે જેથી તમારી દિવ્ય દૃષ્ટિ ખુલી જાય છે. આ દૃષ્ટિ ખોલનાર શ્રુતજ્ઞાન છે. શ્રુતજ્ઞાન બીજાને ઉપકારી બને છે. કેવળજ્ઞાની ભગવંતો પણ શ્રુતજ્ઞાન રૂપ દેશના દ્વારા જગત ઉપર મહાન ઉપકાર કરે છે. શ્રુતજ્ઞાન સ્વ-પર પ્રકાશ છે. શ્રુતજ્ઞાનનું દાન થઇ શકે છે તેથી જ્ઞાનીઓ શ્રુતજ્ઞાનરૂપી અંજન આંજી તમારી દૃષ્ટિને નિર્મળ બનાવે છે. તમારી મિલ્કત તમારા ઘરમાં દાટેલી છે તેમ તમને જો ખબર પડે તો તેને મેળવવા માટે તમારાથી બને તેટલા પ્રયત્ન કરો કે નહિ? તેવી રીતે તમારું પૂર્ણાનંદ સ્વરૂપ તમારી પાસે છે. જો તમને પૂર્ણતા પ્રગટ કરવાની રૂચી જાગે તો તે રૂચી તમને વારંવાર પૂર્ણાનંદી પરમાત્માના ધ્યાનમાં લીન બનાવશે. જ્યારે આત્મા પરમાત્માના ધ્યાનમાં લીન બને છે ત્યારે પોતાના આત્માને પણ પરમાત્મા સ્વરૂપે અનુભવે છે. તે વખતે તેને આત્મા અને પરમાત્માનો ભેદ લાગતો નથી. માટે પરમાત્માના ધ્યાનમાં લીન બનવાથી પૂર્ણતા પ્રગટે છે. ભગવાનની વાણીનું પાન કરીને તેમાં લીન બનવાથી જીવ પરમાત્મ સ્વરૂપને પામે છે. હવે મુખ્ય વાત અનાથી મુનિની કરું છું.

**पढमे वये महाराय, अउला मे अच्छि वेयणा ।**
**अहोत्था विऊलोदाहो, सव्व गत्तेसु पत्थिवा ।।**

ઉત્ત. સૂ. અ. ૨૦ ગાથા ૧૯.

હે મહારાજા! હું અનાથ કેવી રીતે બન્યો તેની વ્યાખ્યા તમે સાંભળો. હું મહાન શ્રીમંત પિતાનો પુત્ર હતો. મારું લાલનપાલન ખૂબ સુખપૂર્વક અને ઘણી સાવધાનીથી થયું હતું. મારે ત્યાં કોઇ જાતની ખામી ન હતી. હું જ્યારે યુવાન હતો ત્યારે સ્વરૂપવાન અને ધનાઢયની પુત્રી સાથે મારો વિવાહ થયો. હે રાજન્! તમે મને કહો છો કે આ ભોગ ભોગવવાની ઉંમરે તમે દીક્ષા કેમ લીધી? પણ જેને તમે ભોગના સાધનો માનો છો તે બધા મારી પાસે મોજુદ હોવા છતાં પણ મારી કેવી સ્થિતિ થઇ તે સાંભળો. હું યુવાવસ્થામાં આવ્યો ત્યારે મારા શરીરમાં એક રોગ પેદા થયો. જેથી ખૂબ વેદના થવા લાગી અને તે વેદનાએ મારી આંખમાં ખટકો પેદા કર્યો. દર્દ આવે તે કર્મનું ફળ છે, જ્ઞાનીઓ બોલ્યા છે કે:

**"कम्मस्स ते तस्स उवेयकाले, न बंधवा बंधवयं उवेन्ति ।।"**

જ્યારે કર્મનો ઉદય થાય છે ત્યારે સગાવહાલા, બાંધવ આદિનું બાંધવપણું

પણ રહેતું નથી. આંખમાંથી ટપટપ આંસુડા પડે છતાં કોઈ સામું પણ જોતું નથી. આટલા માટે જ્ઞાની કહે છે કે કર્મબંધન કરતી વખતે ખૂબ સાવધાની રાખો.

**"બંધ સમયે જીવ ચેતીયે, ઉદયે શો સંતાપ"**

હે જીવ! તું કર્મનું બંધન કરે છે ત્યારે ભાન નથી રાખતો અને ભોગવવાનો સમય આવે છે ત્યારે રોકકળ કરે છે. તેના કરતાં કર્મ ન બંધાય તેની સાવધાની રાખે તો આવો વખત ન આવે.

અનાથી મુનિ કહે છે કે આખા શરીરમાં સાર રૂપ જે આંખો માનવામાં આવે છે તેમાં મને ભયંકર વેદના થવા લાગી. આંખ દ્વારા બધા પદાર્થોને જોઈ શકાય છે. આંખ વિના આખી દુનિયા અંધકારમય લાગે છે. કરોડો સૂર્યનો પ્રકાશ પણ આંખ વિનાનો માનવી જોઇ શકતો નથી. તેને માટે તો દિવસ ને રાત બધું સરખું છે. આ રીતે આંખોનું આખા શરીરમાં મહત્ત્વનું સ્થાન છે.

બંધુઓ! અનાથી મુનિને પોતાની આંખોમાં જ્યારે ભયંકર વેદના થઈ ત્યારે તેને મટાડવા માટે ખૂબ ઠંડા પીણા, સારો ખોરાક, ઠંડક થાય તેવા બધા સાધનોનો ઉપયોગ કર્યો છતાં કર્મોદયે તેને શાંતિ ના આપી. અનાથી મુનિ બોલ્યા કે અરે હે રાજન્! જ્યારે મને વેદના ઉપડી ત્યારે એમ થયું કે આ મારી આંખનો હું નાથ નથી. જો હું તેનો નાથ હોત તો આટલી બધી સાર સંભાળ રાખવા છતાં તેને આટલી વેદના શા માટે થાત! જે મનુષ્ય અજ્ઞાનના કારણે આંખો મારી છે તેમ કહે છે તે ભૂલ કરે છે. જેને પોતાનું માનો છો તે જો પોતાની આજ્ઞામાં ન રહે તો પછી તેને પોતાનું કેમ કહેવાય? નોકર જો માલિકની ઇચ્છા વિરૂદ્ધ કામ કરે તો તે માલિકનો નોકર ન કહેવાય. નોકરે તો શેઠની આજ્ઞાને આધીન રહેવું પડે છે. તેમ આ શરીર અને ઇન્દ્રિયો પણ આત્માના દાસ છે. છતાં તેઓ આત્મારૂપી શેઠને આધીન રહેતા નથી. આ શરીર અને ઇન્દ્રિઓ કર્મને આધીન છે. શરીરને તમે મારું માનો છો પણ તે તમારું નથી. તમે એમ નિર્ણય કરો કે મારે આજે પાંચ રૂપિયા કમાવા છે તો કાળી મજુરી કરીને કમાઇ શકશો. પણ જો એમ વિચાર કરશો કે આજે મારે મારા શરીરમાં કોઈ દર્દ આવવા દેવું નથી તો તે નહિ બની શકે.

અનાથી મુનિ કહે છે કે જ્યારે મારી આંખમાં વેદના થઇ ત્યારે મારા આખા શરીરમાં ખૂબ દાહજવર થવા લાગ્યો ને તમામ અંગોમાં બળતરા થવા લાગી. જેમ કોઇ માણસ શરીર ઉપર બળતા અંગારા મૂકે કે આંખમાં સોય ભોંકી દે તો કેવી વેદના થાય! તેના કરતા અનંત ગણી વેદના મને થવા લાગી. ત્યારે મને વિચાર આવ્યો કે મારા કરેલા પૂર્વકૃત કર્મોના કારણે જીવને આવી વિપુલ વેદના થાય છે છતાં જીવને ભાન થતું નથી.

અનાથી નિર્ગ્રંથનો જીવન ઇતિહાસ કેવો સુંદર છે! તેમણે પોતાને સમજણ આવી

ત્યારથી તો એવું કોઈ કઠીન કર્મ કર્યું ન હતું. તેમની પ્રકૃત્તિ કેવી સરળ ને ભદ્રિક હતી! પોતે શ્રેણીકરાજાને પોતાની ઓળખાણ આપી તો પણ કેવી રીતે આપી? કે કોસંબી નગરીમાં પ્રભૂત ધન સંચય નામના મારા પિતાજી રહેતા હતા. પણ એમ ન કહ્યું કે હું રહેતો હતો ને મારી પાસે આટલું ધન હતું. એમને કહેવું હોત તો કહી શકત. કારણ કે પોતે ધંધો કરતા હતા. લગ્ન થયેલા હતા. પણ જે જાતિવંત વિનયવંત હોય છે તે કદી પોતાની ઓળખાણ આપતા નથી. પોતાના વડીલોની ઓળખાણ આપે છે.

સુધર્મા સ્વામીને જ્યારે જ્યારે જંબુસ્વામી કંઇ પણ પ્રશ્ન પૂછતા ત્યારે વિનયપૂર્વક વંદન કરીને પૂછતા હતા કે હે ભગવંત! આગમમાં ભગવાને કયા ભાવોનું નિરૂપણ કર્યું છે? ત્યારે સુધર્માસ્વામી પણ એમ કહેતા હતા કે હે પ્યારા જંબુ! મેં ભગવંત પાસેથી જે પ્રમાણે સાંભળ્યું છે તે હું તને કહું છું. તે તું સાંભળ. પણ એમ ન્હોતા કહેતા કે હું તને કહું છું. બાકી સુધર્માસ્વામી કંઇ જેવા તેવા જ્ઞાની ન હતા.

**ચૌદ પૂરવધાર કહીએ ને જ્ઞાન ચાર વખાણીએ,**
**જિન નહિ પણ જિન સરીખા, એવા શ્રી સુધર્માસ્વામી જાણીએ,**
**માત પિતા કુળ જાત નિર્મળ રૂપ અનુપ વખાણીએ,**
**દેવતાને વલ્લભ લાગે એવા શ્રી જંબુસ્વામી જાણીએ.**

સુધર્માસ્વામી અને જંબુસ્વામી એ ગુરૂ શિષ્યની કેવી સુંદર જોડી હતી! જેના ગુણો દેવોએ ગાયા છે. જંબુસ્વામી પૂર્વે કોણ હતા તે તમે જાણો છો?

સાચો જીવનસાથી તે છે કે જે પાપમાં પડતા જીવને બચાવે છે. અને ધર્મના ઉત્તમ માર્ગમાં જોડે છે. બાકી સંસારના સબંધો તો ખોટા છે. કારણ કે સ્વાર્થમય છે. અલ્પકાળ ટકે તેવા તુચ્છ સબંધોમાં સ્વાર્થની માત્રા વિશેષ ઝળકે છે. નિઃસ્વાર્થી પ્રેમ સાચા હિતની ચિંતાથી ભર્યો હોય છે. એવો પ્રેમ ઉચ્ચકોટીના આત્માર્થી જીવોમાં જોવા મળે છે. જૈન શાસનમાં ધર્મકથાનુયોગમાં અનેક શીલ સંપન્ન મહાત્માઓના નામ આવે છે. તેમણે પોતાના જીવન ઉજ્જવળ બનાવીને અનેક આત્માઓને સન્માર્ગે વાળ્યા છે. એવી અનેક સતીઓમાં એક સતી નાગીલા હતી. તે નાગીલાની સાત્વિકતા અને ત્યાગવૃત્તિ ખૂબ પ્રશંસનીય છે. હવે તે સતી નાગીલા કોણ હતી તેનો વિચાર કરીએ.

એક ધનવાન અને સુસંસ્કારી શેઠને બે પુત્રો હતા. બંનેને અરસપરસ ખૂબ પ્રેમ હતો. તેમાં એક ભાઇનું નામ ભવદેવ અને બીજાનું નામ ભવદત્ત હતું. મોટા ભાઇએ સંતની વાણી સાંભળી વૈરાગ્ય પામીને દીક્ષા લીધી ને સુંદર ચારિત્ર પાળવા લાગ્યા. તેને દીક્ષા લીધા ઘણાં વર્ષો વીતી ગયા. તેમણે દીક્ષા લીધી ત્યારે નાનો ભાઇ ખૂબ નાનો હતો. તે હવે યુવાન થયો છે. અને એક શેઠની પુત્રી નાગીલા સાથે તેના લગ્ન થયા. વિષય-કષાયની ખાણ જેવા આ સંસારમાં ઉંમરલાયક થયા પછી લગ્ન કરવા અને

વિષયોની પ્રવૃત્તિ કરવી એમાં કાંઇ નવાઇ નથી. સંસારના વિષયોમાં પડવું તેને પ્રભુતામાં પગલા માંડયા એમ બોલવું તે અતિશય વિષયના રાગી ભવાભિનંદી જીવો બોલે. બેફામપણે વર્તતી ઇન્દ્રિઓને અંકુશમાં રાખવાનો પ્રયત્ન કરવો એનું નામ સાચો પવિત્રતાનો માર્ગ. અને એને સાચી બહાદુરી કહેવાય.

બંધુઓ! માનવજીવનનો આદર્શ મોક્ષ પામવાનો પુરૂષાર્થ કરવાનો છે. મોક્ષ પરમ બ્રહ્મસ્વરૂપ છે. તે પામવા માટે બ્રહ્મચર્ય એ મુખ્ય સાધન છે. આજીવન બ્રહ્મચર્ય પાળનાર આત્માઓ જગતમાં મહાન પવિત્ર ગણાય છે. ને તે બહાદુર છે. જેઓ અનાદિકાળથી વાસનાને આધીન બનીને વિષયની પ્રવૃત્તિમાં મશગૂલ રહે છે તેઓ લગ્ન કરીને સંસારના બંધનમાં પડે છે. લગ્ન એ વિષયવાસનામાં બેફામ બનવા માટે નથી પણ વિષયોની વાસનાને મર્યાદિત બનાવવા માટે છે. અંદરથી વિષયવાસનાઓ જોર કરે ત્યારે માનવ ઉન્માર્ગગામી, અનાડી અને અનાચારી ના બની જાય ને અતિશય લજ્જાને ધરતાં મર્યાદિત રીતે જીવવા જીવનના સાથીને શોધે. એના માટે આર્ય મહાપુરૂષોએ ઘણી ઉંચી મર્યાદાઓ ગોઠવી છે.

જીવનમાં સાચો મિત્ર એ કહેવાય કે જે એકબીજાના આત્માની ખરી ચિંતા કરે કે મારા સ્નેહીનો ભવ બગડી ના જાય. એ પાપમાં પડી ધર્મથી વંચિત ન રહી જાય, એમના આત્માનું કલ્યાણ કરાવવામાં હું સહાયક બનું. આવી ભાવના જીવનના સાથીની હોય તો તે સાચા સાથી કહેવાય. ભવદત્ત લગ્ન કરીને ઘેર આવ્યા. નવોઢા નાગીલાને ઘરમાં લાવ્યા તે દિવસે ભવદેવ મુનિ ત્યાં પધાર્યા. તેમના ગુરૂમહારાજ તો બાજુના ગામમાં હતા. આજ્ઞા લઇને ગામમાં આવ્યા ત્યારે સાથેના મુનિઓ ભવદેવ મુનિની મશ્કરી કરે છે કે તમે દીક્ષા લીધા પછી ઘણાં વર્ષે ગામમાં પધાર્યા છો તો તમે તમારા ભાઇને બુઝવીને તમારો શિષ્ય બનાવજો. એમ હસતાં (૨) કહ્યું. ભવદેવ મુનિ ગૌચરી કરતા કરતા પોતાના સંસારી પિતાને ઘેર આવ્યા. ઘરના માણસોએ તેમને ઓળખ્યા ને ભાવથી તેમને વંદન કર્યા. અંદરના આવાસમાં ભવદત્ત નાગીલા પાસે છે. નાગીલાના શરીરને અનેક સખીઓ શણગારે છે. ને અનેક પ્રકારની વિનોદની વાતો ચાલી રહી છે. ત્યાં પોતાના મોટાભાઇ એવા મુનિ પધાર્યાની તેને ખબર પડી. એટલે તે તરત બહાર આવ્યો. ખૂબ ભાવથી વંદન કરી ભાવપૂર્વક આહારપાણી વહોરાવ્યા. ત્યારે ભવદેવ મુનિની સાથેના નાના મુનિઓ કહે છે કે કેમ ભાઇ! મોટાભાઇનો ભાર ઉપડાવશો ને? ભવદત્ત કહે–હા, ઉપાડીશ. તેમાં શું? તો કહે-ચાલો, અમારી સાથે. ભવદત્તને ખબર નથી કે આ મુનિઓ મને કયા અર્થમાં ભાર ઉપડાવવાનું કહે છે? મુનિને વહોરાવીને ઘરના બધા થોડેક સુધી તેમને વળાવીને પાછા ફર્યા ને ભવદત્ત સામા ગામ સુધી ગયો. ત્યાં મોટા ગુરૂમહારાજના તેણે દર્શન કર્યા. પોતાના ભાઇને આ સંસાર સાગરમાંથી ડૂબતો બચાવવા

માટે ભવદેવ મુનિએ પોતાના ગુરૂદેવને કહ્યું કે આ મારો સંસારી અવસ્થાનો નાનો ભાઇ છે. તે વૈરાગ્યથી વંચિત રહેલો છે. ને તે દીક્ષા લેવા માટે આવ્યો છે. માટે આપ કૃપા કરીને એને તારો. હવે જો ભવદત્ત દીક્ષા ન લે તો મોટા ભાઇનું વચન જાય. એટલે શરમથી ભવદત્તે ચારિત્ર લીધું.

**ભાઇ ગૌચરીએ આવીયા ને શરમે આવ્યો સાથ**
**વાતની વાતમાં ગુરૂવરે, દીધો ઓઘો ને મુહપત્તિ હાથ રે સંયમ કેમ પાળું જી...**
**પરણીને એક જ રાતમાં, ઘરણી મૂકી ઘેર,**
**માંડલ અધૂરા મૂકીયા, વહાલી રોતી હશે ધ્રૂસકા જોર રે....સંયમ કેમ પાળું જી....**

ભાઈની શરમે સાથે આવ્યો ને અહીં તો વાતનો વેડો થઈ ગયો. તેણે ભાઇના વચનની ખાતર દીક્ષા લીધી.

બંધુઓ! તમારો ભાઈ સાધુ બની ગયો હોય ને આવું બને તો તમે શું કરો? ભાઇનું વચન પાળવા દીક્ષા લો કે ભાઈના વચનને હવામાં ઉડાડી મૂકો? (હસાહસ). ભવદત્તે બહાદુરીનું કામ કર્યું. હજુ ક્ષણવાર પહેલા રૂપવંતી, યુવાન અને ગુણવંતી પત્નિના પ્રેમમાં હતો. હજુ યુવાનીના લ્હાવા લીધા નથી ને ભાઈના વચન ખાતર આ ચઢતી યુવાનીમાં સર્વસ્વ ત્યાગ કરવો એ કંઇ જેવી તેવી વાત નથી. પણ ઘણી સાત્વિકતાભર્યું પગલું કહેવાય.

ભોગના ભિખારી અને સંસારના રસીયા જીવોને આ પગલું ઉતાવળીયું અને અવિચાર્યું લાગે છે. પણ માનસશાસ્ત્રના ઊંડા અભ્યાસી અને આત્મતત્ત્વના વિકાસની દૃષ્ટિએ જગતના સ્વરૂપને સાચી રીતે નિહાળનારને આ કાર્ય અતિ ઉચિત ને સર્વ હિતકારી જણાય છે. સંસાર તરફની દૃષ્ટિ ફરે ને આત્મા તરફની દૃષ્ટિ વિકસે તો સત્ય-રૂપે સમજાય. ભવદત્તે ભાઇની શરમે દીક્ષા લીધી. દેહ દીક્ષાના વેશમાં છે પણ તેનું મન તો નાગીલામાં રમતું હતું જ્યારે ખંધક મુનિના ૫૦૦ શિષ્યો ચીચોડામાં પીલાયા ત્યારે ગુરુદેવ કહે છે હે શિષ્યો! દેહ અને આત્મા અલગ છે. તમે દેહ તરફ દૃષ્ટિ ના કરશો. તમારા આત્મા તરફનું લક્ષ રાખજો. ત્યારે શિષ્યો કહે છે ગુરુદેવ! તન ચીચોડામાં પીલાય છે પણ અમારું મન નવકારમંત્રમાં રમે છે. કેવી એ જબ્બર શ્રદ્ધા હશે! કેવો આત્મિક-ભાવ પ્રગટ થયો હશે! આપણને તો સહેજ ખીલી વાગે ને લોહી નીકળે તો કંઇક થઇ જાય છે. ત્યારે એ સંતો ઘાણીમાં પીલાયા, લોહીની સેરો ઉડી તે સમયે કેવું થયું હશે! છતાં આત્માનો કેવો આનંદ હતો કે શરીર નથી પીલાતું પણ આપણા કર્મો પીલાય છે. આવા ભાવ શરીર અને આત્માની ભિન્નતા સમજાય ત્યારે આવે છે.

અહીં ભાઇની શરમ અને નાગીલાનું ધ્યાન આ બંને વચ્ચે ઝોલાખાતાં ભવદત્તે વર્ષો સુધી ચારિત્ર પાળ્યું. પણ એનું મન તો નાગીલામાં રમતું હતું. કે એ કોડભરી

નાગીલાને મૂકીને આવ્યો છું તો એ બિચારીનું શું થયું હશે? એ બિચારી મારા વિયોગથી ધ્રુસ્કે ને ધ્રુસ્કે રડતી હશે! આમ વર્ષો વીતી ગયા. સમય જતાં મોટાભાઈનું આયુષ્ય પૂર્ણ થયું. તે સમાધિપૂર્વક કાળધર્મ પામીને દેવલોકમાં ગયા. હવે ભવદત્ત છૂટા થયા. ભાઈનું બંધન હતું તે ગયું. તેમની ઉંમર ઘણી થઈ ગઈ હતી. યુવાની વીતવા આવી હતી પણ વાસના સર્વથા વિરમાન હતી. નાગીલા તેના હૃદયથી ક્ષણવાર પણ વિસરાઈ ન હતી. તેથી ઘેર જવાનું મન થયું. ખરેખર કામરાગનું જોર ભલભલાને હેરાન કરે છે. નાગીલા પાસે જવું, એની સાથે સંસાર વ્યવહાર કરવો, અને એના ત્યાગ વખતે એને થયેલું દુઃખ ભૂલાવી દેવું. આવો નિર્ણય કરી સાધુના વેશમાં પોતાના વતન તરફ ચાલી નીકળ્યા.

નાગીલા આર્ય નારી હતી. સતીઓની હારમાં ઊભી રહે તેવી હતી. પતિ પરણીને છોડીને ગયા તેનું દુઃખ તેને લાગ્યું પણ ધીમે ધીમે એ દુઃખ વિસારે પડયું. ઘરકામ અને સાસુ-સસરાની સેવામાં ચિત્તને જોડી દીધું. ને દિવસો જતાં તેનામાં ધર્મભાવના પણ સારી જાગૃત થઈ. એ સમજતી હતી કે માનવ જીવનની મહત્તા ભોગમાં નથી પણ ત્યાગમાં છે....

**નાગીલા પોતાના ચારિત્રમાં ખૂબ દૃઢ છે** :-શીલ અને સદાચાર એ માનવદેહના ઉત્તમોત્તમ ભૂષણ છે. આવી માન્યતાના સંસ્કારો રૂઢ થયા હોય તેવા કુટુંબમાં જીવનારી ઉત્તમ નારીને કદી પણ અવળા માર્ગે ચાલીને ભોગનો આસ્વાદ લેવાની આકાંક્ષા થાય નહિ. પશુના જીવનમાં પણ આહાર ને ભોગ છે. પશુઓ એને માટે અમર્યાદિત રીતે મહેનત કરે છે અને હેરાન થાય છે. માનવી સમજુ ગણાવા છતાં અમર્યાદિત ભોગમાં મશગૂલ રહે તો પશુ કરતાં ખરાબ ગણાય. આ ભવમાં ભયંકર રોગ અને અપયશ આદિ પામે, અને ભવાંતરમાં નરકની પાર વગરની વેદના ભોગવે છે. આવી દૃઢ ધારણા કોઈના ભણાવ્યા વિના અને કોઈ પણ શાસ્ત્રો વાંચ્યા વિના અને કોઈપણ પરીક્ષાઓ પસાર કર્યા વિના જે કુળોમાં અવિચળપણે હોય છે તે કુળો મહાન વિદ્યાલયો કરતાં પણ ઊંચામાં ઊંચી કેળવણી આપનાર કહેવાય. આર્યદેશનું દરેક આર્યકુળ ઉત્તમ સંસ્કારના મહા વિદ્યાલય સમાન હતું, અને આજે પણ જે કંઈ મર્યાદા, ધર્મ-લજ્જા-વિવેક આદિ જે ગુણો ટકયા છે ને ધર્મ તરફ થોડી પણ દૃષ્ટિ થતી હોય તો તે આર્ય-કુટુંબની મહત્તાને કારણે છે. આર્ય જીવનમાં એ વાત વિચારવા જેવી છે કે જેને ચાર ગતિમાં ભમતાં ભમતાં કંટાળો આવ્યો હોય તેને મોક્ષ ગમે, તેને સર્વજ્ઞપ્રણીત ધર્મ ગમે. આમ તો અમને ધર્મ ગમે છે એવું બધા બોલે છે પણ ધર્મ કોને કહેવાય? એ શા માટે ગમે છે? ધર્મ ગમે તેને શું ન ગમવું જોઈએ? એ બધી વાતો ખાસ વિચારીએ ત્યારે ધર્મ કેટલો ગમે છે, તેનું માપ નીકળે. ધર્મ કરતાં સંસાર વધુ ગમે છે એવી મનોદશા હોય તો તેને ફેરવવી જોઈએ.

જેને સંસાર ગમે તેને ભોગ અને ભોગની સામગ્રીમાં આનંદ આવે. જેમ સર્પનું ઝેર ચઢયું હોય તેને કડવો લીમડો પણ મીઠો લાગે. એ રીતે જેને રાગરૂપી સર્પનું ઝેર ચઢયું હોય તેને ભોગના ભયંકર સાધન પણ આદરણીય લાગે છે પણ ગમે તેવા સંયોગોમાં પાપના માર્ગે જવાનું મન ન થાય તેનું નામ ઉચ્ચ કેળવણી છે. આજે ઉચ્ચ કેળવણીના નામે ગમે તેવા પાપમય સંસ્કારો ફેલાવવા અને ધર્મની, કુળની, માતાપિતાની, સદાચારની, પરંપરાની લાજને તોડીને સ્વચ્છંદપણે જીવન જીવવું એ માનવજીવનનો ભયંકર દુરુપયોગ છે.

નાગીલા સાસુ–સસરાની ખૂબ ખંતથી સેવા કરવા લાગી સામાયિક પ્રતિક્રમણ, તપ, વ્રત–નિયમ આદિમાં તેનું મન જોડાયું તેથી નાગીલા યુવાનીના કારમા ઉન્માદને વશ કરી શકી. અને જીવનનો મહામંથન કાળ તેણે સારી રીતે પસાર કરી દીધો. અનુક્રમે સાસુ–સસરા પણ વૃદ્ધ થયા. સુશીલ, અતિ વિનયી તથા શુદ્ધ આશયથી આચરનારી પુત્રવધૂ તેમને મન પુત્ર જેટલી કિંમતી હતી. એની યુવાન અવસ્થામાં પતિ દીક્ષા લઈને ચાલ્યો ગયો અને એને આવું વિધવા જેવું જીવન વીતાવવું પડે છે એ વિચારતાં સાસુ–સસરાને ખૂબ દુઃખ થતું. પણ પુત્રવધૂના શીલ–સદાચાર, લજ્જા, ધર્મ પ્રત્યે તત્પરતા, વડીલો પ્રત્યે બહુમાન આદિ અનેક ગુણો જોતાં તેમને ખૂબ સંતોષ થતો. છેવટે સાસુ–સસરા વૃદ્ધ થયા. તેમની અંતઃકરણપૂર્વક સાચા દિલથી ખૂબ સેવા કરી. છેવટે સુધી તેમને સમાધિ રહે તેવા પ્રયત્નો પણ શકયતા મુજબ કર્યા. સાસુ–સસરા ખૂબ સમાધિપૂર્વક નશ્વર દેહનો ત્યાગ કરીને દેવલોકમાં ગયા. સાસુ–સસરાને ધર્મની આરાધના કરાવી, એમનાં છેલ્લાં કાર્યો બરાબર પતાવીને હવે નાગીલા ધર્મકાર્યમાં વિશેષ લક્ષ આપે છે. ધર્મક્રિયા અને તપશ્ચર્યામાં ખૂબ આગળ વધે છે. તેના જીવનમાં સંતોષ અને શુભ સંસ્કારના બળનો સંચય થતો જાય છે.

**"ભવદત્ત મુનિ સંયમ છોડી નાગીલાના પ્રેમ માટે આવી રહ્યા છે.":–**

ગામના છેડે એક ધર્મશાળા છે. ધર્મશાળામાં એક બાઈ રહે છે. એ બાઈ વૃદ્ધ થવા આવી છે.તેને એક પુત્ર છે. બાઈની ધર્મભાવના ઠીક હતી. નાગીલાને તેની સાથે સખીપણું છે. તે અવારનવાર ધર્મશાળામાં તેની પાસે આવીને બેસે છે. કોઈ વખત વ્યવહારની તો કોઈ વખત ધર્મની વાતો કરીને આનંદપૂર્વક પુરસદનો સમય પસાર કરે છે. આ તરફ દીક્ષાથી કંટાળેલા અને નાગીલાની સાથે સંસાર માંડવાની આકાંક્ષાવાળા ભવદત્ત મુનિના વેશમાં ત્યાં આવે છે. ને ગામના કુવા પાસેથી નીકળે છે. ત્યાં ગામની કેટલીક બાઈઓ પાણી ભરવા માટે આવેલી છે. એમાં નાગીલા પણ છે. મુનિ નાગીલાને ઓળખી શકતા નથી. કારણ કે ઘણાં વર્ષો વીતી ગયા છે. નાની ઉંમરમાં નાગીલાને જોયેલી ને અત્યારે તો આધેડ અવસ્થા છે. એટલે શરીરમાં ઘણો ફેરફાર થઈ ગયો છે. રૂપ અને લાવણ્યની ચમક

પણ ઓછી થઇ ગઇ છે. તે સિવાય તે આયંબિલ, ઉપવાસ ને તેના પારણે નીવી આદિ તપ ખૂબ કરતી હતી. જેથી શરીર સુકાઈ જાય ને રૂપ પણ સુકાઇ જાય તેથી ઓળખાણ ન પડે તે વાત સહજ છે.

ભવદત્તે નાગીલાને પૂછયું કે બહેન! આ ગામમાં ફલાણા શેઠ-શેઠાણી અને તેમના પુત્રની વહુ નાગીલા રહેતા હતાને? ત્યારે નાગીલાને થયું કે મારા કુટુંબની પૂછ-પરછ કરનાર આ સાધુ કોણ હશે? ખૂબ વિચાર કરતા તેને લાગ્યું કે આ તેનો પતિ છે. તેથી વધુ ખાત્રી કરવા માટે નાગીલાએ પૂછયું કે તમે કોણ છો? ત્યારે મુનિએ કહ્યું કે હું નાગીલાનો પતિ ભવદત્ત છું. એ બિચારીને રઝળતી મૂકીને મેં મોટાભાઈની શરમથી દીક્ષા લીધી હતી. આટલાં વર્ષો દીક્ષા પાળી પણ સંયમની સર્વ ક્રિયાઓ કરતાં મને નાગીલાનો નેહ ખૂબ યાદ આવતો. હવે મોટાભાઇ કાળધર્મ પામ્યા તેથી હવે હું ઘરમાં રહી નાગીલાને સુખી કરવા માટે આવ્યો છું. આ વાત સાંભળતાં નાગીલાને આંચકો લાગ્યો. અહો! આટલાં વર્ષો સંયમનું પાલન કર્યા પછી એ સંસારના ભોગમાં લપટાવા આવે છે? એનું ચારિત્રરત્ન ગુમાવીને જતી જિંદગીએ મારું પવિત્ર બ્રહ્મચર્ય લૂંટવા આવી રહ્યો છે. નાગીલાના જીવનમાં બ્રહ્મચર્યની મજા તેના અંતરમાં રમી રહી હતી.

અહો! કયાં શિયળની સુગંધ અને કયાં વિષયનો દુર્ગંધી કીચડ! મેરુ પર્વતના શિખર ઉપર ચઢીને ગંધાતા ખાડામાં પડવાનું મન કોને થાય? ખરેખર, આ મુનિ મોટી ભૂલ કરી રહ્યા છે. તેમનું ઉત્તમ જીવન આરંભ-પરિગ્રહ અને વિષયની ધૂળમાં રગદોળી નાંખવા તૈયાર થયા છે અને સાથે મારું પણ બગાડશે. માટે મારાથી થાય તેટલા પ્રયત્નો કરીને તેમને બચાવી લેવા. એમની ખરાબ વાસનાને દૂર કરાવું. મારા જીવનના સાથીનું મારાથી અધઃપતન કેમ થવા દેવાય? હવે નાગીલા તેનાં પતિને ભોગમાં પડતો અટકાવવા માટે મનમાં શું શું વિચાર કરશે ને તેનું અધઃપતન થતાં કેવી રીતે અટકાવશે તેના ભાવ અવસરે. હવે થોડી વાર અંજના સતીનું ચરિત્ર લઇએ.

**ચરિત્ર:** જીવનના ગાઢ કર્મનો ઉદય થાય છે ત્યારે નિકટના સગા પણ મોઢું ફેરવી નાખે છે. સો સો ભાઇની એક બહેન માતાને કેવી વહાલી હોય! તમારે ત્યાં પાંચ ભાઇઓની એક બહેન હોય તો પણ કેવી વહાલી હોય છે! તે તો તમે જાણો છો ને? અંજના તો એક રાજકુમારી હતી. તેની તો શી વાત કરવી? પણ અત્યારે તેના એવા ગાઢ કર્મનો ઉદય હતો એટલે તેને જોઇને માતાએ તેનો તિરસ્કાર કર્યો. તેની દાસીઓએ પણ તેને ન કહેવાના શબ્દો કહ્યા. એટલે અંજનાને ખૂબ આઘાત લાગ્યો ને તે બેભાન થઇને પડી ગઇ. વસંતમાલા પવન નાંખી તેને ભાનમાં લાવી. અંજના પેલી દાસીઓને કહે છે બહેન! મને ખૂબ તરસ લાગી છે. બાની ઇચ્છા નહિ હોય તો હું ચાલી જઇશ પણ મને એક પ્યાલો પાણી તો આપો. પણી વિના મારી

જીભ ને હોઠ સુકાઇ જાય છે. જીવ ગભરાય છે. ત્યારે દાસીઓ રાણીને કહે છે બા! એ પાણી માગે છે. ત્યારે રાણી કહે છે તેને પાણી પણ પાશો નહિ. જાવ, કહી દો. એનું કાળું મોઢું લઈને ચાલી જાય. આપણે તો એને પાણી નથી આપવું પણ બીજા કોઇને ય પીવડાવવા નહિ દઇએ.

બંધુઓ! અંજનાના કેવા કર્મનો ઉદય છે! દાસીઓ આવીને કહી દે છે કે અહીં તમને પાણીનું ટીપું પણ નહિ મળે. જલદી ચાલ્યા જાવ. માતાને તારા લીધે ખૂબ દુઃખ થાય છે. અંજના કહે માતાને દુઃખ થાય તેવું મારે કરવું નથી. અમે ચાલ્યા જઇએ છીએ. જે માતાની આશા હતી તેના તરફથી પણ આવા કઠોર કાળજુ કંપાવતા શબ્દો સાંભળવા મળ્યા. હવે કયાં જવું? અંજના અને વસંતમાલા ખૂબ રડયા. પાણી વિના કંઠ સૂકાય છે. આંખે અંધારા આવે છે. હવે કયાં જવું તે સમજ પડતી નથી. વસંતમાલા અને અંજના રડતા-કકળતા કયાં જશે ને શું બનશે તેના ભાવ અવસરે.

☆

## વ્યાખ્યાન નં. ૫૧

## તપ મહોત્સવ

**ભાદરવા સુદ ૧૦ ને રવિવાર** **તા. ૧૪-૯-૭૫**

**બા. બ્ર. હર્ષિદાબાઇ મહાસતીજીના ૩૧ ઉપવાસની મહાન તપશ્ચર્યા.**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

રાગ-દ્વેષના વિજેતા અને પરમ માર્ગના પ્રણેતા એવા વીતરાગ પ્રભુએ જગતના જીવોને અનાદિકાળના અંધકારથી મુક્ત કરવાને માટે સિદ્ધાંતની પ્રરૂપણા કરી. આજે આપણે આંગણે તપશ્ચર્યા કરી આત્માને ઓજસ્વી બનાવનાર એવા તપસ્વી બા. બ્ર. પૂ. હર્ષિદાબાઇ મહાસતીજીની ૩૧ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યાનું વાલકેશ્વર સંઘ બહુમાન કરે છે. આજે બા. બ્ર. પૂ. હર્ષિદાબાઇ મહાસતીજીને ૩૦મો ઉપવાસ છે ને ૩૧ કરવાની તેમની ભાવના છે.

તપ એ આત્માને ઉજ્જવળ કરવાનું અમોઘ શસ્ત્ર છે. આત્મા ઉપર રહેલી કર્મની મલિનતા દૂર કરી ઉજ્જવળતા પ્રાપ્ત કરવી હશે તો તપ-ત્યાગની ભઠ્ઠીમાં ઝંપલાવવું પડશે. આ દુનિયામાં તમે દૃષ્ટિ કરશો તો સમજાશે કે દરેક વસ્તુને કસોટીની એરણ ઉપર ચઢવું પડે છે. ત્યારે તે મહાન બની શકે છે. તમે જેને વડું કહો છો ને પ્રેમથી ખાઓ છો તે વડાને પણ અગ્નિ ઉપર ચઢવું પડયું. અગ્નિ-પરીક્ષાએ ચઢયું ત્યારે તે વડું કહેવાયું. ઘડો પણ અગ્નિપરીક્ષામાંથી પસાર થાય છે ત્યારે પનિહારીને માથે ચઢવાનું સૌભાગ્ય તેને પ્રાપ્ત થાય છે. જુવાર કે મકાઇ ભાંડભુંજાની ભઠ્ઠીમાં શેકાઇને

તેની ધાણી બને છે. એટલે તે સફેદાઇને પ્રાપ્ત કરે છે ત્યારે તેની કિંમત થાય છે.

એક કવિએ કલ્પના કરી છે, કે બજારમાં કોલસો રડે છે. કવિ કહે છે હે કોલસા તું શા માટે રડે છે? ત્યારે કોલસો ફરિયાદ કરે છે કે અપમાનિત અને તિરસ્કારભર્યું જીવન મને કંટાળાભર્યું લાગે છે. આવું દુઃખ સહન કરવા કરતાં મરી જવું સારું છે. કવિ કહે છે. તને કંટાળો શા માટે આવે છે? તને શું દુઃખ છે? તારી કહાની મને કહે; ત્યારે કોલસો કહે છે. મારી કથની શું કહું? મને જીવવું ગમતું નથી, કારણ કે મને કોઇ બોલાવતું નથી. કોઇ મને હાથમાં લે કે તરત મને જોરથી નીચે પછાડી દે છે ને મને હાથમાં લેનારના હાથ પણ કાળા થાય છે, ને તેને સાબુથી હાથ સાફ કરવા પડે છે. મને એક સેકંડ વાર પણ કોઈ હાથમાં રાખતું નથી. માણસો મારા રંગને તિરસ્કાર ભરી દૃષ્ટિથી જુએ છે. આવો તિરસ્કાર સહન કરવો તેના કરતાં મરી જવું શ્રેષ્ઠ છે. ત્યારે કવિ કહે છે, જો તારે કાળાશનું કલંક દૂર કરીને ઉજ્જવળતા પ્રાપ્ત કરવી હોય તો હું તને એક ઉપાય બતાવું કે જેથી તારું જીવન સાર્થક બને. એમ કહીને કવિએ કોલસો હાથમાં લીધો ને તે આગળ ચાલ્યા. બજારમાં કંદોઈની દુકાને ભઠ્ઠી સળગતો હતો ત્યાં જઈને કવિએ કોલસાને કહ્યું કે ભયને દૂર કરીને આ ભડભડતી જવાળામાં તું ઝંપલાવી દે તો ઉજ્જવળતા પ્રાપ્ત થશે. કોલસો અગ્નિમાં પ્રાણની આહુતિ આપીને કહે છે કે તમારા વચન ખાતર મારું જીવન બળતી જવાળામાં ઝંપલાવું છું. થોડી વાર થઈ, ત્યાં કોલસાનો રંગ કાળો ફીટીને લાલ થયો. કાળાશ મટીને તેનામાં લાલાશ આવી. તે તરત કૂદીને બહાર પડયો. ત્યારે કવિએ તેને ઊંચકીને પાછો ભઠ્ઠામાં નાંખીને કહ્યું કે જેના સંગ અને સ્પર્શથી કાળાશ દૂર થઈ તેને છોડવું તે વફાદારી નથી. ત્યારે કોલસો કહે છે કે હું અહીં બળી મરું તો મારી રાખ થાય તો મારે નરમાંથી નારી બનવું નથી. થોડા સમયમાં કોલસો બળી ગયો ને તેની રાખ થઈ.

કોલસા કરતાં રાખમાં વધારે ગુણ છે. તે અપેક્ષાએ અહીં રાખની કિંમત વધારે ગણી છે. પહેલાના જમાનામાં શિળસ આદિ નીકળે ત્યારે આખા શરીરે રાખ ચોપડવામાં આવતી હતી ને તે દર્દ મટાડવામાં ઉપયોગી થતી, ચીકણા વાસણને સાફ કરવા માટે પણ રાખનો ઉપયોગ થાય છે. અનાજને સુરક્ષિત રાખવા માટે પણ અનાજને રાખમાં દાબે છે. પોતાના રૂપને ઢાંકી દેવા માટે સન્યાસીઓ તેમના શરીરે રાખ ચોપડી દે છે. જૈન સંતો લોચ કરે છે ત્યારે પણ રાખનો ઉપયોગ કરે છે. આ રીતે સાધુ પુરુષો પણ રાખને મસ્તક ઉપર ચઢાવે છે. જે મસ્તક કોઇને નમે નહિ તેના ઉપર રાખ ચઢે છે. માટે કવિ કહે છે, કે હે કોલસા! તારે ચિંતા કરવાની જરૂર નથી. તારો રંગ કાળો ફીટી ધોળો થયો ને તું માનવને ઉપયોગી બની ગયો. આ સાંભળી કોલસાને આનંદ થયો.

જ્ઞાની પુરુષો કહે છે, કે હે ચેતન! તારે તારા ઉપર ચોંટેલી કર્મની કાલિમાને

દૂર કરવી હોય તો જીવનને તપ રૂપી ત્યાગની અગ્નિની ભઠ્ઠીમાં મૂકી દે. તારી ઉજ્જવળતા ખીલી ઊઠશે. કર્મના મેલથી મલીન બનેલા આત્માને ધોવાને માટે તપ એ તેજાબ છે. જેમને આત્માની ઉજ્જવળતા પ્રગટ કરવાની-લગની લાગી છે તેવા બા. બ્ર. પૂ. હર્ષિદાબાઈ મહાસતીજીએ પણ નાની ઉંમરમાં મહાન ઉગ્ર તપની સાધના કરી તપ રૂપી ભઠ્ઠીમાં કર્મને બાળી ખાખ કરવા તત્પર બન્યા છે. જ્ઞાની કહે છે, કે પુરાણા કર્મોને બાળવા માટે તપની અવશ્ય જરૂર છે. આત્મસાધના કરવાને માટે જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ અને દાન-શિયળ-તપ ને ભાવ; એ બધા માર્ગો બતાવ્યા છે. બંને ચોભંગીમાં તપનો નંબર છે. જ્ઞાનદ્વારા જીવ વસ્તુના સ્વરૂપને જાણી શકે છે. દર્શનથી તેમાં દઢ બને છે. ચારિત્ર દ્વારા નવા આવતાં કર્મોને રોકી શકાય છે ને તપદ્વારા પુરાણા કર્મોને બાળી શકાય છે. ભગવાન મહાવીર સ્વામી તીર્થંકર હતા. નિયમા મોક્ષમાં જવાના હતા છતાં પણ ૧૨॥ વર્ષ સુધી કેવું અઘોર તપ કર્યું! ભગવાને બેમાસી, ચોમાસી, છમાસી તપ કર્યા છે. છઠ્ઠથી તો ઓછું તપ કર્યું નથી. ભગવાનની આટલી તપશ્ચર્યા દરમ્યાનમાં ફક્ત ૩૪૯ પારણાં કર્યા છે. આવું ઉગ્ર તપ, ઉગ્ર સાધના કરીને ઘાતી કર્મોને પ્રજાળીને કેવળજ્ઞાન પામ્યા. એટલે મારે તમને ટૂંકમાં એ સમજાવવું છે કે જીવનમાં તપની, અવશ્ય જરૂર છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં ભગવંત બોલ્યા છે કે:

**जहा महातलायस्स, सन्निरुध्धेजलागमे । उस्सिचणाए तवणाए, कमेणं सोसणाभवे ।।**
**एवंतु संजयस्सावि, पावकम्म निरासवे । भवकोडीसंचियंकम्मं, तवसानिज्जरिज्जई ।।**

ઉત્ત. સૂ. અ. ૩૦ ગાથા

જેમ કોઈ મોટા તળાવમાંથી પાણી ઉલેચીને તેને સૂકવી નાંખવું હોય તો પહેલાં નવા પાણીના પ્રવાહને રોકવો પડશે. નવા પાણીની આવકને રોકીને અંદર રહેલું પાણી ઉલેચવામાં આવે તો તળાવ ખાલી થાય છે. તેવી રીતે આત્મા રૂપી તળાવમાં જે કર્મરૂપી પાણીનો જબ્બર પ્રવાહ આવે છે તેને રોકવા માટે સંયમ રૂપી પાટિયા મારી દો તો નવા કર્મ બંધાતા અટકી જશે ને તપ કરવાથી કરોડો ભવના સંચિત થયેલા કર્મો નિર્જરી જાય છે. આવી સુંદર તપ અને સંયમની સાધના કરવા માટે અમૂલ્ય સમય મળ્યો છે.

ભવરોગને નાબૂદ કરવા માટે તપ અને સંયમ એ અકસીર ટેબ્લેટ છે. આપણા જૈનશાસ્ત્રના અનેક દાખલા છે. સનતકુમાર ચક્રવર્તીના શરીરમાં સોળ સોળ મહારોગો ઉત્પન્ન થયા ત્યારે તેમણે સંયમ અંગીકાર કરીને માસખમણને પારણે માસખમણ એવા ઉગ્ર તપ કર્યા. તેના પરિણામે એવી લબ્ધિ અને શક્તિ પ્રગટ થઈ કે પોતાનું થૂંક લગાડે તો તરત રોગ મટી જાય. પણ એ મહાન પુરુષે દેહના દર્દ મટાડવાની સાથે તપ દ્વારા આત્મિક રોગ મટાડી દીધો. આપણે ત્યાં જેનો અધિકાર ચાલે છે તે અનાથી નિર્ગ્રંથના શરીરે દાહજવરનો રોગ થયો. ઘણાં ઉપાયો કરવા છતાં રોગ ન મટયો ત્યારે

સંયમ લેવાનો નિર્ણય કર્યો ત્યાં એક રાત્રીમાં રોગ આપોઆપ શમી ગયો. તે સિવાય નમી રાજર્ષિના શરીરમાં પણ દાહજવરનો રોગ ઉત્પન્ન થયો. ખૂબ બળતરા થવા લાગી ત્યારે તેમના શરીરે ચંદનનું વિલેપન કરવા માટે તેમની રાણીઓ જાતે ચંદન ઘસવા લાગી. જુઓ, જીવને કેવું નિમિત્ત મળે છે ને તે જાગી જાય છે, રાજાને ઘેર નોકર ચાકરનો તૂટો ન હતો. છતાં રાણીઓ પોતાના પતિની સેવા કરવા માટે જાતે ચંદન ઘસે છે. ૭૦૦ રાણીઓ ચંદન ઘસે એટલે તેમના હાથમાં રહેલા કંકણનો અવાજ થાય તે સ્વાભાવિક છે. આ કંકણના ખખડાટનો અવાજ થયો ત્યારે નમીરાજ પૂછે છે, આટલો બધો અવાજ શેનો થાય છે? તે સમયે પ્રધાન કહે છે આપને માટે આપની મહારાણીઓ ચંદન ઘસે છે. તેમના હાથમાં રહેલા કંકણનો અવાજ થાય છે ત્યારે નમી, રાજર્ષિ કહે છે સૌભાગ્યના ચિહ્ન તરીકે એકેક કંકણ રાખો. મારાથી આ અવાજ સહન થતો નથી.

બંધુઓ! તમે એમ માનો છો કે સંસારના બધા પદાર્થો સુખકર છે. પણ અહીં જ્ઞાનદૃષ્ટિથી જોશો તો તમને સમજાશે કે દુનિયાના દરેક પદાર્થો અમુક વખતે સુખકર લાગે છે ને એ પદાર્થો અમુક સમયે દુઃખકર લાગે છે. રાણીઓના કંકણનો રણકાર એક વખત નમીરાજર્ષિને ખૂબ આનંદકારી લાગતો હતો. કંકણનો અવાજ સાંભળીને તે નાચી ઊઠતા હતા. એ કંકણનો અવાજ શરીરમાં રોગ ઉત્પન્ન થતા દુઃખદાયી લાગ્યો. તમને રેડિયો સાંભળવો ખૂબ ગમતો હોય પણ જ્યારે ચાર ડીગ્રી તાવ હોય ત્યારે કોઈ રેડિયો વગાડે તો ગમે ખરું? "ના." કોઈ વગાડે તો તરત બંધ કરાવી દો અથવા કોઈ અઘટિત બનાવ બન્યાના સમાચાર સાંભળો તો પણ રેડિયાના સૂર સાંભળવા ગમતા નથી. જેને તમે સુખનું સાધન માન્યું હતું તે દુઃખનું સાધન બની ગયું.

નમી રાજર્ષિને પણ કંકણનો અવાજ દુઃખકર લાગ્યો. બધી રાણીઓએ હાથમાં એકેક કંકણ રાખ્યું. પછી ચંદન ઘસાય છે છતાં અવાજ બંધ થઈ ગયો. ત્યારે પૂછે છે કે શું ચંદન ઘસવાનું કામ બંધ થઈ ગયું? ત્યારે કહે છે, ના સાહેબ, કામ તો ચાલુ છે પણ એકેક કંકણ રાખીને ચંદન ઘસે છે. આ સાંભળી નમીરાજને વિચાર આવ્યો કે અહો! હવે કેવી શાંતિ લાગી! જ્યાં એક છે ત્યાં શાંતિ છે, સમાધિ છે ને આનંદ છે. જ્યાં બે છે ત્યાં બગાડ છે, ખખડાટ છે. એમ વિચાર કરી એકત્વ ભાવના ઉપર ચઢી ગયા ને સંયમ લઈને ઉગ્ર તપ કર્યું ને બધો રોગ મટી ગયો.

બંધુઓ! જો તમારે ભવરોગ નાબૂદ કરવો હોય તો તપ અને ત્યાગની ટેબ્લેટ લઈ લો. જે આત્માઓ દેહ અને આત્માને ભિન્ન સમજે છે તે આવા માર્ગે પ્રયાણ કરી શકે છે. દેહમાં વસવા છતાં વિદેહી દશા કેળવે છે તે આવું મહાન તપ કરી શકે છે. દેહનો રાગ છૂટે તો આવું મહાન તપ થાય છે. તેમાં સાધુપણામાં આવું મહાન તપ કરવું ખૂબ કઠિન છે. આપણે ત્યાં ત્રણ ત્રણ મહાસતીજીઓની તપશ્ચર્યા ચાલુ છે. તેઓ

પોતાના સ્વાધ્યાય, ધ્યાન, વાંચન, મનન આદિ ક્રિયાઓમાં મસ્ત રહીને આવી તપ સાધના કરે છે. સાધુ – સાધ્વીનું તપ સમજણપૂર્વકનું હોય છે. આહાર સંજ્ઞાને તોડી અનાહારક દશા પ્રગટ કરવા માટે આ તપ કરવાનું છે. જેઓ આવું તપ કરે છે તે ધન્યવાદને પાત્ર છે.

આ સંસાર રૂપી મહાસાગરને તરવા માટે માનવદેહ રૂપી સુંદર નૌકા મળી છે. શાસ્ત્રમાં કહ્યું છે કે :–

**सरीर माहु नावत्ति, जीवो वुच्चइ नाविओ ।**
**संसारो अण्णवो वुत्तो, जं तरंति महेसिणो ।।**

ઉત્ત. સૂ. અ. ૨૩, ગાથા

આ શરીર રૂપી નૌકા છે. ને આત્મા તેનો નાવિક છે. આ સંસાર રૂપી મોટો સમુદ્ર છે. તે સમુદ્ર મહાન પુરુષો માનવ દેહ રૂપી નૌકા દ્વારા તરી ગયા છે તો આપણે પણ આ નૌકામાં બેસીને તપ-ત્યાગ, વ્રત-નિયમ, દ્વારા સંસાર સમુદ્રને તરી જવો છે. જો આ દેહને તમે ભોગનું સાધન માનીને ભોગ-વિષયમાં મસ્ત બનશો તો આ નૌકા ડૂબી જશે. માટે તે નૌકા ડૂબી ન જાય તેની ખૂબ સાવધાની રાખો. નહિતર પેલા ત્રણ વણિકો જેવી તમારી દશા થશે.

એક ગામમાં ત્રણ વણિક રહેતા હતા. ત્રણેય મોટા વહેપારી હતા. એક વખત તેઓ ત્રણે વહાણ લઈને બહારગામ વહેપાર કરવા માટે ગયા. ઘણાં દિવસ સમુદ્રમાં સુખ રૂપ સફર કરી. એક દિવસ એવો કારમો આવ્યો કે દરિયો તોફાને ચઢયો, ખૂબ પવન ફૂંકાવા લાગ્યો. તેમનું વહાણ આમ તેમ અથડાઈને ભાંગી ગયું ને ત્રણે જણાં દરિયામાં પડયા. તેમનો માલ – સામાન બધું દરિયામાં તણાવા લાગ્યું. નજર સમક્ષ બધું તણાય છે પણ કેવી રીતે બચાવી શકે ? પોતાનો જીવ જોખમમાં હોય ત્યારે બીજું કયાંથી બચાવી શકાય ? તેમનું વહાણ તૂટી ગયું. બધું તણાઈ ગયું પણ પુણ્યયોગે ત્રણેના હાથમાં એકેક પાટિયું આવી ગયું. પાટિયાનાં આધારે તેઓ તરતાં તરતાં ઘણાં દિવસ પછી એક દ્વીપના કિનારે પહોંચ્યા. પણ રહેવું કયાં ? તેની શોધ કરવા લાગ્યા. કિનારા ઉપર ફરતાં ફરતાં તેમણે ત્રણ કોટર જોયા. ત્રણે જણા એકેક કોટરમાં રહેવા લાગ્યા. પણ ખાવું શું ? તેની ચિંતા થવા લાગી, એટલામાં ત્યાં તેમણે ઉંબરીના વૃક્ષો જોયાં. એનાં ઉપર થોડા થોડા ફળો હતા. તેમણે વિચાર કર્યો કે આ ઉંબરીના ફળ ખાઇને આપણે આપણું જીવન ટકાવી શકશું એટલે આ ત્રણે જણા ઉંબરીના ફળ ખાઇને દિવસો પસાર કરવા લાગ્યા.

આ કોટર ઉપર એક ઊંચી ધ્વજા બાંધેલી હતી. જે જોઇને કોઇ મુસાફર બેટ ઉપર આવે તો તેઓને પોતાને ગામ લઇ જાય. આ રીતે રહેતાં ઘણો સમય પસાર થયો. એક દિવસ એક વહાણ તે બેટ ઉપર આવીને ઊભું રહ્યું ને ખલાસીએ લંગર

નાખ્યા. તેમાંથી કેટલાક માણસો નીચે ઊતર્યા અને ત્રણે મિત્રોને કહ્યું કે ચાલો. અમારા વહાણમાં બેસી જાઓ. અમે તમને તમારા ગામ પહોંચાડી દઈશું.

પહેલો વણિક કહે, કે અહીં આવું સરસ કોટર અને આ ઉંબરી વૃક્ષ મૂકીને મારે તો આવવું નથી. કારણ કે કદાચ વહાણ તૂટી જાય તો મરી જઈએ. બીજો વણિક કહે છે મારે આવવું છે. પણ હમણાં શી ઉતાવળ છે? આ ઉંબરી વૃક્ષનાં ફળો થાય તે ખાઈને પછી આવીશ. ત્રીજો વણિક કહે કે હે મારા મહાન ઉપકારીઓ! તમે અહીં આવ્યા તે ઘણું ઉત્તમ થયું. મારે આવવું છે ને હું તૈયાર છું. ચાલો, તમારી સાથે આવું છું. મને મારા સ્થાને પહોંચાડો. આ કોટર અને ઉંબરી વૃક્ષમાં કંઈ મજા નથી.

બંધુઓ! બોલો, તમારો નંબર આમાં કેટલામો છે? તમે કયા પ્રકારના વણિક છો? આ દૃષ્ટાંતમાંથી આપણે તો સાર ગ્રહણ કરવાનો છે. ત્રણ વણિક એ ત્રણ પ્રકારના સંસારી જીવો છે. તે સંસાર સાગરમાં મુસાફરી કરે છે. વચમાં મનુષ્ય જન્મ રૂપી દ્વીપ પ્રાપ્ત થયો છે. ઘર રૂપી કોટરો છે. અને ઉંબરી વૃક્ષ રૂપી સ્ત્રીઓ છે. ને તેનાં ફળ રૂપી સંતાનો છે. વહાણ રૂપી સંયમ છે. તેના મુસાફરો તે સાધુ મુનિરાજો છે. તે સાધુ મુનિરાજો ત્રણ વણિકોને કહે છે, કે ચાલો, અમે તમને સંસાર સમુદ્ર પાર કરાવીએ. તમે સંયમ લઈ લો. ત્યારે પહેલો વણિક કહે છે મોક્ષ કોણે જોયો છે? મારે તો આ મારું ઘર, પત્ની અને બાળકો એ મોક્ષ છે. મારે તમારા મોક્ષમાં આવવું નથી.

બીજો વણિક કહે છે, તમારી વાત સાચી છે. પણ આ અમારું ઘર કેટલું સુંદર છે! આ સૌંદર્યવાન યુવાન સ્ત્રી છે ને છોકરા હજુ નાના છે. છોકરા મોટા થાય તેને પરણાવીએ ને છોકરાને ઘેર છોકરા થાય પછી સંયમ લઈને મોક્ષમાં જઈશું. હમણાં કંઈ ઉતાવળ નથી. ત્યારે ત્રીજો વણિક કહે છે મારે જલદી મોક્ષમાં જવું છે. મને અત્યારે ને અત્યારે દીક્ષા આપો.

દેવાનુપ્રિયો! તમે દૃષ્ટાંતનો સાર સમજી ગયાને? ત્રણ વણિકમાંથી તમે કોને બુદ્ધિશાળી કહેશો? ને કોને મૂર્ખ કહેશો? પહેલો વણિક મોક્ષને માનતો નથી. એટલે તે અભવ્ય જીવ સમજવો ને બીજો કહે છે કે મોક્ષમાં જવું છે. પણ હજુ શી ઉતાવળ છે? એટલે તે ભારેકર્મી જીવ છે. જે લાંબો કાળ સંસારમાં રખડીને પછી મોક્ષે જનારો જીવ સમજવો. ને ત્રીજો વણિક હળુકર્મી જીવ–તે જલદી મોક્ષે જનાર જીવ સમજવો. આ ત્રણ પ્રકારના વણિકમાંથી તમે કયા પ્રકારના વણિક છો, તેનો તમે તમારી જાતે નિર્ણય કરી લેજો. આ સંસાર સાગરમાંથી ઉગારવા માટે સંતો તમને જાગૃત કરે છે કે હે ભવ્ય જીવો! તમે જાગો ને જલદી આ અમારી સંયમની નૌકામાં બેસી જાવ. જો સંયમ ન લઈ શકો તો આજે બ્રહ્મચર્ય મહોત્સવ ઉજવાય છે તેમાં જો તમને ઉત્કૃષ્ટ ભાવ આવે તો તૈયાર થઈ જાવ, મહાન લાભનું કારણ છે. બીજો તપ મહોત્સવ પણ ચાલે છે તેમાં જોડાઈ જાવ. આવો અમૂલ્ય સુવર્ણ સમય ફરીફરીને નહિ મળે.

ગઈકાલનું નાગીલાનું દૃષ્ટાંત યાદ કરીએ. જીવનરથનો સારથિ જો સારો હોય તો પડતાને બચાવે છે. નાગીલાના પતિ ભવદત્તે દીક્ષા લીધી પણ અંતરથી નાગીલાનો નેહ છૂટયો નહિ એટલે પાછો આવ્યો ને નાગીલા વિષે પૃચ્છા કરી. જેને પૃચ્છા કરી તે પોતે નાગીલા હતી. તેણે પતિને ઓળખ્યો ત્યારે મનમાં વિચાર કરવા લાગી કે અહો! એકવાર જે ભોગનો ત્યાગ કર્યો તેનો રાગ કરવો એ શું ડહાપણ કહેવાય?

દેવલોકમાંથી દિવ્ય શરીર અને પરમ જ્યોતિમય સ્થાન છોડીને ભૂંડણી કે કૂતરીના પેટે જન્મ લે એની કેવી દુર્દશા થઈ કહેવાય! તે રીતે સંસારની વિષય-વાસનાને જે જીવો વશ થયા, ચારિત્રથી ભ્રષ્ટ થયા અને પતનના માર્ગે અટવાયા એમનું આ જીવન તો બગડે-પણ ભવિષ્યના અનંતા ભવ બગડે. નરક-તિર્યંચમાં જવું પડે ને ત્યાં ધર્મની સામગ્રી ન મળે ને અનંતો સંસાર વધી જાય. જેને ભવનો ભય હોય તે સંયમ માર્ગ છોડીને સંસારના ફંદામાં ફસાય નહિ. ભોગમાં ફસાવાથી પોતાનો ભવ બગડે છે ને બીજાનો ભવ બગાડે અને અનર્થની પરંપરા વધારી અનેકને કુમાર્ગે દોરે છે. ભોગના ભોગવટામાં જે જીવન જીવાય છે તેના કરતાં પણ વધુ આનંદમય જીવન ભોગના ત્યાગથી જીવી શકાય છે. ભોગોની તૃષ્ણા અજ્ઞાનનું ઘર છે. મોહનો કિલ્લો છે. માયાનું મંદિર છે. પાપોનો ખજાનો છે. ઉન્માદ અને તોફાનનું ઉત્પત્તિસ્થાન છે-પણ જો એને કાબૂમાં રાખવામાં આવે તો માનવ પોતાના અમૂલ્ય જીવનની સાચી કિંમત સમજ્યો કહેવાય. સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારતાં સંસારમાં કાંઈ સાર નથી.

**નાગીલાનો આત્મવિચાર:-** વિષયો તો વિષથી પણ ખરાબ છે. વિષ તો ખાવાથી મારે છે પણ વિષયોનું વિષ તો તેનું ચિંતન કરવા માત્રથી માનવને મારી નાંખે છે. વિષ તો એક ભવ પૂરતું મરણ આપે છે પણ વિષયો તો અનેક ભવમાં મૂંઝવીને મારે છે. મારા જીવનસારથિ ને આવું વિષયોનું વિષ કેમ પીવા દેવાય? તેને ભવસમુદ્રમાં ડૂબવા કેમ દેવાય? સાચવેલી મૂડી સ્નેહીને ભીડ પડે ત્યારે કામ ન આવે તો શું કામની? ગમે તેમ કરીને મારે એમને બચાવવા છે ને શુદ્ધ સંયમમાં સ્થિર કરવા છે. આવા પવિત્ર વિચારો સતી નાગીલાના મનમાં આવ્યા. આ જગ્યાએ જો કોઈ વિષય-વાસનાની લાલચુ સ્ત્રી હોત તો તેના પતિને પતનના પંથે લઈ જાત. ગટરનું બારણું ઉઘડે તો એમાંથી દુર્ગંધ સિવાય બીજું શું બહાર નીકળે? તેમ ભોગાસક્ત જીવોને એને જોઈતું મળી જાય તો તેમાં અટવાઈ જાય ને?

હવે નાગીલા ભવદત્ત મુનિને કહે છે, કે હું નાગીલાને ઓળખું છું. તમે અહીં આવ્યા છો તે વાત હું તેને જણાવીશ. તમે હમણાં અહીં ગામની બહાર ધર્મશાળામાં મુકામ કરો. એમ કહીને ધર્મશાળાનો રસ્તો બતાવ્યો ને પોતે ઘર તરફ ગઈ, ધર્મશાળામાં રહેતી તેની સખી સાથે કંઈક સંકેત કર્યો. મુનિ ધર્મશાળામાં ઊતર્યા. સમય થતાં ગૌચરી

પાણી લઈ આવ્યા. આહાર પાણી કર્યા પછી મુનિ ધર્મશાળાની ઓસરીના એક છેડે બેઠા છે. સામી ઓસરીમાં ધર્મશાળા વાળી બાઈ બેઠી છે. એવામાં નાગીલા પોતાની સખીને મળવા આવી. બંને અરસપરસ વાતો કરે છે. મુનિ તેમની વાતો સાંભળે છે. મનમાં એક રમણતા છે કે ઝટ નાગીલાને મળું ને તેને સુખી કરું.

આ સમયે ધર્મશાળા વાળી બાઈનો છોકરો આવ્યો અને કરેલા સંકેત પ્રમાણે બોલવા લાગ્યો. તે તેની માતાને કહે છે. મા ! એક મોટું ઠામ લાવ. મા કહે છે તારે શું કરવું છે ? છોકરો કહે છે આજે હમણાં મને જમવાનું મળ્યું છે. અત્યારે જમીને આવ્યો ત્યાં વળી બીજું આમંત્રણ મળી ગયું. હવે અત્યારે વોમિટ કરીને એ ભોજન વાસણમાં રાખી લઉં છું ને બીજું જમી લઉં ને સાંજે ખૂબ ભૂખ લાગશે ત્યારે એ વમન કરેલું ખાઈ લઈશ. છોકરાએ એ વમન કરેલું ખાવાની વાત કરી ત્યાં બધાને હસવું આવ્યું અને મુનિ પણ હસીને કહેવા લાગ્યા કે આ છોકરો કેવો મૂર્ખ લાગે છે ! વમેલું ખાવાની ઇચ્છા કોણ કરે ? કાગડા ને કૂતરા હોય તે ? મુનિની વાત સાંભળીને નાગીલા કહે છે હે મુનિરાજ ! વમેલું ખાનાર કૂતરા જેવો મૂર્ખ શિરોમણી કહેવાય એવું તમે જાણો છો છતાં તમે વમેલા સંસાર સુખને મેળવવા શા માટે મહેનત કરો છો ? નાગીલાનો ત્યાગ કર્યા પછી એને મેળવવાની આકાંક્ષા કેમ રાખો છો ! આ બાળક તો અણસમજુ છે. હજુ એને સારાસારનું ભાન નથી. પણ તમે સમજુ થઈને આ શું કરવા આવ્યા છો ? તમે જેને માટે અહીં આવ્યા છો તે નાગીલા હું પોતે છું.

**રત્નચિંતામણી છોડીને, સ્વામી કહું છું સાચ,**
**ઘેલા થઈને ના ગ્રહો, મારી કાયા તે ખોટો કાચ રે....**
**સંયમ કેમ પાળું જી.**

હે સ્વામીનાથ ! આ રત્નચિંતામણી સમાન ઉતમ ચારિત્રરત્નને ફગાવી દઈ ને આ કાચના ટુકડા સમાન ભોગને શા માટે અપનાવો છો ? હાથીની અંબાડી છોડીને ખરની અંબાડી ઉપર શા માટે ચઢો છો ? તમને જે શરીરનો મોહ છે તે શરીરમાં હવે પહેલા જેવાં રૂપ-લાવણ્ય, યૌવન કંઇ રહ્યા નથી. યુવાની ચાર દિવસની ચાંદની જેવી છે. કાયા કાચી માટીના કુંભ જેવી છે. કાચના વાસણ જેવી છે. સહેજ ઠોકર વાગતાં ફૂટી જાય છે. અનેક મેલા પદાર્થોથી આ શરીર ભરેલું છે. મળ-મૂત્રનો ભંડાર, હાડકાં, લોહી, માંસ અને ચરબી આદિ અશુચીનો કોથળો છે. એવા શરીરમાં કંઇ સાર નથી. તમે કહો છો કે વમેલી ચીજને તો કૂતરા અને કાગડા ખાય; તો નાની ઉંમરમાં તમે મને છોડી અને હવે શા માટે આવ્યા છો ? આ સંસારમાં કોણ કોનું છે ? આ શરીર આપણું નથી ત્યાં બીજું કોણ આપણું થઈ શકે તેમ છે ? આટલા વર્ષો આવું ઉત્તમ ચારિત્ર પાળ્યું તો એનું પરિણામ તો આપ કંઇક વિચારો. આ જગતના સુખમાં કંઇ

માલ નથી. એને છોડે તે ફાવે ને વળગે તે ડૂબી જાય એવું છે. મોટાભાઈને ઉપકાર માનો કે તમને અનિચ્છાએ પણ સારા માર્ગે ચઢાવ્યા. સંસારના કારમા કેદખાનામાં પૂરનારા સગા સબંધીઓ તો દરેક ભવમાં મળે છે. પણ તમારા ભાઈ જેવા સાચા ઉપકારી કોણ મળે કે જેમણે તમને યૌવન અવસ્થારૂપી ઘોર અરણ્યમાં ભોગોરૂપી લૂંટારાથી બચાવીને સંયમ ધર્મરૂપી મહારાજાના સુરક્ષિત કિલ્લામાં વાસ કરાવ્યો. આવો ભાઈ તો અનંત ભવમાં કોઈક વાર મળે. આ દુનિયા તો સ્વાર્થી છે. જો કોઈ નિઃસ્વાર્થી હોય તો તે સાધુપુરુષો છે. આ જગતનું કોઈ પણ સુખ સંયમના સુખની તોલે આવી શકતું નથી.

રાગી સદા રોતા રહે છે ને વૈરાગી સાચા સુખને અનુભવે છે. વૈરાગ્યના રાજમહેલ મૂકીને રાગના ભયંકર વેરાન વગડામાં ભટકવું તમને શોભતું નથી. હજુ પણ બરાબર સમજી જાવ. ચિંતામણી રત્નસમાન સાધુ જીવનને બરાબર સંભાળી લો. કરોડપતિઓ અને મહાન સત્તાધીશો કરતાં પણ સાચી નિઃસ્પૃહ દશાવાળા મુનિવરો અત્યંત સુખી છે. માટે તમે બરાબર સમજી લો કે અનંત ભવના પાપને ધોવા અને આત્માની સાચી શાંતિ પ્રાપ્ત કરવા આ ભવ મળ્યો છે. તમે સાચી પ્રગતિના શિખરે ચઢેલા છો. હવે પડવાનો માર્ગ લેવો તે ઉચિત નથી. માટે પાછા સીધાવો ને ગુરુદેવની આજ્ઞાનું પાલન કરીને ઉચ્ચ સાધુજીવન જીવીને તમારું પોતાનું, કુટુંબનું અને જગતનું કલ્યાણ કરો.

**નાગીલાના ઉપદેશથી ભવદત્ત મુનિ સંયમમાં સ્થિર થયા:** નાગીલાના સુંદર બોધવચનો સાંભળીને ભવદત્તનો આત્મા સમજણના ઘરમાં આવ્યો. વિષયોની વાસના ઘટવા માંડી. નાગીલાના હિતવચનો સાંભળી, ચિત્તમાં ઉતારી હવે સંયમ માર્ગમાં રહીને નિર્મળ ચારિત્ર પાળવું એવો મનમાં દઢ નિર્ણય કર્યો. નાગીલાને કહે છે કે આજે તેં મારી આંખ ઉઘાડીને ખરો સ્નેહભાવ દર્શાવ્યો છે. આવા શ્રેષ્ઠ જીવનસાથી જેને મળે તેમનું કલ્યાણ થાઓ. હવે મારે સંસારમાં આવવું નથી. તારું કલ્યાણ થાઓ. દુર્ગતિમાં પડતો મને બચાવ્યો છે. આત્માનું સાચું હિત બતાવ્યું. હવે હું અહીંથી વિહાર કરીને જઈશ પણ અહીં આવ્યો છું તો એક વાર બીજા સગા સ્નેહીઓને મળીને જાઉં. નાગીલાએ વિચાર્યું કે આ પણ ખોટું કહેવાય. કારણ કે સગાં-સ્નેહી બધાં કંઈ સરખા વિચારના ન હોય. કોઈ સંસારમાં રહેવાની સલાહ આપે તો આમનું મન પીગળી જાય ને સંસારમાં પડી જાય તો? કારણ કે આ જગતમાં ત્યાગ-વૈરાગ્યના માર્ગે ચઢાવનારા અને ત્યાગમાં સ્થિર કરનારા બહુ ઓછા અને અસ્થિર બનાવી નીચે ઉતારનારા સાધનો ઘણાં છે. જ્યાં સુધી આત્મા દઢ ન બને ત્યાં સુધી તેને સારા માણસોના સંગમાં રહેવાની જરૂર છે અને અવળી સલાહ આપનારથી દૂર રહેવાની જરૂર છે. આ રીતે વિચાર કરીને નાગીલા કહે છે, કે તમે સર્વ જીવોનું હિત

કરવા માટે સફળ સંસાર તજીને આવું ઉત્તમ ચારિત્ર અંગીકાર કર્યું. હવે તમારે સગા-સબંધીઓને મળવાની શી જરૂર છે? તેમને મળવાથી તમને શું લાભ છે? તમારા માટે તો સર્વ બંધન સમાનં છે. ભવના બંધન છોડાવે તે બાંધવ. પણ બંધન વધારે તેવા બાંધવોને મળવામાં નુકશાન થવાનો સંભવ છે, માટે આવા ભયના સ્થાનોથી દૂર રહેવું જોઈએ.

નાગીલાની આ વાત પણ ભવદત્ત મુનિને યોગ્ય લાગી. એટલે ગામમાં ન ગયા. નાગીલાનો મહાન ઉપકાર માનતા ત્યાંથી રવાના થઈ ગયા. આ રીતે જીવન સાથીને સાચા માર્ગમાં મક્કમ બનાવીને મોકલ્યા બાદ નાગીલાએ પણ સંયમનો સ્વીકાર કર્યો.

બંધુઓ! આત્માના ઉદ્ધારની સાચી દિશા સાચા વૈરાગ્ય અને પૂરા ત્યાગથી પામી શકાય છે. આજે દુનિયા જીવનસાથીની વાતો ખૂબ કરે છે. તેની ચિંતા કરે છે પણ પરમ કલ્યાણના માર્ગમાં પ્રેરણા કરે, તેમાં સહાયક બને પછી ઉત્સાહ વધારે ને પડતા હોય તેને અટકાવે એવો જીવનસાથી મળે તો જીવન ધન્ય બની જાય. માનવ ભવ સફળ થાય ને ભવપરંપરાની મજબૂત સાંકળ તૂટી જાય. નાગીલાએ પોતે સંયમ લઇ શુદ્ધ ચારિત્ર પાળીને પોતાના આત્માને તાર્યો. ભવદત્ત મુનિ પોતાના સમુદાયમાં ગયા ને ત્યાં જઇને સર્વ પ્રથમ તો દોષોનું પ્રાયશ્ચિત કર્યું. આત્માને નિઃશલ્ય ને સ્વચ્છ બનાવ ને શુદ્ધ ચારિત્ર પાળ્યું. છેવટે સમાધિપૂર્વક કાળધર્મ પામી દેવલોકમાં ગયા. એ ભવદત્ત મુનિવર પાંચમા ભવમાં જંબુકુમાર થયા. જેઓ આ અવસર્પિણીકાળમાં છેલ્લા કેવળી થયા.

દેવાનુપ્રિયો! આપણો આત્મા અનાદિકાળથી કર્મના બંધને બંધાયેલો છે. તેમાંથી મુક્ત બનવા માટે તપ અને ત્યાગનો માર્ગ શ્રેષ્ઠ છે. તમે ઉપરના દૃષ્ટાંતમાં પણ સાંભળી ગયા ને કે તપ-ત્યાગ કરવાથી આત્મા તરી ગયો. જે સમયે જે પ્રસંગ હોય તેની શરણાઇ વાગે છે. દીક્ષા હોય તો દીક્ષાની ને તપ હોય તો તપની શરણાઇ વાગે છે ને યુદ્ધમાં જવાનું હોય ત્યારે રણસંગ્રામમાં જવાની ભેરીઓ વાગે છે. રણશિંગા ફૂંકાય છે. એ રણશિંગાના નાદે ક્ષત્રિયના બચ્ચા સૂતા હોય તો બેઠા થઈ જાય. બેઠા હોય તો ઊભા થઇ જાય ને ઊભા હોય તો ચાલવા લાગે છે. તેમ આપણો આત્મા પણ કર્મ મેદાનમાં જંગ ખેલવામાં શૂરવીર છે રાજપૂત કદી દુશ્મન સામે લડવામાં પાછી પાની ન કરે પણ મોખરે રહીને યુદ્ધ કરે છે. તેમ આપણો આત્મા પણ જ્યારે જાગશે ત્યારે કર્મ ખપાવવામાં સ્હેજ પણ પાછી પાની નહિ કરે. અડગપણે ઊભો રહીને કર્મ સામે જંગ ખેલશે.

આપણા ઉગ્ર તપસ્વી બા. બ્ર. પૂ. હર્ષિદાબાઇ મહાસતીજી તથા બા. બ્ર. શોભનાબાઇ મહાસતીજી કર્મની સાથે જંગ ખેલી રહ્યા. છે.

જેમની અસીમ કૃપાથી અમારું શાસન ચાલે છે તેવા સ્વ. મહાન આચાર્ય, ગચ્છાધિપતિ, બા. બ્ર. પૂ. ગુરુદેવ શ્રી રત્નચંદ્રજી મહારાજ સાહેબની આવતી કાલે પુણ્યતિથિ

છે તો આપ સહુ સારી સંખ્યામાં લાભ લેશો. હવે જાગેલા વીરોને બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા આપવામાં આવે છે.

☆

## વ્યાખ્યાન નં. પર

**ભાદરવા સુદ ૧૧ ને સોમવાર** **તા. ૧૫-૯-૭૫.**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંત ઉપકારી, આગમના આખ્યાતા અને વિશ્વમાં વિખ્યાતા એવા પરમ પિતા પ્રભુની શાશ્વતી વાણી તેનું નામ સિદ્ધાંત. એ પ્રભુની વાણી કેવી છે? હે નાથ! તારી વાણી ભવસાગરને પાર કરવાને માટે સેતુ સમાન છે. સૂર્યનાં કિરણો હિમગિરિને અડતાં હિમ ઓગળી જાય છે તે પ્રમાણે આપની વાણીના કિરણો વડે ભવ્ય જીવોના આત્મા ઉપર રહેલો મિથ્યાત્વનો ગાઢ અંધકાર ઓગળી જાય છે. સમ્યકત્વનું પુષ્પ ખીલી ઊઠે છે. આપની વાણી વેદનાને શાંત કરે છે, અંતરની વીણાના તાર ઝણઝણાવે છે અને શાશ્વત એવા મોક્ષના સુખને આપે છે. હૃદયમાં શ્રદ્ધા, સ્નેહ, અને ભવ્ય ભાવનાઓ ભરે છે અને ભવની પરંપરાને ઘટાડવાનું ભાન કરાવે છે.

બંધુઓ! આ ભવની પરંપરા ક્યારે ઘટે? અનાદિકાળથી જીવ કાયા, કુટુંબ, કંચન, અને કામિની એ ચાર કકાર કંપનીના મોહમાં પડીને પોતાના સ્વરૂપને ભૂલી ગયો છે, કે હું કોણ છું? તેનું ભાન કરાવતાં જ્ઞાની કહે છે કે તારો આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. અખંડ આનંદમય છે. જ્ઞાનનો કંદ છે. પોતાના આવા પારમાર્થિક સ્વરૂપને પોતે અનાદિ કાળથી ભૂલી ગયો છે. તેનું મુખ્ય કારણ આત્મા ઉપર મોહરૂપી મદિરાનું ઘેન છે. અને અજ્ઞાનનો પ્રભાવ છે. ક્રમે ક્રમે કાળનો પરિપાક થાય ત્યારે જીવ ચરમાવર્તમાં આવે છે. ત્યાર બાદ પણ કર્મની લઘુતા થાય ને મોહનીય કર્મનું જોર નબળું પડે ત્યારે બહિરાત્મ દશા ટળે છે.

બહિરાત્મ દશા એ મિથ્યાત્વની ભૂમિકા છે અને મિથ્યાત્વ એ સઘળા પાપોનો બાપ છે. મિથ્યાત્વ કહો કે અજ્ઞાન કહો એ સઘળા પાપનું મૂળ છે. તેના જેવું બીજું કોઈ પાપ નથી. જીવનું અહિત કરનાર તેના જેવો બીજો કોઈ શત્રુ નથી. દેવ-ગુરુની પરમભકિત, તપ અને સંયમ, વ્રત-નિયમ આદિ ધર્મક્રિયાઓ કરવાથી તેમજ જિનવાણીનું શ્રવણ કરી તેના ઉપર વિચારણા કરવાથી, દર્શન મોહનીય કર્મનો ક્ષયોપશમ થતાં બહિરાત્મ દશાનો ત્યાગ થાય છે ને અંતરાત્મ દશા પ્રગટ થાય છે. અંતરાત્મ દશાને પામેલો આત્મા એમ વિચાર કરે છે કે શરીરનો સ્વભાવ જુદો છે ને મારો સ્વભાવ પણ જુદો છે. શરીર પુદ્દગલ છે ને હું ચેતન છું. શરીર જડ છે ને હું જ્ઞાન સ્વરૂપી જાણનાર છું. શરીર નાશવંત છે ને હું શાશ્વત છું. શરીરનો જન્મ છે, તે જરા અને મરણને

આધીન થનારું છે. જ્યારે મારો તો કયારે પણ જન્મ નથી, જરા નથી. કે મારું મરણ નથી. હું ચેતન અજર-અમર છું. ભૂતકાળમાં હતો. ભવિષ્ય-કાળમાં સદા રહેવાનો છું. ચૌદ રાજલોક રૂપી વિરાટ વિશ્વમાં કયાંક ને કયાંક તો હતો. કોઇ કાળ એવો નથી કે જેમાં આત્મા ન હોય.

આ શરીર દેવળ છે તો અંદર બિરાજેલો ચેતન દેવ છે. શરીરને મકાન કહો તો આત્મા મકાનમાલિક છે. શરીરને રથ કહો તો એ રથને ચલાવનારો આત્મા સારથિ છે. શરીરને નૌકા કહો તો એ નૌકાને ભવસાગરમાં ચલાવનાર આત્મા તેનો નાવિક છે. આ રીતે શરીરથી ભેદભાવના અને આત્મામાં આત્મભાવના એ મોહને મારવાનું મુખ્ય શસ્ત્ર છે. શરીરમાં આત્મબુદ્ધિ એ મોહરાજાનું મુખ્ય શસ્ત્ર છે ને ચૈતન્ય સ્વરૂપી આત્મદૃષ્ટિ એ ધર્મરાજાનું મુખ્ય શસ્ત્ર છે. ચૈતન્યમય નિજસ્વરૂપમાં પોતાપણાની ભાવનાથી ભવની પરંપરા ઘટતી જાય છે. આ રીતે આત્મભાવનામાં રહેતા અવિદ્યા–અજ્ઞાન ટળે, મોહ મડદા જેવો બની જાય અને આત્મભાવના વધે છે. આત્મદેવની પીછાણ કરાવનાર, આધ્યાત્મિક ઐશ્વર્યનો નિધિ પ્રાપ્ત કરાવનાર જો કોઇ હોય તો પરમાત્માની વાણી છે.

પરમાત્માની વાણીનું શ્રવણ ને મનન કરવાથી કાયા ઉપરથી રાગ હટી જાય છે ને કાયાને માત્ર ભવસાગર તરવાનું સાધન માનીને તેનું જતન કરે છે. બાકી સંસારનો મોહ રહેતો નથી. જલદી જલદી સંસાર સાગર તરવો હોય તો ઉપર કહી ગયા તેમ ભવની પરંપરા ઘટાડવા માટે પ્રબળ પુરુષાર્થ કરો. ક્રોધ–માન–માયા–લોભ, રાગ અને દ્વેષાદિ કષાયોને જડમૂળમાંથી નાબૂદ કરી સમભાવમાં આવો. જેટલી જીવોને સંસાર પ્રત્યેની લગની છે તેટલી આત્મા પ્રત્યેની નથી. જુઓ, ઈન્કમટેક્ષના વકીલની તમારે સલાહ લેવી છે. તેથી તમને કહ્યું કે કાલે છ વાગે આવજો. બોલો છ વાગ્યા પહેલાં પહોંચી જાવને? પણ ઉપાશ્રયમાં સવારે છ વાગે પ્રાર્થનામાં આવવાનું કહીએ તો આવો ખરા? (હસાહસ). ત્યાં તો એમ કહો છો કે અમે સંસારી જીવો છીએ. યાદ રાખો. સંતો તમને કંઈ કહેવાના નથી. પણ એટલું જરૂર સમજી લેજો કે એક વખત આત્મા તરફની લગની લગાડયા વિના તમારો છૂટકારો થવાનો નથી. જેને આત્મા તરફની લગની લાગી છે તે જીવો સરળતાથી સમજી જાય છે. પણ જેને આત્મતત્ત્વની રુચિ નથી તેમને વારંવાર ટકોર કરવી પડે છે.

આ જગતમાં ચાર પ્રકારના જીવો છે. કોઇ જીવો ઢોલ-નગારા જેવા છે. તો કોઇ જીવો મંજીરા જેવા છે. કોઈ જીવો વાંસળી જેવા તો કોઇ સિતાર જેવા છે.

ઢોલ ઉપર સહેજ હાથ પડે તો અંદરથી તેનો ધીમો અવાજ નીકળે. પણ જો તેના ઉપર જોરથી થપાટ વાગે તો તેનો જોરથી અવાજ સંભળાય છે. તેવી રીતે ઘણાં જીવો એવા હોય છે કે સુખમાં એને ધર્મનું નામ પણ ગમતું નથી. સંતો કહી કહીને

થાક્યા પણ ભાઇસાહેબના ઉપાશ્રયમાં પગલા થયા નહિ પણ જ્યારે દુઃખની થપાટ લાગે ત્યારે તેને ભગવાનનું નામ યાદ આવે છે.

**મુશ્કેલી જ્યારે પડે ત્યારે હું તને યાદ કરું છું,**
**મુડી થાયે એ પૈસાની થઈ જાઉં ત્યાં હું અભિમાની,**
**જ્યારે ખાવાના સાંસા પડે ત્યારે હું તને યાદ કરું છું...મુશ્કેલી.**

જ્યારે ધંધામાં ખોટ ગઇ ને પેઢી ડૂબી ગઇ ત્યારે એને ધર્મ યાદ આવે છે, પણ વૈભવ વિલાસના વાયરા વાતા હતા ત્યારે ભગવાનને યાદ કર્યા છે? આવા પ્રકારના જીવો ઢોલ જેવા છે.

બીજા પ્રકારના જીવો મંજીરા જેવા છે. એક મંજીરાનો સૂર ન નીકળે. બે મંજીરા ભેગા થાય ત્યારે અવાજ નીકળે છે. એ રીતે ઘણાં માણસો એવાં હોય છે કે એક બીજાની સાથે હરીફાઇમાં ઊતરે ત્યારે ધર્મ કરે છે. હમણાં પર્યુષણમાં ઘણાં ભાઇ-બહેનો એક બીજાને કહેતા હતાં કે તમે અઠ્ઠાઈ કરો તો અમે કરીએ. ઘણી વખત દાનમાં પણ હરીફાઇ હોય છે કે અમુક વ્યક્તિ આટલા રૂપિયા આપે તો મારે આપવા. આ રીતે હરીફાઇમાં માણસ સંપત્તિનો સદ્વ્યય કરે છે. ને આ રીતે ચડસાચડસીમાં ધર્મ પણ કરે છે.

દશાર્ણભદ્ર રાજા ભગવાનને વાંદવા જાય છે ત્યારે ઠાઠમાઠથી અભિમાન પૂર્વક વાંદવા જાય છે. તે વખતે ઇન્દ્ર પણ જાય છે ને રાજાનો અભિમાન ઉતરાવવા પોતે વિચાર કરે છે. કે અભિમાનથી તે દર્શનનો મહાન લાભ લૂંટાવી દેશે. તો એનો અહં ઓગાળીને સાચું ભાન કરાવું, જ્યાં આત્માનો લાભ મેળવાનો છે ને કર્મની ભેખડો તોડવાની છે ત્યાં આવો અહં ભાવ શા માટે હોવો જોઈએ? આત્મામાં નમ્રતાનો ગુણ હોય ત્યારે વંદન કરવાનો ભાવ આવે છે. ધર્મક્રિયાના ઉત્તમ ભાવને નહિ સમજનારા અજ્ઞાની જીવો કર્મના બંધનો તોડવાને બદલે કર્મનું બંધન કરે છે. ઈન્દ્ર મહારાજા વિચાર કરે છે કે પ્રભુના દર્શન કરતાં કર્મની નિર્જરા થાય અહં ઓગળી જાય તેના બદલે રાજા તો અભિમાન લઇને જાય છે. ને કર્મબંધન કરે છે. તો એનો અહં હું ઓગાળી નાંખું, એટલે ઇન્દ્ર મહારાજે પોતાની વૈક્રય લબ્ધિથી ૫૧૨ હાથી વિકુર્વ્યા. એકેક હાથીને આઠ આઠ દંતશૂળ એકેક દંતશૂળ પર લાખ લાખ પાંખડીનું પદ્મકમળ અને તેમાં ઈન્દ્ર મહારાજાનું સિંહાસન છે ઇન્દ્ર મહારાજાની સામે તેમની ઇન્દ્રાણીઓ બેઠી છે ને તેમની સામે અપ્સરાઓ નાટક કરી રહી છે. આવું સુંદર દૃશ્ય ખડું કર્યું. એક બાજુથી ઇન્દ્ર મહારાજા આવે છે ને બીજી બાજુથી દશાર્ણભદ્ર રાજા! બંને પોતપોતાની ઋદ્ધિ સહિત પ્રભુના સમોસરણનાં દરવાજા નજીક ભેગા થઈ ગયા.

દશાર્ણભદ્ર રાજાએ ઇન્દ્રની ઋદ્ધિ જોઈ. તેમના મનમાં થયું કે અહો! હું એમ

માનતો હતો કે મારા જેવા ઠાઠમાઠથી પ્રભુને વંદન કરનાર ભક્ત કોઈ નહિ હોય! પણ આની આગળ મારો ઠઠારો તો કંઈ નથી. આ તો મારાથી મહાન લાગે છે. બંને જણા પોતાના હાથી ઉપરથી નીચે ઉતર્યા. ને સમોસરણના દરવાજામાં પ્રવેશ કરે છે. તે સમયે ઈન્દ્રે ધીમે રહીને રાજાને કહ્યું–તમે તમારી ઋદ્ધિ દેખાડો. તમારી પાસે કેટલી ઋદ્ધિ છે? ઇન્દ્રની પાસે જે હતું તે રાજા પાસે ન હતું એટલે રાજાનું મુખ ઝાંખું પડી ગયું. ત્યારે ઇન્દ્ર કહે છે કે તારા કરતાં તો અનેક ગણી ઋદ્ધિ મારી પાસે છે. અમે ધારીએ તે કરી શકીએ છીએ.

દેવાનુપ્રિયો! સમકિત દૃષ્ટિ દેવો દેવલોકના વૈભવમાં વસે છે છતાં એના દિલમાં ભગવાન પ્રત્યે કોઈ અનોખું સ્થાન હોય છે. સમકિત દેવો પ્રભુની વાણી સાંભળવામાં તલ્લીન બની જાય છે. અત્યારે ભરત ક્ષેત્રમાં તીર્થંકર ભગવંત હયાત નથી. એટલે દેવો મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર સ્વામીની દેશના સાંભળવા જાય છે. એક પ્રહર સુધી દેશના સાંભળીને આવ્યા પછી તેની ચર્ચાવિચારણા કરે છે. દ્રવ્ય, નય નિક્ષેપાનું ચિંતન મનન કરે તેમાં સાગરોપમના સાગરોપમ ચાલ્યા જાય તો પણ ખબર ન પડે. સમકિત દૃષ્ટિની કેવી સરસ લહેજત હોય છે! એનો સ્વાદ ચાખે તે જાણે.

દશાર્ણભદ્ર રાજાને ઇન્દ્ર મહારાજાએ ટકોર કરી. રાજા સમજી ગયા કે આ ઇન્દ્ર જાળ છે. હું ગમે તેટલું કરું તો પણ ઇન્દ્રની તોલે નહિ આવી શકું. પણ મનમાં ચોટ લાગી ગઈ. બંધુઓ! જાતિવંત ઘોડાને ચાબૂક બતાવવાની હોય, મારવાની ન હોય. તે રીતે તેજી મનુષ્યને ટકોરની જરૂર છે. **"તેજીને ટકોરો ને ગધેડાને ડફણાં"** ડફણાંનો માર ગધેડા ખાય, ઘોડા નહિ. હવે તમે કોના જેવા છો તેનો તમે વિચાર કરી લેજો.

ઈન્દ્ર મહારાજા અને દશાર્ણભદ્ર રાજા બંને પ્રભુની વાણી સાંભળવા બેઠા. ભગવાનની અમૃતમય વાણીનો વરસાદ વરસે છે. સાંભળતા ભવ્ય જીવોના હૈયાં હરખાય છે. દશાર્ણભદ્ર રાજા વિચાર કરે છે કે મને ઇન્દ્રે કહ્યું કે તારી ઋદ્ધિ બતાવ. તો હું એવું શું એને બતાવું? એના જેવી ઋદ્ધિ મારી પાસે થોડી છે? બીજી ક્ષણે વિચાર થયો કે એક અપેક્ષાએ જોઉં તો મારી પાસે જે છે તે તેની પાસે નથી. ને બીજી અપેક્ષાએ એની પાસે જે છે તે મારી પાસે નથી. ભૌતિક ઋદ્ધિ એની પાસે છે તો આત્મિક ઋદ્ધિ મારી પાસે છે. દેવો અવિરતિ અને અપચ્ચખાણી હોય છે. હું જો દીક્ષા લઉં તો એ દીક્ષા લેવાને સમર્થ નથી. એ રીતે હું એનાથી ચઢિયાતો છું. તે તરત ઊભા થઈ ગયા ને પ્રભુની પાસે દીક્ષા લઈ લીધી. જ્યાં દીક્ષા લીધી ત્યાં તરત ઇન્દ્ર તેમના ચરણમાં પડયો. અહો રાજન્! ધન્ય છે તમને! આવ્યા હતાં દર્શન કરવા ને લઈ લીધી દીક્ષા. તમે જે કરી શકયા તે હું નહિ કરી શકું.

**દશાર્ણભદ્ર રાજા, વીર વાંદ્યા ધરી માન,**
**પછી ઈન્દ્ર હટાયો, દીયો છકાય અભયદાન.**

ત્રીજા પ્રકારના જીવો વાંસળી જેવા છે. સૂર ક્યારે સંભળાય? મોઢામાં પવન ભરીને ફૂંક મારો તો વાંસળી વાગે છે. તે રીતે કંઈક જીવો એવા છે કે તેમને પુલાવો, થોડું માન આપો તો ધર્મ કરે. સંઘના અગ્રેસરોને કોઈની પાસેથી પૈસા કઢાવવા હોય તો પહેલાં એને પુલાવે છે ને પછી પૈસા કઢાવે છે. આવા જીવોને પુલાવે એટલે વધુ ધર્મારાધના કરે. તે ત્રીજા નંબરના જીવો છે.

ચોથા પ્રકારના જીવો સિતાર જેવા છે. સિતારને સ્હેજ આંગળી અડે તો એમાંથી મધુર સૂરની સરગમ છૂટે. ને સિતાર સાંભળનાર સ્તબ્ધ બની જાય. તે રીતે કેટલાક જીવો એવા હોય છે કે તેને કોઇ સ્હેજ આંગળી ચીંધે કે તરત ઊભા થઇ જાય. આગળ આપણે કહી ગયા ને કે તેજીને ટકોરો હોય. તેમ સિતાર જેવા જીવોને કહેવાપણું હોય નહિ. સંતો બ્રહ્મચર્યનો ઉપદેશ આપે કે તરત ઊભા થઇ જાય.

બંધુઓ! ધર્મ પોતાના આત્મા માટે કરવાનો છે. તેમાં વાહાવાહી કે દેખાદેખી ન હોય. આ તો દુનિયામાં કેવા કેવા પ્રકારના જીવો હોય છે તેનું વિભાજન કર્યું છે. હવે આ ચાર પ્રકારના જીવોમાંથી તમારો નંબર કયા પ્રકારમાં છે તે તમે વિચાર કરી લેજો.

આજે અમારા તારણહાર, પરમ શ્રધ્ધેય, વિશ્વની વિરલ વિભૂતિ, જૈન શાસનના શિરતાજ સ્વ. **આચાર્ય, ગચ્છાધિપતિ, બા. બ્ર. પૂ. રત્નચંદ્રજી મહારાજ સાહેબની ૨૭ મી પુણ્યતિથિનો પવિત્ર દિવસ છે.**

આજે એ મહાન ઉપકારી પૂ. ગુરુદેવના જીવનમાં રહેલા ગુણોનું આપણે સ્મરણ કરવાનું છે. અમારા ગુરૂદેવ જ્ઞાતિના ક્ષત્રિય હતા. તેમને-તમારી જેમ વારસાગત જૈન ધર્મ મળ્યો ન હતો. દુનિયામાં પાણીમાં તો સૌ વહાણ ચલાવે તેની કોઇ વિશેષતા નથી. પણ જે રેતીમાં વહાણ ચલાવે તેની વિશેષતા છે. તેમ આજે તમને પારણામાંથી જૈન ધર્મના સંસ્કારોનું સિંચન મળ્યું છે. જ્યારે પૂ. ગુરૂદેવને આવી રીતે પ્રથમથી જૈન ધર્મ મળ્યો ન હતો.

પૂ. ગુરૂદેવની પવિત્ર જન્મભૂમિ સાબરમતી નદીના કિનારે ખંભાત તાલુકામાં આવેલ ગલીયાણા ગામ છે. ગલીયાણામાં વસતા જેતાભાઈ ક્ષત્રિયને ત્યાં રત્નકુક્ષી માતા જયાકુંવર બહેનની કુક્ષીએ પૂજ્ય ગુરૂદેવનો જન્મ થયો હતો. ખરેખર! આ દુનિયામાં રત્નને જન્મ દેનાર બે છે: એક પૃથ્વીમાતા અને બીજી જન્મદાત્રી માતા. પવિત્ર માતાની રત્નકુક્ષીએ જન્મેલા રત્નની કિંમત અમૂલ્ય હોય છે. જે માતાની કૂખે પવિત્ર મહાન પુરૂષો જન્મે છે તે જીવનમાં એવા મહાન કાર્યો કરે છે કે જેની કીર્તિનો કળશ દુનિયાના મસ્તકે ચઢે છે ને યુગના યુગ સુધી તેમની કીર્તિ અવિચળ રહે છે.

છીપમાં જેમ અમૂલ્ય મોતી પાકે છે તેમ જયાકુંવર માતાની કુક્ષીએ અમૂલ્ય રત્ન પાક્યું. છીપ કંઇ મોતીને જન્મ આપતું નથી પણ ત્રણ વસ્તુનો સંગમ થાય ત્યારે મોતી

પાકે છે. સ્વાતિ નક્ષત્ર, બીજું વરસાદ હોય ને ત્રીજું છીપ મોઢું ખુલ્લુ રાખે. તે સમયે જો સ્વાતિ નક્ષત્રના વરસાદનું બિંદુ છીપના મોઢામાં પડે તો સાચું મોતી પાકે છે. મહત્ત્વ આ લાખેણી પળનું છે. છીપનું નહિ. આવા પવિત્ર જેતાભાઇ પિતાને ત્યાં જયાકુંવર બહેન માતાની કૂખે ગઢીયાણા ગામની પવિત્ર હરિયાળી ભૂમિમાં કારતક સુદ ૧૧ ના દિવસે પૂ. ગુરૂદેવનો જન્મ થયો હતો. તેમનું નામ રવાભાઇ પાડવામાં આવ્યું હતું. 'રવ' શબ્દનો અર્થ સંસ્કૃતમાં 'અવાજ' થાય છે. બાલપણથી એમના આત્માનો એક અવાજ હતો કે સુખ ત્યાગમાં છે ભોગમાં નથી. દુનિયામાં સેંકડો માતાઓ સેંકડો પુત્રોને જન્મ આપે છે પણ આવા પવિત્ર પુત્રને જન્મ આપનારી માતા કોઇક હોય છે.

**स्त्रीणां शतानि शतशो जनयन्ति पुत्रान्, नान्यासुतं त्वदुपमं जननी प्रसूता ।**
**सर्वादिशोदधति भानि सहस्त्ररश्मि, प्राच्चेव दिग्जनयति स्फुरदंशुजालम् ॥२२॥**

સૂર્યને જન્મ દેનાર માત્ર એક પૂર્વ દિશા છે. તેમ અનેક પુત્રોને જન્મ આપનાર માતા ઘણી છે. પણ આવા રત્ન સમાન પુત્રને જન્મ દેનાર માતા કોઇક છે. જે ભૂમિમાં આવા રત્નો જન્મે છે તે ભૂમિ પણ પાવન બની જાય છે. તેઓ બે ભાઇ અને એક બહેન હતા. તેમને જમીનજાગીર ઘણી સારી હતી. માતા-પિતા બચપણમાં ત્રણ ફૂલ જેવા સંતાનોને છોડીને પરલોકવાસી થઇ ગયા. આ સંસાર કેવો અસ્થિર છે! જ્યાં સંયોગ ત્યાં વિયોગ રહેલો છે. રવાભાઇ મોટા હતા. બીજા ભાઈ અને બહેન નાના હતા. કાકા-કાકીએ તેમને મોટા કર્યા. રવાભાઇ બાર વર્ષના થયા ત્યારે કુટુંબની સારી જવાબદારી તેમના શિરે આવી પડી. ચોમાસામાં ખેતરમાં વાવણી કરવી પડે તે માટે તેમને માણસોની જરૂર પડતી. એ કાર્ય માટે રવાભાઇને અવારનવાર વટામણ જવું પડતું હતું. વૈરાગ્યનું પ્રથમ વાવેતર વટામણમાં થયું હતું. વટામણમાં તે જેમને ત્યાં ઉતર્યા હતા તેની બાજુમાં જૈન ઉપાશ્રય હતો. તે સમયે ખંભાત સંપ્રદાયના પૂ મોંઘીબાઈ મહાસતીજી બિરાજમાન હતા. તેઓ પ્રતિક્રમણ કરીને મધુર સ્વરે સ્તવન ગાતા હતા. આ સૂરે રવાભાઇને જગાડયા. ને તે બીજે દિવસે સ્તવન સાંભળવા ગયા. ત્યાં ત્યાગ વૈરાગ્યની વાતો સાંભળી.

**"એક વખતના ઉપદેશથી રવાભાઇનો આત્મા જાગી ઉઠયો"**:-રવાભાઈના દિલમાં એક મંથન ચાલ્યું કે સાચું સુખ તો ત્યાગી સંતોને છે. મારે એવું સુખ મેળવવું છે. સંસારમાં તો પગલે પગલે પાપ કરવું પડે છે. હવે પાપનું કામ કરતાં તેમનો આત્મા પાછો પડે છે. એક દિવસ કપાસના છોડ ઉપરથી પોતે માણસો પાસે કાલા વીણાવી રહ્યા હતા. ત્યારે એ કાલા તોડતાં દિલમાં અત્યંત દુઃખ થયું કે પેલા સતીજી કહેતા હતા કે લીલા ફૂલ ને પાંદડા તોડવામાં પાપ છે. તો હું આટલા બધા કાલા વીણાવું તો મને કેટલું પાપ લાગશે? તરત તેઓ ત્યાંથી પાછા આવ્યા ને ઘેર આવીને કાકા-કાકીને કહ્યું કે મારે સંસારમાં રહેવું નથી. મારે સાધુ બનવું છે. ત્યારે કાકા-કાકી કહે જો સાધુ

બનવું હોય તો ગઢડા જા. ત્યારે કહે છે ના, મારે વટામણ જૈનના સાધુ પાસે જવું છે. પાપ કરવું હવે મને પોસાય તેમ નથી. તેમનો ધર્મ સ્વામીનારાયણ હતો. સ્વામીનારાયણ તો જૈનના કટ્ટદ્વેષી. એટલે કાકા કહે છે જૈનના સાધુ પાસે તને જવા નહિ દઉં. એટલે પોતે ગઢડા ગયા ત્યાં જઈને તેમના મહંતને પગે પડીને કહે છે કે મારે તમારા જેવા મહંત બનવું છે.

**"નાના બાલુડાએ કરેલી ધર્મની ચિકિત્સા":–** મહંત પૂછે છે કે તું ક્યાંથી આવ્યો છે? ને શા માટે તારે મહંત બનવું છે? તારા કુટુંબમાં કોણ કોણ છે ને તમારી પાસે કેટલી મિલ્કત છે તે કહે. રવાભાઈએ બધી વાત રજુ કરી ત્યારે મહંત કહે છે જો તારે અમારા જેવું થવું હોય તો તારા હિસ્સાની જેટલી મિલ્કત આવે તેટલી અમારી ગાદીને ચરણે અર્પણ કરી દે તો તને અમારો સાધુ બનાવવામાં આવશે. બાર વર્ષના બાલુડામાં કેટલો વિવેક ને બુદ્ધિ છે! તેણે વિચાર કર્યો કે જ્યાં પૈસાનો ત્યાગ હોય તેના બદલે અહીં આ પૈસાના અનુરાગી છે. આ ત્યાગ સાચો ત્યાગ નથી બાર વર્ષના બાળકમાં કેટલી સમજણ છે! ત્યાં તેમનું મન ઠર્યું નહિ એટલે આવીને કાકા-કાકીને કહે છે તમે રજા આપો કે ન આપો પણ મારે તો જૈન ધર્મના સાધુ બનવું છે. મારે સ્વામી-નારાયણના સાધુ બનવું નથી. એમ કહીને પોતે વટામણ આવ્યા ને મોંઘીબાઈ મહાસતીજીને કહ્યું કે મને તમારો શિષ્ય બનાવો. મારે એક ક્ષણ પણ હવે આ સંસારમાં રહેવું નથી.
**મને તમારો શિષ્ય બનાવો :–** રવાભાઈની શિષ્ય બનવાની વાત સાંભળીને મહાસતીજી કહે છે ભાઈ! અમે તો સાધ્વીજી છીએ. અમારાથી તને દીક્ષા ન અપાય, પણ જો તારે દીક્ષા લેવી છે તો અમારા ગુરૂ પાસે તને મોકલી આપીએ. જેને ભૂખ લાગી છે તે ક્યાં ભોજન મળે તેની તપાસ કરે છે. આ રવાભાઈને ત્યાગની ઝોળી લેવાની ભૂખ લાગી છે. તેમની અત્યંત લગની જોઈને પૂ. મહાસતીજીએ તેમને ખંભાત પૂ. છગનલાલજી મહારાજ પાસે મોકલ્યા. અહીં હરિભદ્ર સૂરિજીનો પ્રસંગ યાદ આવે છે.

હરિભદ્ર એ વેદના મહાન જ્ઞાતા હતા. તે જ્ઞાતિના બ્રાહ્મણ હતા. તેમને નિયમ હતો. કે મને જે કંઈ ન સમજાય, જેનો અર્થ હું ન કરી શકું તે અર્થ મને જે સમજાવે તેના મારે શિષ્ય બની જવું. એક વખત જૈન ધર્મસ્થાનક પાસેથી તે પસાર થયા. તે સમયે સાધ્વીજી સ્વાધ્યાય કરતા હતા. તેનો શ્લોક હરિભદ્ર બ્રાહ્મણે સાંભળ્યો. તેનો અર્થ કરવા માટે ખૂબ મંથન કર્યું પણ અર્થ સમજાયો નહિ. તેથી બીજા દિવસે સાધ્વીજી પાસે આવીને અર્થ પૂછ્યો ને તેમને સમજાવ્યો. સાધ્વીજીનું નામ યાકિની મહત્તરા હતું. હરિભદ્રજી કહે છે હવે મને તમારો શિષ્ય બનાવો. સાધ્વીજીએ કહ્યું કે મારા ગુરૂ પાસે જાવ. હરિભદ્રજી જૈન સાધુ બન્યા તેમણે ખૂબ જ્ઞાન પ્રાપ્ત કર્યું ને તેમણે ૧૪૪૮ ગ્રંથો રચીને સમાજને ચરણે તેની ભેટ ધરી છે. એક સાધ્વીજીના સદ્દુપદેશથી

પોતે પ્રતિબોધ પામ્યા હતા. એટલે દરેક ગ્રંથમાં પોતે પોતાનું નામ નહિ આપતાં "याकिनी महत्तरा सुनू।" પોતે યાકિની મહત્તરાના પુત્ર છે તે રીતે લખતા હતા.

તે રીતે અહીં મહાસતીજીએ પણ રવાભાઈને પૂ. છગનલાલજી મહારાજ પાસે ખંભાત મોકલ્યા. તેઓ પણ ક્ષત્રિય હતા. ગુરૂદેવના દર્શન કર્યાં. ગુરૂદેવને જોતાં રવાભાઈ પ્રભાવિત થયા. ગુરૂદેવ પણ ભાવિના છૂપા રત્નને પારખી ગયા કે આ જીવ કોઈ હળુકર્મી છે ને ભવિષ્યમાં મહાન બનશે. રવાભાઈ પૂ. ગુરૂદેવના સાનિધ્યમાં રહીને અભ્યાસ કરવા લાગ્યા. પંદર દિવસમાં તો સામાયિક-પ્રતિક્રમણ શીખી લીધા. ત્યારબાદ બીજો ઘણો અભ્યાસ કર્યો. ને પૂ. ગુરૂદેવને વિનંતી કરી. કે ગુરૂદેવ! આ દેહનો શું ભરોસો છે? હવે મને એક ક્ષણ પણ સંસારમાં ગમતું નથી. મને જલ્દી દીક્ષા આપો. તેમણે કાકા-કાકીની આજ્ઞા મેળવી લીધી ને સંવત ૧૯૫૬ના માહ સુદ પાંચમ (વસંતપંચમી) ના દિવસે ખંભાત શહેરમાં ખૂબ ઉત્સાહપૂર્વક પૂ. છગનલાલજી મહારાજ પાસે દીક્ષા લીધી. રવાભાઈના ગુણો જોઈને તેમના ભાવિ જીવનને નીરખી પૂ. ગુરૂદેવે રત્નચન્દ્રજી નામ આપ્યું.

**"રત્ન ગુરૂ રત્નની માફક પ્રકાશિત બન્યા":**– દીક્ષા લીધી પછી રત્નચંદ્રજી મહારાજ સાહેબ પૂ. ગુરૂદેવની સેવા-ભક્તિમાં ખડે પગે તત્પર રહેતા. કદી ગુરૂદેવની પાસેથી દૂર બેસતા નહિ ને પૂ. ગુરૂદેવની શી ઈચ્છા છે તે તેમના મુખના ભાવ ઉપરથી સમજી જતા એવા **"ઈંગિયાગાર સંપન્ને"** એક ઈશારામાં સમજી જતાં એવા વિનીત શિષ્ય હતા. પૂ. ગુરૂદેવની છત્રછાયામાં રહી શાસ્ત્રનું, સંસ્કૃતનું, અર્ધમાગધી અને બીજું ઘણું જ્ઞાન સંપાદન કર્યું. સૂત્રો પણ કેટલાક લખ્યા. જેમ મહાવીર અને ગૌતમની જોડલી હતી તેમ પૂ. છગનલાલજી મહારાજ અને રત્નચંદ્રજી મહારાજ સાહેબની જોડલી હતી. લોકો તેમને મહાવીર-ગૌતમની જોડલી કહેતા.

**ખંભાત સંપ્રદાયનું સુકાન તેમના શિર આવ્યું:**– સંવત ૧૯૯૫ના વૈશાખ વદ દશમના દિવસે તેમના ગુરૂદેવ પૂ. છગનલાલજી મહારાજ સાહેબ કાળધર્મ પામ્યા. અને ખંભાત સંપ્રદાયનું સુકાન પૂ. ગુરૂદેવ રત્નચંદ્રજી મહારાજ સાહેબના શિરે આવ્યું. **ખંભાત સંઘે જૈન શાસનના શીરતાજ, પ્રખર વ્યાખ્યાતા બા. બ્ર. પૂ. રત્નચંદ્રજી મહારાજ સાહેબને આચાર્યપદવી પ્રદાન કરી.**

સંવત ૧૯૯૫નું ચાતુર્માસ પૂ. ગુરૂદેવ સાણંદ પધાર્યા. તેમની ઓજસભરી ભલભલા માનવના હૃદય પીગળી જાય તેવી પ્રભાવશાળી વાણી સાંભળી અનેક જીવો વ્રત નિયમમાં આવ્યા ને બે જીવો પ્રતિબોધ પામ્યા. એક પૂ. જશુબાઈ મહાસતીજી અને બીજી હું. અમને સંસારની અસારતા સમજાવી આ સંસાર સાગરમાંથી ઉગાર્યા. એ ગુરૂદેવ મળ્યા ન હોત તો અમારી નૌકા ક્યાંથી તરત? એ ગુરૂદેવનો અમારા પર મહાન ઉપકાર છે.

પૂ. ગુરૂદેવ સં. ૨૦૦૦ની સાલમાં સુરત ચાતુર્માસ પધાર્યા ને ચાતુર્માસ બાદ બા. બ્ર. હર્ષદમુનિ મહારાજ સાહેબને દીક્ષા આપી. તેમણે પણ આ ગુરૂદેવની સાંનિધ્યમાં રહીને ખૂબ જ્ઞાન પ્રાપ્ત કર્યું. પૂજ્ય ગુરૂદેવે મુંબઈમાં પણ ચાતુર્માસ કર્યા છે. મુંબઇ નગરી ઉપર પણ પૂ. ગુરૂદેવનો મહાન ઉપકાર છે. છેલ્લું ૨૦૦૪નું ચાતુર્માસ ખંભાત પધાર્યા. સુરતથી ખંભાત આવતાં કોઈએ પૂછયું કે આપનું આ ચાતુર્માસ કયાં છે? તો કહે આ છેલ્લું ચાતુર્માસ ખંભાતમાં છે. આવું તેઓ વિહારમાં બોલ્યા હતા. ખંભાતના ચાતુર્માસમાં તેમણે સકામ-અકામ મરણનો અધિકાર ખૂબ સુંદર રીતે સમજાવ્યો હતો.

પૂ. ગુરૂદેવના જીવનમાં ઘણાં ગુણો હતા. ક્ષમા અને બ્રહ્મચર્ય-એ બે તેમના જીવનમાં મહાન ગુણો હતા. વિનય-વિવેક-નમ્રતા આદિ ગુણો પણ ભરપૂર ભર્યા હતા. તેમની વાણીમાં અપૂર્વ ઓજસ હતું. તેમના ચારિત્રના પ્રભાવથી ક્રોધથી ધમધમતો આવેલો માનવી શીતળ પાણી જેવો બની જાય ને તેની આંખો ઠરી જાય તેવા તે પ્રભાવશાળી હતા.

ભાદરવા સુદ દશમના દિવસે તેમના શિષ્ય પૂ. ફુલચંદ્રજી મહારાજને ૩૮ ઉપવાસ પૂરા થયા હતા એટલે તેમણે પૂ. ગુરૂદેવને વિનંતી કરી કે ગુરૂદેવ! આપની કૃપાથી મને શાતા ખૂબ સારી છે. તો ત્રણ ઉપવાસ ભેળવીને ૪૧ ઉપવાસ કરાવો. ત્યારે પૂ. ગુરૂદેવ બોલ્યા કે આજે હું તમને છેલ્લું પારણું કરાવું છું. ગુરૂદેવના એકેક શબ્દો એવા હતા કે કોઈને જરા પણ ખ્યાલ ન આવ્યો. તે દિવસે આખા સંઘમાં પૂ. રત્નચંદ્રજી મહારાજ સાહેબ જાતે ગૌચરી પધાર્યા ને એક વાગે પોતાના શિષ્યને પારણું કરાવ્યું. પોતાના શિષ્યોને પાસે બેસાડી ખૂબ સારી ને મીઠી હિત શિખામણ આપી ને પોતાના લઘુ શિષ્ય હર્ષદમુનિ મહારાજ સાહેબને માથે હાથ મૂકીને કહ્યું કે તું ખૂબ સુંદર સંયમની સાધના કરજે ને આગળ વધજે. તપસ્વી મહારાજને કહ્યું કે આજે તમને વિયોગનો ઉપસર્ગ આવવાનો છે. તમે બધા ખૂબ હિંમત રાખજો. મને પણ લખેલ કે હું આપને ચતુર્માસની છેલ્લી આજ્ઞા આપું છું. ખંભાતવાળા માણેકલાલ ભગવાનદાસ ઝવેરી જેઓ મુંબઇ જતી વખતે દર્શન કરવા આવ્યા. તેમને કહ્યું કે તમે આજે મુંબઇ ન જશો. કાલે તમારું કામ પડવાનું છે. અમદાવાદવાળા વકીલ ગુલાબચંદભાઇ કહે કે હું જાઉં છું તો તેમને માંગલીક કહી તે દિવસે અમદાવાદવાળાની પાસે બારમા દેવલોકની વાતો કરી. પોતાની જીવન ઘડીનો ખ્યાલ આવી જવાથી તેમણે આવા ઘણાં સંકેતો કર્યા પણ અમે અલ્પબુદ્ધિ સમજી શકયા નહિ.

**પૂ. ગુરૂદેવની અંતિમ રાત્રિ** :-પૂ. ગુરૂદેવ સાંજના પ્રતિક્રમણ-ચૌવિહાર કરીને નીચે પધાર્યા ને પોતાના શિષ્યોને અપાય તેટલી શિખામણ આપી. હાલ પૂ. કાંતીઋષિજી મહારાજ સાહેબ છે તેમને સંસારમાં સૌ શકરાભાઇ કહેતા. તેમને પૂ. ગુરુદેવે કહ્યું કે

શકરાભાઈ! સામાયિક પાળીને ઘેર જતાં નહિ. છતાં કોઈ સમજી શક્યું નહિ ત્યાર બાદ ધીમે ધીમે પૂ. ગુરૂદેવની તબિયત બગડતી ગઈ ને રાતના બાર વાગે કારમું વાદળ ઘેરાવા લાગ્યું. પૂ ગુરૂદેવે સંઘને કહી દીધું કે મારા ચારિત્રમાં સ્હેજ પણ દોષ લાગવો ન જોઈએ તેનું ખાસ લક્ષ રાખજો. પછી પોતે તો સમાધિભાવમાં સ્થિર થવા લાગ્યા. ભયંકર વેદનામાં પણ મુખ ઉપર સ્હેજ પણ વ્યાકુળતા ન હતી. મુખ ઉપર કોઈ અલૌકિક પ્રસન્નતા હતી. પૂ. ગુરુદેવની તબિયત બગડયાના સમાચાર રાત્રે વાયુ વેગે આખા ખંભાત સંઘમાં પહોંચી ગયા ને અંતિમ દર્શન માટે માનવ મેળો ઊમટયો.

**સમાધિ મરણ – જવાનું સિગ્નલ બતાવ્યું :**–પૂ. ગુરુદેવની એ ભાવના હતી કે હે પ્રભુ! મને સમાધિ મરણ-પંડિત મરણ પ્રાપ્ત થાય. તેથી ચાતુર્માસમાં સકામ અને અકામ મરણના ભેદભાવ સમજાવતા હતા. પણ આ ગૂઢ સમસ્યાને કોણ સમજે? પૂ. ગુરૂદેવે છેલ્લે સર્વ જીવો સાથે ક્ષમાપના કરીને સંથારો કર્યો. ને ચાર આંગળા ઊંચા કરીને સિગ્નલ આપી દીધું કે હું ચાર વાગ્યે આ ફાનિ દુનિયામાંથી વિદાય લઉં છું. ભાદરવા સુદ ૧૧ ના દિવસે આ ત્રંબાવટીની તિજોરીમાં રહેલું અમૂલ્ય રત્ન ગુમ થવાનું હશે તે પ્રમાણે ભાદરવા સુદ ૧૧ ના પ્રભાતે ચાર વાગ્યાની ગોઝારી કાળમુખી ઘડી આવી ગઈ. ને જે ભૂમિમાં દીક્ષા ધારણ કરી હતી તે ભૂમિમાં અંતિમ સાધના કરી બરાબર ચારના ટકોરે પૂ. ગુરૂદેવ આ નશ્વર દેહનો ત્યાગ કરી પરલોકના પ્રવાસી બનીને સૌને રડતા મૂકી એ ગુણમૂર્તિ ગુરૂદેવ ચાલ્યા ગયા. આ સમયે અમે તો અમદાવાદ ચાતુર્માસ હતા. પ્રભાતના પ્રહરમાં આ કારમા દુઃખદાયી સમાચાર સાંભળતાં કાળજું ચીરાઈ ગયું. શું ગુરૂદેવ આમ ચાલ્યા ગયા? ખંભાત સંઘનું અમૂલ્ય મોંઘેરું રત્ન ચાલ્યા જતાં દેશોદેશમાં હાહાકાર વર્તી ગયો.

પૂ. ગુરૂદેવના જીવનના ઘણા પ્રેરક પ્રસંગો છે તે અવસરે કહીશ. ટૂંકમાં આવા પૂ. મહાન ગુરૂવર્યની જૈન સમાજને તેમજ ખંભાત સંઘને મોટી ખોટ પડી છે. જે ખોટ પૂરાય તેવી નથી. તેઓ તો આપણી વચ્ચેથી ચાલ્યા ગયા છે, પણ ગુણની સૌરભ પ્રસરાવીને ગયા છે. તેમનો આત્મા તો અજર-અમર છે. આજે આપણે તેમનું પવિત્ર સ્મરણ કર્યું છે. તેમનું સ્મરણ આપણા હૈયામાં કોતરી તેમનું અધૂરું કાર્ય પૂર્ણ કરીએ તે આપણી સાચી સાધના છે. આજે તેમને આપણે આંસુથી નહિ પણ તેમના જીવનમાં રહેલા આદર્શોને અપનાવીને પળે પળે જાગૃત રહી, હૈયાની ભાવભિની શ્રદ્ધાંજલિ આપીએ. આપણે તેમની જાગૃતિને ઝીલી સંસ્કૃતિને અપનાવીએ. પૂ. ગુરૂદેવની પુણ્યતિથિ ઉજવી ક્યારે કહેવાય? કે તેમની પુણ્ય તિથિ નિમિત્તે સૌ સારા વ્રત-પ્રત્યાખ્યાન લેશો. તો સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરી ગણાય. પૂ. ગુરૂદેવે અમૂલ્ય સાધના કરીને પોતાના મૃત્યુની ઘડી પણ જાણી લીધી હતી. ને હું અહીંથી ક્યાં જઈશ તે પણ જાણતા હતા. તો આવા

ઉત્તમ આત્માનો પ્રકાશ ઝીલવા સૌ સારા વ્રત-પ્રત્યાખ્યાન કરશો. પૂ. ગુરૂદેવે ૪૮ વર્ષ દીક્ષાપર્યાય પાળી છે તો ઓછામાં ઓછા ૪૮ દિવસના કોઈ પણ વ્રત-પ્રત્યાખ્યાન કરશો. સંઘે અશ્રુભીની આંખે શ્રદ્ધાંજલિ આપી.

☆

## વ્યાખ્યાન નં - ૫૩

**ભાદરવા સુદ ૧૨ ને મંગળવાર** **તા. ૧૬-૯-૭૫**

### "બા. બ્ર. પૂ. હર્ષિદાબાઈ મહાસતીજીની ૩૧ ઉપવાસની તપશ્ચર્યા અને બા. બ્ર. શોભનાબાઈ મહાસતીજીના ૧૬ ઉપવાસના પારણાના મંગલ પ્રસંગે સાધુ-સાધ્વીજીએ આપેલું પ્રવચન"

બા. બ્ર. પૂ. નવીન ઋષિ મહારાજશ્રીનું પ્રવચન:-

પરમ ઉપકારી પૂ. ગુરૂદેવ! મહાસતીજી વૃંદ! ધર્મપ્રેમી ઉત્તમ આત્માઓ! ઉત્સાહી યુવક વૃંદ! માતાઓ ને બહેનો!

આજનો દિવસ મંગલ છે. આજનું પ્રભાત મંગલ છે ને આજે વાર પણ મંગળ છે અને આજનો પ્રસંગ પણ મંગલ છે. હવે આપણે વિચારવાનું એ છે કે આ મંગલ પ્રસંગે આપણે પણ મંગલ બનવું છે. તે કેવી રીતે મંગલ બનાય? જુઓ, આજે કેવો મંગલમય સુઅવસર છે? આજે સમય છે ચાતુર્માસનો. ખરેખર અમે ચાતુર્માસ તો કાંદાવાડીમાં છીએ. છતાં અત્રે આવવાનો જો પ્રસંગ બન્યો હોય તો તેનું કારણ તપ-મહોત્સવ છે. બંને મહાસતીજીઓની તપશ્ચર્યાની આરાધનાનો સમય આજે પરિપૂર્ણ થયો છે. બન્ને સતીજીઓએ સુખશાંતિપૂર્વક એમના ધારેલા ધ્યેયને આજે પૂર્ણ કરેલ છે. તો મારા બંધુઓ! આ મંગલ તપમહોત્સવના મંગલ પ્રસંગે આપણે શું વિચારવાનું છે? એ વિચાર માટે અનંત જ્ઞાનીઓએ આપણી સામે ઘણી વાતો રજૂ કરેલી છે. પરંતુ આજે સમયની મર્યાદાને કારણે હું એ વિષયમાં થોડું કહીશ. એક કવિએ પણ કહ્યું છે કે :-

**ચેતન જાણ કલ્યાણ કરણકો, આન મિલ્યો અવસર આજ**

અનંત જ્ઞાની ભગવાન મહાવીર સ્વામીએ માનવ જીવનનો અમૂલ્ય મોકો પ્રાપ્ત કરીને પોતાના જીવનમાં પ્રકાશને પ્રાપ્ત કર્યો છે. એ પ્રકાશના આધારે આપણે પણ આપણું શ્રેય સાધી શકીએ છીએ. એ પ્રકાશ કેવી રીતે પ્રાપ્ત થાય? એ પ્રકાશ મેળવવા માટે ભગવાને માર્ગ બતાવ્યા છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપ. આ ચારેય માર્ગ આત્મ-પ્રકાશની પ્રાપ્તિ માટે ખૂબ મહત્ત્વનાં છે. ચારેયમાંથી એક પણ જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ નથી. આત્મપ્રકાશની પ્રાપ્તિ માટે ચારેયની આવશ્યકતા છે. પણ જે સમયે જેની

પ્રધાનતા હોય તેની વાત કરાય. લગ્નનો પ્રસંગ હોય ત્યારે કોઇ મરણની વાત કરે તો એ સમયે એ વાત ગમે નહિ. એટલે જે સમયે જેની પ્રધાનતા હોય તેની વિશેષ વાત કરાય. જ્ઞાન દ્વારા જગતમાં જે જે પદાર્થો છે તેના ભાવોને સ્પષ્ટ રીતે જાણી શકાય છે. મનુષ્ય જ્યારે વસ્તુના ભાવને જાણે છે ત્યારે તેના ઉપર નિર્ણય પણ કરી શકે છે, કે એમાં કેટલું યોગ્ય ને કેટલું અયોગ્ય? પછી તેના ઉપર શ્રદ્ધા કરે છે. તેને દર્શન પણ કહેવાય છે. તમે જાણી લીધું, શ્રદ્ધા પણ કરી લીધી. હવે જો ભૂખ લાગી છે તેને શમાવીને શાન્તિ મેળવવા માટે આહાર કરવાની જરૂર છે. તમારે જમવા માટે ભાણામાં ભોજન પીરસાઇ ગયું. ભાણા ઉપર તમે બેસી ગયા. પણ જો હાથ લાંબો ન થાય તો કોળિયો ભરાય નહિ ને ક્ષુધા વેદનીય શાંત થાય નહિ.

બંધુઓ! તમે વસ્તુના ભાવને જાણી લીધા, તેના પર વિશ્વાસ કર્યો પણ જો આચારમાં ન ઉતરે તો? તાણાવાણાની જેમ અંતરમાં વણી લેવામાં ન આવે તો લાભ નહિ મળે. હાથ લાંબો કર્, કોળિયો વાળી મોઢામાં મૂકીને દાંત નીચે ચાવીને ગળામાંથી પેટમાં ન ઉતરે તો ભૂખ મટે નહિ. આજે ઘણી વ્યક્તિઓ બોલે છે કે અમે બધું જાણીએ છીએ, અમારું મન દૃઢ છે પછી વ્રત-પ્રત્યાખ્યાન આદિ ક્રિયાઓની શી જરૂર છે? ત્યારે ભગવાન કહે છે શ્રેયના પંથે પહોંચવા માટે બે સાધન જોઇએ.

"ज्ञान क्रियाभ्यां मोक्षः।" તમે સંસાર વ્યવહારમાં પણ કહો છો ને કે બે પૈડાં બરાબર હોય તો ગાડી બરાબર ચાલે. તમારે તો બે પૈડાં બરાબર છે ને? (હસાહસ) જેમ સંસારરૂપી રથના પતિ-પત્ની રૂપી બે પૈડા બરાબર હોય તો તમારો જીવનરથ બરાબર આનંદપૂર્વક ચાલે છે. તેમ અહીં પણ જ્ઞાન અને ક્રિયાના બે પૈડા બરાબર હશે તો આત્માનું કલ્યાણ થશે. જાણપણું તો તેને કહેવાય કે જે થોડેઘણે અંશે પણ આચરણમાં ઉતરતું જાય. આ વસ્તુને ભગવંત અને તેમના સંતો ચારિત્ર કહે છે. જ્યારે જીવ આ રીતે આચરણ કરે છે ત્યારે તેની શુદ્ધિ પણ મૂળમાંથી થવા માંડે છે. અનાદિકાળથી આત્માને કર્મનો સંગ થયેલો છે. આત્મા ક્યારે ઉત્પન્ન થયો તેનો છેડો ખુદ તીર્થંકર ભગવંતો પણ કાઢી શક્યા નથી તો આપણે કેવી રીતે કાઢી શકીએ? પણ એ કર્મના સંગને છોડી શકીએ ખરા. કર્મના સંગના કારણે આપણો આત્મા ચતુર્ગતિમાં પરિભ્રમણ કરે છે. તે પરિભ્રમણ અટકાવવા માટે સર્વશ્રેષ્ઠ ઉપાય ચારિત્ર છે. જો શક્તિ હોય તો સર્વવિરતિ બનો. જો સાધુપણું ન લઇ શકો તો દેશવિરતિ-શ્રાવકપણું તો જરૂર અંગીકાર કરી શકો તેમ છો. ચારિત્ર એવી સુંદર ચીજ છે કે જે આત્મા ચારિત્ર લઇને જેટલે અંશે ને જેટલા પ્રમાણમાં પુરૂષાર્થ કરે છે તેટલા પ્રમાણમાં મહાન લાભ મેળવી શકે છે. વળી તે લાભ કેવો? કદી તેનો અલાભ ન થાય તેવો. તમે બધા લાભ મેળવવા માટે કેટલો પુરૂષાર્થ કરો છો?

આ વાલકેશ્વરમાં તો બધા ઝવેરીઓ વસે છે. તમે ધનના લાભ માટે કેટલી જહેમત ઉઠાવો છો! છતાં વહેપારમાં લાભ મળે કે ન મળે તે શંકા છે. પણ આત્માનો લાભ એવો છે કે તેમાં જેટલો આગળ વધે તેટલો લાભ છે ને તે લાભ મળતાં કર્મનો ક્ષય થતો જાય છે. જલ્દી મુસાફરી કરવી હોય તો ચારિત્ર અંગીકાર કરીને પ્રબળ પુરૂષાર્થ કરવાની જરૂર છે. બોલો તમારે જલ્દી પહોંચવું છે ને? હા. તો જલ્દી પહોંચવું હોય તો પ્રમાદનો ત્યાગ કરો. જ્ઞાન-દર્શન અને ચારિત્ર એ ત્રણ માર્ગની વાત થઈ. અંતિમ માર્ગ છે તપ. જેને માટે અહીં આજે મહોત્સવ મંડાયો છે. જે તપ મહોત્સવને ઉજવવા માટે આજે દૂરદૂરથી ભાઈ-બહેનો આવ્યા છે. તમારે ઘેર સાત ખોટના વહાલા પુત્રના લગ્ન હોય તો તમારા સગા-સબંધીને જાતે આમંત્રણ દેવા જવું પડે. જાતે ઘેર ઘેર કંકોત્રી આપવા જાવ ને ઉપરથી ટેલિફોન પણ કરો છો. ત્યારે સગા-સબંધી તમારે ઘેર આવે છે. પણ મહાસતીજીને કોઈને આમંત્રણ દેવા જવાની જરૂર પડી? કોઈને કહેવા ગયા નથી પણ જ્યાં ખબર પડે કે અમુક સંત-સતીજીએ માસખમણ તપ કર્યું છે તો લોકો દૂર દૂરથી દોડી દોડીને દર્શન કરવા આવે છે. આ તપનો પ્રભાવ છે. જૈનદર્શનમાં તપનો મહિમા ખૂબ છે. આજે મુંબઈભરમાં ખૂબ તપશ્ચર્યા થઈ છે. જે સમાચાર સાંભળતાં હૈયું હર્ષથી નાચી ઉઠે છે.

તપ દ્વારા આત્માને લાગેલી કર્મની મલિનતા દૂર કરી શુદ્ધ બનવું છે. તપ દ્વારા જૂના કર્મો ખપી જાય છે. કર્મના સંગથી આત્મા મલિન બન્યો છે. તમે ધોયેલું સ્વચ્છ કપડું પહેરો પણ આ શરીરનો બે-ચાર કલાક સંગ થાય ત્યાં કપડું મેલું થઈ જાય છે. એ મેલા કપડાને તમે શું કરો? ફેંકી દો કે રહેવા દો? 'ના' એને તો ધોઈને સ્વચ્છ બનાવીએ. આપણો આત્મા પણ તેના મૂળ સ્વભાવે તો સ્વચ્છ છે પણ અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ કરતાં તેને કર્મનો મેલ ચોંટી ગયો છે. તેના કારણે આ શરીરરૂપી પિંજરમાં પુરાવું પડ્યું છે. બાકી આત્મા તો ચૈતન્ય સ્વરૂપી છે, શુદ્ધ છે. આત્માને શુદ્ધ બનાવવા માટે બંને સતીજીઓએ સમજણપૂર્વક ઉગ્ર તપ કર્યું છે. તેમણે પ્રબળ પુરૂષાર્થ કર્યો છે. પર્યુષણના દિવસોમાં કંઈક મારા બંધુઓએ સંવત્સરીના દિવસે ઉપવાસ આયંબિલ કંઈક કર્યું હશે ને તેમાં પણ માથું દુઃખવા આવ્યું હશે. એક એકટાણું પણ તમે કરી શકતા નથી તો વિચાર કરો કે આ બન્ને સતીજીઓએ આવી ઉગ્ર તપશ્ચર્યા કેવી રીતે કરી હશે? તેમણે આત્મબળ કેળવ્યું છે. આપણે પણ એવો પુરૂષાર્થ કરીએ, આત્મબળ કેળવીએ તો જરૂર બની શકે.

શાસ્ત્રમાં મહાન ઉગ્ર તપસ્વી ધન્ના અણગારનું વર્ણન આવે છે. તેમણે દીક્ષા લઈને મહાન ઉગ્ર તપ આદર્યું ને ભગવાનના ચૌદ હજાર સંતોમાં તપશ્ચર્યામાં તેઓ મોખરે રહ્યા. તેમ તમે પણ મોખરે આવી જાવ ને ભવસાગરને તરી જાવ. બંને

સતીજીઓએ આવું મહાન તપ કર્યું છે તેમને વંદન કરવા અને શાતા પૂછવા તમે આવ્યા છો તો તેમના જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપની અનુમોદના કરી તેમના જીવનમાંથી પ્રેરણા લઈને આત્માને ઉજ્જવળ કરવાનો પુરૂષાર્થ કરશો તો અવશ્ય મહાન પુરૂષો જેવો પ્રકાશ પ્રાપ્ત કરી શકશો. મેલા કપડાને સાબુ-પાણી આદિ વડે ધોઈને સ્વચ્છ બનાવો છો તેમ જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપ રૂપી સાધનો દ્વારા આત્મા પણ જરૂર સ્વચ્છ બનશે ને શાશ્વત સુખને પ્રાપ્ત કરશે. બા. બ્ર. શોભનાબાઈ મહાસતીજી તથા બા. બ્ર. હર્ષિદાબાઈ મહાસતીજીને આપણા હજારો વાર ધન્યવાદ છે. ભવિષ્યમાં પણ આવું ઉગ્ર તપ કરીને કર્મોનો ક્ષય કરી મહાન પુરૂષો જેવો પ્રકાશ પ્રાપ્ત કરે એ જ મંગલકામના.

## (૨) બા. બ્ર. પૂ. અરવિંદ મુનિ મહારાજશ્રીનું પ્રવચન :-

સાધનાના સરોવરમાં અહોનિશ સ્નાન કરતાં, જ્ઞાન ગંગામાં સદા રમણતા કરનાર અને જેમના મુખ-કમળમાંથી સરસ્વતી દેવીની જેમ વાણીનો પ્રવાહ વહે છે તેવા બા. બ્ર. વિદુષી પૂ. શારદાબાઈ મહાસતીજી! તપસ્વી ત્રિપુટી તેમજ અન્ય સતીવૃંદ! પ્રિયાત્મ બંધુઓ! જિજ્ઞાસુ માતાઓ! ઉત્સાહી યુવકો ને ભાવશીલા ભગિનીઓ!

આજનું મંગલ પ્રભાત, મંગલ મહોત્સવના વધામણા લઈને આવ્યું છે. જેના કારણે સંતો-સતીજીઓ અહીં ઉપસ્થિત થયા છે. તેનું કારણ શું? તપની સાધના. તપ આત્માને તેજસ્વી બનાવે છે. ભગવાન કહે છે, જો તારે સાચા તપસ્વી બનવું હોય તો તપસમાધિ કેળવ. દશવૈકાલીક સૂત્રમાં ચાર પ્રકારની સમાધિ બતાવી છે-તેમાં તપ સમાધિ પણ કહી છે. ભગવાન કહે છે, કે અહો સાધક! તારે સાધના કરવી હોય તો તપ સમાધિ કેળવ. તપ સમાધિ કોણ કેળવી શકે? જેને અંદરથી ઉરકેરાટ ઉપડયો છે કે જલ્દી કર્મનો ક્ષય કરવો છે. જલ્દી આ દેહના બંધનમાંથી મુકત થવું છે-તે તપ-સમાધિ કેળવી શકે; ને એવી સમાધિ આવતાં કર્મની ભેખડો તૂટી જાય. કર્મની નિર્જરા થાય. નિર્જરા કોને કહેવાય? આત્મપ્રદેશો ઉપરથી કર્મનું ઝરી જવું તે નિર્જરા છે. જેમ એક ગરમ કાંબળો હોય તે પાણીથી તરબોળ ભરેલો હોય ત્યારે તે વજનદાર થઈ જાય છે. તેથી ઉંચકયો ઉંચકી શકાતો નથી અને કાંબળો સૂકવી દેવામાં આવે ને તેમાંથી પાણી ઝરી જાય એટલે એકદમ હલકો બની જાય છે. તે રીતે ભગવાન કહે છે કે કર્મના ભારથી ભારે બનેલો આત્મા તપશ્ચર્યા કરવાથી હળવો બની જાય છે. તપશ્ચર્યા કરવાથી કરોડો ભવના સંચિત કરેલા કર્મો નાબૂદ થાય છે.

જ્ઞાની કહે છે, તપ કરતાં પહેલાં તારે કષાયોને નાબૂદ કરવા પડશે. કષાયયુકત તપ એ સાચું તપ નથી. ઘણી વખત સાસુ-વહુ વચ્ચે ઝઘડો થાય એટલે વહુ કહે હવે મારે ખાવું નથી. એટલે આવ્યા મહાસતીજી પાસે ને કહે કે મહાસતીજી! મને અઠ્ઠમ કરાવો, મહાસતીજી કહે કેમ બહેન! આજે કઈ દિશામાં સૂર્ય ઉગ્યો કે તમે

કદી એક ઉપવાસ પણ નહિ કરનારા અઠ્ઠમ કરવા આવ્યા છો. તો કહેશે કે ઘરમાં કલેશ થયો છે. આવું કષાયયુક્ત તપ કરવાથી કદી કર્મની નિર્જરા થતી નથી.

કર્મોની જંજીરો તોડવાનો આ અમૂલ્ય અવસર છે. આવો અવસર ફરીફરીને મળવો મુશ્કેલ છે. "दुल्लहे खलु माणुसे भवे।" મનુષ્ય જન્મ પ્રાપ્ત થવો દુર્લભ છે. મહાન પુણ્યોદયે આ દુર્લભ મનુષ્ય ભવ તમને મળ્યો છે. તો તેમાં ઉત્તમ સાધના કરીને કર્મના બંધન તોડી નાંખો. કર્મની જંજીરો તોડવા માટે વાલકેશ્વરના આંગણે ૯૫ મહોત્સવ શરૂ થયો છે. સંસારીએ તો તપ કર્યા ને પારણાં પણ થયા ને હજુ બીજી તપશ્ચર્યા ચાલી રહી છે. પણ તેમાં સંતોનું તપ અલૌકિક છે. તમે લોકો તમારા સ્નેહી કે સગાંને પારણું કરાવો છો તો કંઈક ને કંઇક ચાંલ્લો કરો છો. દાગીનો કે સાડી આપતા હશો. પણ અહીં અમારા મહાસતીજીને એક સોનાની લગડી કે પૈસા કે સાડી તમારે આપવાની નથી. અરે! એક પછેડી પણ એમને લેવી નથી. એમને તો તમે કેમ વધુ આવી ઉત્તમ આરાધનામાં જોડાવ તે જોઇએ છે.

અમને કલ્પના ન હતી કે વાલકેશ્વરને આંગણે આવો મોટો તપમહોત્સવ મંડાશે. અમારે અહીં ભેગા થવું પણ મુશ્કેલ છે. અમે દેશમાં હોઇએ તો ગામ અલગ હોય–એટલે આવો મહાન મહોત્સવ હોય છતાં ભેગા થવાય નહિ. દૂરથી આનંદ માની લેવાનો રહે. જ્યારે અહીં તો પ્રત્યક્ષ આવી શકાય છે અને અહીં તો આ વખતે એવી ગોઠવણી થઈ છે કે વાલકેશ્વર–કાંદાવાડી અને ચીંચપોકલી-ત્રણે સ્થળ ચાર માઇલની અંદર છે. એટલે અમને આવવું કલ્પી શકે છે. એટલે આજે ત્રણે સ્થાનેથી સંત–સરિતા એકત્ર બનીને વાલકેશ્વર સંઘને આંગણે ત્રિવેણી સંગમ થયો છે તેથી મને ખૂબ આનંદ થયો છે. પણ આજે હું અહીં વક્તા બનીને નથી આવ્યો પણ શ્રોતા બનીને લાભ લેવાની ઇચ્છાથી આવ્યો છું. પૂ. ગુરૂદેવની આજ્ઞાથી અમે ચાર મુનિરાજો અહીં ઉપસ્થિત થયા છીએ. આમ તો પૂ. ગુરૂદેવ પધારવાના હતા પણ તેમને આજે આઠમો ઉપવાસ છે. તે સિવાય બીજા બે સંતોને પણ તપશ્ચર્યા ચાલે છે. કુદરતનો કેવો યોગ મળી ગયો છે કે અહીંયા ત્રણ ત્રણ સતીજીની તપશ્ચર્યા ચાલુ છે ને ત્યાં પણ ત્રણ ત્રણ સંતોને તપશ્ચર્યા છે. બન્ને જગ્યાએ સરખું છે. એ પણ પુણ્યનો રાશિ ભેગો થાય ત્યારે આવો સરખો યોગ મળે છે.

સંતો અને સતીજીઓ પોતાના કર્મોને તોડવા માટે આવું મહાન તપ કરે છે ને સાથે તમને સજાગ કરવા માટે હાકલ કરે છે, કે હે ભવ્ય જીવો! તમે જાગો. આપણા પરમ પિતા પ્રભુએ પણ કર્મના પહાડોને તોડવા માટે ૧૨ા વર્ષ ને ૧૫ દિવસ ઉગ્ર સાધના કરી. આવી ઉગ્ર સાધનામાં પારણાના દિવસો ફક્ત ૩૪૯ ને મારા ને તમારા

ઉપવાસ કેટલા ? ક્યાં એ મહાન પુરૂષોની સંપૂર્ણ સાધના અને ક્યાં આપણી અપૂર્ણ આરાધના ! ધન્ય છે આ તપસ્વીઓને ! તેઓ આવું મહાન તપ કરી રહ્યા છે. મને એવી ભાવના થાય છે કે હું એક વખત માસખમણુ કરું. પણ એક ઉપવાસમાં તો તારા દેખાઈ જાય છે. ખંભાતમાં સંવત ૨૦૧૧ માં પૂ. મહાસતીજીના ચાતુર્માસ હતા ત્યારે મેં અને નવીન મુનિએ સંસાર અવસ્થામાં સોળ ઉપવાસ કરેલા. ત્યારે મારી ઉંમર ચૌદ વર્ષની હતી. તે સમયે મારે ઉપવાસ છે તેની ખબર પડતી ન હતી અને એ સોળ ઉપવાસથી કદી આગળ વધ્યા નથી. આત્મબળ મજબૂત હોય તો જરૂર કરી શકાય છે. ઘણાં કહે છે કે શરીર નબળું છે. તપશ્ચર્યા કેવી રીતે થાય ? તપ કરવા માટે દેહબળ કરતાં મનોબળની વધુ જરૂર છે. અહીં દેહબળની કિંમત નથી. કિંમત છે આત્મબળની.

આપણી સામે ઉગ્ર તપસ્વી પૂ. બા. બ્ર. હર્ષિદાબાઈ મહાસતીજી બેઠા છે. તેમની ઉંમર નાની છે છતાં તેમને આ ચોથું માસખમણ છે. ૨૧ ઉપવાસ તેમજ ચાર સોળભથ્થા કર્યા છે. હવે તેમને મન મોટી તપશ્ચર્યા મિષ્ટાન્ન જેવી છે ને અઠ્ઠાઈ નવાઈ મુખવાસ જેવી છે. (આ પ્રસંગે શેઠનું દૃષ્ટાંત આપ્યું હતું. શેઠને ગુરૂ મહારાજ ઉપવાસ કરવાનું કહે છે ને શેઠ હા....હા કરે છે ને છેવટમાં એક નવકારશી પણ કરી શકતા નથી તેના ઉપર રમુજી દૃષ્ટાંત કહ્યું હતું.)

ચતુર્ગતિનું ચક્કર અટકાવવા માટે આ મનુષ્ય જન્મમાં પ્રબળ પુરૂષાર્થ કરી, મનને મજબૂત બનાવી, આવી તપ સાધના કરી તપના તેજથી આત્માને ઉજ્જવળ બનાવો. ધાબળાને સૂકવી નાંખ્યો તો હળવો બની ગયો તેમ આપણે પણ તપના તાપ વડે કર્મ રૂપી પાણીને સૂકવી આત્માને હળવો ફૂલ બનાવવો છે. આપણા તપસ્વી મહાસતીજીઓ આત્મભાવમાં રમણતા કરીને ખૂબ સમતા ભાવે, કર્મ નિર્જરાના હેતુથી આવું ઉગ્ર તપ કરે છે. આ તપ સાધુનું છે. સાધુનું તપ તમારા કરતાં ચઢી જાય છે. કારણ કે તમે આવું તપ કર્યું હોય ને ગરમી લાગે તો ઘેર જઈને પંખા નીચે બેસી જશો. અરે, એરકંડીશન રૂમમાં પણ બેસી જાવ ! જ્યારે અમારે-સંતોને તો ગરમી લાગે કે ઠંડી લાગે તે દરેક સમયે સમભાવ રાખવાનો હોય છે અને તપમાં એવી સમજણ હોય છે કે મારા તપમાં કોઈ પણ જીવની હિંસા ન થવી જોઈએ. ગંધકના એક ટોપકામાં લાખો મણ રૂની ગંજીને બાળવાની તાકાત છે. તેમ આવા શુદ્ધ તપમાં પણ ક્રોડો ભવોના સંચિત કરેલાં કર્મોને નાબૂદ કરવાની તાકાત છે. ટૂંકમાં તપ એ કર્મોના ગંજ બાળવા માટેનો મહાન અગ્નિ છે. હવે વિશેષ કંઈ નહિ કહેતાં બંને તપસ્વીને મારા અંતરના અભિનંદન છે. પૂ. ગુરૂદેવે પણ કહ્યું છે કે બંને તપસ્વીને મારા વતી શાતા પૂછજો ને આવી ઉગ્ર સાધના વારંવાર કરતા રહે ને કર્મની બેખડો તોડી આત્માને દેદિપ્યમાન બનાવે તેવા આશીર્વાદ આપજો.

પૂ. મહાસતીજી અમને વાંચવાનું કહે એટલે પાટે બેસીને વાંચવું પડે. બાકી એ તો અમારા મહાન ઉપકારી છે. અમારા એ તારણહાર ગુરૂ છે. તેમની સામે હું વ્યાખ્યાન કેવી રીતે વાંચી શકું! પૂ. મહાસતીજીનો પ્રભાવ કોઈ અલૌકિક છે. તેમની સાધના ખૂબ ઉંચી છે. તેઓ જૈન શાસનનો ડંકો વગાડી રહ્યા છે. દુનિયામાં સાધ્વીજી, સાધ્વીજીને દીક્ષા આપે છે પણ અમારા પૂ. મહાસતીજીએ તો અમને દીક્ષા આપી છે. હું વધારે પડતાં કે સારું લગાડવા વખાણ નથી કરતો. જેમ છે તેમ કહું છું. અમે તો વૈષ્ણવ હતા. આવો ઉત્તમ માર્ગ મળવો કઠણ છે. પણ પૂ. મહાસતીજીની પ્રેરણાથી અમે આ ઉત્તમ ચારિત્રને પામી શક્યા છીએ. પૂ. મહાસતીજી અમારા સંપ્રદાયનું ભૂષણ છે. કોઈને દીકરા ન હોય ને દિકરી હોય તો પણ કહો છો ને કે **"દીકરીએ દીવો ને ઘણું ઘણું જીવો."** એમ પૂ. મહાસતીજી પણ દીકરીએ દીવો છે. તેમણે સંપ્રદાયમાં અજવાળા પાથર્યા છે. મારા અંતરની એ અભિલાષા છે કે દિનપ્રતિદિન તેમની સાધના ખૂબ વધતી રહો ને તેમનું આયુષ્ય વધે ને અનેક જીવોને તારે. તેમનો ઉપકાર હું કદી ભૂલી શકું તેમ નથી. મને મુંબઈ આવવાની ઈચ્છા ન હતી પણ પૂ. મહાસતીજીએ બીજી વખત મુંબઈ તરફ પ્રયાણ કર્યું ત્યારે અમને કહ્યું કે આપ જરૂર મુંબઈ પધારજો - ને પૂ. ગુરૂદેવની પણ આજ્ઞા થઈ તેથી મુંબઈ આવ્યા તો આવો આનંદ ને આવા તપમહોત્સવમાં ભાગ લેવાનું સદ્ભાગ્ય સાંપડયું. આ મંગલ મહોત્સવના આ મંગલ દિને તમે સૌ તપસ્વીના સન્માનમાં સારા વ્રત પ્રત્યાખ્યાન લઈને તપમહોત્સવને સફળ બનાવો; એ મંગલ ભાવના.

## "બા. બ્ર. વિદુષી પૂ. શારદાબાઈ મહાસતીજીનું પ્રવચન"

પરમ પૂજ્ય વંદનીય મહારાજ સાહેબો! સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

આજે એક અત્યંત આનંદનો દિવસ છે. આવા તપના મંગલ મહોત્સવ પ્રસંગે પૂ. મહારાજ સાહેબો કાંદાવાડીથી પધાર્યા છે. ચીત્રપોકલીથી મહાસતીજીઓ પણ આવી ગયા છે અને મારા ભાવિક ભાઈ-બહેનો પણ દૂરદૂરથી આવ્યા છે. આ ધર્મ-ભાવનાની ઉર્મિ છે. તમને આવા તપ-ત્યાગ આદિ ધર્મના કાર્યમાં ઉર્મિ આવે તો કર્મના ભૂકકા થઈ જાય ને સંસારવર્ધક કાર્યોમાં ઉર્મિ ઉછળે તો કર્મના ગંજેગંજ ખડકાઈ જાય. સંસારવર્ધક આનંદ આત્માને ભવસાગરમાં ડુબાડનાર છે. જ્યારે ધર્મનો આનંદ આત્માને તારનાર છે. દુનિયામાં મંગલ ઘણાં પ્રકારના છે, પણ સાચું ધર્મ મંગલ છે.

**धम्मो मंगल मुक्किट्ठं, अहिंसा संजमो तवो ।**
**देवा वि तं नमंस्संति, जस्स धम्मे सया मणो ।।**

દશ. સૂ. અ. ૧ ગાથા ૧.

ધર્મમંગલ એવું છે, કે જેનું કદી અમંગલ થતું નથી. તમે એક ભવ્ય બંગલો ખૂબ હોંશે બંધાવ્યો. ખડે પગે ઉભા રહીને ખૂબ ચોકસાઈપૂર્વક બંગલામાં બધી જાતની

સગવડો કરવી ને શુભ મુહૂર્તે કુંભ મૂકીને વાસ્તુ કર્યું ને મકાનમાં રહેવા માટે ગયા. હજુ પાંચ વર્ષ પણ મકાનમાં રહેવા ગયા ને પૂરાં ન થયા, તે આલેશાન બંગલામાં મહાલવાના કોડ પૂરા ન થયા તે પહેલા એવો પાપનો ઉદય જાગ્યો કે બંગલો વેચી દેવાનો પ્રસંગ આવ્યો. કદાચ એવું ન બને તો બંગલામાં રહેવા ગયા નથી, મનમાં રહેવા જવાની ખૂબ હોંશ હતી પણ બંગલામાં - પલંગમાં લાંબા થઈને સૂતા પહેલા સંસારની લીલા સમાપ્ત કરીને લાંબી સોડ તાણીને સૂઈ જાય છે - ત્યાં મંગલનું અમંગલ થઈ જાય છે. આ સંસારના મંગલ અશાશ્વત છે ને પાપવર્ધક છે. જ્યારે અહિંસા, સંયમ અને તપ રૂપી ત્રિપુટી તે શાશ્વત મંગલ છે. આજે તપરૂપી મંગલનો મહોત્સવ છે. પૂ. મહારાજ સાહેબ કહી ગયા તેમ આજે કોઈને કાગળ કે કંકોત્રી લખવા જવી પડી નથી કે કોઈને આમંત્રણ દેવા પડયા નથી. સૌ પોતાના આત્માના ઉલ્લાસથી આવીને બેસી ગયા છે.

તપ એ આત્માને શુદ્ધ કરવા માટેનો તેજાબ છે. જેમ સોનાને તેજાબમાં નાંખવાથી શુદ્ધ બને છે તેમ આત્માને શુદ્ધ અને પવિત્ર બનાવવા માટે તપ રૂપી તેજાબની જરૂર છે. મશિનરીને સાફ કરવા પેટ્રોલની જરૂર છે ને કપડાને સાફ કરવા માટે ગરમ પાણી ને સાબુની જરૂર છે. જેમ ખૂબ મેલા થયેલા કપડાને કે તેલની ઘણી ચીકાશ જામેલા કપડાને તેનો મેલ કાઢીને સાફ કરવામાં સામાન્ય પ્રયોગો કામ ન આવે. તેના ગાઢ મેલને કાઢવા માટે તો તે કપડાને ભઠ્ઠાના ઉકળતા પાણીમાં નાંખે ને તેમાં મેલને છૂટો પાડનાર ખાર, સાબુ આદિ પદાર્થો નાંખે. ખૂબ બાફે ને ખદખદાવે ત્યારે તે મેલ કપડાથી છૂટો પડે છે. ઘણાં કાળથી મેલને પોતાનું માનનાર કપડું પોતે તે મેલને દૂર ન કરી શકે. એ તો ધોબી મેલને છૂટો પાડી શકે. કપડું ધોબીના ઉકળતા ભઠ્ઠામાં પડયા પછી મેલના લીધે બડબડીયા (પરપોટા) કરે તો પણ ધોબી તેના બડબડીયાની સામે જોઈ તેની દયા ન લાવે. એ તો મેલ છૂટો ન પડે ત્યાં સુધી નિરપેક્ષ ભાવે ખદખદવા દે ને સાથે બડબડીયા પણ કરવા દે. પોતાના કપડાની આવી કરૂણ દશા જોઈને તેનો માલિક ધોબીને ભઠ્ઠામાંથી કાઢી લેવાનું કહે તો પણ ધોબી તેના સામે ધ્યાન ન આપે. તેમ આત્મપ્રદેશે રહેલ આત્માની અનંતકાળના રાગ-દ્વેષ રૂપી મેલની અત્યંત ગાઢ ગ્રંથિ રૂપી આ મળને ભેદી નાંખવા માટે, આત્મા રૂપ કપડાથી અલગ કરવા માટે આત્માને સમ્યક્ત્વ સન્મુખ લાવીને મૂકનાર ગુણ રૂપ ધોબીને કર્મ મેલનો સ્વામી આત્મા તેને રાહત આપવાનું કહે છે તો પણ તેની સામે ધ્યાન આપ્યા વિના તીવ્ર સદાચાર અને તપરૂપી ભઠ્ઠાના તાવડામાં ખૂબ ખદખદાવે અને તેમાં અનંત કાળનો સંબંધ હોવાના કારણે તે ગ્રંથિનો માલિક આત્મા તેના ઉપર કદાચ દયા લાવે તો તે સામે પણ એ કુહાડાની તીક્ષ્ણ ધાર જેવા તીક્ષ્ણ પરિણામ રૂપ ગુણ ધોબી નજર સરખી પણ ન કરે.

એ તીવ્ર તપશ્ચર્યા અને સદાચાર રૂપી ભઠ્ઠાના તાવડામાં ખૂબ ખદખદીને આત્મા

રૂપ કપડાથી તે મેલ કર્મરૂપ ગ્રંથિ તદ્દન નિર્બળ થઈ જવાથી તે કપડું એ ગાઢ મેલથી મુક્ત થાય. એ મેલના યોગે ખદબદતું શાંત થાય પછી તે હિતસ્વી ધોબી આત્મા રૂપ કપડામાંના ગ્રંથિ રૂપ મેલમાંથી આત્માને લાગણીપૂર્વક બહાર કાઢે અને તે પછી તેને અનિવૃત્તિકરણ રૂપ નદીમાં નાંખીને શાંત કરે. ત્યાર પછી તો એ આત્મરૂપ કપડાને થાય કે 'હાશ'; એ પ્રકારે આત્માને ગ્રંથિભેદ માટેના સતત પરિશ્રમને અંતે પ્રાપ્ત થતું સમ્યકૃત્વ એ 'હાશ' (સંતોષ) છે. એ પછી આત્માને દુર્ગતિમાં પડતો બચાવે અને શુભ સ્થાનમાં સ્થાપે. એવા લક્ષણવાળા આત્માને જિનેશ્વરદેવ કથિત ધર્મની પ્રાપ્તિ થાય છે ને ધર્મ પામ્યા પછી આત્મા એટલું સમજતો થઈ જાય કે આપ્ત પુરૂષોના વચનને અનુસરવામાં લાભ છે.

દેવાનુપ્રિયો! જે આત્માઓ મહાન પુરૂષોના વચનને અનુસરે છે તે આત્માનો લાભ મેળવે છે. મહાન પુરૂષોનું વચન છે કે "तवसा निर्जरा च". તપ કરવાથી કર્મની નિર્જરા થાય છે. વાલકેશ્વર સંઘમાં ત્રણ સતીજીઓની તેમજ ઘણાં ભાઈ-બહેનોએ પ્રભુએ બતાવેલા મહાન તપની સાધના કરી છે ને ભરપૂર ધર્મકરણી થઈ રહી છે. તે એક શાસનની પ્રભાવના છે. કાંદાવાડીમાં પણ બા. બ્ર. સૂર્યમુનિ મહારાજ સાહેબને ઉગ્ર તપની તથા પૂ. કાંતિઋષિ મહારાજ સાહેબની તપ આરાધના ચાલે છે. ત્યાં રત્ન સમાન નવ નવ સંતો બિરાજે છે. આજે ખંભાત સંપ્રદાય આટલો આગળ આવ્યો હોય તો તેમાં અમારા તરણ તારણ, શાસન શિરોમણી, ગચ્છાધિપતિ પૂ. રત્નચંદ્રજી મહારાજ સાહેબનો મહાન ઉપકાર છે. તેમની અસીમ કૃપાથી અમારું શાસન ચાલી રહ્યું છે ને આ તપસ્વીઓની તપશ્ચર્યા નિર્વિઘ્ને પૂર્ણ થઈ છે.

આજે હર્ષિદાબાઈ મહાસતીજીને ૩૧ ઉપવાસ અને શોભનાબાઈ મહાસતીજીને ૧૬ ઉપવાસનું પારણું છે. તેમજ ભાવનાબાઈ મહાસતીજીને આજે ૧૮ મો ઉપવાસ છે ને માસખમણના ભાવ છે. અત્રે ઉપસ્થિત થયેલા સર્વે ભાઈ-બહેનો ઓછામાં ઓછા ૪૭ દિવસના સારા સારા પ્રત્યાખ્યાન અવશ્ય લેશો. તપસ્વીનું સન્માન તપથી થાય છે. માટે રાત્રી ભોજનનો, કંદમૂળનો, વ્યસનનો, નાટક સિનેમાનો ત્યાગ જેનાથી જે બને તે અવશ્ય કરશો તો તમે તપસ્વીનું સાચું સન્માન કર્યું ગણાશે. ને આપણે પણ આવું ઉગ્ર તપ કરીએ એવી શાસન દેવને પ્રાર્થના કરીએ.

આજે કાંદાવાડીથી બા. બ્ર. પૂ. અરવિંદ મુનિ મહારાજ સાહેબ તેમજ બા. બ્ર. પૂ. નવીન મુનિ મહારાજસાહેબ આદિ ઠાણા-૪ તેમજ પૂ. નરસિંહ મુનિ મહારાજ આદિ બધા મુનિરાજો પધાર્યા છે. તેઓએ અત્રે પધારી મહાન ઉપકાર કર્યો છે. તેમને વંદન કરી સુખશાતા પૂછું છું. તેમજ આ સમયે પૂ. કાંતીઋષિ મહારાજ સાહેબે જે મુનિરાજોને મોકલીને કૃપા કરી છે તે સૌને ભાવપૂર્વક વંદન કરી બેસી જાઉં છું વધુ ભાવ અવસરે.

☆

## વ્યાખ્યાન નં.-૫૪

**ભાદરવા સુદ ૧૩ ને બુધવાર** **તા. ૧૭-૯-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો !

શાસ્ત્રકાર ભગવંત ત્રિલોકીનાથે જગતના જીવોના આત્મકલ્યાણને માટે શાસ્ત્ર-સિદ્ધાંત વાણીનું પાન કરાવ્યું. એ અમૃતવાણીના ઘૂંટડા પીતા જીવને જઘન્ય રસ આવે તો અનંત કર્મની ભેખડો તૂટી જાય. અને ઉત્કૃષ્ટ રસ આવે તો જીવ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરે છે. ઉત્તરાધ્યયન સૂત્ર એ ભગવાનની અંતિમ વાણી છે. વીસમું અધ્યયન જેમાં ભગવંતે સનાથ અને અનાથના ભેદ-ભાવ સમજાવ્યા છે.

અનાથી મુનિનો સમાગમ થતાં પહેલાં રાજા શ્રેણીક મિથ્યાત્વી હતા. જ્યાં સુધી આત્માના પ્રદેશ ઉપર મિથ્યાત્વ છવાયેલું હોય છે ત્યાં સુધી સાચી દિશા સૂઝતી નથી. સાચી દિશા સૂઝતી નથી તેના કારણે જીવ અનંત સંસારમાં રઝળે છે.

**મિથ્યાત્વ મોહે તારી મતિ મુંઝાણી, ચારિત્ર ચૂકયો એની શ્રદ્ધા ન આણી,**
**રાગ અને દ્વેષે ભૂલ્યો તું નિરાકાર-દિપક પ્રગટે દિલમાં જિનવાણી**
**જય જયકાર....શાસ્ત્રોના...**

જ્ઞાનીઓ કહે છે કે તારા અંતરમાં સમ્યક્ત્વનો દીપક પ્રગટાવી દે તો તારો આ રઝળપાટ બંધ થઇ જશે. મિથ્યાત્વનું આત્મા ઉપર પ્રબળ જોર હોય છે ત્યાં સુધી જીવ સાચા-ખોટાનો વિવેક કરી શકતો નથી. મિથ્યાત્વ જેવો બીજો કોઇ આત્માનો શત્રુ નથી. કહ્યું છે કે:-

**मिथ्यात्वं परमो रोगो, मिथ्यात्वं परमं तमः ।**
**मिथ्यात्वं परमः शत्रु, मिथ्यात्वं परं विषम् ॥**

અનંત જ્ઞાની, પરમ કરૂણાવંત, મહાન ઉપકારી પુરૂષો જગતના જીવોના કલ્યાણને માટે ફરમાવે છે કે આ વિરાટ વિશ્વમાં જીવમાત્રને અનાદિકાળથી હેરાન-પરેશાન કરનાર અને ભટકાવનાર કોઇ ભયંકરમાં ભયંકર પાપ હોય તો તે મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વને ઉપરના શ્લોકમાં રોગ, અંધકાર, શત્રુ અને વિષની ઉપમા આપી છે. એ ચાર કરતાં પણ મિથ્યાત્વ ભયંકર છે.

બંધુઓ ! જેમ રોગને આપણે રાખવા તૈયાર નથી. કોઇ પણ ઉપાયે તેને દૂર કરવા પ્રયત્ન કરો છો તેમ મિથ્યાત્વ એ ભયંકર પાપ છે. એવા પાપ પ્રત્યે પ્રીતિ કરાય નહિ. તેને તો દૂર કરવું જોઇએ. આ ભયંકર પાપને જીવ ઓળખે નહિ, તેને કાઢવાનો પ્રયત્ન કરે નહિ તો એ રોગ જાય નહિ ને સમકિતનો દીપક પ્રગટે નહિ. ને તેના પરિણામે સંસારનું પરિભ્રમણ ચાલુ રહ્યા કરે. મિથ્યાત્વ ખરાબ છે તેમ જાણીએ છીએ

ને બોલીએ છીએ પણ હૈયાને તેવું ખરાબ લાગ્યું નથી એટલે તેનાથી ગભરાતા નથી ને તેને છોડવાનો પ્રયત્ન પણ કરતા નથી. તેને જીવનમાં આનંદથી જીરવીએ છીએ. ને જગતમાં સારા કહેવડાવવા જીવ પ્રયત્ન કરે છે. પોતાનો દોષ નભાવે તે દુષ્ટ છે. મિથ્યાત્વને કારણે ઇચ્છાની આગ ઓલવાતી નથી ને તેના કારણે પાપ કાર્યમાં જીવ પ્રવૃત્તિ કરે છે. પાપનો બાપ લોભ છે અને તેની માતા મમતા છે. તે જડના રંગરાગમાં ડુબાડનાર હિતશત્રુ છે. વિષયવાસનાનો સંતાપ એ સંસારનો વાસ્તવિક સંતાપ છે.

ધર્મ સામગ્રી પામેલા અને ધર્મનું આચરણ કરનારા જીવોને તો એ ભાવના હોય છે કે ક્યારે સંસારથી છૂટું. ક્યારે આ સંસારનો વળગાડ છૂટે ને ક્યારે મોક્ષમાં જાઉં! જેની રગેરગે ધર્મ પરિણમ્યો છે ને જેની શ્રદ્ધા દૃઢ છે તેને આવી ભાવના થાય છે. બાકી બધા ધર્મ કરનારાને આવું આંતરસ્પર્શી જ્ઞાન હોતું નથી. સંસારનું બધું જ્ઞાન મેળવે છે પણ ધર્મનું જ્ઞાન મેળવવાની જિજ્ઞાસા જાગી નથી માટે ધર્મજ્ઞાનથી વંચિત રહે છે. જેને એની જરૂર જણાય છે તેનું જ્ઞાન જરૂર મેળવે છે. ભગવાને વિશાળ રાજ્ય અને રાજશાહી સુખ-સત્તાને લાત મારી સુકુમારપણું છોડીને કઠોર સાધના કરી તો મુક્તિપુરીમાં મહાલવાનું મળ્યું. આપણે પણ મુક્તિપુરીની મહેલાતોમાં મહાલવા જવું હોય તો એવી કઠોર સાધના કરવી જોઇએ.

અનંતકાળથી જીવ જન્મ-મરણના ત્રાસ વેઠી રહ્યો છે. હજુ અહીંથી મરીને ક્યાં જઇશું તેની ખબર છે? આ સંસારના સુખોમાં મોજ માણનાર જીવોને સંસાર કટ કરવાની અને મોક્ષ મેળવવાની ઇચ્છા નથી થતી. પણ સંસાર સુખ ભયંકર અને મોક્ષ ભદ્રંકર છે એમ જેને લાગ્યું તેને સંસારના ગમે તેવા સુખો મળે છતાં તેમાં તે પાગલ થાય નહિ. કારણ કે એ સમજે છે કે આ સંસારના સુખો પાપ કરાવનાર અને સંસારમાં ભટકાવનાર છે. તેમાં આનંદ કેમ મનાય? શુદ્ધધર્મ કરનાર જીવને પાપ કરતાં ત્રાસ થાય છે. જે ભૌતિક સુખો માટે જગતના જીવો ફાંફા મારે છે. રાત-દિવસ તેના સોનેરી સ્વપ્ના સેવ્યા કરે છે ને જેને માટે મહેનત કરે છે તે આપણા બધા ભગવંતોને સારામાં સારું અને ભલભલાને લલચાવનારું સુખ મળ્યું હતું. પણ તેમાં તેઓ કદી આનંદ માનતા ન હતા. તેના પ્રત્યે મમતા ન હતી. તેથી તેને ક્ષણવારમાં તણખલાની જેમ ત્યાગીને ચાલી નીકળ્યા. ને આત્મ સાધના સાધી ગયા.

તે મહાન પુરૂષોની દૃષ્ટિએ સંસાર ભયંકર અને જીવોને હેરાન કરનારો હોવાથી તેની જડ ઉખેડવા માટે ભગવાને શાસન સ્થાપ્યું. છતાં જગતના જીવોને સંસારની જડ ઉખેડવાનું મન થતું નથી. બીજું બધું ભૂખ તરસ, ગરીબાઇ આદિ કાઢવું છે પણ તેના મૂળ રૂપ સંસારને કાઢવો નથી. સંસારનું મૂળ ઉખેડવાનું જે જીવોને મન થાય છે તેને સંસાર સુખના સંયોગો મળે ત્યારે તે સાવધાન બને છે. કારણ કે તે સુખ સંસારને

વધારનાર છે પણ ઘટાડનાર નથી.

સંસાર એટલે મિથ્યાત્વ, અવિરતિ અને કષાય. તેમાં સૌથી ભયંકર હોય તો તે મિથ્યાત્વ છે. કર્મબંધના પાંચ કારણો મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને અશુભયોગ છે. તેમાં મિથ્યાત્વનું સ્થાન મોખરે છે. ને મુખ્ય છે. જેમ ૧૨૩૪૫ આ આંકડાઓમાં પ્રથમનો એકડો મુખ્ય છે. પાંચ આંકડાઓમાં તે દેખાય છે સૌથી નાનો પણ તેની સત્તા અધિક છે. તે એકલો દશ હજારની સંખ્યાનો પ્રતિનિધિ છે. જો તેને ભૂંસાડી નાંખવામાં આવે તો '૧૨૩૪૫' એ સંખ્યામાં દશ હજારનો ઘટાડો થાય છે. એટલે માત્ર ૨૩૪૫ રહે છે. બીજે નંબરે બગડો છે તે બે હજારની સંખ્યાનો પ્રતિનિધિ છે. તેને ભૂંસાડી નાંખતા ૩૪૫ રહે છે. ત્રીજો આંકડો ત્રણસોના સ્થાને છે. તેને ભૂંસાડતા માત્ર ૪૫ રહે છે. ચોથા આંકડાને ભૂંસાડતા માત્ર પાંચ રહે છે. એટલે કે આગળ આગળના એકેક આંકને ભૂંસાડતા સંખ્યામાં મોટો ઘટાડો થાય છે. તેવી રીતે એકડાના સ્થાને મિથ્યાત્વ, બગડાને સ્થાને અવિરતિ, ત્રગડાને સ્થાને પ્રમાદ, ચોગડાના સ્થાને કષાય અને પાંચડાના સ્થાને યોગ છે. આ પાંચે આશ્રવના દ્વાર ખુલ્લા હોય તો આત્માના કોઠારમાં એક ક્ષણે ૧૨૩૪૫ કર્મની વર્ગણાઓની આવક છે. એમ કલ્પના કરીએ તો તેમાંથી એકડારૂપ મિથ્યાત્વને કાઢી નાખતા દશ હજાર જેટલી આવક ઘટી જાય. બગડારૂપ અવિરતિના દ્વાર બંધ કરતાં ૧૨૩૪૫માંથી બાર હજારની આવક ઓછી થઈ. ત્રગડારૂપ પ્રમાદને રોકતાં ૧૨૩૦૦ની આવક ઘટી. ચોગડારૂપ કષાયને રોકતા માત્ર પાંચની આવક રહી. બાર હજાર ને ચાલીસની આવક બંધ થઇ ગઇ. પાંચડારૂપ યોગને પણ રોકવામાં આવે તો કર્મની આવક સર્વથા અટકી જાય. ખરી રીતે તો એકેક સમયે કર્મની અનંત વર્ગણાઓ કર્માશયમાં પ્રવેશ કરે છે. પણ મિથ્યાત્વ, અવિરતિ વગેરે દ્વારોનું પરસ્પર તારતમ્ય સમજાવવાને ૧૨૩૪૫ એ સંખ્યા એક દૃષ્ટાંત તરીકે અહીં કલ્પી છે. આ જીવને ભવભ્રમણ કરાવનાર કે સંસાર સમુદ્રમાં ગોથા ખવરાવનાર તરીકે જો કોઈએ વધારે ભાગ ભજવ્યો હોય તો તે મિથ્યાત્વ છે. ભૂતકાળમાં આત્માની વધારે નુકશાની મિથ્યાત્વે કરી છે અને વર્તમાનમાં પણ કર્મની આવક વધારી આત્માને દુર્ગતિના ઊંડા કૂવામાં નાખનાર પણ તે છે. તેથી કર્મબંધના પાંચ કારણોમાં તેનો નંબર પ્રથમ રાખવામાં આવ્યો છે.

આ મિથ્યાત્વ માંદુ પડે તો સંસારનો ઉચ્છેદ કરવાનું મન થાય. શુદ્ધ ધર્મનું આચરણ કરવાથી પાપકર્મનો નાશ થાય ને તેનાથી સંસારનો ઉચ્છેદ થાય. મિથ્યાત્વને દૂર કરવા માટે આપણે ચાર શરણ ગ્રહણ કરવા. અનંત શક્તિના ધારક એવા આપણા બધા ભગવંતોને સંસારની જડ ઉખેડવાનું મન થયું. પણ ફક્ત મન કરવાથી ઉખડે ખરો? તે મહાપુરુષોએ તે માટે કેવો પુરુષાર્થ કર્યો? તે રીતે આપણે પણ એવો પુરુષાર્થ કરવાનો

અને તે માટે માર્ગદર્શન જ્ઞાનીનું લેવું જોઈએ. ભગવંતે બતાવેલી ધર્મક્રિયાઓ મિથ્યાત્વનું વમન કરાવીને સમકિત પમાડે. અવિરતિ કાઢીને વિરતિ (ચારિત્ર) પમાડે ને કષાયોને કાઢી વીતરાગના ભાવ પ્રાપ્ત કરાવે, યોગ કાઢી અયોગી બનાવે અને કર્મને કાઢી મોક્ષ પમાડે. ભગવાન પાસે કેટલું સુખ હતું છતાં તેને ભોગવવામાં તે રાજી ન થતા તેને તણખલાની જેમ ફેંકી દીધું. બસ, આટલી વાત તમને બરાબર ધ્યાનમાં આવે તો સંસારસુખની ભૂખ મટી જાય.

ભૌતિક સુખની ભૂખ મટતાં પાપ થતા હતા તે બંધ થઇ જાય. ને એવું પવિત્ર જીવન જીવાય કે તેનાથી પૂર્વના બંધાયેલા પાપ ખપી જાય. પછી દુઃખ ક્યાંથી આવે? પાપકર્મ બાકી હોય તો દુઃખ આવે પણ તેનો નાશ થઈ ગયા પછી દુઃખ માંગો તો પણ ન આવે. દુઃખના દ્વેષીને દુઃખ હઠાવવાનો આ સાચો ઉપાય છે. સુખની ઇચ્છા મરતાં પાપવૃત્તિ મરી જાય. આ રીતે પાપવૃત્તિ બંધ થાય પછી દુઃખ આવે નહિ. કદાચ પૂર્વના પાપ કર્મના ઉદયથી દુઃખ આવે તો તેમાં મુંઝવણ થાય નહિ. કારણ કે આત્મા જેમ દુઃખ ભોગવતો જાય છે તેમ આત્મા પાપ કર્મ રહિત થઇ નિર્મળ બનતો જાય છે.

જ્ઞાનીનું વચન છે કે ઐહિક અલ્પભોગોમાં ડૂબી જઇ દીર્ઘકાળનું છે ને દુઃખ વહોરવું તે ઘોર મૂર્ખતા છે. પવિત્રતા એ જીવન છે. વિષય લંપટતા મરણ છે. ને દુઃખ એ શુદ્ધિકરણની પ્રક્રિયા છે. જ્યારે જીવનો પ્રબળ પુરુષાર્થ ઊપડે છે ત્યારે મિથ્યાત્વરૂપી મહાશત્રુ આપોઆપ ભાગી જાય છે. જ્યાં મિથ્યાત્વ ગયું ત્યાં શુદ્ધિકરણની પ્રક્રિયા શરૂ થઈ ગઇ સમજી લો. પછી જીવ ધારે તો અલ્પ સમયમાં ઘાતી કર્મનો ક્ષય કરીને કેવળ જ્ઞાન પ્રાપ્ત કરે છે.

દશવૈકાલિક સૂત્રના રચયિતા શય્યંભવ નામના આચાર્ય હતા. તેઓ બ્રાહ્મણજ્ઞાતિના હતા. વેદાંતના પ્રખર વિદ્વાન હતા. તેમનો જન્મ મગધ દેશની રાજધાની રાજગૃહી નગરીમાં થયેલો. તેઓ એક વખત ખૂબ મોટો યજ્ઞ કરી રહ્યા હતા. તે સમયે જંબુ-સ્વામીના પટ્ટ શિષ્ય પ્રભવસ્વામીએ તેમને ઉપદેશ આપ્યો કે આ બાહ્યયજ્ઞમાં ધર્મ નથી. અહીં તો હિંસા છે. ને હિંસા છે ત્યાં પાપ છે. તેમણે ખૂબ સુંદર વાત સમજાવી એટલે તેઓ યજ્ઞ કરવાનું કાર્ય પડતું મૂકીને દીક્ષા લેવા માટે તત્પર થયા. પોતાની પત્નીની આજ્ઞા માગી કે હવે મારે જૈન ધર્મની દીક્ષા લેવી છે. પહેલાં તો પત્નીએ હા ના કરી. પણ પછી તેના પતિનો ઉત્કૃષ્ટ વૈરાગ્ય જોઈને તેનું મન પીગળ્યું ને કહ્યું સ્વામીનાથ! આપની ભાવના ઉત્તમ છે. આપને ત્યાગમાર્ગે જતાં હું નહિ અટકાવું. પણ મને બે માસ થયા છે એટલે મને આશા બંધાણી છે. ને જો આપ દીક્ષા લઇ લો તો પાછળથી લોકો એમ કહેશે કે પતિ સાધુ બની ગયો ને પત્ની આઉટ લાઇનની બની ગઇ. એ રીતે મારી ને તમારી હીલણા થશે. માટે આપ થોડો સમય રોકાઇ જાવ.

પછી દીક્ષા લેજો, પત્નીની વાતને યોગ્ય માનીને તેઓ સંસારમાં રોકાઈ ગયા. પુત્રનો જન્મ થયા બાદ સવા મહિને તેમણે દીક્ષા લીધી. દીક્ષા લઈને ખૂબ જ્ઞાન સંપાદન કર્યું. આમ તો તેમના ધર્મના નિયમ પ્રમાણે જ્ઞાની હતા. પણ દીક્ષા લઈને જૈન ધર્મનું તત્ત્વજ્ઞાન ખૂબ પ્રાપ્ત કર્યું.—ને જાણપણા અનુસાર ચારિત્ર પણ કડક પાળવા લાગ્યા. ખૂબ જ્ઞાની અને વિદ્વાન બન્યા. સમય જતાં તેમને ૫૦૦ શિષ્યો થયા. ને તેમને આચાર્યની પદવી મળી. આચાર્ય પણ કેવા? કડક આચાર પાળે ને છત્રીસ ગુણે કરીને યુક્ત હોય તેને આચાર્ય કહેવાય. શય્યંભવ આચાર્ય બહોળા શિષ્ય પરિવાર સાથે ગ્રામાનુગ્રામ વિચરીને અનેક જીવોને પ્રતિબોધ કરે છે.

આ તરફ જે પુત્રનો જન્મ થયો તેનું નામ મનક રાખવામાં આવ્યું હતું. તે ધીમે ધીમે મોટો થતાં નવ વર્ષનો થયો. એક વખત તે બધા બાળકોની સાથે ગેડીદડે રમી રહ્યો હતો. એક ડોશીમા બેઠા બેઠા વાસણ ઉટકી રહ્યા હતા. આ બોલ ઉછળીને ડોસીમાને વાગ્યો. એટલે ડોસીમાને તેના ઉપર ક્રોધ આવ્યો ને ગુસ્સામાં આવીને બોલ્યા અરે નબાપા! તને કંઈ ભાન છે કે નહિ? આટલું બધું જોર શા ઉપર કરે છે? ખૂબ ગાળો દીધી. મનક નાનો હતો પણ ખૂબ સમજુ છોકરો હતો. બધી ગાળો સહન કરી પણ તેને નબાપો કહ્યો તે તેનાથી સહન ન થયું. તેને આ શબ્દ હાડ હાડ લાગી ગયો. એટલે ઘેર આવ્યો ને માતાને પૂછયું કે બા! મારા પિતા કયાં ગયા છે? આ શબ્દો સાંભળતા માતા રડી પડી. મનક કહે છે, બા! તું રડીશ નહિ. જે હોય તે મને સત્ય કહે. શું હું નબાપો છું? માતા કહે-બેટા! તું નબાપો નથી. તું સવા મહિનાનો હતો ને તારા પિતાજીએ દીક્ષા લીધી છે. તો તેઓ અત્યારે કયાં હશે? માતા કહે છે બેટા! સાધુ તો વિચરતા ભલા. અને જૈન સંતો તો ચાતુર્માસ સિવાય કયારે પણ એક સ્થાને રહેતા નથી. એટલે તેઓ કયાં હશે તે મને ખબર નથી. પણ તેમનું નામ શય્યંભવ આચાર્ય છે. નવ વર્ષનો મનક કહે છે, બા! તો હું મારા પિતાજીની શોધ કરવા જાઉં છું. હું તેમને લઈને ઘેર આવીશ. માતા સમજે છે કે જૈન સાધુ બન્યા પછી પતિ પાછા આવવાના નથી. પુત્રને ખૂબ સમજાવ્યો પણ મનક એકનો બે થયો નહિ અને નવ વર્ષનો બાલુડો પિતાને શોધવા નીકળ્યો. શોધતો શોધતો ચાલ્યો જાય છે. જ્યાં જ્યાં જૈનના ધર્મસ્થાનકો હોય ત્યાં જાય. સંતો હોય તો તેમને અગર શ્રાવકોને પૂછે છે શય્યંભવ આચાર્યને આપે જોયા છે? ત્યારે કોઈ કહેતા કે અમે જોયા નથી. કોઈ કહે કે તેમનું નામ સાંભળ્યું છે. તે ખૂબ વિદ્વાન છે. તો કોઈ કહેતા કે થોડા સમય પહેલાં અહીં પધાર્યા હતા. આ રીતે મનક એક વર્ષ સુધી ભમ્યો પણ તેને પિતાનો મેળાપ થયો નહિ. ખૂબ ફર્યો ને છેવટે એક ગામમાં ભેટો થયો ને પૃચ્છા કરી.

આચાર્ય મહાન જ્ઞાની હતા. વળી મનકની વાત સાચી હતી. તે ઉપરથી તેમણે

જાણી લીધું કે તે પોતાનો પુત્ર છે. તેમનું મતિ-શ્રુતજ્ઞાન ખૂબ નિર્મળ હતું. તે દ્વારા જોઈ લીધુ ને જાણી લીધું કે આ જીવ હળુકર્મી છે, સુલભ બોધી છે ને ચરમશરીરી જીવ છે. આચાર્યે કહ્યું-તારા પિતાજીને અમે ઓળખીએ છીએ. પણ જો પિતાજીને તારે મળવું હોય તો પહેલા એમના જેવું બનવું પડશે. બંધુઓ! તમને તમારા ગુરૂ કહે કે જો તમારે મોક્ષમાં જવું હોય તો સંયમ લેવો પડશે. તો તમે શું કરશો? બોલો તો ખરા. (શ્રોતામાંથી અવાજ :- હજુ મોક્ષમાં જવાની લગની લાગી નથી.) મનકને પિતાજીને મળવાની લગની હતી તેથી દીક્ષા લીધી. આચાર્યે વિચાર કર્યો કે આ મારો પુત્ર છે તે સગપણ રાખીશ તો તેનું કલ્યાણ અટકશે. આયુષ્ય થોડું છે માટે ગુરૂદેવે તેને ઉત્કૃષ્ટ ભાવનાથી રાત્રે દશવૈકાલિક સૂત્ર ભણાવ્યું. આચારાંગ ભણે તેટલો સમય નથી તેમ સમજી સાધુના આચારનું પૂરું જ્ઞાન કરાવ્યું. તેમજ વૈયાવચ્ચથી કર્મની ભેખડો તૂટે છે તેથી દિવસે વૈયાવચ્ચ કરાવી. ભગવાનના એકેક સંતો કેવા હોય છે!

**એકેક મુનિવર રસના ત્યાગી, એકેક જ્ઞાનભંડાર રે પ્રાણી,**
**એકેક મુનિવર વૈયાવચ્ચ વૈરાગી, એના ગુણનો નાવે પાર રે પ્રાણી-**
**સાધુજીને વંદણા નીત નીત કીજે.**

છ મહિના સુધી નવદીક્ષિત શિષ્યની વૈયાવચ્ચ કરવી જોઈએ. પણ અહીં મનક મુનિને થોડા સમયમાં ઝાઝા કર્મ ખપાવીને કર્મની નિર્જરા કરાવવી છે. ગુરૂ પોતાના શિષ્યનું કલ્યાણ જલદી કેમ થાય તેની ખૂબ ચિંતા રાખે છે. મનક મુનિ પણ ગુરૂને એકદમ અર્પણ થઈ ગયા છે. ગુરૂની આજ્ઞા એ જ મારો પ્રાણ છે. તેમની આજ્ઞામાં મારું કલ્યાણ છે. આવી ઉત્તમ ભાવના રાખી સંયમનું પાલન કરી રહ્યા છે.

છ મહિના પૂરા થવા આવ્યા. એક દિવસ મનક મુનિ પૂછે છે, ગુરૂદેવ! મને શય્યંભવ આચાર્યના દર્શન ક્યારે થશે? ગુરૂદેવ કહે તને આજે તેમના દર્શન થશે. ગુરૂદેવ મનકમુનિને દશવૈકાલિક અર્થ સહિત ભણાવતા હતા. રાત્રે ભણાવવા બેઠા. છઠ્ઠા મહિનાની છેલ્લી રાત્રી હતી. ગુરૂ ખૂબ સુંદર રીતે અર્થ-પરમાર્થ અને ભાવાર્થ સહિત ગૂઢ જ્ઞાન ભણાવે છે. મનકમુનિ વિચાર કરે છે અહો! મારા પિતાજી તો મળતા મળશે પણ આ ગુરૂદેવનો મારા ઉપર કેવો મહાન ઉપકાર છે! મને કેવું ઊંચું જ્ઞાન આપે છે! આ રીતે ગુરૂના ઉપકારનું સ્મરણ કરે છે ને ભણેલા જ્ઞાનનું ચિંતન કરતા કરતા શુભ ભાવનાની શ્રેણી ઉપર ચઢતાં ઘાતી કર્મોનો ક્ષય કરતાં કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. કેવળજ્ઞાન દ્વારા જાણી લીધું કે આ ગુરૂ મારા પિતા છે. એ પિતાનો મારા ઉપર કેવો મહાન ઉપકાર છે કે હું તો તેમને ઘેર લઈ જવા માટે આવ્યો હતો ને તેમણે મને છ મહિનામાં કલ્યાણનો પંથ બતાવી કેવળજ્ઞાન રૂપી લક્ષ્મી પ્રાપ્ત કરાવી. કેવળજ્ઞાન પામ્યા પછી બે ઘડીમાં તેમનું આયુષ્ય પૂર્ણ થયું ને તેઓ કાળ ધર્મ પામ્યા. છ મહિનામાં

અગિયાર વર્ષનો બાલુડો આત્મસાધના સાધી ચાલ્યો ગયો. આ સમયે શય્યંભવ આચાર્યના મુખ ઉપર રાગદશાને કારણે ઉદાસીનતા આવી ગઇ. ત્યારે બીજા શિષ્યો પૂછે છે, ગુરુદેવ! આપની સાનિધ્યમાં તો કંઇક હળુકર્મી જીવો આત્મ-સાધના કરીને ગયા છે. પણ કોઈ દિવસ અમે આપનું મુખડું ઉદાસ જોયું નથી. ને આજે આમ કેમ? તરત ગુરુએ લગામ હાથમાં લઇ લીધી કે મેં આ શું કર્યું? મારી ભૂલ થઇ ગઇ. પછી કહે છે, હે શિષ્યો! આ મનક મારો પુત્ર હતો. તેને મેં સવા મહિનાનો મૂકીને દીક્ષા લીધી હતી. તે મને શોધવા માટે નીકળ્યો હતો પણ મને શોધતાં ભગવાનને શોધી લીધા. કેવો સુપાત્ર જીવ કે છ મહિનામાં કલ્યાણ કરી ગયો. આ સાંભળી બધા શિષ્યોને ખૂબ દુઃખ થયું. અરે! આપણે તેની વૈયાવચ્ચ કરવી જોઇએ તેના બદલે આપણે તેની પાસે સેવા કરાવી. ગુરુ કહે છે કે જો મેં તમને કહ્યું હોત તો તમે તેને સેવા કરવા દેત નહિ રાગ દશા આવી જાત. તો આ છ મહિનામાં કલ્યાણ કરી શક્ત નહિ.

બંધુઓ! આપણે તો મૂળ મિથ્યાત્વની વાત હતી કે શ્રેણીક રાજા જ્યારે મિથ્યાત્વી હતા ત્યારે સંતોની કેવી હાંસી કરતા પણ અનાથી મુનિ પાસે તો ઠરી ગયા. મુનિ કહે છે "पढमे वए महाराय।"! હે રાજન્! પહેલી વયમાં-યુવાનીમાં મારી આંખમાં ભયંકર વેદના શરૂ થઇ. ને આખા શરીરમાં કાળી બળતરા થવા લાગી. અનાથી મુનિને ઘેર પૈસાનો પાર ન હતો. આંખની વેદના મટાડવા માટે તેમણે ઘણાં ઉપચારો કર્યા હશે. વૈદો અને ડોકટરોની સલાહ લીધી હશે, અંજન ને સૂરમા આંજ્યા હશે છતાં કોઈ તેમની વેદના મટાડવા સમર્થ બનતું નથી. આ રીતે પોતાની અનાથતા વિષે રાજાને કહી રહ્યા છે તેમને માટે શું શું ઉપાયો કર્યા તે વાત હવે રાજા શ્રેણીકને અનાથી મુનિ કહેશે, તેના ભાવ અવસરે કહેવાશે.

**ચરિત્ર :- અંજનાજી ભાઇના મહેલે આવશે :-** સતી અંજનાને તેની માતાએ સહકાર ન આપ્યો પણ ઉપરથી દાસીઓએ કટુ વચન કહીને તેનું અપમાન કર્યું. એટલે માતાના મહેલના દરવાજેથી નિરાશ થઇને ચાલી નીકળ્યા. વસંતમાલા કહે છે બહેન! પિતાજીએ તારા સામું ન જોયું એટલે માતાજીએ પણ આવું કર્યું. નહિતર મા કદી આવી કઠોર બને નહિ. તો હવે આપણે મોટાભાઇના ઘેર જઇએ. અંજના કહે છે, બહેન! અત્યારે મારા ઘોર કર્મનો ઉદય છે એટલે ભાઇ પણ સામું નહિ જૂએ. ત્યારે કહે છે બહેન! મોટાભાઇ અને ભાભી ખૂબ સારા સ્વભાવના છે. તેઓ જરૂર તારા સામું જોશે. વસંતમાલાના ખૂબ કહેવાથી મોટાભાઇના મહેલે જવા તૈયાર થઇ. કદી ખુલ્લા પગે ચાલી નથી. કોમળ પગમાં કાંટા ને કાંકરા વાગે છે.

**એમ અંજના ઘરોઘર હીંડતી પગ કુંકુમ વરણુ કમલ સમ દેહ તો,**
**ખૂંચે કાંટા ને કાંકરા તેણે રંગે ભૂમિ રાતી થઇ તેહ તો.**
**દીન વચન મુખ બોલતી નયણે આંસુ ઝરે જાણે શ્રાવણ મેહ તો,**
**ભૂખ-તૃષાએ કરી વ્યાકુલી ભાળી દીઠા હુવાર વરસ દશ હોય તો....સતી રે.**

તેના કોમળ પગ કાંટાને કાંકરાની તીક્ષ્ણ ધારોથી વીંધાઇ ગયા છે ને લોહી નીકળે છે એટલે પગ લાલ ચોળ થઈ ગયા છે. ત્યાં લોહીના ટીપા પડે છે. ખૂબ વેદના અને ભૂખ-તરસને કારણે તેનું મુખ લાલઘૂમ થઇ ગયું છે. આ રીતે બંને જણા મોટાભાઇના બંગલે આવ્યા. ભાઇએ મહેલની મેડીએથી અંજનાને કાળાવેશમાં વસંતમાલાની સાથે આવતી જોઈ. એટલે એ તો ઘરમાં બેસી રહ્યો. એની પત્નીને કહે છે કાળા કામની કરનારી કાળા કપડાં પહેરીને કલંકિત બનીને સાસરેથી આવી છે. તેનું મોઢું જોતાં પણ મને તો પાપ લાગે. માટે મારે તેનું મોઢું જોવું નથી.

બંધુઓ ! જુઓ. કર્મ જીવને કેવો નાચ નચાવે છે ! જે મોટો ભાઇ અંજનાને તેડવા માટે ગયો હતો. પોતાની બહેનને તેડી લાવવા માટે કેટલા કાલાવાલા કર્યા હતા. છતાં અંજના ન આવી ત્યારે તેને ખૂબ દુઃખ થયેલું. પણ જ્યારે અંજના દુઃખના સમયે હાલીચાલીને પોતાને ઘેર આવી ત્યારે તેના સામું પણ જોતો નથી. કર્મો કેવા ક્રૂર છે !

**"અંજનાનો ભાઇ-ભાભીએ કરેલો તિરસ્કાર"** :- અંજનાનો ભાઇ એની પત્નીને કહે છે, જા, તું જઇને એને કાઢી મૂક. એ પાપણી આપણા મહેલના દરવાજે પણ ના જોઇએ. એટલે ભાભી તો રૂઆબ ભેર અંજનાની પાસે આવીને ઊભી રહી. પણ કહેવત છે કે **"મન વગરનું મળવું ને ભીંતે અથડાવું તે સરખું છે."** ભાભીનું મોઢું જોઈને અંજના સમજી ગઇ કે ભાભીનું મન નથી. ત્યાં ભાભી બોલ્યા તમે ચાલ્યા જાવ. એક ક્ષણ પણ મારા મહેલના દરવાજે ઊભા રહેશો નહિ. તમારા ભાઇની સખત મનાઇ છે. ત્યારે અંજના કહે છે ભાભી ! ભલે હું ચાલી જઇશ. પણ મારી એક વાત સાંભળો. દશ આંગળી દાંત પાસે લઇ જઇને કહે છે ભાભી ! દશ દશ દિવસથી એક અન્નનો કણ મળ્યો નથી. કે પાણીનું ટીપું મળ્યું નથી. હું ભૂખ–તરસથી આકુળ-વ્યાકુળ થઇ ગઇ છું. ચાલવાની પણ શક્તિ નથી. આંખે અંધારા આવે છે. કંઠ ને જીભ સૂકાય છે તો એક પ્યાલો પાણી તો પીવડાવો. હું બાર બાર વર્ષે આવી છું. ફક્ત એક પ્યાલો પાણી આપો. પાણી પીને હું ચાલી જઇશ. ત્યારે ભાભી તાડુકીને કહે છે તમને કહ્યું તો ખરું કે એક સેકન્ડનો પણ વિલંબ કર્યા વિના ચાલ્યા જાવ. હજુ ભાભી કેવા કઠોર વેણ કાઢશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં – ૫૫

**ભાદરવા સુદ ૧૪ ને ગુરુવાર** **તા. ૧૮-૯-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો !

સર્વજ્ઞ ભગવંતે બતાવેલા સિદ્ધાંત સાગરમાં અમૂલ્ય મોતીઓ રહેલા છે. સાચો જાણકાર ઝવેરી હોય તે સાચા મોતીની પારખ કરી શકે છે ને તેની કિંમત આંકી શકે

છે. સાચા મોતીની માળા જીવનું કલ્યાણ સાધી શકતી નથી પણ વીર વાણી રૂપી અમૂલ્ય મોતીની માળાથી સ્વ-પર કલ્યાણ સાધી શકાય છે. વીતરાગવાણી સંસાર સાગરમાંથી જીવોને તારનારી છે. એટલા માટે વીતરાગવાણીને જગતઉદ્ધારિણી કહેવામાં આવે છે.

આપણે અનાથી નિર્ગ્રંથનો અધિકાર ચાલે છે. તેમાં આપણે એ વાત સમજવાની છે કે ધન-વૈભવ, કુટુંબ-પરિવાર કોઇ રોગથી મુક્ત કરાવી શકતું નથી. જો ધનથી બધું થતું હોત તો અનાથી મુનિને ઘેર કેટલી સંપત્તિ હતી! માતા-પિતા તેમજ અપ્સરા જેવી યુવાન સ્ત્રી, ભાઇ-બહેનો બધા હતા. પણ જ્યારે અશાતા વેદનીય કર્મનો ઉદય થયો ને આંખમાં તીવ્ર વેદના થઇ. આખા શરીરમાં બળતરા થવા લાગી ત્યારે કોઇ રોગથી મુક્ત કરી શકયું? જ્યાં સુધી પુણ્યનો ઉદય છે ત્યાં સુધી રોગ બહાર નથી આવ્યા પણ અંદર તો પડેલા છે. જેમ ગાઢ વાદળા સૂર્યને ઢાંકી દે છે પણ અંદર સૂર્ય તો રહેલો છે તેમ જોરદાર શાતા વેદનીય રૂપી સૂર્યનો ઉદય છે ત્યાં સુધી અંદર રોગો ઢંકાઇ ગયા છે.

**માનવ તનકે રોમ રોમમેં, ભરે હુએ હૈ રોગ અપાર,**
**કારણ પા કર વહી, રોગ સબ આતે હૈ બાહિર દુઃખકાર,**
**ફૂટે ઘટ કે જલ સમ હી યહ આયુ ક્ષીણ હોતા દિનરાત,**
**રોગ ભરે ઇસ નશ્વર તન સે, કરતા મોહ અરે ક્યોં ભ્રાત?**

આપણા શરીરના એકેક રુંવાડે પોણા બબ્બે રોગ રહેલા છે. જેમ કોઇ માણસનો ખરડો આખો સડી ગયો હોય પણ તેણે ઉપરથી સારા કપડાં પહેરી લીધા એટલે તે સડો દેખાતો નથી. તેથી કંઈ સડો નાબૂદ થઇ જતો નથી. તેમ પુણ્યોદયને કારણે ઉપરથી રોગ ન દેખાતો હોય પણ અંદર તો રોગ ભરેલા પડયા છે. ઔદારિક શરીર રોગોનું ભાજન છે. શરીર પાંચ છે.

**"औदारिक वैक्रियाहारक तैजस कार्मणानि शरीराणि ।"**

ઔદારિક, વૈક્રય, આહારક તૈજસ અને કાર્મણ; આ પાંચ પ્રકારના શરીરો છે, આ જગતમાં દેહધારી જીવો અનંત છે ને તેમના શરીર પણ અનંત છે. જીવનું ક્રિયા કરવાનું સાધન તે શરીર છે. જે શરીર બાળી શકાય, છેદન-ભેદન થઇ શકે તે ઔદારિક શરીર છે. જે શરીર વિવિધ રૂપોને ધારણ કરી શકે તેને વૈક્રિય શરીર કહેવાય, અને જ્યારે ચૌદપૂર્વધારી મુનિઓને કોઈ સૂક્ષ્મ વિષયમાં સંદેહ થાય છે ત્યારે તે સંદેહનું નિવારણ કરવા માટે ને તેનું નિશાકરણ કરવાને માટે મહાવિદેહાદિ ક્ષેત્રોમાં સીમંધર આદિ સર્વજ્ઞ ભગવંતોની પાસે જવા માટે પોતાની વિશિષ્ટ લબ્ધિનો પ્રયોગ કરીને એક હાથ જેટલું શરીર બનાવે છે, તે શુભ પુદ્ગલોનું બનેલું હોવાથી સુંદર હોય છે ને તેને આહારક શરીર કહેવાય છે, આ શરીર દ્વારા ચૌદ પૂર્વધર

લબ્ધિવંત સાધુઓ અન્ય ક્ષેત્રમાં સર્વજ્ઞ ભગવંતની પાસે જઈને પોતાની શંકાનું નિવારણ કરે છે. પછી તે શરીર વિખરાઇ જાય છે. આ કાર્ય એક અંતમુહૂર્તમાં થઈ જાય છે. જે શરીર તેજોમય હોવાથી ખાધેલા આહારાદિને પચાવવામાં કારણભૂત થાય છે તેનું નામ તૈજસ શરીર છે. અને કર્મોનો સમૂહ તેનું નામ કાર્મણ શરીર.

આ પાંચેય શરીરોમાં સૌથી અધિક સ્થૂલ ઔદારિક શરીર છે, વૈક્રિય તેનાથી સૂક્ષ્મ છે. આહારક વૈક્રિયથી પણ સૂક્ષ્મ છે. તે રીતે આહારકથી તૈજસ અને તૈજસથી કાર્મણ અનુક્રમે સૂક્ષ્મ છે. ટૂંકમાં આપણે તો એ વાત ચાલતી હતી કે આ શરીર રોગોથી ભરેલું છે, ને રોગ ધનાઢ્ય-ગરીબ કે મધ્યમ કોઇને છોડતો નથી. તે અનુસાર આપણે જેનો અધિકાર ચાલે છે તે અનાથી નિર્ગ્રંથ મહારાજા શ્રેણીકને પોતાની અનાથતા બતાવતા કહે છે :-

**पढमे वए महाराय, अउला मे अच्छि वेयणा ।**
**अहोत्थ विउलो वाहो, सव्वगत्तेसु पत्थिवा ।।**

ઉત્ત. સૂ. અ. ૨૦ ગાથા ૧૯

મુનિ કહે છે હે મહારાજા! પ્રથમ વયમાં, ઊગતી યુવાનીમાં મારી આંખોમાં ને શરીરમાં ભયંકર વેદના ઉત્પન્ન થઇ, બંધુઓ! જ્યારે શરીરમાં વ્યાધિ થાય છે ત્યારે ખાવું-પીવું કે હરવું-ફરવું કંઇ ગમતું નથી. માટે જ્ઞાની પુરૂષો કહે છે આ શરીર સારું છે ત્યાં સુધી ધર્મની આરાધના કરી લો, જિંદગી ચાર દિવસની ચાંદની જેવી છે, તેમાં યુવાની તો દિવાની છે. યુવાનીનો સવળો ઉપયોગ થાય તો જીવ કર્મના ભૂક્કા બોલાવી દે, ને મોજશોખમાં યુવાનીને વેડફી નાંખે તો કર્મના પહાડો ખડકી દે છે.

ત્રણ પનિહારી પાણી ભરીને જઇ રહી હતી. રસ્તામાં તેમને એક સંત મળ્યા. એ સંતે તેમના સામે જોઇને એક ગીત પંક્તિ લલકારી.

**આગલી નહિ, પીછલી નહિ, વાહ રે બીચલી વાહ.**

આ સાંભળી પનિહારીઓ સંત પર ગુસ્સાથી ધૂંઆપૂંઆ થઇ ગઇ. પણ સંતને શું કહે? ત્યારે સંતને ન કહ્યું. ઘરે આવીને પોતાના પતિ સમક્ષ ફરિયાદ કરી. પેલા ભગતડાએ અમારી ભરબજારે મશ્કરી કરી. તમે જઇને તેમની ખબર લઇ નાંખો, ત્રણે પનિહારીઓના પતિ ભેગા થઇને પેલા સંત પાસે આવ્યા. સંત પાસે મશ્કરીનો ખુલાસો માંગ્યો. સંતે શાંત ભાવે કહ્યું. ભાઇઓ! હું બહેનોની મશ્કરી જો કરૂં તો મારી તો જીવન-ભરની સાધના ધૂળમાં મળી જાય. હું એવું બોલ્યો હતો જરૂર પણ એતો ભજન હતું. પ્રભુ ભજન! એ ભજનનો ભાવ તમે જાણશો તો તમને થશે કે મેં મશ્કરી કરી નથી. એ ભજન કહે છે.

આગલી નહિ એટલે કે જીવનની પહેલી ઉંમર નહિ, પાછલી ઉંમર પણ નહિ,

બીચલી એટલે કે વચલી ઉંમર ઉપયોગી છે. નાની ઉંમરમાં બાલપણમાં જ્ઞાન ન હોય, શક્તિ ન હોય, એ ઉંમર તો રમવા-કૂદવામાં પૂરી થઈ જાય છે. પાછલી ઉંમર-ઘડપણમાં જ્ઞાન હોય, પણ શક્તિ ન હોય, ગાત્રો શિથિલ થઈ ગયા હોય, કાને ઓછું સંભળાય, ઝાઝું ચલાય નહિ, અંગે અંગ ધ્રુજે. આવી ઉંમરે ભગવાન ભજીશું એવું વિચારવું તે મૂર્ખામી છે. શાણો અને સમજદાર માણસ તો તે છે કે જે યુવાનીમાં જ્યારે અંગેઅંગમાં સ્ફુર્તિ અને તરવરાટ હોય ત્યારે ભગવાનને ભજે. આત્મધ્યાન ધરે. આત્મજ્ઞાન મેળવે. આથી મેં કહ્યું હતું કે "આગલી નહિ, પીછલી નહિ, વાહ રે બીચલી વાહ," સંતની આ સ્પષ્ટતા સાંભળી આવનાર સૌનો રોષ શમી ગયો. અજ્ઞાનનું આવરણ હટી ગયું અને સૌને જ્ઞાનનો દિવ્ય પ્રકાશ મળ્યો. તેમને સમજાઈ ગયું કે ધર્માંરાધના માટે યુવાની એ મોસમ છે. દશવૈકાલિક સૂત્રમાં ભગવંતે કહ્યું છે કેઃ-

**जरा जाव न पीडइ, वाही जाव न वड्ढइ ।**
**जाविन्दिया न हायन्ति, ताव धम्मं समायरे ।।**

દશ. સૂ. અ. ૮ ગાથા ૩૬

ધર્મારાધના કરવા માટે યુવાની શ્રેષ્ઠ છે. જ્યાંસુધી વૃદ્ધાવસ્થા આવી નથી, શરીરમાં વ્યાધિઓ ઉત્પન્ન થઈ નથી, પાંચ ઈન્દ્રિઓમાંથી એક પણ ઈન્દ્રિય શિથીલ થઈ નથી. શરીરનું બળક્ષીણ થયું નથી ત્યાં સુધી ધર્મની આરાધના કરી લો. પછી ઘડપણ આવશે ત્યારે હાથપગ ધ્રૂજવા લાગશે. કલાક બેસતા કમ્મરનો દુઃખાવો થશે, ચાલવા માટે લાકડીના ટેકાની જરૂર પડશે. ઉપવાસ કરવાનું મન થશે ત્યારે ભૂખ્યા રહી શકશો નહિ. ત્યારે કંઈ પણ આત્મસાધના કરી શકાશે નહિ. આવું આ શરીર છે. છતાં તેને માટે કેટલું કરો છો. પણ આત્મા માટે શું કર્યું તે વિચારો.

જેનો તમને અત્યંત રાગ છે તે શરીર કેવું છે? અશુચીનું ભરેલું છે. વળી શરીર ભાડૂતી મકાન જેવું છે. આ મકાન શાશ્વત છે કે અશાશ્વત? તેનો કદી વિચાર કર્યો છે? આપણો આત્મા શાશ્વત છે ને દેહ અશાશ્વત છે. આપણે પાંચ શરીર વિષે વિચાર કર્યો. તેમાં આપણું શરીર ઔદારિક છે. ઔદારિકનો બીજો અર્થ છે ઉદાર-પ્રધાન. તીર્થંકર ભગવંતો, ગણધરો, ચક્રવર્તિઓ તેમજ અન્ય મહાપુરુષો આ ઔદારિક શરીર દ્વારા મોક્ષમાં ગયા છે. તેથી તેને પ્રધાન શરીર કહ્યું છે.

બંધુઓ! આ શરીર ધર્મારાધના કરવામાં સાધન છે. સંસ્કૃત સુવાકયોમાં પણ કહ્યુ છે "शरीरमाद्य खलु धर्मसाधनम् ।" આ સાધનને અજ્ઞાની જીવોએ સાધ્ય માની લીધું છે. તેથી તેની પાછળ પાગલ બન્યા છે. પણ છેવટે છોડવું પડશે. માટે સાધન સારું છે ત્યાં સુધીમાં સાધ્ય સાધી લો.

આ શરીર ત્રણ મજલાનો બંગલો છે. તમારા મકાનમાં બાથરૂમ, રસોડું,

દિવાનખાનું આદિ જુદા જુદા વિભાગો હોય છે તેમ આ શરીરમાં પણ વિભાગો છે. એક સંતે તેના માટે સુંદર પદ ગાયું છે.

**તેરે રહનેકો રહેઠાન મીલા, તન બંગલા આલેશાન,**
**હડ્ડી માંસ ચર્મમય, સારા તન હૈ કૈસા સુંદર પ્યારા,**
**હૈ યહ તિમજલા મકાન.......મીલા, તન........**
**પાંવ સે લેકર કટી કે ભાઇ, પહલા મંઝીલ હૈ સુનભાઇ,....**
**જીસ મેં હૈ ટટ્ટીકા સ્થાન....મીલા તન બંગલા આલેશાન**

આ શરીર રૂપી બંગલામાં તમારા બંગલાની જેમ સીમેન્ટ, ને ઈંટો નથી પણ હાડ-માંસ અને ચામડાનો બનેલો છે. તેના ત્રણ મજલામાં પગના તળિયાથી લઈને કમર સુધીનો પહેલો મજલો છે. તે મજલામાં સંડાસ ને બાથરૂમ આદિ રહેલા છે, તેમાંથી અશુચિ પદાર્થો ઝરે છે. આ શરીરમાં સંડાસ સાથે ને સાથે રહે છે. વિચાર કરો, તમારા ઘરનું સંડાસ સાફ ના કર્યું હોય તો તમને દુર્ગંધ આવે ને? પણ અનંતકાળથી આત્મામાં દુર્ગુણોની દુર્ગંધ ભરી છે તેની ગંધ આવે છે? સમજો. ધર્મ આરાધના કરશો તો આ રાગ-દ્વેષ-મત્સર આદિ દુર્ગુણોની દુર્ગંધ દૂર થશે ને આત્મા પવિત્ર બનશે. શરીર તો ગટર જેવું છે. તેમાં તેનો પહેલો મજલો તો અશુચિનું સ્થાન છે. પણ તેમાં રહેનારો ચૈતન્ય દેવ તો મહાન છે. આજે જીવો માલિકને ભૂલીને મકાનની માવજતમાં પડી ગયા છે. હવે શરીરરૂપી બંગલામાં બીજા માળમાં શું રહેલું છે તેનો વિચાર કરીએ.

**કટી સે ગ્રીવા તક પહિચાનો, ઇસ મેં હૈ મશીન એક માનો,**
**પચતા જિસમેં ભોજનપાન, મીલા તન બંગલા આલેશાન.**

કેડથી માંડીને ડોક સુધીનો બીજો મજલો છે. તે મજલામાં એક તૈજસ નામનું મશીન રાખ્યું છે. તેમાં આપણે જે ભોજન કરીએ તે પચે છે. ખાધેલો ખોરાક તેમાં જાય છે ને તેની વ્યવસ્થા ત્યાંથી થાય છે. તે ખોરાકને લોહી રૂપે, વીર્ય રૂપે, ચરબી રૂપે શરીરમાં પરિણમાવવો અને બાકીનો નકામો કચરો અલગ કરીને બહાર કાઢવો તે કામ આ બીજા મજલામાં રહેલા મશીન દ્વારા થાય છે. નાભિની બાજુમાંથી નવસો નાડીઓ શરૂ થાય છે. તેમાં નવ ધોરી નસો છે. ૧૦૮ નસો એક પગ તરફ અને ૧૦૮ બીજા પગ તરફ આમ વિવિધ જગ્યાએ નાડીઓની વહેંચણી કરવામાં આવી છે. આ નસો ઢીલી પડે એટલે કમ્મર, ડોક, આદિ ગાત્રો શિથિલ થવા માંડે છે. શરીરનો મધ્યભાગ નાભિ છે. તે નાભિમાં આઠ રૂચક પ્રદેશો છે.

બંધુઓ! આ શરીર જીવને અતિ પ્રિય છે. આ બંગલાને છોડવાનું મન થતું નથી. પણ આયુષ્ય પૂર્ણ થતાં તો છોડવો પડે છે. પગના તળીયેથી જીવ જાય તો નરક ગતિમાં જાય છે. જાંઘેથી જીવ જાય તો તિર્યંચમાં જાય છે. છાતીએથી જાય તો મનુષ્યમાં

જાય છે. મસ્તકેથી જાય તો દેવલોકમાં જાય છે ને સર્વાંગે- રૂંવાડે રૂંવાડેથી જાય તો મોક્ષમાં જાય છે. (શ્રોતામાંથી અવાજ :- જીવ ક્યાંથી જાય તેની શી ખબર પડે ?) જવાબ :- જીવ જ્યારે માતાના ગર્ભમાં આવે છે ત્યારે સર્વ પ્રથમ ઓજ આહાર લે છે. ને તે આહાર જીવ જાય છે ત્યારે છોડે છે. તમે ધ્યાન રાખશો તો ખબર પડશે કે મોઢેથી જીવ જશે તો સ્હેજ પાણીનું ટપકું બહાર આવશે. આંખેથી જશે તો આંખમાં આવશે. તે સમયે આ ઓજ આહાર છોડે છે. પગના તળિયેથી કે જાંઘેથી જીવ જાય ત્યારે ત્યાં કોઇ જોવા જતુ નથી. કારણ કે તે સમયે તો સર્વેની દૃષ્ટિ મરનારના મુખ સામે હોય છે. આપણે રૂચક પ્રદેશની વાત ચાલતી હતી. એ રૂચક પ્રદેશ શરીરમાંથી બહાર નીકળ્યા પછી પાછા પ્રવેશતા નથી.

આ જીવને જવાનું હોય છે ત્યારે તેનું સ્થાન નકકી થઇ જાય છે. ગતિ-જાતિ-શરીર-અવઘેણા-સ્થિતિ- અને અનુભાગ. અહીંથી મરીને ચાર ગતિ માંહેની કઇ ગતિમાં જઇશ, એકેન્દ્રિયાદિ પાંચ જાતિ માંહેની કઈ જાતિમાં જવાનું છે, પાંચ શરીર માંહેનું કયું શરીર પામીશ, કેટલી અવઘેણા ત્યાં મળશે, કેટલી સ્થિતિ અને કેવો અનુભાગ મળશે, આ બધું નકકી કરીને જીવરાજા અહીંથી બિસ્રા ઉઠાવે છે. તમારે અહીંથી બીજે રહેવા માટે જવું હોય તો પહેલાં બીજું સ્થાન મળે ત્યારે અહીંથી ખાલી કરો છો ને ? તેમ જીવ પણ બધું નકકી કરીને અહીંથી ઉપડે છે. આ તનના બંગલાના ત્રીજા મજલામાં કેવી વ્યવસ્થા છે.

**ગ્રીવાસે ત્રીજા મંઝિલ સર જીસમેં બાબુજીકા દફ્તર,**
**ટેલિફોન લગે દોનું કાન....મીલા તન બંગલા આલેશાન...**
**દૂરબીન હૈ નયનો કા પ્યારા, વાયુ હીત કે નાક દુવારા,**
**મુખ સે આતે હૈ પકવાન,...મીલા તન બંગલા આલેશાન....**

ડોકથી માથા સુધીનો ભાગ ત્રીજો મજલો છે, મસ્તકને ઉત્તમ અંગ માનવામાં આવે છે. શરીરના બધા અંગોમાં મસ્તક શિરોમણી સમાન છે. મગજ હેડ ઓફિસ છે. તમે ઓફિસમાં તમારું દફતર-ચોપડા બધું રાખો છો ને ? તેમ આ મગજ પણ બાબુજીનું દફતર છે. ત્યાંથી બધા હુકમો બહાર પડે છે. જો મગજ સારું ન હોય તો આ શરીર બંગલાની કોઇ કિંમત નથી.

બંધુઓ ! આ મગજ રૂપી મની બેગ છે તેમાં તમે સદ્વિચારોના સિક્કા ભર્યા છે કે કુવિચારોના કાંકરા ભર્યા છે ? આવું સુંદર ને કિંમતી મગજ જો તમને મળ્યું છે તો તમે તેને ઉકરડો ના બનાવશો. પણ તેમાં સુંદર ધર્મ આરાધનાની ને આત્મકલ્યાણની ભાવનાઓ ભરજો-તો તમારો જન્મારો સફળ બનશે. કાન ટેલિફોન છે. કાનદ્વારા સાંભળીએ છીએ, તેની અસર મગજમાં પહોંચે છે. જો સારું સાંભળશો તો આત્માને

પોતાના સ્વરૂપનું ભાન થશે. કાન દ્વારા કોઈની નિંદા કુથલી સાંભળશો નહિ. કોઈના અવર્ણવાદ સાંભળશો નહિ પણ વીતરાગ વાણી સાંભળીને તેનું આચરણ કરજો. આંખો એ દૂરબીન છે. તેના દ્વારા દરેક પદાર્થોને જોઈ શકાય છે. પણ જોયા પછી આ સારું છે ને ખોટું છે તેવા રાગ-દ્વેષ કરશો નહિ. આંખો દ્વારા જીવોની જતના કરજો. સંતના દર્શન કરજો. શાસ્ત્રો અને સારા સાહિત્યનું વાંચન કરજો, પણ કોઈના છિદ્રો જોશો નહિ. પારકાના છિદ્રો તેં ઘણા જોયા. હવે તારા છિદ્રો જો તો તને ભાન થાય કે હું કેવો છું? કોઈની આંખો ચાલી જાય તો તેને જીવન અળખામણું લાગે છે. કારણ કે પોતે પરાધીન બની જાય છે. માટે આંખની પણ ખૂબ કિંમત છે.

અનાથી નિર્ગ્રંથની આંખમાં ભયંકર વેદના ઉપડી હતી. તેને મટાડવા માટે તો લાખો પ્રયત્નો કર્યા હશે પણ તેમનું દર્દ મટાડવા કોઈ સમર્થ ન બન્યું.

આ શરીર રૂપી બંગલામાં રહેલા મોઢાને તો પકવાન ને મેવા ખાવા ખૂબ ગમે છે પણ મીઠું વચન બોલવું ગમે છે ખરું? શરીરની એકેક ઇન્દ્રિયોનો જો તમે સદુપયોગ કરશો તો આ દેહ રૂપી બંગલો મળ્યાની સાર્થકતા છે.

અનાથી નિર્ગ્રંથ રાજા શ્રેણીકને કહે છે કે મારા શરીરમાં ખૂબ બળતરા થવા લાગી. આંખોમાં કોઈ સોયો ભોંકે તેવી વેદના થવા લાગી. તે સમયે મોઢામાંથી રાડ નીકળી જતી. આવી ભયંકર વેદના મારા માતા-પિતાથી જોવાતી ન હતી. મારી પીડા જોઈને તેમની આંખોમાં આંસુ આવી જતાં. ને મને કહેતા કે બેટા! કોઈ બહારનો દુશ્મન તારા શરીર ઉપર ઘા કરતો હોત તો અમે એ ઘા વચમાંથી ઝીલી લેત પણ તારા શરીરે એક પણ ઘા પડવા દેત નહિ. પણ આ તો છુપા દુશ્મનો અંદર રહીને તને પીડા આપે છે. તેને અમે કેવી રીતે પહોંચી શકીએ?

દેવાનુપ્રિયો! કર્મ બાંધતી વખતે જીવને આનંદ આવે છે. પણ ભોગવવાના સમયે જીવને દુઃખ થાય છે. અનાથી નિર્ગ્રંથ કહે છે કે મારા પિતા, માતા, પત્ની બધા મારી પાછળ ખૂબ ઝૂરતા હતા પણ એક રાઈ જેટલું પણ દુઃખ લઈ શક્યા નહિ. આ બતાવે છે કે કરેલાં કર્મો જીવને પોતાને ભોગવવા પડે છે. માટે બાંધતા પહેલાં ખૂબ વિચાર કરજો. *કર્મ તો ઘડીકમાં નિરોગીને રોગી બનાવે છે ને રોગીને નિરોગી બનાવે છે.* નિર્ધનને ધનવાન અને ધનવાનને નિર્ધન બનાવે છે. આવું કર્મનું ચક્કર છે.

કર્મનું એક ચક્કર ફરે છે ને ગઈ કાલનો શ્રીમંત ચીંથરેહાલ બની જાય છે. કરોડપતિ રોડપતિ બની જાય છે, ને ફૂટપાથ પર હાથ લંબાવીને ભીખ માંગતો ઉભો રહે છે. શિયાળાની કડકડતી ઠંડીમાં એક ફાટલું તૂટલું પહેરણ પહેરીને ધ્રૂજતા શરીરે ફૂટપાથ પર સૂવાનો વખત આવે છે. ને શુભ કર્મનું બીજું ચક્કર ફરે છે ત્યારે રસ્તાનો ભિખારી અઢળક સંપત્તિનો સ્વામી બની જાય છે. એ ફૂટપાથ પર સૂનારો ફીયાટ ને

એમ્બેસડરમાં રોડ પર દોડે છે. આવું કર્મનું ચક્કર ફરી રહ્યું છે.

હજુ તો ઈતિહાસને પાને જેના પગલા પડ્યા નથી એવો રાજસ્થાનનો એક યુવક આશાના એક ધક્કે મુંબઈ નગરીમાં આવ્યો. આંખમાં આશા હતી ને પગમાં પગભર થવાનું જોમ હતું. હાથમાં નોકરી કરીને કમાવાનું તેનામાં કૌવત હતું. પણ મુંબઈ જેવા શહેરમાં ઓળખાણ વિના તેને કોણ રાખે? દુકાને દુકાને ફરે છે પણ ક્યાંય નોકરીનો પત્તો લાગતો નથી. આજે દુનિયામાં ડીગ્રી મળી જાય, કોઈની દીકરી પણ મળી જાય પણ નોકરી મળતી નથી. એવા આજના જમાનામાં જન્મેલો આ યુવાન હતો. ખૂબ ભમ્યો પણ નોકરી ન મળી. એટલે જે આંખમાં આશા હતી તે આંખમાં હવે નિરાશા છવાઈ ગઈ, જે વદન ઉપર આનંદ હતો તે વદન પર વેદના અને વિષાદની વાદળીઓ દોડતી આવી રહી હતી. ભૂખ્યા-તરસ્યા ત્રણ ત્રણ દિવસો એણે ફૂટપાથ પર સૂઈને પસાર કર્યા. ચોથે દિવસે એ રોડ પરથી ચાલ્યા જતાં એક પરિચિત પુરુષની દૃષ્ટિ પેલા કંગાલ કિશોર ઉપર પડી. એને દયા આવી. ને મનમાં થયું કે આ બિચારા ગરીબ છોકરાને પરિચય વિના કોણ નોકરી રાખશે? લાવ, તેને હું ચિઠ્ઠી લખી આપું. એ વ્યક્તિએ પેલા ગરીબ છોકરા પાસે જઈને કહ્યું કે લે આ ચિઠ્ઠી, સાર્વજનિક ધર્મશાળાના ટ્રસ્ટીને આપજે. ચિઠ્ઠીમાં લખ્યું હતું કે આ કંગાલ કિશોરને નોકરીમાં રાખી લેજો, નિરાશામાં આશાના અંકુર ફૂટ્યા ને કિશોર દોડતો ધર્મશાળાએ પહોંચી ગયો ને ટ્રસ્ટીના હાથમાં ચિઠ્ઠી મૂકી.

**યુવાનની આશા નિરાશામાં ફેરવાઈ ગઈ :** ધર્મશાળામાં પહેરેગીરની જરૂર હતી એટલે ટ્રસ્ટીએ કહ્યું કે આવતીકાલે પહેલી તારીખ છે માટે તું આવતી કાલથી નોકરી ઉપર લાગી જજે. ત્યારે કિશોરે ટ્રસ્ટીનો ઉપકાર માનતા કહ્યું કે શેઠ સાહેબ! નોકરીપર કાલથી કામે લાગીશ. પણ આજે ક્યાં જાઉં? જો આપની રજા હોયતો અહીં સૂઈ જાઉં. ટ્રસ્ટીએ કહ્યું-ભલે, એટલે તે રાત ત્યાં રહી ગયો ને સવાર પડતાં એ કામે લાગી ગયો. સાંજના શેઠ આવ્યા ને પેલા યુવાનને પાસે બોલાવીને કહ્યું કે તારે અહીં શું શું કામ કરવાનું છે તે હું તને સમજાવી દઉં. તું સમજી લે. જો આ ધર્મશાળામાં કોણ આવ્યું ને કોણ ગયું? કોને કેટલા વાસણ આપ્યા તે લખી રાખવાનું અને ધર્મશાળાનું ધ્યાન રાખવાનું. ત્યારે યુવાન કિશોરે કહ્યું-શેઠ સાહેબ! હું ગરીબ છું ને અભણ છું. મને મારું નામ લખતાં પણ આવડતું નથી. માટે ધર્મશાળાનું ધ્યાન તો હું જાનના જોખમે રાખીશ પણ હું લખી નહિ શકું. ત્યારે શેઠે કહ્યું તો તો હું તને નોકરી પર નહિ રાખી શકું. અમારે તો આ બંને કામ સંભાળી શકે તેવા માણસની જરૂર છે. માટે તને હમણાં ને હમણાં છૂટો કરવામાં આવે છે. તેં આજે સાંજ સુધી કામ કર્યું છે તેના બદલામાં આઠ આના તને આપું છું. લઈને ચાલતો થઈ જા.

યુવાનની આશા ઉપર નિરાશાની નિશા છવાઇ ગઇ. તેનું થનગનતું લોહી ઠંડુ પડી ગયું. ને આઠ આના ખિસ્સામાં મૂકીને ચાલતો થઇ ગયો. ત્યાં તરત શેઠે એને ફરી બોલાવ્યો. ત્યારે તેના મનમાં આશાની ઉર્મિ ઉછળી કે શેઠ મને નોકરી રાખવા બોલાવતા હશે. એટલે એ તો શેઠનો આભાર માનવા માટે બોલવા જાય છે. ત્યાં શેઠે કહ્યું કે લે આ આઠ આના મારા તરફથી તને બીજા આપું છું. રૂપિયો લઇને એ તો રસ્તે પડી ગયો. ફરીને ભાગ્ય અજમાવવા નોકરીની શોધ કરતો ફરવા લાગ્યો. ઘણા દિવસ રખડયો પણ નોકરી મળી નહિ એટલે એક દિવસ ખૂબ મૂંઝાઇ ગયો. કે આ મુંબઇ તો ભણેલાં ગણેલાં અને મોજીલાની નગરી છે ને હું તો તદ્દન અભણ છું. આ વિચારે પોતાને મુંબઈમાં નોકરી મળશે કે નહિ તે તેના માટે એક સમસ્યા થઇ પડી. છતાં આશા એને મુંબઇના બજારોમાં જવા પ્રેરતી હતી. ઘણાં બજારોમાં ફર્યો પણ કયાંય સ્થાન મળતું નથી. છેવટે એક દિવસ એવો ઉગ્યો કે સટ્ટા બજારમાં એનો ચાન્સ લાગી ગયો.

પેલા શેઠના એક રૂપિયા ઉપર તેણે દશ દિવસો કાઢયા. ત્યારે અગિયારમા દિવસે એને સટ્ટા બજારમાં એક શેઠને ત્યાં ટપાલ તથા ચિઠ્ઠી પહોંચાડવાનું કામ મળ્યું. અભણ માણસ કરી શકે તેવું એ કામ હતું. પણ કિસ્મતના ખેલાડીએ એ કામમાં બરાબર ચાંચ પરોવી. થોડા દિવસમાં તો કિસ્મતનો ખેલાડી એ સટ્ટાનો ખેલાડી બની ગયો. સટ્ટા બજારમાં એનું નામ બોલાવા માંડયું. સટ્ટા બજારનો એ રાજા બની ગયો. આખા બજારની એ આંખ બની ગયો. આખા મુંબઈનો એ નામાંકિત વહેપારી બની ગયો.

**કાલનો ગરીબ આજનો દાનવીર બની ગયો :** બંધુઓ ! જૂઓ, કિસ્મત કેવું કામ કરે છે! તમે માનો છો કે અત્યારે ભણતર હોય તો કમાઇ શકાય. પણ આ યુવાન શું ભણ્યો હતો? અભણ હોવા છતાં મોટો શ્રીમંત બની ગયો. આવા શ્રીમંતો ઉપર નાની મોટી સંસ્થાઓ ચલાવનારની દૃષ્ટિ પડે છે. શહેરમાં કોણ ધનવાન છે ને કોણ દાનવીર છે તેનું સંસ્થા ચલાવનારા ધ્યાન રાખે છે. કારણ કે શ્રીમંતો ઉપર સંસ્થાઓ નભતી હોય છે ને તેથી શ્રીમંતોની આંખ શ્રીમંતો ઉપર હોય છે. એક સાર્વજનિક સંસ્થાની દૃષ્ટિ આ નવા યુવાન વહેપારી ઉપર પડી. સંસ્થાના એક યુવાન કાર્યકરે આવીને સંસ્થાનું નામ બતાવીને એમાં કંઇક ફાળો આપવા વિનંતી કરી.

સંસ્થાનું નામ જોતાં યુવાન શેઠની આંખો સામે વર્ષો પહેલાંની સ્મૃતિ આવીને ખડી થઇ ગઈ. તરત એક લાખ રૂપિયા ગરીબમાંથી શ્રીમંત બનેલા શેઠે આવેલા યુવાનને આપી દીધા. સંસ્થાનો કાર્યકર તો આ જોઇ રહયો. કારણ કે આ અનુભવ તેના માટે પહેલવહેલો હતો. લાખ રૂપિયા લઇને શેઠનો આભાર માનતો સંસ્થાનો સ્થાપક પોતાના વૃદ્ધ પિતાજી પાસે આવ્યો. ને સંસ્થાને એક સામટી એક વ્યકિત પાસેથી મળેલી રોકડા

લાખ રૂપિયાની સખાવતની વાત કરી. પોતાની સંસ્થાને આ મળેલી રકમની વાત સાંભળી તેના પિતાની આંખમાં આંસુ આવી ગયા. પિતાએ પોતાના પુત્રને કહ્યું કે હે બેટા! આવા દાનવીરનું તો આપણે સંસ્થા તરફથી બહુમાન કરવું જોઈએ. ને માનપત્ર આપવું જોઈએ. મને આવતી કાલે એમને ત્યાં સાથે લઈ જજે. હું તેમને સમજાવીશ. મેં મારા જીવનમાં આવો યુવાન દાનવીર કોઈ જોયો નથી.

બીજે દિવસે વૃદ્ધ પિતા અને પુત્ર બંને શેઠને ત્યાં ગયા. વૃદ્ધ શેઠને જોતાં યુવાન ઓળખી ગયો. વૃદ્ધ શેઠને કહ્યું કે હું હવે વૃદ્ધ થયો છું એટલે મેં સંસ્થાનું કાર્ય મારા પુત્રને સોંપી દીધું છે. આપે સંસ્થાને લાખ રૂપિયાનું દાન કર્યું છે તે જાણી હું ખૂબ ખુશ થયો છું ને આપના દર્શન માટે આવ્યો છું. આપને માનપત્ર આપવાનું અમારી સંસ્થાએ નક્કી કર્યું છે. ત્યાં યુવાન શેઠે પોતાની વિચાર શ્રેણી રજૂ કરતાં કહ્યું. ભાઈ! આટલી નાની રકમમાં વળી માનપત્ર શું? મેં તો કંઈ આપ્યું નથી. તમે અહીં સ્વયં આવ્યા છો તો આ બીજા લાખ રૂપિયા લઈ લો. હું તમને આપું છું. તે તમને જ્યાં ઠીક લાગે ત્યાં વાપરજો. તરત તિજોરીમાંથી લાખ રૂપિયા કાઢયા. વૃદ્ધ શેઠ તો આ જોઈ રહ્યા કે આ શું સત્ય કે સ્વપ્ન? લાખ રૂપિયા વૃદ્ધના હાથમાં આપતા કહ્યું કે આ તો હું દાન નથી કરતો પણ દેવું ચૂકવી રહ્યો છું. વૃધ્ધે કહ્યું. એટલે આપ શું કહેવા માંગો છો? ત્યારે યુવાન શેઠે કહ્યું કે હું આ હિસાબ ચૂકવી રહયો છું.

તમને યાદ નહિ હોય પણ મને તો બરાબર યાદ છે કે મેં આ મુંબઈ નગરીમાં પગ મૂકયો ત્યારે મને કોઈ નોકરી રાખનાર ન હતું તે વખતે મેં તમારી સંસ્થામાં એક દિવસ નોકરી કરી હતી. પણ હું અભણ હોવાથી તમે મને છૂટો કર્યો હતો ને આઠ આના મને સંસ્થાના આપ્યા હતા. હું જતો હતો ત્યાં ફરી મારી તમને દયા આવી ને તમે મને બોલાવીને ફરીને તમારી પાસેથી આઠ આના આપ્યા હતા. એના બદલામાં હું તમને લાખ રૂપિયા આપું છું. સંસ્થાના સંસ્થાને આપ્યા અને આપના આપને આપું છું. આ સાંભળી વૃદ્ધ શેઠની આંખો આંસુથી છલકાઈ ગઈ. ને મુખમાંથી શબ્દો સરી પડયા કે આટલો મોટો બદલો! શેઠે કહ્યું કે અહીં આપની ભૂલ થાય છે. પૈસાની કિંમત નથી. એક કંગાલને આઠ આના મળે એટલે એને મન તો આઠ આના નહિ પણ આઠ આના જીવન બની જાય છે. અને એક કરોડપતિને મન લાખ રૂપિયા પણ પાનની પીચકારી હોય છે. આઠ આનાથી એ લાખ રૂપિયાની કિંમત હોતી નથી. માટે મેં કહ્યું કે મેં માત્ર હિસાબ ચૂકવ્યો છે. તેમાં વળી માનપત્ર શેના? ત્યારે વૃધ્ધે કહ્યું કે માનપત્ર નહિ પણ તમારા નામની તખ્તી તો ધર્મશાળામાં લગાવી શકું ને?

યુવાન શેઠે કહ્યું–ના. તખ્તી પણ મૂકવી નથી. જો તમે એ તખ્તી મૂકશો તો હું ગુનેગાર ઠરીશ. કારણ કે દાન કરવું તે પરભવનું ભાતું છે. તેમાં જાહેરાતના ભૂત શા

માટે હોય? શેઠની એક આંખમાં ખુમારી સમાઇ શકતી ન હતી ને બીજી આંખમાં ઉદારતાની ખળખળ વહેતી સરિતા રોકી રોકાતી ન હતી. આશ્ચર્યની વાત તો એ છે કે લાખ રૂપિયાની રકમ આપતા શેઠે ન તો ચેક લખી આપ્યો હતો કે ન તો રસીદ લીધી હતી. જીવનના રૂપેરી પડદા ઉપર ઉતરાયેલું આ પણ એક કર્મનું ફિલ્મી ચિત્ર હતું.

રસ્તે ચાલનારને ફિયાટમાં દોડાવનાર અને જેટમાં ઉડાડનાર આ કર્મ છે. ફિયાટમાં દોડનાર કે જેટમાં ઉડનારને અધવચ્ચે બોઈલર ગરમ કરાવી એક સેકન્ડમાં સળગાવી મૂકનાર પણ આ કર્મ છે. કર્મના અઠંગ એ ખેલાડીનું નામ મુંબઇના સટ્ટા–બજારમાં ભૂંસાયું નથી. ભૂલાયું નથી. એનું નામ હતું "ગોવિંદરામ સેકસરિયા."

બંધુઓ! આ જગતમાં અખંડ અસ્તિત્વ ધરાવનારું કોઈ તત્ત્વ હોય તો તે કર્મ છે. તમે સાંભળી ગયા ને કે કર્મ માનવીને કેવો ખેલાડી બનાવે છે! માટે કર્મ કરતી વખતે ખૂબ સાવધાની રાખો. અનાથી મુનિ શ્રેણીક રાજાને કહે છે મને યુવાનીમાં આવો ભયંકર રોગ આવ્યો તે મારા પાપ કર્મનું ફળ હતું. હજુ આગળ શું કહેશે તેના ભાવ અવસરે.

☆

## વ્યાખ્યાન નં.–૫૬

**ભાદરવા સુદ ૧૫ ને શુક્રવાર** **તા. ૧૯–૯–૭૫**

અનંત ઉપકારી શાસ્ત્રકાર ભગવંતો જગતના જીવોને ફરમાન કરે છે કે હે જીવાત્માઓ! જ્યારે મિથ્યાત્વની મંદતા થાય, અજ્ઞાનના અંધકાર ઉલેચાઇ જાય ત્યારે માનવ સ્વાર્થી મટીને પરમાર્થી બને છે. પહેલું ગુણઠાણું મિથ્યાત્વનું છે છતાં ત્યાં ઔદાર્ય ગુણ હોય છે ને ચોથે ગુણઠાણે જીવ સમ્યક્ત્વ પામે છે. સમ્યક્ત્વ પામેલા મનુષ્યના જીવનમાં વિવેકનો દીપક પ્રગટે છે. વિવેક અને ઔદાર્ય બંને ગુણો ભેગા થતાં સોનું અને સુગંધ મળે છે. તમારે ત્યાં કાંઇ સારું કાર્ય થયું હોય ને તેમાં વળી વિશેષ સારું થાય તો કહો છો ને કે આ તો સોનામાં સુગંધ ભળી. તે રીતે અહીં પણ લાભાલાભનો–પાત્રાપાત્રનો વિવેક સમ્યક્ત્વ પામ્યા પછી આવે છે.

સમ્યક્ત્વ પામેલો જીવ બીજાના દુઃખે દુઃખી અને બીજાના સુખેસુખી થાય છે. એને દરેક આત્માઓ પ્રત્યે મૈત્રીભાવ હોય છે. આ પવિત્ર ભાવના જીવને પરંપરાએ પરમપદની પ્રાપ્તિ કરાવનાર બને છે. ઉત્તમ કુળમાં જન્મવા માત્રથી માનવ જીવનની સાર્થક્તા નથી પણ ઉત્તમ જીવન જીવવાથી સાર્થકતા છે. આ વાત તમારા હૈયામાં ઠસી જશે તો ગમે ત્યાંથી ગુણો ગ્રહણ કરવાનું મન થશે. બીજાનામાં ગુણો જોઈને પોતાની જાત ખાલી દેખાશે. જેવી રીતે જેને ધનની કિંમત સમજાઇ છે તેવા જીવ રસ્તેથી ચાલ્યા જતા હોય રસ્તામાં

અશુચિમાં તેણે સોનાની વીંટી જોઈ, તે વખતે ત્યાં કોઈ નથી તો બોલો, તે એ વિષ્ટામાંથી વીંટી ઉપાડી લેશે કે જતી કરશે? (હસાહસ). તમને સોનું ખૂબ પ્રિય છે. હસીને વાત ઉડાડી ન મૂકો. પણ સાચું બોલો. જ્યાં પીળું દેખાય છે ત્યાં મન શીળું બની જાય છે. તે સમયે વિષ્ટાની સૂગ પણ નથી આવતી. દુર્ગંધ પણ નથી આવતી ને એમાંથી વીંટી લઈ લો છો. તમને સોનાની કિંમત સમજાઈ છે તેમ ગુણવાન જીવોને ગુણની કિંમત સમજાઈ છે. તે જ્યાં મળે ત્યાંથી વિવેકપૂર્વક ગુણોને ગ્રહણ કરે છે. જેનામાં ગુણો ભરેલા છે તેવા ગુણવાન આત્માઓ મૌન બેઠા હોય તો પણ તેની સામી વ્યક્તિ ઉપર છાપ પડે છે ને વગર ઉપદેશે પણ બીજા જીવોને તારે છે. માત્ર વાણીનો વૈભવ હોય પણ ગુણનો વૈભવ ન હોય તો તે વાણી માત્ર જનમન રંજન માટે થાય છે.

ભગવંત કહે છે કે आचार परमो धर्मो। આચાર એ પરમ ધર્મ છે. આચાર શુદ્ધિ માટે વિચાર શુદ્ધિની જરૂર છે. અને વિચાર શુદ્ધિ માટે ગુણવાન આત્માઓના સંપર્કની જરૂર છે. આપણે ઔદાર્યના ગુણની વાત ચાલતી હતી કે પહેલા ગુણસ્થાને પણ ઔદાર્ય જેવો ગુણ હોય છે ને બીજાનું દુઃખ જોઈને હૃદય પીગળી જાય છે.

એક છોકરો ખૂબ ગરીબ હતો. તે ભણવામાં ખૂબ હોંશિયાર હતો. પણ કર્મના ઉદયથી તે ખૂબ ગરીબ હતો. એટલે ફી ભરવા માટે પૈસાના ફાંફા હતા. રાત દિવસ ખૂબ ચિંતા કરતો હતો. ઘણાં લાંબા વિચારને અંતે તેણે નક્કી કર્યું કે હવે આગળ ભણવું નથી. બીજે દિવસે સ્કૂલમાં ગયો પણ મુખ ઉપર ખૂબ ઉદાસીનતા છવાયેલી હતી. ને આંખમાં આંસુ હતા. પ્રોફેસરની દૃષ્ટિ આ હોંશિયાર વિદ્યાર્થી ઉપર પડી ને પૂછયું કે તું કેમ રડે છે? ત્યારે વિદ્યાર્થીએ પોતાના નિર્ણયની જાણ કરી. બીજે દિવસે કવરમાં પચાસ પાઉન્ડનો એક ચેક બીડીને આપી દીધો. ને અંદર ચિઠ્ઠીમાં લખ્યું હતું કે માત્ર પૈસાના અભાવે તમે પ્રગતિને અટકાવશો નહિ. કમાવ તો પાછા આપજો.

બંધુઓ! આ એક પ્રોફેસરનો ગુણ પણ જો તમારા શ્રાવકોમાં આવે તો જૈન શાસનની આ દશા ન રહે. જો તમારે જૈન શાસનને ઝળહળતું બનાવવું હોય તો જીવનમાં ગુણોનો સંગ્રહ કરો. દુનિયામાં ગુણવાન સર્વત્ર પૂજાય છે ને ગુણનું આકર્ષણ થાય છે.

ઉત્તરાધ્યયન સૂત્રના વીસમા અધ્યયનમાં જો શ્રેણીક રાજાને મુનિને જોતાં આકર્ષણ થયું હોય તો તેમના ગુણોનું આકર્ષણ હતું. મુનિનું આકર્ષણ થતાં રાજા કેટલા નજીક આવી ગયા ને મુનિ પાસે સનાથ-અનાથનો ભેદ સમજવા માટે શાંતિપૂર્વક બેઠા છે. મુનિને જોઈને રાજા શ્રેણીક પોતાનું રાજ્ય-રાણીઓ બધું ભૂલી ગયા. મુનિ કેવી રીતે અનાથ હતા તે જાણવામાં તેમનું ધ્યાન કેન્દ્રિત થઈ ગયું છે. અનાથી નિર્ગ્રંથ રાજા પાસે પોતે કેવી રીતે અનાથ હતા તેનું વર્ણન કરે છે.

**વેદના કેવી હતી તેનું વર્ણન અનાથી મુનિ કહી રહ્યા છે:-**

**सत्थं जहा परमतिक्खं, सरीर विवरन्तरं ।**
**आविलिज्जा अरि कुध्धो, एवं मे अच्छिवेयणा ।।**

ઉત્ત. સૂ. અ. ૨૦, ગાથા ૨૦

હે રાજન્! જેમ કોઇ ક્રોધાયમાન થયેલો શત્રુ તીક્ષ્ણ ભાલો લઇને આંખમાં ભોંકે ને જે અસહ્ય વેદના થાય તેવી મારી આંખોમાં થતી હતી. બંધુઓ! આંખની વેદના તો જે વેદે તે જાણે છે. આંખમાં એક તણખલું કે બારીક કસ્તર પડયું હોય તો પણ સહન થતું નથી ત્યાં આ વેદનાની વાત કયાં કરવી! ખાવું-પીવું, હરવું-ફરવું કંઇ ગમે નહિ અને આ દર્દ એવું હતું કે તે કોઇને દેખાય નહિ. કોઇને તાવ આવે, શરદી થાય કે ગડગુમડ થાય તો તેને બીજા દેખી શકે પણ પેટમાં, કાનમાં, માથામાં ને આંખમાં દર્દ થાય તે કોઇ જોઇ શકતું નથી. તે રીતે હે મહારાજા! મને પણ એવી ગુપ્ત વેદના થવા લાગી કે હું તો બાપલીયા પોકારી ઉઠયો, ને મારા જીવનથી કંટાળી ગયો. મારા બધાં કુટુંબીજનો મારું દુઃખ જોઇને ત્રાસી ગયા પણ કોઇ દર્દ મટાડી શકયું નહિ. તેથી મને મારું જીવન ઝેર જેવું લાગવા માંડયું.

બંધુઓ! આ સંસાર કેવો ભયંકર છે કે જેમાં અનેક પ્રકારના દુઃખો જીવને ભોગવવા પડે છે. આટલું સુખ હોવા છતાં અનાથી નિર્ગ્રંથને રોગથી મુકત કરવા કોઇ સમર્થ બની શકયું? આ ઉપરથી એક વાત જરૂર સમજી લેજો કે સંસારમાં ગમે તેટલું સુખ હોય તો પણ તે અધ્રુવ, અસાર ને અશાશ્વત છે. પણ જીવ ભ્રમણાથી એ અશાશ્વત ને અસાર સુખને પણ શાશ્વત ને સારરૂપ માનીને બેસી ગયો છે. પણ યાદ રાખજો કે તમારું માનેલું સુખ ત્રણ કાળમાં ટકવાનું નથી. જો શાશ્વત સુખ મેળવવું હોય તો પ્રમાદ છોડીને પુરૂષાર્થ કરો. જેમ તમે કહો છો ને કે યુવાનીમાં કમર કસીને ધન કમાઇ લો તો ઘડપણમાં વાંધો નહિ આવે. એક અશાશ્વત ધન કમાવા માટે પણ જો આટલો પુરૂષાર્થ કરો છો તો અમે પણ કહીએ છીએ કે આ અમૂલ્ય માનવ જીવનમાં પણ તમે એવી કમર કસી લો ને આત્મિક ધનની કમાણી કરી લો કે પછી વારંવાર જન્મ-મરણ ને આવા દુઃખો વેઠવાનો સમય ન આવે. એક વખત આત્મા બળવાન બને તો બધી બાજી સવળી પડી જાય તેમ છે. આત્મા તો અનંત શકિતનો ધણી છે ને અનંત ગુણોની ખાણ છે. કોઇ માણસ તેના પૂર્વકૃત કર્મના ઉદયથી ભલે પાપી હોય, બીજાને પીડતો હોય ને દુનિયાની દૃષ્ટિએ પાપી દેખાતો હોય છતાં તેના આત્મામાં ઉંડે ઉંડે લજ્જા-દયા, પવિત્રતા આદિ ગુણો ઢંકેલા પડયા હોય છે ને સમય આવતાં એ ગુણો પ્રગટ થાય છે. એક નાનકડા દૃષ્ટાંત દ્વારા સમજાવું.

રામપુર ગામનો રામસિંગ નામનો એક બહારવટિયો હતો. તે આજુબાજુમાં ચોરી

કરીને અનેક લોકોને રંજાડતો હતો. બહારવટું ખેલવામાં તે એવો હોંશિયાર હતો કે ભલભલા પોલિસોને થાપ ખવડાવી ચોરી કરી આવતો. તેના કારણે લોકોમાં ત્રાસ ત્રાસ થઇ ગયો. તેણે એવો દેકારો બોલાવ્યો કે રાત્રે કોઇ સુખે ઉંઘી શકતું નહિ ને ધોળા દિવસે પણ ગામમાં ફરવું સલામતીભર્યું ન હતું. કારણ કે એ રામસીંગ એવો તો ચાલાક હતો કે વહેપારીની સાથે વહેપારી બનીને ચાલાકીથી આંખમાં ધૂળ નાંખીને લોકોને છેતરી જતો. ક્ષત્રિયો સાથે ક્ષત્રિય બનીને પોતાનું કામ સાધી જતો. આ રીતે વેશપરિવર્તનની કળામાં પણ એવો પ્રવીણ હતો કે ભલભલાને તે ભાન ભૂલાવી દેતો.

દિવસે દિવસે રામસીંગની રંજાડ વધવા લાગી. લોકોના જીવ પણ ચપટીમાં આવી ગયા. પ્રજા રાજાને પોકાર કરવા લાગી કે અમારું રક્ષણ કરો. પ્રજાનો ત્રાસ જોઇને રામપુરના દરબારે જાહેરાત કરી કે જે કોઇ વ્યકિત રામસીંગ બહારવટીયાને જીવતો યા મરેલો મારી સમક્ષ હાજર કરશે તેને રાજ્ય તરફથી સારામાં સારું ઇનામ આપવામાં આવશે. રાજ્ય તરફથી આવી જાહેરાત થતાં પોલીસો–અમલદારો વિગેરે રામસીંગને પકડવા માટે ખૂબ બારીકાઈથી છૂપી તપાસ કરવા લાગ્યા. ને એક દિવસ એવો ઉગ્યો કે રામસીંગ પકડાઇ ગયો. તેને રાજા પાસે હાજર કર્યો એટલે પકડનારને ઇનામ મળ્યું ને રામસીંગને જેલમાં પૂરી દીધો. તેની આસપાસ સખત ચોકી પહેરો ગોઠવી દીધો કે તે છટકી શકે નહિ. પણ રામસીંગ બહાદુર બહારવટીયો હતો. પકડાઇ ગયો પણ જેમ વનરાજ કેસરીને પાંજરામાં પૂરાવું ગમે? જો તમે સમજો તો આપણો આત્મા પણ વનરાજ કેશરી છે. પણ કર્મને વશ થઇને સંસારમાં શરીર રૂપી સોનેરી પિંજરમાં સપડાઇ ગયો છે.

અનંત શકિતનો અધિપતિ એવો ચેતનરાજા પોતાની શક્તિનું ભાન ભૂલીને કર્મરાજાની કેદમાં પૂરાયો છે. પણ તેમાંથી છૂટવાનું મન થાય છે? જુઓ, આ રામસીંગને જેલમાં રહેવું ગમતું નથી. થોડા દિવસમાં તો જેલમાં તે કંટાળી ગયો. મારી સ્વેચ્છાએ ફરવાવાળો હું કયાં સુધી કેદમાં પડયો રહીશ? બંધન મારે ન જોઇએ. પોતાની શકિત એકઠી કરી ખૂબ હિંમત કરીને પોલીસોને ભૂલાવામાં નાંખી થોડા દિવસોમાં રામસીંગ નાસી છૂટયો. જેલનું બંધન તોડી નાંખ્યું. મારા બંધુઓ! રામસીંગ તો બહારવટીયો હતો. ને થોડા દિવસો જેલમાં રહ્યો તો પણ કંટાળી ગયો. એને કંટાળો આવ્યો તો જેલમાંથી છલાંગ મારીને ચોકીદારોને થાપ ખવડાવી ભાગી છૂટયો. તેમ આપણો આત્મા ધારે તો આ અનંતકાળની જેલમાંથી કર્મરાજાને થાપ ખવડાવીને બંધનમાંથી મુકત બની શકે. પણ તે માટે જબ્બર પુરૂષાર્થ જોઇએ. કર્મની સામે સામનો કરવા માટે હિંમત જોઇએ. માયકાંગલાવેડા ચાલે નહિ. તમને તો કર્મ ઉદયમાં આવે એટલે નબળા બની જાવ છો. નબળાઇને દૂર કરી હિંમત કરી કર્મરાજાની સામે ક્ષમા-

દયા-સરળતા અને સહનશીલતાના શસ્ત્રો લઈ યુદ્ધ કરો તો જરૂર વિજય થશે.

**"રામસીંગ પરાક્રમથી જેલમાંથી ભાગી છૂટયો"** : રામસીંગ જેલમાંથી નાસી છૂટયો. સવાર પડતાં રાજાને આ વાતની ખબર પડી. રાજાનો ક્રોધ આસમાને ચઢયો. મહામુશીબતે પકડાયેલો સિંહ ભાગી છૂટયો. રાજાએ ચોકીદારોને કહ્યું કે તમે કેવી ચોકી કરો છો ? રાત્રે ઊંઘી ગયા લાગો છો ? ચોકીદારો કહે છે ના, સાહેબ. અમે તો ખડે પગે ને ભરી બંદૂકે ચોકી કરતા હતા. તે કેવી રીતે ભાગ્યો તે ખબર નથી. પણ રાજા એમ સમજી જાય તેવા ન હતા. વધુ ગુસ્સે થઈને બોલ્યા. આમાં તમારી બેદરકારી કારણ છે. તમે બરાબર ચોકી કરી હોય તો જાય જ કેવી રીતે ? આ તમારો મોટો ગુનો છે. માટે તમને બધાને ફાંસીએ ચઢાવવામાં આવશે. રાજાનો આવો હુકમ થઇ ગયો. આખા ગામમાં આ વાત પ્રસરી ગઈ.

**"સત્યવાદી રામસીંગ પ્રાણનું બલિદાન દેવા તૈયાર થયો"** : રામસીંગે પણ આ સમાચાર સાંભળ્યા. ને તેનું કાળજું કંપી ઉઠયું. તેનું હૈયું હચમચી ગયું. ચોર તો હું છું. ગુનો મેં કર્યો છે. એ બિચારાઓને છેતરીને હું છટકી ગયો છું. અને મારા ખાતર એ બિચારા નિર્દોષ ચોકીદારોની હત્યા થઇ જશે ! આ મને શોભતું નથી. તે તરત દોડયો. રાજસભામાં હાજર થયો ને કહ્યું હે રાજન્ ! હું ગુનેગાર છું. મારા ખાતર આટલા બધા નિર્દોષ જીવોની જીવન લીલા સમાપ્ત થઇ જાય તે મને શોભતું નથી. મને જીવવાની આશા જરૂર છે. પણ મારા નિમિત્તે આટલા બધા નિર્દોષ માણસો મરતા હોય તો મારું જીવતર લાજે ને મારી જનેતા પણ લાજે. આ બધા નિર્દોષ ચોકીદારોને છોડી દો. મને એકને ફાંસીએ ચઢાવી દો. ઘણાંને મારીને જીવવું તેના કરતાં ઘણાંને જીવાડીને મરવું ઉત્તમ છે. આ પ્રમાણે રામસીંગે રાજાને વિનંતી કરી. રાજા રામસીંગના વચનો સાંભળીને સ્તબ્ધ બની ગયા. અહો ! આ તો ડાકુ છે કે દયાળુ ? આવો મહાન બહારવટીયો છે છતાં તેનામાં કેવી પવિત્રતા છે ! તેના શબ્દો સાંભળીને રાજાનું હૃદય પીગળી ગયું. ને ચોકીદારોને નિર્દોષ છોડી મૂકયા. અને રામસીંગની નિર્ભયતા, દયાળુતા આદિ ગુણો જોઇને રાજાએ તેને પોતના રાજ્યમાં સારા હોદ્દા પર કાયમને માટે નિયુકત કર્યો. ને રામસીંગ પણ વફાદારી પૂર્વક પવિત્ર જીવન જીવીને સુખી બની ગયો.

દેવાનુપ્રિયો ! આ શેનો પ્રભાવ ! રામસીંગે બધા ચોકીદારોને તો છોડાવ્યાને પોતે પણ ફાંસીએ ચઢવાને બદલે સારા હોદ્દા પર ચઢી ગયો. આ પ્રભાવ હોય તો તેના જીવનમાં રહેલા ગુણોનો ને આત્માની પવિત્રતાનો છે. ઘણી વખત માણસે ગુન્હો કર્યો હોય પણ નમ્રતાપૂર્વક પોતાની ભૂલની ક્ષમા માંગી લે છે તો તેના વડીલોનું હૃદય અને રાજાનું હૃદય પણ પલ્ટાઇ જાય છે. ને તેને શિક્ષા કરવાને બદલે તે સત્કાર કરે છે ને ગુન્હો માફ કરે છે. અને તેના જીવનમાંથી બીજા પણ કંઇક પામી જાય છે. આવો બીજો

કિસ્સો જાપાનના રાજા મિકેડોનો યાદ આવે છે.

જાપાનના રાજાનું નામ મિકેડો હતું. તે મિકેડાને જાત જાતની અને ભાતભાતની ફૂલદાનીઓનો સંગ્રહ કરવાનો ખૂબ શોખ હતો. તે દેશમાં કે પરદેશમાં જ્યાં ફરવા જાય ત્યાંથી નવી નવી જાતની ફૂલદાનીઓ મોં માગ્યા દામ આપીને ખરીદી લાવતા. એકને જુઓ ને બીજાને ભૂલો એવી ૨૫ ફૂલદાનીઓ તેમણે ભેગી કરી હતી. તેમાં એવી તો કારીગરી હતી કે માણસ બે ઘડી જોયા કરે. મિકેડોએ પોતાના મહેલમાં આ ફૂલદાની-ઓનું નાનકડું સંગ્રહસ્થાન બનાવી દીધું હતું. મહેલના મોટા હોલની મધ્યમાં એક મેજ ગોઠવ્યું ને તેના ઉપર કિંમતી ગાલીચો પાથરી આકર્ષક રીતે આ પચ્ચીસે ફૂલદા-નીઓ ગોઠવી. આ ફૂલદાનીઓ જોઈને મિકેડો ખૂબ હરખાતો હતો.

તે દરેક ફુલદાનીમાં દરરોજ તાજા ફૂલના ઝુમખા મૂકવામાં આવતા. તે દશ્ય એવું રમણીય લાગતું હતું કે જાણે મેજ ઉપર રંગ બેરંગી ફૂલોને કયારો ન હોય! આ નાનકડા સંગ્રહસ્થાનની વ્યવસ્થા કરવા માટે કલાનિપુણ માણસોને રોકયા હતા. આ કલાકારો દરરોજ સવારમાં તે ફૂલદાનીઓમાંથી કરમાયેલા ફૂલો કાઢી નાંખીને તાજાં ફૂલોના ઝુમખા મૂકતા હતા. એક દિવસ કલાકારથી સ્હેજ શરત ચૂક થઇ ગઈ. ફૂલદાનીમાં નવું પાણી ભરવા જતાં એક ફૂલદાની સ્હેજ સરકી ગઇને આરસની લાદી ઉપર પછડાઇ એટલે તેના બે કકડા થઇ ગયા.

આ વાતની મિકેડોને ખબર પડી. તે ક્રોધથી લાલચોળ બનીને સંગ્રહસ્થાનમાં આવ્યો. જોયું તો એક બાજુ ફૂલદાનીના બે ટુકડા પડયા હતા. બીજા બાજુ પારેવુ ફફડે તેમ ફફડતો કલાકાર ઉભો હતો. મિકેડો ક્રોધથી ઉગ્ર બનીને બોલ્યો – તારાથી પચ્ચીસ ફૂલદાનીઓ સચવાતી નથી? તને ખબર છે કે મેં આ ફૂલદાનીઓ માટે કેટલો ખર્ચો કર્યો છે? આમ કહી ક્રોધથી પગ પછાડતો ત્યાંથી ચાલ્યો ગયો. બીજે દિવસે રાજસભામાં તેણે પ્રસ્તાવ મૂકયો કે બોલો, કોઇ માણસ પ્રજાનો ગુન્હો કરે તો તેને શું દંડ થાય? ત્યારે સભાજનો કહે છે એને સામાન્ય દંડ કરાય. તો મોટા પુરૂષનો ગુન્હો કરે તો એને શું દંડ થાય? તો કહે કે એને જેલમાં પૂરી દેવો જોઇએ. ને રાજાનો ગુન્હો કરે તો? ત્યારે સભાજનો કહે છે એને તો દેહાંત દંડની શિક્ષા થાય. તરત મિકેડોએ કહયું કે આ કલાકારે મારી ફૂલદાની ફોડીને મારો ગુન્હો કર્યો છે માટે તેને શૂળીએ ચઢાવવાની શિક્ષા કરવામાં આવે છે. રાજા એક ફૂલદાનીની પાછળ આવા પચ્ચીસ વર્ષના યુવાન કલાકારને ફાંસીએ ચઢાવી દેશે તેવો કોઇને ખ્યાલ ન હતો. નાનકડી ભૂલની કેવી મોટી શિક્ષા! બધાના દિલમાં ખૂબ દુઃખ થયું. સભા સ્તબ્ધ બની ગઇ. રાજાનું ફરમાન સાંભળીને એક વૃદ્ધ ભરસભામાં ઉભો થયો. ને લાકડીના ટેકે એ રાજાના સિંહાસન પાસે આવ્યો. મિકેડોના ચરણમાં ઝૂકીને સલામ ભરીને વિનયપૂર્વક બોલ્યો. મહારાજા! આપની

એક જ ફૂલદાની ફૂટી છે ને? સોયની ચોરી કરનારને મોતની સજા ન હોય. આપની ફૂલદાની તૂટી ગઇ છે તેને હું સાંધી આપું તો પછી આપને કંઈ વાંધો છે?

**વૃદ્ધ બાપાની બુદ્ધિએ આપેલું અભયદાનઃ**–બંધુઓ! માણસનો શોખ શું કરે છે? એને મન કિંમતી જીવ કરતાં પણ કાચની ફૂલદાનીની કિંમત કેટલી બધી છે? મિકોડાએ હર્ષમાં આવીને પેલા વૃદ્ધને કહ્યું કે શું તમે તૂટી ગયેલી ફૂલદાની સાંધી આપશો? વૃધ્ધે કહ્યું. હા. મહારાજા હું ફૂલદાનીઓ સાંધવામાં કુશળ છું. હું એવી કારીગરીથી ફૂલદાનીઓ સાંધુ છું કે કોઇને ખબર પડે નહિ કે આ ફૂલદાનીમાં સાંધો કરેલો છે. ઠીક, ત્યારે તો અત્યારે સંગ્રહસ્થાનમાં ચાલો. એમ કહીને મિકોડો તરત સિંહાસનેથી ઉભો થઇ ગયો. ને વૃદ્ધનો હાથ પકડીને સંગ્રહસ્થાનમાં લઇ ગયો. અને તેણે તૂટેલી ફૂલદાની હાથમાં લઇને વૃદ્ધને આપી. વૃધ્ધે હાથમાં લઇને તરત મેજ ઉપર મૂકી અને બીજી ફૂલદાનીઓ જોવામાં મશગુલ બની ગયો.

મિકોડાએ કહ્યું. જુઓ આ ફૂલદાની ભારતની છે. આ ચીનની છે. આ જાપાનની છે, આ જર્મનની છે. આ આફ્રિકાની ને આ અમેરિકાની છે. મિકોડો આ બધું સમજાવતો જાય છે ને પેલો વૃદ્ધ બધું સાંભળતો જાય છે. જ્યારે મિકોડો પોતાની ફૂલદાનીઓની પ્રશંસા કરી રહ્યો હતો ત્યારે વૃધ્ધે કહ્યું કે આપે ફૂલદાનીઓનો સંગ્રહ કરવાની પાછળ ઘણો શ્રમ કર્યો છે ને ખર્ચ પણ ઘણો કર્યો લાગે છે. મિકોડાએ કહ્યું હા. પછી ગૌરવથી પૂછયું. તમે આવી ફૂલદાનીઓ બીજે કયાંય જોઇ છે ખરી? વૃધ્ધે કાંઇ જવાબ ન આપ્યો અને કોણ જાણે તે વૃદ્ધને શું સૂઝયું કે હાથમાં રહેલી લાકડી ફૂલદાનીઓ પર ધડાધડ મારવા માંડી ને બે ત્રણ ધડાકામાં બધી ફૂલદાનીઓ તોડી નાંખી. ફૂલદાનીઓના ટુકડા લાદી ઉપર વેરવિખેર થઇને પડયા. આ જોઇને મિકોડાનો ચહેરો ક્રોધથી તપાવેલા ત્રાંબા જેવો લાલઘૂમ થઇ ગયો. અને જોરથી બોલ્યો. હે દુષ્ટ! તેં આ શું કર્યું? તને કંઇ ખબર પડે છે કે નહિ? મારી વર્ષોની મહેનત આજે પાણીમાં ગઇ. આ સાંભળી વૃધ્ધ માણસ હસવા લાગ્યો અને હસતે ચહેરે જવાબ આપ્યો. સાહેબ! ફૂલદાનીઓ ફોડી નાંખી તે હવે ફરીથી મળશે નહિ? મિકોડો કહે– તમે ફોડવા આવ્યા હતા કે સાંધવા?

વૃધ્ધે કહ્યુ– મહારાજા! મારે આમ તો એક જ ફૂલદાની સાંધવાની હતી પણ તેને બદલે બધી એક સામટી સાંધી નાંખીશ. મિકોડો ક્રોધથી કહે છે હે બુઢ્ઢા! તું વિચાર કર. કોની સામે બોલી રહ્યો છે? ફૂલદાની ફોડનારને કેવી સજા થાય તે તો તું જાણે છે ને? વૃધ્ધે શાંતિપૂર્વક જવાબ આપ્યો કે હું ખૂબ સારી રીતે જાણું છું. ફૂલદાનીના ફોડનારને મોતની સજા થાય છે. તેનાથી હું પૂરેપૂરો માહિતગાર છું. તો પછી આમ કરવાનું કારણ શું? વૃધ્ધે નીડરતાપૂર્વક જવાબ આપ્યો કે એક જિંદગીના ભોગે ચોવીસ જિંદગીઓ બચાવવાનું મેં ધર્મકાર્ય કર્યું છે. હે રાજન્! જરા વિચાર

કરો. આ દુનિયામાં નામ તેનો અવશ્ય નાશ છે. આ કાચની ફૂલદાનીઓ આજે નહીં તો કાલે પણ ફૂટવાની તો હતી. અને આ તમારી એક એક ફૂલદાની એક એક મનુષ્યનો ભોગ લેત. તે વાત સમજી વિચારીને મેં ચોવીસની જિંદગી બચાવવા માટે મેં જાણી જોઈને આ પગલું ભર્યું છે. હે રાજન્! આ તમારી ફૂલદાનીની તો કાંઈ કિંમત નથી. કિંમત તો માનવ જીવનની છે. મને એ વાતનો સંતોષ છે કે મેં આ ફૂલદાનીઓને તોડીને મહાન પુણ્યનું કાર્ય કર્યું છે, બે રીતે મને લાભ થયો. એક તો ચોવીસ માનવીઓની જિંદગી બચી જશે અને બીજું તમે દરરોજ એમાં નવા તાજા ફૂલના ઝુમખા ભરાવતા હતા તે ફૂલમાં પણ જીવ છે. સવારમાં તે ફૂલ ખીલે છે ત્યારે કેવું સુંદર દેખાય છે ને સુગંધ આપે છે. સાંજ પડતાં તે કરમાઈ જાય છે. તેને પણ કેટલું દુઃખ થતું હશે! એટલે આટલા બધા જીવો બચી જશે. આપ મને ખુશીથી ફાંસીએ ચઢાવી દો.

વૃદ્ધની વાણીનો મર્મ ચતુર મિકાડો સમજી ગયો અને તેણે પેલા કલાકાર અને વૃદ્ધની સજા માફ કરી. સત્ય હકીકત સમજાતાં ફૂલદાનીઓ કરતાં પણ વધુ અદ્‌ભુત સૌંદર્ય મિકાડાના ચહેરા પર ચમકી રહ્યું હતું. સમજદાર વ્યક્તિ પોતાની ભૂલને ભૂલ રૂપે સ્વીકારી લે છે અને તે ભૂલ તે નાબૂદ કરે છે. ત્યારે તેના દિલમાં અલૌકિક હર્ષ હોય છે. જેમ રોગી માણસનો રોગ જડમૂળમાંથી નાબૂદ થાય છે ત્યારે તેના શરીરમાં કોઈ નવી તંદુરસ્તી આવી જાય છે. તેમ જે માનવીના જીવનમાંથી દોષ રૂપી બીમારી દૂર થઈ જાય છે ત્યારે તેના મુખ ઉપર અદ્‌ભુત તેજ ઝળકે છે.

બંધુઓ! ભૂલ સુધરે તો જીવને ભાન થાય. વૃધ્ધે મિકાડાને સાચી વાત સમજાવી. મિકાડાને સાચી વાત સમજાતાં બંનેની સજા માફ કરી દીધી. તો હવે તમે પણ વીતરાગ-વાણી સાંભળીને જો કાંઈ પણ સમજ્યા હો તો પરમાં મારાપણાની બુદ્ધિ કરવાની ભૂલ કરી છે તેને સુધારો. બકરા બેં બેં કરે છે ને તમે મેં મેં કરો છો. તમારામાં ને બકરામાં ફેર એટલો છે કે તમારું માથું ઉંચું છે ને એનું માથું નીચું છે. મારું મારું કરો છો પણ મૂકીને ચાલ્યા જવાનું છે. આ શરીર છૂટયા પછી જો તમારા ઘરમાં તિર્યંચપણે આવીને ઉત્પન્ન થશો તો પણ તમારી માલિકી નહિ રહે. માટે કાવાદાવા ને કૂડકપટ છોડો.

એક વણિક શેઠ અનાજનો વહેપારી હતો. તે લોકોને સડેલું અનાજ આપતો હતો ને ધંધામાં ખૂબ માયા કપટ કરતો હતો. તે આયુષ્ય પૂર્ણ થતાં મરીને બોકડો થયો. એક વખત તે કસાઈને ત્યાં વેચાણો. કસાઈ બોકડાને લઈને પોતાના સ્થાને જતો હતો. રસ્તામાં તેની દુકાન આવી. દુકાન ઉપર તેને ખૂબ મમત્વ હતું. આ દુકાન જોતાં બોકડાને જાતિ સ્મરણ જ્ઞાન થયું એટલે તેણે જ્ઞાન દ્વારા જોઈ

લીધું કે આ મારી દુકાન છે. તો મારી દુકાનમાં જવામાં મને શું વાંધો છે? કસાઈના હાથમાંથી છૂટીને છલાંગ મારીને દુકાનમાં ગયો ને ઘઉંના કોથળામાં મોઢું નાંખીને ઘઉં ખાવા જાય છે ત્યાં છોકરો એને લાકડીના માર મારીને કાઢે છે પણ બોકડો બહાર નીકળતો નથી. તેને દુકાનની બહાર કાઢવા ખૂબ મહેનત કરી પણ જતો નથી ત્યારે કસાઈ કહે છે ભાઈ! આ બોકડાને તમારે ત્યાં રહેવું છે. તો તમે મને ૧૩ રૂપિયા આપી દો તો હું બોકડાને છોડી દઉં. પણ દીકરો કહે છે મારે બોકડાની શી જરૂર છે? મારે તેર રૂપિયા આપવા નથી. એમ કહીને ખૂબ લાકડીનો માર મારીને પરાણે બોકડાની બોચી ઝાલીને બહાર કાઢયો. બોકડાની આંખમાં આંસુ આવી ગયા ને છેક સુધી દુકાન અને છોકરાના સામું જોતો જોતો ગયો. પણ છોકરાને દયા ન આવી. આ કસાઈએ તેર રૂપિયા માંગ્યા તેનું કારણ? શેઠ પાસે તેના તેર રૂપિયા લેણાં હતાં તે શેઠે આપેલા નહિ તેથી માંગ્યા પણ દીકરાએ દીધા નહિ. બોકડાને લઈને કસાઈ જાય છે તે સમયે એક સંત ત્યાંથી પસાર થાય છે. તેમનું મુખ જરા પડી જાય છે. છોકરો આ દૃશ્ય જોઈ ગયો ને સંત પાસે જઈ કારણ પૂછયું. સંતે કહ્યું-કાંઈ નહિ. ખૂબ હઠ કરીને પૂછયું ત્યારે કહ્યું કે ભાઈ! બોકડાને તેં ધક્કો મારીને દુકાનમાંથી કાઢયો તે બીજો કોઈ નહિ પણ તારો બાપ હતો ને તું એને મારતો હતો. તારા હાથે તારા બાપને તેં કસાઈના હાથમાં આપ્યો પણ તેર રૂપિયા આપીને બચાવ્યો નહિ. એટલે મને થયું કે અહાહા! આ સંસાર કેવો વિચિત્ર છે. છતાં લોકોને સંસારનો કેટલો મોહ છે? શેઠનો દીકરો કહે-ગુરૂદેવ! હું અત્યારે તે કસાઈને ઘેર જઈને એ મારા બાપને છોડાવી લાવું છું એમ કહી તરત તે કસાઈને ત્યાં ગયો ને કસાઈને કહ્યું કે હું તેર રૂપિયા આપી દઉં છું પણ તું બોકડો મને આપી દે. ત્યારે કસાઈ કહે છે શેઠ! મને તેર રૂપિયા મળી ગયા ને બોકડો વેચાઈ ગયો ને કપાઈ ગયો. બધું પતી ગયું. આ સાંભળી દીકરાને ખૂબ દુઃખ થયું, કે અહો! જે બાપે મારા માટે આટલું કર્યું તે મરીને બોકડો થયો ને કરપીણ રીતે મર્યો! ખરેખર કર્મો તો કોઈને છોડતા નથી. મારે હવે મારા બાપ જેવા કર્મો કરવા નથી.

બંધુઓ! જુઓ, શેઠના જેવી તમારી દશા ન કરવી હોય તો હવે દગા-પ્રપંચ અને મારું તારું છોડી દો. કર્મ ઉદયમાં આવશે ત્યારે કોઈ ભાગ નહિ પડાવી શકે. અનાથી નિર્ગ્રંથ રાજા શ્રેણીકને કહે છે કે મારી આંખમાં તીક્ષ્ણ ભાલા ભોંકાઈ જાય તેવી મને દારૂણ વેદના થવા લાગી ને બીજી દાહજવર જેવી ભયંકર બળતરા આખા શરીરમાં થવા લાગી. આ સમયે બધા મારા સામું જોઈને રડવા લાગ્યા પણ કોની તાકાત છે કે મારો રોગ મટાડી શકે? રાજા શ્રેણીકને મુનિ કર્મની ફિલોસોફી સમજાવે છે કે કર્મ શું શું કરે છે? કર્મની કળાને કોઈ પહોંચી શકતું નથી. હવે શ્રેણીક રાજાને અનાથી નિર્ગ્રંથ શું કહેશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

**ચરિત્ર : "અંજના સતીને પિયરમાં કોઈએ પણ ના રાખી ને છેવટે વનની વાટે જશે."**

માત-પિતા તરફથી તિરસ્કાર પામીને અંજના પોતાના ભાઈને ઘેર ગઈ. ભાભીના શબ્દો તીરની જેમ અંજનાની છાતીમાં ભોંકાઇ ગયા. બંને જણા ત્યાંથી ચાલતા થઈ ગયા.

**આશા મૂકીને ઊભી થઇ, બાંધવ બીજા તણે ઘેર જાય તો,**
**પાછલી રાતે પહેરો જેમ ફરે, એમ ઘેર ઘેર હિંડે છે અંજના બાળ તો.**
**બાંધવ કોણે નહિ પૂછયું, સજ્જન કોણે નવિ કીધી છે નાર તો.**
**દીઠી રે અંજના જીવતી, પુરોહિત પ્રધાને દેખાડયાં છે બાર તો–સતીરે**

મોટાભાઇની આશા છોડીને બીજા ભાઇને ઘેર આવ્યા. ત્યાં પણ કોઇએ સામું ન જોયું એટલે ત્રીજા ભાઇને ઘેર ગઈ. એમ કરતાં સોએ ભાઈને ત્યાં આશામાં ને આશામાં ફરી વળી. પણ કોઇએ એમ ન પૂછયું કે બહેન! તારી આ દશા કેમ થઇ? તારો શું વાંક છે? પણ ઉપરથી તિરસ્કાર કર્યો. એક તો પેટમાં ભૂખ-તરસનું દુઃખ, બીજું ગર્ભવંતી છે, ત્રીજી તરફથી કટુ વચનોની વૃષ્ટિ થાય છે. એટલે એના માથે તો દુઃખ પડવામાં બાકી ન રહ્યું. સો સો ભાઇની લાડકવાયી બહેન કે જેને પાણી માગતાં દૂધ મળતાં હતાં, તે આજે પાણી માટે તરફડે છે. પણ કોઇ પાણી આપતું નથી. તેના ભાઇઓએ તો પાણી ન આપ્યું, પણ ગામમાં ઢંઢેરો પીટાવી દીધો કે કોઇએ અંજનાને પાણી પાવું નહિ. જે પીવડાવશે તે રાજાનો ગુનેગાર ઠરશે. આ તરફ અંજના ભાઇઓના મહેલ છોડીને બીજા ઘરોમાં પાણી માંગવા લાગી. બીજા લોકોને અંજનાની ખૂબ દયા આવી પણ રાજાના કાયદાનો ભંગ કરીને આપે તો રાજા પકડી જાય ને શિક્ષા કરે. મેડીએ ચઢી ચઢીને લોકો અંજનાની કરુણ દશા જુએ છે. તેની આ સ્થિતિ જોઈને નગરજનોની આંખમાં આંસુ આવી ગયા. અહો! એક વખતની રાજકુમારીને કોઇ પાણી પાતું નથી. કર્મની કેવી બલિહારી છે! લોકો કકળાટ કરે છે. પણ શું થાય? અંજના કહે છે પ્રભુ! દુનિયા ભલે મારા ઉપર રૂઠે પણ તું મારા ઉપર ના રૂઠીશ. મારે તારા સિવાય કોઇનો આધાર નથી.

**દુનિયા રૂઠે તો ભલે રૂઠે પણ તું ના રૂઠીશ મારા નાથ રે....દર્શન દેજો પ્રભુ....**

બધા રૂઠશે તો ચાલશે પણ પ્રભુ જો તું રૂઠયો તો મારું કોઈ નથી. આ રીતે પ્રાર્થના કરે છે. હવે પાણી વિના કંઠ સૂકાય છે. આંખે અંધારા આવે છે, પગ ઉપડતા નથી. કેવી રીતે જાવું? નિરાશ થવા છતાં પણ જવાનો પ્રયત્ન કરે છે. પ્રજાજનો અંજનાની દશા જોઈને રડે છે. પણ તેની પાસે જવાની કોઇ હિંમત કરતું નથી. ત્યારે એક બ્રાહ્મણને તેની દયા આવી. ને નિર્ણય કર્યો કે રાજાને જે શિક્ષા કરવી હોય તે કરે પણ હું અંજનાને પાણી પાવા જાઉં. રાજા બહુ કરશે તો મને મારી નાંખશે. એક સતીને પાણીનું દાન કરવા જતાં કદાચ મરી જઇશ તો પણ મારું જીવન સાર્થક થશે. એમ

વિચાર કરીને હાથમાં ઠંડા પાણીનો લોટો લઈને અંજનાની પાસે આવ્યો ને કહ્યું બહેન! આ ઠંડું પાણી લાવ્યો છું. તમે પી લો. ત્યારે અંજના કહે છે વીરા! તારા ઉપર રાજા કોપાયમાન થશે. તું ચાલ્યો જા. બ્રાહ્મણ કહે છે બહેન! મેં તો નિર્ણય કર્યો છે કે રાજાને જે કરવું હોય તે કરે પણ મારાથી તારું દુઃખ જોયું જતું નથી. તો પાણી વાપરી લો. પછી હું જાઉં. ત્યારે અંજના કહે છે ખરેખર ભાઈ! તું મારો સાચો ભાઈ છું. તું પાણી લઈને આવ્યો છે પણ મારા પિતાજીની આણ વર્તે છે ત્યાં મારા માટે પાણી પીવાની મનાઈ છે. તો હું કેવી રીતે પાણી પી શકું? અહીં ગામમાં તો હું પાણી નહિ પીઉં. ગામ બહાર જઈને વાપરીશ. અંજનાને કયાંય આશ્રય નહિ મળવાથી હવે તે નિરાશ થઈ ગઈ છે. તે નગરને છોડીને કયાં જશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં. ૫૭

**ભાદરવા વદ એકમ ને શનિવાર** **તા. ૨૦-૯-૭૫.**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

આપણા ભગવંતો કેવા હતા? વિષના વારક અને મોહના મારક. જેમણે વિષયોના વિષને વમી દીધા છે, કોઈ કાળે વિષયો જેમને સ્પર્શી શકે તેમ નથી. અરે! દેવાંગનાઓ આવીને તેમની સામે નાચગાન કરે તો પણ તેમને ચલાવી શકે નહિ એવા ઉત્તમ પુરૂષો વિષના વારક છે. મોહના મારક છે. જેમ પુગામાં હવા અને ગેસ ભર્યો હોય તો તે ઊંચે ઉછળે છે પણ તેમાંથી હવા નીકળી ગઈ એટલે ઉછળી શકે નહિ. તે રીતે જેમની મોહરૂપી હવા અને ગેસ નીકળી ગયો છે, જેનો મોહ મરી ગયો છે, મોહના ઝેર ઉતરી ગયા છે અને જેને મોહનીય કર્મ ત્રણ કાળમાં નચાવી શકવાના નથી એવા પ્રભુ વિષયોના વારક, મોહના મારક અને અન્યા ગુણના ધારક. તેવા તારક પિતાએ જગતના જીવોના કલ્યાણને માટે સિદ્ધાંતનો પ્રકાશ કર્યો. જે સંસારને તર્યા છે તે બીજાને તરવાનો માર્ગ બતાવી શકે છે. પણ જે એમાં ખૂંચી ગયો છે તે બીજાને શું તારી શકવાનો છે? લાકડાની નૌકા પોતે તરે તો બીજાને તારી શકે છે. પણ પથ્થરની નૌકા પોતે ડૂબે છે ને બીજાને ડુબાડે છે. આપણા ભગવાન "તિન્નાણું તારયાણું" છે.

જ્ઞાની કહે છે આત્માને ભવભ્રમણમાં ભટકાવનાર, દુઃખના દેનાર કોઈ હોય તો અજ્ઞાન છે. "लोयंसि जाण अहियाय दुक्खं।" આ લોકમાં સૌથી મોટું દુઃખ અજ્ઞાનનું છે, પણ આજનો માનવી શેને દુઃખ માને છે? ધન ન હોય, વારસદાર ન હોય, પત્ની અનુકૂળ ન હોય તેને દુઃખ માને છે. પણ જ્ઞાનીની દૃષ્ટિમાં આ દુઃખ એ દુઃખ નથી. ધન, પુત્ર, પત્ની આદિ તો જીવને અનંતીવાર મળ્યા છે ને છોડયા છે. પરંતુ જીવને

રખડાવનાર, મુંઝવનાર, ચતુર્ગતિમાં પટકાવનાર અજ્ઞાન છે. તે મોટામાં મોટું દુઃખ છે. અજ્ઞાનતાના કારણે આત્મા પ્રકાશની સાન્નિધ્યમાં બેઠો હોવા છતાં પણ પ્રકાશ ક્યાં છે તે જાણતો નથી.

જેમ બંગલામાં સૂતેલો માણસ ઘેનમાં પડયો હોય, એને જગાડીને કોઇ પૂછે ભાઈ! તું ક્યાં છે? ત્યારે તે શું કહેશે કે મને ખબર નથી. મારે બંગલામાં જવું છે. મને તમે બંગલામાં લઇ જાવ. ત્યારે સામી વ્યકિત કહેશે કે ભાઇ! તું બંગલામાં છે. પણ એને નથી લાગતું કે હું બંગલામાં છું. બંધુઓ! આ દશા અજ્ઞાની આત્માની છે. તમે પ્રકાશની સાન્નિધ્યમાં છો, પ્રકાશ દૂર નથી પણ એને તમે જોઇ શકતા નથી. આનું કારણ આત્માની અજ્ઞાન દશા છે.

આપણો ચાલુ અધિકાર અનાથી મહાનિર્ગ્રંથ અને શ્રેણીક મહારાજા વચ્ચે સનાથ અનાથનો સંવાદ ચાલી રહ્યો છે. શ્રેણીક મહારાજાને અનાથી નિર્ગ્રંથ સાચી અનાથતા શું છે તે સમજાવી રહ્યા છે. અનાથી મુનિ અને શ્રેણીક મહારાજા એ બંને તો ઉત્તમ પુરુષો થઇ ગયા. પરંતુ આ અધિકારમાંથી આપણે પણ સમજવાની જરૂર છે કે સાચી અનાથતા કઇ છે? તે સમજીને આપણે જીવનમાં ઉતારવાની જરૂર છે. જ્યારે જીવને સાચી અનાથતાનું સ્વરૂપ સમજાશે ત્યારે તેના આત્માનો આનંદ કોઇ અલૌકિક હશે.

દેવાનુપ્રિયો! આપણો આત્મા અનંતકાળથી ચતુર્ગતિના ચક્કરમાં પીસાઇ રહ્યો છે. અને બાહ્ય પદાર્થોમાં સુખ નહિ હોવા છતાં સુખ માનીને તે મેળવવા પુરુષાર્થ કરી રહ્યો છે. તેથી આત્માનો આનંદ મેળવી શકતો નથી. આ આત્માને સંસારમાં રખડાવનાર કોઇ હોય તો મુખ્યત્વે મોહનીય કર્મ છે. અનાદિકાળથી આત્માના બાહ્ય અને આભ્યંતર બે કુટુંબો છે. બાહ્ય કુટુંબ તો તમે જે સગાવહાલાને મારા માનીને બેઠા છો તે. આભ્યંતર કુટુંબ કયું? તે આપ જાણો છો? આભ્યંતર કુટુંબ બે પ્રકારનું છે. હિતકારી અને અહિતકારી. હિતકારી કુટુંબ તરીકે ધર્મરાજા છે અને અહિંસા, તપ, સંયમ ક્ષમા સરળતા, પ્રમાણિકતા આદિ તેનો પરિવાર છે. અહિતકારી કુટુંબ અને પરિવાર કયો? તે તો આપ જાણતા હશો. બોલો, આપ નહિ બોલો. હું તમને સમજાવું. અહિતકારી કુટુંબ તરીકે મોહરાજા અને ક્રોધ-માન-માયા-લોભ-રાગ-દ્વેષ, પરિગ્રહ આદિ તેનો પરિવાર છે. અનાદિકાળથી આત્માને અહિતકારી મોહરાજા અને તેના પરિવાર સાથે પરિચય છે તેથી તેને અહિતકારી હોવા છતાં આત્મા હિતકારી તરીકે માને છે. બોલો, આત્માની આ કેટલી અજ્ઞાનતા!

આ મોહરાજાનું સામ્રાજ્ય નાનું સૂનું નહિ સમજતા. મોહરાજા અનંતાજીવો ઉપર પોતાનું આધિપત્ય ભોગવે છે. અનંતા જીવોને પોતાની એડી નીચે દબાવી રાખે છે. તેને ઉભા પણ થવા દેતા નથી. વધુ શું કહું! આત્માના હિતકારી ધર્મરાજા અને

તેના પરિવાર પાસે તે જીવને જવા પણ દેતો નથી. તેને ઓળખવા દેતો પણ નથી. અરે ઉપરથી તે તો એમ કહે છે કે ધર્મરાજા અને તેનો પરિવાર તે બધા તારા દુશ્મનો છે. તારું અહિત કરનારા અને તને દુઃખી કરનારા છે. એમ કહી આત્માને ધર્મરાજાથી દૂર કરી દે છે. કેટલી મોહરાજાની સત્તા! જગતમાં જે આત્માઓ મોહરાજાની આ કરામતમાં ફસાય છે તે આત્માઓ આત્માનું સાચું સુખ અપાવનાર એવા ધર્મરાજા આદિને દુઃખ આપનાર તરીકે દેખે છે અને તેનાથી ભાગી છૂટવાનો પુરુષાર્થ કરે છે. જ્યારે એનાથી નાસી છૂટે ત્યારે તેને જાણે અપૂર્વ આનંદ મળ્યો ન હોય તેમ અનુભવે છે.

આ મોહરાજાએ તો ઘણાં જીવો ઉપર એવું કામણ કર્યું છે કે જેના પ્રતાપે 'ધર્મરાજા અને તેનો પરિવાર એ આત્માને હિતકારી છે તે વાત ખોટી છે. જગતના કોઈ પણ આત્માનો તે પરિવાર છે નહિ. તે પરિવારની વાત તો બનાવટી છે, ભોળા જીવોને છેતરનારી છે, તે આત્માનું કાંઇ પણ હિત કરતો નથી આવી વાત હૃદયમાં ઠસી ગઇ છે. જુઓ તો ખરા, મોહરાજાની પ્રેરણા પણ કેવી! અરે, એથી આગળ વધીને કહું તો મોહરાજાના પંજામાં ફસાયેલા જીવોને ધર્મરાજા આદિનું નામ સાંભળવું પણ ગમતું નથી. ધર્મરાજા આદિનો પરિચય કરાવનાર મહાન પુરુષોનું નામ સાંભળવું કે તેમના જીવનરહસ્યો પણ સાંભળવા કે વાંચવા ગમતા નથી. ઊલટું તેમના પર ગુસ્સો આવી જાય છે ને બોલે છે કે આ મહાનપુરુષો તો આખો દિવસ ધર્મની ને આત્માની વાતો કરે છે. આ બધી હાંકી કાઢેલી વાતો છે. તે તો ઠગારા છે. આ રીતે મહાન પુરુષોને પણ ઠગારા તરીકે જોતો થઇ જાય છે. આ બધો પ્રભાવ મોહરાજાનો છે.

બંધુઓ! પર્યુષણ પર્વમાં માનવની કેટલી ભીડાભીડ હતી ને પર્યુષણ પછી ઓટ કેમ આવી ગઇ? મોહરાજાએ જોર જમાવ્યું તેથી ધર્મરાજાની સત્તા મંદ પડી ગઇ. અઠ્ઠાઇ, સોળભથ્થુ કે માસખમણુ કર્યું એટલે આત્મા માને કે મેં ઘણું કર્યું પણ તમે ચાલીસ પચાસ વર્ષોથી રોજ દુકાને જાવ છો છતાં એમ થાય છે કે હવે મારે નથી જવું. આ બધી પ્રેરણા કોણ આપે છે? મોહરાજા. મુત્સદ્દીગિરિથી મોહરાજા અનંત જીવો ઉપર શાસન કરે છે. જે મોહરાજાની સલાહ પ્રમાણે ચાલે છે તેને તે નરકગતિમાં ધકેલી દે છે. કેટલાકને એકેન્દ્રિય આદિ તિર્યંચ ગતિમાં મોકલે છે. તેમાં આત્મા અનેક પ્રકારના દુઃખો ભોગવે છે. આવા નરક-તિર્યંચ ગતિના ભયંકર દુઃખો ભોગવવા છતાં ખૂબી એવી કરે છે કે જેથી તે જીવોને ખબર પણ નથી પડતી કે અમે મોહરાજાની આજ્ઞા પ્રમાણે ચાલ્યા તેથી આવા દુઃખી થયા. આત્માનું જે કાંઇક સારું થાય છે તે ધર્મરાજાના પરિવારના પ્રભાવથી થાય છે. છતાં તે સમયે પણ મોહરાજા એવું ચાલાકીથી સમજાવે છે ને કહે છે કે મેં તારું આ સારું કાર્ય કર્યું છે. અજ્ઞાની જીવો મોહરાજાની તે વાતને સાચી માની લે છે. અને તે વાતને હિતકારી માની તેને પુષ્ટ બનાવે છે.

જ્યારે આત્માને સદ્‌ગુરુઓ પાસેથી સાંભળીને કંઈક સમજણ આવે અને સ્વરૂપમાં ઠરવાનો પ્રવેશ કરવાનો આરંભ કરે છે ત્યારે તેના ઉપર મોહરાજાની પકડ ઢીલી થાય છે અને ધર્મરાજાને ઓળખવા ને તેનો પરિચય કરવા જીવ તૈયાર થાય છે. પણ પાછો મહામુત્સદ્દી મોહરાજા બરાબર સમયને ઓળખીને તે આત્માને પાછો પાડવા પોતાના પરિવારના કોઈ પણ યોગ્ય મેમ્બરને મોકલે છે ને સાચી સમજણ વગરના આત્માને ઊંચા સ્થાનેથી નીચે પછાડે છે.

પરિગ્રહ મોહરાજાના પરિવારનો એક મેમ્બર છે. સમય જોઈને તે જીવોને બરાબર ફસાવે છે. અત્યાર સુધીમાં અનંતાનંત જીવો તેના ભોગ બન્યા છે. પરિગ્રહના શિકાર બનેલા અનંતાનંત જીવોને મોહરાજાએ નરકાદિ દુર્ગતિમાં ધકેલી દીધા છે. દા. ત. બ્રહ્મદત્ત ચક્રવર્તિ, સુભૂમ ચક્રવર્તિ, નવ વાસુદેવ, નવ પ્રતિવાસુદેવો આદિ ઘણા મનુષ્યો, આ અવસર્પિણી કાળમાં નરકાદિ ગતિમાં ગયા. તેમાં મહત્તા પરિગ્રહની હતી. બંધુઓ ! એમ નહિ સમજતાં કે પરિગ્રહનો શિકાર બનેલ જીવ એક વખત નરકાદિ દુઃખો ભોગવી લે પછી તેના દુઃખથી અને પરિગ્રહથી છૂટકારો થઈ જાય એવું નથી. આ પરંપરા લાંબા કાળ સુધી ચાલે છે. પરિગ્રહમાં સુખની કલ્પના કરી તે મેળવવા માટે ભયંકર પાપો આચરી કિંમતી મનુષ્યભવ હારી જઈ ભયંકર સંસારમાં ભટકવા જીવ ચાલ્યો જાય છે. પરિગ્રહના શિકારમાં ફસાયેલ જીવોની કેવી દુર્દશા થાય છે તે આપને એક દૃષ્ટાંત આપીને સમજાવું.

મગધ દેશની રાજધાની રાજગૃહી નગરીની ખૂબ જાહોજલાલી હતી ત્યારની વાત છે. મગધ સમ્રાટ શ્રેણીકના પુત્ર અને ૫૦૦ પ્રધાનોના મંત્રી અભયકુમાર છે. જેની બુદ્ધિ એટલે બુદ્ધિ. દેવલોકના ઇન્દ્ર પણ અભયકુમારની બુદ્ધિની પ્રશંસા કરે છે.

પ્રસંગ એમ બન્યો છે કે રાજગૃહી નગરીમાં પ્રભુ મહાવીર પધાર્યા, પ્રભુ મહાવીરે તો થોડા દિવસ રહીને વિહાર કર્યો પણ બીજા સંતો ત્યાં બિરાજે છે. અભયકુમારને પ્રભુ મહાવીર ઉપર ખૂબ દૃઢ શ્રદ્ધા હતી. તે મગધના મહામંત્રી હોવા છતાં પોતાના આત્મ-કલ્યાણને ભૂલતા ન હતા. રાજ્યની અનેકવિધ પ્રવૃત્તિઓમાંથી પણ સમય મેળવીને નિવૃત્ત થઈને ધર્મધ્યાન કરતા હતા. તે સાધુને દેખે ત્યાં ગાંડા ઘેલા થઈ જાય. તેમને સાધુ સંતો સાથે વાતો કરવી બહુ ગમે. રાજા, રાજ્યસમ્રાટો, સેનાધિપતિઓ કે શેઠ સાથે વાતો કરવી ન ગમે. તમે ૧૨ વાગે જમવા જાવ ત્યારે સીધા ઘરે જાવ પણ અભયકુમાર તો પહેલા ઉપાશ્રયે જાય. જઈને સંતોને પૂછે-ગૌચરી-પાણી લઈ આવ્યા ? સંસારના ત્યાગી અને સુખોમાં વિરાગી એવા મુનિ તેને બહુ ગમે. તે ઘણી વાર આખી રાત્રી એ મુનિવૃંદ વચ્ચે રહેતા અને પવિત્ર વાતાવરણનો આનંદ અનુભવતા. તેમને મુનિજીવન બહુ ગમતું હતું. એમણે પોતાના જીવનનું ધ્યેય પણ મુનિ જીવન બનાવ્યું હતું.

અભયકુમાર રોજ સંતોના દર્શન કરે. આઠમ-પાખી પૌષધ કરે. એક દિવસ અભયકુમાર રાત્રે પૌષધ લઈને બેઠા હતા. બધા મુનિઓની સાથે સ્વાધ્યાય, ધ્યાન, ચિંતન કરતા ૧૨ વાગ્યા. પછી બધા મુનિઓ સૂઈ ગયા. પણ અભયકુમારે મુનિઓ પાસેથી જે જ્ઞાન મેળવ્યું હતું તેનું મંથન કરવા લાગ્યા. એમ કરતાં બે અઢી વાગ્યા. ત્યાં બીજી બાજુ ઉપાશ્રયમાં બારણાની દિશામાંથી '**ભય**' એવો અવાજ આવ્યો. અભયકુમાર ઊઠીને બારણા પાસે ગયો. ત્યાં એક મુનિને જોયા. પછી મુનિને ખૂબ વિનયપૂર્વક વિનમ્ર ભાષામાં પૂછયું.

અહો હે ગુરુદેવ! આપ તો ભયનો ત્યાગ કરીને નિર્ભય બનીને નીકળ્યા છો. તો આપ ભય શબ્દ કેમ બોલ્યા? શું અહીંયા કોઈ ભય છે? મુનિ કહે- ના ભાઈ, ભય નથી. તો હે પૂજ્ય! આપ શારીરિક ક્રિયાને કારણે ધર્મસ્થાનકથી બહાર જઈને આવો ત્યારે ઉપાશ્રયમાં પ્રવેશતા તો નિસિહી નિસિહી શબ્દ બોલવાનો હોય છે તેના બદલે આપ ભય કેમ બોલ્યા? મુનિ કહે-હે મંત્રીશ્વર! અહીંયા કોઈ ભય નથી. આ સ્થાન નિર્ભયતાનું છે. પરંતુ અચાનક '**ભય**' શબ્દ મારા મુખમાંથી નીકળી પડયો. અહીં ભય શાનો? પરંતુ મારા પૂર્વાવસ્થાના જીવનની એક ઘટના મારા મનમાં આવી ગઈ ને મારાથી '**ભય**' શબ્દ સ્હેજે બોલાઈ ગયો. અભયકુમારે ખૂબ વિનયપૂર્વક નમ્રતાથી મુનિને કહે છે. આપના જીવનમાં એવી કેવી ઘટના બની હતી કે આજે તે દૃશ્ય નજર સામે તરવરતા આપનાથી ભય બોલાઈ જવાયું. એ પૂર્વ જીવનની સત્ય ઘટના મને ન કહો?

મુનિ અને મંત્રી બંને ઉપાશ્રયના એક ભાગમાં જઈને બેઠા. નિરવ શાંતિ છવાયેલી હતી. સાધનાની પવિત્રતા હતી. આત્માની પ્રસન્નતા હતી. મુનિ કહે-હે અભય! મારી ઘટના તું સાંભળ. મારો જન્મ ઉજ્જૈયિની નગરીમાં થયેલો. અમે બે ભાઈ હતા. અમે નિર્ધન પરિવારમાં જન્મ્યા હતા ને નિર્ધનતામાં મોટા થયા હતા. જ્યારે અમારાથી આ દરિદ્રતાનું દુઃખ સહન ન થયું ત્યારે બંને ભાઈ દેશ છોડી બહારગામ ગયા. ત્યાં અમારા પુણ્યનો સિતારો ચમકયો, અમે ખૂબ ધન કમાયા. સુખી થયા. રૂપિયા પાંચ હજાર ભેગા થયા. તે સમયે ધનનો આટલો પુગાવો ન હતો. ત્યારે પાંચ હજાર રૂપિયાવાળા ધનવાન કહેવાતા. મુનિ અભયને કહે છે તે ધનમાંથી અમે રત્નો, મોતી, માણેક આદિ ઝવેરાત ખરીદયું ને તે ઝવેરાતને પોલી વાંસળીમાં ભરી દીધું.

**લક્ષ્મીએ કરાવેલી કુબુદ્ધિ :**- તે સમયે વાહનો ન હતા. પગપાળા મુસાફરી કરવાની હતી. ઝવેરાતથી ભરેલી વાંસળી ઉપાડીને અમે સ્વદેશ આવતા હતા. વાંસળી વજનદાર હોવાથી અમે બંને ભાઈ વારાફરતી ઉંચકતા હતા. પરંતુ જ્યારે મારી પાસે વાંસળી આવી ત્યારે મારા મનમાં ખરાબ-અધમ વિચાર આવ્યો. મારી દૃષ્ટિ બગડી. જો

હું આ મારા ભાઈને મારી નાંખું તો આ બધું ધન મને મળી જાય. હું આ રીતે વિચાર કરી તેને મારવાનો રસ્તો શોધતો હતો ત્યાં રસ્તામાં કૂવો આવ્યો. મારો ભાઈ પીવા માટે પાણી લેવા ગયો. ત્યાં મને થયું કે મારો ભાઈ જેવો વાંકો વળીને પાણી સીંચવા જાય તેવો તેને ધક્કો મારું કે જેથી તે કૂવામાં પડીને મરી જશે. ને આ બધી મિલકતનો સ્વામી હું બનીશ. હું સુખી થઈશ. આવો વિચાર આવ્યો પણ તેમ કરવાનો પ્રસંગ ન આવ્યો. આગળ ચાલતાં સરોવર આવ્યું. ત્યાં કિનારે ઝાડ નીચે અમે સૂતા હતા. ત્યાં મારા મનના દુષ્ટ પરિણામોએ પાસું બદલ્યું. અહો હે આત્મા! તું કેટલો દુષ્ટ બન્યો છે? તારા મનમાં કેટલા–દુષ્ટ વિચારો આવ્યા? તારે કેટલી જિંદગી જીવવું છે કે તું આવા પાપ કરવા તૈયાર થયો? મારું દિલ દ્રવી ગયું. પરિણામની ધારા શુદ્ધ બનતી ગઈ. અરેરે....આ તુચ્છ ક્ષણિક ધનના લોભથી મારા ભાઈને મારી નાંખું? ના....ના. આ ધન મને આવા અધમ વિચારો કરાવે છે માટે એ ધન ના જોઈએ. તરત ઊઠીને આખી ઝવેરાતથી ભરેલી વાંસળી સરોવરમાં ફેંકી દીધી. મારો ભાઈ એકદમ મારી પાસે આવ્યો ને કહે ભાઈ! તેં આ શું કર્યું? કાળી મહેનત કરીને લોહીના ટીપા પાડીને આપણે આ ધન કમાયા હતા. તે તેં સરોવરમાં ફેંકી દીધું? ભાઈ! મેં ધન નથી ફેંક્યું પણ આપણા બંને ભાઈ વચ્ચે દુશ્મનાવટ કરાવનાર દુશ્મનને ફેંક્યો છે. આપણે બંને એક થાળીમાં જમનાર, એક પથારીમાં સૂનાર, અને એક ગ્લાસે પાણી પીનાર એવા બંને ભાઈના પ્રેમને તોડાવનાર દુશ્મનને ફેંકી દીધો છે. જેમ ધોતી અથવા સાડી ઊભા અને આડા તારથી વણાયેલી છે. પણ પહેરનારને ખબર નથી હોતી કે આ આડા-ઊભા તારથી વણાયેલું છે. તેવી એકતા આપણામાં છે? મેં ભાઈના ચરણમાં પડી મારા દિલની વાત કરી દીધી. ખૂબ રડયો. કેટલો અધમ પાપી કે મને આવા દુષ્ટ વિચારો આવ્યા? આ સાંભળી મારા ભાઈએ કહ્યું– ભાઈ! હું પણ આવા ગંદવાડમાં પડેલો હતો. મને પણ તારા જેવા અધમ વિચારો આવ્યા હતા. ભાઈ! તેં સારું કર્યું. આ ધન અનર્થનું મૂળ છે. અમે હતા તેવા ગરીબ બની ગયા છતાં મનમાં દુઃખ નથી પરંતુ આનંદ હતો કે ભાઈભાઈના ખૂન કરાવે એવી લક્ષ્મીનો સ્વેચ્છાએ ત્યાગ કરી સરોવરમાં ફેંકી દીધી. અમારા મનમાં થયું કે આપણે ઘેર જઈશું. મા બહેન ભૂખે ટળવળતા હશે. તેઓ પૂછશે કે શું કમાણી કરીને આવ્યા? તો કહેશું અમે કમાણી કરી છે તેના જેવી સુંદર કમાણી કોઈએ નથી કરી. અમે બંને ભાઈ ઘેર આવ્યા.

મુનિ પોતાની વાત અભયકુમારને કહી રહ્યા છે. હે અભય! પછી કેવી અજબની ઘટના બની! અમે જે વાંસળી ફેંકી તે સરોવરમાં માછીમારના હાથમાં આવી. વાંસળીનું લાકડું ખુબ મજબૂત હતું. તે માછીમાર વાંસળી વેચવા માટે અમારા ગામમાં આવ્યો. તેને ખબર ન હતી કે આમાં ધન છે. તે વાંસળી મારી બહેને ખરીદી. એણે વાંસળી જોઈ. વાંસળીનો સાંધો જોતાં મનમાં કૂતુહલ જાગ્યું કે આને સાંધો કેમ મારેલો છે?

સાંધો તોડીને જોયું તો એમાં ઝવેરાત છે. આ રીતે મારી બહેન જોતી હતી ત્યાં મારી માતા આવી પહોંચીને આ જોઇ ગઇ. માતા કહે દીકરી! તું તો પિયર આવેલી છે. આ વાંસળી તારી નહિ પણ મારી છે. મા-દીકરી સામાસામા બોલવા લાગ્યા. છેવટે ધનના લોભથી પ્રેરાઇને મારી બહેને પાસે પડેલું સાંબેલું મારી માતાને માર્યું. તે મર્મસ્થાનમાં વાગવાથી મારી માતા ધરતી પર પડી જતાં મૃત્યુને શરણ થઇ ગઇ. આ સમયે અમે બંને ભાઇઓ ઘરમાં દાખલ થયા. એટલે બહેન ગભરાઇ ગઇ. તે એકદમ ઊભી થવા ગઇ ત્યાં ખોળામાંથી ઝવેરાત ભરેલી વાંસળી નીચે પડી ગઈ.

એક બાજુ મૃત્યુ પામેલી માતાનું શબ પડ્યું છે. આ જોઇને વિચાર થયો કે અહો! આ તો આપણી બુદ્ધિ બગાડનારી વાંસળી છે. ને અહીં ક્યાંથી આવી? અહો વાંસળી! તેં તો કેવા કાળા કામ કરાવ્યા? બે ભાઇને મરાવવા માટે તૈયાર થઇ. તેથી દરિયામાં ફેંકી અને તું ઘરમાં આવી તો મા દીકરીના સગપણ પણ તોડાવ્યા. આ દૃશ્ય જોઈને મને સંસાર પ્રત્યે વૈરાગ્ય આવ્યો. આ સંસાર વિષમ દુઃખમય છે. અર્થ સર્વ અનર્થોનું મૂળ છે. એમ સમજીને અમે ગુરૂદેવની પાસે દીક્ષા લીધી. અત્યારે ઉપાશ્રયમાં દાખલ થતાં બહેન માતાને સાંબેલું મારે છે તે દૃશ્ય નજર સામે આવી ગયું તેથી ભયમ્ એમ બોલાઇ ગયું. અભયના મનમાં થયું રે ધન! તેં કેટલો અનર્થ કર્યો? આ સંસારમાં કોના સગપણ ને કોની માયા! આ સબંધ બધા રાખવા જેવા છે કે છોડવા જેવા છે? અભયકુમારમાં નામ તેવા ગુણ હતા. છેવટે તેમણે પણ અભયસ્થાનને મેળવવા માટે સંયમ લીધો ને પોતાનું નામ સાર્થક કર્યું. આજે નામ તો ઘણાં સરસ શાંતિલાલ હોય, નાણાવટી અટક હોય પણ તેમાં શાંતિના કે નાણાંના ક્યારે ય દર્શન થતા ન હોય!

બંધુઓ! આપે સાંભળ્યું ને કે પરિગ્રહ કેટલો અનર્થકારી છે? આ મોહરાજાએ મોકલેલો મેમ્બર છે. જ્યારે આત્મા મોહરાજાના કુટુંબ-પરિવારને છોડી ધર્મ રાજાના પરિવારમાં ભળી જશે, તેનો સંગ કરશે ત્યારે આ મોહરાજાનો મેમ્બર 'પરિગ્રહ' તેને સતાવી શકશે નહિ. માટે મોહરાજાના પરિવારથી દૂર થવાની જરૂર છે.

જેણે મોહરાજાનો પરિવાર છોડીને ધર્મરાજાનો પરિવાર ગ્રહણ કર્યો છે એવા અનાથી નિર્ગ્રન્થ સાચી અનાથતાનું સુંદર સ્વરૂપ શ્રેણીક રાજાને સમજાવી રહ્યા છે. મહાન પુરુષોની વાતો પણ મહાન ને આત્માની ઉન્નતિ કરાવનારી હોય છે.

**જ્ઞાની કરે એવી વાત, સંસારને મારે લાત,**
**ઘનઘાતીની કરે ઘાત, આત્મ બને ઉન્નત.**

જ્ઞાની પુરૂષોની વાતો એટલી ભાવભરી ને આત્મદર્શન કરાવનારી હોય છે કે કંઈક જીવો તે સાંભળીને સંસારને લાત મારીને સંયમ માર્ગે પ્રયાણ કરે છે. તે માર્ગે *પ્રયાણ કર્યા પછી જો આત્માનો પુરૂષાર્થ ઉપડે તો ઘનઘાતી કર્મોની ઘાત કરે ને ઘન-*

ઘાતીની ઘાત કરે એટલે આત્મામાં કેવળજ્ઞાનનો પ્રકાશ પ્રગટે તેથી આત્મા ઉન્નત બને.

અનાથી મુનિ કહે છે હે રાજન! મારી અનાથતા કઈ છે તે સાંભળો. સૌથી પ્રથમ મારી આંખોમાં કોઇ તીક્ષ્ણ ભાલા મારતા હોય એવી અસહ્ય વેદના થવા લાગી ને આખા શરીરમાં વિપુલ દાહજ્વર જેવી ભયંકર બળતરા થવા લાગી. કોઇ માણુસને શરીરમાં સામાન્ય બળતરા થતી હોય તો પણ તેની અકળામણુનો પાર રહેતો નથી. તે એરકંડીશન રૂમમાં બેસે, પંખો ચલાવે અને કદાચ પંખો બંધ થઇ ગયો હોય તો હાથમાં પૂંઠું લઇને વીંઝવા મંડી પડે. આવી થોડી ગરમીમાં અકળામણુ થઇ જાય છે પણ અનંતકાળથી જીવ સંસારના બંધનમાં બંધાયો છે તેની અકળામણુ કે મૂંઝવણુ થાય છે?

અનાથી મુનિ શ્રેણીક રાજાને પોતાની અનાથતા સમજાવી રહ્યા છે. મારા આવા અસહ્ય વેદનમાં મારા સગાવહાલા બધા મારા સામું જોઈને રડવા લાગ્યા. પણુ કોની તાકાત છે કે મારો રોગ મટાડી શકે? હજુ અનાથી નિર્ગ્રંથ શ્રેણીક રાજાને શું કહેશે ને શ્રેણીક રાજાનું કેવું પરિવર્તન થશે તેનો ભાવ અવસરે.

**ચરિત્ર:** માતા-પિતાની અને સો સો ભાઇની લાડીલી એક વહાલી બેનડીને પણુ આજે ગામમાં કોઇ પાણી પાનાર ન નીકળ્યું. એક દયાળુ બ્રાહ્મણુ સતીને શાંતિ પમાડવા માટે પોતાના જાનનું જોખમ ખેડીને અંજનાની પાછળ ગામ બહાર ગયો. સતી અંજના તો પોતાના કર્મનો દોષ જુએ છે પણુ બીજાના દોષ જોતી નથી. અંજનાની સખી વસંતમાલા કહે છે બહેન! તારા માત-પિતા અને ભાઈ-ભાભીઓ પણુ કેવા કે આવી સ્થિતિમાં પણુ તેમણે તારા સામું જોયું નહિ. અંજના કહે, સખી! દોષ તેમનો નથી પણુ મારા કર્મનો છે. આ સંસાર સ્વાર્થના કીચડથી ભરપૂર ભરેલો છે. સંસારમાં તમારે કોઇની સાથે ગમે તેવો ગાઢ સબંધ હશે તો પણુ એક બીજાના વિયોગનું કારણુ બને ત્યારે આઘાતનું કારણુ બને પણુ એક બીજા વિના રહી શકે નહિ તેમ બનતું નથી. દા.ત. કર્મસંયોગે પતિ-પત્નીની જોડી ખંડન થાય ત્યારે આઘાત લાગે પણુ તેની પાછળ કોઇ મરી જતા નથી પણુ માછલી અને પાણીનો પ્રેમ એવો છે કે માછલી પાણીથી જુદી પડે તો તરફડીને મરી જાય છે. દુનિયામાં પાણી અને માછલી જેવો પ્રેમ બીજા કોઇને નહિ મળે. સંસારનો પ્રેમ વોકળા જેવો છે તેને સૂકાતા વાર લાગતી નથી. જ્યાં સુધી પાણી રૂપી પૈસાની આવક મળે છે, પોતાનો સ્વાર્થ સધાય છે ત્યાં સુધી પ્રેમ મળે છે. જ્યાં પૈસાની આવક બંધ થઇ ગઇ ત્યાં વોકળાના સમાન સ્નેહ સૂકાઈ જવાનો. અંજના વિચાર કરે છે અહો આનું નામ સંસાર! અંજના છેલ્લે બોલે છે.

**આંબા, જાંબુ, કર્મદા, ચોથા કહીએ બોર,**
**ઉપર નરમ દીસે ઘણા, માંહે કઠિન કઠોર.**

આ ચારફળ ઉપરથી પોચા પણ અંદરથી કઠણ હોય છે. આંબો એટલે પાકી કેરી ઉપરથી પોચી હોય છે પણ ગોટલો કેટલો કઠણ હોય છે! તે રીતે જાંબુ, કરમદા, ચણીબોર, એ ત્રણેના પડ ઉપરથી પોચા છે પણ અંદર ઠળિયો કઠણ હોય છે. તેમ મારા માતા-પિતા, ભાઈ-ભાભી ઉપરથી પોચા પણ અંદરથી કઠણ છે. તેથી હે જોષી વીરા! નગરમાં આણ ફેરવાવી કે કોઈએ અંજનાને પાણી પીવડાવવું નહિ તેથી મારા વીરા! નગરમાં પાણી પાનાર મળે તો પણ પીવું નહોતું.

પરંતુ આ દયાળુ બ્રાહ્મણને અંજના પ્રત્યે એટલી દયા આવી છે કે મારું જે થવું હોય તે થાય પણ મારે તેને પાણી પીવડાવવું એ સાચું. તેથી તે અંજનાની પાછળ ગામ બહાર ગયો પણ પાછો ન વળ્યો. આટલા મોટા નગરમાં કોઈને દયા ન આવી ને એક બ્રાહ્મણને દયા આવી તે પણ પૂર્વનો સબંધ છે. આ સબંધના કારણે તેને અંજના પ્રત્યે પ્રેમ ને સ્નેહ ઉભરાયો છે.

હવે અંજના ગામ બહાર ચાલતાં ચાલતાં ગાઢ જંગલમાં ગઈ. એ જંગલ એવું ગાઢ અને વૃક્ષોથી છવાયેલું છે કે જયાં સૂર્યના કિરણો પણ પહોંચી શકતા નથી. તે ઉજ્જડ અટવીની આગળ ઊંચા પર્વતો પણ ઘણાં છે. જેથી ત્યાં ગાઢ અંધારું છે. તે અંધારું એટલું બધું છે કે માણસ એકબીજાના મુખ પણ જોઈ શકે નહિ. એવા ભયંકર જંગલમાં ઝાડ નીચે બેસીને અંજના પાણી પીવે છે. ને કહે છે ઓ મારા વીરા! તું સુખી થજે. આવા સંકટમાં પણ સતી અંજના પોતાના કર્મોને યાદ કરી નવકાર મંત્રનું સ્મરણ કરી રહી છે. હવે ત્યાં શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

(આવતી કાલે કાંદાવાડી જવાનું હોવાથી વ્યાખ્યાન બંધ છે.)

## વ્યાખ્યાન નં. ૫૮

**ભાદરવા વદ ૩ ને સોમવાર** **તા. ૨૨-૯-૭૫**

અનંત કરૂણાનિધિ ભગવંતોએ આ જગતના જીવો સામે કરૂણાભરી દૃષ્ટિ ફેંકીને જોયું તો સંસારમાં રહેલા જીવો સુખ અને દુઃખના તડકા છાયામાં ઘૂમી રહ્યા છે. ને ચતુર્ગતિમાં ચક્કર લગાવી રહ્યા છે, છતાં તેનો તેને થાક નથી. જેને થાક લાગ્યો હોય તેવા જીવોને માટે વીતરાગ પ્રભુ આગમવાણી મૂકીને ગયા છે. આગમમાં જ્ઞાનીઓ કહે છે કે માનવ! તેં કેટલા જન્મ-મરણ કર્યા તેનો હિસાબ કર. અરે, તેં એટલી માતાઓ કરી છે કે જેના દૂધ પીધા તે દૂધથી સમુદ્ર ભરાઈ જાય અને એટલા મરણ કર્યા છે કે જેની પાછળ માતાઓએ રૂદન કર્યા તે આંસુથી સમુદ્ર ભરાઈ જાય. આટલા જન્મ-મરણ કર્યા છતાં પણ હજુ તો હતા ત્યાંના ત્યાં છો.

જ્ઞાનીઓ કહે છે કે જીવન એક પુદરડી જેવું છે. ચારે તરફ ફરી ફરીને અંતે ત્યાંનું ત્યાં ઉભું હોય છે. વૃત્તિ અને પ્રવૃત્તિ વચ્ચે ઝોલા ખાતો માનવી આગળ વધી શકતો નથી. આજે મોટા ભાગના મનુષ્યોનું જીવન સુખ અને સમૃદ્ધિની ખોજમાં પૂર્ણ થઈ જાય છે. આત્મામાં રહેલી મહાન સંપત્તિ તરફ તેની દૃષ્ટિ પડતી નથી. જેમ ઘાંચીનો બળદ તેના માલિકની આજ્ઞા મુજબ ગોળ ગોળ ફરે છે. તેની આંખે પાટા બાંધ્યા હોય છે તેથી તેને થાય કે હું હજારો ગાઉ ચાલ્યો પણ જ્યાં પાટા છોડયા ત્યાં જાણ્યું કે જ્યાં છું ત્યાં છું. તે રીતે આપણા આત્માએ પણ આંખે અજ્ઞાનના પાટા બાંધી ચોર્યાશી લાખ જીવાયોનિના ,ભવચક્રમાં ઘાંચીના બળદની જેમ એટલા બધા ચક્કર લગાવ્યા છે કે જેનો કોઈ હિસાબ નથી. હવે તો ખૂબ થાક લાગ્યો હશે! મોજશોખમાં પડીને મળેલા મનુષ્ય ભવને હારી ગયા પણ હવે જો જાગૃત બન્યા હો તો જાગ્યા ત્યારથી સવાર સમજીને પ્રમાદને છોડો. ધર્મમાં મનને જોડી દો અને ભવચક્રના ફેરા ટાળવા માટે પુરૂષાર્થના પંથે પ્રયાણ કરો. જો જીવનને સાર્થક બનાવવું હોય, ચોર્યાશીની પુદરડીમાંથી છૂટકારો લેવો હોય તો સર્વ પ્રથમ તમારા જીવનની કેડીમાં કલ્યાણના કુસુમો રોપવા પડશે ને જે ધર્મનો મર્મ સમજશે તે સંસાર સાગરને પાર થશે, ને જે સંસારના સુખમાં મસ્ત રહે છે તે ચતુર્ગતિના ચકકરમાં ઘાંચીની ઘાણીના બળદની જેમ ફરે છે, માટે સમજો.

માનવ જીવનની એકેક ક્ષણ કિંમતી છે, લાખેણી છે. જીવનમાં બધું મેળવી શકાય છે પણ ગયેલી ક્ષણ પાછી મેળવી શકાતી નથી. માટે સમયનો સદુપયોગ કરો. જેને જીવનની ક્ષણ ઓળખાઈ છે તેવા તપસ્વીઓ તપની સાધનામાં જોડાઈ ગયા છે. પર્યુષણ પર્વ ગયા પણ વાલકેશ્વર સંઘને આંગણેથી હજુ તપના તોરણ છૂટયા નથી. ભાવનાબાઈ મહાસતીજીને આજે ૨૪ મો ઉપવાસ છે, વર્ષાબહેનને આજે ૩૦ મો ને નિર્મળા બહેનને આજે ૨૫ મો ઉપવાસ છે. કેવી શાતાપૂર્વક આરાધના કરે છે! તેમના જીવનની ક્ષણો સફળ જાય છે. આ દેહનું પોષણ કરવાને માટે ઘણું ખાધું છતાં હજુ આ પેટનો ખાડો પૂરાતો નથી. કવિઓ પણ કહે છે કે દળી દળીને કુલડીમાં ભર્યું તો પણ કુલડી ખાલી ને ખાલી, સમજાયું! સવાર-બપોર-સાંજ કેટલું નાંખ્યું છતાં પેટનો ખાડો ખાલી છે.

જેમ પેટનો ખાડો અપૂર્ણ છે તે કદી ભરાતો નથી તેમ આ તૃષ્ણાનો ખાડો પણ કદી ભરાતો નથી. ગમે તેટલું મળે તો પણ જીવની તૃષ્ણા શાંત થતી નથી. મહાત્મા આનંદઘનજી પણ બોલ્યા છે કે પૃથ્વી જેટલી મોટી ખાટલી બનાવું ને આકાશ જેટલી ચાદર બનાવું તો પણ તૃષ્ણાવંત મનુષ્ય ઢંકાવાનો નથી. સમજવા જેવી વાત છે કે આ જગતમાં રહેલા પદાર્થો પરિમિત છે ને જગતમાં જીવો અનંતા છે. અનંતા જીવોની

એકેક પદાર્થ ઉપર અનંતી તૃષ્ણા છે. તે તૃષ્ણા કયાંથી પૂરી થાય? આ અશાશ્વત અને અપૂર્ણ પદાર્થો ઉપર જીવ તૃષ્ણા રાખશે ને તેનો મોહ નહિ છોડે તે જીવો મરીને તિર્યંચગતિમાં ઉત્પન્ન થશે ને ત્યાં દુઃખ ભોગવવાનો સમય આવશે ત્યારે એ ધન-વૈભવ કોઈ બચાવવા નહિ આવે. અરે; અહીં પણ તમારી નજર સમક્ષ જુઓ છો ને કે કોઈને કંઈ રોગ થાય છે ને ખૂબ દર્દ થાય છે ત્યારે તેના પુત્રો, અને કુટુંબીજનો ડોકટર લાવે, તેની ખડે પગે સેવા કરે પણ કોઈ દર્દ લઈ શકે છે? અસહ્ય દર્દ સહન થતું નથી ત્યારે બૂમાબૂમ થાય છે, હાયવોય થાય છે ને કોઈ બચાવો.... બચાવો તેવા શબ્દો પણ મોઢામાંથી નીકળી જાય છે. તે સમયે જેને મારા માન્યા છે, જેના માટે કાવાદાવા કરીને કર્મ બાંધ્યા છે તેવા પુત્રો અને પત્ની શું તમને રોગમાંથી મુક્ત કરાવી શકશે? ના. ત્યારે કરેલા કર્મો તો જીવને જ ભોગવવા પડશે ને? માટે કર્મથી પાછા ફરો. અરે, તમે સંસારમાં છો તો પણ એવો ઉપયોગ રાખો કે હું કેવી રીતે જીવું કે મને કર્મ ઓછા બંધાય? શિષ્ય ગુરૂને પૂછે છે.

**कहं चरे कहं चिट्ठे, कहं आसे कहं सए ।**
**कहं भुजन्तो भासन्तो, पावकम्मं न बन्धइ ।।**

ઉત્ત. સૂ. અ. ૪ ગાથા ૭

હે પ્રભુ કેવી રીતે ચાલું, ઊભો રહું, બેસું, સૂવું, ખાવું, બોલું કે જેનાથી મને પાપ કર્મ ન બંધાય, ત્યારે કરૂણાસાગર ભગવંત કહે છે.

**जयं चरे जयं चिट्ठे, जयं आसे जयं सए ।**
**जयं भुजन्तो भासन्तो, पावकम्मं न बन्धइ ।।**

સૂય. સૂ. અ. ૪ ગાથા ૮

યત્નાપૂર્વક ચાલે, ઉભો રહે, બેસે, સૂવે, ખાય ને બોલે તો જીવ પાપકર્મ બાંધે નહિ. જ્યાં કર્મનું બંધન થતું અટકશે ત્યાં આત્મા વિશુદ્ધ બનશે ને પછી ઘાતી કર્મોનો ક્ષય થતાં કેવળજ્ઞાનની જ્યોત પ્રગટશે. જ્યારે આત્મા પાપથી પાછો હઠશે ત્યારે તેના જીવનમાં ન્યાય, નીતિ, સત્ય, સદાચાર એ તેનું જીવન બની જશે. એક નાનકડું દૃષ્ટાંત યાદ આવે છે.

એક સંસ્કારી કુટુંબ પાપ કર્મના ઉદયથી ગરીબ બની ગયું. ધન-માલ બધું ચાલ્યું ગયું. જે કામ કરે તે ઊંધા પડે. કહેવત છે ને કે "અકકરમીનો પડીયો કાણો" તે અનુસાર જ્યાં જાય ત્યાં તિરસ્કારને પાત્ર બને. કદાચ કોઈની પાસે ખૂબ કરગરે ને ૨૫-૫૦ રૂ. ઉધાર મળી જાય ને ધંધો કરવા જાય તો નુકસાન આવે ને દેવું બમણું વધી જતું. દિવસે દિવસે પરિસ્થિતિ ઘસાઈ ગઈ ને રોટીના સાંસા પડયા. પતિ-પત્ની, બે બાળક અને એક બાળકી એમ પાંચ માણસનાં કુટુંબને તેમના જીવનનિર્વાહ માટે એક

વિકટ પ્રશ્ન ઉભો થયો. શું કરવું ? કયાં જવું ? કાંઇ સૂઝ પડતી નથી. શરમ છોડીને કોઈ નજીકના સગા સબંધી પાસે જાય તો કોઇ સામું પણ ન જુએ, બોલાવે નહિ પણ ઉપરથી તેમનું અપમાન કરીને કાઢી મૂકે. આ સંસાર કેવો સ્વાર્થમય છે! જો એમની પાસે પૈસા હોત તો કોઇ આવું કરત? જ્યાં જુઓ ત્યાં પૈસાના માન છે ને! આ કુટુંબ કડકડતી ગરીબાઇથી મૂંઝી રહ્યું છે. દાંત અને દાણા વચ્ચે વેર થયું છે. છતાં તેમના જીવનમાં સદ્ગુણ ને સદાચારની કેટલી સૌરભ છે!

દિવાળીના દિવસો નજીક આવતા હતા. ઘરમાં ખાવા માટે મીઠાઇની વાત તો દૂર રહી પણ એક લુખો-સુકો રોટલો ખાવા માટે શેર જુવાર કે બાજરી પણ ન હતી. દિવાળીના દિવસોમાં ગામડામાં ખાંડ-તેલ-ગોળ-ઘીનો વહેપાર સારો ચાલે પણ ખાંડ ખરીદવા પૈસા કયાંથી લાવવા? ખૂબ કાળી મજૂરી કરીને એકેક પૈસો ભેગો કરીને બચાવેલો ફકત દોઢ રૂપિયો તેના ઘરમાં હતો. પોતાના બાર વર્ષના પુત્રને પિતાએ નજીકના શહેરમાં દોઢ રૂપિયો આપીને ખાંડ લેવા મોકલ્યો. શહેરમાં એક દુકાને જઇને દોઢ રૂપિયાની ખાંડ ખરીદી. ખાંડ લીધા પછી પૈસા વહેપારીને આપ્યા. વહેપારીને તે દિવસોમાં વહેપાર ખૂબ ધમધોકાર ચાલે. ઘરાકી ખૂબ હતી એટલે છોકરાએ કેટલા પૈસા આપ્યા તે નજર કર્યા વિના ગલ્લામાં મૂકી દીધા.

બાર વર્ષનો છોકરો ખાંડની પોટલી ઉપાડીને રવાના થયો. રસ્તામાં ખિસ્સામાં હાથ નાંખતા આઠ આના નીકળ્યા. ત્યારે તેને ખબર પડી કે વહેપારી પાસેથી મેં દોઢ રૂપિયાની ખાંડ લીધી ને એક રૂપિયો આપ્યો છે. આઠ આની તો ખિસ્સામાં ભૂલથી રહી ગઇ છે. આજે તમને આઠ આનાનો હિસાબ નથી પણ ગરીબાઇમાં આઠ આના એટલે આઠ રૂપિયા જેવા. હવે આપવા કેવી રીતે જવું ? છોકરો ખાંડ લઈને ઘેર આવ્યો ને તેના પિતાને સર્વ વાત કરી. ત્યારે બાપ કહે છે, બેટા ! તેં આ બહુ ખોટું કર્યું છે. આપણે પાપના ઉદયથી ગરીબ છીએ પણ ચોર નથી. ખાવા ન મળે તો ભૂખે મરી જવું બહેતર છે પણ આવું અનીતિનું કામ આપણાથી ન થાય. આવું કરવાથી આપણા કુળની આબરૂને બટ્ટો લાગે.

પિતાજી ! આ તો ભૂલથી બન્યું છે. મેં કંઇ જાણી જોઇને આવું કર્યું નથી. આઠ આની બચી છે તો આપણી દિવાળી સારી જશે. ત્યારે બાપ કહે છે, બેટા ! આ તો દિવાળીની હોળી કરવા જેવું કહેવાય. આજે ને આજે તું જા ને શેઠની પાસે ક્ષમા માંગી શેઠને આઠ આના પાછા આપી આવ. અનીતિનું ધન આપણા ઘરમાં રહે તો આપણા તન અને મનને પણ બગાડે. બાર વર્ષનો બાળક પાંચ માઇલની મજલ કાપીને આવ્યો હતો ને પિતાજીની આજ્ઞા થતાં તે તરત પાછો શહેર તરફ જવા રવાના થયો. આવી ભીષણ ગરીબાઇમાં ભીંસાયેલ બાળકે શેઠની પાસે ક્ષમા માંગી. ત્યારે ત્યાં ઉભેલા

સર્વ માણસોના દિલમાં આશ્ચર્ય થયું કે શું આ બાળકની નીતિ છે! ગરીબાઈમાં પણ કેટલી અમીરાઈ છે! આ રીતે લોકો મુકત કંઠે તેની પ્રશંસા કરવા લાગ્યા. પાપનો ઉદય હોય ત્યારે આવી દરિદ્રતા પ્રાપ્ત થાય. છતાં જેનું હૃદય દરિદ્ર ન હોય પણ ન્યાય સંપન્ન ગુણને વરેલો હોય તે કુળની આબરૂને સારી રીતે સાચવી શકે ને જીવનને પવિત્ર બનાવી શકે.

બંધુઓ! તમે તો સુખી છો. તમારા પુણ્યની રોશની ઝળહળે છે. તમને આવું દુઃખ નથી. છતાં તમારામાં આવી નીતિસંપન્નતા છે? જ્યાં ખાવાના પણ સાંસા છે છતાં આવું જીવન જીવે છે તો તે જીવો કેવા મહાન હશે! તમે પણ તમારા પુણ્યનો દિપક જલે છે ત્યાં સુધીમાં પવિત્ર જીવને જીવી જાવ. અન્યાય, અનીતિ અને અધર્મ કરી નાણાં કમાશો. કદાચ અહીં ખબર નહિ પડે પણ પરભવમાં કર્મ ઉદયમાં આવશે ને ભોગવવા પડશે ત્યારે કોઈ તમારા સામું નહિ જુવે.

આપણો ચાલુ અધિકાર અનાથી મુનિ શ્રેણીક મહારાજાને કહે છે કે હે રાજન્! મારી આંખોમાં તથા શરીરમાં દાહજવર હતો તેનાથી પણ અધિક કેવી વેદના હતી તે સાંભળો.

तियं मे अन्तरिच्छं च, उत्तमंग च पीडई ।
इन्दासणिसमा घोरा, वेयणा परम दारुणा ।।

ઉત્ત. સૂ. અ. ૨૦ ગાથા ૨૧

મારું હૃદય, કમ્મર, તથા મસ્તકમાં એટલી બધી અસહ્ય તેમજ દારૂણ વેદના થઈ રહી હતી કે જેવી ઇન્દ્રના વજઘાતથી ઘોર વેદના થાય છે તેવી વેદના મારા શરીરમાં થતી હતી.

મુનિ કહી રહ્યા છે, કે મારી આંખોમાં જેમ શત્રુ તીક્ષ્ણ શસ્ત્ર ભોંકતો હોય તે રીતે શરીરમાં જેમ જ્વાળા લાગી હોય અને હૃદય, કમ્મર તથા મસ્તકમાં જાણે ઇન્દ્ર વજ્ર મારતો હોય તેવી દારૂણ પીડા થઈ રહી હતી. દેવાનુપ્રિયો! મનુષ્ય આપણા ઉપર કોપાયમાન થાય ને ઉપદ્રવ કરે તો તે ઉપદ્રવને કોઈ પણ ઉપાયથી શાંત કરી શકાય છે. પણ જો દેવ કોપાયમાન થાય ને મનુષ્યને ઉપદ્રવ કરે તો તેને શાંત કરવા આપણે શકિતમાન નથી. જુઓ, પારસનાથ ભગવાન જ્યારે સંસારમાં હતા ત્યારની વાત છે. તે હજુ બાળક હતા પણ અવધિજ્ઞાન તો માતાના ગર્ભમાંથી સાથે લઈને આવ્યા હતા. બીજી બાજુ કમઠ તાપસ હતો. તે તેના હજારો ભક્તોની વચમાં બેસીને ધૂણી ધખાવતો હતો. પારસનાથ બનનારો બાળક ત્યાંથી પસાર થાય છે ને તેને કહે છે કે હે તાપસ! તું મોટા ધૂણાં ધખાવીને બેઠો છે તે તારું અજ્ઞાન છે. આ તારૂં તપ નથી પણ તાપ છે. ધર્મના નામે હિંસા થાય છે. ત્યારે કમઠ કહે છે, આમાં શું હિંસા થાય છે? ત્યારે કુમાર કહે છે, કે આ ધૂણીમાં લાકડા નાંખ્યા છે તેમાં નાગ ને નાગણી જીવતા બળી રહ્યા છે.

તાપસ નથી જાણતો કે આ કોણ છે? તરત સળગતું લાકડું ચીરીને નાગ-નાગણી બતાવે છે ને કુમાર તેમને નવકારમંત્ર સંભળાવે છે. તેના પ્રતાપે તે નાગ-નાગણી મરીને ધરણેન્દ્ર અને પદ્માવતી દેવી બને છે. આ તરફ લોકો કમઠને ફીટકાર આપે છે કે શું આ તે કંઈ ધર્મ કહેવાતો હશે? એની ખૂબ નિંદા થાય છે. આટલા બધા ભક્તોની વચમાં તેનુ અપમાન થવાથી તેની સાથે મનમાં દુઃખ રહી ગયું ને કમઠ મરીને મેઘમાલી નામનો દેવ બને છે. મેઘમાલી દેવને જ્યાં વરસાદ વરસાવવો હોય ત્યાં વરસાવી શકે.

જ્યારે પારસનાથ ભગવાન દીક્ષા લઈને એક દિવસ ઘોર જંગલમાં ધ્યાન ધરીને ઉભા હતા તે સમયે મેઘમાલી દેવ મૃત્યુ લોકમાં અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને જુવે છે ને પૂર્વનું વૈર જાગૃત થાય છે કે અહો! આ તો મારું અપમાન કરનારો પેલો છોકરો છે બસ, હવે તેને બતાવી દઉં. મેઘમાલી દેવ ત્યાં ધોધમાર વરસાદ વરસાવે છે. ત્યાં એટલા બધા પાણી ભરાઈ ગયા કે ભગવાનના ગળા સુધી પાણી આવી ગયા. છેવટે દાઢી સુધી પાણી આવ્યા પણ પ્રભુ તો તેમના ધ્યાનમાં મસ્ત ને અડગ રહ્યા. તે સમયે નવકાર મંત્રના પ્રભાવે જે નાગ-નાગણી ધરણેન્દ્ર અને પદ્માવતી થયા હતા. તેઓ ઉપયોગ મૂકીને જુવે છે કે આપણે કોના પ્રતાપે દેવ થયા? ત્યાં જૂવે છે કે આપણાં પરમ ઉપકારીને આવો ઉપદ્રવ થયો છે. બંને જણા નીચે ઉતર્યા. એક નાગ બનીને માથે છત્ર ધરે છે. ને બીજા નીચે આસનની જેમ બેસી જાય છે. જેથી પ્રભુને કોઈ જાતની આંચ આવે નહિ. મેઘમાલી દેવ ખૂબ જોરશોરથી વરસાદ વરસાવે છે. સાત દિવસ ને સાત રાત્રી સતત વરસાદ વરસ્યો. નગરમાં ચારે બાજુ પાણી ભરાઈ ગયા પણ ભગવાન પારસનાથને કોઈ જાતનો વાંધો આવ્યો નહિ. એક દેવ ઉપદ્રવ કરે છે જ્યારે બીજા તેમનું રક્ષણ કરવા આવ્યા હતા. પણ પ્રભુને તો બચાવનાર પ્રત્યે રાગ નથી અને ઉપદ્રવ આપનાર પ્રત્યે દ્વેષ નથી. ધન્ય છે આવા મહાન ભગવંતોને!

અનાથી નિર્ગ્રંથ શ્રેણીક રાજાને કહે છે હે રાજન્! મારા શરીરમાં જાણે કે ઇન્દ્ર તેનું વજ્ર ના ભોંકતા હોય, તેવી ભયંકર તીવ્ર વેદના થવા લાગી. તે સમયે મારું દુઃખ જોયું જતું ન હતું. મારા માતા-પિતા, ભાઈઓ, ભગિનીઓ, પત્ની અને મિત્રો બધા મને ઘેરીને બેઠા હતા ને મારું દુઃખ જોઈને ચોધારા આંસુએ રડતા હતા. પણ કોઈ મને રોગથી મુક્ત કરવાને સમર્થ ન હતું. હે રાજન! તમને એમ થતું હશે કે જેને માટે આટલા સગાં સ્નેહીઓ રૂદન કરતા હતા તો શું ડૉકટર નહિ બોલાવ્યા હોય? તો મારા માટે કેવા કેવા ડૉકટરો ને કોણ કોણ આવ્યા હતા તેના ભાવ અવસરે કહેવાશે.

**ચરિત્ર :** સતી અંજનાના જબ્બર કર્મનો ઉદય વર્તે છે. પણ એક બ્રાહ્મણને ખૂબ દયા આવી ને ગામ બહાર જઈને તેને પાણી પાયું. ત્યાર પછી શું બન્યું?

**"સતી અંજના વનની વાટે":-**

**આશા મેલી રે પીયર તણી, સિંહની પેરે મન કીધું છે ધીર તો,**
**શુરા ક્ષત્રી જેમ રણે ચઢે, શરીર સંભાળીને સાચવ્યા ચીર તો,**
**ઉજજડ વનમાંહે સંચર્યા, પર્વત અચલ ઉત્તુંગ તો**
**સ્કંધે ચઢાવી રે કામિની, લઇ ચઢી તેણે પર્વત શૃંગ તો....સતી રે**

પીયરની આશા છોડીને ભૂખી-તરસી અંજના સતીએ મહેન્દ્રપુરીના રાજમાર્ગો વટાવી દીધા. સતી અંજના કર્મોને ખપાવવા માટે શૂરવીર બની ગયા છે. માતા-પિતા, ભાઇ-ભાભીઓ કોઇને દોષ ન દેતાં પોતાના કર્મને દોષ દેતી જંગલની વાટ પકડી. ખાધા-પીધા વગર ભૂખ્યા તરસ્યા પગ ઉપડતા નથી. હૃદય ભરાઇ આવ્યું. આંખમાં આંસુનાં પૂર વહેવા લાગ્યા. તે ખૂબ કરુણ સ્વરે રુદન કરવા લાગી.

**"સતી અંજનાના વિલાપથી પશુ પણ ધ્રુજી ઉઠયા":** વસંતમાલા હવે પોતાની સખીનું દુઃખ જોઇ શકતી નથી. તે પણ ખૂબ રડી રહી હતી. અંજનાના દુઃખની હવે હદ આવી ગઇ છે. અંજનાને આશ્વાસન આપવા માટે હવે તેની પાસે કોઇ શબ્દ ન હતાં. બંને જણા ઘોર જંગલમાં જઇ ચઢયા. સૂર્યાસ્ત થવા આવ્યો હતો. અંજના હવે ચાલી શકે તેમ ન હતી. ત્યારે વસંતમાલા કહે છે બહેન! આ જંગલમાં વાઘ-વરૂ ને સિંહ ઘણાં હશે ને આપણને ફાડી ખાશે તો આપણે આ ઝાડની મજબૂત ડાળી જોઇને તેના ઉપર ચઢી જઇએ. પણ અંજના કહે છે, બહેન! હું ઝાડ ઉપર નહિ બેસી શકું. ત્યારે વસંતમાલા પોતાની સખીને ખભે બેસાડીને ઉંચા પર્વત ઉપર ચઢે છે. બંધુઓ! જગતમાં સખી હો તો આવી હોજો કે જે અંજનાના ખરા દુઃખના સમયે કેટલું કામ કરે છે! છતાં દુઃખથી સ્હેજ કંટાળતી નથી.

અંજના તો વનમાં ચાલી ગઇ પણ પાછળથી નગરમાં શું બન્યું? નગરના લોકો બોલવા લાગ્યા કે અહો! આપણા રાજા સાહેબ કેટલા ક્રૂર છે, નિર્દય છે કે એક ટળવળતી નિરાધાર પોતાની પુત્રીના સામું પણ ના જોયું. જરા પણ દયા ન આવી. ધિક્કાર છે મહારાજા તમને! તમારી પુત્રીની તમને દયા ન આવી તો બીજાની દયા કયાંથી કરશો? ખેર, રાજા તો નિર્દય બન્યા પણ મહારાણીજી કેવા? માતાને તો દીકરી પ્રત્યે કેટલું વહાલ હોય! અરે રે ....દીકરી આંગણે જઇને ઉભી રહી. માતા સોનાના હિંડોળે હીંચતી હતી પણ ઉઠીને એમ ન કહ્યું, કે બેટા! તને શું દુઃખ છે? તારી આ દશા કેમ થઇ? તારો શું ગુન્હો છે? ખરી રીતે તો રાજાએ અંજનાને રાખવી જોઇએ અને તેને બધી વાત પૂછીને તેના સાસરિયાને કહેવું જોઇએ. અગર પવનજીને મળ્યા પછી સાચો નિર્ણય કરવો જોઇએ. કે આ બાબતમાં સાચી હકીકત શું છે? પણ અંજનાને આમ તરછોડી દેવી ન જોઇએ. માતા પણ કેવી ક્રૂર બની ગઇ કે પોતે તો પાણી ન પીવડાવ્યું પણ આખા નગરમાં પણ અંજનાને કોઇએ આશ્રય ના આપવો કે પાણીનું

દીધું પણ ના પાવું એવો ઢંઢેરો પીટાવ્યો. રાજા-રાણીના હૃદય ચંડાળથી પણ ભૂરા બની ગયા છે. ચંડાળ ક્રૂર હોય છે પણ ક્યારેક તો ચંડાળના હૃદય પણ પીગળી જાય છે. ખંધક મુનિની ચામડી ઉતારવા માટે રાજાએ ચંડાળને આજ્ઞા કરી અને ચંડાળો મુનિની ચામડી ઉતારવા ગયા-પણ ક્ષમાના સાગર એવા મુનિનું મુખ જોઇને તેમનું હૃદય દ્રવી ઉઠયું કે શું આપણે આવા પાપ કરવાના? શું આવા પવિત્ર મુનિની આપણા હાથે ઘાત કરવાની? આ રીતે ચંડાળોનું હૃદય પણ પીગળી ગયું. પણ આપણો રાજા તો પોતાની પુત્રીનું દુઃખ જોઈને પણ પીગળ્યો નહિ ને કેવી નિરાધાર સ્થિતિમાં અંજના વનવગડે ચાલી ગઇ. આ રીતે પ્રજા રાજાને ફીટકાર દે છે. હવે શું બનશે તેના ભાવ અવસરે.

☆

## વ્યાખ્યાન નં. ૫૯

**ભાદરવા વદ ૪ ને મંગળવાર** **તા. ૨૩-૯-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

આ દુનિયામાં ભગવાન મહાવીર સ્વામી આદિ જે જે મહાન પુરુષો થઇ ગયા છે તે બધાએ એક માર્ગ બતાવ્યો છે કે સત્સંગ જેવી કોઇ સુવર્ણસિદ્ધિ નથી. સત્સંગ શું કામ નથી કરતો? તમને સંતો અને પ્રભુનું શાસન મળ્યું છે તો એક વખત સાધક બનીને એવી સાધના કરી લો કે આત્માની પિછાણ થઇ જાય. જે સાધક સત્સંગ કરે છે તે અનુક્રમે સિદ્ધિને પ્રાપ્ત કરે છે. સત્સંગમાં મહાન શક્તિ રહેલી છે. સંતોનો બતાવેલો માર્ગ જો હસ્તગત થાય તો બાહ્યસ્થિતિ ટળી જાય છે ને વીતરાગ પ્રભુની આજ્ઞામાં અર્પિત થાય તેને સાધક દશાનો સાક્ષાત્કાર થાય છે. જે જીવોને સત્સંગનો મહિમા સમજાય છે તેનો ભ્રમ ભાંગી જાય છે ને તે એવો તો મહાન બની જાય છે કે શશીને શરમાવે ને રવિને રડાવે તેવું પ્રાપ્ત કરે છે. લોભવૃત્તિના લોઢાનો નાશ કરે છે. લોભવૃત્તિ એટલે કે જેની લોઢા જેવી પ્રકૃત્તિ છે તેને સત્સંગ રૂપી સિદ્ધિ વડે ગાળી નાંખે છે.

બંધુઓ! જ્યારે તમે રૂપિયાની નોટો ગણતા હો ત્યારે તમને ભોજન યાદ આવે છે ખરું? (શ્રોતામાંથી અવાજ:- ના.) પૈસાનો સુમેળ સાધો છો ત્યારે ભોજન, પુત્ર-પરિવાર કંઈ યાદ આવતું નથી. કારણ કે પૈસાનો પ્યાસી માનવ છે. તેના કારણે સંસારના રંગરાગ અને હાવભાવને ભૂલે છે પણ જો એક વખત શિવસંગી-સત્સંગી બની જાય તો સંસારભાવ સહેજે છૂટી જાય છે. જે સત્સંગનો અનુરાગી બને તેને સંસારની વાસના છોડવાનો પ્રયત્ન કરવો પડતો નથી. પણ સત્સંગની શક્તિ એવી છે કે ગમે તેવા વિષયની પ્રચંડ અગ્નિ હોય તો પણ તેને શીતળ બનાવી દે છે.

શ્રેણીક રાજાને અનાથી મુનિનો સમાગમ થયો છે. સંતોનો સમાગમ મનુષ્યને

અધમમાંથી ઉત્તમ બનાવી દે છે. રાજા શ્રેણીક એક વખતનો કેવો મિથ્યાત્વી હતો? પણ સંતનો સમાગમ થતાં તેમના જીવનનું કેટલું પરિવર્તન થઇ ગયું! સંત સમાગમના પ્રભાવથી તે સમકિત પામ્યા ને શાસનની એવી પ્રભાવના કરી કે જેના પ્રભાવે તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું ને આવતી ચોવીસીમાં પદ્મનાભ નામના સૌથી પ્રથમ તીર્થંકર બનશે. ભકતમાંથી ભગવાન બની જશે. પણ અત્યારે શ્રેણીક રાજાનો આત્મા નરકમાં છે. આવો પવિત્ર આત્મા નરકમાં કેમ ગયો તે તમે જાણો છો?

રાજા શ્રેણીકને જ્યારે સંતોનો સમાગમ થયો ન હતો ત્યારે તેને શિકારનો ખૂબ શોખ હતો. તે રોજ જંગલમાં શિકાર કરવા માટે જતા. એક દિવસ શિકાર કરવા ગયા તે સમયે એક ગર્ભવંતી હરણીને વીંધી નાંખી. શિકારની પાસે જઇને એવા હરખાયા કે અહો! મારા જેવો શિકાર કરતાં કોને આવડે છે! ગર્ભવંતી હરણીને વીંધી નાંખી ને પાછો તેમાં તીવ્ર રસ આવ્યો ને હરખાયા. તેમાં મહાન પાપ બાંધ્યું. અહો! મારા જેવું નિશાન તાકતા કોઇને આવડતું નથી. એકી સાથે મેં બે જીવોને કેવા વીંધી નાંખ્યા? આમાં તેમને ખૂબ આનંદ આવ્યો. હૈયું હરખાઇ ગયું ત્યાં તેમણે નરકના આયુષ્યનો બંધ પાડી દીધો. તેના કારણે શ્રેણીકરાજાને નરકમાં જવું પડયું.

બંધુઓ! આ રીતે આત્મા અનંતકાળથી અજ્ઞાનને વશ થઈને ઘણી ભૂલો કરતો આવ્યો છે ને એ ભૂલના કારણે અનંત સંસારમાં ભમે છે. છતાં પોતાની ભૂલને ભૂલ તરીકે સ્વીકારતો નથી અને પોતાની ભૂલના કારણે જે દુઃખ પડે છે તેનો આરોપ બીજા ઉપર કરે છે. આ એક પ્રકારનું મિથ્યાત્વ છે ને? એક નાનકડી ભૂલનું પણ કેવું વિષમ પરિણામ આવે છે, તે એક દૃષ્ટાંત દ્વારા સમજાવું.

એક શેઠને ત્યાં છ દીકરીઓ પછી એક દીકરો હતો. તે છોકરો ખૂબ સ્વરૂપવાન હતો તેથી તેનું નામ શ્યામસુંદર પાડવામાં આવ્યું. પણ તેને લાડથી સૌ બાબો કહીને બોલાવતા હતા. આ બાબો દશ મહિનાનો થતા એક દિવસ તેની આંખો ખૂબ આવી ગઇ. તેને માટે તેની માતાએ ઘણા ઉપચારો કર્યા પણ કોઈ રીતે આંખ મટી નહિ ત્યારે ડોકટર પાસે લઇ જઇને દવા લાવ્યા. દવાની બાટલી તેની માતાએ બીજી શીશીઓ ભેગી મૂકી હતી. સમય થતાં માતાએ તેની મોટી દીકરીને કહ્યું. મીના! કબાટ ઉપર ત્રણ શીશીઓ પડી છે. તેમાં વચલી શીશીમાં દવા છે તે બાબાની આંખમાં બબ્બે ટીપા નાંખી દે. મીના દશ વર્ષની બાળકી હતી. તેણે માતાના કહેવા મુજબ બાબાને ખોળામાં સૂવાડી એક આંખમાં બે ટીપા દવા નાંખી ત્યાં તો બાબાએ કારમી ચીસ પાડી. પણ આંખ દુઃખતી હોય ત્યારે તેમાં દવા નાંખવાથી બાળક વધુ રડે તેમ માનીને મીનાએ તેના ભાઇને ગોઠણ નીચે દબાવીને બીજી આંખમાં પણ બે ટીપા દવાના પાડી દીધા. ત્યાં બાબો તરફડી ઊઠયો. એટલે દવાની શીશી તો ત્યાં પડી રહી ને મીના બાબાને તેડીને

છાનો રાખવા માટે પ્રયાસ કરવા લાગી. પણ કોઇ હિસાબે બાબો છાનો રહેતો નથી. ત્યારે માતા મીના ઉપર ખુબ ગુસ્સે થઈ અને રસોડામાંથી બહાર નીકળી બાબાને દૂધપાન કરાવવા લાગી. પણ દૂધ પીતો નથી ને રડતો બંધ પણ નથી થતો. પારણામાં સુવાડીને મીઠા હાલરડા ગાવા લાગી તો પણ બાબો રડતો બંધ ન થયો તે ન થયો.

છેવટે બપોર થતાં બાબાનો પિતા દુકાનેથી ઘેર આવે છે ને પૂછે છે કે બાબો આટલો બધો કેમ રડે છે? ત્યારે તેની માતા કહે છે કે કોણ જાણે મીનાએ આંખમાં દવા નાંખી ત્યારથી રડતો બંધ થતો નથી. ત્યારે પિતા કહે છે તેની આંખમાં વધુ દુઃખાવો થતો લાગે છે. એકવાર ફરીને દવા નાંખી જુઓ. કદાચ દુઃખાવો મટી જાય. મીનાએ શીશી લાવીને પિતાજીના હાથમાં આપી. શીશી જોતાં જ પિતા કહે છે કે અરે! બાબાની આંખમાં આ દવા નાંખી હતી? ત્યારે મીનાએ કહ્યું. હા. મારી બાએ કહ્યું હતું કે કબાટ ઉપર ત્રણ શીશીઓમાં વચલી શીશીમાં દવા છે તે બાબાની આંખમાં નાંખી દે. તેથી મેં બબ્બે ટીપા નાંખ્યા છે. આ સાંભળતા બાપ તમ્મર ખાઇને ધરતી ઉપર ઢળી પડયો. થોડી વારે ભાનમાં આવ્યો ત્યારે રડતો રડતો કહે છે મારા એકના એક લાડીલાની જિંદગી પણ બરબાદ થઇ ગઇ. આ શીશીમાં તો દાગીના ધોવા માટેનો તેજાબ હતો.

બંને જણા જલદી બાબાને લઈને દવાખાને ગયા ને ડોકટરને વાત કરી. ડોકટર કહે છે હવે આને માટે કોઇ ઇલાજ નથી. કારણ કે આંખ અંદર સુધી બળી ગઇ છે. બંને માણસ ખૂબ નિરાશ થઇને ઘેર આવ્યા. ક્રોધ ખૂબ ભયંકર છે. માતાએ ઘેર આવીને મીનાને ખૂબ માર માર્યો કે તેં આ દવા નાંખી ન હોત તો મારા લાડકવાયાની આ દશા ન થાત ને? પણ એમાં મીનાનો શું વાંક હતો? એને તો માતાએ જ્યાંથી કહ્યું ત્યાંથી શીશી ઉપાડી હતી. પણ શીશીમાં શું હશે તેની એને ખબર ન હતી. આમાં ભૂલ તો માતાની હતી. છેલ્લી શીશીને બદલે વચલી શીશી કહી હતી. નાનકડી ભૂલનું કેટલું ભયંકર પરિણામ આવે છે? પણ માણસ પોતાની ભૂલ ન જોતાં બીજાની ભૂલો દેખે છે.

દેવાનુપ્રિયો! નાનકડી ભૂલનું કેવું ભયંકર પરિણામ આવ્યું? બાબાની જિંદગી રદ થઇ ગઇ. તેમ આપણે પણ આપણા જીવનમાં આવી ભૂલો ન થાય તે માટે ખૂબ સજાગ રહેવાનું છે. વડનું બીજ નાનું હોય છે પણ ભવિષ્યમાં તેમાંથી વિશાળ વડલો થાય છે. તેમ નાનકડું કર્મ પણ ભાવિમાં વિશાળ વડલા જેવું બનીને ઉદયમાં આવે છે ને કર્મો તો કોઇને પણ છોડતા નથી. ભગવાન મહાવીર સ્વામી જેવા કેવળજ્ઞાન પામ્યા પછી પણ ગોશાલકે તેમના ઉપર તેજુલેશ્યા છોડી. તેજુલેશ્યા ભગવાનને કંઇ કરી શકી નહિ પણ તેની ગરમીથી ભગવાનને છ મહિના સુધી લોહીના ઝાડા થયા હતા. તીર્થંકર ભગવંતને પણ કર્મે છોડયા નથી તો આપણે શું હિસાબમાં?

**ભલે હોય જ્ઞાની કે અજ્ઞાની જન, સુખ-દુઃખ રહિત ન કોઇ,**
**જ્ઞાની વેદે ધૈર્યથી, અજ્ઞાની વેદે રોઇ.**

કર્મ તો કોઈને છોડતું નથી. છતાં જ્ઞાની અને અજ્ઞાની બંનેમાં ફેર એટલો છે કે જ્ઞાની પુરુષો કર્મોદય સમયે ખૂબ સમતાભાવ રાખીને કર્મને ખપાવી દે છે. ને અજ્ઞાની જીવો આર્તધ્યાન કરીને નવા કર્મો બાંધે છે. જ્ઞાનીને કર્મ ઉદયમાં આવે ત્યારે શું કહે ? હોય....હોય. મેં કર્મો કર્યા છે તો તે ઉદયમાં આવ્યા છે. એમાં શું નવાઈ ? અજ્ઞાની જીવોને અશાતાનો ઉદય થાય ત્યારે એમ કહે કે ઓય....ઓય, આ કર્મ મને કયાંથી ઉદયમાં આવ્યું. હવે મારાથી સહન નથી થતું. જલદી મટી જાય તો સારું ? એમ બોલે છે. ત્યારે જ્ઞાનીઓ તો એમજ કહે છે કે –

**દુઃખ આવે મનવા જયારે ત્યારે રોવું શા માટે?**
**જે વાવ્યું તે ઊગે છે એનો શોક શા માટે?**
**જે પૂર્વે કર્યા કર્મો તે આ ભવે ઉદયમાં આવ્યા છે (૨)**
**જયાં બાવળીયા વાવ્યા ત્યાં એને કાંટા ઊગવા લાગ્યા છે (૨)**
**અંગે અંગે ભોંકાયા છે, પોતાના આજ પરાયા છે, આ બધી કરમની માયા છે.**
**પાપ કરેલા પ્રગટે જયારે ત્યારે રોવું શા માટે?**
**જે વાવ્યું તે ઊગે છે એનો શોક શા માટે?**

હે જીવ ! તેં જે પૂર્વે વાવ્યું છે તે આ ભવમાં લણવાનું છે તો હવે શોક શા માટે કરે છે ? તું કર્મના દેણાંની પતાવટ કરવા આવ્યો છે તો જયાં સુધી તારી શકિત છે ત્યાં સુધી કર્મના દેણાં ભરપાઈ કરી દે. એ ભરપાઈ કરવામાં એક પાઈની પણ ગલતી નહિ ચાલે. તમારા ચોપડામાં ગલતી થશે તો વાંધો નહિ પણ કર્મરાજાના ચોપડામાં તો પાઈપાઈનો હિસાબ ચૂકતે કરી દેવો પડશે. જ્યાં સુધી હિસાબ નહિ પતે ત્યાં સુધી છુટકારો થવાનો નથી.

આપણે અનાથી નિર્ગ્રંથની વાત ચાલે છે. અનાથી મુનિ શ્રેણીક રાજાને કહે છે કે હું કેવી રીતે અનાથ હતો ! મારે ઘેર ધનનો તૂટો ન હતો. છતાં જ્યારે રોગ ઉત્પન્ન થયો ત્યારે ધન, મિલ્કત, માતા-પિતા, ભાઈ, ભગિની કે પત્ની કોઈ મને રોગથી મુકત બનાવવા સમર્થ ન બની શકયા. ઉપરની ત્રણ ગાથામાં અનાથી મુનિની વેદનાનું વર્ણન કરવામાં આવ્યું છે. આંખમાં, પેટમાં, વાંસામાં, આખા શરીરમાં કારમી વેદના થવા લાગી છતાં કોઈ શાંતિ આપી શકવામાં સમર્થ ન થયા.

આ વાત કહેવાનો મુનિનો હેતુ એ છે, કે રાજાને સાચી અનાથતાનું ભાન કરાવવું છે. હે રાજન! તું બાહ્ય શત્રુઓને જીતવા માટે સૈન્ય રાખે છે પણ જે શત્રુઓ શરીરમાં રહીને પીડા આપે છે તેને જીતવા માટે તારી પાસે કંઈ ઉપાય છે ? જે શત્રુઓ ચર્મચક્ષુથી દેખાય છે તેનો તો તું નાશ કરી શકશે પણ જે શત્રુઓ પોતાના શરીરમાં રહેવા છતાં દેખાતા નથી એનો તું કેવી રીતે નાશ કરી શકે ? આ સંસારમાં આત્માનો

નિકટમાં નિકટ સંબંધી શરીર છે. છતાં આ શરીર દ્વારા હું અનાથ હતો. જો હું શરીરનો નાથ હોત તો શરીરમાં વેદના શા માટે થવા દેત? એટલે હે રાજન! હું શરીરથી પણ અનાથ હતો.

બંધુઓ! આ અનાથી મુનિના અધિકારમાંથી આપણને ઘણું જાણવાનું મળે છે. જીવ કેવી રીતે સનાથ બને છે ને કેવી રીતે અનાથ બને છે. બીજી વાત ધન-સંપત્તિ આદિ જીવને કર્મથી મુક્ત કરાવી શકતા નથી. ત્રીજી વાત એ છે, આવી ઘોર વેદના થાય ત્યારે દેહ અને દેહીનું ભેદ જ્ઞાન થાય છે. ત્યારે આત્મા એવો વિચાર કરે કે જે થાય છે તે જડ દેહને થાય છે. એમાં મારું કંઈ બગડતું નથી. હું તો માત્ર જ્ઞાતા ને દૃષ્ટા છું.

**જડ ચેતનનો ભિન્ન છું, કેવળ પ્રગટ સ્વભાવ,**
**એકપણું પામે નહિ, ત્રણે કાળે દ્વય ભાવ.**

જડ અને ચેતનનો સ્વભાવ ભિન્ન છે. જડ અને ચેતન ત્રણે કાળે એક થવાનું નથી તો મારે જડમાં શા માટે રાગ કરવો જોઈએ! ભયંકર દર્દ વખતે આવી સ્થિરતા કેવી રીતે ટકી શકે? પૂર્વે એવી આરાધના કરી હોય, સમભાવની સમજણ પ્રાપ્ત કરી હોય તો વેદના વખતે તે સમજણ ઘણું કામ કરે ને આત્મામાં સમાધિભાવ ટકી શકે. પણ જેણે જિંદગીભર જડ એવા શરીરનો રાગ રાખ્યો હોય ને શરીર તે હું છું એવો ભાવ કેળવ્યો હોય તેને આવો ભાવ ક્યાંથી આવે? પણ, પર તે હું નહિ ને હું તે પર નહિ–પણ બંને એકબીજાથી અલગ છીએ એવું જ્ઞાન પ્રાપ્ત કરી લીધું હોય તેને કદી અસમાધિ થાય નહિ. જીવનો સ્વભાવ વસ્તુને જાણવાનો છે. બરફીનો સ્વાદ જીભ વડે લીધો પણ લેનાર આત્મા જુદો છે. જ્યાં સુધી શરીરમાં ચૈતન્ય છે ત્યાં સુધી ખબર પડે છે કે બરફી મીઠી છે. જ્ઞાન કરનાર આત્મા પોતે છે.

બંધુઓ! આપણો આત્મા જ્ઞાનસ્વરૂપ, અનંત શક્તિનો સ્વામી અને સત્તાએ કેવળજ્ઞાન અને કેવળ-દર્શન પામવાવાળો છે. પણ તેના ઉપર જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મના મજબૂત પડળ જામી ગયા છે તેથી જ્ઞાનનો પ્રકાશ બહાર આવતો નથી. લાઈટના ગ્લોબ ઉપર કોઈએ ઢાંકણું ઢાંકી દીધું હોય તો અંદર પ્રકાશ હોવા છતાં ઢાંકણું આડું હોવાથી તે બહાર દેખાતો નથી. આંખે મોતિયો આવ્યો હોય ત્યારે પણ આંખના તેજ હોવા છતાં મોતિયાના કારણે જોવામાં તકલીફ પડે છે. એટલે તમે ડોક્ટર પાસે જઈને મોતિયો પાકે એટલે તરત ઉતરાવી નાંખો છો. તે રીતે આત્મા ઉપર અનાદિકાળથી મિથ્યાત્વ અને અજ્ઞાનના પડળ જામી ગયા છે. મિથ્યાત્વ મોતિયાનું ઓપરેશન કરવા માટે સદ્‌ગુરુ રૂપી વૈદો અને ડોક્ટરો પણ તૈયાર છે. તપ, સંયમ, સ્વાધ્યાય, ક્ષમા આદિ ઓપરેશન કરવાના શસ્ત્રો પણ મોજૂદ છે. બધી સગવડતાઓ તમારા માટે તૈયાર છે. હવે

તો જાગો. કયાં સુધી પ્રમાદમાં પડયા રહેશો? જ્યાં સુધી દોષોનું ઉન્મૂલન ન થાય અને ગુણોનું પ્રગટીકરણ ન થાય ત્યાં સુધી જ્ઞાની કહે છે કે તું પ્રમાદમાં પડેલો છે. જ્ઞાની પુરુષો તમને ભેરી વગાડીને જાગૃત કરે છે કે આ મોંઘો મનુષ્યભવ શું વિષયોના રંગમાં રંગાવા માટે કે મોજશોખ કરવા માટે છે? 'ના'-તો મોહનિદ્રામાં સૂતા હો તો હવે બેઠા થઇ જાવ. બેઠેલા હો તો ઊભા થઇ જાવ ને ઊભા હો તો ચાલવા માંડો. કોઇ માતાનો દીકરો સવાર પડવા છતાં પણ જો નિરાંતે સોડ તાણીને ઘસઘસાટ ઊંઘતો હોય તો તેની માતા તેને ઢંઢોળીને જગાડે છે કે બેટા! આ નળિયા સોનાના થઇ ગયા. હવે તો ઊઠ, ત્યારે છોકરો કહે કે બહુ મીઠી નિંદર આવે છે, થોડી વાર ઊંઘી લેવા દે. તેમ સદ્ગુરુઓ પણ મોહ નિદ્રામાં પડેલા જીવોને ઢંઢોળીને જગાડે છે કે હે ભવ્ય જીવો! હવે તો જાગો. ધર્મારાધના કરવા તત્પર બનો. ત્યારે એ જીવો કહે છે, કે મહારાજ! હજુ તો અમારે સંસારમાં ઘણાં કામ કરવાના બાકી છે પછી નિરાંતે ધર્મારાધના કરીશું.

દેવાનુપ્રિયો! જરા વિચાર કરો. આયુષ્યનો બંધ કયારે પડશે તેની શું તમને ખબર છે? આયુષ્યનો બંધ પડયા પછી બદલાય તેમ નથી. હમણાં આપણે કહી ગયા ને કે શ્રેણીક રાજા સમકિત પામ્યા તે પહેલા આયુષ્યનો બંધ પડી ગયો હતો. આયુષ્યના ત્રીજા ભાગે, નવમે ભાગે, સત્તાવીસમા ભાગે, એકયાસીમે ભાગે, બસો તેંતાલીસમે ભાગે, અને એટલામાં પણ જો ન પડે તો છેવટે એક અંત મુહૂર્ત આયુષ્ય બાકી રહે ત્યારે આયુષ્યનો બંધ પડે છે. નિકાચીત આયુષ્યવાળાને ત્રીજે ભાગે અને નારકી તથા દેવોને આયુષ્ય આડા છ માસ બાકી રહે ત્યારે પૂર્વભવનું આયુષ્ય બંધાય છે. આપણો બંધ કયારે પડશે તેની ખબર નથી. માટે જીવનની પ્રત્યેક પળે આપણે સાવધાની રાખવી જોઇએ.

અનાથી મુનિ શ્રેણીક રાજાને કહે છે કે રાજન્! તમે એમ માનતા હો કે દવાથી દર્દનો નાશ કરી શકાય છે. તો તે વાત પણ બરાબર નથી. મારો રોગ મટાડવા માટે કોણ કોણ આવ્યા હતા, તે સાંભળો.

उवट्ठिया मे आयारिया, विज्जामन्त तिगिच्छगा ।
अवीया सत्थकुसला, मन्तमूल विसारिया ।।

ઉ. સૂ. અ. ૨૦, ગાથા ૨૨

હે રાજન! અતિ પુરાણી એવી કૌશંબી નગરીમાં વૈદ્યોના પણ આચાર્યો વસતા હતા. તે વૈદ્યાચાર્ય મંત્રવિદ્યામાં પણ નિપુણ હતા. અને જડીબુટ્ટી વડે ઔષધ કરવામાં પણ કુશળ હતા. એમનો અનુભવ એટલો બધો હતો કે રોગીનું મુખ જોઇને રોગનું નિદાન કરી લે. અને એક વાર મંત્ર બોલવાથી કે દવા આપવાથી રોગ મટાડી દે-એવા નિષ્ણાત વૈદોના આચાર્યો, હકીમો ને ડોકટરો બધાને ભારેમાં ભારે ફી આપીને મારા પિતાજીએ

બોલાવ્યા હતા. તેમણે મારા રોગની ચિકિત્સા કેવી રીતે કરી તે વાત પછી વિચારશું.

આપણે ત્યાં તપ–મહોત્સવ ચાલી રહ્યો છે. તેમાં આજે ભાવનાબાઇ મહાસતીજીને ૨૫ મો ઉપવાસ છે. વર્ષા બહેનને ૩૦ ઉપવાસ પૂરા થયા તેમજ કાંદાવાડીમાં બા. બ્ર. પૂ. સૂર્યમુનિ મહારાજને આજે ૪૦ મો ઉપવાસ છે. ૪૧ કરવાના ભાવ છે. ધન્ય છે આ બધા તપસ્વીઓને! તમને મન થાય છે? તમે બધે હરીફાઈ કરો છો પણ આમાં કરવાની શક્તિ છે?

એક રામચંદ્ર શેઠ ખૂબ દિલાવર દિલના હતા ને એક મોતીલાલ શેઠ તે ખૂબ કંજુસ. ચમડી તૂટે પણ દમડી ન છૂટે, એક વખત બંને શેઠના નોકરો શાક–માર્કીટમાં ભેગા થઇ ગયા. કેરીની સીઝન છે. કારેલાનો ટોપલો હજુ પહેલવહેલો આવ્યો છે. કંજૂસ શેઠનો નોકર કારેલાના ટોપલા પાસે ઊભો છે. ને કારેલાના ભાવ પૂછે છે. તે સમયે ઉદાર શેઠનો નોકર ત્યાં આવીને કહે છે અરે! તારો શેઠ કંજૂસિયો કાકો છે. એ શું કારેલાનું શાક ખાશે? ત્યારે પેલો નોકર કહે છે અરે, તારો શેઠ શું ખાય! મારો શેઠ ખાશે. બંને વચ્ચે ખૂબ હરીફાઇ ચાલી. ત્યારે ઉદાર શેઠનો નોકર કહે છે ભાઇ! હું કારેલાના ટોપલાના પાંચ રૂપિયા આપીશ મને આપી દે. ત્યારે કંજૂસ શેઠનો નોકર કહે છે, હું દશ રૂપિયા આપીશ. ત્યારે પેલો કહે હું વીસ. બીજો કહે ચાલીસ. એમ કરતાં સામાસામી હરીફાઇ કરતાં પાંચ હજાર સુધી પહોંચ્યા. ત્યારે ઉદાર શેઠનો નોકર કહે છે ભલે, હવે તારો શેઠ કારેલા ખાય. મારે નથી જોઇતા. કારેલાના ટોપલાવાળો વિચાર કરે છે કે આ લોકો આટલી વાદાવાદી કરે છે પણ અંતે મફતમાં તો નહિ લઇ જાયને? ટોપલાની કિંમત પાંચ હજાર સુધી પહોંચી ગઇ પણ અંદર તો ફક્ત પચ્ચીસ કારેલા હતા. કંજૂસ શેઠનો નોકર શાકવાળાને માથે કારેલાની ટોપલી ઉપડાવીને શેઠને ઘેર આવ્યો. શેઠને કહે છે શેઠ સાહેબ! આજે તો હું બહુ મોટો સોદો કરીને આવ્યો છું. શેઠ કહે શેનો સોદો કરી આવ્યો? તો કહે છે કે સોનાના કારેલા ખરીદી લાવ્યો. ત્યારે શેઠ કહે છે આટલી મારી જિંદગી ગઇ પણ કદી મેં સોનાના કારેલા જોયા નથી. ત્યારે નોકર કારેલાની ટોપલી બતાવીને કહે છે કે જુઓ, આ સોનાના કારેલા છે, એના પાંચ હજાર રૂપિયા રોકડા ગણી આપો. શેઠ કહે છે આ તું શું કહે છે? નોકર કહે છે શેઠજી! આનાથી તમારું નાક રાખ્યું છે. ટૂંકમાં એક પૈસો નહિ ખર્ચનાર નાક માટે પાંચ હજાર રૂપિયા આપી દે છે. જીવે આવી હરીફાઇ ઘણી કરી છે ને છેવટમાં કર્મ બાંધ્યા છે. પણ આત્માનો ઉદ્ધાર થાય તેવી કરણી કરશો તો ભવ સાર્થક થશે. વધુ ભાવ અવસરે.

☆

## વ્યાખ્યાન નં.- ૬૦

**ભાદરવા વદ ૫ ને બુધવાર** તા. ૨૪-૯-૭૫

અનંત ઉપકારી શાસ્ત્રકાર ભગવંતની શાશ્વતી વાણી તેનું નામ સિદ્ધાંત. સિદ્ધાંત એ પ્રભુના મુખમાંથી ઝરેલી વાણી છે. વીતરાગ પ્રભુનું પ્રસાદીરૂપ અધ્યાત્મજ્ઞાન એ તો સાગરના નીર જેટલું ઊંડુ ને અગાધ છે. તેમાંથી મહાનપુરુષો ભગીરથ પુરુષાર્થ કરી અણમોલ રત્નો પ્રાપ્ત કરી પોતાનું કલ્યાણ સાધી આપણા જેવા પામર જીવોના ઉદ્ધારને માટે એ રત્નોની ભેટ વારસામાં આપતા ગયા છે. જ્ઞાનની મહત્તા સમજાવતાં જ્ઞાની મહાપુરુષોએ કહ્યું છે કે:-

**"બહુ ક્રોડયો વરસે ખપે, કર્મ અજ્ઞાન જેહ,**
**જ્ઞાની શ્વાસોચ્છ્વાસમેં, કર્મ ખપાવે તેહ."**

કર્મના પિંજરામાં સપડાયેલા આપણા આત્માને આ સંસારની ચારેય ગતિઓમાં રખડપટ્ટી કરતા કેટલા દુઃખો ભોગવવા પડયા છે તેનો જો હિસાબ કરવા જઇએ તો પરસેવો છુટી જાય. માટે દિવ્ય પ્રકાશની જરૂર છે. જેમ આધ્યાત્મ જ્ઞાનનો પ્રકાશ મળતો જાય તેમ આપણા કર્મોનો વિનાશ થતો જાય. એ પ્રકાશના આધારે ચતુર્ગતિરૂપ વિશાળ અટવીને પાર કરીને અક્ષય સુખના ધામરૂપ મુક્તિનગરીમાં પહોંચી જઇએ તો અનંત સિદ્ધ ભગવંતોનું મિલન થઈ જાય.

જેના જીવનમાં આધ્યામિક જ્ઞાનના તેજ ઝળકે છે તેવા અનાથી નિર્ગ્રંથ શ્રેણીક રાજાને કહે છે, કે હે રાજન્! મારા શરીરમાં અત્યંત વેદના થવા લાગી. મારા ગાઢ કર્મનો ઉદય થયો હતો. મારી વેદનાને કારણે બધાના દિલમાં પણ અત્યંત દુઃખ થતું હતું. છતાં પણ તેઓ મારું દુઃખ જરા પણ લઇ શકતા ન હતા પણ તેમણે મને રોગથી મુક્ત કરવા માટે ઘણાં પ્રયત્નો કર્યા હતા.

**બહુ મેં રાજવૈદ્ય બોલાવ્યા, કીધા તે ક્રોડ ઉપાય,**
**બાવના ચંદન ચર્ચાવીયા, પણ તેને રે સમાધિ ન થાય...**
**શ્રેણીકરાય, હું રે અનાથી નિર્ગ્રંથ.**

મારા પિતા મારા માટે પાણીની જેમ પૈસા વાપરતાં હતા. આટલી સગવડતા અને સુખ હોવા છતાં મને કોઇ દુઃખથી મુક્ત કરાવી શક્યું નહિ. બાવન મણ તેલની ઉકળતી કડાઈમાં બાવના ચંદનનું એક ટીપું નાંખવામાં આવે તો તે ઉકળતું તેલ શીતળ થઈ જાય. એવા કિંમતી અને શીતળ ચંદનનું મારા આખા શરીરે વિલેપન કરવામાં આવ્યું તો પણ તલ જેટલી મારી વેદના ઓછી થઇ નહિ. જો હું મારા શરીરનો નાથ હોત તો આવી ભયંકર વેદના થવા દેત નહિ. આ રીતે મારા શરીરથી પણ હું અનાથ હતો.

બંધુઓ ! આ સાજું ને સશક્ત શરીર ક્યારે રોગોથી ઘેરાઈ જશે તેની ખબર નથી. વળી તમે જે સગા સબંધીને મારા માનો છો તે બધા પણ તમારા નથી. દુનિયામાં જ્યાં સુધી સ્વાર્થ છે ત્યાં સુધી સગાઈ છે. માટે મારાપણાનો મોહ છોડીને આ સોના જેવા સમયનો સદુપયોગ કરી લો. તમારા ઘરમાં ખીંટીએ ટાંગેલું કેલેન્ડર પણ તમને બોધ આપે છે કે જેમ મારું પાનું દરરોજ એકેક ખરી જાય છે તેમ હે માનવ ! તારી અમૂલ્ય જિંદગી રૂપ કેલેન્ડરમાંથી એક એક દિવસ રૂપી એક એક પાનું ખરે છે. એ સમય પાછો ફરીને મળતો નથી.

બીજી રીતે પણ કેલેન્ડરનું એક કવિએ રૂપક બનાવ્યું છે. કવિ કહે છે કે એક વખત હું ભીંતે ટાંગેલા કેલેન્ડર પાસે ગયો ત્યારે તે રડવા લાગ્યું, મેં પૂછ્યું, કે તું શા માટે રડે છે ? ત્યારે કેલેન્ડરે કહ્યું કે મને તારી દયા આવે છે. ત્યારે કવિ કહે છે, કે ભાઈ ! તું તો જડ છે. ને હું ચેતન છું. તું મારી ચિંતા શા માટે કરે છે ? ત્યારે કેલેન્ડર કહે છે, તમે શાંત ચિત્તે મારી કહાની સાંભળશો તો ખ્યાલ આવશે કે મારા જેવી તમારી દશા તો નહિ થાય ને ? જુઓ, દિવાળી આવતા પહેલા બજારમાંથી ખરીદી લાવ્યા ને બેસતા વર્ષના દિવસે મને ભીંતે ટીંગાડ્યું ને દરરોજ ઘરનો માલીક એના સાત ખોટના વહાલસોયા દીકરાના માથે હાથ નહિ ફેરવતો હોય પણ દરરોજ મારા માથે હાથ ફેરવે છે. મારા કેટલા માન છે ? તમે દરરોજ કેલેન્ડરનું એકેક પાનું ફાડો છો ને ? એટલે એના માથે હાથ મૂક્યો કહેવાય ને ? કેલેન્ડર કહે છે, હું તો તેમની પાછળ ગાંડો થયો પણ મારું એકેક પાનું ફાડતાં ફાડતાં દિવાળીના દિવસે મારા બધા પાનાં ફાટી ગયા કે મારું સ્થાન બદલાઈ ગયું. મને ભીંતેથી નીચે ઉતારી નાંખ્યું. જ્યાં સુધી મારું એક પણ પાનું હતું ત્યાં સુધી મને સૌ કેલેન્ડર કહેતા પણ પાનાં ખરી ગયા ને ભીંતેથી નીચે ઊતર્યું એટલે તમે તેને શું કહો ? પૂંઠું. કેલેન્ડર કહે છે, હું કેલેન્ડરમાંથી પૂંઠું બન્યું એટલે મારા ઉપર ઘરમાંથી ઝાડુ વાળીને તેના ઉપર કચરો ભરવા લાગ્યા. કોઈ ભીનો કચરો ભરે ને કોઈ સૂકો કચરો ભરે એટલે હું તો લૂલું થઈ ગયું. એટલે ઘરના માણસોએ મને કચરા પેટીમાં ફગાવી દીધું. હવે કવિ આ રૂપકને મનુષ્ય સાથે ઘટાવે છે, કે હે માનવ ! જ્યાં સુધી કેલેન્ડરમાં પાનાં હતાં ત્યાં સુધી તેને ભીંત ઉપર રહેવાનું ઊંચું સ્થાન મળ્યું હતું. તેમ તને પણ તારા મહાન પુણ્યના ઉદયથી માનવભવનું સર્વોચ્ચ શ્રેષ્ઠ સ્થાન પ્રાપ્ત થયું છે. તેમાં તારી જિંદગીના પાનાં રૂપી એકેક દિવસ ઉગે છે ને અસ્ત થાય છે. જેમ સોનાની લગડી ખોવાઈ જાય અથવા કોઈ ચોરી જાય તો તમને કેટલો ખેદ થાય છે ! તેમ જ્ઞાની કહે છે, કે તારી અમૂલ્ય જિંદગીનો એકેક દિવસ સોનાની લગડી જેવો કિંમતી છે. તેમાં સવારથી ઊઠીને સાંજ સુધી કંઈ પણ ધર્મારાધના ન થાય તો તેનો તમને સોનાની લગડી ખોવાય ને ખેદ થાય તેનાથી પણ વિશેષ ખેદ થવો જોઈએ. કેલેન્ડરનું એકેક પાનું ખરતાં દિવાળીના દિવસે પાનાં ખલાસ થતાં તેને

ભીંતેથી નીચે ઉતારી નાંખવામાં આવે છે. તેમ માનવદેહ રૂપી દેવળમાં બિરાજેલા ચૈતન્યદેવ આયુષ્ય પૂર્ણ થતાં ચાલ્યા જાય છે ત્યારે સર્વ પ્રથમ તેનું નામ બદલાઈ જાય છે. કેલેન્ડરમાંથી પૂંઠું બની ગયું તેમ જીવ ચાલ્યો જાય પછી તેને તમે શું કહો છો? "શબ." એ શબ બની ગયા પછી એને પલંગમાંથી નીચે ઉતારી નાંખવામાં આવે છે. કેમ બરાબર છે ને? પછી તેની નનામી બાંધીને સ્મશાને લઇ જઇ જલાવી દેવામાં આવે છે.

હવે સમજાય છે કે મનુષ્યભવમાં જેટલી બને તેટલી આત્મસાધના સાધી લેવાની જરૂર છે. અહીં તો સ્વાર્થની સગાઈ છે. જીવ ચાલ્યા ગયા પછી કોઇ રાખશે નહિ. જે પુત્ર-પરિવારનું તમે ખૂબ પ્રેમથી પાલન કર્યું હતું તે પુત્રો જીવ ગયા પછી તેના હાથે જલાવી દેશે. તમે દુકાનેથી ઘેર આવો ત્યારે તમારા શ્રીમતીજી તમને પધારો મારા સ્વામીનાથ! કહીને સત્કારતા હોય. આ બધા શેના માન છે? જે જોઈએ તે લાવી આપો છો, બધી ઇચ્છાઓ પૂરી કરો છો, તેના માન છે. જો તેમની ઇચ્છા ન પૂરી કરી શકો તો પછી જોઈ લેજો કે કોના માન છે? તમારા કે તમારા પૈસાના? (હસાહસ). માટે સમજી લેજો કે સંસાર સ્વાર્થમય છે. સ્વાર્થની સાંકળ તોડીને માયામાંથી મનને બહાર કાઢી ધર્મ આરાધનામાં જોડાઇ જાવ. આત્મ સાધના કરવાને માટે જ્ઞાની કહે છે કે સર્વ પ્રથમ તમે તમારા મનને મજબૂત બનાવો.

એક શિષ્યને જ્ઞાન પ્રાપ્ત કરવાની ખૂબ જિજ્ઞાસા થઇ એટલે તે ચાર પ્રશ્નોનું સમાધાન કરવા માટે પોતાના ગુરુ પાસે ગયો. ત્યારે મનનું ઔષધ આપનાર નિષ્ણાત ડોકટર જેવા સદ્ગુરુ એના પ્રશ્નનો જવાબ આપે છે. જ્ઞાની કહે છે કે મનની સ્વસ્થતા કેળવવી તે બહુ મોટી વાત છે. આખી ગાડીને ખેંચનાર એંજિન છે પણ એ એંજિનમાં મુખ્ય બળ હોય તો તે વરાળનું છે. તે વરાળ એવી તો પાતળી હોય છે કે તે હવામાં ઊડી જાય છે પણ જો તે વરાળને એકઠી કરવામાં આવે તો તેનામાં એટલી બધી શક્તિ હોય છે કે તે હજારો ટન વજનને સહેલાઇથી ખેંચી જાય છે. ટ્રેનમાં જે સ્થાન વરાળનું છે તે સ્થાન માનવ જીવનમાં મનનું છે. જેમ વરાળને જેમ તેમ વેડફી નંખાય નહિ. તેમ મનને પણ જયાં ત્યાં ભટકવા ન દેવાય. મન જયારે બહાર ભટકવા જાય ત્યારે તમે તેને કહેજો કે તું બહાર શા માટે જાય છે? તું તારામાં રહીને સદ્વિચારો કર. આત્માનું ચિંતન કર. તું કોણ છે? કયાંથી આવ્યો ને કયાં જવાનો? એવા પ્રશ્નો કર. તેમ છતાં મન નવરું પડે ને કંઇ ન ગમે તો નવકારમંત્રનું સ્મરણ કર. તમે આવી રીતે મનની સાથે વાતો કરજો. તમે કદી તમારા મન સાથે આવી વાતો કરી છે? પેલા શિષ્યે એના મનની સાથે એવી વાતો કરી હતી ને તેના મનમાં ઉઠેલાં ને મૂંઝવતા પ્રશ્નો લઇને એ ગુરુ પાસે આવ્યો.

શિષ્ય પૂછે છે કે ગુરૂદેવ! बध्धोहि कः ? દુનિયામાં બંધાયેલો કોણ? ત્યારે ગુરુદેવે ઉત્તર આપ્યો કે यो विषयानुरागी જે વિષયોનો અનુરાગી છે તે. બંધુઓ! તમને કોણે બાંધી રાખ્યા છે? પાંચ ઇન્દ્રિયોના વિષયો એ વિષયોની વાસના જો છોડી દો તો તમે મુક્ત છો. તમે માનો છો કે મારી પાસે સત્તા છે, સંપત્તિ છે. બધી જાતની સાધન સામગ્રી છે તેથી બધા પોતાને તાબે છે. પણ ખરું પૂછો તો તમે પોતે તેને આધીન બનેલા છો. દુનિયામાં જે જે પદાર્થો માટે તમને એમ થાય કે મારે એના વિના ચાલે નહિ. અમુક વસ્તુ તો મારે જોઇશે જ. તો એ પરાધીનતા છે. ને તે વિષયોનું કારણ છે. વિષયોના બંધન ભલે પાતળા ને સોહામણા દેખાય પણ જે આત્મા, વિષયોને આધિન બન્યો છે તે લોઢાની મજબૂત સાંકળોના બંધનને તોડી શકે છે પણ કાચા સુતર રૂપ વિષયોના બંધનોને તોડી શકતો નથી કે છોડી શકતો નથી.

એક નાનકડો નાજુક પગવાળો ભ્રમર કઠણ લાકડામાં છિદ્ર પાડી આરપાર નીકળી જાય છે પણ કમળની કોમળ પાંદડીઓને છેદી શકતો નથી. તેનું કારણ શું? ભ્રમરને કમળના પુષ્પ સાથે ગાઢ સ્નેહનું બંધન છે ને લાકડા પ્રત્યે તે નિર્મમ છે. સ્નેહ કયારેક બંધનની બેડી જેવો બની જાય છે. તમને સંતોની વાણી સાંભળીને કયારેય એમ થાય છે કે વિષયોના બંધન તોડવા જેવા છે પણ તેના પ્રત્યેના અતિરાગને કારણે તમે તેને તોડી શકતા નથી. પણ આ વિષયોના બંધનમાંથી મુકત થવું તે માનવજીવનનો પરમ હેતુ છે. ભગવાન મહાવીર સ્વામીએ પણ કહ્યું છે, કે તમને જે જે સાધન સામગ્રી મળે તેનો સ્વેચ્છાપૂર્વક ત્યાગ કરજો. સ્વેચ્છાપૂર્વક સ્વીકારેલા નિયમોના પાલનમાં આનંદ આવે છે. જે મળ્યું છે તેનો ત્યાગ કરવામાં માનવજીવનની મહત્તા છે. મળેલાને તમે સ્વેચ્છાપૂર્વક છોડશો તો તમે પોતે મુકાયેલા છો. નહિતર બંધાયેલા છો.

હવે શિષ્યે બીજો પ્રશ્ન કર્યો કે ગુરુદેવ! को वा विमुक्त ? મુકત કોણ? ત્યારે ગુરૂએ કહ્યું કે विषये विरक्त। જે વિષયોથી વિરકત હોય તે.

તમને જે વસ્તુઓ પુણ્યના ઉદયથી પ્રાપ્ત થઇ છે તેમાં આસકત ન બનો પણ તેનાથી વિરકત બનો. જેટલી પૌદ્ગલિક પદાર્થો પ્રત્યેની આસકિત છે તેટલી આત્માની અશકિત છે ને જેટલી વિરકિત છે તેટલી શકિત છે. જેટલો વિરકિતમાં આનંદ છે તેટલો આસકિતમાં નથી. તમને કોઈ વસ્તુ ખૂબ ગમતી હોય, તેના પ્રત્યે ખૂબ આસકિત હોય પણ જો તે તમને માગો ત્યારે ન મળે તો કેટલું દુઃખ થાય છે! આસકિતનું બંધન છે તો દુઃખ છે. પણ જો તેના પ્રત્યે વિરકિત ભાવ હોય તો કોઈ જાતનું દુઃખ થાય? એટલા માટે જ્ઞાની કહે છે કે પ્રત્યેક પદાર્થો પ્રત્યેની આસકિતથી મુકત બનો તો તમને અનોખો આનંદ આવશે.

શિષ્યે ત્રીજો પ્રશ્ન પૂછયો, "કે कोवास्ति घोरो नरकः ?" ગુરૂએ કહ્યું કે "સ્વદેહ"

એટલે પોતાનો દેહ. એક નરક તો અધોલોકમાં છે ને બીજું નરક તે આપણુ શરીર છે. તમને એમ થશે કે આપણું શરીર તે નરક કેવી રીતે? તો એના જવાબમાં મહાન પુરુષો કહે છે કે જે સમયે આપણા ચિત્તમાં રાગ-દ્વેષની ભયાનક ભઠ્ઠી ભડભડ સળગતી હોય, ક્રોધના અંગારા ધગધગતા હોય, માનના મોટા પર્વતો ઊભા થયા હોય, માયાની ઝાડીને લીધે અંધકારની અટવામણ ઉભી થઇ હોય અને લોભની ખાડીમાં જેટલું આપે તેટલું બધું સમાઇ જતું હોય ત્યારે દેહ નરક સમાન બની જાય છે. મનમાં જ્યારે કોઈનું અહિત કરવાની ભાવના જાગે, તૃષ્ણા જાગે ત્યારે મોક્ષમાં લઇ જનારા વિમાન સમાન શરીર નરકમાં લઇ જનાર બને છે.

હવે શિષ્યે ચોથો પ્રશ્ન પૂછયો, "स्वर्ग पदम् किम् अस्ति?" ત્યારે ગુરૂએ કહ્યું "तृष्णा क्षये।" તૃષ્ણાનો ક્ષય થઈ જાય એટલે સ્વર્ગ દૂર નથી. તૃષ્ણાનો ક્ષય એ સ્વર્ગ છે. પછી ભય નથી. કોઈ ચીજ મળે કે ન મળે તો અફસોસ ન થાય. બસ, આટલું કરો તો તમને અહીં બેઠા સ્વર્ગના સુખો મળશે. પણ જો લક્ષ્મીની મમતા અને તૃષ્ણા નહિ છૂટે તો સાચી શાન્તિ અને પ્રસન્નતાનો અનુભવ નહિ થાય. છતાં તૃષ્ણાવંત માનવી ધન-દોલત માટે રાત-દિવસ સતત પરિશ્રમ કરે છે. તેને લાગે છે કે આના વગર સુખ નથી.

**સીધે સાદે ઇન્સાનો કા, ઇસ દુનિયા મેં કામ નહિ,**
**કોઇ ન પુછે ઉનકો ભૈયા, જિસકે પલ્લે દામ નહીં.**

આ ઉકિત અનુસાર અન્યાય, અનીતિ કે બીજા કોઈ પણ સટ્ટો, લોટરી કે ઘોડાની રેસ દ્વારા કોઈપણ પ્રકારે જો પૈસો મળતો હોય તો તેવો પૈસો મેળવી માણસો લાખોપતિ કે ક્રોડપતિ બની જવા માટે પ્રયત્ન કરે છે. પણ આ રીતે મેળવેલું ધન કેવી રીતે નષ્ટ થઈ જાય છે અને તેવી રીતે મેળવેલી આસુરી લક્ષ્મી શું કરે છે અને ન્યાયથી મેળવેલી સુરી (દૈવી) લક્ષ્મીનો પ્રભાવ કેવો છે, તે હું આપને એક દૃષ્ટાંત દ્વારા સમજાવું.

એક રાજા દરરોજ સવારના પ્રહરમાં સોના મહોરોનું દાન કરતો હતો. એક વખત એક ગરીબ બ્રાહ્મણ રાજા પાસે સોનામહોરો લેવા ગયો ને બધા યાચકોની સાથે લાઇનમાં બેસી ગયો. રાજાએ સોનામહોરો આપવા માંડી પણ આપતા આપતા જ્યાં એનો નંબર આવ્યો ત્યાં સોનામહોરો ખલાસ થઇ ગઈ. હવે રાજાનો એવો નિયમ હતો કે દરરોજ અમુક સોનામહોરોથી વધુ દાન ના કરવું. એ ગરીબ બ્રાહ્મણને દાન ના આપી શકયો તેનું રાજાના દિલમાં દુઃખ થયું એટલે બ્રાહ્મણને કહ્યું. તું નિરાશ ના થઇશ. આવતી કાલે વહેલો આવી જજે. બીજે દિવસે બ્રાહ્મણ બિચારો વહેલો આવીને પહેલો બેસી ગયો. બીજે દિવસે રાજાને વિચાર આવ્યો કે કાલે છેલ્લે બેસનાર બ્રાહ્મણ રહી ગયો હતો એટલે આજે છેલ્લેથી દાન આપવાની શરૂઆત કરું. એમ વિચારી છેલ્લેથી શરૂઆત કરી. આપતાં આપતાં જ્યાં બ્રાહ્મણનો વારો આવ્યો ત્યાં સોના મહોરો ખલાસ થઈ ગઈ.

એટલે બ્રાહ્મણ બીચારો નિરાશ થઈ ગયો. ત્યારે રાજાએ કહ્યું. ભાઈ તું કાલે રહી ગયો હતો એટલે મેં આજે છેલ્લેથી દેવાની શરૂઆત કરી. તો પણ આમ બન્યું માટે મારી સોના મહોરો લેવાનું તારા ભાગ્યમાં નથી. માટે અફસોસ છોડી દે.

પેલો બ્રાહ્મણ પોતાના ભાગ્યને દોષ દેતો ધન મેળવવા માટે બીજે ગામ જવા રવાના થયો. રસ્તામાં એક જંગલ આવ્યું. એ જંગલમાં એક ટેકરી પર એક સ્વરૂપવાન સુંદરીને બેઠેલી જોઈ. તે સુંદરીની દૃષ્ટિ બ્રાહ્મણ ઉપર પડી ને બ્રાહ્મણની દૃષ્ટિ તેના ઉપર પડી. બ્રાહ્મણે તે સ્ત્રી પાસે આવીને પૂછયું કે બહેન! તમે કોણ છો? ત્યારે તે સ્ત્રીએ કહ્યું કે હું લક્ષ્મીદેવી છું. આ ટેકરી નીચે ઘણું ધન દાટેલું છે. પણ હું ખૂબ અકળાઇ ગઇ છું તેથી અહીં આવીને બેઠી છું. ત્યારે બ્રાહ્મણે કહ્યું કે લક્ષ્મીજી! હું ખૂબ ગરીબ છું. તો તમે મારા ઘેર પધારોને? ત્યારે લક્ષ્મીદેવીએ કહ્યું કે હજુ તારા ભાગ્યના દરવાજા બંધ છે. માટે મારી આશા ન રાખીશ. પણ તું મારું એક કામ કર. આ નજીકના નગરમાં રાજાને ત્યાં જઇને એટલું કહી આવ કે લક્ષ્મીદેવીને તમારા રાજદરબારના ધનભંડારમાં આવવું છે.

ત્યારે બ્રાહ્મણે લક્ષ્મીજીને કહ્યું કે હું રાજા પાસે જઈને તમારો સંદેશો દઇ આવું પણ એના બદલામાં મને મહેનતાણું શું આપશો? ત્યારે લક્ષ્મીજીએ તેને પાંચ સોનામહોરો આપી. બ્રાહ્મણ લક્ષ્મીદેવી પાસેથી નીકળીને રાજા પાસે આવ્યો ને લક્ષ્મીજીનો સંદેશો આપ્યો. રાજાએ બ્રાહ્મણને કહ્યું. કે તું લક્ષ્મીજીને પૂછી જો કે તે લક્ષ્મી સુરી છે કે આસુરી? જો આસુરી સંપત્તિ હોય તો મારે તેની જરૂર નથી. કારણ કે આસુરી સંપત્તિ તો તિજોરીમાં ભેગી થયા કરે છે. એ કદી દાનમાં કે પરોપકારના કાર્યમાં ઉપયોગી થતી નથી. આસુરી લક્ષ્મી મારા ભંડારમાં આવે તો મારા જીવનમાં વહેતી દાનની પવિત્ર ભાવના અને પરોપકારના કાર્યમાં વાપરવાનું મન થાય છે તે બંધ થઈ જાય. ત્યારે બ્રાહ્મણે રાજાને કહ્યું કે હું ત્યાં જઈને દેવીને પૂછી આવું છું પણ પહેલાં એ કહો કે મને મહેનતાણું શું આપશો? એટલે રાજાએ તરત પાંચ સોના મહોરો બ્રાહ્મણને આપી. બ્રાહ્મણ ત્યાંથી પાછો લક્ષ્મીદેવી પાસે આવ્યો ને રાજાએ કહેલી બધી વાત કહી સંભળાવી.

લક્ષ્મીજીએ કહ્યું કે તું રાજાને જઈને કહે કે લક્ષ્મીદેવી તો આસુરી છે. ત્યારે બ્રાહ્મણે કહ્યું કે મારી મહેનતની મને બીજી પાંચ સોના મહોરો આપો. એટલે લક્ષ્મીજીએ તેને બીજી પાંચ સોના મહોરો આપી. બ્રાહ્મણ રાજા પાસે આવ્યો ને કહ્યું કે લક્ષ્મી તો આસુરી છે. ત્યારે રાજાએ કહ્યું કે આસુરી લક્ષ્મીની સાથે સુરી લક્ષ્મી પણ આસુરી બની જાય. અને દીન-દુઃખી, ગરીબ કે પરમાર્થના કામમાં મારી લક્ષ્મીનો જે સદુપયોગ થઇ રહયો છે તે બંધ થઇ જાય ને મારું જીવન ધર્મ અને સંસ્કારવિહોણું બની જાય. માટે

મારે નથી જોઇતી. ત્યારે બ્રાહ્મણે કહ્યું કે મને મહેનતાણું આપો. એટલે રાજાએ બીજી પાંચ સોના મહોરો આપી. તે લઇને બ્રાહ્મણે લક્ષ્મીજી પાસે જઇને રાજાએ કહેલી બધી વાત કહી સંભળાવી. લક્ષ્મીદેવી પણ સમજી ગયા કે રાજા ખૂબ ધર્મીષ્ઠ ને ન્યાયી છે. તે મારામાં ફસાય તેમ નથી. બ્રાહ્મણ કહે છે દેવી! તમને રાજા તો ઇચ્છતા નથી ને હું પ્રેમથી મારે ઘેર લઇ જવા ઇચ્છું છું. તો તમે મારે ઘેર પધારીને મારું આંગણું પાવન કરો ને! ત્યારે લક્ષ્મીજીએ કહ્યું કે હે બ્રાહ્મણ! હું તારે ઘેર આવું તેવું તારું ભાગ્ય નથી. ત્યારે બ્રાહ્મણે ખૂબ આજીજી કરીને કહ્યું કે તો તમે મારું દુઃખ દૂર થાય તેટલું ધન આપો. આપનો ખજાનો તો અખૂટ છે. મારા ઉપર આપની દયા થશે તો મારી જિંદગીનું દરિદ્ર ટળી જશે. ત્યારે લક્ષ્મીદેવીએ કહ્યું કે આ જમીનમાં સોનામહોરોથી ભરેલો ચરૂ છે. તેમાંથી મુઠ્ઠી ભરીને તારાથી જેટલી લેવાય તેટલી સોના મહોરો લઇ લે. એટલે બ્રાહ્મણે તરત ચરૂમાં હાથ નાંખ્યો અને મુઠ્ઠી ભરી. પણ હાથ બહાર નીકળી શકયો નહિ. હાથ બહાર કાઢવા માટે તેણે ખૂબ મહેનત કરી મુઠ્ઠી છોડી દીધી તો પણ હાથ બહાર નીકળી શકયો નહિ. છેવટે કંટાળીને બ્રાહ્મણે કહ્યું દેવી! મારો હાથ બહાર નીકળતો નથી. ત્યારે દેવીએ કહ્યું કે તારો હાથ એમ બહાર નહિ નીકળે. પણ તારી પાસે જે વીસ સોના મહોરો છે તે આ ચરૂમાં મૂકી દે. પછી તારો હાથ બહાર નીકળશે. કારણ કે હું તો આસુરી સંપત્તિ છું તેથી લેવામાં સમજુ છું. દેવામાં નહિ. એટલે તો રાજાએ મારો સ્વીકાર કર્યો નહિ પણ તેં લોભને વશ થઇને આ કર્યું. ત્યારે બ્રાહ્મણે દેવીને કહ્યું- તમે આપેલી જે દશ સોના મહોરો છે તે ભલે તમે લઇ લો. પણ રાજાએ આપેલી દશ સોના મહોરો સુરી સંપત્તિની છે તે તો મારી પાસે રહેવા દો. ત્યારે દેવીએ કહ્યું કે રાજાની સુરી સંપત્તિ ને મારી આસુરી સંપત્તિ સાથે રાખવાથી એ પણ આસુરી બની ગઇ. માટે જ્યાં સુધી એ વીશે વીશ સોનામહોરો ચરૂની અંદર નાંખવામાં નહિ આવે ત્યાં સુધી તારો હાથ બહાર નીકળશે નહિ. બ્રાહ્મણ મનમાં ખૂબ મૂંઝાયો. છેવટે ન છૂટકે બીજા હાથે વીસેવીસ સોનામહોરો ચરૂમાં નાંખી કે તરત હાથ બહાર નીકળ્યો.

બંધુઓ! આ દૃષ્ટાંતનો સાર એ છે કે જેમ બ્રાહ્મણની બધી સોનામહોરો ચાલી ગઇ. તેમ જીવનમાં અન્યાય, અનીતિથી આસુરી ધનની પ્રાપ્તિ કરી હશે તો બધું લઇ જશે. કહ્યું છે કે:-

**अन्यायोपार्जितं वित्तं, दश वर्षाणि तिष्ठति ।**
**प्राप्तेत्वेकादशे वर्षे, समूलं तद् विनश्यति ।।**

સંપત્તિ મેળવો તો સુરી મેળવો કે જે સંપત્તિ જીવનના ઉપયોગમાં આવે ને સાથે સાથે પરમાર્થના કાર્યમાં પણ તેનો સારી રીતે સદુપયોગ થઇ શકે.

અનાથી નિર્ગ્રંથને ઘેર પણ સંપત્તિ ઘણી હતી ને તેમના માતા-પિતા તેનો

સદ્વ્યય કરતા હતા. ને પોતાના પુત્રનું દર્દ મટાડવા માટે પણ તેનો ખૂબ વ્યય કર્યો. મોટા મોટા વૈદો, હકીમો, અને ડોકટરોને તેમણે બોલાવ્યા. કદાચ બહારનું કોઇ કારણ હોય, બાહ્ય ઉપદ્રવ તો નહિ હોય ને! તેમ માનીને તેને નાબૂદ કરનારા મંત્રવાદીઓને પણ બોલાવ્યા. હવે તે વૈદો ને ડોક્ટરો બધાએ કેવી રીતે ચિકિત્સા કરી તેના ભાવ અવસરે.

**ચરિત્ર:-અંજના સતી માટે માત પિતાનો પશ્ચાતાપ:**-સતી અંજનાના ઘોર કર્મોનો ઉદય થયો છે. એ તો જંગલમાં ચાલી ગઇ. લોકો રાજા-રાણીને ખૂબ ફીટકાર આપવા લાગ્યા. ધિક્કાર છે રાજા-રાણીને! કસાઇ કરતાં પણ તેમનું હૈયું કઠોર છે. જ્યારે પ્રજાજનો મન ફાવે તેમ બોલવા લાગ્યા ત્યારે રાણીના મનમાં થયું કે વાત તો સાચી છે. અરેરે! મેં આ બહુ મોટી ભૂલ કરી. મેં તેને એટલું પણ ન પૂછયું કે બેટા! તારી આ દશા શા માટે થઇ? તરત રાણીએ તપાસ કરવા માટે એક દાસીને મોકલી.

**માતાએ સાહેલી મોકલી જઇ જુઓ અંજના રહી કોણ ઠામ તો,**
**સાહેલી કહે તે તો વન ગઇ, હા...હા દૈવ શું કીધું એ કામ તો.**
**મ્હારી રે કુંખે એ ઉપની બાલપણે એની ઉપર અતિ ઘણો રાગ,**
**વનમાંહી વાઘ વિદારશે રાત-દિવસ બળે પેટમાં આગ તો-સતી રે**
**શિરોમણી અંજના**

રાણીએ પોતાની વહાલી સખી જેવી દાસીને કહ્યું કે તું જલ્દી જઇને તપાસ કર કે એ મારી વહાલી પુત્રી અંજના કયાં છે? ત્યારે દાસીએ કહ્યું કે બાઈ સાહેબ! તે બધા ભાઇને ઘેર ફરી પણ કોઇએ રાખી નહિ. વળી ગામમાં તમારી દાંડી પીટાતી હતી કે કોઇએ અંજનાને આશ્રય આપવો નહિ, પાણી પાવું નહિ. તેથી ભૂખીને તરસી ટળવળતી એ તો જંગલમાં ચાલી ગઇ. આ સાંભળીને રાણીના મુખમાંથી એવા શબ્દો નીકળી ગયા કે હા....હા....દૈવ! આ શું થઇ ગયું? મારી એકની એક ને સોનાની રેખ જેવી, મારા હૈયાના હાર સરખી વહાલસોયી દીકરી ઉપર મને કેટલો પ્રેમ હતો? મારા દીકરા કરતાં પણ મને અતિ વહાલી દીકરીનું જંગલમાં શું થયું હશે? આટલું બોલતાં તો મહારાણી મનોવેગા મૂર્છા ખાઇને ધરતી ઉપર ઢળી પડયા. દાસીઓ ખૂબ શીતોપચાર કરીને રાણીને ભાનમાં લાવ્યા. ત્યારે રાણી બોલે છે અહો! મેં આવેશમાં આવીને ક્રોધ કર્યો પણ તમારે કોઈએ તો અંજનાને ગુપ્ત રાખવી હતી ને? મારી બુદ્ધિ તો બળી ગઈ પણ તમને કોઇને મારી લાડકવાયી દીકરીની દયા કેમ ન આવી? અરેરે...મેં તેને કેવા લાડકોડથી ઉછેરી છે. તેનું મુખ ન જોઉં તો મને કંઈક થઇ જતું હતું. તેને પરણાવીને સાસરે મોકલી પછી તેનું મોઢું પણ મેં જોયું નથી. તેના માથે દુઃખના ડુંગરા તૂટી પડયા ત્યારે કેટલી મોટી આશાએ પિયર આવી હશે? મેં તો તેની

આશાના મિનારાના ચૂરેચૂરા કરી નાંખ્યા. ભયંકર વનમાં વાઘ-વરુ અને સિંહની ગર્જનાઓ થશે. તેને આ હિંસક પ્રાણીઓ ફાડી તો નહિ ખાય ને? રોજ ખાતી સૂવે ને દૂધ પીતી ઊઠે એવી મારી દીકરી વનવગડામાં શું ખાશે? ને શું પીશે? ત્યાં તેનું કોણ? એમ અનેક પ્રકારે રાણી રુદન કરતી ઘડીએ ઘડીએ બેભાન થઈને પડી જવા લાગી. પણ હવે શું થાય? રાંડયા પછીનું ડહાપણ શા કામનું?

બંધુઓ! માણસને જ્યારે ક્રોધ આવે તો સારાસારનો વિવેક કરી શકતો નથી ને મોટો અનર્થ કરી બેસે છે. પછી પાર વગરનો પશ્ચાતાપ કરે છે. તમને જ્યારે ક્રોધ આવે ત્યારે ધીરજ ખમજો. એકદમ ક્રોધમાં આવીને કોઈ અવિચારી કામ કરવું નહિ. રાણી ખુબ ઝૂરે છે. રાજાને પણ હવે ખૂબ પશ્ચાતાપ થાય છે. રાણી રાજાને કહે છે, સ્વામીનાથ! અમારી સ્ત્રીની બુદ્ધિ તો પગની પાનીએ હોય. અમારામાં ગંભીરતાનો અભાવ હોય પણ આપે દીકરીને ન પૂછયું કે બેટા! તારી આ દશા કેમ થઈ? એનું જંગલમાં શું થયું હશે? મારું હૃદય ચીરાઈ જાય છે, અરેરે....મારી દીકરી હવે મને મળશે કે નહિ? રાજા પણ ચોધારા આંસુએ રડવા લાગ્યા. પ્રધાને રાજાને ખૂબ સમજાવ્યા હતા પણ તે સમયે માન્યા નહિ. હવે શું કરવું? રાજા-રાણી ઉદાસ એટલે દાસ-દાસીઓ બધા ઉદાસ. કોઈના દિલમાં ચેન નથી. હવે રાજા અંજનાની શોધ કરવા માટે માણસો મોકલશે ને અંજનાનું જંગલમાં શું થયું તેના ભાવ અવસરે કહેવાશે.

☆

(તા. ૨૫-૯-૭૫ના કાંદાવાડીમાં બા. બ્ર. પૂ. સૂર્યમુનિ મહારાજશ્રીનું ૪૧ ઉપવાસનું પારણું હોવાથી પૂ. મહાસતીજી આદિ ઠાણા ત્યાં પધાર્યા છે માટે વ્યાખ્યાન બંધ છે.)

## વ્યાખ્યાન નં. ૬૧

**ભાદરવા વદ ૭ ને શુક્રવાર** **તા. ૨૬-૯-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો,

અનંત જ્ઞાની શાસન સમ્રાટ ભગવંતે જગતના જીવોના કલ્યાણને માટે સિદ્ધાંત વાણી પ્રકાશી. સિદ્ધાંત એટલે ત્રણે કાળે સિદ્ધ થયેલી ને સર્વજ્ઞ ભગવંતના મુખકમળમાંથી ઝરેલી શાશ્વતી વાણી તેનું નામ સિદ્ધાંત. આ પવિત્ર વાણી કોણ ઝીલી શકે? "सोही उज्जुय भूयस्स." જેનું હૃદય પવિત્ર અને શુદ્ધ હોય તેના અંતરમાં ટકી શકે છે. એવી ભગવાનની અંતિમવાણી ઉ. સૂ. ના ૨૦ મા અધ્યયનનો અધિકાર ચાલે છે. તેમાં અનાથી મુનિ શ્રેણીક રાજાને કહે છે હે રાજન્! મારા શરીરમાં રોગ આવતાં એવી અસહ્ય વેદના થવા લાગી કે જેનું સંપૂર્ણ વર્ણન હું કરી શકું તેમ નથી. તે મારો રોગ મટાડવાને માટે મારા માતા-પિતાએ જાહેરાત કરાવી કે જે કોઈ મારા દીકરાનો રોગ

મટાડશે ને તેને સાજો કરશે તેને હું જે માંગશે તે દઇ દઇશ. એટલે મારો રોગ મટાડવા માટે મોટા મોટા કુશળ વૈદો, હકીમો, ડૉકટરો બધા આવ્યા. એ વૈદ્યો કોઇ સામાન્ય ન હતા. ડાકટરો પણ રોગીનો રોગ પારખવામાં નિષ્ણાત હતા. આજે તો દર્દી ડૉકટર કે વૈદ પાસે દવા લેવા જાય ત્યારે પૂછે, કે તમને શું થાય છે? પછી એ નિદાન કરે. પણ તે સમયના વૈદો ને ડાકટરો એવા હતા કે માણસની નાડી જોઇને પારખી લે કે આ દર્દીને કેવો રોગ છે? વૈદો વૈદકશાસ્ત્રના જાણકાર હતા અને ડૉકટરો શસ્ત્ર-કુશલ એટલે કે ઓપરેશન કરવામાં કુશળ હતા. મંત્રવાદીઓ મંત્રવિદ્યામાં કુશળ હતા. આ બધા ખડા પગે મારી સેવામાં હાજર હતા. મારા રોગની ચિકિત્સા કરતા થાકી ગયા પણ રોગ પારખી શકયા નહિ ને મારી વેદના એક અંશ માત્ર પણ ઓછી કરી શકયા નહિ. ત્યારે મારા મનમાં થયું કે હું આ શરીરને કારણે આવી કારમી વેદના ભોગવી રહ્યો છું. હે રાજન્! તમે જે શરીર ભોગ ભોગવવાને યોગ્ય કહ્યું હતું તે શરીરમાં આવી ભયંકર વેદના ઊપડી ને તેના કારણે હું મરી જાઉં તો સારું એવો વિચાર કરતો હતો. કારણ કે તે સમયે મને એવું જ્ઞાન ન હતું. જડ અને ચેતનનું ભેદજ્ઞાન હોય તેને ગમે તેટલી વેદના થાય તો પણ તેના મનમાં સ્હેજ પણ ગ્લાનિ આવે નહિ.

જેના તન અને મન બંને સ્વચ્છ હોય તેને ગમે તે પરિસ્થિતિમાં આનંદ હોય છે. પણ એમાંથી એક પણ જો મલિન બને તો રસભર્યું જીવન નિઃરસ બની જાય છે. માનવીને અમર બનાવનાર જ્ઞાન છે, તે જ્ઞાન અમૃતનો સાગર છે. જ્ઞાન એટલે શું? સાચું જ્ઞાન કોને કહેવાય તે તમે જાણો છો? શું પુસ્તકોનું જ્ઞાન, સ્કૂલો કે કોલેજોમાં મળતું જ્ઞાન એ સાચું જ્ઞાન છે? 'ના'. એ તો એક જાતનો સંગ્રહ છે. તમે ભેગી કરેલી વસ્તુઓની વિગતો ને માહિતી મેળવો છો. પણ હું કોણ છું અને આ દેહ શું છે! એ બે માટે વિચાર કરાવી શકે અને એ બેનું જે ભેદજ્ઞાન કરાવે તે સાચું જ્ઞાન છે. જડ અને ચૈતન્યને, સ્વ અને પરને, સત્ અને અસત્‌ને, શાશ્વત અને અશાશ્વતને, મૃત અને અમૃતને જુદા પાડે અને જે વિવેક કરાવે તે સાચું જ્ઞાન છે. આત્માને કર્મના ભારથી હળવો કરવા માટે ઉપરનું જ્ઞાન કામ નહિ આવે. જ્ઞાન રૂપી અમૃત સાગરમાં ડૂબકી મારીને એના તળિયે જવાનું છે. તેમાં જેટલા ઊંડા ઊતરશો તેટલા અજ્ઞાનના પડળ ખસતા જશે ને આત્માનું ચિંતન વધતું જશે.

**સાચા ઝવેરી બનો** :- જ્ઞાનના અભાવમાં ખોટું પણ સાચું લાગે છે. જેટલા ચમકે તે બધા હીરા દેખાય છે કારણ કે સાચો હીરો કયો ને ખોટો હીરો કયો તેનું જ્ઞાન નથી. પણ ઝવેરીની આંખ પડે ત્યાં સાચા-ખોટાની પારખ થઇ જાય. કેમ વાલકેશ્વરના ઝવેરીઓ! વાત બરાબર છે ને? હું તમને પૂછું છું, કે તમે આટલા વર્ષો હીરા-ઝવેરાત પારખવામાં કાઢયા પણ આત્માનું ઝવેરાત પારખવા માટે કંઇ મહેનત કરો છો ખરા?

શું આત્માનું જ્ઞાન વગર મહેનતે મળશે ખરું ? જેટલી હીરા પારખવા માટે તનતોડ મહેનત કરો છો તેનાથી વધુ મહેનત આત્મા માટે કરવી પડશે.

જ્ઞાનસુધા રસનો સ્વાદ કોણ ચાખી શકે છે ? જે પરબ્રહ્મમાં મગ્ન છે, જેના સંપૂર્ણ કર્મો ક્ષય થઇ ગયા છે. એક રજ જેટલું કર્મ પણ બાકી નથી એવી મુક્ત અવસ્થા તે પરબ્રહ્મ અવસ્થા છે. આત્માને ચાર ગતિમાં રુલાવનાર હોય તો કર્મ છે. જે કર્મથી મુક્ત થયા તે મુક્ત અવસ્થાને પામી ગયા. આપણે પણ કર્મના કચરાને કાઢવા માટે સતત પુરુષાર્થ કરવો જોઇએ.

એક ભાઇ રસ્તામાં ખાડો ખોદતા હતા. તેમને કોઇએ પૂછયું - ભાઈ ! આ શું કરો છો ? ત્યારે કહે કે નાનકડું સરોવર બનાવું છું. ત્યારે પૂછનાર ભાઇ કહે - સરોવર બનાવો પણ પાણી કયાંથી લાવશો ? ત્યારે કહે કે પાણી લાવવું નહિ પડે, આપમેળે આવી જશે. ખાડો ખોદી રાખું, પાળ બાંધી રાખું. વરસાદ પડશે એટલે એની મેળે પાણી ભરાઇ જશે. જૂઓ, કેવી સુંદર ને સત્ય વાત છે ! વરસાદ પડે એટલે જ્યાં ખાડો હોય ત્યાં સ્હેજે પાણી ભરાઇ જાય છે. એને ભરવું પડતું નથી. તે રીતે જેમ જેમ આપણા કર્મો ખપતા જાય તેમ તેમ અંદરથી ઉઘાડ થતો જાય ને જ્ઞાન આપમેળે પ્રગટ થાય છે. જ્ઞાન આત્મામાં રહેલું છે. તેને બહારથી લાવવું પડતું નથી.

**કષાયની મંદતા આવે તો જ્ઞાન આપોઆપ આવે :-** ઘણાં કહે છે કે અમને જ્ઞાન ચઢતું નથી. તેનું કારણ શું ? તે તમે કદી વિચાર કર્યો છે ? જ્ઞાનીઓ કહે છે, કે જેટલી સંસારની વાસનાઓ વધારે, જેટલી કષાય વધારે તેટલી સ્મૃતિ ઓછી થવાની. જો જ્ઞાનશકિત ઉપર આવરણ લાવનાર હોય તો આ કષાયો છે. તમે જે ટેપ રેકોર્ડર વાપરો છો ને ? તે પણ ચાર - પાંચ કલાક બરાબર ચાલે છે એટલે ગરમ થઇ જાય છે. તેથી ટેપ બરાબર ઊતરતી નથી. એટલે તેને થોડીવાર બંધ કરી દો છો. મશીન ઠંડુ થાય પછી ચલાવો તો પછી બરાબર ટેપ ઊતરે છે. તો માનવનું મગજ તો ટેપરેકોર્ડરથી પણ કિંમતી છે તો શું તેને ઠંડુ નહિ પાડવાનું ? ઘણાં માણસોના મગજ ગરમ રહે છે. જે મનુષ્યો પોતાનું મગજ કષાયોથી ગરમ રાખે તેના જ્ઞાનતંતુઓ નબળા પડી જાય છે ને સ્મરણશકિત ઓછી થઇ જાય છે. તે સ્મરણશકિત પાછી લાવવા માટે કોઈ દવા કે ઈલાજ નથી.

મારે તો આ બાબતમાં તમને એટલું કહેવું છે કે તમે વિષય - વિકાર અને વાસનામાં પડીને તમારી આવી સુંદર જ્ઞાનશક્તિને ખતમ કરશો નહિ. બને તેટલી સાવધાની રાખી બહારના વિચારોથી પર બની આત્માને ઉર્ધ્વગામી બનાવવાના વિચાર કરો. જેની દૃષ્ટિ સંસારથી પર બની ગઈ છે તેને તો આ વિષયો-કષાયો, પ્રલોભનો, અને પરિગ્રહ

ભયંકરમાં ભયંકર હલાહલ ઝેર જેવા લાગે. એ જગતમાં રહેલો હોય પણ જગતથી જુદો રહે. એનો આત્મા પરમાત્મામાં મગ્ન હોય.

આજે તો એવો બુદ્ધિવાદનો યુગ આવ્યો છે કે ભગવાન અને ભગવાનના વચનો ઉપર શ્રદ્ધા નથી. જો તર્કવાદીની સામે આવી જ્ઞાનથી ભરેલી ઝીણી વાતો કરવામાં આવે તો કહેશે કે અમને ભગવાન પ્રત્યક્ષ બતાવો. તો શું ભગવાન કંઈ રેઢા પડયા છે કે તમને તરત મળી જાય ભગવાન કેવી રીતે મળે? ભગવાન મેળવવા એટલે કે આપણા આત્માને ભગવાનના આત્મા જેવો બનાવવો, તો આપણો ભગવાન તો આપણામાં બેઠેલો છે. તેને બહાર શોધવાની જરૂર નથી. અહીં એક દૃષ્ટાંત યાદ આવે છે.

**"ભગવાન કેવી રીતે મળે"?**– એક વખત અકબર બાદશાહના દરબારમાં જ્ઞાનચર્ચા ચાલી રહી હતી. તેમાં પ્રશ્ન થયો કે ભગવાન છે કે નહિ? ત્યારે સભામાં બેઠેલા પ્રજાજનો એકી સાથે બોલી ઉઠયા કે ભગવાન છે. ત્યારે અકબર બાદશાહે પોતાના સૌથી વધારે ચતુર મંત્રી બીરબલને કહ્યું કે બધા પ્રજાજનો કહે છે કે ભગવાન છે, તો હવે તમે મને સાત દિવસમાં ભગવાન બતાવો. બીરબલ કહે–ભલે, હું તમને ભગવાન બતાવીશ. સભા બરખાસ્ત થઈને બીરબલ ઘેર આવ્યો. મનમાં ચિંતા છે કે હવે સાત દિવસમાં બાદશાહને ભગવાન ક્યાંથી બતાવવા? આ ચિંતાથી બીરબલનું મોઢું પડી ગયું હતું. ખૂબ ઉદાસ થઈને લમણે હાથ દઈને બેઠા હતા. તે સમયે તેના ઘરમાં કામ કરનારો દશ વર્ષનો નાનકડો નોકર ત્યાં આવ્યો. પોતાના શેઠને ઉદાસ ચહેરે બેઠેલા જોઈને દશ વર્ષના બાલુડાએ પૂછયું–સાહેબ! આપ આજે આટલા બધા ઉદાસ કેમ છો? આ બાલુડો ખૂબ હોંશિયાર હતો. બીરબલે કહ્યું-આજે મારા માથે મોટી મુશ્કેલી આવી પડી છે. નોકર કહે શું મુશ્કેલી છે? ત્યારે બીરબલ કહે-ભાઈ, તું તો નાનો બાળક કહેવાય. તને કહેવાથી શું વળવાનું છે? ત્યારે નોકર કહે છે સાહેબ! ઘણીવાર નાનાં પણ મોટું કામ કરી જાય છે. આપ મને કહો તો ખરા. નોકરે ખૂબ આગ્રહ કર્યો ત્યારે બીરબલે કહ્યું કે આજે અકબરે બાદશાહે દરબારમાં મને આજ્ઞા આપી છે, કે તમારે મને સાત દિવસમાં ભગવાન બતાવવા મારે તેમને કયાંથી ભગવાન બતાવવા? તે મને સમજાતું નથી. શું કરું ને કેવી રીતે તેમને ભગવાન બતાવું?

બંધુઓ! જુઓ, નાનકડો દશ વર્ષનો નોકર બીરબલને કહે છે એમાં ચિંતા કરવાની શી જરૂર છે? આપ બાદશાહને જઈને કહો કે આ પ્રશ્નનો જવાબ તો મારો નાનકડો નોકર પણ સહેલાઈથી આપી શકશે. તમે ચિંતા છોડી દો. બીજે દિવસે બીરબલ દરબારમાં ગયા ને અકબરને કહ્યું - કે આ મારો દશ વર્ષનો નોકર પણ તમારા પ્રશ્નનો જવાબ આપી દેશે. આ સાંભળી અકબર બાદશાહ આશ્ચર્યચકિત થઈ ગયા. તેમણે એ જ સમયે નોકરને દરબારમાં બોલાવ્યો. નાનકડો નોકર

દરબારમાં બાદશાહની સામે આવીને ઉભો રહ્યો. હવે અકબરે પ્રશ્ન પૂછયો, કે હે બાળક! તું મને ભગવાન દેખાડ. ત્યારે છોકરાએ કહ્યું કે આ પ્રશ્ન ગુરુ બનીને પૂછો છો કે શિષ્ય બનીને? ખૂબ હિંમત કરીને બાળકે રાજાને કહ્યું: ત્યારે રાજાએ કહ્યું હે બાળક! હું શિષ્ય બનીને તને પ્રશ્ન પુછું છું. ત્યારે બાળકે કહ્યું શિષ્ય રાજસિંહાસન પર બેસે ને ગુરુ ભૂમિ ઉપર ઉભા રહે? આ શબ્દો સાંભળતા અકબરે બાળકને રાજસિંહાસને બેસાડી દીધો ને પોતે હાથ જોડીને તેની સામે ઉભા રહ્યા ને કહયું: ગુરુદેવ! આપ-પ્રશ્નનો ઉત્તર આપો.

**પુરૂષાર્થથી બધું પ્રાપ્ત થાય છે:** બંધુઓ દશ વર્ષના બાળકમાં કેટલી હિંમત અને બુદ્ધિ છે તે વિચારવાનું છે. નોકર તો રાજસિંહાસને બેસી ગયો. બોલો છે તમારી આટલી હિંમત? (હસાહસ). બાળકે કહ્યું એક દૂધનો પ્યાલો લાવો. દૂધનો પ્યાલો આવી ગયો. બાળક તેમાં આંગળી ફેરવવા લાગ્યો. તરત અકબરે કહ્યું: ગુરુદેવ! આપ આ શું કરી રહ્યા છો? બાળકે કહ્યું - હું આમાંથી ઘી શોધું છું, ત્યારે અકબર કહે છે, વાહ ગુરુદેવ! ઘી આવી રીતે મળે? ત્યારે બાળક કહે છે તો કેવી રીતે મળે? બાદશાહ કહે છે, દૂધનું દહીં બનાવી તેનું વલોણું કરી માખણુ કાઢી તપાવીએ ત્યારે ઘી મળે. બાળકે કહ્યું તો હે બાદશાહ! જો દૂધમાંથી ઘી કાઢવા માટે આટલી મહેનત કરવી પડે છે તો ભગવાનને જોવા માટે ને મેળવવા માટે પણ સૌથી પહેલા પોતાના હૃદયમંદિરમાં સંત મહાત્માઓના પવિત્ર સત્સંગનું મેળવણુ નાંખવું પડે. પછી વારંવાર તેને અભ્યાસરૂપી વલોણાથી વલોવવું પડે ત્યારે હૃદયરૂપી ગોરસીમાંથી ભકિતરૂપી માખણુ બહાર આવે. તેને તપની ભઠ્ઠી પર ચઢાવવું પડે. તપરૂપી ભઠ્ઠીની તીવ્ર જવાળાઓથી બધી બૂરાઈઓ અને દોષો બળીને ભસ્મ બની જાય અને હૃદય પવિત્ર સોના જેવું બની જશે. આવું પવિત્ર હૃદયમંદિર હશે તો જરૂર ભગવાનના દર્શન થશે. અકબર બાદશાહ આ બાળકની બુદ્ધિ જોઇને ખુશ થયો ને તેના મગજમાં વાત બરાબર ઠસી ગઇ. તેમણે બાળકનું બહુમાન કર્યું ને તેને ખૂબ કિમતી ભેટ આપી રવાનો કર્યો. આટલા નાના બાળકમાં પણ ભગવાન વિષે કેવી શ્રદ્ધા હતી! તેનું જ્ઞાન પણ કેવું હશે? તમે આવું પ્રાપ્ત કરો કે જેથી કોઇ તમને ધર્મની બાબતમાં પૂછે તો તેને તમે સચોટ જવાબ આપી શકો.

આપણી મૂળ વાત ઉપર આવીએ. અનાથી નિર્ગ્રંથ રાજાને કહે છે હે રાજન્! મારો રોગ મટાડવા માટે વૈદો-હકીમો ને ડૉકટરો બધા આવ્યા.

> ते मे तिगिच्छं कुव्वन्ति, चाउप्पाय जहाहियं ।
> न य दुक्खा विमोयन्ति, एसा मज्झ अणाहया ।।

ઉત્ત. સૂ. અ. ૨૦, ગાથા ૨૩

આ વૈદ્યાચાર્યો મને નિરોગી કરવા માટે ઔષધિ આપવા, પથ્ય (પરેજી) પળાવવા અને ચાકરી કરાવવા લાગ્યા. અને વમન, જુલાબ, મર્દન આદિ અનેક પ્રકારે ઉપચારો કરીને મારો રોગ કેમ મટે તે તેમનું લક્ષ હતું. આ રીતે ઘણાં ઉપચારો કરવા છતાં પણ મારો રોગ શાન્ત ન થયો. મને તેઓ દુઃખમુક્ત કરી શકયા નહિ એ મારી પહેલી અનાથતા હતી.

**"અનાથપણું કયાં કયાં છે તે મુનિ સમજાવી રહ્યા છે":-** હે રાજન્! એ વૈદ્યો અને ડોક્ટરો દ્વારા મારો રોગ નાબૂદ ન થયો તે હું તો મારા અહોભાગ્ય માનું છું. જો તેમનાથી મારો રોગ શાંત થયો હોત તો મારી અનાથતા દૂર ન થાત. વળી હે રાજન્! મારો રોગ મટાડવાના ચારે ય ઉપાયો બરાબર થયા હતા. દુનિયામાં કહેવાય છે, કે સર્વ પ્રથમ એક તો વૈદ સારો હોય, બીજું દવા સારી હોય, ત્રીજું રોગી પોતે પણ પોતાનો રોગ મટાડવા માટે દવા પીવાનો ઉત્સાહી હોય ને ચોથું સેવા ચાકરી કરનાર પણ બરાબર સેવા કરતા હોય. આ ચાર ઉપાયો બરાબર હોય તો રોગ દૂર થઇ શકે છે તો મારા રોગને દૂર કરવા માટે ચારે ય પ્રકારના ઉપાયો બરાબર થતા હતા. વૈદ્યો પણ હોંશિયાર હતા. દવાઓ પણ અનુકૂળ ને કિંમતી હતી અને રોગથી કંટાળી ગયેલો એવો હું પણ દવા ટાઇમસર પીતો હતો અને મારી સેવા ચાકરી કરવા માટે માણસો ખડે પગે હાજર રહેતા હતા. આ પ્રમાણે મારા રોગને નાબૂદ કરવા માટે ચારે ય પ્રકારના ઉપાયો કામમાં લેવામાં આવતા હતા. તેમ છતાં પણ મારો રોગ શાંત થયો નહિ. ત્યારે મને લાગ્યું કે આ વૈદ્યો અનાથ છે ને હું પણ અનાથ છું. જો તેઓ સનાથ હોત તો મારો રોગ જરૂર મટાડી શકત. પણ મારો રોગ તેઓ મટાડી શકયા નહિ માટે તેઓ પણ અનાથ છે ને હું પણ અનાથ છું. આ મારી બનેલી કહાણી સાંભળીને હે રાજન્! તમે પણ વિચાર કરો કે તમે અનાથ છો કે સનાથ? રાજા શ્રેણીક મુનિનામુખેથી અનાથતાનું વર્ણન સાંભળે છે ને અંતરમાં ઉતારે છે હજુ પણ મુની પોતાની અનાથતાનું વર્ણન કરશે તેના ભાવ અવસરે.

**"ચરિત્ર:- સતીના વિયોગે માતપિતાનો કરૂણ વિલાપ":** - રાજા અને રાણી બંને ભેગા થઇને પારાવાર પશ્ચાતાપ કરવા લાગ્યા ને રડવા-ઝૂરવા લાગ્યા, કે અહો! આપણા ખોળામાં ખેલતી હતી. મારી સાથે મારા ભાણામાં જમતી હતી. આવી કુમળી કળી જેવી મારી અંજના વગડામાં ભૂખ-તરસ-ગરમી-ઠંડી અને વનચર પશુઓની ભયાનક ગર્જનાઓ બધું કેમ સહન કરશે? રાજા પોતે પણ કહેવા લાગ્યા કે અરે રે! હું આવો મોટો રાજા થઇને મને એટલી પણ ખબર ન પડી કે રાજ્યની ખટપટો કેવી હોય છે? કોઈ ઇર્ષ્યાળુ માણસે ખોટી ભંભેરણી કરીને મારી દીકરીની આવી દશા તો નહિ કરી હોયને! એ મારા આંગણે આવી પણ મેં એને એટલું પણ ન પૂછયું કે બેટા! તારે

કાળા કપડાં, કાળી રાખડી અને કાળી દામણી કેમ બાંધવી પડી? મેં એને આટલું પૂછયું હોત તો સંતોષ થાત. હવે રાંડયા પછીનું ડહાપણ આવ્યું તે શા કામનું? બહેનોને વિધવાપણું આવે ત્યારે વિચાર કરે કે આવી ખબર હોત તો પરણુત નહિ, પણ પછીનું ડહાપણ શા કામનું? (હસાહસ), તેમ અહીં પણ રાજા રાણીએ અંજનાનો તિરસ્કાર કર્યો. એ વનવગડાની વિષમ વાટે ચાલી ગઈ. પછી પ્રજાજનોમાં રાજા-રાણીની ટીકા થવા લાગી ત્યારે ભાન થયું. પણ હવે ગમે તેટલો પશ્ચાતાપ કરે તો પણ શા કામનો?

**રાજા રાણીને પ્રીછવે, રાજસબંધ ન આણ્યો રે ભેદ તો,**
**કટકુથી પવનજી આવશે, નાસિકા, કર્ણ તણો કરશે છેદ તો....સતી રે....**

જો અંજના નિર્દોષ હશે તો પવનજી યુદ્ધથી આવશે ત્યારે અંજનાની શોધ કરશે ને અહીં આવીને આપણને પૂછશે તો આપણે તેમને શું મોઢું બતાવીશું? આપણા નાક અને કાન કપાઈ જશે? એમને શું જવાબ આપીશું? એ તો એમ જ કહેશે કે તમને તમારી દીકરીની પણ દયા ન આવી? બીજું પોતાની પ્રજા પણ ચૂંટી ખાય છે. અત્યારે તો બહાર નીકળવું પણ ભારે થઈ પડયું છે.

બંધુઓ! જેટલો હોદ્દો મોટો તેટલો ભય વધારે. આજે આપણે એકલા બહાર જવું હોય તો વાંધો નહિ પણ ઈન્દીરા ગાંધીને જવું હોય તો સાથે કેટલા માણસ રાખવા પડે?

**રાજમુગટ છે શોભા નકામી, માથે છે ભાવનો ભાર,**
**ખાવામાં બીક એને સૂવામાં બીક છે સુખે સૂવે ન સુનાર,**
**એવો છે રાજાનો અવતાર...રાજમુગટ છે શોભા નકામી....**

અહીં અંજનાના પિતાજી મહેન્દ્ર રાજાને પણ રાજમહેલની બહાર નીકળી પ્રજાજનોને મોઢું બતાવવું પણ ભારે થઈ પડયું છે. કારણ કે બહાર નીકળે તો પ્રજા ચૂંટી ખાય છે. દાઝયા ઉપર કોઈ ડામ દે તો કેવી વેદના થાય? તે રીતે મહેન્દ્ર રાજા અને મનોવેગા મહારાણીની પણ એવી કફોડી સ્થિતિ થઈ છે. એક તો પુત્રીના વિયોગનું દુઃખ છે ને બીજી બાજુ પ્રજાના તિરસ્કારભર્યા વચનોનો પ્રહાર પડે છે.

હવે રાજાએ અંજના સતીની શોધ કરવા માટે ચારે તરફ માણસો મોકલ્યા. ખૂબ તપાસ કરાવી પણ પત્તો પડયો નહિ એટલે માતા-પિતા કાળા પાણીએ રડવા લાગ્યા. ખૂબ ઝૂરવા લાગ્યા. માતાજી તો નિયમ લઈને બેઠા છે કે જ્યાં સુધી અંજનાનું મુખ ન જોઉં ત્યાં સુધી મારે અનાજ ખાવું નહિ.

આ તરફ અંજનાનું શું બન્યું તે જોઈએ. અંજના ભૂખી ને તરસી વનવગડામાં ચાલી ગઈ. વનમાં પહોંચ્યા બાદ વસંતમાલાએ કહ્યું કે સખી! હવે આપણે કયાં જઈશું? અંજનાએ કહ્યું, કે સખી! હવે આપણે આ વનમાં નિવાસ કરીશું. આ વનમાં નિવાસ

કરી આપણે અત્રે શું કરશું તેનો પણ વિચાર કરી રાખ્યો છે. વનમાં આપણે નીચેના કાર્યક્રમ પ્રમાણે કરવાનું છે.

**માતા-પિતા ભાઇ કો દોષ નહીં દેવેંગી,**
**હમ અપને હી સ્વરૂપમેં આપ કો વિચારેંગી**
**તત્ત્વ કી ગુફામેં બૈઠ મોહ કી ભ્રમણા મેટ,**
**સત્યવ્રત સે તી પ્રેમ દયા દિલ લાવેંગી.**
**જીવ ન સતાવેંગી સ્તેય હટાવેંગી, બ્રહ્મચર્ય વ્રત ધાર મમતા કો મારેંગી**
**પ્રભુ સે તી પ્રીતિ જોડ જગત સે નાતા તોડ,**
**આનંદ બઢાવેંગી પરમ સુખ પાવેંગી.**
**દુનિયા દુરંગી જાન ઇસમેં ન ધ્યાન,**
**મનકી ભ્રમણા ત્યાગ આત્મા કો તારેંગી**

અંજના કહે છે, કે હે સખી! વનમાં રહેવું તે લોકોને ગમતું નથી કે જે લોકો પાસે વનમાં કરવા યોગ્ય કાર્યક્રમ નથી હોતો. મારી પાસે તો વનમાં કરવા યોગ્ય કાર્યક્રમ છે. સંસાર તો મારો તિરસ્કાર કરે છે પણ વન મારો આદર-સત્કાર કરે છે. સંસારના અજ્ઞાન ઉપર વિચાર કરતાં મને હસવું આવે છે. લોકો તો મને કલંકિત માને છે પણ આ વન મને કલંકિત માનતું નથી. એટલા માટે હું વનના આશ્રયે રહીને આત્માનું ચિંતન-મનન કરીશ. વનમાં રહેવાનો મને મહા મુશ્કેલીએ આ સુઅવસર પ્રાપ્ત થયો છે એટલા માટે, મારા માટે તો આ દુઃખનો સમય પણ આનંદદાયક છે. પ્રત્યેક સમયે જો દુઃખ માનવામાં આવે તો બધો સમય દુઃખમય બની જાય છે અને સુખ માનવામાં આવે તો બધો સમય સુખમય બની જાય છે. સુખ કે દુઃખનો કર્તા આ આત્મા છે. જો આત્મા દુઃખને સુખ માને તો દુઃખ પણ સુખમાં પરિણત થઇ જાય છે. જે લોકો સુખ કે દુઃખનો કર્તા બીજો કોઇ છે એમ માને છે તે લોકોની આ માન્યતાનું કારણ તેમની કુબુદ્ધિ છે. મારામાં એવી કુબુદ્ધિ નથી એટલા માટે હું દુઃખના સમયને પણ આનંદનો સમય માનું છું અને સાથે સાથે હું એ પણ ચાહું છું કે પદાર્થોનું પૃથક્કરણ કરતાં કરતાં આત્મતત્ત્વને જાણી લઉં. આ મારા આત્માનો દોષ છે કે હું પતિ, સાસુ-સસરા, માતા-પિતા તથા ભાઈ-ભાભીઓને અપ્રિય લાગી. હવે હું આ વનમાં રહી આત્માના એ દોષને દૂર કરવાનો પ્રયત્ન કરીશ. હું તત્ત્વની ગુફામાં બેસીને મોહનો ભ્રમ દૂર કરીશ અને આત્મસ્વરૂપનું ધ્યાન ધરીશ. માતા-પિતા વગેરે કુટુંબીજનોએ મને આત્મસ્વરૂપ વિષે ચિંતન કરવાનો સુઅવસર આપ્યો છે તે માટે હું તેમનો મહાન ઉપકાર માનું છું. હું તત્ત્વ-વિચાર કરીને બધાં જીવો ઉપર દયા-ભાવના કેળવીશ અને કોઈ પણ જીવને

સતાવીશ નહિ. સત્ય વ્રતનું પણ પાલન કરીશ. કારણ કે અહિંસા અને સત્યદ્વારા આત્માનું કલ્યાણ થઈ શકે છે. એટલા માટે હું એ બે વ્રતોનું પાલન કરવાની સાથે અસ્તેય વ્રત બ્રહ્મચર્ય વ્રત તથા સંતોષ વ્રતનું પણ પાલન કરીશ. આ પ્રમાણે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય તથા સંતોષ, આ પાંચ વ્રતો દ્વારા હું આત્માનું કલ્યાણ સાધવાનો પ્રયત્ન કરીશ.

અંજનાની આ તત્ત્વભરી વાતોને સાંભળીને વસંતમાલાએ કહ્યું, કે આ વ્રતોનું પાલન તો મહેન્દ્રપુરમાં રહીને પણ કરી શકતા હતા. આ વ્રત–પાલન કરવા માટે ઘોર જંગલમાં શા માટે આવ્યા? અંજનાએ કહ્યું, હે સખી! મહેન્દ્રપુરમાં રહેવાથી પિતાની આજ્ઞાનું પાલન ન થાત તથા રાજા અને પ્રજા વચ્ચે પણ વિગ્રહ થાત. પરંતુ વનમાં આવવાથી પિતાની આજ્ઞાનું પાલન થશે. રાજા તથા પ્રજા વચ્ચે વિગ્રહ નહિ થાય. આત્મચિંતન થશે અને ગર્ભની રક્ષા પણ થશે. વસંતમાલાએ કહ્યું–સખી! આપણે રાજ્યની સીમા બહાર ઘણે દૂર સુધી આવી ગયા છીએ. બહુ ચાલવાથી ભૂખ પણ લાગી છે માટે ક્ષુધાને શાંત કરવી જોઈએ. અંજનાએ કહ્યું કે આપણને ભૂખ લાગી છે તો વનદેવીએ આપણા માટે ભૂખ શાંત કરવાની સામગ્રી પણ રાખી છે. આ પ્રમાણે કહી બંનેએ વનમાંથી ફળ-ફૂલ ખાઈને ક્ષુધાને શાંત કરી.

સૂર્યાસ્તનો સમય થવા આવ્યો. જંગલમાં વાઘ, સિંહ, વરૂ ઘણાં હોય તેના ભયથી બંને જણાએ પર્વત ઉપર ચઢી જવાનો વિચાર કર્યો. અંજના કહે છે પણ હું પર્વત ઉપર નહિ ચઢી શકું. ત્યારે વસંતમાલા પોતાની સખીને ખભે બેસાડીને ઊંચા પર્વત પર ચઢે છે. હવે ત્યાં શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં. ૬૨

**ભાદરવા વદ ૮ ને શનિવાર** **તા. ૨૭-૯-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંત જ્ઞાની ભગવંતે આત્માની જ્યોત પ્રગટાવી અવની ઉપર પથરાયેલા અજ્ઞાનના અંધકારને દૂર કરવા માટે આગમ વાણી પ્રકાશી. ઉત્તરાધ્યયન સૂત્ર વીસમું અધ્યયન જેમાં અનાથી નિર્ગ્રંથનો રાજા શ્રેણીકને ભેટો થયો. સંતનો સમાગમ થતાં પતીત પાવન બની જાય છે. અધમનો ઉદ્ધાર થાય છે ને અજ્ઞાની જ્ઞાની થઈ જાય છે. એવું સંતના સમાગમમાં જાદુ રહેલું છે. સંતનો સમાગમ જીવને મહાન લાભદાયી છે. જુઓ, શ્રેણીક રાજાને અનાથી મુનિનો સમાગમ થતાં કેવો મહાન લાભ થયો! જે પોતે માનતા હતા કે રાજ્યથી, વૈભવથી, સત્તાથી, સંપત્તિથી ને સગાસબંધી તેમજ નોકર–ચાકરથી સનાથ છું. પણ હવે મુનિની પાસેથી તેમની કહાની સાંભળતા જાય છે તેમ તેમ તેમની માન્યતામાં ફરક પડતો જાય છે. જો તેમને અનાથી મુનિનો ભેટો ન થયો હોત તો

આવી શ્રદ્ધા ન થાત. એટલા માટે કહેવાય છે ને કે સંતોનો સમાગમ પતનને પંથે ગયેલા જીવોનું પણ ઉત્થાન કરાવે છે.

બંધુઓ! ઉત્થાનના જેમ પગથીયા હોય છે તેમ પતનના પણ પગથીયા હોય છે. ઉત્થાનના પગથીયા ચઢતાં મનુષ્યને શ્રમ પડે છે અને તેને ખબર પડે છે કે હું કાંઇક કરી રહ્યો છું. ત્યારે પતનના પગથીયા ચઢવાના નહિ પણ ઉતરવાના હોય છે. એ પગથીયાં ઉતરતાં શ્રમ પડતો નથી. શ્રમ પડવાની વાત તો બાજુમાં રહી પણ તેને એટલી ખબર નથી પડતી કે હું નીચે ઉતરી રહ્યો છું, ગબડી રહ્યો છું ને ક્યાંક ઊંડે ઊંડે જઇ રહ્યો છું. ગબડતો ગબડતો છેક નીચે ઉતરી જાય છે ત્યારે લોકો તેને ફિટકારે છે ને કહે છે કે ફલાણો ગબડયો. ત્યારે સંતો કહે છે કે ભાઇ! એ આજે નથી ગબડયો પણ અનંત કાળથી ગબડતો આવ્યો છે. પણ એ જોવાની આંખ એની કે તમારી કોઇની પાસે નથી. સંસારના સુખમાં આસકત બનેલા જીવોને જોઇને સંતો કહે છે કે આ જીવો વિનાશના પંથે જઇ રહ્યા છે. ત્યારે તમે તો એમ કહો છો કે એ વિકાસના પંથે જાય છે.

અનાથી નિર્ગ્રંથ પોતાને જે દૃષ્ટિથી અનાથ કહેતા હતાં તે જુદી દૃષ્ટિ હતી. ને રાજા શ્રેણીક જે દૃષ્ટિથી અનાથ માનતા હતા તે દૃષ્ટિ જુદી હતી. સંતોની દૃષ્ટિ દીર્ઘ હોય છે ને સંસાર સુખમાં આસકત બનેલા જીવોની દૃષ્ટિ ટૂંકી હોય છે. અત્યારે સુખ ભોગવીને મોજ માણો છો પણ પછી શું થશે તેનો કદી ખ્યાલ કરો છો?

અનાથી મુનિ શ્રેણીક રાજાને કહે છે મારા આખા શરીરમાં વેદનાનો પાર ન હતો. જો હું તેનો નાથ હોત તો મારું કહ્યું શરીર કરત ને મારા શરીરમાં આવી ભયાનક વેદના થવા દેત નહિ. એટલે મેં તો મારા આત્મા સાથે નિર્ણય કર્યો કે આ શરીર છે ત્યાં જન્મ, જરા, વ્યાધિઓ અને મરણની ઉપાધિ છે. આ શરીરનો સંગ કરવાથી હું અનંતકાળથી દુઃખ ભોગવતો આવ્યો છું. જ્યાં સુધી આત્મા શરીરમાં રહે છે ત્યાં સુધી તેને દુઃખ છે. શરીરનો સંગ છોડયા પછી કોઇ જાતનું પણ દુઃખ પડતું નથી. માટે હવે શરીરમાં ન આવવું પડે તેવો પ્રયત્ન કરી લે. એક ઉદાહરણ દ્વારા તમને સમજાવું.

પાણીનો સ્વભાવ તો શીતળતાનો છે. તેને તપેલામાં ભરીને ચૂલા ઉપર ગરમ કરવા માટે મૂકયું. પાણી ખૂબ ગરમ થઇ જાય છે ત્યારે અંદરથી સન્ સન્ અવાજ આવે છે. એ પાણી અવાજ કરીને શું કહે છે? તેને માટે કવિઓ કલ્પના કરે છે કે પાણી એ સન્ સન્ અવાજ કરીને કહે છે કે અગ્નિમાં તાકાત નથી કે મને બાળી શકે? મારામાં તો એવી શકિત છે કે હું તેને બૂઝાવી શકું છું. પણ શું કરું? મને તપેલામાં પૂરી દીધું છે એટલે મારે બળવું પડે છે. આ રીતે જ્ઞાની પુરૂષો જ્યારે કષ્ટ પડે ત્યારે એ વિચાર કરે છે કે પાણીનો ગુણ શીતળતાનો છે પણ તપેલામાં પૂરાયું તો તેના સંગના કારણે

તેને અગ્નિ ઉપર ચઢવું પડયું. ને બળવું પડયું. તેમ મારો આત્મા પણ દુઃખ રહિત છે. પણ શરીર રૂપી પિંજરમાં પૂરાયો હોવાથી દુઃખ ભોગવી રહ્યો છે.

બંધુઓ! કર્મને લીધે શરીર મળ્યું છે ને શરીર દ્વારા જીવ પાછા નવા કર્મો બાંધી રહ્યો છે ને કર્મો ઉદયમાં આવે છે ત્યારે ભગવાનને કહે છે કે ભગવાન! તેં મને આવું દુઃખ કયાંથી આપ્યું. કેવું ઘોર અજ્ઞાન છે!

**કરમને લીધે હું દુઃખી થાઉં છું, છતાં પણ બૂરા કર્મો કર્યે જાઉં છું.**
**અહીં ભોગવું છું નરકની યાતનાને, છતાં ના જગાડું સૂતા આત્માને,**
**કરમની થપાટો ઘણી ખાઉં છું.... છતાં પણ બૂરા કર્મો કર્યે જાઉં છું.**

પૂર્વકૃત કર્મોને કારણે આટલું દુઃખ હું ભોગવી રહ્યો છું. એવું જાણવા છતાં પણ જીવ બૂરા કર્મો કરવાનું છોડતો નથી ને ઉપરથી પોતાને દુઃખ પડે ત્યારે ભગવાનને ઓલંભો આપે છે કે મને દુઃખ આપ્યું ને બીજાને કેમ નહિ? હું તમને પૂછું કે તમને દુઃખ નથી ગમતું તો શું બીજાને ગમે છે? તમે ભગવાનને એમ કહો છો ને બીજાને કેમ નહિ? કદી એવું કહો છો ભગવાન! અમારો પાડોશી વર્ષોથી દુઃખી છે તો હવે તેને સુખી બનાવ. તારી પેટીમાં પૈસા ન હોય તો મારી તિજોરીમાંથી લઈને પણ એને સુખી બનાવ! (હસાહસ). તમે જેવા કર્મો બાંધ્યા છે તેવા ભોગવવાના છે. તેમાં ભગવાન કોઈને સુખ કે દુઃખ આપતા નથી. માટે કોઈને દોષ દેવો નકામો છે.

અનાથી મુનિ કહે છે મારા શરીરમાં અસહ્ય વેદના થતી હતી. તે સમયે મારા માતા-પિતા કહેતા હતા કે બેટા! તું ખૂબ સહન કરે છે. તારી વેદના અમારાથી જોવાતી નથી. તને રોગ આવ્યો તેના કરતાં જો અમને આવ્યો હોત તો સારું હતું. તને આ રોગ કયાંથી આવ્યો? આ પ્રમાણે તેમને ખૂબ દુઃખ થતું હતું. તેથી આગળ વધીને તેમણે શું કહ્યું :-

**पिया मे सव्वसारं पि, दिज्जाहि मम कारणा ।**
**न य दुक्खा विमोयन्ति, एसा मज्झ अणाहया ॥**

ઉત્ત. સૂ. અ. ૨૦, ગાથા ૨૪

હે રાજન્! મારા માટે આવેલા વૈદો અને ડોકટરોને મારા પિતાએ કહ્યું કે તમે મારા દીકરાને આવી કારમી વેદનામાંથી જલ્દી મુક્ત કરી દો. તમારી દવાના છેલ્લામાં છેલ્લા ઇલાજોનો અજમાશ કરો. તો તમે જે માંગશો તે હું આપી દઇશ. ત્યારે વૈદે કહ્યું કે એને આખા શરીરમાં બળતરા ખૂબ થાય છે તો તેના શરીરે લેપ કરવા માટે એક લાખ રૂપિયાના સાચા મોતી વાટવા પડશે. તો મારા પિતાજીએ કહ્યું કે લાખ શું? દશ લાખના મોતી જોઇએ તો પણ હું આપી દેવા તૈયાર છું. મારો વહાલસોયો પુત્ર આ

રોગથી મુક્ત થતો હોય તો હું સર્વસ્વ દઇ દેવા માટે તૈયાર છું. મને ધન કરતાં મારો પુત્ર વધુ વહાલો છે. અનાથિમુનિ માટે માતા-પિતાનો સાચો પ્રેમ છે. બાકી સંસારની માયા ઠગારી છે. બાપ કમાઈને આપે ત્યાં સુધી તેના સંતાનો અને પત્ની, બધા ખમ્મા ખમ્મા કરે છે પણ જો કદાચ તેને લકવા થયો ને જો તરત ઉપડી ગયા તો સારું ને જો બીમારી લંબાઇ જાય તો એમ કહે કે હવે તો ટાઢી માટી થાય તો સારું. બહુ પૈસા ખર્ચ્યા, ઉજાગરા કરીને થાકયા. હે ભગવાન, હવે એમની દોરી તમે ખેંચી લો, પણ જો એ બાપા કમાઈને આપતા હોત તો તેના દીકરાઓ આવું બોલત? આટલા માટે તમને કહીએ છીએ કે સંસારની માયા ઠગારી છે. માટલીમાં પાણી ઠંડુ થાય ત્યાં સુધી તેને સંઘરે પણ જો ફૂટી જાય ને તેના ઠીકરા થઈ જાય તો તેને રખડતા મૂકી દો છો. કેમ બરાબર છે ને?

આજે તો જ્યાં જુઓ ત્યાં પૈસાની સગાઈ છે. પૈસા માટે ભાઇ-ભાઈનું, પિતા પુત્રનું ખૂન કરે છે. ને પુત્ર પિતાનું ખૂન કરે છે. પરિગ્રહ કેટલું પાપ કરાવે છે? શ્રેણીક રાજાને કોણીકે પાંજરામાં પૂર્યા. શા માટે? એક રાજ્યને માટે ને? એક હાર અને હાથી માટે કોણીકે પોતાના નાના (દાદા) સાથે ખૂનખાર યુદ્ધ કર્યું. તેમાં કેટલા જીવોની હિંસા થઈ? આ બધું પાપ પરિગ્રહની મમતાએ કરાવ્યું ને? માટે જો તમારે પાપમાં પડવું ન હોય તો પરિગ્રહની મમતા અને સ્વાર્થની સાંકળને તોડી નાંખો. અનાથી મુનિના પિતા એવા સ્વાર્થી ન હતા. એ તો પોતાનું સર્વસ્વ આપીને પણ પુત્રને સાજો કરવા ઇચ્છતા હતા. પિતા કોને કહેવાય? पाति इति पिता । જે પુત્રનું રક્ષણ કરે, પાલન પોષણ કરે તે સાચા પિતા છે. અને પુત્ર કોને કહેવાય? पुनातीति पुत्रः । જે પિતાને પવિત્ર કરે, પિતાનું કુળ ઉજ્જવળ કરે તે સાચો પુત્ર છે.

અનાથી મુનિ કહે છે, હે રાજન! મારા પિતા સ્વાર્થી ન હતા. પણ પિતા-પુત્રના સબંધને બરાબર જાણતા હતા એટલે તેમણે મારો રોગ મટે તે માટે જેટલું ધન ખર્ચાઈ જાય તેટલું ખર્ચવાનો વૈદો અને ડોકટરોને ફૂલ ઓર્ડર આપી દીધો હતો. એટલે પૈસાના પ્રલોભથી વૈદો પણ ખૂબ સાવધાનીપૂર્વક જુદા જુદા પ્રકારે મારી દવા કરવા લાગ્યા. કોઇ માનતા હતા કે ઊલ્ટી કરાવીને રોગ બહાર કાઢીએ, કોઇ નાસ લેવડાવીને પરસેવા દ્વારા અંદરનું ઝેર કાઢવા મથતા હતા, કોઈ વિલેપન કરીને શરીરમાં ઠંડક કરાવવા મથતા હતા. પણ કોઇ પ્રકારે મારો રોગ શાંત થયો નહિ. આ મારી બીજી અનાથતા હતી. મારા પિતાજી મને પોતાનો માનતા હતા ને હું પણ તેમને મારા માનતો હતો તેથી મારા દુઃખથી મારા માતા-પિતા ઝૂરતા હતા ને મને રોગથી મુક્ત કરાવવા ચાહતા હતા. પણ તેઓ મને રોગથી મુક્ત કરાવી શકયા નહિ તેથી મારા પિતા અનાથ હતા ને હું પણ એમ ઇચ્છતો હતો કે મારો રોગ શાંત થાય તો

મારા માતાપિતા મારી ચિંતાથી મુક્ત થઇ જાય. પણ હું તેમને ચિંતાથી મુક્ત કરી શક્યો નહિ. કારણ કે હું પોતે અનાથ હતો. જે અનાથ હોય તે બીજાનો નાથ કેવી રીતે બની શકે? રોગનું નિદાન કરવા માટે આવેલા ચતુર વૈદો ને ડૉક્ટરો એમ માનતા હતા કે અમે તેનો રોગ નાબૂદ કરી શકીશું. કોઈ ધનની લાલચથી આવ્યા હતા. ને કોઈ રોગ મટાડીને યશ મેળવવા આવ્યા હતા તો કોઈ દયા-ભાવથી રોગમુક્ત કરવા આવ્યા હતા. છતાં કોઈની તાકાત ન હતી કે મારો રોગ એક પાઇ જેટલો પણ ઓછો કરી શકે! કારણ કે તેઓ બધા પણ અનાથ હતા.

બંધુઓ! અનાથી મુનિ શ્રેણીક રાજાને પોતાની આપવીતી કહી રહ્યા છે. તે પોતાનું મહાત્મ્ય બતાવવા માટે નહિ પણ રાજાને સંસારની અસારતા અને અનાથતાનું ભાન કરાવવા માટે કહી રહ્યા છે. પોતે સાચા સંત હતા. સાચા ગુરુ હતા. જે પોતે સંસારસાગરમાંથી તરવાને માટે સંયમ રૂપી નૌકામાં બેસી ગયા હતા ને બીજા જીવોને તરવા માટેનો માર્ગ બતાવતા હતા. તમે ગુરુ શોધો તો આવા શોધજો. સાચા ગુરુ કોને કહેવાય? તે જાણો છો? અંતરમાં રહેલા અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી જ્ઞાન રૂપી પ્રકાશની પ્રાપ્તિ કરાવે તે સાચા ગુરુ છે. કહ્યું છે કે:-

**धर्मज्ञो धर्मकर्ता च, सदाधर्म प्रवर्तकः।**
**सत्वेभ्यो धर्मशास्त्राणां, देशको गुरु रुच्यते ।।**

ધર્મને જાણનાર, ધર્મને કરનાર, સદા ધર્મનો પ્રચાર કરનાર તથા દરેક જીવોને ધર્મનો ઉપદેશ કરનાર ગુરુ કહેવાય છે. ગુરુના ત્રણ પ્રકાર બતાવ્યા છે. પહેલા લાકડાની હોડી જેવા, બીજા કાગળની હોડી જેવા ને ત્રીજા પથ્થરની હોડી જેવા. જેમ લાકડાની હોડી પોતે પાણીમાં તરે છે ને એમાં બેસનારને પણ તારે છે. એટલે એવા લાકડાની હોડી જેવા ગુરુ પોતે સંસાર સમુદ્રને તરે છે ને પોતાના શરણે આવનાર જીવોને પણ તારે છે. બીજી કાગળની હોડી પોતે પાણીમાં તરે છે પણ બીજાને તારે નહિ તેમ બીજા પ્રકારના ગુરુ પોતે ભવસાગરને તરી જાય પણ બીજાને ન તારે. ત્રીજા પ્રકારની હોડી પોતે પાણીમાં ડૂબે ને બીજાને પણ ડુબાડી દે. તેમ ત્રીજા પ્રકારના ગુરુઓ પોતે તો સંસાર સાગરમાં ડૂબે પોતાના શરણે આવનારને પણ ડુબાડે છે. માટે મારા બંધુઓ! તમે ગુરુ કરો તો જોઇને કરજો. કુગુરુઓનો સંગ કદી કરશો નહિ. અરે! કંઇક તો એવા હોય છે કે ઉપરથી ખૂબ ત્યાગી દેખાતો હોય પણ તેના અંતરમાં માયાનો પાર ન હોય, સંસાર છોડે પણ માયા ના છોડે. તેવા એક માયાવી જોગીની વાત કહું.

**"સંસાર છોડયો કિ, પણ પચના વિષ હલાહલ જેના હૃદયમાં ભર્યા છે તેવા ઠગારા જોગીની કહાની":-** એક મહંત ગામથી ત્રણ-ચાર માઈલ દૂર નદી કિનારે ઝૂંપડી બાંધીને તેમના શિષ્ય પરિવાર સાથે વસતા હતા. એ મહંત અવારનવાર

ગામના પાદરમાં આવીને ધૂણી ધખાવીને ઉગ્ર તપ કરતા હતા. ને ધ્યાન ધરતા હતા. તેના ઉગ્ર તપ અને ધ્યાનથી લોકો ઉપર ખૂબ પ્રભાવ પડતો. ને લોકોના ટોળેટોળા તેમના દર્શન કરવા માટે આવતા હતા. અને કોઇ પૈસા તો કોઇ મીઠાઇઓના થાળ તો કોઇ અનાજ તેમના ચરણે ધરતા હતા. આખા ગામમાં તેમની ખૂબ પ્રશંસા થવા લાગી. મહંતની પ્રશંસા સાંભળીને રાજા પણ દર્શન કરવા માટે આવ્યા. રાજાએ મહંતના દર્શન કર્યા ને તેમનો ઉપદેશ સાંભળ્યો. રાજાને ખૂબ આનંદ થયો. રાજાએ મહંતને ભોજન માટે રાજમહેલમાં પધારવા માટે આમંત્રણ આપ્યું. બીજે દિવસે પારણું આવતું હતું એટલે તે તપસ્વી મહંતે રાજાની વિનંતીનો પ્રેમપૂર્વક સ્વીકાર કર્યો. તે રાજમહેલમાં ભોજન કરવા માટે ગયા. રાજાએ પણ એ મહા તપસ્વી મહંતનો સત્કાર કર્યો.

રાજા તો પવિત્ર હતા. પોતાને ત્યાં આવા તપસ્વી જોગીના પગલા થયા તેથી તેના દિલમાં અનેરો આનંદ હતો. જાતજાતના પકવાન બનાવ્યા છે. ભોજનનો સમય થતાં થાળીઓ પીરસાઇ ગઇ. રાજા અને જોગી બંને જમવા માટે બેઠા. આ રાજાને એકની એક કુંવરી હતી. તે રૂપમાં ખૂબ સૌંદર્યવાન અપ્સરા જેવી હતી. તે પીરસવા માટે આવી. તેનું રૂપ જોઇને જોગી મુગ્ધ બની ગયો. અહો! આ તો કોઇ મનુષ્યાણી છે કે સાક્ષાત્ દેવી છે? કુંવરીને જોતાં યોગીનું મન ચકડોળે ચઢયું. ઉપરથી વેશધારી સંન્યાસી હતો પણ એનો આત્મા ઉજ્જવળ ન હતો. કુંવરીનું સૌંદર્ય જોઇને તેનું મન ચલાયમાન થઇ ગયું. જ્યારે હૃદયમાં વિષય વાસનાનું વિષ ફેલાય છે ત્યારે જ્ઞાન અને ધ્યાનની વાતો વિસ્મૃત થઇ જાય છે. તેને પોતાના સ્ટેજનું પણ ભાન રહેતું નથી. કહ્યું છે કેઃ

**રૂપ ભુલાવે ભાનને, સુસ્વર મદન વિકાર,**
**કામ ભુલાવે સ્થાનને, સંસારી કે અણગાર.**

માયાવી જોગીની કાયામાં કામ રાક્ષસે પ્રવેશ કર્યો. ભોજન પણ તેને ભાવ્યું નહિ. બસ, તેના ચિત્તમાં એવી ચોટ લાગી કે કોઇપણ પ્રકારે આ રાજકુંવરીને હું પ્રાપ્ત કરું. ખાધું ન ખાધું ને જોગી ઊભો થઈ ગયો. ને દિવાનખાનામાં જઇને બેઠો. જોગીના મુખ ઉપર ઉદાસીનતા છવાઇ ગઇ હતી. રાજાએ પૂછયું, મહાત્માજી! આપ મારે ઘેર જમવા માટે પધાર્યા ત્યારે આપના મુખ ઉપર આનંદ હતો પણ જમવા બેઠા ન બેઠા ને આપનું મુખ ઉદાસ થઈ ગયું છે. મન અપ્રસન્ન દેખાય છે. તો શું મારી ભકિતમાં કાંઈ ખામી રહી ગઈ છે? કે આપની તબિયત બરાબર નથી? જો હોય તો મને ખુશીથી કહો. જેથી એનો ઉપાય કરી શકાય. રાજાની ભકિત–ભાવના અને પ્રેમ જોઇને જોગીએ વિચાર કર્યો. અત્યારે કહેવાનો લાગ સારો છે. એવો કોઇ કીમિયો કરું તો મારા મનોરથો કદાચ સફળ થાય.

**"કપટી જોગીએ ફેલાવેલી કપટ જાળ"**:–ગંભીર વદને જોગી બોલ્યો, મહારાજા! અમે તો સાધુ લોક કહેવાઈએ. અમે તો પરોપકાર કરવા માટે ગામે ગામ ઘૂમીએ છીએ. અમારે તમારા જેવા સંસારી સાથે શું લેવા દેવા? પણ એક વાત છે કે જે ભકત અમને ભજે, જેનું લૂણ ખાઈએ તેનું અમારે ભલું કરવું જોઈએ. એમ સમજીને તમારા હિતને માટે કંઈક કહેવા ઇચ્છું છું, પણ કહેતાં મારી જીભ ઉપડતી નથી. એટલે રાજાના મનમાં જાણવાની ઇચ્છા થઇ. મહાત્માજી! જે હોય તે કહો. ત્યારે કહે છે મહારાજા! કહેવામાં કંઇ સાર નથી. મારા બંધુઓ! તમને કોઈ કંઇ આવું કહે તો તમને એ વાત પૂરી જાણ્યા વગર જંપ વળે? તે રીતે રાજાને પણ જાણવાની ખૂબ તીવ્ર જિજ્ઞાસા થઇ આવી. ખૂબ આગ્રહ કર્યો ત્યારે જોગી બોલ્યો - બેટા! તારા ભલાને માટે હું તો કહું છું બાકી મારે આ વાતમાં કંઈ લેવાદેવા નથી. રાજા કહે છે કે જે હોય તે મને જલ્દી કહો.

જોગી કહે છે બેટા! તું ગભરાઈશ નહિ. જો સાંભળ. આ તારી કુંવરી છે તેની ભાગ્યરેખા બહુ ખરાબ છે. તે છ મહિનામાં તારા રાજ્યની ને તારા જાનની ખુવારી કરી નાંખશે. એ જ્યાં સુધી તારા રાજ્યમાં રહેશે ત્યાં સુધી તારા માથે જોખમ છે. એટલે તારા હિત ખાતર કહું છું. બાકી મારે કોઇ સ્વાર્થ નથી. આ વાત સાંભળીને રાજાને કુંવરી ઉપર ખૂબ ક્રોધ આવ્યો. ખરેખર! આવા મોટા રાજાઓને કાન હોય છે પણ સાન કે ભાન નથી હોતા. કાચા કાનનો રાજા યોગીની શિખામણે ચઢી ગયો. અને જોગીને પૂછ્યું - ગુરુદેવ! એ પાપણીને કેવી રીતે મારી નાંખું? એને જીવતી બાળી નાંખુ કે ઝેર આપીને મારી નાંખુ? કે તલવાર વડે તેના ટુકડા કરી નાંખું? શું કરું? આપે મને જાગૃત કરી મારા ઉપર મહાન ઉપકાર કર્યો છે. જોગીએ જાણ્યું કે મારા પાસા સવળા પડ્યા છે. એટલે વિચાર કર્યો કે જો રાજા તેને મારી નાંખશે તો મારા મનના કોડ તો મનમાં રહી જશે. એને મેળવવા માટે તો મેં આ બધી માયાજાળ બિછાવી છે. માટે એ જીવતી રહે તો મારું કામ થાય.

જોગીએ ખૂબ વિચાર કરીને કહ્યું–મહારાજા! આપણે એવું સ્ત્રીહત્યાનુ પાપ કરવુ નથી. તમે જો એને મારી નાંખો તો મને પણ પાપ લાગે. એમ કરો કે એક લાકડાની છિદ્રવાળી પેટી મંગાવો ને તેમાં કુંવરીને પૂરીને આ ગંગા નદીમાં તરતી મૂકી દો. એનું ભાગ્ય હશે તેમ થશે. રાજાને આ યુક્તિ ગમી ને તરત પેટી મંગાવીને તેમાં પોતાની એકની એક વહાલસોયી કુંવરીને પૂરી દેવા માટે રાજા તેને બોલાવે છે. ત્યારે કુંવરી પૂછે છે, કે પિતાજી! મારો શું વાંક છે કે મને તમે પેટીમાં પૂરો છો? હું તો તમને કેટલી વહાલી છું? કે મારી આંખ, માથું દુઃખે તો પણ તમને કંઈક થઈ જાય છે ને આ શું? રાજા ગુસ્સો કરીને કહે છે, કે મારે તારું કંઇ સાંભળવું નથી. એમ કહીને કુંવરીને પેટીમાં પૂરીને નદીમાં વહેતી મુકાવી દીધી. જોગીએ જાણ્યું કે મારી મનોકામના સફળ

થઈ છે એટલે તેને ખૂબ આનંદ થયો ને રાજમહેલમાંથી રાજાની રજા લઈને પોતાના મઠમાં આવ્યા. ત્યાં આવીને પોતાના બધા શિષ્યોને પાસે બોલાવીને કહ્યું, કે મારા વહાલા શિષ્યો! ગઈ રાત્રે મને એક સુંદર સ્વપ્ન આવ્યું છે કે આ ગંગા નદીમાં એક પેટી તણાતી તણાતી આવી રહી છે ને તેમાં ખૂબ ધન ભરેલું છે. તો આજે આપણને કંઈક લાભ થવો જોઈએ. જો ધનથી ભરેલી પેટી મળી જાય તો આપણે જિંદગીભર ભક્તો પાસે ભીખ માગવા જવું ન પડે. માટે તમે નદી કિનારે જાઓ અને કોઈ પેટી તરતી તરતી આવે તો અહીં મારી પાસે લઈ આવો. ગુરુના કહેવાથી શિષ્યો નદી કિનારે પહોંચી ગયા ને પેટીની રાહ જોવા લાગ્યા.

બંધુઓ! કોઈને મારી નાંખવા માટે મનુષ્ય લાખો પ્રયત્ન કરે પણ સૌનું પુણ્ય તો સૌની સાથે રહે છે. પુણ્યવાન મનુષ્યનો કોઈ વાળ પણ વાંકો કરી શકતું નથી. તે અનુસાર રાજકુંવરીના પ્રબળ પુણ્યોદયે પેટી નદીના પ્રવાહમાં તણાતી તણાતી ત્રણ ચાર માઈલ દૂર ગઈ. ત્યાં નદી કિનારે કુંવરીના પિતાજીનો ખંડિયો રાજા ફરવા માટે આવેલો. તેણે જોયું કે કોઈ પેટી આવે છે તેથી તેને પોતાના માણસો દ્વારા બહાર કઢાવીને પોતાના મહેલના એક અલગ રૂમમાં મુકાવી. ને પોતે અંદર જઈ તાળું ખોલ્યું. તો પોતાના રાજાની કુંવરી નીકળી. કુંવરી બેભાન દશામાં પડેલી હતી. તેને શુદ્ધિમાં લાવીને પૂછયું કે બેટા! તારી આ દશા કેમ થઈ? તને કોણ દુશ્મને જીવતી આ પેટીમાં પૂરી? ત્યારે કુંવરીએ કહ્યું, કે મને બીજી તો કંઈ ખબર નથી પણ આ જંગલમાં એક તપસ્વી જોગી રહે છે. તે અમારે ત્યાં જમવા આવેલા ને તેમણે પિતાજીને કંઈક કહ્યું. તેના કહેવાથી મારા પિતાજીએ આ કાર્ય કર્યું છે. ખંડિયો રાજા નાનો હતો પણ ખૂબ વિચક્ષણ હતો. એટલે થોડામાં ઘણું સમજી ગયો. પેલા જોગીને પણ પાપકર્મની સજા બરાબર મળે એ દૃષ્ટિથી જંગલમાંથી એક રીંછ મંગાવ્યું. એ જંગલી રીંછને પેટીમાં પૂરાવી દઈને તાળું મારી પેટી ગંગા નદીના પ્રવાહમાં તરતી મુકાવી દીધી ને હવે આ પેટીનું શું થાય છે તે જાણવા માટે પોતાના ગુપ્તચરોને ગોઠવી દીધા.

**પાપ છૂપું ના રહે :–** આ તરફ પેલી પેટી તણાતી તણાતી જોગીના મઠ ભણી આવી. શિષ્યો રાહ જોઈને બેઠા હતા. તે પેટી જોઈને કહેવા લાગ્યા કે ગુરુદેવનું સ્વપ્ન તો સાચું છે. જુઓ નિધાન ભરેલી પેટી આવી રહી છે. પણ શિષ્યોને બિચારાને ક્યાં ખબર હતી કે અમારા ગુરુએ કેવા કામ કર્યા છે! આ નિધાન છે કે પછી ગુરુનું નિધન (મૃત્યુ) આવી રહ્યું છે? શિષ્યો તો હર્ષભેર નદીમાં પડીને પેટી કિનારે લાવ્યા. પેટી ખૂબ વજનદાર હતી એટલે શિષ્યો કહે છે-જુઓ તો ખરા! કેટલું બધું વજન છે? આમાં ઘણું ધન હશે! નહિતર આટલું બધું વજન ન હોય. આપણા ગુરુદેવ પણ કેવા ભાગ્યવાન છે! આમ કરતાં કરતાં શિષ્યો પેટીને પોતાના મઠમાં લઈ આવ્યા. ગુરુ તો

પેટીને જોઇને ખુશ ખુશ થઇ ગયા કે બસ, હવે મારી ઇચ્છા પૂરી થશે. શિષ્યોને કહ્યું કે આ પેટી આપણા ત્રીજા ઓરડામાં ગુપ્ત ભંડાર છે તેમાં લઇ જાઓ. આ લક્ષ્મીદેવી છે માટે મારે તેમનું પૂજન કરવું જોઈએ, તો તમારે કોઇએ અંદર આવવું નહિ. હું જયાં સુધી બારણાં ન ખખડાવું ત્યાં સુધી તમારે બારણું ખોલવું નહિ. સંન્યાસીએ વિચાર કર્યો કે હું કુંવરી ઉપર બળાત્કાર કરવા જઇશ તો તે કુંવરી બૂમો પાડશે ને મારા શિષ્યો બધું જાણી જશે. એટલે શિષ્યોને કહ્યું કે હું બારણું ખોલવાનું તમને ન કહું ત્યાં સુધી તમે બધા નગારા ને મંજીરા ખૂબ જોર જોરથી વગાડજો ને ભજન ગાજો. પોતાની પાપવૃત્તિને પોષવા માટે કેવો ઉપાય બતાવ્યો ! હવે જોગી ઓરડામાં ગયો ને શિષ્યો તો વાજિંત્રો વગાડવા લાગ્યા.

બંધુઓ ! જુઓ, કામી પુરુષ પોતાનું પાપ પ્રગટ ન થાય તે માટે કેવી યુક્તિઓ ગોઠવે છે ! જોગીના હૃદયમાં હર્ષનો પાર નથી. તેની ધીરજ ખૂટી ગઇ હતી. કહેવત છે ને કે **કામી હોય અધીર અને ક્રોધી હોય બધીર**. તેણે તો જલ્દી પેટી ખોલી તો અંદરથી ભૂખ્યું-તરસ્યું ને ખીજાયેલું જંગલી રીંછ બહાર નીકળ્યું ને જોગીને ફાડીને ખાઈ ગયું. પાપીને તેના પાપનું ફળ મળી ગયું.

**પરનું બૂરું કરતાં પહેલાં પોતાનું થઇ જાય.... ખરેખર એ કુદરતનો ન્યાય(૨)**
**ખાડો ખોદે તે જ પડે છે, રડાવનારો પોતે રડે છે.**
**અભિમાનમાં નાના મોટાનું પલમાં હણાઈ જાય... ખરેખર ....**

જોગી કુંવરીનું અહિત કરવા ગયો તો તેનું અહિત થઈ ગયું. આવા દાખલા સાંભળીને જીવનનું પરિવર્તન થવું જોઇએ. પેલા રીંછની ક્ષુધા શાંત થઇ જવાથી કમાડના ઓથે બેસી ગયું, આ બાજુ શિષ્યો તો વાજિંત્રો વગાડીને થાકયા પણ ગુરુએ તો બારણા ખખડાવ્યા નહિ. શિષ્યોની ધીરજ ખૂટી ગઇ. બારણાં અંદરથી બંધ હતા ને ગુરુ તો સ્વધામ પહોંચી ગયા હતા. બારણું કોણ ખોલે ? શિષ્યોએ બારણું તોડી નાંખ્યું. ત્યાં તો પેલું રીંછ છલાંગ મારીને બહાર ભાગી ગયું. શિષ્યો વિચારમાં પડી ગયા કે આ રીંછ કયાંથી આવ્યું ? ને આપણા ગુરુજી કયાં ગયા ? અંદર જઇને જુએ તો ગુરુજીના હાડકા અને થોડા માંસના લોચા પડયા છે ને લોહીના ખાબોચીયા જોયા. એટલે નિર્ણય કર્યો કે નક્કી આ રીંછે આપણા ગુરુજીને મારી નાંખ્યા લાગે છે. શિષ્યોને ખૂબ દુઃખ થયું. શોકાતુર હૃદયે ગુરુજીના હાડકા ગંગા નદીમાં પધરાવ્યા.

પેલા રાજાના ગુપ્તચરોએ આ બધું જોયું. ને પાછળથી શિષ્યોને પણ સત્ય હકીકત જાણવામાં આવી. ત્યાર પછી ખંડિયારાજા પાસે આવી ગુપ્તચરોએ બધી વાત જણાવી. એટલે ખંડિયો રાજા કુંવરીને લઇને મોટા રાજા પાસે ગયો ને સર્વ સત્ય હકીકત જણાવીને કુંવરીને સોંપી દીધી ને કહ્યું- મહારાજા ! આવા માયાવી જોગીના સંગે નિર્દોષ

કુંવરીનો જાન જોખમમાં મૂકયો ને! એને એનાં ભાગ્યે બચાવી લીધી છે. પણ પાપી જોગીને તો તેના દુષ્કર્તવ્યનો બદલો તરત મળી ગયો છે.

જો સાચા ગુરુ મળી જાય તો માનવને નરમાંથી નારાયણ બનાવી દે છે. ને કુગુરુ મળે તો ભવસાગરમાં પથ્થરની નૌકાની જેમ ડૂબાડે છે. જો શ્રેણીક રાજાને અનાથી મુનિ જેવા સાચા ગુરુનો ભેટો થયો તો જીવન પલટાઇ ગયું. રાજા શ્રેણીકને મુનિ કહે છે કે મારા પિતાએ મારો રોગ મટાડવા માટે થાય તેટલા ઇલાજો કર્યા ને પોતાનું સર્વસ્વ દઈ દેવા તૈયાર થયા. છતાં મને રોગથી મુક્ત કરાવી શકયા નહિ. એ મારી બીજી અનાથતા હતી. બે પ્રકારના અનાથપણાની વાત થઈ હજુ પણ અનાથતાની વાત કરશે તેના ભાવ અવસરે કહેવાશે.

**ચરિત્ર:- અંજના સતીને કષ્ટમાં પણ પવિત્ર વિચારો:**

રાત પડી એટલે બંને એક ઊંચા પર્વત ઉપર ચઢીને એક જગ્યાએ બેસી ગયા. ને નવકાર મંત્રના સ્મરણમાં રાત પસાર કરી. અંજના વિચાર કરે છે કે અહો! હું કેવી કમભાગી કે મારા વડીલોએ વગર વિચાર્યે મને આવી શિક્ષા કરી ને તે અપરાધનો નિર્ણય પછી કરશે! કેતુમતી સાસુજી! તમે પણ સારું કર્યું કે મને બદનામ કરીને તમે તમારા કુળની રક્ષા કરી! હે પિતાજી! તમે પણ તમારા સબંધીઓનાં મન જાળવ્યાં. વળી મેં અભાગણે વિચાર્યું કે દુઃખી સ્ત્રીઓને માતા આશ્વાસનનું સ્થાન હોય છે. પણ હે માતા! તેં પણ તારો પતિવ્રતા ધર્મ બરાબર બજાવ્યો. તારે તો પિતાજીના પગલે ચાલવું જોઇએ ને? અરે, મારા બંધુઓ! તમારો પણ શું દોષ? પિતાજીની આજ્ઞા આગળ તમારું શું ચાલે? અરેરે....સ્વામીનાથ! તમે તો મારાથી ઘણા દૂર છો. જો તમે હોત તો મારી આ દશા ન થાત. તમારી ગેરહાજરીમાં બધા મારા શત્રુ બની ગયા. આમ વિચાર કરતાં અંજનાની આંખોમાં આંસુ ઉભરાઇ આવ્યા. ને તેની દૃષ્ટિમાંથી સંસારના એકેક સ્વજન પસાર થઈ ગયા. જે જે સગાએ અંજનાને પ્રેમથી પોતાની ગણી હતી તે બધાએ દુઃખના સમયે દગો દીધો. આનું નામ સંસાર છે.

અંજના કહે છે બહેન! ખરેખર મારા જેવી કોઇ અભાગણી નહિ હોય કે આટલા વર્ષો સુધી પતિનો વિયોગ પડે છતાં જીવતી રહી શકે! હું જ અભાગણ જીવતી રહી છું. અંજનાનો ઝુરાપો સાંભળીને વસંતમાલાનું હૈયું પણ કકળી ઊઠયું ને તેને ખૂબ આશ્વાસન આપ્યું છતાં પણ વસંતમાલા રાજકુમારી ન હતી પણ તેની સખી અને બીજી રીતે દાસી હતી એટલે એનામાં અંજના જેટલી ધૈર્યતા ન હોય એટલે તેણે શું કહ્યું.

**"વસંતમાલાએ કાઢેલા વેણ, સામે સતીની સમજાવટ"**

**વસંતમાલા રે એમ ઉચરે બાઇ તારો બાપ છે કર્મચંડાલ તો,**
**મૂર્ખ માતા રે તમ તણી, બાંધવે દીધું છે કર્મ વિકરાલ તો,**
**આંગણે રાખી ન અધઘડી, કલંક ચઢાવીને દીધું છે આલ,**
**વસંતમાલા વળી એમ કહે, બાઇ તારું પીયરે પડયું રસાતાલ તો સતી રે**

હે અંજના! તારા પિતાજી તો ચંડાળથી પણ ભૂરા નીકળ્યા. જાતિનો ચંડાળ હોય તેના દિલમાં પણ દયાનો છાંટો તો હોય પણ તારો બાપ તો કર્મે ચંડાળ છે. એને પુત્રીની સ્હેજ પણ દયા ન આવી. ને કોણ જાણે માતાજીની તો બુદ્ધિ બગડી ગઈ. એને એમ ન થયું કે લાવ, મારી દીકરીને બોલાવું પણ ઉપરથી દાસીઓ પાસે લાત મરાવી. ભાઇઓએ પણ સામું ન જોયું ને ભાભીઓએ તો મહેણાં માર્યા. એક અડધો કલાક પણ આંગણામાં ઊભી રહેવા ન દીધી. ખરેખર! તારા પીયરીયાનો સત્યાનાશ જશે. આ શબ્દો સાંભળીને અંજના ઉપર વિજળી તૂટી પડી હોય તેવો આંચકો લાગ્યો. ને વસંતમાલાના મોઢે આડા હાથ દઇને કહે છે બહેન! આ તું શું બોલે છે? મારા કર્મે મને દુઃખ આવ્યું છે. એમાં મારા માતા-પિતાનો શું દોષ છે? મારા પિતાજી તો કેવા પવિત્ર ને નિર્મળ છે કે એ કદી કોઇના માથે આળ ચઢાવે તેવા નથી. મારી માતા તો પતિવ્રતા અને શકિતનો અવતાર છે. ને મારા ભાઇઓ સાચા પિતૃભકત છે. તું એમને શા માટે દોષ આપે છે? મેં પૂર્વભવમાં એવા કર્મો કર્યા હશે કે તે મને આ ભવમાં ઉદયમાં આવ્યા છે. મેં કોઇના માથે આવા કૂડા કલંક ચઢાવ્યા હશે. કોઇને પાણીનો પ્યાલો નહિ પીવડાવ્યો હોય. કોઇ મારા જેવા દુઃખીને પાણી પાતું હશે તો મેં તેના હાથમાંથી ખૂંચવી લીધો હશે. કોઇ પતિપત્નીને વિયોગ પડાવ્યા હશે તેથી મારી આ દશા થઇ છે. હે સખી! "कडाण कम्माण न मोक्ख अत्थि। કરેલા કર્મોને ભોગવ્યા વિના ત્રણ કાળમાં મારો કે તારો ઉદ્ધાર થવાનો નથી. આ રીતે અંજના વસંતમાલાને બોલતી અટકાવે છે. હવે આગળ શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

ભાદરવા વદ નોમ અને દશમ તા. ૨૮ અને રવીવાર તા. ૨૯-સોમવાર આ બંને દિવસોમાં બા. બ્ર. પૂ. ભાવનાબાઇ મહાસતીજીના માસખમણની ઉગ્ર તપશ્ચર્યાનું બહુમાન તથા પારણું હોવાથી કાંદાવાડી ઉપાશ્રયેથી પૂ. મહાન વૈરાગી કાન્તીઋષીજી મહારાજ સાહેબના સુશિષ્યો પધાર્યા હતા. આ પ્રસંગે તપ ઉપર અને તપના મહિમા ઉપર પૂ. અરવીંદમુનિ મહારાજ સાહેબ પૂ. નવીનઋષી મહારાજ સાહેબ તથા પૂ. શારદાબાઇ મહાસતીજી આદિ સંત સતીજીઓએ ખૂબ સુંદર અને મનનીય તપ મહોત્સવ પ્રસંગે પ્રવચનો ફરમાવ્યા હતા. તે પ્રસંગે માનવમેદની ચિક્કાર ભરાઇ હતી. ને સંત સતીજીઓએ અવર્ણનીય તપનો મહિમા સમજાવ્યો હતો. તેથી ઘણા ભાઇ-બહેનોએ તપ સાધનામાં જોડાવા માટે નિયમો લીધા હતા.

ભાવનાબાઇ મહાસતીજીના ૩૦ ઉપવાસ ને ચંદનબાઈ મહાસતીજીના આઠ ઉપવાસના તપ મહોત્સવ પ્રસંગને અનુસરીને ૩૮ દિવસના બધાએ વ્રત પચ્ચખાણ લીધા હતા.

☆

## વ્યાખ્યાન નં - ૬૩

**ભાદરવા વદ ૧૧ ને મંગળવાર** **તા. ૩૦-૯-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો !

અનંત જ્ઞાની, કરુણાના સાગર, ભગવંત જગતના જીવોને ફરમાન કરે છે, કે હે ભવ્ય જીવો ! જો તમારે જલ્દી ભવસાગર તરવો હોય તો તારા અંતરને સ્વચ્છ બનાવીને આત્મજ્ઞાન પ્રગટ કરવા આંતરનિરીક્ષણ કરી લો આંતરનિરીક્ષણ એ આત્મજ્ઞાન પ્રગટ કરવાની આબાદ ચાવી છે. આપણા અંતરમાં શું ભરેલું છે ? આપણે અત્યારે ક્યાં ઊભેલા છીએ ? ક્યાંથી આવ્યા ને ક્યાં જવાનું છે ? આવા વિચારો કરીને અંતરના ખૂણે રહેલા કુવિચારોને દૂર કરવા ને સુવિચારો ભરી દેવા. આવું આંતરનિરીક્ષણ કરવું તે આત્મજ્ઞાન પામવાની ચાવી છે. એક વખત આત્મજ્ઞાનનું સંવેદન થયું કે પછી સંસાર કેવો લાગશે તે જાણો છો ? ક્ષારભૂમિ જેવો. સ્મશાન જેવો ને ત્રિતાપના ભઠ્ઠા જેવો લાગશે. પછી સંસારના એક પણ પદાર્થ મૂલ્યવાન નહિ દેખાય. પછી વીતરાગ વચનનું મૂલ્ય અંકાશે. આંતરચક્ષુ ખુલ્યા પછી સંસારમાં રહેવા છતાં તન, મન તો ત્યાગ તરફ દોડશે. આવું તત્ત્વજ્ઞાન પામેલા જીવો પાપ કરતા અટકે છે. તમે જે સ્ટેજ ઉપર ઊભા છો તે સ્ટેજને વફાદાર રાખી જીવનમાં યોગ્યતા પ્રગટાવો.

જ્ઞાની અને અજ્ઞાની એક જ ક્રિયા કરે છતાં તેની ભાવનામાં ફેર હોય છે. જ્ઞાની જીવડો શાક મારકીટમાં શાક ખરીદવા જાય તો પણ એવો વિચાર કરે કે જેવો મારો જીવ છે તેવા આ વનસ્પતિકાયના જીવો છે. એક વખત હું પણ આ વનસ્પતિકાયમાં ગયો હોઇશ. ને આ પ્રમાણે વેચાયો, છેદાયો, ભેદાયો, શેકાયો હોઇશ. પણ મને આહાર સંજ્ઞાની લપ વળગી છે એટલે મારે આ બધી ક્રિયાઓ કરવી પડે છે, જ્યારે અજ્ઞાની જીવ રસપૂર્વક બધી ક્રિયાઓ કરે છે. ભગવંતે કહ્યું છે કે :

**उल्लो सुक्खो य दो छूढा, गोलया मट्टियामया ।**
**दो वि आवडिया कुड्डे, जो उल्लो सोत्थ लग्गइ ।।**

ઉત્ત. સૂ. અ. ૨૫ ગાથા ૪૨.

એક ભીનો અને એક સૂકો બંને માટીનો ગોળો ભીંત ઉપર નાંખો તો ભીનો ગોળો ચોંટી જશે ને સૂકો ગોળો નહિ ચોંટે. તેમ જે મનુષ્ય દુર્બુદ્ધિ અને કામ-ભોગોમાં આસક્ત છે તે સંસારમાં ચોંટી જાય છે. અને કામભોગોથી વિરક્ત સાધક સૂકા ગોળાની જેમ ચોંટતો નથી. વિરક્ત જીવ તો એમ વિચાર કરશે કે હે પ્રભુ ! આ સંસારના સંબધોની સાંકળ તોડીને ક્યારે અસંગી બનું ?

જેને કલ્યાણ કરવાની કામના જાગી છે તેવા અનાથી નિર્ગ્રંથ મહાન વૈભવ

છોડીને સંયમી બની ગયા છે. પોતે આત્મસ્વરૂપને પામ્યા છે ને બીજાને પમાડે છે. તેવા અનાથી મુનિ શ્રેણીક રાજાને કહે છે, હે રાજન! મારો રોગ મટાડવા માટે મારા પિતાજીએ થાય તેટલા ઇલાજો કર્યા. વૈદો પણ પોતાની શકિતનો ઉપયોગ કરીને થાકી ગયા. પિતાજીએ મારી પાછળ પૈસા ખર્ચવામાં પાછી પાની કરી નથી. એવા મારા પિતાજી પ્રેમાળ હતા. છતાં મને તેઓ રોગથી મુકત કરાવી શકયા નહિ. એ મારી બીજી અનાથતા હતી. પિતાજીની મારા પ્રત્યે અનન્ય લાગણી હતી. છતાં કહેવાય છે કે માતાની લાગણી તો એથી અધિક હોય તે રીતે –

**मायाऽवि मे महाराय ! पुत्त सोग दुहट्टिया ।**
**न य दुक्ख विमोयन्ति, एसा मज्झ अणाहया ॥**

ઉત્ત. સૂ. અ. ૨૦ ગાથા ૨૫

હે મહારાજા! મારી માતા રાત-દિવસ મારું હિત ચિંતવવાવાળી હતી. મારું દુઃખ જોઇને તેની છાતી ચીરાઇ જતી હતી. મારા દુઃખે દુઃખી અને સુખે સુખી રહેવાવાળી હતી. મારા પુત્રને કેમ જલ્દી સારું થાય તે માટે પ્રભુને પ્રાર્થના કરતી હતી, છતાં પણ તે મને રોગથી મુકત કરી શકી નહિ એ મારી ત્રીજી અનાથતા હતી.

બંધુઓ! દુનિયામાં બધાનો પ્રેમ મળશે પણ માતાનો પ્રેમ નહિ મળે. માતા જેવું હૃદય નહિ મળે. દીકરો ગમે તેટલો મોટો થાય, દીકરાને ઘેર દીકરા થાય પણ માતાની દૃષ્ટિમાં તો તે નાનો છે. કોઇના ઘેરથી કાંઇ પણ આવ્યું હોય તો માતા કદી દીકરાને મૂકીને ખાતી નથી, એવું માતાનું વાત્સલ્ય હોય છે. હે મહારાજા! મારી માતા પણ મારા પ્રત્યે એવો પ્રેમ રાખતી હતી. મને રોગથી પીડાતો જોઇને કહેતી, કે હે, મારા વ્હાલસોયા દીકરા! તારા સામું મારાથી જોવાતું નથી. તારા આખા શરીરમાં તને કોઇ ભાલા ભોંકી દેતું હોય તેવી પીડા થાય છે. અમે નજરે જોઇએ છીએ છતાં તને દુઃખથી મુકત કરી શકતા નથી. આ જગ્યાએ જો કોઇ બહારનો શત્રુ તારા શરીરમાં ભાલા ભોંકતો હોત તો હું વચમાં આડી ઉભી રહેત. એ ભાલા હું ઝીલી લેત પણ આ તો અંદરના શત્રુ તને પીડા આપે છે. તેના પંજામાંથી છોડાવવા હું અસમર્થ છું. આ રીતે મારી માતા મારા દુઃખે ઝૂરતી હતી. પોતાના સંતાનો પ્રત્યે માતાનો પ્રેમ અલૌકિક હોય છે. છતાં જો પાપનો ઉદય હોય તો માતા પુત્ર પ્રત્યે પણ કઠોર હૃદયવાળી બની જાય છે.

બ્રહ્મદત્તના પિતા તેને નાનો મૂકીને ગુજરી ગયા હતા. પછી તેની માતા ચુલ્લણી બીજા પુરુષના પ્રેમમાં પડી હતી. જ્યારે બ્રહ્મદત્ત મોટો થયો ત્યારે તેના મનમાં થયું કે હવે મારું પોકળ ખુલ્લું થઇ જશે. એમ સમજીને તેણે એક લાખનો મહેલ તૈયાર કરાવ્યો ને બ્રહ્મદત્તને તેમાં સૂવા મોકલ્યો. પ્રધાન ખૂબ ચાલાક હતો. તે ચુલ્લણી રાણીનું કારસ્તાન સારી રીતે જાણતો હતો. રાણીએ મહેલમાં આગ લગાડી તે સમયે બ્રહ્મદત્ત તેના પુણ્યોદયે

પ્રધાનની સહાયથી બચી ગયો. બાકી માતાએ-તો નિષ્ઠુર બનીને પુત્રને મારી નાંખતા પાછી પાની કરી નથી. તે તો (સલાકા) શ્લાકા પુરુષ હતા. ભાવિના ચક્રવર્તી હતા. માતાએ ચૌદ સ્વપ્ન પણ જોયા હતા છતાં માતા કેવી ક્રૂર બની! પણ હે મહારાજા! મારી માતા તેવી ન હતી. પણ તે મારા પ્રત્યે ખૂબ વાત્સલ્યવાળી હતી. છતાં મને રોગથી મુક્ત કરી શકી નહિ. ત્યારે મને ભાન થયું કે હું મારી અનાથતાના કારણે દુઃખી થાઉં છું.

મહારાજા શ્રેણીક અનાથી નિર્ગ્રંથ પાસેથી તેમના અનાથપણાની વાત સાંભળતા જાય છે તેમ તેમ તેમને મુનિ પ્રત્યે ખૂબ આદર ભાવ વધતો જાય છે. રાજાઓ રાજ્ય જતું કરે પણ કોઈના ચરણમાં શીર ના ઝુકાવે. કારણ કે ક્ષત્રિયના બચ્ચા મરવાનું પસંદ કરે પણ કોઈને નમે નહિ. હા, સંતોના ચરણમાં શીર ઝૂકાવે. શાના પ્રભાવે? ચારિત્રના. હવે મુનિ પોતાની કહાની આગળ ચલાવતા કહે છે:-

**भायरो मे महाराय, सगा जेट्ठ कणिट्ठगा ।**
**न य दुक्खा विमोयन्ति, एसा मज्झ अणाहया ॥**

ઉત્ત. સૂ. અ. ૨૦ ગાથા ૨૬

હે મહારાજા! મારા સગા નાના અને મોટા ભાઈઓ હતા. તે મારા ભાઈઓ સ્વાર્થી ન હતા. પણ સાચા સુખ-દુઃખના ભાગીદાર હતા. મારા ભાઈઓ રાત-દિવસ ખડે પગે મારી સેવા કરતા હતા. આવા ભાઈઓ મળવા પણ મુશ્કેલ છે. મારું દર્દ કેમ મટે અને કેમ શાંતિ મળે તે માટે તેઓ સતત પ્રયત્નશીલ રહેતા હતા. રાત્રે રોજ ઉજાગરા કરવા પડે તો પણ કંટાળતા ન હતા.

**અનાથી મુનિ કહે છે હે રાજન્! મારા પ્રત્યે મારા ભાઈઓનો પ્રેમ રામ-લક્ષ્મણ જેવો હતો.**

જ્યારે રામચંદ્રજીને વનવાસ જવાનું થયું ત્યારે તે વાતની લક્ષ્મણને ખબર પડી કે મારા મોટા ભાઈ વનવાસ જાય છે. તરત લક્ષ્મણજી દોડતા આવ્યા અને કહ્યું-ભાઈ! હું તમારી સાથે આવીશ. ત્યારે રામચંદ્રજી કહે છે, વીરા! તું મારી સાથે આવીશ તો અહીં માતા-પિતાની સેવા કોણ કરશે?

**"વનની વાટે રામની પાછળ લક્ષ્મણ"**- ત્યારે લક્ષ્મણે કહ્યું, કે મોટા ભાઈ! માતા-પિતાની સેવા કરનારા ઘણાં છે. હું તો આપની સાથે આવીશ. હું આપનાથી જુદો નહિ પડું. આપ જંગલમાં જાઓ ને હું અયોધ્યાની મહેલાતોમાં મહાલું? આ મારાથી નહિ બની શકે. ત્યારે રામચંદ્રજી કહે છે, લક્ષ્મણ વીરા! તું પહેલા માતા સુમિત્રાની આજ્ઞા તો લઈ આવ. જો માતાજી આજ્ઞા આપે તો મારી સાથે આવજે. રામના આ શબ્દો સાંભળી લક્ષ્મણને ખૂબ આનંદ થયો ને માતા સુમિત્રાની આજ્ઞા લેવા ચાલ્યો. મનમાં પ્રભુને પ્રાર્થના કરવા લાગ્યો, કે અહો પ્રભુ! મારી માતાને સદ્બુદ્ધિ

આપજો કે મને મારા મોટા ભાઈ સાથે વનમાં જવાની આજ્ઞા આપે. જો માતા રજા નહિ આપે તો મોટા ભાઈ મને સાથે નહિ લઈ જાય. એમ પ્રાર્થના કરતાં માતાની પાસે પહોંચ્યા ને રામચંદ્રજીની સાથે વનવાસ જવાની આજ્ઞા માગી.

**"લક્ષ્મણની વાત સાંભળી સુમિત્રાને થયેલો હર્ષ":** માતા સુમિત્રાને લક્ષ્મણ પ્રત્યે ઘણો સ્નેહ હતો. છતાં પુત્રની વાત સાંભળીને ખૂબ હર્ષ પામી. અહો! મારો પુત્ર કેવો વિનયવાન છે! વડીલ ભાઈની સેવા કરવાનો તેના દિલમાં અનહદ આનંદ છે. આવા વિનયવાન પુત્રની માતા બનીને હું પણ ભાગ્યશાળી બની છું. બેટા! તું ખુશીથી રામચંદ્રજીની સાથે વનમાં જા. તને મારી આજ્ઞા છે. તારી ભાવના ઉત્તમ છે. તને સેવા કરવાનો જે સમય મળ્યો છે તેમાં બિલકુલ પ્રમાદ ન કરતો. રામને પિતા અને સીતાને માતા સમાન ગણી તેમની ખૂબ સેવા કરજે ને જંગલમાં તેમને કોઈ જાતનું કષ્ટ ન પડે તેનું બરાબર ધ્યાન રાખજે. આ સાંભળી લક્ષ્મણને ભૂખ્યાને ભોજન અને તરસ્યાને પાણી મળે તેટલો આનંદ થયો. માતાની આજ્ઞા અને આશિષ મેળવીને ત્યાંથી પત્ની ઉર્મિલાની પાસે ગયા.

**"લક્ષ્મણની પત્ની ઊર્મિલાના ઉદ્ગારો:**–લક્ષ્મણે ઊર્મિલાની આજ્ઞા માંગી. ત્યારે ઉર્મિલા કહે છે, સ્વામીનાથ! ધન્ય છે તમને! કે આવી ભરયુવાનીમાં મહેલ, મહેલાતો અને પત્ની બધું છોડીને વડીલ ભ્રાતાની સેવા કરવા માટે જંગલમાં જવાનું મન થાય છે. તમારા જેવા પતિને પરણીને મારું જીવન ધન્ય બની ગયું. આપ ખુશીથી મોટા ભાઈની સાથે જાવ.

બંધુઓ! આ પતિ પણ કેવો ને પત્ની પણ કેવી આદર્શ! એને એમ ન કહ્યું કે તમને ભાઈની સાથે ગમે છે તો તમે જાવ. પણ મારું શું? હું એકલી કેવી રીતે રહું? વનવાસ રામને મળ્યો છે. તમને કયાં મળ્યો છે? આવું સ્હેજ પણ બોલ્યા વિના પ્રેમથી રજા આપી અને રામ–લક્ષ્મણ અને સીતાજી વનમાં ગયા. વનમાં લક્ષ્મણે ભાઈ–ભાભીની ખડે પગે સેવા કરી છે. એ તો બધું તમે જાણો છો. એટલે વધુ કંઈ કહેતી નથી.

અનાથી મુનિ કહે છે, હે રાજન! મારા ભાઈઓ પણ લક્ષ્મણ જેવા સેવાભાવી ને વિનયવાન હતા. મને રોગથી મુકત કરવા માટે રાત–દિવસ તેઓ ચિંતાતુર રહેતા હતા કે શું કરીએ ને અમારો ભાઈ સાજો થાય! જ્યારે ભાઈને રોગ મટશે ત્યારે અમને આનંદ આવશે. આ રીતે બધા ભાઈઓ પ્રયત્નશીલ રહેતા હતા. મારી સેવામાં સ્હેજ પણ ઊણપ આવવા દે તેવા ન હતા. છતાં પણ તેઓ મને રોગમુકત કરી શકયા નહિ. તે મારી ચોથી અનાથતા હતી. હજુ પણ અનાથી નિર્ગ્રંથ શ્રેણીક રાજાને અનાથતાના ભાવ સમજાવશે. તેના ભાવ અવસરે કહેવાશે.

**ચરિત્ર : "અંજના સતીને વનની વાટે મુનિના દર્શનનો અત્યંત આનંદ"**

અંજના સતી અને વસંતમાલા બંને એક પહાડ પર ચઢયા છે. અંજના પોતાનાં પાપકર્મોને દોષ આપે છે ને દુઃખમાં પણ સુખ માને છે. જંગલમાં મંગલ માને છે. દુનિયામાં સુખમાંથી સુખ તો સહુ શોધે છે પણ દુઃખમાંથી જે સુખ શોધે છે તે સાચો માનવ છે. એ તો એમ માને છે કે મને દુઃખ આવ્યું છે તે પણ સારા માટે. જો મને દુઃખ ન આવ્યું હોત તો મારી કસોટી કેવી રીતે થાત? દુનિયામાં કનકની કસોટી થાય છે પણ કથીરની કસોટી કોઈ કરતું નથી. જ્યારે કનક કસોટીમાંથી પસાર થાય છે ત્યારે સાચું કનક કહેવાય છે ને તેની કિંમત અંકાય છે. એમ વિચાર કરી આત્માને હિંમત આપે છે. ત્યાં શું બને છે:

> **ગિરિ ગુફા સતી રે નિહાળતી, તિહાં કણે દીઠા છે મુનિવર ધ્યાને ધીર તો,**
> **પંચ મહાવ્રત પાળતાં તપ, જપ સંયમે સોહે શરીર તો,**
> **અવધિજ્ઞાને કરી આગલા, જઈ કરી અંજનાએ વાંધા છે ચરણ તો,**
> **અતિ દુઃખ માંહે આનંદ હુએ, ભવોભવ હોજો રે તુમતણું શરણ તો,**
> **સતી રે શિરોમણી અંજના.**

અંજના અને વસંતમાલા બંને જ્યાં બેઠા હતા ત્યાંથી ઊભા થઈને આગળ ચાલે છે. એકબીજાને આશ્વાસન આપે છે. બંધુઓ! માણસને ગમે તેટલું દુઃખ આવે પણ જો તેના માથે કોઈ મીઠો હાથ ફેરવનાર હોય અને આશ્વાસનના બે શબ્દો કહેનાર જો હોય તો પણ તેનું દુઃખ હળવું બની જાય છે.

અંજના અને વસંતમાલા એકબીજાને આશ્વાસન આપતા ચાલ્યા જાય છે. અંજના મનથી, વચનથી કે કાયાથી કોઈનું બૂરું ચિંતવતી નથી. તેમજ સાસરીયા કે પિયરીયા કોઈને પણ દોષ દેતી નથી પણ પોતાના કર્મને નિંદે છે, કે જીવ! તારા કર્યા તારે ભોગવવાના છે. તેમ વિચારતી નવકારમંત્રનું સ્મરણ કરે છે. બંને જણાં આગળ ચાલે છે. ત્યાં એક વૃક્ષ નીચે પંચ મહાવ્રતધારી, તપ અને ત્યાગના તેજ જેમના મુખ ઉપર ઝળહળે છે તેવા અવધિજ્ઞાની સંતને ધ્યાનમાં ઊભેલા જોયા. સંતને જોતા અંજનાના અંતરમાં આનંદ આનંદ થઈ ગયો. જેમ ગાઢ અંધકારમાં એક નાનકડી મીણબત્તી કોઈ ધરે તો કેવો આનંદ થાય? તેમ અંજનાને ભયંકર દુઃખમાં મંગલકારી પવિત્ર સંતના દર્શન થતાં જે આનંદ થયો તે કોઈ અલૌકિક ને અવર્ણનીય હતો. આવો આનંદ ક્યારે પણ થયો નથી. અંજના વિચારે છે, કે મારા માટે તો જંગલમાં મંગલ થયું.

**સંતના દર્શન થવાથી દુઃખમાં પણ અંજનાએ પિતાજીની માનેલી કૃપા:-**

ધર્મના પ્રતાપે અંજનાને માટે જંગલ પણ મંગલરૂપી બની ગયું. અંજનાએ વસંતમાલાને કહ્યું, કે હે સખી! જો પિતાજીની આપણા ઉપર કૃપા થઈ ન હોત અને

તેમણે આપણા માટે વનમાં આવવાનો માર્ગ સરળ કરી દીધો ન હોત તો આપણને આ મહાત્માના દર્શન કેવી રીતે થઇ શક્ત ? અંજનાની આ વાત સાંભળી વસંતમાલાએ કહ્યું કે પિતાજીએ આપણને જંગલમાં મોકલીને આપણા ઉપર શી કૃપા કરી ? તેમણે તો આપણા ઉપર કૃપાને બદલે અવકૃપા કરી છે. જો વાસ્તવમાં પિતાએ આપણા ઉપર કૃપા કરી હોત તો આપણે જંગલમાં આવવું ન પડત અને ખાવા--પીવાનું તથા રહેવાનું કષ્ટ પણ ભોગવવું ન પડત.

વસંતમાલાની આ વાત સાંભળી અંજનાએ કહ્યું, હે સખી ! તમે વગર વિચાર્યે બોલો છો. તમારું કથન ભૂલ ભરેલું છે. પિતાની કૃપા હોત તો નગરમાં ખાવા-પીવા આદિની સગવડતા મળત. પણ અહીં જંગલમાં આ નિષ્પરિગ્રહી સંત પાસેથી આપણને શું મળવાનું છે ? આ તારી જે માન્યતા છે તે ભૂલ ભરેલી છે. આપણને જે કાંઇ મળે છે તે જો સારું છે તો એ સ્થિતિમાં આપણે એમ માનવું જોઇએ કે આ સંતના પ્રતાપથી આપણને મળ્યું છે. જે વસ્તુને આપણે સારી માનીએ છીએ તે ધર્મના પ્રતાપથી પ્રાપ્ત થાય છે. તે ધર્મ તત્ત્વને સમજાવનાર તથા ધર્મ તરફ દોરી જનાર આ સંત મહાત્મા છે. આવા પવિત્ર, નિઃસ્વાર્થી મુનિની સેવા કરવાથી જીવને મહાન લાભ થાય છે. મારા તો એ મહાન સદ્દભાગ્ય છે કે મને અહીં વનમાં પણ સંતના દર્શન થયા.

અંજના મુનિના શરણે ગઇ. બે હાથ જોડીને પ્રદક્ષિણા કરીને સંતના ચરણમાં પડી વંદન કર્યા પછી વસંતમાલાને કહેવા લાગી, આ મુનિ કેવી રીતે પદ્માસને બેસી, મન-વચન-કાયાને સ્થિર કરી કેવા શાંતભાવે બેઠા છે ! જાણે સાક્ષાત શાંતમૂર્તિ ! સિદ્ધાંતમાં કહ્યું છે, તેવા આ મુનિ દશવિધ યતિ ધર્મ આદિ મહાન ગુણોથી યુક્ત છે. આ મુનિની કરૂણા અને દયા આગળ વૈરભાવ ટકી શકે નહિ. બકરી કે સિંહ જેવા ભક્ષ્ય-ભક્ષક મનાતા વિરોધી સ્વભાવવાળા પ્રાણીઓ પણ આવા સરળ, સૌમ્ય, શાંતમૂર્તિ આગળ વૈર ભૂલી જાય એ સ્વાભાવિક છે.

આ પ્રમાણે કહી, મુનિને વંદન કરીને બોલવા લાગી, હે કરુણાના સાગર પ્રભુ ! તમારી એક આંખડી પણ જો મારા ઉપર પડશે તો પણ મારું કલ્યાણ થઇ જશે. વસંતમાલા અને અંજના બંને મુનિને વંદન કરી તેમની સામે બેસી ગયા. મુનિએ ધ્યાન પાળ્યું. પછી અંજનાને કહ્યું, કે તું રાજા મહેન્દ્રની પુત્રી જંગલમાં આવી છે ? અંજનાએ જવાબ આપ્યો, હા, ગુરુદેવ મને આપના દર્શન કરવાનો સુયોગ મળવાનો હતો એટલા માટે મને અહીં આવવાનો અવસર પ્રાપ્ત થયો છે. હે ગુરૂદેવ ! આપના દર્શન થવાથી આજે અમારું જીવન ધન્ય બની ગયું છે. અમારા મનના સઘળા મનોરથો પૂર્ણ થયા છે. મારા હૃદયમાં એક વાત તમને પૂછવાની ઇચ્છા થઇ છે. જો કે હું એ વાત બરાબર જાણું છું કે મારા કરેલા કર્મો મારે ભોગવવા પડે છે. પરંતુ હું આપની પાસે એ જાણવા ઇચ્છું છું કે

કયા કર્મના ઉદયથી મારે આવા દુઃખો ભોગવવા પડે છે. આપ કૃપા કરીને મારા પ્રશ્નનો ખુલાસાવાર જવાબ આપો તો મને અને મારી સખીને પણ સંતોષ થાય. દુઃખને પોતાનું કરેલું માનવાથી મનને સતોષ થાય છે.

મહાપુરૂષોએ દુઃખમાં પણ મનને સ્થિર રાખવાનો ઉપાય બતાવ્યો છે, કે ભલે સુખ મળે કે દુઃખ મળે પણ એ બંને પોતાના કરેલાં કર્મોનું ફળ માનવું. આ પ્રમાણે માનવાથી મન શાંત અને સ્થિર થશે. અંજનાએ પણ સુખ-દુઃખને કર્મનું ફળ માની સમભાવ કેળવ્યો હતો. એટલા માટે તેનું મન શાંત અને સ્થિર હતું.

અંજનાના પ્રશ્નનો જવાબ આપતાં ગુરૂદેવે કહ્યું કે કર્મની લીલા વિચિત્ર છે. જે પ્રમાણે એક નાનકડા બીજમાંથી મહાન વટવૃક્ષ પેદા થઈ જાય છે તે પ્રમાણે કર્મની લીલા પણ વિચિત્ર છે. હું તારા કર્મો વિષે સંપૂર્ણ વાત તો કહેતો નથી પણ થોડી વાત કહું છું. જે સાંભળવાથી તું કર્મની લીલા કેવી વિચિત્ર હોય છે તે જાણી શકીશ. હવે મુનિ અંજનાની કર્મકથા કહેશે ને શું બનશે તેના ભાવ અવસરે.

☆

## વ્યાખ્યાન નં. ૬૪

**ભાદરવા વદ ૧૨ ને બુધવાર** **તા. ૧-૧૦-૭૫**

વિશ્વવત્સલ વારિધિ, અનંત કૃપાનિધિ ભગવંતે જગતના જીવોના દુઃખ દૂર કરવા માટે સિદ્ધાંત પ્રરૂપ્યા છે. તેમાં તેઓ ફરમાવે છે, કે હે ભવ્ય જીવો! અવળી સમજણના કારણે તમે અનંત કાળથી દુઃખ ભોગવી રહ્યા છો તો હવે સાચી સમજણ પ્રાપ્ત કરો. જો સુખના સોપાને ચઢવું હોય તો તમારી દૃષ્ટિ બદલી નાંખો. તમે અહીં જે કાર્ય કરી શકશો તે બીજી ગતિમાં નહિ થાય. કારણ કે "संबोही खलु पेच्च दुल्लहा" પરલોકમાં બોધિબીજની પ્રાપ્તિ થવી દુર્લભ છે. જીવનમાંથી જે રાત્રિ અને દિવસો પસાર થઈ ગયા તે પાછા ફરીને આવવાના નથી અને આ મનુષ્યભવ પણ દુર્લભ છે. તો એ દુર્લભ ભવની સાર્થકતા કરી લો. કારણ કે બીજી ગતિમાં તો જ્યાં ગયા ત્યાં સમજણના અભાવે જીવે કર્મનું બંધન કર્યું છે.

**समावण्णा णं संसारे, नाणागोत्तासु जाइसु ।**
**कम्मा नाणाविहा कट्टु, पुढो विस्संभया पया ।।**

ઉત્ત. સૂ. અ. ૩ ગાથા ૨.

આ જીવે સંસારમાં વિવિધ પ્રકારના કર્મો કરીને અનેક ગોત્રવાળી જાતિઓમાં ઉત્પન્ન થઈને એક પણ આકાશ-પ્રદેશ ખાલી રાખ્યો નથી, કે જ્યાં તે જન્મ-મરણ પામ્યો ન હોય! અને માલિકી ધરાવી ન હોય! છતાં પણ હજુ સુધી સાચું સુખ કે શાંતિ મેળવી

શકયો નથી. જ્ઞાનીઓ તો કહે છે, કે હે પામર પ્રાણી! સુખ કે શાંતિ એ કોઇ બહારની ચીજ નથી. એ તો તારા અંતરમાં રહેલી છે. સુખ એ આત્માનો નિજ ગુણ છે. પણ માનવે તો બહારના પૌદ્‌ગલિક પદાર્થો....વસ્તુ કે વ્યકિતમાં સુખ માન્યું ને ત્યાં શોધ્યું. આ તો પેલા અજ્ઞાન કસ્તુરીયા મૃગ જેવું કર્યું. કસ્તુરીયા-મૃગની ડૂંટીમાં કસ્તુરી પાકે છે, તેની સુગંધ આવે છે પણ અજ્ઞાન મૃગલાને ભાન નથી કે આ સુગંધ શેની છે ને તે કયાંથી આવે છે? પોતાની નાભિમાં સુગંધ હોવા છતાં તેને ખબર નથી. એણે માન્યું છે કે કોઇ હરિયાળી ભૂમિમાંથી સુગંધ આવે છે. એટલે સુગંધની શોધમાં ચારે બાજુ ભમે છે. શોધી શોધીને મરી જાય પણ તેને સુગંધ મળતી નથી. કારણ કે સુગંધ છે પોતામાં ને શોધે છે બીજામાં, તો કયાંથી મળે?

આ અજ્ઞાન મૃગને ઉદ્દેશીને જ્ઞાનીઓ સમજાવે છે, કે મૃગ તો અજ્ઞાન ને તિર્યંચ હતો. તેથી તે પોતાની નાભિમાંથી કસ્તુરીની સુગંધ આવતી હોવા છતાં વને વને ભટકયો ને તેમાં તેની જિંદગી ખતમ કરી. તેને જ્ઞાન ન હતું પણ તમને તો જ્ઞાન છે ને? તમે તેના જેવા અજ્ઞાન તો નથી ને? છતાં તમે સુખની શોધ કયાં કરી રહ્યા છો? દેવ મંદિરોમાં, તીર્થયાત્રામાં કે પૈસામાં સુખની ખોજ કરી રહ્યા છો. પણ સુખ તીર્થસ્થાનોમાં, નદી કે કુંડમાં નથી. કૈલાસ, કાશી, મથુરા, મસ્જિદ કે પૈસા, પત્ની-પુત્ર પરિવારમાં નથી. પણ તમારી પાસે છે.

**જે સુખ ઢુંઢે તું જગમાં એ તો આભાસ છે (૨) સાચા સુખનો તો તારા અંતરમાં વાસ છે (૨) ઓ જીવડા રે...અંધારે ભટકયા કરવું તને શોભે ના ....મનવા**

**મનવા જે સુખની કરે તું આશા તને નથી મળવાનું,**
**દોડાદોડી ફોગટ કરવી તને શોભે ના મનવા....જે સુખની**

કવિ કહે છે, કે હે સુખપિપાસુ પ્રાણી! જે સુખનો તારામાં ભંડાર ભર્યો છે તે સુખ તું બહાર શોધે છે તો ત્રણ કાળમાં પણ કયાંથી મળવાનું છે? મૂળ વસ્તુને પકડો પણ તેના પ્રતિબિંબને ન પકડો. પ્રતિબિંબમાં સાચી વસ્તુ પકડાતી નથી. તેની છાયા પકડાય છે. કોઇ પાણીમાં ચંદ્રનું પ્રતિબિંબ જોઇને પકડવા જાય તો તમે શું કહો? બોલો. (હસાહસ) મારે તેમને મૂર્ખા નથી કહેવા. યાદ રાખજો સંસારના પૌદ્‌ગલિક પદાર્થોમાં કયારે પણ શાશ્વત સુખ મળવાનું નથી. સાચું સુખ મેળવવું હોય તો આત્મા તરફ દૃષ્ટિ કરો.

જેની દૃષ્ટિ આત્માભિમુખ થયેલી છે તેવા અનાથી નિર્ગ્રંથ શ્રેણીક રાજાને કહે છે, હે મહારાજા! મને ભયંકર રોગ થયો તે સમયે મારા માતા-પિતાએ ઘણાં ઉપાયો ને ઉપચારો કરવા છતાં મને રોગથી મુકત કરી શકયા નહિ. મારા પિતાજીએ તો મારો રોગ જે મટાડે તેને પોતાનું સર્વસ્વ આપી દેવાની જાહેરાત કરી હતી. મારા પિતાએ

જાહેર કર્યું પણ સાથે મારા ભાઈઓ પણ એવા હતા. એમણે એવો વિચાર ન કર્યો કે આ એક ભાઈની બીમારીમાં માતા-પિતા બધું ધન ખર્ચી નાંખશે તો અમારા ભાગમાં શું રહેશે? એમણે પણ કહ્યું કે અમારા ભાઈને માટે જે આપવું પડે તે આપી દેવા તૈયાર છીએ. કોઈ પણ રીતે મારો ભાઈ સાજો થવો જોઈએ.

**भायरो मे महाराय, सगा जेट्ठ कणिट्ठगा ।**
**न य दुक्खा विमोयन्ति, एसा मज्झ अणाहया ॥**

ઉત્ત. સૂ. અ. ૨૦ ગાથા ૨૬

હે મહારાજા! આવા મારા સગા નાના ને મોટા ભાઈઓએ મારી ખૂબ સેવા કરી, રાતના ઉજાગરા કર્યા પણ મને રોગથી મુક્ત કરી શક્યા નહિ. આ અમારી ચોથી અનાથતા છે.

બંધુઓ! ગાથામાં એમ કહ્યું કે અનાથી મુનિના સગા ભાઈઓ હતા. આ તો સગા ભાઈ છે. પણ પુણ્યોદય હોય ત્યાં અપર માતા હોવા છતાં એક માતાના જેવો પ્રેમ હોય છે. કૃષ્ણ અને બળભદ્રની શાસ્ત્રમાં વાત આવે છે.

જ્યારે દ્વારકા નગરીમાં એક પણ પ્રત્યાખ્યાન ન રહ્યું ત્યારે દ્વીપાયન ઋષિના કોપથી દ્વારકા નગરી ભડકે બળી. તે સમયે આખી દ્વારકા નગરીમાં કૃષ્ણ અને બલભદ્ર એ બે બાંધવો બચી ગયા હતા. બાકી આખું કુટુંબ, રાજમહેલ, મિલકત બધું બળીને સાફ થઈ ગયું. દ્વારકા નગરીની બહાર જઈને કૃષ્ણ કહે છે, અરેરે.... મોટાભાઈ આપણી સોનાની દ્વારકા નગરી બળી ગઈ. આપણા માતા-પિતા, ભાઈઓ બધા બળી ગયા. આપણે બંને નિરાધાર થઈ ગયા. આપણે શું કરીશું? ક્યાં જઈશું? ત્યારે બલભદ્રજી પોતાના લઘુ બાંધવને આશ્વાસન આપતાં કહે છે, કે વીરા! શા માટે તું રડે છે? હજુ આપણા પુણ્ય જીવતા ને જાગતા છે. ચાલ, આપણે આપણા કુંતા ફઈબાને ઘેર જઈએ. આપણા કુંતા ફઈબા આપણી દેવકી માતા જેવા છે. ત્યારે કૃષ્ણ કહે છે, ભાઈ! ફઈબાને ઘેર કયા મોઢે જઈએ? ત્યાં જતાં મારો પગ ઊપડતો નથી કારણ કે મેં તો પાંડવોને દેશનિકાલ કરેલા છે.

બંધુઓ! વાત એમ બની હતી કે પદ્મનાભ રાજાએ દેવ મારફત દ્રૌપદીનું અપહરણ કરાવી અમરકંકામાં મંગાવી. ત્યાર પછી ખબર મળતાં પાંચ પાંડવો અને કૃષ્ણ દ્રૌપદીને લેવા માટે ધાતકીખંડમાં ગયા. કૃષ્ણ વાસુદેવે એક પંજો પછાડી આખી અમરકંકા નગરીને ધણધણાવી નાંખી ને પદ્મનાભ રાજાને હરાવી દ્રૌપદીને લઈને પાછા ફર્યા. કૃષ્ણ વાસુદેવ ખૂબ વિશાળ દિલના હતા. તેઓ કહે છે, હે પાંડવો! તમે અને દ્રૌપદી આ હોડીમાં બેસીને સામે કિનારે પહોંચી જાવ. તમે સહીસલામત પહોંચીને હોડી પાછી મોકલજો. હું રાહ જોઈને બેઠો છું. પાંચ પાંડવો અને છઠ્ઠી દ્રૌપદી વડીલ બંધુની આજ્ઞા મુજબ હોડીમાં બેસીને સામે કિનારે પહોંચી ગયા ત્યારે પાંડવો કહે છે.

આપણે હોડી નથી મોકલવી, જોઈએ તો ખરા કૃષ્ણનું બળ! તેમણે એટલો વિચાર ન કર્યો કે અમે તો પદ્મનાભની સામે હારી ગયા હતા!

**પાંડવોએ કૃષ્ણનું બળ જોવાનું મન કર્યું** :- પાંડવોએ કૃષ્ણનું બળ જોવા માટે હોડી પાછી મોકલી નહિ. આ તરફ ઘણો સમય થઈ ગયો પણ હોડી પાછી ન આવી ત્યારે કૃષ્ણને ચિંતા થવા લાગી કે મારા ભાઈઓનું શું થયું હશે? સહીસલામત સામે કિનારે તો પહોંચી ગયા હશે ને? નદીમાં તોફાન તો નહિ થયું હોયને? હોડી ડૂબી તો નહિ ગઈ હોય ને? આવી અનેક અશુભ આશંકા કૃષ્ણને થવા લાગી છેવટે તેઓ બે ભુજા વડે સમુદ્ર પાર કરવા લાગ્યા. આ પ્રસંગે ગંગાદેવીએ તેમને વચમાં બંગલો બનાવી દીધો. એ વાસુદેવ હતા. એટલે એમના પુણ્યનું બળ હતું. થોડી વાર વિસામો લઈને બે ભુજાથી ગંગા નદી તરતાં તરતાં કિનારે આવ્યા. પાંડવોને ક્ષેમકુશળ જોઈને કૃષ્ણ હરખાયા. હોડીનુ ગમે તે બન્યું પણ મારા ભાઈઓ તો ક્ષેમકુશળ છે એટલે મને આનંદ. કૃષ્ણ વાસુદેવ કિનારે આવ્યા ને પૂછયું ભાઈ! તમે સહીસલામત પહોંચી ગયા છો ને? તમને કંઈ વાંધો તો નથી આવ્યો ને? ત્યારે પાંડવો કહે છે ના. અમે તો ખૂબ આનંદથી પહોંચી ગયા છીએ. ત્યારે કૃષ્ણ પૂછે છે, કે હોડી કયાં ગઈ? એ આત્માઓ પેટમાં કપટ રાખે તેવા ન હતા. સાચું બોલી ગયા. મોટાભાઈ! હોડી તો અમે પાણીમાં ડૂબાડી દીધી. શા માટે? આપનું બળ જોવા માટે.

**કૃષ્ણ મહારાજાએ કરેલો પડકાર** :- શું અમરકંકામાં મારું બળ નહોતું જોયું કે અત્યારે મારું બળ જોવા ઉઠયા છો? બસ, હવે તમને જીવતા ન છોડું. પાંડવો ને દ્રૌપદી રથમાં બેઠેલા હતા દ્રૌપદીને નીચે ઉતારીને પાંડવોને મારવા મુઠ્ઠી ઉગામી. મોટા પુરૂષની મુઠ્ઠી કદી ખાલી ન જાય. તરત દ્રૌપદી કૃષ્ણના પગમાં પડી ને ખૂબ આજીજી કરી. વીરા! જો તમારે મને રંડાપો આપવો હતો તો શા માટે દુશ્મનના પાશમાંથી છોડાવી? મારા શીયળની રક્ષા કરવા માટે મારા જીવનનો અંત લાવત. ખૂબ કાલાવાલા કર્યા ત્યારે કૃષ્ણજીએ પાંડવોને રથમાંથી ઉતારીને રથ ઉપર એક મુઠ્ઠી મારી રથના ચૂરેચૂરા કરી નાંખ્યા. જ્યાં રથ ભાંગ્યો હતો તે જગ્યાએ નદી વહે છે તેને ભાગીરથી કહેવામાં આવે છે. પાંડવોને જીવતાં છોડયા ને ફરમાન કર્યું કે હવે આજથી મારી હદમાં પગ મૂકશો નહિ. ત્યાર પછી પાંડવો ત્યાં હસ્તિનાપુર નગર વસાવીને રહ્યા.

જેને દેશનિકાલ કર્યા હતા તેને ઘેર જવાનો વખત આવ્યો એટલે કૃષ્ણને જવાનું મન થતું ન હતું. પણ એ મહાન પુરૂષો બની ગયેલી વાતને યાદ કરતા નથી. બનવાકાળે બની ગયું. બલભદ્ર કહે છે, ભાઈ! આપણા ફઈબા કે ભાઈઓ કોઈ આપણને મહેણું મારે તેવા નથી. ચાલ, આપણે જલદી ત્યાં પહોંચી જઈએ. બલભદ્રના કહેવાથી જવા માટે તૈયાર થયા. જેઓ કદી ખુલ્લા પગે ચાલ્યા ન હતા. એ બહાર જાય તો તેમની સાથે

સેંકડો માણસો રહેતા હતા. પગ મૂકે ને ધરતી ધ્રુજાવે એવા ત્રિખંડ અધિપતિ કૃષ્ણ અને બલભદ્ર બંને વનની વાટે એકલાઅટૂલા ચાલ્યા જાય છે. ખુબ થાક લાગ્યો. પાણી વિના કૃષ્ણનો કંઠ સુકાવા લાગ્યો. આંખે અંધારા આવવા લાગ્યા. કૃષ્ણજી કહે છે, વીરા! મારાથી હવે ચલાતું નથી. મને ગમે ત્યાંથી પાણી લાવી આપો. બલદ્રભજી કહે છે ભાઈ! તું અહીં સૂઈ જા. હું તારા માટે પાણી લઈને આવું છું. કૃષ્ણ મહારાજા એક વૃક્ષ નીચે પગ ઉપર પગ ચઢાવીને સૂતા હતા. તેમના પગમાં પદ્મ હતું. દૂરથી જરાકુમારે હરણીયું માનીને બાણ છોડયું ને તે કૃષ્ણના પગના તળિયામાં વાગ્યું. લોહીની ધાર થઈ પણ કૃષ્ણે એક ઉંકારો સરખો પણ કર્યો નહિ. ત્યારે જરાકુમારના મનમાં થયું કે મેં બાણ માર્યું પણ અવાજ કેમ ન થયો? તરત જરાકુમાર ત્યાં આવ્યા ને કૃષ્ણને જોયા.

**અરેરે...ભગવાનના વચન સત્ય પડી ગયા:**–જરાકુમાર કૃષ્ણને જોતાં પછાડ ખાઈને પડી ગયા. અરર....ભાઈ! તમે અહીં કયાંથી? મને ખબર નહિ ને મેં બાણ માર્યું. હું કેવો પાપી! કે મોટા ભાઈને મેં બાણ માર્યું. ભગવાનના વચન સાચા પડયા. તમારા માટે બાર બાર વર્ષથી રાજ્યનો ત્યાગ કરીને વનમાં આવીને વસ્યો. છતાં આ અધમ પાપીએ તમને બાણથી વીંધી નાંખ્યા? જરાકુમાર કરૂણ સ્વરે છૂટા મોઢે રડયો. ત્યારે કૃષ્ણજી કહે છે, ભાઈ! જે બનવાનું હતું તે બની ગયું. તું રડીશ નહિ. કલ્પાંત ન કરીશ. જ્ઞાનીના વચન ત્રણ કાળમાં મિથ્યા થતા નથી. પણ હવે તું અહીંથી જલદી ચાલ્યો જા. હમણાં મોટાભાઈ પાણી લઈને આવશે. તેમને મારા પ્રત્યે અતિ રાગ છે. એટલે આ બધું જોશે તો તને મારી નાંખશે. એમ કહીને પોતાના હાથમાં એક કિંમતી હીરાની વીંટી હતી તે કાઢીને આપી અને કહ્યું, કે આ વીંટી તું કુંતા ફોઈને આપજે ને કહેજે કે આ તમારા પિયરનો છેલ્લો કરિયાવર છે. હવે તમારૂં પિયર પરવારી ગયું. આટલું કહી જરાકુમારને રવાના કર્યો.

**કૃષ્ણ મહારાજાએ બાણ ખેંચતા છોડેલા પ્રાણ:**–કૃષ્ણના પગમાં બાણ વાગ્યું હતું તે ખેંચીને કાઢી નાંખ્યું. ખૂબ વેદના થાય છે. થોડીવારમાં કૃષ્ણે પ્રાણ છોડી દીધા. થોડી વારે બલભદ્ર એક પાંદડાના પડામાં પાણી લઈને આવ્યા. પોતાને પણ ખૂબ તરસ લાગી હતી પણ મારો લઘુ બંધવ પાણી વિના તરફડતો હોય ને એને મૂકીને મારાથી પાણી કેમ પીવાય? ભાઈ પ્રત્યેનો કેટલો પ્રેમ! દેવાનુપ્રિયો! તમે આ જગ્યા એ પાણી લેવા ગયા હો તો શું કરો? તમે તો એમ વિચાર કરો કે તળાવે આવીને તરસ્યા કોણ જાય! હું પાણી પીતો જાઉં ને ભાઈને માટે લેતો જાઉં. બલભદ્રે પાણીનું એક ટીપું પણ ન પીધું ને ભાઈને માટે ઉતાવળા પાણી લઈને આવ્યા. પણ ભાઈ તો ગાઢ નિદ્રામાં પોઢી ગયા છે.

**બલભદ્ર રડતા આંસુએ ભાઈને જગાડવા પ્રયત્ન કરે છે:**– બલભદ્ર કહે

છે, ભાઈ ! ઊઠ. તારો બાંધવ પાણી લઈને આવ્યો છે. આમ બોલ્યા પણ કૃષ્ણે જવાબ ન આપ્યો. ખૂબ ઢંઢોળ્યો પણ જવાબ દેતો નથી. ત્યારે બલભદ્રજી શું કહે છે :-

**જાગો જાગોને ઓ કૃષ્ણવીરા બલભદ્રજી આવીયા,**
**પાણી લઈને આવ્યા તારે કાજ, જાગો ને જુઓ મારા ભાઈ રે.**

મારા વીરા ! ઊઠો, જાગો. પાણી પી લો. હજુ આપણે ઘણો લાંબો પંથ કાપવાનો છે. પણ કોણ જવાબ આપે ? અંદર ચેતનદેવ હોય તો બોલેને ? ખૂબ બોલાવ્યા, ઢંઢોળ્યા તો પણ જવાબ ન મળ્યો એટલે બલભદ્રજીએ માન્યું કે મને પાણી લઈને આવતા વાર લાગી તેથી મારો ભાઈ મારાથી રીસાઈ ગયો છે. બંધુઓ ! જુઓ તો ખરા ! જીવને મોહ કેટલો મૂંઝવે છે ? બલભદ્રજી એ કોઈ સામાન્ય ન હતા છતાં પણ જ્યાં સુધી રાગ હતો ત્યાં સુધી તેમણે કેવું કર્યું છે ! વળી પાછા બોલે છે :-

**કેમ સૂતા રીસાઈને આજ, ઊઠોને મારા બંધવા**
**કંકરની શૈયા કેમ સહેવાય, સોનાના પલંગે પોઢતા**

અરેરે....મારો ભાઈ મખમલની શૈયામાં છત્રપલંગમાં પોઢનારો આજે કાંકરામાં સૂતો છે.

**ફૂલ શૈયામાં સૂનારો ભાઈ, વેળા વસમી પડી,**
**પડયો આ જ વિકટ વેરાન, કર્મગતિ વાંકુડી,**
**મનગમતા ભોજન જમનાર, ખામી જરા ના હતી,**
**દિવસ કાઢયા વનફળો ખાઈ, રહી ના સુખની ગતિ,**

કોમળ ફૂલની શૈયામાં સૂનારો બાંધવ આજે વિકટ વેરાનમાં પડયો છે. મનગમતાં મીઠા ભોજન રોજ જમતો હતો. જેને કાંઈ ખામી ન હતી તે વનફળ ખાઈને દિવસ પસાર કરી રહ્યો છે. બલભદ્ર કહે છે વીરા ! તારી કોમળ કાયામાં તને કાંકરા નથી વાગતા ? ઊઠ ભાઈ, જલદી ઊઠ. આવા વનવગડામાં તું મારાથી રિસાઈને બેઠો છે પણ મને કેમ ગમશે ?

**બંધુ વીણ તૂટી જમણી બાંય, નિરાધાર થઈ રહ્યો.**
**આ વને નહિ કોઈ રે આધાર, ભાઈ મારો સૂઈ રહ્યો.**

મારા બાંધવ વિના મારી જમણી બાંય તૂટી ગઈ છે. હું નિરાધાર બની ગયો છું. આ વનવગડામાં મારે બીજો કોઈ આધાર નથી. આવી રીતે ખૂબ કલ્પાંત કરવા લાગ્યા.

**બલભદ્ર પડયો મોહપાશ, રૂવે ચોધાર નીરે,**
**દેખી ઉદાધ ઉમટયો, જેમ સમાય નહિ ચક્ષુએ**

જુઓ, બલભદ્રને ભાઈનો કેટલો મોહ છે ! ભાઈ બોલતો નથી તેથી ચોધારા

આંસુએ રડે છે. આંખોમાં આંસુ સૂકાતા નથી. પણ એમ ખબર નથી પડતી કે મારો ભાઈ જીવે છે કે મૃત્યુ પામ્યો છે? ભાઈને બોલાવવા ઘણું કર્યું પણ આંખ ન ખોલી. જવાબ ન દીધો ત્યારે ભાઈનું શબ ખભે લઈને બલભદ્ર ફરવા લાગ્યા. માર્ગમાં કોઈ મળે તો તેને કહેતા કે મારો ભાઈ રીસાઈ ગયો છે તેને મનાવો ને? એ મારી સાથે બોલે તેમ કરો ને? ત્યારે કોઈ કહે આ તો મરી ગયો છે. એમ કહે તો તેમને એ શબ્દો સાંભળવા ગમતા નહિ. આ રીતે છ મહિના સુધી બલભદ્ર કૃષ્ણના શબને ખભે લઈને ફર્યા. કેટલો ભાતૃપ્રેમ! વાસુદેવની એવી પુન્નાઈ હોય છે કે છ મહિના સુધી એનું શબ સડતું નથી કે ગંધાતું પણ નથી. આપણા શરીરમાંથી પ્રાણ ચાલ્યા જાય એટલે બે ઘડીમાં જીવોની ઉત્પત્તિ થઈ જાય છે.

બંધુઓ! સિદ્ધગતિને પ્રાપ્ત કરવા માટે શરીર સાધન છે. માટે જ્યાં સુધી શરીર સારું છે ત્યાં સુધી કામ કાઢી લો, પણ એનો મોહ ન રાખો. કૃષ્ણના શબને લઈને બલભદ્ર ફર્યા કરે છે. છેવટે તેમનો મોહ છોડાવવા માટે દેવલોકમાંથી દેવ આવે છે ને એવી માયા રચે છે કે એક માણસ ગોરસીમાં પાણી લઈને વલોવી રહ્યો હતો. તેને પૂછે છે કે ભાઈ! આ તું શું કરે છે? તો કહે કે પાણી વલોવું છું. ત્યારે બલભદ્ર કહે કે મૂર્ખ! પાણી વલોવે કદી માખણ મળતું હશે? ત્યારે તેને એ જવાબ મળ્યો કે મરેલા જીવતા થતા હશે કે તું તારા ભાઈના શબને લઈને ફરે છે. ત્યાંથી આગળ ચાલ્યો તો એક માણસ પથ્થર ઉપર હળ ખેડે છે. આ જોઈ બલભદ્રજી કહે ભાઈ! પથ્થર ઉપર તે કદી હળ ખેડાતા હશે? પથ્થરમાં કદી બીજ ઉગશે? બીજ તો જમીનમાં ઉગે છે. ત્યારે દેવ કહે છે, એ ન બને તો મડદા કદી જીવતા થતા હશે કે તું તારા ભાઈને લઈને ફરે છે. ત્યાંથી આગળ ચાલ્યા તો એક તેલી ઘાણીમાં તલને બદલે કાંકરા પીસી રહયો હતો. આ જોઈને બલભદ્ર કહે કે મૂર્ખ! કાંકરા પીલે કદી તેલ મળે ખરું? તલ પીલે તેલ મળે. ત્યારે તેલી કહે છે ભાઈ કાંકરા પીલે તેલ ન મળે તો તું છ છ મહિનાથી તારા ભાઈના શબને લઈને ફરે છે તો શું એ તારી સાથે બોલશે? આ રીતે દરેક જગ્યાએથી એક જવાબ મળતાં બલભદ્રજીને ભાન થયું કે મારો ભાઈ મરી ગયો છે.

**ખટ માસે દીધો અગ્નિદાહ, છોડી મોહ ફંદને,**
**પામ્યા અંતરથી વૈરાગ્ય, સંયમ લીધો રાગથી.**

છ મહિને કૃષ્ણના શબની અંતિમ ક્રિયા કરીને પોતે દીક્ષા લીધી. બોલો, તમને તમારા ભાઈ પ્રત્યે આટલો પ્રેમ છે! તમારી બધાની સગાઈ સ્વાર્થની છે. સંસારમાં જ્યાં જોઈએ ત્યાં સ્વાર્થ, સ્વાર્થ ને સ્વાર્થ ભર્યો છે. હવે આ સ્વાર્થની સાંકળને તોડી સમજણના ઘરમાં આવો ને પરભવનું ભાતું ભરી લો.

અનાથી મુનિ શ્રેણીક રાજાને કહે છે, હે મહારાજા! મારા ભાઈઓનો મારા પ્રત્યે

કૃષ્ણ અને બલભદ્ર જેવો પ્રેમ હતો. પવિત્ર ને પ્રેમના ભરેલા ભાઈઓ પણ મને દુઃખથી મુક્ત કરી શક્યા નહિ. હવે આગળ બીજી અનાથતાનું વર્ણન કરશે તેના ભાવ અવસરે.

**ચારિત્ર :–** જેની દૃષ્ટિ સવળી છે તે બધું સવળું દેખે છે. તે અનુસાર સતી અંજનાની દૃષ્ટિ પણ સવળી હતી. તે ક્યારે પણ કોઈનો દોષ કાઢતી નથી. કુળવાન કન્યાને સાસરે ગમે તેવા દુઃખ પડે તો પણ કદી બહાર વાત કરતી નથી. આનું નામ જાતિવંત. અંજના સતી ખાનદાન અને જાતિવાન હતી. આજે તો જાતિ નથી જોવાતી પણ રૂપ જોવાય છે. કેમ બરાબર ને?

અંજનાજીને સંતના દર્શન થવાથી કોઈ અનેરો આનંદ થયો. તેણે સંતને પૂછ્યું, કે અહો ગુરુદેવ! મેં એવા શું શું કર્મો કર્યા કે મારા માથે આવા કલંક ચઢયા ને મને આવા દુઃખ પડયા?

**"મહાન ચારિત્રસંપન્ન મુનિએ અંજનાને કહેલો પૂર્વભવ" :–**

**ઋષિ કહે તમે સાંભળો શોકય તણો ભવે કીધું છે કર્મ તો,**
**તું હતી ધર્મની દ્વેષણી, અહોનિશ કરતી જિનધર્મ દ્વેષ તો,**
**સાધુ તણો ઓઘો ચોરીયો, તેર ઘડી રાખ્યો પાડોશણે એમ તો.**
**(જંહા લગી સાધુ વહોરે નહિ, તિહાં લગી અન્નપાણી તણો મુજ નેમ તો–સતી રે....**

મુનિ કહે છે સાંભળો, તેં પૂર્વભવમાં શોકય ઉપર ખૂબ દ્વેષ કર્યો છે. કનકપુર નગરમાં કનકરથ રાજાને એક લક્ષ્મીવતી અને બીજી કનકોદરી નામની બે રાણીઓ હતી. તેમાં લક્ષ્મીવતીને જૈનધર્મ પ્રત્યે ખૂબ શ્રદ્ધા હતી. એની રગેરગમાં જૈન ધર્મ રુચેલો હતો. આવી લક્ષ્મીવતી રાણી તારી શોકય હતી. તું જૈનધર્મની દુશ્મન હતી. લક્ષ્મીવતી તો જૈન સંતોને દેખે ને ગાંડીઘેલી થઈ જાય. એને ખબર પડે કે સંત પધાર્યા છે તો દોડતી ધર્મસ્થાનકે જાય ને ગૌચરી-પાણીનો લાભ દેવા ખૂબ આગ્રહભરી વિનંતી કરતી. સંત પોતાને ત્યાં પધારે ને જેટલા દ્રવ્ય વહોરે તેટલા દ્રવ્ય પોતે ખાતી ને ગામમાં સંત હોય અને દાન દેવાનો લાભ ના મળે તો વિગયનો ત્યાગ કરતી.

લક્ષ્મીવતીના આંગણે આવેલા કોઈ દુઃખી કે સ્વધર્મી કે ભિખારી કદી ખાલી હાથે જતા ન હતા. ખાલી આવ્યા હોય તો કંઈક લઈને જતા. રડતો આવેલો માનવી હસતો થઈને જતો. તે પ્રસન્ન મુખે અને સમતા ભરેલા હૈયાથી સૌનો આદર સત્કાર કરતી હતી અને સહુને ધર્મનો મહિમા સમજાવતી હતી. આવા તેનામાં સદ્ગુણો હોવાથી લોકોમાં તેની પ્રશંસા ખૂબ થઈ ને આખા ગામમાં ગુણ ગવાયા.

મુનિ કહે છે, હે અંજના! લક્ષ્મીવતીની ઘેર ઘેર પ્રશંસા થાય, સહુ તેને માન આપે, તે તું (કનકોદરી રાણી) સહન કરી શકી નહિ. કહેવત છે ને કે મનુષ્યને તલવારના ઘા સહન કરવા સહેલા છે, ઉગ્ર તપશ્ચર્યાના કષ્ટ સહન કરવા સહેલા છે પણ બીજાનો

ઉત્કર્ષ સહન કરવો કઠિન છે. જ્યારે બીજાનો ઉત્કર્ષ સહન થતો નથી ત્યારે મનુષ્ય બીજાના દોષો જોવા પ્રેરાય છે. કનકોદરી સદા લક્ષ્મીવતીના દોષો જોતી હતી. બસ, તેના મનમાં એમ થઇ ગયું કે જ્યાં જુઓ ત્યાં એનું માન. લોકો એની પ્રશંસા કરે. હવે તો કોઇ પણ રીતે એને હલકી પાડવી. મુનિ કહે છે આ વસંતમાલા પણ તે વખતે સુલેખા નામની તારી સખી હતી. તે તારા વિચારોમાં સંમત થઈને લક્ષ્મીવતીને હલકી પાડવાના રસ્તા બતાવતી હતી.

**અંજના સતીએ પૂર્વભવમાં શું ભૂલ કરી હતી?:–** એક વખત જૈન મુનિ ગૌચરી માટે પધાર્યા. તું તો જૈન ધર્મની પાકી દુશ્મન હતી. એટલે તને તો ધર્મની વાત બિલકુલ રુચતી ન હતી. જૈનના સાધુ પણ ગમતા ન હતા. તું સાધુની નિંદા કરતી હતી. મુનિ માસખમણના તપસ્વી હતા. તેઓ ગૌચરી વહોરતી વખતે રજોહરણ (ઓઘો) બાજુમાં નીચે મૂકી ગૌચરી વહોરતા હતા. આ સમયનો લાભ લઇને સુલેખાની સલાહ પ્રમાણે રજોહરણ છાનોમાનો લઇને સંતાડી દીધો. હવે મુનિ ગૌચરી વહોરીને પાતરા ઝોળીમાં ભેગા કરીને રજોહરણ લેવા જાય તો રજોહરણ મળતો નથી. સંત પૂછે છે બહેન! મારો રજોહરણ કયાં ગયો? લક્ષ્મીવતીએ રજોહરણ શોધ્યો પણ જડતો નથી ત્યારે કનકોદરીને પૂછે છે બહેન! તેં મુનિનો રજોહરણ જોયો છે? અગર તેં હાંસી મશ્કરીમાં કદાચ સંતાડી દીધો છે? જો લીધો હોય તો આપી દે. ત્યારે કનકોદરી કહે છે મેં તો જોયો નથી. ખુબ પૂછયું પણ એ તો ના મક્કમ ગઇ. સાધુ તો રજોહરણ વિના એક પગલું પણ ભરી શકે નહિ. તેમ કારણ વિના ગૃહસ્થીને ઘેર બેસે પણ નહિ.

**तिण्ह मन्नयरागस्स, निसेज्जा जस्स कप्पइ ।**
**जराए अभिभूयस्स, वाहियस्स तवस्सिणो ।।**

દશ. સૂ. અ. ૬ ગાથા ૬૦

દશવૈકાલીક સૂત્રમાં ત્રણ કારણે સાધુને ગૃહસ્થને ઘેર બેસવાની છૂટ આપી છે. એક સાધુ વૃદ્ધ હોય, રોગી હોય, અગર તપસ્વી હોય ને ખૂબ થાકી જાય તો ગૃહસ્થની આજ્ઞા લઇને વિસામો લેવા બેસી શકે. બાકી ગૃહસ્થને ઘેર બેસવાની ભગવાનની મનાઇ છે. આ સંત ધ્યાન કરીને ઉભા રહી ગયા. તેં તેર ઘડી સુધી રજોહરણ સંતાડી રાખ્યો. છેવટે સંત ધ્યાન પાળીને કહે છે બહેન! હવે મારે મારા સ્થાનકે ગયા વિના છૂટકો નથી. આ લીધેલા આહારપાણી વાપરવાનો કાળ આવવાને થોડી વાર છે ને રજોહરણ વિના ચાલી શકાય નહીં. મારે શું કરવું? મુનિ મનમાં મૂંઝાય છે. ત્યારે લક્ષ્મીવતીને પણ પશ્ચાતાપનો પાર નથી. હું કેવી કમભાગી કે મારે ઘેર સંત પધાર્યા ને તેમનો ઓઘો ચોરાઈ ગયો. માસખમણનું પારણું પણ થયું નથી. મને કેવું પાપ લાગશે? એણે પણ નિર્ણય કર્યો કે જ્યાં સુધી મારા ગુરુદેવનો ઓઘો મળે નહિ ત્યાં સુધી

અન્નપાણી લેવા નહિ. રાણી ચોધારા આંસુએ રડે છે. ને કનકોદરીને સમજાવે છે કે બહેન! આ સંતને રજોહરણ વિના પગલું પણ ભરાય નહિ. જો તે નહિ મળે તો ઉપાશ્રયે કેવી રીતે જશે? એક મહિનાના ઉપવાસી છે. તેમને પારણું નહિ થાય તો આપણે અંતરાયના ભાગી બનીએ. મુનિની અશાતના કરવી તે ઘોર પાપ છે. આ રીતે ખૂબ સમજાવ્યું. આથી એને શું વિચાર આવશે તેના ભાવ અવસરે.

☆

## વ્યાખ્યાન નં. ૬૫

**ભાદરવા વદ ૧૩ ને ગુરૂવાર** **તા. ૨-૧૦-૭૬**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંત જ્ઞાની ભગવંતે જગતના જીવોના અજ્ઞાનનો અંધકાર ટાળવા માટે આગમમાં શ્રુતજ્ઞાનની રોશની રેલાવી છે. નંદીસૂત્રમાં પાંચ જ્ઞાનનું વિવેચન કરવામાં આવ્યું છે. ભગવંતે જ્ઞાનનો મહિમા ખૂબ વર્ણવ્યો છે. આત્માના બે મુખ્ય ગુણો છે. એક જ્ઞાન અને બીજું દર્શન તેમાં જ્ઞાન ગુણ મહાન છે. જ્ઞાન એ આત્માનો પ્રધાન ગુણ છે. "पढमं नाणं तओ दया।"

એટલા માટે મહાન પુરુષો આપણને દાંડી પીટાવીને કહે છે, કે જીવનમાં જ્ઞાનનો વિકાસ કરવો અત્યંત આવશ્યક છે, આપણું મુખ્ય ધ્યેય મોક્ષ છે ને તેને પ્રાપ્ત કરવા માટે જ્ઞાનની પ્રાપ્તિ અનિવાર્ય છે. જ્ઞાન એ માર્ગદર્શક છે. સકલ વસ્તુત્વનો પ્રકાશક છે.

શાસ્ત્રમાં બતાવેલા મોક્ષમાર્ગને સદ્ગુરૂઓ જ્ઞાનદ્વારા પ્રકાશિત કરે છે. પણ આપણે જો એ માર્ગથી માહિતગાર ન બનીએ તો કાર્ય કેવી રીતે સાધી શકીશું? માર્ગ જાણ્યાં પછી પણ પ્રયાણ તો આપણે કરવાનું છે. માર્ગમાં આવતા વિઘ્નોથી સાવધાન પણ આપણે રહેવું પડશે. દરેક વખતે કંઇ ગુરૂઓ તમારી સાથે નહિ રહે. પણ તેમણે આપેલું જ્ઞાન સદા સાથે રહી શકશે. જેમ ગાડાવાળો બળદને જે તરફ દોરે તે તરફ બળદ જાય છે. તેમ આપણા મનને આપણે જે તરફ વાળશું તે તરફ વાળશે. જ્ઞાનથી વિવેક પ્રાપ્ત થાય છે. અને તે મનને સાચું માર્ગદર્શન આપે છે. માટે જ્ઞાનની મહત્તા સમજીને હૈયામાં ઉતારો અને આચરણમાં મૂકો. જ્ઞાનદૃષ્ટિ ખીલે તો સંવેગ-વૈરાગ્ય આવે. જ્ઞાની અને વૈરાગી આત્મા વિષય કષાયથી છૂટી શકે છે. જેમ ભૂંડ વિષ્ટામાં આનંદ માણે છે તેમ અજ્ઞાની અજ્ઞાનમાં આનંદ માણી રઝળે છે. હંસ સરોવરમાં રહી આનંદપ્રમોદ કરે છે તેમ જ્ઞાની આત્માને જ્ઞાનસાગરમાં આનંદ આવે છે.

બંધુઓ! જ્ઞાનનો મહિમા જેટલો ગાઇએ તેટલો ઓછો છે. જેની પાસે જ્ઞાન હોય છે તે આત્મા નિર્ભય બને છે. આત્મા જ્ઞાનરૂપી વજ્રદ્વારા મિથ્યાત્વ રૂપી પર્વતનો

ભૂક્કો કરી નાંખે છે. જ્ઞાન એવા પ્રકારનું અદ્દભૂત અમૃત છે કે જેનું પાન કરવાથી આત્મા અજર અમર સ્થાનને પ્રાપ્ત કરે છે. સમ્યગ્જ્ઞાન એ સાચું અમૃત છે. જે માનવને અમૃતમય બનાવે છે. જ્યારે આત્મા જ્ઞાનદશામાં ઝૂલે છે. ત્યારે તે આનંદમય જીવન જીવે છે. અજ્ઞાનદશામાં ઝૂલવાથી આનંદમય જીવનનો નાશ થાય છે. તેથી તે આત્માનું ભાવમરણ કહેવાય છે. દ્રવ્ય પ્રાણનો વિયોગ થાય તે દ્રવ્યમરણ છે અને આત્માના જ્ઞાન-દર્શન આદિ ભાવ પ્રાણો છે. તેના નાશથી આત્માનું ભાવમરણ થાય છે, આપણામાં જ્ઞાનરૂપ ભાવ પ્રાણ ન હોય તો શ્વાસોચ્છ્વાસ પણ લઈ શકીએ નહિ. જ્ઞાન એ આપણો ભાવપ્રાણ છે.

કોઈ દુકાનમાં અમૃત રસનું વેચાણ થાય છે તેની તમને ખબર પડે તો તમે લેવા જાઓ કે નહિ? અને તે પણ પૈસા વગર મફત મળે તો લેવા તૈયાર થઈ જાઓ ને!

તમારા મહાન પુણ્યોદયે તમને એવા પ્રકારની દુકાન મળી ગઈ છે. પણ મળવા માત્રથી સંતોષ માનવાનો નથી. પણ તમે તેમાંથી ખરીદી કેટલી કરી તેનો વિચાર કરો. જ્ઞાન અલૌકિક રસાયણ છે. છતાં આશ્ચર્યની વાત તો એ છે કે જ્ઞાનામૃતનું રસાયણ સમુદ્ર અગર બીજી વસ્તુમાંથી ઉત્પન્ન થતું નથી. તમે જેને રસાયણ કહો છો તે તો અમુક પ્રમાણમાં લેવાય. જો પ્રમાણથી વધુ લેવામાં આવે તો નુકસાન થાય. જ્યારે જ્ઞાનરૂપી રસાયણનો જેમ વધુ ઉપયોગ કરીએ તેમ વિશેષ પુષ્ટિ મળે પણ નુકસાન તો કરે નહિ. આરોગ્યની વૃદ્ધિ કરે અને ફરીને મરણ ન થાય તેવું અમરપદ પ્રાપ્ત કરાવે. જીવે શરીર, ધન-પરિવાર આદિ ને પોતાના માન્યા છે અને જે જ્ઞાનાદિ ગુણો પોતાના છે તેને પારકા માન્યા છે. આ માન્યતા ભૂલ ભરેલી છે. તમે તમારા આત્માને એકાંતમાં પૂછો કે તારું પોતાનું શું? જ્ઞાન-દર્શનાદિ ગુણો પોતાના છે, જે પોતાની સાથે આવે તે પોતાનું છે. બાકીનું બધું પરાયું છે. જ્ઞાનથી સમતાની પ્રાપ્તિ થાય છે. સાચું સુખ પ્રાપ્ત કરવા માટે જ્ઞાનની અત્યંત આવશ્યકતા છે.

જ્ઞાન પ્રાપ્ત કરવા માટે પ્રબળ પુરૂષાર્થ કરવો પડશે. જેમ તમારે પાણીની જરૂર પડે તો ખાડો ખોદતાંની સાથે પાણી મળે ખરું? પહેલાં પથ્થર, માટી ને કાંકરાના પડને ભેદવું પડે છે. ખૂબ શ્રમ કરીને જેમ જેમ ઉંડાણમાં ખોદતા જઈએ તેમ આખરે નિર્મળ મધુર જળનું ઝરણું મળે છે. તેમ આત્માના નિર્મળ જ્ઞાનના ઝરણાંને પ્રાપ્ત કરવા માટે વિષય-કષાય, ઈર્ષ્યા, રાગ-દ્વેષાદિના પડને તોડવું પડશે તો જ્ઞાનની પ્રાપ્તિ થશે.

ઉત્તરાધ્યયન સૂત્રનું ૨૦ મું અધ્યયન જેમાં અનાથી નિર્ગ્રંથ અપૂર્વજ્ઞાન સાગરમાં ઝૂલતાં હતા. રાજા શ્રેણીકને પોતાના જેવું જ્ઞાન પ્રાપ્ત કરાવી સવળે માર્ગે વાળવા માટે સનાથ અને અનાથનો ભેદ સમજાવે છે. તેઓ કહે છે હે મહારાજા! મોટા મોટા રાજવૈદો તથા મારા માતા-પિતા અને ભાઈઓ કોઈ મને ભયંકર વેદનાથી મુકત કરાવી શકયા

નહિ. કોઇના પુણ્યમાં જો ખામી હોય તો બધા સરખી લાગણીવાળા ન હોય. પણ મારા માટે તો મારા માતા-પિતા, ભાઈ-ભાભી બધા અત્યંત લાગણીશીલ હતા. આગળ અનાથી મુનિ કહે છે :–

**भइणिओ मे महाराय, सगा जेट्ठ कणिट्ठगा ।**
**न य दुक्खा विमोयन्ति, एसा मज्झ अणाहया ।।**

ઉત્ત. સૂ. અ. ૨૦ ગાથા ૨૭

હે રાજન્! મારે સગી નાની ને મોટી બહેનો પણ હતી. અહીં સગી બહેનો હતી તેમ કહેવાનું કારણ શું? તમે સમજ્યા? સામાન્ય રીતે જોઇએ તો પોતાની પરણેલી સ્ત્રી સિવાય કોઇ પણ સ્ત્રીને ધર્મના સબંધે બહેન કહેવાય છે. પણ સગી બહેન કહેવાતી નથી. એ મારી સગી બહેનો પણ મારો રોગ નાબૂદ કરવા માટે તેનાથી થાય તેટલા પ્રયત્નો કરતી હતી. પણ મારો રોગ મટાડી શકી નહિ. બંધુઓ! અહીં કદાચ તમને એમ થશે કે માતા-પિતા અને ભાઇઓ તથા વૈદો ને ડોકટરો એક આની વેદના પણ ઓછી કરી શકયા નહિ. તો પછી બહેનોનું શું ગજું? જ્યાં સૂર્યનો પ્રકાશ કામ ન લાગ્યો ત્યાં દીપકનો પ્રકાશ શું કરી શકે? આ રીતે અનાથી મુનિના માતા-પિતા અને ભાઇઓ તેમને દુઃખથી મુકત ન કરી શકયા તો પછી બહેનો દુઃખમુકત ન કરી શકે તે સમજી શકાય તેવી વાત છે. છતાં અહીં શાસ્ત્રકારે શા માટે જુદું વર્ણન કર્યું હશે?

જે કાર્ય મોટાથી ન થઇ શકે તે નાનાથી ન થઇ શકે એમ માની લેવું તે મોટી ભૂલ છે. ઘણીય વખત અમારી બહેનો તમને કંઇ કહે તો તમે તરત કહી દો છો કે તું અમારી વાતમાં શું સમજે? તું શું કરી શકવાની છે? પણ ઘણી વખત જે કાર્ય પુરૂષ નથી કરી શકતો તે સ્ત્રી કરી શકે છે. આજે તમે જુઓ છો ને કે તમારા ભારતના વડા પ્રધાન (ઇન્દિરા ગાંધી) કેટલા મુત્સદ્દી છે. ભલભલા બુદ્ધિશાળી માણસોને પણ પાણી પીતા કરી દે છે ને? બીજી રીતે સોની સોનાને ઓગાળવા માટે દીવાના પ્રકાશથી જે કાર્ય કરી શકે છે તે કામ સૂર્ય અનંત પ્રકાશવાન હોવા છતાં કરી શકતો નથી. આ રીતે બહેનો પણ મહાન કાર્ય કરી શકે છે.

અનાથી મુનિ કહે છે મહારાજા! મારે તો બહેનો પાસેથી કાંઇ લેવું ન જોઇએ પણ મારી શકિત પ્રમાણે આપવું જોઇએ. એ ભાઇનો ધર્મ છે. પણ મારી બહેનો તો મારા દુઃખે દુઃખી બનીને પોતાનું સર્વસ્વ મારા માટે અર્પણ કરવાને તૈયાર હતી. મારી બહેનો જેવી નિઃસ્વાર્થી બહેનો કોઇની નહિ હોય. કોઇક જગ્યાએ બહેનો સ્વાર્થી હોય છે. અરે, સંસાર સ્વાર્થનો ભરેલો છે. કહ્યું છે કે :-

**"માતા કહે મેરા પૂત સપૂતા, બહેની કહે મેરા ભૈયા,**
***ઘરકી જોરૂ યોં કહે, સબસે બડા રૂપૈયા."***

માતા કહે મારો વ્હાલસોયો દીકરો છે ને બહેન કહે મારો વીરો છે. પણ આ બધી સગાઈ સ્વાર્થ સરે છે ત્યાં સુધીની છે. કંઈક ઠેકાણે બહેનો સ્વાર્થની ભરેલી હોય છે. ત્યારે કંઈક જગ્યાએ બહેનો ભાઇના સુખે સુખી અને દુઃખે દુઃખી થનારી પણ હોય છે.

એક ભાઇ પહેલાં ખૂબ સુખી હતો ત્યારે બહેનને ઘણું આપતો હતો. પણ ભાઈના પુણ્યનો દીપક બૂઝાઇ જતાં પાપનો ઉદય થયો ને ખૂબ ગરીબ બની ગયો. દિવાળીના દિવસો આવ્યા. ઘરઘરમાં મીઠાઇ બનવા લાગી. તો કોઇને ઘેર બજારમાંથી મીઠાઇના બોક્સ આવવા લાગ્યા. ત્યારે કંઈક ઘરમાં ગોળની કણી પણ ખાવા નથી. દિવાળી આવે ત્યારે શ્રીમંતો હસે છે ને ગરીબો રડે છે. એક પર્યુષણ પર્વ એવું છે કે કોઇને રડાવે નહિ. પણ પર્યુષણ આવે ત્યારે સહુના દિલમાં આનંદ થાય છે. પેલા ગરીબ ભાઇને ત્યાં ખાવાના પણ સાંસા હતા તો મીઠાઈ ક્યાંથી લાવવી? તે પ્રશ્ન હતો. તે ભાઇની બહેનના પુણ્યનો સીતારો ઝગમગતો હતો. શ્રીમંતોને ઘેર ઉંચામાં ઉંચી મીઠાઇના બોક્સ વહેપારીઓને ત્યાંથી આવે છે પણ કોઇ ખાનાર હોતું નથી. ઘરમાં ભર્યું હોય ત્યારે ભૂખ લાગતી નથી. જેને ત્યાં ખાવાનું નથી તેને બહુ ભૂખ લાગે છે. અહીં બીજું એક દૃષ્ટાંત યાદ આવે છે.

એક ક્રોડાધિપતિ શેઠ હતા. તે ગામના નગર શેઠ કહેવાતા હતા. શેઠના શેઠાણી ગુજરી ગયેલા હતા. તેમને એક પુત્ર અને પુત્રવધૂ હતા. પુત્ર અને પુત્રવધૂ બંને પિતાજીની સેવા ખૂબ કરતા હતા. એટલે શેઠ તો ધનથી અને પુત્રથી બંને રીતે સુખી હતા. શેઠાણી નાની ઉંમરમાં ગુજરી ગયેલા પણ શેઠે ફરીને લગ્ન કર્યા નહિ. યુવાનીમાં બ્રહ્મચર્યનું પાલન કરવું તે સહેલ વાત નથી. શેઠને ત્યાં ખાવાની કમીના ન હતી પણ બ્રહ્મચર્યનું પાલન કરવા માટે શેઠ રોટલો ને છાશ ખાતા હતા. બપોરે જમીને પેઢી ઉપર ગયા પછી કદી બીનટાઇમે પાછા ઘેર આવતા ન હતા. સાંજે ઘેર આવતા. પણ કોઇ દિવસ શેઠને આડું આવળું ખાવાનું મન થતુ ન હતું પણ એક દિવસ એવું બન્યું કે શેઠ ત્રણ વાગે ઘેર આવ્યા. વહુના મનમાં થયું કે બાપુજી આટલા વહેલા કદી ઘેર આવતા નથી ને આજે કેમ આવ્યા હશે? સસરા કહે છે બેટા! મને બહુ ભૂખ લાગી છે. મને ભૂખ્યું રહેવાતું નથી. કંઇક ખાવાનું આપો. વહુ કહે બાપુજી! શીરો જલદી થઇ જશે. હું ગરમ ગરમ શીરો બનાવી આપું. ત્યારે સસરા કહે છે ના બેટા! મારે શીરો નથી ખાવો પણ મારે તો ઉનો ઉનો રોટલો ને દૂધ ખાવું છે. વહુ કહે છે, પિતાજી! રોટલો તો બનાવી દઉં પણ ગાય રોજ પાંચ વાગે દૂધ આપે છે એટલે દૂધ મોડું મળશે. તો સસરા કહે છે ના ગમે તેમ કરો પણ મને દૂધ ને રોટલો આપો. વહુએ તરત રોટલો તો બનાવી દીધો. ને ગાયને માટે કપાસિયા, ઘઉં, બાજરી ને મગ બાફીને ખાણુ બનાવ્યું હતું તે વાસણમાં કાઢીને

ગાયને ખાવા આપ્યું. વહુ કહે પિતાજી! આજે ગાય વહેલી દોહવી છે તો તમે એને પંપાળો અને હું ગાય દોહી લઉં. સસરાજી ગાયને પંપાળવા બેઠા ને વહુ દોહવા બેઠી. ગાય જે બાફેલું ખાણુ ખાય છે તેમાંથી મગના દાણા વીણીને સસરાજી મોઢામાં મૂકે છે. વહુની નજર સસરા તરફ ગઇ. ગાયના ખાણુમાંથી સસરાને મગના દાણા ખાતા જોઇને તેને ચરોડો પડયો. બસ, હવે અમારી લક્ષ્મી ચાલી જશે. પડતી દશા આવવાના આ નિશાન છે. વહુ ખૂબ વિવેકી ને ડાહી હતી. મનમાં સમજી ગઇ.

સસરાજીને જમવા બેસાડયા. એક બટકું રોટલો ને ઘૂંટડો દૂધ પીને તરત ઉભા થઇ ગયા. તે કહે છે બેટા! કોણુ જાણે કેમ, મને કંઈ ચેન પડતું નથી. હવે મારે ખાવું નથી. હું પેઢી ઉપર જાઉં છું. એમ કહીને શેઠ તો પાછા ચાલ્યા ગયા. સાંજે તેનો પતિ ઘેર આવ્યો ત્યારે ખાનગીમાં પત્નીએ પતિને બધી વાત કરી. ને કહ્યું આપણી લક્ષ્મી મોડામાં મોડી છ મહિના પછી ચાલી જશે. માટે સ્વામીનાથ! તેનો સદ્વ્યય કરો. ત્યારે એનો પતિ કહે છે કે શું બાપુજીએ બે દાણા મગ ખાધા એમાં આવું તે કંઇ બનતું હશે? તારી ખોટી શંકા છે. પત્ની કહે છે સ્વામીનાથ! આ શંકા નથી પણ સત્ય છે. પત્નીએ ખૂબ કહ્યું એટલે એનો પતિ કિંમતી રત્નો લઇને ઘરમાં અને બીજે સ્થળે દાટવા લાગ્યો. પત્ની કહે છે દાટશો તો ય ભાગ્યમાં નહિ હોય તો દાટેલું કોલસા થઇ જશે. તેના કરતાં એવા ક્ષેત્રમાં વાપરો જે જે અનેકગણું થઇને તમને મળે. પણ લક્ષ્મીની મમતા છૂટવી સ્હેલ નથી. પત્ની ખૂબ ડાહી, ગંભીર ને સુશીલ હતી. તેણે તિજોરીમાંથી કિંમતી રત્નો કાઢીને એક ગોદડીમાં સીવી લીધા. ને તે ગોદડી ગોળની રસીમાં રગદોળી રાખવાળી કરીને બહાર ઓસરીમાં ખીલીએ મૂકી દીધી. તે એનું ધ્યાન રાખતી પણ એવી ગંધાતી ગોદડીને કોણુ અડે?

બંધુઓ! જ્યાં સુધી લક્ષ્મી ભાગ્યમાં હોય છે ત્યાં સુધી તમે તિજોરી ખુલ્લી મૂકશો તો પણુ કોઇ અડશે નહિ. ને ભાગ્યમાંથી જવાનું હશે તો ગમે તેવા તાળા મારશો તો પણ ચાલ્યું જશે. કર્મની ગતિ ન્યારી છે. અહીં બરાબર છ મહિના પૂરા થયા ને એકાએક સરકારની રેડ આવી. શેઠનો બંગલો, માલ-મિલ્કત બધું જપ્ત કરી લીધું શેઠનો કોઇ ગુન્હો ન હતો. બીજા ગુનેગાર ઝડપાઇ ગયા. પહેર્યે કપડે ઘરની બહાર નીકળવાનો વખત આવ્યો. તે સમયે સરકારી માણસોને પુત્રવધુ કહે છે ભાઈ! મારા સસરા ઉંમરલાયક છે. તો તેમને સૂવા માટે આ ગોદડી લેવા દેશો? ગોદડી તો ગંધાતી હતી. તેના ઉપર માખીઓ બણુબણુતી હતી. માણસો કહે છે એવી ગંધાતી ગોદડી અહીં નથી જોઇતી. ઉપાડી જા. વહુએ ગોદડી ઉપાડી લીધી. પતિ-પત્ની અને સસરા ભૂખ્યા ને તરસ્યા ગામ બહાર વગડામાં ચાલી નીકળ્યા. ઘણે દૂર ગયા. ખૂબ થાકી ગયા, રાત પડી એટલે એક ઝાડ નીચે સૂઇ જાય છે. સસરાને ખબર નથી કે આ

ગોદડીમાં વહુએ કરોડ રૂપિયાના રત્નો ભર્યા છે. વહુએ કહ્યું–પિતાજી! આ ગોદડી મારા માથા નીચે મૂકું છું. ત્યારે સસરાજી કહે છે બેટા! હું આટલો ઉંમરલાયક છું. મને માથા નીચે મૂકવા જોઈએ છે ને તમે કહો છો કે હું મૂકું. તમને આટલો પણ વિવેક નથી! તરત વહુએ ગોદડી સસરાને આપી દીધી. સસરા માથા નીચે મૂકીને સૂઈ ગયા. તો રાત્રે ચોર આવીને ગંધાતી ગોદડી પણ ઉઠાવી ગયો. ત્યારે સસરાને વહુએ કહ્યું કે મેં એમાં આટલા રત્નો ભર્યા હતા. તે માટે હું મારી પાસે રાખવાની કહેતી હતી. પણ આપણા કિસ્મતમાં નથી ત્યાં કયાંથી રહે? નહિતર ચોર આવી ગંધાતી ગોદડી લે ખરો? ખેર, જે થયું તે ખરું.

ત્રણે જણાં ઘણે દૂર ચાલી નીકળ્યા. ત્યાં એક ગામ દેખાયું. હવે તો ભૂખ લાગી છે. એક પગલું પણ ચાલવાની તાકાત નથી. શું કરવું? કયાં જવું? તે સૂઝ પડતી નથી. કોઈ દિવસ પગે ચાલ્યા ન હતા. તેને પગે ચાલવાનો વખત આવ્યો. ગામ બહાર એક વૃક્ષ નીચે બેસીને પિતા અને પુત્ર ચોધાર આંસુએ રડે છે. ત્યારે પત્ની કહે છે સ્વામીનાથ! મેં તો તમને છ મહિનાથી કહ્યું હતું કે સંપત્તિનો સદુપયોગ કરો. જો મારી વાત લક્ષમાં લીધી હોત તો પુણ્યે પાપ ઠેલાત. ને આવો વખત ન આવત. જુઓ, હવે ચિંતા ન કરો. આ મારા માથાની વેણીમાં એક હીરા જડેલું સોનાનું બોરીયું રહી ગયું છે. તેને વેચીને જે પૈસા આવે તે આપણે દાનમાં વાપરી નાંખીએ. ત્યારે સસરા અને પતિ કહે છે આવી કંગાલ સ્થિતિમાં દાન કરી દઈશું તો પછી શું કરીશું? ત્યારે વહુ કહે છે પિતાજી! તેની ચિંતા ન કરો. સહુ સારા વાના થશે. જો તે પૈસા આપણી પાસે રાખીશું તો પણ રહેવાના નથી. તેના કરતાં આપણે એવી જગ્યાએ જમા કરાવી દઈએ કે ચોરાવાનો ભય ન રહે. વહુએ સમજાવ્યું એટલે બાપ-દીકરો માની ગયા. એ બોરીયું વેચ્યું તો લાખ રૂપિયા મળ્યા. તેમાંથી પોતાને ખાવા માટે ફક્ત ૨૫ રૂ. રાખીને બાકીના પૈસા દાનમાં વાપરી નાંખ્યા. બંધુઓ! જયારે શેઠ સુખી હતા ત્યારે તેમણે લાખ ને બદલે બે લાખ દાનમાં વાપર્યા હોત તો પણ આટલી કિંમત ન થાત. જ્યારે ખાવાના સાંસા છે, પંડ ઉપર બીજું કપડું પણ નથી એવા સમયે આટલી ઉદારતા કરી તેનું મહત્વ વધી જાય છે. શ્રીમંત લાખનું દાન કરે ને ગરીબ સો રૂપિયાનું દાન કરે તો તે શ્રીમંત કરતા વધી જાય છે. જે ૨૫ રૂ. રાખ્યા હતા તેમાંથી ખાવાનું લાવીને ખાધું ને ગામ બહાર ઝુંપડી બાંધીને રહ્યા. જંગલમાથી લાકડા લાવીને ગામમાં વેચવા લાગ્યા. તેના જે પૈસા મળે તેમાંથી જુવાર લાવી ભડકું બનાવીને પેટ ભરે છે. જેમણે કદી આવા કષ્ટ વેઠયા ન હતા તેને લાકડાના ભારા વેચવા જવાનું ખૂબ આકરું લાગે છે. પણ કોને કહે? એક દિવસ સસરાજી પુત્રવધૂને કહે છે બેટા! તું બહુ ડાહી ને સમજુ છે. તારા જેવી ગુણીયલ વહુ મળી ન હોત તો અમારા દુઃખના દિવસો કેવી રીતે પસાર થાત? હવે તો આ દુઃખ અમારાથી વેઠાતા નથી. શું કરવું? તું કહે તેમ કરવા તૈયાર છીએ.

ત્યારે દીકરો કહે છે લાખ રૂપિયા દાનમાં આપી દીધા. આપણી પાસે જો હોત તો આટલા દુઃખી ન હોત. ત્યારે પત્ની કહે છે આપી દીધા તેમ શા માટે કહો છો ? તમે એમ કહો કે મેં ભવનું ભાતું બાંધ્યું છે.

પુત્રવધૂ કહે કે આપણે ત્રણે ય અઠ્ઠમ કરીને નવકાર મંત્રનો જાપ કરીએ. પુત્રવધુની વાત સાંભળી બાપ-દીકરો અને ત્રીજી વહુ ત્રણે જણા અઠ્ઠમ કરીને બેસી ગયા. એક ચિત્તે જાપ કરતા હતા ત્યાં ત્રીજા દિવસની પાછલીરાત્રે પુત્રવધુને કાને દેવવાણી સંભળાઇ. હે બહેન ! તારા પુણ્ય પ્રબળ છે. તેં આટલી ગરીબાઈમાં લાખ રૂપિયાનું દાન કરાવ્યું તેના પ્રતાપે તમે દશ વર્ષ સુધી દુઃખ ભોગવવાના હતા પણ હવે તમારું પુણ્ય વધી ગયું એટલે દશ વર્ષને બદલે દશ મહિના પછી તારો ભાગ્ય રવિ ચમકશે ને ગામના રાજા સામેથી તમારી પાસે આવશે. તમારા માલ-મિલ્કત ને બંગલો બધું તમને સોંપી દેશે ને ઠાઠમાઠથી ગામમાં લઇ જશે. આ વાતને બરાબર દશ મહિના થયા ને રાજાના માણસો શેઠને શોધતાં શોધતાં ઝુંપડીએ આવ્યા ને કહ્યું કે રાજાની આજ્ઞા મુજબ તમને બીન ગુનેગાર ગણી તમારી મિલ્કત તમને પાછી સોંપી દેવામાં આવે છે ને તમને માનભેર ગામમાં લઇ જવા માટે અમને રાજાએ મોકલ્યા છે.

કડકડતી ગરીબાઇમાં સોનાનું હીરા જડિત બોરીયું દાનમાં વાપરી નંખાવનાર વહુનું આ પુણ્ય હતું. દેવે તેને ચોખ્ખું કહ્યું કે બહેન ! આ તારી એકલીનું પુણ્ય છે. બંધુઓ ! તમે માનો છો કે અમે રળીએ છીએ એટલે અમારું પુણ્ય છે. પણ તમારા ઘરમાં દશ માણસો છે તેમાં કોના પુણ્યથી તમે કમાઓ છો તે જ્ઞાની જાણે છે. દશમાંથી એક આત્મા એવો પુણ્યવાન હોય તો તેના પ્રભાવે દશ માણસો લ્હેર કરે છે. હું છું તો બધા સુખી છે તેવો અભિમાન છોડી દેજો. આ પુત્રવધૂના પુણ્યે દશ વર્ષનું દુઃખ દશ મહિનામાં દૂર થઇ ગયું. ને રાજાના માણસો શેઠને ઠાઠમાઠપૂર્વક ગામમાં લઈ ગયા ને ખુદ રાજા તેમનું સ્વાગત કરવા માટે આવ્યા અને બીન ગુનેગારને સજા કરવા બદલ માફી માંગી. તેમનો બંગલો ને માલમિલ્કત સહીસલામત પાછું સોંપ્યું ને શેઠ પૂર્વની જેમ ખૂબ આનંદપૂર્વક રહેવા લાગ્યા.

આપણે પુણ્ય શું કામ કરે છે તે ઉપર વાત ચાલતી હતી. પેલો ભાઇ કર્મોદયે ખૂબ ગરીબ હતો ત્યારે બહેન ખૂબ ધનવાન હતી. દિવાળીના દિવસોમાં બહેનને ઘેર મીઠાઇના પેકેટ આવવા લાગ્યા. બહેન વિચાર કરે છે મારો ભાઇ કર્મોદયે ગરીબ થઇ ગયો છે. તેથી બહેન મીઠાઇના પેકેટ અને કપડા લઇને ભાઇના ઘેર ગઇ. ભાંગ્યાતૂટયા ઝુંપડાં જેવું ભાઈનું ઘર હતું. આંગણામાં નાના બાળકો રમતા હતા. બહેનની ગાડી ઉભી રહી. જ્યાં બહેન ગાડીમાંથી ઉતરી ત્યાં બાળકો બોલી ઉઠયા : ફઇબા આવ્યા-ફઇબા આવ્યા. તે ખૂબ રાજી રાજી થઇ ગયા. બાળકો ફઇબાને જોઈને કેમ રાજી થયા

તે તમે જાણો છો ને? દુઃખના સમયે બહેન થોડા થોડા દિવસે ભાઈની ખબર લેવા આવતી હતી ને કંઇ ને કંઇ આપી જતી. પણ આપેલું ક્યાં સુધી ચાલે? બહેને મીઠાઇના બોક્સ કાઢયા ને ભાઇ-ભાભી અને ભત્રીજાઓ માટે બબ્બે જોડી કપડાં લાવી હતી તે બધાને નવાં કપડાં પહેરાવ્યા ને મીઠાઈ ખવડાવી મોઢું મીઠું કરાવ્યું. પણ ભાઇની આંખમાં આંસુ આવી ગયા. બહેન! મારે લેવાય નહિ પણ અપાય. અરે ભાઇ! તારા પ્રતાપે અમે સુખી છીએ. તેં અમને ધંધો કરાવ્યો છે. હું શું કરી શકવાની છું? ફક્ત મારી ફરજ બજાવું છું. ભાઇ! તું મારે ત્યાં આવજે. અમારી ફેક્ટરીમાં તને નોકરી અપાવીશ. બહેન પોતાની ફેક્ટરીમાં સારી જગ્યાએ નોકરી અપાવે છે ને ભાઇનું પુણ્ય જાગૃત થતાં પાછો હતો તેવો સુખી થઇ જાય છે. અનાથી મુનિ કહે છે મારી બહેનો પણ આવી પ્રેમાળ ને લાગણીશીલ હતી. વધુ ભાવ અવસરે.

## ચરિત્રઃ- સતી અંજનાએ મુનિનો રજોહરણ તેર ઘડી સંતાડયો તો તેર વર્ષ પતિનો વિયોગ રહ્યો :-

કનકોદરી રાણીએ મુનિનો રજોહરણ સંતાડી દીધો હતો. કારણ કે તે જૈનધર્મની કટ્ટર દ્વેષી હતી. જ્યારે લક્ષ્મીવતી રાણી ખૂબ સરળ ભદ્રિક અને જૈન ધર્મની પૂરી પ્રેમી હતી. કોઇ જૈન ધર્મના કે ધર્મગુરૂના અવર્ણવાદ બોલે તો તેનું લોહી ઉકળી જતું. અત્યારે પોતાના ગુરૂ ધ્યાન ધરીને ઊભા છે. રજોહરણ મળતો નથી એટલે પોતાના મહેલમાં રહેતા નોકર-ચાકર, દાસ-દાસીઓ બધાને પૂછે છે કે કોઇએ મારા ગુરૂનો રજોહરણ લીધો છે? કોઇએ મજાકમાં સંતાડયો હોય તો આપી દો. સંતને સંતાપવાથી મહા ચીકણા કર્મ બંધાય છે. સાધુ પણ પોતાનું ધ્યાન પાળીને કહે છે બહેન! અમારે બીજા પ્રહરે લીધેલા આહાર પાણી સુર્યાસ્ત પહેલા વાપરી નાંખવા જોઇએ. રજોહરણ અમારો પ્રાણ છે. પ્રાણ વિનાનું શરીર કંઇ ક્રિયા કરી શકે નહિ તેમ રજોહરણ વિના અમે એક ડગલું ભરી શકીએ નહિ. રજોહરણ ન મળવાથી મુનિ આત્મચિંતન કરે છે પણ કોઇના ઉપર ક્રોધ કરતા નથી.

**સાધુ આવીને તમને એમ કહે, તુમ તણે મન વસીયો વૈરાગ્ય તો,**
**આપી ઓઘો ને પાયે નમ્યા, સાંહોમાંહે ઉપન્યો ધર્મનો રાગ તો,**
**સંયમ સાધીને તપ કર્યું, આલોયણ વિણ હુઓ એટલો ફેર તો,**
**કીધા રે કર્મનવિ છૂટીએ, તેર ઘડીના હુવા તેર વર્ષ તો........સતી રે**

સાધુનું વચન સાંભળી તમારું હૃદય કુણું પડયું ને તમને બન્નેને ખૂબ પશ્ચાતાપ થયો એટલે તેર ઘડી પૂરી થતાં રજોહરણ પાછો આપી દીધો. ને મુનિ પોતાના સ્થાનકે ચાલ્યા ગયા. પણ તમારા દિલમાં પાપનો પશ્ચાતાપ થયો અને જૈનધર્મ પ્રત્યે પ્રેમ જાગ્યો. એટલે ધર્મસ્થાને જઇ સાધુ-સાધ્વીઓનો પરિચય કર્યો, પ્રવચન સાંભળ્યું અને પોતે કરેલી

ભૂલનો તને અહર્નિશ પશ્ચાતાપ થવા લાગ્યો. અરેરે....આવા મહાન તપસ્વી સંતને સંતાપીને આપણે કેવા ચીકણા કર્મો બાંધ્યા! હવે તે કર્મને ખપાવવા આપણે દીક્ષા લઈ લઈએ. પાપનું પ્રક્ષાલન કરવા માટે તમે બંનેએ દીક્ષા લીધી. દીક્ષા લઈને ખૂબ કઠોર સાધના કરવા લાગ્યા. ઉગ્ર તપ કર્યા પણ તમે જે સંતનો રજોહરણ સંતાડી દીધો હતો તેમની પાસે પાપની આલોચના કરી ન હતી. અંતરમાં ઘણો પશ્ચાતાપ હતો પણ ગુરૂ પાસે તેનું પ્રાયશ્ચિત ન લીધું. એટલે આવા દુઃખ પડયા. દીક્ષા લઈને ખૂબ તપ કર્યું. તેના પ્રભાવે ત્યાંથી કાળ કરીને દેવલોકમાં ગયા. દેવભવનું આયુષ્ય પૂર્ણ કરીને તું મહેન્દ્રપુરીના મહેન્દ્ર રાજાની એકની એક લાડકવાયી પુત્રી અને સો બાંધવની બહેનડી અંજનાકુમારી થઈ. અને આ સુલેખા નામની તારી સખી હતી તે આ ભવમાં પણ તારી સખી અને દાસી બની. જેમ કર્મ બાંધવામાં સાથ આપનારી હતી તે રીતે આ ભવમાં તારા દુઃખમાં દિલાસો આપનારી બની છે.

બહેન! તેં તેર ઘડી સંતનો રજોહરણ સંતાડયો તો આ ભવમાં તને કુલ તેર વર્ષ સુધી તારા પતિનો વિયોગ પડયો. કારણ કે જેમ પતિવ્રતા નારીને એનો પતિ પ્રાણથી પણ પ્રિય હોય છે તેમ સાધુ અવસ્થામાં જીવોની દયા પાળવા માટે સંતોને રજોહરણ એના પ્રાણથી પણ અધિક પ્રિય હોય છે. બાર બાર વર્ષ સુધી તો પવનજીએ તારા સામું જોયું નથી અને તારા સામું જોયું ત્યારે તારા માથે કલંક ચઢયું છે. આ પ્રમાણે અંજનાએ મુનિ પાસેથી પોતાના પૂર્વભવનો વૃત્તાંત સાંભળ્યો. હવે આગળ અંજના મુનિને શું પ્રશ્ન કરશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં – ૬૬

**ભાદરવા વદ ૧૪ ને શુક્રવાર** **તા. ૩-૧૦-૭૫**

અનંત કરૂણાના સાગર ભગવાન મહાવીર સ્વામીના મુખમાંથી ઝરેલી શાશ્વતી વાણી તેનું નામ સિદ્ધાંત. ઉ. સૂ. ૨૦ મા અધ્યયનમાં અનાથી મુનિ શ્રેણીક રાજાને સનાથ અનાથના ભેદ સમજાવે છે. અત્યારે અહીં રાજા શ્રેણીક ને અનાથી મુનિ નથી. પણ આ અધિકાર સાંભળીને આપણે જીવનમાં એ વાત સમજવી છે કે આપણે આ સંસારમાં કયાં અનાથ છીએ? અનાથી મુનિને ઘેર ગમે તેટલી સંપત્તિ ને બધાનો પ્રેમ હતો પણ રોગથી મુક્ત કરી શકયું? માટે સમજી લો કે કરેલાં કર્મો જીવને પોતાને ભોગવવા પડે છે. कत्तारमेव अणुजाई कम्मं। કર્મ, કરનારની પાછળ જાય છે. ને કરનારને ભોગવવા પડે છે. માટે જો સુખ અને શાંતિ જોઈતાં હોય તો આત્માને કર્મના ભારથી હળવો બનાવો.

कसेहि अप्पाणं जरेहि अप्पाणं । જેમ હલકી વસ્તુ પાણીમાં તરે છે ને ભારે વસ્તુ ડૂબી જાય છે તેમ કર્મના ભારથી હળવો બનેલો આત્મા સંસારરૂપી સમુદ્રમાં તરે છે અને ભારે કર્મી આત્મા સંસાર સમુદ્રમાં ડૂબે છે. માટે જ્ઞાની કહે છે કે આત્માને કૃશ કરો હલકો કરો તો તે હળવો બનીને સંસાર સમુદ્ર તરી જશે.

અનાથી મુનિ કહે છે હે મહારાજા! મારી નાની અને મોટી સગી બહેનો હતી પણ તે સ્વાર્થની સગી ન હતી. તેમજ ભાઈઓ પણ બહેનની ખબર લે તેવા હતા. ઘણી જગ્યાએ એવું જોવામાં આવે છે કે બહેનને ભાઈ પ્રત્યે ઘણો પ્રેમ હોય પણ ભાઈને બહેન પ્રત્યે ન હોય. દેશમાં રહેતી બહેનડી મુંબઈમાં રહેતા ભાઈને ઘેર આવે ને ભાઈને કહે વીરા! હું એક અઠવાડીયું રહેવાની છું તો તું મને મુંબઈમાં જોવા લાયક હેંગિંગગાર્ડન, ચોપાટી, પાલવાબંદર બધું જોવા લઈ જા. હું પહેલ વહેલી આવી છું. ત્યારે ભાઈ કહે કે બહેન! હું લઈ જાઉં પણ મને રવિવાર સિવાય રજા મળતી નથી. પછી આગળ શું કહો? રવિવારે લગ્નમાં ને ચાંલ્લામાં જવાનું છે. તેમજ તારી ભાભીએ મંગાવેલ વસ્તુ લેવા જવું છે. બોલો એમ કહો ને? (હસાહસ). પણ બહેનની જગ્યાએ સાળી આવે તો બે દિવસ રજા લઈને બધે ફરવા લઈ જાવ–કેવો સંસાર છે! **બહેની આવે તો રડતી જાય ને સાળી આવે તો સાડલો પહેરીને જાય.** બહેન ભાઈથી ડરતી ફરે ને સાળી આવે તો લાડ કરે, પણ અનાથી મુનિ કહે છે મારે ત્યાં એવું ન હતું. અમારે ત્યાં ભાઈ–બહેનોને તો દૂધને પાણી જેવો પ્રેમ હતો.

જેમ દૂધમાં પાણી નાંખવામાં આવે તો પાણી દૂધ જેવું બની જાય છે. ને દૂધને ચૂલે ચઢાવવામાં આવે તો પાણી બળે છે. તેથી દૂધ ઉભરાવા લાગે. કારણ કે પાણીને તેણે મિત્ર બનાવ્યો છે. તો દૂધ ઉભરાઈને એમ કહે છે કે મારો મિત્ર બળી જાય ને હું શું બેસી રહું? એટલે તે ઉભરાઈને ચૂલામાં પડવા જાય છે. ત્યારે બહેનો તેમાં પાણીના બે ટીપા નાંખે અગર તો ચૂલા પરથી ઉતારી લે એટલે ઉભરો બેસી જાય છે. આ રીતે દૂધ પાણીની જેમ અમે એક બીજાના સુખે સુખી અને દુઃખે દુઃખી હતા. હે શ્રેણીક! કંઈક બહેનો એવી હોય છે કે ભાઈના સુખમાં સગી થાય પણ દુઃખમાં સગી ન થાય. તેવી બહેનનું એક દૃષ્ટાંત આપું.

**"કર્મના ઉદયે સગી બહેન સગી નથી રહેતી":** એક શેઠને બે સંતાન હતા. એક પુત્ર અને એક પુત્રી. તે ખૂબ શ્રીમંત હતા. પુત્ર અને પુત્રી મોટા થતાં બંનેના સારા ઠેકાણે લગ્ન કર્યા. પિતાએ પુત્રીને ખૂબ કરિયાવર કર્યો હતો. સમય જતાં માતા-પિતા ગુજરી ગયા. ભાઈ અને બહેન એક બીજાની ખબર રાખતા હતા. બહેન જયારે આવે ત્યારે ભાઈ બહેનને સારી રકમ વસ્ત્રો બધું આપતો ને ભાઈ બહેનના ઘેર અવારનવાર જતો. ત્યારે પણ બહેનને ઘણું આપીને આવતો. કારણ કે તે સમજતો હતો કે મારી બહેનને

મા-બાપ જે કંઇ કહો તે હું છું. બહેનને એમ ન લાગવું જોઇએ કે મારા માતા-પિતા નથી. એટલે બહેનને સ્હેજ પણ ઓછું ન આવે તે રીતે ખૂબ સાચવતો. પણ તમે જાણો છો ને કે સંસારમાં સદા એક સરખા દિવસો કોઈના રહેતા નથી. તે રીતે આ ભાઇને ત્યાં વહેપારમાં મોટો ધક્કો લાગ્યો. ખોટ ગઇ. આગ લાગી ને બાર મહિનાના ગાળામાં તો એવી પડતી દશા આવી કે ખાવાના સાંસા પડવા લાગ્યા. પત્ની કહે છે કે હે મારા નાથ! મારા પિતા પાસે આપણે કંઈક માંગણી કરીએ. પતિ કહે કે ના. તું હમણાં જા હું મારી બહેનના ઘેર જાઉં છું. એક લોહીની સગાઈ છે એટલે ત્યાં જવામાં વાંધો નહિ. તેના સહકારથી હું સુખી થઇશ ને પછી તને તેડાવીશ. પતિના કહેવાથી પત્ની પિયર ગઇ ને પતિ બહેનના ઘેર ગયો. બહેન પોતાની સખીઓ સાથે સોનાના હિંડોળે ઝૂલતી હતી. બહેનની સખીઓની તથા બહેનની દૃષ્ટિ દૂરથી આવતા ભાઇ ઉપર પડી. પણ ગરીબ હાલતમાં જોઇને બહેને આંખ આડા કાન કર્યા. છેવટમાં ભાઇ ઘરના આંગણે આવ્યો પણ કોઇએ આવકાર ન આપ્યો. સખીઓ કહે કે બહેન! તમારો ભાઇ છે. ત્યારે બહેન કહે કે મારો ભાઇ નથી પણ મારા બાપનો રસોઇયો છે. આ શબ્દો ભાઇના દિલમાં ખૂબ લાગી આવે છે. છેવટે તે ચાલ્યો જાય છે. પછી પુણ્યનો ઉદય થતાં તે શ્રીમંત બનીને આવે છે. ત્યારે બહેન જમવા તથા રહેવા માટે ખૂબ કાલાવાલા કરે છે. ભાઇ છેવટમાં કહે છે કે હે બહેન! માન મારા નથી. લક્ષ્મીના છે.

**દામે આદર દીજીયે, દામે દીજે માન,**
**પ્રથમ વખતે આવ્યો, આપ્યું ચુલા ફૂંકણ નામ**

જ્યારે મારી કંગાળ સ્થિતિ હતી ત્યારે તેં મને બાપના ઘરનો રસોઇયો છે તેમ કહ્યું હતું ને મારી સંભાળ પણ નથી લીધી. તને તારા પૈસાનો કેટલો ગર્વ છે! આ તો હું તારો સગો ભાઇ હતો છતાં પણ તને દયા ન આવી તો બિચારા ગરીબની તું શું સંભાળ રાખે? આ થાળામાં જે દાગીના ને રૂપિયા મૂક્યા છે તે તું લઇ લેજે. આ તારા પિયરીયાનો છેલ્લો કરિયાવર છે. હવે હું જાઉં છું. એમ કહી બહેનને પ્રણામ કરીને ભાઇ રવાના થઇ ગયો. આ બહેન કેવી સ્વાર્થી હતી! તેનો તમને ખ્યાલ આવી ગયોને! જો સાચું ભાન થયું હોય તો હવે સમજીને સરકી જજો.

અનાથી મુનિ કહે છે હે મહારાજા! મારી બહેનો આવી ન હતી. મારા માટે પોતાની જાત હોમી દેવી પડે તો દેવા તૈયાર હતી. છતાં પણ મને દુઃખમાંથી મુક્ત કરાવી શકી નહિ. આ મારી પાંચમી અનાથતા હતી. હવે તમને એમ થાય કે માતા-પિતા-ભાઇ-બહેનો બધું હતું પણ કદાચ તમારી પત્ની નહિ હોય માટે દીક્ષા લીધી હશે! કારણ કે આજે માણસને બધું હોય પણ ખમ્મા મારા સ્વામીનાથ! કહેનારી પત્ની ન હોય તો તમને તેના વિના ઉણપ લાગે છે ને? હું તમને પૂછું છું. સાચું બોલજો. તમે

બહારગામ ગયા છો ને ઘેર આવો એવા તરત તમારા શ્રીમતીજીને ન દેખો તો તમારી દીકરી કે દીકરાને પૂછો ને કે બેટા! તારી બા કેમ નથી દેખાતી? (હસાહસ).

અનાથી મુનિ કહે છે, મહારાજા! તમને એમ થતું હોય કે પ્રેમાળ પત્ની નહિ હોય માટે દીક્ષા લીધી હશે તો તેમ નથી. મારી પત્ની પણ કેવી હતી તે સાંભળો.

**भारिया मे महाराय, अणुरत्ता अणुव्वया ।**
**अंसु पुण्णेहिं नयणेहिं, उरं मे परिसिंचइ ॥**

ઉત્ત. સૂ. અ. ૨૦ ગાથા ૨૮

હે મહારાજા! મારે રૂપરૂપના અંબાર જેવી ગુણીયલ પત્ની હતી. તમે મને પહેલા કહી ગયા ને કે તમને સુંદર સ્ત્રીઓ સાથે પરણાવીશ ને તમારી અનાથતા હું દૂર કરીશ. પણ મારે પત્ની ન હતી એમ નહિ. મારી પત્ની પતિવ્રતા ને મારામાં અનુરક્ત રહેવાવાળી હતી, મારા સુખે સુખી અને મારા દુઃખે દુઃખી રહેનારી હતી. મારી કારમી વેદના તેનાથી જોઇ શકાતી ન હતી. મારી બીમારીના કારણે તેની આંખમાં આંસુ સૂકાતા ન હતા. મહાશતકને રેવતી આદિ ૩૨ સ્ત્રીઓ હતી. જ્યારે મહાશતક ધર્મમાં ઉતરી ગયો અને પત્નીઓને સંસારના સુખ મળતા બંધ થઇ ગયા ત્યારે પતિને બાળી મૂકયો. પરદેશી રાજા ધર્મ પામ્યા ને સંસાર તરફથી તેમની દૃષ્ટિ બદલાઇ ગઇ ત્યારે તેની સૂરિકંતા રાણીએ તેને ઝેર આપ્યું ને ગળે ટૂંપો દઈને મારી નાંખ્યો. આવી સ્વાર્થની સગી પત્ની આ દુનિયામાં હોય છે. પણ મારે એવી પત્ની ન હતી. પણ પતિને જે ગમે તે મને ગમે. પતિની જે ઇચ્છા તે મારી ઈચ્છા. પતિનું દુઃખ તે મારું દુઃખ માનનારી પતિવ્રતા પત્ની હતી. પુણ્યવાનને આવી પવિત્ર પત્ની મળે છે. જેમ અનાથી મુનિની પત્ની હતી તેવી ગુણીયલ સ્ત્રીનું દૃષ્ટાંત આ જગ્યાએ યાદ આવવાથી કહું છું.

વિનયચંદ્ર નામનો એક વણિકપુત્ર હતો. તેની પત્ની પણ વિનયવાન હતી બંને વચ્ચે ખૂબ પ્રેમ હતો. તેને ત્રણ વર્ષનો બાબો હતો. પત્નીની તબિયત એકાએક બગડી. ખૂબ ભારે બીમારી આવી ગઇ. પત્નીને થઇ ગયું કે હવે હું જીવીશ નહિ. તેનું મન ખૂબ ઉદાસ થઇ ગયું. પોતાના બાબાના સામું ટગર ટગર જોઇને આંખમાં આંસુ સારતી. ત્યારે તેનો પતિ કહે છે કે તું શા માટે ઉદાસ બની ગઈ છે? ને મારી સાથે કેમ બોલતી નથી? ત્યારે પત્ની કહે છે સ્વામીનાથ! હવે આ પથારીમાંથી હું બેઠી થઇ શકું તેવી મને આશા નથી. મને હું મરી જઇશ તેની ચિંતા નથી. પણ આ એક બાબાની ચિંતા છે. ત્યારે પતિ કહે છે તું આ શું બોલે છે? તારો બાબો છે તો શું મારો નથી? તારા કરતાં પણ મને અધિક વહાલો છે. તું તેની સ્હેજ પણ ચિંતા ના કરીશ. હું જ્યાં સુધી બેઠો છું ત્યાં સુધી બાબાનો વાળ પણ વાંકો નહિ થવા દઉં. પત્ની કહે સ્વામીનાથ! તમે બોલ્યા છો તેવું પાળજો ને બાબાને સ્હેજ પણ ઓછું આવવા દેશો નહિ. પતિએ વચન આપ્યું ને તરત પ્રાણ-

પંખેરું ઉડી ગયું. પતિને ખૂબ આઘાત લાગ્યો. દુઃખિત દિલે પત્નીની અંતિમ ક્રિયા બધું કર્યું. માતા વિના ત્રણ વર્ષનો બાલુડો પણ ઝુરે છે. પિતા પણ બાબાને દેખે ને તેની મા યાદ આવે છે. પિતા બાબાને ખૂબ સાચવે છે.

પત્નીને ગુજરી ગયા પછી છ-બાર મહિના થયા એટલે માતા પિતા અને કુટુંબીજનો કહે છે બેટા! તારી ઉંમર નાની છે. તું ફરીને લગ્ન કર વિનયચંદ્ર કહે કે, મારે લગ્ન કરવા નથી. તેની ઉંમર ફક્ત ૨૮ વર્ષની હતી. તેને લગ્ન કરવા ન હતા. પણ માતા પિતાનો ખૂબ આગ્રહ થવાથી લગ્ન કરવા પડયા. વિનયચંદ્ર પત્નીને કહે છે, તું ક્યારે પણ બાબાને દુઃખ આપીશ નહિ. ગમે તેટલું નુકસાન થાય પણ બાબાને ખૂબ સાચવજે. એને સ્હેજ પણ એમ ન લાગવું જોઇએ કે મારી અપર માતા છે. એનું મન જરા પણ દુભાવીશ નહિ. બાબાનું મન દુભાવીશ તો સમજી લેજે કે હું તારો નથી. પત્ની કહે ભલે સ્વામીનાથ! આપની આજ્ઞા પ્રમાણે કરીશ. બાબાનું નામ રમેશ હતું. નવી માતા બાબાને ખૂબ સારી રીતે સાચવતી હતી. એને સ્હેજ પણ ઓછું આવવા દેતી ન હતી. બે વર્ષ પછી તેને પણ એક બાબો થયો. એટલે ધીમેધીમે વેરોવંચો થવા લાગ્યો. આ મારો ને આ પરાયો. પત્નીના દિલમાં મારાતારાના તોફાન ઉભા થયા. પણ બંને ભાઇઓ વચ્ચે ખૂબ પ્રેમ હતો. બંને ભાઈઓ એકમેક થઈને રહેતા હતા. પણ માતા ખાવાપીવામાં, કપડામાં બધી રીતે વેરોવંચો કરવા લાગી. ધીમેધીમે એટલો બધો વેરોવંચો થયો કે રમેશને માંડ પેટ પૂરતું ખાવા મળતું. તે પણ જે નોકરને માટે રોટલી ને ભાત જુદા બનાવવામાં આવતા તેમાંથી આપતી હતી.

**રમેશની ગંભીરતા :-** છોકરો ખૂબ ગુણીયલ ને સહનશીલ હતો. કદી તેના બાપના મોઢે કે બીજા કોઇની પાસે કંઇ કહેતો નથી. બાપ ઘણીવાર રમેશને પાસે બેસાડીને કહેતા કે બેટા! તું કેમ સૂકાતો જાય છે? તારી માતા તરફથી કંઈ દુઃખ નથી ને? ત્યારે રમેશ કહે છે મારી બા તો મને એવી રીતે રાખે છે કે મરનાર માને હું ભૂલી ગયો. મને ખબર પણ નથી પડતી કે આ મારી સગી મા નથી. આ તો આડોશી પાડોશીએ કહ્યું કે તારી માતા તને ત્રણ વર્ષનો મૂકીને મરી ગઇ છે. બાકી મારી બા તો મને જમાડયા પહેલાં કદી જમતી નથી. એવો મારા પ્રત્યે પ્રેમ રાખે છે. દીકરાના મુખેથી વાત સાંભળી બાપને ખૂબ સંતોષ થતો. પણ બાપને શું ખબર કે મા દીકરાને કેવા દુઃખ આપે છે?

આમ કરતાં રમેશ ૧૮ વર્ષનો થયો. એટલે સારા કુટુંબની કન્યાઓના રમેશ માટે કહેણ આવવા લાગ્યા. એટલે પિતા કહે છે બેટા! હવે તારા લગ્ન કરીએ. ત્યારે દીકરો કહે છે પિતાજી! તમારા દીકરાને સુખી જોવા ચાહો છો કે દુઃખી? ત્યારે કહે છે બેટા! તું આ શું બોલે છે? બાપ તો પોતાના દીકરાને સુખી જોવા ઇચ્છે ને? તો

આપ મારા લગ્ન કરવાનું રહેવા દો. પણ પિતા રમેશની ગૂઢ વાત સમજી શક્યા નહિ. એટલે કહે છે બેટા! તું લગ્ન ન કરે તો દુઃખી કહેવાય. લગ્ન કર્યા હોય તો સુખી કહેવાય. રમેશ મનમાં વિચાર કરે છે, કે મારી માતા મારા માથે દુઃખના ઝાડ ઉગાડે તેટલું કરે છે. પણ પિતાજી જાણતા નથી. એટલે કોને કહેવું? જો મારા નસીબમાં સુખ હોત તો મારી માતા મને ત્રણ વર્ષનો મૂકીને શા માટે ચાલી જાત? તે મનમાં સમજે છે પણ બાપને કહેતો નથી. છેવટે પિતાજીનો ખૂબ આગ્રહ થવાથી રમેશના લગ્ન એક ખાનદાન કુટુંબની રમા નામની છોકરી સાથે થાય છે. ખૂબ ધામધૂમથી લગ્ન પતી ગયા. દિવસ આનંદથી પસાર થયો. રાત્રે રમેશ અને રમા નવદંપતી ભેગા થાય છે. ત્યારે રમેશની આંખમાં આંસુ આવી ગયા. ત્યારે પત્ની વિચાર કરવા લાગી કે હજુ તો હું આ રૂમમાં પગ મૂકું છું. કંઈ બોલી ચાલી નથી ને મારા પતિ કેમ રડતા હશે? શું હું તેમને નહિ ગમતી હોઉં? અગર તે બીજા કોઈના પ્રેમમાં હશે? શું હશે? એમ અનેક તર્ક વિતર્ક કરે છે.

**"પોતાના પતિની આંખમાં આંસુ જોઈ રમાનું હૃદય પીગળી ગયું"**

રમા પૂછે છે સ્વામીનાથ! મારો શું વાંક ગુન્હો છે? અગર મારાથી આપને કંઈ દુઃખ થયું છે? જે હોય તે કહો. અગર આપ કોઈની સાથે પ્રેમમાં છો? કોઈને વચન આપી ચૂક્યા હો ને માતાપિતાના દબાણથી મારી સાથે લગ્ન કરવું પડયું છે? તેના કારણે આપને મૂંઝવણ થતી હોય તો આપ ખુશીથી મારી બહેનને ઘરમાં લાવો. હું તેની દાસી બનીને રહીશ. ફક્ત આપ મારા તરફ અમીદૃષ્ટિ રાખજો ને કોઈક દિવસ મારી ખબર લેજો કે તારે શું જોઈએ છે? બાકી હું સંસારના સુખની તમારા તરફથી આશા નહિ રાખું. કદી મારી બહેન પ્રત્યે દ્વેષ નહિ રાખું. ત્યારે રમેશ કહે છે, તું જે કલ્પના કરે છે તેવું કોઈ કારણ નથી. પણ મને એક ચિંતા છે કે મારી માતાનો સ્વભાવ ખૂબ વિચિત્ર છે. મને આવા દુઃખ આપે છે તે હું સહન કરું છું પણ આવનારી કેમ સહન કરી શકશે? જો તું સહન નહિ કરી શકે તો ઘરની ઈજ્જત ખુલ્લી થઈ જશે. આ કારણે મારી લગ્ન કરવાની ઈચ્છા ન હતી. પણ પિતાજીના આગ્રહથી પરણવું પડયું છે. તારા સાસુ તારા કપડાં ને દાગીના બધું માંગી લેશે તો તું શું કરીશ? ત્યારે પત્ની રમા કહે છે, અહો સ્વામીનાથ! આપ આટલી ચિંતા શા માટે કરો છો? તમે આટલા વખતથી આવા દુઃખ સહન કરો છો તો શું મારાથી નહિ વેઠાય? આપના સુખે સુખી અને દુઃખે દુઃખી બનીને રહીશ. હું બધું સહન કરીશ. આપ તેની સ્હેજ પણ ચિંતા ના કરશો.

રમા હજુ પરણીને આવી છે. છતાં બધું કામ કરવા લાગી ગઈ. સાસુના પગ દાબે ને બધું કામ કરે છે. છતાં સાસુજીનું મુખડું મલકાતું નથી. તાજી પરણેલ વહુને

નોકરડીની માફક કામ કરાવવા લાગી. પરણ્યાને ચાર-છ દિવસ થયાં ને સાસુ કહે છે વહુ! તમારા સસરાએ કરાવેલા દાગીના ને કપડાં બધું મને સોંપી દો. તરત વહુએ સાસરાના અને પિયરના બંનેના દાગીના ને કપડાં આપી દીધા. ફકત બે જોડી કપડાં રાખ્યા છતાં સાસુજીના ગુણ ગાય છે. કે તમે કેવા ઉદાર છો! આપે મને આ જોખમ સાચવવાની ચિંતાથી મુકત કરી. મને ખૂબ આનંદ થયો. દરેક જગ્યાએ જો આવી વહુઓ હોય તો આ સંસાર સ્વર્ગ જેવો બની જાય. કયાંય ઝઘડાનું નામ ન રહે. પણ જ્યાં પુણ્યનો ઉદય હોય ત્યાં આવી પત્ની હોય છે. ઘણી વખત જો સારી પત્ની ન હોય તો પુરૂષની પરિસ્થિતિ એવી બની જાય છે કે એ નથી તો માતાને કહી શકતો કે નથી પત્નીને કહી શકતો. અને સૂડી વચ્ચે સોપારી જેવી તેમની પરિસ્થિતિ થાય છે.

રમા ખૂબ સહનશીલતા વાળી અને પતિના વિચારમાં અનુરકત રહેવાવાળી હતી તેથી રમેશને ખૂબ આનંદ હતો. રમા ખૂબ દુઃખ સહન કરીને પણ આનંદથી રહે છે. છતાં સાસુ તેના પતિને કહે છે આ દીકરા-વહુને હવે જુદા કરો. જો એ ભેગા રહેશે તો મારે જીવવું નથી. પત્નીના શબ્દો સાંભળી એના પતિની ઊંઘ ઉડી ગઇ. મારો રમેશ કેવો ગુણીયલ ને વિનયવંત છે ને વહુ પણ દેવી જેવી છે. છતાં આ પત્ની જુદા કરવાની વાત કરે છે. મારે તેને કેવી રીતે જુદો કરવો? અને મેં એની માતાને વચન દીધું છે કે હું તેને કદી દુઃખ થાય તેવું નહિ કરૂં. મારા વચનનું શું? આ વિચારે તેની ઊંઘ ઊડી ગઇ. સવાર પડતાં આંખ લાલચોળ થઇ ગઇ હતી. રમેશ પૂછે છે પિતાજી! આજે આપ ઉદાસ કેમ છો? અને આંખ લાલચોળ કેમ થઇ ગઇ છે? પિતા કહે-કંઈ નથી. પણ રમેશે ખૂબ પૂછયું ત્યારે કહ્યું કે તારી માતા આમ કહે છે. પણ મારું મન માનતું નથી. રમેશે એ વિચાર કર્યો કે મારા પિતાજીને મારા માટે સહન કરવું પડે છે! તો હવે મારે અહીંથી ચાલ્યાં જવું જોઈએ.

પતિ-પત્નિએ પહેરેલા કપડે કંઇ પણ લીધા વગર સાસુ-સસરાને પ્રણામ કરી વિદાય લીધી. રમાએ એમ પણ ન કહ્યું કે મારા પિયરના કપડાં ને દાગીના તો મને આપો. કોઇ ચીજ ન લીધી. તેઓ ઘણે દૂર એક ગામમાં જઇને વસવાટ કરે છે. રમેશના પુણ્યનો ઉદય હતો એટલે જતાવેંત સારી નોકરી મળી ગઇ. રહેવા નાનકડી રૂમ લઇ લીધી. ધીમે ધીમે નોકરી કરતાં કરતાં વહેપાર શરૂ કર્યો. વહેપારમાં ઘણો સારો નફો મેળવ્યો ને મોટો શ્રીમંત બની ગયો.

આ તરફ પુણ્યવાન દીકરાના ગયા પછી પિતાજીના પાપનો ઉદય થયો. એટલે ધંધામાં મોટી ખોટ આવી. બંગલામાં આગ લાગી ને બધું સાફ થઇ ગયું. સાસુ-સસરા બંને બેહાલ દશામાં ફરે છે. તેઓ ફરતા ફરતા રમેશ રહે છે તે ગામમાં આવ્યા. ભિખારી જેવી હાલતમાં માતા-પિતા ચાલ્યા જાય છે. રમેશ ગાદી ઉપર બેઠો હતો. તેણે માતા-પિતાને

ઓળખ્યા. તે તરત ગાદી ઉપરથી ઉભો થઇ ગયો ને જઇને પિતાજીના ચરણમાં પડી ગયો, ને કહ્યું કે પિતાજી! આ દુકાન અને પેઢી આપની છે. પધારો! તરત રમાને પણ ખબર આપી કે બા પણ આવ્યા છે, એટલે રમા તરત સાસુ પાસે જઈને ચરણમાં પડી પોતાને ઘેર લાવી. પુત્ર પૂછે છે પિતાજી! આપની આ દશા કેમ? ત્યારે પિતાજીએ કહ્યું– બેટા! તમે પુણ્યવાન છો. તમે બંને ઘરમાંથી નીકળ્યા ને અમારી આ દશા થઈ. ખૂબ રડી પડયા. સાસુ પણ વહુના ચરણમાં પડીને કહે છે, હે વહુ! મેં તને બહુ દુઃખ દીધા છે. તારા પિયરના દાગીના કે કપડાં પણ તને પહેરવા માટે આપ્યા નથી. છતાં તારી કેવી ઉદારતા છે! ખરેખર, હું કમભાગી છું. મેં તમને દુઃખી કર્યા બદલ ક્ષમા માંગુ છું. મેં તને ઓળખી નહિ. પછી દીકરાની પાસે પણ ક્ષમા માંગે છે. ને પુત્રવધૂ સાસુના ચરણમાં પડે છે ને તેમની સેવામાં રકત રહે છે.

અનાથી મુનિ કહે છે આવી મારી પત્ની મારામાં અનુરકત રહેનારી હતી તે મારા સુખે સુખી ને દુઃખે દુઃખી રહેતી હતી. મારું દુઃખ જોઇને તે એટલી રડતી હતી કે તેના આંસુથી મારું હૈયું ભીંજાવી દેતી હતી. હજુ પણ અનાથી મુનિ રાજા શ્રેણીકને આગળ વાત કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

**ચરિત્ર**:–મુનિ પાસેથી પોતાનો પૂર્વભવ સાંભળી અંજનાએ હાથ જોડી ફરીને મુનિને પૂછયું, કે હે ગુરૂદેવ! આપ જે પ્રમાણે ભૂતકાળની વાત જાણો છો તે પ્રમાણે ભવિષ્ય સબંધી વાત પણ જાણો છો. એટલા માટે હું આપની પાસે એ જાણવા ઇચ્છું છું કે મારે આવી સ્થિતિ કેટલા વખત સુધી સહેવી પડશે? મારી આ સ્થિતિનો અંત આવશે કે નહિ? અંજનાના પ્રશ્નનો જવાબ આપતાં ગુરૂદેવે કહ્યું, કે હવે થોડા સમયમાં તમારા કર્મો નષ્ટ થવાના છે અને તમારી સ્થિતિ બદલાવાની છે. તેં તેર ઘડી સુધી મુનિનો રજોહરણ સંતાડયો એટલે તેર વર્ષ પૂરા થતાં તારા દુઃખનો અંત આવી જશે. તેં દુઃખમાં ઘણી સહનશીલતા રાખી છે. કોઇને દોષ દીધો નથી. હવે ઝૂરીશ નહિ. તારા દુઃખનો થોડા સમયમાં અંત આવશે. ત્યારે તમારો પતિ પણ તમને મળી જશે અને તમારી કુક્ષીએ એક પરમ પ્રતાપી પુત્ર પેદા થશે કે જે મોટો થતાં રામનો દૂત બનશે અને સીતાજીની શોધ કરશે. આટલું કહીને મુનિ ત્યાંથી વિહાર કરી ગયા.

**સંત પાસેથી ભવિષ્યવાણી સાંભળીને અંજનાને થયેલો આનંદ**:– મહાત્માની ભવિષ્યવાણી સાંભળી અંજનાને ઘણી પ્રસન્નતા થઇ. અંજનાને ઘણી પ્રસન્ન થતી જોઇને વસંતમાલાએ તેને કહ્યું, કે હે સખી! આ મુનિ પાસેથી તને એવું શું મળ્યું છે કે તું આટલી બધી આનંદિત બની ગઇ છે? અંજનાએ કહ્યું – મને આ મુનિ પાસેથી જ્ઞાનની પ્રાપ્તિ થઇ છે. એટલા માટે આટલી બધી હર્ષિત થઇ છું. મુનિ પાસેથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. શ્રી ભગવતી સૂત્રમાં આ વિષે ભગવાનને એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો છેઃ–

**तहारुवाणं समणाणं निग्गंथाणं पज्जुवासणाए किं फलं ? सवण फलं ।**

હે ભગવાન ! સાચા નિર્ગ્રંથ શ્રમણની પર્યુપાસના કરવાથી શું લાભ પ્રાપ્ત થાય છે ? ત્યારે ભગવાને કહ્યું કે સાધુની સેવા કરવાથી શ્રવણનો લાભ મળે છે અથવા શ્રુત જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

અંજના સતીએ વસંતમાલાને કહ્યું કે હે સખી ! મને પણ શ્રુતજ્ઞાનનો લાભ મળ્યો છે. હું મારા કર્મોને પરોક્ષ રૂપે જાણતી હતી પણ આ ગુરૂદેવે કૃપા કરી મારા પૂર્વકર્મને પ્રત્યક્ષ જોઇને વાત કહી છે એટલું નહિ પણ ભવિષ્ય સબંધી વાતો જે હું જાણતી ન હતી. તે પણ આ મુનિ પાસેથી જાણવા મળી છે. મુનિના વચન ઉપર મને દઢ વિશ્વાસ થયો છે કે હવે મારા દુઃખનો અંત આવવાનો છે. ત્યારે વસંતમાલા કહે– તમે તો આ પ્રમાણે કહો છો પણ કોણ જાણે દુઃખનો અંત આવશે કે નહિ ! અને તમારા પતિ યુદ્ધમાંથી જીવિત આવશે કે નહિ ? અંજના કહે - મને સંતના વચન ઉપર દઢ વિશ્વાસ છે. પતિના સબંધમાં અને પુત્રના સબંધમાં જે કાંઇ કહ્યું છે તે ઉપર પણ વિશ્વાસ છે. આમ બંને વચ્ચે વાત ચીત થઇ રહી છે. હવે ત્યાં શું બનશે તેના ભાવ અવસરે.

☆

## વ્યાખ્યાન નં. – ૬૭

**ભાદરવા વદ અમાસને શનિવાર** **તા. ૪–૧૦–૭૫**

અનંત ઉપકારી, નિર્વાણ પથના નેતા, રાગની આગને ઓલવતા, જ્ઞાનબગીચાને ખીલવતા એવા વીતરાગ પ્રભુએ જગતના જીવોના દુઃખ અને દરિદ્રને દૂર કરવા આગમની પ્રરૂપણા કરી. તેમાં આત્માના ઉત્થાનના કીમિયા બતાવ્યા છે. પણ જ્યાં સુધી અંતરમાં રહેલો મિથ્યા માન્યતાનો મેલ દૂર કરવામાં નહિ આવે ત્યાં સુધી ભગવાને પ્રરૂપેલા ભાવને સમજી શકાતા નથી. ભગવાનના પ્રરૂપેલા ભાવો જગતના ભાવોથી જુદા છે. ભગવાનની સાથે સબંધ બાંધવો હોય તો જગતનો સબંધ તોડવો પડશે. ને ભગવાનના વચનને અંગીકાર કરવાની પાત્રતા કેળવવી પડશે. જેમ કોઈ પાત્રમાં વસ્તુ છલોછલ ભરેલી હોય તો તેમાં બીજી વસ્તુ ભરી શકાય નહિ. પણ જ્યારે અંદર ભરેલી વસ્તુને ખાલી કરીશું ત્યારે બીજી સારી વસ્તુ ભરી શકીશું. તે રીતે આપણા અંતરમાં ભરેલી મલીન ભાવનાઓને ખાલી નહિ કરીએ ત્યાં સુધી ભગવાને કહેલા ભાવોને ભરી શકીશું નહિ.

મહાન પુરૂષો કહે છે, કે હે ચેતન ! જો તને ભગવાનની આજ્ઞાની આરાધના કરવાની ભાવના હોય તો તું પ્રભુના શાસનમાં અર્પણ થઇ જા ને તારા મલિન અભિપ્રાયને છોડી દે. એક વખત પાંચ–સાત મિત્રો દારૂ પીને નદી કિનારે પુનમની ચાંદનીમાં ફરવા માટે આવ્યા.

નદી કિનારે એક હોડી પડી હતી. તેમને થયું કે હોડીમાં બેસીને સામે કિનારે ચક્કર લગાવી આવીએ. દારૂનો નશો બરાબર ચઢયો હતો. એટલે હોડીમાં તો બેઠા પણ લંગરના દોરડા છોડયા નહિ અને હોડીને હલેસા મારવા લાગ્યા. પણ જ્યાં સુધી દોરડા છોડવામાં ન આવે ત્યાં સુધી હોડી આગળ વધે ખરી? આખી રાત હલેસા માર્યા પણ હોડી આગળ વધતી નથી. આમ કરતાં રાત પૂરી થઇ ને પરોઢનો પ્રકાશ ફેલાયો. દારૂનો નશો પણ પણ ઉતર્યો. ત્યારે મિત્રો જુએ છે તો હોડી હતી ત્યાંની ત્યાં છે. સ્હેજ પણ આગળ વધી નથી. આ રીતે જ્ઞાની પુરૂષો કહે છે તેં ક્રિયાઓના હલેસા ઘણાં માર્યા પણ મિથ્યા માન્યતાના દોરડા તેં છોડયા નહિ તેથી મહાનપુરૂષોના વચનો તારા જીવનમાં પ્રગતિનું કાર્ય કરી શકતા નથી. એક વખત માન મૂકી, ગર્વને ગાળીને મહાન પુરૂષોના ચરણનો સ્વીકાર કરી તેમના વચનમાં શ્રદ્ધા કરો તો જીવનમાં નવીન પ્રગતિ થશે.

ઉત્તરાધ્યયન સૂત્રના વીસમા અધ્યયનમાં અનાથી નિર્ગ્રંથ અને શ્રેણીક રાજાનો સંવાદ ચાલે છે. મહારાજા શ્રેણીકે અત્યાર સુધી તેની મિથ્યા માન્યતાના દોરડા છોડયા ન હતા. જ્યાં સુધી તેમની દૃષ્ટિ મિથ્યાત્વ હતી ત્યાં સુધી તેમના જીવનમાં પ્રગતિ થઇ ન પણ જ્યારે તેમણે સાચા સંત અનાથી મુનિને જોયા ત્યારે તેમના આત્મામાં અનોખું આકર્ષણ થયું ને તેમના દર્શન કરતા અવર્ણનીય આનંદ થયો. અનાથી મુનિ કહે છે, હે મહારાજા! મારે ત્યાં સૌંદર્યવાન, સુશીલ, અને શીયળવંતી પતિવ્રતા સ્ત્રી હતી. તેને મારા પ્રત્યે અત્યંત અનુરાગ હતો. તેના દિલમાં મારું સ્થાન હતું. હું જ્યારે ઘેર હોઉં ત્યારે મને રંજન કરવા માટે નવા નવા સ્વાંગ ને સોળ શણગાર સજતી હતી, પણ હું બહારગામ જાઉં ત્યારે તદ્દન સાદા કપડાં પહેરતી હતી ને લૂખો આયંબીલ જેવો આહાર કરતી હતી. જેવું તેનું રૂપ ને નામ હતું તેવા તેનામાં ગુણ હતા. જ્યારથી હું બીમાર પડયો ત્યારથી તે મારી પથારી પાસે બેસીને રૂદન કરતી હતી. તેનું રૂદન મારાથી જોયું જતું ન હતું. "अंसु पुण्णेहिं नयणेहिं, उरं मे परिसिंचइ।" તેની આંખો આંસુથી ભરેલી રહેતી હતી. તેની સાડીનો પાલવ આંસુથી ભીનો રહેતો હતો. ને મારી પાસે બેસીને તેના આંસુથી મારી છાતી ભીંજવી દેતી હતી. એને જોઇને મારું કાળજું ચીરાઇ જતું હતું કે મને એમ થતું હતું કે મને આ બીમારી મટે તેમ લાગતું નથી. કારણ કે વૈદો અને ડોકટરોએ હાથ ખંખેરી નાંખ્યા છે. કોઈનો ઇલાજ સફળ નીવડતો નથી. આટલા ઉપચારો કરવા છતાં હજુ એક આની જેટલી પણ રાહત થઇ નથી એટલે મારું જીવન જોખમમાં છે. મારા મરી ગયા પછી આ કોમળ કળી જેવી પત્નીનું શું થશે? હજુ પરણ્યાને છ મહિના પૂરા થયા ન હતા. કોડ ભરેલી પત્નીને હું કંઇ સુખ આપી શકયો નહિ ને તેના મનના મનોરથ પૂરા થયા નહિ. ને મારે તેની પાસે ચાકરી કરાવવાનો વખત આવ્યો. તે મારા દુઃખથી કેટલી દુઃખી થાય છે! મને તેની ખૂબ દયા આવતી હતી.

બંધુઓ! પતિવ્રતા સ્ત્રીને મન તેનું સર્વસ્વ પતિ હોય છે. તમે તેને તમારા સુખ દુઃખમાં ભાગીદારી કરનાર અર્ધાંગના કહો છો ને! અનાથી મુનિ કહે છે, તેનો ઝૂરાપો જોઈને મારી આંખમાં પણ આંસુ આવી જતાં હતા. તે કહેતી હતી, કે સ્વામીનાથ! ધિક્કાર છે મારા જીવનને! કે હું તમારી અર્ધાંગના કહેવાઉં છતાં તમારા દુઃખમાં ભાગ પડાવી શકતી નથી. મારી સામે બેસીને તે રડતી ને ઝૂરતી હતી એટલું નહિ પણ તેણે ખાવા પીવાનોય ત્યાગ કર્યો હતો.

अन्नं पाणं च ण्हाणं च, गन्ध मल्ल विलेवणं ।
मए नायमनायं वा, बाला नेव भुंजइ ।।

ઉત્ત. સૂ. અ. ૨૦, ગાથા ૨૯

હે રાજન્! મારા દુઃખના કારણે મારી પત્નીએ ખાવું, પીવું તથા કેસર, ચંદન આદિ સુગંધી દ્રવ્યોનું શરીરે વિલેપન કરવું, સ્નાન કરવું, શણગાર સજવા, બધું છોડી દીધું હતું. એણે મારી બીમારીના સમયે ભૂખ કરીને ખાધું નથી, તરસ કરીને પાણી પીધું નથી ને ઉંઘ કરીને ઊંઘી નથી. જેનો પતિ કારમી વેદના ભોગવી રહ્યો હોય તેની પત્ની શાંતિનો દમ કેવી રીતે ખેંચી શકે?

એ વાત તો તમે જાણો છો ને, કે કોઈના શરીરે પક્ષઘાત, થયો હોય તો તેનું એક અંગ રહી જાય છે. તો જેનું એક અંગ રહી જાય તો બીજું અંગ સુખી કહેવાય ખરું? (શ્રોતામાંથી અવાજ :- ના.) તો જેનો પતિ બીમાર પડયો હોય તેની પત્ની સુખે ક્યાંથી રહી શકે? પતિવ્રતા પત્નીને તેના જીવનમાં સુખ કે આનંદ ક્યાંથી હોય? તે રીતે અનાથી મુનિની પત્ની પણ અન્નપાણીનો ત્યાગ કરીને બેસી ગઈ હતી. તેણે તેના મનથી દૃઢ નિર્ણય કર્યો હતો કે મારા પતિ બીમારીના બિછાનેથી ઉભા થશે ત્યારે હું અન્નપાણી લઈશ. ત્યારે તેની નણંદોએ કહ્યું- ભાભી! આપણે અન્ન વિના ટકી શકીએ તેમ નથી અને આ બીમારીનો અંત ક્યારે આવશે તેની કલ્પના કરી શકાતી નથી. હવે જો તમે નહિ ખાવ તો મારા ભાઈની સેવા કેવી રીતે કરી શકશો? માટે તમારે થોડું પણ ખાવું જોઈએ. આ રીતે કુટુંબીજનોએ ખૂબ સમજાવી ત્યારે રસ સ્વાદ વગરનું ભોજન અણઈચ્છાએ કરતી. તેમજ મારા જાણતાં કે અજાણતાં પફ, પાવડર, કે સુગંધી પદાર્થોનું વિલેપન કરતી ન હતી. બસ, એ તો પ્રભુને પ્રાર્થના કરતી હતી કે મારા સ્વામીનાથ જલ્દી સ્વસ્થ કેમ બને! મેં એવા શું પાપ કર્યાં હશે કે ઉગતી યુવાનીમાં મારા પતિને આવો રોગ આવ્યો? જેટલો રાગ વધારે તેટલું રૂદન વધારે, તે રીતે મારી પત્ની મારામાં એવી અનુરક્ત હતી કે મારી બીમારીના કારણે તેને ક્યાંય ચેન પડતું ન હતું. છતાં મારો રોગ હળવો પડયો નહિ.

શ્રેણીક રાજા જેમ જેમ મુનિની કહાની સાંભળતા જાય છે તેમ તેમ તેમનું હૃદય

કુણું બનતું જાય છે. ને મુનિ પ્રત્યે પૂજ્યભાવ પ્રગટે છે. મગધદેશના અધિપતિનું મસ્તક આજ સુધી કોઇના ચરણમાં ઝૂકયું ન હતું તે મુનિના ચરણમાં ઝૂકી ગયું. એક પોતાના માતા-પિતા અને ધર્મગુરૂઓ સિવાય મહાન પુરૂષો જ્યાં ને ત્યાં શીર ઝૂકાવતા નથી. શ્રેણીક તો રાજા હતા પણ આ ભારતની પવિત્રભૂમિમાં એવા વણિક પ્રધાનો થઇ ગયા છે કે પોતાના માથે દુઃખની ઝડીઓ વરસે તો પણ તેઓ જ્યાં ને ત્યાં માથું ઝૂકાવતા ન હતા. કારણ કે આઠ અંગમાં મસ્તક ઉત્તમ અંગ છે. એટલે એ જ્યાં ત્યાં નમાવાય નહિ.

ગરવી ગુજરાતના પાટણ શહેરમાં જયસિંહ નામનો રાજા રાજ્ય કરતો હતો, તેને શાંતનુ મહેતા નામનો વણિક વિચિક્ષણ પ્રધાન હતો. બંને વચ્ચે મનમેળ સારો હતો. મોટા ભાગનો રાજ્યનો વહીવટ આ શાંતનુ મહેતા ચલાવતા હતા. રાજ્યની સમસ્ત સત્તા તેના હાથમાં હતી અને પોતે કાર્ય પણ ખૂબ પ્રમાણિકતાથી કરતો હતો. તેના વહીવટને કારણે રાજ્ય આબાદ રીતે ચાલતું હતું. પ્રધાનની કીર્તિ ખૂબ ફેલાઇ હતી. દુનિયામાં બીજાની કીર્તિ કોઈથી સહન થતી નથી. ઘણાં ઇર્ષ્યાળુ માણસોને પ્રધાનની પ્રશંસા સહન થતી ન હતી. જ્યાં ગામ હોય ત્યાં કચરાપેટી હોય તેમ બીજા ઇર્ષ્યાળુ અમલદારોએ રાજાને ચાવી ચઢાવીને કાન ભંભેર્યા. કહેવત છે ને કે મોટા માણસોને કાન હોય પણ સાન ન હોય. કોઇ ચઢાવે તો ચઢી જાય. પણ સાચી હકીકત સમજે નહિ. તે રીતે શાંતનું મહેતાના વિરોધીઓએ રાજાના એવા કાન ભંભેર્યા કે રાજાને શાંતનુ મહેતાનો દોષ દેખાવા લાગ્યો.

બંધુઓ! જ્યારે માણસની દૃષ્ટિ બદલાય છે ત્યારે સામાનો રાઈ જેટલો દોષ પહાડ જેવો દેખાય છે. ને જેના પ્રત્યે રાગ હોય છે તેનો પહાડ જેટલો દોષ રાઇ જેટલો દેખાતો નથી. તે રીતે અહીં જયસિંહ રાજાની દૃષ્ટિ બદલાવાથી શાંતનુ પ્રધાનની રાઇ જેટલી ભૂલ પહાડ જેવી દેખાવા લાગી. ને તેના મનમાં ઈર્ષ્યા પણ આવી કે હું મોટો પાટણનો રાજા અને પ્રજામાં પ્રશંસા એની થાય! મારે એ પ્રધાન ન જોઇએ. સમય થતાં શાંતનુ મહેતા મહામંત્રી સભામાં આવ્યા રોજ પ્રધાન આવે ત્યારે રાજા એને આદર આપતા. પણ આજે તો મોં ફેરવીને બેસી ગયા. રાજાનું મુખ જોઇને ચતુર પ્રધાન સમજી ગયો કે આજે કંઇક છે. થોડી વારે રાજા કડકાઇથી બોલ્યા: પ્રધાનજી! તમે વહીવટ બરાબર કરતા નથી પ્રજાની સમક્ષ રાજાએ પ્રધાનનું ઘોર અપમાન કર્યું ને કહ્યું કે મને મંત્રીમુદ્રા પાછી આપી દો. પ્રધાને તરત આપી દીધી. રાજાની સામે એક શબ્દ બોલ્યા નહિ. મૌનપણે સભામાંથી બહાર નીકળી ગયા. સાચો માણસ કદી અપમાન સહન કરી શકતો નથી. પ્રધાન વિચાર કરવા લાગ્યો કે જ્યાં દિલની દીવાલ વચ્ચે તડ પડી ત્યાં રહેવામાં સાર નથી. વતનનું વહાલ અને પ્યારી માતૃભૂમિ છોડવી કોને ગમે? છતાં શાંતનુ મહેતા જન્મભૂમિ છોડવા તૈયાર થયા. ઘરના માણસોને કહી દીધું કે રાજાએ વાંક વિના મારું અપમાન

કર્યું છે. માટે હવે હું જાઉં છું. રાજા માનસહિત બોલાવશે તો આવીશ. બાકી આ ભૂમિમાં હવે પગ નહિ મૂકું.

આ તરફ રાજા આદિ બીજા પ્રધાનો સમજતા હતા કે અત્યારે પ્રધાન મૌન ભલે રહ્યા પણ પછી જરૂર માફી માંગશે. ને રાજાની સાથે સમાધાન કરશે. અને રાજા તેને મંત્રીમુદ્રા પાછી આપશે. પણ એનું પરિણામ વિપરીત આવ્યું. શાંતનુ મહેતા બીજે દિવસે પ્રભાતના પ્રહરમાં પાટણની પવિત્ર ભૂમિને પ્રણામ કરીને માલવભૂમિ તરફ પ્રયાણ કરી ગયા. આ વાતની રાજાને ખબર પડી. ત્યારે જયસિંહ રાજા કપાળે હાથ દઈ નિઃસાસો નાંખીને બોલવા લાગ્યા કે માલવપતિ મારો કટ્ટો દુશ્મન છે. શાંતનુ મહેતા દુશ્મનના આશ્રયે જઈને મારા રાજ્ય ઉપર આપત્તિના વાદળા ઉતારશે. એ મારો ખાસ પ્રધાન એટલે મારી ખાનગીમાં ખાનગી વાતો પણ જાણે છે. એટલે હવે થોડા સમયમાં મારું રાજ્ય સાફ કરી નાંખશે. કેવું ભયંકર પરિણામ આવશે? આ પ્રમાણે ભાવિના ભણકારા વાગવા લાગ્યા ને તે ચિંતામાં જયસિંહ રાજાની આંખમાં બોર બોર જેટલા આંસુ પડવા લાગ્યા. આ પ્રધાનના દ્રોહનું પરિણામ કેવું ભયંકર આવશે તે જોવા માટે રાજાએ તેની પાછળ છૂપી સી. આઈ. ડી. ના માણસો મોકલ્યા. શાંતનું પ્રધાન કયાંય પણ પાટણની કીર્તિને કલંક લાગે તેવું વચન બોલતા નથી, કે પાટણ ઉપર આપત્તિ આવે તેવું કાર્ય કરતા નથી.

**"શાંતનુ મહેતા માટે માલવપતિ અધીરા બન્યા" :–** માલવપતિ પાટણ નરેશનો શત્રુ હતો. માલવપતિને ખબર પડી, કે પાટણનો પ્રવીણમંત્રી શાંતનુ મહેતા મારા રાજમાં આવે છે. પાટણપતિએ તેની મુદ્રા લઈ લીધી છે. આ સમાચાર સાંભળી માલવપતિને ખૂબ આનંદ થયો. વિરોધી રાજાનો પ્રધાન ત્યાંથી અપમાનિત થઈને પોતાનો ત્યાં આવે તે રાજાઓ માટે ખુશીની વાત હોય છે. શત્રુ અને વળી મંત્રી તે આપણો મિત્ર અને એટલે ખુશાલીની વાત છે. શાંતનુ મહેતાના માનમાં માલવનરેશે આખો માલવદેશ તોરણો અને ધ્વજા પતાકાથી શણગારી દીધો ને માણસોને મોકલી તેનું ભવ્ય સ્વાગત કરી બહુમાનપૂર્વક રાજાની સભામાં લાવ્યા. શાંતનુ મહેતાનું સ્વાગત–સન્માન જોઈને જયસિંહ રાજાના ગુપ્તચરોના દિલમાં આગ ઉઠી કે હવે આપણા રાજ્યનું આવી બનશે. કારણ કે આના જેવો બીજો કોઈ બાહોશ પ્રધાન નથી.

શાંતનુ મહેતા સભામાં આવીને રાજાની સમક્ષ ઉભા રહ્યા પણ માલવપતિને મસ્તક નમાવ્યું નહિ. આ તરફ શાંતનું મહેતા જેવા મંત્રીને પ્રાપ્ત કરવાથી માલવપતિની છાતી ગજ ગજ ફૂલી રહી હતી પણ પ્રધાને મસ્તક નમાવ્યું નહિ. સિંહને શિકાર ન મળે તો ભૂખ્યો મરી જાય પણ ઘાસમાં મોઢું નાંખે નહિ. તે અનુસાર માલવપતિએ શાંતનું મહેતાનું સ્વાગત કરતાં કહ્યું કે પધારો મંત્રીરાજ! પધારો!

ખૂબ માન આપ્યું છતાં મસ્તક નમાવ્યા વિના ઉભા રહ્યા. ત્યારે માલવપતિએ કહ્યું મંત્રીરાજ! હવે તો માલવપતિનું શરણું સ્વીકારી મસ્તક નમાવોને! હવે આપણે જલ્દી પાટણપતિના હાથ હેઠા પાડીએ.

**શાંતનુ મહેતાની વફાદારી :** શાંતનુ મહેતા કહે છે મહારાજા! જે બોલો તે વિચારીને બોલો. હું તમારી શરણાગતિ સ્વીકારવા નથી આવ્યો. હું તો સ્હેજે સ્હેજે આવ્યો છું. આપ શું કહેવા માંગો છો? હું મારા વતન ઉપર દ્રોહ કરવા માંગતો નથી. મારી પ્રાણપ્રિય પ્રજા અને મારા પૂજ્ય રાજા સાથે મનભેદ કરવા હું તૈયાર નથી. આપ કહો છો કે મને મસ્તક નમાવો. એ ત્રણ કાળમાં નહિ બને. આ મસ્તક જ્યાંને ત્યાં નહિ ઝૂકે. જયસિંહ રાજાએ ભલે મારો દ્રોહ કર્યો પણ આ મસ્તક જયસિંહ રાજવીના ચરણમાં નમશે. ગુરૂ તરીકે જૈન સંતોને નમ્યું છે. ને ધર્મ તરીકે જૈન ધર્મને નમ્યું છે. ને મારા સ્વામી કહું કે માલિક કહું એ જયસિંહ રાજા સિવાય કોઈને નહિ નમે. આપનો આશ્રય લઇ હું તેમને યુદ્ધમાં નહિ ઉતારું, આ સાંભળી માલવ નરેશનો આનંદ ઓસરી ગયો.

આ તરફ જયસિંહ રાજાના સી. આઇ. ડી એએ આ બધું નજરે જોયું. શાંતનુ મહેતાની વફાદારીથી ખુશ થઈને મારતે ઘોડે પાટણ આવી પહોંચ્યા ને રાજા જયસિંહ આગળ શાંતનુ મહેતાની વફાદારીના વખાણ કર્યા. ને કહ્યું આપણા મંત્રી એટલે મંત્રી છે. તેણે માલવપતિને મસ્તક નમાવ્યું નહિ. તેને ગુજરાત પ્રત્યે કેટલું ગૌરવ છે! માલવપતિએ તેનું કેટલું સ્વાગત કર્યું ને કેવી માંગણી કરી ને તેની સામે મહામંત્રીએ કેવો જવાબ આપ્યો તે બધું રાજાને કહી સંભળાવ્યું.

**"જયસિંહ રાજાને મંત્રી પ્રત્યે ઉપજેલું માન :**—રાજા જયસિંહને મંત્રીની વફાદારી પ્રત્યે માન ઉપજ્યું ને પોતે સામાન્ય બાબતમાં મંત્રીના કરેલા અપમાન બદલ ભારે પશ્ચાતાપ થયો. તેમણે બીજા મંત્રીને આજ્ઞા કરી કે શાંતનુ મહેતાને બહુ માનપૂર્વક ભારે સ્વાગત કરીને આપણા રાજ્યમાં તેડી લાવો. તેને મારા પ્રત્યે કેટલું માન છે! તે મને આજે સમજાય છે. આટલું ઘોર અપમાન કરવા છતાં ને બીજે આટલું માન મળવા છતાં તેણે પોતાનું મસ્તક નમાવ્યું નહિ. આટલું બોલતાં જયસિંહ રાજાની આંખમાં આંસુ આવી ગયા. શાંતનુ મહેતાને તેડવા માટે આવે છે. ને રાજાનો પત્ર મંત્રીના હાથમાં આપ્યો. પત્ર લખતાં રાજાની આંખમાંથી અશ્રુબિંદુઓ સરી પડયા હતા. રાજાએ પત્રમાં લખ્યું હતું, કે હવે મને મારી ભૂલ સમજાઇ ગઇ છે. મને માફ કરો ને પાછા પધારી પાટણની ભૂમિને પાવન કરો. મંત્રીએ પણ નિર્ણય કર્યો હતો કે જો રાજા મને બહુમાનથી તેડાવશે તો પાટણ જઇશ. પોતાના રાજાનો પત્ર વાંચતા પ્રધાનની આંખમાં પણ આંસુ આવી ગયા. ને કહ્યું, કે મારા મહારાજા કેવા પવિત્ર છે! પત્ર

લખવામાં તેમની કેટલી નમ્રતા છે! જયસિંહ રાજાનો પત્ર વાંચીને માલવપતિની રજા લઈ શાંતનુ મહેતાએ પાટણ તરફ પ્રયાણ કર્યું.

પાટણ તરફ આવતાં થોડો માર્ગ કાપ્યો ને અધવચ શાંતનુ મહેતાની તબિયત અચાનક બગડી. તેમને થઇ ગયું કે હવે આ પથારીમાંથી ઊઠી શકું તેમ લાગતું નથી. જીવલેણ દર્દ છે. દિલમાં અફસોસ થાય છે કે શું હું મારા મહારાજાને રૂબરૂ નહિ મળી શકું! બીજા મંત્રીઓને કહી દીધું, કે હું રાજાને મળી શકું તેમ લાગતું નથી. તમે તેમને મારા બહુમાનપૂર્વક પ્રણામ કહેજો. આટલું કહીને તેમણે સર્વ જીવોને ખમાવ્યા. તરત તેમનો આત્મા પરલોકમાં પ્રયાણ કરી જાય છે. રાજા તો પોતાના વહાલા પ્રધાનની વાટ જોતા હતાં. કે ક્યારે મારો મંત્રી આવે ને મોતીડે વધાવું. તેના બદલે મંત્રીમંડળ તરફથી દુઃખદ સમાચાર સાંભળ્યા. ત્યારે રાજા બેભાન થઈને પડી જાય છે. ટૂંકમાં આપણે આ દૃષ્ટાંતમાંથી એ સાર લેવો છે કે માણસને પોતાના રાજા પ્રત્યે ને ધર્મ પ્રત્યે કેટલો પ્રેમ હોય છે! કે જેને કારણે પોતાના રાજા, ધર્મ અને ધર્મગુરુ સિવાય બીજા કોઈને પોતાનું મસ્તક નમાવતા નથી. સાચા ક્ષત્રિયો કોઇને મસ્તક નમાવતા નથી.

અહીં શ્રેણીક રાજાનું અણુનમ મસ્તક અનાથી નિર્ગ્રંથના ચરણમાં નમી ગયું. તેના મનમાં થઇ ગયું, કે આ મુનિને ઘેર આવી સંપત્તિ ને સુખ હોવા છતાં પોતાને અનાથ માને છે. ત્યારે હું તો મને પોતાનો નાથ માનીને બેસી ગયો છું. મુનિ કહે છે, હે રાજન્! તમે તમને પોતાને મગધદેશના નાથ માનો છો. પણ એ માન્યતા ભૂલભરેલી છે. મારા માટે બધાએ થાય તેટલા પ્રયત્નો કર્યા છતાં મારો રોગ નાબૂદ થયો નહિ. પૂર્વભવમાં મેં એવા ગાઢ કર્મો કર્યા હશે! જ્યારે કર્મનો ઉદય થાય છે ત્યારે સત્તા, સંપત્તિ અને કુટુંબ કોઈ કામ લાગતું નથી. અહીંની સગાઈ અહીં રહી જાય છે.

દા. ત. નરકમાં પરમાધામીઓ નારકોને ખૂબ તર્જના કરે છે. કોઈ તલવાર-ભાલા મારે છે, ઊંચે ઉછાળે છે, અગ્નિમાં ફેંકે છે. ખૂબ ત્રાસ પડે ત્યારે નારક અવધિજ્ઞાન દ્વારા જુએ છે. નારકી અને દેવોને ભવપ્રત્યય અવધિજ્ઞાન હોય છે. તે જ્ઞાન દ્વારા ઉપયોગ મૂકે છે કે આ પરમાધામી મને શા માટે મારે છે? મેં એનો એવો શું ગુન્હો કર્યો છે? ઉપયોગ મૂકીને જોતાં જુએ છે તો જે પરમાધામી મારે છે તે પોતાનો પૂર્વભવનો ભાઇ છે. તેને કહે કે તું મારો ભાઈ થઈને મને મારે છે? ત્યારે પરમાધામી કહી દે છે અત્યારે મારે ને તારે ભાઇની સગાઈ નથી. એ તો એ ભવમાં હતી. ત્યારે ફરીને નારક જ્ઞાન દ્વારા જુએ છે, કે મેં એવા શું કર્મો કર્યા છે? તો એ ભાઈને એવો ભયંકર રોગ થયો હતો. તેને માટે કોઇ વૈદે કોઈ વનસ્પતિના પાંચ પાંદડા વાટીને ખાવાના કહેલા. તેના બદલે હું રોજ તેનું આખું ઝાડ કપાવી નાંખતો હતો. આ રીતે ઘણા જીવોની હિંસા કરી. સંતાનો માટે પરિગ્રહ ભેગો કરવા પાપ બાંધ્યા. તેથી મારે નરકમાં આવવું પડયું.

ત્યારે પરમાધામીને કહે છે, ભાઈ! મેં તો તારા માટે આવા પાપ કર્યા હતા. સ્હેજ તો દયા કર. ત્યારે કહે છે, મેં તને ક્યાં ઊંચો બાંધ્યો હતો કે તું મારા માટે પાપ કર. બંધુઓ! તમે જેને માટે પાપ કરો છો તે બધા વખત આવ્યે તમને આમ જ કહેવાના છે. માલ ખાવા સહુ આવશે પણ માર ખાવા કોઈ નહિ આવે. માટે જેમ બને તેમ કર્મ ના બંધાય તેવું જીવન જીવો.

અનાથી નિર્ગ્રંથ કહે છે, કે મારા કરેલા કર્મો મારે એકલાને ભોગવવા પડયા હતા. બધા મારા સામું જોઈ રહેતા પણ મારી વેદના કોઈ લઈ શકયા નહિ. હજુ મારી પત્ની મારા માટે શું કરતી હતી તે વાત અનાથી મુનિ શ્રેણીક રાજાને કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

**ચરિત્ર:- અંજના સતીનું આત્મમંથન**

**આટલું કહી ઋષિ સંચર્યા, એટલે ત્રાજયો ગુફા માંહી સિંહ તો,**
**ત્રાસ પામ્યા સર્વે સાવજા, જાણે અષાઢો ગાજયો છે મેહ તો,**
**અંજના કહે અલગી રહે, વસંતમાલા કહે મરણ દીયો માય તો,**
**જાણશે પિયુ પરદેશ ગયા, એ સંદેહ ટાળજો અમ તણો જાય તો. સતી રે.**

અંજના સતીએ મુનિનો પોતાનો પૂર્વભવ પૂછયો. મુનિ તેના પ્રશ્નનો જવાબ આપી ત્યાંથી ચાલ્યા ગયા. અંજના કહે છે બહેન! મરુભૂમિમાં પણ ભાગ્યશાળી આત્માને કલ્પવૃક્ષ મળી આવે તે આનું નામ, મુનિ કેવા કરુણાના સાગર હતા! આપણે બંનેએ પૂર્વભવમાં આવું પાપ કર્યું તો આવું દુઃખ ભોગવવું પડયું. તો અનંતકાળથી આ સંસારમાં ભટકતા આપણા આત્માએ અજ્ઞાનદશામાં આવા તો ઘણાં કર્મો કર્યા હશે! અને તેના વિષમ વિપાકો પણ ભોગવ્યા હશે! ખરેખર આ સંસાર તો છોડવા જેવો છે. ભગવાને સંસારનું સ્વરૂપ ભાખ્યું છે તે યથાર્થ છે. જ્યાં સુધી આ સંસારના મોહમાયાના બંધનોમાં રહીશું ત્યાં સુધી પાપો થવાના અને પાપ થવાના એટલે તેના કટુ વિપાકો પણ સહન કરવા પડવાના.

**અંજના સતી ગાઢ જંગલમાં ને ત્યાં સિંહનું આવવું બન્યું:-** આ રીતે અંજના અને વસંતમાલા બંને સંસારના સ્વરૂપની ભયંકરતાનું ચિંતન કરતા હતા. ત્યાં એકાએક સિંહની ભયંકર ગર્જના સંભળાઈ. બંને ધ્રૂજી ગયા અને થોડે દૂર એક ભીષણ સિંહને આવતો જોયો. ધરતીમાં તીરાડ પડી જાય તે રીતે જોરથી પૂંછડાને પછાડતો હતો. લોહીથી તેનું મુખ ખરડાયેલું હતું. ને ગર્જનાથી દિશાને ગજાવી રહ્યો હતો. લોખંડના અંકુશ જેવા તીક્ષ્ણ તેના નખ હતા. આવા સિંહને જોઈને ભલભલાના કાળજા કંપી જાય.

વસંતમાલા કહે છે બહેન! આપણે બંને જણા આ વૃક્ષ ઉપર ચઢી જઈએ. ત્યારે અંજના કહે છે બહેન! મને નવમો માસ છે. વૃક્ષ ઉપર ચઢવાની મને હિંમત નથી. પણ

તું ચઢી જા. ત્યારે વસંતમાલા કહે છે મારી સખી નીચે બેસે ને હું વૃક્ષ ઉપર ચઢું. મારે કોના માટે જીવવું છે? અંજના કહે છે બહેન! આપણે બંને મરી જઈશું તો પવનજીને સાચા સમાચાર કોણ આપશે? માટે તું વૃક્ષ ઉપર ચઢી જા. વસંતમાલા કહે છે મારે તો વૃક્ષ ઉપર ચઢવું નથી ને પવનજીને સાચા સમાચાર આપવા પણ નથી. સિંહ આવશે તો પહેલા હું સામી જઈશ. પહેલાં હું મરીશ. મારા દેખતા સિંહ તને ફાડી ખાય તે હું કેમ જોઈ શકું? અંજના કહે છે સહુ સારા વાના થશે. તું ચિંતા ન કર. મારી ખાતર પણ તું વૃક્ષ ઉપર ચઢી જા. અંજનાએ ખૂબ કહ્યું એટલે તે ઝાડ ઉપર ચઢી ગઈ. સર્વપ્રથમ અંજનાએ સર્વ જીવોને ખમાવી સાગારી સંથારો કર્યો ને પછી પદ્માસન લગાવીને જાણે કોઈ અવધૂત યોગી ન બેઠો હોય! તે રીતે ચિત્તને એકાગ્ર કરીને મહામંત્ર નવકારમંત્રનું સ્મરણ કરવા લાગી.

બંધુઓ! નવકારમંત્રમાં કેટલી તાકાત છે! નવકારમંત્રનું સ્મરણ કરવાથી ભયંકરમાં ભયંકર વિઘ્નો દૂર થઈ જાય છે. પણ તમને એટલી શ્રદ્ધા નથી. આજે તો શનિવારે હનુમાનજીને તેલ ચઢાવવા જાય. મંગળવારે મેલડી માતાની માન્યતા અને બુધવારે બૂટમાતાને પગે લાગવા જાય. હનુમાનજી કહે છે મારા ઉપર તેલના ડબ્બાને ડબ્બા ખાલી કરી નાંખો તો પણ તમારામાં મારા જેવી તાકાત નહિ આવે. પણ મેં જેમ બ્રહ્મચર્યનું પાલન કર્યું તેમ તમે કરો તો બળ આવશે. નવકારમંત્ર જેવો દુનિયામાં કોઈ મંત્ર નથી. તમને કંઈ ન આવડે તો નવકારમંત્રનું સ્મરણ કરશો. તો પણ બેડો પાર થઈ જશે.

**શ્રદ્ધા ને ભકિતનો હૈયે જલતો રાખો દીવડો,**
**મોહ, માન, માયા ત્યાગીને રંગે રંગો જીવડો**
**સંકટ સમયે સહાયક થઈને ઉતારે ભવપાર રે,**
**હૃદયે રાખી રટણ કરો તો સફળ બને અવતાર રે ....**

આવો નવકાર મંત્રનો અપૂર્વ મહિમા છે. અંજના સતી આવા મહાનમંત્રનું એક ચિત્તે યોગીની માફક સ્મરણ કરવા લાગી. હાલતી કે ચાલતી નથી. વિકરાળ સિંહ એકદમ નજીક આવી ગયો. જાણે એમ લાગે કે હમણાં સતી ઉપર તરાપ મારશે. પણ અંજનાને બહાર શું થઈ રહ્યું છે તેની કંઈ ખબર નથી. પણ વસંતમાલા તો વૃક્ષ ઉપર બેઠી બેઠી બધું જુએ છે. તેનું કાળજું કંપી ગયું. અને વૃક્ષ ઉપર બેઠી બેઠી બોલે છે. અહો હે શીયળના રક્ષક દેવો! તમે ક્યાં સંતાઈ ગયા છો? જેની રગે રગે શીયળની રમણતા છે. તેવી નિર્દોષ સતી સંકટમાં આવી પડી છે. એકલી નિરાધાર છે. આ વનમાં કોઈ સજ્જન છો કે નહિ? આ વનના રક્ષક દેવ પણ હશો ને? ધાઓ....ધાઓ. જલ્દી સતીની વહારે આવો. હે જૈન ધર્મના રક્ષક દેવો? આ સતી હમેશાં જૈન ધર્મનું પાલન કરે છે. તેની

શ્રદ્ધા અડગ છે. તેના માથે આટલા દુઃખ પડયા પણ કોઈને દોષ દેતી નથી. આવી નિર્દોષ ને પવિત્ર મારી અંજના સતીને હમણાં સિંહ ફાડી ખાશે. જો આ સતીનું રક્ષણ નહિ કરો તો તમારી લાજ જશે. માટે દોડો....દોડો. એમ જોરજોરથી વસંતમાલા બૂમ મારી રહી છે ને પ્રભુને પ્રાર્થના કરે છે ને કહે છે, કે જો તમે સતીનું રક્ષણ નહિ કરો તો બબ્બે જીવોની ઘાત થઈ જશે. આ રીતે વસંતમાલા પોકાર કરી રહી છે. ત્યાં શું બન્યું ?

**"સતીના શીયળના પ્રભાવે દેવ પ્રસન્ન થયા :-**

**તેણે વને વ્યંતર યક્ષ રહે, બાર યોજન તણો રખવાળ તો,**
**યક્ષણી યક્ષને એમ કહે, આપણે શરણે આવી છે બે બાલ તો.**

બાર યોજનનું લાંબુ ને પહોળું તે વન હતું. એક વ્યંતર દેવ તે વનનો રખેવાળ હતો. તે દેવની દેવી કહે છે સ્વામીનાથ! આપણા વનમાં આ એક સતીને માથે સંકટ આવ્યું છે. આપણા વનમાં આપણી દેખરેખ નીચે જો સતીની હિંસા થાય તો આપણે સાચા રક્ષક નહિ પણ ભક્ષક છીએ. તમે જલ્દી ઉઠો ને સતીને વહારે જાઓ. આપણા શરણે આવે તેનું રક્ષણ કરવું જોઈએ. આ પ્રમાણે દેવી દેવને કહી રહી છે. હવે અંજનાનું રક્ષણ દેવ કેવી રીતે કરશે તેના ભાવ અવસરે કહેવાશે.

(તા. ૫-૧૦-૭૫ ને રવિવારે કાંદાવાડી મહાન વૈરાગી પૂ. કાંતીઋષિજી મહારાજ-સાહેબના માસખમણના મહાન તપના પ્રસંગે બહુમાન હોવાથી પૂ. મહાસતીજી ત્યાં પધારેલ હોવાથી વ્યાખ્યાન બંધ રહેલ.)

☆

## વ્યાખ્યાન નં. ૬૮

**આસો સુદ ૨ ને સોમવાર** તા. ૬-૧૦-૭૫

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો,

આ જીવને આ અનંત સંસારમાંથી તારનાર હોય તો વીતરાગ પ્રભુની વાણી છે. આ જિનવાણીનું આલંબન લઈને અનંતાનંત આત્માઓ જિન બની ગયા ને આત્મસાધના સાધી ગયા. તેનું કારણ શું ? તેમણે રાગ-દ્વેષ અને મોહને પોતાના શત્રુઓ માન્યા. અને એ શત્રુઓનો નાશ કરવા માટે પ્રબળ પુરૂષાર્થ કર્યો. એમણે રાજ્યના વૈભવો, વિલાસો, સત્તા, સંપત્તિ, મહેલાતો અને કુટુંબ પરિવાર બધાનો ત્યાગ કર્યો. અરે, વહાલામાં વહાલા શરીરનું મમત્વ છોડી ઉગ્ર તપશ્ચર્યા કરવા લાગ્યા અને સંયમ લઈ તપની સાધના કરી અભ્યંતર અને બાહ્ય શત્રુઓનો સામનો કરી છેવટે તેઓ રાગ-દ્વેષ અને મોહના વિજેતા બન્યા.

બંધુઓ ! જેના રાગ-દ્વેષ અને મોહ આ ત્રણ મુખ્ય શત્રુઓ જીતાઈ જાય છે તેને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. કેવળજ્ઞાન એ સકલ જ્ઞાન છે. એટલે જેને આવું સકળ જ્ઞાન થાય છે તે સર્વજ્ઞ ભગવંત કહેવાય છે. આવા સર્વજ્ઞ અને સર્વદર્શી બનેલા ભગવંતોએ જગતના જીવોને ઉપદેશ આપતા એક વાત સમજાવી કે, હે ભવ્યજીવો ! જો તમારે સાચું સુખ પ્રાપ્ત કરવું હોય તો રાગાદિ આભ્યંતર શત્રુઓ ઉપર વિજય મેળવો. તેનો વિનાશ કરો. જયાં સુધી એ શત્રુઓની હયાતી છે ત્યાં સુધી આત્મા શાંતિ અને સુખપૂર્વક રહી શકવાનો નથી. સાચા, સંપૂર્ણ અવિનાશી અને અબાધિત સુખની પ્રાપ્તિ માટે રાગાદિ શત્રુઓનો અવશ્ય નાશ કરવો પડશે. અત્યાર સુધીમાં જેટલા જિનેશ્વર ભગવંતો થઇ ગયા તેમનામાં કયાંય રાગ-દ્વેષ કે મોહનો અંશ જોવા મળતો નથી. એ તો જિન બની ગયા પણ તેઓ જયારે વીતરાગ પદ પામ્યા ન હતા ત્યારે પણ સંસારમાં અનાસકત ભાવથી વિરાગી અવસ્થામાં રહેતા હતા.

આપણા ચરમ તીર્થંકર ભગવાન મહાવીર પ્રભુનું જીવન જુઓ. જયારે તેઓ સંસારમાં હતા ત્યારે તેઓ અત્યંત અનાસકત અને ઉદાસીન ભાવથી રહેતા હતા. તે યુવાન થયા ત્યારે માતા ત્રિશલાજી પુત્રના મુખ ઉપર તરવરતો વૈરાગ્ય ભાવ જોઇને તેને લગ્ન કરવાનું કહેવા જતા પણ અચકાતા હતા. જેના મુખ ઉપર વૈરાગ્ય ભાવના પુવારા ઊડતા હોય તેને લગ્ન કરો એમ કહેવું કેવી રીતે ? એમનામાં ને તમારામાં કેટલો ફેર ? (હસાહસ) માતા ત્રિશલા પોતે પોતાના પુત્રને કહી ન શકયા પણ મિત્રોને કહેવા મોકલ્યા. વૈરાગી વર્ધમાન કુમારે મિત્રોને કહી દીધું કે મારે તમારી વેવલી વાતો સાંભળવી નથી. તમે ચાલ્યા જાઓ. વર્ધમાન કુમારે મિત્રોની વાત પૂરી સાંભળી પણ નહિ. જયારે મિત્રોથી ન માન્યા ત્યારે ત્રિશલા માતા જાતે કહેવા આવ્યા.

ત્રિશલા માતા કહે છે, ઓ મારા લાડકવાયા ! તું તો પાકો વિરાગી છે. તું વિરાગી હોવા છતાં માતૃભકત છે. અત્યાર સુધી તે અમારી બધી ઇચ્છાઓ પૂર્ણ કરી છે. તો હવે લગ્ન કરીને અમારી ઇચ્છા પૂરી કર. ત્યારે વિરાગી વર્ધમાનકુમાર અત્યંત ઉદાસ બની નીચું જોઈને બેસી ગયા. માતા પુત્રની દશા જોઇને ગમગીન બની ગયા. માતાની સ્થિતિ જોઈ વર્ધમાનકુમારે અવધિજ્ઞાન દ્વારા એ જોઇ લીધું કે મારા ભોગાવલી કર્મો બાકી છે તેને ભોગવ્યા વિના છૂટકો નથી. છતાં માતાને લગ્ન કરવાની સંમતિ આપી નહિ. પણ એમ કહ્યું, કે હે માતા ! સ્ત્રી તો ભવભ્રમણ કરાવનાર છે. તો મને એવા સંસારની ધૂંસરીએ શા માટે જોડો છો ? એટલું કહી મૌન રહ્યા. પુત્રના એ મૌનમાં માતાજી એમ સમજ્યા કે પુત્રે સંમતિ આપી દીધી. તેથી જલ્દી ઘડિયા લગ્ન લેવાની તૈયારી કરી. ને વર્ધમાનકુમારને પરણાવ્યા. પરણ્યા પછી પણ ભગવાન યશોદાના મોહમાં ન્હોતા પડયા. ભોગાવલી કર્મના ઉદયથી જોડાવું પડયું

પણ તદ્દન અનાસકત ભાવ હતો. આજે તો પરણ્યા એટલે જાણે મોહરાજાના ગુલામ બની ગયા. જ્યારે સંસારના સમસ્ત સુખો મળવા છતાં પણ તેમાં અનાસકત ભાવે રહેતો એ આત્મા ભવિષ્યમાં મહાન બન્યા વિના રહે? ન રહે. તમે પણ આવા અનાસકત ભાવે રહેતા શીખો. તમે સાંભળ્યું ને કે ભાવિમાં તીર્થંકર બનનારા આત્માનો ગૃહવાસ પણ કેવો વૈરાગ્યથી ભરપૂર હતો!

હવે બીજી એવી એક વાત છે, કે જે આત્મા ભાવિમાં તીર્થંકર નથી બનવાનો પણ સર્વજ્ઞ બનવાનો છે તેમનો સંસાર પણ કેવા ભવ્ય વિરાગથી ઊજળો હોય છે. તેઓ ગૃહવાસમાં વિરાગી મટીને વીતરાગી બની જાય છે. તે કોણ? તમે જાણો છો? ઘણી વખત સાંભળ્યું છતાં કંઇ યાદ રાખ્યું છે? તમને તો પૈસા અને પેઢી યાદ રહે પણ આ યાદ નથી રહેતું. (હસાહસ)

ઋષભદેવ ભગવાનના પુત્ર ભરત ચક્રવર્તી કે જેમને ત્યાં છ છ ખંડની સાહ્યબી હતી. ચોસઠ હજાર રાણીઓના સ્વામી હતા. બત્રીસહજાર મુગટબંધી રાજાઓ જેમના ચરણમાં આળોટતા હતા. ને દેવો પણ તેમની સેવામાં રહેતા હતા. છતાં ભરત ચક્રવર્તી આ બધાથી વિરકત હતા. છતાં કોઈ વખત તેના રાગમાં રંગાઇ ન જવાય તે માટે તેમની કેટલી સાવધાની હતી! પોતે રાજસિંહાસને બેસે ત્યારે પોતાને સજાગ રાખવા પગારદાર માણસો રોકયા હતા. તે માણસો પાસે ઉદ્ઘોષણા કરાવતા હતા કે હે મહારાજા ભરત ચક્રવર્તી! આપ રાગ-દ્વેષ અને મોહ આ ત્રણ મહાન શત્રુઓથી જીતાઇ રહ્યા છો. આપના માથે મોતનો મહા ભય ઝઝૂમી રહ્યો છે. આપ ચેતી જાવ- -ચેતી જાવ. આ સાંભળતા ભરત ચક્રવર્તી સજાગ બની જતા. અને સત્તાના સિંહાસને બેસવા છતાં પણ તેમનું અંતર વિરાગી ભાવમાં રમતું.

બંધુઓ! તમે પણ સજાગ બનવા માટે આવા માણસો રાખ્યા છે ખરા? કે હું જ્યારે મારી ઓફિસમાં બેસું, સહુ મને સાહેબ--સાહેબ કરતા હોય ત્યારે મને જાગૃત કરે કે આ સત્તા અને સંપત્તિ વિનશ્વર છે. તેમાં મોહિત ના બનો.
જિંદગી ઓછી છે ને ઉપાધિ ઝાઝી છે. તેમાં તમારું કામ કાઢી લો. તમને દિવસમાં વધુ નહિ પણ ત્રણ વખત પણ આવું કહીને જાગૃત કરનાર એકાદ માણસ તમે રાખ્યો છે? "ના." તમે એવો માણસ રાખ્યો હશે કે બજારમાં તેજી-મંદી આવે તેવું વાતાવરણ લાગે ત્યારે મને તરત ચેતાવી દે. પૈસા આપીને પણ આ માટે માણસ રોકયા છે ને? બોલો, મારી વાત બરાબર છે ને? (હસાહસ). વાણીયાના દીકરા મહાચતુર હોય. સીધી રીતે જવાબ ન આપે. હસીને પતાવી દે.

ભરત ચક્રવર્તીએ છ છ ખંડનું સામ્રાજ્ય મેળવવા માટે કેટલા ભયંકર યુધ્ધો ખેલ્યા હતા! છતાં તેમાં તેમને આનંદ ન હતો. ચક્રવર્તીની પદવી પ્રાપ્ત થઇ એટલે

યુદ્ધ કરવાની કર્મે ફરજ પાડી તેથી સંગ્રામો ખેલ્યા. સાંજ પડતાં જ્યારે યુદ્ધ વિશ્રામ થાય ત્યારે પોતાના શયનરૂમમાં જઈને નાના બાળકની જેમ ધ્રુસ્કે ને ધ્રુસ્કે રડી પડતા ને અંતરમાંથી અવાજ થતો કે અહો! જેના પિતાજી આદિ તીર્થંકર હોય, જે અનેક જીવોને અહિંસાનો ઉપદેશ આપતા હોય તેનો પુત્ર આવા હિંસક યુદ્ધમાં ઉતરે? લોહીની નદીઓ વહાવે? ને શત્રુઓના માથા ધડથી જુદા કરે? આ રીતે ભરત ચક્રવર્તીના અંતરમાં ભારે પશ્ચાતાપ થતો હતો કે મારા પિતા અભોગી છે ને હું ભોગનો કીડો? આ રીતે પિતા-પુત્રનો સબંધ યાદ કરીને ભરત ચક્રવર્તીના અંતરમાં આહ્લેક જાગતો, કે હું એ મારા પવિત્ર પિતા જેવો ક્યારે બનીશ? મારા ૯૯ ભાઈઓ એમના સાચા પુત્ર બની ગયા છે. ફક્ત હું રહી ગયો છું. હું એ પંથનો પથિક ક્યારે બનીશ?

ભરત ચક્રવર્તીનું તન હતું સંસારમાં પણ મન આળોટતું હતું ઋષભદેવ પ્રભુના ચરણોમાં ને આત્મચિંતનમાં. આ રીતે ઘોર પશ્ચાતાપનો પાવક પ્રગટાવી ભરત ચક્રવર્તી સંસાર અવસ્થામાં હોવા છતાં કર્મોના કાષ્ટોને જલાવીને તેની રાખ કરતા હતા. તેના પ્રભાવે અરિસાભુવનમાં એક અંગુઠી સરી જતાં તેના ઉપર ચિંતન થયું કે આ અંગુઠીથી હું શોભતો હતો કે અંગુઠીને હું શોભાવું છું? જડ અને ચૈતન્યનું વિભાજન કરવા લાગ્યા. અંગુઠી તો જડ છે ને હું ચેતન છું. ચેતનથી જડ શોભે છે પણ જડથી ચેતન શોભતું નથી. આ રીતે વિચાર થતાં દેહ ઉપર રહેલા આભૂષણો ઉતારવા લાગ્યા. આ આભૂષણો ઉતારતાં ઉતારતાં ભરત મહારાજા ધર્મધ્યાન અને શુક્લધ્યાને ચઢયા ને છેવટે કેવળજ્ઞાન પામી ગયા.

તમારે ભરત ચક્રવર્તીની જેમ કેવળજ્ઞાન લેવું છે. કેમ ખરું ને? પણ તેમની પવિત્ર વિચારધારા ક્યાં ને ક્યાં તમારી વિકાર ભાવના! તેનો કદી વિચાર કર્યો? સંસારમાં રહીને વીતરાગી બનવું હોય તો વિરાગ લાવો. ભગવાન જિનેશ્વરદેવના તત્ત્વજ્ઞાનને પામેલા ભોગી જીવો પણ ભોગથી અલિપ્ત રહે. બાકી તમારી માફક ભોગમાં આસક્ત રહીને કેવળજ્ઞાન પામવું એ તો પાણી વલોવીને માખણ કાઢવા જેવી વાત છે. માટે ભોગનો ત્યાગ કરો ને ત્યાગનો રાગ કરો.

જેના ભાલમાં ત્યાગનું તિલક ઝળકે છે તેવા અનાથી મુનિ શ્રેણીક રાજાને કહે છે, હે રાજન્! મારી પત્નિ સંસારના સુખની સગી ન હતી પણ મારા પ્રત્યે સંપૂર્ણ સહાનુભૂતિ દર્શાવતી હતી.

"अन्नं पाणं च ण्हाणं च, गंध मल्ल विलेवणं ।
मए नायमनायं वा, सा बाला नेव भुंजइ ।।"

ઊ. સૂ. અ. ૨૦ ગાથા ૨૯

હે મહારાજા! એ મારી નવયૌવના પત્નિએ મને રોગથી પીડાતો જોઈને ભોજન કરવું, પાણી પીવું, કેશર ચંદનાદિ સુગંધીત દ્રવ્યોનું શરીરે વિલેપન કરવાનું અને

શણગાર સજવાનું બધું છોડી દીધું હતું. કહેવાનો આશય એ છે કે એને મારા પ્રત્યે એટલો બધો અનુરાગ હતો કે શણગારાદિના ત્યાગની સાથે તેણે શરીરને પુષ્ટ કરનારા સાત્વિક આહારનો પણ ત્યાગ કર્યો હતો. કારણ કે મારી વેદના એવી કારમી હતી કે તેને કોઈ પદાર્થ પ્રત્યે રૂચી રહી ન હતી. પોતે ખાધું છે કે નથી ખાધું તેની પણ તેને ખબર પડતી ન હતી. આ બધું એ મારી પત્નિ મને દેખાડવા માટે નહોતી કરતી પણ અંતરથી કરતી હતી. મારી પ્રત્યક્ષ પણ વસ્તુઓનો ઉપયોગ કરતી ન હતી ને પરોક્ષમાં પણ કરતી ન હતી. આવી પતિવ્રતા સ્ત્રી હતી.

કોઈ પણ પતિવ્રતા સ્ત્રી પોતાના પ્રાણના ભોગે પણ શીયળનું રક્ષણ કરે છે. પતિ બહારગામ ગયો હોય તો પણ ઘરમાં બેસીને પ્રભુને પ્રાર્થના કરતી હોય કે મારા સ્વામીને કુશળ રાખજો. તેને કોઇ જાતની તકલીફ પડે નહિ.

એક ઝવેરી ખૂબ ચતુર ને ધનવાન હતો. તેની ચતુરાઇને કારણે રાજાએ તેને પોતાની માનનીય પ્રધાન બનાવ્યો હતો. જે ઝવેરાતનો જાણકાર પ્રખ્યાત મોટો વહેપારી હોય અને રાજાનો પ્રધાન હોય તેને ધનની શું ખામી હોય? ઝવેરીનું નામ ચંદ્રકાંત ઝવેરી હતું ને તેની પત્નિનું નામ સુશીલા હતું. જેવું સુશીલા નામ હતું તેવા તેનામાં ગુણ હતા. તેનું ચારિત્ર ખૂબ ઉંચું હતું ને પતિવ્રતા સ્ત્રી હતી. પરાયા પુરૂષની સામે કદી દૃષ્ટિ પણ કરતી ન હતી. ચંદ્રકાંત ઝવેરીના જબ્બર પુણ્યનો ઉદય હતો એટલે પ્રધાન પદવી પણ ખૂબ સારી રીતે સંભાળતા હતા. એની રાજા અને પ્રજામાં ખૂબ પ્રશંસા થવા લાગી. એ ન હોય તો રાજાને ગમે નહિ. આ જોઇને ગામના ઇર્ષ્યાખોર માણસોને ખૂબ ઇર્ષ્યા આવી.

બંધુઓ! ઇર્ષ્યા કેવી બૂરી ચીજ છે? પાપીને ધનવાન થયેલો જોઇને ઇર્ષ્યા ઓછી કરે પણ પોતાની જાતિનો સ્વધર્મી બંધુ સુખી હોય તો માનવથી સહન નથી થતું. પણ વિચાર કરો સારો માણસ ધનવાન હશે તો તેના ધનથી અનેક દુઃખી અને ગરીબોનું પોષણ કરશે. ને પાપી શું કરશે? સૌને સૌના પુણ્યથી પૈસો મળે છે. તો બીજા માણસે ઈર્ષ્યા કરીને શા માટે ચીકણાં કર્મો બાંધવા જોઈએ? અહીં ચંદ્રકાંત ખૂબ આગળ આવી ગયો, તે બીજા લોકોને ગમ્યું નહિ. એટલે રાજાની પાસે જઈને કહ્યું કે, ચંદ્રકાન્ત પ્રધાન ઝવેરીને તમારી પાસે બેસાડી રાખો છો તો કોઇક વાર તો એને રાજ્યની જરૂરિયાત ચીજો લેવા માટે બહારગામ મોકલો. રાજાએ કહ્યું કે બીજા ઘણાં માણસો જનાર છે. ચંદ્રકાંત પ્રધાન વિના રાજ્યમાં અંધારું થઇ જશે માટે એને મોકલવો નથી. પણ બીજા લોકોનો ખૂબ આગ્રહ થવાથી ચંદ્રકાંત પ્રધાનને રાજાને મોકલવાની ફરજ પડી. બનવા જોગ એ ગયો ને બીજે દિવસે રાત્રે ગામમાં ધાડ પડી. કંઇક લોકો લૂંટાઇ ગયા. ચંદ્રકાંત ઝવેરીના ઘરમાં ધાડપાડુઓ દાખલ થયા. ખખડાટ અને બૂમાબૂમ થવાથી ચંદ્રકાંતની પત્ની સુશીલા બહાર આવી. સુશીલા ખૂબ સૌંદર્યવાન હતી. આ સ્ત્રીનું રૂપ જોઈને ધાડપાડુઓનો

નાયક મોહ પામી ગયો. એના મનમાં થયું કે ધન ઘણું લૂટયું. હવે તો આવી સ્વરૂપવાન સ્ત્રી મળે તો મારો જન્મારો સફળ થાય. મારે આના ઘરમાંથી ધન નથી જોઈતું. આ સ્ત્રી લઇ જવી છે. તેણે પોતાના સાથીદારોને કહ્યું કે આ સ્ત્રી ઉપાડી જવામાં તમે મને મદદ કરો તો આજની ચોરીમાં જે ધન મળશે તેમાંથી તમને વધારે હિસ્સો આપીશ.

ચોરોએ ચંદ્રકાંતની પત્નીને ઉપાડીને ચોરોની પલ્લીમાં લાવી એક ઝૂંપડામાં રાખી સુશીલા વિચાર કરવા લાગી કે અહો ! મારા કેવા કર્મોનો ઉદય છે કે મારા ઘરમાં આટલા બધા રત્નો અને ધન હતું તે કંઇ ન લેતાં આ ચોરને મને લેવાનું મન થયું ? એ મને ઉપાડી લાવ્યો છે. પણ મારે મારા પ્રાણના ભોગે પણ શીયળનું રક્ષણ કરવું છે. ચંદ્રકાંત ઝવેરી ત્રણ દિવસ પછી પાછો આવવાનો હતો. સુશીલાએ શીયળનું રક્ષણ કરવા શીયળના રક્ષક દેવોને પ્રાર્થના કરીને અઠ્ઠમના પચ્ચખાણ લઇ લીધા. એક જમાનો એ હતો કે માણસ અઠ્ઠમ તપ કરે ને દેવનું સ્મરણ કરે તો તેની પાસે દેવ હાજર થતો હતો. આજે તો અઠ્ઠમને બદલે અઠ્ઠાઈ, સોળકે માસખમણ કરે તો પણ દેવ આવતા નથી. તેનું કારણ શું ? આજે તપ નિખાલસ ભાવથી થતો નથી. ઊંડે ઊંડે માન-પ્રશંશાની ભુખ હોય છે. ઊંડે ઊંડે આકાંક્ષાઓ ભરેલી હોય છે. પછી દેવ કયાંથી આવે ?

સુશીલાએ અઠ્ઠમ તપ કર્યો. કંઇ ખાતી-પીતી નથી ત્યારે પેલો ચોરનો નાયક પૂછે છે તું કેમ કંઇ ખાતી પીતી નથી ? ત્યારે તેણે કહ્યું કે મારે ૧૧ દિવસ સુધી કંઇ ખાવું કે પીવું નહિ તેવો નિયમ છે. માટે તમારે મને ૧૧ દિવસ સુધી અડવું નહિ. જો મને અડકશો તો બળીને ભસ્મ થઇ જશો. તમે મને લાવ્યા છો તો હવે હું કયાં જવાની છું ? માટે અગિયાર દિવસ સુધી મારા સામું પણ જોશો નહિ. ચોરે પણ વિચાર કર્યો કે તે હવે કયાં જવાની છે ? ચોર તેનું ધ્યાન ખૂબ રાખતો હતો.

રાજાને ખબર પડી કે પ્રધાનની પત્નીને ધાડપાડુઓ ઉપાડી ગયા છે. એટલે રાજાએ ખૂબ તપાસ કરાવી પણ કયાંય પત્તો પડયો નહિ. ત્રણ દિવસ પૂરા થતાં ચોથા દિવસે પ્રધાને ગામમાં પ્રવેશ કર્યો ત્યારે લોકોએ રસ્તામાં સમાચાર આપ્યા કે તમારી પત્નીને ચોર ઉપાડી ગયા. રાજાને મળીને તરત પ્રધાને કહ્યું કે હું મારી પત્નીને શોધવા જાઉં છું. તે મળશે તો પાછો આવીશ. રાજાએ સાથે બીજા ઘણા માણસો લઇ જવા માટે કહ્યું. પણ પ્રધાને કહ્યું કે મારે કોઇની જરૂર નથી. મારો વિશ્વાસુ મુનિમ છે. તેને લઇને જઇશ. પ્રધાન કહે કે મારું સર્વસ્વ ચાલ્યું જાયતો ભલે પણ મારી પત્નીનો પત્તો મેળવવો છે. જેમ પતિ આપત્તિમાં આવી પડે છે ત્યારે સજ્જન સ્ત્રી પોતાના પ્રાણના ભોગે પણ પતિનું રક્ષણ કરે છે તો મારે પણ મારી પત્નીનું રક્ષણ કરવું જોઇએ.

પ્રધાનની પાસે કિંમતી રત્નો હતા તેમાંથી ક્રોડ રૂપિયાના રત્નો એક થેલીમાં ભર્યા ને એક થેલીમાં ભાતું લીધું. પ્રધાન અને મુનિમ ઘોડા ઉપર બેઠા. તેમાં રત્નોની

થેલી પ્રધાન પાસે હતી ને ભાતાની થેલી મુનિમ પાસે હતી. રસ્તામાં ખૂબ ભૂખ લાગી એટલે એક વૃક્ષની નીચે બેસી ભાતું ખાધું ને નજીકમાંથી પાણી લાવીને પીધું. પછી પાછા બંને ઘોડા પર બેસીને આગળ વધ્યા. આ વખતે ભાતાની થેલી પ્રધાન પાસે આવી ને રત્નોની થેલી મુનિમ પાસે આવી. પ્રધાનને મુનિમ પર ખૂબ વિશ્વાસ હતો. એટલે એને સાથે લાવ્યો હતો. પણ રત્નોની થેલી હાથમાં આવતા મુનિમની દાનત બગડી. જો કોઈપણ પ્રકારે શેઠને મારી નાખું તો કરોડ રૂપિયાના રત્નો મને મળી જાય. એણે એક કિમિયો ઘડયો થોડે આગળ ગયા એટલે કહે છે શેઠજી! મને ખૂબ તરસ લાગી છે. કંઠ સૂકાય છે. આ ઘોડા ઉપર પણ મારાથી બેસાતું નથી. ગમે તેમ કરીને મને પાણી લાવી આપો. શેઠ કહે છે આટલામાં કયાંય કૂવો કે તળાવ દેખાતા નથી. જો કૂવો આવે તો પાણી લાવી આપું. થોડે દૂર ગયા ત્યાં એક મોટો જંગી કૂવો આવ્યો. કૂવો દેખીને મુનિમ કહે છે આ કૂવો આવ્યો. મને જલ્દી પાણી લાવી આપો. શેઠે કૂવા કાંઠે ઘોડો ઉભો રાખ્યો પાસે દોરી ને લોટો હતા તેનાથી પાણી કાઢવા માટે ગયા.

આ તરફ શેઠાણીને ત્રણ ઉપવાસ પૂરા થયા હતા. તેણે વિચાર કર્યો કે સ્વામીનાથ! આવ્યા વિના તો નહિ રહે. એ આવશે ને તેમને ખબર પડશે કે તરત મને શોધવા નીકળશે. પણ બનવા જોગ છે. કદાચ મારી શોધ કરતાં વાર લાગે ને અગિયાર દિવસમાં નહિ પહોંચી શકે તો મારું ચારિત્ર લૂંટાશે. ચારિત્ર લૂંટાવવા કરતાં ગમે તે રીતે મરી જવું તે સારું છે. ચારિત્રનું રક્ષણ કરવા માટે ગમે તેમ કરીને મરી જવું તે આપઘાત નથી. એટલે તે દિવસે નાયક ચોરી કરવા ગયેલો. ને તેના બે માણસો ચોકી કરવા રહેલા. પણ તે સ્હેજ આડા અવળા થયા તેનો લાભ લઈને સુશીલા છટકી ગઈ ને આ કૂવામાં પડેલી. જુઓ, યોગાનુયોગ કેવો મળી ગયો. અહીં શેઠ મુનિમ માટે પાણી લેવા કૂવાના કાંઠે ગયો. કદી પાણી કાઢયું નથી એટલે દોરી કેમ બંધાય તે પણ આવડતું ન હતું. જેમ તેમ કરીને લોટાને દોરી બાંધી કૂવામાં ઉતાર્યો ત્યાં તરત મુનિમે પાછળથી ધક્કો માર્યો ને પ્રધાન કૂવામાં પડયો. જેવો કૂવામાં પડયો કે તરત 'નમો અરિહંતાણં' એ શબ્દ મોઢામાંથી નીકળી ગયા.

આગળના કૂવામાં ઉંડે અંદર અડધા ભાગમાં જાળી જેવા ઓટલા જેવું બનાવતા. એટલે માણસ પડે તો બચી શકે. આ શેઠાણી પણ નવકારમંત્રનું સ્મરણ કરીને પડેલા એટલે તેમને કોઇ જાતની ઇજા થઇ ન હતી. અંદર જે અડધામાં જાળી હતી તેમાં બેસી ગયા હતા. ને નવકારમંત્રનું સ્મરણ કરતા હતા. તેમાં ધબાકો થયો ને 'નમો અરિહંતાણં' બોલતાં શેઠનો અવાજ સાંભળ્યો. તેના મનમાં થયું કે આ શેઠનો અવાજ લાગે છે. પણ અંધારામાં દેખાતું નથી. શેઠાણી પણ જોરથી "નમો અરિહંતાણં" બોલ્યા એટલે શેઠ પણ શેઠાણીનો અવાજ ઓળખી ગયા. તેથી શેઠાણીએ પૂછયું કે તમે કોણ

છો? ત્યારે કહ્યું કે હું ચંદ્રકાંત ઝવેરી ને ફલાણા રાજાનો પ્રધાન છું. ત્યારે પ્રધાને પૂછયું કે તમે કોણ છો? ત્યારે શેઠાણીએ કહ્યું કે હું સુશીલા છું. બંને એક જગ્યાએ છે પણ મુખ જોઇ શકાતું નથી. એ કૂવામાં એક મણિધર નાગ રહેતો હતો. તેને થયું કે આ બંને પતિ-પત્ની છે. કોઇ કારણે કૂવામાં તેમનું મિલન થયું છે. તો લાવ હું પ્રકાશ કરું. તેણે દરમાંથી પોતાની ફેણ બહાર કાઢી એટલે એકબીજાનું મુખ જોયું ને તરત ઓળખી ગયા. કૂવામાં બંનેનું મિલન થતાં અલૌકિક આનંદ થયો.

શેઠાણી શેઠને પૂછે છે તમે કેવી રીતે કૂવામાં આવ્યા. ત્યારે શેઠે સઘળી વાત કહી. મુનિમે ધક્કો માર્યો વિગેરે કહ્યું. તેના ઉપર બિલકુલ દ્વેષ કર્યો નહિ. જે થયું તે સારું થયું. જો તેણે મને કૂવામાં નાંખ્યો ન હોત તો હું તને શોધીને મરી જાત તો તો પણ ક્યાંથી મળત! મુનિમે આપણા ઉપર મહાન ઉપકાર કર્યો. મુનિમ શેઠને ધક્કો મારી રત્નોની થેલી હાથમાં લઇને સ્હેજ આગળ ચાલ્યો ત્યાં તેને ત્રણ દિવસની ભૂખી વાઘણ સામી મળી. મુનિમ ઉપર તરાપ મારી. ને તેને ખાઇ ગઇ. જેની જેવી ભાવના હોય તેવું ફળ મળે છે. પેટમાં પાપ હોય તો પ્રકાશ્યા વિના રહેતું નથી. ને જેમના પુણ્યનો ઉદય હોય છે તેને દુશ્મન પણ કાંઇ કરી શકતો નથી. દુશ્મન તીર ફેંકે તો પુણ્યવાન ઉપર ફુલ થઈને પડે છે. મુનિમે રત્નની લાલસાથી શેઠને કૂવામાં ધક્કો માર્યો. કૂવામાં પડયા તો તેમને કંઇ ઇજા થઇ નહિ ને ઉપરથી જેની શોધ કરવા માટે નીકળ્યા હતા તે કૂવામાં મળી ગયા ને મુનિમની કેવી હાલત થઇ!

શેઠ-શેઠાણીએ પોતાની કહાની એક બીજાને કહી સંભળાવી. એકબીજાના મિલનથી ખૂબ આનંદ થયો. એમને મન કૂવો મહેલ જેવો બની ગયો. હવે જો કોઇ બહાર કાઢનાર મળે તો નીકળીશુ. જો કોઇ પણ કાઢનાર ન મળે ત્યાં સુધી નવકારમંત્રનું સ્મરણ કરવું. એમ નક્કી કરીને બંને જણા નવકાર મંત્રનું એકચિત્તે સ્મરણ કરવા લાગ્યા.

બંધુઓ! નવકારમંત્રનો મહિમા અજબ છે. જે એક ચિત્તે નવકાર મંત્રનું સ્મરણ કરે તેનું દુઃખ દૂર થાય, થાય ને થાય. શ્રદ્ધા હોવી જોઇએ. નવકાર મંત્રના પ્રભાવથી શૂળીનું સિંહાસન બની જાય. સર્પ પુષ્પની માળા બની જાય ને વિષ અમૃત બની જાય છે. શેઠ-શેઠાણી કૂવામાં નવકાર મંત્ર ગણે છે. તે સમયે કોઇ ખેડૂત કૂવામાં પાણી લેવા આવે છે. તેણે પાણી કાઢવા ડોલ કૂવામાં નાંખી. શેઠાણીએ તેનું દોરડું પકડયું. ખેડૂત પૂછે છે તમે કોણ છો? ત્યારે કહે છે અમે અમારા કર્મોદયે કૂવામાં પડયા છીએ. તમે જો કાઢો તો તમારો મોટો ઉપકાર. ખેડૂત કહે છે બહેન! આ દોરડાથી તો તમે બહાર નહિ નીકળી શકો. હું બીજા દોરડા લઇ આવું. ખેડૂત ખેતરમાં જઇને બીજા બે ત્રણ મજબૂત દોરડા લઇ આવ્યો ને ચાર મજબૂત વાંસની લાકડી લાવ્યો. તેની ચારે બાજુ દોરડા બાંધી ખાટલી જેવું બનાવી તેમાં બંનેને બેસાડી ત્રણ-ચાર જણાએ ભેગા થઇને

બહાર કાઢયા. શેઠ-શેઠાણી બંનેએ કાઢનારનો મહાન ઉપકાર માન્યો ને કહ્યું તમે અમારે ત્યાં જરૂર આવજો. એમ કહી આભાર માની પોતાનું સરનામું આપીને રવાના થયા. સ્હેજ આગળ ચાલ્યા ત્યાં મુનિમનું કલેવર પડયું હતું ને તેની પાસે ઝવેરાતની થેલી પડેલી છે. શેઠ કહે છે બિચારાએ મને કૂવામાં ફેંકીને પાપ બાંધ્યું પણ ભોગવ્યા વિના ચાલ્યો ગયો. તેના મનના મનોરથ પૂરા થયા નહિ.

બંધુઓ! તમે પણ સમજી લેજો કે પાપ કરીને પૈસા મેળવો છો પણ યાદ રાખજો કે પાપ ભેગું લઈ જશો પણ પૈસા સાથે નહિ આવે. માટે કર્મ બાંધતી વખતે ખૂબ વિચાર કરજો. ચંદ્રકાંત અને સુશીલા બંને ઘેર આવ્યા. પેલી ઝવેરાતની થેલી મુનિમને ઘેર આપી આવ્યા. પણ પોતે ન રાખી. તમે આ જગ્યાએ હો તો શું કરો? થેલી ઘરમાં રાખો કે આપી આવો? તમે તો કેશ કરો કે આણે મને કૂવામાં ધક્કો માર્યો હતો. કેમ બરાબર છે ને! (હસાહસ), આ શેઠે તો આવું કંઈ ન કર્યું પણ એમ વિચાર કર્યો કે મને કૂવામાં નાંખીને એણે પાપકર્મ બાંધ્યું. પાપનો ભાગીદાર થયો. તો એ ઝવેરાત એના ઘરનાને મળવું જોઈએ ને! માટે આપી દીધું. એ બંને આત્માઓને પણ આ બનાવ બનવાથી સંસારની અસારતા સમજાઈ. એટલે પોતાનું ધન સન્માર્ગે વાપરીને સંયમ માર્ગ અપનાવ્યો.

અનાથી નિર્ગ્રંથ મહારાજા શ્રેણીકને કહે છે મારી પત્ની પણ મારા માટે રાત-દિવસ ખૂબ ચિંતા કરતી હતી. તેના મગજ પર ચિંતાનો પાર ન હતો. તે મને જાણતાં કે અજાણતાં સ્નાન, વિલેપન તેમજ સ્વાદિષ્ટ ભોજન આદિ કાંઈ કરતી નહિ. હજુ પણ તે સ્ત્રી કેવી હતી તેના ભાવ અવસરે.

**ચરિત્ર :–** અંજના અને વસંતમાલા જંગલમાં ખૂબ ભયમાં આવી ગયા છે. તેની સામે સિંહ છલાંગ મારીને આવ્યો. વસંતમાલાને વૃક્ષ ઉપર બેઠા બેઠા કંઈક થઈ જવા લાગ્યું ને બોલવા લાગી. હે શીયળના રક્ષક દેવો! તમે આ નિર્દોષ સતીની વહારે આવો. દોડો....દોડો કોઈ તો બચાવો. આ પ્રમાણે પોકાર કરવા લાગી. ત્યારે વ્યંતરી દેવીના કહેવાથી વ્યંતર દેવ સતીની વહારે આવ્યો. તેણે બળવાન સિંહનું રૂપ લઈને આવેલા સિંહને ફાડી નાંખ્યો. આ સમયે અંજના નવકારમંત્રના ધ્યાનમાં લીન બનેલી હતી. શું બન્યું તેની તેને કંઈ ખબર નથી. છેવટે દેવ પ્રગટ થયો.

**દેવતા સહાય શિયલે હુએ, આનંદે શીયલ તણાં ગુણ ગાય તો,**
**નારી સર્વ માંહે નિર્મલી એ કરજોડી દેવ લાગ્યો છે પાય તો,**
**શિયલ હો શિવ સુખ સંપજે, શિયલથી મળશે તારો કંત તો,**
**શિયલ હો મામાજી આવશે, તિહાં લગે નારી રહો નિશ્ચિત તો સતી રે,**

બંધુઓ! શીયળવ્રતનું પાલન કરનારને દેવો પણ સહાય કરે છે. જે દેવોને પ્રસન્ન

કરવા માટે લોકોને ધ્યાન ધરવું પડે છે. સ્મશાનમાં જઈને કઠોર સાધના કરવી પડે છે. તે દેવો બ્રહ્મચારીને સહાય કરવા માટે સામેથી આવે છે. દેવ કહે છે કે સતી! ધન્ય છે તારા શીયળવ્રતને! તારા શીયળવ્રતના પ્રભાવે તને સહાય કરવા આવ્યો છું. હવે તું નિશ્ચિત બનીને આ વનમાં રહે. તારો કોઈ વાંકો વાળ કરી શકશે નહિ. તારા શીયળ વ્રતના પ્રભાવથી તારો પતિ પણ હવે થોડા સમયમાં આવશે હજુ યુધ્ધેથી પાછા ફર્યા નથી. જેવા યુધ્ધેથી આવશે કે તરત તારી શોધ કરવા આવશે. પણ તારો પતિ આવતા પહેલા તારા મામા આવશે ને તને લઈ જશે. વાણવ્યંતર દેવોને અવધિજ્ઞાન હોય છે. તેમને રહેવાના અસંખ્યાતા નગરો છે. તેમાં તેમના ભવનો, દેવીઓ આદિ ખૂબ ઋદ્ધિ હોય છે. પણ તેમને સુંદર વૃક્ષો ઉપર બેસવું, સુંદર વનોમાં ફરવું આ બધું બહુ ગમે છે. એમનો વૈભવ ઘણો છે. પણ તેમને એક જગ્યાએ બેસી રહેવું ગમતું નથી. તેથી વનમાં આંટાફેરા માર્યા કરે છે.

અવધિજ્ઞાનના ઉપયોગથી દેવ કહે છે બહેન! તારા મામા ન આવે ત્યાં સુધી તું નિર્ભયપણે રહે. એમ કહી દેવે પોતાની શક્તિથી રહેવાની સગવડ કરી આપી અને અનેક પ્રકારના ફળ-ફૂલના ઝાડ બનાવ્યા તેથી બંને સખીઓ મધુર ફળ ખાય છે. સામાયિક, પ્રતિક્રમણ આદિ ધર્મક્રિયાઓ બરાબર નિયમિત કરે છે ને દેવ-દેવી તેનું રક્ષણ કરે છે. તેના ખૂબ ગુણ ગાય છે. કોઈ યાચકજન આવે તો દાન પણ આપે છે. આ રીતે આનંદથી વનમાં અંજના અને વસંતમાલા બંને રહે છે.

**ચૈત્ર માસ વદી અષ્ટમી, પુષ્ય નક્ષત્રને સોમવાર તો,**
**પાછલો પહોર છે રમણીનો, અંજના જાયો છે હનુમંત કુમાર તો,**
**જાણે કે સુરજ પ્રગટયો, સ્વર્ગથી સુર કહે જયજયકાર તો,**
**રાક્ષસ રોલણ ઉપન્યો, રામનો સેવક ધર્મનો ધાર તો-સતી**

દિવસો જતાં ચૈત્ર વદી આઠમના દિવસે પુષ્પ નક્ષત્રનો યોગ વર્તે છે ને સોમવારનો દિવસ છે. તે સમયે રાત્રિના પાછલા પ્રહરે હનુમાનકુમારનો જન્મ થયો. આવા મહાન-પુરુષોનો જન્મ લગભગ દિવસે થતો નથી. માતાની એબ ખુલ્લી ના થાય તે માટે લગભગ પાછલી રાત્રે જન્મ થાય છે.

પુત્ર એટલો બધો તેજસ્વી હતો કે જાણે અંધારામાં સૂર્ય પ્રગટે ને જેમ તેજ ફેલાઈ જાય તેમ તેના જન્મવાથી તેજ તેજ પ્રસરી ગયું, તેનો જન્મ થતાંની સાથે દેવલોકમાંથી દેવો "જય હો, વિજય હો મહાસતી અંજનાનો અને તેના પુત્રનો!" એમ જય જયકારની ઘોષણા કરતા બોલવા લાગ્યા કે આ પુત્ર રામચંદ્રજીનો પરમ ભક્ત બનશે. ને ધર્મમાં ધુરંધર બનશે. આ પ્રમાણે દેવો બોલવા લાગ્યા. આવા તેજસ્વી પુત્રને જોઈને વસંતમાલા અને અંજનાના આનંદનો પાર નથી. પણ એ આનંદમાં અંજનાને કેવા કેવા ઓરતા થશે ને શું બનશે તેના ભાવ અવસરે.

☆

## વ્યાખ્યાન નં. ૬૯

## વિષય : "સદાચારની સૌરભ"

**આસો સુદ ૩ ને મંગળવાર** **તા. ૭-૧૦-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

જેના કાળજડામાંથી કરુણાનો ધોધ વહે છે, હૈયામાં હેતનો હોજ ભરેલો છે, આંખમાંથી અમીની ધારા વહે છે તેવા વીતરાગ પ્રભુએ અનંત અને અફાટ સંસાર સાગરમાં ડૂબકી ખાઇ રહેલા જીવોને જોઇને તેમના અંતરમાં કરુણા આવી એટલે તેમને તરવા માટે જિનવાણીરૂપી નૌકા આપી. આ સંસાર એ ભયંકર ઘૂઘવાટા કરતો સાગર છે. જેમાં મોહ મમતાના મોજા ઉછળી રહ્યા છે એવા સંસાર સાગરને તરવા માટે જિનવાણીરૂપી નૌકા તો મળી ગઇ. પણ જો તેને ચલાવનાર નાવિક ન મળે તો નૌકા સામે કિનારે લઇ જવી મુશ્કેલ છે. ક્ષેમકુશળ સામે કિનારે પહોંચવા માટે સારી નૌકા અને કુશળ નાવિક બંનેનો સહારો જોઇએ.

**"નૌકા કોણ અને નાવિક કોણ?"**:- બંધુઓ! આપણને સંસારસાગર તરવા માટે ને સામા કિનારે લઇ જવા માટે કલ્યાણ સ્વરૂપ કુશળ સદ્ગુરુરૂપી નાવિક મળી ગયા છે. એ સદ્ગુરુઓની આજ્ઞા પ્રમાણે પરમ પુરૂષાર્થ કરીને સંસાર સાગરને તરવાની તૈયારી તો કરવી પડશે. જેથી જલ્દી સંતોરૂપી સુકાની તમારી જીવન નૌકાને સામે કિનારે પહોંચાડી શકે. પણ એટલું ધ્યાન રાખજો કે તમારી જીવનનૈયા કોઇ કુગુરૂના હાથમાં ન જાય. જો કુગુરૂના હાથમાં ગઇ તો સમજી લેજો કે આ સંસાર પરિભ્રમણનો અંત આવશે નહિ. સંસારનો માર્ગ ટૂંકો બનવાને બદલે લાંબો અને વિષમ બની જશે. આટલા માટે જ્ઞાનીઓ કહે છે કે સંગ કરો તો સાચા સંતનો કરો, પણ કદી કુસંગ કરશો નહિ. કુસંગનું પરિણામ કપરું આવે છે ને સત્સંગનું પરિણામ સુંદર આવે છે.

જ્યાં સુધી સત્સંગ નહિ કરો ત્યાં સુધી સાચા ખોટાની પીછાણ નહિ થાય. પરિણામે આત્માની બધી શકિત સંસારમાં ખર્ચાઇ જશે ને વાસનામાં વેડફાઇ જશે. સાચા સદ્ગુરુઓ તેનું ભાન કરાવી આત્માને વાસના તરફથી ઉપાસના તરફ દોરી જાય છે. જેમ વરસાદનું પાણી દરિયામાં જાય તો ખારું બની જાય છે અને નદીમાં જાય તો મીઠું બને છે. નહેર અગર ડેમ બાંધીને તે પાણીનો સંગ્રહ કરવામાં આવે તો તેમાંથી અન્ન વગેરેનું ઉત્પાદન કરે છે. તેમ જીવનની જે શકિતઓ વાસના તરફ વેડફાઇ રહી છે તે શકિતને સત્સંગ તરફ વાળવામાં આવે તો તેમાંથી જ્ઞાન-દર્શન-ચારિત્ર, તપ આદિનું સુંદર ઉત્પાદન થાય છે. જેવું જ્યાં વાતાવરણ હોય તેવી અસર થાય છે. ઉકરડા પાસે જઇને ઊભા રહેશો તો માથું ભમી જાય તેવી દુર્ગંધ આવશે ને બગીચા પાસે જઇને

ઊભા રહેશો તો સુગંધ આવશે. તેમ જો સજ્જનનો સંગ કરવામાં આવે તો સદ્દગુણોના સુમનોની સુવાસ મળશે ને દુર્જનનો સંગ કરશો તો દુર્ગુણોની દુર્ગંધ મળશે. જે હવા ઉકરડા તથા ગટરને સ્પર્શીને આવે છે તેમાં દુર્ગંધ આવે છે ને જે હવા બગીચાને સ્પર્શીને આવે છે. તેમાંથી સુગંધ આવે છે. તે રીતે આપણું જીવન જેટલું સદ્દગુરૂના સમાગમમાં વ્યતીત થશે તેટલું આત્માનું ઉત્થાન થશે ને દુરાચારો ચાલ્યા જશે. દુર્જનોના સંગથી જીવનમાં દુરાચારો વધે છે ને આત્મા પતનના પંથે જાય છે.

આટલા માટે જ્ઞાની પુરુષો કહે છે કે જેવો સંગ હોય તેવા રંગ લાગે છે. જો તમારી ભાવનામાં પવિત્રતા અને કર્તવ્યમાં તેજસ્વિતા હશે તો તેની સૌથી પ્રથમ અસર તમારા જીવન ઉપર પડશે. ત્યાર પછી તમારા સંગમાં રહેનારા અને પડોશી પ્રભાવિત થશે ને આગળ જતાં તમારો પ્રભાવ સમાજ તેમજ જગત ઉપર પડશે. તેમાં સંગતિ મોટો ભાગ ભજવે છે. સરિતાનું મીઠું પાણી સાગરમાં જઈને ખારુ કેમ બની જાય છે? અમૃત જેવું મીઠું દૂધ ખટાશનો સ્પર્શ થતાં ફાટી કેમ જાય છે? તેનો જ્ઞાનીઓ એ જવાબ આપે છે કે : "संसर्गजा दोषगुणा भवन्ति।" આ તો સંગતિનું પરિણામ છે. દુર્જનની સંગતિ ક્યારે પણ સુખ આપતી નથી. દુર્જનની અનુકૂળતા અને પ્રતિકૂળતા બંને દુઃખ પ્રદ હોય છે. જેમ બળતા કોલસાનો સ્પર્શ હાથને દઝાડે છે ને બૂઝાયેલા કોલસાનો સ્પર્શ હાથને કાળા કરે છે. બરફ પાસે બેસવાથી શીતળતા મળે છે ને તેનાથી મન પ્રસન્ન થઈ જાય છે અને અગ્નિ પાસે બેસવાથી ઉષ્ણતા મળે છે ને તેનાથી મન અકળાઈ જાય છે. આ રીતે દુર્જનનો સંગ થતાં હૃદય દુઃખથી વ્યથિત બને છે ને સજ્જનના દર્શન થતાં મન પ્રફુલ્લિત બની જાય છે. આ સંગતિનું સ્પષ્ટ પરિણામ છે. સંત કબીરે કહ્યું છે કે :

**कबिरा संगति साधुकी, ज्यों गांधीकी वास ।**
**जो कुछ गांधी दे नहि, तो भी वास सुवास ।।**

તમે ગાંધીની દુકાને જાઓ તો કેસરની સુગંધ મળે છે ને? તેમ સાધુની પાસે આવશો તો સદાચાર રૂપી કેસરની સુવાસ મળશે. તમે ગાંધીની દુકાને જઈને કેસર લો કે ન લો પણ સુગંધ તો જરૂર મળશે તે રીતે તમે સાધુની પાસે આવીને કંઈક ગુણ ગ્રહણ કરો કે ન કરો, અગર તો સંત તમને ઉપદેશના બે શબ્દો સંભળાવે કે ન સંભળાવે પણ તેમના સદાચારની સૌરભ તો જરૂર મળશે. અને દુર્જનની સંગતિ કેવી હોય છે તે તમે જાણો છો? જુઓ, શરાબનો બાટલો પડયો હોય તેને પીધો ન હોય તો પણ તેની દુર્ગંધથી માથું ફાટી જાય છે. અથવા તો કોઈએ શરાબ પીધેલો હોય તેની બાજુમાં બેસશો તો પણ તેનું મોઢું ગંધાય છે. માટે સંગતિ કરતા પહેલાં વસ્તુ તથા વ્યકિતના ગુણ અને દોષ જાણી લેવા જોઈએ. સારી સંગતિથી હમેંશા આનંદ અને ઉલ્લાસ મળે છે અને ખરાબ સંગતિથી દુઃખ મળે છે.

નિસ્તેજ કાળો કોલસો પણ અગ્નિનો સ્પર્શ થતાં તેજસ્વી બનીને ચળકાટ પ્રાપ્ત કરે છે તો શું પાપી અને પતિત મનુષ્ય સાધુપુરૂષનો સંગ કરે તો સજ્જન અને સદાચારી ન બની શકે? જરૂર બને. માણસને જેવો સંગ થાય છે તેવો રંગ ચઢે છે. એકેન્દ્રિયમાં પણ સંગથી પરિવર્તન થાય છે તો પચેન્દ્રિય એવા મનુષ્યમાં કેમ ન થાય? જુઓ, એકેન્દ્રિય જીવો પણ બીજા સાથે પોતાના ગુણ મૂકી દે છે. જેમ કે લીંબુ ખાટું છે. પણ જો તેની કલમ સંતરાની કલમ સાથે દાટવામાં આવે તો ખટાશનો ગુણ મૂકી મીઠાશનો ગુણ અપનાવે છે ને તે સંતરૂ બને છે. તેમ સંતની રજ જીવનમાં ચઢાવવામાં આવે તો જીવન પાવન બને છે. સ્વાતિ નક્ષત્રના વરસાદનું બિંદુ સર્પના મુખમાં પડે તો ઝેર રૂપે પરિણમે છે. લીંબડા ઉપર પડે તો કડવાશ, મરચી ઉપર પડે તો તીખાશ રૂપે પરિણમે છે. અને તવા ઉપર પડે તો બળીને ભસ્મ થઇ જાય છે. ને કમળના પત્ર ઉપર પડે ને તેના ઉપર જો સૂર્યના કિરણો પડે તો મોતી જેવી શોભા પ્રાપ્ત કરે છે. ને છીપના પેટમાં જાય તો મોતી પાકે છે. ઇંટ કે પત્થરની દિવાલ પર લગાડેલી સીમેન્ટ પણ ઇંટ કે પથ્થરની જેમ વજ્ર લેપ જેવી બની જાય છે. એ સીમેન્ટને જો માટીની દિવાલ ઉપર લગાડવામાં આવશે તો માટી જેવી કમજોર બની જશે. આટલા માટે જ્ઞાની કહે છે કે જેવી સોબત તેવી અસર થાય છે, સંતનો સમાગમ કર્યા પછી જીવનમાં પરિવર્તન થાય છે. તેના અનેક દાખલા શાસ્ત્રમાં અને ઇતિહાસમાં મળે છે.

અંગુલિમાલ જેવો લૂંટારૂ બુદ્ધના સમાગમથી સુધરી ગયો. વાલીયો લૂંટારો નારદ ઋષિનો સમાગમ થતાં વાલીયો મટીને વાલ્મિક ઋષિ બન્યો.

મૃગાપુત્રને સંતના દર્શન થતાં જાતિસ્મરણ જ્ઞાન થયું. સંયતિ રાજા ગર્દભાલી મુનિનો ભેટો થતાં સાધુ બની ગયા. આપણે ત્યાં નાના મહાસતીજીઓ અધિકાર વાંચે છે. તેમાં દેવભદ્ર અને જશોભદ્ર એ બે બાલુડાને પણ સંતનો સમાગમ થતાં જાતિસ્મરણ જ્ઞાન થતાં વૈરાગ્ય આવ્યો. પરદેશી રાજા કેશીસ્વામીનો સમાગમ થતાં પાપી મટીને પાવન બની ગયા. કોશાગણિકા સ્થૂલિભદ્રનો સમાગમ થતાં પરમ શ્રાવિકા બની ગઇ. રોજના સાત સાત ખૂન કરનારો અર્જુનમાળી સુદર્શન શેઠનો ભેટો થતાં પ્રભુના દર્શન કરવા ગયો ને પ્રભુના દર્શન કરી દીક્ષા લઈને છ મહિનામાં તો કર્મોનો કચ્ચરઘાણ કરી નાખ્યો, નટડીના મોહમાં પોતાની જ્ઞાતિનું ભાન ભૂલેલા ઇલાચીકુમારને દોર ઉપર નાચ કરતાં સામી હવેલીમાં ગૌચરી પધારેલા સંતના દર્શન થતાં અજ્ઞાનનો અંધકાર ઓસરી ગયો ને કેવળજ્ઞાન થયું. આપણો રોજનો ચાલુ અધિકાર જેમાં મહારાજા શ્રેણીકના આત્મા ઉપર જ્યારે મિથ્યાત્વના પડળ ચઢેલા હતા ત્યારે તે સંતોને પોતાનાથી નીચા સમજતો હતો. તે અનાથી નિર્ગ્રંથનો ભેટો થતાં મિથ્યાત્વના પડળ તૂટી ગયા ને તેના જીવનમાં સમ્યક્ત્વનો સૂર્ય પ્રકાશિત થયો.

શ્રેણીક રાજા અનાથી નિર્ગ્રંથ પાસેથી સનાથ અને અનાથના ભેદભાવ સાંભળે છે. મુનિ કહે છે કે હે રાજન્! મારી પત્ની કેવી હતી? મારી વેદના જોઈને તેણે ખાવું પીવું બધું છોડી દીધું હતું. મારી સેવા કરતાં કંટાળતી ન હતી. આજે તો કોઈ ભાઈને લકવો થાય ને છ-બાર મહિના પથારીમાં સૂતા સૂતા ઝાડો-પેશાબ બધું કરાવવું પડે ને રોજના ઉજાગરા થાય તો વહાલામાં વહાલી પત્ની પણ થાકી જાય. અને તે બોલે છે કે હવે તો ભગવાન એમની દોરી ખેંચી લે તો સારું. પણ હે રાજન્! મારી પત્ની એમ થાકી જાય તેવી ન હતી.

**खणं पि मे महाराय ! पासाओ मे न फिट्टइ ।**
**न य दुक्खा विमोयन्ति, एसा मज्झ अणाहया ।।**

ઉત્ત. સૂ. અ. ૨૦, ગાથા ૩૦

હે મહારાજા! મારી પત્ની દેવાંગનાને શરમાવે તેવી સૌંદર્યવાન હતી. જેવો બહારનો દેખાવ હતો તેવો તેના અંતરનો ભાવ હતો. હૃદયમાં સરળતા હતી. આંખમાંથી અમી ઝરતી હતી. તેની વાણીમાં મૃદુતા હતી. શરીર ફુલ જેવું કોમળ હતું. મારે શું જોઈએ છે તે આંખના ઇશારે સમજી જતી હતી. મારા સુખે સુખી ને દુઃખે દુઃખી થવાવાળી હતી. મને રોગ આવ્યો ત્યારથી સ્નાન, વિલેપન, અત્તર, સેન્ટ, પુષ્પનીમાળા, અને ખાનપાનનો ત્યાગ કર્યો. આ બધા શણગારનો ત્યાગ બાહ્ય દેખાવ માટે નહિ પણ અંતરથી કર્યો હતો. અને મારાથી એક ક્ષણવાર પણ અળગી થતી ન હતી. કોઈ કહે કે તારે રોજના ઉજાગરા છે કંઈ ખાતી-પીતી નથી તો હવે થોડીવાર સૂઈ જા. તો પણ તે દૂર જતી ન હતી. મારી પાસે બેસીને વહાલથી મારા માથે હાથ ફેરવતી હતી. ને પ્રભુને પ્રાર્થના કરતી કે હે પ્રભુ! મારા પતિનો બધો રોગ ખેંચી લો ને તેમને હતા તેવા સાજા કરી દો. એની આ પ્રાર્થનાની પાછળ તેની અભિલાષા વિષય સુખની ન હતી. પણ મને કેમ સારું થાય, હું કેમ વેદનાથી મુક્ત બનું તે તેની ભાવના હતી. આવી પવિત્ર પત્ની પણ મને રોગથી મુક્ત કરાવી શકી નહિ એ મારું અનાથપણું હતું.

મુનિ કહે છે હે રાજન્! તમે મને કહેતા હતા ને કે હું તમને સુંદર કન્યાઓ સાથે પરણાવું ને તમે ઇચ્છિત સુખ ભોગવો. અને મનુષ્ય જન્મ સફળ કરો. હું પણ તમારી માફક માનતો હતો. જેમ હાથી-ઘોડા-ધન વિગેરે હોવાથી તું તને પોતાને સનાથ માને છે. તેમ હું પણ મને અનાથ માનતો હતો. પણ જ્યારે શરીરમાં વેદના થઈ ને તેને મટાડવા માટે વૈદો, હકીમો, ડોકટરો, માતા-પિતા, ભાઈ-બહેનો પત્ની બધાએ ગમે તેટલા ઉપચારો કર્યા છતાં મને રોગથી મુક્ત કરાવી શક્યા નહિ. ત્યારે મને લાગ્યું કે હું પોતે અનાથ છું. મારી સ્ત્રી, માતા-પિતા બધા મને વેદનાથી મુક્ત ન કરી શક્યા

તે સારું થયું. જો તેમના ઉપચારોથી મારો રોગ નાબૂદ થયો હોત તો હું તેમને બધાને સનાથ માનીને તેમનો ગુલામ બની જાત, એ બધાની વાત તો બાજુએ મૂકો પણ હું જે શરીરમાં રહું છું તેના પર પણ મારી સત્તા નથી. આખા મગધ દેશના રાજ્ય ઉપર તમારી સત્તા ચાલે છે. તમે જેમ કહો તેમ થાય છે પણ તમારા શરીર ઉપર તમારી સત્તા છે ખરી? તમે માનો કે મારે મારા શરીરમાં કંઈ રોગ આવવા દેવો નથી તો તે બની શકે ખરું? શ્રેણીક રાજા કહે છે એવી કોઈની તાકાત નથી. તો વિચાર કરો કે હું ને તમે કોના નાથ છીએ? મને કોઈ સગાં કે સ્નેહી રોગથી મુક્ત કરી શક્યું નહિ ત્યારે હું સમજી ગયો કે મારા માતા-પિતા ભાઈઓ-બહેનો, પત્ની ને વૈદો બધા પોતે અનાથ છે તો મને નાથ કેવી રીતે બનાવી શકે?

મુનિનું કથન સાંભળીને રાજા શ્રેણીક તેમને કહેવા લાગ્યા કે હે મુનિરાજ! આપની કહાની સાંભળીને મારો ગર્વ ગળી ગયો છે. હું જે સંપત્તિ અને વૈભવ પર મને પોતાને સનાથ માનતો હતો તે વૈભવ અને સંપત્તિ મને સનાથ બનાવનાર નથી. પણ અનાથતા વધારનાર છે. તો હવે આપ મને જલ્દી એ વાત સમજાવો કે આટલા ઉપચારો કરવા છતાં જે વેદના શાંત ન થઈ તે કેવી રીતે શાંત થઈ! અને સાચી સનાથતા પ્રાપ્ત કરવાનો ઉપાય કયો છે? રાજા શ્રેણીકને જલ્દી જાણવાની જિજ્ઞાસા થઈ છે. તેના જવાબમાં અનાથી મુનિ કહે છે કે હે રાજન્! મને રાત્રે ઊંઘ આવતી ન હતી. જ્યારે મને કોઈ રોગથી મુક્ત કરવા સમર્થ ન થયું ત્યારે મને સૂતા સૂતા અનેક પ્રકારના વિચારો આવવા લાગ્યા કે મારા પૂર્વના કોઈ ગાઢ કર્મોને કારણે મને આવો રોગ આવ્યો છે તો શું હું પહેલાં પણ હતો? જો પૂર્વે ન હોત તો આ કર્મો ક્યાંથી હોત? મારા પૂર્વના કર્મો છે તો હું પણ પૂર્વે હતો. તે વાત નક્કી છે. ને પૂર્વે પણ આવા કર્મોના ઉદયથી આથી પણ ભયંકર દુઃખો ભોગવ્યા હશે! આવા અનેક પ્રશ્નો મનમાં ઉઠતાં ને મનથી હું તેનું સમાધાન કરતો.

**तओ हं एवमाहंसु, दुक्ख माहु पुणो पुणो ।**
**वेयणा अणुभविउं जे, संसारम्मि अणंतए ।।**

ઉત્ત. સૂ. અ. ૨૦, ગાથા ૩૧,

હે રાજન્! રોગ ન મટવાથી વિચાર કરતાં મને વિશ્વાસ થયો કે આ અનંત સંસારમાં પરિભ્રમણ કરતાં મેં વારંવાર આવી વેદનાઓ અનુભવી છે. આવા પ્રકારનો વિશ્વાસ થવાથી હું એમ વિચારવા લાગ્યો કે સંસારમાં પરિભ્રમણ કરવાનું અને વારંવાર આવા કષ્ટો ભોગવવાનું કારણ શું? આ પ્રશ્ન પર વિચાર કરતાં હું એ સિદ્ધાંત પર આવ્યો કે મોહને આધીન બનીને આત્મા સાંસારિક પદાર્થો દ્વારા પોતે સનાથ બનવા ઇચ્છે છે. પણ એ સંસારિક પદાર્થોનો જેમ જેમ રાગ વધતો જાય છે તેમ તેમ આત્મા

અનાથ બનતો જાય છે. એ અનાથતા સંસારમાં ભવભ્રમણ કરાવનાર તેમજ આવા એટલે કે મેં ભોગવ્યા તેવા અને તેનાથી પણ અધિક દુઃખોનો અનુભવ કરવામાં કારણભૂત છે.

દેવાનુપ્રિયે ! આ અનાથી મુનિ શ્રેણીક રાજાને અનાથ સનાથના ભેદ સમજાવે છે. તેમાંથી આપણને ઘણું જાણવાનું મળે છે. આજે માનવ પોતાના સ્ત્રી, પુત્ર, પરિવાર, સંપત્તિ અને નોકર ચાકરો ઉપર પોતાની સત્તા જમાવીને તેને પોતાનો નાથ માને છે, પણ ખરેખર એ સમજવા જેવું છે કે આ દુનિયામાં કોણ કોનું છે ? આ બધા ઉપરથી મમત્વ ભાવ ઉઠાવીને તેનાથી અલિપ્તભાવે રહો. જેને મેળવવા માટે લાખો પ્રયત્નો કરો છો. પાપ બાંધો છો, ન્યાય-નીતિને નેવે મૂકો છો, સત્ય ને સદાચારને તો પૈસા માટે સીમાડે મૂકી દીધા છે. અને આજે જ્યાં જુઓ ત્યાં ભ્રષ્ટાચાર વધી ગયો છે. ધર્મ ધોકા ખાય છે ને અધર્મ અડદીયા ઉડાવે છે. આ પરિસ્થિતિ સર્જાઇ છે. પણ એટલું સમજી લેજો કે આ જે કંઇ મોજમઝા ઉડાવો છો તે પૂર્વે કરેલા સત્કર્મનો પ્રતાપ છે. જ્યાં ધર્મ-શીયળ, સત્ય, સદાચાર હોય છે ત્યાં લક્ષ્મી અને કીર્તિનો સદા વાસ હોય છે. અહીં મહારાજા વિક્રમના જીવનનો એક પ્રસંગ યાદ આવે છે.

મહારાજા વિક્રમ નીતિવાન અને નિરાભિમાની રાજા હતા. જેનામાં નીતિ, નમ્રતા અને નિરાભિમાનતાનો ત્રિવેણી સંગમ હોય છે તે આખી દુનિયાનો મિત્ર બને છે. નમ્રતા એવો અલૌકિક ગુણ છે કે તે આખી દુનિયાને નમાવે છે. વિક્રમરાજાએ આ મુખ્ય ગુણો દ્વારા પ્રજાનો પ્રેમ સંપાદન કર્યો હતો. રાજા વિક્રમ ખૂબ પ્રમાણિકતાથી રાજ્ય ચલાવતા હતા એટલે એના માથે કોઈ ચિંતા ન હતી. ચિંતા કોને હોય ? જ્યાં કાવાદાવા ને અપ્રમાણિકતા હોય ત્યાં હોય ને ? તમને કેટલી ચિંતાનો કીડો કોરી ખાતો હશે કે આ સરકાર આટલા ટેકસ નાંખે છે, મકાનની આંકણી કરે છે. હવે તો ધર્મસ્થાનકો ઉપર પણ ટેકસ નાંખે છે, એ પૈસા દાનમાં વાપરવામાં પણ કેટલી ચિંતા છે ! આવી ચિંતામાં સુખે ઊંઘ નથી આવતી. એટલે ઊંઘ લાવવા માટે ટેબ્લેટ લેવી પડે છે. વિક્રમ રાજા આટલું મોટું રાજ્ય ચલાવતા હતા છતાં એક રતિ જેટલી ચિંતા તેમના માથે ન હતી. પથારીમાં સૂવે એવા તરત ઊંઘી જતા. ને સવારે સૂર્યોદય થતાં પહેલાં બે ઘડી અગાઉ ઊઠી જતા. મહાન પુરૂષો અઘોરીની જેમ ઊંઘે નહિ. તમારી માફક સોનાના નળીયા થાય ત્યાં સુધી પથારીમાં સૂવે નહિ. (હસાહસ). વિક્રમ રાજાના અંતરમાં શાંતિ હતી એટલે સુખે સૂવે ને સુખે ઊઠે.

એક દિવસ વિક્રમ રાજા ટાઇમ થતાં સૂઈ ગયાં. તરત ઊંઘ આવી ગઇ. રાત્રીનો પ્રથમ પ્રહર પૂરો થવાને થોડી વાર બાકી હતી. તે પહેલાં એક સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં ખૂબ પ્રકાશ જોયો. સામી દૃષ્ટિ કરે છે તો એક નવયૌવના સ્વરૂપવાન સ્ત્રીને જોઈ. એટલે રાજાએ પૂછયું કે તમે કોણ છો ? ત્યારે એ સ્ત્રીએ કહ્યું કે હું તમારા ઘરની લક્ષ્મીદેવી છું. તમને

એક અગત્યના સમાચાર આપવા માટે આવી છું. રાજા પૂછે છે શું? ત્યારે કહે છે હું આવતી કાલે સવારે તારા ઘરમાંથી વિદાય થવાની છું. તે તમને સમાચાર આપવા આવી છું. ત્યારે રાજા કહે છે તમારે કહેવા આવવાની તસ્દી શા માટે લેવી પડી? ત્યારે લક્ષ્મી-દેવી કહે છે તમને કહ્યા વિના કેવી રીતે જવાય? રાજા કહે છે સવારે શું અત્યારે વિદાય થાઓ. સુખે સિધાવો. મારે તમારી જરૂર નથી. ત્યારે લક્ષ્મીદેવી કહે છે હે રાજા! તું મને આવી ઉદ્ધતાઈથી જવાબ આપે છે પણ વિચાર કર. આ બધો ચળકાટ લક્ષ્મીનો છે. માટે વિચાર કર. મારા ગયા પછી આ તમને ખમ્મા ખમ્મા થાય છે તે નહિ થાય. જ્યાં લક્ષ્મી નથી ત્યાં કુસંપ, ક્લેશ ને રગડા ઝગડા થાય છે. તમને પાણી માંગતા દૂધ મળે છે તે નહિ મળે. તને કોઈ પૂછશે પણ નહિ. તું આંખો પડી જઈશ. ગરીબ ગાય જેવો બની જઈશ ને ચપ્પણીયું લઈને ભીખ માંગવાનો વખત આવશે. રાજા કહે છે તમારે એની ચિંતા કરવાની જરૂર નથી. મારી પાસે ગુણનો પ્રકાશ છે. તેના દ્વારા મારું જીવન ચાલશે. માટે તમે તમારે અબઘડી સુખે સિધાવો. તમારા સદ્‌ભાવમાં મને સુખ નથી ને અભાવમાં દુઃખ નથી. ત્યારે લક્ષ્મીદેવી કહે છે રાજા! કંઈક તો વિચાર કર. મને તારી દયા આવે છે કે મારા ગયા પછી તારી શી દશા થશે? આ તારી મહેલ-મહેલાતો ચાલી જશે. પછી તું કયાં જઈને રહીશ? ત્યારે રાજા કહે છે કંઈ ચિંતા નહિ. એક કોઈનો ઓટલો તો મળશે ને? અરે, ઓટલો પણ નહિ મળે ને રોટલો પણ નહિ મળે. અરે રોટલો તો નહિ મળે પણ માટીનું શકોરું ય નહિ મળે. ત્યારે રાજા કહે છે ભલે કંઈ નહિ મળે તો ધરતીમાતા તો જગ્યા આપશે ને? ત્યારે લક્ષ્મીદેવી કહે છે ધરતીમાતા પણ જગ્યા નહિ આપે. રાજા કહે છે ભલે કોઈ જગ્યા નહિ આપે તો સાધુ બની જઈશ. પણ તું તારે ચાલી જાને! (હસાહસ) રાજાની મક્કમતા જોઈને લક્ષ્મીદેવી તો વીલે મોઢે ચાલ્યા ગયા. પણ દેવાનુપ્રિયો! હું તમને પૂછું કે તમને લક્ષ્મીદેવી સ્વપ્નમાં આવીને આવું કહે તો તમે શું કરો? હું તો માનું છું કે તમારી ઊંઘ ઉડી જાય. રડો, ઝૂરો ને કલ્પાંત કરો. મહિના સુધી તો ખાવાનું પણ ન ભાવે. કેમ સાચી વાત છે ને? વિક્રમ રાજા તો ઘસઘસાટ ઊંઘી ગયા.

રાત્રિનો બીજો પ્રહર શરૂ થયો ત્યાં રૂમઝુમ કરતાં બીજા દેવી આવ્યા. રાજા જાગી ગયા. ને દેવીને પૂછયું કે તમે કોણ છો? ત્યારે કહે છે હું કીર્તિદેવી છું. આપની પાસેથી વિદાય લેવા આવી છું. મારી સખી લક્ષ્મીદેવીની સાથે હું પણ જાઉં છું. મને એના વિના ક્ષણવાર ન ગમે. ત્યારે રાજા કહે છે ન ગમે તો સુખે સિધાવો દ્વાર ખુલ્લા છે. રાજન્! વિચાર કરો. અત્યારે ચારે તરફ તમારી કીર્તિનો કળશ ચઢયો છે. તે કીર્તિ ચાલી જતાં તમને કોઈ ઓળખશે નહિ. અત્યારે દરેકના મુખે તમારું નામ ગવાય છે. પછી તમને કોઈ યાદ નહિ કરે. તમારું નામ ભૂલાઈ જશે. ત્યારે રાજા કહે છે આ દુનિયામાં જે જન્મે છે તે મરે છે. ચઢે છે તે પડે છે. ઉદય છે તેનો અસ્ત છે. અને જેનું નામ છે તેનો નાશ અવશ્ય થવાનો છે. મોટા ચક્રવર્તિઓ પણ ચાલ્યા ગયા

છે તો પછી મારી કયાં વાત કરવી? મારે નામની સાથે કોઇ નિસ્બત નથી. નામ તો દેહનું છે. દેહનો નાશ થતાં નામનો નાશ થવાનો છે. તેથી કંઈ મારા આત્માનો નાશ થવાનો નથી. મારો આત્મા તો ત્રણે કાળે અમર રહેવાનો છે. માટે મારું નામ નહિ રહે તો તેની મને ચિંતા નથી. આવો જવાબ સાંભળી કીર્તિદેવી ચાલ્યા ગયા ને રાજા ઊંઘી ગયા. ત્યાં ત્રીજા પ્રહરે ત્રીજી દેવી આવી. રાજા પૂછે છે તમે કોણ છો? મને સુખે સૂવા દેતા પણ નથી. ત્યારે કહે છે હું સત્તાદેવી છું. લક્ષ્મી અને કીર્તિ જો ન રહે તો મારે પણ રહેવું નથી. ત્યારે રાજા કહે છે ભલે સિધાવો. હું તમને બહુમાનપૂર્વક વિદાય આપું છું. ત્યારે સત્તાદેવી કહે છે મહારાજા! અમે ત્રણે જઈશું તો તમારા રાજ્યમાં અંધારું થઇ જશે. આ રાજસિંહાસન ઉપરથી આપ ફેંકાઇ જશો. તમારી પ્રજા પણ તમારા સામું નહિ જુવે. માટે જો તમે કહો તો હું લક્ષ્મી અને કીર્તિને મનાવીને પાછી બોલાવી લાવું. ત્યારે રાજા કહે છે મારે એ સત્તાના સિંહાસનની જરૂર નથી. હું તો મારી પ્રજાના હૃદય સિંહાસન ઉપર રાજ્ય કરું છું. મારે કોઇની જરૂર નથી. ચાલતા થઇ જાઓ. એટલે સત્તાદેવી પણ વિદાય થયા ને રાજા તો ઊંઘી ગયા.

થોડીવાર થઇ ત્યાં ખૂબ પ્રકાશ દેખાયો ને ત્રણ તેજસ્વી પુરૂષો દેખાયા. વિક્રમ રાજા પૂછે છે તમે કોણ છો? ત્યારે કહે છે અમે ૧) ધર્મરાજા ૨) સત્યરાજા અને ૩) ચારિત્ર રાજા છીએ. અમે ત્રણે તમારી પાસેથી વિદાય લેવા આવ્યા છીએ. આ સાંભળી તરત રાજા તેમના પલંગમાંથી ઊભા થઇ ગયા ને કહેવા લાગ્યા. અરેરે....તમે ચાલ્યા જશો? મારા જીવતાં હું તમને વિદાય નહિ આપી શકું. આ દુનિયામાંથી આપ વિદાય લેશો તે પહેલાં મારી વિદાય થશે. ત્યારે કહે છે અમે ત્રણે તો નિર્ણય કરીને આવ્યા છીએ. તમને જાણ કરવા આવ્યા હતા. રાજા તેની મ્યાનમાંથી તલવાર ખેંચીને ધર્મરાજાના હાથમાં આપીને કહે છે લો, મારું મસ્તક ઉડાવી દો. પછી તમે વિદાય થાઓ. હું તમારા વિના નહિ રહી શકું. ધર્મ વિનાનું જીવન પ્રાણ વિનાના કલેવર જેવું છે. ધર્મ એ મારો પ્રાણ છે. સત્ય એ મારો શ્વાસ છે ને ચારિત્ર એ મારૂં હાર્ટ છે. પ્રાણ, હાર્ટ અને શ્વાસ વિના કોઇ જીવી શકતું નથી. તેમ હું પણ તમારા વિના એક ક્ષણ પણ જીવી શકું તેમ નથી.

બંધુઓ! જુઓ, રાજાની કેવી દૃઢ શ્રદ્ધા છે! પેલી ત્રણ દેવીઓને જવા દીધી પણ ધર્મ, સત્ય અને ચારિત્રને જવા દેતા નથી. તમને આવી શ્રદ્ધા છે ને? આ ત્રણે દેવો રાજાના હાથમાંથી તલવાર પકડી લે છે ને એકી અવાજે બોલે છે–ધન્ય છે રાજન તારી શ્રદ્ધાને. અમે તો તારી પરીક્ષા કરવા આવ્યા હતા. તારી અડગ શ્રદ્ધા જોઇને ખુશ થયા છીએ. તારા જેવા શ્રદ્ધાવાન ભક્તને છોડીને બીજે કયાંય જવા માંગતા નથી. આ પ્રમાણે કહ્યું ત્યાં ત્રણેય દેવીઓ આવીને કહે છે રાજન્! અમે પણ તને છોડીને જવા

માંગતા નથી. જ્યાં ધર્મ-સત્ય અને ચારિત્ર છે ત્યાં અમે પણ રહીશું. અમને એના વિના ગમતું નથી.

જુઓ, રાજા તેની શ્રદ્ધામાં મક્કમ રહ્યા તો બધું પાછું આવ્યું. પણ પહેલાં સહન કરવું પડયું. એક વખત તો આત્માએ કસોટીમાં અડગ રહેવું પડે છે. જ્યાં ધર્મ, સત્ય અને ચારિત્રનો વાસ છે ત્યાં દુનિયાની સમગ્ર સંપત્તિનો વાસ છે. માટે ધર્મનું, સત્યનું ને ચારિત્રનું પાલન કરતાં જો કોઇ કસોટીનો પ્રસંગ આવે તો મક્કમ રહેજો.

અનાથી મુનિને ત્યાં બધી સંપત્તિ હતી. કોઇ જાતની કમી ન હતી. માત્ર તેમને શારીરિક સુખ ન હતું. અનાથી મુનિ કહે છે હે રાજન્! મારી વેદના કોઈ પણ રીતે શાંત ન થઇ ત્યારે હું મારા આત્મા તરફ વળ્યો ને આત્મચિંતન કરવા લાગ્યો, દુનિયામાં કહેવત છે ને કે **"વાળ્યો ન વળે પણ હાર્યો વળે."** તેમ મને પણ પહેલાં મારા આત્મા તરફ જોવાનું મન ન થયું. મને આશા હતી કે મારા માતા-પિતા, ભાઇ-બહેનો, અને મારી પત્ની મારું દર્દ જરૂર દૂર કરશે. પણ કોઇ મારું દર્દ દૂર ન કરી શકયું ને બધેથી હતાશ થયો ત્યારે હું મારા આત્મા તરફ વળ્યો.

એક વખત ઘણાં માણસો સોનાની ખાણ ખોદી રહ્યા હતા. તમને સોનું પહેરવું બહુ ગમે છે. પણ ખાણમાંથી સોનું કાઢતાં કેટલી મહેનત પડે છે તે જાણો છો? ઘણી ઊંડી ખાણ ખોદીને તેમાં માણસો ઉતરીને માટીમાંથી સોનું કાઢતા હતા. અંદરથી માટીના તગારા ભરીભરીને આપે ને બહાર ઊભેલા તેને ખાલી કરતા હતા. તેમાં એક માણસ માટીનું તગારું લેતા અંદર ધસી પડયો. કોઇને ખબર ન પડી. કામ પતી જતાં માટી નાંખીને ખાડો પૂરી દે છે. પેલા અંદર પડેલાના ઉપર માટી પડે છે. તે અંદરથી બૂમો પાડે છે કે બચાવો....બચાવો. પણ તેના કર્મયોગે કોઈ સાંભળતું નથી. પણ ખાડો પૂરતાં સ્હેજ પોલાણ રહી ગયેલી. તે ખોદનારા માણસો તો ચાલ્યા ગયા. પણ બીજા માણસો ફરતા ફરતા ત્યાં આવે છે. ત્યારે તાજી ખોદેલી ખાણમાંથી અવાજ આવે છે કે મને કાઢો-બચાવો. કોઇ દયા કરો. આ અવાજ સાંભળીને આવનારા માણસો ભડકયાં કે અહીં તો ભૂત લાગે છે. બધા ભાગી ગયા. પણ એક દયાળુને વિચાર થયો કે કોઇ માણસ દટાઇ ગયો લાગે છે. તેણે નીડર થઇને માટી દૂર કરી તો માણસ નીકળ્યો. બહાર તો કાઢયો પણ તેના આખા શરીરમાં ખૂબ દુઃખાવો થવા લાગ્યો. હાલી ચાલી શકતો ન હતો. એટલે દયાળુ માણસ ગાડી કરીને તેને હોસ્પિતાલમાં લઈ ગયો. ડોકટરે ફોટો પાડીને કહ્યું કે એના હાડકામાં ફ્રેકચર થયું છે. મોટું ઓપરેશન કરવું પડશે. ઓપરેશન પણ જોખમભરેલું છે. તેના ઘરના બધા માણસોને બોલાવ્યા. બીજે દિવસે ઓપરેશન કરવાનું નક્કી થયું. મોટું હાડકું ભાંગી ગયું છે એટલે ઘણો દુઃખાવો થાય છે. ઊંઘ આવતી નથી. તે સમયે તે માણસ પ્રભુને પોકાર કરે છે કે

હે નાથ! હું તારા શરણે છું. ડૉકટર ઓપરેશન કરશે તેમ છતાં જીવવાનો વીમો છે. તો હે નાથ! હું તને પ્રાર્થના કરું છું કે તું મારો ડૉકટર છે. મારો ભગવાન છે. હું તારા શરણે છું. તારું શરણું લઉં છું. તો મને શ્રદ્ધા છે કે મારું દર્દ વગર ઓપરેશને મટી જશે. નહિ મટે તો તારી લાજ જશે. મારું કંઇ જવાનું નથી. આ રીતે એક ચિત્તે પ્રભુને પ્રાર્થના કરીને પ્રભુના સ્મરણમાં લીન બની ગયો. જેમ જેમ સમય ગયો તેમ તેમ તેની વેદના શાંત થતી ગઇ ને સવાર પડતાં તો ઊઠીને ફરવા લાગ્યો. જાણે કંઇ બન્યું નથી. ડૉકટર તપાસવા આવ્યો. ત્યારે કહે છે કે હવે મને તપાસવાની જરૂર નથી. ઓપરેશન પણ કરવું નથી. બધું મટી ગયું. ડૉકટર કહે છે પણ ભાઇ! આ શું? તને કોણ ડૉકટર મળી ગયો? ડૉકટરે ફરીને ફોટા પાડીને જોયું તો હાડકામાં તીરાડ પણ દેખાઈ નહિ. બધું સ્વસ્થ હતું. ભકત કહે છે કે આ હાડકા સાંધનાર બીજો કોઇ ડૉકટર નહિ પણ મારો ભગવાન છે.

બંધુઓ! આત્મશ્રદ્ધા કેવું કામ કરી જાય છે! ડૉકટર પણ દર્દીને જોઇને આશ્ચર્યમાં પડી ગયો. જેને ધર્મ પ્રત્યે અતૂટ શ્રદ્ધા હોય છે તેને ફળ્યા વિના રહેતી નથી. અનાથી મુનિના અંતરમાં હવે આત્મા પ્રત્યેની શ્રદ્ધા જાગી છે. તેના કારણે વિચાર કરે છે કે મારા કર્મને કારણે હું દુઃખી થઇ રહ્યો છું હજુ પણ આગળ શું વિચારણા કરશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર :–** અંજનાએ તેજસ્વી પુત્રને જન્મ આપ્યો છે. પુત્રનું મુખ જોઇને અંજના તથા વસંતમાલાના હર્ષનો પાર નથી. પુત્રનું મુખ જોઇને અંજના બધું દુઃખ ભૂલી ગઈ.

**સહીયરે પુત્ર પખાળ્યો, નિર્ઝરણા માંહે પખાળ્યા ચીર તો,**
**પુત્ર પોઢાડયો રે પાથરે, સીતાનો વારૂ હનુમંત વીર તો,**
**નીરખતાં તૃપ્તિ પામે નહિ, માંહોમાંહે બેઉ સખી એમ કરે વાત તો,**
**જન્મ મહોત્સવ કોણ કરે, કટકે ચાલ્યો છે કુંવરનો તાત તો....સતી રે...**

અંજનાએ પુત્રને જન્મ આપ્યો કે તરત દેવની સહાયથી ત્યાં એક નાનકડું સરોવર બની ગયું. એટલે વસંતમાલાએ પુત્રને નવડાવીને અંજનાને પણ સ્નાન કરાવી અશુચી દૂર કરાવી. અને બાળકને ઝાડના પાંદડા ભેગા કરી તેના ઉપર સૂવાડયો.

દેવાનુપ્રિયો! કર્મની લીલા કેવી વિચિત્ર છે! અંજના અને વસંતમાલા બંને આ બાળકને જોઈને વિચાર કરે છે કે અહો! પવનજીના જન્મ પછી રત્નપુરીમાં ઘણાં સમયે આ લાડકવાયો જન્મ્યો છે. અંજના પુત્રને ખોળામાં લઇને આંસુ સારતી બોલે છે બેટા! જો તારો જન્મ રાજમહેલમાં થયો હોત તો આજે કંઇક જન્મ કેદીઓને કેદમાંથી મુક્તિ મળત. કંઇક નિર્ધન યાચકોને ધન મળત. તારો જન્મોત્સવ ખૂબ ધામ ધૂમથી ઉજવત. તારા માટે આ પાંદડાની પથારીને બદલે સોનાનું રત્નજડિત પારણીયું હોત. તને રમાડવા અઢાર દેશની દાસીઓ હાજર હોત. પણ અહીં તારો જન્મ મહોત્સવ કોણ કરે? તારા

પિતાજી તો યુદ્ધમાં ગયા છે ને પાછળથી મારી આ દશા થઈ છે. આટલું બોલતાં તેની આંખમાં આંસુ આવી ગયા. આ આંસુ પોતાને દુઃખ પડયું તેના નથી. પણ પોતાના માથે જે કલંક ચઢયું છે તે જો ન ઊતરે તો દુનિયામાં એમ કહેવાય કે અંજના આવી જૈન ધર્મની શ્રદ્ધાવાળી ને આવી નીકળી? મારા જૈન ધર્મને લાંછન ન લાગવું જોઈએ અને મારા સાસરા - પિયરની નિર્મળ કીર્તિમાં સ્હેજ પણ ડાઘ ન લાગવો જોઈએ. દિલમાં આ વાતનો ડંખ હતો. ને આવા પુત્રના જન્મસમયે પતિની ગેરહાજરી છે. તેથી તેના દિલમાં ઓછું આવ્યું.

બાળક તો હજુ તાજો જન્મેલો છે. તરતનો જન્મેલો બાળક આંખ ઉઘાડે નહિ. પણ આ તેજસ્વી કુમાર તો આંખ ખોલીને અંજનાની સામે મીટ માંડીને જોઈ રહ્યો છે. એના મુખ ઉપરથી જોતાં એમ લાગે કે જાણે અંજનાને એમ કહેતો ન હોય કે, હે માતા? હવે તું જરા પણ ગભરાઈશ નહિ. હવે હું સ્હેજ મોટો થાઉં એટલે તને દુઃખ દેનાર દાદા-દાદીની, બા-બાપુજીની તથા મામા-મામીઓની બધાની ખબર લઈશ. તેમ જાણે સંકેત કરતો ન હોય! તેમ જણાય છે. વળી પાછી પુનમની ચાંદની ખીલી છે. અજવાળી રાતે અંજના બાળકને હાથમાં લઈને રમાડે છે ને વસંતમાલા પણ હરખાતી અંજનાની સામે બેઠી છે. આ બાળક આકાશની સામે બાથ ભીડીને જાણે તારા અને ચંદ્રને લેવા મથતો ન હોય! તેમ હાથ ઊંચા નીચા કરે છે. એના મુખ ઉપરથી તેનું પરાક્રમ સ્પષ્ટ જણાઈ આવે છે. વસંતમાલા કહે છે બહેન! હવે તું જરા પણ ગભરાઈશ નહિ. આ બાલુડો આપણા દુઃખો દૂર કરશે. આ પ્રમાણે આનંદપૂર્વક વાર્તાલાપ કરે છે. ત્યાં શું બન્યું.

**મામા અંજના તણા તિણ સમે, શૂરસેન રાજા છે તેહનું નામ તો,**
**યાત્રા કરીને પાછો વળ્યો, આવી વિમાન થંભ્યુ તેણે ઠામ તો....સતી રે.**

આ સમયે અંજના સતીના મામા વિદ્યાધર શૂરસેન રાજા યાત્રા કરીને પાછા ફરીને પોતાના ગામ જઈ રહ્યા છે. તો આ રસ્તેથી તે વિદ્યાધરનું વિમાન પસાર થતું હતું. બરાબર અંજના જે જગ્યાએ બેઠી હતી તેના માથા ઉપર વિમાન આવ્યું. સ્થિર થઈ ગયું. વિમાનને ચલાવવા માટે ઘણી મહેનત કરી પણ નથી આગળ જતું કે નથી પાછળ હઠતું. સતી અંજનાનું કેટલું પ્રભાવશીલ ચારિત્ર હતું તેની આ પ્રતીતિ કરાવે છે. આ તો વિદ્યાધરનું વિમાન હતું. પણ દેવનું વિમાન હોય તો પણ આ સતીની ઉપરથી પસાર થઈ શકે નહિ. સતીના શિયળના પ્રભાવે ભલભલા દેવના વિમાન પણ સ્થંભી જાય છે. વિદ્યાધરનું વિમાન ચાલતું નથી. છેવટે વિચાર કર્યો કે વિમાનને નીચે ઉતારી જોઈએ એટલે નીચે ઉતારે છે. વિમાન નીચે ઉતરવા લાગ્યું. હવે આ વિમાન કેવી રીતે ઊતરશે સતી અંજનાને જંગલમાં મામાનું મિલન કેવી રીતે થશે ને શું બનશે તેના ભાવ અવસરે.

☆

## વ્યાખ્યાન નં.-૭૦

**આસો સુદ ૪ ને બુધવાર** **તા. ૮-૧૦-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

શાશ્વત સુખના સ્વામી બનવા માટે સંસારરૂપી સમરાંગણમાં કર્મ શત્રુઓની સામે કેશરિયા કરી મુક્તિનગરીના મહેમાન બન્યા છે તેવા જિનેશ્વર ભગવંતોએ ભવમાં ભ્રમણ કરતા ભવ્ય જીવોને જાગૃત કરવા માટે આગમવાણી પ્રકાશી-બત્રીસ આગમમાં ચોથું મૂળ સૂત્ર ઉત્તરાધ્યયન સૂત્રના વીસમા અધ્યયનમાં અનાથી નિર્ગ્રંથ મહારાજા શ્રેણીકને અનાથ-અનાથના ભેદ સમજાવતાં કહે છે આત્માની અનાથતાનું કારણ શું? આત્મા અને પરમાત્મા વચ્ચેની એકતાને ભૂલી જવી. જો કોઇ આત્મા અને પરમાત્માની એકતા સાધી ભિન્નતાને દૂર કરવાનો સંકલ્પ કરે તો આત્માની અનાથતા દૂર થયા વિના રહે નહિ.

અનાથી મુનિ કહે છે કે અનેક પ્રયત્નો કરવા છતાં પણ મારો રોગ શાંત થયો નહિ. ત્યારે મને એવું ભાન થયું કે મને બીજું કોઇ દુઃખ આપતું નથી. પણ મારો આત્મા મને દુઃખ આપી રહ્યો છે, તો બીજો કોઇ મારા રોગને કેવી રીતે મટાડી શકે? જો મને બીજા કોઇ દુઃખ આપતા હોત તો મારા માતા-પિતા, ભાઇ, બહેન, પત્ની અને વૈદો, હકીમો બધા મને રોગથી મુક્ત કરી શક્ત. પણ જ્યાં મારો પોતાનો આત્મા દુઃખ આપી રહ્યો હોય ત્યાં બીજા કયાંથી મટાડી શકે? વિભાવમાં જઇને મારા આત્માએ બાંધેલા કર્મોને કારણે મને આ દુઃખ આવ્યું છે. તો વિભાવને વર્જીને સ્વભાવમાં સંચરીને મારો આત્મા દુઃખને દૂર કરશે.

મહાન પુરુષોના જીવનમાં કેવી સમજણ હોય છે! આવી સમજણ ભવનો અંત લાવે છે. પણ જ્યાં સમજણ નથી ત્યાં ભવવૃદ્ધિ થાય છે. જેને આત્મ સ્વરૂપની પિછાણ થઇ ને પછી સંત બન્યા છે તેવા અનાથી નિર્ગ્રંથ પોતે ભવનો અંત કરી ભગવંત બનવા માટે આત્મસાધનાના પંથે પ્રયાણ કરતાં ગ્રામાનુગ્રામ વિહાર કરતાં મંડીકુક્ષ બગીચામાં આવ્યા ને શ્રેણિક રાજા ફરવા માટે આવ્યા. ત્યાં બંનેનું મધુરું મિલન થયું. સંતનું મિલન એ સત્‌નું મિલન છે. સંતો પોતે સત્‌ને સાધી, સતને પિછાણી તેમાં રમણતા કરે છે. અને પોતાની પાસે આવનારને પણ સત્‌ની પિછાણ કરાવે છે. ને દુઃખનો અંત કરાવે છે. તમે એમ નહિ માનતા કે સંત પાસે જઇએ એટલે પૈસે ટકે સુખી બની જઇએ ને સંસારમાં કહેવાતું દુઃખ મટાડી દઇએ. આ તમારું માનેલું પૈસા, પત્ની અને પુત્રનું દુઃખ મટાડવાની વાત નથી પણ આત્માને જન્મ-મરણના દુઃખો લાગેલા છે તેને દૂર કરવાની વાત છે. **'જે કરાવે ભવનો અંત, તોડાવે તૃષ્ણાનો તંત, તે છે સાચા સંત. તે પામે સુખ અનંત.'**

આવા પવિત્ર સંતોનો સમાગમ આત્માની ઓળખાણ કરાવે છે. આજે દુનિયામાં જ્યાં જુઓ ત્યાં ઓળખાણની જરૂર છે. કોઈને સારી નોકરી મેળવવી હોય તો પણ સારા માણસની ઓળખાણ હોય તો ઝટ નોકરી મળી જાય છે. કોઈ ગરીબનો છોકરો દેશમાંથી મુંબઈ સર્વીસ માટે આવે તો જો કોઈ સારા શ્રીમંત માણસની ઓળખાણ હોય તો તેને જલ્દી નોકરી મળી જાય છે. નહિતર બે મહિના રહી ઘરના રોટલા ખાઈને પાછો હતો તેવો વિદાય થાય છે. આજે તમે નથી જોતા કે મુંબઈમાં બી. એ. થયેલા છોકરાઓ બિચારા નોકરી, ધંધા વિના રઝળે છે. ને નોન મેટ્રિક થયેલા છોકરાઓને ઓળખાણને કારણે નોકરી મળી જાય છે. સસ્તા ભાડાની ચાલીઓ બંધાય છે તેમાં રૂમ લેવા માટે પણ લાગવગ જોઈએ છે. લાગવગવાળાનું કામ ઝટ થઈ જાય છે ને લાગવગ વિનાના રઝળે છે. કોઈ બહારગામથી ફાળો કરવા આવે ને વાલકેશ્વર સંઘના શેઠિયાઓને કહે કે ભાઈ! અમારા ગામમાં સંતોની અવરજવર ખૂબ છે. માટે ત્યાં ઉપાશ્રય બંધાવવાની જરૂર છે. તો તમે શું કહેશો? કે અમે તમને ઓળખતા નથી. ઓળખાણ હોય તો બધું થાય. કેમ આમ કહોને? કોઈ બહારગામનો ઝવેરી રમણીકભાઈની ઓફિસે આવ્યો. તેને માલ ખરીદવો છે તો રમણીકભાઈ તેને હીરાના પડીકા બતાવે. વહેપારી માલ જોઈને કહે કે આ એક લાખના હીરાનું પડીકું મને આજનો દિવસ ઘરે જોવા માટે લઈ જવા દો. અનુકૂળ હશે તો ખરીદી લઈશ. નહિતર તમને કાલે સવારે પાછું આપી જઈશ. તો તમે તેને લઈ જવા દો ખરા? તમે તેને કહી દેશો કે ભાઈ! હું તમને ઓળખતો નથી. પણ આ સ્થાને કોઈ પરિચિત ને વિશ્વાસુ વહેપારી હોય તો ખુશીથી લઈ જવા દેત. આ તો લાખ રૂપિયાના હીરાની વાત થઈ પણ પાંચ-પચ્ચીસ રૂપિયા પણ તમે ઓળખાણ વિના કોઈને આપવા તૈયાર નથી. પણ જો કોઈ એ અજાણ્યાની ઓળખાણ કરાવનાર મળી જાય તો તેને કોઈ જાતનો વાંધો આવતો નથી. તમે કહો છો ને કે ઓળખાણ એ મોટી ખાણ છે. ઓળખાણવાળો માણસ સુખી થાય છે ને ઓળખાણ વિનાનો રઝળી પડે છે.

મારે ઓળખાણની વાત કરીને તમને એ વાત સમજાવવી છે, કે જે આત્માની ઓળખાણ કરે છે તે સુખ પ્રાપ્ત કરે છે. આત્માની ઓળખાણ કોણ કરાવે? જે મહાન પુરૂષોએ આત્માને ઓળખ્યો છે તે આત્માની ઓળખાણ કરાવે છે. જેમ મોટો વહેપારી અજાણ્યા વહેપારીને બજારમાં બીજા વહેપારીની ઓળખાણ કરાવી તેને આગળ લાવે છે. તેમ ભગવાનના સાચા સંતો પણ તેમની પાસે જે જિજ્ઞાસુ જીવો આવે છે તેમને આત્મસ્વરૂપની ઓળખાણ કરાવીને મુક્તિનગરીના મહાન સુખોમાં મહાલવા માટે મોકલે છે. જેના ઉપર સંતની દૃષ્ટિ પડે ને સંત જેનો હાથ પકડે તે તો ન્યાલ થઈ જાય. સંતનું મિલન મહા લાભદાયી છે. એક ભક્તે પણ ગાયું છે કે :-

**તારું એક મિલન ફળદાયી, મીટે જન્મોજન્મની જુદાઇ,**
**તું કાંડું જેનું ઝાલે, તે મુક્ત બનીને મ્હાલે- તારો સંગ એવો સુખકારી.**

સંતોનો સંગ એ સાચો સંગ છે. અહીં શ્રેણીક મહારાજાએ કોનો સંગ કર્યો? તે જાણો છો ને? રાજા શ્રેણીકે અનાથી નિર્ગ્રંથનો સંગ કર્યો તો આત્મસ્વરૂપની પિછાણ થઇ ને આત્મસ્વરૂપની પિછાણ થતાં મિથ્યાત્વના ગાઢ વાદળને ભેદીને સમ્યક્ત્વનો સૂર્ય પ્રગટયો. ને ભવોભવની ભાવટ ભાંગી નાંખી, આવતી ચોવીસીમાં તીર્થંકર પદ પ્રાપ્ત કરશે. અનેક ભવ્ય જીવોના તારણહાર બનશે. સંતના સંગે તેમના જીવનમાં જાદુ કર્યું. તમે વ્યવહારમાં પણ દેખો છો ને કે કોઇ ગરીબ માણસનો શ્રીમંત હાથ પકડે તો સમય જતાં ગરીબ પણ શ્રીમંત બની જાય છે. કોઈ મહારાજાની ગરીબ ઉપર કૃપા વરસે તો ગરીબ પણ ન્યાલ થઇ જાય છે.

એક જમાનો એ હતો, કે રાજાઓ પોતાના રાજ્યમાં કોઇને દુઃખી જોઇ શકતા નહિ. રાજા ભોજ કેવા પરદુઃખભંજન હતા. બીજાના દુઃખને પોતાનું દુઃખ માની બીજાનું દુઃખ દૂર કરતા હતા. રાજા વિક્રમે કેવું સુંદર રાજ્ય ચલાવ્યું! તમે દિવાળીના દિવસે નવા ચોપડા લખો છો. દિવાળી આવે ત્યારે જૂના ચોપડા અધૂરા હોય તો પણ તેને મૂકી દો છો ને નવા ચોપડા લખો છો. આ નવા ચોપડા લખવાની શરૂઆત કોણે કરાવી હતી તે જાણો છો? જ્યારે વહેપારીઓમાં ખૂબ અનીતિ વધી અને લોકો લોહી ચૂસ્યા વ્યાજ લેતા થઇ ગયા ત્યારે વિક્રમરાજાએ જૂના ચોપડા ઊંચે ચઢાવી દીધા ને નવા નામે ચોપડા લખવાની શરૂઆત કરાવી ને પ્રજાને કરજના દુઃખમાંથી મુકત કરાવી હતી. તે સિવાય તેમના રાજ્યનો નિયમ હતો કે જે કોઈ માણસ નવો રહેવા આવે તેને દરેક પ્રજાજનોએ એકેક સોનામહોર અને એકેક ઇંટ આપવી. એટલે આવનારા માણસનું ઈંટોથી ઘર બંધાઈ જાય ને આખા ગામના લોકો એકેક સોનામહોર આપે તો તેને દેખાય નહિ ને સામાનું કામ ચાલુ થઇ જાય. આવું સુંદર રાજ્ય ચલાવીને રાજા વિક્રમે તેના જીવનમાં એક વિક્રમ સ્થાપ્યો હતો.

બંધુઓ! રાજા વિક્રમે નવો વિક્રમ સ્થાપીને પ્રજાને કરજમાંથી મુકત કરી. તો તમે પણ ધારો તો તમારા જીવનમાં આવો વિક્રમ સ્થાપી શકો. આપણો આત્મા અનંત કાળથી કર્મના કરજમાં ડૂબી રહ્યો છે. તેના કારણે પરાધીન બનીને મહાન દુઃખ ભોગવી રહ્યો છે તો આત્માને કર્મના કરજમાંથી મુકત કરાવી સુખી બનાવવા માટે પુરૂષાર્થ કરો. કોશિષ કરો અને તમારા પ્રબળ પુણ્યોદયે તમને જે મહાન સુખ ને સંપત્તિ મળ્યા છે તેનો સદુપયોગ કરીને ગરીબાઈથી પીડાતા તમારા સ્વધર્મીઓને સુખી કરો. તમે હાથી જેવી દૃષ્ટિ કેળવો. હાથીની સૂંઢમાં કોઇ ઘાસ આપે કે લાડવા આપે તો તે મદમસ્ત બનીને ઝૂલતો ઝૂલતો ચાલે છે. એ ખાતો જાય ને થોડું વેરતો

જાય છે. એ ખાતો ખાતો વેરતો જાય છે તેમાં ગાય-ભેંસ-બકરાના પેટ ભરાઇ જાય છે. હાથીનું પેટ મોટું હોવા છતાં કેવો ઉદાર છે! પણ મારા આજના કહેવાતા શ્રીમંતોનું પેટ હાથી જેટલું ઉદાર નથી. અરે એ ક્યાંક જતો હોય ને પોતાનો સગો ભાઇ પૂછે કે ભાઈ! કયાં જાઓ છો? તો પણ સાચું નહિ કહે. કારણ કે જો એ જાણી જાય તો પોતાના ધંધાને ધક્કો લાગી જાય. કેટલી સંકુચિતતા છે! એક તિર્યંચ જેટલી પણ ઉદારતા નથી. સાથે શું લઇ જવાના છો? તેનો વિચાર કરો. કંઈક શ્રીમંતો સાગર જેવા ગંભીર હોય છે. તે જમણા હાથે દાન કરે તો તેનો ડાબો હાથ પણ જાણે નહિ. ઘરનાને પણ ગંધ ન આવે કે આટલું દાન કર્યું છે. કહેવત છે ને કે સાગરમાં ગમે તેટલી નદીઓ ઠલવાય પણ સાગર છલકાતો નથી ને ગમે તેટલી ગરમી પડે તો પણ સુકાતો નથી. ભરેલો ઘડો છલકાતો નથી. અધૂરો ઘડો છલકાયા વિના રહેતો નથી. તેમ જે મનુષ્યો સંકુચિત દિલના છે તે પોતાના સુખને માટે લાખો રૂપિયાના ધુમાડા કરે છે પણ બીજાના દુઃખની પરવા કરતા નથી. તે અધૂરા ઘડા જેવા છે.

એક જમાનો એવો હતો કે ગરીબ વિધવા માતાઓ ઘંટીના પૈડા ફેરવી અડધો મણ અનાજ દળીને પોતાનું ગુજરાન ચલાવતી ને પેટનો ખાડો પૂરતી. પણ આજે વૈજ્ઞાનિક યુગમાં તો ઘેર ઘેર ઘંટીઓ આવી ગઇ. પાણીના બે-પાંચ બેડા ભરીને પણ પોષણ કરતી પણ આજે ઘર ઘરમાં નળ આવી ગયા. બધું કામ યંત્રો દ્વારા થવા લાગ્યું એટલે ગરીબને તો આજીવિકામાં મોટો ધક્કો લાગી ગયો, પણ શ્રીમંતો માને છે, કે બધું અમારે ઘેર આવી ગયું. વિજ્ઞાને કેવા સુખી બનાવી દીધા! કંઇક બહેનો એમ કહે છે કે, આપણે કેવા ભાગ્યશાળી કે આવું સુખ આપણા જમાનામાં આવ્યું. આપણા સાસુજીના તો કૂવે પાણી ભરી ભરીને પગ ઘસાઇ ગયા. ચૂલો સળગાવતાં ધૂમાડાથી આંખમાં પાણી ભરાઈ જતાં. ફાનસ સળગાવવા રોજ ચીમની ઉટકવી પડે, ઘાસલેટ પૂરવું પડે, કેટલી માથાકૂટ? ને આપણે તો એક નળ ફેરવીએ તો ગંગા ને જમના વહે છે. કૂકર ચઢાવી દઈએ એટલે દાળ-ભાત ને શાક તૈયાર થઇ જાય. એક સ્વીચ બેઠા બેઠા દબાવીએ તો ઘરમાં ઝળહળતો પ્રકાશ પથરાઇ જાય ને પંખો ચલાવીએ તો ગરમી દૂર થઇ જાય. કેવું મજાનું સુખ!( હસાહસ ) આવું સુખ ભોગવ્યા વિના ચાલ્યા ગયા.

ટૂંકમાં કહેવાનો આશય એ છે, કે જડ સુખના ભિખારી જીવોને જડ સાધનો મળતા કેટલો આનંદ આવે છે! તે જડની ઓળખાણ કરે છે. જડનો પૂજારી જડની વૃદ્ધિમાં આનંદ માને છે. પણ તેને ખબર નથી કે જેટલા પૈસા વધ્યા તેટલી પળોજણ વધી. સાધન વધ્યા તેટલા બંધન વધ્યાં ને સગવડતા વધી એટલા કર્મનાં કરજ વધ્યાં. બાંધેલા કર્મો ઉદયમાં આવશે ત્યારે ગમે તેટલી બૂમો પાડશો તો પણ કોઇ બચાવવા નહિ આવે. કોઇ માણસ જાણી જોઇને ઝેર પી જાય ને પછી બૂમો પાડે, કે મારી નાડીઓ

તુટે છે મને બચાવો....બચાવો. ત્યારે તેને શું કહે, કે તને કોણે ઊંચો બાંધ્યો હતો કે તેં ઝેર પીધું. જાણીને ઝેર પી ગયો ને હવે બૂમો પાડે છે? જ્ઞાનીઓ કહે છે, "ઝેર તો તેં પીધા જાણી જાણી." તમે એ તો જાણો છો ને કે કરેલાં કર્મો તો જીવને ભોગવવા પડે છે. જીવની સાથે સારા નરસા કર્મો આવશે. આજે જ્યાં જુઓ ત્યાં રગડા-ઝઘડા અને કર્મબંધનનાં કારણો જોવા મળે છે.

આ અવસર્પિણી કાળમાં થયેલા મહાનપુરુષોએ ભૂતકાળમાં અજ્ઞાન અવસ્થામાં કર્મો કર્યાં. એ કર્મો રૂપી ઝેરના કટોરા પીવાનો વખત આવ્યો ત્યારે હસતા મુખે અમૃત સમાન ગણીને એ ઝેરના કટોરા પી ગયા. ગજસુકુમાર, ખંધક મુનિ, પરદેશી રાજા આદિ મહાન પુરૂષોને કેવા કર્મો ઉદયમાં આવ્યા! ત્યારે તેમણે તેમના આત્માને એમ સમજાવ્યો, હે આત્મન! તેં ઝેર તો જાણી જાણીને હસતા મુખડે પીધા છે. હવે તેના કટુ વિપાક ભોગવવા સમયે શા માટે સંતાપ કરે છે! મહાન પુરૂષો ઝેરના ઘૂંટડાને પેટમાં પચાવીને અમૃતનો ઓડકાર લે છે. કાળી કાજળ જેવી ઘેરી કર્મોદયની રાતડીમાંથી પ્રકાશને પ્રાપ્ત કરે છે. કાળી માટીમાં અન્નનો પાક થાય છે તેમ દુઃખમાં સમતા રાખીને ધર્મનું શરણું ગ્રહણ કરી સત્કર્મોનો પાક ઉતારે છે. પથ્થરના પર્વતમાંથી શીતળ ઝરણું ખળખળ વહે છે તેમ જ્ઞાનીના આત્મામાં, દુઃખમાં પણ સુખનું ઝરણું વહે છે. જેમ પાનખર પછી વસંત આવે છે તેમ જગત સામે દુઃખ રૂપ કડવા ઝેરના ઘૂંટડા પીધા પછી જો સમતાભાવ રહેશે તો સાચા સુખનું અમૃત મળે છે. દુઃખ પછી સુખ મળવાનું છે. ભલે, જીવનમાં દુઃખના કાળા વાદળા છવાઈ જાય પણ તમે જોશો તો કાળા વાદળાની પાછળ ધોળા વાદળા હોય છે. તેમ દુઃખની પાછળ સુખનો સૂર્ય હોય છે.

બંધુઓ! આ દુનિયામાં જેટલા મહાન પુરૂષો થઈ ગયા તે બધાને પહેલાં તો સહન કરવું પડયું છે. ઝેરના કડવા ઘૂંટડા પીવા પડયા છે. પછી મહાન બન્યા છે. સોનાને સર્વ પ્રથમ સોની અગ્નિમાં નાંખી કસોટી પર ચઢાવે છે, તેજાબમાં નાંખે છે—પછી તેની કિંમત અંકાય છે. ઝવેરીઓ હીરાને પણ સરાણે ચઢાવે છે, પછી તેની કિંમત અંકાય છે. જડની પણ આટલી કસોટી થાય છે તો પછી ચેતનની તો થાય ને? તેમાં શું નવાઈ? પણ આટલી ધૈર્યતા કોનામાં છે? આજે તો પૈસા માટે મા—દીકરો, પિતા—પુત્ર, સાસુ—વહુ અને ભાઈ—ભાઈ ઝઘડે છે. દીકરાના મજિયારા વહેંચાય ત્યારે માતા વિચાર કરે કે મારો નાનો દીકરો જરા ભોળો છે તો એને થોડું વધુ આપું તો મોટાના દિલમાં તરત થઈ જાય કે જોયું ને! નાનો દીકરો બાને વહાલો છે. એ દીકરો છે તો શું આપણે દીકરા નથી? તરત આંખમાં ઈર્ષ્યા આવી જશે. આ કાળમાં વિશાળ દૃષ્ટિ નથી. ચોથા આરામાં ગજસુકુમારે માથે અંગારાનું કષ્ટ સહન કર્યું ને કર્મની નિર્જરા કરી તે આજે

કટુ વચન સહન કરવાથી કર્મની નિર્જરા થાય છે. માટે કટુ વચનનું ઝેર પચાવી અમૃત ઘૂંટતા શીખો. ભગવાનના અંગુઠે ચંડકૌશીકે ડંખ દીધો તો પ્રભુએ તેને દૂધ આપ્યું. મીરાંબાઈને રાણાએ ઝેરના પ્યાલા મોકલ્યા તો મીરાં અમૃત સમાન જાણીને પી ગયા. રાણાએ મીરાંનો નાશ કરવા સર્પના કરંડિયા મોકલ્યા. મીરાંએ પ્રેમથી ખોલ્યા તો પુષ્પની માળા બની ગઈ. આ શેનો પ્રભાવ! એક તો ભગવાન પ્રત્યેની અખૂટ શ્રદ્ધા ને બીજું ક્ષમા. મહાન આત્માઓની સામે ઝેરના પ્યાલા આવ્યા તો પણ તેમણે માનવતાની મહેંક છોડી નહિ ને ઝેરના કટોરા પી ગયા. પરમાત્માનો પ્યાર ઝેરને પણ અમૃત બનાવી દે છે.

પાંડવો-કૌરવોના જીવનનો પણ એક પ્રસંગ છે. જ્યારે પાંડવો અને કૌરવો વચ્ચે કુરૂક્ષેત્રમાં યુદ્ધનો જંગ જામ્યો ને ખૂનખાર લડાઈ થઈ તે વખતે બીજા સૈનિકો તો ઘણાં હતા. પણ એક તરફ સો (૧૦૦) કૌરવો અને બીજી તરફ પાંચ પાંડવો હતા. યુદ્ધમાં ૯૯ કૌરવો ભીમની ભીષણ ગદાના ભોગ બની ગયા. ઘણાં સૈનિકો ઘવાયા. કૌરવોનો પરાજય થયો ને પાંડવોના પક્ષમાં વિજયનો વાવટો ફરકયો. દુર્યોધન ઘાયલ થઈ ને પડયો છે, જીવ ગભરાય છે? આ સમયે તેના બચેલા સૈનિકો પૂછે છે મોટાભાઈ! તમારી શું ઇચ્છા છે. જે હોય તે કહો. ત્યારે દુર્યોધન રડતો રડતો કહે છે ભાઈ! મારું ભાગ્ય ફૂટયું મારા ૯૯ ભાઈઓ ખતમ થઈ ગયા. સૈન્યનો કચ્ચરઘાણ વળી ગયો. મારી બાજી ધૂળમાં મળી ગઈ. હવે શું કરું? મારા મનની મુરાદ હવે પૂરી થાય તેમ નથી. ત્યારે તેના માણસો કહે છે કહો ને કહો. તમારી અંતિમ ઇચ્છા અમારા પ્રાણના ભોગે પણ પૂરી કરીશું. ત્યારે દુર્યોધને કહ્યું કે મારી અંતિમ ઇચ્છા એ છે કે પાંચ પાંડવોના માથા કાપીને લઈ આવો તો મારા આત્માને શાંતિ વળે.

**વૈરની ભીષણ આગ:** બંધુઓ! જુઓ, દુષ્ટ માણસ મરતાં પણ વેર છોડતો નથી. ઊંટ મરે તો પણ તેનું મોઢું તો મારવાડ તરફ હોય છે. તેમ કહેવાય છે. તે રીતે જેના જીવનમાં ઝેર ભર્યું હોય તે મરતી વખતે પણ અમૃત ક્યાંથી ઘૂંટી શકે? એનો દુષ્ટ વિચાર અંતિમ સમયે રજૂ કર્યો. જો આ વખતે તેને પોતાના પાપનો પશ્ચાતાપ થયો હોત કે અરેરે.... મેં પાપીએ આ શું કર્યું? હું કોની સામે લડયો? મેં પાંડવોને તો ખરી રીતે અન્યાય કર્યો છે. છેલ્લે છેલ્લે પણ હું ધર્મરાજા પાસે મારી ભૂલની માફી માંગી લઉં; અને એ વિચાર તેણે અમલમાં મૂકયો હોત તો તેના પાપ ધોવાઈ જાત. પશ્ચાતાપના પાવકમાં આત્મા શુદ્ધ બની જાત, પણ ભારેકર્મી જીવને આવો વિચાર પણ કયાંથી આવે? તેની અંતિમ ઇચ્છામાં પણ કેટલું ઝેર ભર્યું હતું! તેની વાત સાંભળીને સૈનિકો સ્તબ્ધ બની ગયા. તે આવી ક્રૂર માંગણી કરશે તેનો સ્વપ્ને પણ ખ્યાલ ન હતો. સૌ એક બીજાના સામું જોવા લાગ્યા. છેવટે અશ્વત્થામા તેને વચન આપે છે કે હું ગમે તેમ કરીને પાંડવોના માથા કાપી લાવીશ.

રાત્રે પાંડવો પોતાની છાવણીમાં શાંતિથી સૂતા હતા. ઘણાં દિવસે યુધ્ધવિરામના અંતે આજે પાંડવો શાંતિથી ઘસઘસાટ ઊંઘતા હતા. બરાબર મધ્યરાત્રે અશ્વત્થામા પાંડવોની છાવણીમાં ગયો. પાંડવોના પાંચ પુત્રો દ્રૌપદીની બાજુમાં સૂતા હતા. એ પાંચેય પાંડવો છે એમ માનીને તલવારના એક ઝાટકે પાંડવોના પુત્રોના માથા ધડથી જુદા કર્યા. ને પાંચેયના લોહીથી નીતરતા મસ્તક લઈને અશ્વત્થામા દુર્યોધન પાસે આવ્યો.

**"અરર....આ શું કર્યું? કોના બદલે કોના માથા લાવ્યા?" :–** પાંડવોના પુત્રોના માથા જોઈને દુર્યોધન કંપી ઉઠયો. અશ્વત્થામા! તેં આ શું કર્યું? મારે તો પાંડવો સાથે વેર હતું. આ કુમળા ફૂલ જેવાં બાળકોએ મારું કંઈ બગાડયું નથી. મારા વેરીઓ જીવતા રહ્યા ને પવિત્ર બાળકો હણાઈ ગયા. આમ કહેતાં દુર્યોધનનું પ્રાણ પંખેરું ઊડી જાય છે.

આ તરફ પુત્રોના ખૂન થવાથી લોહીની નીકો વહી ને દ્રૌપદીની પથારી ભીની થતાં એકદમ જાગીને જૂએ છે તો પોતાના પાંચેય પુત્રોના ખૂન થયેલા જોયા. આ જોઈ દ્રૌપદીના મુખમાંથી કારમી ચીસ નીકળી ગઈ. દોડો....દોડો. કોઈ હાજર છે કે નહિ? તરત પાંચે પાંડવો ને સેંકડો સૈનિકો ભેગા થઈ ગયા. આ કારમું કરૂણ હૃદયદ્રાવક દૃશ્ય જોઈને સૌના હૃદય કંપી ઉઠયા. છાવણીમાં હાહાકાર મચી ગયો. અશ્વત્થામા પણ સમજતો હતો કે હમણાં ખૂનીની ખોજ થશે અને મારું આવી બનશે. એટલે તે ડરનો માર્યો ઝાડીમા જઈને છુપાઈ ગયો. પોતાના પુત્રોનું આ રીતે ખૂન થવાથી દ્રૌપદી ક્રોધથી લાલચોળ બનીને કહે છે કે મારા પુત્રોને મારનાર ખૂનીને પકડી લાવો. તેનું માથું વધેરી તેનું લોહી ઝીલી મારા માથામાં નાંખીશ ત્યારે મારા આત્માને શાંતિ વળશે. ભીમ તો ગદા લઈને ઉપડયો. પાંચે પાંડવો અને સૈનિકો ખૂનીને શોધવા ચાલી નીકળ્યા. શોધતાં શોધતાં ઝાડીમાંથી અશ્વત્થામા પકડાઈ જાય છે. તેને પકડીને કૃષ્ણવાસુદેવ પાસે લઈ જાય છે ને કહે છે, આ પાંચ નિર્દોષ બાળકોના ખૂન કરનારો પાપી છે. એને શિક્ષા કરો. ત્યારે કૃષ્ણજી કહે છે જે માતાનું દિલ દુભાયું છે, જે પુત્રના વિયોગથી ઝુરી રહી છે તે દ્રૌપદી પાસે એને લઈ જાવ. એ તેને શિક્ષા કરશે. તરત અશ્વત્થામાને દ્રૌપદી પાસે લઈ જાય છે.

**"દ્રૌપદીની વિચારધારાએ લીધેલો પલટો :"** – અશ્વત્થામાને જોતાં દ્રૌપદીના રોમેરોમમાં આગ વરસે છે. તે કહે છે એ પાપીનું મસ્તક ધડથી જુદું કરો. તે વખતે ભીમ અશ્વત્થામાના માથામાં મારવા માટે ગદા ઊઠાવે છે. ત્યાં દ્રૌપદીની વિચારધારા પલટાય છે. તેણે વિચાર કર્યો કે મારા પાંચ પુત્રો ગયાં તે આનું ખૂન કરાવવાથી થોડા પાછા મળવાના છે. હું નાની છું તો મને હજુ પુત્રોની પ્રાપ્તિ થવાની આશા છે. આજે મારી કસોટી છે. મને મારા પુત્રોના જવાથી જે દુઃખ થયું છે તેવું દુઃખ તેની વૃદ્ધ માતાને થશે ને!

કારણ કે તેના પિતા અને પત્ની તો પરલોકવાસી થઇ ગયા છે. તેની માતા એના પતિના વિયોગથી દુઃખ ભોગવી રહી છે. અને આ પુત્ર જશે તો એની માતાનું શું થશે? દુનિયામાં વૈરની વસુલાત વૈરથી થતી નથી પણ વૈરની વસુલાત પ્રેમથી થાય છે. દુનિયાના દરેક મહાપુરૂષોએ જગતના કડવા ઘૂંટડા પીને પણ અમૃત આપ્યું છે તો હું એક સતી નારી થઇને આ અશ્વત્થામાની હત્યા કરું તે મને શોભે છે? મારે કર્મ બાંધવા નથી પણ મહાનપુરૂષોનો આદર્શ જીવનમાં અપનાવવો છે. તરત ભીમને કહે છે સબૂર કરો.... સબૂર કરો. એને જીવતો છોડી મૂકો. મારે જાણીને આવા દુષ્ટ કર્મના ઝેર પીવા નથી. છેવટે અશ્વત્થામાને જીવતો છોડી મૂકે છે. ત્યારે તે તરત દ્રૌપદીના ચરણમાં ઝૂકી પડે છે. ને કહે છે હે માતા મને ક્ષમા કર. મારી ભયંકર ભૂલ થઇ ગઇ છે. દ્રૌપદીએ દિલમાં પડેલા પુત્રોના આઘાતના દુઃખના ઝેર પચાવીને પણ અશ્વત્થામાને ક્ષમા આપી. દ્રૌપદીએ પુત્રોના રાગ છોડી આત્મસ્વરૂપની પિછાણ કરી. જ્યારે જીવને આત્માની ઓળખાણ થાય છે ત્યારે તેની દશા જુદી હોય છે. આત્માને ઓળખે છે ત્યારે તે ઝેરને અમૃત માનીને પી જાય છે. દુશ્મનને પણ દોસ્ત માને છે. આવા મહાનપુરૂષોના શાસ્ત્રમાં ને ઇતિહાસમાં કંઇક ઉદાહરણો છે.

જેને આત્મસ્વરૂપની પિછાણ થઇ છે તેવા અનાથીમુનિને પણ કોઇ પ્રકારે રોગ ન મટયો ત્યારે તે પોતાના આત્મામાં સ્થિર થયા. ને સંસારના સ્વરૂપનું નિરીક્ષણ કરવા લાગ્યા. તે શ્રેણીક રાજાને કહે છે હે મહારાજા! મારી વેદના મટાડવા કોઇ શકિતમાન ન બન્યું ત્યારે મારા આત્મામાં ચમકારો થયો કે આ સંસારના સર્વ સંબંધો અનાથ છે. બધા સુખો નકલી છે. જો તમને પણ આવો ચમકારો થાય તો આ સંસારના સુખો ડાંગરના ફોતરા જેવા લાગે. તમે જાણો છોને ડાંગર કોથળામાં ભરીને સાચવે છે. પણ ચોખા બહાર કાઢી લીધા પછી ફોતરાનો ઢગલો બહાર ચોકમાં પડયો હોય છે. આ સંસારના સુખ ફોતરા જેવા છે. પણ તમને સાકર જેવા લાગ્યા છે. પણ યાદ રાખજો કે એક દિવસ તો છોડવા પડશે. હવે અનાથીમુનિ આત્મસ્વરૂપમાં સ્થિર થયા છે. કઈ રીતે રોગ મટે, તેને માટે શું સંકલ્પ કરશે તેના ભાવ અવસરે કહેવાશે.

(આવતી કાલે પૂ. મહાન વૈરાગી કાંતીઋષીજી મહારાજસાહેબનું માસખમણનું પારણું હોવાથી કાંદાવાડી જવાનું છે. એટલે વ્યાખ્યાન બંધ છે.)

☆

## વ્યાખ્યાન નં. ૭૧

**આસો સુદ ૬ ને શુક્રવાર** **તા. ૧૦-૧૦-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંત કરૂણાનીધિ શાસ્ત્રકાર વીતરાગ પ્રભુને વંદન કરવાથી પણ જીવને મહાન લાભ થાય છે. ઉત્તરાધ્યયનના સૂત્રના ૨૯ માં અધ્યયનમાં પૃચ્છા કરવામાં આવી કે :-

"वंदणएणं भंते जीवे किं जणयइ ? वंदणएणं नीयागोयं कम्मं खवेइ उच्चागोयं कम्मं निबन्धइ।" વીતરાગી સંતોને નમસ્કાર કરવાથી પણ જીવને કેટલો બધો લાભ થાય છે! કે નીચ ગોત્ર કર્મને ખપાવે છે ને ઉંચ ગોત્ર કર્મ બાંધે છે. તમારી લક્ષ્મીમાં આટલી તાકાત છે? કે તમારો ભૂતકાળ સુધારી શકે? ધર્મમાં એવી તાકાત છે કે ભૂતકાળમાં કરેલી ભૂલોને વર્તમાનમાં સુધારી શકાય છે. ભૂતકાળમાં જીવે ભૂલો કરી તેથી તેના ફળ સ્વરૂપે નીચ ગોત્ર કર્મનું બંધન થયું. વીતરાગી સંતને વંદન કરતાં એ કર્મ ખપી જાય છે. ને ઉંચ ગોત્ર કર્મ બંધાય છે. એટલે ભૂતકાળમાં કરેલી ભૂલથી બંધાયેલું કર્મ ખપી ગયું ને ઉંચ ગોત્ર કર્મ બંધાયું. એટલે ભૂતકાળ અને વર્તમાનકાળ સુધર્યો અને જેનો વર્તમાન કાળ સુધર્યો તેનો ભવિષ્યકાળ પણ અવશ્ય સુધરે છે. એટલે ધર્મથી આપણા ત્રણે કાળ સુધરે છે. કર્મના કચરાને સાફ કરવા માટેનો જો કોઈ મંત્ર હોય કે જડીબુટ્ટી હોય તો વીતરાગનો ધર્મ છે.

બંધુઓ! ધર્મ એ કર્મના બંધન તોડાવનાર છે. જે આત્મા ધર્મના સ્વરૂપને સમજ્યો નથી તે જીવ કર્મ બાંધે છે. કર્મનું મૂળ બીજ રાગ-દ્વેષ અને મમતા છે.

**દુઃખકારક નહિ વસ્તુ વ્યક્તિ, દુઃખદાયક છે મમતા રાગ,**
**બંધન છે આસક્તિ કાજે, જગત પ્રભુનો સુંદર બાગ.**

કોઇ માણસ આપણને ન ગમતો હોય તો એમ થાય કે આ સારો નથી. આ વ્યક્તિએ મારું અહિત કર્યું. પણ ખરેખર જ્ઞાની કહે છે કે કોઈ વસ્તુ કે વ્યક્તિ ખરાબ નથી. કોઇ આપણું અહિત કરી શકતું નથી. કોઇ ભંગી વિષ્ટાનો ટોપલો લઇને જતો હોય તો નાક આડા ડૂચા દો અને કોઇ માળી ફૂલની છાબડી લઇને જતો હોય તો નાક તાણીને સુગંધ લો છો ને? કોઈ માણસ ગુલાબ-મોગરાનું સેન્ટ કે અત્તર છાંટીને આવે તો બહુ ગમે અને કોઇ ગટરના ગંદાં પાણીનો બાટલો લાઇને આવે તો તેના પ્રત્યે દુગંછા થાય. આ સુગંધીદાર પદાર્થો તમને એમ નથી કહેતા કે મારા પ્રત્યે રાગ કરો અને દુર્ગંધી પદાર્થો એમ નથી કહેતા કે મારા પ્રત્યે દ્વેષ કરો, પણ તે વસ્તુ પ્રત્યેની આસક્તિને કારણે જીવને રાગ અને દ્વેષ થાય છે. જ્યારે જીવ તેરમા ગુણસ્થાનકે પહોંચશે ત્યારે એના રાગ-દ્વેષ નષ્ટ થશે. કારણ કે તેરમું અને ચૌદમું એ બે ગુણસ્થાનક કેવળીના છે. રાગ અને દ્વેષ નષ્ટ થાય ત્યારે જીવ કેવળજ્ઞાન પામી શકે છે. કેવળજ્ઞાન પામ્યા પછી ઇન્દ્રિઓનો ઉપયોગ કરવો પડતો નથી. એ તો સર્વાંગેથી જોઈ શકે છે. આખા જગતનું નાટક તે જુએ છે પણ કોઈના પ્રત્યે તેમને રાગ-દ્વેષ થતો નથી. જ્યારે તમે બહારગામ જાઓ અને પેપરમાં વાંચો કે અમુક એરિયામાં અમુક મકાનમાં આગ લાગી તો તરત દિલમાં દુઃખ થશે. શા માટે દુઃખ થયું? એ એરિયામાં એ મકાનમાં તમે રહો છો. તેથી. મારા ઘરમાં તો નુકશાન નહિ થયું હોય ને? બહેનો રોજ સવારમાં

પેપર વાંચે છે તેમાં સૌથી પ્રથમ જૈન મરણમાં નજર નાંખશે. જો ભૂલે ચૂકે પોતાના સગાં કે સ્નેહીના મરણના સમાચાર વાંચશે તો ચાનો ઘૂંટડો પણ ગળે ઉતરે? ના. શા માટે? એના પ્રત્યેનો રાગ છે. બાકી તો ઘણાં આગના, એકસીડેન્ટના અને મરણના સમાચાર પેપરમાં વાંચીએ છીએ પણ દુઃખ થાય છે? જેના પ્રત્યે રાગ છે તેનું દુઃખ છે. જ્ઞાની કહે છે હે સાધક! તેરમે ગુણસ્થાનકે જવું હોય તો તારે પહેલે ધડાકે મમતાનો ત્યાગ કરવો પડશે. મમતા મરશે તો મોક્ષ મળશે.

મોક્ષ મેળવવા માટે સંસારના પદાર્થો પ્રત્યેની વિસ્મૃતિ કરવી પડશે ને આત્માની સ્મૃતિ કરવી પડશે. પણ આજે તો આત્માની વિસ્મૃતિ અને સંસારની સ્મૃતિ થઇ રહી છે. તમારે તો સંસારની સ્મૃતિ રાખીને આત્માની સ્મૃતિ રાખવી છે. તે કયાંથી બનશે! એક મ્યાનમાં બે તલવાર રહી શકતી નથી. તેમ જ્યાં સંસારની સ્મૃતિ છે ત્યાં આત્માની સ્મૃતિ રહેતી નથી. ઉપાશ્રયમાં આવો છો ત્યારે ઓફીસની, ઘરની કે દુકાનની વાતો ભૂલતા નથી. પણ ઓફીસમાં, દુકાનમાં કે ઘરમાં ધર્મની વાતો ભેગી રાખો છો? જેની વિસ્મૃતિ કરવાની છે તેની સ્મૃતિ કરો છો ને જેની સ્મૃતિ કરવાની છે તેની વિસ્મૃતિ કરો છો. ઘણી જગ્યાએ મોટા ધર્મસ્થાનકોમાં વ્યાખ્યાન પૂરું થયા પછી બધા ભાઈઓ બહાર બાંકડા ઉપર બેસે અને વાતો કરે કે ફલાણાનો છોકરો સારો છે ને ફલાણાની છોકરી સારી છે. હજુ સ્થાનકના કંપાઉન્ડની બહાર નથી નીકળ્યા. વ્યાખ્યાનમાં પરની પંચાત છોડવાની વાતો સાંભળી અને કંપાઉન્ડમાં બેસીને પરની પંચાત કરવા માંડી. આ બધી પરની સ્મૃતિ થઈ રહી છે ને? વ્યાખ્યાનમાં સાંભળેલું કેટલું યાદ રહે છે? પણ કોઇ કટુ શબ્દ કહે તો ભૂલાય? એ ભૂલાતું નથી. કારણ કે ત્યાં પરનું સ્મરણ છે. જો આત્માનું સ્મરણ હોય તો આવી વાતો ભૂલાઇ જાય ને આત્મતત્ત્વની રમણતા થાય.

બંધુઓ! પરભાવમાં પડી અનંત શક્તિનો અધિપતિ આત્મા ગોબરમાં ગોથાં ખાઇ રહ્યો છે. છાણમાં કીડા ઉત્પન્ન થઇને છાણમાં મરે છે. તેને છાણમાં ખદબદવું ગમે છે. આ આસક્તિ એ બંધન છે. સૂયગડાંગ સૂત્રમાં ભગવાન કહે છે કે बुज्झिज्जत्ति तिउट्टिज्जा, बंधणं परिजाणिया । હે ચેતન! તું બંધનને જાણ અને તોડ, તું જાતે બંધનમાં બંધાયો છે. તે તારા પુરૂષાર્થથી તૂટશે. કોશેટો પોતાના મોઢામાંથી લાળ કાઢીને પોતાની જાતે બંધાય છે ને હરખાય છે કે હું કેવો જાડો દેખાઉં છું. પણ એને ખબર નથી કે હમણાં મને ગરમ પાણીમાં ઝબોળી દેશે ને મારું જીવન ખતમ થઇ જશે. તે રીતે સંસારમાં માન-સન્માન મળે એટલે જીવ હરખાય છે કે મારું કેટલું બધું માન છે! મારી કેટલી વાહ વાહ થાય છે. પણ એને ખબર નથી કે આ વાહ વાહ બોલાવવા માટે પાપ કરું છું પણ નરક અને તિર્યંચ ગતિમાં ફેંકાઇ જઇશ. જીવે અનંતકાળથી

પરનો રાગ કર્યો છે. જ્ઞાની કહે છે કે પરનો રાગ છોડી સ્વનો રાગ કર. અને તારી સૂતેલી ચેતનાને જગાડ. આ ચેતનાને જગાડવા માટે કયો ઘંટ રાખવો પડશે?

**વીર તારા ધરમનો ઘંટ વાગ્યો, મારો સૂતેલો આત્મા જાગ્યો ....**
**વીતરાગ તારા ધરમનો ઘંટ વાગ્યો ... ....**

વાલકેશ્વરમાં વીતરાગવાણીનો ઘંટ વાગે છે. તે ઘંટ આત્માને જગાડે છે. જ્યારે આત્મા જાગશે ત્યારે પુદ્‌ગલની આળપંપાળ નહિ કરે. અત્યારે શરીરને પૂછો છોને કે તારે શું ખાવું છે? ચા, દૂધ, કોફી, બદામપુરી, અડદીયા, ગાંઠીયા અને સાટા ખાવા છે ને? પણ ચેતનને કોઇક દિવસ તો પૂછો કે તારે શું જોઇએ છે? માલિકને ભૂલીને નોકરની સેવામાં પડી ગયા છો. પણ યાદ રાખો કે આ શરીરની જેટલી સંભાળ રાખો છો તેટલી આત્માની સંભાળ રાખો તો બેડોપાર થઈ જાય. રોજ વ્યાખ્યાન સાંભળો છો તેમાંથી જો એકેક શબ્દ સાંભળીને હૃદયમાં ઉતારો તો અનાશકત ભાવ આવશે જયારે આસકિત છૂટી જશે ત્યારે કોઇના પ્રત્યે રાગ કે દ્વેષ નહિ થાય.

માની લો કે તમે બહારથી ઘેર ગયા. પહેરેલો કોટ ઊતારીને હેન્ડલમાં ભરાવ્યો ને છોકરાએ તેને હાથ અડાડયો. તેથી ડાઘ પડી ગયો તો વ્હાલા દીકરાને પણ લાફો મારી દેશો. પણ વિચાર કરો. જો કોટ પ્રત્યે રાગ ન હોત તો આવું દુઃખ થાત? ના. કોટ સાચવવા કરતાં અંદર બેઠેલા ચેતનદેવને સાચવો. આપણો આત્મા શુદ્ધ સ્વરૂપમાં જોડાશે તો સિદ્ધ બની જશે. અનંતકાળથી પરભાવમાં ભમતાં આત્માને સ્વભાવમાં સ્થિર કરો. જેટલું મારું-તારું વધુ કરશો તેટલો પરભાવ વધશે.

બહેરામગોર નામનો એક બાદશાહ થઇ ગયો. તે પ્રજાના સુખે સુખી અને પ્રજાના દુઃખે દુઃખી હતો. તે એક દિવસ પ્રજાના સુખ દુઃખ જોવા માટે પોતાના રાજયના ગામડાઓમાં નીકળ્યો. તે ફરતા ફરતા એક દાડમની વાડીમાં પહોંચ્યા. આ વાડીમાં દાડમનો પાક ખૂબ થયેલો. ગામના રાજા હાલીચાલીને પોતાની વાડીમાં આવ્યા એટલે ખેડૂતને ખૂબ આનંદ થયો. રાજાનું સ્વાગત કર્યું. ખેડૂતના મનમાં હર્ષનો પાર ન હતો. ઉનાળાના દિવસો હતા. ગરમી પડતી હતી. તેથી બાદશાહનો કંઠ સૂકાતો હતો તેથી બાદશાહે ખેડૂતને કહ્યું ભાઇ! મને અહીં પાણી પીવા મળશે? ખેડૂત કહે હા, લો ઠંડુ મજાનું પાણી પીઓ. દાડમનો રસ પીઓ. અહીં અમારા ઉપર કુદરતના ચાર હાથ છે.

ખેડૂતે બાદશાહને પીવા માટે ઠંડું પાણી આપ્યું. પછી એક સુંદર દાડમનો રસ કાઢયો. એક દાડમના રસથી આખો ગ્લાસ છલકાઇ ગયો. રાજાને દાડમનો રસ પીવડાવ્યો. દાડમના રસનો મીઠો મધુરો સ્વાદ રાજાની દાઢમાં રહી ગયો. રસ પીને રાજાના મનમાં થયું કે અહો! દાડમનાં રસમાં કેવી મીઠાશ છે! આવો રસ તો મેં કયારે પણ પીધો નથી. ને એક દાડમમાં આટલો મોટો ગ્લાસ ભરીને રસ

નીકળે છે ! આ ભૂમિનો માલિક તો હું છું. આ ભૂમિ કેટલી ફળદ્રુપ છે. એમ વિચારીને બાદશાહે ખેડૂતને પૂછયું-ભાઇ ! દર સાલ આ વાડીમાંથી કેટલા દાડમ ઉતરે છે ? ભોળા દિલના ખેડૂને કહ્યું- સાહેબ ! એનો તો કાંઇ હિસાબ હોય ! આપની કૃપાથી દાડમનો પાક ઘણો થયો છે. લુંબે ને ઝુંબે દાડમ થયા છે. ગાડેગાડાં ભરાય તેટલા દાડમ ઉતરે છે.

ખેડૂતની વાત સાંભળી રાજાનું મન ચોરાયું. મનમાં વિચાર કર્યો કે મારી જમીનમાં આવો સુંદર પાક થાય છે તો આ ખેડૂતને કેટલી કમાણી થતી હશે ? રાજાએ ખેડૂતને પૂછયું-ત્યારે તમે રાજ્યને કેટલો કર આપો છો ? ખેડૂત કહે છે સાહેબ ! આપ એવા દયાળુ છો કે ટેકસ લેતા નથી. રાજાએ મનમાં નિર્ણય કર્યો કે કાલે કચેરીમાં ઠરાવ કરું કે જમીનનો ટેકસ લેવો. આવો કર કેમ જતો કરાય ? મારા રાજ્યમાં આવી તો ઘણી વાડીઓ છે. થોડો કર ભરવામાં રૈયતને શું ભાર પડી જવાનો હતો ? બાદશાહે મનમાં એવો નિર્ણય કરી લીધો. જુઓ, ખેડૂતે રસ પીવડાવ્યો ત્યારે રાજાનું મન ચોરાયું.

થોડી વાર બેસીને રાજા ઊઠે છે. ત્યારે ખેડૂત કહે છે બાપુ ! બીજો એક ગ્લાસ રસ પીતા જાઓ. અમે ગરીબ માણુસ આપની શું સેવા કરી શકીએ ? ખેડૂત પહેલાં જેવું સુંદર દાડમ લઇ આવ્યો. ને રાજાની નજર સમક્ષ દાડમનો રસ કાઢવા માંડયો. ચાર ચાર દાડમનો રસ કાઢયો ત્યારે માંડ ગ્લાસ ભરાયો. રાજા કહે ભાઈ ! પહેલા તો એક દાડમમાંથી પ્યાલો ભરીને રસ નીકળ્યો હતો. અને આ વખતે ચાર ચાર દાડમનો રસ કાઢયો તો પણ પૂરો ગ્લાસ ન ભરાયો. તેનું શું કારણ ? ખેડૂત કહે છે બાપુ ! દાડમ તો પહેલાનાં જેવું જ છે. પણ આમ કેમ બન્યું તેનું કારણ તો મને પણ સમજાતું નથી. પણ પહેલાં ઘરડા માણુસો કહેતા હતા કે રાજા અથવા ધરતીમાતા રૂઠે ત્યારે વસ્તુમાંથી રસકસ ઓછા થાય છે. પહેલાં રસ લાવ્યો ત્યારે આપનું મન ભર્યું ભાદર્યું હશે. હવે વિચાર બદલાયો લાગે છે ? આપનું મન ચોરાયું લાગે છે. નહિતર આવું ન બને મોટા માણુસની વૃત્તિ સંકુચિત બને તો આવું થાય.

બંધુઓ ! આજે આવી જ પરિસ્થિતિ છે ને ? આ ભારતભૂમિમાં અનાજની કેટલી રેલમછેલ હતી ! આજે અનાજ આદિ દરેક ચીજ કેટલી મોંઘી મળે છે ! અનાજ પડીકે બંધાય છે. આ પરિસ્થિતિ કેમ થઈ ? રાજાઓના અને માણુસોના મન સંકુચિત બનીને ચોરાયા તો ધરતીમાંથી પણ રસકસ ચોરાયા ! પહેલાં એક ચમચો ખાંડ નાંખે તો તપેલી ભરીને દૂધ મીઠું બનતું અને આજે તો કેટલી બધી ખાંડ જોઇએ છે ! દરેક ચીજમાંથી રસકસ ઓછા થઈ ગયા છે. જુઓ, રાજાએ મનમાં સંકુચિત વિચાર કર્યો ને દાડમમાંથી રસ ચોરાઇ ગયો. ખેડૂતની વાત સાંભળીને રાજા પણ વિચારમાં પડી ગયા કે મેં તો મનમાં વિચાર કર્યો ને ખેડૂત કયાંથી જાણી ગયો ? માણુસ વિચાર કરે કે હું મનમાં કોઈ વિચાર

કરું અગર કોઈ ન દેખે તેવી રીતે પાપ કરું તો કોણ જાણવાનું છે? પણ સમજી લેજો કે અનંત જ્ઞાનીઓ અને સિદ્ધ ભગવંતો તો સમયે સમયે જાણી-દેખી રહ્યા છે. પછી કોનાથી છાનું રાખવું છે? માટે પાપ કરતાં ભય રાખો, પાપભીરુ બનશો તો પવિત્ર બનાશે ને ભવભીરુ બનશો તો ભવકટ્ટી કરશો.

બાદશાહે વિચાર કર્યો જો મારી સારીનરસી ભાવનાઓનો પડઘો અહીં સુધી પડતો હોય તો મારે પ્રજા પ્રત્યેના વિચારો ઉદાર રાખવા જોઈએ. મારી પ્રજા સુખી તો હું પણ સુખી જ છું ને! થોડો વધુ કર આવે તો ય શું ને ઓછો આવે તો ય શું? હવે મારે કોઈ પણ ખાવાની ચીજ ઉપર ટેક્સ નાંખવો નહિ. અને ખેડૂતને કહ્યું હવે તું દાડમનો રસ કાઢ. ત્યારે ચમત્કાર થયો હોય તેમ એક જ દાડમથી આખો ગ્લાસ રસથી છલકાઈ ગયો. રાજા રસ પીને ખુશ થઈને ચાલ્યો ગયો. બંધુઓ! રાજાનું મન જ્યારે મલીન બન્યું ત્યારે દાડમે રસ ચોરી લીધો ને જ્યારે મન નિર્મળ બન્યું ત્યારે રસના ઝરણા વહ્યા. આ ઉપરથી આપને સમજાય છે ને કે માનવીના મનની અસર વનસ્પતિ ઉપર પણ પડે છે. હવે તમને લાગે છે ખરું કે આપણે જો શ્રેયના પંથે જવું છે તો મનને જરૂર પવિત્ર બનાવવું પડશે.

કવિઓ પણ કહે છે હે આત્મારૂપી ધોબી! તું મન રૂપી આ વસ્ત્રને ધોઈને શુદ્ધ તથા સ્વચ્છ બનાવી દે. કપડું જ્યારે સ્વચ્છ બની જાય છે અથવા તેનો મેલ દૂર થઈ જાય છે ત્યારે તે કપડું ઉજળું અને હલકું બની જાય છે. તે રીતે જ્યારે પાપ રૂપી મેલ આત્માથી અલગ થઈ જશે ત્યારે આત્મા શુદ્ધ અને હલકો બની જશે ને ઉર્ધ્વગમન કરશે. આત્મા જ્યારે કર્મમેલથી મુક્ત થઈ જાય છે ત્યારે તે પરમાત્મા બની જાય છે. તમને કદાચ શંકા થશે કે મનરૂપી વસ્ત્ર મેલું શા માટે થયું? તેનો જવાબ આપતાં એક કડીમાં બતાવ્યું છે કે

**મિથ્યાત્વે કરીને મન મેલું થયું રે, પાપોના લાગ્યા છે દોષ રે,**
**કાળું થયું છે વિષય કષાયથી રે, દોષોની ઊઠે છે દુર્વાસ રે....ધોબીડા**

મિથ્યાત્વના કારણથી આત્માએ સાચાને ખોટું અને ખોટાને સાચું માની લીધું છે. આ ખોટાપણાના કારણથી આ મનરૂપી વસ્ત્ર મેલું બની ગયું છે. આ મનરૂપી કપડાં પર અઢાર પ્રકારના પાપોનાં ડાઘ લાગ્યા છે. ક્રોધ, કપટ, અસત્ય, ગર્વ, કષાય, આદિના ઘણાં ચીકણાં ધાબા પડી ગયા છે. અને તેથી તે કાળું બની ગયું છે. ભગવતી સૂત્રમાં રંગોના વિષયમાં બતાવવામાં આવ્યું છે કે પાંચ રંગમાંથી કયો રંગ શુભ છે ને કયો રંગ અશુભ છે? કાળો, લીલો, લાલ, સફેદ અને પીળો આ પાંચ રંગોમાંથી કાળો રંગ અશુભ અને સફેદ રંગ શુભ માનવામાં આવ્યા છે.

કષાયરૂપી રંગોથી મનરૂપી કપડું મેલું બની ગયું છે. તથા પાપરૂપી દોષોની

એમાંથી દુર્ગંધ આવી રહી છે. મનનું મેલાપણું અને દુર્ગંધને દુનિયાનો કોઇપણ માનવી સારું નથી માનતો. તેમજ તેવો આત્મા પોતાના આત્માનું કંઇપણ કાર્ય સિદ્ધ કરી શકતો નથી. એટલા માટે જ્ઞાની પુરૂષો વારંવાર ટકોર કરીને જગાડે છે ને કહે છે હે આત્મા! તું તારા મનરૂપી વસ્ત્ર પર ચઢેલા કષાયોના કાળા રંગને ધોઇને દૂર કરી દે અને પાપરૂપી દોષોથી આવતી દુર્ગંધને પણ હટાવી દે. રાગ અને દ્વેષના કાળા રંગથી આ મન એવું રંગાઇ ગયું છે કે એની સર્વ નિર્મળતા નાશ થઇ ગઇ છે. સાથે સાથે અજ્ઞાનના પણ ડાઘા લાગી ગયા છે. એટલું નહિ પણ ઘણી કુટેવોને કારણે મનરૂપી કપડું ઘણું ચીકણું બની ગયું છે. તે ચીકાશને અને ડાઘાને દૂર કરવા માટે ખૂબ મહેનત કરવી પડશે તો મનરૂપી વસ્ત્ર સ્વચ્છ બની શકશે.

જ્યાં સુધી જીવન શુધ્ધ નહિ બને અને મનમાં કલુષિતતા રહેશે ત્યાં સુધી સંત પુરુષોના ઉપદેશરૂપી સાબુની પણ શું અસર થશે? જેવી રીતે ચીકણા ઘડા ઉપર પાણી નાખવાથી તે નિરર્થક જાય છે તેવી રીતે રાગ-દ્વેષથી મલીન બનેલા આત્માને ગમે તેટલો સુંદર ઉપદેશ આપવામાં આવે તો પણ નિરર્થક જાય છે. મનને શુધ્ધ કરવા માટે રાગ-દ્વેષનો ત્યાગ કરવો પડશે. રાગ-દ્વેષના કારણે સંસારમાં કલેશ-કંકાસ થાય છે. એટલા માટે રાગ-દ્વેષને દૂર કરીને સંસારના પદાર્થો પ્રત્યે રહેલી આસક્તિને જીતી લેવાથી મન શુદ્ધ બને છે. ક્રોધ-માન-માયા-લોભ આ ચારે કષાયો મનને મલીન બનાવે છે. જે ભવ્ય આત્મા કષાય વિજેતા બને છે. તેનું મન શુધ્ધ અને સ્વચ્છ બને છે.

એક વાર રામકૃષ્ણ પરમહંસે સ્વામી વિવેકાનંદને કહ્યું કે હું તમને અષ્ટ-સિદ્ધિ આપવા માટે ઇચ્છું છું. કારણ કે તમે તમારા જીવનમાં ઘણાં ઘણાં સારા કાર્યો કરવાના છો. તેમાં તે તમને ઘણી સહાયક બનશે. બોલો એ લેવાની તમારી ઇચ્છા છે? વિવેકાનંદે થોડી વાર ખૂબ ગંભીરતાથી વિચાર કર્યો પછી કહ્યું-હે મહાત્મા! આપ મને જે અષ્ટ સિદ્ધિ આપવા ઇચ્છો છો તેનાથી શું મને ઇશ્વર મળશે? રામકૃષ્ણે કહ્યું-ના. એનાથી ઇશ્વરની પ્રાપ્તિ તો નહિ થાય. આ સાંભળીને વિવેકાનંદે કહ્યું-જે સિદ્ધિઓથી મને ઇશ્વર ન મળે પરંતુ સાંસારિક યશ અને લાભ મળે તેને લઇને હું શું કરું? મારે એની કોઇ આવશ્યકતા નથી. તે વસ્તુની પ્રાપ્તિ શ્રેષ્ઠ છે કે જેના દ્વારા આત્મા કર્મભારથી હલકો બનીને પરમાત્મ પદને પ્રાપ્ત કરે. તે પ્રાપ્ત કરવા માટે મનરૂપી વસ્ત્રને શુદ્ધ બનાવવાની જરૂર છે. મનને નિર્મળ બનાવવા માટે જ્ઞાની પુરૂષોએ કેવો સુંદર ઉપાય બતાવ્યો છે?

**જિનશાસન સરોવર છે શોભતું રે, સમકિતની સમી પાલ રે,**
**દાન, શીલ, તપ, ભાવના રે, ચાર એ દ્વાર છે વિશાલ રે....**
**ધોબીડા તું ધોજે મનનું ધોતીયું રે....**

જ્ઞાની કહે છે મેલા મનને તું જિનશાસનરૂપી સરોવર ઉપર લઈ જા. આ સરોવરમાં કયું પાણી ભર્યું છે? તે તમને ખબર છે? આ સરોવર- જિનેશ્વરના વચનો રૂપી નિર્મળ-સ્વચ્છ પાણીથી ભરેલું અત્યંત શોભાયમાન છે? આ સરોવરને પાળ કઈ? સમ્યક્ત્વની જેની પાળ બાંધેલી છે. આ સાંભળીને કદાચ તમને મનમાં થશે કે આ સરોવરની ઓળખાણ કેવી રીતે થાય? અને ત્યાં સુધી કેવી રીતે જવાય? તેનો પણ ઉપાય બતાવ્યો છે કે દાન, શીયળ, તપ અને ભાવ એ ચાર એવા વિશાળ પ્રવેશદ્વાર છે કે જેમાં પ્રવેશ કરીને આ સરોવર સુધી પહોંચી શકાય છે. આ જિનશાસનરૂપી સરોવરમાં સંત મુનિરાજોરૂપી હંસો આનંદ કિલ્લોલ કરી રહ્યા છે ને સંયમમાં રમણતા કરી રહ્યા છે. જેવી રીતે હંસ મોતીનો ચારો ચરે છે અને કાંકરાને છોડી દે છે તેવી રીતે આ ભગવાનના સંતો રૂપી હંસ પણ સાર સાર વસ્તુને ગ્રહણ કરે છે ને અસાર તત્ત્વને છોડી દે છે, આખો દિવસ ચિંતન, મનન અને જ્ઞાન દ્વારા તત્ત્વનું જ્ઞાન મેળવે છે. હંસ તથા જગતના દરેક પ્રાણી પોતાની તૃષા શાંત કરવા માટે પાણીનું પાન કરે છે તેમ મુનિરૂપી હંસો પણ આ તૃષા મિટાવાની સાથે આત્માની તૃષા શાંત કરવાને માટે જપ-તપરૂપી નિર્મળ જળનું પાન કરે છે. તે તપ-જપ પણ કેવા? જેના બદલામાં કોઈ પણ વસ્તુની કામના નથી હોતી. સાંસારિક વૈભવો તો ઇચ્છતા નથી. પરંતુ દેવ અને ઇન્દ્રપદની પ્રાપ્તિની પણ ઈચ્છા નથી રાખતા.

ભગવતી સૂત્રમાં તામલી તાપસનો અધિકાર આવે છે. તામલી નામનો એક ગાથાપતિ હતો. તેને ઘેર સંપત્તિનો કોઇ પાર નહોતો. તેમજ સમાજમાં તેનું ખૂબ માન હતું. એક દિવસ રાત્રે જાગૃત થતાં મનમાં વિચાર આવ્યો કે અહો! હું આટલું બધું સુખ ભોગવું છું. સમાજ મને ખૂબ માનની દૃષ્ટિથી દેખે છે તો આ બધું સુખ હું કેવી રીતે પામ્યો? હું પૂર્વ જન્મમાં સારા કર્મો કરીને આવ્યો છું તેના ફળ સ્વરૂપે આટલી સંપત્તિ, પ્રતિષ્ઠા બધું મળ્યું છે. પણ હું આ જન્મમાં જો કંઇ સુકૃત નહિ કરું તો આવતા જન્મમાં મને ક્યાંથી મળશે? આવો વિચાર આવતા તામલી ગાથાપતિએ સંસારના સર્વ સુખો છોડીને પ્રાણાયામ નામની તાપસ દીક્ષા લીધી. આ દીક્ષા લઇને તેમણે છઠ્ઠના પારણે છઠ્ઠ કરવાના શરૂ કર્યા. છઠ્ઠના પારણાને દિવસે રાંધેલા ચોખા લાવી તેને ૨૧ વાર ધોઇને પી જતા. આ રીતે ઉગ્ર તપ કરવા લાગ્યા. તપમાં પણ બેસી રહેવાનું નહિ પણ જેમ સૂર્ય ફરે તે દિશામાં ફરવાનું. એવી રીતે આતાપના લેતા હતા. આ રીતે ૬૦,૦૦૦ વર્ષો સુધી તપ કર્યો. પછી જ્યારે લાગ્યું કે હવે મારું આ શરીર સાધનામાં સહાયક નહિ બને તેથી તેમણે પાદોપગમન સંથારો કર્યો. એટલે વૃક્ષ જેમ પડયું હોય તેમ હાલ્યા-ચાલ્યા વગર પડી રહેવાનું.

તામલી તાપસે સંથારો કર્યો. આ બાજુ બલીચંચા રાજધાનીના ઇન્દ્રનું આયુષ્ય

પૂરું થયું એટલે બધા દેવો વિચાર કરવા લાગ્યા કે હવે આપણી રાજધાનીના ઈન્દ્ર કોને બનાવશું? ઉપયોગ મૂકીને જોતાં જ્ઞાનથી જોયું કે તામ્રલિપ્ત નગરના તામલી નામનો તાપસ જેણે સંથારો કર્યો છે તે આપણી રાજધાનીના ઈન્દ્ર બનવાને માટે બરાબર યોગ્ય છે. તેથી બધા દેવો ભેગા મળીને તામલી તાપસની પાસે ગયા અને બોલ્યા – આપ અમારી રાજધાનીના ઈન્દ્ર બનવાને માટે સમર્થ છો તેથી કૃપા કરીને અમારી પ્રાર્થનાનો સ્વીકાર કરો. આપે બીજું કંઈ કરવાનું નથી. ફક્ત આપ એટલું કહો કે મારા તપ અને સંયમનું બળ હોય તો હું બલીચંચા રાજધાનીનો ઈન્દ્ર બનું. આપ એટલું બોલશો તો તમે અમારા ઈન્દ્ર બની જશો ને અમે ધન્ય બની જશું.

તામલી તાપસે શું જવાબ આપ્યો? તેમણે દેવોની પ્રાર્થનાનો અસ્વીકાર કરતાં કહ્યું, મેં કોઈ પણ ફળની ઈચ્છાથી તપશ્ચર્યા નથી કરી. મારી કરણીનું ફળ તો મને મળવાનું છે. પરંતુ જો હું આવી ભાવના કરું તો મને એટલું મળે, વધારે ન મળે, તેથી હું તપના બદલામાં કોઈ પણ ફળની ઈચ્છા નહિ કરું. મારી તપશ્ચર્યા પ્રમાણે મને જે કંઈ મળવાનું હશે તે મળશે. આ પ્રમાણે તામલી તાપસે દેવોએ ઘણું કહ્યું છતાં પણ નિયાણું ન કર્યું તો તે બીજા દેવલોકનો ઈન્દ્ર ઈશાનેન્દ્ર બન્યો. કહેવાનો આશય એ છે કે તામલી તાપસે પોતે તાપસ હોવા છતાં પણ આવા પ્રલોભનો મળવા છતાં જરા ડગ્યા નહિ ને નિયાણું પણ કર્યું નહિ. જે આત્મા શુદ્ધ ભાવનાથી તપાદિ કરે છે તો તેનું ફળ તેને સ્વયં મળી જાય છે. માગવાની આવશ્યકતા નથી રહેતી. માગવાથી અથવા નિયાણું કરવાથી તેનું ફળ મર્યાદિત મળે છે.

શુદ્ધભાવે તપ–જપ રૂપી જળનું પાન કરનાર આત્મા પોતાનું શ્રેય સાધી શકે છે. આત્માને પોતાનું ઉત્થાન કરવું હોય તો આ જિનશાસન રૂપી નિર્મળ સરોવરમાં મુનિ રૂપી હંસ ક્રીડા કરી રહ્યા છે તેવા સંતોના શરણે જવું જોઈએ. આપ હવે સમજી શક્યા હશો કે મનરૂપી વસ્ત્રને શુદ્ધ કરવા માટે કેવા ઉપાયો આચરવા જોઈએ! ધોબી જ્યારે વસ્ત્ર ધૂએ છે ત્યારે તે કપડાને કોઈ શીલા પર પછાડીને તેનો મેલ દૂર કરે છે. તે રીતે મનરૂપી વસ્ત્રને ધોવા માટે જ્ઞાની ભગવંતે શમ, દમ અને ક્ષમાની શીલા બતાવી છે. શમ એટલે શાંતિ, દમ એટલે ઇન્દ્રિયદમન અને ક્ષમા. ક્ષમા એ એક એવો અમૂલ્ય ગુણ છે કે જેની તુલનામાં બીજો કોઈ ગુણ ન આવી શકે. ક્ષમા ઉપર એક બનેલી ઐતિહાસિક કહાની યાદ આવે છે.

અરબ દેશની આ સુંદર વાત છે. એક વખત કોઈ માણસે એક અરબના પુત્રનું ખૂન કર્યું. પુત્રના વિયોગથી અત્યંત શોકાતુર, દુઃખી અને પુત્રની ઘાત કરનાર પર ક્રોધિત થઈને પોતાના પુત્રના ઘાતકનો બદલો લેવા માટે તે અરબ તે ઘાતકની શોધમાં ફરતો હતો.

આ બાજુ એવો સંયોગ બન્યો, કે અરબના પુત્રનો ઘાતક જ્યારે એક દિવસ

કોઈ બીજા શહેરમાં જવા માટે રવાના થયો ત્યારે રસ્તામાં પ્રચંડ ગરમી અને ગરમ ગરમ હવાથી તેને લૂ લાગી ગઈ. લૂ એવી સખત લાગી કે તેથી તેને એકદમ જોરમાં તાવ આવી ગયો. તાવની ઘણી પીડાથી બેચેની થઈ ને તે ઘાતકે ત્યાં નજીકમાં વિશ્રામ લેવાનો વિચાર કર્યો. ત્યાં નજીકમાં તેણે એક તંબૂ જોયો. પડતો આખડતો તે તંબુના દરવાજા પર પહોંચ્યો. પરંતુ ત્યાં સુધી પહોંચતા તો બેભાન થઈને પડી ગયો.

કલાક, બે કલાકનો સમય વ્યતીત થયા પછી તે તંબૂનો માલિક બહાર આવ્યો. અને તેણે જોયું કે એક માણસ તાવથી પીડાતો તેના દરવાજા પર બેહોશ થઈને પડયો છે. આ માણસને જોઈને તંબુના માલિકના દિલમાં કરૂણા ઉત્પન્ન થઈ. તેથી તે તાવથી પીડાતા માણસને ઉપાડીને પોતાના તંબૂમાં લઈ ગયો ને પથારી પાથરીને તેને સુવાડયો. અહીં આશ્ચર્યની વાત તો એ બની કે તંબુનો માલિક તે અરબ હતો કે જે પોતાના પુત્રના ઘાતકને શોધવા માટે નીકળ્યો હતો. રાત પડી જવાથી પોતે આરામને માટે તંબૂ નાંખીને રહ્યો હતો અને તેના દરવાજા પર બેહોશ થઈને પડેલો માનવ તે અરબના પુત્રનો ઘાતક હતો કે જેની શોધમાં અરબ કેટલા દિવસથી આકુળ વ્યાકૂળ બનીને ફરતો હતો.

પોતાના પુત્રઘાતકને પોતાના તંબૂમાં જોઈને અરબનું લોહી ઉકળી ગયું. મનમાં ક્રોધ આવી ગયો અને તેની ગરદન ઉડાવવાને માટે તલવાર લઈને મારવાને માટે તૈયાર થઈ ગયો. પરંતુ તે ક્ષણે અરબના દિલમાં વિવેક જાગ્યો. મનમાં કરૂણા જાગી અને તેને વિચાર થયો કે મારા પુત્રના ઘાતકની પાસે અત્યારે કંઈ શસ્ત્ર નથી. તે શસ્ત્રરહિત છે. વળી તે બેભાન છે અને મારો અતિથિ છે. જેને મેં શરણું આપ્યું તે ભલે મારો દુશ્મન હોય તો પણ હવે તેને મારવો તે મારા માટે યોગ્ય નથી. શરણે આવેલાનું ભક્ષણ તો ન જ કરાય. આવો વિચાર મનમાં આવતાની સાથે તેણે ઉગામેલી તલવાર ભોંય મૂકી દીધી અને માંદા પુત્રઘાતકની સેવામાં લાગી ગયો.

પહેલાં તો કેટલાંક શીતોપચાર કરીને તેને ભાનમાં લાવ્યો. પછી પોતાની પાસે જે ખાવાપીવાની ચીજો હતી તે તેને ખાવા-પીવા માટે આપી. પોતે તનમનથી તેની સેવામાં લાગી ગયો. અરબે તે ઘાતક વ્યક્તિની સેવા શુશ્રુષામાં કોઈ કમીના ન રાખી. રાત-દિવસ જાગીને તે રોગીની સેવા કરી. પરિણામે તે ઘાતક માનવને એટલું સરસ થઈ ગયું કે તે હવે માઈલોના માઈલો સુધી લાંબી મુસાફરી સહેલાઈથી કરી શકે. તે ઘાતક માનવીને ખબર ન હતી કે જેણે મારી આટલી સેવાભક્તિ કરી છે તે કોણ છે?

ઘાતકની તબિયત બરાબર થઈ ગયા પછી એક દિવસ અરબે કહ્યું – ભાઈ! જુઓ, તમે મારા પુત્રના ઘાતક છો. અને જો હું ઈચ્છું તો તમને અત્યારે મૃત્યુલોકમાંથી વિદાય આપી શકું છું. પરંતુ તમે મારા શરણુમાં આવ્યા છો અને માંદા હતા તેથી

તેવા માણસને મારવાની મારી ઇચ્છા નથી. હવે મેં તમને બરાબર સ્વસ્થ બનાવી દીધા છે. હવે આજે તમે મારું આ સૌથી બળવાન ઝડપી ગતિવાળું ઊંટ લઇ જાવ અને જેટલા જલ્દી જેટલું દૂર જઇ શકો તેટલું જાવ. મેં અતિથિ સત્કાર અથવા આપની સેવાનું એક કર્તવ્ય બરાબર પૂરું કર્યું છે. પરંતુ પુત્રના મૃત્યુનો બદલો લેવો એ મારું બીજું કર્તવ્ય છે તે બાકી છે. એટલા માટે અતિથિના બદલામાં હું તમને આ સારું બળવાન ઊંટ આપીને અહીંથી ભાગી જવાનો મોકો આપું છું. પરંતુ પુત્રના મૃત્યુનો બદલો લેવાને માટે બે કલાક પછી હું તમારી પાછળ આવીશ. માટે તમે મારાં પહોંચતા પહેલા જલ્દી ચાલ્યા જાવ નહિતર હું તમને પકડીને મારી નાંખીશ.

અરબના આ વચનો સાંભળીને ઘાતકના દિલમાં એકદમ ક્રોધ આવી ગયો. તેની આંખો જાણે કપાળ પર ચઢી ન ગઈ હોય તેવું થયું. પરંતુ સાથે એ વાત જાણી કે આ મહાન માનવે મને પુત્રનો ઘાતક જાણવા છતાં પણ મારી ખંતથી ને દિલથી આટલા દિવસ સુધી સેવા કરી. ત્યારે તેને જેમ ગરમીથી અતિ આકુળ વ્યાકુળ થયેલા અને તૃષાથી પીડાતા માનવીને ઠંડું પાણી મળે ને જેવી શીતળતા થાય તેવી તે ઘાતકના દિલમાં શીતળતા થઈ અને ઠંડક વળી અને પોતે કરેલા ખરાબ કાર્યનું સ્મરણ થતાં તેને એટલો બધો પશ્ચાતાપ થયો કે તે ત્યાંથી એક પગલું ભરવા પણ સમર્થ ન બની શક્યો. ઉપરથી પશ્ચાતાપપૂર્વક રડતા રડતા તે અરબના ચરણમાં ઝૂકી ગયો અને બોલ્યો–હે જીવનદાતા! હે મારા પરમ ઉપકારી! તમે માનવ નહિ પણ દેવ છો. તમારા પુત્રની હત્યા જેવું પાપ કરીને હવે હું જીવવા માટે નથી ઇચ્છતો. અરે, આપે બે કલાક કહ્યા છે પણ બે કલાક પછી તો શું પણ આ ક્ષણે આપની તલવાર ઉપાડો અને મારું માથું ધડથી અલગ કરી દો. હું મહાપાપી છું. હું અધમ છું. મારા પાપનું પ્રાયશ્ચિત કરવા માટે હું સહર્ષ તૈયાર છું. ભાઇ! આપ જરા પણ વિલંબ ન કરો. જલ્દી તલવાર ઉપાડો ને આ ક્ષણે મારો વધ કરીને મને પાપથી મુક્ત બનાવી દો.

બંધુઓ! ઘાતકના દિલના પશ્ચાતાપપૂર્વકના આવા શબ્દો સાંભળ્યા પછી તે અરબ કે જેણે ઘાતકને પોતાનો શત્રુ જાણવા છતાં પોતાના દિલથી સેવા કરી હતી તે શું તેને હવે મારી શકે ખરો! ન મારી શકે. અરબે પોતાની તલવાર એક બાજુ ફેંકી દીધી ને અત્યંત ઉદારતાપૂર્વક પોતાના પુત્રના ઘાતકને ક્ષમા આપી, હૃદયથી એકબીજા ભેટી પડયા. આપે સાંભળ્યું ને કે ક્ષમાનું કેવું અજોડ ને બેનમૂન આ ઉદાહરણ છે! શું સામાન્ય વ્યક્તિ આટલી ક્ષમા રાખી શકે ખરો? નહિ. આ તો મહાન પુરૂષોની વાત છે.

આપે આ ઐતિહાસિક વાત તો સાંભળી. પણ આ વાત આપણા જીવનમાં ઘટાવવાની જરૂર છે. તમને તમારા જીવનનો અનુભવ છે ને કે તમને કોઇ એક ટૂંકારો કરે કે તમારું ધારેલું કાર્ય ન થાય ત્યારે જીવનમાં કેવી આગ ભભૂકી ઊઠે છે!

સાચા શબ્દોમાં કહું તો ફૂંફાડા મારતો નાગ સામે આવે તો સારો પરંતુ ક્રોધથી ધમધમતો ફૂંફાડા મારતો માનવ સામો આવે તો નહિ સારો. ક્રોધ એટલો ભયંકર છે કે પોતે બળે ને જેના પર ઠાલવે તેને પણ બાળે. પણ જે માનવીના જીવનમાં ક્ષમાના ઝરણાં વહ્યા છે તેવું એક અદ્દભુત ઉદાહરણ આપે સાંભળ્યું. ખરેખર જે માનવ પુત્રને મારનાર એવા ઘાતકને મારવા માટે ફરતો હતો. તેના બદલામાં એના ઉપર એણે કેટલી કરુણા કરી! કેટલી ક્ષમા કરી! અરે, એને મૃત્યુમાંથી જીવતદાન પણ આપી દીધું. ધન્ય છે તે અરબને! પણ છેલ્લે છેલ્લે તેણે જે ચમકારી આપી કે હવે તું ચાલ્યો જા અને જે તેની સામે રજૂઆત કરી તેથી ઘાતકીની પણ આંખ ઉઘડી ગઇ અને શું બોલ્યોઃ અહાહા....હું મહાપાપી છું. આપ મારા મહાન ઉપકારી છો. તમે મનુષ્ય નહિ પણ દેવ છો. આપ આપની તલવાર ખુશીથી ઉપાડો. ને મારું માથું ધડથી અલગ કરી દો. બંનેના જીવનમાંથી વેર રૂપી ઝેર નીકળી ગયા. બંને પવિત્ર બની ગયા. હત્યારો હત્યારો ન રહ્યો ને વેર લેનારો વેરી ન રહ્યો. ટૂંકમાં સમય થઇ ગયો છે. ક્ષમાનું આવું આદર્શ દષ્ટાંત સાંભળીને દરેક આત્માઓએ ક્ષમા અપનાવવાની જરૂર છે. **ક્ષમા વીરસ્ય ભૂષણમ્."**

ક્ષમાની સાથે તપની આરાધના કરવાના કાલથી પવિત્ર દિવસો આવી રહ્યા છે. ક્ષમા એ પણ એક તપ છે. આપ સૌ કોઇ જાણો છો કે આવતી કાલે આયંબિલ તપની આરાધનાના પવિત્ર દિવસો શરૂ થાય છે. અનંતકાળથી આત્મા આહાર સંજ્ઞામાં વિભાવ દૃષ્ટિએ ગૃધ્ધ બન્યો છે. શુદ્ધ અવસ્થાએ તે તો અણાહારક છે. એ પદ પ્રાપ્ત કરવા માટે અને ઈન્દ્રિયવિજેતા બનવા માટે આયંબિલ તપની આરાધનામાં જોડાવાના ભાવ વધારશો. વધુ ભાવ અવસરે.

☆

## વ્યાખ્યાન નં. ૭૨

**આસો સુદ ૭ ને શનિવાર** **તા. ૧૧-૧૦-૭૫**

આ સંસાર સાગરમાં અનંતકાળથી પરિભ્રમણ કરતા જીવનું ભ્રમણ મટાડવા માટે કરૂણાસાગર ભગવંતે સિદ્ધાંતની પ્રરૂપણા કરી. સિદ્ધાંતમાં જ્ઞાની ભગવંતો ફરમાવે છે, કે હે સુખના ઇચ્છુક પ્રાણીઓ! જો તમારે સુખ જોઇતું હોય તો વિષયોનું વમન કરો. કષાયોનું શમન કરો અને ઈન્દ્રિયોનું દમન કરો. અનંત આત્માઓ વિષયોનું વમન, કષાયોનું શમન અને ઇન્દ્રિયોનું દમન કરી સંસાર સાગરને પાર કરી આત્મિક સુખના ભોક્તા બન્યા છે. જો તમને પણ આવું સુખ મેળવવાની ઇચ્છા થતી હોય તો આ મહાન પુરૂષોના બતાવેલા માર્ગે આવી જાવ. સમ્યક્ પુરૂષાર્થ કરશો તો એક દિવસ આ વિષમ સંસાર અટવીને પાર કરીને મોક્ષ મંઝિલે પહોંચી જવાશે. કદાચ તમે પ્રબળ પુરૂષાર્થ ન કરી શકો ને જલ્દી મોક્ષ મંઝિલે ન જઇ શકો તો ધીમે ધીમે પણ પુરૂષાર્થ ચાલુ

રાખો. કદાચ તમને કલ્યાણનો માર્ગ ન મળતો હોય તો માર્ગનું સંશોધન કરતા રહો. પૂછતાં પૂછતાં સાચો માર્ગ મળી રહેશે. જેમ કોઈ મુસાફીર ભૂલભૂલામણીમાંથી પસાર થઈને મેઈન રોડ ઉપર જઈને ઊભો રહે તો તે માર્ગ ઉપર કંઈક વાહન દ્વારા અને કંઈક પગપાળા મુસાફરો ચાલી રહ્યા છે. તેમાં કોઈક સજ્જન માણસ તે અજાણ્યા માણસને પૂછે કે તમારે કયાં જવું છે? તો તે કહે કે મારે અમુક ઠેકાણે જવું છે તો તે માર્ગ બતાવે છે. અને તે અજાણ્યો મુસાફીર પોતાના ઇચ્છિત સ્થાને પહોંચી જાય છે. તેમ મોક્ષમાં જવાનો ઇચ્છુક માનવી જો મોક્ષે જવાના મેઇન રોડ ઉપર આવીને ઊભેલો હશે તો તેને પણ સંત રૂપી સજ્જન પુરૂષનો કયારેક ભેટો થઇ જતાં મોક્ષનો માર્ગ બતાવશે ને એક દિવસ મોક્ષ મંઝિલે પહોંચી જવાશે.

ઉત્તરાધ્યયન સૂત્ર ૨૦ મું અધ્યયન જેમાં સનાથ-અનાથના ભાવ ચાલી રહ્યા છે. એક વખતના મિથ્યાત્વના પાશમાં પડેલા એવા શ્રેણીક રાજાને અનાથી મુનિ જેવા મહાન આત્માર્થી સંતનો ભેટો થયો. સંતનો સમાગમ જીવનરૂપી બગીચામાંથી દુર્ગુણોની દુર્ગંધ દૂર કરી સદ્ગુણોની સૌરભથી મ્હેંકતો કરે છે. પતીતને પાવન બનાવે છે ને અનાથને નાથ બનાવે છે. અનાથી મુનિ શ્રેણીક રાજાને પોતે કેવી રીતે સનાથ બન્યા તે વાત સમજાવી રહ્યા છે. અનાથી મુનિ કહે છે, હે રાજન્! મને રોગથી મુક્ત કરવા કોઇ સમર્થ ન થયા ત્યારે મને મારી જીવનદિશા બદલવાનો અવકાશ મળ્યો. આ સંસારના બધા સંબંધો કેવા અસહાય ને ક્ષણિક છે તેનું ભાન થયું. કોઈનું શરણ કામ ન લાગ્યું ત્યારે મેં વિચાર કર્યો કે મારો આત્મા અનંતકાળથી સંસારમાં રઝળે છે ને આવી વેદનાઓ અનંતીવાર ભોગવી છે. હવે આ વેદના મટાડવાનો બીજો ઉપાય હોવો જોઇએ.

બંધુઓ! અનાથી મુનિએ હવે તેની વિચારધારા બદલી. જ્યારે સાચી સમજણ આવે છે ત્યારે પર તરફથી દૃષ્ટિ બદલાઇને સ્વ તરફ આવે છે. તમારી દૃષ્ટિ બદલાય છે ખરી? તમે જવાબ નહિ આપો પણ હું તમને પૂછું છું કે તમે એક મકાનમાં રહેવા ગયા ને પછી ત્યાં જો તબિયત બરાબર ન રહે અગર તો તે ઘરમાં ગયા પછી કોઇનું મૃત્યુ થયું તો તરત એમ થશે કે અહીં રહેવા આવ્યા પછી સુખી થયા નહિ. માટે આ મકાનમાં રહેવું નથી. બીજી વાત. તમે નવી ઑફિસ ખોલી. વહેપાર શરૂ કર્યો પણ તેમાં જો વહેપાર બરાબર ન ચાલ્યો તો મનમાં થઇ જાય છે, કે આ ઑફીસમાં નફાને બદલે નુકશાન થાય છે. ખોટ આવે છે. માટે હવે આ ઑફીસ નથી જોઇતી. ત્યાં તમારી દૃષ્ટિ બદલાઈ ગઇ ને? ત્યાં તમે સ્થાન બદલવાનો વિચાર કર્યો ને? પણ નંદલાલભાઇ! કદી એવો વિચાર થાય છે કે મારો આત્મા અનંતકાળથી સંસારમાં રઝળે છે. હવે આ સ્થાન બદલવાનું મન થાય છે? જો આ સ્થાન બદલવું હોય તો મહાન પુરૂષનું શરણું ગ્રહણ કરો. એ શરણું તમારો ઉદ્ધાર કરશે.

જેમ કોઈ માણસની પાછળ સર્પ દોડી રહ્યો હતો. સર્પના ભયથી દોડતો માણસ જઈ રહ્યો હતો. ત્યાં વચમાં ગરૂડ મળ્યો. ગરૂડ પૂછે છે, કે ભાઈ! હાંફળો-ફાંફળો ક્યાં જઈ રહ્યો છે? ત્યારે કહે છે મારી પાછળ સર્પ આવે છે. એટલે દોડું છું. ત્યારે ગરૂડ કહે છે મારું શરણું લે તો તું ભયમાંથી મુક્ત બનીશ. ત્યારે તે માણસ કહે મારે તો તારૂં શરણું લેવું નથી. એમ કહીને આગળ ચાલ્યો. ત્યાં થોડે દૂર તેને ખાબોચિયામાં ડ્રાઉં....ડ્રાઉં કરતો દેડકો મળ્યો. તેણે પૂછ્યું કે ભાઈ! તું ઉતાવળો ક્યાં જઈ રહ્યો છે? હવે મારૂં શરણું લે. તે અજ્ઞાન માણસે ગરૂડને છોડીને દેડકાનું શરણું ગ્રહણ કર્યું. હવે વિચાર કરો કે સર્પના ભયમાંથી મુક્ત થવા માટે ગરૂડનું શરણું સારું કે દેડકાનું શરણું સારું? સર્પ તો માણસને કરડે ને દેડકાને આખો ને આખો ગળી જાય છે. બોલો, દેડકો મનુષ્યને બચાવવાનો હતો? સંતને ગરૂડની અને સંસારના સગાસબંધીઓને દેડકાની ઉપમા આપી છે. બોલો, હવે તમે કોનું શરણું ગ્રહણ કરશો? સંસારના સગાં તો સ્વાર્થી છે. તે સંસારના કાદવમાં ખૂંચે છે ને બીજાને પણ ખુંચાડે છે. જ્યારે સંતો નિઃસ્વાર્થી છે. તે પોતે તરે છે ને બીજાને તારે છે. સંસારરૂપી સર્પના ભયથી મુક્ત કરાવે છે. માટે સાચું શરણું ભગવાનનું છે. જે ભગવાનનું શરણું અંગીકાર કરે છે તેને કોઈ ચિંતા રહેતી નથી.

**શરણું ગ્રહણ કર્યું મેં પ્રભુનું, હવે મને આધિ અને વ્યાધિ કે ઉપાધિ**
**કોઈ ચિંતા ના રહી.**
**મને હતું પૈસો મારી પાસ છે, સુખ અને શાંતિ મારા દાસ છે**
**હવે જાણ્યું બુરો એનો સાથ છે, એની સાથે અશાંતિનો વાસ છે,**
**બધું મારૂં ધન, ધર્યું મેં પ્રભુને, હવે મને આધિ અને વ્યાધિ કે ઉપાધિ**
**કોઈ ચિંતા ના રહી.**

જે મનુષ્ય બધું છોડીને ભગવાનનું શરણું ગ્રહણ કરે છે તેને કોઈ જાતની ચિંતા રહેતી નથી. ભક્ત કહે છે કે જ્યાં સુધી મારી અજ્ઞાન દશા હતી ત્યાં સુધી હું માનતો હતો કે પૈસો મારો પરમેશ્વર છે. પૈસાથી સુખ અને શાંતિ મળે છે. મોહનો પૂજારી અને ભોગનો ભિખારી બનીને જ્યાં ને ત્યાં ભટક્યો. પણ હવે મને સમજાયું કે સુખ-દુઃખ કર્મોને આધીન છે.

જ્ઞાની કહે છે કે હે આત્મા! તું બધેથી છટકી શકીશ પણ કર્મરાજાની કેદમાંથી છટકી શકીશ નહિ. કર્મ તો તારે પોતાને ભોગવવા પડશે.

શ્રેણીક રાજા ભગવાનના પરમ ભક્ત હતા. તેમની પ્રભુ પ્રત્યે ને પ્રભુના વચનમાં કેવી અતૂટ શ્રદ્ધા હતી! એક દિવસ શ્રેણીક રાજાએ ભગવાનને વંદન કરીને પૂછ્યું કે હે પ્રભુ! હું મૃત્યુ પામીને ક્યાં જઈશ? ત્યારે ભગવાને કહ્યું કે હે રાજન્! તમે મૃત્યુ

પામીને પહેલી નરકમાં જશો. આ સાંભળીને મહારાજા શ્રેણીકના માથે જાણે વીજળી પડી હોય તેવો આઘાત લાગ્યો ને કહ્યું – પ્રભુ! હું આપનો અનન્ય ઉપાસક ને મારી આવી ગતિ થશે? ત્યારે ભગવાને કહ્યું હે રાજન્ કર્મના અવિચળ કાયદાને કોણ તોડી શકે તેમ છે? તમે અજ્ઞાનપણામાં ગર્ભવંતી હરણીને ગર્ભ સહિત વીંધીને તેમાં હરખાયા. તે સમયે તમે નિકાચિત કર્મનો બંધ પાડયો. તે હવે તમારે ભોગવવાનો છે. તેમાં કોઇ કાંઇ કરી શકે તેમ નથી. ત્યારે શ્રેણીક રાજા કહે છે પ્રભુ! આપનું વચન સત્ય છે, તથ્ય છે. પણ આપના જેવા જગતોધ્ધારક વૈદ અને મારા જેવો દર્દી છે. તો પછી આપ મારું દર્દ દૂર ન કરી શકો? મને નરકે જતો ન અટકાવી શકો? ભગવાન તો જાણતા હતા કે શ્રેણીક રાજાને નરકે જવાનું છે તે નક્કી છે પણ તેમના આશ્વાસન માટે ચાર ઉપાય બતાવ્યા છતાં તેમાંનો એક પણ ઉપાય ફળીભૂત થયો નહિ. ત્યારે શ્રેણિક રાજા હતાશ બની ગયા. ટૂંકમાં નિકાચિત કર્મ ભોગવ્યા વિના છૂટકો થતો નથી. એક દૃષ્ટાંત દ્વારા સમજાવું.

એક કરોડપતિ શ્રીમંત શેઠ હતા. શેઠને પોતાની સંપત્તિનું ખૂબ અભિમાન હતું ખાઇ પીને પોતાનું પેટ ભરવામાં આનંદ માને પણ કોઇ ગરીબની દાદ સાંભળતો નહિ. એક વખત શેઠ જમી પરવારીને પલંગમાં પોઢી ગયા હતા. તે સમયે એક પવિત્ર સંત ગૌચરી માટે નીકળ્યા હતા. ઘરઘરમાં નિર્દોષ આહારની ગવેષણા કરતાં તેઓ આ શેઠના ઘરમાં આવ્યા. શેઠને ઊંઘતા જોઇને સંત પાછા ફરવા જાય છે ત્યાં શેઠની આંખ ખુલી ગઇ. સાધુને જોઇને શેઠ ખૂબ ગુસ્સે થઇને બોલ્યા–હે જોગટા! પૂછયા વિના તું મારા ઘરમાં કેમ આવ્યો? તને એટલી પણ ખબર નથી પડતી કે અત્યારે જમીને અમારે આરામ કરવાનો સમય હોય ત્યારે મારે કોઇના ઘેર જવું જોઇએ નહિ.

બંધુઓ! જુઓ, પૈસાનો નશો કેવો છે! કંઇક જીવોને ઘેર સંત ન પધારે તો તેની આંખમાં આંસુ આવી જાય અને આવા ભારેકર્મી જીવને ઘેર સંત સામેથી લાભ દેવા ગયા તો પણ તેને ગમ્યું નહિ. લાભ લેવાને બદલે કર્મબંધન કર્યું. સુપાત્રે દાન દેવાનો સુઅવસર આવ્યો. અશુભ કર્મોની નિર્જરા કરવાનું સ્થાન હતું છતાં શેઠે નવા કર્મો બાંધ્યા. સાધુને એક ઘર નથી એને તો ઘણાં ઘર છે. બાર કુળની ગૌચરી ખપે છે. સંત તો ક્ષમાના સાગર હતા. શેઠના કટુ વચનોથી તેમના દિલમાં સ્હેજ પણ દુઃખ ન થયું કે શેઠના ઉપર બિલકુલ ક્રોધ પણ ન આવ્યો. તેમણે શાંતિપૂર્વક શેઠને કહ્યું–શેઠ! હું ગૌચરી માટે આવ્યો હતો. કોઇ જગ્યાએ માલિકની ઇચ્છા ન હોય તો ગૌચરી લેવી કલ્પતી નથી. હું ચાલ્યો જાઉં છું. શેઠે કહ્યું જલ્દી ચાલ્યો જા. સાધુ ત્યાંથી ગૌચરી માટે બીજા સ્થળે ચાલ્યા ગયા. ગૌચરીમાં આવા કટુ વચનો સાંભળવા મળે ત્યારે સમતા રહેવી તે સહેલી વાત નથી. જો સંત આવા સમયે સમતા રાખે તો ગૌચરી કરતાં પણ ઘણાં કર્મોની નિર્જરા કરે છે. તમારા મુંબઇમાં કે વાલકેશ્વરમાં આવો પરિસહ આવતો નથી. પણ ગામડામાં અન્યધર્મીને ત્યાં ગૌચરી જઈએ ત્યારે આવો

અવસર આવે છે. સંતો તે સમયે એવો વિચાર કરે કે એ બિચારો અજ્ઞાન છે. મારા નિમિત્તે તે કર્મબંધન કરે છે. આવી તેની દયા ખાય.

આ વાતને ઘણાં દિવસો વીતી ગયા. એક દિવસ શેઠને ત્યાં નનામો પત્ર આવ્યો તેમાં લખ્યું હતું કે શેઠ! તમારી પાસે ઘણી લક્ષ્મી છે. પણ તેનો તમે એકલા ઉપભોગ કરો છો. કોઈને રાતી પાઈ પણ પરખાવતા નથી. તો સારા કાર્યોમાં સદુપયોગ કરો. જો નહિ કરો તો યાદ રાખજો કે અમે તમારું બધું ધન લૂંટી લઈશું ને તમને જાનથી મારી નાંખીશું. બંધુઓ! તમારા ઘેર આવો નનામો પત્ર આવે તો તમને પણ ચિંતા થાય કે નહિ? હાજા-ગગડી જાય. (હસાહસ). અરે નનામા પત્રની વાત ક્યાં કરો છો. સરકારની રેડ આવવાની છે એવી હવા આવે તો પણ ગભરાટ થાય છે. પૈસા ક્યાં સંતાડવા ને શું કરવું? આ શેઠના હાજા ગગડી ગયા. શું કરવું તે સમજણ પડતી નથી. અનેક પ્રકારના વિચારો આવવા લાગ્યા. ધન જવાની બીક છે સાથે પ્રાણ ખોવાનો પણ પ્રશ્ન છે. છેવટે શેઠે નિર્ણય કરીને બધું મૂલ્યવાન ઝવેરાત ભેગું કરીને તેમના ઘોડાને દવા પીવડાવવાની એક મોટી નાળ હતી. તેમાં બધું ભરી દીધું. ને તેના મોઢે રૂ ભરાવીને નકામા લાકડાનો ઢગલો હતો તેમાં નાળ મૂકી દીધી. શેઠે વિચાર કર્યો કે કદાચ લૂંટારા ધન લૂંટવા આવશે તો કબાટ-તિજોરીમાં તપાસ કરશે પણ આ લાકડાના ઢગલામાં કંઈ થોડી તપાસ કરવાના છે? આવું માની શેઠ સૂઈ ગયા.

દેવાનુપ્રિયો! માણસ ધનને સાચવવા કેટલું કરે છે? ગમે ત્યાં સંતાડો પણ ભાગ્યમાં હોય તો ટકે છે. બાકી કઈ રીતે ચાલ્યું જાય છે તેની ખબર પડતી નથી. બનવા જોગ એવું બન્યું કે તે રાત્રે શેઠના ઘોડાના પેટમાં એવી વ્યાધિ થઈ કે જોરથી પગ પછાડવા લાગ્યો. થોડી વારે તે બેભાન થઈને જમીન પર પડી ગયો. ઘોડાની સંભાળ રાખનાર નોકર જાગી ગયો. ઘોડાને ઘણીવાર આવું થઈ જતું. તેની દવા તે જાણતો હતો. તેથી ઘોડાને દવા પાવા માટે નાળ શોધવા લાગ્યો. પણ જ્યાં નાળ મૂકતા હતા ત્યાં ન મળી. એટલે શોધતા શોધતા નકામા લાકડાના ઢગલામાંથી નાળ મળી ગઈ. એક તો રાત્રિનો સમય હતો. અંધારું ખૂબ હતું. એટલે તેણે દવા લઈ નાળમાં ભરી. થોડી દવા નાળમાં ભરાઈ એટલે તેણે ઘોડાનું મોઢું પહોળું કરીને તેમાં નાળ ભરાવી દવા પીવડાવી દીધી. બીજી વાર પણ નાળમાં ભરીને દવા પીવડાવી એટલે શેઠનું બધું મૂલ્યવાન ઝવેરાત ઘોડાના પેટમાં ઉતરી ગયું. ને બીજે દિવસે લાદમાં ભળીને નીકળી ગયું.

બીજે દિવસે એવું બન્યું કે શેઠની બાએ સંતને જોયા. સંતને જોઈને આનંદપૂર્વક કહે છે ગુરૂદેવ! મારા ઘેર ગૌચરી પધારો. સંત કહે બહેન! તમે ક્યાં રહો છો? શેઠાણી કહે સામે. મુનિ કહે-બહેન! અમારા આવવાથી તમારા દીકરાનું દિલ દુભાય છે. માટે નહિ આવું. આમ સાંભળતા શેઠાણીની આંખમાં આંસુ આવી ગયા ને ખૂબ કરગરી

પરાણે મુનિને પોતાને ઘેર લઈ ગઇ. ત્યાં શેઠ તાડૂકયા. હે સાધુડા! તું કેમ આવ્યો? સંત તરત પાછા ફરે છે. ત્યાં શેઠ કહે ઊભા રહો, એમ કહીને થોડા એ લાડુ કરી હતી તે લઈ આવ્યો ને મહારાજના પાત્રમાં લાડુ ઠલવી દઇને હરખાતા બોલ્યા–જાવ ખાજો. તમે આને લાયક છો. મુનિએ જોયું પણ શેઠ ઉપર મનમાં સ્હેજ પણ ક્રોધ ના કર્યો. ઉપરથી શેઠની અજ્ઞાનતા માટે તેમના દિલમાં કરૂણાની ધારા વહેવા લાગી કે અહો! આ શેઠ કર્મ ખપાવવાના સ્થાને કેવા કર્મો બાંધે છે? તેને બિચારાને ખબર નથી કે આ હસી હસીને કર્મ બાંધુ છું તેને રડતાં રડતાં ભોગવે પણ પાર નહિ આવે. જેવા રસે કર્મ બાંધ્યા હોય તેવા રસે ભોગવવા પડે છે. આ રીતે મુનિને શેઠ પ્રત્યે કરૂણા ઉત્પન્ન થઇ. ખરેખર મહાન પુરૂષોનું હૃદય વિશાળ હોય છે. દુઃખના સમયે ગજબ સમતા રાખી. દુઃખમાંથી સુખ શોધે છે. જ્યારે ચંદનબાળાને મૂળા શેઠાણીએ મસ્તકે મુંડન કરાવી, હાથ પગમાં બેડી પહેરાવી ભોંયરામાં પૂરી. આવા કષ્ટો આપ્યા પણ ભગવાનનો અભિગ્રહ ચંદનબાળાના હાથે પૂર્ણ થયો ને દેવોએ સોનૈયાની વૃષ્ટિ કરી ત્યારે ચંદનબાળાએ મૂળા માતાને શું કહ્યું તે તમે જાણો છો?

ચંદનબાળાએ કહ્યું હે માતાજી! આ બધો આપનો પ્રતાપ છે. આપે મારી આ દશા ન કરી હોત તો ભગવાનને પારણું કરાવવાનું મારું ભાગ્ય ક્યાંથી જાગત! હે માતા! તમે મને આજે પાવન બનાવી દીધી. મારા ભાગ્યની તિજોરી ખોલી નાંખી. માતાજી! તમને મારા કોટી વંદન છે. આ હતી મહાસતી ચંદનબાળાની ક્ષમતા.

મુનિ પેલો આહાર પરઠવવા માટે નિર્જીવ ભૂમિની તપાસ કરતાં કરતાં આગળ ચાલ્યા જાય છે. ત્યાં એક ગરીબ શ્રાવક સામો મળ્યો. તેની સ્થિતિ ગરીબ હતી પણ ભાવના ગરીબ ન હતી. સાધુને જોઇને તે ખૂબ આનંદ પામ્યો ને પોતાને ઘેર ગૌચરી પધારવા માટે વિનંતી કરી. ત્યારે મુનિએ કહ્યું– ભાઇ! મારા પાત્રમાં પરઠવવા યોગ્ય આહાર આવી ગયો છે. તે હું પરઠવવા જવું છું. તે શ્રાવકે કહ્યું કે મહારાજ! મારા ઘરની પાછળ ખુલ્લી જગ્યા છે. ત્યાં આપ પરઠવી દો. મુનિએ નિર્દોષ જગ્યા જોઇને ત્યાં લાડુ પરઠવી દીધી. અને પાત્ર સાફ કરીને આહાર વહોરીને ચાલતા થયા. પણ આ શ્રાવકને વિચાર થયો કે મુનિના પાત્રમાં એવી તે શી વસ્તુ આવી હશે કે તેમને પરઠવવી પડી? લાવને જોઉં. ત્યાં જઇને જોયું તો લાડુનો ઢગલો જોયો. તે વિચારવા લાગ્યો કે અહો! આવા પવિત્ર સંતને સુપાત્રદાન દેવાને બદલે આવી લાડુ કોણે વહોરાવી હશે? એમ વિચાર કરી લાડુનો એક ગોળો ભાંગ્યો ત્યાં અંદરથી કિંમતી રત્નો નીકળ્યા બીજો ગોળો ભાંગ્યો તો બીજા રત્નો નીકળ્યા. આમ તેણે બધા ગોળા ભાંગી નાંખ્યા ને તેમાંથી જે ઝવેરાત નીકળ્યું તે બધું ભેગું કરીને લઇ લીધું. એના શુભ કર્મનો ઉદય થતાં ધનની પ્રાપ્તિ થઇ.

આ બાજુ શેઠના મનમાં થયું કે ચાર લૂંટારા કોઈ આવ્યા નથી તો હવે ઝવેરાત તિજોરીમાં મૂકી દઉં. એમ વિચાર કરીને શેઠ પેલી નાળ શોધવા લાગ્યા. નાળ ન જડતાં બધાને પૂછ્યું તો ઘોડાના નોકરે બધી વાત કહી સંભળાવી. સાંભળતા શેઠને ખૂબ દુઃખ થયું પણ હવે શું થાય? ઘોડાની લાદમાં રત્નો નીકળી ગયા હોય પણ લાદ તો સાધુના પાત્રમાં વહોરાવી દીધી હતી. એ મારા કર્મો મારે ભોગવવાના રહેશે. મુનિ તો વિહાર કરી ચાલ્યા ગયા. હવે કયાં શોધું? છતાં મુનિની શોધ કરી પણ મળ્યા નહિ. છેવટે શેઠને ખૂબ પસ્તાવો થયો. નાણાં ગયા ને કર્મ બંધાયા. સાધુનું ઘોર અપમાન કરવાથી ઘણાં કર્મો બાંધ્યા. મરણ વખતે છાણના ઢગલા દેખ્યા. ને પરિણામે તે મરીને છાણનો કીડો થયો. અભિમાનના નિશામાં જીવને ભાન નથી રહેતું કે હું કોને કષ્ટ આપું છું! બધેથી છૂટાશે પણ કર્મ રાજા નહિ છોડે. પાછળથી પસ્તાવો કરવો તે કરતા પહેલા વિચાર કરજો.

અનાથી મુનિ પણ શ્રેણીક રાજાને એ વાત સમજાવે છે કે કરેલા કર્મો તો જીવને અવશ્ય ભોગવવા પડે છે. મેં પૂર્વ ભવમાં એવા કર્મના ખાતા બાંધ્યા હશે કે જેથી મને આ ભવમાં આવો ભયંકર રોગ થયો ને ઘણાં ઉપચારો કરવા છતાં મટયો નહિ. ત્યારે મેં મારા આત્મા સાથે નકકી કર્યું કે:-

**सइं च जइ मुच्चेज्जा वेयणा विउलो इओ ।**
**खन्तो दन्तो निरारम्भो, पव्वइए अणगारियं ।।**

ઉત્ત. સૂ. અ. ૨૦ ગાથા ૩૨

જો હું એક વખત આ વિપુલ વેદનામાંથી મુકત થાઉં તો ક્ષમાવાન, ઇન્દ્રિઓનો દમણહાર, આરંભરહિત થઇને સાધુ બની જાઉં. રોગ મટયા પછી મારે આ ભોગના કીચડમાં ફસાવું નથી. આવા કામભોગો તો મારા જીવે અનંતીવાર ભોગવ્યા છે. સંસારના સંબંધો બધા ક્ષણિક છે. માટે જો મને આ રોગ મટી જાય તો સંસારની સાંકળ તોડી નાખું. આવો દૃઢ સંકલ્પ કર્યો.

બંધુઓ! અનાથી મુનિએ તો ત્યાગી બનવાનો દૃઢ નિર્ણય કર્યો ને એ તો સાધુ બનશે. પણ આજે આયંબીલની ઓળીના મંગલ દિવસની શરૂઆત થાય છે તો હવે તમે પણ દૃઢ નિશ્ચય કર્યો હશે ને કે મારે આયંબીલની ઓળી તો અવશ્ય કરવી. આયંબીલ તપ એ મહાન તપ છે. પર્યુષણ પર્વ જેટલું આયંબીલની ઓળીનું મહત્વ છે. પણ તમને તેટલું મહત્વ સમજાયું નથી. આયંબીલ તપની આરાધના કરવાથી કર્મની નિર્જરા થાય છે. રસેન્દ્રિય ઉપર વિજય મેળવાય છે ને કોઢ જેવા મહાન રોગો પણ મટી જાય છે. અઠ્ઠાઇ આદિ તપોમાં તો ખાવાનું નથી માટે કોઇથી ના થાય. પણ આયંબીલ તપમાં તો એક વાર ખાવાનું છે. ફકત રસેન્દ્રિય ઉપર કાબુ મેળવવાનો છે.

આયંબીલ તપના નવ દિવસોમાં આપણે નવપદની આરાધના કરવાની છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ અને જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ. આ નવપદમાં આજે અરિહંત પદની પ્રાપ્તિ કરવા માટે આપણે અરિહંત પ્રભુની આરાધના કરવાની છે.

**આરાધું હું તો નવ પદ ઓળી નિધાન,**
**પહેલે પદ અરિહંત આરાધું, શ્રી જિનશાસન નાથ,**
**તેં સાચો સન્માર્ગ બતાવ્યો, ચરણે નમાવું શીશ...આરાધું હું તો**

અરિહંત ભગવંતે આપણને સાચો રાહ બતાવ્યો છે. માટે આપણા ઉપર અરિહંત પ્રભુનો મહાન ઉપકાર છે. એમણે મહાન કષ્ટો વેઠી પ્રમાદને ત્યાગી, કર્મો સામે જંગ ખેલી અરિહંત પદની પ્રાપ્તિ કરી છે. આપણે પણ તેમના જેવું બનવું છે. તે માટે અરિહંત પદની આરાધના કરો ને વધુ સારી સંખ્યામાં આયંબીલની ઓળીની આરાધના થવી જોઈએ. આયંબીલ તપનો શું મહિમા છે તેના ભાવ અવસરે કહેવાશે.

**ચરિત્ર :- "અંજના સતીને જંગલમાં મામા મામીનો મેળાપ :-"** સતી અંજના પોતાના વહાલસોયા પુત્રને ખોળામાં લઈને ચાંદની રાતમાં બેઠી હતી. સામે પોતાની પ્રિય સખી વસંતમાલા બેઠી છે. બંને મનમાં ઓરતો કરે છે પુત્રનો જન્મ તેના બાપના રાજ્યમાં થયો હોત તો આજે કેટલી આનંદની ઊર્મિઓ ઉછળી રહી હોત! આ વિચારમાં બંનેની આંખમાં આંસુ આવી ગયા છે.

અંજનાના મામા શૂરસેન રાજા યાત્રા કરવા ગયા હતા. ત્યાંથી ફરીને પોતાની નગરીમાં જઈ રહ્યા છે. અંજનાના માથા ઉપરથી વિમાન પસાર થતાં સ્થંભી ગયું. ચાલતું નથી પણ નીચે ઉતારવા માંડયું તો ઉતરવા લાગ્યું. વિદ્યાધર રાજા શૂરસેન વિચારમાં પડી ગયો કે અહીં કંઈક કારણ હોવું જોઈએ. તેથી વિમાન નીચે ઉતાર્યું.

**વનમાંહે બેઠી છે બાલિકા, અચરિજ પામીને મોકલી નાર તો,**
**મામીએ અંજનાને ઓળખી, નયણે છૂટી જલ તણી ધાર તો....સતી રે.**

મામાએ રૂપ રૂપના અવતાર સમાન બે યુવાન સ્ત્રીઓને જોઈ. તેમના મનમાં થયું કે આ ગાઢ જંગલમાં કોણ સ્ત્રીઓ બેઠી હશે! કોઈ સતી સ્ત્રીને સંકટ પડયું લાગે છે. ને તેના સતીત્વના પ્રભાવથી મારું વિમાન અટકી ગયું છે. પણ એકલી સ્ત્રીઓ હોય ત્યાં એકદમ પુરૂષને જવું યોગ્ય નથી. એમ વિચારી વિદ્યાધરે પોતાની રાણીને તેમની પાસે મોકલી. મામીએ જોતાની સાથે અંજનાને ઓળખી. અહો! આ તો મારી ભાણેજ છે. આ સો સો ભાઈઓની લાડકવાયી બહેન છે. જેને પાણી માંગતા દૂધ મળે, જેને ખમ્મા ખમ્મા કરનારી અનેક દાસીઓ હોય, તેવી મારી ભાણેજ એકલી અટૂલી આ જંગલમાં ક્યાંથી? તેણે કદી તડકા-છાંયા પણ જોયા નથી. ને આ શું? વસંતમાલા પણ તરત ઓળખી ગઈ. અંજનાએ પણ મામીને ઓળખ્યા.

મામીને જોઇને જેમ માતાથી વિખુટું પડેલું બાળક માતાને દેખે કે કોટે વળગી પડે તેમ અંજના અને વસંતમાલા બંને મામીની કોટે વળગી પડયા. અંજનાની આંખમાં દડદડ આંસુડા પડે છે. અંજનાનું રૂદન જોઇ મામીનું હૈયું ચીરાઇ ગયું ને મુખમાંથી ચીસ નીકળી ગઇ. તરત તેના મામા ત્યાં આવ્યા. પોતાની ભાણેજની આ દશા જોઇને દિલમાં પારાવાર દુઃખ થયું. કે અહો! આ મારી લાડીલી ભાણેજ નહિ સાસરે, નહિ પિયર, નહિ મોસાળ ને આ વનવગડામાં કયાંથી? અંજનાનું હૈયું હવે હાથ રહેતું નથી. તમને અનુભવ છે કે માણસે ઘણાં દુઃખ વેઠયા પછી જો કોઇ પોતાનું સ્વજન મળી જાય તો તેમને જોઇને હૃદય ઢીલું પડી જાય છે. વળી અંજનાને પ્રસૂતિ થયા હજુ ૨૪ કલાક થયા છે. આવી સ્થિતિમાં માણસને ઘણું દુઃખ થાય. હવે અંજનાને તેના મામા પૂછશે કે તારી આ દશા કેમ થઈ? આગળ શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં. ૭૩

**આસો સુદ ૮ ને રવિવાર** **તા. ૧૨-૧૦-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

શાસ્ત્રકાર ભગવંતે જગતના જીવોના કલ્યાણને માટે આગમ વાણી પ્રકાશી. ઉત્ત. સૂત્ર. વીસમું અધ્યયન જેમાં અનાથી નિર્ગ્રંથનો અધિકાર ચાલે છે. અનાથી મુનિ શ્રેણીક રાજાને કહે છે કે મને લાગ્યું કે સંસારના સર્વ સંબંધો અનાથ છે. મને કોઇ બિમારીમાંથી મુક્ત કરી શકયું નહિ. ત્યારે મેં સંકલ્પ કર્યો કે :-

**सइं च जइ मुच्चेज्जा, वेयणा विउलो इओ ।**
**खन्तो दन्तो निरारम्भो, पव्वइए अणगारियं ॥**

ઉત્ત. સૂ. અ. ૨૦ ગાથા ૩૨

આ વિપુલ વેદનામાંથી જો એક વાર મુક્ત થાઉં તો ક્ષમાવાન, ઇન્દ્રિઓનો દમણહાર, આરંભરહિત સાધુ બનું

બંધુઓ! અનાથી મુનિએ સંકલ્પ કર્યો કે જો મારો રોગ મટી જશે તો સંસાર છોડીને સંયમી બનીશ. આવી ભયંકર વેદના થતી હોય ત્યારે મનુષ્ય આવો સંકલ્પ તો કરી લે છે. પણ સંકલ્પ કર્યા પ્રમાણે બને, વેદના શાંત થઇ જાય તો પણ આવી ઋદ્ધિ-સિદ્ધિનો ત્યાગ કરીને સંસાર છોડી સંયમી બનવું તે સહેલી વાત નથી. પણ અનાથી મુનિનો સંકલ્પ તમારા જેવો ન હતો. દઢ સંકલ્પ હતો. તમે એટલું તો સમજો છો ને કે સંયમનું પાલન માત્ર મનુષ્યભવ સિવાય બીજે કયાંય થઈ શકતું નથી. આવી ભરપૂર સુખ સહાયબીમાંથી મનને રોકવું તે મનુષ્યભવમાં થઇ શકે છે. મૃત્યુ લોકનો માનવી જે કરી શકે છે તે દેવો પણ કરી શકતા નથી. માટે મનુષ્યને મુકિતનો અધિકારી કહ્યો છે.

સંયમ કોને કહેવાય? સંયમ એટલે આત્મામાં અટલ શ્રદ્ધા અને હું અજર અમર એવો આત્મા છું. એવો આત્મ સ્વભાવ કેળવવો તે સંયમ છે. તે શરીરની પ્રવૃત્તિમાં કે બીજા પર પદાર્થમાં નથી પણ મારા આત્મભાવમાં છે. તે ધર્મ બહારથી આવતો નથી. મારામાં છે અને મારામાંથી પ્રગટે છે. વિભાવને દૂર કરી સ્વભાવમાં રમણતા કરો તો ધર્મ પ્રગટ થઇ જશે.

જે ભવ માટે દેવો તલસે છે તેને વૃથા ગુમાવો નહિ. પરવશપણે જીવને ઘણાં દુઃખો ભોગવવા પડે છે. કર્મની થપાટ લાગતાં શું નથી થતું? બિમારી આવે છે. મહિના સુધી ખાવાનું મળતું નથી. પત્ની-પુત્ર વિગેરેનો વિયોગ પડે છે. તે બધું સહન થાય છે. પણ જો કહેવામાં આવે કે અત્યારે આયંબીલની ઓળી ચાલે છે. તો ઓળી કરો, ઉપવાસ કરો. એક દિવસ ઘરનો મોહ છોડીને પૌષધ કરો. તો કહે કે મહાસતીજી! અમારાથી તે બની શકે તેમ નથી. જે દુઃખો પરાધીનપણે ભોગવવા પડે છે તેનો અંશ ભાગ જો સ્વેચ્છાપૂર્વક સહન કરવામાં આવે તો આત્માનો ઉદ્ધાર થઇ જાય. સંયમ એ આત્માનો એક એવો અપૂર્વ વિશ્રામ છે કે જેમાં દુઃખનો રહેજ પણ અંશ નથી. સંયમ આવો સુખકારી હોવા છતાં અંગીકાર કરવો મહાદુષ્કર છે. માનવભવ, જૈનધર્મ, અને સૂત્રશ્રદ્ધા હોવા છતાં સંયમમાં દૃઢતા ઘણી ઓછી જોવામાં આવે છે. એટલે સંયમમાં દૃઢતા કેળવવામાં માનવજીવનની સફળતા છે. જે આત્માઓ વિષય સુખમાં પડયા રહીને કર્મનું બંધન કરે છે તેને તેવા કર્મની સજા ભોગવવા માટે નરક-તિર્યંચ આદિ દુર્ગતિમાં જવું પડે છે.

સંયમનું પાલન કરવા માટે સર્વ પ્રથમ પોતાના હૃદયક્ષેત્રને શુદ્ધ કરવાની જરૂર છે. તે સમ્યક્ત્વ ભાવથી થાય છે. વસ્તુના સ્વરૂપને તે રીતે ઓળખવાથી થાય છે. હું જ્ઞાનરૂપ છું એમ સમજનાર આત્મા વિષય કષાયમાં પ્રવૃત્ત નહિ થાય. જેણે પોતાના ઉપર દયા કરી આત્મભાવની રક્ષા કરી વિભાવને હઠાવ્યો તેણે દુનિયા ઉપર દયા કરી, જ્ઞાની આત્માઓને ઇન્દ્રિય દમન સરળ છે. કારણ કે જ્ઞાનદૃષ્ટિ જાગૃત થતાં બધી ઇન્દ્રિયો વશમાં આવી જાય છે.

સર્વજીત નામનો એક રાજા હતો. તેણે આખી દુનિયા જીતી લીધી હતી. બધા તેને સર્વજીત કહેતા. પણ તેની માતા તેને સર્વજીત નહોતી કહેતી. એક દિવસ તે તેની માતા પાસે જઇને પૂછવા લાગ્યો, કે હે માતા! મને બધા સર્વજીત કહે છે ને તું મને સર્વજીત કેમ નથી કહેતી? ત્યારે માતાએ કહ્યું કે તું સર્વજીત ક્યાં થયો છે? ત્યારે રાજાએ કહ્યું, કેમ નથી થયો? ત્યારે માતાએ કહ્યું-તેં બધું જીત્યું છે પણ પાંચ ઇન્દ્રિઓને જીતી નથી. પાંચ ઇન્દ્રિયોના વિષયોના વિકારો તે તારા આત્માના કટ્ટા દુશ્મનો છે. એને પહેલાં જીત, પછી તું સર્વજીત કહેવડાવવાને યોગ્ય બનીશ. કહેવાનો આશય એ છે કે આત્માના સાચા દુશ્મનો તો પાંચ ઇન્દ્રિઓના વિષયોના વિકારો છે. તેને જીતો તો જગત તમને

નમશે. સંસારમાં જે સુખ દેખાય છે તે અહીં રહી જવાનું છે. એક આત્મા પોતાનો છે. આત્મા સિવાયના બધા પદાર્થો પર છે. ભલા-બૂરા કર્મો આત્માની સાથે આવવાના છે. કર્મોને બાળવા માટે તપની જરૂર છે.

તમે જાણો છો, કે મહાન તપની આરાધના એવી આયંબીલની ઓળી ચાલી રહી છે. આજે તેનો બીજો દિવસ છે. ખરેખર, તપ શા માટે છે? તે સમજાય તો તમને આરાધના કરવાનું મન થશે. જેમ ખેતરમાં ખેડૂતોને વાડ નાંખતા તો તમે જોયા છે ને! વાડ શા માટે? પશુપંખી અનાજને વેડફી ન નાંખે તે માટે ને? તે પ્રમાણે આત્માના રક્ષણ માટે વાડની જરૂર છે. દશવૈકાલિક સૂત્રના પહેલા અધ્યયનની પ્રથમ ગાથામાં અહિંસાને પાળવા માટે સંયમરૂપી વાડની જરૂર બતાવી છે. સંયમ વિના અહિંસા પાળી શકાતી નથી. એટલે પહેલા અહિંસા મૂકી પછી સંયમ મૂકયો ને પછી તપ મૂકયો. એટલે બીજી રીતે કહીએ તો તપરૂપી તિજોરીના સંયમરૂપી ગુપ્તખાનામાં અહિંસારૂપી રત્ન રહેલું છે. ભીંતને ચમકતી કરવા માટે જેમ પૉલિસની જરૂર છે તે પ્રમાણે આત્માની સમૃદ્ધિ માટે તપરૂપી પૉલિશની જરૂર છે. શરીરને સ્વસ્થ રાખવા માટે ખોરાકની જરૂર છે તેમ આત્માને સારો રાખવા માટે તપરૂપી પથ્યની જરૂર છે. કપડાંને સ્વચ્છ કરવા માટે ધોકા મરાય છે તે રીતે આત્મારૂપી કપડાંમાં મેલ ભરાયો હોય તો તપરૂપી ધોકા મારવાની જરૂર છે.

નવપદમાં તપનું સ્થાન છેલ્લું આપવામાં આવ્યું છે છતાં તેની કિંમત વધારે છે. કેવી રીતે? જેમ લગ્નમાં ચોથા ફેરાની કિંમત વધારે હોય છે, આગગાડીમાં ગાર્ડના ડબ્બાનું મહત્ત્વ છે. કારણ કે તેના આધારે ગાડી ચાલે છે. ચિતારો ચિત્રમાં છેલ્લી બોર્ડર મારે છે તેનાથી ચિત્રની શોભા વધે છે તે રીતે નવપદમાં છેલ્લા પદ તપની કિંમત વધારે છે. મકાન ગમે તેવા પથ્થરનું બાંધેલું હોય પણ તેમાં પૉલિશ વિના રંગ ચઢતો નથી તેમ આત્મામાં તપ રૂપી પૉલિશ વિના જ્ઞાન-ચારિત્રનો રંગ ચઢતો નથી. શરીરમાં કળતર ખૂબ થતું હોય તો શેકની જરૂર છે તેમ આત્મા કર્મ દ્વારા ખૂબ દુઃખાતો હોય તો તપ રૂપી શેકની જરૂર છે.

બંધુઓ! અનંતકાળથી જીવને સહુથી જૂનામાં જૂની કુટેવ હોય કે મહા ચેપી રોગ હોય તો તે ખાવાનો છે. કારણ કે એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિયના ભવમાં સહુથી પહેલાં જીવ આહાર કરે છે. કોઈ એવું સ્થાન નથી કે જ્યાં જીવે આહાર ન કર્યો હોય. તેથી અણાહારી બનવા માટે બાર પ્રકારના તપમાં પહેલો અનશન તપ બતાવ્યો છે. મનુષ્યભવ રૂપી આંખ મળ્યા પછી, જૈન ધર્મ રૂપી રત્ન મળ્યા પછી પણ તપરૂપી અજવાળું નહિ હોય તો તે જૈન-ધર્મની આરાધના નહિ થઈ શકે. તપ એ સાક્ષાત્ જ્ઞાનનું ફળ છે. જ્ઞાનદ્વારા તપને પરિણમવાનું છે. તપની તાકાત ઘણી અજબગજબની છે.

રોજના સાત સાત જીવોની ઘાત કરનાર અર્જુનમાળી તેજ ભવમાં મોક્ષ પામ્યા. તે શેનો પ્રભાવ? તપના પ્રભાવે. માટીની આમ કાંઇ કિંમત નથી. પણ જ્યારે માટીનો કુંભ બની જાય છે ત્યારે તે વિશેષ કિંમતી બની જાય છે. કુંભ શુકનરૂપ મનાય છે. તેમ શરીર રૂપી માટી દ્વારા આત્મા તપ રૂપી કુંભ બનાવે તો તેનું શરીર પણ શુકનરૂપ બની જાય છે.

તપ એ માંગલિક વસ્તુ છે. તપ કર્યાં વિના શરીરને ભોગવવું એ મૂડીને સાફ કરવા જેવું છે. ત્યારે તપ દ્વારા શરીરનો ઉપયોગ કરવો એ મૂડીને તિજોરીમાં મૂકવા જેવું છે. ગામનું રક્ષણ કરવા માટે જેમ કિલ્લાની જરૂર છે તેમ આત્માનું રક્ષણ કરવા માટે તપ રૂપી કિલ્લાની જરૂર છે. પાણીનો સ્વભાવ શીતલ છે. તેમ આત્માનો મૂળ સ્વભાવ અણાહારી છે. દા. ત. સિદ્ધ ભગવાન; સિદ્ધ ભગવાન આહાર વિના રહે છે. વધુ ખાઇને અજીર્ણ થવાથી મરી ગયાના ઘણાં દાખલા હશે. પણ ઓછું ખાઇને મરી જનારના દૃષ્ટાંત બહુ અલ્પ મળશે. મળેલી શકિત રૂપી નદીનો બંધ બાંધવાનું કામ તપ કરે છે. પચ્ચખાણ રૂપી નહેર દ્વારા આત્મા અખૂટ પાક ભેગો કરી શકે છે. ચોપડીમાં કે નોટમાં ડાઘો પડયો હોય તો તે રબરથી ભૂંસાઈ જાય છે. તેમ આત્માના અસંખ્યાત પ્રદેશ પર લાગેલા કર્મોના ડાઘા તપ રૂપી રબરથી ભૂંસાઇ જાય છે. જેનો આહાર વધારે તેની નિદ્રા પણ વધારે હોય છે. એટલે નિદ્રા ઉપર કાબૂ મેળવવા માટે આહાર ઉપર વિજય મેળવવો જોઇએ.

રોગનું નિદાન કરવા માટે ડોકટરો સૌથી પ્રથમ જીભ બહાર કઢાવે છે. કારણ જીભ ઉપર બધો મેલ આવે છે. તે બતાવે છે કે બધા મેલનું સ્થાન જીભ છે. જેની જીભ કાબૂમાં નહિ તેની આંખ પણ બગડે છે. આંખ બગડતાં કાન–નાક બગડે છે. જીભને અનુકૂળ વિષયો ગમે છે. તેથી સર્વ રોગોનું મૂળ જીભ છે અને તપમાં તો જીભ ઉપર કડક કાબૂ આવે છે. બાર પ્રકારના તપો દરેક જીવ કરી રહ્યા છે. પણ તે મોહરાજાની આજ્ઞાથી કરે છે. તે કેવી રીતે કરે છે તે આપણે જોઇએ. ટાઇફોઇડ થયો હોય તે વખતે ડૉકટર કહે કે મહિનો ભૂખ્યા રહેવું પડશે તો આપણે ભૂખ્યા રહીએ છીએ. આ મોહરાજાનું અણશણ તપ છે. પેટમાં ચાંદું પડયું હોય ને ડૉકટર કહે કે ઓછું ખાવું પડશે તો આપણે ઓછું ખાઇએ છીએ. આ મોહરાજાનું ઉણોદરી તપ છે. હોજરી મંદ પડી હોય કે અવારનવાર પેટમાં દુઃખાવો થતો હોય ડોકટર કહે કઠોળ, તળેલું તેમજ ભારે વસ્તુ નહિ વપરાય આ મોહરાજાનું વૃત્તિસંક્ષેપ તપ થયું. ખરજવું થયું હોય ડોકટર કહે દૂધ, ઘી, મીઠું, તળેલું, દહીં, ગોળ, ખાંડ આદિ વસ્તુ બંધ કરવી પડશે તો તે પ્રમાણે આપણે કરીએ છીએ. આ મોહરાજાનો રસત્યાગ થયો. શરીર નબળું હોય ને શરીરને મજબૂત બનાવવા માટે ડોકટર કહે રોજ ચાર માઈલ ચાલવું પડશે. આ મોહરાજાનું કાયકલેશ તપ થયું. હાર્ટનું દર્દ થયું હોય અથવા ડબલ ન્યુમોનિયા થયો હોય ને ડોકટર કહે પથારી બહાર

નહિ જવાય તો તે પ્રમાણે અમલ કરીએ. આ મોહરાજાનું પ્રતિસંલીનતા તપ છે. આમ છએ પ્રકારના બાહ્યતપ મોહરાજાના હુકમથી આપણે અનાદિ કાળથી કરતા રહ્યા છીએ.

આપણે જો ચારિત્ર રાજાના હુકમથી ઉપવાસ આદિ અનશન તપ, ઓછું ખાવા રૂપ ઉણોદરી તપ, ઓછા દ્રવ્ય વાપરવા રૂપ વૃતિસંક્ષેપ તપ, વિગય ત્યાગ કરીને મનગમતા ભોજનનો ત્યાગ કરવા રૂપ રસત્યાગનું તપ, વિહાર, લોચ આદિ કરવા રૂપ કાયક્લેશ તપ અને અંગોને સંકોચી રાખવા રૂપ પ્રતિસંલીનતા તપ કરીએ તો આપણા આત્માનો નિસ્તાર થાય, સંસાર અલ્પ થાય અને અંતે શાશ્વત પરિપૂર્ણ સુખના ભોક્તા બની શકીએ.

મોહરાજાની આજ્ઞાથી થતા બાહ્યતપનો વિચાર કર્યો. હવે આભ્યંતર તપનો વિચાર કરીએ. પીચોટી ખસી ગઇ હોય તો પાંચ દિવસ ન ખાવારૂપ પ્રાયશ્ચિત કરીએ છીએ. ધન મેળવવાને માટે શેઠ-શાહુકારનો કેટલો વિનય-વિવેક સાચવો છો ? ઘરમાં પત્ની-પુત્ર-પરિવાર આદિ માંદા પડયા હોય તો તે બધાની પ્રેમપૂર્વક વૈયાવચ્ચ-સેવા કરો છો આ રીતે મોહરાજાની આજ્ઞાથી પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ આદિ તપ કરો છો. ચોથું તપ છે સ્વાધ્યાય. સંસારમાં મોહદશાને કારણે જીવ આ મારો પુત્ર, આ મારી પત્ની, આ મારા માતા-પિતા, આ પૈસો, બંગલો, હાટ-હવેલી બધું મારું છે એમ તેના દિલમાં સતત મારાપણાનો જાપ ચાલુ હોય છે. આ છે મોહરાજાનું સ્વાધ્યાય તપ. સંસારના પદાર્થોમાં કે વેપારમાં એવા લયલીન બની જાવ છો કે ગમે તેવા ઘોંઘાટ થાય તો પણ તે સહન કરો છો. ત્યારે કોણ આવ્યું ને કોણ ગયું તેની પણ ખબર પડતી નથી. એટલે ધ્યાન પણ કરો છો. જ્યારે ફુલ સીઝન હોય ને ખૂબ ઘરાકી હોય ત્યારે બે ત્રણ કલાક પણ ખડે પગે ઉભા રહો. તે તપ જો આત્માનો કર્મમેલ કાઢવા કરીએ તો સાચું સુખ હથેળીમાં રમતું થઇ જાય.

બાયો કેમિકની બાર દવા ગમે તેવા રોગોનો નાશ કરે છે તેમ જૈનશાસનના બાર પ્રકારના તપો આત્માના ગમે તેવા રોગોનો નાશ કરે છે. તેમજ શરીરના રોગોનો પણ નાશ કરે છે. તપથી લબ્ધિ પ્રગટ થાય છે. તપ કરવાથી કષ્ટ સહન કરવાનો અભ્યાસ પડે છે. તેથી દુઃખમાં સમાધિ રહે છે. મળેલી સામગ્રીને છોડયા વગર તપ થતું નથી. એટલે તપ એ સુખની સામગ્રીને છોડવાનું શીખવાડે છે. જેમ કોઇ માણસ ગામડામાં ફ્રેકચર થયું હોય તો તે માણસ મુંબઇ, અમદાવાદ જેવા મોટા શહેરમાં જાય તો સારું થાય છે. તેમ તપ કરવાથી ભવનાં પાપો પણ આ ભવમાં નાશ પામે છે. જેમ કોઇ દર્દીને પેટમાં એક રતલની ગાંઠ થઇ હોય અને તેનું ઓપરેશન કરવામાં આવે તો વજન ઓછું થાય છતાં ઓપરેશન થવાથી દર્દી રાજી થાય છે કે મારો રોગ ગયો. તે રીતે તપશ્ચર્યાથી શરીર ઓછુ થાય છે. પણ કર્મ રોગ દૂર થાય છે. બાર પ્રકારના તપમાંથી

કોઇ પણ એક તપ વિના એકે આત્મા મોક્ષે ગયો નથી. મોક્ષે જતો નથી ને જવાનો પણ નથી. એ બતાવે છે કે તપશ્ચર્યાનો મહિમા ખૂબ ને ઉત્તમ છે. આવા તપ જો જીવનમાં હશે તો તમે બ્રહ્મચર્ય પણ સારું પાળી શકશો. ભોગી જીવો કેવી રીતે ભોગની પાછળ પડે છે તે હું આપને સમજાવું:

એક વખત એક થાણદાર કોઇ સ્ત્રી ઉપર આસક્ત થયો. દિવસો જતાં તે સ્ત્રી પ્રત્યેની તેની આસક્તિ વધતી ગઇ. એક વાર તેની બદલી થઇ. તે વિચાર કરવા લાગ્યો કે આવી સુંદર સ્ત્રીને મૂકીને મારે જવું પડશે? તે સ્ત્રીને તેણે કહ્યું કે મને તારા વિના ગમશે નહિ. તું મારી સાથે ચાલ. ત્યારે તેણે કહ્યું કે હું તારી સાથે આવી શકું તેમ નથી. ત્યારે થાણદારે આ વાત પોતાની એક સ્ત્રી મિત્રને કહી. તેણીએ કહ્યું કે તમે ત્યાં છુપાઇને જોજો. હું બધું ઠીક કરી દઇશ. તે સ્ત્રી પેલી સ્ત્રી પાસે ગઇ ને બોલી હે દેવી! તું ખૂબ માનીતી લાગે છે. કેમ ખરું ને? હું તને જે પૂછું તેનો જવાબ આપીશ? મારે એ જાણવું છે કે તારે અત્યાર સુધી કેટલા કેટલા સાથે પ્રીતિ બંધાણી છે? ત્યારે પેલી સ્ત્રી એક નહિ પણ અનેક નામો બોલતી ગઇ. ને આ સ્ત્રી કાગળ ઉપર લખતી ગઇ. ૬૫ નામ થયા. પછી તે બોલી હજુ પણ યાદ કર. તે સ્ત્રીએ બીજા પાંચ નામ લખાવ્યા. ૭૦ થયા. વધુ દબાણ કરતાં બે બીજા યાદ આવ્યા. પણ પેલા થાણદારનું નામ ક્યાંય ન આવ્યું. તે સ્ત્રીએ થાણદાર પાસે જઇને કહ્યું કે મેં તેના પ્રેમીઓના નામ લખી લીધા છે તે વાંચી લે. તેમાં તારું તો નામ નથી. એને તારા ઉપર પ્રીતિ નથી. થાણદારના મનમાંથી પ્રેમનું ભૂત નીકળી ગયું ને તે સ્ત્રી પ્રત્યેની આસક્તિ ઉતરી ગઈ. તેને સમજાયું કે હું માર્ગ ભૂલ્યો હતો. પરસ્ત્રીમાં પડવું તે મહાપાપ છે.

જ્ઞાની પુરૂષો આટલા માટે કહે છે કે હે આત્મા! તું બીજાના મોહમાં પડીને શા માટે તારી અમૂલ્ય જિંદગી બરબાદ કરે છે? ઉત્તમ સંયમ ધર્મના પાલન માટે મોહ-મૂર્છાનો ત્યાગ કરવો જરૂરી છે. ભગવંતે સંયમ બે પ્રકારનો બતાવ્યો છે. વિષયોમાં ન પડતા ઇન્દ્રિયો ઉપર સંયમ રાખવો તે ઇન્દ્રિય સંયમ છે, ને છકાય જીવોની રક્ષા કરવી તે પ્રાણ સંયમ છે. સમ્યક્જ્ઞાનની પ્રાપ્તિ થતાં મન-વચન અને કાયાથી જીવ સંયમમાં પ્રવૃત્તિ કરી શકે છે. મિથ્યાત્વી, પરિગ્રહના લોલુપી અને વ્યસનમાં પડેલા જીવો સંયમનું પાલન કરી શકતા નથી. શરીર પ્રત્યેની મમતા છોડી તેને તો સંયમ પાળવાનું સાધન માનો. પણ જો આત્મા શરીરને પોતાનું સર્વસ્વ સમજી તેની માવજત કરવામાં પડયો રહે તો મળેલો ઉત્તમ ભવ હારી જાય છે.

એક વખત એક રાજા હાથી ઉપર બેસીને જંગલમાં શિકાર કરવા માટે જતો હતો. ત્યારે એક કોળીએ શરાબ પીને રાજાના હાથીને જોઇને પૂછયું કે હે રાજા! તુ હાથી વેચીશ? રાજાને ખૂબ ગુસ્સો ચઢયો. તેણે રાજદરબારમાં તે કોળીને બોલાવ્યો ને

પૂછ્યું, કે શું તું મારો હાથી ખરીદીશ? તે સમજી ગયો કે મારી કોઇ ભૂલ થઇ છે. તેણે કહ્યું કે મહારાજા! હું ગરીબ માણસ આપનો હાથી ક્યાંથી ખરીદી શકું? ત્યારે મંત્રીએ કહ્યું કે એ નહોતો બોલતો. પણ એ શરાબ પીધેલો બોલતો હતો. તપાસ કરતાં ખબર પડી કે એ કોળીએ દારૂ પીધો હતો. આ રીતે જીવ મોહ-મદિરાનું પાન કરીને જે પોતાનું નથી તેમાં મમત્વ બુદ્ધિ કરી રાત-દિવસ કલેશ પામી રહ્યો છે. માટે મોહ-મમત્વનું બંધન તોડીને તેમાંથી અલગ થઇ સંયમનું પાલન કરો. અજ્ઞાની જીવોને સંયમનું મહત્ત્વ સમજાતું નથી.

બન્યું છે એમ કે એક પંડિત એક વખત રાજાના દરબારમાં ગયો. પણ કોઇએ તેનો ભાવ ન પૂછયો. એટલે તેણે રાજદરબારમાં શ્લોક કહ્યો:–

"त्वं चेन्नीचजनानुरोधेन, वशाऽस्मासुमंदादरः ।
का नो मानयमानहानिरियता स्यात्कि त्वमेकः प्रभुः ।।
गुंजापुंज परम्परापरिचयोदि भल्लीजनै सूज्झितं ।
मुलदाम न धाम धारयति किं कण्ठे कुरंगीदशाम् ।।"

હે રાજન્! તું નીચ અને અધમ પુરુષોની વાતોમાં પડીને દરબારમાં અમારા જેવા જ્ઞાનીનો આદર કરતો નથી. તારા દિલમાં અમારા તરફનો આદર ઓછો થઇ ગયો હશે. પણ તેથી શું અમારૂં માન ઘટી જવાનું છે? જંગલમાં રહેતી ભીલડીઓને જો મોતીનો હાર મળે તો તે અજ્ઞાનને વશ થઇને મોતીને ધૂળમાં રોળી નાંખે તો શું મોતીની કિંમત ઓછી થઇ જવાની છે? તે તો એક દિવસ જરૂર કોઇ રાણીના ગળાનો હાર બનવાનો છે. એવી રીતે આજના અસંયમી યુગમાં સંયમની ઉપેક્ષા થાય છે. પણ તેથી કંઇ તેનું મહત્ત્વ ઓછું થઈ જતું નથી. સંયમ અંગીકાર કરીને ભવ્ય જીવો અનંત સુખ પ્રાપ્ત કરે છે. માટે જે સંયમ ધારણ કરે તેમાં શ્રદ્ધા રાખે, સંયમની કળા ખીલવે અને તેમાં તલ્લીન બની જાય તો તેનો ઉદ્ધાર થઈ જાય છે. મનુષ્યને મોક્ષે લઇ જનાર સંયમ છે.

સંયમ માટે બીજો એક ન્યાય આપું. વિશલ્યા પૂર્વજન્મમાં તેનું હરણ કરનારે તેને ભયાનક જંગલમાં મૂકી દીધી હતી. ત્યાં તે જંગલમાં વનફળ ખાઈને રહેતી હતી. આ રીતે કેટલાય વર્ષો જંગલમાં દુઃખ ભોગવતા વીતી ગયા.

છેવટમાં તેના પિતા શોધતા શોધતા ત્યાં આવે છે. તે સમયે વિશલ્યાને પકડવા આવતો અજગર જોયો. તેથી તેના પિતા અજગરને મારવા જાય છે. ત્યારે વિશલ્યા મારવા નથી દેતી ને અજગર દોડીને નદીમાં પડી જાય છે. વિશલ્યાએ અજગરને મારતો બચાવ્યો. તેમાં વળી પોતાને ગળી જવા દોડતો હતો ને બચાવ્યો. તે અભયદાનના પ્રતાપે વિશલ્યાનો એવો પ્રભાવ પડયો કે તેના નાવણનું પાણી કોઇ રોગી ઉપર છાંટે

તો તેનો રોગ મટી જતો. આ અભયદાન અને સંયમનો પ્રતાપ છે. આ ગ્રંથકારની વાત છે. માટે હું તમને કહું છું કે યથાશકિત સંયમનું પાલન કરો, જો સંયમનું પાલન કરશો તો તમે તમારા જીવનને સુરક્ષિત બનાવી શકશો. સંયમથી માનવજીવનની શોભા છે. સંયમ વિનાનો માણસ મનુષ્યના ખોળિયામાં પશુ જેવો છે.

અનાથી મુનિ શ્રેણીક રાજાને કહે છે હે મહારાજ! મેં એવા ગાઢ કર્મો બાંધ્યા હતા તે મારા પુરુષાર્થ વિના કેમ છૂટે? બીજા બધા ગમે તેટલા પ્રયત્નો કરે, સેવા કરે, દવા કરે, ઉભા ને ઉભા રહે પણ ભોગવવાનું કોને? પોતાને જ ને? બંધુઓ! તમે માનતા હો કે મારી પાસે પૈસો છે. માણસો છે. બધું છે. હવે મારે શું દુઃખ છે! પણ એટલું યાદ રાખજો કે :–

**ઉદય આવતા જ્યારે, ભોગવે ફળ એહના,**
**વિપાકે ભાગી ના કોઇ, બાંધનારો જ ભોગવે.**

જ્યારે કરેલા કર્મો ઉદયમાં આવશે ત્યારે તેમાં કોઇ ભાગ નહિ પડાવે. અનાથી મુનિની વાત તમે સાંભળો છો ને? તેને ત્યાં કેટલી સમૃદ્ધિ હતી ને કેવું પ્રેમાળ કુટુંબ હતું. છતાં કોઇ રોગ મટાડી શકયું નહિ. ત્યારે તેમણે એક નિશ્ચય કર્યો કે મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને આત્મસાધના કરવા માટે સંયમ એ શ્રેષ્ઠ સાધન છે. સંયમરૂપી નૌકાનો સહારો ન લેતા મેં માતા-પિતા, પત્ની આદિને મારો રોગ મટાડનારા સમજીને તેમને વળગ્યો. પણ એ જ બિચારા અનાથ હતા તો મારો રોગ ક્યાંથી મટાડી શકે? જ્યારે મારાથી વેદના સહન ન થઈ ત્યારે રાત્રે સૂતા સૂતા મેં એ નિર્ણય કર્યો, કે જો મારો રોગ મટી જાય તો હું સંસારરૂપ સાગરને તરવાની સંયમરૂપી ઉત્તમ નૌકામાં બેસી જાઉં. એમાં મારા આત્માને સુખ મળશે. સુખ એ કોઇ બહારની ચીજ નથી. સુખ એ આત્માનો નિજ ગુણ છે. તે પરથી મળે તેમ નથી. તારામાં અખૂટ સુખનો ખજાનો હોવા છતાં પણ તું દુઃખી કેમ છે? આવા વિચારે ચઢી ગયો. બસ, એક વાર આ વિપુલ વેદનામાંથી મુક્ત થાઉં તો હું કેવો મુનિ બનું? ખંતો–એટલે ક્રોધાદિ કષાયોનો ત્યાગ કરું, દશ યતિ ધર્મ છે. તેમાં પહેલો ધર્મ છે ક્ષમા. સાધુ ઘર છોડીને સંયમી બને છે ત્યારે તે નકકી કરે છે કે સંયમમાં મને ગમે તેવા પરિષહ કે ઉપસર્ગો આવશે, કોઇ મારી સામે પ્રશંસાના પુષ્પો પાથરશે તો હરખાઇશ નહિ અને કોઇ કટુ વચન, નિંદાના કંટક પાથરશે તો પણ તેના ઉપર ગુસ્સો નહિ કરું. બંને પ્રસંગોમાં સમાનભાવ રાખીશ. ગુરૂ કદાચ મારા પર ગુસ્સે થશે તો પણ હું આકરો નહિ બનું. એવી ક્ષમા રાખીશ. દંતો–પાંચ ઇન્દ્રિઓનું દમન કરીશ. ગૌચરી જઇશ ત્યારે અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગોમાં સ્હેજ પણ દુઃખ નહિ ધરું. એ રીતે પાંચેય ઇન્દ્રિઓને સંયમમાં રાખીશ. અને નિરારંભો જેમાં કોઇ પણ જીવની હિંસા થાય તેવા આરંભના કાર્યનો હું ત્યાગ કરીશ. એવો ક્ષાન્ત

દાન્ત, નિરારંભીમુનિ અનીશ. મેં આવો દઢ નિશ્ચય કર્યો

**एवं च चिन्तइत्ताणं, पसुत्तो मे नराहिवा ।**
**परियत्तन्तिए राइए, वेयणा मे खयं गया ।।**

ઉત. સૂ. અ. ૨૦ ગાથા ૩૩

હે નરાધિપ! આવી ચિંતવણા કરીને હું પથારીમાં સૂઇ ગયો. મારા શુદ્ધ સંકલ્પના બળે મારા વેદનીય કર્મનો અંત આવવાનો હશે તેથી જેમ જેમ રાત્રી વ્યતીત થતી ગઇ તેમ તેમ મારી વેદના શાંત થવા લાગી. ઘણાં દિવસથી ઊંઘ કરીને ઊંઘ્યો ન હતો. મારા માતા-પિતા, પત્ની, ભાઇઓ, બહેનો અને મિત્રો બધા મારા માટે રાત્રિના અખંડ ઉજાગરા કરતા હતા. મારો રોગ શાંત થવાથી હું ચીસો પાડતો બંધ થયો ને આંખ મીંચાઇ ગઈ. મને ઊંઘ આવેલી જાણીને મારા માત-પિતાને ખૂબ આનંદ થયો. કારણ કે જે રોગીને ઊંઘ આવતી નથી તેનો રોગ અસાધ્ય મનાય છે, મને ઊંઘ આવતી ન હતી તેથી મારા માતા-પિતા આદિ મારો રોગ અસાધ્ય માનીને ચિંતાથી દુઃખી થઇ રહ્યા હતા. પણ મને ઊંઘ આવી જવાથી મારા માતા-પિતા, પત્ની, ભાઇ-બહેનો બધા ખુશ થયા. તેઓ એમ સમજવા લાગ્યા હવે આ રોગથી મુક્ત થશે. તે વખતે તેઓને કેવો આનંદ થયો હશે! તેનું વર્ણન હું કરી શકતો નથી. મારા ઘરના બધા મને ઊંઘી ગયેલો માનતા હતા. પણ હે રાજા! મારી નિદ્રા બીજા પ્રકારની હતી. એ બધા મને સૂતેલો સમજતા હતા, ને પોતાને જાગૃત સમજતા હતા. પણ મારા માનવા પ્રમાણે હું જાગતો હતો ને ઘરના બધા સૂતેલા હતા. પોતાની સુષુપ્તિ અને ઘરના માણસોની જાગૃતિમાં મુનિ શું અંતર બતાવે છે તે આ શ્લોક દ્વારા સમજી શકાશે.

**या निशा सर्व भूतानां तस्यां जागर्ति संयमी ।**
**यस्यां जागर्ति भूतानि, सा निशा पश्यतो मुनेः ।।**

બધાં લોકો જેને રાત સમજે છે તેમાં સંયમી પુરૂષ જાગતા રહે છે. અને જેમાં આખું જગત જાગે છે એને તત્ત્વજ્ઞાની મુનિ રાત સમજે છે. મતલબ એ છે કે સંસારના મોહમાં લપટાયેલા લોકો જેને સત્ય સમજે છે તેને જ્ઞાની પુરૂષો અસત્ય સમજે છે. અને જે તત્ત્વની વાત સંસારના મોહમાં ફસાયેલા લોકોથી છૂપાયેલી હોય છે તેને જ્ઞાનીઓ સ્પષ્ટ દેખે છે.

અનાથી મુનિનો આત્મા હવે સજાગ બન્યો હતો. એટલે તેમની દૃષ્ટિ સંસારથી પરાઙ્મુખ બની આત્મા તરફ ઢળી હતી. એટલે તેમની દૃષ્ટિથી પોતે ઊંઘી ગયા હોવા છતાં જાગૃત હતા. ને તેમના માતા-પિતા વિગેરે સંસારના મોહમાં જકડાયેલા હતા. તેથી માનતા હતા કે હવે આપણો પુત્ર સાજો થશે અને આપણી ઇચ્છાઓ પૂર્ણ કરશે. જેથી તેઓ આનંદ વિભોર બન્યા હતા. એટલે જાગૃત હોવા છતાં ઉંઘતા હતા. હવે અનાથી

મુનિ કહે છે હું ઉંઘમાંથી સવાર પડતાં જાગૃત થયો ત્યારે માતા-પિતા બધા મને શુ કહેવા લાગ્યા તે વાત અવસરે.

અનાથી મુનિએ સંયમ લેવાનો સંકલ્પ કર્યો ને તેમનો રોગ નાબૂદ થઈ ગયો. તેમ આયંબીલ તપ કરવાથી પણ માણસના મહાન રોગો નાબૂદ થાય છે. આયંબીલની ઓળીનો આજે બીજો પવિત્ર દિવસ છે. આપણા જૈન ધર્મમાં તપની મહત્તા ખૂબ છે. આયંબીલનો મહિમા પણ કંઈ જેવો તેવો નથી. આયંબીલ તપમાં રસેન્દ્રિયનો સ્વાદ જીતવાનો છે. તપ દ્વારા જુના ચીકણાં કર્મોની નિર્જરા થાય છે. આયંબીલ તપની આરાધના કરવાથી ભલભલા રોગો મટી જાય છે. તે માટે શ્રીપાળ રાજાનું જવલંત દૃષ્ટાંત છે શ્રીપાળ રાજાને કેવી રીતે કોઢનો રોગ થયો ને કેવી રીતે મટયો તે થોડું વિચારીએ.

એક રાજાને મયણાસુંદરી અને સુરસુંદરી નામની બે પુત્રીઓ હતી. મયણાસુંદરીની માતા જૈન ધર્મની અનુરાગી હતી. અને સુરસુંદરીની માતા અન્ય ધર્મી હતી. બંને પુત્રીઓને ભણાવવા માટે ઉપાધ્યાય જુદાજુદા રાખેલા. મયણાસુંદરીને જૈન ધર્મનું સુંદર જ્ઞાન મળ્યું હતું. જૈન ધર્મમાં કર્મની ફીલોસોફી ખુબ સુંદર રીતે સમજાવવામાં આવી છે. બંને કુંવરીઓ ભણીગણીને તૈયાર થઇ. એક દિવસ બંને બહેનો તૈયાર થઇને પિતાજીની પાસે જાય છે. ત્યારે પિતાજી બંને પુત્રીઓને પોતાની પાસે બેસાડીને પ્રશ્નો પૂછે છે.

**મયણાસુંદરીએ કહેલ સત્ય વાત :** મયણાસુંદરી જૈન ધર્મની અનુરાગી હતી એટલે ખોટી વાતમાં હા કહેનારી ન હતી. તેના પિતાજી પૂછે છે બેટા! આ દુનિયાને સુખી કોણ બનાવી શકે છે? ત્યારે સુરસુંદરી કહે છે પિતાજી! એક તો મેઘરાજા. મેઘરાજાની મહેરબાની હોય તો દુનિયાના દરેક જીવોને અન્નપાણી મળે ને આનંદથી જીવી શકે. પણ મેઘરાજાની મહેરબાની વિના, અન્ન-પાણી વિના હેરાન પરેશાન બની જાય છે. અને બીજા આપ. આપની મહેરબાની હોય તો પ્રજા સુખે રહી શકે. આપ ધારો તો બધાને સુખી કે દુઃખી બનાવી શકો છો. આ પુત્રીનો જવાબ સાંભળી પિતાજી રાજી થયા. મયણાસુંદરીએ કહ્યું. પિતાજી! સુખ-દુઃખ એ સૌના પૂર્વકર્મનું ફળ છે. આ દુનિયામાં કોઈ કોઇને સુખ કે દુઃખ આપી શકતું નથી. દરેક પોતાના પુણ્યથી સુખ ભોગવે છે ને પાપકર્મના ઉદયથી દુઃખ ભોગવે છે. આ સાંભળી રાજાને મયણાસુંદરી ઉપર ક્રોધ આવ્યો, અને જેણે પિતાની 'હા' માં 'હા' મિલાવી તે સુર સુંદરીને એક રાજકુમાર સાથે પરણાવી. ત્યાર બાદ તે ગામમાં ૫૦૦ કોઢીયાઓનું ટોળું ફરતું ફરતું તે ગામમાં આવે છે.

**દીકરીના જવાબથી પિતાજીનો પ્રકોપ :–** આ કોઢ એવો ભયંકર હતો કે ઘણા દૂરથી તેની દુર્ગંધ આવવા લાગે. અને રોગ પણ ખુબ ચેપી હતો. તેમના સંગમાં જે રહે તેમને રોગ થાય. એટલે આ કોઢીયાઓને કોઇ ગામમાં પેસવા દેતું નથી. ત્યારે કોઢીયાઓ જે ગામમાં જાય તે ગામના રાજા પાસે માંગણી કરતા કે અમને ગામ બહાર

ખાવાની સગવડતા આપો. નહિતર ગામમાં આવીશું એટલે તેમને માટે રાજા ખાવાપીવાની સામગ્રી મોકલી આપતા. ને કોઢીયા ખાઈ પીને આનંદ કરતા. આ કોઢીયાની ટોળીમાં શ્રીપાળ રાજા કેવી રીતે આવ્યા હતા? શ્રીપાળ તો નાનો હતો ને તેના પિતા લડાઈમાં મૃત્યુ પામ્યા. એટલે તેની માતા તેને લઈને દુશ્મનથી છૂપી રીતે ભાગી છૂટેલી. તે નાસતી ભાગતી વગડામાં આવી. ત્યાં તેણે કોઢીયાનું ટોળું જોયું. એ કોઢીયાઓએ પૂછયું કે હે માતા! તું આટલી બધી ભયભીત કેમ છે? ત્યારે રાણીએ બધી વાત કરી. કોઢીયાઓએ કહ્યું તારો દીકરો અમને સોંપી દે. પણ અમારી સાથે રહેશે તો કોઢીયો થઈ જશે. ત્યારે માતાએ એક જ વિચાર કર્યો કે "જીવતો નર ભદ્રા પામે." મારો દીકરો કોઢીયો થઈ જશે પણ જીવતો હશે તો કયારેક રાજ્યનો વારસદાર બનશે. એમ સમજીને કોઢીયાને પુત્ર સોંપી દીધો. કોઢીયાઓ તેને ઉંબરાણો કહેતા. ને તેને ૫૦૦ નો ઉપરી રાજા બનાવ્યો.

**કોઢીયાઓ કહે કે અમારો ઉંબરાણો રાજકન્યા પરણશે.** :- આ ૫૦૦નું ટોળું ફરતું ફરતું તે ગામમાં આવ્યું. તેમને પ્રજાજનો કહે છે ગામમાં ન આવશો. પણ એ તો કહે છે અમારા ઉંબરાણાને આ ગામના રાજાની કુંવરી પરણાવવી છે. ત્યારે લોકો કહે છે તમને કુંવરી કોણ પરણાવશે? આ કહે છે રાજા પરણાવશે. રાજાને આ વાતની ખબર પડી એટલે રાજાએ મયણાસુંદરીને કોઢીયાની સાથે પરણાવી દીધી ને કહ્યું કે સૌ પુણ્ય પ્રમાણે સુખ-દુઃખ ભોગવે છે. તો હવે તું પણ તારા પુણ્ય પ્રમાણે સુખ ભોગવી લેજે. આવી સ્વરૂપવાન કન્યાને જોઈને ઉંબરાણો કહે છે તું મને અડકીશ નહિ. જો તું મને અડકીશ તો તને પણ આવો રોગ લાગુ પડશે. હું પણ તારા જેવો સ્વરૂપવાન હતો. પણ ચારિત્રના રક્ષણ માટે મારી માતા મને લઈને ભાગી છૂટી હતી. આ કોઢીયાઓએ મને સહારો આપ્યો. તેમના સંગમાં રહેવાથી હું પણ તેમના જેવો બની ગયો છું. માટે તું અમારાથી દૂર રહે.

**પિતાના પ્રકોપ સામે પણ અટલ જૈનધર્મની શ્રદ્ધા** :- જેને રગે રગે જૈન ધર્મનો રંગ લાગેલો છે તેવી મયણાસુંદરી કહે છે સ્વામીનાથ! મને કંઈ થવાનું નથી. આપ મારી ચિંતા ન કરો. મયણાસુંદરી કોઢીયા સાથે જાય છે. આ જોઈને ગામના લોકો ચોધારે આંસુએ રડે છે. અહો! આવી અપ્સરા જેવી પુત્રીને કોઢીયા સાથે કેમ પરણાવી? રાજા કેમ આવા નિર્દય બની ગયા? ત્યારે કંઈક એમ બોલવા લાગ્યા કે તેણે પિતાને કેવો ઉદ્ધત જવાબ આપ્યો? મોટી જૈન ધર્મની ઢીંગલી થઈને નીકળી છે તો હવે તેનો જૈન ધર્મ તેને સુખી કરશે. ગમે તે રીતે બોલવા લાગ્યા પણ મયણાસુંદરીના દિલમાં સ્હેજ પણ ગ્લાનિ નથી. હસતે ચહેરે જઈ રહી છે. ખૂબ પ્રેમથી કોઢીયા પતિની સેવા કરે છે. ફરતી ફરતી મયણાસુંદરી મોસાળના ગામમાં આવી પણ કોઈને પોતાની ઓળખાણ આપતી નથી. તે સમજતી હતી કે આવી સ્થિતિમાં કાકા-મામા કોઈ સગા નહિ થાય.

**"આયંબીલ તપનો મહાન પ્રભાવ":**—ગામમાં જૈન મુનિ બિરાજતાં હતાં. આ મયણાસુંદરી સંતના દર્શન કરવા માટે ગઈ. સંતે તેને ઓળખી. તેથી પૂછયું હે મયણાસુંદરી! તું અહીં કયાંથી? મયણા કહે છે ગુરૂદેવ! હમણાં અમે અહીં આવ્યા છીએ. શું તારા લગ્ન થયા છે? ત્યારે મયણાએ પોતાની બધી વાત કરી અને કહ્યું. ગુરૂદેવ! મને આ રીતે પરણાવી તેનું મને લેશ માત્ર દુઃખ નથી. ફકત મને દુઃખ એટલું છે કે મારો જૈન ધર્મ નિંદાય છે. લોકો એમ કહે છે કે ધર્મને ખાતર આવા પતિને પરણી! તો કેવી દુઃખી થાય છે? માટે કૃપા કરીને મારો જૈન ધર્મ નિંદાય નહિ તેવો માર્ગ મને બતાવો. બીજે દિવસે આસો સુદ સાતમનો દિવસ આવતો હતો.

ગુરૂદેવે કહ્યું કે આસો સુદ સાતમના દિવસથી તમે આયંબીલ તપની આરાધના કરો. તેમાં પંચ પરમેષ્ટિ અને જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપ એ નવ પદની આરાધના કરો. તેની વિધિ સમજાવી, મયણાસુંદરી વિચાર કરવા લાગી કે આયંબીલ કયાં કરવું? ગામમાં કોઈ અમને આશ્રય આપે તેમ નથી. આ વખતે શેઠ શ્રી મણીભાઇ વીશાણી જેવા ગામના ઉદાર નગરશેઠ ત્યાં બેઠા હતા. તેમણે કહ્યું કે બહેન! તમે મારે ઘેર આયંબીલ કરવા આવજો. આ લાભ મને મળવો જોઇએ, ત્યારે મયણાસુંદરીએ કહ્યું ભાઇ! મારી સાથે ૫૦૦ કોઢીયા છે ને તેઓ ચેપી રોગવાળા છે. કદાચ ચેપ લાગે તો શું? ત્યારે નગરશેઠ કહે છે એ તો સૌના કર્મે થાય છે. તમારે મારે ત્યાં આવવાનું છે. મયણાસુંદરી શેઠના આમંત્રણનો સ્વીકાર કરે છે ને બધા ત્યાં આવે છે. ૫૦૦ કોઢીયા કહે છે બહેન! તમે અને અમારા ઉંબરાણા ત્યાં જાવ અમે તો ધર્મશાળામાં રહીશું. પણ શેઠનો અત્યંત આગ્રહ હોવાથી બધા ત્યાં આવે છે.

મયણાસુંદરી ખૂબ શ્રદ્ધા પૂર્વક નવપદની આયંબીલની ઓળીની આરાધના કરે છે. અને બધાને કરાવે છે. નવકાર મંત્ર ગણીને બધાના શરીરે હાથ ફેરવે છે. જુઓ, આયંબીલ તપનો કેવો પ્રભાવ છે! નવ દિવસમાં બધો રોગ મટી ગયો ને ચામડી જેવી ચામડી થઇ ગઇ. ને બધા પોતાના અસલ રૂપમાં આવી ગયા. ઉંબરાણો રાજાનો કુંવર હતો. તેમજ ૫૦૦ કોઢીયા પણ રાજાના કુંવરો હતા. બધા મયણાસુંદરીના પગમાં પડી ગયા. અહો! હે સતી! તું જો અમને ન મળી હોત તો અમને આવા રોગમાંથી મુકત કોણ કરત? આ બધો તારો પ્રતાપ છે. બધા તેનો ઉપકાર માનતાં નવપદનું સ્મરણ કરતાં પોતપોતાના સ્થાને ચાલ્યા ગયા. સમય થઇ ગયો છે. હવે મયણાસુંદરી તેના પતિની સાથે સંતના દર્શન કરવા જશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં – ૭૪

**આસો સુદ ૯ ને સોમવાર** તા. ૧૩-૧૦-૭૫

અનંત જ્ઞાની મહાન પુરૂષોએ જગતના જીવોના ઉદ્ધાર માટે સિદ્ધાંતની પ્રરૂપણા કરી. તેમાં ભગવાનની અંતિમ વાણી ઉત્તરાધ્યયન સૂત્રનું ૨૦ મું અધ્યયન જેમાં અનાથી નિર્ગ્રંથને ભાન થયું કે સંસારના સંબંધો બધા સ્વાર્થમય છે. એવી અનુભૂતિ થયા પછી આત્મ તત્ત્વની અતૂટ શ્રદ્ધા પ્રગટ કરી છે ને પોતાના અનુભવથી આત્મસ્વરૂપનો નિઃશંક નિર્ણય કર્યો છે.

બંધુઓ ! માનવ જન્મમાં આવીને જે જીવે સાચી સાધના કરી, સાધવા જેવું સાધ્યું, મેળવવા જેવું મેળવ્યું ને પોતાના દેહની ઉપાધિ છોડી આત્મસ્વરૂપની સાધના કરી "तस्य मानुष्यजन्मः सफल" તેનું આ માનવજીવન સફળ બને છે. બાકી આખી જિંદગી ધનાશમમાં ગુમાવી, લાખો રૂપિયા પેદા કર્યા, મોટી ઇમારતો બંધાવી તેથી આગળ વધીને સંઘમાં, રાષ્ટ્રમાં ને દેશમાં નેતાનું પદ પ્રાપ્ત કર્યું પણ જ્યાં સુધી આત્મસ્વરૂપનો નિર્ણય કર્યો નથી, વીતરાગે કહેલા દેવ-ગુરૂ અને ધર્મ પ્રત્યે શ્રદ્ધા પ્રગટી નથી ત્યાં સુધી જગતની ગમે તેટલી કાર્યવાહી કરી તે બધી ડાંગરના ફોતરાને ખાંડવા સમાન છે.

જ્ઞાની કહે છે હે જીવ ! ભૌતિક પદાર્થો પાછળ તું જે આંધળી દોટ લગાવી રહ્યો છે ને જડના ઝળકાટમાં મોહી ગયો છે તે તરફથી તારી દૃષ્ટિ ફેરવીને એક વાર તારા ચૈતન્ય દેવને ઓળખી લે તો જન્મોજન્મના દરિદ્ર ટળી જશે. અનાદિકાળથી જેની શોધ કરી રહ્યો છે તે શોધનો અંત આવી જશે. મહાન પુરૂષો એ સંદેશો આપે છે કે તેં અર્થ અને કામની પાછળ જિંદગીભર મહેનત કરી પણ આત્મ તત્ત્વની પીછાણ કરવા માટે કેટલી મહેનત કરી? બોલો મારા વાલકેશ્વરના ઝવેરીઓ ! તમે કેટલા વખતથી હીરા તપાસો છો ? તેના ઝવેરી બન્યા પણ આત્મરૂપી અમૂલ્ય કોહીનુર હીરાની કિંમત આંકવાના ઝવેરી બન્યા છો ? (હસાહસ). આનું મૂળ કારણ એ છે કે જેટલી જીવને જડ પદાર્થો પ્રત્યેની રૂચી છે તેટલી તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવા પ્રત્યેની રુચી જાગી નથી. 'वीरला तत्त्वं सुणेन्ति, धारेन्ति, सद्हन्ति, पालेन्ति ।' વિરલ માણસો તત્ત્વને સાંભળે છે, હૃદયમાં ધારે છે, શ્રદ્ધા કરે છે ને તેનું પાલન કરે છે.

આ દુનિયામાં માનવની સંખ્યાનો તૂટો નથી. તેમ ધર્મ કરનારની સંખ્યા પણ ઘણી છે. પરંતુ જેને બાહ્ય પદાર્થોનો મોહ છોડીને આત્માને જાણવાની જિજ્ઞાસા જાગી છે તે આત્મા પાત્ર બન્યો છે, પાત્રતા પ્રાપ્ત કરતાં પહેલાં પોતે પાત્ર બનવું પડશે. પાત્ર હશે તો પાત્રતા આવશે. જો ગૃહસ્થાશ્રમમાં સત્ય, નીતિ અને પ્રમાણિકતાનું દેવાળું હશે ભક્ષ્યાભક્ષ્યનું ભાન નહિ હોય, દયા અને દાનના સંસ્કારો નહિ હોય તો આત્મતત્ત્વની વાતો સાંભળવાની રૂચિ કયાંથી થશે ? જો આત્મા તરફની રૂચિ પ્રગટાવવી હોય તો સર્વ

પ્રથમ સદ્‌ગુરૂનો સમાગમ કરી ભૂમિકાને ચોખ્ખી કરો. ઊંધી માન્યતા અને અવળા સંસ્કારો દૂર નહિ થાય ત્યાં સુધી આત્મતત્ત્વની રૂચિ નહિ થાય માટે પાત્રતા પ્રગટાવો. દરેક ભવ્ય જીવો સિદ્ધપદના અધિકારી છે પણ પાત્રતા વિના પામી શકાય નહિ. પરમ તત્ત્વને પામવા માટેની સાચી જિજ્ઞાસા, વિનય, વિવેક, ગૃહસ્થાશ્રમ પવિત્ર તેમજ વહેપારમાં ન્યાય, નીતિ અને પ્રમાણિકતા હોય તેને સાચી રૂચિ પ્રગટે છે. જે જૈનકુળમાં જન્મ્યા છે. જેનામાં જૈનત્વના સંસ્કાર છે. હજુ સમ્યગ્‌દર્શન પામ્યા નથી પણ પામવાની લાયકાત છે તેનો જીવન વ્યવહાર કેવો સુંદર હોય છે! અનીતિના લાખો રૂપિયા મળે તો તેને માટે નદીની રેતી બરાબર છે. તે સમજે કે મને જેમ દારૂ ન ખપે તેમ અનીતિનું ધન પણ ન ખપે. છે આજે આટલી ભાવના! આજે તો પૈસા માટે વહેપારીને દારૂ પીવડાવો પડે તો પીવડાવે. અહાહા! કેટલા ભવ માટે આવા કર્મો જીવ કરી રહ્યો છે! આવા જીવો જૈનકુળમાં જન્મવા છતાં જૈન નથી.

દેવાનુપ્રિયો! જેનામાં જૈનત્વના સાચા સંસ્કાર છે. તેના અંતરમાં કેવા પવિત્ર ભાવો હોય! કોઇ મારી સ્તુતિ કરે કે નિંદા કરે તો તેમાં મારે શું? હીરા-માણેક સુવર્ણ આદિ ગમે તેટલા મળે તો તેમાં મારું શું? એ તો બધા પૃથ્વીકાયની જાતિના છે. તે રહે તો ય શું ને જાય તો પણ મારું શું જવાનું છે? લક્ષ્મી મળવાથી મને સાચું સુખ મળવાનું નથી. પણ મને આત્મસ્વરૂપની રમણતામાં સાચું સુખ મળવાનું છે. સંસારના શાસ્ત્રો ભૌતિક પદાર્થોની પ્રાપ્તિમાં સુખ બતાવે છે ત્યારે વીતરાગના શાસ્ત્રો આત્મસ્વરૂપની રમણતામાં સાચું સુખ બતાવે છે. ભૌતિક પદાર્થોનું સુખ વિનાશી છે ને આત્માનું સુખ અવિનાશી છે. તેમાં આકુળતા વ્યાકુળતા નથી. આવા શાશ્વત સુખનો સાચો ઉપાય જૈન દર્શનમાં બતાવ્યો છે. જ્યારે આત્માને તેનું જ્ઞાન મળે છે ત્યારે આત્માના સ્વરૂપનું ભાન થાય છે. ને તેની સાન ઠેકાણે આવે છે.

અનાથી મુનિના આત્માએ પૂર્વભવમાં એવું ગાઢ કર્મબંધન કર્યું હશે કે જેથી આ ભવમાં ભયંકર રોગના ભોગ બની ગયા. દુનિયામાં થાય તેટલા ઉપચારો કરવામાં આવ્યા છતાં વેદના શાંત ન થઇ. ત્યારે એવો નિર્ણય કર્યો કે પૂર્વભવમાં મારા આત્માએ કેવા કર્મો કર્યા હશે? તે કર્મો મને ઉદયમાં આવ્યા છે તો હવે તે કર્મો મારા પુરૂષાર્થ દ્વારા ખપશે. પાપકર્મ એવું નિકાચિત બાંધ્યું છે તો હવે ભોગવતી વખતે શોક શા માટે કરવો જોઈએ? આપણે આગળ કહી ગયા ને કે જેને આત્મસ્વરૂપની પીછાણ થાય છે તે જીવ કર્મોદયના સમયે સમાધિભાવમાં રહે છે. પણ કદી ચિત્તમાં અસમાધિ લાવતો નથી. હાયવોય કરતો નથી. એ તો એ વિચાર કરે છે કે મેં પાપકર્મ નિકાચીત બાંધ્યું છે તો તે ઉદયમાં આવીને દુઃખ આપ્યા વિના રહેવાનું નથી. તો તે સમયે જો ચિત્તમાં અસમાધિ થશે, ક્રોધ આવશે તો નવા કર્મો બંધાશે.

બંધુઓ! કર્મ જેટલી સ્થિતિનું જેવા રસે ને જેવા પરિણામે બાંધ્યું હોય છે તે તેનો આબાધા કાળ પૂરો થતાં ઉદયમાં આવે છે ને ભોગવાય છે. દા. ત. જીવે પાપ કર્મ બાંધ્યું, ઉદયમાં આવ્યું, દુઃખ પડયું ને ભોગવાઈને ખરી ગયું. તે રીતે શુભ કર્મ બાંધ્યું, ઉદયમાં આવ્યું, સુખની સામગ્રી મળી અને ભોગવતાં એ કર્મ ખરી ગયું. આ રીતે આત્મા ઉપર લાગેલા બધા કર્મો ખરી જાય એટલે મોક્ષ થાય. તત્ત્વાર્થ સૂત્રમાં ઉમાસ્વાતિજીએ કહ્યું છે "कृत्सन कर्मक्षयो मोक्षः।" સંપૂર્ણ કર્મનો નાશ એટલે મોક્ષ. જીવ અનંતકાળથી સંસારમાં ભમે છે. શુભાશુભ કર્માનુસાર સુખ-દુઃખ ભોગવે છે.

દેવાનુપ્રિયો! તમને સંસાર ગુલાબના ફૂલ જેવો મનોહર લાગ્યો છે ને? પણ યાદ રાખજો કે એમાં સ્વાર્થના સાપોલીયા સમાયા છે, પણ તમારી પાસે એને જોવાની આરસી નથી. એ આરસી કઈ? તે તમે જાણો છો? સિદ્ધાંત. એ સિદ્ધાંત રૂપી આરસીથી સ્વાર્થના સાપોલીયા જોઈ શકાય છે. આજે તમે સુખ-સંપત્તિની તૃષ્ણામાં તણાઈ રહ્યા છો ને આંધળી દોટ મૂકી રહ્યા છો પણ યાદ રાખજો કે પાછળથી પસ્તાવું ન પડે.

તત્ત્વજ્ઞાની પુરૂષોએ પોકારીને કહ્યું છે, કે સંસાર અશાંતિમય છે, ઝાંઝવાના નીર સમાન છે ને અંધારાની અમાવાસ્યાની રાત્રીના દુઃખ જેવો છે. તે દુઃખ રૂપી કંટકો અને ખડકોથી ભરેલો છે. પણ તમને એ હજુ દુઃખરૂપ લાગ્યો નથી. તમને તો સંસાર સ્વર્ગ સમાન લાગ્યો છે ને? પરંતુ સમય આવ્યે સમજાય છે. અને અહીંયા એક વાત યાદ આવે છે.

એક હતા ધનાલાલ. પણ ધન વિનાના, ધનાલાલની મૂંઝવણ દિવસે દિવસે વધતી જતી હતી. કારણ કે પાસે ધન ન હતું. અને એની પત્ની તો ક્રોધમુખી હતી. ક્રોધ કરવો તે તેનું મુખ્ય કર્તવ્ય હતું. ધનાલાલ ઘણી મહેનત કરે પણ પૈસા મળતા નથી. તમે જાણો છો ને કે પૈસા વિનાનો માણસ સંસારમાં કંસાર જેવો નહિ પણ કસાર જેવો ગણાય છે. ધન તો ભાગ્યથી મળે છે. ધન વિનાના ધનાલાલને તમે કેવી રીતે બોલાવો! એક ગુજરાતી કહેવત છે કે નાણા વિનાનો નાથીયો, નાણે નાથાલાલ. તે રીતે ધન વિનાનો ધનીઓ! આ દશામાં આખો સ્વાર્થ ભરેલો સંસાર જે જ્ઞાનીઓએ કહ્યો છે તે તમને સમજાય છે? મને લાગે છે- કે એકાદ વાર લાત પડે તો તમને સમજાય. પણ આ મોહનો ધોધ એટલો બધો વહી રહ્યો છે કે તેમાં તમારી આંખ ઉઘડતી નથી. ધનાની પત્નીએ કર્કશ વચન સંભળાવી દીધા ને ધમકી પણ આપી દીધી. હવે આ ઘરમાં પૈસા વગર પગ મૂકવા આવશો નહિ. તીક્ષ્ણ ધાર જેવા પત્નીના વચનો સાંભળી પૈસા વિનાનો તરફડતો ધનો જેનું હૈયું વચનોથી વીંધાઈ રહ્યું છે તેણે વિચાર કર્યો હવે મારે જીવવાનો શું અર્થ છે? કારણ, કે હું જેને મારા માનતો હતો તે બધા સગા મારા નથી પણ પૈસાના સગા છે. અહાહા! કેવી સ્વાર્થવૃત્તિ! મેં મારા જીવનમાં આટલો ભોગ આપ્યો છતાં એણે મને કેવા શબ્દો કહ્યા? બસ, આવું જીવન જીવીને શું કરવું છે?

ખરેખર આ જગતમાં સ્વાર્થની સત્તા ચાલે છે.

"સગું તારું કોણુ સાચું રે સંસારિયામાં"

માતા, પિતા, ભાઇ, બહેન, પત્ની, કુટુંબ-કબીલો ભલે મારો માને પણ હે ચેતન! એ તારું કોઇ નથી. વીતરાગદેવના શાસનમાં સંસારના સ્વરૂપને મહા ભયંકર કહ્યું છે તે વાત ખોટી નથી. સ્વાર્થથી કંઇક અનર્થો થાય છે. સ્વાર્થ એ ભીષણ ખાઇ છે. ખાઇમાં પડનાર તેમાંથી નીકળી શકતો નથી. તેમાં આ તો કોઇ વિચિત્ર ખાઈ છે! નીકળવા મથું તો ય નીકળી શકતો નથી. ખરેખર, આજે મારી પત્નીએ જે વચનો કહ્યા છે તે મને હૈયામાં આગ સમાન લાગ્યા છે.

જોયો ને તમારો સંસાર કેવો છે? તમારો માની તમારા કલ્યાણને ગુમાવી રહ્યા છો. સંસાર એ રેતીમાં રમ્ય રહેઠાણ છે. એટલે દરિયાના કિનારે રેતીના ઢગલા જોઈ બાળક મહેલ બનાવે છે. પછી તેનું મન નાચી ઉઠે છે. એની ઊર્મિઓ દિલમાં ઉભરાઇ ઉઠે છે. પણ જ્યાં પવનનો ઝપાટો આવે ત્યાં તેનો રેતીનો રમ્ય મહેલ રેતીવત્ બની જાય છે. બાળક તો અજ્ઞાન હોવાથી આ દૃશ્ય જોઇ સ્થિર બની ગયો. ખરેખર અજ્ઞાન કેટલું ભયંકર છે અજ્ઞાન બાળકના રેતીના રમ્ય રહેઠાણની જેમ સંસારનો પ્રવાસી પણ દુઃખભરેલા સંસારમાં સુખના સ્વપ્નો સેવી રહ્યો છે.

આ રીતે ધનાલાલનો આત્મા કકળી ઉઠતા સંસારની વાટે ઉપડયો, અને એક વડલાની વડવાઇએ ગળે ફાંસો ખાવા તૈયાર થયો. કારણકે અનંતકાળથી જીવને સુખ ઉપર રાગ અને દુઃખ ઉપર દ્વેષ છે. પણ જો તે કર્મના સ્વરૂપને સમજે તો કયારે પણ તેને આવો વિચાર નહિ થાય. પણ તે સમજશે કે મારા બાંધેલા કર્મોનું ફળ હું ભોગવું છું. અજ્ઞાનદશામાં પડેલા ધનાલાલને તે વિચાર ન આવ્યો કે શું આ દુઃખથી ત્રાસીને ગળે ફાંસો ખાઇશ તો મારા માટે સ્વર્ગમાં સોનાના સિંહાસન તૈયાર કર્યા છે? પણ ઘોર અજ્ઞાનતાએ તેને સાચી દિશા ભૂલાવી દીધી અને તે આવું કાર્ય કરવા ઉઠયો. જયાં એ ફાંસો ખાવા જાય છે ત્યાં અદૃશ્ય દોરડું તૂટી ગયું ને તે બચી ગયો. ભોંય પડીને બોલવા લાગ્યો કે આ સ્વાર્થી દુનિયામાં પાપી પેટને ભરવા માટે હવે મારે નથી જીવવું... નથી જીવવું. મારા પ્રાણને બચાવવા પાશથી મુકત કરનાર હે વિધાતા! પાપી નિર્ધનને બચાવીને તું શું કરીશ? પૈસા વિનાના પ્રાણીની આ દુનિયામાં કિંમત કયાં છે?

દેવે કહ્યું કે હે પુરૂષ! તારું પુણ્ય જાગ્યું છે. તારા પાપી પેટની ચિંતા તું છોડી દે. તારા પ્રાણનું રક્ષણ કરવા હું તારા ઉપર પ્રસન્ન થયો છું. માંગ....માંગ. દેવના દર્શન કદાપિ નિષ્ફળ જતા નથી. પ્રસન્ન થયેલા દેવના વચન સાંભળી ધનાલાલની પ્રકૃતિ પ્રભાતના ખીલેલા પુષ્પની જેમ પ્રફુલ્લિત બનીને બોલી ઉઠી હે મારા દેવ! આપ મારા ઉપર પ્રસન્ન થયા છો એ મારા પરમ અહોભાગ્ય છે. મારે સુખ જોઇએ છે. હું દુઃખથી

કંટાળી ગયો છું. તેથી હું પ્રાણ તજવા તૈયાર થયો હતો. આપને મને સુખી કરવો છે તો થોડો સમય મને આપો. તો હું સુખ શોધીને આવું ને પછી હું માંગીશ. તથાસ્તુ કહી દેવ અદૃશ્ય થઈ ગયા.

ધનાલાલ તો ઉપડયા. એક મોટી હવેલીમાં તેના વૈભવ વિલાસો જોઈને તેનું મન નાચી ઉઠયું. અહાહા! બસ, મારે આવું સુખ જોઈએ છે. ત્યાં અંદરથી એક રૂદનનો સૂર સંભળાયો. અરે, હું આવા સુખ પાંછળ દિંગ બનું છું તો અંદર કોણ રડે છે? ત્યારે અંદર કોઈ બાઈને જોઈને પૂછયું - અરે બહેન! તમારે આટલું બધું સુખ છે છતાં આટલું બધું કેમ રડો છો? અરે ભાઈ! મને સુખ-શાંતિ દેનાર કોઈ નથી. આ બધું સુખ અંગાર જેવું છે. માનવીના પડછાયા જેવું છે, કારણ કે સુખ પાછળ દુઃખનો દરિયો આવી રહેલો છે. મારા પતિ સંસાર સુખ તજી સ્વર્ગગમન કરી ગયા છે. કહે ભાઈ! તું એને સુખ માને કે દુઃખ? અરે, બહેન! એને સુખ કહેવાય! એ તો દુઃખ જ કહેવાય.

ધનાલાલ આગળ જાય છે. ફરીને બીજો બંગલો દેખે છે. ત્યાં શેઠ-શેઠાણીને રડતા જુએ છે. શેઠને પૂછે છે - અરે! તમે આટલા બધા સુખી છો ને રડો છો કેમ? અરે! ભાઈ! હું સુખી નથી. મેં પૈસો ભેગો કરવા લોહીના ટીપા પાડયા છે. પારાવાર પાપ કર્યું છે. પરલોકનો વિચાર નથી કર્યો, તિજોરીઓ તર ભરી છે. પુત્રના પારણાની પાછળ આશામાં ને આશામાં હું વૃદ્ધ બન્યો પણ હજુ મારે ઘેર દીકરો નથી. આ સંસાર મધુબિંદુ જેવો છે. તેમાં સુખની આશા રાખવી તે મૂર્ખાઈ છે. જન્મ-મરણ-સંયોગ-વિયોગ, અને સુખ-દુઃખની ઘટમાળથી ભરેલો આ સંસાર તેને સુખમય માનવો તે મહામૂર્ખતા છે. બંધુઓ! આ બધી વાત તમને સમજાય છે ને? જ્યાં સુધી તમારા હૈયામાં સંસાર ખટકશે નહિ ત્યાં સુધી દોડધામ અટકશે નહિ. જ્યાં સુધી દોડધામ અટકશે નહિ ત્યાં સુધી રખડપટ્ટી પૂરી થશે નહિ. આ બધું વિચારતાં ધનાલાલનું મન ચગડોળે ચઢયું. અહો! આ સંસાર દુઃખથી ભરેલો છે. તેમાં સુખ શોધવું તે મૂર્ખાઈ છે છેવટે તેને વૈરાગ્ય આવે છે ને દીક્ષા લે છે.

ધનાલાલને સાચું સુખ સમજાઈ ગયું. તેને એ જ્ઞાન થયું કે સાચું સુખ ત્યાગમાં છે પણ સંસારમાં નથી. તેનું અજ્ઞાન દૂર થયું ને આત્મજ્ઞાન થતાં સંયમ માર્ગે પ્રયાણ કર્યું. આત્મજ્ઞાન એ ઝગહળતો દિપક છે ને અજ્ઞાન એ અંધકાર છે. જ્ઞાની આત્માઓની રગે રગે ધર્મ રૂચેલો હોય છે. પ્રાણ કરતાં પણ ધર્મપ્રિય હોય છે. ગમે તેટલું તેને સુખ મળે પણ તે ધર્મનો ત્યાગ કરીને સુખ મેળવવા ઇચ્છતા નથી. તમને ધર્મ તો ગમે છે ને? ધર્મ વહાલો છે ને? પણ કેવો વહાલો છે એ સમય આવ્યે ખબર પડે.

એક વખત એક મદારી બે માંકડા લઈને કોઈ ગામમાં વેચવા માટે આવ્યો. ફરતો ફરતો નાના રાજાના દરબારમાં પહોંચી ગયો. રાજાને કહ્યું સાહેબ! મારા આ બે

માંકડા ખરીદો. તમને ખૂબ ઉપયોગી થશે. ત્યારે રાજાએ પૂછયું, માંકડા મારે શું ઉપયોગી થશે? ત્યારે મદારી કહે કે સાહેબ! એક તમારી ચોકી કરશે ને એક મશાલ પકડીને ઉભું રહેશે. રાજાને થયું ઠીક, મારે ચોકીદારનો પગાર બચી જશે. એટલે બંને માંકડા ખરીદી લીધા. રાત્રે એક રાજાની ચોકી ભરે ને બીજું મશાલ પકડીને ઉભું રહે. બરાબર એક મહિના સુધી માંકડાએ આ કામ કર્યું. રાજાને આ જોઈને ખૂબ આનંદ થયો કે અહો! મદારીએ કેવી સરસ ટ્રેઈનીંગ આપી છે. તે માણસની માફક કામ કરે છે. મારે તો પગાર બચી ગયો?

એક વખત રાત્રે એક માંકડુ ચોકી કરે છે ને બીજું મશાલ પકડીને ઉભું છે. સમય થતાં રાજા ઉંઘી ગયા. રાતના રાજાનો નોકર કેરીનો કરંડીયો લઈને મહેલમાં આવ્યો. અને રાજાના રૂમની બહાર અજવાળું પડતું હતું ત્યાં કેરીઓ જોવા બેઠો. કે કેટલી કેરીઓ પાકી છે ને કેટલી બગડી ગયેલી છે. સારી અને બગડેલી કેરીઓ જુદી કરવા લાગ્યો. કેરીઓ જોઈને માંકડાનું મન લલચાયું. માંકડાએ મશાલ રાજાના ઉપર ફેંકી દીધી ને ચોકી કરનાર પણ ચોકી કરવી છોડી કેરી લેવા માટે દોડી ગયો. રાજા ઉપર સળગતી મશાલ પડતા તેની શાલ સળગી. રાજા એકદમ જાગી ગયા તો બચી ગયા. પણ માંકડાને મન રાજાની કિંમત કેટલી હતી? જ્યાં સુધી કેરી ન્હોતી જોઈ ત્યાં સુધી રાજાનું રક્ષણ કર્યું પણ કેરી મળતાં રાજા બળી જશે કે તેનું શું થશે તેની પરવા ન કરી.

આ દૃષ્ટાંત મારે તમારા ઉપર ઉતારવું છે. દેવાનુપ્રિયો! સામાયિક કરવા માટે હાથમાં પથરણાની થેલી લઈને ઉપાશ્રયે આવવા તૈયાર થયા. પણ દીકરો કહે કે બાપુજી! આજે તો દુકાને તમારું જ કામ છે. આજે મોટો વહેપારી આવવાનો છે. જો તમે હશો તો મોટો સોદો થશે ને તેમાં નફો થશે. ત્યારે તમે શું કરશો? પથરણાની થેલી મૂકી દેશો કે ઉપાશ્રયે આવશો? બોલો. તે વખતે તો પથરણાની થેલી ખીંટીએ ભરાવી દેશો. ઉપાશ્રયે તો કાલે જવાશે પણ આવો વહેપારી કાલે હાથમાં નહિ આવે. (હસાહસ). બોલો હવે તમારામાં ને માંકડામાં કંઈ ફેર ખરો? મારે તમને માંકડા નથી કહેવા પણ તમારી જાતે તમે સમજી લેજો. એ તો બિચારા તિર્યંચ જાતિ હતા પણ તમે તો બુદ્ધિવાન મનુષ્ય છો ને! એને કેરી મળતાં રાજા ઉપર મશાલ ફેંકીને કેરી લેવા દોડયો કારણ કે એને રાજાની કિંમત સમજાઈ ન હતી. તેમ તમને પણ જેટલી ધનની કિંમત સમજાઈ છે તેટલી ધર્મની કિંમત સમજાઈ નથી, જો ધન કરતાં ધર્મની કિંમત વધુ આંકી હોત તો પથરણાની થેલી ખીંટીએ ભરાવી દેત નહિ. પહેલા સામાયિક કરી લઉં. પછી દુકાને જઈશ. જે ભાગ્યમાં હશે તે મળશે. આનું નામ ધર્મની કિંમત સમજ્યા કહેવાય. કર્મ ક્યારે ઉદયમાં આવશે ને આયુષ્ય કયારે પૂરૂં થશે તેની તમને ખબર નથી. માટે બને

તેટલી ધર્મ આરાધના કરી લો. જો આત્માને ભયંકર આપત્તિમાંથી બચાવનાર કોઈ હોય તો તે ધર્મ છે.

અનાથી નિર્ગ્રંથના ગાઢ કર્મનો ઉદય થતાં રોગ આવ્યો. તેમને કોઈ રોગથી મુક્ત કરવા સમર્થ ન થયું ત્યારે અનાથી મુનિએ સંકલ્પ કર્યો કે જો હું આ રોગથી એક વાર મુક્ત થઉં તો કષાય રહિત, ક્ષમાવાન અને આરંભથી રહિત સાધુ બનું. સંયમ ધર્મનું શરણું સ્વીકારું. કારણ કે ધર્મ વિના શાંતિ મળવાની નથી. એમ સમજીને સંકલ્પ કર્યો. અનાથી મુનિ શ્રેણીક રાજાને કહે છે :-

**एवं च चिन्तइत्ताणं, पसुत्तोमि नराहिवा ।**
**परियत्तन्तीए राईए, वेयणा मे खयंगया ।।**

ઉત્ત. સૂ. અ. ૨૦, ગાથા ૩૩

હે રાજન્! હું આ રીતે નિશ્ચય કરીને સૂતો કે તરત મારી આંખ મીંચાઈ ગઈ. ખૂબ વેદના થતી હતી તેના કારણે નિદ્રા આવતી ન હતી. રાત તો દિવસથી પણ લાંબી લાગતી હતી. આંખો મટકું પણ મારતી ન હતી. તેના બદલે સંયમ લેવાની ભાવના ભાવી કે તરત સૂતા વેંત નિદ્રા આવી ગઈ. જ્યાં જાગૃત થયો ત્યાં જાણે મને કોઈ રોગ ન હોય તેમ સર્વ પીડા નાશ થઈ ગઈ.

હે રાજન્! બન્યું એમ કે જેમ જેમ રાત્રી વ્યતીત થતી ગઈ તેમ તેમ મારી વેદના ઘટતાં ઘટતાં પ્રભાત થતાં બધી શાંત થઈ ગઈ. દ્રવ્યરાત્રી વીતતાં ભાવરાત્રી રૂપી અજ્ઞાન ટળવા લાગ્યું. ટળતાં ટળતાં જ્ઞાનરૂપી પરોઢ પ્રગટયું. દ્રવ્યરાત ગઈ ત્યાં કારમી વેદના ગઈ ને ભાવરાત્રીરૂપી અજ્ઞાન ટળતાં અંતરનો મેલ ધોવાઈ ગયો. દ્રવ્યે સૂર્ય ઉગ્યો અને ભાવે સમ્યક્ત્વ રૂપી સૂર્યનો પ્રકાશ થયો. એટલે આત્માની શાંતિ પ્રાપ્ત થઈ. હું ઘણાં દિવસથી ઉંઘ્યો ન હતો. તેથી મને નિદ્રા આવી જવાથી બધાને ખૂબ આનંદ થયો. હું તો ઉંઘી ગયો હતો છતાં તે બધા જાગતા બેસી રહીને મારી રક્ષા કરતા હતા. હું જાગૃત થયો. મારી વેદના શાંત થવાથી મારું મુખ પ્રફુલ્લિત હતું. તે જોતાં તે બધાને જાણે નવું જીવન આવ્યું હોય તેમ આનંદમાં આવી ગયા ને મારા માતા-પિતા પૂછવા લાગ્યા કે બેટા? તને કેમ છે! ભાઈ-બહેનો કહે છે વીરા? કેમ છે? ને પત્ની પૂછે કે સ્વામીનાથ! કેમ છે? બધા એકી સાથે પૂછવા લાગ્યા ત્યારે મેં જવાબ આપ્યો. કે મને તદ્દન સારું છે. મને કોઈ જાતની વેદના થતી નથી. ત્યારે માતા કહે છે બેટા! મેં અમુક દેવની માન્યતા માની હતી. તે આજે ફળી. ભાઈ-બહેનો કહે કે અમે ખરા દિલથી સેવા કરી હતી તે સફળ થઈ. પત્ની કહે મેં બધી ચીજોનો ત્યાગ કર્યો હતો ને હું તમારે માટે રોજ પ્રભુને પ્રાર્થના કરતી હતી. તે મારો પોકાર પ્રભુએ સાંભળ્યો. ત્યારે વૈદો અને ડાકટરો કહે કે અમારા ઈલાજોની અસર થઈ. તેથી ભાઈને સારું થયું. સૌ પોતપોતાની રીતે

કહેવા લાગ્યા. ત્યારે મેં કહ્યું કે જુઓ, તમે બધા આટલા દિવસથી બધું કરો છો ખરું ને? તમે કેટલા દિવસથી દેવની માનતા માની છે! ત્યારે કહે તમે બિમાર પડયા ત્યારથી તો આટલા દિવસ થઇ ગયા છતાં તલમાત્ર મારી વેદના ઓછી થઇ ન હતી. તે હકીકત છે ને? બધા કહે-હા. તો મેં ગઇરાત્રે એક દેવની માનતા માની છે ને સંકલ્પ કર્યો છે કે જો મારો રોગ મટે તો મારે આમ કરવું. સંકલ્પ કર્યો કે તરત મને ઉંઘ આવી ગઇ છે. તો બોલો. મારા દેવને પ્રસન્ન કરવા મારો સંકલ્પ પૂર્ણ કરવામાં તમે બધા સાથ આપશો ને? સર્વ પ્રથમ મા-બાપને પૂછયું કે મારી માનતા પૂરી કરવામાં તમારી સંમતિ છે ને? માતા-પિતાએ કહ્યું કે બેટા! તું સાજો થયો તે અમારે મન મોટો લાભ છે. તારો જે સંકલ્પ હશે તે પૂરો કરવામાં અમારો પૂરો સાથ છે. આ રીતે ભાઇઓ, બહેનો, પત્ની બધાને પૂછતાં દરેકે મારો સંકલ્પ પૂરો કરવામાં સંમતિ આપી. વધુ પછી વિચારીશું.

આયંબીલ તપનો મહિમા કેવો છે તે વાત થોડી સમજાવું. ગઇ કાલની અધુરી વાત છે. શ્રીપાળ રાજા સહિત ૫૦૦ કોઢીયાનો રોગ આયંબીલ તપની આરાધના કરવાથી મટી ગયો. કોઢ મટી જવાથી શ્રીપાળનું સૌંદર્ય એવું ખીલી ઉઠયું હતું કે જાણે દેવકુમાર ન હોય! તેવો શોભતો હતો. મયણાસુંદરી તેના પતિ સાથે મહારાજનું વ્યાખ્યાન સાંભળવા ગઇ હતી. તેની માતા પણ વ્યાખ્યાનમાં આવી હતી. તેણે પોતાની પુત્રી મયણાસુંદરીને જોઇને તેની આંખમાં હર્ષના આંસુ આવી ગયા પણ તેની સાથે કોઇ સૌંદર્યવાન પુરૂષને જોઇને ક્રોધ આવી ગયો. અહો કુલખંપણ! તું ધર્મને ખાતર રાજયના સુખો છોડીને એક કોઢીયા સાથે પરણી. અને હવે તે કોઢીયાને છોડીને બીજા પુરૂષના પ્રેમમાં પડી ગઈ લાગે છે. ધિક્કાર છે મને કે મેં જે પુત્રીને જન્મ આપ્યો તે આવી કુલટા નીકળી? આના કરતાં તો હું વાંઝણી રહી હોત તો સારું હતું. તેને પરાયા પુરૂષ સાથે આવેલી જોઇને મારું કાળજું બળી જાય છે. હમણાં ઘેર જઇને મારા ભાઇને વાત કરું ને એક તલવારના ઝાટકે આના બે ટુકડા કરાવી નાંખું. આ રીતે મનમાં વિચાર કરતી હતી. સંત મુનિરાજ તેની માતાના મુખ ઉપરના ભાવ સમજી ગયા. વ્યાખ્યાન પૂરું થયા પછી કહે છે બહેન! તું ક્રોધ ન કરીશ. તારી દીકરી સતી છે. તેણે જૈન ધર્મનો મહિમા વધાર્યો છે.

માતા કહે છે, મહારાજ! તે સતી નથી કુસતી છે. એના બાપે એને કોઢીયા સાથે પરણાવી હતી. તેના રોષથી હું મારા પિયર આવીને રહી છું ને એ તો રાજકુંવર જેવા બીજા કોઇ પુરૂષને લઇને ફરે છે. સંતે મયણાની માતાને કહ્યું કે આ તે જ કોઢીયો છે. એ તો રાજકુંવર હતો પણ કર્મના સંયોગથી કોઢીયો બન્યો હતો. તેમણે ખૂબ શ્રદ્ધાપૂર્વક શુદ્ધ ભાવથી આયંબિલની ઓળી કરી. નવપદની આરાધના કરી. તેના પ્રભાવથી તેનો રોગ

મટી ગયો છે. આ બધો આયંબીલ તપનો પ્રભાવ છે. જ્યારે સંતના મુખેથી સત્ય હકીકત જાણી ત્યારે માતાના હર્ષનો પાર ન રહ્યો. તે દીકરીને ભેટી પડીને બોલી. - અહો મારી વહાલી દીકરીએ તો મારા કુળને ઉજ્જવળ બનાવ્યું છે. બંધુઓ! બાપે જેને કોઢીયા સાથે પરણાવી તે મહાન સુખી બની ગઈ ને જેને રાજકુમાર સાથે પરણાવી હતી તે મહાન દુઃખી બની ગઈ. એ વાત ઘણી લાંબી છે. આપણે તો આયંબીલ તપનો મહિમા કેવો છે તે વાત સમજવી છે. આયંબીલ તપના પ્રભાવથી મહાન લાભ થાય છે. ચીકણા કર્મો ખપી જાય છે. સ્વાદ જીતાય છે. આત્માનો સ્વભાવ અણાહારક છે. દેહનું પોષણ કરવા માટે ખાવાનું છે તેમાં જીભના સ્વાદ કરવાના ના હોય. માટે શુદ્ધ ભાવથી નવપદની આરાધના કરો. હવે થોડી વાર અંજના સતીને યાદ કરીએ.

**ચરિત્ર : અંજના સતીને મામા મામીનો મેળાપ :** અંજના સતીને તેના મામા મળ્યા એટલે હવે દુઃખનો અંત આવી ગયો. અંજનાને મામા - મામી મળતાં તેમને નાના બાળકની જેમ વળગી પડી. મામા પૂછે છે બેટા! તું આ વગડામાં ક્યાંથી? તારી આ દશા કેમ? ત્યારે બધી વાત કરી. દીકરી! સાસરે આમ થયું પણ તારા પિયર જવું હતું ને? અહીં એકલી કેમ આવી? ત્યારે અંજનાએ કહ્યું– મામા! મારા દુઃખની શી વાત કરું? મારા માતા–પિતાનો શું દોષ? મારા કર્મનો એવો ઉદય હશે કે જેથી માતા–પિતા કે ભાઈ–ભાભીઓએ કોઈએ મારા સામું ન જોયું. અરે, પીવા પાણી પણ ન આપ્યું ને ગામમાં આણ દેવરાવી કે કોઈએ અંજનાને પાણી પણ પાવું નહિ. એટલે હું વનની વાટે ચાલી નીકળી. મામા તેના માથે હાથ મૂકીને કહે છે બેટા! હવે રડીશ નહિ. કાલે તારું દુઃખ મટી જશે. એમ કહી બધા વિમાનમાં બેઠા.

**વિમાને બેસાડી રે સંચર્યા, અંજનાને ઉત્સંગે હનુમાન કુમાર તો,**
**દીઠા જબ મોતીના ઝુમખા, ઉછલી અંચલ દીધી છે ફાળ તો,**
**તોડી મોતીને ભૂમ પડયો, અંજના મૂર્છિત શુદ્ધ નહીં સાર તો**
**મામોજી પુત્ર લઈ પાછો વળ્યો, આપ્યો અંજનાને તેણી વાર તો...સતી રે...**

મામા–મામી, અંજના, વસંતમાલા બધા વિમાનમાં બેસી ગયા. નાનકડો બાલુડો અંજનાના ખોળામાં સૂતો હતો. વિમાનમાં મોતીના ઝુમ્મર લટકાવેલા હતા. રમતાં રમતાં બાળકની નજર મોતીના ઝુમ્મર ઉપર ગઈ. એટલે તે લેવા માટે હનુમાન અંજનાના ખોળામાંથી ઉછળ્યો ને મોતીનું ઝુમ્મર તોડીને વિમાનની બારીમાંથી ઉછળીને નીચે પડયો.

બંધુઓ! બે દિવસના બાલુડામાં કેટલી તાકાત છે! આ હનુમાનમાં આવું બળ ક્યાંથી આવ્યું? શનિવારે હનુમાનને તેલ ચઢાવતા હો તો વિચાર કરજો. તેલ ચઢાવે બળ નહિ આવે. બાર બાર વર્ષ સુધી સતત બ્રહ્મચર્યના પાલન પછી હનુમાનનો જન્મ થયો હતો. જેના માતા-પિતા બને તેટલું બ્રહ્મચર્યનું વધુ પાલન કરે તેના બાળકો વધુ

શકિતશાળી હોય છે. માટે જો તમારે તાકાત જોઇતી હોય તો બને તેટલું બ્રહ્મચર્યનું પાલન કરો.

હનુમાનકુમાર વિમાનમાંથી નીચે પડી ગયો. આ જોઇને અંજના તો બેભાન બની ગઇ. અહો! જે પુત્રનું મુખ જોઇને હું આનંદ પામતી હતી. જેના ઉપર મારી આશાના મિનારા બંધાયા હતા તે પડી ગયા. તેનું શું થયું હશે? પવનજી આવશે ત્યારે હું શું જવાબ આપીશ? એ મને કહેશે કે તારાથી એક બાળક ન સચવાયો? મને ઠપકો આપશે. આ રીતે એક સાથે અંજનાને ઘણાં વિચારો આવી ગયા. આ વિચારે તે બેભાન થઇ ગઈ. મામાએ તરત પોતાનું વિમાન નીચે ઉતાર્યું ને પુત્રને શોધવા લાગ્યા. હનુમાન વિમાનમાંથી એક ઝાડ ઉપર પડેલો. એટલે ઝાડની ડાળ તૂટી ને પછી એક મોટી શીલા ઉપર પડયો, તો શીલાના બે ટુકડા થઇ ગયા. પણ હનુમાન ખૂબ પુણ્યવાન આત્મા હતો. તેના શરીરને સ્હેજ પણ ઇજા ન થઇ. એના હાડકામાં ફ્રેકચર પણ ન થયું. ને આપણે તો સ્હેજ ઉંચેથી પડીએ તો હાડકા ભાંગી જાય, મામા શોધતાં શોધતાં ત્યાં આવ્યાં. જોયું તો બાળકે શીલાના બે કટકા કરી નાંખ્યા છે. જઇને જુએ તો ફૂલ જેવો બાળક મોઢામાં અંગુઠો લઇને ચૂસે છે. મામાએ શીલા માંડ માંડ દૂર કરીને બાળકને ત્યાંથી ઉપાડીને વિમાનમાં લઇ ગયા. જ્યારે પડયો ત્યારે મામા મામીના પણ હોશકોશ ઉડી ગયા હતા. જો બાળકને કંઈ થશે તો આપણે શું કરીશું? પણ જીવતો મળ્યો એટલે સૌને આનંદ થયો. બાળકનું તેજ અને બળ જોઇને મામા પણ ચકિત થઇ ગયા છે. હવે મામાના ગામમાં આવશે ને ત્યાં શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં. ૭૫

**આસો સુદ ૧૦ ને મંગળવાર** **તા. ૧૪-૧૦-૭૫**

અનંત કરૂણાનીધિ, સમતાના સાગર, ભગવંતે ભવ્ય જીવોના કલ્યાણ માટે સિદ્ધાંત પ્રરૂપ્યા. ભગવંતની વાણી અનંત ભાવોથી ભરેલી છે. એ અપૂર્વ ને અલૌકિક વાણીનું પાન કરનાર આત્મા ભવરોગમાંથી મુકત બને છે. જ્યારે જે વસ્તુનું પ્રતિપાદન કરવામાં આવતું હોય તે વસ્તુ અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ અને અસંભવ દોષથી રહિત હોવી જોઇએ. જ્યારે જીવનું લક્ષણ બતાવવામાં આવે ત્યારે આ ત્રણ દોષ માંહેનો એક પણ દોષ ન હોવો જોઇએ. જો એક પણ દોષ સંભવતો હોય તો તે લક્ષણ દૂષિત કહેવાય. દા. ત. જીવનું લક્ષણ ચૈતન્ય છે. તો ચૈતન્ય ગુણ વિનાનો એક પણ જીવ ન હોઇ શકે. જ્યાં જીવ છે ત્યાં ચૈતન્ય અવશ્ય હોય છે. જીવ ગમે તેટલા કર્મોથી ઘેરાઇ ગયેલો હોય તો પણ તેનો ચૈતન્ય ગુણ અવશય નહિ. નિગોદથી માંડીને સિદ્ધના જીવોમાં ચૈતન્ય

ગુણ તો વિદ્યમાન હોય જ. જેના હૃદયમાં આવી દૃઢ શ્રદ્ધા છે તે જીવ વીતરાગ કથિત વાણી સાંભળીને જીવનમાં તેનું આચરણ કરી શકે છે.

જે જીવો સંસાર સુખના વિષયોમાં આસક્ત બનેલા છે એને વીતરાગ કથિત ધર્મ ઉપર રૂચી થતી નથી. રૂચી જાગે તો સુખ અને દુઃખ બંને અવસ્થામાં ધર્મ ગમે છે. પણ જેને સંસારના સુખો તરફની ગાઢ રૂચી છે તેમને ધર્મના પંથે વાળવા પ્રયત્ન કરીએ તો કદાચ ધર્મ કરે ખરો પણ સંસારના સુખની આકાંક્ષાથી કરે છે. જો નસીબયોગે ધર્મના પંથે વળ્યા ને સંસારનું સુખ મળી જાય તો તે ધર્મ સંસારના સુખ માટે કરે. આવા જીવો ધર્મીષ્ટ હોવા છતાં દયાને પાત્ર છે. જ્ઞાની કહે છે ધર્મ કરો તે સમજણ-પૂર્વક કરો. ભોગનો રોગ ભોગથી શાંત નહિ થાય. જેમ કોઈ બાળકને ઉંટાટીયો (મોટી ઉધરસ) થઈ હોય ને તે સાકર કે પતાસું ખાવા માટે ગમે તેટલું રડે તો શું તેની માતા આપશે ખરી? કોઈને સંગ્રહણીનો રોગ થયો હોય ને તે સંગ્રહણીનો દર્દી દૂધ પીવા માંગે તો તેના હિતસ્વીઓ આપશે ખરા? (શ્રોતામાંથી જવાબ:- ના.) કેમ નથી આપતા? દર્દી પ્રત્યેની લાગણી ને કરૂણા છે. તે વસ્તુઓ તેના રોગ ઉપર ઝેર જેવી છે. માટે તેનું હિત ઇચ્છીને આપતા નથી. તેમ તમારા સદ્દગુરૂઓ પણ તમારી સાચી માતા બનીને ભવરોગની વૃદ્ધિ ન થાય તે માટે ભોગ-વિષય આદિ અપથ્યકારી વસ્તુઓનું સેવન કરવાની તમને ના પાડે છે. ધર્મના ઉપદેશક ભગવાન અને તેમના સંતોની દયા એ ફક્ત દ્રવ્ય દયા નથી પણ ભાવ દયા છે.

જે આત્માઓ એમ સમજે છે કે મોક્ષમાં જવા માટે ધર્મ એ ઉત્તમ સાધન છે તે સાચો જ્ઞાની છે. જ્યાં સુધી સંસાર દાવાનળ જેવો ન લાગે અને મોક્ષની રૂચી ન જાગે ત્યાં સુધી બધું બેકાર છે. માટે આ સંસારનું ભયાનક સ્વરૂપ નિહાળીને પણ મોક્ષની રૂચી પ્રગટાવો, તમને ભૂખ ન લાગે તો ભારે ભારે ભસ્મ તથા દવાઓ ખાઈને પણ ખાવાની રૂચી થાય તેવા તમે પ્રયત્નો કરો છો ને? હા. તો પછી મોક્ષની રૂચી કેમ નથી જગાડતા! વિચાર કરો મોક્ષમાં કેવી મસ્તી છે! કેવો આનંદ છે ને કેવું શાશ્વતું સુખ છે! એક વખત ગમે તેમ કરીને શ્રદ્ધા પ્રગટ કરવાની જરૂર છે.

નાના બાળકને દર્દ થાય ત્યારે તેની મા તેને દવા પીવડાવવા માટે કેટલા વાના કરે છે. ખૂબ સમજાવવા છતાં જો ન પીવે તો તેનું નાક દબાવીને મોઢું પહોળું કરીને દવા રેડી દે છે. તેમ જો તમને મોક્ષની વાતોમાં મજા ન આવતી હોય તો તમારા ધર્મગુરૂઓ અનેક પ્રકારે મોક્ષની અકસીર દવા ધર્મ છે તેની રૂચી કરાવવા મહેનત કરે છે. બોલો, હવે શું છે? (સભા:-મોક્ષના સુખ પ્રત્યક્ષ દેખાય તો શ્રદ્ધા થાય ને?) તો હું તમને પૂછું છું કે તમને મોક્ષના સુખો પ્રત્યક્ષ નથી દેખાતા પણ તમારા સળગતા સંસારના દુઃખોની સજા તો પ્રત્યક્ષ દેખાય છે ને? સંસાર કેવો સળગી રહ્યો છે! તમને

ક્યાંય સુખ દેખાય છે? કોઇ વાતે તમે સુખી છો? તમારા પૂણ્યોદયે મળેલું સુખ પણ સરકાર ક્યાં સુખે ભોગવવા દે છે? છતાં સુખ માનીને બેસી ગયા છો. આવા દુઃખથી ભરેલા સંસારના સુખ માટે અમૂલ્ય શક્તિ અને સમય ખર્ચી રહ્યા છો. પણ ધર્મ માટે ખર્ચો છો? આજે તો ધર્મનું સ્થાન ક્યાં રાખ્યું છે?

માની લો કે તમારા ઘેર દીકરાના લગ્ન છે. ખૂબ સુખી છો. સમાજમાં તમારું માન પણ ઘણું છે. એટલે લગ્ન પ્રસંગે ભારતના વડાપ્રધાનને લગ્નમાં આવવાનું આમંત્રણ આપ્યું છે. તમે વડાપ્રધાનને આમંત્રણ આપો એટલે વડાપ્રધાન એકલા ન આવે પણ તેની પાછળ તો તેના પહેરેગીરો, પોલીસો ને પટ્ટાવાળા બધા આવે ને? હવે સાચું બોલો-તમે પહેલાં કોનું સ્વાગત કરશો? પહેલાં તો વડાપ્રધાનનું સ્વાગત થાય પછી નાના અમલદારો અને પોલીસો વિગેરેનું થાય. હવે તમે કહો કે તમારા અંતરમાં પહેલું સ્થાન કોનું છે? સંસારના વ્યવહારનું કે ધર્મનું? આજે દશેરાનો દિવસ છે. ઘણી જગ્યાએ ચાંલ્લા આદિ સંસારના શુભ પ્રસંગો હશે. ગામમાં સંતો પણ બિરાજે છે. આયંબીલની ઓળીની આરાધનાના પવિત્ર દિવસો ચાલે છે. તો તમે પહેલાં ધર્મસ્થાનકે આવશો કે ચાંલ્લામાં જશો? બોલો. પહેલા ચાંલ્લામાં. નવરા પડો ત્યારે ઉપાશ્રયમાં. કેમ ખરું ને? (શ્રોતામાંથી અવાજ:–ના, એવું નથી.) મને તો લાગે છે કે રવીવારે પણ કોઇ પ્રસંગ આવી જાય તો અહીં પણ આવવાનું બંધ રહે. એક કવિએ કહ્યું છે:–

**હું તને ભજું છું રવીવારે, બાકી ક્યાં છે સમય પ્રભુ મારે,**
**આમ તો હંમેશા સ્થાનકે આવું, આવું તેવો પાછો સીધાવું,**
**બે ઘડી બેસું છું રવીવારે, બાકી ક્યાં છે સમય પ્રભુ મારે....હું તને....**

કદાચ મારા જેવાએ બાધા આપી કે તમારે રોજ દર્શન કરવા આવવું. તો પરાણે આવે ખરા પણ ઉભા ઉભા દર્શન કરીને ચાલતા થઈ જાય. પણ જો વ્યાખ્યાન સાંભળવું હોય તો રવીવારે. કોઇના લગ્ન, ચાંલ્લા કે પાર્ટીમાં જવાનું આમંત્રણ આવ્યું તો પછી પહેલા ત્યાં. એટલે એનો અર્થ એવો થાય ને કે દેવ-ગુરૂ અને ધર્મ એ ત્રણેનું સ્થાન પટ્ટાવાળા જેવું છે ને? આ તે ધર્મ પ્રત્યેનો પ્રેમ કહેવાય? જો સાચો ધર્મ સમજ્યા હો તો તમારી માન્યતા બદલી નાંખો. શ્રદ્ધાનો રણકાર જ્યારે જાગશે. ત્યારે તમારી દશા જુદી હશે! તમને અત્યારે એમ લાગે છે ને કે બંગલો, ગાડી, મોટર, રસોઇયા, એરકંડીશન રૂમ બધું છે એટલે હું સુખી છું. પણ જ્યારે તમારી માન્યતા બદલાશે ત્યારે એમ થશે કે આ બધું શરીરને સુખ આપશે પણ મારા આત્માને સુખ નહિ આપી શકે. આત્માને તો ધર્મદ્વારા સુખ મળશે. આ બધી મમતા ખોટી છે.

બંધુઓ! જ્યાં સુધી રાગ અને દ્વેષ નથી છૂટયા ત્યાં સુધી મમતા છે. હા, કદાચ

મમતા પણ છૂટી જાય. પણ જો મમત નહિ છૂટે તો કલ્યાણ નથી. મમતા કરતાં મમત ખરાબ છે. મમત તો પહેલાં ગુણસ્થાનકથી આગળ વધવા નહિ દે. આ જગતમાં ઘણાં વિદ્વાનો અને મહાત્માઓ થઇ ગયા. તેઓ સંસારની મમતા ત્યાગી શકયા છે પણ મમત છોડી શકયા નથી. સ્ત્રી પુત્ર, પૈસાનો ત્યાગ કરવો સહેલો છે પણ અસત્ય હોવા છતાં હું જે કહું છું તે સાચું છે એવા કદાગ્રહનો ત્યાગ કરવો મુશ્કેલ છે. ભગવાન મહાવીરસ્વામીના જમાઇ જમાલિકુમાર ભગવાનની વાણી સાંભળીને વૈરાગ્ય પામ્યા. માતા-પિતા, પત્ની અને રાજ્યસાહ્યબીની મમતાના બંધનો પલકારામાં તોડી નાંખ્યા અને સંયમ લઇ મહાન જ્ઞાની બન્યા. પણ ભગવંતે કહ્યું કે "कडेमाणे कडे" કરવા માંડયું ત્યારથી કર્યું કહેવાય. ત્યારે જમાલિએ મિથ્યા માન્યતાના જોરે ભગવાનના વચનને ઉથલાવી નાંખ્યા માટે મહાન પુરુષો કહે છે કે મમતા છોડવી સ્હેલ છે પણ મમત છોડવું મુશ્કેલ છે. મમતા કરતાં મમત વધુ નુકસાન કરનાર છે. માટે પહેલાં મિથ્યા મમતને છોડી દો, તમે માનો છો કે પૈસા છે તો સુખ છે. તે મિથ્યા માન્યતાના દોરડાને વીતરાગ વચનની શ્રદ્ધાના દાતરડા વડે કાપી નાંખો.

ઉત્તરાધ્યયન સૂત્ર ૨૦મું અધ્યયન અનાથી નિર્ગ્રંથને મહાભયંકર વેદના થઈ ત્યારે ભવ્ય વિચારણા થઈ કે અહો! મારા આત્માએ આવી વેદના તો અનંત ભવમાં પરાધીનપણે અનંતી વાર ભોગવી છે. હવે જો એક વાર વેદનાથી મુક્ત થાઉં તો આ જન્મ-જરા-મરણ અને વ્યાધિઓના મૂળને બાળનાર પરમ પાવનકારી પ્રવજ્યાનો સ્વીકાર કરું. આ પ્રમાણે દૃઢ સંકલ્પ કરતાની સાથે વેદના શાંત થઇ ને આત્મસ્વરૂપનું ભાન થયું. આત્મામાં અનોખી જાગૃતિ ને જોમ આવી ગયું. જ્યાં સુધી આપણો ચૈતન્ય દેવ ઊંઘે છે ત્યાં સુધી કર્મો દબાવે છે. પણ પોતાની શક્તિ પ્રગટ કરે છે ત્યારે કર્મની તાકાત નથી કે ઉભા રહી શકે. આત્મારૂપી કેસરી સિંહની સામે કર્મો તો શીયાળીયા જેવા રાંક છે. અનાથી મુનિની વેદના શાંત થઇ ને સુખે ઉંઘ આવી ગઇ. સવાર પડતાં તેમનાં માતા પિતા, ભાઇ, ભાભીઓ, બહેનો અને પત્ની બધા મને કહેવા લાગ્યા કે અમારી બાધા સફળ થઇ. અનાથીમુનિ કહે છે, એમ નથી. મારા દેવની માન્યતા તત્કાળ ફળી છે. બોલો, તમારી માનતા પહેલી કે મારી? બધા કહે છે તમારી પહેલી. તેમાં અમારો સહકાર ને સંમતિ છે.

બંધુઓ! અનાથી મુનિના માતા-પિતા, ભાઇ, બહેનો અને પત્નીને ખબર ન હતી કે તેમની માનતા કેવી છે? એટલે હા પાડી. તેમની પ્રતિજ્ઞા એવી હતી કે મારી વેદના જો આજે રાત્રે મટી જાય તો માતા-પિતા આદિ સ્વજનોની આજ્ઞા લઇને સવારે સંયમ માર્ગનો સ્વીકાર કરવો. નિયમ એટલે નિયમ. પણ કાંઇ ઉપાધિ દેખી એટલે ફરી જવું તેમ નથી.

એક વખત એક ભીલને સંતનો સમાગમ થયો. ને તેણે પ્રતિજ્ઞા કરી, કે મારે ગોળ ખાવો નહિ. થોડા દિવસોમાં ભીલોની ન્યાતમાં જમણવાર થયો. બાર વર્ષે ભીલોની ન્યાતમાં જમણ થતો હોવાથી જમણમાં ગોળના લાડવા બનાવેલા એટલે હવે લાડવા કેવી રીતે ખવાય? તે જમવા ગયો. ભાણામાં લાડવા પીરસાયા. લાડવા જોઇને ભીલનું મન પીગળી ગયું. ત્યારે બાજુમાં બેઠેલો કહે છે અરે, શું જોઇ રહ્યો છે? ખાવા માંડને. ત્યારે કહે છે મારે ગોળની બાધા છે. કેવી રીતે લાડવા ખાઉં? ત્યારે તે કહે છે. હું તને ઉપાય બતાવું તું બાધા બદલી નાખ. ફરીને કયારે જમણવાર થવાનો છે? એટલે પેલો ભીલ કહે છે. અગડ રે અગડ તું મોરી મા. લાડવા ઉપરથી ઉઠીને ભાત ઉપર જા. (હસાહસ). એમ કહીને ભીલે તો ખૂબ લાડવા ખાધા. પછી આવ્યો ભાત. એટલે ભાત ખાવાનું મન થયું. તેથી કહે છે અગડ રે અગડ તું મોરી મા ભાત ઉપરથી ઉઠીને હતી ત્યાં જા. (હસાહસ) એમ કહીને ભાત પણ ખાઇ લીધો. આમ વારાફરતી બાધા ઉઠાડીને બધું ખાઈ લીધું. તમે આવી બાધા તો નથી કરતા ને? નિર્ણય દઢ હોવો જોઈએ.

અનાથી મુનિએ નિર્ણય કર્યો, કે મને રોગ મટી જાય તો સવારે દીક્ષા લઇ લેવી. પછી મુહૂર્તની રાહ જોવા ના રહે. તેથી અનાથી મુનિ બોલ્યા– હે માતા-પિતા! મને અસહ્ય પીડા થતી હતી. એ વેદના કેવી હતી તે તો અનુભવે તે જાણી શકે. તેનું વર્ણન કરી શકું તેમ નથી. હવે મારી વેદના તદ્દન શાંત થઈ ગઇ છે. તમે બધાએ કાળજીપૂર્વક મારી સતત સેવા કરી છે. મારી દવા કરાવવા માટે પાણીની જેમ પૈસા વાપરી નાંખ્યા. મોટા વૈદો અને હકીમોને તેમજ મંત્ર-તંત્રવાદીઓને તેડાવ્યા. કિંમતીમાં કિંમતી દવાઓ મને ખવડાવી છતાં મારું દર્દ મટયું નહિ અરે મટયું તો નહિ પણ જરાયે ઓછું ન થયું એ તો તમે જાણો છો ને? એ સાચી વાત છે ને? બધા એ કહ્યું- હા, એ વાત સાચી છે. તમારા કરેલા બધા ઉપચારો ફેઈલ ગયા. ત્યારે મેં મારા આત્મા સાથે દઢ નિર્ણય કર્યો કે મને કોઇ રોગ મટાડવા સમર્થ ન થયું. તો હવે જો મારો રોગ મટી જાય તો સવાર પડતાં સ્વજનોની આજ્ઞા લઇને સંયમનો સ્વીકાર કરીશ. આવો દઢ નિશ્ચય કરીને હું સૂઇ ગયો. કે તરત મને ઉંઘ આવી ગઈ. ને वेयणा मे खयं गया। મારી વેદના મટી ગઇ. મને મારા આત્મસ્વરૂપનું આ રીતે ભાન થતાં જગત માત્ર ભૂલાઇ ગયું છે માટે મારી આ પ્રતિજ્ઞા પૂરી કરવા મને દીક્ષા લેવાની આજ્ઞા આપો. અનાથી મુનિના આ વચનો સાંભળીને તેમના માતા-પિતાના માથે જાણે વીજળી પડી હોય તેવો અથવા પોતાનું સર્વસ્વ લૂંટાઇ ગયું હોય તેવો આઘાત લાગ્યો. અનાથી મુનિની વાત સાંભળતાં તેમનો રોગ મટયાનો જે આનંદ હતો તે ઉડી ગયો. ને બધાના પગ ઢીલા થઇ ગયા. પણ અનાથીમુનિને દેવ જેવા દેવ ચલાયમાન કરવા આવે તો પણ તેમનું મન ચલાયમાન થવાનું નથી. તે તો આત્માનો વિજય મેળવશે.

તમારે પણ આજે વિજયાદશમીનો પવિત્ર દિવસ છે. તેનું બીજું નામ દશેરા છે.

તેને વિજયનું પર્વ માનવામાં આવે છે. આજના દિવસે ભલાઈએ બૂરાઈ ઉપર વિજય મેળવ્યો હતો. અને નીતિએ અનીતિ ઉપર વિજય મેળવ્યો છે. જે આત્માઓ જગતમાં જન્મીને સદાચારનો દિપક પ્રગટાવી ગયા છે. તેમને પણ યાદ કરવામાં આવે છે. ને જેઓ દુરાચારી જીવન જીવીને દુર્ગુણની દુર્ગંધ ફેલાવી ગયા તેમને પણ યાદ કરાય છે. આજના દિવસ માટે બે વાતો પ્રચલિત છે. કેટલાક એમ કહે છે કે રામે રાવણની સામે તેની દુષ્ટ પ્રકૃતિઓ ઉપર જીત મેળવવા માટે યુદ્ધની શરૂઆત કરી હતી. ને કોઈ એમ કહે છે કે વિજયાદશમીના દિને યુદ્ધની પૂર્ણાહૂતિ થઈ હતી. એમાંથી ગમે તે હોય પણ આજના દિવસે આપણને એ વાત જાણવા મળે છે કે સદાચારે દુરાચાર ઉપર વિજય મેળવ્યો હતો. મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશના ઘણાં ગામોમાં આજના દિવસે ગામની બહાર કાગળથી રાવણનું પૂતળું બનાવીને ઉભું રાખવામાં આવે છે. અને સંધ્યા સમયે ગામના લોકો નાના બાળકથી લઈને વૃદ્ધ સુધીના બધા માણસો સારા સારા કપડા પહેરીને ગામ બહાર જાય છે. નાના નાના બાલુડાને પૂછવામાં આવે કે તમે કયાં જાઓ છો? તો તે અભિમાનથી કહેશે કે અમે રાવણને મારવા જઈએ છીએ. ગામની બહાર રાવણનું વિકરાળ અને વિશાળ પૂતળું ઉભું કર્યું હોય છે. ગામના દરેક માણસો એકેક પથ્થર લઈને રાવણના પૂતળાને મારે છે.

બંધુઓ! આ જગ્યાએ જો સાચો રાવણ હોય તો કોઈની તાકાત છે કે તેની સામે ઉભા રહી શકે! એ નાના બાળકો ગર્વથી એમ બોલે છે કે અમે રાવણને મારી આવ્યા. જે રાવણનો સંહાર કરતાં મહા બળવાન વાસુદેવ એવા લક્ષ્મણને પણ છ મહિના લાગ્યા હતા. તે રાવણને શું નાના બાળકો પથ્થર મારી શકે? પણ રાવણના નામ ઉપર કલંક છે. તમે એટલું તો જરૂર સમજી લેજો કે જેણે જીવનમાંથી સદાચાર વેચી નાંખ્યો તેના નામ ઉપર કોઈ થૂંકવા પણ તૈયાર નહિ થાય. તેને મરી ગયા પછી કોઈ આંસુના બે ટીપા પણ નહિ પાડે. અને જેના જીવનમાં સદાચારની સૌરભ છે તેના સાથીદારો ઘણાં થશે. રાવણના દૃષ્ટાંત ઉપરથી આ વાત આપણે સમજી શકીએ છીએ.

એ રાવણ જયારે સદાચારી હતો ત્યારે સેંકડો રાજાઓના મસ્તક તેના ચરણમાં નમતા હતા. તે જયાં ને ત્યાં વિજયની વરમાળા પહેરીને પાછો ફરતો હતો. એ રાવણ રામની સામે કેમ હારી ગયો? તે તો તમે જાણો છોને? જયારે સતી સીતાનું હરણ કરીને સદાચારની સીમા ઓળંગી ત્યારથી તેના જીવનમાંથી સદાચારનો સૂર્ય અસ્ત થઈ ગયો. તેનો સગો ભાઈ વિભીષણ પણ તેનો ન રહ્યો, પ્રભુ મહાવીર, રામ, કૃષ્ણ, ગાંધીજી આદિ જે જે મહાન પુરૂષો જીવનમાં સદાચારનો સૂર્ય પ્રગટાવી ગયા તેમના જીવનની જગત ગૌરવગાથા ગાય છે. પણ કોઈ રાવણ, કંસ, ગોડસે આદિ વ્યક્તિઓનું નામ લે છે ખરા? આજે માતા પિતા દીકરાનું નામ કોઈ રામ પાડે છે, કૃષ્ણ પાડે છે પણ રાવણ કે કંસ પાડતા નથી. કારણ કે તેના નામ ઉપર પણ જગતને નફરત છે. માટે

મારા બંધુઓ ! તમે પણ તમારા જીવનમાં સત્ય અને સદાચારના સુમનો વિકસાવજો.

આજના દિવસે રાવણને માર્યો એમ લોકો કહે છે પણ આધ્યાત્મિક દૃષ્ટિથી આપણે વિચાર કરીશું તો સમજાશે કે પવિત્ર ભારતભૂમિમાં આજે ત્રણ ત્રણ રાવણો પેદા થયા છે. તેને મારવાનો કોઇ પ્રયત્ન કરે છે ? આ ત્રણ રાવણો કયા છે ? તે તમે જાણો છો ? ભ્રષ્ટાચાર, અનાચાર અને માંસાહાર. આ ત્રણે રાવણોને ખતમ કરવાની તમારામાં તાકાત છે ? ભારતમાંથી આ ત્રણ રાવણ વિદાય નહિ થાય ત્યાં સુધી તેનું ઉત્થાન થવાનું નથી. જો તમારે આ પવિત્ર ભારતભૂમિનું ગૌરવ વધારવું હોય તો આ ત્રણ ભાવ રાવણોનો નાશ કરો.

ફરીને વિચારીએ કે વિજયાદશમી સાચી રીતે ઉજવી ક્યારે ગણાય ? તમે નહિ જીતાયેલો એવો આત્મા, ચાર કાળી કષાયો અને પાંચ ઇન્દ્રિઓ ઉપર વિજય મેળવો ત્યારે સાચી વિજયાદશમી ઉજવી ગણાય. આજના દિવસે ક્ષત્રિયોને આનંદ હોય છે. તો આપણો આત્મા પણ સાચો ક્ષત્રિય બની આ દશ શત્રુ ઉપર વિજય મેળવે તો દુનિયામાં કોઇ તેનો શત્રુ ન રહે. ને વિજયાદશમીનું સાચું મહત્વ સમજ્યા ગણાય.

**ચરિત્ર :- સતી અંજનાને પુત્ર જોયા પછી શાંતિ થઇ :-** હનુમાનકુમાર હજુ તો તરતમાં જન્મેલ છે. છતાં તેનું બળ કેટલું છે ? તેનું મુખ જોઇને મામા તો રાજી રાજી થઇ ગયા. અંજના તો પુત્રના પડી જવાથી બેભાન થઇને પડી હતી.

**બાંહે સાહીને બેઠી કરી, પુત્ર પરિક્ષાનો મહિમા તું જોય તો,**
**દેશ વિદેશે હો હું ભમ્યો, એહવો સબલો ન દીઠો કોય તો,**
**સઘળે શરીરે પ્રાયે ભલો, કારુણિક પુરૂષ કોઇ અવતર્યા સૂર તો,**
**ડાલ ભાંગી રે મહાવૃક્ષની, પથ્થર ભાંગીને કીધો ચકચૂર તો....સતી રે....**

મામા કહે છે બેટા અંજના ! આ તારા પુત્રને લાવ્યો. જ્યાં દીકરાને લાવ્યો એ શબ્દો સાંભળ્યા ત્યાં અંજનાએ આંખ ખોલી. માતાને દીકરા ઉપર કેવું વહાલ હોય છે ! દીકરો માતાને ભૂલે છે પણ માતા દીકરાને ભૂલતી નથી. અંજનાનો હાથ પકડીને વસંતમાલાએ તેને બેઠી કરીને બાળક તેના ખોળામાં આપ્યો. અંજના તેના બાલુડાને નીરખી નીરખીને જુએ છે કે એને કયાંય વાગ્યું તો નથીને ? આટલે ઊંચેથી પડયો. પણ તેના શરીરે લોહીનો તસીયો પણ નથી આવ્યો.

**મામાએ કરેલા વખાણ:-** મામા કહે છે બેટા ! આ તારો દીકરો ખૂબ પ્રભાવશાળી થશે. હું દુનિયા ભરમાં ફર્યો ને ઘણાં બળવાન માણસોને જોયા. પણ આ તારા બાલુડા જેવો બળવાન પુરૂષ જોયો નથી એ કેવો બળવાન છે ! વિમાનમાંથી ઝાડ ઉપર પડયો તો ઝાડની ડાળ ભાંગી ગઇ ને ત્યાંથી શીલા ઉપર પડયો તો કાચનો ગ્લાસ જેમ ચૂરેચૂરા થઇ જાય તેમ શીલાના ભૂક્કા ઉડાડી દીધા. મને તો આનું પરાક્રમ જોઇને નવાઇ લાગે છે.

અત્યારથી આટલો બળવાન છે તો મોટો થતાં કેવો બળવાન થશે? આ દીકરો તારી કુંખને ઉજ્જવળ કરશે ને તેના બાપના કુળને અજવાળશે. એવો પ્રતાપી બનશે. બાપ કરતાં બેટો સવાયો થશે. અંજના પોતાના બાલુડાના વખાણ સાંભળીને હરખાય છે.

બંધુઓ! જો દીકરા સારા પાકે તો તેના મા-બાપનું નામ ઉજ્જવળ કરે છે.

કંઈક જગ્યાએ આપણે જોઈએ છીએ કે મા-બાપના પુણ્ય નથી હોતા. એ સામાન્ય સ્થિતિમાં જીવન પૂરું કરીને ચાલ્યા જાય છે. પણ જો તેનો દીકરો પુણ્યવાન નીકળે તો તેના માતા પિતાનું નામ અમર બનાવે છે. પ્રસંગ આવે ત્યારે બોલાય છે કે આ ફલાણાનો સુપુત્ર છે. અને કંઈક જગ્યાએ એવા કુપુત્ર પાકે તો મા-બાપનું નામ બોળે છે. મામા કહે છે આ તારો પુત્ર ચંદ્ર જેવો શીતળ ને તેજસ્વી બનશે. આવા પવિત્ર આત્માને મારે ઘેર લઈ જવાનો મને અવસર મળ્યો તેથી હું પણ ધન્ય બની ગયો. હવે આપણે જલ્દી પહોંચી જઈએ ને પુણ્યાત્માનો જન્મ મહોત્સવ ઉજવીએ. મામાને એટલો બધો હરખ છે કે તેનું નામ પણ રસ્તામાં નક્કી કર્યું. મામાને ખૂબ આનંદ ને હોંશ છે. હવે આનંદપૂર્વક ગામમાં ધામધૂમથી પ્રવેશ કરશે ને કુમારનો જન્મોત્સવ કેવી રીતે ઉજવાશે ને તેનું શું નામ પાડશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં. ૭૬

**આસો સુદ ૧૧ ને બુધવાર** **તા. ૧૫-૧-૭૫**

અનંત કરૂણાના સાગર, શાસનપતિ પ્રભુ મહાવીર સ્વામીની અંતિમ વાણી ઉત્તરાધ્યયન સૂત્રના ૨૦ મા અધ્યયનમાં અનાથી મુનિનો અધિકાર ચાલે છે. અનાથી નિર્ગ્રંથ શ્રેણીક રાજાને સનાથ અનાથના ભાવ સમજાવે છે. જે મહાન પુરૂષો જીવનમાં સાધના કરી ગયા છે તેમના નામ ભગવાનના મુખે ગવાયા ને આગમના પાને લખાયા. તે મહાન પુરૂષોએ કર્મોથી મુક્ત બનવા માટે પ્રબળ પુરૂષાર્થ કર્યો. આજે તો બધાને સુખ જોઈએ છે પણ સાધના કરવી ગમતી નથી. કોઈ કરોડપતિ શેઠનો મુનિમ કે નોકર એમ માને કે મારો શેઠ આટલો શ્રીમંત બની ગયો છે. તો હું કેમ ન બનું? મુનિમ અને નોકરને શેઠના જેવી ઋદ્ધિ મેળવીને જગતમાં શ્રીમંત શેઠ તરીકેની પ્રસિદ્ધિ મેળવવી છે. પણ કદી એવો વિચાર કર્યો હશે કે મારા શેઠે કરોડપતિ બનતાં પહેલાં કેટલી કઠોર સાધના કરી હશે? બજારમાં દુકાન નાંખવી સહેલ છે. પણ તેને જમાવવી મુશ્કેલ છે. દુકાન કે પેઢી એક વાર જામી ગયા પછી વાંધો નથી આવતો પણ જમાવવા માટે ઘણી મહેનત કરવી પડે છે. ઘણી સાધના કર્યા પછી સિદ્ધિ અને પ્રસિદ્ધિની પ્રાપ્તિ થાય છે. તે પછી આત્માની સિદ્ધિ મેળવવા માટે કેટલી સાધના કરવી જોઈએ? ઘણાં એમ કહે છે કે ભરત ચક્રવર્તિને અરિસા ભુવનમાં ગૃહસ્થપણામાં કેવળજ્ઞાન થયું હતું તો આપણને

કેમ ન થાય? પણ વિચાર કરો કે એ ભરત ચક્રવર્તિની ભાવના કેવી હતી? સંસારમાં રહેવા છતાં તે સંસારથી અલિપ્ત રહેતાં હતા. સંસારને ગંધાતી ગટર માનતા હતા. ગટર ઉલેચાતી હોય ત્યાં કેવી દુર્ગંધ મારે છે! ગટર સામું જોવું તમને કોઈને ગમે છે? જેમ ગટર સામું જોવું ગમતું નથી તેમ સંસારમાં રહેવા છતાં તમને સંસાર પ્રત્યે સૂગ થવી જોઈએ ને મનમાં થવું જોઈએ કે ક્યારે અવિરતિનો ત્યાગ કરી વિરતિના ઘરમાં પ્રવેશ કરું? અવિરતિ એટલે શું? જ્યાં સુધી પ્રત્યાખ્યાન નથી કર્યા ત્યાં સુધી જીવ અવિરતિના ઘરમાં રહેલો છે. પ્રત્યાખ્યાન એ પાપના દ્વારને બંધ કરનાર દરવાજો છે. તમે જે જે વસ્તુઓનો ઉપભોગ નથી કરતા તેના પ્રત્યાખ્યાન ન કરો ત્યાં સુધી તેના પાપની ક્રિયા ચાલુ રહે છે. તમારા બ્લોકમાં કચરા-પોતા બધું કામ થઈ જાય એટલે બહેનો જ્યાં કામ નથી તે રૂમના દ્વાર બંધ કરી દે છે. શા માટે? અંદર કચરો ન પેસી જાય તે માટે ને! આટલા માટે જ્ઞાનીઓ કહે છે અવ્રતનો ત્યાગ કરી વ્રતમાં આવો.

સમ્યક્ત્વ પામેલો જીવ જો અવિરતિ સમ્યક્દૃષ્ટિ હોય તો તે પચ્ચક્ખાણ કરી શકતો નથી. તે પચ્ચક્ખાણ કરી શકે નહિ પણ તેના અંતરમાં એવા તો ભાવ રમતા હોય કે ક્યારે અવિરતિનો ત્યાગ કરીશ? ભગવાને મિથ્યાત્વ, અવ્રત પ્રમાદ, કષાય અને અશુભયોગ આ પાંચ કર્મબંધનના હેતુ કહ્યા છે. સમ્યક્દૃષ્ટિ આવી તેથી પતી જતું નથી પણ તેને અવિરતિ ખટકવી જોઈએ. સમ્યક્ત્વી જીવોને અવિરતિ ખટકે છે. જો તે નિયાણું બાંધીને ન આવ્યો હોય તો તે અવિરતિને કાઢે છૂટકો કરે. જ્યાં સુધી અવિરતિ ન જાય ત્યાં સુધી સમજવું કે હજુ સંસાર ઉભો છે. સમ્યકત્વ પામ્યા પછી પણ અવિરતિ, પ્રમાદ, કષાય ને અશુભયોગ આ બધું જશે નહિ ત્યાં સુધી જીવ ૧૩ મા ગુણસ્થાને પહોંચી શકશે નહિ. સમ્યકદૃષ્ટિ હોવા છતાં નિયાણું કરીને આવેલા છે તેવા વાસુદેવ અવિરતિને છોડી શકતા નથી. તેમને અવિરતિ ખટકે છે છતાં છોડી શકતા નથી. તમને અવિરતિ ખટકે છે કે નહિ એ તો જ્ઞાની જાણે, સમ્યકત્વ આવ્યું એટલે ચોથું ગુણસ્થાનક આવ્યું. ચોથા ગુણસ્થાનકે આવ્યો એટલે મોક્ષનો પાયો નંખાયો. સમ્યકત્વ પામ્યા પછી વમી જવાથી કંઈક જીવોને અર્ધપુદ્ગલ પરાવર્તનકાળ સંસારમાં રખડવાનું રહે છે. સમ્યકત્વ આવ્યા પછી એટલો કાળ પણ ખટકવો જોઈએ. જેમ કોઈ વિદ્યાર્થી સ્કુલ અગર કોલેજમાં પાસ થાય તો તે પાસ થવા માત્રથી ખુશ થતો નથી. તેને આનંદ હોતો નથી. કારણ કે તેને પાસ થવા સાથે પરિપૂર્ણ રીઝલ્ટ લાવવું હતું તે ન મળ્યું. તેમ સમ્યકત્વી આત્મા સમ્યકત્વ પામ્યો એટલેથી રાજી થતો નથી. પણ તેને પરિપૂર્ણ રીઝલ્ટ એટલે મોક્ષમાં ન પહોંચે ત્યાં સુધી આનંદ થતો નથી. જેમ કોઈ ગરીબ માણસના હાથમાં સત્તા આવી જાય પછી તે ભિખારી શા માટે રહે? તેમ એના હાથમાં સમ્યકત્વનો પાવર આવી ગયો તે પાવર મોક્ષમાં પહોંચાડે છે તેવો છે તો પછી અર્ધ-પુદ્ગલ પરાવર્તન કાળ શા માટે રખડવું જોઈએ? જેમને અવિરતિ ખટકતી નથી તેવા

જીવો ઉપાશ્રયમાં આવીને કલાક બેસે તો પણ તેમને સામાયિક કરવાનું મન નથી થતું. અવિરતિ ખટકે તે સંવરના ઘરમાં આવે. આશ્રવના ઘરમાં ન રહે, જેણે સંવરની સાધના કરી છે તેને તો વાંધો નથી. પણ જે જીવો આશ્રવમાં પડી રહ્યા છે તેનું શું થશે? જ્ઞાની કહે છે હે ભવ્ય જીવો! સમજીને સાધના કરી લો કારણ કે મૃત્યુ કયારે આવશે તેની આપણને ખબર નથી. સૂયગડાયંગ સૂત્રમાં કહ્યું છે કે :–

**डहरा बुड्ढाय पासह, गब्भत्था वि चयन्ति माणवा ।**
**सेणे जह वट्टयं हरे, एवं आउक्खयम्मि तुट्टइ ।।**

સૂય-સૂ. અ. ૨. ઉ. ૧ ગાથા ૨

બાળક હોય, વૃદ્ધ હોય કે ગર્ભનો જીવ હોય પણ પોતાનો સમય પૂરો થતાં તે મરણને શરણ થઇ જાય છે. કેવી રીતે? જેમ બાજ પક્ષી તેતર પક્ષી ઉપર ઝડપથી ત્રાપ મારે છે તેમ કાળરાજા પણ આપણા ઉપર ત્રાપ મારી રહ્યા છે કે કયારે આને ઝડપી લઉં! કાળ આગળ કોઇનું ચાલતું નથી. આ બતાવે છે કે કાળ ચપેટા દઇ રહ્યો છે માટે હે ચેતન! જાગી જા. છ છ ખંડનો સ્વામી ભરત ચક્રવર્તી ચેતી ગયો. તેમને અવિરતિ ખટકી. અરિસાભુવનમાં જતાં અવિરતિનું સ્વરૂપ સમજતાં પામી ગયા. ઓળખવા જેવો આત્મા છે. અહાહા....હું કેવો? કે શરીરના શણગારમાં શરીરને શોભાવનારને ભૂલી ગયો! આ શુદ્ધ વિચારધારાએ ચઢતાં ત્યાં ને ત્યાં કેવળજ્ઞાન પામી ગયા. બોલો, તમને અવિરિતિ ખટકે છે ખરી? આજે જીવ ચેતનને ભૂલીને પુદ્ગલની રમતમાં રમી રહ્યાં છે. જ્યારે આત્મા જાગશે ત્યારે ક્ષણે ક્ષણે ઉપયોગ રાખશે કે હું આત્માને ભૂલતો તો નથી ને?

જેના આત્મામાં જાગૃતિનો ઝણુકાર થયો છે તેવા અનાથી નિર્ગ્રંથ શ્રેણીક રાજાને કહે છે કે હે રાજન્! મને રોગ મટાડવા કોઇ સમર્થ ન થયું ત્યારે સંસારના સર્વ સંબંધોને અનાથ સમજીને મેં નિર્ણય કર્યો કે જો મારી વેદના શાંત થાય તો સવારે મારે દીક્ષા લેવી. આ મારો દૃઢ સંકલ્પ હતો ને તે સંકલ્પના બળે મારી વેદના શાંત થઇ ગઇ ને હું ઉંઘી ગયો. સવારે ઉઠયા બાદ મેં માતા-પિતા સમક્ષ મારો નિર્ણય જાહેર કર્યો. મેં કહ્યું કે આવો સંકલ્પ કર્યા પછી મારો રોગ શાંત થયો છે. માટે મને દીક્ષાની આજ્ઞા આપો. હું રોગથી મુક્ત થયો તેનો તેમને ખૂબ આનંદ થયો પણ જ્યાં દીક્ષા લેવાની વાત કરી ત્યાં તેમના દિલમાં અત્યંત દુઃખ થયું. કે હે દીકરા! હજુ તો તારી ઉગતી યુવાની છે. ને તું દીક્ષા લેવાની વાત કરે છે? મારા માતા-પિતા, પત્ની, ભાઇઓ અને બહેનો બધા એકબીજાના સામું જોઇને રડવા લાગ્યા. કારણ કે તે બધાને હું ખૂબ પ્રિય હતો. એ બધાને ગમે તેટલું દુઃખ થયું પણ હું તો મારા નિર્ણયમાં અટલ રહ્યો. ને સર્વ પ્રથમ મારી માતા પાસે દીક્ષાની આજ્ઞા માંગી.

**વિનંતી કરૂં છું હું મને દીક્ષાની આજ્ઞા આપી દો,**
**મને દીક્ષા દઈને માતા! મારા ભવને સુધારી લેવા દો....વિનંતી....**
**હું કહું છું પ્રતિજ્ઞાથી, મારો જીવડો રંગાયો છે, આ ભૌતિક સુખો ઉપર**
**મને વૈરાગ્ય આવ્યો છે**
**હવે આત્માના સુખ માટે મને સંયમ પંથે જાવા દો....મને દીક્ષા....**

હે માતા! તારા ચરણમાં પડીને હું વિનંતી કરું છું કે હવે મને દીક્ષાની આજ્ઞા આપો. ને આ મારા માનવભવને સુધારી લેવા દો. હું જો સાજો થયો હોઉં તો આ મારી પ્રતિજ્ઞાનો પ્રભાવ છે. જો હું બિમાર રહ્યો હોત તો તમે દુઃખી થઈ જાત. હું વેદના ભોગવીને થાકી જાત. મને ને તમને બધાને કોઈને સુખ ન હતું. હું જીવતાં છતાં મરેલા જેવો હતો. વળી જો બિમારીમાં મારું આયુષ્ય પૂર્ણ થયું હોત તો તમને કેટલું દુઃખ થાત? તમારે કેટલી હિંમત રાખવી પડત! તેના કરતાં હું સાજો થયો તે સારૂં થયું ને? તમે શા માટે હિંમત હારી જાવ છો? જે સંયમ શક્તિની કૃપાથી હું સાજો થયો છું તેના શરણે જવા માટે તમે મને કેમ રજા આપતા નથી? મેં દીક્ષા લેવાનો નિર્ણય ન કર્યો હોત તો હું સાજો થયો ન હોત! માટે તમે પ્રસન્ન થઈને સંયમ પંથે પ્રયાણ કરવાની આજ્ઞા આપો. આ રીતે મેં બધાને ખૂબ સમજાવ્યા પણ એ તો બધા હિંમત હારી ગયા. મારી વાત સાંભળીને માતા તો મૂર્છા ખાઈને પડી ગઈ. બોલો, અનાથી પ્રત્યે તેની માતાને કેટલો પ્રેમ હતો! જ્યાં પુણ્યનો ઉદય હોય છે ત્યાં આટલી ખમ્મા ખમ્મા હોય છે. માતા-પિતા અને સંતાનોનો એક બીજા પ્રત્યે પરસ્પર અંતરનો પ્રેમ હોય છે. બાકી પાપનો ઉદય હોય ત્યાં તમે જોશો તો કોઈ કોઈના સામું જોતા નથી, અરે, ઉપકારી માતા-પિતાનો ઉપકાર પણ સંતાનો ભૂલી જાય છે. આચારંગ સૂત્રમાં પણ કહ્યું છે કે:-

**"जेहिं वा सद्धिं संवसंति ते वि णं एगया णियगा पुव्वं परिवयंति, सो वा ते णियगे पच्छा परिवएज्जा, नालं ते तव ताणाए वा सरणाए वा, तुमं पि तेसिं नालं ताणाए वा सरणाए वा, से ण हासाए, ण कीडाए, ण रत्तिए, ण विभूसाए।"**

જે પુત્રોને માતા-પિતા મોટી આશાથી, પાલન પોષણ કરીને, ખૂબ કષ્ટ વેઠીને મોટા કરે છે તે સંતાનો મોટા થતાં માતા-પિતા વૃદ્ધ થતાં તેમના કેવા હવાલ કરે છે. તેનું આ સૂત્રમાં ખૂબ સુંદર વર્ણન કર્યું છે. મનુષ્યો પોતાની પત્ની, પુત્ર પરિવારના મોહમાં આસક્ત બનીને તેમને ખવડાવવા, પીવડાવવા, સારા વસ્ત્રો પહેરાવવા, સારા દાગીના પહેરાવવા, સારૂં મકાન બંધાવવા માટે કેટલા કાવાદાવા કરી પૈસા ભેગા કરે છે. તેમના માટે પાપ કરતાં પાછું વાળીને જોતાં નથી, પણ એ સંતાનો માતા-પિતાઓ વૃદ્ધ થતાં તેમનો તિરસ્કાર કરે છે. બિમાર થાય છે તો તેમની ઘૃણા કરે છે કે આ

ડોસો ખાટલામાં પડયો પડયો બળખા કાઢે છે. લીંટ લપકા કાઢીને ઘર બગાડે છે. હવે જાય તો સારું! આ શબ્દો જ્યારે સાંભળે છે ત્યારે તેના દિલમાં થાય છે કે અરેરે! મેં આ દીકરાઓને મારા માનીને તેમના માટે કેટલી મહેનત-મજૂરી કરી, કેટલા દુઃખ વેઠયા! છતાં અત્યારે મારી સેવા કરતા નથી કે મને પાણીનો પ્યાલો પણ પીવડાવતા નથી. એમ કહીને તે વૃદ્ધ તેના કુટુંબીજનોની નિંદા કરવા લાગે છે. વૃદ્ધાવસ્થા એવી છે કે જે પુત્ર-પત્ની આદિ પોતાની આજ્ઞામાં રહેતા હતા તે વૃદ્ધાવસ્થા આવતાં તેમની અવગણના કરે છે ને તેનું કહ્યું કરતા નથી. એક શ્લોકમાં પણ વૃદ્ધાવસ્થાનું સુંદર વર્ણન કર્યું છે.

गात्रं संकुचित गतिर्विग दन्ताश्च नाशं गताः ।
दृष्टि र्भ्रश्यति रुपमेव हसते वक्त्रं च लालायते ।।
वाक्यं नैव करोति, बान्धवजनः पत्नी न शुश्रूषते ।
धिक्कष्टं जरया भिभूत, पुरुष पुत्रोच्यवज्ञायते ।।

વૃદ્ધાવસ્થા આવતા શરીરે કરચલીઓ પડી જાય છે. પગ ધ્રુજે છે. દાંત પડી જાય છે. આંખે દેખાતું ઓછું થઈ જાય છે. રૂપ ઝાંખુ પડી જાય છે. મુખમાંથી લાળ ઝરે છે. પરિવાર આજ્ઞા માનતો નથી. પ્યારી પત્ની પણ સેવા કરતી નથી. પુત્રો વાત સાંભળતા નથી. અહાહા....વૃદ્ધાવસ્થા કેવી કષ્ટમય છે! વૃદ્ધાવસ્થા આવતાં કેવું કષ્ટમય જીવન બને છે! છતાં પણ જીવ તૃષ્ણાનો ત્યાગ કરતો નથી. શંકરાચાર્યે પણ કહ્યું છે કે:-

अंङ्ग गलितं, पलितं मुण्डं, दशन विहीनं जातं तुण्डंम् ।
वृध्धो याति गृहीत्वा दण्डं, तदपि न मुञ्च त्याशापिण्डम् ।।

શરીરના ગાત્રો શીથીલ થઈ જાય છે. કાળા વાળ ધોળા થઇ જાય છે ને મોઢું શંકલમાના ગોખલા જેવું બોખું થઇ જાય છે. વૃદ્ધાવસ્થા આવતાં ચાલવાની શકિત ક્ષીણ થતાં લાકડીનો સહારો લેવો પડે છે. છતાં મનુષ્ય તૃષ્ણાનો ત્યાગ કરતો નથી.

ટૂંકમાં કહેવાનો આશય એ છે કે રાગભાવમાં પડીને કુટુંબીઓ પર મમત્વ જમાવીને તેમને માટે પાપકર્મ કરે જાવ છો. પણ તે કુટુંબીજનો રક્ષણ કરવા સમર્થ બની શકતા નથી. તે રીતે એ વૃદ્ધ મનુષ્ય પણ તેમનું રક્ષણ કરવામાં સમર્થ બની શકતો નથી. એ જ જીવની અનાથતા છે, શરીરમાં રોગ ઉત્પન્ન થાય. વૃદ્ધાવસ્થા અને મૃત્યુ આવે ત્યારે કુટુંબીજનો તેને બચાવવા માટે કે શરણ દેવામાં સમર્થ નથી. પોતે કરેલા શુભાશુભ કર્મો જીવને ભોગવવાના રહે છે. જન્મ-જરા અને મરણના દુઃખથી બચાવવા માટે કેવળી પ્રરૂપિત ધર્મ સિવાય કોઇ પણ શરણભૂત નથી. માટે જ્ઞાની કહે છે કે બધાનો મોહ છોડીને ધર્મારાધના કરવા તત્પર બનો. મારું મારું કરીને મરી રહ્યા છો. હવે કંઇક તો મમતા ઓછી કરો. કોઇ રાતી પાઇ પણ સાથે પરખાવવાનું નથી.

એક વખત એક વૃદ્ધ શેઠ ખૂબ બિમાર પડયા. ઘણાં ડોકટરોની દવા કરી પણ શેઠનો રોગ મટયો નહિ. ત્યારે એક અનુભવી અને જાણકાર વૈદને બોલાવ્યો. શેઠ કહે છે વૈદરાજ! હું જલ્દી સાજો થઉં તેવી દવા આપો. મારી બિમારીના કારણે ઘરના બધા દુઃખી થાય છે. હું મરી જઇશ તો આ મારી વહાલી પત્ની અને દીકરા-દીકરીઓ બધાનું શું થશે? વૈદ ખૂબ તત્ત્વજ્ઞાની હતો. તેણે કહ્યું. શેઠ! હવે બહુ મમતા ન રાખો, તમે બધાને માટે ઘણું કર્યું છે. હવે તમે તમારા આત્માનું કરો. આ સંસાર સ્વાર્થનો ભરેલો છે. કોઇ કોઇનું નથી. ત્યારે શેઠ કહે છે વૈદરાજ! મારે ઘેર એવું નથી. ઘરના બધાને મારા પ્રત્યે એટલો બધો પ્રેમ છે કે મારા વિના કોઇ જીવી શકે તેમ નથી, વૈદ કહે-શેઠ! તમારે જોવું છે? તો હું ઔષધ દ્વારા અજમાશ કરી બતાવું.

વૈદ કહે હું અકસીર દવા આપું છું તેથી શેઠનો રોગ મટી જશે પણ તમારે થોડો ભોગ દેવો પડશે. ઘરના બધા કહે જે કરવું પડે તે કરીશું પણ જલ્દી સાજા થાય તેમ કરો. એટલે વૈદ કહે છે હું શેઠના પેટે લેપ લગાડું છું. ને તમે એક સળગતી સગડીના અંગારા ઉપર હાથ ગરમ કરીને શેઠના પેટે શેક કરો. સૌથી મોટા છોકરાને કહ્યું ત્યારે તેણે કહ્યું હે વૈદરાજ! હજુ તમે કહો તો અંગાસ ઉપર હાથ ધરીને શેક કરું પણ અંગારાને હાથ અડાડું તો મારા હાથ જ બળી જાયને! ત્યારે વૈદ કહે છે પણ તમારા પિતાનું દર્દ મટાડવું હોય તો એ પ્રમાણે કરવું પડશે. ત્યારે દીકરો કહે છે મારા પિતાની મિલ્કતનો હું એક ભાગીદાર નથી. ચાર દીકરા છે. ચારનો હિસ્સો છે. બીજા દીકરાને બોલાવ્યો. બીજાએ વાત જાણી કહ્યું કે હું પૈસા ખર્ચી જાણું પણ મારાથી આ નહિ બને. ત્રીજાને કહ્યું ત્યારે કહે કે બે મોટા ભાઇઓએ તો પરણીને ખૂબ મોજમઝા માણી છે. ને મને પરણ્યા હજુ છ મહિના થયા છે. હું કેવી રીતે કરું? ચોથા દીકરાને કહ્યું. ત્યારે તે કહે ત્રણ તો પરણી ઉતર્યા છે ને હું તો કુંવારો છું. મારા હાથ બળી જશે તો મને કોણ પરણશે? છેવટે શેઠાણીને કહ્યું ત્યારે શેઠાણીએ પણ કહ્યું-શેક કરવામાં વાંધો નથી. પણ મારી ઉંમર થઈ ગઇ છે. ઘડપણમાં હાથ બળી જાય તો મારી ચાકરી કોણ કરે? આ રીતે બધા જુદા જુદા જવાબ આપીને છૂટી ગયા. શેઠને એવો મોહ હતો કે મારા ઘરના બધા મારી પાછળ પ્રાણ પાથરવા તૈયાર થશે. પણ આ તો જુદું નીકળ્યું. એટલે સંસાર કેવો સ્વાર્થમય છે તેનું શેઠને ભાન થયું. બધાનો મોહ ઉતરી ગયો. વૈદરાજે કહ્યું શેઠજી! હવે તમને સમજાયું ને કે આ સંસારમાં કોણ કોનું છે? જુઓ, તમારે માટે કોઇ કષ્ટ વેઠવા તૈયાર થયું? હવે મમતા છોડીને ભગવાનનું નામ લો.

બંધુઓ! તમને પણ ઘણી વાર સંસારના કડવા-મીઠા અનુભવ તો થતા હશે. પણ હજુ મમતા કયાં છૂટે છે? સંસારની જેલમાં કયાં સુધી જકડાઇ રહેશો? કોઇ

ગુનેગારને જેલમાં પૂરવામાં આવે તો તે પણ છૂટવાના રસ્તા શોધે છે. કેમ કરીને જેલમાંથી છૂટું? દરેકના ગુન્હા પ્રમાણે જેલમાં સજા થાય છે. મોટો ગુન્હો હોય તો જેલમાં મજુરી કરવી પડે અને નાનો ગુન્હો હોય તો ખાઈ પીને કોટડીમાં બેસી રહેવાનું હોય છે. પણ જેલ એટલે જેલ. ત્યાં થોડું ગમે? મનમાં એમ જ થાય કે ક્યારે અહીંથી છૂટું? તે રીતે જ્યાં સુધી આપણે મોક્ષમાં ન જઈએ ત્યાં સુધી આપણો આત્મા સંસાર રૂપી જેલમાં બેઠેલો છે. કંઇક પુણ્યશાળી આત્માઓને દીક્ષા લેવા માટેના બધા સાનુકૂળ સંયોગો હોય છે. ઘરના રજા આપે છતાં એને સંસારની જેલમાંથી છૂટવાનું મન થતું નથી. પોપટનો સ્વભાવ સ્વેચ્છાપૂર્વક વનમાં ઉડવાનો હોય છે પણ પોપટ પાંજરામાં પૂરાયેલો હોય છે તેથી તેને પાંજરૂ ગમે છે. કોઇ વાર તેનો માલિક પાંજરૂં ખુલ્લું મૂકી દે તો પણ ઉડવાનું મન થતું નથી. પરાણે ઉડાડે તો થોડે દૂર જઇને પાછો પાંજરામાં આવીને બેસી જાય. કારણ કે તેને પાંજરું ગમી ગયું છે. તેમ તમને પણ આ સંસારનું સોનેરી પાંજરું એવું ગમી ગયું છે કે તેમાંથી બહાર નીકળવાનું મન થતું નથી.

અનાથી મુનિને રોગનું નિમિત્ત મળતાં તેમનો આત્મા જાગૃત બની ગયો. મહાન પુરૂષોને રોગ પણ સારા માટે આવે છે. અનાથી નિર્ગ્રંથ કહે છે હે રાજન્! મેં દીક્ષા લેવાની વાત કરી તેથી મારા ઘરનાને ખૂબ દુઃખ થયું. કારણ કે સ્વજનના વિયોગ જેવું બીજું કોઇ દુઃખ નથી. એટલે માતા-પિતા, પત્ની બધાને દુઃખ થાય તે સ્વાભાવિક છે. મોહના કારણે મને સંસારમાં રોકવા ખૂબ પ્રયત્ન કરવા લાગ્યા કે હે દીકરા! વધુ નહિ તો અમારી ખાતર એક વર્ષ તો રોકાઈ જા. પણ મેં તો તેમને કહ્યું કે એક વર્ષ તો શું એક દિવસ પણ નહિ રોકાઉં. મારા માતા-પિતા સમજણવાળા અને ઉદાર હતા. સમજુ માતા પિતાઓ સંતાનોની કસોટી કરે. પછી આજ્ઞા આપે છે. પણ સંયમ માર્ગે જતાં સંતાનોને રોકતા નથી.

ગજસુકુમાર દીક્ષા લેવા તૈયાર થયા ત્યારે તેમની માતાને આઘાત લાગ્યો ને ધરતી ઉપર ઢગલો થઇને ઢળી પડી. જ્યારે માતા ભાનમાં આવી ત્યારે ગજસુકુમારે પૂછ્યું કે હે માતા! જો કોઇ શત્રુ આપણા રાજ્ય ઉપર ચઢી આવે તો તે વખતે તું મને મહેલમાં સંતાડી દઈશ કે રણમાં લડવા મોકલીશ? ત્યારે માતા દેવકીએ કહ્યું - હે બેટા! એ વખતે તો યુદ્ધમાં મોકલું. કદાચ પુત્ર ગર્ભમાં હોય તો પણ એવી ઇચ્છા કરૂં કે પુત્ર ગર્ભમાંથી બહાર નીકળીને દુશ્મનની સામે લડે! ગજસુકુમારે માતાને કહ્યું તો હે માતા! હું કર્મરૂપી શત્રુઓની સામે લડવા જાઉં છું. તો તું આવી વીરમાતા થઇને મને શા માટે રોકે છે? તું શા માટે આટલું બધું દિલમાં દુઃખ ધરે છે? બોલો, હવે માતાને આજ્ઞા આપવી પડે ને? સાચો વૈરાગી કદી છૂપો ન રહે. જેને વૈરાગ્ય આવે છે તેને કોણ રોકી શકે છે?

એક વખત એક વણિકે કોઇ મહાન જ્ઞાની સંતનું વૈરાગ્યભર્યું વ્યાખ્યાન સાંભળ્યું, સંતે સંસારની અસારતા વિષે ખૂબ સરસ સમજાવેલું. એટલે ભાઇના મનમાં થઈ ગયું કે સંસાર આવો છે? બસ, હવે ઘરમાં રહેવું નથી. દીક્ષા લઇ લઉં. ભાઇ તો ઘેર આવ્યા. પત્નીને કહે છે લે, આ ચાવીનો ઝુડો. આ તિજોરીમાં જે મિલ્કત છે તે અને આ ચોપડા બધું સંભાળી લેજે, ને હું તો જાઉં છું. ત્યારે પત્ની કહે છે પણ છે શું? ક્યાં જાવ છો? તો કહે કે આ સંસાર અસાર છે. મારે સંસારમાં રહેવું નથી. મારે દીક્ષા લેવી છે. પત્ની ચાલાક હતી. તે સમજી ગઇ વૈરાગ્યનો ઉભરો આવ્યો છે. ઉભરો કયાં સુધી ટકે? દૂધનો ઉભરો આવે તો તેમાં થોડું પાણી નાંખે એટલે ઉભરો બેસી જાય. પત્નીએ વિચાર કર્યો કે હું થોડું પ્રેમનું પાણી નાંખું. ઉભરો હશે તો બેસી જશે. પત્ની કહે છે સ્વામીનાથ! પણ આમ મને મૂકીને ભૂખ્યા ને ભૂખ્યા જવાય? ક્યાં જાવ છો? ખીચડી અને લવીંગનો વઘાર કરીને કઢી બનાવી છે. ખીચડી અને કઢી ખાઇ લો. પછી દીક્ષાની વાત. શ્રીમતીજીએ ખૂબ આગ્રહ કર્યો એટલે ભાઇ તો જમવા બેઠા. ખીચડીમાં ભારોભાર ઘી અને લવીંગનો વઘાર કરેલી ટેસ્ટફૂલ કઢી આપી. ભાઈ તો ખીચડી સાથે કઢીનો સબડકો લઇને જમવા લાગ્યા, જમતાં જમતાં કહે છે અહો! આજે તો તેં કંઇ ખીચડી ને કઢી બનાવી છે! આવો સ્વાદ તો કદી આવ્યો નથી. હું દીક્ષા લઉં તો મને ત્યાં આવી ખીચડી ને કઢી મળશે કે નહિ? ત્યારે પત્ની કહે છે ત્યાં કયાંથી મળે? ત્યાં તો તમારે ઘર ઘરમાં ગૌચરી જવું પડશે. કોઇ વખત ઠંડુ મળશે, કોઇ વખત ગરમ મળશે ને કોઇ વખત નહિ પણ મળે! ત્યારે કહે છે તો હું અહીં વહોરવા આવું તો તું મને આવી ખીચડી ને કઢી વહોરાવીશ ને? ત્યારે પત્ની કહે કે તમે દીક્ષા લો તો પછી તમારા માટે બનાવાય? (હસાહસ). પછી તો આ ગામમાં પણ વધુ ન રહેવાય. દીક્ષા લઈને વિહાર કરવો પડશે. ત્યારે કહે છે તો મારે દીક્ષા નથી લેવી. (હસાહસ) ભાઇનો વૈરાગ્ય ઉતરી ગયો. આનું નામ ખીચડીયો વૈરાગ્ય. ખીચડી ખાધીને વૈરાગ્ય ઉતરી ગયો. તમે તેનાથી ઉતરો તેવા નથી. કેમ બરાબર ને? પણ ગજસુકુમારનો વૈરાગ્ય એવો ન હતો. અંતે માતાને આજ્ઞા આપવી પડી.

અનાથી મુનિ કહે છે મારા સ્વજનો પણ મને ઘેરી વળ્યા ને કહેવા લાગ્યા કે બેટા! દીક્ષા લેવી એ કંઇ બાળકની રમત નથી. તેં કદી કષ્ટ વેઠયા નથી. ખુલ્લા પગે ચાલ્યો નથી. સંયમ માર્ગમાં કઠોર પરિષહ આવશે ત્યારે તારે સંસારનું એક પણ સ્મરણ નહિ કરાય. ખૂબ વિચારીને દીક્ષા લેજે.

**લેજો સમજીને દીક્ષાનો ભાર,**
**સ્હેજે મનડું ચળે, સઘળું ધૂળમાં મળે,**
**ડગલે પગલે ત્યાં ખાંડાની ધાર.... લેજો સમજીને....**

**સગપણ સંસારીના ભૂલવા પડે, મુક્તિનો મારગ તો ત્યારે જડે,**
**બહેની કેવા હશે, મા શું કરતા હશે,**
**જો જો યાદ આવેના સંસાર....લેજો સમજીને....**

દીક્ષા લીધા પછી તારું મન સંયમમાં સ્થિર નહિ રહે તો તારી બધી સાધના ધૂળમાં મળી જશે. માતા, પત્ની તેમજ બધા સગપણ તારે ભૂલવા પડશે. બધા શું કરતા હશે તેવો વિચાર સરખો પણ નહિ કરાય. તું દીક્ષા લેવા તૈયાર થયો છે તે સારી વાત છે. કારણ કે સંયમ વિના આત્માની સિદ્ધિ નથી. એ વાત નક્કી છે પણ ખૂબ વિચાર કરીને સંયમ પંથે કદમ ભરજે. માતા પિતાએ ખૂબ કહ્યું. પણ જેનું મન દૃઢ છે તે પીગળતો નથી. અનાથી મુનિએ બધા પ્રશ્નના બરાબર જવાબ આપી દીધા. હવે માતા-પિતા બધા કેવી રીતે આજ્ઞા આપશે તે ભાવ અવસરે.

☆

## વ્યાખ્યાન નં-૭૭

**આસો સુદ ૧૨ ને ગુરૂવાર** **તા. ૧૬-૧૦-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો !

અનંત જ્ઞાની, મહાન કરૂણાવંત ભગવંત કહે છે હે ભવ્ય જીવો ! આ સંસાર શું છે?

**યે દુનિયા સરા હૈ, ઔર તૂ હૈ મુસાફીર,**
**ચલા ચલ ચલા ચલ યે ગાતી ઘડી હૈ !**

આ સંસાર એક મુસાફરખાનું છે. ને જીવ એ મુસાફીર છે. દરેક જીવો પોતપોતાના કર્માનુસાર જુદી જુદી યોનિમાં જન્મ લે છે અને આયુષ્ય પૂર્ણ કરીને ચાલ્યા જાય છે. સંસારમાં તમને ગમે તેટલા વૈભવ મળે પણ એ વૈભવને ભોગવવામાં રકત રહેવું એ માનવ જિંદગીનું ધ્યેય નથી. એક દિવસ તો એ બધું છોડીને ચાલ્યા જવાનું છે. એ તો તમે બધા બરાબર જાણો છો ને? અગાઉથી ધર્મકરણી કરીને ભવિષ્યને સુધારવાનો પુરૂષાર્થ કરવો જોઇએ. અહીં જીવને રહેવાનું સ્થાન શાશ્વત નથી.

આપણે એક કલ્પના કરીએ કે કોઇ એક મુસાફીર એક ગામથી બીજે ગામ જવા માટે રવાના થયો. પણ વચમાં ભયંકર વન આવે છે. તેમાં તે મુસાફીર માર્ગ ભૂલી ગયો. વનમાં આખો દિવસ ભટકયો પણ સાચો માર્ગ જડયો નહિ. સૂર્યાસ્ત થઇ જતાં વનમાં ઘોર અંધકાર છવાઈ ગયો. એટલે મુસાફીર ગભરાઇ ગયો કે હવે શું કરવું? થોડે દૂર જતાં એક ઝૂંપડીમાં ધીમો દીવો બળતો હતો. તેનો પ્રકાશ જોઇને તે તે તરફ ગયો. ઝુંપડીમા એક વૃદ્ધ માણસ છે. તેણે આવેલા મુસાફરને પરબમાંથી ઠંડુ પાણી પાયું. ખાવા માટે લૂખો સૂકો રોટલો આપ્યો ને રાત્રે સૂવા માટેની સગવડ પણ આપી. આવેલો

મુસાફીર તડકામાં આખો દિવસ ઘુમ્યો હતો એટલે ભૂખ ને તરસથી હેરાન થતાં ખૂબ થાકી ગયો હતો ને બધી સગવડ મળી ગઇ. તેમ જ નિર્જન વનમાં રાત્રિના સમયે હિંસક પશુઓના ભયથી બચવા સુરક્ષિત સ્થાન સૂવા માટે મળ્યું. બોલો, આવા સમયે ભાંગી તૂટી ઝુંપડી, ઠંડુ પાણી અને લૂખો રોટલો કેવો મીઠો લાગે? ને કેટલો આનંદ થાય? જાણે કોઇ મૃત્યુના બિછાના પર સૂતેલા માણસને સંજીવની મળી ગઈ. એ મુસાફીર ખાઈ પીને શાંતિથી સૂઇ ગયો.

બંધુઓ! એ મુસાફીર ત્યાં સૂઇ તો ગયો પણ શું ત્યાં તે કાયમ પડાવ નાંખીને રહેશે ખરો? ના. કારણ કે તેના મનમાં એવી ભાવના છે કે મારે સવાર પડતાં ગામમાં પહોંચી જવાનું છે. આ પરબની ઝુંપડી એ કંઇ મારું ઘર નથી આ તો મારા જેવા માર્ગ ભૂલેલા મુસાફીર માટે વિશ્રામસ્થાન છે.

આવી રીતે જ્ઞાની કહે છે કે આ સંસાર પણ એક ગહન વન છે. ને જીવાત્મા તેમાં વસનારો એક મુસાફીર છે. તે પોતાનો સાચો માર્ગ ભૂલી જવાથી અનંતકાળથી ચાર ગતિ, ચોવીસ દંડક અને ૮૪ લાખ જીવાયોનિમાં ભટકે છે. તેમાં મહાન પુણ્યના યોગે અતિ દુર્લભ માનવજન્મરૂપી એક પરબ મળી ગઇ છે. પણ તે જીવનું શાશ્વતું સ્થાન નથી. બોલો, અત્યાર સુધીમાં કોઇ પણ કાયમ માટે ટકયું છે ખરું? કોઇ પાંચ, પચ્ચીસ, પચાસ કે સો વર્ષે પણ અહીંથી વિદાય લે છે. કારણ કે આ આત્માનું શાશ્વત સ્થાન નથી. જીવનું શાશ્વત સ્થાન તો મોક્ષ છે. માટે બધાએ મોક્ષમાં જવાનો પુરૂષાર્થ કરી લેવો જોઈએ. પછી મૃત્યુ આવે તો પણ ચિંતા નહિ. આ માનવજન્મ રૂપી પરબમાં શીતળ પાણી સમાન થોડા સમય માટે સુખની પ્રાપ્તિ થઈ છે. પણ અંતે તો તેને છોડવાનું છે. તો જે વસ્તુ જીવને સહાયભૂત નથી થતી, સાથે આવતી નથી તેના ઉપર મમતા રાખવી તે મૂર્ખતા છે. વિવેકવાન પુરૂષો આ સંસારમાં કોઈપણ વસ્તુ કે વ્યકિત ઉપર મમત્વ રાખતા નથી. સંસારમાં રહેવા છતાં તેનાથી અલિપ્ત રહે છે.

અનાથી નિર્ગ્રંથને આવા અસ્થિર ને ક્ષણિક સંસારના સંબંધોનું ભાન થયું. તેથી આંખ ખુલી ગઇ ને પોતે રાત્રે સૂતા સૂતા જે નિર્ણય કર્યો તેમાં અટલ રહ્યા. રડતા પરિવારને ભાન થઇ ગયું કે મારા દીકરાનો નિર્ણય અફર છે. તે ઉપરના રંગથી રંગાયેલ નથી પણ અંતરનો રંગ છે. ઘણાં માણસો બહારથી ત્યાગી, તપસ્વી હોય અને અંદરથી ખાલી હોય પણ અહીં તેમ નથી. અહીં એક દૃષ્ટાંત યાદ આવે છે.

એક સાસુજી ખૂબ ધર્મના રંગે રંગાયેલા હતા. રોજ ઉપાશ્રયે જાય, વ્યાખ્યાન વાણી સાંભળે. માસખમણનું ઘર આવ્યું એટલે સંતે માસખમણ તપ ઉપર ભાર મૂકયો. સાસુજીના મનમાં થયું કે હું તો કરી શકતી નથી પણ મારી વહુ માસખમણ કરે તો સારું મારું ઘર અને મારું કુટુંબ ઉજ્જવળ બને, સાસુને ખૂબ હોંશ હતી. ઘેર આવીને

કહ્યું– બેટા! જો તમારાથી બને તો માસખમણ કરો, મને ખૂબ હોંશ છે. વહુ પણ માસખમણ કરવા તૈયાર થઈ. સાસુજીએ તો અત્તરવાયણાને દિવસે લવીંગ હલાવ્યા, ટોપરા છીણ્યાં, સૂંઠ બનાવી. ઘણું બનાવીને વહુને અત્તરવાયણું કરાવ્યું. વહુએ બીજે દિવસે ઉપવાસ કર્યો. પણ રાત પડી એટલે ઉંદરડા બોલવા લાગ્યા. ઉંઘ આવતી નથી. ઘરમાં બધા સૂઈ ગયા હતા. આ લાગ જોઈને વહુ પથારીમાંથી ઉભી થઈ. રસોડામાં જઈને ડબ્બામાંથી એક લાડવો લઈને ખાઈ ગઈ. બીજે દિવસે ઉપવાસ કર્યોને બીજે દિવસે લાડવો ખાધો. રોજ લાડવો ખાવા લાગી. એકલો લાડવો ભાવે નહિ એટલે ઘરમાં ચટણી વિગેરે જે હોય તે સાથે લઈને ખાઈ લે. આ રીતે રોજ બધા ઉંઘી જાય એટલે લાડવો, ચટણી, અથાણું ખાઈ લેતી ને સવારે ઉપવાસ કરતી. સાસુ વિચાર કરવા લાગી કે લાડવાનો ડબ્બો આખો ભરેલો હતો ને લાડવા આટલા બધા ઓછા કેમ થઈ ગયા? ખૂબ તપાસ કરી પણ કોઈ પકડાયું નહિ. તેથી તેના સાસુ જાગતા પડયા રહ્યા. સાડાબાર વાગ્યા ને વહુ રસોડામાં આવ્યા. લાડવોને ચટણી ખાઈ લીધું. સાસુ સમજી ગયા કે મારી વહુ રોજ લાડવો ખાઈ જતી લાગે છે. હવે વહુની આંખ તો ખોલાવવી જોઈએ! સાસુને પણ રોજ વિચાર થતો કે મારી વહુને પંદર સત્તર ઉપવાસ થયા પણ શરીર સ્હેજ પણ સૂકાંતું નથી. કોઈએ સારી અંતરાય તોડી હોય તો તપશ્ચર્યા ખૂબ શાતાપૂર્વક કરી શકે પણ શરીર તો સૂકાય ને? ઉપાશ્રયે જાય તો લોકો પણ વિચાર કરતાં પણ કોઈ મોઢે તો કહી શકે નહિ. હવે સાસુ વહુની પાસે બેસીને ધીમે ધીમે ગાવા લાગી કે

**મીઠી ટકોર:–**

**મારી વહુએ તો માસખમણ કીધું, ને રાતે ઉઠીને લાડવો રે ખાધો,**
**લાડવો ખાધો ને રાયતું પણ ખાધું, ને સાથે ચટણીનો ચટકો રે કર્યો,**

સાસુજી આ રીતે ગાતા હતાં. વહુ કહે છે બા! તમે આ શું ગીત ગાવ છો? ત્યારે સાસુ કહે વહુ! તમને ગાઉં છું. વહુ સમજી ગઈ કે મારી સાસુને જાણ થઈ ગઈ લાગે છે. તેનું મોઢું પડી ગયું. સાસુએ કહી દીધું કે આવા દંભ કરીને તપ કર્યું કહેવડાવશો તો કયા ભવમાં છૂટશો? ગુરૂ પાસે પ્રત્યાખ્યાન લઈને ગુરૂને પણ છેતરી રહ્યા છો. થોડું થાય તો થોડું તપ કરો પણ શુદ્ધ તપ કરો. સાસુજી ખૂબ ગંભીર ને સજ્જન હતા એટલે વહુનું વગોણું ન કર્યું. પણ ઘરમાં બેસીને છાનીમાની શિખામણ આપી.

ભગવાનના શ્રાવકો પણ આવા ગંભીર હોય. શ્રાવકોને શાસ્ત્રમાં સાધુના અમ્માપિયા કહેવામાં આવ્યા છે. સાધુઓ પણ એવા હતા. ભૂલેચૂકે ભૂલ થાય તો પશ્ચાતાપ કરતા. તમે રત્નાકર પચ્ચીસી વાંચશો તો ખબર પડશે કે એકેક શ્લોકમાં કેવો પશ્ચાતાપ ભર્યો છે! રત્નાકર પચ્ચીસીની રચના રત્નાકરસૂરિ મહારાજે કરી છે. એ રચના તેમણે કયારે કરી તે જાણો છો? રત્નાકરસૂરિ મહારાજે પોતાના પાપનો પશ્ચાતાપ તેમાં ઠાલવ્યો

છે. આજે દુનિયામાં પચ્ચીસ લાખનું દાન કરનારા મળશે. અઠ્ઠાઇથી માંડીને માસખમણની તપશ્ચર્યા કરીને તેના ગાણા ગાનારા જોવામાં આવે છે. પણ પોતાનું પાપ પ્રકાશનાર બહુ ઓછા જોવામાં આવે છે.

**"સંસાર છોડયો પણ માયા રહી ગઇ"** :- રત્નાકરસૂરિ નામના એક મહાન વિદ્વાન સંત હતા. તેઓ ખૂબ આત્મ સ્વરૂપની વાતો કરતા. તેમના પ્રવચનમાં એવું તો જોમ હતું કે ભલભલા પીગળી જાય. તેથી હજારો લોકો તેમનું પ્રવચન સાંભળવા જતા. તેમજ તેમની પાસે યુવકો પણ જ્ઞાનાભ્યાસ કરતા. જ્યારે રત્નાકરસૂરિ મહારાજ પ્રવચન કરતાં ત્યારે સુધન નામનો યુવક ખૂબ ઝીણવટથી સાંભળતો. તેમાં તેને એક વાત એમ લાગી કે ગુરૂ મહારાજ બાર વ્રતમાં પાંચમા વ્રત કરતાં બધા વ્રતો ઉપર ઘણું સુંદર જોરદાર પ્રવચન આપે છે. પણ પાંચમા વ્રતમાં કેમ ઢીલા પડે છે? છેવટે તેની શોધ કરવા માંડી. પરિણામ એ આવ્યું કે બધે છાનું છાનું જોયું પણ કંઈ પત્તો પડતો નથી.

હવે એક દિવસ એવું બન્યું કે ગુરૂદેવને રજોહરણનું પડિલેહણ કરવું ને તેની સાથે બાંધેલી પોટલી છોડવી. પોટલીમાં પાંચ કિંમતી હીરા છે તે સુધન જોઇ ગયો. તેના મનમાં થયું કે અહો! મારા ગુરૂએ આટલો મોટો ત્યાગ કર્યો ને આની એમને મમતા રહી ગઇ! આ મારા તારક ગુરૂદેવ તેમના ઉપદેશથી હજારો જીવોનું કલ્યાણ કરે. પણ આ માયા મારા ગુરૂદેવનું પતન કરાવશે. તે મારાથી સહન કેમ થાય? કોઇ પ્રયત્ને મારા આ ગુરૂદેવની મમતા છોડાવું. છેવટમાં તેણે ઘણા ગ્રંથોનું વાંચન કરી એક સુંદર શ્લોક કાઢયો. ને ગુરૂદેવની પાસે જઇને કહ્યું કે ગુરૂદેવ! મને આ શ્લોકનો અર્થ સમજાવો. ગુરૂદેવ કહે, હે સુધન! સાંભળ, જે મનુષ્ય પાપ કરીને પરિગ્રહ ભેગો કરે છે ને તેમાં આસકિત રાખે છે તે જીવો મરીને દુર્ગતિમાં જાય છે. પરિગ્રહ એ પાપનું મૂળ છે. માટે વિવેકી આત્માઓએ પરિગ્રહની મૂર્છા છોડવી જોઇએ. ખૂબ સુંદર અને સચોટ સુધનને સમજાવવા છતાં કહે છે, ગુરૂદેવ! આ અર્થ મારા મગજમાં બેસતો નથી. આ શ્લોક સમજાવતાં એક મહિનો થયો છતાં સુધન જવાબમાં નકાર ભણતો હતો. ત્યારે ગુરૂદેવની ભૂખ અને ઉંઘ ઉડી ગઇ. અરે, આવો હોંશિયાર સુધન તેને મન આ શ્લોક સમજવો સ્હેલ છે છતાં કેમ ના પાડતો હશે?

**સંતનો હૃદય પૂર્વકનો પશ્ચાતાપ** :- સંતના મનમાં એક જ વિચાર ઘૂમવા લાગ્યો, કે અરે! હું હજારો જીવોને સમજાવું ને આવા વિચક્ષણ સુધનને કેમ સમજાવી શકતો નથી? શું મારામાં ઉણપ છે? શું મારામાં ખામી છે? અરે હે ચૈતન્ય! તું કયાં ભૂલ્યો છું? તારી શું ખામી છે કે તું સુધનને શ્લોકનો અર્થ હૃદયમાં બેસાડી શકતો નથી? અહાહા.... હવે મને યાદ આવ્યું? ભૂલ્યો છું. ભૂલ્યો છું.

જગતના જીવોને છોડવા સમજાવું છું. તેમની સામે પડકાર કરું છું. અરે, બાંગ પોકારીને કહું છું હવે પરિગ્રહની મમતા છોડો-ને છોડો, જો તમારી મમતા ને મૂર્છા નહિ છૂટે તો દુર્ગતિના દરવાજા ખખડાવવા પડશે. આવી વાતો હું જગતના જીવોને સમજાવું છું. પણ હું કયાં ભૂલ્યો છું તેનું મને કયાં ભાન છે? જેનો મેં ત્યાગ કર્યો છે, જેનો સ્પર્શ કરવો પણ મને ખપતો નથી. એ તો દુર્ગંધનું ઘર છે. મેં એને અસ્થિર, નશ્વર જાણીને, સંસારના રંગરાગ અને વિષય ભોગનો તેમજ માંસના લોચા સમાન પરિગ્રહનો છડેચોક ગુરુદેવ અને ભગવંતની સાક્ષીએ જેનો મેં ત્યાગ કર્યો છે, જેને હું વમી ગયો છું. અહાહા....હું એને જ ચાટવા માટે ઊભો થયો? અને ઉભો થયો તે પણ કેવો? જેનો ત્યાગ પાંચ મિનિટ પણ મારે ન કરવો પડે તેવા રજોહરણની અંદરની દશી સાથે મેં પાંચ રત્નો મૂર્છા રાખીને બાંધી રાખ્યા છે. હું આત્માનો ચોર છું. પછી સુધન મારું સમજાવેલું કયાંથી સમજે? અહાહા....હે આત્મા ધિક્કાર છે તને! જો તને સુધન જેવો સુધારનાર ગુરૂ ન મળ્યો હોત તો તારું શું થાત?

**"આત્માનું પરિવર્તન થતાં રત્નને કાંકરા જેવા ગણીને ફેંકી દીધા:-** સવાર પડતાં મુનિએ પથરો લીધો ને જેમ માટીની એક ઇંટને ભાંગે ત્યારે હૃદયમાં કંઇ પણ દુઃખ ન થાય તે રીતે જેનો આત્મા જાગી ઉઠયો છે, મમતા ને મૂર્છાના ઝેર જેના ઉતરી ગયા છે તેવા મુનિએ એક પળવારની અંદર પથ્થરથી રત્નોના ચૂરેચૂરા કરી નાંખ્યા અને એ જયાં કચરા પેટીની અંદર નાંખે છે ત્યાં દૂરથી સુધનની દૃષ્ટિ પડી ગઇ. ગુરૂદેવની આ અપૂર્વ ત્યાગવૃત્તિ જોઇ સુધનનું શીર દૂર રહ્યા છતાં ઝૂકી પડયું ને તરત જ દોડતો આવીને ગુરૂના ચરણમાં પડી ગયો. કેમ સુધન! શ્લોકનો અર્થ સમજાયો? હા. ગુરૂદેવ આપની કૃપાએ મને આજે ઘણું સચોટ સમજાઇ ગયું. મેં આપને ખૂબ ખૂબ તકલીફ આપી છે. મને માફ કરશો. આજ મારું હૈયું હલકું થયું છે. આપે મને ઉગાર્યો છે. આ શબ્દો સાંભળતા રત્નાકરસૂરિની આંખમાં આંસુ આવી ગયા. સુધન! હું ગુરૂ નહિ પણ તું મારો ગુરૂ છે. તને સમજાયું તો હતું જ પણ મારું દિલ શુદ્ધ કરવા માટે તું આ રીતે કરી રહ્યો હતો.

**"પાપનો એકરાર કરતાં રત્નાકરસુરિએ પોતાના પ્રાયશ્ચિત માટે રચેલું સ્તોત્ર:"-**

દેવાનુપ્રિયો! ઉત્તમ પુરૂષોના જીવન કેવા પવિત્ર હોય છે! કયારે ય પણ મહાન પુરૂષો પાપ છુપાવવા નથી માંગતા. પોતાના પાપનો જેને એકરાર થયો છે તેવા મુનિએ પોતાના પાપના પ્રાયશ્ચિત માટે રત્નાકર પચ્ચીસી સ્તોત્ર રચીને ખરેખર તેમણે પાપની આલોચના કરી છે. તેમની વાતને ફકત સુધન સિવાય કોઇ જાણતું ન હતું છતાં પોતાના પાપની આલોચના કરવા કરેલી ભૂલનું પ્રાયશ્ચિત કરી, જગત સામે ક્ષમા માગી એ કાંઇ જેવી તેવી વાત નથી. તેમણે રત્નાકર પચ્ચીસી રચીને જગતની સામે જાહેર કર્યું, કે

**ઠગવા વિભુ આ વિશ્વને, વૈરાગ્યના રંગો ધર્યા,**
**ને ધર્મનો ઉપદેશ રંજન લોકને કરવા કર્યા,**
**વિદ્યા ભણ્યો હું વાદ માટે કેટલી કથની કહું,**
**સાધુ થઈને બહારથી દાંભિક અંદરથી રહું.**

અહો હે ભગવંત! મેં તો જગતને દેખાડવા માટે આ સાધુનો વેશ પહેર્યો છે. ને અંતરમાં તો કેટલો દંભ રાખ્યો? પ્રભુ! મારું શું થશે? મારા પાપની તો તારી પાસે શું વાત કરું? એવો પશ્ચાતાપ કર્યો કે જેમ નાનું બાળક માતાની પાસે રડે તેમ રડયા.

**શું બાળકો મા-બાપ પાસે બાલક્રીડા નવ કરે?**
**ને મુખમાંથી જેમ આવે તેમ શું નવ ઉચ્ચરે,**
**તેમજ તમારી પાસ તારક, આજ ભોળા ભાવથી,**
**જેવું બન્યું તેવું કહું તેમાં કશું ખોટું નથી.**

હે મારા પ્રભુ! હું તો તારી પાસે નાનો બાળક છું બાળકો મા-બાપની પાસે કાલીઘેલી ભાષામાં ગમે તેમ બોલે છે. તેમ હું પણ તારો બાળક બનીને મેં જીવનમાં જે દંભનું સેવન કર્યું તેની તારી પાસે માફી માંગું છું. જુઓ, મહાન પુરૂષોનું હૃદય કેવું નિર્મળ હોય છે! સાધુ હોવા છતાં પોતાના પાપનો કેવો પશ્ચાતાપ કર્યો! આવો પશ્ચાતાપ દરેક જીવને થાય તો કામ થઈ જાય. જલ્દી મોક્ષમાં જવું હોય તો પાપનો કરાર કરી જીવન પવિત્ર બનાવો.

અનાથી નિર્ગ્રંથ શ્રેણીક રાજાને કહે છે હે રાજન્! મને સ્હેજ સંસાર અસાર લાગ્યો ને દીક્ષા લીધી એવું નથી. પણ મને રોગ ન મટયો, મારાથી વેદના સહન ન થઈ ત્યારે મેં છેલ્લો ઉપાય અજમાવવા પ્રભુને પ્રાર્થના કરી કે હે ભગવાન! જો હું રોગથી મુક્ત થઈશ તો જરૂર દીક્ષા લઈશ. એવો નિર્ણય કરતાની સાથે હું રોગથી મુક્ત થયો. ત્યારે મારી શ્રદ્ધા દૃઢ થઈ કે મેં સંયમ લેવાનો સંકલ્પ કર્યો ત્યાં મારો દ્રવ્યરોગ નાબૂદ થયો તો સંયમ લઈશ તો મારો ભાવરોગ પણ નાબૂદ થઈ જશે. મેં મારા સંકલ્પની વાત માતા-પિતા આદિ કુટુંબીજનો પાસે રજુ કરી. એટલે એ તો બધા ચોધારા આંસુએ રડવા લાગ્યા. કોઈરીતે છાના ન રહ્યા ત્યારે મેં કહ્યું કે–

**હું પવિત્ર પંથે પ્રયાણ કરું,**
**આંસુડા આંખમાંથી શાને ઝરે?... હું પવિત્ર પંથે....**
**હૈયા શાને તમારા બને છે દુઃખી? શાને ચહેરા પર આ ઉદાસી ઉઠી?**
**જે પ્રભુએ લીધો પંથ એ હું લઉં, નામ રોશન કરે એ દિશામાં જાઉં...હું....**

હે માતા-પિતા! ભાઈઓ ને બહેનો! પત્ની! તમે બધા શા માટે રડો છો? હું જે પંથે જાઉં છું તે પંથે તો મોટા મોટા મહારાજાઓ, રાજકુમારો, ચક્રવર્તિઓ

બધા ગયા છે. આવા પવિત્ર પંથે જતાં તમારે મને આશીર્વાદ આપવા જોઈએ. તેના બદલે તમે બધા આ શું કરો છો? તમે હવે મને પ્રેમપૂર્વક પવિત્ર પંથે પ્રયાણ કરવાની આજ્ઞા આપો.

**तओ कल्ले पभायम्मि, आपुच्छित्ताण बंधवे ।**
**खन्तो दन्तो निरारंभो, पव्वइओ अणगारियं ।।**

ઉત્ત. સૂ અ. ૨૦ ગાથા ૩૪

છેવટે માતા-પિતા આદિ સર્વેએ મને રજા આપી. અને મેં ક્ષમાવાન, ઇન્દ્રિઓનો નિરોધી તેમજ નિરારંભી બનીને અણગાર ધર્મ સ્વીકારી લીધો.

બંધુઓ! અનાથી મુનિએ તો દીક્ષા લઇ લીધી. પણ હવે તમને કોઇને દીક્ષા લેવાનું મન થાય છે? અનાથી મુનિને સંસારમાં રોકવા માટે તેમના માતા-પિતા, પત્ની, ભાઇઓ, બહેનો કેટલું રડયા ને ઝૂર્યા છતાં તે રોકાયા? જેમને સંસાર અસાર લાગે છે તે કોઇના રોકયા રોકાતા નથી. તેમને મન સંસારના સુખ સ્વપ્ન જેવા લાગે છે. તમારા સુખ બે પ્રકારના છે. એક આંખ ખુલે જાય અને એક આંખ બંધ થયે જાય. સ્વપ્નનું સુખ આંખ ઉઘડે એટલે ખલાસ. કેમ બરાબર છે ને?

આ જગતમાં સ્વપ્ન બે પ્રકારના છે. એક તો રાત્રે આવે છે તે અને બીજું કયું? એ તમને ખબર નહિ હોય. લો, ત્યારે હું કહું. એક સ્વપ્નુ નાનું છે ને બીજું મોટું છે. રાત્રે ઉંઘમાં આવે છે તે નાનું સ્વપ્નુ અને સંસાર એ મોટું સ્વપ્નુ છે. નાના સ્વપ્નામાં આંખ ખુલ્યા પછી કાંઇ નહિ ને મોટા સ્વપ્નામાં આંખ બંધ થયા પછી કાંઇ નહિ.

**સ્વપ્નની દુનિયામાં તું મ્હાલે, આંખ ખુલે તારું કાંઇ નથી,**
**આ દુનિયા પણ ખતમ માની લે, આંખ મીંચે તારું કાંઇ નથી,**
**મુક્તિપંથ વરવાને કાજે, પ્રભુ ભજન વિના કાંઇ નથી,**
**પુરાણું પિંજર છોડીને, પંખી પાંખ વિના ઉડવાનું**
**ઓ ઉડનારા....પંખી કે તારે કાયમ ના રહેવાનું....**

જેમ રાત્રે કોઇ માણસને એવું સ્વપ્નું આવે કે મને રાજ્ય મળ્યું. ઘણી રાજકુમારીઓ સાથે પરણ્યો ને મહાન સુખ ભોગવી રહ્યો છું. નોકર ચાકરો ખમ્મા ખમ્મા કરે છે. પણ સવાર પડતાં આંખ ખુલે છે ત્યારે તો હતો તેવો ને તેવો હોય છે. તે રીતે જ્ઞાની પુરૂષો આ સંસારને સ્વપ્ન કહે છે. સંસારમાં ખૂબ મહેનત કરીને વસાવેલા હાટ, હવેલી વૈભવ આદિ આંખ બંધ થયા પછી શું? બોલો, કેમ નથી બોલતા? એક ફૂટી બદામ કે કાણી પાઇ પણ સાથે આવતી નથી. કેમ બરાબર છે ને? તો છોડવાનું મન થાય છે ખરું? સંસારની દરેક વસ્તુઓ અનિત્ય અને અવાસ્તવિક હોય છે. એટલે કહેવત છે ને કે **"સ્વપ્નાની સુખડી ભૂખ ભાંગે નહિ."** તે નીચેના દ્રષ્ટાંતથી સ્પષ્ટ સમજાશે.

એક ગામમાં એક કંજુસ શેઠ રહેતો હતો. તે એવો કંજુસ કે **"ચમડી તૂટે પણ દમડી ન છૂટે.** એવો મખ્ખીચૂસ હતો. તે લોકોને ઘેર જઈને જમી આવવામાં હોંશિયાર હતો પણ કોઇને જમાડતો ન હતો. કોઇને ત્યાં જમણવાર હોય ત્યાં શેઠનો નંબર પહેલો હોય. મોટી પલાંઠી વાળીને જમવા બેસી જતો અને એ જમવા બેસે ને પીરસનાર જલ્દી ન પીરસે તો એના પર ક્રોધનો પારો આસમાને ચઢી જતો. પીરસનારને કહે કે જલેબી લાવ! ભજીયા લાવ! ભાત લાવ! ખૂબ પાવર કરે. પણ બધા કંઇ એનો પાવર સહન કરે? એક વખત એક યુવાન બોલી ઉઠયો કે બેસો. જેમ પીરસાતું જશે તેમ વારાફરતી પીરસાશે. તમને કંઈ પહેલું પીરસવાનું નથી. આટલો બધો પાવર શા ઉપર કરો છો? કોઈ દિવસ તમે કોઈને જમાડયા છે? એક ચાનું પાણી પણ પીવડાવતા નથી ને બીજાને ઘેર જમવામાં પહેલો નંબર! (હસાહસ) પેલા પીરસનારના શબ્દો સાંભળીને શેઠ તો ચૂપ થઇ ગયા. મનમાં વિચાર કર્યો કે હવે એક વખત બધાને જમાડી દઉં તો મહેણાં મારતાં બંધ થાય. મહેણા ઉપર પેણો ચઢાવવાનું મન થયું પણ જમાડવા કેવી રીતે? જમણવાર કરે તો પૈસા વપરાઇ જાય ને!

શેઠ આમ વિચાર કરતા હતાં. ત્યાં એક દિવસ પરોઢિયે ચાર વાગે શેઠને સ્વપ્નું આવ્યું. સ્વપ્નામાં શેઠે સાત ઓરડા સુખડીથી ભરેલા જોયા. એટલે એના મનમાં જમણવાર કરવાની રમણુના હતી તેથી વિચાર કર્યો કે જમણવાર કરવાની આ સુંદરમાં સુંદર તક છે. એટલે શેઠની બાજુમાં એક નોકર સૂતેલો. તેને ઉંઘમાં ને ઉંઘમાં જગાડયો ને કહ્યું કે જા, આ નગરમાં મારા તરફથી સહકુટુંબને જમવા આવવાનું આમંત્રણ આપી આવ. આ સાંભળી નોકર ઘડીભર આશ્ચર્યમાં ડૂબી ગયો. અહો! આ શેઠ તો કોઇને પાણી પણ પાતા નથી. ને આખા ગામને જમાડશે કેવી રીતે? આ સાચું છે કે સ્વપ્ન? શેઠને ફરીને પૂછયું ત્યારે કહે છે હા....હા. મારા તરફથી જમણવાર છે. આજે બપોરે જમવાનું નોતરું આપી આવ. એટલે નોકર તો ઉપડયો. ગામમાં થાળી ફેરવી.

**થાળી વાગી અને જનતા ચમકી**:- સવાર પડતાં શેઠ જાગ્યા એટલે નોકર કહે છે હવે રસોઈ બનાવવાની તૈયારી કરો. શેઠ કહે છે શેઠાણી રસોઇ તો બનાવે છે. હવે તારે કઇ રસોઇ બનાવડાવવી છે? (હસાહસ). ત્યારે નોકર કહે છે કેમ? તમે મને નોતરું દેવા તો મોકલ્યો હતો: શેઠ કહે છે મેં કયારે નોતરું આપવાનું કહ્યું હતું? નોકર કહે તમે મને ચાર વાગે જગાડીને કહ્યું હતું. મેં બે વાર પૂછયું ને તમે હા પાડી. એટલે આખા ગામમાં નોતરું આપી આવ્યો છું. હમણાં અગિયાર વાગશે ને લોકો જમવા આવીને બેસી જશે. ત્યારે શું પીરસશો? ત્યારે શેઠને યાદ આવ્યું કે મેં સ્વપ્નામાં સાત ઓરડા સુખડીથી ભરેલા જોયા હતા એટલે કદાચ કહ્યું હશે. ખેર. જે થયું તે ખરું. મારે ગભરાવાની જરૂર નથી. કોઇ યુકિત શોધીને લોકોને ઘર ભેગા કરી

દઈશ. જમણવાર કરું તો મારી કેટલી લક્ષ્મી વપરાઈ જાય? શેઠને હાય પૈસો ને વોય પૈસો હતો. શું મફતના પૈસા આવે છે કે જમણમાં વાપરી નાખું? (હસાહસ). પૈસાના કંઇ ઝાડ નથી કે તોડી લાવું!

**શેઠના આંગણે માનવ મહેરામણ**:- લગભગ અગિયાર વાગ્યા ને શેઠના આંગણે લોકો થાળી વાટકા લઇને જમવા આવ્યા. શેઠના નામની થાળી ફરી ત્યારથી સૌના મનમાં શંકા થઇ હતી કે આ શેઠ શું જમાડશે? કદી ચાર માણસને જમાડયા નથી ને આટલો મોટો જમણવાર એકદમ કરે છે? બધા માણસો લાઈનબંધ જમવા તો બેસી ગયા પણ જમણવાર જેવી તૈયારી દેખાતી નથી. કોઈ પીરસવા પણ આવતું નથી. સૌ રાહ જોઇને બેઠા હતા. ત્યાં શેઠ પોતે બહાર આવ્યા ને નોકર પાસે ખાટલો ને ગાદલું મંગાવી પથરાવ્યું. ને બધાની વચમાં ઉભા રહીને શેઠે કહ્યું– મારા ભાઈઓ ને બહેનો! સાંભળો, મેં રાત્રે સ્વપ્નામાં સુખડીથી સાત ઓરડા ભરેલા જોયા હતા. તેથી તમને બધાને જમવા માટે નોતર્યા. હવે હું સૂઇ જાઉં છું. મને ઉંઘ આવે અને ઉંઘમાં ફરીને પાછા સુખડીના ભરેલા ઓરડા દેખીશ તો તમને પીરસાવીશ. માટે તમે બધા શાંતિથી બેસજો. (હસાહસ) શેઠની આ ઠગબાજી જોઇને સૌ ઘર ભેગાં થઈ ગયા.

બંધુઓ! આ દૃષ્ટાંત ઉપરથી આપણે તો એટલો સાર લેવાનો છે કે સ્વપ્નમાં દેખેલી સુખડીએ કોઇની ભૂખ ભાંગી નહિ. તે રીતે આ સંસારમાં વૈભવવિલાસો અને ધનદોલતથી આપણો આત્મા કયારે સંતુષ્ટ થવાનો નથી. આ બધું સ્વપ્ના જેવું છે. આંખો બંધ થતાં બધું અહીં રહી જવાનું છે. આટલા માટે ભગવંતે સંસારને સ્વપ્નાની ઉપમા આપી છે. માટે જીવનમાં બને તેટલી ધર્મની આરાધના કરી લો.

અનાથી મુનિએ જીવનમાં સાધના કરી લીધી. સંસાર છોડીને સંયમી બની ગયા. હવે પોતે કેવી રીતે ને કોના નાથ બન્યા તે વાત રાજા શ્રેણીકને કહેશે. તેના ભાવ અવસરે.

☆

## વ્યાખ્યાન નં. – ૭૮

**આસો સુદ ૧૩ ને શુક્રવાર** **તા. ૧૭-૧૦-૭૫**

ભવની રાશિના ભાંગનાર અને પરમ પવિત્ર પંથના દર્શક એવા અનંત કરુણાનિધિ ભગવંતે જગતના જીવોના ઉદ્ધારને માટે આગમવાણીનું નિરૂપણ કર્યું. ઉત્તરાધ્યયન સૂત્ર ૨૦મું અધ્યયન અનાથી નિર્ગ્રંથનો અધિકાર ચાલે છે. ભવની રાશિને ભાંગવા માટે અનાથીમુનિનો આત્મા જાગૃત બન્યો છે. એવી પવિત્ર વાણીદ્વારા મોહનિદ્રામાં સૂતેલા જીવોને જગાડવા માટે ભગવંત ઉદ્‌ઘોષણા કરે છે કે હે જીવો! અનંતકાળથી ચતુર્ગતિ સંસારમાં પરિભ્રમણ કરી રહ્યા છો. એક ગતિમાંથી બીજીમાં એમ ચારે ગતિમાં ચક્કર

લગાવ્યા કરો છો. નરકના ભયંકર દુઃખો સહન કર્યા તિર્યંચમાં કેટલી પરાધીનતા સહન કરી. નિગોદમાં ગયો ત્યાં એક શરીરમાં અનંતા જીવોની ભાગીદારી કરી. ત્યાં પણ મહાન દુઃખો વેઠતા વેઠતા અકામ નિર્જરા કરતો કરતો જીવ આ માનવભવના સ્ટેઈજ પર આવ્યો છે. અહીં આવીને માનવ ધારે તો જન્મ જરા ને મરણના ફેરા ટાળી શકે છે. પણ કાયાની માયામાં અંધ બની તેમાં રક્ત રહ્યો છે. આ દેહને ગમે તેટલું આપો તો પણ એનો સ્વભાવ સડન, પડન, ને વિધ્વંસન છે. તેની આળપંપાળમાં આયુષ્ય પાણીના પૂરની જેમ વહી રહ્યું છે. માટે જરા વિચાર કરો.

**જીવ તારો માળો વીંખાઈ જાય, આયુષ્યનો રે માળો વીંખાઈ જાય...જીવ તારો.**
**દિનરૂપી એ તરણાં તારા, રોજ વિખૂટા થાય,**
**પળ પળ કરતાં પહોંચ્યા પચાસે, હજુ ય ના સમજાય...જીવ તારો.**

હે જીવ! તારો આયુષ્ય રૂપી માળો ક્ષણે ક્ષણે વીંખાઈ રહ્યો છે. જેમ ચકલા, ચકલી, પોપટ, કબૂતર, આદિ પક્ષીઓ એકેક તરણું લાવીને તેનો માળો બાંધે છે પણ તેમાંથી કોઈ માણસ તરણાં વિખૂટા પાડે તો માળો વીંખાઈ જાય ને? સાવરણીમાંથી રોજ એકેક સળી ખેંચી લેવામાં આવે તો સાવરણી સાવરણી રૂપે ન રહે પણ છૂટી પડી જાય. કોઈ ગરમ શાલ છે તેમાંથી એકેક તાર ખેંચવામાં આવે તો તેના તાર છૂટા પડવાથી શાલ શાલ રૂપ ન રહે. તેમ જ્ઞાની કહે છે હે માનવ! તું સમજી લે કે રાત્રિ અને દિવસ રૂપી તરણાં છૂટા પડતાં પડતાં એક દિવસ તારો માળો વીંખાઈ જશે. પૂર્વભવમાં બાંધેલું આયુષ્ય આ ભવમાં ભોગવાઈ રહ્યું છે. ગતિ, જાતિ, સ્થિતિ, અનુભાગ, પ્રદેશ અને અવગાહના આ છ બોલ આ ભવમાં નક્કી કરીને જીવ પરભવમાં જાય છે. તો હવે ઉચ્ચગતિને પ્રાપ્ત કરવા માટે જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપની આરાધના કરી લો. જો આરાધના કરી નહિ હોય ને જવાનું થશે ત્યારે એમ થશે કે હે ભગવાન! મેં જીવનમાં કંઈ કર્યું નથી. હવે મારું શું થશે? પાછળનો પસ્તાવો કામ નહિ લાગે. જે જીવનભર સાધના કરે તેનો અંતિમ સમય સુધરે છે. મોટા ચક્રવર્તિ હોય કે વાસુદેવ હોય પણ કર્મો કોઈને છોડતા નથી.

અનાથી મુનિને ત્યાં ઋદ્ધિ-સિદ્ધિનો તૂટો ન હતો. સગાં સ્નેહીઓ પણ તેમની પાછળ પ્રાણ પાથરે તેવા હતા. છતાં કર્મનો ઉદય થયો ત્યારે કોણ છોડાવી શક્યું? સગાનું ને પૈસાનું શરણ કામ ન આવ્યું. પણ ધર્મનું શરણ કામ આવ્યું. તેમણે એટલો સંકલ્પ કર્યો કે મારો રોગ મટે તો હું દીક્ષા લઉં. સંકલ્પ કર્યોને તરત રોગ શાંત થઈ ગયો. શરીર હતું તેવું સ્વસ્થ બની ગયું. બોલો, આ ધર્મનું શરણ કામ આવ્યું ને? તમારા ધનમાં આવી તાકાત છે? કોઈ હીરાના વહેપારીને કેન્સરનું દર્દ થાય ને તે વિચાર કરે કે જો મારું દર્દ મટતું હોય તો હીરાથી ભરેલી ચાદર ઓઢીને સૂઈ જાઉં. હીરાની ચાદર ઓઢીને સૂઈ જવાથી રોગ મટે ખરો? કદી ન મટે. તેમ સંસારનો મોહ રાખવાથી

ભવરોગ નાબૂદ થાય ખરો? ન થાય. આ સંસારના બધા સંબંધો ક્ષણિક છે. જ્યાં સુધી પુન્નાઈ છે ત્યાં સુધી બધું છે. બાકી સુખ-દુઃખમાં સાચો સખાયો ધર્મ છે.

એક વખત એક સંત ગૌચરી જતા હતાં. માર્ગમાં એક વૃદ્ધ ડોસા આંખ આડા હાથ દઈને છૂટી પોકે રડતા હતા. મહારાજે તેના માથે હાથ મૂકીને પૂછયું. ભાઈ! તમે આટલા મોટા થઈને આવી મોટી પોક મૂકીને કેમ રડો છો? ત્યારે બાપા કહે છે મહારાજ! મારા દુઃખની શી વાત કરૂં? મારા પિતાજી મારા માટે પાંચ રૂપિયાની મૂડી મૂકીને ગયા ન હતા. ખાવા માટે મુઠ્ઠી જાર પણ ઘરમાં ન હતી. ખૂબ કષ્ટ વેઠીને મારા બાહુબળથી કરોડોની સંપત્તિ કમાયો. મારે ચાર દીકરા છે. ચારેય દીકરાને ખૂબ ભણાવ્યા, ગણાવ્યાને ખૂબ ખર્ચ કરીને સારા ઘરની કન્યા સાથે પરણાવ્યા. પછી મને થયું કે હવે હું ધંધામાંથી નિવૃત્ત બનીને શાંતિમય જીવન વીતાવીશ ને નિશંતે ભગવાનનું ભજન કરીશ. દીકરા-વહુ બધા મારી સેવા કરશે. એટલે મેં મારી બધી મિલ્કત મારા દીકરાઓને વહેંચી દીધી.

દીકરાઓને બધી મિલ્કત મળી ગઈ એટલે તેમણે બધાએ મને પેઢી ઉપરથી ઉતારી મૂકયો. મને ખાવાપીવામાં પણ દુઃખ દેવા લાગ્યા. મહારાજ! મને તો ચારેય દીકરાએ વારે ચઢાવ્યો, વારા તો ભંગીના હોય, પણ અહીં તો મારે વારા ફરતી મહિનો મહિનો જમવા જવાનું થયું. ખાવામાં દીકરાની વહુઓ ત્રાસ આપવા લાગી. મહિનો પૂરો થાય એટલે તરત વહુનો ઓર્ડર થાય કે હવે બીજા દીકરાને ઘેર ટળો. ન્હાવા ગરમ પાણી પણ ન્હોતી આપતી. કયારેક ખાવાનું પણ નથી આપતી છેવટે નાના દીકરાને ઘેર જવાનો વારો આવ્યો. નાના દીકરાની વહુએ તો એવો ત્રાસ આપ્યો કે હું કંટાળી ગયો. ત્રણ દિવસ ખાવાનું પણ આપ્યું નહિ. મારાથી ભૂખ સહન ન થઈ એટલે હું મોટા દીકરાને ઘેર ગયો. વહુને કહ્યું-બેટા! મારાથી ભૂખ સહન નથી થતી. હું ત્રણ દિવસનો ભૂખ્યો છું. મને કંઈક ખાવાનું આપો. ત્યારે મોટા દીકરાની વહુએ મને ખાવાનું તો કંઈ આપ્યું નહિ ને ઉપરથી એવા શબ્દો કહ્યા કે મારું કાળજું વીંધાઈ ગયું. હું બટકુ રોટલા માટે વહુ પાસે નાના બાળકની જેમ કરગરતો હતો. એટલામાં મોટો દીકરો દુકાનેથી આવ્યો. એટલે વહુ કહે છે આ ડોસો તો મને હેરાન કરે છે ને મારૂં લોહી પી જાય છે. ત્યાં દીકરાએ મને એવી લાત મારી કે મારી કેડ ભાંગી ગઈ. મારા કાળજાના કટકા થઈ ગયા. કે અહો! જે દીકરાઓને પ્રેમથી પાળ્યા, પોષ્યા તેમણે મારી આ દશા કરી? રાગ દશાથી મેં બધાને મારા માન્યા હતા. પણ હવે સમજાયું કે કોણ કોનું છે?

**મનથી માન્યા હતા કે આ બધા મારા, માની લે જીવડા ન મારા કે તારા,**
**સ્વાર્થ વિના પ્રીત કોઈ કરતું નથી રે...કોઈ કોઈનું નથી રે...(૨)**
**નાહકના મરીએ બધા મથી મથી રે...કોઈ કોઈનું નથી રે...**

જે દીકરાઓ હું કમાતો હતો ત્યારે ખમ્મા ખમ્મા કરતા હતા. બાપા શું બોલ્યા ને શું બોલશે, મને પૂછીને પાણી પીતા હતા એટલું મારું માન હતું પણ કમાતો બંધ થયો એટલે કોડીનું પણ માન ન રહ્યું. ઘરના નોકરોનું માન છે એટલું પણ મારું માન નથી. મહારાજ! ભૂખ્યા મારા પેટમાં ચૂંથારા થાય છે. ચક્કર આવે છે. ને અધૂરામાં પૂરું પેટના દીકરાએ પાટુ મારીને કેડ ભાંગી નાંખી. મારાથી સહન થતું નથી એટલે રડું છું.

સંત કહે છે બાપા! હવે તમને સમજાઇ ગયું ને કે સંસાર કેવો સ્વાર્થ ભરેલો છે. કોઇ કોઈનું નથી. તમારી આંખ ખુલી ગઇ છે ને? જો આવું દુઃખ ન વેઠવું હોય તો ચાલો સાથે ને સાધુ બની જાવ. કોઇ જાતની ઉપાધિ નહિ રહે. બાકી સંસારમાં તો દુઃખ છે. ચારિત્રથી આત્માનું કલ્યાણ થશે.

બંધુઓ! સંસારનો મોહ કેવો છે? સંસારમાં સુખ નથી છતાં માયા મુકવી મુશ્કેલ છે.

**સુખની છાયા ક્યાંય નથી પણ માયા નથી મૂકાતી,**
**મૃગજળ જેવું સુખ છતાં યે તૃષ્ણા નથી છીપાતી,**
**ખારો આ સંસાર છતાં યે, તેને ગણું હું પ્યારો**
**ભવના સાગરમાં ભટકું છતાં ક્યાંયે મળે ન કિનારો**
**ભુલ ભરેલી ભ્રમણાઓ છે તો યે નથી મૂકાતી.... સુખની છાયા**

તરત ડોસા તાડૂકીને કહે છે મહારાજ! તમે તમારા મનમાં શું સમજો છો? એ તો ગમે તેવા તો ય મારા છોકરા છે ને? સમય આવ્યે એ મારી ચાકરી કરશે. એ મારા ને હું એનો. જુઓ, હમણાં દુઃખથી રડતો હતો. કોઇ કોઇનું નથી એ શબ્દો પોતાના મુખેથી બોલ્યો હતો ને પાછો કેવો ફરી ગયો? આ શું બતાવે છે? સંસારનો મોહ. એક ગુજરાતી કહેવત છે ને કે:-

**પડપડ કરતી પાણી ભરે ને બેડા ફોડે બહુ**
**સાસુને ગધેડી કહે, તો ય દીકરાની વહુ.**

જુઓ તો ખરા! તમારા સંસારનો મોહ કેવો છે? વહુને ઘરમાં જો વધારે કામ કરવું પડે તો તો બડબડ કરે. તમારા મુંબઇમાં તો ક્યાં પાણી ભરવાનું છે? પણ દેશમાં પાણી ભરવા કૂવે જવું પડે છે. પાણી ભરવા જાય ને બેડા ફોડી નાંખે. તેમાં જો સાસુ એમ કહે કે બેટા! જરા સાચવીને બેડું મૂકવું હતું ને? માથાની ફરેલ વહુ હોય તો સાસુને કહી દે કે ડોકરી બેસને હવે ગધેડીની માફક શું ભૂંકે છે? ગમે તેવી ગાળો દે તો પણ સાસુ ગળી પીવે ને ઉપરથી શું માને કે ગમે તેવી તોય મારા દીકરાની વહુ છે ને! બોલો, કેટલો મોહ છે! ત્યાં જરા પણ અપમાન સાલે છે?

જેને સંસારનો મોહ ઉતરી ગયો છે. સંસારની કોઇ પણ વસ્તુ કે વ્યક્તિ પ્રત્યે મમત્વ નથી રહ્યું તેવા અનાથી મુનિ આગળ શું કહે છે:-

**तोऽहं नाहो जाओ, अप्पणो य परस्स य ।**
**सव्वेसिं चेव भूयाणं, तसाणं य थावराण य ।।**

ઉત. અ. ૨૦ ગાથા ૩૫

હે રાજન્! જ્યાં સુધી મેં સંયમ લીધો ન હતો ત્યાં સુધી હું અનાથ હતો. પણ જ્યારે મેં સંયમ ધારણ કર્યો ત્યારે હું સનાથ બની ગયો. હવે હું મારો પોતાનો પણ નાથ છું. ને બીજાનો પણ નાથ છું. હવે ત્રસ-સ્થાવર આદિ દરેક પ્રાણીઓનો નાથ થયો.

બંધુઓ! તમારામાંથી ઘણાંને ખબર નહિ હોય કે ત્રસ કોને કહેવાય ને સ્થાવર કોને કહેવાય! સૂક્ષ્મ કોને કહેવાય ને બાદર કોને કહેવાય? તેનું જાણપણું કરો. દુનિયામાં બધાનું જાણપણું કર્યું પણ એક પોતાના આત્માનું જાણપણું નથી કર્યું. કોઇ માણસ તેના સગા સબંધી બધાને ઓળખે પણ ઘરના માણસોને ન ઓળખે તે કેવો કહેવાય? મૂર્ખ કહો છો ને? તો પછી તમે બધા દુનિયાભરનું જ્ઞાન મેળવો અને તમારા આત્માનું જ્ઞાન ન મેળવો તો પછી તમને મારે કેવા કહેવા? (હસાહસ). આ હસવા જેવી વાત નથી પણ સમજવા જેવી વાત છે. બોલો, ત્રસ કોને કહેવાય? બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પચેન્દ્રિય. જે હાલેચાલે છે ને કષ્ટ પડતાં જેને ત્રાસ થાય છે તેને ત્રસ કહેવાય. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયરો ને વનસ્પતિ આ સ્થાવર કહેવાય. જે આપણી નજરે ન દેખી શકાય. માત્ર કેવળજ્ઞાની જોઇ શકે તેવા જીવોને સૂક્ષ્મ જીવો કહેવાય ને આપણે જેને દેખી શકીએ છીએ તે બધા બાદર જીવો કહેવાય.

જે સંસાર છોડીને સંયમી બને છે તે ત્રસ અને સ્થાવર જીવોનો નાથ બને છે. નાથ એટલે શું? જીવોની રક્ષા કરનાર તે નાથ કહેવાય. જૈનના સંતો નાનામાં નાના જીવોની પણ રક્ષા કરે છે. એક પણ જીવની હિંસા કરે નહિ. અને તેને દુભાવે પણ નહિ. કેવી રીતે? માની લો કે એક બાપના છ દીકરાઓએ સરકારનો કોઇ ગુન્હો કર્યો હવે સરકારના માણસો આવ્યા ને કહે કે તમારા દીકરાઓએ ગુન્હો કર્યો છે તો તમારા છ દીકરામાંથી એકને ફાંસીની સજા કરવાની છે. તો બોલો, તમારો કયો દીકરો આપો છો? બાપ કયા દીકરાને આપે? બાપને મન તો બધા દીકરા સરખા છે. એકેય અળખામણો નથી. કોને ફાંસીએ ચઢાવવા આપે? કોઈને નહિ. તેમ છકાયના જીવો ભગવાનના અને ભગવાનના સંતોના સંતાન છે. તો એ છકાયમાંથી એક પણ જીવની હિંસા કરવાનું કહે ખરા? એ તો નાનામાં નાના જીવોથી માંડીને મોટા જીવો સુધી રક્ષણ કરવાનું કહે. આ તો સંતની વાત થઈ. પણ ભગવાનના શ્રાવક-શ્રાવિકા પાપભીરૂ હોય અને તેવા શ્રાવક શાક માર્કેટ જાય તો પણ રડી પડે. દિલમાં અરેરાટી થાય. સંસારમાં બેઠા છીએ તો છેદનભેદન કરવું પડે છે ને?

ભગવાનના સંતોની રગેરગમાં કરૂણાનો ભાવભર્યો હોય છે. સંત ગૃહસ્થને ઘેર

ગૌચરી જાય ને ખબર પડે કે મારા નિમિત્તે બનાવ્યું છે તો તેવો આધાકર્મી આહાર સાધુ લે નહિ. પોતાને માટે સામું ટીફીન લાવીને વહોરાવે તો પણ સાધુ લે નહિ. આધાકર્મી આહાર લેવાથી સાધુનું ચિત્ત સ્વાધ્યાય ધ્યાનમાં સ્થિર રહેતું નથી. જીવનમાં પ્રમાદ આવી જાય છે ને કર્મબંધન થાય છે. નિર્દોષ આહાર-પાણીની ગવેષણા કરીને ચારિત્ર પાળનાર સાધુ જ્ઞાનધ્યાનની વૃદ્ધિ કરે છે.

એક સાધુ સંસારમાં કરોડોની મુડી છોડીને ત્યાગી બન્યા હતા. પણ દીક્ષા પછી અનેક શેઠીયાઓએ તેને માનપાનમાં પાડી દીધા અને દરરોજ તેમના માટે ગૌચરી બોલાવવાની પડાપડી થવા લાગી. પરિણામે આધાકર્મી આહારથી ચારિત્રમાં શિથિલતા આવી ગઈ. પણ એક દિવસ આંખ ઉઘડી ગઇ ને નિર્દોષ ગૌચરી ગવેષણા કરીને લાવ્યા, તે શુદ્ધ આહાર પેટમાં જતાં ચારિત્રનું ભાન થયું ને સાધુપણામાં સ્થિર બન્યા. અને ચારિત્રના મહાન ગુણો પ્રગટયા. માટે ગૌચરી નિર્દોષ હોવી જોઇએ. જો સાધુ ચારિત્ર નિર્મળ પાળશે તો પોતે તરશે ને બીજાને તારશે. અરે, તમારા સંસારમાં પણ જો પત્ની ગુણીયલ હશે તો ભાન ભૂલેલા પતિને પણ ઠેકાણે લાવશે.

સંત તુલસીના જીવનનો પ્રસંગ છે. તેની પત્નીનું નામ રત્નાવલી હતું. એ ખરેખર સાચા રત્નની માફક આત્મગુણથી પ્રકાશિત થયેલી હતી. તુલસીભાઈ અને રત્નાવલી લગ્નગ્રંથીથી જોડાયા પછી તેમની જીવન કહાનીમાં શું બન્યું છે તે હું કહેવા માંગું છું. તુલસીભાઈની સાથે રત્નાવલીના લગ્ન થયા અને જયારે પરણીને ઘેર આવ્યા ત્યારે તુલસી રત્નાવલીના રૂપ પાછળ એવો પાગલ બની ગયો કે દુકાન કે ઘરનું કાંઇપણ કામ કરે નહિ. એક કલાક પણ રત્નાવલીથી છુટો ન પડે. પરિણામ એ આવ્યું કે તેને પરણ્યા બે મહિના થયા. રત્નાવલીનું પિયર નજીક હોવાથી તેને તેડવા માટે આવ્યા. પણ મોહાંધ તુલસી તેને કોઇ હિસાબે પિયર જવા દેતો નથી. ચાર ચાર વાર તેડા આવ્યા. અને પાછા ગયા. એના મા-બાપે તુલસીને ઘણું સમજાવ્યું કે તું એને પંદર દિવસ પણ પિયર જવા દે. નહીં તો આપણું ખરાબ દેખાશે, મા-બાપના જીવને દુઃખ થાય છે. પણ તુલસી કોઇ વાતે સમજ્યો નહિ. *અહાહા....મોહ દશા કેવી ભયંકર છે. મોહમાં અંધ બનેલો તુલસી* રત્નાવલીની પાછળ પાછળ ફર્યા કરે છે. છેવટમાં તુલસીના ભાઈઓએ રત્નાવલીના ભાઈઓને સમજાવ્યા. તમે છાનામાના બાજુના ઘરમાં રોકાઇ જાવ. ને જયારે તે સંડાસ જવા જંગલમાં જાય ત્યારે તમે લઇને રવાના થઇ જજો. એની સાથે એના જેવા થશો તો તમારું કામ થશે. પણ તુલસીભાઇ તો કયાંય જતા નથી. તો કરવું શું? કુદરતને કરવું કે તે એક દિવસ જંગલમાં ગયો કે તરત રત્નાવલીને લઇ તેના ભાઇ રવાના થઇ ગયા. બે ગામ વચ્ચે ફકત નદી છે. બેનને લઇ ભાઇ ઘેર ગયો. બધા ખુશખુશ થઇ ગયા.

આ બાજુ તુલસી બહારથી આવી પહોંચ્યો, જયાં રત્નાવલીને જોઇ નહિ ત્યાં

તેના હૈયે હાથ પડી ગયો. હાય....હાયની દશા કરીને લઇ ગયા. બેચેનીથી ભમવા લાગ્યો. ખાધું પીધું નહિ. કેવી મોહની ભયંકર દશા છે! તમાશ તો સ્વાનુભવની વાત છે ને? આ દશા છે રાગની ને મોહાંધ દશામાં પડેલા અજ્ઞાનીઓની. તુલસીએ ખાવા પીવાનું છોડી દીધું અને ઝુર ઝુર કરે. એમ કરતાં રાત પડી. બધા સૂઇ ગયા. પણ તુલસીને ઉંઘ આવતી નથી. રાગની આગ લાગવાથી પથારીને બચકા ભરે છે. રૂંવાડે રૂંવાડે વિયોગની વેદના થાય છે. છેવટે રાતના બાર વાગ્યા. આખા ગામનું વાતાવરણ શાંત થઇ ગયું. ભાઈસાહેબને કાંઈ ચેન પડતું નથી. છેવટે મધરાત્રે પથારીમાંથી ઉભો થાય છે. દરવાજો ખોલી બહાર જાય છે. અહાહા....મોહ દશા શું કરી રહી છે!

તુલસીને સ્હેજ પણ વિચાર ન આવ્યો કે હું મધરાતે જાઉં છું. વચમાં નદી આવે છે. હું ત્યાં જઇશ, રસ્તામાં મને કોઈ તકલીફ પડશે તો? મારૂં માન જળવાશે કે નહિ જળવાય? કોઇ પણ જાતનો વિચાર કર્યા વગર ચાલી નીકળ્યો. ચોમાસાની ઋતુ હોવાથી વરસાદ ધોધમાર પડી રહ્યો છે. રસ્તામાં ઢીંચણસમા પાણી છે. આવું કષ્ટ હોવા છતાં ભોગનો ભિખારી દોડયો જાય છે. નદી કિનારે પહોંચે છે. નદીમાં પૂર આવ્યું છે. ભલભલા માણસો પણ હિંમત હારી જાય એવા નદીના પૂરમાં તુલસીએ કાંઈ પણ વિચાર કર્યા વગર પોતાની જાતને ઘોડાપૂરની સામે ઝંપલાવી દીધી. મોતના મુખમાં જતો હોય તેમ સાહસ કરીને નદી ઓળંગી રહ્યો છે. નદી પાર થતાં સસરાને ઘેર પહોંચ્યો. દરવાજો ખખડાવ્યો. બધા ઉંઘી ગયેલા છે. ફકત રત્નાવલી જાગે છે. મારો ધણી આટલો મોહાંધ છે! એનું શું થશે? આમ વિચાર કરતી હતી ત્યાં અવાજ આવ્યો. બારણું ખોલો. રત્નાવલી પૂછે છે કોણ છો? તુલસી કહે-હું છું. અહાહા! શું તમને દુનિયાની લાજ પણ ન આવી? મને કોઇ દેખી જશે તો? વાસનાના ભિખારી, પાગલ જેવા બની પ્રેમને આધીન થઇ તમે અહીં દોડી આવ્યા છો. ધિક્કાર છે તમારી વાસનાને!

બંધુઓ! છે તમારી સ્ત્રીમાં તાકાત કે તમને મોહના વિષમાંથી પાછા વાળે? આ તો નારી નથી પણ નારાયણી છે. ખરેખર, શકિત અને હિંમત ભરેલી સ્ત્રીએ પોતાના પતિને કડક શબ્દો કહી દીધા. હે મારા નાથ! હાડકા અને લોહી માંસથી બનેલી કાયા પર આટલી પ્રીતિ કરીને પાગલ બન્યા છો પણ તમારી આ પ્રીતિ તમને દુર્ગતિમાં લઇ જશે. પણ આટલી પ્રીતિ ભગવાનમાં કરી હોત તો હે નાથ! તમારી ભવની ભીતિ મટી ગઇ હોત. જેટલા દિવસથી મારી પાછળ પાગલ છો તેટલા દિવસથી ભગવાનની પાછળ પાગલ હોત તો આ તમારો તિરસ્કાર ન થાત. હું પ્રેમની ભૂખી નથી તેમ નથી પણ દરેકમાં મર્યાદા હોવી જોઈએ. ચામડાની પાછળ ચમાર બની આત્મભાન ભૂલી ગયા છો. કંઇક સમજો. તમારી આ ભૂખ તમને ભરખી ખાશે.

રત્નાવલીના આ વચનો સાંભળી તુલસીનું હૃદય વીંધાઇ ગયું. તે જ

મિનિટે દરવાજો ખોલાવ્યા વગર પાછો વળી ગયો. તુલસી જે મોહમાં અંધ બનેલો હતો, પાગલ બનેલો હતો તે એક જ વચને જાગી ગયો. અને એવો જાગ્યો કે પોતાને ઘેર નહિ જતા સત્યના રસ્તે ચાલવા મંડયો. મનથી વિચાર કરતો હૃદયના પોકાર સાથે બોલવા લાગ્યો–અહા! જેની પાછળ હું પાગલ બન્યો તે મને પાગલ કહીને બોલાવે? મને જાકારો કરે? આ કરતાં મેં આટલો પ્રેમ ભગવાન સાથે કર્યો હોત તો ભગવાન મને જાકારો ન દેત. ભગવાન મને દરવાજેથી પાછો ન વાળત. આમ વિચારતો સીધો જંગલમાં ગયો અને ભગવાનની આરાધનામાં બેસી ગયો. અને સાચો સંત બની ગયો. તુલસીભાઈને બદલે સંત તુલસીદાસ બની ગયો અને રામાયણનો લખનાર બની ગયો.

**"પ્રભુ તારી મળી છે પ્રછાયા, નથી જોઈતી હવે જગની માયા,**
**કરમ બિચારા ત્યાં ઘવાયા, ઉગ્યા દિન તો સવાયા."**

તુલસી વિચાર કરે છે હે પ્રભુ! મને તારી છાયા મળી ગઈ છે. મારે હવે જગની કોઈ માયા જોઈતી નથી. જયાં તેનો આત્મા આ રીતે જાગી ગયો ત્યાં શું કર્મો બિચારા ઉભા રહે ખરા? આત્મા જાગ્યા પછી મોહની આગને બોલવાયા વગર છુટકો નથી. અને જ્યારે મોહની આગ બોલવાય છે ત્યારે દિવસ સફળ બને છે. આ હતા સંત તુલસીદાસ અને એ હતી સતી રત્નાવલી. બોલો દેવાનુપ્રિયો! તમારે ઘેર રત્નાવલી છે ને? તમને જગાડે છે કે નહિ? બોલો, કેમ બોલતા નથી? ખેર, રત્નાવલી ન હોય તો તમે જાગો ને તમારી રત્નાવલીને જગાડો.

આપણો રોજનો અધિકાર તમે સાંભળો છો ને? અનાથી મુનિ શું કહે છે હે રાજન્! સંસાર ત્યાગીને હું વીતરાગી સંત બન્યો. એટલે મારો અને સર્વ જીવોનો નાથ બન્યો. હવે મને કોઈ પણ પ્રકારનો રોગ, શોક કે ભય નથી. હવે હું સનાથ બન્યો તેથી કોઈ પ્રકારનું દુઃખ મારી સામે આવી શકતું નથી. કદાચ જો કોઈ રોગ કે દુઃખ આવે તો તેને મટાડવા માટે હું સમર્થ છું. પણ એનાથી ગભરાઈને બીજા કોઈના શરણે જવાની જરૂર પડશે નહિ. મારી જીવન કહાની સાંભળીને હે રાજા! તમે સમજી ગયા હશો કે હું પહેલાં કેવી રીતે અનાથ હતો ને અત્યારે કેવી રીતે સનાથ બનેલો છું. આ ઉપરથી તમે પણ વિચાર કરી લો કે તમે પોતે અનાથ છો કે સનાથ છો?

હે રાજન્! તમારે મારી જેમ સનાથ બનવું હોય તો સંસારની સમસ્ત વસ્તુઓ ઉપરથી તમારો અધિકાર ઉઠાવી લો. અને આ સંયમ રૂપી શક્તિને શરણે આવી જાવ. પછી તમે તમારા પોતાના પણ નાથ બનશો ને પ્રાણીમાત્રના નાથ બની શકશો. સાધુ ન બની શકો તેમ હોય તો અનાથતા દેનારી વસ્તુઓનો જેટલા અંશે ત્યાગ કરશો તેટલા અંશે સનાથ બનતા જશો. અને જ્યારે વસ્તુઓનો સર્વથા ત્યાગ કરશો

ત્યારે સર્વાંશે તમે સનાથ બની શકશો. આ રીતે અનાથી મુનિ પોતે સંયમનું શરણું સ્વીકારીને અનાથમાંથી સનાથ બની ગયા ને શ્રેણીક રાજાને સનાથ બનવાનો ઉપાય બતાવ્યો. હવે આગળ અનાથી મુનિ રાજાને શું કહેશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર :– "પવનકુમારનું લંકામાં આવવું":–** સતી અંજના મામાને ત્યાં ખૂબ આનંદથી રહે છે. મોસાળમાં કોઈ જાતની કમીના નથી. પણ અંજનાના દિલમાં એક વાતનું દુઃખ છે કે પવનજી કયારે આવશે? અને મારા માથેથી કલંક કયારે ઉતારશે? નાનકડો હનુમાન પણ માતાને આનંદ કરાવે છે. અંજના સુખમાં બેઠી છે.

હવે પવનજી અંજના પાસેથી નીકળીને યુધ્ધમાં ગયા ત્યાં શું બન્યું? પવનજી પિતાની આજ્ઞા લઈને યુધ્ધમાં ગયા.

**જઈ કરી રાવણને મળ્યા, ઝીલ્યું બીડું ને ચાલ્યો છે શૂર તો,**
**સાથે હો સેના તે અતિઘણી, મેઘપુરીજ જઈને કરીયું છે મેલાણ તો–**
**બાંધ્યા ખર-દૂષણ છોડાવજો, તિહાં મનાવજો મારી આણ તો,**
**વરૂણ રાજા તિહાં આવીયો, ચતુરંગી સેનાને દલમલપુર તો....સતીરે**

મોટું લશ્કર લઈને પવનજી લંકામાં આવ્યા ને રાવણ પાસે જઈને પ્રણામ કરીને ઉભા રહ્યા. ત્યારે રાવણ કહે છે મેં તો તારા પિતાજીને બોલાવ્યા હતા. બેટા! તું તો હજુ નાનો છે. તું આવું મોટું યુધ્ધ કેવી રીતે ખેલી શકીશ? ત્યારે પવનજી કહે છે આપ તેની ચિંતા ન કરો. યુવાન પુત્ર બેઠો રહે ને પિતાજી યુધ્ધમાં ઉતરે તે મને શોભતું નથી. હું ઉંમરમાં નાનો છું. પણ મારું પરાક્રમ નાનું નથી. આપ મને ખુશીથી આજ્ઞા ફરમાવો. ત્યારે રાવણે કહ્યું - બેટા! તારે વરૂણ સાથે યુદ્ધ કરવા જવાનું છે. અહીંથી જેટલું સૈન્ય જોઈએ તેટલું લઈને જા. પણ વરૂણને હરાવી મારા ખર અને દૂષણ નામના પરાક્રમી સેનાપતિઓને તેણે પકડી લીધા છે. તેમને છોડાવીને મેઘપુરીમાં મારી આણ વર્તાવજે.

**રાવણનો પ્રેમ અને પવનકુમારનું યુધ્ધગમન :** પવનજી મોટું સૈન્ય લઈને રાવણ પાસેથી મેઘપુરીમાં આવ્યા ને વરૂણને યુદ્ધ માટે સૂચના કરી. વરૂણ પણ જેવો તેવો ન હતો. મહાન બળવાન હતો. તેને ખબર પડી કે પ્રલ્હાદ રાજાનો પુત્ર પવનજી આવ્યો છે. એટલે તે પણ યુદ્ધને સજ્જ બનાવી યુદ્ધ મેદાનમાં ઉતર્યો. પવનજી અને વરૂણ વચ્ચે ખૂનખાર લડાઈ ચાલી. બાણોની ઝડીઓ વરસવા લાગી ને તોપોના ધડાકા થવા લાગ્યા. પવનજી અને વરૂણ બંને એકબીજાથી ચઢિયાતા છે. યુદ્ધમાં કેટલાય શૂરવીર સુભટો મરાયા. આ રીતે એક વર્ષ સુધી યુદ્ધ ચાલ્યું, તેમાં નથી પવનજી હારતા કે નથી વરૂણ હારતો. ત્યારે પવનજીના દિલમાં થયું કે રાજ્યસત્તા રાજાઓ ભોગવશે પણ વચમાં નિર્દોષ સૈનિકોના માથા ઉડી રહ્યા છે. પાડેપાડા લડે તેમાં ઝાડનો ખો નીકળી જાય છે. આના કરતાં બંને રાજાઓ સામાસામી યુદ્ધમાં ઉતરી જઈએ. વરૂણ અને

પવનજી બંનેએ સામસામી લડવાનું નક્કી કર્યું. ત્રણ દિવસ બંને લડયા પછી છેવટે પવનજીએ વરૂણને પોતાના પરાક્રમથી હરાવ્યો. ને રાવણના ખર-દૂષણ નામના પરાક્રમી સેનાપતિઓને છોડાવી મેઘપુરીમાં રાવણની આણ વર્તાવી દીધી.

**"પવનકુમારે વરૂણનો કરેલો પરાજય":-** ખૂબ આનંદપૂર્વક વિજયનો વાવટો ફરકાવીને પવનજી પાછા લંકામાં આવીને રાવણના ચરણમાં મસ્તક નમાવીને ઉભા રહ્યા. રાવણે પવનજીને બાથમાં લઇ લીધા ને કહ્યું - બેટા! મેં તો તને નાનો માન્યો હતો પણ તેં તો મોટું કામ કર્યું છે. ધન્ય છે તારી જનેતાને! એમ કહી આશીર્વાદ આપ્યા ને પોતાની બાજુમાં બેસાડયા. અને ખૂબ સારી રીતે સન્માન કર્યું ને પવનજીને ખૂબ મૂલ્યવાન રત્નો અને વસ્ત્રાભૂષણો ભેટ આપ્યા. પવનજી તો યુદ્ધના કામે આવ્યા હતા. તે કામ પૂરું થયું. હવે તો એમનું મન અંજના પાસે જવા તલસી રહ્યું છે. એટલે જલ્દી જવાની રજા માંગે છે. પણ રાવણ કહે છે તું હજુ યુદ્ધમાંથી ચાલ્યો આવે છે. શી ઉતાવળ છે? હું તરત નહિ જવા દઉં હવે પવનજીનો દિવસ વર્ષ જેવો જાય છે. પોતે રહ્યા છે લંકામાં પણ મન છે અંજનામાં. પણ તે આજના છોકરા જેવા ન હતા કે એમ કહી દે કે મને અંજના ખૂબ યાદ આવી છે. માટે મને જવા દો. મોટા માણસની આજ્ઞાનો અનાદર કેમ કરાય? પવનજી રોકાઇ ગયા, ત્રણ ચાર મહિના સુધી પવનજીને લંકામાં રોકયા. ત્યાર પછી પવનજીએ રજા માગી. ત્યારે રાવણ કહે છે હે પવનકુમાર! જ્યારે મારી જરૂર પડે ને હું તમને બોલાવું ત્યારે પાછા વહેલા આવજો. પ્રલ્હાદ રાજાને મારા સ્નેહ સ્મરણ કહેજો. એમ કહીને રજા આપી. હવે પવનજી લંકાથી નીકળીને રતનપુર આવશે. તેમને અંજનાને મળવાની ચટપટી લાગી છે. વધુ ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં. ૭૯

**આસો સુદ ૧૪ ને શનિવાર** **તા. ૧૮-૧૦-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો,

અનંતજ્ઞાની ભગવંતના મુખમાંથી નીકળેલી જે શાશ્વતી વાણી તેનું નામ સિદ્ધાંત. અનાથી નિર્ગ્રંથ શ્રેણીક રાજાને કહે છે હે રાજન્! તું બાહ્ય પદાર્થોના વૈભવથી તને પોતાનો નાથ માને છે. પણ તારી એ માન્યતા ભૂલભરેલી છે. સાચી સનાથતા સંયમમાં છે. જ્યારે સંસારનો ત્યાગ કર્યો ત્યારે હું મારો અને સર્વ જીવોનો નાથ બન્યો.

તે રીતે જ્ઞાની પુરૂષો કહે છે હે જીવાત્માઓ! તમે જે સુખ અને શાંતિને ઝંખી રહ્યા છો તે બહારના પદાર્થોમાં નથી. બાહ્ય પદાર્થો ક્ષણિક હોવાથી તેમાં સુખ અને શાંતિ આપવાની તાકાત નથી. ભલે, તમે બાહ્ય દૃષ્ટિથી કોઇને સુખી જોતા હો પણ

તેના અંતરમાં અશાંતિની વેદના થતી હોય છે. બહિર્મુખ ભાવ એ જીવને માટે દુઃખનું કારણ છે. કસ્તુરીયા મૃગની નાભિમાં સુગંધ હોવા છતાં તે બહાર સુગંધની ખોજ કરતો હોય છે. ને તેના પરિણામે તે દુઃખી થાય છે. આ રીતે આત્મા આંતરદૃષ્ટિ નહિ અવલોકતાં બાહ્ય દૃષ્ટિમાં ભમી રહ્યો છે. આત્માએ વિચાર કરવો જોઈએ કે પુદ્દગલ માત્ર જડ છે. આત્મા ચેતન છે. આઠ કર્મો પણ જડ છે. છતાં અનંત શકિતના ધણી એવા આત્માને આઠ કર્મો હંફાવી રહ્યા છે. જેમ તમે કોઈ પહાડી પર્વતમાં જતા હો અને દૂરથી તમને એવું દૃશ્ય દેખાયું કે સિંહને ઘેટાં અને બકરાઓ હંફાવી રહ્યા છે. આ રીતે બનવું અસંભવિત છે. પણ જો કદાચ બને તો છેવટે સિંહ પોતાના સ્વરૂપમાં આવીને જો પુરૂષાર્થ કરે તો તેને ભગાડતા વાર નહિ લાગે. એ રીતે આત્મા રૂપી સિંહનો જડ કર્મરૂપી ઘેટાં તથા બકરાં સામનો કરી રહ્યા છે પણ જ્યારે આત્મા જાગૃત બનીને એક અવાજ કરશે ત્યારે બકરા અને ઘેટારૂપી જડ કર્મને ભાગતા વાર નહિ લાગે. બે ઘડીમાં ઘાતીકર્મને ખપાવવાની તાકાત આત્મામાં છે. પણ આત્મા મોહ મદિરાનું પાન કરીને એવો મૂર્છિત બની ગયો છે કે પોતાની શકિતનું ભાન ભૂલી ગયો છે.

બંધુઓ! તમે આત્માને કહો કે તું જે પુદ્દગલમાંથી સુખની આશા રાખે છે તે પુદ્દગલ વિનાશી છે. જયારે આત્મા અવિનાશી છે, વિચાર તો કરો કે વિનાશી અવિનાશીનો શું ઉદ્ધાર કરશે? શું કાચનો ટુકડો રત્નચિંતામણી જેવું કામ કરી શકશે? ટૂંકમાં આપણો આત્મા રત્નચિંતામણી સમાન છે. ને પુદ્દગલ કાચના ટુકડા સમાન છે. પુદ્દગલના સુખો તે સ્વપ્ના જેવા છે. જયારે તેમને આ વાત સમજાશે ત્યારે આત્માના સુખની પીછાણ થશે ને શાસ્ત્રની વાત સમજાશે. ભગવાને આઠ પ્રકારના અંધ કહ્યા છે. તેમાં જન્માંધ ને મમતાંધ આવે છે. જે જન્માંધ છે તે સામે જે વિદ્યમાન છે તેને જોઈ શકતો નથી. અને જે મમતાંધ છે તે જે નથી તેને જુએ છે. ખરું ને? શરીર, ઘર, કુટુંબ, હાટ-હવેલી ને જુએ છે ત્યારે એમ લાગે છે કે આ બધું મારું છે. પણ ખરી રીતે સમજો તો તેમાં કાંઈ તમારું નથી.

**મારું મારું કરી રહ્યો છે પણ તારું નહિ તલભાર હો...(૨)**
**સગાસબંધી સૌ સ્વાર્થના, પુત્રાદિક પરિવાર હો (૨)....ફોગટ**
**ફોગટ ફુલાય છે, જીવન તારુ જાય છે. મુરખ મનુષ્ય તારું જીવન એળે જાય છે.**

જે વસ્તુ પોતાની નથી તેને પોતાની માની હરખાવું તે એક પ્રકારનો અંધાપો નહિ તો બીજું શું છે? તિજોરી ઉઘાડો અને તેમાં ત્રણ-ચાર લાખ કે કરોડોની રકમ દેખો ત્યારે તમને હરખ સમાતો નથી. પણ મહાન પુરૂષો કહે છે કે ચાર લાખ હોય કે દશ લાખ હોય કે બેંકમાં કરોડો રૂપિયા મૂકેલા હોય તેમાં તમારું કાંઈ નથી. ફક્ત પરિગ્રહની મમતા છોડીને જેટલું વાપર્યું હશે તેટલું તમારું છે. તમારે તો એમ માનવું

જોઈએ કે બેંકમાં કરોડો રૂપિયાનું ઝવેરાત ને મિલ્કત હોવા છતાં પહેરેગીરી કરનારને તેની સાથે કાંઈ સંબંધ નથી તે રીતે પરલોકમાં જતી વખતે પોતે કરેલા શુભાશુભ કર્મો સાથે લઈ જવાના છે. બાકી બધું અહીં રહી જવાનું છે. ધન તિજોરીમાં રહી જશે. મોટરો ગેરેજમાં રહી જશે. પત્ની ઘરના દરવાજે ઉભી રહી જશે ને સ્વજનો શ્મશાનમાં શરીરને સળગાવીને પાછા ફરશે. આ બધું શું તમે નથી જાણતા? છતાં તમને સમજાતું હોય તો હવે સમજી લો કે મમતાથી અંધ બન્યો છું. જ્યારે સાચી વાત સમજાશે ત્યારે તમને આ મમતા અંધાપાથી પણ ભયંકર લાગશે.

અનાથી મુનિ કહે છે હે મહારાજા! હું જ્યારે સંસાર છોડી સંયમી બન્યો ત્યારે મારો અને બીજાનો નાથ બન્યો. બીજાનો એટલે કોનો?

**सव्वेसिं चेव भूयाणं, तसाण य थावराण य ।**

ત્રસ અને સ્થાવર જીવોનો નાથ બન્યો. દિલમાં એક જ ભાવ આવી ગયો કે મને જેવું ગમે છે તેવું દુનિયાના દરેક જીવોને ગમે છે. મને જે નથી ગમતું તે કોઈને નથી ગમતું. કારણ કે આચારંગ સૂત્રમાં ભગવંત બોલ્યા છે કે:-

**" सव्वे पाणा पियाउया, सुहसाया, दुक्खपडिकूला, अप्पियवहा,**
**पियजीविणो जीविउं कामा, सव्वेसिं जीवियं पियं ।। "**

સર્વ જીવોને આયુષ્યપ્રિય છે. ને સુખશાતાની ઈચ્છાવાળા છે. દુઃખ બધાને પ્રતિકૂળ છે. ભયંકરમાં ભયંકર દુઃખોમાં પણ માનવી જીવવાની ઇચ્છા રાખે છે. મરણ સૌને અપ્રિય છે. જીવન સૌને પ્રિય છે. સર્વ જીવો જીવનની અભિલાષા રાખે છે. જીવતા રહેવું તે સર્વ જીવોને પ્રિય છે. જેમ આપણને જીવવું ગમે છે તે રીતે બીજાને પણ જીવવું ગમે છે. માટે કોઈ જીવની હિંસા કરવી નહિ. કહ્યું છે કે:-

**आत्मवत् सर्वभूतेषु, यः पश्यति स पंडितः ।**
**आत्मनः प्रतिकूलानि, परेषां न समाचरेत् ।।**

પોતાના આત્મા સમાન બધા જીવોને સમજો. જે વ્યવહાર પોતાને પ્રતિકૂળ લાગે છે તે વ્યવહાર બીજાની સાથે ના કરો. આટલી વાત જો આત્મામાં ઘુંટાઈ જાય તો હું માનું છું કે આ દુનિયામાં સ્વર્ગ નીચે ઉતરે. સ્વર્ગ કરતાં પણ અધિક સુખ મૃત્યુ લોકનો માનવી ભોગવે. પ્રાણીમાત્ર પ્રત્યે સમભાવ આવવાથી વીતરાગ અવસ્થાની પ્રાપ્તિ થાય છે. માટે તમારા દરરોજના કાર્યક્રમમાં પણ બને તેટલો ઉપયોગ રાખો કે જેથી ત્રસ અને સ્થાવર જીવોની હિંસા ન થાય. તે સિવાય માની લો કે તમે જમવા બેઠા કોઈ વસ્તુ ભાણામાં આવી તે બગડી ગઈ છે. તેથી તમને ભાવી નહિ. તો તે તમે બીજાને આપવાથી પુણ્ય બાંધવાની આશા રાખતા હોય તો તે તમારી ભૂલ છે. યાદ રાખજો જેવું દેશો તેવું મળશે. માટે બધાને તમારા સમાન ગણો.

**કુળવાન વહુ આવે તો ઘરને ઉજ્જવળ બનાવે :–** એક સારા શ્રીમંત અને સંસ્કારી કુટુંબની દીકરી પરણીને સાસરે આવી. પરણીને આવ્યા તેને મહિનો થયો. તેના મનમાં થયું કે અરેરે .... આ ઘરમાં શું કરવાનું ? એ વિચારે તેનું મન ઉદાસ બની ગયું. લમણે હાથ દઈને આંખમાં આંસું સારતી બેઠી હતી. ત્યાં તેના સસરા આવી ચઢયા. પૂછે છે કે બેટા ? તું કેમ ઉદાસ છે ? તને ઠીક નથી. અથવા તારા સાસુ અગર બીજા કોઈએ તારું અપમાન કર્યું છે? વહુ કહે–ના. બધા મને સારી રીતે રાખે છે. તો તમને શું દુઃખ છે ? ત્યારે કહે-બાપુજી ! બધો આનંદ છે પણ આ ઘરમાં વાસી ખવાય છે. હું અહીં આવી ત્યારથી આટલા દિવસોમાં સાધુ મહાપુરૂષો કે અતિથિ કોઈ આપણાં આંગણે આવતા નથી. ને દાન દઈને હાથ પાવન થતા નથી. સસરાની આંખ ઉઘડી ગઈ ને વહુના કહેવા મુજબ દાનશાળા શરૂ કરી. હજારો લોકોના દુઃખ મટાડયા. તેથી શેઠની વાહવાહ થઈ પણ જે ઇર્ષ્યાળુ માણસો હતા તેમનાથી સહન ન થયું. તેથી એક યુક્તિ રચીને શેઠને કહે છે કે આટલા બધાં નાણાં ના ખર્ચો. ને કામ કરો.

ત્યારે શેઠ પૂછે છે તો મારે શું કરવું ? ત્યારે પેલા આવનારા કહે કે જો તમને ગમે તો હમણાં બટાયેલી બાજરીની સ્ટીમર આવી છે, તે નાંખી દેવાના ભાવે મળે છે. તો તે તમે ખરીદી લાવો. એટલે પૈસાનો બચાવ થશે ને દાન કર્યું કહેવાશે. મૂળ શેઠ લોભી સ્વભાવના તો હતા. તેમાં આવી સલાહ મળી એટલે શેઠને જોઈતું મળ્યું.

**શેઠની આંખ ખોલાવવા વહુએ કરેલી યુક્તિ :–** હવે શેઠે બટાયેલો બાજરો લાવીને રસોડામાં વાપરવા માંડયો. એ બાજરાના રોટલા કોઈના મોઢામાં પેસતા નથી. ગામમાં શેઠની અપકીર્તિ થવા લાગી. વહુના કાને વાત આવી એટલે રસોડામાંથી થોડો લોટ લાવીને તેનો રોટલો બનાવ્યો. ને સસરાજીને રોટલો ભારોભાર ઘી ચોપડીને, બે શાક ચટણી બધું ભાણામાં પીરસ્યું. સસરાજી જમવા બેઠા. એક બટકું મોઢામાં મૂકયું ને થૂ થૂ કરવા લાગ્યા. મોટી રાડ પાડીને સસરાજી કહેવા લાગ્યા કે આજે કોણે રસોઈ બનાવી છે ? ત્યારે નાની વહુ કહે છે કે પિતાજી ! મેં બનાવી છે, તો કહે આજે રોટલો કેવા બાજરાનો કર્યો છે કે મોઢામાં મૂકતાં પણ ઉછાળા આવે છે. ત્યારે વહુએ કહ્યું બાપુજી ! આજે રસોડે ગઈ હતી. મને થયું કે ત્યાંથી બાજરીનો લોટ લાવીને રોટલો બનાવું. એટલે તે બાજરીનો રોટલો બનાવ્યો છે. ત્યારે સસરા કહે-એ બાજરીનો રોટલો મારે ખાવાનો ? વહુ કહે-એમાં શું થઈ ગયું ? આપણાથી ન ખવાય ? આપણા પૈસાનું અનાજ છે ને આપણે તો સારું વાપરીએ છીએ ને ! પછી ખાવામાં શું વાંધો છે ? ત્યારે સસરાજી કહે કે પણ એ આપણાથી ખવાય તેવો બાજરો નથી. પુત્રવધૂ કહે પિતાજી ! વિચાર તો કરો. આપણાથી ન ખવાય તે ગરીબથી કેવી રીતે ખવાય ? આપણે તો ભારોભાર ઘી, શાક, ચટણી બધું છે. છતાં નથી ખવાતો તો ગરીબ કેવી

રીતે ખાય? બસ, શેઠની આંખ ઉઘડી ગઈ ને હતું તેવું રસોડું ચલાવવા લાગ્યા. અહીં આપણે એ વિચારવું છે કે જો આપણી ભાવના ઉંચી હશે તો બધાની ઉંચી થશે. ફ્રાન્સમાં બની ગયેલી એક સત્ય ઘટના તમને કહું.

ફ્રાન્સના એક નાનકડા ગામમાં બે ખેડૂત ભાઈઓ રહેતા હતા. મોટોભાઈ પરણેલો હતો. તેને બે દીકરા અને બે દીકરાઓ હતી. નાનોભાઈ કુંવારો હતો. તેના લગ્ન થયા ન હતા. પોતાના બાપદાદાઓનું એક ખેતર હતું. તેના એક ભાગમાં મોટોભાઈ ખેતી કરે ને બીજા ભાગમાં નાનોભાઈ ખેતી કરે.

એક વખતના પ્રસંગમાં પાક બરાબર તૈયાર થયા પછી બંને ભાઈઓએ પાક વાઢીને ખળામાં નાંખ્યો હતો. કામ કરતાં કરતાં સાંજ પડી એટલે મોટાભાઈએ નાનાભાઈને કહ્યું કે ભાઈ! વાઢેલો પાક ખેતરમાં પડયો છે એટલે આપણા બેમાંથી એકને તો ખેતર પર રાતવાસો રહેવું જોઈએ. અત્યારે હું ઘેર જાઉં છું. રાતના બાર-એક વાગે હું અહીં આવી જઈશ. પછી તું જજે. આ બંને ભાઈઓમાં પ્રેમ ને સંપ ઘણો હતો. નાનોભાઈ કદી મોટાભાઈની આજ્ઞા ઉથાપે નહિ. તે મોટાભાઈને પિતા સમાન ગણી તેની આજ્ઞામાં તત્પર રહેતો. મોટાભાઈની વાત સાંભળી નાનોભાઈ કહે ભલેભાઈ, એટલે મોટોભાઈ ઘર તરફ રવાના થયો.

નાનો ભાઈ બરાબર ચોકી કરતો બેઠો છે. તેની નજર પાકના ઢગલા ઉપર પડતી હતી. પાક જોતા તેને વિચાર આવ્યો કે મારો મોટો ભાઈ વસ્તારી છે. તે છ માણસનું કુટુંબ છે. આટલા પાકમાં એમનું પૂરું કેવી રીતે થાય? વળી તે ભાઈ તો પાછો સ્વમાની છે. કોઈને કાંઈ કહે પણ નહિ. ત્યારે મારે એકલાને આટલો બધો પાક શું કરવો છે? લાવ, ત્યારે સો પૂળા મોટાભાઈના ઢગલામાં નાખી દઉં. કેટલી દિલની ઉદાર ભાવના ને ભાઈ પ્રત્યેની લાગણી! એમ વિચાર કરીને નાનાભાઈએ પોતાના સો પૂળા મોટાભાઈના ઢગલામાં નાંખ્યા.

રાત્રીના બાર વાગે મોટાભાઈ ખેતરનું રક્ષણ કરવા માટે આવી ગયો. ને નાનાભાઈને ઘેર મોકલ્યો, રાત્રે વિચાર કરતાં કરતાં મોટાભાઈને વિચાર આવ્યો કે અરે! આ મારો નાનોભાઈ કેટલો ભોળો ને પવિત્ર છે. હજુ એને સંસારનો આખો પંથ કાપવાનો બાકી છે. પોતાની પાછલી જિંદગીનો વિચાર કરીને એ પૈસા ભેગા પણ કર્યા નથી. તે તો પાછો એવો શરમાળ ને લજ્જાવાન છે કે ભૂખે મરે પણ કોઈની પાસે હાથ લાંબો ન કરે. ગમે તેમ પણ હું તેનો મોટોભાઈ છું. એ ન માંગે તો ય મારે છાના છાના પણ એને મદદ કરતાં રહેવું જોઈએ. એમ વિચાર કરીને મોટાભાઈએ પોતાના ઢગલામાંથી સો પૂળા નાનાભાઈના ઢગલામાં નાંખ્યા.

બીજે દિવસે નાનાભાઈએ જોયું તો પોતાનો પાક પૂરેપૂરો પડયો હતો. તેથી એને

આશ્ચર્ય થયું. એ રાતે એણે પોતાના પૂળામાંથી સો પૂળા મોટાભાઈના ઢગલામાં મૂકવા માંડયા. ત્યાં મોટાભાઈ આવી ચડયા. નાનાભાઈને પોતાના પાકમાં પૂળા મૂકતો જોઈને મોટાભાઈએ કહ્યું - કેમ ભાઈ! આ શું કરે છે? મોટાભાઈ! હું એકલો છું, મારે આટલો બધો પાક શું કરવો છે? આપ તો વસ્તારી છો. તેથી મને એમ થયું કે લાવ, ત્યારે સો પૂળા મોટાભાઈના ભાગમાં મૂકું. મેં ગઈ કાલે રાત્રે મૂકયા હતા પણ કોણ જાણે કેમ એ મારા ઢગલામાં પાછા આવી પડયા.

નાનાભાઈની આવી ઉચ્ચ ભાવના જોઈને મોટાભાઈની આંખમાં હર્ષના આંસુ આવી ગયા. એણે કહ્યું - ભાઈ! ગઈ કાલે મને પણ વિચાર આવેલો કે તું એકલો છું. અત્યારે તેં બે પૈસા બચાવ્યા હોય તો ભવિષ્યમાં કામ આવે. એ વિચારથી પ્રેરાઈને મેં સો પૂળા તારા ઢગલામાં મૂકયા હતા. મોટાભાઈની આવી વિશાળ ભાવના જોઈને નાનો ભાઈ તેના ચરણમાં નમી પડયો. મારો કહેવાનો આશય એ છે કે દિલની સારી યા ખરાબ ભાવનાઓનો પડઘો જરૂર પડે છે. કેટલાક સ્થળ એવાં હોય છે કે જ્યાં અવાજના પડઘા પડે છે. આપણે જે બોલીએ છીએ એ થોડા વખત પછી ફરી આપણને સાંભળવા મળે છે. એ જ પ્રમાણે એક વ્યકિતના અંતઃકરણની ભાવના બીજી વ્યકિતના અંતઃકરણની દીવાલને અથડાઈને એ જ રૂપમાં મૂળ વ્યકિત તરફ પાછી ફરે છે.

આપણા વિચારોમાં અજબ શકિત ભરી છે. જગતમાં જેટલાં જેટલાં કાર્યો થઈ ગયા, થઈ રહ્યા છે અને થશે એ બધાનું મૂળ વિચાર છે. જેટલા પ્રમાણમાં વિચાર શુદ્ધ અને પવિત્ર હશે એટલા પ્રમાણમાં કાર્ય શુદ્ધ અને પવિત્ર થશે. પવિત્ર વિચારથી પ્રેરાઈને જે વૈજ્ઞાનિકોએ જગતને સુંદર સગવડતાઓ આપી એ વૈજ્ઞાનિકોને જગત પ્રેમથી વંદે છે. અને જે વૈજ્ઞાનિકોએ જગતને હિંસક શસ્ત્રો ભેટ ધર્યા એ વૈજ્ઞાનિકોને જગત ધૃણાની નજરે નિહાળે છે. જેમ્સ એલે કહ્યું છે કે મનુષ્ય પોતાનું ભાવિ પોતે બગાડે છે અથવા સુધારે છે. વિચાર રૂપી યંત્રશાળામાં એ એવા હથિયાર બનાવે છે કે જેથી તેનો પોતાનો વિનાશ થાય. તેવી જ રીતે એવા પણ હથિયાર બનાવી શકે કે જેથી આનંદ, ઉલ્લાસ અને શાંતિ રૂપી સ્વર્ગીય ભુવનોનાં સાહિત્યો બનાવી શકે. સત્ય વિચાર પસંદ કરીને તેનો યથાયોગ્ય ઉપયોગ થાય તો મનુષ્ય દેવ બને. ખોટા વિચાર કરી તેવો ઉપયોગ કરે તો પશુ કરતાં ય નીચી પંકિતમાં ઉતરે. આ બે છેડાની વચમાં અનેક સ્વભાવના જુદા જુદા વિચારોના મનુષ્યો હોય છે. અને મનુષ્ય તેમનો કર્તા અને ભોકતા છે.

દેવ બનવું કે દાનવ એ માનવીની પસંદગીની વાત છે. સારા વિચારો કરનારો દેવ બની શકે છે. એને દેવની રિદ્ધિ – સિદ્ધિ પ્રાપ્ત થાય છે. જ્યારે ભૂંડા વિચારો કરનારો માનવી આખું જીવન દુઃખમાં પસાર કરે છે. આપણા અને સમાજના બંનેના કલ્યાણને અર્થે સદાય કલ્યાણકારી વિચારો કરવા. ભલે આપણા માટે

બીજા ગમે તે વિચાર કરતા હોય પણ આપણે તો સદાય બીજાનું સારૂં ઇચ્છવું જોઇએ. આપણે જો દિલથી બીજાનું શુભ ઇચ્છતા હોઇશું તો એક દિવસ એવો જરૂર ઉગશે કે સામી વ્યકિતના કૂડ કપટ ભર્યા મનોભાવ પણ પલટાવાના.

બંધુઓ! કોઇના મકાનમાં અત્તરભર્યું હોય તો શું ત્યાંથી પસાર થનારા પ્રવાસીઓને એની સુગંધ નહિ આવે? આવે. ઘરની અંદર કોઇ જીવજંતુ મરી ગયું હોય અને સડતું હોય તો ત્યાંની હવા દુર્ગંધમય નહિ બને? સ્પુરતા વિચાર અત્તર જેવા છે. અને કુવિચાર સડતા કચરા જેવા છે. જ્યારે આપણા ચિત્ત રૂપી તંત્રમાં વિચારોની ઘટમાળ શરૂ થાય છે. ત્યારે તે વિચારોની અસર આપણા શરીર ઉપર થાય છે એટલું નહિ પણ આપણાંથી ન જોઇ શકાય કે ન સમજી શકાય તેવી અદશ્ય અસરો વાતાવરણમાં પણ ફેલાય છે. એક દાખલો આપીને સમજાવું.

બનારસના રાજા બ્રહ્મદત્તે રાજ્યના લોભથી કોશલ દેશ પર ચઢાઇ કરી. ને તે રાજય જીતી લીધું. કોશલ રાજા યુદ્ધમાં મરાઈ ગયા ને તેની રાણી જંગલમાં ભાગી ગઇ. તે સમયે તેને નાનો બાબો હતો. તેને જંગલમાં રહીને રાણીએ ઉછેર્યો. ને તેનું નામ દીર્ઘાયુ પાડયું. સમય જતાં આ વાત તો ભૂલાઇ ગઇ. દીર્ઘાયુને એની માતા ભૂતકાળની ઘણી ઘણી વાતો કરતી. સાથે એ કહ્યું કે દીકરા! બનવાનું હતું તે બની ગયું. હું એમ નથી કહેતી કે તું તારા પિતાનું વેર લે. વેરથી કદી વેર શમતું નથી, અગ્નિ જેમ પાણીથી શાંત થાય તેમ વેરની જ્વાળા પ્રેમથી શાંત થાય. આ સુંદર વાત તારા પિતા મને ઘણી વખત કહેતા હતા.

સમય જતાં દીર્ઘાયુ મોટો થયો. તેના દેહ પર યૌવન થનગનવા લાગ્યું. પોતાની આજીવિકાને માટે દીર્ઘાયુ બ્રહ્મદત્તને ત્યાં સારથિ તરીકે કામ કરવા રહ્યો. એક દિવસની વાત છે. બ્રહ્મદત્ત રાજા શિકાર ખેલવા નીકળ્યા. તે જંગલમાં ઘણે દૂર સુધી નીકળી ગયા. બધા સાથીદારો છૂટા પડી ગયા. થાકયાપાકયા બધા બપોરે એક વૃક્ષ નીચે આરામ કરવા બેઠા. બ્રહ્મદત્ત રાજા દીર્ઘાયુના ખોળામાં માથું મૂકીને ઊંઘી ગયા. રાજાને ઊંઘતા જોઇને દીર્ઘાયુને પોતાનું જુનું વેર યાદ આવ્યું.બ્રહ્મદત્તનો નાશ કરવા પાસે પડેલી તલવાર ઉપાડી. ત્યાં તો માતાની મીઠી શિખામણ યાદ આવી. બેટા! વેરથી વેર નથી શમતું પણ પ્રેમથી શમે છે. દીર્ઘાયુએ તરત તલવાર નીચે મૂકી દીધી. પણ અશુભ વિચારનો પડઘો પડયો હોય તેમ રાજા બ્રહ્મદત્ત એકદમ ઝબકીને જાગી ગયા.

બ્રહ્મદત્તને એકદમ ગભરાયેલો જોઇ દીર્ઘાયુએ પૂછયું. મહારાજા! આપ આટલા બધા ગભરાયેલા કેમ દેખાવ છો? હે દીર્ઘાયુ! મને સ્વપ્નુ આવ્યું કે તું કોશલરાજનો પુત્ર છે અને પિતાનું વેર લેવા કટિબદ્ધ થયો છે. દીર્ઘાયુ કહે–હા, વાત સાચી છે. તો પછી....હે મહારાજા! મને મારી માતાના શબ્દો યાદ આવ્યાં અને હું આપની ઘાત

કરતાં અટકી ગયો." **વેર વેરથી નથી શમતું પણ વેર પ્રેમથી શમે છે.** આ શબ્દો સાંભળી રાજાએ કહ્યું - ચાલ, આપણે આપણો હિસાબ પતાવી દઈએ. એમ કહીને બ્રહ્મદત્તે દીર્ઘાયુને છાતી સરસો ચાંપ્યો. વેરના ઘા પ્રેમના પાણીથી ધોવાઈ ગયા. બંધુઓ ! આપે સાંભળ્યું ને કે સદ્ભાવના કેળવવાથી પરિણામ સુંદર આવે છે. દુશ્મન દોસ્ત બની જાય છે. બ્રહ્મદત્તે દીર્ઘાયુને તેનું રાજ્ય પાછું સોંપી દીધું. કેવું સુંદર પરિણામ આવ્યું ? શત્રુ મિત્ર બની ગયો ને વેરી વહાલો બની ગયો.

આપણે ત્યાં આયંબીલ તપની આરાધના ચાલી રહી છે. ભગવાને તપ અને ત્યાગની મહાન પ્રધાનતા બતાવી છે. ભગવાને મોક્ષ પ્રાપ્તિના સાધનોમાં સમ્યક્‌જ્ઞાન સમ્યક્‌દર્શન, સમ્યક્‌ચારિત્ર અને સમ્યક્‌તપને માન્યા છે. તથા બીજા પ્રકારથી મોક્ષ સાધનામાં દાન, શીયળ, તપ અને ભાવને પણ ઘણું મહત્ત્વ આપ્યું છે. મારો કહેવાનો આશય એ છે કે આ બંને સાધનોમાં તપનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેથી તપનું સ્થાન અનિવાર્ય છે. કારણ કે તપથી પૂર્વે કરેલા કર્મોની નિર્જરા થાય છે. આચાર્ય હેમચન્દ્રે પણ કહ્યું છે કે :-

**सदोषमपि दीप्तेन सुवर्ण वह्निना यथा ।**
**तपोऽग्निना तप्यमानस्तथा जीवो विशुध्यति ।।**

જેવી રીતે માટીથી લેપાયેલું સોનું અગ્નિમાં તપીને શુદ્ધ બને છે તેવી રીતે તપરૂપી અગ્નિમાં તપીને આત્મા શુદ્ધ અને પવિત્ર થઈ જાય છે.

તપ એ જીવનના ઉત્થાનનો સર્વોપરી માર્ગ અથવા સર્વોપરી સાધન છે. તપ કરવાથી આત્મા સર્વોચ્ચપદ તીર્થંકર નામ કર્મ બાંધી શકે છે. ભગવાન મહાવીરે પોતાના પૂર્વ ભવમાં નંદનરાજાના ભવમાં ૧૧ લાખ ૬૦ હજાર માસખમણ કર્યા હતા ને તીર્થંકર નામ કર્મ બાંધ્યું હતું. ગાઢ કર્મોના બંધનને તોડવા માટે તપની અતિ આવશ્યક્તા છે. તે સિવાય વૈજ્ઞાનિક પદ્ધતિથી સમજીએ તો એક લેખકે બાયોકેમીક દવાની સાથે તપની સુંદર સરખામણી કરી છે. બાયોકેમીક પદ્ધતિ અનુસાર તેના નિષ્ણાતો માને છે કે બાયોકેમીકની બાર દવાઓ માણસોના ગમે તેવા રોગો માટે બસ છે. તેમ આત્માના ગમે તેવા રોગો માટે આ બાર પ્રકારનો તપ બસ છે.

બાયોકેમીકની બાર દવાની અંદર પહેલી દવાનું નામ કેલકેરીયાફોર્સ છે. જે હાડકાનો દુઃખાવો, દાંત હાલવા, ટી. બી. વગેરે અનેક રોગોની અંદર કામ આવે છે. તેમ અનશન તપ આત્માને અનાદિના લાગેલા વાસનારૂપ ટી. બી., આહાર ખાવારૂપ હડકવા અને જીવોનો સંહાર કરવારૂપ હિંસારૂપ કેન્સર આદિ અનેક રોગોને માટે આ પહેલો અનશન તપ કરવામાં આવે છે.

બીજી દવાનું નામ છે ફેરમફોર્સ જે કોઈ પણ જાતનો તાવ, કોઈ પણ જાતનો

સોજો, મરડો વગેરે માટે કામ આવે છે. જો કે તેની અંદર બીજી દવાનું મિશ્રણ તો કરવું પડે છે. છતાં મુખ્યપણે તેનું કામ ઉપર કહેલા રોગોની નાબૂદી કરવાનું છે. તેવી રીતે ઉણોદરી રૂપ ફેરમફોર્સ તપ કરવાથી બ્રહ્મચર્ય સારૂં પળાય છે. વિચારોની શુદ્ધિ થાય છે. મન પવિત્ર બને છે. પ્રમાદ હટી જાય છે. અબ્રહ્મ, પ્રમાદ, મનની અશુધ્ધિ વગેરે દૂર થાય છે.

ત્રીજી દવાનું નામ છે ફેસ્મ-ફોર્સ, જે શરીરમાં લોહીના ગઠ્ઠાઓ જામી જાય, કોઈ અંગ ખોટું વધ્યું હોય તેમજ ચામડી આદિના રોગો માટે વપરાય છે. તેમ વૃત્તિ-સંક્ષેપ રૂપ ફેસ્મફોર્સ નામનો તપ પરિગ્રહ ઉપર કાબૂ મેળવે છે. જીવનમાં કરકસર લાવે છે. ખાઉં-ખાઉંની વાસના ઓછી કરે છે. જેના દ્વારા મૈથુન સંજ્ઞા ઉપર પણ થોડો પ્રહાર પડે છે. બીજા પણ અનેક કામમાં આવે છે. જે દ્વારા પરિગ્રહ સંજ્ઞા રૂપ રોગ તેમજ વાસનારૂપ રોગની નાબૂદી થાય છે.

ચોથી દવાનું નામ છે કેલ્કર-ફોર્સ. જે માથાનો દુઃખાવો, ખાસ કરીને મુખ ઉપરના રોગો, દાંતના સડા વગેરે માટે કામ આવે છે. તેમ રસત્યાગ રૂપી કેલ્કરફોર્સ તપ જીભની ચળ, વધુ ખાવાની લત, અબ્રહ્મની અશુદ્ધિ વગેરે આત્માના અનેક રોગોના ઉપાય માટે કામ આવે છે.

પાંચમી દવાનું નામ કાળીમૂર છે. એ ફેરમ્ફોર્સ સાથે અપાય છે. જે ટાઈફોઈડ માટે, જીભ ઉપર થતી સફેદ ફોલ્લીઓ, કે આંખના રોગો માટે અપાય છે. તેવી રીતે કાયકલેશ રૂપી કાળીમૂર તપ અનાદિ કાળથી કાયામાં પેસી ગયેલા પ્રમાદ રૂપી રોગ, આત્મામાં વધી ગયેલા ભોગ વૈભવના તાંડવ રૂપી રોગ વગેરે માટે અકસીર ઈલાજ છે.

છઠ્ઠી દવાનું નામ છે કાળીફોર્સ. ઉંઘ ન આવતી હોય, બીક લાગતી હોય, ગાંડપણ જેવું લાગતું હોય, જ્ઞાનતંતુ નબળા લાગતા હોય, ઝાડામાં દુર્ગંધ આવતી હોય વગેરે ઘણા રોગ માટે આ દવા અપાય છે. સંલીનતા રૂપ કાળીફોર્મ તપ બહુ ઉંઘ આવતી હોય. (ઉંઘ આવવી એ દર્શનાવરણીય કર્મનો ઉદય છે.) તે માટે અકસીર ઇલાજ છે. જે દ્વારા સ્વાધ્યાય, ધ્યાન વધારે થાય છે. ઉપયોગ સારો રહે છે અને ઉપયોગ સારો રહેવાથી આત્માના જ્ઞાનતંતુઓ ખૂબ સતેજ રહે છે.

*સાતમી દવાનું નામ કાળી સલ્ફ છે. ગડગૂમડ, ઉનાળામાં થતા તાપોડીયાં, કાનનું* પાકવું, દાંતમાં રસી થવી, ખરજવું, ચિંતા, વિગેરે માટે જે કામ આવે છે તેવી રીતે જૈન-શાસનનો સાતમો તપ પ્રાયશ્ચિત છે. જે દ્વારા અનાદિની પાપ વાસનાઓ શાંત થાય છે. અઢારે પાપના ગડગૂમડ બેસી જાય છે. આત્માની ચિંતા ઓછી થાય છે. આત્મા પાપના ભારથી હળવો ફૂલ બની જાય છે. તેને કોઇ જાતનો ભય રહેતો નથી. આ રીતે અનેક કામમાં પ્રાયશ્ચિત રૂપી કાળી સલ્ફ દવા કામમાં આવે છે.

આઠમી દવાનું નામ છે મેગ્નેશિયા ફોર્સ. જે ઊંટાટીયો, શરદી, ખાંસી આ બધા માટે કામ આવે છે. જૈનશાસનની વિનયરૂપ મેગ્નેશિયા ફોર્સ જે અહંરૂપી ખાંસી, ઊંટાટીયો, મમ રૂપી શરદી માટે કામ આવે છે. જે દ્વારા અર્હમ રૂપી આરોગ્ય પ્રાપ્ત થાય છે.

નવમી દવાનું નામ છે નેટમસુર. જે બંધકોશ, સૂકાયેલું ખરજવું, તેમાંથી પાણી ઝરવું, આંખમાંથી પાણી આવવું, આ માટે કામ આવે છે. તેવી રીતે વૈયાવચ્ચ રૂપ નેટમસુર દવા જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ માટે તથા ક્ષય માટે તેમજ અંતરાય કર્મના ક્ષય માટે ખૂબ અસાધારણ દવા છે. જો કે બધી દવાઓ દરેક કર્મના ક્ષય માટે છે. છતાં પણ શાસ્ત્રમાં વૈયાવચ્ચને અપ્રતિપાતી ગુણ કહ્યો છે. તેથી વૈયાવચ્ચ માટે વધારે ફોર્સ લખ્યો છે.

દશમી દવાનું નામ નેટ્રમફોર્સ છે. દાંતના દર્દો, ગેસ, સ્વપ્નદોષ, વગેરે માટે આ દવા બીજી દવા સાથે મિલાવીને અપાય છે. તેવી રીતે સ્વાધ્યાય તપ રૂપ નેટ્રમફોર્સ આત્મશુદ્ધિ માટે તેમજ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ માટે તેમજ સમ્યક્ત્વની શુદ્ધિ માટે ખાસ કામનો છે.

અગિયારમી દવાનું નામ નેટ્રમસલ્ફ છે. જે ટાઢિયો તાવ, પેશાબ રોકાઇ રોકાઇને આવવો, તથા દમ રોગ માટે અપાય છે. તેવી રીતે ધ્યાનરૂપ નેટ્રમસલ્ફ ઘાતી કર્મના નાશ માટે અકસીરમાં અકસીર ઉપાય છે.

બારમી દવાનું નામ છે સિલિસિયા. જે વાળ ખરતા હોય, માથાની જૂં માટે, ગુમડું પાકતું ન હોય તો અપાય છે. તેવી રીતે કાર્યોત્સર્ગ રૂપી સિલિસિયા દવા કાયાનું મમત્વ મુકાવવા માટે છેલ્લામાં છેલ્લો ઉપાય છે. બાયોકેમિકની આ બાર દવાઓ એક દવા સાથે બીજી મિકસ કરીને પણ અપાય છે. તેવી રીતે જેવા જેવા આત્માના દોષો હોય તે તે રીતે વધતા ઓછા પ્રમાણમાં બાર તપ રૂપ દવા લેવી જરૂરી છે.

દેવાનુપ્રિયો! બાયોકેમિકની બાર દવાઓ જેવી રીતે દેહના દર્દ મટાડે છે તેવી રીતે આત્માના રોગ મટાડવા માટે આ બાર દવાઓ તે છે કે છ આભ્યંતર તપ અને છ બાહ્ય તપ. અનંતકાળથી આત્માએ જેટલી બહારની ચિંતા કરી છે તેટલી આત્માની ચિંતા કરી નથી. જ્યારે અંતરાત્મા જાગી ઉઠશે ને પોતાના સ્વરૂપની રમણતામાં ઠરશે ત્યારે અલૌકિક આનંદ પ્રાપ્ત કરશે. સમય થઇ જવા આવ્યો છે. વિશેષ આ બાબતમાં કંઇ કહેતી નથી. આવતી કાલે પૂર્ણિમાનો પવિત્ર દિવસ છે. જીવનનૈયાને ભવસાગર પાર કરાવનાર અમારા પરમ ઉપકારી પૂ. ગુરૂણીદેવ પાર્વતીબાઇ મહાસતીજીની પુણ્ય તિથિનો પવિત્ર દિવસ છે અને આયંબીલ તપની આરાધનાનો છેલ્લો દિવસ છે. આવતી કાલે સુંદર આરાધના કરી તપ ત્યાગમાં જોડાશો તેવી આશા સહિત વિરમું છું.

☆

## વ્યાખ્યાન નં.-૮૦

**આસો સુદ ૧૫ ને રવિવાર** **તા. ૧૯-૧૦-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો !

મહાન પુણ્યના ઉદયથી આ માનવ ભવ મળ્યો છે. જ્ઞાની કહે છે આ માનવ જન્મને સફળ બનાવો. આ જગતમાં પ્રત્યેક માનવી માનવજીવનને સફળ બનાવવા ઈચ્છે છે, પણ માનવજીવન સફળ કેવી રીતે બને, તે તમે જાણો છો ? ઘણાં મનુષ્ય ધન કમાવામાં, ખાવા-પીવામાં, હરવાફરવામાં ને કીર્તિ પ્રાપ્ત કરવામાં સફળતા માને છે. વળી કોઈ ભોગ-ઉપભોગ ને ભૌતિક સુખ મેળવવામાં માનવજીવનની સફળતા માને છે. જ્યારે જ્ઞાની કહે છે, કે આત્માને કર્મના બંધનથી મુક્ત બનાવવામાં માનવજીવનની સાચી સફળતા છે. "માનવ જન્મારો છે મીઠો પણ બની ગયો છે કડવો." તેનું કારણ શું ? એનું કારણ એ છે કે રૂડો માનવજન્મ પામી, આત્માને કર્મના બંધનથી મુક્ત કરવાનું એક પણ કાર્ય ન કર્યું. પણ કર્મબંધન થાય તેવા બૂરા કાર્યો કર્યા. બૂરા કામ કરતાં બૂરી ગતિ થશે. ઘણાં એમ કહે છે, કે ઘડપણમાં ગોવિંદના ગુણ ગાઈશું. અરે, ઘડપણમાં ગોવિંદના ગુણ ગાશો તો ગાશો નહિતર ગુણો તો ભરશો, કેમ બરાબર છે ને ? (હસાહસ). આજે જૂઓ છો ને કે માનવ જેવો માનવ બનીને ખંભે માલના કોથળા ઉપાડે છે. કાળી મજૂરી કરે છે. માટે કહ્યું છે કે અમૂલ્ય માનવભવ પામીને આત્માની સાધના નહિ સાધો તો સંસારની ગુણો ઉપાડવા સિવાય બીજું શું કરશો ?

બંધુઓ ! વિચાર કરો. આપણું જીવન ક્ષણભંગુર છે. આ ઘડિયાળનો કાંટો પણ કટકટ અવાજ કરીને કહે છે, કે હે માનવ ! તું ચેતી જા. આ કાંટો જેમ ચારે તરફ ફરે છે તેમ તું પણ જીવનમાં શુભ કાર્યો નહિ કરે તો ચતુર્ગતિના ચક્કરમાં ફરીશ. આ કાંટો કયારે ખરી પડશે તેની ખબર નથી. તેમ તારા આયુષ્યનો કાંટો કયારે ખરી પડશે તેની ખબર નથી. અલ્પ જિંદગીમાં કરવા જેવું તું કરી લે. જેવા કર્મો બાંધીશ તેવા તને ફળ મળશે. શુભ કર્મો બાંધીશ તો શુભ ફળ મળશે ને અશુભ બાંધીશ તો અશુભ ફળ મળશે. બાવળ વાવીને કેરીની આશા રાખે છે તે કયાંથી મળશે ? આંબો વાવ્યો હોય તો ભવિષ્યમાં કેરી મળે ને બાવળ વાવે તો કાંટા જ મળે ને ? માટે જ્ઞાનીઓ કહે છે કે આયુષ્ય ક્ષણિક છે. ચેતી જાવ. કાળ કોઈની શહ જોતો નથી. આજે આપણે કોઈને જોયા હોય છે ને સવાર પડતાં તો તેના અશુભ સમાચાર સાંભળવા મળે છે. ત્યારે આપણને એમ થઈ જાય છે, કે આ શું થઈ ગયું ? હજુ તો આપણે કાલે તેમને જોયા છે. આપણને મળી ગયા છે ને શું થઈ ગયું ? આ સાચું હશે કે ખોટું ? પણ કાળરાજાને આવો વિચાર નથી થતો. કાળરાજાનો અગાઉથી સંદેશો પણ નથી આવતો. અત્યારે તો મોટા ભાગે એકાએક જવાનું બને છે.

આગળના વખતમાં પાંચ સિગ્નલ આપવામાં આવતા હતા. જેમ ગાડી આગળના સ્ટેશનેથી ઉપડે ત્યારે સામા સ્ટેશનમાં ડંકા પડે. ગાડી સ્ટેશનમાં આવતા પહેલા પાંચ મિનિટ અગાઉથી સિગ્નલ આપવામાં આવે છે. તેમ પહેલાના વખતમાં આ જીવનની ગાડી ઉપડતા પહેલાં પાંચ સિગ્નલ આપતા હતા. તેમાં સૌથી પહેલાં માથાના વાળ કાળા હતા તે ધોળા થાય એટલે માનવ સમજી જતો હતો કે માથામાં કાળા વાળ મટીને ધોળા થયા. એટલે મને ચેતવણી આપે છે.

**આ કાળ વહેણુ વહેતાં, સંદેશ કંઈ કંઈ કહેતાં,**
**નથી સ્થિર કોઈ રહેતા, તું બનજે તત્ત્વવેત્તા.**

નદીના વહેણુ પૂરજોશમાં વહે છે. તેને બે હાથ આડા દેવામાં આવે તો પણુ તેને કોઈ રોકવા સમર્થ બની શકતું નથી. છતાં માની લો કે બે કાંઠે વહેતી નદીના વહેણુને પણુ કોઈ ઉપાયથી રોકી શકાય પણુ કાળના વહેણુને રોકવા કોઈ સમર્થ નથી.

**જળ પ્રવાહ સમું અવિશ્રાન્ત આ, ઘટતું જાય ક્ષણિક જ જીવન,**

કાળના વહેણુ પૂરજોશથી વહી રહ્યા છે. તે માનવને સંદેશો આપે છે, કે હે માનવ! તું ચેતી જા.

**ચેતી જા આતમ ચેત હવે અવસર ચાલ્યો જાય છે (૨)**
**આવ્યો હતો તું છોડવા, બાંધીને શાને જાય છે (૨)**
**સ્વમાંથી તું પરમાં જઈ, શાને વધુ રિબાય છે (૨) - ચેતી જા -**

જે આત્માઓ સંતનો સમાગમ કરીને સ્વને ઓળખે છે તે કામ કાઢી જાય છે. તે આત્મા પ્રત્યેક પદાર્થોને પરિવર્તનશીલ દેખે છે. એટલે તેને કોઈ પણુ પદાર્થ પ્રત્યે રાગ કે દ્વેષ થતો નથી. તમે પણુ જુઓ છો ને કે આત્મા સિવાયના સર્વ પદાર્થો જડ છે ને દરેકની પર્યાય પલટાય છે. તમે બે ત્રણુ વર્ષના હશો ત્યારે તમારી માતાએ ફોટો પડાવેલો હશે તે તમને બતાવશે તો તમે એમ કહેશો કે આ ફોટો કોનો છે? યુવાનીનો અને બાલપણુનો ફોટો સરખાવશો તો જુદો લાગશે. આ બધી પુદ્દગલના પર્યાયો છે. જયાં પર્યાય છે ત્યાં પલટાવાપણું છે. આવા વિનશ્વર પુદ્દગલનો સ્વભાવ જોઈને કંઈક આત્માઓ વૈરાગ્ય પામી ગયા છે ને કંઈક જીવો સંસારમાં રહેવા છતાં પણુ ન્યારા રહે છે.

એક રાજકુમાર ખૂબ સૌંદર્યવાન હતો. એક દિવસ સુંદર સ્વાંગ સજી ફરવા જઈ રહ્યો હતો. એનું લલાટ અગારા મારી રહ્યું હતું. પુણ્યવાનનો પ્રકાશ કદી છાનો રહેતો નથી. કદાચ સાદા વેશમાં હોય તો પણુ તેનું લલાટ કદી છૂપું રહેતું નથી. રસ્તામાં એક વેશ્યાની હવેલી આવી. વેશ્યા ઝરૂખામાં ઊભી છે. રાજકુમારને દેખી તે તેના રૂપમાં મુગ્ધ બની અને રાજકુમારને બોલાવ્યો. કુમારને ખબર નથી કે આ કોની હવેલી છે. એટલે એ તો હવેલીમાં ગયો ને વેશ્યાને પૂછયું-બહેન! તમે મને શા માટે બોલાવ્યો

છે? વેશ્યા પણ ખૂબ સ્વરૂપવાન હતી. તેણે કહ્યું સ્વામીનાથ! આ મારી સમસ્ત સંપત્તિ આપના ચરણે ધરી દઉં છું. આપ તેનો અને મારો સ્વીકાર કરો. આપણે સાથે રહીને સંસારના સુખો ભોગવીએ.

બંધુઓ! આ રાજકુમાર ચામડીના રૂપમાં મોહ પામે તેવો ન હતો. ચારિત્ર સંપન્ન હતો. વિનશ્વર પુદ્‌ગલના સ્વભાવને સમજનારો હતો. એટલે સ્હેજ પણ તેનું મન ચલાયમાન ન થયું. જીવનમાં ચારિત્રની ખૂબ મહત્તા છે. ચારિત્ર વિનાનું જીવન પ્રાણ વિનાના કલેવર જેવું છે. જીવનમાંથી બધું જશે તો કંઇ વાંધો નથી પણ ચારિત્ર ગયું તો સમજી લેજો કે જીવન ધૂળધાણી થઇ જશે. મહાનપુરૂષોના જીવનમાં કસોટી આવે ત્યારે પહેલાં સામી વ્યકિતને સમજાવે. પણ જો તે ના સમજે તો જીભ કરડીને મરી જાય પણ પોતાનું ચારિત્ર લૂંટાવા દે નહિ. ચારિત્રની રક્ષા કરતાં આ રીતે મરવું પડે તો તે આપઘાત ન કહેવાય. બધી ખોટ પૂરી થશે પણ ચારિત્રની ખોટ કોઈ નહિ પૂરી શકે.

માની લો કે કોઇ શેઠને ચાર દુકાન છે. એક બકાલાની, બીજી કાપડની, ત્રીજી દવાની અને ચોથી ઝવેરાતની.. બકાલાની દુકાનમાં ખોટ આવશે તો કાપડની દુકાનમાંથી પૂરી કરી શકાશે. કાપડની દુકાનમાં ખોટ આવશે તો દવાની દુકાનમાંથી પૂરી કરી શકાશે. પણ જો ઝવેરાતની દુકાનમાં ખોટ આવશે તો તે ખોટ બકાલાની દુકાન, કાપડની દુકાન કે દવાની દુકાનમાંથી પૂરી થઈ શકશે નહિ. કારણ કે ઝવેરાતનાં મૂલ્ય ઘણાં હોય છે. તેમ ચારિત્ર એ ઝવેરીની પેઢી છે. માટે એ પેઢીમાં સ્હેજ પણ ખોટ આવવી ન જોઇએ. તેનું ખૂબ લક્ષ રાખો.

રાજકુમાર વિચારે છે કે અહો! આ વેશ્યા પુદ્‌ગલના રંગમાં કેટલી આસકત બનેલી છે! પણ શું તેની યુવાની, સૌંદર્ય, અને સંપત્તિ કંઈ સ્થિર રહેવાના છે? ખરેખર એ વાત સત્ય છે કે **"નથી કોઇ સ્થિર રહેતાં તું બનજે તત્ત્વવેત્તા."** હે આત્મા! તું ખૂબ સજાગ બન. તારે આ તરફ દૃષ્ટિ કરવાની નથી. જો અત્યારે વેશ્યાને ના કહીશ તો મને જવા નહિ દે. એટલે સમયસૂચકતા વાપરીને રાજકુમાર કહે છે અત્યારે હું કોઇ અગત્યના કામે બહાર જઇ રહ્યો છું. મારું કામ પૂર્ણ કરીને કોઇ સમયે મારી જરૂર પડશે ત્યારે આવીશ. વેશ્યા કહે છે ના. હું તમને નહિ જવા દઉં. કુમાર કહે અત્યારે ગયા વિના મારે ચાલે તેમ નથી. હું જાઉં છું. જ્યારે મારી જરૂર હશે ત્યારે આવીશ. એમ કહીને છટકબારી શોધીને છટકી ગયો.

બંધુઓ! તમે કોઇ ચોર અગર ગુંડાના સકંજામાં સપડાઇ જાવ ત્યારે નાસી છૂટવા માટે છટકબારી શોધો છો ને? રખે, ગુંડાના પાશમાં સપડાઇ જઇશ તો મારા પૈસા ને માલ મિલ્કત લૂંટી લેશે. માટે જલ્દી અહીંથી કેમ છુટું? તે માટે રસ્તો શોધો છો ને

લાગ મળે તો છટકી પણ જાવ છો ને? રાજકુમારને મન વેશ્યા પણ ચારિત્ર રૂપી ધન લૂંટનાર લૂંટારી હતી એટલે તે ત્યાંથી છટકી ગયો. વેશ્યા તો રાહ જોતી રહી. આ વાતને પંદર વર્ષો વીતી ગયા. એક વખત ફરીને તે રાજકુમાર ફરવા માટે નીકળ્યો. ત્યારે એક સ્ત્રી રસ્તામાં પડેલી જોઇ. તે કાળા પાણીએ કલ્પાંત કરે છે ને બચાવો-બચાવોની બૂમો મારે છે. આ કરુણ રુદનના શબ્દો કુમારના કાને અથડાયા. તરત એ ઘોડેથી નીચે ઉતર્યો. એ બાઈના સામું જોયું. તે તરત ઓળખી ગયો. અહો! આ તો પેલી વેશ્યા છે. કયાં ગઈ તેની યુવાની અને તેનું સૌંદર્ય! પાણી પાણી કરે છે પણ કોઇ પાણી પાતું નથી. શરીરમાંથી દુર્ગંધ છુટે છે. કુમારે તેને શીતળ પાણી પીવડાવ્યું. બીજું પાણી મંગાવી તેનું શરીર સ્વચ્છ કરાવ્યું, એટલે વેશ્યાને કંઇક શાંતિ વળી અને પૂછયું - તમે કોણ છો? ત્યારે કુમારે કહ્યું - પંદર વર્ષ પહેલાં મેં તને કહ્યું હતું કે અત્યારે મારી જરૂર નથી. મારી જરૂર પડશે ત્યારે આવીશ. એટલે ખરા સમયે હું આવી ગયો છું. કંઈક વિચાર કર. તું જ્યારે યુવાન અને સૌંદર્યવાન હતી ત્યારે ભોગવિષયની મસ્તીમાં કૂદતી હતી. અને તારી પાસે જે પુરૂષો આવે તેને પધારો સ્વામીનાથ....પધારો સ્વામીનાથ કહેતી હતી. અને બધાને તારા રૂપમાં મુગ્ધ બનાવી ભોગ વિલાસમાં જિંદગી બરબાદ કરી. પણ વિચાર કર. અત્યારે કોઇ તારી પાસે આવે છે? કોઇ તારૂં છે? આ શરીર; રૂપ, સંપત્તિ, યૌવન બધું વિનશ્વર છે. કોઇ સ્થિર રહેનાર નથી. એક દિવસ બધું ચાલ્યું જવાનું છે. માટે તત્ત્વવેત્તા બનીને વિચાર કર. આ સુંદર શરીર પણ અહીં રહી જવાનું છે. આ મોંઘી માનવજિંદગી પ્રાપ્ત કરીને સદ્ગુરૂના ચરણે ઢળીને મોહમસ્તીને ટાળી દેવાની છે. અને વ્રત-નિયમ દ્વારા આ દેહને પવિત્ર બનાવવાનો છે.

બંધુઓ! આ રાજકુમારને આવી તત્ત્વદૃષ્ટિ કયાંથી મળી? એને સાચા સદ્ગુરૂ મળ્યા હતા. એક વખત સાચા સદગુરૂ મળે તો મિથ્યાત્વ, મોહ અને અજ્ઞાનના ઝેર ઉતર્યા વિના ન રહે. **સુરતા સદ્ગુરૂ ચરણે ઢળે, મેલ જો મોહ માયાના ટળે, ભાવના ભકિત રસમાં ભળે, સચ્ચિદાનંદ સોનું તેને મળે.** સાચા સદ્ગુરૂનો સમાગમ કરવાથી એને એવું જડ અને ચૈતન્યનું ભેદ જ્ઞાન થયું હતું. એટલે કોઇ મનમોહક પદાર્થો પ્રત્યે તેને રાગ થતો ન હતો. ગારૂડી મળી જાય તો સર્પના ઝેર ઉતારી નાંખે. હોંશિયાર વૈદ કે ડોકટર હોય તો ભયંકરમાં ભયંકર રોગનું નિદાન જલ્દી કરી શકે છે અને દર્દીના અશાતા વેદનીય મંદ પડવાના હોય તો તેની દવાથી રોગ શાંત થઇ જાય છે. તે દર્દી ડોકટર અને વૈદનો ઉપકાર માને છે કોઇ ડોકટર કે વૈદ એમ કહે કે ભાઈ! મારી દવા લો. તમારો એક મોટો રોગ મટશે પણ બીજા ત્રણ રોગો થોડા સમય પછી થશે તો તમે એવા મૂર્ખા નથી કે એની દવા લો. કેમ બરાબર છે ને? એક રોગ ભલે રહ્યો. નવા રોગ નથી જોઈતા. આ જ રીતે જ્ઞાની કહે છે, કે સાચા સદ્ગુરૂઓ ભવરોગને નાબૂદ કરનાર કુશળ ડોકટર છે. તેઓ કહે છે કે ભોગ વિષય

એ એવું ભયંકર ઝેર છે કે એ આ જીવને અજ્ઞાન અને મોહમાં બેશુદ્ધ બનાવી અનંતકાળ સુધી સંસારચક્રમાં ભમાવે છે. ભોગમાં જે ભમે છે તેના જન્મ મરણ વધે છે. જ્યાં કર્મ છે, ત્યાં જન્મ છે. જન્મ છે ત્યાં જરા, રોગ, મરણ બધું છે. માટે ભોગની ગુલામી છોડો. સદ્ગુરૂના વચનામૃતની એક પડીકી લઇ તેમની આજ્ઞાનું બરાબર પાલન કરશો તો આ જન્મ-જરા-મરણના રોગો નાબૂદ થઈ જશે. જ્યાં ભોગ છે ત્યાં રોગ છે.

"इमं सरीरं अणिच्चं।" આ શરીર અનિત્ય છે. અશુચીમય છે. અશુચીમાંથી ઉત્પન્ન થયેલું છે અને દુઃખ અને કલેશનું ભાજન છે. એમાં મોહ પામવા જેવું નથી. આવા સુખો જીવે અનંતીવાર ભોગવ્યા પણ ભોગની ભૂખ મટી નહિ. નાના બાળકને લાકડાનું ચૂસણીયું આપવામાં આવે છે. બાળક એને મોઢામાં નાંખીને ચૂસ્યા કરે છે. એ આખો દિવસ ચૂસણીયું ચૂસ્યા કરે તો તેની ભૂખ મટે ખરી? ના. માતા એને છોડાવવા જાય તો પણ છોડતો નથી. તેમ તમને પણ સદ્ગુરૂઓ ભોગ વિષયનું ચૂસણીયું છોડાવવા પડકાર કરે છે. પણ મોહમાં પડેલા જીવોને છોડવું ગમતું નથી. તત્ત્વદૃષ્ટિ ખુલે તો આ ચૂસણીયું છૂટે.

રાજકુમારે સદ્ગુરૂનો સાચો સમાગમ કર્યો હતો. એટલે વેશ્યાના મોહમાં પડયો નહિ. પણ સમય જોઈને સુંદર ઉપદેશ આપ્યો. જ્યારે વેશ્યા યુવાનીની મસ્તીમાં મસ્ત બનેલ હતી ત્યારે આવો ઉપદેશ આપ્યો હોત તો તેને સમજાત નહિ. એના પાપનો ઉદય થયો ને સર્વસ્વ ચાલ્યું ગયું. આવી દુર્દશા થઇ અને કોઈ એની ખબર લેનાર ન રહ્યું ત્યારે તે કુમાર મળ્યો ને સત્ય વાત સમજાવી તો તેનું જીવન સુધરી ગયું. વેશ્યા સાચી શ્રાવિકા બની ગઇ. એને ચારિત્રના મૂલ્ય સમજાયા અને આ શરીર, સંપત્તિ અને સ્વજનો બધા સ્વાર્થના સગાં છે. એવું ભેદજ્ઞાન થતાં સંસારની અસારતાનું ભાન થયું ને તેનું જીવન સુધરી ગયું.

બંધુઓ! રાજકુમારને સદ્ગુરૂનો સમાગમ થતાં પોતાનું જીવન સુધાર્યું. અને વેશ્યાને પણ સુધારી. સજ્જનના સંગે જનાર પાપીમાં પાપી પણ પુનિત બની જાય છે. માટે સંગ કરો તો સંતનો કરો, બાકી તો બધો સંગ છોડવા જેવો છે.

આજે તમને ખબર છે ને કયો પવિત્ર દિવસ છે? શરદ પૂર્ણિમાનો પવિત્ર દિવસ ને આયંબીલની ઓળીનો છેલ્લો દિવસ. આ દિવસ આપણને તપની સાધના બતાવે છે. જેમ ઉનાળાના દિવસમાં કોઇ માણસ જંગલમાં ભૂલો પડયો. પાણી વિના તેનો કંઠ સૂકાઈ જાય છે. આંખે અંધારા આવે છે. તે સમયે તે માણસ પાણીની શોધ કરતો કરતો જે દિશામાં પાણીનું સરોવર છે તે દિશા તરફ ચાલે છે. તો તે હજુ સરોવર પાસે પહોંચ્યો પણ નથી તે પહેલાં તેની અડધી તૃષા શાંત થઇ જાય છે. તેનું કારણ સરોવરને સ્પર્શીને શીતળ પવન આવે છે. તે પવન દ્વારા માનવીને શીતળતા મળે છે. તમારા બંગલાની બારીઓ દરિયા તરફ હોય તો ઠંડો પવન આવે છે ને? તેમ સંત-સરિતાને સ્પર્શીને

આવતો તપ-સંયમરૂપી શીતળ પવન પણ સંસાર તાપથી અકળાયેલા, મુંઝાયેલા પથિકને શાંત ને શીતળ બનાવે છે. સંતો સંસાર ત્યાગીને સંયમી બને છે. સંયમી બન્યા પછી ભગવાન કહે છે, કે હે મારા સાધક! તું તપ કર. તપ કરવાથી શું લાભ થાય છે?

" भवकोडि संचियं कम्मं तवसा निज्जरिज्जइ ।

ક્રોડો ભવના સંચિત કર્મોને બાળવા માટે તપની અવશ્ય જરૂર છે. જો તપની જરૂર ન હોત તો ભગવાન તપ કરત નહિ. ભગવાને દીક્ષા લઈને કેવો ઉગ્ર તપ કર્યો હતો! ભગવાન ઋષભદેવના સમયમાં મનુષ્ય વધુમાં વધુ બાર મહિના સુધી તપ કરી શકતો હતો. વચલા બાવીસ તીર્થંકરના સમયમાં વધુમાં વધુ આઠ મહિના અને ચરમ તીર્થંકર મહાવીર પ્રભુના વખતમાં વધુમાં વધુ છમાસી તપ થઈ શકે છે. આવા મહાન તપના તેજ અલૌકિક છે. જૈન શાસનમાં તપનો અપૂર્વ મહિમા બતાવ્યો છે. અને કર્મો ખપાવવા માટે તપની અવશ્ય જરૂર છે.

તપ એ કર્મના વાદળાને વિખેરી નાંખનાર વંટોળ છે ને સંસારની અંધારી ખીણમાંથી સિદ્ધશીલાની જ્યોતિર્મય ભૂમિકા પર પહોંચાડનાર પગદંડી છે. તપસ્વીના તપના તેજથી મોટા મોટા ઉપદ્રવો પણ શમી જાય છે. ને દેવો પણ તપસ્વીના ચરણમાં ઝૂકી પડે છે. ભયંકર અસાધ્ય રોગ પણ તપશ્ચર્યાથી શમી જાય છે. તપ ભવની પરંપરાને કાપી નાંખે છે. આવી મહાન તાકાત કે ઓજસ હોય તો તપમાં છે.

ભગવાન મહાવીર સ્વામીના જીવે નંદરાજાના ભવમાં રાજવૈભવ છોડીને દીક્ષા લીધી. ને દીક્ષા લીધી તે દિવસે અભિગ્રહ કર્યો કે મારે જાવજીવ સુધી માસખમણને પારણે માસખમણ કરવું. કર્મના બંધનોને તોડી આત્મદશાને પામવા માટે શરીરની સુકોમળતા છોડી પ્રબળ પુરૂષાર્થ ઉપાડયો. દીક્ષા લઈને અગિયાર લાખ ઉપરાંત માસખમણ કર્યા હતા. તમે તો ઓળી કરો તો એમ લાગે કે મેં ઘણું કર્યું. પણ અનાદિ કાળની વાસના કાઢવા માટે તપની અવશ્ય જરૂર છે. જેને કર્મબંધનથી મુક્ત થવાની જિજ્ઞાસા જાગે છે તે આત્માઓ જલ્દી કર્મોને ખપાવવા સંયમ લઈને મહાન ઉગ્ર તપ કરે છે. તેનું લક્ષ કર્મોથી મુક્ત થઈ શાશ્વત સુખ પ્રાપ્ત કરવાનું હોય છે. પણ જે અજ્ઞાની છે તે શું કહે છે. છ દર્શનમાં એક ચાર્વાક દર્શન છે. તે શું બોલે છે?

यावत् जीवेत् सुखं जीवेत्, कर्जकृत्वा घृतं पीबेत् ।
भस्मीभूतस्य देहस्य, पुनरागमनं कुतः ।।

આ જીવ પંચભૂતમાંથી ઉત્પન્ન થયો છે ને તે પંચભૂતમાં સમાઈ જશે. શરીરના નાશની સાથે તેનો પણ નાશ થઈ જશે. ધર્મ-કર્મ જેવી ને પરલોક જેવી કોઈ ચીજ છે નહિ માટે આ ભવ મીઠો તો પરભવ કોણે દીઠો? આ શરીર દ્વારા ખાઓ, પીઓને મોજમજા ઉડાવી લો. આવું શરીર ને આવા સુખો ફરીફરીને મળવાના નથી. માટે

પાસે પૈસા ન હોય તો દેવું કરીને પણ મોજમઝા ઉડાવી લો. ત્યારે આપણા પરમ પિતા પ્રભુ મહાવીર કહે છે કે दुल्लहे खलु माणुसे भवे। આ મનુષ્યભવ દુર્લભ છે. તેની એકેક ક્ષણ અમૂલ્ય જાય છે. જે સોનેરી ક્ષણો તારા જીવનમાંથી સરી જાય છે તે ફરી ફરીને પાછી મળતી નથી. માટે ખૂબ સજાગ બની સંસારના મોજશોખ છોડીને સાવધાનીપૂર્વક આત્મસાધના કરી લો. જો તમે સમજીને સાધના નહિ કરો તો પાછળથી પસ્તાવું પડશે.

બંધુઓ! આપણને આવો મનુષ્ય જન્મ તો ઘણી વખત મળ્યો. સદ્‌ગુરુઓનો યોગ ને આવો જૈન ધર્મ પણ મળ્યો હશે. છતાં પણ આપણું કલ્યાણ કેમ નથી થયું? હજુ આપણે સંસારમાં શા માટે રઝળીએ છીએ? તેનો વિચાર કરો. સમજણપૂર્વકની સાધના કરી નથી. અંતરમાં મેલ રાખી બહારથી ઉજળા થઈને ફર્યા છીએ તેના કારણે રખડપટ્ટી ચાલુ રહી છે. આ જગતમાં ચાર પ્રકારના જીવો છે.

પહેલા પ્રકારના જીવો કબ્રસ્તાન જેવા હોય છે. તમે કબ્રસ્તાન તો જોયું હશે? કબ્રસ્તાનમાં કબરો ઉપર આરસની લાદીઓ જડેલી હોય છે. એટલે તે કબરો ઉપરથી ચકમકતી દેખાય છે તેના ઉપર લીલું કપડું ઓઢાડેલું હોય છે. તેના ઉપર ફૂલના હાર ચઢાવેલા હોય છે. ને તેની તીથિના દિવસે ત્યાં ધૂપ-દીપ બધું કરવામાં આવે છે. એટલે ત્યાં સુગંધ સુગંધ મહેંકતી હોય છે. પણ તમે અંદર જુઓ તો શું છે? આ તો બધો બહારનો ભપકો છે પણ અંદર તો મડદા સડી રહ્યા છે. કીડા ખદબદે છે ને દુર્ગંધ છૂટે છે. આ રીતે ઘણાં માણસો એવા હોય છે કે તે ઉપરથી ખૂબ સુંદર, ધર્મીષ્ઠ ને સજ્જન દેખાતા હોય છે. પણ તેના અંતરમાં રાગ-દ્વેષ અને મોહના મડદા સડી રહ્યાં હોય છે. કામવાસનાના કીડા ખદબદે છે. દુનિયા જાણે, કે આ કેવો પવિત્ર આત્મા છે! આ રીતે તમારો સંસાર ઉપરથી ચકમકતો દેખાય છે પણ અંદર તો વિષયકષાયોના કચરા ભર્યા છે.

**રાગ કેરા રંગથી સંસાર છે રૂડો, ઉપરથી ઝલકતો પણ માંહી છે કૂડો.**

આ વિષયકષાયના કચરાનો સર્વે નાબૂદ કરવાને માટે સદ્‌ગુરૂ રૂપી વૈદો તમને તપ અને ત્યાગની અમૂલ્ય ટેબ્લેટ આપે છે. તમને કોઈ રોગ લાગુ પડયો હોય ને ડોકટર પાસે દવા લેવા જાવ તો પૈસા આપવા પડે, કલાક બે કલાકનો ટાઈમ બગાડવો પડે ત્યારે દવા મળે અને તેનાથી રોગ મટશે કે નહિ મટે તે નક્કી નથી. જ્યારે સદ્‌ગુરૂ રૂપી વૈદો કોઈ પણ જાતના સ્વાર્થ વગર અને તમારો ટાઈમ પણ બગાડયા વગર તમને મફત દવા આપે છે.

**આયે વૈદ ગુરૂજી લે લો દવાઈ બિના ફીસ કી,**
**સત્સંગકી શીશી કે અંદર, જ્ઞાન દવા ગુણકારી,**
**એક ચિત્તસે પીઓ કાનસે, (૨) મીટે સકલ બીમારી હો....આયે વૈદ**

બંધુઓ ! તમારો ભવરોગ નાબૂદ કરનારા સંત રૂપી વૈદ તમને તપની ટેબ્લેટ આપવા માટે બેઠા છે. જે તપની ટેબ્લેટ લેશે તેનો ભવરોગ અવશ્ય નાબૂદ થશે. જ્યારે અંતરમાં આ વાત રૂચશે ત્યારે ખાવાનું મન નહિ થાય. ને વીતરાગ વાણીનો રંગ લાગશે ત્યારે બસ તપ-ત્યાગ, સ્વાધ્યાય, ધ્યાન આદિમાં તમારું મન લાગેલું રહેશે, પછી બાહ્ય પ્રવૃત્તિ નહિ ગમે.

બીજા પ્રકારના જીવો મ્યુનિસિપાલિટીની મોટર જેવા છે. મ્યુનિસિપાલિટીની મોટર ઉપરથી રંગેલી લાલ ચટક જેવી હોય છે. પણ અંદર દૃષ્ટિ કરો તો કીચડ, કચરો, છાણુ, વિષ્ટા આદિ ખરાબ વસ્તુઓ ભરેલી હોય છે. તેનું ઢાંકણું ખોલવામાં આવે તો માથું ફાટી જાય તેવી દુર્ગંધ મારે છે. તે રીતે અનેક જીવો એવા હોય છે કે તેની આગળ કોઇ ગમે તેટલી સારી ધર્મની વાતો કરશે તો તે તેને નહિ ગમે. પણ એને તો કોઇની નિંદા, કુથલી કરવી ગમશે. કોઇના મોઢે સારું બોલવું પણ પાછળ તેના મૂળ ઉખેડી નાખવા. સારા ધર્મના પુસ્તકોનું વાંચન કરવું તેને ન ગમે. નોવેલ વાંચવી અથવા વિષયકષાય, રાગ-દ્વેષ અને વિકથા કરી કર્મના કચરા ભેગા કરવા ગમે એટલે તે જીવો મ્યુનિસિપાલિટીની મોટર જેવા છે. એ મોટર આપણી પાસેથી પસાર થાય તો તેમાંથી દુર્ગંધ આવે છે. તેમ જ્ઞાની કહે છે, એવા જીવોનો સંગ કરવાથી આપણું જીવન પણ દુર્ગુણોની દુર્ગંધથી દુર્ગંધમય બની જાય છે. માટે એવા જીવોનો સંગ કદી કરશો નહિ.

હવે ત્રીજા પ્રકારના જીવો લાયબ્રેરી જેવા છે. લાયબ્રેરીમાં ઘણાં પુસ્તકોનો સંગ્રહ કરવામાં આવે છે. સમાજને નવું નવું જ્ઞાન મળે તે માટે લાયબ્રેરીના સંચાલકો નવા નવા પુસ્તકો લાવીને લાયબ્રેરીમાં મૂકે છે. પણ એ લાયબ્રેરીને એક અક્ષરનું પણ જ્ઞાન ખરું ? માત્ર લાયબ્રેરીમાં તો પુસ્તકોનો સંગ્રહ છે. બાકી તેને સ્હેજ પણ જ્ઞાન નથી. તાવેથો દૂધપાકમાં ફર્યા કરે છે. પણ તેને દૂધપાકનો સ્વાદ ચાખવા મળતો નથી. તેમ કંઇક મનુષ્યો પોતાના જ્ઞાન દ્વારા બીજાને સમજાવશે. તે એવું સમજાવે કે સામી વ્યક્તિને એમ થઈ જાય કે શું આમનું જ્ઞાન છે ? પણ પોતે પોતાના જ્ઞાનનો અંશ માત્ર લાભ ઉઠાવી શકતો નથી. જ્ઞાનનો સાર પ્રાણીમાત્ર ઉપર દયા રાખવી. "एवं खु नाणीणो सारं जं न हिंसइ किंचणं ।" કોઇ પણ જીવની હિંસા ન કરવી. ગમે તેવા પ્રસંગોમાં સમભાવ રાખવો. આવી સમજણપૂર્વક જ્ઞાનનો અનુભવ કરવો. જેમ લાયબ્રેરીના પુસ્તકો વાંચીને બીજા જીવો જ્ઞાન મેળવે છે પણ લાયબ્રેરીને જ્ઞાન હોતું નથી. તેમ એકેક જીવો એવા છે કે પોતાના જ્ઞાન દ્વારા બીજા જીવોને સાચો રાહ બતાવે, ધર્મના પંથે વાળે પણ પોતે તેમાંથી કંઈ પ્રાપ્ત કરી શકતાં નથી.

ચોથા પ્રકારના જીવો મંદિર જેવા હોય છે. જેમ મંદિરમાં તો જ્યાં જુઓ ત્યાં પ્રભુભક્તિના સૂર ગૂંજતા હોય, પ્રભુના ગુણગ્રામ થતાં હોય છે. ને ત્યાં પવિત્ર ને સ્વચ્છ

વાતાવરણ હોય છે. તેમ જેના મન મંદિરમાં એવી લગની રહેતી હોય કે અહો પ્રભુ! તું કેવો ને હું કેવો? તેં ક્રોધ કષાયો ઉપર વિજય મેળવ્યો છે ને હું તો કષાયોથી ભરેલો છું. તેં વિષયોને વમી નાંખ્યા છે ને હું તો વિષયોના વમળમાં ભમ્યા કરું છું. હે પ્રભુ! હું તારા જેવો ક્યારે થઈશ? આવી ભાવના જેના મન-મંદિરમાં રમતી હોય તેવા જીવો મંદિર જેવા છે.

તો હવે તમારે કબ્રસ્તાન જેવા બનવું છે? મ્યુનિસિપાલિટીની મોટર જેવા, લાયબ્રેરી જેવા કે મંદિર જેવા બનવું છે-તેનો તમે આજના પવિત્ર દિવસે નિર્ણય કરી લેજો. હવે આપણે મુખ્ય વાત ઉપર આવીએ. આયંબીલની ઓળી, નવપદની આરાધના કરી કર્મની જંજીર તોડવા માટેનો છેલ્લો દિવસ છે. બીજી રીતે અમારા તારણહાર પૂ. ગુરૂણી પાર્વતીબાઈ મહાસતીજીની પુણ્યતીથિનો દિવસ છે. અને ત્રીજી રીતે આજે શરદ્પૂર્ણિમાનો દિવસ છે. પૂર્ણિમાનો ચંદ્ર જેમ સોળે કળાએ ખીલે છે ને તેની શીતળ ચાંદનીના અજવાળાથી પૃથ્વીને તે પ્રકાશથી ભરી દે છે. તેમ જ્ઞાની પુરૂષો કહે છે હે ચેતન! તું પુરૂષાર્થની પૂર્ણિમાનો ચાંદ તારા અંતરમાં પ્રગટાવ. પૂર્ણિમા પ્રકાશ આપે છે ને અમાસ અંધકાર આપે છે. તેમ પુરૂષાર્થ એ પુનમ છે ને આળસ એ અમાસ છે. અનંતકાળથી અંતરમાં અમાસ જેવા અંધારા ઘર કરીને બેઠા છે. તેને દૂર કરી પુરૂષાર્થ *દ્વારા જ્ઞાનનો દીપક પ્રગટાવી અંધકારને દૂર કરી દે.*

આત્મા ઉપર ચઢેલા ગાઢ જ્ઞાનાવરણીયાદિ કર્મો ખપે ત્યારે અંતરમાં જ્ઞાનનો દીપક પ્રગટે છે. પૂરાણાં કર્મોને ખપાવવા માટે અમોઘ ઔષધ હોય તો તે તપ છે. ઘણાં આત્માઓએ આયંબીલની ઓળીની સાધના કરી છે. આ તપના પ્રભાવે શ્રીપાળ રાજા તેમજ તેમની સાથે ૫૦૦ કોઢીયાઓનો કોઢ રોગ નાબૂદ થઈ ગયો. શ્રીપાળ રાજાને મયણાસુંદરી જેવી પત્ની ન મળી હોત તો તેમનો કોઢનો રોગ મટત નહિ. શ્રીપાળ રાજાને જૈન ધર્મ પમાડનાર તેમની પત્ની મયણાસુંદરી હતી. મયણાસુંદરીએ ગુરૂની આજ્ઞા પ્રમાણે આયંબીલ તપની આરાધના કરાવી તો કેટલા જીવો શાંતિ મેળવી શક્યા! શ્રીપાળ રાજાના ગુરૂ તેની પત્ની હતી. શિવાજીને રામદાસ જેવા અને રામચંદ્રજીને વસિષ્ઠ જેવા ગુરૂ હતા. તેમ આપણા દરેકને માથે ગુરૂ હોય તો આપણી જીવન નૌકા તારે છે. સિકંદર જેવા સમ્રાટને પણ એરિસ્ટોટલ ગુરૂ હતા. ગુરૂ વિનાનું જીવન અંધકારમય જીવન છે.

**गुरु विना को नहि मुक्तिदाता, गुरु विना को नहि मार्गज्ञाता,**
**गुरु विना को नहि जाड्य हर्ता, गुरु विना को नहि सौख्यकर्ता ।**

ગુરૂ વિના કોઈ આપણને મુક્તિનો માર્ગ બતાવનાર નથી. જે છૂટેલા હોય તે છોડાવે છે, બંધાયેલા હોય તે ક્યાંથી છોડાવે? દરેક ધર્મોમાં ગુરૂનું સ્થાન પ્રથમ બતાવ્યું છે.

આપણા તારક ગમે ત્યાં બિરાજમાન હોય ત્યાં તેમને આપણે વંદન કરીએ છીએ. તેનું કારણ શું? ગુરૂદેવ આપણા જીવનમાં સુંદર રસાયણ રેડે છે. એનો પાવર આપણા જીવનમાં ઘણો લાંબો સમય ટકી રહે છે. સદ્ગુરૂ એ પાવર હાઉસ છે. શિષ્યોના જીવનમાં સદ્ગુરૂ રૂપી પાવરહાઉસનો પ્રકાશ છે. તમે ઘરમાં ગમે- તેટલા ભારે ગ્લોબ ચઢાવો કે ટયુબ લાઈટ નંખાવી દો ને સ્વીચ ચાલુ કરો. પણ જો પાવરહાઉસ બંધ હશે તો પ્રકાશ કયાંથી આવશે? જે સદ્ગુરૂના ચરણે જીવન નૈયા ઝુકાવીને તેમની આજ્ઞાનું પાલન કરે છે તેને અવશ્ય પ્રકાશ મળે છે ને તેના જીવનનો અંધકાર દૂર થઇ જાય છે.

ભયંકર અંધકારમય ગાઢ ભવ વન ઓળંગવા માટે સદ્ગુરૂ દીપક સમાન છે. જેમ ભયંકર વગડામાં ચાલ્યા જતા હો તે સમયે એક નાનકડી બેટરીનો પણ પ્રકાશ હશે તો ત્યાં તમને વગડા જેવું નહિ લાગે. એક દિવાસળી પેટાવશો તો તેના પ્રકાશથી વાઘ-સિંહ આદિ જંગલી પશુઓ ભાગી જાય છે. દીપકમાં તો તમારે તેલ પૂરવું પડે છે. પાવર હાઉસમાં પૈસા ભરવા પડે છે. પણ સદ્ગુરૂ રૂપી દીપક એવો અલૌકિક છે કે જેમાં તેલ પૂરવું ન પડે. વાટની જરૂર નહિ. અરે, એક પૈસાનો પણ ખર્ચ નહિ. એવા સદ્ગુરૂઓ તમારા હિતને માટે વગર ખર્ચે પ્રકાશ આપે છે. તમારા દુઃખના દિવસોમાં કોઈએ તમને મદદ કરી હોય તો તમારા માથે જિંદગીભર અહેસાન ચઢેલું રહે છે. પણ સદ્ગુરૂઓ તમારા કર્મોદય સમયે ખૂબ સુંદર ઉપદેશ આપીને તમારું જીવન સુધારે છે. છતાં તમારા માથે ગુરૂનું અહેસાન ખરું? ગુરૂ હશે તો કોઇ વખત પણ અકળાયા-મૂંઝાયા તેમની પાસે જઇને હૈયાની વરાળ કાઢશો તો તે તમને આત્મબોધ પમાડીને તમારી મૂંઝવણ દૂર કરવાનો માર્ગ બતાવશે.

**ગુરૂ દીપક ગુરૂ ચાંદલો, ગુરૂ વિના ઘોર અંધકાર**
**ઘડીએ ન વિસરું મારા ગુરૂણીને ગુરૂ મારા તારણહાર**

ગુરૂ જન્મ-મરણના ચક્રને મટાડનાર છે. અને ચારિત્રમય જીવનનું ઘડતર કરનાર છે. એવા અમારા પૂ. ગુરૂણીદેવનો અમારા ઉપર અનહદ ઉપકાર છે. ઠાણાંગ સૂત્રના ત્રીજે ઠાણે ત્રણ પ્રકારના ઋણ બતાવ્યા છે. માતા-પિતાનું, શેઠનું અને ગુરૂવર્યોનું. માતા-પિતા અને શેઠના ઋણમાંથી મુકત થઇ શકાય છે. પણ ગુરૂના ઋણમાંથી મુકત થઇ શકાતું નથી. કારણ કે તેઓ આપણને ભવસાગરથી તારનાર છે. અમારા ગુરૂણીદેવ ખૂબ ગંભીર અને ગુણીયલ હતાં. તેમનું ચારિત્ર પણ ઉચ્ચકોટિનું હતું. આજે ઘણો સમય થઈ ગયો છે માટે લાંબુ વિવેચન નહિ કરતાં ટૂંકમાં તેમના જીવનમાં રહેલા ગુણોનું વર્ણન કરીશ.

(પૂ. શારદાબાઇ મહાસતીજીએ તેમના ગુરૂણી મહાન વિદુષી સ્વ. પૂ. પાર્વતીબાઇ મહાસતીજીના જીવનમાં રહેલા મહાન ગંભીર ગુણોનું, તેમની ક્ષમા, ધૈર્યતા, ચારિત્રમાં રહેલી અડગ મકકમતા તેમજ ભયંકર કેન્સરના દર્દમાં પણ ખૂબ સમભાવ રાખી આત્માની

જે તેમને ઓળખાણ થઇ હતી તેનું ખૂબ સુંદર વર્ણન કર્યું હતું. તેમજ પૂ. શારદાબાઇ મહાસતીજીને તેમના ગુરૂણીદેવે આસો સુદ ૧૩ ના દિવસે કહેલ, કે હે શારદા! હું ત્રણ દિવસ છું. પુનમના દિવસે આ નશ્વર દેહનો ત્યાગ કરીશ. મને સંથારો કરાવ, પછી પૂ. શારદાબાઈ મહાસતીજીએ સાગારી સંથારો કરાવ્યો હતો. અંતિમ સમય સુધી પૂ. પાર્વતીબાઇ મહાસતીજીનું જીવન જ્ઞાન-ચારિત્રની જ્યોતથી ઝગમગી રહ્યું હતું. તેમનું સમાધિ અને પંડિત મરણ થયું હતું. પોતે જે દિવસ અને ટાઇમ આપ્યો હતો તે રીતે નવકારમંત્રનું સ્મરણ કરતાં નશ્વર દેહનો ત્યાગ કર્યો હતો. આ બધુ પૂ. શારદાબાઇ મહાસતીજીએ સચોટ ને સુંદર વર્ણન કરીને સમજાવ્યું હતું પણ અમે ટૂંક નોંધમાં લીધું છે. પૂ. પાર્વતીબાઈ મહાસતીજીની પુણ્યતીથિ નિમિત્તે ઘણાં વ્રત-પચ્ચખાણ થયા હતા.)

☆

## વ્યાખ્યાન નં. ૮૧

## આત્માને વૈતરણી નદીની ઉપમા કયારે અપાણી:

**ભાદરવા વદ ૧ ને સોમવાર** **તા. ૨૦-૧૦-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંત ઉપકારી શાસનપતિ, ભગવાનના મુખમાંથી ઝરેલી વાણી એ અમૃતની પરબ છે. આ પરબ પાસે જે કોઈ ભાગ્યવાન આત્મા આવે અને એ પરબનું એક બિંદુ જેટલું પણ પાન કરે તો તેના જન્મ-મરણના ફેરા ટળી જાય અને આત્મા અનંત અક્ષય સુખનો ભોકતા બનીને મુક્તિ મંદિરમાં પહોંચી જાય. દઢપ્રહારી જેવા ઘોર હત્યારા અને ચંડકૌશિક જેવા ભયંકર દૃષ્ટિવિષ સર્પ જેવા અધમ આત્માઓ પણ અનંત કરૂણાના ભંડાર ભગવાન મહાવીર સ્વામીના શરણે આવ્યા તો તેમની અમૃતવાણીની પરબના પાન કરી અનંતકાળની વિષભરી વાસનાઓથી જીવન મુકત બનાવી અમરપંથના નિવાસી બની ગયા. આવા અનંત ઉપકારી ભગવાનનું શાસન વર્તમાનમાં જડવાદના વિષમકાળમાં આપણને મળ્યું છે. એ આપણો જેવો તેવો ભાગ્યોદય નથી.

ઉત્તરાધ્યયન સૂત્ર વીસમું અધ્યયન અનાથી નિર્ગ્રંથનો અધિકાર ચાલે છે. અનાથી નિર્ગ્રંથે શ્રેણીક રાજાની સામે જીવ અનાથ કેવી રીતે બને છે અને સનાથ કેવી રીતે બને છે તેનું આબેહૂબ વર્ણન કર્યું. હવે કહે છે, હે શ્રેણીક રાજા! આપણો આત્મા સુખ અને દુઃખ ઉત્પન્ન કરે છે. મને જે કંઈ રોગ થયો તેમાં કારણભૂત મારો આત્મા હતો. તે આત્મા કયારે કેવો હોય છે તે વાત અનાથી મુનિ શ્રેણીક રાજાને સમજાવે છે.

"अप्पा नई वेयरणी, अप्पा मे कूडसामली ।
अप्पा कामदूहा धेणू, अप्पा मे नंदणंवणं ॥"

ઉત્ત. સૂ. અ. ૨૦ ગાથા ૩૬

હે રાજન્! મારો આત્મા વૈતરણી નદી સમાન અને કૂટ શાલ્મલી વૃક્ષ સમાન છે તેમજ કામધેનુ ગાય સમાન અને નંદનવન સમાન પણ મારો આત્મા છે.

બંધુઓ! શાસ્ત્રકાર ભગવંતે પાપ અને પુણ્યના ફળ રૂપે દુઃખ અને સુખ એ બે ભેદ બતાવ્યા છે. એટલે કે પુણ્યથી સુખ પ્રાપ્ત થાય છે ને પાપથી દુઃખ પ્રાપ્ત થાય છે. આ સુખ અને દુઃખથી ધર્મનું ફળ ભિન્ન છે. કારણ કે ધર્મનું ફળ મોક્ષ છે. મોક્ષ પ્રાપ્ત થવાથી કર્મજનિત સુખ કે દુઃખ કંઈ નથી. જો મોક્ષમાં કર્મજનિત સુખ માનવામાં આવે તો પછી ત્યાં દુઃખનું અસ્તિત્વ સ્વીકારવું પડે. કારણ કે જ્યાં એક પક્ષ હોય ત્યાં બીજો પક્ષ હોય. પણ મોક્ષમાં કર્મજનિત દુઃખનું નામનિશાન નથી એટલે ત્યાં કર્મજનિત સુખ પણ નથી. જ્યાં સુધી જીવ સર્વ કર્મોનો સંપૂર્ણ ક્ષય કરીને મોક્ષમાં ન જાય ત્યાં સુધી સુખ અને દુઃખ બંને હોય છે. પણ ધર્મનું ફળ મોક્ષ તો કર્મજનિત સુખ-દુઃખથી રહિત છે. એટલે તે અવ્યાબાધ અને એકાંત સુખ છે. ત્યાં દુઃખનું નામનિશાન નથી.

શાસ્ત્રકાર ભગવંતે પાપનું ફળ દુઃખ બતાવ્યું છે. દુઃખમાં પણ વૈતરણી નદી અને કૂટ શાલ્મલી વૃક્ષનું દુઃખ વિશેષ છે. આ વૈતરણી નદી ક્યાં આવી તે તમને ખબર છે? નરકમાં, નરકમાં કોણ જાય તે જાણો છો? **મહા આરંભિયાએ, મહા પરિગ્ગહિયાએ, કુણીમંસાહારેણં, પંચેન્દ્રિય વહેણં."** કુટુંબ પરિવારના મોહમાં પડી જે જીવ મહાન આરંભ કરીને જીવોની હિંસા કરે છે, પરિગ્રહ ભેગો કરવા માટે પાપ કરતાં પાછું વાળીને જોતો નથી, રસનો લોલુપ બનીને માંસ ભક્ષણ કરે છે ને પંચેન્દ્રિય જીવોનો વધ કરે છે તે જીવ મરીને નરકગતિમાં જાય છે. નરકમાં જીવને કેવા કેવા દુઃખો ભોગવવા પડે છે. કવિએ એક કાવ્યમાં કહ્યું છે કે:-

**કેવા કેવા દુઃખડા સ્વામી, મેં સહ્યા નારકીમાં, એક રે જાણે છે મારો**
**આત્મા .... એજી રે .... એક**
**લબકારા કરતી કાળી વેદનાઓ સહેતા સહેતા,**
**વરસોના વરસો સ્વામી મેં વીતાવ્યા ત્રાસમાં,**
**એ...ઈ રે મલકનું જ્યાં પુરું થયું આઉખું ત્યાં,**
**થયો રે જનમ મારો જાનવરના લોકમાં....દુઃખડા નિવારો....**

આ જીવે નરકમાં કેવા કેવા દુઃખો ભોગવ્યા છે અને નરકમાં નારકીને ઉત્પન્ન થવાનું સ્થાન કેવું ભયંકર હોય છે તે સમજાવું.

પહેલી નરકનું નામ રત્નપ્રભા છે. રત્નપ્રભા એટલે ત્યાં રત્નો હોય છે પણ

અંગારાની માફક દુઃખદાયી છે. આ રીતે સાતે નરકનું જાણવું. નરકમાં પંદર પરમાધામી દેવો હોય છે. તેમાં પહેલા પરમાધામીનું નામ અંબ છે. અંબ એટલે આંબો. તમે કેરીનો રસ કાઢવા માટે કેરીને ઘોળી ઘોળીને તેનો રસ કાઢો છો ને? તેમ અંબ નામના પરમાધામી નરકમાં રહેલા નારકીને ઘોળી ઘોળીને તેના શરીરના કુચા કાઢી નાંખે તેવું ભયંકર દુઃખ આપે છે.

નરકમાં નારકીને રહેવા માટેના નરકાવાસ ઘોર અંધકારમય હોય છે. ત્યાં અનંતી ગરમી, અનંતી ઠંડી આદિ દશ પ્રકારની વેદનાઓ રહેલી છે. વજ્ર જેવા મુખ અને ચાંચોવાળા પક્ષીઓ નારકોને તીક્ષ્ણ ચાંચો ભોંકયા કરે છે. ત્યાં ઉત્પન્ન થતી વખતે નીચે માથું અને પગ ઉંચા એવા ભયંકર યાતનાવાળા દુઃખમય સ્થાનમાં નરક કુંભીમાં ઉત્પન્ન થાય છે. પરમાધામી દેવો એ નારકીને કોચી કોચીને બહાર કાઢે છે. જ્યાં કુંભીમાંથી બહાર નીકળ્યો કે સામે ભયંકર સિંહ અને શિકારી કુતરા એને ફાડી ખાવા માટે તૈયાર થઇને ઉભા હોય છે.

સૂયગડાયંગ સૂત્રના પાંચમા અધ્યયનમાં એકલા નરકના દુઃખોનું વર્ણન છે.

ઉત્તરાધ્યયન સૂત્રના ૧૯ મા અધ્યયનમાં મૃગાપુત્રે તેમની માતાની સામે નરકના દુઃખોનું વર્ણન કર્યું છે તે વાંચતા કાળજું કંપી જાય છે. તમે કોઇ વાર સૂત્રનું વાંચન કરો તો તમને ખબર પડે કે નરકમાં જીવે કેવી ભયંકર વેદના ભોગવી છે! પરમાધામીઓ પાપી જીવોને નરકમાં ઉકળતા સીસાના રસમાં નાંખે છે. આગમાં બાળે છે ને કરવતથી કાપે છે. આવા દુઃખો આપણા જીવે પણ ભોગવ્યા હશે! પણ અત્યારે જીવને કોઇનું એક કટુ વચન સહન થાય છે? અરે, પરમાધામીઓ નારકીને ઉકળતા તાંબા અને સીસાના ધગધગતા રસમાં નાંખીને ઉકાળે છે. પછી બહાર કાઢી તીક્ષ્ણ કાંગરાવાળી કરવતથી વહેરે છે. યંત્રમાં પીલે છે. ધગધગતી ભઠ્ઠીની આગમાં નાંખીને શેકે છે. જગતમાં જે મોટામાં મોટા દુઃખો કહેવાય તે બધાં દુઃખો પરમાધામી દેવો તે નારકોને આપે છે. મળ, મૂત્ર, રસી, પરૂ વિગેરે અતિ દુર્ગંધી પદાર્થોથી ભરેલી કુંભીમાં નાંખી દે છે. એમાં તે બિચારાના હાથ, પગ, આદિ અંગો ગળી જાય છે. વળી પાછા એ અંગો જ્યાં વિકસવા માંડે એટલે કુંભીમાં સમાતા નથી. કુંભીમાં ભીંસ થવાથી જ્યાં મોઢું બહાર કાઢે ત્યાં પરમાધામીઓ શું બોલે છે?

हण छिंदह भिंदहणं दहेति, सद्दे सुणेत्ता परहम्मियाणं ।
ते नारगाओ भयभिन्नसन्ना, कंखंति कन्नाम दिसं वयामो ।

સૂ. ય. સૂ. અ. ૫. ઉ. ૧ ગાથા ૬

એ પાપીઓને હણો, છેદન કરો, ભાલાથી ભેદો, અગ્નિમાં બાળો એમ બોલે છે. પરમાધામીઓના આ શબ્દો સાંભળીને નારકીના જીવો ભયથી સંજ્ઞાહીન થઇ જાય છે

અને વિચારે છે કે અમે કઈ દિશામાં ભાગી છૂટીએ અથવા આ મહાઘોર દુઃખથી રક્ષણને પ્રાપ્ત કરીએ!

પરમાધામીઓ આ શબ્દો બોલે છે એટલું નહિ પણ તે જીવોને પકડીને ભાલા, તલવાર, બરછી લઈને મારે છે. તેના ઉપર તૂટી પડે છે. ખડગ વડે કાપાકાપી કરે છે અને ભાલા લઈને તેના શરીરમાં ભોંકે છે. તે સમયે તે જીવોને કેવી તીવ્ર વેદના થતી હશે! તેમના શરીરના ટુકડા કરી નાંખે છે. એ છેદાયેલા અંગોપાંગ પારાની કણીઓની જેમ ભેગા થઈ જાય છે. અને જ્યાં આખું શરીર બની જાય કે તરત એના શરીરમાં ત્રિશૂળ ભોંકીને તેના ઉપર બેસાડે છે. આવી તીવ્ર વેદના વિલંબ રહિત નરકમાં જીવો ભોગવે છે.

એક પછી એક ઉપરા ઉપર માર પડવાથી વેદનાનો પાર રહેતો નથી. લાકડીના પ્રહાર, તલવારના ઘા, ભયંકર ગરમી અને ઠંડી આદિથી ત્રાસ પામેલા અને ભયભીત બનેલા નારકીઓ બિચારા રાંક જેવા બનીને કરૂણ સ્વરે રૂદન કરતાં પરમાધામી દેવોને વિનંતી કરે છે કે અમને ખૂબ પીડા થાય છે. અમે દુઃખી દુઃખી થઈ ગયા છીએ. અમે હાથ જોડીને આપને વિનવીએ છીએ કે અમે આપનો એવો શો અપરાધ કર્યો છે. શા પાપ કર્યા છે કે આપ અમને આવું કઠોર દુઃખ આપો છો. આ નારકીઓ બિચારા રાંક જેવા થઈને નમ્રતાપૂર્વક પૂછે છે ત્યારે પરમાધામીઓ પુંફાડા મારતા એના માથામાં ઘણનો ઘા મારતાં કઠોર સ્વરે કહે છે. હે પાપી! તને પૂર્વભવમાં તારા ધર્મગુરૂઓ કહેતા હતા કે કોઈ જીવને હણશો મા, હણશો તો હણાવું પડશે. જૂઠું ન બોલશો. ચોરી ન કરશો, પરસ્ત્રીગમન ન કરશો, પરિગ્રહમાં આસક્ત ન બનશો, કાંદા કંદમૂળ ના ખાશો, રાત્રીભોજન ના કરશો. આવા પાપકર્મ કરશો તો તમારે નરકમાં જવું પડશે. આવા આવા દુઃખો ભોગવવા પડશે. પણ તે ગુરૂની હિત શિખામણો તને ગમતી ન હતી. જ્યારે પૂર્વભવમાં તું જીવોને મારી નાંખતો હતો, ચીરી નાંખતો હતો અને એના માંસની મિજબાનીઓ ઉડાવતો હતો ત્યારે એમ નહોતો પૂછતો, કે મેં એવો શો અપરાધ કર્યો છે કે મારે આ જીવોને મારવા પડે છે? અને હવે પૂછે છે, કે મેં શું અપરાધ કર્યો છે? મન ફાવે તેમ જૂઠું બોલતો હતો, ચોરીઓ કરીને લોકોના હૃદય કકળાવતો હતો, પરસ્ત્રીઓમાં મોહિત બની બીજાની યુવાન સ્ત્રીઓ સાથે ભોગ ભોગવતો હતો. કાચી કાકડીને કાપી ઉપર મીઠું ને લીંબુ ચઢાવી કાંટામાં ભરાવી હોંશે હોંશે ખાતો હતો. મદિરાની પ્યાલીઓ મજાથી પીતો હતો. કાંદા–બટાટાના શાક હોંશે હોંશે ખાતો હતો. પંદર કર્માદાનના વહેપાર કરતાં વિચાર નહોતો કર્યો. હવે પૂછે છે કે મેં શું પાપ કર્યું? પરમાધામીઓ આવા મ્હેણાં મારતા તે જીવોને માર મારતા જાય છે. એકેક પાપોની યાદ દેવડાવતા જાય છે ને એના ઉપર લોખંડી ઘણના ઘા મારતા જાય છે. એવા મ્હેણાંના કઠોર શબ્દો સાંભળે તેટલો સમય પણ શસ્ત્રના પ્રહાર બંધ નથી રહેતા. વળી પાછા

સંભળાવતા જાય કે, હે દુષ્ટ! તું પૂર્વભવમાં મહાન લોભી બનીને કેવા કેવા પાપ કરતો હતો? શિકાર ખેલી મૃગલા જેવા ભોળા પ્રાણીઓને નિર્દય બનીને હણતો હતો. ધનના ઢગલા ઉપર ગાઢ મૂર્ચ્છા કરતો હતો. અક્કડ ને ફક્કડ બનીને ફરતો હતો અને બીજાની પેટ ભરીને નિંદા કરતો હતો. ત્યારે તને વિચાર ન આવ્યો કે આવા પાપ કરું છું તો મારું શું થશે? ગુરૂના વચનમાં તને શ્રદ્ધા ન હતી. પોતે મૂર્ખ હોવા છતાં પોતાની જાતને પંડિત માનીને રાગ-દ્વેષ અને મોહમાં ખૂંચીને બોલતો હતો કે વેદ વિના બીજા ક્યા શાસ્ત્રો પ્રમાણિક છે? એમ બોલીને પવિત્ર મુનિઓની નિંદા કરતો હતો. નાસ્તિક બનીને ધર્મ-સ્વર્ગ-મોક્ષ-નરક જેવી કોઈ ચીજ નથી. બસ, ખાઇ પીને મજા કરો. આવો બકવાદ કરતો હતો. તે વખતે ગુરૂઓ તને સાચો માર્ગ બતાવવા માટે કહેતા, કે ભાઇ! આવા પાપ તારાથી ન કરાય. આવા વચન તારાથી ન બોલાય. તે વખતે અભિમાનમાં આવીને રૂઆબથી ગુરૂના વચનની હાંસી ઉડાવતો હતો અને હવે ગરીબડો થઈને શેનો રડે છે?

આવા કટુ વચનો બોલતાં પરમાધામી દેવો નારકીના શરીરના ઝીણા ઝીણા ટુકડા કરીને આકાશમાં ઉછાળે છે. મોટા સમડા જેવા પક્ષીઓ તેના શરીરને તોડી નાંખે છે. નરકના જીવો કારમી વેદના ભોગવે છે અને કરૂણ સ્વરે વિલાપ કરે છે છતાં પરમાધામીઓને દયા આવતી નથી. તે અંગો સંધાઇ અખંડ શરીર બનતા ભડભડતી અગ્નિમાં નાંખીને તપાવે છે. લોઢાની ધગધગતી પૂતળી સાથે તેને આલિંગન કરાવે છે, એ નારકીઓ ભૂખ-તરસના દુઃખથી પીડાય છે ત્યારે રડતાં રડતાં બોલે છે, હે સ્વામી! અમે બળી જઇએ છીએ. અમને ખૂબ ભૂખ લાગી છે, તરસ લાગી છે. ત્યારે પરમાધામીઓ તેના શરીરમાંથી માંસના ટુકડા કાપી તેને દેખતાં અગ્નિમાં પકાવીને તેને ખવડાવે છે અને તાંબા અને સીસાનો ઉકળતો રસ તેના મોઢામાં નાંખે છે. ત્યારે ભયંકર દાહથી દુઃખી થયેલા નારકો રાડ પાડીને કહે છે બસ, અમારી ભૂખ તરસ મરી ગઇ. હવે અમારે ખાવું નથી ને પાણી પણ પીવું નથી, છતાં પરાણે તેમના મોઢા પહોળા કરીને સીસાનો રસ રેડે છે. આવી અતુલ વેદના ત્યાં જીવો ભોગવે છે.

આવા ભયાનક ત્રાસથી કંટાળી નારકીઓ ત્યાંથી ચારે દિશામાં દોડે છે. દોડતાં દોડતાં આગળ જાય છે ત્યાં પાણીથી ભરેલી ખળખળ વહેતી વૈતરણી નદી જુએ છે. આપણે વૈતરણી નદીની વાત કરી હતી ને! તે વૈતરણી નદીની આ વાત છે. ભગવાને સિદ્ધાંતમાં આ નદીની વાત બતાવી છે.

**जइ ते सुया वेयरणी भिदुग्गा, णिसिओ जहा खुर इव तिक्खसोया ।**
**तरंति ते वेयरणी भिदुग्गा, उसुचोइया सत्तिसु हम्ममाणा ।।**

સૂય. સૂ. અ. ૫. ઉ. ૧ ગાથા ૮

અસ્ત્રાના સમાન તીક્ષ્ણ પ્રવાહવાળી વૈતરણી નદીને હે શિષ્યો તમે સાંભળી હશે? એ નદી અતિ દુર્ગમ છે. ત્યાં નારકીઓને ભાલાથી ભેદીને પ્રેરિત કર્યા થકા નારકીઓ લાચાર બનીને ભયથી ભાગી એ ભયંકર નદીમાં કૂદીને પડે છે. નારકીઓ એને પાણીથી ભરેલી નદી માને છે અને આનંદ પામે છે, કે હાશ! નદીનું ઠંડુ પાણી પીને આપણી તૃષા શાંત કરીશું ને ઠંડક મેળવીશું. પણ એ નદી પાણીથી ભરેલી હોતી નથી. તે નદી ઉષ્ણ અને લોહી સમાન વહેતી હોય છે. એટલે તેમાં પડતાની સાથે તેના આખા શરીરમાં ઝાળ ઉઠે છે. તેમાં નારકીના અંગો છેદાઇ કટકા થઇ જાય છે. વૈતરણી નદીમાં પડેલા નારકી ત્યાં છેદાતા થકા દુઃખથી ગભરાઇ ખેદિત થઇ પરમાધામીએ વિકુર્વેલ નાવ ઉપર ચઢવા જતાં નાવમાં બેઠેલા પરમાધામીઓ બિચારા નારકીના જીવોને ગળામાં લોખંડના ગરમ કરેલા અણીદાર ખીલા નાંખે છે. વળી કોઈ પરમાધામી ચિત્તના આનંદને માટે નારકીઓને શૂલ તથા ત્રિશૂલથી વીંધીને પૃથ્વી ઉપર પછાડે છે. વૈતરણી નદીમાંથી નીકળવા નારકી ઘણો પ્રયત્ન કરે છે, પણ જાણે શુંદરના કીચડમાં ફસાઇ ગયા હોય તેમ નીકળી શકતા નથી. કેટલોક વખત નદીમાં તણાતા તણાતા મહામુશીબતે બહાર નીકળે છે ત્યારે પરમાધામીઓ મારો, પકડો એવી બૂમો પાડે છે. વૈતરણી નદીમાંથી માંડ માંડ બહાર નીકળેલા જીવો નદી કિનારે રહેલી રેતીને ઠંડી માનીને તેમાં આળોટવા જાય છે. પણ એ રેતી તો ભાંડભુંજાએ ધાણી-ચણા શેકવા માટે તપાવેલી રેતી કરતાં પણ અનંત ગણી ઉષ્ણ હોય છે. એ નારકીઓ તેમાં ધાણી–ચણાની જેમ શેકાઈને ખાખ જેવા થઇ જાય છે.

બંધુઓ! આવી વૈતરણી નદી ભયંકર છે. આ નરકગતિના ત્રાસ જેવા તેવા નથી. આવા દુઃખો ભોગવવાનો સમય ન આવે તે માટે પાપ કરતી વખતે ખૂબ સાવધાની રાખજો. ધર્મ કરશો તો સુખ મળશે ને પાપ કરશે તેને આવા દુઃખો ભોગવવા પડશે. માટે પાપ કરતાં પાછા વળો.

આ ગાથામાં કહેવામાં આવ્યું, કે આત્મા વૈતરણી નદી છે ને આત્મા કૂટ–શાલ્મલી વૃક્ષ છે. આ ઉપરથી કોઇ એમ શંકા કરે કે આત્માને વૈતરણી નદીની ઉપમા આપી તો તે કેમ ઘટી શકે? કારણ કે આત્મા તો અરૂપી છે ને વૈતરણી નદી તો રૂપી છે. આત્મા ચારેય ગતિમાં પરિભ્રમણ કરે છે ને વૈતરણી નદી તો નરકમાં હોય છે. આત્મા તો ચાર ગતિમાં ભ્રમણ કરીને પણ અંતે મોક્ષમાં જાય છે. પણ વૈતરણી નદીનાદુઃખ તો નરક ગતિમાં એકલા નારકોને ભોગવવા પડે છે. તો પછી આત્માને વૈતરણી નદી કેવી રીતે કહી શકાય? આ પ્રશ્નનું સમાધાન તો જ્ઞાની કરી શકે. શાસ્ત્રના આધારે એમ કહી શકાય, કે આત્મા ન હોય તો વૈતરણી નદી પણ ન હોઈ શકે. વૈતરણી નદી એ પાપ કર્મનું ફળ છે ને પાપ કર્મ આત્મા કરે છે. જો આત્મા ન હોય તો પાપ કર્મ કોણ કરે? અને તેનું ફળ વૈતરણી નદી પણ કેવી રીતે હોય? વૈતરણી નદીની સૃષ્ટિનું સર્જન કરનાર આત્મા છે. જો આત્મા

ન હોય તો વૈતરણી નદીનું નામ પણ ન હોય. આત્માના દુષ્કર્મનું ફળ વૈતરણી નદી છે. આ પ્રમાણે કારણ-કાર્ય ભાવનો વિચાર કરીને ભગવંતે કહ્યું છે કે દુષ્ટ આત્મા વૈતરણી નદી છે. જો આવી ભયંકર દુઃખની ખાઇ સમાન વૈતરણી નદીમાં ન પડવું હોય તો એવા પાપ કરશો નહિ. આત્માને કૂટ-શાલ્મલી વૃક્ષની ઉપમા આપી છે. તે વૃક્ષ કેવું છે તે વિચારીએ. પણ એક કવિએ નરકનું કાવ્યમાં સુંદર વર્ણન કર્યું છે.

**તહાઁ ભૂમિ પરસત દુઃખ ઇસો, વિચ્છૂ સહજ ડસે નહિં તિસો,**
**સેમર તરુ જુત દલ અસિપત્ર, અસિ જ્યોં દેહ વિદારેં તત્ર,**
**તિલ તિલ કરેં દેહ કે ખંડ, અસુર ભિડાવેં દુષ્ટ પ્રચંડ,**
**સિન્ધુ નીર તેં પ્યાસ ન જાય તો પણુ એક ન બૂંદ લહાય,**
**તીન લોક કો નાજ જુ ખાય, મિટે ન ભૂખ કણા ન લહાય.**

જીવ જ્યારે નરકમાં જાય છે ત્યારે ત્યાંની ભૂમિનો સ્પર્શ કરતાં તે સ્પર્શ એવો લાગે છે કે જાણે હજારો વીંછીઓ એક સાથે ચટકા ન ભરતા હોય! નરકમાં જીવને જરા પણ શાંતિ નથી મળતી. અસહ્ય ગરમીથી ગભરાઈને તે ઠંડક મેળવવા માટે કૂટ-શાલ્મલી વૃક્ષની નીચે બેસે છે તો તે વૃક્ષના તલવાર સમાન તીક્ષ્ણ પાંદડા તેના શરીર પર પડીને તેના અંગોને ચીરી નાંખે છે. નરકમાં અસહ્ય ગરમી અને ઠંડી હોવાથી જીવ અસહ્ય દુઃખ પામે છે.

નરકના દુઃખનું વર્ણન કરતાં આગળ બતાવે છે કે નારકી જીવો, સતત દુઃખી અને પીડાયુક્ત રહેવાથી આપસ આપસમાં ખોટી રીતે લડે છે. એકબીજાના શરીરના ટુકડે ટુકડા કરી નાંખે છે. પરંતુ એક વાર મરી જવાનું જ કષ્ટ ત્યાં નથી કારણ કે નારકીનું શરીર પારાની જેમ વિખરાઈ જાય ને પછી ભેગું થઇ જાય છે ને પછી વારંવાર ભયંકર દુઃખોને ભોગવે છે. સંકિલષ્ટ પરિણામવાળા પરમાધામી દેવો પહેલી-બીજી અને ત્રીજી નરક સુધી જઇને નારકીઓને તેમના જુના વૈર યાદ કરાવીને આપસમાં લડાવે છે ને પોતાનું મન રંજન કરે છે. જેવી રીતે પ્રાચીન કાળમાં રાજા તથા નવાબ આદિ સત્તાધીશો હાથીઓ, ભેંસો બકરા તેમજ અન્ય પશુઓને મદિરા આદિ પીવડાવીને ઉત્તેજિત કરતા હતા–તથા તેમને આપસ-આપસમાં એવી રીતે લડાવે છે કે જ્યાં સુધી તેમાંથી એક મૃત્યુ ન પામે ત્યાં સુધી તેમની લડાઇ સમાપ્ત નથી થતી. આવી લડાઇને લોકો ઘણી મોટી સંખ્યામાં ખૂબ રૂચિપૂર્વક દેખે છે. અને આનંદિત થાય છે. આવું કાર્ય પરમાધામીઓ નારકીઓની સાથે કરે છે.

જેમ કોઇ નગરનો નાશ થતો હોય તે સમયે કરૂણાજનક શબ્દો સંભળાય એની માફક એ નરકમાં પરમાધામીઓ તરફથી અશુભ કર્મોનો ઉદય થયેલ નારકી જીવોને છેદન, ભેદન તથા અગ્નિમાં બાળવા આદિ ત્રીજી નરક સુધીમાં વિવિધ પ્રકારના દુઃખો પ્રાપ્ત થાય છે, અને ચોથી નરકથી સાતમી નરક સુધી અન્યોન્ય નારકી જીવો વૈક્રય રૂપો

બનાવી એક બીજાને દુઃખો આપે છે. જેથી ત્યાં તે નરકમાં નારકી જીવો હે માત ! હે તાત ! મારું રક્ષણ કરો આદિ કરૂણાજનક શબ્દોથી કોલાહલ તથા પ્રગટપણે રૂદન કરતા હોવાના શબ્દો સંભળાય છે. વળી ત્યાં પરમાધામીઓ નારકીઓને દુઃખ આપવામાં આનંદ માની ઉત્સાહપૂર્વક નારકીઓને દુઃખ આપે છે. તે નારકી જીવોને તૃષા તો એટલી બધી લાગે છે કે તેને સારા સમુદ્રનું પાણી પીવા માટે આપે તો તે બધું પી જાય, અને ભૂખ એટલી સતાવે છે કે ત્રણે લોકનું અનાજ ભેગું કરીને આપવામાં આવે તો ખાઇ જાય. પરંતુ તેને ન તો એક ટીપું પાણી મળે કે ન તો અન્નનો એક કણ પણ ખાવા મળે. આવી ભયંકર વેદનાઓ નરકમાં જીવને ભોગવવી પડે છે.

સંત મુનિરાજો જ્યારે સંયમ માર્ગમાં કોઇ પરિષહ આવે ત્યારે આ વિચાર કરે છે, કે મારા આત્માએ કેટલીવાર નરકના અવર્ણનીય દુઃખો ભોગવ્યા છે. તે દુઃખોની આગળ આ પૃથ્વી પર આવવાવાળા પરિષહ શું ગણતરીમાં છે ? જ્યારે આત્મા નરકના દુઃખો સાથે પોતાના જીવનમાં આવેલા પરિષહોની તુલના કરે છે અથવા પોતાનાથી અધિક દુઃખી વ્યક્તિઓને જુએ છે તો તેને પોતાનું દુઃખ કાંઈ ગણતરીમાં નથી લાગતું, એટલા માટે સાધક આત્માએ પરિષહો-ઉપસર્ગો આવે ત્યારે એ વિચાર કરવો જોઇએ કે, હે આત્મા ! તેં નરક ગતિમાં ભયંકર દુઃખો અનેક વાર સહન કર્યા છે. તિર્યંચ ગતિમાં પણ વિવિધ યોનિઓમાં જઇને અસહ્ય વેદના ભોગવી છે પછી આ મનુષ્ય જન્મમાં તું આવ્યો છે. તો અત્યારે આવવાવાળા પરિષહ શું તેનાથી વધુ દુઃખદાયક છે ? ના.

શેખશાદી ઘણા મોટા વિદ્વાન હતા. પરંતુ તેઓ બહુ નિર્ધન હતા. આપણે વાંચીએ છીએ, સાંભળીએ છીએ ને જોઇએ છીએ પણ ખરા કે મોટા ભાગે પંડિત નિર્ધન હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો જ્યાં સરસ્વતી નિવાસ કરે છે ત્યાં લક્ષ્મી નથી રહેતી. એ બંનેમાં ૩૬ ના આંક જેવો મેળ છે. એવું શા માટે હશે ? એટલા માટે કે ધન માનવીને અભિમાની તથા અવિવેકી બનાવે છે. અને વિદ્યા માનવીને બુદ્ધિમાન તથા વિવેકી બનાવે છે.

એક રૂપક છે, કે કોઈ માનવીએ લક્ષ્મીને પૂછયું-તું ઘણું કરીને મૂર્ખાઓની પાસે રહે છે. શું પંડિતો અને વિદ્વાનો પ્રત્યે તારો મત્સર ભાવ છે ?

> **પદ્મે! મૂઢજને દદાસિ દ્રવિણં, વિદ્વત્સુ કિં મત્સરો?**
> **નાહં મત્સરિણી ન ચાપિ ચપલા, નૈવાસ્મિ મૂર્ખે રતા।**
> **મૂર્ખેભ્યો દ્રવિણં દદામિ નિતરાં, તત્કારણં શ્રૂયતાં।**
> **વિદ્વાન સર્વ જનેષુ પૂજિત તનુ, મૂર્ખસ્ય નાન્યાગતિઃ।**

લક્ષ્મી કહે છે, હું તો મત્સરિણી કે ચંચળ નથી અને મૂર્ખાઓની પાસે રહું છું તેનું કારણ ફકત એક છે કે વિદ્વાન તો વિદ્યાને કારણે જગતમાં સર્વત્ર પૂજાય છે. પરંતુ મૂર્ખાઓને મારા સિવાય કોઇ ગતિ નથી. એટલે કે તેની પાસે ધન ન હોય તેને કોણ પૂછે ?

આપણે શેખશાદીની વાત ચાલે છે. તે પ્રસિદ્ધ મોટા વિદ્વાન હતા પણ નિર્ધન હતા. પોતાની નિર્ધનતા પર તેમને એકવાર દિલમાં ખેદ થયો. તેથી તે મસ્જિદમાં નમાજ પઢતે સમયે બોલ્યા- હે ખુદા! હે અલ્લા! મારા પર તું આટલો બધો નારાજ શા માટે છે કે હું આરામથી શાંતિથી ખાઇ પીને રહી નથી શકતો? મારે વધુ નથી જોઈતું પણ એટલી મહેરબાની તો કર કે હું સારી રીતે રહી શકું અને શાંતિથી જીવન વિતાવી શકું. ખુદાની પાસે આવી પ્રાર્થના કરીને શેખશાદી મસ્જિદની બહાર નીકળ્યા. તો બહાર તેમણે ભીખ માંગવાવાળા અનેક ફકીરોને જોયા. જેમાં કોઈને આંખ ન હતી, કોઇ લંગડા હતા, કોઇ ગુંગા તો કોઇ બહેરા અને કોઇના શરીર પર તો લજ્જા ઢાંકવાને માટે એક નાનું કપડું પણ ન હતું.

તે ભિખારીઓને જોતાં શેખશાદીના મનમાં વિવેક જાગૃત થઈ ગયો અને તે બંને હાથ જોડીને અંતરની ભકિતથી બોલ્યા- હે ખુદા! તારી મારા પર કેટલી બધી કૃપા છે કે તેં મને તો હાથ, પગ, આંખો આદિ બધું આપ્યું છે. આ ભિખારીઓ ભીખ માંગીને બીજાનું આપેલું ખાય છે પરંતુ હું તો સ્વયં કમાઈને ખાઉં છું. મારા પર ખુદા તારું કેટલું બધું અહેસાન છે!

બંધુઓ! મારો કહેવાનો આશય એ છે કે જે આત્મા પોતાનાથી નીચેની શ્રેણીઓના માણસોને જોઇને પોતે સંતોષથી રહે છે તે લોભ અને લાલચનો ત્યાગ કરીને આત્માને ઉન્નત બનાવી શકે છે. બીજી રીતે કહીએ તો સંતોષી માણસ પરિષહોનો સામનો સમભાવથી કરી શકે છે. તેના મનમાં હંમેશા શાંતિ અને ક્ષમાની સરિતા વહે છે. જે ભવસાગરથી પાર ઉતરવાને માટે કષાયરહિત અને સરળ બનાવે છે. એક કવિએ પણ કહ્યું છે, કે क्यों डूबे मझधार? क्षमा है तेरे तरने को।" હે માનવ! તું આ સંસાર સાગરમાં શા માટે ડૂબ્યો છે? ક્ષમારૂપી મહાન નૌકા તને ભવસાગરથી પાર ઉતારવાને માટે ઘણી સારી મળી છે.

એક સંસ્કૃત શ્લોકમાં પણ કહ્યું છે કે क्षमा वशी कृते लोके, क्षमया किं न साध्यते? ક્ષમા સંસારમાં વશીકરણ મંત્ર છે. ક્ષમાથી શું સિદ્ધ થઇ શકતું નથી? અર્થાત્ બધું પ્રાપ્ત થાય છે. આપને એક નાનકડું ઉદાહરણ આપું.

બગદાદના ખલીફા હારૂ રશીદ ખૂબ ધર્મપરાયણ, ન્યાયપ્રિય અને પ્રજાવત્સલ હતા. એકવાર તેમના શાહજાદા ક્રોધથી ધમધમતા તેમની પાસે આવ્યા. ત્યારે ખલીફાએ શાહજાદાને ક્રોધનું કારણ પૂછ્યું. ત્યારે શાહજાદાએ કહ્યું, આપના અમુક અફસરે મને ઘણી ખરાબ અને અસહ્ય ગાળ દીધી છે. ખલીફાએ ખૂબ શાંતિથી શાહજાદાની (પુત્રની) વાત સાંભળી. પછી પોતાની પાસે બેઠેલા વજીર, પ્રધાન, સેનાપતિ આદિને પૂછયું-આપ લોકો મને સલાહ આપો કે તે અફસરને શું સજા કરવી જોઇએ?

ખલીફાની વાત સાંભળીને સૌ પોતપોતાની ઇચ્છા અનુસાર કહેવા લાગ્યા. કોઇ

કહે તેને ફાંસીની સજા દેવી જોઈએ. કોઈ કહે તેની જીભ ખેંચી લેવી જોઈએ. અને કોઈએ કહ્યું તેના મુખ પર મેશ લગાડી મુખ કાળું કરીને તેનું ધન-માલ બધું જપ્ત કરીને દેશનિકાલ કરવો જોઈએ. ખલીફાએ બધાની વાત સાંભળી. પરંતુ કોઈ પણ સજા તે અફસર માટે તેમને બરાબર યોગ્ય ન લાગી. આથી બેઠેલા બધા સ્તબ્ધ થઈ ગયા અને ખલીફા તેને કઈ સજા કરશે તેની આતુરતાથી રાહ જોવા લાગ્યા. અને બધા તે શિક્ષા સાંભળવાને માટે ઉત્સુક થઈને ચૂપચાપ બેસી ગયા.

ખલીફાએ પોતાના પુત્રને સંબોધીને કહ્યું–હે પુત્ર! તે અફસરને માટે સૌથી મોટી સજા તો મારી દૃષ્ટિમાં એ છે કે તમે એને ક્ષમા આપી દો. કારણ કે જે માનવ બીજાના સો ગુન્હા માફ કરે છે તેના હજાર ગુન્હા પણ માફ થઈ જાય છે અગર જો તું એવું ન કરી શકે અને બદલો લેવાનું ઈચ્છે છે તો તું જઈને તેને સામી ગાળ દઈ દે. પરંતુ યાદ રાખજે કે તેનામાં અને તારામાં કોઈ અંતર રહેશે નહિ. પુત્ર પિતાની શિખામણનો મર્મ સમજી ગયો અને સાચા હૃદયથી તે અપરાધીને ક્ષમા આપી. મારો કહેવાનો આશય એ છે કે ક્ષમા જીવનની એવી ઉત્તમ ભાવના છે કે જેમાં શાંતિ, દયા, કરૂણા, સંયમ, સ્નેહ, સહાનુભૂતિ આદિ બધી શ્રેષ્ઠ ભાવનાઓનો સમાવેશ થઈ જાય છે.

ટૂંકમાં આપણા આત્માએ જો અપૂર્વ શાંતિ પ્રાપ્ત કરવી હોય તો જીવનમાં ક્ષમાનો પાઠ અવશ્ય શીખવો જોઈશે. ક્ષમા એ આત્મસુખ પ્રાપ્ત કરવા માટે અમોઘ હથિયાર છે. આપણે ઘણીવાર સાંભળ્યું છે, કે ભગવાન મહાવીરને કેટલા કેટલા ઉપસર્ગો આવ્યા અને અનાડીઓએ કષ્ટ આપ્યા છતાં એ વીરપુરૂષે ક્યારે પણ ધૈર્યતા ગુમાવી નથી. તે ક્ષમાવાન બનીને આપણને ક્ષમાનો પાઠ શીખવાડી ગયા છે. તે આપણા જીવનમાં આવે એ અંતરની મનીષા. ૐ શાંતિ.

☆

## વ્યાખ્યાન નં. ૮૨

**આસો વદ ૨ ને મંગળવાર** **તા. ૨૧-૧૦-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંત કરૂણાના સાગર શાસનપતિ, ભગવંતની શાશ્વતી વાણી તેનું નામ સિદ્ધાંત. ઉત્તરાધ્યયન સૂત્ર વીસમા અધ્યયનમાં અનાથી નિર્ગ્રંથનો અધિકાર ચાલે છે. હવે અનાથી નિર્ગ્રંથ શ્રેણીક રાજાને આત્માનું સ્વરૂપ સમજાવે છે કે આત્મા પોતે કેવો છે:

**अप्पानई वेयरणी, अप्पा मे कूड सामली ।**
**अप्पा कामदूहा धेणू, अप्पा मे नंदणवणं ।।**

ઉત્ત. સૂ. અ. ૨૦ ગાથા ૩૬.

આપણો આત્મા વિભાવમાં જતાં વૈતરણી નદી જેવો બની જાય છે. નરકમાં કેવા કેવા દુઃખો રહેલા છે તે વાત આપણે ગઈ કાલે વિચારી હતી. વૈતરણી નદી વેતરવાનું કામ કરે છે. જે નદીમાં પડતાની સાથે નરકમાં રહેલા નારકના શરીરમાં કાળી બળતરા ઉઠે છે, ચીસાચીસ કરે છે કે અમને આમાંથી કોઈ બહાર કાઢો. આ વેદના અમારાથી સહન નથી થતી. ત્યારે પરમાધામી દેવો એને છાતીએ પથ્થરની શીલાઓ બાંધીને એને પરાણે પાણીમાં ડૂબાડી દે છે. ને માથા ઉપર હથોડાના માર મારે છે. આવા દુઃખ જીવને ભોગવવા પડે છે. આવા દુઃખો ભોગવવા ન હોય તો ક્રૂર કર્મોનો ત્યાગ કરો ને ધર્મ ઉપર શ્રદ્ધા કરો. જ્યાં કર્મનું બંધન થતું હોય ત્યાંથી પાછા વળો. આજે તો મોટા ભાગે માણસોને ધર્મ પ્રત્યે શ્રદ્ધાનું દેવાળું છે. અરે, પુણ્ય-પાપ પણ માનતો નથી. જ્ઞાની ભગવંતો કહે છે કે તમે ધર્મની એવી ખુમારી રાખો કે કર્મની ખુવારી નીકળી જાય. અનંતકાળથી આત્માને કર્મનો રોગ લાગુ પડયો છે. તેને નાબૂદ કરવા માટે અકસીર ઔષધ હોય તો તે ધર્મ છે. આપણું આયુષ્ય કયારે પૂરું થશે તેની ખબર નથી. આયુષ્યનો દીપક જલતો છે ત્યાં સુધી ધર્મ આરાધના કરીને કર્મની ખુવારી કરી નાંખો. આયુષ્યનો એક ઘડીનો પણ વિશ્વાસ નથી.

આજે તો જ્યાં જુઓ ત્યાં ઘડિયાળો આવી ગઇ છે. પણ પહેલાના વખતમાં જ્યારે ઘડિયાળ ન હતી ત્યારે ઘડી-બેઘડીના ડંકા વાગતા હતા ને તે ડંકા સહુને ચેતાવતા હતા કે ઘડીનો પણ તું વિશ્વાસ કરીશ નહિ. આગળ વધીને આનંદઘનજી મહારાજ કહે છે, કે લીધેલો શ્વાસ નીચે મૂક તેટલો પણ વિશ્વાસ કરીશ નહિ. કારણ કે કાળ કયારે આવીને કોળીયો કરી જશે તે તું અગર તારા સ્નેહીજનો કોઇ જાણતા નથી. માટે પ્રમાદ અને પાપને છોડીને નરકમાં ન જવું હોય તો ધર્મ કરો, કારણ કે કર્મને શરમ નથી. મોત કોઇને છોડતું નથી. પાતાળમાં જઇને સંતાઇ જઇશ તો પણ કાળરાજા છોડશે નહિ. અને અઢારે પાપ કરીને જેને માટે અઢળક સંપત્તિ ભેગી કરી તે તારા પ્રાણ પ્યારા પુત્રો અને તારા સ્નેહીઓ તને વાંસડે બાંધી સ્મશાનમાં લઈ જઇ ચિતા પર સૂવાડી તારા કોમળ દેહને આગ ચાંપીને સળગાવશે ને ભસ્મીભૂત કરી દેશે. માટે વિચાર કરો. છેવટમાં તો અતિ પ્રિય શરીરને પણ બાળી નાંખવાનું છે. છતાં તેના માટે પાપ કેટલા? કંચન, કામિનિ વિના ચાલશે પણ ધર્મ વિના નહિ ચાલે. જીવનમાં ધર્મ છે તો બધું છે. ધર્મ નથી તો કાંઈ નથી.

બંધુઓ! જરા વિચાર કરો. કેટલી બધી અઢળક પુણ્યની પુંજી રૂપી પાઘડી આપીને આપણે આ મોંઘા માનવદેહ રૂપી દુકાન ભાડે લીધી છે. તેમાં ખૂબ મહેનત કરી આત્માની મૂડી વધારવી છે કે પછી પ્રમાદમાં પડીને પુણ્યની પુંજી ખતમ કરી દુકાનનું દેવાળું કાઢવું છે? કોઈ માણસ ભાડાની દુકાનમાં ખૂબ પૈસા ખર્ચીને રંગ

રેગાનાદિ રીપેરીંગ કરાવે તો તેને તમે કેવો કહો? મૂર્ખો જ કહો ને? તો હવે વિચાર કરો; આપણા આત્માએ ભાડે લીધેલી દેહ રૂપી દુકાનને શણગારવા માટે પફ, પાવડર, અને લાલીના લપેડા શા માટે કરવા જોઇએ? મોંઘા ભાવના મેવા, મીઠાઇ ને માલમલીદા ખવડાવી તેની કેટલી મરામત કરો છે? મૂલાયમ ને મોંઘા વસ્ત્રો, હીરા–મોતી અને પન્નાના દાગીના પહેરો છો, આ બધું શા માટે કરો છો? આ ભાડાની દુકાન સમાન દેહને શણગારવામાં જિંદગીનો અમૂલ્ય સમય વેડફી નાંખશો તો તમે જ્ઞાનીની દૃષ્ટિમાં કેવા કહેવાશો? મૂર્ખા ને? આપણો ચેતન ચતુર છે. ચતુર ચેતન પોતાનું ઘર છોડી કદી પરઘરમાં જાય નહિ અને જો પરઘરમાં ગયો તો કર્મરાજાની ફોજ તેને ઘેરી વળશે.

જેને આત્માની પડી નથી તે મનુષ્યો ખાઇ પીને ખેલવામાં આનંદ માને છે. બસ, કેમ કમાઉં ને મારા દીકરા માટે મૂડી ભેગી કરતો જાઉં! પણ વિચાર તો કરો. એ દીકરા કેવા નીકળશે તેની તમને ખબર છે? પુણ્યનો ઉદય હોય તો દીકરા સારા મળે છે ને મા-બાપની સેવા કરે છે પણ જો પાપનો ઉદય હોય તો બાપની સેવા કરવાને બદલે બાપનું કાળજું કોરીને ખાઇ જાય તેવા કામ કરે છે.

એક શેઠ ખૂબ શ્રીમંત હતા. કાળી મજુરી કરી શેઠે ઘણું ધન ભેગું કર્યું. સંસારનું બધું સુખ હતું પણ એક વાતનું દુઃખ હતું કે શેર માટીની ખોટ હતી. શેર માટીની ખોટ એટલે તો તમે સમજો છો ને? એને ત્યાં લાખોની મૂડી હતી પણ કોઇ સંતાન ન હતું. સંતાન માટે શેઠ-શેઠાણીએ ઘણું કર્યું. છેવટે મોટી ઉંમરે શેઠની આશા ફળીભૂત થાય છે. ને તેમને ત્યાં એક પુત્રનો જન્મ થાય છે. પુત્રનો જન્મ થતાં શેઠ-શેઠાણીના આનંદનો પાર ન રહ્યો. પણ દીકરો જન્મ્યો ત્યારથી માંદો રહેવા લાગ્યો. દીકરાને માટે રોજ ડોકટરો બોલાવવામાં આવતા. મહિનામાં બાર ઇંજેકશનો અપાવવા પડતા હતા. મા-બાપ દીકરાને સાજો કરવા માટે ઘણી મહેનત કરતાં હતાં કે કેમ કરીને મારો દીકરો સાજો થાય? આ રીતે દીકરો સાજો-માંદો રહેતાં મોટો થયો. સ્કૂલમાં ભણવા મૂકયો. દીકરો રંગે રૂડો, રૂપાળો ખૂબ હતો પણ અક્કલમાં મીંડું હતું. વધારે પગાર આપીને સ્કૂલના ટીચરને ટયુશન રાખતા છતાં પણ તેને યાદ રહેતું ન હતું. પરીક્ષા આવે ત્યારે માંડ માંડ ચાર આની જેટલું યાદ રહેતું. શેઠને ઘેર પૈસો ખૂબ હતો. એટલે છોકરો ચાર આની માર્ક મેળવે અને બાર આની ટીચરોને પૈસા દબાવી તેને ઉપર ચઢાવતાં હતા. આમ કરતાં મેટ્રિક સુધી ભણાવ્યો. હવે આગળ વધે તેમ ન હતું એટલે શેઠે દીકરાને સ્કૂલમાંથી ઉઠાડી લીધો.

**શ્રીમંત ઘરમાં તો કહેણુ ઘણાં આવે ને?** ધીમે ધીમે દીકરો મોટો થયો. શેઠ શ્રીમંત હતા એટલે સારા ઘરની કન્યાઓ માટે કહેણુ આવવા લાગ્યા. શેઠાણીને પણ ઘણી હોંશ હતી કે કયારે દીકરાને પરણાવું ને વહુ લાવું, ને હું સાસુ બનું. ઘણી જગ્યાએ

એવું જોવામાં આવે છે કે વહુ આવવાની હોય ત્યારે શી વાત સાસુને મન વહુ વહુ હોય છે ને પછી હઉ....હઉ થાય છે. (હસાહસ) આ શેઠના દીકરાને એક સુલોચના નામની કન્યા સાથે ખૂબ ધામધૂમથી પરણાવ્યો. વહુનું નામ તો સુલોચના બહુ સરસ હતું. સુ-લોચના એટલે જેના લોચન સારા છે તેનું નામ સુલોચના. પણ આ સુલોચનાના લોચન બંધ હતા. ને એવી અક્કડ ને અભિમાની હતી કે તે કોઈના સામું જોતી ન હતી. બસ, એનું ધાર્યું કરવાવાળી હતી. સાસુ સસરા ગમે તે હોય પણ કોઈની શરમ ધરતી ન હતી. તે કહે તેટલું ઘરમાં થવું જોઈએ. એને જે વસ્તુ જોઈએ તે તરત હાજર કરવી પડે. જો ના થાય તો ઘરમાં ધમધમાટી બોલાવે ને સાસુને રોજ ઉઠીને પોશ આંસુએ રડાવે.

વિચાર કરો, આ સંસાર કેવો છે! કેટલા લાડેકોડે દીકરાને પરણાવ્યો હતો. સાસુ માનતા હતા કે વહુ આવશે ને મારી સેવા કરશે. એક દિવસ સાસુએ કહ્યું. બેટા! તમે શા માટે આમ કરો છો? અમે તમારે માટે કેટલું કર્યું છે! સહેજ તો વિચાર કરો. ત્યારે ક્રોધ કરીને કહે છે બસ. હવે મારે તમારા ઘરમાં રહેવું નથી. એમ કહી પોતાના પતિને લઈને જુદી થઈ. પણ એને ખબર નથી કે ધણીમાં કેટલું પાણી છે! છોકરામાં કમાવાની ત્રેવડ ન હતી. બાપે જે કંઇ પૈસા આપ્યા હતા તે બધા થોડા દિવસમાં ઉડાવી દીધા. છોકરો સાતે વ્યસને પૂરો થઇ ગયો હતો. પૈસા બધા ખલાસ થઇ ગયા. વેપારીની પેઢીમાંથી બાપાના નામે પૈસા લેવા માંડયા. બે વર્ષમાં રૂપિયા પંદર હજારનું દેવું કર્યું. છેવટે શેઠના ઘેર ઉઘરાણી આવી. આથી શેઠ ચમકયા ને કહ્યું કે આજે હું પૈસા ભરપાઇ કરું છું. પણ હવે મારા દીકરાને મારા નામે કંઇ પણ આપશો નહિ. પરિણામે દીકરો વહુ ખૂબ દુઃખી થયા. મહાન પુરૂષો કહે છે.

## ભૂલો ભલે બીજું બધું પણ મા-બાપને ભૂલશો નહિ.

તમે ભલે બધું ભૂલી જજો પણ મા-બાપના ઉપકારને કદી ભૂલશો નહિ. કારણ કે સંતાનો ઉપર માતા-પિતાનો મહાન ઉપકાર હોય છે. આ છોકરો તેની પત્નીના મોહમાં પડીને તેના માતા-પિતાને ભૂલી ગયો. પણ માતા-પિતા દીકરા માટે તલસે છે. આપણા ઘેર દીકરા-વહુને જમવા માટે બોલાવીએ. બાપા દીકરાને જમવા માટે કહેવા ગયા. તે વખતે દીકરાની વહુ તેના પતિને કહેતી હતી કે તમારામાં કમાવાની તાકાત નથી ને કોઇ તમને પૈસા ધીરતું નથી. તો ગામ બહાર ફલાણો કસાઇ રહે છે તે ખૂબ ધનવાન છે. તેને કહેજો કે મારા બાપા મરી ગયા પછી તારા જેટલા પૈસા લઇશ તેનાથી ડબલ પૈસા તને આપીશ. પણ મને અત્યારે તું પૈસા આપ. બાપાએ બહારના રૂમમાં ઉભા ઉભા આ શબ્દો સાંભળ્યા ને તેનું કાળજું બળી ગયું. અહો! જે દીકરા-વહુ માટે હું આટલું કરું છું તે મારા મરવાની રાહ જુએ છે ને કસાઇના પૈસા લેવા માંગે છે.

દીકરાને આમંત્રણ દેવા ગયેલા પિતાના દિલમાં ખૂબ દુઃખ થયું, ઘેર આવીને

શેઠાણીને વાત કરી. શેઠાણીના દિલમાં પણ દુઃખ થયું. હવે શેઠને ક્યાંય ચેન પડતું નથી. રાત્રે પલંગમાં સૂતા હતા. ઉંઘ આવતી નથી. માંડ માંડ સ્હેજ આંખ મીંચાણી ત્યાં શેઠને ઉંઘમાં સ્વપ્નું આવ્યું. સ્વપ્નામાં એક માણસ ઘરમાંથી ઝાડૂ કાઢતો હતો. ઝાડૂ કાઢતાં કાઢતાં બધો કચરો શેઠના ઉપર લાવીને નાંખ્યો. ત્યારે શેઠે કહ્યું, કે ભાઈ! તું શા માટે મારા ઉપર કચરો નાંખે છે? ત્યારે એ માણસ કહે છે શેઠ! તમે મને ઓળખો છો? ઘણાં વખત પહેલાં તમારા ઘેર હું એક નોકર હતો. મારા મા-બાપ મરી ગયા હતા ને તમને સારા માની મારા પૈસા વિશ્વાસથી તમારે ત્યાં વ્યાજે મૂકીને તમારા ઘેર નોકરી કરતો હતો. તમે મારી પાસે ખૂબ કામ કરાવતા હતા. જમવાનો વખત થાય તો પણ જમવા છોડતા ન હતા. ઘણું કામ કરાવી જે પગાર ઠરાવ્યો હોય તેમાંથી અડધો માંડ આપતા હતા. મારી આવી દશા થતાં મેં વ્યાજે મૂકેલા પૈસાનું વ્યાજ માંગ્યું. તમે મને આપ્યું નહિ ને ઉપરથી ખૂબ માર માર્યો. એટલે તમારા ત્રાસથી કંટાળીને હું ચાલ્યો ગયો. ત્યારે તમે ઢંઢેરો પીટાવ્યો કે ફલાણા નોકરને કોઈ રાખશો નહિ. એ ભૂંડો છે. ચોર છે, ખરાબ છે એટલે મને કોઈએ રાખ્યો નહિ. તેથી ભૂખ અને દુઃખથી ટળવળતો મરણ પામ્યો. તે હું તમારો નોકર તમારો દીકરો થઈને તમારે ઘેર આવ્યો છું. તમે જેમ નોકરને ત્રાસ આપ્યો હતો તેમ તમારો છોકરો થઈને તમને ત્રાસ આપે છે ને? એ સ્વપ્નું પૂરું થયું ત્યાં એક વૃદ્ધ સ્ત્રી આવી અને કહેવા લાગી કે હે શેઠ! તમારા કર્યાં તમે ભોગવો. શેઠે પૂછ્યું-તું કોણ છે? ત્યારે કહે કે એક વિધવા સ્ત્રી તમારે ત્યાં વ્યાજે રકમ મૂકી ગઈ હતી. એને જરૂર પડી ત્યારે તમારી પાસે માંગી. ત્યારે તમે ખૂબ ક્રોધમાં આવીને કહ્યું કે થાપણ શી ને વાત શી? તમે તો વાઘ ઘડૂકે તેમ ઘડૂક્યા ને એના પૈસા ન આપ્યા. ને ઉપરથી મારી કૂટીને કાઢી મૂકી. તે વિધવા સ્ત્રી બીજી કોઈ નહિ પણ તમારા દીકરાની વહુ સુલોચના બની છે, ને કર્મનો બદલો લે છે.

આ બધું દશ્ય જોતાં શેઠની આંખ ખુલી ગઈ. પોતાનો ભૂતકાળ શેઠને યાદ આવી ગયો. બધું નજર સમક્ષ તરવરવા લાગ્યું ને દિલમાં થઈ ગયું કે અહો! આ તો મારા કરેલાં કર્મો હું ભોગવું છું. દુનિયામાં કોઈ કોઈને દુઃખ કે સુખ આપનાર નથી. દુઃખ અને સુખ દેનાર પોતાનાં કર્મો છે. શેઠને પોતાની ભૂલનું ભાન થતાં પાછલી જિંદગી સુધારી.

અનાથી મુનિ કહે છે, હે શ્રેણીક રાજા! પોતાના કર્મના કારણે પોતાનો આત્મા વૈતરણી નદી જેવો બની જાય છે. પૂર્વે જીવે એવા કર્મો કર્યાં હોય છે કે તેના કારણે સાંકડી સગાઈમાં ઉત્પન્ન થઈને વેરનો બદલો લે છે. કોઈ વખત પિતા-પુત્રપણે, તો કોઈ વખત માતા-દીકરીપણે, સાસુ-વહુપણે એક ઘરમાં ઉત્પન્ન થઈને વેરનો બદલો લે છે. સાંભળો, શ્રેણીક રાજાના પુત્ર કોણીકે શ્રેણીક રાજાને પિંજરામાં પૂર્યા હતા. અને રોજ ૫૦૦ ચાબૂકના ખુલ્લા બરડામાં માર મરાવતો હતો. તે પૂર્વના કર્મનું કારણ

હતું ને? કર્મ વડના બીજ જેવું નાનું હોય છે. પણ અબાધાકાળ પૂરો થતાં ઉદયમાં આવે છે ત્યારે મોટા વડલાના વૃક્ષ જેવું બની જાય છે. ખંધક મુનિના જીવે પૂર્વે કોઠીમડાની છાલ ઉતારી હતી તો ખંધક મુનિના ભવમાં આખા શરીરની ચામડી ઉતારવામાં આવી. દેવાનંદા બ્રાહ્મણી અને ત્રિશલા માતા પૂર્વ ભવમાં દેરાણી જેઠાણી હતા. દેવાનંદાએ ત્રિશલાના રત્નનો ડબ્બો ચોર્યો તો તેના રત્નના ડબ્બા કરતાં પણ ઉત્તમ પોતાના ગર્ભમાં આવેલા તીર્થંકર જેવા પ્રતાપી પુત્રનું અપહરણ થયું. રત્નનો ડબ્બો તો અહીં રહી જશે. પણ કરેલા કર્મના ફળ રૂપે તીર્થંકર ભગવાનની માતા બનવાનું સૌભાગ્ય ન મળ્યું ને! જ્યાં સુધી મહાવીર પ્રભુનું શાસન ચાલશે ત્યાં સુધી ત્રિશલા માતાનું નામ ગવાશે.

સમજાયું ને? કર્મ કોઈને છોડતા નથી. તીર્થંકર હોય કે ચક્રવર્તિ હોય પણ કરેલા કર્મો સૌ કોઈને ભોગવવા પડે છે. માટે જો આવા દુઃખો ન ભોગવવા હોય તો ક્ષણે ક્ષણે કર્મ કરતાં ઉપયોગ રાખો. હવે બીજા પદમાં કહ્યું છે કે "अप्पा मे कूडसामली" મારો આત્મા વિભાવમાં જાય ત્યારે કૂટ-શાલ્મલી વૃક્ષ જેવો બને છે. કૂટ શાલ્મલી વૃક્ષ નરકમાં હોય છે. નારકો અતિશય ગરમીથી આકુળ વ્યાકુળ થઈ ગયા હોય છે. ત્યારે વિચાર કરે છે કે સામે મોટા મોટા ઘટાદાર વૃક્ષોનું વન છે તો ત્યાં જઈને બેસીએ તો ઠંડક અને શાંતિ વળશે. એમ સમજીને વૃક્ષોથી ભરચક દેખાતા વનમાં દોડે છે. એ વૃક્ષના પાંદડાની ધારો તલવાર અને ભાલા જેવી તીક્ષ્ણ હોય છે. જેવા એ ઝાડ નીચે જઈને બેસે છે તેવા ઉપરથી તીક્ષ્ણ ધારવાળા પાંદડા ખરે છે. તેના અંગોપાંગ છેદાય છે. હાથ પગ કપાઈ જાય છે. માથું ચીરાઈ જાય છે. ત્યારે બચાવો .... બચાવો! એમ ચીસાચીસ કરતાં આમતેમ દોડાદોડ કરે છે. ને એ વિષમ વનમાંથી બહાર નીકળવા ફાંફા મારે છે. દોડતાં બહાર નીકળવા જાય છે તે વખતે પણ તીક્ષ્ણ પાંદડા અને લોઢાના ગોળા જેવા ફળ તેના શરીર પર ધડાધડ કરતા પડે છે. ત્યારે અસહ્ય વેદના થાય છે. પરાધીનપણે નરકમાં જીવ કેટલી વેદના સહન કરે છે!

કૂટ-શાલ્મલી વૃક્ષની નીચે તેનું શરીર વીંધાઈ જાય છે. અહીં કોઈ જીવોને હોંશે હોંશે વીંધ્યા હોય તો ત્યાં વિંધાવું પડે છે. આજે બંગલાની શોભા વધારવા માટે કંઈક જીવો બગીચા બનાવે છે. પણ તેમાં કેટલું પાપ છે! રોજ ઉઠીને લીલું કૂણું ઘાસ કપાવો છો. મશીન ફેરવાવો છો. પાણીના હોજ ભરાવો છો. પણ યાદ રાખજો કે બગીચા બનાવીને બંગલાની શોભા વધારવા જતાં તમારા આત્માના ભૂક્કા નીકળી જશે. તમે તો આયુષ્ય પૂરું થતાં ચાલ્યા જશો પણ જ્યાં સુધી બગીચો રહેશે ત્યાં સુધી કર્મોની ધારા પાછળ આવવાની છે. કર્મો કરવા તત્પર બનેલો આત્મા કૂટ-શાલ્મલી વૃક્ષ જેવો છે. ભગવાન કહે છે તું આરંભ પરિગ્રહની ક્રિયાથી પાછો ફર. તારા પુણ્યથી તેં ધન પ્રાપ્ત કર્યું પણ તેમાં આસક્તિ રાખવી તે પાપ છે.

न सो परिग्गहो वुत्तो, नायपुत्तेण ताइणा ।
मुच्छा परिग्गहो वुत्तो, इइ वुत्तं महेसिणो ॥

દશ. સૂ. અ. ૬ ગાથા ૨૧

તીર્થંકરો, ચક્રવર્તિઓ, બધાને ઘેર ધૂમ સાહ્યબી હતી છતાં તે છોડીને દીક્ષા લીધી. કારણ કે તેમાં તેમને આસક્તિભાવ ન હતો. આવી ભાવનાવાળાને ભગવાન અપરિગ્રહી કહે છે. પણ જેને મૂર્છા ખૂબ તે પરિગ્રહવાન છે.

ત્રીજા પદમાં કહે છે આત્મા કામધેનુ જેવો છે ને ચોથા પદમાં ભગવંત કહે છે, કે આત્મા નંદનવન જેવો છે. કામધેનુ ગાય મનની બધી ઇચ્છાઓ પૂર્ણ કરે છે. જેની પાસે કામધેનુ ગાય હોય છે તેને કોઈ જાતનું ભૌતિક દુઃખ હોતું નથી અને નંદનવન તો દેવોની ક્રીડાભૂમિ છે. ત્યાં જઇને બેસવાથી આત્માને શાંતિ ને શીતળતા મળે છે. તેનું વિશેષ વિવેચન અવસરે કરીશું.

**ચરિત્ર : "વિજય ડંકા વગાડી પવનજી આવતા થયેલું ભવ્ય સ્વાગત."**

પવનજી રાવણના આદેશ પ્રમાણે વરૂણ રાજાને હરાવીને રાવણની આણ વર્તાવી વિજય ડંકા વગાડી લંકામાં આવ્યા. રાવણે પવનજીનું ખૂબ સન્માન કર્યું. ત્રણ ચાર મહિના લંકામાં રોકયા. પછી પવનજીએ રજા માંગી. ત્યારે રાવણે તેને રજા આપી એટલે જલ્દી તેઓ વિમાનમાં બેસીને પોતાના ગામના પાદરમાં આવી ગયા. નગરમાં પણ વાયુવેગે પવનજીના આગમનના સમાચાર પહોંચી ગયા. પોતાનો પુત્ર પવનજી વરૂણ જેવા પરાક્રમી રાજા ઉપર વિજય મેળવીને આવ્યો છે. તે જાણી બધાને ખૂબ આનંદ થયો. રાજા પ્રહ્લાદ તેમજ આખા નગરની પ્રજાએ ખૂબ ધામધૂમપૂર્વક પવનજીનું સ્વાગત કર્યું. પણ પવનજીનું ચિત્ત નગરજનોના સ્વાગતમાં ન હતું. પરંતુ અંજનાને મળવા આતુર હતું. આખા ગામની પ્રજા છે પણ અંજના કયાંય જોવા મળતી નથી. પવનજી વિચાર કરે છે કે કદાચ મહેલના ઝરૂખે ઉભી હશે. આમ કરતાં રાજમહેલ આવી ગયો. પ્રજાજનોએ પવનકુમારને ધન્યવાદ આપ્યા. પવનજીનો ખૂબ જયજયકાર બોલાવીને પ્રજાજનો સૌ સૌના સ્થાને ગયા.

**પવનજી અંજનાના મહેલે :–**

**કટકથી કુંવરજી આવીયા, માતા-પિતા તણે લાગ્યો છે પાય તો,**
**જેટલે માતા રે ભોજન કરે, તેટલે અંજનાને ઘેર જાય તો,**
**સૂના રે મંદિર દેખીયા, સૂના રે મંદિર કલકલે કાગ તો,**
**પૂરવ વાત કાને સુણી, તેટલે પવનજીને શિરે ચઢી તો....સતી રે....**

પવનકુમાર માતા પિતાને પગે લાગ્યા. ને માતા-પિતાએ પણ તેને આશીર્વાદ આપ્યા. માતા-પિતાના આશીર્વાદ મેળવી પવનજી અંજનાના મહેલે ગયા. માતાએ

બનેલી વાત કરી ન હતી. કારણ કે માતા તો એમ સમજતી હતી કે મારો દીકરો અંજનાને ક્યાં બોલાવે છે? કે મારે તેને વાત કરવી કે આમ બન્યું છે.

પવનજીએ અંજનાના મહેલના પગથીયે પગ મૂકયો પણ મહેલ તેમને સૂનકાર દેખાવા લાગ્યો. મહેલ ગમે તેટલો સુંદર હોય પણ જો અંદર કોઈનો વસવાટ ન હોય તો તેના મહેલ ઉપર કાગડા ઉડે છે. ફક્ત કા....કા....ના અવાજ આવતા હોય છે. અંજનાના મહેલે મહેલને સાચવનારા પહેરેગીરો નીચે બેઠા હતા. પહેરેગીરોએ પવનકુમારને હોંશભેર અંજનાને મળવાની આશાથી આવતા જોયા. હવે કોણ કહેવાની હિંમત કરે કે અંજનાની આ દશા થઈ છે! બધા સમજે છે કે પવનજીને એકદમ કહેવાથી આઘાત લાગશે. માટે ઉપર જવા દો.

એક નોકર શેઠના ઘેરથી પોતાના ગામમાં આવ્યો. શેઠને ઘેર આગ લાગી હતી ને બધા મરી પરવાર્યા હતા. નોકરના ગામમાં શેઠની દીકરી રહેતી હતી. નોકરે આવીને સમાચાર આપ્યા કે બહેન! બાપુજીને ઘેર આગ લાગી હતી. ત્યારે દીકરીએ પૂછયું - ભાઈ! આગ લાગી પણ ઘરના બધા ક્ષેમકુશળ છે ને? એના બાપને ઘેર એક ઘોડી હતી તે ઘરના બધાને ખૂબ વહાલી હતી એટલે છોકરી પૂછે છે ઘોડી તો બચી ગઈ છે ને? ત્યારે નોકરે કહ્યું- કે ઘોડીને થોડી ઝાળ લાગી હતી, તે બે કલાક જીવીને મરી ગઈ છે. ત્યારે કહે છે બા તો કુશળ છે ને? હા, બહેન. તેમને પણ થોડું દઝાયું હતું ને હોસ્પિતાલમાં દાખલ કર્યા હતા. તે ચોવીસ કલાક પછી સ્વર્ગવાસ પામ્યા. તો છોકરી કહે કે બાપુજી-ભાઈ-ભાભીઓ અને બાળકોનું શું થયું? તો કહે- બહેન! બધાને થોડી ઘણી ઇજા થઈ હતી, ને કોઈ બે કલાક, કોઈ ચાર કલાક, છ કલાક પછી આ ફાની દુનિયામાંથી વિદાય થયા છે. આ સાંભળીને આ દીકરીને આઘાત ખૂબ લાગ્યો. પણ જો નોકરે સીધું કહ્યું હોત, કે બહેન! બધા આગમાં બળી ગયા તો કદાચ તેના પ્રાણ ઉડી જાત. પણ ધીમેથી વાત કરી તેથી ઢગલો થઈને પડી ગઈ, બેભાન બની ગઈ પણ પ્રાણ બચી ગયા. કોઈ પણ માણસને વાત કરતાં વાણીનો વિવેક રાખવો તે ધર્મ છે.

પવનજી માટે પણ પહેરેગીરોએ વિચાર કર્યો કે જો આપણે તેમને કહીશું તો ખૂબ આઘાત લાગશે. એટલે પવનજી આવ્યા તેથી પધારો...પધારો રાજકુમાર! કહીને સ્વાગત કર્યું. પવનજી અંજનાને મળવા એવા અધીરા બની ગયા છે કે કેમ કરીને જલ્દી અંજનાના સમાચાર મળે. પહેરેગીરોને પૂછયું કે કેમ! રાણી સાહેબ તો મઝામાં છે ને? તો કહે, હા સાહેબ. આનંદમાં છે. આપ ઉપર પધારો. પવનજી બીજે ત્રીજે-ચોથે માળે ગયા. જેમ જેમ ઉપર ચઢતા જાય છે તેમ તેમને મહેલ સૂનકાર લાગે છે. દરેક માળે નોકર-ચાકરો બેઠા હતા. તેમને અંજનાના સમાચાર પૂછતાં પૂછતાં છેક

સાતમે માળે પહોંચી ગયા.

**અધીરા બનેલા પવનજી:-** સાતમે માળે એક દાસી ઉદાસ ચહેરે અંદરના રૂમમાં બેઠી હતી. પવનજીએ બૂમ પાડી. કોઈ હાજર છે? તો અંદરના રૂમમાંથી ધીમો અવાજ આવ્યો કે કોણ છો? પવનજી તરત તે રૂમ તરફ ગયા. તો દાસીને જોઈ. પવનજીએ આતુરતાથી પૂછ્યું - અંજના સતી ક્યાં છે? દાસીએ કહ્યું - હમણાં આવે છે. તે ક્યાં ગઈ છે? દાસી કહે-સ્નાન કરવા બાથરૂમમાં ગયા છે. બેસો. એમ કહીને પવનજીને બેસાડયા. ૦। કલાક, ૦॥ કલાક થયો પણ અંજના આવી નહિ ત્યારે પવનજીએ કહ્યું- કેટલી વાર લાગશે? તું જલ્દી સમાચાર આપ કે પવનજી આવી ગયા છે. એટલે તે જલ્દી આવશે. હવે દાસી પાસે કોઈ જવાબ ન હતો. એટલે તેની આંખમાં આંસુ આવી ગયા. તેનું મોઢું લાલચોળ બની ગયું.

**પવનજીનો ભયંકર વિલાપ :-** પવનજી કહે હે દાસી! તું જલ્દી કહે કે મારી અંજના ક્યાં છે? તું જવાબ કેમ નથી આપતી? આટલું બોલતાં પવનજીનું હૈયું ધબકવા લાગ્યું. શરીર ધ્રુજી ઉઠયું. દાસી કહે- હું શું જવાબ આપું? પવનજી કહે તું મને જલ્દી કહે કે શું બન્યું છે? ત્યારે દાસીએ ગદ્ગદ્ સ્વરે કહ્યું કે તમે ત્રણ દિવસ રોકાઈને ગયા ત્યારે અંજનાજીએ આપને કહ્યું હતું કે આપ માતા પિતાને જાણ કરીને જાવ. પણ તમે શરમના કારણે માતા-પિતાને વાત કરી નહિ ને અંજનાજી ગર્ભવંતા બન્યા. સાતમો માસ હતો ત્યારે બા અહીં આવેલા, અંજના સતીને ગર્ભવંતા જોઈને માતાજી ખૂબ ગુસ્સે થયા. ત્યારે સતીએ કહ્યું કે તમારા પુત્ર આવ્યા હતા ને આ બનાવ બન્યો છે. આપની મુદ્રિકા બતાવી તો પણ માતાજી માન્યા નહિ ત્યારે અંજનાએ કહ્યું કે બા! મારી વાત આપને ખોટી લાગતી હોય તો આપના પુત્ર આવે ત્યારે પૂછી લેજો. પણ માતાજીનો ગુસ્સો વધી ગયો ને સતીને કાઢી મૂકવાનો ઓર્ડર આપ્યો ત્યારે સતીએ કહ્યું-બા! હું તમારા ચરણની દાસી બનીને રહીશ. તમારી એંઠ ખાઈને રહીશ પણ તમારા પુત્ર આવે ત્યાં સુધી મને રાખો. પછી તમારે જેમ કરવું હોય તેમ કરજો. પણ બા માન્યા નહિ ને સતીને તેમજ વસંતમાલાને ખૂબ માર માર્યો ને અંતે કાળા કપડાં પહેરાવી, કાળા રથમાં બેસાડી તેમના માથે કલંક ચઢાવીને અંજના સતીને તેમના પિયરના ગામના સીમાડામાં મૂકી આવ્યા.

**અંજનાના મહેલેથી રડતા ફર્યા પાછા પવનજી:** આ શબ્દો સાંભળી પવનજીનું હાડ ચીરાઈ ગયું. તે બેભાન થઈને પડી ગયા. થોડી વારે ભાનમાં આવતા રડવા લાગ્યા. અંજનાના સૂનકાર મહેલમાં ફરીને પાછા લથડતા પગે માતાના મહેલે આવ્યા. પુત્રનું મુખ જોઈને માતાજીએ પૂછ્યું- બેટા! કેમ ઉદાસ બની ગયો છે? ત્યારે પવનજીએ કહ્યું- બા! તેં મારા ઉપર મોટો અન્યાય કર્યો છે. તેં મારા જીવન બગીચામાં

આગ ચાંપી દીધી છે. વિયોગની વેદના અને રોષથી પવનજીનું શરીર ધ્રુજતું હતું. બેટા! શું બન્યું તે તો કહો! ત્યારે પવનજીએ કહ્યું-શું કહું? તમે કહેવા જેવું શું રાખ્યું છે? નિર્દોષ, નિષ્પાપ અંજના સતીને તેં કલંકિત કરીને દુઃખના દાવાનળમાં હોમી દીધી. તે પણ મારી ગેરહાજરીમાં! તમે કાઢી મૂકી તે બહુ ખોટું કર્યું છે. એ મારાથી ગર્ભવંતી બની હતી. હું આવ્યો હતો તે વાત તેણે તમને ન્હોતી કરી? એણે તમને મુદ્રિકા ન્હોતી બતાવી? પવનજી ખૂબ ગુસ્સે થયા છે. માતા તો પુત્રના વચન સાંભળી સ્થંભી ગયા. હવે પવનજીને શું જવાબ આપશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં.- ૮૩

**આસો વદ ૩ ને બુધવાર** **તા. ૨૨-૧૦-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંત જ્ઞાની શાસ્ત્રકાર સર્વજ્ઞ ભગવંતો જગતના જીવોને પડકાર કરીને કહે છે, કે હે ભવ્ય જીવો! તમે જેનો રાગ કરી જેના માટે પાપકર્મ કરો છો તે તમારા દુઃખમાં સહાયક થવાના નથી.

**न तस्स दुक्खं विभयन्ति नाइओ, न मित्तवग्गा न सुया न बन्धवा ।**
**एक्को सयं पच्चणु होइ दुक्खं, कत्तारमेव अणुजाइ कम्मं ॥**

ઉત્ત. સૂ. અ. ૧૩, ગાથા ૨૩

પાપ કરનાર વ્યક્તિને જયારે કરેલા કર્મોનો ઉદય થાય છે ત્યારે તેના જ્ઞાતિજનો મિત્રજનો, પુત્ર, પત્ની, ભાઈ, બહેન, માતા-પિતા આદિ કોઇ સ્વજનો તેમાં ભાગ પડાવતા નથી. પાપ કર્મ કરનાર આત્મા એકલો દુઃખ ભોગવે છે. કારણ કે કર્મ કરનારની પાછળ જાય છે. સૌ પૈસામાં ભાગ પડાવશે. પણ પાપ કર્મનો ઉદય થતાં જે દુઃખ ભોગવવું પડે છે તેમાં કોઇ ભાગ પડાવશે નહિ. "માલ ખાવા સહુ આવશે પણ માર ખાવા કોઇ નહિ આવે." માટે જો તમારા આત્માને સુખી કરવો હોય તો સમજી જાઓ. અમને તો તમારી દયા આવે છે. કારણ કે તમે અમારી નજીકમાં વસનારા છો. સાધુનું ગુણસ્થાનક છઠ્ઠું છે ને શ્રાવકનું ગુણસ્થાનક પાંચમું છે. એટલે તમે અમારાથી દૂર ખરા? ના, ભગવાન કહે છે, હે મારા સાધક! તું સાધનાના પહાડ ઉપરથી ગબડી ન પડે તેનો ક્ષણે ક્ષણે ખ્યાલ રાખજે. ભગવાન જે વાત સાધુને કહે તેમાં શ્રાવકે પણ સમજી જવું જોઇએ. આ વાત ફકત સાધુ માટે છે એમ નથી પણ તમારે સમજવાની જરૂર છે. તમે અમારા પાડોશી છો. પાડોશી કેવો હોવો જોઇએ. એક નાનકડા દૃષ્ટાંત દ્વારા સમજાવું.

બે મિત્રોએ બાજુબાજુમાં દ્રાક્ષના ખૂબ સુંદર બગીચા બનાવ્યા છે. દ્રાક્ષ લુંબે ને

સુંદર આવી છે. પરંતુ એક બગીચાનો માલિક બગીચો હર્યોભર્યો રાખવા માટે પોતાની જાત ખતમ કરે છે. સમયે સમયે તેને પાણી પીવડાવે છે. દ્રાક્ષની વેલોને હાનિ પહોંચાડનાર જીવાતથી તેનું રક્ષણ કરે છે. અને નકામું ઘાસ તેમજ કચરો સાફ કરી બગીચાને સુરક્ષિત રાખે છે. આ રીતે એક મિત્રે બગીચા પર ખૂબ ધ્યાન રાખ્યું. ત્યારે બીજો મિત્ર બેપરવાહ થઈને ફરવા લાગ્યો. દ્રાક્ષ વાવી પણ પછી બગીચાનું કંઈ ધ્યાન ન રાખ્યું. ન તો સમયસર પાણી પાતો કે ન તો વેલાને હાનિ પહોંચાડનાર કીડાથી રક્ષણ કરતો કે તેની તપાસ કરવા પણ આવતો નહિ. એ ખૂબ પ્રમાદી હતો. તેનું પરિણામ એ આવ્યું કે એક વખત એ પ્રમાદી મિત્રના બગીચામાં ગધેડો પેસી ગયો ને આરામથી મીઠી દ્રાક્ષ ખાવા લાગ્યો. બાજુના બગીચાવાળા અપ્રમાદી મિત્રે પોતાના મિત્રના બગીચામાં ગધેડાને દ્રાક્ષ ખાઈ જતો જોયો. તેના મનમાં વિચાર આવ્યો:

**यद्यपि न भवति हानि, परकीयां चरति रासभो द्राक्षम् ।**
**वस्तु विनाशं दृष्टवा, तथापि मे परिखिद्यते चेतः ।।**

આ મારા પાડોશી મિત્રના બગીચામાં ગધેડો દ્રાક્ષ ખાઈ રહ્યો છે. તેમાં મારું કંઈ નુકસાન થતું નથી. કારણ કે એ બગીચો મારો નથી પણ આ ગધેડો અજ્ઞાન છે. એને મન તો ઘાસ અને દ્રાક્ષ સરખા છે. ફક્ત એને તો પેટ ભરવું છે. તેને દ્રાક્ષના સ્વાદનું કંઈ જ્ઞાન નથી. તેથી આવી મીઠી અને કિંમતી દ્રાક્ષ મૂર્ખ ગધેડો ખાઈ રહ્યો છે તે જોઈને મારા દિલમાં દુઃખ થાય છે. આવો વિચાર આવતાની સાથે પાડોશી મિત્રે હાથમાં લાકડી લઈને પાડોશી મિત્રના બગીચામાંથી ગધેડાને બહાર કાઢયો. ઘણી દ્રાક્ષ ગધેડો ખાઈ ગયો હતો. છતાં જે હતી તેને બચાવી લીધી.

બંધુઓ! આ દૃષ્ટાંત નાનું છે પણ તેમાં રહસ્ય ઘણું છે. એ બંને પાડોશી મિત્રો કોણ છે? એ વાત આપણા ઉપર ઉતારવાની છે. સાધુ અને શ્રાવક એ બંને પાડોશી મિત્રો છે. આપણે બંનેએ (સાધુ અને શ્રાવકે) માનવજીવન રૂપી બગીચામાં દ્રાક્ષનું વાવેતર કર્યું છે. અમારો બગીચો સંયમ છે અને તમારો બગીચો ગૃહસ્થાશ્રમ છે. અમે અને તમે બંનેએ જીવનરૂપી બગીચામાં જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપ રૂપી મીઠી અને કિંમતી દ્રાક્ષ રૂપી વિરતિનું સુંદર વાવેતર કર્યું છે. તો દેવાનુપ્રિયો! હું તમને એક વાત પૂછું છું કે બગીચાની રખેવાળી બરાબર કોણ કરે છે? કોનો બગીચો ફાલ્યો ફૂલ્યો રહે છે? (શ્રોતામાંથી અવાજ:– સાહેબ! આપ ખૂબ સજાગ રહો છો. આપનો બગીચો સુરક્ષિત છે. અમે તો પ્રમાદી જીવડા છીએ. અમે આપની માફક બગીચાનું રક્ષણ કેવી રીતે કરી શકીએ?) વાત એમ છે કે સાધુ પોતાનો સંયમ રૂપી બગીચો જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપ રૂપી દ્રાક્ષથી ફાલ્યોફૂલ્યો રાખવા માટે રાત-દિવસ સજાગ રહે છે. આ બગીચામાં આવતા વિષય-વિકાર રૂપી કચરાને સાફ કરે છે, દયા, કરૂણા અને સ્નેહરૂપી

પાણીનું હંમેશા તેમાં સિંચન કરે છે, કષાયોના કીડા જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપ રૂપી વેલને હાની ન પહોંચાડે તેની સાવધાની રાખે છે. અને પ્રમાદ રૂપી ગધેડાને તેમાં પેસવા દેતા નથી.

જ્યારે અમારા પાડોશી એવા તમે શ્રાવકો સંસારના વહેપાર અને વ્યવહારમાં જેટલા સજાગ છો તેનો અંશ ભાગ પણ ગૃહસ્થ જીવન રૂપી દ્રાક્ષના બગીચાને સાચવવા કે તેને સુરક્ષિત રાખવા માટે સજાગ નથી. તેનું પરિણામ એ આવે છે કે તેમાં વિષય અને વિકારના કચરા ભરાઇ જાય છે. કષાયોના કીડા દ્રાક્ષના વેલાને હાનિ પહોંચાડે છે. અને કરૂણા, પ્રેમ અને દયાના જળનું સિંચન કરતા નથી. એટલે બગીચો સૂકાઇ જાય છે. શીયળની વાડ બરાબર કરી નથી એટલે તેમાં આળસ અને પ્રમાદ રૂપી ગધેડા પેસી જાય છે અને બગીચામાં રહેલી દ્રાક્ષની વેલોને જડમૂળથી ઉખાડીને ખાઇ જાય છે.

બંધુઓ! તમારા બગીચાની આવી સ્થિતિ જોઇને તમારા પાડોશી મિત્ર સમાન તમારા સદ્ગુરૂઓના દિલમાં ખેદ થાય છે ને તમારી દયા આવે છે કે આ મારા પાડોશી મિત્રના બગીચામાં પ્રમાદ રૂપી ગધેડો પેસી ગયો છે. અને તેની જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપ રૂપી કિંમતી દ્રાક્ષ ખાઇ રહ્યો છે. તેનું શું થશે? આવી કરૂણા આવવાથી સદ્ગુરૂઓ હાથમાં આગમ રૂપી લાકડી લઇને પ્રમાદ રૂપી ગધેડાને હાંકવા માટે કહે છે. હે શ્રાવકો! તમે જાગો, કયાં સુધી પ્રમાદની પથારીમાં પડયા રહેશો? કયાં સુધી વિષયના ઉકરડા ઉથામશો? જો વિષયોની લાલસા નહિ છોડો તો નરક-તિર્યંચ ગતિમાં જશો. આવા કડક શબ્દો કદાચ તમને કહી દઇએ તો તમે દુઃખ નહિ લગાડતાં. તમને ઉગારવા માટે પ્રેમથી આ શબ્દો કહીએ છીએ. તમને થશે કે મહાસતીજી તો કોઇની શરમ ભરતા નથી. જેવું હોય તેવું મોઢે કહે છે. કદાચ તમને એવું લાગી જાય પણ અમને તો તમારા પ્રત્યે કરૂણાભાવ છે. તમારું કિંમતી જીવન ભોગ-વિલાસમાં વેડફાઇ ન જાય, તમારી દુર્ગતિ ન થાય એવી સાધુના દિલમાં કરૂણા છે તેથી તમને ટકોર કરે છે. પછી જગત અમને ભલે ગમે તેવા કહે.

**"કહેનારા ભલે કહેતા, અમે અમારા ભાવમાં રહેતા,**
**બની બેઠા જો નરસિંહ મહેતા, તો રાગ-દ્વેષ નહિ લેતા દેતા."**

નરસિંહ મહેતાને લોકો શું કહેતા હતા? કે દીકરી કુંવરબાઇનું મામેરું કરવાનું છે. એની સાસુ તો કેવા મહેણાં મારે છે કે એનો બાપ તો ભગતડો થઇને નીકળી પડયો છે. આખો દિવસ મંજીરા વગાડે છે ને ટીલા ટપકા તાણે છે. એ શું મામેરું કરવાનો છે? લોકો ઘણું બોલતાં હતા પણ એ નરસૈયાને જગતની પરવા ન હતી. તેમને ભગવાન પ્રત્યે અતૂટ શ્રદ્ધા ને ભક્તિ હતી. તો કુંવરબાઇનું મામેરું કરવા ભગવાનને આવવું પડયું ને?

આ તો વૈષ્ણવ ધર્મની વાત છે. આપણે તો એમાંથી એ સાર ગ્રહણ કરવો છે કે એને એના ભગવાન પ્રત્યે કેટલી શ્રદ્ધા અને ભક્તિ હતી! એટલી શ્રદ્ધા અને ભક્તિ છે તમારામાં? અમને સંયમ પ્રત્યે શ્રદ્ધા છે, વિશ્વાસ છે. કોઇ અમારો સત્કાર-સન્માન કરે કે કોઇ તિરસ્કાર કરે પણ અમે તો અમારા ભાવમાં રહીએ છીએ. જગતની સાથે કોઇ લેવાદેવા નથી. અમારા ચારિત્રમાં અતૂટ શ્રદ્ધા છે કે જો ભગવાનની આજ્ઞા પ્રમાણે ચાલીશું તો જરૂર સંસાર સમુદ્ર તરી જઇશું. માનતુંગ આચાર્યને રાજાએ ૪૮માં ઓરડામાં પૂર્યા. પણ તેમની હૃદયની ભક્તિથી તેઓ ભક્તામર સ્તોત્રના એકેક શ્લોક બોલતા ગયા ને ઓરડાના તાળા તૂટતા ગયા. શ્રદ્ધા અને ભક્તિથી માણસ ઇચ્છે તે મેળવી શકે છે.

વૈષ્ણવ ધર્મમાં અંબરીષ નામના રાજાની કથા આવે છે. એ અંબરીષ રાજા ભગવાનનો પરમભક્ત હતો. હંમેશા ભગવાનની ભક્તિમાં લીન રહેતો હતો. તેની ભક્તિથી પ્રસન્ન થઇને ભગવાને તેની અને તેના રાજ્યની રક્ષા કરવા માટે તેને ચક્ર આપ્યું હતું. અંબરીષ રાજાને નિયમ હતો કે મારે એકાદશી (અગિયારસ) કરવી. અંબરીષ રાજાનો નિયમ એટલે નિયમ. ગમે તેટલી મુશ્કેલી હોય, રાજ્ય ઉપર કોઇ દુશ્મન ચઢી આવે અગર યુદ્ધમાં જવું પડે તો પણ એકાદશી કરવાની ચૂકતા નહિ. એકાદશીનું પારણું બારસના દિવસે થાય. અંબરીષ રાજાને નિયમ હતો કે બારસના દિવસે કોઇ અતિથિને જમાડીને પારણું કરવું. આ રાજાનો નિયમ કેવો કડક હતો! એકાદશીનો ઉપવાસ કરીને પૌષધની માફક રહેતા હતા. યુદ્ધમાં જવાનું થાય તો એવો વિચાર ન્હોતા કરતા કે પૂનમના દિવસે ઉપવાસ કરી લઈશું. આજે તો અમારા કંઇક શ્રાવકો આઠમ-પાખીના પૌષધ કરતા હોય. પણ તે દિવસે જો દીકરા કે દીકરીના ચાંલ્લા આવી ગયા તો પૌષધ ન કરે. અને વિચાર કરે કે પાંચમના દિવસે પૌષધ કરી લઇશું. કયાં તમારા નિયમો છે? આજે તો કંઇક શ્રાવકના દીકરાને આઠમ-પાખી કયારે હોય તેની પણ ખબર હોતી નથી. આઠમ-પાખીના દિવસે પૌષધ કરવા જોઇએ તેના બદલે શાક ખાવાનું પણ છોડતા નથી.

**પ્રતિજ્ઞામાં દૃઢ રહેનાર અંબરીષ:–** અંબરીષ રાજાની કયારેક ખૂબ કસોટી થતી. તો પણ એકાદશી છોડી નહિ, તે પોતાના નિયમમાં બરાબર દૃઢ રહેતા. એક વખત રાજ્ય ઉપર દુશ્મન રાજા ચઢી આવ્યો. તે દિવસે એકાદશી હતી. એટલે રાજા યુદ્ધમાં જવાના ન હતા. દુશ્મને તેમને ઘેરો નાંખ્યો. લોકો બોલવા લાગ્યા. આ દુશ્મન રાજાને આધીન થવું પડશે. આપણને લૂંટી લેશે, મારી નાંખશે. લોકો રાજાને વિનંતી કરવા લાગ્યા કે મહારાજા! રાજ્યની રક્ષા કરવા માટે તો યુદ્ધ કરો. છતાં અંબરીષ રાજા ડગ્યા નહિ. ત્યારે ભગવાને તેની ભક્તિ અને શ્રદ્ધાથી પ્રસન્ન થઇને તેના રાજ્યની રક્ષા કરવા માટે આપેલું ચક્ર છૂટયું. દુશ્મન રાજા ચક્ર જોઈને અંબરીષના ચરણમાં નમીને આવ્યો હતો તેવો પાછો ચાલ્યો ગયો.

બંધુઓ! છે તમારી આવી શ્રદ્ધા? ધર્મમાં આવી દઢ શ્રદ્ધા જોઈએ. ખામણામાં બોલો છો ને કે ભગવાનના શ્રાવક દઢધર્મી અને પ્રિયધર્મી હોય, દેવના ડગાવ્યા ડગે નહિ. કોઈના ચળાવ્યા ચળે નહિ. આજે તો દેવ તમારી પરીક્ષા કરવા આવતા નથી. કામદેવ શ્રાવક, અર્હનક આદિ શ્રાવકોની દેવે પરીક્ષા કરી છે. તો પણ તેઓ કેવા અડગ રહ્યા છે! એ તો તમે જાણો છો ને? છે તમારી આવી દઢ શ્રદ્ધા! દેવને બદલે એક દેડકો આવે ને તો પણ અમારા શ્રાવકોનું મન ડગી જાય છે. આવા રેંજીપેંજી ક્યાં સુધી રહેશો? દઢધર્મી બનો.

અંબરીષ રાજાને એકાદશીનું પારણું હતું. પારણાને દિવસે દુર્વાસા ઋષિ ત્યાં આવી પહોંચ્યા. દુર્વાસા ઋષિ ખૂબ તપ કરતા હતા. તપની સાથે તેઓ ક્રોધી પણ ખૂબ હતા. પારણાને દિવસે અતિથિ રૂપમાં દુર્વાસા ઋષિને આવેલા જોઈ રાજાને ખૂબ આનંદ થયો. રાજાએ તેમને ભોજન કરવા વિનંતી કરી. દુર્વાસાએ તેનો સ્વીકાર કર્યો. પણ સ્નાન આદિ કરવા માટે નદી કિનારે ચાલ્યા ગયા. ઘણી વાર થઈ પણ દુર્વાસા ઋષિ પાછા આવ્યા નહિ. અહીં રાજા ધર્મસંકટમાં આવી ગયા. અતિથિને જમાડયા વિના પારણું કરવું નથી. અને એકાદશીનું પારણું બારસના દિવસે થવું જોઈએ. એવું વૈષ્ણવ ધર્મમાં વિધાન છે. હવે બારસનો સમય બહુ થોડો રહ્યો હતો. અતિથિને જમાડયા વિના જમવાથી મહાન દોષના ભાગી બનવું પડશે. હવે શું કરવું? રાજા વિચારમાં પડયા. છેવટે પોતાના નિયમનું પાલન કરવા માટે ગંગાજળ પીને પારણું કર્યું. અતિથિ જમ્યા ન હતા. એટલે ભોજન કર્યું નહિ. આ રીતે વ્રતની રક્ષા કરી.

**"તપનો તાપ કરનાર દુર્વાસા ઋષિ"** :- દુર્વાસા ઋષિ આવ્યા. અને તેમને ખબર પડી કે રાજાએ ગંગાજળથી પારણું કરી લીધું. એટલે તેમના ક્રોધનો પાર ન રહ્યો. મને ભોજન કરવાનું આમંત્રણ આપ્યું ને મારા ભોજન કરતાં પહેલાં પારણું કરી લીધું? બસ, હવે તને બતાવી દઈશ. તેના તપના પ્રભાવથી અંબરીષ રાજાને બાળીને ભસ્મ કરવા માટે તેમની જટામાંથી અગ્નિ વરસાવી. અંબરીષ રાજા દુર્વાસાનો ક્રોધ જોઈ સ્હેજ પણ ડગ્યા નહિ. એને બાળવા અગ્નિની જવાળા છોડી છતાં શાંતભાવે ઉભા રહ્યા. હાય.... હાય.... હવે હું બળી જઈશ. મારું શું થશે. તેવી સ્હેજ પણ ચિંતા ન કરી. ભગવાને રક્ષા કરવા ચક્ર આપ્યું હતું તે ચક્રે તેની રક્ષા કરી. એટલે દુર્વાસાએ છોડેલી જવાળા અંબરીષ રાજાને બાળી ન શકી. પણ ચક્ર દુર્વાસા ઋષિની પાછળ પડયું. ચક્રમાંથી આગ વરસતી હતી. પોતાનો પ્રાણ બચાવવા માટે દુર્વાસા ત્યાંથી ભાગ્યા. તો ચક્ર પણ એમની પાછળ ગયું. દુર્વાસા ઋષિ ખૂબ દોડયા. દોડતાં તે પાંચમા બ્રહ્મદેવલોકમાં બ્રહ્માજી પાસે શરણ લેવા માટે ગયા. ત્યારે બ્રહ્માજીએ આંખ ફેરવીને કહ્યું – અહીં તમારા માટે જગ્યા નથી. ચાલ્યા જાઓ અહીંથી. એટલે દુર્વાસા કૈલાસ

પર્વત ઉપર શંકરજી પાસે ગયા ને આ ચક્રથી બચાવવા વિનંતી કરી. ત્યારે શંકરજીએ પણ કહી દીધું કે હું તમને બચાવી શકું તેમ નથી. દુર્વાસાના પગ ઢીલા થઇ ગયા. માર્ગમાં નારદજી મળ્યા. તેમણે કહ્યું નારાયણ ભગવાન પાસે જાઓ. દુર્વાસા નારાયણ ભગવાન પાસે ગયા. તેમણે કહ્યું કે હું તો ભક્તને આધીન છું. હું તમને બચાવી શકું તેમ નથી. જો તમારે આ ચક્રથી બચવું હોય તો અંબરીષ રાજા પાસે જાઓ અને તેના ચરણમાં પડીને માફી માંગો.

બંધુઓ! દુર્વાસાને બચવાનો બીજો કોઇ ઉપાય ન હતો. ચક્રમાંથી વરસતી આગથી દુર્વાસાના શરીરમાં બળતરા ઉઠી હતી. ગરીબ ગાય જેવો દીન બનીને અંબરીષ રાજા પાસે આવીને તેના ચરણમાં પડી ગયો. આવા મહાન ઋષિને પોતાના ચરણમાં પડેલા જોઈને અંબરીષ રાજાના હૃદયમાં દુઃખ થયું. તરત ઋષિને ઉભા કરી રાજા તેમના ચરણમાં પડી ગયા અને ભગવાનને પ્રાર્થના કરી કે હે નારાયણ પ્રભુ! જો તું મારા ઉપર પ્રસન્ન હોય અને મારૂં કુળ સદા બ્રાહ્મણોની ભક્તિ કરતું હોય તો આ દુર્વાસા ઋષિ ચક્રના મૂકેલા તાપથી મુક્ત થઇ જાય. આ પ્રમાણે અંબરીષ રાજાએ પ્રાર્થના કરી કે તરત ચક્રમાંથી ઝરતી અગ્નિ શીતળ બની ગઇ ને દુર્વાસા ઋષિ સંકટથી મુક્ત બની ગયા. આ બધી ઘટના બનતાં એક વર્ષનો સમય વ્યતીત થઈ ગયો હતો. એક વર્ષ સુધી અંબરીષ રાજાએ ભોજન કર્યું ન હતું. કારણ કે પોતે એક વર્ષ સુધી અતિથિને ભોજન કરાવી શક્યા ન હતા. એટલે એક વર્ષ સુધી ફક્ત પાણી ઉપર ટક્યા હતા. એક વર્ષ પછી દુર્વાસા ઋષિ પાછા આવ્યા ત્યારે તેમને ખૂબ પ્રસન્નતા પૂર્વક નમ્ર વચનોથી સ્વયં તેમનો સત્કાર કરી સામે બેસીને અતિથિને ભોજન કરાવ્યું. પછી પોતે ભોજન કર્યું.

આ તો વૈષ્ણવ ધર્મની વાત છે. જૈન ધર્મની વાત નથી. આપણે તો એમાંથી એ સાર ગ્રહણ કરવો છે કે અંબરીષ રાજાની શ્રધ્ધા કેટલી મજબૂત હતી! બાર બાર મહિના સુધી અતિથિને ભોજન ન કરાવું ત્યાં સુધી ભોજન ન કરવું તે કંઇ સામાન્ય વાત છે? તમે એવો નિયમ લીધો હોય કે અતિથિ, કે સંત સતીજીનો ગૌચરી વહોરાવવાનો લાભ મળે પછી મારે જમવું. માની લો કે તમારા અંતરાય કર્મનો ઉદય હોય અને ત્રણ-ચાર દિવસ સુધી સંત ગૌચરી ન પધારે તો તમારી શ્રદ્ધા ક્યાં સુધી મજબૂત રહેશે? છેવટે ઉપાશ્રયે આવીને કહેશો કે મહાસતીજી! મારે ઘેર પધારો. મારે આવો નિયમ છે. આવી તમારી શ્રદ્ધા છે.

આગળના શ્રાવકોને ધર્મ ઉપર અતૂટ શ્રદ્ધા હતી. ગમે તેવા કષ્ટ પડે પણ પોતાનો ધર્મ છોડતા નહિ. લીધેલો નિયમ પ્રાણ સાટે પાળતા હતા. આજે તો નિયમ નેવે મૂકાઇ ગયા છે. આજે તો મા-બાપ ધર્મીષ્ઠ હોય છે છતાં તેના દીકરાને ધર્મનું નામ

સાંભળવું ગમતું નથી. અરે, તેનું વર્તન તેમજ ખોરાક જૈન ધર્મને ના છાજે તેવા હોય છતાં મા-બાપ દીકરાને કંઇ કહી શકે નહિ. જેની રગે રગે ધર્મ પરગમ્યો હોય તે આવા દીકરાને ઘરમાં ઉભો રહેવા ન દે. હજુ સુધી મેં એવા મા–બાપ નથી જોયા કે ધર્મને ખાતર દીકરાનો મોહ છોડે. તેની જિંદગી સુધારવા કડક પગલું લેવું પડે તો તેમાં વાંધો નથી. અમે પણ કડક વચનરૂપી લાકડી લઇને તમને પડકાર કરતાં હોઇએ તો તેમાં બીજું કોઇ કારણ નથી. પણ તમે અમારા પાડોશી છો. અમારા ભગવાનના શ્રાવક છો, તમારા બગીચામાંથી જ્ઞાન–દર્શન–ચારિત્ર અને તપ રૂપી કિંમતી દ્રાક્ષ પ્રમાદરૂપી ગધેડો ખાઇ રહ્યો છે. તેને હાંકી કાઢી તમારું જીવન કેમ ઉન્નત બને તેવી લાગણી છે. તો તમે આવી વીતરાગવાણી સાંભળી જીવનમાંથી પ્રમાદ તેમજ વિષયકષાયને દૂર કરો અને જીવન પવિત્ર બનાવો એવી ભાવના છે.

અનાથી મુનિ કહી રહ્યા છે કે अप्पा कामदुहा धेणु, अप्पा मे नंदणवणं । હે શ્રેણીક રાજા! મારો પોતાનો આત્મા કામધેનુ જેવો રહેલો છે. કામધેનુ ગાય જ્યારે માંગો ત્યારે મીઠું દૂધ આપે છે. તેમ જેનો આત્મા કામધેનુ જેવો હોય છે તેની પાસે ગમે ત્યારે જાવ તો તેના મુખમાંથી અમૃત જેવી વાણીનું દૂધ મળશે. તે કદી કષાયમાં જોડાશે નહિ. કોઇને કટુ વચન કહેશે નહિ. તેની પાસે તો આત્માનું જ્ઞાન મળશે. ત્યાર પછી અનાથી મુનિ કહે છે કે મારો આત્મા નંદનવન સમાન છે. નંદનવન મેરૂ પર્વત ઉપર આવેલું છે. નંદનવનમાં દેવો સંધ્યા સમયે ક્રીડા કરવા માટે જાય છે. નંદનવનમાં જઇને બેસવાથી આનંદ મળે છે. શાંતિ મળે છે ને શીતળતા મળે છે.

બંધુઓ! જેનો આત્મા ન્યાય, નીતિ અને સદાચારની સૌરભથી યુક્ત હોય છે તેની પાસે આવનાર મનુષ્ય પણ આનંદ, શાંતિ અને શીતળતા મેળવે છે. ન્યાયયુક્ત જીવન કેવું હોય છે! ન્યાયસંપન્ન આત્માઓ પોતાના પુત્રના અન્યાય ખાતર પોતાના પ્રાણનું બલિદાન આપતા પણ અચકાતા નથી.

**પ્રમાણિકતા માટે પ્રાણનું બલિદાન :** મૂળરાજા મહારાજાના મૃત્યુ પછી તેમનો પુત્ર યોગરાજ રાજા બન્યો. યોગરાજનું જીવન યોગી જેવું હતું. તેમને ક્ષેમરાજ આદિ ચાર પુત્રો હતા. એક વખત ક્ષેમરાજ આદિ ચારે ભાઇઓ દરિયા કિનારે ફરવા માટે ગયા. તે દિવસે સંધ્યા સમયે એક પરદેશી વહેપારીએ વહાણ બંદરે આવીને લાંગર્યું હતું. આ ચારે ય ભાઇઓ ફરતાં ફરતાં બંદર ઉપર આવ્યા. પેલું પરદેશી વહાણ તેમણે જોયું. ત્યાં જઇને તપાસ કરી તો વહાણમાં મૂલ્યવાન રત્નો, તેજંતૂરી, કેસર કસ્તૂરી આદિ મૂલ્યવાન દ્રવ્યોથી તે ભરેલું હતું. આ જોઇને ચારે પુત્રોની મતિ બદલાઇ. કુવિચારની કાળી વાદળી એમના મગજમાંથી પસાર થવા લાગી. થોડે દૂર જઇને વિચાર કરવા લાગ્યા કે આપણી પ્રજાની આબાદી માટે અને દેશની સૂરત પલટી નાંખવા માટે આપણે આ વહાણ લૂંટી

લઈએ. ચારે જણાએ નિર્ણય કર્યો કે આપણે વહાણ લૂંટી લેવું અને તેની તમામ સમૃદ્ધિ દેશ અને પ્રજાના હિત માટે વાપરવી. એક રાતી પાઈ પણ પોતાના સુખ માટે વાપરવી નહિ.

ભાઈઓએ તો નિર્ણય કર્યો પણ પિતાજીને આ વાત ગમશે કે નહિ? પિતાજીને પૂછયા વિના આ કામ કરીશું તો તેમને દુઃખ થશે. માટે પિતાજીને આ વાત જણાવવી. રાત્રિના સમયે ચારેય ભાઈઓ પિતાજીની પાસે આવ્યા. ને પોતાનો વિચાર રજુ કર્યો. પુત્રોની વાત સાંભળી યોગરાજ મહારાજાને ખૂબ દુઃખ થયું. ને તેમણે કડકાઈથી પુત્રોને કહ્યું કે હે પુત્રો! સારામાં સારું કાર્ય પણ હલકા રસ્તે જઈને કદી સિદ્ધ કરાય નહિ. દેશ તથા પ્રજાની આબાદીનો તમારો વિચાર ઉત્તમ છે. પણ તેની સામે આપણા આશ્રયે આવેલા પરદેશીના વહાણને લૂંટી લેવાનો વિચાર તદ્દન અધમ છે. ભલે, આપણે ભૂખ્યા મરીએ પણ અન્યાયના માર્ગે કદી જવું નથી.

**મારામાં શું ઊણપ કે મારા પુત્રો આવા થયા?** : તમે મારા પુત્રો થઈને તમને આવો ક્રૂર વિચાર આવ્યો તે જાણી મારા દિલમાં પારાવાર દુઃખ થયું છે. આવા આર્યદેશમાં તમે જન્મ્યા છો ને તમને આવો અનાર્ય વિચાર કેમ આવ્યો? મને તો લાગે છે કે આમાં કાં મારો દોષ હશે અથવા કાં તો તમારી માતાનો દોષ હશે! તે સિવાય આવું બને નહિ. પિતાજીની વાત સાંભળીને ચારે પુત્રો શરમાઈ ગયા. કાંઈ પણ બોલ્યા વિના પિતાજીના મહેલમાંથી બહાર નીકળી ગયા. એવો કોઈ પાપનો ઉદય થયો કે પિતાજીની આવી હિત શિખામણ એક પણ પુત્રે સાંભળી નહિ. અને ચારે ય પુત્રોએ એક થઈને નિર્ણય કર્યો કે વહાણ લૂંટવું. રાત્રે બે વાગે શસ્ત્રોથી સજ્જ સૈનિકોની સાથે જઈને ક્ષેમરાજે વહાણ લૂંટી લીધું. જેને રક્ષક માન્યો હતો તે ભક્ષક બની ગયો.

સવાર પડતાં યોગરાજે આ વાત જાણી. તેમનું કાળજું ચિરાઈ ગયું. અહો! પુત્રોને આટલું સમજાવ્યા છતાં પાપ કરતાં પાછા ન વળ્યા. આ પુત્રોના પાપનું પ્રાયશ્ચિત હું કરી લઉં. મહારાજા યોગરાજે એક ચિતા ખડકાવી. ને પોતે ચિતામાં કૂદી પડયા. પ્રજાજનોએ અને પુત્રોએ ચિતામાં પડતા મહારાજાને ખૂબ વાર્યા. પણ રાજા કહે છે ન્યાય એટલે ન્યાય, પુત્રોના અન્યાય ખાતર પિતાજીએ કેવો ન્યાય તોળ્યો! આવા ન્યાય સંપન્ન પ્રજાપ્રિય રાજાના જવાથી પ્રજાને તથા પુત્રોને ખૂબ દુઃખ થયું. પણ એ તો પોતાનું જીવન ઉજ્જવળ બનાવી ગયા. મહારાજા યોગરાજે નશ્વર દેહનો ત્યાગ કર્યો પણ આત્માની સૌરભ મૂકતા ગયા. ખરેખર જ્યારે ત્યારે દેહનો ત્યાગ તો થવાનો છે. અદ્ભૂત યોગી આનંદઘનજી મહારાજે પણ ગાયું છે કે **"દેહ વિનાશી હમ અવિનાશી અપની ગતિ પકડેંગે."** દેહ વિનાશી છે ને આત્મા અવિનાશી છે. આ શરીર અહીં પડયું રહેવાનું છે. સગાવહાલાં તેને નનામીમાં બાંધી સ્મશાને લઈ જઈ ચિતામાં ગોઠવીને બાળી મૂકશે. પણ **"હમ અવિનાશી"** હું અવિનાશી છું. આ રીતે આત્માના અવિનાશીપણાનું

ભાન થાય તો આ જીવ ચોવીસે કલાક ધનની ચિંતામાં, શરીરની મમતામાં ને પ્રતિષ્ઠાના મોહમાં મૂંઝાઇને જે દુઃખ સહન કરી રહ્યો છે. તેમાંથી મુક્ત થઇ જાય. જેની મમતા મરી ગઇ તેને કોઇ જાતનું દુઃખ નથી.

દક્ષિણ અમેરિકામાં ચીલી નામનો પ્રદેશ છે. અહીં બેઠેલામાંથી તો ઘણાએ જોયો હશે, એ ચીલી પ્રદેશમાં ઘણીવાર ધરતીકંપ થાય છે. એટલે ત્યાંના રહેવાસીઓએ નક્કી કર્યું કે આપણે બહુ ઉંચા મકાનો બાંધવા નહિ. જેટલા વધુ ઉંચા મકાનો બાંધીશું એટલો આપણને વધારે ભય છે. એટલે ચીલી પ્રદેશમાં વસનારા માણસો મકાનના પાયા ઉંડા ઓછા નાંખે ને મકાન પણ બહુ ઉંચા ન બાંધે, કારણ કે ધરતીકંપ કયારે થાય ને કયારે ભાગવું પડે તેનો ભરોસો નથી. માટે મકાન બહુ ઉંચા ન હોય તો દબાઇને મરી જવાનો ભય પણ ઓછો રહે ને? આ રીતે જેને આત્માના અમરત્વનું જ્ઞાન થાય તે આત્માઓ સંસારમાં રાગ-દ્વેષના પાયા ઉંડા નાંખે નહિ. એ સદા ચીલી પ્રદેશમાં વસતા માણસોની જેમ અપ્રમત્ત અને અનાસકત ભાવથી સંસારમાં રહે. બંધુઓ! તમે નજરે જુઓ છો ને કે આપણું આયુષ્ય કેવું છે? ધન-લક્ષ્મી કેટલી ચંચળ છે! ચીલીમાં તો અમુક સમયે ધરતીકંપ થાય પણ આ માનવજીવનમાં તો ક્ષણે ક્ષણે ભાવમરણ રૂપી ધરતીકંપ થઇ રહેલા છે. અરે, મૃત્યુ માટે તો સ્હેજ પણ વિશ્વાસ કરવા જેવો નથી. સાંજે સાજા સારા ખાઈ પી ને સૂતા પણ સવારમાં ઉઠશે જ તેની શું ખાત્રી છે! કેટલા કોડથી માનવી પરદેશ ધન કમાવા જાય છે. કમાઇને પાછા આવવાનો તેને કેટલો આનંદ હોય છે! સગા-સ્નેહીઓને મળવાની અંતરમાં ઉર્મિ હોય છે પણ પાછા ફરતાં પહેલાં તેનું પ્રાણ પંખેરું ઉડી જાય છે. આવા કેટલા કિસ્સા તમે નથી સાંભળતા? માટે સમજો આ સંસાર ચીલી પ્રદેશ જેવો છે. કયારે શું બનશે તેની ખબર નથી. માટે જ્ઞાની કહે છે આત્માની સાધના કરી લો.

ચીલી પ્રદેશના માણસો મકાનના પાયા ઉંડા નાંખતા નથી ને મોટી તોતીંગ ઇમારતો ચણતા નથી. તેમ સંસારમાં રાગ-દ્વેષના પાયા ઉંડા નાંખવા નહિ ને મોહની તોતીંગ ઇમારતો ચણવી નહિ. આટલું સમજાય તો જીવ મહાન સુખનો અનુભવ કરી શકશે. વધુ ભાવ અવસરે.

**ચરિત્ર:** પવનજી અંજનાના મહેલે ગયા. ને અંજના સતીને ન જોઇ ત્યારે તેનું હૈયું ચીરાઇ ગયું. માતાના મહેલે પાછા આવ્યા. માતા કહે - બેટા! તું શાંત થા. ચિંતા ન કરીશ. પિયરથી વહુને તેડાવી લઇશું. પવનજી કહે - કેવી રીતે શાંત થાઉં? તેં નિર્દોષ પવિત્ર સતિને માથે કલંક ચઢાવ્યું! મારૂં તો કાળજું ચીરાઇ જાય છે. મેં પરણ્યા પછી બાર બાર વર્ષો સુધી તેના સામું જોયું નથી. એવા દુઃખના સમયે પણ એ સતીએ કોઇ પુરૂષના સામું જોયું નથી તે સમયે તો તું એના મારી પાસે પેટ ભરીને વખાણ કરતી હતી. શું? તે સતી આટલા

વખતમાં કુસતી બની ગઇ? તેને કલંકિત કરીને કાઢી મૂકતાં તમે જરા પણ વિચાર ન કર્યો? મારા આવવાની રાહ તો જોવી હતી ને? કદાચ તમને બહુ એમ હતું તો બે માણુસ મારી પાસે મોકલીને મને પૂછાવવું હતું. પણ આવું ઉતાવળું પગલું શા માટે ભર્યું? આટલું બોલતાં પવનજીની આંખમાં આંસુ ભરાઇ ગયા. માતા કહે છે બેટા! તું ભોજન કરી લે. પણ પવનજી માતાના સામું પણ જોતાં નથી. નીચું જોઈને કહ્યું કે જ્યાં સુધી અંજનાનો પત્તો ન પડે ત્યાં સુધી આ ઘરના અન્ન પાણી હરામ છે. હું અંજનાને શોધવા જાઉં છું. જો અંજના મળશે તો આવીશ. નહિતર સમજી લેજો કે આ પવન હવે દુનિયામાં નથી. હવે મારી રાહ તમે જોશો નહિ. પવનજી માતા કેતુમતીના મહેલમાંથી બહાર નીકળવા જાય છે ત્યાં માતા તેનો હાથ પકડીને કહે છે. બેટા! તું શા માટે જાય છે? અમે અહીંથી ચારે દિશામાં સુભટો મોકલીને તપાસ કરાવીએ છીએ.

પવન કહે છે ના. મારી ભૂલનું પ્રાયશ્ચિત હું કરી લઈશ. હું તમને કહેવા ન આવ્યો ત્યારે આ બધું બન્યું ને? બાર બાર વર્ષ સુધી મેં એને દુઃખી કરવામાં બાકી રાખ્યું નથી. હવે હું તેની પાછળ જઇશ. માતાએ ઘણાં ખોળા પાથર્યા પણ પવનજી માતાનો હાથ તરછોડીને પોતાના મિત્ર અને પ્રધાનજીને લઇને સસરાને ગામ જવા વિમાનમાં બેસીને ઉપડી ગયા. પુત્રના જવાથી માતાના દુઃખનો પાર ન રહ્યો.

**માતા રોવે મુખ ઢાંકીને, મેં તો વાત વિમાસી ન કીધું છે કામ તો,**
**દલ ભણી જણુ નહિં મોકલ્યો, તિહાં લગી વહુને ન રાખી ઠામ તો,**
**પાછલી બુદ્ધિ નારી તણી, વાત વિચારી ન કીધું રે યતન તો**
**કેતુમતી કરે ઝુરણાં રાંકને હાથથી ગયું રે રતન તો...સતી રે....**

માતા મોઢું ઢાંકીને રડવા લાગી. જેમ ચોરની માતા કોઠીમાં મોઢું નાંખીને રડે તેવી કેતુમતી રાણીની સ્થિતિ થઇ.

જેમ એક માતાને એક છોકરો હતો. એ છોકરો રોજ નાહીને ભીના શરીરે બાજુવાળા પાડોશી આંગણામાં તલ સૂકવતાં હતાં તેમાં આળોટી આવે. ભીના શરીરે તલ ચોંટી જાય એટલે માતા એના દીકરાના શરીર પરથી તલ ખંખેરીને લઇ લેતી. રોજ છોકરો આવું કરે ને માતા તલ ખંખેરી લેતી. પણ માતાએ કદી એમ ન કહ્યું કે હે દીકરા! આપણાથી આવું ન કરાય. આ તો ચોરી કહેવાય. બાલપણથી આદત પડી ગઇ એટલે છોકરો મોટો થતાં સ્કૂલમાં ભણુવા ગયો ત્યાં પણ બીજા છોકરાના પુસ્તક, પાટી, પેન બધું ચોરીને લાવવા લાગ્યો, એની માતા બધું ઘરમાં મૂકી દેતી હતી. આમ કરતાં છોકરો યુવાન થતાં ચોરી કરવા લાગ્યો. ધીમે ધીમે કરતાં એ ચોર બની ગયો ને મોટી મોટી ચોરીઓ કરવા લાગ્યો.

બંધુઓ ને બહેનો! તમે તમારા સંતાનોમાં આવા સંસ્કાર કદી આવવા દેશો

નહિ. કોઈની નાની ચીજ અજાણતાં આવી જાય તો પણ તેને સમજાવજો કે આવું આપણાથી ન કરાય. નાની ભૂલ ભવિષ્યમાં કેટલી મોટી થઈ જાય છે તેનો વિચાર કરજો. આ છોકરો મોટી મોટી ચોરીઓ કરવા લાગ્યો. તે એક દિવસ પકડાઈ ગયો ને તેને ફાંસીની શિક્ષા કરવામાં આવી. એને ફાંસીએ ચઢાવ્યો ત્યારે રાજાના માણસો પૂછે છે ભાઈ! તારે કોઈને મળવું છે? ત્યારે કહે છે-હા. મારી માતા અમુક જગ્યાએ રહે છે તેને છેલ્લો મળી લઉં. બોલાવી લાવો. એની માતાને બોલાવી લાવ્યા. છોકરો ફાંસીના માંચડા ઉપર ચઢેલો છે. તે કહે છે. મારી માતાને મારે ભેટવું છે. તેને ઉંચી કરો. એની માતાને ઉંચે ચઢાવી. છોકરાએ એની માતાને બાથ ભીડીને તેનું નાક મોઢામાં લઈને દબાવીને નાક કરડી લીધું. માતા ચીસ પાડીને ભાગી. છોકરાએ માતાનું નાક કરડીને કહ્યું નાકકટ્ટી! તેં મને નાનપણથી વાર્યો નહિ ત્યારે હું ચોર બન્યો ને? તેના પરિણામે મારે ફાંસીએ ચઢવું પડયું ને? ઘણાં લોકો ત્યાં ભેગા થયા હતાં. પૂછે છે ભાઈ! તેં તારી માતાનું નાક કેમ કરડી લીધું? ત્યારે છોકરો કહે છે કહેવામાં સાર નથી. બહુ પૂછયું ત્યારે પોતે ચોર કેવી રીતે બન્યો તે બધું કહ્યું. ને કહ્યું- મને ચોર બનાવવામાં મારી માતાનો મોટો હાથ છે. નહિતર હું આવો ચોર બનત નહિ ને મને ફાંસીની શિક્ષા થાત નહિ. ત્યારે લોકો કહે છે એને પહેલાં ફાંસીએ ચઢાવવી જોઈએ.

ટૂંકમાં પછી ચોરની માતા ખૂબ રડી. એટલે કહેવત પડી કે 'ચોરની મા કોઠીમાં મોં નાંખીને રડે.' તે રીતે પવનજીની માતાને પણ ખૂબ પશ્ચાતાપ થયો. હવે પવનજી પોતાના ગામમાંથી નીકળીને અંજનાજીની શોધમાં જશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં. ૮૪

**આસો વદ ૪ ને ગુરૂવાર** **તા. ૨૩-૧૦-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંત કરૂણાના સાગર, વીતરાગ પ્રભુના મુખમાંથી ઝરેલી શાશ્વતી વાણી તેનું નામ સિદ્ધાંત. ભગવાન કહે છે હે આત્માઓ! તમારી જિંદગીની એકેક ક્ષણ લાખેણી જાય છે. માટે સમયને ઓળખો. ઉત્તરાધ્યયન સૂત્રના દશમા અધ્યયનમાં ભગવંત ફરમાવે છે કે આપણી જિંદગી કેવી છે?

**दुमपत्तए पंडुरए जहा, निवडइ राइगणाण अच्चए ।**
**एवं मणुयाणं जीवियं, समयं गोयम मा पमायए ।।**

ઉત. સૂ. અ. ૧૦ ગાથા ૧

વૃક્ષના પીળા થઈ ગયેલા પાંદડાને ખરતા વાર લાગતી નથી. તેમ હે ભવ્ય જીવો!

આ માનવજીવનનું પાંદડું ક્યારે ખરી પડશે તેની ખબર નથી. વૃક્ષનું પાંદડું તો પીળું થઈને ખરે છે. પણ મનુષ્યના જીવનનું પાંદડું પીળું થશે કે નહિ તેની ખબર નથી. કારણ કે આજે આપણે જોઈએ છીએ ને કે વૃદ્ધ બાપ બેઠો રહે ને યુવાન દીકરો ચાલ્યો જાય છે. દરેક જીવોને માથે કાળનું ચક્ર ગતિ કરી રહ્યું છે. માટે પ્રમાદને છોડી, આત્મસાધના સાધવા તત્પર બનો. પણ હજુ જીવની મમતા છૂટતી નથી. સવારે પથારીમાંથી ઉઠયો ત્યારથી માંડીને સાંજ સુધી એક વાત કે કેમ સુખ અને શાંતિ મેળવું! જીવે સુખ ક્યાં માન્યું છે? પૈસા, પત્ની, પુત્ર, બંગલા અને બગીચા આદિ ભૌતિક પદાર્થોમાં. પણ વિચાર કરો. તેમાં સાચું સુખ નથી. એ તો નકલી સુખ છે. દરિયાની રેતીમાં સૂર્યના કિરણો પડે ત્યારે તમે જોશો તો રેતી હીરાકણીની જેમ ચળકતી હોય છે. પણ શું એ રેતીમાં હીરાકણીઓ હોય છે? ના. એ તો ખાલી રેતી છે. તેમાં હીરાકણી નથી. તેમ એ સોનું બનાવવાની તેજંતુરી પણ નથી. છતાં ચળકાટ દેખાય છે. તેમ આ ભૌતિક સુખો દરિયાની રેતી જેવા અસાર છે. તેમાં સુખ નથી પણ સુખાભાસ છે. છતાં જીવ સુખ માનીને તેની પાછળ દોડે છે. પાણી નહિ હોવા છતાં મૃગલો ઝાંઝવાના જળને જળ માનીને દોડે છે ને તરસ્યો રહી જાય છે. તેમ તમે જેમાં સુખ માન્યું છે તે સુખ નહિ પણ સુખાભાસ છે. જેને તમે પોતાના માનો છો તે બધા દુઃખ વખતે કોઈ દુઃખમાંથી છોડાવનાર નથી. ભગવાન કહે છે "नालं ते तव ताणाए वा, सरणाए वा, तुमं पि तेसिं नालं ताणाए वा सरणाए वा." તમને તેઓ ત્રાણ-શરણ થવાના નથી અને તેમના દુઃખ વખતે તમે પણ તેમને ત્રાણ-શરણ થવાના નથી. પૈસા મેળવવા માટે ૧૮ પાપનું સેવન કરો છો પણ યાદ રાખજો કે તેમાંથી એક રાતી પાઈ સાથે આવવાની નથી. તેને મેળવતાં બાંધેલું પાપ સાથે આવશે. એ પાપ તમને પરલોકમાં પીડશે માટે વીતરાગ વાણીને હૃદયમાં ઉતારો, કંઈક સમજો. મહાન પુરૂષો કહે છે કે

**જો જાણી છે જિનવાણી, તો ક્યાં છે હર્ષ કે હાણી,**
**જીવનમુક્તિ લો જાણી, જો કરવી છે સાચી કમાણી.**

જે આત્મા જિનવાણીનું રહસ્ય સમજે છે તેને સંસારમાં ક્યાંય હર્ષ કે શોક થતો નથી. કોઈને ઘેર ખૂબ પૈસો હોય, ચાર મોટરો હોય તે જોઈને જિનવાણીમાં શ્રદ્ધા કરનારને એમ નથી થતું કે આને ઘેર આટલું સુખ ને મારે નહિ! આનું સમાજમાં આટલું બધું માન અને મારું નહિ! જિનવાણી સમજનારને આવું કંઈ ન થાય. કારણ કે, એ સમજે છે કે આ બધી કર્મની કરામત છે. કહ્યું છે કે:-

**કરમનો કોયડો અલબેલો, એજી એને પામવો નથી સહેલો-કરમનો-**
**એક માતાના પુત્ર બે એમાં, એક ચતુર એક ઘેલો,**
**એકને પાણી માંગે ના મળતું, બીજાને દૂધનો રેલો....કરમનો....**

કર્મનો કોયડો ખૂબ આંટીઘૂંટી ભરેલો છે. ઘણી બહેનોના માથાના વાળ ખૂબ લાંબા હોય છે તો તેમાં ઘૂંચ પડી જાય છે. એ ઘૂંચ ઉકલશે, દોરની ગાંઠ ઉકેલશે પણ આ કરમના કોયડાની ઘૂંચ ઉકેલવી મુશ્કેલ છે. એક માતાના બે લાડીલા દીકરા જેણે એક માતાના દૂધપાન કર્યા છે, એક માતાના ઉદરમાં આળોટેલા છે છતાં એક ખૂબ બુદ્ધિશાળી હોય છે. એના પડતા બોલ ઝીલાય છે. તેને પાણી માંગતા દૂધ હાજર થાય છે જ્યારે બીજાને ખાવાના સાંસા છે. એની કોઈ ખબર લેનાર નથી. પાણી-પાણી કરે છે પણ કોઈ પાણી આપતું નથી. આ કરાવનાર કોણ છે? મારા અને તારાના તોફાન કરાવનાર કોણ છે? કર્મ જ ને?

બંધુઓ! કર્મની થીએરીને તમે બરાબર સમજો. તમે વર્ષોથી જિનવાણી સાંભળો છો. પણ રાગ-દ્વેષ કેટલા ઓછા થયા? કષાય કેટલી પાતળી પડી? કોઈ કટુ શબ્દ કહી જાય તો ત્યારે સમતા કેટલી રહી? જો આટલું ઓછું થાય તો સમજી લેજો કે જિનવાણીને બરાબર જાણી છે. બાકી તો બાહ્યભાવે ઘણો ધર્મ કર્યો છે. હવે બાહ્યભાવ છોડીને આત્મલક્ષે ધર્મ કરો. બાહ્યભાવે કરેલી કરણીથી પુણ્ય બંધાશે પણ કર્મની નિર્જરા નહિ થાય. જો તમારે સાચી કમાણી કરવી હોય તો ધર્મની યુક્તિ જાણી લો. ધર્મની યુક્તિ જાણ્યા વિના મુક્તિની યુક્તિ મળવી મુશ્કેલ છે. આ મનુષ્ય ભવ એ આત્માની કમાણી કરવાનું બંદર છે. માટે પ્રમાદને છોડી જાગૃતિમય જીવન જીવીને આત્માની કમાણી કરી લો. જે આત્મા જિનવાણીનો સાર સમજે છે તેને સુખ અને દુઃખમાં સમભાવ રહે છે. તે સુખમાં મલકાતો નથી ને દુઃખમાં ઉદાસ બનતો નથી. કોઈ સત્કાર કરે તો ય આનંદ અને તિરસ્કાર કરે તો પણ આનંદ. જિનવાણી જેના અંતરમાં ઉતરે છે તેનું કામ થઈ જાય છે. જિનવાણી સાંભળીને વીતરાગ પ્રભુની આજ્ઞામાં રહે તેના કર્મના ભૂક્કા થયા વિના ન રહે. શિષ્ય ગુરૂની આજ્ઞામાં રહે તો તેનું કલ્યાણ થઈ જાય છે. તેનો આ ભવ અને પરભવ સુખી બને છે. આજ્ઞાના પાલનમાં કેટલું સુખ છે તે એક દૃષ્ટાંત દ્વારા સમજાવું.

અકબર બાદશાહનું રાજ્ય હતું; તે સમયની આ વાત છે. અકબર બાદશાહના હાથ નીચે માનસિંહ નામનો રાજા આમેરમાં રાજ્ય કરતો હતો. માનસિંહ રાજા પ્રત્યે અકબર બાદશાહને ખૂબ માન હતું. તેના ઉપર ખૂબ પ્રેમ હતો. એટલે બાદશાહની કૃપાથી તે ખૂબ આનંદપૂર્વક પોતાનું જીવન વ્યતીત કરતો હતો. આ માનસિંહ રાજાને ત્રણ રાણીઓ હતી. તેમાં સૌથી મોટી રાણી ખૂબ સૌંદર્યવાન હતી. એને એની ખાનદાની અને રૂપનું ખૂબ અભિમાન હતું. એટલે તે અભિમાનથી અક્કડ બનીને ફરતી હતી. વચલી રાણી શીયળવંતી, બુદ્ધિમાન, વિનયવાન અને સદા પતિ ઉપર સ્નેહ રાખવાવાળી હતી. અને ત્રીજી સૌથી નાની રાણી ખૂબ ચાલાક અને બંને શોકયો ઉપર ઈર્ષ્યા રાખતી હતી.

ને રાજાને હુમેશા પોતાના પ્રેમપાશમાં જકડી રાખવાનો પ્રયત્ન કરતી હતી.

બંધુઓ! જેનામાં વિનય હોય છે તે વૈરીને પણ વશ કરી શકે છે. વિનય એ વૈરીને વશ કરવાનું વશીકરણ છે. તો પતિ વિનયથી વશ થાય તેમાં શું નવાઇ? વચલી રાણી ખૂબ ગુણીયલ અને વિનયવાન હતી એટલે રાજાને તેના પ્રત્યે ખૂબ પ્રેમ હતો. વચલી રાણી ઉપર રાજાનો પ્રેમ જોઇને સૌથી મોટી અને સૌથી નાની રાણી તેના ઉપર ખૂબ ઇર્ષ્યા કરતી. રાજાની ગેરહાજરીમાં આ બંને રાણીઓ વચલીને ખૂબ દબડાવતી તેને કટુ શબ્દો કહેતી ને તેને ખૂબ કષ્ટ આપતી હતી.

આ વચલી રાણીએ જિનવાણી સાંભળી હતી. જિનવાણીનો એકેક શબ્દ તેના અંતરમાં ચોંટેલો હતો. એટલે આ બંને રાણીઓ એને ગમે તેવું કષ્ટ આપે તો પણ એક શબ્દ બોલતી નહિ. એ તો એના આત્માને કહેતી કે હે આત્મા! આ તારા માથે દુઃખની હેલ આવી છે. તું બરાબર સમભાવમાં સ્થિર બનજે. તેં પૂર્વે એવા કર્મો કર્યા હશે, પૂર્વે એમના ઉપર ઇર્ષ્યા કરી હશે, જેથી આ ભવમાં એ આત્માઓ તારા ઉપર ઇર્ષ્યા કરે છે. એ તને ગમે તેમ કહે તો તારે એની સાથે કંઈ લેવાદેવા નથી. તું તારા ભાવમાં રહે. આજે અનુકૂળ તો બધાને ગમે છે. કોઇને પ્રતિકૂળ ગમતું નથી. પણ વિચાર કરો. જ્ઞાની કહે છે કે पुण्यस्य फलमिच्छन्ति, पापं कुर्वन्ति सादरा । જગતમાં એકેક જીવો પુણ્યના શુભ ફળ ઇચ્છે છે પણ પુણ્ય ઉપાર્જન કરવાના શુભ કાર્યો કરતા નથી. કરવા છે પાપ અને જોઇએ છે સુખ તે કયાંથી મળે? થોરીયો વાવીને કેરીની આશા રાખવી છે તો કેરી ક્યાંથી મળશે? થોરીયો વાવશો તો થોરીયાના કાંટા વાગશે ને આંબો વાવશો તો કેરી મળશે. વચલી રાણી આ સમયે પોતાના કર્મને દોષ આપતી. શોકયો ગમે તેવા દુઃખ આપે તો પણ કદી રાજાને કંઇ કહેતી નહિ.

એક વખત અકબર બાદશાહના રાજ્ય ઉપર દુશ્મન રાજા ચઢી આવ્યો. એટલે માનસિંહ રાજાને લડાઇમાં જવાનું થયું. માનસિંહ રાજા સૈન્ય લઇને દુશ્મન સામે યુદ્ધ કરવા માટે ગયા. આ તરફ વચલી રાણીના પિતા ખૂબ સીરીયસ થઇ ગયા એટલે તેને તેડવા પિયરથી માણસ આવ્યો. વચલી રાણી મોટી રાણીની આજ્ઞા લઇને પિયર ગઇ. પિતા ખૂબ સિરીયસ હતાં છતાં ખબર કાઢીને પાછી આવી. કારણ કે પોતાનો પતિ યુદ્ધમાં ગયો હોય ત્યારે રાણીથી પિયર અગર બીજે કયાંય જવાય નહિ. રાણીનું પિયર અને સાસરું બહુ દૂર ન હતા. વચમાં આડી નદી હતી. એટલે પાછી આવી ગઇ. આ તરફ માનસિંહ રાજા શત્રુ ઉપર વિજય મેળવીને પોતાના ગામમાં આવ્યા ત્યારે પ્રજાએ રાજાનું સ્વાગત કર્યું. અને રાજા તે દિવસે નાની રાણીના મહેલે ગયા. રાણીને પણ ખૂબ આનંદ થયો અને હર્ષપૂર્વક તેણે રાજાનું સ્વાગત કર્યું. રાજા ખૂબ પ્રસન્ન હતા. મોકો જોઇને રાણીએ કહ્યું- સ્વામીનાથ! આપને વચલી રાણી પ્રત્યે ખૂબ સ્નેહ છે. આપ તેના ખૂબ

વખાણ કરો છો પણ જુઓ, આપ લડાઈમાં ગયા હતા. અમે તો આપના ગયા પછી ખાધું પીધું નથી. અમે બંને તો આપનો વિજય થાય તે માટે પ્રભુને પ્રાર્થના કરતા હતા. ને આપની વહાલી રાણી તો આપની આજ્ઞા લીધા વિના આપની ગેરહાજરીમાં પિયર ગઇ હતી. એટલે એણે આપનો મોટો ગુન્હો કર્યો છે. આ રીતે મરચું મીઠું ભભરાવીને વાત કરી. પણ રાણી શા માટે ગઇ? ક્યા સંજોગોમાં ગઇ તે કંઇ કહ્યું નહિ. કહેવત છે ને કે મોટા માણસોને કાન હોય પણ શાન ન હોય. નાની રાણી કહે છે એણે આવો મોટો ગુન્હો કર્યો છે તો તેને તમે શું દંડ નહિ કરો? રાજા કહે એને પણ સજા કરીશ. એ રાણી એના મનમાં શું સમજે છે? હું લડાઈમાં ગયો હોઉં ને મારી આજ્ઞા વિના એનાથી પિયર જવાય કેમ?

નાની રાણીએ રાજાને ખૂબ ભરમાવ્યા. બીજે દિવસે રાત્રે માનસિંહ રાજા ક્રોધથી ધમધમતા વચલી રાણીના મહેલે ગયા. એક તો રાણી ઉપર ગુસ્સો હતો ને ઉંચા પ્રકારની શરાબની બાટલી પીને આવેલા. એટલે રાણીને કહે છે તું તારા મનમાં શું સમજે છે? તું મારી ગેરહાજરીમાં મારી આજ્ઞા વિના પિયર ગઈ હતી? તેં રાજ્યની મર્યાદાનું ઉલ્લંઘન કરી મોટો ગુન્હો કર્યો છે. એ ગુન્હાની તને સજા કરવામાં આવે છે. તું અત્યારે ને અત્યારે મારું રાજ્ય છોડીને ચાલી જા. તારા પિયર જા કે વગડામાં જા. તારે જ્યાં જવું હોય ત્યાં ચાલી જા. રાજાનું ફરમાન સાંભળી રાણી ગભરાઇ ગઇ. છતાં ખૂબ હિંમત કરીને નમ્રતાપૂર્વક કહ્યું - સ્વામીનાથ! આપની વાત સત્ય છે. આપની આજ્ઞા વિના મારે પિયર જવાય નહિ. પણ મારા પિતાજી ખૂબ બિમાર થઇ ગયા હતા એટલે મને જલ્દી ત્યાં જવા માટે સંદેશો આવ્યો હતો. તેથી મોટી બહેનની આજ્ઞા લઇને હું ગઇ હતી. હું મારી ભૂલ કબૂલ કરૂં છું. સ્વામીનાથ! મને માફ કરો.

જુઓ, રાણીએ જિનવાણીનું પાન કર્યું હતું તો તેનામાં કેટલી સરળતા અને નમ્રતા હતી! તમારામાં આટલી નમ્રતા છે? પોતાની ભૂલ ન હોવા છતાં ભૂલ કબૂલ કરી તે કોઈ સામાન્ય વાત નથી. રાણી રાજાને હાથ જોડીને વિનવે છે. સ્વામીનાથ! મને માફ કરો. હવે કદી આપની આજ્ઞા વિના નહિ જાઉં. રાજા કહે છે બકવાદ છોડી દે. મારે તારી કોઈ વાત સાંભળવી નથી. તું જલ્દી અહીંથી ચાલી જા. સાથે એક વચન આપું છું કે આ મહેલમાંથી જે વસ્તુ તને મનપસંદ હોય અને ખૂબ વહાલી હોય તે લઇને મારા નગરમાંથી ચાલી જા. આટલું બોલતાં શરાબનો નશો ચઢવાથી રાજા બેભાન થઇને પલંગમાં પડી ગયા.

નાના ગુન્હાની રાજાએ મોટી શિક્ષા કરી. દિલમાં દુઃખ થયું પણ રાજા પ્રત્યે જરા ય ક્રોધ ન આવ્યો. એના અંતરમાં વિવેકનો દીપક જલતો હતો. પતિ પ્રત્યે અનહદ પ્રેમ હતો. ખૂબ ચિંતન કરતાં તેને એક વિચાર આવ્યો. તેણે બે પાલખી મંગાવી. એક પાલખીમાં પોતાની દાસીઓની સહાયથી રાજાને ઉંચકીને પાલખીમાં સૂવાડી દીધા ને

બીજી પાલખીમાં રાણી બેઠા. અને રાત્રે પોતાના પિયર ભેગી થઈ ગઈ. એના પિતાજી સીરીયસ હતા એટલે બીજા મહેલમાં લઈ ગઈ. પલંગમાં રાજાને સૂવાડીને પોતે પાસે બેસી રાજાને જાગવાની રાહ જોતી બેઠી હતી.

માનસિંહ રાજાને શરાબનો ખૂબ નશો ચઢયો હતો. એટલે પાલખીમાં નાંખીને અહીં લાવ્યા છતાં જાગ્યા નહિ. સવાર પડતાં નશો ઉતરતાં જાગૃત થયા. આંખ ખોલીને જોયું તો રાણીને પાસે બેઠેલી જોઈ. એટલે ક્રોધિત બનીને કહ્યું કે મેં તને નગર છોડીને ચાલ્યા જવાનું કહ્યું હતું ને હજુ મારી પાસે કેમ બેઠી છે? જલ્દી ચાલી જા. ત્યારે રાણીએ કહ્યું કે સ્વામીનાથ! મેં આપની આજ્ઞાનું પાલન કર્યું છે. રાજા કહે તો મારી સામે કેમ બેઠી છે? રાણીએ હસતા ચહેરે કહ્યું. સ્વામીનાથ! આપ જુઓ. આ આપનો મહેલ નથી. પણ મારા પિતાજીનો મહેલ છે. રાજા બૂમ પાડીને કહે છે તું મને અહીં શા માટે લાવી છે? ત્યારે, રાણી કહે છે આપે મને વચન આપ્યું હતું કે તને જે મનપસંદ હોય તે લઈને ચાલી જા. તો હે સ્વામીનાથ! મને જે વહાલું હતું તે લઈને આવી છું. આપના સિવાય મને બીજું શું વહાલું હોય? મારું તન કહો, મન કહો, ધન કહો, દાગીના કે પૈસા જે કંઈ કહો તે આપ છો. આપના સિવાય મને જગતમાં કંઈ વહાલું નથી.

દેવાનુપ્રિયો! રાણીને તો એનો પતિ વહાલો હતો. પણ તમને શું વહાલું છે? બોલો તો ખરા! પૈસાને! (હસાહસ) રાણી કહે છે આપ બેશુદ્ધ હતા અને આપની આજ્ઞા હતી કે તને જે વહાલું હોય તે લઈને ચાલી જા. એટલે હું આપને પાલખીમાં લઈ આવી છું. મેં આપની આજ્ઞાનું બરાબર પાલન કર્યું છે. રાણીની વાત સાંભળીને રાજાનો ક્રોધ શમી ગયો તે ઠંડાગાર બની ગયા. હવે શું બોલે? રાણીની બુદ્ધિ, વિવેક નમ્રતા અને પ્રેમ ઉપર પ્રસન્ન થઈને કહ્યું હે રાણી! "હવે હું ત્યાં તું ને તું ત્યાં હું." તને આપેલી શિક્ષા હું પાછી ખેંચી લઉં છું. ચાલો, આપણે બંને તારા પિતાજી બિમાર છે તેમને ખબર પૂછવા જઈએ.

રાણી વિનયવાન અને વિવેકવાન હતી. તેણે રાજાની આજ્ઞાનું પાલન કર્યું તો તેના માથે આવેલું સંકટ દૂર કરી શકી અને રાજાનો પ્રેમ સંપાદન કરી શકી. આ ભારત દેશમાં એવી પતિવ્રતા સ્ત્રીઓ પણ હોય છે કે જે પોતાના પતિ ઉપર પૂર્ણ સ્નેહ રાખે છે. અને પોતાને ગમે કે ન ગમે પણ પોતાના પતિની પ્રત્યેક આજ્ઞા શિરોમાન્ય કરી તેનું પ્રેમથી પાલન કરે છે. આ ત્રણ રાણીનું દૃષ્ટાંત આપણે આપણા ઉપર ઉતારવું છે. માનસિંહજી રાજાને ત્રણ રાણીઓ હતી. તેમ ચેતન રાજા જે દેહમાં રહેલો છે તે દેહની પણ ત્રણ અવસ્થાઓ છે. બાલપણ, યુવાની અને વૃદ્ધાવસ્થા. તેમાં પહેલી અને છેલ્લી અવસ્થામાં માનવી કંઈ કરી શકતો નથી. કારણ કે બાલ્યાવસ્થામાં કંઈ જ્ઞાન

હોતું નથી અને વૃદ્ધાવસ્થામાં શરીર અને ઇન્દ્રિઓ શિથિલ બની જાય છે. તેથી કંઈ થઇ શકતું નથી. વચલી રાણી સમાન વચલી યુવાનીમાં માનવી ધારે તે કરી શકે છે. યુવાની દિવાની છે. આ યુવાનીમાં જો વિવેકનો દિપક પ્રગટે તો માનવી તપ-ત્યાગ આદિની ધર્મારાધના કરી ચેતનરાજાને કર્મની કેદમાંથી મુક્ત કરાવી શાશ્વત સુખનો સ્વામી બનાવે છે.

વચલી રાણીએ મહેલમાંથી પોતાના પિયરના દાગીના, હીરા, માણેક, મોતી, ધન કંઇ ન લીધું. એને મન એનો પતિ છે તો બધું છે. એવી શ્રદ્ધા હતી. પતિ હશે તો હીરા, માણેક, મોતી, દાગીના, પૈસા અને રાજ્ય બધું છે. પતિ ન હોય તો કંઇ નથી. આ રીતે યુવાવસ્થામાં એમ થાય કે આ ઘરબાર, માલ-મિલ્કત બધું છોડીને ગમે ત્યારે જવાનું છે. ભગવાન જેવો માથે ધણી છે. તો એની આજ્ઞાનું પાલન કરીશ તો બધું સુખ છે. એની આજ્ઞાનું પાલન નહિ કરું તો મારી જિંદગી નકામી છે. ભગવાનની આજ્ઞાનું પાલન કરવાથી આપણું અવશ્ય શ્રેય થાય. સુખ અને આનંદ પ્રાપ્ત કરી શકીએ.

હવે આપણી મૂળ વાત ઉપર આવીએ. આત્મા પોતે કામધેનુ ગાય જેવો છે. મેં તમને ગઇ કાલે કહ્યું હતું કે કામધેનુ ગાય મૃત્યુ લોકમાં ચક્રવર્તિને ત્યાં ઉત્પન્ન થાય છે. તે કામધેનુ ગાય કુંવારી હોય છે. તે જ્યારે જોઇએ ત્યારે દૂધ આપે છે. તેનું દૂધ અમૃત જેવું મીઠું હોય છે. ચક્રવર્તિને ત્યાં જેટલી ગાયો હોય તેમને એક બીજી ગાયનું દૂધ પીવડાવે છે. આજે તો ગાયના વાછરડાને પણ પૂરું દૂધ પીવા મળતું નથી. અને માણસ બશેર ત્રણશેર દૂધ પીવે છે. કેટલો બધો અન્યાય વધી ગયો છે! એક બીજી ગાયને પીવડાવતાં છેવટનું દૂધ કામધેનુ ગાયને પીવડાવવામાં આવે છે. ચક્રવર્તિને ઘેર ઉત્તમ પ્રકારના મસાલા સતત ૩૬૦ દિવસ સુધી લસોટાવાય છે. તે ૩૬૦ દિવસ સુધી લસોટેલા મસાલા કામધેનુ ગાયના દૂધમાં નાંખી તેની ખીર બનાવવામાં આવે છે. તે ખીર ચક્રવર્તિ, તેનું સ્ત્રીરત્ન અને તેની દાસી એ ત્રણ જણ પચાવી શકે છે. આવી કામધેનુ ગાય મહાન શુભ પુણ્યનો ઉદય હોય તેને મળે છે. જેની પાસે કામધેનુ ગાય હોય છે તેનું તો કામ થઇ જાય છે. આવી કામધેનુ ગાય સમાન બનનારો આપણો આત્મા છે. ને નંદનવન સમાન બનવાવાળો પણ આત્મા છે. મેરૂ પર્વત ઉપર ચાર વન આવેલા છે. ભદ્રશાલવન, નંદનવન, સોમનસવન અને પંડગવન એ ચાર મોટા વન છે. એ વનોમાં દેવો ક્રીડા કરવા માટે જાય છે. जंसि रइं वेदयंति सुवन्ना જ્યાં આગળ જઇને દેવો આનંદ પામે છે. એવા તે વિશાળ અને આનંદકારી વન રહેલા છે. તે મેરૂ પર્વત કેવો છે?

**सयं सहस्साण उ जोयणाणं, तिकंडसे पंडग वेजयंते ।**
**से जोयणे नवनवइ सहस्से, उड्ढुस्सित्तो हेट्ठसहस्समेगं ।।**

સૂય. ગાથા અ. ૬ ગાથા ૧૦

મેરૂ પર્વતની કુલ ઉંચાઈ એક લાખ યોજન પ્રમાણુ છે. તેમાંથી નવ્વાણું હજાર જોજન પૃથ્વીની ઉપર છે અને એક હજાર જોજન પૃથ્વીની નીચે છે. તેમાં ભૌમકાંડ, જામ્બૂનંદ કાંડ અને વેડૂર્ય કાંડ નામના ત્રણુ કાંડ છે. પંડગવન તેની પતાકા જેવું શોભે છે. એવો સુમેરૂ પર્વત સર્વ પર્વતોમાં શ્રેષ્ઠ છે. મેરૂ પર્વત તપાવેલા સોના જેવો દેદીપ્યમાન છે. મેરૂ પર્વત ઉપર આવેલા બધા વનોમાં નંદનવન શ્રેષ્ઠ છે. તેથી આત્માને નંદનવનની ઉપમા આપવામાં આવી છે. પર્વતો ઘણાં છે પણુ ત્રણે લોકને સ્પર્શતો હોય તો તે એક મેરૂ પર્વત છે. બધા પશુઓમાં કામધેનુ ગાય શ્રેષ્ઠ છે તેથી કામધેનુ ગાયની ઉપમા આપવામાં આવી છે. તો આ કામધેનુના મીઠા દૂધડા પીનારો કહો કે નંદનવનમાં જઈને દેવલોકના દેવો જેવી મોજ માણુનારો આપણો પોતાનો આત્મા છે.

બંધુઓ! જે મનુષ્ય દુઃખ વેઠીને પણુ બીજાને સુખ આપે છે તે નંદનવન સમાન છે. અરે, પોતાનું સુખ જતું કરીને બીજાને સુખ આપે છે તે આત્માએ નંદનવન અને કામધેનુ ગાય સમાન છે.

એક શહેરની બહાર એક મોટી નદી વહેતી હતી. એ નદી કિનારે એક ઝૂંપડી હતી. તે ઝૂંપડીનું નામ વાત્સલ્યકૂટીર હતું. આ મુંબઈ જેવા શહેરમાં ઘણાં બંગલા અને બિલ્ડીંગોમાં હું ગૌચરી માટે ગઈ. દરેક મકાનના નામ જુદા જુદા આપેલા હોય છે. પણુ મેં હજુ કોઈ મકાનનું નામ વાત્સલ્યકૂટીર વાંચ્યું નથી. તે વાત્સલ્યકૂટીરમાં દયાશંકર નામના એક વૈદરાજ રહેતા હતા. તેમને ધૈર્યવંતી નામની પત્ની હતી. અને સ્નેહલ નામનો એકનો એક લાડકવાયો પુત્ર હતો. જેવા નામ તેવા ગુણો તે દરેકમાં ભરેલાં હતા. દયાશંકરનું દિલ દયાનો દરિયો હતો. વાત્સલ્ય કૂટીરમાં વાત્સલ્યના વહેણુ વહેતા હતા. સ્નેહલના દિલમાં સ્નેહનો સાગર લહેરાતો હતો ને ધૈર્યવંતીનું દિલ ધીરજથી ભરેલું હતું. દયાશંકર વૈદું કરતા હતા, જે કોઈ દર્દી આવે તેની નિઃસ્વાર્થભાવે સેવા કરતા હતા. તેમનું દિલ ખૂબ વિશાળ હતું. જેના દિલમાં વિશાળતા હોય છે તેમનું ઘર પણુ વિશાળ હોય છે. દયાશંકર દિલના દિલાવર હતા. જે કોઈ શ્રીમંત કે ગરીબ રોગી આવે તેને તપાસીને દવા આપતા હતા. દરેકને માટે તેમની કૂટીરના દરવાજા ખુલ્લા હતા. તેઓ વિશેષ પ્રમાણુમાં બ્રહ્મચર્યનું પાલન કરતા હતા. એટલે તેમના મુખ ઉપર ખૂબ તેજ હતું. તે સિવાય તેઓ ઘણા નિયમોનું પાલન કરતા હતા. જીવનમાં બિલકુલ લોભવૃત્તિ ન હતી. દર્દી પાસે આટલી ફી લેવી તેવો ફોર્સ ન હતો. દર્દી જે પ્રેમથી આપે તે લેવું તે તેમની ફી હતી. આવા દયાશંકર વૈદ નામ પ્રમાણે ગુણુવાળા હતા. આજે નામ તો ઘણાં સુંદર હોય છે. પણુ કામ ભૂંડા હોય છે. તમારા શોકેશના કબાટમાં ઘણાં રમકડાં ગોઠવ્યા હોય છે. તેમાં દાડમ, સફરજન, સીતાફળ, કેળાં, કેરી આદિ ફળ હોય છે. પણુ ખાવા જાય તો શું થાય? દાંત તૂટી જાય ને? એ તો માત્ર શોભા હોય છે પણુ તેમાં

ગુણ હોતા નથી. તે રીતે નામ મઝાનું રામ હોય પણ ગુણ કેવા? તે તો તમને અનુભવ છે ને?

દયાશંકર વૈદનું જેવું નામ હતું તેવું તેનું કામ હતું. એક વખત વૈદરાજનો દીકરો સ્નેહલ બિમાર પડયો. ખૂબ તાવ આવ્યો. તેમાંથી તેને ડબલ ન્યુમોનીયા થઈ ગયો. ઘણી દવા કરી પણ કોઈ રીતે તાવ ઉતરતો નથી. સ્નેહલ ઉંધો પડે છે ને ચત્તો પડે છે. તે જેમ આવે તેમ બકવા લાગ્યો. જે હજારોના દર્દ મટાડતો હોય તે પોતાના દીકરા માટે શું ન કરે? ઘણી સેવા કરી. ઘણાં ઉપચારો કર્યા, પણ દીકરાને સારૂં થતું નથી. માતા ધૈર્યવંતી દીકરાની પથારી પાસે બેસીને રડે છે. ત્યારે દયાશંકરદાદા કહે છે. તું રડીશ નહિ. હવે તો દીકરો ભગવાનના ચરણે ધરીને ભગવાનને શુદ્ધ દિલથી પ્રાર્થના કરો. ભગવાન જરૂર આપણી વહારે આવશે. રાત્રિના સમયે દીકરો બેભાન અવસ્થામાં પડયો છે. નાડીનું ઠેકાણું નથી. બંને માણસ દીકરાને પ્રભુના ચરણે સોંપી પ્રભુને પ્રાર્થના કરે છે. બંધુઓ! આપણા જૈન સિદ્ધાંત પ્રમાણે ઇશ્વર ભકતોને મદદ રૂપ થવા દોડતા નથી. કારણ કે જે ઇશ્વર એટલે કે સિદ્ધ બની જાય તેમને સંસારમાં આવવાનું નથી. વળી તેમને રાગ-દ્વેષ નથી. પરંતુ હિંદુધર્મની માન્યતા પ્રમાણે હિન્દુ ધર્મમાં ભકતની ભીડ ભાંગવા ખુદ ઇશ્વરને દોડવું પડે છે તેવું હિન્દુ ધર્મના ગ્રંથોમાં લખ્યું છે. દ્રૌપદીના ચીર કૃષ્ણે પૂર્યા છે. નરસિંહ મહેતાની પુત્રી કુંવરબાઇનું મામેરું ભગવાને આવીને ભર્યું છે. જ્યારે ભકતને ભીડ પડી છે ત્યારે ભગવાને જાતે આવીને મદદ કરીને ભકતની ભીડ ભાંગી છે. આવી વાત હિન્દુ ગ્રંથોમાં લખી છે. તેમાંનુ આ એક નાનકડું દૃષ્ટાંત છે.

**અકબર બાદશાહ અને બીરબલની ચર્ચા :-** એક વખત અકબર બાદશાહ તેમના માનીતા પ્રધાન બીરબલને કહે છે હે બીરબલ! તમારા હિંદુ ધર્મમાં જ્યાં ને ત્યાં લખ્યું છે કે ભકતને દુઃખ પડે એટલે ભગવાન જાતે દોડયા આવે ને ભકતોનું દુઃખ મટાડે છે. મને તો એ સમજાતું નથી કે જરા જરા કામમાં તમારા ભગવાનને ખુદ કેમ દોડવું પડે છે? શું એમને ત્યાં નોકર ચાકર નથી? અહીં ભગવાન કંઇ નવરો બેઠો છે? તું અહીં જ જો. કોઈને જરૂર પડે તો દરબારમાંથી માણસો જાય, નોકરો જાય, બહુ થાય તો પછી દીવાન જાય પણ ભગવાન જાતે શા માટે દોડે છે? કે પછી તમારા હિન્દુના ભગવાન અહીં આવવાની તકની રાહ જોતા નવરા બેઠા છે?

બીરબલ કહે જહાંપનાહ! ભગવાન નવરા નથી. પણ ભગવાન ભકતોની ભકિતથી ભકતોને આધીન બને છે. ને પોતાને ભજનારા ભકતોને દુઃખ પડે ત્યારે દોડીને આવે છે. ત્યારે અકબર કહે હું એ વાત માનવા તૈયાર નથી. અકબરના પ્રશ્નનો જવાબ તે વખતે આપવાનું બીરબલને યોગ્ય ન લાગ્યું. બીરબલ ઉતાવળીયો નહોતો. લાગ આવે ત્યારે સોગઠી મારનારો હતો. અને વાતોથી નહિ પણ સચોટ દાખલાથી સાબીત કરીને

અકબરનું મોં બંધ કરી દે એવો ચતુર હતો.

**બીરબલે રચેલી યુક્તિ** :– બીરબલે ખૂબ વિચાર કરીને એક યુક્તિ રચી. અકબર બાદશાહને પોતાનો દીકરો ખૂબ વહાલો હતો. એ પુત્ર જેવું આબેહૂબ મીણનું પૂતળું બનાવ્યું. પછી એક દાસીને કહ્યું કે જ્યારે દરબાર ભરાયો હોય ત્યારે તું આ પૂતળું લઈને અંદર આવજે અને હાથમાંથી અચાનક પડી જાય તેમ જોરથી પાડી દેજે. દાસી આ વાત સાંભળીને ગભરાતી હતી. પણ બીરબલે કહ્યું– ડરવા જેવું નથી. તને કંઈ નહિ થાય. બીરબલે દાસીને થોડા પૈસા આપીને એની હિંમત વધારી. નક્કી કર્યા મુજબ બીજે દિવસે દાસી ભર્યા દરબારમાં અકબરના દીકરાને લઈને આવી ને જાણે ઠેસ વાગી હોય તેમ પડી અને સાથે હાથમાંથી પેલો બાબો પણ પડયો આ જોઈને અકબર ગભરાયો ને તરત સિંહાસનેથી ઉભા થઈને ત્યાં દોડયા. બાબાને શું થયું ? .... શું થયું .... કરવા લાગ્યા. ને બાબાને ઉંપાડીને છાતી સરસો ચાંપ્યો. ત્યાં જોયું કે આ તો સાચો બાબો નથી પણ મીણનું પૂતળું છે. અકબરે પૂછયું. બીરબલ ! આ શું વાત છે ? બીરબલે કહ્યું, જહાંપનાહ ! આ છે આપના પ્રશ્નનો જવાબ. રાજા કહે–એટલે ? હું આમાં કંઇ સમજતો નથી.

બીરબલ કહે મહારાજા ! આપે પૂછયું હતું ને કે ભક્તો માટે ખુદ તમારા ભગવાનને કેમ દોડવું પડે છે ? શું એમની પાસે નોકર ચાકર નથી ? તો હે મહારાજા ! આપનો આટલો મોટો દરબાર ભર્યો છે. આપે આપના પુત્રને પડતો જોઈને બીજા કોઈને હુકમ ન કરતાં જાતે કેમ દોડયા ? આપ એક ક્ષણ પણ ખમી શકયા ? કે કોઈને હુકમ કરવા જેટલી પણ ધીરજ રહી ! તમે સિંહાસન ઉપરથી ઉતરીને દોડતા આવ્યા ને ! તે રીતે અમારા ભગવાનને પણ ભકતો ઉપર દીકરા જેવું વહાલ છે. દીકરા જેટલા પ્રિય છે. તેથી ભક્તની ભીડ વખતે આપ દોડયા તેમ જાતે દોડી આવે છે. અકબર ખુશ થયો. એની શંકાનું સુંદર સમાધાન થયું. અને બીરબલની વાત પોતાની જીભે કબૂલ કરી.

બંધુઓ ! અહીં તો બીરબલે અકબરના મગજમાં વાત ઠસાવી દીધી. બીરબલ જેવી તમારામાં બુધ્ધિ છે ખરી ? કે કોઈ અન્ય ધર્મનો માણસ આવે તે જૈન ધર્મનો ન હોય. જૈન ધર્મની નિંદા કરતો હોય તો તેને તમે આવી સુંદર રીતે જૈન ધર્મની ફિલોસોફી સમજાવી શકશો ને બીજાના મગજમાં જૈન ધર્મની વાતો બેસાડી શકશો ખરા ? જો તમે જ્ઞાન મેળવ્યું હશે તો બીજાને સમજાવી શકશો. ને જ્ઞાન નહિ હોય તો તમે તેની વાતો સાંભળીને તેના જેવા બની જશો. વીતરાગના વારસદાર શ્રાવકો બીરબલ જેવા બુધ્ધિશાળી હોવા જોઈએ.

આપણે વાત ચાલતી હતી કે દયાશંકર વૈદ અને તેની પત્ની ધૈર્યવંતી પુત્રની પથારી પાસે બેસી પ્રભુને પ્રાર્થના કરવા લાગ્યા કે હે પ્રભુ ! આ દીકરો હવે અમારો નથી પણ તમારો છે. તેને જીવાડવો એ તમારા હાથની વાત છે. જો કે પ્રભુ કોઇને

જીવાડી શકતા નથી કે મારી શકતા નથી. તે તો પોતાના આયુષ્ય પ્રમાણે જીવે છે. આયુષ્ય પૂર્ણ થયે ગમે તેટલા ઉપચાર કરવામાં આવે તો પણ જીવી શકતો નથી. પરંતુ આ તો તેઓ તેમની માન્યતા પ્રમાણે પ્રભુને કહી રહ્યા છે. તેઓ માને છે કે પ્રભુ અમારી વહારે આવશે તેથી આ પ્રમાણે પ્રભુને પ્રાર્થના કરી રહ્યા છે.

**રાતના બાર વાગે વાત્સલ્ય કૂટીરનો દરવાજો ખખડયો:**- આ બંને માણસો પ્રભુને પ્રાર્થના કરતા હતા. બરાબર રાત્રિના બાર વાગ્યા હતા. તે સમયે કોઈએ વાત્સલ્યકૂટીરનો દરવાજો ખખડાવ્યો. વૈદે વિચાર કર્યો કે આ મોડી રાત્રે કોણ દરવાજો ખખડાવતું હશે? વૈદ ખૂબ કર્તવ્યપરાયણ હતો એટલે તેમની ખ્યાતિ ગામમાં ખૂબ ફેલાયેલી હતી. તેમના દીકરાની ખબર કાઢવા પણ લોકો ખૂબ આવતા. આ દિવસે પણ મોડા સુધી માણસો બેઠા હતા. તેઓ પણ બોલતા હતા કે હજારોના દર્દને મટાડનારને ઘેર પણ દુઃખ આવી પડયું. પ્રભુ! આ વૈદરાજના દીકરાને જલ્દી સાજો કરજો. બધા લોકો વિખરાઈ ગયા પછી આ દંપતિ પ્રાર્થના કરતાં હતાં ત્યાં દ્વાર ખખડયું કે તરત વૈદરાજ ઉભા થયાં ને બારણું ખોલ્યું. તો એક માણસને જોયો ને પૂછયું કે ભાઈ! તું કોણ છે? ને અત્યારે શા માટે આવ્યો છે? તો કહે છે બાપુ! હું લાલીયો દૂધારો છું. મારો એકનો એક દીકરો તાવથી તરફડે છે. ઘણી દવા કરી પણ તાવ ઉતરતો નથી. દીકરો બેભાન થઈને પડયો છે. જેમ તેમ બકે છે ને કપડા ખેંચે છે. તેને મૂંઝારો થયો છે. (હાલમાં જેને ન્યુમોનીયા કહે છે.)

મૂંઝારો કયારે થાય? જયારે વાયુ-પિત્ત અને કફ બધું સરખું થઈ જાય છે ત્યારે મૂંઝારો થાય છે. આ તો દ્રવ્ય મૂંઝારો છે. પણ જયારે મનુષ્યને અર્થ-કામ, અને મોહનો ભાવ મૂંઝારો થાય છે ત્યારે તેને કોઈ જાતનું ભાન રહેતું નથી. આ ભાવ ન્યુમોનિયા લાગુ પડતા સત્યાસત્યનો વિવેક માનવીના જીવનમાંથી વિદાય થઈ જાય છે. પોતાના સ્વરૂપનું ભાન ભૂલી જાય છે. ને ધર્મને નેવે મૂકી ધન માટે કેટલી દોડાદોડ કરે છે!

**अहो य राओ य परितप्पमाणे कालाकाल समुट्ठाइ, संजोगट्ठी, अट्ठालोभी,**
**आलुंपे लोलुंपे सहसाकारे, विणिविट्ठचित्ते, एत्थ सत्थे पुणो पुणो ।**

આચારંગ સૂત્ર

સ્વજનો અને ધનાદિમાં આસક્ત પુરૂષ પોતાને માટે તથા સ્વજનો માટે ધન કમાવા અને તેનું રક્ષણ કરવા રાત દિવસ ચિંતા કરે છે. કાળ- અકાળને પણ જોતો નથી. ધન અને કુટુંબમાં લુબ્ધ બનીને ધનનો લાલચુ માણસ વિષયોમાં એકાગ્ર બનીને કર્તવ્યાકર્તવ્યનો વિચાર કરતો નથી. નિર્ભયપણે લૂંટ ચલાવી ભોળા જનોને લૂંટે છે. પૃથ્વીકાય આદિ જીવોની હિંસા કરે છે. આવી રીતે પોતાનું અમૂલ્ય જીવન પાપની પ્રવૃત્તિમાં વેડફી નાંખી માનવભવને ગુમાવે છે. જ્યાં પરિગ્રહની આસકિત વધે છે ત્યાં પ્રેમ, પ્રમોદ, મૈત્રી આદિ

સાત્વિક ગુણોનો પ્રાયઃ કરીને નાશ થાય છે. ને માયા કપટ, છળ, પ્રપંચ, સ્વાર્થ, ઠગાઈ આદિ અવગુણોની વૃધ્ધિ થાય છે. પછી કર્તવ્યાકર્તવ્યનો વિવેક ભૂલી ભયંકર પાપો કરતાં સંકોચ પામતો નથી. બીજાને હણવા, ઠગવા કે ખાડામાં ઉતારવા આદિ પાપો તે જીવો નિઃશંક અને નિર્ભયપણે કરે છે. આ રીતે લોભને વશ થઈને સંસારને પણ નરક જેવો બનાવી દે છે. ને પોતાનો ભવિષ્યકાળ પણ બગાડે છે.

બંધુઓ! અજ્ઞાનપણામાં ભૂતકાળ ગમે તેવો ગયો હોય પણ ભવિષ્યકાળ સુધારવો તે સૌના હાથની વાત છે. જો તમારો ભવિષ્યકાળ સુધારવો હોય તો સ્વજનો અને સંપત્તિ ઉપરથી મોહ ઉતારી જીવનમાં પવિત્રતા લાવો. પાપના કાર્યથી પાછા હઠો. સ્વાર્થના કોચલા તોડીને પરમાર્થ તરફ વળો. બીજા જીવોને તમે સુખ આપશો તો તમને જરૂર સુખ મળશે.

લાલીયો દૂધારો દયાના દાતાર સમા દયાશંકર વૈદના ચરણમાં પડયો કે તમે જલ્દી પધારો. મારા દીકરાની સ્થિતિ ગંભીર છે. વૈદ વિચારમાં પડયા. હવે શું કરવું? એક બાજુ દૂધારાનો દીકરો તરફડે છે ને બીજી તરફ પોતાના દીકરાની સ્થિતિ પણ ગંભીર છે. બંનેને એક પ્રકારનું દર્દ છે. જો મૂકીને જાઉં તો દીકરાની સ્થિતિ ગંભીર છે. એક તરફ પુત્રનો પ્રેમ છે ને બીજી તરફ પવિત્ર કર્તવ્યનું પાલન છે. વૈદરાજ મૂંઝાઈ ગયા. કયારે પણ કર્તવ્યપાલનની ફરજ ચૂકયા નથી. ગમે તેવી મુશ્કેલીમાં કયારે પણ કોઈ દર્દીને નિરાશ કર્યો નથી. અત્યારે જવું કેવી રીતે? ખૂબ મૂંઝાયા. પોતે કદાચ પુત્રને મૂકીને જવા તૈયાર થાય તો પણ પત્ની કેવી રીતે જવા દે? વૈદ મૌન રહ્યા ત્યારે લાલીયો દૂધારો કહે - બાપા! તમે કેમ કંઈ બોલતા નથી? જલ્દી ચાલો. ત્યારે વૈદ કહે છે ભાઈ! શું કરું? મારો દીકરો પણ બિમારીના બિછાને ગંભીર સ્થિતિમાં પડયો છે. ત્યારે દૂધારો કહે છે બાપા! તમારા દીકરાને ભગવાન સાજો કરશે. પણ તમે ચાલો. મારો દીકરો એકલો સૂનો છે, તેની માતા મરી ગઈ છે. મારો બધો આધાર તેના ઉપર છે.

વૈદરાજ વિટંબણામાં પડયા. તેનું બાહ્ય મન કહે છે, દીકરાને આ સ્થિતિમાં મૂકીને તું જઈશ નહિ. ત્યારે તેનું અંતર મન કહે છે વિચાર કર. તારું નામ શું? નામ દયાશંકર. દયાનો ઉંધો શબ્દ શું બને? યાદ. તો દયાને યાદ કરીને તારું નામ સાર્થક બનાવ. આજે તારી કસોટીનો દિવસ છે. કુમળા ફૂલ જેવા બાળકને બચાવવા માટે તારે જવું જોઈએ. પત્નીને કહે છે, હે ધૈર્યવંતી! તું રજા આપે તો જાઉં. પત્ની કહે - તમે શું બોલો છો? આ મારો કલૈયા કુંવર જેવો પુત્ર તરફડે છે ને તમે જવાની વાત કરો છો? વૈદ કહે–જો, મેં દીકરાને ભારેમાં ભારે દવાઓ આપી છે ને તું તેની સંભાળ રાખનારી બેઠી છે, પણ આ છોકરો નિરાધાર પડયો છે. તેને સાચવનાર કોઈ નથી. તું પણ તારા હૈયામાં ધીરજ રાખીને તારા નામને સાર્થક કર. તારો સ્નેહલ તને જેટલો વહાલો છે

તેટલો મને પણ વહાલો છે. આપણે ભગવાનના ખોળે મૂકયો છે તો પ્રભુ જરૂર એને બચાવશે. પત્નીએ જવાની રજા આપી.

દેવાનુપ્રિયો ! માનીલો કે આમાંથી તમે કોઈ ડાકટર હો અને આવી પરિસ્થિતિ સર્જાય તો તમે તમારા દીકરાની પાસે બેસો કે બીજા પેશન્ટને બચાવવા જાવ? (હસાહસ) આજે પરમાર્થવૃત્તિ નથી. પહેલાં પોતાનું કરીને પછી બીજાનું કરો છો. પેલા વૈદબાપા લાલીયા દૂધારાને ત્યાં ગયા. પોતાના દીકરાની જેવી પરિસ્થિતિ છે તેવી એની પરિસ્થિતિ છે. દયાશંકર વૈદે પ્રભુના નામનું સ્મરણ કરી પેલા છોકરાની ટ્રીટમેન્ટ શરૂ કરી, પોતાના પુત્રને જેવી દવા આપી હતી તેવી કિંમતી દવા આપી. દૂધારાના દીકરામાં દયાશંકર વૈદ પોતાના દીકરાને જોઈ રહ્યા હતા. ખરા ખંતથી દવા આપી. કલાક થયો ને છોકરો સ્હેજ આંખ ખોલે છે. બીજો કલાક પૂરો થતાં આંખ ખોલીને છોકરો કહે છે 'બાપા' ! એટલું બોલ્યો. એટલે વૈદ કહે છે, ભાઈ ! હવે હું જાઉં છું. હવે કંઈ વાંધો નહિ આવે. કેમ રહે છે તે સમાચાર સવારે મને આપી જજે. પોતાનો આંટો સફળ થયો. દૂધારાના દીકરાને શાંતિ થઈ પણ મારા દીકરાને કેમ હશે? એ વિચારમાં ઝડપભેર વૈદ પોતાની વાત્સલ્ય-કૂટીરના દ્વારે પહોંચી ગયા. બારણું ખખડાવવા જાય તે પહેલાં અંદરથી અવાજ સંભળાયો. સ્નેહલ તેની માતાને કહેતો હતો કે બા! મારા પિતાજી આ મધ્યરાત્રિના સમયે કયાં ગયા છે? હજુ કેમ નથી આવ્યા? આ અવાજ સાંભળતાં વૈદનું હૈયું હર્ષથી નાચી ઉઠયું. પોતે કૂટીરમાં જઈને પુત્રને ભેટી પડયા. ને પત્નીને કહ્યું. જોયું? આ પરમાર્થનો બદલો પ્રત્યક્ષ મળ્યો. એનો દીકરો બચાવ્યો તો આપણો બચી ગયો. જે કામ આપણી દવાએ નથી કર્યું તે કામ લાલીયા દૂધારાની દુવાએ કર્યું. ત્રણેની આંખમાં હર્ષના આંસુ આવી ગયા.

જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ દૂધારાના દીકરાને વધુ આરામ થવા લાગ્યો. વૈદબાપાની પરમાર્થવૃત્તિ જોઈ દૂધારાના દિલમાં પણ અનેરો આનંદ થયો. તેને થયું કે મારો દીકરો તો સાજો થયો પણ એમના દીકરાનું શું થયું હશે? ખબર કાઢતો આવું ને ફીના પૈસા આપતો આવું. દૂધારો વૈદને ત્યાં આવીને કહે છે, બાપા! આપની દવાથી મારા દીકરાને ઘણો ફાયદો છે. આપના દીકરાને કેમ છે? ભાઈ! તારા દીકરાને સારું થયું તેમ મારા દીકરાને પણ સારું છે. હવે કોઈ ચિંતાનું કારણ નથી. લાલીયો દૂધારો ફીના પૈસા આપે છે ત્યારે વૈદ કહે છે તારા અંતરની દુવા એ મારા દીકરાની દવા છે. મારો દીકરો બચી ગયો એટલે ફીના પૈસા મળી ગયા. વૈદરાજે પૈસા લીધા નહિ.

બંધુઓ ! જેનો આત્મા નંદનવન અને કામધેનુ જેવો હોય છે, તેનું જીવન આ દયાશંકર વૈદ જેવું હોય છે. પોતે દુઃખ વેઠીને પણ બીજાને સુખ આપે છે. જેમ ગુલાબનું ફૂલ કાંટાની વચમાં વસે છે. તેના છોડને કાંટા હોય છે. છતાં કાંટામાં રહીને પણ ગુલાબનું

ફૂલ સદા હસતું રહે છે. તેને કોઈના મસ્તકે ચઢાવો, પાણીમાં ઉકાળો, પીસી નાંખો કે પગ નીચે કચરી નાંખો છતાં એ તમને સુવાસ આપે છે. એ પોતાનો ગુણ છોડતું નથી. તેમ જ્ઞાનીઓ કહે છે, આ સંસાર પણ કાંટાળી વાડ જેવો છે. તેમાં આપણો આત્મા ગુલાબ સમાન છે. દુઃખ વેઠીને પણ બીજાને જે સુખ આપે છે તે આત્મા નંદનવન જેવો છે. હવે તમે વિચાર કરી લેજો કે તમારે નંદનવન કે કામધેનૂ જેવા બનવું છે કે વૈતરણી નદી અને કૂટ-શાલ્મલી વૃક્ષ જેવા બનવું છે? એ પોતાના હાથની વાત છે. વધુ ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં. ૮૫

**આસો વદ ૫ ને શુક્રવાર** **તા. ૨૪-૧૦-૭૫**

અનંત કરૂણાનિધિ, ત્રિલોકીનાથ, શાસ્ત્રકાર ભગવંતના મુખકમળમાંથી ઝરેલી શાશ્વતી વાણી તેનું નામ સિદ્ધાંત. ભગવાનના સિદ્ધાંતો અફર રહેલા છે. તેના ગૂઢ રહસ્યોને જે માનવ તેના જીવનમાં ઉતારે છે તેનું જીવન સફળ બને છે. વીતરાગવાણી સાંભળવા માત્રથી પતી જતું નથી. પણ સાંભળ્યા પછી તેને હૃદયમાં ઉતારીને તેનું મનન કરવું એ મહત્વની વાત છે. એક લેખકે પણ ત્રણ પ્રકાર બતાવ્યા છે. શ્રવણ, મનન અને નિદિધ્યાસન. આ ત્રણેમાં અલગ અલગ શકિત રહેલી છે. શ્રવણ પાણી જેવું છે. મનન દૂધ જેવું છે ને નિદિધ્યાસન અમૃત જેવું છે. જેમ તમે તરસથી ખૂબ આકુળ-વ્યાકુળ થઇ ગયા હો છો તો એક ગ્લાસ ઠંડુ પાણી પી જાવ છો તો થોડી વાર તેની અસર રહે છે. પણ પાછી તરસ લાગે છે. તેમ માત્ર શ્રવણની અસર થોડી વાર રહે છે. પછી હતા તેવા ને તેવા થઈ જાય છે. તેથી આગળ વધીને તમે એક ગ્લાસ દૂધ પીશો તો તેની અસર વધુ રહેશે. કારણ કે દૂધમાં સત્વ રહેલું છે. તેમ સાંભળ્યું છે તેનું જો મનન કરશો તો તેની અસર વધુ સમય રહેશે. અને એ શ્રવણ અને મનનનું આચરણ થશે તો આત્મા અમર બની જશે. જેમ અમૃત પીવે ને રોગ નાશ પામે છે તેમ શ્રવણ અને મનનનું નિદિધ્યાસન કરવામાં આવશે તો આત્માના જન્મ-જરા અને મરણના રોગ નાશ પામી જશે. જે આત્માઓએ પ્રભુની વાણી સાંભળીને અંતરમાં ઉતારી છે તેમના નામ શાસ્ત્રના પાને સુવર્ણાક્ષરે લખાઇ ગયા છે ને એ મોક્ષના મોતી બન્યા છે.

ઉત્તરાધ્યયન સૂત્રનું ૨૦મું અધ્યયન અનાથી નિર્ગ્રંથ શ્રેણીક રાજાને સનાથ અને અનાથની વાત સમજાવ્યા પછી આત્માનું સ્વરૂપ સમજાવે છે. કે આત્મા જ્યારે પોતાના સ્વરૂપમાં રમણતા કરે છે ત્યારે નંદનવન જેવો બને છે. અને પરભાવમાં જાય છે ત્યારે તે કૂટ શાલ્મલી વૃક્ષ અને વૈતરણી નદી જેવો બને છે. તે શુભ કે અશુભ ભાવમાં જોડાઇને

જીવ જેવા કર્મો કરે છે તે જીવને ભોગવવા પડે છે. હવે આગળની ગાથામાં શું કહે છે:

**अप्पा कत्ता विकत्ता य, दुहाण य सुहाण य ।**
**अप्पा मित्तममित्तं च, दुप्पट्ठिय सुप्पट्ठिओ ॥**

ઉત્ત. સૂ. અ. ૨૦ ગાથા ૩૧

અનાથી મુનિ કહે છે હે રાજન્! સુખ કે દુઃખનો કર્તા આપણો પોતાનો આત્મા છે. અને વિકર્તા પણ આપણો પોતાનો આત્મા છે. અન્ય દર્શનીઓ કંઈક સારું-ખોટું થાય તો એમ કહે છે કે ભગવાનને ગમ્યું તે ખરું. ભગવાનને તો કોઈ પ્રત્યે રાગ કે દ્વેષ નથી. એ શા માટે કોઈને સુખી કે દુઃખી કરે! ભગવાન તો બધાથી ન્યારા છે. ભગવાન તો એમ કહે છે કે સુખી કે દુઃખી કરનાર પોતાનો આત્મા છે. પુણ્ય પ્રકૃતિથી સુખ મળે છે ને પાપની પ્રકૃતિથી દુઃખ મળે છે. પુણ્ય બાંધવાની પ્રકૃતિ નવ છે ને ભોગવવાની પ્રકૃતિ ૪૨ છે. ને પાપ બાંધવાની પ્રકૃતિ ૧૮ છે ને ભોગવવાની પ્રકૃતિ ૮૨ છે. પુણ્ય પ્રકૃતિથી ઈષ્ટ વર્ણ, ગંધ, રસ, શબ્દ અને સ્પર્શની પ્રાપ્તિ થાય છે. ને પાપની પ્રકૃતિથી અનિષ્ટ શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ મળે છે. એટલે પુણ્ય પ્રકૃતિથી સુખ અને પાપ પ્રકૃતિથી દુઃખ મળે છે. બંનેને ઉત્પન્ન કરનારો આત્મા છે. એ રીતે આત્મા પોતાનો શત્રુ પણ છે ને મિત્ર પણ છે.

બંધુઓ! જૈન દર્શન એક અલૌકિક દર્શન છે. તે તો કહે છે કે આત્મા! તું પોતે પરમાત્મા બની શકે છે. સોનું ખાણમાંથી નીકળે છે ત્યારે તે માટીથી મિશ્રિત હોય છે. તેના ઉપર ઘણી ક્રિયા કરી માટીથી અલગ બનાવવામાં આવે છે ત્યારે તે શુદ્ધ સુવર્ણ બને છે. તેમ કર્મના સંયોગથી મલીન બનેલો જીવ મનુષ્ય, તિર્યંચ, દેવ અને નરક આદિ જુદી જુદી યોનિઓમાં ઉત્પન્ન થાય છે ને વિવિધ પ્રકારના સુખ-દુઃખ ભોગવે છે. અને તે આત્મા શુદ્ધ સ્વરૂપમાં સ્થિર બની કર્મના મેલથી સંપૂર્ણ અલગ બને છે ત્યારે તે પરમાત્મા બને છે. વિભાવમાં જોડાયેલો આત્મા પોતાનો શત્રુ છે. ને સ્વભાવમાં સ્થિર બનેલો આત્મા પોતાનો મિત્ર છે.

આચારંગ સૂત્રમાં ભગવાન કહે છે કે "पुरिसा तुममेव तुमं मित्तं किं बहिया *मित्तमिच्छसि?*" હે આત્મા! તું સ્વયં તારો મિત્ર છે. બહારના મિત્રની ઈચ્છા શા માટે કરે છે? બહારમાં કોઈ તારા શત્રુ કે મિત્ર નથી. આપણો આત્મા અનંત શકિતનો અધિપતિ છે. જ્ઞાની કહે છે કે હે આત્મન્! તું જે કંઈ ઈચ્છે છે, તું જે કાંઈ મેળવવાને માટે ઝંખી રહ્યો છે તે તને બીજું કોઈ આપી શકવાનું નથી. એ તને તારામાંથી પ્રાપ્ત થશે. તું જેને શોધી રહ્યો છે તે સ્વયં તું છે. જે ચીજ પોતાનામાં રહેલી છે તેને બહારમાં શોધવાથી કદી પ્રાપ્ત થાય ખરી? અજ્ઞાન મૃગલો પોતાની નાભીમાં સુગંધી ભરેલી છે તે વાતથી અજ્ઞાત હોવાને કારણે બહાર ભમે છે. પણ બહાર

છે નહિ તો ક્યાંથી મળે? તેવી રીતે આત્મારૂપી મૃગ પોતાના સુખમય સ્વરૂપને ભૂલી ગયો છે ને બહારથી સુખ મેળવવાની આશા રાખે છે. તે સુખને બહાર શોધે છે પણ જે સુખ આત્મામાં રહેલું છે. તે બહારથી તેને કેવી રીતે મળી શકે? આત્મા પોતાના અનંત સુખમય સ્વરૂપને ભૂલીને બાહ્ય પદાર્થોનું શરણું લે છે ત્યારે તે વાસનામાં ફસાઈ જાય છે. અને પોતાના સ્વરૂપથી દૂર થઈ જાય છે એટલા માટે જ્ઞાની પુરૂષોએ આત્મશકિતનું ભાન કરાવવા માટે કહ્યું છે કે તું જ તારો મિત્ર છે. બહારના મિત્રોની ઇચ્છા ન કર. આત્મામાં અનંત શકિત છે તેમાં તું આત્મદર્શન કર તેમાં તને અનંત શકિતનો સાગર લહેરાતો દેખાશે. જે સંસારિક સહાય આપીને ઉપકાર કરે છે તે દ્રવ્ય મિત્ર કહેવાય છે. બાહ્ય મિત્રોનો ઉપકાર પારમાર્થિક થઇ શકતો નથી. કારણ કે તેનાથી પરમ પુરૂષાર્થની સિદ્ધિ થતી નથી. બાહ્ય મિત્રોનો કરેલો ઉપકાર એકાંતિક નથી હોતો કારણ કે તે ઉપકારથી અપકાર પણ થઇ શકે છે. તે ઉપકાર હંમેશને માટે ટકી શકતો નથી. તેથી પારમાર્થિક, એકાંતિક અને આત્યંતિક ઉપકાર કરવાવાળો મિત્ર પોતાનો આત્મા છે. આત્મા પોતાનો મિત્ર છે તેનો અર્થ એ છે કે આત્માની શુભ પરિણુતિ તે મિત્રનું કામ કરે છે અને આત્માની પરિણુતિ જયારે અશુભ હોય છે ત્યારે તે શત્રુનું કામ કરે છે. શુભ પરિણુતિથી શુભ કર્મોનું બંધન થાય છે. અને અશુભ પરિણુતિથી અશુભ કર્મોનું બંધન થાય છે. અથવા શુભ પરિણુતિના ઉદયથી સુખરૂપ હોવાથી તે મિત્ર છે અને અશુભ પરિણુતિના ઉદયથી તે દુઃખરૂપ હોવાથી શત્રુ છે. આત્મસ્વરૂપના ભાન વિના અજ્ઞાન, મિથ્યાત્વ અને કષાયના ભાવો જે ઉછળી રહ્યા છે તે શત્રુ છે. માટે તેવા ભાવોનો સંગ કરવા જેવો નથી.

બંધુઓ! જે આત્મા સમ્યક્ દૃષ્ટિ છે, સ્વરૂપમાં સ્થિર બનેલો છે અને જેણુ પોતાના આત્માને મિત્ર બનાવ્યો છે તેને મન સંસાર અને સંસારના તમામ સુખો હેય છે. તે સંસારમાં રહેતો હોય પણ ક્ષણે ક્ષણે તેનો આત્મા કહેતો હોય છે કે આ સંસાર એકાંત દુઃખથી ભરેલો છે. એટલે સંસારના દરેક કાર્યો તે અનાસકત ભાવથી કરે છે. કારણ કે સંસારના દરેક કામમાં આશ્રવ રહેલો છે. અને જયાં આશ્રવ છે ત્યાં કર્મનું બંધન છે. એટલે સમકિતી જીવડો સ્વપ્ને પણ સંસારને ઉપાદેય (આદરવા યોગ્ય) માનતો નથી અને મિથ્યાત્વી જીવડો સંસારની વાડી લીલી કેમ રહે તે માટેના પ્રયત્નો કર્યા કરે છે. એક કામ પૂર્ણ થયું ત્યાં બીજું તૈયાર ને બીજું પૂર્ણ કર્યું ત્યાં તેના માટે ત્રીજું તૈયાર થઈ જાય છે. એક ઓફીસ શરૂ કરી. બરાબર જામી એટલે બીજે ગામ ઓફીસ ખોલી. એક બંગલો બંધાવીને તૈયાર થયો એટલે બીજા દીકરા માટે બીજો બંગલો બંધાવી દઉં. આ રીતે વિચારોની ઘટમાળ ચાલ્યા કરે છે. ને સંસાર રસિક જીવડો તેમાં ગૂંચવાયેલો રહ્યા કરે છે જયારે સમ્યક્દૃષ્ટિ જીવડો કયારે આ ઝંઝટમાંથી છૂટું એવા સ્વપ્ન સેવે છે. એને સંસાર ઉપરથી કંટાળો આવે છે.

તમને પણ ઘણીવાર કંટાળો આવે છે ને! માથે ખૂબ બોધરેશન વધી જાય, સંસારના કામકાજથી અકળાઇ-મૂંઝાઇ જાવ ત્યારે કહો છો ને કે હવે તો થાકયા! ચાલો, ઘરમાંથી બે કલાક બહાર બગીચામાં જઇને બેસીએ. અરે, ઘણાં તો મુંબઇ છોડીને માથેરાન અને મહાબલેશ્વર જાય છે. તમે ચાર-આઠ દિવસ ઘર છોડીને બહાર ગયા તેથી બોજો હળવો થઇ ગયો? ના. તો હવે સમજાય છે કે સંસાર ખોટો છે. આ કર્મોનો બોજો માથે ઘણો વધી ગયો છે, તો તેને દૂર કરવા માટે સાધુ બની જાઉં. એવો કદી તમને વિચાર આવે છે? સંસારથી કંટાળી ગયો છું તો હવે મારે ચાર દિવસ ઘેર આવવું નથી. ધર્મસ્થાનકમાં જઇને સાધુ પાસે રહીશ એવું કદી થયું છે? જો સાચું સમજો તો માથેરાન કે મહાબળેશ્વર બધું અહીં છે. સંસારમાંથી કંટાળેલા જીવોને ધર્મસ્થાનકમાં સંત-સતીજીઓ પાસેથી જે શાંતિ મળશે તે બીજે નહિ મળે.

જે સમજણપૂર્વક શુદ્ધ ભાવથી ધર્મ કરે છે તે આત્મા અપૂર્વ શાંતિ મેળવે છે. ધર્મ શું ચીજ છે? ધર્મ શા માટે કરવો જોઈએ? તે ઘણીવાર માણસ સમજતો નથી હોતો. કોઈ નવકાર મંત્રનો જાપ કરે પણ તેના અર્થ કે રહસ્યને સમજતો નથી હોતો. છતાં એક અટલ શ્રદ્ધાપૂર્વક જ્યારે એના જાપ અને ધ્યાનમાં લીન બને છે ત્યારે એ જાપ અને ધ્યાનના પ્રભાવથી અનેક પ્રકારના સંકટોમાંથી તે આત્મા મુકત બને છે. તો પછી સાચા ને શુધ્ધ ભાવથી કરેલી ધર્મની આરાધના અને પ્રભુનું સ્મરણ માનવીના જીવનમાં સુખ અને શાંતિનું સ્થાપન શું ન કરી શકે? જરૂર કરે. અંતરના શુધ્ધ ભાવથી ભગવાનને કરેલો નમસ્કાર પણ જીવને સંસારસાગરથી તારે છે. તો સંયમ પાલન કરવાથી, તપ કરવાથી ને સતત પ્રભુના નામનો જાપ કરવાથી કેટલો બધો લાભ થાય છે! તેનો લાભ તો અલૌકિક છે.

એક સંન્યાસી બાવા હતા. તે ઘણાં વખતથી સંસાર ત્યાગીને સંન્યાસી બનેલા હતાં. તે બીજા ધર્મના સાધુ હતા પણ જૈન સાધુની માફક પાદવિહાર કરતા હતા. ઘર ઘરમાંથી ગૌચરી લાવીને ખાતા હતા. એક વખત તેઓ વિહાર કરતાં કરતાં નર્મદા નદીના કિનારે આવેલા ગામમાં આવ્યા. ખૂબ થાકી ગયા હતા. એટલે નદી કિનારે એક ગૃહસ્થનો બંગલો હતો. તેમાં ઉતારો કર્યો. આખો દિવસ ભજનમાં ને ભકતોને ધર્મ સમજાવવામાં પસાર થઇ ગયો. રાત પડી એટલે સૌ સૂઇ ગયા. તેમના બધા શિષ્યો સૂઇ ગયા પણ મોટા સાધુને ઊંઘ આવતી નથી. એટલે પોતાના બિછાનામાંથી ઉભા થયા. આ બંગલાની પાછળના ભાગમાં બારી નર્મદા નદીના કિનારાની બરાબર સામે પડતી હતી. સાધુ તે બારીમાં જઇને બેઠા. નર્મદા નદીના નીર ખળખળ કરતાં વહી રહ્યા હતા. ચારે તરફ અંધકાર છવાયેલો હતો. કૃષ્ણ પક્ષનો ચંદ્ર આછા અજવાળા આપતો હતો. રાત પણ વધતી જતી હતી અને વાતાવરણ તદ્દન શાંત હતું. સાધુના મનમાં

પણ સરિતાના નીરની જેમ વિચારોના તરંગો આવતા ને શમી જતા હતા.

આ સમયે સરિતાના કિનારે કોઈ એક માણસ આવ્યો. સાધુના મનમાં થયું કે આ અડધી રાત્રે આ નદી કિનારે કોણ માણસ આવ્યો હશે? પેલા આવનાર માણસે શું કર્યું? તેણે નદી કિનારે આવી કપડા ઉતારીને સર્વ પ્રથમ સ્નાન કર્યું. અને એક નાનકડી લુંગી પહેરી લીધી. કપડા એક પથ્થર પર મૂકયા અને પગ પર સ્થિર ઉભો રહી હાથ જોડીને આંખો બંધ કરી ધીમે ધીમે કંઈક બોલવા લાગ્યો. ધીમે ધીમે કરતાં થોડી વારે તેના શબ્દોનો રણકાર વધવા લાગ્યો. આછા આછા અજવાળામાં માણસ દેખાતો હતો. ખૂબ શાંતિ હતી એટલે તેના મુખમાંથી નીકળતા શબ્દો પણ સ્પષ્ટ સમજાતા હતા. એ માણસ આંખો બંધ કરીને એકાગ્ર ચિત્તે બોલતો હતો કે **"પ્રભુ નામ સત્ છે બીજું બધું ગપ છે."** ધીમે ધીમે એની એકાગ્રતા વધી ગઈ કે હું કયાં ઉભો છું? મારું ઘર કયાં છે? બધું ભૂલીને ભગવાનના નામમાં મસ્ત બની ગયો. બસ, એક જ ધૂન, એક જ રટણ હતું કે "પ્રભુ નામ સત્ છે બીજું બધું ગપ છે." બંધુઓ! આ વાત તમારા હૈયામાં બેસે છે? (શ્રોતામાંથી અવાજ:- હા) જરા સમજીને હા કહેજો ને માથું ધુણાવજો. તમને પ્રભુના નામસ્મરણ સિવાય બીજું બધું ગપ લાગતું હોય તો આવી જાવ અમારા ઘરમાં. (હસાહસ). જે સત્નો સત્કાર અને સાક્ષાત્કાર કરાવે તે સત્ છે. બીજું બધું ગપ છે. તે વાત તો સાચી છે. પણ હજુ તમારા હૈયામાં ઉતરતી નથી.

પેલા બારીમાં બેઠેલા સંન્યાસીના મનમાં થયું કે આ માણસ એકાગ્ર ચિત્તે બોલે છે કે પ્રભુ નામ સત્ છે ને બીજું બધું ગપ છે તો લાવ તેની પરીક્ષા કરી જોઉં. કે તેની એકાગ્રતા સાચી છે કે ખોટી? એટલે તે સાધુએ તેના ઉપર એક કાંકરો ફેંકયો. પણ તે સ્હેજ પણ હાલ્યો નહિ. તેને ખબર પણ ન હતી કે મારા ઉપર કાંકરો પડયો. એ તો ભગવાનના નામમાં એટલો મસ્ત બની ગયો હતો કે આખું જગત એની ધૂનમાં ડૂબી ગયું હતું. બરાબર વીસ મિનિટ આ રીતે તે ધૂનમાં એકાગ્ર ચિત્તે મસ્ત રહ્યો. પછી તેનો અવાજ ધીમો પડી ગયો. બરાબર અડધો કલાક પૂરો થતાં તેમની ધૂન બંધ પડી ગઈ. જાણે કોઈ દિવ્ય જળમાં સ્નાન કરીને બહાર નીકળ્યો હોય તેમ હળવો બની ગયો હતો. કપડાં પહેરીને પ્રસન્ન વદને પોતાને ઘેર જવા લાગ્યો. સંન્યાસી તરત નીચે ઉતરીને બહાર આવીને ઉભા રહ્યા. આછા અજવાળામાં સાધુને ઉભેલા જોઈને પેલો માણસ તેમને પગે લાગ્યો. ત્યારે સાધુએ કહ્યું કે ભાઈ! તમે કોણ છો? અને રાત્રીના બાર વાગે નદી કિનારે આવીને આ શું કરો છો? ત્યારે પેલા માણસે કહ્યું - મહારાજ! હું જાતિનો કણબી છું. ભગવાનનું નામ લેવામાં કદી સમજતો ન હતો. પણ એક દિવસ મારા ભાગ્યોદયે તમારા જેવા સાધુનો સમાગમ થયો ને તેમણે મને દરરોજ આ મંત્રનું અડધો કલાક સ્મરણ કરવાનું કહ્યું છે. મારે ઘણી જમીન છે. પત્ની, છોકરા બધું છે. ખેતીના કામમાં દિવસે ટાઇમ મળતો નથી. ખેતરમાંથી રાત્રે ઘેર

આવીએ, જમીએ પછી ભગવાનનું નામ લેવાય. પણ મારું ઘર નાનું છે. એટલે છોકરા છૈયાના કકળાટ હોય. તેથી મને કયાંય શાંતિ મળતી નથી. તેથી હું દરરોજ આ સમયે આ પવિત્ર નદીના કિનારે આવીને ભગવાનનું નામ લઉં છું. અડધો કલાક ભગવાનનું નામ લેવાથી મને એટલો આનંદ આવે છે કે મારું તન અને મન પ્રસન્ન બની જાય છે. મારો થાક ઉતરી જાય છે. અંતર પવિત્ર બને છે. મને જે આનંદ અને મસ્તી આવે છે. તેવો આનંદ આખો દિવસ પ્રભુ નામનો જાપ કરનાર તમારા જેવા સાધુજનોને પણ નહિ મળતો હોય. હવે સાધુ શું જવાબ આપે છે તેની રાહ જોયા વિના પેલો માણસ તો ચાલતો થઇ ગયો.

સાધુ પોતાના બિછાનામાં જઇને સૂતો પણ ઉંઘ આવતી નથી. તે મનમાં વિચાર કરવા લાગ્યા કે અહો! એક સંસારી હોવા છતાં પ્રભુના નામમાં તેની કેટલી તન્મયતા છે! આટલી જંજાળ હોવા છતાં તે ખેડૂત પ્રભુનું નામ ભૂલતો નથી. એની પાસે ધન છે છતાં એનું મન એમાં નથી. જ્યારે મારી પાસે ધન નથી છતાં મારું મન ધનમાં છે. આખો દિવસ સંસારની વાતો કર્યા કરું છું. હું તો બાહ્ય દૃષ્ટિથી ત્યાગી બનીને નીકળી ગયો છું. ખેડૂતની પ્રભુ નામની લગની જોઇ બાહ્ય સંન્યાસી સાચો સંન્યાસી બની ગયો.

બંધુઓ! સંન્યાસીએ સંસારનો ત્યાગ કર્યો હતો પણ તેની રગમાંથી સંસારનો રાગ ગયો ન હતો. જ્યારે ખેડૂત સંસારમાં રહેલો હોવા છતાં એનું મન સંસારના રાગને બદલે ત્યાગમાં હતું, એકનું જીવન અશાંત હતું, જ્યારે બીજાનું જીવન શાંત હતું. આ દૃષ્ટાંતમાંથી આપણે તો એટલો સાર ગ્રહણ કરવાનો છે કે ગમે તેટલું પ્રભુ નામનું સ્મરણ કરો, નવકાર મંત્ર ગણો કે તપ, જપ આદિ કરો પણ જો તેમાં શ્રદ્ધા અને સ્થિરતા હોય તો અંતરમાં પ્રકાશ પ્રગટે, ને આત્માનું કલ્યાણ થાય. બાકી ઉપલક ભાવથી દેખાવ પૂરતું ભગવાનનું સ્મરણ કરવામાં આવે તો હાંસીને પાત્ર બનાય.

એક શેઠ ખૂબ ધનવાન હતા. તે ઓટલે બેસીને રોજ માળા ફેરવતા. **"રામ ભાર્ગવ પાર ભયે."** આ રીતે બોલીને માળાનો મણકો મૂકે. પણ દુકાનમાં બે જાતના ચોપડા અને ત્રાજવા-કાટલા પણ બે જાતના રાખતો. બોલવાનું જુદું ને કરવાનું પણ જુદું. ઘરાકને બતાવવાનું જુદું ને આપવાનું પણ જુદું. આવો તેનો ધંધો હતો. એની દુકાનની સામે એક હજામ રહેતો હતો. તે આ બધું જોયા કરતો, એને થયું કે આ શેઠની આંખ તો ખોલાવવી જોઇએ. એટલે તે પોતાના ઓટલે બેસીને કામ કરવા લાગ્યો. શેઠ નવરા થઇને માળા ગણવા બેઠાં કે **"રામ ભાર્ગવ પાર ભયે."** આ રીતે બોલવા લાગ્યા ત્યારે પેલો હજામ બોલવા લાગ્યો કે માણેકલાલ શેઠ! બે લાખ, પન્નાલાલ શેઠ! પાંચ લાખ, હીરાલાલ શેઠ! એક કરોડ, મણીલાલ શેઠ! પાંચ કરોડ. આ રીતે બધા ધનવાનોના નામ બોલવા લાગ્યો. શેઠના કરતાં પણ ડબલ મોટો અવાજ કરીને બોલવા

લાગ્યો. ત્યારે શેઠે હજામને પૂછયું, તું આ શું બોલે છે? ત્યારે એણે કહ્યું. શેઠ! હું ધન મેળવું છું. શેઠે પૂછયું-કેવી રીતે? ત્યારે હજામે કહ્યું-આ બધા શેઠીયાના નામની સાથે તેમની મિલ્કતને યાદ કરું છું. એટલે તેમનું ધન મારી પાસે આવી જશે. ત્યારે શેઠે હસીને કહ્યું-અરે મૂર્ખ! એમ તે કંઇ ધન મળતું હશે? ત્યારે હજામે પણ કહ્યું કે શેઠ! તમે મોટા અવાજે રોજ **"રામ ભાર્ગવ પાર ભયે"** બોલો છો એથી કંઇ બેડા પાર ઉતરવાના છો? તમે તો ઘરાકોને છેતરો છો, અનીતિ કરો છો. બતાવો છો જુદું ને આપો છો જુદું. તો પાર કયાંથી થશો? હજામના આટલા શબ્દોથી શેઠની આંખ ખુલી ગઇ.

બંધુઓ! તમે પણ આવી માળા તો નથી ફેરવતા ને? માળા તો જડ છે. એ જડ માળા પણ તમને મૂંગો ઉપદેશ આપે છે.

**માળા કહતી હૈ તુઝકો, કયા ફેરત હૈ મુઝકો,**
**મન ફેરા લે જગસે, પાર ઉતારું તુઝકો**

હે માનવ! તું મને ફેરવે છે પણ તારું મન જગતમાં ફરે છે. તે મનને તું તારામાં પરોવી દે તો તારો બેડો પાર થશે. બાકી ગમે તેટલી માળા ફેરવીશ તો પણ તારું કલ્યાણ થવાનું નથી. પણ તારા જીવનમાં સદ્‌વિચાર અને સદ્‌આચરણ સહિત માળા ગણવાથી તારું કલ્યાણ થશે.

આપણે આત્માની વાત ચાલતી હતી. આત્મા કર્મનો કર્તા ને ભોક્તા છે. આત્મા ઘણીવાર વિના કારણે સંસારમાં કર્મો બાંધે છે. ઘણીવાર શાક માર્કીટમાં લીંબુ મરચાં ને કેરી સારા આવે તો એક બહેન બીજી બહેનોને કહી આવે કે આજે માર્કીટમાં અથાણાં માટે કેરી, મરચાં ને લીંબુ આવ્યા છે. જેને લેવા હોય તે જલ્દી જાવ. પોતે પાપ બાંધ્યું તે ઓછું હતું કે બીજાને આમંત્રણ દેવા ગઈ. આ પાપનું આમંત્રણ છે. આ મારી કોઇ બહેન એમ કહેવા કયારે ગઇ હશે કે ઉપાશ્રયમાં પૂ. મહાસતીજી આવ્યા છે તો ઘરકામ છોડીને બધા જલ્દી ઉપાશ્રયે આવજો. (હસાહસ) મારી બહેનો! દલાલી કરો તો ધર્મની કરજો. કર્મની ના કરશો. આવી પાપની દલાલી કરી જીવ કર્મ બાંધે છે. ને તેના ફળરૂપે જીવને પોતાને દુઃખ ભોગવવા પડે છે. પાપ કરવાથી આત્મા મલીન બને છે.

જ્યારે શરીરમાં કોઇ બિમારી આવે ત્યારે પહેલાં ડોકટર પૂછે છે કે તમારું પેટ સાફ આવે છે ને? સ્હેજ શરદી થાય, માથું દુઃખે તો પણ પૂછે છે કે પેટ સાફ આવે છે ને? કારણ કે બધી બિમારીનું મૂળ કારણ પેટનો બગાડ છે. પેટ ક્યારે બગડે તે તમે જાણો છો ને? પેટમાં બાદી થાય ત્યારે પેટ બગડે છે. જો તેમાં ધ્યાન ન અપાય તો મોટી બિમારી આવે છે. ને હેરાન થઈ જવાય છે. તેમ જ્ઞાની ભગવંતો કહે છે કે દુર્બુદ્ધિથી જીવ પાપ કર્મ કરે છે. બિમારીનું કારણ પેટનો બગાડ છે તેમ પાપકર્મ કરવાનું

કારણ દુર્બુદ્ધિ છે. પાપના અશુભ ફળ જીવને ભોગવવા પડે છે. સદ્બુદ્ધિ મળે તો કર્મનું બંધન ઘણું ઓછું થઇ જાય. આજે માણુસો સદ્બુદ્ધિ કરતાં સંપત્તિને વધુ પસંદ કરે છે. તમારા ઉપર કોઇ દેવ પ્રસન્ન થાય ને તમને કહે કે તમારે સંપત્તિ જોઇએ કે સદ્બુદ્ધિ જોઇએ? બોલો, તમે શું માંગશો? મોટા ભાગના સંપત્તિ માંગશો. પણ વિચાર કરો. સદ્બુદ્ધિ હશે ત્યાં સંપત્તિ રહેવાની છે. પણ સંપત્તિ હશે ત્યાં સદ્બુદ્ધિ રહેશે કે નહિ તે નકકી નથી. માટે જો તમે માંગો તો સદ્બુદ્ધિ માંગજો. સારી બુદ્ધિ મળશે તો જુના કર્મો ખપશે ને નવા બંધાતા અટકી જશે. સદ્બુદ્ધિવાળો આત્મા મિત્ર સમાન છે ને કર્મને તોડનાર છે અને દુર્બુદ્ધિવાળો આત્મા દુશ્મન જેવો છે ને કર્મનું બંધન કરાવનાર છે. હવે આત્મા પોતાનો શત્રુ કેવી રીતે બને છે ને આત્મા પોતે પોતાનો મિત્ર કેવી રીતે બને છે તેના વિશેષ ભાવ અવસરે.

**ચરિત્ર:-** પવનજીની માતા કેતુમતીએ પુત્રના કહેવાથી જાણ્યું કે સતી અંજના તો સાવ નિર્દોષ હતી. ને મેં તેને કલંકિત કરીને કાઢી મૂકી છે. અંજનાની શોધમાં પવનકુમાર પણ વિમાનમાં બેસીને રવાના થઈ ગયા. તેથી કેતુમતીને ખૂબ પશ્ચાતાપ થયો. પોતે ખૂબ રડવા લાગ્યા. પોતાની ભૂલ પોતાને સમજાઇ ગઇ. પણ હવે શું થાય? વહુના શબ્દો યાદ આવ્યા. દાસ-દાસીઓ પણ કહેવા લાગ્યા કે બા! હવે શું રડો છો? પહેલાં તમે કોઇની વાત ન સાંભળી. રાણી કહે છે સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ હોય તેમ મેં પણ સ્ત્રી હઠ કરીને કોઇની વાત માની નહિ. રાણી રડતા રહ્યા ને પવનજી અંજનાની શોધમાં સસરાના ગામ ઉપડી ગયા. પવનજીનો મિત્ર કહે છે સતી ખૂબ પવિત્ર હતી ને આ શું બની ગયું? હું તો તને પહેલેથી કહેતો હતો પણ એ સતીરત્નને કોઇ પિછાણી શકયું નહિ. પવનજી કહે કે મેં કટકે જતી વખતે તેને લાત ન મારી હોત તો કોઈ જાણત નહિ. પણ હવે શું થાય? બનવાકાળ બની ગયું. સતીનું શું થયું હશે? તેની ચિંતા ખૂબ હતી છતાં મનમાં એક શ્રદ્ધા હતી કે અંજના જરૂર તેના પિયરમાં હશે. કારણ કે સાસરીયા તેના ઉપર રૂઠયા ને તેના માથે કલંક ચઢાવ્યું પણ તેના માતા-પિતા તો તેના ઉપર થોડા રૂઠે! એટલે તે પિયરમાં હશે. પવનજી તેમના સસરાના ગામની નજીક પહોંચી ગયા. તેમને પણ વિચાર થાય છે કે મેં મહાન બળવાન વરૂણ રાજા ઉપર વિજય મેળવ્યો. ખર-દૂષણને છોડાવ્યા ને સર્વત્ર જયજયકાર બોલાવ્યો પણ સાસરે જઇશ ત્યારે બધા શું કહેશે? સાસુ-સસરા કહેશે કે તમારા માતાજીએ મારી દીકરીના માથે આવું કલંક ચઢાવ્યું? તો હું શું મોઢું બતાવીશ?

સસરાનું ગામ નજીક આવી ગયું. સસરાને કોઇએ ખબર આપી કે પવનજી આવે છે. આ સમાચાર સાંભળતાં મહેન્દ્ર રાજાના પગ ઢીલા થઇ ગયા. જમાઈ સાસરે કયારે આવે? પોતાની દીકરી પ્રત્યે પ્રેમ હોય તો જ આવે ને! દીકરી તો છે નહિ શું કરીશું?

જમાઈનું સાસરે કેટલું માન હોય છે! પણ અત્યારે તેવું નથી. કારણ કે છાશવારે ને છાશવારે સાસરે જતા હોય તેનું માન ન રહે. સાસરીયા સમજી જાય કે એ તો રોજ આવે છે. એમને શું સાચવવા? જે પરદેશ રહેતાં હોય ને બે પાંચ વર્ષે આવે તો તે જમાઈ હીરા જેવા. ચાર છ મહિને આવે તે મોતી જેવા ને રોજ આવે તે કોડી જેવા હોય છે. તેનું કોડી જેટલું માન પણ સાસરે હોતું નથી.

પવનજી ખૂબ પરાક્રમી હતા. સામેથી છાનામાના સાસરે જવું તે એમના માટે યોગ્ય ન હતું. પવનજીનો મિત્ર અને પ્રધાન પણ સાથે હતા. તેમણે કહ્યું કે આપણે મહેન્દ્ર રાજાને સમાચાર આપો.

**મિત્રના વચન સુણી કરી, પવનજી ચાલ્યા છે મોટે મંડાણ તો,**
**મિત્ર પ્રધાન સાથે લીધા, નગરને ગોંદરે કર્યું છે મેલાણ તો,**
**પવનજીએ દૂત જ મોકલ્યો, આગળથી જઈ કહેજો જુહાર તો,**
**પવનજી આણે રે આવીયા, મહેન્દ્ર રાજા સુણી કરે વિચાર તો...સતી રે**

પવનજીના દૂતે આવીને મહેન્દ્ર રાજાને સમાચાર આપ્યા કે પવનજી આવે છે. ને પવનજીએ મહેન્દ્રપુરીની બહાર આવીને પડાવ નાંખ્યો છે. આવો પરાક્રમી જમાઈ પહેલોવહેલો સાસરે આવતો હોય તો કયા સાસુ-સસરાને આનંદ ન હોય! આજે અંજના હોત ને પવનજી આવ્યા હોત તો સાડા ત્રણ ક્રોડ રોમરાય ખીલી ઉઠત. તેને બદલે મહેન્દ્ર રાજાને દૂતે સમાચાર આપ્યા કે પવનજી અંજનાને તેડવા માટે આવ્યા છે. આ સાંભળીને અંજનાના પિતાના પેટમાં ફાળ પડી કે હવે જમાઈને શું જવાબ આપીશું.

મહેન્દ્રરાજાની આંખમાં આંસુ આવી ગયા કે અહો! હું આવો મોટો ન્યાયી વિદ્યાધર રાજા અને મેં આ શું કર્યું? અરે! મેં એક પિતા તરીકેની ફરજ અદા ન કરી? આંગણે આવેલી દુઃખીયારી દીકરીને એટલું પણ ન પૂછયું કે બેટા! તારી આ દશા કેમ થઈ? એટલું પૂછયું તો નહિ પણ એને એક ટીપું પાણી પણ ન આપ્યું. મેં તો બાપ થઈને કસાઈનું કામ કર્યું. અરેરે.... મારા આટલા બધા પ્રધાનોમાંથી કોઈ પણ ડાહ્યો ન નીકળ્યો? મેં તો ક્રોધમાં આવીને તેનો બહિષ્કાર કર્યો, સૌ હાજી માં હાજી કરનાર નીકળ્યા પણ મને કોઈએ સાચી સલાહ ન આપી. ગર્ભવંતી દીકરીને દુઃખ આપીને મેં કેવા ગાઢ કર્મ બાંધ્યા? હું તો નરકમાં જઈશ. મારા જેવો પાપી દુનિયામાં કોઈ નથી. આ રીતે મહેન્દ્રરાજા પોતાની ભૂલનો પશ્ચાતાપ કરવા લાગ્યા. રાણીને પણ ખબર પડી કે પવનજી આવે છે.

**પવનજી આણે રે આવીયા, સાંભળી માતાને ઉર પડી ફાળ તો,**
**પેટ ફૂટે રે દેય હાથ શું, ઉદરે ઓધાન તું કિહાં ગઈ બાળતો,**
**ઉભા થકા શિર આફળે, જાણે બલબર્યા લાગે છે બાણ તો,**
**માતા રે મનમાંહે ચિંતવે, કેમ મુખડું દેખાડું જમાઈને જાણ તો....સતીરે-**

પવનજી અંજનાને તેડવા આવ્યા છે. તેવા સમાચાર રાણી મનોવેગાના મહેલમાં પહોંચી ગયા. આ સમાચાર સાંભળતાં રાણીનું હૈયું થડકવા લાગ્યું. અરેરે- મારી વહાલી દીકરી! તું કયાં ગઈ? ગર્ભવંતી તું મારા મહેલે આવી અને મેં તારા સામું પણ ન જોયું! દીકરીના દુઃખનો વિસામો માતા છે. સાસરેથી દીકરી અકળાઇ મૂંઝાઇ આવી હોય તો મા પાસે વરાળ કાઢે ને મા અકળાઈ હોય તો દીકરીના મોઢે વરાળ કાઢે. પણ મેં તો દીકરીને દરવાજેથી જ વિદાય કરી. અરે! પાણી વગર તરફડતી હતી. કંઠ સૂકઇ જતો હતો. પાણી પાણી કરતી હતી. છતાં મેં દયા ન કરી અને બીજાને પણ પાણી પીવડાવવા દીધું નહિ. અરે રે,...હું કેવી ઘોર પાપિણી! હું કયા ભવે પાપમાંથી છૂટીશ? અરે! મારી દાસીઓ! મે તો દીકરીને મહેલના દરવાજે ઉભા રહેવાની ના પાડી અને તમે ભેગી થઇને તેને લાત મારી. પણ દયા ન કરી. મારી દીકરીનું શું થયું હશે? એ કયાં ગઇ હશે? એમ બોલતી બેભાન થઇને પડી ગઇ. દાસીઓએ ઉપચાર કર્યા બાદ ભાનમાં આવતા બે હાથે પેટ અને છાતી કૂટવા લાગી. અને મનમાં વિચાર કરે છે કે જમાઈને શું મોઢું બતાવું? જમાઇ આવતાં હર્ષ થવાને બદલે શોકમય વાતાવરણ થઇ ગયું છે. પોતાની કરેલી ભૂલોના કારણે પવનજીના સામા જવાની કોઈની હિંમત ચાલતી નથી. સાસુ-સસરા કાળો કલ્પાંત કરે છે. હવે પવનજીને સામૈયું કરીને ગામમાં કેવી રીતે લાવશે ને શું બનશે તેના ભાવ અવસરે.

☆

## વ્યાખ્યાન નં. ૮૬

**આસો વદ ૬ ને શનીવાર** **તા. ૨૫-૧૦-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

શાસનપતિ ચરમ તીર્થંકર મહાવીર ભગવંતના મુખમાંથી ઝરેલી વાણી તેનું નામ સિદ્ધાંત. ભગવંતની વાણી અત્યંત નિપુણ અને પ્રમાણિક છે. જિનેશ્વર દેવનું વચન એવું અદ્દભૂત ને પ્રમાણિક છે કે જેના દ્વારા આપણે જડ અને ચેતન પદાર્થોને વાસ્તવિક રૂપે જાણી શકીએ છીએ. ધર્મ-અધર્મ, પુણ્ય-પાપ, આશ્રવ-સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ વિગેરે તત્ત્વોનું પ્રતિપાદન કરનાર હોય તો જિનવચન છે. આ જગતના જીવોને જિન વચનનો આધાર ન હોત તો મનુષ્યને ગમે તેવી આત્મકલ્યાણની ભાવના હોવા છતાં તે પોતાનું કલ્યાણ કરી શકત નહિ. ઘોર મોહાંધકારથી ભરેલા સંસારમાં વીતરાગ પ્રભુની વાણી સહસ્ર રશ્મિનું કામ કરે છે. ભવવનમાં ભૂલા પડેલા જીવોને માટે ભોમિયા સમાન છે. ભવસમુદ્રમાં ઝોલા ખાતા માનવી માટે જહાજ સમાન છે. મોહરૂપી તાલકૂટ વિષ ઉતારવા માટે પરમ મંત્ર સમાન છે. અશરણ અને નિરાધાર જીવો માટે અપૂર્વ શરણભૂત છે. આધિ-વ્યાધિ અને ઉપાધિ રૂપ ત્રિવિધ તાપથી સંતપ્ત જીવો માટે વિસામાનો ઘટાદાર

વડલો છે. વિષય-તૃષ્ણાથી પીડિત જીવો માટે ગંગાનીર સમાન છે.

બંધુઓ! આવી પવિત્ર વાણીની પ્રરૂપણા કરનાર ભગવંતો નિયમા મોક્ષે જવાના હતા છતાં તેમણે કર્મની જંજીરોથી છૂટવા માટે પ્રબળ પુરૂષાર્થ કર્યો અને જલ્દી કર્મની કેદમાંથી મુકત કેમ બનું તેનો તેમના દિલમાં અજંપો હતો.

**જેના રોમે રોમે અનુકંપા, આત્મઉધ્ધાર માટે અજંપા**
**એવા વીરના ચરણે પ્રભુ તારા શરણે પ્રભુ પ્યારા....ગાઉં નિત્ય હું ગુણ રે તમારા**
**જેણે મમતા મારી વળી સમતા ધારી પ્રભુ મારા....ગાઉં નિત્ય હું ગુણ રે તમારા**

જેમના અંતરમાં દરેક જીવો માટે કરૂણા હતી કે સંસારમાં બધા જીવો કર્મની કેદમાં પૂરાઈને દુઃખ ભોગવી રહ્યા છે તે દુઃખનો કેમ જલ્દી અંત આવે, સ્વ કલ્યાણ સાથે પરનું કલ્યાણ કરાવવાની કેટલી વિશાળ ભાવના હતી! પ્રભુને જલ્દી કર્મથી કેમ મુકત થાઉં તે માટે એમને અજંપો હતો. તમને અજંપો તો થાય છે. પણ શેનો? સંસારના સુખ મેળવવા માટેનો પણ આત્મા માટેનો નથી. બંધુઓ! વિચાર કરજો. સંસારમાં સુખ કયાં છે? જો સંસારમાં સુખ હોત તો મહાનપુરૂષો સંસારને છોડત નહિ.

સુખ પ્રાપ્ત કરવા માટે દૃષ્ટિ બદલવાની જરૂર છે. જ્યારે તમને સંસારનો રાગ છૂટશે, દૃષ્ટિ બદલાશે, પ્રકૃતિ અને પ્રવૃત્તિનું પરિવર્તન થશે ત્યારે દુઃખમાં પણ સુખ દેખાશે. મહાવીર પ્રભુ દીક્ષા લઈને કર્મ ખપાવવા માટે અનાર્ય દેશમાં વિચર્યા. ત્યાં અજ્ઞાની અનાર્ય લોકોએ માર માર્યા. ચોર કહ્યા. છતાં પણ દિલમાં એક જ ભાવ કે મારા પૂર્વ કર્મનો ઉદય છે. મેં પૂર્વે એમને એવા કષ્ટો આપ્યા હશે, અપમાન કર્યા હશે એટલે એ બિચારા મને કરે છે. તેમાં મારે શા માટે ખેદ કરવો જોઈએ? ગજસુકુમાર મુનિના માથે સોમિલે ધગધગતા અંગારા મૂકયા, મેતારજ મુનિના શરીરે વાધરી વીંટી અને નસો તડતડ તૂટી. ખંધક મુનિના શરીરની ચામડી ઉતારવામાં આવી. ખંધક મુનિના ૫૦૦ શિષ્યોને ઘાણીમાં પીલ્યા. તે વખતે તેમણે કેવી દૃષ્ટિ કેળવી હતી? હે આત્મા! તને કંઈ નથી થતું. તારા દેહને થાય છે. દેહને દુઃખ પડતાં તારા કર્મો ખરે છે ને તું તો હળવો બની રહ્યો છું. આ દુનિયામાં તને કોઈ સુખ કે દુઃખ દેનાર નથી. સુખ અને દુઃખ દેનાર તારા પોતાના કર્મો છે. મહાન આત્માર્થી આત્માઓ આવો વિચાર કરે. હું આપને પણ કહું છું કે ભાઈ! સુખ-દુઃખના પ્રસંગમાં આત્માનો વિચાર કરવો. સુખ-દુઃખ પોતાના શુભાશુભ કર્મોથી મળે છે. પુણ્યના યોગે સંપત્તિ વધી જાય અને ગર્વ આવે ત્યારે નિરાશ્રિતો તરફ નજર કરો. જેઓ ગઈ કાલ સુધી મોટરોમાં મ્હાલતા હતા અને આજે પાપનો ઉદય થતાં એકેક પૈસા માટે બીજા તરફ નજર કરે છે. અમીરી એક રાતમાં ગરીબીમાં પલટાઈ જાય છે.

સંપત્તિ સિવાય માનવી પાસે શકિતનું બળ પણ છે. સત્તાનું બળ પણ છે.

ક્યારેક તેને સત્તાનો ગર્વ પણ આવી જાય છે. જ્યારે સત્તાનો ગર્વ આવે ત્યારે નેપોલિયન, હિટલર કે મુસોલિની તરફ નજર કરો. તેમના સત્તાશાળી જીવન જુઓ. તેઓ એક દિવસ દુનિયાભરના સામ્રાજ્યને મેળવવાનાં સ્વપ્નો સેવતાં હતાં. સમ્રાટ નેપોલિયન તો છાતી ઠોકીને કહેતો કે મારી ડિકશનેરીમાં "અસંભવિત" જેવો કોઈ શબ્દ નથી. આવા આત્મવિશ્વાસ સાથે જે દિશામાં તે પગ ઉપાડતો તે દિશાની પૃથ્વી ધ્રુજી ઉઠતી. જનતાના પ્રાણ કંપી ઉઠતા. તે અભિમાનથી કહેતો કે આખી દુનિયાને એક દિવસ નેપોલિયનની સામે નમવું પડશે. પણ તેનું કિસ્મત એવું બદલાયું કે તેને મરતાં કફન પણ ન મળ્યું. પૃથ્વીના પ્રાણને કંપાવનાર યોધ્ધો એક નાના સરખા ટાપુ ઉપર કેદીની હાલતમાં મર્યો. હજારો વીરોનાં લોહી વહાવી મેળવેલો વિજય તેની નજર સામે પરાજયમાં પલટાઈ ગયો.

મદાંધ મુસોલિની ઉપર રાક્ષસી વૃત્તિ એવી જોર કરતી હતી અને પોતાની વાયુસેના ઉપર તેને એટલો ગર્વ હતો કે તે અભિમાનપૂર્વક કહેતો કે યુધ્ધ તો વિશ્વની અનિવાર્ય આવશ્યકતા છે. નાનકડા એબિસિનિયા ગામને તેણે કેટલા જંગલીપણાથી કચડી નાંખ્યું છે! નાના સરખા દેશના આધુનિક શસ્ત્રસજાવટથી રહિત નાગરિકો ઉપર ઝેરી ગેસ છોડયો. પણ યુધ્ધને અનિવાર્ય કહેનાર મુસોલિનીનું ગર્વોન્નત મસ્તક યુધ્ધે નીચું નમાવ્યું. લશ્કરની છાવણીમાં તેની જીવનલીલા સમાપ્ત થઈ ગઈ.

અને હિટલર! તેનું નામ આતંકનું પ્રતિક બની ગયું હતું. વિશ્વવિજયની ધૂનમાં તેણે માનવને ગુલામ બનાવવાનો આતંક ફેલાવ્યો હતો. તે એક હાથમાં હાથકડી અને બીજા હાથમાં બોંબ લઈને દુનિયાને પડકારી રહ્યો હતો. કાં તો આપ ચુપચાપ હાથકડી પહેરી લો કાં તો તમારા ઉપર બોંબ પડે, તમારા મહેલો ઉપર બોંબ પડે ને તમારા અરમાંનો ધૂમાડો થઈ ઉડી જાય. આવું બોલનારનો પણ એક દિવસ એવો આવ્યો કે પોતાના અરમાનોની રાખ થઈ ગઈ. માત્ર તેના અરમાનો નહિ પણ તેનો પ્રિય દેશ જર્મની પણ ખંડિયેરમાં ફેરવાઈ ગયો. વીજળીના ઝબકારા જેવો તે જગતની રંગભૂમિ ઉપર આવ્યો અને તે રીતે નાશ પામ્યો. અને તેના શબનો પત્તો પણ ન લાગ્યો. જો સત્તા ટકવાની નથી તો એવી સત્તાનો મદ શી રીતે ટકશે? આપની નજર સામે જોતજોતામાં ભારતના સાતસો રાજાના રજવાડાઓની સત્તા છિનવાઈ ગઈ. સદીઓથી ચાલી આવેલી પુરાણી રાજાશાહી પરંપરાને ખતમ થતાં બે મહિના પણ ન લાગ્યા.

બધુંઓ! આ ઉપરથી આપણે એમ સમજવાનું છે કે કયારે પણ અભિમાન કરવા જેવો નથી. ઘણાંને સૌંદર્યનું અભિમાન હોય છે. પણ એને ખબર નથી કે વ્યાધિની ઉપાધી તેની પાછળ પડેલી છે. જ્યારે હોસ્પિતાલમાં નજર કરીએ છીએ ત્યારે

ખ્યાલ આવે છે કે ગઈ કાલની સુકુમાર કાયા આજે કેવી રોગથી ઘેરાઈ ગઈ છે! યાદ રાખજો. કદાચ વ્યાધિથી માનવી બચી શકશે પણ સૌંદર્યના દુશ્મન જેવી વૃદ્ધાવસ્થા આવશે ત્યારે તો સૌંદર્યનો નાશ થવાનો છે. આ રીતે કોઈને બળનું અભિમાન હોય તો તેણે પણ વિચાર કરવાની જરૂર છે કે જે ચક્રવર્તિઓ એક બાણુ વડે એક લાખ યોદ્ધાઓને મારી શકતા હતા તેઓ પણ કાળ રાજા આગળ સદાને માટે સૂઈ ગયા. લોખંડની બેડીઓને કાચા સૂતરના તાંતણાની માફક તોડી નાંખવાની શક્તિ ધરાવનાર બહાદુરો પણ કાળના મુખમાં ઝડપાઈ ગયા. ત્યાં તેમનું બળ કામ કરી શક્યું નહિ. માટે જ્ઞાનીઓ કહે છે કે બધું અભિમાન છોડીને તું તારા જીવનમાં એવું કાર્ય કરી જા કે તારા ભવના ફેરા ટળી જાય કારણ કે આ માનવ જન્મ ફરી ફરીને મળવાનો નથી.

આ માનવ જન્મ એક લોટરી સમાન છે. તેના દ્વારા અવશ્ય મહાન પુણ્યનો સંચય કરી શકાય છે. તે એટલે સુધી કે તીર્થંકર નામ કર્મ બાંધીને પછી મુક્તિને પ્રાપ્ત કરી શકે છે. પરંતુ પૂર્વ ભવોમાં જે પાપ કર્મો કર્યા હોય તે ચાહે થોડા હોય કે વધુ હોય પરંતુ તે બધા કર્મોના ફળ તેને અવશ્ય ભોગવવા પડે છે. એક પણ કર્મ બાકી રહેતું નથી. મહાભારતમાં પણ કહ્યું છે કે

यथा धेनु सहस्त्रेषु; वत्सो विन्दति मातरम् ।
एवं पूर्वकृतं कर्म, कर्तारमनुगच्छति ॥

જેવી રીતે વાછરડું હજારો ગાયોની વચમાં પણ પોતાની માને શોધી લે છે તે રીતે પહેલાના કરેલા કર્મો પણ કર્તાને ઓળખીને તેની પાછળ જાય છે. ભગવાન મહાવીર તીર્થંકર હતા પરંતુ તેમને પણ પોતાના પૂર્વે કરેલા કર્મોના કારણે કાનમાં ખીલા ઠોકાણા. માટે જ્ઞાનીઓ કહે છે કે કર્મબંધન કરતાં પાછા વળો. જ્યારે આત્મા વિભાવ દશામાં જોડાય છે ત્યારે કર્મબંધન કરે છે. પણ સ્વભાવ દશામાં આવે છે ત્યારે કર્મબંધનને તોડે છે.

આત્મા ચંદનની સમાન સુગંધવાળો છે પણ દુઃસંગને લીધે એમાં અશાંતિ રૂપ દુર્ગંધ પેદા થવા પામી છે. તે દુઃસંગ કયો? આ પ્રશ્નના જવાબમાં જૈન સિદ્ધાંત કહે છે કે દુઃસંગ કર્મજનિત પાપ છે. વેદાંતીઓ એને 'માયા' કહે છે અને સાંખ્ય લોકો એને 'પ્રકૃતિ' કહે છે. આ પ્રમાણે ભિન્ન ભિન્ન દાર્શનિકોએ દુઃસંગ વિષે ભિન્ન ભિન્ન કલ્પનાઓ કરી છે. પણ એ બધાનો સાર એટલો છે કે આત્મા પોતે સુગંધમય છે. પણ દુઃસંગને લીધે તેમાંથી દુર્ગંધ આવે છે. અર્થાત્ આત્મામાં તો શાંતિ છે. પણ કર્મસંયોગને લીધે શાંત આત્મા પણ અશાંત બની ગયો છે. અને દુઃખ અનુભવી રહ્યો છે. કર્મસંયોગને લીધે આત્માને અશાંતિ ભોગવવી પડે છે.

એક કરોડપતિ શેઠને એક પુત્ર હતો. શેઠે મરતાં પહેલા પુત્રને એવી શિક્ષા આપી

કે હે પુત્ર ! તું મુનીમ જેવા સારા માણસોની સંગતિ કરજે ને એમનું કહ્યું માનજે, પણ ખરાબ લોકોની સંગતિમાં પડીશ નહિ. આ પ્રકારની શિખામણ આપી શેઠ મૃત્યુ પામ્યા. પુત્ર યુવાન હતો એટલે યુવાનીના નશામાં શેઠની શિક્ષા ભૂલી ગયો. માનવી યુવાનીના નશામાં પડી જઇ મોજમઝા માણે છે અને હિતસ્વીઓએ આપેલી હિતશિખામણ પણ ભૂલી જાય છે. આ પુત્ર પણ પિતાની હિતશિખામણ ભૂલી ગયો. અને સત્સંગતિ છોડી ખરાબ સંગતિમાં પડી ગયો. તેને મુનિમનો સારો સંગ હવે ખટકવા લાગ્યો. એટલું નહિ પણ જ્યારે મુનિમ વગેરે કુસંગ છોડી દેવાની હિત-શિક્ષા આપે ત્યારે તે એમ વિચારતો કે આ બધા લોકો મારી મોજમઝામાં વિઘ્ન ઉભા કરવા ઇચ્છે છે. જ્યારે મનુષ્ય વિષયની લાલસામાં પડી પિતાની હિત શિક્ષાની અવહેલના કરે છે ત્યારે મુનિમ આદિની શિખામણની તેને શી પરવા હોય ! વિષયી પુરૂષને તો જે વિષયભોગની વાત કહે તે પ્રિય લાગે છે. અને જે તેનો વિરોધ કરે તે અપ્રિય લાગે છે.

શેઠનો પુત્ર વિષયવાસનામાં પડી જઇ ધનને ઉડાડવા લાગ્યો. થોડા દિવસોમાં તો તેનું બધું ધન સાફ થઇ ગયું. અને પરિણામે મકાનો વગેરે સ્થાવર મિલ્કત પણ ગીરવે મૂકવા પડયા. શેઠના પુત્રની દશા ભિખારી જેવી થઇ ગઇ. ત્યારે તેના મોજશોખના સાથીઓ પણ તેને છોડીને ચાલ્યા ગયા. જ્યારે શેઠના પુત્રને ખાવાના પણ સાંસા પડવા લાગ્યા ત્યારે તેને ભિક્ષા માગીને પેટ ભરવાનો સમય આવ્યો. બીજાનું કરજ ચૂકાવવામાં કદાચ મોડું થાય તો ચાલી શકે પણ પેટનું કરજ તો ચૂકવવું પડે છે. હવે ભીખ માંગીને પેટ ભરવા સિવાય બીજો રસ્તો ન હતો. તે ભિખારી બનીને ગામમાં ભટકવા લાગ્યો. કોઇ વાર તેને પકવાન જેવું સારૂં ખાવાનું મળતું તો કોઇ વાર રોટલાના ટુકડાના પણ સાંસા પડે સારું ખાવાનું મળે ત્યારે તે પ્રસન્ન થતો અને જ્યારે લૂખો સૂકો રોટલાનો ટુકડો મળતો ત્યારે દુઃખી થતો. આ પ્રમાણે શેઠના પુત્રના દિવસો પસાર થવા લાગ્યા.

એક દિવસ તે ભીખ માંગતો માંગતો મુનીમને ઘેર આવી પહોંચ્યો. તે મુનીમને તો ન ઓળખી શકયો. પણ મુનીમ તેને ઓળખી ગયા કે આ મારા શેઠનો પુત્ર છે અને મારો માલિક છે. મુનીમે તેને ઉપર બોલાવ્યો. પહેલાં તો તે મુનીમની પાસે જતાં ગભરાયો પણ જ્યારે મુનીમે તેને આશ્વાસન આપ્યું ત્યારે તે તેની પાસે ગયો, મુનીમે તેને પૂછયું કે તું મને ઓળખે છે ? ત્યારે શેઠના પુત્રે કહ્યું કે તમે તો મોટા માણસ છો એટલે તમને કોણ ન ઓળખે ? મુનીમે કહ્યું - તું તો મને ભૂલી ગયો છે પણ હું તને ભૂલ્યો નથી. હું તારો મુનીમ છું. મેં તને ખરાબ માણસોના સંગથી દૂર રહેવા ખૂબ કહ્યું હતું પણ તેં મારું માન્યું નહિ. એટલે હું તારા ઘરને છોડીને ચાલ્યો આવ્યો છું. છતાં પણ પૂર્વના સંબંધને કારણે તું મારો માલિક છે ને હું તારો મુનીમ છું.

મુનીમને ઓળખ્યા પછી શેઠનો પુત્ર પોતાના દુષ્કૃત્ય માટે રડવા લાગ્યો. સંકટો શા માટે આવતાં હશે એમ કહીને લોકો ઘણીવાર નિસાસા નાંખે છે. પરંતુ સંકટ આવવા તે પણ ઘણીવાર લાભદાયક બને છે. જ્યારે શેઠનો પુત્ર યુવાનીના નશામાં મસ્ત હતો ત્યારે મુનીમની હિતશિખામણ માની નહિ, પણ જ્યારે માથે દુઃખ આવ્યું ત્યારે તે મુનીમની વાત સાંભળવા ઉત્સાહી બન્યો. શેઠનો પુત્ર રડતો રડતો મુનીમને કહેવા લાગ્યો કે મેં આપનું કહેવું માન્યું નહિ એટલે મારી આ અવદશા થઈ છે. મારી પાસે જે કંઈ હતું તે બધું મેં ગુમાવી નાંખ્યું છે. અને અત્યારે ભિખારીની અવસ્થામાં ભીખ માટે ઘેર ઘેર ભટકું છું.

મુનીમે તેને આશ્વાસન આપીને કહ્યું કે તું ગભરાઈશ નહિ. તારી બહારની બધી વસ્તુઓ ચાલી ગઈ છે પણ હજી તારા ઘરમાં દાટેલું શું બાકી છે તે તું જાણતો નથી. એ મને ખબર છે. પણ તું મારા કહ્યા પ્રમાણે રહીશ ને? શેઠના પુત્રે કહ્યું કે આટલી ખરાબ સ્થિતિએ પહોંચ્યા પછી પણ જો આપની હિતશિખામણ ન માનું તો મારા જેવો હતભાગી બીજો કોણ હોય? હું આપના કહેવા પ્રમાણે જરૂર ચાલીશ અને આપ જે કહેશો તે પ્રમાણે વર્તીશ. મુનીમ કહે જો તું મારા કહેવા પ્રમાણે ચાલીશ તો તો આજે પણ શ્રીમંત છે. મુનીમે શેઠના પુત્રને થોડા દિવસ પોતાને ઘેર રાખ્યો. જ્યારે મુનીમને પાકો વિશ્વાસ બેઠો કે હવે આ પુત્ર મારું કહેવું માનશે અને કુસંગ નહિ કરે ત્યારે તેણે પોતાની મુડીથી શેઠનું ઘર ગીરવીમાંથી છોડાવ્યું. અને તે ઘરમાં દટાયેલા રત્નો કાઢી શેઠના પુત્રને આપ્યા. અને તેને પિતાની જે પૂર્વ સ્થિતિ હતી એટલે કે શ્રીમંત હતા તે સ્થિતિએ પહોંચાડયો. આ પ્રમાણે મુનીમે શેઠના પુત્રને સારા માર્ગે ચઢાવ્યો તો તે મુનીમનો ઉપકાર માને કે નહિ? જરૂર માને.

આ તો દૃષ્ટાંત છે. આ દૃષ્ટાંતની પાછળ રહેલો હેતુ તપાસો અને આ દૃષ્ટાંતને તમારા જીવનમાં ઉતારો. જે પ્રમાણે તે છોકરો એક કરોડપતિનો પુત્ર હતો તે પ્રમાણે આપણે પણ ભગવાનના પુત્રો છીએ. પરંતુ જેમ તે ખરાબ માણસોની સંગતિમાં પડી જઈ આખરે દુઃખી બન્યો તેમ આપણે પણ કર્મની સંગતિમાં પડી જઈ દુઃખ અનુભવી રહ્યા છીએ. ભગવાનના પુત્રોએ ખરાબ સંગતિમાં ન પડવું જોઈએ. પણ ભગવાનની શિક્ષાનુસાર શાશ્વત સુખને પ્રાપ્ત કરવાના પ્રયત્નમાં સંલગ્ન રહેવું જોઈએ. અને સાચા સદ્ગુરૂ રૂપી મુનીમનું કહેવું માનવું જોઈએ. પરંતુ આ આત્મા કામ, ક્રોધ, લોભ, રાગ-દ્વેષ આદિ દુષ્ટોની સંગતિમાં પડી જઈ સાચા સદ્ગુરૂ રૂપી મુનીમનું કહેવું માનતો નથી. જેમ શેઠના પુત્રે મુનીમની હિતશિખામણ માની નહિ એટલે મુનીમ તેના ઘરમાંથી નીકળી ગયો. પણ બળજબરી જરા પણ કરી ન શકયા. તેમ ગુરૂ પણ કોઈના ઉપર બળજબરી કરતા નથી. જ્યારે તેમનું કહેવું કોઈ માનતા

નથી ત્યારે તે ત્યાંથી ચાલ્યા જાય છે. મુનીમની હિતશિક્ષા ન માનવાથી જેમ શેઠનો પુત્ર દુઃખી થઇ ગયો અને તેને ભિખારી થઇને ભટકવાનો સમય આવ્યો તેમ ગુરૂની હિત શિખામણ ન માનવાથી આ આત્મા પણ દુઃખી થઇ ગયો છે અને ભિખારીની માફક ચતુર્ગતિમાં ભટકી રહ્યો છે. જેમ ભિખારી સારૂં ખાવાનું મળવાથી પ્રસન્ન થાય છે અને લૂખુંસૂકું મળવાથી દુઃખી થાય છે. તેમ સંસારના કીચડમાં ખૂંચેલો આત્મા પણ ઈન્દ્રિય ભોગના પદાર્થો મળવાથી પ્રસન્ન થાય છે અને જ્યારે એવા ભોગના પદાર્થો મળતા નથી ત્યારે દુઃખી થાય છે.

આ પ્રમાણે સાચા સદ્ગુરૂની શિખામણ ન માનવાથી અને દુષ્ટ કામવૃત્તિની સંગતિમાં પડવાથી આ આત્મામાં આવું ભિખારીપણું આવી રહ્યું છે. લોકો ફોનોગ્રાફ, રેડિયો, ટેલીવીઝન અથવા નટ-નટી આદિના ગીતો સાંભળવા ઇચ્છે છે પણ આ તેમનું ભિખારીપણું છે કે નહિ? જો ભિખારીપણું નથી તો એમ વિચારો કે તમે જે કાનોદ્વારા ગીત સાંભળવા ચાહો છો તે કાનો ઉપર પણ તમે તમારૂં અધિપત્ય રાખી શકો છો? કોઇ બહેરા માણસને તમે ગીત સાંભળવાનું કહો તો તે શું કહેશે? તે એમ કહેશે કે મારે કાન જ નથી તો સાંભળવું શું? એમ કહીને તે રડવા લાગશે. અર્થાત્ કાન ઉપર પણ તમારું આધિપત્ય નથી. એટલા માટે જે કાનનો પણ કાન છે તે આત્માને ઓળખો. લોકો કાનના પણ કાન એવા આત્માને ઓળખતા નથી. અને ઇન્દ્રિઓના વિષયોના ભિખારી-દાસ બની રહ્યા છે. ઇન્દ્રિઓ ઉપર પણ આત્માનું અધિપત્ય રહ્યું નથી. અરે! ફોનોગ્રાફ, ટી. વી. રેડિયો આદિ પદાર્થો ઉપર પણ આધિપત્ય રહ્યું નથી. ટેલિવીઝન આદિ પણ સદા ટકતું નથી. તે પણ તૂટી જાય છે અને ત્યારે જીવને દુઃખ થાય છે. આ ભિખારીપણું નથી તો બીજું શું છે?

જો તમે આવા ભિખારીપણાને છોડી સ્વતંત્રતા પ્રાપ્ત કરવા ઇચ્છતા હો તો સદ્ગુરૂ કહે તે પ્રમાણે આત્માને આત્મસુધારના શુભ કામમાં પરોવો સદ્ગુરૂના સદ્વચનોને માની જ્યારે આત્મા કર્મરૂપી દુઃસંગ છોડી દે છે ત્યારે તે સિધ્ધ બની જાય છે.

આ રીતે અનાથી મુનિનો ભેટો થતાં શ્રેણીક રાજાનો આત્મા પણ કુસંગ રૂપી મિથ્યાત્વને છોડીને સમ્યક્ત્વ પામે છે. તે પ્રતાપ હોય તો સદ્ગુરૂનો યોગ. માટે જીવનમાં જેટલો બને તેટલો સાચા સદ્ગુરૂનો સમાગમ કરો. તેના દ્વારા આત્માનો વિવેક પ્રાપ્ત થશે. હવે શાસ્ત્રકાર શું કહે છે:-

**अप्पा कत्ता विकत्ता य, दुहाण य सुहाण य ।**
**अप्पा मित्तममित्तं च, दुप्पट्ठिय सुप्पट्ठिओ ।।**

ઉત્ત. સૂ. અ. ૨૦, ગાથા ૩૭

આપણો પોતાનો આત્મા કર્મનો કર્તા છે ને કર્મનો ભોકતા છે. જેવા જેવા

કર્મો જીવે બાંધ્યા છે તે હસતાં કે રડતા પોતાને ભોગવવાના છે. બહારની કોઈ પણ વ્યક્તિ જીવને સુખ કે દુઃખ આપી શકતી નથી. માતા–પિતા પોતાની દીકરીને સારું ઘર શોધીને પરણાવે છે. પણ જો તેના અશુભ કર્મનો ઉદય હોય તો તેને દુઃખ પડે છે. અને પુણ્યનો ઉદય હોય તો દુઃખ સુખમાં પલટાઈ જાય છે.

સુરસુંદરીએ તેના પિતાજીને કહ્યું કે હે પિતાજી! તમે બધાને સુખી કે દુઃખી કરી શકો છો. પણ મયણાસુંદરી સમકિત પામેલી હતી. તેણે તેના પિતાજીને કહી દીધું કે પિતાજી! દુનિયામાં કોઇ કોઇને સુખી કે દુઃખી કરનાર નથી. સુખી કે દુઃખી કરનાર પોતાના કર્મો છે. સુરસુંદરીના જવાબથી તેના પિતા ખુશ થયા. ને તેને રાજકુમાર સાથે પરણાવીને ખૂબ કરિયાવર કર્યો. અને મયણાસુંદરીએ પોતાને (રાજાને) ગમતો જવાબ ન આપ્યો એટલે ગુસ્સે થઈને કોઢીયા સાથે પરણાવી. પરંતુ સુરસુંદરીના અશુભ કર્મનો ઉદય થતાં દુઃખી બની ગઇ ને મયણાસુંદરીનો પુણ્યનો ઉદય થતાં દુઃખીમાંથી મહા સુખી બની ગઇ. આ ઉપરથી સ્પષ્ટ સમજી શકાય તેમ છે કે સુખ–દુઃખનો કરનાર પોતાનો આત્મા છે.

કર્મોદય સમયે સ્વદોષ જોવા ને પરદોષ જોવા નહિ એ સમકિતીનું લક્ષણ છે. દરેક જીવાત્મા આવી દૃષ્ટિ કેળવે તો તેના જીવનમાં દુઃખ આવે નહિ. આપણો આત્મા કર્મનો કર્તા અને ભોકતા છે ને કર્મને તોડનારો પણ છે. એટલે સુખ દુઃખનો કર્તા અને ભોકતા આપણો આત્મા છે. સ્વભાવમાં રમણતા કરતો એવો આત્મા પોતાનો મિત્ર છે ને વિભાવમાં રમણતા કરનારો આત્મા પોતાનો શત્રુ છે. હજુ અનાથી મુનિ શ્રેણીક રાજાને શું વાત સમજાવશે તે વાત અવસરે.

**ચરિત્રઃ પવનજી અંજનાની શોધમાંઃ** પવનજી આણે આવે છે તેવા સમાચાર મળતાં અંજનાના માતા પિતાને ખૂબ દુઃખ થયું. જમાઇને શું જવાબ આપીશું? તે વિચારે તેમના મોઢા પડી ગયા. ખૂબ રડવા લાગ્યા. ત્યારે ડાહ્યો પ્રધાન કહે છે મહારાજા! તમને મેં ઘણાં સમજાવ્યા હતા પણ તમે અમારી વાતને સાંભળી નહિ. જે થયું તે થયું હવે આમ રડવાથી કંઇ ચાલશે નહિ તમે પવનજીને સામૈયું કરીને તેડી લાવો. પછી જે થવું હશે તે થશે. એટલે રાજા પવનજીનું સામૈયું કરવા તૈયાર થયા.

**સૈના મેલી કરી સંચર્યા, સસરો જમાઇની સામે જાય તો,**
**અતિ દુઃખ રાયને સાંભરે, મનમાંહે પુત્રીનો અતિ ઘણો દાહ તો,**
**પુરોહિત પવનજી આવીયા, કાળું મુખ કરી મલીયો નરેશ તો,**
**પવનજી ઇહાં રે પધારીયા, મહેન્દ્ર કહે હું કેવો ઉત્તર દેશ તો–સતી–**

પવનજીના સસરા સ્વાગત કરવા માટે સામા આવ્યા. ઘણું માણસ સાથે છે. ખૂબ ધામધૂમથી સ્વાગત કરે છે. પણ સસરાજીના મુખ ઉપર બિલકુલ હર્ષ નથી. આ જોઇ

ચતુર પવનજીના મનમાં થયું કે સસરાજીનું મુખ મને જોઈને હસતું નથી. એમના મુખ ઉપર ચિંતાની રેખા દેખાય છે. મારા સાળા પણ સામા આવ્યા નથી. શું કારણ હશે? તો શું અંજના કે તેના બાળકને કંઇ થયું હશે?

તેમ પવનજી અનેક વિચાર કરી રહ્યા છે. બીજી બાજુ સસરાજી વિચાર કરે છે કે પવનજી મહેલમાં આવીને અંજનાના ખબર પૂછશે તો હું શું જવાબ આપીશ? આ રીતે બંને અલગ અલગ વિચાર કરી રહ્યા છે ને ભવ્ય સ્વાગત થઇ રહ્યું છે. આખા શહેરની જનતા અનેક વિચાર કરી રહી છે. બીજી બાજુ ધામધૂમથી આખા ગામમાં ફેરવીને પવનજીને મહેલમાં લઈ આવ્યા.

**પવનજી મહેલમાં પધાર્યા**:– પવનજીએ મહેલમાં આવી સૌને વંદન કર્યા. અરસપરસ મળ્યા. ત્યાર બાદ તેમના શરીરે સુગંધીદાર તેલ ચોળીને તેમને સ્નાન કરાવ્યું. પવનજી અહીં આવ્યા છે, બધા ખમ્મા ખમ્મા કરે છે, પણ પવનજીનું ચિત્ત અંજનામાં છે. બધા છે પણ અંજના કેમ દેખાતી નથી? વળી મનમાં વિચાર થયો કે અંજના તો બહુ શરમાળ છે એટલે બધા વડીલો હોય ત્યાં થોડી આવે! પછી મળશે. એમ વિચાર કરતાં સ્નાન કર્યું. સારા વસ્ત્રો પહેરીને તૈયાર થયા બાદ જમવાનો સમય થતાં જમવા માટે બેસાડયા. સોનાના થાળમાં બધી જાતજાતની વાનગીઓ પીરસાઇ ગઇ. પણ પવનજી જમતા નથી. ભાણામાં હાથ નાંખતા નથી. ત્યારે તેમના સાળાઓ કહે છે પ્રતાપી પવનકુમાર! જમવાની શરૂઆત કરો. પણ જમતા નથી. ચારે બાજુ દૃષ્ટિ કરીને અંજનાની રાહ જુવે છે. પણ તે ક્યાંય દેખાતી નથી. અંજના વગર ચેન પડતું નથી. પણ પવનજી ખૂબ શરમાળ હતા. લજ્જાવાળા હતા. તેથી લજ્જાના કારણે બોલતા નથી ને મોઢામાં કોળિયો મૂકતા નથી. તેમજ અંજનાનું મુખ જોયા વિના ખાવું નથી. પણ કહેવાય કેવી રીતે? કારણકે અંજનાના ભાઇઓ પણ બધા મોટા છે. એમને કહેતાં શરમ આવે છે.

પવનજી તેના મિત્રને કહે છે અંજના સતીએ દીકરીને જન્મ આપ્યો લાગે છે. જો કુંવર જન્મ્યો હોત તો બધા વધામણી આપત. બીજું વસંતમાલા તો ક્યાંય છુપી રહે તેવી નથી. એ પણ કોણ જાણે ક્યાં સંતાઇ ગઇ છે કે દેખાતી નથી? શું થયું હશે? સાસુએ કલંક ચઢાવ્યું તેથી આપઘાત તો નહિ કર્યો હોય ને! આ રીતે બંને મિત્રો વાત કરે છે. ત્યારે અંજનાના ભાઈઓના મનમાં થયું કે હમણાં પવનજી પૂછશે કે તમારી બહેન ક્યાં ગઇ? તો શું જવાબ આપીશું? પવનજી જમતા નથી. હવે શું કરવું? આવો વિચાર કરતાં બધા આઘાપાછા થઇ ગયા. પવનજી અને તેમના મિત્ર બંને વિચાર કરે છે માનો કે ન માનો. કંઇક દાળમાં કાળું છે. નહિતર બધા શા માટે જતા રહે? એટલામાં પવનજીના સાળાની નાનકડી બેબી રમતી રમતી ત્યાં આવી. પવનજી ભાણેથી ઉભા થઈ

ગયા ને બેબીને ખોળામાં બેસાડીને પૂછયું કે બેબી! તારા ફઇબા શું કરે છે? મઝામાં તો છે ને? જા તારા ફઇબાને કહી આવ કે મારા પુવા યુધ્ધેથી આવી ગયા છે. ને કહેજે કે પુવા એકલા છે તે તમને મળવા માટે તલસે છે. તમે શરમ છોડીને પુવા પાસે આવો. જા જલ્દી કહી આવ. આ શબ્દો સાંભળીને બેબી ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગી. ત્યારે પવનજી વિચાર કરવા લાગ્યા, બેબી મારાથી ડરી ગઇ લાગે છે. એટલે તેને ખિસ્સામાંથી સોનામોહોરો કાઢીને આપી. પણ બેબી તો ખૂબ રડવા લાગી. કંઈ બોલતી નથી. ત્યારે પવનજીના મનમાં શંકા થઈ કે અંજનાનું શું થયું હશે? જો અહીં હોય તો એટલું તો કહે ને કે મારા ફઇબા મઝામાં છે. ખૂબ પૂછયું ત્યારે બેબીએ કહ્યું પુવા! મારા ફઇબા તો આવ્યા હતા. પણ શું વાત કરું? મારા દાદા - દાદીએ તો તેમના સામું પણ જોયું નથી. દાદીની દાસીઓએ મારા ફઇબાને માર્યા હતા. કોઇએ રાખ્યા તો નહિ પણ પાણી માંગતા કોઇએ તેમને પીવા માટે પાણી પણ ન આપ્યું.

**માતા પિતાએ એણે બંધવે, પાપીએ કીધું છે કર્મ ચંડાલ તો,**
**આંગણે રાખી ન અધ ઘડી, કલંકે ચઢાવી દીધું છે આળ તો,**
**સતી રે શિરોમણી અંજના........**

સાળાની દીકરી ધ્રુસકે ધ્રુસકે રડતી રડતી કહે છે પુવા! મારા દાદા-દાદીએ ને મારા માતા-પિતાએ તો કસાઇના કામ કર્યા છે. હું શું વાત કરું? મારા ફઇબાનું રૂદન જોયું જતું ન હતું. પણ કોઇ તેમનું સગું ન થયું. ને ફઇબાને કાઢી મૂકયા. એક અડધો કલાક પણ આંગણે ઉભા ન રાખ્યા. એટલે મારા ફઇબાને હું અત્યારે કયાંથી બોલાવી લાવું! આ પ્રમાણે સાળાની દીકરીએ કહ્યું. હવે પવનજીને કેવો ક્રોધ આવશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં. ૮૭

## વિષયઃ—જીવનરૂપી બંગલામાં શું ભરશો?

**આસો વદ ૭ ને રવીવાર** **તા. ૨૬-૧૦-૭૫**

અનંત કરૂણાના સાગર જ્ઞાની ભગવંતે જગતના જીવોના કલ્યાણને માટે આગમ વાણી પ્રકાશી. અનંતકાળથી જીવને ચતુર્ગતિમાં પરિભ્રમણ કરતાં અને દુઃખો ભોગવતા જોઈને ભગવંતના દિલમાં કરૂણા આવી અને બોલ્યા હે ભવ્ય જીવો! તમે કયાં સુધી ભવવનમાં ભટકશો? અજ્ઞાન અને મોહમાં પડીને ઘણું ભમ્યા. હવે ભવભીરૂ બનો. આજે રવિવારનો દિવસ છે. ઘણાંને ચાંલ્લામાં ને લગ્નમાં જવાનું હશે. અગર સગાં સ્નેહીને મળવા જવાનું હશે. હરવા ફરવા ને સિનેમા જોવા જવાનું હશે! જ્ઞાની કહે છે પરમાં ઘણું રખડયો. હવે સ્વઘરમાં આવ. સંસારના ચાંલ્લા ઘણાં કર્યા હવે આત્માનો

ચાંલ્લો કરો. તમે માનો છો કે ચાંલ્લામાં નહિ જાઉં તો સગા કે સંબંધીને ખોટું લાગશે. ત્યાં ગયા વિના મારે નહિ ચાલે. પણ કદી એમ થાય છે કે ઉપાશ્રયે મહાસતીજી પધાર્યા છે ત્યાં ગયા વિના મારે નહિ ચાલે. કારણ કે મહાસતીજી ખોટું લગાડવાના નથી. ઉપાશ્રયે નહિ જવાય, ધર્મ આરાધના નહિ થાય તો વાંધો નહિ પણ સંસારનો વહેવાર મારે પહેલો સાચવવો પડશે એમ તમે માનો છો.

અનંતકાળથી જીવે પુદ્દગલની પ્રીત કરી છે. પુદ્દગલની પ્રીત એ સાચી પ્રીત નથી. પૈસો પણ પુદ્દગલ છે. અને પુદ્દગલ એ આત્માથી પર છે. તેના મોહમાં ફસાઈને જીવ ખોટાને સાચું માની બેઠો છે. કોઈ જાદુગર-માયાવી માણસ આવીને કોઈ બહેનને કહે કે ૫૦૦ રૂપિયામાં હું પિત્તળનું બેડું સોનાનું બનાવી આપું છું. તો કોઈ ભોળી બહેન ૫૦૦ રૂપિયા આપીને પિત્તળનું બેડું સોનાનું બનાવડાવે. પણ પછી તેને ખબર પડી કે હું ઠગાઈ ગઈ. આ જાદુગર મને બનાવી ગયો. ત્યારે તમે તે બહેનને શું કહેશો? બાઈ! તું કેવી મૂર્ખી છે! ૫૦૦ રૂપિયામાં તો કંઈ સોનાના બેડા બનતા હશે? તમે બાઈને મૂર્ખી કહી. પણ તમે કેવા મૂર્ખ છો તે તમને ખબર છે? અનંત કાળથી વિભાવમાં પડી જે પૌદ્દગલિક પદાર્થો પોતાના નથી તેને પોતાના માનીને બેસી ગયા છો. તેનું શું? જ્ઞાની કહે છે વિભાવનું વિસ્મરણ કરો ને સ્વભાવનું સ્મરણ કરો. આ ઘરબાર-બંગલા બધું પુદ્દગલ છે ને?

**બંગલો બંધાવ્યો બાસઠ લાખનો, ઢગલો કર્યો રૂડી રાખનો,**
**ઉપયોગ કર અંતર આંખનો, ખપ કરી લે સદ્દગુરૂ શાખનો.**

દેવાનુપ્રિયો! તમને એમ થાય છે કે હવે પુદ્દગલની માયા ઓછી કરું! વહેપાર ધંધા ઓછા કરું! બસ, કમાવું, ખાવું, પીવું ને આલેશાન મહેલમાં સૂઈ જવું! હજુ મને વાંધો આવે તેમ નથી તેમ તમારા મનમાં થાય છે ને? પણ તમારી અંતર આંખનો ઉપયોગ કરો. જરા વિચાર કરો કે કોણ કોનું છે? આ કાળમાં આપણને આત્માનું ભાન કરાવનાર પરમ અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની કે કેવળજ્ઞાની આપણી પાસે નથી પણ આત્મદર્શન કરાવનાર જો કોઈ હોય તો સાચા સદ્દગુરૂઓ છે. એટલા માટે જ્ઞાની કહે છે કે **"ઉપયોગ કર અંતર આંખનો, ખપ કર સદ્દગુરૂ શાખનો"** તમારા અંતરચક્ષુ ખોલી સદ્દગુરૂનો સમાગમ કરો.

આ દેહ રૂપી નગરી છે તેમાં મન રૂપી મહેલ છે. અમૂલ્ય માનવ દેહ જેમ તેમ મળ્યો નથી. મહાન પુણ્યના ઉદયથી મળ્યો છે તેનો તમે કેવો ઉપયોગ કરો છો? આ મુંબઈ નગરીમાં કોઈએ બાસઠ લાખ રૂપિયાનો સુંદર આલેશાન ભવન જેવો બંગલો બંધાવ્યો. તો તે બંગલો દેવભવન જેવો હોય ને? સુંદર ફર્નીચર આદિ સુંદર સગવડો તેમાં કરી છે. કોઈ કહે કે ફલાણા શેઠે બાસઠ લાખનો બંગલો બંધાવ્યો છે ને

અમુક દિવસ સુધી ખુલ્લો મૂક્યો છે. જેને જોવા જવું હોય તે જઇ શકે છે. તો ભાડાના પૈસા ખર્ચી સમય બગાડીને જોવા માટે જાવ ને? પણ વિચાર કરો. એની તો બાસઠ લાખની કિંમત હતી. પણ માનવદેહ તો એટલો કિંમતી છે કે તેની કિંમત આંકી અંકાય તેમ નથી. મહાન પુણ્યના થોકે થોક ભેગા થયા ત્યારે આ માનવદેહ મળ્યો છે.

માનવદેહ એ મોક્ષે જવા માટેનું સાધન છે. કોઈ પણ કાર્યમાં સાધનની જરૂર પડે છે. નળમાંથી કે તળાવમાંથી પાણી ભરી લાવવા માટે વાસણની જરૂર પડે છે. વાસણ હોય તો પાણી ભરી શકાય. કામ પતી ગયા પછી સાધન છોડી દેવું પડે છે. તેમ આપણું શરીર પણ મોક્ષમાં જવા માટે એક સાધન છે. અંતિમ સમયે દેહને પણ વોસિરે.... વોસિરે કરવાનો છે. પરંતુ આજે તો કોઇ શ્રાવક બિમાર હોય ને મારા જેવી માંગલિક સંભળાવવા જાય. પછી એની સ્થિતિ જોઇને કહે કે શ્રાવકજી! કંઇ પચ્ચખાણ લેવા છે? હવે હાથપગ ચાલતા નથી. તો એવી બાધા લો કે આ હાથ વડે કાળા ચોપડા ચીતરવા નહિ. તો પણ એ બાધા લેવા તૈયાર થતો નથી. (હસાહસ) કેટલી મમતા છે! કલમ પકડી શકતો નથી છતાં પ્રત્યાખ્યાન કરીને સંવરમાં આવવાનું મન થતું નથી. તો ગર્દભની જેમ છાલકા ઉપાડવા છે ને! (હસાહસ) છાલકા સમાન માથે પાપના પોટલા પડયા છે ને જીવનના અંત સુધી પણ જેને આ છાલકા ઉતારી આશ્રવમાંથી સંવરમાં આવવાનું મન ન થાય તેને શું કહેવું તે તમે સમજી લેજો.

આપણે બાસઠ લાખના બંગલાની વાત ચાલે છે. બાસઠ લાખનો બંગલો તો અરિસા જેવો સ્વચ્છ રાખવો જોઇએ ને? એમાં કોઇ રાખના ઢગલા કરે તો તે કેવો કહેવાય? કિંમતી મહેલમાં બધું વ્યવસ્થિત હોય તો મહેલ શોભી ઉઠે છે. પણ જો તેમાં કોઇ જાતની વ્યવસ્થા ન હોય તો બાસઠ લાખના બંગલાની કોઇ કિંમત નથી. તે રીતે જ્ઞાની કહે છે માનવદેહ રૂપી નગરીમાં મનરૂપી બાસઠ લાખનો મહેલ છે. તેને સદ્‌વિચારોથી સ્વચ્છ ને સુંદર રાખવાનો છે. તેમાં ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ અને વિષયકષાય આદિ દુર્ભાવનારૂપી રાખના ઢગલા ભરતા નહિ. કારણ કે દુર્ભાવનાની રાખ મનરૂપી મહેલમાં ભરવાથી આત્મા મલીન બને છે. તેમાં માન આત્માનો મોટો દુશ્મન છે. ક્રોધને ઉત્પન્ન કરનાર માન છે. તમે ઘરમાં કોઇને કંઈ કહો ને તમારા કહ્યા પ્રમાણે ન થાય તો તરત અંતરમાં થશે કે હું ઘરનો વડીલ ને મારું કહ્યું ન થાય? આ માન આવ્યું. પછી ક્રોધ આવશે. માન કષાયે કેવળજ્ઞાનની જ્યોત પ્રગટતાં અટકાવી છે. બાહુબલીએ વર્ષ દિવસ સુધી કેવી કેવી ઉગ્ર સાધના કરી! કાઉસગ્ગ ધ્યાનમાં અડોલ રહ્યા પણ અંતરમાં અહંકાર ભર્યો હતો ત્યાં સુધી કેવળજ્ઞાન પ્રગટ થયું નહિ. માટે જ્ઞાની કહે છે જો તમારા અંતરમાં હુંકાર લાવો તો આત્માનો લાવો કે હું કોણ છું? હું સચ્ચિદાનંદ, ચૈતન્ય સ્વરૂપી આત્મા છું. હું પાંચ ઈન્દ્રિય

અને મનનો ગુલામ નથી. પણ તેનો સ્વામી છું. અનંતજ્ઞાનનો પુંજ છું. અનંત શકિતનો અધિપતિ છું. પણ વિષય-વિકાર, વિલાસ, વૈભવ આદિ વિભાવની રાખમાં આળોટનારો ગર્દભ નથી. આવો હુંકાર લાવો અને મન રૂપી મહેલમાં દુર્ભાવનાના કચરા ભરો નહિ. વાલકેશ્વરના ભવ્ય ઉપાશ્રયમાં રાખના ઢગલા થવા દો ખરા? ના. તો વિચાર કરો. મનરૂપી બંગલામાં પણ કુવાસનાના કચરા ભરાય ખરા? ના. તમે ઉપાશ્રયમાં આવી સામાયિક લઈને સંતની સામે વ્યાખ્યાન સાંભળવા બેઠા છો. પણ મન મહેલમાં તો વહેપાર અને વ્યવહારના તરંગો ઉછળતાં હોય તો યાદ રાખજો કે તમે રાખના ઢગલા ભેગા કરી રહ્યા છો.

બંધુઓ! તમારો વહેપાર અને વ્યવહાર આ બધો આશ્રવ છે. તમે માનતા હો કે અમારો ધંધો ઉજળો છે. અમે કયાં પાપ કરીએ છીએ? પણ ઊંડાણથી વિચાર કરશો તો સમજાશે કે તમારો ઉજળો વહેપાર પણ આશ્રવ છે. વહેપારમાં આત્મા વેચાઈ રહ્યો છે ને વીંધાઈ રહ્યો છે. કાળા-ધોળા કરી નાણાં ભેગાં કરી કર્મબંધન કરો છો. અત્યારે સમજાતું નથી પણ કર્મરાજાની સજા ભોગવવી પડશે ત્યારે ભાન થશે. જો સદ્દગુરૂની વાત સમજાતી હોય ને અંતરની આંખ ખુલતી હોય તો હવે સામાયિક કરી સંવરના ઘરમાં આવો. તો આત્મા કર્મના ભારથી હળવો બનશે. દેહનગરીમાં બાંધેલી મનની મહેલાતમાં જે વિષય-કષાય અને દુર્ભાવનાના કચરા ભરાઈ ગયા છે તેને સાફ કરવા માટે સદ્દગુરૂના વચનરૂપી સાવરણી હાથમાં લઈ કચરો વાળશો તો મન મહેલ સાફ થશે. ને આત્માપવિત્ર બનશે. ત્યારે અંતરાત્મા બોલી ઉઠશે, કે હે ચેતન! હવે તું જાગ આહાર સંજ્ઞા, ભય સંજ્ઞા, મૈથુન સંજ્ઞા અને પરિગ્રહ સંજ્ઞા આ ચાર સંજ્ઞાનું સેવન કરવામાં અનંતો કાળ વીતાવ્યો. આ ચાર સંજ્ઞામાં પહેલો નંબર આહાર સંજ્ઞાનો છે. શા માટે? આ જીવ જ્યાં ગયો ત્યાં તેણે પહેલો આહાર કર્યો છે. માતાના ગર્ભમાં આવ્યો ત્યાં સર્વપ્રથમ માતા-પિતાના અશુચી પુદ્દગલોનો આહાર કરે છે. એટલે પહેલો નંબર આહાર સંજ્ઞાનો છે.

પેટ એ ગોડાઉન છે. જિહ્વા ઇન્દ્રિય દલાલ છે. તે દલાલ દ્વારા પેટ રૂપી ગોડાઉનમાં માલ ભરાય છે. ગોડાઉનમાં ગમે તેટલું ભરાય પરંતુ જિહ્વાઇન્દ્રિયને કંઈ લેવા દેવા નથી. જીભ સ્વાદ પોતે કરે છે અને દુઃખ આપે છે પેટને! આ જીભ હરામ ખોરની જાત છે. જીભના ચટકાથી તો શરીરના પ્રત્યેક અંગ વિફરે છે. માથું દુઃખે છે. પેટ દુઃખે છે. હાથ-પગમાં કળતર થાય છે. આ ગોડાઉનમાં કેટલું નાંખ્યું! છતાં જ્યારે જુઓ ત્યારે ખાલી ને ખાલી.

જીભ એ દલાલ છે. બધી ઇન્દ્રિઓમાં જીભનું જોર વધારે છે. દરેક ઇન્દ્રિઓ બે છે. જ્યારે જીવ એક છે છતાં બે કામ કરે છે. એક ખાવાનું અને બીજું બોલવાનું. આ

જીભના બત્રીસ પહેરેગીરો છે. તે કયા? દાંત. એક વાર પહેરેગીરોને જીભ ઉપર અસંતોષ થવાથી બળવો કરવાનું મન થયું. ત્યારે એ બત્રીસ પહેરેગીરોએ જીભને કહ્યું કે તું સરખી રહેજે. નહીં તો અમે બત્રીસ દાંત તારો કચ્ચરઘાણ કાઢી નાંખીશું. તું એક છે ત્યારે અમે બત્રીસ છીએ. જીભે દાંતને કહ્યું, કે તું મને કચરી નાંખીશ તે પહેલાં હું તારો કાંટો કાઢી નાંખીશ. બે ખરાબ વચન કોઇને કહીશ તો પછી તારી બત્રીસીને ભાંગીને ભૂક્કો કરવાનું કામ મારે રમત છે. માટે મને સતાવવામાં મજા નથી. આ બતાવે છે કે જિહ્વાઇન્દ્રિયનું પ્રાબલ્ય ઘણું છે. જો સારું બોલે તો બીજાને આનંદ થાય અને બોલતાં ન આવડે તો અઢી ઇંચની જીભ માણસને ઉભો બાળી મૂકે છે. વળી સ્વાદ પણ જીભ કરે છે ને દુઃખ પેટને ભોગવવું પડે છે.

આ જીભના ચટકે સ્વાદ પૂરા કર્યા તો શરીરમાં રોગ થાય છે. આજે હોટલો રેસ્ટોરન્ટો, લોજો, કલબો જેમ જેમ વધી તેમ તેમ રોગો પણ વધ્યા. તેથી જેટલા ડોકટરો હોય છે તેટલા ઓછા પડે છે. દવાખાનામાં દવા લેવા માટે લાઈનો લાગે છે. નિત્ય નવી નવી દવાઓ શોધાય છે. તેની સાથે નવા રોગો પણ ફેલાય છે. જો ટી. બી. નો ઉપાય મળ્યો તો કેન્સરનો રોગ નીકળ્યો અને કેન્સરનો પણ ઉપાય જડશે તો એના કરતાં પણ ભયંકર રોગ પેદા થશે. આ જગતની અંદર ભૂખથી જેટલા માણસો મર્યા નથી તેનાથી વધારે માણસો વધુ ખાવાથી મરી ગયા છે. અને વધુ ખવરાવવાનું કામ જીભ કરે છે. ઠાણાંગ સૂત્રના સાતમા ઠાણે ભગવંતે કહ્યું છે, કે સાત કારણે આયુષ્ય તૂટે છે. તેમાં એક બોલ છે કે આહાર-અજીર્ણથી પણ આયુષ્ય તૂટે છે. માનવના પેટમાં ખાધેલું પાચન ન થાય, અજીર્ણ થઇ જાય છતાં જીભને સ્વાદ લાગે એટલે પેટમાં નાંખ્યા કરે. પરિણામે અજીર્ણ વધતાં મરી જાય છે. માટે જ્ઞાની કહે છે કે "अति सर्वत्र वर्जयेत् ।" દરેક વસ્તુ માપમાં સારી. અતિ સારી નહિ. દારૂગોળામાં જો જરૂરિયાતથી વધુ દારૂ ભરવામાં આવે તો દુશ્મનનો નાશ કરવા જતાં પહેલાં પોતાનો નાશ થઇ જાય છે. એંજિનના બોઇલરની અંદર પણ વધારે પડતી વરાળ ભેગી કરવામાં આવે તો બોઇલર ફાટી જાય છે. તે રીતે પેટમાં વધુ નાંખવાથી લાભના બદલે હાનિ થાય છે. ઓછું ખાવાવાળાની બુદ્ધિ અને વિચાર સારા રહે છે. તેની તબિયત સારી રહે છે. એટલે ડોકટરના દવાખાના પણ શોધવા પડતા નથી. દવાનો ખર્ચ બચી જાય છે.

આ પેટ દુકાળીયું અને દેવાળીયુ છે. દુકાળમાંથી આવેલો માણસ જેટલું આપે તેટલું ખાઇ જાય છતાં ધરાતો નથી. તેને ઓછું પડે છે. તેવી રીતે આ પેટને ગમે તેટલું ખાવા આપ્યું હોય તો પણ ધરાતું નથી. તે બીજે દિવસે ખાલી થઇ જાય છે. પેટને રાક્ષસની ઉપમા આપી છે. રાક્ષસને ગમે તેટલું ખાવા આપો છતાં તે ધરાતો નથી તેમ આ પેટને પણ જ્યારે આપો ત્યારે તે ભરવા તૈયાર હોય છે.

આજના ભણતર યુગમાં પેટ અને પૈસા માટે માનવ પાપ કરતાં અચકાતો નથી. તેથી જ્ઞાની ભગવંતોએ તપ ઉપર ખૂબ ભાર મૂકયો છે. જો કે તપ આત્માના રોગના નાશ માટે કરવાનો હોય છે. છતાં તપ કરવાથી શરીરના રોગો પણ નાશ પામે છે. ખેડૂત ધાન્ય રૂપી ફળ માટે બીજ વાવે છે. ઘાસ તો ફળ પહેલાં ઓટોમેટીક આવે છે. તેવી રીતે તપ એ આત્મા માટે કરવાનો છે. પરંતુ તપ દ્વારા શરીરની સુખાકારી ઓટોમેટીક પ્રાપ્ત થાય છે.

સિદ્ધાંતમાં કહ્યું છે કે જે લૂખું ખાય છે તે ચોપડેલું ખાય છે અને જે ચોપડેલું ખાય છે તે લૂખું ખાય છે. આ માટે એક દૃષ્ટાંત આપીને સમજાવ્યું છે. એક કસાઇને ત્યાં ગાય અને તેનું વાછરડું છે. કસાઇ ગાયને દરરોજ સૂકું ઘાસ ખાવા આપે છે અને ઘેટાને રોજ સારું ખાવા આપે છે. આ જોઇને વાછરડું ગાયને કહે છે કે મા! મા! આ ઘેટાને કેવું સારું ખાવાનું મળે છે! એને કેવું સુખ છે! ત્યારે ગાય કહે એ સુખ સુખ નથી પણ દુઃખ છે. તને એની વાત થોડા દિવસ પછી ખબર પડશે. છ મહિના પછી એક માંસાહારી માણસ માંસ લેવા આવ્યો. તેને માંસ ઘણું જોઇતું હતું. ઘેટો સારું સારું ખાઇને હૃષ્ટપૃષ્ટ થયો હતો. કસાઇએ તરત છરીથી તેના કકડે કકડા કરવા માંડયા. ઘેટો કારમી ચીસો પાડવા લાગ્યો. પણ તેની શડ સાંભળે કોણ? ત્યારે ગાયે વાછરડાને કહ્યું કે જોયું ઘેટાનું સુખ!

એવી રીતે આપણને મોહરાજા સારી સારી સામગ્રી ખાવા આપતો હોય છે તે આપણી ઘાત કરવા માટે હોય છે. કારણ કે સારું ખાવાથી રોગ ખૂબ થાય છે. અને તે દ્વારા પાપ ખૂબ બંધાય છે. તેના પરિણામે જીવને દુર્ગતિમાં જવું પડે છે.

તપ એ આત્માની બ્રેક છે. મોટર ખૂબ ઝડપે ચાલતી હોય, સુંદર હોય પણ તેને બ્રેક ન હોય તો તે કયારેક એકસીડન્ટ સર્જી દે છે. હોડી કે સ્ટીમરની અંદર ગમે તેવી એશઆરામની સામગ્રી હોય, રેડિયો, પંખો, એરકન્ડીશન બધું હોય પણ હોડીમાં છિદ્ર હોય તો એ હોડી ડૂબાડે છે. તેમ જીવન એ હોડી છે. સંસાર ભયંકર સાગર છે. તપશ્ચર્યા દ્વારા જીવનરૂપ હોડીના છિદ્રને વેલ્ડીંગ કરાય તો સંસારસાગરને સારી રીતે તરી શકાય. ઘડિયાળમાં મશીન ગમે તેટલું સારું હોય છતાં પણ જો તેમાં બે કાંટા ન હોય તો એ ઘડિયાળ નકામું બને છે. તે રીતે જે જીવનની અંદર બીજા ગમે તેટલા ગુણ હોય પરંતુ તપ અને ત્યાગરૂપી કાંટા ન હોય તો એ જીવનની ઘડિયાળ નકામી ઠરે છે. તેથી જ્ઞાની ભગવંતોએ જિહ્વા ઇન્દ્રિય પર કાબૂ મેળવવા માટે તપ કહ્યો છે. તે અનેક રીતે જીવને લાભ કરે છે. આહાર સંજ્ઞામાંથી ભયસંજ્ઞા મૈથુનસંજ્ઞા અને પરિગ્રહ સંજ્ઞા ઉત્પન્ન થાય છે. બધી સંજ્ઞાનું મૂળ આહાર સંજ્ઞા છે. જયારે તપ એ આહાર સંજ્ઞાને દૂર કરવા માટેનું પ્રબળતમ સાધન છે. જે આત્માને સમજાઇ જાય છે તે આહાર

સંજ્ઞા આદિ ચારે સંજ્ઞાઓને તોડવાનો પુરૂષાર્થ કરે છે.

ઉત્તરાધ્યયન સૂત્રના ૧૪મા અધ્યયનમાં ભૃગુ પુરોહિત અને જશાભાર્યા અને તેમના બે પુત્રો એ ચાર જીવોને સમજાયું ત્યારે પલવારમાં સંસાર છોડી સાધુ બન્યા. ને તેમની છાંડેલી ઋદ્ધિ ઇષુકાર રાજા ગાડા ભરીને પોતાના રાજ્યમાં લાવે છે. કમલાવંતી રાણીને આ વાતની ખબર પડી ત્યારે ફટ દઇને ઇષુકાર રાજાને કહી દીધું-હે સ્વામીનાથ!

**વમેલા આહારની ઇચ્છા કોણ કરે, કરે વળી શ્વાન ને કાગ,**
**સાંભળ હો રાજા....બ્રાહ્મણની છંડી ઋદ્ધિ મત આદરો.**

આ વમેલો આહાર કોણ ખાય? જે સંપત્તિનું વમન કરીને જે બ્રાહ્મણ આદિ ચાર જીવો સંયમ માર્ગે ચાલ્યા ગયા તેને રાજ્યમાં લાવીને તમારે શું કામ છે? કમલાવંતી રાણીએ ઈષુકાર રાજાની આંખ ખોલી દીધી. પણ આ શ્રાવિકાઓ કમલાવંતી રાણી જેવી નથી કે તમને એમ કહી દે કે સ્વામીનાથ! તમે ઓછું કમાશો તો ઓછું વાપરશું. સાદાઈથી રહીશું પણ તમે કાળાબજાર કે અનીતિ કરશો નહિ. એ તો એમ જ વિચાર કરે છે કે મારે હીરાના બુટીયા, વીંટી વિગેરે દાગીના જોઈએ. અને ટી વી. જોઇએ. અને તમે પણ એની ઇચ્છા પૂરી કરવા માટે તૈયાર છો. સંસારની તમામ ક્રિયામાં આશ્રવ છે. કોઈ પણ ક્રિયા સંવરની નથી. ને સંયમમાં એક પણ ક્રિયા સંવર વગરની નથી.

વિતરાગ પ્રભુની આજ્ઞા પ્રમાણે જો સાધુ ચાલે તો ચક્રવર્તિ અને સર્વાર્થસિદ્ધ વિમાનના દેવો કરતાં પણ તે અધિક સુખી છે. પણ જે ચારિત્રમાં કાયર છે ને પડવાઈ થવાની તૈયારીમાં હોય છે તેને ચારિત્ર બોજારૂપ લાગે છે. દશવૈકાલિક સૂત્રમાં ભગવાન બોલ્યા છે કે:-

**"लज्जा दया संयम बंभचेरं, कल्लाण भागिस्स विसोही ठाणं ।"**

જેનામાં લજ્જા, દયા, સંયમ અને બ્રહ્મચર્ય એ ચાર હોય તે પતનના પંથે જતા અટકે છે. ભગવંત કહે છે હે મારા સાધકો! તમારા જીવનમાં લજ્જા, દયા અને સંયમ હશે પણ જો બ્રહ્મચર્ય ગયું તો સમજી લેજો કે બધું ગયું. કારણ કે બ્રહ્મચર્ય એ જીવનનું સાચું નૂર છે. એ મહાન વ્રત છે. બ્રહ્મચર્યને રાખીને દયા, સંયમ કે લજ્જા હશે તો તું પાપથી અટકીશ. લજ્જા શું કામ કરે છે તે એક દૃષ્ટાંત દ્વારા સમજાવું.

એક સાધુએ ઘણાં વર્ષો સુધી ચારિત્ર પાળ્યું. પણ તેના પૂર્વ કર્મના ઉદયથી તેમના મનમાં થયું કે ઘણાં વર્ષ સુધી સાધુપણું પાળ્યું. હવે મારે સાધુપણું પાળવું નથી. છદ્મસ્થપણાની લહેર આવી ગઇ ને સંસારમાં જવાનું મન થયું. બસ, હવે સાધુપણું છોડીને સંસારમાં ચાલ્યો જાઉં. પોતાના પુરૂષાર્થની કચાશને કારણે સંયમ પ્રત્યે નફરત આવી ગઇ. એટલે ગુરૂની આજ્ઞા લીધા વગર રજોહરણ, પાતરા અને

મુહપત્તિ ઉપાશ્રયમાં મૂકીને વિદાય થઈ ગયા. રજોહરણ અને મુહપત્તિ ઉતારીને મૂકી દીધા પણ ચલોટો ને પછેડી તો રહ્યા. કારણ કે પૈસા ન હતા. તેથી બીજા કપડાં લાવીને પહેરે કેવી રીતે! સાધુ પગપાળાં ચાલ્યા જાય છે. એક ગામના પાદરમાં પહોંચ્યા. ત્યાં એક જાણકાર શ્રાવક ઠંડીલ જવા માટે ગામ બહાર આવેલો, મહારાજને જોઈને તે ઓળખી ગયો કે આ તો ફલાણા મહારાજ સાહેબના શિષ્ય છે. પણ આમ કેમ? તિખ્ખુત્તોનો પાઠ ભણી વંદન કરીને સુખશાતા પૂછી. આ શ્રાવક ખૂબ ગંભીર હતો. એટલે એકદમ કંઇ ન બોલતાં ઇશારાથી પૂછયું કે મહારાજ સાહેબ! તમારી મુહપત્તિ કયાં? આગળના શ્રાવકો સાધુના ચરણમાં 'મત્થેણું વંદામિ' કહીને માથું નમાવતા. પણ સાથે ટકોરા મારીને પરીક્ષા પણ કરતા હતા. પેલા સાધુ તો શ્રાવકને જોઇને શરમાઇ ગયા. ને મનમાં થયું કે હવે શું જવાબ આપીશ? વિચાર કરીને સાધુ કહે છે. ભાઇ! ગુરૂદેવ પાછળ આવે છે. મારા મનમાં થયું કે હું આગળ જાઉં ને ગુરૂદેવ માટે જલ્દી ગૌચરી પાણી લઈ આવું. તેમ ઉતાવળ કરતાં મુહપત્તિ બદલીને બાંધવા જતા બાંધવી ભૂલી ગયો. શ્રાવક કહે–ગુરૂદેવ! કંઇ વાંધો નહિ. પધારો સ્થાનકમાં.

સાધુ સ્થાનકમાં ગયા. શ્રાવકે પોતાના પથરણામાંથી મુહપત્તિ કાઢીને આપી. મુહપત્તિ તો બાંધી પણ પૂંજીને બેસવા માટે રજોહરણ તો જોઈએ ને? રજોહરણ તો છે નહિ. એટલે શ્રાવક કહે છે ગુરૂદેવ! રજોહરણ કયાં ગયો? શું જવાબ આપવો? રજોહરણ અને મુહપત્તિ તો સાધુના જીવનના સાચા સંગાથી છે. રાતદિવસ મુહપત્તિ અને રજોહરણ તો સાધુની પાસે હોય છે. સંતોથી રાત્રે પણ મુહપત્તિ કઢાય નહિ.

સાધુ તો એવા લજ્જાઇ ગયા કે અહો! હું તો સાધુવેશ છોડીને નીકળ્યો છું. છતાં આ શ્રાવક મને લળી લળીને વંદન કરે છે. સુખશાતા પૂછે છે. ચરણસ્પર્શ કરે છે. મારા કરતાં એ ઉત્તમ છે. શ્રાવકને વંદન કરતા જોઇ સાધુના ભાવ પલટાઇ ગયા ને તે શ્રાવકના ચરણમાં નમી પડયા. શ્રાવકજી! હું તો ગૃહસ્થ કરતાં પણ બેદ છું. હું તો સાધુપણું છોડીને સંસારમાં જવા ચાલી નીકળ્યો હતો. પણ તમે મને મળી ગયા તો મારી ભૂલનું મને ભાન થયું. હવે હું મારા ગુરૂદેવ પાસે પાછો જાઉં છું. જુઓ, શ્રાવક સારા અને સાચા હોય તો સાધુને ઠેકાણે લાવી શકે છે. ઘણી વખત સાસુ વઢકણી હોય પણ જો વહુ વિનયવાન અને ગુણીયલ હોય તો વઢકણી સાસુ પણ શાંત થઈ જાય છે. ક્રોધી પ્રકૃતિના ગુરૂ હોય પણ શિષ્ય વિનયવાન હોય તો ગુરૂ પણ શાંત થઇ જાય છે. પંથકજીના ગુરૂ કેવા હતા? ખાઇ પીને પડયા રહેતા હતા પણ પંથકજી વિનયવાન હતા તો ગુરૂનું ઉત્થાન થયું. તેમ પેલા શ્રાવકને ભાવપૂર્વક વંદન કરતા જોઇને સાધુને પોતાની સ્થિતિનું ભાન થયું. શ્રાવકને સત્ય વાત જણાવી દીધી. ને તેમનો ઉપકાર માનતાં ગુરૂની પાસે પાછા ગયા. પોતે કરેલી ભૂલનો પશ્ચાતાપ કરી ગુરૂના ચરણમાં પડીને ક્ષમા માંગી.

ગુરૂદેવ! મને માફ કરો. મેં મોટી ભૂલ કરી છે. મારી ભૂલનું મને પ્રાયશ્ચિત આપો. પોતાની ભૂલ પ્રગટ કરીને પ્રાયશ્ચિત લીધું ને ફરીને દીક્ષા લઈ શુદ્ધ સંયમનું પાલન કર્યું. ટૂંકમાં મારો કહેવાનો આશય એ છે કે માનવમાત્ર ભૂલને પાત્ર છે. પણ જે માનવ ભૂલનો પશ્ચાતાપ કરે છે તેનું ઉત્થાન થાય છે. પણ જેને ભૂલ ભૂલ રૂપે સમજાતી નથી પણ ભૂલ કરીને હરખાય છે તેનું પતન થાય છે. સાધુ ભાન ભૂલ્યા પણ બ્રહ્મચર્ય સહિત લજ્જા હતી તો સુધરી ગયા.

બંધુઓ! આ સાધુની વાત થઈ પણ તમારે શ્રાવકોએ સંસારમાં રહીને ખૂબ સાવધાની રાખવાની જરૂર છે. આહારસંજ્ઞા, ભય, મૈથુન અને પરિગ્રહ સંજ્ઞામાં પડીને તેમાં આસકત રહેવાનું નથી. પણ તેનાથી અલિપ્ત ભાવે રહો. ભગવાન કહે છે

**નિરાગતા વિણુ નહિ નિર્વાણુ, સમજી લે તું ચતુર સુજાણુ,**
**રંગરાગની ઓઢે ખાણુ, ત્યાં તો હોયે અધિકી હાણુ.**

નિરાગતા વિના ત્રણ કાળમાં નિર્વાણ પદની પ્રાપ્તિ થવાની નથી. એ તો તમે ચતુર છો બરાબર સમજો છો ને? સમજવા છતાં ચેતતા નથી પછી તમારૂં શું થશે? મને તો તમારી ચિંતા થાય છે. અત્યારે મોહ-મમતા નહિ છોડો પછી પણ છોડવું તો પડશે. શ્રીમંત હોય કે ગરીબ હોય. સૌને એક દિવસ જવાનું છે. કર્મરાજાની કોર્ટમાં શ્રીમંત કે ગરીબના ભેદભાવ હોતા નથી. શ્રીમંત કે ગરીબને બાળે તો તેની રાખમાં પણ ફરક પડતો નથી. માટે દરેક પુદ્ગલ ઉપરથી મમતા ઓછી કરો. પુદ્ગલનો સ્વભાવ પરિણમનશીલ છે. તેમાં આસકત ન બનો. તમે દૂધપાક બનાવો ત્યારે તાવેથા વડે દૂધ હલાવો છો ને? તાવેથો દૂધપાકમાં ફરે છે છતાં કોરો ને કોરો રહે છે. તેમ તમે સંસારમાં દૂધ ને તાવેથાના ન્યાયે અલિપ્ત ભાવથી રહો તો કર્મબંધન ઓછું થશે. દીકરા કમાય તેવા તૈયાર થઇ ગયા હોય તો તમે માથેથી બોજો હળવો કરો. વહેપાર ઓછો કરો ને નિવૃત્તિ લઇ બને તેટલી ધર્મારાધના કરો. છેક સુધી પાપની પ્રવૃત્તિ કરશો તો ઉતારા કયાં થશે? તેનું ભાન છે? સંસારથી છૂટકારો થાય તો મુક્તિમાં ઉતારો થાય. મુક્તિ મંઝીલે જવા માટે આવો અમૂલ્ય માનવ દેહ મળ્યો છે. દેહનગરીમાં મનરૂપી બાસઠ લાખનો મોટો મહેલ બાંધ્યો છે. તેમાં કુવિચારના કચરા ભરવાના નથી. જે આત્મા અહંકાર, ઇર્ષ્યા અને વિષય વાસનાના કચરા ભરે છે તે ઉત્તમ માનવજીવન પામીને હારી જાય છે. ને જિંદગીભર પાપ કરતાં પાછું વાળીને જોતા નથી. જેમ ભૂંડ કીચડમાં ફસાઇ જાય છે, તેમ પાપી જીવડો જિંદગીભર પાપ કરીને પાપના પંકમાં ફસાઈ જાય છે. પછી અંતિમ સમયે ગમે તેટલો પશ્ચાતાપ કરે તો પણ કરેલા કર્મો તો ભોગવવા પડે ને? પાપકર્મ ભોગવતી વખતે કોઇ બચાવવા નહિ આવે.

એક શ્રીમંત શેઠ ખૂબ ક્રોધી સ્વભાવના હતા. તેને મોટી ફેકટરી હતી. તેમાં ઘણા

માણસો કામ કરતા હતાં. શેઠ ફેકટરીમાં આવે એટલે બધા માણસો તેનાથી ફફડે. જેમ બંદુકનો ધડાકો થાય ને પારેવા ફફડે તેમ બિચારા નોકરો શેઠથી ફફડી ઉઠતા. એક પ્રવીણ નામનો છોકરો ખૂબ હોંશિયાર હતો. મશીનરી બગડે તો સુધારવામાં તે ખૂબ ચતુર હતો. આખી ફેકટરીમાં તેનું માન ખૂબ હતું. શેઠ ખોટી રીતે ધમકાવે એ પ્રવીણથી સહન થતું ન હતું.

એક દિવસ શેઠ તેના ઉપર ખોટી રીતે ગરમ થઈને ગમે તેવા શબ્દો બોલવા લાગ્યા. ત્યારે પ્રવીણે કહ્યું- શેઠજી! અમે તમારો પગાર ખાઈએ છીએ તો કામ પણ બરાબર કરીએ છીએ. તમારે કામ સાથે નિસ્બત છે. આપ વિનાપ્રયોજને શા માટે ગરમ થાવ છો? પ્રવીણે શેઠને આમ કહ્યું એટલે શેઠને ખૂબ લાગી આવ્યું. માન કષાય ખૂબ બૂરી ચીજ છે. હું મોટો શેઠ અને એ મને આ રીતે કહેનારો કોણ? મનમાં ગાંઠ વાળી જ્યારે-ત્યારે એને બતાવી દઈશ. એક દિવસ પ્રવીણ વહેલો ફેકટરીમાં ગયો હતો. રાત્રે મશીન બગડી ગયેલું એટલે વહેલો જઈને તે મશીન સુધારવા પ્રયત્ન કરતો હતો. તે દિવસે શેઠ પણ વહેલા પહોંચી ગયા. બીજા માણસો હજુ કામે ચઢયા ન હતા. પ્રવીણ તેના કાર્યમાં મશગૂલ હતો. શેઠ પૂછે છે પ્રવીણ! તું શું કરે છે? પ્રવીણ કહે – શેઠજી! રાત્રે મશીન બગડી ગયું છે તેને સુધારું છું. પ્રવીણે મશીન બરાબર ચાલુ કર્યું ને પછી બંધ કરીને ફરીને ચોકસાઈપૂર્વક જોવા બે પૈડાની વચમાં તે ઉભો હતો. હવે કયાંય ખામી નથી ને? તે જોવામાં એનું ધ્યાન હતું.

બરાબર તે સમયે શેઠે એકદમ સ્વીચ દબાવી દીધી. તરત પ્રવીણ જેમ ઘાણીમાં પીલાય તેમ મશીનમાં પીલાઈ ગયો. લોહીની સેરો ઉડી. શેઠ એકદમ બહાર આવીને કપટથી બૂમો પાડવા લાગ્યા કે દોડો....દોડો, પ્રવીણ મશીનમાં પીલાઈ ગયો. એમ મોટા અવાજથી બોલવા લાગ્યા. બધા માણસો દોડી આવ્યા. જુઓ, માણસ પાપ કરીને કેટલો દંભ કરે છે? પણ તેને ખબર નથી કે પાપ કરીને તેને ઢાંકવા ગમે તેટલા પ્રયત્ન કરીશ પણ તેથી શું પાપ કંઈ છુપા રહેવાના છે? પાપી પાતાળમાં જતો રહેશે તો પણ પાપ પીછો કર્યા વિના નહિ રહે. માટે પાપ કરતી વખતે ખૂબ ધ્યાન રાખજો.

પ્રવીણ વિધવા માતાનો એકનો એક લાડકવાયો દીકરો હતો. ઘણી મોટી આશાએ ખૂબ દુઃખ વેઠીને ઉછેર્યો ને ભણાવ્યો હતો. જ્યાં પ્રવીણ મશીનરીમાં પીલાઈ ગયાના સમાચાર સાંભળ્યા ત્યાં માતા ઢગલો થઈને ઢળી પડી. ખૂબ આઘાતપૂર્વક કાળો કલ્પાંત કરતી રડવા-ઝૂરવા લાગી. તે વખતે શેઠ ઉપરથી શોક વ્યકત કરતા હતા ને હૈયામાં આઘાત હોય તેમ બતાવતા હતા પણ અંતરથી ખુશી થતા હતા. પણ કરેલા કર્મ જ્યારે ઉદયમાં આવશે ત્યારે ખબર પડશે.

કુદરતને કરવું કે આ વાતને બે વર્ષ વીતી ગયા. ને એકાએક એક રાત્રે શેઠે

સ્વપ્નમાં કંઇક જોયું. સવાર પડતાં છાતીફાટ રૂદન કરવા લાગ્યા. શેઠાણી પૂછે છે સ્વામીનાથ! છે શું? આટલો બધો કલ્પાંત શા માટે કરો છો? કંઇ મૂંઝવણ હોય તો કહો. ત્યારે શેઠ કહે તું મને કંઇ પૂછીશ નહિ. ફરીને શેઠાણી કહે. વહેપારમાં ખોટ ગઇ છે? કંઇ નુકશાન થયું છે? જે હોય તે મને કહેશો તો તમારું હૈયુ હળવું થશે. ત્યારે શેઠ કહે તું મને કંઇ પૂછીશ નહિ. હું મહાપાપી છું. મારા કરેલા પાપ ફૂટી નીકળ્યા છે. શેઠાણી ખૂબ શાણી હતી. તે કહે. સ્વામીનાથ! શું થાય છે? મને કહો ને. તે સમયે કોલ આવ્યો કે શેઠનો એકનો એક દીકરો અમેરિકા ભણવા માટે ગયો છે. તેને મોટરનો એક્સિડન્ટ થતાં તે મૃત્યુ પામ્યો છે.

આ સમાચાર સાંભળતા શેઠ અને શેઠાણી છાતી ને માથા કૂટવા લાગ્યા. શેઠને આવું સ્વપ્ન આવ્યું હતું ને તેવા સમાચાર મળ્યા. દીકરો ગયો. વહેપારમાં ખોટ ગઇ. ગોડાઉનમાં આગ લાગી ને લાખોનો માલ બળી ગયો. શેઠ દુઃખી દુઃખી થઇ ગયા. આવા દુઃખમાં તેમને કોઈ વીતરાગી સંતનો ભેટો થયો. ને આ સમયે શેઠે સદ્દગુરૂની સામે પોતે કરેલું પાપ પ્રગટ કર્યું. હું પાપી છું. રાક્ષસથી પણ ભયંકર છું. મહાન દંભી છું. ગુરૂદેવ! મારા પાપની શી વાત કરૂં? મેં પ્રવીણ નામના છોકરાને વિના ગુન્હાએ અભિમાનથી મશીનમાં પીલી નાંખ્યો–તો મારો યુવાન દીકરો આ રીતે મૃત્યુ પામ્યો. પછી શેઠે પ્રવીણની માતા પાસે જઇને તેના ચરણમાં પડીને માફી માંગી. માતા! તારા લાડકવાયાને મારનાર હું છું. મને માફ કર. માતા! તું તો મને માફ કરશે પણ મારા કર્મોએ તો મને બરાબર સજા કરી છે, ને તે સજા મને મળી ગઇ છે. પછી શેઠ સદ્ગુરૂ પાસે ગયા. સદ્ગુરૂએ પણ અવસર જોઇને શેઠને ઉપદેશ આપ્યો કે તમે અજ્ઞાન અવસ્થામાં ઘણાં પાપ કર્યા છે. પણ હવે કોઇ જીવને દુઃખ થાય તેવું કરશો નહિ. બને તેટલી ધર્મારાધના કરો. અંતે શેઠે પાછલી જિંદગી ધર્મારાધનામાં વ્યતીત કરી. ને પોતાનો ભવિષ્યકાળ સુધાર્યો.

બંધુઓ! સંતના સમાગમથી આપણું જીવન પલટાઇ જાય છે. સદ્ગુરૂઓ સમજાવે છે કે આ દેહ નગરીમાં બાંધેલા બાસઠ લાખના મનરૂપી મહેલમાં વિષય–કષાયની રાખના ઢગલા કરશો નહિ. તમે સાંભળી ગયા ને કે એક માન કષાયનો કચરો મનરૂપી મહેલાતમાં ભરાઇ જતાં શેઠ કેવું મોટું પાપ કરી બેઠા! એ પાપ કર્મનો ઉદય થતાં કેવું દુઃખ ભોગવવું પડયું? જો તમારે આવા દુઃખ ભોગવવા ન હોય તો પાપ કરતાં પાછા વળો. ભગવાનનો શ્રાવક પાપભીરૂ હોય. સાચો શ્રાવક પંદર કર્માદાનના વહેપાર ન કરે. આશ્રવમાં રચ્યો–પચ્યો ન રહે. એને તો એમ થાય કે કયારે આ દીકરો તૈયાર થાય, આ બધું સંભાળી લે. ને હું આ ઝંઝટમાંથી છૂટું ને આત્મસાધનામાં જોડાઉં. આશ્રવમાં બેઠા હોય પણ તેનું મન સંવરમાં રમતું હોય છે. આવો શ્રાવક ક્ષણે ક્ષણે આત્માને પાપ

કરતાં અટકાવે છે. અને પોતાને મનરૂપી મહેલ સ્વચ્છ બનાવી અંતરચક્ષુ ખોલી સદ્ગુરૂની હિત શિખામણ હૃદયમાં ઉતારી સંસારમાંથી નિરાગતા પ્રાપ્ત કરી નિર્વાણપદને પ્રાપ્ત કરે છે. તમારે પણ નિર્વાણપદને પ્રાપ્ત કરવું હોય તો પાપના કચરાને સાફ કરો. વહેપારધંધામાં અનીતિ ન કરો, પ્રમાદનો ત્યાગ કરો. આત્મસાધના કરવાની આ તક છે. આવી તક ફરીફરીને નહિ મળે. માટે પ્રમાદનો ત્યાગ કરી મહાન પુરૂષોની જેમ પ્રબળ પુરૂષાર્થ કરી આત્મકલ્યાણ કરો.

આજે બા. બ્ર. પૂ. કાન્તાબાઇ મહાસતીજીને ૧૬મો ઉપવાસ છે. આવતી કાલે તેમના પારણાનો દિવસ છે. આ પ્રસંગે કાંદાવાડીથી પૂ. કાંતીઋષી મહારાજ સાહેબ તેમના શિષ્ય પરિવાર સહિત પધારવાના છે. તો આ પ્રસંગે આવતી કાલે ૧૬ દિવસના શું પ્રત્યાખ્યાન કરવા તે વિચારીને આવશો. તપનું બહુમાન તપથી થાય. વધુ ભાવ અવસરે.

(આસો વદ ૮ તા. ૨૭–૧૦–૭૫ ને સોમવારે બા બ્ર. પૂ. કાન્તાબાઇ મહાસતીજીને ૧૬ ઉપવાસનું પારણું હોવાથી પૂ. મહાન વૈરાગી કાંતીઋષીજી મહારાજ સાહેબ શિષ્ય પરિવાર સહિત પધાર્યા હતા. અને તે પ્રસંગે તપના મહિમા ઉપર પૂ. મહારાજ સાહેબોએ તથા પૂ. મહાસતીજીએ સુંદર મનનીય પ્રવચન કર્યા હતા.)

☆

## વ્યાખ્યાન નં.–૮૮

### વિષય :– "કુરૂપ, ક્રોધ ટાળો!"

**આસો વદ ૯ ને મંગળવાર** **તા. ૨૮–૧૦–૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંતજ્ઞાની મહાન પુરૂષોએ જગતના જીવોને શાશ્વત સુખ મેળવવાનો રાહદારી માર્ગ બતાવતાં કહ્યું- હે ભવ્ય જીવો! તમને આત્મસાધના સાધવા માટે ઉત્તમ માનવ જીવન મળ્યું છે. માનવભવમાં પણ ઝળકતું જિનશાસન મળવું એ કંઇ જેવી તેવી વાત નથી. મહાન પુણ્યના ઉદયથી જિનશાસન મળ્યું છે. જિનશાસન ઝવેરાતની પેઢી છે. અહીં સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપરૂપી રત્નોનો વહેપાર ધમધોકાર ચાલે છે. જેને રત્નો ખરીદવા હોય તે ખરીદી લો. પણ એટલું યાદ રાખજો કે તમારા માનેલા હીરાની આ વાત નથી. તમે ઝવેરી બનીને જે વેપાર કર્યો તેમાં ધનની કમાણી કરી પણ આત્માની કમાણી કરી નથી. માટે સમજો. સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ વિના ભવકટ્ટી થવાની નથી. કોઈ કોઇ ભવમાં જીવે ચારિત્ર લીધું હશે પણ શ્રદ્ધાપૂર્વક આત્મ લક્ષે પાળ્યું નહિ હોય તેથી અનંતકાળથી આપણો આત્મા ભવમાં ભમી રહ્યો છે.

સમ્યક્દર્શનનો પાયો નાંખવા માટે મનુષ્યજન્મ જેવો બીજો એક પણ જન્મ નથી. માનવભવની અમૂલ્ય ક્ષણને નહિ ઓળખો તો સમજી લેજો કે તક ચૂકી ગયા.

હાથમાં હીરા આવ્યા છતાં જો જીવ કોલસા ગ્રહણ કરે તો તમે એને મૂર્ખો કહો ને? તે રીતે અમૂલ્ય સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપરૂપી હીરા ખરીદવાના સમયે જો ક્રોધ માન, માયા, લોભ અને ઈન્દ્રિઓના વિષયસુખ રૂપ કોલસા ખરીદતો હોય તો તે જીવ પણ મૂર્ખ કહેવાય ને! જે આત્મા કષાયમાં જોડાય તે ચતુર્ગતિ સંસારમાં રઝળે છે. કષાયો કસાઈથી પણ બૂરી છે. ક્રોધને જ્ઞાનીએ કુરૂપ કહ્યો છે. કારણ કે અતિ ક્રોધ આવે ત્યારે તેનું રૂપ કોઈ જુદું જ લાગે છે. ક્રોધને ઉત્પન્ન કરનાર માન છે. કારણ કે માન જીવને જ્યાં ને ત્યાં મૂંઝવે છે. કોઈ સગાને ઘેર ગયા. ત્યાં તેમણે તમને જોયા પણ આદર આપ્યો નહિ, કોઈએ બોલાવ્યા નહિ તો તરત અંદરથી માન કહેશે કે અહીં આવવા જેવું ખરું! અરે! ધર્મસ્થાનકમાં આવ્યા ને કોઈએ આગળ ન બોલાવ્યા તો તરત માનના કારણે અંદરથી ક્રોધ ફુંફાડો મારે છે. ક્રોધ એ ભયંકર નાગ છે. પેલો નાગ ફુંફાડો મારે છે ને જેની સાથે વેર હોય તેને કરડે છે. પણ આ કુરૂપ ક્રોધરૂપી કાળો નાગ તો જ્યાં પોતાનું ધાર્યું ન થાય, પોતાનું ધાર્યું ન થવા દેવામાં જે આડખીલ કરે તેને કરડે છે. કષાયોના કારણે આત્મા સંસારમાં રઝળી રહ્યો છે. કષાયભાવમાં જોડાવું તે જીવની મોટામાં મોટી ભૂલ છે. જ્ઞાની કહે છે કે

**જો તારી ટળે નહિ ભૂલ, તો પેઢી થાશે ડૂલ,**
**સાધન છે મોંઘા મૂલ, દૃષ્ટિ ન રાખશો સ્થૂલ.**

હું પહેલાં કહી ચૂકી છું કે આ જૈનશાસન ઝવેરીની પેઢી છે. ઝવેરી શેઠ પેઢી મુનિમોને સોંપી દે. મુનિમો મારફત કામ કરાવે અને પોતે બિલકુલ લક્ષ ના આપે તો વીસ પચ્ચીસ વર્ષે પણ પેઢી ડૂલ થાય ને! તેમ આપણો આત્મા ઝવેરી છે. પાંચ ઈન્દ્રિઓ અને મન એના મુનિમો છે. ચેતનરાજા પ્રમાદમાં પડી આ છ મુનિમોને ભરોસે જીવનપેઢી સોંપી દે તો બરાબર ચાલે? એ મુનિમોની સલાહ પ્રમાણે ચેતન રાજા ચાલે તો એની પેઢી પણ ડૂલ થવાની. માટે જ્ઞાની કહે છે હે મારા શ્રમણો! તમે મોંઘા મૂલના સાધનો લઈને ભૂલ ન કરશો. જો ભૂલ કરી તો સમજી લેજો કે પેઢી ડૂલ થઈ જશે. જો પેઢી ડૂલ થવા દેવી ન હોય તો ભૂલને ટાળો. એ ભૂલને ટાળવા સ્થૂલ દૃષ્ટિ નહિ પણ સૂક્ષ્મદૃષ્ટિ જોઈશે. જે ભૂલ કરે છે તેની પેઢી ડૂલ કેવી રીતે થાય છે તે એક દૃષ્ટાંત દ્વારા સમજાવું.

બંધુઓ! આ તમારી વાત નથી પણ સાધુની વાત છે. વર્ષો સુધી કરેલી સાધના ક્રોધ આવતાં બળીને ખાખ થઈ જાય છે. જે તપશ્ચર્યા દ્વારા કર્મોના કાટ સાફ થઈ જાય છે તેવી તપશ્ચર્યા કર્યા પછી પણ જો ક્રોધ આવે તો કર્મોના કાટ સાફ કરવાને બદલે કર્મના ખડકો ઉભા કરે છે. અને આત્મા સદ્ગતિને બદલે દુર્ગતિમાં ચાલ્યો જાય છે.

કુણાલા નામની નગરીમાં એક મોટા આચાર્ય ઘણા મોટા શિષ્ય પરિવાર સાથે બિરાજમાન હતા. ખૂબ સુંદર આત્મસાધના કરી રહ્યા હતા. ચાતુર્માસ બેસવાનો દિવસ

નજીક આવ્યો. ત્યારે શિષ્યો જુદા જુદા સ્થાનમાં જઈને ચાતુર્માસ કરવાની ગુરૂદેવ પાસે આજ્ઞા માંગે છે. તેમાં બે શિષ્યો કહે છે ગુરૂદેવ! આ ગામથી બે માઈલ દૂર આ ગામની ખાળ છે. તેના કાંઠા ઉપર આખું ચાતુર્માસ અમારે ઉભા રહીને ધ્યાન કરવું છે. ચાર મહિના ઉભા રહીને ધ્યાન એટલે ચાર મહિનાના ઉપવાસ કરવાના; સૂવાનું નહિ ને બેસવાનું પણ નહિ. બે શિષ્યો કહે છે અમારે ધ્યાન કરવું છે ને ત્યાં અનશન કરી મુકિત મેળવવાની અમારી ભાવના છે. તો આપ અમને આજ્ઞા આપો. ગુરૂદેવ ખૂબ જ્ઞાની અને સૂક્ષ્મ દૃષ્ટિવાળા હતા. તેમણે કહ્યું હે શિષ્યો! નગરની ખાળના કાંઠે જવું નથી. તમે અહીં રહીને સાધના કરો. ત્યાં જવું તે તમારે માટે શ્રેયકારી નથી.

દેવાનુપ્રિયો! પહેલી વાત તો એ છે કે વિનયવાન શિષ્યો કદી ગુરૂને એમ ન કહે કે મને અહીં ચાતુર્માસ મોકલો. પણ ગુરૂ આજ્ઞા કરે કે હે શિષ્ય! તમારે અહીં ચાતુર્માસ જવાનું છે. ત્યારે વિનીત શિષ્ય તહેત્ ગુરૂદેવ! કહીને વધાવી લે. ગુરૂ કહે કે ઉઠ તો ઉભો થઈ જાય ને બેસ કહે તો બેસી જાય. પણ ગુરૂ સામે દલીલ ન કરે. જે ગુરૂની આજ્ઞાનું અપ્રમત્તપણે પાલન કરે છે તેનું અવશ્યમેવ કલ્યાણ થાય છે. વિનયવાન શિષ્ય એ વિચાર કરે કે ગુરૂ જે કાંઈ કરે છે તે મારા એકાંત હિતને માટે કરે છે. અહીં ગુરૂએ ના પાડવા છતાં પેલા બંને શિષ્યો વારંવાર આજ્ઞા માંગવા લાગ્યા ત્યારે ગુરૂ મૌન રહ્યા.

અવિનીત શિષ્યોએ ગુરૂના મૌનનો અર્થ હા માની લીધો. અને ગુરૂની ના હોવા છતાં બંને શિષ્યો પોતાનું ધાર્યું કરવા ચાલી નીકળ્યા. કુણાલાનગરીની બહાર ખાળના કાંઠે જઈને ધ્યાનમાં સ્થિર થયા. ચાર મહિનાના ઉપવાસ અને ગંધાતી ખાળના કાંઠે ધ્યાન કરવું તે સહેલી વાત નથી. એ ખાળમાંથી એવી દુર્ગંધ છૂટતી હતી કે એક માઈલ દૂર હોય ત્યારથી નાકે ડૂચા દેવા પડતા. આવી ખાળના કાંઠે બંને સંતો અનશન કરીને ધ્યાનમાં લીન બન્યા. એમની એવી ઉગ્ર સાધના હતી કે તે જોઈને વ્યંતર દેવ તેમના ઉપર પ્રસન્ન થયો. એ વ્યંતર દેવ સાધુની ભકિત કરતો ને તેમની સામે હાથ જોડીને ઉભો રહેતો. અષાડ, શ્રાવણ ને ભાદરવો મહિનો પૂરો થવા આવ્યો પણ કુણાલા નગરીમાં વરસાદ પડતો નથી. ત્યારે એ ખાળ પાસે જતા આવતા લોકો બોલવા લાગ્યા કે વરસાદ પડે તો એ મુંડકાઓ હેરાન થઈ જાય ને! એટલે એમણે વરસાદ બાંધી દીધો છે. એમના પાપે આખી નગરીના લોકો હેરાન થઈ જાય છે. આ વચનો વારંવાર સંભળાવાથી મુનિઓના ધ્યાનમાં ભંગ પડયો. એક તો તપની ગરમી હતી. તેમાં વળી નગરીના લોકોના વચન સાંભળી ક્રોધથી મુનિઓનું મન ધમધમી ઉઠયું. મનમાં થયું કે શું! અમે વરસાદ રોકયો છે? આ લોકો અમારા ઉપર ખોટું કલંક ચઢાવી રહ્યા છે.

## ક્રોધથી થતો સંયમનો વિનાશઃ-

બંધુઓ! બાવીસ પરિષહમાં આક્રોશ વચનનો પરિષહ સહન કરવો અતિ દુષ્કર છે. જતાં આવતાં લોકોની અસભ્ય વાણીથી મુનિઓનું મન ઉગ્ર બની ગયું. તેથી

તેમણે ધ્યાન પાળ્યું.

મહિનાઓથી આવી ઉગ્ર સાધના અને ધ્યાનમાં ઉભા રહેલા મુનિઓની ઉચ્ચ ભાવના, શુદ્ધ ધ્યાનદશા અને નિર્મળતા જોઈ ભક્તિ કરતા દેવે મુનિને ધ્યાનમાંથી ચલિત થયેલા જોઇને કહ્યું. ગુરૂદેવ ! આમ કેમ ? ત્યારે મુનિ કહે છે જો તું અમારી ભક્તિ કરતો હોય ને અમારા ઉપર પ્રસન્ન થયો હોય તો અમારૂં એક કામ કર. દેવે કહ્યું–શું ? મુનિએ કહ્યું તું કુણાલા નગરીમાં વરસાદ વરસાવ. ત્યારે દેવ કહે કે દિવસે વરસાવું કે રાત્રે ? તો કહે દિવસ–રાત બંને વખતે. દેવ કહે કેટલા દિવસ વરસાવું ? એક, બે કે ત્રણ દિવસ ? તો કહે–ના–ના, સાત દિવસ અને સાત રાત વરસાવ. તો કહે ધીમે વરસાવું કે ભારે ? મુનિ કહે-મૂશળધાર વરસાવ.

બંધુઓ ! અહાહા....સાધુપણાનું ભાન ભૂલાઇ ગયું. કષાય શું નથી કરતી ? મુનિ માન કષાયમાં જોડાઇને કેટલા અધમ વિચારે પહોંચી ગયા ! સંતનો ધર્મ એક પણ જીવની હિંસા ન કરવી. છકાયની રક્ષા કરવી તે તેમનો ધર્મ છે. તેના બદલે દેવ પાસે કેવી માંગણી કરી ! કષાયના યોગમાં વિચાર પણ ન સૂઝયો કે હું આ શું માંગણી કરું છું ? અને આના પરિણામે સેંકડો જીવોના મૃત્યુ થઇ જશે ને ઘોર હિંસાનું તાંડવ સર્જાઇ જશે તેટલો વિચાર પણ મુનિએ કર્યો નહિ. સાધુ સાધુવેશમાં રહ્યા પણ પરિણામથી તેમનું સાધુપણું ચાલ્યું ગયુ. દેવ તો વચન પ્રમાણે કાર્ય કરવા તૈયાર થઈ ગયો.

દેવાનુપ્રિયો ! વિચાર કરજો. આ સંતોની સાધના કેવી ઉગ્ર હતી ! સ્હેજ દુર્ગંધ આવે તો આપણું માથું ફાટી જાય. આવી દુર્ગંધમાં ધ્યાન સહિત ઉપવાસ કરીને ઉભા રહ્યા. પણ લોકોના વચન પચાવી શકયા નહિ. એટલે ક્રોધની જ્વાળા ભભૂકી ઉઠી. અને દેવને વરસાદ વરસાવવા કહ્યું. એટલે દેવે વરસાદ વરસાવ્યો. એક કલાક મૂશળધાર વરસાદ વરસતાં કુણાલા નગરીમાં પાણી પાણી થઈ ગયું. એક કલાકમાં આટલા પાણી ભરાઇ ગયા તો સાત દિવસ અને સાત રાત્રી વરસાદ વરસે તો શું ન થાય ? આખી નગરી ડૂબી ગઇ. આસપાસના ગામડા તણાઈ ગયાં ને હજારો મનુષ્યો તથા ઢોરોના મડદા પાણીમાં તણાવા લાગ્યા. જે સંત એક કીડી જેવા જીવની પણ દયા પાળનારા તેના ક્રોધના આવેશથી આટલા જીવોની હિંસા થઇ ગઇ. જે સાધના દ્વારા મોક્ષની ટિકિટ મેળવવાની હતી તે સાધના દ્વારા દુર્ગતિની ટિકિટ ફડાવી. આક્રોશ વચનનો પરિષહ સહન ન કરી શકયા તો ચારિત્રની પેઢી ડૂલ થઇ ગઇ. સાધુનો ધર્મ છે કે ગમે તેવા પ્રસંગે ચારે કષાય, પાંચ ઇન્દ્રિઓ અને મન ઉપર વિજય મેળવવો જોઇએ. સાચો સાધુ કેવો હોય છે ?

**પાંચ ઇન્દ્રિય વશ કરે, મનને રાખે અંકુશમાં,**
**કામ, ક્રોધ, મદ, લોભને, જીતી સ્થિર રહે સંયમમાં.**

જે પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠા મન પર સંપૂર્ણ અંકુશ રાખે છે, ક્રોધ, માન, માયા, લોભ આદિ કષાયો તથા કામવાસનાઓને જડમૂળમાંથી ઉખાડીને ફેંકી દે છે, તેમને પરિપૂર્ણ શ્રદ્ધા છે કે જે આત્માનું સાચું સુખ છે તે આ બધા વિકારોમાં પડવાથી કયારે પણ પ્રાપ્ત કરી શકાતું નથી જેના મનમાં જ્યાં સુધી વિષય વિકારની ભાવના રહે છે ત્યાં સુધી તે સંસારના બાહ્યપદાર્થોથી સુખ મેળવવાની આકાંક્ષા રાખે છે. અને તે કામનાઓ મનમાં વિદ્યમાન રહે ત્યાં સુધી વિરક્તિ જાગ્રત નથી થતી. ભોગ અને યોગ બંને એક-બીજાથી તદ્દન વિપરીત છે. એક છે ઉત્તર કિનારો તો બીજો છે દક્ષિણ કિનારો. તેથી એ બંનેનો મેળ કયારે પણ મળતો નથી. એટલા માટે મોક્ષના ઇચ્છુક સાધુ પુરૂષો સંસાર પ્રત્યે આસક્તિ નથી રાખતા. તેમનું હૃદય સમભાવથી ભરેલું હોય છે. તેમને ન તો કોઈ પ્રત્યે વિશેષ રાગ થાય છે કે ન તો કોઇ પ્રત્યે દ્વેષ. શત્રુઓના પ્રત્યે પણ તેમનો કરૂણા ભાવ હોય છે. તેઓ સર્વ જીવોનું કલ્યાણ ઇચ્છે છે. એક નાનકડું ઉદાહરણ અહીં યાદ આવે છે.

એક સમયના પ્રસંગમાં કોઇ એક સંન્યાસી સંત અનેક મુસાફરોની સાથે કોઈ નદીને પાર કરવા માટે નાવમાં બેઠા. નાવ નદીમાં આગળ વધવા લાગી. ત્યારે કેટલાક દુષ્ટ માણુસો પરસ્પર એક બીજાની મજાક તેમજ ખરાબ ખરાબ અસભ્યતાયુક્ત હલકી વાતો કરવા લાગ્યા. આ જોઈને સંતે તે માણુસોને ધીરેથી સમજાવીને કહ્યું- હે ભાઈઓ! આટલા માણુસોની વચ્ચે બેસીને તમારે આવી ખરાબ વાતો નહિ કરવી જોઈએ. જો તમારે વાતો કરવી હોય તો સારી વાતો કરો. જુઓ, તમારી આ વાતો સાંભળીને નાવમાં બેઠેલા બીજા માણુસો પણ શરમીંદા થઈ જાય છે. સંતે તેમને કેવી સુંદર વાત કરી પણ તેમની વાત ઉલ્ટી પડી. તે માણુસો બધા ક્રોધના આવેશમાં આવી ગયા ને તે સંતને પણ ગાળો આપવા લાગ્યા. એટલેથી તેમને સંતોષ ન થયો. પણ ઉપરથી ચંપલથી, લાતોથી પ્રહાર કરવા લાગ્યા.

દુષ્ટ માણુસોને સંતે સુંદર શિખામણ આપી. તેના પરિણામમાં તેમને માર ખાવો પડયો. છતાં સંતને જરા પણ ક્રોધ ન આવ્યો કે ન તો સામે તેમના પ્રશ્નોનો વિરોધ કર્યો. તે તો ધ્યાન લગાવીને બેસી ગયા. તે સમયે આકાશવાણી થઇ. હે પૂજ્ય! આપ કહો તો આ ક્ષણે આ દુષ્ટ માણુસોને તેમના દુષ્ટ કાર્યનું ફળ ચખાડવાને માટે નાવ ઉંધી પાડી દઉં. આકાશવાણી સાંભળતા નાવમાં બેઠેલા બધા મુસાફરો ધ્રુજી ઉઠયા અને તે દુષ્ટ માણુસો સંતના ચરણમાં પડીને પોતાના અપરાધની ક્ષમા માગવા લાગ્યા. ફરીથી આકાશવાણી થઈ, હે મહાત્મા! આપ કહો તો આ દુષ્ટ માણુસોને તેમના અપરાધની શિક્ષા આપવાને માટે નાવને ઉંધી પાડી દઉં. ત્યારે સંતની પવિત્ર ભાવના શું બોલી?

**"નાવને ના ઉલટાવો પણ બુદ્ધિને ઉલટાવો"** :-બંધુઓ! સંતે શું જવાબ

આપ્યો? તેમનો જવાબ સાંભળવા જેવો છે ને જીવનમાં અપનાવવા જેવો છે. આકાશવાણી સાંભળીને સંતે પોતાનું ધ્યાન પાળ્યું. અને આંખો ખોલીને ઉંચે જોઈને બોલ્યા. નહીં, નાવને ઉંધી પાડવાથી શું લાભ થશે? અનેક જીવોના જાન જશે. હા, જો તમારે ઉલટાવું છે તો આ બધા માણુસોની બુદ્ધિને ઉલ્ટાવી નાંખો. કેવો સુંદર જવાબ છે! આમાંથી આપણને ઘણું સમજવાનું મળે છે. આજે આપે બે વાત સાંભળી. પહેલા બે સાધુની વાત સાંભળી કે જેણે માન કષાયમાં જોડાઈને કેવું કાર્ય કર્યું કે જેથી સેંકડો જીવો મૃત્યુના મુખમાં હોમાઈ ગયા. અને આ બીજી વાત સાંભળી કે જેણે પોતાના ઉપર અપકાર કરનારાઓને પણ જીવતદાન આપી બચાવી લીધા. આવું હોય છે સંત પુરૂષોનું ચારિત્ર. તેઓ ન તો પોતાના હૃદયમાં ક્રોધને સ્થાન આપે છે કે ન તો પોતાની ભાવના બદલે છે તે તો.

लाभा लाभे सुहे दुक्खे जीविए मरणे तहा ।
समो निंदा पसंसासु तहा माणावमाणओ ।।

ઉત્ત. સૂ. અ. ૧૯ ગાથા ૯૦

લાભ કે અલાભમાં, સુખ કે દુઃખમાં, જીવન કે મરણમાં, માન કે અપમાનમાં, નિંદા કે પ્રશંસામાં સદા સમભાવમાં રમે છે. પોતાના અપકારીનો પણ તે ઉપકાર કરે છે. આ શકિત ક્યારે પ્રાપ્ત થાય છે? જ્યારે તે મન અને ઇન્દ્રિઓ ઉપર પૂર્ણ કાબૂ રાખે છે ત્યારે. મારો કહેવાનો આશય એ છે કે સમ્યક્ દર્શન, જ્ઞાન, ચારિત્રની આરાધના કરવાવાળા સાધક આ નશ્વર દેહનો ત્યાગ કરીને પણ સંસારમાં પોતાની કીર્તિ દ્વારા અમર બની જાય છે. અને જન્મ-મરણના દુઃખોથી સર્વથાને માટે મુકત થઇને કાળનો પણ પરાજય કરી દે છે. આ બધો પ્રભાવ ચારિત્રનો છે. મહાપુરૂષો જ્ઞાન અને દર્શનનો પ્રયોગ ચારિત્રના રૂપમાં કરે છે. ચારિત્ર એ જ્ઞાન-દર્શનની સાચી કસોટી પણ કહી શકાય છે. કારણ કે ચારિત્રની ઉચ્ચતા દ્વારા એની સાચી પારખ થઇ શકે છે. જેટલી ચારિત્રની ઉચ્ચતા તેટલું જીવન સફળ અને જેટલી નિકૃષ્ટતા એટલું જીવન અસફળ. ચારિત્રને દૃઢ અને ઉચ્ચ બનાવવાને માટે જો કે તેમને અનેક કષ્ટો સહન કરવા પડયા છે, પરંતુ જે રીતે સોનાને તપાવ્યા પછી સોનું શુદ્ધ, નિર્મળ અને ચમકદાર થાય છે તે રીતે વિવેકી આત્મા ઘણા કષ્ટ સહન કર્યા પછી ચારિત્રવાન અને પ્રતિભાવાન બને છે.

ચારિત્રવાન બનવું સરળ નથી પણ ઘણું મુશ્કેલ છે. ઘણા માણુસ વિદ્વાન હોય છે. તેમને કેટલા પુસ્તકો તો કંઠસ્થ હોય છે અને કેટલી બધી ભાષાઓ આવડતી હોય છે. પરંતુ જો તેનામાં ચારિત્ર ન હોય તો એ બધું આવશ્યક નથી. ઘણી વાર જોવા મળે છે કે મોટા મોટા જ્ઞાની અને વિદ્વાન પણ ચારિત્રની દૃષ્ટિએ તો શૂન્ય હોય છે. ગાંધીજીએ પણ એક જગ્યાએ લખ્યું છે કે સચ્ચારિત્રના અભાવમાં ફકત બૌદ્ધિક

જ્ઞાન સુગંધ વિનાના પુષ્પ જેવું છે. આપને હવે સમજાઈ ગયું હશે કે ચારિત્ર, સદાચારના અભાવમાં ધન-સંપત્તિનું કોઇ મૂલ્ય નથી. જેવી રીતે ઔષધિ શરીરના રોગોનો નાશ કરે છે તે રીતે સદાચાર આત્માના રોગોને નાશ કરી તેને શુદ્ધ બનાવે છે. તેથી ચારિત્રનો મહિમા બતાવતાં સૂયગડાયંગ સૂત્રમાં કહ્યું છે કેઃ-

**अभविंसु पुरा वि भिक्खुवो, आएसा वि भवन्ति सुव्वया ।**
**एयाइं गुणाइं आहुते, कासवस्स अणुधम्मचारिणो ॥**

સૂય. સૂ. અ-૨ ઉ. ૩ ગાથા ૨૦

જે જિનેશ્વર ભગવાન પહેલા થઇ ગયા છે. તે બધા સુવ્રતી હતા. અને ભવિષ્યમાં થશે તે બધા ચારિત્રના પ્રભાવે જિનેશ્વર થશે. તે જિનેશ્વર ભગવાને સદ્દગુણોનો ઉપદેશ આપ્યો. કારણ કે કાશ્યપ ગોત્રી ભગવાન મહાવીર સ્વામીએ ધર્મનું આચરણ કર્યું હતું. ગમે તેટલું જ્ઞાન હોય પણ નિર્મલ અને દૃઢ ચારિત્રના અભાવમાં જ્ઞાનનું હોવું ન હોવું સમાન છે. ચારિત્રના અભાવમાં જ્ઞાન બોજા સમાન લાગે છે. જ્ઞાનની સાર્થકતા ચારિત્રની પ્રાપ્તિમાં છે. અને સાચો જ્ઞાની તો તે છે જે પોતાના સદ્જ્ઞાનથી પોતાના ચારિત્રને દૃઢ અને શુદ્ધ બનાવે છે. કોઇ માણુસ જ્ઞાનને આચરણમાં ઉતાર્યા વિના સમજી લે કે કંઠસ્થ જ્ઞાનથી અમને કર્મોથી મુક્તિ મળી જશે ને અમારું કલ્યાણ થઈ જશે. તો તે માનવ ભ્રમમાં રહે છે. માટે આત્મકલ્યાણ માટે તો સમ્યક્જ્ઞાન, દર્શન અને ચારિત્ર ત્રણેની આવશ્યકતા છે. પણ જ્ઞાનની સાથે અહંકાર ન હોવો જોઇએ. કયારે પણ અહંકાર આવી જાય તો ચૌદપૂર્વધારીઓના જ્ઞાનનું સ્મરણ કરવું. અને વિચાર કરવો કે કયાં એ મહાપુરૂષ અને કયાં હું ! જો જ્ઞાનમાં અહંકાર આવે તો સમજવું કે જ્ઞાનનું અજીર્ણ છે. એ અજીર્ણને દૂર કરવા માટે જ્ઞાનીનું સ્મરણ કરવું તે પાવરફૂલ ઈંજેકશન છે.

ઉપાધ્યાય યશોવિજયજીનું નામ તમે સાંભળ્યું હશે ! જૈન સમાજના તેઓ એક ઘણા મોટા વિદ્વાન થઇ ગયા. જૈન દર્શનની સાથે તેમણે અન્ય દર્શનોનો પણ ખૂબ ઊંડો અભ્યાસ કર્યો હતો. બાર વર્ષ સુધી કાશીમાં રહીને તેમણે અભ્યાસ કર્યો હતો. તે સમયના વિદ્વાનોમાં તેમની વિદ્વતાની છાપ સુંદર હતી. કેટલીય સભાઓમાં તેમણે વાદવિવાદમાં ભાગ લીધો હતો. જે સભામાં જતા તે સભામાંથી વિજય મેળવીને આવતા. બધેથી મળતા વિજયોની સાથે તેમને ન્યાયવિશારદની પદવી પણ મળી હતી.

એક વખતના પ્રસંગમાં વિદ્વાનોની સભા મળી હતી. આ સભાઓનો મુખ્ય ધ્યેય એ હતો કે બધા વિદ્વાનો ભેગા મળીને કોઇ શાસ્ત્ર કે તર્ક પર પોતાના મૌલિક વિચારો રજૂ કરે. અને જનતા સમક્ષ નવા વિચારો પ્રદર્શિત કરે. તેથી બીજા પક્ષની ખોટી માન્યતાઓ દૂર થાય ને જ્ઞાનનો પ્રકાશ ફેલાય. પરંતુ જયારે આ વાદ થાય ત્યારે

તેમાંથી સત્ય તો દૂર જતું રહેતું અને અહં કામ કરવા લાગી જતું. જ્યારે વાદમાંથી સત્ય ચાલ્યું જાય છે ને અહં સ્થાન જમાવે છે ત્યારે વાદ વાદ ન રહેતાં વિવાદ બની જાય છે. પછી સત્યની રક્ષાનો સવાલ ન રહેતાં વ્યક્તિગત માન-પ્રતિષ્ઠાનો વિષય બનાવવામાં આવે છે. જેનું ધ્યેય માત્ર બીજાને પરાજય આપી પોતાની પ્રતિષ્ઠાનું સ્થાપન કરવાનું હોય છે. ત્યારે જય-પરાજયની હરીફાઇમાં સત્ય ખોવાઈ જાય છે. આ સભામાં વિદ્વાનો કોઇ એક વિષય ઉપર શાસ્ત્રાર્થ કરતા અને એક નિર્ણાયક જય-પરાજયનો નિર્ણય કરતો.

વિદ્વાનોની આ સભામાં શાસ્ત્રાર્થનું આયોજન થયું. તેમાં વિજેતા બનનારને સભાએ પાંચસો ધ્વજાઓ આપવાનું નક્કી કર્યું, કે જે તેના વિજયની નિશાની તરીકે રહે. શાસ્ત્રાર્થની શરૂઆત થઇ. યશોવિજયજીએ તેમાં ભાગ લીધો હતો. પોતાની વિદ્વતા અને પ્રતિભાના બળે તેઓ વિજયી બન્યા ને સભાએ તેમને ૫૦૦ ધ્વજાઓની ભેટ આપી. જ્યારે યશોવિજયજી એક સ્થળેથી બીજા સ્થળે વિહાર કરતા, ત્યારે આ ૫૦૦ ધ્વજાઓ તેમના યશના પ્રતિક તરીકે આગળ રહેતી. આ ધ્વજાઓ જોઇને તેઓ પોતાનું ગૌરવ માનતા. જ્યારે વિચરતા વિચરતા તેઓ ગુજરાત તરફ જતા હતા ત્યારે રસ્તામાં આધ્યાત્મિક યોગી આનંદઘનજીનો ભેટો થયો. આનંદઘનજી મહારાજ આ ધ્વજાઓ જોઇને તે આચાર્યની મનોદશા સમજી ગયા. પોતે બંને પૂર્વના સ્નેહીઓ હતા. પોતાના સાથીના મનનો અભિમાન ઓગાળવા તેમણે પ્રશ્ન કર્યો.

હે આચાર્ય! તમે સર્વથી શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ જ્ઞાની કોને માનો છો? આચાર્ય યશોવિજયજીએ કહ્યું. મારી દૃષ્ટિએ તો કેવળ જ્ઞાની પુરૂષ સર્વશ્રેષ્ઠ જ્ઞાનના ધારક છે. કે જેમનો આત્મા અનંત જ્ઞાનના પ્રકાશથી ચમકી રહ્યો છે. યોગી આનંદઘનજીએ બીજો પ્રશ્ન કર્યો. તેનાથી ઓછા જ્ઞાનવાળા કોણ છે? આચાર્યે કહ્યું-બીજે નંબરે ચૌદ પૂર્વધરો આવે. કેવળજ્ઞાની પછી તેમનો નંબર આવે. ચૌદપૂર્વધરો પછી કોણ? કહે. સિદ્ધસેન દિવાકર. તેમના પછી? આચાર્ય હેમચંદ્રસૂરિ. આટલી ચર્ચા કર્યા પછી અવધૂત યોગી આનંદઘનજીએ પ્રશ્ન કર્યો. તમારા ઉત્તર બરાબર છે. હવે આપ મને એ જણાવશો કે તે વિશિષ્ટ જ્ઞાનીઓની પંક્તિમાં આપના જ્ઞાનનું સ્થાન ક્યાં પામે છે ખરું? ત્યારે યશોવિજયજીએ કહ્યું– તે મહાન જ્ઞાનીઓની સરખામણીમાં તો મારું જ્ઞાન ટકી શકે નહિ. ક્યાં તે વિશિષ્ટ મહાજ્ઞાનીઓ ને ક્યાં હું અલ્પજ્ઞ! ક્યાં સાગર અને ક્યાં બિંદુ! ક્યાં સૂર્ય ને ક્યાં આગિયો! ત્યારે યોગીએ કહ્યું કે તો આપ એ કહો કે એ અનંત જ્ઞાનીઓની આગળ કેટલી ધ્વજાઓ ફરકતી હતી? આ પ્રશ્નના ઉત્તરમાં આચાર્ય મૌન રહ્યા. હવે તેમને પોતાની ભૂલ સમજાઇ ગઇ અને તે વખતે તેમણે પોતાની ભૂલ સુધારી દીધી.

યશોવિજયજીએ તો પોતાની ભૂલ જોઇ, તેનો સ્વીકાર કર્યો અને સુધારી પણ

લીધી, પણ આજે જો ભૂલ બતાવવામાં આવે તો તે ભૂલ બતાવનારની ટીકા કરવાનું શરૂ થઇ જાય છે. ઠીક. હવે તમે એ બતાવો કે તમે અહીં તમારી ભૂલો તપાસવા આવો છો કે તમારી પ્રશંસાના ગીતો સાંભળવા આવો છો? જો પ્રશંસાના પુષ્પ પ્રિય હોય તો યાદ રાખજો કે પ્રગતિ અટકી ગઇ છે. આચાર્ય યશોવિજયજીએ ભૂલ જોઇ તો સહજ ભાવથી તેનો સ્વીકાર કર્યો અને સુધારી લીધી. તેમજ ભૂલ બતાવનાર પ્રત્યે જરા પણ રોષ કે દ્વેષ તેમના મનમાં પણ ન આવ્યો ને તે ક્ષણે તેમના મનમાંથી જ્ઞાનનો અહંકાર નાશ પામ્યો.

જ્ઞાનનો મુખ્ય હેતુ પ્રગતિ છે. પરંતુ જ્ઞાનનો અહંકાર તો પ્રગતિને બદલે પતન કરાવે છે. ચંદન ઠંડુ હોય છે પણ તેની આગ ઠંડી નથી હોતી. આગનો ગુણ ઉષ્ણુતા છે એટલે તે તો સળગાવવાનું કામ કરશે. પછી ભલે તે આગ લાકડાની હોય, કોલસાની હોય કે ચંદનની હોય પણ તે દઝાડયા વિના રહેશે નહિ. આગની માફક અહંકારનો સ્વભાવ પણ દઝાડવાનો છે. તે હંમેશા મનની શાંતિને સળગાવ્યા કરે છે. વિનયના ગુણને રાખ કરે છે. પછી ભલે તે અહંકાર દેહનો હોય, સંપત્તિનો હોય, બળનો હોય, જ્ઞાનનો હોય કે ક્રિયાનો હોય પણ તે આત્માના ગુણોને તો ખતમ કરી નાંખશે.

અનાથી મુનિ શ્રેણીક રાજાને કહી રહ્યા છે કે હે રાજન્! વિષય અને કષાયમાં કલુષિત બનીને વિભાવમાં પડેલો આત્મા પોતાનો શત્રુ છે. ને વિષય-કષાયથી મુકત બની સ્વભાવના સરોવરમાં સ્નાન કરીને શુદ્ધ બનેલો આત્મા પોતાનો મિત્ર છે. અનાથી મુનિ હજુ પણ આ વિષય ઉપર શ્રેણીક રાજાને સમજાવશે તેના વધુ ભાવ અવસરે.

**ચરિત્ર :- ભર્યા ભાણેથી પવનજી ઉભા થઇ ગયા.**

સાળાની દીકરીએ કહ્યું કે મારા ફઇબાને અહીંથી કાઢી મૂકયા છે. આ સમાચાર સાંભળીને પવનજીને પારાવાર ક્રોધ ચઢયો. બંધુઓ! જુઓ, અંજનાના અશુભ કર્મનો ઉદય હતો ત્યારે પવનજીને તેના સામું જોવું પણ ગમતું ન હતું. હવે અંજનાને કાઢી મૂકી એ સમાચાર જાણતાં પવનજીનું હૃદય ચીરાઇ ગયું. અરેરે.... મારા પાપીને કારણે એ સતીને કેવા દુઃખો સહન કરવા પડયા!

**બાલિકાવચન સુણી કરી, માથા પર ફેરવી નાંખ્યો છે થાલ તો,**
**મહેન્દ્રરાય આવી પાયે નમે, પુરોહિત કહે તું તો કર્મ ચંડાલ તો,**
**ઉઠો સ્વામી શું બેસી રહ્યા, મુઇ કે જીવતીની લીજીએ ખોજ તો,**
**સાસુ રે આવી આડી ફરી, તુમ મુખ દીઠા મુજ લાગે છે લાજ તો....સતી રે.**

બેબીના વચન સાંભળી પવનજી ભર્યાભાણેથી ઉભા થઇ ગયા. ને ભોજનનો ભરેલો થાળ માથા ઉપર ત્રણ વાર ઉતારીને ફેંકી દીધો. હવે જ્યાં સુધી અંજના ન મળે ત્યાં સુધી મારે અન્નપાણી હરામ છે. સસરાજીએ જોયું કે પવનજી ઉભા થઈ ગયા.

તે ત્યાં તરત દોડતા આવીને કહે છે હે જમાઈરાજ! અમારી મોટી ભૂલ થઈ ગઈ છે. તમને મોઢું બતાવતાં પણ મને શરમ આવે છે. એમ કહીને જમાઈને આડા ફરી વળ્યા. ત્યારે પવનજીએ કહ્યું. અરેરે....તમે તો માતા-પિતા થઈને કસાઈના કામ કર્યા! તમે જે દીકરીને વીસ વર્ષની કરી તેના ઉપર એટલો પણ વિશ્વાસ ન આવ્યો કે મારી દીકરી કુસતી હોય નહિ. દુનિયામાં સાસુ તે સાસુ અને મા તે મા. સાસુએ અંજનાના માથે કલંક ચઢાવવાની ભૂલ કરી ને પિયર કાઢી મૂકી. પણ તમારી તો એ ફરજ હતી ને કે મારી દીકરીને પાસે બેસાડીને પૂછું કે બેટા! તને સાસરેથી કાળા કપડે કેમ કાઢી મૂકી? કદાચ તમને એમ લાગ્યું તો હું આવું ત્યાં સુધી તો રાહ જોવી હતી! જે પુત્રી પેટમાં સમાણી તે થોડા સમય માટે પણ તમારી તપેલીએ ન સમાણી? પવનજીએ સાસુ-સસરા પાસે ઘણો ઉભરો ઠાલવ્યો. તેમના સાળા તો સજ્જડ થઈ ગયા. ને સાસુ-સસરા પવનજીના પગમાં પડીને રડવા લાગ્યા. ત્યારે પવનજીનો મિત્ર કહે છે તમે તો ચંડાળ જેવા કામ કર્યા છે. હવે શું રડવા બેઠાં છો? પવનજી કહે-ભાઈ! ચાલો. એમની સાથે વાતો કરવામાં સમય બગડે છે. સતી અંજના ક્યાં હશે? તેમની તપાસ કરીએ. એમ વિચારી પવનજી અને તેમના મિત્ર ઉભા થયા. ને જવા માટે પગ ઉપાડે છે ત્યાં સાસુ-સસરા આડા ફરી વળ્યા. ને કહ્યું. તમે જમો તો ખરા! પવનજી કહે હવે તો તમારા ઘરનું ટીપું પાણી પણ ન પીઉં. પણ સાસુ-સસરા તેમને જવા દેતા નથી. હવે પવનજી અને તેમનો મિત્ર અંજનાની શોધ કરવા જશે ને શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં. - ૮૯

**આસો વદ ૧૦ ને બુધવાર** **તા. ૨૯-૧૦-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંતજ્ઞાની શાસ્ત્રકાર ભગવંતોએ જગતના જીવોના આત્મકલ્યાણને માટે, સુખ માટે દિવ્ય વાણી પ્રકાશી. ભગવાને ભવ્ય જીવોના હિત માટે કેટલું સુંદર માર્ગદર્શન કર્યું છે! ભગવાનની આપણા ઉપર કેવી અસીમ કરૂણા છે! માતા-પિતા આદિ વડીલો સંસારમાં સંતાનોને સુખી કરવા માટે કરૂણા કરે છે, પણ તે આ એક ભવ પૂરતી કરૂણા છે. અને તે સુખ ભાગ્યમાં હોય તો ટકશે. જ્યારે આપણા પરમ ઉપકારી ભગવાને આપણા ઉપર ભવોભવ સુખી થવાની કરૂણા કરી છે. આત્મસાધનાના રાહે જતાં થોડો સમય કષ્ટ પડશે. પણ પછી કેટલું સુખ મળશે તે તમે જાણો છો ને? ભગવાન મહાવીર સ્વામીએ સંસાર છોડી સંયમ લીધો. સાડાબાર વર્ષ સુધી ઉગ્ર સાધના કરી. મહાન કષ્ટો અને ઉપસર્ગો સહન કર્યાં ત્યાર પછી સુખનો અખૂટ ખજાનો પ્રાપ્ત કર્યો. જ્યારે આજે

અજ્ઞાનપણે જીવો ભૌતિક સુખો મેળવવા ફાંફા મારે છે. એને ખબર નથી કે હું ગર્દભ લઈને ઘોડા આપી રહ્યો છું.

બોલો, આમાંથી તમે કોઈ ઘોડા આપીને ગર્દભ ખરીદો ખરા? (હસાહસ) તમે બધા તો એટલા ચતુર છો કે ઘોડા આપીને ગર્દભ ખરીદો તેવા નથી. કેમ બરાબર ને! તો વિચાર કરો. સંસારના ભૌતિક સુખોમાં આત્મસાધનાનો સોનેરી સમય વેડફી નાંખવો તે ઘોડા આપીને ગધેડા ખરીદવા જેવું નથી? ભગવાન કહે છે કે– "खाणी अणत्थाण उ कामभोगा।" સંસારમાં પાંચ ઈન્દ્રિયજન્ય સુખો અનર્થની ખાણ જેવા છે. તેને છોડી દે અને ત્યાગ માર્ગમાં અલ્પ સમયનું કષ્ટ વેઠીને લાંબા કાળનું સુખ મેળવી લે. સંસારના સુખ મેળવતાં ચારે કષાયના કારણો ઉભા છે. માની લો કે તમને કષાય આવી જાય તેવો પ્રસંગ ઉપસ્થિત થયો. તે સમયે જો સમતાભાવ રહે તો ઘણાં કર્મો ખપી જાય. પણ જો સમતા ન રહે અને બંને વ્યક્તિ સરખા બને તો મોટો કષાયરૂપી ભડકો થાય. કદાચ કોઈના ઘરમાં આગ લાગશે તો મર્યાદિત વસ્તુઓ બાળશે અને બંબા આવશે તો ઓલાશે. પણ કષાયની આગ એવી ભયંકર છે કે તે જો ફાટી નીકળશે તો આપણી ભવોભવની સાધનાને બાળીને ખાખ કરી નાંખશે જીવને કષાય શા માટે થાય છે? અંતરમાં રાગ–દ્વેષ અને મોહ ભર્યા છે માટે. આ રાગ–દ્વેષ અને મોહની ત્રિપુટી ટળે તો કલ્યાણ થાય. જ્ઞાની કહે છે કે

**ઉઘડે અંતરના કમાડ, મીટે મોહની મનવાર,**
**ટળે રાગની રંજાડ, સુખ વૃષ્ટિ શતધાર,**

જો અંતરના કમાડ ખુલે તો પરભાવમાં ભમતો આત્મા સ્વમાં આવી જાય. કમાડ ખુલે તો ખબર પડે કે હું કયાં ભમું છું? બાહ્યભાવમાં રખડતો આત્મા બાહ્ય પદાર્થોને દેખે છે. પોતાને દેખતો નથી. તમારી તિજોરીના કમાડ ખુલે તો તેમાંથી પૈસા અને દાગીના મળે, પણ તિજોરીનું બારણું બંધ રાખીને કહો કે પૈસા જોઈએ છે તો મળે? ન મળે. તેમ અંતરના દ્વાર બંધ રાખીને અવિનાશીનો ખજાનો મેળવવો છે તો તે કયાંથી મળે? જેના અંતરના દ્વાર ખુલી જાય છે તેનો બાહ્ય અને આભ્યંતર મોહ છૂટી જાય છે. મોહનીય કર્મની પ્રકૃતિ ૨૮ છે. તેમાં ૨૫ ચારિત્ર મોહનીયની અને ત્રણ દર્શન મોહનીયની. તમે પરણવા ગયા ત્યારે ચોરીમાં બેઠા હતા ને? જેમ ચોરીના ચાર છોડ હોય છે. અને એકેક છોડમાં સાત સાત માટલી એમ ૭×૪=૨૮ માટલી હોય છે. તેમ ચોરીના ચાર છોડ સમાન ચાર ગતિ છે. અને ૨૮ માટલી સમાન ૨૮ મોહનીય કર્મની પ્રકૃતિ છે. એ સંસારની ચોરીમાં બેઠા એટલે ચતુર્ગતિના ફેરા ફરવાના સમજી લેજો. ભોગ વિષયોમાં સુખ માનીને જીવ તેની પાછળ દોડી રહ્યો છે પણ આત્મા તરફ લક્ષ કર્યું નથી.

દેવાનુપ્રિયે ! આ તમારી સંસારીની વાત થઇ. પણ ભગવાન કહે છે સંસાર છોડીને સાધુ બન્યા પછી પણ મનની મલીનતા દૂર ન કરી. નામ બદલ્યું પણ કામ ન બદલ્યું, વેશ બદલ્યો પણ વર્તન ન બદલ્યું, વસ્તુ છોડી પણ વાસના ન ગઈ, ચારિત્ર લઇને જગતને વંદનીય બન્યો પણ વિચાર ન બદલ્યા તો વેશ પહેર્યો શા કામનો ? વેશ પહેરીને ભવાઇ ભજવી છે. પરંતુ સાચો સંયમી સાધક કે જેના લલાટે બ્રહ્મચર્યના તેજ ઝગારા મારી રહ્યા છે તેવા સાધક આત્માની સામે કોઇ વિકારી માણસ ઊભેલો હોય તો તેનો વિકાર પણ ટળી જાય છે. આ છે બ્રહ્મચર્યની શક્તિ ! પણ વેશ પહેરીને મન જો વિકારમાં રમતું હોય તો અનંતોકાળ સંસારમાં રઝળવું પડશે. અને આ મોહની વિટંબણાની વેલી ચારે તરફ વીંટળાઇ વળશે.

જેના અંતરના કમાડ ખુલી ગયા છે તેવા કંઇક શ્રાવકો સંસારમાં રહેલા હોવા છતાં તેમનું જીવન સાધુ જેવું હોય છે. ઉપાસંગ દશાંગ સૂત્રમાં દશ શ્રાવકોનો અધિકાર આવે છે. તેમાં એકેક શ્રાવકોને કેવા ઉપસર્ગો આવ્યા ! દેવ પરીક્ષા કરવા આવ્યા હતા, મારણાંતિક ઉપસર્ગો આવ્યા છતાં મન કેટલું દૃઢ ! દેવના ડગાવ્યા પણ ડગ્યા નહિ. વિચાર કરો. કેટલો મોહ જીત્યો હશે ! અરે ! મોહને કચડી નાંખ્યો. સોપારી ગમે તેટલી કઠણ હોવા છતાં એના કટકા કરી શકાય છે. તેમ મોહને જીતવો કઠણ છે. છતાં જો અંતરના કમાડ ઉઘડે તો મોહને કચડી તેના ચૂરેચૂરા કરી શકાય છે. જેમના અંતરના કમાડ ખુલી ગયા છે તેવા બ્રહ્મચારી આત્માની સામે વિકારી આત્મા ઊભો હોય ને તેની દૃષ્ટિમાં દૃષ્ટિ મળે તો વિકારીના વિકાર નષ્ટ થઇ જાય. બ્રહ્મચર્યના તેજ આગળ હજારો સૂર્યનાં તેજ ઝાંખા પડે છે.

બંધુઓ ! ચામડાના કોથળામાં રાચવા ને તેના ખોળામાં માથું મૂકવા કરતા તરણ તારણ એવા ત્રિલોકીનાથના ખોળામાં માથું મૂકો. પામરતાનું સેવન કરવા કરતા પ્રભુતાને પામવા પુરૂષાર્થ કરો. ચક્ષુકુશીલ–અંગ સ્પર્શના પાપ નાના સૂના નથી. તેનાથી તનના અને ભવના રોગને પોષણ મળે છે. આ મોહની મૂઢતા છે. મોહના કારણે જીવ અનાદિકાળથી રાગનું પોષણ કરી રહ્યો છે. તે રાગની આગ ભડકે બળે છે. એ આગને બૂઝાવવા માટે ત્રિલોકીનાથના અને સદ્‌ગુરૂના ખોળે માથું મૂકી દો તો કોઇ અપૂર્વ શાંતિ અને શીતળતા મળશે. ઉકળતા તેલના મોટા તાવડામાં બાવના ચંદનનું એક ટીપું પડશે તો બધું તેલ શીતળ બની જશે. તેમ રાગની ભડકે બળતી આગને બૂઝવવા માટે વિરાગતા રૂપી બાવના ચંદનનું એક ટીપું બસ છે.

વિરાગભાવ એ રંગરાગની ગંજીને બાળનાર ચીનગારી છે. પણ જીવ અનંતકાળથી રંગરાગની રંગોળી પૂરીને રાગની આગમાં જલી રહ્યો છે. હવે જો કંઇક સમજાયું હોય તો રાગની સામે મોરચો માંડો જેથી એની રંજાડ ટળી જાય. વિરાગભાવની એક ચિનગારી

પ્રગટશે તો રાગ ક્યાંય ભાગી જશે. વિરાગની એટલી અગાધ શક્તિ છે કે જે ભોગના ભરચક સાધનોને ઉલંઘી જાય છે. જ્યારે રાગી ભૌતિક સુખના ટુકડા વીણતો ફરે છે. ભૌતિક ભોગના ટુકડા મળી જાય તો તે ખુશખુશાલ થઇ જાય છે અને એ ભોગના ટુકડાની ભીખ ન મળી તો રાંકડો બનીને રડે છે ને અનંત સંસારમાં રઝળે છે.

અનંતકાળથી આત્મા પરનો દાસ બનીને અનાથ બની ગયો છે. તેને સનાથ બનાવવો હોય તો વિરાગભાવની મસ્તી લાવો. જ્યાં વિરાગ ભાવ આવ્યો ત્યાં કર્મની ગંજીઓની ગંજીઓ સાફ થઇ જશે. *આ ચતુર્ગતિ સંસારમાં ન રઝળવું હોય તો રાગી* મટીને વિરાગી બનો. તો અંતરના કમાડ ઉઘડે, મોહની મનવાર મટે, રાગની રંજાડ ટળે ને શાશ્વત સુખ મળે. પછી કોઇ સુખ શોધવા જવું નહિ પડે ને અંતરમાંથી શાશ્વત સુખના ઝરણા વહેવા લાગશે. આવા પવિત્ર આત્માને જોતાં વિકારી અવિકારી બની જશે.

એક ન્યાય આપું. રાજસાહી સુખોમાં વસેલો નગરશેઠનો લાડકવાયો ઇલાચીકુમાર એક નટડીનું રૂપ જોઇને મોહ પામ્યો, ને નટડી સાથે લગ્ન કરવા માટે પિતાની મહાન સંપત્તિ છોડીને દોર ઉપર ચઢીને નાચવા લાગ્યો. તે એક રાજાના રાજ્યમાં નાટક કરવા માટે ગયા. ઇલાચીકુમાર દોર ઉપર ચઢીને ખેલ ભજવી રહ્યો છે. નટડી ઢોલ વગાડી રહી છે. પ્રેક્ષકો જોઇ રહ્યા છે. રાજા નટડીનું રૂપ જોઇને મુગ્ધ બની ગયો. નાટક પૂરું થયું. નટ મોટા દાનની અપેક્ષા રાખે છે. પ્રજા પણ નાટક જોઇને ખુશ થઈ છે. દાન આપવા ઉત્સુક બની છે. પણ રાજાની દૃષ્ટિમાં વિકાર ભર્યો છે એટલે દાન આપતા નથી. ત્રણ ત્રણ વખત સુંદર નાટક કરવા છતાં રાજા રીઝતા નથી. એના મનમાં એવા ભાવ પ્રવર્તે છે કે જો આ નટ દોરડા ઉપરથી પડે ને મરી જાય તો આ રૂપાળી નટકન્યા મને મળે. પણ એને ખબર નથી કે આ નગરશેઠનો છોકરો મહાન સુખ છોડીને કોને માટે આ નાટક કરી રહ્યો છે!

બંધુઓ! આ બંનેની દૃષ્ટિમાં વિકાર છે. ઇલાચીકુમારને નટડી પ્રત્યે મોહ છે ને રાજા પણ નટડી ઉપર આસકત બન્યો છે. એટલે રાજા ઈલાચીનું મોત ઇચ્છી રહ્યા છે. પણ હવે તમે જોજો. વિકારીની દૃષ્ટિ અવિકારી પર પડે છે તો તેનો વિકાર કેવો નષ્ટ થઇ જાય છે! ઇલાચીકુમાર દોરડા ઉપર નાચ કરે છે. સામી હવેલીમાં એક મુનિરાજ પધાર્યા છે. મુનિ નવયુવાન અને સ્વરૂપવાન છે. તેમને શ્રીમંત શેઠાણી મોદક વહોરાવે છે. શેઠાણી પણ નવયુવાન અને સ્વરૂપવાન છે. તેના વાળે વાળે મોતી ટાંસેલા છે. આવા શેઠાણી મોદક વહોરાવે છે. છતાં નથી તો મુનિ શેઠાણી સામું જોતાં કે નથી શેઠાણી મુનિ સામે દૃષ્ટિ કરતા. મુનિની દૃષ્ટિ વહોરવા તરફ છે ને શેઠાણીની દૃષ્ટિ વહોરાવવા તરફ છે. બંનેની દૃષ્ટિ અવિકારી છે. હવેલીમાં શેઠાણી અને મુનિ સિવાય કોઇ નથી. છતાં કેવી નિર્મળ દૃષ્ટિ છે! આ દૃશ્ય જોઇને ઇલાચીકુમારના મનમાં એવા

ભાવ આવ્યા. અહો ! કયાં આ પવિત્ર આત્માઓ ને કયાં હું આ ચામડાના ખોળે માથું મૂકી અપવિત્ર ભાવનું સેવન કરનારો ! એક નટડીના મોહમાં પડીને માતા-પિતાને ઠુકરાવી આ નાટક કરવા ચાલી નીકળ્યો. એવા મને ધિક્કાર છે ને આ પવિત્ર આત્માઓને ધન્ય છે ! એમ વિચારતાં ક્ષપક શ્રેણીએ ચઢયા ને આત્મજ્યોતિ પ્રગટતાં દોર ઉપરથી નીચે ઉતરી સાધુ બની ગયા.

સમજાયું ? મુનિ સામેની હવેલીમાં હતા. ને ઈલાચીકુમાર દોર ઉપર હતો. બંને દૂર હોવા છતાં અવિકારી આત્માએ કેવું કામ કર્યું ? વિકારીનો વિકાર નષ્ટ કર્યો. રાગની આગ બૂઝાવી વિરાગ ભાવનો ચીરાગ જલાવ્યો. રાગની ટાંકીમાં વિરાગ દશાનું એક બિંદુ બસ છે. મરૂદેવી માતાને ક્ષણ પૂરતો વિરાગ ભાવ આવ્યો. કોણ માતા અને કોણ પુત્ર ! આ સંસારમાં કોણ કોનું છે ? આ ભાવમાં હાથીની અંબાડી ઉપર બેઠાં બેઠાં કેવળજ્ઞાન પામી ગયા. રોજના સાત સાત ખૂન કરનારા અર્જુનમાળીને સુદર્શન શેઠનો ભેટો થતાં ભગવાનની પાસે ગયા. ભગવાનના દર્શન કરતાં પાપી પાવન બની ગયો ને મોક્ષની ટિકિટ લઇ લીધી. આવા તો જૈનશાસ્ત્રોમાં અનેક દાખલા છે.

દેવાનુપ્રિયો ! આ માનવ જિંદગી અમૂલ્ય છે. એની એકેક ક્ષણ સેંકડો કોહીનુર હીરાથી પણ કિંમતી છે. બધું મળશે પણ આવી અમૂલ્ય જિંદગી પાછી નહિ મળે. આવી અમૂલ્ય ક્ષણોને વિકારમાં વેડફો નહિ. જેટલો બને તેટલો રાગ ઓછો કરીને વિરાગભાવ કેળવો. તો અંતરના કમાડ ખુલી જશે. અંતરના કમાડ ખુલશે તો મોહરાજાને હટાવી શકાશે અને રાગ આત્માને અનંતકાળથી પરેશાન કરી રહ્યો છે તે પરેશાની દૂર થશે ને આત્મા શાશ્વત સુખનો સ્વામી બની શકશે.

જેની દૃષ્ટિ ખુલી ગઇ ને ચારિત્ર અંગીકાર કર્યું તેવા અનાથી મુનિ શ્રેણીક રાજાને કહી રહ્યા છે કે હે મહારાજા ! હું સનાથ કેવી રીતે બન્યો ? મારો રોગ મટાડવામાં કોઇ પણ સમર્થ ન બની શકયા. તે સમયે ન તો મારા સ્વજન સંબંધી કંઇ કરી શકયા, ન તો વૈદ હકીમ પોતાની દવાથી મને સારું કરી શકયા. ન તો મારા પિતાની અઢળક સંપત્તિ મારી બિમારીમાં કામમાં આવી. આ સ્થિતિ જોઇને મને આત્મામાં વિશ્વાસ થયો કે હું અનાથ છું. અને જયારે એ દૃઢ વિશ્વાસ થયો ત્યારે મેં એક દિવસ સંકલ્પ કર્યો કે જો હું આ વેદનામાંથી મુકત બની જાઉં તો સંયમ લઇને એવો પુરૂષાર્થ કરીશ કે મારો આત્મા હંમેશને માટે રોગ-શોક અને જન્મ મરણના દુઃખમાંથી મુકત બની જાય, બસ, આ વિચાર અને દૃઢ સંકલ્પ કરતા મારી ઘોર વેદના આપોઆપ શાંત થઇ ગઇ ને મેં સંયમ અંગીકાર કર્યો. હવે આપ જ બતાવો કે તમે પોતાને લાખો જીવોના નાથ સમજો છો. તો શું કોઇ પણ આત્મા શારીરિક વેદના મટાડવામાં સમર્થ છે ? રાજા કહે ના. મુનિ કહે તો એવી સ્થિતિમાં આપ કોઇ પણ રીતે કોઇના નાથ બની શકો ખરા ? મેં આ વાતને

ખૂબ સારી રીતે સમજીને આ સંયમનો માર્ગ અપનાવ્યો છે. હું જે કારણથી અનાથ હતો તે વાત મેં આપને સમજાવી. હવે બીજા પ્રકારની અનાથતા પણ હોય છે તે કેવી રીતે? તે હું તમને સમજાવું.

**इमा हु अण्णा वि अणाहया निवा, तमेग चित्तो निहुओ सुणेहि ।**
**नियंठ धम्मं लहियाण वि जहा, सीयन्ति एगे, बहुकायरा नरा ।।**

ઉત્ત. સૂ. અ. ૨૦ ગાથા ૩૮

હે રાજા! બીજું અનાથપણું કયું છે તે તમે સ્થિર ચિત્ત કરીને સાંભળો. સનાથ બનાવનાર નિર્ગ્રંથ ધર્મને પ્રાપ્ત કરીને પણ ઘણાં કાયર પુરૂષો પતિત થઇ જાય છે અને નિર્ગ્રંથપણામાં દુઃખ પામે છે હવે જે સાધકદશામાં દઢ હોય છે તે મુનિ કેવા હોય છે?

સાચા સંયમી સાધક મુનિ પોતાના શરીર પર પણ મમત્વ નથી રાખતા તો પછી અધિક કપડા તો રાખે શાના? ઉત્તરાધ્યયન સૂત્રમાં પણ ભગવાન બોલ્યા છે

**अचेलगस्स लूहस्स, संजयस्स तवस्सिणो ।**

અચેલ એટલે વસ્ત્રોનો અભાવ. તેનો અર્થ મર્યાદિત કપડા એમ લઈ શકાય છે. તે માટે એક ન્યાય આપીને સમજાવ્યું છે કે એક વહેપારીની પાસે કોઇ પણ પ્રકારનો માલ છે. તે વહેપારી તે માલને વેચવા ઇચ્છે છે. પરંતુ તેના મનમાં આશા છે કે ભાવ વધશે તેથી તે રાખી મૂકે છે. પરંતુ દુર્ભાગ્યવશ ભાવ વધવાને બદલે નીચો પડતો જાય છે. તે ભાવમાં જ્યારે તે માલ વેચે છે તો નફો બહુ અલ્પ થાય છે. પરંતુ તે સમયે કોઇ વહેપારીને પૂછે છે-ભાઇ! નફો થયો કે નુકશાન? વહેપારી કહે છે નુકશાન નથી થયું ને ફાયદો પણ નથી થયો. ફકત સો-બસો રૂપિયા મળ્યા છે. તો હજારો રૂપિયાના વહેપારમાં જે રીતે સો, બસો રૂપિયાનું કોઈ મહત્વ રહેતું નથી. તે રીતે મર્યાદિત કપડા પણ વસ્ત્ર રહિત સ્થિતિમાં આવી જાય છે.

બંધુઓ! તમારી પાસે ગરમી અને ઠંડીના રક્ષણ માટે કેટલા વસ્ત્રો રાખો છો? ઠંડીથી બચવાને માટે અનેક ગરમ વસ્ત્ર, શાલ, દુશાલ, રજાઇ ઇત્યાદિ તમારી પાસે હોય છે. પરંતુ સાધુ મર્યાદિત વસ્ત્ર રાખે છે. તેથી બહુ ઓછા કપડા તેમની પાસે હોય છે. એટલા માટે બહુ ઓછા વસ્ત્ર હોવા તે અચેલની ગણતરીમાં આવી શકે છે. ઉપર ગાથામાં लूहस्स શબ્દ આવ્યો છે. તેનો અર્થ એ કે રૂક્ષ વૃત્તિવાળા. આ વૃત્તિ સાધુને માટે યોગ્ય છે. આપ જાણો છો દરેકના મુખમાં જીભ હોય છે. તે જીભે જીવનમાં કેટલું ઘી ખાધું હશે, દૂધ પીધું હશે, મીઠાઈઓના સ્વાદ કર્યા હશે! અને આ રીતે અનેકાનેક સરસ વસ્તુઓ ખાધી હશે. પરંતુ શું કોઇ પણ વસ્તુનો સ્વાદ અથવા રસ તેની ઉપર રહ્યો છે ખરો? ના. વસ્તુ જીભથી નીચે ઉતરીને પેટમાં ગઇ કે તે તરત રૂક્ષ બની જાય છે. સાધુવૃત્તિ પણ એવી છે. જે કંઇ મળે તો ઠીક ને ન મળે તો પણ ઠીક તમે જમવા

બેસો. કોઈ વસ્તુમાં જો મીઠું ઓછું પડયું અથવા આ મારી બહેનો મીઠું નાંખવું ભૂલી ગઈ અથવા કોઈ વસ્તુમાં કંઈ ઉણપ રહી ગઈ તો તમે થાળી પછાડીને ભાણેથી ઉભા થઈ જાવ, પરંતુ સાધુવૃત્તિને ગ્રહણ કરવાવાળા આત્મા શું એવું કરી શકે? ના. તેમને વસ્ત્ર મળે તો ઠીક ને ન મળે તો પણ ઠીક. એ રીતે આહારાદિ મળે તો ઠીક અને ન મળે તો ઠીક. "लाभुत्ति न मज्जिज्जा अलाभुत्ति न सोइज्जा।" મળે તો અભિમાન ન કરે ને ન મળે તો શોક ન કરે. આવી રૂક્ષ વૃત્તિ હોવાના કારણે તેઓ બધા પરિષહોને સહન કરે છે તેનું પરિણામ એ આવે છે કે આસક્તિના અભાવથી તેમને કર્મબંધન થતું નથી.

સંયમી સાધક ધન તો રાખતા નથી તેથી ધન પ્રત્યેનો લોભ કે લાલસાનો પ્રશ્ન જ નથી હોતો. તેઓ નવ કોટીએ બ્રહ્મચર્યનું પાલન કરે છે તેથી કામ ભોગ તરફ તેમનું મન જતું નથી. તેથી વાત રહી વસ્ત્ર પહેરવાની અને પેટ ભરવાની. આપ જાણો છો કે સાધુને શ્વેત વસ્ત્રો સિવાય કોઈ પણ રંગનું કિંમતી વસ્ત્ર ખપતું નથી. અને શ્વેત વસ્ત્ર પણ મર્યાદાથી વધુ ન જોઈએ. કારણ કે પોતાના વસ્ત્ર, પાતરા આદિ પોતે સ્વયં લઈને દેશોદેશ વિચરે છે. પોતાનું વજન કોઈને આપતા નથી. આવી સ્થિતિમાં તેઓ અધિક વસ્ત્ર રાખતા નથી. અને જે મર્યાદિત રાખે છે તેના પર તેમને મમત્વ નથી હોતું. આ રીતે આહાર માટે છે. અચેત અને નિર્દોષ આહાર મળે તો ગ્રહણ કરે છે ક્યારેક લૂખા સૂકા જેવો આહાર પણ મળે છે. સરસ કે નિરસ આહાર ફક્ત શરીર ટકાવવા માટે લે છે. તેમને મન તો સરસ અને નિરસ આહાર બંને સમાન છે. કારણકે તે સ્વાદને માટે નથી ખાતા. ફક્ત પેટને ભાડું આપવાને માટે ખાય છે. એટલા માટે ખાદ્યપદાર્થમાં પણ તેમની લોલુપતા રહેતી નથી. આ સિવાય તેઓ પોતાના સંપૂર્ણ પરિવારને છોડીને સંયમી બની ગયા. તેથી મોહ કોના પર રહે? તેમને માટે તો સંસારના દરેક જીવો સમાન છે. તેથી કોઈ જીવો પ્રત્યે તેમની મમતા નથી રહેતી. એટલા માટે સૂકી માટીના ગોળા સમાન તેવા આત્માને કર્મ ચોંટતા નથી.

હે રાજન! આવો છે સાધુ માર્ગ. ગમે તેવા કપરા પ્રસંગોમાં પણ પોતાના નિયમથી ચલાયમાન ન થાય અને ઉત્કૃષ્ટ ભાવે મહાવ્રતનું પાલન કરતા સંયમની આરાધના કરે તે સાચો સનાથ છે. પણ જ્યારે આથી વિરુદ્ધમાં આહાર ન મળતાં ક્ષુધાનો પરિષહ વેઠવો પડે, પાણી ન મળતાં તૃષાનો પરિષહ વેઠવો પડે, સત્કારને બદલે તિરસ્કાર, માનને બદલે અપમાન, મીઠા વચનોને બદલે આક્રોશ વચન સહન કરવાના પ્રસંગો ઉભા થાય તે સમયે જે સાધક પોતાના પરિણામથી પાછો પડીને એમ વિચારે કે મને આવી ખબર ન હતી. આ કરતાં મારું ઘર અને મારો પરિવાર સારો. આવા જે અધ્યવસાયો કરે છે તે સાધક સંયમના પરિણામથી ચલાયમાન થયેલો છે. તેથી તે સાધુ અવસ્થામાં હોવા છતાં કાયરતાને કારણે દુઃખી બને છે ને મનમાં આર્તધ્યાન અને

રૌદ્રધ્યાનથી સીઝાયા કરે છે. આવો સાધુ સાધુપણામાં હોવા છતાં પરિણામથી સાધુ દશાથી ચલિત થયેલો ખરેખર અનાથ છે.

ભગવાને ઠાણુંગ સૂત્રની અંદર ચોથા ઠાણે ચાર પ્રકારની દીક્ષા બતાવી છેઃ (૧) એક પુરૂષ સિંહની જેમ શૂરવીર બનીને દીક્ષા લે ને સિંહની પેરે પાળે તે ભરત ચક્રવર્તિની માફક. (૨) એક સિંહની પેરે દીક્ષા લે અને શિયાળ જેવો થઈને મૂકી દે તે કુંડરીકની માફક. પુંડરીક અને કુંડરીકની વાત તમે ઘણીવાર સાંભળી હશે. કુંડરીકે વૈરાગ્ય પામીને સિંહની માફક શૂરવીર બનીને સંયમ લીધો પણ રોગ થતાં પોતાના ભાઈના રાજ્યમાં આવ્યા ને ભાઇના રાજ–વૈભવ જોઇને પડવાઇ થયા હતા. (૩) એક શિયાળની પેરે દીક્ષા લે અને સિંહની પેરે પાળે તે અંગારમર્દન આચાર્યના શિષ્યોની પેરે. દીક્ષા લીધી ત્યારે તેમના ભાવ મધ્યમ હતા. પણ દીક્ષા લીધા પછી ઉઘાડ થતાં જેમનું ચારિત્ર વિશુદ્ધ બન્યું ને શિયાળની પેરે દીક્ષા લીધી હતી પણ સિંહની પેરે પાળી. (૪) અને ચોથા પ્રકારના જીવો એવા છે કે શિયાળની પેરે દીક્ષા લઇને શિયાળની પેરે પાળે તે કાળકાચાર્યના શિષ્યોની પેરે.

બંધુઓ! જે આત્માઓ શૂરવીર છે તેમની દેવ જેવા દેવ પરીક્ષા કરવા આવે તો પણ ડગતા નથી. નમી રાજર્ષિ દીક્ષા લેવા માટે તત્પર બન્યા તે સમયે તેમની પરીક્ષા કરવા માટે ઇન્દ્ર બ્રાહ્મણનું રૂપ લઈને મનુષ્ય લોકમાં આવ્યા ને કહેવા લાગ્યા–હે નમિરાજ! તું દીક્ષા લેવા નીકળ્યો છું પણ જરા પાછું વાળીને તો જો. આ તારી મિથિલા નગરી ભડકે બળી રહી છે. તારા અંતેઉરની રાણીઓ કાળો કલ્પાંત કરે છે. દેવે બધી માયા રચી હતી એટલે જોનારને તો એમ લાગે કે નગરી જલી રહી છે. અંતેઉરમાં રાણીઓ રૂદન કરે છે ને આખા ગામમાં કોલાહલ મચી ગયો છે. પણ નમી રાજર્ષિએ તો ઇન્દ્રને રોકડો જવાબ આપી દીધો કે હે બ્રાહ્મણ!

**सुहं वसामो जीवामो, जेसिं मो नत्थि किंचणं ।**
**मिहिलाए डज्झमाणीए, न मे डज्झइ किंचणं ॥**

ઉત્ત. સૂ. અ. ૯ ગાથા ૧૪

હું તો સુખપૂર્વક વસું છું ને સુખપૂર્વક જીવું છું. જે મારું છે તે મારી પાસે છે. મિથિલા નગરી બળતાં મારું કાંઈ બળતું નથી. વળી તમે કહો છો કે નગરીના લોકો રડે છે ને રાણીઓ રડે છે. તો શું એ બધા મને રડે છે? મને કોઇ રડતું નથી. સૌ પોતાના સ્વાર્થને રડે છે. જેમ કોઇ ઘટાદાર વૃક્ષ પર પક્ષીઓ રાત્રે આવીને બેસે છે તે વૃક્ષને કોઇ કુહાડો લઇને કાપી નાંખે અગર વૃક્ષ પડી જાય તો પક્ષીઓ સાંજ પડતાં ત્યાં આવીને રડે છે. તો શું પક્ષીઓ વૃક્ષને રડે છે? ના. એ તો પોતાને બેસવા માટેનું વિશ્રામસ્થાન ચાલ્યું ગયું તેને રડે છે. તેમ મને કોઇ રડતું નથી, નમી રાજર્ષિના

વૈરાગ્યભર્યા જવાબ સાંભળી બ્રાહ્મણ સ્થિર બની ગયો. તમારે પણ વિચારવાનું છે કે સંસાર કેવો સ્વાર્થથી ભરેલો છે! તમને લાગે કે આ બધા મારા છે. પણ આખું વાતાવરણ સ્વાર્થની બાજીથી ભરેલું છે.

**સૌના પ્યારમાં મોંઘા વહાલમાં, મેં તો સ્વાર્થ નિહાળ્યો આ સંસારમાં**
**કામ કરે તારી જ્યાં લગી કાયા, તારા પર સૌને મમતા ને માયા,**
**ઘડપણની જ્યાં ઉતરે છાયા, પોતાના સૌ થાશે પરાયા...... સૌના...**

કવિ શું કહે છે? સૌ તને ખમ્મા ખમ્મા ક્યાં સુધી કરશે? જ્યાં સુધી આ કાયા કામ કરે છે ત્યાં સુધી સૌને તમે વહાલા છો. પણ આ કાયા કંપની કમાતી બંધ થઈ જશે ત્યારે કોઈ તમારા રહેવાના નથી. કેમ બરાબર છે ને? હા. તમે આવા કંઈક કિસ્સા જોયા હશે પણ મમતા ઉતરતી નથી. કારણ કે જીવને રાગના બંધનો ખૂબ સતાવે છે. રાગનું બંધન શું કરે છે?

જુઓ, ભમરો કમળનો રસ લેવા માટે કમળના ફૂલ ઉપર જઈને બેસે છે ને આટલો રસ પી લઉં પછી ઉડી જઈશ એમ માને છે પણ ઉડતો નથી. છેવટે સૂર્યમુખી કમળ સૂર્યાસ્ત થતાં બીડાઈ જાય છે ત્યારે ભમરા માટે સોહામણું કોમળ કમળ કેદરૂપ બની જાય છે. ને છેવટમાં હાથીના મુખમાં કમળ જતાં ભમરાનું મૃત્યુ થાય છે. કમળની પાંખડીઓ કેટલી કોમળ હોય છે! શું ભમર ધારે તો કમળને વીંધીને બહાર ન નીકળી શકત? નીકળી શકત. પણ કમળ પ્રત્યે એને રાગ છે એટલે તેને વીંધીને બહાર નીકળી શકતો નથી. પણ એ ભ્રમર લાકડાના પાટડાને વગર શસ્ત્રે વીંધીને કાણું પાડી શકે છે. જે સુથાર કરતાં પણ ચઢી જાય. સમજાયું? ભ્રમર લાકડાને વીંધી નાંખે છે પણ કમળને વીંધી શકતો નથી. શું કારણ? રાગ. બંધુઓ! તમારી દશા પણ આવી છે. રાગ છે ત્યાં આગ છે. રાગ જશે તો દ્વેષ પણ જશે. વીતરાગતા પ્રાપ્ત કરવી હોય તો રાગ-દ્વેષ બંને છોડવા પડશે. રાગ સંસાર વધારે છે. અહીં એક નાનકડું દૃષ્ટાંત યાદ આવે છે.

એક ગામમાં એક ધનવાન શેઠ રહેતા હતા. તેમણે આખી જિંદગી ધન ભેગું કરવામાં વીતાવી હતી. પણ ધર્મારાધના કરી જિંદગીનો સદુપયોગ ન કર્યો. તેની રગેરગમાં કૃપણતા વ્યાપેલી હતી. તે વ્યાજવટાનો ધંધો કરતા હતા. આ શેઠને પાંચ દીકરા હતા. એક વખત શેઠ બિમાર પડ્યા. પાંચ પુત્રો પિતાજીની ખડે પગે સેવા કરવા લાગ્યા. પુત્રોએ વિચાર કર્યો કે; હવે બાપુજીનો અંતકાળ નજીક આવ્યો છે એટલે તેમનું ચિત્ત ધર્મધ્યાનમાં જોડાય તેમ કરવું. જેથી તેમનું મૃત્યુ સુધરી જાય. પણ જેણે આખી જિંદગીમાં ધર્મ-ધ્યાન કર્યું ન હોય. ભગવાનનું નામ લીધું ન હોય તેનું ચિત્ત હવે ધર્મમાં કે પ્રભુમાં ક્યાંથી ચોંટે? દીકરાઓએ કહ્યું. બાપુજી! હવે ધર્મધ્યાનમાં ચિત્ત જોડો. પણ બાપુજી તો જીવનભર માયાના કીડા બન્યા હતા. ધર્મમાં તેમણે કદી ચિત્ત જોડયું ન હતું.

એટલે તેઓ તરત બોલી ઉઠયા. બેટા! પેલા ઘરમાં રહેતા જાટ પાસે બસો રૂપિયા લેણાં છે, તે જોજે ભૂલી ન જતો.

બીજા દીકરાને થયું કે પિતાજીને ઇશ્વરનું સ્મરણ કરાવું. એટલે તેણે કહ્યું કે બાપુજી! ઇશ્વરનું નામ લો. પણ શેઠ ઇશ્વરનું નામ કયાંથી લે? ઇશ્વર અને માયાને તો વેર હોય છે. ઇશ્વર અને માયાને તો ઉભા રહ્યે બનતું નથી. એટલે ડોસા કહેવા લાગ્યા કે અરે દીકરા! પેલા ઈશ્વરપ્રસાદ પર દાવો કરવાનો છે. એણે મૂડી કે વ્યાજ કંઇ આપ્યું નથી. તેં મને યાદ કરાવી આપ્યું તે ઠીક કર્યું!

એટલામાં ત્રીજો દીકરો આવ્યો. તેણે કહ્યું - બાપુજી! હવે તમે ઘડી બેઘડીના મહેમાન છો. માટે રામ રામ કરો. રામ રામ શબ્દ કાને પડતાં શેઠને કોઇ પુરાણી સ્મૃતિ તાજી થઇ હોય તેમ બોલી ઉઠયા - અરે બેટા! પેલા રામા હજામનું ખાતું જરા જોઇ લેજે. એણે આપણને પૂરા રૂપિયા આપ્યા છે કે નહિ?

ચોથો દીકરો કહે બાપુજી! કૃષ્ણનું સ્મરણ કરો. ત્યારે શેઠ તરત બોલી ઉઠયા - બેટા! તેં યાદ કરાવ્યું તે સારું થયું. પેલો કીસનો માળી છે ને! એની પાસેથી આપણી લેણી રકમના બદલામાં દશ મણ અનાજ લેવાનું છે તે ભૂલતો નહિ.

પછી તો આ બધા દીકરાઓ એકી સાથે બોલી ઉઠયા કે: બાપુજી! આ બધું ભૂલીને હવે ભગવાનનું નામ લો. પણ શેઠની બુદ્ધિ ઉપર માયાનો ગાઢ પડદો પડયો હતો. એટલે એને ભગવાનનું નામ યાદ કરતાંની સાથે ભગવાનજી બ્રાહ્મણ પાસે ૫૦૦ રૂપિયા માંગતા હતા તે યાદ આવ્યા. અને કહે છે બેટા! તે તમે યાદ કરીને લઇ આવજો. આ રીતે શેઠના મનમાં મરતા સુધી લેણદેણના વિચારો ચાલુ રહ્યા. પણ તેમનું ચિત્ત ઇશ્વરમાં જોડાયું નહિ.

આ દૃષ્ટાંત સાંભળીને તમને હસવું આવ્યું. પણ આમાં હસવા જેવું કાંઇ નથી. મરણ સમયે શેઠના જેવું ના બને તેનું ધ્યાન રાખજો.

અનાથી મુનિના સમાગમથી જેમ શ્રેણીક રાજા પામી ગયા તેમ આપણે પણ સંત સમાગમ કરીને ભવના ફેરા ટળે તે માટે બોધિબીજની પ્રાપ્તિ કરી લઇએ. તો સંત સમાગમ કર્યો સફળ બને. હવે થોડીવાર ચરિત્ર લઇએ.

**ચરિત્ર :- અંજના સતીની શોધમાં ફરતા પવનજીનો ગુરાપો :**-અંજનાના ભાઇની દીકરીએ કહ્યું કે આરા ફઈબાને કાઢી મૂકયા છે. એટલે પવનજી તો જમવાનો થાળ પછાડીને ઉભા થઇ ગયા. સાસુ-સસરા કહે તમે અહીં રોકાઇ જાવ. અમે માણસો મોકલીને અંજનાની શોધ કરાવીશું. પવનજી કહે હું એક મિનિટ પણ અહીં રોકાવાનો નથી. તમારા કસાઇ જેવા કર્તવ્યથી મને તમારા ઉપર પણ નફરત થઈ ગઇ છે. એમ

કહી સાસુ–સસરાને તરછોડીને પવનજી તેમના મિત્રની સાથે જંગલમાં આવ્યા. ઠેરઠેર અંજનાની તપાસ કરવા લાગ્યા.

**વનમાંહે કુંવરજી ટળવળે, કિહાં ગઇ દાન દયા તણી વેલ તો,**
**કિહાં ગઇ ધર્મની ધોંસરી, કિહાં ગઇ શિયળ સંતોષની કેલ તો,**
**આવો ને મારી આગળ રહો, જેમ જોઉં તુમ તણાં મુખનું સ્વરૂપ તો,**
**કટકેથી કુશળ હું આવીયો, એમ કહી રૂદન કરે બહુ ભૂપ તો-સતી રે.**

પવનજી વનવગડે ઘૂમે છે ને અંજના વિના તરફડે છે. તે વનના વૃક્ષોની સામે ઉભા રહીને કહે છે, હે વૃક્ષો! દાન અને દયાની વેલ સરખી મારી અંજનાને તમે જોઇ છે? એની નસોનસે ધર્મની ભાવના રહેલી છે. એનું શીયળ તો કેટલું નિર્મળ છે! હે વનમાં વિહરનારા પંખીડાઓ! તમે આવી પવિત્ર અંજનાને જતાં જોઇ છે? તે અહીં આવી હતી? તમે મને જલ્દી બતાવો. મોહમાં માણસ ભાન ભૂલે છે ત્યારે એને ભાન નથી રહેતું કે હું આ વૃક્ષોને પૂછું તો શું તે મને જવાબ આપશે? કોઇ જવાબ આપતું નથી. ત્યારે પવનજી કહે છે.

**કોઇ બતાવો કોઇ બતાવો અંજનાજી અરે કોઇ બતાવો અંજનાજી**
**રોઇ રોઇને રાતી થઇ છે આંખલડી, અરે કોઇ બતાવો મને અંજનાજી.**

અરેરે....હે વૃક્ષો! હે પ્યારા પંખીડાઓ! તમે મને કેમ જવાબ આપતા નથી? શું! મારી અંજના અહીં ન્હોતી આવી? જો આવી હતી તો તમે એને રોકી કેમ નહિ? આમ બોલે છે. પણ કોઇ જવાબ દેતું નથી ત્યારે એ બોલે છે હે અંજના! તું મારાથી કેમ રીસાઇ ગઇ છે? કયાં જઇને સંતાઇ ગઇ છે? હું તારા વિના ઝૂરી રહ્યો છું. તને મારી એટલી પણ દયા નથી આવતી? હું યુદ્ધમાં વરૂણ રાજાને હરાવીને વિજયની વરમાળા પહેરીને આવ્યો છું. તો તને એમ પણ નથી થતું કે હું જલ્દી મારા પતિને મળું. તું જ્યાં હોય ત્યાંથી મારી પાસે આવી જા. તારું મુખ જોઇશ ત્યારે મને શાંતિ થશે. હું તારા વિના જીવી શકીશ નહિ. આમ બોલતા જાય ને પવનજી રડતા જાય છે. તેમનો કરૂણ કલ્પાંત જોઇને વનના પક્ષીઓ પણ રડી પડયા ને વૃક્ષો ધ્રૂજી ઉઠયા.

પવનજીનો મિત્ર પણ વિચાર કરે છે કે જે સતીને ગર્ભવંતી આવા વગડામાં કાઢી મૂકી એ આવા જંગલમાં જીવતી રહી હશે? એનું શું થયું હશે? એ તો જ્ઞાની જાણે. પણ મિત્રને એવું કહેવામાં આવશે તો ખૂબ આઘાત લાગશે. એટલે પવનજીને કહે છે વીરા! તું હિંમત રાખ. શાંતિ રાખ. આપણે ગમે ત્યાંથી અંજનાદેવીને શોધી કાઢીશું. એમ હિંમતભર્યા શબ્દોથી આશ્વાસન આપે છે. પણ પવનજીની ધીરજ ખૂટી ગઇ છે. ભૂખ્યા ને તરસ્યા વગડામાં ઘૂમવા લાગ્યા. ભૂખ-તરસ અને બીજું અંજનાના વિયોગનું દુઃખ પવનજીને ખૂબ સતાવવા લાગ્યું. અંજનાનો પત્તો નહિ પડવાથી પવનજી બેભાન

થઈને જંગલમાં પડયા છે.

**પવનજી જ્યાં છે ત્યાં માતા પિતા તથા સાસુ-સસરાનું આગમન:** આ તરફ પવનજી તેમના માતા-પિતા પાસેથી જમ્યા વિના નીકળી ગયા એટલે માતા-પિતાને પણ દુઃખ તો થાય ને? અને દીકરો ગયો એટલે મા-બાપ બેસી તો ન જ રહે ને? માતા-પિતા મુખ ઢાંકીને પવનજીના ગયા પછી ખૂબ રડયા કે આપણી ગુણીયલ વહુ તો ગઇ ને આપણો દીકરો પણ ગયો. આપણે રત્ન જેવી વહુને ન ઓળખી. તેણે તો ઘણું કહ્યું પણ આપણે માન્યા નહિ. તો આપણે પસ્તાવાનો વખત આવ્યો. હવે આપણે જાતે દીકરા-વહુની તપાસ કરવા જઇએ. એમ વિચાર કરીને પવનજીના માતા-પિતા મોટું લશ્કર લઈને પહેલાં મહેન્દ્રપુરી આવ્યા. ત્યાં પણ રાજ્યમાં રોકકળ ચાલે છે. કારણ કે દરેકના દિલમાં પોતાની ભૂલનો પશ્ચાતાપ થતો હતો. માતા-પિતા કહે કે જો દીકરી અહીં ન આવી હોત તો એમ થાત કે અહીં આવી જ નથી. પણ પિયરની મોટી આશાએ તે બાર બાર વર્ષે આવી. ત્યારે આપણે તેના સામું પણ ન જોયું. તેને પાણી પણ ન પીવડાવ્યું. આ રીતે ખૂબ પશ્ચાતાપ કર્યો. પ્રહલાદ રાજા અને કેતુમતી રાણી તેમજ મહેન્દ્ર રાજા અને મનોવેગા રાણી આદિ બંને રાજાઓ પોતાનું સૈન્ય લઇને પવનજી અને અંજનાની શોધ કરતાં કરતાં જ્યાં પવનજી બેભાન થઈને પડયા છે ત્યાં આવ્યા.

પવનજીને સમજાવવા લાગ્યા કે બેટા! તારા જેવા શૂરવીર અને પરાક્રમી પુત્રને આ શું શોભે છે? મોટા બળવાન વરૂણ રાજા સાથે યુદ્ધ કરતાં તેં આટલા ઘા સહન કર્યા ને એક પત્નીનો ઘા સહન કરી શકતો નથી? કર્મ આગળ કોઇ બળીયું નથી. અમારી બધાની મોટી ભૂલ થઈ ગઈ છે. તેમાં ના નથી. પણ હવે તું બેઠો થા. ઘણાં ઘણાં ઉપચારો કર્યા અને શીતળ પવન આવ્યો એટલે પવનજી ભાનમાં આવ્યા, પણ કોઇની સાથે કંઇ બોલતા નથી. હવે આગળ શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

## વ્યાખ્યાન નં.-૯૦

**આસો સુદ ૧૧ ને ગુરૂવાર** **તા. ૩૦-૧૦-૭૫**

અનંતજ્ઞાની મહાન પુરૂષો કહે છે કે હે ભવ્ય જીવો! જો તમારે ભવના ફેરા અટકાવવા હોય તો સર્વપ્રથમ જીવનમાંથી વક્રતાને કાઢવી પડશે. તમારે બંગલા ઉપર રાષ્ટ્રધ્વજ ફરકાવવો હશે તો તે ધ્વજ ફરકાવવા માટે વાંકીચૂકી લાકડી કામ નહિ લાગે. સીધી લાકડી લેવી પડશે. તે રીતે મોક્ષમાં જવું હશે તો આપણી જીવન રૂપી લાકડીને સરળતાથી સીધી બનાવવી પડશે. જીવન રૂપી વાંકીચૂકી લાકડી ઉપર સદ્ગુણોનો ધ્વજ ફરકાવી શકાશે નહિ. જીવનમાં જેટલી સરળતા હશે તેટલા તમે જગતમાં પ્રિય બની

શકશો. આટલા માટે આપણા પરમ પિતા પ્રભુ કહે છે કે હે આત્માઓ ! તમે જીવનમાંથી વક્રતા દૂર કરી સરળ બનો. હૃદયની વક્રતાનું નામ માયા છે. માયા આત્માની સરળતાનો નાશ કરે છે. જ્યાં સુધી હૃદયમાં વક્રતા-માયા હોય ત્યાં સુધી ધર્મના બીજ વાવી શકાતા નથી. ખેડૂત જેમ જમીન ખેડીને પોચી બનાવે છે. પછી તેમાં બીજ વાવે તો ઉગી નીકળે છે. તેમ જો હૃદયમાં ધર્મના બીજ વાવવા હશે તો હૃદયની જમીન પોચી બનાવવી પડશે. ધર્મ કોના હૃદયમાં ટકી શકે ?

**सोही उज्जुय भूयस्स, धम्मो सुध्धस्स चिट्ठइ ।**
**निव्वाणं परमं जाई, घयं सित्तिव्व पावए ।।**

ઉત્ત. સૂ. અ. ૩ ગાથા ૧૨

સરળ આત્મામાં ધર્મ ટકી શકે છે. જેણે જીવનમાં સરળતા અપનાવી છે તે મોક્ષ માર્ગનો યાત્રી બની શકે છે. વક્રતા પરભવમાં વક્ર બનાવે છે. તત્વાર્થ સૂત્રમાં ઉમાસ્વાતિજીએ કહ્યું છે કે "मायायै नैर्यग्योनस्य ।" માયા કરવાથી જીવ તિર્યંચ યોનિમાં જાય છે. તિર્યંચનો અર્થ વાંકાપણું છે. એટલે જ્ઞાની કહે છે કે વાંકા કામ કરશો તો કૂતરા, બિલાડા, ઊંટ, હાથી, ઘોડા, ગાય, ભેંસ આદિ તિર્યંચમાં ઉત્પન્ન થવું પડશે. માટે વાંકાપણું છોડી દો, આજે ઘણી વાર જોવામાં ને સાંભળવામાં આવે છે કે માણસ મુખે જુદું બોલે ને પાછળ પણ જુદું બોલે. મોરનો ટહુકાર કેટલો મધુર અને પ્રિય હોય છે. પણ એ મોર સર્પ જેવા ભયંકર વિષધર પ્રાણીને ગળી જાય છે. એવી રીતે કપટી માણસ ઉપરથી સાકર જેવી મીઠી વાણી બોલે છે પણ તેમાં સાચી મીઠાશ કેટલી છે એ તો પોતાનો આત્મા સમજી શકે છે અથવા કોઈ વ્યક્તિ ખૂબ પરિચિત હોય તે જાણી શકે છે. બાકી અજાણ્યો માણસ તો તેની બોલવાની મીઠાશ જોઈને અંજાઈ જાય છે. કારણ કે તે ભીતરનો ભેદ ક્યાંથી સમજી શકે ?

એક વખત રામચંદ્રજી અને લક્ષ્મણ બંને ભાઈઓ વનમાં ફરવા માટે ગયા. વનમાં જતાં રસ્તામાં એક સુંદર સરોવર આવ્યું. એ સરોવરમાં ઘણાં કમળો ખીલ્યા હતા. તેની આસપાસ ભમરાઓ ગુંજારવ કરતા હતા. આ સરોવરની શોભા જોઈને રામચંદ્રજી અને લક્ષ્મણ જોવામાં સ્થિર થઈ ગયા. તેઓ સરોવરની શોભા નિહાળી રહ્યા હતા. ત્યાં રામચંદ્રજીએ એક બગલો જોયો અને લક્ષ્મણને કહ્યું. ઓ લક્ષ્મણ ! તું જો તો ખરો. આ બગલો કેવો સફેદ દૂધ જેવો દેખાય છે ! તેને કેવા કિંમતી સાબુથી નવરાવ્યો હશે કે તેનામાં આટલી બધી સફેદાઈ આવી છે ! તે કેવો ધીમે ધીમે પાણી ઉપર ચાલે છે ! જાણે કોઈ સંત ઈર્યાસમિતિનું પાલન કરતા ચાલી રહ્યા ન હોય ! જેની દૃષ્ટિ પવિત્ર ને નિર્મળ છે તે આત્મા બધાને સારા દેખે છે. જ્યારે ગુરૂ દ્રોણાચાર્યે પાંડવો અને દુર્યોધનને કહ્યું કે તમે નગરમાં જઈને જોઈ આવો કે કેટલા માણસો સજ્જન છે ?

બંને એક નગરમાં ગયા છતાં ધર્મરાજાને બધા સદ્‌ગુણી લાગ્યા. અને દુર્યોધનને બધા દુર્ગુણી લાગ્યા. બંનેની દૃષ્ટિમાં ફેર છે. રામચંદ્રની દૃષ્ટિ પવિત્ર હતી તેથી તેમને બધું પવિત્ર દેખાયું. તેથી તેમણે પોતાના ભાઈ લક્ષ્મણજીને કહ્યું.

**पश्य लक्ष्मण पंपायाः बकः परम धार्मिकः ।**
**शनैः शनैः पदं धत्ते जीवेषु वध शंकया ।।**

હે લક્ષ્મણ વીરા! જો તો ખરો. આ બગલો યોગીની માફક પ્રભુની પ્રાર્થનામાં કેવો લીન બનીને ઉભો છે! જાણે કે પ્રભુપ્રાર્થનામાં મસ્ત કોઈ ભક્ત ન હોય! જૈન સાધુ ઈર્યાસમિતિ જોઈને સાવધાનીપૂર્વક પગ ઉપાડે છે ને ધીમે ધીમે જતનાપૂર્વક પગલા ભરે છે. તેમ આ બગલો પણ સાવધાનીથી પગ ઉપાડે છે. તેને ભય છે કદાચ પગ નીચે કોઈ જીવ ચગદાઈ જાય. ખરેખર આ બગલો સંત જેવો પવિત્ર દેખાય છે માટે એના દર્શન કરીને પવિત્ર બનીએ.

જેવી દૃષ્ટિ હોય છે તેવી સૃષ્ટિ દેખાય છે. જ્યારે રામચંદ્રજી ચૌદ વર્ષ વનવાસ ભોગવીને પાછા અયોધ્યા નગરીમાં આવ્યા ત્યારે આખી અયોધ્યા નગરીની જનતા તેમનું સ્વાગત કરે છે. હીરા અને મોતીડાથી વધાવે છે. દિલમાં આનંદનો પાર નથી. બધાને રામચંદ્રજીએ જોયા પણ માતા કૈકયીને જોઈ નહિ. તેથી તેમના દિલમાં દુઃખ થાય છે. જનતાના હૈયા હર્ષના હિંચોળે હીંચતા હતા. ત્યારે કૈકયી માતા મહેલના ખૂણામાં બેસીને રડતા હતા. રામચંદ્રજી કૈકયી માતાના મહેલે પહોંચી ગયા ને માતાના પગમાં પડીને કહ્યું: હે માતા! તું શા માટે રડે છે? ત્યારે કૈકયી માતા કહે છે બેટા! મારી ભૂલના કારણે રડું છું. મેં તને રાજગાદીને બદલે વનવાસ અપાવ્યો. હું પાપણી તને મોઢું શું બતાવું? રાણી કૈકયીને આઘાતનો પાર નથી. માનવ માત્ર ભૂલને પાત્ર છે. પણ ભૂલને ભૂલ કહેવી બહુ મુશ્કેલ છે. ભગવાન મહાવીર સ્વામીના આત્માએ ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં સત્તાના મદમાં આવી શૈયાપાલકના કાનમાં સીસું રેડાવ્યું હતું. તે ભૂલને પણ પ્રભુએ પ્રગટ કરી દીધી.

આપણે રામચંદ્રજીની સરળતા ઉપર વાત ચાલતી હતી. રામચંદ્રજી માતા કૈકયીને કહે છે; હે માતા! તું શા માટે રડે છે? આજે જો અયોધ્યા નગરીમાં આ રામનું બહુમાન થતું હોય, પિતાની આજ્ઞાનું પાલન કરવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું હોય તો હે માતા! તારો પ્રતાપ છે. સીતાનું સતીત્વ પ્રગટ થયું હોય તો તે પણ તારો પ્રતાપ છે, માતા! તું ન હોત તો આ રામને દુનિયા કયાંથી ઓળખવાની હતી! આમ કહીને રામ માતા કૈકયીના ચરણમાં પડી ગયા. હું તમને પૂછું છું કે તમારી માતાએ આવું કર્યું હોય તો તમે શું કરો? એ માતાનો ઉપકાર માનો કે ત્યાગ કરો? બોલો તો ખરા! (હસાહસ) ટૂંકમાં મારો કહેવાનો આશય એ છે કે ગુણગ્રાહી અને સરળ આત્માઓ

બધેથી ગુણ ગ્રહણ કરે છે. રામચંદ્રજીએ કૈકયીના દોષ ન જોયા પણ ગુણ જોયા. આ રીતે કૃષ્ણ વાસુદેવની સ્વારી નીકળી. સડેલી કૂતરી રસ્તામાં પડેલી જોઈને બીજા માણસોએ નાક આગળ ડૂચા દીધા. પણ કૃષ્ણ નીચે ઉતરીને સડેલી કૂતરી પાસે ગયા. તેમણે કીડાથી ખદબદતું ને દુર્ગંધ મારતું શરીર ના જોયું. પણ બધા માણસોને કહ્યું કે જુઓ તો ખરા! આની બત્રીસી કેવી સુંદર છે! આખા સડેલા શરીરમાંથી તેમણે સુંદર બત્રીસી જોઈને તેના વખાણ કર્યા. બોલો, તમારી દૃષ્ટી કયાં જાત! દુર્ગુણી માણસ કોઈનો રાઈ જેટલો દોષ હશે તો તેને વધારીને મોટો કરશે. પણ ગુણ નહિ જોવે.

**દોષ દેખું સદા હું અવરમાં, મારો દોષો ન આવે નજરમાં,**
**ગુણ બીજાના કદી ના નિહાળું, માનુ ગુણ છે બધા મારા ઉરમાં,**
**આ ખરાબી મને ખરડયા કરે, હો એક અવગુણ મને કનડયા કરે.**
**વારેવારે મને વળગ્યા કરે, એક અવગુણ મને કનડયા કરે.**

જેની દૃષ્ટિ કાગડા જેવી હોય છે તેને પોતાનો દોષ દેખાતો નથી. પણ બીજાના દોષ દેખાય છે અને હંસ જેવા આત્માઓ બીજાના ગુણ દેખે છે. જ્ઞાની કહે છે કે અવગુણ એ મોટામાં મોટો રોગ છે.

રામચંદ્રજીની દૃષ્ટિ હંસ જેવી હતી. તેઓ ગુણના ગ્રાહક હતા. એટલે લક્ષ્મણના મોઢે બગલાની પ્રશંસા કરવા લાગ્યા. ત્યારે સરોવરમાં રહેલી માછલીએ આ વાત સાંભળી. એટલે તે અંદરથી બોલી ઉઠી.

**बकः किं वर्णिते रामः, तेनाहं निष्कुली कृता ।**
**सहवासी विजानाति, चरित्रं सहवासिनाम् ।।**

હે સરળ હૃદયી રામ! તારું હૃદય દૂધ જેવું સફેદ છે. તેથી તને બગલામાં દૂધ જેવી સફેદાઈ દેખાય છે. પણ આ ઉજ્જવળતા અને ધ્યાન માત્ર ઉપરનું છે. અંદરનું રહસ્ય તમે કયાંથી જાણો? એ તો જે સાથે રહે તે જાણી શકે, આ બગલા યોગીનું ધ્યાન એ તો માછલા ખાવા માટેનું છે. આ યોગીએ સફેદ વસ્ત્રો પહેરીને ધીમે ધીમે ચાલીને મારા વંશનો નાશ કરી નાંખ્યો છે. આ તેની સાધનાનું રહસ્ય છે.

ભગવાનનો શ્રાવક જેવો બહારથી હોય તેવો અંદરથી હોય. તમે લાખોના દાન કે તપ-ત્યાગ કરો અથવા ન કરી શકો પણ હૃદય શુદ્ધ હશે તો જલ્દી આત્મકલ્યાણ થશે. તમે તો શ્રાવક છો. સાધુ માટે પણ સૂયગડાયંગ સૂત્રમાં ભગવંતે કહ્યું છે કે :-

**जइ विय नगिणे किसे चरे, जइ विय मुंजिय मासमंतसो ।**
**जे इह मायाइ मिज्जई, आगंता गब्भायणंतसो ।।**

સૂય. સૂ. અ. ૨ ઉદ્દે. ૧ ગાથા ૯

જે સાધુ વસ્ત્રોનો ત્યાગ કરી માસખમણને પારણે માસખમણ કરી જેણે

શરીરમાંથી લોહી-માંસ સૂકવી નાંખ્યા. એવા ઉગ્ર તપની સાધના કરવા છતાં માયાની ગ્રંથિ છોડી નહિ હોય તો એક વાર નહિ પણ અનંતી વાર ગર્ભમાં આવવું પડશે. જીવનમાં સરળતા નહિ હોય તો આવી કઠોર સાધના પણ તેને જન્મ મરણના ફેરામાંથી છોડાવી શકતી નથી. ભગવાન તો કહે છે કે મારો સાધુ હોય કે શ્રાવક હોય પણ જો તેનામાં સરળતા નથી તો કલ્યાણ નથી. "मायी मिच्छादिट्ठी, अमायी सम्मदिट्ठी" જે આત્મા માયાવી છે તે મિથ્યા દૃષ્ટિ છે, ને માયા વગરનો આત્મા સમ્યક્દૃષ્ટિ છે. જેનામાં દંભ કે માયા નથી તે આત્મા સમ્યક્ત્વ રૂપી સૂર્યના કિરણોનો પ્રકાશ મેળવી શકે છે. હૃદયની સરળતા અને પવિત્રતા વિનાની તમામ સાધનાઓ પ્રાણ વિનાના કલેવર જેવી છે. ભલે તેનાથી પુણ્ય બંધાશે ને દેવલોકના સુખ મળશે. પણ જન્મ-મરણના ફેરા ટળશે નહિ. માટે ભલે થોડી સાધના કરો પણ કપટ રહિત શુદ્ધ કરો. એ થોડી સાધના પણ કર્મના ભારથી આત્માને હળવો બનાવશે.

દા. ત. અંતગડ સૂત્રમાં અયવંતાકુમારનો અધિકાર આવે છે. તેમણે ફક્ત નવ વર્ષની છોટી ઉંમરમાં દીક્ષા લીધી હતી. તેમને કેવી રીતે વૈરાગ્ય આવ્યો હતો તે જાણો છો? અયવંતાકુમાર રાજમહેલના ચોકમાં સરખે સરખા મિત્રો સાથે ગેડીદડા રમતા હતા. ગેડીદડાની રમત રમવામાં ખૂબ રસ જામ્યો છે. આ તમારો સંસાર પણ જો તમે સમજો તો ગેડીદડાની રમત જેવો છે. જેમ દડો આમથી તેમ ફેંકાય છે તેમ તમે ઘેરથી ઓફિસે જાવ છો ને ઓફિસેથી ઘેર આવો છો આ એક રમત છે ને! રમત રમતાં રમતાં અયવંતાકુમારની દૃષ્ટિ ત્યાંથી ચાલ્યા જતાં એક વીતરાગી સંત ઉપર પડીને રમતનો રસ ઉડી ગયો. બધા મિત્રોને છોડી રમત પડતી મૂકી દોડતો સંતની પાસે ગયો. સંતને જોઇ તેના હૃદયમાં અપૂર્વ ઉલ્લાસ આવી ગયો. મુનિને વંદન કરી ભાવપૂર્વક પોતાને ઘેર લાવે છે. આંગણામાં પગ મૂકતાં માતાને વધામણી આપતાં કહે છે હે માતા! આપણે ઘેર ભગવાનને તેડી લાવ્યો છું. એ સંત બીજા કોઇ નહિ પણ પ્રભુ મહાવીરના પટ્ટ શિષ્ય ગૌતમસ્વામી હતા. ગૌતમસ્વામીને જોઇને માતાના દિલમાં અતિ હર્ષ થયો. ને નિર્દોષ આહાર-પાણી વહોરાવ્યા. ગૌચરી કર્યા પછી સંત પાછા ફરે છે. ત્યારે નાનકડો અયવંતા-કુમાર પણ તેમની સાથે જાય છે. ગૌતમસ્વામીને જોઇને એને એટલો હર્ષ થયો કે હું એમને શું આપી દઉં! સંતના હાથમાં ગૌચરીની ઝોળી હતી. તે જોઇને બાલુડો કહે છે ભગવાન! મને આ ઉંચકવા આપો ને! ત્યારે ગૌતમ સ્વામી કહે છે કે આ ઝોળી જે અમારા જેવા થાય તે પકડી શકે. ત્યારે બાલુડો કહે છે. મને તમારા જેવો બનાવી દો ને! બંધુઓ! સાધુનું દર્શન પણ કેટલું લાભદાયી છે!

साधुनां दर्शनं पुण्य, तीर्थभूता हि साधवः
तीर्थं पुनाति कालेन, सद्य साधु समागमः ।।

સાધુદર્શન પવિત્ર છે કારણ કે સાધુ તીર્થરૂપ હોય છે. સાધુઓનો સમાગમ જીવોને તારી દે છે. જુઓ, અયવંતાકુમારે કદી સાધુને જોયા ન હતા. પહેલી વાર દર્શન કર્યા ને તેનું હૃદય નાચી ઉઠયું, અને ગૌચરી વહોરાવી સાથે ચાલ્યા. એટલામાં તો તેને દીક્ષા લેવાનું મન થઈ ગયું. મારા બંધુઓ! તમે પણ કેટલી વખત સાધુના દર્શન કર્યા! ગૌચરી વહોરાવીને સાથે પણ ચાલ્યા હશો! છતાં તમને સાધુની ઝોળી પકડવાનું મન થાય છે? સાધુના દર્શનથી મહાન લાભ થાય છે તો તેમનો સમાગમ કરવાથી કેટલો મહાન લાભ થાય? સાધુની સંગતિ કેવી છે તે પણ એક શ્લોકમાં કહ્યું છે.

"चंदनं शीतलं लोके चन्दनादपि चन्द्रमा ।
चन्द्र चन्द्रनयोर्मध्ये, शीतला साधु संगति ।"

ચંદન જગતમાં શીતળ છે. અને ચંદનથી પણ ચંદ્રમા અતિ શીતળ છે. ચંદન અને ચંદ્રમા એ બંનેથી પણ સાધુઓની સંગતિ અધિક શીતળ છે.

અયવંતાકુમારે સંતના દર્શન કર્યા. અને સંતની સાથે ચાલતાં, તેમની સાથે વાતચીત કરતાં અંતરમાં અપૂર્વ શીતળતા વ્યાપી ગઇ. ગૌતમ સ્વામીની સાથે બાળકે પ્રભુના સમોસરણમાં પ્રવેશ કર્યો ને પ્રભુના દર્શન કર્યા. પ્રભુની વાણી સાંભળીને એક વખતમાં વૈરાગ્ય રંગે રંગાઇ ગયા. તમે વર્ષોથી વીતરાગ વાણી સાંભળો છો પણ વૈરાગ્યનો રંગ લાગ્યો છે?

**માતા મને આજ્ઞા આપો :-** અયવંતાકુમાર કહે છે પ્રભુ! મને તમારા જેવો બનાવી દો. પ્રભુ કહે છે એમ ન બનાવાય. તારા માતાપિતાની રજા લઇને આવ. તરત પ્રભુ પાસેથી નીકળી માતા પાસે આવીને કહે છે હે માતા! મારે દીક્ષા લેવી છે. મને આજ્ઞા આપો. દીકરાની વાત સાંભળીને માતા મૂર્છા ખાઇને પડી ગઇ. દાસદાસીઓ શીતળ જળનો છંટકાવ કરે છે, કોઇ વીંઝણો વીંઝે છે ત્યારે શુદ્ધિમાં આવે છે ને કહે છે બેટા! તું તો હજુ નાનો છે. તું દીક્ષામાં શું સમજે? ત્યારે પુત્ર કહે છે હે માતા મારી વાત સાંભળ. जं जानामि तं न जाणामि, जं न जाणामि तं जाणामि । હે માતા! હું જેને જાણું છું તે નથી જાણતો ને નથી જાણતો તેને જાણું છું. માતા કહે છે બેટા! આ તારી ગૂઢ વાત હું સમજી શકતી નથી. તું શું કહેવા માગે છે? ત્યારે કહે છે હે માતા! જ્યારે કે ત્યારે એક દિવસ આ નશ્વર દેહનો ત્યાગ કરીને જવાનું છે તે હું જાણું છું. પણ ક્યારે જઇશ તે હું નથી જાણતો. ચાર ગતિમાંથી કોઈ એક ગતિમાંથી આવ્યો છું તે જાણું છું. પણ અહીંથી મરીને કઇ ગતિમાં જઇશ તે હું નથી જાણતો. મારે હવે ચાર ગતિનું પરિભ્રમણ કરવું નથી. તે પરિભ્રમણ ટાળવા માટે મારે દીક્ષા લેવી છે. વળી હું એ વાત સમજું છું કે આત્મા દેહરહિત અને નિત્ય છે. ધ્રુવ છે. અચલ છે. અમર છે. તો હવે મારે આ વિનાશી પદાર્થોનો સંગ કરવો નથી.

બંધુઓ! વિચાર કરો. નવ વર્ષના બાલુડામાં આત્માનું આવું ઊંડું જ્ઞાન કયાંથી આવ્યું? દીક્ષા લેવા માટેની કેટલી તીવ્ર તમન્ના છે! તમને કદી આવી તમન્ના જાગી છે? તમે પણ સ્વ-પરનું જ્ઞાન કરતા જાઓ કે મારો આત્મા તો શુદ્ધ છે. અસંગી છે. રાગ-દ્વેષ અને મોહ વિનાનો છે. નિર્મળ જ્ઞાનવાળો છે. તો તમને પણ કયારેક ભાવના જાગશે. અયવંતાકુમારને તેની માતાએ કસી જોયો. છેવટે થયું કે હવે મારો દીકરો સંસારમાં રોકયો રોકાય તેમ નથી. એટલે સામેથી હાથીની અંબાડીએ બેસાડીને પ્રભુ પાસે લાવીને માતા પોતાના વહાલા પુત્રને પ્રભુના ચરણોમાં સમર્પિત કરે છે. પ્રભુને સોંપતા પહેલાં વહાલસોયા પુત્રને શિખામણ આપતાં કહે છે કે-

**કહે છે રે માવડી સુણ રે જાયા, જળ નેણા વરસાવી,**
**મુજને છોડી અપર માવડી, મત કરજે ભાઈ**

હે વહાલસોયા દીકરા! તું મને છોડીને જાય છે. મને રડાવીને જાય છે તો હવે બીજી માતાને રોવડાવવી ન પડે તેવી તું સંયમ માર્ગમાં રત્નત્રયની આરાધના કરજે. અને વહેલો વહેલો મોક્ષના સુખને પામજે. એવા મારા તને અંતરના આશીર્વાદ છે. આવી સુંદર શિખામણ આપીને પ્રભુને સોંપે છે. ને અયવંતાકુમાર દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા લઈને ખૂબ સરળતાપૂર્વક પ્રભુની આજ્ઞાનું પાલન કરવા લાગ્યા. અને નવ વર્ષની લઘુવયમાં આત્મદશા પ્રાપ્ત કરી, જ્ઞાન-દર્શન ચારિત્રની આરાધના કરી કેવળજ્ઞાનની જ્યોત પ્રગટાવી તે ભવે મોક્ષમાં ગયા, અને શાશ્વત સુખ પ્રાપ્ત કર્યું. આવું સુંદર ચારિત્ર જે પાળે છે તે સાચો સનાથ છે, બંધુઓ! બાલુડો અયવંતા મુનિ એક વખતના સંત સમાગમમાં તરી ગયા. બોલો, તમે કેટલો સંત સમાગમ કર્યો! હવે શું કરવું છે તે વિચારી લેજો.

**ચરિત્ર :- "પવનજીને નિરાશામાં આશાનું કિરણ પ્રગટયું" :-** પવનજીના માતા-પિતા અને સાસુ-સસરા તેમને ખૂબ સમજાવે છે કે તમને જેવું દુઃખ છે તેવું અમારા દિલમાં દુઃખ છે. પણ હવે શું કરવું? તારા જેવા પરાક્રમી પુત્રને આવું રૂદન કરવું છાજે નહિ. ત્યારે પવનજી કહે છે હે માતા-પિતા! હું અંજનાના મોહમાં પાગલ બનીને ઝૂરતો નથી. પણ મારા દિલમાં એક જ દુઃખ છે કે મેં બાર બાર વર્ષ સુધી તેના સામું જોયું નહિ ને કટકે જતાં પાછો વળી ત્રણ દિવસ ગુપ્ત રીતે ચોર બનીને તેના મહેલમાં રહ્યો. ફકત ત્રણ દિવસ સુખ આપ્યું. તેની પાછળ તેના માથે આભ તૂટી પડે એટલા દુઃખ પડયા. બાર વર્ષમાં કદી એણે કોઈને જાણવા દીધું નથી કે મારો પતિ મને બોલાવતો નથી. જ્યારે બીજી સ્ત્રી હોય તો બાર વર્ષને બદલે બાર દિવસમાં ઢોલ પીટાવે કે મારો પતિ આવો છે. એણે તો તમને પણ જાણ કરી નથી. એના ગુણો મને રડાવે છે. માતા-પિતા કહે છે બેટા! ધીરજ રાખ. જરૂર અંજના મળશે, આપણે તપાસ કરાવીએ છીએ.

**અનેક વિમાન લંબાવીયા, અણુ પલાણ્યા કોઇ ફરે તુરંગ અસવાર તો,**
**કેટલાક નર પાલા ફરે, સાંઢીયા દોડાવ્યા દેશવિદેશ ઠાર તો,**
**એ સતી દીસે તો જીવવું, નહિતર ખડ્ગ મારી કરું કાલ તો,**
**દેશવિદેશે જોવતાં, અંજના પ્રગટી છે માય મોસાલ તો ... સતી રે**

માતા - પિતા અને સાસુ - સસરા બધા વિદ્યાધર હતા. એટલે તેમની પાસે ઘણાં વિમાનો હતા. દેશોદેશ ને ગામેગામ વિમાનો દ્વારા માણુસોને તપાસ કરવા મોકલ્યા. કેટલાક માણુસો પગે ચાલીને ગિરીગુફાઓમાં તપાસ કરે છે. કંઈક જગ્યાએ ઘોડા અને સાંઢણીઓ ઉપર માણુસોને મોકલ્યા છે. બધાને ગયા દિવસો થયા, પણ કંઇ સમાચાર મળતા નથી. તેથી પવનજીની ધીરજ ખૂટી ગઇ. તે કહે છે કે જો હવે આઠ દિવસમાં મને અંજનાના સમાચાર મળશે તો જીવવું છે. નહિતર આ તલવાર મારા ગળા ઉપર ફેરવીને મરી જઇશ.

પવનજીની વાત સાંભળીને સૌના હોજા ગગડી ગયા. હૈયા ધડકવા લાગ્યા. ધડકતે હૈયે સૌ પવનજીને આશ્વાસન આપે છે. આમ કરતાં આઠ દિવસ પૂરા થયા પણ અંજના સતીના કંઇ સમાચાર ન આવ્યા. એટલે પોતે હાથમાં તલવાર લઇને ગળા ઉપર મારવા તૈયાર થયા. માતા - પિતા અને સાસુ - સસરાના હાથ - પગ ભાંગી ગયા. હવે શું કરીશું? આપણું કાળું મોઢું જગતને કેવી રીતે બતાવીશું ? હે પ્રભુ! અંજના જીવતી મળી જાય તો સાસરા અને પિયરની લાજ રહે. સૌ પવનજીને વાળવા જાય છે. હાથમાંથી તલવાર ઝૂંટવી લે છે. પણ પવનજી કહે છે હવે હું કોઇ રીતે જીવવાનો નથી. તમે બધા દૂર જતા રહો. મને મારા માર્ગે જવા દો. આમ કહી પવનજી આંખ બંધ કરી હાથ જોડી પ્રભુને પ્રાર્થના કરે છે કે હે પ્રભુ! મને ભવોભવ અંજના સતીનો સથવારો મળજો. મેં એને જે દુઃખ દીધું છે તેના પ્રાયશ્ચિતમાં હું આજે મારા જીવનનો અંત લાવું છું. આમ પ્રાર્થના કરે છે. બીજા બધા પવનજીને ઘેરીને ઉભા છે. સૌની આંખમાં આંસુની ધારા વહે છે. સૌ નિરાશ બનીને ઉભા છે.

હજારો નિરાશામાં પણ કયારેક આશાની વીજળી ઝબૂકે છે. તેમ અહીં પણ શું બન્યું ? બધા ગમગીન બનીને ઉભા હતા. ત્યાં દૂરથી ખૂબ ધૂળ ઉડતી દેખાઇ ને એક ઘોડેસ્વાર મોટા અવાજથી બોલે છે. સબૂર કરો....સબૂર કરો. હું અંજના સતીના શુભ સમાચાર લઇને આવ્યો છું. અંજના સતી જીવતા છે. હવે કોઈ ચિંતા કરવાની જરૂર નથી, ઘોડેસ્વારે સમાચાર આપ્યા ત્યાં સૌના હૈયા હરખાઇ ગયા. ને સમાચાર લાવનારને કહે છે ભાઇ ! તારી જીભની અમે આરતી ઉતારીએ ! તારા મોઢામાં સાકર મૂકીએ. આજે તેં આવા શુભ સમાચાર આપીને અમારા બંનેના કુળની લાજ રાખી છે. પણ ભાઇ ! તું એ તો કહે કે અંજના સતી કયાં છે ? ત્યારે તે કહે છે. એમના મોસાળમાં

આનંદપૂર્વક રહે છે. આ સમાચાર મળતાં પવનજીને ખૂબ આનંદ થયો. પણ હવે જલ્દી અંજનાને મળવાની ચટપટી લાગી છે. હવે બધા અંજનાના મોસાળ જશે ને શું બનશે તેના ભાવ અવસરે.

☆

## વ્યાખ્યાન નં. ૯૧

**આસો વદ ૧૨ ને શુક્રવાર** **તા. ૩૧-૧૦-૭૫**

અનંત કરૂણાના સાગર, ત્રૈલોક્યપ્રકાશક ચરમ તીર્થંકર મહાવીર પ્રભુએ જગતના જીવોના કલ્યાણને માટે આગમ વાણી પ્રકાશી. તેમાં ઉત્તરાધ્યયન સૂત્રના વીસમા અધ્યયનનો અધિકાર ચાલે છે. તેમાં સનાથ અને અનાથનું ભગવંતે સુંદર રીતે દિગ્દર્શન કરાવ્યું છે. અનાથી મુનિ અનાથમાંથી સનાથ કેવી રીતે બન્યા તે વાત તમે સાંભળી ગયા. સાધુપણું તે સનાથપણું છે. પણ સનાથ બન્યા પછી જો સાવધાની ન રાખે, શિથિલાચારી બની જાય તો સનાથમાંથી અનાથ બની જાય છે. તે વાત બતાવતાં અનાથી મુનિ કહે છે કે:–

**जो पव्वइत्ताणं महव्वयाइं, सम्मं च नो फासयइ पमाया।**
**अनिग्गहप्पा य रसेसु गिध्धे, न मूलओ छिन्दई बंन्धण से ॥**

ઉત્ત. સૂ. અ. ૨૦, ગાથા ૩૯,

હે રાજન્! જે સાધક નિર્ગ્રંથપણાને પામીને કાયરતાથી મહાવ્રતનું પાલન બરાબર કરતો નથી તે કર્મબંધનના મૂળ કારણોને છેદી શકતો નથી. જે મનુષ્ય સંસારને છોડીને સાધુપણું અંગીકાર કરી ચારિત્રનું પાલન બરાબર કરે છે તે આત્મા તે ભવે અગર તો પરંપરાએ અમુક ભવે મોક્ષમાં જાય છે. પણ જે કોઇ સાધુપણું લઇને પ્રમાદમાં પડીને કાયર બની જાય છે ને પંચ મહાવ્રતનું શુદ્ધ રીતે પાલન કરતા નથી તે કર્મબંધનના મૂલને છેદી શકતા નથી. કારણ કે તેણે વેશ પહેર્યો છે. પાંચ મહાવ્રત અંગીકાર કર્યા છે, પણ પ્રમાદને વશ થઇને રસમાં ગૃદ્ધ બનવાથી મહાવ્રતોનું સમ્યક્ પ્રકારે પાલન કરી શકતો નથી. સમ્યક્ પ્રકારે સાધુપણાનું પાલન ન થાય તો સંસારનું મૂળીયું ક્યાંથી કાપી શકાય?

બંધુઓ! તમારી સામાયિક એટલે બે ઘડીનું ચારિત્ર છે. એ ચારિત્રમાં જો સમતારસનું પાન કરવામાં આવે તો સાધુપણાનો આનંદ અનુભવી શકાય. તમે સંસારની કોઈપણ ક્રિયા કરતા હો ત્યારે પણ તમારી દૃષ્ટિ તો મોક્ષ તરફ હોવી જોઇએ. પણ સંસાર તરફ દૃષ્ટિ રાખીને મોક્ષની ક્રિયાઓ કરતો હોય તો ત્રણ કાળમાં તેનું કલ્યાણ ના થાય. એક શ્રાવક સંસારમાં બેઠો છે પણ તેની દૃષ્ટિ મોક્ષ તરફની છે. જ્યારે બીજો માણસ સાધુપણામાં બેઠો છે પણ તેની દૃષ્ટિ સંસાર અને સંસારના સુખો તરફ છે તો

બેમાંથી શ્રેષ્ઠ કેણુ? સાધુ કે શ્રાવક? સંસારમાં હોવા છતાં પણુ મોક્ષ તરફની દૃષ્ટિવાળો શ્રાવક શ્રેષ્ઠ છે.

આપણા ચાલુ અધિકારમાં પણુ એ વાત ચાલે છે કે જે સાધુ દીક્ષા લીધા પછી સંસાર તરફનો રાગ રાખે છે. રસેન્દ્રિયને ગૃદ્ધ બની સારા આહારપાણીમાં લોલુપતા રાખે છે તે સમ્યક્ પ્રકારે સાધુપણાનું પાલન કરી શકે નહિ. કારણુ કે સંસારી જીવને પણુ જો બ્રહ્મચર્યનું પાલન કરવું હોય તો તેને પણ સ્વાદિષ્ટ અને સાત્વિક આહારનો ત્યાગ કરવો પડે છે. તો સાધુપણામાં તો સર્વથા બ્રહ્મચર્યનું પાલન કરવાનું જ છે તેથી રસેન્દ્રિય ઉપર તો જરૂર કાબૂ રાખવો પડશે. સાધુ આહાર કરે તો શા માટે? આચારંગ સૂત્રમાં ભગવંતે કહ્યું છે કે आयगुत्ते सया धीरे जाइमायाइ जायए ।

આત્મગુપ્ત વીર પુરૂષ સંયમયાત્રાનો નિર્વાહ કરવા માટે આહાર કરે છે. અનાસકત ભાવે આહાર કરીને સંયમમાં રકત રહીને પોતાનું જીવન વ્યતીત કરે છે. સૂયગડાયંગ સૂત્રમાં પણુ કહ્યું છે કે भारस्स जाया मुणि भुंजएज्जा । મુનિને કેવળ સંયમયાત્રાનું વહન કરવા માટે આહાર કરવો જોઇએ. અને આહાર કરે તે કેવી રીતે કરે? તેની વિધિ ઉત્તરાધ્યયન સૂત્રના ૩૫ મા અધ્યયનમાં બતાવતા ભગવંત કહે છે :-

अलोले न रसेगिध्धे, जिबभादन्ते अमुच्छिए ।
न रसट्ठाए भुंजिज्जा, जवणट्ठाए महामुणी ।।

ઉત્ત. સૂ. અ. ૩૫ ગાથા ૧૭

લોલુપતારહિત, રસગૃદ્ધિરહિત, રસેન્દ્રિયનું દમન કરવાવાળા અને ભોજનના સંગ્રહની મૂર્છા રહિત, એટલે કે આજે સારા આહારપાણી મળે છે, કાલે ખાવા ચાલશે એવી ભાવનાથી વધુ લઇ લે ને રાખી મૂકે તો તે આહારની સંગ્રહ વૃત્તિ કહેવાય. આ રીતે જો કરે તો તેનું સાધુપણું ચાલ્યું જાય. સાધુને તો "लेवमायाइ संजए।" એક પાત્ર પણુ જો સ્હેજ ચીકાશના લેપવાળું રહી ગયું હોય તો છઠ્ઠનું પ્રાયશ્ચિત આવે છે. તો રસનો લોલુપી બનીને જે સાધુ સંગ્રહ કરે તેને તો કેટલું મોટું પ્રાયશ્ચિત આવે! અરે એ સાધુ, સાધુ નથી. ગૃહસ્થ કરતાં પણુ તે નીચો છે. સાચો સાધક આહાર કરે તો તે સ્વાદ કરવા માટે કે શરીરને હ્રષ્ટપૃષ્ટ બનાવવા માટે નહિ પણ સંયમનું સારી રીતે પાલન કરવા માટે આહાર કરે.

ભગવતી સૂત્રમાં પણ ભગવાન બોલ્યા છે કે મારા શ્રમણો કેવી રીતે આહાર કરે? "संयमभार वहणट्ठाए बिलमिव पन्नगभूएणं अप्पाणेणं आहारमाहारेइ ।" સાધુ સાધ્વી સંયમભારનો નિર્વાહ કરવા માટે જેમ સર્પ આડાઅવળો ન થતાં સીધો બિલ (દર) માં પેસી જાય છે તેમ ઉદર રૂપી કોઠામાં સીધો આહાર નાંખે પણ મોઢામાં આડો અવળો ઘૂમાવીને સ્વાદથી આહાર ન કરે. પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં પણ ભગવંતે ફરમાન કર્યું છે કે :-

**अक्खो वंजणाणुलेवण भूयं, संजम जायामाय णिमित्तं ।**
**संजम भार वहणट्ठाए, भुंजेज्जा पाणधारणट्ठाए ।।**

જેમ ગાડું કે ગાડી ચલાવવા માટે તેના પૈડામાં તેલ મૂકવું પડે છે. શરીર ઉપર પડેલા ઘાને રૂઝવવા માટે તેના ઉપર મલમ આદિ લેપ લગાડવો પડે છે. તેવી રીતે સાધુને પણ સંયમયાત્રાનો નિભાવ કરવા માટે તથા પ્રાણોને ધારણ કરી રાખવા માટે આહાર કરવો જોઈએ. આ રીતે ઉત્તરાધ્યયન સૂત્રના સાધુ સમાચારી નામના છવ્વીસમા અધ્યયનમાં પણ કહ્યું છે કે સાધુ છ કારણે આહાર કરે છે.

**वेयण वेयावच्चे, इरियट्ठाए य संजमट्ठाए ।**
**तह पाण वत्तियाए, छट्ठं पुण धम्मचिन्ताए ।।**

ઉત્ત. સૂ. અ. ૨૬ ગાથા ૭૩

(૧) એક તો ક્ષુધાવેદનીય શમાવવા માટે, (૨) વડીલોની વૈયાવચ્ચ કરવા માટે, કારણ કે જો પેટમાં ભૂખ લાગી હોય તો વૈયાવચ્ચ કરવામાં મન લાગતું નથી. (૩) ઈર્યા સમિતિનું પાલન કરવા માટે, જ્યારે ભૂખ સહન થતી નથી ત્યારે ચક્કર આવે છે. આંખે અંધારા આવે છે. તે સમયે જીવોની જતના કરી શકાતી નથી. (૪) સંયમનું પાલન કરવા માટે. (૫) પ્રાણની રક્ષા માટે અને છઠ્ઠું ધર્મજાગ્રિકા કરવા માટે. આ છ કારણોથી જે સાધુ આહાર કરે છે તે સાધુ ભગવાનની આજ્ઞાનું બરાબર પાલન કરે છે.

બંધુઓ ! સાધુને સંયમમાં દૃઢ રાખવા ને આત્માનું કલ્યાણ કેમ જલ્દી થાય તે માટે ભગવંતે સિદ્ધાંતમાં ઠેકાણે ઠેકાણે કેવી રીતે અને શા માટે આહાર કરવો તે માટે કેવી સરસ ટકોર કરી છે ! આ રીતે ભગવાનની આજ્ઞાને શિરોમાન્ય કરી જે સાધક સંયમમાર્ગમાં વિચરે છે તેનું જલ્દી કલ્યાણ થાય છે. સંસાર તરફ મુખ રાખીને સાધુપણા ઘણીવાર લીધા, તપ કર્યા, ઘણાં નિયમોનું પાલન કર્યું પણ તેથી ભવનો અંત આવ્યો નથી. પણ જેમને જન્મ-મરણનો ત્રાસ લાગે છે, વિષયો વિષધર સર્પ જેવા ભયંકર લાગે છે તેવા આત્મા સાધુપણું લઈને જે કંઈ ક્રિયાઓ કરે છે તે બધી મોક્ષને અનુલક્ષીને કરે છે, ભાવના પણ મોક્ષની અને ક્રિયા પણ મોક્ષની. આ બંનેનો જો જીવનમાં સુંદર સુમેળ સંધાશે તો સંસાર સમુદ્રને તરી જતાં વાર નહિ લાગે. સમ્યક્-દૃષ્ટિ આત્માને સંસારમાં રહીને પાપ કરવું પડે છે પણ તેનો આત્મા તો અંદરથી રડતો હોય છે. પાપ પ્રત્યે તેને અરૂચી હોય છે. એટલે પાપનું કાર્ય ન છૂટકે દુઃખાતા દિલથી કરે છે. અને ધર્મક્રિયાઓ આત્માના ઉલ્લાસથી રસપૂર્વક કરે છે.

જ્યારે જીવને મોક્ષની રૂચી પ્રગટે છે ત્યારે હું અને મારું એ રાગ છૂટી જાય છે. રાગ અને દ્વેષ એ બંને મિત્રો છે. તેમાં દ્વેષ કરતાં પણ રાગ ભયંકર છે. જુઓ, રાગ શું કરાવે છે? માની લો કે તમારા દીકરાએ તમારા ખિસ્સામાંથી સો રૂપિયાની નોટ

ચોરી લીધી. તમે ઘરમાં બધાને પૂછયું કે કોઇના હાથમાં નોટ આવી છે? ખૂબ તપાસ કરતાં દીકરો પકડાયો. તો તમે તેને ઘરમાં ખૂણામાં બેસાડીને બે તમાચા મારી લેશો ને શિખામણ દેશો પણ બહાર કોઈને જાણવા નહિ દો. પણ જો નોકરે ચોરી લીધી હશે તો તેને કહી દેશો કે તું ચોર છે, તેને માર મારશો, કટુ શબ્દ કહેશો ને ઉપરથી ધમકી આપશો કે પોલીસ પાસે નોંધાવી આવીશ કે આ માણસ ચોર છે. કદાચ નોકર બહુ કરગરશે તો એક વખત જતું કરશો. પણ બીજી વખત ચોરી કરે તો તેને તમે સરકારના હવાલે કરી દો છો ને? એને દુનિયામાં ચોર તરીકે જાહેર કરો છો. પણ પોતાનો દીકરો પચ્ચીસ વાર ચોરી કરે તો પણ બહાર કોઇ જાણતું નથી. આનું કારણ? પુત્ર પ્રત્યેનો રાગ અને નોકર પ્રત્યેનો દ્વેષ છે.

જીવને હું અને મારું કરાવનાર હોય તો રાગ છે. પણ વિચાર કરો. ત્રણ કાળમાં પારકું પોતાનું થવાનું નથી. પરાયાને પોતાનું બનાવવામાં આ જીવ અનંત કાળથી દુઃખી બની રહ્યો છે. આવું અનુપમ વીતરાગ શાસન મળ્યા પછી મારા અને તારાની મમતા છોડી દેવી જોઇએ. આ દેહ પર છે ને આત્મા સ્વ છે. તમે જેટલો તમારા ઘરના સાથે સ્નેહ રાખો છો તેટલો બીજા સાથે રાખો છો ખરા? (શ્રોતામાંથી અવાજ:– ના. પારકા સાથે તો કામ પૂરતો સ્નેહ રાખીએ છીએ.) તો સમજો. આ શરીર પરાયું છે. તે અહીં પડી રહેવાનું છે. તો તેની પાસેથી ધર્મકરણીનું કામ યુક્તિપૂર્વક કઢાવી લેવા પૂરતો સબંધ રાખો, પણ તેને સજાવવા પાગલ ન બનો. તેમ સગાસ્નેહી અને પૈસાની પાછળ પાગલ બનીને દેવ-ગુરૂ અને ધર્મને ભૂલી જાવ છો તે કેટલી મૂર્ખતા છે! અજ્ઞાની જીવ શું માને છે? મને દેવ-ગુરૂ અને ધર્મ વિના ચાલશે પણ પૈસા અને પરિવાર વિના નહિ ચાલે. પૈસા એ તો મારો પ્રાણ છે. પુત્ર-પત્ની અને પરિવાર મારો પરમેશ્વર છે. એના વિના તો મારે એક ક્ષણ પણ નહિ ચાલે. એ પૈસા અને પરિવાર મળે તો રાજી રાજી ને એ ન મળે તો નારાજી. કેટલું ભયંકર અજ્ઞાન છે!

જે સાધનો ભવસાગરમાં ડૂબાડનારા છે, આત્માને કર્મના મેલથી મલીન બનાવનારા છે તેને પોતાના માની એની પાછળ જિંદગીનો અમૂલ્ય સમય વેડફી રહ્યા છે. સાથે શરીરને ખુવાર કરી રહ્યા છો, અને ભવસાગરથી પાર ઉતારનાર ધર્મ માટે તન, મન, ધન અને સમયનો કેટલો ભોગ આપ્યો! ધર્મ માટે કેટલી તૈયારી કરી છે? બોલો તો ખરા. દેવાનુપ્રિયો! તમે આ બાબતમાં જવાબ નહિ આપો. મૌન રહેશો. કારણ કે તમારી વૃત્તિ સંસાર તરફ છે.

ઘણાં શ્રાવકો તો ધર્મસ્થાનકમાં પણ અહં અને મમ-ની માળા જપતા હોય છે. સંતોની સામે બેઠા હોવા છતાં પણ મનમાં ફુલાતો હોય છે, કે હું મોટો તપસ્વી! હું મોટો શ્રીમંત શેઠીયો! હું સંઘનો સેક્રેટરી! હું તત્ત્વનો જાણકાર છું ને મોટો સત્તાધીશ

છું. આવો હુંકાર જો હોય તો કાઢી નાંખજો. જ્યાં સુધી નહીં કાઢો ત્યાં સુધી ગુરૂનો ઉપદેશ પણ અંતરમાં કેવી રીતે ઉતરી શકવાનો છે? અહં અને મમ ને ભૂલવાના સ્થાને આવીને પણ જો ન ભૂલાતાં હોય તો કયાં ભૂલશો? એક ભકતે પણ ગાયું છે કે:-

**હો....પાવનદ્વારે-હો- મારું સુધરે ના વર્તન, હો આવું કેમ બને ભગવાન**
**હો મનડું કર્યા કરે મંથન....હો પાવન દ્વારે....**
**આવું તમારી સમીપે પ્રભુ તોયે અવગુણ મને ઝાલી રાખે**
**જેવું વર્તું દુનિયામાં તેવું વર્તું સ્થાનકમાં**
**મુજને નાવે તમારી શરમ....હો પાવન દ્વારે...**

જ્યાં આવીને પાપને છોડવાનું છે ત્યાં હું કર્મનું બંધન કરું છું. તો હે ભગવંત! મારા ખરાબ વર્તનનું પરિવર્તન ક્યારે થશે? આ ભકતના દિલમાં આવો વિચાર થયો, તો મારા બંધુઓ! તમારા દિલમાં એવો વિચાર આવે છે ખરો કે હું આટલા વર્ષોથી દર્શન કરું છું. વ્યાખ્યાન સાંભળું છું. સામાયિક, પ્રતિક્રમણ, ઉપવાસ, આયંબીલ, એકાસણું આદિ ધર્મારાધના કરું છું પણ સંસારની કેટલી વિસ્મૃતિ થઇ ને પ્રભુની સ્મૃતિ કેટલી થઇ? હું ને મારું ભૂલ્યો છું કે નહિ?

દેવાનુપ્રિયો! જેનો આત્મા જાગૃત બનેલો છે તે શું વિચાર કરે? "एगोऽहं नत्थि मे कोई।" આ સંસારમાં હું એકલો છું. મારું કોઇ નથી. સંસારના સુખોમાં તથા સ્વજનોમાં આજ સુધી ભ્રાન્તિથી મારાપણાની કલ્પના કરી. પણ જિનવાણીના પ્રભાવથી અને સદ્ગુરૂના સમાગમથી મારી ભ્રાન્તિ ટળી ગઇ ને આત્માની ક્રાન્તિ ખીલી ઉઠી. હવે મોહરાજાની સત્તા નીચે હું દબાઇશ નહિ. હવે હું ને મારું છોડીને અનાસકત ભાવથી સંસારમાં રહીશ. અનાદિકાળથી પરની સાથે પ્રીત બાંધીને હું દુઃખી થયો છું. આ સંસારની રંગભૂમિ ઉપર નવા નવા સ્વાંગ સજીને નાટકીયાની માફક અનંતી વાર નાચ કર્યા. હવે મારે એ નાચ કરવા નથી.

અનાદિકાળથી મોહ રૂપી મદારી આ જીવ રૂપી માંકડાને સંસારના સુખ-રૂપી મુઠીભર ચણાની લાલચ આપીને ભવના બજારમાં હજારો માણસોની હાજરીમાં પોતાની ઈચ્છાપૂર્વક નચાવી રહ્યો છે. આ જીવ રૂપી માંકડુ પણ મુઠીભર ચણાની લાલચમાં હર્ષથી નાચે છે. પણ આવો વીતરાગ ધર્મ પામ્યા પછી બાહ્યભાવમાં નાચવું શોભે નહિ. મોક્ષની આરાધના કરવી હોય તો કર્મરાજાની સામે કરડી નજર કરો. ને ભોગ રૂપી ભંગીથી દૂર રહો. વિષય રૂપી વિષનું વમન કરી લો. પણ હું તમને એક વાત પૂછું છું કે તમને ભોગ ભંગી જેવા ને વિષયો વિષ જેવા લાગે છે ખરા? પૈસા એ પિશાચ જેવા ને બંગલાનો મોહ આત્માનું બગાડનારા લાગ્યા છે? સદ્ગતિના શત્રુ કષાય એ કસાઇ જેવા લાગે છે ખરા? કામિની કરવત જેવી ને મોટરો મારનારી લાગી

છે ખરી? તમને આ બધું આત્માનું અહિત કરનાર લાગશે ત્યારે સંસાર ઉપરથી રાગ ઉઠી જશે ને આત્માના સુખ માટેની ઝંખના જાગશે ને સાચા સાધક બની જશો.

બંધુઓ! સાચો સાધક કોણ કહેવાય? જેના જીવનમાં સમભાવની ધારા વહી રહી છે એને લાભ અને નુકશાનમાં સમભાવ હોય. જેમ શાકભાજી વેચનારના ત્રાજવાનો કાંટો ઉંચો નીચો થાય પણ ઝવેરીનો કાંટો સમ હોય છે. તે ઉંચો-નીચો થતો નથી. તમે શાકભાજી ખરીદવા શાકમારકીટમાં ગયા. ત્યાં શાક લો છો ત્યારે તમે કહો છો ને કે બાઈ! જરા નમતું જોખ. ત્યારે એણે થોડું નમતું જોખી આપ્યું. તો પણ તમે કહેશો કે હજુ પણ થોડું નમતું જોખ. બાઈ ફરીને નમતું જોખે છે. કારણ કે તમે તેના કાયમના ઘરાક છો. ફરીને તમે તે શાક ઉપર ચાર મરચાં ને કોથમીરની ઝુડી લઈ જાવ છો. કેમ બરાબર ને? હવે હું તમને પૂછું છું કે તમારે તમારા શ્રીમતીજીને માટે હીરાના દાગીનાનો સેટ બનાવવો છે. એટલે હીરા ખરીદવા ઝવેરીની દુકાને ગયા. તમે ઝવેરીને કહ્યું કે મારે આટલા કેરેટના હીરા જોઈએ છે. તો તે પ્રમાણે તમને ઝવેરી એના કાંટે તોલીને હીરા આપશે. ત્યાં તમે એમ કહેશો ખરા કે થોડું નમતું જોખો કે એક ઝીણો હીરો તો ઉપર આપો? ના. ત્યાં તમે એક શબ્દ પણ નહિ બોલો અને બોલો તો મૂર્ખા કહેવાઓ.

તમે શાકભાજીવાળી બાઈની પાસે નમતું જોખાવો છો. પણ ઝવેરીને ત્યાં કંઈ બોલતા નથી. તેનું કારણ શું? એ તો મારે તમને કહેવું નહિ પડે. તમે સારી રીતે જાણો છો. તેનું કારણ એ છે કે શાકભાજી તોળવાના ત્રાજવા ને કાંટા હીલોળા મારે છે. ઘડીકમાં ઉંચો નીચો થઈ જાય છે. ત્યારે ઝવેરીનો કાંટો સમ રહે છે. તે હીલોળા મારીને ઉંચો નીચો થતો નથી. તો મારા બંધુઓ! તમારે શાકભાજી તોળવાના કાંટા જેવું બનવું છે કે ઝવેરીના કાંટા ને ત્રાજવા જેવું બનવું છે? (શ્રોતામાંથી અવાજ: ઝવેરીના કાંટા જેવું બનવું છે.) તમારે શાકભાજી તોળનારના કાંટા જેવું બનવું નથી પણ ઝવેરીના કાંટા જેવું બનવું છે ને? તો જે આત્મા સંપત્તિ ને વિપત્તિમાં સમાન ભાવ રાખે છે તે સાચો સાધક છે. ને તે સાચો શ્રાવક છે. એની સામે જીવનનું સોહામણું દૃશ્ય હોય અથવા મોતની કાળી છાયા હોય છતાં કદી તે પીછે હઠ કરતો નથી. કોઈ એની સામે પ્રશંસાના પુષ્પો પાથરે કે નિંદાના કાંટા પાથરે તો પણ તેને કંઈ દુઃખ થતું નથી. એને સન્માનના શરબતના મધુરા પ્યાલા પીવડાવે તો પ્રેમથી તે પી જાય છે. તે રીતે કોઈ અપમાનના કડવા ઝેર જેવા ઘૂંટડા પીવડાવે તો પણ એને પ્રસન્નતાપૂર્વક પી જશે.

તમે ને અમે બધાએ સમભાવની વાતો તો ઘણી કરી પણ જ્યારે કષાયનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે સમભાવની વાતો ભૂલી જઈએ છીએ. જ્યાં સુધી દુશ્મન આવ્યો નથી ત્યાં સુધી શસ્ત્રસરંજામ તૈયાર રાખ્યા. પણ જ્યાં દુશ્મન લશ્કર લઈને ચઢી આવતો જોયો કે શસ્ત્રો ફેંકીને નાસી છૂટયો તો તે કાયર ગણાય છે. તેમ આપણે

પણ કષાયનું નિમિત્ત આવતાં સમભાવનું શસ્ત્ર ફેંકી દઈએ તો તે એક પ્રકારની કાયરતા કહેવાય. અમે સાધુ છીએ ને તમે શ્રાવક છો. તમે પાંચમા ગુણસ્થાનકે છો અને અમે છઠ્ઠા ગુણસ્થાનકે છીએ. સાધુની સામાયિક સર્વવિરતિ છે ને તમારી સામાયિક દેશ વિરતિ છે. તમે સાધુથી બહુ પાછળ નથી. સામાયિક એ સમભાવની એક શાળા છે. જ્યાં આપણે ક્ષમા અને સમતાનો પાઠ શીખવાનો છે. તમે ધર્મ-સ્થાનકમાં આવીને રોજ સામાયિક કરો છો ને સમતાનો પાઠ ભણો છો. પણ ઘેર જતાં ભૂલી જાવ છો. તમારો બાબો સ્કૂલે જઈને ખૂબ ભણે પણ ઘેર આવીને બધું ભૂલી જાય તો તમે તેના ભણતર પ્રત્યે ખુશ થશો કે નાખુશ થશો? (શ્રોતામાંથી અવાજ:–નાખુશ.) ને તેને શું કહેશો? ક્યારે હોંશિયાર થઈશ? ઠોઠ નિશાળીઓ ક્યારે મટીશ? મને તારી ચિંતા થાય છે. હવે તમે અહીં સામાયિક કરી સમતા રસનું પાન કરીને ઘેર જાવ ને કષાયનું નિમિત્ત મળતાં સમતાના પાઠ ભૂલી જાવ તો તમારા ગુરૂ તમને કેવા કહેશે? તમારા ગુરૂ પણ એમ વિચાર કરશે કે આ મારો શ્રાવક ઠોઠ નિશાળીયા જેવો ક્યાં સુધી રહેશે? એ ક્યારે સુધરશે? હવે સમજો ને થોડું થોડું જીવનમાં અપનાવતા જાવ. સામાયિક કરો, વ્યાખ્યાન સાંભળો, તપ કરો તેના સાર રૂપે જીવનમાં મમતા-તૃષ્ણા બધું ઘટવું જોઈએ. તો સાચી સાધના કરી કહેવાય. તમે ગમે તેટલું ધન મેળવો પણ ત્રણ કાળમાં તૃષ્ણાનો અંત આવવાનો નથી. માનવી સંતોષમાં આવે તો તૃષ્ણાનો અંત આવે. માણસ માને કે હું આટલું કમાઈ લઉં. મોટો ક્રોડાધિપતિ બની જાઉં. પણ એનું ધાર્યું કંઈ બનતું નથી. અહીં એક દૃષ્ટાંત યાદ આવે છે.

**કરોડપતિ બનવાના કોડ:** એક શ્રીમંત શેઠ હતા. તેમને ક્રોડાધિપતિ બનવાના કોડ થયા. તેમની પાસે તેના દાદાની કમાણીના ૫૫ લાખ અને પિતાની કમાણીના ૪૪ લાખ એમ કુલ ૯૯ લાખ રૂપિયા હતા. એટલે શેઠે વિચાર કર્યો કે હું એક લાખ રૂપિયા કમાઉં તો મારા બંગલા ઉપર કરોડપતિની ધ્વજા ફરકે. તેથી શેઠે મોટો વહેપાર ખેડ્યો. દિવાળી આવતાં હિસાબ કર્યો તો ૯૯ લાખના ૯૯ લાખ જ રહ્યા. ત્યારે શેઠના મનમાં વિચાર થયો કે અહો! મેં આટલી મહેનત કરી, આટલો મોટો વહેપાર ખેડ્યો તો પણ નફો ન થયો! જેટલું કમાયા તેટલું ખર્ચાઈ ગયું લાગે છે. તો આ વર્ષે ઘરખર્ચમાં કાપ કરીને એક લાખ બચાવી લઉં. એટલે શેઠે ઘરમાં ચોખ્ખા ઘીના બદલે વેજીટેબલ ઘી, બે-ત્રણ શાક બનતાં તેને બદલે એક સસ્તું શાક, કપડાં પણ હલકા ને અનાજ પણ સસ્તું વાપરવા માંડ્યું. આથી ઘરના માણસો કંટાળી ગયા કે આટલો પૈસો હોવા છતાં શેઠ આટલી કંજુસાઈ શા માટે કરે છે? આમ કરતાં વર્ષ પૂરું થયું ને ગણત્રી કરી તો ૯૯ લાખના ૯૯ લાખ રહ્યા. શેઠ ખૂબ મૂંઝાયા કે આટલી બધી કરકસર કરવા છતાં એક લાખ કેમ વધતા નથી? તેમના મનમાં વિચાર થયો કે હવે ધન કમાવા પરદેશ જાઉં. કરોડપતિ બનવાના મનોરથ સેવતા શેઠ પરદેશ કમાવા ગયા. વહેપાર શરૂ

કર્યો. ઘણું ધન કમાઈને ઘેર આવ્યા તો ખબર પડી કે ઘરમાં ચોર આવ્યા હતા ને ઘણું ધન ચોરી ગયા છે. એટલે શેઠ તો માથું ખંજવાળવા લાગ્યા. ને બચેલા અને કમાઈને લાવેલા ધનનો હિસાબ કર્યો તો ૯૯ લાખ થયા. પણ શેઠ ખૂબ હિંમતવાન હતા. એટલે **"સાહસથી સિદ્ધિ"** એ સૂત્ર તેમણે જીવનમાં વણી લીધું હતું. તેથી શેઠ બધું ધન જમીનમાં દાટીને પાછા પરદેશ જઈને ખૂબ કમાયા. ને પાછા ઘેર આવીને જમીનમાં દાટેલું ધન કાઢવા જાય તો ધનને બદલે કાંકરા નીકળ્યા. એટલે ૯૯ લાખના ૯૯ લાખ રહ્યા. ક્રોડ ન થયા તે ન થયા.

બંધુઓ! જુઓ. શેઠ કરોડપતિ બનવા કેટલી મહેનત કરે છે! માનવને લોભનો થોભ નથી. તેથી પોતાના કાર્યથી પાછો પડતો નથી, શેઠે વિચાર કર્યો કે ધન ઘેર મૂકીને જાઉં તો ચોરાઈ જવાની ચિંતા રહે ને! તો આ વખતે ઘર ખર્ચ જેટલું ધન મૂકીને બાકી બધું સાથે લઈને જાઉં તો ચિંતા નહિ. એટલે શેઠ બધું ધન લઈને ત્રીજી વખત પરદેશની સફરે ઉપડયા. ત્યાં લગભગ ક્રોડ જેટલું ધન કમાયા ને ઘર તરફ જવાનો વિચાર કર્યો. પણ મનમાં થયું કે રખેને વહાણ ભાંગે તો મારું બધું ધન ચાલ્યું જાય. તેના કરતાં ક્રોડ રૂપિયાનું એક રત્ન ખરીદું. એમ વિચારી ક્રોડની કિંમતનું એક રત્ન ખરીદ કર્યું ને જાંઘ ચીરી તેમાં પેલું રત્ન મૂકીને દવાથી ઘા રૂઝાવી દીધો. ને વહાણમાં બેસી દેશ તરફ જવા રવાના થયા. મનમાં ખૂબ આનંદ છે કે હવે કોઈ રીતે મારું ધન લૂંટાવાનું નથી. હવે તો હું ક્રોડપતિ જરૂર બનીશ. પણ તેને કયાં ખબર હતી કે ધારેલી બાજી કયારે ધૂળમાં મળી જશે! માનવી મોહમાં પડી કેવા કેવા મનોરથોના મિનારા મનમાં ચણે છે. પણ એ ટકશે કે નહિ તેની ખાત્રી છે? ના. આ શેઠ મનમાં મલકાય છે. પણ વહાણ મધદરિયે પહોંચ્યું ત્યાં દરિયામાં ભયંકર વાવાઝોડાનું તોફાન થયું. શેઠનું વહાણ ભાંગીને ભુકકો થઈ ગયું. ને શેઠ દરિયામાં પડયા. પણ ભાગ્યયોગે હાથમાં એક પાટીયું આવી ગયું. તેના આધારે તરીને કિનારે પહોંચ્યા. આટલી દુઃખની છાયા ઘેરાઈ છતાં શેઠના મનમાં એક વાતનો આનંદ છે કે ભલે વહાણ ભાંગ્યું પણ ક્રોડનું રત્ન તો સલામત છે ને? શેઠ જેમ તેમ કરીને થોડા દિવસે પોતાને ઘેર પહોંચ્યા. ને પોતાના કુટુંબને મળ્યા. બીજે દિવસે ડોકટર પાસે જાંઘ ચીરાવી પેલું રત્ન કાઢી ઝવેરીઓને બતાવ્યું. ત્યારે ઝવેરીઓ કહે છે કે રત્ન તો ક્રોડની કિંમતનું છે. પણ તમે તેને જાંઘમાં રાખ્યું એટલે જાંઘની ગરમીથી તેનું નૂર ઝાંખુ પડી ગયું છે. તેથી એની કિંમત એક લાખ રૂપિયા ઓછી ઉપજશે.

આ સાંભળી શેઠને ખૂબ ખેદ થયો કે અરેરે....મેં કેટલું દુઃખ વેઠયું? કેટલી મહેનત કરી? ત્રણત્રણવાર તો પરદેશ ગયો. છતાં ૯૯ લાખના ૯૯ લાખ રહ્યા. કોઈ વાતે ક્રોડાધિપતિ બન્યો નહીં! પણ મારે તો ક્રોડાધિપતિ બનવું જ છે! શેઠને ખાવું,

પીવું, હરવું, પહેરવું આદિ કંઇ ગમતું નથી. અસંતોષની આગે તેમને ભરખી લીધા હતા. *એટલે ક્રોડપતિ બનવા માટે કેટલાય કિમિયા કર્યા પણ કોઇ રીતે ક્રોડાધિપતિ* બનવાની મહેચ્છા પૂરી ન: થઇ.

**પુત્રની મીઠી શિખામણ:–** શેઠનો મોટો પુત્ર ખૂબ સંતોષી ને સમજુ હતો. તે કહે છે પિતાજી! તમે ગમે તેટલી મહેનત કરો પણ જે ભાગ્યમાં હોય તે મળે છે. તમારે ધનની કયાં ખોટ છે? શા માટે આટલો બધો લોભ કરીને જીવન વ્યર્થ ગુમાવો છો? જે સંપત્તિ મળી છે તે કંઈ ઓછી નથી. જે છે તે સુખેથી ભોગવો ને સન્માર્ગે વાપરી આત્માનું કલ્યાણ કરો. હવે શેઠ ખૂબ થાકયા હતા. નાસીપાસ થયા હતા. એટલે દીકરાની વાત ગળે ઉતરી. એટલામાં કોઈ જ્ઞાની સંત પધાર્યા. શેઠે તેમનો સમાગમ કર્યો. સંતે તેમને ઉપદેશ આપ્યો કે જગતમાં લોભ જેવી ભયંકર કોઇ ચીજ નથી. માટે તમે સંતોષના ઘરમાં આવો ને પરિગ્રહની મર્યાદા કરો. શેઠે સંતનું વચન શિરોમાન્ય કરી સંપત્તિનું પરિમાણ કર્યું. ત્યાર પછી શેઠનું સમગ્ર જીવન પલટાઇ ગયું. અને સંતોષ એ સાચું ધન છે. સંતોષમાં સુખ અને શાંતિ રહેલા છે તે વાત સમજાઇ ગઇ. પછી તો શેઠની કસોટી થઇ. સામેથી ધન મળવા લાગ્યું. પણ મર્યાદા કરેલી હતી. શેઠ તે ધનનો સ્વીકાર કરતા નથી. દૈવયોગે તેના ઘરમાં સોનામહોરોનો વરસાદ વરસ્યો તો પણ શેઠ તેમાં લલચાયા નહિ. સવાર પડતાં બધી સંપત્તિ શેઠે સત્કાર્યમાં વાપરી નાંખી. ને શેઠ સમસ્ત સંસારનો ત્યાગ કરી સંયમના સોહામણા માર્ગે ચાલી નીકળ્યા. ને આત્માનું કલ્યાણ કર્યું.

આ દૃષ્ટાંત ઉપરથી આપણે તો એ સાર ગ્રહણ કરવાનો છે કે જયાં સુધી શેઠના જીવનમાં લોભ હતો, ક્રોડાધિપતિ બનવાના કોડ હતા ત્યાં સુધી તે સુખી થયા નહિ. ઘણાં કષ્ટો વેઠયા, કરકસર કરી ને ઘણો પુરૂષાર્થ કર્યો છતાં ભાગ્યમાં ક્રોડાધિપતિ બનવાનું નહિ હોય એટલે છેવટ સુધી ૯૯ લાખના ૯૯ લાખ રહ્યા. પણ જયાં સદ્દબુદ્ધિ આવી ત્યાં સમગ્ર જીવન પલ્ટાઇ ગયું. ને આત્મા સુધરી ગયો. આટલા માટે જ્ઞાની કહે છે કે **સંતોષ એ તો સુખની રેખા છે ને અસંતોષ દુઃખની રેખા છે.** જુની કહેવત પણ છે ને કે સંતોષી નર સદા સુખી. અસંતોષી જીવ કદી સુખ મેળવી શકતો નથી. માટે દરેક મનુષ્યે સંતોષના ઘરમાં આવવાની જરૂર છે. સંતોષ આવશે તો કલ્યાણ થશે.

સાધુ હોય કે સંસારી હોય પણ જે સંતોષના ઘરમાં આવે છે તે સનાથ બની શકે છે. જે સંયમ લઇને પણ અસંતોષી બને છે ને રસોમાં આસકત બની મહાવ્રતોનું સમ્યક્ પ્રકારે પાલન કરતા નથી તે સનાથ બનીને પાછા અનાથ બની જાય છે. હવે અનાથી મુનિ શ્રેણીક રાજાને આગળ વાત સમજાવશે તે વાત અવસરે.

**ચરિત્ર:– અંજના સતીને પવનજીનો મોસાળમાં મેળાપ:–** પવનજી તલવાર ખેંચીને મરવા માટે તૈયાર થઇ ગયા હતા. પણ બરાબર તે સમયે એક માણસે

સમાચાર આપ્યા, કે અંજનાજી એના મોસાળમાં સહીસલામત છે. હું પાકા સમાચાર લાવ્યો છું. આ સાંભળી દરેકના દિલમાં આનંદ થયો. તેમાં પવનજીને વિશેષ આનંદ થયો. દરેકના હૈયા હર્ષથી નાચી ઉઠયા. જેને મળવા માટે મન તલસી રહ્યું હોય તે મળે તો કેવો આનંદ થાય?

તમારો દીકરો અમેરિકાથી જેટ વિમાનમાં અમુક તારીખે આવવાનો છે. તેથી તમારા હૈયામાં હર્ષનો પાર ન હોય પણ ખબર મળી કે વિમાન અમેરિકાથી ઉપડયું ને વચમાં હોનારત થઈ છે. તે વિમાનમાં દીકરો આવવાનો છે તો આ સમાચારથી માતા-પિતાનું હૈયું ચીરાઈ જાય છે. કે મારા દીકરાનું શું થયું હશે? ત્યાં સમાચાર આવે કે વિમાનમાં અકસ્માત થયો પણ બધા બચી ગયા છે. તો કેટલો આનંદ થાય! તે રીતે અંજનાજી જીવતા મળશે એવી કોઈ આશા ન હતી. પણ જીવતાના સમાચાર સાંભળ્યા એટલે પવનજીના રોમેરોમમાં આનંદ થયો ને અંજના પાસે જવા તૈયાર થયા.

**આગળથી પવનજી ચાલીયા, પૂંઠેથી આવ્યો છે સઘળો સાથ તો,**
**આવતો રે સહીયરે ઓળખ્યો, એ કહીએ સ્વામીની તુમ તણો નાથ તો,**
**અંજના આવી હો પાયે નમી, ખોળે બેસાડયો છે હનુ રે કુમાર તો,**
**ક્ષણુ એક પુત્ર સામુ જુએ, ક્ષણુ એક જુએ છે અંજના નાર તો સતી રે**

અંજનાના સમાચાર સાંભળ્યા. હવે પવનજી ક્ષણુ પણ રોકાય ખરા? માતા-પિતા સાસુ-સસરા બધાને છોડીને પવનજી પોતાના વિમાનમાં બેસીને જલ્દી રવાના થઈ ગયા. ને બીજા બધા પાછળથી જાય છે. પવનજીનું વિમાન હનુપાટણમાં પહોંચી ગયું. તેમનું મોસાળ સાસરું છે. એટલે જો સમાચાર આપે તો તેમનું સ્વાગત ને સન્માન ખૂબ થાય. પણ પવનજી અંજનાને મળવા એટલા અધીરા બની ગયા છે કે જલ્દી અંજનાનું મુખ જોઉં. તેમને સ્વાગત સત્કારની પડી ન હતી. એટલે સીધા અંજનાના મામાના મહેલ પાસે પહોંચી ગયા. તે વખતે વસંતમાલા મહેલના ઝરૂખે ઉભી હતી. તેણે પવનજીને જોયા એટલે હર્ષભેર અંદર જઈને કહે છે બહેન....બહેન! પવનજી આવ્યા. જલ્દી બહાર નીકળ. ત્યારે અંજના કહે છે વસંતમાલા! તું મારી મશ્કરી ન કર. બધી મશ્કરી કરજે. પણ આ મશ્કરી ન કરીશ. શું પવનજી એમ થોડા જ આવે! એ આવશે ત્યારે મારા મામા તેમનું ઠાઠમાઠથી સ્વાગત કરશે. એમ છાનાછૂપા નહિ આવે.

વસંતમાલા કહે-બહેન! હું મશ્કરી નથી કરતી, સાચું કહું છું. તરત અંજનાએ ઝરૂખે આવીને પવનજીને જોયા. અને ઓળખ્યા કે આ પવનજી છે. તેનું હૈયું હર્ષથી નાચી ઉઠયું. પવનજી પણ ઝડપભેર મહેલમાં પ્રવેશ કરીને ઉપર ચઢે છે ત્યાં અંજના સતી પોતે નીચે ઉતરે છે. ને પતિના પગમાં પડવા જાય છે. ત્યાં પવનજી તેને ઉંચકીને ઉભી કરતાં કહે છે-હે અંજના! તું મારા ચરણમાં પડે એવો લાયક હું

નથી. હું તારા ચરણમાં પડવાને લાયક છું. એટલું કહેતાં પવનજીની આંખમાં આંસુ આવી ગયા. હૃદય ભરાઈ ગયું. અંજના કહે-સ્વામીનાથ! આપ તો મહાન છો. દોષ બધો મારા કર્મનો છે. હવે દુઃખના દિવસો પૂરા થયા છે. શાંતિ રાખો. એમ કહીને પવનજીને બેસાડયા ને અંજના પતિના ચરણમાં પડી ગઈ. ત્યાં નાનકડો હનુમાન દોડતો આવ્યો. હનુમાનને જોઈને પવનજીનું લોહી ઉછળ્યું ને તેને ઉંચકીને ખોળામાં બેસાડી દીધો. પવનજી એક ક્ષણ હનુમાન કુમારની સામે દૃષ્ટિ કરે છે ને બીજી ક્ષણે અંજનાના સામું જોઈને આનંદ પામે છે. હૈયામાં હર્ષની ઉર્મિ ઉછળે છે. હર્ષ સમાતો નથી. અને બીજી ક્ષણે એ વિચાર કરે છે કે આ સતીએ કેટલા દુઃખ વેઠયા! આવો પ્રતાપી પુત્ર છે. એનો જન્મ કયાં થયો હશે? હું કેવો પાપી! પુત્રનો મહોત્સવ પણ ઉજવી શકયો નહિ. મનમાં ખૂબ દુઃખ થાય છે. હર્ષ ને વિષાદના કારણે પવનજી કંઈ બોલી શકતા નથી. એમનું હૈયું હળવું થશે પછી એ અંજના તથા વસંતમાલાને પૂછશે કે તમે કેવા કેવા કષ્ટો વેઠયા, તે વાત અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં. ૯૨

**આસો વદ ૧૩ ને શનિવાર (ધનતેરસ) તા. ૧-૧૧-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંત કરૂણાના નિધાન ભગવંતે જગતના જીવો ઉપર વાત્સલ્યના વહેણ વહાવી આગમ વાણી પ્રકાશી, વાત્સલ્ય ભરી વાણીના વહેણ વહાવનારા, વિશ્વની વિરલવિભૂતિ વીતરાગ પ્રભુ અત્યારે આપણી સામે ઉપસ્થિત નથી પણ તેમના વારસદાર સંતો બિરાજમાન છે. એ સંતોના સાનિધ્યમાં રહેવાથી પણ જીવને મહાન લાભ થાય છે. સંતના સમાગમથી પથ્થર જેવો માનવ પણ પારસ બને છે ને મેલા માનવીનું અંતર આરસ જેવું સ્વચ્છ બને છે. મહાન પુણ્યનો ઉદય હોય ત્યારે સંતનો સમાગમ થાય છે. એક કવિએ પણ કહ્યું છે કે :-

**कोटि जन्मकी पुण्य कमाई, तब संतनकी संगति पाई ।**
**संत संगति जन पावे, जब ही, आवागमन मिटावेत वही ।।**

ક્રોડો જન્મનાં પુણ્ય ભેગા થાય ત્યારે સંતનો સમાગમ થાય છે. જીવ જો સાચો સમાગમ કરે તો તેના ભવના ફેરા ટળી જાય છે.

શ્રેણીક રાજા મિથ્યાત્વી હતા. પણ અનાથી મુનિનો સમાગમ થતાં સમ્યકૃત્વ પામી ગયા. જે જીવને વીતરાગ વચનની શ્રદ્ધા થાય છે તે સમકિત પામે છે. અને જે સમકિત પામે છે તેનો સંસાર કટ થયા વિના રહેતો નથી. વહેપારમાં નફો થાય તો

તમને વહેપાર વધારવાનું મન થાય છે. પણ કદી એમ થાય છે કે હવે સંતના સમાગમમાં વધુ રહીએ! પૈસા જેટલો વધશે તેટલું પાપ વધશે ને સત્સંગ વધશે તેટલું પાપ ઘટશે. પાપ કરીને પૈસા કમાયા પણ સરકાર ટેક્સ નાંખીને, રેડ પાડીને તમારા પૈસા લઇ લે છે પણ ભેગું પાપ લે છે? પૈસાની સાથે પાપ લઇ જાય તો વાંધો નહિ. પાપ તો તમારે ભોગવવાનું રહે છે. તો બંધુઓ! હવે કયાં સુધી આ વેઠ કર્યા કરશો? આ ઇન્દ્રિઓ પણ તમને સિગ્નલ આપીને ચેતાવે છે કે આ કાનમાં રેડિયો નાંખવો પડયો, કેશ કાળા મીટીને ધોળા થયા. આંખે ઝાંખુ દેખાવા લાગ્યું, શરીરનું બળ ઘટી ગયું તો હવે તો આત્માનું ભાતું ભરો. અત્યારે દિવાળી આવી એટલે ચોપડા ચોખ્ખા કરવામાં પડયા છો પણ આત્માનો ચોપડો ચોખ્ખો કરવાનું મન થાય છે?

ઉત્તરાધ્યયન સૂત્રના વીસમા અધ્યયનમાં અનાથી મુનિ શ્રેણીક રાજાને કહે છે હે રાજન્! કંઇક મનુષ્ય અનાથમાંથી સનાથ બનવા માટે પ્રવ્રજ્યા અંગીકાર કરે છે. છતાં તેઓ એવા આચરણ કરે છે કે તે સનાથમાંથી અનાથ બની જાય છે. આગમમાં ભગવાને જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે જે આચરણ કરે છે તે સાચો સાધુ છે. અને તે પ્રમાણે આચરણ ન કરતો હોય તો વેશધારી સાધુ છે.

તમે સિદ્ધાંતના પાના ખોલો તો ખબર પડે ને કે ભગવાને સાધુને કેવો આચાર પાળવાનું કહ્યું છે. દશવૈકાલિક સૂત્રમાં સાધુના આચારની વાતો કરી છે. તમે સંસારી, પણ શાસ્ત્રનું વાંચન કરો, શકિત અનુસાર આચરણમાં ઉતારો ને શાસ્ત્રની શ્રદ્ધા કરો. સાધુએ તો નિર્ગ્રંથ પ્રવચનની આજ્ઞા પ્રમાણે ચાલવું જોઇએ, તો તે સાચો સાધુ છે. શ્રાવકોએ પણ નિર્ગ્રંથ પ્રવચન ઉપર શ્રદ્ધા રાખવી જોઇએ. અને વ્યવહારમાં એ નિર્ગ્રંથ પ્રવચન પ્રમાણે તે સાધુનું આચરણ છે કે નહિ, તે જોવું જોઇએ. તમે પૂર્ણ નથી કે તેમના આંતરિક ભાવોને જાણી શકો એટલે અપૂર્ણ માટે તો વ્યવહાર જોવો ઉચિત છે. તેથી સાધુઓ વ્યવહારમાં નિર્ગ્રંથ પ્રવચનનું પાલન કરે છે કે નહિ? તેમના મૂળ વ્રત બરાબર છે ને? તેમ જાણવું જોઇએ.

દાખલા તરીકે તમે કોઇ માણસને તમારા મુનીમ તરીકે રાખ્યો. તે મુનીમ નામું બરાબર કરે છે. જમા ઉધારના ખાતા ચોખ્ખા રાખે છે ને હિસાબ પણ બરાબર રાખે છે. પણ તેનું હૃદય ચોખ્ખું છે કે મેલું? નિશ્ચયમાં તેનું હૃદય કેવું છે તે તમે જાણતા નથી પણ વ્યવહારનું બરાબર પાલન કરે છે એટલે તમે મુનિમ માનશો. પણ કોઇ મુનિમનું હૃદય સારું હોય પણ વ્યવહારનું કામ બરાબર ન કરતો હોય તો તમે તેને મુનિમ તરીકે રાખશો ખરા? તમે એમ કહેશો કે જે મુનિમ વ્યવહાર જાણતો નથી તે મુનિમ અમારે શા કામનો? એટલે જયાં સુધી પૂર્ણ જ્ઞાની ન બનાય ત્યાં સુધી વ્યવહાર દ્વારા કોઇ પણ બાબતની પરીક્ષા કરી શકાય છે. જો કે વ્યવહારની સાથે

નિશ્ચયની જરૂર તો છે પણ નિશ્ચય આત્મસાક્ષીએ જાણી શકાય છે, બાકી તો વ્યવહારથી જાણી શકાય છે. यद् यद् आचरति श्रेष्ठस्तत्तदितरोजनः जनः । શ્રેષ્ઠ મનુષ્યો જેવું આચરણ કરે છે તેવું બીજા લોકો તેમનું અનુકરણ કરીને આચરણ કરે છે. કારણ કે વ્યવહારમાં આચરણ જોઇ શકાય છે. પણ નિશ્ચય જોઇ શકાતો નથી. એટલા માટે ભગવંત કહે છે કે નિશ્ચયની સાથે વ્યવહારનું પાલન કરવું જોઇએ આજે ઘણાં લોકો નિશ્ચયનયની વાતો કરતાં થઇ ગયા છે પણ વ્યવહાર વિનાનો નિશ્ચય પાંગળો છે. અનાથી મુનિ કહે છે કે जो पव्वइत्ताणं महव्वयाइं જે લોકો સંસારમાં બેઠા છે તે તો આરંભ-પરિગ્રહમાં ખૂંચેલા છે એટલે એ તો બિચારા અનાથ છે. પણ જે સંસાર ત્યાગીને સાધુ બની ગયા છે તેઓ પણ જો આરંભ ને પરિગ્રહમાં ખૂંચી જાય છે તો તે પણ અનાથ છે. હે રાજન્ ! કંઇક આત્માઓ એવા કાયર હોય છે કે જેઓ નિર્ગ્રંથ ધર્મનો સ્વીકાર કરી અનાથતામાં પડીને દુઃખ પામે છે.

બંધુઓ ! સંયમ લેનારને માથે ઘણી મોટી જવાબદારી છે. જો સંયમી પોતાની શ્રદ્ધાથી ચ્યુત થાય તો अतो भ्रष्टस्ततो भ्रष्टः જેવી તેની સ્થિતિ થાય છે. ઘોડો ચલાવનાર જો ઘોડાને કાબૂમાં ન રાખે તો તે ઘોડો તેને પછાડી દે છે. અને જો ઘોડો કાબૂમાં હોય તો તે શાંતિપૂર્વક પોતાના સ્થાને પહોંચી જાય છે. તેમ જે મનુષ્યો સંયમ લઇને પોતાની ઇન્દ્રિઓ ઉપર બરાબર કાબૂ ન રાખે તો પડવાઇ થાય છે. તે પોતાનો ધારેલો ધ્યેય પૂરો કરી શકતો નથી ને સંયમમાં દુઃખી થાય છે. અહીં કદાચ કોઇને પ્રશ્ન થાય કે તમે તો એમ કહો છો કે " एगंत सुही मुणी वीतरागी ।" દુનિયામાં વીતરાગી સંત જેવું કોઇ સુખી નથી. તો પછી સાધુપણું લઇને શા માટે દુઃખી થાય છે?

દેવાનુપ્રિયો ! વીતરાગ પ્રભુની આજ્ઞા પ્રમાણે ચાલે તો કંઇ દુઃખ નથી. પણ આ વાતનું સમાધાન એ છે કે માની લો કે કોઇ મહાન પુરૂષ એમ જાહેરાત કરે કે અહીંથી ૧૦૦ માઇલ દૂર આવેલા પર્વત ઉપર અમુક જગ્યાએ ઝવેરાતનો મોટો ખજાનો ભરેલો છે. તો જે ત્યાં જાય તેને તે ખજાનો મળશે. હવે હીરા-માણેક, પન્ના આદિ ઝવેરાતનો મોહ કોને ન હોય ? દરેકને હોય છે. અને સૌ ઝવેરાતનો ખજાનો લેવાની આશાથી ઘરેથી નીકળીને ચાલવા લાગ્યા. તો તેમાંથી કેટલાક માણસો અધવચ થાકી જવાથી પાછા ફર્યા ને કેટલાક ત્યાં પહોંચી ગયા. તે રીતે મોક્ષમાં જવા માટે કેટલાક મનુષ્યો દીક્ષા લે છે. તેમાંના કેટલાક ભગવાને કહ્યા પ્રમાણે પ્રવજર્યાનું પાલન કરીને મોક્ષમાં પહોંચી જાય છે. અને કેટલાક માર્ગમાં મળતા પ્રલોભનોમાં ગૃદ્ધ બની ભ્રષ્ટ થઇ ગયા તો દુઃખી થાય છે.

જ્ઞાતા સૂત્રમાં તે વાત સ્પષ્ટ સમજાવવા માટે એક દૃષ્ટાંત આપ્યું છે. ધનાવાહ નામના એક શેઠ સાર્થ લઇને પરદેશ કમાવા માટે જાય છે. તેમણે ગામમાં જાહેરાત

કરાવી કે હું સાર્થ લઈને પરદેશ કમાવા માટે જાઉં છું. તો જેને આવવાની ઈચ્છા હોય તે મારી સાથે ચાલો. માર્ગમાં ખાવા-પીવાની તથા દ્રવ્ય વિગેરેની વ્યવસ્થા હું કરીશ. અને વહેપાર કરવા માટે પૈસાની જરૂર હશે તો તે પણ હું આપીશ. આ શેઠ કહેવાતા શેઠ ન હતા પણ દુઃખીના દુઃખ દૂર કરવાની ભાવનાવાળા હતા. તમે પરદેશ કમાવા જતા હશો ત્યારે ગામમાં તો નહિ પણ તમારી જ્ઞાતિમાં તો આવી જાહેરાત કરતા હશોને ? અરે ! કંઇક તો એવા હોય છે કે પોતાના સગા ભાઈને પણ ખબર ન આપે. ભાઈ જાણી જાય તો ભાગ પડી જાય. કેમ બરાબર છે ને ? (હસાહસ). શેઠે જાહેરાત કરાવી. વગર ખર્ચે કમાવાનું મળતું હોય તો કોણ ભૂલે ? ઘણાં માણસો શેઠની સાથે જવા તૈયાર થયા. શેઠ બધી વ્યવસ્થા કરીને મોટા કાફલા સાથે રવાના થયા. તે સમયે ટ્રેઈન કે બસોની સગવડ ન હતી. પગપાળા જવાનું હતું. ચાલતાં ચાલતાં એક મોટું જંગલ આવ્યું. શેઠે સાર્થના માણસોને કહ્યું કે ભાઈઓ ! તમે મારી સાથે આવ્યા છો એટલે તમારી જવાબદારી મારા માથે છે. તો તમે બધા મારી એક સૂચના ધ્યાનમાં રાખજો.

આ જંગલમાં નંદીફલ નામના વૃક્ષો છે. તે વૃક્ષો દેખાવમાં ઘણા સુંદર છે. તેની સુગંધ પણ મોહક છે. તેની છાયા પણ શીતળ છે. તેના ફળ દેખાવમાં મોસંબી-સંતરા જેવા સુંદર ને ખાવામાં મીઠા છે. એ વૃક્ષો એવા આકર્ષક છે કે તે મનુષ્યને પોતાની તરફ ખેંચે છે. તે વૃક્ષ નીચે જઈને બેસવાથી તેનું ફળ ખાવાની ઈચ્છા થાય છે. પણ તે નંદી વૃક્ષના ફળ ખાનારનું મૃત્યુ થઈ જાય છે. એટલે તે ફળ મીઠું ઝેર છે. માટે ખૂબ સાવધાની રાખજો. કડવા વિષથી બચવું સહેલ છે. પણ આ મીઠા વિષથી બચવું મુશ્કેલ છે. માટે તમે કોઈ વૃક્ષની સુંદરતાથી, સુગંધથી, છાયાની શીતળતાથી કે ફળના મધુર સ્વાદથી લોભાઈ જશો નહિ. મારી આ સૂચના ધ્યાનમાં રાખી તમે મારી પાછળ આવશો તો આ અટવી સુખરૂપ પાર કરી શકશો. પણ જો વૃક્ષના ફળ ખાવામાં લોભાઈ જશો તો તમે આ અટવીમાં મરણને શરણ થઈ જશો. આ પ્રમાણે બધાને સૂચના કરીને શેઠ આગળ વધ્યા. જે માણસો શેઠની શિખામણ હૃદયમાં ઉતારી તેમની પાછળ ચાલ્યા ને નંદીવૃક્ષના ફળમાં લોભાયા નહિ જંગલને સુખરૂપ પાર કરી ગયા. પણ ઘણાં માણસો નંદીવૃક્ષના ફળ જોઈને એમ કહેવા લાગ્યા કે શેઠને એના સ્વાદની શું ખબર હોય ? આવા સરસ મીઠા ફળનો સ્વાદ ચાખ્યા વિના કેમ જવાય ? એમ વિચારી નંદીફળ હાથમાં લીધા. ચાખ્યા ને ખૂબ સ્વાદિષ્ટ લાગ્યા એટલે ખૂબ સ્વાદપૂર્વક ખાધા. પછી તેનું ઝેર શરીરમાં પરગમ્યું ને તેમની નસો તૂટવા લાગી. ત્યારે તેમને ભાન થયું કે શેઠની વાત સાચી હતી. શેઠની હિતશિખામણ યાદ આવી. તે પસ્તાવા લાગ્યા પણ ફળ ખાધા પછીનો પસ્તાવો શા કામનો ? અંતે મરણને શરણ થયા.

બંધુઓ! અહીં આપણે એ વિચારવાનું છે કે જે શેઠ ખાવાપીવાની બધી સગવડ કરતા હતા, જેના આધારે પરદેશ જવા નીકળ્યા હતા તે શેઠે બધાનું હિત ઇચ્છીને જંગલમાં નંદીવૃક્ષના ફળ ખાવાની મનાઇ કરી હતી. તેમના વચન ઉપર શ્રદ્ધા ન કરી અને તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને ફળનો સ્વાદ કરવામાં લલચાયા. આનું કારણ? મનને વશ કરવામાં કાયર. જાણવા છતાં ફળ ખાવાની ભૂલ કરી ને ભૂલના ભોગ પોતાને બનવું પડયું અને જેઓ વીર હતા તેઓએ શેઠની આજ્ઞાનું પાલન કરી નંદીફળ ખાધા નહિ તો ક્ષેમકુશળ અટવી પસાર કરી ગયા. આ દૃષ્ટાંત દ્વારા શું સમજવાનું છે?

ભગવાન આપણા બધાના સાર્થવાહ છે. તેમની આજ્ઞા માનીને તેમના રાહે ચાલીશું તો આપણે ક્ષેમકુશળ સંસાર અટવીને પાર કરીને મોક્ષ નગરે પહોંચી જશું. એવું કયારે બની શકે? સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા બધા ભગવાનની આજ્ઞા માનીને તેમના રાહે ચાલે તો. જો નંદીવૃક્ષના ફળની માફક સંસારના પ્રલોભનોમાં પડી જઇને આત્માને વશ ન રાખતાં રસના લોલુપ બનીને તેમાં સપડાઇ જશો તો સંસાર અટવીને પાર કરી શકશો નહિ.

બંધુઓ! ભગવાનના વચન તો સત્ય અને નિઃશંક છે. તેમાં અવિશ્વાસ કરવાનું કોઇ કારણ નથી. છતાં જે મનુષ્યો ખાવાપીવામાં અને ભોગવિલાસમાં પડી જઇને ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે તેવા લોકોને અનાથી મુનિ કહે છે કે કાયર છે. અને આ કાયરતાને કારણે અનાથ બનીને દુઃખી થાય છે. જે માણસો ઉપરથી ભગવાનને ભજે પણ ભગવાનની વાણી ઉપર શ્રદ્ધા ન કરે તો તે ભગવાનનો સાચો ભકત નથી. ભગવાનનો સાચો ભકત તો તે કહેવાય કે ભગવાનની વાણી સાંભળી નંદીફળના સમાન વિષયભોગોનો ત્યાગ કરે ને સંસારના કોઇ પણ પ્રલોભનોમાં પડે નહિ. તમારે પણ બને તેટલો ત્યાગ કરવાનો છે. નાટક, સિનેમા, આ બધા વિષયવર્ધક સાધનો છે. જેટલા અંશે ભગવાનની આજ્ઞાનું પાલન કરશો તેટલા સુખી થશો. અમે તો ભગવાનની આજ્ઞાનું પાલન કરવા નીકળ્યા છીએ એટલે અમારે તો ભગવાનની આજ્ઞાનુસાર ચાલવું જોઇએ. ભગવાન અમને ખાવા પીવાની મનાઇ કરતા નથી પણ તેઓ એમ કહે છે કે હે મારા શ્રમણો! તમે ખાવાપીવામાં ગૃદ્ધ ન બનો. પ્રલોભનોમાં ન પડો. તમે કષ્ટ સહન કરીને પણ ઇન્દ્રિયો ઉપર વિજય મેળવશો તો તમને મોક્ષની પ્રાપ્તિ થશે. ટૂંકમાં અનાથી નિર્ગ્રંથનો કહેવાનો આશય એ છે કે ત્યાગમાં દુઃખ નથી, ત્યાગમાં તો મહાન સુખ છે. પણ જે કાયર બને છે તે દુઃખ માને છે.

આજે ધનતેરસનો પવિત્ર દિવસ છે. આજે તમે લક્ષ્મીનું પૂજન કરશો. ઘણી વાર ભાઇઓને અમારી બહેનો કંઇક કહે તો તે કહે છે કે સ્ત્રીજાતિ શું સમજે? પણ આજે કોનું માન છે? જેને મેળવવા માટે પ્રાણ પાથરો છો તે લક્ષ્મીજી કોણ છે?

એક સ્ત્રી જ છે ને ? તીર્થંકર, ચક્રવર્તિ આદિ મહાન પુરૂષોને જન્મ દેનારી પણ સ્ત્રી જ છે ને ? એટલે આજે તમે લક્ષ્મીનું પૂજન કરી ધનતેરસ મનાવો છો. પણ તે મિથ્યાત્વ છે. જો સાચું સમજો તો આ ધનતેરસ નથી પણ ધણતેરસ છે. ધણતેરસ નામ કેમ પડયું ? ભગવાન મોક્ષમાં જવાનાં હતા તેથી નવ મલ્લી અને નવ લચ્છી એમ અઢાર દેશના રાજાઓ પાવાપુરીમાં છઠ્ઠ પૌષધ કરવા માટે ઘણાં મોટા પરિવાર સાથે આવતા હતા. પાવાપુરીમાં પહોંચ્યા ત્યારે સાંજનો સમય હતો. સાંજના સમયે વગડામાં ઘાસ ચરવા ગયેલી ગાયોના ધણ પાછા ફરતા હતા. ઘણાં માણસો અને સૈન્યને જોઇને ગાયોના ધણ ભડકીને દોડાદોડ કરવા લાગ્યા. તે દિવસે તેરસનો દિવસ હતો. તેથી આજના દિવસને ધણતેરસ તરીકે મનાવવામાં આવે છે. પણ તમને ધન બહુ વહાલું છે એટલે તમે ધનતેરસ માનીને ધનની પૂજા કરો છો.

બંધુઓ ! વિચાર કરો. લક્ષ્મીનું પૂજન કરવાથી કે ધન ધોવાથી ધન વધવાનું નથી પણ સારા કાર્યમાં વાપરવાથી ધન વધે છે. લક્ષ્મી કહે છે કે મને તિજોરીમાં પૂરી રાખવાથી હું અકળાઇ ગઇ છું માટે મને બહાર કાઢો. જે માણસને રોજ બજારમાં ફરવા જવાની ટેવ હોય તેને જો અઠવાડિયું ઘરમાં રહેવું પડે તો અકળાઇ જાય છે. અમને પણ ચાતુર્માસ સિવાય એક સ્થાને વધુ રહેવું પડે તો ગમે નહિ. અને ભગવાનની પણ આજ્ઞા છે કે સાધુ તો વિચરતા ભલા. એક સ્થાને કોઇ કારણ સિવાય સાધુ પડી રહે તો ચારિત્રમાં શિથિલતા આવે. કહ્યું છે ને કે **"વહેતા પાણી નિર્મળા, બંધા ગંદા હોય."** જે વહેતું પાણી હોય છે તે નિર્મળ હોય છે. પણ ખાબોચિયામાં સ્થિર રહેલું પાણી ગંધાઇ જાય છે. તેમ સાધુ વિચરે તો તેનું ચારિત્ર નિર્મળ રહે છે અને લક્ષ્મી પણ સત્કાર્યમાં વપરાતી રહે તો વધે છે.

બીજી વાત એ છે કે તમારી તિજોરીમાં લક્ષ્મી ગમે તેટલી હશે, હીરા, માણેક અને મોતીથી ભંડાર ભર્યા હશે પણ જો ખાવા માટે અનાજ નહિ હોય તો શું કરશો ? જ્યારે ભીષણ દુષ્કાળ પડે છે ત્યારે ધન ગમે તેટલું હોય પણ ખાવા માટે કામ લાગતું નથી. કોઇ સમ્રાટના ખજાનામાં ઝવેરાતના ઢગલા હોય પણ જમવાનો સમય થાય ત્યારે તો તે રોટીને યાદ કરે છે. પણ કોઇ સમ્રાટ ધન કે ઝવેરાતને યાદ કરતા નથી. અત્યાર સુધીના ઇતિહાસમાં તમે સાંભળ્યું છે કે કોઇ સમ્રાટ, શહેનશાહ કે ચક્રવર્તિએ હીરા કે મોતીનો રોટલો બનાવીને ખાધો હોય ? ના. જ્યારે સુકાળ હોય ત્યારે કોઇ માણસ તમને કહે કે મારી પાસે પાંચ મણ જુવાર છે ને પાંચ સાચા કિંમતી મોતી છે તો તેમાંથી તમારી જે ઇચ્છા હોય તે લઇ શકો છો. તો તમે શું લેશો ? તમને લક્ષ્મીનો મોહ છે. એટલે ભલે તમે મને જવાબ નથી આપતા. પણ સાચું કહું તો તમે મોતી લેવા માટે હાથ લંબાવશો. પણ જ્યારે માનવોના પાપકર્મોનો ઉદય થાય ને દેશમાં

ભયંકર દુષ્કાળ પડે ત્યારે શું લેવા ઇચ્છશો ?

એક વખત એક દેશમાં ભયંકર દુષ્કાળ પડયો. અને અન્ન પાણી વિના માણસો તરફડવા લાગ્યા. ચારે ય બાજુ અન્ન-પાણી માટે પોકાર કરવા લાગ્યા. ત્યારે એક દીકરી એક વાડકો મોતીનો ભરીને પોતાના પિતાને ઘેર જાય છે. ને રડતી રડતી કહે છે પિતાજી! મારા કુમળા ફૂલ જેવા બાળકો અન્ન વિના તરફડે છે. તો આ મોતીનો ભરેલો વાટકો તમે રાખો ને આના જેટલી જુવાર મને આપો. પુત્રીની કરૂણ કહાની સાંભળીને પિતાનું હૃદય ભરાઇ આવ્યું અને કરૂણ સ્વરે કહે છે બેટા! આવા બે વાડકા ભરીને મોતી તું અહીંથી લઇ જા અને કયાંકથી એક વાડકો જુવાર લાવી આપ. બંધુઓ! આવા સમયે કોઇ તમને કહે કે અમારી પાસે પાંચ કિલો મોતી છે ને પાંચ કીલો જુવાર છે તો બેમાંથી તમે જે ઈચ્છો તે લઇ શકો છો. બોલો, હવે તમે શું લેશો? મોતી કે જુવાર? (શ્રોતામાંથી અવાજ:- આવા સમયે તો જુવાર લેવાનું પસંદ કરીશું). સમજી લો. હીરા અને મોતી વિના એક પણ માનવી મરી જતો નથી પણ અન્નના અભાવે હજારો માનવીઓ મૃત્યુના મુખમાં ધકેલાઇ જાય છે. પેટમાં રોટલો પડશે તો બધું ગમશે. રોટી વિના કંઇ ગમતું નથી. કોઈ માણસ ભૂખે પીડાતો હોય તે સમયે તેને ધર્મ આરાધના કરવાનું કહેવામાં આવશે તો ગમશે નહિ. ભૂખ્યાને ભોજન આપ્યા પછી ધર્મનો ઉપદેશ આપવામાં આવશે તો તેને ગમશે. રાજસ્થાનીમાં એક કહેવત છે ને કે

"भूखे भजन न होय गोपाला ।
यह लो कंठी और यह लो माला ।"

પેટમાં ભોજન પડયું હોય તો ભજન કરવું ગમે. નહિતર માળા ફેરવવી પણ ન ગમે. કારણ કે ઘડામાં પાણી પૂરું ભર્યું હશે તો તે સ્થિર રહી શકે છે. પણ જો તે અધૂરો હશે તો સ્થિર નહિ રહી શકે. તે રીતે સામી વ્યકિતનું પેટ ભૂખ્યું હોય ને તેનું ચિત્ત અસ્થિર હોય ત્યાં સુધી તે આપણી ધર્મની સારામાં સારી વાત પણ સાંભળી શકશે નહિ. માટે પહેલાં એની ક્ષુધા શાંત કરો. એની ભૂખ મટે એટલે એના ચિત્તમાં સ્થિરતા આવે છે. અને પછી તે ધર્મની વાત સાંભળી શકે છે.

પેટ જ્યારે ભૂખ્યું હોય ત્યારે તેની બુદ્ધિ પણ ભ્રષ્ટ થઇ જાય છે. એક સંસ્કૃત શ્લોકમાં કહ્યું છે કે:-

त्यजेत् क्षुधार्ता महिला स्वपुत्रं, खादेत् क्षुधार्ता भुजंगी स्वमण्डम् ।
बुभुक्षित. किं न करोति पापं, क्षीणा नरा निष्करुणा भवन्ति ।।

ક્ષુધાથી પિડિત સ્ત્રી પોતાના બાળકોને તજી દે છે. સર્પિણી પોતાના ઇંડાને ખાઇ જાય છે. ભૂખ્યો માણસ શું પાપ નથી કરતો? ભૂખ્યો માણસ નિર્દય બની જાય છે. ગુજરાતીમાં પણ કહેવત છે ને કે "ભૂખી કુતરી ભોટીલા ખાય" જો કૂતરી ભૂખી

હોય ને તેને કોઇ રોટલો ખવડાવે નહિ તો તે તેના (ખોટીલા) ગલૂડીયાને પણ ખાઇ જાય છે.

છપ્પનિયાનો દુષ્કાળ પડયો ત્યારે લોકો અન્ન પાણી વિના પીડાઈ રહ્યા હતા. એ દુષ્કાળ આપણે તો જોયો નથી પણ આપણે વૃદ્ધો પાસેથી એ કરૂણ કહાની સાંભળીએ છીએ. ત્યારે કાળજું કંપી જાય છે. તે સમયે અન્નના અભાવે માણસો ભૂખથી પીડાઇને મરી જતાં હતાં. જયાં ને ત્યાં મનુષ્યના મડદા રખડતા હતા. તે સમયે બનેલી એક કરૂણ કહાની છે.

એક બાઇને ચાર દીકરા હતા. અન્ન નહિ મળવાથી કુમળા ફૂલ કરમાઇ ગયા હતા. ત્રણ ત્રણ દિવસથી ભૂખે પીડાતા હતા. અને મા....રોટલો આપ–રોટલો આપ કરતાં માની ડોકે વળગી પડતાં હતાં. ઘરમાં મુઠ્ઠી લોટ ન હતો. કયાંથી રોટલો બનાવે? પણ માતા ચૂલા ઉપર પાણીની તપેલી મૂકીને ચૂલો સળગાવી છોકરાને કહેતી. હમણાં ખીચડી રંધાય છે. હું તમને આપું છું. એમ કહીને સમજાવતી. મા ચૂલે ખાલી તપેલી મૂકી બહાર ગઇ. ઘોડાની લાદમાંથી મકાઇના દાણા વીણીને પાણીમાં ધોવા લાગી. આ સમયે એક માણસ ત્યાંથી પસાર થાય છે ને પૂછે છે બહેન! આ શું કરે છે? ત્યારે આંખના આંસુ લૂછતી તે બોલી, ભાઇ! પેટની ભૂખ મટાડવા શું નથી કરવું પડતું? જો તારા દિલમાં દયા હોય તો ભૂખે કરમાઇ જતાં મારા બે બાળકોને ખરીદીને લઇ જા. હવે એમનું કરૂણ રૂદન મારાથી જોયું જતું નથી. પેલા માણસને દયા આવી ને બે રૂપિયા આપીને બે બાળકોને લઇને ચાલતો થઇ ગયો. બે રૂપિયા મળ્યા તેનાથી પાંચ દિવસ તો પસાર થયા પણ પછી શું? આખરે ત્રીજા બાળકે ભૂખની પીડાથી પ્રાણ છોડી દીધા. માતા ખૂબ રડી. માથું ફોડયું પણ છેવટમાં તેના પેટમાં ભૂખની જવાળા પ્રગટી હતી એટલે તેણે વિચાર કર્યો કે આ બાળક મરી ગયો છે તો એનાથી પેટની આગ શાંત કરું? એટલે અગ્નિ સળગાવી માતા પોતાના હાથે પોતાના પુત્રનું શબ શેકવા તૈયાર થઇ. તે સમયે પેલો દયાળુ માણસ ત્યાંથી નીકળ્યો. આ દૃશ્ય જોઇ તે સ્થંભી ગયો ને પૂછયું–બહેન! આ શું કરે છે? તું કોને શેકવા તૈયાર થઇ છે? છેવટે તેણે તે કાર્ય બંધ કર્યું પણ અન્નનો કણ મળ્યો નહિ તેથી ભૂખથી તરફડતી સૂઇ ગઇ ને....તે પણ મૃત્યુ પામી. એનો આઠ મહિનાનો બાળક માતાની બાજુમાં સૂતો હતો. તે દૂધપાન કરવા માટે ફાંફા મારતો હતો. પણ એને કયાં ખબર હતી કે માતાનું દૂધ તો શું પણ એનું લોહી કયારનું સૂકાઇ ગયું હતું. ફકત હાડકાનો માળો હતો. બાળક પણ મૃત્યુ પામ્યો. આ છે છપ્પનિયા દુષ્કાળની કહાની. જે આત્માઓ પરદુઃખભંજન બન્યા છે તેમનું નામ ઇતિહાસના પાને અમર બન્યું છે.

ખેમા દેદરાણી, જગડુ શાહે ધનનો સંગ્રહ કર્યો હતો પણ જયારે ભારત પર દુષ્કાળના વાદળો ઘેરાવા લાગ્યા ત્યારે તેમણે તિજોરીઓના તાળા ખોલી નાંખ્યા હતા.

વર્ષોથી ભેગી કરેલી લક્ષ્મી દેશના બંધુઓ માટે લૂંટાવી દીધી. આ રીતે તમારી સંપત્તિનો સ્વધર્મી બંધુઓની સેવામાં, દુઃખીની અને સમાજની સેવામાં સદુપયોગ થશે તો તમને ઘણો લાભ થશે. શાંતિ મળશે ને આનંદ આવશે. પણ જો એ નાણાં બીજાને માટે નહિ વાપરો ને માત્ર તમારા પટારા ભર્યા કરશો તો કદી સુખ, શાંતિ કે આનંદ મળવાનો નથી. એ સંગ્રહેલી સંપત્તિ વિપત્તિ રૂપ બની જશે. આજે તમારી સંપત્તિની કઇ દશા છે?

આજના દિવસે મારે તો તમને એ કહેવું છે કે આ દિવાળીના દિવસો આવે છે. શ્રીમંતોને ઘેર મીઠાઈના બોકસ આવશે. એની મીઠાઇ બગડી જશે પણ કોઇ ખાશે નહિ. જ્યારે ઘણાં ઘર એવાં હશે કે એક ગોળની કાંકરી માટે છોકરા રડતા હશે. પણ તમે તો માન્યું છે કે મેં ખાધું એટલે બધાએ ખાઇ લીધું. **"મારું પેટ ભરાયું એટલે પાટણ ભરાયું. હું જન્મ્યો એટલે જગત જન્મ્યું."** પણ આવા ભૂખ્યાની સંભાળ લેજો. જ્યાં છે ત્યાં સૌ આપે છે. પણ જ્યાં નથી ત્યાં કોઇ આપતું નથી. એવા દુઃખીને શોધીને આપશો તો તમે ધનતેરસ ઉજવી ગણાશે. તમે ખેમાદેદરાણી, જગડુશાહ જેવા બનજો. વધુ ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં. ૯૩

## વિષયઃ- "પાંચ સમિતિનું સ્વરૂપ"

**આસો વદ ૧૪ ને રવીવાર (કાળી ચૌદશ) તા. ૨-૧૧-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

વીતરાગ પ્રભુની વાણી ભવ બંધનના ફેરા તથા ત્રિવિધના તાપને ટાળનારી છે, ને શાશ્વત સુખને આપનારી છે. પણ એ કયારે બને? આ વાણી સાંભળીને આચરણમાં ઉતરે ત્યારે. વીતરાગવાણીનું શ્રવણ, મનન અને ચિંતન કરવામાં આવે તો આત્મા શુદ્ધ બની જાય છે. આ દિવાળી આવી એટલે બહેનોએ ઘરની સાફસુફી કરી અને તમે ચોપડા ચોખ્ખા કર્યા. પણ જે સાફ કરવા જેવો છે તેને તો તમે મેલો રાખ્યો છે. ખરેખર જો સાફ કરવા જેવો હોય તો આપણો આત્મા છે. તેને સાફ કરવા માટે કાંઇ કર્યું છે? આજે તો છઠ્ઠ કરીને બેસી જવું જોઇએ તેને બદલે તમે તો બધા ખાવા પીવામાં ને હરવા ફરવામાં પડી ગયા છો. આજે તો અમારી બહેનોએ ઘરમાંથી ફૂટલા-તુટલા વાસણો અને કચરા સાફ કરીને કકળાટ કાઢયો હશે! પણ જ્યારે આત્મા ઉપરથી ક્રોધ-માન-માયા-લોભ, મોહ, ઇર્ષ્યા આદિ દુર્ગુણોની કાળાશ કાઢો ત્યારે સાચો કકળાટ કાઢયો કહેવાય. આત્માને પવિત્ર બનાવવા માટે વીતરાગ વાણી સાંભળો.

ઉત્તરાધ્યયન સૂત્ર ૨૦ મું અધ્યયન, અનાથી મુનિ શ્રેણીક રાજાને કહે છે હે રાજન્! જે સાધક સાધુપણું લીધા પછી સાધુતાના ભાવમાં રહેતો નથી તે સનાથ બનીને પાછો અનાથ બની જાય છે. જ્યારે આત્મા સંસાર છોડીને સંયમી બને છે ત્યારે તે પ્રતિજ્ઞા કરે છે કે अकप्पं परियाणामि कप्पं उवसं पव्वज्जामि। હું અકલ્પનીય ચીજોનો ત્યાગ કરું છું ને કલ્પનીય (આચરવા યોગ્ય) છે તેનો સ્વીકાર કરું છું. આપણે અહીં એ વિચારવું છે કે સાધુને શું કલ્પનીય છે? સાવદ્ય અને સદોષ વસ્તુ તેમને કલ્પતી નથી. જે વસ્તુ મનને ચંચળ બનાવે અને જે સાધુને સંયમ પંથથી વિચલિત કરે તેવી કોઈ પણ વસ્તુ એને કલ્પતી નથી. સાધુ પોતાના વ્રતમાં વફાદાર રહે. જે વસ્તુ પોતાના વ્રતનો ભંગ કરે, વિકાસને રૂંધે તેનો દૃઢતાપૂર્વક ત્યાગ કરી દે. એ ત્યાગ બાહ્ય દેખાવ પૂરતો નહિ. શ્રાવકોની દૃષ્ટિએ ઉંચું ચારિત્ર બતાવવા માટે નહિ પણ પોતાના આત્માને નિર્મળ બનાવવા માટે શુદ્ધ ચારિત્રનું પાલન કરે. જ્યાં સુધી પોતાના વ્રતમાં વફાદાર રહીને સાધક ચોખ્ખું ચારિત્ર પાળતો નથી ત્યાં સુધી એની સાધનાના વૃક્ષને ફળ આવતા નથી. જેવી રીતે કોઈ વ્યક્તિ આંબો વાવે અને ચૌદ વર્ષ સુધી એને પાણી સિંચે, ખાતર પૂરે ને ખૂબ મહેનત કરે તો પણ એના ઉપર જો ફળ આવે નહિ તો એને ચિંતા તો થાય ને? તેમ સાધુ અને શ્રાવક વર્ષો સુધી સાધના કરે ને તેની પાછળ કઠોર પરિશ્રમ કરે પણ સરવાળે તો એ જોવાનું છે કે એ સાધનાના વૃક્ષને કેટલા ફળ આવ્યા? શું? જ્યાં જાય ત્યાં માન-સન્માન મળે, પ્રશંસાના પુષ્પો પથરાય, હજારો ભક્તોની ભીડ જામે. આ બધું શું સાધનાનું ફળ છે? ના. આને સાચો સાધક સાધનાનું ફળ માનતો નથી. આવું બધું તો રાજ્યના નેતા પણ પામી શકે છે. કષાયની મંદતા, જીવનની પવિત્રતા એ સાધના રૂપી વૃક્ષના સાચા ફળ છે.

બંધુઓ! કષાયની મંદતા અને સરળતા જ્યાં સુધી આપણા જીવનમાં આવતી નથી ત્યાં સુધી સાધનાના વૃક્ષને ફળ આવતા નથી. મુનિને શું કલ્પે ને શું ન કલ્પે તેની વાત આપણે ચાલતી હતી. સાધુને શું કલ્પે ને શું ન કલ્પે તે જાણવું જરૂરી છે, તેમજ શ્રાવકને પણ તેના આચારનું પાલન કરવાનું ભગવાને કહ્યું છે. તેમણે નિર્ગ્રંથ પ્રવચન પ્રત્યે શ્રદ્ધા રાખીને મહા આરંભનો ત્યાગ કરવો જોઈએ. જેમ બને તેમ જીવનમાંથી વ્યસનોનો અને કંદમૂળનો ત્યાગ કરવો જોઈએ. ને આરંભથી બચવાની ભાવના કેળવવી જોઈએ.

આપણા ચાલુ અધિકારમાં પણ સાધકના આચારની વાત આવે છે. તેમાં જે સાધુ મહાવ્રતને અંગીકાર કરીને તેનું સમ્યક્ પ્રકારે પાલન કરતા નથી, ઈન્દ્રિયોનો નિગ્રહ કરતા નથી ને રસોમાં આસક્ત બની જાય છે તે સાચો સાધક નથી. તે સનાથ બનીને પાછો અનાથ બની જાય છે. હવે અનાથી નિર્ગ્રંથ આગળ વધીને કહે છે કે ;

**आउत्तया जस्स न अत्थिकाई, इरियाए भासाए तहेसणाए।**
**आयाण निक्खेव दुगुंच्छणाए, न वीरजायं अणुजाइ मग्गं ।।**

ઉત્ત. સૂ. અ. ૨૦ ગાથા ૪૦

હે રાજન્! દીક્ષા લીધા પછી જે સાધુ ઈર્યા, ભાષા, એષણા, આદાન નિક્ષેપ અને ઉચ્ચાર પાસવણુ આદિ સમિતિઓમાં અવિવેકથી કામ લે છે, જેમ કે ચાલવામાં, બોલવામાં, ગૌચરી આદિ કરવામાં, વસ્તુ ઉપાડવા તથા મૂકવામાં ને પરઠવવામાં જે ઉપયોગ રાખતા નથી તે વીર પ્રભુના માર્ગનો અનુયાયી બની શકતો નથી. એટલે કે શૂરવીર પુરૂષોના માર્ગનું અનુસરણ કરી શકતો નથી. કારણ કે પાંચ મહાવ્રત, ઈર્યા સમિતિ આદિ પાંચ સમિતિઓ અને ત્રણ ગુપ્તિઓનું યથાવિધિ પાલન કરવું એ ધીર-વીર પુરૂષોનું કામ છે. કાયરનું કામ નથી. એટલે જે સાધક તેનું યથાર્થ રીતે પાલન કરતો નથી તે મહાવીર પ્રભુના માર્ગનો અનુયાયી બની શકતો નથી.

આ ગાથામાં-પાંચ સમિતિની વાત કરવામાં આવી છે. પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિમાં સાધુતાની સમસ્ત ક્રિયાનો સમાવેશ થઇ જાય છે. એટલા માટે કહેવામાં આવ્યું છે કે જે સાધુ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું બરાબર પાલન કરતો નથી તે વીરના માર્ગે જતો નથી પણ અનાથતાના માર્ગે જાય છે. ઉત્તરાધ્યયન સૂત્રના ચોવીસમા અધ્યયનમાં પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. તેમાં ઈર્યાસમિતિનો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવથી વિવેક બતાવવામાં આવ્યો છે. તેમાં કહ્યું છે કે સાધુ જ્યારે ચાલે ત્યારે એમ વિચારે કે મેં બધા કામો છોડી દીધા છે. મારે અત્યારે ફક્ત ચાલવાનું કામ કરવાનું છે. સાધુએ ચાલતી વખતે આડી અવળી દૃષ્ટિ કરાય નહિ. पुरओ जुगमायाए, पेहमाणो महिं चरे। સાચો સાધુ ધૂંસરા પ્રમાણે ભૂમિને જોતો યત્નાપૂર્વક પૃથ્વી ઉપર ચાલે. જે પ્રમાણે પાણીથી ભરેલો ઘડો માથે ઉપાડી પનીહારી ચાલતી વખતે સાવધાની રાખે તે પ્રમાણે મુનિએ પણ ચાલતી વખતે સાવધાની રાખવાની હોય છે.

માની લો કે કોઇ રાજાએ એના નોકરને આજ્ઞા કરી કે આ જરૂરી કામ છે. તે તું જલ્દી કરીને પાછો આવજે. તે કામ પતાવવા માટે બહાર ગયો. માર્ગમાં એક નટડી નાચતી હતી તે જોવામાં તે રોકાઇ ગયો. તે વખતે કોઇ હિતસ્વી માણસે આવીને કહ્યું કે ભાઇ! તું અહીં કેમ રોકાઇ ગયો છે? પહેલાં રાજાની આજ્ઞાનું પાલન કર. તું રાજાની આજ્ઞાનું પાલન કરીને જો રાજાને પ્રસન્ન કરીશ તો આવો ખેલ તારે ઘેર પણ કરાવી શકીશ. આ ન્યાય સાધુઓને લાગુ પડે છે. સાધુઓ સ્વેચ્છાથી ભગવાનના સેવક બન્યા છે. કોઇના દબાણથી નહિ, પણ સ્વેચ્છાથી ચારિત્ર અંગીકાર કર્યું છે. તો ભગવાનની આજ્ઞા છે કે હે સાધક! જ્ઞાન ઓછું હશે તો ચાલશે, કદાચ તપ ઓછો

કરીશ તો ચાલશે. પણ તારે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું પાલન કરવા માટે તત્પર રહેવું પડશે. તેમાં જરા પણ આંખ મીંચામણા ચાલશે નહિ. આવી ભગવાનની આજ્ઞા છે. સાધુએ યત્નાપૂર્વક ચાલવું જોઇએ. જેમ સેનાનું ચિહ્ન ડંકો નિશાન માનવામાં આવે છે તેમ ઇર્યાસમિતિ એ સાધુ-સાધ્વીનું ચિહ્ન છે. એટલા માટે સાધુ-સાધ્વીજીએ ઇર્યાસમિતિ વિષે ખૂબ સાવધાની રાખવાની જરૂર છે. સાધુ સંસારની ધમાલ જોવામાં કે વાતોમાં ન પડતા ભગવાનની આજ્ઞાનું પાલન કરે. જેમ રાજાની આજ્ઞાનું પાલન કરનાર નોકરને લાભ થાય તેનાથી પણ અધિક લાભ જ્ઞાનીની આજ્ઞામાં છે. માટે સાધુએ કોઇપણ કાર્ય માટે ચાલતી વખતે કોઇ પણ જીવની હિંસા ન થાય તે માટે ખૂબ સાવધાની રાખવી જોઇએ.

**સાધુ સાધ્વીને કેવી રીતે ચલાય?**- ઇર્યાસમિતિનો અર્થ છે સારી રીતે જોઇને ચાલવું. જોયા વિના ચાલવાથી અનેક પ્રકારનું નુકશાન થાય છે. નાના કેટલાય જીવોની હિંસા થાય છે, તેથી કર્મોનું બંધન થાય છે. બીજું પગમાં કાંટા આદિ ભોંકાઇ જવાથી તથા પથ્થર આદિની ઠોકર લાગવાથી શરીરને કષ્ટ પડે છે. નીચે જોઇને ચાલવાથી કેટલાય લાભ થાય છે. પગમાં ઠોકર નથી વાગતી. નાના નાના નિરપરાધ પ્રાણીઓની હિંસાથી પણ માનવ બચી જાય છે. અહિંસાનું મહત્ત્વ ફક્ત જૈનો કે હિન્દુમાં છે તેમ નથી પરંતુ બધા ધર્મો અહિંસાને માને છે. મુસ્લિમ ધર્મ પણ કહે છે કે જમીન પર હજારો જીવજંતુ છે તેથી જોઇને ચાલો.

ઇર્યાસમિતિનું પાલન કરવું તે ફક્ત સાધુ માટે નથી, પરંતુ દરેક સ્ત્રી-પુરુષને માટે આવશ્યક છે. અનુભવી અને જ્ઞાની પુરુષો પાસેથી સાંભળ્યું છે કે ઇર્યાસમિતિનું શુદ્ધ ભાવે પાલન કરવાથી, ચૌદ પૂર્વનું જ્ઞાન થઇ શકે છે. એનું કારણ એ છે કે જોઇને ચાલવાથી અસંખ્ય જીવોની હત્યાથી બચી શકાય છે. અને એ રીતે અહિંસાનું પાલન થાય છે. ધર્મનું મૂળ અહિંસા છે. મોટા મોટા આલિશાન મકાન પાયો ખૂબ મજબૂત હોય તો ટકી શકે છે. તે રીતે અહિંસા રૂપી પાયો મજબૂત હોય તો ધર્મનું વિશાળ ભવન તેના ઉપર ઉભું કરી શકાય છે અને તે ખૂબ સુદૃઢ બનીને ટકી શકે છે. અહિંસામાં આત્માનું ઉત્થાન છે ને હિંસામાં આત્માનું પતન છે. અહિંસા સુખનો રાજમાર્ગ છે અને હિંસા દુઃખ અને અશાંતિની કેડી છે. આજે સંસારના સમસ્ત જીવો સુખાભિલાષી હોવા છતાં પણ દુઃખની આગમાં સળગી રહ્યા છે. ચારે બાજુ હાહાકાર, અશાંતિ, અને વ્યાકુળતાનું સામ્રાજ્ય છે. રક્તક્રાંતિઓ, મુડીવાદ, સામ્યવાદ આદિ વર્ગોનો સંઘર્ષ, હાઇડ્રોજન, એટમબોંબ આદિ સંહારક શસ્ત્રોનો પ્રયોગ, આ બધું હિંસાનું ફળ છે. હિંસાએ સંસારને નરક સમાન બનાવી દીધો છે. ક્યાંય શાંતિનું નામનિશાન દેખાતું નથી. આ અશાંતિથી બચવાને માટે જ્ઞાની પુરૂષોએ

અહિંસાનો ઉપદેશ આપ્યો છે. અહિંસા એક સંજીવની છે કે જે દુઃખથી બેભાન બનેલા પ્રાણીઓને નવજીવન પ્રદાન કરે છે. અહિંસા રામબાણ ઔષધિ છે, જેનું પાન કરવાથી અશાંતિ રૂપી વ્યાધિ નષ્ટ થઇ જાય છે. અહિંસા અમૃત છે અને હિંસા વિષ છે. હિંસાના વિષથી દૂર રહીને અહિંસાના અમૃતનું પાન કરવાથી જીવ અમર સ્થાનને પ્રાપ્ત કરે છે. માટે ચાલતા, ફરતા આદિ દરેક કાર્યમાં બરાબર જોઇને કરવું. આ વિરાટ વિશ્વમાં એવા એવા સુક્ષ્મ જીવ પણ છે કે જે સોયના નાકા સમાન ઝીણા હોય છે, અને કેટલાક તો એવા છે કે જે આંખોથી દેખાતા પણ નથી. પરંતુ આપણે જયાં સુધી બને ત્યાં સુધી પ્રાણીઓની વિરાધનાથી બચવું જોઇએ. તમે ગમે તેટલી સામાયિક કરો, વ્યાખ્યાન સાંભળો કે શાસ્ત્રો ભણો પરંતુ જીવોની વિરાધનાથી બચશો તો તે તમારું સૌથી મોટું ધર્મકાર્ય થશે. તેથી સર્વ પ્રથમ ઇર્યાસમિતિને મહત્ત્વ આપ્યું છે. અને દરેક આત્માએ તેનું પાલન કરવું જોઇએ.

બીજી ભાષા સમિતિ છે. બીજાને દુઃખ થાય તેવી કટુ અથવા સાવદ્ય ભાષા સાધુથી બોલાય નહિ. કઠોરકારી, કર્કશકારી, નિશ્ચયકારી, હિંસાકારી આદિ સોળ પ્રકારની સાવદ્ય ભાષા સાધુથી બોલાય નહિ. તેમજ ઘણી વાર સત્ય હોવા છતાં પણ જો બીજાને દુઃખ થતું હોય તો તેવી ભાષા સાધુથી બોલાય નહિ. દશવૈકાલીક સૂત્રના સાતમા અધ્યયનમાં સાધુએ કેવી ભાષા બોલાય ને કેવી ભાષા ન બોલાય તેનું વર્ણન ભગવાને ખૂબ સુંદર રીતે કર્યું છે. "तहेव काणं काणेत्ति।" કોઇ માણસ કાણો હોય, રોગી હોય કે ચોર હોય તો તેને કોઈ હે કાણીયા! હે ચોર! હે રોગી! તો તેને કેવું દુઃખ થાય? માટે એમ ન કહેવાય. કોઈ બહેન અગર ભાઇ આવે તો કેમ શેઠાણી આવ્યા? કેમ કાકી કે માસી તમે આવ્યા? એવું પણ ન કહેવાય. પણ એમ કહેવાય કે કેમ શ્રાવકજી! શ્રાવિકાજી! તમે આવ્યા? એમ કહેવાય. કારણ કે સાધુ સંસારીના સગપણની સાંકળ તોડીને ત્યાગમાર્ગમાં આવ્યા, ને અહીં પણ જો સગપણ ઉભા કરી દેશે તો કયારે ઉંચા આવશે?

તે સિવાય ગૃહસ્થ બેઠા હોય ત્યારે પણ સાધુ ખૂબ ઉપયોગ પૂર્વક બોલે. જો ઉપયોગ ન રાખે તો મોટો અનર્થ થઇ જાય. એક વખત રાત્રે એક ગુરૂ એમના શિષ્યને કહે છે. ઉપાશ્રયમાં કોઇ શ્રાવક તો નથી ને? તું જોઇ આવ. શિષ્યે ચારે બાજુ તપાસ કરી તો કોઇ દેખાયું નહિ એટલે કહે ગુરૂદેવ! કોઇ નથી. ત્યારે ગુરૂ કહે છે જો, આ તારો ઉગ્યો છે તેથી આ વર્ષે ભયંકર દુષ્કાળ પડશે. આ વખતે મહારાજની પાટ નીચે એક શ્રાવક સૂતો હતો તે સાંભળી ગયો. સવાર પડતાં પાટ નીચેથી પેલો શ્રાવક નીકળીને જાય છે ત્યારે ગુરૂદેવ પૂછે છે શ્રાવકજી! તમે કયારે આવ્યા હતા? ત્યારે કહે હું અહીં સૂતો હતો. તો કહે, પણ તમે કેટલા વાગે આવ્યા ને કયાં સૂતા? અમને તો કાંઇ ખબર

નથી. ત્યારે કહે– હું તો આવ્યો હતો ને સૂતો હતો એમ બોલતો બોલતો ચાલ્યો ગયો. શ્રાવકને થયું છે કે મહારાજ બોલ્યા છે માટે નક્કી દુષ્કાળ પડશે. એટલે તેણે અનાજનો સંગ્રહ કરવા માંડયો. મહારાજ સમજી ગયા કે શ્રાવક વાત સાંભળી ગયો લાગે છે. હવે તો રાત્રે પણ વાત કરવી નહિ. વાત કરી તો શ્રાવકે જાણ્યું ને? જૈન મુનિઓ તેમના વિશિષ્ટ જ્ઞાનના બળથી જાણે બધું પણ તેનો ઉપયોગ કદી પણ ન કરે. ભાષા બોલવામાં ખૂબ ઉપયોગ રાખે કે મારા બોલવાથી પાપનું આવાગમન ન થવું જોઈએ.

બંધુઓ! આ તો સાધુની વાત થઈ પણ દરેક મનુષ્યે બોલવામાં વિવેક રાખવો જોઈએ. વાણી મીઠી હોય તો વૈરીને પણ વશ કરી શકાય છે. વાણી એક પ્રકારનું વશીકરણ છે. વાણી દ્વારા મિત્રોની સંખ્યા વધારી શકાય ને વાણી દ્વારા શત્રુઓ ઉભા થાય. પરંતુ વાણી તો એવી બોલવી જોઈએ કે તેના દ્વારા મિત્રોની સંખ્યા વધે. મનુષ્યની વાણીમાં એવી અમૃતની ધારા હોવી જોઈએ કે દુઃખથી અકળાએલો અશાંત માનવી તેની પાસે આવે તો તેની અશાંતિ અને દુઃખ દૂર થઈ જાય. સર્પની દાઢમાં ઝેર હોય છે. વીંછીના આંકડામાં ઝેર હોય છે. પણ એ તો બિચારા તિર્યંચ છે. એ જેને કરડે તેને ઝેર ચઢે છે. પણ જ્ઞાની કહે છે હે માનવ! તું તો આ જગતમાં સર્વશ્રેષ્ઠ પ્રાણી છે. તારી પાસે કોઈ આવે અને એને જો ઝેર ચઢે તેવી વાણી બોલે તો તે તારી માનવતાને માટે કલંક છે. તારી પાસે તો અમૃત ભર્યું છે. એટલે તું બોલે તો તારી જીભમાં અમૃતની ધારા વહેવી જોઈએ. કોઈ તારી પાસે શત્રુ બનીને આવ્યો હોય તો એ જતી વખતે તારો મિત્ર બનીને જવો જોઈએ. તમારી મધુર વાણીની સુંદર છાપ લઈને જાય. મીઠી વાણી બોલવામાં કાંઈ મૂલ્ય ચૂકવવા પડતાં નથી. છતાં મીઠી વાણી મહાન છે. જ્યારે કટુ ભાષા સસ્તી છે. એની કિંમત ખોટા સિક્કા જેવી છે. ખોટો સિક્કો કોઈને ગમતો નથી તેમ કટુ ભાષા પણ કોઈને પ્રિય લાગતી નથી.

આપણે નાના હતાં ત્યારે આપણી માતાએ જીભને દૂધ વડે ધોઈ હતી. તો એ દૂધ વડે ધોવાયેલી જીભને કટુવાણીના ઝેર દ્વારા અપવિત્ર કરાય? ના. આ જીભે કેટલી સાકર ખાધી હશે? પણ વિચાર કરો. આટલી સાકર ખાવા છતાં જીભ સાકર જેવી મીઠી થઈ છે ખરી? વાણીમાં જો મીઠાશ નથી આવી તો આટલી બધી સાકર ખાધેલી નકામી ગઈ છે. લખતી વખતે પણ હ્રસ્વ, દીર્ઘ કાનો-માત્રા, અનુસ્વારની ભૂલ ન થાય તેની સાવધાની રાખવી પડે છે. જો એક કાનો, માત્રા કે અનુસ્વારની ભૂલ થાય તો પણ અર્થનો અનર્થ થઈ જાય છે. તેમ પૂર્ણવિરામ, અલ્પવિરામ, પદ, પેરેગ્રાફ તેમજ આશ્ચર્યચિન્હ, પ્રશ્નાર્થ એ બધા જરૂર છે. તેવી રીતે બોલતી વખતે લખવા કરતાં પણ ખૂબ સાવધાની રાખવાની જરૂર છે. પૂર્ણ વિરામ કે અલ્પવિરામની ભૂલ સંઘર્ષ ઓછો કરાવશે પણ બોલવામાં થયેલો થોડો અવિવેક બે દિલો વચ્ચે દીવાલનું કામ કરી

જાય છે. જ્યાં પ્રેમની ગંગા વહેતી હોય છે ત્યાં તિરસ્કાર અને ઇર્ષ્યાનો અગ્નિ પેદા થઈ જાય છે. તે અગ્નિમાં તે બોલનાર એક જ નહિ પણ તેનો બધો પરિવાર, સમાજ અને કયારેક આખું રાષ્ટ્ર જલી ઉઠે છે. માટે બોલતી વખતે વિવેકના ત્રાજવે તોળી તોળીને બોલવું જોઇએ.

માટે બંધુઓ! બોલો થોડું ને કરો ઝાઝું. એક અરબી કહેવત છે કે "જીભ જેની લાંબી જિંદગી તેની નાની." જે વધુ બોલે છે તે ઘણી વાર ઝઘડા પણ મોટા ઉભા કરે છે. એટલા માટે મનુષ્યને કુદરતે બે કાન, બે આંખ, હાથ-પગ બે આપ્યા છે. પણ જીભ ફક્ત એક છે. માટે બને તેટલું મૌન રાખો. શરીરના સ્વાસ્થ્ય માટે ઉંઘની જરૂર છે. તેમ આત્મિક સ્વાસ્થ્ય માટે મૌનની જરૂર છે. બોલવું એ ચાંદી છે તો મૌન એ સોનું છે. વાચાળપણું માનવોચિત છે તો મૌનપણું દેવોચિત છે. આપણા પરમ પિતા પ્રભુ મહાવીર સ્વામીએ મૌનની સર્વશ્રેષ્ઠ સાધના કરી. ત્યાર બાદ તેમને કેવળ જ્ઞાન પ્રાપ્ત થયું ને પછી જે વાણીની ધારા વહેવા લાગી તે સાંભળવા માટે દેવો સ્વર્ગના સુખો તજીને આવતા હતા. શા માટે આવતા હતા? પ્રભુની વાણીમાં અમૃતની ધારા વહેતી હતી. સત્યના તેજોમય કિરણો ઝરતા હતા. માટે તમને બોલવાનું મન થાય તો કેવું બોલવું જોઈએ! सत्यं ब्रूयात् प्रियं ब्रूयात्, न ब्रूयात् सत्यमप्रियम् । સત્ય બોલો, પ્રિય બોલો. સાકર જેમ દૂધમાં ભળી જઇને એના ટીપે ટીપાને જેમ મધુર ને સ્વાદિષ્ટ બનાવે છે તેવી રીતે હૃદયની મધુરતા વાણીમાં ઉતરે છે. ત્યારે વાણી પ્રિય બની જાય છે. સત્ય વાણી હોવા છતાં કોઇને અપ્રિય લાગે તેવી વાણી કદી બોલશો નહિ. આ રીતે ભાષા ઉપર કંટ્રોલ રાખવો ખૂબ જરૂરી છે.

દશવૈકાલિક સૂત્રના આઠમા અધ્યયનમાં પણ બતાવ્યું છે કે મુનિઓએ સાવદ્ય અર્થાત્ પાપકારી ભાષા ન બોલવી જોઈએ.

दिट्ठं मियं असंदिद्धं, पडिपुन्नं विअंजियं ।
अयंपिरमणुव्विग्गं, भासं निसिर अत्तवं ।।

દશ-સૂ. અ. ૮ ગાથા ૪૯

આત્મકલ્યાણના ઇચ્છુક સાધક દૃષ્ટ, પરિમિત, સંદેહરહિત, પરિપૂર્ણ, અને સ્પષ્ટ વાણીનો પ્રયોગ કરે, પરંતુ એ ધ્યાનમાં રાખવું જોઇએ કે તે વાણી પણ વાચાળતાથી રહિત તથા બીજા જીવોને ઉદ્વેગ કરાવનારી ન હોય. મુનિએ અસત્ય ભાષા કે નિશ્ચયકારક ભાષા ન બોલવી જોઇએ. અસત્ય ભાષાના ચાર કારણ દશવૈકાલિક સૂત્રમાં બતાવ્યા છે. ક્રોધ, માન, માયા અને લોભ. આ ચાર કારણથી અસત્ય બોલવાથી પાપ કર્મની પોટલી બંધાય છે. તેથી કયારે પણ અસત્ય ભાષા નહિ બોલવી જોઇએ.

મનુષ્યને ઘણા પુણ્યના ફળ સ્વરૂપે જીભ મળી છે. જીભ મળ્યા પછી પણ કેટલા

પુણ્યનો ઉદય થાય છે ત્યારે જીભ દ્વારા સ્પષ્ટ બોલવાની શક્તિ મળે છે. તેથી બુદ્ધિમાન પુરૂષ ભાષા શક્તિને નિરર્થક ગુમાવતા નથી પરંતુ તેનાથી નવીન પુણ્યનો સંચય કરે છે. શાસ્ત્રમાં પુણ્ય બાંધવાના નવ પ્રકાર બતાવ્યા છે તેમાંથી એક ભેદ વચનપુણ્ય પણ છે. વિવેકપૂર્વક પ્રિય અને હિતકારી ભાષા બોલવાથી જીવ પુણ્યનો સંચય કરી શકે છે. તમારાં શરીરમાં કોઇ રોગ થાય ત્યારે તમે વૈદ અથવા ડોકટરની પાસે જાવ છો. વૈદ દવા આપવાની સાથે એ પણ કહે છે કે તમે અમુક વસ્તુ ન ખાશો ને અમુક વસ્તુ ખાવ. આ રીતે મોક્ષમાર્ગ પર ચાલવાવાળાને માટે ભગવાને હેય, જ્ઞેય ને ઉપાદેયનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે ફરમાન કર્યું છે. તે કહે છે કે જો તમારે આત્માનું કલ્યાણ કરવું છે તો સાધનાના પથ પર ચાલો. ભાષાસમિતિનો આશ્રય લો તથા કડવું બોલવું છોડીને મધુર ભાષાનો પ્રયોગ કરો.

એવી રીતે કરવાથી ભાષા સમિતિનું પાલન થાય છે અને આત્મા મોક્ષ માર્ગ તરફ અગ્રેસર થાય છે. ભાષા સમિતિ પર અંકુશ રાખવો એ સંવરની તરફ આગળ વધવાનો સાચો પ્રયાસ છે તેથી દરેક આત્માએ ઘણી સાવધાની પૂર્વક પોતાના વચનોનો પ્રયોગ કરવો જોઇએ.

**"ત્રીજી એષણા સમિતિ" ગૌચરી કરવાની કળા:-** સાધુએ ત્રીજી એષણા સમિતિનું પાલન કરવામાં પણ ખૂબ ધ્યાન રાખવાનું હોય છે. એષણા સમિતિમાં ૪૨ દોષરહિત નિર્દોષ અને સૂઝતા આહાર પાણીની ગવેષણા કરવી જોઇએ. આહાર ગમે તેવો લૂખો સૂકો હોય કે સ્વાદિષ્ટ હોય પણ તે નિર્દોષ હોવો જોઇએ. જે સાધુએ પૂજાવા માટે વેશ પહેર્યો છે તેમની વાત જુદી છે. પણ જેમને સાચી સાધુતાનું પાલન કરવું છે તેમને તો ભગવાને એષણા સમિતિ સબંધી જે નિયમો બતાવ્યા છે તેનું બરાબર ધ્યાન રાખવું જોઇએ. ભગવાન કહે છે હે સાધક! તું ગૌચરી પણ એવી રીતે કરે કે સ્વ-પર બંનેનું કલ્યાણ થાય ને દાતારના ભાવ વધે ને એની ભાવનાની ધારા તૂટે નહિ. ગૌચરી કરવામાં વિવેક ન હોય તો ગદ્ધાચરી થઇ જાય. ગૃહસ્થની ખૂબ ભાવના હોય તો વહોરાવે ખરો પણ એના ઘરમાં કેટલા માણુસ છે? કેવી સ્થિતિ છે તે બધું જોઇને એને તૂટો ન પડે, નવું બનાવવું ન પડે ને એની ભાવના ઓછી ન થાય તેવી રીતે નિર્દોષ અને સૂઝતો આહાર લાવીને તેમાં રક્ત રહે. કારણ કે સદોષ અથવા તામસિક આહાર લેવાથી તેના જીવન અને મન પર અશુદ્ધ પ્રભાવ પડે છે અને મન અશુદ્ધ બને પછી સંયમની સાધના પણ શુદ્ધ કેવી રીતે થઇ શકે!

સાચો સાધક આત્મા તો ફક્ત શરીરને ટકાવવા માટે ને સંયમના રક્ષણ માટે આહાર ગ્રહણ કરે છે કારણ કે મોક્ષ માર્ગની સાધનાનું સાધન શરીર છે. શરીર દ્વારા તે આભ્યંતર તથા બાહ્યતપાદિ કરીને કર્મોની નિર્જરા કરે છે. જેવી રીતે માખણમાંથી

ઘી કાઢવાને માટે માખણને સીધું અગ્નિમાં નથી નાંખતા પરંતુ કોઈ વાસણમાં રાખીને તેને તપાવો છો ને પછી ઘી કાઢો છો, તેવી રીતે આત્મામાં રહેલા ઘી સમાન સમ્યક્જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ આત્માના શુભ ગુણોને તેની ઉજ્જવળતા પ્રાપ્ત કરવા માટે તેને શરીર રૂપી પાત્રમાં રાખેલી તપ રૂપ અગ્નિમાં તપાવે છે. એવું કરવાથી આત્મા શુદ્ધ બને છે ને પાપ કર્મ રૂપી મેલ તેનાથી અલગ થઈ જાય છે. સિદ્ધાંતમાં નિશીથ ભાષ્યમાં) પણ કહ્યું છે કે :-

**मोक्खपसाहण हेतू, णाणादि तप्पसाहणोदेहो ।**
**देहट्ठा आहारो, तेण तु कालो अणुण्णातो ।।**

જ્ઞાનાદિ ગુણ મોક્ષના સાધન છે. જ્ઞાન આદિનું સાધન દેહ છે અને દેહનું સાધન આહાર છે તેથી સાધકને સમયાનુકૂલ આહાર કરવાની આજ્ઞા આપી છે.

આપને ખબર તો હશે કે ભિક્ષાને 'મધુકરી' અથવા ગૌચરી પણ કહેવાય છે. શા માટે? ભિક્ષાને 'મધુકરી' શા માટે કહે છે તે માટે દશવૈકાલિક સૂત્રની પહેલા અધ્યયનમાં બતાવ્યું છે.

**जहा दुमस्स पुप्फेसु, भमरो आवियइ रसं ।**
**ण य पुप्फं किलामेइ, सो य पीणेइ अप्पयं ।।**

દશ. સૂ. અ. ૧ ગાથા ૨

જેવી રીતે વૃક્ષના ફૂલ પર ભ્રમર આવીને બેસે છે અને રસ પીવે છે પરંતુ તે પુષ્પને જરા પણ કષ્ટ આપતો નથી ને પોતાના આત્માને તૃપ્ત કરી લે છે તે રીતે સાધુએ પણ ગૃહસ્થ રૂપી ફૂલ પાસેથી થોડો થોડો આહાર લેવો જોઈએ જેથી ગૃહસ્થને કોઈ પ્રકારની પીડા ન થાય મતલબ કે તેને ફરીથી નવો આહાર બનાવવો ન પડે અગર તેના મનમાં દુઃખ ન થાય તે રીતે આહાર ગ્રહણ કરે. તે રીતે ગૌચરી કરવાથી કર્મની નિર્જરા થાય છે.

એષણા સમિતિને ભગવાને સંવરના ૫૭ ભેદમાં ગણી છે. કદાચ તમારા મનમાં પ્રશ્ન થાય કે ગૌચરીને સંવરમાં શા માટે ગણી? શરીરને નભાવવા માટે આહાર પાણી લેવા પડે છે. તેના અભાવમાં શરીર બરાબર ચાલી શકતું નથી. પરંતુ સાધારણ માણસમાં અને સાધુના આહાર કરવામાં ઘણું અંતર છે. સાધારણ માણસ ખાવાને માટે જીવે છે ને સંતો જીવવાને માટે ખાય છે. બંને આહાર કરે છે પણ બંનેની ભાવનામાં આસમાન જમીન જેટલું અંતર છે. મોટા ભાગના માણસો અત્યંત ગૃદ્ધતા અને લોલુપતાથી ભોજન કરે છે. તેમના માટે મધુર, સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ખાવું એ મહત્ત્વપૂર્ણ છે. જ્યારે સંતોના જીવનનો ઉદ્દેશ સારું અને મધુર ખાવાનો નથી પરંતુ જીવનનો સર્વોત્તમ ઉદ્દેશ મોક્ષપ્રાપ્તિને માટે સાધના કરવા માટે શરીરને થોડો આહાર આપવાનો છે.

તુલસીદાસજીએ પણ કહ્યું છે કે સાચા ભક્ત તે ભગવાનના ગુણગ્રામ કરવામાં મગ્ન હોય છે. તેમની ભૂખ આત્મિક હોય છે. શારીરિક ભૂખને તે તેઓ મહત્ત્વ આપતા નથી. ગૃહસ્થ તે દૂધ, દહીં, લાડવા, દૂધપાક, શ્રીખંડ આદિ વિવિધ પ્રકારના સ્વાદિષ્ટ પદાર્થો ખાય છે. પરંતુ સાધુ તે લૂખો-સૂકો અગર જે મળી જાય તેને ગ્રહણ કરે છે. પરંતુ તે પ્રત્યે તેમની આસક્તિ નથી હોતી. અને જે કોઇ સાધુ ભોજ્ય પદાર્થો પ્રત્યે આસક્તિ રાખે તે સાચો સાધુ નથી. ગૌચરી નિર્જરાનું કારણ ત્યારે બને છે કે માન-અપમાનનો ખ્યાલ કર્યા વિના જ્યાંથી જેવો આહાર મળે તેવો નિર્દોષ આહાર લાવે અને સમતાથી સંતોષપૂર્વક ગ્રહણ કરે. આ રીતે રાગ-દ્વેષ રહિત થઇને આહાર લાવે ને રાગ-દ્વેષ રહિત થઇને તેનો ઉપયોગ કરે તો કર્મની નિર્જરા થાય છે ને એષણાસમિતિનું પાલન થાય છે.

**સાધુ જીવનમાં ભંડોપગરણ વાપરવાનું વિધાન :–** ચોથી આયાણભંડ મત્ત નિખેવણા સમિતિનું પણ સાધુએ બરાબર પાલન કરવું જોઇએ. એટલે સાધુ પાસે જે વસ્ત્ર, પાત્રાદિ ઉપકરણ હોય તેને યત્નાપૂર્વક લેવા અને યત્નાપૂર્વક મૂકવા જોઇએ. ભગવાને કહ્યું છે કે વિવેકપૂર્વક ચીજોને મૂકવી અને લેવી તે સંવર છે. જે જે ચીજોને સાવધાનીથી લેતા કે મૂકતા નથી તે સંવરના અધિકારી નથી બનતા પણ આશ્રવના અધિકારી બને છે, સંવર અને આશ્રવમાં અંતર છે. ત્રાજવા પર વસ્તુ તોલાતી હોય ત્યારે થોડી ચીજ પણ જે પલ્લામાં વધુ હોય છે તે પલ્લું નીચે નમે છે. નળને આપ જરા ફેરવો ત્યાં પાણી આવવા લાગે છે અને જરા બીજી બાજુ ફેરવો એટલે પાણી આવતું બંધ થઇ જાય છે. આ રીતે સંવર અને આશ્રવનું સમજવું જોઇએ. વસ્તુને સાવધાનીથી લો ને મૂકો તો કર્મોનું આગમન બંધ અને અસાવધાનીથી લો કે મૂકો તો કર્મોનું આગમન ચાલુ થઇ જાય છે. જો સાધક વસ્તુ-પાત્રને સાવધાનીથી લેતો કે મૂકતો નથી તો તેને કયારેક ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. એક દૃષ્ટાંત આપીને સમજાવું.

એક મહાન સંત ખૂબ ચારિત્રસંપન્ન અને જ્ઞાનનિધિ હતા. પરંતુ તેમનો શિષ્ય અવિનિત હતો. ગુરૂ જ્યારે પ્રસંગોપાત કંઇ કંઇ શિખામણ આપે તો તે સાંભળે નહિ ને પોતાનું ધાર્યું કર્યા કરે. એક વાર ગુરૂ શિષ્ય બંને વિહાર કરીને નાના ગામમાં પહોંચ્યાં. જ્યાં જૈનના ૧૦ થી ૧૫ ઘર હતા. તે દિવસનો વિહાર ખૂબ લાંબો થઇ ગયો હતો તેથી ગુરૂ-શિષ્ય બંને ત્યાં વિશ્રામને માટે કોઇ મકાનમાં ઉતર્યા. ગુરૂજીએ કહ્યું: હે શિષ્ય! તમે અંદર જઇને તમારા વસ્ત્ર, પાત્ર આદિ સાવધાનીથી નીચે મૂકો. પરંતુ શિષ્યે તો ગુરૂની વાત સાંભળી નહિ. અંદર જઇને વસ્ત્ર તો જેમ તેમ મૂકી દીધા. પરંતુ પાત્રા બાંધેલી જે ઝોળી હતી તે અસાવધાનીથી ઊંચેથી નીચે ફેંકી. સંતની પાસે

પાત્ર તો લાકડાના હોય. પાતરા ખૂબ હલકા અને પાતળા હોવાને કારણે ઝોળી જમીન પર પડતાં બધા પાતરા ફૂટી ગયા. શિષ્ય થોડી વાર તો સ્તબ્ધ બની ગયો ને પછી ગુરૂજીની પાસે જઇને કહ્યું: ગુરૂજી! ઝોળી પડી ગઇ તેથી પાતરા તો બધા ફૂટી ગયા. હવે ગૌચરી શેમાં લાવું?

ગુરૂજી આ વાત સાંભળીને ઘણાં વિચારમાં પડી ગયા ને કહ્યું-હે શિષ્ય! હું તમને વારંવાર કહેતો હતો કે બધી વસ્તુઓ ખૂબ સાવધાનીથી રાખો. પરંતુ તમે મારી શિખામણ માની નહિ. હવે શું થાય? આ નાના ગામમાં તો પાતરા મળે નહિ. તેથી કાલે જ્યારે શહેરમાં પહોંચશું ત્યારે ત્યાં પાતરાની શોધ કરીને મેળવશું પછી તેમાં ગૌચરી લાવી શકાશે. શિષ્ય મનમાં સમસમીને રહ્યો. તે પણ વિહાર કરીને આવ્યા હતા તેથી તે ભૂખ્યા હતા પરંતુ તે દિવસે ઉપવાસ કરવો પડયો. આ બનાવથી તેને ભવિષ્યને માટે શિક્ષા મળી ગઇ અને નિશ્ચય કર્યો કે હવે અસાવધાનીપૂર્વક કામ કયારે પણ ન કરવું, એટલા માટે શાસ્ત્રોમાં સાધુને અત્યંત સાવધાનીપૂર્વક પોતાના ભંડોપકરણ લેવા અને મૂકવાનું કહ્યું છે.

હવે પાંચમી ઉચ્ચાર પાસવણ ખેલ જલ સંઘાણ પરિઠાવણિયા સમિતિ:-આ સમિતિનું પાલન કરવામાં પણ સાધુએ ખૂબ સાવધાની રાખવી જોઇએ. મળ-મૂત્ર આદિ એવી જગ્યાએ પરઠવે કે જેથી લોકો જુગુપ્સા ન કરે. જે આહાર કરે તેને નિહાર તો કરવો પડે છે, પણ તે કેવી જગ્યાએ ને કયાં કરવો તેમાં ખૂબ ઉપયોગ રાખવો પડે છે. પરઠવતી વખતે સાધકે ખ્યાલ રાખવો જોઈએ કે તે સ્થાન પર કોઇ જીવ-જંતુ અથવા કીડી-મંકોડા આદિના દર ન હોય. જો ધ્યાન ન રાખે તો અનેક જીવોની હિંસા થવાની સંભાવના રહે છે, આ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું જે મહાત્મા અણીશુદ્ધ પાલન કરે છે તે જલ્દી કલ્યાણ કરીને મોક્ષમાં જાય છે.

અનાથી મુનિના મુખેથી પાંચ સમિતિનું વર્ણન સાંભળતાં મહારાજા શ્રેણીક મુગ્ધ બની ગયા. અહાહા.... સાધુજીવન કેટલું બધું વિધિવિધાનથી ભરેલું છે! ચાલવામાં, બોલવામાં, ગૌચરીમાં, વસ્ત્રપાત્ર લેવા મૂકવામાં અને કોઇ પણ વસ્તુ પરઠવવામાં કેટલી સાવધાની અને ઉપયોગ સંયમી જીવન માટે બતાવ્યો છે! આવું ઉત્કૃષ્ટ ચારિત્ર પાળનાર સંયમી મુનિઓને મારા કોટી વંદન હો! ધન્ય છે તે મુનિઓના જીવનને! ધન્ય છે વીતરાગના માર્ગને! આમ બોલતાં શ્રેણીક રાજાનું મસ્તક અનાથી મુનિના ચરણમાં નમી પડયું. અહો પ્રભુ! આ માર્ગે આવ્યા વિના મુક્તિ નથી.

દેવાનુપ્રિયો! શ્રેણીક રાજાએ તો પ્રથમ વખત મુનિનું દર્શન કર્યું. ત્યાં તેમનું મસ્તક સંતના ચરણમાં ઝૂકી પડયું. આપે કેટલા સંત સતીજીના દર્શન કર્યા? સમય થઇ ગયો છે એટલે વધુ નહિ કહેતાં આપને એટલું કહું છું કે સંયમીના અનુરાગી બની

સાધક જીવનમાં શુદ્ધ ચારિત્ર પળાય તેવા સહાયક બનજો. પણ સાધક જીવન લૂંટાય તેવા રાગી બનશો નહિ. વધુ ભાવ અવસરે.

☆

## વ્યાખ્યાન નં. ૯૪

**આસો વદ અમાસને સોમવાર દિવાળી તા. ૩-૧૧-૭૫**

### વિષય :-" પરમાંથી સ્વમાં આવો "

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો !

અનંત કરૂણાના સાગર, જગત ઉદ્ધારક, અને મુકિતપુરીના મહેમાન એવા ભગવંતે જગતના જીવોના ઉદ્ધાર માટે આગમ વાણી પ્રકાશી. આગમ એટલે શું ? આગમ એટલે આત્મદર્શન કરવાનો અરિસો. કાચનો અરિસો તમારા મુખનું દર્શન કરાવે છે. પણ ભગવાનના મુખમાંથી ઝરેલી વાણીનો આગમ રૂપી અરિસો આત્મા ઉપર રહેલા દોષોના ડાઘને દૂર કરાવીને આત્માનું દર્શન કરાવે છે. આપણા પરમ પિતા પ્રભુ મહાવીર સ્વામી આજે આસો વદી અમાસના દિવસની પાછલી રાત્રે મુકિતપુરીમાં પહોંચ્યા છે ને એ પ્રભુના પટ્ટ શિષ્ય ગૌતમ સ્વામીએ કેવળ જ્ઞાનના દીવડા પ્રગટાવ્યા, એટલે આ દિવાળીના દિવસો ખૂબ મહત્ત્વના છે. ધનતેરસ, કાળીચૌદશ, અમાસ, બેસતું વર્ષ અને ભાઇબીજ આ પાંચ દિવસ પનોતા છે.

ધનતેરસના દિવસે ભરત ચક્રવર્તિને છ ખંડ સાધવા માટે તેમની આયુધશાળામાં ચક્રરત્ન ઉત્પન્ન થયું. ઋષભદેવ ભગવાન કેવળજ્ઞાન પામ્યા તેની વધામણી આવી. કાળીચૌદસના દિવસે રામચંદ્રજીએ રાવણની આસુરી પ્રકૃતિ ઉપર વિજય મેળવીને અયોધ્યા નગરીમાં પ્રવેશ કર્યો છે. તમે ગઇ કાલે કાળીચૌદશના દિવસે કકળાટ કાઢયો હશે પણ ખરેખર તો અંતરમાંથી કષાયના કાળા કકળાટ કાઢવાના છે. દિવાળીના દિવસે રાત્રે પ્રભુ નિર્વાણ પામ્યા ને ગૌતમસ્વામી કેવળજ્ઞાન પામ્યા. એટલે બેસતા વર્ષના દિવસે એ બંને મહોત્સવ ઉજવાય છે. ભગવાનનો નિર્વાણ મહોત્સવ અને ગૌતમસ્વામીનો કેવળજ્ઞાન મહોત્સવ ઉજવવા માટે ઇન્દ્રો, દેવો અને મનુષ્યો આવ્યા હતા. એટલે પાવાપુરીમાં માણસ સમાતું ન હતું. એક તરફ ગૌતમસ્વામીના કેવળજ્ઞાન મહોત્સવનો આનંદ હતો ને બીજી તરફ ભગવાન મહાવીર સ્વામી નિર્વાણ પધાર્યા એટલે ભરત ક્ષેત્રમાં અરિહંત પ્રભુનો વિયોગ પડયો એટલે શોક છવાયો હતો. તેથી એ દિવસ અલૌકિક છે. પ્રભુ નિર્વાણ પહોંચવાથી તેમના મોટાભાઇ નંદીવર્ધનને ખૂબ આઘાત લાગ્યો હતો. તે આઘાતને શાંત કરવા માટે ભાઇબીજના દિવસે ભાઇ બહેનના ઘેર ગયેલા. એટલે તે દિવસને ભાઇબીજ તરીકે મનાવવામાં આવે છે. આ પાંચેય દિવસ માંગલિક પર્વના છે. એટલે આ દિવસોમાં બને તેટલી ધર્મારાધના કરવી જોઇએ.

આ દિવસોમાં બહારના કચરા સાફસૂફ કરવા કરતાં અંતરના કચરા સાફ કરવાની જરૂર છે. બહારના કચરા ઘણી વાર સાફ કર્યા. આંગણામાં સુંદર રંગોળી પૂરી પણ હવે આત્માના કચરા સાફ કરી જ્ઞાનગુણરૂપી રંગોળી પૂરવાની જરૂર છે. એ કચરા કેવી રીતે સાફ થાય? ભગવાને મોક્ષમાં જતાં પહેલાં છેલ્લે સોળ પ્રહર સુધી દેશના આપી. વિપાક સૂત્ર અને ઉત્તરાધ્યયન સૂત્ર આ બંને સૂત્રો ભગવાનની અંતિમ વાણી છે. અન્ય ધર્મોમાં બાઈબલ, ગીતા, કુરાન, ભાગવત આદિ મુખ્ય ગ્રંથો હોય છે. તેમ આપણા સિદ્ધાંતોમાં ઉત્તરાધ્યયન સૂત્ર ગીતા જેવું છે તેમાં ૩૬ અધ્યયન છે. તેમાં ૨૯ મા અધ્યયનના છઠ્ઠા બોલમાં ગૌતમસ્વામીએ પ્રભુને પ્રશ્ન કર્યો કે હે ભગવંત! આત્મનિંદા કરવાથી જીવને શું લાભ થાય? આ પ્રશ્નના જવાબમાં ભગવંત ફરમાવે છે કે

**निंदणयाए णं पच्छाणुतावं जणयइ, पच्छाणुतावेणं विरज्जमाणे करणगुण सेढिं पडिवज्जइ, करणगुण सेढि पडिवन्ने य णं अणगारे मोहणिज्जं कम्मं उग्घाएइ ।**

આત્મદોષોની નિંદા પશ્ચાતાપની ભઠ્ઠી જગાવે છે. અને પશ્ચાતાપની ભઠ્ઠીમાં દોષો બળવાથી વૈરાગ્ય આવે છે. તેવો વિરકત પુરૂષ અપૂર્વકરણની શ્રેણીને પ્રાપ્ત કરે છે. અને તે શ્રેણીને પ્રાપ્ત કરનાર અણગાર મોહનીય કર્મને ખપાવે છે.

જ્ઞાનીજનો કહે છે કે તમે બીજાની નિંદા ન કરો. પણ પોતાના આત્માની નિંદા કરો. કારણ કે આત્મનિંદા કર્યા વિના આલોચના કરવામાં આવે તો તે આલોચના કેવળ ઢોંગ છે. પશ્ચાતાપ કરવાથી વૈરાગ્ય આવે છે. અને આત્મામાં અપૂર્વકરણ ગુણ-શ્રેણી પેદા થાય છે. અપૂર્વકરણ ગુણશ્રેણી કેવી રીતે પેદા થાય છે? તેને તો આધ્યાત્મિકતાના રહસ્યનો જાણકાર જાણી શકે છે. બીજો કોઈ જાણી શકે નહિ. જે પ્રમાણે આપણા પેટમાં અન્ન જાય છે પણ પેટમાં અન્નની ક્રિયા કેવી રીતે થાયછે, અન્ન કેવી રીતે પરિપકવ થાય છે, રસભાગ તથા ખલભાગ કેવી રીતે જુદા જુદા થઈ જાય છે તથા નાક, કાન, આંખ વિગેરેને કેવી રીતે તેનો ભાગ પહોંચે છે. એ આપણે જોઈ શકતા નથી. વૈદ્ય અગર ડૉકટરની સહાયતાથી થોડું જાણીએ છીએ પણ પ્રત્યક્ષ તો કાંઈ જોઈ શકતા નથી. તે રીતે કર્મો શું કરે છે? તે જ્ઞાનીઓ જાણે છે. માટે જ્ઞાનીના વચન ઉપર વિશ્વાસ રાખીને જાણવાની જરૂર છે.

જેમ કોઈ ડૉકટરે કોઈ દર્દીને દવા આપીને કહ્યું કે આ દવા તમારો રોગ મટાડી દેશે. ડૉકટરે જે માણસને દવા આપી તે માણસ ડૉકટરના વચન ઉપર વિશ્વાસ રાખીને દવા લે છે. તે દવા લેનાર માણસ પોતે જાણી શકતો નથી કે દવા પેટમાં જઈને શું ક્રિયા કરે છે? પણ ડૉકટર ઉપર શ્રદ્ધા હોવાને કારણે તે દવા લે છે. આ રીતે આત્મામાં કર્મો કેવી રીતે ક્રિયા કરે છે અને તે કર્મો કેવી રીતે નષ્ટ થાય છે તે આપણે જોઈ શકતા નથી. પણ જ્ઞાની તો એ જાણે છે કે કર્મો આત્મામાં કેવા પ્રકારની ક્રિયા કરે છે. તમે દવા

દ્વારા થતી ક્રિયા તો જોઇ શકતા નથી પણ હવાના ફળ સ્વરૂપે આવતું પરિણામ જાણી શકો છો. તે પ્રમાણે આત્મામાં કર્મો જે કાંઇ કરે છે તે આપણે જાણી શકતા નથી. પણ કર્મના ફળને અનુભવી શકીએ છીએ. માટે જ્ઞાનીઓ આપણને કર્મફળનું પરિણામ કેવું દુઃખમય છે તે સમજાવે છે અને કહે છે કે પશ્ચાતાપ કરવાથી આત્માને અપૂર્વ-કરણ ગુણશ્રેણી પ્રાપ્ત થાય છે. પૂર્વના કર્મોને ભસ્મ કરે છે અર્થાત્ મોહનીય કર્મનો ક્ષય થાય છે. જે પ્રમાણે સૂર્યોદય થવાથી તારાઓનો પ્રકાશ છૂપાઈ જાય છે, ચંદ્રનું તેજ ફિક્કું પડી જાય છે. તે પ્રમાણે પશ્ચાતાપથી પ્રાપ્ત થતી અપૂર્વકરણ ગુણ-શ્રેણી દ્વારા મોહનીય કર્મ નષ્ટ થાય છે. પશ્ચાતાપનું ફળ બતાવતાં ટીકાકાર એક સંગ્રહ ગાથામાં કહે છે કે:-

**उरीमठाइ दलियं, हिट्ठीमठाणेसु कुणइ गुणसेढिं ।**
**गुण संकमा करइ, पुण असुहाओ सुहम्मि पक्खिवइ ।**

અપૂર્વકરણ ગુણશ્રેણી ઉપરનાં સ્થાનના કર્મોને ખેંચીને અધઃ સ્થાને લઇ આવે છે. જેમ કોઇ માણસ કોઇ વ્યક્તિને પકડવા માંગતો હતો પણ તે પકડી શકતો ન હતો. જે વ્યક્તિને પકડી શકાયો નહિ તે ઉપસ્તિન સ્થાન છે. પણ તે વ્યક્તિને જો કોઇ ત્રીજો માણસ પકડી લે અને પેલા પકડનાર માણસને સોંપી દે તો એ અવસ્થામાં અધઃ સ્થાન છે. આ પ્રમાણે જે કર્મો ઉદયમાં આવતા ન હતા તે કર્મને પકડીને કરણ ગુણશ્રેણી ઉદયમાં લાવે છે. અને તે કર્મમાં ગુણસંક્રમણ કરે છે. જેમ કે કોઇએ લોઢાને ઉંચે લટકાવેલું છે તે કારણે લોઢું તમારા હાથમાં આવતું નથી પણ તે લોઢું બાંધેલું છોડીને તમારા હાથમાં આપ્યું અને તમે તે લોઢાનો પારસમણી સાથે સ્પર્શ કરાવ્યો એટલે તે લોઢું સુવર્ણ બની ગયું. આ પ્રમાણે કરણગુણ શ્રેણી જે કર્મો ઉદયમાં આવતા ન હતા તે કર્મોને ઉદયમાં લાવીને તેનામાં ગુણ સંક્રમણ કરી દે છે. તમારા હાથમાં લોઢું હોય અને તેને સોનું બનાવવાનો સુયોગ મળે તો શું તમે એ અવસરને જવા દેશો? ના. લોખંડ સોનું બની જાય છતાં આત્માને શાંતિ આપી શકશે નહિ પણ પશ્ચાતાપ રૂપ પારસમણીથી આત્માને અપૂર્વ શાંતિ મળશે. માટે પશ્ચાતાપની અવશ્ય જરૂર છે. પશ્ચાતાપના પાવકમાં કર્મો બળીને ખાખ થઇ જાય છે ને આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય છે.

ભગવાન મહાવીર સ્વામીની જગતના જીવો ઉપર અપાર કરૂણા હતી. જેમ માતા પોતાના વહાલસોયા દીકરાને પ્રેમથી હિતશિખામણ આપે છે તેમ ભગવતે જગતના જીવો ઉપર કરૂણા કરી અંતિમ સમયે પણ છત્રીસ અધ્યયન રૂપી છત્રીસ શિખામણો આપી છે. તે શિખામણો જીવનના અંતિમ સમય સુધી આપણે યાદ રાખવી જોઇએ. જેમ માતા ચાલી જતાં બાળકને દુઃખ થાય છે, ઓછું આવે છે તે રીતે ભગવાન પણ

આપણી માતા સમાન હતા. એ પ્રભુરૂપી માતા ચાલી જતાં ભરતક્ષેત્રમાં કેટલા વિયોગના વાદળા છવાયા હતા! ખરેખર, માતા એ માતા છે. બાળકને માતા વિનાનું જીવન અકારું થઇ પડે છે. તે કેટલો ઝૂરે છે. રડે છે. એક પાંચ વર્ષના બાલુડાની કરૂણ કહાની દ્વારા સમજાવું છું.

**"મા વિના સૂને વા"**-: એક માતાને એક બાલુડો હતો, માતાને બાલુડા પ્રત્યે અપાર હેત હતું. માતા સંસ્કારી હતી એટલે એ કુમળા ફૂલ જેવા બાલુડાના જીવનમાં પણ સારા સંસ્કારોનું સિંચન કેમ થાય તેનું ખૂબ ધ્યાન રાખતી હતી. માતા બાળકને લઇને દરેક રવિવારે કોઇ બગીચામાં અગર તો કોઇ ફરવા લાયક સ્થાને લઇ જતી હતી. ને ત્યાં જઇને તેને મહાન પુરૂષોના જીવન ચરિત્રો સોળ સતીના ચરિત્ર વિગેરે સંભળાવતી હતી. એમ કરતાં માતાનું આયુષ્ય પૂર્ણ થતાં બાળકને પાંચ વર્ષનો મૂકીને ચાલી ગઇ. માતા જવાથી બાળક ખૂબ ઝૂરવા લાગ્યો. પિતાને પત્નીના વિયોગના દુઃખથી હૃદય ચીરાઇ જતું હતું ને બીજી તરફ માતા વિનાના બાળકનો ઝૂરાપો જોયો જતો ન હતો. પિતાએ કઠણ બનીને બાળકને છાતી સરસો ચાંપી દીધો ને તેને સમજાવવા લાગ્યા કે બેટા! તારી બા થોડા દિવસ પછી આવશે, તું રડીશ નહિ. એમ કહીને ખૂબ સમજાવ્યો. બાળકનું હૃદય સરળ હોય છે એટલે જેમતેમ કરીને સમજાવ્યો.

હવે પિતા વિચાર કરે છે કે આ બાળકના જીવનનું અધૂરું ઘડતર મારે કરવાનું છે. એની માતા જે રીતે રાખતી હતી તે રીતે હું તેને હેતથી રાખીશ. એને જરા પણ ઓછું આવવા દઈશ નહિ. પણ બંધુએ! પિતા પુત્ર ઉપર ગમે તેટલો પ્રેમ રાખે પણ માતા જેવું હેત આપી શકતો નથી. બાપ કમાઇ જાણે પણ હૈયાના હેત તો માતા જ આપી શકે છે. જનનીની જોડ જગતમાં જડતી નથી. પિતાની ઉંમર નાની હતી. છતાં તેમણે નિર્ણય કર્યો કે મારે હવે લગ્ન કરવા નથી. જો લગ્ન કરૂં તો આવનારી સારી આવે તો વાંધો નહિ પણ જો સારી ન હોય તો આ છોકરાની જિંદગીનું શું? પૈસો ઘણો હતો. નોકર-રસોઇયા હતા એટલે બીજી કોઇ ચિંતા ન હતી માતાને ગુજરી ગયા અઠવાડિયું થયું ને બાળક એના પિતાને પૂછે છે પપ્પા! મારી મમ્મી કયારે આવશે? કેમ નથી આવતી? ત્યારે કહે બેટા! હવે થોડા દિવસમાં આવશે. એમ કહીને સમજાવે પણ બનાવટી આશ્વાસન કયાં સુધી? બે દિવસ જાય ને બાબો પૂછે. હવે શું જવાબ આપવો? બાળક પૂછે કે મારી મમ્મી કયારે આવશે? ત્યાં બાપનું હૈયું ચીરાઇ જાય છે. એક દિવસ તો મન મક્કમ કરીને કહ્યું- બેટા! તારી મમ્મી તો ઉપર ગઇ છે. હવે એ પાછી નહિ આવે. પપ્પા! શું મારી મમ્મી હવે નહિ આવે? બાળક તો આ સાંભળી ખૂબ રડયો, ઝૂર્યો. પિતાએ વાત્સલ્યભર્યો હાથ ફેરવી ને જેમ તેમ કરીને સમજાવ્યો. આમ કરતાં બાર મહિના તો ચાલ્યા ગયા.

આ બાબાને એના પિતાએ સ્કૂલમાં દાખલ કર્યો. છોકરો રોજ સ્કુલે જાય છે. સ્કુલમાં એક છોકરો એનો ખાસ મિત્ર બની ગયો હતો. એક દિવસ સ્કૂલ મોડી છૂટી. રસ્તામાં મિત્રનું ઘર આવતું હતું. એટલે તે રમેશને કહે છે કે આજે મારે ઘેર ચાલ. જમીને જજે. ત્યારે રમેશ કહે છે ના. મારે નથી આવવું.

**"વાત્સલ્યના ઝરણાં તે છે માતાનો પ્રેમ" :–** રમેશને એના મિત્રે ખૂબ કહ્યું એટલે ગયો. પેલો છોકરો પણ એની માતાનો એકનો એક લાડકવાયો હતો. અડધો કલાક મોડું થવાથી તેની માતા બારણામાં રાહ જોઇને ઉભી હતી. જેવો પોતાનો લાલ આવ્યો તેવો બાથમાં લઈને ભેટી પડી. બેટા! આજે મોડું કેમ થયું? કયાં ગયો હતો? છોકરાએ કહ્યું–મમ્મી! આજે સ્કૂલમાં મોટા સાહેબ આવ્યા હતા એટલે મોડું થયુ. આ દૃશ્ય જોઇને રમેશને તેની મમ્મી યાદ આવી ગઇ. અહો! મારી મમ્મી મને આવું વહાલ કરતી હતી. હવે તો કોઇ વહાલ કરતું નથી. મારી મમ્મી હોત તો મને આવું જ વહાલ કરત ને? તરત રમેશ ઘેર આવ્યો.

**પપ્પા મારે તો મમ્મી જ જોઇએ છે:–** રમેશ પોતાને ઘેર જઇને પલંગ ઉપર સૂઇ ગયો. સૂતાં સૂતાં પોતાની માતાને યાદ કરીને ખૂબ રડયો. એટલું બધું રડયો કે એનાં કપડા ભીંજાઇ ગયા. જે શાલ ઓઢી હતી તે પણ ભીંજાઇ ગઇ. તેના પિતા ઓફિસેથી આવ્યા ને નોકરને પૂછયું કે રમેશ કયાં ગયો? ત્યારે નોકરે કહ્યું કે રમેશ પલંગમાં સૂતો છે. તેને ઘણું કહ્યું પણ જમતો નથી ને પલંગમાં સૂનો સૂનો રડે છે. તેના પિતા તરત તેની પાસે ગયા ને કહ્યું બેટા રમેશ! તું કેમ રડે છે? ઉભો થા. આપણે જમી લઈએ. ત્યારે રમેશ કહે છે પપ્પા! મારે જમવું નથી. તો કહે તને શું થયું છે? તું આટલું બધું કેમ રડે છે? તું કહે તે અપાવું પણ તું રડીશ નહિ. તારું રૂદન મારાથી જોયું જતું નથી. ત્યારે કહે–પપ્પા! મારે બીજું કાંઈ જોઇતું નથી પણ હું સ્કૂલેથી આવું ને મને બાથમાં લઇ લે, હેત કરે ને હું મમ્મી–મમ્મી કરતો તેને વળગી પડું એવી મમ્મી જોઇએ છે. મને મમ્મી લાવી આપો. આ શબ્દ સાંભળી બાપ બેભાન થઇને પડી ગયા. આ તરફ છોકરો રડે છે. નોકરો પંખો લાવી પિતાને ભાનમાં લાવ્યા. છોકરો કહે કોઇ હિસાબે મારે મમ્મી તો જોઈએ. બાપ વિચારમાં પડયો. હવે મારે શું કરવું? ચિંતાનો પાર ન રહ્યો.

પંદર દિવસ જતાં એના બાપનું શરીર એકદમ સૂકાઇ ગયું. જાણે હાડપિંજર જોઇ લો. માણુસને ચિંતા જીવતા બાળી મૂકે છે. ચિતામાં બળી જવું સારું પણ ચિંતા બહુ બુરી ચીજ છે. એક દિવસ તેનો મિત્ર તેને ઘેર મળવા આવ્યો. તેણે પૂછયું-મિત્ર! તું કેમ સૂકાઇ ગયો છે? તારા મુખ ઉપર તો નૂર દેખાતું નથી. શું તબિયત બરાબર નથી? શું છે? ત્યારે મિત્રની આંખમાં આંસુ આવી ગયા. કંઇ બોલતો નથી. રમેશ

કહે-કાકા! મારા પપ્પા મને બધું આપે છે પણ હું એક વસ્તુ માંગું છું તે આપતા નથી. મેં જ્યારથી એ માંગણી કરી ત્યારથી મારા પપ્પા ખાતા-પીતા નથી ને રડે છે. ત્યારે મિત્ર કહે તને શું નથી આપતા? રમેશ કહે છે મને મારી મમ્મી નથી આપતા. મારે મમ્મી જોઈએ છે. આ શબ્દો સાંભળીને મિત્રની આંખમાં આંસુ આવી ગયા. રમેશના પિતાને મિત્ર એક રૂમમાં લઈ ગયો. રમેશના પિતા મિત્રના ખોળામાં માથું મૂકીને ખૂબ રડયા. એમનું હૈયું હલકું પડયું. પછી મિત્ર કહે છે હે જયંતી! તું એમ કર. તારી ઉંમર તો નાની છે. તું લગ્ન કર તો છોકરાના કોડ પૂરા થાય.

મિત્ર! મને લગ્ન કરવામાં વાંધો નથી. જો મેં લગ્ન ન કર્યા હોય તો તેમાં એક કારણ છે કે નવી પત્ની સારી ન આવે તો છોકરાનું શું થાય? પણ નાદાન બાળક સમજતો નથી. દુનિયામાં સાવકી માતા બધે ખરાબ હોય છે તેવું નથી. જો સારી હોય તો પોતાના પેટના દીકરાથી પણ સવાયો સાચવે. જો સારી ન હોય તો એને દુઃખ દે. હવે મારે શું કરવું? બંને મિત્રોએ મંત્રણા કરીને નક્કી કર્યું કે જયંતિએ ફરીને લગ્ન કરવા. જો છોકરાનું ભાગ્ય હશે તો સારી મળશે.

**"મિત્રના આગ્રહથી ને બાળકની હઠથી ફરીને લગ્ન":-** જયંતિ કહે છે મિત્ર! મને હવે પરણવાનો મોહ નથી. પણ આ છોકરાને ખાતર લગ્ન કરીશ. તો તું કોઈ સારી ને સંસ્કારી મારા રમેશને વહાલ કરે તેવી કન્યા ગોતી લાવ. મારે કરિયાવર કે રૂપ કાંઈ જોઈતું નથી. પણ રમેશ મમ્મી કહે ને એ રમેશને સાચવે એવી કન્યા જોઈએ છે. મિત્રે વિચાર કર્યો કે શ્રીમંતની કન્યા સુધરેલી હોય છે ત્યારે ગરીબની કન્યા સારી હોય એમ માની લઈએ પણ ઘણીવાર સંસ્કાર વગરની હોય તો સંસાર બગડી જાય છે. માટે મધ્યમ ઘરની છોકરી પસંદ કરું. તપાસ કરતાં કરતાં એક મધ્યમ ઘરની છોકરી પાસ કરી. એના પિતા પાસે વાત કરી ત્યારે તે કહે કે આવું સારું ઘર મળતું હોય તો શા માટે ભૂલું? વધાવી લેવા જેવું છે. મિત્રએ વાત કરી કે એક બાબો છે. પૈસાનો પાર નથી. ત્યારે બાપે કહ્યું કે આવું સારું ઘર છે તો શા માટે જતું કરવું જોઈએ? કન્યાના બાપે વધાવી લીધું. સગાઈ કરી ને લગ્નની તૈયારીઓ થવા લાગી. એ જમાનામાં અત્યારની જેમ જોવા આવવાનું ન હતું.

લગ્નનો દિવસ નજીક આવ્યો એટલે છોકરીની સખીઓ કહે છે બહેન! હવે તો તું પરણીને સાસરે જઈશ. પ્રભુતામાં પગલા માંડીશ. તમે પણ એમ જ માનો છો ને? પણ પ્રભુતામાં પગલા મંડાય છે કે પશુતામાં? બોલો તો ખરા. પહેલા તો બે પગ હતા. પરણે એટલે ચાર પગ થાય. પછી છોકરા થાય એટલે ચારમાંથી છ ને આઠ પગ થાય. બોલો એ પશુતામાં પગલા માંડયા કે પ્રભુતામાં? (હસાહસ). છોકરીની સખીઓ હસવા લાગી. પહેલાં તો કંઈ ન બોલી પણ લગ્નના બે દિવસ બાકી રહ્યા એટલે એની

સખી કહે છે બહેન! તું લગ્નના આનંદમાં મહાલે છે પણ તને ખબર છે કે તું પરણીને જઈશ એવી મા બનીશ? તારા બાપે શું જોયું છે? જોઈ જોઈને પૈસો જોયો ને તું પણ કપડાં અને દાગીનામાં મોહી ગઈ છે. પણ તને ખબર છે કે તારી શોક્યનો એક છોકરો છે તું નાની છોકરી જેવી છે ને પરણીને જઈશ એવો મા....મા કરશે. આમ કહ્યું એટલે છોકરીના મનમાં થઈ ગયું કે હેં! પણ આગળની છોકરીઓ મા-બાપને કહી શકે નહિ ને હવે કહેવાનો વખત પણ ન હતો.

લગ્ન થયા. કન્યા પરણીને સાસરે આવી. એના પતિએ કહી દીધું કે જો આ તિજોરીની ચાવીઓ અને આખું ઘર તને સોંપી દઉં છું. આ બધું ગુમાવીશ તો મને વાંધો નથી. પણ આ મારા રમેશને તું સાચવજે. એ બાલુડો મમ્મીના પ્રેમનો ભૂખ્યો છે. તું એને માતાનો પ્રેમ આપજે. એને સ્હેજ પણ ઓછું ન આવવા દઈશ એ સ્કુલેથી આવે એટલે તું એને બાથમાં લઈ લેજે. એને દુઃખ થશે તો મારું હૈયું ચીરાઈ જશે. પત્નીએ પતિના મોઢે તો કહ્યું સારૂં. રમેશને પણ મમ્મી આવતાં હર્ષનો પાર નથી. બીજે દિવસે સ્કુલેથી આવ્યો.

**"મમ્મીના હેત માટે તલસતો પુત્ર"** : રમેશના મનમાં એવો આનંદ હતો કે આજે તો હું ઘેર જઈશ એટલે મને મારી મમ્મી પ્રેમથી ભેટી પડશે ને બાથમાં લઈ લેશે ને કહેશે કે વહાલસોયા દીકરા! તું આવ્યો? બાળકનું હૃદય કેટલું સરળ હોય છે? એને કયાં ખબર છે કે આ મારી અસલી માતા છે કે નકલી? ઘર નજીક આવ્યું એટલે એ તો ધીમે ધીમે ચાલવા લાગ્યો. માતાની રાહ જોવા લાગ્યો. બાળક પ્રેમનો ભૂખ્યો હતો પણ માતાને પ્રેમ ઉછળતો ન હતો. છેવટે ઘરમાં ગયો. માતાએ બોલાવ્યો નહિ તો પણ માતૃપ્રેમનો ભૂખ્યો બાલુડો મમ્મી કહીને તેને ભેટી પડયો. ત્યારે માતા તેને તરછોડીને કહે છે હજુ તો પરણીને ચાલી આવું છું ને તું શું મને મમ્મી મમ્મી કરે છે! એમ કહીને પ્રેમના ભૂખ્યા બાળકને તરછોડી મૂકયો. ને કહે છે મને મમ્મી મમ્મી કહીશ નહિ. મને તો શરમ આવે છે. બાળક વિચાર કરે છે મારે તો મમ્મી જોઈતી હતી અને મમ્મી તો મને મમ્મી કહેવાની ના પાડે છે. મને હેત પણ કરતી નથી. નિર્દોષ બાળક ત્યાંથી ચાલ્યો ગયો. એક રૂમ બંધ કરીને ખૂબ રડયો.

રમેશને એની નવી મમ્મી બોલાવતી પણ નથી. ખાવાપીવામાં પણ પૂરૂં ધ્યાન આપતી નથી. પણ એનો પતિ ઘરમાં હોય ત્યારે ઉપરથી પ્રેમ બતાવતી હતી. રમેશના પિતા ઘણી વખત એકાંતમાં બેસીને પૂછતા કે તારી મમ્મી તને બરાબર સાચવે છે ને? તને બાથમાં લે છે ને? છોકરો હવે થોડો સમજણો થયો હતો એટલે કહે છે હા....પપ્પા. મારી મમ્મી મને ખૂબ પ્રેમથી રાખે છે. એ મને એવો સાચવે છે કે મારી

મમ્મી મને યાદ પણ નથી આવતી. મને ખૂબ રમાડે છે. પ્રેમથી જમાડે છે. એવી સારી મારી મમ્મી છે. બાપ તો ઓફીસે જાય. એને શું ખબર પડે કે પત્ની રમેશને કેવું રાખે છે? એ હોય ત્યારે પ્રેમથી બોલાવતી. એટલે પિતા માને કે બરાબર છે. પણ છોકરો એક શબ્દ એના પિતાને કહેતો નથી કે મારી મમ્મી મને આમ કરે છે. રમેશ ક્યારે પણ પિતાને સત્ય વાત કરતો નથી. તે તો એ વિચાર કરે છે કે મારી મમ્મી ચંદનબાળાની વાર્તા કરતી હતી તેમાં કહેતી હતી કે ચંદનબાળા ચૌટે વેચાણી પછી મૂળા શેઠાણીએ ભોંયરામાં પૂરી અને ધના શેઠે આવીને પૂછયું-બેટા ચંદના! તને ભોંયરામાં કોણે પૂરી? હાથ પગમાં બેડી કોણે નાખી? ત્યારે તે શું બોલી? મારા કર્મે મને ભોંયરામાં પૂરી છે ને બેડી પણ મારા કર્મે મને નાંખી છે. આવું કષ્ટ દેવા છતાં તેણે મૂળા શેઠાણીનું નામ ન દીધું તો મારે શા માટે કહેવું જોઈએ? આટલા નાના બાલુડામાં આ સમજણ કયાંથી આવી? માતાએ આપેલા સંસ્કારોનું ફળ છે.

**"પુત્રએ માતાને લખેલો પત્ર":**- સમય જતાં બે અઢી વર્ષ વીતી ગયા. એક દિવસ તેને માતા ખૂબ યાદ આવી તેથી રડતાં રડતાં જાણે તે માતાની સાથે વાતો કરતો હોય તેમ બોલે છે હે વહાલી મમ્મી! પ્રેમના પીયુષ પાનારી પ્યારી મમ્મી! તું મને રોજ ભગવાનની, મહાન સતીઓની વાર્તા કરતી હતી તે બધું છોડીને તું ઉપર ચાલી ગઇ. તારી કહેલી વાર્તાઓ તો મને આવડી ગઈ છે. પણ હવે કોઇ નવી વાર્તા કહેતું નથી. તું નીચે આવીને મને નવી નવી વાર્તાઓ સંભળાવને! આમ બોલતાં તેનું હૈયું એકદમ ભરાઇ ગયું. તે સમયે માતા બગીચામાં ફરવા ગઇ હતી. તેથી તેના મનમાં થયું કે પપ્પા કહેતા હતાં કે તારી મમ્મી ઉપર ગઇ છે. તો હું મારી મમ્મીને પત્ર લખું તો તે જરૂર આવશે. એમ વિચારી પિતાજીના ટેબલના ખાનામાંથી એક પોસ્ટકાર્ડ કાઢયું ને તેમાં પવિત્ર બાળકે લખ્યું કે-

હે મારી વહાલી મમ્મી! તું તો અઢી વર્ષથી મને મૂકીને ચાલી ગઇ છે. તારા વિના મને ગમતું નથી. તને તારો વહાલસોયો રમેશ યાદ નથી આવતો? હું તો તારા માટે રાત-દિવસ ઝૂરું છું. તને શું ખોટું લાગ્યું છે? તારે પપ્પા સાથે ઝઘડો થયો હોય તો પપ્પા સાથે ન બોલીશ. પણ તારા રમેશનો પત્ર વાંચીને તું તરત નીચે આવ. મમ્મી! તું ગઇ પછી બીજી મમ્મી આવી છે પણ તારા જેવો પ્રેમ મળતો નથી. તું મને દર રવીવારે બગીચામાં ફરવા લઈ જતી હતી. હું બહારથી આવતો ત્યારે તું મને બાથમાં લઈને ભેટી પડતી હતી. રાત્રે મને તું સારી સારી કથા કહેતી હતી. નવકારમંત્ર બોલાવતી હતી. પણ આ મમ્મી તો મને બગીચામાં લઈ જતી નથી. નવકારમંત્ર બોલાવતી નથી. મહાન પુરૂષો કે સતીઓની કથા કહેતી નથી. કે મને મારો રમેશ! કહીને બાથમાં પણ લેતી નથી. માટે તું પત્ર વાંચીને જલ્દી આવ. આટલું લખીને

ક્યાંનું સરનામું કરવું તે વિચાર કરતો હતો તેમાં નવા મમ્મી સાહેબ બહારથી આવી પહોંચ્યા.

**રમેશ ઉપર માનો પ્રકોપ** :– માતાને જોઇને રમેશે પત્ર ખિસ્સામાં મૂકી દીધો. માતા આ જોઇ ગઇ. એટલે પાસે આવીને કહે છે તેં શું ચોરીને ખિસ્સામાં મૂક્યું? રમેશ માતાને જોઇને એવો ફફડી ઉઠયો, કે જેમ કૂતરું કબૂતરને ગળામાંથી પકડે ને કબૂતર ફફડે, બિલાડીથી ઉંદર ફફડે તેમ રમેશ ફફડવા લાગ્યો ને ધ્રુજતા અવાજે કહે છે મમ્મી! મેં કંઇ લીધું નથી. કંઇ શું નથી લીધું? મેં તને ટેબલમાંથી લઇને ખિસ્સામાં મૂકતાં મારી નજરે જોયો છે. ને ખોટું બોલે છે? ખિસ્સામાં જે મૂક્યું હોય તે કાઢીને બતાવ. રમેશે તો કંઇ લીધું ન હતું, ફક્ત એને તો ડર એ હતો કે મેં પત્રમાં આવું લખ્યું છે તે વાંચી જશે તો? પણ વાઘણ જેવી માતા પાસે બાળકનું શું ગજું? પોસ્ટકાર્ડ કાઢીને માતાને આપ્યું. તેમાં રમેશે એકેક શબ્દે પોતાનું દિલ ઠાલવ્યું છે. માતાનો પ્રેમ નથી મળતો, કોઈ ફરવા નથી લઈ જતું ને મને કોઇ ભગવાનની વાતો નથી કહેતું આ બધું લખ્યું છે. પણ મમ્મી મને દુઃખ આપે છે તેવો એક શબ્દ પણ નથી લખ્યો.

**"બાળકના પ્રેમભર્યા શબ્દો વાંચતા માતાનો હૃદયપલ્ટો** : રમેશનો પત્ર વાંચતા માતા ધરતી પર ઢળી પડી. એને પોતાની ભૂલનું ભાન થતાં વિચારવા લાગી. અહો! હું કેવી દુષ્ટ! ધિક્કાર છે મને! મારી આકૃતિ માનવની છે પણ પ્રકૃતિ પશુની છે. આ કુમળી કળી જેવો બાળક જેમ કૂતરાના મોઢામાં કબૂતર, બિલાડીના મુખમાં ઉંદર અને શિકારીના હાથમાં પક્ષી ફફડે છે તેમ મારાથી ફફડે છે. મેં એને હૈયાનું હેત ન આપ્યું ત્યારે એની માતાને પત્ર લખ્યો ને! કેવો નિખાલસ છોકરો છે! એના પિતાએ મને કેટલી ભલામણ કરી હતી છતાં મેં માની નહિ. રમેશના મનમાં ડર હતો કે માતા પત્ર વાંચીને શું કરશે? પણ જુદું જ બન્યું.

રમેશનો પત્ર વાંચી કઠોર માતાનું હૃદય કોમળ બની ગયું. ને બોલી બેટા રમેશ! તું રડીશ નહિ, બેટા! શબ્દ સાંભળતાં રમેશના હૈયામાં ઝણઝણાટી થઇ. તેના શરીરમાં સ્ફૂર્તિ આવી ગઇ. બેટા! હું તારી મમ્મી છું. એમ કહીને તેને બાથમાં લઇ લીધો. પોતાની જાતે નવરાવ્યો, પ્રેમથી જમાડયો ને સાંજે બગીચામાં ફરવા લઇ ગઇ. ને મહાવીર ભગવાનના જીવનની વાતો સંભળાવી. પ્રેમનો ભૂખ્યો બાળક પ્રેમ મળતાં રાજી રાજી થઇ ગયો. બે દિવસમાં તો એના મુખ ઉપર અલૌકિક તેજ આવી ગયું ને ખુશ ખુશ રહેવા લાગ્યો. ને મમ્મી મમ્મી કહેતો હરખાવા લાગ્યો. તેના પિતા કહે છે બેટા! આ બે દિવસથી હું તારા મુખ ઉપર અલૌકિક આનંદ જોઉં છું. આવો આનંદ તારી મમ્મી ગયા પછી મેં કદી તારા મુખ ઉપર જોયો

નથી. ત્યારે રમેશ કહે- પપ્પા! મને મારી મમ્મી મળી ગઈ. મને જે જોઈતું હતું તે મળી ગયું પછી આનંદ જ હોય ને! પિતા સમજી ગયા કે હવે આ સાચી મમ્મી બની લાગે છે. આજ સુધી તે બની નથી. પિતાને ખૂબ આનંદ થયો ને પત્ની ઉપર પ્રેમ વધ્યો. પત્ની સમજતી હતી કે જો અત્યાર સુધી પતિનો મારા પ્રત્યે પ્રેમ ટકી રહ્યો હોય તો તેનું એક જ કારણ છે કે રમેશે કદી એના પિતાને ફરીયાદ કરી નથી કે મારી મમ્મી મને દુઃખ દે છે. આ ત્રણ માણસનું કુટુંબ પ્રેમથી રહેવા લાગ્યું.

બંધુઓ! આ પત્ની તો સારી હતી પણ સખીના સંગમાં રહીને વચમાં મરચાની તીખાશ ભળી ગઈ હતી. સખીએ તેને ભંભેરી હતી કે તું જતાવેંત મા બનીશ. આ વાત એના મગજમાં ઠસી ગઇ હતી એટલે છોકરાને પ્રેમથી જોતી ન હતી. પણ છોકરાની શુદ્ધ ભાવનાથી તેનું હૃદય પલટાઇ ગયું ત્યારે તેને પશ્ચાતાપ થયો કે મેં દીકરાને સાવકો ગણ્યો? ટૂંકમાં માતા-પિતા અને બાળક ત્રણે જણા પ્રેમથી રહેવા લાગ્યા ને સ્વર્ગના જેવું સુખ ભોગવવા લાગ્યા. ગમે તેટલો પૈસો હોય પણ જ્યાં પ્રેમ નથી ત્યાં આનંદ નથી. ગમે તેટલી ગરીબાઇ હોય પણ જ્યાં પ્રેમ છે ત્યાં સ્વર્ગનાં સુખ છે.

જ્ઞાની કહે છે કે પરમાં સુખ નથી. સુખ સ્વમાં છે. જ્યાં સુધી માતા દીકરાને પરાયો-સાવકો માનતી હતી ત્યાં સુધી તે છોકરાને દુશ્મન જેવો દેખતી હતી. અને જ્યાં પરાયાનો ભાવ ચાલ્યો ગયો ને તેના હૈયામાં હેતનો હોજ ભરાયો ત્યારે દીકરાને પોતાનો માન્યો તો કેટલું સુખ પામી ગઇ! તેમ જ્ઞાની કહે છે કે આ ચેતન અનાદિકાળથી પરમાં રમે છે.

**પરમાંથી સ્વમાં આવો :-**

**ચેતન ચાલો રે હવે, સુખ નહીં પરમાં મળે.**
**આ તો સાગરના પાણી, તૃષા નહીં રે છીપાણી,**
**તૃપ્તિ નહિ રે મળે....ચેતન ચાલો...**
**દુઃખના દરિયામાં ડૂબવાને લાગ્યો, ડૂબતાને સંતે આવીને ઉગાર્યો,**
**હતો સ્વરૂપથી અજાણ, એને કરાવી પિછાણ,**
**ભવથી મુક્તિ રે મળે....ચેતન....**

હે ચેતનદેવ! તું પરઘરમાં ઘણું રમ્યો, ઘણું ભમ્યો હવે સ્વઘરમાં આવ. સ્વમાં જે આનંદ ને સુખ છે તે પરમાં નથી. કોઇ માને કે ધર્મ મંદિરમાં છે, ઉપાશ્રયમાં છે તો ધર્મ બહાર નથી? ધર્મ તો તું ઉપાશ્રયમાં હોય, ઘરમાં હોય કે ઑફિસે હોય સદા તમારી સાથે છે. ને ધર્મથી સુખ છે. કોઇ માણસ ખૂબ તરસ્યો થયો હોય તેને કોઈ દરિયાનું પાણી લાવીને આપે તો તેની તૃષા છીપે ખરી? સાગરના પાણીથી કદી તૃષા છીપતી નથી. તેમ આ તમારા સંસારના ગમે તેટલા સુખો મેળવો પણ તેનાથી તમારી

તૃષ્ણા છીપવાની નથી. પણ ધર્મધ્યાન કરવાથી જીવને પોતાનું સ્વરૂપ સમજાય છે ત્યારે તે પરમાંથી સ્વમાં આવે છે ને ત્યારે અલૌકિક આનંદ મેળવે છે.

આ સંસારરૂપી સાગરમાં તમારી જીવનનૈયા ડૂબવા લાગે છે ત્યારે સદ્ગુરૂઓ આવીને તમને જગાડે છે કે હે આત્માઓ! તમે જાગો. જેમ દરિયામાં કોઈ સ્ટીમર કે હોડી ડૂબવાની અણી ઉપર હોય તે સમયે કોઈ બચાવનાર મળી જાય અગર કોઈ ઉંચકીને બીજી હોડીમાં લઈ લે તો કેવો આનંદ થાય? તેમ સંતો પણ તમને કહે છે કે તમે તમારા સ્વરૂપની પિછાણ કરો. સાચો હીરો કચરા નીચે દબાઈ ગયો હોય તો તેનું તેજ દેખાતું નથી તેમ આપણા આત્મા રૂપી હીરો પરભાવ રૂપી પાપના પંકથી ખરડાઈ ગયો છે એટલે પોતાનું સ્વરૂપ જોઈ શકતો નથી. તો હવે બાહ્યભાવ છોડીને સ્વરૂપમાં ઠરો. પરને છોડી સ્વમાં રમણુતા કરો તો શાશ્વત સુખના સ્વામી બનશો.

આપણા પરમ પિતા પ્રભુ આજના દિવસે સ્વસ્થાને પહોંચી ગયા છે. ને ગૌતમ સ્વામીએ કેવળજ્ઞાનના દીવડા પ્રગટાવ્યા છે. ભગવાને દીક્ષા લીધા પછી કુલ ૪૨ ચાતુર્માસ કર્યા. તેમાં પહેલું ચાતુર્માસ અસ્થિ ગામમાં, બીજું વાણિજ્ય ગામમાં, દશ ચંપાપુરીમાં, ત્રણ વિશાલા નગરીમાં, ચૌદ રાજગૃહીમાં, બે ભદ્રિકાનગરીમાં એક આલંભિકા નગરીમાં, એક સાવથી નગરીમાં, એક અનાર્ય દેશમાં, છ મિથિલા નગરીમાં, એક નાલંદાપાડામાં, એક અપાપા નગરીમાં, અને છેલ્લું ચાતુર્માસ પાવાપુરીમાં કર્યું. ભગવાન ગ્રામાનુગ્રામ વિચરતા વિચરતા પાવાપુરીમાં પધાર્યા ત્યારે હસ્તિપાળ રાજાએ પોતાના કુટુંબ પરિવાર સહિત પ્રભુના ચરણમાં પડીને વિનંતી કરી હતી કે :–

**"ભગવાન મહાવીર સ્વામીને હસ્તિપાળ રાજા વિનંતી કરે છે" :–**

**થેં અબકો ચોમાસો સ્વામીજી અઠે કરોજી, થેં પાવાપુરીસે પગ આધોમતિ ધરોજી.**
**અઠે કરો અઠે કરો અઠે કરો જી, થેં ચરમ ચોમાસો સ્વામીજી અઠે કરોજી.**
**હસ્તિપાળ રાજા વિનવે કરજોડ પૂરો પ્રભુજી મારા મનના કોડ,**
**શીશ નમાવી ઉભા જોડી હાથ, કરૂણા સાગર કરજો કૃપાનાથ–થેં અબકો–**

હે મારા નાથ! આ છેલ્લા ચાતુર્માસનો લાભ મને આપો. હવે આપ આ પાવાપુરીથી દૂર ના જશો. બંધુઓ! તમને એમ થશે કે પ્રભુનું આ છેલ્લું ચાતુર્માસ છે એ હસ્તિપાળ રાજા કેવી રીતે જાણતા હશે? તો જ્યારે ગોશાલકે ભગવાન ઉપર તેજુલેશ્યા છોડી ને કહ્યું હતું કે તું મારા તપના તેજથી પરાભવ પામીને પિત્ત જવરના રોગથી પીડાઈને છ મહિનામાં મરણ પામીશ. ત્યારે કૃપા-નિધાન ભગવંતે કહ્યું કે હું તો આ પૃથ્વી તલ ઉપર સોળ વર્ષ સુધી ગંધ–હસ્તિની માફક વિચરવાનો છું. પણ તું આજથી સાતમે દિવસે તારી તેજુ લેશ્યાથી પરાભવ પામીને, પિત્ત જવરની પીડા ભોગવીને મૃત્યુ પામીશ. આથી રાજાએ જાણ્યું હતું કે ભગવાનનું આ છેલ્લું

ચાતુર્માસ છે. જેમ નાનું બાળક માતા પાસે કરગરે તેમ હસ્તિપાળ રાજા, તેમની રાણીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓ પ્રભુને વિનંતી કરે છે કે હે પ્રભુ! મારી શાળા નિર્દોષ અને સૂઝતી છે. આપ કૃપા કરીને ચાતુર્માસ અહીં પધારજો. આખી પાવાપુરીની જનતા વિનંતી કરી રહી છે. ભગવાન તો જાણતાં હતાં કે આ ભૂમિમાંથી મારે મોક્ષે જવાનું છે. એટલે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જોઇને હસ્તિપાળ રાજાની વિનંતીનો સ્વીકાર કર્યો. ને છેલ્લું ચાતુર્માસ પાવાપુરીમાં કર્યું. એ ભૂમિ કેટલી પવિત્ર હશે! હસ્તિપાળ રાજાના રોમેરોમે આનંદ થયો. ભગવાનના ગૌતમાદિ ૧૪૦૦૦ સંતો અને ચંદનબાળા આદિ ૩૬૦૦૦ સાધ્વીજીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓ પ્રભુની અમૃતમય વાણીના ઘૂંટડા પી રહ્યા હતા.

ભગવાનનો મોક્ષમાં જવાનો દિવસ નજીક આવ્યો જાણીને નવ મલ્લી અને નવ લચ્છી એ અઢાર દેશના રાજાઓ પાવાપુરીમાં પ્રભુની પાસે આવ્યા.

**અઢારે રાય હુવા ભગતા, દોય દોય પોષા કીધા રે લગતા**
**વીર સામું રહ્યા ભાળી, વીર મુગતે બિરાજ્યા દિન દિવાળી**

બધા રાજાઓ ચૌદશ પાખીના છઠ્ઠ કરીને બેસી ગયા. પ્રભુના સંત સતીજીનો બધો પરિવાર તેમની પાસે હતો. પાવાપુરીની પ્રજા પણ બેઠી હતી. દરેકના અંતરનો એક અવાજ હતો કે બસ, હવે આપણા તારણહાર મોક્ષમાં જશે! આપણને મૂકીને ચાલ્યા જશે? આ અમૃતવાણીના ઘૂંટડા કોણ પીવડાવશે? આમ વિચાર કરતાં અનિમેષ દૃષ્ટિથી બધા પ્રભુના સામું જોઇ રહ્યા છે. જેટલો લાભ લેવાય તેટલો લઇ લઇએ પ્રભુની પાસેથી સહેજ પણ ખસવું કોઇને ગમતું નથી.

બંધુઓ! આ અઢાર દેશના રાજાઓ પ્રભુની પાસે છઠ્ઠ કરીને બેસી ગયા. તો શું એમને દિવાળીનું કામ નહિ હોય? તમારા કરતાં એમને ઘણું કામ હતું. છતાં બધું છોડીને પ્રભુનો છેલ્લો લાભ લેવા આવ્યા હતા. બધાએ છઠ્ઠ કર્યો હતો. ને પ્રભુને પણ છઠ્ઠ હતો. ભગવાને દીક્ષા લીધી ત્યારે છઠ્ઠ હતો. કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું ત્યારે પણ છઠ્ઠ હતો અને નિર્વાણ સમયે સ્હેજે છઠ્ઠ થઇ ગયો હતો. એ લોકોની પણ કેટલી ભવ્યતા હશે! પ્રભુએ સોળ પ્રહર અખંડ દેશના દીધી. તમારે બે કલાક બેસવું હોય તો કેડ દુઃખવા આવે, ત્યારે પ્રભુના સમોસરણમાં તો કોઇને થાક લાગતો નથી. દરેકના દિલમાં એ જ ભાવના છે કેઃ-

**શું એ શોભી રહ્યા છે મારા જીનવરીયા (૨)**
**જાણે તરસ્યાને મીઠા મીઠા સરોવરીયા....શું એ....**

હે પ્રભુ! તું કેવો શોભી રહ્યો છે? શું તારું તેજ છે! તારું મુખ જોતાં અમારા હૃદયનો ઉકળાટ શાંત થાય છે ને તારી વાણી સાંભળતાં વિષયોના વિષ વમાઇ જાય છે. આવા તેજસ્વી સૂર્યનો અસ્ત થઇ જશે! હવે ક્યાં જઇને શાંતિ મેળવીશું? પ્રભુ તો

ચરમ તીર્થંકર છે. હવે તો આવતી ચોવીસીમાં શ્રેણીક રાજા પ્રથમ તીર્થંકર થશે ત્યારે આવો યોગ મળશે. ભરતક્ષેત્રમાં અરિહંતનો મોટો વિયોગ પડી જશે. આ સમયે ઇન્દ્રે આવી પ્રભુના ચરણમાં પડીને કર જોડીને વિનંતી કરી કે હે પ્રભુ! આપ આ પૃથ્વી ઉપર હશો તો અમારા જેવા પ્રમાદમાં પડેલા પ્રાણીઓનો ઉદ્ધાર કરશો. હવે ભસ્મગ્રહ બેસવાનો છે. આપ વધુ નહિ તો બે ઘડી રોકાઈ જાવ તો ભસ્મગ્રહ કોઈને હેરાન નહિ કરે. ત્યારે પ્રભુએ કહ્યું न भूतो न भविष्यति હે ઇન્દ્ર! એ કદી બન્યું નથી ને બનવાનું નથી. છેવટે દેશના દેતાં દેતાં પ્રભુ અમાસની પાછલી રાત્રે સૌની નજર સમક્ષ કાયાની કેદમાંથી મુકત બની મોક્ષ-મંઝિલે પહોંચી ગયા. ભરતક્ષેત્રમાં તીર્થંકર ભગવાનનો વિયોગ પડયો. કરોડો દેવ-દેવીઓ પ્રભુનો નિર્વાણ મહોત્સવ કરવા પધાર્યા છે.

## "અરિહંતના વિયોગથી સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાનો વિલાપ-"

ભગવાન મોક્ષમાં પધારવાથી ગૌતમાદિ સંતોને ખૂબ આઘાત લાગ્યો. કારણ કે દરેકના દિલમાં ગુરૂભકિત હતી. પ્રભુની ભકિત સૌને રડાવતી હતી. ગૌતમાદિ કહે છે હે મારા પ્રભુ! તમે તો અમને મૂકીને ચાલ્યા ગયા. હવે હું પ્રશ્ન કોને પૂછીશ? મારી શંકાઓનું સમાધાન કયાં જઇને કરીશ? મને ગોયમા....ગોયમા કહીને કોણ બોલાવશે? આટલું બોલતાં આંસુ આવી ગયા. પણ બીજી ક્ષણે આત્મા પરભાવમાંથી પાછો ફર્યો ને સ્વમાં સ્થિર બન્યો. ભગવાનના વચનો યાદ આવ્યા કે જયાં સુધી મોહ છે ત્યાં સુધી મોક્ષ નહિ મળે. રાગનું બંધન તૂટી ગયું ને ગૌતમસ્વામી ક્ષપક શ્રેણીએ ચઢયા. બારમા ગુણસ્થાનકે મોહનો સર્વથા ક્ષય કરી તેરમા ગુણસ્થાને પહોંચ્યા. ને કેવળજ્ઞાનની જ્યોત પ્રગટાવી દીધી. આસો વદ અમાસની પાછલી રાત્રે પ્રભુ આઠ કર્મોનો ક્ષય કરી મોક્ષમાં ગયા ને ગૌતમસ્વામી ચાર ઘાતી કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન પામ્યા.

પ્રભુના મોક્ષમાં જવાથી જગત ઉપર અંધકાર છવાયો. આ સમયે ઇન્દ્ર-ઇન્દ્રાણીઓ, દેવો-દેવીઓ, રાજા અને પ્રજાએ ભેગા મળીને પ્રભુનો નિર્વાણ મહોત્સવ અને ગૌતમ સ્વામીનો કેવળજ્ઞાન મહોત્સવ ઉજવ્યો.

**જેણી રાત્રે વીર પામ્યા મુકિત, કેવળ પામ્યા ગૌતમસ્વામી,**
**જયારો જાપ જપો નવકારવાળી, વીર મુગતે બિરાજ્યા દિન દિવાળી.**

આજની રાત્રિ ખૂબ પવિત્ર છે. આખી રાત બને તેટલું ધર્મધ્યાન કરવાનું છે. ધર્મજાગ્રિકા કરવાની છે. આજે સાંજે પ્રતિક્રમણ કરવું, ચૌવિહાર કરવો, બ્રહ્મચર્યનું પાલન કરવું અને પહેલી રાત્રે, મધ્ય રાત્રે અને પાછલી રાત્રે દરેક વખતે વીસ વીસ માળા એટલે કુલ ૬૦ માળા ખૂબ શુદ્ધ ભાવથી ગણવી જોઇએ, આજે પ્રભુ કર્મને ગાળી મુકિતને પામ્યા ને ગૌતમસ્વામી કેવળજ્ઞાન પામ્યા. તેમણે તો સાચી દિવાળી ઉજવી

તેમ આપણે પણ સાચી દિવાળી ઉજવીએ અને કર્મના બંધન તોડીએ. આજે દિવાળી વિષે ઘણું કહેવાઈ ગયું છે. સમય પણ થઈ ગયો છે. વધુ ભાવ અવસરે.

☆

## વ્યાખ્યાન નં. ૯૫

**કારતક સુદ બીજને બુધવાર** **તા. ૫-૧૧-૭૫**

અનંત કરૂણાના સાગર, ત્રિલોકીનાથ ભગવંતે જગતના જીવોના ઉદ્ધારને માટે આગમવાણી પ્રકાશી. ઉ. સૂ. ૨૦ મું અધ્યયન અનાથી નિર્ગ્રંથનો અધિકાર ચાલે છે. તેમાં અનાથી નિર્ગ્રંથ શ્રેણીક રાજાને બીજા પ્રકારની અનાથતા સમજાવે છે. ભગવાને જે વાતોનું જીવનમાં આચરણ કર્યું છે તે વાતો જગતની સામે રજુ કરી છે. વિચાર એ બીજ છે ને આચાર એ વૃક્ષ છે. બીજ ધરતીમાં ગુપ્ત હોય છે. એના પરિણામ રૂપ વૃક્ષ બહાર દેખાય છે. માણસનું સારું ચારિત્ર, સારી ભાષા એ ગુપ્ત એવા સારા વિચારોનું પરિણામ છે. તમે બહારથી સુશોભિત બનીને ફરો પણ અંદરના વિચારોને સુશોભિત ન બનાવો તો તમારી શોભાની કાંઈ કિંમત નથી. બહારની શોભા અમુક ટાઈમે ઝાંખી પડી જાય છે પણ અંતરના શુદ્ધ વિચારોની શોભા જીવનના અંત સુધી પ્રકાશવાની છે. સુવિચારના સૂક્ષ્મ બીજમાંથી શુદ્ધ વિચાર અને શુદ્ધ આચારના ફળ ફૂલો થવાના છે. માટે સુવિચાર અને સદાચાર દ્વારા આપણે જ્યોત બનીને અંધકારમય વાતાવરણને પ્રકાશમય બનાવવાનું છે. પ્રકાશમય જીવન બનાવવું હોય તો મોહનીય કર્મને જીતવું પડશે.

બંધુઓ! ક્રોધ અને માન એ મોહનીય કર્મની પ્રકૃત્તિઓ છે. આઠ કર્મોમાં મોહનીય કર્મ બળવાન છે. તે સંસારરૂપ મહેલના સ્થંભ સમાન છે. અર્થાત્ તે સંસારમાં પરિભ્રમણ કરવાનું મુખ્ય નિમિત્ત છે. તેની સ્થિતિ પણ દરેક કર્મ કરતાં વધારે છે. જેમ એક ઝાડ મૂળમાંથી ઉખડી જમીન ઉપર પડી ગયું હોય તો તેની ડાળીઓ, પાંદડા વિગેરે લીલા છે છતાં તેને સૂકાતા વાર નહિ લાગે. પણ તે ઝાડનું મૂળ કાયમ રાખી ઉપરથી કાપી નાંખીએ તો કોઈ વખત તે વૃક્ષ પુનઃ નવપલ્લવિત બને છે અને તેથી मूलं नास्ति कुतः शाखा। એમ કહેવાય છે. તે રીતે મોહનીય કર્મ સિવાય બીજા કર્મો મંદ પડે તો પણ સંસારનું પરિભ્રમણ ચાલુ રહે છે. પણ જેનું મોહનીય કર્મ નાશ થયું તેના બાકીના કર્મો પણ નાશ થવા લાગે છે. અનંતાનુબંધી કષાયની ચોકડી તથા ત્રણ દર્શન મોહનીય એ સાત પ્રકૃતિને સર્વથા ક્ષય કરે તેને ક્ષાયક સમક્તિ કહેવાય. સાતે પ્રકૃતિનો કાંઈક ઉપશમ અને કાંઈક ક્ષય કરે ત્યારે તેને ક્ષાયોપશમિક સમકિત કહેવાય. આ બંને સમકિતમાંથી કોઈ પણ સમકિત પામેલો સમકિતી જીવ ઉદયમાં આવેલી વૃત્તિઓને સમભાવપૂર્વક વેદે ત્યારે કર્મનો નાશ થાય છે.

આજે તો સમભાવનું નામ નિશાન જોવામાં આવતું નથી. જ્યાં જોઇએ ત્યાં મોહ, માયા અને મમતાના દોરડે જીવ બંધાઈ ગયો છે. શરીર ઉપરનો રાગ, સ્વજનો પ્રત્યેનો રાગ અને પદાર્થો પ્રત્યેનો રાગ જીવને ઉંચે જવા દેતો નથી. એક દિવસ તો તે રાગ છોડવો પડશે. જ્યાં સુધી ગૌતમસ્વામીને મહાવીર ભગવાન પ્રત્યે રાગ હતો ત્યાં સુધી કેવળજ્ઞાન ન થયું. તેમ પદાર્થો પ્રત્યેનો રાગ નહિ છોડો ત્યાં સુધી કેવી રીતે કલ્યાણ કરી શકશો ? આ શરીર તો સાધના કરવા માટેનું સાધન છે. માની લો કે કોઇ દોરડાના સહારે માણુસને ઉંચે ચઢવું છે તો તે ચઢનારે પહેલાં તપાસ કરી લેવી જોઇએ કે જેના સહારે ઉંચે ચઢવું છે તો તે દોરડું બરાબર મજબૂત છે ને? પણુ તેથી તેનો મોહ કે રાગ ન હોવો જોઇએ. આપણું શરીર પણુ મોક્ષમાં જવા માટેનું સાધન છે. એને કાચી માટીના કુંભ જેવું માનવામાં આવે છે. કાચી માટીના ઘડાને ફૂટતાં વાર લાગતી નથી તેમ આ દેહને વીણુસી જતાં વાર લાગતી નથી. માટે તેનો રાગ છોડીને સાવધાનીપૂર્વક શરીર દ્વારા સાધના કરી લો. આત્મા અને શરીરનું ભેદજ્ઞાન કરો. જ્યારે તમને સમય મળે ત્યારે વિચાર કરો કે હે આત્મા! તું કોણુ છે? કયાંથી આવ્યો છે? તારૂં શું સ્વરૂપ છે? આ શરીરનો સંગ કેવી રીતે થયો છે અને કયાં સુધી શરીરના સકંજામાં સપડાઇ રહીશ? આવા વિચાર અને ધ્યાનમાં રમણુતા કરશો તો આત્મા હળવો બની જશે. અપૂર્વ શાંતિનો અનુભવ થશે અને સમજાઇ જશે કે આત્મા અને શરીર બંને ભિન્ન છે. જેમ તલવારને મ્યાનમાં રાખવામાં આવે તો તેથી તલવાર અને મ્યાન એક થઇ જતા નથી પણુ અલગ રહે છે. દૂધમાં પાણી નાંખવામાં આવે તો દૂધ અને પાણી બંને એના સ્વભાવથી તો અલગ રહે છે. તેમ આત્મા અને દેહ બંને પણુ અલગ રહે છે. પણુ એક થઇ જતાં નથી. તે રીતે તમે પણુ સંસારમાં રહેવા છતાં તેનાથી અલગ રહો. જેટલો સંસારનો અને સંસારના ભોગોનો રાગ રાખશો તેટલું સંસારમાં વધારે પરિભ્રમણુ કરવું પડશે.

બંધુઓ! જો તમારે કર્મના બંધનમાંથી મુક્ત થવું હોય તો મન મદારીના નચાવ્યા નાચશો નહિ. માનવીનું મન મદારી જેવું છે.

**મન મદારી, મન મદારી, મન મદારી**
**મને કૂંડાળામાં નચવે મારું મન મદારી....**

મન મદારીનો નચાવ્યો આત્મા પેલા માકડાની જેમ નાચે છે. તમે ઘણીવાર તો જોયું હશે કે મદારી માકડાને રમત રમાડતાં પૂછે કે તને તારી મા વહાલી કે તારી પત્ની વહાલી? તો માથું ધુણાવીને કહેશે કે મારી પત્ની વહાલી. એને કહે કે તારી મા માંદી પડી છે તો સ્હેજ આંચકો લાગશે ને એમ કહે કે તારી પત્ની માંદી પડી છે તો ધ્રુસ્કે રડવા લાગશે. બોલો! આ માંકડું એવું કયાં શીખવા ગયું હશે? (હસાહસ)

મદારીએ જેમ કળા આપી તેમ માંકડું શીખ્યું અને નાચે છે તેમ આત્માને પણ ઇન્દ્રિઓ અને મન નચાવે છે. પરિણામે આત્મા સ્વરૂપને ભૂલીને કર્મો બાંધે છે. કર્મો આત્માને મલિન કરનાર છે. કર્મો ખપાવવા માટે સાધુ સંસાર છોડીને સંયમ આદરે છે. સાધુઓ કેવા હોય છે તે વાત અહીં રજુ કરી છે.

**चिरं पि से मुण्डरुइ भवित्ता, अथिरव्वए तव नियमेंहि भट्ठे ।**
**चिरं पि अप्पाण किलेसइत्ता, न पारए होइ हु संपराए ।।**

ઉત્ત. સૂ. અ. ૨૦ ગાથા ૪૧

અનાથી મુનિ શ્રેણીક રાજાને કહે છે હે રાજન્! જે મસ્તક મુંડાવે છે અને સંયમના કષ્ટો સહન કરે છે પણ જે સમિતિનું પાલન કરતો નથી તે કષ્ટોને સહન કરવા છતાં પણ સંસારને પાર પામતો નથી. એટલે તે સનાથ બની શકતો નથી.

સાધુ સંસાર છોડીને સંયમી બને છે તે શું ગૃહસ્થીના રોટલા ખાવા માટે? લોકોને નમાવવા માટે? કે પોતાનો મહિમા વધારવા માટે? બીલકુલ નહિ. સાધુ તો પોતાના કર્મો ખપાવવા માટે ચારિત્ર અંગીકાર કરે છે. સાધુ જીવનના નિયમો કેટલા કડક છે! સાધુને ગૌચરીમાં કેટલી સાવધાની રાખવી પડે છે! સાધુના નિમિત્તે સાધુને ઉદ્દેશીને બનાવેલો આહાર સાધુને ખપે નહિ. જે સાધુ સારા ખાનપાનમાં ગૃદ્ધ બનીને આધાકર્મી, ઉદ્દેશીક આદિ દોષવાળો આહાર કરે છે તેના વૈતાલિક નામની માછલી જેવા હવાલ થાય છે.

**उदगस्सपहावेण, सुक्कं सिग्धं तमिंतिउ ।**
**ढंकेहि य कंकेहि य, आमिसत्थेंहि ते दुही ।।**

સૂય. સૂ. અ. ૧ ઉ. ૩ ગાથા ૩

જેવી રીતે વિશાલ નામનો મચ્છ સમુદ્રના મોજાઓ વડે ધકેલાઈને કિનારા પર આવે છે. પછી ઓટ આવવાથી ત્યાં કિનારે રહી જાય છે. કાદવમાં તેના રોમરાય ખૂંચી જાય છે. પછી ખૂબ દુઃખ થાય છે. ત્યાં ઢંક, કંક આદિ માંસાહારી પક્ષીઓ તેના શરીરનું માંસ ફોલી ખાય છે. તે કારણે તે મત્સ્ય અનંત વેદનાનો અનુભવ કરે છે. એ પ્રમાણે આધાકર્મી આહારનો એક કણ પણ શુદ્ધ આહારની સાથે સેવન કરનાર સાધુને પણ સંસારમાં ભ્રમણ કરવું પડે છે. અને અત્યંત કલેશનો અનુભવ કરવો પડે છે. દશવૈકાલિક સૂત્રમાં પણ ભગવંતે કહ્યું છે કે:-

**सुहसायगस्स समणस्स, साया उलगस्स निगाम साइस्स,**
**उच्छोलणा पह्रोअस्स, दुल्लहा सुगई तारिसगस्स ।।**

દશ સૂ. અ. ૪ ગાથા ૨૬

જે સંયમ લઈને સુખશાતાનો ઇચ્છુક બને છે, ઘણો વખત સૂઇ રહે છે, શરીરની શોભા વધારવા માટે વારંવાર હાથ પગ ધોવે છે તેને માટે સુગતિ દુર્લભ છે. પણ જે

સાધુ સંયમને લઈને બરાબર પાલન કરે છે તેને અપૂર્વ સુખ અને શાંતિ પ્રાપ્ત થાય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે:- नवि सुही देवता देवलोए । દેવલોકમાં રહેલો દેવ કે મોટો પૃથ્વીપતિ રાજા, મોટો અબજોપતિ, શ્રીમંત કે સેનાપતિ જે સુખ ભોગવે છે તેનાથી પણ અનંતગણું સુખ સાચો સંયમી ભોગવે છે. એક મહિનાનો દીક્ષિત સાધુ વ્યંતર દેવતાનું સુખ ઉલંઘી જાય છે અને એક વર્ષનો દીક્ષિત સંયમ પાલન કરનાર સાધુ સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોનું સુખ ઉલંઘી જાય છે. આવું સુખ હોવા છતાં જે સાધુ એ સુખને ભૂલી જાય છે અને સંસારની સુખશાતામાં પડી જાય છે તે પોતાની હાનિ કરે છે.

માની લો કે કોઈ ડૉકટર પાસે દર્દી દવા લેવા માટે ગયો. ડૉકટરે તેને તપાસીને દવા આપીને કહ્યું કે તમે પંદર દિવસ આ દવા લેજો ને કહ્યા પ્રમાણે પથ્ય પાળજો. ડૉકટરની સલાહ પ્રમાણે દર્દી નિયમિત દવા લે અને પથ્ય પાળે તો તેનો રોગ જલ્દી ચાલ્યો જાય છે ને સ્વસ્થ બની બધી ચીજો ખાઈ શકે છે. પણ જો દર્દી ડૉકટરના કહ્યા પ્રમાણે બરાબર દવા ન લે અને ચરી ન પાળે તો ડૉકટર દર્દીને શું કહેશે? તું કહ્યા પ્રમાણે કરતો નથી તો તારો રોગ કેવી રીતે મટશે? તે પ્રમાણે ભગવાન કહે છે કે હે સાધકો! તમે સંયમનું બરાબર પાલન કરો ને સંયમ પાળતાં જે કષ્ટો આવે તે સહન કરો તો તમને મહાન સુખ મળશે અને મારી આજ્ઞા પ્રમાણે સંયમનું પાલન નહિ કરો તો ડૉકટરની દવાની માફક સંયમને વ્યર્થ ગુમાવી દેવા જેવું થશે. એટલા માટે ઉપર કહેવામાં આવ્યું છે કે જે સાધુ સુખશાતાનો ગવેષી છે એટલે કે જે સુખશીલ બનીને હાથ-પગ ધોવામાં, ઉંઘવામાં ને ખાવાપીવામાં મશગૂલ રહે છે ને સંયમનું પાલન કરતો નથી તે ધર્મ રૂપી દવાને વ્યર્થ ગુમાવે છે. આ તો સંયમીની વાત થઈ. સંયમી તો છકાય જીવો ઉપર કરૂણાવંત હોય છે. કોઈને પણ દુઃખ આપતા નથી. તે રીતે તમે પણ શ્રાવક છો. જીવદયા પાળતા શીખો ને વિચાર કરો કે મારાથી દુઃખ સહન થતું નથી તો બીજાથી કેમ થાય? આગળના રાજાઓ પણ કેવા ન્યાય-નીતિ સંપન્ન અને દયાળુ હતા. પોતાની પ્રજા સુખી છે કે દુઃખી તેનું ખૂબ ધ્યાન રાખતા હતા.

**માનવીની માનવતા ક્યાં છે તેની પરીક્ષા:-** લગભગ ત્રણસો વર્ષો પહેલાની આ વાત છે. રશિયામાં એક આઇાઇન નામના રાજા થઈ ગયા. તે ઘણાં ન્યાયનીતિ સંપન્ન અને પ્રજાપાલક હતા. તે પ્રજાના સુખ-દુઃખનું ખૂબ ધ્યાન રાખતા હતા. એ રાજાને વિચાર થયો કે મારી પ્રજામાં કેટલી માનવતા છે! કેટલા સદ્ગુણ છે તેની પરીક્ષા કરૂં. અગાઉના સમયમાં ભોજરાજા, વિક્રમાદિ રાજાઓ પ્રજામાં કોણ સુખી છે? કોણ દુઃખી છે? કોનામાં કેટલા સદ્ગુણ છે તે જોવા માટે ગુપ્ત વેશે નગરમાં ફરતા હતા. રાજાના વેશે ફરે તો જે જોવું છે તે જોવા ન મળે. એટલે સંન્યાસીનો વેશ પહેરીને નીકળતા. તેથી કોઈ પણ ઘરમાં પ્રવેશ કરી શકાય. કોઈ કોઈ વાર સામાન્ય વેશ

પહેરીને પણ નીકળતા હતા. આ આડાઈન રાજા ઘણી વખત સામાન્ય માણસના વેશમાં નીકળતા હતા. મારી પ્રજામાં અતિથિ સત્કારનો ગુણ છે કે નહિ તે જોવા માટે રાજાએ એક ગરીબ માણસનો વેશ પહેર્યો. ને શરીરે રાખ લગાવી પોતાની નગરીની બાજુમાં નાનકડા ગામમાં ગયા. ત્યાં જઈને રાજા લોકોના ઘરઘરમાં ફરતા વિનંતી કરે છે કે ભાઈ! હું ઘણો થાકેલો છું. ગરીબ માણસ છું, મારે ખાવાનું જોઈતું નથી પણ મને એક રાત સૂવાનો સહકાર આપો તો હું તમારો ખૂબ આભાર માનીશ. રાજાએ ઘણી વિનંતી કરી પણ ફાટેલા કપડાથી ભિખારી માની કોઈ તેમની વિનંતીનો સ્વીકાર કરતું નથી. બારણામાંથી અનાદર કરીને કાઢી મૂકે છે. આજે ધનવાનના સત્કાર સન્માન છે પણ ગુણવાન હોવા છતાં ગરીબના સત્કાર નથી.

રાજા આખો દિવસ ગામમાં ફર્યા પણ કોઈએ સહારો ન આપ્યો. રાજાના મનમાં ઘણું દુઃખ થયું કે અહો! મારી પ્રજાની આ દશા? મારી પ્રજા લક્ષ્મીની જ પૂજા કરે છે? નિરાશ થઈને રાજા પોતાના ગામ જવા પાછા ફર્યા. રાત પડી ગઈ હતી. માર્ગમાં એક ઝૂંપડી આવી. ઝૂંપડીમાં એક ખેડૂત, તેની સ્ત્રી અને એક બાળક બિચારા થાક્યા પાક્યા ઉંઘી ગયા હતા. રાજાએ ઝૂંપડીનું બારણું ખખડાવ્યું. ખેડૂતે બારણું ઉઘાડયું અને આદરપૂર્વક આવવાનું કારણ પૂછયું. ગરીબના વેશમાં રહેલા રાજા કહે છે ભાઈ! હું ગરીબ વટેમાર્ગુ છું. ચાલતાં ચાલતાં ખૂબ થાકી ગયો છું. હવે ચાલી શકાતું નથી. મને આજની રાત વિશ્રામ કરવા માટે તમારી ઝુંપડીમાં જગ્યા આપો તો તમારો મોટો ઉપકાર માનીશ.

**ગરીબીમાં અમીરી** :–ખેડૂત કહે છે ભાઈ! આમાં તે શું તમે મોટી માંગણી કરી છો! અતિથિની સેવા કરવી એ તો મારો ધર્મ છે. આપ મારી ઝુંપડીમાં ખુશીથી પધારો. તે ઝુંપડીમાં લઈ ગયો. અતિથિનો સત્કાર કરવા માટે ઘરમાં જાજમ નથી. ઘાસની ગાદી કરીને અતિથિને તેના ઉપર બેસાડયો. ખૂબ સત્કાર કરીને કહે છે હું એક વાતે દુઃખી છું. મારી પત્ની બિમાર છે એટલે હું આપની સેવા બરાબર કરી શકતો નથી. થોડા વહેલા પધાર્યા હોત તો ભોજન પણ તૈયાર હતું. પણ અત્યારે જમી-લેવાથી ફક્ત ઘરમાં અડધો રોટલો રહ્યો છે. રાજા કહે છે ભાઈ! મને કકડીને ભૂખ લાગી છે. તારો અડધો રોટલો પણ મને મીઠો દૂધ જેવો લાગશે. રોટલો આપ્યો. રાજાએ પ્રેમથી ખાધો. ઠંડુ પાણી પીધું. થોડી વાતચીત કર્યા બાદ ખેડૂત કહે છે આપ આવ્યા છો તો આવતી કાલે આપ રોકાઈ જજો. કાલે મારા બાળકનું નામ પાડવાનું છે. રાજા કહે છે ભાઈ! તેં મને આટલો સત્કાર કરી આશરો આપ્યો. મને રોટલો ખાવા દીધો. એથી અધિક શું જોઈએ છે? રાજા રોકાવાની ના પાડે છે. પણ ખેડૂત ખૂબ આગ્રહ કરે છે. જેના ઘરમાં ખાવા માટે ખીચડીના સાંસા છે તેવો ખેડૂત કેટલો આગ્રહ કરે છે! થોડી

વારે પેલો ખેડૂત બાળકને લઇ આવ્યો. રાજાએ પ્રેમપૂર્વક તેને ખોળામાં બેસાડયો. માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા કે આ બાળક ખૂબ ભાગ્યવાન થશે. અતિથિના આશિષથી ખેડૂત ખૂબ ખુશી થયો. સવાર પડતાં રાજા જ્યારે જવા તૈયાર થયા ત્યારે ખેડૂત જવાની ના પાડે છે. છેવટે રાજા કહે હું ત્રણ કલાકમાં પાછો આવીશ. તમે મારી રાહ જોજો. ખેડૂત પૂછે છે તમે ક્યાં જાવ છો? રાજા કહે છે નજીકના ગામમાં મારો ધનવાન મિત્ર રહે છે તેને ત્યાં જઇને પાછો આવું છું.

રાજા ત્યાંથી પોતાને ગામ પાછા આવે છે. રાજા વિચાર કરે છે કે ધનવાન કોને કહેવો? સદ્ગુણી કોને કહેવો? ધનવાનને ધનવાન કહેવો કે આ ગરીબને ધનવાન કહેવો? જે માણસો કીર્તિને ખાતર દશ હજાર અરે! લાખો રૂપિયા દેવા પડે તો દઇ દે છે તેવા લોકોએ મને સત્કાર ન આપ્યો. ઠીક, હું તો રાજા હતો પણ આ જગ્યાએ કોઇ ગરીબ માણસ હોય તો તેની કઇ સ્થિતિ થાય? આ તરફ બાળકનું નામ પાડવાનો સમય થઈ ગયો પણ પેલો અતિથિ આવ્યો નહિ તેની રાહ જુવે છે. બીજી બાજુ રાજા પોતાના મહેલમાં જઇને ઘણું ધન લઇને સારા કપડા પહેરી ઘોડા ઉપર બેસી ગરીબની ઝુંપડીએ આવી પહોંચ્યા. આને જોઇને ખેડૂતે વિચાર કર્યો કે મહેમાન કહેતા હતા કે મારો મિત્ર ધનવાન છે તો આ તેનો મિત્ર હોવો જોઇએ.

ખેડૂતે પૂછયું કે ભાઈ! તમે કોણ છો? ત્યારે કહે તમારે ત્યાં રાત્રે કોઇ ગરીબ માણસ આવ્યો હતો? ખેડૂત કહે હા. તો હું તેનો મિત્ર છું. મને તેમણે મોકલ્યો છે. હવે તમારા બાળકનું નામ પાડો. ખેડૂત કહે છે મારે ઘેર રાત્રે જે મહેમાન આવ્યા હતા તેમણે મને વચન આપ્યું છે એટલે તેમના આવ્યા વગર હું નામ નહિ પાડું. છેવટે રાજા સત્ય હકીકત કહી દે છે કે હું જ તમારી ઝુંપડીમાં રાત્રે વિશ્રામ કરવા રોકાયો હતો. તે જ તમારો અતિથિ છું. તે બીજો કોઈ નહિ પણ ગામનો રાજા છું. હું તમારા અતિથિ સત્કારથી પ્રસન્ન થયો છું. અને મારું વચન પાળવા માટે આવી ગયો છું. હવે આજથી તમારો પુત્ર મારા રાજ્યમાં મારી દેખરેખ નીચે રહેશે. ખેડૂત બધી વાત સમજી ગયો. તેના આનંદનો પાર ન રહ્યો. બાળકને રાજા પોતાને ઘેર લઇ ગયો. અને પોતાના પુત્રની જેમ તેનું પાલન કર્યું. ને ખેડૂતને રહેવા માટે ઝુંપડીના સ્થાને મોટો સુંદર મહેલ બંધાવી આપી તેમાં બધી જાતની સગવડતા કરાવી આપી. ખેડૂત આનંદપૂર્વક રહેવા લાગ્યો. તે મનમાં વિચાર કરવા લાગ્યો કે એક નાની એવી સેવાના બદલામાં રાજાએ મને કેટલો મોટો માણસ બનાવી દીધો! દુનિયામાં મોટાઇની કિંમત નથી પણ સદ્ગુણની કિંમત છે.

એક ગરીબ ખેડૂતે રાજાનો સત્કાર કર્યો. તેમની સેવા કરી તો તેના ફળ રૂપે તે કેવો મહાન બની ગયો? તે રીતે દરેક મનુષ્યો ભગવાનની આજ્ઞા શિરોમાન્ય કરે તો

તે ભવિષ્યમાં કેવો મહાન લાભ પ્રાપ્ત કરે છે! આપણે સાધુની વાત ચાલતી હતી કે જે સાધુઓ મસ્તક મુંડાવીને લાંબા કાળ સુધી ચારિત્રનું પાલન કરે છે પણ તપ અને ચારિત્રના નિયમોથી ભ્રષ્ટ થયા છે તેઓ પોતાના આત્માનું અહિત કરે છે અને સંસારનો પાર પામી શકતો નથી. હજુ પણ સાધુએ કેવું ચારિત્ર પાળવું જોઈએ તે વાત અનાથી મુનિ શ્રેણીક રાજાને કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં.-૯૬

**કારતક સુદ ૩ ને ગુરૂવાર** **તા. ૬-૧૧-૭૫**

પરમ કૃપાળુ પરમાત્મા જિનેશ્વર ભગવંતે જગતના જીવોને હિતકર, શ્રેયકર ઉપદેશ આપેલ છે. એ હિતકર અને શ્રેયકર જો કોઈ માર્ગ હોય તો તે ત્યાગ માર્ગ છે. ત્યાગ માર્ગ જેવો બીજો કોઈ ઉત્તમ માર્ગ નથી. અત્યારે તમારી પાસે ખૂબ સંપત્તિ છે. તેના પ્રતાપે સંસારના ઇચ્છિત સુખો ભોગવી શકો છો. તેનાથી આગળ વધીને ત્રણ ખંડનો અધિપતિ વાસુદેવ મહાન સુખ ભોગવે છે. તેનાથી આગળ વધીને જોઈએ તો છ ખંડનો સ્વામી ચક્રવર્તિ મહાન સુખો ભોગવે છે. તેનાથી પણ આગળ વિચાર કરો. શ્રીમંત સેનાપતિ, વાસુદેવ અને ચક્રવર્તિના સુખને પણ વટાવી જાય તેવું સુખ દેવલોકના દેવો અને ઇન્દ્રો ભોગવે છે. દેવના સુખ આગળ ચક્રવર્તિનું સુખ તો તણખલા જેટલું પણ નથી. આવું સુખ હોવા છતાં જ્ઞાની તો કહે છે કે ત્યાગમાં જે સુખ છે તે સુખનો એક અંશ ભોગના સુખમાં નથી. સુખના બે પ્રકાર છે. એક આત્મિક સુખ અને બીજું ભૌતિક સુખ. જે આત્મા ભૌતિક સુખમાં ભાન ભૂલેલો છે તેને આત્મિક સુખનો વિચાર આવવો પણ મુશ્કેલ છે. જો તેને એટલો પણ એક વખત વિચાર આવે કે હે ભગવાન! આત્મિક સુખ કેવું હશે? તો પણ તે આત્મા એક દિવસ આત્મિક સુખનો સાધક બની શકશે અને અવશ્ય એક દિવસ એવું સુખ પામી શકશે.

જે ભૌતિક સુખને સાચું માને ને આત્મિક સુખને તુચ્છ માને તે મોટી ભૂલ કરે છે. કારણ કે આત્મિક સુખ એ શાશ્વત સુખ છે ને ભૌતિક સુખ તે ક્ષણિક છે. માની લો કે તમે જે જગ્યાએ બેઠા છો ત્યાં છાયા છે ને થોડી વાર પછી ત્યાં તડકો આવતો હોય તો તે છાયા એ સાચી છાયા નથી. તેમ જે સુખની પાછળ દુઃખ આવતું હોય તે સુખ સાચું કહેવાય? શાશ્વત સુખ કહેવાય? ના ન કહેવાય. જેમાં સાચું સુખ નથી તેમાં સાચું સુખ માનીને આ જીવે પરિભ્રમણ કરવામાં બાકી રાખ્યું નથી. અનંત કાળથી પરિભ્રમણ કરતાં જીવે એવું એક પણ સ્થાન, એક પણ કુળ, એક પણ યોનિ કે એક પણ આકાશ પ્રદેશ બાકી રાખ્યો નથી કે જ્યાં જીવે સ્પર્શના ન કરી હોય! છતાં

હજુ સાચું સુખ પામી શકયો નથી. સાચું સુખ પ્રાપ્ત કરવા માટે પ્રબળ પુરૂષાર્થ કરવો પડશે. જ્યાં સુધી શરીરમાં તાકાત છે, બધી ઈન્દ્રિયો કામ કરે છે ત્યાં સુધી આત્માની સાધના સાધી શકાય છે. અમારા ભાઈઓ વહેપારમાં તેજી હોય ત્યારે ખૂબ પરિશ્રમ કરીને નાણાં કમાઇ લે છે. તેમ જ્યારે તમારા અંતરમાં શુભ ભાવનાની ભરતી આવે ત્યારે તમે આત્માની કમાણી કરી લેજો.

બંધુઓ! એક વખતના શ્રેણીક રાજા કેવા મિથ્યાત્વી હતા! પણ અનાથી મુનિના સમાગમથી શ્રેણીક રાજા સમકિત પામ્યા. ત્યાર પછી તેમના જીવનમાં ધર્મભાવનાની કેટલી બધી ભરતી આવી કે તે ભગવાન મહાવીર સ્વામીના પરમ ભક્ત બની ગયા. એક વખત ભગવાન મહાવીર રાજગૃહી નગરીમાં પધાર્યા ત્યારે શ્રેણીક રાજા પ્રભુના દર્શને જવા માટે તૈયાર થયા. તેમણે પોતાના અંતેઉરમાં પણ સમાચાર મોકલી દીધા કે હું ભગવાન મહાવીરના દર્શન કરવા માટે જાઉં છું જેને આવવું હોય તે તૈયાર થઇ જજો. રાણીઓ, દાસ-દાસી તેમજ પોતાના પુત્ર, પુત્રીઓ બધાને વાહનની સગવડતા આપીને પ્રભુના દર્શન કરવા અને વાણી સાંભળવા માટે લઇ ગયા. તમે આવી રીતે બધાને સંત સતીજીના દર્શન કરવા લઈ જતા હશો ને? શ્રેણીક રાજાનો પરિવાર કેટલો મોટો? ને તમારો પરિવાર કેટલો છે? પોતાના સંતાનો અને નોકર ચાકરોને પણ સંતદર્શન અને વ્યાખ્યાન વાણી સાંભળવાનો લાભ જો જીવનમાં અવારનવાર મળતો રહે તો તેના જીવનમાં પણ સંસ્કાર પડે છે. અને તે સંસ્કારનું સિંચન થતાં ભવિષ્યમાં તેમના જીવનમાં ધર્મનું વૃક્ષ ફાલે છે.

શ્રેણીક રાજાની નંદા રાણી ખૂબ ધર્મની સંસ્કારી હતી. તે વણિક પુત્રી હતી. ને શ્રેણીક રાજા નંદાને પ્રથમ પરણ્યા હતા. નંદા આદિ બધી રાણીઓ ભગવાનની વાણી સાંભળવા માટે ગયા. ભગવાનની વાણી સાંભળીને વૈરાગ્યનો રંગ લાગ્યો. નંદારાણીએ વિચાર કર્યો કે હવે તો મહારાજા ભગવાનના પરમ ભક્ત બની ગયા છે. તેથી તે મને જરૂર દીક્ષાની આજ્ઞા આપશે. મને ના નહિ પાડે. એટલે નંદારાણી શ્રેણીક રાજા પાસે દીક્ષાની આજ્ઞા માંગવા તૈયાર થાય છે. ને અભયકુમારને વાત કરે છે હે અભય! આ સંસાર અસાર છે. મેં આ સંસારની અસારતાનો અનુભવ કરી લીધો છે. આ સંસારનો રંગ સમયે સમયે બદલાયા કરે છે. બદલાય તેનું નામ સંસાર. જેના રંગ બદલાય તેની સાથે તેના પ્રવાહમાં તણાઇ જવું, જિંદગી વેડફી નાંખવી તે વિવેકી મનુષ્યનું કામ નથી. વિવેકવાન માણસ એમ વિચાર કરે કે આત્મસાધના સાધવા માટેનો આવો અમૂલ્ય અવસર ફરી ફરીને મળવાનો નથી. નંદારાણીના જીવનમાં ખૂબ વિવેક હતો. તે કહે છે બેટા અભય! મારે માટે આ સુંદર અવસર છે. બાજી હાથમાં છે. જો તારા પિતા આજ્ઞા આપે તો હું દીક્ષા લેવા તૈયાર છું. ત્યારે અભયકુમાર કહે છે માતા! મને

પણ આ સંસાર પ્રત્યે નફરત આવી ગઈ છે. હું પણ સંયમ લેવા તૈયાર છું. માતા અને પુત્ર બંને સંયમ લેવા તૈયાર થયા. તેઓ શ્રેણીક રાજા પાસે આવીને આજ્ઞા માંગે છે. રાજાએ નંદાને રાજીખુશીથી રજા આપી. પણ અભયકુમારને કહે છે તને હમણાં આજ્ઞા નહિ આપું. જ્યાં સુધી મારા રાજ્યનું કામ સંભાળનાર સારો માણસ નહિ મળે ત્યાં સુધી આજ્ઞા નહિ આપું. ત્યારે અભયકુમાર કહે છે પિતાજી! હલ અને વિહલ બે પુત્રો તો તૈયાર થઈ ગયા છે. અને પ્રજામાંથી કોઈને ચૂંટીને મંત્રીપદ આપો. અને મને મુક્ત કરો. પણ શ્રેણીકે અભયને આજ્ઞા ન આપી અને નંદાને આજ્ઞા આપી. તેથી નંદારાણીએ દીક્ષા લીધી. એની દીક્ષા પછી રાજાના દિલમાં સંયમ પ્રત્યેનું બહુમાન વધવા લાગ્યું. અને જે આત્મા સંયમ લેવા તૈયાર થાય તે એમને હૈયાના હાર જેવો વહાલો લાગે. ને તેને માટે જે સગવડ જોઈએ તે તરત આપી દેતા. શ્રેણીક રાજાએ ઘણાં આત્માઓને તન, મન અને ધનથી દીક્ષા લેવામાં સહકાર આપ્યો છે. સંખ્યાબંધ દીક્ષા મહોત્સવો ઉજવ્યા છે એટલું નહિ પણ ધર્મ-દલાલી ખૂબ કરી છે. રાજા શ્રેણીક અને કૃષ્ણ વાસુદેવ એ બંનેએ ધર્મદલાલી ઘણી કરી છે.

બંધુઓ! આવી દલાલી કોણ કરી શકે? જેને ધર્મ પ્રત્યે રાગ અને શ્રદ્ધા હોય તે કરી શકે છે. આજે દલાલ ઘણા છે. કોઈ ઝવેરાતના, કોઈ કાપડના તો કોઈ કરિયાણાના દલાલ હશે. અરે! કન્યા અને મુરતીયાની સગાઈ કરાવનારા પણ દલાલ છે. (હસાહસ) કેમ બરાબર છે ને? જ્ઞાની કહે છે કે સંસારની દલાલી તે કોલસાની દલાલી છે ને પાપનું બંધન છે. પણ ધર્મની દલાલી તે હીરાની દલાલી છે ને કર્મની નિર્જરા છે.

ધર્મની દલાલી કરનાર શ્રેણીક રાજાએ પોતાની નગરીમાં જાહેરાત કરાવી કે જેને દીક્ષા લેવી હોય તે દીક્ષા લો. તે દીક્ષા લેનારને જે પ્રતિકૂળતા હશે તેને દૂર કરવા માટે હું મારાથી બનતા બધા પ્રયત્ન કરીશ. માટે જેને ભાવ થાય તે પ્રભુ મહાવીરના ચરણમાં જીવનનૈયા ઝુકાવી દો. સંયમભાવને રોકીને ભવ વધારશો નહિ. જે સંયમ લે તેને મારા અંતરના આશીર્વાદ છે. આ ઢંઢેરો ફક્ત બહાર નહિ પણ પોતાના ઘર સહિત હતો. દરેકને છુટ આપી. આથી શ્રેણીક રાજાની ૨૩ રાણીઓએ દીક્ષા લીધી. તમે સાધુ વંદણામાં શું બોલો છો?

**શ્રેણીકની રાણી કાલીયાદિક દશ જાણુ, દશે પુત્ર વિયોગે સાંભળી વીરની વાણુ,**
**ચંદનબાળા પે સંયમ લઈ હુવા જાણુ, તપ કરી દેહ ઝોંશી પહોંચ્યા છે નિર્વાણ,**
**નંદાદિક તેરે શ્રેણીક નૃપની નાર, સઘળી ચંદનબાળા પે લીધો સંયમ ભાર,**
**એક માસ સંથારે પહોંચ્યા મુક્તિ મોઝાર, એ નેવું જણાનો અંતગડમાં અધિકાર.**

આ રીતે શ્રેણીક રાજાની ત્રેવીસ રાણીઓ ચંદનબાળા મહાસતીજી પાસે દીક્ષા

લઈને આત્મકલ્યાણ કરી ગઇ છે. જ્યાં સુધી રાજા શ્રેણીક પોતે ધર્મ પામ્યા ન હતા ત્યાં સુધી જૈન ધર્મના અવગુણ બોલવામાં બાકી રાખ્યું ન હતું. પણ સમજ્યા ત્યારે ભાવના કેવી પવિત્ર બની ગઇ! કે કોઇના દીકરા કે પોતાના દીકરા દીક્ષા લેવા નીકળે ત્યારે તેમનું મસ્તક તેમના ચરણમાં ઝૂકી પડતું હતું. ધન્ય છે! ભરયુવાની હોવા છતાં દીક્ષા લેશે અને હું આટલી મોટી ઉંમરનો થયો છતાં હજુ સંસાર છોડી શકતો નથી. તે ભગવાન પાસે જાય ને વૈરાગીને દીક્ષા લેતા દેખે ત્યારે તેમને ત્યાગના ભાવ આવી જતા પણ લઇ શકતા નહિ. તેનો ખૂબ અફસોસ થતો હતો,

હવે ચાલુ અધિકાર-શ્રેણીક સમ્રાટને અનાથી નિર્ગ્રંથ કહે છે કે હે રાજન્! જે સાધુ સંયમ લઇને વેશ પ્રમાણે તેને વફાદાર રહેતો નથી, મહાવ્રતમાં અસ્થિર બને છે, અને તપ-નિયમથી ભ્રષ્ટ થઇ જાય છે તે ચારિત્ર લઇને લાંબા કાળ સુધી કષ્ટો સહન કરે પણ તેનું કલ્યાણ થતું નથી. અનાથી મુનિ આગળ કહે છે કે:-

**पोल्लेव मुट्ठी जह से असारे, अयन्तिए कूड कहावणे वा।**
**राढामणी वेरुलियप्पगासे, अमहग्घए होई हु जाणवेसु ॥**

ઉત્ત. સૂ. અ. ૨૦, ગાથા ૪૨

જેમ કોઇ માતા પોતાના બાળકને રાજી કરવા માટે ખાલી મૂઠી વાળીને બતાવે છે. ત્યારે અજ્ઞાન બાળક સમજે છે કે મારી માતાની મૂઠીમાં કંઇક હશે એટલે લાલચથી દોડતો જાય છે. પણ માતાની મૂઠી ખાલી દેખે છે. ત્યારે નિરાશ થઇ જાય છે. તેમ કોઇ માણસ ખાલી મૂઠી બંધ કરીને બીજાને બતાવે તો જોનાર એમ સમજશે કે એ મૂઠીમાં જરૂર કંઇક હશે. પણ જેણે મૂઠી ખાલી બંધ કરી છે તે તો સારી રીતે જાણે છે કે મારી મૂઠી ખાલી છે. આમ જાણવા છતાં પણ તે બીજાને ઠગવા માટે જાણી જોઇને ખાલી મૂઠી બંધ કરે છે. તેમ હે રાજન્ જેવી રીતે ખાલી મૂઠી બંધ કરીને બીજાને ઠગવા એ જેમ ધૂતારાનું કામ છે તેવી રીતે બાહ્ય વેશ પહેરીને વ્રત નિયમોનું પાલન ન કરવું અને બહારથી સાધુ તરીકે પૂજાવું તે ધૂતારાનું કામ છે. સાચો માણસ કદાપિ ખાલી મૂઠી બંધ કરીને કોઈને ઠગતો નથી અને સ્પષ્ટ કહી દે છે કે મારી મૂઠીમાં કાંઇ નથી. આ પ્રમાણે જે સાધુપણાનું યથાર્થ પાલન ન કરી શકે છતાં જો ઢોંગી નહિ હોય તો સ્પષ્ટ કહી દેશે કે ભગવાને જે રીતે કહ્યું છે તે રીતે મારાથી પાલન થતું નથી. આ પોલી મૂઠીનું ઉદાહરણ આપ્યું. હવે બીજું ખોટા સિક્કાનું ઉદાહરણ આપે છે.

ખોટા સિક્કાનો કોઈ પોતાની પાસે સંગ્રહ કરતું નથી. ખોટો સિક્કો જ્યાં જાય છે ત્યાંથી પાછો આવે છે. અને જે કોઈ ખોટા સિક્કાનું પ્રચલન કરે તે સરકારનો અપરાધી પણ બને છે. જે સિક્કા ઉપર ચાંદીનો ગિલેટ ચઢાવવામાં આવે છે ને અંદર તાંબુ કે પિત્તળ છે. એવા ખોટા સિક્કાનો બુદ્ધિમાન લોકો સંગ્રહ કરતા નથી. આજે

આ સંસારમાં જેની પાસે વધારે સિક્કા હોય છે તેને મોટો માણસ માનવામાં આવે છે. પણ જો તે સિક્કાઓ સાચા હોય તો તે ધનવાન છે. બાકી તો કહેવા પૂરતો ધનવાન છે. આ પ્રમાણે જે વ્રત-નિયમોમાં તો અસ્થિર છે પણ ઉપરથી સાચા સાધુ બનીને ફરે છે તે ખોટા સિક્કા સમાન છે. તેમની કોઈ કદર કરતું નથી. હવે અનાથી મુનિ ત્રીજું ઉદાહરણ આપે છે. તેમાં કહે છે કે કાચનો ટુકડો ગમે તેટલો ચમકતો હોય અને સાચા હીરા જેવો દેખાતો હોય છતાં તે સાચો હીરો નથી. તેની કિંમત હીરાની જેમ અંકાતી નથી.

આજે દુનિયામાં અસલી હીરા કરતાં નકલી હીરા વધુ ચમકતા દેખાય છે. પણ તેની કિંમત સાચા હીરા આગળ કંઈ નથી. તે રીતે જ્ઞાનીઓ કહે છે કે સાચા સાધુ કરતાં ઉપરનો ડોળ બતાવનાર સાધુઓ અમે મોટા ચારિત્રવાન છીએ, મોટા જ્ઞાની છીએ તેમ જગતને બતાવે છે પણ જે સાચા આત્મજ્ઞાની છે તે બાહ્ય દેખાવ કરતા નથી પણ તેનું આચરણ કરીને બતાવે છે. એક બ્રાહ્મણે ખૂબ જ્ઞાન મેળવ્યું. એના મનમાં જ્ઞાનનો ખૂબ ઘમંડ આવ્યો, અહં લઈને ફરવા લાગ્યો કે હું કંઈક છું. જેમ ધન મળે તો પચાવવું મુશ્કેલ છે, તેમ કંઈક જીવોને જ્ઞાન પચ્યું ના હોય તો પોતાના વખાણ કરવા લાગી જાય. જ્ઞાન અને ચારિત્ર ગુપ્ત ખજાનો છે. તમારે ઘેર કોઈ સગાવહાલા આવે તો તમે તેને તમારું ઘર બતાવો છો કે આ મારો ડ્રોઈંગ રૂમ, આ મારો સ્ટોર રૂમ, આ બેડરૂમ, આ બાથરૂમ, સંડાસ આ બધું બતાવો પણ તમારી મિલ્કત કેટલી છે તે બતાવો છો ખરા? મિલ્કત ખાનગી રાખો છો ને? તેમ જ્ઞાનનો અને ચારિત્રનો ખજાનો પણ ગુપ્ત રાખવો જોઈએ. એટલે પોતાની મેળે પોતાના ગુણ ના ગાવા. અભિમાન ના આવવા દેવું. જ્ઞાન અને ચારિત્ર બહારની વસ્તુ નથી પણ આત્માની વસ્તુ છે.

પેલો બ્રાહ્મણ ખૂબ ગર્વિષ્ઠ બનીને ફરવા લાગ્યો. તેના જ્ઞાનના બળથી લોકોને ઉતારી પાડવા લાગ્યો. ત્યારે કોઈએ કહ્યું કે તું તારા જ્ઞાનનો ગર્વ લઈને ફરે છે. પણ જનકવિદેહી પાસે તું તણખલા જેવો પણ નથી. ત્યારે બ્રાહ્મણ કહે છે કે જનકવિદેહી વળી કોણ છે? જેનું નામ વિદેહી છે તેવા તે દેહમાં વસવા છતાં તેનાથી નિરાળા રહેનારા છે. દેહ તે હું નહિ ને હું તે દેહ નહિ. દેહ અને આત્માનું જેને ભેદજ્ઞાન થયું છે તે સાચો વિદેહી છે. જેવું તેમનું નામ તેવા તેમના ગુણ છે. પેલો ઘમંડી બ્રાહ્મણ ફરતો ફરતો જનકવિદેહી પાસે આવ્યો અને તેમના મહેલમાં દાખલ થયો. ત્યાં તેણે શું જોયું? જનકવિદેહી છત્રપલંગમાં પોઢેલા છે. તેમની રાણી એક હાથે જનકવિદેહીને પંપાળે છે ને બીજા હાથમાં ફૂલની માળા લઈને જનકવિદેહીને પહેરાવે છે. આ જોઈને જ્ઞાનના ઘમંડથી ભરેલો બ્રાહ્મણ વિચાર કરવા લાગ્યો કે અહો! મેં તો સાંભળ્યું હતું કે જનકવિદેહી ખૂબ તત્ત્વજ્ઞાનથી ભરેલા છે. પણ એના રોમે રોમે રાણી

પ્રત્યેનો કેટલો બધો રાગ ભર્યો છે. કેવા મોહના નાટક કરે છે. શું આને કંઇ જ્ઞાની કહેવાય? રાણીએ જનકવિદેહીના કંઠમાં પુષ્પનો હાર પહેરાવ્યો.

બીજી તરફ જનકવિદેહી પણ રાણીના માથે એક હાથ મૂકે છે ને બીજા હાથમાં સળગતા અંગારા લે છે. રાણીના માથે હાથ મૂકયો ત્યારે બ્રાહ્મણને થયું કે એના મોહનો પાર નથી. પણ બીજા હાથમાં અંગારા મૂકયા છે. છતાં સ્હેજે પણ ઉંચા નીચા થતા નથી. આ જોઇને પેલો બ્રાહ્મણ સ્તબ્ધ બની ગયો. અહો! એક તરફ જોઉં છું તો મોહ ભરેલો દેખાય છે ને બીજી તરફ હાથમાં લાલચોળ અંગારા મૂકયા છે. હાથ બળી જાય છે છતાં ચૂં બોલતા નથી. એમણે કેટલો દેહનો રાગ જીત્યો હશે! અને મને તો પગ નીચે સ્હેજ અંગારો આવી જાય તો શડ પાડું છું. આ દૃશ્ય જોઇને આવેલા બ્રાહ્મણનો ગર્વ ગળી ગયો ને જનકવિદેહીના ચરણમાં ઝૂકી પડયો ને કહ્યું કે હું જ્ઞાનનો ઘમંડ લઇને ફરતો હતો. મને હતું કે મારા જેવો કોઇ દુનિયામાં જ્ઞાની નથી. પણ મારું જ્ઞાન બાહ્ય દેખાવ પૂરતું છે. ને તમારું જ્ઞાન આત્મસ્પર્શી જ્ઞાન છે.

અનાથી મુનિ કહે છે કે જે સાચો ઝવેરી છે તેની પાસે કાચના ટુકડાની કંઇ કિંમત નથી. અજ્ઞાની માણસ કાચના ટુકડાને હીરો માનીને સંગ્રહ કરે છે. પણ ઝવેરી તો તેને હાથમાં પણ પકડતો નથી, ને ફગાવી દે છે. આ રીતે અનાથી મુનિ ત્રણ ઉદાહરણો આપીને સમજાવે છે કે જેમ ખાલી મૂઠી, ખોટો સિક્કો અને કાચનો ટુકડો અસાર છે તે પ્રમાણે સંયમના નિયમોનું બરાબર પાલન કર્યા વિનાનો સાધુવેશ અને બહારની ક્રિયા પણ અસાર છે. જે બહારથી સાધુપણું બતાવે છે ને અંદરમાં સાધુપણાનો આચાર નથી તે પણ અસાર છે. આ રીતે અનાથી મુનિ કહે છે અનાથતાનું ભાન થયા પછી સનાથતાનું જ્ઞાન થવું સરળ છે. જેમ કે ખોટા રત્નને ઓળખ્યા પછી સાચા રત્નની પરીક્ષા કરવી સરળ છે. જેને સાચી સનાથતાનું ભાન થાય છે તે કદી ચારિત્રમાંથી ચ્યુત થતા નથી. પણ જે ચારિત્રથી પડવાઇ થવાની અણી ઉપર હોય તેને પણ પોતાના ઉત્તમ ચારિત્રના પ્રભાવથી ચારિત્રમાં સ્થિર કરે છે ને સાચા સનાથ બનાવે છે. હજુ આ બાબતમાં આગળ શું વર્ણન કરશે તેના ભાવ અવસરે.

**ચરિત્ર : "પવનજી અને સતી અંજનાનું મિલન થયા બાદ કહેલી વીતક કહાણી :"–**

પવનજી અને અંજનાનું મિલન થયું. તેમના વિયોગના દુ:ખના વસમા દિવસો પસાર થઇ ગયા. પણ હવે પવનજીના મનમાં જાણવાની અધીરાઇ આવી ગઇ છે કે અંજનાએ વનમાં કેવી રીતે દુ:ખો વેઠયા હશે? પવનજી અને અંજના એકબીજાના સામું જોઇ રહ્યા છે. ત્યાં વસંતમાલા આવી પહોંચી.

**વસંતમાલા રે પાયે નમી, ઉંડલે ઘાલી લહી હૈયા મોઝાર તો,**
**કહે બાઇ તમે દુ:ખ કેમ સહ્યા, કેમ કરી સહ્યો મારી માયનો માર તો,**

**કેમ કરી વનફળ વીણીયાં, કેમ કરી પર્વત રહ્યા નિરાધાર તો,**
**અંજનાએ કેમ પુત્ર જનમીયો, કેમ કરી દુઃખભરી નિરગમ્યો કાલ તો...સતી રે**

વસંતમાલા આવીને પવનજીના ચરણમાં પડી ગઈ. પવનજીને જોતાં તેની આંખમાં હર્ષના આંસુ આવી ગયા. પવનજીને વસંતમાલા પ્રત્યે પણ ખૂબ પ્રેમ હતો. કારણ કે અંજનાના સુખ અને દુઃખમાં એણેજ સહકાર આપ્યો છે. ને અંજનાનું રક્ષણ કર્યું છે. પવનજી કહે હે વસંતમાલા! મારા યુધ્ધે ગયા પછી તમારા માથે કષ્ટ પડવામાં બાકી ન રહ્યું. તમે એ દુઃખો કેવી રીતે સહન કર્યા? મારા ગયા પછી અંજના ગર્ભવંતી થયાની મારી માતાને જાણકારી થઇ ત્યારે તે અંજના ઉપર કોપાયમાન થઇને ગમે તેવા શબ્દો કહેવા લાગી. ત્યારે તેં કહ્યું કે બા! પવનજી ચોકકસ આવ્યા હતા. તમે સતીને ગમે તેવા શબ્દો ન કહેશો. અને નિશાનો બતાવ્યા ત્યારે મારી માતાએ તને બાંધીને માર માર્યો ને કલંક ચઢાવીને તમને બંનેને કાઢી મૂકયા. પછી તમે અંજનાના પિયર આવ્યા. ત્યાં પણ માતા-પિતા, ભાઇ કે ભાભીએ તમારા સામું ન જોયું, પીવા પાણી પણ ના આપ્યું. ને ત્યાંથી તમે વગડામાં ચાલ્યા ગયા. ભયંકર વગડામાં વાઘ-સિંહની ગર્જનાઓ થતી હશે, ઝેરી સર્પના રાફડા હશે, એવા નિર્જન વનમાં અંજના તો ગર્ભવંતી અને તું બંને સ્ત્રી જાતિ કેવી રીતે રહ્યા? વનમાં તમારી ખબર લેનાર કોણ? ભૂખ્યા-તરસ્યાની સંભાળ લેનાર કોઇ સ્વજન ન હતું. રાજકુમારી અને રાજકુમારની પુત્રવધૂ એવી અંજના કદી ખુલ્લા પગે ચાલી ન હતી. ભૂખ તરસ વેઠી ન હતી અને ત્યાં કેવી ભૂખ-તરસ વેઠવી પડી હશે! વનફળ કેવી રીતે લાવ્યા ને શું ખાધું? અને જંગલમાં અંજનાએ પુત્રને જન્મ આપ્યો. એ પ્રસૂતિના સમયે કોઈ હાજર ન હતું. તું અબળા જાતિ કેવી રીતે ધીરજ ધારી શકી? તમારા દુઃખની કલ્પના કરતાં મારું કાળજું કંપી જાય છે.

હે અંજના! તને દુઃખી કરનારો હું પાપી છું. હું યુધ્ધે જવા માટે નીકળ્યો ત્યારે તું મને શુકન દેવા આવી ત્યારે મેં તને લાત મારીને ઉઘાડી કરી અને બધાને જાણ થઈ ગઇ કે અંજના અને પવનજીને અણબનાવ છે. વળી અધવચથી મારું મન પલટાતાં તારી પાસે આવ્યો ને તું ગર્ભવંતી બની. તેં મને ઘણું કહ્યું કે માતા-પિતાને મળીને જાવ ત્યારે પણ હું તેમને મળ્યા વિના ચાલ્યો ગયો ત્યારે તારા માથે આવા દુઃખ આવી પડયા ને? તે દુઃખો તમે કેવી રીતે વેઠયા? તે તું મને કહે. અંજના તો રમાળ છે તેથી તે ન બોલી. પણ વસંતમાલા કહે છે એ દુઃખો વેઠયા ને એ સમય ચાલ્યો ગયો. હવે એને યાદ કરવાની શી જરૂર? ત્યારે પવનજી કહે ના. તું મને કહે. ત્યારે વસંતમાલા કહે છેઃ

**જ્યારે સ્વામી તમે સૈન્યે ગયા ત્યારે સાસરે પીયરે અમને દીધો છેહ તો**
**ત્યાં ઉઠી અમે વન ગયા, વનફળ વાપરી રાખ્યો દેહ તો.**
**વનમાંહે મુનીવર ભેટયા, દેવતાએ કીધી છે. અમ તણી સાર તો**
**રાત્રી દિવસ ધર્મ ધ્યાવતાં, અંજના ગુણ તણો નવિ લહુ પાર તો–સતી રે...**

હે પવનજી! તમે સૈન્ય લઈને યુદ્ધમાં ગયા પછી અંજના ગર્ભવંતી થયાના ખબર પડયા પછી કેતુમતી માતાએ અમને ભૂંડે હાલે કાઢી મૂકયા. સાસુ તો વિફરી પણ ભેગી માતા પણ વિફરી બંને ઠેકાણેથી અમારો તિરસ્કાર થયો. ભૂખ્યાં ને તરસ્યા લથડતા પગે અમે બંને વનમાં ગયા. ત્યાં વનફળ મળે તે ખાઈને દિવસો પસાર કરતા આગળ ચાલ્યા જતા હતાં. અમારા માથે દુઃખનું કાળું વાદળ ઘેરાઈ ગયું હતું. એવા ભયંકર દુઃખમાં પણ અમારા પુણ્યનો ઉદય કે વનમાં મહાન જ્ઞાની સંતનો ભેટો થયો. તેમના દર્શન કર્યા. તેમને અમે પૃચ્છા કરી કે અંજનાજીને આવા દુઃખ કેમ પડયા? મુનિએ અમને તે વાત સમજાવી અને પછી તેઓ ચાલ્યા ગયા. પછી મોટો સિંહ આવ્યો. તેના પંજામાંથી બચવા અમે પ્રભુને પ્રાર્થના કરી. મારી બહેનના શીયળ વ્રતના પ્રભાવે શાસનના દેવોએ અમારી અરજી સાંભળી. અને તે વનનો રક્ષક દેવ પ્રગટ થયો. અને અમને જંગલમાં રહેવા માટે નાનો બંગલો બનાવી દીધો. તે દેવ અમારી સંભાળ રાખતો હતો. જેથી અમને કોઈ જંગલી પ્રાણી હેરાન કરી શકે નહિ. વનફળ ખાઈને અમે દિવસો કાઢતાં હતાં. ત્યાં અંજનાએ આ હનુમાનકુમારને જન્મ આપ્યો. ત્યાર બાદ અમને જંગલમાં મામાનો મેળાપ થયો, ને અહીં આવ્યા.

બધી વાત વસંતમાલાએ વિસ્તારથી પવનજીને કહી. આ સાંભળતાં પવનજીની આંખમાં દડ દડ આંસુ પડી ગયા ને અંજનાના ચરણમાં પડીને કહે છે હે અંજના! આ પાપીને તું માફ કર. મારા પાપનું ફળ ભોગવવા મારે તો નરકમાં જવું પડશે. અંજના કહે–સ્વામીનાથ! તમારો શું દોષ છે? મારા કર્મનો દોષ છે. હું તો આપની દાસી છું. મારે આપની માફી માંગવી જોઈએ. વસંતમાલા કહે છે મારી સખીને તો ક્રોડોવાર ધન્યવાદ છે. તેના જેટલા ગુણ ગાઉં તેટલા ઓછા છે. કારણ કે તેના માથે દુઃખની ઝડીઓ પડી તો પણ તેણે કદી સાસુ-સસરા કે માતા-પિતાને દોષ આપ્યો નથી. એના મનમાં પણ વિકલ્પ નથી આવ્યો કે અરેરે....હે માતા-પિતા! તમે પણ મને કાઢી મૂકી! બસ, એણે તો પોતાના કર્મનો દોષ ગણ્યો છે. આવા દુઃખમાં પણ કદી સામાયિક-પ્રતિક્રમણ કરવાનું ભૂલી નથી. આ રીતે બધી વાત પવનજીને કહી હવે વસંતમાલા કહે છે આપ યુદ્ધમાં ગયા ત્યાં વરૂણ રાજા ઉપર કેવી રીતે વિજય મેળવ્યો! ને યુદ્ધમાં કેવા કષ્ટો સહન કરવા પડયા તે અમને કહો, પવનજી કહે છે મને તો કંઈ કષ્ટ પડયું નથી. કષ્ટ તો તમને પડયું છે. પણ અંજના અને વસંતમાલા કહે અમારે જાણવું છે. એટલે પવનજી પોતાની વાત કરશે તેના ભાવ અવસરે કહેવાશે.

## વ્યાખ્યાન નં. ૯૭

**કારતક સુદ ૪ ને શુક્રવાર** **તા. ૭-૧૧-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો !

અનંત કરૂણાનિધી, શાસનપતિ, વીર ભગવંતો પોતાનું કલ્યાણ સાધી ગયા અને બધા જીવોનું કલ્યાણ કેમ થાય, બધા જીવો શાશ્વત સુખ કેમ પ્રાપ્ત કરે એવી કરૂણાભરી દૃષ્ટિથી સિદ્ધાંતની વાણી રજુ કરી. આત્માના શાશ્વત સુખનો માર્ગ બતાવનાર ભગવંતનો આપણા ઉપર મહાન ઉપકાર છે. ભગવંતના મુખમાંથી જે વાણી નીકળી તેને ગણધર ભગવંતોએ ઝીલીને તેનું સંકલન કર્યું છે. એટલે જેટલો સર્વજ્ઞ ભગવંતનો આપણા ઉપર ઉપકાર છે. તેટલો ગણધર ભગવંતો અને આચાર્ય ભગવંતોનો આપણા ઉપર ઉપકાર છે. કારણ કે ગણધરો પાસેથી પરંપરાગત સિદ્ધાંતની વાણી આચાર્યો પાસે આવી. એ ભૂલાવા માંડી ત્યારે આચાર્યોએ તેને લિપિબદ્ધ કરી. જો આગમો લિપિબદ્ધ ન થયા હોત તો અત્યારે જે મોજુદ છે તે આપણને મળત નહિ.

દુનિયામાં વાણી તો અનેક પ્રકારની છે. બધી વાણી કરતાં જિનવાણી મહાન છે. જિનવાણી ઉપર જેને શ્રદ્ધા થાય તેનો બેડો પાર થાય છે. જેને જિનવચન ઉપર શ્રદ્ધા થાય છે તે એમ માને છે કે જિનેશ્વર ભગવંતની આજ્ઞા એટલે મારો પ્રાણ છે. ભગવંતની આજ્ઞાનું પાલન એ ભવરોગ નાબૂદ કરવાની અકસીર ઔષધિ છે. જેને વીતરાગ વચન ઉપર શ્રદ્ધા નથી તેનું જીવન પ્રાણ વિનાના કલેવર જેવું છે. આ વીતરાગ વાણીનો અમૂલ્ય વારસો મળ્યો છે તેને જવા દેશો નહિ. અમૂલ્ય વારસો મળ્યો પણ ભાગ્યમાં હોય તો ભોગવાય ને? જેમ એક ગરીબ માણસ ચાલ્યો જતો હતો. તેને જોઇને દેવને દયા આવી. એટલે રસ્તામાં દેવે કિંમતી રત્ન મૂક્યું. ત્યારે એ સમયે પેલા ગરીબ માણસના મનમાં થયું કે આંધળો માણસ કેવી રીતે ચાલતો હશે? તેમ વિચારી આંખે પાટો બાંધ્યો. પરિણામે તે રત્ન મેળવી શકયો નહિ. એ રીતે અત્યારના યુગમાં વીતરાગ વાણી મળી અને વીતરાગ વાણી સંભળાવનારા સંતો પણ મળ્યા. છતાં પેલા ગરીબની માફક આજનો માનવી એમ માને છે કે ઘડપણમાં નિરાંતે ધર્મધ્યાન કરીશું. પણ તેને ખબર નથી કે આયુષ્યનો તાર કયારે તૂટશે માટે ધર્મારાધના કરી લઉં. જ્ઞાનીપુરૂષો સાચા સુખનો રસ્તો બતાવે છે પણ અજ્ઞાની જીવો તે રાહે નહિ ચાલતા અવળા રસ્તે ચાલે છે. અહીં એક રૂપક યાદ આવે છે.

એક દિવસ વિષ્ણુ ભગવાન અને લક્ષ્મીજી ફરવા નીકળ્યા. ફરતાં ફરતાં લક્ષ્મીજીની દૃષ્ટિ પૃથ્વી ઉપર પડી. જોયું તો ગંદા ગંધાતા ભૂંડ, ભૂંડણી એનો પરિવાર

આળોટતો જોયો. લક્ષ્મીજીને દયા આવી. અને ભગવાનને વિનવ્યા કે હે પ્રભુ! આ બિચારાના આ ભૂંડા હાલ મારાથી જોવાતા નથી. એમને આ ગંદવાડમાંથી કાઢીને વૈકુંઠમાં લઇ આવો. દેવીની વાત સાંભળીને વિષ્ણુ ભગવાને હસીને કહ્યું - દેવી! તમે એમને વૈકુંઠમાં લઇ જશો તો પણ એ નહિ આવે. લક્ષ્મીજી કહે - પ્રભુ! એવું ન બને. આપ નારદજીને તરત મોકલો અને એ ભૂંડના પરિવારને વૈકુંઠમાં બોલાવી લો.

વિષ્ણુ ભગવાનનો હુકમ થતાં નારદજી પૃથ્વી ઉપર આવ્યા. અને પેલા કાદવમાં આળોટતાં ભૂંડના ટોળા પાસે આવીને કહ્યું કે હે ભૂંડ! તમારા નસીબ ફર્યા. વિષ્ણુ ભગવાને તમને વૈકુંઠમાં લઇ જવા માટે મને મોકલ્યો છે. માટે તમે તમારા પરિવાર સહિત મારી સાથે વૈકુંઠમાં ચાલો. ભૂંડે પૂછયું–ભાઇ! તું કોણ છે? તારો વિષ્ણુ ભગવાન કોણ છે? અને દેવી કોણ છે? ત્યારે નારદે કહ્યું કે હું નારદ છું. વિષ્ણુ ભગવાન મારા પ્રભુ છે, ને લક્ષ્મીદેવી મારી માતા છે. ભૂંડ કહે–વિષ્ણુ ભગવાનનું નામ પણ મેં કદી સાંભળ્યું નથી. આજે જ સાંભળ્યું છે. પણ એ અમને શા માટે બોલાવે છે? ત્યારે નારદે કહ્યું–તને અને તારા પરિવારને આ ગંદવાડમાં આળોટતાં જોઇને લક્ષ્મી દેવીને દયા આવી. અને વિષ્ણુ ભગવાને તમને કુટુંબ સહિત તેડવા મને મોકલ્યો. ત્યારે ભૂંડ કહે–તું ઉભો રહે. મારી ભૂંડણીને પૂછી જોઉં. ભૂંડે ભૂંડણીને પૂછયું કે કોઇ વિષ્ણુ ભગવાન આપણને વૈકુંઠમાં રહેવા માટે બોલાવે છે. બોલ આપણે જવું છે? ભૂંડણીએ કહ્યું–પહેલાં એને પૂછો કે અમે અહીં ખાબોચીયામાં રહીએ છીએ, ઉકરડામાં આળોટીએ છીએ એવો ત્યાં મોટો ઉકરડો છે? અને એવા દુર્ગંધભર્યા ખાબોચીયાં છે? ત્યારે નારદે કહ્યું–ના, ભાઇ, ત્યાં તો આવા ગંધાતા ઉકરડા અને ખાબોચીયાં નથી. ત્યાં તો મઝાનો સુંદર મહેલ છે. ત્યાં ગંદવાડનું નામનિશાન પણ નથી. ત્યારે ફરીને ભૂંડે પૂછયું - તો અમે અહીં ખાઇએ છીએ તેવો ખોરાક ત્યાં મળશે? ના. ભાઇ. ત્યાં એવો ગંદો ખોરાક જોવા પણ ના મળે. ત્યારે ભૂંડ પૂછે છે જો ત્યાં અહીંના જેવું કંઇ મળતું નથી તો પછી ત્યાં છે શું? જા...ભાઈ. તું તારા રસ્તે ચાલ્યો જા ને તારા વિષ્ણુ ભગવાનને કહેજે કે અમે અહીં મોજ કરીએ છીએ. અમારે તારા વૈકુંઠમાં આવવું નથી. એમ બોલતાં ભૂંડ-ભૂંડણી પરિવાર સાથે ગંદા ખાબોચીયામાં ચાલ્યા ગયા.

બંધુઓ! આ તો રૂપક છે. પણ ખૂબ સમજવા જેવું છે. ભૂંડ અને ભૂંડણીને વૈકુંઠમાં જવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું પણ તે સમય ઓળખી શકયા નહિ. એને તો ગંધાતા ને ગંદા ખાબોચીયામાં મઝા આવી અને ગંદવાડમાં રહી ગયા. એવું તમે તો નથી કરતા ને? સંતો તમને શું કહે છે હે દેવાનુપ્રિયો! આ મોહ-માયા અને મમતાના કીચડમાંથી બહાર આવો. છતાં તમને એ કાદવમાંથી બહાર આવવાનું મન થતું નથી અને મનુષ્યભવની અમૂલ્ય તક ભોગવિલાસમાં વેડફી રહ્યા છો. બોલો, મારે તમને કેવા

કહેવા ? (હસાહસ). તમે એ ભૂંડ જેવા તો નથી ને ? જો આ વાત સમજાતી હોય તો હવે સંસારની મમતા છોડો.

અનાથી મુનિ શ્રેણીક રાજાને કહે છે કે તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ વિના તત્ત્વજ્ઞાનની વાતો કરવી એ ખાલી મૂઠી બંધ કરવા સમાન છે. અનાથી મુનિએ અનાથતા સમજાવવા માટે પહેલા ખાલી મૂઠીનું દૃષ્ટાંત આપ્યું. બીજું ખોટા સિક્કાનું આપ્યું. ખોટા સિક્કાનો કોઇ સંગ્રહ કરતા નથી. જો કોઇ ખોટો સિક્કો ચલાવવા જાય તો સરકારનો પણ ગુન્હેગાર બને છે. તેનો એક ન્યાય આપું.

ઔરંગઝેબ નામનો બાદશાહ થઇ ગયો. તે હિન્દુ ધર્મનો કટ્ટો દુશ્મન હતો. એની ભાવના એવી હતી કે બધા હિન્દુઓને હું મુસલમાન બનાવી દઉં. જો હું બધા હિન્દુઓને મારી પીટીને મુસ્લીમ ન બનાવી દઉં ને અલ્લાના ધર્મનો ફેલાવો ન કરૂં તો હું બાદશાહ બન્યો શા કામનો ?

હવે બન્યું એમ કે લાલદાસ નામના એક બાવાજી પણ બાદશાહના મિત્ર હતા. તે અવારનવાર બાદશાહના દરબારમાં આવતા. બાદશાહે વિચાર કર્યો કે જો આ બાવાજી મારી ફેવરમાં આવી જાય તો મારી ઈચ્છા પાર પડે ને બધું કામ સફળ થઇ જાય. એમણે લાલદાસને પૂછયું કે બાવાજી! મારે ખુદાની બંદગી કરવી જોઇએ કે દુનિયાની ? ત્યારે બાવાજીએ કહ્યું. એમાં પૂછવા જેવું શું છે ? બંદગી તો ખુદાની કરવી જોઇએ. ત્યારે બાદશાહે કહ્યું કે ખુદાની બંદગી માટે મેં એવો વિચાર કર્યો છે કે જે લોકો રાજીખુશીથી મુસલમાન થતાં નથી તેમને માર મારી જબરજસ્તીથી મુસલમાન બનાવી દેવા. એ મારો વિચાર ઠીક છે કે નહિ ? લાલદાસે જવાબ આપ્યો કે આપને જે વિચાર આવ્યો છે તેને દેવો પણ ફેરવી શકે તેમ નથી. તો બીજાનું તો શું ગજું ? બાદશાહે કહ્યું. એ તો ઠીક છે. પણ સૌથી પહેલાં તમારે મુસલમાન બનવું પડશે. લાલદાસે કહ્યું-હું તમારાથી કયાં દૂર છું ? તમને હું સલાહ આપું છું અને તમે બધાને મારીને મુસલમાન કરવા ઉઠયા છો તો હું તેમાંથી કેવી રીતે બકાત રહી શકવાનો છું !

બાદશાહ સાથે આ રીતે વાતચીત થયા પછી લાલદાસ પોતાના સ્થાને ગયા. અને બાદશાહને કેવી રીતે સમજાવવો તેનો વિચાર કરવા લાગ્યા. વિચાર કરતાં એક ઉપાય સૂઝયો ને તે પ્રમાણે કરવા માટે પોતાના ચેલાને સમજાવી દીધો. બીજે દિવસે લાલદાસ બાદશાહની પાસે બેઠા હતા. તે વખતે તેમનો ચેલો ત્યાં આવ્યો. ને લાલદાસને કહ્યું. કે અહીંના શરાફો બહુ બદમાશ થઇ ગયા છે. લાલદાસે પૂછયું કે કેમ ? ચેલાએ કહ્યું કે હું આ રૂપિયો લઇને પૈસા લેવા ગયો હતો પણ એ લોકોએ મને પૈસા ન આપ્યા. લાલદાસે ચેલાને પૂછયું કે એ લોકોએ શું કહ્યું ? ચેલાએ જવાબ આપ્યો કે

એ લોકો કહે છે કે આ રૂપિયો ખોટો છે એટલે અમે પૈસા આપી શકીએ નહિ. સાથે એમ પણ કહ્યું કે તમે બાવાજીના ચેલા છો એટલે જવા દઈએ છીએ. પણ જો તમારી જગ્યાએ બીજો કોઈ હોત તો તેના ઉપર કેશ કરીને દંડ અપાવત. માટે તમે ચાલ્યા જાવ.

બાદશાહ આ વાત સાંભળતા હતા. તેણે બાવાજીને પૂછયું કે આ લોકો શું વાત કરે છે? બાવાજીએ કહ્યું કે અહીંના શરાફ લોકો એવા બદમાશ બની ગયા છે કે બાદશાહના સિક્કાને પણ માનતા નથી. આ મારો ચેલો રૂપિયો લઈને પાછો આવ્યો છે. રૂપિયા ઉપર બાદશાહી સિક્કો હોવા છતાં તે લોકો ખોટો રૂપિયા છે એમ કહીને ફેંકી દે છે. બાદશાહે બાવાજીના હાથમાંથી રૂપિયો લઈને જોયો અને કહ્યું કે આ રૂપિયો તમે કયાંથી લાવ્યા? શું તમે મારો કાયદો નથી જાણતા? આ રૂપિયો ખોટો છે. અને ખોટા રૂપિયા ચલાવનારને હું સજા કરું છું. તમને તો હું સારી રીતે ઓળખું છું કે તમે આવો ખોટો રૂપિયો બનાવ્યો નહિ હોય પણ તમને કોણે આપ્યો? ત્યારે બાવાજીએ કહ્યું કે આ ખોટો છે તેથી શું? આ ખોટા ઉપર બાદશાહી સિક્કો તો છે ને! બાદશાહે કહ્યું કે, મારો સિક્કો સાચો હોવો જોઈએ. મારા નામનો સિક્કો હોય પણ તે ખોટો હોય તો તે બનાવવો કે ચલાવવો એ અપરાધ છે. બાવાજીએ કહ્યું કે જો એમ છે તો શું ખુદાના નામે જુલ્મ ગુજારવો કે કોઈને જબરજસ્તીથી માર મારીને મુસલમાન બનાવવો એ શું અપરાધ નથી! શું આ રીતે કરવું તે ખોટા સિક્કા ચલાવવા જેવો અપરાધ નથી. બાદશાહ વાતને સમજી ગયો ને પૂછયું કે તો મારે શું કરવું? લાલદાસ બાવાજીએ કહ્યું કે કોઈ પોતાની જાતે મુસલમાન બને તે વાત જુદી છે. બાકી ધર્મની બાબતમાં સ્વતંત્રતા હોવી જોઈએ. કોઈના ઉપર ફોર્સ કરાય નહિ. બાદશાહે બાવાજીની વાતનો સ્વીકાર કર્યો.

ટૂંકમાં ખોટો સિક્કો કાચના મણીની જેમ અસાર છે, તેની કોઈ કિંમત નથી. તેમ જે સાધુ ઉપરથી ચારિત્રનું પાલન કરતો હોય પણ ભાવમાં ચારિત્ર ન હોય તો તે સંયમી ખોટા સિકકા જેવો છે. આવા સાધુ, સાધુ થવા છતાં અનાથ છે તેમ અનાથી મુનિ કહી રહ્યા છે. વધુ ભાવ અવસરે.

**ચરિત્ર**:– પવનજી અને અંજના સતીનું મિલન થયું છે. એમને આનંદનો પાર નથી, બાર બાર વર્ષ સુધી અંજનાજીએ કેવા કષ્ટો વેઠયા હતા! વચમાં ત્રણ દિવસ પવનજી આવ્યા ત્યારે આનંદ આવ્યો ને પાછા દુઃખના દિવસો આવી ગયા. આવી પવિત્ર સતીને પણ કેવા કેવા કષ્ટો વેઠવા પડયા છે! સંસારવાસી હોય કે સંસાર ત્યાગી હોય પણ જયાં સુધી આત્મા દેહધારી છે ત્યાં સુધી બાહ્ય આંતરિક વિઘ્નો તેના જીવન પર પ્રહાર કરતાં રહે છે. કાયર મનુષ્ય એ વિઘ્નોમાં ગભરાઈ જાય છે ત્યારે પરાક્રમી મનુષ્ય તે વિઘ્નોને પગ નીચે કચડી નાંખી આગળ વધતો રહે છે. ગુણીયલ આત્મા ઉપર પણ

જગત પ્રહારો કરે છે અને દુર્જન આત્મા ઉપર પણ જગત પ્રહારો કરે છે. અંજના જેવી મહાન સતી ઉપર આપત્તિઓ પડવામાં કંઇ બાકી ન રહી પણ મહાસતી ધીરતા અને વીરતાથી આપત્તિઓના ઝંઝાવાતમાં નિશ્ચલ રહી તો ઝંઝાવાત શમી ગયો અને સુખના દિવસો આવી ગયા. જો સતી અંજનાએ દુઃખથી કંટાળીને આપઘાત કર્યો હોત તો પવનજીનું મિલન ન થાત. અને તેના માથેથી કલંક પણ ન ઉતરત અને જગમાં સતી તરીકે જાહેર ન થાત. અત્યારે એ બંનેનું મિલન થતાં આનંદની છોળો ઉછળી રહી હતી.

**ધન્ય મુખ દીઠું હો તુમ તણું, બેઉ સખી બોલે છે મધુરી વાણુ તો,**
**કેમ કરી સેનામાંહે સંચર્યા, કેમ કરી ઝીલ્યા રાજા વરૂણનાં બાણુ તો,**
**બાંધ્યા ખર-દૂષણુ છોડાવ્યા, સામા હો સુભટના ઘણાં સહ્યા ઘાય તો,**
**યુદ્ધ કરી રે અતિ ઉગર્યા, અતિ સુખ ઉલટ અંગ ન થાય તો—સતીરે—**

વસંતમાલા અને અંજના પવનજીને કહે છે કે આપને જોઇને અમારા હૈયે હર્ષ સમાતો નથી. આજે આપ પધારવાના હશો તેથી આજે સવારથી અમારા હૈયામાં અનેરો આનંદ થતો હતો. આપનું મુખ જોઇને અમને ખૂબ આનંદ થયો છે. પણ સ્વામીનાથ! આપે આવી નાની ઉંમરમાં વરૂણ જેવા પરાક્રમી રાજાને હરાવીને વિજય પતાકા લહેરાવી. ખર અને દૂષણ નામના રાવણના શૂરવીર મંત્રીઓને છોડાવ્યા. આપનો જયજયકાર બોલાઇ ગયો. આપને યુદ્ધમાં કેવા કેવા કષ્ટો સહન કરવા પડયા! યુદ્ધમાં તો ભાલા, તલવારોના કેવા કેવા ઘા તમારે સહન કરવા પડયા હશે! તે બધી વાત અમને કહો. પવનજી કેવી રીતે યુદ્ધમાં ગયા ને ત્યાં કેવી રીતે પરાક્રમથી લડયા તે બધી વાત અંજના અને વસંતમાલાને કહી સંભળાવી. પરસ્પર એકબીજાની દુઃખની વાતો સાંભળીને હૈયા હળવા બનાવ્યા. એટલામાં અંજનાના માતા-પિતા અને સાસુ-સસરાના વિમાનો આવી પહોંચ્યા.

સાસુ-સસરા અને માતા-પિતા બધાને જોઇને અંજના સામી ગઇ ને સાસુ-સસરાના પગમાં પડી ગઇ. આ જોઇ સસરાની આંખમાં આંસુ આવી ગયા ને ગદ્‌ગદ્‌ સ્વરે બોલ્યા. બેટા! આ પાપી તારા સસરાને હવે પગે લાગવા જેવું નથી. મને હજારો વાર ધિક્કાર છે કે મેં કોઇની વાત સાંભળી નહિ. સાસુ તો સ્ત્રી જાતિ હતી પણ મેં રાજા જેવા રાજાએ સતીને કેટલો ઘોર અન્યાય કર્યો! ને તરત કાઢી મૂકી. હું કયા મોઢે તારા સામું જોઉં! આટલું બોલતાં સસરાની આંખમાં પશ્ચાતાપના આંસુ આવી ગયા.

બંધુઓ! આંસુના બે ટીપાં કેવી અસર કરે છે! પશ્ચાતાપના આંસુ આવે તો તેના પ્રવાહમાં કર્મની કાળાશ ધોવાઇ જાય છે. અને ઇષ્ટ વસ્તુ ન મળે ને આંખમાં આંસુ આવે તો તેનાથી કર્મનું બંધન થાય છે. અંજના કહે—પિતાજી! આપનો કોઇનો દોષ નથી. દોષ માત્ર મારા કર્મનો છે. એમ કહી સસરાજીને શાંત

પાડી સાસુના પગમાં પડી. સાસુએ અંજનાના માથે કલંક ચઢાવ્યું હતું ને કેવા કેવા શબ્દો કહ્યા હતા! પણ સતીએ એવો વિચાર ન કર્યો કે હવે તો મારો પતિ આવી ગયો છે ને હું નિષ્કલંક બની છું. હવે મારે એ સાસુના સામું પણ જોવું નથી. પણ જેનું અંતર પવિત્ર છે, મન શુદ્ધ છે ને વિનય છે તેવા આત્માઓ કદી પરાયો દોષ જોતા નથી. તે અનુસાર સતી અંજના સાસુ કેતુમતીના ચરણમાં પડી ત્યારે સાસુ કહે છે હે દીકરી! મેં તો તારા માથે કલંક ચઢાવવામાં બાકી નથી રાખી. મેં બહાર તારું કેટલું વગોણું કર્યું છે! તારા માથે ઝાડ ઉગે એટલા દુઃખ દીધા છે. મેં તારી વાત પણ સાંભળી નથી. આ પાપણી સાસુને ધિક્કાર છે. હે સતી! મારો અપરાધ ક્ષમા કરજે. મને માફ કરજે. અંજના કહે-બા! આપ તો મારા મહાન ઉપકારી છો. આપને મારી પાસે આવી માફી માંગવાની ન હોય. એ તો મારા કર્મે મને દુઃખ આપ્યા છે. આ રીતે સાસુ સસરાને મીઠા શબ્દોથી સાંત્વન આપે છે. અંજનાના માતા-પિતા તો પડખે ઉભા રહ્યા છે. સંસારમાં દીકરીને માતા-પિતા ગમે તેટલા વહાલા હોય પણ માતા-પિતા કરતાં સાસુ-સસરાને પહેલા સાચવવા પડે છે. હવે અંજના માતા-પિતાની પાસે જાય છે.

**માતા-પિતા આવીને મળ્યા, ભાઇ ભોજાઇ અતિ ઘણો નેહ તો**
**પીયરીયા મુખ ઢાંકી રોવે, વસ્ત્ર પાછાં કરી નિરખે દેહ તો,**
**આવીને બાઇ સઘળી મળી, મન માંહે માહરી મત આણે લાજ તો**
**માહરે કર્મે હું વન ગઇ, હર્ષ વચન થઇ સહુ બોલાવે આજ તો....સતી રે**

અંજના માતા-પિતા તરફ જવા પગ ઉપાડે છે તે પહેલાં માતા-પિતા એના સામા આવ્યા. અંજના માતાના પગમાં પડવા જાય છે ત્યાં તેની માતા કહે છે બેટા! તારે મારા પગમાં પડવાનું નથી. પણ મારે તને પગે લાગવાનું છે. એમ કહી માતા અંજનાના પગમાં પડવા જાય છે. પણ વિનયવંત દીકરી માતાને વાંકી વળવા દે ખરી? તે તરત કહે છે બા! એ બધી વાત ભૂલી જા. માતા કહે છે અરેરે....મેં તને પીવા પાણી પણ ન આપ્યું. તને પૂછયું પણ નહિ કે દીકરી! તારી આ દશા કેમ થઇ? મારે ખૂણામાં બેસાડીને તને પૂછવું જોઈતું હતું. તેના બદલે તારું મુખ જોવું પણ ન ગમ્યું. મેં જનેતા બનીને આવો જુલમ કર્યો! તેના પિતાજી પણ પોતાની ભૂલનો પશ્ચાતાપ કરવા લાગ્યા. ને અંજના પાસે માફી માંગવા લાગ્યા. ભાઇ-ભાભીઓ બધાને અંજના પ્રત્યે ઘણો પ્રેમ છે પણ પોતે અંજનાના સામું જોયું નથી એટલે પાસે આવતાં સંકોચાય છે. આ જોઇને અંજના કહે છે-હે મારા પરમ ઉપકારી માતા-પિતા, વ્હાલા વડીલ બંધુઓ અને ભાભીઓ! તમે જરા પણ અફસોસ ન કરશો. કોઇ રડશો કે ઝૂરશો નહિં. મારે જે દુઃખો વેઠવા પડયા તેમાં તમારો જરા પણ દોષ નથી. દોષ મારા પૂર્વકર્મનો છે. હવે એ દુઃખના દિવસો ચાલ્યા ગયા છે. હવે બધા આનંદ પામો, હું

આવા કષ્ટમાં જો જીવતી રહી શકી હોઉં તો આપ બધા વડીલોનો પ્રતાપ છે. આમ કહીને બધાને આશ્વાસન આપી સૌના હૈયા હળવા કરાવી દીધા. ને બધા આનંદથી અંજનાને ફરતા બેસી ગયા છે. વચમાં નાનકડો હનુમાન કુમાર દોડાદોડ કરે છે ને બધાના સામું જુએ છે. ત્યારે તેના દાદા-દાદીએ તેને ઉંચકીને ખોળામાં બેસાડી દીધો.

**દાદા દાદી જુએ પોતરો, હનુમંત નિજકુલ હીર**
**એ સહી હોશે એહવો, વંશ વિદ્યાધર વીર,**
**ભક્તિ યુક્તિ બહુ ભાવશું, મામે કરી મનુહાર**
**સજ્જન સહુ સંતોષીયા, પવનજીને અતિ પ્યાર,**

હનુમાન કુમાર નાનો છે પણ તેના મુખ ઉપર ખૂબ તેજ ઝળકે છે. આ જોઇને પ્રહલાદ રાજાને કેતુમતી રાણી કહે છે–આ દીકરો આપણા કુળમાં હીરા જેવો તેજસ્વી ને સિંહ જેવો પરાક્રમી બનશે. આટલો નાનો છે છતાં તેના મુખ ઉપર આટલી તેજસ્વિતા છે તો મોટો થશે ત્યારે કેવો તેજસ્વી બનશે! આમ કહેતાં જાય છે ને હનુમાનકુમારને જોતાં જાય છે. ને પ્યારથી સૌ રમાડે છે. બાર બાર વર્ષો સતત બ્રહ્મચર્યનું પાલન કર્યા પછી અંજનાએ હનુમાનને જન્મ આપ્યો હતો. બ્રહ્મચર્યનું પાલન કર્યા પછી જે દીકરાનો જન્મ થાય છે તે દીકરા આવા તેજસ્વી બને છે. મારા ભાઇઓ ને બહેનો! તમારે જો તમારા સંતાનો આવા શૂરવીર બનાવવા હોય તો બ્રહ્મચર્યનું પાલન કરજો. તમે સંતાનોને સાત્વિક પદાર્થો ખવડાવીને જે શક્તિ નહિ આપી શકો તેનાથી અધિક બ્રહ્મચર્યનું પાલન કરીને આપી શકશો. બધા આનંદથી મળ્યા ને ત્રણ ચાર દિવસ અંજનાના મોસાળમાં રોકાયા. હવે બધા જવાની રજા માંગે છે ત્યારે અંજનાના મામા કહે છે હજુ થોડા દિવસ રોકાઇ જાવ. ખૂબ આગ્રહ કર્યો તેથી બે ત્રણ દિવસ વધુ રોકાયા. જેટલા દિવસ તેઓ રોકાયા તેટલા દિવસ અંજનાના મામાએ ગામમાં આનંદ મહોત્સવ ઉજવ્યો. હવે બંને રાજાના રાજ્ય સૂના પડયા છે એટલે સહુનું મન જવા માટે ઉપડી ગયું છે. અંજના તથા હનુમાન કુમારને લઇને પોતાના રાજ્યમાં જવા માટે પવનજીને તથા તેમના માતા પિતાને હર્ષ સમાતો નથી. દિલમાં અનેરો આનંદ છે. હવે બધા ગામમાં કેવી રીતે જશે ને શું બનશે તેના ભાવ અવસરે.

☆

## વ્યાખ્યાન નં. ૯૮

### વિષય:–"વિજ્ઞાન અને ધર્મ"

**કારતક સુદ ૫ ને શનિવાર** **તા. ૮-૧૧-૭૫**

પરમપંથના પ્રદર્શક, ત્રૈલોક્ય પ્રકાશક, રાગ-દ્વેષના વિઘાતક, એવા કૈવળજ્ઞાની

મહાપુરૂષોએ આત્માને જ્ઞાન પ્રાપ્ત થાય તે માટે ધર્મ અને વિજ્ઞાનની વાત સમજાવી. આજે દરેકના મનમાં એમ જિજ્ઞાસા છે કે ભગવાનના શાસનમાં વિજ્ઞાન હોય તો સારું. આપને ખ્યાલ નથી પણ જૈનદર્શન વિજ્ઞાનથી ભરચક ભરેલું છે. જે વાત તમારા વિજ્ઞાને નથી સમજાવી તે જૈનદર્શને સમજાવી છે. આજનું વિજ્ઞાન વિનાશ સર્જે છે. જ્યારે ભગવાનનું વિજ્ઞાન ઉત્થાન કરે છે. આજનું વિજ્ઞાન વિનાશી અને નાશવંત સુખ આપે છે. જ્યારે ભગવાનનું વિજ્ઞાન અવિનાશી અને શાશ્વત સુખ આપે છે. આપણને બધાને આજે વીતરાગ ભગવાનનો શ્રેષ્ઠ માર્ગ અને જૈનદર્શન સદ્ભાગ્યે પ્રાપ્ત થયા છે. વિજ્ઞાન એટલે વિશેષ જ્ઞાન. તમે બધાએ જ્ઞાન તો ઘણું મેળવ્યું છે. ભૌતિક જ્ઞાનમાં પ્રગતિ તો ઘણી કરી છે. કલદાર પેદા કરવામાં તો એવા હોંશિયાર છો કે અમારી બુદ્ધિ તો ત્યાં પહોંચી શકે નહિ. તમારું વિજ્ઞાન પણ ભૌતિક સુખ માટે ભરચકભર્યું છે. એક નાનો લોખંડનો ટુકડો પણ જો વૈજ્ઞાનિકના હાથમાં જાય તો મશીનરી બની જાય છે. ધરતીમાં કઇ જગ્યાએ ધાતુ, આદિ છે તે જોવા માટે પહેલાં મશીનરી મૂકે છે ને પછી તેમાંથી કાઢવા પ્રયત્ન કરે છે. આ તમારું વિજ્ઞાન જે સુખ આપે છે તે સુખમાં લાલસા વધે છે. લોભ વધે છે આ વિજ્ઞાન ગમે તેટલું આગળ ગયું હોય તો પણ એ નથી શોધી શક્યું કે તે મરેલા માણસને જીવતો કરી શકે કે આયુષ્ય વધારી શકે. ત્યારે તો ડાક્ટર પણ કહી દે છે કે તૂટી તેની બુટી નથી. વિજ્ઞાન અને ધર્મમાં ફેર શું? જૈન ધર્મ વિજ્ઞાનમય છે. સાચું વિજ્ઞાન તો તે છે કે જે વિનાશ ન કરે પણ ઉત્થાન કરે, શૂન્યમાંથી સર્જન કરે ને આત્મામાંથી પરમાત્મા બનાવે. તમારું વિજ્ઞાન ગમે તેટલું આગળ વધીને વધશે તો ભૌતિક સુખ આપશે પણ આત્માનું સુખ નહિ આપે.

સુખ કોને કહેવાય? તમે બોલો છો ને કે "પહેલું સુખ તે જાતે નર્યા." સંસારનું બધું સુખ હોય શરીરનું સુખ ન હોય તો બીજા બધા સુખ ઝાંખા છે. ગમે તેટલી લક્ષ્મી હોય. મોટા કરોડપતિ હોય પણ જો તેની શરીરની તંદુરસ્તી સારી નહિ હોય તો તે માને છે કે હું દુઃખી છું. રાજા જેવો વૈભવ હોય પણ જો શરીર સારું નહિ હોય ને તેને પૂછશો કે ભાઇ! તું તો સંપૂર્ણ સુખી છે ને? ત્યારે તે શું કહેશે? ભાઈ! બધું સુખ છે. પણ મારું શરીર સારું નથી તેથી મહાન સુખી હોવા છતાં દુઃખી છું. અહીંયા જૈન દર્શન અને તમારા વિજ્ઞાનમાં તફાવત પડે છે. જૈન દર્શન કહે છે. કદાચ શરીર સારું હોય પણ તેના જીવનમાં ધર્મ ન હોય તો તે શરીર માંદું છે. તે શરીરની કોઇ કિંમત નથી. માટે પહેલું સુખ જાતે નર્યા તેના બદલે જૈન દર્શન કહે છે કે પહેલું સુખ તે આત્મજ્ઞાન. ભગવાનનું વિજ્ઞાન કહે છે કે તને શરીર તો સારું મળી ગયું પણ તે શરીર દ્વારા તેં કેટલા સારા કાર્યો કર્યા? કેટલાનું ભલું કર્યું? તે વિચાર કરજે. વૃક્ષને કોઇ કુહાડી લઇને કાપવા જાય તો પણ તે તેને શીતળ છાયા આપે

છે. તમે તમારા જીવનથી બીજાને શું આપી રહ્યા છો? અજાણ્યો માણસ આવીને તમને કહે કે ભાઈ! મને એક રાત આપના મકાનમાં રહેવા દો. તો તમે રહેવા દો ખરા? ના. જ્ઞાની કહે છે પહેલું સુખ જાતે નર્યા તે ભૂલી જાવ પણ પહેલું સુખ તે આત્મજ્ઞાન તે સૂત્ર અપનાવીને આ શરીર દ્વારા કોઈના આંસુ લૂછો. દુઃખીઓના બેલી બનો ને ભવકટી થાય તેવું કાર્ય કરી લો.

તમારું વિજ્ઞાન બહારની બધી સગવડ તમને પૂરી પાડશે. વિજ્ઞાને ભૌતિક ક્ષેત્રે તો ઘણી પ્રગતિ કરી છે. પહેલાં બહેનોને પાણી ભરવા માટે કૂવે અને તળાવે જવું પડતું હતું ને આજે તો ઘર-ઘરમાં નળ આવી ગયા. નળ ખોલે ત્યાં ઘરમાં ગંગા-જમના વહેવા લાગે. ગરમી લાગે એટલે સ્વીચ દબાવે કે પંખા ચાલુ થઈ જાય. પહેલાં રસોઈ કરવા માટે દાળ-ભાત-શાક માટે જુદી જુદી તપેલીઓ ચઢાવવી પડતી હતી. આજે ઘર ઘરમાં કુકર આવ્યા છે. પહેલાં અનાજ હાથે દળતા હતા આજે ઈલેકટ્રીક ચક્કીઓથી દળાય છે. અરે! શ્રીમંતોના ઘરમાં તો ચક્કીઓ આવી ગઈ છે. તેથી બહાર જવાની પણ તેમને ચિંતા નથી. કપડા ધોવાના મશીન આવી ગયા. પહેલાં ઘોડાગાડીઓ કે બળદગાડીઓ દ્વારા માનવ પ્રવાસ કરતો હતો જ્યારે આજે વિજ્ઞાને ગાડી, મોટર, પ્લેન અને રોકેટ દોડાવ્યા છે. એટલે તમે ઓછા ટાઈમમાં વધુ મુસાફરી કરી શકો. અસલના સમયમાં બહેનોને રસોઈ કરવા માટે ચુલો સળગાવવો પડતો હતો. ચુલો સળગાવે ત્યારે કેટલોય ધુમાડો આંખમાં ભરાઈ જાય ને આંખમાં પાણી આવે ત્યારે ચુલો સળગે, અને આજે તો ઘરઘરમાં ગ્યાસ થઈ ગયા. ગ્યાસ સળગાવતા વાર નહિ ને તેના ઉપર રસોઈ થતાં પણ વાર નહિ. પરંતુ ક્યારેક ગ્યાસ ફાટે ત્યારે તે કેવો વિનાશ સર્જી દે છે. આજનો માનવ વિજ્ઞાનના રંગે રંગાઈ ગયો છે. તેથી માને છે કે વિજ્ઞાને સુખ શોધ્યું છે. પરંતુ તે સુખની પાછળ કેટલું દુઃખ રહેલું છે! વિજ્ઞાન તમને તનની શાંતિ આપી શકશે પણ મનની શાંતિ નહિ આપી શકે. વિજ્ઞાને જે હાઈડ્રોજન બોંબ અને એટમબોંબ આદિની શોધ કરી છે તે કેટલો વિનાશ સર્જે છે! અમેરિકાએ જાપાન પર બોંબ ફેંક્યો ત્યારે હીરોશીમા અને નાગાશીકા આખું સાફ થઈ ગયું. તેમાં જે કોઈ મર્યા નહીં ને જીવતા રહ્યા છે તેમની કરૂણ કહાની સાંભળીએ તો આપણું કાળજું કામ કરતું નથી.

બંધુઓ! આ વિજ્ઞાને સુખ આપ્યું કે દુઃખ? વિનાશ સર્જ્યો કે ઉત્થાન સર્જ્યું? આત્માને સુખ આપનાર અને ઉત્થાન કરનાર તો ધર્મ છે. માટે ધર્મના સ્વરૂપને સમજો. તમે પ્લેનમાં ઉડો છો. તે સમયે મશીન બગડયું. પાયલોટ કહે-હું મશીન સુધારવા પ્રયત્ન કરું છું. પણ તમે તમારા ઈષ્ટદેવને યાદ કરી લો. બોલો, તે સમયે તમને પ્યારી પત્ની, પુત્ર કે બંગલા સાંભરે ખરા? (શ્રોતામાંથી અવાજઃ- ત્યારે તો બધા એકચિત્તે ભગવાનને યાદ કરે.)

**જ્યારે પુણ્યપાળ તુટે, પાપનો પ્રવાહ આવે, પ્રભુ તું યાદ આવે,**
**નહીં હાથ કોઇ ઝાલે, કર્મો ખૂબ સતાવે, પ્રભુ તું યાદ આવે.**

જીવનમાં પુણ્યની પાળ તૂટી જાય ને પાપનો પ્રવાહ આવવા લાગે ત્યારે સૌ પ્રભુને યાદ કરે. પ્લેનમાં મૃત્યુનો ભય સામે દેખાયો એટલે ભગવાનના સ્મરણમાં લીન બની જાવ. કારણ કે ત્યાં તો તમે સમજો છો કે અત્યારે બચાવનાર કોઇ હોય તો ધર્મ છે. પત્ની, પુત્ર કે પરિવાર કોઇ બચાવી શકવાનું નથી. બાકી જ્યારે તમે હંમેશા માળા ગણતા હોય તો કેવી રીતે ગણો? **"ઘટમાળા ગોવિંદમાળા, મોટા મણકાવાળી માળા, તું જા હું આવું છું."** માળાના મણકા ફરતા હોય પણ મન તો ક્યાંય ભમતું હોય! પણ મુશ્કેલીમાં આવે ત્યારે તેનું ચિત્ત એકદમ સ્થિર બની જાય.

આજના વિજ્ઞાનથી તમને ધન મળશે, તનની શાંતિ મળશે પણ મનની શાંતિ નહિ મળે. ગમે તેટલું ધન હોય પણ મનની શાંતિ ન હોય તો તનની શાંતિ શું કામની? મનની શાંતિ આપનાર ધર્મ છે. ભારત દેશમાં લોકોને જેટલી મનની શાંતિ છે તેટલી અમેરિકામાં નથી. આપઘાતના કિસ્સા ભારત કરતાં અમેરિકામાં ઘણાં બને છે. ભારતમાં ઠેર ઠેર મંદિરો, દેરાસરો, ઉપાશ્રયો, ચર્ચ આદિ છે. દરેક લોકો પોતપોતાના ધર્મ પ્રમાણે ધર્મ પાળે છે. માનવીને મનની શાંતિ આપનાર ધર્મ સિવાય કોઇ નથી વિજ્ઞાને માત્ર ગતિ અને સગવડતા આપી છે. શાંતિ કે સમાધિ આપવાની વિજ્ઞાનમાં તાકાત નથી. શાંતિ-સમાધિ જોઇએ તો ધર્મનું શરણું અંગીકાર કર્યા વિના છૂટકો નથી. જ્ઞાની કહે છે કે:-

**ધરજે ધર્મની ધુરા ધીર, તું બનજે એકલવાયો વીર,**
**આ જગતમાં છે કાગાને કીર, જિન આજ્ઞામાં બનજે સ્થિર.**

ધર્મ જીવને શાંતિ અને સમાધિ આપે છે. કોઇ માણસ આધિ-વ્યાધિથી કંટાળી ગયો હોય તો તે સમયે વૈજ્ઞાનિક સાધનો તેને અંતર શાંતિ આપી શકશે? ના. બાહ્ય શાંતિ આપશે. જેમ તાપથી આકુળ-વ્યાકુળ થઈને આવેલા માણસને ફ્રીજનું ઠંડુ પાણી આપશો તો તેને શાતા વળશે. પણ કોઇનો એકનો એક લાડકવાયો દીકરો ગુજરી ગયો હોય તેને ફ્રીજમાં મૂકેલું ઠંડુ પાણી આપો અગર રેડિયાના મધુર સ્વર સંભળાવો તો શું એને એ સાધનો શાંતિ આપી શકશે? ના પતિ-પત્ની પિતા-પુત્ર, દેરાણી-જેઠાણી વચ્ચે વિખવાદ થયો હશે તો તે વૈજ્ઞાનિક સાધનો દ્વારા વિખવાદ શાંત થશે? ના તમે સંતની પાસે જશો તો ભલે તે તમને કોઈ વસ્તુ નહિ આપે પણ ધર્મ સમજાવીને તમને શાંતિ જરૂર આપશે. સંયમી આત્મા બળતા હૃદયને શાંત કરે છે. આટલા માટે જ્ઞાની કહે છે **"ધરજે ધર્મની ધૂરા તું ધીર"** ધર્મને હૃદયમાં ધારવા માટે અને ધર્મની ધુરા વહન કરવા માટે તું ધૈર્યવાન બનજે. સુખમાં તો તું આનંદથી રહે છે પણ

દુઃખ આવે ત્યારે અકળાઈને આકુળવ્યાકુળ ન બનીશ. જે ધર્મના સ્વરૂપને સમજી શકે છે તે દુઃખમાં ધીરજ રાખી શકે છે. ધર્મવાન ધૈર્યવાન બની શકે છે. કોઈ ભાઈ ધૈર્યવાન હોય તો તમે કહો છો ને કે ફલાણાભાઈ ખૂબ ધૈર્યવાન છે. એ ગમે તેવી મુશ્કેલીમાં મૂકાઈ જાય પણ કદી અકળાય નહિ. ખૂબ ગંભીર છે. તમારૂં વિજ્ઞાન આવી ધૈર્યતા અને ગંભીરતા નહિ આપી શકે. એ તો ધર્મ આપશે. સમજો! તમે તમારા બંગલામાં દેશોદેશની નવીન ચીજો લાવીને મૂકો. દા. ત. જાપાનની, જર્મનની, અમેરિકાની ને આફ્રિકાની આ રીતે તમે ઘણી ચીજો વસાવીને બહુ સુંદર સંગ્રહ કર્યો છે. પણ હું તમને પૂછું છું કે શું એ વસ્તુઓ બિમારી વખતે તમને શાંતિ આપશે ખરી? ના.

વૈજ્ઞાનિક સાધનો ભૌતિક સુખ આપશે પણ આત્મિક સુખ આપવાની એનામાં તાકાત નથી. સાચું સુખ અને શાંતિ મેળવવી હોય તો ધર્મની ધુરા ગ્રહણ કરીને વીર બનો. જ્ઞાની કહે છે કે **"થાજે તું એકલવાયો વીર"** હે ચેતન! તું સાચો વીર બનીને વિચાર કરજે કે આ સંસાર ઉપાધિઓનો ઉકરડો છે. એ ઉપાધિમાંથી મુક્ત બનવા ધર્મની ધુરા ઉપાડી લો. આ જીવ એકલો આવ્યો છે ને એકલો જવાનો છે. સાથે એક રાતી દમડી લઈ જવાનો નથી. જો ધર્મનું ભાતું ભર્યું હશે તો તે સાથે લઈ જવાશે. માટે માંયકાંગલાપણું છોડીને આત્માને કહો કે હે ચેતન! તું શિયાળ જેવો નથી પણ સિંહ જેવો શૂરવીર છે. ઓશિયાળો નથી પણ ઓજસ્વી છે. અનંતજ્ઞાનનો પુંજ છે. અનંત તેજનો પુંજ છે. સહસ્રકિરણો તારી જ્યોતમાંથી બહાર નીકળે છે. સહજાનંદી છે. શુદ્ધ સ્વરૂપી છે. આવી આંતરિક દૃષ્ટિ કેળવો. બાહ્યદૃષ્ટિ છોડો. જો બાહ્યદૃષ્ટિ રાખી, બાહ્ય જગતમાં ગુંચવાયેલા રહેશો તો ત્રણ કાળમાં શાશ્વત સુખ કે શાંતિ મેળવી શકવાના નથી. શાંતિ મેળવવા માટે જિનેશ્વર ભગવાનની વાણી અમૃત સમાન છે. કહ્યું છે કે–

**"આ જગમાં છે કાગા ને કીર, જિનાજ્ઞામાં બનજે સ્થિર."**

આ જગતમાં વાણી ઘણાં પ્રકારની છે. પણ જિનેશ્વર પ્રભુની વાણી સિવાયની સર્વ વાણી મિથ્યા છે. કાગડાની પણ વાણી છે ને કોયલની પણ વાણી છે. કાગડાની વાણી કર્કશ લાગે છે ને કોયલની વાણી મધુરી લાગે છે. કહ્યું છે કેઃ–

**કહાં કાગ બાણી કહાં, કોયલકી ટેર હૈ**
**કહાં ભાનુ તેજ ભયો આગિયો બિચારો કહાં,**
**પૂનમકો અજવાળો કહાં, અમાવાસ અંધેરો હૈ ॥**

કાગડાની વાણી અને કોયલની વાણીમાં આસમાન જમીન જેટલું અંતર છે. ક્યાં સૂર્યના તેજ ને ક્યાં આગિયાના તેજ! ક્યાં પૂર્ણિમાનો પ્રકાશ ને ક્યાં અમાસનો અંધકાર! આ પંક્તિમાં આપણે શું સમજવાનું છે? સર્વજ્ઞ ભગવંતની વાણીમાં અને છદ્મસ્થની વાણીમાં કેટલો તફાવત છે? સર્વજ્ઞની વાણી પૂર્ણિમાના ચંદ્ર જેવી છે. અને છદ્મસ્થની

વાણી અમાસના અંધકાર જેવી છે. જિનેશ્વર પ્રભુની વાણી દુઃખથી આકુળ-વ્યાકુળ બનેલા જીવોના દુઃખ દૂર કરી તેને શાંતિ પમાડે છે. પણ યાદ રાખજો કે એ શકિત વૈજ્ઞાનિક સાધનોમાં નથી. પરંતુ જિનવાણી આફતના વાદળાં વિખેરી નાંખે છે. કેવી રીતે ? ન્યાય આપું.

એક માતાને એક લાડકવાયો પુત્ર હતો. પુત્ર માટે માતાના મનમાં કેટલાં અરમાનો હતા. પણ માણસનું ધાર્યું કંઇ થતું નથી. એ દીકરાને મૂકીને તેના પિતા ગુજરી ગયા. બાઇ વિધવા બની. સ્થિતિ સામાન્ય હતી. પતિ પોતાની પત્ની અને પુત્રને મૂકીને ચાલ્યો ગયો. હવે ગુજરાન કેમ ચલાવવું તેની ચિંતા હતી. છતાં આશા અમર છે. પતિના વિયોગનું દુઃખ વિસારે પડયું. માતા લોકોને ઘેર કામ કરવા લાગી. લોકોના દળણાં દળી, પેટે પાટા બાંધી પુત્રને ભણાવવા લાગી. પુત્રને ભણાવવાની સાથે સારા સંસ્કારોનું સિંચન કરતી હતી. છોકરો પણ ખૂબ વિનયવાન હતો. આજે માતા-પિતા કષ્ટ વેઠીને છોકરાઓને ભણાવે છે. પણ એ છોકરાઓ ભણીગણીને હોંશિયાર થાય, સારું કમાય એટલે માતા-પિતાને ભૂલી જાય છે. એના મા-બાપ કંઇ કહેવા જાય તો કહી દે છે કે મારા કાર્યમાં કોઇ જાતની આડખીલી કરશો નહિ. જો કટકટ કરવી હોય તો ચાલતા થઇ જાઓ. આવા શબ્દો દીકરો મા-બાપને કહે એટલે મા-બાપને કેટલું દુઃખ લાગે ! પેટે પાટા બાંધીને ભણાવ્યાં, ગણાવ્યાં ને પરણાવ્યા. આટલા મોટા કર્યા તેનો આ બદલો ! આ બધો વૈજ્ઞાનિક યુગનો વાયરો છે. ધર્મને પામેલો સંસ્કારી છોકરો આવા શબ્દો બોલે નહિ. !

વિધવા માતાનો દીકરો ખૂબ સંસ્કારી હતો. માતા આશામાં પોતાનું દુઃખ ભૂલીને દિવસો વીતાવે છે. દીકરો પણ વિચાર કરે છે કે હું જલ્દી ભણું અને આ મારી દુઃખીયારી માતાને સુખ આપું. દીકરાએ મેટ્રીકની પરીક્ષા આપી. પેપર ખૂબ સારા ગયા. એના મનમાં પણ ઉત્સાહ હતો કે હું સારા માર્કે પાસ થઇશ. પરીક્ષા પછી વેકેશન પડયું. આ છોકરો વિચાર કરવા લાગ્યો કે દોઢ મહિનાનું વેકેશન છે તો કંઇક કામ કરું ને મારી દુઃખીયારી માતાને શાંતિ આપું. જો સારી સર્વીસ મળી જાય તો હવે ભણવું પણ નથી. વેકેશનમાં તે છૂટક કામ કરવા લાગ્યો. રીઝલ્ટ આવી ગયું ને ફર્સ્ટ કલાસ પાસ થયો. એટલે બધા કહે છે કે તું આગળ ભણ. છોકરો આગળ ભણવાની ના પાડે છે. હવે તો તેના મનમાં એક જ ભાવ છે કે મારી માતાને સુખી કરું. એટલે સારી સર્વીસની તપાસ કરે છે. માતાએ પણ દીકરાની આશામાં આટલા વર્ષો પસાર કર્યા. હવે શરીર કામ કરતું નથી. માણસ આશામાં વર્ષો વીતાવી દે છે પણ આશાના મિનારા તૂટી જાય તો બે દિવસ તો શું તેના બે કલાક પણ પસાર થતા નથી.

દિકરાના મનમાં માતાને સુખી કરવાનો ઉત્સાહ છે. માતા પણ સુખની આશામાં

દિવસો વીતાવે છે. પણ કુદરતની કળા ન્યારી છે. કર્મનો કોયડો અલબેલો છે. તેને કોઇ પહોંચી શકતું નથી. આ છોકરો એકાએક બિમાર પડયો. બિમારી તો એવી જીવલેણ આવી કે માતાએ ઘણાં ઉપચારો કર્યા પણ કોઇ રીતે દીકરો સાજો થતો નથી. જે કંઇ બચાવીને રાખ્યું હતું તે દીકરાની બિમારીમાં ખલાસ થઇ ગયું. કહેવત છે કે સાજો માણસ ન ખાય તેટલું માંદો માણસ ખાઇ જાય. આ વિધવા માતાના પૈસા દીકરાની બિમારીમાં ખર્ચાઇ ગયા. કર્મની કરામત કેવી છે! માણસ ધારે છે જુદું ને બની જાય છે જુદું. કર્મ કહે છે કે **"અભાગીયા તું આથડ મા, બેસી રહેને ભારમાં, તું જઇશ ગાડીમાં તો હું જઇશ પ્લેનમાં."** ઘણાં ઉપચારો કરવા છતાં સારૂં ન થયું. છેવટે એક દિવસ કાળ ગોઝારો આવી ગયો. દીકરો માતાને રોતી કકળતી મૂકી આ ફાની દુનિયા છોડીને ચાલ્યો ગયો. મોહના ઝુરાપામાં ઝુરતી માતા નથી જાણતી કે મારો વ્હાલસોયો ચાલ્યો ગયો છે. તેથી બોલે છે કે હે મારા લાલ! એક વાર તો તું મારા સામું જો. મારી સાથે વાત કર. પણ જીવ હોય તો બોલે ને! બધા કહે છે બહેન! હવે દીકરાને ખોળામાંથી ભોંય મૂકી દો. માતાના મનમાં થયું કે શું મારો લાલ ચાલ્યો ગયો? બધા પરાણે દીકરાને નીચે મૂકાવે છે. પણ માતા તો મડદાને વળગી પડી. બધા છોડાવે છે પણ છોડતી નથી. તે એવું કરૂણ રૂદન કરવા લાગી કે પથ્થર જેવા કઠોર હૃદયના માનવીના હૈયા પણ ચીરાઇ જાય. માતાને બધા ખૂબ સમજાવે છે પણ તેનું હૈયું હાથ રહેતું નથી. દુનિયામાં બધાના હેત મળશે પણ માતાના હેત નહિ મળે. માતાની મમતા ઓર છે. છેવટે સગાં સ્નેહીઓએ પરાણે માતાના હાથમાંથી પુત્રનું કલેવર છોડાવી તેની અંતિમ ક્રિયા કરી. માતા પુત્રના વિયોગની વેદનાથી મગજનો કાબૂ ગુમાવે તેવી તેની સ્થિતિ બની ગઇ.

દેવાનુપ્રિયો! આવી સ્થિતિમાં તમારા વૈજ્ઞાનિક સાધનો, ફ્રીજ કે રેડિયો કોઇપણ સાધન આ દુઃખીયારી માતાના મનને શાંતિ આપી શકશે? અરે! તેને કોઇ પ્લેનમાં અગર રોકેટમાં બેસાડીને ચંદ્રલોકમાં લઇ જાય તો પણ તેના આત્માને શાંતિ થાય? બોલો તો ખરા. ના. હવે આવા પ્રસંગે શાંતિ આપવા માટે તમે કોને બોલાવશો? વૈજ્ઞાનિકને કે સંતને? (શ્રોતામાંથી અવાજ :- સંતને). સંત આવીને તેને ધર્મના બે શબ્દ સંભળાવશે. તો એને શાંતિ વળશે. ડોશીમા પુત્રની પાછળ ઝૂર્યા કરે છે. ખાતા-પીતા નથી. એનો કરૂણ કલ્પાંત લોકોથી જોયો જતો નથી. એ અરસામાં ગામમાં એક મહાન જ્ઞાની સંત પધાર્યા. સગાવહાલાઓ સંતની પાસે જઇને કહે ગુરૂદેવ! આવો અઘટિત બનાવ બન્યો છે. એ વિધવા માતા ખૂબ ઝૂરે છે. તો આપ ત્યાં પધારીને તેને કંઇક આશ્વાસન આપો.. સંત એની પાસે આવીને સમજાવે છે. હે બહેન! સંસારમાં કોણ કોનું છે? આ જગતમાં સંયોગ, વિયોગ ચાલ્યા કરે છે. આ કાયા તો કાચી માટીના કુંભ જેવી છે. તેને ફૂટતા વાર લાગતી નથી.

**તારી કાચી કાચી કાયાનો તું શાને કરે છે ગુમાન....ભજી લે મહાવીર નામ**
**કાયા તારી કાચી છે, માન શિખામણ સાચી છે, ચાર દિવસની છે**
**જિંદગાની ચાર દિવસના ખેલ,**
**એ ધન-દોલત કંઈ કામ ન આવે, તું શાને કરે છે ગુમાન....ભજીલે....**

આ જિંદગીનો વિશ્વાસ કરવા જેવો નથી. આ સંસારમાં દરેક ચીજો અશાશ્વત છે. જો કોઈ શાશ્વત હોય તો આપણો આત્મા છે. માતા તો ઉંચું જોતી નથી. મોઢું ઢાંકીને રડયા કરે છે. સંત કહે હે માતા! તું ઉંચું તો જો. ત્યારે કહે છે હું કોને જોઉં? મારા લાડકવાયાના આઘાતનો ઘા મારાથી સહન થતો નથી. હું તો તેની પાછળ જઈશ. ત્યારે સંત કહે છે બહેન! કોઈ કોઈની પાછળ જઈ શકતું નથી, તમારા પતિ પરલોક પ્રયાણ કરી ગયા કે નહિ? એનો પણ આવો જ ઘા લાગ્યો હશે ને? છતાં સહન થયો કે નહિ? સૌ કોઈને આ રીતે એક દિવસ જવાનું છે. માટે હવે પુત્રના પુદ્ગલનો પ્રેમ છોડી આત્મધ્યાનમાં સ્થિર બનો. પ્રભુનું નામ સ્મરણ કરો. આ રીતે માતાને અનેક રીતે સમજાવી ધર્મમય જીવન જીવવાની કળાનું જ્ઞાન આપ્યું કે જેથી દુઃખી માતાની અશાંતિ ટળી ને શાંતિ પ્રાપ્ત થઈ.

બંધુઓ! સાંભળ્યું ને? બળતા ઝળતા આત્માને શાંતિ કોણ આપી શકે છે? જગતનું વિજ્ઞાન કે વીતરાગનો ધર્મ? વિજ્ઞાન નહિ પણ વીતરાગ કથિત ધર્મ શાંતિ આપી શકે છે. વીતરાગ કથિત ધર્મને સમજાવનારા વીતરાગી સંતો છે. સંતોને કોઈ જાતનો સ્વાર્થ નથી. એકાંત સ્વપરના હિતની ભાવના છે. એમની પાસે જઈને બેસો તો પણ તમારા આત્માને શાંતિ મળી જાય. એક ન્યાય આપું. કલ્યાણમંદિર સ્તોત્રમાં કહ્યું છે કેઃ–

**"आस्तामचिन्त्य महिमा जिन संस्तवस्ते, नामाऽपिपाति भवतो भवतो जगन्ति ।**
**तीव्रातपोऽपहतपान्थजनानिदाधे, प्रीणातिपद्म सरसः सरसोऽनिलोऽपि ॥"**

હે ભગવંત! તારું સ્તવન કરવાનું તો દૂર રહો પણ તારૂં નામસ્મરણ કરવાથી પણ જગતના જીવોના પાપ દૂર થઈ જાય છે. કેવી રીતે? તો કહે છે–ચૈત્ર–વૈશાખ મહિનામાં સૂર્ય ખૂબ તપ્યો હોય, ધરતી ધગધગતી હોય, એવા સમયમાં કોઈ મુસાફિર નિર્જન વનમાં ભૂલો પડયો હોય, તરસથી ખૂબ આકુળ વ્યાકુળ થઈ ગયો હોય, ત્યારે તેને તપાસ કરતાં કોઈ સરોવર મળી જાય તો તે થાકેલો ને તરસ્યો મુસાફર તે તરફ દોડે છે. હજુ સરોવરનું પાણી તેણે પીધું નથી પણ તે સરોવરને સ્પર્શીને જે ઠંડો પવન આવે છે તેનાથી પણ તૃષાતુર મુસાફરની તૃષા શાંત થાય છે. નદી અગર દરિયા કિનારાને સ્પર્શીને જે હવા આવે છે તે શીતળ હોય છે. તે માનવીને શીતળતા આપે છે. અને રણને સ્પર્શીને જે હવા આવે છે તે ગરમ હોય છે. ગરમ હવા માનવીને આકુળવ્યાકુળ બનાવે છે. તે રીતે બંધુઓ! સંસાર રૂપી રણને સ્પર્શીને આવતી હવા ઉષ્ણ હોય છે.

તેને સ્પર્શ થતાં મન અશાંત બની જાય છે. ને સંત સરિતાને સ્પર્શીને આવતો પવન અશાંત માનવીના મનને શાંત બનાવી દે છે.

સંતની વાણી સાંભળીને પેલી વૃદ્ધ માતાનું મન શાંત બની ગયું. ને તેને સંસારનું સ્વરૂપ સમજાઇ ગયું. ટૂંકમાં મારે તો તમને એક વાત સમજાવવી છે કે તમે વિજ્ઞાનમાં સુખ માની બેઠા છો પણ ખરેખર એમાં સુખ કે શાંતિ આપવાની તાકાત નથી. એ તાકાત વીતરાગ કથિત ધર્મમાં છે. માટે વિવેક કરીને વિચાર કરો ને સ્વમાં સ્થિર બનો.

આ રીતે અનાથી મુનિનો સમાગમ થતાં રાજા શ્રેણીકનો આત્મા સ્થિર બન્યો. ભગવાનના સંતો આ માટે આપની સામે વીતરાગની વાણી રૂપી ભેરી વગાડે છે.

**ભેરી વગાડે સદ્‌ગુરૂ પણ ભાન નહિ અબૂઝને (૨)**
**ગાઇ ગાઇને ગાયો તો યે જબરો તું સુણનારો રે....**
**એક જાગ્યો ન આતમ તારો....**

સદ્‌ગુરૂઓ કર્મની સાથે જંગ ખેલવા માટે ભેરી વગાડે છે, કે હે જીવડા! જાગૃત બનીને કર્મની સાથે જંગ ખેલી લે. જંગ ખેલતાં રંગ ના જાય તેનું ધ્યાન રાખજે. જેને મોક્ષમાં જવાની રૂચી જાગી છે તે આત્માઓ જંગ ખેલવા તૈયાર થઇ જશે. ગૃહસ્થાશ્રમમાં બેઠેલા જીવોને પણ રૂચી જાગે તો કલ્યાણ કરી જાય છે. પૃથ્વીચંદ્ર અને ગુણસાગર બંને રાજાઓ હતા. એક પરણુતી વખતે માયરામાં ને બીજા રાજસિંહાસને બેસતાં કેવળજ્ઞાન પામી ગયા. એ કેવી રીતે પામ્યા હશે? કેવી ભવ્ય ભાવના ભાવી? હે પ્રભુ! આ ચોરીમાં બેસીને ચતુર્ગતિના ચક્કરમાં કયાં સુધી રૂલીશ? અને આ રાજ્યની ધુરાવહન કરીને કેવા પાપ કર્મો કરવા પડશે? આ રીતે ભાવના ભાવતાં અને પાપનો પશ્ચાતાપ કરતાં શુભ ધ્યાનની શ્રેણીએ ચઢતાં કેવલજ્ઞાન પામી ગયા. ધન્ય છે તે આત્માઓને અનાથી મુનિ શ્રેણીક રાજાને સનાથતાનું સ્વરૂપ સમજાવતાં કહી રહ્યા છે.

**कुसीलर्लिगइह धारइत्ता, इसिज्झयं जीविय बूहइत्ता ।**
**असंजए संजय लप्पमाणे, विणिग्धाय मागच्छइ से चिरंपि ।।**

ઉત્ત. સૂ. અ. ૨૦ ગાથા ૪૩

સાધુપણાનો વેશ પહેરે અને હાથમાં ઋષિધ્વજ - એટલે રજોહરણ લઇને ફરે છે. પણ ભગવાને કહ્યા પ્રમાણે જે સાધુ સંયમનું પાલન કરતો નથી. ભાવથી અસંયમી હોવા છતાં હું સંયમી છું એવું બોલે છે તે પંચ મહાવ્રતની વિરાધના કરે છે. અને ઋષિશ્વરના ચિન્હને લજવે છે. અને વ્રત નિયમોનું પાલન ન કરવાથી જે સાધુલિંગ અનાથ બનાવનાર છે તે મહાન દુઃખ આપનાર બની જાય છે. સાચા ભાવથી સંયમ નહિ પાળનારા સાધુ-

લિંગ ધારણ કરીને આજીવિકા ચલાવનારા કુશીલલિંગ ધારકને અજાણ્યા લોકો ભલે સાધુ માની લે અને ઠગાઇ જાય પણ જાણકાર લોકો એમને સાધુ માનતા નથી.

તમે મકાન ઉપર રાષ્ટ્રધ્વજ ફરકાવો છો તેમ અમારો રાષ્ટ્રધ્વજ રજોહરણ છે. જે સાધુ પાંચ મહાવ્રત અને પાંચ સમિતિનું પાલન કરતા નથી. પણ માત્ર સાધુવેશ અને ઋષિધ્વજ રાખનારા છે તે પોતે પોતાને ઠગે છે અને બીજાને ઠગવાની ચેષ્ટા કરે છે. આવા સાધુઓ પોતાની આજીવિકા ચલાવવા અને માન પ્રતિષ્ઠા વધારવા સાધુપણામાં રહે છે પણ સાધુતાના ગુણ નથી. ફક્ત તેની પાસે સાધુલિંગ છે તેથી તે અનાથ છે. આવા ઠગ સાધુ જાણકાર પુરૂષોને ઠગી શકતા નથી. ટૂંકમાં જેણે સાધુનો વેશ પહેરી લીધો છે પણ વ્રતમાં વફાદાર નથી રહેતો તેના કર્મો ઘટવાના નથી. જ્ઞાનીપુરૂષો કહે છે જે સાધુ સાધુપણાને વફાદાર નથી તેનો પરિચય પણ ન કરશો. જેની પાસે ઋષિધ્વજ અને મુહપત્તિ છે પણ જેનું જીવન કુશીલ છે તે સાધુત્વ વિનાનો સાધુ છે. માટે તે અનાથ છે. હજુ આગળ શું કહે છે:

**वीसं तु पीयं जह कालकूडं, हणाइ सत्थं जह कुग्गहीयं ।**
**एसो वि धम्मो विसओववन्नो हणाइ वेयाल इवाववन्नो ।।**

ઉત્ત. સૂ. અ. ૨૦ ગાથા ૪૪.

આ ગાથામાં અનાથી મુનિએ કેટલો સુંદર ઉપદેશ આપ્યો છે! આ ગાથામાં ખૂબ ધર્મની વાત સમજાવે છે. જે અનાથતામાંથી નીકળી સનાથ બનવા માટે તૈયાર થયા છે અને જેણે જૈન ધર્મનો આશ્રય લીધો છે પણ અંદરથી વિષયની લાલસા છૂટી નથી પણ વિષયની લાલસાથી ધર્મને ધારણ કર્યો છે તો તે જીવવાના ઇચ્છુક કાલકૂટ વિષનું પાન કરે એના જેવું કરે છે. જીવવા ઇચ્છે છે ને તે માટે વિષનું પાન કરે છે. આ બંને વિરોધી વાતો છે. આ રીતે ઉપરથી ધર્મનો ઉપદેશ આપવો ને અંદરથી વિષયની વાસના રાખે તો આ વાત પણ જીવતા રહેવું અને તે માટે કાલકૂટ વિષનું પાન કરવું તેના સમાન છે.

અનાથી મુનિ બીજું ઉદાહરણ આપતાં કહે છે કે જેમ કોઇ માણસ શત્રુને મારવા માટે હાથમાં તલવાર લઇને ઘરમાંથી બહાર નીકળ્યો. પણ તેણે તલવાર મૂઠથી પકડવાને બદલે અણી તરફથી પકડી છે એટલે ઉલ્ટી પકડી છે. આ રીતે ઉંધી તલવાર પકડનારને તમે મૂર્ખ કહેશો ને? કારણ કે ઉંધી તલવાર પકડવાથી પોતાનું મૃત્યુ થઇ જાય છે. જે પ્રમાણે જીવિત રહેવાની ઇચ્છા હોવા છતાં કાલકૂટ વિષનું પાન કરનાર અને શત્રુને મારવા નીકળ્યો હોવા છતાં ઉલ્ટું શસ્ત્ર પકડનાર પોતાના મૃત્યુનું કારણ બને છે તે પ્રમાણે જે વિષય લાલસાનું પોષણ કરવા માટે ધર્મનો ઢોંગ કરે છે તે પણ પોતાનું અહિત કરે છે.

ત્રીજું ઉદાહરણ બતાવતાં મુનિ કહે છે કે જેવી રીતે અવશીભૂત વૈતાલ સાધકનો નાશ કરી નાંખે છે તેવી રીતે જે સાધુ બીજાને અહિંસા સત્ય ક્ષમા આદિનો ઉપદેશ આપે છે પણ પોતે અહિંસા, ક્ષમા આદિનો સ્વીકાર કરીને પાલન કરતો નથી તે પોતાના આત્માના ગુણનો નાશ કરી રહ્યો છે. તે સાચી સાધના કરી શકતો નથી. આપણા જીવનમાં રહેલો અજ્ઞાનનો અંધકાર સમ્યક્જ્ઞાનના દિપક વડે દૂર થઇ જાય છે. માટે જીવનમાં જ્ઞાનની ખૂબ આવશ્યકતા છે. કારણ કે જ્ઞાન વિનાનું જીવન વેરાન વન જેવું છે ને જ્ઞાન સહિતનું જીવન ફળ-ફૂલથી લચેલા વૃક્ષના વન જેવું હરિયાળું છે. જ્ઞાનીઓ જીવનમાં જ્ઞાનની અવશ્યકતા બતાવતા ઉત્તરાધ્યયન સૂત્રના ૨૮ મા અધ્યયનમાં *બોલ્યા છે કે णाणेण विना न हुंति चरणगुणा ।* જ્ઞાન વિના ચારિત્ર હોતું નથી. દશવૈકાલીક સૂત્રમાં પણ કહ્યું છે કે पढमं नाणं तओ दया। જેને જીવ-અજીવનું જ્ઞાન છે તે દયા પાળી શકે છે. એટલા માટે ભગવંતે કહ્યું છે કે પહેલાં જ્ઞાન અને પછી દયા. એક હિંદી દોહરામાં પણ કહ્યું છે કે :-

**જ્ઞાન વિના હટતા નહિ, મનકા મૈલાપન,**
**પડા કોયલા આગમે, પાયા ધૌલાપન**

જેમ સાબુ કે સોડા વિના કપડામાંથી મેલ છૂટો પડતો નથી તેમ જ્ઞાન વિના મનનો મેલ પણ જતો નથી. કોલસો મૂળ કાળો હોય છે પણ અગ્નિમાં પડતાં તે બળી જતાં તેની શખ સફેદ બની જાય છે તેમ આપણો આત્મા પણ જો જ્ઞાન સરોવરમાં સદા સ્નાન કરે તો ઉજ્જવળ બની જાય ને ભવના ફેરા ટાળી દે. ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯ મા અધ્યયનમાં કહ્યું છે કે :- जहा सूइ ससुत्ता पडियावि न विणस्सइ तहा जीवे ससुत्ते संसारे न विणस्सइ। જેવી રીતે દોરો પરોવેલી સોય હાથમાંથી પડી જાય તો પણ ખોવાઇ જતી નથી તેવી રીતે સમ્યક્જ્ઞાન રૂપી દોરામાં પરોવેલો આત્મા ચતુર્ગતિ સંસારમાં પરિભ્રમણ કરતો નથી, માટે જીવનમાં જ્ઞાનની ખૂબ જરૂર છે. જ્ઞાન પ્રાપ્ત કરવાથી જીવને શું લાભ થાય છે? नाणसंपन्नयाएणं जीवे सव्व भावाहिगमं जणयइ। જ્ઞાન પ્રાપ્ત કરવાથી મનુષ્ય ~~દરેક~~ પદાર્થોના ભાવને જાણે છે. णाणेण य मुणि होइ। જ્ઞાન દ્વારા મુનિ થવાય છે અને જ્ઞાનથી સર્વ પદાર્થોને જાણી શકાય છે. તેથી આગળ વધીને કહે છે કે सव्वजगुज्जोय करं नाण णाणेण नज्जए चरणं। જ્ઞાન વિશ્વના તમામ રહસ્યોને જાણી શકે છે. ગીતામાં કહ્યું છે કે ज्ञानाग्नि: सर्व कर्माणि भस्मसात् कुरुते क्षणात् । જ્ઞાનરૂપી અગ્નિ કર્મરૂપી કાષ્ટોને ~~તરત ભસ્મ~~ કરી દે છે. અને णाणेण य जाणइभावे જ્ઞાન દ્વારા ભગવાન સર્વ ભાવોને જાણી શકે છે, આગળ હું તમને કહી ગઇ તે રીતે णाणं पयासगं ~~જ્ઞાન પ્રકાશ~~ કરનાર છે. ज्ञानमेव शक्तिः જ્ઞાન એ જ શકિત છે. જ્ઞાન એ દુનિયામાં આંખ સમાન છે. જ્ઞાન સબસે બડી અચ્છાઇ હૈ ઔર અજ્ઞાન સબસે બડી બૂરાઈ હૈ! એક સંસ્કૃત શ્લોકમાં જ્ઞાનનો શું મહિમા છે તે વાત બતાવી છે.

**पीयूषम् समुद्रोत्थं, रसायनमनौषधम् ।**
**अनन्या पक्षमैश्वर्यं, ज्ञानमाहुर्मनीषिणः ।।**

જ્ઞાન એ સમુદ્ર વિના પ્રાપ્ત થયેલું અમૃત છે. ઔષધ વિનાનું રસાયણ છે. અને કોઈની પણ અપેક્ષા નહિ રાખનારું ઐશ્વર્ય કહ્યું છે. એવું વિદ્વાનો પણ કહે છે. "नाणस्स सव्वस्स पगासणाए" જ્ઞાન દ્વારા સર્વ પદાર્થોની પિછાણ થાય છે. ને જ્ઞાન દ્વારા કર્મની ફોજને ભગાડી શકાય છે. માટે જ્ઞાનપંચમીના દિવસે આપણે જ્ઞાનની ખૂબ સુંદર આરાધના કરવાની છે. જ્ઞાન એ આત્માનો સાચો સાથી છે. કારણ કે આ ભવમાં પ્રાપ્ત કરેલું જ્ઞાન પરભવમાં સાથે જાય છે. જ્ઞાન અને દર્શન એ આત્માના સહભાવી ગુણો છે. જ્ઞાન એ સ્વ-પર પ્રકાશક છે. માટે જીવનમાં થોડુંઘણું પણ જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ. તમે વધુ નહિ તો ૦ા કલાક, અડધો કલાક પણ શાસ્ત્રનું વાંચન કરશો તો જીવનમાં જ્ઞાન પ્રકાશ કરી શકશો. જો સિદ્ધાંતનું વાંચન ન કરી શકો તો અડધો કલાક ઓછામાં ઓછું ધાર્મિક વાંચન કરવું. એટલો નિયમ તો અવશ્ય લેજો.

આજે આપે વિજ્ઞાન અને ધર્મ ઉપર તેમજ સનાથમાંથી અનાથ જીવ કેવી રીતે થાય તે ઘણું સાંભળ્યું. તેમજ જ્ઞાનપંચમી એટલે જ્ઞાનની આરાધના તો તે કયા જ્ઞાનની આરાધના? આજે તમારું જે વિજ્ઞાન છે તે જ્ઞાનની આ વાત નથી પણ કેવળીની જે વાણી છે તે સાચું જ્ઞાન અને વિજ્ઞાન છે. તે જ્ઞાન જો જીવનમાં આવશે તો તનને અને મનને બંનેને શાંતિ મળશે. આત્મકલ્યાણના ઈચ્છુક આત્માએ જ્ઞાનીએ કહેલું વિજ્ઞાન જરૂર સમજવું જોઈશે. વધુ ભાવ અવસરે. હવે બ્રહ્મચર્ય વ્રત લેનારને પ્રતિજ્ઞા અપાય છે.

**બ્રહ્મચર્યની પ્રતિજ્ઞાઓ:**

માનદ્‌મંત્રીનું ભાષણ:—આજે વિશેષ આનંદની વાત એ છે કે આપણે ત્યાં રમણીકભાઈ રાજમલ, શાંતીભાઈ મહેતા, નંદલાલભાઈ શાહ, પ્રતાપભાઈ ચાંદીવાળા, સુંદરભાઈ, જયંતીભાઈ શાહ, યશવંતભાઈ, ડાહ્યાભાઈ મહેતા, ઘેલાભાઈ છેડા, હરખચંદ છેડા, બાબુભાઈ કચ્છી, જશવંતભાઈ સરવૈયા, આદિ ૧૨ હાથજોડ તો આપણે ત્યાં થઈ ગઈ છે. પણ આજે ચાર હાથજોડ છે. તેમાં એક તો પૂ. બા. બ્ર. વિદુષી શારદાબાઈ મહાસતીજીના સંસાર પક્ષે મોટા બહેન છે. જેઓ ખંભાત રહે છે. આજે તેઓ બંને જણા સવારમાં આપણે ત્યાં આવ્યા છે ને તેઓ ઘેરથી એ ભાવે નીકળ્યા છે કે જીવનનો શું ભરોસો છે? પૂ. મહાસતીજી ખંભાત ક્યારે પધારે તે કરતાં આપણે ત્યાં જઈને આજીવન બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરીએ. તેવા ઉત્કૃષ્ટ ભાવથી ભાઈશ્રી પુરૂષોત્તમભાઈ તથા અ. સૌ. ગંગાબહેન આવ્યા છે. એટલે તેઓશ્રી તથા બીજા ચાર ભાઈઓ અને બહેનો કુલ પાંચ જોડી આજે બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. ખરેખર પૂ. મહાસતીજીના

બ્રહ્મચર્ય અને ચારિત્રનો આ પ્રભાવ છે કે આપણા શ્રી સંઘમાં ૧૬ સજોડે આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા અંગીકાર થઇ છે. આ ૩૨ આત્માઓને આપણા કોટી કોટી ધન્યવાદ છે.

☆

## વ્યાખ્યાન નં.-૯૯

### વિષય:- "કર્તવ્યાકર્તવ્યનો વિવેક"

**કારતક સુદ ૬ ને રવિવાર** **તા. ૯-૧૧-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંત કરૂણાનિધી શાસ્ત્રકાર ભગવંતોએ ભવ્ય જીવોના આત્મકલ્યાણને માટે, એકાંત હિતને માટે કેવળજ્ઞાન પામ્યા પછી આગમની પ્રરૂપણા કરી. ભગવાનની વાણી અફર છે. તમારું વિજ્ઞાન ગમે તેટલું આગળ જાય તો પણ એક ને એક તો બે કહેશે. ક્યારે પણ ત્રણ નહિ કહે. તેમ ભગવાનની વાણીમાં ક્યારે પણ ફેરફાર થવાનો નથી. એવી અફર વાણી છે. આત્માને તે વાણીની જો રૂચી થાય ને તેના ભાવ સમજે તો બેડો પાર થયા વિના નહિ રહે.

ઠાણાંગ સૂત્રમાં ચોથે ઠાણે ભગવાને આત્માને ચાર પ્રકારના વહેપારીની ઉપમા આપી છે. તમે બધા અહીંયા વહેપારી બેઠા છો ને? વહેપારીને શું ગમે? વહેપાર. તે એક દિવસ જો પેઢી ઉપર ન જાય તો મનમાં થાય કે હું આજે પેઢી ઉપર ગયો નથી. મારા વિના ધંધામાં ઉથલપાથલ થઇ જશે ને કંઇક આંટીઘૂંટી થઇ જશે. પરંતુ જ્યાં આત્માની પેઢી ધમધોકાર ચાલે છે તેવા સદ્‌ગુરૂઓ પાસે કે વ્યાખ્યાનમાં નહિ જાઉં તો મારા આત્માની પેઢીમાં ઉથલપાથલ થઈ જશે તેવો વિચાર ક્યારે પણ આવે છે ખરો?

આત્માને ચાર વહેપારીની ઉપમા આપી છે. તેમાં પહેલા પ્રકારમાં એક વહેપારી સાકરની ગાડી ભરીને આવ્યો છે ને જશે ત્યારે સાકરની ગાડી ભરીને જવાનો છે. તમે સાકર ચાહે શીરામાં નાંખો, દાળમાં કે ગમે તેમાં નાંખો તો મીઠાશ આવશે. તે બધા કામમાં આવશે પણ મીઠું બધે કામમાં નહિ આવે. સાકરની ગાડી સમાન શુભ પુણ્ય, સારું કર્તવ્ય. જે પૂર્વ જન્મમાં શુભ કરણી કરીને પુણ્ય સાથે લાવ્યા છે. જેનાથી તે આ જન્મમાં સુખી રહે છે. અને આ જન્મમાં શુભ કર્મ કરીને પુણ્ય ભેગું કરે છે જેથી તે પરલોકમાં સુખ મેળવી શકે છે. આ અમૂલ્ય માનવ જીવન પામીને આત્માએ વિચારવું જોઇએ કે માનવ જન્મની મહત્તા કે વિશેષતા ક્યારે? આ ભવમાં જીવને કર્તવ્યાકર્તવ્યનો વિવેક હોવો જોઇએ. માનવમાં અને પશુમાં ફેર શું? માનવીમાં કર્તવ્યાકર્તવ્યનો વિવેક છે જ્યારે પશુમાં તે વિવેક નથી હોતો. જેના જીવનમાં કર્તવ્ય ધર્મ

નથી તેનામાં માનવતાના ગુણ નથી. જે માનવભવને દેવો પણ ઝંખે છે તે ભવ તમને મળી ગયો છે.

**માનવના જન્મને દેવતાઓ ઝંખતા, સ્વર્ગના વિલાસો એને ઘણીવાર ડંખતા,**
**પ્રેમનો પ્રકાશ મળ્યો, ઉરનો ઉજાશ મળ્યો-આવો સંયોગ નહિ આવે ફરીવાર**

સમકિતી દેવોને સ્વર્ગના વિલાસો પણ ડંખે છે. તેમની તો એક ઝંખના હોય છે કે જલ્દી માનવભવમાં જઇને આત્મસાધના કરીએ.

માનવભવની વિશેષતા શું? ખાવું, પીવું, ફરવું, કમાવું તેમાં છે? ના, ખાવું પીવું આદિ ક્રિયાઓ તો પશુ પણ કરે છે. ધનવાન બનવા માટે પાપ કરીને પૈસા ભેગા કરવા આ તમારું કર્તવ્ય છે? ના, માનવનું કર્તવ્ય એટલે ગમે તેવા કપરા પ્રસંગો આવે તો પણ ધર્મ, ન્યાય, નીતિ કે પ્રમાણિકતાથી ચૂકવું નહિ. પાણીનો સ્વભાવ શીતળતાનો છે. તેને એક તપેલીમાં ભરીને અગ્નિ ઉપર મૂકો ત્યારે તે ગરમ થઇ જાય છે. તપેલીમાં પાણી ભરવાથી તે બંધનમાં આવી ગયું તેથી તે ગરમ થયું. પણ ગમે તેવું ઉકળતું પાણી ભડભડતી આગ ઉપર નાંખશો તો તે અગ્નિને શીતળ બનાવી દેશે. કારણ કે તેનો મૂળ સ્વભાવ શીતળતાનો છે. તો હવે આપણો સ્વભાવ શું? ગમે તેવા પ્રતિકૂળ સંયોગો આવે તો પણ આપણે આપણું કર્તવ્ય ન છોડવું જોઇએ. કર્તવ્ય એટલે માનવના ગુણ. તે ગુણમાં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આવે છે. તે ગુણોને ક્યારે પણ ન છોડવા જોઇએ. માટે કર્તવ્યપરાયણ બનો.

સિદ્ધાંત ન્યાય આપ્યો છે. સુદર્શન શેઠને ચળાવવા માટે અભયા રાણીએ કંઈ બાકી ન રાખ્યું. તેમને ઉપાડીને રાજમહેલમાં લઇ ગઇ ને અનેક પ્રલોભનો આપ્યા. આ રાજપાટ બધું તમારું છે. રાજાનો નાશ કરવો એ મારા માટે સામાન્ય કામ છે. સુદર્શન શેઠની સામે તેણે અનેક નાચગાન કર્યા. આટલી લાલચો મળવા છતાં શેઠે ઉંચી દૃષ્ટિ ના કરી. તેમણે શું વિચાર કર્યો? મારું કર્તવ્ય તો એ છે કે પરસ્ત્રી મારે માતા અને બહેન સમાન છે. મારો ધર્મ શીયળ છે તે ગમે તેવા પ્રસંગમાં લૂંટાવો ન જોઇએ. પાણી પોતાનો શીતળતાનો સ્વભાવ છોડતું નથી તો મારે મારો સ્વભાવ ન છોડવો જોઇએ.

અભયા રાણીએ આટલા પ્રલોભનો આપ્યા છતાં સુદર્શન શેઠ ન સમજ્યા ત્યારે રાણીએ તેમને ધમકી આપી અને કહ્યું. હું તને ફાંસીની શિક્ષા અપાવીશ. મૃત્યુનો ડર બતાવ્યો પરંતુ સુદર્શને આત્મામાં એ વિચાર કર્યો કે જે થવું હોય તે થાય. મારું કર્તવ્ય છે કે સુખ-દુઃખમાં, જીવન કે મરણમાં પણ મારું શીયળ સાચવવું જોઇએ. તેને તો હું છોડીશ નહિ. સુદર્શન શેઠ પોતાના કર્તવ્યમાં અડગ રહ્યા. છેવટે પરિણામમાં શૂળી આવી ગઇ. રાજા કહે છે કે હે સુદર્શન! તમે આવા હો તે હું માનવા તૈયાર

નથી. તમે સત્ય વાત રજુ કરો કે તમે દોષિત છો કે રાણી દોષિત છે?

દેવાનુપ્રિયો! સુદર્શનની વિચારધારા તો જુઓ! સામે ફાંસી તરવરે છે છતાં શું વિચાર કર્યો? રાણીને હું દોષિત કહીશ તો રાજા તેને ફાંસીએ ચઢાવશે. મારા નિમિત્તે રાણીની ઘાત થાય તેવુ અકર્તવ્ય મારે કરવું નથી. સૌને જીવાડીને મારે જીવવું છે. આખરે સત્યનો જય થવાનો છે. સુદર્શન શેઠ અકર્તવ્યનું પગલું ન ભર્યું ને પોતાના કર્તવ્યમાં દઢ રહ્યા તો દેવોને આવવું પડયું ને શૂળી ફીટીને સિંહાસન બનાવી દીધું. ત્યાં ધર્મનો ને સુદર્શન શેઠનો જયજયકાર થયો. સુદર્શન શેઠની કેટલી કર્તવ્ય પરાયણતા! આજના જીવોની ધૈર્યતા ને અડગતા કેટલી? મૃત્યુના મુખમાં નથી ગયા ત્યાંસુધી. જ્ઞાની કહે છે સમજ. તારા કર્તવ્યને અને ધર્મને કયારે પણ છોડીશ નહિ.

આપણે એ વાત ચાલે છે કે પહેલા પ્રકારના જીવો સાકરની ગાડી ભરીને આવ્યા છે ને જાય છે પણ સાકરની ગાડી ભરીને. સાકર સમાન પુણ્ય. જેમ સાકર મીઠી છે તેમ પુણ્યના ફળ મીઠા છે. જીવ પુણ્ય નવ પ્રકારે બાંધે છે ને તેના શુભ ફળ ૪૨ પ્રકારે ભોગવે છે. જગતના સર્વ જીવોને શાતા ને સુખ ગમે છે. અશાતા કે દુઃખ કોઈને ગમતા નથી. શાલીભદ્રના આત્માએ પૂર્વભવમાં માગીતાગીને બનાવેલી ખીર ઉત્કૃષ્ટ ભાવે મુનિને વહોરાવી દીધી. તેથી તે સાકરની ગાડી સમાન ઘણું પુણ્ય સંચિત કરીને આવ્યા. તે પુણ્યના બળે શાલીભદ્રના ભવમાં અઢળક સંપત્તિ પામ્યા. તેમની ઋદ્ધિ કેટલી હતી? તે બતાવતાં કહે છે કે તેમને ત્યાં હંમેશા દેવલોકમાંથી ૯૯ પેટીઓ આવતી હતી. જે ધન, ધાન્ય, વસ્ત્રાભૂષણ અને કિંમતી રત્નોથી પરિપૂર્ણ હતી. આ ઉપરથી આપ સમજી શકો છો કે શાલીભદ્ર કેટલા વૈભવ-વિલાસમાં પડેલા હતા! આ ધન મેળવવા માટે તેમને કાવાદાવા, પાપ, અન્યાય કે અનીતિ કરવા પડયા નથી. તમારે તો ધન મેળવવા કેટલા પાપ કરવા પડે છે. શાલીભદ્રને આવી મહાન સંપત્તિ મળી હતી છતાં શ્રેણીક મહારાજા જયારે શાલીભદ્રની રિદ્ધિ જોવા તેમના ઘેર પધાર્યા ને ભદ્રા માતાએ કહ્યું. બેટા શાલીભદ્ર! તું નીચે આવ. આપણા નાથ આવ્યા છે. શાલીભદ્રે વિચાર કર્યો કે હું માનતો હતો કે હું સ્વયં નાથ છું. પણ મારે માથે નાથ છે ખરો! બસ, આટલી ચિનગારીએ સમસ્ત વૈભવ અને ૩૨ રાજકન્યાઓને છોડીને ચારિત્ર લઈને ચાલી નીકળ્યા, તે જે રીતે પુણ્યરૂપી સાકરની ગાડી ભરીને આવ્યા હતા તે રીતે ફરીથી શુભ કર્મરૂપી સાકરની ગાડી ભરીને ગયા. શાલીભદ્રની આટલી રિદ્ધિ હોવા છતાં કોઈ જાતના કર, ટેક્સ કે લફરા ન હતા. છતાં છોડીને નીકળી ગયા. અને તમને તો આજે સરકારનો કેટલો ભય છે? છતાં છોડવાનું મન થાય છે ખરું? આ પહેલા પ્રકારના વહેપારીની વાત કરી.

બીજા પ્રકારનો વહેપારી તે છે કે જે આગલા જન્મોથી ગાડી ખાલી કરીને આવ્યો છે ને આ ભવમાં ભરીને જાય છે. ખાલી ગાડીનો અર્થ એ છે કે પુણ્યના અભાવમાં તે

આ જન્મમાં કંઇ પ્રાપ્ત કરી શકતા નથી. પરંતુ ધર્મધ્યાન, તપ, જપ અને ચારિત્રની આરાધના કરીને બીજા જન્મ માટે પુણ્ય રૂપી સાકર પોતાની ગાડીમાં ભરી લે છે.

ઉત્તરાધ્યયન સૂત્રના બારમા અધ્યયનમાં હરકેશી મુનિની વાત આવે છે. પૂર્વના અશુભ કર્મોને કારણે તેમનો જન્મ ચાંડાળ કુળમાં થયો. તેમનું રૂપ કે મુખ કોઇને જોવું પણ ન ગમે, શારીરિક સૌંદર્ય તો હતું નહિ. મુખ પણ કેવું બિહામણું! કાન સુપડા જેવા, હોઠ મોટા મોટા. જોઇને પણ ડર લાગે. આવું બિહામણું રૂપ હતું. ને પૈસા તો હતા જ નહિ. નાનીશી ઝુંપડીમાં વસવાનું. માંગીને પેટ ભરવાનું. મારો કહેવાનો આશય એ છે કે તે જીવ પૂર્વના પુણ્યથી સર્વથા રહિત હતો. પણ એક નિમિત્ત મળી જતાં તે વૈરાગ્ય પામી ગયા. નિમિત્ત કેવું મળ્યું? બધા છોકરાઓ સાથે ગેડી દડે રમે છે ને મારો તિરસ્કાર કરે છે. તો તેમાં દોષ મારા કર્મનો છે. તેમનામાં કર્તવ્યનો વિવેક હતો. નિમિત્ત મળતાં ચારિત્ર લઇને ઉગ્ર તપ કરી કર્મોને ખપાવી મોક્ષમાં ગયા. આ છે બીજા પ્રકારના વહેપારી.

ત્રીજા પ્રકારના વહેપારી પોતે પૂર્વના શુભ કર્મોને કારણે પોતાની ગાડી સાકરથી ભરીને લાવ્યા છે. પરંતુ તે અહીંથી જાય છે ત્યારે ખાલી કરીને જાય છે. આવા જીવો પોતાના પૂર્વના પુણ્યથી સોનાના ડુંગરા પર જન્મ લે તેમ જન્મ લે છે. તેમને ત્યાં સંપત્તિની સીમા નથી હોતી. બ્રહ્મદત્ત ચક્રવર્તિ જેવા. ચક્રવર્તિની પદવી જેમ તેમ નથી મળતી. એ જેવી તેવી પદવી નથી. પુણ્યનો થોક ભેગો થયો હોય ત્યારે આ પદવી મળે છે. ૧૨ ચક્રવર્તિમાં બે ચક્રવર્તિ કે જે પુણ્ય રૂપી સાકરની ગાડી ભરીને આવ્યા હતા ને જતી વખતે ખાલી કરીને ગયા ને નરકમાં ફેંકાઇ ગયા. આ તો ચક્રવર્તિની વાત થઇ પરંતુ આજે સેંકડો માનવી પુણ્યની ટાંકી ભરીને આવ્યા હોય છે ને જતી વખતે લૂખા થઇને જાય છે. સમજવા જેવો સમય છે. આજનો લખપતિ અશુભ કર્મનો ઉદય થતાં રંક બની જાય છે. રાજાઓ રોડપતિ બની જાય છે. માટે જ્ઞાની કહે છે કે તને આજે જે શુભ અવસર પ્રાપ્ત થયો છે તેમાં તું તારું કર્તવ્ય અદા કરી લે. આજના જીવોને કેટલી ચિંતા છે? જો પ્રમાણિકતાનું ધન હોય તો ચિંતા ખરી? જૈન દર્શન જેવું કોઈ વિજ્ઞાન નથી. જૈન દર્શન ભારોભાર વિજ્ઞાનથી ભરેલું છે. દરેક આત્મા જો તે અપનાવી લે તો તેને કોઇ ચિંતા ન રહે. પરંતુ આત્માને હજુ સમજાયું નથી તેથી માનવભવ સમાન કિંમતી રત્ન હાથમાં આવવા છતાં તેને કાંકરો માની ઉડાડી દે છે. બ્રહ્મદત્ત ચક્રવર્તિ જેવા પુણ્યની ગાડી ભરીને આવ્યા, પરંતુ ચક્રવર્તિ પદને છોડી ન શકયા તેથી તે પુણ્યની ખાલી કરેલી ગાડીમાં કર્મોની માટી ભરીને ગયા, આ છે ત્રીજા પ્રકારના વહેપારી.

ચોથા પ્રકારના વહેપારી જે પૂર્ણતયા હતભાગી હોય છે, કે જે ન તો પુણ્ય

લઈને આવ્યા છે કે ન તો પુણ્ય લઈને જવાના છે. આપણે જોઈએ છીએ કે કંઈક જીવો વાંસના નાના ઝુંપડામાં વસે છે. તેમાં બેસવાની પૂરતી જગ્યા પણ નથી હોતી. ખાવા પીવાનું તો લાવે કયાંથી? લોકોની એંઠ ખાઈને પેટને થોડો ખોરાક આપે છે. તથા ભીખ માંગીને પોતાનું જીવન નભાવે છે. પરિણામ એ આવે છે કે પુણ્યહીન થઈને આવ્યા હતા અને આ ભવમાં ધર્મ, તપ, ત્યાગ જીવનમાં કર્યા નથી તેથી પુણ્ય રહિત થઈને જાય છે. જેમ કે કાળસૂરી કસાઈ કે જે આવ્યો હતો ખાલી ને ગયો છે પણ ખાલી. આજે આ યુગમાં કાળસૂરી કસાઈ નથી પરંતુ જે જીવોની વૃત્તિ એના જેવી હોય, ને માન-લોભમાં પડીને બીજાને લૂંટી લેતા હોય તો તેમના ઉતારા કયાં થશે?

આ ચાર વહેપારીનો ન્યાય આપણા ઉપર ઉતારવો છે. આપણે એ વિચારવાનું છે કે આપણે કેવા આવ્યા છીએ ને કેવા જાવું છે? જો આ જન્મમાં ગાડી ખાલી કરીને જશો તો પછી કયાં જઈને ભરશો? જીવન કેમ કેળવવું, કેવા રસ્તે ચાલવું તે આપણા હાથની વાત છે, ભગવાને જે રીતે કહ્યું છે તે રીતે તો કરી શકવાના નથી પણ કોઈનું હિત થાય તેવું તો કરો. અને જીવનમાં ન્યાય, નીતિ અને સદાચારની સૌરભ મ્હેંકાવો તો પુણ્ય રૂપી સાકરની ગાડી ભરીને જશો.

એક મોટો વહેપારી ખૂબ સજ્જન અને પ્રમાણિક હતો. તે નીતિથી પોતાનો ધંધો કરતો હતો, પણ અશુભ કર્મ કયારે ઉદયમાં આવશે ને હસતાને કયારે રોતા કરી દેશે તે ખબર નથી.

**કર્મ આવે ખૂબ સતાવે, એટલેથી એ નહિ પતાવે,**
**વેરની પૂરી વસુલાત વાળે કે ધમ કરો ધર્મ કરો,**

જ્યારે કર્મ ઉદયમાં આવે છે ત્યારે જીવને ખૂબ સતાવે છે ને મૂંઝવે છે. એટલેથી એ પતાવતું નથી પણ વેરની પૂરી વસુલાત વાળે છે.

વેપારી શેઠ ઘણાં ધનવાન હતા. પણ અશુભ કર્મનો ઉદય થતાં વેપારમાં ખોટ આવવા લાગી, દેશોદેશમાં પોતાની જે પેઢીઓ હતી તે ડૂલવા લાગી. શેઠ ખૂબ પ્રમાણિક છે. કર્તવ્યના વિવેકવાળા છે. તે વિચાર કરે છે કે મેં જેનું લીધું છે તેને પાછું દેવું છે. જેનો મેં એક કોળિયો ખાધો છે તેને હું બે કોળિયા ન ખવડાવું ત્યાં સુધી મારું કર્તવ્ય બજાવ્યું નથી. જે દે છે તે દેવ છે, ને લે છે પણ દેતો નથી તે દાનવ છે. કોઈનું લઈ લેવાની, પડાવીને લૂંટીને ઘર ભેગું કરવાની વૃત્તિ તે રાક્ષસી વૃત્તિ છે. તમારા આંગણે કોઈ ભૂખ્યો, રડતો કકળતો આવે તો તેને કંઈક આપતા શીખો.

શેઠની બધી પેઢીઓ ડૂબી ગઈ. શેઠ ઘેર આવીને શેઠાણીને કહે છે કે આપણા પૂણ્યનો સૂર્ય અસ્ત થયો છે ને પાપનો ઉદય થયો છે. તેથી એક સાથે ૧૦ તાર આવ્યા

છે. બધી પેઢીઓ નુકશાનમાં ડૂબી રહી છે. તો હું તને નમ્ર વિનંતી કરું છું કે આપણી પ્રતિષ્ઠા કાયમ રાખવા માટે તથા બીજાને નુકશાન નહિ પહોંચાડવા માટે તારી પાસે સોના, હીરા, માણેક આદિના જે દાગીના હોય તે બધું મને આપો. તો આપણે જેનું લીધું છે તેને પાછું આપી દઈએ. આ વેપારીની પત્ની બીજી સ્ત્રીઓ જેવી ન હતી. શેઠ જેવા કર્તવ્ય પરાયણ હતા તેવા શેઠાણી પણ કર્તવ્યને બરાબર સમજનારા હતા. આજે ઘણા સ્થળે એવી પત્ની પણ જોવામાં આવે છે કે ગમે તેવા કટોકટીના પ્રસંગ આવે તો પણ તે સ્ત્રી પોતાના દાગીના બધું સાચવી રાખે પણ પતિને સહાયક ન બને. પતિનો પ્રાણ જવાનો સમય આવી જાય તો પણ પોતાની પાસે હોય તે કાઢીને આપે નહિ.

આ વહેપારીની પત્ની પતિવ્રતા ધર્મને બરાબર સમજી હતી. પોતાના પતિની વાત સાંભળીને તેણે કહ્યું. સ્વામીનાથ! આ બધું આપનું છે ને આપને આપવાનું છે. તેમાં શું વિશેષતા છે? એમ કહીને પોતે હસતે ચહેરે સૌભાગ્ય માટે નાકની સળી રાખીને બધા દાગીના દઈ દીધા અને કહ્યું. આપ કમાયા છો. આ બધું આપનું છે. મારે મન તો આપ સર્વસ્વ છો. દાગીના કે મિલ્કત બધું આપ છો. શેઠ બધા દાગીના લઈને પેઢી ઉપર ગયા અને પોતાના નોકર મારફત બધા વહેપારીને બોલાવ્યા ને વહેપારીઓને કહ્યું. અત્યારે મારા વહેપારમાં જબરદસ્ત ખોટ આવી છે. પણ મારું કર્તવ્ય છે કે મેં જેનું લીધું છે તેને પાછું દેવું જોઈએ. પરંતુ હું અત્યારે એ સ્થિતિમાં નથી કે આપ બધાનું પૂરું ઋણ હું ચૂકવી શકું. એમ કહીને દાગીનાનો ઢગલો કર્યો. તથા ખેતર, ઘર આદિ સ્થાવર મિલ્કત બતાવીને કહ્યું. તમે આટલા બધા વહેપારી છો ને મારી પાસે મુડી આટલી છે. આપ તેનો હિસાબ મૂકો. અને આપ બધા અરસપરસ વહેંચી લો. આપ બધાનું જે કાંઇ વ્યાજ કે રકમ બાકી રહેશે તે મારા પુણ્યનો ઉદય થશે ને મને મળશે ત્યારે હું તે ઋણ ચૂકવીશ. પરંતુ અત્યારે તો આપ આટલું લઈને પણ મને ઋણમાંથી મુકત કરો.

બંધુઓ! દુઃખના સમયમાં પણ કેટલી પ્રમાણિકતા અને પોતાનું કર્તવ્ય અદા કરવાની શેઠની કેટલી તમન્ના છે! શેઠના કર્તવ્યપરાયણ યુક્ત મીઠા વચનો સાંભળી આવનારા બધા વહેપારીઓ આશ્ચર્યચકિત થઇ ગયા અને શેઠની ઇમાનદારી પર ખૂબ પ્રભાવિત થયા. બધાના મનમાં એમ થઇ ગયું કે શું આ શેઠની કર્તવ્યપરાયણતા છે! પોતાના ઘરના ઘર વેચી પોતે ખુલ્લા પગે ઘર બહાર ચાલી નીકળીને પણ પોતાનું કર્તવ્ય અદા કરે છે. તો હવે આપણું પણ એ કર્તવ્ય છે કે આપણે ધસી પડતા મકાનના સ્થંભ જેવા બનવું જોઇએ. એટલે તેમના અત્યારે જે સંયોગો છે તેમાં આપણે ટેકા રૂપ બનીને તેમને દુઃખમાંથી બચાવી લઇએ. એમ વિચાર કરીને આવનાર બધા વહેપારીઓએ શેઠને પચ્ચીસ પચ્ચીસ હજાર રૂપિયા આપ્યા ને કહ્યું–આ પૈસાથી તમે ધંધો શરૂ કરી

દો. કાલે સવારે તમે ઉભા થઇ જશો. તમે આ દાગીના બધું ઘેર લઈ જાવ અને ખેતર, મકાન પણ રહેવા દો.

પાંચ વહેપારીઓએ પચ્ચીસ પચ્ચીસ હજાર રૂા. આપ્યા એટલે સવા લાખ રૂપિયા થઇ ગયા. શેઠની પ્રમાણિકતાની વાતો સાંભળીને બીજા પાંચ વહેપારીઓ આવ્યા. તેમણે પણ પચ્ચીસ પચ્ચીસ હજાર આપ્યા એટલે કુલ અઢી લાખ રૂા. થઈ ગયા. જે પૈસા લેવા આવ્યા હતા તે દઇને ગયા. આ શેનો પ્રભાવ! આવા દુઃખના પ્રસંગમાં પણ શેઠ પોતાનું કર્તવ્ય ભૂલ્યા નહિ. તેમના મનમાં તો એ ભાવના છે કે જેનું મેં લીધું છે તેમનું સવાયું કરીને મારે આપવું છે.

પૈસા મળતાં શેઠે પોતાનો ધંધો શરૂ કરી દીધો અને પુણ્યોદય જાગતાં વહેપાર પણ ધમધોકાર ચાલવા લાગ્યો. છ-આઠ મહિનામાં તો ગુમાવેલી મુડી પ્રાપ્ત કરી લીધી. પછી તેમણે બધા વહેપારીઓને બોલાવીને કહ્યું: હે મારા પરમ ઉપકારી ભાઇઓ! હું આપ બધાનો ઘણો ઋણી છું. આપ બધાએ મારી કટોકટીના સમયમાં જે સહાય આપી છે તે ઉપકારનો બદલો હું કયારે પણ વાળી શકું તેમ નથી. આ બધો પ્રતાપ આપનો છે. આપ બધાના સહકાર અને સદ્ભાવથી આજે હું ગુમાવેલું પાછું મેળવી શકયો છું. તેથી આપની મુડી વ્યાજ સહિત પાછી આપું છું. આપ આપના રૂપિયા વ્યાજ સહિત લઇ જાવ. હું ફકત આપના પૈસાનું ઋણ ચૂકવી રહ્યો છું. પણ આપના પ્રેમનું ઋણ તો અસીમ છે. તે ચૂકવવું અસંભવ છે. આવેલા વહેપારીઓ કહે-ભાઇ! અમે કાંઇ કર્યું નથી. આવા દુઃખમાં આવવા છતાં તમે તમારું કર્તવ્ય અને પ્રમાણિકતાને છોડયા નહિ. તે ગુણોથી અમે આપના પ્રત્યે આકર્ષાયા છીએ. જો તમારી દાનવવૃત્તિ જોઇ હોત તો અમે ગમે તેમ કરીને તમારી પાસેથી પૈસા લઈ જાત. પરંતુ તમારી દૈવી ભાવના જોઇને અમારું મન આપના પ્રત્યે સહાનુભૂતિવાળું બન્યું. કહેવત છે ને કે **"ત્યાગે તેને આગે ને માગે તેને ભાગે."**

શેઠને કસોટી આવી પણ પોતાનું કર્તવ્ય છોડ્યું નહિ તો પોતે સુખી થયા. સોનું તેજાબમાં પડે ત્યારે તેની કિંમત થાય છે. હીરો સરાણે ચઢે ત્યારે તેના મૂલ્ય અંકાય છે, તેમ માનવીની કસોટી થાય ત્યારે તેની કિંમત થાય છે. ડામરના રોડ પર ચાલતા તો સૌને આવડે. પણ ખાડા ટેકરાવાળા રસ્તા પર ચાલતાં આવડે તેને ચાલતા આવડયું કહેવાય. તે રીતે સુખમાં રહેતા સૌને આવડે પણ દુઃખના પ્રસંગે ધીરજ ન ગુમાવે ને પોતાના કર્તવ્યને વળગી રહે તે સાચો માનવ છે.

સરકાર એક ગામથી બીજે ગામ જવાને માટે સડકો બનાવે છે. પરંતુ તેના પર શ્રીમંતને ચાલવું ને ગરીબને ન ચાલવું તેવો કોઇ નિયમ નથી હોતો. કોણ ચાલશે અને કોણ નહિ ચાલે એવો વિચાર નથી કરતા.

આ રીતે ભગવાને સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા આ ચારે તીર્થોનું કર્તવ્ય શું છે ને અકર્તવ્ય શું છે તે સુંદર સમજાવ્યું છે ને સાથે એ પણ સમજાવ્યું છે કે કર્તવ્યનું પાલન કરવાથી આત્મા વિશુદ્ધ બનીને ઉત્થાનની તરફ આગળ વધે છે. જે માનવી પોતાના વ્રતોમાં દઢ નથી રહેતો ને જે કર્તવ્યનું પાલન કરતો નથી તે જન્મ-મરણના ચક્રમાં ફર્યા કરે છે. કર્તવ્યની વિશેષતા બતાવતા કહ્યું છે કે–

कर्तव्यमेव कर्तव्यं, प्राणैः कंठगतैरपि ।
अकर्तव्यम् न कर्तव्यं, प्राणेः कंठगतैरपि ।।

ચાહે પ્રાણ કંઠમાં કેમ ન આવી જાય અથવા મૃત્યુ નજીક આવીને કેમ ઉભું ન રહે તો પણ આત્માએ કર્તવ્ય કરવું જોઈએ. પણ અકર્તવ્ય ન કરવું જોઈએ.

શેઠ સાકરની ગાડી સમાન પુણ્ય લઈને આવ્યા હતા. પરંતુ વચ્ચે અશુભ કર્મના છાંટણા સમાન દુઃખ આવી ગયું. પણ પોતાનું કર્તવ્ય છોડયું નહિ તો હતી તેવી સ્થિતિમાં આવી ગયા ને પ્રમાણિકતાપૂર્વક બરાબર વહેપાર કરવા લાગ્યા. આ શેઠ પુણ્યની ગાડી ભરીને આવ્યા હતા ને પુણ્યની ગાડી ભરીને ગયા. હવે આપણે એ વિચારવાનું છે કે જૈન તરીકે જન્મીને મારું કર્તવ્ય શું છે? મારો ધર્મ શું છે? તે જો નહીં ભૂલો તો આત્મશાંતિ પ્રાપ્ત કરી શકશો. ચાર પ્રકારના વહેપારીની વાત કરી. તેમાં હવે આપણે કેવા બનવું છે તે આપણા હાથની વાત છે.

અનાથી મુનિ શ્રેણીક રાજાને કહી રહ્યા છે કે હે રાજન્! જેઓ ઘરબાર છોડીને સાધુ થયા પણ સાધુતાનું ભાન ભૂલી વિષયના ગુલામ બની જાય તે ઘણાં દુઃખની વાત છે. જે ઉપર ચઢતો નથી તેની વાત જુદી છે. પણ જે ઉપર ચઢીને પાછો નીચે પડે છે તેના તરફ બધાની નજર જાય છે. અને હાહાકાર મચી જાય છે. આ પ્રમાણે જેણે દીક્ષા લીધી નથી તેની વાત જુદી છે. પણ જે દીક્ષા લઈને ઈન્દ્રિઓને વશ થઈને પતીત થાય છે તે ઘણા દુઃખનો વિષય છે.

जे लक्खण सुविण पउंजमाणे, निमित्तकोऊहल संपगाढे ।
कुहेडविज्जा सवदारजीवी, न गच्छइ सरणं तम्मिकाले ।।

ઉત્ત. સૂ. અ. ૨૦ ગાથા ૪૫.

જ્યારે કોઈ આત્મા વૈરાગ્ય પામે છે ને ચારિત્ર અંગીકાર કરવા તૈયાર થાય છે ત્યારે તે વિચાર કરે છે કે હું સંયમ ધારણ કરીને પ્રભુમય જીવન જીવીશ અને મારું કલ્યાણ કરીશ તથા બીજા આત્માઓનું પણ કલ્યાણ કરાવીશ. તેવી ભાવનાથી દીક્ષા લે છે અને ત્યાર બાદ શાસ્ત્રોનું અને ગ્રંથોનું સારી રીતે જાણપણું પ્રાપ્ત કરે છે અને તે દ્વારા સ્વ-પરનું કલ્યાણ થાય તેવી શકિત મેળવે છે. પણ તે શકિતને સંયમ માર્ગથી વિરુદ્ધ પ્રવર્તાવવા તૈયાર થાય તો તેને માટે શું વિચારવું?

માની લો કે એક ખેડૂત છે. તેણે એક પાણીનો બંધ બાંધ્યો. બંધ બાંધતી વખતે એને શું વિચાર હતો? કે હું પાણી દ્વારા ખેતરમાં પાકને સારી રીતે પેદા કરીશ. પણ તે પાણી પાકમાં વાળવાને બદલે આંકડા, ધતુરાં એવા ઝેરી વૃક્ષને સીંચન આપવામાં પાણીને વાળ્યું અને આંબો તેમજ અનેક જાતના ધાન્યને પોષણ આપવામાં પાણીનું સીંચન ન કર્યું તો તમે તે ખેડૂતને શું કહેશો? મૂર્ખ કે બીજું કાંઈ? કારણ કે પાણી તો જેમાં સીંચન કરવામાં આવે તેને સહાયક બને. તો ઝેરી વૃક્ષને સિંચન આપવાથી પાણીનો દુરૂપયોગ થયો ને? આ રીતે પોતાનું ને જગતનું કલ્યાણ કરવું તે સંયમ લેવાનો ઉદ્દેશ હતો. પણ પેલા મૂર્ખ ખેડૂતની માફક જ્ઞાન રૂપી પાણીનું સંસાર વધે તેમાં ઉપયોગ કર્યો તો તે સાધક પણ મૂર્ખ કહેવાય ને? આજે સાધક દશાને ભૂલેલા કોઈક સંતો પોતાના ધ્યેયને ભૂલીને જ્ઞાન દ્વારા જે શક્તિ મળી છે તેનો બીજી બાજુ ઉપયોગ કરી રહ્યા છે. દાખલા તરીકે કોઈના હાથ જોઈને કહેવું કે તું બહુ ભાગ્યશાળી છે. કોઈને ભૂત, ભવિષ્ય અને વર્તમાનમાં થવાની ક્રિયાને કહેવું. કોઈના હાથ, નાક, કાન જોઈને લક્ષણ બતાવવા. પદ્મિની, હસ્તિની, ચિત્રણી આદિ સ્ત્રીઓનાં ભેદ બતાવવા. કોઈને કહેવું કે તું આમ કરીશ તો આમ થશે. આ જાતનું કોઈ પણ સાધુ જો સાધુપણામાં વર્તન કરે તો સંસાર રૂપી ઝેરી વૃક્ષને પોષવામાં પોતાની શક્તિનો દુરૂપયોગ કર્યો છે. સાધુપણું લીધા પછી કોઈપણ સંતોએ જ્યોતિષી જોવું. નિમિત્ત-લક્ષણ બતાવવા, ભવિષ્ય ભાખવું, જન્માક્ષર લખવા કે શક્તિનો ચમત્કાર બતાવવો આદિ એક પણ કાર્ય કરવું તે મહા પાપનું કારણ છે. શાસ્ત્રમાં તેનો સંપૂર્ણ નિષેધ કરવામાં આવ્યો છે.

ગૌતમસ્વામી મહાલબ્ધિધારી હતા. જો તેઓ પોતાની લબ્ધિનો ઉપયોગ કરત તો એક દિવસમાં સકળ સંસારને જૈન બનાવી શકતા હતા. તેમનામાં એવી લબ્ધિ હતી કે થોડી ખીરમાં પોતાનો અંગૂઠો મૂકી રાખે તો તેટલી ખીરમાંથી ચક્રવર્તિની આખી સેના જમી શકે. છતાં તે ખીર હતી તેટલી ને તેટલી રહે. આવા પ્રકારની ગૌતમ સ્વામી પાસે શક્તિ હોવા છતાં કોઈ દિવસ તેનો ઉપયોગ કર્યો નથી. આજે તો જો આવી શક્તિ હોય તો તમે તમારો સ્વાર્થ સાધવા દોડો અને સંયમ માર્ગને ભૂલેલો સાધુ ચમત્કાર બતાવવા તૈયાર થાય.

જ્ઞાની કહે છે કે સાધુપણામાં કુતુહલ બતાવવું, ધન-પુત્રાદિની પ્રાપ્તિ થશે *તેવું નિમિત્ત બતાવવું તે સાધુતાથી પતીત થવાનો રસ્તો છે અને તેવા સંતો અનાથ છે.* પરંતુ જે આ બધાનો જાણકાર હોવા છતાં જે ઉપયોગ કરતો નથી અને પોતાના સંયમ માર્ગમાં સંપૂર્ણ વફાદાર રહે છે તે સાચો સનાથ છે. હું આપને પૂછું છું કે સાધુનો સંગ તમારે સનાથ બનવા માટે કરવો છે કે અનાથ બનવા માટે? જે સાધુ થઈને લક્ષણ, સ્વપ્ન, નિમિત્ત, કુતુહલ બતાવે છે તેને જો નિર્ગંથ સમજીને તમે તેના શરણે

જશો તો અનાથ રહેશો. જો તમારે સનાથ બનવું હોય તો સાચા વીતરાગી સંતનો પરિચય કરો. અને એવા દૃઢ બનો કે સંતના પરિચય દ્વારા તમને પણ સંત બનવાની ભાવના આવે. વધુ ભાવ અવસરે.

☆

## વ્યાખ્યાન નં. - ૧૦૦

**કારતક સુદ ૭ ને સોમવાર** **તા. ૧૦-૧૧-૭૫**

અનંત જ્ઞાનીઓ આપણને કહે છે કે ઓ સંસાર સાગરના પ્રવાસી! તું મોહ નિદ્રામાંથી જાગ. જન્મ-મરણના અનંતા દુઃખોને ભૂલીને મોહ-માન, માયા, લોભ, વિષય-કષાય અને આશા-તૃષ્ણાના અહંકારમાં તું કેમ લપટાઈ ગયો છું? યાદ રાખજે કે આ બધા જન્મ-મરણ રૂપી અનંતા દુઃખો આપનાર છે. મારા બંધુઓ! એક વાત સમજી લો, જેમ કોઈ દર્દી હોય તેને ભયંકર દર્દ થયું છે તેથી ડોકટરો તેને ચોવીસે કલાક ઘેનમાં રાખે છે. તેથી તેનું દુઃખ દૂર ચાલ્યું ગયું નથી પણ તેને ઘેનમાં ખબર પડતી નથી. તે રીતે આ સંસારમાં એશઆરામ, લાડી-વાડી-ગાડી, તથા ભોગવિલાસ રૂપી મોહનીય કર્મે ઘેનના ઇન્જેકશન આપ્યા છે તેથી તમે જન્મ-મરણ રૂપી અનંતા દુઃખને વીસરી ગયા છો. અરેરે....તમને કોઈ દિવસ વિચાર આવે છે કે કયારે આ દુઃખમાંથી છૂટું? જો આ દુઃખનો ખ્યાલ આવતો હોય તો તેમાંથી છૂટવાની તમને ઉત્કંઠ ભાવના જાગશે. અને તે માટે વિભાવમાંથી સ્વભાવમાં આવવાનો પુરૂષાર્થ કરશો. જ્યારે તમારા આત્મામાં રંગ લાગશે ત્યારે તમે એમ વિચાર નહિ કરો કે સંસાર પ્રત્યેનો રાગ મારાથી છૂટતો નથી. આવા નિર્માલ્ય શબ્દો સિંહ સમાન શકિત ધરાવનાર આત્મા બોલે ખરો? આપણા આત્મામાં અનંત જ્ઞાન અને અનંત સુખ રહેલું છે. અને તે સુખ સદા સ્વતંત્ર છે. જ્યારે આ શકિત પ્રગટ થશે ત્યારે રાગ-દ્વેષરૂપી પરતંત્રતા નહીં રહે. આપણા આત્માને આપણે જગાડવાનો છે. જ્યારે આત્મા પોતાના સ્વરૂપને જાણશે ત્યારે તે મોક્ષ નગરનો અધિકારી થશે.

ચોથા ગુણસ્થાનકથી ધર્મની શરૂઆત કરી, વિરાગી બની, આત્માની અંશે અનુભૂતિ કરી તેમાં આગળ ને આગળ વધવાનો જે જીવ પુરૂષાર્થ કરે છે તે આત્મા છેવટે તેરમા ગુણસ્થાનકે પહોંચે છે ને કેવળજ્ઞાન પામે છે. પછી બાકી રહેલા અઘાતી કર્મો ખપી જતાં ચૌદમા ગુણસ્થાનકે કાળ કરી પૂર્ણતાને પામે છે. જો કે અત્યારે અહીંથી સીધું મોક્ષે જવાતું નથી પરંતુ એકાવતારી બની મહાવિદેહ ક્ષેત્રમાંથી મોક્ષ પામી શકાય છે. જ્યાં અનંતુ સુખ અને આનંદ છે. તેવા મોક્ષ નગરનું સુખ કયારે પણ વિલીન થનાર નથી. યાદ રાખજો. આત્મા વીતરાગ બનવાની શક્તિવાળો છે. પણ બીજો કોઈ હાથ પકડીને મોક્ષમાં લઈ જનાર નથી. તે પુરૂષાર્થ જીવને તો જાતે કરવો

જોઈશે. કેમ બરાબર છે ને? જો તમારામાં એવા વિચારો ભર્યા હશે કે મારાથી સંસાર છૂટી શકશે નહિ, વિષય કષાયને છોડી શકીશ નહિ, હું વિરાગી બની શકું નહિ તો ક્યારે પણ આ જીવ મોક્ષ પામવાનો નથી. હું તો આપને કહું છું કે સિંહ સમાન આપણો આત્મા છે તેને આવી નિર્બળતા શોભે ખરી? યાદ રાખો. હવે તમે નિર્બળતાને ખંખેરી નાંખો અને સમજી લો કે સંસારી ઉપભોગો ભવવર્ધક છે ને અનંતા દુઃખનું કારણ છે. પછી તો સુખ માંગીશ તો ક્યાંથી મળશે? વાવવા છે કાંટા અને મેળવવા છે ગુલાબ તે ક્યાંથી બને? કર્મરહિત બનશો તો મોક્ષ મળશે. તે માટે જબ્બર પુરૂષાર્થ ઉપાડવો જોઈશે. આજે ઘણાં લોકો એમ કહે છે કે ભોગવિષયો મારાથી છૂટતા નથી. મારામાં એ તાકાત નથી કે હું સંસાર પ્રત્યેનો મોહ છોડી શકું. સંયમ લઈને પરિષહો કેમ જીતી શકું? આવી બધી નબળી વાતો કરનારો ક્યારે પણ મોક્ષને પામી શકવાનો નથી.

ખરેખર જો જન્મ મરણના ફેરા દુઃખ રૂપ લાગતા હોય તો તેમાંથી છૂટવાની ઉત્કંઠ ભાવના ધરાવ. અને વિષ જેવા સંસારના વિષયભોગોને છોડીને આત્માને ઓળખી આત્મામાં લીન બનો. મોક્ષ મેળવવા માટે પુરૂષાર્થ ઉપાડો તો સિદ્ધપદને પામી શકશો. તે સિદ્ધપદને પામવા માટે મન, વચન અને કાયાથી શુદ્ધ બનો. જૈનદર્શન કહે છે કે ત્રણમાંથી એક પણ પાપમય હોય તો કર્મબંધન થાય છે. માટે પવિત્ર બનો. જ્યારે તમારા જીવનમાં માનવતાનો ગુણ પ્રગટશે ત્યારે તમે બીજા જીવો માટે ધૂપસળી સમાન બનશો.

કૃષ્ણવાસુદેવ અને સુદામા બંને નાનપણના ગોઠીયા મિત્રો હતા. બન્ને સાથે ભણેલા, રમેલા ને રહેલા તેથી ખૂબ મિત્રાચારી હતી. પરંતુ પુણ્યોદયે કૃષ્ણજી ત્રણ ખંડના અધિપતિ બન્યા અને સુદામાના પાપનો ઉદય તેથી ખાવાનું પણ માંડ પેટ પૂરતું મળતું. તેમને રહેવા માટે નાનીશી ઝુંપડી હતી. પરંતુ તેમની ભાવના ખૂબ પવિત્ર અને વિચારો આદર્શ હતા. ગરીબાઈએ તો તેમના ઉપર સ્થાન જમાવ્યું હતું. એક વાર પ્રસંગોપાત સુદામાની પત્ની સુદામાને કહે છે. તમારા મિત્ર કૃષ્ણજી ત્રણ ખંડના અધિપતિ છે. આપ તેમની પાસે જાવ તો તે આપની ગરીબાઈ દૂર કરી દેશે. તમને ન્યાલ કરી દેશે. સુદામા કહે–આપણે ગમે તેવા ગરીબ હોઈએ પણ કોઈની પાસે હાથ ધરવો તે મરવા સમાન છે. પત્નીના ખૂબ કહેવાથી સુદામા કૃષ્ણવાસુદેવ પાસે જવા તૈયાર થયા. સુદામા ચાલતાં ચાલતાં દ્વારકા નગરીમાં કૃષ્ણવાસુદેવના મહેલે પહોંચ્યા. ત્યાં દરવાજે દ્વારપાળ ઉભો હતો તેણે પૂછયું. તમે કોણ છો ને શા માટે આવ્યા છો? સુદામા કહે મારે કૃષ્ણજીને મળવું છે. સુદામાના દેદાર જોઈને દ્વારપાળ કહે એમ નહિ જવાય.

આજે પણ સમાજમાં આ સ્થિતિ છે. ધનવાનોના માન-સન્માન થાય છે ને ગરીબનો કોઈ ભાવ પૂછનાર નથી. મહાન કમાલપાશા જ્યારે તુર્કી રાજ્યના રાષ્ટ્રપતિ હતા ત્યારે

એક વખત દેશમાં રાષ્ટ્રપતિનો જન્મજયંતિ સમારોહ ઉજવવાનો હતો. આ જન્મજયંતિ ઉજવવાનો દિવસ આવ્યો ત્યારે દેશના મોટા મોટા શ્રીમંતો, શેઠ-શાહુકારો બધા પોતાના રાષ્ટ્રપતિના ચરણે લાખો રૂપિયા ભેટ ધરવા લાગ્યા. આજે ઇન્દીરા ગાંધીના ચરણે શ્રીમંતો લાખો રૂપિયા ધરે છે. કારણ કે મનમાં એમ છે કે જો ઇન્દીરા ગાંધીની દૃષ્ટિ આપણા ઉપર પડે તો આપણું કામ થઇ જાય. પરંતુ આ કમાલપાશા આજના જેવો રાષ્ટ્રપતિ ન હતો. તે દુઃખીઓનો બેલી અને ગરીબોનો નાથ હતો. તે પ્રજાનું પુત્રવત્ પાલન કરતા હતા. તેથી પ્રજા પણ તેમને પોતાના પિતા સમાન ગણતી હતી. કમાલપાશાની જન્મજયંતિ હોવાથી ચારે બાજુ ઉત્સવનું વાતાવરણ હતું. જનતાના દિલમાં આનંદ ખૂબ હતો. આ સમારોહ પૂરો થયા બાદ બધા લોકો વીખરાઇ ગયા ને રાષ્ટ્રપતિ પોતાના ભવનમાં ચાલ્યા ગયા.

થોડા સમય પછી એક જર્જરિત શરીરવાળો વૃદ્ધ માણસ રાજમહેલના દરવાજે આવીને ઉભો. તે કમાલપાશાને કંઇક ભેટ ધરવા માટે રાજમહેલમાં પ્રવેશ કરવા જાય છે ત્યાં પોલીસે તેને રોકયો ને કહ્યું– यहाँ खडे रहो. અંદર નહિ જવાય. ત્યારે તે વૃધ્ધે કહ્યું– સાહેબ! આજે આપણા રાષ્ટ્રપતિ કમાલપાશાની જન્મજયંતિ છે તેથી નાનકડી ભેટ તેમને ચરણે ધરવા આવ્યો છું. પોલીસ કહે– કમાલપાશાનો જન્મજયંતિ સમારોહ તો ઉજવાઇ ગયો. કેટલી રાત પડી ગઇ છે! હવે તું કયાંથી આવ્યો? તે વૃદ્ધ કરગરે છે ભાઇ! મને જવા દો. મને માફ કરો. હું નાના ગામમાં રહું છું. સવારથી ચાલવાનું શરૂ કર્યું ત્યારે અત્યારે અહીં પહોંચ્યો છું. હું ૨૦ માઇલ દૂરથી ચાલતો ચાલતો આવ્યો છું. પોલીસ કહે– મારે એ જોવાની જરૂર નથી કે તું કેટલા માઇલથી આવ્યો છે? ચાલ્યો જા અહીંથી.

બંધુઓ! જો તે વૃદ્ધની પાસે તમારા રૂપિયાનો લીલો કાગળ હોત તો પોલીસ તેને જવા દેત. પોલીસને કયાં ખબર છે કે ભલે તેની પાસે લીલો કાગળ નથી પણ હૃદયના ભાવનો લાલ કાગળ તો છે ને! તમે જાણો છો કે પટાવાળાથી લઇને સાહેબ સુધી બધે આજે સડો પેઠો છે. આજે ન્યાય–નીતિનો તો દેશનિકાલ થઇ ગયો છે. આજે કારવાળાઓની કિંમત છે. તમે પણ મોટરોવાળાનું સન્માન કરો છો. તમે દુકાને બેઠા હો અને કોઇ મોટરમાંથી ઉતરીને દુકાન તરફ આવે તો તમે ઉભા થઇ જશો. તેને સન્માન આપશો. પણ કોઇ ગરીબ આવે તો? આ વૃદ્ધ માણસ મોટર વિના આવ્યો હતો. એટલે તો તેને રાજમહેલમાં પ્રવેશ ન્હોતો મળતો. તે માણસ અંદર જવા માટે ખૂબ કરગરે છે. તેની આંખમાં આંસુ વહે છે પણ આ પોલીસ તેને જવા દેતો નથી ને ઉપરથી દબડાવે છે. ગોદા મારે છે ને વચનોના પ્રહારો કરે છે. આ બધું કમાલપાશાએ પોતાના મહેલની બારીમાં ઉભા ઉભા જોયું. તે તરત નીચે આવ્યા. ને

તે વૃદ્ધ પાસે ગયા. કમાલપાશાએ તે વૃદ્ધના શરીર તરફ કે મેલાં કપડાં તરફ ન જોયું પણ તેની અંતરની ભાવના તરફ દૃષ્ટિ કરી.

કમાલપાશામાં ગરીબો પ્રત્યે કેટલી સહાનુભૂતિ, પ્રેમ અને પવિત્રતા છે! પવિત્રતા અને પ્રેમ એ બે શબ્દોમાં અજબ શક્તિ રહેલી છે. તમારો દીકરો અમેરિકા ભણવા માટે ગયો છે. તેનો મિત્ર તેને દશ પાના ભરીને પત્ર લખે છે. તેમાં સમયનો વ્યય ખૂબ કર્યો છે. ભાષા સુંદર ને અક્ષરો મોતીના દાણા જેવા છે. કવર પણ સુંદર ડીઝાઈનથી આકર્ષક બનાવ્યું છે. આવી રીતે મિત્ર પત્ર લખે છે. તે કાગળમાં છેલ્લે તેની માતા કાલીઘેલી ભાષામાં હૈયાના હેત ભરી ચાર લીટી લખે છે. લીટી ચાર છે પણ પણ તેમાં વાત્સલ્યના વહેણુ વહ્યા છે. અંતરનો પ્રેમ ભર્યો છે. તે પત્ર અમેરિકા પહોંચ્યો. છોકરાએ માતાનો અને મિત્રનો બંનેના પત્ર વાંચ્યા. જો દીકરો માતૃપ્રેમને નહીં ભૂલ્યો હોય ને માતૃપ્રેમ તેનામાં ઉછળી રહ્યો હશે તો માતાની કાલીઘેલી ચાર લીટી તેની આંખોમાંથી અશ્રુ વહાવશે. તેનું હૃદય તેની માતાના વાત્સલ્ય અને અનુરાગથી ભરાઈ જશે. આનું શું કારણ? માતાના હૈયાના હેત પત્રમાં રેડેલા છે. તેથી તે ચાર લીટી પુત્રના હૃદયમાં કોતરાઈ જાય છે. જ્યારે મિત્રનો સુંદર અલંકારી ભાષાથી લખેલો ૧૦ પાનાનો પત્ર તેના દિલમાં સ્થાન જમાવી શકતો નથી. કારણ કે તેનો પ્રેમ કૃત્રિમ છે. સારું લગાડવા માટે લખેલું છે. તેથી તે કાગળ હવામાં ઉડી જાય છે. યાદ રાખો કે હૃદયમાંથી નીકળેલી વાત હૃદય સુધી પહોંચે છે. માતાનો પ્રેમ અંતરનો હોય છે.

કમાલપાશા મહેલમાંથી નીચે ઉતરીને તે વૃદ્ધ માણસ પાસે આવ્યા તેને ખૂબ પ્રેમથી ભેટયા ને પૂછયું - શું લાવ્યા છો આ સેવકને માટે? ત્યારે તેણે કહ્યું - બાપુ! આજે આપની જન્મજયંતિ છે તેથી હું આપને ફૂલ નહિ ને ફૂલની પાંખડી આપને ભેટ ધરવા માટે લાવ્યો છું. રાષ્ટ્રપતિ આવા ગરીબ માણસની ભાવના જોઈને ખૂબ આનંદિત થયા. પૂછયું - ભાઈ! તું શું લાવ્યો છે? તે વૃદ્ધ કહે - નાની કુલડી ભરીને તાજું મધ આપના માટે લાવ્યો છું. તે આપને આપવું છે. આપના જન્મદિને આજે કંઈક માણસોએ લાખો રૂપિયા આપને ચરણે ધર્યા પણ હું તો ફૂલ નહિ ને ફૂલની પાંખડી સમાન આપના માટે લાવ્યો છું તે આપ સહર્ષ સ્વીકાર કરો. રાષ્ટ્રપતિએ તેમાંથી એક આંગળી ભરીને જીભ ઉપર મૂકયું ને બીજી આંગળી ભરીને તે વૃદ્ધના મોંમાં મૂકયું. પછી પોતાની ગાડીમાં બેસાડીને તેના ઘર સુધી મૂકી આવ્યા. અને કહ્યું - બાપા! હવે આપને મહેનત કરવાની જરૂર નથી. એમ કહીને તેમની આજીવિકા માટે રૂપિયાની નોટોનું બંડલ આપ્યું ને કહ્યું. આપને કંઈ પણ જરૂર પડે ત્યારે આ દીકરાને સેવા આપજો. આનું નામ સાચી જન્મજયંતિ ઉજવી ગણાય. તમે તમારી વર્ષગાંઠના દિવસે સારા કપડા પહેરી માંગલિક સાંભળવા આવો છો. મિષ્ટાન્ન જમો છો પરંતુ તમારું મોઢું મીઠું કરતાં પહેલાં કોઈકનું તો મોઢું મીઠું કરાવજો.

બાપાનું મધ કેટલું મીઠું હશે? એ મીઠાશ મધની નહિ પણ હૃદયની છે. જેમાં મધ કરતાં પણ વધારે મીઠા ભાવો ભરેલા છે. મૂલ્ય ભાવનાનું છે. ગોડાઉનમાં માલ ભર્યો હોય અને બજારમાં તેના ભાવ ત્રણ-ચાર ગણા થઇ જાય તો તમારા ચહેરા ઉપર રોનક દેખાય છે. પણ જો માલ ભર્યો હોય ને ભાવ બેસી જાય તો ચહેરાનું નૂર ઉડી જાય છે. તેવી રીતે ધાર્મિક સાધનામાં પણ ભાવનું મૂલ્ય છે. રાષ્ટ્રપતિના મનમાં એ સમજાઈ ગયું કે પોલીસે બાપાને ગોદા માર્યા, તિરસ્કાર કર્યો છતાં તે જતો નથી. મારા માટે પ્રજા જો જાન દેતી હોય તો મારે મારું કર્તવ્ય અદા કરવું જોઇએ. એમ સમજીને તેમણે બાપાની ગરીબાઇ દૂર કરી દીધી. આજે માનવ પોતાના કર્તવ્યને ભૂલી ગયો છે.

સુદામાના ફાટયા તૂટયા કપડાં અને સાવ ગરીબ જેવો દેખાવ જોઇને દ્વારપાળે અંદર જવાની ના પાડી. ત્યારે સુદામા કહે છે ભાઇ! તમે કૃષ્ણની પાસે જઇને એટલું કહો કે સુદામા આવ્યા છે. આ સમયે કૃષ્ણ પોતાની ગોપીઓ સાથે ખેલ કરે છે. બધા ભેગા થઇને આનંદ-મસ્તી કરી રહ્યા છે. ત્યારે દ્વારપાળે જઇને કહ્યું. મહારાજા! સુદામા આપને મળવા માટે આવ્યા છે. આટલી ગોપીઓની વચ્ચે આનંદ કરતાં કૃષ્ણજીએ 'સુદામા' નામ સાંભળ્યું ત્યાં તરત ઉભા થઇ ગયા, ને છોકરો દોટ મૂકે તેમ દોટ મૂકી. મહારાણીઓ વિચાર કરે છે કે આપણા પતિ એકદમ દોડયા કેમ? શું તેમને કંઇ થયું છે? આમ રાણીઓ વિચાર કરે છે ત્યાં તો કૃષ્ણજી સુદામાને ઉંચકીને મહેલમાં લઇ આવ્યા. ને પલંગ પર બેસાડયા. આ જોઇને રાણીઓ મુગ્ધ બની ગઇ. કે આણે કેવા મેલા ઘેલા કપડાં પહેર્યા છે! તેવાને સ્વામી મહેલમાં લઇ આવ્યા. શું આપણા પતિ ગાંડા થઇ ગયા છે? આમ વિચાર કરતી રાણીઓ મજાક કરવા લાગી. કૃષ્ણજી કહે-તમે બધા મજાક ન કરો. આ તો મારો બાલપણાનો મિત્ર છે. તમે શું જમાડો છો તેના કરતાં અધિક મીઠું એણે મને જમાડયું છે. સુદામાએ કૃષ્ણજીને શું જમાડયું હતું? તાંદુલ. તે પણ રાંધેલા નહિ. કેટલી કિંમતના આ ચોખા હતાં? આમ તો તેની કિંમત ત્યારે બે પૈસા પણ નહિ હોય, કારણ કે તે વખતે મોંઘવારી નહોતી તેમજ વિદેશમાંથી ચોખા મંગાવવા પડતા પણ નહોતા. તમારી નજરે એ ચોખાની ભલે કાંઇ કિંમત ન હોય પણ તેનું મૂલ્ય જાણવું હોય તો કૃષ્ણજીને પૂછો. કૃષ્ણ વાસુદેવ રાણીઓને કહે છે તેની કિંમત તમે નહિ આંકી શકો. તમારા રસવંતા ભોજનમાં જે સ્વાદ નથી આવતો તેથી અધિક મીઠાશ સુદામાના પ્રેમભર્યા તાંદુલમાં હતી.

કૃષ્ણજીએ સુદામાને પૂછયું-હે મારા બાલ મિત્ર! તમારે આટલે સુધી કેમ આવવું પડયું? મારા લાયક જે સેવા હોય તે વિના સંકોચે ફરમાવો. સુદામાને બોલતાં જીભ ઉપડતી નથી. કે હું આ કારણે આવ્યો છું. કૃષ્ણજી સમજી ગયા કે મારા મિત્રની સ્થિતિ ખૂબ ગરીબ થઇ ગઇ લાગે છે. તેમણે સુદામાને છ મહિના પોતાને ઘેર રોકયા.

અને છાનામાના સુદામાના ઘેર ઝુંપડીના બદલે મહેલ બનાવ્યો ને આખી નગરી વસાવી દીધી. છ મહિને સુદામા પોતાને ઘેર જાય છે ત્યારે ત્યાં ગામ કે ઘર ઓળખાતા નથી. ગામડું હતું તે નગર બની ગયું હતું. સુદામા આંટા મારે છે કે હું આ શું જોઉં છું? ત્યાં તેમની પત્નીએ જોયા એટલે કહ્યું કે આપ આંટા કેમ મારો છો? આ આપણું ઘર છે. સુદામા કહે-અરે! તું કોઈના ઘરમાં પેસી ગઈ લાગે છે. ત્યારે તે કહે-ના, એમ નથી. આપ અહીંથી ગયા પછી કૃષ્ણજી અહીં આવીને આ બધું કરી ગયા છે. આટલું બધું કૃષ્ણજીએ કર્યું. છતાં જરા પણ સુદામાને તેની ખબર પડવા દીધી નથી. આ હતો કૃષ્ણ-સુદામાનો પ્રેમ અને તેમની દિલની ભાવના!

આજે તો દેવાનું થોડું ને ગાજવાનું ઘણું તેવું થઈ ગયું છે. ગુપ્ત દાન દેનારા આજે બહુ ઓછા છે. પરિગ્રહ સંજ્ઞા તોડવા માટે દાન છે. દાન દેવા છતાં જો પરિગ્રહ સંજ્ઞા છૂટતી ન હોય તો તે સાચું દાન નથી. મૈથુન સંજ્ઞા તોડવા માટે બ્રહ્મચર્ય છે. બ્રહ્મચર્યવ્રત અંગીકાર કરવા છતાં જો વિષયોના વિષ નીકળ્યા નથી તો તે સાચો બ્રહ્મચારી નથી. આહાર સંજ્ઞા પર વિજય મેળવવા માટે તપ છે. પરંતુ તપ કરીને જો રસેન્દ્રિય જીતાતી ન હોય ને પારણાની રાહ જોવાતી હોય તો તે તપ સાચો તપ નથી. આત્માએ સમજવાની જરૂર છે. સાધનાની સાથે તેના મન-વચન-કાયાના યોગ શુદ્ધ હોય ને પરિણામ સારા હોય તો તે સાધના મહાન ફળ આપે છે. નહીં તો એકની એક ક્રિયા હોવા છતાં એક મહાન લાભ મેળવે છે ને બીજાને તેનો લાભ મળતો નથી.

ભગવાન નેમનાથના દર્શન કરવા ત્રિખંડ અધિપતિ કૃષ્ણવાસુદેવ ગયા ને સાથે તેમનો સેવક સાળવી પણ ગયો. ભગવાનને જોઈને કૃષ્ણ વાસુદેવનું હૈયું હર્ષથી નાચી ઉઠયું ને ભગવાનને ભાવપૂર્વક વંદન કર્યા. ત્યાં તેમના હૃદયમાં એક સુવિચાર આવ્યો કે મેં પ્રભુને વંદન કર્યા. પ્રભુના અઢાર હજાર શિષ્યો છે. તે બધા તપ-ત્યાગની મૂર્તીઓ છે. મોક્ષના મોતી છે. રાજા, મહારાજા, શેઠ, શાહુકાર બધા પોતાનો મહાન વૈભવ છોડીને પ્રભુના ચરણે અર્પણ થયા છે. તે બધા સંતોને આજે વંદન કરું તો કેમ? વિચાર આવતાં તરત અમલમાં મૂકયો ને બધા સંતોને અનુક્રમે ઉત્કૃષ્ટ ભાવથી વંદન કરવા લાગ્યા. સાથે સાળવી પણ બધાને વંદન કરે છે. પણ તેના ભાવ શું છે? રાજા વંદન કરે છે માટે હું કરૂં છું. કયારે તે વંદન કરવાનું બંધ કરે ને હું પણ બંધ કરુ? મને ખૂબ થાક લાગ્યો છે. સાળવી બંધ થવાની રાહ જુવે છે. કૃષ્ણવાસુદેવ વંદન કરતાં કર્મના ભૂકકા કરે છે. જ્યારે સાળવીને કર્મના ભૂકકા ન થયા પણ પુણ્ય બંધાયું.

કૃષ્ણ વાસુદેવ બધાને વંદન કરીને બેઠા ત્યારે ભગવાન નેમનાથ કહે હે કૃષ્ણ વાસુદેવ! તમે બધા સંતોને વંદન કરતાં ભવનો થાક ઉતાર્યો છે. ત્યારે કૃષ્ણ વાસુદેવ પૂછે છે અહો પ્રભુ! મારી સાથે સાળવીએ બધાને વંદન કર્યા તેને શું લાભ થયો?

ત્યારે પ્રભુએ કહ્યું - વીર સાળવીનો પુરૂષાર્થ માત્ર કાયા કષ્ટ બનીને રહી ગયો. પ્રભુ! એમ કેમ? પ્રભુએ કહ્યું તેનું કારણ એ છે કે તમે વંદન કરતા હતા તેમાં તમને ત્યાગ પ્રત્યે અનુરાગ હતો. સંયમી જીવન પ્રત્યે શ્રદ્ધા ઉભરાતી હતી. પરંતુ જ્યારે સાળવી વંદન કરતો હતો ત્યારે તેના મનમાં એવો વિચાર હતો કે મારો માલિક નમસ્કાર કરે છે એટલે મારે પણ કરવો જોઈએ. તે તો પૂરી થવાની રાહ જોતો હતો. આથી તેની મહેનત માત્ર અનુકરણ રૂપ હતી. બંનેની એક સરખી ક્રિયા હોવા છતાં બંનેના પરિણામમાં ફેર હતો.

પરિણામની ધારા આત્મદશાને માપવાની પારાશીશી છે. જો પરિણામની ધારા અશુભ તરફ જતી હોય તો આત્મા અશુભનો અનુગામી છે. એટલા માટે તો આગમ કહે છે કે શુભ પરિણામે શુભ બંધ અને અશુભ પરિણામોથી અશુભ પ્રકૃતિનો બંધ પડે છે. પરિણામનો ચમત્કાર તો જુઓ. તે બંધને પણ સંવરમાં પલટાવી દે છે. ભગવાન આચારંગ સૂત્રમાં બોલ્યા છે કે जे आसवा ते परिसवा, जे परिसवा ते आसवा વિચારોના પરિણામો આશ્રવને સવરમાં ને સંવરને આશ્રવમાં બદલી નાંખે છે. અરિસામાં તમે પણ તમારું પ્રતિબિંબ જુઓ છો ને ભરત ચક્રવર્તિએ પણ જોયું. સમ્રાટ ભરત ચક્રવર્તિને અરિસામાં પ્રતિબિંબ જોતાં જોતાં કેવળજ્ઞાન થઈ ગયું. તમને થયું કે નહિ? ના. તેમની દૃષ્ટિ કોઈ નિરાળી હતી. તેની પાછળ શુદ્ધ પરિણામની ધારા વહેતી હતી. અને તે કેવળજ્ઞાનનો પ્રકાશ લઈ આવી.

ઉત્તરાધ્યયન સૂત્ર વીસમાં અધ્યયનમાં અનાથી નિર્ગ્રંથ શ્રેણીક રાજાને અનાથ-સનાથના ભેદ સમજાવી રહ્યા છે. તેઓ ભાવ અનાથતાની વાત કરે છે. ગઈ કાલે કહ્યું હતું કે જે સાધુ માણસના નેણુ, કાન, નાક, આંખ કપાળ આદિ જોઈને તેનાં લક્ષણ બતાવે, સ્વપ્નનાં ફળ કહે, જ્યોતિષ જુએ, કુતૂહલ કરે, આવી કુત્સિત વિદ્યાઓથી આજીવિકા ચલાવે છે તે સાધક સનાથમાંથી અનાથ બની જાય છે. હવે આગળ શુ કહે છે:–

**तमं तमेणेव उ से असीले, सया दुही विप्परीया मुवेइ ।**
**संधावइ नरग तिरिक्ख जोणि, मोणं विराहित्तु असाहुरुवे ।।**

ઉત્ત. સૂ. અ. ૨૦ ગાથા ૪૬

જે સાધુવેશ ધારણ કરીને શિથિલાચારી બની જાય છે તે સાધુ અંધકારમાંથી અંધકારમાં જાય છે. એટલે કે તે અજ્ઞાનમાંથી અજ્ઞાનમાં પ્રવેશ કરે છે. સંસારનો ત્યાગ કરતી વખતે જે પદાર્થો ત્યાગ કરી સાધુપણું અંગીકાર કર્યું હતું તે પદાર્થોમાં પાછો તે લલચાય છે. તે કેટલી અજ્ઞાનતા છે!

પોતાના સ્વચ્છંદે ચાલનારા સાધુ વીતરાગની આજ્ઞાને શિરોમાન્ય નહિ કરનારા દુઃખી થાય છે. જે સાધુ વીતરાગની આજ્ઞા પ્રમાણે ચાલે છે તેની યશકીર્તિ જગમાં ફેલાય

છે. અને જે વેશને વફાદાર નથી તે સડેલી કૂતરીની માફક બધેથી તિરસ્કાર પામે છે. જે વેશમાં સાધુપણામાં છે પણ જે કાર્યો ગૃહસ્થ જેવા કરે છે, આરંભ સમારંભમાં પડી જાય છે, અને ગૃહસ્થના કાર્યમાં જે રસ ધરાવે છે તેવા કુશીલ ચારિત્ર હીન વેશધારી સાધુ સંયમથી નીચે ઉતરેલા છે. તે આ લોકમાં નિંદાય છે ને તેનો પરલોક પણ બગડે છે. એટલે સારી ગતિ મળતી નથી. અનંત જ્ઞાની કહે છે કે હે સાધક! સંયમ લીધા પછી ચારિત્રનું યથાર્થ પાલન કરજે પણ છકાય જીવની હિંસામાં કયારે પણ પડીશ નહિ.

વિશેષમાં અનાથી મુનિ આગળ આપણને સમજાવી ગયા કે આપણો આત્મા વૈતરણી નદી, કૂટ શાલ્મલી વૃક્ષ, નંદનવન અને કામધેનુ સમાન છે. વૈતરણી નદીમાં જીવને કેવું દુઃખ પડે છે ને કૂટ શાલ્મલી વૃક્ષના તીક્ષ્ણ છરાની ધાર જેવા પાંદડા શરીર ઉપર પડે તો કેવી વેદના થાય છે? જો આવી વેદનાનું સતત ધ્યાન રહે તો તેનામાં કોઇ પ્રકારનો વિકાર રહી શકે નહિ. આ વાત સ્પષ્ટ સમજવા માટે એક ઉદાહરણ આપું છું.

એક ધર્મિષ્ઠ રાજા એક વખત ધ્યાનમાં મસ્ત બનીને બેઠા હતા. તે વખતે એક બહુરૂપી એની સામે આવ્યો ને તેણે રાજાને હસાવવા માટે ઘણા પ્રયત્નો કર્યા. પણ રાજા કોઇ રીતે હસ્યા નહિ. ગંભીરતાપૂર્વક બેસી રહ્યા. જ્યારે એનું ધ્યાન પૂર્ણ થયું ત્યારે બહુરૂપી રાજાને કહેવા લાગ્યો કે મેં આપને હસાવવા માટે આટલો બધો પ્રયત્ન કર્યો છતાં આપ કેમ હસ્યા નહિ? રાજાએ વિચાર કર્યો, કે હું કેમ હસ્યો નહિ એ વાત એને અનુભવ કરાવીને સમજાવું. તો જલ્દી તેના મગજમાં બેસી જશે. આ પ્રમાણે વિચાર કરીને રાજાએ એક કૂવા ઉપર એક તૂટેલા જેવી ખુરશી મૂકાવી. અને તે ખુરશી ઉપર પાતળા દોરાથી બાંધીને એક તલવાર લટકાવી પછી પેલા બહુરૂપીને તે ખુરશી ઉપર બેસાડયો. ત્યાર પછી મશ્કરી કરનાર મજાકીયા માણસોને રાજાએ કહ્યું - તમે આને ગમે તેમ કરીને હસાવવાનો પ્રયત્ન કરો. મશ્કરાઓએ મશ્કરી કરીને બહુરૂપીને હસાવવા માટે ખૂબ પ્રયત્ન કર્યો પણ તે બહુરૂપી હસ્યો નહિ. ત્યારે રાજાએ તેને પાસે બોલાવીને પૂછ્યું કે ભાઇ! તને હસાવવાનો આટલો બધો પ્રયત્ન કરવા છતાં તું કેમ હસ્યો નહિ? ત્યારે બહુરૂપીએ જવાબ આપ્યો કે મહારાજા! માથે નગ્ન તલવાર લટકતી હતી ને બીજી તરફ કૂવામાં પડવાનો ભય હતો. એવી સ્થિતિમાં હસવું કેવી રીતે આવે? આવો અનુભવ કરાવીને રાજાએ કહ્યું, કે હું જ્યારે ધ્યાનમાં હતો ત્યારે મને વિચાર આવ્યો કે અહો! મારો આત્મા જ્યારે ભાન ભૂલે છે ત્યારે કૂટ શાલ્મલી વૃક્ષ અને વૈતરણી નદી સમાન બની જાય છે. તે સમયે સર્વજ્ઞ ભગવંતના કથન અનુસાર નરકમાં *વૈતરણી નદી અને કૂટ-શાલ્મલી વૃક્ષ જે દુઃખ આપે છે તે દુઃખ મારી નજર સમક્ષ* તરવરતા હતા. એવી સ્થિતિમાં મને હસવું કેવી રીતે આવે?

બંધુઓ! સંસાર વર્તી દરેક આત્માઓ આવો વિચાર કરે તો સંસારના કોઈ

પણ પદાર્થો આત્માને બંધનકર્તા નીવડી શકે નહિ. ને આત્મા મોહમાં પડી શકે નહિ. જે સાધુ થઈને આ વાતનો વિચાર કરતા નથી તે અંધકારમાંથી નીકળીને અંધકારમાં જઈ રહ્યો છે. ઉપનિષદમાં કહ્યું છે કે :–"अंध तमः प्रविशन्ति येऽविद्यामुपासते।" અવિદ્યા એ અંધકાર છે. અવિદ્યાનું વર્ણન ઘણું વિસ્તૃત છે પણ આપણે ટૂંકમાં સમજી લઈએ કે જે મોહજનિત દશા છે તે અવિદ્યા–અજ્ઞાન છે. આત્મામાં અનાત્મા અને અનાત્મામાં આત્મા, નિત્યમાં અનિત્ય અને અનિત્યમાં નિત્ય આવો અધ્યાસ કરવો એ અવિદ્યા છે. જૈન શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે "जीवे अजीव सन्ना अजीवे जीव सन्ना।" જીવમાં અજીવ સંજ્ઞા અને અજીવમાં જીવસંજ્ઞા રાખવી એ મિથ્યાત્વ છે. મિથ્યાત્વને અવિદ્યા કે મોહ કહેવામાં આવે છે. અવિનાશીને વિનાશી અને વિનાશીને અવિનાશી માની લેવું એ અવિદ્યા છે. આવા પ્રકારની અવિદ્યાવાળો જીવ અંધકારમાં ભમે છે. જે અવિદ્યા અને વિદ્યાને યથાર્થ રીતે સમજીને અવિદ્યાનો ત્યાગ કરે છે તે આત્મતત્ત્વને જાણી શકે છે.

આ રીતે જડ-ચૈતન્યનો વિવેક કરી એમ વિચારવું જોઈએ કે હે આત્મા! આ સંસારમાં દુઃખ આપનાર બીજું કોઈ નથી પણ પોતે પોતાને દુઃખ આપનાર છે. આ પ્રમાણે જે ચિંતન કરે તેનું ચિત્ત સંસારમાં ચોંટી શકે ખરું? ન ચોંટે. જેનું સંસાર ઉપરથી ચિત્ત ઉઠી જાય છે તે કર્મબંધનથી મુક્ત થાય છે. તે મહાત્માઓ સંસારના પદાર્થોથી લલચાતા નથી પણ તે પદાર્થોથી વિરક્ત રહે છે, સંસારની કોઈ વાતમાં પડતા નથી. ને રાગદ્વેષનો ત્યાગ કરીને આત્મસાધના સાધે છે. અનાથી મુનિ હજુ આગળ શું કહેશે તેના ભાવ અવસરે.

### 'ચરિત્ર' :– 'સતી અંજનાને રડતી આંખે મામાએ આપેલ વિદાય.'

સતી અંજના, પવનજી તેમજ બંનેના માતા-પિતાનો પરિવાર બધા અંજના સતીના મોસાળમાં ખૂબ આગ્રહ હતો તેથી ખૂબ આનંદપૂર્વક રોકાયા. મામાએ પણ બધાને ખૂબ સાચવ્યા. બંને રાજાઓ આ મામાનો મહાન ઉપકાર માનવા લાગ્યા. પાંચ-સાત દિવસ રોકાઈને બધા પોતાના સ્થાને જવાની રજા માંગે છે. પવનજીને પણ પોતાના નગરમાં જવાનું મન થયું છે. કારણ કે માનવીને બીજે સ્થાને ગમે તેટલું સુખ મળે પણ પોતાના ઘરમાં જે આનંદ આવે છે તે બીજે ક્યાંય નથી આવતો. તમે બધા તમારા સાસરે જાવ છો. ત્યાં સાસુ-સસરા અને સાળા તમને કેટલું સાચવે છે? ખમ્મા ખમ્મા કરે છે. છતાં વધુમાં વધુ કેટલા દિવસ ગમે? બે દિવસ, ત્રણ દિવસ, પછી તરત પોતાનું ઘર યાદ આવે છે.

માણસ ભાડાના ઘરમાં રહેતો હોય ત્યારે એમ થાય છે કે ભાડાનું ઘર ગમે તેટલું મોટું હોય પણ તેના કરતાં નાનકડું પણ પોતાનું ઘર સારું કે ભાડા તો ભરવા ન પડે. અને માલિકની ખાલી કરાવવાની ચિંતા તો નહિ. જુઓ, અહીં પણ પોતાનું

ઘરનું ઘર યાદ આવે છે. આ મકાન તો ૫-૨૫ કે ૫૦ વર્ષે તો છોડવાનું છે. પણ આત્માને પોતાનું શાશ્વત ઘર (મોક્ષ) કદી યાદ આવે છે? આ શરીર પણ તમારું ભાડૂતી ઘર છે. કયારે ખાલી કરવું પડશે તેની ખબર નથી. વળી આ કાયારાણી તો એવી હરામી છે કે જીવને નાકા સુધી પણ વળાવવા નહિ આવે. અહીં જ પડી રહેવાની છે. માટે એનો તમે મોહ ના રાખો. અને આત્માનું સ્વઘર પ્રાપ્ત કરવા પુરૂષાર્થ કરો. અહીં પવનજીને પોતાનું ઘર યાદ આવ્યું છે. એટલે મામા પાસેથી વિદાય લઈને જવા માટે તૈયાર થાય છે.

**હનુ રે પાટણ થકી સંચર્યા, અંજનાને આપી છે અતિ ઘણી આથ તો,**
**મામોજી આવ્યો રે વળામણે, રતનપુરી લગે આવ્યા છે સહુ સાથ તો. સતી રે.**

મામાએ વિદાય આપતાં અંજનાને ખૂબ કરિયાવર કર્યો. તેમજ બંને પક્ષના માણસોને પહેરામણી પણ કરી. જેમ દીકરીને સાસરે વળાવે ને માતા-પિતાને વિયોગનું દુઃખ લાગે તેમ મામા, મામી, મામાની દીકરીઓ ચોધારે આંસુએ રડવા લાગ્યા. જ્યારે અંજના મોસાળમાં આવી ત્યારે દિલમાં પતિ વિયોગનુ તેમજ માથે કલંક હતું તેનું દુઃખ હતું પણ જ્યારે વિદાય લે છે ત્યારે માતા-પિતા, સાસુ-સસરા, પતિ આદિ સ્વજનો સાથે છે. કલંક ઉતરી ગયું છે ને પતિ મિલનનો અપૂર્વ આનંદ છે. ખૂબ આનંદથી તેણે મોસાળમાંથી વિદાય લીધી. એમને આનંદ થયો પણ મોસાળમાં ઉદાસીનતા છવાઈ ગઈ.

**"વિદાય વખતે હનુપાટણ નગરીની પ્રજાનો પ્રેમ"**:-આખી હનુપાટણની પ્રજા ચોધારે આંસુએ રડવા લાગી. હવે આવી પવિત્ર સતીના આપણને કયારે દર્શન થશે? અંજના સતી એવી પવિત્ર હતી કે એ જ્યાં જાય ત્યાં સૌને તેનું મુખ જોઈને, તેના મીઠા બોલ સાંભળીને આનંદ થતો હતો. હવે આવા મીઠા શબ્દો કયાં સાંભળવા મળશે? પણ વિદાય આપ્યા વિના છૂટકો ન હતો. મહેમાન ક્યાં સુધી રોકાય? હનુપાટણથી બધા વિદાય થયા. અંજનાના મામા પણ વળાવવા માટે સાથે ગયા. તેઓ રતનપુરી સુધી વળાવવા માટે આવ્યા. હવે રતનપુરીમાં ખબર પડી કે પવનજી અને અંજના સતી પરિવાર સહિત પધારે છે. ત્યાં સૌના દિલમાં આનંદની ઉર્મિ ઉછળવા લાગી. નગરજનો તેમનું ધામધૂમપૂર્વક ભવ્ય સ્વાગત કરશે તેના ભાવ અવસરે.

☆

## વ્યાખ્યાન નં.-૧૦૧

**કારતક સુદ ૮ ને મંગળવાર** **તા. ૧૧-૧૧-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંત કરૂણાના સાગર, ત્રિકાળીનાથ શાસ્ત્રકાર ભગવંતે જગતના જીવોના એકાંત

હિતને માટે સિદ્ધાંતની પ્રરૂપણા કરી. શાસ્ત્રમાં ભગવંતે ફરમાવ્યું છે, કે આ સંસારમાં જીવને ક્યાંય સુખ કે શાંતિ નથી. આ સંસારને જ્ઞાનીઓએ જાતજાતની અને ભાતભાતની ઉપમાઓ આપી છે. કોઇ કહે કે સંસાર દાવાનળ જેવો છે. કોઇ કહે સંસાર મોટી અટવી જેવો છે. તો કોઇ કહે છે કે સંસાર સાગર જેવો છે. ઉત્ત. સૂત્રના ૨૩ મા અધ્યયનમાં કેશી સ્વામી અને ગૌતમ સ્વામીનો સંવાદ ચાલ્યો છે. તેમાં સંસારને સાગરની ઉપમા આપવામાં આવી છે.

**सरीरमाहु नावत्ति, जीवो वुच्चइ नाविओ ।**
**संसारो अण्णवो वुत्तो, जंतरन्ति महेसिणो ।।**

ઉત્ત. સૂ. અ. ૨૩ ગાથા ૭૩

આ માનવદેહ નૌકા સમાન છે. આત્મા નાવિક છે અને સંસાર સમુદ્ર છે. જેઓ દેહરૂપી નૌકામાં બેસી સંસાર સમુદ્રને તરી ગયા છે તેમને મહર્ષિ કહેવાય છે. અહીં નાવ, નાવિક અને સાગરની સરખામણી ખૂબ સચોટ અને સાર્થક છે. દેહ એટલે નૌકા. નૌકા સાગરને તરવા માટેનું અમોઘ સાધન છે. સામે પાર પહોંચીએ ત્યાં સુધી એની મહત્તા છે. નૌકા સાગર પર રહે તો તરી શકે છે. પણ જો સાગરના પાણી એમાં સમાઇ જાય તો એનો ભૂક્કો બોલાઇ જાય. જેવી દશા નૌકાની છે એવી દશા દેહની છે. આ માનવ દેહ દ્વારા સંસારને સામે પાર પહોંચી શકાય છે. એટલે એ મહાન છે. સંસારમાં દેહ રહે ત્યાં સુધી વાંધો નહિ પણ દિલમાં તો સંસાર ન રહેવો જોઇએ. માનવ દેહનું દેહની દૃષ્ટિએ મહત્ત્વ નથી પણ મુક્તિ મેળવવાની એનામાં શક્તિ છે તેનું મહત્ત્વ છે. મુક્તિ મળી જાય પછી તો આ દેહ એક ભાર છે. મુક્તિ ન મળે ત્યાં સુધી એનો આભાર માનવાનો છે.

આત્મા એટલે નાવિક. સંસાર તરવાનું સાધન તે દેહરૂપી નૌકા. સંચાલક વિના એક તસુ પણ આગળ વધાય નહિ. નાવિક એ તરવાની અને તારવાની સાધના કરનાર પુરૂષાર્થી છે. એ આંખો મીચીને દરિયામાં દોટ મૂકતો નથી. પણ સર્વ પ્રથમ એ સાગર અને એની સપાટીનું અવલોકન કરે છે. દરિયામાં કેવા તોફાનો અને આંધીઓ આવશે અને તે સમયે મારે કેવું સાવધાન રહેવું પડશે તેનો વિચાર કરે છે. મારે કઈ દિશામાં ને કયા દેશમાં જવાનું છે તે તરફ મીટ માંડે છે. આ રીતે બધો વિચાર કરીને પોતાની હોડીને હળવા હળવા હલેસાં મારીને સમુદ્રના મધ્ય ભાગ તરફ લઈ જાય છે. વચમાં આવતા વમળો, ખડકો અને ઘૂમરીઓનું બરાબર ધ્યાન રાખે છે. જ્યારે જરૂર પડે ત્યારે સઢને ખોલી નાંખે છે ને સમય આવે ત્યારે સઢને સંકેલી પણ લે છે. આ રીતે ક્ષણુ ક્ષણની સતત જાગૃતિ પછી કિનારો આવતાં જેમ સર્પ કાંચળીને ત્યાગી દે છે તેમ નૌકાને છોડીને નાવિક ચાલતો થઇ જાય છે.

બંધુઓ! જેવી નાવિકની નીતિ છે તેવી આત્માની રીતિ છે. આત્માના આદેશ વિના દેહ મુક્તિના માર્ગે એક તસુપણ આગળ વધી શકતો નથી. એનો ધ્યેય તરવા સાથે તારવાનો હોય. પોતાની શક્તિનું માપ કાઢીને દેહનું દમન કરે. પોતાની ક્યાં કેટલી શક્તિ છે ને ક્યાં કેટલી અશક્તિ છે. તેનો વિચાર કરીને પોતાની શક્તિ અનુસાર ધીમે ધીમે દેહરૂપી નૌકાને સાધનાના માર્ગે પ્રયાણ કરાવે. વચમાં આવતા વિઘ્નોથી સાવધ રહીને એ આગળ વધે, અને દેહના નેહને છોડીને અમરતાના પંથે કદમ ઉઠાવે.

સંસાર એટલે સાગર, સાગરની જેમ સંસારમાં જન્મ-મરણની ગહરાઇ છે. દુઃખના ઉછળતાં પાણી છે. મૃત્યુના ભયથી હમેંશા સામે દેખાતી સપાટી છે. સંયોગ-વિયોગના તરંગો છે. ઇચ્છાના મોજા ઉછળે છે. ભવાંતરના અગાધ જળ છે. આશાનું પાતાળ છે ને મોહના વમળો છે. સંતાપનો વડવાનળ છે. પ્રમાદના હિંસક પ્રાણીઓ અને માનના મગરમચ્છો અહીં માનવરૂપી માછલીનો કોળીયો કરી જાય છે. કલેશના કિચડના થર જામી ગયા છે. ક્રોધ-માન-માયા અને લોભ રૂપી પાતાળ કળશો છે. તે પાતાળ કળશોના મોઢાં ખુલી જતાં ઘોડાપૂર આવે છે. આવા વિરાટ સંસાર સાગરને મરજીવો હોય તે તરી શકે છે. અને તે મરજીવા મહર્ષિ પુરૂષો બની શકે છે. કારણ કે મુક્તિનો ઘાટ એ વીરોની વાટ છે. કાયરનું અહીં કામ નથી. જેનામાં બળ નથી, આત્માની આઝાદી મેળવવાની લગની નથી તે ધર્મની ધરતી ઉપર એક પગલું પણ ભરી શકતો નથી.

જે મહર્ષિઓ મરજીવા બનીને સંસાર સાગરને તરવા માટે કદમ ઉઠાવે છે તે મહર્ષિઓને ગમે તેટલાં કષ્ટો પડે, વિઘ્નો આવે છતાં તેઓ સાગરનો કિનારો મેળવીને જંપે છે પણ કંટાળી જતા નથી. પણ તમે બધાં તો ધર્મની ધરતી ઉપર કદમ ઉઠાવતાં સ્હેજ પણ કષ્ટ પડે તો બસ, હવે ધર્મ કરવો નથી તેમ થાય છે. પણ ધન કમાતાં મુશ્કેલી આવે તો કદી કહો છો કે હવે મારે ધન નથી કમાવું. ત્યાં તો એક નહિ ને બીજી રીતે, એક ધંધામાં ફાવટ ન આવે તો બીજો ધંધો કરો છો પણ પુરૂષાર્થ છોડતાં નથી. પરંતુ ધર્મની વાતમાં પુરૂષાર્થ કરતાં નથી. ત્યાં પાછા પડતાં વાર લાગતી નથી.

બંધુઓ! તમને અને અમને જે માનવજીવન મળ્યું છે મહાન કિંમતી છે. આવું જીવન ભોગવિલાસમાં વેડફી નાંખવાનું નથી. તમે બધાની ચિંતા કરી છે પણ આત્માની નથી કરી. બાપ પોતાના સંતાનોની ચિંતા કરે છે કે હું મારા દીકરાઓ માટે કરોડોની મિલ્કત અને મોટરો મૂકીને જાઉં તો તે સુખી બને. અને એટલું મૂકીને જાઓ તો તમને પણ એમ લાગે કે મેં મારી ફરજ બરાબર બજાવી છે. પણ કદી એવો વિચાર કર્યો છે કે મારા સંતાનો કદી ધર્મ કરતાં નથી તો પરભવમાં એમનું શું થશે? તમે જો સાચા શ્રાવક હો તો તમને થવું જોઈએ કે મારો એક પણ સંતાન ધર્મ પામ્યા વિના ન રહેવો જોઇએ. તમે એના જીવનનું એવું ઘડતર કરો કે બીજા લોકોને પણ

એમ લાગે કે શું એના માતા-પિતાના સંસ્કાર છે! સત્ય, નીતિ અને સદાચાર દ્વારા તેમનું માનવજીવન મ્હેંકી ઉઠવું જોઇએ. ચિત્રકાર ચિત્ર દોરે તો લોકો એના ચિત્ર જોઇને વખાણ કરે તો સમજવું કે ચિત્ર બરાબર છે. પણ લોકો ન વખાણે તો સમજવું કે તેમાં ખામી છે. તેમ તમારા હાથ નીચે કેળવાયેલા સંતાનોનું જીવન એવું હોવું જોઇએ કે તેની બીજી વ્યકિતઓ ઉપર પ્રતિભા પડે, ને તેની પ્રશંસા કરે. જેના જીવનમાં સંસ્કારોનું સિંચન થયેલું હોય છે તે ધર્મનું આચરણ કરી શકે છે.

આજે જેટલા સંસ્કારો તમારામાં છે એટલા તમારા સંતાનોમાં છે? અત્યારે તમે જેટલા સુખી છો તેટલા પહેલાં હતાં? તમે શૂન્યમાંથી સર્જન કર્યું. તમારા જેટલી તમારા સંતાનોને મહેનત કરવી પડી નથી. એ તો પીરસેલા ભાણા ઉપર બેસી ગયા. પણ તમારા ધર્મના સંસ્કારોનું સેવન કરવું ગમતું નથી. પરંતુ યાદ રાખજો કે જેને ધર્મ નથી ગમતો તેની કેવી દશા થાય છે? આ તમારી એકલાની વાત નથી. ભગવાને સાધુના જીવનનું પણ કેવું સુંદર ઘડતર કર્યું છે! ભગવાન કહે છે કે મારો સાધુ અને શ્રાવક કોઇ દુર્ગતિમાં ન જવો જોઇએ. મારો સાધુ રેંજીપેંજી ને માંયકાંગલો ન હોય. મારા સંતો સિંહ જેવા પરાક્રમી હોવા જોઇએ. કર્મશત્રુની સામે ઝઝુમવા માટે તેનામાં પરાક્રમ જોઈએ.

ઉત્તરાધ્યયન સૂત્ર ૨૦ મું અધ્યયન જેમાં અનાથી મુનિ સાધુના આચારની વાતો સમજાવે છે. ભગવાન કહે છે કે જેમ માનવમાં માનવતાનો ગુણ હોવો જોઇએ તેમ હે સાધક! તારામાં સાધુતાનો ગુણ હોવો જોઇએ. માનવમાં માનવતાની મ્હેંક ન હોય તો તેની કોઇ કિંમત નથી તેમ સાધુના જીવનમાં સાધુતાની સુવાસ ન હોય તો તેની કોઇ કિંમત નથી. સાધુનું જીવન ખૂબ જાગૃતિમય હોવું જોઇએ. ભગવંતે દશ વૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે–"से भिक्खू वा, भिक्खूणी वा, संजय, विरय, पडिहय, पच्चक्खाय, पावकम्मे, दिआ वा, राओ वा एगओ वा, परिसागओ वा, सुत्ते वा, जागरमाणे वा." સાધુ અથવા સાધ્વી જેઓ સંસાર છોડીને સંયમી બની ગયા છે, જેમણે પાપ કર્મોના પ્રત્યાખ્યાન કર્યા છે તેઓ દિવસે કે રાત્રે એકલા હોય કે પ્રખદામાં બેઠા હોય, સૂતા હોય કે જાગતા હોય, પણ તેનું મન સંયમમાં રમતું હોય પણ બહાર ભમતું ન હોય. છકાય જીવોનું રક્ષણ કરવામાં સાધુ રક્ત રહે છે. આ માટે શાસ્ત્રકાર સાધુને કેવો આહાર કલ્પે તે બતાવે છેઃ–

**उद्देसियं कीयगडं नियागं, न मुच्चइ किंचि अणेसणिज्जं ।**
**अग्गी विवा सव्वभक्खी भवित्ता इत्तो चुओ गच्छइ कट्टु पावं ।।**

ઉત્ત. સૂ. અ. ૨૦, ગાથા ૪૭

જે સાધુ ઔદ્દેશિક સાધુને માટે બનાવેલો, કીયગડ એટલે વેચાતો લાવેલો નિત્યપિંડ, અને અનેષણીય કિંચિત માત્ર પદાર્થ છોડતા નથી તે અગ્નિની જેમ સર્વભક્ષી

બનીને પાપ કર્મ કરતા થકા નરકાદિ ગતિઓમાં જાય છે. પણ જેને સંયમનું યથાર્થ પાલન કરવું છે તે મૃત્યુને કબૂલ કરશે પણ સંયમથી પતિત નહિ થાય. જે સાધુ સંયમ લઈને પોતાનું કલ્યાણ કરે છે ને બીજાનું કરાવે છે તે સાચો સાધુ છે. પણ ઘણાં મનુષ્યો દીક્ષા લઈને ઉચ્ચ ભાવનાને ભૂલી જઈ ઉદ્દેશિક, ક્રીતકૃત, નિત્યપિંડ અને અનૈષણિક આહાર ખાવામાં ગૃદ્ધ બને છે. પણ ભગવાનની શું આજ્ઞા છે.

**पिण्डं सिज्जं च वत्थं च, चउत्थं पायमेव य ।**
**अकप्पियं न इच्छिज्जा, पडिगाहिज्ज कप्पियं ।।**

દશ. સૂ. અ–૬, ગાથા ૪૮

ભગવાન કહે છે હે મારા સાધુ - સાધ્વીઓ! તમારે અકલ્પનીય આહાર, પાત્ર, વસ્ત્ર આદિ સાધુ જીવનને ઉપયોગી કોઈ પણ ચીજ અકલ્પનીય લેવાય તો નહિ પણ मणसा वि न पत्थए। મનથી પણ તેની ઇચ્છા કરાય નહિ. જ્યારે દીક્ષા લીધી ત્યારે ભગવાનની સામે પ્રતિજ્ઞા કરી હતી કે –

**वयं च वित्तिं लब्भामो, न य कोइ उवहम्मइ ।**
**अहागडेसु रीयंते, पुप्फेसु भमरा जहा ।।**

દશ. સૂ. અ. ૧, ગાથા ૪

ગૃહસ્થીએ જે આહાર પાણી પોતાને માટે બનાવેલા છે તેને ત્યાં જઈને અમે કોઈ પણ જીવની વિરાધના ન થાય તે રીતે આહારપાણી ગ્રહણ કરીશું. જેમ ભ્રમર પુષ્પો ઉપરથી થોડો થોડો રસ ગ્રહણ કરે છે પણ પુષ્પને કિલામના ઉપજાવતો નથી તેવી રીતે હે ભગવાન! અમે આહાર ગ્રહણ કરીશું. આવી ભાવનાસહિત ચારિત્ર અંગીકાર કરે છે પણ જ્યારે આહારમાં આસકત બનીને રસની લોલુપતામાં પડી જાય છે. ત્યારે સાધુને ઉદ્દેશીને જે આહાર બનાવવામાં આવ્યો છે તેવો આહાર પણ કરે છે. તેમને કોઈ કહે કે આ આહાર અકલ્પનીય છે. ત્યારે તે કહે છે કે કલ્પનીય અકલ્પનીયની વાત ન કરો. કલ્પનીય અને અકલ્પનીય જોવાની જરૂર નથી. અમારે તો માત્ર ભાવના શુદ્ધ હોવી જોઈએ. આ પ્રમાણે કહીને તે કલ્પનીય-અકલ્પનીયની વાત ઉડાડી મૂકે છે. પણ આ રીતે કરવું તે શાસ્ત્રથી વિરૂદ્ધ છે અને જે શાસ્ત્રથી વિરુદ્ધ આચરણ કરે છે તે ભવાંતરમાં મહાન દુઃખી થાય છે.

જેમ પાણીમાં રહેનારી માછલી પાણીથી સંતોષ માનતી નથી પણ લોટની ગોળી ખાવાના પ્રલોભનમાં પડી જાય છે તો તેના ગળામાં કાંટો ભરાઈ જાય છે. ને જાળમાં ફસાઈને પાણીથી બહાર જઈ તરફડીને મરી જાય છે. એ માછલીને ખબર ન હતી કે લોટની ગોળી ખાવા જતાં જાળમાં ફસાઈ જઈશ. જો તેને આવું ભાન હોત તો તે ગોળી ખાવા ન જાત. તે તો અજ્ઞાનને વશ થઈને જાળમાં ફસાઈ ગઈ, પણ સાધુ તો

જાણે છે કે આ ઉદ્દેશીક આધાકર્મી આદિ દોષોથી યુક્ત આહાર લેવામાં કેટલો દોષ લાગે છે છતાં એવો આહાર જાણી પ્રીછીને લાવે તો આવા અસાધુ માછલીથી પણ વધુ અજ્ઞાન છે.

ભગવાને સાધુને આહાર કરવાની ના નથી પાડી પણ આહારમાં આસક્ત બનવાની ના પાડી છે. પોતાને માટે આહાર બન્યો છે એવી ખબર પડવા છતાં અથવા શંકા પડવા છતાં પણ જે ગૃહસ્થને પૂછે નહિ. કદાચ પૂછે તો એક વખત કહેવા પૂરતું પૂછે અને આંખ આડા કાન કરીને આહાર લઇ લે તો તે સાધુ મહાન દોષિત બને છે. કારણ કે સાધુએ પહેલા મહાવ્રતમાં પ્રતિજ્ઞા કરી છે કે હું હિંસા કરીશ નહિ, કરાવીશ નહિ અને કરતાને અનુમોદના આપીશ નહિ. માટે સાધુ નિમિત્તે બનાવેલો આહાર લેવો તે દોષ છે. કારણ કે તેમાં છએ કાય જીવોની હિંસાનું ઘોર પાપ લાગે છે. આટલા માટે ઉદ્દેશીક આહાર લેવાનો ભગવાને નિષેધ કર્યો છે.

બંધુઓ! ભગવાનના સાચા સાધુઓ ભૂલ કરે નહિ ને કદાચ ભૂલ થઇ તો ભૂલ કબૂલ કરી લે અને ફરીને હવે કદી ભૂલ નહિ કરું તેવો કરાર કરે. જેનામાં લજ્જા છે તે વારંવાર ભૂલ કરતા નથી. તેજી ઘોડાને ટકોરો બસ છે. એને ચાબૂક બતાવવાનો હોય પણ મારવાનો ના હોય. લજ્જાવાન જલ્દી સુધરી જાય છે.

રાજાનો કુંવર, પ્રધાનનો પુત્ર અને હજામનો પુત્ર એ ત્રણે મિત્રો હતા. એક વખત ત્રણે જણાં બહારગામ ગયા. ત્યાં ત્રણે જણાએ ખૂબ દારૂ પીધો. ચોરી કરી અને જુગાર રમ્યા. હવે એ ગામમાં દારૂ પીવાની સખત મનાઇ હતી. દારૂના નશામાં ચકચૂર બનેલા જ્યાં ત્યાં ફરતા હતા. રાજાના માણસોએ તેમને પકડયા ને રાજા પાસે હાજર કર્યા. રાજાના કુંવરને એટલું બધું લાગી આવ્યું કે હું કયાં આવ્યો? અને આ લોકોના સંગે કયાં દારૂ પીધો? રાજા એનું મુખ જોઇને સમજી ગયા કે આ કોઇ રાજકુમાર છે. એનું લલાટ તેજ મારતું હતું. પુણ્યવાનનું લલાટ છાનું રહેતું નથી. રાજાએ પૂછયું કે ભાઇ! તું કોણ છે? તું કોઇ ઉત્તમકુળનો લાગે છે. તને આ દારૂ પીવો ને ચોરી કરવી શોભે? આ સાંભળતાં રાજકુમાર તો રાજાના પગમાં પડી ગયો ને બોલ્યો– મારી ભૂલ થઇ ગઇ. મને માફ કરો. એની સરળતા અને નમ્રતા જોઇને રાજાએ કહ્યું જા તારો ગુન્હો માફ. પછી પ્રધાન પુત્રને બોલાવીને કહ્યું તને આ શોભે છે? ત્યારે એનાં દિલમાં પણ આંચકો લાગ્યો. છતાં રાજકુમાર કરતાં ઓછો. એને પણ ખૂબ લજ્જા આવી ગઈ. ને રાજાના પગમાં પડીને માફી માંગી. ત્યારે રાજાએ કહ્યું, તું ફરીને આવી ભૂલ કરીશ? ત્યારે પ્રધાનપુત્ર કહે–ના. હવે કદી આવી ભૂલ નહિ કરું. એને થોડી દમદાટી આપીને ગુન્હો માફ કરીને રાજાએ તેને છોડી મૂકયો. પછી હજામના દીકરાને કહ્યું કે તેં દારૂ કેમ પીધો? તું રાજાનો ગુન્હેગાર છું. ત્યારે તેણે કહ્યું આમાં મેં શું મોટો ગુન્હો કર્યો છે? દારૂ

ન પીએ તો મઝા શું આવે? તે રાજાની સામે થઈ ગયો. એટલે રાજા કહે છે આ માણસ નાલાયક છે એને જેલમાં પૂરી દો. એણે નમ્રતા ન બતાવી, પોતાની ભૂલની માફી ન માંગી પણ ઉપરથી રાજાના સામો થયો તો જેલમાં પુરાવું પડ્યું.

બંધુઓ! માનવ માત્ર ભૂલને પાત્ર છે. ભૂલ કરે તે માનવ છે. ભૂલ કરીને હસે તે દાનવ છે ને ભૂલ કર્યા પછી તેનો પશ્ચાતાપ કરે છે ને ફરીને કદી ભૂલ નથી કરતો તે મહામાનવ છે. આપણે સાધુની વાત ચાલે છે. સાધુ છદ્મસ્થ છે એટલે ભૂલ થઇ જાય પણ એ ભૂલ કર્યા પછી એના ગુરૂવર્યો કહે કે આવી ભૂલ સાધુથી કરાય નહિ. તમે ભૂલનું પ્રાયશ્ચિત કરો. અને ફરીને કદી આવી ભૂલ થવી ન જોઈએ. એવી મીઠી હિત શિખામણ આપે ત્યારે જો શિષ્ય ગુરૂના સામો થઇ જાય, ને ભૂલ ન સુધારે તો તે શિષ્ય, શિષ્ય નથી પણ કુશિષ્ય છે. સાધુપણામાં મહાન સુખ છે. જે સુખ દેવલોકના દેવો નથી ભોગવતા તે સુખ પંચમહાવ્રતધારી સંતો ભોગવે છે. તેમાં પણ જે વીતરાગની આજ્ઞા પ્રમાણે બરાબર ચાલે છે તેમનો આનંદ તો કોઇ અલૌકિક હોય છે. આવો આત્મા પ્રભુની આજ્ઞા પ્રમાણે ચાલીને ભૂલ કરતો નથી. ને કદાચ ભૂલ થાય તો પ્રાયશ્ચિત કરીને માફી માંગી લે છે. તેના ગુન્હા માફ થઇ જાય છે. પણ જેને ભૂલનો પશ્ચાતાપ થતો નથી પણ ભૂલ કરીને હરખાય છે તેની દશા હજામના છોકરા જેવી થાય છે અને અનંત ભવ સુધી તેને સંસારની જેલમાં પૂરાઇ રહેવું પડે છે.

આપણે ઉદ્દેશીક આહારની વાત કરી ગયા. હવે ક્રીતકૃત એટલે સાધુને માટે આહાર ખરીદીને લાવવો તે. કોઇને એમ શંકા થાય કે સાધુએ કર્યું નથી, કરાવ્યું નથી ને કરતાને અનુમોદના પણ આપી નથી તેમ સાધુએ જાતે ખરીદ્યું નથી પણ બીજાએ મુનિને માટે ખરીદ્યું તેમાં શું વાંધો? આના જવાબમાં ભગવંતે સિદ્ધાંતમાં કહ્યું છે, કે સાધુએ એવો આહાર લેવો કલ્પતો નથી. કારણ કે બનાવનારે પૈસા કમાવા માટે બનાવેલ છે. અને સાધુને માટે પૈસા આપીને ખરીદવામાં આવે તો એ બનાવવામાં જે હિંસા થઇ તેમાં સાધુ પણ ભાગી બન્યો. ગાડીઓ તમારા માટે જ ચાલતી નથી પણ પૈસા આપીને તમે બેઠાં તો તેના પાપમાં તમે ભાગીદાર ખરા કે નહિ? જરૂર, પાપના ભાગીદાર બનો છો. આ રીતે સાધુના નિમિત્તે કંઇ ખરીદ કરવામાં આવે તો સાધુ પાપનો ભાગી બને છે. તમારે સાધુને કાપડ વહોરાવવું હોય તો વેચાતું લઈ આવો તો દોષ લાગે પણ તમારા માટે વોયલ, મલમલ, ખાદી, પોપલીન લાવ્યા છો ને સંતસતીજી ગામમાં પધાર્યા છે તે વખતે બહેન વિચાર કરે કે હું એક સાડલો ઓછો પહેરીશ પણ સાધુને વહોરાવવું છે તો તેમાંથી તમે વહોરાવો ને સાધુ-સાધ્વીજી લે તો તેને દોષ લાગતો નથી. અગર તો કોઈ કાપડના વહેપારી છે તે જો કાપડ વહોરાવે તો લેવામાં દોષ નથી. સાધુ બિમાર પડે ને તેમને માટે દવાની જરૂર પડે તો દવાનો વહેપારી જો

તેની દુકાનમાંથી પૈસા લીધા વગર દવા આપે તો લેવામાં બાધ ન આવે પણ આજે આ ભાવના ઘટવા લાગી છે.

હવે ત્રીજો નિયાગ આહાર. નિયાગ એટલે નિત્ય આમંત્રિત આહાર. સાધુને રોજ કોઈ આમંત્રણ આપી જાય કે મારે ઘેર બધો જોગ છે પધારજો. તો સાધુએ તે ઘેર આહાર લેવા જવાય નહિ. તેમજ દરરોજ એક ઘેર આહાર લેવા જવું તે પણ શાસ્ત્રથી વિરૂદ્ધ છે. વાત એમ છે કે તમારે ઘેર કોઈ મહેમાન મળવા આવે ને તમે તેને જમવાનું આમંત્રણ આપો તો તે જમવાનું આમંત્રણ સ્વીકારે તો જ તમે તેને માટે રસોઇ બનાવો ને? એ જમવાની ના પાડે તો ન બનાવો ને? આ પ્રમાણે સાધુ હંમેશા એક ઘેર ગૌચરી જાય તો નકકી થઈ ગયું કે દરરોજ આપણે ઘેર સંત–સતીજી પધારે છે તો હવે હમણાં આવશે. બધું તૈયાર રાખો. તો તેમાં સાધુનું નિમિત્ત ભળી જાય છે અને સાધુ એ દોષનો ભાગીદાર બને છે. જ્ઞાની કહે છે કે સાધુને દરરોજ એક ઘરનો આહાર કલ્પે નહિ. પહેલેથી ગૌચરી કયાં જવાનું છે તે નક્કી થાય નહિ. અમુક દિવસે અમુક લત્તામાં જવું એવું પણ સાધુથી નક્કી કરાય નહિ. જો એવી રીતે એકાંતરા અથવા ત્રીજે ચોથે દિવસે નિયમિત કોઇને ત્યાં સાધુ જાય તો પણ ગૃહસ્થને એમ થાય કે આજે મહાસતીજી પધારશે માટે જલ્દી બધું બનાવી દઇએ. તો ત્યાં પણ સાધુને ઉદ્દેશિક અને નિત્યપિંડ આદિ દોષ લાગી જાય છે. માટે સાધુની ગૌચરી અતીથિ હોવી જોઇએ.

અનાથી મુનિ કહે છે હે રાજન્! જે કુશીલ સાધુ હોય છે તે આહારાદિમાં આવા દોષો લાગે છે છતાં દોષનો વિચાર સરખો કરતા નથી. પણ અગ્નિ જેમ સર્વભક્ષી બને છે. એટલે કે અગ્નિમાં જે કાંઇ નાંખવામાં આવે છે તેને અગ્નિ ખાઇ જાય છે તે પ્રમાણે કુશીલ સાધુ પણ અગ્નિની જેમ સર્વભક્ષી બનીને તે કલ્પનીય-અકલ્પનીયનો વિચાર કરતો નથી. અને ગૌચરી કરે છે. અને જો કોઇ એ વિષયમાં કહે કે મહારાજ! તમને આવું ખપે? તો તેને તે ઉલ્ટું સમજાવી દે છે. આવા સાધુ ભલે થોડા દિવસ આનંદ માણે પણ અંતે તો તેના પાપ રૂપ કટુ ફળ તેને ભોગવવા પડશે.

બંધુઓ! આ સાધુની વાત છે. તમારે પણ આત્માની સાધના કરવા માટે પ્રમાદ છોડવો પડશે. કારણ કે જિંદગી પણ પાણીના પૂરની જેમ વહી રહી છે. હવે તો જાગો. કયાં સુધી ભોગના કીચડમાં ખૂંચ્યા રહેશો?

એક વખત એક નગરમાં નટ અને નટડી તેના સાર્થ સહિત એક ગામમાં આવ્યા. નટ જ્યાં જાય ત્યાં રાજાના દરબારમાં ખેલ ગોઠવતો હતો. કારણ કે રાજા-મહારાજાઓને એવા ખેલના જલસા જોવા બહુ ગમે. અને રાજા રીઝે તો કામ થઇ જાય. એટલે તે નટ રાજાના પ્રધાનને મળ્યો. અને ખેલ ગોઠવવાની વાત કરી. ત્યારે પ્રધાને કહ્યું. તું તારો ખેલ બતાવ તેમાં મારી ના નથી. પણ અમારા રાજા એવા કંજુસીયા છે કે

ચમડી તૂટે પણ દમડી ના તૂટે. એટલે કોઈને રાતી પાઈ પરખાવતા નથી. જો તારી ઇચ્છા હોય તો પ્રોગ્રામ ગોઠવીએ. નટ કહે જે મળવાનું હશે તે મળશે નહિતર રાજા ખુશ તો થશે ને? એમ વિચારી પ્રોગ્રામ ગોઠવ્યો.

રાજદરબારમાં નટનો પ્રોગ્રામ શરૂ થયો. પ્રજાજનોની પણ ઠઠ જામી છે. નટ દોર ઉપર ચઢીને નાચે છે ને નટડી ઢોલ બજાવે છે. જેમ જેમ રાત વીતતી ગઈ તેમ તેમ જોવાનો રંગ જામતો ગયો. રાજા અને પ્રજા એનો ખેલ જોઈને ખુશ થઈ ગયા. ખેલ પૂરો થવા આવ્યો પણ કંજુસીયો રાજા ભેટ આપતો નથી. હવે રાજા ન આપે ત્યાં સુધી પ્રજા પણ કેવી રીતે આપી શકે? કોઈ ભેટ તો નથી આપતું પણ કોઈ તેના નૃત્યનો હર્ષ વ્યક્ત કરવા તાલી પણ પાડતું નથી. રાત પૂરી થવા આવી હતી. નટડી ઢોલ બજાવીને થાકી અને નટ દોર ઉપર નૃત્ય કરતા થાકયો હતો. નૃત્ય કરતાં નટનું ધ્યાન ખેંચવા માટે નટડીએ એક દુહો લલકાર્યો.

**"રાત ઘડી ભર રહ ગઈ, પિંજર થાકયો આમ,**
**નટડી કહે સુણ નાયકા, મધુરી તાલ બજાય."**

હે સ્વામીનાથ! રાત પૂરી થવા આવી છે. હવે હું ઢોલ બજાવીને થાકી છું. તમે નૃત્ય કરીને થાકયા છો પણ રાજા રીઝતા નથી. હવે બંધ કરો. આ તેના દોહાનો માર્મિક ભાવ હતો. એનો મર્મ નટ સમજી ગયો. તેણે પણ દોહાથી તેનો ઉત્તર આપ્યો.

**બહોત ગઈ થોડી રહી, થોડી ભી અબ જાય,**
**થોડી દેર કે કારણે, તાલમેં ભંગ ન આય.**

નટે આ દુહો લલકાર્યો ને નટડી તેના ભાવ સમજી ગઈ કે ઘણી રાત વીતી ગઈ છે. રાત પૂરી થતાં આપોઆપ ખેલ બંધ થવાનો છે. આખી રાત ખેલ કર્યો ને હવે થોડી વાર માટે ખેલનો રંગ શા માટે બગાડે છે?

પરંતુ દુહો સાંભળતાં માનવ મેદનીમાં નવું કૌતુક થયું. આ મેદનીમાં એક સંન્યાસી પણ હતો. તેની પાસે સવા લાખ રૂપિયાની કિંમતની રત્નકાંબળી હતી. તે કાઢીને નટ ઉપર ફેંકી. ત્યાર બાદ રાજકુમારે સોનાના રત્નજડિત બાજુબંધ ફેંકયા ને રાજકુમારીએ હીરાનો મૂલ્યવાન હાર ગળામાંથી કાઢીને નટને ભેટ આપ્યો. આ જોઈને કંજુસ રાજાને ખૂબ આશ્ચર્ય થયું કે મેં તો હજુ ભેટ આપી નથી ને મારા પહેલાં આવી મૂલ્યવાન ભેટ આ લોકોએ શા માટે આપી?

રાજાએ સંન્યાસીને પૂછયું કે આપે આપની કિંમતી રત્નકાંબળી આ નટને શા માટે આપી દીધી? ત્યારે સંન્યાસી કહે-મહારાજા! સાચું કહું તો મારે માટે આ નટ મારો ગુરૂ છે. એના શબ્દોએ મારા મનનું પરિવર્તન કર્યું. હું નાની ઉંમરમાં સંસાર

ત્યાગીને સંન્યાસી બની ગયો છું પણ હવે મારું મન વિષયો તરફ વળખા મારી રહ્યું હતું પણ આ નટે ગાયું કે **"બહોત ગઇ થોડી રહી, થોડી ભી અબ જાય"** હે મહાત્મા! તમારી ઘણી ઉંમર વીતી ગઇ. અને આ પાછલી જિંદગીમાં આવો વિચાર શા માટે કરો છો? એ સાંભળીને મને ભાન થયું કે હે જીવ! તેં આટલા વર્ષો સુધી બ્રહ્મચર્ય પાળ્યું, તપ કર્યો, સાધના કરી અને હવે જતી જિંદગીએ શા માટે તારી સાધનામાં ભોગની આગ ચાંપે છે? આ નટના શબ્દો સાંભળી મારું મન શાંત થઇ ગયું. વિષયવાસનાના વાવાઝોડાં વિરામ પામી ગયા. નટના શબ્દોથી મારી સાન ઠેકાણે આવી ગઇ. એટલે મેં તેના ઉપર ખુશ થઇને મારી એકની એક રત્નકાંબળી તેને ભેટ આપી.

પછી રાજાએ પોતાના પુત્રને પૂછયું. ત્યારે કુંવરે કહ્યું - પિતાજી! આપને સાચું કહું. મારી વાત સાંભળીને આપને મારા ઉપર ક્રોધ આવશે. આપને સજા કરવી હોય તો કરજો. પણ હું વિચાર કરતો હતો કે હું આટલો મોટો થયો પણ હજુ મારા પિતા મને યુવરાજપદે સ્થાપન કરતા નથી. કોઇ જાતની સત્તા કે મત્તા આપતા નથી. રાજકુમાર હોવા છતાં એક કંગાલની માફક રહું છું. આજે રાત્રે આ પોગ્રામ પત્યા પછી હું આપનું ખૂન કરવાનો હતો. પણ આ નટના શબ્દો સાંભળીને મારો ક્રોધ શાંત થઈ ગયો. આત્માએ વળાંક લીધો ને વિચાર કર્યો કે તારી આટલી ઉંમર થઇ છતાં તારા પિતાજીએ તને રાજ્ય આપ્યું નથી. પણ હવે તારા પિતા જીવી જીવીને કેટલું જીવવાના છે? પાંચ સાત વર્ષના મહેમાન છે. આટલી ધીરજ રાખી તો પાંચ સાત વર્ષ ખમી જા. નકામું પિતૃહત્યાનું પાપ શા માટે વહોરે છે? એટલે મેં મારો વિચાર મોકૂફ રાખ્યો. આ નટના શબ્દે મારા અંતરમાં પવિત્રતાના ઝરણાં વહાવ્યા ને મને પાપથી બચાવ્યો. એટલે મેં તેના ઉપર ખુશ થઈને બાજુબંધ આપી દીધા.

હવે રાજાએ કુંવરીને પૂછયું ત્યારે કુંવરીએ કહ્યું–પિતાજી! હું પણ આપને સાચું કહું છું કે મારી ઉંમર ૪૦ વર્ષની થઇ. પરંતુ આપને પૈસા ખર્ચવા પડે, તમારા મોભા પ્રમાણે ૨૦–૨૫ લાખનો મને કરિયાવર કરવો પડે એટલે ધનના લોભથી આપે હજુ સુધી મારા લગ્ન કર્યાં નથી. ત્યારે મેં વિચાર કર્યો કે મારા પિતાજી મારી જિંદગી બગાડી રહ્યા છે. એટલે હું પ્રધાનના પુત્રની સાથે આજે રાત્રે ભાગી જવાની હતી પણ આ પોગ્રામ ગોઠવ્યો એટલે જોયા પછી જવાની હતી પણ આ નટનો દુહો સાંભળ્યો કે **"બહોત ગઇ મગર થોડી રહી, થોડી ભી અબ જાય."** ઘણી ઉંમર ચાલી ગઇ, હવે તારે શું ભોગ ભોગવવા છે? તારા પિતાજીની જિંદગી પણ બહોત ગઇ ને થોડી બાકી છે. તું સ્ત્રી જાતિ ૪૦ વર્ષની થઇ હવે તારી પરણવાની વેળા વીતી ગઇ. શા માટે તારી પવિત્ર જિંદગી વિષયના કાદવથી ખરડે છે? અને તારા પિતાના કુળને કલંક લગાડે છે! આ નટના શબ્દો સાંભળીને મારી ભાવના પવિત્ર બની ગઈ. હવે તો મારે કદી લગ્ન

કરવા નથી. બ્રહ્મચારી રહીને આત્મ-કલ્યાણ કરીશ. મને તેના શબ્દો સાંભળીને આવી પવિત્ર ભાવના થવાથી મેં તેના ઉપર ખુશ થઈને મારો હીરાનો હાર તેને ભેટ આપ્યો છે.

આ ત્રણેની વાત સાંભળીને રાજાને પોતાની કંજુસાઈ ઉપર નફરત છૂટી. ધિક્કાર છે મને! મેં ઉદારતા ન કરી ત્યારે મારા કુંવર અને કુંવરીના દિલમાં આવા ભાવ થયાં ને! રાજાને પોતાની ભૂલ સમજાઈ. એણે નટને ખૂબ ધન આપીને ખુશ કરી વિદાય આપી. નટડીએ તો કહ્યું હતું કે હું થાકી ગઈ છું. હવે બંધ કરો તો સારૂં. અને નટે તેનો ઉત્તર આપ્યો હતો પણ એ શબ્દોએ ચાર આત્માઓના હૃદયનો પલટો કરાવી દીધો. પોતપોતાની રીતે સૌએ પોતાના જીવનમાં ઘટાવ્યું કે **"બહોત ગઈ થોડી રહી, થોડી ભી અબ જાય."** આ જિંદગી હવે થોડી બાકી છે. જેટલી ગઈ તેટલી નથી. એનો શું ભરોસો છે? આ કાયા કેવી છે?

**"માનવી બનતો ના ગાડાનો બેલ, કાયા કાચી માટીનો છે મહેલ."**

આ કાયા કાચી માટીના મહેલ જેવી છે. પવન આવે, વાવાઝોડું થાય ત્યારે કાચી માટીના મકાનો પડી જાય છે. હમણાં કાઠિયાવાડમાં ભયંકર વાવાઝોડાનું તોફાન થયું ત્યારે કેટલાય મકાન જમીનદોસ્ત થઈ ગયા છે. અમદાવાદમાં સાબરમતીમાં પૂર આવ્યું ત્યારે આખી સોસાયટીઓ તણાઈ ગઈ હતી. તેમ આપણી કાયા પણ કાચી માટીના મહેલ જેવી છે. તેનો વિશ્વાસ કરવા જેવો નથી. માટે બને તેટલી આરાધના કરી લો. આજે આપણે ત્યાં ચાર હાથજોડ છે. આપણે ત્યાં કુલ ૧૬ જોડીએ એટલે ૩૨ આત્માઓએ આજીવન બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું છે. થોડી વાર અંજના સતીનું કહ્યા બાદ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા કરાવીશ.

**ચરિત્ર:- "અંજના સતી અને પવનજીનું ભવ્ય સ્વાગત.":-** પવનજી અને અંજના માતા-પિતા સહિત રતનપુરમાં પધારે છે. તે સમાચાર વાયુવેગે નગરમાં પ્રસરી ગયા. અંજનાને જ્યારથી કલંક ચઢાવીને કાઢી મૂકી ત્યારથી નગરીમાં શોક છવાયો હતો. અંજના સતી પધારે છે તે સમાચાર સાંભળી પ્રજાજનોના હૈયા હર્ષથી પુલકિત બની ગયા ને આખું ગામ ધ્વજા પતાકાઓથી શણગારી દીધું અને આખી રતનપુરીની પ્રજા ગામ બહાર તેમનું સ્વાગત કરવા માટે ગઈ. ખૂબ ધામધૂમપૂર્વક તેમનું સામૈયું કરીને નગરમાં લાવ્યા. નગરમાં આવ્યા પછી દશ દિવસ સુધી હનુમાન કુમારનો જન્મ મહોત્સવ ઉજવવામાં આવ્યો. કારણ કે જન્મ તો વગડામાં થયો હતો. એટલે ત્યાં તો કંઈ થયું ન હતું. પ્રજાજનોને પણ એટલો આનંદ હતો કે અત્યારે જ હનુમાનકુમારનો જન્મ થયો ન હોય! ત્યાર પછી હનુમાનકુમારની નામકરણ વિધિ પણ ફરીને કરવામાં આવી. આ માંગલિક પ્રસંગે પ્રહ્લાદ રાજાએ બધા કેદીઓને કેદમાંથી મુક્ત કર્યાં. કંઈક ગરીબોના દરિદ્ર ટાળી નાંખ્યા. પ્રજાજનોમાં આનંદ આનંદ છવાઈ ગયો,

પવનજી અને અંજના સતી પણ આનંદના હિંડોળે હીંચે છે.

**હનુમાન કુમારનો જન્મ મહોત્સવ ઉજવ્યા બાદ પ્રલ્હાદ રાજાને વૈરાગ્ય :**

હવે પ્રલ્હાદ રાજા અને કેતુમતી રાણી વિચાર કરવા લાગ્યા કે પવનજી હવે રાજ્યનો વહીવટ સંભાળી શકે તેમ છે. આપણી ઉંમર પણ થઈ છે. તો હવે સંસાર છોડીને સંયમી બનીએ. હવે કેતુમતી રાણી અને પ્રલ્હાદ રાજા પવનજીને ગાદી સોંપી તપોવનમાં જવાનો વિચાર કરશે તેના ભાવ અવસરે કહેવાશે. હવે બ્રહ્મચર્ય વ્રત લેનારને પચ્ચખાણ આપવામાં આવે છે.

☆

## વ્યાખ્યાન નં.- ૧૦૨

**કારતક સુદ ૯ ને બુધવાર** **તા. ૧૨-૧૧-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો !

મહાન પુણ્યોદયે પ્રાપ્ત થયેલો માનવભવ પવિત્રતાના પંથે પુરૂષાર્થ કરવા માટે મળ્યો છે. એ ભૂલતા નહિ. જો અહીં આ જીવનમાં પવિત્રતા નહિ આવે તો અનાર્ય મ્લેચ્છ અને પશુના અવતારમાં ને તમારામાં વિશેષતા શી ? મૃત્યુ થતાં અહીં રહી જનારા જડ પદાર્થોને માટે અપવિત્ર જીવન જીવી રહ્યા છે તે આત્માને માટે લાભકારી નથી. યાદ રાખજો. અન્યાય, અનીતિ, અસત્ય, ચોરી, દુરાચાર અને પરિગ્રહની ધમાલ જીવને આકુળ-વ્યાકુળ બનાવે છે. તેમજ ચિંતા, સંતાપ અને અશાંતિની ભઠ્ઠીમાં શેકે છે. વળી આ લોકમાં રાજદંડ, લોકનિંદા અને અપ્રતિષ્ઠા વિગેરેનો ભય ઉત્પન્ન કરે છે. અને પરલોકમાં પણ દુઃખનો પાર નથી રહેતો. માટે બંધુઓ ! વિચાર કરો આ માનવ-જિંદગી એક સ્વપ્ન છે. ફરક માત્ર એટલો છે કે સ્વપ્નમાં આંખ ખુલે કાંઈ નહિ અને જીવનમાં આંખ બંધ થયા પછી કાંઈ નહિ. સ્વપ્નમાં ધનના ઢગલા જોયા. એની રક્ષા માટે બીજાને સાથે ઝઘડયો પણ આંખ ખુલતાં બધું ડૂલ. તેમ જીવનમાં અન્યાય અનીતિ કરી ઘણું ધન ભેગું કર્યું પણ એ આંખ મીંચાઈ જતાં બધું ડૂલ. બોલો, આ સુખ શા કામનું ? છેવટે બધું અહીં રહી જશે. પણ તેના માટે બાંધેલા અશુભ કર્મોના કચરાના બંડલ ઉપાડીને જવું પડશે. માટે આવી નશ્વરતાનો વિચાર કરીને જીવનને અપવિત્ર ના બનાવો.

જ્ઞાની પુરૂષો કહે છે, કે જીવનમાં વ્રત-નિયમ, અહિંસા, સત્ય વિગેરે સદાચારનું સ્થાપન કરી જીવનને પવિત્ર બનાવો. માણસ જૂઠું બોલે, હિંસા કરે, અનીતિ કરે, આ બધું મન બગડયા વિના થતું નથી. મનની પવિત્રતા ત્યાં ખતમ થઈ જાય છે. પવિત્ર મન એ માનવ જીવનની મોંઘી મલાઈ છે. પવિત્રતા એ શણગાર છે. સતી સીતાને થયાં *હજારો વર્ષો વીતી ગયા છતાં* એમને લોકો યાદ કેમ કરે છે ? એમની પવિત્રતાને લીધે ને ? *રાવણે તેને લલચાવવા ઘણાં પ્રયત્નો કર્યાં. મંદોદરી આદિ હજારો રાણીઓ સીતાની*

જીવનભર દાસીઓ બનીને રહેવા તૈયાર થઇ પણ એમાં સીતાજી લલચાયા નહિ. ત્યાર પછી રામચંદ્રજીએ લોકોપવાદથી તેમને વનમાં મોકલી દીધા. છતાં તેમના ઉપર સહેજ પણ દ્વેષ ન કર્યો. ત્યારે એ પોતાના જીવનને ઉન્નત બનાવીને પ્રાતઃસ્મરણીય બની ગયા છે.

જેને આત્માના સાચા વૈભવનું ભાન થયું છે તેવા અનાથી નિર્ગ્રંથ શ્રેણીક રાજાને કહે છે, કે આત્મા પોતાના સ્વરૂપમાં લીન બનીને અન્તર્મુખ બની જાય તો સનાથ બની શકે.

न तं अरीकंठ छेत्ता करेइ, जं से करे अप्पणिया दुरप्पया ।
से नाहइ मच्चु मुहं तु पत्ते, पच्छाणुतावेण दयाविहूणो ।।

ઉત્ત. સૂ. અ ૨૦ ગાથા ૪૮

ગળું કાપનાર દયાહીન વૈરી પણ જે અહિત નથી કરતો તેનાથી અધિક અહિત બહિંભાવમાં પડેલો દુરાત્મા કરે છે. મૃત્યુના મુખમાં પડતાં તે દુરાત્માને મહાન પશ્ચાતાપ થાય છે.

કમળના પુષ્પ ઉપર મુગ્ધ બનેલો ભમરો હાથીના મુખનો કોળિયો બની જાય છે. તેમાં તેની પોતાની ભૂલ છે. આ પ્રમાણે આત્મા પોતાની ભૂલથી પોતાનું અહિત કરે છે. એવું અહિત માથાનો કાપનાર વૈરી પણ કરતો નથી. આજે કોઇ માણસ કોઇનું માથું તલવારથી જુદું કરી નાંખે તો તેને મોટો વૈરી માનવામાં આવે છે. પણ જ્ઞાની કહે છે કે દુર્ભાવમાં જોડાયેલો આત્મા પોતાનું જે અહિત કરે છે તેવું અહિત મસ્તક છેદનાર દુશ્મન કરી શકતો નથી. ગળું કાપનાર દુશ્મન તો શરીરને નષ્ટ કરે છે કે જે શરીર એક દિવસ તો નષ્ટ થનારું હતું પણ તે દુશ્મન જીવને નરક ગતિમાં મોકલવા સમર્થ નથી, પરંતુ એવો દુશ્મન જ્યારે માથું કાપતો હોય ત્યારે તેના ઉપર સહેજ પણ કષાય ન આવે તો તે દુઃખ સહન કરનાર આત્મા મોક્ષમાં અથવા દેવલોકમાં જાય છે. તે વખતે તે વૈરીને પોતે સહાયક માને છે. એટલે કહેવામાં આવે છે કે ગળું કાપનાર વૈરી એવી હાનિ કરતો નથી કે જેવી હાનિ પોતાનો દુરાત્મા કરે છે.

બંધુઓ ! આવો પવિત્ર માનવ દેહ અને ઇન્દ્રિયો મળી છે તે આત્માના કલ્યાણ માટે મળી છે. મહાન પુણ્યના થોક ભેગા થાય ત્યારે માનવ દેહ મળે છે અને દરેક ઇન્દ્રિયો પણ સુરક્ષિત મળે છે. આ મહાન પુણ્યના ઉદયથી મળેલી ઇન્દ્રિયોનો ઉપયોગ દુરાત્મા કયાં કરી રહ્યો છે? મોજશોખમાં અને ભોગવિલાસમાં. આ રીતે જે સાધુ સાધુપણાથી પતીત થાય અને ઇન્દ્રિયો ઉપર કાબૂ ન રાખે તો તેનો આત્મા પણ દુરાત્મા છે. દુરાત્મા સંસારમાં આનંદ પામે છે, સુખ ભોગવે છે પણ જ્યારે મૃત્યુના મુખમાં સપડાય છે ત્યારે તેને ખૂબ પશ્ચાતાપ થાય છે. તે સમયે મંત્ર-તંત્ર-જ્યોતિષ લક્ષણાદિ વિદ્યાઓ કામ આવતા નથી. જેણે અહિંસાનો નાશ કર્યો છે અને દયાનો

દેશનિકાલ કર્યો છે તે મોતના મુખમાં સપડાય છે ત્યારે તેને પેટ ભરીને પશ્ચાતાપ થાય છે. મહંમદ ગીઝનીએ ૧૭ વખત ભારત ઉપર લૂંટ ચલાવી હતી અને અનેક લોકોને રીબાવીને માર્યા ને ઘણું ધન લૂંટી ગયો હતો. પણ જ્યારે તે મરવા પડયો ત્યારે તેણે એ બધા ધનનો પોતાની સામે ઢગલો કરાવ્યો. અને તે ધનના ઢગલાને જોઇ જોઈને ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગ્યો. તે શા માટે રડતો હશે? તે આપણે નિશ્ચયથી કાંઇ કહી શકીએ નહિ પણ સંભવ છે કે તે એ વિચારથી રડતો હોય કે મેં લોકોને આટલું બધું કષ્ટ આપ્યું ને ધન લૂંટયું પણ એ ધન તો આજે અહીં પડયું રહેશે. મારી સાથે તો રાતી પાઇ પણ આવવાની નથી. આ રીતે તમે પણ બીજાને માટે પાપ કરીને પૈસા કમાઓ છો પણ યાદ રાખજો કે તમારી સાથે એક રાતી પાઈ પણ આવવાની નથી. સાથે તો પાપના ભારા આવશે. પૂંજી અહીં રહેશે ને પાપ સાથે આવશે. માટે જીવનમાં દયાનો ગુણ અપનાવો. દયા એ જીવનનો મુખ્ય ગુણ છે. ભગવાનની આટલી હિત શિખામણ જીવનમાં ઉતરે તો શાસ્ત્રનો મહાન સાર તમે જાણી લીધો છે.

**एवं खु नाणिणो सारं, जं न हिंसइ किंचणं ।**

કોઇ પણ જીવની હિંસા ન કરવી એ બધા જ્ઞાનનો સાર છે. ભગવાન અહિંસાના ઉપાસક છે. તે કોઇ જીવની હિંસા કરે નહિ, કરાવે નહિ ને કરનારને ભલું જાણે નહિ.

કોઇ માણસ કોઇ પુરાણા પુસ્તકમાં લખેલું બતાવીને તમને કહે કે વીતરાગ ભગવાન તો પુષ્પની માળા પહેરતાં હતાં. તો શું તમે એ વાત માનવા તૈયાર છો? તમે કહી દેશો કે એ તો કોઈ અજ્ઞાનીએ લખ્યું હશે. પણ ભગવાન તો ક્યારે પણ પહેરે નહિ. કોઇ કહે કે સાધુએ ઓછામાં ઓછા પાંચ રૂપિયા તો તેમની પાસે રાખવા જોઇએ. પાસે પૈસા હોય તો ગમે ત્યારે કામ આવે. તો શું તમે તેની વાત ઉપર વિશ્વાસ કરશો? તમે તરત કહી દેશો કે જૈન મુનિ એક રાતી પાઈ પણ રાખે નહિ. અમારા સંતો તો કંચન-કામિનીના ત્યાગી છે. જો તેઓ પરિગ્રહ રાખે તો અમે તેને સાધુ ન કહીએ. કેમ બરાબર છે ને?

બંધુઓ! આપણી મુખ્ય વાત શું છે તે ખબર છે ને? જ્યારે આત્મા દુરાત્મા બની જાય છે ને દુરાચારમાં પ્રવૃત્તિ કરે છે ત્યારે તે પોતાના આત્માથી પોતાને દુઃખ આપે છે.

સદાચારને ભૂલી દુરાચારમાં પ્રવૃત્ત થયેલો આત્મા કેવો બની જાય છે તેના ઉપર એક બનેલી કહાની કહું.

એક સંસ્કારી કુટુંબ હતું. તેમાં પતિ-પત્ની અને તેમનો એક બાબો હતો. બાબાનું નામ નિરંજન હતું. નિરંજન ૧૮ દિવસનો થયો ને તેની માતા ગુજરી ગઇ. પિતા ફરીને લગ્ન કરે છે. તેને પણ એક પુત્ર થાય છે. તેનું નામ સ્નેહલ છે. તે પણ પાંચ વર્ષનો થયો ને તેની માતા ગુજરી જાય છે. જ્યાં સ્નેહલ સાત વર્ષનો થાય છે ત્યાં પિતા

મૃત્યુની શય્યા પર પડયા છે. તે ખૂબ મૂંઝાયા છે. નિરંજન કહે છે પિતાજી! આપની આંખમાં આંસુ કેમ છે? આપને જે મૂંઝવણુ હોય તે મને કહો. પિતા કહે-બેટા! તું સ્નેહલને બરાબર સંભાળજે. હવે હું જાઉં છું. આ શબ્દો સાંભળી નિરંજનની આંખમાં આંસુ આવી ગયા. તે રડતો રડતો બોલ્યો. અહો પિતાજી! અમારી બંનેની માતાઓ તો અમને બાલપણમાં મૂકીને ચાલી ગઈ અને આજે તમે પણ અમને નિરાધાર મૂકીને જાવ છો? અમે બંને ભાઈઓ પિતાની છાયા વિનાના નોંધારા બની જઈશું. પહેલા તો તે ખૂબ રડયો. પછી હૈયું હળવું કરીને કહે છે પિતાજી! આપ મારા નાનાં ભાઈની બિલકુલ ચિંતા ન કરશો. એ મને ખૂબ વહાલો છે. હું એની બધી સંભાળ રાખીશ. એને જમાડીને જમીશ. મારો ભાઈ કહું કે મારો પુત્ર કહું બન્ને મને સરખું છે. આટલું સાંભળતા પિતાનો આત્મા દેહ-પિંજરમાંથી ઉડી ગયો.

**"નિરંજન અને સ્નેહલને પડેલો પિતાનો વિયોગ:–** પિતા જવાથી બંને ભાઈના દિલમાં ખૂબ દુઃખ થયું. સમય જતાં શોક વિસારે પડયો. બંને ભાઈઓ ખૂબ સદ્‌ગુણી હતા. પિતાની થોડીઘણી મુડી હતી. ને નિરંજન હવે ભણી રહ્યો હતો. એટલે આવક ચાલુ થઈ ગઈ હતી. સમય જતાં એક સારા કુટુંબની વનિતા નામની કન્યા સાથે નિરંજનના લગ્ન થયા. પરણતી વખતે નિરંજને વનિતા સાથે કબૂલાત કરી હતી કે મારે સાવકી માતાનો પુત્ર સાત વર્ષનો નાનો ભાઈ છે. તે મને મારા સગા ભાઈથી પણ અધિક વહાલો છે. તો તારે એને માતાની જેમ સાચવવો પડશે. એને કદી ઓછું આવવા દેવાનું નહિ. જો તને આ વાત મંજુર હોય તો તારી સાથે લગ્ન કરું.

**"ભાભીના પ્રેમમાં રમતો સ્નેહલ બોલ્યો ભાભીમા":–** વનિતા એક સદ્‌ગુણી યુવતી હતી. તેણે નિરંજનની વાત કબૂલ કરી. અને બન્નેના લગ્ન થયાં. ભાભી ઘરમાં આવ્યા. નાનકડા દિયરીયા સ્નેહલને વનિતા ખૂબ પ્યારથી રમાડે છે. તેની કબૂલાતનું હૃદયપૂર્વક પાલન કરે છે. તેથી સ્નેહલને વિચાર થયા કરતો કે મારે ભાભીને કેવી રીતે બોલાવવા? એ મને માતાની જેમ સાચવે છે. મારી માતા પણ મને આવું સાચવતી ન હતી. આજે ઘણાં બાળકો પોતાની માતાને પણ ભાભી કહીને બોલાવે છે. તે સ્નેહલે સાંભળેલું. એટલે તેને થયું કે મારે માતા તો છે નહિ અને આ ભાભી મને માતાની જેમ સાચવે છે તો હું એમને 'ભાભીમા' કહીને બોલાવું. એટલે તેમાં માતા અને ભાભી બંને આવી જાય. તેને આ સંબોધન ખૂબ ગમી ગયું.

એક દિવસ સ્નેહલ સ્કૂલેથી ભણીને આવ્યો તેવો જ સીધો "ભાભીમા" કહીને ભાભીને ગળે વળગી પડયો. ભાભીએ સ્નેહલને બાથમાં લઈ લીધો. ભાભી માતાની જેમ સ્નેહલને રાખતી હતી. નિરંજન, વનિતા અને સ્નેહલ આ ત્રણનું નાનકડું કુટુંબ ખૂબ પ્રેમ અને આનંદથી રહેતું હતું. આ આનંદ જોઈને શેરીના માણસોને ઈર્ષ્યા આવી ગઈ. શેરીની બહેનો કહે છે વનિતા! તું તારા દિયરને ખૂબ લાડ લડાવે છે. પણ એક દિવસ

તારે પસ્તાવાનો વખત આવશે. અત્યારના જમાનામાં તો પેટના દીકરા પણ પોતાના થતા નથી. આ તો તારો સાવકો દિયર છે. જો અમારી વાત તારા ગળે ઉતરતી હોય તો હવેથી તું સ્નેહલને બહુ મોઢે ચઢાવીશ નહિ. ત્યારે વનિતાએ ચોખ્ખા શબ્દોમાં કહી દીધું કે બહેન! એ તમારી સોનેરી સલાહ તમારી પાસે રાખો. મારે એની જરૂર નથી. એમ કહીને વનિતા પોતાને ઘેર આવતી રહી. ફરીને તે કોઈને ઘેર બેસવા જતી નહિ.

**"નિરંજન-વનિતાના પ્રેમમાં રમતો સ્નેહલ" :-** બંધુઓ! આવી સદ્‌ગુણી પત્ની મહાન પુણ્યનો ઉદય હોય તેને મળે છે. ભાઈ ઘણાં સારા હોય, આબરૂ પણ સારી હોય પણ જો ઘરની પત્ની સારી ન હોય તો લાખનો પતિ કોડીનો બની જાય છે. પણ જો બંને સારા હોય તો તેમનો સંસાર સ્વર્ગ જેવો બની જાય છે. ઘરમાં ને બહાર તેની પ્રતિષ્ઠા વધે છે. તે પાંચમાં પૂછાય છે. આ વનિતા પણ હીરા જેવી હતી. નિરંજન ડોક્ટર બન્યો હતો ને પોતાના નાનકડા ગામમાં દવાખાનું ચલાવતો હતો. તેની પ્રેક્ટીસ સારી હતી. પણ તે ખૂબ સંતોષી હતો. જો તેણે ધાર્યું હોત તો મોટા શહેરમાં દવાખાનું કરીને વધુ કમાણી કરી શકત. પણ તેને પૈસાનો લોભ ન હતો. તે ગામડામાં રહી ગરીબ લોકોને ઓછા પૈસામાં દવા આપતો. તેમજ કોઈ નિરાધાર હોય તો તેને મફત દવા આપીને સેવા કરતો હતો. ગરીબ લોકોના દિલ તેણે જીતી લીધા હતા. તેને મન પૈસા કરતાં પ્રેમની કિંમત વધારે હતી. તેમજ વનિતા સાથે લગ્ન કર્યા પછી કમાણી સારી થઈ હતી એટલે ગામડામાં બંગલા ટાઈપનું બે માળનું મકાન પણ બાંધી દીધું હતું. નિરંજન, વનિતા અને સ્નેહલ સાથે ગાડીમાં બેસીને ફરવા નીકળતા ત્યારે અજાણ્યા માણસોને એમ લાગતું કે જાણે ડોક્ટર સાહેબ, તેમની પત્ની અને પુત્ર ત્રણે ફરવા જઈ રહ્યા છે.

થોડા સમય પછી વનિતાને એક પુત્ર અને એક પુત્રી એમ બે સંતાનો થાય છે. પુત્રનું નામ અનિલ અને પુત્રીનું નામ અમિતા રાખવામાં આવ્યું. પોતાને બે સંતાનો થવા છતાં વનિતાનો પ્રેમ સ્નેહલ પ્રત્યેથી તલભાર પણ ઓછો ન થયો. સ્નેહલ હવે બાળક મટીને કિશોર થયો હતો. છતાં ભાભી પાસે તો નાના બાળકની જેમ ગેલ કરતો હતો. નિરંજન અને વનિતાએ ખૂબ કાળજીપૂર્વક તેને પણ ડોક્ટરનું ભણાવ્યો. અને સ્નેહલ પણ ખૂબ ખંતથી ભણીને ડોક્ટર બન્યો. અને સુધા નામની કન્યા સાથે તેના લગ્ન કરી દીધા. આ કુટુંબ ખૂબ સુખપૂર્વક રહેતું હતું.

**નિરંજનના મૃત્યુથી વનિતા અને સ્નેહલના હૃદયમાં પડેલો ઘા :-** નિરંજનના ભાગ્યમાં લાંબો સમય સુખ ભોગવવાનું નહિ હોય તેથી અચાનક બિમારી આવી. આઠ દિવસની ટૂંકી બિમારી ભોગવી છ વર્ષની અમિતા અને અનિલને વનિતાના આશ્રયે છોડી નિરંજન મૃત્યુની ગોદમાં પોઢી ગયો. તેણે પોતાના અંતિમ સમય સુધી

સ્નેહલ પ્રત્યેની તેની ફરજ અદા કરી હતી. પતિના મૃત્યુથી વનિતાના માથે જાણે આભ તૂટી પડયું હોય તેમ દુઃખની છાયા ઘેરાઇ ગઇ. પોતાના બંને બાળકોને ખોળામાં લઇને તે રડવા લાગી. ભાભીમાને રડતા જોઇને સ્નેહલની આંખો બમણા વેગથી રડવા લાગી.

**ભાભીમા! હું તમારો દીકરો છું એમ બોલતો સ્નેહલ :** સ્નેહલને માથે હવે જવાબદારી આવી પડી. આંખમાંથી આંસુ લૂછી, હૃદય કઠણ કરી ભાભીમાના ચરણોમાં પડી ધ્રુજતે અવાજે આશ્વાસન આપતો બોલ્યો - ભાભીમા! ગભરાશો નહિ. આટલો મોટો તમારો દીકરો બેઠો છે. એ તમને જરાય ઓછું નહિ આવવા દે. અનિલ મારો ભાઇ છે ને અમિતા મારી બહેન છે. તેમને ભણાવી ગણાવીને ઠેકાણે પાડવાની જવાબદારી હું લઉં છું. તમારો અને મોટાભાઇનો મારા ઉપર મહાન ઉપકાર છે. હું જીવનપર્યંત તમારી સેવા કરું તો પણ તમારા ઉપકારનો બદલો વાળી શકું તેમ નથી. સ્નેહલના આ શબ્દો સાંભળીને ભાભીને હિંમત આવી. સ્નેહલ પણ ભાભીને જરાય ઓછું ન આવે તે રીતે અનિલ અને અમિતાને બાપની ખોટ ન સાલે તે રીતે ધ્યાન રાખતો હતો. અને ભાભીમાને તો પાણી માંગે ત્યાં દૂધ લાવીને હાજર કરતો હતો. સ્નેહલનો સ્નેહ જોઇને ઘણી વાર ભાભીમાના મનમાં થતું કે મારો દિયર મને કેવી રીતે રાખે છે? પણ મારો અનિલ મારું આટલું ધ્યાન રાખશે કે નહિ તેની મને શંકા છે. સ્નેહલ ભાભીમાને પૂછીને બધું કામ કરતો હતો.

**"વનિતા અને સ્નેહલના પવિત્ર પ્રેમ ઉપર સુધાની ઇર્ષ્યા રૂપી આગ:-"** દિયર ભોજાઇનો પ્રેમ જોઇને સુધાની આંખમાં ઇર્ષ્યા આવી જતી હતી. તેના મનમાં થવા લાગ્યું કે મારો પતિ બધું કામ ભાભીને પૂછીને જ કરે છે, મને તો કંઇ પૂછતા નથી. મારું તો ઘરમાં કંઇ માન નહિ. અનિલ અને અમિતા તો જાણે એના પ્રાણ છે. જેટલો પ્રેમ એમના ઉપર છે તેટલો પણ મારા પ્રત્યે નથી. આ રીતે વિચારો કરી ઇર્ષ્યાની આગમાં જલવા લાગી. સ્નેહલ ઘણો હોંશિયાર ડોકટર બની ગયો હતો એટલે તેને યશ પણ ઘણો સારો મળતો હતો. તેથી તેને મુંબઇની મોટી હોસ્પિતાલમાં મોટા પગારની નોકરી મળતી હતી. પણ ભાભીમા અને બંને બાળકોની સંભાળ રાખવા માટે તે નોકરી જતી કરી. ભાભીમાએ સ્નેહલને ઘણું સમજાવ્યો કે તું અને સુધા બંને ખુશીથી મુંબઇ જાવ અને હું અહીં રહીને બાળકોને ભણાવીશ. પણ સ્નેહલે ભાભીમાના સ્નેહને છોડીને જવાની ના પાડી. એટલે સુધાની ઇર્ષ્યા ક્રોધના સ્વરૂપમાં પ્રગટ થઇ અને બોલી ઉઠી. ભાભીમા....ભાભીમા! શું કરો છો? એમનો દીકરો મોટો થશે ત્યારે એમની સેવા કરશે. તમારી નહિ કરે. શા માટે આવી સરસ નોકરી ગુમાવો છો? સ્નેહલ કહે છે સુધા, ખબરદાર! મારા ભાભીમા માટે તું એક પણ શબ્દ બોલી તો? ભાભીમા જાણશે તો તેમને કેટલું દુઃખ થશે! ભાભીમાએ મને પેટના દીકરા કરતા પણ અધિક

લાડકોડથી ઉછેર્યો, ભણાવ્યો, ગણાવ્યો, તેની આટલી કિંમત? હું આટલો બધો આગળ આવ્યો હોઉં તો તેમનો પ્રતાપ છે. અરે! એક કૂતરો પણ ઉપકારનો બદલો ભૂલતો નથી તો હું તો માણસ છું. માટે નિમકહરામ બનવું એમ તું મને શીખવાડે છે? એ કદી નહિ બને.

બંધુઓ! આવો આત્મા દુરાત્મા બને છે ત્યારે કેવો બની જાય છે! સ્નેહલનો આત્મા દેવ જેવો છે. ગમે તેમ કરીને પણ પોતાના ભાભીમા અને ભાઈના ઉપકારનો બદલો વાળવા મથે છે ત્યારે સુધાનો આત્મા એવો દુરાત્મા બની ગયો છે કે તે ભાભી અને તેમના દીકરાને દુશ્મનની દૃષ્ટિથી દેખે છે. એના પતિએ એને કડક શબ્દોમાં કહી દીધું કે મારા ભાભી મારી માતા સમાન છે. તું એમની વિરૂદ્ધમાં જો એક શબ્દ પણ બોલીશ તો હું સાંભળવાનો નથી. પતિના આવા કડક શબ્દો સાંભળી સુધા કંઈ બોલી શકી નહિ. પણ તેના હૃદયમાં ઈર્ષ્યાની આગ તો સળગતી રહી હતી. તે પિયર જતી ત્યારે તેના પિયરીયાના મગજમાં પણ ઠસાવી દેતી હતી કે વનિતાએ સ્નેહલને કાંઈક કરી નાંખ્યું છે. એટલે તે એમને દેખે છે અને ભવિષ્યમાં મને સંતાન થાય તો પણ આ બધો માળનો બંગલો અને મિલ્કત અનિલને મળશે. મારા સંતાનને કાંઈ નહિ મળે. આ બધું સાંભળીને તેના પીયરીયાને પણ ઈર્ષ્યા વધવા લાગી. ભાભીમા અને તેમના બંને સંતાનો સુધાને આંખના કણાની જેમ ખૂંચતા હતા. તેનું નામ સુધા હતું. સુધા એટલે અમૃત. પણ સુધા અમૃત જેવી ન હતી. તેનો આત્મા દુર્ભાવમાં જોડાઈને દુરાત્મા બની ગયો હતો. દુર્ભાવમાં જોડાયેલો દુરાત્મા પોતાનું જે અહિત કરે છે તે ગળાનો કાપનાર દુશ્મન પણ નથી કરતો. દુર્ભાવમાં જોડાયેલી સુધા કેવું અહિત કરશે તેના ભાવ અવસરે.

☆

## વ્યાખ્યાન નં. ૧૦૩

**કારતક સુદ ૧૦ ને ગુરૂવાર** **તા. ૧૩-૧૧-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંત કરૂણાના સાગર ભગવંતે જગતના જીવોનું એકાંત હિત ચાહીને વાણીનો ધોધ વહાવ્યો છે. ઉત્તરાધ્યયન સૂત્ર ૨૦ મું અધ્યયન જેમાં અનાથી મુનિ શ્રેણીક રાજાને સનાથ-અનાથના ભેદભાવ સમજાવી રહ્યા છે. જ્યારે આત્મા કષાયોને વશ થઈને વિભાવમાં જોડાય છે ત્યારે તે કેવો દુરાત્મા બને છે? ને એવો દુરાત્મા પોતે પોતાને કર્મના બંધનથી બાંધે છે. ક્રોધ-માન-માયા અને લોભ એ ચારેય કષાયો મોહરાજાને સાથે લઈને જ્યારે મન-વચન અને કાયા એ ત્રણ યોગોની સાથે જોડાય છે ત્યારે કર્મનું બંધન થાય છે. તીર્થંકર ભગવંતોને પણ મન-વચન અને કાયા એ ત્રણ યોગો હોય છે. પણ તેઓને કર્મનું બંધન થતું નથી. કારણ કે તેમનામાં કષાય નથી. જ્યાં કષાય છે

ત્યાં કર્મબંધન થાય છે. એટલે જો આત્માને દુશાત્મા બનાવવો ન હોય તો કષાયો ઉપર વિજય મેળવવાની જરૂર છે. તુલસીદાસે એક દોહરામાં કહ્યું છે કે:-

**તુલસી યે તન ખેત હૈ, મન, વચ, કર્મ કિસાન,**
**પુણ્ય પાપ દો બીજ હૈ, બવે સો લવે સુજાન.**

આ દોહરામાં કેટલી સુંદર વાત સમજાવી છે. મનુષ્યનું શરીર એક ખેતર સમાન છે. અને મન, વચન અને કર્મ એ ત્રણ ખેડૂત છે. એ ત્રણે ય ખેડૂત ખેતી કરીને અનાજ પેદા કરે છે. તમને વિચાર થવો જોઈએ કે મન, વચન અને કર્મરૂપી ખેડૂતો શરીર રૂપી ક્ષેત્રમાં કયું બીજ વાવે છે? તો તુલસી કવિ કહે છે કે શરીરરૂપી ક્ષેત્રમાં વાવવામાં આવેલું બીજ બે પ્રકારનું હોય છે. તે એક પાપનું અને બીજું પુણ્યનું. જો મન, વચન અને કર્મ રૂપી ખેડૂતો પાપનું બીજ વાવે છે તો પાપકર્મનો બંધ થાય છે ને પુણ્યનું બીજ વાવે છે તો શુભ કર્મનો બંધ થાય છે એટલે "જેવું વાવે તેવું લણે." ધંતુરા વાવીને આંબા માંગશો તો ક્યાંથી મળવાના છે?

મારી વાત સાંભળીને તમને એમ થશે કે અમે એવા મૂર્ખ નથી કે ધંતુરો વાવીને આંબો માંગીએ. તો હું પણ સમજું છું કે તમે એવા મૂર્ખ નથી. બડા ચતુર છો પણ એટલું તો જરૂર કહીશ કે આજે મોટા ભાગના માનવી પાપનું બીજ વાવીને પુણ્યની ઈચ્છા કરે છે. આજે તમે દુનિયા તરફ દૃષ્ટિ કરશો તો ખબર પડશે કે મોટા ભાગના માનવો શું કરે છે? દારૂ-બીડી-તંબાકુ આદિ વ્યસનોનું સેવન કરીને સ્વસ્થ રહેવા ઈચ્છે છે. અન્યાય, અનીતિ અને દગાપ્રપંચ કરીને ઘણું ધન કમાય પછી તેમાંનું એક અંશ જેટલું ધન દાનમાં વાપરીને પોતાને 'મહાદાનવીર' કહેવડાવે છે. હૃદયમાં ક્રોધ, માન, માયા, લોભ આદિ કષાયોને રાખીને દેવલોકમાં જવાની ઈચ્છા રાખે છે. રાગ-દ્વેષ, ઈર્ષ્યા અને મોહાદિ દુર્ગુણો દિમાગમાં રાખીને પોતાને સદ્ગુણી અને સદાચારી કહેવડાવવાની કોશિષ કરે છે. ઉપરછલ્લું પુસ્તકનું પોપટીયું જ્ઞાન મેળવીને પોતે જ્ઞાની હોય તેવો દેખાવ કરે છે. એટલું નહિ પણ હૃદય મલીન રાખીને ઉપરથી ધર્માત્મા દેખાવા માટે એવી તો ભક્તિ કરે છે કે તેની ભક્તિ જોઈને ભલભલા માણસો ભૂલાવામાં પડી જાય છે. ટૂંકમાં મારો કહેવાનો આશય એ છે કે માનવ પાપનું બીજ વાવીને પુણ્યની આશા રાખે છે. તમે સોનીને પિત્તળ આપીને સોનાનો દાગીનો બનાવવા માટે કહો તો શું એ સોની તમને સોનાનો દાગીનો બનાવી દેશે? ના. સોની પિત્તળ લઈને તમને સોનાનો દાગીનો આપતો નથી. તેમ ભગવાન કહે છે કે તમે પાપની ક્રિયાઓ કરીને શાશ્વત સુખ મેળવવાની આશા રાખો છો તે ત્રણ કાળમાં બનવાનું નથી.

કષાયની સાથે ત્રણ યોગોનું મિલન થાય છે ત્યારે પાપનું બીજ વવાય છે. એ ત્રણ યોગોમાં મુખ્ય મન છે. વચન અને કાયાની અપેક્ષાએ કષાયોની સાથે મનનો

સહયોગ પાપકર્મના બંધનમાં વધારે રહે છે. એટલે એ વાત સ્પષ્ટ છે કે પાપકર્મના બંધનમાં મુખ્ય કારણ મન છે. વચન અને કાયા તો મનના આદેશ પ્રમાણે ચાલે છે. જ્યાં સુધી મનને જીતવામાં નથી આવતું ત્યાં સુધી કષાય શાંત થતી નથી. કહેવાય છે કે:–

**જિસને મન પર તાળા મિલાયા, ઉસને સબ મિલા લિયા,**
**જિસને મન પર કાબૂ નહિ પાયા, ઉસને સબ ગવા દિયા.**

જ્ઞાતાજી સૂત્રમાં પુંડરીક અને કુંડરીકનો ન્યાય આવે છે. કુંડરીકે પોતાની ઘણાં વર્ષોની સાધનાને મન ઉપર અંકુશ ન રાખવાથી ત્રણ દિવસમાં ખોઇ નાંખી. કહેવાનું તાત્પર્ય એ છે કે કર્મબંધન કરવામાં મનની શક્તિ જબરજસ્ત છે. જો મન સંસાર તરફ આકર્ષાય છે તો આત્માને અધોગતિમાં ધકેલી મૂકે છે. અને સંસારથી વિમુખ બની જાય છે તો આત્માને મુક્તિમાં લઇ જાય છે. સંસ્કૃત શ્લોકમાં પણ કહ્યું છે કે :–

**मन एव मनुष्याणां, कारण बन्ध मोक्षयोः ।**
**बन्धाय विषयासक्त, मुक्तं निर्विषयं स्मृतम् ।।**

મન, બંધ અને મોક્ષનું કારણ છે. વિષયાસકત મન કર્મબંધન કરાવે છે અને નિર્વિકાર એટલે કે વિષયરહિત મન મુક્તિને પ્રાપ્ત કરાવે છે. આ ઉપરથી આપણે સમજી શકીએ છીએ કે પાપ કર્મનું બંધન કરાવનાર મન છે. વિવેકશીલ મનુષ્ય મન ઉપર પૂર્ણ સંયમ રાખીને વચનયોગ અને કાયયોગને સાચા ધર્મમાં જોડી શકે છે.

બંધુઓ! પુણ્ય અને પાપને જન્મ આપનાર મનોવૃત્તિ છે. મનુષ્ય પોતાના વિચારોને કારણે દેવ અને દાનવ બને છે. જો તેના અંતરમાં દયા સમતા, સહાનુભૂતિ અને સંવેદનની લહેરો ઉઠે છે તો તે દેવ બને છે. અને ઇર્ષ્યા, દ્વેષ, કામ, ક્રોધ, મોહ, મમતા અને નિર્દયતાનું તોફાન ચાલતું હોય છે તો તે દાનવ બની જાય છે. આ અમૂલ્ય માનવજીવન પામીને આપણે દાનવ બનવું નથી. પણ ઉચ્ચ વિચારોની સાથે ઉચ્ચ આચરણ કરીને દેવ નહીં પણ પરમાત્મા બનવાનો પ્રયત્ન કરવાનો છે.

બીજી પણ એક વાત હું તમને કહેવા માંગું છું કે પાપની અપેક્ષાએ પુણ્ય શ્રેષ્ઠ છે. પણ પુણ્યનું બંધન કરવું એ મનુષ્ય જીવનનું ધ્યેય નથી. કારણ કે પુણ્યનો સંચય કરીને ભલે તમે કે અમે દેવલોકમાં દેવ બની જઇએ અગર તો ઇન્દ્ર બનીએ તો પણ ત્યાનું આયુષ્ય પૂર્ણ કરીને ત્યાંથી મરણ અને જન્મ તો કરવા પડે છે. આટલું પુણ્ય કરવા છતાં પણ અંતે તો જીવને સંસારમાં રખડવું પડે છે. તે સંસારથી મુકત બની શકતો નથી. પાપની સાથે પુણ્ય પણ ક્ષય થઇ જાય ત્યારે જીવ સંસારથી મુકત થઇ શકે છે.

બંધુઓ! પુણ્ય અને પાપ એ બંને બેડી છે. પાપ એ લોઢાની બેડી છે તો પુણ્ય સોનાની બેડી છે. પાપકર્મથી જીવને વધુ દુઃખ ભોગવવું પડે છે તો પુણ્યથી સુખ મળે

છે. પણ સંપૂર્ણ દુઃખની પરંપરા સમાપ્ત થતી નથી. પુણ્યને કારણે ગમે તેટલું સુખ મળી જાય પણ જન્મ-મરણના દુઃખ તો માથે રહેલા છે ને? આટલા માટે જ્ઞાની કહે છે કે પાપ અને પુણ્ય બંને બંધનની બેડી છે.

**हेमं वा आयसं वा वि, बंधणं दुःख कारणा ।**
**महग्घस्सावि दंडस्स, णिवाए दुःख संपदा ॥**

બંધન ચાહે સોનાનું હોય કે લોખંડનું હોય; પણ બંધન તો અંતે બંધન છે. માની લો કે કોઈ માણસ કોઈને સોનાની લાકડી લઈને મારે તો શું સોનાની લાકડીનો માર નથી વાગતો? શું એનાથી વેદના નથી થતી? થાય છે. ચાહે લાકડાનો દંડો હોય કે લોખંડનો અગર તો સોનાનો દંડો હોય પણ માર તો વાગવાનો છે. પણ અપેક્ષાએ પાપકર્મોના બંધન કરતાં પુણ્યનું બંધન સારું છે. બીજી રીતે પુણ્ય અને પાપનું બંધન ન કરવું ને કર્મની નિર્જરા કરવી તે સૌથી અધિક શ્રેષ્ઠ છે. અને સદા એવી ભાવના હોવી જોઈએ, કે બંને પ્રકારના બંધનમાંથી જલ્દી મુક્ત થઈને સાચું અને શાશ્વત સુખ ક્યારે પ્રાપ્ત કરીશ?

આપણે ગઈ કાલની એક કહાની અધૂરી છે. ક્રોધ, લોભ, મોહ અને ઈર્ષ્યામાં જોડાઈને દુષ્ટ બનેલો દુરાત્મા કેવું પાપ કરે છે! ભાભી અને ભાભીના સંતાનો ઉપર સ્નેહલ જે લાગણી ને પ્રેમ રાખે છે તે સુધાને બિલકુલ ગમતું નહિ. પણ બોલી શકતી ન હતી. મનમાં ઈર્ષ્યાની આગથી જલ્યા કરતી હતી. જ્યારે સ્નેહલ પોતાના ભાભીમાને કેમ ઓછું ન આવે તે માટે સદા સજાગ રહેતો હતો. એક આત્મા કેવો કૃતજ્ઞ અને ઉપકારીનો ઉપકાર નહિ ભૂલનારો છે. જ્યારે બીજો ગુણીના ગુણ નહિ જોનારો છે. સુધાથી સ્નેહલ અને ભાભીમાનો પ્રેમ સહન થતો નથી. બંનેના વિચારોમાં કેટલી ભિન્નતા છે!

બંને વ્યક્તિના વિચારો જો સરખા હોય તો કેટલો સુમેળ આવી જાય! એક રથના બે પૈડાં સરખા હોય તો રથ બરાબર ચાલી શકે. જો પૈડા ઉંચા-નીચા હોય તો રથ બરાબર ચાલી શકે નહિ. તેમ આ સંસાર રથના પતિ-પત્ની રૂપી બે પૈડાં જો બરાબર ન હોય તો તેનો સંસાર આગની માફક જલી રહ્યો હોય છે. પણ જો બંને આત્મા ધર્મ પામેલા હોય તો સંસાર સ્વર્ગ સમાન બની જાય છે. સ્નેહલના દિલમાં ઘણું દુઃખ થતું. તે ઘણી વાર સુધાને સમજાવતો કે તું શા માટે આમ કરે છે? મારા ભાભીમા તો દેવી જેવા છે. તું એમની સેવા કરીને એમના જેવા ગુણો તારા જીવનમાં અપનાવ. પણ સુધાના મગજમાં આ વાત બેસતી ન હતી.

સાગરમાં સફર કરતી નૌકાનો માર્ગ સદા સલામત અને સરળ નથી હોતો.ક્યારેક તેના જીવનમાં ઝંઝાવાત પણ જાગે છે. પરંતુ કુશળ નાવિક ઝંઝાવાતનો સામનો કરીને

નૌકાને સીધા માર્ગે દોરી જાય છે. તેમ માનવીનું જીવન પણ સંસાર સાગરમાં વહેતી નૌકા જેવું છે. ક્યારે માણસોના વિચારોના વંટોળ કઇ તરફ વહે છે તે કહી શકાતું નથી. એક દિવસ એવું બન્યું કે સવાર પડી. ઉઠવાનો સમય થઇ ગયો હોવા છતાં હજુ અનિલ પથારીમાંથી ઉઠયો ન હતો. વનિતા અનિલને ઉઠાડવા ગઇ. પણ તેના શરીરને અડતાં ચમકી ઉઠી. અનિલનું શરીર તાવથી ધીખી રહ્યું હતું. વનિતાની આંખો આંસુથી છલકાઇ ગઇ. ત્યાં સ્નેહલ આવી પહોંચ્યો. અને ભાભીમાની આંખમાં આંસુ જોયા. હજુ કંઇ પૂછે તે પહેલાં અનિલના શરીર પર હાથ મૂકયો અને ભાભીમાનું રડવાનું કારણ સમજી ગયો. તેણે પોતાના રૂમાલ વડે ભાભીમાના આંસુ લૂછયા અને અનિલની સારવાર કરવા લાગ્યો. સુધા પણ ખૂબ સારવાર કરવા લાગી.

**"સુધાએ માયાથી કરેલી સેવા":-** અનિલ તાવથી તરફડતો હતો. ત્રણ ત્રણ દિવસો પસાર થયાં પણ અનિલને તાવ નોર્મલ ન થયો. એટલે સ્નેહલે મુંબઇ જેવા મોટા શહેરમાંથી મોટા ડૉકટરને બોલાવ્યા. ડૉકટરે ખૂબ ઝીણવટથી તપાસ કરીને દવા આપી, તે દવાથી અનિલને બે દિવસમાં ઘણો ફેર પડી ગયો. સુધા મન દઇને સારવાર કરતી હતી પણ અંદરથી કાંટો કાઢવાનો લાગ શોધ્યા કરતી હતી. ત્રીજે દિવસે એવું બન્યું કે ભાભીમા સ્નાન કરવા માટે બાથરૂમમાં ગયા હતા. સ્નેહલ બાજુના રૂમમાં કંઇ કામમાં ગૂંથાયો હતો. આ સમયે સુધાના મનમાં એક દુષ્ટ વિચાર આવ્યો કે આ અનિલ ન હોય તો સારું થાય. એ કાંટાને કાઢવાનો એક ઉપાય છે. અત્યારે તેને દવામાં ઝેરી દવા નાંખીને આપી દઉં તો કોઇને મારા ઉપર વહેમ નહિ આવે. એમ વિચાર કરી સુધાએ કાચની પ્યાલીમાં દવાનો ડોઝ કાઢી ટેબલ ઉપર મૂકી. પછી સ્નેહલના દવા રાખવાના કબાટમાંથી ઝેરી દવાની એક બાટલી ઝડપથી કાઢી અને તેમાંથી થોડી દવા પેલી પ્યાલીમાં રેડી.

બંધુઓ! દુષ્ટ બનેલો આત્મા ઇંટ, માટી, ચુના અને પથ્થરથી બનેલું મકાન તેમજ મિલ્કત માટે શું નથી કરતો? સુધા નિર્દય બનીને નાનકડા નિર્દોષ બાળકની જિંદગી લૂંટવા તૈયાર થઇ છે. પણ તેનું ભાવિ જુદું સર્જાયું હતું. સ્નેહલ બાજુના રૂમમાં બેસી છાપું વાંચતો હતો. પણ પોતાનો દવાનો કબાટ ખોલવાનો અવાજ આવ્યો એટલે ઉઠીને અનિલ સૂતો હતો તે રૂમમાં આવ્યો. સુધા એક શીશીમાંથી પ્યાલીમાં કંઇ રેડે છે. તે જોઇ સ્નેહલ ઉંબરામાં ઉભો રહી ગયો. સુધા તેના પાપકર્મમાં મગ્ન હતી. તેને કોઈ જોઇ જશે એવો વહેમ પણ ન આવ્યો. એક હાથમાં દવાની પ્યાલી લઇ બીજા હાથે અનિલને ઉઠાડવા લાગી. ને બોલી - ઉઠો, અનિલભાઇ! આ દવા પી લો. એમ કહી અનિલના મોઢે દવાની પ્યાલી અડાડવા જાય છે ત્યાં એકદમ સ્નેહલે પાછળથી પ્યાલીને ઝપટ મારીને ફગાવી દીધી. આ જોઇને સુધા તો ભોંય પર પડી ગઇ.

હાય....આ બધું જોઇ ગયા હશે તો? એ મૂંઝવણથી ગભરાઇ ગઇ. છતાં પોતાનું પાપ છુપાવવા શાહ થઇને હિંમતથી બોલી કે અરે! તમે આ શું કરો છો? ભાઇને દવા તો પીવા દો.

**માયાનો પડદો ખુલ્લો થયો :-** સુધાના શબ્દો સાંભળી સ્નેહલના ક્રોધનો પાર ન રહ્યો. અને સુધાના ગાલ ઉપર ચાર તમાચા માર્યા. અને જોરથી બોલી ઉઠયો. આ તે દવા કે ઝેર? તું આટલી બધી નિર્દય અને ક્રૂર છે તેની તો મને આજે ખબર પડી. ચાલી જા તારે પિયર. હવે આજથી હું તારો પતિ નથી. ત્યારે સુધાએ કહ્યું કે તમે વગર જાણ્યે ને વગર પૂરાવે મને શા માટે બદનામ કરો છો? બાટલી બહાર રહી ગઇ હતી ને કબાટ ખુલ્લો હતો. સ્નેહલ કહે છે કે આ ખુલ્લો કબાટ અને આ બાટલી આ પુરાવો નહિ તો બીજું શું છે? મેં મારી નજરે તારું કાવત્રું જોયું છે. સ્નેહલને જોરથી બોલતો સાંભળી ભાભીમા સ્નાન કરતાં જલ્દી બહાર આવ્યા. એક તરફ દવા ઢોળાઇ ગયેલી છે. સુધા રૂમની બહાર ઉભી છે. આ જોઇને ભાભીમા તો વિચારમાં પડી ગયા. અને બોલ્યા,-બેટા સ્નેહલ! આ શું ધાંધલ મચાવ્યું છે?

સ્નેહલ દોડતો આવી આંખમાં આંસુ સારતો ભાભીના ચરણમાં પડીને બોલ્યો,- ભાભીમા! હવે આ પાપણી આપણા ઘરમાં ન જોઇએ. તે અનિલને ઝેર પીવડાવી રહી હતી. હું આવી પહોંચ્યો એટલે તે બચી ગયો. હવે હું તેનો પતિ નથી ને એ મારી પત્ની નથી. સુધા પોતાનું પાપ પ્રગટ થઇ જવાથી ધ્રુસકે ને ધ્રુસકે રડતી હતી. આ જોઇને સ્નેહલ વધુ ખીજાયો. ને તેને લાત મારીને કહે છે-પાપ કરીને ઉપરથી રડે છે? તેથી હું તને નિર્દોષ છોડું તેમ નથી. ઓરમાયા દિયરને ભાભીએ દીકરાથી પણ અધિક વ્હાલથી ઉછેર્યો, ભણાવ્યો, ગણાવ્યો અને પરણાવ્યો. અનિલને હું મારો નાનો ભાઇ ગણું છું. એ તારો દિયર થાય. આવા કુમળા ફૂલ જેવા દિયરને વિના અપરાધે ઝેર આપવા તૈયાર થઇ તે પહેલાં તું કેમ ના મરી ગઇ? ધિક્કાર છે તને! તું સ્ત્રી નહિ પણ રાક્ષસી છે.

સુધા તો શરમની મારી ઉંચી નજર કરી શકતી નથી. પતિ તિરસ્કાર કરે છે. તે એકલી પડી ગઇ. આવા સમયે પિયરીયા પણ તેને રાખશે કે કેમ? તે એક મોટો પ્રશ્ન હતો. માણસ પાપ કરતાં કરી નાંખે છે. પણ પાપ પ્રગટ થાય છે ત્યારે તેની મતિ મૂંઝાઇ જાય છે. શું કરવું ને શું ન કરવું તેની સમજ પડતી નથી. પતિની પાસે માફી માંગવાની પણ તેનામાં હિંમત ન હતી. એટલે એક ખૂણામાં બેસીને નિરાધાર બાળકની જેમ ધ્રુસકે ને ધ્રુસકે રડતી હતી.

**"ભાભીની કરૂણા આગળ સુધાનો હૃદયપલ્ટો" :-** સુધાને રડતી જોઇ વનિતાનું હૃદય કરૂણાથી છલકાઇ ગયું. સુધાની પાસે જઇને તેના વાંસામાં હેતથી હાથ

ફેરવતી બોલી - સ્નેહલ! હવે બોલતો બંધ થા. મારી સુધા કદી એવું કરે તેવી નથી. ઉતાવળમાં દવાની બાટલીને બદલે બીજી બાટલી લઇ લીધી હશે. બાકી જાણીને કોઇ અનિલને ઝેર પીવડાવવા જાય ખરું? એ વાત મારા માનવામાં આવતી નથી. અણુસમજણમાં ભૂલ થઇ ગઇ હોય તો તેના ગાણાં ગાવાના ન હોય. આ વાત આપણા ત્રણ સિવાય ચોથાના કાને જવી ના જોઇએ. તેનું તું ધ્યાન રાખજે. સુધા તો હજુ બાળક છે. એ કંઇ મોટી થઇ ગઇ છે! એક બાળાની આવી નાનકડી ભૂલને જાહેર કરીને તેને હલકી પાડવાથી તેની જિંદગી ધૂળ થઇ જાય. માટે આ વાત બંધ કર.

બંધુઓ! વનિતાની વાણીમાં કેટલી મધુરતા છે! એ બધી વાત સમજી ગઇ હતી છતાં સ્નેહલ અને સુધાને શાંત કરવા માટે સુધા પ્રત્યે સ્હેજ પણ દ્વેષ રાખ્યા વિના કેવા મધુર શબ્દો બોલી! પવિત્ર આત્માઓની વાણી સ્વભાવથી સ્નેહ, દયા, કોમળતા અને સરળતાથી ભરપૂર હોય છે. મધુર વાણી અને સ્નેહભરી અમીદૃષ્ટિ ઉદાર હાથે આપેલા દાન કરતાં પણ વધુ અસરકારક નીવડે છે. હૃદયમાંથી નીતરતી મધુર વાણી અને પ્રેમભરી દૃષ્ટિમાં ધર્મનું નિવાસસ્થાન છે. નમ્રતા અને પ્રેમભરી વાણી એ બે માનવીના સુંદર અલંકાર છે. તમારા વિચાર જો શુદ્ધ અને પવિત્ર હશે, અને વાણી જો નમ્ર અને સ્નેહાળ હશે તો તમારી પાપવૃત્તિનો નાશ થશે. અને ધર્મની ભાવના વધશે. સેવાભાવને દર્શાવતી સ્નેહાળ વાણી આ લોકમાં તેમજ પરલોકમાં બંને સ્થળે લાભદાયી નીવડે છે. સ્નેહાળ વાણીથી શત્રુ પણ મિત્ર બને છે. આવો મધુરી વાણીમાં મહાન લાભ રહેલો છે.

ભાભીમાના મીઠા વ્હાલભર્યા શબ્દો સાંભળીને સુધાના હૃદયમાંથી ભય ચાલ્યો ગયો. તે શાંત થઇ ગઇ. પણ સ્નેહલ કહે છે ભાભીમા! તમે આ શું બોલો છો? આ નાની સૂની ભૂલ છે. મારે હવે સુધા ના જોઈએ. વનિતા કહે છે સુધા આપણી સાથે રહેશે. ભાભીમા! તમે શું બોલો છો? એ તો આપણા માથે ઝૂલતી તલવાર છે. ભાભીમા કહે છે. સુધા હવેથી એવી ભૂલ નહિ કરે. તેની મને ખાત્રી છે. તારા વચનરૂપી બાણથી એ બિચારી વિંધાઈ રહી છે. હવે તું બોલવાનું બંધ કર, તું મને કહેતો હતો કે પાપને ધિક્કારો. પાપીને નહિ. શું તું એ વાત ભૂલી ગયો? હવે તું તેનો તિરસ્કાર ન કર. તેનો સ્વીકાર કર. આજથી સુધા મારા અનિલની ભાભીમા બનશે. ભાભીમાના આ શબ્દોએ સુધાનું હૃદય ભીંજવી નાંખ્યું. ભાભીમાની સરળતા, ઉદારતા અને કરૂણા જોઇને તે ઠંડી થઈ ગઇ અને ભાભીમાના ખોળામાં માથું મૂકીને તેણે હૃદયપૂર્વક માફી માંગી. પશ્ચાતાપના આંસુથી ભાભીમાના ચરણ ભીંજવી નાંખ્યા ને ગદ્ગદ્ કંઠે બોલી. ભાભીમા! આપ આવા વિશાળ ને પવિત્ર છો તેની મને આજે ખાત્રી થઇ. ખરેખર! મારી અણુસમજણ ન હતી પણ ઇરાદાપૂર્વક મેં અનિલભાઈને મારી નાંખવા માટે આ કામ કર્યું હતું.

ભાભીમા કહે–સુધા! માનવમાત્ર ભૂલને પાત્ર છે. તેની તું ચિંતા ન કરીશ. હવે ભૂલને ભૂલી બગડેલી બાજી સુધારી લે. તારું ભાવિ સુધારવું તે તારા હાથની વાત છે. સુધા કહે છે ભાભી! હવે કદી આવી ભૂલ નહિ કરું.

સ્નેહલે ભાભીમાની આજ્ઞા શિરોમાન્ય કરી સુધાનો સ્વીકાર કરવાનું કબૂલ કર્યું. પણ સાથે સાથે કહ્યું કે આજથી અનિલને દવા પીવડાવવાનું કામ તો હું કરીશ. ત્યારે ભાભીમાએ કહ્યું–ના. એ બધું કામ સુધા કરશે. અનિલની પાસે સુધાને લઇ જઇને કહ્યું–બેટા! અનિલની સારવારનું કામ તારે કરવાનું છે. અક્ષમ્ય ગુન્હાને પણ ભાભીમાએ માફ કરી દીધો. આ જોઇને સ્નેહલ અને સુધા ફરીથી ભાભીમાના ચરણોમાં પડયા અને અશ્રુ વડે ભાભીના પગ ધોઇ નાંખ્યા. ને બોલ્યા-ભાભીમા! આપ કેટલા પવિત્ર અને નિર્મળ છો! આપનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે.

બંધુઓ! આ દૃષ્ટાંત દ્વારા સમજી શકયા હશો કે ક્રૂર હૃદય પણ સારા સંગથી પલટાઇ ગયું ને ઇર્ષ્યાની આગ શીતળ બની ગઇ. વનિતાના સહવાસથી સુધાના જીવનનું પરિવર્તન થઇ ગયું. તેની ઇર્ષ્યાની આગ ઓલવાઇ ગઇ. ભાભીમા જાણીને ઝેરના કડવા ઘૂંટડા પી ગયા. પણ તેનું પરિણામ કેટલું સુંદર આવ્યું? જો ભાભીમા પણ સુધા ઉપર ગુસ્સે થયાં હોત ને તેને કટુ શબ્દો કહ્યા હોત તો આવો પ્રેમ જામત નહિ. "ઝેર તો પીધાં છે જાણી જાણી" એ પંકિત મીરાંબાઇ માટે હતી પણ આજે મીરાંની વાત કરવી નથી. પણ આપણી પોતાની વાત કરવી છે. આપણે જાણી જાણીને ઝેર પીએ છીએ. મીરાંએ તો એક વાર ઝેર પીધું. તે શા માટે? ખબર છે ને? ભગવાન પ્રત્યે અડગ શ્રદ્ધા, અને ભક્તિમાં તરબોળ. જાન જાય તો ભલે પણ શ્રદ્ધા નહિ જાય તે માટે. આપણે તો રોજ પીએ છીએ. પણ એમના પીવામાં ને આપણા પીવામાં આસમાન અને જમીન જેટલું અંતર છે.

તમને એમ થતું હશે કે આપણે જાણીને પીએ છીએ એમ કેમ કીધું? જ્ઞાની કહે છે કે ઈર્ષ્યારૂપી ઝેર એ કાતિલ ઝેર છે. તેનો રસ મીઠો લાગે છે પણ પરિણામે વિનાશ કરનાર નીવડે છે. માનસશાસ્ત્રીઓ પણ કહે છે કે ઇર્ષ્યા એ એક ભયંકર માનસિક રોગ છે. એની જવાળાઓ વ્યક્તિના વિવેકને હણી નાંખે છે અને જેનામાં એ પ્રગટે છે તેને પોતાના હિતાહિતનું ભાન રહેતું નથી. અને પોતે પ્રગટાવેલી ઇર્ષ્યાની આગમાં પોતે બળી મરે છે. ઇર્ષ્યા, ભય, ક્રોધ એ દુર્ગુણો શરીરમાં પ્રવેશતાં શરીરમાં એક પ્રકારની એવી ક્રિયા થાય છે કે જેને લઇને એક "એડ્રીનીલીન" નામનું પ્રવાહી શરીરમાં ઉત્પન્ન થાય છે ને તે પદાર્થ લોહીમાં ભળતાં લોહી ગરમ થાય છે ને એ લોહી શરીરમાં ઝેરનું કામ કરે છે. દારૂ આદિ નશાવાળા માદક પદાર્થોના જેવી અસર શરીરને ઇર્ષ્યા પણ કરે છે. દારૂ પીનારો તો જાણે છે કે મેં દારૂ પીધો છે ત્યારે ઇર્ષ્યા પોતાનામાં

ભરી હોવા છતાં માણસને ભાન નથી રહેતું કે મારામાં દુષ્ટ તત્ત્વ ભરેલું છે. જ્યાં સુધી એની અસ્તિનું ભાન ન હોય અગર કોઈ કહે છતાં તેને કબૂલ કરવાની વૃત્તિ ન હોય તો એનો ઉપાય ક્યાંથી થાય ? પરિણામે ઇર્ષ્યાનું કાતિલ ઝેર શરીરમાં એટલું બધું પ્રસરી જાય છે કે એ વ્યક્તિનો નાશ કરીને જંપે છે. ઇર્ષ્યા તો જીવ ડગલે ને પગલે કરે છે. પોતાને ગમતી વસ્તુ ના મળે ને બીજાને મળે તો તરત ઇર્ષ્યા કરે છે.

આ રીતે અજ્ઞાની જીવના તનમાં, મનમાં અને લોહીમાં ઇર્ષ્યા રાત-દિન રમ્યા કરે છે ને જ્યાં એ ઇર્ષ્યારૂપી ઝેર હોય ત્યાંથી પ્રેમ, સ્નેહ, ગુણીના ગુણ જોવાની વૃત્તિ, સહાનુભૂતિ, વિવેક એ બધા સદ્ગુણોનો નાશ થઈ જાય છે. દૃષ્ટાંતમાં તમે સાંભળી ગયાં ને કે સુધાના અંતરમાં ઇર્ષ્યાની આગ પ્રગટ થઈ હતી. ત્યાં એક પણ ગુણ હતો ? ના. જો ગુણનો દીવડો પ્રગટેલો હોત તો અનિલને મારી નાંખવા તૈયાર થઈ ન હોત. સ્નેહલ જોઈ ગયો તો અનિલ બચી ગયો. ને ભાભીમાની સહનશીલતા અને નમ્રતાના બળે સુધા બચી ગઈ ને જીવન સુધરી ગયું.

ટૂંકમાં એ વાત સમજવી છે કે કષાયોમાં પ્રવૃત્ત બનેલો દુરાત્મા ભયંકર અહિત કરે છે. આવું અહિત આપણા ગળાનો કાપનાર દુશ્મન નથી કરતો. ગળા ઉપર છરી મારનાર એક ભવ બગાડે છે પણ દુરાત્મા બનેલો પોતાનો આત્મારૂપી દુશ્મન ભવોભવ બગાડે છે ને તે દુરાત્મા જ્યારે મૃત્યુના મુખમાં સપડાય છે ત્યારે તેને પોતાને પશ્ચાતાપ થાય છે. હજુ અનાથી મુનિ અનાથતાનું વર્ણન કરશે તેના ભાવ અવસરે કહેવાશે.

**ચરિત્ર:- પવનજીના માતાપિતાએ દીક્ષા લીધી અને પવનકુમાર પૃથ્વી પતિ સમ્રાટ બન્યા.** પવનજી, અંજના સતી અને હનુમાન કુમાર ખૂબ આનંદપૂર્વક રાજ્યમાં રહે છે. દુઃખના દિવસો પૂરા થયા. હવે તો આનંદ અને સુખના દિવસો છે. પવનજીના માતાપિતાના મનમાં થયું કે હવે પવનજી બરાબર રાજ્યની ધુરા વહન કરી શકે તેવા તૈયાર થઈ ગયા છે. તો આપણે સંસારમાં શા માટે બેસી રહેવું જોઈએ ! આ જિંદગીનો ક્ષણમાત્રનો પણ ભરોસો નથી. તો હવે જલ્દી આત્મસાધના કરી લઈએ. આમ વિચાર કરીને પવનજીને રાજ્યનો ભાર સોંપીને પ્રહ્લાદ રાજા અને કેતુમતી રાણીએ દીક્ષા લીધી. દીક્ષા લઈને પૂરાણા કર્મોને ખપાવવા તપ કરવા લાગ્યા.

**પવનજીને પાટે બેસાડીયા, અંજના રાય બેહુ અતિ અભિરામ તો,**
**હનુમંત કુંવર વિદ્યા ભણે, વાનર વિદ્યા પામ્યા છે ભલી ભાત તો,**
**બીજી હો વિદ્યા અતિ ભણ્યો, દેશવિદેશે વધી છે વિખ્યાત તો,**
**પવનજી પૃથ્વી રે ભોગવે, વસંતમાલાને પૂછી કરે વાત તો....સતી રે....**

રાજા-રાણીએ દીક્ષા લીધી એટલે પવનજી રાજા બન્યા ને અંજના સતી મહારાણી બન્યા. પવનજી પોતાના પિતાની માફક ન્યાય નીતિપૂર્વક રાજ્ય ચલાવે છે. તેમણે પ્રજાના

દિલ જીતી લીધા છે. નાનકડો હનુમાનકુમાર વિદ્યા ભણે છે. તેની બુદ્ધિ ઘણી હતી. એટલે જલ્દી વિદ્યા ભણી લેતો હતો. ભણતાં ભણતાં પુરૂષની ૭૨ કળામાં પારંગત થયા. વાનરવિદ્યા શીખ્યો. તે સિવાય બીજી પણ ઘણી વિદ્યાઓ શીખ્યા હતા. પવનજીએ પોતાના બાહુબળથી બીજાં ઘણાં રાજ્ય મેળવ્યા હતા. એટલે મોટા પૃથ્વીપતિ સમ્રાટ રાજા બની ગયા. આખી પૃથ્વીનું રાજ્ય પોતે આનંદથી ભોગવવા લાગ્યા. તેમનું પરાક્રમ, શૌર્ય અને રાજ્ય ચલાવવાની કુશળતાને કારણે ચારે દિશામાં તેમની કીર્તિ ફેલાઇ ગઇ હતી.

પવનજી અને અંજના આનંદથી રહે છે. પણ સાથે પવનજી વસંતમાલાની પણ ખૂબ સંભાળ રાખતાં હતા. કંઇ કાર્ય કરવું હોય તો અંજના અને વસંતમાલા બંનેની સલાહ લેતાં હતાં, કારણ કે પવનજી વસંતમાલાને પોતાની ઉપકારી માનતા હતા. અંજના સતીના માથે દુઃખના ડુંગરા તૂટી પડયા ત્યારે એક વસંતમાલા જ તેનું રક્ષણ કરનારી હતી. બીજી ઘણી સખીઓ હતી. પણ તેમાંની કોઇ દુઃખ વખતે સાથ દેવા આવી ન હતી. દુઃખ વખતે તો વસંતમાલા જ ઉભી રહી હતી. અંજનાની સાથે તેણે પણ દુઃખ વેઠવામાં બાકી રાખ્યું ન હતું. એટલે પવનજી વસંતમાલાનું ખૂબ માન સાચવતાં હતા. અને આનંદથી રહેતા હતા. વધુ ભાવ અવસરે.

☆

## વ્યાખ્યાન નં.-૧૦૪

**કારતક સુદ ૧૧ ને શુક્રવાર** **તા. ૧૪-૧૧-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો,

અનંત કરૂણાનિધી ભગવંતો જગતના જીવોને ઉપદેશ આપતાં કહે છે કે – "अग्गं च मूलं च विगिं च धीरे, पलिच्छिं दियाणं निक्कमदंसी ॥ હે ભવ્ય જીવો! તમે મૂલકર્મના અને અગ્રકર્મના સ્વરૂપને સમજીને તેને આત્માથી અલગ કરો. જ્યારે તમે કર્મના બંધનોને તોડી નાંખશો ત્યારે કર્મરહિત બનીને પોતાના આત્માના યથાર્થ સ્વરૂપને જોઇ શકશો. કારણ કે સંસારમાં સમસ્ત ઉપાધિઓનું મૂળ કારણ કર્મ છે. ભગવાન આચારંગ સૂત્રમાં બોલ્યા છે कम्मुणा उवाहि जायइ। કર્મથી ઉપાધિ ઉત્પન્ન થાય છે. કર્મના કારણે આ સંસારમાં અનેક પ્રકારની વિવિધતા અને વિચિત્રતા દેખાય છે. સંસારના પ્રવાહનું કારણ કર્મ છે. કર્મના સંચયને કારણે ભવની પરંપરા વધે છે. એટલે સંસારનો પ્રવાહ વહ્યા કરે છે. કર્મના કારણે સંસાર અને મોક્ષમાં ભેદ છે. બાકી નિશ્ચય દ્રષ્ટિથી જોઇએ તો સિદ્ધના આત્માનું અને સંસારી આત્માનું સ્વરૂપ તો સમાન છે. પણ બંનેમાં ભેદ કરાવનાર જો કોઇ હોય તો તે કર્મ છે. સિદ્ધ ભગવંતોનો આત્મા કર્મના કલંકથી મુક્ત બનેલો છે. અને સંસારી આત્મા કર્મમલથી લેપાયેલો છે.

સંસારી આત્મા બ્રહ્મચર્ય, તપ અને સંયમ દ્વારા પ્રબળ પુરૂષાર્થ કરીને જ્યારે કર્મના બંધનોને તોડી નાંખે છે ત્યારે તે પણ પરમાત્મા બની જાય છે.

અનંતકાળથી કર્મરૂપી લૂંટારાઓએ આત્મારૂપી શાહુકારનું જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપરૂપી ધન લૂંટીને તેને બંધનોમાં બાંધી રાખ્યો છે, અને એની (આત્માની) દશા એવી કરી નાંખી છે કે એ લૂંટારાના ભયના કારણે આત્મા પોતાની શકિતને ભૂલી ગયો છે. અનંત શકિતનો સ્વામી હોવા છતાં આત્મા કર્મની સામે રાંકડો બની ગયો છે. જેવી રીતે સિંહનું બચ્ચું જન્મથી બકરીઓના બચ્ચાની સાથે રહેવાથી પોતાના સિંહત્વના શૌર્યનું ભાન ભૂલીને બકરીના બચ્ચા જેવો બની જાય છે. પણ જો ક્યારેક તે સિંહની ગર્જના સાંભળે છે ત્યારે તે પોતાના સ્વરૂપને સમજી જાય છે ને બકરાનું ટોળું છોડી વનમાં દોડી જાય છે. તેવી રીતે જીવ પણ કર્મના કારણે પોતાની શકિતને ભૂલી ગયો છે. પણ પરમ કૃપાળુ વીતરાગ ભગવાન સિંહનાદ કરીને જગાડે છે કે હે ભવ્ય જીવો! તમે પોતે અનંત શકિતના અધિપતિ છો. તમે તમારી શકિતનું માપ કાઢો. જાગો અને પુરૂષાર્થની પગદંડી ઉપર પ્રયાણ કરીને કર્મરાજાની પરતંત્રતાની બેડીઓને તોડી નિષ્કર્મ બની આત્મ સ્વરૂપની જ્યોતિના દર્શન કરો. વીતરાગના ઉપદેશરૂપી સંજીવનીનું પાન કરીને કંઇક જીવો પોતાના સ્વરૂપનું દર્શન કરી પોતાના પુરૂષાર્થ દ્વારા કર્મની જંજીરમાંથી મુકત બની ગયા છે.

બંધુઓ! કર્મથી મુકત થવા માટે પહેલા કર્મના સ્વરૂપને જાણવું જોઇએ. કર્મના સ્વરૂપને જાણ્યા વિના તેનો ક્ષય કેવી રીતે કરી શકાય? જેવી રીતે કોઇ શત્રુને પરાજિત કરવો હોય અગર તેનું નિકંદન કાઢવું હોય તો પ્રથમ તેનું સ્વરૂપ, તેની શક્તિ અને તેના છિદ્રોને જાણી લેવા જરૂરી છે. એ જાણ્યા વિના શત્રુઓ ઉપર વિજય મેળવવો મુશ્કેલ છે. તેવી રીતે કર્મશત્રુઓને પરાજિત કરવા માટે પણ તેના સ્વરૂપને જાણીને તેને પરાજિત કરવાના ઉપાયો કરવા જોઇએ. સૂત્રમાં બે પ્રકારના કર્મો બતાવ્યા છે. (૧) અગ્રકર્મ અને મૂલકર્મ. અગ્રકર્મ કોને કહેવાય? જેનું મૂળ ઊંડું ન હોય અને જેને સહેલાઇથી ઉખેડી શકાય છે તે અગ્રકર્મ છે. જેમ કે ઘાસ અને લતાને ઉખેડતા મહેનત પડતી નથી. કારણ કે તેના મૂળ ઊંડા હોતા નથી. તેમ અગ્રકર્મ એટલે કે ચાર અઘાતી કર્મ વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચાર કર્મોનો ક્ષય કરવા મહેનત કરવી પડતી નથી. હવે બીજું મૂલકર્મ કોને કહેવાય? ઊંડા મૂળવાળા વૃક્ષને કઠીનાઇથી ઉખાડી શકાય છે તેવી રીતે જે કર્મો કઠીનાઇથી ક્ષય થાય છે તેને મૂલકર્મ કહેવાય છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય એ ચાર મૂલકર્મ છે. જેને આપણે ઘાતીકર્મ કહીએ છીએ.

આઠ કર્મોમાં મોહનીય કર્મ સૌથી બળવાન છે. તેનો ક્ષય થવાથી બાકીના સાતે ય

કર્મોનો જલ્દી ક્ષય થઇ જાય છે. જેમ તાડનું ઝાડ ઘણું ઉંચું હોય છે. પણ જો તેની ધોરી નસમાં એક સોય મારવામાં આવે તો ઝાડ નીચે પડી જાય છે. તેમ જો સંસાર વૃક્ષને મૂળમાંથી ઉખેડવું હોય તો તેની ધોરી નસ સમાન મોહનીય કર્મનો ઉચ્છેદ કરો. એ આઠ કર્મોનો સેનાપતિ છે. સેનાપતિ પકડાયો એટલે આખું સૈન્ય પકડાઇ ગયું તેમ સમજી લો.

नायगम्मि हते संते जहा सेणा विणस्सइ ।
एवं कम्माणि वस्संति, मोहणिज्जे खयं गए ।।

જેવી રીતે સેનાનો નાયક માર્યો જાય અગર પકડાઇ જાય તો તેની આખી સેના મરેલા જેવી બની જાય છે. તેવી રીતે મોહનીય કર્મનો ક્ષય થાય તો બધા કર્મોનો ક્ષય સહેજે થઇ જાય છે. જ્ઞાની ભગવંતો અગ્રકર્મો અને મૂલકર્મોનો ક્ષય કરીને મોક્ષમાં ગયા ને આપણને પણ અમૂલ્ય ઉપદેશ આપતાં ગયા કે હે ભવ્યજીવો! તમે પણ ઘાતી-અઘાતી કર્મોનો ક્ષય કરીને અમારા રાહે ચાલ્યા આવો.

આ મહાન પુરૂષોના હૃદયમાંથી નીકળેલો ઊંડાણ ભરેલો, મંથન અને અનુભવ ભરેલો શબ્દ આપણા જીવનનું પરિવર્તન કરે છે. જ્ઞાનીઓ જ્યારે શબ્દ વાપરે છે ત્યારે સમજીને બોલે છે પણ નિરર્થક બોલતા નથી. તેથી તેમના શબ્દને મંત્ર જેવો ગણવામાં આવે છે. કારણ કે તે શબ્દની પાછળ ઘણું ચિંતન હોય છે. તેથી તે શબ્દો આપણા જીવનનો પલટો કરાવે છે. આપણા જીવનમાં જ્ઞાનીના શબ્દો પરિવર્તન લાવી શકે છે. પૈસા, પદવી અને પ્રતિષ્ઠા પરિવર્તન લાવી શકતા નથી. માટે જ્ઞાનીના શબ્દો સાંભળીને જીવન મંગલમય બનાવો.

જેનું જીવન મંગલમય હશે તેનું દરેક કાર્ય મંગલમય થવાનું છે. મંગલમય બનવાનો આ માનવદેહ રૂપી સુંદર અવસર મળ્યો છે. આ માનવદેહને જો તમે ભોગાયતન બનાવી દીધો તો સમજી લેજો કે બધી બાજી બગડી જશે. જો બગડેલી બાજીને હજુ પણ સુધારવી હોય તો આ દેહને યોગાયતન બનાવી દો. આ જન્મ કંઇ પણ આત્મસાધના કર્યા વિના ગુમાવશો તો પછી ક્યાં જશો તેનો પત્તો નહિ પડે. જીવનને મંગલમય બનાવવા માટે માનવદેહ મળ્યો છે. ભોગી માનવીનું જીવન કદી મંગલમય બનતું નથી. જે ભોગને તજે છે તેનું જીવન મંગલમય બને છે. માટે જીવનની એકેક પલને ઓળખો.

બંધુઓ! કદાચ પૈસા ગુમાવ્યા તે બહુ મોટી વાત નથી પણ જીવનમાંથી જો એક વાર મંગલમય તત્ત્વ ચાલ્યું ગયું તો તે ફરીથી પાછું મળવું મુશ્કેલ છે. આટલા માટે મન વચન અને કાયાની તમામ શક્તિઓ આત્માને કર્મના બંધનથી મુક્ત કરવાના લક્ષ માટે હોવી જોઈએ. પણ ભોગ માટે નહિ. હિટલર પાસે શક્તિ અને બુદ્ધિ હતી. સાધનો હતાં પણ દરેકનો ઉપયોગ માનવજાતનો વિનાશ કરવા માટે કર્યો. જીત મેળવવા માટે

કર્યો. તેની બધી શક્તિનું પરિણામ શું આવ્યું? "વિનાશ." તેની વિનાશક શક્તિએ માનવજાત ઉપર વિનાશ રેડયો અને પોતાનો પણ વિનાશ કર્યો. આ વાતથી તમે એટલું જરૂર ધ્યાન રાખજો કે તમારી શક્તિ તમને વિનાશના પંથે લઈ જાય નહિ. તમારી શક્તિ, બુદ્ધિ અને જીવન આ સંસારના ભોગો માટે નથી પણ આત્માને માટે છે. આ લક્ષ જ્યારે તમને આવશે ત્યારે તમે જરૂર સમજી શકશો કે જીવનની કિંમત કયારે છે!

अन्नेन गात्रं नयनेन वस्त्रं, न येन राज्यं लवणेन भोज्यम् ।
धर्मेण हिनं बत जीवितव्यं, न राजते चंद्रसभा निशीथं ।।

જેમ શરીરને સુરક્ષિત રાખવા માટે તેને ખોરાક આપવો પડે છે. જો શરીરને ખોરાક આપવામાં ન આવે તો ગાત્રો નબળા પડી જાય છે. ઘણાં દિવસનો ભૂખ્યો માણસ વિચાર કરે કે મારે અહીંથી મહાલક્ષ્મી જવું છે તો તે એકદમ જઈ શકતો નથી. સ્હેજ ઉતાવળો ચાલે તો થાકી જાય છે. તેથી કહ્યું છે કે અન્ન ખાધા વગર ગાત્રો શિથિલ બની જાય છે એટલે ગાત્રો શોભતા નથી. આંખ ગમે તેટલી સારી હોય પણ કીકી વગરની આંખ શોભતી નથી. ન્યાય, નીતિ અને પ્રમાણિકતા વગરનું રાજ્ય શોભતું નથી. ભોજન ગમે તેટલા મસાલા અને તેલ નાખીને સુંદર ભપકાદાર બનાવ્યું હોય પણ જો તેમાં ફકત મીઠું નાંખવાનું રહી ગયું તો તે ભોજનની કિંમત નથી, ચંદ્ર વગરની રાત્રી શોભતી નથી. તેમ સદ્ધર્મના આચરણ વિના માનવજીવન શોભતું નથી. બાકી તો શરીરને ગમે તેટલા સુંદર કપડાં પહેરાવો પણ જ્યાં સુધી જીવનમાં ન્યાય, નીતિ, સદાચાર, બ્રહ્મચર્ય, પ્રમાણિકતા આદિ ગુણો આવ્યા નથી ત્યાં સુધી જીવન શોભતું નથી. માનવજીવન પ્રાપ્ત કરીને આત્મકલ્યાણની પિપાસા તો હોવી જોઈએ.

દેવાનુપ્રિયો! હવે તમારી આંખો ઉપરથી જડવાદના ચશ્મા દૂર કરો. આ કર્મોએ જીવને પરાશ્રમી અને ગુલામ બનાવી દીધો છે. આ જડવાદને આપ દૂર કરશો તો આપને ચૈતન્યના દર્શન થશે. જ્યારે આત્માને ચેતન્યશક્તિનું ભાન થશે ત્યારે ધન–વૈભવ વિલાસ વિગેરે લલચાવી નહિ શકે. આખરે તો આ ધન–વૈભવ વિલાસ વગેરે તમને દગો દઈને અદૃશ્ય થઈ જવાના છે. આ પરપદાર્થોમાં તમે વિશ્વાસ ન રાખો. જેટલો વિશ્વાસ તમે બાહ્ય પદાર્થોમાં રાખો છો એટલો વિશ્વાસ પોતાના ઉપર રાખો. પર-પદાર્થ ઉપર વિશ્વાસ કરવાની જો ભૂલ કરશો તો અવશ્ય દગાના ભોગ બની જશો અને આખરે સ્વેચ્છાએ કે અનિચ્છાએ એમને છોડવા પડશે. ભૂલ ખાઈને મનુષ્ય એમ સમજવા લાગે છે કે આ ધન, આ રાજ્ય, આ મહેલ, આ અપ્સરા જેવી સુંદરીઓ, આ હાથી-ઘોડા, માતા-પિતા, સ્ત્રી, પુત્રો, નોકર-ચાકરો વિગેરે બધા મારા છે. સુંદર કંચન જેવી કાયા પણ મારી છે. પણ જ્ઞાની શું કહે છે.

તું તારી કાયાનો, વૈભવનો અને પોતાની સત્તાનો અભિમાન કરે છે પણ એ

બધા અહીંના અહીં રહી જવાના છે. એક ક્ષણમાં એ બધું હુંપણું અને મારાપણું છૂટી જવાનું છે. સર્વપ્રિય પદાર્થોને છોડીને આ જીવ એકલો ચાલ્યો જાય છે. એને સાથ આપનારું કોઇ નથી. પણ મનુષ્ય અતૃપ્ત વૃત્તિને લીધે સાચું સુખ મેળવી શકતો નથી. મૃગ જેમ ઉનાળાના દિવસોમાં ધગધગતા તાપમાં પાણી પીવા માટે વલખા મારે છે અને મૃગજળ જોઇને તેને મેળવવા દોડે છે. છતાં પાણીનું એક બિંદુ પણ મેળવી શકતો નથી. તેમ માણસ માત્ર બાહ્ય સુખ જોઈ એમાં સાચા સુખની કલ્પના કરી એ મેળવવા માટે જીવનભર દોટ મૂકે છે. છતાં પરિણામે નથી મેળવતો બાહ્યસુખ કે નથી જાળવી શકતો પોતાનું મૂળસ્થાન. જીવનભર સુખ કયાંથી મેળવું તેની પાછળ ભમ્યા કરે છે. જ્યારે ઉત્તમ આત્માઓ એમ સમજે છે કે આ સંસારના દરેક સુખો સ્વપ્ન સમાન છે. જ્યારે તમને સમજાશે ત્યારે આ સંસાર એક દાવાનળ જેવો લાગશે. તમારા સંસારમાં કંઇક ઘર જોવામાં આવે છે કે પાપનો ઉદય હોય ત્યારે ઘરની પત્ની તરફથી પણ શાંતિ નથી હોતી.

સોનલ નામની એક છોકરી હતી. તેની ઉંમર મોટી થઈ ગઇ હતી છતાં સગપણ થયું ન હતું. વખત જતાં એક દિનેશ નામના છોકરા સાથે તેનું સગપણ થાય છે. દિનેશ બીજવર હતો. એની પત્ની એક બાળક અને બાળકીને મૂકીને મરી ગઇ હતી, તે દિનેશની સાથે સોનલના લગ્ન થાય છે. એ જાણીને પરણી હતી કે બે નાના બાળકો છે. છોકરાનું નામ રોહિત અને છોકરીનું નામ રમા હતું. રોહિત પાંચ વર્ષનો અને રમા ત્રણ વર્ષની છે, સોનલ પરણીને ઘરમાં આવી પણ આ બાળકો પ્રત્યે રહેજ પણ મમતા બતાવતી નથી. બાળકો પ્રેમના ભૂખ્યાં હતાં. તે મમ્મી મમ્મી કરતાં પ્રેમથી ખોળામાં જાય પણ મમ્મી પ્રેમ બતાવે નહિ ને ઉપરથી માર મારે. એનો પતિ કહે છે સોનલ! આ મા વગરના બાળકોને તું શા માટે મારે છે? એ તારી પાસે કેટલા પ્રેમથી દોડતા આવે છે ને એમને તું માર મારે છે? આ નિર્દોષ બાળકોને સાચવીશ તો તું સુખી થઇશ. ત્યારે સોનલ કહે છે એ મને શું સુખી કરવાના હતા? એમને જોઇને મારું તો લોહી ઉકળી જાય છે. આ બાળકો મને જોવાં પણ ગમતાં નથી. સોનલ બાળકોની બિલકુલ સંભાળ રાખતી નથી. ખવડાવવા, પીવડાવવા કે ભણાવવામાં કંઇ ધ્યાન દેતી નથી. એનો બાપ દુકાનેથી ઘરે આવે ત્યારે એમના માથે વ્હાલ ભર્યો હાથ ફેરવતો. એ પણ એની પત્નીને ગમતું નહિ.

**"સોનલે બાળકો ઉપર વર્તાવેલો કેર"** :- નાના બાળક ખૂબ પવિત્ર હોય છે. એ કંઇક નવી ચીજ દેખે તો માંગે. એક દિવસ રમાએ કહ્યું - મમ્મી! મને પુગો જોઇએ છે. મને અપાવ ને? ત્યાં તો સોનલ રાણીએ ક્રોધાયમાન થઇને ગાલમાં તમાચો માર્યો. રમા રડવા લાગી. ત્યારે રોહિત કહે છે. મમ્મી! મારી બહેનને શા માટે મારે

છે? આજે સ્કૂલમાં મારા ટીચર કહેતા હતાં કે માતાને બાળકો ખૂબ વહાલા હોય છે. પણ તું તો કદી અમને વહાલ કરતી નથી. વહાલથી બોલાવતી નથી ને ઉપરથી માર મારે છે? ત્યારે સોનલ કહે તું છાનોમાનો બેસી રહે ને! તું મને શું શિખામણ આપતો હતો? પત્નીનો આવો સ્વભાવ જોઈને પતિનું લોહી બળી જતું. ફુલ જેવા બાળકો કરમાવા લાગ્યા. એનો પતિ કહે છે સોનલ! આ બાળકો તને શું નડે છે? તે પજવતા નથી. કેવા ડાહ્યા ને શાંત છે. એ માતાના પ્રેમના ભૂખ્યા છે. તું એમના માથે મીઠો હાથ ફેરવ પણ સોનલને તો આ છોકરા દીઠા ગમતાં નથી. ક્યારે એમને ઘરમાંથી કાઢું એવો વિચાર કરી રહી છે.

સમય જતાં સોનલને પણ એક પુત્ર થાય છે. રોહિત અને રમા દુઃખ વેઠતા મોટા થાય છે. સોનલનો બાબો પણ મોટો થવા લાગ્યો. તેનું નામ સુધીર પાડયું હતું. પોતાના સુધીરને પ્રેમથી રમાડે છે-જમાડે છે. કારણ કે તે પોતાનો હતો. ને પેલા પરાયા છે. જ્યાં મારાપણાની મમતા છે ત્યાં બધું થાય છે. ને મમતા નથી ત્યાં કાંઈ નથી. મારા ને તારા તોફાનમાં જીવ ગાઢ કર્મો બાંધે છે. નાનકડા સુધીરને રોહિત અને રમા પ્રેમથી રમાડે છે. સુધીરને પણ રોહિત અને રમા ખૂબ ગમી ગયા હતા. ત્રણે બાળકો હળીમળીને આનંદથી રમતા હતા. માતાને મન આ મારો ને આ પરાયા હતાં પણ બાળકોને મન બિલકુલ ભેદ નથી. એ તો સગા ભાઈ-બહેનની જેમ રહેતાં ને રમતાં હતા.

એક દિવસ દિનેશ બજારમાંથી કાજુ ને અખરોટ લાવ્યો હતો. તે સોનલે બરણીમાં ભરીને મૂકી દીધા. તે રોજ પોતાના સુધીરને આપતી ને કહેતી કે તું એકલો ખાઈ લેજે. પેલા બે જણને આપીશ નહિ. સુધીર કહે-સારું મમ્મી! એમને નહિ આપું. એમ કહી દેતો પણ માતા આઘી જાય એટલે રોહિત, રમા અને સુધીર ત્રણે ય ભાઈ-બહેન સરખે ભાગે વહેંચીને ખાઈ લેતા. પણ એક દિવસ સોનલ જોઈ ગઈ. એટલે સુધીરને ઉંચકીને લઈ ગઈ ને પેલા બંનેને ખૂબ માર મારી હાથમાં કાજુના દાણા હતા તે પણ ખૂંચવીને લઈ લીધા. માતાનો અન્યાય જોઈને રોહિત અને રમા ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગ્યા. નિરાધાર બાળકોનું રૂદન જોઈને રસ્તે જનારની આંખમાં આંસુ આવી જતા.

**"કુમળા બાળકોની માંગણી ઉપર ગુજારેલો ત્રાસ":–** એક વખત રોહિત આવીને કહે છે મમ્મી! બધા છોકરાઓને તો એની મમ્મી રોજ પૈસા વાપરવા આપે છે ને તું તો અમને કદી આપતી નથી. મેં કોઈ દિવસ પૈસો માંગ્યો નથી. આજે મને એક દશકો આપ. પણ સોનલ આપતી નથી. ગમે તેમ તોય બાળક છે ને? ખૂબ હઠ કરી પણ માતાએ દશકો ન આપ્યો. ત્યારે રોહિત બહાર જઈને રડવા લાગ્યો. શેરીના માણસો પણ કહેવા લાગ્યા કે બહેન! તું બાળકને શા માટે રડાવે છે? એને દશકો આપી દે ને. તો પણ આપ્યો નહિ. રોહિત રડતો રહ્યો. એના પિતા દુકાનેથી ઘેર

આવ્યા એટલે સોનલ કહે છે બસ, ગમે તેમ કરો. આ બાળકો મારે ના જોઈએ. એ બહાર બેસીને રડે છે ને વગોવે છે. લોકો પણ એમ બોલે છે કે ઓરમાન મા દુઃખ દે છે. આ મારાથી સહન થતું નથી. કાં એ નહિ ને કાં હું નહિ. દિનેશ ખૂબ મૂંઝાયો. હવે શું કરવું? છેવટે તે બંને બાળકોને અનાથાશ્રમમાં મૂકી આવ્યો. એમને મુકીને પાછો ફરે છે ત્યારે બંને બાળકો કહે છે પપ્પા! અમને અહીં મૂકીને તમે ક્યાં જાઓ છો? સુધીરને સાથે કેમ ન લાવ્યા? એ હોત તો સારું થાત. એમને ક્યાં ખબર હતી કે અમારે અહીં રહેવાનું છે. પિતાએ એમને જેમ તેમ કરીને સમજાવી દીધા. કે હું સાંજે આવીશ. તમે આ બધા બાળકોની સાથે રહેજો. એમ કહીને દિનેશ ચાલ્યો ગયો.

**"રોહિત અને રમા સુધીર વિના આશ્રમમાં ઝૂરે છે"** :– રોહિત અને રમાને બિલકુલ ગમતું નથી ને ઘેર સુધીરને પણ ભાઈ-બહેન વિના ચેન પડતું નથી. એ રડવા લાગ્યો કે મારા ભાઈ-બહેન ક્યાં ગયા? એમને લઈ આવો. દિનેશનું મન પણ ઉદ્‌વિગ્ન બની ગયું છે પણ કુભાર્યા પત્ની આગળ ચાલતું નથી. આશ્રમમાં બંને બાળકો ઝૂરે છે. રવિવારનો દિવસ આવ્યો ત્યારે રોહિત કહે છે બહેન! ચાલને આજે આપણે સુધીરને મળી આવીએ. આશ્રમમાંથી ટીચરની રજા લઈને બંને ભાઈ-બહેન સુધીરને મળવા માટે ઘેર જાય છે. રસ્તામાં તેઓ વિચાર કરવા લાગ્યા કે આપણે જઈએ છીએ તો ખરા પણ મમ્મી મારશે તો? જ્યાં ઘરમાં પગ મૂક્યો ત્યાં સોનલ ભભૂકી ઉઠી. આ નફફટ છોકરાઓને કાઢી મૂક્યા તો પણ પાછા આવ્યા. એટલે આવીને કહે છે તમે ચાલ્યા જાઓ. મારે તમારું કામ નથી. ત્યારે રોહિત અને રમા કહે છે. મમ્મી! અમે રહેવા નથી આવ્યા. અમે સુધીરને મળવા આવ્યા છીએ. અમને એક વાર સુધીરને મળી લેવા દે પછી ચાલ્યા જઈશું. સુધીર પણ રોહિતનો અવાજ સાંભળીને દોડતો બહાર આવ્યો અને ભાઈ-બહેનને મળવા દોડયો. પણ માતા એને હસેડીને અંદર લઈ ગઈ પણ બાળકોને મળવાં ન દીધાં. ભાઈ-બહેન રડતાં રડતાં પાછા આશ્રમમાં આવ્યા.

**"રામચંદ્રજીનું નાટક જોવા ગયેલી સોનલ"**:– એક વખત ગામમાં રામચંદ્રજીનું નાટક આવ્યું હતું. તેમાં રામચંદ્રજીને રાજગાદીએ બેસવાનું હતું. અયોધ્યામાં આનંદની છોળો ઉછળી રહી હતી પણ કૈકયીના મુખ ઉપર આનંદ ન હતો. દશરથ રાજા કહે છે કૈકયી! આજે તો આનંદનો દિવસ છે ને તારા મુખ ઉપર ઉદાસીનતા કેમ છે? ત્યારે કહે છે મારે એક વચન માંગવાનું બાકી છે તે અત્યારે માંગું છું. દશરથ કહે ભલે, માંગો ત્યારે કહે છે કે મારા ભરતને રાજગાદી મળે ને રામને ચૌદ વર્ષ વનવાસ મોકલો. રાજા દશરથને ખૂબ આઘાત લાગ્યો. પણ વચન અપાઈ ગયું હતું. મોટા પુરૂષોનું વચન કદી ફરતું નથી. રામચંદ્રજીને તો ખૂબ આનંદ થયો. અને તે પિતાનું વચન પાળવા રામ-લક્ષ્મણ અને સીતા વનવાસ જવા તૈયાર થયા. ત્યારે માતા કૌશલ્યા તથા અયોધ્યાની

પ્રજા ચોધારા આંસુએ રડી રહી હતી. આ દૃશ્ય જોઈને પ્રેક્ષકો અંદરો અંદર બોલવા લાગ્યા કે ગમે તેમ તોય કૈકયી તો ઓરમાન માતા ને? એને થોડી દયા હોય? માતા કૌશલ્યા કેટલું રડે છે છતાં એના દિલમાં અસર થાય છે? રામ તો સૌને રડતા મૂકી પિતાની આજ્ઞાનું પાલન કરવા વનવગડાની વાટે ચાલી નીકળ્યા. ભરત તો મોસાળ ગયો હતો. તે મોસાળથી આવ્યા પણ અયોધ્યાને શૂન્ય જોઈ માતાને પૂછયું કે આજે નગરીમાં આનંદ કેમ નથી? સૌના મુખ ઉદાસ કેમ દેખાય છે? ત્યારે કૈકયી કહે છે બેટા! મેં તારા માટે રામને વનવાસ મોકલ્યા. હવે તું રાજગાદી ભોગવ. મારો ભરત રાજા બનશે ને હું રાજમાતા બનીશ. મને રાજમાતા બનવાની ખૂબ હોંશ છે. ભરત કહે છે - માતા! તેં આ શું કર્યું? રાજગાદી તો મોટાભાઈને શોભે. મારે રાજગાદી જોઈતી નથી. હું પણ ભાઈની પાસે વનમાં જાઉં છું. ભરત જ્યાં રામચંદ્રજી હતા ત્યાં પહોંચી ગયા. રામ અને ભરતનું મિલન થયું, બંને ભાઈઓ પ્રેમથી ભેટી પડયા.

### "રામચંદ્રજી અને ભરતનો પ્રેમ જોતાં સોનલના હૃદયનો પલ્ટો" :-

ભરત કહે છે વીરા! તમે પાછા અયોધ્યા પધારો. તમારા વિના ગાદી સૂની લાગે છે. જુઓ, કૈકયીએ પોતાના પુત્રને રાજગાદી અપાવવા રામને વનવાસ અપાવ્યો ત્યારે ભરત ગાદી લેવાની ના પાડે છે. માતાને પોતાના ને પરાયાના ભેદભાવ છે પણ ભાઈઓને દૂધ સાકર જેવો પ્રેમ છે. ભરતે રામને ખૂબ આજીજી કરી પણ રામ પાછા ન ફર્યા. ભરતે ખૂબ કહ્યું ત્યારે પોતાની પાદુકા આપીને કહ્યું કે આ પાદુકા સિંહાસને મૂકીને તું મારા નામથી રાજ્ય ચલાવજે. ભરત નિરાશ થઈને પાછો ફર્યો. આ બધું દૃશ્ય સોનલે જોયું. જોવા આવનાર લોકો પણ બોલે છે કે આવી ઓરમાન માતા તો દુશ્મનને પણ ન હોય. જે બાળકોના પાપનો ઉદય હોય તેની નાનપણમાં માતા મરી જાય. દુનિયામાં મા તે મા અને બીજા બધા વગડાના વા. ઓરમાન મા મોટા ભાગે સારી ન હોય. આ દૃશ્ય જોયું ને લોકોના મુખેથી શબ્દો સાંભળ્યા. આથી સોનલનું હૃદય કુણું પડયું, મનમાં વિચાર થયો કે રોહિત અને રમા માટે હું પણ કૈકયી જ છું ને? એમને પૂરા ખાવા-પીવા પણ દીધા નથી. કદી પ્રેમથી પંપાળ્યા નથી ને ઉપરથી અનાથાશ્રમમાં મોકલી દીધા. બાળકો માટે આશ્રમ એ વનવાસ જ છે ને? સુધીર પણ ભાઈ-બહેનને શોધ્યા કરે છે. ભાઈ-બહેન ન મળવાથી એ ઝૂરે છે. મારો સુધીર એમને યાદ કરીને રડે છે. ક્યાં એ નિર્દોષ બાળકોના પ્રેમમાં મેં ભેદ પડાવ્યો! એના દિલમાં ખૂબ પશ્ચાતાપ થયો એટલે ત્યાંથી છુટીને સીધી આશ્રમમાં આવી. રોહિત, રમા બંને એક ખૂણામાં બેસીને સુધીરને યાદ કરીને રડતા હતાં. ત્યાં દૂરથી માતાને આવતી જોઈને ફફડી ઉઠયા. બહેન! મમ્મી આપણને મારશે. આપણે જતા રહીએ. ઉભા થઈને ભાગવા જાય છે ત્યાં સોનલ કહે છે હે મારા રોહિત અને રમા! હવે મારાથી ડરશો નહિ. હું તમને ઘેર લઈ જવા આવી છું. ત્યારે બંને બાળકો કહે

છે-મમ્મી! તું ઘેર લઇ જઇને અમને મારીશ કે વઢીશ તો નહિ ને? તું માર મારે તો અમારે નથી આવવું. ત્યારે સોનલે બંનેને બાથમાં લઇને કહ્યું કે બેટા! હવે હું તમને કદી મારીશ કે વઢીશ નહિ. હવે આજથી હું સુધીરની જેવી મમ્મી છું તેવી તમારી છું. તમે મારાથી જરા પણ ડરશો નહિ. માતાના શબ્દો સાંભળી બાળકો તેમને પ્રેમથી વળગી પડયા. જાણે આજે મારી મમ્મી મળી ન હોય! તેવો બંનેને આનંદ થયો. સોનલ બંનેને લઇને ઘેર આવી. સુધીર તો ભાઇ-બહેનને ભેટી પડયો ને બધા આનંદથી રહેવા લાગ્યા.

જ્યારે જીવને સાચું સમજાય છે ત્યારે ખોટી માન્યતા છુટી જાય છે. સોનલની દૃષ્ટિ સવળી પડી તો ઘરમાં આનંદ આનંદ છવાઇ ગયો ને પ્રેમભર્યું વાતાવરણ થઇ ગયું. પ્રેમ વિનાનું જીવન શૂન્ય છે.

આપણે રોજના અધિકારમાં એ વાત ચાલે છે કે જે રૂચી વિના બાહ્યભાવથી સંયમનું પાલન કરે છે તેનું કલ્યાણ થઇ શકતું નથી. દંભી સાધુઓ સાધુતાને નામે કેટલો દંભ કરે છે ને પાપકર્મના પોટલા બાંધે છે. તે વાત અનાથી મુનિ કહે છે.

**निरट्ठिया नग्गरुई उ तस्स, जे उत्तमट्ठं विविज्जा समेइ ।**
**इमे वि से नत्थि परे वि लोए, दुहओ वि से झिज्झइ तत्थ लोए ।**

ઉત્ત. સૂ. અ. ૨૦ ગાથા ૪૯

હે શ્રેણિક મહારાજા! જે સાધુઓ ઉત્તમાર્થનો વિપરીત અર્થ કરે છે, જે જ્ઞાન દર્શન ચારિત્રને વિપરીત સમજે છે અને તેના પ્રત્યે અરૂચી રાખે છે તે સાધુ વેશ પહેરીને પાદવિહાર કરે, લોચ કરે, ખુલ્લા પગે ચાલે, ઘરઘરમાં ગૌચરી કરે, ગૌચરી કરતાં કોઇ વખતે તિરસ્કાર પામે છે. આવા કષ્ઠ વેઠે છતાં વ્યર્થ જાય છે. કારણ કે તેણે ઉત્તમ અર્થથી પ્રવજ્યા અંગીકાર કરી તે ઉત્તમ અર્થને નષ્ટ કરે છે અને એટલા માટે તેના બધાં કષ્ટો વ્યર્થ જાય છે. તેનો આ લોક પણ વ્યર્થ જાય છે અને પરલોક પણ વ્યર્થ જાય છે. એટલે તે આલોક અને પરલોક બંનેમાં દુઃખ પામે છે.

જે આત્માના રહેવાથી સ્થૂલ સંસાર ચાલી રહ્યો છે એ આત્માની પિછાણ કરવી તે ઉત્તમ અર્થ છે, જે ઇન્દ્રિયોના મોહમાં પડી જાય છે અને આત્માને ભૂલી જાય છે તે ઉત્તમાર્થને નષ્ટ કરે છે. કહેવત છે ને કે ગયા હતાં કમાવા પણ પૂંજી ગુમાવીને આવ્યા. આ રીતે અહીં અનાથી મુનિ કહે છે કે સાધુઓ ઉત્તમ અર્થને પ્રાપ્ત કરવા માટે સાધુપણું અંગીકાર કરે છે તેમાંના કેટલાક સાધુઓ સાધુવેશ પહેરીને પણ સંસારની ઝંઝટમાં પડી જઇને ઉત્તમ અર્થને નષ્ટ કરી રહ્યા છે. શું સંસારની ઝંઝટમાં પડવા માટે સાધુપણું છે? ના.

કોઇ માણુસ સાધુ મહારાજને પૂછે કે તમે સંસાર છોડીને સાધુપણું લીધું છે તે સંસારના ભોગ માટે લીધું છે? તો કોઇ કહાચ એમ કહેશે કે અમારાથી સાધુપણું પૂરું પાળી

શકાતું નથી. પણ કોઇ એમ નહિ કહે કે અમે ભોગોપભોગ માટે સાધુપણું લીધું છે. આમ હોવા છતાં કેટલાક સાધુઓ અંદરથી ઉત્તમાર્થને નષ્ટ કરે છે. અને ઉપરથી ઉત્તમાર્થ સાધવાનો ડોળ કરે છે. તેઓ આ લોકના પણ રહેતા નથી ને પરલોકના પણ રહેતા નથી. કારણ કે તમે સંસારી જીવડાઓ સંસારનો ભોગ છૂટથી ભોગવી શકો છો અને વેશધારી સાધુ તે રીતે ભોગવી શકતો નથી. કારણ કે તમને જ્યારે જે વસ્તુ લાવવાનું કે ખાવાનું મન થાય ત્યારે લાવીને ખાઇ શકો છો. પણ સાધુ એ રીતે વર્તન કરી શકતો નથી. એટલે તેનો સંસારનો મોહ પણ પૂરો ન થયો ને અહીંનો સાધુપણાનો આનંદ પણ લૂંટી શકયો નહિ. જેમ કોઇ ભીલડી જંગલમાંથી હાથીના મસ્તકમાંથી નીકળેલું મોતી મેળવીને કાંકરો સમજીને ફેંકી દે અથવા કોઇને જંગલમાંથી બાવના ચંદનનું લાકડું મળ્યું પણ તે ચંદનના લાકડાને બાળીને ભોજન બનાવે તો એ જેમ ભયંકર ભૂલ કહેવાય. તેમ જે ઉત્તમાર્થ પામીને પણ સંસારના કામોમાં તેને નષ્ટ કરી દે છે તે સાધુ પણ આવી ભયંકર ભૂલ કરે છે. તે સાધુ ઉત્તમાર્થને નષ્ટ કરીને આ લોકને બગાડે છે ને પરલોકને પણ બગાડે છે. માની લો કે તમે ઇચ્છાનુસાર રંગીન કપડાં પહેરી શકો છો પણ સાધુ તો સફેદ પહેરી શકે છે. છતાં તે એ સફેદ વસ્ત્રને વધુ સફેદ કરવા પ્રયત્ન કરે, તેના દ્વારા શોખ પૂરો કરવા પ્રયત્ન કરે અને સંસારની મોજ માણવા ચાહે તો તેમણે ઉત્તમાર્થને પણ નષ્ટ કર્યો. છતાં તેનો સંસાર શોખ પૂરો થયો નહિ. આ રીતે જ્યારે તે ઉત્તમાર્થને નષ્ટ કરી દે છે ત્યારે તેનો આલોક ને પરલોક બંને બગડે છે.

ટૂંકમાં આવા સાધુઓ છે તે સનાથમાંથી અનાથમાં જાય છે. જ્ઞાની પુરૂષે સમજાવ્યું છે કે જીવ જ્યારે પાંચ પ્રકારના પ્રમાદમાં પડે છે. ત્યારે તે પ્રમાદ સંસાર સાગરમાં જીવને રખડાવે છે. જ્યારે સાધુપણું લીધું ત્યારે ધન, કુટુંબ પરિવાર છોડયું પણ સંયમ લીધા પછી જે આત્મ તત્ત્વની રૂચી ઉપડવી જોઇએ તે ન ઉપડી તેવા સાધુનું સાધુપણું નિરર્થક છે. કારણ કે તેણે સાધવાનું હતું તે સાધ્યું નહિ. અને પરધ્યેયમાં જઇ વાહવાહમાં, માન પૂજામાં અને પ્રશંસામાં પડી જઇ મોક્ષના લક્ષને તે આત્મા ચૂકી ગયો. આપ જાણો છો ને કોઇ નટ નાચવા માટે દોર ઉપર ચઢે છે. લોકો ગમે તેટલી તેની વાહવાહ બોલે, તાલીઓ પાડે છતાં તેનું લક્ષ દોર ઉપર હોય છે. પણ જ્યારે તે નટ દોરનું લક્ષ ચૂકે ત્યારે પડયા વગર રહે ખરો? પડે જ. તે રીતે પતીત થતો જીવ પોતાની અસાવધાનીથી લક્ષને ચૂકી જાય છે ને તે મોક્ષપ્રવૃત્તિને બદલે સંસાર પ્રવૃત્તિને કરવા લાગે છે. તેથી તેના મહાવ્રતો ભાંગી જાય છે. ખરેખર આવો સાધુ સનાથમાંથી અનાથ બનેલો છે. આનું એજ કારણ છે કે જે ચારિત્રમાર્ગ તેણે સ્વીકાર્યો ને રૂચિપૂર્વક અને અંતરની ઉર્મિથી પાળવો જોઇએ તે પાળ્યો નથી અને તેના કારણે તેવા વેશધારી સાધુઓ આ લોક અને પરલોકમાં દુઃખી થાય છે. જ્ઞાની કહે છે હે આત્માઓ! તમે જે ભાવે સંયમ લીધો છે તે વીતરાગની આજ્ઞાનુસાર શુદ્ધ સંયમ પાળો. કારણ કે આ ધર્મ અને આવું રૂડું ચારિત્ર

અનંતકાળે મળવું દુર્લભ છે. સમ્યક્ ચારિત્ર વિના ઉદ્ધાર નહિ થાય. માટે સંયમની આરાધના કરો. જે સંયમ લઈને મોક્ષના લક્ષને ચૂકી જાય છે તે દુઃખી થાય છે. સનાથ બનવું હોય તો સંયમનું યથાર્થ પાલન કરો. તેનાથી કલ્યાણ થશે. વધુ ભાવ અવસરે.

☆

## વ્યાખ્યાન નં.–૧૦૫

**કારતક સુદ ૧૨ ને શનિવાર** **તા. ૧૫-૧૧-૭૫**

અનંતજ્ઞાની મહાન પુરૂષોએ જગતના જીવોના કલ્યાણને અર્થે વીતરાગ વાણીની ગંગા વહાવી. આ ગંગામાં સ્નાન કરતાં આત્માના જન્મ, જરા અને મરણના ફેરા ટળી જાય. આ દુનિયામાં એવી કોઈ ઔષધિ નથી કે જે જન્મ-જરા-મરણના રોગ મટાડી દે. ફક્ત આ વીતરાગ વાણીની ઔષધિ એવી અમૂલ્ય ને કિંમતી છે કે જે ઔષધિનું પાન કરતાં આધિ, વ્યાધિ અને ઉપાધિ દૂર થાય. આત્મશ્રેય માટે સૌથી પ્રથમ સાધન છે શાસ્ત્રોનું અધ્યયન. શાસ્ત્ર કોને કહેવાય? એ આપ જાણો છો? शासयति जनान् इति शास्त्रम् જે લોકો ઉપર શાસન કરે અથવા આજ્ઞા કરે તેને શાસ્ત્ર કહેવાય છે. તો હવે કદાચ આપને એ પ્રશ્ન થશે કે શાસ્ત્ર કઈ રીતે લોકો પર શાસન કરે છે ને શું આજ્ઞા આપે છે? धर्मं चर, अधर्मं मा कुरु। सत्यं वद, असत्यं मा ब्रूहि। ધર્મનું આચરણ કરો. અધર્મનું આચરણ કરશો નહિ. સત્ય ને પ્રિય બોલો. અસત્ય બોલશો નહિ.

આ રીતે વિધિ અને નિષેધ બંનેનું શાસ્ત્રોમાં વિધાન છે. તે કરવા યોગ્ય કાર્યને માટે આજ્ઞા આપે છે અને ન કરવા યોગ્યનો નિષેધ કરે છે. આત્મકલ્યાણને માટે જે પથ્ય છે અર્થાત્ આવશ્યક છે તેને કરવા માટે કહે છે અને જે આત્માને માટે કુપથ્ય (ત્યાજ્ય) છે તેનો ત્યાગ કરવાની આજ્ઞા આપવી એ શાસ્ત્રનું કાર્ય છે. શાસ્ત્ર અર્થાત્ સિદ્ધાંત એ બતાવે છે કે કયા કારણોથી આત્મા કર્મથી બંધાય છે ને કયા કારણોથી બંધનથી મુક્ત થાય છે. જેવી રીતે વૈદકશાસ્ત્ર શરીરમાં કોઈ રોગ થાય ત્યારે તે રોગને વધારનારી વસ્તુનો ત્યાગ અને રોગને ઘટાડનારી વસ્તુને વાપરવાની આજ્ઞા આપે છે તેવી રીતે આધ્યાત્મિક શાસ્ત્ર આત્માને હાની કરનાર ઉપાયોનો ત્યાગ અને આત્માને લાભ કરાવનાર ઉપાયોના પ્રયોગ કરવાની પ્રેરણા આપે છે. શાસ્ત્ર માનવીના આત્માને મલીન થતો અટકાવવા માટે અનેક ઉપયોગી કાર્યોને કરવાની આજ્ઞા આપે છે. અને તેને વિષયકષાયોથી બચાવીને અધઃપતનની તરફ લઈ જતાં બચાવે છે.

કહ્યું છે કે शास्त्रं सर्वत्रगं चक्षुः। શાસ્ત્ર સર્વસ્થાનો પર જોવાવાળી આંખ છે. જેવી રીતે આપણે આંખોથી ભૌતિક પદાર્થોને જોઈએ છીએ તેવી રીતે શાસ્ત્રરૂપી નેત્રથી જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ આદિ બધાને જોઈ શકીએ છીએ એટલે કે તે નવતત્ત્વ આદિનું જ્ઞાન થાય છે. કદાચ આપના મનમાં શંકા થાય કે

આ કેવી રીતે સંભવી શકે? પર્વતની, દિવાલની કે પડદાની પાછળ શું છે એ શાસ્ત્ર કેવી રીતે જાણે છે? હું આપને સમજાવું. જ્યારે આત્માને અવધિજ્ઞાન મનઃપર્યાયજ્ઞાન અને કેવળજ્ઞાન થાય છે ત્યારે આ લોકની વસ્તુઓ તો શું પરંતુ ઉર્ધ્વ, અધો અને ત્રીછો લોક એ ત્રણે લોકની વસ્તુઓને જોઇ શકે છે. નરકમાં ને દેવલોકમાં શું થઇ રહ્યું છે એ પણ જાણી લે છે. આનંદ શ્રાવકને અવધિજ્ઞાન થયું તો તેઓ જાણી શક્યા હતા કે સ્વર્ગ અને નરકમાં શું બની રહ્યું છે? એ પાઠ તો શાસ્ત્રમાં છે. આ બધી કૃપા શાસ્ત્રોની છે. શાસ્ત્રજ્ઞાનના અભાવમાં આવું વિશિષ્ટ જ્ઞાન પ્રાપ્ત થવું એ અસંભવ છે.

બંધુઓ! તમારા મનમાં કદાચ થાય કે દુનિયામાં શાસ્ત્રો તો અનેક પ્રકારના છે. જેવા કે વ્યાકરણશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર, જ્યોતિષશાસ્ત્ર, વૈદકશાસ્ત્ર ઇત્યાદિ. તો શું આ શાસ્ત્રોનું જ્ઞાન પ્રાપ્ત કરી લેવાથી વિશિષ્ટ જ્ઞાનની પ્રાપ્તિ અને આત્મકલ્યાણ થઇ શકે? ના. આ બધા શાસ્ત્ર સમાન ફળ નથી આપતા. વ્યાકરણશાસ્ત્ર શબ્દોની શુદ્ધિ કરીને ભાષાને નિર્દોષ અને સુંદર બનાવે છે. ન્યાયશાસ્ત્ર બુદ્ધિને તીક્ષ્ણ બનાવે છે. જ્યોતિષશાસ્ત્ર સૂર્ય-ગ્રહણ અને ચંદ્રગ્રહણ ક્યારે થશે તે બતાવે છે. અને સાહિત્ય શાસ્ત્ર કહે છે કે આ રીતે બોલો અને આ રીતે શબ્દોનો પ્રયોગ કરીને ભાષાને અલંકારમય બનાવીને ભાષામાં સુંદરતા લાવો. આ બધા શાસ્ત્રો આપણને આ લોક પૂરતી સફળતા આપી શકે છે. પરંતુ આ કોઇ પણ શાસ્ત્ર પરલોકને સુધારી શકતા નથી કે આત્મકલ્યાણ કરાવી શકતા નથી. ફક્ત આધ્યાત્મિક શાસ્ત્ર એક એવું શાસ્ત્ર છે કે જે એ બતાવે છે કે આત્મઉદ્ધાર કેવી રીતે થઇ શકે છે? અને આત્મા પાપોથી લેપાય છે કેવી રીતે? આટલું બતાવીને પતી જતું નથી પણ આગળ એ પણ બતાવે છે કે પાપોથી છુટકારો કેવી રીતે થાય છે? કેવી સાધના કર્મોનો નાશ કરે છે? શાસ્ત્ર આપણને બતાવે છે કે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને દાન, શીયળ, તપ અને ભાવ રૂપધર્મની આરાધના કરવાથી આત્મા વિશુદ્ધ બને છે. આ શાસ્ત્રનો અભ્યાસ કરવાથી જીવને હેય, જ્ઞેય અને ઉપાદેયનું જ્ઞાન થાય છે. જ્યાં સુધી આ વાતોનું જ્ઞાન નથી હોતું ત્યાં સુધી આત્મા આત્મોન્નત્તિના માર્ગ ઉપર ચાલી શકતો નથી. તેથી મુમુક્ષુ આત્માએ શાશ્વત સુખ મેળવવાને માટે શાસ્ત્રોનું અધ્યયન કરવું અને તેમાં આપેલી આજ્ઞાઓનું પાલન કરવું આવશ્યક છે.

જે શાસ્ત્રની આજ્ઞાનુસાર વીતરાગના માર્ગે બરાબર સંયમી જીવન જીવી રહ્યા છે તેવા અનાથી મુનિ શ્રેણીક રાજાને સનાથ-અનાથના ભેદ સમજાવી રહ્યા છે. અને કહે છે કે જે ભગવાનની આજ્ઞાનુસાર યથાતથ્ય રૂડી રીતે સંયમનું પાલન કરી રહ્યા છે તે સનાથ છે. તે સાચો સાધુ છે. સાચા સાધુ કોને કહેવાય? દશવૈકાલિક સૂત્રની ટીકામાં લખ્યું છે કે "सम्यग्दर्शनादि योगैरपवर्गसाधयतीति साधुः સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ આદિ દ્વારા જે મોક્ષની સાધના કરે છે તે સાચા સાધુ છે. જગતમાં બીજા જીવો ઇન્દ્રિઓની આંખવાળા છે

પણુ आगम चक्खू साहु સાધુ આગમની આંખવાળા છે. સુભાષિત રત્ન ભાંડાગરે પણ લખ્યું છે કે :

**यथा चित्तं तथा वाचो, यथा वाचस्तथा क्रिया ।**
**चित्ते वाचि क्रियायां च, साधुनामेकरुपता ॥**

સાધુનું મન પવિત્ર હોય છે. જેનું મન પવિત્ર હોય છે તે વચન પણુ પવિત્ર એટલે કલ્યાણુકારક બોલે છે અને તે બોલે છે તે પ્રમાણે ક્રિયા કરે છે. કારણુ કે સાધુઓના મન-વચન અને ક્રિયાઓમાં એકરૂપતા હોય છે. આવા સાચા સાધક કદાચ મેરૂ પર્વત ડોલે પણુ તે સિદ્ધાંતની આજ્ઞાથી વિપરીત આચરણુ ક્યારે પણુ કરતા નથી.

અનુયોગદ્વાર સૂત્રમાં પણુ ભગવાન બોલ્યા છે કે સાધુ તે છે કે જે સર્પની જેમ બીજાને માટે બનાવેલા નિવાસ સ્થાનમાં રહે છે. ગમે તેવા પરિષહોના પહાડો તૂટી પડે તો પણુ તે પર્વતની જેમ સંયમમાં અડગ રહે છે. અગ્નિની જેમ તપના તેજથી દેદિપ્ય-માન હોય છે. જ્ઞાનાદિ રત્નોના ખજાનાનું રક્ષણુ કરે છે ને વીતરાગની આજ્ઞાનું પાલન કરનાર હોય છે. તે પૃથ્વીની જેમ બધું સહન કરે છે. સૂર્યની જેમ જગતના જીવોને સમાન રૂપથી જ્ઞાનનો પ્રકાશ આપે છે. ઉપર બતાવેલા ગુણોથી જે અલંકૃત છે તે આત્માર્થી મુનિ છે. પરંતુ જે વીતરાગની આજ્ઞાથી વિપરીત ચાલે છે તે સનાથ નથી પણુ અનાથ છે. અનાથી મુનિ શ્રેણીક રાજાને આગળ ગાથામાં શું કહે છે-

**एमेव हा छंद कुसीलरुवे, मग्गं विराहित्तु जिणुत्तमाणं ।**
**कुररी विवा भोगरस्साणुगिध्धा, निरट्ठसोया परियावमेइ ॥**

ઉત્ત. સૂ. અ. ૨૦ ગાથા ૫૦

હે રાજન્ ! હું અનાથતાનું સ્વરૂપ સમજાવું છું. કેટલાક લોકો અનાથતામાંથી નીકળવા માટે સાધુપણું તો લે છે પણુ સંસાર ભાવના તેમને પાછા સંસાર ભાવનામાં ખેંચી જાય છે. મેં જે કાંઇ કહ્યું છે તેનો સાર માત્ર એટલો છે કે જે સ્વચ્છંદતાનો ત્યાગ કરતો નથી અને ભગવાનની આજ્ઞામાં વિચરતો નથી તે કુશીલ સાધુ છે. અને એવો કુશીલ સાધુ ઉત્તમ જિનમાર્ગની વિરાધના કરે છે. કુશીલ કોને કહેવાય? कुत्सित शीलं यस्य इति कुशीलः જે સાધુતાનું પાલન કરતો નથી પણુ કેવળ સાધુનો વેશ ધારણુ કરીને રાખે છે તે કુશીલ છે. એવો કુશીલ જિનમાર્ગની વિરાધના કરનાર હોય છે.

બંધુઓ ! તમે કોઈ શાક મારકીટમાં ગયા. ત્યાં તમારે કોઇ ફ્રુટ ખરીદવું છે. દા. ત. નારંગી, સંતરા, સફરજન કાંઇ પણુ લેવું છે તો જોઇને લેશો કે જોયા વિના લેશો ? તે ઉપરથી જોશો કે અંદરથી જોશો ? માની લો કે તે ફ્રુટ ઉપરથી સારું દેખાય છે પણુ અંદરથી પોચું પડી ગયેલું ને બગડી ગયા જેવું લાગે છે. તો તમે શું ખરીદશો ખરા ? 'ના.' શા માટે ના કહો છો ? તે ઉપરથી તો સારા છે ને ? પણુ ત્યાં તમે શું વિચાર કર્યો ? ઉપરથી ગમે તેટલું સારું હોય પણુ અંદરથી બગડી ગયેલું

હોય તો તેને ખરીદીને શું કરવાનું? બસ, મારે તમને એટલું કહેવું છે કે ચાર આનાની નારંગી કે સફરજન ખરીદવા છે તેમાં તમે આટલી બધી ચકાસણી કરો છો તો જેમની સાથે આત્માના કલ્યાણનો સબંધ રહેલો છે, જેમના પરિચયમાં જઇ આત્મતત્ત્વને પામવું છે તો શું તે સાધુઓમાં જોશો ને કે આ સાધુમાં આત્મકલ્યાણ કરવાના ગુણો છે કે નહિ? સાધુઓને વિષે પણ તમારે ઉપરના વેશને નહિ જોતાં અંદરના ગુણોને જોવા જોઇએ. જેમનામાં ચારિત્રના ગુણો ઝળહળી રહ્યા છે તેવા ઉત્તમ સંતોના સમાગમથી આત્માનું કલ્યાણ થાય છે અને જે સંતો જીનેશ્વરની આજ્ઞામાં વિચરતા હોય તેમને વંદન કરવાથી કર્મની ભેખડો તૂટી જાય છે. પણ જેણે ફક્ત સાધુનો વેશ ધારણ કર્યો છે, પણ જે સ્વચ્છંદતાનો ત્યાગ કરતા નથી ને ભગવાનની આજ્ઞામાં વિચરતા નથી તેવા કુશીલ સાધુ જિનમાર્ગની વિરાધના કરે છે. આવા પાસત્થા સાધુઓને વંદન નમસ્કાર કરવા તે શોભાસ્પદ નથી. કારણ કે તેને વંદન નમસ્કાર કરવા તે જ્ઞાન-દર્શન-ચારિત્રની વિરાધનામાં સહાયતા આપવા બરાબર છે. ભગવાને નિશીથ સૂત્રમાં કહ્યું છે કે :-

जे भिक्खू पासत्थ वन्दइ, वन्दन्तं वा साइज्जइ ।
एवं जाव संसत्तं वन्दइ वन्दन्तं वा साइज्जइ ।।

દેવાનુપ્રિયો! આનો અર્થ એવો નહિ સમજતા કે ભગવાન કોઇના ઉપર દ્વેષ કરે છે. જ્ઞાની તો જે છે તે સત્ય હકીકત આપણી સામે રજુ કરે છે. ને આપણને સમજાવે છે કે તમે હાડ-ચામના પૂજારી ના બનો પણ ગુણના પુજારી બનો. કોઇ કુશીલ સંત હોય ને વીતરાગની આજ્ઞા વિરૂદ્ધ ચાલતો હોય તે સમયે તમારામાં જો સાચું શ્રાવકપણું હશે તો તમે તેમને કહી શકશો કે અમારો સબંધ કુશીલ સંતો સાથે નથી પણ જે ભગવાનની આજ્ઞા માને છે તે સંતો સાથે છે. જો તમે ભગવાનની આજ્ઞા માનતા ન હો તો અમારે તમારી સાથે શું સબંધ છે? જો તમે આ પ્રમાણે કહેશો તો તે પાસત્થા સાધુ પણ ઠેકાણે આવશે. અને ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરતાં પણ તે વિચાર કરશે. પણ જો તમે આટલા કડક નહિ બનો તો પાસત્થાપણાના સહાયક થઇને પાસત્થા સાધુને વધુ બગાડવા જેવું કરી રહ્યા છો. ખરેખર ભગવાને કહ્યું છે કે એવા સાધુઓ જે પાસત્થા છે, કંદર્પાદિમાં લીન છે તેવા સાધુઓની ગતિ પણ કેવી થાય છે? તે શાસ્ત્રકારે બતાવ્યું છે.

कंदप्प कुक्कुयाइ तह सील सहाव हास विगहाहिं ।
विम्हावेंत्तो य परं, कंदप्प भावणं कुणइ ।।

જે સાધુ સંસાર છોડીને સાધુ બન્યા છે તેવા સાધુઓમાં જેણે વેશ બદલ્યા છે પણ વર્તન નથી બદલ્યા અને કંદર્પ-કામકથાઓ, વિકથાઓ, શીલ નિરર્થક ચેષ્ટા તથા કંદર્પીભાવનાનું આચરણ કરી રહ્યા છે તે મરીને કંદર્પીદેવ બને છે તેને સ્વર્ગના ભાંડ

કહેવામાં આવે છે. આ પ્રસંગે અનાથી મુનિ શ્રેણીક રાજાને સનાથ-અનાથના સચોટ ભેદ સમજાવી રહ્યા છે. એ વધુ સમજાવવા માટે મુનિએ એક પક્ષીનું ઉદાહરણ આપ્યું. આ દાખલા દ્વારા માનવ જલ્દી સમજી શકે છે. કુરરી નામનું એક પક્ષી જ્યાં પાણીના મોટા સરોવર અને ખૂબ પાણી હોય ત્યાં રહે છે. આ પક્ષી કાળા રંગનું હોય છે. તે માછલીનું માંસ ખાય છે. તે આખો દિવસ માછલીનું માંસ ખાવાના લોભમાં ત્યાં પડયું રહે છે. માંસાદિ ખાઈને પણ તે પક્ષી શાંત રહેતું નથી પણ રડયા કરે છે. આ ન્યાય અસાધુઓ માટે ઘટાવતાં એમ સમજાવ્યું કે કુરરી પક્ષીની માફક જેની વૃત્તિ ભોગોપભોગમાં રમી રહી છે તે સદા કષ્ટને પામે છે. અનાથી મુનિએ કુરરી પક્ષીનો દાખલો આપીને કહ્યું છે કે જે પ્રમાણે કુરરી પક્ષી માંસની ગૃદ્ધિને કારણે દુઃખ પામે છે તે પ્રમાણે જે સાધુ થઈને પણ સંસાર ભાવમાં ગૃદ્ધિ રાખે છે તે દુઃખને પામે છે. જેમ બગડી ગયેલી કેરીની સાથે જો સારી કેરી રહેશે તો તે પણ બગડશે. તે રીતે જે સંત જિનાજ્ઞાનો લોપ કરે છે તેનો સંગ સારા સાધુ કરશે તો તેમના ચારિત્રને પણ હાનિ થશે.

દેવાનુપ્રિયો! અહીંયા કોઈ સાધુની ટીકા કરવી કે કોઈના વિરૂદ્ધ બોલવું તેવા ભાવ નથી. અનાથી મુનિનો કહેવાનો હેતુ ફક્ત એ છે કે જે કુશીલ સાધુઓ છે, જે સ્વચ્છંદતાનો ત્યાગ કરતા નથી, જે ભગવાનની આજ્ઞામાં વિચરતા નથી તેવા કુશીલ સાધુનો સંગ છોડી દેવો અને તે કુશીલપણાથી કેમ છૂટે તે વિચારવું. જેવી રીતે તમારો દીકરો કોઈ ખોટા રસ્તે જતો હોય તો તેને તમે કડક શિક્ષા કરો છો. તેથી તમે શું તેના શત્રુ છો? ના. તમારા એ ભાવ છે કે મારો પુત્ર કેમ સુધરે? આ પ્રમાણે અનાથી મુનિ સાધુઓને હિત શિખામણ આપે છે. સુધરવા માટે શિક્ષા આપે છે.

દશવૈકાલિક સૂત્રમાં રહનેમી–રાજેમતીનું અધ્યયન છે. તમે જાણો છો ને કે રાજેમતીએ રહનેમીને શું કહ્યું હતું? "धिरत्थु ते जसोकामी, जो तं जीविय कारणा वंतं इच्छसि आवेउं, सेयं ते मरणंभवे ॥" હે અપયશના કામી! તારા માટે મરણ એ શ્રેષ્ઠ છે. તું વમેલાને ઇચ્છે છે! તને ધિક્કાર છે! એમ ઘણાં શબ્દો કહ્યા હતાં. તો શું રાજેમતીને રહનેમી પ્રત્યે કોઈ દ્વેષ હતો? ના. હિતભાવના હતી. અરે! કોઈ ડૉકટર દર્દીનું પેટ ચીરે છે તો તેને શું ચીરવાની ભાવના છે? ના. તેના દર્દને ચીરે છે પણ દર્દી ઉપર તો કરૂણાભાવ છે. તે રીતે અનાથી મુનિએ સાધુઓ ઉપર કરૂણાભાવ રાખી સાધુઓને હિતશિક્ષા આપી છે. કોઈ પ્રત્યે દ્વેષભાવ નથી. ખરેખર આ અધ્યયનમાં અનાથી મુનિએ જે વર્ણન કર્યું છે ને સાધુઓ માટે જે જે વાતો કરી છે તે વાતોને જો સંતો જીવનમાં અપનાવે તો તેનું અવશ્ય કલ્યાણ થાય ને તેનો સંગ કરનારનું પણ કલ્યાણ થાય છે. સુસાધુની શુદ્ધ ભાવે સેવા કરવાથી કેટલું આત્મકલ્યાણ થાય છે તે માટે એક વાત યાદ આવે છે.

શિયાળાનો સમય છે કડકડતી ઠંડી પડે છે. આવા સમયે એક મુનિ ધ્યાન ધરીને ઉભા છે. શરીર ઉપર એક કપડું પહેરેલું છે. તે સમયે ત્યાંથી એક ભરવાડનું ટોળું નીકળે છે. આવી કડકડતી ઠંડીમાં ધ્યાનસ્થ મુનિને જોઈને તે વિચાર કરવા લાગ્યા કે આ મુનિને કેવી ઠંડી લાગતી હશે? આ રીતે મુનિને જોઈને તેમના ઉપર કરૂણાભાવ આવવાથી પોતાની પાસે ધાબળો હતો તે મુનિને ઓઢાડયો. મુનિ તો પોતાના ધ્યાનમાં સ્થિર છે. ભરવાડો ખૂબ ઠંડી લાગવાથી મુનિની નજીકમાં અગ્નિ સળગાવીને તાપણી કરવા બેઠા. એ ભરવાડોને જ્ઞાન નથી પણ દિલના ભદ્રિક છે. ભગવાન ઋષભદેવનો પરિવાર "उज्जुजडा" સરળ ને જડ હતો. ભૂલ કરે પણ કોઈ સુધારનાર મળે તો સુધરી જાય. ભગવાન મહાવીરનો પરિવાર "वंकजडा" વાંકો ને જડ છે. અને વચલા ૨૨ તીર્થંકરનો પરિવાર "उज्जुपन्ना" સરળ ને બુદ્ધિવાન હતો. ભગવાન ઋષભદેવના સાધુઓ ગૌચરી જતાં રસ્તામાં નટ નાચતા હતા તે જોવા ઉભા રહ્યા. તેથી આવતા વાર લાગી. ભગવાને પૂછયું-કેમ વાર લાગી? ત્યારે કહે નટ નાચતા હતા તે જોવા ઉભા રહ્યા. ભગવાને કહ્યું-આપણાથી એ ન જોવાય. ત્યારે કહે-ભલે ભગવાન. હવે અમે નહિ જોઈએ. બીજી વાર નટડી નાચતી હતી તે જોવા ઉભા રહ્યા. આવતા વાર લાગી તેથી પૂછયું. ત્યારે કહે નટડી નાચતી હતી તે જોવા ઉભા રહ્યા. પ્રભુ કહે આપણાથી ન જોવાય. ભલે, હવે અમે નહિ જોઈએ. આ બધા દિલના ભદ્રિક પણ થોડા જડ એટલે ખ્યાલ ન આવ્યો કે નટ જોવાની ના પાડી તો નટડી પણ ન જોવાય. વચલા ૨૨ તીર્થંકરનો પરિવાર સરળ ને પ્રજ્ઞાવાન હતો. તેમના સંતો એક વાર નટ નાચતો જોવા ઉભા રહ્યા ને ભગવાને કહ્યું કે આપણાથી ન જોવાય. એટલે ફરીને નટડી નાચતી જોઈ તો સમજી ગયા કે ભગવાને નટ જોવાની ના પાડી એટલે નટડી પણ ન જોવાય. ભગવાન મહાવીરનો પરિવાર વાંકો ને જડ છે. તે નટ જોવા ઉભા રહ્યા ને ગુરૂએ કહ્યું-આપણાથી ન જોવાય. ત્યારે શિષ્ય શું બોલે? તમારે મને પહેલેથી કહેવું હતું ને? આવો ઉદ્ધત જવાબ આપે.

આ ભરવાડોએ સખ્ત ઠંડીના કારણે તાપણી કરવા અગ્નિ સળગાવી. તે અગ્નિમાંથી એક તણખો ઉડીને મુનિને ધાબળો ઓઢાડયો હતો તેના ઉપર પડયો. તેથી ધાબળો સળગવા લાગ્યો. ને મુનિ પણ સળગવા લાગ્યા. છતાં મુનિ તો ધ્યાનમાં હતા. છેવટે મુનિ ભોંય પડી ગયા ને અગ્નિ બુઝાઈ ગઈ. પરંતુ આ મુનિના એવા કર્મનો ઉદય થયો કે ૪૮ મિનિટમાં તો તેમના શરીરમાં જીવાત ઉત્પન્ન થઈ ગઈ. ભરવાડના ટોળાએ આ જોયું. તેમણે ગામમાં જઈને જે સંઘના પ્રમુખ હતા તેમની પાસે જઈને બધી વાત કરી. પહેલા પ્રમુખ ધર્મથી બનાવાતા હતા. આજે ધનથી બનાવાય છે. આ પ્રમુખ પાસે બહુ ધન ન હતું. પણ ધર્મ તો તેની હાડહાડની મીંજામાં વસેલો હતો. જ્યાં ભરવાડના મુખેથી વાત સાંભળી કે તમારા ગુરૂ ગામ બહાર પડયા છે ને તેમની આ સ્થિતિ થઈ છે. ત્યાં પોતે જમતાં જમતાં ભાણામાંથી રોટલીનું બટકું મૂકી દીધું ને ભાણા

ઉપરથી ઉભા થઈને ગામમાં પ્રખ્યાત જીવા વૈદ્ય હતા તેમને સાથે લઈને ગુરૂ પાસે ગયા. જીવા વૈદે ગુરૂની સ્થિતિ જોઈને કહ્યું કે એમના શરીરમાં ઘણી જીવાત થઈ છે અને તેમને અનંતી વેદના છે. આ માટે ઉપચાર કરવા જે વસ્તુની જરૂર પડે તે વસ્તુ લાવવાનું તમારું કામ નથી. પ્રમુખ કહે–વૈદરાજ! મારે નાનકડી ઝુંપડી છે તે અને મારી પત્નીનું સૌભાગ્ય કંકણ છે તે વેચી દઉં અને તે પૈસામાંથી જે ઔષધી લાવવી પડે તે લાવીને પણ ગુરૂદેવને જલ્દી સારું કરો. જુઓ, પ્રમુખની કેટલી ગુરૂભક્તિ! વૈદ્ય કહે-ભાઈ! તમારું બધું વેચી નાંખો તો પણ તમારી શક્તિ નથી કે તે ઔષધી લાવી શકો. પ્રમુખ કહે-તો શું કરું? બીજો કોઈ ઉપાય બરો?

જીવા વૈદ્ય કહે - પ્રમુખસાહેબ! આ ગામના નગર શેઠની પુત્રવધૂ આણામાં કરિયાવરમાં ચાર અમીકૂપ અને રત્નકામળી લાવી છે. તે વહુએ તેના બાપુજીને કહ્યું. આપ જેટલા દાગીના કરવાના છો તેટલા મારા સાસરીયાએ કર્યાં છે. બાપુજી! તમારે કેટલો કરિયાવર કરવો છે? પિતા કહે–સવા પાંચ લાખનો. તો પિતાજી! આપ ચાર લાખ રૂપિયાના ચાર અમીકૂપ અને પાંચમી સવા લાખ રૂપિયાની રત્નકામળી આપો. દીકરી! એ તો દેખાવમાં ચાર શીશા અને કામળી પગ લૂંછણીયા જેવી દેખાય. તેમાં મારી આબરૂ શી રહે? શ્રેષ્ઠી પુત્રી કહે–એમાં આબરૂનો પ્રશ્ન નથી. એની કિંમત તરત સમજાઈ જાય તેવી છે. છતાં કદાચ કોઈ બોલે તો ભલે બોલે. આપ દાગીના, કપડાં ગમે તેટલા કરશો તો તે પડયા રહેશે. પણ આ અમીકૂપ અને રત્નકામળી હશે તો કોઈક દિવસ કોઈકના ઉપયોગમાં આવશે. તેથી આ નગરશેઠની વહુ તે વસ્તુ કરિયાવરમાં લઈને આવી છે. સવા પાંચ લાખની વસ્તુ છે છતાં કબાટમાં વગર તાળે પડી છે. આજનું જીવન કેવું થઈ ગયું છે? જ્યાં જુઓ ત્યાં તાળા ને તાળા. તાળું ખોલ્યા વગર વસ્તુ ન મળે. આ સવા પાંચ લાખની મિલ્કત છે છતાં તાળું નથી.

પ્રમુખ કહે. આપની વાત સાચી પણ આપણાથી તેની પાસે કેવી રીતે લેવા જવાય? તેથી તે પ્રમુખ ઘોડા પર બેસીને બે ત્રણ માઈલ દૂર બીજા સાધુ હતા તેમને લઈ આવ્યા. બધી વાત કહી સાધુ તે તરફ ગૌચરી ગયા. આ વહુએ દૂરથી સાધુને ગૌચરી આવતાં જોયા એટલે તે હર્ષઘેલી બની સાત આઠ પગલાં સામી ગઈને મીઠા શબ્દોમાં બોલી પધારો ગુરૂદેવ પધારો! તમારે ત્યાં ગૌચરીના સમયે સંત પધારે તો સમજી શકો કે મહારાજ ગૌચરી માટે પધાર્યા છે પણ તે સિવાયના ટાઈમે પધારે તો તમે સમજી લો કે સંત કંઈ કારણસર પધાર્યા હશે. વહુએ રસોડામાં જે બધી સૂઝતી ચીજો હતી તે બતાવી. પણ ગુરૂદેવને તેની જરૂર ન હતી. જરૂર હતી અમીકૂપ અને રત્નકામળીની. પણ તે માંગતા *હિંમત નથી ચાલતી. વહુ કહે - ગુરૂદેવ! આપ કંઈ કારણ વિના અત્યારે પધારો નહિ* ને પધાર્યા છો તો આપને કોઈ પણ ચીજની જરૂર હશે. તો આપના ધ્યાનમાં મારે

ત્યાં કલ્પતી ચીજ હોય તો વિના સંકોચે આપ કહો. ખુબ કહ્યું ત્યારે ગુરૂદેવે કહ્યું - બહેન! અમારા ગુરૂદેવની આ સ્થિતિ થઇ છે. અમને જાણ થઈ છે કે આપ કરિયાવરમાં અમીકૂપ અને રત્નકામળી લાવ્યા છો. તો તેની અમારે જરૂર છે. ગુરૂદેવ! આટલી વસ્તુ લેવામાં આટલો બધો સંકોચ?

તે વહુએ દાસીને કહ્યું - જા. કબાટમાં અમીકૂપ પડયો છે તે લઇ આવ. તાળું વાસેલું નહોતું તો સાધુના ઉપયોગમાં આવ્યો. દાસી, અમીકૂપ ને રત્નકામળી લેવા ગઇ. ત્યાં દેવનું આસન ડોલ્યું. દેવના મનમાં થયું કે આ સવાએ લાખનું દાન દે છે તે ઉપરથી દે છે કે અંતરથી? તેની પરીક્ષા કરવા માટે દાસીના હાથમાંથી અમીકૂપનો શીશો સેરવી નાંખ્યો. આ તેલ ભોંય પડયું એટલે બધું નકામું. આ જોઈને મુનિના મનમાં ગભરાટ થયો. પણ આ વહુના મનમાં જરાય ખેદ ન થયો, તેણે દાસી પાસે બીજો મંગાવ્યો તો બીજો પણ સેરવી નાંખ્યો. ત્રીજો મંગાવ્યો તો ત્રીજાની પણ એ દશા થઇ. આ બહેને વિચાર કર્યો કે હું કેવી કમભાગી છું કે મારા હાથ-પગ બધું સલામત છે. છતાં દાસીને ઓર્ડર આપું છું. ત્યારે આવું બન્યું ને? હવે હું જાતે લઇ આવું. એમ કહીને તે પોતે ઉઠીને ચોથો અમીકૂપ લઇ આવી. જે બ્રહ્મચારી કે સ્વદારા અગર સ્વપુરૂષ સંતોષી આત્મા હોય તેને દેવ સ્પર્શ કરી શકે નહિ. આ બાઇ કહે ગુરૂદેવ! ચાલો, હું આપની સાથે આવું છું.

તે બહેન પોતે ગુરૂદેવની સાથે ગઇ. મુનિને જોયા. તેણે દૂરથી મુનિના શરીર ઉપર અડધો અમી કૂપ છાંટયો ને રત્ન કામળીમાંથી અડધી કામળી ફાડીને શરીર પર ઓઢાડી દીધી. પછી પોતે જંગલમાં શોધ કરવા ગઇ કે કોઇ મૃત કલેવર પડયું છે? જંગલમાં શોધતાં મરેલી ગાય જોઇ. મુનિના શરીરમાં જે જીવાત હતી તે બધી રત્ન કાંબળીમાં આવી ગઇ. તે જીવાતને પણ જીવાડવી છે. એટલે તે બધી જીવાત મૃત ગાયના કલેવરમાં મૂકી દીધી. અને ફરીને મુનિના શરીર ઉપર અડધો અમીકૂપ છાંટયો ને કામળી ઓઢાડી. એટલે મુનિની કાયા કંચન જેવી બની ગઈ. મુનિ સ્વસ્થ થયા ને બોલ્યા. મારી કાયા કંચન જેવી બનાવવામાં જે સહાયભૂત થયા હોય તેનું કલ્યાણ થજો. કાયા સુંદર બનાવી મને ચારિત્ર પાળવામાં જે નિમિત્તભૂત બન્યા છે તે આવતા ભવમાં ૭૨ પેઢી અમર દેખશે. મુનિના મુખમાંથી સહજ ભાવે આ શબ્દો સરી પડયા. અને તે બહેન મરૂદેવી માતા બન્યા કે જેમણે ૭૨ પેઢી સુધી કોઇનું મૃત્યુ ન જોયું. આ મરૂદેવી માતા હાથીની અંબાડી પર બેસીને ભગવાન ઋષભદેવના દર્શન કરવા જતા હતા. ત્યાં પરિણામની ધારાએ ચઢતાં અંબાડી ઉપર કેવળજ્ઞાન પામ્યા. હજુ ભગવાને તીર્થની સ્થાપના કરી ન હતી તે પહેલાં મરૂદેવી માતા કેવળજ્ઞાન પામીને મોક્ષે ગયા એટલે તે અતીર્થ સિદ્ધા કહેવાય.

બંધુઓ! આપે સાંભળ્યું ને કે સુસાધુની સેવા કરવાથી કેટલો લાભ થાય છે? તેવા સાધુ પોતાનું કલ્યાણ કરે છે ને બીજા જીવોનું પણ કલ્યાણ કરવામાં નિમિત્તભૂત બને છે. પરંતુ જે સાધુ વીતરાગની કે ગુરૂની આજ્ઞા પ્રમાણે ચાલતા નથી તેવા કુશીલ સાધુ જિનેશ્વરના માર્ગની વિરાધના કરે છે.

તમાકુનો એક મોટો વેપારી પરદેશ ગયો ત્યારે મુનિમજીને કહીને ગયો કે તું નવો માલ ખરીદીશ નહિ. શેઠના ગયા પછી તમાકુના ભાવ ઘટી જવાથી મુનિમજીએ એક લાખ રૂપિયાનો સોદો કર્યો. તેમાં ૨૫ હજાર રૂપિયાનો નફો થયો. શેઠ પરદેશથી આવ્યા ત્યારે મુનિમજીએ બધી વાત કરી. આ સાંભળી ૨૫ હજાર રૂપિયાનો નફો થયો હતો તે શેઠે મુનિમજીના નામે લખી દીધો. સાથે રાજીનામું લખી દીધું ને તેને છુટો કરી દીધો. મુનિમજી કહે આ તો મેં લાભનું કાર્ય કર્યું છે. શેઠ કહે તારી વાત બરાબર, પણ મારી આજ્ઞા હતી કે તું સોદો ન કરીશ. તેં આજ્ઞાનો ભંગ કર્યો છે એટલે તને ૨૫ હજાર રૂપિયા આપીને છૂટો કરું છું. તે રીતે કદાચ ગમે તેવું સારૂં કાર્ય હોય પણ જ્યાં ગુરૂ આજ્ઞાનો લોપ થતો હોય ત્યાં જેમ શેઠે મુનિમજીને છુટા કર્યા તેમ શાસન તે શિષ્યને છુટો કરી દેશે. ચારિત્ર એ પાંખ છે. પાંખ હશે તો જીવ ઉર્ધ્વગમન કરી શકશે. જે આત્મા ચારિત્ર લઈને ભોગમાં, રસમાં આસક્ત રહે છે તેનું કલ્યાણ નહિ થાય. તેવા મુનિ સનાથ બનવાને બદલે અનાથ બને છે. આ રીતે અનાથી મુનિ શ્રેણીક રાજાને સનાથ-અનાથનું સ્વરૂપ સમજાવી રહ્યા છે. હવે આગળ શું કહેશે તેના ભાવ અવસરે.

☆

## વ્યાખ્યાન નં. ૧૦૬

## વિષયઃ- "શક્તિનો સાચો ઉપયોગ"

**કારતક સુદ ૧૩ ને રવીવાર** **તા. ૧૬-૧૧-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

પરમ પંથના દર્શક, સ્યાદ્‌વાદના સર્જક, મમતાના મારક, એવા અનંત જ્ઞાની મહાપુરૂષોએ જગતના જીવોના આત્માના શ્રેય માટે રાહદારી માર્ગ બતાવ્યો છે. જેમ રોડના રસ્તા ઉપર અજાણ્યો પથિક ભૂલો ન પડે પણ કાંટાળા અને કાચા રસ્તે ચાલવાથી ભૂલો પડી જાય છે તેમ આપણા પરમ ઉપકારી પિતાએ આપણે ભવવનમાં ભૂલા ન પડીએ તે માટે સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રરૂપી રાહદારી માર્ગ બતાવ્યો છે. આપણે આજે એ વિષય ઉપર વિચારવું છે કે "શક્તિનો સાચો ઉપયોગ." શક્તિ તો સર્વ આત્મામાં પડેલી છે પણ તેની કિંમત કે મહત્વ ક્યારે તે વિચારવું છે.

જૈનદર્શન આત્મવાદી દર્શન છે. તેના સમાન બીજું કોઈ દર્શન નથી. શક્તિનો

સાચો ઉપયોગ એ સમજવા માટે પ્રથમ આત્માને જાણવો જોઈશે. કીડીમાં અને હાથીમાં બંનેમાં આત્મા છે. જૈનદર્શન એ બતાવે છે કે આત્માની અનંત શકિત છે. જેટલી શકિત હાથી અને કેશરી સિંહમાં રહેલી છે તેટલી કીડીના આત્મામાં રહેલી છે. બંનેની આત્મશકિત સમાન છે. તેમાં ફરક નથી. જે શરીરમાં આત્મા જાય તે પ્રમાણે સંકોચ વિસ્તારથી રહે છે. કીડીનો આત્મા એટલા આત્મ પ્રદેશમાં સંકોચાઈને રહે છે ને હાથીનો આત્મા મોટા શરીરમાં હોવાથી તે પ્રમાણે વિકસીને રહે છે. કીડી નાની તેથી આત્માની શક્તિ ઓછી ને હાથી મોટો એટલે એના આત્માની શકિત વધારે તેમ નથી. બંનેનો આત્મા સમાન છે. આવશ્યકતા ફકત તેને ઓળખવાની છે. દરેક આત્મામાં અનંત શક્તિ પડેલી છે. એક નાની સરખી કીડીમાં પણ એટલી મોટી તાકાત છે કે તે હાથી જેવા મોટા પ્રાણીને હેરાન કરી શકે છે. અરે! ફુંફાડા મારતા નાગ જેવા ઝેરી પ્રાણીના શરીરને કોચી શકે છે. તેને જાળી જેવો બનાવી દઇ મારી નાંખવાની શક્તિ તેનામાં છે. શકિત ગમે તેટલી હોય પણ તેનો ઉપયોગ કઇ રીતે કરે છે તે વિચારવાની જરૂર છે. કીડીએ પોતાની શકિતનો ઉપયોગ ક્યાં કર્યો? નાગના શરીરને કોચી નાંખવામાં. શકિત મળી જવાથી કાંઈ સમસ્યા હલ થતી નથી. મનુષ્ય જન્મ પામીને તમે શકિતનો ઉપયોગ ક્યાં કરી રહ્યા છો? શકિતનો સદુપયોગ કરો છો કે દુરૂપયોગ? દૂધમાં ઘણી શકિત રહેલી છે. પણ સંગ્રહણીના દર્દીને આપવામાં આવે તો? તેનો રોગ ઘટવાને બદલે વધે. દૂધની શકિત તે દર્દીને માટે નકામી છે. એ દૂધનો ઉપયોગ કોઇ નબળા માણસને જેને અશકિત ખૂબ હોય ને તેને શકિતની તેમજ વિટામીનની જરૂર હોય તેને આપવામાં આવે તો તેને શક્તિ મળશે. ગયા વર્ષે દુષ્કાળ પડયો ત્યારે દેશના લોકોને એક ડોલ પાણીના પાંચ પાંચ રૂપિયા આપવા પડતા. તેથી પાણીનો કેટલો ઉપયોગ રાખતા! આજે તો નળ છૂટા મૂકી દે છે. ને કેટલું પાણી નકામું ચાલ્યું જાય છે કારણ કે તેને પાણીની કિંમત સમજાઇ નથી. જો પાણી ઉપર મીટર મૂકવામાં આવે તો પાણીની કિંમત સમજાય. અજ્ઞાની જીવોને અપકાયના જીવોની કિંમત સમજાઇ નથી.

આજે ધન પેદા કરવામાં પણ બુદ્ધિની, શકિતની જરૂર પડે છે. હું તો માનું છું કે પૈસા મેળવવા સહેલા છે પણ તેનો ઉપયોગ કેમ કરવો એ કઠીન છે, માનવને પુણ્યનો ઉદય હોય તો ગાદી પર બેઠા બેઠા લીધા ને દીધા બોલતો હોય તો પણ લાખો કમાઇ જાય છે. પણ તેને ખર્ચવામાં વધારે બુદ્ધિકૌશલ્ય જોઇએ છે. આ સાંભળીને કદાચ તમને આશ્ચર્ય થશે કે પૈસા ખર્ચ કરવામાં તે કાંઇ બુદ્ધિ જોઇતી હશે! પણ હા. જો ખર્ચ કરવાની કળા ન આવડે તો તમે હજારો રૂપિયા ખર્ચ કરવા છતાં એટલો આનંદ નહિ પામી શકો કે જેટલો તે કળાને જાણનાર માત્ર થોડા ખર્ચમાં મેળવી શકે છે. ઘણાં માણસો હજારો રૂપિયા ખર્ચવા છતાં લોકપ્રિય બની શકતા નથી. કેમ કે તે રૂપિયા તો આપે છે પણ તે આપવાની કળા જાણતા નથી. જ્યારે કેટલાક બહુ ઓછા ખર્ચે

ઘણા લોકપ્રિય થઇ શકે છે. કારણ કે તે પૈસા વાપરવાની કળા જાણે છે. સંપત્તિ કંઇ એમ ને એમ નથી મળતી. એ તો ગત જન્મમાં પુણ્ય કરીને આવ્યા હોય તો મળે છે. જો સંપત્તિ સ્હેજે મળી જતી હોત તો આ જગતમાં કોઇ દુઃખી કે ગરીબ ન રહેત. સુખ-દુઃખ મળવા એ કર્મને આધીન છે. કર્મનો કોયડો ખૂબ અલબેલો છે. બધા કોયડા ઉકેલી શકાશે પણ કર્મનો કોયડો ઉકેલવો સહેલો નથી. એક માતાના બે સંતાન હોય એમાં એક બુદ્ધિશાળી હોય ને બીજો સાવ ઘેલો હોય કે જેનામાં માખી ઉડાડવાની પણ બુદ્ધિ નથી હોતી. એક મોટરમાં ફરતો હોય છે ને બીજો મોટરમાં ડ્રાયવર તરીકે નોકરી કરતો હોય છે. એકને પાણી માંગતા દૂધ હાજર થાય છે. જ્યારે બીજાને પાણી પાનાર કોઇ હોતું નથી. આ બધા ખેલ કર્મના છે. આજે ઘણી વાર નજરે જોઇએ છીએ કે પતિ-પત્ની બે ખાટલામાં પડયા હોય તો તેમને કોઇ પાણી પાનાર નથી હોતું, કર્મની લીલા અલૌકિક છે.

આપણે વાત ચાલે છે શક્તિનો સાચો ઉપયોગ. તમને ધનની શક્તિ મળી છે તો તેનો ઉપયોગ કઇ રીતે કરો છો? આજે રવીવારનો દિવસ છે. કંઇક જીવો નાટક-સિનેમા અને ભોગવિલાસમાં કેટલા પૈસા ખર્ચી નાંખશે. તેના બદલે વિચાર થાય છે કે એક માણસને ખાવા નથી તેને રેશનીંગના બે કીલો ચોખા લાવી આપું! જેના પૈસા મોજશોખમાં વપરાયા તે ગંગાજળનું પવિત્ર પાણી ખાળકુંડીમાં નાંખ્યા જેવું છે. સમજો. જેમ મોટર ચાલે ત્યારે તો પેટ્રોલ બળે પણ ઉભી રહે ને મશીન બંધ ન કરે તો પણ સડસડાટ પેટ્રોલ બળે છે. તેમ જેના પૈસા વ્યસનોમાં, ને મોજશોખમાં વેડફાઇ જાય છે તે વ્યર્થ જાય છે. તેટલા પૈસાથી સ્વધર્મીને સંભાળો તો નવું પુણ્ય બંધાશે. દાન, શીયળ, તપ અને ભાવમાં પહેલો શબ્દ 'દાન' વાપર્યો છે. ભૂખ્યો માણસ ન કરે તેટલા પાપ ઓછા છે. "बुभुक्षितो किं न करोति पापं ?" છેવટે ભૂખનું દુઃખ સહન ન કરી શકવાથી માણસ ચોરી કરવા ને લૂંટ કરવા તૈયાર થઇ જાય છે. ધનનો સદુપયોગ ક્યારે કર્યો કહેવાય? મોજશોખમાં ધન વાપરવાને બદલે સ્વધર્મી અને દીનદુઃખીની સેવામાં વાપરો ત્યારે. ભગવાન કહે છે કે જૈનનો દીકરો સંગ્રહખોર ન હોય, તેના દ્વાર અભંગ હોય. ગમે તે તેના આંગણે જાય તો પાછો ના આવે. પહેલાના શ્રાવકો કેવા હતા? લેવા આવનારનો ઉપકાર માનતા ને કહેતા કે ભાઇ! તમે અમારી પાસેથી કંઇ લઇ ગયા નથી પણ આપી ગયા છો. તમે મારી પરિગ્રહ સંજ્ઞા છોડાવવા માટે આવ્યા છો. જે આત્મા દુઃખીના આંસુ લૂછે છે તે મહાન પુણ્યના ભાથા બાંધે છે.

આ તો ધનની વાત કરી. આવી વાત શકિત માટે છે. આત્માની શકિતને જાણવાની જિજ્ઞાસા કરતાં આજે દેહની શકિતને જાણવાની વધુ જિજ્ઞાસા છે. શરીરની શકિત મેળવવા માટે કેટલાક શનીવારે હનુમાનને તેલ ચઢાવે છે ને વિચારે છે કે મને

હનુમાન જેવું બળ અને શક્તિ મળે. કેટલાક વિટામીનની ગોળીઓ ખાય છે તો કેટલાક ભાન ભૂલેલા કોડલીવર ઓઇલ વાપરે છે. શક્તિ પાછળ પાગલ બનનારાઓને હું પૂછું છું કે જે શક્તિને મેળવવા માટે તમે ભક્ષ્યાભક્ષ્યનો વિવેક પણ ભૂલી ગયા છો, અરે, હિંસાકારી દવાઓ ખાઇને તમારું પેટ કબર જેવું બનાવ્યું છે. ખરું પૂછો તો શક્તિ મેળવવાનો આ સાચો રસ્તો નથી છતાં જો તમને તેનાથી શક્તિ મળી ગઇ તો તેનો ઉપયોગ કઇ રીતે કરશો? શક્તિનો ઉપયોગ તમે સ્વાર્થમાં કરશો કે પરમાર્થમાં? કોઇને ફસામણુમાંથી બહાર કાઢવામાં કરશો કે ફસામણુમાં ફસાવવા માટે કરશો? જ્ઞાની કહે છે જો તમે ઉપર પ્રમાણે શક્તિ મેળવવા પ્રયત્ન કરશો તો દુર્ગતિમાં ફેંકાઇ જશો. સાચી શક્તિ તો છે ચારિત્રમાં. જો જીવનમાં ચારિત્ર નિર્મળ હશે, દિલ પવિત્ર હશે તો જે શક્તિ આવશે તેવી શક્તિ બીજે કયાંયથી નહિ મળે.

આપણે ઘણીવાર સાંભળી ગયા છીએ કે શક્તિ તો દુર્યોધન અને દુઃશાસનને મળી હતી. તેમનામાં જેવું તેવું બળ ન્હોતું. મહાશક્તિશાળી હતા. બીજી બાજુ ભીમ અને અર્જુન પણ તેટલા શક્તિશાળી હતા. છતાં ભીમ અને અર્જુનના નામ ઇતિહાસના પાને સુવર્ણાક્ષરે લખાયા અને દુર્યોધન અને દુઃશાશનના નામ કાળા અક્ષરે લખાયા. શક્તિ તો બંનેને મળી હતી. પણ એકે સદુપયોગ કર્યો ને બીજાએ દુરુપયોગ કર્યો. શક્તિ હનુમાનજીને મળી હતી ને રાવણને પણ મળી હતી. હનુમાનજીને અન્ય ધર્મીઓ તેલ ચઢાવી તેમની શક્તિ માંગે છે કે તમારા જેવું બળ અમને મળો. કારણ કે હનુમાનજી સીતાની વહારે ગયા. તે રામ માટે પોતાના પ્રાણ દેવા પડે તો દઇ દેવા તૈયાર હતા. એટલે તેમની રામ પ્રત્યેની અથાગ ભક્તિ હતી. તેથી આજે જગત તેમના ચરણમાં શ્રદ્ધાના પુષ્પો સમર્પણ કરે છે. જ્યારે રાવણને આજે કોઇ યાદ કરતું નથી. તેનું કારણ શું? આપને સમજાયું? તેનું કારણ એ કે તેમણે શક્તિ મેળવી પણ વાપરવાની રીત ન જાણી. શક્તિનો સુંદર ઉપયોગ એ વિકાશનો પંથ છે ને તેનો દુરુપયોગ એ પતનનો પંથ છે. જ્યારે શક્તિનો સાચો સદુપયોગ જીવનમાં આવશે ત્યારે જીવનની દિશા આખી બદલાઇ જશે. પછી જગત તેને ગમે તે કહે પણ તે તરફ દૃષ્ટિ નહિ હોય. આજે બહારથી ધર્માત્માનો દેખાવ કરીને ફરનારા ઘણા હોય છે પણ પરમાત્મા જાણતા હોય છે કે તે ધર્માત્મા છે કે દુરાત્મા? એક ભક્ત પ્રભુની પ્રાર્થના કરતા બોલ્યા છે કે :–

**અરે ઓરે...ઓરે ઓરે....ડગલે ડગલે હું દંભ કરું મને દુનિયા માને ધર્માત્મા,**
**પણ શું ભર્યું મારા મનડામાં એક વાર જુઓને પરમાત્મા ... એક વાર ....**
**હું ઢોંગ કરું છું ધર્મીનો પણ ધર્મ વસ્યો ના હૈયામાં,**
**બેહાલ ભલે ફરતી દુનિયા, મારે સૂવું સુખની શય્યામાં .... અરે ઓરે....**

હે પ્રભુ! હું ધર્મીનો ઢોંગ કરીને ફરું છું. જગત મને ધર્માત્મા માને છે. પણ

મારા હૈયામાં તો ધર્મનું સ્થાન નથી. દુનિયામાં ઘણાં જીવો ભલે બેહાલ દશામાં ફરતા હોય પણ હું તો આરામથી શય્યામાં પોઢું છું. બહારથી ધર્મનો દંભ કરું છું પણ મારા મનડામાં શું ભર્યું છે તે તો પ્રભુ આપના વિના કોણ જાણી શકે? બહારથી ભગવાનનો ભક્ત કહેવાઇને ફરું છું પણ સમય આવે ત્યારે ખબર પડે કે ભગવાનની ભક્તિ મારામાં કયાં સુધી ટકે છે?

વૈષ્ણવ સાહિત્યમાં એક નાનકડી વાત આવે છે. નારદજી પોતાને મહાન ધર્માત્મા અને વિષ્ણુ ભગવાનનો સાચો ભક્ત માનતા હતા. એક વાર નારદજી વિષ્ણુ ભગવાનને પગે લાગીને કહે છે હે ભગવાન! હું આપનો સૌથી મોટો ભક્ત છું. તમારા પ્રત્યે મારી અત્યંત ભક્તિ અને લાગણી છે છતાં તમે મારી ભક્તિની કદર કરી નથી. તમારા માટે હું જાન દઇ દઉં તેવો ભક્ત છું. મારા જેવો ભક્ત આપને આ સંસારમાં બીજો નહિ મળે.

નારદજીની વાત સાંભળી વિષ્ણુ ભગવાન તે સમયે મૌન રહ્યા. કંઇ ન બોલ્યા. પણ મનમાં એક વાર નારદજીની પરીક્ષા કરવાનો નિશ્ચય કર્યો. નારદજી આવી વાત કરીને ચાલ્યા ગયા. છ મહિના પછી નારદજી આવ્યા ત્યારે નારદજીને જોઇને વિષ્ણુજી આમથી તેમ આળોટવા લાગ્યા. તેમના મુખ ઉપર અત્યંત વેદના હોય તેમ દેખાતું હતું. નારદજી કહે-ભગવાન! આપને શું થયું? તો કહે-મને પેટમાં અસહ્ય વેદના ઉપડી છે. નારદજી કહે-હું શું કરું તો આપની વેદના શાંત થાય? વિષ્ણુજી કહે-ખૂબ વિચાર કરતાં મને એક ઔષધિ મળી છે. પણ તેમાં મિશ્રણ કરવાને જે જોઇએ છે તે નથી મળતું. નારદજી કહે-આપ વિના સંકોચે મને કહો. આપને શું જોઇએ છે? તમારા માટે આ ભક્ત જાન દેવા તૈયાર છે. વિષ્ણુજી કહે-નારદજી! આપની ભક્તિ અપૂર્વ છે. તારા જેવો મહાન ધર્માત્મા અને મારો સાચો ભક્ત હોય તેનું કાળજું મળી જાય તો તેમાં દવાનું મિશ્રણ કરીને વાપરવાથી મારો રોગ શાંત થશે. નારદજી કહે-પ્રભુ! એની શું ચિંતા? હું હમણાં થોડીવારમાં આ કાર્ય કરીને આવું છું.

નારદજી તો આમ કહીને ત્યાંથી ઉપડયા. તેમણે વિચાર કર્યો કે ભગવાનના અનન્ય ભક્તો કયાં મળશે? આમ વિચાર કરીને તે ત્યાંથી ઉપડયા. ગંગા નદીના કિનારા પર ત્યાં અસંખ્ય ભક્તો જોરશોરથી ભગવાન વિષ્ણુનો જાપ કરતા થકા ભક્તિભાવથી નદીમાં સ્નાન કરી રહ્યા હતા. નારદજી આ જોઇને ખૂબ પ્રસન્ન થયા. અને વિચારવા લાગ્યા કે અહો! અહીં તો અનેક ભક્તો હાજર છે. એકનું તો શું પણ અનેક ધર્માત્મા માનવોનું કાળજું મળી શકે તેમ છે. આ પ્રમાણે વિચાર કરીને નારદજીએ જે ખૂબ જોરશોરથી વિષ્ણુ ભગવાનનો જાપ કરી રહ્યો હતો ને ગંગામાં સ્નાન કરી રહ્યો હતો તેની નજીક જઇને પૂછયું હે ભક્તરાજ! શું તમે વિષ્ણુ ભગવાનના સાચા ભક્ત છો? ત્યારે તે માણસે કહ્યું-અરે! શું તમને દેખાતું નથી કે મારી જીભ પર વિષ્ણુ ભગવાન સિવાય બીજા કોઇનું

નામ આવે છે? હું ભક્ત છું તેમાં તમને કોઇ શંકા છે? આટલું બોલીને તે તો પાછો જલ્દી જલ્દી વિષ્ણુ ભગવાનનો જાપ કરતાં થકો સ્નાન કરવા લાગ્યો.

ફરીને નારદજી પૂછે છે તમને ભગવાન કેવા વહાલા છે? એટલે તે માણુસો કહે. તમારી બુદ્ધિ કટાઇ ગઇ લાગે છે. ભકતોને ભગવાન તો પ્રાણથી પણ અધિક પ્યારા હોય છે. નારદજી કહે, મારી બુદ્ધિ કટાઇ ગઇ નથી. પણ એમ બન્યું છે કે આજે વિષ્ણુ ભગવાનના પેટમાં અસહ્ય પીડા ઉપડી છે. તો શું તેમને માટે તમે મને ઔષધિ આપી શકો છો? ત્યારે તે ભક્ત પ્રસન્ન થઇને કહે. મારે મોટો વહેપાર છે. આપને જેટલું ધન અને જેટલી દવા જોઇએ તેટલી ભગવાનને માટે લઇ જાઓ. બધી દવા દવાવાળાની દુકાનેથી ખરીદી લો. અરે! મારૂં બધું ધન દેવું પડશે તો દઇ દઇશ. આ ભકતે તો બધું દઇ દેવાનું કહ્યું પણ તમારી સામે આવો પ્રશ્ન ઉભો થાય તો તમે શું કરો? (શ્રોતામાંથી અવાજઃ- મર્યાદિત આપીએ બધું ન આપીએ.) આ ભક્તની વાત સાંભળી નારદજી મનમાં વિચાર કરવા લાગ્યા કે આ સાચો ભક્ત અને ધર્માત્મા છે. તો હવે મારે કાર્ય કરવામાં શા માટે વિલંબ કરવો જોઇએ?

એમ વિચારીને નારદજી કહે તમારું ધન કે દાગીના કંઇ નથી જોઇતું. ભગવાનનું દર્દ એવું ભયંકર છે કે તે બીજી કોઇ દવાથી મટી શકે તેમ નથી. તેમના માટે ફકત એક ઔષધિ છે. ભકત કહે આપ જલ્દી બતાવો પણ ભગવાનને જલ્દી સારું થાય તેમ કરો. નારદજી કહે. જે વિષ્ણુજીનો સાચો ભકત અને ધર્માત્મા હોય તે પોતાનું કલેજુ કાઢીને આપે તો તેમનો રોગ મટે તેમ છે. તમે સાચા ભકત અને ધર્માત્મા છો તેથી તમારું કાળજું કાઢીને મને આપો કે જેથી ભગવાનનું દર્દ જલ્દી મટી જાય. આ સાંભળતા તે ભકતનો ક્રોધ ભભૂકી ઉઠયો ને બોલ્યો- એવી તે શું દવા હોય ખરી? આપનું મગજ ખરાબ થઇ ગયું છે કે શું? આ સંસારમાં કોણ એવો મૂર્ખ હોય કે જે પોતાનું કાળજું કાઢીને આપે! તમારી સમજ ફેર થઇ લાગે છે. ચાલ્યા જાવ અહીંથી. નીકળી પડયા છે કલેજું લેવા! નહીં મળે. સમય આવ્યે પરીક્ષા થાય છે. ભકતો સાચા છે કે ખોટા? હું શ્રાવકોને કહું કે તમને મહાસતીજી વહાલા હોય તો લઇ લો પચ્ચખાણ કે બે નંબરનું નાણું રાખવું નહિ. તો શું કોઇ પચ્ચખાણ લે ખરા? ન લે.

નારદજી પોતાનું અપમાન થયેલું જાણીને ત્યાંથી ચાલ્યા ગયા. પરંતુ તેમને તો ભગવાનનું કામ કરીને પોતાને સાચો ભકત સાબિત કરવો હતો. તેથી એક એક કરતાં કેટલાય ભકતોની પાસે ગયા પરંતુ કોઇએ કાળજું ન આપ્યું. ઉપરથી અપશબ્દો સાંભળવા પડયા. તેથી નારદજી ત્યાંથી રવાના થઇને મોટા મોટા મંદિરોમાં ગયા. જ્યાં ભકતોની મંડળી ખુબ મીઠા મધુરા સ્વરથી વિષ્ણુજીના ગુણગાન કરી રહી હતી. ત્યાં જઇને નારદજીએ બધાને સમજાવ્યા. પરંતુ કોઇએ પોતાનું કાળજુ ન આપ્યું તે ન આપ્યું..

છેવટે થાકીને નારદજી એક જંગલમાં ગયા અને એક વૃક્ષની નીચે ઉદાસ મને બેસીને અનેક વિચાર કરવા લાગ્યા. તે ઝાડ ઉપર એક કઠીયારો કુહાડીથી લાકડા કાપી રહ્યો હતો. તેણે નારદજીને એકદમ ઉદાસ થઈને બેઠેલા જોઈને પૂછયું. હે નારદજી! આજે આપ કેમ આટલા બધા ઉદાસ થઈને બેઠા છો? નારદજી કહે-આ દુનિયામાં વિષ્ણુ ભગવાનના સેંકડો ભકતો છે પણ સાચો ભકત કોણ છે? તે સમય આવ્યે ખબર પડે. બધા દેખાવની ભક્તિ કરે છે. વિષ્ણુ ભગવાનને પેટમાં અસહ્ય દુખાવો થાય છે. તેથી તેમણે સાચા ભકતના કાળજાની માંગણી કરી છે પણ કોઈ કાળજુ દેનાર ન નીકળ્યું.

કઠિયારો આ સાંભળીને કહે છે હે ઋષિજી! આટલી વાતને માટે આપ હેરાન-પરેશાન થઈ રહ્યા છો? લો, અત્યારે આ ક્ષણે મારું કાળજું ભગવાન પાસે લઈ જાવ. આ કઠીયારો જોવામાં ભકત દેખાતો નથી કે આખો દિવસ વિષ્ણુના નામની ધૂન પણ લગાવતો નથી. છતાં બલિદાન દેવા તૈયાર થયો. નારદજી કહે-તું મરી જઈશ. કઠીયારો કહે-હું મરવાનો નથી પણ અમર બનવાનો છું. મારા કેટલા અહોભાગ્ય કે આજે મને એવો સુઅવસર મળ્યો છે કે મારું શરીર સ્વયં વિષ્ણુભગવાનના કામમાં આવશે. એનાથી વધારે લાભ બીજો કયો હોઈ શકે? આજે મારું જીવન ધન્ય બની જશે. હવે આપ વિલંબ ન કરો. આપ જલ્દી જલ્દી મારું કાળજું લઈ જાવ ને જલ્દી ભગવાનનો રોગ મટાડી દો. નારદજીને પહેલાં તો કઠિયારાની વાત ઉપર વિશ્વાસ ન આવ્યો. તે વિચાર કરવા લાગ્યા કે આ કોઈ સ્વપ્ન તો નથી ને? પરંતુ જ્યારે કઠિયારાની વિષ્ણુ ભગવાન માટે કાળજુ આપવાની ઉત્સુકતા જોઈ ત્યારે તે ઘણી પ્રસન્નતાથી કઠિયારાનું કાળજું લઈને વિષ્ણુજીની પાસે પહોંચી ગયા.

વિષ્ણુજીની પાસે જઈને નારદજી બોલ્યા-પ્રભુ! જુઓ, હું આપને માટે કાળજું લઈને આવી ગયો છું. આપનું દુઃખ મટાડવા માટે શું હું પાછી પાની કરી શકું? નારદજીની વાત સાંભળીને વિષ્ણુજી હસતાં હસતાં બોલ્યા-નારદજી! આપે સારું કર્યું. પરંતુ આપ મને એ કહો કે આ કામમાં આપને આટલી બધી વાર કેમ લાગી? નારદજીએ બધી વાત કહી અને કહ્યું કે કેટલી મુશ્કેલીથી સાચા ભકતની ખોજ કરીને કાળજું લાવ્યો છું. નારદજીની વાત સાંભળી વિષ્ણુ હસી પડયા અને બોલ્યા-મારા માટે સાચા ભકત અને ધર્માત્માની ખોજ કરવામાં આપને ઘણી મુશીબત પડી. પરંતુ ઋષિજી! હું આપને એ પૂછું છું કે શું આપની પાસે તે કલેજું નહોતું? આ સાંભળી નારદજીનો અહં ઓગળી ગયો.

બંધુઓ! વિષ્ણુ ભગવાને આમ શા માટે કીધું? તેનું કારણ એ છે કે જે નારદ પોતાને મોટા ધર્માત્મા અને ભગવાનનો સાચો ભકત કહીને ડંફાસ મારતા હતા તે પોતે સ્વંય ભગવાનના કષ્ટ સમયે પોતાનું કલેજું આપવા તૈયાર ન થયા. અને

દેશો - દેશમાં બીજાનું કલેજું લેવા માટે ઘૂમવા લાગ્યા. આ શું ભકિત કહેવાય ખરી ? ના. વિષ્ણુજીએ તો નારદજીની પરીક્ષા કરવા માટે પેટના દર્દનું બહાનું બતાવ્યું હતું. વિષ્ણુજીએ કહ્યું - નારદજી ! તમે કહેતા હતા ને કે હું આપનો સાચો ભકત છું. ધર્માત્મા છું, આપની સતત ભકિત કરું છું છતાં મારા ઉપર આપની કૃપા કેમ નથી ઉતરી ? જો આપ સાચા ભક્ત હોત તો તો બીજા કોઇનું કાળજુ ન લેવા જતાં તમારું પોતાનું કાળજું આપી દેત. હું ધર્માત્મા કે ભક્ત છું એવું કહેવાની જરૂર નથી. સમય આવે તરત ઓળખાઇ જાય છે. નારદજીનો અહં ઓગળી ગયો. તેમની આંખ ખુલી ગઇ ને પોતાની ભૂલ સમજાઇ ગઇ. જે ભૂલ કરે તે માનવ અને ભૂલને સુધારે તે મહા-માનવ આ તો વિષ્ણુ ભગવાનની માયા હતી. છેવટે કઠીયારો પણ જીવતો રહે છે.

આપણે વાત ચાલતી હતી કે શક્તિનો સાચો ઉપયોગ કોણે કર્યો ? જ્યારે જીવનમાં શકિતનો સાચો સદુપયોગ થાય છે ત્યારે તેનું જીવન કોઇ અનોખું હોય છે. સમ્રાટ અશોકનું નામ તો સૌ કોઇએ સાંભળ્યું હશે ! તેમનું શરૂઆતનું જીવન કેવું હતું ? રાજ્ય વિસ્તારની લોલુપતાથી એક જમીનના ટુકડા માટે હજારો વીરોના ખૂનની નદીઓ વહાવી. ઘાસની માફક માનવીઓને કપાવી નાંખ્યા. તે અશોક કલિંગ દેશ ઉપર ચઢાઈ કરવા ગયો ત્યાં બુદ્ધના બે શબ્દોએ તેના પર જાદુઇ અસર કરી. જે અશોક સામ્રાજ્યના વિસ્તારની ખાતર હજારો માનવીઓના બલિદાન આપતાં અચકાતો નહોતો તે અશોક બુદ્ધનો સમાગમ થતાં એટલો કોમળ હૃદયી બની ગયો કે પછી એક કીડી જેવા નાના પ્રાણીની હત્યા થાય તે પણ જોઇ શકતો ન હતો. આવા અશોક સમ્રાટ જેવા પાપીનું એક વાર બુદ્ધનો ભેટો થતાં જીવનનું પરિવર્તન થયું. તો તમે બધા કોઇ અશોક સમ્રાટ જેવા પાપી નથી. અશોકની જેમ તમે ક્યાં કોઇની હત્યા કરવા જાવ છો ? નથી જતાં. છતાં સંતો સમજાવે ને હૃદય પલટાતું ન હોય તો આપણી શક્તિનો દુરૂપયોગ કરી રહ્યા છીએ.

સમ્રાટ અશોકનો પલટો થયો તે પણ કેટલે સુધી ? તેણે રાજ્યમાં ઠેર ઠેર શિલાલેખો કોતરાવ્યા કે એક પણ પશુ કે પ્રાણીની કોઇ પણ હિંસા કરશે તે મારા રાજ્યમાં જીવતા નહિ રહે. તેમણે પ્રજાને પ્રાણી માત્ર તરફ પ્રેમવૃત્તિ રાખવાનો સંદેશો આપ્યો. એટલું જ નહિ પણ તેણે બૌદ્ધ ધર્મના પ્રચાર માટે પોતાના પ્રિય પુત્ર અને પુત્રીને પણ પરદેશમાં મોકલ્યા. આ છે સમ્રાટ અશોકની શકિતનો સાચો સદુપયોગ. જૈન ઇતિહાસમાં અર્જુનમાળી, પરદેશી રાજા, જેવા તેમના જીવન પહેલા કુકૃત્યોથી ભરેલા હતા. તેઓ પોતાની શકિતનો દુરૂપયોગ કરી રહ્યા હતા. પરંતુ એક મહાપુરૂષના સમાગમમાં આવતા તેમના જીવનમાં અંધકાર દૂર થયો, ને પ્રકાશ ફેલાયો. પછી તેમણે પોતાની શકિતનો ઉપયોગ કર્મોને તોડવામાં કર્યો. આજે શકિતનો સાચો ઉપયોગ તે વિષયમાં ઘણી વાતો કરી. તમે સાંભળી પણ ઘણી. હવે આપણે એ વિચારવાનું છે કે

ધન, બુદ્ધિ તથા શારીરિક શક્તિ આદિ જે શક્તિ મને મળી છે તેનો હું સદુપયોગ કરું છું કે દુરૂપયોગ કરું છું. સમય થઇ ગયો છે પણ આપણી રોજની સનાથ અનાથની જે વાત છે તે થોડી કહીશ.

અનાથી નિર્ગ્રંથ શ્રેણીક રાજાને સાધુના આચારની વાતો સંભળાવે છે. તમને એમ થતું હશે કે શ્રેણીક રાજા સાધુ ન હતા છતાં અનાથી મુનિએ એમની પાસે સાધુતાના આચારનું વર્ણન શા માટે કર્યું હશે? ભાઇ! શ્રેણીક રાજા સાધુ બનવાના ન હતા. અમે પણ તમારી સામે સાધુના આચારની વાતો કરીએ છીએ તો શું તમે બધા સાધુ છો ખરા? અગર ભવિષ્યમાં સાધુ બનશો ખરા? તમે સાધુ બનો તો આનંદની વાત છે. પણ સાધુપણાનો આચાર ગૃહસ્થને કોણ બતાવે? જે સાધુના આચારનું બરાબર પાલન કરતો હોય તે બતાવે છે. જે સાધુપણાના આચારનું બરાબર પાલન કરતા ન હોય તે એવો વિચાર કરે કે જો હું સાધુનો આચાર ગૃહસ્થોને સમજાવીશ તો ગૃહસ્થો મારી ટીકા કરશે. પણ જે સાચા સાધુ છે તે સ્હેજ પણ ગોપવ્યા વગર ગૃહસ્થોને સાધુપણાની વાત સમજાવશે. હવે અનાથી મુનિ શું કહે છે:-

**सोच्चाण मेहावि सुभासियं इमं, अणुसासणं नाणगुणोववेयं ।**
**मग्गं कुसीलाण जहाय सव्वं, महानियंठाण वए महेणं ।।**

ઉત્ત. સૂ. અ. ૨૦ ગાથા ૫૧.

હે બુદ્ધિમાન રાજા! મેં જે સુભાષિત કે જેનું તારી સામે વર્ણન કર્યું છે તે સાંભળીને તેને વિષે વિચાર કર. આ સુભાષિત અનુશાસન એટલે કે શિક્ષા રૂપ છે. અને જ્ઞાન-દર્શન-ચારિત્રના ગુણોથી યુક્ત છે. આ જ્ઞાન, દર્શન, ચારિત્રના ગુણોથી યુક્ત શિક્ષાને સાંભળી તું કુશીલોનો માર્ગ છોડી દઇને મહા નિગ્રંથોના માર્ગે ચાલ. અહીં અનાથી મુનિએ રાજા શ્રેણીકને બુદ્ધિમાન કહીને સંબોધન કર્યું છે. તો આ ઉપરથી સમજાય છે કે આવી ઉત્તમ હિત શિખામણ બુદ્ધિમાનને આપવી જોઇએ. બુદ્ધિહીનને નહિ આપવી જોઇએ. પણ બંધુઓ! અહીં તો અનાથી મુનિ જેવા સાધુ પણ નથી ને શ્રેણીક રાજા જેવું બુદ્ધિમાન પાત્ર પણ નથી. છતાં આપણી બુદ્ધિ પ્રમાણે આપણે સમજવાનું અને વિચારવાનું છે.

જ્ઞાનીએ બે પ્રકારના બુદ્ધિમાન બતાવ્યા છે. ઘણાં મનુષ્યો એવા બુદ્ધિશાળી હોય છે કે તેઓ જે વાત સાંભળે છે તે તરત તેના મગજમાં બેસી જાય છે. ને તેના ઉપરથી સત્યાસત્યનો નિર્ણય કરી લે છે. બીજો બુદ્ધિમાન મનુષ્ય એવો હોય છે કે તે વાત સાંભળીને તરત સત્યાસત્યનો નિર્ણય કરી શકતો નથી. પણ તે માટે તે પ્રયત્નશીલ જરૂર રહે છે. માની લો કે એક માસ્તર છે ને બીજો વિદ્યાર્થી છે. તો એમાંથી બુદ્ધિશાળી તમે કોને કહેશો? જો બંને બુદ્ધિ વગરના હોય તો એક માસ્તર અને બીજો વિદ્યાર્થી ન કહેવાય. અને જો બંને સમાન બુદ્ધિવાળા હોય તો એકને

માસ્તર અને બીજાને વિદ્યાર્થી બનવાની જરૂર રહેતી નથી. પણ વિચાર કરો. માસ્તર વધારે બુદ્ધિવાન છે ને વિદ્યાર્થી ઓછો બુદ્ધિમાન છે. માસ્તર વિદ્યાર્થીને બુદ્ધિ આપે છે ને વિદ્યાર્થી માસ્તર જેવી બુદ્ધિ મેળવવાને માટે પ્રયત્ન કરે છે. એટલે તે પણ બુદ્ધિમાન છે. તેમ ભલે તમે સાંભળીને તરત કોઈ પણ વાતનો નિર્ણય ન કરી શકો પણ નિર્ણય કરવાની ઇચ્છા તો રાખો છો ને? તે માટે પ્રયત્ન પણ કરો છો ને? જો તમે પણ ઇચ્છા રાખતા હો તો તમે પણ બુદ્ધિમાન છો. માસ્તરને જ્યારે બહારગામ જવું પડે છે ત્યારે તે હોંશિયાર વિદ્યાર્થીને કલાસ સોંપીને જાય છે. તેમ તમે પણ અમારા હોંશિયાર વિદ્યાર્થી બનો. સાધુની વાલકેશ્વરમાં હાજરી હોય કે ન હોય પણ શ્રાવકો સાધુનું સ્થાન સંભાળી શકે. સંઘમાં શુષ્કતા આવી ન જાય તેનું ધ્યાન રાખે.

જ્યાં આવા પવિત્ર અને જાગૃત શ્રાવકો વસે છે તેમના તરફ સંતોને પણ આકર્ષણ થાય છે. અને સંતો બુદ્ધિમાન શ્રાવકોની યોગ્યતા જોઇને તેમની પાસે પોતાનો અમૂલ્ય માલ કાઢે છે. પણ પહેલાં શ્રાવકોની પરીક્ષા તો જરૂર કરે છે. જેમ ખેડૂત જમીનમાં બીજ વાવતાં પહેલાં એ જોઇ લે છે કે આ ભૂમિ ઉપજાવ છે કે નહિ? જો જમીનમાં ઘાસ ઉગેલું હોય છે તો તે જોઇને ખેડૂત વિચાર કરે છે કે આ ભૂમિ ઉપર વાવેલું બીજ નિરર્થક નહિ જાય. પણ જે ભૂમિ ઉપર ઘાસ ન ઉગ્યું હોય તો તે ભૂમિમાં બીજ વાવવાથી મહેનત માથે પડે છે ને બીજ પણ નકામું જાય છે. તેમ જેમના હૃદયમાં શ્રદ્ધા અને ભક્તિના અંકુર ઉગેલા હોય છે. એમને જ્ઞાન આપવાથી તેમની પાસે ધર્મકથા કરવાથી લાભ થાય છે. અને જેનામાં શ્રદ્ધા નથી તેને જ્ઞાન આપવાથી કંઇ લાભ થતો નથી. એવા માણસને કોઇ પરાણે સાંભળવા લાવે તો પણ એને રૂચતું નથી.

એક નાનકડું ગામ હતું. તે ગામમાં ૭૦૦૦ માણસોની વસ્તી હતી. એ ગામમાં અન્ય ધર્મના સંત પધાર્યા. અન્ય ધર્મના સંતો રાત્રે પ્રવચન આપી શકે છે. રાત્રે પ્રવચનમાં ઘણાં માણસો લાભ લઈ શકે છે. કારણ કે રાત્રે લોકો કામકાજથી નિવૃત્ત થઇને જેટલો લાભ લેવો હોય તેટલો લઇ શકે છે. એ સંત રામાયણ અને ગીતા ઉપર પ્રવચન ફરમાવતા હતા. એમની વાંચવાની શૈલી મધુર હતી. એટલે લોકોને ખૂબ રસ પડતો હતો. સાત હજારની વસ્તીમાંથી લગભગ ૬૦૦૦ જેટલા માણસો પ્રવચન સાંભળવા જતા હતા. સાંભળીને લોકો ખૂબ વખાણ કરવા લાગ્યા કે શું સરસ મહાત્માનું પ્રવચન છે! શું તેમનો પહાડી અવાજ છે! કેવી મધુર તેમની શૈલી છે! હરિરસ પીવાની કેવી મઝા આવે છે! જાણે ત્યાંથી આપણે ઉઠીએ જ નહિ. હરિરસના મધુરા ઘૂંટડા પીધા જ કરીએ. એમ ઘરે આવીને વાતો કરવા લાગ્યા. જેને હરિરસ પીવાની લગની લાગે છે તે પીતાં ધરાતાં નથી.

આપણા જંબુસ્વામી સુધર્મા સ્વામીની પાસે વીતરાગ વાણીના મીઠા ઘૂંટડા પીવા

બેસતાં હતાં ને સુધર્માસ્વામી જ્ઞાનામૃતના ગ્લાસ ભરી ભરીને તેમને આપતા હતાં. તે પીતાં કદી ધરાતા ન હતા, અને તમે તો એક કલાક સાંભળતાં ધરાઈ જાઓ છો. (હસાહસ) આ ગામના લોકો ખૂબ ભાવિક અને ભક્તિવાન હતા. ફક્ત ૧૦૦૦ જેટલા માણસો ધર્મના રસથી રહિત હતા. એ તો દરેક જગ્યાએ હોય છે. ગામ હોય ત્યાં ઉકરડો તો હોય. તેમ ગામમાં ઘણાં માણસો ધર્મિષ્ઠ હતા પણ થોડા ધર્મિષ્ઠ ન હતા. આ ગામમાં એક અવળો નામનો ૨૫ વર્ષનો યુવાન રહેતો હતો. તેને ધર્મ કરવો ગમે નહિ. પણ એક દિવસ એના પાડોશીએ કહ્યું કે અવળા! તું અહીં બેસી રહે છે તેના કરતાં અમારી સાથે હરિરસ પીવા માટે ચાલને? ત્યાં તને ખૂબ આનંદ આવશે. અમે તો એવો હરિરસ પીએ છીએ કે પીતાં ધરાતા નથી. ત્યારે પેલા અવળાના મનમાં થયું કે અહો! હું વિચાર કરતો હતો કે આટલા બધા માણસો રોજ ક્યાં જતા હશે? ને ત્યાં જઈને શું કરતા હશે? પણ હવે ખબર પડી કે એમને તો હરિરસ મળે છે એટલે પીવા માટે જતાં હશે. એ બધા રોજ જલસા કરે છે તો હું પણ એમની સાથે જાઉં.

બંધુઓ! આ અવળો હરિરસ પીવા માટે જવા તૈયાર થયો. પણ તેને થયું કે હરિરસ પીવા માટે એક મોટો વાડકો લેતો જાઉં. હાથમાં પીઉં તો ઢોળાઈ જાય. વાટકો હોય તો ઢોળાવાની કે કપડા બગડવાની ચિંતા નહિ. એને ખબર નથી કે હરિરસ કોને કહેવાય? એ તો સમજતો હતો કે શેરડીનો, મોસંબી કે સંતરાનો રસ હોય છે તેવો હરિરસ પણ પીવાનો રસ હશે. મહાત્માનું પ્રવચન શરૂ થયા પછી થોડી વારે તે ત્યાં પહોંચી ગયો. માનવ મેદની ચિક્કાર ભરાઈ ગઈ હતી એટલે એક મકાનની ભીંતના ઓઠીંગણે જઈને ભાઈ બેસી ગયા ને રાહ જોવા લાગ્યો કે આ મહાત્મા ક્યારે એમનું પ્રવચન બંધ કરે ને ક્યારે હરિરસ આપશે? એમ વિચારી ચારે તરફ દૃષ્ટિ કરવા લાગ્યો. ને મનમાં વિચારવા લાગ્યો કે જો આટલા બધા માણસોને રસ પીવડાવવાનો હોય તો તેને માટે કંઈ વ્યવસ્થા તો હોવી જોઈએ ને? અહીં તો કંઈ સામગ્રી દેખાતી નથી. તો હવે ક્યારે મહારાજ હરિરસ પીવડાવશે? લોકો સંતના મુખેથી નીકળતી વાણીનો રસ પીવામાં મસ્ત છે. અને પેલો અવળો ક્યારે રસ પીવડાવશે તેની રાહ જોવામાં મસ્ત હતો. એ ભીંતના ઓઠીંગણે બેઠો હતો. તેમાં ઉંઘ આવી ગઈ. એને હરિરસ પીવાની તીવ્ર તમન્ના હતી એટલે એનું મોઢું ઉંઘમાં પહોળું રહી ગયું છે. તે સમયે એક કૂતરો ત્યાં આવ્યો. કૂતરાનો સ્વભાવ તો તમે જાણો છો ને? જ્યાં સારી જગ્યા હોય ત્યાં જઈને છાંટ મારી આવે. પેલા અવળાનું મોઢું પહોળું છે ને ઉંઘમાં ઝોકું આવી જવાથી તેનું માથું નીચું નમી ગયું છે. એટલે પેલો કૂતરો ધીમે રહીને એના મોઢામાં લઘુનીત કરીને ચાલ્યો ગયો. અવળાનું મોઢું ખારું ખારું થઈ ગયું. તે એકદમ જાગૃત થયો ને વિચારવા લાગ્યો કે મારા મોઢામાં હરિરસ આવ્યો લાગે છે. પણ બધા લોકો તો ખૂબ વખાણ કરતાં હતાં કે હરિરસ

મીઠો અમૃત જેવો છે ને આ તો ખારો ખારો મીઠા જેવો છે મારું મોઢું પણ બગડી ગયું, એમ બોલતો ઉભો થઇ ગયો ને થૂ....થૂ કરતો ચાલ્યો ગયો. હવે તો ક્યારે પણ અહીં આવવું નથી.

બંધુઓ! એક તો એને સાંભળવાનો રસ હતો નહિ પણ લોકોના કહેવાથી તે હરિરસ પીવા આવ્યો. પણ હરિરસ કોને કહેવાય એ તો એને ખબર ન હતી. બીજે દિવસે પાડોશી કહે છે કેમ અવળા! આજે આવવું છે ને? કાલે મઝા આવી હતી ને? હરિરસ કેવો મીઠો છે? ત્યારે અવળો કહે. હરિરસ તો ખારો ખારો હતો. મારે હવે ત્યાં આવવું નથી. આ અવળો તે અવળો હતો. એ તો વાટકો લઇને બાહ્ય રસ લેવા ગયો હતો પણ હરિરસના ભાવ સમજ્યો ન હતો. ભાવ વિના કદી રસ આવતો નથી. આ રસ કંઇ બહારથી મળતો નથી. અંતરમાંથી ઉત્પન્ન થાય છે. તમને વીતરાગ વાણીમાં રસ ક્યારે આવે? આત્માનો રસ તેમાં ભળે તો? તમે ગમે તેવા મિષ્ટાન્ન અને ફરસાણ ખાવ પણ તેનો સ્વાદ ક્યારે આવે? તેમાં જીભનો રસ ભળે તો, પણ જો જીભનો રસ ઉડી ગયો હોય તો ખાવામાં સ્વાદ આવતો નથી. તે રીતે અંતરના ભાવપૂર્વક સાંભળશો તો અપૂર્વ રસ આવશે નહિતર પેલા અવળા જેવી દશા થશે.

આ રીતે સાધુ પણ જો દીક્ષા લઇને તેમાં રસ ન રાખે તો તેને પણ જે રસ અને આનંદ આવવો જોઇએ તે આવતો નથી. અનાથી મુનિ શ્રેણીક રાજાને કહે છે કે હે શ્રેણીક! તેં આ સાધુપણાના આચાર સાંભળ્યા. તું ભલે દીક્ષા ન લઈ શકે તો ખેર! પણ કુસંગી કુશીલ સાધુ જેવો ન બનીશ. પણ સુશીલ અને સુસંગી સાધુ જેવો બનજે. સંયમી સાધક સંયમ લઇને પણ જો કુસંગે ચઢી જાય છે તો તે ઘરનો કે ઘાટનો રહેતો નથી. ન તો સંયમી જીવનનો આનંદ માણી શકે કે ન તો સંસારી જીવનનો આનંદ માણી શકે. જે સંયમી સંયમમાં સ્થિર રહે છે તે સાચો સનાથ બની શકે છે. હજુ અનાથી મુનિ શ્રેણીક રાજાને શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં. ૧૦૭

**કારતક સુદ ૧૪ ને સોમવાર** **તા. ૧૭-૧૧-૭૫**

સુજ્ઞ બંધુઓ, સુશીલ માતાઓ ને બહેનો!

અનંત જ્ઞાની મહાન પુરૂષોએ આપણા આત્માના એકાંત શ્રેયને માટે આગમ વાણીની રજુઆત કરી. આગમની વાણીનું શ્રવણ, મનન અને વાંચન કરી તેનો એક શબ્દ પણ જે આત્મામાં ઉતારે ને તે પ્રમાણે અનુસરે તો કલ્યાણ થયા વિના ન રહે. તમે કહો છો ને કે અમારા ચોપડા એટલે સોનાની ખાણ. કારણકે ચોપડો લેણાં દેણાં બોલશે.

આમ તમે કહો છો પણ આત્માર્થીજીવને ચોપડા આશ્રવની ખાણ લાગે છે. ભગવાનની વાણીરૂપી આગમના ચોપડા એ રત્નોની ખાણ છે. તેના એકેક શબ્દે શબ્દે શાશ્વત સુખ રહેલું છે. ને અક્ષરે અક્ષરમાં અક્ષય શાંતિ ભરેલી છે. પણ આત્માને તેની શ્રદ્ધા નથી તેથી પરભાવમાં રમવું ગમે છે. જેમ નાના બાળકને તેની માતા ઘરમાં ગમે તેટલી ચીજ ખાવા માટે આપે પણ તેને દશકો લઈને બહારથી ખાવામાં આનંદ આવે છે તેટલો ઘરે સારામાં સારી ચીજ ખાવામાં આવતો નથી. કારણ કે તેને ઘરની વસ્તુની પિછાણ થઈ નથી. એ તો નાનો બાળક છે પણ તમે તો નાના નથી ને? ભગવાન કહે છે હે ચેતન! જો તારે સુખ-શાંતિ અને આનંદ જોઈએ તો તું સ્વમાં ઠર. સ્વમાં જે સુખ-શાંતિ આનંદ છે તે પરમાં નથી. જ્ઞાની કહે છે કે:-

**જ્યાં છે પરની માંગ, ત્યાં છે તૃષ્ણાની આગ,**
**હે ચેતન! હવે તો જાગ, એમ કહે છે વીતરાગ.**

જ્યાં પરની માંગ છે. પરનો રાગ છે ત્યાં તૃષ્ણાની આગ ભડકે બળે છે. ગમે તેટલો પાસે પૈસો હશે છતાં તૃષ્ણાની આગમાં જે મનુષ્ય જલી રહ્યો છે તે કાલે શું કરવું તેની ચિંતા કર્યા કરે છે. આજે ભારત હચમચી રહ્યું છે. ગવર્મેન્ટ નિત્ય નવા લફરા કાઢે છે. તમને ભયના ભણકારા વાગી રહ્યા છે કે આપણા નાણાંનું શું થશે? પર દ્રવ્યની માંગ છે ત્યાં તૃષ્ણાની આગ છે ને દુઃખ છે. માટે પર દ્રવ્યનો મોહ છોડો. તેની તૃષ્ણા ઓછી કરો અને સ્વઘરમાં સ્થિર બનો. વીતરાગ વચન ઉપર શ્રદ્ધા કરો. ઉપાશ્રયે આવતાં વર્ષો વીતી ગયા પણ હજુ ચેતન જાગતો નથી. મોહમાયા અને મમતા છૂટતાં નથી. પણ હે ચેતન! હવે તો તું જાગ. એમ કહે છે વીતરાગ.

બંધુઓ! આ વીતરાગ વચન ઉપર શ્રદ્ધા કરો. મીરાંની કૃષ્ણ પ્રત્યે કેવી શ્રદ્ધા અને ભક્તિ હતી! કે તેની ભક્તિથી ચલાયમાન કરી શક્તિને નમાવવા માટે રાણાએ સર્પના કરંડીયા મોકલ્યા, ઝેરના કટોરા મોકલ્યા છતાં મીરાંની ભક્તિ અને શ્રદ્ધા સ્હેજ પણ ઓછી ન થઈ, તો વિષના કટોરા અમૃતના કટોરા બની ગયા. ને સર્પને બદલે ફૂલની માળા બની ગઈ. આ છે ભક્તિની શક્તિ. જેની શ્રદ્ધા હોય, ભક્તિ હોય તેનું તો કામ થઈ જાય.

એક બ્રાહ્મણ ખૂબ ગરીબ હતો. તેના મનમાં થયું કે મારા પાપ કર્મના ઉદયથી હું ખૂબ દુઃખી છું. તો એક વાર ગંગામૈયામાં સ્નાન કરી આવું. કારણ કે કહ્યું છે કે "गंगा पापम् ।" ગંગા નદીમાં સ્નાન કરવાથી પાપનો નાશ થાય છે. તો હું ગંગા નદીમાં સ્નાન કરી આવું તો મારા પાપ ઓછા થાય ને હું સુખી થાઉં. ગંગા નદીમાં સ્નાન કરવાથી પાપનો નાશ થાય છે એવી વૈષ્ણવ ધર્મની માન્યતા છે. જો ગંગા નદીમાં સ્નાન કરવાથી પાપનો નાશ થતાં હોય તો નદીમાં રહેતા મગર અને માછલાના પાપ ધોવાઈ

જાય. પણ ગંગા નદી એમ કહે છે કે મારામાં કોઇ મલ–મૂત્ર આદિ ગમે તે નાંખે તો પણ જ્યારે જુઓ ત્યારે મારું પાણી નિર્મળ રહે છે. તેમ તમે પણ નિર્મળ બનશો તો તમારું કલ્યાણ થશે.

પેલો બ્રાહ્મણ ગંગા નદીમાં સ્નાન કરવા માટે ઘેરથી નીકળ્યો. પગપાળા ચાલતો જાય છે. ચાલતાં ચાલતાં ૫૦ માઈલ ગંગા નદી દૂર રહી ત્યારે ખૂબ થાકી ગયો. વચમાં એક ઝુંપડી આવી. ઝુંપડીમાં મોચી રહેતો હતો. બ્રાહ્મણના મનમાં થયું કે ઝુંપડીમાં વિસામો ખાઉં ને પછી આગળ વધું. તેણે ઝુંપડીમાં જોયું. મોચીએ તેનો આદર સત્કાર કર્યો. બેસાડયો. બ્રાહ્મણ ઘણે દૂરથી આવતો હતો એટલે તેના બૂટ ફાટી ગયા હતાં. તે મોચીને કહે છે ભાઇ! મારા બૂટ ફાટી ગયા છે. મોચી ખૂબ ભલો હતો. તેનું નામ રૈયા મોચી હતું. તેણે બ્રાહ્મણના બૂટ મફત સાંધી આપ્યા. બ્રાહ્મણ કહે છે ભાઇ! હું બહુ ભૂખ્યો છું. ત્યારે રૈયા મોચી કહે છે તમે બ્રાહ્મણ છો ને હું મોચી છું. તમને મારું ખપે નહિ. પણ આ દાળ અને ચોખા છે. તમારી જાતે ખીચડી રાંધીને જમી લો. બ્રાહ્મણ ભાઇ પોતાની જાતે ખીચડી પકાવીને જમ્યા. થોડીવાર સૂતાં. ઉઠીને મોચીની રજા માંગી. મોચી પૂછે છે તમે કયાં જાઓ છો? બ્રાહ્મણે કહ્યું. હું ગંગા નદીમાં સ્નાન કરવા જાઉં છું. ત્યારે મોચીએ કહ્યું કે તો તમે મારી એક સોપારી લેતા જાઓ. અને ગંગામૈયાને કહેજો કે હે ગંગામૈયા! રૈયા મોચીએ આ સોપારી આપી છે. ગંગા માતા હાથ ધરે તો આ સોપારી આપજો. ત્યારે બ્રાહ્મણ કહે છે ભાઇ! તું જાતે જઇને આપી આવજે ને! જુઓ, બ્રાહ્મણના જોડા મફત સાંધી આપ્યા, ખીચડી ખવડાવી ને ઝૂંપડીમાં વિસામો ખાવા દીધો તો પણ બ્રાહ્મણને શરમ ન પડી. તેની સોપારી લઇ જવી ગમી નહિ. ને ઉપરથી બોલ્યો કે તારે ત્યાં જવું નથી ને ગંગા માતાના હાથમાં સોપારી આપવી છે. એમ ગંગામૈયા તારી સોપારી લેવા હાથ ધરશે? મોચી કહે હાથ ધરે તો આપજે. ન ધરે તો કાંઈ નહિ. બ્રાહ્મણભાઇ સોપારી લઈને ગયા. નદીએ પહોંચ્યા પછી ૯૯ વખત સ્નાન કર્યું. હવે પાછો ફરે છે ત્યાં મોચીની સોપારી યાદ આવી. એણે કહ્યું. હે ગંગામૈયા! રૈયા મોચીએ મને આ સોપારી આપને આપવા આપી છે. એમ કહીને નદીમાં ફેંકવા જાય છે ત્યાં ગંગાદેવીએ હાથ લાંબો કરીને સોપારી લઇ લીધી. સોપારી લઇને રત્નજડિત સોનાનું કિંમતી કંકણ નદી બહાર ફેંકયું તેથી બ્રાહ્મણે કંકણ લઈ લીધું. કંકણ જોઇને બ્રાહ્મણ આશ્ચર્ય ચકિત થઈ ગયો.

**"કંકણ દેખી મોચીનું મન બગડયું":**– બંધુઓ! બોલો, હવે આ કંકણ કોનું? બ્રાહ્મણનું કે મોચીનું (હસાહસ). કંકણ તો ગંગાદેવીએ મોચીને આપ્યું કહેવાય. ૯૯ વખત બ્રાહ્મણે ગંગાનદીમાં સ્નાન કર્યું છતાં ગંગાદેવી પ્રસન્ન ન થયા પણ મોચીની સોપારી લઇને પ્રસન્ન થઇ ગયા. એટલે મોચીનું કહેવાય. પણ કંકણ જોઈને બ્રાહ્મણની

દાનત બગડી. બ્રાહ્મણ વણિકના પાડોશમાં રહેતો હતો એટલે વણિક જેવો ચતુર બની ગયો હતો. એના મનમાં થયું કે જો એ રસ્તે પાછો જઈશ તો વચમાં મોચીની ઝુંપડી આવશે ને મારે તેને ત્યાં જવું પડશે ને મોચી પૂછશે તો કંકણ આપવું પડશે. તેના કરતાં મને રસ્તો બદલી નાંખવા દે. એટલે બ્રાહ્મણે રસ્તો બદલ્યો, ને ઘેર પહોંચી ગયો. આ તરફ મોચી રાહ જોતો હતો કે પેલો બ્રાહ્મણ ગંગાનદીમાં સ્નાન કરવા માટે ગયો તે આટલા બધા દિવસ થયા પણ પાછો ફર્યો નહિ તો નદીમાં ડૂબી તો નહિ ગયો હોય ને? બિચારો ચિંતા કરતો હતો.

બ્રાહ્મણ ઘેર પહોંચ્યો. તેની પત્ની કહે છે સ્વામીનાથ! ગંગાજી આપના ઉપર પ્રસન્ન થયા? ને તમે કંઈ લાવ્યા? ત્યારે બ્રાહ્મણ કહે છે મારી ભકિત એટલે ભકિત. મારી ભકિતથી ગંગામૈયા પ્રસન્ન થયા ને મને આવું કિંમતી કંકણ ભેટ આપ્યું. મારી ભકિત આગળ કોઈ ટકી શકે નહિ એવી મેં ભકિત કરી. ત્યારે તેની પત્ની કહે છે-સ્વામીનાથ! માફ કરજો. મારે આપને કહેવાય નહિ છતાં કહું છું. તમે ભકિત કરીને ગંગામૈયાને પ્રસન્ન કર્યા હોય અને આ કંકણ ગંગામૈયાએ આપને આપ્યું હોય એવું મારું હૃદય કહેતું નથી. આપનામાં એવી પવિત્રતા નથી. ત્યારે બ્રાહ્મણે કહ્યું-અરે! તને આટલો પણ વિશ્વાસ નથી? સાચું કહું છું કે મારા ઉપર ગંગાદેવી પ્રસન્ન થયા છે. પત્ની કહે છે કે ગંગામૈયા પ્રસન્ન થયાં કે ન થયાં એ તમે જાણો. પણ આવું કિંમતી કંકણ જો હું પહેરીશ તો કોઈ એમ કહેશે કે ઝુંપડીમાં રહે છે ને આવું કિંમતી કંકણ કયાંથી લાવ્યા? કોઈનું ચોરીને નહિ લાવ્યા હોય ને? અને આવું કિંમતી કંકણ આપણને શોભે નહિ. માટે આ કંકણ રાજાને ભેટ આપીએ. તો રાજા પ્રસન્ન થશે ને બદલામાં કંઈક આપશે. બ્રાહ્મણને પણ આ વાત ગમી ગઈ. એટલે કંકણ લઈને રાજાને ભેટ આપ્યું. રાજા કંકણ જોઈને ખુશ થઈ ગયા. તેમણે કદી આવું કિંમતી કંકણ જોયું ન હતું. રાજા કંકણ લઈને રાણી પાસે ગયા. ને રાણીને કંકણ આપ્યું. રાણી કહે– સ્વામીનાથ! આવું સુંદર કંકણ કયાંથી લાવ્યા? આ કંકણ મનુષ્યનું બનાવેલું નથી દેવનું લાગે છે. ત્યારે રાજા કહે એક બ્રાહ્મણ લાવ્યો છે. ત્યારે રાણી કહે– આ એક કંકણને શું કરું? બે કંકણ હોય તો પહેરી શકાય. મને આવું બીજું કંકણ મંગાવી આપો. જેની પાસે એક કંકણ છે તેની પાસે બીજું હોવું જોઈએ. તે સમયમાં મારી હાલની બહેનોની માફક એક હાથમાં ઘડિયાળ અને એક હાથમા કંકણ નહોતા પહેરતા. રાણી કહે છે જો એ બ્રાહ્મણ બીજું કંકણ ના લાવી આપે તો સમજી લેજો કે એ કંકણ લાવનારો ચોર છે.

રાજા કહે છે મહારાણી! તમારી વાત સાચી છે. હું માનતો હતો કે સ્ત્રીની બુદ્ધિ પગની પાનીએ હોય પણ આ વાતમાં જેટલી તમારી બુદ્ધિ ચાલી તેટલી મારી ના ચાલી. તરત રાજાએ બ્રાહ્મણને બોલાવીને કહ્યું કે ભાઈ! આ એક કંકણ મહારાણી કેવી રીતે

પહેરે? એમને ખૂબ ગમ્યું છે તો બીજું આવું કંકણુ લાવી આપ. જો તું બીજું કંકણુ લાવી આપીશ તો તું જે માંગીશ તે આપીશ. પણ જો બીજું કંકણુ નહિ લાવે તો શૂળીએ ચઢાવીશ. આ સાંભળી બ્રાહ્મણુની આંખે મોતીયા વળી ગયા. તે થરથર ધ્રુજવા લાગ્યો. આ તો ભારે થઈ. હવે શું કરવું? રાજાને કહે છે મને પંદર દિવસની મુદત આપો. રાજા કહે- ભલે. બ્રાહ્મણુના પગ ઢીલા થઈ ગયા. તે ઉદાસ થઈને ઘેર આવ્યો, પત્નીએ પૂછયું - સ્વામીનાથ! આપ આટલા બધા ઉદાસ કેમ? બ્રાહ્મણે બધી વાત કરી ત્યારે તેની પત્નીએ કહ્યું કે હું કહું છું કે પારકી થાપણુ કદી પચે ખરી? આ કંકણુ તમારું છે જ નહિ. બ્રાહ્મણુની દશા તો સૂડી વચ્ચે સોપારી જેવી થઈ હતી. તેના હાજા ગગડી ગયા. બીજું કંકણુ લાવવું કયાંથી? ખૂબ મૂંઝાયો. છેવટે બ્રાહ્મણુ મોચીને ત્યાં ગયો. મોચી કહે છે હું તો તમારી રાહ જોતો હતો. તમે ઘણાં દિવસે આવ્યા. મારી સોપારી તમે ગંગામાતાને આપી હતી? તમને આટલા બધા દિવસ કેમ થયા? ત્યારે બ્રાહ્મણુ કહે છે ભાઈ! મને ફરીને એક સોપારી આપ. મારે ગંગા માતાને આપવી છે. ત્યારે મોચી કહે છે તમારે બીજી સોપારી લઈને તમારા તરફથી આપી દેવી હતી ને? મારી પાસે લેવા આવવાની શી જરૂર? હવે બ્રાહ્મણુને સાચુ કહ્યા વિના છૂટકો ન હતો. ડૉકટર પાસે જઈએ ને દર્દની વાત ન કરીએ તો રોગ પકડાય નહિ ને દવા મળે નહિ. અહીં બ્રાહ્મણુને પણુ સાચું કહ્યા વિના ચાલે તેમ ન હતું. એટલે મોચીને સત્ય હકીકત કહી દીધી. પણુ મોચી એવો સજ્જન હતો કે એણે એમ ન કહ્યું કે તું ચોર છે. મારું કંકણુ તેં લઈ લીધું. તે બધી પરિસ્થિતિ સમજી ગયો. તેણે બ્રાહ્મણુને કહ્યું કે તારે કંકણુ જોઈએ છે ને? હવે ત્યાં જવાની જરૂર નથી. એમ કહી ઘરમાં લાકડાની કથરોટ હતી તેમાં પાણી લઈને બેઠો. તેમાં સ્નાન કરી એક સોપરી હાથમાં લઈને કહે છે હે ગંગામૈયા! મારી સોપારી સ્વીકારજે. તરત ગંગામૈયાએ હાથ બહાર કાઢયો. મોચીએ સોપારી આપી કે તરત ગંગામૈયાએ હાથ બહાર કાઢયો. ગંગાજીએ મોચીને કંકણુ આપ્યું. તે લઈને મોચીએ બ્રાહ્મણુને આપ્યું.

બંધુઓ! માણુસ ગમે તેટલી ભક્તિ કરે, યાત્રા કરે પણુ જ્યાં સુધી મન શુદ્ધ નથી ત્યાં સુધી એ ભકિતના કંઈ મૂલ્ય નથી. કહેવત છે ને કે **"મન ચંગા તો કથરોટમાં ગંગા"**. જેનું મન પવિત્ર છે તેને ઘેર બેસીને કથરોટમાં સ્નાન કરે તો પણુ ગંગાજીમાં સ્નાન કરવા જેટલો લાભ મળે છે. મોચીનું મન પવિત્ર હતું. પેલા બ્રાહ્મણુના મનમાં થયું કે ખરેખર! મોચીની સાચી ભકિત છે. કદાચ તમને જો આવું મળી જાય તો તમે રોજ સોપારી આપવા જાવ કે નહિ? તમે તો છોડો જ નહિ. સોપારીના બદલામાં કંકણુ મળે તો કોણુ જતું કરે? કેમ બરાબર છે ને? (હસાહસ).

આ શું બતાવે છે? જ્યાં પરની માંગ છે ત્યાં તૃષ્ણાની આગ છે. માટે ભગવાન

કહે છે કે તારી અમૂલ્ય જિંદગી વીતી રહી છે. હે ચેતન! હવે તો તું જાગ. કયાં સુધી પરનો રાગ કરીશ? પરનો રાગ છે ત્યાં મોત છે. જુઓ, બ્રાહ્મણે મોચીનું કંકણ પચાવી પાડયું અને પોતાની હોંશિયારી બતાવવા એક કંકણ રાજાને આપવા ગયો તો તેની કેવી દશા થઈ? છેવટે મોચીએ બીજું કંકણ આપ્યું. એટલે બ્રાહ્મણ ખુશ થઈ ગયો ને રાજાને કંકણ આપ્યું. અને બ્રાહ્મણને જીવતદાન મળ્યું. બ્રાહ્મણના દિલમાં પણ વાત ઠસી ગઈ કે ભકિતમાં દંભ ન હોવો જોઈએ. ભક્તિ કરવી તો શુદ્ધ દિલથી કરવી. ભગવાન પણ કહે છે કે ચેતન! તારું અંતર પવિત્ર બનાવીને તારા આત્માનું સાર્થક કરી લે.

અનાથી મુનિ શ્રેણીક રાજાને કહે છે કે

**चरित्तमायार गुणन्निए तओ, अणुत्तरं संजमं पालियाणं ।**
**निरासवे संखवियाणं कम्मं, उवेइ ठाणं विउलुत्तमं धुवं ।।**

ઉત્ત. સૂ. અ. ૨૦ ગાથા ૫૨

હે રાજન્! જ્યારે આત્મા કુશીલોનો માર્ગ છોડી દઈ ઉત્કૃષ્ટ સંયમનું પાલન કરે છે ત્યારે તેનામાં બિલકુલ આશ્રય રહેતો નથી. આશ્રય રહિત બનીને કર્મોને ખપાવીને તે ઉત્તમ, વિપુલ, ધ્રુવ સ્થાન મુકિતને પ્રાપ્ત કરે છે. એટલે કે સિદ્ધ, બુદ્ધ અને મુક્ત બની જાય છે.

ભગવાન કહે છે કે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય આ પાંચ પ્રકારના આચારોનું પાલન કરવાથી અનુત્તર ચારિત્રની પ્રાપ્તિ થાય છે. જેનામાં જ્ઞાન વિશેષ હોય છે તે શાસ્ત્રના અર્થ, પરમાર્થ અને ભાવાર્થને સારી રીતે સમજી શકે છે. પણ જ્ઞાનદ્વારા જેટલું જાણે છે તેટલું જો આચારમાં ઉતારે તો જ્ઞાન એ સાચું જ્ઞાન છે. ભલે જ્ઞાન થોડું હોય પણ જેટલું જ્ઞાન હોય તે પ્રમાણે આચરણ કરનાર જ્ઞાનાચારનો પાળનાર છે. પણ જેણે ઘણું જ્ઞાન પ્રાપ્ત કર્યું છે, જે બહાર મોટી મોટી વાતો કરે, લોકોને ઉપદેશ આપે પણ પાલન કરવામાં જો શૂન્ય હોય તો તે જ્ઞાનની કોઈ કિંમત નથી. ફકત કહેવડાવવા પૂરતું જ્ઞાન છે.

ભગવાન કહે છે કે હે મારા સાધકો! તમે જ્ઞાન પ્રાપ્ત કરો. જ્ઞાનદ્વારા કર્મના સ્વરૂપને, જડ-ચેતનના ભેદને સમજો ને કર્મના બંધનને તોડો. કદાચ તમારામાં જ્ઞાન ઓછું હશે તો ચાલશે પણ તું ચારિત્રમાં બરાબર મજબૂત હોવો જોઈએ. તારા ચારિત્રમાં બિલકુલ પોલ હોવી ન જોઈએ. ચારિત્ર જેટલું નિર્મળ હશે, ચારિત્રમાં જેટલી મક્કમતા હશે તેટલું તારું જલ્દી કલ્યાણ થશે. બંધુઓ! કહેવાનો આશય એ છે કે જે આત્મા સંયમ રૂપી બાગને અનેક ગુણરૂપી પુષ્પોથી મઘમઘતો બનાવે છે તે આશ્રવરહિત બનીને કર્મોને ખપાવીને વિપુલ અને ઉત્તમ એવા શ્રેષ્ઠ સ્થાન મોક્ષને પ્રાપ્ત કરે છે, હજુ આગળ અનાથી મુનિ શ્રેણીક રાજાને શું કહેશે તેના ભાવ અવસરે કહેવાશે.

**ચરિત્ર : માતા પિતા હનુમાનકુમારને જ્ઞાન આપી રહ્યા છે :-** સતી અંજનાજીએ તેના જીવનમાં કેટલા કષ્ટો વેઠયા! આ સંસારમાં દરેકને જીવનમાં વિઘ્નો તો આવે છે પણ જે કાયર હોય છે તે વિઘ્નો આવે ત્યારે શિયાળ જેવો બની જાય છે. અને જે ધૈર્યવાન હોય છે તે વિઘ્નો આવે કે કષ્ટ પડે ત્યારે ધૈર્યતાપૂર્વક તેનો સામનો કરે છે, ને આગળ વધે છે. ગુણીયલ આત્મા ઉપર જગત પ્રહારો કરે પણ તે ધૈર્યતા ન છોડે. અંજના જેવી મહાન પવિત્ર સતી ઉપર પ્રહારો પડવામાં બાકી ન રહ્યા પણ સતીએ ધીરતાથી અને વીરતાથી આપત્તિઓનો સમભાવે સામનો કર્યો તો દુઃખના ઝંઝાવાતો શમી ગયા ને તેના જીવનમાં સ્વસ્થતા અને આનંદ પ્રાપ્ત થયો ને સૌ આનંદથી રહેવા લાગ્યા.

પવનજીએ હનુમાનકુમારને ભિન્ન ભિન્ન કળાઓનું શિક્ષણ આપવા માટે મોટા હોંશિયાર આચાર્યોને રોકયા હતા અને પવનજી પોતે પણ હનુમાનના શિક્ષણ ઉપર ધ્યાન આપતા હતા. સર્વ જાતની શસ્ત્રકળા અને યુદ્ધકળા પણ હનુમાનને શીખવવા માંડી. હનુમાનનું બળ અને બુદ્ધિ અજોડ હતા. તેમાં પદ્ધતિસર જ્ઞાન મળતાં તેમની શકિત અજોડ બની ગઈ. આ બધા જ્ઞાનની સાથે સતી અંજનાજી હનુમાનને આત્મજ્ઞાન આપવા લાગ્યા. ને તેને આત્માનું મૂળ સ્વરૂપ તેમજ પુણ્ય-પાપનું સ્વરૂપ સમજાવ્યું અને કર્મોની સામે ઝઝૂમી આત્મકલ્યાણ કરવા માટે જિનેશ્વર ભગવાનનો માર્ગ બતાવ્યો. સાથે મહાન પુરૂષોના ચરિત્ર પણ હનુમાનને સંભળાવતી હતી ને હનુમાન પણ તે સાંભળવામાં તલ્લીન બની જતો. હનુમાન મોક્ષગામી જીવ હતો એટલે આવી આત્માની, ધર્મની વાતો સાંભળીને તેનું હૈયું હર્ષથી નાચી ઉઠતું. તેના અંતઃકરણમાં વીતરાગ પ્રભુનો રાગ જાગી ઉઠતો હતો. આ રીતે પવનજી, અંજના અને હનુમાનના દિવસો પસાર થતાં હતાં ને રતનપુરીમાં આનંદ છવાઇ રહ્યો હતો.

બીજી તરફ લંકાપતિ રાવણ વરૂણ ઉપર વિજય મેળવવા માટે ચિંતા કરતો હતો. તેનું અભિમાની મન વરૂણ ઉપર વિજય મેળવવા માટે તલસી રહ્યું હતું. પહેલાં આપણે વાત આવી ગઇ કે પવનજી અંજનાને મૂકીને યુદ્ધમાં ગયા હતા ત્યારે વરૂણની સામે રાવણનો પક્ષ લઇને ગયેલા. અને પવનજીએ વરૂણ સાથે મિત્રતાનો સબંધ બાંધીને મોટો માનવસંહાર અટકાવ્યો હતો. પણ રાવણ વરૂણ જેવા એક સામાન્ય રાજાને પરાજિત ન કરી શકયો તેથી તેના ચિત્તમાં ચિંતાની ચિનગારી જલી રહી હતી. જો કોઇ બહાનું મળી જાય તો ફરીને વરૂણની સામે યુદ્ધ કરીને વરૂણને હરાવી પોતાને આધીન બનાવી પોતે મોટો મહારાજા બનવાની મહેચ્છા પૂર્ણ કરવાને ઝંખી રહ્યો હતો.

**"અભિમાન કેટલું પતન કરાવે છે":-** એક વખત રાવણ તેના શયન ખંડમાં સૂતો હતો પણ તેને ઉંઘ આવતી નથી. એટલે ઉઠીને દ્વારપાળને મોકલીને

કુંભકર્ણ, વિભીષણ અને પોતાના પુત્ર ઇન્દ્રજિતને બોલાવ્યા. ત્રણેય જણાં રાવણ પાસે આવ્યા. કુંભકર્ણે પૂછયું કે મોડી રાત્રે અમને કેમ બોલાવવા પડયા? ત્યારે રાવણે કહ્યું કે મારી તો ઉંઘ હરામ થઇ ગઈ છે. ત્યારે વિભીષણે પૂછયું કે મોટાભાઇ! એવું તે શું છે કે તમારી ઉંઘ ઉડી ગઈ છે? ત્યારે રાવણે કહ્યું. વરૂણ મારી ઉંઘ બગાડી રહ્યો છે. ત્યારે ઇન્દ્રજિતે કહ્યું. પિતાજી! શું તે લંકા ઉપર ચઢી આવ્યો છે? રાવણે કહ્યું ના. એ ચઢી આવ્યો નથી પણ જ્યાં સુધી હું તેનું અભિમાન ના ઉતારું ત્યાં સુધી મને ઉંઘ આવવાની નથી. ત્યારે વિભીષણ અને કુંભકર્ણે કહ્યું. ભાઇ! આપણે પવનજીની સમક્ષમાં તેની સાથે મિત્રતા બાંધી છે. હવે એની સાથે યુદ્ધ કેમ કરાય? ત્યારે રાવણે કહ્યું કે શત્રુ સાથે વળી મિત્રતા કેવી? એ તો ખર-દૂષણને મુકત કરવા માટે પવનજીએ યુકિત કરી હતી. ત્યારે વિભીષણ અને કુંભકર્ણે કહ્યું. ભાઈ! ગમે તેમ કર્યું પણ આપણે તેની સન્મુખ મિત્રતા જાહેર કરી છે અને એ વાત પણ જગ જાહેર થઇ ચૂકી છે. હવે જો આપણે તેની સામે યુદ્ધ કરીએ તો જગતમાં અન્યાયી ઠરીએ. માટે યુદ્ધ કરી શકાય નહિ.

પણ રાવણનો પુત્ર ઇન્દ્રજિત કહે છે કે જો વરૂણ ઉપર સીધું યુદ્ધ કરવામાં આવે તો લંકાપતિ બદનામ થાય છે. ને યુદ્ધ ન કરીએ તો લંકાપતિના સમ્રાટપણામાં ખામી આવે છે. તો હવે આપણે એમ કરીએ કે વરૂણે આપણી સાથે મૈત્રીનો ભંગ કર્યો છે એવી વાત વહેતી મૂકી દેવી. કોઇ પૂછે કે વરૂણે કેવી રીતે મિત્રાચારીનો ભંગ કર્યો છે? તો કહેવું કે આપણી હદમાં વરૂણના સુભટો પેસી જાય છે ને લોકોને હેરાન કરે છે. આ ઉપાય રાવણને ખૂબ ગમ્યો. પણ વિભીષણ તથા કુંભકર્ણને ન ગમ્યો. ઇન્દ્રજિતે પિતાને ખુશ કરવા માટે આ ઉપાય શોધ્યો. પણ પિતાની વાત ન્યાયયુકત છે કે અન્યાયયુકત છે તેનો વિચાર ન કર્યો. પણ પિતાની ઇચ્છા પૂરી કરવા માટે બનાવટી વાત ઉભી કરી.

**"રાવણે યુદ્ધ કરવા માટે ઉભી કરેલી માયા":**–રાવણે તરત દૂતને બોલાવીને વરૂણને સંદેશો આપવા મોકલ્યો. દૂત સંદેશો લઇને વરૂણપુરી આવ્યો. ને વરૂણરાજાની સભામાં પ્રવેશ કરીને વરૂણરાજાને પ્રણામ કરીને ઉભો રહ્યો. વરૂણે પૂછયું કે તમે કયાંથી આવો છો? દૂતે કહ્યું. લંકાથી. વરૂણ કહે-લંકાપતિ કુશળ છે ને? વરૂણના દિલમાં સ્હેજ પણ શત્રુતાના ભાવ નથી. એ તો રાવણને પોતાનો મિત્ર માનતો હતો એટલે નિખાલસતાથી સુખશાંતિના સમાચાર પૂછયા. ત્યારે દૂતે ઉગ્રતાથી કહ્યું કે મિત્ર જ્યારે દગો દે ત્યારે કુશળતા કેવી રીતે હોય? ત્યારે વરૂણે ઉત્સુકતાથી પૂછયું કે એવો તે કોણ મિત્ર છે કે જેણે લંકાપતિને દગો દીધો? દૂતે કહ્યું-વરૂણરાજ! આપ મને શું પૂછો છો? આપ વિચાર કરો ને? આપે પવનજીની સમક્ષમાં લંકાપતિ સાથે મૈત્રીનો સબંધ બાંધ્યો હતો. અમે આજ સુધી તેનું બરાબર પાલન કર્યું છે. પણ તમે એ મૈત્રીનો ભંગ

કર્યો છે. કારણ કે લંકાના રાજ્યની હદમાં તમારા સૈનિકો પેસી જાય છે. આ ઉપરથી અમને તમારા દુષ્ટ ઇરાદાની ગંધ આવી ગઇ છે. તમને અને તમારા પુત્રોને બળનું અભિમાન છે તેનો અંત નજીકમાં લાગે છે. જો તમારા સુભટોને પાછા નહિ વાળો તો અમારે કડક પગલા લેવા પડશે.

વરૂણ કહે-ભાઇ! આ બિલકુલ પાયા વિનાની વાત છે. અમારા સુભટો કદી એવું પગલું ભરે નહિ. આ તો કોઇએ ખોટી વાત કરી છે. દૂત કહે ખોટો દેખાવ ન કરો. ને તમારે લંકાપતિને જે સંદેશો આપવો હોય તે મને કહો. વરૂણે કહ્યું તમે જાઓ. મારો દૂત સંદેશો લઇને લંકાપતિ પાસે આવશે. વિચાર કરીને વરૂણે પોતાના દૂતની સાથે રાવણને સંદેશો કહેવડાવ્યો કે અમારા સુભટોએ લંકામાં ઘુસણખોરી કરી નથી ને કરવી પણ નથી. અમે આપની સાથે બાંધેલી મૈત્રી તોડવા ઇચ્છતા નથી. તમને કોઇએ ખોટી ભંભેરણી કરી છે ને તેમાં તમે દોરવાઇ ગયા લાગો છો. તો આ બાબતમાં વિચાર કરશો.

**"રાવણના આદેશથી લડાઇ તૈયાર થઇ અને હનુમાનકુમાર યુદ્ધમાં ઉતરશે"** :- દૂતે આ પ્રમાણે સંદેશો દીધો ત્યારે રાવણે કહ્યું કે તારા રાજાને કહેજે કે તમારા મીઠા વચનોથી રાવણ ભોળવાઇ જાય તેમ નથી. એક બાજુ લંકાની હદમાં ઘૂસણખોરી કરવી છે ને બીજી બાજુ મિત્રતા રાખવી છે તે કેમ બને? મારે તો તેની સાથે યુદ્ધ કરીને તેની ભૂલ કબૂલ કરાવવી છે. દૂતે ચકાસણી કરી જોઇ. તેને લાગ્યું કે રાવણને યુદ્ધ કરવું છે એટલે કહ્યું-ખુશીથી તમે વરૂણરાજ અને તેના પરાક્રમી પુત્રોની અજોડ શક્તિનો પરચો જોવા ખુશીથી પધારજો. આટલું કહીને દૂત રવાના થયો.

રાવણે પોતાના સબંધી અને પોતાને સ્વાધીન રાજાઓને યુદ્ધમાં જવા માટે આમંત્રણ મોકલી દીધું. એક તેડું પવનજીને પણ મોકલ્યું. રાવણે પોતાની સેનાને સજ્જ થવા હાકલ કરી. બીજી તરફ ખર-દૂષણને પણ પાતાળ લંકામાંથી બોલાવ્યા. સુગ્રીવ પણ પોતાની સેના લઇને આવી ગયો. બીજા વિદ્યાધર રાજાઓ પણ આવ્યા ને પવનજીને સમાચાર પહોંચતા તે પણ યુદ્ધમાં જવા તૈયાર થયા. આ વખતે હનુમાનકુમાર ત્યાં આવી પહોંચ્યા ને પ્રણામ કરીને કહ્યું કે પિતાજી! હવે યુદ્ધ માટે આપને જવાનું ન હોય. આપ મને આજ્ઞા આપો. હું યુદ્ધમાં જઇશ. પવનજી કહે છે બેટા! તું હજુ નાનો છે. કોઇ દિવસ તું યુદ્ધમાં ગયો નથી. આ યુદ્ધમાં તારું કામ નહિ. વરૂણ અને તેના પુત્રો મહાન બળવાન છે. તેમને જીતવા તે સામાન્ય વાત નથી. હનુમાન કહે પિતાજી! આપ મને નાનો સમજીને વાત કરો છો પણ પરાક્રમમાં વય જોવાતી નથી. આપ એક વખત મને જવાની આજ્ઞા આપો. પછી આપને મારા પરાક્રમની પ્રતીતિ થશે. પવનજી ના પાડે છે ને હનુમાન યુદ્ધમાં જવાનો આગ્રહ કરે છે. અંજનાને ખબર પડતાં દોડતી આવીને હનુમાનને કહે છે બેટા! તારે યુદ્ધમાં જવું નથી. તું યુદ્ધમાં શું સમજે? તારી

શકિત કેટલી? હનુમાન કહે છે માતા! તેં બાર બાર વર્ષ સુધી બ્રહ્મચર્યનું પાલન કર્યા પછી જે પુત્રને જન્મ દીધો છે તે શું માયકાંગલો કે શિયાળીઓ છે? કે સિંહણનો જાયો સિંહ છે! તું જો તો ખરી કે મારામાં કેવી શકિત છે! હું નાનો હતો ને વિમાનમાંથી પડી ગયો ત્યારે મારી શકિત તેં નથી જોઈ? તું ગમે તેમ કહે પણ મારે પિતાજીને તો યુદ્ધમાં મોકલવા નથી. હું જ જવાનો છું.

**"લડાઈમાં જવા માટે હનુમાનકુમારની મક્કમતા જોઇ અંજના ધ્રુસ્કે રડે છે":**– હનુમાનની વાત સાંભળીને અંજના ધ્રુસ્કે ને ધ્રુસ્કે રડવા લાગી.

**અંજનાએ ઉંડું આલોચીયું, મનમાંહે ઉપન્યો અતિ ઘણો શોચ તો,**
**રાજા જાય તો રણ રહે, કુંવર માહરો નહિ વરૂણની તોલ તો....સતી રે....**

તે મનમાં વિચાર કરે છે કે મારે શું કરવું? મારે તો પતિ અને પુત્ર બંને આંખો સમાન છે. જો પતિને જવા દઉં ને કદાચ યુદ્ધમાં રહી જાય તો પણ મને દુઃખ છે. જો દીકરાને જવા દઉં છું તો તે હજુ નાનો ફૂલ જેવો છે. ઉગીને ઉભો થાય છે. વરૂણ અને તેના પુત્રો મહાબળવાન છે. અંજના ખૂબ રડે છે. પતિને પણ જવા દેવાની તેની ઇચ્છા નથી, પણ જો પતિ કે પુત્ર ન જાય તો ક્ષત્રિયપણું લાજે છે. અંજનાની આંખમાંથી આંસુ સૂકાતા નથી. ત્યારે હનુમાન કહે છે માતા! વીરમાતાને આવું કરવું ન શોભે, તારે તો વીરમાતાને છાજે તે રીતે મને વિદાય આપવી જોઇએ. તું નિશ્ચય માનજે કે આ તારો પુત્ર વિજય મેળવીને ક્ષેમકુશળ પાછો આવશે. તું રડવાનું છોડીને મને આશિષ આપ. છેવટે બધાએ અંજનાને ખૂબ સમજાવી અને હનુમાનકુમાર યુદ્ધમાં જવા તૈયાર થયા. સૈન્ય શસ્ત્રથી સજ્જ થયું. યુદ્ધની ભેરીઓ વાગી ને હનુમાનકુમાર યુધ્ધે જવા હાથી ઉપર બેઠા ત્યારે અંજનાએ હનુમાનકુમારના કપાળમાં કંકુનું તિલક કરીને આશીર્વાદ આપ્યા. યુધ્ધે જતી વખતે અંજનાએ હનુમાનના સામું જોયું તો તેના મુખ ઉપર અલૌકિક ક્ષાત્ર તેજ ઝળકે છે. જરૂર વિજય મેળવશે તેમ અંજનાને શ્રદ્ધા થઇ. હવે હનુમાનકુમાર માતાપિતાના આશિષ લઇને રતનપુરથી રવાના થયા. હવે લંકા જઈને યુદ્ધમાં જશે ને ત્યાં શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

☆

## વ્યાખ્યાન નં. ૧૦૮

**કારતક સુદ પુનમ ને મંગળવાર** **તા. ૧૮-૧૧-૭૫**

~~સુજ્ઞ બંધુઓ,~~ સુશીલ માતાઓ ને બહેનો!

મોક્ષ માર્ગના પંથદર્શક, રાગ-દ્વેષના વિજેતા, સર્વજ્ઞ, સર્વદર્શી ભગવાન બોલ્યા છે કે દુનિયાના તમામ ચેતન પ્રાણીઓમાં માનવનું સ્થાન મહત્વનું છે. આ સંસારમાં

માનવની સમાનતા કરવાવાળું બીજું કોઈ પ્રાણી નથી. મનુષ્યની શ્રેષ્ઠતા, અને જ્યેષ્ઠતા અને સર્વોચ્ચતાનો બધા ધર્મોએ સ્વીકાર કર્યો છે. ભલે અન્ય દર્શનીઓ સિદ્ધાંતિક માન્યતામાં એકમત નથી પરંતુ આ વાતને માનવામાં બધા દર્શનોના ધર્મગુરૂમાં એકમત છે કે માનવજીવન સર્વ પ્રાણીઓમાં શ્રેષ્ઠ છે. અને તેને મેળવવું એ સરળ કામ નથી.

બંધુઓ! આવું દુર્લભ માનવજીવન મળી ગયું પણ તે જીવનની કિંમત ક્યારે અંકાય? તેના મુલ્યાંકન ક્યારે થાય? આ જીવનમાં માનવતાના દીવડા પ્રગટે ત્યારે. માનવનું શરીર તો ઘણીવાર મળ્યું છે. હજારો, લાખો, કરોડો વ્યક્તિઓ આ સંસારમાં માનવ શરીરને પ્રાપ્ત કરે છે અને છોડે છે. મહત્વ માનવ તનનું નથી પણ માનવતનમાં છુપાયેલી માનવતાનું છે. તેથી શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ઉત્તરાધ્યયન સૂત્રમાં બોલ્યા છે કે:–

**चत्तारि परमंगाणि, दुल्लहाणीह जंतुणो ।**
**माणुसत्तं सुई सध्धा, संजमम्मि य वीरियं ।।**

ઉત્ત. સૂ. અ. ૩ ગાથા ૧

આ ચાર પરમ અંગ (ઉત્તમ સંયોગ) પ્રાણીઓને આ સંસારમાં પ્રાપ્ત થવા બહુ દુર્લભ છે. મનુષ્યત્વ, શાસ્ત્રશ્રવણ, સમ્યક્શ્રદ્ધા સંયમમાં વીર્યનું ફોરવવું.

આ ગાથામાં શ્રમણ ભગવાન મહાવીરે માનવતનને મહત્વ આપ્યું નથી. પરંતુ માનવના અંતરમાં રહેલું મનુષ્યત્વ અર્થાત્ માનવતાને મહત્વ આપ્યું છે. રાવણ, કંસ, ગોડસે, હિટલર, દુર્યોધન આદિ બધા મનુષ્યો હતા. પરંતુ તે યુગના મહામાનવો અને વિચારકોએ તથા આજના વિદ્વાનોએ તેમને માનવ નહિ પણ દાનવ, ઇન્સાન નહિ પણ હેવાન કહીને પુકાર્યા છે. તેમની પાસે માનવનું તન તો હતું પણ તેમના જીવનમાં માનવતાનો સૂર્ય ઉદયમાન નહોતો થયો. તેમની સામે રામ થયા. કૃષ્ણ, ગાંધીજી, યુધિષ્ઠિર આદિ થયા કે જે માનવ હોવા છતાં દેવસમાન બની ગયાં. કારણ કે તેમના જીવનમાં માનવતાનો દીવડો સદા ઝળહળતો રહ્યો. તે માનવતાના પ્રકાશે બીજા જીવો પણ તેમના જીવનમાં પ્રકાશ પામ્યા. માનવ અને દાનવમાં અંતર એટલું છે કે જે પોતાના સ્વાર્થને માટે ચારે બાજુથી બીજા જીવોનું શોષણ કરીને પણ પોતાનું સુખ મેળવવા પ્રયત્ન કરે છે. તે માનવ માનવ નથી પણ દાનવ છે. જે બીજાના હિતને માટે પોતાના સ્વાર્થનો ત્યાગ કરે છે. પોતાના પોષણને માટે બીજા જીવોનું શોષણ નથી કરતા. પરંતુ બીજાનું શોષણ રોકીને તેનું પોષણ કરવાનો પ્રયત્ન કરે છે. જગતના સર્વ જીવોને પોતાના સમાન સમજીને તેમના દુ:ખમાં સાથ આપે અને પડતા પ્રાણીને સહારો આપીને તેને ઉપર લાવવાનો (આગળ લાવવા માટે) પ્રયત્ન કરે છે. તેનું નામ માનવ. કે જેનામાં માનવતાના ગુણો ભરચક ભર્યા છે.

માનવ શરીર પામ્યા પછી પણ આ માનવતાના ભાવ જાગૃત થવા તે અત્યંત દુર્લભ છે. જેના જીવનમાં આ ભાવનાનો ઉદય થાય છે તે વ્યકિત એક દિવસ પોતાનો સંપૂર્ણ વિકાસ કરી શકે છે. માનવતાપૂર્ણ વિકાસની ભૂમિકા છે. તે ચરમ વિકાસનું પ્રથમ સોપાન છે. આત્મામાંથી પરમાત્મા બનવા માટે માનવતાની પગદંડી ઉપર પ્રયાણ કરવું પડશે. માનવતાના ગુણો જેનામાં ખીલ્યા છે તે માનવ ઇશ્વર બની શકે છે બીજો નહિ. એટલા માટે શાસ્ત્રોમાં સ્વાધ્યાય અને સાધનાથી પહેલા માનવતાને સ્થાન આપ્યું છે અને તે પ્રાપ્ત થવી દુર્લભ બતાવી છે.

આ સંસારના પ્રાંગણમાં અનંતા જીવો દૃષ્ટિ ગોચર થાય છે. પૃથ્વી, પાણી, અગ્નિ વાયરો, વનસ્પતિ અને નાના કીડી મંકોડા તથા મોટા પશુ-પક્ષીઓ આદિ જીવોની ભિન્ન ભિન્ન જાતિઓ જોઇએ ત્યારે આપણને આશ્ચર્ય થાય છે અને અનેક જાતના વિચાર આવે છે. પણ જ્ઞાની ભગવંત કહે છે કે આ સંસારમાં એક પણ જાતિ કે એક પણ યોનિ એવી નથી કે જ્યાં આપણા આત્માએ જન્મ લીધો ન હોય! માનવે વિચાર કરવો જોઇએ કે અનંતકાળથી કેટલી ઠોકરો ખાધા પછી આ માનવ જન્મ મળ્યો છે. આ આત્મા અજ્ઞાનને કારણે અપરિમિત કાલ સુધી નિગોદમાં રહ્યો. અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલા સુક્ષ્મ શરીરમાં અનંતા જીવોની સાથે રહ્યો. તેમની સાથે આહાર લીધો, શ્વાસોચ્છ્વાસ લીધા. એવી ભયંકર દુઃખમય અવસ્થાને આ આત્મા સહન કરી ચૂકયો છે. આજે મહાન સદ્ભાગ્ય છે કે તે નરકથી અધિક દુઃખમય સ્થાનને છોડીને માનવ બન્યો. જેવી રીતે એક સરખા વહેપાર કરવાવાળા એક લાખ માનવોમાંથી ૯૯૯૯૯ માણસોએ દેવાળું કાઢયું અને ભાગ્યોદયથી એક માણસ શાહુકાર રહી ગયો. આ રીતે ભાગ્યશાળી આત્મા નિગોદની ભયંકર ઘાટીને પાર કરીને માનવજન્મ પામ્યો છે. મહાપુરૂષોએ કહ્યું છે કે ચોર્યાશી લાખ જીવાયોનિમાં ભ્રમણ કરતાં કરતાં આ જીવે અનંત શુભ કર્મોના ઉદયથી માનવ જીવન રૂપી રત્નને પ્રાપ્ત કર્યું. તો આવા અલભ્ય રત્નને કાંકરા સમાન માની વેડફી ન નાંખવું જોઇએ. ભગવાન મહાવીર પણ બોલ્યા છે કે દુર્લભતાથી મળેલા જીવનનો સદુપયોગ કરવા માટે અથવા આત્મામાંથી પરમાત્મા બનવા માટે એક ક્ષણનો પણ પ્રમાદ ન કરો. મોહ નિદ્રામાંથી સૂતેલા ઉભા થાવ અને આત્મ સાધનાના પથ ઉપર આગળ વધો.

આ માનવ જીવન આત્મ સાધનાનું એક સાધન છે. સાધનનો ઉપયોગ બે રીતે કરાય છે. સારો અને ખરાબ. ભગવાન ઋષભદેવના પુત્ર પ્રથમ ચક્રવર્તિ સમ્રાટ-ભરત મહારાજાએ અરિસાભુવનમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું અને તે ભવનમાં જો કોઇ કૂતરાને પૂરવામાં આવ્યો હોત તો ભૂંકી ભૂંકીને મરી જાત. તલવાર તો એક છે પણ જો તેને તેની ધાર તરફથી પકડવામાં આવે તો પોતાનો હાથ કાપી

નાખે છે પણ તેને મુઠ તરફથી પકડીને કામમાં લે છે તો તેનાથી કોઇ દુષ્ટ વ્યક્તિથી પોતાનું પોતાના પરિવાર તથા રાષ્ટ્રનું રક્ષણ કરી શકાય છે. મારું કહેવાનું તાત્પર્ય એ છે કે અસિસાભવન અથવા તલવાર સારા કે ખરાબ નથી પરંતુ આત્માની પોતાની યોગ્યતા અનુસાર તેના હિતાહિતમાં તે નિમિત્તભૂત બને છે. આ રીતે જો જીવનનો ઉપયોગ સારા કાર્યો કરવામાં થાય તો તે અમૃતના સમાન અમરત્વને આપે છે. અને જો તેનો દુરૂપયોગ કર્યો તો તે નરકના તાપથી પણ ભયંકર છે. વિવેક અને સદ્વિચારોની જ્યોતિ પ્રગટેલી રહે ત્યારે માનવ માનવતાના પથ ઉપર ગતિ કરી શકે છે ને તે પોતાનું કલ્યાણ કરી શકે છે. તથા માનવજાતિનું ગૌરવ વધારી શકે છે.

પરંતુ આજે માનવ માનવતાના રાહને ભૂલી ગયો છે. આજના ભૌતિક યુગમાં તેનું લક્ષ્ય બદલાઇ ગયું છે. તેથી અધ્યાત્મ સાધનાને વિસ્મૃતિના ગહન અંધકારમાં ફેંકીને માનવ ભૌતિક સ્વાર્થને સિદ્ધ કરવાને માટે ભૌતિક સાધનોની પાછળ બેફામ દોડી રહ્યો છે. આજના યુગમાં અર્થની (ધનની) પ્રધાનતા છે, તેની બોલબાલા છે. આ ધનના મોહમાં મનુષ્ય ધર્મ-કર્મને સાવ ભૂલી ગયો છે. એક લેખકે પોતાના પુસ્તકમાં લખ્યું છે કે ધનના અભાવમાં મનુષ્યે એટલા આંસુ વહાવ્યા છે કે મોટા મહાસાગર પણ તેની સામે લજ્જિત થઇ જાય છે. પરંતુ માનવ જીવનને માટે તેની આંખમાંથી એક પણ આંસુ નથી પડયું. મતલબ કે માનવ જન્મ પામીને માનવતાના ગુણો નથી આવ્યા તે માટે તેને જરા પણ અફસોસ નથી કે તે માટે એક અશ્રુબિન્દુ પણ નથી પડતું. કેટલો છે મનુષ્યને ધનનો લોભ! જો વહેપારમાં લાખોના હિસાબમાં એક પૈસો પણ ઓછો થાય તો તે મેળ મેળવવા માટે કેટલા કલાકોનાં સમય અને કેટલાય પૈસાની લાઈટનો ખર્ચ કરે છે. પરંતુ મારું કર્તવ્ય શું છે? મારો ધર્મ શું છે? તે વિચાર કરવાને માટે સમય નથી મળતો.

આજે તમને ધનને પ્રાપ્ત કરવાની જેટલી ઉત્કંઠા છે તેટલી ધર્મના સ્વરૂપને જાણવાની ઉત્કંઠા નથી. તેથી રાત-દિવસ તમારા મગજમાં ધનના વિચારો આવ્યા કરે છે કે મારું ધન કેવી રીતે વધે? મને લાખ રૂપિયા મળી જાય તો લોકો મને લક્ષાધિપતિ કહે. પરંતુ જ્ઞાનીઓ કહે છે કે તું ધનનો સ્વામી ન બનતા. તેનો દાસ બની જાય છે. તું ધનને આધીન થઇ જાય છે. ધનના બોજા (ભાર) નીચે દબાઇને તારા વિવેક, શુભ આચાર-વિચાર નષ્ટ થઇ જાય છે. અને ધર્મની જ્યોતિ દબાઇ જાય છે. જો તમે તમારા જીવનનું ઉત્થાન કરવા ઇચ્છતા હો તો ધનની મૂર્છાના ચશ્માને ઉતારીને ફેંકી દો.ધન ખરાબ નથી પણ ધનનો મોહ, ધર્મની લાલસા, અને ધનની તૃષ્ણા ખરાબ છે કે જે મનુષ્યને ધનનો ગુલામ બનાવી દે છે. આજે તમે ધન-પરિવાર અને ભૌતિક સાધનોને જોઇને પ્રસન્ન થાવ છો. તેમાં મારાપણાની બુદ્ધિ કરો છો. પરંતુ મહાપુરૂષ કહે છે કે આ બધું અહીં રહેવાનું છે. દુનિયાનો કોઇ પદાર્થ આત્માનો નથી. જ્યાં સુધી આંખો

ખુલ્લી છે ત્યાં સુધી પોતાનું લાગે છે. પરંતુ આત્મા ચાલ્યા ગયા પછી સુંદર સ્ત્રીઓ, અનુકૂળ મિત્ર, કુટુંબ, નોકરચાકર, હાથી, ઘોડા પણ તમારું રહેવાનું નથી. યાદ રાખજો બધું અહીં રહેશે.

તેથી મહાપુરૂષ કહે છે કે ધનવાન ભલે બનો પણ ધનના દાસ કે ગુલામ ન બનો. આ માનવ જન્મમાં આત્મા ગુલામીની બેડીને તોડી શકે છે. આપણને આ અમૂલ્ય સોનેરી અવસર મળ્યો છે. તેમાં ઘણો સમય વ્યર્થ વીતી ગયો. હવે થોડો બાકી છે. તેનો વિવેકપૂર્વક ઉપયોગ કરી લે તો મહાન આત્મિક ધન પ્રાપ્ત થાય. જે આત્મા જીવનની બાકી રહેલી ક્ષણોને વ્યર્થ ગુમાવતો નથી તેને ક્યારે પણ પસ્તાવાનો સમય આવતો નથી. માટે માનવજીવનની મળેલી અણમૂલી તકને ઓળખીને કલ્યાણની કેડીએ કદમ ઉઠાવો. મનુષ્ય આ સંસારમાં (મૃત્યુલોકમાં) શ્રેષ્ઠતમ પ્રાણી છે એટલું નહિ પરંતુ મૃત્યુલોકની બહાર એટલે સ્વર્ગમાં પણ મનુષ્યથી શ્રેષ્ઠ કોઈ પ્રાણી નથી.

તેથી ઠાણાંગ સૂત્રમાં ભગવાને કહ્યું છે કે દેવ પણ ત્રણ વસ્તુઓની ઇચ્છા કરે છે. तओ ठाणाइं देवे पीहेज्जा, माणुसं भवं, आरिए खेत्ते, जम्मं सुकुलपच्चायाति । મનુષ્યભવ, આર્યક્ષેત્રમાં જન્મ, અને શ્રેષ્ઠ કુળની પ્રાપ્તિ. જે માનવજીવન પામવાની દેવ પણ અભિલાષા રાખે છે અને સર્વજ્ઞ, સર્વદર્શી વીતરાગ પ્રભુ પણ જે માનવજીવનને દુર્લભ બતાવે છે તેની વિશેષતા શું છે? બધા પ્રાણીઓમાં માનવને સર્વ શ્રેષ્ઠ શા માટે કહ્યો છે માનવમાં એવી કઇ શક્તિ, કઇ કલા અને સુંદરતા છે કે જેના કારણે તેને સર્વ શ્રેષ્ઠ માનવામાં આવ્યો છે?

જીવનમાં બે શકિતઓનો વિકાસ થતો દેખાય છે. એક બાહ્યશકિતનો વિકાશ અને બીજી આભ્યંતર શકિતનો વિકાસ. આપણે બાહ્યદૃષ્ટિથી જોઇએ છીએ તો માનવી એક સામાન્ય પ્રાણી દેખાય છે. શકિત અને સાહસમાં મનુષ્યથી સિંહ થોડા કદમ આગળ વધે છે. સિંહને દેખતાં મનુષ્ય ધ્રુજી ઉઠે છે. ને ત્યાંથી ભાગાભાગ કરવા લાગે છે. અરે! મોટા મોટા યોદ્ધાઓ પણ સિંહને આવતો દેખે એટલે બધું ભૂલીને ત્યાંથી ભાગતા નજરે પડે છે. થોડાક વર્ષ પહેલાં પેપરમાં વાંચ્યું હતું. કે કેટલાક સૈનિકોએ બર્માના જંગલમાં સિંહ યુગલને ફરતું જોયું તે જોઇને સૈનિકો એટલા ભયભીત બની ગયા કે તેઓ ગોળી ચલાવવાનું ભૂલીને ત્યાંથી ભાગી ગયા. આથી સાબિત થાય છે કે બાહ્ય-શકિત અને શારીરિક સંપત્તિમાં સિંહ, વાઘ, હાથી આદિ વિશાળ કાયાવાળા પ્રાણી મનુષ્યથી પણ આગળ વધી જાય છે. ઇન્દ્રિઓની શક્તિનો વિચાર કરીએ તો સાંભળવાની શકિત સર્પમાં બહુ તેજ હોય છે. તે કેટલા ફૂટ દૂરથી વીણાનો અવાજ સાંભળે છે. ગીધ પક્ષી આકાશમાં ઉડતા ઉડતા એક બે માઇલ દૂર પડેલી વસ્તુને પણ સહેલાઇથી જોઇ શકે છે. સુંઘવાની તાકાત કૂતરામાં વધુ હોય છે. આ રીતે અનેક પશુ-પક્ષી બાહ્ય તાકાતમાં

તથા શારીરિક સૌંદર્યમાં મનુષ્યથી આગળ છે. સુંદર સ્ત્રી તથા પુરૂષના અંગોનું સૌંદર્યનું વર્ણન કરવા માટે કવિ તથા લેખકો પશુ-પક્ષીઓના અંગોથી તેની તુલના કરે છે. અર્થાત્ ઉપમા આપે છે. દા. ત. કોઇનું નાક સુંદર હોય તો કહેવાય છે કે આનું નાક પોપટની ચાંચ જેવું છે. આંખો સુંદર હોય તો તેને મૃગાક્ષીની ઉપમા આપવામાં આવે છે. આટલી વિશેષતાઓ હોવા છતાં પણ તેમને શ્રેષ્ઠ ન કહેતા મનુષ્યને શા માટે સર્વશ્રેષ્ઠ કહ્યો છે? તે એક મોટો પ્રશ્ન છે.

બાહ્ય શકિતનો વિકાસ તો બીજા પ્રાણીઓમાં પણ જોવામાં આવે છે. કોઇ કોઇ પ્રાણીમાં તો તેની બાહ્યશકિતની સીમા મનુષ્યની શક્તિની પરિધિને પણ ઓળંગી જાય છે. પરંતુ આભ્યંતર શકિતનો વિકાસ જેટલો માનવમાં થયો છે તેટલો બીજા કોઇ પ્રાણીમાં નથી થયો. બાહ્ય શકિત કરતાં આભ્યંતર શકિતની તાકાત અધિક મહત્વપૂર્ણ છે. આ કારણથી માનવને દિવ્ય શક્તિનો પૂંજ કહેવામાં આવ્યો છે. શરીરની શક્તિથી મનની શકિત વધુ મહત્વની છે. આજે માનવે સિંહ, હાથી આદિ ક્રૂર, પ્રાણીઓને જે પોતાના વશમાં કરી લીધા છે તે શરીરની શકિતથી નહિ, પરંતુ મન અને બુદ્ધિના બળથી મનુષ્યની પાસે મન જ એક એવી શક્તિ છે કે જેનો વિકાસ બીજા પ્રાણીઓમાં ઓછો જોવામાં આવે છે. મનુષ્યે આજે જે પ્રગતિ કરી છે અને કરી રહ્યો છે અને તે ભવિષ્યમાં પણ કરતો રહેશે.

મનની શકિત મનુષ્યની પાસે છે અને પશુપક્ષીમાં પણ મન છે. પરંતુ બંનેમાં ઘણું અંતર છે. મનની શકિતનો વિકાસ જેટલો માનવજીવનમાં થયો છે તેટલો પશુજીવનમાં નથી થયો. માનવ અને પશુમાં બીજું અંતર એ છે કે પશુ-પક્ષી બાહ્ય આવશ્યકતાઓ સુધી પરિમિત રહે છે. તેમનો પ્રયત્ન ભૂખ-તરસ અને થાકને દૂર કરવાનો તથા ભોગોપભોગની ક્રિયા સુધી ચાલુ રહે છે. તે આભ્યંતર વિકાસની તરફ વધવાનો પ્રયત્ન કરતા નથી. પોતાના મનન, ચિંતન દ્વારા આત્મવિકાસ તથા પરમાત્મપદને પ્રાપ્ત કરવા માટે તે માર્ગે આગળ કદમ ભરવા ને આત્મજ્યોતિને પૂર્ણ રૂપથી પ્રગટાવવાની શકિત માનવજીવન સિવાય બીજા કોઇમાં નથી આહારાદિ ચાર સંજ્ઞા પશુમાં છે ને માનવમાં પણ છે. તેમાં કોઈ અંતર નથી. ભૌતિક જીવન તો પશુ પણ જીવે છે. તે બાહ્યશકિતનો વિકાસ કરવામાં માનવની કોઇ વિશેષતા નથી. માનવની વિશેષતા છે આત્મશક્તિ ઉપર આવેલા આવરણને આત્મચિંતન અને આધ્યાત્મિક સાધના દ્વારા હટાવીને આત્મશકિતનો વિકાસ કરવામાં. તેથી મનુષ્યની વિશેષતા ભૌતિક વિકાસમાં નહિ પણ આધ્યાત્મિક વિકાસમાં છે અને તેવા જીવનને પ્રાપ્ત કરવું દુર્લભ બતાવ્યું છે.

ઉત્તરાધ્યયન સૂત્ર ૨૦ મું અધ્યયન જેમાં અનાથી મુનિએ શ્રેણીક રાજાની પાસે સાધુના આચારની વાતો કરી. સાચો સાધક કેવો હોય તે વાત સમજાવી અને સનાથતા

અને અનાથતાનું ભાન કરાવ્યું. શ્રેણીક રાજા સાધુ ન હતા. પણ આ સાધુપણાની વાત સાંભળીને દિલમાં ભાવ આવી જતાં કે હું આવો સાધુ બનીને ક્યારે સનાથ બનીશ? આવા પવિત્ર રાજા શ્રેણીકે દ્રવ્ય સાધુવેશ ન્હોતો પહેર્યો પણ તેમની રગેરગમાં ચારિત્રની રમણતા હતી. એટલે તેમને ઉદ્દેશીને મુનિનો માર્ગ સમજાવ્યો. ભગવંત કહે છે કે -

एवुग्गदंते वि महातवोधणे, महामुणी महापइन्ने महायसे ।
महा नियण्ठिज्जमिणं महासुयं, से काहए महया वित्थरेणं ।।

ઉત્ત. સૂ. અ. ૨૦ ગાથા ૫૩

મહા નિર્ગ્રંથ એવા અનાથી મુનિએ લાંબા વિસ્તારપૂર્વક સાધુઓનું કલ્યાણ કરવા માટે શ્રેણીક રાજાને સાધુના આચારની કથા સંભળાવી હતી. એ અનાથી મુનિ કેવા હતા? "उग्गदंते" ઉગ્રદાન્ત હતા. અહીં ઉગ્રનો અર્થ વીર પણ થાય છે. તે કર્મ શત્રુઓને જીતવામાં અને ઇન્દ્રિઓનું દમન કરવામાં વીર હતા. મહા તપસ્વી, મહા પ્રજ્ઞાવાન અને મહાન યશસ્વી હતા. જેમ કોઇ શૂરવીર મનુષ્ય શત્રુને જીતવા માટે શસ્ત્રોથી સજ્જ થઇને ઘરમાંથી બહાર નીકળે ત્યારે તેને કોઇ કહે કે પાછું વાળીને જો તો ખરો, તારી સ્ત્રી કેટલી રડે છે? તારો દીકરો તાવથી તરફડે છે. અને તું શું યુદ્ધમાં જવા ચાલી નીકળ્યો છે? તો શું એ શૂરવીર ક્ષત્રિય પાછો ફરે ખરો? સાચો શૂરવીર આવી વાતો સાંભળી કદી પાછો ફરે નહિ. પાછો ફરે તો નહિ પણ એના સામું પીઠ ફેરવીને જુએ પણ નહિ. તેના દિલમાં તો શત્રુ ઉપર વિજય મેળવવાની લગની હોય છે. देहं पालयामि वा कार्यं साधयामि । કાં મરી જાઉં ને કાં શત્રુ ઉપર વિજય મેળવવાનું કાર્ય પૂરું કરું. તેમ સાચા સાધુઓ પણ આવા શૂરવીર હોય છે. સાધુ દીક્ષા લઇને એવો વિચાર નથી કરતાં કે દીક્ષા તો લઈ લીધી પણ હવે મારાથી પાલન નહિ થાય તો શું કરીશ? અગર દીક્ષા નહિ પાળી શકું તો સંસારમાં જવું પડશે તો મારી આજીવિકા કેવી રીતે ચલાવીશ? એ માટે જ્યોતિષ, જંત્ર, મંત્ર આદિ અહીં શીખી લઉં તો તેનાથી મારી આજીવિકા ચાલશે. આત્માર્થી સાધુઓ કદી આવા વિચાર કરતા નથી. સાધુ કેવા હોય? "जीविय आसमरण भयमुक्का।" સાચા સાધુઓ જીવવાની આશા કે મરણનો ભય રાખતા નથી. એ તો મોતને મુઠ્ઠીમાં લઇને ફરે છે. તેઓ તો પોતાની સાધુતામાં મસ્ત રહી કર્મશત્રુઓને જીતવામાં પ્રયત્નશીલ રહે છે. આ રીતે અનાથી મુનિ પાંચ ઇન્દ્રિઓ અને મનને જીતનાર હતા. આવો ઉગ્ર ઉત્તમ પુરૂષ ઇન્દ્રિઓને વશ થતો નથી. જે ઇન્દ્રિઓનું દમન કરે તે દાન્ત છે, અનાથી મુનિ દાન્ત હતા.

બંધુઓ! આવા સંયમી મુનિઓ સાચા ક્ષત્રિય હોય છે. ક્ષત્રિયને હાથની ઉપમા આપવામાં આવી છે. આપણા આખા શરીરને સ્પર્શ કરવાની જો શક્તિ હોય તો તે હાથમાં છે. બીજું એક પણ અંગ આખા શરીરને સ્પર્શ કરી શકશે નહિ. આખા

શરીરનું પાલન કરનાર હાથ છે. ખાવા-પીવાની દૃષ્ટિએ તથા કમાવાની દૃષ્ટિએ હાથ શરીરનું પાલન કરે છે. લખવું કે બીજું કોઈપણ કાર્ય હાથ દ્વારા થઈ શકે છે. હાથ ન હોય તો કંઈ કામ થઈ શકતું નથી. હાથ શરીરના કોઈ પણ ભાગની ઘૃણા કરતો નથી. તે મુખને પણ સાફ કરે છે ને પગને પણ સાફ કરે છે. તેમ ક્ષત્રિયોને જે હાથની ઉપમા આપી છે તેનું કારણ એ છે કે ક્ષત્રિયો કોઈની ઘૃણા કરતા નથી. પણ બધાનું પાલન કરે છે. બ્રાહ્મણોથી માંડીને ભંગીઓ સુધી બધાનું પાલન કરે છે. બધાની સંભાળ રાખે છે. જેમ હાથ આખા શરીરને વશમાં રાખે છે તેમ ક્ષત્રિયો પણ બધાને પોતાના વશમાં રાખે છે. તે રીતે સાધુઓ પણ બધી ઈન્દ્રિઓનું પાલન કરવાની સાથે તે ઈન્દ્રિઓને પોતાના કબજામાં રાખે છે.

બંધુઓ! અનાથી મુનિ આવા ઈન્દ્રિઓનું દમન કરનારા હતા. ઈન્દ્રિઓ અને કષાયોને જીતવાને કારણે મહાન તપસ્વી હતા. તપ દ્વારા કરોડો ભવના સંચિત કરેલાં કર્મો બળીને ખાખ થઈ જાય છે. ઉપવાસ કરવો એટલો જ તપ નથી. ઉપવાસ તપનું એક અંગ છે. ભગવાને બાર પ્રકારનો તપ કહ્યો છે. એ તમે ઘણી વાર સાંભળી ગયા છો. એટલે એનું વિવેચન કરતી નથી. પણ ટૂંકમાં ભગવંત કહે છે કે આવા મહા તપસ્વી અને ઇન્દ્રિઓનું દમન કરનાર એવા મહામુનિ અનાથી નિર્ગ્રંથ પાસે શ્રેણીક રાજાએ સનાથ-અનાથની વાત સાંભળી. તેથી તે ખૂબ આનંદિત થયા ને આનંદિત થઇને શું બોલ્યા તેનું વર્ણન કરે છે.

तुट्ठो य सेणिओ राया, इणमुदाहु कयंजली ।
अणाहयं जहाभूयं, सुट्ठु मे उवदंसियं ।।

— ઉત્ત. સૂ. અ. ૨૦, ગાથા ૫૪

શ્રેણીક રાજા અનાથી મુનિ પાસેથી સનાથ અને અનાથના ભાવભેદ સાંભળીને ખૂબ સંતુષ્ટ થયા. પહેલાં તે અનાથતા જુદી રીતે સમજતા હતા પણ મુનિ પાસેથી સત્ય હકીકત સાંભળીને તેમના દિલમાં જુદા જ ભાવ આવ્યા. ને મુનિના ચરણમાં હાથ જોડીને માથું નમાવી દીધું. રાજા શ્રેણીક વેવલો વાણિયો ન હતો કે જ્યાં ને ત્યાં હાથ જોડીને માથું નમાવી દે. તમને તો કોઇ એમ કહે કે અમુક દેવ-દેવીની માન્યતા કરવાથી પૈસાની પ્રાપ્તિ થાય છે. પુત્રની પ્રાપ્તિ થાય છે. તો તમારું શીર ત્યાં ઝૂકી જાય છે. પણ આ ક્ષત્રિય શ્રેણીક રાજા જ્યાં ને ત્યાં શીર ઝૂકાવે તેવા ન હતા. ભલભલા રાજા મહારાજાઓ પણ શ્રેણીક રાજાને નમાવી શકયા નથી. દેવ-દેવીઓ પણ વિચલિત કરી શકયા નથી. કહ્યું છે કે સાચા ક્ષત્રિયોને માથે ગમે તેવા કષ્ટ પડે પણ તે કોઇને મસ્તક નમાવતાં નથી. રાણા પ્રતાપને અકબરે કહ્યું કે જો તું મારા ચરણમાં શીર ઝૂકાવે તો તને રાજ્યનો મોટો ભાગ ઇનામ આપું. આવું મોટું પ્રલોભન આપ્યું તો પણ પ્રતાપે અકબરને હાથ

જોડયા નહિ. એટલે ક્ષત્રિયોને નમાવવા એ કંઈ સહેલી વાત નથી. પણ આવા પવિત્ર સંતોનો સમાગમ થતાં તેનું હૃદય પલ્ટાઈ જાય છે. તેના ઉપર સંતનો પ્રભાવ પડે છે ત્યારે ભકિતને વશ થઈને ક્ષત્રિયોનું શીર સંતોના ચરણુમાં ઝૂકી પડે છે.

બંધુઓ! શ્રેણીક રાજા મુનિના સમાગમથી અનાથતાનો ભાવ સમજતાં સંતુષ્ટ થયા ને બે હાથ જોડી કહેવા લાગ્યા કે આપે મને અનાથતાનું સ્વરૂપ સારી રીતે સમજાવ્યું. રાજા શ્રેણીક જ્યાં સુધી અનાથતાનો ભાવ સમજ્યા ન હતા ત્યાં સુધી તો એમ માનતા હતાં કે જેની પાસે સંપત્તિ ન હોય, ઘરબાર અને સગાંસ્નેહી ન હોય તે અનાથ છે ને જેની પાસે આ બધું હોય તે સનાથ છે. તમે પણ જેની પાસે કંઇ ન હોય તેને અનાથ માનો છો ને! રાજા શ્રેણીકની સમજણુમાં ને તમારી સમજણુમાં શું અંતર?

રાજા શ્રેણીક સંપત્તિવાનને સનાથ અને સંપત્તિ વિનાના માણુસને અનાથ માનતા હતા. તેનું કારણુ એ છે કે તેમની પાસે સંસારની સંપત્તિ અધિક હતી એટલે પોતાને સનાથ માનતા હતા. ને તેથી તેમણે અનાથી મુનિને જોયા ત્યારે પૂછયું હતું કે તમે આવા સૌંદર્યવાન હોવા છતાં ભોગ ભોગવવાના સમયે યુવાનીમાં દીક્ષા કેમ લીધી? તેના જવાબમાં મુનિએ કહ્યું કે "अणाहोमि महाराय।" હું અનાથ હતો. તેથી સાધુ થયો. ત્યારે રાજાએ કહ્યું કે તમારાં જેવા સ્વસ્થ અને સ્વરૂપવાન પુરૂષ અનાથ હોય તે હું માનવા તૈયાર નથી. છતાં જો આપ એમ કહો છો કે હું અનાથ છું. તો હું તમારો નાથ બનું. મારા જેવો મગધાધિપતિ તમારો નાથ બને તો પછી તમારે શું નાથ જોઇએ? તમે મારા રાજમહેલમાં ચાલો અને તમને ગમે તેવા ભોગ ભોગવો. તમારી બધી વ્યવસ્થા હું કરીશ પણ તમે આ મનુષ્યજન્મને તપ-ત્યાગમાં વ્યર્થ ગુમાવશો નહિ. મારા રાજ્યમાં તમારા જેવા સુંદર શરીરવાળા માણુસો આ રીતે સાધુ બનીને જીવન વ્યર્થ ગુમાવે તે હું સહન કરી શકું નહિ. આ રીતે રાજા શ્રેણીકે અનાથી મુનિને કહ્યું હતું. તેનું કારણુ એ હતું કે પોતે સનાથ-અનાથના વાસ્તવિક સ્વરૂપને સમજતો ન હતો. જેની પાસે સંસારની વધારે સંપત્તિ હોય તે સનાથ છે. એ તેમનું અજ્ઞાન હતું.

શ્રેણીક રાજા સાચી સનાથતાના ભાવ સમજ્યા તેથી અનાથી મુનિના ચરણુમાં નમી પડયા ને કહેવા લાગ્યા કે હે ગુરૂદેવ! આપે મને સાચું ભાન કરાવ્યું. આપ જો મને ન મળ્યા હોત તો આ રાજ્ય-વૈભવ અને સંપત્તિ રૂપી ચુડેલના પાશમાં હું જકડાયેલો રહેત તો તે મને ભરખી જાત. આપે મને સાચું સમજાવીને મારા જીવનનું સાચું ઘડતર કર્યું. જો તમે મને ન મળ્યા હોત તો મારું શું થાત? આપ મારા મહાન ઉપકારી છો. મારા ભગવાન છો. મેં અણુસમજણુમાં આપની ઘોર અશાતના કરી છે. મારૂં શું થશે? હવે શ્રેણીક રાજા અનાથી મુનિ પાસે પોતાના અપરાધની માફી માંગશે. પાછળની ગાથાઓના ભાવ ઘણાં સુંદર છે. પણ સમય નથી. આજે ઘણો સમય થઇ

ગયો છે. આવતી કાલે સારાંશ રૂપે કહી દઈશ. પણ થોડીવાર અંજના ચરિત્ર સાંભળો.

**ચરિત્ર :**–અંજનાનો લાડીલો હનુમાનકુમાર પરાક્રમી વીર હતો. તેના મુખ ઉપર અલૌકિક તેજ ઝળહળતું હતું. માતા–પિતાના આશીર્વાદ લઈને હનુમાનકુમાર પ્રયાણ કરી ગયા. માતા-પિતાએ તેને ખૂબ શિખામણ આપી. જેમ દીકરી સાસરે જાય છે ત્યારે તેની માતા શિખામણ આપે છે કે બેટા! ચંદ્ર-સૂર્યની પૂજા કરજે. આંગણું સ્વચ્છ રાખજે. અગ્નિ સાથે અડપલા કરીશ નહિ. ચંદ્ર-સૂર્યની પૂજા કરવી એટલે સાસુ-સસરાની સેવા કરવી. તેમનો વિનય સાચવવો. તેમની મર્યાદા સાચવવી. આંગણું ચોખ્ખું રાખવું એટલે શીયળ ચોખ્ખું પાળવું. ને અગ્નિ સાથે અડપલા ન કરવા તેનો અર્થ એ છે કે પતિ કહે તેમ કરવું. તેમની આજ્ઞાનું પાલન કરવું. એ કહે રાત તો રાત અને દિવસ તો દિવસ. એ રીતે કરીશ તો તારો સંસાર સુખી બનશે. આ રીતે માતા દીકરીને શિખામણ આપે છે. તેમ પવનજી અને અંજનાએ પોતાના હૈયાના હાર સમાન એકના એક લાડકવાયાને યુદ્ધમાં જતી વખતે ખૂબ શિખામણ આપી કે હે વ્હાલા દીકરા! તું ખૂબ પરાક્રમથી લડજે. તારી સામે બાણોનો વરસાદ વરસશે, તલવારો ઝીંકાશે તે વખતે તું પાછી પાની કરીશ નહિ. તું પરાક્રમી છે. જીભને દાંત ભરાવવાના હોય નહિ પણ માતા-પિતાની તારા પ્રત્યે મમતા છે એટલે બોલાઈ જાય છે. બેટા! તું નાનો છે. ખૂબ સંભાળીને જજે. વિજયડંકા વગાડી વહેલો આવજે. આ રીતે માતા-પિતાએ આશીર્વાદ આપ્યા ને હનુમાનકુમાર મોટા સૈન્ય સાથે રતનપુરથી સારા શુકન જોઈને શુભ દિવસે ને શુભ મુહૂર્તે નીકળ્યા.

હનુમાનકુમાર લંકામાં જઈ રહ્યા છે. વચમાં અંજનાનું પિયર એટલે હનુમાનના મોસાળનું ગામ આવ્યું. ત્યારે હનુમાનને થયું કે મારા દાદા-દાદી અને મામા-મામીઓએ મારી માતાને દુઃખના વખતે સામું પણ જોયું નથી. પાણી પણ પીવડાવ્યું નથી તો હવે તેમને મારી શક્તિનો ચમકારો બતાવતો જાઉં એટલે મહેન્દ્રપુરીના પાદરમાં પડાવ નાંખ્યો. નગરીમાં જઈને તેના દાદા-દાદી અને મામા-મામીઓને પોતાની શક્તિના પ્રભાવથી પકડીને ગાઢ બંધને બાંધી દીધા. ત્રણ પ્રહર સુધી તેમને બાંધી રાખ્યા. ત્યારે પ્રધાન વિગેરે મોટા માણસોએ આવીને વિનંતી કરી કે આ તમારા વડીલો છે. વડીલોને આવું ન કરાય. ત્યારે હનુમાન કહે છે તમારી વાત સાચી છે પણ મારી માતાના માથે ખોટું કલંક ચઢયું તે વખતે બધાએ તેના કાળા કપડા જોઈને તેને કાઢી મૂકી. કોઈએ સામું પણ ન જોયું. પાણી વગર તરફડતી હતી. આવી સ્થિતિમાં કોઈના દિલમાં તેના પ્રત્યે દયા ન આવી! તેને કોઈએ આશ્રય ન આપ્યો! તમે કસાઈથી પણ બૂરા છો. આમ કહીને ખૂબ વચન રૂપી ચાબૂકથી ફટકાર્યા. ત્યાર પછી પોતાની શક્તિનો પરિચય કરાવી બધાને બંધનથી મુક્ત કર્યા, અને બધાને પ્રણામ કરીને હનુમાનકુમાર આગળ વધ્યા.

**હનુમંત ચાલ્યો રે લંકા ભણી, સામો આવ્યો છે રાવણ ભુભાણ તો,**
**ઝાલી બીડું ને પાછો વળ્યો, મેઘપુરી જઇને કીધું છે મેલાણ તો,**
**સામા હો સુભટ તે આવીયા, ખેંચે છે ધનુષ્યને મૂકે છે બાણ તો,**
**રોષભર્યા રણ આફલે, એવા સુભટ પાડે દળમાં જાણ તો....સતી રે...**

હનુમાન મહેન્દ્રપુરીથી નીકળીને લંકા તરફ ચાલ્યા. આ તરફ લંકામાં પણ રાવણના પ્રયાણની તૈયારીઓ ચાલી રહી હતી. ત્યાં હનુમાન હજારો સુભટો સાથે આવી પહોંચ્યો. હનુમાનને દૂરથી આવતો જોઇને રાવણને ખૂબ આનંદ થયો. ને તે હનુમાન-કુમારની સામે ગયો. રાવણને આવતો જોઇને હનુમાન પણ રથમાંથી નીચે ઉતર્યો ને રાવણના સામો ગયો. હનુમાન આટલો પરાક્રમી હોવા છતાં તેનામાં વિનય કેટલો છે! રાવણ હનુમાનને ભેટી પડયો. અને તેનું તેજસ્વી મુખડું જોઇને જાણે આ છોકરો વિજયડંકા વગાડશે એવું રાવણના દિલમાં થઇ ગયું. હનુમાનનું તેજસ્વી મુખડું અને તેના સુદૃઢ અંગો જોઇને રાવણે તેના પરાક્રમનું અનુમાન કરી લીધું.

લંકામાં યુદ્ધની ભેરીઓ વાગવા લાગી. રાજ્યપુરોહિત મંગલ શ્લોક બોલ્યો ને રાવણનો રથ ચાલ્યો. રાવણની પાછળ હનુમાનનો રથ રાખવામાં આવ્યો હતો. અને હનુમાનના રથની પાછળ ઇન્દ્રજિતનો રથ ચાલી રહ્યો હતો. તેની પાછળ કુંભકર્ણ, મેઘવાહન અને સુગ્રીવના રથ શોભી રહ્યા હતા. તેની પાછળ ખર અને દૂષણના રથ દોડી રહ્યા હતા. અનેક વિદ્યાધર રાજાઓ, શૂરવીર સેનાપતિઓ, અશ્વદળ પાયદળ, હસ્તિદળની સાથે રાવણ વરૂણપુરી તરફ આગળ વધ્યો. થોડા દિવસોમાં તેઓ વરૂણપુરી નજીક પહોંચી ગયા. યુદ્ધના મેદાનથી બાર કોશ દૂર રાવણે સૈન્યનો પડાવ નાંખ્યો. આ તરફ વરૂણ પણ યુદ્ધની પૂર્ણ તૈયારી કરીને સજ્જ થઇને ઉભો હતો. વરૂણના એકએકથી ચઢિયાતા પરાક્રમી સો પુત્રો રાવણના સૈન્યને હરાવવા તલપાપડ થઇ રહ્યા હતા. અનેક શસ્ત્રવિદ્યા અને અસ્ત્રવિદ્યાના પારગામી સેનાપતિઓ લંકાપતિની રાહ જોતાં ઉછળી રહ્યા હતા.

રાવણના સૈન્યે પડાવ નાંખ્યો ને સૂર્યાસ્ત થઇ ગયો. જાણે એક વિશાળ નગર વસી ગયું ન હોય! તેવો દેખાવ લાગતો હતો. જમીને પરવાર્યા પછી કાલે કોણે કોણે યુદ્ધમાં જોડાવું તે કાર્યક્રમ નક્કી કર્યો. ને સવાર પડતાં યુદ્ધની શરૂઆત થઇ. રાવણના સૈન્યની સામે વરૂણના પુત્રો ઝઝૂમવા લાગ્યા. કોઇ બાણથી તો કોઇ સામસામા જાળ બાંધીને લડે છે. વરૂણના પુત્રો મહાન પરાક્રમી હતા. તેમની સામે રાવણની સેના ટકી શકી નહિ. બધા સૈનિકો ભાગાભાગ કરવા લાગ્યા. એટલે તરત હનુમાનકુમાર મોખરે આવીને ઉભા રહ્યા. હનુમાનકુમાર યુદ્ધ કરવા આવ્યા છે પણ તેની ઉંમર નાની છે, નાના છોકરા જેવો દેખાય છે. એટલે તેને જોઇને વરૂણનો પુત્ર શું કહે છે:-

**બજરંગીને વરૂણસુત કહે, બાલક તારો વેશ,**
**કોણ પિતા તુમ કુંવરજી, કોણ તમારો દેશ.**

હે છોકરા! તું યુદ્ધમાં લડવા આવ્યો છે પણ તું શું લડી શકીશ? તું નાનો બાળક છે. તું કયાંથી આવ્યો? તારા પિતા કોણ છે? તે મને પહેલાં કહે પછી યુધ્ધે ચઢ. તારી નાની ઉંમર જોઇને મને તો દયા આવે છે.

**વદે તેજે દીપતો, પવન કપિ મુજ નામ,**
**લઘુવેશે હું નાનકડો, દેખો મારા કામ.**

હનુમાન કહે છે કે હું પવનજીનો પુત્ર છું. હું ઉંમરમાં ભલે નાનો છું. પણ તમે મારું કામ જોશો તો સ્તબ્ધ બની જશો. માટે મારી નાની ઉંમર જોઇને ચિંતા ન કરશો. ત્યારે વરૂણના પુત્રો કહે છે કે અમને તો લાગે છે કે તું તારા માતા-પિતાને અળખામણો છોકરો લાગે છે. તારી માતા તારી પૂર્વની વેરણ લાગે છે. નહિતર આવા નાના છોકરાને યુદ્ધમાં મોકલે ખરા? નક્કી તારો કાળ ભમી રહ્યો છે, તેથી તું વરૂણની સામે યુધ્ધે ચઢયો છે. ભલે, તું માનતો નથી પણ અમે તારા ઉપર શસ્ત્ર નહિ ચલાવીએ. કારણ કે કીડી ઉપર કટક ચલાવવું તે સાચા ક્ષત્રિયોનો ધર્મ નથી માટે હજુ પણ હે છોકરા! તું જીવવા ઇચ્છતો હોય તો પાછો વળ. હનુમાન કહે છે કે પાછા વળે તે બીજા. તમારી માતાએ સવા શેર સૂંઠ ખાઇને જો તમને જન્મ દીધો હોય તો તૈયાર થઇ જાવ. આ અંજનીનો જાયો પાછો પડે તેમ નથી. હનુમાનના શબ્દો વરૂણના પુત્રોને ઝાળ જેવા લાગ્યા ને ક્રોધાયમાન થઇને યુદ્ધ કરવા તૈયાર થયા. ત્યાં હનુમાને શું કર્યું?

**વાનરી વિદ્યા સાધી કરી, વાનર રૂપ કીધું તેણી વાર તો,**
**હાક કરી દલ હટાવીયું, જોજન બાર લગી વાજે હુંકાર તો,**
**હાકે સેના સહુ થરથરે, વૃક્ષ ઉખેડીને નાંખે છે ધાય તો,**
**પૂંછે ફેરી કર્યા એકઠા, વરૂણના પુત્ર બાંધી નાંખ્યા રણમાંય તો...સતી રે....**

હનુમાન વાનરવિદ્યા ભણ્યા હતા. એટલે તેમણે વાનરનું રૂપ લીધું અને એવા હુંકારા કરવા લાગ્યો કે તેની હાક બાર જોજન સુધી વાગવા લાગી. તેની હાકે સેનાના માણસો થરથર ધ્રુજવા લાગ્યા. હનુમાનકુમાર વૃક્ષો ઉખેડીને વરૂણના સૈન્ય ઉપર નાખવા લાગ્યો. વરૂણનું સૈન્ય તો ભાગવા લાગ્યું. બીજી તરફ હનુમાને પોતાના પૂંછડા વડે સૈનિકોને પકડીને રણમાં ફેંકી દીધા. આ જોઇને વરૂણને ખૂબ ક્રોધ ચઢયો ને હનુમાનની સામે આવીને કહે છે કે હે છોકરા! તું આ મેલી રમત રમે છે. યુદ્ધમાં વાનરનું રૂપ લેવાય નહિ. સમાન શસ્ત્રોથી લડવું જોઇએ. એમ કહી હનુમાન સામે વરૂણે પડકાર કર્યો. તરત હનુમાનકુમારે પોતાનું મૂળ રૂપ બનાવી દીધું. વરૂણ અને હનુમાન સામસામા આવી ગયા. હનુમાન અને વરૂણ બે જણાં લડવા લાગ્યા. લડતાં લડતાં એવો લાગ

જોઈને હનુમાને વરૂણના વાળ પકડી લીધા. પાછળથી રાવણ પણ હનુમાનને ટેકો આપવા લાગ્યો. હનુમાને વરૂણને પકડીને રથમાં નાંખી દીધો. હવે વરૂણ પકડાઈ ગયો છે. આગળ શું બનશે તેના ભાવ અવસરે કહેવાશે.

આજે કારતક સુદ પુનમના દિવસે અમારી સંવત્સરીનો દિન છે. એટલે અમે વાલકેશ્વર સંઘમાં ચાતુર્માસ આવ્યા. ત્યારથી લઈને આજ સુધીમાં મારાથી અગર મારા એક પણ મહાસતીજીથી શ્રી સંઘના કોઈ પણ ભાઈ-બહેનોને દુઃખ થયું હોય અગર મન-વચન અને કાયાથી કોઈ પણ આત્માને દુભાવવામાં નિમિત્તભૂત બન્યા હોઈએ તો બધા મહાસતીજી વતી અંતઃકરણથી ક્ષમા માગું છું. પૂ. મહાસતીજીના આ શબ્દો સાંભળી બધા શ્રોતાજનોની આંખમાંથી વરસાદની ધારાની જેમ આંસુઓ પડવા લાગ્યા ને શ્રી સંઘ પૂ. મહાસતીજી પાસે ક્ષમા માંગવા લાગ્યો.

**વાલકેશ્વર સંઘના મંત્રી નગીનભાઈનું ભાષણ:**

પૂ. મહાસતીજી વાલકેશ્વર સંઘના આંગણે ચાતુર્માસ પધાર્યા ત્યારથી ધર્મ-આરાધનાના મોજા ઉછળી રહ્યા છે. આપણા સંઘમાં કદી નહિ થયેલી તેવી અદ્ભુત તપશ્ચર્યાઓ થઈ છે. પૂ. મહાસતીજીઓએ પણ માસખમણ, સોળ અને અઠ્ઠાઈની તપશ્ચર્યાઓ કરીને વાલકેશ્વર સંઘને પાવન બનાવ્યો છે. તેમજ સોળ સોળ જોડી એટલે ૩૨ આત્માઓએ આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા કરી છે. આ બધો પ્રભાવ પૂ. મહાસતીજીની અદ્ભૂત વાણીનો છે. આ રીતે તપ – ત્યાગ અને ધર્મ આરાધનામાં વાલકેશ્વર સંઘ અને કાંદાવાડી સંઘ બૃહદ્ મુંબઈમાં મોખરે છે. દાન, શીયળ, તપ અને ભાવ એ ચારેય બોલની ખૂબ આરાધના થઈ છે. આ ચાતુર્માસ વાલકેશ્વરના ઈતિહાસમાં સોનેરી અક્ષરે લખાશે. પૂ. મહાસતીજીએ વાલકેશ્વર સંઘને જાગૃત બનાવવા માટે ચાર ચાર મહિના એકધારી વીતરાગવાણી વહાવી છે. તે બદલ આપણે તેમનાં ખૂબ ઋણી છીએ. પૂ. મહાસતીજી! ફરી ફરીને વાલકેશ્વરને લાભ આપતા રહેશો. અને આપ ગુજરાતમાં પધારો તે પહેલાં ફરીને વાલકેશ્વર સંઘને એક ચાતુર્માસનો લાભ આપશો. એવી શ્રી વાલકેશ્વર સંઘ વતી હું આપને ભાવભરી વિનંતી કરું છું. નંદલાલભાઈએ પણ આ રીતે પૂ. મહાસતીજીને ફરીને ચાતુર્માસ કરવા માટેની ખૂબ આગ્રહભરી વિનંતી કરી હતી. અને આવા મહાન વિદુષી મહાસતીજી આપણે ત્યાંથી વિહાર કરશે ને આપણને બધાને તેમનો વિયોગ પડશે. તેનું દુઃખ વ્યક્ત કરેલ હતું.

તેમજ આપણે ત્યાં પૂ. મહાસતીજીના સુમધુર વ્યાખ્યાનો જે લખાઈને છપાઈ રહ્યા છે. તેમાં મોટો સહકાર દાનવીર શેઠ શ્રી મણીભાઈ શામજીભાઈ વીરાણી તેમજ છગનભાઈ વીરાણીના સુપુત્રો, ગીજુભાઈ શેઠ તથા હિંમતલાલ ન્યાલચંદ દોશી આ બધાનો મોટો સહકાર છે. તેમજ આપણા ઘણા ભાઈ-બહેનોએ સહકાર આપ્યો છે. તે બદલ હું સૌનો આભાર માનું છું.

પૂ. મહાસતીજીના વ્યાખ્યાન એવા પ્રભાવશાળી છે કે ગમે તેટલી નકલ બહાર પડે તો પણ આપણે બધાને પૂરી પાડી શકતા નથી. આ ઉપરથી સમજી શકીએ છીએ કે પૂ. મહાસતીજીના વ્યાખ્યાન કેટલા બધા આકર્ષક ને બોધદાયક બન્યા છે! આ બધો પ્રભાવ તેમની વાણીનો છે. આપણે ત્યાં સાત હજાર નકલ બહાર પડે છે. તેના ગ્રાહકો લગભગ નોંધાઇ ગયા છે. આટલી બધી નકલ બહાર પાડવા છતાં લોકોની માંગને આપણે પહોંચી શકવાના નથી. આ પ્રસંગે ફરીને પૂ. મહાસતીજી બધા ઠાણાનો તેમજ વાલકેશ્વર સંઘનો અને વીરાણી કુટુંબનો આભાર માનું છું. અને કોઈ પણ ભૂલ થઇ હોય તો ક્ષમા માંગું છું.

☆

## વ્યાખ્યાન નં - ૧૦૯

**કારતક વદ ૧ ને બુધવાર** **તા. ૧૯-૧૧-૭૫**

સુજ્ઞ બંધુઓ! સુશીલ માતાઓ ને બહેનો!

અનંત જ્ઞાની, પરમ તત્ત્વના પ્રણેતા વીતરાગ પરમાત્માએ આપણા જેવા બાલ જીવોના ઉદ્ધારને માટે, અનાથતામાંથી સનાથતામાં, અજ્ઞાનમાંથી જ્ઞાનમાં, આશ્રવમાંથી સંવરમાં અને પરભાવમાંથી સ્વભાવમાં આવવા માટે આગમ વાણી પ્રકાશી. આત્માને સ્વભાવમાં સ્થિર કરવા માટે આગમની વાણીનો સહારો લેવો જોઇએ. કારણ કે આગમવાણી એવી પવિત્ર ને નિર્દોષ છે કે જે તેનું પાન કરીને આચરણ કરે તેના ભવના ભુક્કા થયા વિના રહે નહિ.

**વાણી તો ઘણેરી પણ વીતરાગ તુલ્ય નહિ,**
**પ્યાલા ભર પીવે પ્રાણી, ચોરાશી કહાની હૈ**

દુનિયામાં વાણી તો ઘણા પ્રકારની છે પણ કોઇ વાણી વીતરાગ પ્રભુની વાણી જેવી નથી. વીતરાગ વાણીના ઘૂંટડા ગમે તેટલા પીવાય તો પણ જીવને તૃપ્તિ થતી નથી. જે આત્મા શ્રદ્ધાપૂર્વક વીતરાગ વાણીનું પાન કરે છે તે અમર સ્થાન સિદ્ધગતિને પ્રાપ્ત કરે છે. એ એક જ સ્થાન એવું છે કે જ્યાં ગયા પછી જીવને પાછા આવવું પડતું નથી. મનુષ્ય અને તિર્યંચોને આયુષ્ય પૂર્ણ થાય એટલે મરવું પડે છે. નારકી અને દેવની વધુમાં વધુ ૩૩ સાગરોપમની સ્થિતિ છે. તે પૂર્ણ થતાં ચવવું પડે છે. ફક્ત સિદ્ધ અવસ્થા એવી છે કે ત્યાંથી પાછા આવવાનું નથી. ભૂતકાળમાં અનંતા જીવો વીતરાગ વાણીનું પાન કરીને સિદ્ધ થયા છે. વર્તમાનકાળે અહીંથી નહિ પણ મહાવિદેહ ક્ષેત્રમાંથી સિદ્ધ થાય છે ને ભૂતકાળમાં થશે. કંઇક જીવો એક વખત વીતરાગવાણી સાંભળીને કામ કાઢી ગયા છે.

ઉત્તરાધ્યયન સૂત્ર ૨૦ મું અધ્યયન જેમાં શ્રેણીક રાજાને અનાથી મુનિનો સમાગમ

થયો તો મિથ્યાત્વી મટીને સમકિતી બન્યા. બંધુઓ! મિથ્યાત્વ એ મહાન રોગ છે. જેમ રોગી માણસને ક્યાંય ચેન પડતું નથી તેમ મિથ્યાત્વી જીવોને કોઈ ગમે તેટલી સાચી વાત સમજાવે તો પણ તેને સાચી દિશા સૂઝતી નથી. આપણા શરીર ઉપર સાડા ત્રણ ક્રોડ રોમરાય છે. અને એકેક રોમે પોણા બબ્બે રોગ રહેલા છે. તેમાં સોળ રોગો મોટા છે. કોઈ માણસને એકસામટા સોળ રોગો થાય ને તેની જે વેદના થાય છે તેના કરતાં પણ મિથ્યાત્વ રૂપી મહારોગની અનંતી વેદના થાય છે. જેમ ટયૂબલાઈટના પ્રકાશમાં નાના ગ્લોબની લાઈટનો પ્રકાશ સમાઈ જાય છે તેમ મિથ્યાત્વના મહારોગ આગળ બીજા રોગો તો કોડિયા જેવા છે. મિથ્યાત્વના રોગમાં બીજા રોગો સમાઈ જાય છે. સોળ રોગો એ દ્રવ્ય રોગ છે ને મિથ્યાત્વ એ ભાવરોગ છે. મિથ્યાત્વના કારણે જીવને સંસારમાં પરિભ્રમણ કરવું પડે છે. જો સંસારમાં ભમવું ન હોય તો સર્વ પ્રથમ મિથ્યાત્વના મૂળીયાને ઉખાડી નાંખો. કોઈ વૃક્ષને કાઢી નાંખવું હોય તો ઉપરના ડાળા-પાંખડા કાપે કામ નહિ આવે. એના મૂળીયા કાઢવા પડશે આપણા આત્માએ અનાદિકાળથી ડાળા પાંખડા કાપવાની મહેનત કરી છે પણ સંસારનું મૂળ ઉખાડવા મહેનત કરી નથી. અનાથી મુનિ મળતાં શ્રેણીક રાજાએ મિથ્યાત્વના મૂળ ઉખાડી નાંખ્યા.

સનાથ અને અનાથની વ્યાખ્યા સાંભળીને શ્રેણીક રાજાના અંતરમાં અપૂર્વ ઉલ્લાસ થયો ને અનાથી મુનિના ચરણમાં પડી બે હાથ જોડીને કહ્યું કે હે ગુરૂદેવ! આપે તો મને ન્યાલ કરી દીધો. મારું ભવોભવનું દારિદ્ર ટાળી દીધું. આપે મને સનાથ અને અનાથનો ભેદ સારી રીતે સમજાવીને મારો મનુષ્ય જન્મ સફળ બનાવ્યો. હવે શ્રેણીક રાજા અનાથી મુનિને શું કહે છે. (પાખી અને એકમ અસજઝાયના દિવસ છે એટલે ગાથા બોલાય નહિ પણ તેનો ભાવ કહું છું)

तुज्झं सुलध्दं खु माणुस्स जम्मं હે મહામુનિ! આપનો ઉપદેશ સાંભળીને મને ખાત્રી થઈ છે કે સુંદર મનુષ્ય જન્મ તો આપને મળ્યો છે ને આપે મનુષ્ય જન્મનો લાભ ઉઠાવ્યો છે. આપ જ સાચા સનાથ છો ને સાચા બાંધવ છો. જુઓ, શ્રેણીક રાજા અનાથી મુનિ પાસેથી સદ્બોધ રૂપી ભેટ મેળવીને તે પણ મુનિને કેવી ભેટ આપે છે તેનું આ ગાથામાં વર્ણન કરેલું છે. જેમ કોઈ રાજાએ કોઈ માણસને એક બાગ ભેટ આપ્યો. રાજા દ્વારા ભેટ પામનાર માણસ જો કૃતજ્ઞ હશે તો બાગમાં ઉત્પન્ન થતાં ફળફૂલ રાજાને ભેટ આપ્યા વિના રહેશે નહિ. આ પ્રમાણે ઉપદેશનો પાત્ર જો કૃતજ્ઞ હશે તો તે બોધરૂપી બગીચાના ફળફૂલ રૂપી બોધ આપનાર ગુરૂને જે પ્રમાણે શ્રેણીક રાજા અનાથી મુનિને સ્તુતિ દ્વારા ભેટ ધરે છે તેમ ભેટ આપ્યા વિના રહેશે નહિ. આ રીતે કરવું તે સુપાત્રનું લક્ષણ છે. ભગવાને જમાલિને તથા ગોશાલકને પણ બોધ આપ્યો હતો ને રોજ સાત સાત જીવોની ઘાત કરનાર અર્જુનમાળીને પણ બોધ આપ્યો હતો.

પણ જમાલિ અને ગોશાલક કેવા નીવડયા ને અર્જુનમાળી કેવો પવિત્ર નીવડયો! ભગવાનનો ઉપદેશ તો બધા જીવો માટે સમાન હોય છે. ભગવાન આચારંગ સૂત્રમાં બોલ્યા છે:
"जहा पुण्णस्स कत्थइ तहा तुच्छस्स कत्थइ, जहा तुच्छस्स कत्थइ तहा पुण्णस्स कत्थइ।"
વીતરાગ પ્રભુ ચક્રવર્તી, માંડલિક રાજા, શેઠ, શ્રીમંત આદિ પુણ્યવાન આત્માઓને જે ઉપદેશ આપે છે તેજ ઉપદેશ દરિદ્રી, કઠિયારાને આપે છે. જે ઉપદેશ દરિદ્રી, કઠિયારા આદિને આપે છે તેજ ઉપદેશ પુણ્યવાનને આપે છે. તેમાં કોઇ ભેદભાવ હોતો નથી. જેવી રીતે મેઘની ધારા જળમાં અને સ્થળમાં સમાન રૂપથી વરસે છે તેવી રીતે ભગવાનના ઉપદેશમાં પણ ભેદભાવની વૃત્તિ હોતી નથી. પણ પાત્ર પોતપોતાની યોગ્યતા પ્રમાણે તેને ગ્રહણ કરે છે.

રાજા શ્રેણીક મિથ્યાત્વી હતા ત્યારે તેમણે અનાથી મુનિને કહ્યું હતું કે આપ આ મનુષ્ય જન્મને સાધુપણું લઇને હીરાને પથ્થરના બદલામાં આપી દેવા જેવું કાર્ય કરી રહ્યા છો. પણ જ્યારે તે મુનિના ઉપદેશથી બોધ પામ્યા ત્યારે તે શ્રેણીક રાજાને કહેવા લાગ્યા કે આપનો મનુષ્ય જન્મ સફળ છે. અને આપ મનુષ્ય જન્મનો સાચો લાભ ઉઠાવી રહ્યા છો. હે મુનિ! આપ જ સનાથ અને સબાંધવ છો. જે દુઃખ વખતે સહાયક બને તે સાચો બાંધવ છે. તમે પણ મારું અજ્ઞાન દૂર કરાવી જ્ઞાનનો પ્રકાશ મને આપ્યો છે એટલે મને અંધકારમાંથી પ્રકાશમાં લાવનાર આપ સાચા બાંધવ છો. કારણ કે આપે જિનેશ્વર પ્રભુનો માર્ગ ગ્રહણ કર્યો છે તેથી આપ સનાથ છો, બાંધવ છો. ને મનુષ્ય જન્મનો લાભ લેનાર છો. તમારું જીવન સફળ છે.

આ રીતે શ્રેણીક રાજા અનાથી મુનિના ખૂબ ગુણગ્રામ કરવા લાગ્યા. ને તેમનો મહાન ઉપકાર માનવા લાગ્યા. તેમનું હૈયું હર્ષથી નાચી ઉઠયું. અહો! આજે મારા ભાગ્ય ખુલી ગયા. મને ભવસાગર તારનારા સાચા સુકાની મળી ગયા. આવા સંતો જગતના જીવો માટે મહાન ઉપકારી છે. તે વિશાળ વડલા જેવા ગહેર ગંભીર હોય છે. સંસારની ઉપાધિથી આકુળ-વ્યાકુળ બનેલા, અકળાયેલા ને મૂંઝાયેલા જીવોને માટે વિસામારૂપ છે. તમે સંસારની ઉપાધિથી ગમે તેટલા અકળાયેલા હશો પણ જો સંતની પાસે આવીને બેસશો ને તમારું હૈયું ઠાલવશો તો હળવા બની જશો. સાધુને શાસ્ત્રમાં અપેક્ષાએ ઉકરડાની ઉપમા આપવામાં આવી છે. ઉકરડામાં કોઇ સારી ચીજ નાંખી જાય ને કોઇ ખરાબ ચીજ પણ નાંખી જાય છતાં કોઇને કહે નહિ, તેમ સંતની પાસે કોઇ સારી વાત કરી જાય ને ખરાબ પણ કરી જાય પણ સંતો કોઇને કહે નહિ. કોઇ ગમે તેવું ખારૂં, ખાટું કે કડવું વહોરાવે તો પણ એમ ન કહે કે આણે મને આવું વહોરાવ્યું છે. ધર્મરૂચી અણગારના પાત્રમાં નાગેશ્રીએ કડવી તુંબડીનું શાક વહોરાવ્યું પણ કદી કોઇના મોઢે બોલ્યા નથી. પોતે કડવા ઘુંટડા પચાવીને પણ જગતના જીવોના ઉદ્ધારનું નિમિત્ત બને છે.

શ્રેણીક રાજાને આવા પવિત્ર સંત ભેટી ગયા. એમને નરકનો બંધ પડી ગયો હતો એટલે વ્રત-પ્રત્યાખ્યાન કરી શકતા ન હતા. પણ વીતરાગ વચન ઉપર શુદ્ધ શ્રદ્ધા થતાં ધર્મની ખૂબ દલાલી કરી. તે દીક્ષા લઈ શકયા નહિ પણ દીક્ષા લેનારને અનુમોદના ખૂબ આપી. એવી તેમની પવિત્ર ભાવના હતી. રાજાની આવી પવિત્ર ભાવના હતી. રાજાની આવી પવિત્ર ભાવના કરવામાં નિમિત્ત અનાથી નિર્ગ્રંથ છે. અનાથી નિર્ગ્રંથ મળ્યા તો સમ્યક્દર્શન પામ્યા. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કામ કરે છે. જીવનું ઉપાદાન શુદ્ધ હોય તો ગમે ત્યાંથી નિમિત્ત મળી જાય છે. તે અનુસાર શ્રેણીક રાજાને અનાથી મુનિ મળ્યા ને સાચી સમજણ પ્રાપ્ત કરી. પોતાની ભૂલ પોતાને સમજાઈ એટલે મુનિના ચરણમાં મસ્તક નમાવી દીધું ને કહ્યું હે ભગવંત! હે ગુરૂદેવ! તમે સંયમ લઈને સાચા સનાથ બનીને મનુષ્ય જન્મને સફળ બનાવ્યો છે. હવે આગળ શું કહે છે :– तं सि नाहो अणाहाणं (५६) पुच्छिउण मए तुब्भं । (५७)

અનાથી નિર્ગ્રંથના વારંવાર ગુણગ્રામ કરતાં શ્રેણીક રાજા કહે છે હે મુનિરાજ! આપ જિનોત્તમ માર્ગે ચઢી પોતાના તો નાથ બન્યા છો પણ સંસારમાં જે જીવો અનાથ છે તેમના પણ નાથ બન્યા છો. આપે જે સાચી સનાથતા પ્રાપ્ત કરી છે તે સનાથતા જગતની અનાથતા દૂર કરનારી છે. જે અવસ્થા પામીને બીજા લોકો મોહમાં પડી જાય તે અવસ્થા પ્રાપ્ત થવા છતાં પણ તમે તેનાથી અલગ રહી તેના મોહમાં ન ફસાતા સજાગ બનીને સંયમ માર્ગમાં જોડાઈ ગયા. માટે તમે સનાથ છો. અનાથના નાથ છો. જે પોતાનો નાથ બની જાય છે તે બીજાનો પણ નાથ બની જાય છે. માટે હે ગુરૂદેવ! આપ અનાથના પણ નાથ છો. આપે મને પહેલાં કહ્યું હતું કે હું અનાથ હતો એટલે મેં દીક્ષા લીધી છે. હવે આપ સંયમ લઈને સનાથ બની ગયા છો. અને આપ આપના નાથ બન્યા એટલે દરેક જીવોના પણ નાથ બન્યા છો. તમે પહેલાં તમારી સંપત્તિનું વર્ણન કરી બતાવ્યું છે, હું પહેલા આવો શ્રીમંત હતો. પણ જ્યારે મારા શરીરમાં રોગ ઉત્પન્ન થયો ત્યારે તે શ્રીમંતાઈ, સત્તા કે કુટુંબ કોઈ રોગ દૂર કરવામાં સહાયક ન થયું. આપના આ કથન ઉપરથી એ પણ સમજી શકાય છે કે કોઈ પણ વસ્તુ ઉપર મમત્વ કરવાથી આત્મા તેનો ગુલામ બની જાય છે. એટલા માટે હું મને પોતાને અનાથ માનવા લાગ્યો ને મેં સંપત્તિ, સત્તા અને સ્વજનો ઉપરથી મારી મમતા ને અધિકાર ઉઠાવી લીધા. તે માત્ર ઉપરથી નહિ પણ હૃદયપૂર્વક આપે કરી બતાવ્યું કે મેં જ્યારે પરવસ્તુની ગુલામી છોડી દીધી ત્યારે હું સનાથ બની શકયો.

હે ગુરૂદેવ! આપની વાત હું બરાબર સમજી શકયો છું. આપ જ સાચા સનાથ છો ને બધા પ્રાણીઓના નાથ પણ તમે છો. રાજા શ્રેણીક અને અનાથી મુનિના સંવાદ ઉપરથી તમે પણ સમજી શકયા હશો કે એક પણ પરમાણુ ઉપર 'આ મારું છે' એવું

મમત્વ છે ત્યાં સુધી આત્મા અનાથ છે. સંસારના દરેક પદાર્થો ઉપરથી મમત્વ ઉતરી જાય ત્યારે સનાથ બની શકાય છે.

બંધુઓ! ધર્મનો ઉપદેશ સાંભળીને શ્રેણીક રાજાનો કેટલો બધો હૃદયપલટો થઈ ગયો! તમે આખું ચાતુર્માસ અનાથી મુનિ અને રાજા શ્રેણીકનો અધિકાર સાંભળ્યો. તો આ સભામાં કેટલા શ્રેણીક બન્યા? શ્રેણીક રાજા મુનિ પાસે પોતાની ભૂલની ક્ષમા માંગે છે. તમને થશે કે શ્રેણીકે શું ભૂલ કરી હશે? મુનિ તો કોઈને અપરાધી માનતા નથી. એ તો ક્ષમાના સાગર હતા. તેમણે જો રાજાને અપરાધી માન્યા હોત તો આટલી સરસ રીતે સનાથ અને અનાથનું સ્વરૂપ સમજાવત નહિ. પોતાનો ગુન્હો પ્રગટ કરતાં શ્રેણીક રાજા કહે છે હે ગુરૂદેવ! આપ એકાગ્ર ચિત્તે સમાધિવપૂર્ક ધ્યાન કરી રહ્યા હતા ત્યારે મેં આપે ભોગ ભોગવવાના સમયમાં દીક્ષા કેમ લીધી? એવો તુચ્છ પ્રશ્ન કર્યો. મને આપનું ધ્યાન તોડાવવાનો ને આવો હલકો પ્રશ્ન પૂછવાનો શો અધિકાર હતો? મને અધિકાર ન હોવા છતાં મેં આપનું ધ્યાન તોડયું એ મારો પહેલો અપરાધ છે. રાજાએ અજ્ઞાનપણામાં મુનિને પ્રશ્ન પૂછયો ને તેમનું ધ્યાન ભંગ કર્યું. તેની વારંવાર બે હાથ જોડી મુનિ પાસે ક્ષમા માંગે છે. તો વિચાર કરો. એ મોટા રાજા હોવા છતાં તેમનામાં કેટલી નમ્રતા હશે! રાજા કહે છે મારો પ્રશ્ન તુચ્છ હતો ને આપનું ધ્યાન મોટું હતું. તુચ્છ પ્રશ્નને માટે ધ્યાનમાં મહાન લાભની હાનિ કરી છે. એ મારો અપરાધ છે. આ પ્રમાણે કહીને શ્રેણીક રાજા પોતાનાં ઉપર મુનિનો મહાન ઉપકાર છે તે વાત પ્રદર્શિત કરે છે. બીજું આપે આપનું અમૂલ્ય ધ્યાન તોડીને ધર્મનો ઉપદેશ આપ્યો એટલે મારા મહાન ઉપકારી છો. હું આપના ઉપકારનો બદલો કયારે વાળીશ?

**તમે મારા અનંતા ઉપકારી-પ્રભુજી-પ્રભુજી! તમે મારા અનંતા ઉપકારી.**
**ગંદા વનમાં મારા માટે પાવન કેડી તમે પાડી....પ્રભુજી (૨)-તમે મારા**
**આ દુનિયા તો અંધારું એક વન, કિરણના કયાંયે થાયે ના દર્શન,**
**ફાંફા મારું જયાં ત્યાં અથડાઉં, અંધા જેવું કરું હું વર્તન,**
**અનુકંપા જાગી તમને (૨) સાચી દિશા મને સૂઝાડી....પ્રભુજી....તમે મારા**

મારા પ્રભુ કહું કે મારા ગુરૂ કહું તમે જ મારા મહાન ઉપકારી છો. તમે મારા આત્મા ઉપર રહેલાં અંધકારને ઉલેચીને મને પ્રકાશ આપ્યો છે. માટે હું આપનો ઉપકાર કયારે પણ નહિ ભૂલું.

મેં બીજો અપરાધ એ કર્યો કે આપને મેં સંસારના ભોગોપભોગ માટે આમંત્રણ આપ્યું. મેં આપને એમ કહ્યું કે આપ આ ભરયુવાનીમાં આવા કષ્ટો શા માટે સહન કરો છો? તમે મારી સાથે મારા રાજ્યમાં ચાલો. અને સુખેથી ભોગનો ઉપભોગ કરો. હું આપના જેવા સનાથને પણ અનાથ બનાવવા ચાહતો હતો. હું ભોગનો કીડો આપને

પણ ભોગના કીડા બનાવવા ચાહતો હતો. મેં અજ્ઞાનતાને કારણે આપનો અપરાધ કર્યો છે. માટે મારો અપરાધ માફ કરો. આ રીતે રાજાએ અનાથીમુનિની પાસે પોતાના અપરાધની ક્ષમા માંગી. ત્યાર બાદ શું કર્યું– "एवं थुणित्ताण स रायसीहो" રાજસિંહ શ્રેણીકના હૃદયમાં મુનિસિંહ એવા અનાથી મુનિ પ્રત્યે પરમભકિત જાગૃત થઇ. અને પરમભકિત જાગૃત થવાથી તેમણે શું કર્યું? તે માટે ગાથામાં કહ્યું છે કે પોતાની રાણીઓ, બાંધવો, કર્મચારીઓ વિગેરે રાજસંપદા સહિત મુનિની પાસે આવી ક્ષમા પ્રાર્થના કરી અને ધર્મના અનુરાગી થયા.

બંધુઓ! આ ગાથામાં રાજા શ્રેણીકને અને અનાથી મુનિને બંનેને સિંહની ઉપમા આપી છે. સિંહ તો તિર્યંચ પ્રાણી છે છતાં રાજાને અને મુનિને બંનેને શાસ્ત્રકારે સિંહની ઉપમા આપી છે. તો સિંહમાં એવી કઈ વિશેષતા છે? પશુઓ ઘણાં છે છતાં સિંહની ઉપમા કેમ આપી? શ્વાનની કેમ ન આપી? સિંહ અને શ્વાનમાં શું અંતર છે? તે પણ વિચારવાનું છે. ઘણી વખત શ્વાન (કૂતરા) પણ દેખાવમાં સિંહ જેવા દેખાતા હોય છે. તેના વાળ, દાંત અને પૂંછડી બધું સિંહ જેવું હોય છે. આ રીતે કૂતરો દેખાવમાં સિંહ જેવો હોવા છતાં શું કૂતરો સિંહ બની શકે ખરો? ના. કૂતરો જ્યાં સુધી ન ભસે ત્યાં સુધી ભલે સિંહ જેવો લાગે પણ ભસે ત્યારે સિંહ જેવી ગર્જના થાય ખરી? એ ભસે ત્યારે આ કૂતરો જ છે તેવી ખાત્રી થયા વિના રહેતી નથી. કૂતરો બાહ્ય દેખાવથી સિંહ જેવો લાગે પણ તેના ભસવા ઉપરથી તે સિંહ છે કે કૂતરો તેની ખબર પડી જાય છે. તેમ બાહ્ય વેશથી કોઇ સાધુ બની ગયો હોય પણ તેના બોલવા ચાલવા ઉપરથી આ સનાથ છે કે અનાથ તેની ખાત્રી થયા વિના રહેતી નથી.

આ રીતે સિંહ અને કૂતરામાં તેના બોલવામાં અંતર છે ને બીજી રીતે વિચારીએ તો કૂતરાને કોઇ લાકડી કે પથ્થર મારે છે ત્યારે તે લાકડી કે પથ્થરને પકડવા દોડે છે ને તેને બટકા ભરે છે. પણ મારનારને પકડતો નથી. પણ સિંહ લાકડી કે પથ્થરને પકડવા દોડતો નથી. પણ મારનારને પકડવા દોડે છે. આ રીતે ઘણાં માણસો સંસારમાં શ્વાન જેવી પ્રકૃતિના હોય છે ને ઘણાં સિંહ જેવી પ્રકૃતિના હોય છે. સિંહ જેવી પ્રકૃતિવાળા માણસને કોઇ ગાળો દે કે પથ્થર મારે છે તો તે ગાળો કે પથ્થરના મારને ન જોતાં ગાળો કે માર ઉત્પન્ન ક્યાંથી થયા તે જુવે છે. જે દુઃખ આવ્યું છે તે પેદા ક્યાંથી થયું તે દેખે છે. જેમ કે ગજસુકુમારના મસ્તક પર અંગારા મૂકયા ત્યારે તેમણે સિંહ જેવી વૃત્તિ કેળવી કે અહો! મારા મસ્તકે અંગારા મૂકનાર તો મારો પોતાનો આત્મા છે. સોમિલ તો માત્ર નિમિત્ત છે. આ રીતે રાજાને અને મુનિને અહીં જે સિંહ કહ્યા છે તેનું કારણ એક છે કે બંને સિંહ જેવી વૃત્તિવાળા હતા.

રાજા શ્રેણીક પરિવાર સહિત અનાથી મુનિને વંદન કરવા ગયા. તેનું કારણ એ

છે કે બીજા લોકો પણ ધર્મ પામે. જો એકલા ગયા હોત તો કોઇ જાણત નહિ. જો એકલા મુનિને ખમાવવા ગયા હોત તો પોતાને માટે સુલભ હતું પણ નગરજનો માટે સુલભ ન હતું. જગત એ ન જાણી શક્ત કે રાજા પહેલાં કેવા હતા ને હવે કેવા બની ગયા? જે રાજા પહેલાં નાસ્તિક હતા તે રાજા જ્યારે રાજસંપદા સહિત મુનિને ખમાવવા માટે ગયા ત્યારે બીજા લોકો ઉપર તેમનો કેવો પ્રભાવ પડયો હશે! રાજાએ મુનિને ખમાવ્યા. તેમની સ્તુતિ કરી પછી શું બન્યું उस्ससिय रोम कूवो ।

સિંહ સમાન રાજા શ્રેણીક સિંહ સમાન અનાથી મુનિને ખમાવી તેમની સ્તુતિ કરી વંદન કરી પોતાના મહેલે ગયા. પણ શું કરીને ગયા તે તમને ખબર છે? તેમણે પ્રદક્ષિણા કરીને મસ્તક નમાવીને અનાથી મુનિના ચરણ કમલમાં વંદન કર્યા. તે વખતે તેમના રોમેરોમમાં હર્ષ હતો. એટલે તેમના રૂંવાડા ઉભા થઇ ગયા. રોમાંચ થવો તે ભક્તિનું ચિન્હ છે. રાજા શ્રેણીક અનાથી મુનિની ભક્તિને વશ થયેલા હતા એટલે તેમને વંદન કરતાં રોમરાય ઉભા થઇ જાય તે સ્વાભાવિક છે. રાજા શ્રેણીક મુનિને વંદન કરીને ઘેર આવ્યા ત્યારે તેમના મુખ ઉપર અલૌકિક આનંદ હતો. તે ગયા ત્યારે કેવા હતા ને આવ્યા ત્યારે કેવા હતા! જેમ કોઇ ભૂખ્યો માણસ ભોજનશાળામાં આવે ત્યારે કેવો હોય છે ને ભોજન કરીને જાય છે ત્યારે કેવો હોય છે! ભૂખ્યો હોય ત્યારે મુખ ઉપર આનંદ કે તેજ ન હોય પણ ભોજન કરીને તૃપ્ત થાય ત્યારે તેના મુખ ઉપર તેજ હોય છે ને! આ રીતે શ્રેણીક રાજા મંડીકુક્ષ ઉદ્યાનમાં ગયા ત્યારે ફિક્કા હતા પણ પાછા આવ્યા ત્યારે મુખ ઉપર તેજસ્વિતા હતી.

જે મુનિનો સદ્બોધ સાંભળી રાજા શ્રેણીકના જીવનમાં આટલું બધું પરિવર્તન થયું તે મુનિ કેવા હતા! રાજા શ્રેણીક રાજ્ય સંપત્તિથી સમૃદ્ધ હતા પણ અનાથી મુનિ ગુણોરૂપી સમૃદ્ધિથી સમૃદ્ધ હતા. શાસ્ત્રકાર કહે છે કે તેઓ ત્રણ ગુપ્તિથી યુક્ત હતા. તેઓ મન-વચન અને કાયાના સંયમમાં લીન હતા. તેમણે મન, વચન અને કાયા ઉપર ખૂબ નિયંત્રણ રાખ્યું હતું. આવા મુનિ એક જગ્યાએ બેસી રહેતા નથી પણ મોહ રહિત થઇને પક્ષીઓની માફક નિરાવલંબી બનીને પૃથ્વી ઉપર વિચરતા હતા.

બંધુઓ! ધન્ય છે આવા અનાથી નિર્ગ્રંથને અને ધન્ય છે એવા પવિત્ર શ્રેણીક રાજાને! રાજા શ્રેણીક સમ્યક્ત્વ પામી ગયા ને જૈન ધર્મના અનુરાગી બન્યા. મહાવીર પ્રભુના પરમ ભક્ત બન્યા. ભગવાન અને ભગવાનના સંતો પ્રત્યે તેમને ખૂબ ભક્તિ જાગી. તેમની એવી પરમ ભક્તિ હતી કે તેના કારણે ભગવાન અવારનવાર રાજગ્રહીમાં પધારતા હતા. ભગવાને ચૌદ ચૌદ ચોમાસા રાજગૃહી નગરીમાં કર્યા. તે ધરતી કેવી પવિત્ર હશે! રાજા શ્રેણીક ધર્મ પામ્યા તો રાજગૃહી નગરીમાં પ્રભુનું આવાગમન વધુ થયું ને કેટલાય

પાપી જીવોનો ઉદ્ધાર થયો. પતીત પાવન બની ગયા. હિંસક અહિંસક બન્યા ને પોતે ધર્મનો ઢંઢેરો પીટાવી તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરવાની આરાધના કરીને આવતી ચોવીસીમાં પદ્મનાભ નામના પ્રથમ તીર્થંકર થઈને અનેક ભવ્ય જીવોના તારણહાર બનીને ૭૨ વર્ષનું આયુષ્ય ભોગવીને મોક્ષમાં જશે. સંતના સમાગમથી શ્રેણીક રાજા પવિત્ર બની ગયા. એમનો સંવાદ આપણુને લાભદાયી નીવડો. આ અધ્યયનના અમૂલ્ય ભાવ સમજી હૃદયમાં ઉતારી જીવનમાં તાણાવાણાની જેમ જે આત્મા વણી લેશે તેનું આત્મકલ્યાણ થશે.

છેલ્લી ગાથાઓ ખૂબ સુંદર ભાવથી ભરેલી છે. પણ સમયના અભાવે તેનું સંપૂર્ણ વર્ણન થઇ શકયું નથી. ફકત ટૂંકમાં અર્થમાં કહ્યો છે. હવે અંજના સતીનું ચરિત્ર પણ સાર રૂપે ટૂંકમાં કહી દઉં.

**ચરિત્ર :**– પરાક્રમી હનુમાનકુમાર વરૂણ રાજા સામે ખૂબ કુશળતાપૂર્વક લડયો. બંને બળીયા હતા. હનુમાન નાનો હતો છતાં તેનામાં જો આટલું બળ આવ્યું હોય તો તે બ્રહ્મચર્યનું બળ હતું. એક તો માતા-પિતાએ બાર વર્ષ સુધી અણીશુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કર્યા બાદ એક દિવસના અબ્રહ્મચર્યના સેવનથી હનુમાન કુમારનો જન્મ થયેલો હતો. અને પોતે પણ શુદ્ધ 'બ્રહ્મચારી હતો. તેમનું શરીર લોખંડી હતું. વરૂણ રાજા જેવો બળવાન રાજા પણ હનુમાનના બાહુપાશથી પકડાઈ ગયો. બ્રહ્મચર્યના પાલનથી આવા ભયંકર સંગ્રામમાં વિજય પ્રાપ્ત કરી શકાય છે, નેપોલિયને કેટલી વખત વિજય મેળવ્યો. એના વિજયનું કારણ શું હતું તે જાણો છો ને? તે ભણુવા ગયો ત્યાં એક સ્ત્રી તેને, જોઇને મોહ પામી હતી. પણ નેપોલિયન ભણુવામાં એવો મસ્ત રહેતો કે કોઈના સામે દૃષ્ટિ સરખી કરતો નહિ. પહેલેથી તેનું ચારિત્ર નિર્મળ હતું. તેના બળે તે દર વખતે વિજય મેળવતો. પણ એક વખતે યુદ્ધમાં જતી વખતે પોતાની સ્ત્રીને જોઇને મનમાં વિકારી ભાવ આવી ગયો ને લડાઈ કરવા ગયો તો યુદ્ધમાં પરાજય થયો.

હનુમાન કુમાર પણ તેના બ્રહ્મચર્યના પ્રભાવથી વરૂણને જીતી ગયો. એનું પરાક્રમ જોઇને વરૂણ રાજા પણ મોંમાં આંગળા નાંખી ગયા કે શું આ છોકરાનું પરાક્રમ છે? અજેય યોદ્ધાઓને પણ તે જીતી ગયો. મારા સો સો પુત્રોને પણ તેણે હંફાવી દીધા તેને ખબર પડી કે આ પવનકુમારનો પુત્ર હનુમાન છે. આ જાણી તેને ખૂબ આનંદ થયો. હનુમાને વરૂણ ઉપર વિજય મેળવ્યો પણ તેના ઉપર વૈર ન હતું. તરત તેના બંધન તોડી નાંખ્યા. વરૂણ રાવણુના ચરણે નમી ગયો. તેણે રાવણુના ચરણમાં શીર ઝૂકાવ્યું પણ આત્મા જાગી ઉઠયો, અહો! આ સંગ્રામ આ જીવે અનંતી વાર કર્યા ને અનંતી વાર જય-પરાજય થયો ને તેના કારણે હજારો જીવોની હિંસા થઈ. તો હવે હું આત્મા સાથે એવો જંગ ખેલું કે પછી મારે આવા યુદ્ધ કરવા ન પડે. હવે તો આત્માનું

શાશ્વત રાજ્ય પ્રાપ્ત કરું કે જેથી આ નાશવંત રાજ્યની જરૂર ના રહે. એમ સમજીને ત્યાં ને ત્યાં વરૂણ રાજા વૈરાગ્ય પામ્યો ને આત્મકલ્યાણ કરવા માટે દીક્ષા લેવા તૈયાર થયો. એટલે દરેક તેના ચરણમાં ઝૂકી પડયા. રાવણે પણ વરૂણની ખૂબ પ્રશંસા કરી અને વરૂણના પુત્રને રાજગાદી ઉપર સ્થાપન કર્યો.

**જીત્યો વરૂણ વિશેષથી, નૃપને કરે જુહાર,**
**સ્થાપ્યો સ્થાનક તેહને, અબ નહીં ખુનસ લગાર,**
**વરૂણ ઘર છે કન્યકા, સત્યવતી તસનામ,**
**પરણાવી હનુમંતને વર જાણી અભિરામ.**

વરૂણના વૈરાગ્યની વાત સાંભળીને આખી સેના એકી અવાજે બોલી ઉઠી કે સૌથી મોટી જીત વરૂણરાજાએ મેળવી છે. જે આત્માને જીતે છે તે સાચો વીર છે. રાવણને પણ તેની સાથે વૈર ન રહ્યું. વૈરાગ્યથી વૈરી પણ વશ થઇ ગયો. વરૂણે વિચાર કર્યો કે હનુમાન જેવો તેજસ્વી કોઇ કુમાર નથી. આવો વર શોધ્યો જડશે નહિ તો મારી દીકરીને આની સાથે પરણાવું. વરૂણે પોતાની પુત્રી હનુમાન સાથે પરણાવી અને પુત્રને રાજગાદી ઉપર સ્થાપન કરીને પોતે દીક્ષા લીધી. હનુમાનનું પરાક્રમ જોઇને સૌની આંખડી તેના ઉપર ઠરી ગઇ. રાવણ તો બે મોઢે હનુમાનના વખાણ કરે છે. હનુમાનનું બળ જોઇને રાવણ ખુશ થઇ ગયો.

**હનુમાનકુમારનું બળ જોઇને રાવણે કરેલો સત્કાર :-**

**રાવણે હનુમંત પ્રશંસીયો, શુરપણેથી હો રઘુવર કાય તો,**
**મોટપ આણી મનાવીયા, પરાક્રમ દેખીને કર્યો પસાય તો,**
**કાનના કુંડલ આપી, વળી આપ્યા છે અતિઘણાં વેશ તો,**
**દીધી છે ભાણેજી આપણી, પરણ્યો, છે પદમણીને આપ્યા છે દેશ તો-**
**સતી રે શિરોમણી અંજના...............**

હનુમાન, રાવણ બધા પોતાનું સૈન્ય લઇને પાછા લંકામાં આવ્યા. ત્યાં આવીને રાવણે હનુમાનનો ખૂબ સત્કાર કર્યો. નાની ઉંમરમાં આટલું બધું પરાક્રમ જોઇને રાવણે તેની ખુબ પ્રશંસા કરી. અને તેને કાનના કુંડળ, બીજા કિંમતી આભૂષણો ઘણાં પ્રકારના કિંમતી પોશાક ભેટ આપ્યા. હવે રાવણને વિચાર થયો કે હનુમાન પરાક્રમી અને સૌંદર્યવાન છે. એનામાં કોઇ જાતની ખામી નથી. બધા ગુણોથી યુક્ત છે. પ્રતાપી છે, પરાક્રમી છે તેનું કુળ પણ નિર્મળ છે તો મારી પુત્રી તેની સાથે પરણાવું. એમ વિચાર કરીને પોતાની પુત્રી, પોતાની ભાણેજ તેમજ બીજી વિદ્યાધરની પુત્રીઓ, સુગ્રીવની પુત્રી એમ એક હજાર કન્યાઓ હનુમાનની સાથે ખુબ કરિયાવર સહિત ઘણી ધામધૂમથી પરણાવવામાં આવી. તેમજ ઘણાં દેશ હનુમાનને ભેટ આપવામાં આવ્યા.

**વિજયધ્વજા ફરકાવી હનુમાનકુમાર પોતાના દેશ જવા તૈયાર થયા :-**

**રાવણનો આદેશ લઈ, પરણી નાર આનંદ,**
**હનુમંત આવ્યો નિજ ઘરે, માત-પિતા આનંદ.**

હનુમાને રાવણની આજ્ઞા લઈને લંકાથી પ્રયાણ કરવા કહ્યું ત્યારે રાવણે પણ ખુબ ધામધૂમથી હનુમાનને શીખ આપી. હનુમાનકુમાર વરૂણ ઉપર વિજય મેળવીને હજાર વિદ્યાધર કન્યાઓને પરણીને આવે છે. તેવા સમાચાર પવનજી અને અંજનાને મળતાં હર્ષનો પાર ન રહ્યો. આખું ગામ શણગારવામાં આવ્યું ને ખૂબ ધામધૂમપૂર્વક હનુમાનનું સ્વાગત કરવામાં આવ્યું. આવા પ્રતાપી પુત્રને જોઈને માતાપિતાની છાતી ગજગજ ઉછળે છે. હનુમાન નાનો છે પણ તેનું પરાક્રમ મોટું છે. હનુમાન અને તેની હજાર પત્નીઓ પવનજીને તથા અંજનાને પગે પડી આશીષ માંગતા પવનજી અને અંજનાએ તેમને આશીર્વાદ આપ્યા.

પવનજી તથા હનુમાનના પરાક્રમથી કોઈ દુષ્ટ રાજા તેની સાથે બાથ બીડી શકતો નથી સૌ તેમનાથી ડરે છે. આવા ન્યાયી રાજાના રાજ્યમાં પ્રજા પણ આનંદથી રહે છે. ને પવનજી પૃથ્વીનું રાજ્ય આનંદથી ભોગવે છે. હનુમાન પિતાજીની આજ્ઞા પ્રમાણે રાજ્ય કારભાર બધો સંભાળે છે. ને એક હજાર વહુઓ અંજનાજીની ખડા પગે સેવા કરે છે. ઈન્દ્ર અને ઈન્દ્રાણી જેવું સુખ પવનજી અને અંજના ભોગવી રહ્યા છે. આવા સુખમાં અંજના સતીને શું વિચાર આવ્યો?

**"વૈરાગ્ય રંગે રંગાયેલ અંજના સતી, પવનજી પાસે દીક્ષાની આજ્ઞા માંગે છે."**

**પાછલો પ્રહર છે રયણીનો, ધર્મ ચિંતા કરે અંજના દેવી તો,**
**ચારિત્ર મન માંહે ચિંતવે, પવનજીને પાયે લાગી તતખેવ તો,**
**જન્મ-મરણ દુઃખ દોહિલા, રોગ-વિયોગ સંસાર કલેશ તો,**
**વિષયના સુખ પૂરા હુઆ, શિખ દો સ્વામી હું સંયમ લઈશ તો....સતી રે....**

અંજનાજી દરરોજ પાછલી રાત્રે ધર્મ જાગ્રિકા કરતા હતા. એક દિવસ રાત્રીના છેલ્લા પ્રહરે ધર્મ ચિંતવણા કરતાં તેમને વિચાર આવ્યો કે આ સંસાર અસ્થિર છે. સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ, સંયોગ પછી વિયોગ ને વિયોગ પછી સંયોગ આવ્યા કરે છે. મેં તો મારા જીવનમાં બધું અનુભવ્યું છે. કંઈ બાકી રહ્યું નથી. મારે હવે કંઈ જાણવાનું કે માણવાનું રહેતું નથી. સંસારના સર્વસુખ ધો ક્ષણિક છે. આ સુખમાં ક્યારે દાવાનળ લાગશે તે કહી શકાતું નથી. તો હવે હું મારા આત્માનું કલ્યાણ કરવા દીક્ષા લઉં. આવી ચિંતવણા કરીને પવનજી પાસે આવીને પગે પડીને કહે છે સ્વામીનાથ! અનંતકાળથી આપણો આત્મા આ સંસારના રેંટમાં જન્મ-મરણરૂપ ચક્કર લગાવી રહ્યો છે. હવે મને જન્મ-મરણનો ત્રાસ લાગ્યો છે માટે હવે આપ મને આજ્ઞા આપો તો સંસાર ત્યાગીને હું સંયમના પંથે જાઉં. ત્યારે પવનજી કહે છે:-

**પવનજી વલતા રે એમ કહે, દેવી ઘેર બેઠા કરજો ધર્મ તો,**
**હજુ ય બાલપણુ નહાનડા, સંયમ લેજો હો ચોથે આશ્રમ તો,**
**તુમ સાથે અમે પણુ આવશું, દાન દેવા તણા કરજો હો ચાલ તો,**
**અંજના થઈ રે ઉતાવળી, વિલંબ શું કરો થોડોરહ્યો કાળ તો–સતી રે...**

હે અંજના! હજુ આપણી ઉંમર કયાં વીતી ગઇ છે. હમણાં સંસારમાં રહીને આપણે ધર્મ કરીએ ને પછી આપણે બંને સાથે પાછલી ઉંમરે દીક્ષા લઇશું. અત્યારે સંસારમાં રહીને દાન, ધર્મ, આદિ તારી જે ઇચ્છા હોય તે કર પણુ હમણાં તને દીક્ષાની આજ્ઞા નહિ આપું. પરંતુ અંજનાનો આત્મા ખુબ સજાગ બનેલો હતો. તેને મન એકેક ક્ષણુ લાખેણી જતી હતી. તેથી કહ્યું. સ્વામીનાથ! ક્યારે આપણું આયુષ્ય પૂર્ણ થશે તેની ખાત્રી છે? કાળ કયારે આવશે તેની ખબર નથી. આપણી કાયા પણુ કાચી માટીના કુંભ જેવી છે. કયારે વિણુસી જશે તે કહી શકાય નહિ. તેવી કાયાનો શો ભરોસો! અને મરણુ આવશે ત્યારે ખબર નહિ આપે. માટે મને જલ્દી દીક્ષાની આજ્ઞા આપો.

**અંજના સતીને સમજાવતાં પવનજી પણુ વૈરાગ્ય પામી ગયા :** અંજનાના વચન સાંભળી પવનજીને પણુ વૈરાગ્ય આવી ગયો ને બંને જણા દીક્ષા લેવા તૈયાર થયા.

પવનજીએ હનુમાનકુમારને બોલાવીને વાત કરી. હનુમાનને માતાપિતા પ્રત્યે ખૂબ મોહ હતો. એ તો માતાના ખોળામાં માથું મૂકીને રડવા લાગ્યો. એક હજાર પુત્રવધુઓ અંજનાને ઘેરીને બેસી ગઈ. અંજનાએ હનુમાનને કહ્યું - બેટા! તું શા માટે રડે છે? આ સંસાર અસ્થિર અને અસાર છે. તન-ધન-પરિવાર, રાજ્ય આદિ કોઇ કોઈનું નથી. બધું અહીં રહી જવાનું છે. એક દિવસ સૌને છોડવાનું છે તો હવે સ્વાધીનપણે શા માટે ન છોડવું? છેવટે હનુમાનને માતા-પિતાને આજ્ઞા આપવી પડી. હનુમાનકુમારે ખૂબ ધામધૂમપૂર્વક અંજના અને પવનજીનો દીક્ષા મહોત્સવ ઉજવ્યો.

અંજના સતી અને પવનજીએ દીક્ષા લઇને ખૂબ જ્ઞાન પ્રાપ્ત કરી, ઉગ્ર તપ કરી રૂડી રીતે સંયમનું પાલન કરી આત્મકલ્યાણુ કર્યું.

આજે હવે છેલ્લો દિવસ છે. વીતરાગની આજ્ઞા પ્રમાણે હવે વિહાર કરવાનો તેથી અનાથી નિર્ગ્રંથનો તેમજ અંજના સતીનો અધિકાર ખૂબ ટૂંકાવીને આપને સમજાવ્યો છે. વધુ ભાવ અવસરે. ૐ શાંતિ.

**શારદા સાગર સમાપ્ત**

નોંધ : શારદાસાગર પુસ્તકમાં કોઈ પણુ પ્રકારની ભૂલ રહી હોય તો તે વ્યાખ્યાનકારકની કે લખનારની નથી પણુ મુદ્રણુ દોષ છે. તો આ માટે વાચકોને વિનંતિ કરવામાં આવે છે કે, આપને જ્યાં જ્યાં ભૂલ દેખાય તે માટે શુદ્ધિપત્રકમાં જોશો.

# શારદા સાગર પુસ્તકના અગાઉથી ગ્રાહક થનારની નામાવલી

પુસ્તકની સંખ્યા

૭૦૦ એક સદ્‌ગ્રહસ્થ
૫૦૧ શ્રી મણિલાલ શામજી વિરાણી અને પરિવાર
૨૫૧ શ્રી વર્ધમાન સ્થા. જૈન સંઘ ઘાટકોપર
૨૦૧ શ્રી હિંમતલાલ ન્યાલચંદ દોશી વાંકાનેરવાળા
અને રસિકલાલ ન્યાલચંદ દોશી
૧૦૧ ,, ચુનીલાલ મૂળજીભાઈ મોટાણી
૧૦૧ ,, નેમચંદ નાનચંદ શાહ, કાંદાવાડી
૧૦૧ ,, પાનાચંદ ડુંગરશી તુરખિયા
૧૦૧ ,, ચંપાલાલ હરખચંદ કોઠારી
૧૦૧ ,, ગિરજાશંકર ખીમચંદ શેઠ
૧૦૧ ,, ખેમચંદભાઈ કોઠારી
૧૦૧ ,, વર્ધમાન સ્થા. જૈન ધર્મસ્થાનક, વિલેપાર્લા
૭૫ ,, રતનચંદ લક્ષ્મીચંદ પરીખ
૬૭ ,, નાનચંદ શાંતિદાસ સ્થા. જૈન સંઘના
ભાઈઓ સાણંદ
૫૧ ,, છગનલાલ નાનજી શાહ
૫૧ ,, લાભુબહેન કે. કે. સંઘવી
૫૧ ,, ઝબકબહેન મોહનલાલ દફતરી
૫૧ ,, બાગુબહેન કીર્તિલાલ ભણશાળી
૫૧ ,, હરીલાલ જેચંદભાઈ દોશી
૫૧ ,, દુર્લભજી પોપટલાલ પટેલ
૫૧ ,, સુભદ્રાબહેન રસિકભાઈ ઝવેરી
૫૧ ,, સુભદ્રાબહેન દલપતભાઈ ઝવેરી
૫૧ ,, ધીરજલાલ પરમાણંદ દેસાઈ, ડેડાણવાળા
૫૧ ,, ગિજુભાઈ ઉમિયાશંકર, દાદર
૫૧ શ્રી વર્ધમાન સ્થા. જૈન સંઘ, કોટ
૫૧ શ્રી વ. સ્થા. જૈન સંઘ, બોડેલી
૫૧ શ્રી વ. સ્થા. જૈન સંઘ, મુલુન્ડ
૫૧ શ્રી વર્ધમાન જૈન સંઘ, આગ્રારોડ, સંઘાણી
૫૧ ,, મફતલાલ ચુનીલાલ ઝવેરી ખંભાતવાળા
હ. કૃષ્ણકાન્તભાઈ, તથા જગદીશભાઈ
૫૧ શ્રી મનહરલાલ ચુનીલાલ વેકરીવાળા
૩૫ ,, રમણિકલાલ નાગરદાસ શાહ, ઘાટકોપર
૩૪ ,, અમદાવાદ છ કોટી સ્થા. જૈન સંઘ
હ. મણિલાલ ગોચાભાઈ શેઠ
૩૧ ,, રવિચંદ સુખલાલભાઈ, દાદર
૩૧ ,, મેઘજી વેલજી શાહ
૨૫ ,, નંદલાલ તારાચંદ વોરા
૨૫ ,, શા. વીરચંદ મીઠાલાલ લાલપુરવાળા
૨૫ ,, મણિબહેન કુશળચંદ હીરાણી

પુસ્તકની સંખ્યા

૩૧ શ્રી વલ્લભજી નરભેરામ ઘેલાણી
૨૫ ,, શા. શાંતિલાલ લાલચંદ
૨૫ ,, મનસુખભાઈ કપુરચંદ તેજાણી
૨૫ ,, ચંદુલાલ હુકમીચંદ મહેતા, ચંદ્રલોક
૨૫ ,, શા. ચીમનલાલ છોટાલાલ ખંભાતવાળા
૨૫ ,, વાડીલાલ ફૈલાભાઈ ઝવેરી ખંભાતવાળા
૨૫ ,, ચંદ્રાબહેન ઝવેરી.
૨૫ ,, કાંતાબહેન શાંતિલાલ ઝવેરી.
૨૫ ,, કોકીલાબહેન પ્રભુદાસ શાહ જામનગરવાળા
૨૫ ,, ભવાનજી મેઘજી
૨૫ ,, જોરમલભાઈ લક્ષ્મીચંદ ઝવેરી.
૨૫ ,, હરખચંદ માંડણ, કોલાબા
૨૫ ,, બાલચંદ સાકરચંદ સાણંદવાળા
૨૫ ,, કાંતિલાલ કેશવલાલ
૨૫ ,, ભગવાનજી મૂરજી
૨૫ ,, જેઠાલાલ મૂરજી
૨૫ ,, વસનજી મૂરજી
૨૫ ,, ડુંગરશી મૂરજી
૨૫ ,, ચંદુલાલ એસ. મહેતા
૨૫ ,, સમરતબહેન ચત્રભૂજ વેકરીવાળા
૨૫ ,, બચુભાઈ જાદવજી હરકીશનભાઈ
૨૫ શ્રી શ્વે. સ્થા. દરિયાપુરી સંઘ, સુરત
૨૫ ,, લાખાઈબહેન દેવશી ખેતશી નિસર
૨૫ ,, નગીનદાસ કલ્યાણજી શાહ
૨૫ ,, પ્રતાપ એન્ડ બ્રધર્સ ચાંદીવાળા
૨૫ શ્રી વ. સ્થા. જૈન સંઘ, દાદર
૨૫ ,, હરકીશનદાસ શામળજી પારેખ
૨૫ ,, જશવંતીબહેન ઝવેરી. ટે. ૩૬૦૨૬૭
૨૫ ,, ધીરજલાલ વૃજલાલ મહેતા, બોમ્બે હાર્ડવેર
૨૫ ,, હરકીશનભાઈ પારેખ C/o સુકુમાર કંપની,
૨૫ શ્રી વ. સ્થા. જૈન સંઘ, અંધેરી (વેસ્ટ)
૨૫ શ્રી જૈન ભુવન અંધેરી (ઈસ્ટ)
૨૫ ,, શાંતિલાલ ઠાકરશી શાહ
૨૫ ,, અમથીબહેન ચત્રભુજ
૨૧ ,, મોતીલાલ છોટાલાલ મેઘદૂત
૨૧ ,, નીલાબહેન વિનયચંદ દેસાઈ, ચીંચપોકલી
૨૧ ,, એલ. એમ. શાહ
૨૧ ,, જ્યોતિબહેન છોટાલાલ મેઘદૂત
૨૧ ,, એસ. લવચંદની કું.
૨૧ ,, રજનીકાબહેન અરૂણભાઈ મહેતા

પુસ્તકની સંખ્યા

૨૧ શ્રી નયનાબેન હર્ષદભાઈ મહેતા
૨૧ „ પલ્લવીબહેન દિલીપભાઈ મહેતા
૨૧ „ અભેચંદ મોહનલાલ વોરા
૨૬ „ વર્ધ. સ્થા. જૈન સંઘ, ચીંચપોકલી
૨૧ „ અતુલ પ્લાસ્ટીક
૧૫ શ્રી શ્વે. સ્થા. જૈન સંઘ, ખેડા
૧૫ „ પ્રવીણભાઈ ડાહ્યાભાઈ દોશી, ગ્રાંટરોડ,
૧૫ „ તેજશી નથુ
૧૫ „ કુસુમબહેન કાંતિલાલ શાહ, ઘાટકોપર
૧૫ „ તારાચંદ દીપચંદ અવલાણી, માટુંગા
૧૫ „ અમીચંદ ઓઘડભાઈ સંઘવી
૧૫ શ્રી ઝરીયા સ્થા. જૈન સંઘ હ: નગીનદાસ
૧૪ „ દેવકાબાઈ જાદવજી, ચીંચપોકલી
૧૧ શ્રી વિનયચંદ્ર હરજીવન શાહ, સાયન
૧૧ „ ખોડીદાસ ગણેશભાઈ, ધંધૂકા
૧૧ „ હિંમતલાલ હરજીવનદાસ ઘાટકોપર
૧૧ „ ચીમનલાલ મોહનલાલ, ગોસલીયા
૧૧ „ છોટાલાલ મોહનલાલ ગોસલીયા
૧૧ „ અમૃતલાલ મોહનલાલ ગોસલીયા
૧૧ „ રમણીકલાલ મોહનલાલ ગોસલીયા
૧૧ „ મગનભાઈ ભૂરાભાઈ, ૧૩૨, ભગતવાડી
૧૧ „ જેઠાલાલ લીલાધર ખામાણી
૧૧ „ શાંતિલાલ વર્ધમાન બેનાણી, અમદાવાદ
૧૧ „ જયંતીલાલ તારાચંદ શાહ, ઘાટકોપર
૧૧ „ જેસીંગભાઈ ત્રીકમજી દડિયા, મુંબઈ
૧૧ „ ગીરધરલાલ ત્રીકમજી દડિયા સાયન
૧૧ „ વકીલ ગુલાબચંદ હીરાચંદ સંઘાણી
૧૧ „ જેઠાલાલ વીજપાર શાહ, માટુંગા
૧૧ „ નટવરલાલ હરખચંદ શાહ, માટુંગા
૧૧ „ વૃજલાલ કપુરચંદ ગાંધી, ઘાટકોપર
૧૧ „ શ્રી વર્ધમાન સ્થા. જૈન સંઘ, થાણા
૧૧ „ પ્રાણજીવન જુઠાભાઈ
૧૧ „ રતનશીભાઈ, આણંદ
૧૧ „ મણીલાલ વીરજીભાઈ વકીલ
૧૧ „ રસીકલાલ નાનાલાલ ગાંઠાણી
૧૧ „ ટોકરશી મૂળજી
૧૧ „ હરિલાલ પ્રાગજી શેઠ
૧૧ „ વર્ધમાનભાઈ પ્રભુદાસ તુરખીયા, સાયન
૧૧ „ ચીમનલાલ હીરાચંદ કાપડીયા, સાણંદ

પુસ્તકની સંખ્યા

૧૧ શ્રી વાડીલાલ છગનલાલ શાહ, સાણંદ
૧૧ „ ચંદનબહેન ભોગીલાલ મહેતા તારદેવ
૧૧ „ કાંતિલાલ જેચંદભાઈ સંઘવી, વીરમગામ
૧૧ „ નાગરદાસ માણિકચંદ શાહ, લખતર
૧૧ „ સરોજબેન મહેન્દ્રભાઈ શાહ, મદ્રાસ
૧૧ „ નરભેરામ લવચંદ કામાણી
૧૧ „ એમ. એમ. સંઘવી
૧૧ „ ભદ્રીકભાઈ કે. શાહ ખંભાતવાળા
૧૧ „ ચુનીલાલ ચત્રભુજ કોઠારી
૧૧ „ ગુણવંતરાય અમૃતલાલ શાહ
૧૧ „ કલાપી સ્ટોર્સ, કોલ્હાપુર
૧૧ „ પ્રેમજી ભીમજી
૧૧ „ શ્રી સ્થા. જૈન સંઘ, કલ્યાણ
૧૧ „ મહિલા મંડળ, દાદર
૧૧ „ શાંતિલાલ ચુનીલાલ ઝવેરી
૧૦ „ સગરામપુરા સ્થા. છ કોટી સંઘ, સુરત
૯ „ પીયુષભાઈ રૂગનાથ દોશી
૫ „ લક્ષ્મીચંદ છબીલદાસ સંઘવી
૫ „ શાહ દમયંતીબેન અંબુભાઈ ખંભાતવાળા
૫ „ આમથીબાઈ કસ્તુરચંદ, હરીપુરા, સુરત
૫ „ મહાસુખભાઈ, ઘાટકોપર
૫ „ રતીલાલ હીમજી ગાંધી, મુંબઈ
૫ „ વિનયચંદ્ર વાડીલાલ સંઘવી, મદ્રાસ
૫ „ કાંતિલાલ લક્ષ્મીચંદ મોદી, દોલતનગર
૫ „ શાંતિલાલ ચંદુલાલ મહેતા
૫ „ નગીનદાસ નાનચંદ સપાણી
૫ „ હરજીવન પ્રેમજી બાવીસી
૫ „ નરશી કરમણ, મદ્રાસ
૫ „ સુમનભાઈ જેમલભાઈ, માટુંગા
૫ „ સુખલાલ સુવાલાલ, નંદરબાર
૫ „ દલીચંદ એન. શેઠ
૫ „ હરિલાલ જેઠાલાલ, મલાડ
૫ „ કેશવલાલ પોપટલાલ, ભાવસાર
૫ „ કાળીદાસ વાડીલાલ, ભાવસાર
૫ „ હિંમતલાલ ભગવાનજી
૫ „ જીવણલાલ પુંજાભાઈ સંઘવી

પુસ્તકની સંખ્યા

૫ શ્રી કાંતિલાલ કમળશી
૫ „ જેઠાલાલ નેમચંદ શાહ ખંભાતવાળા
૫ „ જયસુખલાલ પરસોતમ
૫ „ સુમતિલાલ કેવળચંદ દોશી
૫ „ છોટાલાલ મોતીચંદ, ખંભાત
૫ „ કનૈયાલાલ ખેતશી, પાર્લા
૫ „ ગીરધરભાઈ મંછાચંદ
૫ „ નવલચંદ જીણાભાઈ, દાદર
૫ „ જયંતીલાલ પ્રભુદાસ
૫ „ રમેશચંદ્ર વાડીલાલ
૫ „ વાડીલાલ પોપટલાલ ગોસલીયા
૫ „ રસિકલાલ શીવલાલ ગાંધી
૫ „ પ્રીતમલાલ મોહનલાલ દફતરી
૫ „ દીલીપકુમાર વનેચંદ માટલીયા
૫ „ ચંપકલાલ મણીલાલ અજમેરા
૫ „ જેશીંગલાલ જીવરામ કોઠારી
૫ „ ગુલાબબહેન ઉમેદલાલ, ગોવાલીયાટેન્ક
૫ „ નટવરલાલ છોટાલાલ ઝવેરી
૫ „ સુશીલાબહેન ચંદ્રકાન્તભાઈ મહેતા
૫ „ જાસુબહેન નાનાલાલ, પાટણવાળા
૫ „ જેસીંગલાલ નટવરલાલ કોઠારી
૫ „ સુભદ્રાબહેન કુમારપાળ
૫ „ નટવરલાલ ત્રીકમલાલ, સીમલા હાઉસ
૬ „ ખીમજી ધનજી ગ્રાંટરોડ
૫ „ નાનચંદ મગનલાલ સવાણી
૫ „ ગાંગજી ખીમજી શાહ, સાયન
૫ „ વૃજલાલ સંઘરાજ બાવીસી
૫ „ અમુલખ હીમજી ગાંધી, મલાડ
૫ „ લાલજીભાઈ લધાભાઈ
૫ „ પનાલાલ કપુરચંદ
૫ „ ગિરધરલાલ ખીમજી
૫ „ જયંતીલાલ પ્રભુદાસ
૫ „ સવાઈલાલ ખેતશી સંઘવી
૫ „ અમુલખ મોહનલાલ
૫ „ નગીનદાસ નાનચંદ

પુસ્તકની સંખ્યા

૫ શ્રી માધવલાલ ભાઈલાલ
૫ „ લક્ષ્મીચંદ ચતુરભાઈ વોરા
૫ „ લાભુબહેન દલીચંદ દોશી
૫ „ અમૃતલાલ ધનજી, બરવાળા
૫ „ મગનલાલ ધરમશી
૫ „ બાબુલાલ પુનમચંદ
૫ „ જેચંદભાઈ જમનાદાસ તેજાણી
૫ „ નરસિહદાસ પોપટલાલ
૫ „ હીરાબહેન ચત્રભુજ સરવૈયા
૭ „ હરજીવન કેશવજી ટીંબડિયા
૭ „ ચંદુલાલ ધરમચંદ પોપટાણી
૭ „ ચીમનલાલ કે. શાહ
૭ „ સ્થા. જૈન સંઘ, વસો
૬ „ જયંતીલાલ શાંતિલાલ, પેડર રોડ
૫ „ સ્થા. જૈન સંઘ, મહુવા હ. મનસુખભાઈ
૫ „ ચંપાબહેન હેમચંદ દોશી, વિલેપાર્લા
૫ „ લક્ષ્મીચંદ છબિલદાસ સંઘવી, ચીંચપોકલી
૭ „ સમજુબહેન છોટાલાલ ગોસળિયા
૭ „ સ્વરૂપાબેન કુંવરજી વોરા
૫ „ મોહનલાલ અમરચંદ, નવસારી
૫ „ અંબાલાલ છોટાલાલ, ખંભાતવાળા
૧૫૧ „ છૂટક ચોપડીઓ વાલકેશ્વર
૫ „ એમ. ચીમનલાલ હ. સી. એમ. અનાવિલ
૧૦૧ „ કાંદાવાડી સંઘ
૫૧ „ બોરીવલિ સંઘ
૩૯ „ પુસ્તકો, ખંભાત સંઘ
૧૧ „ રતનશી આણંદ
૧૧ „ કલ્યાણ સંઘ
૧૧ „ પુંજાલાલ ભાઈલાલ સંઘવી
૫ „ અમૃતલાલ ધનજી, બરવાળા
૫ „ મગનલાલ ધરમશી
૫ „ કૃષ્ણલાલ નટવરલાલ સીમલા હાઉસ
૨૫ „ વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ શાંતાક્રુઝ

# શુદ્ધિ-પત્રક

| વ્યા. નં. | પૃષ્ઠ | લીટી | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૭ | તને | તેને |
| ૧ | ૨ | ૨૩ | કમનું | કર્મનું |
| ૧ | ૫ | ૨૧ | ધરેમાં | ઘરોમાં |
| ૨ | ૯ | ૨૮ | પૈણ | પણ |
| ૨ | ૧૦ | ૧૬ | अवहरति | अवहरंति |
| ૨ | ૧૩ | ૧૧ | જેવો | જેવા |
| ૨ | ૧૪ | ૧૦ | गइ | गइं |
| ૨ | ૧૫ | ૨૬ | બચકા | બાચકાં |
| ૩ | ૧૮ | ૨૯ | णिग्गंथें वच्चे | णिग्गंथेति वच्चे |
| ૩ | ૨૦ | ૨૫ | બેનાતર | બેનાતટ |
| ૪ | ૨૪ | ૨૫ | दोग्गइं | दुग्गइं |
| ૪ | ૨૬ | ૩૧ | સહય જ દ્રષ્ટિ | સમ્યક્દષ્ટિ |
| ૪ | ૩૦ | ૧૦ | કોઈના આવ્યાનું | ૦ |
| ૪ | ૩૧ | ૬ | से णिओ | सेणिओ |
| ૫ | ૩૬ | ૯ | મહા નિગ્રૅથીક | મહા નિગ્રૅથીય |
| ૫ | ૪૨ | ૧૬ | ચેલ્લાણાને | ચેલ્લણાને |
| ૬ | ૪૬ | ૧૩ | હેંજીન ગાર્ડન | હેંગીંગ ગાર્ડન |
| ૬ | ૪૭ | ૨૦ | સ'જે છે | સમજે છે |
| ૭ | ૫૩ | ૬ | ક્રરી | કરી |
| ૭ | ૫૯ | ૨૮ | લાડકવયી | લાડકવાયી |
| ૭ | ૬૦ | ૨૪ | મિલેટ્રી | મિલિટરી |
| ૮ | ૬૪ | ૧૭ | ગુરૂદેવવું | ગુરૂદેવનું |
| ૯ | ૭૧ | ૨૩ | અધરી | અઘરી |
| ૯ | ૭૩ | ૪ | कज्ज | कर्ज्ज |
| ૧૦ | ૮૦ | ૨૪ | ક્ર્યં | ક્ર્યું |
| ૧૦ | ૮૧ | ૬ | શાંત રહો | શાંત રહ્યો તે ચણી બોર સમાન |
| ૧૦ | ૮૧ | ૧૧ | બંને રીતે કઠણ છે. | બંને રીતે કઠણ તે સોપારી સમાન |
| ૧૧ | ૮૮ | ૧૮ | કલ્યાણ કરી | કલ્યાણકારી |
| ૧૧ | ૮૮ | ૨૮ | સમ્યક્વ | સમ્યક્ત્વ |
| ૧૧ | ૯૦ | ૩૦ | तस्सा | तस्स |
| ૧૧ | ૯૧ | ૨૩ | तेण तेण | तव तेणे |
| ૧૧ | ૯૨ | ૨૭ | નિમળ | નિર્મળ |
| ૧૨ | ૧૦૦ | ૩૦ | માનનય | માનનીય |
| ૧૩ | ૧૧૦ | ૧ | પયાયભાવ | પર્યાયભાવ |
| ૧૩ | ૧૧૦ | ૨૯ | પજે | પૂજે |
| ૧૪ | ૧૧૫ | ૨૮ | એકગ્ર | એકાગ્ર |
| ૧૪ | ૧૧૯ | ૧૯ | વાધો | વાંધો ? |
| ૧૫ | ૧૨૫ | ૨૧ | જેવા | જેવો |
| ૧૫ | ૧૨૫ | ૩૦ | સાધનાં | સાધના |
| ૧૫ | ૧૨૬ | ૩૦ | નસ્કમાં | નરકમાં |
| ૧૫ | ૧૩૧ | ૨૨ | रणवासेण | रणवासेणं |
| ૧૬ | ૧૩૭ | ૨૦ | અ | એ |
| ૧૭ | ૧૩૮ | ૬ | એ તે | એ તો |
| ૧૭ | ૧૩૮ | ૧૦ | ધુવડ | ફુવડ |
| ૧૭ | ૧૩૯ | ૨૩ | સૌમ્યતાં | સૌમ્યતા |
| ૧૭ | ૧૩૯ | ૩૧ | મકોડામાં | મંકોડામાં |
| ૧૭ | ૧૩૯ | ૩૧ | માન હતું | માન હતું ? |
| ૧૭ | ૧૪૨ | ૨ | व्रजलेपो | वज्रलेपो |
| ૧૭ | ૧૪૨ | ૫ | વ્રજના | વજ્રના |
| ૧૭ | ૧૪૨ | ૫ | ચીકણં | ચીકણું |
| ૧૭ | ૧૪૩ | ૧૧ | દીકર | દીકરા ! |
| ૧૭ | ૧૪૫ | ૮ | હે બાદશાહ | હે બાદશાહ ! |
| ૧૭ | ૧૪૫ | ૩૦ | મુંજ તણો | મુજ તણો |
| ૧૭ | ૧૪૬ | ૭ | બને | બંને |
| ૧૭ | ૧૪૬ | ૧૩ | આગળ | તેના આગળ |
| ૧૭ | ૧૪૬ | ૧૫ | ધર્મક્રિયાઓ | ધર્મક્રિયાઓ |
| ૧૮ | ૧૪૭ | ૯ | રખડતા | રખડતો |
| ૧૮ | ૧૪૭ | ૧૪ | અનુકપાવંત | અનુકંપાવંત |
| ૧૮ | ૧૪૮ | ૨ | तेषांमधिको | तेषामधिको |
| ૧૮ | ૧૫૦ | ૧૦ | પ્રકાશન હતો | પ્રકાશ ન હતો |
| ૧૮ | ૧૫૨ | ૨૮ | સ્વામીનાથ | સ્વામીનાથ ! |
| ૧૯ | ૧૫૬ | ૯ | पेच | पेच्च |

| વ્યા. નં. | પૃષ્ઠ | લીટી | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|---|
| ૧૯ | ૧૫૬ | ૧૦ | પુણરવિ | પુણરવિ |
| ૧૯ | ૧૫૭ | ૧૦ | હૈયમાં | હૈયામાં |
| ૧૯ | ૧૬૦ | ૮ | વૈદ્યા | વૈદો |
| ૨૦ | ૧૬૭ | ૨૦ | શા માથે | શા માટે? |
| ૨૦ | ૧૬૮ | ૧૫ | અજના | અંજના |
| ૨૧ | ૧૬૯ | ૨૯ | પંચગતિમાં | પંચમીગતિમાં |
| ૨૨ | ૧૭૫ | ૭ | અનત | અનંત |
| ૨૨ | ૧૭૫ | ૬ | ૧૯-૮-૭૫ | ૧૪-૮-૭૫ |
| ૨૨ | ૧૭૫ | ૧૯ | પણ જો | પાણીને જો |
| ૨૨ | ૧૮૦ | ૪ | સત | સંત |
| ૨૨ | ૧૮૧ | ૩ | ત્યરે | ત્યારે |
| ૨૨ | ૧૮૧ | ૭ | લોખડનું | લોખંડનું |
| ૨૨ | ૧૮૧ | ૮ | વાપર વે | વાપરવો |
| ૨૨ | ૧૮૧ | ૧૯ | ઘડિયળનું ડાયલ સુંદર | ઘડિયાળનું ડાયલ સુંદર |
| ૨૨ | ૧૮૨ | ૧ | વિટબણા | વિટંબણા |
| ૨૨ | ૧૮૨ | ૩ | ભાવિ ભાયના | ભાવિના ભયના |
| ૨૨ | ૧૮૨ | ૧૦ | તે | તેં |
| ૨૨ | ૧૮૨ | ૧૭ | મધુરુ | મધુરુ |
| ૨૨ | ૧૮૨ | ૨૯ | ચિહ્નો | ચિન્હો |
| ૨૩ | ૧૮૫ | ૧૬ | ચઢે છે | ચગે છે |
| ૨૩ | ૧૯૨ | ૧૭ | તો શા દીકરીના | તો દીકરીના |
| ૨૪ | ૧૯૪ | ૫ | કૅના | કર્મના |
| ૨૪ | ૧૯૫ | ૨ | किंचि | कंचि |
| ૨૪ | ૧૯૭ | ૧ | ભેગવવી | ભોગવવી |
| ૨૪ | ૧૯૭ | ૩૦ | અનુકપા | અનુકંપા |
| ૨૪ | ૧૯૯ | ૧૦ | એ અમે ના | એ |
| ૨૪ | ૧૯૯ | ૨૬ | ઉદર | ઉદાર |
| ૨૫ | ૨૦૪ | ૧૮ | ~~બે કાંઠ~~ | ~~બે કાંઠ~~ |
| ૨૫ | ૨૦૭ | ૫ | बलयारि | वलयारि |
| ~~૨૫~~ | ~~૨૦૭~~ | ~~૧૪~~ | ~~पायाऽ-कुरं~~ | पापाङ्कुर |
| ૨૬ | ૨૦૯ | ૬ | માપના ઉદયથી | પાપના ઉદયથી |
| ૨૬ | ૨૧૦ | ૧૯ | इड्ढिमन्तरस्स | इड्ढिमन्तस्स |
| ૨૬ | ૨૧૦ | ૨૨ | मगहाहिओ | मगहाहिवो |
| ૨૬ | ૨૧૧ | ૨૧ | જેની | જેને |
| ૨૬ | ૨૧૨ | ૩ | કહે ખાપના | કહે આપના |
| ૨૬ | ૨૧૨ | ૧૫ | હીરા | હીરાનો |
| ૨૬ | ૨૧૩ | ૫ | બગલા | બંગલા |
| ૨૬ | ૨૧૫ | ૧૨ | ધેયેલું | ધોયેલું |
| ૨૬ | ૨૧૫ | ૯ | કેતુમાતી | કેતુમતી |
| ૨૭ | ૨૧૮ | ૧૮ | શખ | શંખ |
| ૨૭ | ૨૧૮ | ૨૦ | તેનાનાં | તેનામાં |
| ૨૭ | ૨૧૯ | ૩ | કદચ | કદાચ |
| ૨૭ | ૨૧૯ | ૧૦ | પંચજન્મ | પંચજન્ય |
| ૨૭ | ૨૨૧ | ૧ | હિસા! | હિંસા! |
| ૨૭ | ૨૨૨ | ૨૩ | સાટે | માટે |
| ૨૭ | ૨૨૩ | ૨૧ | આ કહી | આમ કહી |
| ૨૭ | ૨૨૩ | ૨૩ | ગામના | ગામમાં |
| ૨૮ | ૨૨૪ | ૧૫ | બધનમાંથી | બંધનમાંથી |
| ૨૮ | ૨૨૬ | ૧૨ | કષ્ટોકારો | કષ્ટો |
| ૨૮ | ૨૨૮ | ૨૬ | તપાંસ | તપાસ |
| ૨૮ | ૨૩૩ | ૧૨ | સયમ | સંયમ |
| ૨૮ | ૨૩૩ | ૧૮ | ધમ્મ યન્નત્તં એ શબ્દો કાઢી નાંખીને વાંચવું | |
| ૨૮ | ૨૩૪ | ૧૭ | ૦ | છૂટી |
| ૨૮ | ૨૩૪ | ૨૭ | સાંભળાતાં | સાંભળતા |
| ૨૮ | ૨૩૪ | ૨૮ | બાળી | બળી |
| ૨૯ | ૨૩૮ | ૧૧ | પુણ | પુણ્ય |
| ૨૯ | ૨૩૮ | ૧૮ | ઉત્ત.સૂ. અ.૧૯ પરચુરણ ગાથા ગાથા ૯૨ | ઓમાં ૨૧મી |
| ૨૯ | ૨૩૮ | ૨૮ | છો ને? | છે ને? |
| ૨૯ | ૨૪૦ | ૨૦ | દ્રપય | દ્રવ્ય |
| ૩૦ | ૨૪૬ | ૮ | દારિદ્ર | દરિદ્ર |
| ૩૦ | ૨૪૭ | ૨૯ | कक्सवाहो | कस्सनाहो |
| ૩૦ | ૨૫૦ | ૧૧ | धूता | दूता |
| ૩૨ | ૨૬૬ | ૧૧ | भुजगो | भुजंगो |
| ૩૩ | ૨૭૪ | ૧૮ | કાઈની | કોઈની |
| ૩૩ | ૨૭૬ | ૧૪ | का | किं |
| ૩૩ | ૨૭૭ | ૫ | ખણ જ | ખણજ |
| ૩૫ | ૨૯૧ | ૨૫ | સંકિચ | સંકોચ |

| વ્યા. નં. | પૃષ્ઠ | લીટી | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|---|
| ૩૫ | ૨૯૩ | ૧૬ | પરાવર્તન | પરિવર્તન |
| ૩૫ | ૨૯૭ | ૮ | કમયોગે | કર્મયોગે |
| ૩૫ | ૨૯૭ | ૧૩ | મત્રો | મંત્રો |
| ૩૬ | ૨૯૯ | ૧૮ | શ્રાવણ સુદ ૭ | શ્રાવણ વદ ૭ |
| ૩૬ | ૩૦૧ | ૪ | આવ્યા | આવ્યો |
| ૩૬ | ૩૦૨ | ૨૪ | તુર્મ | તુમં |
| ૩૬ | ૩૦૨ | ૨૫ | મવइ | भवइ |
| ૩૬ | ૩૦૨ | ૨૫ | नराहिवो | नराहिवा |
| ૩૭ | ૩૧૦ | ૩ | ગાથા ૧ | ગાથા ૪૮ |
| ૩૭ | ૩૧૧ | ૪-૫ | એકલ | એકલો |
| ૩૭ | ૩૧૫ | ૨૧ | અજના | ૦ |
| ૩૮ | ૩૧૭ | ૧૦ | કયાઓ | કથાઓ |
| ૩૮ | ૩૨૧ | ૩૧ | ખબ | ખૂબ |
| ૩૮ | ૩૨૩ | ૧૮ | નવ વર્ષની ઉંમરમાં | બાલ્યાવસ્થા વીતી જવા પર અને યુવાવસ્થા પ્રાપ્ત થયે |
| ૩૯ | ૩૨૫ | ૧૯ | શ્રાવણ સુદ ૧૦ | શ્રાવણ વદ ૧૦ |
| ૪૦ | ૩૩૫ | ૧૮ | સમ્યક્ન જ્ઞાન | સમ્યક્જ્ઞાન |
| ૪૧ | ૩૪૨ | ૧૧ | ભગવાનને | ભગવાને |
| ૪૧ | ૩૪૨ | ૧૪ | સૂ. અ ૯ | સુય. અ. ૮ |
| ૪૧ | ૩૪૪ | ૨૬ | દાનોં | દોનો |
| ૪૨ | ૩૫૩ | ૧૬-૧૭ | જીવરાજ | જીવરામ |
| ૪૨ | ૩૫૪ | ૨ | સહકુટુબે | સહકુટુંબે |
| ૪૨ | ૩૫૫ | ૧ | યુવાનિ | યુવાની |
| ૪૨ | ૩૫૫ | ૧૮ | ઉતર્યો | ઉતાર્યા |
| ૪૪ | ૩૭૧ | ૩૧ | પંડિતજીએ | પ્રધાનજીએ |
| ૪૪ | ૩૭૪ | ૨૦ | યજ્ઞ | નેત્રયજ્ઞ |
| ૪૪ | ૩૭૪ | ૧ | કોલ્ડીંગ | કોલ્ડ્રીંક |
| ૪૪ | ૩૭૪ | ૨૮ | પૈસના | પૈસાના |
| ૪૪ | ૩૭૫ | ૭ | પરેસવાની | પરસેવાની |
| ૪૪ | ૩૭૮ | ૩૧ | પ | પગ |
| ૪૫ | ૩૮૧ | ૧૧ | ઈન્દ્રિઓનો | ઈન્દ્રિઓને |
| ૪૫ | ૩૮૨ | ૩૧ | પણકમાંટૂ તમને | પણ ટુંકમાં તમને |

| વ્યા. નં. | પૃષ્ઠ | લીટી | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|---|
| ૪૫ | ૩૮૬ | ૨૫ | વટઃ | પટઃ |
| ૪૫ | ૩૮૮ | ૬ | આત્મ | આત્મા |
| ૪૫ | ૩૯૦ | ૧૪ | બન્યા | બન્યા |
| ૪૬ | ૩૯૬ | ૧૬ | સદકાળ | સદાકાળ |
| ૪૬ | ૩૯૭ | ૩ | મુખાવિદ | મુખાર્વિંદ |
| ૪૬ | ૩૯૯ | ૫ | જાણી છે | જાણે છે. |
| ૪૬ | ૪૦૦ | ૨૮ | તરીકે તરીકે | તરીકે |
| ૪૮ | ૪૧૬ | ૩ | ક્રોધ | ક્રોધે |
| ૪૮ | ૪૨૦ | ૫ | ત્રિધ્ધિમાન | ઋધ્ધિમાન |
| ૪૯ | ૪૨૭ | ૩૦ | ગ્રામનુગ્રામ | ગ્રામાનુગ્રામ |
| ૪૯ | ૪૨૫ | ૨૫ | હે આદર્શનીય ! | હે અદર્શનીય! |
| ૫૦ | ૪૩૩ | ૫ | વિરમાન | વિરમી ન |
| ૫૦ | ૪૩૫ | ૨૩ | જીવનના | જીવના |
| ૫૦ | ૪૩૫ | ૩૧ | પણ | પાણી |
| ૫૧ | ૪૩૮ | ૧૮ | ગાથા | ગાથા ૫-૬ |
| ૫૧ | ૪૪૦ | ૮ | ગાથા | ગાથા ૭૩ |
| ૫૨ | ૪૪૮ | ૨૯ | પોની | પોતાની |
| ૫૨ | ૪૪૯ | ૯ | સમકિત દેવોં | સમકિતી દેવો |
| ૫૨ | ૪૪૯ | ૧૨ | કરે છે | કરે છે. |
| ૫૨ | ૪૫૩ | ૧૬ | ઈગિયાગાર | ઈંગિયાગાર |
| ૫૩ | ૪૫૭ | ૭ | મટે | માટે |
| ૫૩ | ૪૫૭ | ૧૨ | કા | કરી |
| ૫૩ | ૪૬૧ | ૪ | મહાસતીજીના ચાતુર્માસ હતા | મહાસતીજીનું ચાતુર્માસ હતું |
| ૫૩ | ૪૬૨ | ૨૧ | ચિત્રપોકલીથી | ચીંચપોકલીથી |
| ૫૩ | ૪૬૩ | ૧ | કરવી | કરી |
| ૫૪ | ૪૭૨ | ૨૩ | પન્ને | પીને |
| ૫૫ | ૪૭૪ | ૨૨ | બિચલો | બિચલી |
| ૫૫ | ૪૭૫ | ૩ | શિલ | શિથિલ |
| ૫૬ | ૪૮૪ | ૨ | विवरन्तरं | विवरन्तरे |
| ૫૬ | ૪૮૬ | ૨૪ | પોતના | પોતાના |
| ૫૭ | ૪૯૨ | ૧૬ | ચલાવી | ચળાવી |
| ૫૮ | ૫૦૨ | ૨૫ | ઉત્ત.સૂ.અ. ૪ ગાથા ૭ | દશ. સૂ. અ. ૪ ગાથા - ૭ |
| ૫૮ | ૫૦૨ | ૨૦ | સૂય.સૂ.અ.૪ ગાથા ૮ | દશ સૂ. અ. ૪. ગાથા ૮ |

| વ્યા. નં. | પૃષ્ઠ | લીટી | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|---|
| ૫૮ | ૫૦૩ | ૮ | લુઓ - સૂઓ | લૂખો - સૂકો |
| ૫૮ | ૫૦૪ | ૧૦ | કમાશો | કમાશો તો |
| ૫૯ | ૫૧૧ | ૪ | બધુઓ | બંધુઓ! |
| ૫૯ | ૫૧૨ | ૨૪ | आयारिया | आयरिया |
| ૬૦ | ૫૧૯ | ૧૮ | આસુરા | આસુરી |
| ૬૧ | ૫૨૬ | ૨૩ | રવાનો | રવાના |
| ૬૨ | ૫૩૩ | ૨૪ | પ્રલોભથી | પ્રલોભનથી |
| ૬૨ | ૫૩૪ | ૮ | અપવીતી | આપવીતી |
| ૬૨ | ૫૩૪ | ૨૯ | વિપણુષયના | પણ વિષયના |
| ૬૨ | ૫૩૪ | ૩૦ | છ | છે |
| ૬૩ | ૫૪૨ | ૯ | दुक्ख | दुक्खा |
| ૬૩ | ૫૪૩ | ૧૫ | સ્વાથી | સ્વાર્થી |
| ૬૪ | ૫૫૨ | ૩૦ | ઉદાધ | ઉદધિ |
| ૬૪ | ૫૫૫ | ૨૯ | કમભગી | કમભાગી |
| ૬૫ | ૫૫૬ | ૭ | તા.૨-૧૦-૭૬ | ૨-૧૦-૭૫ |
| ૬૬ | ૫૬૫ | ૧૦ | હેગિન | હેંગિગ |
| ૬૭ | ૫૭૪ | ૮ | वाला | सा बाला |
| ૬૭ | ૫૭૩ | ૬ | પણ | ૦ |
| ૬૮ | ૫૮૫ | ૬૨ | પોતાની | પોતાનું |
| ૬૮ | ૫૮૫ | ૨૪ | કમે | કર્મો |
| ૬૮ | ૫૮૭ | ૫ | દાના | દાનત |
| ૬૯ | ૫૯૨ | ૨૦ | कविरा | कबिरा |
| ૬૯ | ૫૯૪ | ૨૭ | અનાથ | સનાથ |
| ૬૯ | ૫૯૫ | ૯ | નાથ | સનાથ |
| ૬૯ | ૬૦૦ | ૨૯ | ખબ | ખૂબ |
| ૭૦ | ૬૦૨ | ૬ | વીસમા | વીસમાં |
| ૭૧ | ૬૧૭ | ૨૮ | અરબ દેશની | આરબ દેશની |
| ૭૩ | ૬૩૮ | ૨૩ | રગ | રંગ |
| ૭૪ | ૬૪૨ | ૧૬ | અને | મને |
| ૭૬ | ૬૫૬ | ૧૬ | ૧૫-૧-૭૫ | ૧૫-૧૦-૭૫ |
| ૭૬ | ૬૬૦ | ૧૭ | दशन | दर्शन |
| ૭૭ | ૬૬૬ | ૧૫ | સુકાંતું | સૂકાતું |
| ૭૭ | ૬૬૯ | ૧૯ | મરાથી | મારાથી |
| ૭૮ | ૬૭૬ | ૩૧ | ભાવભયો | ભાવભર્યો |
| ૭૯ | ૬૮૫ | ૫ | બે દીકરાઓ | બે દીકરીઓ |

| વ્યા. નં. | પૃષ્ઠ | લીટી | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|---|
| ૭૯ | ૬૮૭ | ૯ | આપણાંથી | આપણાથી |
| ૮૦ | ૬૯૨ | ૨૩ | પુદ્‌ગલના | પુદ્‌ગલની |
| ૮૧ | ૭૦૧ | ૨૨ | ભાદરવા વદ ૧ | આસો વદ ૧ |
| ૮૧ | ૭૦૩ | ૯ | નરક | નારકી |
| ૮૧ | ૭૦૩ | ૨૫ | અગો | અંગો |
| ૮૧ | ૭૦૩ | ૨૮ | कन्नाम | किं नाम |
| ૮૧ | ૭૦૩ | ૨૯ | સૂ.ય. | સૂય. |
| ૮૧ | ૭૦૭ | ૨૩ | સત્તાધીશો | સત્તાધીશો, |
| ૮૧ | ૭૦૯ | ૧૦ | બને | બંને |
| ૮૧ | ૭૧૦ | ૨૮ | नंदणवणं | नंदणंवणं |
| ૮૨ | ૭૧૨ | ૨૩ | ખબ | ખૂબ |
| ૮૩ | ૭૨૨ | ૧ | અપણે | આપણે |
| ૮૩ | ૭૨૩ | ૧૬ | વિચરમાં | વિચારમાં |
| ૮૩ | ૭૨૪ | ૧૯ | સ્વંય | સ્વયં |
| ૮૩ | ૭૨૫ | ૨૩ | મૂળરાજા | મૂળરાજ |
| ૮૩ | ૭૨૬ | ૬ | ખૂપ | ખૂબ |
| ૮૩ | ૭૨૭ | ૨૯ | સતિને | સતીને |
| ૮૩ | ૭૨૮ | ૧૫ | પર | પાર |
| ૮૪ | ૭૩૭ | ૭ | ધૈર્યવંતી | ધૈર્યવંતી |
| ૮૪ | ૭૪૦ | ૩૦ | નિરાધર | નિરાધાર |
| ૮૫ | ૭૪૩ | ૪ | ગાથા ૩૧ | ગાથા ૩૭ |
| ૮૫ | ૭૪૬ | ૧ | તરગો | તરંગો |
| ૮૫ | ૭૫૧ | ૭ | સૂકઈ | સૂકાઈ |
| ૮૬ | ૭૫૮ | ૧૪ | રવદોષ | સ્વદોષ |
| ૮૬ | ૭૫૯ | ૩૧ | સાળાના | સાળાની |
| ૮૭ | ૭૬૦ | ૨૭ | અજ્ઞાન અને મેહમાં | અજ્ઞાન અને મોહમાં |
| ૮૭ | ૭૬૨ | ૨૬ | થય | થાય |
| ૮૭ | ૭૬૪ | ૨૦ | वर्जयत् | वर्जयेत् |
| ૮૭ | ૭૬૪ | ૨૪ | જાવ.વાળાની | જાવાવાળાની |
| ૮૭ | ૭૬૫ | ૯ | ગયને | ગાયને |
| ૮૭ | ૭૬૬ | ૧૬ | વિતરગ | વિતરાગ |
| ૮૭ | ૭૬૮ | ૧૦ | ઓધકી | અધિકી |
| ૮૭ | ૭૭૦ | ૧૨ | સદ્‌ગુરૂની | સદ્‌ગુરૂની |
| ૮૮ | ૭૭૧ | ૧૬ | કુરૂપ, | કુરૂપ |

| વ્યા. નં. | પૃષ્ઠ | લીટી | અશુદ્ધિ | શુદ્ધિ |
|---|---|---|---|---|
| ૮૮ | ૭૭૧ | ૨૯ | સમ્યદર્કર્શનનો | સમ્યક્દર્શનનો |
| ૮૮ | ૭૭૬ | ૧૦ | બદલે | બદલે |
| ૮૯ | ૭૮૨ | ૧૧ | ઉપાસંગદશાંગ | ઉપાસકદશાંગ |
| ૮૯ | ૭૮૩ | ૧૧ | રાજસાહી | રાજશાહી |
| ૮૯ | ૭૮૯ | ૨૩ | સત | સંત |
| ૯૦ | ૭૯૧ | ૨૪ | આસો સુદ ૧૧ | આસો વદ ૧૨ |
| ૯૦ | ૭૯૨ | ૧૨ | નૈર્યગ્યોનસ્યે | તૈર્યગ્યોનસ્ય |
| ૯૦ | ૭૯૨ | ૨૯ | પંલન | પાલન |
| ૯૦ | ૭૯૪ | ૨૮ | મુંજિય | ભુંજિય |
| ૯૦ | ૭૯૫ | ૧૮ | પડી | પડી અને |
| ૯૦ | ૭૯૬ | ૨ | આવંતાકુમારે | અયવંતાકુમારે |
| ૯૦ | ૭૯૬ | ૪ | મરા | મારા |
| ૯૦ | ૭૯૬ | ૨૩ | जं जानामि | जं चेव जाणामि तं न जाणामि तं चेव जं न जाणामि न जाणामि तं जाणामि जं चेव न जाणामि तं चेव जाणामि |
| ૯૧ | ૮૦૧ | ૧૦ | ગાથા ૭૩ | ગાથા ૩૭ |
| ૯૧ | ૮૦૨ | ૧૦ | રગ | રાગ |
| ૯૧ | ૮૦૩ | ૧૯ | ભવથી | ભાવથી |
| ૯૧ | ૮૦૭ | ૧૦ | સતોષના | સંતોષના |
| ૯૨ | ૮૦૯ | ૨૪ | જનમના | જન્મના |
| ૯૨ | ૮૧૦ | ૫ | ભોગવવ'નું | ભોગવવાનું |
| ૯૨ | ૮૨૨ | ૨૫ | લોભાયા નહિ | લોભાયા નહિ તે |
| ૯૨ | ૮૧૨ | ૨૬ | રવાદની | સ્વાદની |
| ૯૨ | ૮૧૪ | ૧૯ | ચરિત્ર | ચારિત્ર |
| ૯૨ | ૮૧૫ | ૨૦ | કરણ કે | કારણ કે |
| ૯૨ | ૮૧૫ | ૩૧ | ભખી | ભૂખી |
| ૯૩ | ૮૧૮ | ૨૮ | વત | વાત |
| ૯૩ | ૮૨૩ | ૨૭ | કરણ | કારણ |
| ૯૩ | ૮૨૭ | ૨૨ | સમિગિનું | સમિતિનું |
| ૯૪ | ૮૩૦ | ૨૧ | લાવીને | લાવીને |
| ૯૪ | ૮૩૪ | ૨૪ | આવે છે | આવે છે. |
| ૯૪ | ૮૩૬ | ૩૦ | લગ્યો | લાગ્યો |
| ૯૬ | ૮૫૦ | ૧૩ | जाणवेसु | जाणएसु |
| ૯૬ | ૮૫૩ | ૪ | ખબ | ખૂબ |
| ૯૬ | ૮૫૪ | ૯ | ક'ળું | કાળું |
| ૯૬ | ૮૫૪ | ૨૮ | પતિક્રમણ | પ્રતિક્રમણ |
| ૯૭ | ૮૫૭ | ૧૪ | ફીવરમાં | ફેવરમાં |
| ૯૯ | ૮૭૪ | ૧૮ | સિદ્ધાંત | સિદ્ધાંતમાં |
| ૯૯ | ૮૭૭ | ૨૦ | ધમ | ધર્મ |
| ૯૯ | ૮૮૦ | ૨૩ | लक्खणं सुविण | लक्खणं सुविणं |
| ૧૦૦ | ૮૮૭ | ૨૧ | મૂતીઓ | મૂર્તીઓ |
| ૧૦૦ | ૮૮૮ | ૧૩ | સવરમાં | સંવરમાં |
| ૧૦૦ | ૮૮૯ | ૧૪ | ગભીરતાપૂર્વક | ગંભીરતાપૂર્વક |
| ૧૦૧ | ૮૯૨ | ૧૪ | નૈકાની | નૌકાની |
| ૧૦૧ | ૮૯૪ | ૨૦ | દશવૈક.લિક | દશવૈકાલિક |
| ૧૦૧ | ૮૯૪ | ૨૮ | चुओ | चुए |
| ૧૦૧ | ૮૯૮ | ૧૭ | આહરદિમાં | આહારાદિમાં |
| ૧૦૧ | ૮૯૭ | ૧૩ | ભલ | ભૂલ |
| ૧૦૧ | ૯૦૨ | ૭ | પચ્ચખાણ | પ્રત્યાખ્યાન |
| ૧૦૨ | ૯૦૨ | ૧૨ | માટે. | માટે |
| ૧૦૨ | ૯૧૦ | ૨૬ | ત્યાનું | ત્યાંનું |
| ૧૦૨ | ૯૧૧ | ૧ | પરપરા | પરંપરા |
| ૧૦૨ | ૯૧૩ | ૨૩ | રાક્ષસી | રાક્ષસણી |
| ૧૦૪ | ૯૧૯ | ૧૭ | કરવે | કરાવે |
| ૧૦૪ | ૯૨૬ | ૨૧ | સાધુપણ | સાધુપણું |
| ૧૦૫ | ૯૨૮ | ૨ | મનઃ પયાયજ્ઞાન | મનઃ પર્યાય જ્ઞાન |
| ૧૦૫ | ૯૨૮ | ૧૪ | ભષામાં | ભાષામાં |
| ૧૦૬ | ૯૪૩ | ૧૫ | महेण | पहेणं |
| ૧૦૭ | ૯૪૭ | ૨૭ | ખબ | ખૂબ |
| ૧૦૭ | ૯૪૮ | ૨૮ | મોચીનું મન | બ્રાહ્મણનું મન |
| ૧૦૭ | ૯૫૦ | ૨૦ | સોપરી | સોપારી |
| ૧૦૮ | ૯૫૬ | ૯ | રવામી | સ્વામી |
| ૧૦૮ | ૯૫૭ | ૩ | માનવતાપૂર્ણ | માનવતા પૂર્ણ |
| ૧૦૮ | ૯૫૮ | ૨૪ | ધનનો સ્વામી ન બનતા | ધનનો સ્વામી ન બનતા |
| ૧૦૮ | ૯૫૮ | ૨૮ | ધર્મની લાલસા | ધનની લાલસા |
| ૧૦૮ | ૯૬૧ | ૪ | ઉદેશીને | ઉદ્દેશીને |
| ૧૦૮ | ૯૬૬ | ૨ | કુવરજી | કુંવરજી |
| ૧૦૯ | ૯૭૨ | ૧ | પદાથે | પદાર્થો |
| ૧૦૯ | ૯૭૨ | ૯ | સમાધિવપૂર્વક | સમાધિપૂર્વક |
| ૧૦૯ | ૯૬૮ | ૨૯ | ભૂતકાળમાં | ભવિષ્યકાળમાં |
| ૧૦૯ | ૯૭૫ | ૫ | નીવડો. | નીવડ્યો. |

॥ સ્વ. આચાર્ય રત્નચંદ્ર ગુરૂદેવાય નમઃ ॥

ખંભાત સંપ્રદાયના સ્વ. આચાર્ય, ગચ્છાધિપતિ ગુરૂદેવ બા. બ્ર. પ.

# રત્નચંદ્રજી મહારાજ સાહેબની

## ૨૭ મી પુણ્યતિથિના પ્રસંગે ગવાયેલ ગીત"

(રાગઃ- જહાં ડાલ ડાલ પર સિકંદરે આઝમ)

જૈન જ્યોતિર્ધર રત્નગુરૂજી, શાસનના સિતારા,
ગુરૂ રત્નચંદ્રજી પ્યારા, વંદન છે વાર હજારા
જેના ગુણોનું સ્મરણ કરતાં, વહે છે અશ્રુધારા,
ગુરૂ રત્નચંદ્રજી પ્યારા, ગુરૂદેવ છે તારણહારા....
પાવનકારી પવિત્ર ભૂમિ, ગામ ગલિયાણા નામે,
માતા જયાબહેન પિતા જેતાભાઈ, ક્ષત્રિય કુળ સોહાયે...(૨)
ચૌદ વર્ષે સંયમ લીધો, છગનગુરૂની પાસે.... .... .... ....ગુરૂ રત્નચંદ્રજી....
આગમના અણમોલ રત્ન બની, જ્ઞાનામૃત પાન કરાવી,
જગત જવાહીર આપ બની, ગુરૂજીનું નામ દીપાવી....(૨)
તનમાં શાંતિ, મનમાં શાંતિ, એ શાંતિના કરનારા ....ગુરૂ રત્નચંદ્રજી....
૧૯૯૫ સાલે, આચાર્ય પદવી અર્પાયે,
ચાતુર્માસ પધારી સાણંદ શહેરે, અમીરસ વાણી વરસાવે....(૨)
દિલમાં વૈરાગ્ય ભાવના જાગે, એ સંયમના દેનારા ....ગુરૂ રત્નચંદ્રજી....
પરમ પ્રતાપી વિરલ વિભૂતિ, ક્ષમાની અજોડ મૂર્તિ,
શાસ્ત્રોનું અનુપમ જ્ઞાન મેળવી, લખ્યા સિધ્ધાંત બહુ ભારી....(૨)
ગુણનિધિ ઉપકારી ગુરૂજી, કેમ ભૂલીએ ગુણો તમારા ....ગુરૂ રત્નચંદ્રજી....
અર્ધ શતાબ્દી દીક્ષા પાળી, સંયમ સૌરભ ફેલાવે,
બે હજાર ને ચારની સાલે, ખંભાત ચાતુર્માસ બિરાજે....(૨)
ભાદરવા સુદ ૧૧ દિને, શાસનનો હીરલો લૂંટાયે ....ગુરૂ રત્નચંદ્રજી....
સૂર્ય આથમ્યો શાસન કેરો, આવી પડ્યા અંધારા,
ખંભાત સંઘનો દીવડો બૂઝાયો, હાહાકાર છવાયો...(૨)
સૌને છોડી ચાલ્યા ગયા, એ શાસનના સીતારા ....ગુરૂ રત્નચંદ્રજી....
કૃપાના કિરણો આપ વરસાવી આશિષ ઉરની દેજો,
શિષ્યા વિનવે કરજોડીને, દર્શન અમને દેજો....(૨)
સતી શારદા ગુરૂગુણ ગાયે, કરે વંદન વાર હજારા ....ગુરૂ રત્નચંદ્રજી....